આદ્ય - શંકરાચાર્ય - વિરચિત

વિવેકચૂડામણિ



સંપાદક : જયાનન્દ લ. દવે

આદ્ય-શ્રીશંકરાચાર્ય-વિરચિત

વિવેકચૂડામણિ

(મૂળ સંસ્કૃત શ્લોકો, શ્લોકોનો ગુજરાતી પાઠ, શ્લોકોનો ગદ્ય અન્વય, પારિભાષિક શબ્દોની સમજૂતી સાથે વિસ્તૃત શબ્દાર્થ, શ્લોકોનો મૂલાનુસારી સરળ ગુજરાતી અનુવાદ, પ્રત્યેક શ્લોકનું સવિસ્તર, દાર્શનિક સંદર્ભો સહિત, વિવેચનાત્મક ટિપ્પણ અને કૃતિ તથા કર્તા વિશેના સુદીર્ઘ સ્વાધ્યાય-લેખો)

સંપાદક

જયાનન્દ લ. દવે

પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

VIVEKA-CHOODAMANI

(Exhaustively expounded and systematically edited by :

Jayanand L. Dave,

(Ex-Principal, U. N. Mehta Arts College, Morbi, a Poet and a scholar of Sanskrit poetics)

Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

•

પ્રકાશક :

પ્રવીણચંદ્ર એમ. પટેલ,

પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

ફોન : 232460 / 234602

•

© જયાનન્દ લ. દવે

•

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨

•

કિંમત : રૂા. ૬૦૦

•

ટાઈપ સેટિંગ :

(૧) દીપ કોમ્પ્યુટર્સ,

સી-૨૦૨, સ્વામીનારાયણ એવન્યુ, વાસણા, અમદાવાદ- ૭. ફોન : ૬૬૨૨૨૮૬

•

(૨) પ્રમા દવે, **'પ્રતિકૃતિ'**, ૭, શ્યામ એપાર્ટમેન્ટ્સ, વિશ્રામનગરની પાછળ, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨. ફોન : ૭૪૧૭૬૭૦

•

મુદ્રક :

પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.

વેરાવળ (શાપર), જિલ્લો : રાજકોટ.

અર્પણ :

સદા-સૌમ્ય-શ્રદ્ધેય-સૌજન્યશીલ અને

શ્રોત્રિયત્વ-મૂર્તિ,

શ્રીરમણીકભાઈ અને ઇન્દુબહેન શાહ -

દંપતીને, —

(અનુષ્ટુપ)

'ભદ્રતા'-શબ્દનો અર્થ શું કહે કોશ બાપડો ?
ગજું શું રંકનું એનું ! અહો ! કિંતુ ક્ષણાર્ધમાં,
સ્મરું હું તમને, ત્યાં તો, ચમત્કાર - ચમત્કૃતિ :
અર્થનું વિશ્વ આખુંયે ભવ્ય તેજે ઝળાંહળાં !

एकं सद् विप्रा बहुधा वदन्ति ।

– ऋग्वेद १,१६४,४६

("મૂળભૂત સત્ય તો એક જ છે, પરંતુ
વિપ્રો તેને અનેક રૂપે વર્ણવે છે.")

Soul is a Synonym of Truth.

– Bible

("આત્મા એટલે સત્યનું બીજું નામ.")

परहित सरिस धरम नहिं भाई,
परपीडा सम नहिं अधमाई ।

– गोस्वामी तुलसीदास

("પરોપકાર જેવો કોઈ ધર્મ નથી, અને
પર-પીડા જેવી કોઈ અધમતા નથી.")

જાગીને જોઉં તો જગત દીસે નહિં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે :
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે !

– નરસિંહ મહેતા

આદ્ય શ્રીશંકરાચાર્ય :

વિરલ વિશ્વવંદ્ય વિભૂતિ, યુગપુરુષ, મહામાનવ, વિશ્વમાનવ :

માત્ર આઠ જ વર્ષની કુમળી ઉંમરનો એક બટુક.

ભારતવર્ષના છેક દક્ષિણ છેડેથી, વન-વગડા વીંધતો, અનેક નદીઓ અને મોટા પર્વતો ઓળંગતો અને આ બધાં જંગલોમાંનાં હિંસક જાનવરોની પરવા કર્યા વિના, મધ્યપ્રદેશમાં નર્મદા-તટે આવીને, **'ગોવિંદ'**-વનમાં **શ્રીગોવિંદપાદાચાર્ય**ની ગુફાનાં દ્વારે પહોંચીને ઊભો રહ્યો અને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા તેણે આચાર્યશ્રીને પ્રાર્થના કરી.

ભગવાં વસ્ત્રો, ઉચ્ચ પ્રજ્ઞા-મેધાથી ચળકતું લલાટ, અને અસાધારણ જિજ્ઞાસાવૃત્તિનો પરિચય આપતી તેજસ્વી આંખો.

"પરંતુ તમે છો કોણ ?" ગોવિંદાચાર્યે આ બટુકને પૂછ્યું : "તમારો પરિચય તો આપો !"

આ ટચુકડા બાળકે, ત્યારે, જે આત્મપરિચય આપ્યો, તે આ પ્રમાણે હતો :

नाहं मनुष्यो न च देवयक्षौ
न ब्राह्मणः क्षत्रियवैश्यशूद्राः ।
न ब्रह्मचारी न गृही वनस्थो
भिक्षुर्न चाहं निजबोधरूपः ॥

("હું મનુષ્ય, દેવ કે યક્ષ નથી; તેમ જ હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્રમાંથીયે કોઈ નથી; વળી, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસીમાંથી પણ હું કોઈ નથી : હું તો કેવળ જ્ઞાનસ્વરૂપ આત્મા છું !")

આ શ્લોકનો મર્મ કંઈક આવો છે : દેવ-યક્ષ-મનુષ્ય વગેરે **'યોનિઓ'** શરીરને હોય; અને બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર જેવા **'વર્ણો'** અને બ્રહ્મચર્ય-ગાર્હસ્થ્ય-વાનપ્રસ્થ-સંન્યાસ સમા **'આશ્રમો'** પણ શરીરની જ 'ઉપાધિઓ' છે : આત્માને **'યોનિ'-'વર્ણ'-'આશ્રમ'** સાથે કશો જ સંબંધ નથી.

(આ પ્રસંગનાં નિરૂપણમાં આગળ વધીએ તે પહેલાં, એક નોંધ એ કરવાની રહે છે કે અન્ય એક પરંપરા પ્રમાણે, પાછળથી શંકારાચાર્યના જે ચાર મુખ્ય શિષ્યો બનેલા, તેમાંના એક **હસ્તામલકે**, શ્રીશંકરાચાર્યે "હે બાળક, તું કોણ છે ?" - પૂછેલા એવા પ્રશ્નના ઉત્તરરૂપે આ શ્લોક તેમની સમક્ષ રજૂ કર્યો હતો.)

વાણીની નિશ્ચયાત્મકતા, અર્થની ગંભીરતા અને ઉત્તર તથા ઓળખાણની અદ્‌ભુત-અભૂતપૂર્વ અસામાન્યતા !

ગોવિંદાચાર્ય તો સાનંદ આશ્ચર્યચકિત થઈ ગયા.

આવું નમ્ર છતાં નિશ્ચલ નિવેદન કરનાર, બીજું કોઈ નહીં, પરંતુ બુદ્ધ અને મહાવીર પછી, છેલ્લાં અઢી હજાર વર્ષોમાં, જેમની કક્ષાનો કોઈ તત્ત્વજ્ઞાની અને મહાપુરુષ ભારતમાં પાક્યો નથી, તેવા યુગપુરુષ **આદ્ય શ્રીશંકરાચાર્ય !**

અને આવા વિશિષ્ટ-વિરલ સુ-શિષ્યની સામેથી જ સ્વયમેવ ઉપલબ્ધિ, - એ તો, ગુરુજી માટે, અનેરાં આનંદ-ગૌરવનો જ પ્રસંગ !

યમરાજને જાણે નચિકેતા મળ્યો !

મહાકવિ ભવભૂતિની કાવ્યપંક્તિ, આ સંદર્ભમાં, સ્વાભાવિક રીતે જ યાદ આવી જાય છે :

सतां सद्भिः संगः कथमपि हि पुण्येन भवति ।

("સજ્જનોનો સજ્જનો સાથે સમાગમ કોઈક પુણ્યનાં બળે અને કેમે કરીને જ થાય છે !")

પરંતુ, અહીં આ પુણ્ય તો આ બે સજ્જનોનું જ નહીં, માત્ર ભારતનું પણ નહીં, સમગ્ર વિશ્વનું જ !

આવું અદ્‌ભુત, અલૌકિક અને અનન્ય-સાધારણ વ્યક્તિત્વ છે, આદ્ય શ્રીશંકરાચાર્યનું ! પરંતુ માત્ર વ્યક્તિત્વ જ નહીં, એમનું તો આખુંયે જીવન સર્વ પ્રકારની સામાન્યતાઓથી પર અને લોકોત્તર છે : એમનાં જન્મ, જન્મસ્થળ, આયુષ્યની અવધિ, ગ્રંથો અને બ્રહ્મલીન થવાનાં સ્થળ વિશે વિદ્વાનો, ચરિત્ર-લેખકો અને ઇતિહાસકારોમાં અનેક-વિવિધ મતમતાંતરો હોવા છતાં, લગભગ ચમત્કાર-સમકક્ષ એવી એમની જીવન-કારકિર્દીની લોકોત્તરતા વિશે પંડિતો, પરામર્શકો અને સામાન્ય જનસમાજ, મહદંશે, એકમત છે.

આ મહામાનવનો જન્મ ક્યારે થયો, એ વિશે વિદ્વાનો અને વિવેચકોમાં એવો ઉગ્ર મતભેદ પ્રવર્તે છે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠા શતકથી, ઈ. સ.નાં નવમાં શતક સુધીનાં લગભગ દોઢ હજાર વર્ષોમાં, એમના જન્મ વિશે અનેક ભિન્ન ભિન્ન મતો, સિદ્ધાંતો, અભિપ્રાયો, તર્કો અને વાદો, હજુ આજે પણ, પ્રચલિત છે : ખાસ તો, આચાર્યશ્રીએ ભારતમાં સ્થાપેલા ચાર સુપ્રસિદ્ધ મઠો પર આજ સુધી અધ્યક્ષસ્થાને રહેલા અધ્યક્ષોની સંખ્યા અને તેમનાં સરેરાશ આયુષ્યની સ્થૂલ ગણતરીના આધારે, પ્રાચીન મતને અનુસરનારા, પાઠશાળા-પદ્ધતિના આચાર્યો અને અધ્યાપકો, શંકરાચાર્યનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૦૯માં થયો હતો, એવા નિર્ણય પર આવ્યા છે, જ્યારે પાશ્ચાત્ય

પદ્ધતિ પ્રમાણે યુનિવર્સિટી-શિક્ષણ પામેલા આધુનિક બહુસંખ્યક વિદ્વાનો, ઈ. સ. ૭૮૮થી ૮૨૦ સુધીના ૩૨ વર્ષના સમય-ગાળાને, શંકરાચાર્યનાં આયુષ્ય તરીકે માન્ય રાખે છે.

વળી, એક મત પ્રમાણે, એમના જન્માક્ષર અને જન્મસમયની ગ્રહ-પરિસ્થિતિના આધારે, તત્કાલીન જ્યોતિષીઓએ તેમનું આયુષ્ય માત્ર આઠ જ વર્ષનું હોવાનું જણાવ્યું હતું; પરંતુ આચાર્યશ્રીનાં માતાએ પુત્રને સંન્યાસી બનવાની સંમતિ આપી તેથી પ્રસન્ન થઈને, ભગવાન શંકરે એ આયુષ્ય બમણું એટલે કે ૧૬ વર્ષનું કરી આપ્યું હતું અને એમના ચરિત્રકારોએ નોંધ્યું છે તે પ્રમાણે, આ આયુષ્યની અવધિ પૂરી થવામાં હતી ત્યારે, "**બ્રહ્મસૂત્ર**"ના સૂત્રકાર **શ્રીબાદરાયણ વ્યાસ**ને આચાર્યશ્રીએ આ ગ્રંથ પરનાં પોતાનાં ભાષ્ય વડે પ્રસન્ન કર્યા તેથી, વ્યાસે, એમનું આયુષ્ય ૧૬થી વધારીને ૩૨નું, એટલે કે મૂળથી બમણું, કર્યું હતું.

મનુષ્યનાં જન્મ, આયુષ્ય-અવધિ અને મરણ, - આ બધું માત્ર ઈશ્વરાધીન છે; મનુષ્ય માટે આમાં હસ્તક્ષેપનો કશો જ અવકાશ નથી : શ્રીબાદરાયણ વ્યાસ ગમે તેવા મોટાં ગજાંના તત્ત્વચિંતક હોય, આખરે તેઓશ્રી પણ એક મનુષ્ય જ હતા ને !

આચાર્યશ્રીનાં આયુષ્યની અવધિ તેઓશ્રી બમણી કેવી રીતે કરી શકે ? કેટલાક ચરિત્રકારો આચાર્યશ્રીનાં આયુષ્યને ૩૪ વર્ષ કે ૩૮ વર્ષ પણ માને છે.

વળી, આચાર્યશ્રીએ પોતે રચેલાં देवी-अपराध-क्षमापन-स्तोत्रના, નીચે પ્રમાણેના, પાંચમા શ્લોકને લક્ષમાં લઈએ તો, એ સ્તોત્રના રચના-કાળે, આચાર્યશ્રી ૮૫ વર્ષોથી પણ વધાર વયના હતા :

परित्यक्ता देवा विविधविधिसेवाकुलतया
मया पंचाशीतेरधिकमपनीते तु वयसि ।
इदानीं चेन्मातस्तव यदि कृपा नापि भविता
निरालम्बो लम्बोदरजननि कं यामि शरणम् ॥५॥

("પંચાશીથી વધારે મારી ઉંમર વીતી ગઈ છે ત્યારે, વિવિધ પ્રકારની વિધિવાળી સેવાથી અકળાઈને, મેં દેવોને ત્યજી દીધા : હવે આ સંજોગોમાં, હે ગણેશની માતા ! મને જો તારી કૃપા પણ નહીં મળે તો, આધાર વિનાનો હું (બીજા) કોને શરણે જાઉં ?")

શંકરાચાર્યનાં લગભગ સર્વ સ્તોત્ર-ગ્રંથોમાં આ સ્તોત્રનો સમાવેશ થયો છે, અને એ સર્વમાં આ શ્લોક પણ છે જ; એટલે એમણે આ આખું સ્તોત્ર પોતે જ રચ્યું

છે, એ નિશ્ચિત થાય છે. અને આ શ્લોકની બીજી પંક્તિમાં તેઓશ્રી પોતે જ કહે છે કે તેમની ઉંમર ૮૫ વર્ષથી વધારે હતી ! તો પછી, મહદંશે સ્વીકૃત ૩૨ વર્ષનાં આયુષ્યનો મેળ, ઉપર્યુક્ત તેમનાં પોતાનાં જ વિધાન સાથે, કેવી રીતે બેસે ?

અને તેઓશ્રી જો આટલું લાંબું ન જીવ્યા હોય તો, આ વિશેનું આવું ખોટું વિધાન, આ શ્લોકમાં, તેમણે શા માટે કર્યું ?

પરંતુ ૩૨ વર્ષનાં તેમનાં આયુષ્યના મતને વળગી રહેનારા એક આધુનિક વિદ્વાને તો, આ શ્લોક આચાર્યશ્રી-રચિત નથી, પણ કોઈ દીર્ઘાયુ આચાર્યે પ્રાર્થનામાં અંગતપણું લાવવા ઊમેરી દીધો હશે ! – એવો પોતાનો અભિપ્રાય આપી દીધો છે. (જુઓ : **આદિ શંકરાચાર્ય** : દ્વાદશ શતાબ્દી સ્મતિગ્રંથ. ગુજરાતી-અનૂદિત આવૃત્તિ, ૧૯૯૫. સંપાદકો : ગૌતમ પટેલ, ઊર્મિ સમીર શાહ, પૃ. ૧૦૩.)

આચાર્યશ્રીનાં આયુષ્યની અવધિ વિશે આવું મત-વૈવિધ્ય હતું.

આચાર્યશ્રીનાં જન્મસ્થળ વિશે આ બે મત પ્રચલિત છે :

એક : આનંદગિરિ અનુસાર, તામિલ-પ્રાંતનું **ચિદમ્બરમ્**-નામનું સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર;

બે : મોટા ભાગના અન્ય વિદ્વાનોના મત પ્રમાણે, કેરળનું **કાલટી** (અથવા **કાલડી**) ગામ.

આચાર્યશ્રીનાં માતાનાં નામ વિશે આ પ્રમાણે આટલા ભિન્ન મત છે :

(૧) **માધવ** પ્રમાણે : **"સતી"**

(૨) **આનંદગિરિ** પ્રમાણે : **"વિશિષ્ટા"**

(૩) કેટલાક ચરિત્રકારો પ્રમાણે : **"આર્યામ્બા"**

(૪) એક મત પ્રમાણે : કોઈક દરિદ્ર બ્રાહ્મણ - વિધવા (નામ મળતું નથી.)

તેમના બ્રહ્મલીન થવાની બાબતમાં પણ આટલું મતવૈવિધ્ય છે :

(૧) કેરળના ગોવિંદનાથ યતિ રચિત **"શંકરચરિતમ્"** પ્રમાણે, કામકોટિ પીઠ અનુસાર અને આનંદગિરિના **'શંકરવિજય'** મુજબ, **'દક્ષિણ કૈલાસ'** કહેવાતું **કાંચી;**

(૨) શ્રીમહાદેવનના મત પ્રમાણે, **કાશ્મીર;**

(૩) માધવના **"શંકરદિગ્વિજય"** અને લક્ષ્મણશાસ્ત્રીનાં **'ગુરુવંશકાવ્ય'** પ્રમાણે, દત્તાત્રેયની દત્તગુફા;

(૪) એક પરંપરા પ્રમાણે, **નેપાળ;**

(૫) આવા અનેક વિવિધ મતો હોવા છતાં, સૌથી વ્યાપક અને સ્વીકૃત મત તો એ જ છે કે આચાર્યશ્રી હિમાલયમાં **કૈલાસ** પર્વત પર જ બ્રહ્મલીન થયા.

શંકરાચાર્યના ૭૮૮થી ૮૨૦ સુધીનાં આયુષ્યવાળા મતને માન્ય ગણીને ચાલીએ

તો, તેમના પ્રાદુર્ભાવને અમાસની અંધારી રાત પછીના, ભગવાન શ્રીસૂર્યનારાયણનાં પ્રથમ પાવનકારી કિરણનાં પ્રાકટ્ય-સમાન, પ્રેરક-પ્રોત્સાહક-પ્રકાશપ્રદ અને આશા-ઉલ્લાસ-ઉમંગના ઉન્મેષ-સમાન અવશ્ય ગણી શકાય.

ઇતિહાસમાં જેને 'સુવર્ણયુગ' કહેવામાં આવે છે, તે ગુપ્તવંશ - (ઈ. સ. ૩૨૦થી ૫૯૦) તો અસ્ત થઈ ગયો હતો અને હૂણોના હુમલાઓનો ભોગ બનેલા ભારતને સ્થિર-સ્વસ્થ-સલામત બનાવનાર, ઉત્તરમાં, **સમ્રાટ હર્ષવર્ધન,** અને દક્ષિણમાં **પુલકેશી (બીજા)** જેવા લોકકલ્યાણકારી શાસકોનો સમય પણ પૂરો થઈ ગયો હતો. સમાજમાં સર્વત્ર અવ્યવસ્થા, અનવસ્થા અને અરાજકતા વ્યાપી ગઈ હતી. આખો દેશ અનેક નાનાં-નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયો હતો અને આ રાજ્યોના રાજાઓ પણ અંદરો-અંદર લડતા હતા. હિંદુ-ધર્મ અનેક વાડાઓ-પંથો અને સાંપ્રદાયિક ચોકાઓમાં વિભક્ત અને છિન્નભિન્ન થઈ ગયો હતો. વહેમ, અજ્ઞાન, અશ્રદ્ધા, અંધશ્રદ્ધા, બાહ્યાચાર, જંતરમંતર-તંત્ર-જાદુ-ટોણાંમાં અને ધર્મનાં નામે, પંચ "મ"-કારમાં ડૂબેલી પ્રજાનું કોઈ બેલી ન્હોતું. ધર્મનાં નામે સર્વત્ર દંભ, ચમત્કારો, પાખંડ, ધાર્મિક અસહિષ્ણુતા અને ધતિંગો ચાલતાં હતાં. વામ-માર્ગીઓ, તાંત્રિકો અને બૌદ્ધોની અકર્મણ્યતાની સરેઆમ બોલબાલા હતી. સંક્ષેપમાં, શબ્દના સાચા અર્થમાં એ 'અંધકાર-યુગ' હતો.

ધાર્મિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે સમગ્ર દેશમાં આવું નિરાશાપ્રેરક અને અંધાધૂંધીભર્યું વાતાવરણ વ્યાપી ગયું હતું ત્યારે, આદ્ય શ્રીશંકરાચાર્યનો આવિર્ભાવ, ખરેખર, આશા અને ઉજાસના નવા યુગના અવતારની આગાહી આપનાર એંધાણી-સ્વરૂપ બની રહ્યો.

શ્રીશંકરાચાર્યનાં જીવનનું આલેખન કરતા જે અનેક પ્રગટ અને અપ્રગટ ગ્રંથો આપણને અત્યારે ઉપલબ્ધ થયા છે તે-**"શંકરદિગ્વિજયો"**ની સંખ્યા, શ્રીબલદેવ ઉપાધ્યાયનાં સંશોધન અનુસાર, ૨૨ છે, જેમાંના સવિશેષ સુપ્રસિદ્ધ ગ્રંથો અને ગ્રંથકારો આટલા છે :

(૧) આનંદગિરિ, (૨) ચિદ્‌વિલાસ-યતિ, (૩) માધવ, (૪) ગોવિંદનાથ-યતિ, (૫) લક્ષ્મણશાસ્ત્રી, (૬) શૃંગેરી-મઠ પરંપરા, (૭) સ્વામી વિદ્યારણ્ય, (૮) ચિત્સુખાચાર્ય, (૯) વાક્‌પતિ ભટ્ટ, (૧૦) કેટલીય શંકરવિજય, (૧૧) વ્યાસછલીય શંકરવિજય, – વગેરે.

આ સર્વ **"શંકરદિગ્વિજયો"**ની બાબતમાં, નીચેની હકીકતો નોંધપાત્ર છે :

(૧) આમાંનો એક પણ ગ્રંથ શ્રીશંકરાચાર્યનાં જીવનનો સમકાલીન કે સમસામયિક નથી;

(૨) આ ગ્રંથોમાં, જે સૌથી પ્રાચીન છે તે, આનંદગિરિ અથવા અનંતાનંદગિરિનાં ગ્રંથનો સમય ઈ. સ. ૧૨૬૦ છે;

(૩) આ સર્વ "**શંકરદિગ્વિજય**"-ગ્રંથોમાં આચાર્યશ્રીનાં જીવન વિશેની જે ઘટનાઓનું આલેખન થયું છે, તે પણ મહદંશે દંતકથા-ચમત્કાર-કિંવદન્તી કક્ષાની અલૌકિક, અદ્‌ભુત અને અભૂતપૂર્વ છે, એટલું જ નહીં પણ એ સર્વ, અત્ર-તત્ર થોડા ફેરફારો સિવાય, લગભગ એકસરખી છે.

શંકરાચાર્યનો સૌથી મોડો જીવન-સમય (૭૮૮-૮૨૦) સ્વીકારીએ તો, આ સર્વ ગ્રંથો તેમના પછી ચાર-પાંચ શતકો બાદ રચાયા છે, અને જો આચાર્યનો ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદી(ઈ. સ. પૂર્વે ૫૦૯)નો જન્મ-સમય સ્વીકારીએ તો, આ બધા ગ્રંથો અને ગ્રંથકારોનો સમય આચાર્યશ્રી પછી દોઢથી બે હજાર વર્ષો પછીનો ગણાય !

અને આ બધા ગ્રંથોમાંથી જે ગ્રંથ સૌથી સુપ્રસિદ્ધ, લોકપ્રિય, કાવ્યચાતુર્યપૂર્ણ અને જેમાં આલિખિત ઘટનાઓને મોટા ભાગના આધુનિક વિદ્વાનો અને પંડિતો પ્રેમાદરપૂર્વક સ્વીકારે છે, અને નિરૂપે છે તે, માધવીય "**શંકરદિગ્વિજય**"નો સમય તો નિશ્ચિત જ નથી !

એક ચોખવટ, – હૃદયપૂર્વકની ચોખવટ, - આરંભમાં જ કરી દઉં : આદ્ય શ્રીશંકરાચાર્યનાં જીવનની અદ્‌ભુત, અલૌકિક અને લોકોત્તર સિદ્ધિઓ વિશે મારાં મનમાં, અણુના અબજગણા અલ્પ અંશ જેટલી પણ શંકા નથી. એ સર્વ સંપૂર્ણરીતે શિરસાવંદ્ય અને નતમસ્તકે સ્વીકાર્ય જ છે. હું તો એમ કહેવા-સ્વીકારવા પણ તૈયાર છું કે આચાર્યશ્રીની જીવન-કારકિર્દી આ બધાં "**દિગ્વિજયો**"માં આલિખિત જીવન-કારકિર્દી કરતાં અનેકગણી અધિક ઉજ્જવળ અને યશસ્વી છે. આચાર્યશ્રી એક વિરલ વિશ્વવંદ્ય વિભૂતિ, યુગપુરુષ, મહામાનવ અને વિશ્વમાનવ (Citizen of the World) હતા, એની ઘોષણા છાપરે ચઢીને, અંગ્રેજી રૂઢિપ્રયોગને પ્રયોજીને કહું તો, from the roof-top, કરવામાં પણ મને કશો જ વાંધો નથી. એમના પ્રત્યે મારાં હૃદયમાં સંપૂર્ણ આદર, અહોભાવ અને મુગ્ધભાવ છે.

પરંતુ આ બધા "**દિગ્વિજય**"-ગ્રંથોના લેખકો કોણ ? એમાંના મોટા ભાગના લેખકો તો સામાન્ય કક્ષાના મનુષ્યો જ હતા. પોતાના સમય પહેલાંના, ૪૦૦-૫૦૦ વર્ષો અથવા દોઢ-બે હજાર વર્ષો પહેલાંના સમયમાં બનેલી ઘટનાઓને જોઈ શકે એવાં કયાં 'દિવ્ય ચક્ષુઓ' તેમની પાસે હતાં ? તે સૌને શું આવું કોઈ 'ઈશ્વરી વરદાન' હતું ? આવાં વરદાનનો, એ બધાંમાંથી કોઈએ, ક્યાંય, ઉલ્લેખ કર્યો નથી; એટલું જ નહીં પણ એવાં બધાં આલેખન માટેનું એમનું પ્રાપ્તિસ્રોત (Source)

શું ? – એ પણ તેમણે જણાવ્યું નથી.

તો પછી ?

આ બધા ગ્રંથોમાંનાં આલેખનની શ્રદ્ધેયતા, વિશ્વસનીયતા, પ્રમાણભૂતતા કેટલી ?

આ બધું તો, તેમનાં ફળદ્રૂપ ભેજાંની કલ્પનાનું જ સ-વીગત નિરૂપણને ! આદ્ય શ્રીશંકરાચાર્યનાં, આજ સુધીનાં કોઈ પણ સંપાદનગ્રંથમાં, આવી સ્પષ્ટ શંકા ઉઠાવાઈ હોય, એવો મને ખ્યાલ નથી. સહુએ આચાર્યશ્રી પ્રત્યેના આદર-અહોભાવને કારણે, આ સર્વ **"दिग्विजयो"**માં નિરૂપિત, એમનાં જીવનની ઘટનાઓને એ જ રૂપે સ્વીકારી લીધી છે અને પોતપોતાનાં સંપાદનોમાં વર્ણવી છે. હું પણ એ બધું અહીં વર્ણવું તો છું જ, – માત્ર, સામાન્ય જનસમાજની અપેક્ષા સંતોષવા માટે.

પરંતુ આવી ઉપર્યુક્ત શંકા, એ બધા **"दिग्विजयो"**માંનાં આલેખનની પ્રમાણભૂતતા (Authoritativeness) વિશે, ઊઠાવું છું ત્યારે, આવો મારો અંગત મત અભિવ્યક્ત કરવા માટે, તે તે **"दिग्विजय"**-ગ્રંથોના લેખકોની, અને સહુ આધુનિક વિદ્વાનો-વિવેચકો અને પંડિતોની, હું અંતઃકરણપૂર્વક ક્ષમા પ્રાર્થું છું.

સંસ્કૃત સાહિત્યમાંના ભાસ-કાલિદાસ વગેરે મહાકવિઓની શ્રદ્ધેય જીવન-કારકિર્દી વિશે પણ આવું જ બન્યું છે, તેનાં આ બે કારણો છે : **એક** તો એ કે પોતાનાં વિશે લખવામાં એ સર્વને આત્મશ્લાઘાનો ભય હતો, અથવા એ સહુ સર્જકોની એવી વિનમ્રતા હતી; અને **બીજું** એ કે એ સમયના સમકાલીન સમાજની અને એના અગ્રણીઓની પણ એવી ઉદાસીનતા હતી, અથવા ઇતિહાસ-ભાવનાનો એમનામાં એટલો અભાવ હતો કે આવી મહત્ત્વની-મૂલ્યવાન સામગ્રી, ભાવિ પેઢીના લાભાર્થે, સાચવી રાખવાનું, અથવા એવી કશી વ્યવસ્થા કરવાનું પણ એમને સૂઝ્યું નહીં !

વસ્તુસ્થિતિ આવી છે ત્યારે, આદ્ય શ્રીશંકરાચાર્યની વિશ્વસનીય જીવનકારકિર્દીનું આલેખન કરવાનું અશક્ય નહીં તો, અઘરું તો છે જ. અને આ માટે, ઉપર્યુક્ત **"दिग्विजय"**-ગ્રંથો સિવાય આપણી સમક્ષ અન્ય કશી સામગ્રી પણ નથી તેથી, એ ગ્રંથોમાં આલિખિત માત્ર મુખ્ય ઘટનાઓને, અત્યંત સંક્ષિપ્ત સ્વરૂપે, નીચે પ્રમાણે, રજૂ કરું છું :

(૧) શંકરાચાર્યના જન્મ સાથે આવી એક **'દંતકથા'** સંકળાયેલી છે : એક સર્વગુણસંપન્ન પુત્રની પ્રાપ્તિની વિનંતી સાથે શિવગુરુએ ચિદંબરમ્‌ના ક્ષેત્રદેવતા ભગવાન શંકર સમક્ષ ઉગ્ર તપશ્ચર્યા કરી. પરંતુ શિવજીએ એમની તે તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને, પુત્રની બાબત આ **બે** શરતો મૂકી :

(અ) પુત્ર સર્વગુણસંપન્ન જોઈતો હોય તો તે અલ્પાયુ હશે, અને

(બ) દીર્ઘાયુ પુત્ર જોઈતો હોય તો એ સર્વગુણસંપન્ન નહીં હોય !

શિવગુરુએ અલ્પાયુ છતાં સર્વગુણસંપન્ન પુત્રવાળી શરત સ્વીકારી, અને આવો પુત્ર એટલે આદ્ય શ્રીશંકરાચાર્ય !

(૨) આ પુત્ર એકપાઠી અને 'શ્રુતધર' (જેટલું સાંભળ્યું-વાંચ્યું હોય, તે બધું મગજમાં એ જ સ્વરૂપે હંમેશ માટે સાચવી રાખવાની શક્તિ ધરાવનાર) હોવાથી, તેમણે ત્રણ વર્ષની ઉંમરે માતૃભાષા મલયાલમ શીખી લીધી.

(૩) પરંતુ ત્યારપછી તરત જ પિતાનું અવસાન થતાં, વિધવા માતાએ, પોતાના પતિની ઇચ્છા પ્રમાણે, પાંચ વર્ષની ઉંમરે, પુત્રનો ઉપનયન-સંસ્કાર સંપન્ન કર્યો અને અભ્યાસ માટે પુત્રને ગુરુ પાસે મોકલ્યો.

(૪) શંકરાચાર્ય ગુરુકુળમાં હતા, તે સમયની એક **'દંતકથા'** આ પ્રમાણે છે : ભિક્ષા માટે તેઓશ્રી એક દરિદ્ર વિધવા બ્રાહ્મણીને ઘેર ગયા. પેલી બાઈ પાસે ઘરમાં કશું હતું નહીં, તેથી આંખમાં આંસુ સાથે, તેણીએ ભિક્ષાપાત્રમાં માત્ર એક આમળું આપ્યું.

સંવેદનશીલ શંકરાચાર્યને એ બાઈની આવી પરિસ્થિતિથી ખૂબ દુઃખ થયું, હૃદયમાં સહાનુકંપા પ્રગટી અને આખી રાત લક્ષ્મીદેવીની સ્તુતિ કરી : બીજે દિવસે તે બાઈનાં ઘરમાં સોનાનાં આમળાંની વૃષ્ટિ થઈ !

આવી અત્યંત લાગણી-સભર અને સંવેદનશીલ વ્યક્તિ માટે, આથી જ, **करुणावरुणालय** અને **शंकरं लोक-शंकरम् (शं-करम्)**, — એવાં પ્રશસ્તિ-વચનો ઉચ્ચારાયાં હોય, એ સંપૂર્ણરીતે સ્વાભાવિક છે.

આચાર્યશ્રીનાં સ્તોત્રોમાંનાં **લક્ષ્મીસ્તોત્ર** અથવા **કનકધારા**-સ્તોત્રના આધારે, આ 'દંતકથા', પાછળથી, ઉપજાવવામાં આવી હોય, એવું ન બને ?

(૫) પૂર્ણા અથવા આલવાઈ નદીનો ઘાટ કાલટી-ગામથી બહુ દૂર હતો. માતા વૃદ્ધ હતી, શરીરે નબળી હતી. એક દિવસ નદીએથી પાછાં ફરતાં, મધ્યાહ્નની ગરમીનાં કારણે, માતા રસ્તામાં જ પડી ગઈ, બેહોશ થઈ ગઈ.

માતૃભક્ત શંકરને ઊંડું દુઃખ થયું, આઘાત લાગ્યો. આખી રાત તેમણે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી : શ્રીકૃષ્ણે નદીનો પ્રવાહ બદલાવ્યો અને બીજા દિવસથી એ જ નદી, નવાં સ્વરૂપે ગામનાં માધવ મંદિર પાસેથી વહેવા લાગી !

(૬) માતાની ઇચ્છા સ્વાભાવિક રીતે જ, પુત્રને પરણાવવાની હતી, પણ પુત્રની વૈરાગ્યભાવના અતિપ્રબળ હતી, એની ઇચ્છા સંન્યાસની હતી. માતા-પુત્ર બંને પોતે-પોતાના નિર્ણયોમાં મક્કમ હતાં.

એક દિવસ, બંને સ્નાનાદિ માટે નદી પર ગયાં. પુત્ર નદીમાં ન્હાવા પડ્યો. માતા નદી પરના તટ પર જ હતી ત્યાં જ, તેણીએ પુત્રની ચીસ સાંભળી, વ્યાકુળ થઈ ગઈ. પુત્રનો પગ કોઈક ભયંકર મગરે પકડ્યો હતો. પુત્રે કહ્યું કે "જો તું મને સંન્યાસની અનુમતિ આપે તો જ આ મગર મને છોડે !" પુત્ર જીવતો રહે, એ ઇચ્છાએ માતાએ સંન્યાસની શરત માન્ય રાખી.

માતાના મૃત્યુ સમયે પોતે હાજર રહેશે અને તેનો અગ્નિસંસ્કાર કરશે, એવું પુત્ર શંકરે, માતાની આ ઉદારતાથી ખુશ થઈને, તેણીને વચન આપ્યું !

મગરે પગ પકડ્યો હતો, એ વાત સાચી ? અને માતા સંન્યાસની શરત સ્વીકારે, એ શરતે મગર પગ છોડી દે ? આવો કોઈ મગર હોઈ શકે ખરો ? આમાં સત્ય શું - એ કોઈ **"દિગ્વિજય"**-કારે કહ્યું નથી !

(૭) શંકરાચાર્યે **આઠ** વર્ષની ઉંમરે ચારેય વેદો, અને **બાર** વર્ષની ઉંમરે સર્વ શાસ્ત્રો ભણી લીધાં; **સોળ** વર્ષની ઉંમરે ભાષ્યો રચ્યાં અને **બત્રીશ** વર્ષની ઉંમરે આખરી વિદાય લીધી :

अष्टावर्षे चतुर्वेदी द्वादशे सर्वशास्त्रवित् ।
षोडशे कृतवान् भाष्यान् द्वात्रिंशे मुनिरभ्यगात् ॥

(૮) **"યોગસૂત્ર"**-કાર **પતંજલિ** એ જ, નર્મદાતટ પરની ગુફામાં સમાધિસ્થ **ગોવિંદાચાર્ય** એવું, ગુરુકુળમાંનાં અધ્યયન દરમિયાન, શંકરાચાર્યે જાણ્યું હતું; તેથી માતાએ સંન્યાસની સંમતિ આપી, ત્યારપછી એ દીક્ષાગુરુની શોધમાં તેમણે 'મહાભિનિષ્ક્રમણ' કર્યું.

(૯) શ્રીશંકરાચાર્ય અહીં ગુરુ ગોવિંદાચાર્ય પાસે હતા, એ દરમિયાન, આવો એક ચમત્કાર સર્જાયો : વર્ષા-ઋતુમાં નર્મદામાં ભારે પૂર આવ્યું, પૂર ભયંકર હતું, અને ગુરુની ગુફામાં પ્રવેશી જાય, એવું હતું. શંકરાચાર્યે પોતે મંત્રેલું કમંડલુ ગુરુજીની ગુફાનાં દ્વારે મૂકી દીધું; પૂરનું બધું જળ એ કમંડલુએ સમાવી લીધું અને ગુરુજી સુરક્ષિત રહ્યા !

પુરાણોમાંનાં વર્ણનો પ્રમાણે, અગસ્ત્ય ઋષિએ પોતાની અંજલિમાં સમુદ્રને સમાવી લીધો હતો. પરંતુ એ તો પુરાણોનો પ્રાચીન સમય અને તપોમૂર્તિ અગસ્ત્ય !

પરંતુ આ તો કળિયુગ અને ઊગીને ઊભો થતો આઠ જ વર્ષનો એક બટુક !

આવું શક્ય ખરું ? न जाने ।

ગુરુજીએ શિષ્ય પર પ્રસન્ન થ ને તેને વિદ્યાક્ષેત્ર કાશી જવાનું સૂચવ્યું.

(૧૦) શંકરાચાર્ય કાશીમાં હતા એ દરમિયાન, એક આવો પ્રસંગ નોંધાયો

છે : એક વાર સ્નાન માટે, તેઓશ્રી ગંગા તરફ જતા હતા ત્યારે, ચાર ડાઘિયા કૂતરા સાથે એક ચાંડાલ, રસ્તો રોકીને વચ્ચે ઊભો હતો. આચાર્યશ્રીએ તેને રસ્તામાંથી ખસી જવાનું કહ્યું. પેલા ચાંડાલે સંભળાવ્યું કે "તમે તો **અભેદ**નાં પ્રવચનો આપો છો : મારામાં અને તમારામાં શો **ભેદ** ?" આચાર્યશ્રીની આંખ ઊઘડી ગઈ.

चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु... એ શ્લોકનાં સર્જનની પ્રેરણા આ સમયે તેમને થઈ !

પરંતુ આ તો ભગવાન કાશીવિશ્વનાથે યોજેલી કસોટી હતી. આચાર્યશ્રી કસોટીમાં સફળ થયા. ભગવાન ત્યાં જ પ્રગટ થયા અને શંકરાચાર્યને **"બ્રહ્મસૂત્ર"** પર ભાષ્ય લખવા સૂચવ્યું.

चाण्डालोऽस्तु स तु द्विजोऽस्तु... । - આચાર્યશ્રીના એ શ્લોકને આધારે, આ ચમત્કારની રચના થઈ હોય, એવું ન બને ?

(૧૧) પૂર્વમીમાંસા-દર્શનના પ્રખર પંડિત અને પ્રચારક **કુમારિલ-ભટ્ટ** પ્રયાગ ખાતેના ત્રિવેણી-સંગમના ઘાટ પર, પોતાનાં બે પાપોનાં પ્રાયશ્ચિત માટે, અગ્નિમાં બળીને આત્મઘાત કરવાની તૈયારી કરી રહ્યા હતા, તેમની સાથે વાતચીત કરતાં, તેમણે શંકરાચાર્યને, માહિષ્મતી-નિવાસી પોતાના શિષ્ય મંડનમિશ્ર સાથે શાસ્ત્રાર્થ કરવા સૂચવ્યું.

માહિષ્મતી પહોંચીને શંકરાચાર્યે, કૂવા પરની પનિહારીઓ પાસે મંડનમિશ્રનાં ઘરની માહિતી માગી. તે બધી હસવા લાગી. મંડનમિશ્રનાં ઘર વિશે ખબર નથી ? કોઈક અજાણ્યો માણસ લાગે છે ! પનિહારીઓએ મંડનમિશ્રનાં ઘરની આ પ્રમાણે માહિતી આપી : "વેદો સ્વતઃ પ્રમાણ છે કે પરતઃ પ્રમાણ ? ફળ કર્મ આપે છે કે ઈશ્વર ? જગત નિત્ય છે કે અનિત્ય ? - આવી ચર્ચા, જે ઘરનાં આંગણામાં ટાંગવામાં આવેલાં પાંજરાંમાં બેઠેલી મેનાઓ સંસ્કૃતમાં કરતી હોય, તે ઘર મંડનમિશ્રનું !" –

स्वतः प्रमाणं परतः प्रमाणं फलप्रदं कर्म फलप्रदोऽजः ।
जगद् ध्रुवं स्याद् जगदध्रुवं स्यात् कीरांगना यत्र गिरं गिरन्ति ॥
द्वारस्थनीडान्तरसंनिरुद्धा जानीहि तन्मंडनमिश्रधाम ॥

મંડનમિશ્રનું અદ્‌ભુત, અસામાન્ય અને અભૂતપૂર્વ પાંડિત્ય ! શંકરાચાર્ય ત્યાં પહોંચ્યા અને શાસ્ત્રાર્થની માગણી કરી, પણ એક **પૂર્વમીમાંસા** દર્શનનો પંડિત, અને બીજો **ઉત્તરમીમાંસા**(વેદાંત)નો મહાપંડિત ! જય-પરાજયનો નિર્ણય કોણ કરી શકે ? આખરે, મંડનમિશ્રની વિદુષી ધર્મપત્ની ઉભયભારતીએ આ જવાબદારી સ્વીકારી. ઘણા દિવસની શાસ્ત્રાર્થ-સ્પર્ધાને અંતે પત્નીએ જ પતિના પરાજયનો ચૂકાદો આપ્યો

અને શરત પ્રમાણે મંડનમિશ્રે સંન્યાસ અને શંકરાચાર્યનું શિષ્યત્વ સ્વીકાર્યું.

પરંતુ ઉભયભારતીએ જણાવ્યું કે "પતિવ્રતા પત્ની, પતિની 'અર્ધાંગના' હોય છે, તમે મંડનમિશ્રને હરાવીને અર્ધો વિજય મેળવ્યો છે. મને પરાજિત કરો ત્યારે જ, તમારો વિજય સંપૂર્ણ ગણાય !"

શંકરાચાર્ય સંમત થયા. ઉભયભારતીએ સ્પર્ધામાં જે સવાલો પૂછ્યા, તે કામ-કલા વિશેના હતા, પણ શંકરાચાર્ય તો બ્રહ્મચારી હતા ! આવા સવાલોના જવાબો કેવી રીતે આપી શકે ? તેમણે એક મહિનાની મુદત માગી.

તેઓશ્રીએ પોતાની યોગવિદ્યાથી, મૃત રાજા અમરુકના દેહમાં પ્રવેશ કર્યો અને રાજમહેલમાં રાજાની રાણીઓ સાથે આનંદ-ઉપભોગ કરીને, કામકલામાં પારંગત બનીને પાછા ફર્યા અને ઉભયભારતીનો પણ પરાજય કર્યો; અને તેણે પણ શંકરાચાર્યની સર્વોપરિતાનો સ્વીકાર કર્યો.

ઉત્તમ પ્રકારનું 'મનોરંજન' આપતા આ પ્રસંગમાંથી આટલા પ્રશ્નો આપોઆપ ઉપસી આવે છે : (અ) આરંભમાં જે શરતો થઈ હતી, તેમાં ઉભયભારતીની ઉપર્યુક્ત શરત ન્હોતી; (આ) એની સાથેના શાસ્ત્રાર્થમાં નિર્ણાયકનો ઉલ્લેખ જ નથી ! (ઈ) શંકરાચાર્યે પોતે પરકાયાપ્રવેશ કર્યો, તેને બદલે તેમનો કોઈ શિષ્ય આ કાર્ય ન કરી શક્યો હોત ? તેમણે પોતે આમ શા માટે કર્યું ? (ઇ) શંકરાચાર્યે પુરુષકાયામાં જ પ્રવેશ શામાટે કર્યો ? સ્ત્રી-કાયામાં કેમ નહીં ? (ઉ) એમના જેવા પ્રખર બુદ્ધિશાળીને એક મહિના જેટલી મુદતની શી જરૂર ? (ઊ) અને આ મુદત પછી પણ તેઓશ્રી પાછા ન આવ્યા, એટલે શિષ્યોએ તેમની શોધ કરીને કામોપભોગમાં ગળાડૂબ પોતાના ગુરુને જગાડવા પડે, એ કેવું ?

આખા પ્રસંગમાં, 'મનોરંજન'નું તત્ત્વ ભરપૂર, પરંતુ સત્ય ? NIL ! મૂળ વાત તો એ છે કે શંકરાચાર્યનો જીવન-સમય જ જ્યાં અનિશ્ચિત છે ત્યાં, કુમારિલ-ભટ્ટ સાથેની એમની સમકાલીનતા માત્ર કાલ્પનિક જ ને !

ટી.એમ.પી. મહાદેવન્ જેવા વિદ્વાને આ પ્રસંગને અસંબદ્ધ અને અસંભવિત ઘટના ગણીને, શંકરાચાર્યનાં ચરિત્રમાંથી રદ કરી છે, એ જ યોગ્ય છે.

(૧૨) કાશીમાં ભિક્ષાટન દરમિયાન, આચાર્યશ્રીએ એક વૃદ્ધને - डुकृङ् करणे, डुकृङ् करणे । - એ વ્યાકરણસૂત્રને ગોખતો જોયો : શંકરાચાર્યને એની દયા આવી અને તેને ઉદ્‌બોધન કર્યું કે "હે મૂઢ બુદ્ધિવાળા માણસ, ગોવિંદનું ભજન કર, મરણ નજીક આવશે ત્યારે, આ "डुकृङ् करणे" - સૂત્ર તને નહીં બચાવે !" –

भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते ।
प्राप्ते संनिहिते मरणे न हि न हि रक्षति डुकृङ् करणे ॥

શંકરાચાર્યનાં સુપ્રસિદ્ધ આ સ્તોત્રનો આધાર લઈને, આ પ્રસંગની રચના થઈ હોય, એ શક્ય નથી ?

(૧૩) શંકરાચાર્યના સૌપ્રથમ શિષ્ય સનન્દન નદીના સામે કાંઠે હતા, બીજા કાંઠા પર રહેલા શંકરાચાર્યને એમની તાત્કાલિક હાજરીની જરૂર પડતાં, તેમણે તેને જલદી પોતાની પાસે આવવા આજ્ઞા આપી. શિષ્યે પૌતાના પ્રાણની પરવા કર્યા વિના, પાણીમાં ચાલવાનું શરૂ કર્યું, તેની ગુરુભક્તિથી પ્રસન્ન થઈને, તેના પગની નીચે કમળનાં પાંદડાં ગોઠવી દીધાં અને તેને ગંગાએ બચાવી લીધો !

આ ચમત્કાર પછી, સનન્દન, **'પદ્મપાદ'** ("જેનાં પગ નીચે કમળપત્રો પ્રકટ્યાં હતાં"), એવાં નામે જાણીતો થયો !

પણ કમળનાં પાંદડાં કોઈ માણસનાં શરીરનો ભાર ઝીલી શકે ?

(૧૪) શંકરાચાર્ય દક્ષિણમાં હતા તે દરમિયાન, કોઈક Mental Telepathyથી માતાની માંદગી અને અંતિમ સ્થિતિની તેમને જાણ થઈ. આપેલાં વચન પ્રમાણે, તરત જ તેઓશ્રી ત્યાં પહોંચી ગયા, ખૂબ સેવા કરી, અને પુત્રના મુખે કુલદેવતા શ્રીકૃષ્ણની સ્તુતિ સાંભળતાં માતાએ દેહ છોડ્યો.

કૃષ્ણાષ્ટક-સ્તોત્ર આ પ્રસંગના પાયામાં ન હોઈ શકે ?

જ્ઞાતિજનોએ દાહાગ્નિ માટે અગ્નિ આપવાનો ઇન્કાર કરતાં, શંકરાચાર્યે પોતાના જમણા હાથને મથીને તેમાંથી અગ્નિ પ્રગટાવ્યો અને તેના વડે માતાનો અગ્નિસંસ્કાર કર્યો !

પરંતુ સંન્યાસી તો નિરગ્નિ હોય ! એને વળી અગ્નિ કેવો ? લોકોએ વિરોધ કર્યો, પણ ક્રાંતિમૂર્તિ શંકરાચાર્યે તેને ગણકાર્યો નહીં.

(૧૫) શંકરાચાર્ય **'એકપાઠી'** અને **'શ્રુતધર'** હતા, કૉમ્પ્યુટર જેવી એમની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી, એ વાત આ પહેલાં નોંધવામાં આવી છે : આવા બે પ્રસંગો, આ પ્રમાણે મળે છે : **(અ)** શિષ્ય પદ્મપાદ એમના મામાને ત્યાં હતા ત્યારે, સલામતી ખાતર પોતાનો ગ્રંથ **"પંચપાદિકા"** મામાને ત્યાં રાખીને તીર્થાટનમાં નીકળી ગયા હતા; પરંતુ મામા તો હતા પૂર્વમીમાંસક પ્રભાકરના શિષ્ય અને આ ગ્રંથમાં તો હતું શાંકરમતનું (**ઉત્તરમીમાંસા**નું) પ્રતિપાદન. અસહિષ્ણુ મામાએ તેને સળગાવી દીધો.

પદ્મપાદને આ જાણીને ખૂબ દુઃખ થયું, પરંતુ આ ગ્રંથ રચ્યા પછી તેણે શંકરાચાર્યને વાંચી સંભળાવ્યો હોવાથી, 'શ્રુતધર' ગુરુજીને એ અક્ષરે-અક્ષર યાદ હતો : ગ્રંથ એ જ સ્વરૂપે લખાવી દીધો !

(બ) બાલ્યાવસ્થામાં શંકરાચાર્ય કેરળમાં જ હતા ત્યારે, રાજા રાજશેખર તેમને

મળવા આવ્યા હતા અને પોતાનાં ત્રણ નાટકો શંકરાચાર્યને વાંચી સંભળાવ્યાં હતાં. દક્ષિણયાત્રા દરમિયાન, શંકરાચાર્ય ફરીથી કેરળ ગયા, રાજાને મળ્યા અને પેલાં નાટકો વિશે પૂછ્યું; પણ રાજકાજનાં કામમાં રાજા આ નાટકોને સાચવી શક્યા ન્હોતા. શંકરાચાર્યે પોતાની સ્મરણશક્તિના આધારે, એ નાટકોને અક્ષરશઃ લખાવી દીધાં !

પેલા સર્વ **"દિગ્વિજય"**-ગ્રંથોમાં આલિખિત, શંકરાચાર્યની જીવન-કારકિર્દી અંગેની આ બધી ઘટનાઓ તો મુખ્ય અને તે પણ સંક્ષિપ્ત જ છે.

શંકરાચાર્યના ચાર મુખ્ય શિષ્યો આ પ્રમાણે નોંધાયા છે :

(૧) પદ્મપાદ (મૂળ નામ : સનન્દન)

(૨) સુરેશ્વરાચાર્ય (મૂળ નામ : મંડનમિશ્ર)

(૩) હસ્તામલક (મૂળ નામ : પૃથ્વીધર)

(૪) તોટકાચાર્ય અથવા ત્રોટકાચાર્ય (મૂળ નામ : ગિરિ અથવા આનંદગિરિ)

ભારતની ભાવાત્મક એકતા અને પોતે પ્રબોધેલાં ધાર્મિક-સાંસ્કૃતિક મૂલ્યો જળવાઈ રહે, એવા શુભ ઉદ્દેશથી પ્રેરાઈને, શંકરાચાર્યે ભારતની ચારેય દિશામાં, પ્રખ્યાત તીર્થસ્થાનોમાં, સ્થાપેલા ચાર મઠ, - એ એમની અદ્યાપિ-પર્યંત, એ જ પરંપરામાં, સુરક્ષિત એક અવિસ્મરણીય મહાસિદ્ધિ છે. એમના ચારેય શિષ્યો, જૂદા જૂદા વેદોના અનુયાયીઓ હતા, અને વેદોનો સંબંધ દિશાઓ સાથે નિશ્ચિત થયેલો છે, તે ચારેયને તેમણે વેદ-અનુસારી દિશાઓમાંની પીઠના સૌપ્રથમ અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા, જેનો કોઠો આ પ્રમાણે છે :

દિશા	અધ્યક્ષ	વેદ	મઠનું નામ
(૧) ઉત્તર : હિમાલયનાં બદરીનારાયણ મંદિર પાસે	તોટકાચાર્ય	અથર્વવેદ	જ્યોતિર્મઠ
(૨) દક્ષિણ : તુંગભદ્રા-નદીના તટે	સુરેશ્વરાચાર્ય	યજુર્વેદ	શૃંગેરી-મઠ
(૩) પૂર્વ : જગન્નાથપુરીમાં	પદ્મપાદ	ઋગ્વેદ	ગોવર્ધન-મઠ (જગન્નાથપુરી)
(૪) પશ્ચિમ : સૌરાષ્ટ્રની દ્વારિકાપુરીમાં	હસ્તામલક	સામવેદ	શારદા-મઠ

આ ચાર ઉપરાંત, શંકરાચાર્યે એક (**"સુમેર"-મઠ**) **કાશી**માં અને બીજો કાંચી "કામકોટી"-મઠ કાંચીમાં પણ સ્થાપ્યો હતો, એટલું જ નહીં પરંતુ આ મઠના આચાર્યની પરંપરા પ્રમાણે તો, આ મઠ જ શંકરાચાર્યનો મુખ્ય મઠ હતો, અને તેમણે જે મઠ પોતાના માટે પસંદ કર્યો તે આ જ મઠ હતો. આ મઠનું નામ, **"શારદા"**, તેના આચાર્ય શંકર ભગવત્પાદ પોતે, તેમનો વેદ ઋગ્વેદ, - વગેરે હતાં.

આચાર્ય બળદેવ ઉપાધ્યાયની નોંધ પ્રમાણે, ઉપર્યુક્ત ચાર મઠ ઉપરાંત, 'મઠ-આમ્નાય'-પરંપરા અનુસાર, આ બે મઠ પણ શંકરાચાર્યે સ્થાપ્યા હતા.

આ અનુસંધાનમાં, એ હકીકત પણ અવશ્ય નોંધવી જોઈએ કે તેમણે એ સમયના ધાર્મિક સંપ્રદાયોને પરિશુદ્ધ કરીને સુદૃઢ બનાવ્યા : સૌપ્રથમ, શિવ-શક્તિ-વિષ્ણુ-સૂર્ય-ગણપતિ એ પાંચનું **'દેવ-પંચાયતન'** રચ્યું અને પાછળથી, એમાં, દક્ષિણમાં વિશેષ પ્રચલિત એવી, **'કુમાર કાર્તિકેય'**ની પૂજાના સંપ્રદાયને ઊમેરવાથી આચાર્યશ્રી **ષણ્મતસ્થાપકાચાર્ય** કહેવાયા.

ધાર્મિક એકસૂત્રતાનાં સંરક્ષણનાં આવાં બધાં તેમનાં વિશિષ્ટ કાર્યોથી પ્રેરાઈ અને પ્રભાવિત થઈને જ, ભારતની પ્રજાએ તેમને **'જગદ્‌ગુરુ'**ની અનન્ય પીઠ પર અધિષ્ઠિત કર્યા.

અને પછી તો એવી જ ભાવાત્મક એકતાને પોતાની નજર સમક્ષ રાખીને, શ્રીશંકરાચાર્યે સમગ્ર રાષ્ટ્રમાં એવું સંપૂર્ણ પરિભ્રમણ કર્યું કે રઘુવંશના રઘુરાજાના દિગ્વિજય(**"રઘુવંશ"**, સર્ગ ૪,)ને પણ ટપી જાય અને ટક્કર મારે ! એમનું જીવનચરિત્ર નિરૂપતા મોટા ભાગના ગ્રંથોને **"દિગ્વિજય"** એવું શીર્ષક આપવામાં આવ્યું છે, તેની પાછળ એમનો આવો દૃષ્ટિપૂર્ણ **'દિગ્વિજય'** જ અભિપ્રેત હશે, એમ સ્પષ્ટ જણાય છે.

શંકરાચાર્યની કૃતિઓ :

મૂળ શંકરાચાર્યની જ કૃતિઓ હોય, એવો સ્પષ્ટ નિર્ણય કરવો તે પણ અત્યંત અઘરું કામ છે, કારણ કે કેટલીક કૃતિઓ પરવર્તી શંકરાચાર્યે લખેલી હોવા છતાં આદ્ય શ્રીશંકરાચાર્યનાં નામે ચઢેલી હોય. એ જ રીતે સ્તોત્રોમાં પણ, એક જ સ્તોત્ર, જૂદાં જૂદાં નામે, એકથી વધુ વાર ગણતરીમાં લેવાયું હોવાથી, એ સંખ્યા પણ પ્રમાણભૂત ન ગણાય.

એમની કૃતિઓને આટલા વિભાગોમાં વહેંચી શકાય :

(૧) ભાષ્યો, (૨) પ્રકરણ-ગ્રંથો, (૩) તંત્ર-ગ્રંથો અને (૪) સ્તોત્રો.

(૧) **ભાષ્યો** :

અહીં પણ (અ) **પ્રસ્થાનત્રયી**-ગ્રંથો પરનાં ભાષ્યો અને (બ) ઈતર ગ્રંથો પરનાં ભાષ્યો, - એમ બે પેટા વિભાગો પાડી શકાય :

(અ) **પ્રસ્થાનત્રયી પરનાં ભાષ્યો :**

(૧) **બ્રહ્મસૂત્ર** પરનું ભાષ્ય

(૨) ૧૧ કે ૧૨ **ઉપનિષદો** પરનાં ભાષ્યો :

ઈશાવાસ્ય, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, શ્વેતાશ્વતર, નૃસિંહતાપિની, કૌષીતકિ વગેરે **ઉપનિષદો** પરનાં ભાષ્યો.

(૩) **શ્રીમદ્‌ભગવદ્‌ગીતા** પરનું ભાષ્ય.

(બ) **ઈતર ભાષ્યો :**

વિષ્ણુસહસ્રનામ, સનત્સુજાતીય, લલિતાત્રિશતી (દેવી લલિતાનાં ૩૦૦ નામો), મૈત્રાયણીય-ઉપનિષદ, કૈવલ્ય-ઉપનિષદ, મહાનારાયણીય-ઉપનિષદ, અમરુશતક, ઉત્તર-ગીતા, શિવગીતા વગેરે.

(૨) **પ્રકરણ-ગ્રંથો :**

અદ્વૈતપંચક, અદ્વૈતાનુભૂતિ, અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ, ઉપદેશપંચક, ઉપદેશ-સાહસ્રી, તત્ત્વબોધ, નિર્વાણમંજરી, મણિરત્નમાલા, વિવેકચૂડામણિ, સ્વાત્મનિરૂપણ, શતશ્લોકી, સર્વવેદાન્ત-સિદ્ધાંત-સાર-સંગ્રહ, મનીષાપંચક, - વગેરે ૩૪ ગ્રંથો.

(૩) **તંત્ર-ગ્રંથો :**

સૌંદર્યલહરી, પ્રપંચસાર.

(૪) **સ્તોત્રો :**

આમાં પણ ત્રણથી ચાર વિભાગો આ પ્રમાણે પાડી શકાય :

(અ) **વેદાન્ત-સ્તોત્રો,** (બ) ગણેશ-શિવ-વિષ્ણુ-સૂર્ય, રામ, હનુમાન, ભવાની, કૃષ્ણ, ગોવિંદ, જગન્નાથ વગેરે **ભક્તિ-સ્તોત્રો,** (ક) ગંગા, નર્મદા, યમુના વગેરે **નદી-સ્તોત્રો** અને **પરચુરણ-સ્તોત્રો.**

આમ, શંકરાચાર્યની અને એમનાં નામે ચઢેલી કૃતિઓની સંખ્યા ૨૦૦થી વધારે છે.

સામાન્ય માણસ જે ઉંમરે પોતાના પુરુષાર્થની જીવન-કારકિર્દીનો આરંભ કરે એવાં માત્ર ૩૨ જ વર્ષમાં, અનેક અભૂતપૂર્વ, આશ્ચર્યકારક અને અવિસ્મરણીય સંસિદ્ધિઓ સંપન્ન કરી જનાર, આ વિશ્વવંદ્ય વિભૂતિ અને યુગપ્રવર્તક મહામાનવનું સાચું આધારભૂત અને સંપૂર્ણ મૂલ્યાંકન કરવા માટે તો કોઈ પણ માપ-દંડ ટૂંકો જ નીવડે.

એમનાં જીવન અને એમની સિદ્ધિઓનું આકલન, ઋગ્વેદના, શબ્દમાં **દશાંગુલ** ઓછું-અધૂરું જ બની રહે !

અને એમનાં જીવનચરિત્રનું આલેખન કરતા જે **"દિગ્વિજય"-ગ્રંથો** આપણને

ઉપલબ્ધ થયા છે, તેનાં અનુસંધાનમાં, છેલ્લે, આટલું અંગત :

આદ્ય શંકરાચાર્ય જેવા, સાચા અર્થમાં, **'મહામાનવ'**નાં જીવનનાં અનુસંધાનમાં, એક **'અત્યંત નાની'** હકીકતનો અહીં ઉલ્લેખ કરતાં, મને ખૂબ ક્ષોભ અને સંકોચ થાય છે, તે છતાં તે હકીકતની પ્રસ્તુતતા (Relevance) વિશે મને સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી, આ 'સાહસ' હું કરું છું :

અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં, **મિલ્ટન**(Milton)ના જન્મસમય (ઈ. સ. ૧૬૦૮)થી **ડૉ. સેમ્યુઅલ જહોન્સન**(Dr. Samuel Johnson)ના મૃત્યુસમય (ઈ. સ. ૧૭૮૪) સુધીના, પોણા બસો વર્ષોના આ સમયગાળાને 'ઓગસ્ટન એઈજ' (Augustan Age), એટલે કે 'બુદ્ધિપ્રધાન યુગ' કહેવામાં આવે છે. આદ્ય શ્રીશંકરાચાર્યની સરખામણીમાં આ ડૉ.જહોન્સન તો ઘણો નાનો માણસ ગણાય. અરે, એવો **'નાનો'** કે આ બંનેનાં નામોને એકીસાથે મૂકી શકાય જ નહીં !

પણ અહીં 'નાનાંપણું'-'મોટાંપણું' પ્રસ્તુત જ નથી.

પરંતુ આ બાબત વિશેષ લંબાણ કરવા કરતાં, હું મારા મુદ્દા પર જ આવું : વાણી-વર્તન-વ્યવહાર, વસ્ત્રો, વાળ, – એકંદરે સમગ્ર વ્યક્તિત્વ વગેરે સઘળી બાબતમાં, પૂરો 'લઘરવગર', અવ્યવસ્થિત અને 'વિચિત્ર' એવો આ ડૉ.જહોન્સન, એનાં સમકાલીન સમયમાં, એક 'જિનિયસ' ગણાતો : એનાં ભાષણો અને લખાણોમાં, એની વિચિત્ર, વિશિષ્ટ, અસાધારણ અને સ્વકીય (Peculiar) બુદ્ધિના ચમકારાની, એના સંપર્કમાં આવતી સર્વ વ્યક્તિઓને પ્રતીતિ થતી, પરંતુ એ સહુને એક સાત્ત્વિક ચિંતા સતાવતી : ભાવિ પેઢીના લાભાર્થે, આ 'ચમકારા'ને જાળવી રાખવા અને જીવાડવા શી રીતે ?

અંતે, લોકોને આનો એક ઉપાય સૂઝી આવ્યો : ડૉ.જહોન્સનના અત્યંત સામાન્ય બુદ્ધિવાળા, છતાં અત્યંત નિકટના, વિશ્વસનીય અને દિલોજાન દોસ્ત **સેમ્યુઅલ બોસ્વેલ**(Samuel Boswell)ને એમણે સૂચવ્યું : "તમે ડૉ.જહોન્સનના આવા એક અંતરંગ અને આત્મીય સન્મિત્ર છો. તમે એનું જીવનચરિત્ર લખો ને !"

બોસ્વેલ-રચિત ડૉ.જહોન્સનનું જીવનચરિત્ર ("Boswell's Life of Dr. Johnson") અંગ્રેજી સાહિત્યના ઇતિહાસમાં એક **'પ્રશિષ્ટ કૃતિ'** (A Classic) તરીકે સુપ્રસિદ્ધ છે.

મને આજે એક વિચાર સ્ફુરે છે : આદ્ય શ્રીશંકરાચાર્યને આવો કોઈક **'બોસ્વેલ'** મળી ગયો હોત તો !

– તો, આવા બધા **"દિગ્વિજય"**-ગ્રંથોની ભાંજગડ જ ન રહેત !

– જયાનન્દ દવે

વિવેકચૂડામણિ :

વેદાન્તવિદ્યાના પાયાના સિદ્ધાંતોનું મર્મસ્પર્શી માર્ગદર્શન આપતો 'પ્રકરણ–ગ્રંથ'

મનુષ્ય-જીવનના ચાર પુરુષાર્થો એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એમાંના પ્રથમ ત્રણ તો સામાન્ય છે અને મનુષ્યનાં ઐહિક જીવનને જ સ્પર્શે છે; પરંતુ ચોથો પુરુષાર્થ મોક્ષ તો, મૃત્યુની પેલી પારનાં, - એટલે કે એનાં પારલૌકિક જીવનના મર્મ સાથે સંબંધ ધરાવતો હોવાથી, તે, ક્રમમાં ભલે 'ચરમ', છતાં મહત્ત્વની દૃષ્ટિએ તો 'પરમ' પુરુષાર્થ ગણાય છે, એમાં સંપૂર્ણ ઔચિત્ય છે.

હકીકતમાં, મોક્ષની પ્રાપ્તિ એ જ મનુષ્યજીવનની અંતિમ, આત્યંતિક અને ઉચ્ચતમ ઇતિકર્તવ્યતા, ધન્યતા, કૃતાર્થતા અને પરાકાષ્ઠા(Climax) છે, એમાં કશી શંકા નથી.

આ ગ્રંથના આરંભમાં જ, ગ્રંથકાર આદિ શંકરાચાર્યે, આ મોક્ષપ્રાપ્તિને, મનુષ્યના **"સ્વાર્થ"** તરીકે નિરૂપીને, એમાં પ્રમાદ ન કરવા આદેશ આપ્યો છે અને એમ ન કરનારને 'મૂઢમતિ' તથા 'આત્મઘાતક' કહ્યો છે (શ્લોકો ૩, ૪, ૫).

અને આ સિદ્ધિ માટે, મોક્ષાર્થી સાધકનાં પોતાના જ પ્રયત્ન અને પુરુષાર્થ પર તેમણે ભાર મૂક્યો છે :

उद्धरेदात्मनात्मानं मग्नं संसारवारिधौ । (શ્લોક-૯)

અને આ પરમ પુરુષાર્થને પામવાની વિદ્યા એટલે વેદાન્તવિદ્યા. પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક પરંપરાએ જે છ દર્શનો(Six systems of Indian Philosophy)ને સ્વીકાર્યા છે તે (**સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા** અને **ઉત્તરમીમાંસા**) પૈકીનું છેલ્લું **ઉત્તરમીમાંસા** એટલે **વેદાન્ત.**

આ **"વેદાન્ત"**-શબ્દ જરા સમજવા જેવો છે : સાવ સરળ ભાષામાં કહેવું હોય તો, **વેદાન્ત** એટલે વેદોનો અંત, એટલે કે વેદોને અંતે જે આવે તે. વૈદિક સાહિત્યમાં, સૌપ્રથમ ચાર વેદો પછી **બ્રાહ્મણ**-ગ્રંથો અને **આરણ્યક**-ગ્રંથો, પછી સાવ છેલ્લે આવતા ગ્રંથો એટલે **ઉપનિષદો.** આમ, **'અંત'**-શબ્દના માત્ર વાચ્ય અને સ્થૂલ અર્થમાં તો, ઉપનિષદો **'વેદાંત'** છે જ; પરંતુ **'અંત'** એટલે સાર, મૂલ, મર્મ, નિષ્કર્ષ (Essence) - એવા લક્ષ્યાર્થમાં પણ ઉપનિષદો વેદાંત છે. અને **"વેદાન્ત"**-શબ્દનો આ જ અર્થ સવિશેષ સાચો અને વેદાન્ત-વિદ્યાના આચાર્યોએ માન્ય રાખ્યો છે;

કારણ કે ઉપનિષદોના ઋષિઓએ તે ગ્રંથોમાં જે કાંઈ નિરૂપણ કર્યું છે, તે, ચારેય વેદોમાંનાં મૂળભૂત પ્રતિપાદનનો અર્ક છે, વેદોનો સાર-સર્વસ્વ છે.

વૈદિક સાહિત્યની વ્યવસ્થા પ્રમાણે, દરેક વેદને પોતપોતાના બ્રાહ્મણ-ગ્રંથો, આરણ્યક-ગ્રંથો અને ઉપનિષદ-ગ્રંથો છે. પરંતુ તે-તે ઉપનિષદો, **'વેદાન્ત'** તરીકે, વેદાન્ત-વિદ્યાનું વ્યવસ્થિત અને વિસ્તૃત નિરૂપણ કરે તેં પહેલાં, દરેક વેદે, પોતાની જ કોઈક ઉપનિષદ દ્વારા, વેદાન્તનાં **બ્રહ્મ**-તત્ત્વનો, સ્વ-સ્વરૂપે અનુભવ કરાવતું, એક એક **"મહાવાક્ય"** આ પ્રમાણે પ્રતિપાદિત કર્યું છે :

(૧) **ઋગ્વેદ** : આ જ વેદની **ઐતરેય**-ઉપનિષદમાં પ્રતિપાદિત કરવામાં આવેલું **"મહાવાક્ય"** આ પ્રમાણે છે : **પ્રજ્ઞાનં બ્રહ્મ** । એટલે કે આત્મા અને બ્રહ્મ એ બંને જ્ઞાનસ્વરૂપ છે, તેથી, આ બંને, એની સ્વરૂપગત દૃષ્ટિએ, એક જ છે : આત્મા એ જ બ્રહ્મ છે.

(૨) **યજુર્વેદ** : આ વેદની બે શાખાઓ આ પ્રમાણે છે : 'શુક્લ' અને 'કૃષ્ણ'. એ પ્રમાણે, 'શુક્લ'-યજુર્વેદની **બૃહદારણ્યક**-ઉપનિષદનું **"મહાવાક્ય"** છે, - **અહં બ્રહ્માસ્મિ** । એટલે કે "હું"-જીવ, પોતે જ બ્રહ્મ છું. અહીં પણ જીવ એ જ બ્રહ્મ.

(૩) **સામવેદ** : આ જ વેદની **છાંદોગ્ય**-ઉપનિષદનું **"મહાવાક્ય"** છે, - **તત્ત્વમસિ** । (**તત્ ત્વં અસિ** ।). અહીં સંદર્ભ એવો છે કે ઋષિ ઉદ્દાલક પોતાના પુત્ર શ્વેતકેતુને 'જીવ જ બ્રહ્મ છે', - એ સત્ય સમજાવવા માટે, જૂદાં જૂદાં નવ દૃષ્ટાંતો આપે છે અને એના અંતે, જીવ-બ્રહ્મનાં ઐક્યનું પ્રતિપાદન કરતું આ **"મહાવાક્ય"** ઉપસાવે છે કે **ત્વં** એટલે કે **"તું"**, **તત્ "તે"** બ્રહ્મ છે.

(૪) **અથર્વવેદ** : આ વેદની **માંડૂક્ય**-ઉપનિષદ દ્વારા મળતું **"મહાવાક્ય"** આ પ્રમાણે છે : **અયમાત્મા બ્રહ્મ** । **અયં આત્મા** એટલે 'આ આત્મા' (જીવાત્મા) બ્રહ્મ છે.

વેદાન્તવિદ્યાનાં અનુસંધાનમાં, એક બીજી આનુષંગિક વાત આ પ્રમાણે છે : અથર્વવેદીય **"મુંડક"**-ઉપનિષદના આરંભમાં, સુપ્રસિદ્ધ મહાગૃહસ્થ-(**महाशालः**)-**શૌનકે**, પ્રાચીન વિધિ પ્રમાણે, એટલે કે 'સમિત્પાણિ' બનીને, બ્રહ્મવિદ્યાના પ્રખર જ્ઞાતા એવા ઋષિ **અંગિરા** સમીપ જઈને, અને એમને પોતાના ગુરુ તરીકે સ્વીકારીને, આ પ્રશ્ન પૂછ્યો : "એવી કઈ વિદ્યા છે, જેનું વિજ્ઞાન થયે, સમગ્ર બ્રહ્માંડનું આ સર્વ વિજ્ઞાન પણ પ્રાપ્ત થઈ જાય ?" —

कस्मिन् नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।

જે જાણ્યા પછી, સઘળું જાણી લીધું છે અને હવે પછી બીજું કશું જાણવાનું

રહેતું નથી, - એવો નિર્ણય થઈ શકે, એ જ એકમાત્ર સાચી વિદ્યા !

અંગિરા-ઋષિએ શૌનકના આ પ્રશ્નનો ઉત્તર આપતાં, તરત જ કહ્યું હતું કે પરમાર્થદર્શીઓના અભિપ્રાય પ્રમાણે, વિદ્યાઓ, આ પ્રમાણે **બે** છે : **અપરા** (એટલે કે નીચલી કક્ષાની), અને **પરા** (એટલે કે ઉચ્ચ કક્ષાની). પરંતુ આ બે વિદ્યાઓમાં પણ સાચી વિદ્યા તો છે, **"પરા"**, જેના વડે તે **"અક્ષર"**ને પ્રાપ્ત કરી શકાય : **अथ परा, यया तद् अक्षरं अधिगम्यते ।**

આ **"અક્ષર"** એટલે કે **"ક્ષર"** નથી તે. **"ક્ષર"** એટલે તે, જે નાશ પામે છે (क्षरति इति । Perishable). પરંતુ આ **"અક્ષર"** તો તે છે, જે કદી નાશ પામતું નથી અને પોતાનાં મૂળભૂત સ્વરૂપે સદા-સર્વદા, જરા પણ પરિવર્તન પામ્યા વિના, એવું ને એવું જ રહે છે. અને આ **"અક્ષર"** એટલે જ, વેદાન્ત-દર્શનનું કેન્દ્રસ્થ તત્ત્વ, - **બ્રહ્મ,** જેનો સાક્ષાત્કાર થતાં, મનુષ્ય એમાં ભળી જાય છે, બ્રહ્મસ્વરૂપ અથવા બ્રહ્મમય બની જાય છે, તેને સંસારમાં ફરી પાછું આવવાનું રહેતું નથી, જન્મ-મરણનાં નિયત થયેલાં ચક્રમાંથી તે મુક્ત થઈ જાય છે, અને આ જ મુક્તિ, આ જ મોક્ષ, – Liberation, Final Emancipation, Beatitude, - જે શબ્દ પ્રયોજવો હોય તે.

મોક્ષપ્રાપ્તિના આ માર્ગને સમજાવતું દર્શન, - એટલે **વેદાન્ત દર્શન.**

આ અનુસંધાનમાં, આ એક વાત પણ લક્ષમાં રાખવાની છે, અને તે એ કે આ બ્રહ્મનું સ્વરૂપ એવું છે કે જેના માટે, જેનાથી, જેના પછી, **"બીજું"** (द्वितीयम्) કહી શકાય, એવું કોઈ તત્ત્વ જ નથી, આથી તેને **एकमेव अद्वितीयम्** કહેવામાં આવે છે. આદ્ય શ્રીશંકરાચાર્ય જે **વેદાન્ત**નો પુરસ્કાર કરે છે અને જેનું નિરૂપણ તેમણે આ ગ્રંથ-**"વિવેકચૂડામણિ"**માં કર્યું છે, તે છે, - આ બ્રહ્મનાં અદ્વિતીય-સ્વરૂપના આધારે, - **અદ્વૈત વેદાન્ત,** અથવા વધારે યોગ્ય રીતે કહેવું હોય તો, - **"કેવલાદ્વૈત વેદાન્ત"**, જેમાં કશાં જ દ્વય-દ્વૈત-દ્વિતીય માટે જરા પણ અવકાશ નથી.

પ્રાચીન દાર્શનિક પરંપરા પ્રમાણે, ૧૧ કે ૧૨ મુખ્ય ઉપનિષદો, બાદરાયણ-રચિત **"બ્રહ્મસૂત્ર"** અથવા વેદાન્ત-સૂત્ર અને **શ્રીમદ્‌ભગવદ્‌ગીતા,** - એ ત્રણને દર્શન-સાહિત્યનાં **"પ્રસ્થાનો"** (પાયાના ગ્રંથો) - એટલે કે **"પ્રસ્થાનત્રયી"** કહેવામાં આવે છે. અને આ જ પરંપરાપ્રાપ્ત પ્રણાલિકા પ્રમાણે, જે કોઈ દર્શનશાસ્ત્રી પોતાના દાર્શનિક સિદ્ધાંતનું પ્રણયન કરવા ઇચ્છતો હોય, તેણે, આ **'પ્રસ્થાન'**-ત્રિપુટી પર સૌપ્રથમ ભાષ્ય રચીને, એ ભાષ્યનાં માધ્યમ દ્વારા, પોતાના એ દાર્શનિક સિદ્ધાંતનું, અથવા વાદનું, નિરૂપણ કરવાનું રહે. અને આવું નિરૂપણ તે કરે ત્યારપછી જ, **"આચાર્ય"**-પદ માટે તેની પાત્રતા સિદ્ધ થાય.

શંકરાચાર્યે (૭૮૮-૮૨૦), **"બ્રહ્મસૂત્ર"** પરનાં પોતાનાં 'શારીરક'-ભાષ્યમાં, પોતાના આ **'કેવલાદ્વૈત'**-વાદનું પ્રતિપાદન કર્યા પછી, તેમના અનુગામી આચાર્યોએ, આ જ **"પ્રસ્થાનત્રયી"** પર,અને એમાંયે **"બ્રહ્મસૂત્ર"** પર ભાષ્ય રચીને, પોતાને અભિમત એવો, વેદાન્ત-દર્શન વિશેનો જે વાદ પ્રણીત કર્યો, તેમાં, તેમણે બ્રહ્મનાં અદ્વૈત-સ્વરૂપને સંપૂર્ણરીતે સ્વીકાર્યું નથી. તેમણે પોતાના આ દાર્શનિક વાદમાં, ભક્તિનું તત્ત્વ, જીવ-ઈશ્વર-ભેદ, દ્વૈત, દ્વૈત-અદ્વૈત, ભેદ-અભેદ જેવાં અન્ય તત્ત્વોને પણ સમાવિષ્ટ કર્યાં, જેનાં પરિણામે, શંકરાચાર્યના **'કેવલાદ્વૈત'** ઉપરાંત, વેદાન્ત-દર્શનની આ પરંપરામાં, અન્ય કેટલાક વાદોનું પ્રતિપાદન કરવામાં આવ્યું, જેની વીગતો આ પ્રમાણે છે :

આચાર્ય	સમય	વાદ	ભાષ્ય
શ્રીરામાનુજાચાર્ય	૧૨મું શતક	વિશિષ્ટાદ્વૈતવાદ	શ્રીભાષ્ય
શ્રીમધ્વાચાર્ય	૧૩મું શતક	દ્વૈતવાદ	પૂર્ણપ્રજ્ઞભાષ્ય
શ્રીનિમ્બાર્કાચાર્ય	૧૩મું શતક	દ્વૈતાદ્વૈતવાદ	વેદાંતપારિજાત
શ્રીવલ્લભાચાર્ય	૧૫-૧૬મું શતક	શુદ્ધાદ્વૈતવાદ	અણુભાષ્ય

ટૂંકમાં, શંકરાચાર્યનો દાર્શનિક સિદ્ધાંત એટલે **'કેવલાદ્વૈત'**-વાદ, જેનું પ્રતિપાદન તેમણે નીચેની શ્લોક-પંક્તિમાં કર્યું :

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।

સમગ્ર બ્રહ્માંડમાં એકમાત્ર સત્ય વસ્તુ (એટલે કે ત્રણેય કાળમાં સદા-સર્વદા, સતત, અસ્તિત્વ ધરાવતું તત્ત્વ, - Ever Existent, Eternal) એટલે બ્રહ્મ. આ દેખાતું-ભાસતું જગત મિથ્યા છે, અસત્ છે, ખોટું છે, અને મનુષ્યનો જીવ, - જીવાત્મા - એ બ્રહ્મ જ છે, એ સિવાય બીજું કશું જ નથી.

બ્રહ્મ ભલે સત્ય હોય, એની સત્યતાને અવશ્ય, નિઃસંકોચ સ્વીકારીએ, પરંતુ મનુષ્યની આંખોની સામે જ સતત દેખાતું, એની જ્ઞાનેન્દ્રિયો દ્વારા અનુભવાતું આ જગત 'મિથ્યા' શી રીતે ? કેવી રીતે ? એ સ્વીકારવું શાના આધારે ?

સામાન્ય માણસની આ મૂંઝવણ સ્વાભાવિક છે, અને શ્રીશંકરાચાર્ય પણ આ મૂંઝવણની સ્વાભાવિકતાને સ્વીકારે છે, એટલું જ નહીં પરંતુ આવી મૂંઝવણનાં સમાધાન માટે, તેમણે પોતાના ઉપર્યુક્ત વાદમાં, નીચે પ્રમાણે, ત્રણ **'સત્તા'** (सत् - એટલે થવું-હોવું, to be, - એ ધાતુ પરથી બનેલું નામ, અસ્તિત્વ - Existence) પ્રમાણિત કરી છે અને સ્વીકારી છે :

(૧) પારમાર્થિક **સત્તા**, (૨) વ્યાવહારિક **સત્તા**, અને (૩) પ્રાતિભાસિક **સત્તા**.

(૧) પારમાર્થિક **સત્તા**ના આધારે, સ્વીકારાતું બ્રહ્મનું **'ત્રિકાલાબાધિત' સત્ય;**
(૨) વ્યાવહારિક **સત્તા**ના આધારે, સ્વીકારાતું જગતનું **'મર્યાદિત' સત્ય;** અને
(૩) પ્રાતિભાસિક સત્તાના આધારે, અંધકારને લીધે, દોરડા(રજ્જુ)માં થતી સાપ(સર્પ)ની પ્રતીતિરૂપ, સ્વીકારાતું સાપનું, **'તાત્કાલિક' સત્ય.**

આવી ત્રણ **સત્તા**ની સ્વીકૃતિ તો સામાન્ય માણસની મૂંઝવણનાં સમાધાન માટે જ છે. હકીકતમાં, ત્રણેય કાળ દરમિયાન, પોતાનાં સ્વ-સ્વરૂપમાં, મૂળભૂત સ્વરૂપમાં રહેનાર એક-માત્ર **સત્ય** એટલે બ્રહ્મનું સત્ય, અને એકમાત્ર **'સત્તા'** એટલે પારમાર્થિક **સત્તા.**

આ બ્રહ્મને પામ્યા વિના, એનો સાક્ષાત્કાર કર્યા વિના, મનુષ્યનો આત્મા, એટલે કે જીવાત્મા, મુક્તિની પ્રાપ્તિ કરી શકે નહીં, એ જ છે તાત્પર્યાર્થ શંકરાચાર્યના **'કેવલાદ્વૈત'**-વેદાન્તનો. અને જીવાત્મા મોક્ષની પ્રાપ્તિ કરી શકે તે માટે, તેનાં માર્ગદર્શન માટે, તેમણે પ્રસ્તુત ગ્રંથ – **"વિવેકચૂડામણિ"**– ની રચના કરી છે.

આવી મુક્તિ એટલે, 'જીવાત્મા એ જ બ્રહ્મ', - એ પ્રકારની અનુભૂતિ. અને આવી અનુભૂતિ સો કરોડ જન્મોનાં સદાચરણથી કમાયેલાં પુણ્યો વિના મળી શકે નહીં, એવી સ્પષ્ટતા તેમણે, વેદાંત-દર્શનના **'પ્રકરણ-ગ્રંથો'**માં જે અગ્રસ્થાને છે, એવા આ **"વિવેકચૂડામણિ"**ના સૌપ્રથમ શ્લોકમાં આ પ્રમાણે કરી છે :

मुक्तिर्नो शतकोटिजन्मसुकृतैः पुण्यैर्विना लभ्यते ॥

ગ્રંથનું નામ, એનું શીર્ષક – **"વિવેકચૂડામણિ"**– પણ સૂચક અને ઔચિત્યપૂર્ણ છે : મનુષ્ય **"વિવેક"**ના સિદ્ધાંતને આત્મસાત્ ન કરે ત્યાંસુધી, મોક્ષપ્રાપ્તિની યાત્રામાં તે દીક્ષાની પાત્રતા પ્રાપ્ત કરી શકે નહીં.

પરંતુ આ **"વિવેક"** એટલે શું ?

વેદાંત-વિદ્યાનો અધિકાર જેને તેને, સામાન્ય માણસને, મળી શકે નહીં. એ માટેની પાત્રતા સિદ્ધ કરવા માટે, મનુષ્યે કોઈ સ્થૂલ કર્મકાંડ(Ritual)માં ઊતરવાની જરૂર નથી, પરંતુ તેણે પોતાનાં સમગ્ર વ્યક્તિત્વનું આમૂલ પરિવર્તન કરીને, સૂક્ષ્મ દૃષ્ટિએ,. જે સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે, તેની સર્વ વીગતો તેમણે, **"બ્રહ્મસૂત્ર"**નાં સૌપ્રથમ સૂત્ર પરનાં પોતાનાં ભાષ્યમાં, સરળતાપૂર્વક અને સવિસ્તર સમજાવી છે, જેનો નિષ્કર્ષ આ પ્રમાણે છે :

વેદાન્ત-વિદ્યાના અધિકાર માટે, તેમણે, આ પ્રમાણે, **બે** પ્રકારનાં સાધનોની સિદ્ધિ અનિવાર્ય (Indispensable) ગણી છે :

બહિરંગ સાધનચતુષ્ટય : (૧) વિવેક, (૨) વૈરાગ્ય, (૩) ષટ્સંપત્તિ : શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન અને ઉપરતિ, – આ છ પ્રકારની સંપત્તિ; અને

(૪) **મુમુક્ષા**. (આ ચાર એટલે બાહ્ય **સાધનો**).

અંતરંગ સાધન-ત્રિતય : (૧) શ્રવણ, (૨) મનન અને (૩) **નિદિધ્યાસન** (આ **ત્રણ** એટલે આંતરિક **સાધનો**).

આ બંને પ્રકારનાં સાધનોની વીગતોમાં અહીં ઊતરવાનું પ્રસ્તુત પણ નથી અને આવશ્યક પણ નથી, કારણ કે ગ્રંથમાં આ સર્વ બાબતો સવિસ્તર અને સ-દૃષ્ટાંત સ્પષ્ટ રીતે સમજાવવામાં આવી છે. અહીં તો પ્રસ્તુત માત્ર એટલું જ છે કે બે પ્રકારનાં સાધનોમાંનાં બહિરંગ **સાધનચતુષ્ટય**માં પણ સૌપ્રથમ છે **વિવેક**, - જેનાં સ્વરૂપને સંપૂર્ણરીતે સમજ્યા અને આત્મસાત્ કર્યા પછી જ, મોક્ષપ્રાપ્તિની દીક્ષાને સંપન્ન કરી શકાય.

અને એટલે જ, **'વિવેક'**ના મહિમાને અનુલક્ષીને જ, આચાર્યશ્રીએ પોતે જ, **"વિવેક"**નું સ્વરૂપ-લક્ષણ આપતી વખતે જ, **'આદૌ'**-શબ્દ પ્રયોજ્યો છે :

'આદૌ' નિત્ય-અનિત્ય-**વસ્તુ-વિવેક: પરિગણ્યતે** ॥ શ્લોક - ૧૯

("સાધનોમાં પણ, સૌપ્રથમ, નિત્ય અને અનિત્ય વસ્તુઓનો **વિવેક** ગણાય છે.)

અને આ **વિવેક** એટલે બ્રહ્માંડમાંની સર્વ વસ્તુઓમાંની નિત્ય અને અનિત્ય વસ્તુઓ વચ્ચેના ભેદની સમ્યક્, સંપૂર્ણ અને પાકી સમજ.

આચાર્યશ્રીની દૃષ્ટિએ, સમગ્ર બ્રહ્માંડમાં એકમાત્ર નિત્ય વસ્તુ છે, - **આત્મા**; અને બાકીનું બધું જ, જે આત્મા નથી તે, – દેહ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, પ્રાણ અને આ આખુંયે જગત પણ, – 'અનાત્મા' હોવાથી અનિત્ય છે. ટૂંકમાં, એકમાત્ર **'નિત્ય'** તત્ત્વ એવા આત્માનાં સ્વરૂપને સમજવા માટે, બાકીની સર્વ 'અનાત્મા' એટલે કે **'અનિત્ય'** એવી વસ્તુઓનાં સ્વરૂપને સમજી લેવાની જરૂર છે, જેથી મોક્ષાર્થી સાધકનાં ચિત્તમાં **વિવેક**ની સમજ પૂરી અને પાકી બની રહે : સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ છે કે **વિવેક** એટલે સાધકનાં ચિત્તમાંની જાગરૂકતા (Awareness) : આત્મા એટલે કે **'નિત્ય'** અને અનાત્મા એટલે કે **'અનિત્ય'** વસ્તુઓ વચ્ચેની પૃથક્તાનું પૂરું અને પાકું જ્ઞાન.

અને આ **'વિવેક'**નું મહત્ત્વ અધોરેખાંકિત (Underline) કરવા માટે જ, ગ્રંથકારે, ગ્રંથનાં શીર્ષકમાં, **'ચૂડામણિ'** શબ્દ પ્રયોજ્યો છે. **'ચૂડામણિ'** - એટલે મસ્તકનો મણિ, મસ્તક પરના મુગટમાં જડી દેવામાં આવેલો મણિ. **'વિવેક'**રૂપી આ **મણિ** જો મોક્ષાર્થી સાધકનાં મસ્તક પર જ હોય તો, એના પ્રકાશ વડે, મોક્ષપ્રાપ્તિનો એનો માર્ગ સદા ઝળાંહળાં અને ઝગમગતો જ બની રહે !

આ જ ઔચિત્ય છે, ગ્રંથનાં આ શીર્ષકનું !

વળી, આ **'વિવેક'**ના **'ચૂડામણિ'**નો પ્રકાશ, સાધકને એની મોક્ષપ્રાપ્તિના

માર્ગમાં, બીજી એક રીતે પણ, મદદરૂપ બની રહે છે, જે વિશે ગ્રંથકારે સાધકનું ધ્યાન ગ્રંથમાં જ આ પ્રમાણે ખેંચ્યું છે :

સ્વયંભૂ પરમાત્માએ મનુષ્યનાં સ્થૂલશરીરની રચના જ એવી રીતે કરી છે કે એની સર્વ જ્ઞાનેન્દ્રિયો - આંખ, કાન, નાક વગેરે - બહિર્મુખ છે, તેથી તે બહારનું જ બધું જુએ છે, સાંભળે છે, સૂંઘે છે, - વગેરે :

पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः
तस्मात् पराङ् पश्यति नान्तरात्मन् ।

(કઠ-ઉપનિષદ્ ૨, ૧, ૧)

મોક્ષાર્થી સાધકે, **'વિવેક'**ના **'ચૂડામણિ'**ના પ્રકાશને સાર્થક કરીને, પોતાના મોક્ષપ્રાપ્તિના માર્ગમાં પ્રગતિ કરવી હોય તો, તેણે 'બહિર્મુખ' (Extrovert) મટીને 'અંતર્મુખ' (Introvert) બનવું જ રહ્યું : ઇન્દ્રિયો ભલે 'બહિર્મુખ' હોય, સાધક પોતે સતત 'વિવેક'શીલ રહીને, 'અંતર્મુખ' બની શકે.

આ પહેલાં, જેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે **'પ્રસ્થાનત્રયી'**માંના ગ્રંથોમાં વેદાન્તવિદ્યાના જે પાયાના સિદ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે, એટલું બધું અઘરું છે કે સામાન્ય માણસ તેને સહેલાઈથી સમજી કે ગ્રહણ ન કરી શકે. આ મુશ્કેલીનું નિવારણ એક જ રીતે થઈ શકે અને એ છે આવા અઘરા વિષયોનું નિરૂપણ સરળ-સુબોધ ભાષાશૈલીમાં કરી શકે તેવા ગ્રંથોની રચના. આવો ગ્રંથ એટલે **'વિવેકચૂડામણિ'** જેવો **'પ્રકરણ-ગ્રંથ'**. શંકરાચાર્યે પોતે આવા ૩૪ 'પ્રકરણ-ગ્રંથો' રચ્યા છે, જેમાંના મુખ્ય આ પ્રમાણે છે : **ઉપદેશસાહસ્રી, અપરોક્ષાનુભૂતિ, સ્વાત્મનિરૂપણ, આત્મબોધ, શતશ્લોકી, સર્વવેદાન્ત-સિદ્ધાંત-સાર-સંગ્રહ, મનીષાપંચકમ્, અદ્વૈતપંચરત્નમ્, અદ્વૈતાનુભૂતિ, કૌપીનપંચકમ્, નિર્વાણમંજરી, વિજ્ઞાનસુધા, જીવન્મુક્તલહરી, મણિરત્નમાલા, માયાપંચકમ્, પંચીકરણમ્** વગેરે. અને તેમાં **'વિવેકચૂડામણિ'**નું સ્થાન અગ્રપંક્તિમાં છે. **'બ્રહ્મસૂત્ર'** કે ઉપનિષદો જેવા કઠિન ગ્રંથોનો સ્વાધ્યાય કર્યા વિના પણ, **વેદાંત**વિદ્યાના તાત્ત્વિક સિદ્ધાંતોને આત્મસાત્ કરી શકાય, એવો આ **'વિવેકચૂડામણિ'**-ગ્રંથ પણ મહત્ત્વનો એક 'પ્રકરણ-ગ્રંથ' છે, જે, **'પ્રસ્થાનત્રયી'**ના સ્વાધ્યાય માટે, એક પ્રકારનું પૂર્વભૂમિકા-રૂપ પ્રાથમિક-પ્રારંભિક સોપાન બની રહે છે.

નિરૂપણ-પદ્ધતિની દૃષ્ટિએ પણ આ ગ્રંથ નોંધપાત્ર છે. ગમે તેવું મહત્ત્વનું, - મહત્ત્વના વિષયનું, - નિરૂપણ કરવાનું હોય તો પણ, જો તે સીધા ઉપદેશના (Didactic) સ્વરૂપમાં કરવામાં આવે તો, તે શુષ્ક, કંટાળાજનક અને નીરસ બની જાય, એ એક માનસશાસ્ત્રીય હકીકત છે. પરંતુ જો તે, બે વ્યક્તિઓ વચ્ચેના

સંવાદના સ્વરૂપમાં પ્રયોજવામાં આવે તો તે જીવંત તો બને જ, પરંતુ તે ઉપરાંત, તેમાં નાટ્યાત્મકતાનો અંશ હોવાથી, તે, સહૃદય સ્વાધ્યાયીનાં મન-હૃદય ઉપરાંત તેનાં અંતઃકરણનાં છેક અંતસ્તલને સ્પર્શે એવો રસાત્મક અને સ્થાયી મૂલ્યવાળો, પણ બની રહે છે.

શ્રીમદ્‌ભગવતગીતા પણ આવો જ, ઉપનિષદોનાં દોહન જેવો (**सर्वोपनिषदो गावो** ।), એક દાર્શનિક કક્ષાનો ગ્રંથ છે; પરંતુ તે માત્ર ભારતીય સંસ્કૃતિનો જ કે હિંદુ ધર્મનો જ નહીં, પણ સમગ્ર વિશ્વનો, - વૈશ્વિક કક્ષાનો - એક મહાગ્રંથ બની ગયો છે, એની પાછળનું રહસ્ય પણ આ જ છે. પ્રથમ પંક્તિના એક પરાક્રમ-વીર સમો અર્જુન, **મહાભારતનાં** કુરુક્ષેત્ર-યુદ્ધમાં લડવાના પોતાના "**ધર્મ**"(Duty)ની બાબતમાં મુંઝાઈ ગયો હતો, પરંતુ તેનાં આ ધર્મપાલન વિશે સીધો ઉપદેશ આપીને ભગવાન શ્રીકૃષ્ણે તેને યુદ્ધની 'ધર્મ્યતા'ની પ્રતીતિ ન્હોતી કરાવી; પણ ધર્મની બાબતમાં જેનું મન મુંઝાઈ ગયું છે (**धर्मसंमूढचेताः**) એવા અર્જુને, શિષ્ય તરીકે, પ્રપન્નભાવે શરણે જઈને, જ્યારે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કે –

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् । (૨, ૭)

ત્યારે ગુરુ તરીકે ભગવાન શ્રીકૃષ્ણે તેને ૧૮ અધ્યાયો અને ૭૦૦ શ્લોકોમાં, યુદ્ધમાં લડવાના તેના ધર્મ વિશે જે ઉપદેશ આપ્યો તે, ગુરુ-શિષ્ય વચ્ચેના સંવાદાત્મક સ્વરૂપનો હતો તેથી જ, અર્જુન માટે તે પ્રતીતિજનક નીવડ્યો અને તેણે ભગવાનનાં ઉપદેશવચનો પ્રમાણે, યુદ્ધમાં લડવાના સ્વધર્મને સ્વીકાર્યો હતો :

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ॥ १८, ७३ ॥

આમ, ભારતીય સાંસ્કૃતિક પરંપરાનો, સંસ્કૃત ભાષાનો એક ધર્મ-ગ્રંથ, આંતરરાષ્ટ્રીય કક્ષાનો એક વિશ્વગ્રંથ બની રહ્યો, એની પાછળનું એકમાત્ર કારણ, એની સંવાદાત્મક-સ્વરૂપની નિરૂપણ-પદ્ધતિ છે.

અને **શ્રીમદ્‌ભાગવત** જેવા એક લોકપ્રિય ભક્તિ-ગ્રંથની બાબતમાં પણ આવું જ બન્યું હતું : પેલા નિર્દોષ મુનિ પ્રત્યેના પાપાચરણ બદલ, તક્ષક નાગ, રાજા પરીક્ષિતને, સાતમે દિવસે, કરડવાનો હતો ત્યારે, પરીક્ષિત, પોતાનાં સર્વસ્વનો ત્યાગ કરીને, 'પ્રાયોપવેશન'-વ્રત ધારણ કરીને, ગંગાતટે, ઋષિઓના સમાગમમાં પહોંચ્યો ત્યારે, અચાનક જ ત્યાં આવી પહોંચેલા શુકદેવજી સમક્ષ, તેણે આ પ્રાર્થના વિનમ્રભાવે રજૂ કરી હતી કે "મૃત્યુ પામી રહેલા માણસનું કર્તવ્ય શું અથવા તેણે શું ન કરવું ?" –

पुरुषस्येह यत्कार्यं म्रियमाणस्य सर्वथा ।

... ... ब्रूहि यद् वा विपर्ययम् ॥ (१, १९, ३७-३८)

રાજાએ કરેલી આવી પ્રાર્થનાનાં પ્રત્યુત્તર-રૂપે, શુકદેવજીએ, પરીક્ષિતને, ભગવાન અને અનેક ભક્તોનાં જે અદ્‌ભુત ચરિત્રો સંભળાવ્યાં, તેથી પ્રસન્ન થયેલા પરીક્ષિતનાં આ વચનો, આ પ્રકારની સંવાદાત્મક નિરૂપણપદ્ધતિની સિદ્ધિની પ્રતીતિ આપે છે :

सिद्धोऽस्म्यनुगृहीतोऽस्मि भवता करुणात्मना ।

श्रावितो यच्च मे साक्षादनादिनिधनो हरिः ॥ १२, ६, २ ॥

("કરુણાસ્વરૂપ આપે, મને, અનાદિનિધન એવા સાક્ષાત્ હરિનું ચરિત્ર સંભળાવ્યું, તેથી હું સિદ્ધ અને અનુગૃહીત થયો છું.")

અને પરીક્ષિત-શુકદેવજી વચ્ચેના સંવાદાત્મક સ્વરૂપમાં, ભક્તિ-તત્ત્વનાં હાર્દનું નિરૂપણ કરતો, ૧૨ સ્કંધ, અનેક અધ્યાયો અને ૧૨૦૦૦ શ્લોકોનો લોક-હૃદય-મર્મ-સ્પર્શી એક મહાગ્રંથ વિશ્વને પ્રાપ્ત થયો !

પરંતુ નિરૂપણ-પદ્ધતિની આવી વિશિષ્ટતા, માત્ર ભારત પૂરતી જ મર્યાદિત નથી રહી : પ્રાચીન ગ્રીસ-દેશમાં પણ, **સોક્રેટીસ** જેવા તત્ત્વજ્ઞાનીએ **પ્લેટો** વગેરે તેના શિષ્યોને જે વિશ્વપ્રસિદ્ધ ઉપદેશ આપ્યો હતો, તે પણ આવો સંવાદાત્મક સ્વરૂપનો હોવાથી જ, આજે, ૨૫૦૦ વર્ષો પછી પણ, એવો જ તાઝગીપૂર્ણ અને પ્રસ્તુત બની રહ્યો છે.

"विवेकचूडामणि"માં પણ, મોક્ષપ્રાપ્તિની બાબતમાં પોતાને મુંઝવી રહેલા આ **સાત** પ્રશ્નો, શિષ્યે, ગુરુદેવ સમક્ષ, આ રીતે, રજૂ કર્યા છે :

को नाम बन्धः ? कथमेष आगतः ?

कथं प्रतिष्ठास्य ? कथं विमोक्षः ? ।

कोऽसावनात्मा ? परमः क आत्मा ?

तयोर्विवेकः कथम् ? एतदुच्यताम् ॥ (શ્લોક-૫૧)

("બંધન શું છે ? એ કેવી રીતે આવ્યું ? એ કઈ રીતે જામી પડ્યું ? એમાંથી વિમુક્તિ કેવી રીતે થાય ? આ અનાત્મા શું છે ? પરમ આત્મા કોણ છે ? આત્મા-અનાત્મા વચ્ચે વિવેક કેવી રીતે થાય ? આ બધું આપ મને સમજાવો.")

અને ૫૮૧ શ્લોકોનાં માધ્યમમાં, સુદીર્ઘ સંવાદાત્મક સ્વરૂપમાં, આચાર્યશ્રીએ, તેને જે ઉપદેશ આપ્યો, અને તેને **'જીવન્મુક્તિ'**ની અપૂર્વ સિદ્ધિએ પહોંચાડ્યો, તે જ

આ "વિવેકચૂડામણિ" !

આચાર્યશ્રીનો સંવાદ-સ્વરૂપવાળો પ્રતીતિજનક ઉપદેશ સાંભળ્યા પછીના, જીવન્મુક્તિની પરમોચ્ચ સિદ્ધિ પામેલા શિષ્યના આ ઉદ્‌ગારો, ગ્રંથમાંની, આ પ્રકારની, સંવાદાત્મક નિરૂપણ-પદ્ધતિની સફળતાનું સમર્થન કરે છે :

धन्योऽहं कृतकृत्योऽहं विमुक्तोऽहं भवग्रहात् ।
नित्यानन्दस्वरूपोऽहं पूर्णोऽहं त्वदनुग्रहात् ॥ શ્લોક-૪૮૯

("આપના અનુગ્રહથી હું ધન્ય છું, કૃતકૃત્ય છું, સંસારનાં બંધનોથી હું વિમુક્ત થયો છું, નિત્ય-આનંદસ્વરૂપ બન્યો છું અને પૂર્ણ-રૂપ પામ્યો છું.")

અને ગ્રંથનાં નિરૂપણમાં, એનાં માધ્યમમાં, ગુરુ-શિષ્ય વચ્ચેના આ **સંવાદ**નો કેટલો મોટો મહિમા છે, એનો ઉલ્લેખ આચાર્યશ્રીએ પોતે જ ગ્રંથના અંતભાગના આ શ્લોકમાં કર્યો છે, એ હકીકત પણ એટલી જ સૂચક છે :

इत्याचार्यस्य शिष्यस्य संवादेनात्मलक्षणम् ।
निरूपितं ममुक्षूणां सुखबोधोपपत्तये ॥ ૫૭૯ ॥

("આ પ્રમાણે, આચાર્યશ્રી અને શિષ્ય વચ્ચેના **'સંવાદ'**નાં સ્વરૂપમાં, મોક્ષની ઇચ્છાવાળા મનુષ્યોને સરળતાપૂર્વક જ્ઞાનપ્રાપ્તિ થાય, તે માટે મેં અહીં આત્માનાં લક્ષણને નિરૂપ્યું છે.")

નિરૂપણનાં માધ્યમમાં સંવાદનું સ્વરૂપ હોય તો, **'આત્મલક્ષણ'** જેવો દાર્શનિક વિષય પણ મુમુક્ષુઓ માટે **"સુખબોધ-ઉપપત્તિ"**-રૂપ બની રહે, એવો ગ્રંથકારનો સ્પષ્ટ એકરાર, ઉપર્યુક્ત ચર્ચાની આવશ્યકતા અને પ્રસ્તુતતાની પ્રતીતિ માટે પર્યાપ્ત છે.

વળી, આ તો **વેદાંત**-વિદ્યાના પાયાના સિદ્ધાંતોનું નિરૂપણ કરતો એક દાર્શનિક (Philosophical) પ્રકરણ-ગ્રંથ છે, એટલે એ સિદ્ધાંતોના અનેક પારિભાષિક (Technical) શબ્દો એમાં સ્વાભાવિક રીતે જ પ્રયોજાયા હોય : એની સામાન્ય માણસને શી સમજ પડે ? એટલે, **'માયા'**, **'અવિદ્યા'**, **'ઊહાપોહ'**, **'નિર્વાણ'**, ત્રણ **'અવસ્થાઓ'**, ત્રણ પ્રકારનાં **'શરીરો'**, પાંચ **'કોશો'**, **'ઉપાધિ'**, **'અધ્યાસ'**, **'કૂટસ્થ'**, **'તન્માત્રાઓ'**, **'જુગુપ્સા'**, **'સૂત્ર'**, **'ભાષ્ય'**, **'વૈખરી-વાણી'**, **'લક્ષણા'**, ત્રિવિધ **'કર્મ'**, **'પંચીકરણ'**, - વગેરે આવા શબ્દોને, જે સંદર્ભોમાં તે પ્રયોજાયા હોય ત્યાં જ, આ સંપાદનના શબ્દાર્થ-વિભાગમાં અને ટિપ્પણમાં સવિસ્તર અને સ્પષ્ટ સમજાવવામાં આવ્યા છે.

અને અંતે તો, આ પણ એક પદ્ય-ગ્રંથ છે, એટલે એમાં વૈવિધ્યને ખાતર પણ નાના-મોટા અનેક છંદોને ગ્રંથકારે પ્રયોજ્યા હોય. આમ તો, મહદંશે તો, **અનુષ્ટુપ**

અને ઉપજાતિ , એ બે છંદો જ પ્રયોજાયા છે, તે છતાં હ્રસ્વ અને દીર્ઘ એવા અન્ય અનેક છંદોનું વૈવિધ્ય પણ અહીં આ પ્રમાણે, જોવામાં આવે છે :

નાના છંદો :	લાંબા છંદો :
ઇન્દ્રવંશા, ઇન્દ્રવજ્રા, વંશસ્થવિલ,	માલિની, પુષ્પિતાગ્રા, મંદાક્રાન્તા,
ઉપેન્દ્રવજ્રા, વસંતતિલકા, શાલિની	શિખરિણી, શાર્દૂલવિક્રીડિત

અને અલ્પપ્રચલિત તથા અગેય છંદો :

ગીતિ, આર્યા, ઉદ્‌ગીતિ, મત્તમયૂરી

આ છંદોમાં પણ આચાર્યશ્રીએ, પોતાનાં પ્રતિપાદનની અનુકૂળતા માટે, કવિ-છૂટ(Poetic Licence)નો લાભ લઈને, અનુષ્ટુપ, ઉપજાતિ અને વસંતતિલકા વગેરે છંદોમાં, **ચાર**ને બદલે છ ચરણોનો પ્રયોગ પણ કર્યો છે.

શંકરાચાર્ય વિશ્વકક્ષાના, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રથમ પંક્તિના તત્ત્વચિંતક હોવા છતાં, અનેક દેવ-દેવીઓનાં સ્તોત્રોમાં સ્પષ્ટ રીતે પ્રતીત થતા, ઉત્તમ કોટિના ભક્ત અને અસાધારણ ઉચ્ચ સર્જક પ્રતિભા ધરાવતા એક સંવેદનશીલ કવિ પણ છે, એની અભિવ્યક્તિ-શક્તિનો પરિચય પણ આ પ્રકરણ-ગ્રંથમાં સહૃદય વાચકને પ્રાપ્ત થાય છે. પોતાનાં આધ્યાત્મિક-દાર્શનિક પ્રતિપાદનને સવિશેષ પ્રતીતિકારક બનાવવા માટે, તેમણે જે ઉપમા, રૂપક, પ્રાસાનુપ્રાસ વગેરે અર્થાલંકારો અને શબ્દાલંકારો પ્રયોજ્યા છે, તેમાં ઉપસી આવતી એમની કવિપ્રતિભાની વિશિષ્ટતાનું તે-તે શ્લોકોનાં ટિપ્પણમાં જ, સવિસ્તર રસદર્શન રજૂ કર્યું છે.

અને છેલ્લે હવે એક જ વાત રહે છે; અને તે છે ગ્રંથમાં અભિવ્યક્ત થતું, એક ને એક મુદ્દાનું, અવારનવાર થતું, પિષ્ટપેષણ, પુનરાવર્તન (Repetitions).

એક ને એક મુદ્દાને વારંવાર, અનેક વાર, અભિવ્યક્ત કરવાની બાબતમાં, આ બે વાત નોંધપાત્ર બને છે :

એક તો એ કે સાહિત્યશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે, **'પુનરુક્તિ'** એ અવશ્ય એક દોષ છે; પરંતુ એ જ અનુસંધાનમાં **બીજી** વાત એ પણ છે કે **વેદાંત** જેવા, પ્રમાણમાં અઘરા અને ગહન વિષયનું તાત્પર્ય, શિષ્ય માટે, સરળ-સુબોધ અને સ્વીકાર્ય બની રહે એ માટે, આવું 'પિષ્ટપેષણ' પણ માત્ર આવશ્યક જ નહીં, પરંતુ ઇચ્છનીય અને આવકાર્ય છે, એ અનુસંધાનમાં શ્રુતિનું પણ પૂરું સમર્થન છે.

આચાર્યશ્રીએ પોતે જ, આ ગ્રંથમાં, મિથ્યા અધ્યાસને દૂર કરવા માટે અને બ્રહ્મમાં દ્વૈતના અભાવનું પ્રતિપાદન કરવા માટે, શ્લોક-૩૯૩માં, એક હકીકત માટે અનેક ક્રિયાપદો યોજવાની, સ્વયં શ્રુતિની પદ્ધતિને, આ રીતે, ટાંકી છે :

क्रियासमभिहारेण यत्र नान्यदिति श्रुतिः ।
ब्रवीति द्वैतराहित्यं मिथ्याध्यासनिवृत्तये ॥

("'જ્યાં તે અન્ય કાંઈ જોતો નથી' - એવું શ્રુતિવચન, એક હકીકત માટે અનેક ક્રિયાપદો યોજીને, મિથ્યા 'અધ્યાસ'ને દૂર કરવા માટે, બ્રહ્મમાં દ્વૈતના અભાવનું પ્રતિપાદન કરે છે.")

અને આ શ્રુતિ એટલે **"છાંદોગ્ય"**-ઉપનિષદનો નીચેનો મંત્ર, જેમાં ઉપનિષદના ઋષિએ, પોતાનાં પ્રતિપાદયિતવ્યને પ્રતીતિજનક બનાવવા માટે, એક જ વિધાનમાં न अन्यद् એ એક જ શબ્દ સાથે पश्यति, श्रुणोति અને विजानाति, - એ ત્રણ ક્રિયાપદોને યોજ્યાં છે :

यत्र नान्यत् पश्यति, नान्यत् श्रुणोति, नान्यद् विजानाति तद् भूमा ॥
(૭, ૨૪, ૧)

("જ્યાં તે કશાં બીજાને જોતો નથી, બીજાને સાંભળતો નથી, બીજાને જાણતો નથી, એ જ **'ભૂમા'**, એટલે કે સંપૂર્ણતા, અનન્યતા, સર્વોત્કૃષ્ટતા : Completeness, Perfection, Uniqueness, Excellenece.")

પુનરુક્તિની આ પદ્ધતિને જ આચાર્યશ્રીએ **क्रियासमभिहारेण** એટલે કે **पौनःपुन्येन कथनम्**, - એમ કહીને એનો બચાવ કર્યો છે.

અને છતાં, ગ્રંથનો ઊંડો અને સૂક્ષ્મ સ્વાધ્યાય કરતાં, અનેક વાર એવો વિચાર આવ્યો છે કે આવી પુનરુક્તિઓને ન નિવારી શકાઈ હોત ? આવાં પિષ્ટપેષણો વાચકના સ્વાધ્યાયમાં રસભંગ તો કરે જ છે, એટલું જ નહીં પણ એની સાર્થકતા-યથાર્થતા પણ કોઈ પણ રીતે સિદ્ધ કરી શકાય એવું જણાતું નથી.

એકંદરે, એમ લાગે છે કે ગ્રંથમાંના પ્રતિપાદ્ય વિષયોનું નિરૂપણ વ્યવસ્થિત અને મુદ્દાસરનું (To the point) નથી. શંકરાચાર્ય જેવા એક આરૂઢ અને ઉત્તમ ગ્રંથકાર વિશે આવું કશું કહેતાં મનમાં ખૂબ ક્ષોભ-સંકોચ થાય છે, છતાં અચકાતાં-અચકાતાં અને અનિચ્છાએ પણ એમ કહ્યા વિના રહી શકાતું નથી કે **મહાભારતમાંનાં "સનત્સુજાતીય"** અને **"વિષ્ણુસહસ્રનામ"** પરનાં ભાષ્યો વિશે વિદ્વદ્વર્તુળોમાં જે પ્રચલિત માન્યતા છે તે પ્રમાણે, **"વિવેકચૂડામણિ"**ના કર્તા પણ, કદાચ, આદિ શંકરાચાર્ય નહીં, પણ પાછળથી શરૂ થયેલી શંકરાચાર્ય-પરંપરામાંના કોઈક ગૌણ કક્ષાના અનુગામી શંકરાચાર્ય હોય.

આ ગ્રંથનાં કર્તૃત્વ (Authorship) વિશે, આવો અભિપ્રાય, આ પહેલાં, કોઈએ અભિવ્યક્ત કર્યો છે કે નહીં, એ વિશે હું કશું જાણતો નથી; અને આવો

અભિપ્રાય અભિવ્યક્ત કરવામાં જો કશું અનૌચિત્ય હોય તો, આવા અભિપ્રાય સાથે અસંમત એવા સહુ વિદ્વાનો અને વાચકોને મારે માત્ર એટલું જ કહેવાનું છે કે શ્રીશંકરાચાર્યજી વિશે મને મનમાં અંશમાત્ર પણ અનાદરભાવ નથી, હોઈ શકે જ નહીં, અને આ તો મારો પોતાનો અંગત સ્વતંત્ર અભિપ્રાય છે અને આ માટે હું વિનમ્રભાવે એ સહુની ક્ષમાપ્રાર્થના કરું છું.

– જયાનન્દ દવે

શ્રીપુરુષોત્તમદાસ હરકિશનદાસનો અમારો પરિવાર

પરમેશ્વર-પ્રસાદની પ્રાપ્તિ, ધર્મ-ભાવનાનું ધામ,
પરસ્પર-પ્રેમનું પ્રતીક, સંપ-સુમેળ-સદ્‌ભાવનાનું સાતત્ય

આદ્ય શ્રીશંકરાચાર્યનો આ ગ્રંથ, – **"વિવેકચૂડામણિ"**, – મારા નમ્ર મત પ્રમાણે, એક એવો વિરલ ગ્રંથ છે, જે, મનુષ્યને આધ્યાત્મિક પંથ પર પ્રયાણ કરવાની પુણ્ય-પ્રેરણા આપે છે અને તેને પોતાની સાચી ઓળખ આપવા દીવાદાંડી સમો છે.

આચાર્યશ્રી જયાનન્દ લક્ષ્મીશંકર દવે, અનેક વર્ષોથી અમારા પરિવારના મિત્ર છે. ગ્રંથના ૫૮૧ શ્લોકોનું વિશદ વિવરણ, તેમણે કર્યું છે. આ સંપાદન માટે તેમણે, સતત નવ મહિના(ઓગસ્ટ-૨૦૦૧થી મે-૨૦૦૨)નો, ૮૫-વર્ષની ઉંમરે, સાત્ત્વિક પરિશ્રમ કર્યો છે. મારાં ધર્મપત્ની અને મને, અને અમારી મારફત સમગ્ર ગુજરાતી પ્રજાને, સમર્પિત કરીને, અમને સદાનાં ઋણી બનાવ્યાં છે. અમારા માટે આ એક હૃદયસ્પર્શી આનંદ-ગૌરવનો અવસર છે.

ગત એપ્રિલની ૨૭મી તારીખે, પિતાજી પુરુષોત્તમદાસની જન્મતિથિ અમારા સમગ્ર પરિવારે ઊજવી હતી; તે દિવસે, આ ગ્રંથનાં ૧૫૦-પાનાં પ્રાપ્ત થયેલાં, તેનું પ્રતીકાત્મક વિમોચન, સહુની ઉપસ્થિતિમાં, થયું હતું અને ત્યારે, તે સહુને બતાવીને, માતાજી લલિતા અને પિતાજી પુરુષોત્તમદાસ હરકિશનદાસનાં સ્મારક અને શ્રદ્ધાંજલિ તરીકે, અમે સહુએ આ ગ્રંથને પ્રેમાદરપૂર્વક અપનાવ્યો હતો.

વેદાંત-દર્શને ભલે **'મમ-ભાવ'**નો નિષેધ કર્યો, પરંતુ આપણે તો રહ્યાં પૂરાં સંસારી ! **'અમારો પરિવાર'**-એ શબ્દો અને પૂજ્ય માતા-પિતાનાં સ્મરણો સાથે, અમારાં સમગ્ર વ્યક્તિત્વમાં, એક પ્રકારની, અનન્ય-રોમાંચક કૃતજ્ઞતાની લાગણીનો સંસ્પર્શ વ્યાપી જાય છે ! અમારા સહુ પરના એમના ઉપકારો, સાચે જ, અવિસ્મરણીય અને અસીમ છે. એ ઉપકારોનું આલેખન શી રીતે કરવું ? સ્વયં વાણી પંગુ બની જાય છે અને શબ્દો લાચાર થઈ જાય છે.

આમ છતાં, માતા-પિતાએ અમને જે અઢળક વારસો આપ્યો છે તે સંપૂર્ણરીતે સૂક્ષ્મ, સાત્ત્વિક અને સાંસ્કૃતિક છે, એમાં સાદગી અને સદ્‌ગુણોનો મહિમા છે, પરિશ્રમ અને પુરુષાર્થની પ્રશંસા છે, ધર્મ-ધ્યાન અને ઈશ્વર-ઉપાસનાની ઉત્કટતા છે. **"સ્વ"**માંથી **"સર્વ"** તરફ જવાનાં ઊર્ધ્વીકરણની આરાધનાની પ્રેરણા માટે, બાપાજી, અવારનવાર, આ શ્લોક, અમારી સમક્ષ મૂકતા :

પુરુષોત્તમદાસ હરકિશનદાસ શાહ

લલિતાબેન પુરુષોત્તમદાસ શાહ

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखमाप्नुयात् ॥

સુખ, સ્વાસ્થ્ય, કલ્યાણ વગેરે 'શુભ', માત્ર મને જ નહીં, સહુને મળો ! અને કોઈ પણ 'જીવ' દુઃખી ન થાય ! કેવી ઉચ્ચ ભાવના ! **"સ્વ"**માં **"સર્વ"**નો સમાવેશ ન થાય તો જિંદગી એળે, - એવી ઉદાત્ત પારમાર્થિક ભાવના અમને ગળથૂથીમાં જ મળી ગઈ હતી, એને અમે અમારું પરમ સદ્‌ભાગ્ય સમજીએ છીએ.

અને એટલે જ, **'અમારો પરિવાર'** એ શબ્દમાં ભલે માનવસહજ **'અસ્મદ્‌ભાવ'** અભિવ્યક્ત થઈ ગયો હોય, માતાપિતાના વારસામાંથી પ્રાપ્ત થયેલો અમારો અભિગમ તો સદાસર્વદા "वसुधैव कुटुंबकम्" જેવો ઉદાર અને વ્યાપક છે, એવું અમે વિનમ્રતાપૂર્વક નિવેદન કરીએ છીએ. આવા વિશાળ અભિગમના વારસદાર અમે બની શક્યાં એ, ખરેખર, ઈશ્વરકૃપાનું જ સુ-પરિણામ છે.

પિતાજી પુરુષોત્તમદાસ હરકિશનદાસનો જન્મ, ઈ. સ. ૧૮૯૧માં, ચૈત્ર સુદ ૧૫(શ્રીહનુમાન-જયંતી)ના રોજ થયો હતો. આ પહેલાં જ, દાદાજી હરકિશનદાસ શ્રીજી-ચરણોમાં લીન થઈ ગયા હતા અને દાદીમા ગોદાવરી, એટલે કે પિતાજીનાં મા, તે વખતે, ૧૬-૧૭ વર્ષનાં જ હતાં.

આમ તો, દાદાજી મૂળ ખંભાતના મોઢ વાણિયા. તેમણે ધંધાર્થે, ૧૯મી સદીની શરૂઆતમાં, એક 'સારાં બંદર' એવાં સૂરતમાં વસવાટ કર્યો. ત્યાંથી મુંબઈ આવ્યા. ખૂબ સારા અને સાદા માણસ, એટલે એક-બે ઓરડીમાં જ રહે. તેમણે મુંબઈમાં, ભૂલેશ્વર કબૂતરખાના સામેના, આજે પણ મોજૂદ, એક મકાનમાં **"મેસર્સ હરકિશનદાસ જગજીવનદાસ"**-નામની પેઢી, અનાજની આડત અને ધંધા માટે, શરૂ કરી.

પિતાજીનો બાલ્યકાળ, દાદીમાની સાથે, સૂરતમાં, વીત્યો.

દાદાજીનાં પ્રથમ પત્નીથી તેમને બે પુત્રો હતા, - કરસનદાસ અને નવનીતલાલ. પ્રથમ પત્નીનાં મરણ બાદ દાદાજીએ ગોદાવરી-દાદીમા સાથે મોટી ઉંમરે લગ્ન કરેલાં, તેથી તેમનો દેહવિલય થયો ત્યારે, દાદીમા ૧૬-૧૭ વર્ષનાં જ હશે.

પિતાજીના સાવકા ભાઈ કરસનદાસ સૂરતથી દાદીમાની સાથે બાલ્યવયના પિતાજીને મુંબઈ લઈ આવ્યા. મુંબઈમાં જ બાળક મટીને તેઓશ્રી કિશોર બન્યા. તેમણે પ્રાથમિક શિક્ષણ મુંબઈની કોઈક મ્યુનિસિપલ શાળામાં લીધું હશે. પછીનું માધ્યમિક શિક્ષણ, તે સમયની શ્રેષ્ઠ એવી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં લીધું હતું. તે જમાનામાં, તે સમયે, આ શાળામાં જર્મન શિક્ષકો હતા. શિસ્ત, ઉત્તમ શિક્ષણ,

કુશળતા, વિદ્વત્તા અને ખાસ તો, દરેક કામમાં અને પ્રવૃત્તિમાં સંપૂર્ણતાનો આગ્રહ, – આવા સર્વોત્તમ સદ્‌ગુણો પિતાજીને આ શિક્ષકો પાસેથી મળ્યા, એની વાત તેઓશ્રી અમને ગર્વ-ગૌરવપૂર્વક ઘણી વાર કહેતા.

અંગ્રેજીનું એમનું જ્ઞાન ઉત્તમકોટિનું હતું, વાચન વિશાળ અને વાચનનો શોખ પણ ઘણો હતો, એમનો માનીતો લેખક એટલે **ચાર્લ્સ ડિકન્સ** (Charles Dickens). આ લેખકની A Tale of two cities અને Pick-wick Papers એ બે કૃતિઓ એમને ખૂબ ગમતી. આ બીજી કૃતિમાંની હાસ્યરસિક વાતો, તેઓશ્રી, એક્ટિંગ સાથે, અમારી સમક્ષ રજૂ કરતા. વળી, કિશોરાવસ્થાને અનુરૂપ એવી સાહસિક નવલકથા **એલેક્ઝાંડર ડ્યૂમાની "થ્રી મસ્કેટિયર્સ"** પણ એમની એવી જ પ્રિય કૃતિ. અંગ્રેજી કવિઓમાં **વર્ડ્ઝવર્થ, ટેનિસન** અને ખાસ તો **લોંગફેલો** એમના પ્રિય કવિઓ. બાળકને ઉન્નત શિખર જવાની પ્રેરણા આપે તેવી **લોંગફેલો**ની આ કાવ્યપંક્તિઓ, તેઓશ્રી, અમારી સમક્ષ, અવારનવાર સંભળાવતા :

Lives of great men all remind us,
We can make our lives sublime;
And returning, leave behind us,
Footprints on the sands of time !

ભણવામાં તેઓશ્રી ખૂબ મહેનત કરતા હશે, એવી પ્રતીતિ અમને તેમણે વારંવાર ટાંકેલી આ કાવ્યપંક્તિઓ દ્વારા મળતી :

But they, while their companions slept,
Were toiling late in the night !

બાપાજીને વાચન અને પુસ્તકોનો અજબ શોખ. English Dictionary તે જમાનામાં તેમણે અમને અપાવેલી. કોઈ અંગ્રેજી શબ્દનો અર્થ કે સ્પેલિંગ અમે પૂછીએ તો, તેઓશ્રી તરત જ કહે કે "I am not a walking Dictionary. Look at the Dictionary with you !"

નાનપણનું એમનું જીવન, આ પ્રમાણે, અભ્યાસપૂર્ણ હતું, એ સ્પષ્ટ જણાઈ આવે છે.

એ એક દુઃખદ ઘટના હતી કે તેમનાં માતાજી ગોદાવરી-મા, તેમને સાત જ વર્ષનાં મૂકીને પરલોક સિધાવી ગયાં હતાં. આમ, પિતાજી નાની વયમાં જ, માતા-પિતાની છત્રછાયા ગુમાવી બેઠા હતા, તે છતાં બહોળા સંયુક્ત કુટુંબમાં રહેવાને કારણે, તેમનાં વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ અને સર્વાંગી પ્રગતિ સાધી શકાયાં હતાં. આજે સંયુક્ત કુટુંબની જે વિભાવના લુપ્ત થઈ ગઈ છે, તેને જ આવો બધો યશ

જાય છે ! ધન્ય છે, આ વિભાવનાને !

મેટ્રિક પાસ થયા પછી, પિતાજી, ઘરની પેઢી **"મેસર્સ હરકિશનદાસ જગજીવનદાસ"**માં જોડાયા અને બહુ જ થોડા સમયમાં, ધંધાની સમજ તેમણે મેળવી લીધી.

બાપાજીનાં લગ્ન, ૧૯૦૯માં, લલિતાદેવી સાથે થયાં હતાં. તેમનું દાંપત્યજીવન સંપૂર્ણરીતે સુખી, સુમેળભર્યું અને પ્રસન્નમધુર હતું. અમે **છ ભાઈઓ,** – રજનીકાંત, હું, ઈશ્વરલાલ, સુશીલ, માધવ અને કિશોર, તથા **ત્રણ** બહેનો – લીલી, જયંવતી અને ભાનુ, મળીને **નવ ભાઈબહેનો** : સહુને માતાપિતા તરફથી સુસંસ્કાર અને સદ્‌ગુણોની સમૃદ્ધિ નાનપણથી જ મળી હતી; મમતા, સંપ, સદ્‌ભાવ અને સૌજન્યનું સાતત્ય અમારી સહુની વચ્ચે સદા-સર્વદા જળવાઈ રહ્યું છે. અમારા સહુનાં જીવનમાં ક્યાંય, ક્યારેય, કટુતા-ક્લેશ-ઘર્ષણ જેવા દુર્ભાવો અમે અનુભવ્યા નથી.

એક જ દુઃખ અમે કદી વીસરી શક્યાં નથી : ઈશ્વરભાઈ પછી જન્મેલી અમારી વ્હાલસોઈ બેન **લીલી,** અસાધ્ય રોગને કારણે, પાંચ જ વર્ષની ઉંમરે શ્રીચરણ પામી. લીલી એટલે ઉષ્માભરી લાગણીનું મૂર્તિમંત સ્વરૂપ : દેખાવડી, મીઠડી અને બટકબોલી પણ એવી જ : ઈશ્વરની અકળ અને અજબ લીલા !

માતાજી બહુ 'ભણેલાં' ન્હોતાં, પણ **'ગણેલાં'** એવાં કે ગૃહિણી તરીકે આદર્શ, વ્યવહાર-કુશળ અને કાર્ય-દક્ષ, અને રસોઈની આવડત, સૂઝ અને નિપુણતા તો એમની જ ! પિતાજીના સ્વભાવમાં થોડી ઉગ્રતા ખરી, પણ માતાજી એને, – ધીરજ, સ્વસ્થતા અને સહિષ્ણુતાપૂર્વક, કોઈને કશી ખબર પણ ન પડે એવી રીતે, પોતાની સ્વાભાવિક પ્રસન્ન મુખમુદ્રા સાથે, – નિભાવી લે !

બાપાજી **"મેસર્સ હરકિશન જગજીવન"**માં જોડાયા પછી, તેમના ભાઈ નવનીતલાલે, રૂ-નો વ્યાપાર કરવા માટે ૧૯૦૫/૦૭માં નવી કું. ઊભી કરી, - **"મેસર્સ ભાઈદાસ કરસનદાસ"**નાં નામે. આરંભમાં માત્ર આડતનો જ ધંધો હતો. ત્યારબાદ, ધીમે ધીમે, સિદ્ધિ મળતાં, રૂનો પદ્ધતિસરનો ધંધો શરૂ કર્યો. અને આમાંયે, પછી તો નિર્યાતનો ધંધો ચાલુ કર્યો. બાપાજી ૧૯૨૯, ૧૯૩૩, ૧૯૩૯, - એમ ત્રણ વાર વ્યાપાર-વિકાસનાં અનુસંધાનમાં, વિદેશ ગયા હતા, એનાં પરિણામે ધંધામાં સારી વૃદ્ધિ થતી રહી. ૧૯૨૮માં કરાંચીમાં શાખા ખોલી, તે, છેક દેશના ભાગલા પડ્યા ત્યાંસુધી, ૧૯૪૮ સુધી, ચાલુ રહી.

હું વિલાયત ૧૯૫૫માં અને અમેરિકા ૧૯૭૫માં ગયો હતો.

વચ્ચે બે વિશ્વયુદ્ધો આવી ગયાં, તેમાં વેપારધંધામાં ઘણી જ અવ્યવસ્થા થઈ ગઈ. પરંતુ બાપાજીએ પોતાનાં દીર્ઘદૃષ્ટિ, સૂઝ અને શાણપણ વડે પેઢીને સલામત રાખી : વ્યવહાર અને સિદ્ધાંત, એ બંનેનો એમણે સાધેલો સમન્વય અમને ખૂબ જ

ઉપયોગી નીવડ્યો છે. એમના આ સિદ્ધાંતવાદી અભિગમથી, એમનાં સંતાનો એવાં અમે, ધંધાની એ જ પ્રામાણિકતા અને નીતિમત્તા જાળવી રાખી છે.

પિતાજી, વ્યવહારમાં, આટલા સિદ્ધાંતો પર સદા ભાર મૂકતા : (૧) સત્યના પંથે જ સદા વ્યવહાર-વ્યાપાર ચલાવવો; (૨) કામ બધું કાયદેસરનું જ હોવું જોઈએ; (૩) બધું કામ સમયસર અને વ્યવસ્થિત થવું જોઈએ; (૪) વ્યાપાર આપણી મુઠ્ઠીમાં સમાય, એટલો જ કરવો; (૫) એક જ પત્ની, એક જ બેંક અને એક જ ઇન્સ્યોરન્સ-કંપની; (૬) કોઈ પણ જાતનું વ્યસન ન સેવવું. ચાહ નહીં પીવાની, સવારમાં દૂધ જ લેવાનું.

બાપાજીને બ્લડપ્રેશરનો અને પક્ષઘાતનો સૌપ્રથમ હુમલો ૧૯૩૦માં બાથરૂમમાં થયેલો, પણ અમારા ફેમિલી ડૉક્ટર ચંદુલાલની ટ્રીટમેન્ટથી સાજા-સારા થઈ ગયા હતા. ડાયાબિટિસ પણ હતું; પરંતુ ખાવાના શોખમાં તેઓશ્રી પૂરા સૂરતી ! અને સાજામાંદા ચાલતા પણ રોજ વરસાદમાં હેંગિંગ ગાર્ડન અવશ્ય જતા. હાર્ટ-ટ્રબલ થઈ તેનું આ એક કારણ હોઈ શકે. તેમનું નિધન મે-૧૯૫૩માં થયું. આ પહેલાં એમનું 'વિલ' મારી પાસે લખાવેલું. બધાંને પૂછ્યું : "શું જોઈએ છે ?" અમે તો એમનાં જ સંતાનો ! કોઈએ કશું માગ્યું નહીં : સત્ય, સદ્‌ગુણ, પ્રામાણિકતા અને અવિચળ ઈશ્વરશ્રદ્ધા, એ જ એમનો સાચો વારસો, - જેના થકી આજે પણ અમે સહુ સુખી છીએ.

બાપાજીનાં અસ્થિવિસર્જન માટે બાએ મને હરદ્વાર મોકલ્યો હતો, એ વખતની મારી લાંબી અંજલિમાંથી આટલું અત્યારે પ્રસ્તુત છે :

"ધનનો વારસો આપે પિતા ઘણા જગમાંહી,
સંસ્કાર અર્પે એવા પિતા સાચા તમો હતા !"

એમની જન્મશતાબ્દી-સમયની અંજલિની થોડી પંક્તિઓ :

"અમો છીએ સુખી આજે, આશિષો તમારા !"
"માગીએ આશિષ અમો, — ન ફસીએ અનર્થમાં,
ધર્મને દિલમાં રાખી, સદા રહીએ હેતમાં,
'પુરુષોત્તમ' નામ એ, અમ માટે સાચું ઠર્યું !"

અને બાને પણ એવી જ હૃદયસ્પર્શી અંજલિ ! -

"તારે ખોળે રમ્યો'તો, મા !
તારે ખોળે સૂતો'તો મા !
ઘણું દીધું, ન કદી માગ્યું :
દિલાવર દિલની એવી તું, મા !"

બાપાજીનાં સ્મારક અને અંજલિરૂપે અમે સહુ ભાઈઓએ એક સ્મારક રચ્યું છે : **"પુરુષોત્તમ હરકિશનદાસ ટ્રસ્ટ"**. એમાં બાર લાખનું ફંડ છે, તેના વ્યાજમાંથી ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાય છે, વૃદ્ધો-વિધવા-માંદાને મદદ અપાય છે.

આ કુટુંબ-ઇતિહાસ છે, બાપાજીએ અનેક કષ્ટો સહીને આપણને આપ્યાં છે, વારસામાં, ખાનદાની, સત્યનિષ્ઠા અને સાત્ત્વિકતા, – તેનો ! તેને બિરદાવીએ, દૃઢ કરીએ, એ જ, વડીલ તરીકેની સહુને મારી ઇચ્છા, આકાંક્ષા, અભિલાષા !

સદ્‌ગુણયુક્ત સહુ વડીલોને અંતઃકરણપૂર્વક સ્મરીને, આ ગ્રંથ, અર્પણ કરતાં અમે સહુ આનંદ અનુભવીએ છીએ :

"જેનાં સંસ્કાર – પાથેયે
બની સંતતિ ઊજળી,
અર્પે છે, આત્મચિંતનમયી
આ વિવેકચૂડામણિ !"

માતા-પિતાનાં ઋણ કદી ફેડી શકાતાં નથી, તે માટેનો એક સુંદર શ્લોક યાદ આવી જાય છે, તેને રજુ કરીને, અમારા પરિવારનો આ સંક્ષિપ્ત ઇતિહાસ સમાપ્ત કરું છું :

सर्वार्थसंभवो देहो जनितः पोषितो यतः ।
न तयोस्तद्-ऋणं कोऽपि क्वापि पूरयितुं क्षमः ॥

("સર્વ પ્રકારના હેતુઓ સિદ્ધ કરી શકે એવો દેહ જેમનાં લીધે જન્મ્યો અને પોષણ પામ્યો, તે માતા-પિતાનું તે ઋણ કોઈ પણ મનુષ્ય પરિપૂર્ણ કદી પણ કરી શકે નહીં.")

મુંબઈ, આષાઢી બીજ, વિ.સં. ૨૦૫૮ — **રમણીકલાલ પુ. શાહ**
તા. જુલાઈ ૧૨, ૨૦૦૨

શ્રીજયાનન્દભાઈ દવે :

એક વિરલ સારસ્વત

મુ. શ્રીજયાનંદભાઈ ઉત્તરોત્તર નવાં નવાં સંપાદનો મા શારદાને ચરણે સમર્પિત કરતા જાય છે. આ નવું સંપાદન પૂ. શંકરાચાર્ય દ્વારા લિખિત "**વિવેકચૂડામણિ**"– નામના ગ્રંથને આપણી સમક્ષ રજૂ કરે છે. શ્રીજયાનંદભાઈએ ૮૫ વર્ષની જૈફ ઉંમરે ભગીરથ કાર્ય ગણાય એવું આ ગ્રંથનું સંપાદન કર્યું છે. આ ગ્રંથમાં ૫૮૧ શ્લોકો છે. તે પ્રત્યેકનો ગદ્ય અન્વય, શબ્દાર્થ, ભાષાંતર અને વિશદ સમજૂતી આપવાનું કામ કેટલી ધીરજની અપેક્ષા રાખે, તે કલ્પવું સરળ નથી. છતાં શ્રીજયાનંદભાઈએ આ કામ ખૂબ જ ઉત્સાહથી સંપન્ન કર્યું છે, જે માટે તેઓ અનેરાં અભિનંદનને પાત્ર બન્યા છે. **'પરમ સારસ્વત'** જ આવું મુશ્કેલ કામ સંપન્ન કરી શકે.

આ ગ્રંથમાં પૂ. શંકરાચાર્યે ખૂબ જ વીગતે **'વિવેક'**ની સમજણ આપી છે. આ વેદાંતશાસ્ત્રનો ગ્રંથ છે. શ્રીજયાનંદભાઈ મૂળ તો અલંકારશાસ્ત્રના વિદ્યાર્થી, છતાં વેદાંતશાસ્ત્રીની અદાથી તેમણે આ ગ્રંથમાં ચર્ચેલ આત્મજ્ઞાનની દુર્લભતા, સ્થૂળ-શરીર-વિવેચન, માયાનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ, વિવેક દ્વારા સમ્યક્ જ્ઞાન, અજ્ઞાનીનું અનાત્મદર્શન, બ્રહ્મ અને બ્રહ્માંડનું ઐક્ય, બ્રહ્મભાવના, સમાધિ, યોગ-નિરૂપણ, સ્થિતપ્રજ્ઞદર્શન, દ્વૈત-નિષેધ, આત્મજ્ઞાનનું આશ્ચર્ય, – જેવા મુદ્દાઓ સંપાદકશ્રીને એક **'વિરલ સારસ્વત'** તરીકે પ્રસ્થાપિત કરે છે. લક્ષ્ય અને અલક્ષ્ય જેવા મુદ્દાઓની ચર્ચા વાંચતી વેળાએ, શ્રીગોવર્ધનરામ ત્રિપાઠીએ **'સરસ્વતીચંદ્ર'**માં રજૂ કરેલ 'લક્ષ્યાલક્ષ્યવિવેક'ની ચર્ચા યાદ આવે છે અને નવલકથાકારે એ આલેખન વખતે મૂળગ્રંથ **'વિવેકચૂડામણિ'**નો સહારો લીધો જ હશે, એમ લાગે છે. આ ગ્રંથમાં અંતિમ પુરુષાર્થ મોક્ષને સિદ્ધ કરવા માટે અવિદ્યારૂપી હૃદયગ્રંથિનું ભેદન આવશ્યક છે, એમ જણાવેલું છે. અભિમાન છોડી દીધા બાદ, સાચી આત્મસ્મરણરૂપી નિત્યમુક્તિ પ્રાપ્ત થઈ શકે છે, એવો ઉપદેશ આપણને આ ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે.

વેદાંત-વિષયની ચર્ચા કરનારા આ ગ્રંથના સંપાદક શ્રીજયાનંદભાઈ દવેનો પરિચય આપવાનો અત્રે ઉપક્રમ છે.

૨૫ ઑક્ટોબર ૧૯૧૭ના રોજ, વિજયાદશમીના પર્વના દિવસે જન્મેલા શ્રીજયાનંદભાઈનું મૂળ વતન ધાંગધ્રા છે. સ્વ.રેવાબહેન અને જમીનદારી અને ધીરધારના વ્યવસાય સાથે સંકળાયેલા સ્વ.શ્રીલક્ષ્મીશંકર દવે, તેમનાં પૂ.માતા-પિતા.

તેમની ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી, અધ્યાપન-કારકિર્દી, શોખની પ્રવૃત્તિઓ, મેળવેલ સિદ્ધિઓ અને સન્માનો, પ્રાપ્ત કરેલ વિવિધ સમિતિઓનાં સભ્યપદો અને પ્રકાશન કાર્યો વિશે, ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવેલ આત્મવૃત્તાંતમાંથી, વીગતો પ્રાપ્ત થઈ શકશે. આ ઉપરથી તેમની ભવ્ય ઉપલબ્ધિઓનો ખ્યાલ મળે છે. આમ તો, માનવજીવન મળવું દુર્લભ છે, વિદ્વત્તા મળવી દુર્લભતર છે અને કવિત્વની પ્રાપ્તિ તો દુર્લભતમ છે. આ ત્રણેય શ્રીજયાનંદભાઈએ પ્રાપ્ત કરેલ છે અને પોતાની ચીવટવાળી પ્રકૃતિથી તેમણે જે કંઈ પ્રવૃત્તિ કરી છે, તે દીપી ઊઠી છે. આ છાપેલ આત્મવૃત્તાંત-(Bio-Data)માં જેનો સમાવેશ થતો નથી એવી કેટલીક બાબતો વિશે હવે હું યથાશક્તિ રજુઆત કરીશ.

વર્ષો પહેલાં, અમરેલીમાં, મુ.શ્રીજયાનંદભાઈ દવેનાં પ્રમુખપદે પૂ. શ્રીમોરારીબાપુનું રામાયણ વિશેનું વ્યાખ્યાન યોજાયેલું. પૂ. બાપુએ પોતાનાં વક્તવ્યને વિરામ આપ્યો અને પછી શ્રીજયાનંદભાઈનું ભાષણ શરૂ થયું. તેમણે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા શ્રોતાઓને જકડી રાખ્યા. અવ્યવસ્થા થશે એવી આયોજકોની આશંકા દૂર થઈ અને પૂ.મોરારીબાપુ પણ શ્રીજયાનંદભાઈની વાકછટાથી પ્રસન્ન થઈ ગયા. પછી તો મહુવાનાં ગુરુકુલમાં સંસ્કૃત અકાદમી આયોજિત વ્યાખ્યાનોમાં શ્રીજયાનંદભાઈનું વ્યાખ્યાન પૂ.બાપુએ દર વખતે આદરપૂર્વક સાંભળેલું, એવી મને માહિતી પ્રાપ્ત થયેલી છે. શ્રીજયાનંદભાઈએ આ વક્તૃત્વ-છટા, પોતે ભણતા ત્યારથી, પ્રાપ્ત કરેલી છે, એમ તેમના કરતાં બે વર્ષ આગળ શામળદાસ કૉલેજ(ભાવનગર)માં અભ્યાસ કરતા મારા સ્વ.પિતાશ્રી શાંતિભાઈએ મને જણાવેલું. આવી વક્તૃત્વકળા ધરાવનાર પોતાનો પુત્ર વકીલ થાય અને ધીરધાર અને જમીનદારીના ધંધામાં મદદરૂપ બને, એવી આશા શ્રીલક્ષ્મીશંકર દવેને હતી, પણ શ્રીજયાનંદભાઈ તો રહ્યા સરસ્વતીના આરાધક : અસત્યનો આશ્રય લેવો પડે એવા વકીલના વ્યવસાયને બદલે એમણે શિક્ષક થવું પસંદ કર્યું અને કરાંચીથી આ વ્યવસાયની શરૂઆત કરી. તેમની લાક્ષણિક વક્તૃત્વ-છટાનો લાભ, કરાંચીની શિક્ષણ-સંસ્થાઓના વિદ્યાર્થીગણ, સિદ્ધાર્થ કૉલેજ (મુંબઈ) અને મોરબીની યુ.એન. મહેતા આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીગણ, મોરબીની રોટરી ક્લબના સભ્યો, રાજકોટનાં પ્રણવાનન્દ સંસ્કૃત ભવનનાં શ્રોતાઓ અને છેલ્લે ગાંધીનગરનાં શ્રીઅરવિંદ કેન્દ્રનાં શ્રોતાઓને પ્રાપ્ત થયેલો છે. દ્વારકાધીશ મંદિરમાંથી જન્માષ્ટમીએ કૃષ્ણજન્મનો 'આંખે દેખ્યો અહેવાલ' રજૂ કરીને અને રેડિયો તથા ટેલિવિઝનના માધ્યમથી તેમણે આ લાભ ખૂબ જ વિશાળ પ્રમાણમાં શ્રોતાઓને આપ્યો છે.

શ્રીજયાનંદભાઈ સાથે મારો સંબંધ ૧૯૬૩ના જુલાઈની ૧૫મી તારીખથી

મોરબીમાં શરૂ થયો. તેઓ મોરબીની યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રી હતા અને હું સંસ્કૃત વિભાગમાં અધ્યાપક તરીકે જોડાયો હતો. મારી તે વખતની ઉંમર કરતાં, શ્રીજયાનંદભાઈનો શિક્ષણક્ષેત્રે અનુભવ, વધારે હતો. આમ, તેઓ વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ હતા, છતાં તેમણે મારી ઉચ્ચારણ કે લખાણની અશુદ્ધિઓ ખૂબ જ ઉદારતા દર્શાવીને મઠારવા પ્રયત્ન કરેલો. મોરબીના ૧૯૬૩થી ૧૯૭૦ના મારા નિવાસ દરમિયાન, મને તેમની વિદ્વત્તા અને નિષ્ઠાપૂર્વક કામ કરવાની ટેવનો લાભ મળ્યો છે. મારા પૂ. ગુરુ શ્રી ડોલરરાય માંકડનું કરાંચીની કૉલેજમાં ખાલી પડેલું સ્થાન શ્રીજયાનન્દભાઈએ શોભાવેલું, એમ જાણ્યા પછી મેં મારી જાતને શ્રીજયાનન્દભાઈના શિષ્ય તરીકે જ નિહાળી છે. આ સમય દરમિયાન, તેમના જ આત્મીય શ્રી કરસનદાસ માણેક સાથે મને પરિચય પ્રાપ્ત કરવાની તક મળી. પરિણામે, **'નચિકેતા'**માં લેખો લખવાની મારી પ્રવૃત્તિ શરૂ થઈ. શ્રીજયાનન્દભાઈએ આકાશવાણી રાજકોટના કવિશ્રી ઈન્દુભાઈ ગાંધી સાથે પણ મારો પરિચય કરાવેલો, જેને કારણે આકાશવાણી પરથી વાર્તાલાપો રજૂ કરવાની પણ મને તક સાંપડી. આમ, મારી લેખનપ્રવૃત્તિનું શ્રેય શ્રીજયાનંદભાઈના ફાળે જાય છે, એમ હું દૃઢપણે માનું છું.

મોરબીની કૉલેજના આચાર્યપદે, શ્રીછબીલભાઈ સંઘવીનાં મંત્રીપણાં હેઠળ શ્રીજયાનંદભાઈ નિષ્ઠાપૂર્વક સેવા બજાવતા હતા, એવામાં છાત્રગણની અનિષ્ટ પ્રવૃત્તિઓથી મૂલ્યોની જાળવણી કરવા માટે, તેમને આચાર્યપદનો ક્ષણવારમાં ત્યાગ કરવાનો સંકલ્પ કરવો પડ્યો ! આચાર્ય મટીને તેઓ રાજકોટના એક છાત્રાલયના ગૃહપતિ બન્યા. એમનું યોગક્ષેમ પરમકૃપાળુએ સંભાળી લીધું. આ અરસામાં હું તેમને મળેલો ત્યારે પણ, પોતાની નિષ્ઠા એટલી જ ઉત્કટતાથી નિભાવતા મેં તેમને જોયેલા છે. સ્વ.શ્રીરાજગોપાલાચારી કહેતા તેમ, અધ્યાપનનો વ્યવસાય તો 'ચેતનની ખેતી' છે. ગૃહપતિ બન્યા બાદ છીનવાઈ ગયેલો આ વ્યવસાય શ્રીજયાનંદભાઈને પુનઃ વ્યાપક સ્વરૂપે પ્રાપ્ત થયો. તેઓ પ્રણવાનંદ સંસ્થાના પ્રમુખ ટ્રસ્ટી બન્યા અને દરરોજ રાજકોટના સંસ્કારપ્રેમી શ્રોતાઓ સમક્ષ સુંદર વ્યાખ્યાનોની લહાણ રજૂ કરવા લાગ્યા. તેઓ વર્ગશિક્ષક મટીને લોકશિક્ષક બન્યા. અહીં તેમને જીવનમાં પહેલાં નહીં મળ્યો હોય એવો શિક્ષક તરીકેનો આનંદ પ્રાપ્ત થયો હશે, એમ હું માનું છું; કારણ કે આતુર શ્રોતાઓને જ્ઞાન પીરસવાનો લ્હાવો એ એક જુદી જ આનંદની અનુભૂતિ છે.

મેં ૧૯૭૦માં શામળદાસ કૉલેજ ભાવનગરમાં નોકરી સ્વીકારી તે પછી, શ્રીજયાનંદભાઈ સાથે ગુરુશિષ્ય તરીકેનો મારો સંબંધ તો ચાલુ જ રહ્યો. તેમનાં વાત્સલ્યનો મને ખૂબ જ લાભ મળ્યો. એમને ત્યાં અતિથિ તરીકે ઘણી વાર જવાનું

બન્યું છે. રાજકોટમાં 'ભવભૂતિ'–બંગલો એ તેમનું નિવાસસ્થાન. અહીં તેમણે મને તેમના આત્મીયજન તરીકે ઘણી વાર આવકાર્યો છે અને મેં તેમનાં અને શ્રીમતી દયાબહેન વચ્ચેનાં દામ્પત્યની સુમધુરતાનાં દર્શન કર્યાં છે. શ્રીમતી દયાબહેને પોતાના પતિની સિદ્ધિમાં ખૂબ જ ફાળો આપ્યો છે. તેઓશ્રી દિવંગત થતાં, શ્રીજયાનંદભાઈ સારસ્વતકાર્યમાં ઢીલા પડ્યા હોય એમ બન્યું નથી. પરંતુ, સ્વ.પત્નીનો વધારે સૂક્ષ્મ અને વ્યાપક સહકાર શ્રીજયાનંદભાઈને મળ્યો લાગે છે. તેથી જ તેઓ ઉત્તરોત્તર ચઢિયાતા ગ્રંથોનું સંપાદન, સર્જન કરતા રહ્યા છે. શ્રીગૌતમ પટેલે યોગ્ય જ કહ્યું છે કે '**ભામતી** વિના **વાચસ્પતિ** સર્જાય નહિ.'

સિંધ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર અને ગુજરાતની પાટનગરીઓમાં સાહિત્યિક પ્રવૃત્તિ કરનાર શ્રીજયાનંદભાઈને સર્વશ્રી કરસનદાસ માણેક, અમૃતલાલ યાજ્ઞિક, પ્રહ્લાદ પારેખ, પ્રેમશંકર ભટ્ટ, રમેશ શુક્લ, એમ.વી. જોશી, ઈશ્વરભાઈ દવે, ગૌતમભાઈ, વસંતભાઈ, જયંતભાઈ રાવળ જેવા મિત્રોનો સહકાર મળતો રહ્યો છે, એ પણ સરસ્વતીની કૃપા જ ગણાય.

આગળ જણાવ્યું તેમ, હું તેમનો અતિથિ બન્યો છું, પણ મારાં સદ્‌ભાગ્યે તેઓશ્રી પણ મારા અતિથિ બનેલા છે. યજમાનને તેમની વ્યવસ્થા કરવામાં સહેજ પણ ભારણ ન રહે, એવા તેમના સ્વભાવની મૃદુતાનો મને અનુભવ છે. યથાશક્તિ જે કંઈ તેમની તહેનાતમાં રજૂ કર્યું, તે ખૂબ જ પ્રેમથી તેમણે સ્વીકાર્યું છે. અમારાં ઘરમાં તેમની હાજરી અમારે માટે યાદગાર બની ગઈ છે. 'સહજ મિલા સો દૂધ બરાબર', એમ તેઓ માનતા હોવાથી, ઘરમાં સહુને તેઓ પોતિકા લાગ્યા છે.

અગાઉ જણાવ્યું તેમ, શ્રીજયાનંદભાઈની એક ખાસિયત, જે તેમનાં લખાણોમાં જોવા મળે છે તે, ચીવટને લગતી છે. 'નરો વા કુંજરો વા' કે 'વિદુરની ભાજી' જેવી બાબતો મૂળ ગ્રંથમાં નથી, એમ તેઓ ખાતરી કરીને કહે, તેથી તેમનાં લખાણોની પ્રમાણભૂતતા વિશે શંકાને સ્થાન હોઈ શકે નહિ.

કવિ તરીકે શ્રીજયાનંદભાઈએ જે થોડાં કાવ્યો રચ્યાં છે તે, તેમની મનોગત ભાવસૃષ્ટિને મૂર્ત કરે છે. તેથી તેમનાં કાવ્યો વાંચતાં પ્રાસાદિક વિશદતાનો અનુભવ પ્રાપ્ત થાય છે.

સંક્ષેપમાં કહેવું હોય તો, શ્રીજયાનંદભાઈ એટલે સતત જ્ઞાનની સાધનાથી જિંદગીને સદાકાળ ઉત્સવ બનાવનાર કલાકાર. એમને પણ વિરોધીઓનો સામનો કરવો પડ્યો હશે જ, પણ તેમણે તેમને દયાપાત્ર ગણીને વિસારી દીધા છે. તેમણે ક્યારેય કોઈની નિંદા કરી નથી. સર્વત્ર સમદર્શી હોવાથી, તેઓ સર્વત્ર સ્નેહદર્શી બની ગયા છે. તેથી જ તેઓ વિશાળ ઘેઘૂર વડલા જેવા લાગે છે, **'ભૂમા'**ના

ઉપાસકને આ છાજે તેવું છે. વિદ્વત્તા, વિદ્યાર્થીવાત્સલ્ય અને વક્તૃત્વના ત્રિવેણી સંગમ અને જ્ઞાનની જ્યોત સમા ગુરુવર્ય મળવાથી તેમના શિષ્ય પ્રા.શ્રીઅનિલ કંસારા ખુશ છે. આવા સફળ માનવી, કુટુંબના વડા હોવાથી, તેમનો પરિવાર ખુશ છે. અધ્યાપકજીવનનો પવિત્ર આદર્શ રજૂ કરનાર શ્રીજયાનંદભાઈ પોતાનાં પૌત્રપૌત્રીઓ અને પ્રપૌત્રો માટે આદર્શ છે. મિતાહાર, નિયમિતતા અને વંચનપાલનની મક્કમતાથી તેઓ આ જૈફ વયે પણ સારી તંદુરસ્તી ધરાવે છે અને મનોબળની શક્તિનો ખ્યાલ આપે છે. આવા સારસ્વતનું આ પ્રદાન (શ્રીજયાનંદભાઈના મિત્ર) શ્રીરમણીકભાઈ શાહની માતબર આર્થિક સહાયથી પ્રકટ થઈ રહ્યું છે તે, ખૂબ જ આનંદની અનુભૂતિ કરાવે છે.

ભાવનગર,
જૂન ૧૬, ૨૦૦૨

— પ્રા. અરુણ શાંતિલાલ જોશી

નિવેદન

"મહાભારત"માં મહાકવિ વ્યાસનું ચિંતનાત્મક અને ચિંતનપ્રેરક એક સુવચન આ પ્રમાણે છે :

कालः पिबति तद्रसम् ।

આ વાક્યમાંના तद्("તે", It)-શબ્દમાં આ બ્રહ્માંડમાંનાં સર્વસ્વનો સમાવેશ થઈ જાય છે. कालः(TIME) એટલે સમય, જે અનાદિ અને અનવધિ છે, એનાં આરંભ અને અવધિને કોઈ જાણતું નથી. આવા ભગવાન કાળના અણ-અટક્યા અને એકધારા પ્રવાહ સામે વિશ્વનું કશું જ ટકી શકતું નથી. આજે અત્યંત મહત્ત્વની અને ગંભીર જણાતી ઘટનાને, થોડા સમય પછી, કોઈ યાદ પણ કરતું નથી. ગમે તેવી મૂલ્યવાન અને રસ-સભર સાહિત્યિક-દાર્શનિક-સારસ્વત કૃતિ, અને મહાન વસ્તુ કે વ્યક્તિમાંના "रस"ને આ काल પી જાય છે, તેને તદ્દન "रस"-વિનાની, નીરસ અને શુષ્ક કરી મૂકે છે : બ્રહ્મા જેવા સર્જનહારે સર્જેલી આ સૃષ્ટિને પણ, પ્રલયો અને મહાપ્રલયોનાં પ્રચંડ પૂરમાં પ્રણષ્ટ થવું જ પડે છે.

બ્રહ્મા ભલે રહ્યા સર્જક, પરંતુ એમનું મૂલ-અધિષ્ઠાન (Primordial Substratum) તો 'એક અને અદ્વિતીય' (एकं एव अद्वितीयम्) એવું **'બ્રહ્મ'** જ ને !

આ બ્રહ્મ પાસે તો, તથાકથિત (So-called) काल પણ લાચાર, અસહાય, નિરુપાય ! પરિણામે, આ બ્રહ્મનો રસ તો, અનાદિ સમયથી ચાલ્યા આવતા અસંખ્ય યુગો અને કલ્પો પછી પણ, એવો જ, યથાપૂર્વ, અબાધિત, અખૂટ, નિત્યનૂતન (Ever-new) અને સદા-પ્રત્યગ્ર (Ever-fresh) રહી શક્યો છે !

બ્રહ્મનો મહિમા આવો હોય તો, એનાં મૂળભૂત સ્વરૂપનું નિરૂપણ કરનાર ગ્રંથોનું મહત્ત્વ પણ એટલું જ નિત્ય, નિરંતર, શાશ્વત, અવિચ્છિન્ન, અનપાય અને અનસ્ત જ હોય, એ સ્વાભાવિક છે. આવો એક ગ્રંથ એટલે **આદ્ય શ્રીશંકરાચાર્ય**-વિરચિત, **"વેદાંત"**-દર્શનના પાયાના દાર્શનિક(Philosophical) સિદ્ધાંતોનું સરળ ભાષા-શૈલીમાં નિરૂપણ કરતો, પ્રકરણ-ગ્રંથ **"વિવેકચૂડામણિ"**. **"ઉપનિષદો"** અને **"બ્રહ્મસૂત્ર"** જેવા **"પ્રસ્થાન-ત્રયી"**માંના ગહન ગ્રંથોને ભણવા-સમજવા માટે ઉચ્ચ અને સજ્જ એવી બુદ્ધિની પહોંચ જેમનામાં ન હોય એવા સામાન્ય જનસમાજ માટે તો, **"વેદાન્ત"**-વિદ્યાના ગૂઢ અને રહસ્યપૂર્ણ સિદ્ધાંતોને સરળતાપૂર્વક સમજાવતા **"વિવેકચૂડામણિ"** જેવા **'પ્રકરણ'**-ગ્રંથ સિવાય અન્ય કશો વિકલ્પ નથી.

અને એટલે જ, જેની તાઝગી, પ્રતિષ્ઠા અને પ્રસ્તુતતાને એવી ને એવી અકબંધ રહેવા દેવાનું, ભગવાન કાળ માટે પણ, અનિવાર્ય અને અપરિહાર્ય બન્યું, એવા આ સુપ્રસિદ્ધ **વેદાંત**ગ્રંથનાં સંપાદનનો સુવિચાર, મુંબઈ-સ્થિત મારાં પરમ સન્મિત્ર અને આજીવન બ્રહ્મ-આરાધક દંપતી, – શ્રીરમણીકભાઈ અને શ્રીમતી ઇન્દુમતીબહેન શાહ – ને સ્ફુર્યો. "**સ્ફુર્યો**" એટલું જ નહીં પણ આવા આ દળદાર ગ્રંથનાં સંપાદનનાં પ્રકાશન-ખર્ચનાં સંપૂર્ણ આર્થિક ઉત્તરદાયિત્વને સ્વયમેવ સ્વીકારીને, તેમણે, આ ગ્રંથનાં સંપાદનનું કાર્ય કરવાની જવાબદારી, સામેથી જ, મિત્રભાવે અને સદ્-આગ્રહપૂર્વક મને સોંપી !

અને મારા માટેની સ્નેહાદરની એમની લાગણી એવી હૃદયસ્પર્શી કે એમનો આ સદ્-આગ્રહ, મારા માટે તો, '**ફરજિયાત**' જ બની રહ્યો : મારી મરજી-નામરજી જેવા વિકલ્પ માટે એમાં કશો અવકાશ જ ન્હોતો ! '**ફરજિયાત**' જેવું આ કાર્ય પણ, પછી તો, મારા માટેનાં એમનાં પ્રેમોષ્મા-સભર મમત્વનાં પરિબળને કારણે, ઓગળી-પીગળીને, સંપૂર્ણરીતે, '**મરજિયાત**' જ બની ગયું !

પરંતુ આ તો **વેદાંત**-વિદ્યાનો એક નિગૂઢ અને દાર્શનિક ગ્રંથ અને આદ્ય શ્રીશંકરાચાર્ય જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાના એક પરમ-તત્ત્વજ્ઞ અને પ્રસિદ્ધ એના લેખક-નિરૂપક ! અને હું તો રહ્યો, શિક્ષણ-સ્વભાવ અને રસ-રુચિની દૃષ્ટિએ, સાહિત્યક્ષેત્રનો માણસ ! એકાએક સ્વીકારાઈ ગયેલાં, મારાં આ ભારે મોટાં કાર્યની ગંભીરતા, મોં ફાડીને, મારી સમક્ષ ખડી થઈ ગઈ !

એટલે, મેં તરત જ, "**વિવેકચૂડામણિ**" પરનાં ગુજરાતી, અંગ્રેજી અને સંસ્કૃતમાં સંપાદિત થયેલા સઘળા સુલભ ગ્રંથોને હસ્તગત કર્યા, અને એનો ઊંડો સ્વાધ્યાય, મેં, એકથી વધુ વાર, એક મુગ્ધ વિદ્યાર્થીની જિજ્ઞાસાવૃત્તિથી, સૂક્ષ્મ દૃષ્ટિએ, રસપૂર્વક કર્યો. આ માટે, એ સહુ '**વેદાંત**'-તજ્જ્ઞ પંડિતોનો, પરમતત્ત્વને પામેલા સાધુજનો-સંન્યાસીઓ-સ્વામીજીઓનો અને બ્રહ્મ-તત્ત્વ-મર્મજ્ઞ એવા મહાનુભાવોનો ઋણ-સ્વીકાર હું વિનમ્રતાપૂર્વક અને આનંદપૂર્વક કરું છું; પરંતુ અંતિમ નિરૂપણમાં તો, મેં, મારી અંગત મૌલિક સ્વાનુભૂતિને અને સમજણને જ, – અને મારી સ્વકીય આલેખન-પદ્ધતિને જ, – સમાવિષ્ટ કરી છે, એવી મારી વિનમ્ર શ્રદ્ધા હંમેશ રહી છે.

બે ચોખવટ, મારે, અલબત્ત, આ સંપાદન વિશે, અવશ્ય, કરવી જોઈએ : **એક** તો એ કે આ સંપાદનકાર્ય મેં વિદ્વાનો-પંડિતો-પ્રાધ્યાપકોને નહીં, પરંતુ ધાર્મિક-આધ્યાત્મિક અભિગમ ધરાવતા સામાન્ય જનોને નજર સમક્ષ રાખીને કર્યું છે; અને **બીજું** એ કે શ્લોકોના શબ્દાર્થ-વિભાગમાં અને સવિસ્તર ટિપ્પણમાં, કોઈ વિચાર, મુદ્દો, તર્ક, મંત્ર, શબ્દ અને શ્લોક-અવતરણ, - વગેરેની પુનરુક્તિ, એક કરતાં વધુ

વાર થઈ છે, એ હકીકતથી હું સંપૂર્ણતઃ સભાન છું. એમાં કશી સરતચૂક કે અનવધાનતા થઈ-રહી ગઈ નથી. હકીકતમાં, જે સંદર્ભમાં એવી પુનરુક્તિ થવા પામી છે, ત્યાં-ત્યાં, સર્વત્ર, એવી પુનરુક્તિ મને આવશ્યક જણાઈ છે, એટલું જ નહીં પરંતુ એ પુનરુક્તિનું નિવારણ કરવાના આગ્રહમાં, કદાચ, તે-તે અભિવ્યક્તિ અને અર્થઘટનને કશીક હાનિ પહોંચશે, અથવા તો, તે-તે અભિવ્યક્તિ અને અર્થઘટનમાં, એટલા પૂરતી કોઈક ઊણપ રહી જશે, એવા ભયની પ્રતીતિ પછી જ, એ પુનરુક્તિને મેં જાણી-બૂઝીને અને પૂરી સમજણપૂર્વક, એ જ સ્વરૂપમાં, ત્યાં રહેવા દીધી છે.

રોજના સરેરાશ પાંચ-છ કલાકના હિસાબે, પૂરા નવ મહિના (ઓગસ્ટ-૨૦૦૧ના અંતભાગથી, મે-૨૦૦૨ના આરંભ) સુધી ચાલુ રહેલા આ સંપાદન-કાર્યના અપાર્થિવ **'બ્રહ્મ'**-રસના મહિમા સાથે, એક અણધાર્યા ઉત્સવનો અનોખો આનંદ સંકળાયેલો છે, એનો ઉલ્લેખ કરતાં, મારા માટે તો, નીચેની થોડી બાબતો હૃદય-સંતર્પક પ્રસન્નતા અને ગૌરવનો અવસર બની રહે છે :

આદ્ય શ્રીશંકરાચાર્ય જેવા મહામાનવના આ ગ્રંથનાં આ સંપાદનમાં તો, **योजकस्तत्र दुर्लभः** ।, - એ ન્યાયે, છેક મારા કરાંચી-સમયથી, છેલ્લા છ દાયકા દરમિયાન, સતત, મારા પરમ સુહૃદ્ બની રહેનાર આ દંપતી (શ્રીરમણીકભાઈ અને શ્રીમતી ઇન્દુમતીબહેન શાહ) 'યોજક' બને છે, એટલું જ નહીં પણ આ કાર્ય હું, ૮૫-૮૬ વર્ષ જેવી અતિવયોવૃદ્ધ ઉંમરે, પરિપૂર્ણ કરી શક્યો છું તેમાં, તેમનાં હાર્દિક સ્નેહ-સદ્ભાવ-સૌજન્યનું જ પ્રદાન છે, એ હકીકતને અભિવ્યક્ત કરવામાં, મને, વાણીનું વાહન પંગુ જણાય છે, એમ કહું તો એમાં કશી જ અતિશયોક્તિ નથી : મારા માટે તો, આ એક **'સ્વભાવોક્તિ'**-અર્થાલંકાર જ નીવડ્યો છે, એવો એકરાર કરું તો જ, મને ઋણમુક્તિના સામાન્ય ભાવની અનુભૂતિ થાય.

પોતાના પરિવારની વીગતોને આલેખતો, આ સાથેનો, શ્રીરમણીકભાઈનો લેખ પણ એમના પરિવારની પરંપરાગત ઉચ્ચ અને અભિજાત સંસ્કાર-સમૃદ્ધિની પ્રતીતિ આપે છે.

અને **'શ્રીપ્રવીણ પ્રકાશન'**(રાજકોટ)ના અધિષ્ઠાતા **શ્રીગોપાલભાઈ માકડિયા** : મને સમજાતું નથી, પણ મારાં આવાં સર્વ શુભ-મંગલ કાર્યોમાં, મને પોતાને પણ કશી ખબર જ ન પડે એમ, ગમે તે રીતે, જોડાઈ જવાની, એમને, એક **"સુ-ટેવ"** ! પુરાણકારો કહેતાં થાકતા નથી કે ભગવાન શંકરને એક **'વ્યસન'** હતું, - વિશ્વ-કલ્યાણનું ! અને આવાં વ્યસને જ એમને **'નીલકંઠ'** બનાવ્યાને ! શ્રીગોપાલભાઈ પણ સામાજિક સ્વાસ્થ્યનાં ઊર્ધ્વીકરણના આવા જ **'વ્યસની'**, **'હરેડ-બંધાણી'** ! એમના

લોહ-ચુંબકીય રોમાંચક સંપર્ક-સંસ્પર્શનો લ્હાવો, મને આ ગ્રંથનાં પ્રકાશન-કાર્યમાં, સામેથી જ, સાંપડી રહ્યો ! આ કામ હું જલદી પૂરું કરું, તે માટેની તેમની એવી જ લાક્ષણિક 'ઊઘરાણી', માગણી અને લાગણી સુદ્ધાં !

વળી, આ ગ્રંથ સંપૂર્ણરીતે મુદ્રિત થાય તે પહેલાં, એનું પ્રતીકાત્મક અને અવિધિસરનું વિમોચન, શ્રીરમણીકભાઈના પ્રાતઃ-સ્મરણીય પૂજ્ય પિતાશ્રીની જન્મતિથિ નિમિત્તે, તા. ૨૦-૪-૨૦૦૨ના રોજ, તેમના સમગ્ર પરિવારની ઉપસ્થિતિમાં, મુંબઈ ખાતેનાં તેમના નિવાસ-સ્થાને યોજાય, - એ પણ ઈશ્વરી યોજનાનો જ એક કૃતાર્થતા-પ્રદાયક શુભ સંકેત !

એક સંસ્કૃત સુભાષિત અચાનક સ્ફુરી આવે છે :

यौवनं धनसंपत्तिः प्रभुत्वं अविवेकिता ।
एकैकं अपि अनर्थाय किमु यत्र चतुष्टयम् ॥

("બેફામ જુવાની, અઢળક ધનસંપત્તિ, બે-રોક-ટોક સંપૂર્ણ સત્તા અને વિવેકહીનતા : આ ચારમાંનું એકે-એક મહાઅનર્થનું ઉત્પાદક છે, તો પછી એ ચારેય એક વ્યક્તિમાં ભેગાં થઈ જાય, તો-તો કહેવાનું જ શું !")

આ સુભાષિત-કવિની ક્ષમાયાચના સાથે, આ શ્લોકનાં "चतुष्टयम्"-માં, પ્રસ્તુત સંદર્ભમાં, આવો ફેરફાર મને સૂઝે છે : (૧) આદ્ય શ્રીશંકરાચાર્ય જેવા વિશ્વપ્રસિદ્ધ તત્ત્વચિંતકના **"विवेकचूडामणि"** જેવા **વેદાંત**-ગ્રંથનું સંપાદન; (૨) શ્રીરમણીકભાઈ-શ્રીમતી ઈન્દુમતીબહેન શાહ જેવાં સત્ત્વસંપન્ન દંપતીનું આયોજન, (૩) શ્રીગોપાલભાઈ માકડિયાનું પ્રકાશન-પ્રાવીણ્ય; અને 'ધી લાસ્ટ બટ નોટ ધી લીસ્ટ' : શ્રીરમણીકભાઈના પૂ. પિતાશ્રીની સાચા અર્થમાં જન્મતિથિ : આ ચારમાંનું દરેકે-દરેક માત્ર **હર્ષ** જ નહીં પણ **'પ્ર-હર્ષ'** આપવાની શક્તિ તથા ગુણવત્તા ધરાવે છે, તો પછી એ ચારેય આ રીતે, આપોઆપ, આપમેળે, એકત્રિત થઈ ગયાં છે, ત્યારે તો, એનાં માંગલ્ય-પ્રદાયકત્વ વિશે તો વિચારવાનું જ શું રહે ! –

एकैकं अपि प्रहर्षाय किमु यत्र चतुष्टयम् ॥

અને **ગીતા** (૧૮, ૧૪)માંનાં "दैवं चैवात्र पंचमम्" । -

એ વિધાનમાં, જેમ **દૈવ**, સ્વયમેવ, સામેથી આવીને, પાંચમાં સ્થાને ગોઠવાઈ ગયું હતું એમ, જ્યેષ્ઠ સુપુત્ર-દંપતી – ચિ. હારીત અને ચિ.અ.સૌ. દેના, – મારી સતત અને સંનિષ્ઠ સેવા-શુશ્રૂષાને કારણે, ઉપર્યુક્ત પેલાં "चतुष्टयम्"માં પાંચમાં સ્થાને એની મેળે ઉપસી આવે છે, એ હકીકત પણ મારું ઈશ્વરકૃપા-પરિણામ-સ્વરૂપ સદ્‌ભાગ્ય બની રહે છે.

કોઈકને એવું લાગવાનો સંભવ ખરો કે જિંદગીની જાત્રાનાં અંતિમ છેડાની લગોલગ પહોંચેલા મારા જેવા માણસના પરિચયનું, આવાં સંપાદનમાં ઔચિત્ય ખરું ? વાત સાચી છે, અને મારા અંગત અભિપ્રાય પ્રમાણે તો, જરા પણ ઔચિત્ય નહીં ! સંપૂર્ણ અનૌચિત્ય !

પરંતુ મારા માટે બીજો વિકલ્પ ન્હોતો : લગભગ 'ફરજિયાત' જેવા, શ્રીરમણીકભાઈના અતિ-આગ્રહ સામે, હું લાચાર હતો !

છેલ્લા ચાર દાયકાના મારા આત્મીય સ્વજન સમા બની રહેલા, સદા-શુભેચ્છક સન્મિત્ર પ્રા. શ્રીઅરુણભાઈ શાં. જોષી(ભાવનગર)એ, પોતાની નાદુરસ્ત તબિયતને અવગણીને પણ, આ કામ, આટલાં પ્રેમાદરપૂર્ણ સ્વરૂપે કરી આપ્યું એ માટે, એમનું માત્ર ઔપચારિક આભારદર્શન કરું તો, મારા પ્રત્યેના એમના સંનિષ્ઠ સદ્‌ભાવ-સૌજન્યનું અવમૂલ્યન થઈ જાય, એવા ભયને કારણે, આવાં પરમ-સદ્‌ભાગ્યની ઉપલબ્ધિ સંપડાવવા માટે, હું, ઈશ્વર પ્રત્યે અંતઃકરણપૂર્વક કૃતજ્ઞતા અભિવ્યક્ત કરીને, મનઃસમાધાન મેળવું છું.

અને ગ્રંથનાં લખાણનું ચીવટપૂર્વક આવું પ્રશસ્ય ટાઈપસેટિંગ કરી આપનાર "પ્રતિકૃતિ"-વાળા શ્રીમિલિન્દભાઈ દવે અને "દીપ-કોમ્પ્યુટર્સ"વાળા શ્રીહેતલ પડિયા (બંને અમદાવાદ), અને એવું જ કલાત્મક મુદ્રણ કરનાર શ્રીપ્રવીણ પ્રકાશન પ્રા. લિ., વેરાવળ (રાપર), રાજકોટના મુદ્રકોનો પણ હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ગાંધીનગર,
આષાઢી બીજ, વિ.સં. ૨૦૫૮,
જુલાઈ ૧૨, ઈ.સ. ૨૦૦૨.

— જયાનન્દ દવે

पुनरपि जननं पुनरपि मरणं
पुनरपि जननी जठरे शयनम् ।
ईह संसारे खलु दुस्तारे
कृपया पारे पाहि मुरारे ॥
भज गोविन्दम् भज गोविन्दम्
भज गोविन्दम् मूढमते ॥

મારી નાડ તમારે હાથ

શંકરાચાર્યનો આ બહુ જ જાણીતો અને અત્યંત લોકપ્રિય શ્લોક છે. સંસ્કૃત જાણનાર કે ન જાણનાર તમામની જીભના ટેરવે આ શ્લોક રમ્યા કરે છે !

ભગવદ્ગીતામાં એમ કહ્યું છે કે જે જન્મે છે તેનું મરણ નિશ્ચિત છે અને જે મૃત્યુ પામે છે તેનો જન્મ અવશ્ય થાય છે. આ અનિવાર્ય ઘટના છે. માટે જન્મનો આનંદ ન મનાવવો, મરણના મરશિયા ન ગાવા ! બન્નેનો સહજ સ્વીકાર કરવો.

❖

रथ्याकर्पटविरचितकन्थः
पुण्यापुण्यविवर्जितपन्थः ।
योगीयोगनियोजितचितः
रमते बालोन्मत्तवदेव ।।
भज गोविन्दम् भज गोविन्दम्
भज गोविन्दम् मूढमते ।।

રામ-અમલમાં રાતા માતા

જેનું મન વિષયોમાં ભટકવાનું છોડીને ગોવિંદમાં જોડાઈ જાય તેના જીવનમાં અનોખી મસ્તી આવે છે. કવિ પ્રિતમ કહે છે તેમ આવા ભક્તો ''રામ અમલમાં રાતા માતા'' થઈ પૂરણ પ્રેમી બને છે ! સંસારની વસ્તુઓ એને તૂચ્છ લાગે છે. પછી એને રેશમી રજાઈ કે કિનખાબી ચાદરની જરૂર નથી. એની ગોદડી તો શેરીમાંથી વિણેલા ચિંથરામાંથી બનેલી હોય છે. એની અવધૂત દશા છે. તેથી પાપ અને પુણ્ય બન્નેથી મુક્ત છે. તેને પુણ્યની કામના પણ નથી. બિલકુલ નિષ્કામ બની ગયા છે.

❖

अर्थमनर्थं भावय नित्यम्
नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः
सर्वत्रैषा विहिता नीतिः ।।
भज गोविन्दम् भज गोविन्दम्
भग गोविन्दम् मूढमते ।।

અર્થ મૂળ અનર્થનું

અર્થ, ધન માટે પ્રયોજેલો સરસ શબ્દ છે. તેનાથી સંસારવ્યવહારના અર્થો સરે છે તેથી એનું નામ અર્થ ! યાદ રહે કે તેનાથી આત્મજ્ઞાન થતું નથી. ખરેખર તો સુખ મેળવવા માટે માણસ પૈસો કમાય છે. પરંતુ પૈસાથી જ સુખ નથી મળતું. જો પૈસાથી સુખ મળતું હોત તો જગતના તમામ ધનવાનો સુખી હોત. પરંતુ આપણે જોઈએ છીએ કે મોટે ભોગે શ્રીમંતો જ દુઃખી હોય છે. અર્થ જ તેઓને માટે અનર્થ બને છે. શંકરાચાર્ય કહે છે એમાંથી જરાપણ સુખ નથી મળતું.

❖

गुरुचरणाम्बुजनिर्भरभक्तः
संसारादचिराद् भव मुक्तः ।
सेन्द्रियमानसनियमादेवम्
द्रक्ष्यसि निजहृदयस्थं देवम् ।।
भज गोविन्दम् भज गोविन्दम्
भज गोविन्दम् मूढमते ।।

ભક્તિ આપે મુક્તિ

સંસારમાંથી મુક્ત થવાના અનેક માર્ગો છે. જ્ઞાન, ભક્તિ, કર્મ અને યોગ વગેરે મોક્ષ મેળવવાના રસ્તા છે. પરંતુ જ્ઞાન, યોગ, કર્મ વગેરે કઠિન માર્ગો છે. જ્યારે ભક્તિ અત્યંત સરળ માર્ગ છે. અને અત્યંત ટૂંકો માર્ગ છે. જો સંસારમાંથી ઝડપથી મુક્ત થવું હોય તો શંકરાચાર્યના મત મુજબ અનન્ય ભક્તિ કરવી. દેવર્ષિ નારદે પણ એના ભક્તિસૂત્રોમાં કહ્યું છે જ્ઞાન અને ભક્તિની તુલનામાં ''भक्तिरेव गरीयसी ।'' ભક્તિ જ વધારે સારી છે.

❖

पातालं व्रज याहि वा सुरपुरीमारोह मेरोः शिरः
पारावारपरम्परास्तर तथाप्याशा न शान्तास्तव ।
आधिव्याधिजरापराहत यदि क्षेमं निजं वाञ्छसि
श्रीकृष्णेति रसायनं रसय रे शून्यैः किमन्यैः श्रमैः ।।

— जगन्नाथ

તું પાતાલમાં ઊતરી જા, સ્વર્ગમાં ચાલ્યો જા કે મેરુ પર્વતના ઊંચા શિખરે ચડી જા અથવા પારાવાર મહાસાગરોને પાર કરી જા, તો પણ તારી આશાઓ શાંત થવાની નથી. આધિ, વ્યાધિ અને ઘડપણની ઉપાધિથી ઘેરાઈને હારેલા હે માનવ ! જો તું તારું કલ્યાણ કરવા ઇચ્છતો હો તો ''શ્રીકૃષ્ણ'' નામનું રસાયણ સેવી લે. બીજા નકામા પરિશ્રમથી શું મળશે ?

❖

આદ્ય-શ્રીશંકરાચાર્ય-વિરચિત

વિવેકચૂડામણિ

સંપાદક

જયાનન્દ લ. દવે

विवेकचूडामणिः

१

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणमाम्यहम् ॥ १ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

सर्ववेदान्तसिद्धान्तगोचरं तमगोचरम् ।
गोविन्दं परमानन्दं सद्गुरुं प्रणमाम्यहम् ॥ १ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– सर्ववेदान्तसिद्धान्तगोचरं (तथापि यं), अगोचरं तं (एतादृशं) परमानन्दं सद्गुरुं गोविन्दं अहं प्रणमामि । (१)

શબ્દાર્થ : મનુષ્યનાં મન અને જ્ઞાનેન્દ્રિયોને જે સમજાય, જે એનો વિષય બની શકે, તે 'ગોચર', અને એવું ન બને તે 'અગોચર'. (૧)

અનુવાદ : વેદાન્ત(દર્શન)ના બધા જ સિદ્ધાન્તોનો જે (એકમાત્ર) વિષય છે (અને છતાં પણ જે મનને હંમેશાં સંપૂર્ણરીતે) અગોચર (જ રહે છે), તે પરમ-આનંદરૂપ સદ્‌ગુરુ ગોવિંદ(-પરમાત્મા)ને હું પ્રણામ કરું છું. (૧)

ટિપ્પણ : પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક પરંપરા પ્રમાણે, ગ્રંથનો આરંભ 'મંગલ-શ્લોક'થી કરવામાં આવતો, જેમાં ગ્રંથકર્તા, પોતાનું આ કાર્ય વિના-વિઘ્ને, સફળતાપૂર્વક સંપન્ન થાય, એ ઉદ્દેશથી, પોતાના ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. અહીં **'ગોવિંદ'** એટલે 'પરમેશ્વર' તો ખરા જ, પરંતુ એ શબ્દ દ્વારા, શ્રીશંકરાચાર્ય, ગર્ભિત રીતે, પોતાના ગુરુ શ્રીગોવિંદપાદાચાર્યને પણ પ્રણામ કરે છે, એમ સમજવાનું છે. અને **'વેદાન્ત'** એટલે ભારતીય દાર્શનિક (Philosophical)

પરંપરામાંનાં છ 'દર્શનો' (Six systems of philosophy) પૈકીનું **ઉત્તરમીમાંસા** અથવા **વેદાન્ત-દર્શન**.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧)**

૨

जन्तूनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता
तस्माद्वैदिकधर्ममार्गपरता विद्वत्त्वमस्मात् परम् ।
आत्मानात्मविवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थितिः
मुक्तिर्नो शतकोटिजन्मसुकृतैः पुण्यैर्विना लभ्यते ॥ २ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જન્તૂનાં નરજન્મ દુર્લભમતઃ પુંસ્ત્વં તતો વિપ્રતા
તસ્માદ્વૈદિકધર્મમાર્ગપરતા વિદ્વત્ત્વમસ્માત્ પરમ્ ।
આત્માનાત્મવિવેચનં સ્વનુભવો બ્રહ્માત્મના સંસ્થિતિઃ
મુક્તિર્નો શતકોટિજન્મસુકૃતૈઃ પુણ્યૈર્વિના લભ્યતે ॥ ૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– જન્તૂનાં નરજન્મ દુર્લભં, અતઃ (દુર્લભં) પુંસ્ત્વં, તતઃ (અપિ દુર્લભા, કઠિના) વિપ્રતા (વિદ્યાપરાયણતા), તસ્માદ્ (અપિ દુર્લભા) વૈદિકધર્મમાર્ગપરતા, અસ્માત્ (અપિ) પરં (દુષ્પ્રાપ્યં) વિદ્વત્ત્વં, (તત્પ્રાપ્તેઃ પશ્ચાદ્) આત્માનાત્મવિવેચનં (તુ અધિકં દુર્લભં), તતઃ (એવ) સુ-અનુભવઃ (શક્યઃ ભવેત્), (તત્પશ્ચાદ્ એવ) બ્રહ્માત્મના સંસ્થિતિઃ (સુલભા ભવેત્), (સા એવ) મુક્તિઃ (અસ્તિ યા) શતકોટિજન્મસુકૃતૈઃ પુણ્યૈઃ વિના નો (ન+ઉ) લભ્યતે । (૨)

શબ્દાર્થ :– જન્-જા ('જન્મવું')- એ ધાતુ પરથી બનેલો શબ્દ જન્તુ એટલે જે કોઈ જન્મેલ હોય તે, જીવ-માત્ર, જીવાત્મા, જંતુઓ, પશુઓ, પંખીઓ, મનુષ્યો વગેરે સહુ ભૂતો; નરજન્મ એટલે મનુષ્ય તરીકેનો જન્મ; પુંસ્ત્વં, - પુરુષત્વ, પુરુષપણું, પુરુષ હોવું તે; મનુષ્ય હોવું તે; વિપ્રતા, - બ્રાહ્મણત્વ, બ્રાહ્મણ હોવાનાં પરિણામે વિદ્યાપરાયણતા, સ્વાધ્યાય-પ્રવચનશીલતા; વાંચો : વિદ્યયા યાતિ વિપ્રત્વમ્ । વિદ્યા મેળવવાનાં પરિણામે, મનુષ્ય 'વિપ્ર' બને છે. વિવેચનં - બંને વચ્ચે 'વિવેક' કરવો, બંને વચ્ચેના ભેદને - તફાવતને સમજવો; સ્વનુભવઃ (સુ+અનુભવઃ) - પોતાની, પોતાના આત્મા સાથેની અનુભૂતિ; અને આવી 'સ્વાનુભૂતિ' એ જ સુ-અનુભૂતિ, શ્રેષ્ઠ-અનુભૂતિ (self-realisation); સંસ્થિતિઃ-સમ્યક્ સ્થિતિઃ, 'બ્રહ્મ' (એટલે કે પરમાત્મા) એ જ 'આત્મા' (એટલે કે જીવાત્મા), એ પ્રકારની સાચી સમજણ; નો (ન+ઉ) ના, નહીં, ન-ને બદલે, એ જ અર્થમાં કેટલીક વાર, લેખકની ઇચ્છા પ્રમાણે, નો (ન+ઉ) પણ 'નકાર'ના અર્થમાં વપરાય છે. (૨)

અનુવાદ :– (સર્વ) જન્મેલાંઓ માટે મનુષ્ય તરીકેનો જન્મ દુર્લભ છે; એમાં

યે પુરુષ હોવું તે (વધારે દુર્લભ) છે; એના કરતાં, વળી, બ્રાહ્મણ હોવું તે (વધારે દુર્લભ છે); (એના કરતાં પણ) વેદોએ પ્રતિપાદિત કરેલા ધર્મના માર્ગે જવું તે (સવિશેષ અઘરું છે); (તેથી યે વધારે મુશ્કેલ છે) વિદ્વત્તા (વેદો, શાસ્ત્રો અને દર્શનોનું જ્ઞાન); (ત્યારપછી પણ વધુ કઠિન છે) આત્મા અને અનાત્મા વચ્ચેના તફાવત(ને આત્મસાત્ કરવો, તે); (ત્યારપછી પણ ઉપર્યુક્ત પરિસ્થિતિની) શ્રેષ્ઠ અને સંપૂર્ણ અનુભૂતિ (તો એથી યે વધારે અઘરી છે); અને જીવાત્મા એ જ પરમાત્મા છે (એવી સમજણ તો વળી સૌથી વિશેષ દુર્લભ) : (અને આવી સમજણ એટલે જ મોક્ષ,) — જે, સેંકડો-કરોડો જન્મોમાંનાં સદાચરણો (વડે પ્રાપ્ત થયેલાં) પુણ્યો વિના, મળતો નથી. (૨)

ટિપ્પણ :— મનુષ્ય-જીવનના ચાર 'પુરુષાર્થો' (Four aims of Human Life) એટલે **ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.** અને એમાંયે **'મોક્ષ'** એટલે તો પરમ અને ચરમ પુરુષાર્થ, મનુષ્ય-જીવનની અંતિમ અને સર્વોત્તમ ઇતિકર્તવ્યતા, ધન્યતા, કૃતાર્થતા, પરાકાષ્ઠા (Climax).

જન્મ્યા પછી મનુષ્ય આ પરાકાષ્ઠાએ કેવી રીતે પહોંચી શકે ? આ સવાલના જવાબમાં, આ શ્લોકમાં, એક આધ્યાત્મિક નિસરણીનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. ઉત્તરોત્તર, એક પછી એક, ચઢતા ક્રમમાં (in ascending order), આ નિસરણીનાં પગથિયાંઓની, તબક્કાઓ(Stages)ની, સરળ સમજુતી પણ આપવામાં આવી છે.

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત (૨)**

ૐ

दुर्लभं त्रयमेवैतद् देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥ ३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહહેતુકમ્ ।
મનુષ્યત્વં મુમુક્ષુત્વં મહાપુરુષસંશ્રયઃ ॥ ૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— દેવાનુગ્રહહેતુકં એતત્ ત્રયં એવ દુર્લભં.- મનુષ્યત્વં, મુમુક્ષુત્વં, મહાપુરુષસંશ્રયઃ (ચ) । (૩)

શબ્દાર્થ :— સંશ્રયઃ-શરણ, સાંનિધ્ય, આશ્રય, સંપર્ક, સત્સંગ; ત્રયમ્-ત્રણનો સમૂહ, સમુદાય; દેવાનાં અનુગ્રહઃ એવ (કેવલં) હેતુઃ યસ્ય તત્ - દેવોના અનુગ્રહથી જ, એમની કૃપાથી જ, મળી શકે તેવું; જેમનું એક માત્ર કારણ ઈશ્વરી કૃપા છે, તેવું. (૩)

અનુવાદ :— દેવોની કૃપાને કારણે જ મળી શકે, એવાં આ ત્રણ દુર્લભ છે : મનુષ્ય હોવું, મોક્ષ મેળવવાની ઈચ્છા હોવી અને મહાપુરુષ સાથેનો સત્સંગ. (૩)

ટિપ્પણ :— શ્લોકમાં નિર્દેશ કરવામાં આવેલી ત્રણ ઘટનાઓને 'દુર્લભ' એટલા

માટે ગણવામાં આવી છે કે એમાં મનુષ્યના પ્રયત્નો કે પુરુષાર્થ માટે કશું સ્થાન નથી. પરમાત્માની કૃપાના મહિમા પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે. સાથે સાથે, એ ત્રણ ઘટનાઓ માનવજીવનનું આત્યંતિક ધ્યેય બની રહેવું જોઈએ, - એ પાયાની હકીકત પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

મનુષ્યત્વં,- એટલે માત્ર સ્થૂલ અર્થમાં 'મનુષ્ય હોવું,' — એમ નહીં, પરંતુ મનુષ્ય-જન્મની સાચી સાર્થકતા સમજીને, તેને જીવનમાં ચરિતાર્થ કરવી, - એવી સ્પષ્ટતા કરવાની જરૂર, 'વેદાન્ત'-જિજ્ઞાસુ માટે રહેતી નથી.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૩)

४

लब्ध्वा कथंचिन्नरजन्म दुर्लभं
तत्रापि पुंस्त्वं श्रुतिपारदर्शनम् ।
यः स्वात्ममुक्तौ न यतेत मूढधीः
स आत्महा स्वं विनिहन्त्यसद्ग्रहात् ॥ ४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

લબ્ધ્વા કથંચિન્નરજન્મ દુર્લભં
તત્રાપિ પુંસ્ત્વં શ્રુતિપારદર્શનમ્ ।
યઃ સ્વાત્મમુક્તૌ ન યતેત મૂઢધીઃ
સ આત્મહા સ્વં વિનિહન્ત્યસદ્ગ્રહાત્ ॥ ૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (ઈદૃશં) દુર્લભં નરજન્મ કથંચિત્ લબ્ધ્વા, તત્ર અપિ શ્રુતિપારદર્શનં પુંસ્ત્વં (લબ્ધ્વા), યઃ મૂઢધીઃ (મનુષ્યઃ) સ્વાત્મમુક્તૌ ન યતેત, સઃ આત્મહા (અસ્તિ), (સઃ) અસદ્ગ્રહાત્ સ્વં (આત્માનં) વિનિહન્તિ ॥ ૪ ॥

શબ્દાર્થ :– નરજન્મ,- મનુષ્ય તરીકેનો જન્મ; કથંચિત્- મહામહેનતે, મોટી મુશ્કેલીએ, કેમે કરીને; શ્રુતિપારદર્શનમ્ (પુંસ્ત્વં-શબ્દનું વિશેષણ); મનુષ્ય તરીકે જન્મ્યા પછી, કેવા પુરુષ બનવાનું છે ? જેમાં શ્રુતિ(વેદો)ના સિદ્ધાન્તોનો પાર પામવાનું, એમાં પારંગત થવું, એનું જ્ઞાન મેળવવાનું શક્ય હોય તેવું. સ્વાત્મમુક્તૌ- પોતાના મોક્ષ માટે પ્રયત્નશીલ રહેવા માટે; ન યતેત,- જે પ્રયત્ન ન કરે; મૂઢધીઃ- મૂઢા ધીઃ યસ્ય સઃ । - જેની બુદ્ધિ મોહવશ થઈ ગઈ છે, એવો મૂઢમતિ, મૂર્ખ, ઠોઠ; આત્મહા-આત્માનં હન્તિ ઇતિ । - જે પોતાની જાતને જ હણે છે, એવો; આત્મઘાતી; અસત્ એટલે અસત્ય (મિથ્યા, જુઠા) સ્વરૂપવાળું આ જગત; આવા જગતનો ગ્રહ કરવો, એટલે એમાં આસક્ત હોવું, નિરંતર રત બનવું, નિમગ્ન થવું; તેનાં કારણે; સ્વં વિનિહન્તિ - પોતાની જાતને હણે છે, પોતાની જ હત્યા કરે છે. (૪)

અનુવાદ :– આવા દુર્લભ મનુષ્ય-જન્મને મહામુશ્કેલીએ મેળવીને, અને તેમાંયે,

વૈદિક સાહિત્યના સિદ્ધાંતોનાં જ્ઞાનમાં પારંગત બનવાનું જેમાં શક્ય છે એવું પુરુષ-પદ પ્રાપ્ત કર્યા પછી પણ, જે મૂઢમતિ (માણસ) આત્માના મોક્ષ માટે પ્રયત્ન કરતો નથી તે, ખરેખર, આત્મઘાતી છે, તે (આ) મિથ્યા જગતમાં આસક્ત થઈને, તેનાં કારણે પોતાની જાતને જ હણે છે. (૪)

ટિપ્પણ :– સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં, આ પ્રમાણે, ઉત્તરોત્તર, ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છેઃ વૈદિક સાહિત્ય, સ્મૃતિ-સાહિત્ય અને પ્રશિષ્ટ (Classical) સાહિત્ય. ચાર વેદો, ઉપવેદો, છ વેદાંગો, બ્રાહ્મણ-ગ્રંથો, આરણ્યક-ગ્રંથો અને ઉપનિષદો, - એટલે વૈદિક સાહિત્ય, જેને **'શ્રુતિ'** એવું નામ આપવામાં આવ્યું છે. આ વૈદિક સાહિત્યના સ્વાધ્યાય પછી, એનાં 'સ્મરણ'ના આધાર પર રચાયેલાં **રામાયણ-મહાભારત-પુરાણો** વગેરેને **'સ્મૃતિ'** કહેવામાં આવે છે; અને ત્યારપછીનાં, ભાસ-કાલિદાસ-ભવભૂતિ વગેરે કવિઓનાં કાવ્યો-નાટકોનાં સાહિત્યને **'પ્રશિષ્ટ'** એવું નામ આપવામાં આવ્યું છે. દુર્લભ એવાં મનુષ્ય-જન્મ અને પુરુષ-પદની પ્રાપ્તિ, - એટલું જ પૂરતું નથી, માનવ-જિંદગીનું એ પૂર્ણવિરામ નથીઃ શ્લોક-૨માં જણાવ્યા પ્રમાણે, મનુષ્ય-જન્મની સાચી અને આત્યંતિક સાર્થકતા તો પરમ-પુરુષાર્થ એવા મોક્ષની પ્રાપ્તિ છે, અને આ માટે શ્રુતિગ્રંથોમાં નિરૂપિત જ્ઞાન અને સિદ્ધાંતોમાં પારંગત થવું અનિવાર્ય છે; પરંતુ આ પણ મોક્ષપ્રાપ્તિની માત્ર પૂર્વભૂમિકા છે; ત્યાં પહોંચ્યા પછીયે જે માણસ મોક્ષ મેળવવા માટે પ્રયત્ન ન કરે, તેને તો 'આત્મ-હત્યારો' જ કહેવો જોઈએ, કારણ કે, એનો અર્થ તો એ જ થાય કે તે આ મિથ્યા સંસારી જીવનમાં જ સતત રચ્યો-પચ્યો, ગળાડૂબ રહ્યા કરતો હોય છે ! જે માણસ જાણી-બૂઝીને, પૂરી સભાનતાપૂર્વક, આ રીતે, પોતાની જાતની જ હત્યા કરે, તેને તો 'મૂઢ-મતિ', 'મૂર્ખ' જ કહેવો જોઈએને !

શ્લોકનો છંદ : **ઈન્દ્રવંશા (૪)**

૫

इतः कोऽन्वस्ति मूढात्मा यस्तु स्वार्थे प्रमाद्यति ।
दुर्लभं मानुषं देहं प्राप्य तत्रापि पौरुषम् ॥ ५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ઇતઃ કોઽન્વસ્તિ મૂઢાત્મા યસ્તુ સ્વાર્થે પ્રમાદ્યતિ ।
દુર્લભં માનુષં દેહં પ્રાપ્ય તત્રાપિ પૌરુષમ્ ॥ ૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– દુર્લભં માનુષં દેહં, તત્ર અપિ પૌરુષં પ્રાપ્ય, યઃ સ્વાર્થે પ્રમાદ્યતિ, – ઇતઃ કઃ (અન્ય મનુષ્યઃ) નુ મૂઢાત્મા અસ્તિ ? ॥ ૫ ॥

શબ્દાર્થ :– નુ, - વાક્યમાં આશંકા, અનિશ્ચિતતા અને પ્રશ્નાર્થ સૂચવવા માટે પ્રયોજાતો એકાક્ષરી શબ્દ; ઇતઃ–આના કરતાં; ઇતઃ કઃ નુ મૂઢાત્મા અસ્તિ ? આના કરતાં વધારે મૂર્ખ કોણ હોઈ શકે ? યઃ સ્વાર્થે પ્રમાદ્યતિ,– સ્વાર્થ સાધવામાં જે પ્રમાદ કરે, આળસ કરે. પૌરુષં – પુરુષ તરીકેનું પદ, સ્થાન. (૫)

અનુવાદ :– દુર્લભ માનવ-શરીર, અને તેમાંયે 'પુરુષ' તરીકેની પરિસ્થિતિ પ્રાપ્ત કર્યા છતાંયે જે (માણસ, સાચો) સ્વાર્થ સાધવામાં આળસ કરે, એના કરતાં વધારે મૂઢ કોણ હોઈ શકે ? (૫)

ટિપ્પણ :– પુંસ્ત્વં, પૌરુષં જેવા શબ્દો, એકથી વધુ વાર, અહીં પ્રયોજવા માટે જો કોઈ વાચક એવું અનુમાન કરે કે મોક્ષપ્રાપ્તિની પાત્રતા માત્ર 'પુરુષ'ને જ છે, 'સ્ત્રી'ને નહીં, અથવા **'સ્ત્રી'** કરતાં **'પુરુષ'** એ માટે વધારે પાત્ર છે, - તો તેણે શ્રીશંકરાચાર્યને અને વેદાન્તદર્શનના ગહન સિદ્ધાંતોના અર્થઘટન અંગેની પોતાની સમજણને અન્યાય કર્યો કહેવાય.

સહુ અભ્યાસીઓ જાણે છે કે માત્ર વેદાન્ત-દર્શનમાં જ નહીં પરંતુ ભારતની સમગ્ર દાર્શનિક પરંપરામાં, શરીરનો મહિમા કદી કરવામાં આવ્યો નથી. શરીર **'પુરુષ'**નું હોય કે **'સ્ત્રી'**નું, સાધકમાં મોક્ષપ્રાપ્તિ માટેનાં સાચાં હિંમત-ખમીર-ખુમારી, 'યા હોમ કરીને' ફનાગીરી વ્હોરવાની અને ખાસ તો, એના માટે પોતાનું સમગ્ર 'અસ્તિત્વ' અને 'સર્વસ્વ' ન્યોચ્છાવર કરી દેવાની આંત્મિકશક્તિ, સંનિષ્ઠ તૈયારી-તત્પરતા હોવી જોઈએ. હકીકતમાં, આ જ સાચું 'પુંસ્ત્વ' અથવા 'પૌરુષ'- પુરુષત્વ' છે. અને આવું 'પુરુષત્વ' માત્ર પુરુષો(males)માં જ હોઈ શકે, અને 'સ્ત્રી'ઓ-(females)માં નહીં, એવું ક્યારેય સ્વીકારાયું કે ઉદ્દિષ્ટ મનાયું નથી.

વેદાન્ત-દર્શનનો મૂળભૂત (Fundamental) સિદ્ધાંત જ એ છે કે **'આત્મા'**ને કોઈ 'જાતિ' કે લિંગ (Gender) જ નથી, અને આચાર્યશ્રીનાં આવાં વિધાનનાં અનેક સમુચિત સમર્થનો આપણને ભારતીય સાંસ્કૃતિક ઇતિહાસમાં સાંપડે છે : યાજ્ઞવલ્ક્યની બ્રહ્મવાદિની ધર્મપત્ની **મૈત્રેયી** અને યાજ્ઞવલ્ક્ય જેવા સમર્થ તત્ત્વચિંતક સાથે શાસ્ત્રચર્ચામાં ઊતરવાની હિંમત કરનાર **ગાર્ગી** (બૃહદારણ્યક-ઉપનિષદ), જનક જેવા જીવન્મુક્તને પણ એવી જ ચર્ચામાં પડકારનાર અને પરાજિત કરનાર **સુલભા**(મહાભારત), પતિ કુવલયાશ્વને તારનાર **મદાલસા** અને પતિ **મકરધ્વજ**ને તારનાર **ચૂડાલા** (યોગવાસિષ્ઠ), - જેવાં, આધ્યાત્મિક-શક્તિ-સંપન્ન સમુજ્જ્વલ **'સ્ત્રી'**-પાત્રોનાં ચરિત્રોમાં જોવા મળે છે. અને આવું જ સમર્થન, **કઠોપનિષદના** આ મંત્રમાં પણ પ્રાપ્ત થાય છે :-

ક્ષુરસ્ય ધારા નિશિતા દુરત્યયા
દુર્ગં પથસ્તત્ કવયો વદન્તિ । (૧, ૩, ૧૪)

('જ્ઞાની-મનીષીઓ આ મોક્ષમાર્ગને 'અસ્ત્રાની ધાર' જેવો અત્યંત દુર્ગમ કહે છે.')

ભારતના પ્રવાસે આવેલા અંગ્રેજ નવલકથાકાર **સમરસેટ મોમને, કઠોપનિષદના** આ ક્ષુરસ્ય ધારા એ શબ્દ એટલો બધો ગમી ગયો હતો કે તેણે ત્યારપછી 'Razor's Edge' એ શીર્ષક ધરાવતી વિશ્વપ્રસિદ્ધ નવલકથા પણ લખી હતી.

આપણા મધ્યકાલીન ભક્ત-કવિ **પ્રીતમે** આથી જ ગાયું હતું કે, -

"હરિનો મારગ છે 'શૂરા'નો, નહિં 'કાયર'નું કામ જો ને,
પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જો ને !"

'મોક્ષપંથ' એટલે જ 'પ્રેમપંથ' અને એ તો સાચે જ, 'પાવકની જ્વાળા' જેવો છે, અને તેથી જ કવિએ ઊમેર્યું હતું કે એ તો, -

"માથા સાટે 'મોંઘી' વસ્તુ, સાંપડવી નહીં 'સહેલ' જો ને !'

સંક્ષેપમાં, સાચા અર્થમાં 'ખાંડાની ધાર' જેવા મોક્ષ માટે તો, - 'પુરુષ' હોય કે 'સ્ત્રી', સહુ કોઈ માટે, પોતાનું સઘળું, - પ્રાણ સુદ્ધાં - હોમી દેવાની સમર્પણ-ભાવના (A spirit of Dedication), એ એક અનિવાર્ય પૂર્વ-શરત છે.

'પુંસ્ત્વ' અને 'પૌરુષ' જેવા શબ્દોનો આ જ અર્થ, આચાર્યશ્રીને અભિપ્રેત છે, એમાં કશી શંકા નથી.

વળી, અહીં આ શ્લોકમાં, સ્વાર્થે-શબ્દ પ્રયોજાયો હોવાથી, આચાર્યશ્રી, મોક્ષ-પ્રાપ્તિ, આત્મદર્શન અથવા, મૃત્યુ પછી પરમાત્મામાં લીન થઈ જવું, 'બ્રહ્મલીન' બની રહેવું, - એને જ મનુષ્યનો સાચો અને સૌથી મોટો 'સ્વાર્થ' સમજે છે. 'પરમાર્થ'ના અર્થમાં 'સ્વાર્થ'નું આ કેવું અર્થઘટન છે ! અને 'સ્વાર્થ'નું પણ કેવું અસાધારણ ઊર્ધ્વીકરણ (Sublimation) ! એ તો શંકરાચાર્યનું જ ગજું !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૫)**

૬

पठन्तु शास्त्राणि यजन्तु देवान्
कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैक्यबोधेन विना विमुक्ति-
र्न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ॥ ६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

પઠન્તુ શાસ્ત્રાણિ યજન્તુ દેવાન્
કુર્વન્તુ કર્માણિ ભજન્તુ દેવતાઃ ।
આત્મૈક્યબોધેન વિના વિમુક્તિ-
ર્ન સિધ્યતિ બ્રહ્મશતાન્તરેઽપિ ॥ ૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– શાસ્ત્રાણિ પઠન્તુ, દેવાન્ યજન્તુ, કર્માણિ કુર્વન્તુ, ભજન્તુ દેવતાઃ, (પરં તુ) આત્મૈક્યબોધેન વિના, બ્રહ્મશતાન્તરે અપિ, વિમુક્તિઃ ન સિધ્યતિ ॥ ૬ ॥

શબ્દાર્થ :– આત્મૈક્યબોધઃ-આત્મા+ઐક્ય+બોધ; જીવાત્મા અને પરમાત્માની એકતાનું જ્ઞાન; જીવાત્મા એ જ પરમાત્મા છે, એવી સમજણ; બ્રહ્મશતાન્તરે;- બ્રહ્મશતં - એટલે સેંકડો બ્રહ્માઓ; સેંકડો સર્જનહારો; અન્તરં-(બ્રહ્માના) અધિકારનો સમય, એમનાં શાસન, સત્તા અથવા આધિપત્યનો સમયાવધિ; આખા શબ્દનો

અર્થ : 'જગતના સેંકડો સર્જકો જગત પર પોતાના અધિકારને ભોગવે, એટલો સમય'; न सिध्यति-સિદ્ધ થઈ શકે નહીં; પ્રાપ્ત ન કરી શકાય, પામી શકાય નહીં. विमुक्तिः- મુક્તિ, મોક્ષ. (૬)

અનુવાદ :– (મનુષ્ય) ભલે શાસ્ત્રો ભણે, દેવોને અનુલક્ષીને ભલે યજ્ઞો કે યજન-પૂજન કરે, સારાં કર્મો ભલે કરે, અને દેવતાઓની ભલે ભક્તિ કરે (એમનાં ભજન-કીર્તન કરે); પરંતુ 'જીવાત્મા એ જ પરમાત્મા', - બંને વચ્ચેની આવી એકતાની પૂરી સમજણ વિના, સેંકડો બ્રહ્માઓના અધિકાર-સમયમાં યે મોક્ષ મળશે નહીં. (૬)

ટિપ્પણ :– માનવ-જીવનની પરમ ઇતિકર્તવ્યતા-સાર્થકતા સમા મોક્ષના મહિમાને અહીં ફરી એક વાર અધોરેખાંકિત (Under-line) કરવામાં આવ્યો છે. શાસ્ત્રોનો સ્વાધ્યાય, દેવોનાં યજન, નિરંતર કર્મશીલતા, દેવતા-ભજન-કીર્તન, – એ સૌનું જીવનમાં મહત્ત્વ નથી, એમ નહીં, પરંતુ મોક્ષ-પ્રાપ્તિ માટે તો જીવાત્મા -પરમાત્માની એકતાનું જ્ઞાન જ અનિવાર્ય અને અપરિહાર્ય (Indispensable) એવી આવશ્યકતા છે, એ હકીકત પર ભાર મૂકવાનો આચાર્યશ્રીનો અહીં ઉદ્દેશ છે.

સર્જનહાર બ્રહ્માએ રચેલું આ બ્રહ્માંડ કેટલો સમય ટકે છે ? પુરાણોનો જવાબ છે : ૨૦ અબજ માનવ-વર્ષો ! સર્જનથી પ્રલય સુધીના આ સમયને **'કલ્પ'** કહેવામાં આવ્યો છે. આવા સેંકડો 'કલ્પો' જેટલો અતિદીર્ઘ સમય વ્યતીત થઈ જાય, તો પણ મોક્ષ-પ્રાપ્તિ તો હતી તેટલી જ દૂર રહે, - જો ઉપર્યુક્ત અનિવાર્ય શરત પરિપૂર્ણ કરવાં ન આવે તો ! - આચાર્યશ્રીનો 'પડકાર' (Challenge) છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૬)

૭

अमृतत्वस्य नाशास्ति वित्तेनेत्येव हि श्रुतिः ।
ब्रवीति कर्मणो मुक्तेरहेतुत्वं स्फुटं यतः ॥ ७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अमृतत्वस्य नाशास्ति वित्तेनेत्येव हि श्रुतिः ॥
ब्रवीति कर्मणो मुक्तेरहेतुत्वं स्फुटं यतः ॥ ७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– यतः 'वित्तेन अमृतत्वस्य आशा न अस्ति',- इति एव श्रुतिः कर्मणः मुक्तेः अहेतुत्वं अस्फुटं ब्रवीति ॥ ७ ॥

શબ્દાર્થ :– અમૃતત્વ,- એટલે અમરપણું, મૃત્યુથી હંમેશ છૂટવાપણું, એટલે કે મૃત્યુ પછી પુનર્જન્મ જ ન હોય, એવી પરિસ્થિતિ. વિત્તં;- ધન, ભૌતિક સમૃદ્ધિ, સંપત્તિ, વૈભવ, દોલત; શ્રુતિઃ,- એટલે ઉપર્યુક્ત (શ્લોક-૪) વૈદિક સાહિત્યમાંનું કોઈક વિધાન; અહેતુત્વં,- કારણ ન હોવાપણું; સ્ફુટં- સ્પષ્ટ, ચોક્ખું, નિઃશંક; બ્રવીતિ કહે છે, પ્રતિપાદન કરે છે, જણાવે છે, સ્થાપે છે; યતઃ જેથી, જે કારણે. (૭)

અનુવાદ :– "ભૌતિક-ધનદોલતથી અમરતાની આશા રાખી શકાય નહીં", - એવું શ્રુતિ પ્રતિપાદન કરે છે, એટલે 'કર્મ એ મોક્ષનું કારણ નથી'- એવું (શ્રુતિનું મંતવ્ય) સ્પષ્ટ (બની રહે) છે. (૭)

ટિપ્પણ :– "મોક્ષ એ માનવ-જીવનનો સર્વોત્તમ પુરુષાર્થ છે, - એ તો સમજાયું, પરંતુ એને મેળવવા માટે શી, કેટલી અને કઈ કિંમત ચૂકવવાની રહે ? અમારી પાસે તો અઢળક ધનસંપત્તિ છે, એ ચાલે ?" - કોઈક સંસારી જીવના આવા સવાલનો જવાબ આ શ્લોકમાં અપાયો છે.

આચાર્યશ્રી ઘસી-ભૂંસીને જડબાંતોડ જવાબ આપે છે કે -"ના, ના, ના !"

કાયદાની આપણી કોર્ટમાં કશું પણ સાબિત કરવા માટે એનો 'પુરાવો' (Evidence) અનિવાર્ય છે. ભારતીય ચર્ચામાં પણ આવી જ પરંપરા છે. કોઈક ટીકાકારે-ભાષ્યકારે કશુંક વિધાન કર્યું, પરંતુ એની પ્રમાણભૂતતા(Authoritativeness)ની પ્રતીતિ શી ? **'ન્યાય'**-દર્શને પ્રબોધેલાં ચાર **'પ્રમાણો'**માંનું છેલ્લું, ચોથું એક જ, **'શબ્દ'** પ્રમાણ અને આ **'શબ્દ'** એટલે શ્રુતિ.

અને એટલે જ શ્રીશંકરાચાર્યે અહીં, પોતાનાં વિધાનનાં સમર્થન માટે 'શ્રુતિ'નો ઉલ્લેખ કર્યો છે. શી છે એ શ્રુતિ ? અને શું છે એનો મર્મ ?

'બૃહદારણ્યક'-ઉપનિષદમાં, મોક્ષ-સાધકોએ હંમેશ યાદ રાખવા જેવો એક પ્રસંગ આ પ્રમાણે મળે છે : સુપ્રસિદ્ધ મહર્ષિ-મનીષી યાજ્ઞવલ્ક્યને બે પત્નીઓ હતી : મૈત્રેયી અને કાત્યાયની. આ બેમાં કાત્યાયની તો હાડોહાડ સંસારિણી હતી; પરંતુ મૈત્રેયી પૂરેપૂરી બ્રહ્મવાદિની-બ્રહ્મનિષ્ઠ હતી. સંસાર-ત્યાગ કરીને અરણ્યમાં જવા ઇચ્છતા યાજ્ઞવલ્ક્યે પોતાની મિલ્કતના બે સરખા ભાગ પાડીને, બંને પત્નીઓ વચ્ચે એ વહેંચવાની દરખાસ્ત કરી ત્યારે, કાત્યાયની તો, એના સ્વભાવ મુજબ, તૈયાર જ હતી; પરંતુ મૈત્રેયીએ પતિને પૂછ્યું કે -

કિં તેન અહં અમૃતા સ્યામ્ ।

("શું તે-સંપત્તિ-વડે હું 'અમૃત-અમર-અવિનાશી' થઈ શકું ?")

"શું હું તેના વડે મોક્ષ મેળવી શકું ?" - એ છે મૈત્રેયીનો પ્રશ્ન.

"ન ઇતિ ન" ઇતિ હ ઉવાચ યાજ્ઞવલ્ક્યઃ । યથા ઉપકરણવતાં જીવિતં, તથા એવ તે જીવિતં સ્યાદ્, અમૃતત્વસ્ય તુ ન આશા અસ્તિ વિત્તેન ઇતિ ।" (૪,૫.૩)

યાજ્ઞવલ્ક્યનો જવાબ સ્પષ્ટ (સ્ફુટ) છે : "સાધનસંપત્તિવાળા કોઈક સંસારીનું (સર્વ સુખ-સગવડ-સુવિધાવાળું) જીવન તેનાથી થાય, એવું જ તારું જીવન થાય. પરંતુ ધન વડે અમરપણાં(અમૃતત્વસ્ય)ની તો આશા જ ન રાખવી !"

ઉપનિષદ્-આધારિત યાજ્ઞવલ્ક્યના આ ઉત્તર પછી, - આ અનુસંધાનમાં વિશેષ કશું કહેવાનું રહેતું નથી.

માત્ર એટલું ઊમેરીએ કે શ્લોકમાંનું કર્મણઃ (કર્મ, પ્રવૃત્તિ, Activity) એટલે, અઢળક ધન-દોલત કમાઈ લેવાની આંધળી દોટ, દોડાદોડી !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૭)**

૮

अतो विमुक्त्यै प्रयतेत विद्वान्
संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् ।
सन्तं महान्तं समुपेत्य देशिकं
तेनोपदिष्टार्थसमाहितात्मा ॥ ८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अतो विमुक्त्यै प्रयतेत विद्वान्
संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् ।
सन्तं महान्तं समुपेत्य देशिकं
तेनोपदिष्टार्थसमाहितात्मा ॥ ८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अतः विद्वान् संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन्, सन्तं महान्तं देशिकं समुपेत्य, तेन उपदिष्टार्थसमाहितात्मा (सन्) विमुक्त्यै प्रयतेत ॥ ८ ॥

શબ્દાર્થ :– अतः-આથી, એટલે, આ કારણે; विद्वान्-જ્ઞાની, ભણેલ-ગણેલ, સાધક; संन्यस्तबाह्यार्थसुखस्पृहः सन् - बाह्यार्थसुख - લૌકિક, ભૌતિક, દુન્યવી, સંસારી સુખ-ભોગવિલાસ; એની स्पृहा,-ઇચ્છા, વાસના, તૃષ્ણા; संन्यस्तः सन्-છોડી દઈને, ત્યજી દઈને; सन्तं महान्तं देशिकं समुपेत्य - મહાન સંત સમા કોઈક ગુરુ(देशिकं) પાસે જઈને, એમને શરણે જઈને; तेन उपदिष्टार्थसमाहितात्मा (सन्) -तेन दिष्टार्थ,- એમણે ઉપદેશેલી-દર્શાવેલી-બતાવેલી બાબતો, समाहितात्मा सन्-એના વડે માનસિક શાંતિ-સમાધાન મેળવીને. આખા શબ્દનો અર્થ : આવા સુપાત્ર ગુરુજીએ સમજાવેલી બાબતો વડે માનસિક શાંતિ મેળવીને; विमुक्त्यै प्रयतेत - તેણે મુક્તિ-મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ.

અનુવાદ :– આ કારણે, જ્ઞાનીએ (સાધકે) ભૌતિક સુખ-ભોગોની તૃષ્ણા ત્યજીને, (કોઈક) મહાન સત્પુરુષ (એવા) ઉપદેશક(ગુરુ)નાં, શરણે જઈને. એમના ઉપદેશ વડે માનસિક સમાધાન મેળવીને, મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ. (૮)

ટિપ્પણ :– મોક્ષ-સાધક માટે, આ રીતે (अतः) સંસારી સંપત્તિ સાવ નકામી હોય, તો પછી તેણે શું કરવું જોઈએ ? - એનું માર્ગદર્શન આ શ્લોકમાં આપવામાં આવ્યું છે.

પહેલી વાત તો એ કે તેણે સર્વ પ્રકારનાં સંસારી સુખ-ભોગોની તૃષ્ણા-લાલસાથી સંપૂર્ણરીતે મુક્ત થઈ જવું જોઈએ. આ પછીનું, તેના માટેનું બીજું પગલું એ છે કે તેણે કોઈક સુપાત્ર ગુરુજીનાં શરણે જઈને, સમર્પણભાવે તેમની સમક્ષ પોતાનાં મનમાંની ભાવના નિખાલસતાપૂર્વક રજુ કરી દેવી જોઈએ, અને **ત્રીજી, છેલ્લી** અને સૌથી મહત્ત્વની જરૂર, એના માટે, એ રહે છે કે ગુરુનાં માર્ગદર્શન વડે

પૂરેપૂરી માનસિક સ્વસ્થતા મેળવીને, તેણે મોક્ષપ્રાપ્તિ માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો શરૂ કરી દેવા જોઈએ.

આ શ્લોકમાં, આચાર્યશ્રીએ, સાધક સમક્ષ, મોક્ષના માર્ગનો સીધો-સાદો-સરળ નકશો દોરી આપ્યો છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૮)

૯

उद्धरेदात्मनात्मानं मग्नं संसारवारिधौ ।
योगारूढत्वमासाद्य सम्यग्दर्शननिष्ठया ॥ ९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ઉદ્ધરેદાત્મનાત્માનં મગ્નં સંસારવારિધૌ ।
યોગારૂઢત્વમાસાદ્ય સમ્યગ્દર્શનનિષ્ઠયા ॥ ૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– सम्यग्-दर्शननिष्ठया योगारूढत्वं आसाद्य, संसारवारिधौ मग्नं 'स्वं' आत्मानं (सः) आत्मना (एव) उद्धरेत् ॥ ९ ॥

શબ્દાર્થ :– सम्यग्-दर्शननिष्ठया – सम्यक् એટલે સારી-સાચી-સુયોગ્ય રીતે, સંપૂર્ણ રીતે; દર્શન એટલે (આંતરિક દૃષ્ટિએ) જોવું - સમજવું - ગ્રહણ કરવું, મનમાં આત્મસાત્ કરવું, નિષ્ઠયા એટલે દૃઢ નિર્ણય વડે,Sincerely, હૃદય-પૂર્વક કરેલા સંકલ્પ વડે. આખા શબ્દનો અર્થ : સાચી, સુયોગ્ય રીતે જોઈ-સમજીને દૃઢ-હાર્દિક નિષ્ઠાથી, योगारूढत्वं आसाद्य યોગારૂઢ થઈને, યોગની ઉચ્ચ અવસ્થાએ પહોંચીને, શાસ્ત્રોએ-દર્શનોએ નિર્દેશેલો સાચો યોગી થઈને, संसारवारिधौ मग्नं (स्वं) आत्मानं – સંસાર-સાગરમાં ડૂબેલાં પોતાની જાતને, (सः) તેણે (સાધકે), आत्मना (एव) उद्धरेत् – પોતાના વડે જ, પોતાની જાતે જ, પોતાની મેળે જ, (પોતાનો) ઉદ્ધાર કરવો જોઈએ, પેલા દરિયામાં ડૂબેલી-ડબકાં ખાતી પોતાની જાતને, પોતાને બચાવી લેવી જોઈએ. (૯)

અનુવાદ :- સુયોગ્ય રીતે સમજવાની દૃઢ નિષ્ઠાથી યોગારૂઢ થઈને (તેણે) સંસારસાગરમાં ડૂબેલી પોતાની જાતને, પોતાના વડે જ, બચાવી લેવી જોઈએ. (૯)

ટિપ્પણ :– 'મોક્ષ-પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ,' એ વાત તો સાચી, પરંતુ એ બિચારો સાધક તો આ દુન્યવી જીવનના 'દુસ્તર' (જેમાં તરી શકાય નહીં એવા) દરિયામાં ડૂબી રહ્યો છે, ડૂબકાં ખાઈ રહ્યો છે અને હવે ડૂબીને પોતે હમણાં તળિયે પહોંચી જશે, એવા જીવલેણ ભયમાં ગ્રસ્ત થઈ રહ્યો છે !

એટલે, 'સૌપ્રથમ તો આમાંથી બચવું કેમ ?' - એ સમસ્યાનો ઉપાય એને દર્શાવવાનો રહે છે.

એવા ઉપાયનું નિરૂપણ આ શ્લોકમાં કરવામાં આવ્યું છે.

उद् + धृ - એ ધાતુમાંથી બનેલા આ 'ઉદ્ધાર' (उद्धरेत्) શબ્દને સમજવા જેવો છે. કળણમાં ફસાયેલી કોઈ વ્યક્તિને એમાંથી બચાવીને બહાર કાઢીએ, એ પ્રક્રિયા એટલે મૂળભૂત રીતે **'ઉદ્ધાર'**. આ શ્લોકમાં, સંસાર-સાગરમાં ડૂબી રહેલી વ્યક્તિને બચાવી લેવાની, એનો 'ઉદ્ધાર' કરવાની વાત છે.

પણ એને કોણ બચાવે ? કેવી રીતે ?

આચાર્યશ્રી કહે છે કે 'અરે ભાઈ, એને બચાવવાની છે જ નહીં'. 'તો પછી ?' 'એણે જ' પોતાને બચાવી લેવાની છે ? 'એ, વળી, કેવી રીતે ?' 'પોતે જ, પોતાની જાતે જ, પોતાના વડે જ ! પોતાની મેળે જ બચવાનું છે !'

આવી પ્રશ્નપરંપરા આગળ વધે, તે પહેલાં જ શ્રીશંકરાચાર્ય કહે છે કે "એણે, આ માટે, સાચા અર્થમાં 'યોગી', 'યોગારૂઢ' બની જવું જોઈએ !"

અહીં થોડું અટકવા જેવું છે. ભારતીય પરંપરામાં 'છ દર્શનો (Six systems of Philosophy) આ પ્રમાણે મળે છે : કપિલનું **'સાંખ્ય'**, પતંજલિનું **'યોગ'**, ગૌતમનું **'ન્યાય'**, કણાદનું **'વૈશેષિક'**, જૈમિનિનું **'પૂર્વમીમાંસા'** અને બાદરાયણનું **'ઉત્તરમીમાંસા'** અથવા **'વેદાન્ત'**, - જેની સમજૂતી માટે આ ગ્રંથની રચના થઈ છે.

આમાંના 'યોગ'-દર્શનની અહીં વાત છે. પતંજલિએ 'યોગ'નું લક્ષણ (વ્યાખ્યા-Definition) એક સૂત્રમાં આ પ્રમાણે આપ્યું છે :-

योगः चित्तवृत्तिनिरोधः ।

('ચિત્તની-મનની સર્વ ચંચળ વૃત્તિઓ - પ્રવૃત્તિઓ - પ્રક્રિયાઓ પરનું સંપૂર્ણ નિયંત્રણ - સ્વામિત્વ - કાબુ હોવાપણું (Control), એટલે કે ચિત્તની એકાગ્રતા-(Concentration), એ જ **'યોગ'** !)

અને પતંજલિના આ સૂત્રને અનુસરીને જ - **શ્રીમદ્‌ભગવગીતા**માં કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ,- વગેરે અનેક યોગોને ભગવાન શ્રીકૃષ્ણે સમજાવ્યા છે, જેમાંથી યોગની આ બે વ્યાખ્યાઓ ખૂબ જાણીતી છે :-

(૧) समत्वं योग उच्यते । (૨,૪૮) સર્વભૂતોમાં સમભાવ

('ચિત્તનું સંપૂર્ણ 'સમત્વ' Equanimity એ જ **'યોગ'** !)

(૨) योगः कर्मसु कौशलम् । (૨, ૫૦)

('પોતાને સોંપાયેલાં કાર્યો વિશેની કુશળતા, એ જ **'યોગ'** !)

અને 'સાચી રીતે, જોઈ-સમજીને, દૃઢ નિષ્ઠાથી (सम्यग्दर्शननिष्ठया)' 'યોગારૂઢ' થયેલા સાધકની, ગીતાએ આપેલી આ વ્યાખ્યા, આ સંદર્ભમાં, મદદરૂપ બની રહે એવી છે :-

'यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥' (૬, ૪)

('યોગની આવી સર્વોચ્ચ સપાટીએ, ક્યારે પહોંચી શકાય ?' ગીતાનો ઉત્તર

આ પ્રમાણે છે : 'જ્યારે સાધક વિષય-વાસનાઓ અને કર્મોમાં આસક્ત ન થાય અને એ રીતે એ પોતાના સર્વ સંકલ્પોનો સંન્યાસી બને, ત્યાગી બને ત્યારે !')

ટૂંકમાં, 'યોગારૂઢ' સ્થિતિ એટલે સંપૂર્ણ માનસિક શાંતિ-સમાધાન, જે બાહ્ય આચારશુદ્ધિ પછી જ મળી શકે.

અને આવી આધ્યાત્મિક બાબતમાં આપણને બીજું કોઈ કશી જ મદદ ન કરી શકે. આપણે જ, સ્વયં આપણા ઉદ્ધારક બનવાનું છે, એવો આપણા શાસ્ત્રોનો આદેશ છે અને તેથી જ, ગીતાએ, ત્યારપછીના જ શ્લોકમાં, 'યોગારૂઢ' બનેલા સાધકને, આવો જ અનુરોધ કર્યો છે :-

उद्धरेदात्मनात्मानम् (६, ५)

આચાર્યશ્રીએ પણ, તેથી જ ગીતાનાં આ મૂળ શ્લોક-ચરણને, એ જ સ્વરૂપે, એમાં કશો પણ ફેરફાર કર્યા વિના જ, અહીં ગોઠવી દીધું છે.

સ્વ. કવિશ્રી વેણીભાઈ પુરોહિતની આ ગીત-પંક્તિઓ, આ અનુસંધાનમાં, સ્હેજે યાદ આવી જાય છે :-

'કોઈ તો જાગે ! કોઈ શું જાગે ?
તું જ જાગ્યો તો તું જ જા આગે !'

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૯)

૧૦

संन्यस्य सर्वकर्माणि भवबन्धविमुक्तये ।
यत्यतां पण्डितैर्धीरैरात्माभ्यास उपस्थितैः ॥ १० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

સંન્યસ્ય સર્વકર્માણિ ભવબન્ધવિમુક્તયે ।
યત્યતાં પંડિતૈર્ધીરૈરાત્માભ્યાસ ઉપસ્થિતૈઃ ॥ ૧૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– આત્માભ્યાસે ઉપસ્થિતૈઃ ધીરૈઃ પણ્ડિતૈઃ સર્વકર્માણિ સંન્યસ્ય ભવબન્ધવિમુક્તયે યત્યતામ્ ॥ ૧૦ ॥

શબ્દાર્થ :– પણ્ડિતૈઃ–સામાન્ય સમજણ એવી છે કે 'પંડિત' એટલે બહુ ભણેલો, મોટો વિદ્વાન, બહુશ્રુત (Well-read) વ્યક્તિ, પરંતુ ધાર્મિક-આધ્યાત્મિક સંદર્ભમાં, પણ્ડા એટલે આત્માના વિષયમાં ઊંડું ચિંતન કરતી બુદ્ધિ. (आत्मविषया बुद्धिः पण्डा । - શંકરાચાર્ય) - જેની પાસે આવી વિવેકબુદ્ધિ (Discretion) હોય, તે પણ્ડિત. ધીરૈઃ (પણ્ડિતૈઃનું વિશેષણ). કેવા પંડિતો ? જે વિવેકબુદ્ધિવાળા હોય, જે શુદ્ધ વિચારશીલ હોય. આત્માભ્યાસે ઉપસ્થિતૈઃ (આ પણ પણ્ડિતૈઃનું વિશેષણ). આત્માભ્યાસ એટલે ઊંડું આત્મચિંતન, આવી પ્રક્રિયામાં સતત મગ્ન, રત, તત્પર; યત્યતામ્ તેમણે પ્રયત્ન કરવો જોઈએ. શાના માટે ? ભવબન્ધમુક્તયે – સંસારનાં, સંસારી જીવનનાં બંધનમાંથી મુક્ત થવા માટે. એ કેવી રીતે ? શું કરીને ? સર્વકર્માણિ સંન્યસ્ય આત્મચિંતન-પરાયણ થવા સિવાયનાં બીજાં બધાં જ કર્મોને છોડી દઈને (૧૦)

અનુવાદ :– આત્મચિંતનમાં તત્પર થયેલા વિવેકશીલ શુદ્ધ બુદ્ધિવાળા પંડિતોએ, બીજાં બધાં કર્મોનો ત્યાગ કરીને, સંસારરૂપી આ બંધનમાંથી મુક્ત થવા માટે, પ્રયત્ન કરવો જોઈએ. (૧૦)

ટિપ્પણ :– 'મોક્ષ' એટલે મુક્તિ. શામાંથી મુક્તિ ? જન્મ-મરણનાં ચક્કરમાંથી. અને એ મુક્તિની આડે આવતું 'બંધન' એટલે જ આ સંસારી જીવનવ્યવહારનું બંધન. પણ આ બંધનમાંથી છૂટાય કેવી રીતે ? એક જ જવાબ : આત્મ-પરમાત્મચિંતન સિવાયનાં બીજાં બધાં જ કર્મોને છોડી દેવાં !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૦)**

૧૧

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः ॥ ११ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

चित्तस्य शुद्धये कर्म न तु वस्तूपलब्धये ।
वस्तुसिद्धिर्विचारेण न किंचित्कर्मकोटिभिः ॥ ११ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– चित्तस्य शुद्धये कर्म (अवश्यमेव सहायकं भवति), तु (परं तु तद्) वस्तूपलब्धये न (कारणं भवति); वस्तुसिद्धिः (तु) विचारेण (एव सिध्यति), कर्मकोटिभिः (अपि सा) न किंचित् (अपि साध्या भवति) । (११)

શબ્દાર્થ :– વસ્તુ-શબ્દનો અહીં સામાન્ય લોકપ્રચલિત અર્થ નથી. શ્રીશંકરાચાર્યને મન, 'વસ્તુ' (Really Substantial) તો એક જ : આત્મજ્ઞાન ! બાકીનું બધું નિરર્થક, ક્ષુલ્લક, ક્ષુદ્ર ! અને આની ઉપલબ્ધિ उपलब्धि (એટલે કે પ્રાપ્તિ) શાથી થાય ? માત્ર વિચારણ, – ચિંતન-મનન કરવાથી; कर्मकोटिभिः – કરોડો કર્મથી પણ નહીં, (ન). (૧૧)

અનુવાદ :– કર્મ તો ચિત્તની શુદ્ધિ માટે છે, આત્મજ્ઞાન (વસ્તુ) મેળવવા માટે તે (જરા પણ સહાયક) નથી. 'વસ્તુ'ની સિદ્ધિ તો ચિંતન-મનનથી જ (શક્ય બને), કરોડો કર્મો (પણ એમાં) કશાં જ (કામનાં) નહીં. (૧૧)

ટિપ્પણ :– મોક્ષની પ્રાપ્તિ માટે આત્મજ્ઞાન ('વસ્તુ') એક અનિવાર્ય પૂર્વભૂમિકા છે, પરંતુ જગતમાં મનુષ્ય જન્મ્યો, એટલે એને નિયત થયેલાં (Assigned) કર્મો તો કરવાનાં જ રહે, એનું શું ? આચાર્યશ્રીનો આ બાબતમાં એક સુનિશ્ચિત અભિપ્રાય છે : આવાં કર્મો અવશ્ય કરવાં, પરંતુ જીવનનું તે અંતિમ ધ્યેય નથી; અંતિમ ધ્યેય તો મોક્ષપ્રાપ્તિ માટેનું, 'Must' - કોટિનું, આત્મજ્ઞાન. તો પછી, આ કર્મનું ખરું પ્રયોજન શું ? એનું પ્રયોજન છે જ, અને એ પ્રયોજન એટલે ચિત્તની વિશુદ્ધિ, મનની નિર્મળતા, પવિત્રતા. બસ, આથી વિશેષ, કર્મનો મહિમા કશો જ નહીં, આચાર્યશ્રીની દૃષ્ટિએ ! પરંતુ આપણે જરા શાંતિપૂર્વક વિચારીએ તો, આ,

ચિત્તશુદ્ધિ, કંઈ જેવી-તેવી ઉપલબ્ધિ નથી, આત્મજ્ઞાન માટેના ઊંચા કૂદકા (High Jump) માટેનું જરૂરી એવું Spring-Board એ બની રહે તે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૧)

૧૨

सम्यग्-विचारतः सिद्धा रज्जुतत्त्वावधारणा ।
भ्रान्त्योदितमहासर्पभयदुःखविनाशिनी ॥ १२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

સમ્યગ્-વિચારતઃ સિદ્ધા રજ્જુતત્ત્વાવધારણા ।
ભ્રાન્ત્યોદિતમહાસર્પભયદુઃખવિનાશિની ॥ ૧૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ભ્રાન્ત્યોદિતમહાસર્પભયદુઃખવિનાશિની રજ્જુતત્ત્વાવધારણા (તુ) સમ્યગ્-વિચારતઃ (એવ) સિદ્ધા (ભવતિ, ન તુ અન્યેન કેનચિત્ ઉપાયેન) ॥ ૧૨ ॥

શબ્દાર્થ :– સમ્યગ્-વિચારતઃ-સાચા-શુદ્ધ-સ્થિર ઊંડા ચિંતન-મનનથી, સિદ્ધા-સિદ્ધ થાય છે, મેળવી-પામી શકાય છે, રજ્જુ-તત્ત્વ-અવધારણા । રજ્જુ એટલે દોરડું, તત્ત્વ-વાસ્તવિક સ્વરૂપ (એનું), મૂળભૂત (Original) સાચું સ્વરૂપ, અવધારણા - (એની) સંપૂર્ણ સમજ, (એની) નિઃશંક, પૂરેપૂરી સમજણ, ભ્રાન્તિ-ઉદિત-મહાસર્પભયદુઃખ-વિનાશિની. ભ્રાન્તિ - ભ્રમ, ભ્રમણા, ખોટી સમજણ, ઉદિત - (એનાથી) ઉત્પન્ન, પેદા થયેલી, ઊભી થયેલી, પ્રગટેલી, મહાસર્પભયદુઃખવિનાશિની સર્પના ભયરૂપી મોટા દુઃખનો વિનાશ કરનારી. (૧૨)

અનુવાદ :– ભ્રાન્તિનાં કારણે (દોરડામાં) ઉત્પન્ન થયેલા સર્પ રૂપી મોટા ભયનાં દુઃખનો વિનાશ કરનારી તો દોરડાનાં સાચાં સ્વરૂપની સમજણ છે, - જે માત્ર સમ્યગ્ વિચારણાથી જ સિદ્ધ થાય છે (બીજા કોઈ પણ ઉપાયથી નહીં). (૧૨)

ટિપ્પણ :– વેદાન્ત-દર્શનના સિદ્ધાન્તોને સરળ રીતે સમજાવવા, એ આ ગ્રંથનો ઉદ્દેશ છે. વેદાન્તનો સૌથી મહત્ત્વનો અને મૂળભૂત સિદ્ધાંત એટલે આ, –

ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।

'સમગ્ર બ્રહ્માંડમાં એક જ તત્ત્વ **'બ્રહ્મ'** (પરમાત્મા, પરમેશ્વર) 'સત્ય' છે, (આ) જગત તો 'મિથ્યા' છે, અસત્ય છે, ખોટું છે, આભાસી છે. (અને) જીવાત્મા એ (પણ) બ્રહ્મ (પરમાત્મા, પરમતત્ત્વ) જ છે, બીજું કશું જ નહીં.

સામાન્ય માણસની સમજમાં ન ઊતરે એવો ગહન આ સિદ્ધાંત છે : બ્રહ્મ 'સત્ય' છે, એ તો બરાબર, પણ આંખોની સામે જ રહેલું સતત દેખાતું - અનુભવાતું આ જગત 'મિથ્યા' કેવી રીતે ? એ વાત ગળે ઊતરે જ શી રીતે ?

આ વાત સમજાવવા માટે પરાપૂર્વથી સુનિશ્ચિત થયેલું દૃષ્ટાંત (Stock Example) આ પ્રમાણે આપવામાં આવે છે : રાતનાં અંધારામાં, રસ્તામાં પડેલું દોરડું (રજ્જુ) આપણને ભ્રમ-ભ્રાન્તિનાં કારણે ગૂંચળું વળીને પડેલા સાપ (સર્પ) જેવું લાગે (ઉદિત), ડરી જઈએ (ભયં), પણ જેવો દીવાનો કે બેટરીનો પ્રકાશ એના પર ફેંકીએ કે તરત જ, આપણને દોરડાનું મૂળભૂત વાસ્તવિક સ્વરૂપ સમજાઈ જાય (રજ્જુ-તત્ત્વ-અવધારણા) કે 'અરે, આ કાંઈ સાપ નથી, પણ માત્ર દોરડું જ છે !' એટલે, પ્રકાશને પરિણામે સાંપડેલી સમ્યગ્ સમજણ વડે (રજ્જુ-તત્ત્વ-અવધારણા) પેલી મોટી આફત(મહાદુઃખ)નો વિનાશ થઈ જાય !

તત્ત્વજ્ઞાન(Philosophy)ની પરિભાષામાં, ઉપર્યુક્ત ઘટનાને 'રજ્જુસર્પન્યાય' તરીકે ઓળખવામાં આવે છે.

આ શ્લોકમાં, આ ઉપર્યુક્ત દૃષ્ટાંતનું નિરૂપણ મળે છે.

પણ આ દૃષ્ટાંત વડે પેલો સિદ્ધાંત કઈ રીતે સમજાય ? આ સવાલનો જવાબ આ પ્રમાણે છે : મૂળ વસ્તુ શી હતી ? દોરડું. એ ક્યાં રૂપે નજરે પડ્યું ? સાપનાં રૂપમાં. શા કારણે ? આવી ભ્રમણા કેમ થવા પામી ? અંધારાને કારણે. એ ભ્રમણાને કારણે પેદા થયેલું સાપના ભયરૂપી મહાદુઃખ શેં ટળ્યું ? પ્રકાશને લીધે.

બસ, તો એ જ રીતે, આખા બ્રહ્માંડમાં, સર્વત્ર એકમાત્ર સત્ય તત્ત્વ બ્રહ્મ જ (બ્રહ્મ સત્યં) છે. છે તો સર્વત્ર આ એક બ્રહ્મ જ, તો પછી એમાં 'જગત'ની ભ્રમણા કેમ ઉત્પન્ન થઈ ? સમ્યગ્-જ્ઞાન રૂપી પ્રકાશ ન્હોતો અને બધે અજ્ઞાનરૂપી અંધારું હતું તેથી. પરંતુ 'જીવાત્મા એ પરમાત્મા જ છે, બીજું કશું જ નથી' (જીવો બ્રહ્મૈવ નાપરઃ), એ પ્રમાણેના સમ્યગ્-જ્ઞાનનો પ્રકાશ જો મગજમાં પ્રગટે, તો વેદાન્તનો પેલો ગહન લાગતો સિદ્ધાંત સહેલો-સટ્ટ થઈ જાય અને તરત જ ગળે ઊતરી જાય ! અને આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા આપણે સહુ સામાન્ય સાધકો પણ એકરારપૂર્વક બોલી ઊઠીએ કે "એકમાત્ર બ્રહ્મનું 'સત્ય'-પણું અને જગતનું 'મિથ્યા'-પણું હવે અમને પૂરેપૂરું સમજાઈ ગયું !"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૨)**

૧૩

अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नानेन न दानेन प्राणायामशतेन वा ॥ १३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અર્થસ્ય નિશ્ચયો દૃષ્ટો વિચારેણ હિતોક્તિતઃ ।
ન સ્નાનેન ન દાનેન પ્રાણાયામશતેન વા ॥ ૧૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– અર્થસ્ય નિશ્ચયઃ વિચારેણ હિતોક્તિતઃ (વા) દૃષ્ટઃ, – ન સ્નાનેન, ન દાનેન, પ્રાણાયામશતેન વા (અપિ ન ભવતિ) ॥ ૧૩ ॥

શબ્દાર્થ :– અર્થ - મૂળ વિષય, વસ્તુતત્ત્વ, Subject-matter, નિશ્ચય: નિર્ણય, નિરાકરણ, નિર્ધારણ,Soluton, વિચાર-ઊંડું, તલસ્પર્શી ચિંતન-મનન, હિતોક્તિ:-ઉપદેશ-વચનો વડે, દૃષ્ટ: પામી-મેળવી શકાય છે, સિદ્ધ થઈ શકે છે.(૧૩)

અનુવાદ :– મૂળ વિષય વિશેનો (અંતિમ) નિર્ણય, ઊંડાં ચિંતન-મનન વડે (અથવા) (શાસ્ત્રો વગેરેનાં) હિતકારક ઉપદેશ-વચનો વડે (જ) થઈ શકે છે, સ્નાન, દાન કે સેંકડો પ્રાણાયામો કરવાથી નહીં. (૧૩)

ટિપ્પણ :– જેની ચર્ચા ચાલી રહી હોય એવા મૂળ વિષય (અર્થસ્ય) વિશેનાં અંતિમ નિર્ણય-નિરાકરણ (નિર્ણય) કેવી રીતે કરી શકાય (દૃષ્ટ:) ? - એનો અહીં ઉત્તર છે. પ્રથમ તો, જે પ્રશ્ન હોય, તેને લગતાં સર્વ પાસાંઓ અને વીગતો અંગે સવિસ્તર અને ઊંડું તલસ્પર્શી ચિંતન-મનન (વિચારણ) થવું જોઈએ. એનાં સમર્થન માટે, શાસ્ત્રોનાં અને પ્રમાણભૂત એવા સંતોનાં હિતોપદેશ-વચનોની (હિતોક્તિ:) મદદ લેવી જોઈએ. સૌથી મહત્ત્વનો આધાર માત્ર આ જ છે. દેહશુદ્ધિ માટે સ્નાન, પુણ્યપ્રાપ્તિ માટે દાન અને મનોનિગ્રહ માટે પ્રાણાયામો અવશ્ય જરૂરનાં છે, પણ ઉપર્યુક્ત બાબતમાં આ બધું જરા પણ ઉપયોગી કે સહાયભૂત ન બની શકે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૩)**

૧૪

अधिकारिणमाशास्ते फलसिद्धिर्विशेषतः ।
उपाया देशकालाद्याः सन्त्यस्यां सहकारिणः ॥ १४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અધિકારિણમાશાસ્તે ફલસિદ્ધિર્વિશેષતઃ ।
ઉપાયા દેશકાલાદ્યાઃ સન્ત્યસ્યાં સહકારિણઃ ॥ ૧૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ફલસિદ્ધિ: અધિકારિણં વિશેષત: આશાસ્તે, દેશકાલાદ્યા: ઉપાયા: અસ્યાં (ફલપ્રાપ્ત્યાં) સહકારિણ: સન્તિ ॥ ૧૪ ॥

શબ્દાર્થ :– ફલસિદ્ધિ - કોઈ પણ વિષયનાં નિરાકરણ માટે ચર્ચા ચાલી રહી હોય, તેની સફળતા; આશાસ્તે, (તેમાં) આવશ્યક બને છે, અપેક્ષા રાખે છે, વિશેષત: ખાસ પ્રકારના, સહાય-રૂપ, વિશિષ્ટ (Special, distinguished) બની રહે તેવા, અધિકારિણં - અધિકૃત, પ્રમાણભૂત, પાત્રતા ધરાવનારી યોગ્ય વ્યક્તિ (Authoritative અથવા Authorised person). અસ્યાં આ(સફળતા-બાબત)માં, દેશકાલાદ્યા: ઉપાયા: (ચર્ચા માટે) સુયોગ્ય સ્થળ, સમય વગેરે વગેરે ઉપાયો, સહકારિણ: સન્તિ સાથ-સહકાર-સહાય આપનારાં, મદદરૂપ થાય છે, બને છે, નીવડે છે.(૧૪)

અનુવાદ : (આત્મજ્ઞાન-રૂપી) ફળની પ્રાપ્તિ ખાસ પ્રકારનાં અધિકારીની

અપેક્ષા રાખે છે. વળી, દેશ-કાળ વગેરે ઉપાયો પણ આ(બાબત)માં સહકારી બને છે. (૧૪)

ટિપ્પણ :– 'ઉપાય' ચર્ચા-શાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. 'ઉપાય' એને કહેવામાં આવે છે, જેનો ઉપયોગ ચર્ચાનું ફળ મળે ત્યાં સુધી જ કરવામાં આવે છે, પરંતુ ત્યારપછી તરત જ જેને છોડી દેવામાં આવે છે :-

उपादेयापि ये हेयास्तान् उपायान् प्रचक्षते ।

અહીં તો આધ્યાત્મિક ચર્ચાનો જ સંદર્ભ છે, પરંતુ 'અર્થશાસ્ત્ર'(Politics)માં, શત્રુ પર વિજય મેળવવા માટે, કૌટિલ્ય, આ ચાર 'ઉપાયો'નો નિર્દેશ કરે છે : **'साम'** (સમજાવટ), **'दान'** (લાંચ-લાલચ), **'भेद'** (શત્રુ અને એના મિત્રો વચ્ચે ભંગાણ પાડવું) અને **'दंड'** (યુદ્ધ કરીને શત્રુને હંફાવવો, હરાવીને તેને સજા કરવી). પરંતુ આ પ્રકારના ઉપાયો, દેખીતી રીતે જ, અહીં અપ્રસ્તુત છે.

અહીં, પ્રસ્તુત અનુસંધાનમાં તો, ચર્ચામાં, રસપૂર્વક, અધિકારપૂર્વક, અભિનિવેશ-પૂર્વક ભાગ લઈ શકે એવા તજ્જ્ઞો(Experts)ની જરૂર રહે, પરંતુ ચર્ચા-સભાના આયોજન માટે, જો સમુચિત સ્થળ અને સાનુકૂળ સમયની પસંદગી ન કરવામાં આવી હોય તો, આવી સભાઓ નિષ્ફળ થઈ હોય કે ભાંગી પડી હોય, એવા અનેક પ્રસંગો ટાંકી શકાય; એટલે, મૂળ મહત્ત્વ પેલા અધિકારીઓનું, છતાં તેમાં સહાયરૂપ બની રહે એવા, દેશ-કાળ વગેરે ઉપાયોની પણ ઉપેક્ષા ન કરવી જોઈએ, એ તાત્પર્ય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૪)**

૧૫

अतो विचारः कर्तव्यो जिज्ञासोरात्मवस्तुनः ।
समासाद्य दयासिन्धुं गुरुं ब्रह्मविदुत्तमम् ॥ १५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अतो विचारः कर्तव्यो जिज्ञासोरात्मवस्तुनः ।
समासाद्य दयासिन्धुं गुरुं ब्रह्मविदुत्तमम् ॥ १५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अतः, दयासिन्धुं ब्रह्मविदुत्तमं गुरुं समासाद्य, जिज्ञासोः आत्म-वस्तुनः विचारः कर्तव्यः ॥ १५ ॥

શબ્દાર્થ :– अतः આથી, એટલે, આ કારણે; कर्तव्यः - આત્મતત્ત્વ વિશે ઊંડાં વિચાર-ચિંતન-મનન કરવાં જોઈએ, जिज्ञासोः જાણવાની ઇચ્છાવાળો, જ્ઞાન મેળવવા માગતો, आत्मवस्तु આત્મતત્ત્વ વિશેના મૂળ મુદ્દા પર, गुरुं समासाद्य - ગુરુને, આચાર્યને, અધ્યાપકને મેળવીને. કેવા ગુરુ ? બે વિશેષણો આ પ્રમાણે છે : दयासिन्धुं-દયાસાગર, દયા-કરુણા-કૃપાના દરિયા જેવા, અને ब्रह्मविदुत्तमम् - ચર્ચાનો, સ્વાધ્યાયનો વિષય છે, બ્રહ્મ, આત્મા; એટલે એ વિષયમાં પૂરા જાણકાર, વિદ્વાન, બ્રહ્મશ્રુત વિદ્વાન, અને એમાંયે ઉત્તમ એવા. (૧૫)

અનુવાદ :– આથી, જિજ્ઞાસુએ દયાના દરિયા સમા અને ઉત્તમ બ્રહ્મવેત્તા એવા ગુરુને મેળવીને (એમનાં ઉપદેશ અને માર્ગદર્શન પ્રમાણે), આત્મતત્ત્વ-વિષયક ચિંતન કરવું જોઈએ. (૧૫)

ટિપ્પણ :– આવી ઉચ્ચ આધ્યાત્મિક ચર્ચામાં અને એમાં પારંગત થવા માટે ગુરુનો બહુ મોટો મહિમા છે, કારણ કે સિદ્ધિનો આધાર, મહદંશે, ગુરુનાં અધ્યાપન પર રહે છે. શિસ્તપાલન વિશે ગુરુ ચુસ્ત અને કડક (strict) હોય, એનો વાંધો નહીં, પરંતુ શિષ્યો પ્રત્યે એમનાં હૃદયમાં પ્રેમ અને દયા હોવાં જોઈએ, તે શિષ્ય-વત્સલ હોવા જોઈએ; અને ગુરુની પસંદગીમાં આથી યે વધુ મહત્ત્વનું ધોરણ (criterion) એ હોવું જોઈએ કે પ્રસ્તુત વિષયના એ એક ઉત્તમ જાણકાર, નિષ્ણાત હોવા જોઈએ. અહીં પ્રસ્તુત વિષય બ્રહ્મજ્ઞાન છે, એટલે તે એ વિષયની જાણકારીમાં શ્રેષ્ઠ હોવા જોઈએ.

અહીં, એક વાત પર ભાર મૂકવામાં આવ્યો છે, તે સાધકે સદા યાદ રાખવા જેવું છે : સાધક સાચો-સંનિષ્ઠ 'જિજ્ઞાસુ' હોવો જોઈએ. બ્રહ્મજ્ઞાન માટેની એની ઇચ્છા, માત્ર ઉપરછલ્લી, દેખાવ પૂરતી, કે સામાન્ય નહીં, પરંતુ એ તાલાવેલી અતિ-ઉત્કટ, ઊંડી, અંતસ્તલસ્પર્શી હોવી જોઈએ; તો જ તે ગુરુનાં અધ્યાપનને બરાબર ગ્રહણ (Grasp) કરી શકે, એને પોતાનાં ચિત્તમાં ટકાવી (Retain કરી) શકે અને પોતાનાં જીવનમાં આચારિત (Practise) કરી શકે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૫)**

૧૬

मेधावी पुरुषो विद्वानूहापोहविचक्षणः ।
अधिकार्यात्मविद्यायां उक्तलक्षणलक्षितः ॥ १६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

મેધાવી પુરુષો વિદ્વાનૂહાપોહવિચક્ષણઃ ।
અધિકાર્યાત્મવિદ્યાયાં ઉક્તલક્ષણલક્ષિતઃ ॥ ૧૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– मेधावी ऊहापोहविचक्षणः उक्तलक्षणलक्षितः विद्वान् पुरुषः (एव) आत्मविद्यायां अधिकारी (भवति) ॥ १६ ॥

શબ્દાર્થ :– मेधावी - ઉચ્ચ પ્રકારની બુદ્ધિશક્તિવાળો, ऊहापोहविचक्षणः 'ઊહ' અને 'અપોહ' કરવામાં વિચક્ષણઃ. પ્રવીણ, તત્પર, સજ્જ, હોંશિયાર, નિપુણ, विद्वान् - વિદ્યાવાન, ભણેલો, उक्तलक्षणलक्षितः - આ પહેલાંના પંદરમા શ્લોકમાં, શિષ્ય તરીકેનાં જે લક્ષણો આપવામાં આવ્યાં છે, તેનાથી જુદો તરી આવતો, એ લક્ષણો ધરાવતો, અધિકારી-અધિકારવાળો, યોગ્ય પાત્ર, Authorised, Qualified. (૧૬)

અનુવાદ :– ઉચ્ચ પ્રકારની બુદ્ધિશક્તિવાળો, 'ઊહ' અને 'અપોહ' કરવામાં

કુશળ અને શિષ્ય તરીકેની, - આ પહેલાં કહેવાયેલાં લક્ષણો ધરાવતી વિદ્વાન વ્યક્તિ (જ) આત્મવિદ્યામાં(ના સ્વાધ્યાય માટે) અધિકારી (ગણાય) છે. (૧૬)

ટિપ્પણ :– બ્રહ્મજ્ઞાન માટેના જિજ્ઞાસુ વિશે, આ પહેલાં નિર્દિષ્ટ (શ્લોક-૧૫માં) (उक्तलक्षणलक्षितः) નિર્દિષ્ટ લક્ષણો(Qualifications, Characteristics)ને આ શ્લોકમાં આગળ લઈ જવામાં આવ્યાં છે. અને એ રીતે, આત્મવિદ્યાનો ખરો અધિકારી કોણ ? - એ સવાલનો જવાબ અહીં આપવામાં આવ્યો છે, જો કે હજુ પણ થોડા શ્લોકોમાં આ વિશેની ચર્ચા ચાલુ રહેવાની છે.

આવો 'અધિકારી' વિદ્વાન હોય, એ તો સાવ સ્વાભાવિક છે, પરંતુ આ ઉપરાંત, બીજાં બે વિશેષણો આ પ્રમાણે ઉમેરવામાં આવ્યાં છે : મેધાવી અને ઊહાપોહવિચક્ષણઃ.

મેધા એટલે વાંચ્યા-સાંભળ્યા-ભણ્યા પછી, એ સઘળું મગજમાં ટકાવી રાખી શકે એવી બુદ્ધિ, અવધારણશક્તિ (Power of Retention). ગ્રહણ કરેલું જો ભૂલી જવાય તો એ ફરી ફરીને ભણવું પડે. વિદ્વાનને એ પોસાય નહીં, એટલે 'મધાવી' ('મેધાવાળો') હોય તો જ, તેને જ આ અધિકાર મળી શકે.

ઊહ્ ધાતુ (દલીલ કરવી, ચર્ચા કરવી, અનુમાન કરવું) પરથી બનેલો શબ્દ ઊહ એટલે ચર્ચા, અનુમાન, તર્ક, દલીલબાજી, Discussion, Argument, Conjecture, આનો વિરોધાર્થી શબ્દ છે, અપોહઃ (अप+ऊहः), ચર્ચામાં સામી વ્યક્તિએ રજુ કરેલા તર્કને તોડી પાડવા, ખંડન કરવા, નિરસન કરવા માટે સામો-વળતો તર્ક : अपरतर्कनिरासाय कृतः विपरीततर्कः अपोहः । વિરોધીએ રજુ કરેલી શંકાનું નિવારણ કરવું તે.

આ બંને, 'ઊહ' અને 'અપોહ' કરવામાં જે કુશળ હોય, તે જ આવી ઉચ્ચ શાસ્ત્રીય ચર્ચામાં ભાગ લઈ શકે. ટૂંકમાં, 'ઊહાપોહ' એટલે સંપૂર્ણ ચર્ચા, તલસ્પર્શી 'મનોમંથન.'

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૬)**

૧૭

विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥ १७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિવેકિનો વિરક્તસ્ય શમાદિગુણશાલિનઃ ।
મુમુક્ષોરેવ હિ બ્રહ્મજિજ્ઞાસાયોગ્યતા મતા ॥ ૧૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– विवेकिनः विरक्तस्य शमादिगुणशालिनः मुमुक्षोः एव हि ब्रह्मजिज्ञासायोग्यता मता ॥ १७ ॥

શબ્દાર્થ :– વિવેકિન્ - વિ+ વિચ્ (બે પરસ્પર-વિરોધી વસ્તુઓ-પદાર્થો-ભાવો વચ્ચેના તફાવતને સમજવું) એ ધાતુ પરથી બનેલો શબ્દ **'વિવેક'** એટલે

સત્ય-અસત્ય, નિત્ય-અનિત્ય, ધર્મ-અધર્મ વગેરે વચ્ચેના ભેદની સમજણ. આવી સમજણ ધરાવનાર વ્યક્તિ 'વિવેકી' (विवेकिन्) કહેવાય છે. वि+रंज् (વિરાગ હોવો) એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંત, विरक्त, એના પરથી બનેલું નામ વિરાગ, અને એના પરથી બનેલું ભાવવાચક નામ વૈરાગ્ય. विरक्त એટલે વૈરાગ્યવાન વ્યક્તિ, शमादिगुणशालिनः વેદાન્તવિદ્યાના બે પ્રકારનાં સાધનો છે : 'બહિરંગ' (બાહ્ય) અને 'અંતરંગ'. એ બંનેની સવિસ્તર સમજૂતી હવે પછી આપવામાં આવશે. બ્રહ્મવિદ્યા માટેનાં 'બહિરંગ' સાધનો આ પ્રમાણે **ચાર** ('ચતુષ્ટય') છે :-

(૧) **વિવેક** : પરસ્પર-વિરોધી ભાવો વચ્ચેના ભેદની પૂરી-પાકી સમજ;

(૨) **વૈરાગ્ય** : આ લોક તથા પરલોકમાંના ભોગો પ્રત્યે વિરાગ, અનાસક્તિ.

(૩) **ષટ્સંપત્તિ** : આત્માની પ્રસન્નતા માટેની સંપત્તિનાં છ અંગો આટલાં : શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન અને ઉપરતિ;

(૪) **મુમુક્ષા** : મોક્ષપ્રાપ્તિ માટેની ઊંડી, સંનિષ્ઠ ઇચ્છા.

આ **ચાર** સાધનોને આત્મસાત્ કરવાં, એ બ્રહ્મજિજ્ઞાસા માટેની અનિવાર્ય પૂર્વભૂમિકા ગણાય છે. ત્યારપછી જ 'અંતરંગ' સાધનો મેળવવાની પાત્રતા મળે છે.

આ 'અતંરંગ' સાધનો, આ પ્રમાણે **ત્રણ** છે :-

શ્રવણ, મનન અને નિદિધ્યાસન

આ અંગેની વિસ્તૃત સમજૂતી હવે પછી આપવામાં આવશે. शमादिगुणशालिनः- 'શમ', 'દમ' વગેરે ઉપર્યુક્ત 'ષટ્સંપત્તિ'માંના ગુણો ધરાવતી, એનાથી શોભતી વ્યક્તિ. 'મુમુક્ષા' - ઉપર્યુક્ત 'બહિરંગ' સાધનોમાંનું ચોથું સાધન, - મુક્તિ મેળવવાની અદમ્ય, પ્રબળ ઇચ્છા. (૧૭)

અનુવાદ : વિવેક, વૈરાગ્ય, શમ-દમ વગેરે ગુણોને આત્મસાત્ કરવા, અને મુક્તિની તીવ્ર ઇચ્છા (મુમુક્ષા), - એ(ચાર ધરાવનાર)ને જ બ્રહ્મની જિજ્ઞાસા માટેની યોગ્યતા માનવામાં આવી છે. (૧૭)

ટિપ્પણ :- બ્રહ્મને જાણવા માટેની જેને ઇચ્છા હોય, તેણે એ માટેની ઓછામાં ઓછી (Minimum) જે લાયકાત પ્રાપ્ત કરી લેવી જોઈએ, એનાં અંગોની સમજૂતી આપવાનું આ શ્લોકથી શરૂ થાય છે. આ શ્લોકમાંના એ માટેના પારિભાષિક શબ્દોને, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં સમજાવવામાં આવ્યા છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૭)

૧૮

साधनान्यत्र चत्वारि कथितानि मनीषिभिः ।
येषु सत्स्वेव सन्निष्ठा यदभावे न सिध्यति ॥ १८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

साधनान्यत्र चत्वारि कथितानि मनीषिभिः ।
येषु सत्स्वेव सन्निष्ठा यदभावे न सिध्यति ॥ १८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– चत्वारि साधनानि मनीषिभिः अत्र कथितानि, येषु सत्सु एव सन्निष्ठा सिध्यति, यद्-अभावे न (सिध्यति) ॥ १८ ॥

શબ્દાર્થ :– અત્ર – અહીં, આગલા શ્લોકમાં અને હવે પછીના બે શ્લોકોમાં; चत्वारि साधनानि – બ્રહ્મજિજ્ઞાસાને સંપન્ન કરવા માટેનાં ચાર સાધનો; कथितानि – કહેવામાં, નિર્દેશવામાં આવ્યાં છે. કોના વડે ? मनीषिभिः મનીષીઓ વડે, મનીષી (मनीषिन्) એટલે ચિંતક, વિચારક, વિચારશીલ, ડાહ્યો, ઊંચી બદ્ધિશક્તિવાળો, પ્રાજ્ઞ; येषु सत्सु एव – જે ચાર (સાધનો) હોય તો જ, सन्निष्ठा, – सत् + निष्ठा – અહીં सत् એટલે, 'બ્રહ્મ' – જે સનાતન છે, શાશ્વત (Eternal) છે, નિત્ય છે, હંમેશ અસ્તિત્વ ધરાવે છે. એટલે, આખા શબ્દનો અર્થ; 'બ્રહ્મનિષ્ઠા' : सिध्यति – સિદ્ધ-સફળ થાય છે, यद्-अभावे – જેનો અભાવ હોય તો, સાધકમાં જે (ચાર સાધનો), ન હોય તો. (૧૮)

અનુવાદ :– વિચારશીલ વિદ્વાનોએ (બ્રહ્મજિજ્ઞાસાની સિદ્ધિ માટે આ) ચાર સાધનો અહીં નિર્દેશ્યાં છે, – જે હોય તો જ (બ્રહ્મજિજ્ઞાસા) સિદ્ધ થાય, જે ન હોય તો (બ્રહ્મજિજ્ઞાસા સિદ્ધ) ન થાય. (૧૮)

ટિપ્પણ :– શ્લોક-૧૭માં આ ચાર સાધનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને હવે પછીના બે શ્લોકોમાં એને સ-વીગત સમજાવવામાં આવશે.

આ સાધનોની અનિવાર્યતા વિશે કોઈ સામાન્ય માણસોએ ભાર ન્હોતો મૂક્યો, એ તો હતા ઋષિ-મુનિ કક્ષાના મનીષીઓ. પરંતુ તેઓ સહુ એનો માત્ર ઉલ્લેખ કરીને જ અટકી ગયા ન્હોતા, તેમણે તો એ અનિવાર્યતાને અધોરેખાંકિત (underline) કરીને, પોતાનો ચોક્ખો ચૂકાદો આપી દીધો કે 'આ ચાર સાધનો હોય તો બ્રહ્મજિજ્ઞાસામાં સફળતા મળે, નહીંતર નહીં !'

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૮)**

૧૯-૨૦

आदौ नित्यानित्यवस्तुविवेकः परिगण्यते ।
इहामुत्रफलभोगविरागस्तदनन्तरम् ॥ १९ ॥
शमादिषट्कसंपत्तिर्मुमुक्षुत्वमिति स्फुटम् ॥ १९-२० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

આદૌ નિત્યાનિત્યવસ્તુવિવેકઃ પરિગણ્યતે ।
ઈહામુત્રફલભોગવિરાગસ્તદનન્તરમ્ ॥ ૧૯ ॥
શમાદિષટ્કસંપત્તિર્મુમુક્ષુત્વમિતિ સ્ફુટમ્ । ૧૯-૨૦ ।

શ્લોકનો ગદ્ય અન્વય :– नित्यानित्यवस्तुविवेकः आदौ परिगण्यते, तदनन्तरं इहामुत्रफलभोगविरागः, शमादिषट्कसंपत्तिः, मुमुक्षुत्वं (च) इति स्फुटम् ॥ (१९-२०) ॥

શબ્દાર્થ :– આદૌ – સૌપ્રથમ, શરૂઆતમાં, સૌથી પહેલું, નિત્ય-અનિત્ય-વસ્તુ-વિવેકઃ જે હંમેશ ટકે છે, તે 'નિત્ય', અને જે થોડા, મર્યાદિત સમય માટે જ ટકે છે, તે 'અનિત્ય'. આત્મા 'નિત્ય' છે, જ્યારે દેહ અને દુન્યવી સર્વ વસ્તુઓ 'અનિત્ય' છે. આ બંને વસ્તુઓ વચ્ચેના ભેદને પૂરેપૂરો આત્મસાત્ કરવો, - તે **'વિવેક'**.

પરિગણ્યતે – ગણના કરવામાં આવે છે, ગણાય છે, તદ્+અનન્તરમ્ - ત્યાર-પછી, તે પછી. ઇહ-અમુત્ર-ફલભોગ-વિરાગઃ – ઇહ એટલે અહીં, આ જગતમાં-લોકમાં, અમુત્ર એટલે પરલોકમાં, મૃત્યુ પછીના લોકમાં, ફલભોગ તે તે લોકમાં પ્રાપ્ત થતાં ફળોના ઉપભોગો, વિરાગઃ – તેના પ્રત્યે **'વૈરાગ્ય'**.

શમ+આદિ+ષટ્ક-સંપત્તિઃ 'શમ' વગેરે, ષટ્ક – એટલે **'શમ'- 'દમ' - 'તિતિક્ષા'- 'શ્રદ્ધા'- 'સમાધાન' - 'ઉપરતિ'**, એ છ ગુણોને સિદ્ધ કરવાં તે, એને સંપન્ન કરવાં, તે એની **'સંપત્તિ'**. મુમુક્ષુત્વમ્ - મુમુક્ષા, મોક્ષ-પ્રાપ્તિ-ઇચ્છા, ઇતિ – આ પ્રમાણે, સ્ફુટમ્ - સ્પષ્ટ છે. (૧૯-૨૦)

અનુવાદ :– (આ ચારમાં) નિત્ય અને અનિત્ય વસ્તુઓનો **'વિવેક'** સૌપ્રથમ ગણવામાં આવે છે(૧); અને ત્યારપછી, આ લોક અને પરલોકમાંના ઉપભોગો પ્રત્યે 'વૈરાગ્ય'(૨); શમ-દમ વગેરે છ ગુણોને સંપન્ન કરવાં તે, તેની સંપન્નતા (સંપત્તિ)(૩); અને મુમુક્ષા(૪); આ પ્રમાણે, આ (સાધનો) સ્પષ્ટ છે. (૧૯-૨૦)

ટિપ્પણ :– બ્રહ્મજિજ્ઞાસાની સિદ્ધિ માટે અથવા વેદાન્તવિદ્યાના અધિકાર માટેનાં બે પ્રકારનાં સાધનો પૈકીનાં 'બહિરંગ' **ચાર** સાધનોનું અહીં, આ ત્રણ પંક્તિઓમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, અને તેમાં પણ સૌપ્રથમ **'વિવેક'**ની ગણના કરવામાં આવી છે, અને ત્યારપછી જ બાકીનાં ત્રણ, - વૈરાગ્ય, શમ-દમ વગેરે છ ગુણોની 'સંપત્તિ', 'ષટ્સંપત્તિ', અને 'મુમુક્ષા', - એટલી સ્પષ્ટતા કરવામાં આવી છે. આ ચારના 'ક્રમ' વિશેની આ સ્પષ્ટતા બહુ સૂચક છેઃ એનો અર્થ જ એ છે કે સાધકે આ ચાર 'બહિરંગ' સાધનો આત્મસાત્ કરીને અમલમાં મૂકવામાં, એને જીવનમાં આચારિત કરવામાં આ 'ક્રમ'ને અવશ્ય અનુસરવો. હવે પછી, આ 'ચાર'ની વીગતોને સવિસ્તર સમજાવવામાં આવશે, એટલે કે આધ્યાત્મિક દૃષ્ટિએ એનાં મૂળભૂત મર્મનો અથવા રહસ્યનો વિશદતા અને વીગતપૂર્વક, વિસ્તાર કરવામાં આવશે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૯-૨૦)

૨૦-૨૧

ब्रह्म सत्यं जगन्मिथ्येत्येवंरूपो विनिश्चयः ॥
सोऽयं नित्यानित्यवस्तुविवेकः समुदाहृतः ॥ २०-२१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

બ્રહ્મ સત્યં જગન્મિથ્યેત્યેવંરૂપો વિનિશ્ચયઃ ॥
સોઽયં નિત્યાનિત્યવસ્તુવિવેકઃ સમુદાહૃતઃ ॥ ૨૦-૨૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– 'બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા' ઇતિ એવંરૂપઃ વિનિશ્ચયઃ, સઃ અયં નિત્યાનિત્યવસ્તુવિવેકઃ સમુદાહૃતઃ ॥ ૨૦-૨૧ ॥

શબ્દાર્થ :– 'બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા' - "બ્રહ્મ એક જ 'સત્ય' છે અને જગત 'મિથ્યા' છે," ઇતિ એવંરૂપઃ વિનિશ્ચયઃ, એ પ્રકારનો, એવો દૃઢ, ઊંડો નિશ્ચય, એવી ગાઢ, પૂરેપૂરી પ્રતીતિ (Conviction); સઃ અયં નિત્ય-અનિત્ય-વસ્તુ-વિવેકઃ - એને જ, નિત્ય અને અનિત્ય વસ્તુઓ વચ્ચેનો **'વિવેક'**, સમુદાહૃતઃ (સમ્+ઉદ્+આ+હૃતઃ) કહેવામાં - સમજાવવામાં આવે છે. (હૃ-હર્) એ ધાતુના કર્મણિ-ભૂતકૃદંતનાં રૂપ હૃતઃને સમ્, ઉદ્, આ, - એ ત્રણ ઉપસર્ગો લગાડીને રચવામાં આવેલો આ સમુદાહૃતઃ શબ્દ છે. (૨૦-૨૧)

અનુવાદ :– "બ્રહ્મ 'સત્ય' છે અને જગત 'મિથ્યા' છે," એ પ્રકારની ઊંડી પ્રતીતિ, એટલે જ "'આ નિત્ય અને અનિત્ય વસ્તુઓ વચ્ચેનો **'વિવેક'**" કહેવામાં આવે છે. (૨૦-૨૧)

ટિપ્પણ :– આ પહેલાંના શ્લોકોમાં, બ્રહ્મવિદ્યા માટેનાં ચાર 'બહિરંગ' સાધનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હવે એ **ચાર**ને, એનાં હાર્દ(Essence)ને, એક પછી એક, સ્પષ્ટ અને સવિસ્તર સમજાવવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવે છે. **'વિવેક'**ની વાત તો, અગાઉ, કરવામાં આવી હતી, પરંતુ એ 'વિવેક' એટલે, ખરેખર, શું ? કઈ બે વસ્તુઓ વચ્ચે **'વિવેક'** કરવાનો છે ? એ બેમાં કઈ વસ્તુ 'નિત્ય' છે ? અને કઈ વસ્તુ 'અનિત્ય' છે ? એની સાચી સમજણ ('સમુદાહાર') એટલે શું ? આવા બધા, સાધકનાં મનને મુંઝવતા, સવાલોનો અહીં સાવ સરળ જવાબ આપવામાં આવ્યો છે. આ બ્રહ્માંડમાં જો કોઈ એક જ વસ્તુ 'સત્ય(Real)' હોય, તો તે છે માત્ર 'બ્રહ્મ', અને એના સિવાયનું બાકીનું બધું જ, આપણું આ 'જગત' સુદ્ધાં, સઘળું 'મિથ્યા' છે. બીજા શબ્દોમાં, જે સદા-સર્વદા 'સત્ય' છે તે **'બ્રહ્મ'** 'નિત્ય' છે, અને જે 'મિથ્યા' છે તે જગત 'અનિત્ય' છે, અને આ બે (**બ્રહ્મ** અને જગત, અનુક્રમે,'સત્ય' અને 'મિથ્યા', 'નિત્ય' અને 'અનિત્ય') વસ્તુઓ વચ્ચે રહેલા મૂળભૂત-પાયાના (Fundamental) ભેદની પ્રતીતિ, દૃઢ નિશ્ચય, અંતસ્તલને સ્પર્શે, એવી ખાતરી (Assurance) વગેરેની અનુભૂતિ કરવાનો (Realisation), - એ જ સાચા અર્થમાં **'વિવેક'**. બ્રહ્મસાક્ષાત્કારની પોતાની સાધનામાં આગળ વધતાં પહેલાં, આ **'વિવેક'**ની હૃદ્‌ગત, હાડોહાડ અનુભૂતિ કરી લેવી, એ દરેક સાધક માટેની એક અનિવાર્ય પૂર્વશરત છે.

પરંતુ એક વાતની ચોખવટની અપેક્ષા તો રહે જ છે : બ્રહ્મ શાને કારણે

'સત્ય' છે અને જગત શાને કારણે 'મિથ્યા' છે ? આ સવાલ કોઈ પણ મનુષ્યને મુંઝવે એવો છે, અને તેથી જ, એનો જવાબ મેળવવા અને પામવા માટે, તેણે થોડી ધાર્મિક-આધ્યાત્મિક સમજણ-સજ્જતા (Equipment) આત્મસાત્ કરી લેવી જોઈએ. આ જગતનું સર્જક એવું પરમ-તત્ત્વ, - 'બ્રહ્મ' છે, એ ભલે ક્યાંય દેખાતું ન હોય, છતાં એ સર્વત્ર છે જ, એટલું જ નહીં પણ એ સદા-સર્વદા રહ્યા જ કરે છે, એ શાશ્વત છે, સનાતન (Eternal) છે, - એવી સાત્ત્વિક શ્રદ્ધા પ્રત્યેક સંનિષ્ઠ 'આસ્તિક'ને થાય છે, - 'બહારની' સ્થૂલ આંખોને બંધ કરીને, 'અંદરની' ભીતરી સૂક્ષ્મ આંખો પર દૃષ્ટિને કેન્દ્રિત કરવાથી. અને આ જ પેલી સજ્જતા ! અને આપણું આ દેખાતું (વ્યક્ત) જગત તો, વારંવાર, 'ઉત્પત્તિ' અને 'વિનાશ', 'સર્જન' અને 'પ્રલય'નાં ચક્કરમાં ફસાયેલું જ છે !

અને પેલાં 'અવ્યક્ત' બ્રહ્મનું 'વ્યક્ત' સ્વરૂપ એટલે જ આ આપણું જગત ! અને આ 'રહસ્ય'ની અનુભૂતિ એટલે જ **'વિવેક'** !

આવી અનુભૂતિમાં સહાયભૂત થાય એવું, રજ્જુ અને સર્પના ન્યાયનું દૃષ્ટાંત, આ જ કારણે, સ્વીકારવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૦-૨૧)

૨૧-૨૨

तद्वैराग्यं जुगुप्सा या दर्शनश्रवणादिभिः ॥ २१ ॥
देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोग्यवस्तुनि । २१-२२ ।

શ્લોકનો ગુજરાતી પાઠ :–

तद्वैराग्यं जुगुप्सा या दर्शनश्रवणादिभिः ॥ २१ ॥
देहादिब्रह्मपर्यन्ते ह्यनित्ये भोग्यवस्तुनि । २१-२२ ।

શ્લોકનો ગદ્ય અન્વય :– दर्शनश्रवणादिभिः देहादिब्रह्मपर्यन्ते अनित्ये भोग्यवस्तुनि या जुगुप्सा, तद् हि 'वैराग्यम्' ॥ (२१-२२) ॥

શબ્દાર્થ :– दर्शनश्रवणादिभिः- દર્શન એટલે જોવું અને શ્રવણ એટલે સાંભળવું; જોવા તથા સાંભળવા વગેરે વડે; બ્રહ્મ એટલે, અહીં, બ્રહ્મલોક. દેહાદિ - દેહ વગેરેથી માંડીને બ્રહ્મલોક (પર્યન્તે) સુધી પ્રસરેલી, ફેલાયેલી, પથરાઈ રહેલી, અનિત્યે ભોગ્યવસ્તુનિ - અનિત્ય અથવા નાશવંત, અલ્પજીવી એવી ભોગ્ય વસ્તુઓ પ્રત્યે, આવા પદાર્થો તરફ, યા - જે, જુગુપ્સા - ઘૃણાબુદ્ધિ, તિરસ્કાર, ચીતરી-ચડવી તે, Disgust, Aversion, Contempt, तद् हि वैराग्यम् - તે જ વૈરાગ્ય. (૨૧-૨૨)

અનુવાદ :– દેહથી માંડીને છેક બ્રહ્મલોક સુધી ફેલાયેલી અનિત્ય એવી (સઘળી) ભોગ્ય વસ્તુઓને જોવા-સાંભળવા વગેરે (અનુભવો) વડે, તેમના પ્રત્યે જે ઘૃણા થાય, તે (અનુભૂતિ) જ 'વૈરાગ્ય' છે.

ટિપ્પણ :– બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટેનાં જે ચાર 'બહિરંગ' સાધનો અગાઉ ઉલ્લેખવામાં આવ્યાં હતાં, તેમાંનાં બીજાં સાધન-'વૈરાગ્ય'-ની, અહીં, સમજૂતી આપવામાં આવી છે.

જે વ્યક્તિ વિચારશીલ અને સંવેદનશીલ છે તથા જેને બ્રહ્મની જિજ્ઞાસા છે, તેને આ બ્રહ્માંડના સર્વ ભોગ્ય પદાર્થોનાં દર્શનથી, એ સર્વ વિશેનાં શાસ્ત્રોમાંનાં શ્રવણથી, તેમ જ સંતોના ઉપદેશ-સત્સંગ વગેરેથી ખાતરી થાય છે કે એ બધાં અનિત્ય છે, નાશવંત છે. એને સમજાય છે કે એ બધાનો ઉપભોગ એક પ્રકારનું અનિષ્ટ (Evil) છે. એમના સંપર્કમાં આવવાથી, એ બધા પ્રત્યે, પરિણામે, એને તિરસ્કાર-ભાવના તથા ઘૃણાબુદ્ધિ થાય છે, અને અંતે સંસાર તથા એની સાથે સંકળાયેલી સર્વ વસ્તુઓ પ્રત્યે તે, એક પ્રકારની, ચીતરી-ચડવા જેવી લાગણી અનુભવવા માંડે છે અને તે બધાથી તે મોઢું ફેરવી લે છે, પરાઙ્મુખ થઈ જાય છે.

સંસ્કૃત સાહિત્યમાં, શૃંગાર-કરુણ-વીર-હાસ્ય વગેરે જે આઠ કે નવ રસ સ્વીકારવામાં આવ્યા છે, તેમાં એક 'બીભત્સ' રસ પણ છે. સ્મશાનમાં ગીધડાં શબને ફોલી ખાતાં હોય, અથવા યુદ્ધ પછી સમરાંગણમાં હણાયેલા યોદ્ધાઓનાં લોહી-માંસ વગેરેને પશુઓ ખાતાં-પીતાં હોય, - એવાં દૃશ્યોથી સંવેદનશીલ વ્યક્તિને જે રસાનુભૂતિ થાય, તે 'બીભત્સ' કહેવાય છે. આ રસના સ્થાયિભાવને 'જુગુપ્સા' કહેવામાં આવે છે, જેનો આ શ્લોકમાં ઉલ્લેખ છે.

'વૈરાગ્ય' એટલે, ખરેખર, શું, એ બરાબર સમજવા માટે, આ 'બીભત્સ' રસની ઉપર્યુક્ત અનુભૂતિને સ્મરણમાં રાખવી જરૂરી છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૧-૨૨)

૨૨-૨૩

विरज्य विषयव्रातात् दोषदृष्ट्या मुहुर्मुहुः ॥ २२ ॥
स्वलक्ष्ये नियतावस्था मनसः शम उच्यते । २२-२३ ।

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિરજ્ય વિષયવ્રાતાદ્ દોષદૃષ્ટ્યા મુહુર્મુહુઃ ॥ ૨૨ ॥
સ્વલક્ષ્યે નિયતાવસ્થા મનસઃ શમ ઉચ્યતે । ૨૨-૨૩ ।

શ્લોકનો ગદ્ય અન્વય :– મુહુઃ મુહુઃ દોષદૃષ્ટ્યા વિષયવ્રાતાદ્ વિરજ્ય, સ્વલક્ષ્યે મનસઃ (યા) નિયતાવસ્થા, (સા) 'શમઃ' ઉચ્યતે ॥ ૨૨-૨૩ ॥

શબ્દાર્થ :– કાન-ચામડી-આંખ-જીભ-નાક વગેરે જ્ઞાનેન્દ્રિયો વડે જે અનુભવાય છે, - **શબ્દ** (સાંભળવું), **સ્પર્શ**, **રૂપ**, **રસ** અને **ગંધ**, - એ પાંચને **'વિષયો'** અથવા **'તન્માત્રાઓ'** કહેવામાં આવે છે. **વ્રાત** એટલે સમૂહ, આ પાંચ વિષયોનો સમૂહ, એટલે **વિષયવ્રાત**. **મુહુઃ મુહુઃ** એટલે વારંવાર, **વિરજ્ય**-વિરક્ત થઈને, એના પ્રત્યેની

'વૈરાગ્ય-વૃત્તિ' વડે, પેલા વિષયોના સમૂહમાંથી (विषयव्रातात्), दोषदृष्ट्या - એના પ્રત્યે વારંવાર દોષદૃષ્ટિ કરવાથી, એમ કરતાં દોષમાં પડી જવાય, એવી નજરે, स्वलक्ष्ये - પોતાનાં લક્ષ્ય-ધ્યેય(Goal, Aim)ની બાબતમાં, मनसः नियतावस्था - મનનું સ્થિર થઈ જવું, મનની સ્થિર અવસ્થા, માનસિક સ્થિરતા, शमः उच्यते । આવી પરિસ્થિતિને, અનુભૂતિને **'શમ'** કહેવામાં આવે છે. (૨૨-૨૩)

અનુવાદ :– વિષયોના સમૂહ પ્રત્યે, વારંવાર (સતત) દોષદૃષ્ટિ રાખવાથી, તે(સર્વ)માંથી વિરક્ત થઈને, પોતાનાં લક્ષ્ય બાબતમાં, મનનું સ્થિર થઈ જવું, તેને 'શમ' કહેવામાં આવે છે. (૨૨-૨૩)

ટિપ્પણ :– બ્રહ્મજિજ્ઞાસાની સફળતા માટેનાં 'બહિરંગ' સાધનોમાં જે ત્રીજું, સાધન- શમાદિષટ્ક(શ્લોક-૨૦), ઉલ્લેખવામાં આવ્યું હતું, 'શમ' - વગેરે છ ગુણોનો સમૂહ, - તેમાંના **'શમ'**ને અહીં સમજાવવામાં આવ્યો છે.

મનુષ્યનાં મનને અસ્વસ્થ કરે છે, - વિષયવાસનાઓ, શબ્દ-સ્પર્શ વગેરે 'વિષય'-સમૂહ, - એના પ્રત્યે બ્રહ્મજિજ્ઞાસુનું વલણ કેવું હોવું જોઈએ ? વારંવાર, સતત 'કનડી' રહેલા આ વિષયોનું સેવન કરવું તે 'દોષ' છે, અનિષ્ટ છે, ન કરવા જેવું છે, - એવું વલણ. આવું વલણ રાખવાથી, તેને તેના પ્રત્યે વૈરાગ્ય થાય છે, એક પ્રકારની નફરત થાય છે (विरज्य) અને એનાં પરિણામે, પોતાનાં જીવનનાં લક્ષ્ય(બ્રહ્મની પ્રાપ્તિ)ની બાબતમાં, તે માનસિક સ્થિરતા(मनसः नियतावस्था) - Steadiness of mindને પામે છે. બસ, મનની આવી સ્થિરતા, સ્થિરાવસ્થા, એ જ 'શમ'.

शम्-शाम्- એ ધાતુ પરથી બનેલો આ **'શમ'** - શબ્દ એટલે જ 'शान्ति' (Mental peace) મનનું શાંત થવું, - હોવું, તે, ઈશ્વરસાક્ષાત્કારની પ્રક્રિયામાં બહુ મહત્ત્વનું છે. આથી જ ગીતામાં કહેવાયું છે કે अशान्तस्य कुतः सुखम् । (૨,૬૬). "અશાન્તને, - એટલે, આ **'શમ'**-ગુણ વિનાના-ને, વળી, સુખ કેવું ? ક્યાંથી ? શાથી ?"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૨-૨૩)

૨૩-૨૪

विषयेभ्यः परावृत्य स्थापनं स्व-स्वगोलके ॥ २३ ॥
उभयेषामिन्द्रियाणां स दमः परिकीर्तितः ।
बाह्यानालम्बनं वृत्तेरेषोपरतिरुत्तमा ॥ २४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિષયેભ્યઃ પરાવૃત્ય સ્થાપનં સ્વ-સ્વગોલકે ॥ ૨૩ ॥
ઉભયેષામિન્દ્રિયાણાં સ દમઃ પરિકીર્તિતઃ ।
બાહ્યાનાલમ્બનં વૃત્તેરેષોપરતિરુત્તમા ॥ ૨૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ઉભયેષાં ઇન્દ્રિયાણાં વિષયેભ્યઃ પરાવૃત્ય, સ્વ-સ્વગોલકે સ્થાપનં, સઃ 'દમઃ' પરિકીર્તિતઃ । વૃત્તેઃ બાહ્ય-અનાલમ્બનં, એષા ઉત્તમા 'ઉપરતિઃ' ॥ (૨૩-૨૪)

શબ્દાર્થ :– ઉભયેષાં ઇન્દ્રિયાણાં – બંને પ્રકારની ઇન્દ્રિયોને. શરીરમાંની ઇન્દ્રિયો બે પ્રકારની છે : 'જ્ઞાનેન્દ્રિયો' અને 'કર્મેન્દ્રિયો'. કાન, ત્વચા(ચામડી), આંખ, રસના(જીભ) અને ઘ્રાણેન્દ્રિય (નાક), - આ પાંચ 'જ્ઞાનેન્દ્રિયો' છે. આ 'જ્ઞાનેન્દ્રિયો' વડે જેમનું 'જ્ઞાન' થાય છે, માહિતી મળે છે, અનુભૂતિ થાય છે તે, અનુક્રમે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, - એ પાંચ, વિષયો' અથવા 'તન્માત્રાઓ' છે. હાથ, પગ, વાણી, જનનેન્દ્રિય અને ગુદા, - એ પાંચ 'કર્મેન્દ્રિયો' છે. વિષયેભ્યઃ પરાવૃત્ય – તેમના તે તે 'વિષયો'માંથી પાછી વાળીને, ખેંચી લઈને, withdraw કરીને, સ્વ-સ્વગોલકે સ્થાપનં. પાછી વાળીને તેમનું શું કરવું ? તેમનાં પોતપોતાનાં તે તે ગોળામાં-કાણાંમાં-પોલાણમાં, બખોલોમાં-બાંકોરાંમાં પાછી સ્થાપી દેવી, મૂકી દેવી, સ્થિર કરવી, ફરી ગોઠવી દેવી, સઃ દમઃ પરિકીર્તિતઃ - તેને **'દમ'** કહેવામાં આવે છે. વૃત્તિ એટલે મનોવૃત્તિ, મનની પ્રવૃત્તિ, બાહ્ય-અનાલમ્બનં-બાહ્ય વિષયોનું આલંબન ન લેવું તે, એટલે કે મનોવૃત્તિ બાહ્ય વિષયોમાં ભમ્યા ન કરે તે; વિષયો તરફનું મનોવૃત્તિનું સ્વાભાવિક ભ્રમણ અટકી જાય તે. એષા ઉત્તમા ઉપરતિઃ આમ થવું એ જ ઉત્તમ પ્રકારની **'ઉપરતિ'** છે. (૨૩-૨૪)

અનુવાદ :– બંને (પ્રકારની) ઇન્દ્રિયોને (તેમના) વિષયોમાંથી પાછી વાળી લઈને, (તેમને) પોતપોતાનાં ગોલકોમાં (ફરી પાછી) સ્થાપી દેવી તેને **'દમ'** કહેવામાં આવે છે. મનોવૃત્તિ બાહ્ય વિષયોમાં ભમ્યા ન કરે, તે ઉત્તમ પ્રકારની **'ઉપરતિ'** છે. (૨૩-૨૪)

ટિપ્પણ :– બ્રહ્મનિષ્ઠા માટેનાં 'બહિરંગ' 'સાધન-સંપત્તિ'માંના છ ગુણોમાંના બે ગુણો, - **'દમ'** અને **'ઉપરતિ'**-ને અહીં સમજાવવામાં આવ્યા છે.

'શમ' એટલે મનની સ્થિરતા, મનોનિગ્રહ, મન પરનું નિયંત્રણ, તો 'દમ' એટલે બંને પ્રકારની ઇન્દ્રિયો પરનું વર્ચસ્વ. ઇન્દ્રિયોને પોત-પોતાના 'વિષયો' તરફ સતત ભમ્યા કરવાનો એક પ્રકૃતિગત સ્વભાવ છે. કાનને સાંભળવું ગમે (શ્રવણ, 'શબ્દ'), આંખને જોવું ગમે ('રૂપ'), જીભને ચાખવું-આસ્વાદવું ગમે ('રસ') - વગેરે, વગેરે. ઇન્દ્રિયોને આમ કરતી રોકી દેવી, તેમનો અવરોધ કરવો, તેમના તે તે 'વિષયો'માંથી તેમને પાછી ખેંચી લેવી એટલું જ નહીં પણ, તેમને આ રીતે ત્યાંથી પાછી વાળી લઈને (પરાવૃત્ય), તેમને પોતપોતાનાં મૂળ ગોલકમાં પાછી ગોઠવી દેવી (સ્થાપનં), - એટલે **'દમ'**. **'શમ'** શબ્દ જેમ મૂળ શમ્-શામ્ એ ધાતુ પરથી બન્યો છે, તેમ **'દમ'** શબ્દ દમ્ (દમન કરવું, 'દબાવવું') એ ધાતુ પરથી બનેલો છે.

'દમ'માં ઇન્દ્રિયોને વિષયોમાંથી પાછી વાળી લેવાની, Withdrawalની વાત

હતી. પાછી ક્યારે વાળવી પડે ? ત્યાં ગઈ હોય તો ને ? એમને પોતપોતાનાં ગોલકમાંથી બહાર જવા જ ન દેવી. આ બધું 'તોફાન' કરી રહેલાં 'મન'ની આવી વૃત્તિ જ અટકી જાય, ક્યાંય બહારનો આશ્રય ન લે (અનાલમ્બનં), બહારનું બધું ભ્રમણ જ બંધ કરી દે,એમ કરતાં સાવ અટકી જાય, તે ઉત્તમ પ્રકારની **'ઉપરતિ'** છે. उप+रम् એ ધાતુ પરના આ શબ્દનો અર્થ એટલે 'અટકી જવું', મનોવૃત્તિ પોતાના સ્વાભાવિક બાહ્ય-પરિભ્રમણમાંથી સંપૂર્ણરીતે અટકી જાય, તે **'ઉપરતિ'**.

'શમ' અને **'દમ'** પછી, વચ્ચેના ત્રણ ગુણોને ન સમજાવતાં, છેલ્લા છઠ્ઠા ગુણ **'ઉપરતિ'**ને અહીં સમજાવ્યો છે, તે, કદાચ, ગ્રંથકારનાં આલેખનની અનુકૂળતા માટે હશે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૩-૨૪)**

૨૫

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥ २५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

सहनं सर्वदुःखानामप्रतीकारपूर्वकम् ।
चिन्ताविलापरहितं सा तितिक्षा निगद्यते ॥ २५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— अप्रतीकारपूर्वकं चिन्ताविलापरहितं (च) सर्वदुःखानां सहनं, सा 'तितिक्षा' निगद्यते ॥ २५ ॥

શબ્દાર્થ :— सर्वदुःखानां सहनं - બધાં દુઃખોને સહી લેવાં. કેવી રીતે ? अप्रतीकारपूर्वकं - તેનો કશો પણ, કોઈ પણ જાતનો પ્રતીકાર કર્યા વગર, મૌન રહીને, મૂંગે મોઢે, કશી પણ ફરિયાદ કર્યા વિના, કશો પણ સામનો કર્યા વગર, चिन्ताविलापरहितं - દુઃખો પડે ત્યારે, કાં એની ચિંતા થાય, અથવા માણસ રડી પડે, વિલાપ કરે, - એવું કશું જ કર્યા વિના, ધીરજ અને હિંમત રાખીને, ચિંતા અને વિલાપની માનવ-સહજ નિર્બળતાને વશ થયા વગર. सा तितिक्षा निगद्यते - આત્મસંયમની આવી પરાકાષ્ઠાને **'तितिक्षा'** કહેવામાં આવે છે. (૨૫)

અનુવાદ :— કશોયે પ્રતીકાર કર્યા વિના અને ચિંતા કે વિલાપ કર્યા વિના, બધાં જ દુઃખોને સહી લેવાં તેને **'तितिक्षा'** કહેવામાં આવે છે. (૨૫)

ટિપ્પણ :— **'બહિરંગ'** સાધન-ષટ્સંપત્તિ'માંના **'तितिक्षा'** ગુણને અહીં સમજાવવામાં આવ્યો છે.

'तितिक्षा' એટલે દુઃખોની સહનશક્તિની પરાકાષ્ઠા. દુઃખો આવી પડે ત્યારે ગભરાઈ જવું, એનો પ્રતીકાર કરવો, એની ચિંતામાં પરેશાન રહેવું, રડારોડ કર્યા કરવી, - બ્રહ્મવિદ્યાના સાધકને આવું બધું છાજે નહીં. કોઈને ખબર ન પડે કે

ખ્યાલ પણ ન આવે, એવી રીતે, સંપૂર્ણરીતે સ્વસ્થ તથા સ્થિર રહીને, બધાં જ દુઃખોને સહી લેવાં, એ જ **'તિતિક્ષા'**.

કુરુક્ષેત્રના રણમેદાનમાં, શત્રુસૈન્યમાં ભીષ્મ-દ્રોણ વગેરે વડીલોને અને સ્વજનોને જોઈને વિષાદ અનુભવતા અર્જુનને, શ્રીકૃષ્ણે, આથી જ આદેશ આપ્યો હતો કે - तांस्तितिक्षस्व भारत ! (૨,૧૪)

'હે ભારત ! આ બધાં દુઃખોને તું ધૈર્યપૂર્વક સહન કરી લે.'

આ **'તિતિક્ષા'**-શબ્દ तिज्(હિંમત અને ધૈર્યપૂર્વક સહન કરવું એ ધાતુ પરથી) બન્યો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૫)

૨૬

शास्त्रस्य गुरुवाक्यस्य सत्यबुद्ध्वधारणम् ।
सा श्रद्धा कथिता सद्भिर्यया वस्तूपलभ्यते ॥ २६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શાસ્ત્રસ્ય ગુરુવાક્યસ્ય સત્યબુદ્ધ્યવધારણમ્ ।
સા શ્રદ્ધા કથિતા સદ્ભિર્યયા વસ્તૂપલભ્યતે ॥ ૨૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– शास्त्रस्य गुरुवाक्यस्य (च) सत्य-बुद्धि-अवधारणं सा 'श्रद्धा' (इति) सद्भिः कथिता, यया वस्तु उपलभ्यते ॥ २६ ॥

શબ્દાર્થ :– सत्य-बुद्धि-अवधारणं. અવધારણ એટલે નિર્ણય, નિશ્ચય, નિષ્ઠા, 'એ સાચું છે,' એવો બુદ્ધિપૂર્વકનો (નિશ્ચય). શાના વિશેનો નિશ્ચય ? शास्त्रस्य सत्यबुद्धि, गुरुवाक्य (च) શાસ્ત્ર(ના આદેશો) અને સદ્ગુરુનાં વાક્યોમાં, એ બાબત, એ વિશે; સજ્જનો જેને **'શ્રદ્ધા'** કહે છે, તેના વડે શું સિદ્ધ કરી શકાય ? - वस्तु જેની પ્રાપ્તિ કરવાની છે તે મૂળભૂત લક્ષ્ય વસ્તુ, - જે, यया આ **'શ્રદ્ધા'** વડે મેળવી શકાય છે. (उपलभ्यते) (૨૬)

અનુવાદ :– શાસ્ત્ર અને સદ્ગુરુનાં વાક્યો, 'એ સાચાં છે,' એવો સમજણપૂર્વકનો નિશ્ચય, - એને જ સજ્જનોએ **'શ્રદ્ધા'** કહી છે, (કે) જેના વડે મૂળભૂત વસ્તુને પ્રાપ્ત કરી શકાય છે. (૨૬)

ટિપ્પણ :– **'શ્રદ્ધા'** એક સુપરિચિત શબ્દ છે, પરંતુ એનો શાસ્ત્રોક્ત અર્થ શું ? એનો જવાબ આ શ્લોકમાં અપાયો છે.

આપણે ઘણાં શાસ્ત્રો વાંચીએ છીએ અને સદ્ગુરુઓનાં વ્યાખ્યાનો-ઉપદેશો સાંભળીએ છીએ, પરંતુ એ બધાં વચનો, ખરેખર, સાચાં છે, એવી ઊંડી નિષ્ઠા, એવો સુદૃઢ નિશ્ચય(અવધારણ) આપણે ધરાવીએ છીએ ? આમ તો, આ એક આંતર-દર્શન (Introspection) અને આત્મ-પ્રતીતિ (Self-Conviction)ની બાબત

છે. શાસ્ત્રો અને સદ્‌ગુરુઓની પ્રમાણભૂતના(Authority) વિશેની નિષ્ઠા સાચી હશે તો ભીતરમાંથી અસંદિગ્ધ, ખરો જવાબ, અચૂક મળશે. આથી જ ગીતાએ **'શ્રદ્ધા'**નો મહિમા, આ પ્રમાણે, કર્યો છે :-

श्रद्धामयोऽयं पुरुषः यो यच्छ्रद्धः स एव सः ॥ (૧૭, ૩)

('આ સંસારી જીવ શ્રદ્ધામય છે, જેની જેવી શ્રદ્ધા, તેવો તે થાય છે.')

આચાર્યશ્રીએ ઉપર્યુક્ત ગીતા-વચનને પ્રમાણ સમજીને જ અહીં 'શ્રદ્ધા' વિશેનો પોતાનો મત દર્શાવ્યો છે કે આ **'શ્રદ્ધા'** હોય તો જ સાધક પોતાનાં ધ્યેય(વસ્તુ)ને સંપન્ન કરી શકે છે.

અહીં વસ્તુ શબ્દને સમજાવવાની જરૂર રહેતી નથી, કારણ કે વેદાન્તમાં રસ ધરાવતી પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે સાધકનું એકમાત્ર લક્ષ્ય બ્રહ્મજિજ્ઞાસા છે.

'બહિરંગ' સાધનોમાંની **'ષટ્‌સંપત્તિ'**માંના ચોથા ગુણ,-**'શ્રદ્ધા'**-ની વ્યાખ્યા અહીં કરવામાં આવી છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૬)

૨૭

सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वथा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम् ॥ २७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

सर्वदा स्थापनं बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वथा ।
तत्समाधानमित्युक्तं न तु चित्तस्य लालनम् ॥ २७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– बुद्धेः शुद्धे ब्रह्मणि सर्वदा सर्वथा (यत्) स्थापनं, तत् 'समाधानं' इति उक्तं, चित्तस्य लालनं तु (समाधानं) न (एव भवति) ॥(૨૭)॥

શબ્દાર્થ :– शुद्धे ब्रह्मणि बुद्धेः स्थापनं - **શુદ્ધ બ્રહ્મમાં બુદ્ધિને સ્થાપવી**, સ્થિર કરવી, સુયુક્ત કરવી. એની રીત કેવી હોવી જોઈએ ? ક્યારે ? सर्वदा - સદા, હંમેશાં, સતત. કેવી રીતે ? सर्वथा બધી રીતે, એટલે કે સંપૂર્ણરીતે, પૂરેપૂરી. આવી 'સ્થાપના' એટલે જ **'समाधान'**. लालनं - લાડ લડાવવાં, આળપંપાળ કરવી, ફટવી મૂકવું. (૨૭)

અનુવાદ :– બુદ્ધિને શુદ્ધ બ્રહ્મમાં, સતત અને સંપૂર્ણરીતે સ્થિર કરી દેવી, એને જ **'સમાધાન'** કહેવામાં આવે છે. ચિત્તને લાડ લડાવવાં, એ (હરગીઝ 'સમાધાન') નથી (૨૭)

ટિપ્પણ :– 'સમાધાન'-ગુણ એટલે શું ? એની સમજૂતી આ શ્લોકમાં આપવામાં આવી છે. મનુષ્યની જીવન-સાર્થકતાનો સઘળો આધાર એના મન અને મનોનિગ્રહ પર, મનની આજ્ઞાંકિતતા પર રહે છે. સ્વભાવે, ચિત્તને તો, ઈન્દ્રિયોના વિષયોમાં ભમ્યા કરવું ગમે છે, એટલે સાધકે એનાં કશાં લાલન-પાલન કે આળપંપાળ

કર્યા વગર, એના પર સતત નજર રાખીને, તેને શુદ્ધ બ્રહ્મમાં જ સંપૂર્ણરીતે સ્થાપી દેવી જોઈએ, જેથી તે ત્યાં જ સર્વદા સ્થિર રહે.

ઇન્દ્રિયોનાં આવાં 'તોફાનો' વિશે, આથી જ, ગીતામાં, શ્રીકૃષ્ણે, ભક્તને, આવી ચેતવણી આપી છે :-

इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ।
तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ॥ (૨,૬૦-૬૧)

('ઇન્દ્રિયો તો અત્યંત મથી નાખ્યા કરતી હોય છે, મનુષ્યનાં મનને તે બળાત્કારે વિષયો તરફ ખેંચી જાય છે. તેથી સાધકે તે સર્વ ઇન્દ્રિયોને પોતાના સંયમમાં રાખીને, યોગયુક્ત થઈને, મારે પરાયણ થઈ જવું.')

વેદાન્તવિદ્યાના અધિકાર માટેનાં **ચાર** 'બહિરંગ' સાધનોમાંની **ષટ્સંપત્તિનું** નિરૂપણ અહીં પૂરું થાય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૭)

૨૮

अहंकारादिदेहान्तान् बन्धानज्ञानकल्पितान् ।
स्वस्वरूपावबोधेन मोक्तुमिच्छा मुमुक्षुता ॥ ૨૮ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

અહંકારાદિદેહાન્તાન્ બન્ધાનજ્ઞાનકલ્પિતાન્ ।
સ્વસ્વરૂપાવબોધેન મોક્તુમિચ્છા મુમુક્ષુતા ॥ ૨૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- અહંકારાદિદેહાન્તાન્ અજ્ઞાનકલ્પિતાન્ બન્ધાન્ સ્વ-સ્વરૂપાવબોધેન મોક્તું ઇચ્છા 'મુમુક્ષુતા' ॥ ૨૮ ॥

શબ્દાર્થ :- મુમુક્ષુતા, - 'મુમુક્ષા', મોક્તું ઇચ્છા, - મુક્ત થવાની, છૂટવાની ઇચ્છા. કોને છોડવાનાં છે ? બન્ધાન્ - બંધનોને. કેવાં છે, એ બંધનો ? અજ્ઞાનકલ્પિતાન્ - અજ્ઞાનને કારણે કલ્પવામાં આવેલાં, કલ્પેલાં. એનું રૂપ કેવું હોય છે ? અહંકાર + આદિ + દેહ + અન્તાન્ - અહંકારથી શરૂ કરીને, છેક દેહ સુધીનાં. આ બંધનોમાંથી કેવી રીતે છૂટવું ? એ સહુને ક્યાં સાધનો વડે છોડવાં ? સ્વ-સ્વરૂપ+અવબોધેન. અવબોધ એટલે સાચું, સમ્યગ્ જ્ઞાન. શાનું જ્ઞાન ? સ્વ-સ્વરૂપનું જ્ઞાન, પોતાનાં મૂળભૂત (Original) સ્વરૂપનું જ્ઞાન. એના વડે પેલાં બંધનોને છોડવાની ઇચ્છા, એટલે જ **'મુમુક્ષા'**. (૨૮)

અનુવાદ :- અહંકારથી માંડીને દેહ સુધીનાં, અજ્ઞાનનાં કારણે કલ્પેલાં બંધનોને, પોતાનાં મૂળભૂત સ્વરૂપનાં જ્ઞાન વડે છોડવાની ઇચ્છા, એટલે જ મુમુક્ષુતા, **'મુમુક્ષા'**. (૨૮)

ટિપ્પણ :- બ્રહ્મજિજ્ઞાસાનાં ચાર **'બહિરંગ'** સાધનોમાંનું છેલ્લું, ચોથું - **'મુમુક્ષા'** - અહીં સમજાવવામાં આવ્યું છે.

સાત્વિક મનોવૃત્તિવાળા સહુ સાધકો સમજે છે કે 'મોક્ષ' એટલે જન્મ-મરણની સતત ચાલી રહેલી ઘટમાળમાંથી મુક્ત થવું. પરંતુ એ 'ઘટમાળ' 'બંધન'-રૂપ શાથી બની ગઈ ? એ બંધન કેવું છે, એની રચના, એનું સર્જન વગેરે કેવી રીતે થયાં ? અને આ બંધનોને કેવી રીતે છોડી શકાય ? - આવી સર્વ પ્રક્રિયાઓ કંઈક આવી છે :

'અહંકાર' શબ્દ સહુ જાણે છે. સામાન્ય રીતે એનો Pride, Vanity - એવો અર્થ કરવામાં આવે છે. પરંતુ ખરેખર, વસ્તુતઃ, એવું નથી. મનમાંનો (અહં) 'હું'-એવો ભાવ, એટલે અહંકાર. સંસારનાં સર્વ બંધનોનાં મૂળમાં આ 'અહં-ભાવ' રહેલો છે અને તેથી જ અહીં તેને આદિ કહેવામાં આવ્યો છે. સર્વ બંધનોની શરૂઆત જ આ ભાવથી થાય છે, સર્વ બંધનોનાં મૂળમાં આ 'અહંભાવ' - Egotism - જ રહેલો છે. માનસશાસ્ત્ર(Psychology)ના પાશ્ચાત્ય પ્રણેતા ફ્રોઈડે (Freud) પોતાના સિદ્ધાંતનું મંડાણ જ આ 'અહં'(Ego, 'કેપિટલ-આઈ I')ના આધારે કર્યું છે. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો અને દેહ, સુદ્ધામાં, સર્વમાં, સર્વત્ર અહંપણું-મારાપણું- એ ભાવની અનુભૂતિ, એના વડે મનુષ્યનું સમગ્ર અસ્તિત્વ ગ્રસ્ત થઈ જાય, ત્યારે મનુષ્ય એમાં એવો જકડાઈ જાય છે કે એને બીજું કશું દેખાતું નથી. હકીકતમાં, આવું બંધન સાચું (Real) હોતું જ નથી. એ કલ્પવામાં આવેલું છે, કલ્પિત છે, એ છે મનુષ્યોનો માત્ર 'ભ્રમ' (A delusion) જ. આવી કલ્પના, કેમ કરીને શક્ય બની ? માત્ર એક જ જવાબ : પોતાનાં સાચાં મૂળભૂત સ્વરૂપનું અજ્ઞાન. પોતે આ દેહધારી મનુષ્ય જીવાત્મા નથી, પરંતુ પરમાત્મા છે, - એ સનાતન સત્ય(Eternal Truth)નું અજ્ઞાન. આ 'અહંકાર'(Self-love)ને વેદાન્ત-દર્શનમાં 'અવિદ્યા' (Spiritual ignorance) ગણવામાં આવી છે. આ અવિદ્યાને કારણે એક મોટી અનર્થ-પરંપરા સર્જાય છે : અંધકાર વડે ઢંકાયેલું દોરડું સાપનો ભ્રમ અને ભય ઊભો કરે છે, તેમ જ આ 'અહંકાર'-રૂપી અવિદ્યાનાં આવરણને કારણે, બંધનની કલ્પના સર્જાય છે. અને આ બંધનને છોડવાની ઇચ્છા એટલે જ પોતાનાં સાચાં સ્વરૂનું જ્ઞાન, વિદ્યા (Spiritual knowledge : સ્વ-સ્વરૂપાવબોધ). હકીકતમાં, આવા સ્વ-સ્વરૂપ-અવબોધ થતાંની સાથે જ, એના વડે પેલા અજ્ઞાનકલ્પિત બંધનને છોડવાની ઇચ્છા મોક્ષુમિચ્છા, સાધકનાં ચિત્તમાં, સ્વયમેવ, જાગૃત થાય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮)

૨૯

मन्दमध्यमरूपापि वैराग्येण शमादिना ।
प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥ २९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

मन्दमध्यमरूपापि वैराग्येण शमादिना ।
प्रसादेन गुरोः सेयं प्रवृद्धा सूयते फलम् ॥ २९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– वैराग्येण, शमादिना, गुरोः प्रसादेन (च), मन्दमध्यमरूपा अपि सा इयं (मुमुक्षुता) प्रवृद्धा (भवति), (अन्ते च सा एव) फलं सूयते ॥ २९ ॥

શબ્દાર્થ :– सा इयं – તે જ આ 'મુમુક્ષુતા', (अपेक्षितं ब्रह्मज्ञानरूपं) फलं सूयते – (અપેક્ષિત બ્રહ્મજ્ઞાનરૂપી) ફળ ઉત્પન્ન કરે છે, આપે છે. (आरम्भे) मन्दमध्यमरूपा अपि – (सा-નું વિશેષણ). તે (મુમુક્ષુતા, આરંભમાં) મંદ અને અને મધ્યમ પ્રકારની હોવા છતાં, એની માત્રા અને તીવ્રતા, પ્રમાણમાં, ઓછી હોવા છતાં, वैराग्येण, शमादिना, गुरोः प्रसादेन (च) – વૈરાગ્ય, શમ-દમ વગેરે છ ગુણો અને ગુરુની કૃપા વડે, प्रवृद्धा (भवति) પ્રબળ, તીવ્ર અને સઘન બને છે. (૨૯)

અનુવાદ :– (આરંભમાં) મંદ અને મધ્યમ પ્રકારની હોવા છતાં, આ તે જ (મુમુક્ષુતા), વૈરાગ્ય, શમ (દમ, શ્રદ્ધા, તિતિક્ષા) વગેરે (ગુણો) અને સદ્‌ગુરુની કૃપા વડે, (અંતે) સબળ બને છે અને (અપેક્ષિત બ્રહ્મજ્ઞાનરૂપી) ફળ આપે છે. (૨૯)

ટિપ્પણ :– સાધકનો ભીતરી વિકાસ ઓછો-અધૂરો હોવાનાં કારણે, એની આ મુમુક્ષા આરંભમાં ભલે મંદ અને મધ્યમ કક્ષાની હોય, તેથી મુંઝાવાની જરૂર નથી. આ દિશામાં તેણે શ્રદ્ધાપૂર્વક પ્રયાણ કર્યું જ હોવાથી, વૈરાગ્ય, શમ-દમ વગેરે ગુણો અને સદ્‌ગુરુની કૃપા વગેરે વડે, તે, ધીમે ધીમે છતાં અચૂક, અવશ્ય, પર્યાપ્ત માત્રામાં પરિપક્વ અને પ્રબળ બની રહેશે અને અંતે તે અપેક્ષિત બ્રહ્મજ્ઞાનરૂપી ફળ સાધકને આપવા સમર્થ બનશે, એમાં શંકા નથી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૯)

૩૦

वैराग्यं च मुमुक्षुत्वं तीव्रं यस्य तु विद्यते ।
तस्मिन्नेवार्थवन्तः स्युः फलवन्तः शमादयः ॥ ३० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

वैराग्यं च मुमुक्षुत्वं तीव्रं यस्य तु विद्यते ।
तस्मिन्नेवार्थवन्तः स्युः फलवन्तः शमादयः ॥ ૩૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– यस्य तु वैराग्यं मुमुक्षुत्वं च तीव्रं विद्यते, तस्मिन् एव शमादयः अर्थवन्तः फलवन्तः (च) स्युः ॥ ३० ॥

શબ્દાર્થ :– तीव्रं – તીવ્ર, હૃદયસ્પર્શી, સંનિષ્ઠ, પ્રબળ, સુદૃઢ, शमादयः –

શમ, દમ વગેરે, આત્મપ્રસન્નતાના છ ગુણો, ષટ્સંપત્તિ વગેરે બહિરંગ સાધનો, અર્થવન્તઃ - સફળ, ચરિતાર્થ, સાર્થક, સિદ્ધ, ફલવન્તઃ ફળ આપનારાં, સફળ, સ્યુઃ બને, થાય. (૩૦)

અનુવાદ :– જે(સાધક)નાં વૈરાગ્ય અને મુમુક્ષા સુદઢ હોય, તેના જ શમ (દમ) વગેરે (છ ગુણો) સાર્થક અને સફળ બને. (૩૦)

ટિપ્પણ :– બ્રહ્મસાક્ષાત્કાર માટેનાં આ તો હજુ માત્ર **'બહિરંગ'** સાધનોની જ ચર્ચા છે, **'અંતરંગ'** નહીં. પરંતુ તેમાંયે **વૈરાગ્ય** અને **મુમુક્ષા**નો મહિમા ઓછો નથી, એવું પ્રતિપાદન કરવું, એ આ શ્લોકનું તાત્પર્ય છે. આ બંને પણ પૂરતાં પ્રબળ હોવાં જોઈએ, કારણ કે તો જ, **ષટ્સંપત્તિ**માંના, **શમ-દમ** વગેરે પેલા છ ગુણો સાર્થક અને સફળ થાય. ટૂંકમાં, **વૈરાગ્ય** અને **મુમુક્ષા** પણ, **ષટ્સંપત્તિ**ની જેમ, - **'બહિરંગ'** સાધનો જ હોવા છતાં, **ષટ્સંપત્તિ**ની સિદ્ધિનો આધાર **વૈરાગ્ય** અને **મુમુક્ષા**ની તીવ્રતા અને સુદઢતા પર રહે છે, એ હકીકત પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૦)

૩૧

एतयोर्मन्दता यत्र विरक्तत्वमुमुक्षयोः ।
मरौ सलिलवत्तत्र शमादेर्भासमात्रता ॥ ३१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

એતયોર્મન્દતા યત્ર વિરક્તત્વમુમુક્ષયોઃ ।
મરૌ સલિલવત્તત્ર શમાદેર્ભાસમાત્રતા ॥ ૩૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– યત્ર (યસ્મિન્ સાધકે) વિરક્તત્વમુમુક્ષયોઃ મન્દતા (અસ્તિ), તત્ર (તસ્મિન્ સાધકે) મરૌ સલિલવત્ શમાદેઃ ભાસમાત્રતા (સંભવતિ) ॥ ૩૧ ॥

શબ્દાર્થ :– મન્દતા - મંદ હોવાપણું, મંદપણું, ઢીલાશ, કચાશ, નબળાઈ, વિરક્તત્વં - વૈરાગ્ય, મરૌ - મરુ-ભૂમિમાં, રણપ્રદેશમાં, જ્યાં એક ટીપું પણ પાણી હોય નહીં, એવા વિસ્તારમાં, સલિલવત્ - પાણી (હોય) એવી પરિસ્થિતિની જેમ, ભાસમાત્રતા ફક્ત આભાસ જ થાય એવી પરિસ્થિતિ, આભાસ જ હોવાપણું, માત્ર દેખાવ જ હોય એવો ખ્યાલ. (૩૧)

અનુવાદ :– જ્યાં (જે સાધકમાં) વૈરાગ્ય અને મુમુક્ષા મંદ હોય, ત્યાં (તે સાધકમાં) શમ વગેરે (ગુણો) હોવાની શક્યતા, રણવિસ્તારમાં જળના માત્ર આભાસ જેવી જ હોય. (૩૧)

ટિપ્પણ :– જે વાત, આ પહેલાંના શ્લોક(૩૦)માં, હકારાત્મક રીતે

(Positively) કહેવામાં આવી હતી. તે જ અહીં નકારાત્મક રીતે (Negatively) સમજાવવામાં આવી છે. આમાં કશી પુનરુક્તિ નથી, પણ પ્રસ્તુત મુદ્દાનાં મહત્ત્વને ભારપૂર્વક રજુ કરવાનો આચાર્યશ્રીનો આશય છે.

કોઈક બહુ મોટું દુઃખ, અચાનક, આવી પડે, ત્યારે સામાન્ય સંસારીનાં મનમાં વૈરાગ્યનો ભાવ માનવસહજ નિર્બળતાનાં પરિણામે ઉદ્ભવે છે, પરંતુ મોટે ભાગે આવો ભાવ ટૂંકજીવી અને સ્મશાન-વૈરાગ્ય જેવો જ નીવડે છે. એવું જ, મોક્ષ મેળવવાની ઇચ્છાની બાબતમાં પણ બનતું હોય છે. એ બંનેના પાયામાં, અંતઃકરણનાં ઊંડાણમાંથી ઉદ્ભવતી ઉત્કટતા અને સબળ-વિચારશીલતા નથી હોતી. પરિણામ શું અને કેવું આવે? શમ-દમ વગેરેની ત્યાં શક્યતા કેટલી ? આ સમજાવવા માટે, આચાર્યશ્રીએ, અહીં એક સુંદર ઉપમા પ્રયોજી છે : 'રણ' એટલે 'રણ' (Desert) ! ત્યાં પાણીનું ટીપુંયે હોતું નથી, તેથી જ તેને 'રણ' કહેવામાં આવ્યું છે. વૈશાખ-જેઠ મહિનાના પ્રખર તાપમાં, ક્યારેક, દૂરથી, ત્યાં પાણી છે એવું લાગે તો પણ એ માત્ર આભાસ જ હોય, ખરેખર જળ જેવું કશું જ ન હોય, એ તો માત્ર મૃગજળ ! ઝાંઝવાનાં જળ ! હરણાં બિચારાં ત્યાં જઈને માથું પટકે તો પણ એમની તરસ ન જ છીપે ! તરફડીને તરસ્યાં જ મરી જવાનું !

બસ, એવું જ, વૈરાગ્ય-મુમુક્ષાની મંદતાવાળા સાધકની બાબતમાં સમજી લેવાનું : એમના શમ-દમ વગેરે છ ગુણો માત્ર દેખાવનાં જ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૧)

૩૨-૩૩

मोक्षकारणसामग्र्यां भक्तिरेव गरीयसी ।
स्व-स्वरूपानुसन्धानं भक्तिरित्यभिधीयते ॥ ३२ ॥
स्वात्मतत्त्वानुसन्धानं भक्तिरित्यपरे जगुः ।

શ્લોકનો ગુજરાતી પાઠ :–

મોક્ષકારણસામગ્ર્યાં ભક્તિરેવ ગરીયસી ।
સ્વ-સ્વરૂપાનુસન્ધાનં ભક્તિરિત્યભિધીયતે ॥ ૩૨ ॥
સ્વાત્મતત્ત્વાનુસન્ધાનં ભક્તિરિત્યપરે જગુઃ ।

શ્લોકનો ગદ્ય અન્વય :– मोक्षकारणसामग्र्यां भक्तिः एव गरीयसी । स्व-स्वरूपानुसन्धानं भक्तिः इति अभिधीयते । स्वात्मतत्त्वानुसन्धानं भक्तिः (इति तु) अपरे (तत्त्वचिन्तकाः) जगुः ॥ ३२-३३ ॥

શબ્દાર્થ :– मोक्षकारणसामग्र्यां - મોક્ષપ્રાપ્તિનાં સાધનોની સામગ્રીમાં, गरीयसी - ચઢિયાતી, વધારે પ્રબળ, દૃઢ, મજબૂત, अभिधीयते - કહેવાય છે, મનાય છે, ગણાય છે. स्वस्वरूपानुसन्धानं પોતાનાં સ્વરૂપનું, પોતાનાં આત્માનું, આત્માનાં સ્વરૂપનું અનુસંધાન, स्वात्मतत्त्वानुसन्धानं - 'अनुसंधान' એટલે ચિંતન-

મનન, વિચાર-વિમર્શ-પરામર્શ; પોતાના આત્માનું સ્વરૂપ કેવું છે ? એ સ્વરૂપ તાત્ત્વિક દૃષ્ટિએ કેવું છે ? - એ વિશેની ઊંડી વિચારણા; બીજા કેટલા વિચારકો, તત્ત્વચિંતકો, વિવેચકો जगुः આ ક્રિયાપદનો વાચ્યાર્થ તો, गै(ગાવું, એ ધાતુ)ના પરોક્ષ ભૂતકાળનાં રૂપ તરીકે, 'ગાયું છે' એવો થાય, પરંતુ અહીં 'કહે છે', 'માને છે,' 'સમજે છે,' એવો અર્થ લેવાનો છે. (૩૨-૩૩)

અનુવાદ :- મોક્ષનાં સાધનોની સામગ્રીમાં, 'ભક્તિ' વધારે ચઢિયાતી છે. પોતાનાં (આત્માનાં) સ્વરૂપનું અનુસંધાન, એને જ 'ભક્તિ' કહેવામાં આવે છે. બીજા (કેટલાક તત્ત્વચિંતકો) પોતાના આત્માનાં તાત્ત્વિક સ્વરૂપને 'ભક્તિ' માને છે. (૩૨-૩૩)

ટિપ્પણ :– ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, - એ ચાર એટલે મનુષ્યજીવનના ચાર પુરુષાર્થો (Four aims of human life), પરંતુ એની પરમ (Highest) અને ચરમ (ultimate) સાર્થકતા તો મોક્ષની પ્રાપ્તિ.

પરંતુ આ 'મોક્ષ' એ કાંઈ સામાન્ય પદ નથી. એ તો એક અત્યંત દુર્લભ અને, મહદંશે તો, અલભ્ય સ્થિતિ છે. પણ અહીં તો એને પામવા મથતા સાચા અને સંનિષ્ઠ સાધકોની જ ચર્ચા છે; એટલે, એની પ્રાપ્તિનાં સાધનો અને એ સાધનોની સામગ્રી શી ? - એનો જવાબ મેળવવો જ રહ્યો. ભારતીય દર્શન-(Philosophy)પરંપરામાં, આ વિશે ઊંડું અને સવિસ્તર વિવેચન-વિશ્લેષણ થયું છે. અનેક ભિન્ન ભિન્ન તત્ત્વચિંતકોએ પોતાના વિશિષ્ટ અને લાક્ષણિક અંગત દૃષ્ટિકોણ પ્રમાણે, આ સવાલના જવાબો આપ્યા છે. પરંતુ આચાર્યશ્રીની નજર સમક્ષ તો સામાન્ય સાધક છે, એટલે તો તેઓશ્રી સહેલો ને સટ્ટ, ટૂંકો ને ટચ્ચ જવાબ આપે છે કે એ બધી સામગ્રી ભલે રહી, સહુથી સક્ષમ અને ચઢિયાતી સામગ્રી એટલે **'ભક્તિ'** !

પણ તો પછી બીજો સવાલ એ ઊભો થાય કે 'ભક્તિ' એટલે શું ? શબ્દ તો ખૂબ જાણીતો, સહેલો અને લગભગ સર્વ-પરિચિત છે, પરંતુ 'ભક્તિ' એટલે, ખરેખર, શું ?

આચાર્યશ્રીએ, સૌપ્રથમ તો, તેમને પોતાને જે અભિપ્રેત છે, એવી 'ભક્તિ'ની વ્યાખ્યા, સમજૂતી આપી છે.

'ભક્તિ' એટલે પોતાનાં (આત્માનાં) સ્વરૂપનું અનુસંધાન ! મોટે ભાગે અને સામાન્ય રીતે, મનુષ્ય એના સ્વભાવની-સમજની-બુદ્ધિની મર્યાદાને કારણે, પોતાની નજર સામેનાં બાહ્ય બ્રહ્માંડને જોવા-જાણવા-ઓળખવાની વૃત્તિ ધરાવે છે. પરંતુ એને ખબર નથી કે એની પોતાની જ ભીતર, અંતઃકરણમાં, સૂક્ષ્મ અને સાત્ત્વિક સમૃદ્ધિ ધરાવતું એક બીજું 'બ્રહ્માંડ' પણ છે ! પણ બહારની આંખોને બંધ કરીને, પોતાનાં મનશ્ચક્ષુને ખોલીને, એ અંદર જુએ, જોઈ શકે, તો એને આ 'બીજાં બ્રહ્માંડ'નાં દર્શન થાયને ! પોતાનાં અંતરાત્માનાં આસન પર બિરાજી રહેલું એ 'બ્રહ્માંડ' એટલે જ પરમાત્મા !

બસ, આચાર્યશ્રી કહે છે કે 'જીવાત્મા'નું 'પરમાત્મા' સાથેનું આ 'અનુસંધાન', - એ જ 'ભક્તિ' !

અને આ ભક્તિ એટલે જ મોક્ષનાં સાધનોની મૂળભૂત સામગ્રી ! બીજા (અપરે) તત્ત્વચિંતકોએ આપેલી, આ સામગ્રીની વ્યાખ્યા પણ અંતે તો આ જ વાત કહે છે. માત્ર, શબ્દોનો જ ફેર છે.

આચાર્યશ્રી અને બીજા તત્ત્વચિંતકોએ રજુ કરેલી 'ભક્તિ'ની વ્યાખ્યાનાં અનુસંધાનમાં, 'ભક્તિ'નાં તાત્ત્વિક સ્વરૂપ વિશે ઊંડું ચિંતન કરનાર, 'ભક્તિ'-સાહિત્યના બે તજજ્ઞો(Experts)એ આપેલી વ્યાખ્યા પણ, આ સંદર્ભમાં, પ્રસ્તુત (Relevant)બની રહેશે :-

(૧) भक्तिः परमप्रेमस्वरूपा । - नारद
('ભક્તિ એટલે પ્રેમનું પરમ સ્વરૂપ')

(૨) भक्तिः ईश्वरे परमानुरक्तिः । - शांडिल्य.
('ભક્તિ એટલે ઈશ્વર પ્રત્યે પરમ અનુરાગ')

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૩૨-૩૩)**

૩૩-૩૪

उक्तसाधनसंपन्नः तत्त्वजिज्ञासुरात्मनः ॥ ३३ ॥
उपसीदेद् गुरुं प्राज्ञं यस्माद् बन्धविमोक्षणम् ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ઉક્તસાધનસંપન્નઃ તત્ત્વજિજ્ઞાસુરાત્મનઃ ॥ ૩૩ ॥
ઉપસીદેદ્ ગુરું પ્રાજ્ઞં યસ્માદ્ બન્ધવિમોક્ષણમ્ ।

શ્લોકનો ગદ્ય અન્વય :– उक्तसाधनसंपन्नः तत्त्वजिज्ञासुः यस्माद् बन्धविमोक्षणं (भवेत् तं) आत्मनः प्राज्ञं गुरुं उपसीदेत् ॥ ३३-३४ ॥

શબ્દાર્થ :– વેદાન્ત-વિદ્યાના અધિકાર માટે, આ પહેલાંના શ્લોકોમાં દર્શાવવામાં આવેલાં, ચાર 'બહિરંગ' સાધનો, - વિવેક, વૈરાગ્ય વગેરે - જેણે પૂરેપૂરાં આત્મસાત્ કર્યાં છે, સંપન્ન કર્યાં છે, સમજી લીધાં છે, જે એને સંપૂર્ણરીતે પામી ચૂક્યો છે, - એવો અધિકૃત સાધક, तत्त्वजिज्ञासुः. તત્ત્વ એટલે વેદાન્તવિદ્યા. તેને જાણવાની સંનિષ્ઠ ઇચ્છા ધરાવતો સાધક. તેણે શું કરવું જોઈએ ? आत्मनः गुरुं उपसीदेत् - પોતાના ગુરુ પાસે પહોંચી જવું જોઈએ. પરંતુ 'પોતાના', - એટલે કેવા ? એના માટે અહીં બે વિશેષણો આપવામાં આવ્યાં છે : प्राज्ञं અને यस्माद् बन्धविमोक्षणं (भवेत्). આ તો વેદાન્તવિદ્યા પામવાની વાત છે, એટલે જેવા-તેવા 'સામાન્ય' પ્રકારના ગુરુ ન ચાલે : સૌપ્રથમ તો, ગુરુ 'પ્રાજ્ઞ' હોવા જોઈએ. હકીકતમાં, એ ગીતા-ભાખ્યા 'સ્થિતપ્રજ્ઞ' હોવા જોઈએ, અને તેથી જ, જેની પાસેથી પોતાને, સંસારનાં બંધનમાંથી મુક્તિ(बन्धविमोक्षणं)ની ખાતરી હોય, એવા. (૩૩-૩૪)

અનુવાદ :– (આ પહેલાં) જણાવેલાં (વેદાન્તવિદ્યાનાં 'બહિરંગ' સાધનો) પામી ચૂકેલા તત્ત્વ-જાણવા ઇચ્છતા સાધકે, બંધનમાંથી છૂટકારો જેનાથી થઈ શકે તેવા, પોતાના પ્રાજ્ઞ ગુરુને શરણે જવું જોઈએ. (૩૩-૩૪)

ટિપ્પણ :– મૂળ અને મુખ્ય વાત સંસારનાં બંધનોમાંથી છૂટકારો મેળવવાની છે. આ માટેની બે પૂર્વશરતો છે : એક તો એ કે આવા સાધકે, આચાર્યશ્રીએ આ પહેલાં સમજાવેલાં વિવેક-વૈરાગ્ય વગેરે ચાર 'બહિરંગ' સાધનોને પૂરેપૂરાં પામી લેવાં જોઈએ (સંપન્નઃ), અને **બીજું**, - એની તત્ત્વજિજ્ઞાસા સાચી અને સંનિષ્ઠ હોવી જોઈએ. આ 'તત્ત્વ'માંનું તત્ એટલે ચાર મહાવાક્યોમાંના તત્ ત્વં અસિ ।-નું તત્, - બ્રહ્મ અથવા પરમ-સત્ય, અંતિમ ચૈતન્ય. જિજ્ઞાસા એટલે જાણવાની ઇચ્છા (જ્ઞાતું ઇચ્છા ।). આવા સાધકે પોતાના ગુરુનાં શરણે જવું જોઈએ. અને એને પૂરેપૂરી શ્રદ્ધા હોવી જોઈએ કે એ ગુરુ 'પ્રાજ્ઞ' છે અને એમના ઉપદેશથી, એમના માર્ગદર્શનથી, એમની મારફત, પોતાને પીડી રહેલાં સંસાર-બંધનોમાંથી એને છૂટકારો મળશે. (૩૩-૩૪)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૩-૩૪)

(૩૪-૩૫-૩૬)

શ્રોત્રિયોઽવૃજિનોઽકામહતો યો બ્રહ્મવિત્તમઃ ॥ ૩૪ ॥
બ્રહ્મણ્યુપરતઃ શાન્તો નિરિન્ધન ઇવાનલઃ ॥
અહૈતુકદયાસિન્ધુર્બન્ધુરાનમતાં સતામ્ ॥ ૩૫ ॥
તમારાધ્ય ગુરું ભક્ત્યા પ્રહ્વપ્રશ્રયસેવનૈઃ ।
પ્રસન્નં તમનુપ્રાપ્ય પૃચ્છેદ્ જ્ઞાતવ્યમાત્મનઃ ॥ ૩૬ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શ્રોત્રિયોઽવૃજિનોઽકામહતો યો બ્રહ્મવિત્તમઃ ॥ ૩૪ ॥
બ્રહ્મણ્યુપરતઃ શાન્તો નિરિન્ધન ઇવાનલઃ ।
અહૈતુકદયાસિન્ધુર્બન્ધુરાનમતાં સતામ્ ॥ ૩૫ ॥
તમારાધ્ય ગુરું ભક્ત્યા પ્રહ્વપ્રશ્રયસેવનૈઃ ।
પ્રસન્નં તમનુપ્રાપ્ય પૃચ્છેદ્ જ્ઞાતવ્યમાત્મનઃ ॥ ૩૬ ॥

શ્લોકોનો ગદ્ય અન્વય :– યઃ શ્રોત્રિયઃ, અવૃજિનઃ, અકામહતઃ, બ્રહ્મવિત્તમઃ, બ્રહ્મણિ ઉપરતઃ, નિરિન્ધનઃ અનલઃ ઇવ શાન્તઃ, અહૈતુકદયાસિન્ધુઃ, આનમતાં સતાં બન્ધુઃ, (ઈદૃશં) તં ગુરું આરાધ્ય, પ્રહ્વપ્રશ્રયસેવનૈઃ, ભક્ત્યા (ચ) પ્રસન્નં (કૃત્વા), અનુપ્રાપ્ય, આત્મનઃ જ્ઞાતવ્યં (તં) (સાધકઃ) પૃચ્છેદ્ ॥ ૩૪-૩૫-૩૬ ॥

શબ્દાર્થ :– છંદમાં રચાયેલું આ તો 'પદ્ય' છે, 'ગદ્ય' નથી, એટલે લેખકને કહેવાનું, શ્લોકની બે પંક્તિઓમાં જો ન વ્યક્ત થઈ શકે તો, ત્યારપછીની લીંટી કે લીંટીઓમાં પણ તે ચાલુ રહી શકે, અને તેથી જ લેખકનાં કહેવાનો અર્થ

બરાબર સમજાય તે માટે, અનુકૂળતા માટે, ઘણી વાર, શ્લોકની બે લીટી ઉપરાંત, ત્યારપછીના શ્લોક અથવા શ્લોકોની એક કે તેથી વધારે લીંટીઓને એકીસાથે જોડવી પડે. અહીં એવું જ થયું છે, એ વાત લક્ષમાં રાખવાની રહે છે.

આ પહેલાંની બે શ્લોક-પંક્તિઓમાં 'ગુરુ'નાં બે વિશેષણો તો અપાયાં જ હતાં, પરંતુ સાધકની સફળતાનો ઘણો-બધો આધાર 'ગુરુ' પર છે, એટલે અહીં આચાર્યશ્રીએ બીજાં **આઠ** વિશેષણો ઊમેર્યાં છે. હવે, એ બધાં, એક પછી એક, જોઈએ :

શ્રોત્રિય: - વેદો વગેરે વિદ્યાઓમાં, શ્રુતિ-સ્મૃતિ સાહિત્યમાં અને સર્વ શાસ્ત્રો તથા દર્શનોમાં પારંગત, બહુ ભણેલો, બહુશ્રુત, Well-read બ્રાહ્મણ.

અવૃજિન:. વૃજિન - એટલે પાપ, અવૃજિન: એટલે પાપ વગરના, નિષ્પાપ. અકામહત: મનુષ્યને પીડતા, છ આંતરિક શત્રુઓ(ષડ્‌રિપુઓ)માં 'કામ' (કામના) અતિભયંકર શત્રુ છે. ગીતાએ પણ આ 'કામ'ને નરકનાં ત્રણ દ્વારોમાંનાં એક તરીકે કહ્યો છે. ગુરુ સર્વ કામનાઓથી મુક્ત, રહિત, નિષ્કામ હોવા જોઈએ.

બ્રહ્મવિત્તમ: બ્રહ્મને જાણવાની ઇચ્છાથી તો શિષ્ય ગુરુ પાસે જાય છે, એટલે ગુરુ માત્ર બ્રહ્મવિદ્ (બ્રહ્મજ્ઞ) હોય એટલું પૂરતું નથી, એ તો બ્રહ્મવિદોમાં યે શ્રેષ્ઠ હોવા જોઈએ. તમ શ્રેષ્ઠતાદર્શક (Superlative) પ્રત્યય છે.

બ્રહ્મણિ ઉપરત: - પરંતુ ગુરુ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞ હોય એટલું જ પૂરતું નથી, તો પછી ? એ તો સતત, સદા-સર્વદા બ્રહ્મમાં જ રમણ કરનાર, રચ્યા-પચ્યા રહેતા, એમાં જ (ઉપરત)રત-મગ્ન, બ્રહ્મપરાયણ હોવા જોઈએ. નિરિન્ધન: અનલ: ઇવ શાન્ત: - વેદાન્તવિદ્યાના સાધકે જ શમદમ વગેરે ષટ્‌સંપત્તિ સંપન્ન કરેલી હોય તો પછી, ગુરુ પોતે તો 'પરમ-શાંત' (શમ્-ધાતુનું કર્મણિ-ભૂતકૃદંત-રૂપ) જ હોવા જોઈએને ? 'પરમ-શાંત' વ્યક્તિનું અહીં સંક્ષિપ્ત છતાં સચોટ વર્ણન કરવામાં આવ્યું છે. અનલ: એટલે અગ્નિ, અને ઇન્ધનં એટલે અગ્નિમાં નાખવાનું (છાણાં-લાકડાં વગેરે) બળતણ. ગુરુ કેવા 'શાંત' હોવા જોઈએ ? બળતણ વિનાના અગ્નિ જેવા ! સાવ ઠરી ગયેલા, રાખ જેવા. અગ્નિનો ભય હોય, રાખનો જરા પણ નહીં, એવા **શાંત** ! અહૈતુકદયાસિન્ધુ: ખૂબ દયાળુ તો ગુરુ હોવા જ જોઈએ, પરંતુ એ તો દયાના સાગર (સિન્ધુ) હોવા જોઈએ, એટલું જ નહીં, એ તો કોઈ પણ કારણ વિના દયાળુ હોવા જોઈએ (અહૈતુક) ! આનમતાં સતાં બન્ધુ: - બન્ધુ એટલે માત્ર 'ભાઈ' કે 'મિત્ર જ નહીં,' પરંતુ 'બીજા'ને જે 'પોતાના' જેવો જ સમજે તે, આત્મીયતાપૂર્વક વર્તે તે. પણ આવું વર્તન કોના પ્રત્યે રાખવાનું ? આનમતાં - વિનમ્ર વ્યક્તિઓ પ્રત્યે, શરણે આવેલાઓ પ્રત્યે. અને આવા માણસો તો સજ્જનો (સતાં) જ હોય, સંતો-સત્પુરુષો, સદાચારીઓ જ હોય. આવી વ્યક્તિઓ પ્રત્યે ગુરુનો અભિગમ આત્મીયતાપૂર્ણ હોવો જોઈએ.

આવા ગુરુને શરણે જઈને (અનુપ્રાપ્ય) સાધકે આત્મનઃ જ્ઞાતવ્યં પૃચ્છેત્ । પોતાને, તેમની પાસેથી જાણવું હોય (જ્ઞાતવ્યં) તેના વિશે, તેના સંબધમાં, તેને લગતો પ્રશ્ન કરવો, પૂછવું (પૃચ્છેત્).

પરંતુ તે પહેલાં એક મહત્ત્વનું કામ સાધકે-શિષ્યે કરવાનું રહે છે, અને તે છે ગુરુને 'પ્રસન્ન' કરવાનું. પરંતુ તેમને પ્રસન્ન કરવા શી રીતે ? તેમની આરાધના-ઉપાસના (આરાધ્ય) કરીને. અને આ કામ બે રીતે થાય : એક, એમની ભક્તિ વડે (ભક્ત્યા) અને બીજું, એમની વિનયપૂર્વક (પ્રહ્વ), નમ્રતાપૂર્વક (પ્રશ્રય) સેવા કરવાથી (સેવનં). (૩૪-૩૫-૩૬)

અનુવાદ :– જે (ગુરુ) શ્રોત્રિય, નિષ્પાપ, કામનાઓ-રહિત, શ્રેષ્ઠ બ્રહ્મવિદ્, બ્રહ્મ-પરાયણ, બળતણ-વિનાના અગ્નિ જેવા શાંત, નિષ્કારણ દયા-સાગર, અને વિનમ્ર સજ્જનો પ્રત્યે આત્મીયતાપૂર્ણ હોય, તેવા ગુરુને વિનય અને વિનમ્રતાપૂર્વક સેવા વડે પ્રસન્ન કરીને અને (આ રીતે તેમને) પ્રસન્ન થયેલા(ગુરુ)ને, પોતાને જે જાણવું હોય તે વિશે (સાધકે, શિષ્યે) પ્રશ્ન પૂછવો. (૩૪-૩૫-૩૬)

ટિપ્પણ :– આમ તો, આ શ્લોકમાંની બધી બાબતો વિશે, લગભગ બધી જ સમજૂતી 'શબ્દાર્થ'-માં સવિસ્તર અપાઈ ગઈ છે, એટલે હવે અહીં કશો સવિશેષ વિસ્તાર કરવાનો રહેતો નથી. છતાં બે-એક બાબતો અંગે underline કરીને એ કહેવાનું કે ગુરુ-શિષ્ય-સંબંધમાં જેમ, શિષ્યની પાત્રતા-યોગ્યતા-લાયકાત એ પૂર્વશરત છે, એવી જ, એટલી જ મહત્ત્વની પૂર્વશરત છે, - ગુરુની પાત્રતાની. આ પૂર્વશરતનું પૂરું ચિત્ર ગુરુ વિશેનાં આઠ વિશેષણોમાંથી મળી રહે છે. ટૂંકમાં, એક માનવ વ્યક્તિ તરીકે, ગુરુ, શિષ્યની શ્રદ્ધા-આશા-અપેક્ષા સંપૂર્ણરીતે ફળીભૂત થાય એવા આદર્શ (Ideal, Perfect) હોવા જોઈએ. અને આવા ગુરુ પાસેથી જો શિષ્યે પૂરેપૂરું પામવું હોય તો, તેનામાં પણ વિનય-વિનમ્રતા-સેવા-ભક્તિ વગેરે જરૂરી સદ્‌ગુણોની સામગ્રી હોવી જોઈએ : શિષ્ય પૂરેપૂરો 'શરણાર્થી' હોય તો જ ગુરુ સાચા 'શરણ્ય' બની રહે..

પાયાની આ જ હકીકતને આપણાં શાસ્ત્રોએ આ પ્રમાણે પ્રબોધી છે :-

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥ (गीता. ४, ३४)

('તે ગુરુને દંડવત્ પ્રણામ કરીને, વિવિધ પ્રશ્નો પૂછીને અને તેમની સેવા કરીને, તેમની પાસેથી તે જ્ઞાન તું મેળવજે. તત્ત્વને જાણનારા તે જ્ઞાનીઓ તને તે જ્ઞાનનો ઉપદેશ આપશે.')

અને –

तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् ।
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥ (मुंडकोपनिषद १, २, १२)

('તે બ્રહ્મજ્ઞાન મેળવવા માટે શિષ્યે, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ એવા ગુરુ પાસે જ, હાથમાં, નમ્રતા-જિજ્ઞાસા-પાત્રતા-સૂચક સમિધ, એટલે કે યજ્ઞ માટેનું પવિત્ર

લાકડું, લઈને જવું જોઈએ.')

પરંતુ ગુરુ-શિષ્ય બાબત આથી વિપરીત પરિસ્થિતિ હોય તો ? આપણા મધ્યકાલીન જ્ઞાની-કવિ અખા-ભગતે, પોતાની લાક્ષણિક રમૂજી-માર્મિક શૈલીમાં, એનું સ્વાભાવિક પરિણામ આમ આલેખ્યું છે :-

'લોભી ગુરુ ને લાલચુ ચેલા,
દોનો કા નરકમેં ઠેલં-ઠેલા !'

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૩૪-૩૫-૩૬)

૩૭

स्वामिन् नमस्ते नतलोकबन्धो
कारुण्यसिन्धो पतितं भवाब्धौ ।
मामुद्धरात्मीयकटाक्षदृष्ट्या
ऋज्व्यातिकारुण्यसुधाऽभिवृष्ट्या ॥ ३७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

સ્વામિન્ નમસ્તે નતલોકબન્ધો
કારુણ્યસિન્ધો પતિતં ભવાબ્ધૌ ।
મામુદ્ધરાત્મીયકટાક્ષદૃષ્ટ્યા,
ઋજ્વ્યાતિકારુણ્યસુધાઽભિવૃષ્ટ્યા ॥ ૩૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (હે) નતલોકબન્ધો ! (હે) કારુણ્યસિન્ધો ! (હે) સ્વામિન્ ! તે નમઃ, આત્મીયકટાક્ષદૃષ્ટ્યા, ઋજ્વ્યા અતિકારુણ્યસુધાભિવૃષ્ટ્યા, ભવાબ્ધૌ પતિતં માં ઉદ્ધર ॥ ૩૭ ॥

શબ્દાર્થ :– (હે) **સ્વામિન્** - હે સ્વામી ! હે પ્રભો ! હે ગુરુજી ! હે આચાર્યશ્રી ! **નતલોકબન્ધો** અને **કારુણ્યસિન્ધો** - એ બે, **સ્વામિન્** - એ સંબોધનનાં વિશેષણો છે. કેવા ગુરુજી ? **નતલોકબન્ધુઃ** નમસ્કાર કરતા, શરણે આવેલા, પ્રણામ કરતા લોકોનાં બન્ધુજન; અને **કારુણ્યસિન્ધુઃ** કરુણાના, દયાના સાગર, તે **નમઃ** તમને નમસ્કાર હો ! ગુરુજીને શિષ્યે શી વિનંતી કરવાની છે ? **માં ઉદ્ધર** - મારો ઉદ્ધાર કરો, ડૂબી રહેલા મને બચાવો. હું કેવો ? **ભવાબ્ધૌ પતિતં** - ભવસાગરમાં, આ સંસારસમુદ્રમાં પડેલો. શાના વડે બચાવવાનો છે ? **આત્મીયકટાક્ષદૃષ્ટ્યા** - પોતાની કટાક્ષ-દૃષ્ટિ વડે. એ દૃષ્ટિ કેવી છે ? એનાં બે વિશેષણો આ પ્રમાણે છે : **ઋજ્વ્યા** અને **અતિકારુણ્યસુધાભિવૃષ્ટ્યા**. **ઋજુ** એટલે સરળ સીધા, કશી આંટીઘૂંટી વિનાની, અને **અતિકારુણ્યસુધાભિવૃષ્ટ્યા**. **કારુણ્ય** એટલે કરુણા, અત્યંત-કરુણા, એની **સુધા** એટલે અમૃત, આવાં કરુણામૃતની વૃષ્ટિવાળી, આવું અમૃત વરસાવતી. (૩૭)

અનુવાદ :– (આપનાં) શરણે આવેલાં લોકોનાં હે બંધુજન ! હે કરુણાસાગર પ્રભો ! આપને નમસ્કાર હો ! અત્યંત કરુણામૃત વરસાવતી આપની સરળ કટાક્ષ-દૃષ્ટિ વડે, ભવસાગરમાં પડેલા એવા મારો ઉદ્ધાર કરો ! (૩૭)

ટિપ્પણ :– કહેવાની જરૂર નથી કે ગુરુ પાસે જઈને, શિષ્યે, પોતાને જે જાણવું છે, તે વિશે પ્રશ્નો પૂછવાની સૂચના, ગયા શ્લોકમાં, કરવામાં આવી હતી, એટલે આ શ્લોકમાં શિષ્ય ગુરુજીને સીધું સંબોધન જ કરે છે. પોતાને જાણવાની વાત ગુરુજી સમક્ષ રજુ કરે તે પહેલાં, સૌપ્રથમ તો, સંસારસાગરમાં ગળકાં ખાતા શિષ્યને બચાવી લેવાનો છે. શિષ્ય તો ગુરુજી સમક્ષ ઊભો જ છે, અને દયાસિંધુ અને પ્રણત-જન-બંધુજન એવા ગુરુજીને 'આપને નમસ્કાર હો !' એમ કહીને, નમ્રતાપૂર્વક પ્રણામ કરીને, વિનંતી કરે છે કે 'હે પ્રભો ! મારો ઉદ્ધાર કરો !' અને આ માટે ગુરુજીએ કશું બહુ મોટું કરવાનું નથી. સતત કરુણામૃત વરસાવતી એમની સરળ આંખ વડે તેઓશ્રી શિષ્ય તરફ એકમાત્ર દૃષ્ટિપાત કરે, એટલે બસ ! શિષ્યનો ઉદ્ધાર થઈ ગયો ! સંસાર-સાગરમાંથી એ બચી ગયો !

કેવો અદ્‌ભુત કૃપાકટાક્ષ, ગુરુજનનો !

શ્લોકનો છંદ : **'ઇન્દ્રવજ્રા'** છે. (૩૭)

૩૮

दुर्वारसंसारदवाग्निनप्तं
दोधूयमानं दुरदृष्टवातैः ।
भीतं प्रपन्नं परिपाहि मृत्योः
शरण्यमन्यं यदहं न जाने ॥ ३८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

દુર્વારસંસારદવાગ્નિનપ્તં
દોધૂયમાનં દુરદૃષ્ટવાતૈઃ ।
ભીતં પ્રપન્નં પરિપાહિ મૃત્યોઃ
શરણ્યમન્યં યદહં ન જાને ॥ ૩૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– દુર્વારસંસારદવાગ્નિનપ્તં, દુરદૃષ્ટવાતૈઃ દોધૂયમાનં, ભીતં પ્રપન્નં (માં), (હે ગુરો!) મૃત્યોઃ પરિપાહિ । યત્, અન્યં (ત્વદ્-અન્યં) શરણ્યં અહં ન જાને ॥ (૩૮)

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે, - માં મૃત્યોઃ પરિપાહિ ! મને મૃત્યુમાંથી બચાવો ! તે પોતે કેવો છે.? એક પછી એક, **ચાર** વિશેષણો છે, આ પ્રમાણે : દવાગ્નિ દાવાનળ. દુર્વાર એટલે જેનું નિવારણ કઠિન છે, જેને અટકાવવો, જેમાંથી છૂટવું, અઘરું છે, એવા **સંસારરૂપી** દાવાનળથી સંતપ્ત. દુરદૃષ્ટવાતૈઃ દોધૂયમાનં - દુર્ભાગ્યનાં વાવાઝોડામાં સપડાયેલો, કમનસીબીની આંધીમાં કંપતો, એમાં હિલોળા

ખાતો, ભીતં - ભયભીત, ભય પામેલો, ડરી ગયેલો, અને પ્રપન્નં શરણાગત, શરણે આવેલો. અહીં જ એ શા માટે આવ્યો ? યત્ - કારણ કે, અન્યં શરણ્યં અહં ન જાને । શરણ્ય - એટલે શરણ આપી શકે તેવી વ્યક્તિ, શરણ-યોગ્ય વ્યક્તિ. અન્યં એટલે ત્વદ્-અન્યં - આપના સિવાય બીજી કોઈ શરણ-યોગ્ય વ્યક્તિને હું જાણતો નથી. (૩૮)

અનુવાદ :– (હે ભગવન્ !) જેનું નિવારણ અઘરું છે, એવા સંસારરૂપી દાવાનળમાં સંતપ્ત, દુર્ભાગ્યનાં વાવાઝોડામાં અહીં-તહીં અથડાતા, અને ભયભીત, અને શરણાગત એવા મને મૃત્યુથી બચાવો, કારણ કે આપના સિવાય અન્ય કોઈ શરણ-યોગ્યને હું જાણતો નથી. (૩૮)

ટિપ્પણ :– ગુરુ સમક્ષ હાથ જોડીને ઊભેલો શિષ્ય, આ શ્લોકમાં, ગુરુજીને બીજી એક વિનંતી કરે છે : ભવસાગરમાંથી તો ગુરુજીએ તેનો ઉદ્ધાર કર્યો, પરંતુ મોં ફાડીને, સામે, મૃત્યુ ઊભું છે, એનું શું ? એટલે, પોતાને મૃત્યુમાંથી બચાવવાની તે ગુરુજીને પ્રાર્થના કરે છે. ભવસાગરનો, મનુષ્યને, જેવો ભય, એવો જ મૃત્યુનો ભય !

પરંતુ મૃત્યુથી કોઈ બચી શકે ? મૃત્યુ તો અફર, સુનિશ્ચિત છે. અંગ્રેજીમાં કહેવાયું છે કે Death is inexorable. આથી જ, વેદોના આપણા મંત્રદૃષ્ટા ઋષિએ મૃત્યુમાંથી નહીં, પરંતુ મૃત્યુનાં બંધનમાંથી મુક્ત થવા માટે, ત્ર્યંબક-ભગવાન સમક્ષ, આવો 'મૃત્યુંજય' મંત્ર રજુ કર્યો છે :-

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।

(ऋग्वेद ७,५९,१२)

એટલે, શિષ્ય અહીં મૃત્યુમાંથી બચાવી લેવાની વાત કરે છે ત્યારે, આ વેદમંત્ર-પ્રબોધિત મૃત્યુ-બંધનમાંથી જ મુક્તિની પ્રાર્થના અહીં સમજવાની રહે છે. મૃત્યુ-બંધનના ભયમાં જ મનુષ્ય સતત જીવતો હોય છે. અહીં જે ભયનો, ભીતિનો ઉલ્લેખ છે (ભીતં), તે પણ આ મૃત્યુ-બંધનનો જ ભય છે. શરણાગત (પ્રપન્નં) સાધકને શરણયોગ્ય (શરણ્ય) સદ્‌ગુરુ જ આ બંધનમાંથી મુક્ત કરી શકે.

અહીં પણ એ જ છંદ, **'ઇન્દ્રવજ્રા'** રહ્યો છે. (૩૮)

૩૯

शान्ता महान्तो निवसन्ति सन्तो
वसन्तवल्लोकहितं चरन्तः ।
तीर्णाः स्वयं भीमभवार्णवं जना-
नहेतुनान्यानपि तारयन्ति ॥ ३९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શાન્તા મહાન્તો નિવસન્તિ સન્તો
વસન્તવલ્લોકહિતં ચરન્તઃ ।
તીર્ણાઃ સ્વયં ભીમભવાર્ણવં જના-
નહેતુનાન્યાનપિ તારયન્તિ ॥ ૩૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– શાન્તાઃ મહાન્તઃ સન્તઃ વસન્તવત્ લોકહિતં ચરન્તઃ, નિવસન્તિ । ભીમભવાર્ણવં સ્વયં તીર્ણાઃ (તે) અન્યાન્ જનાન્ અપિ અહેતુના તારયન્તિ ॥ ૩૯ ॥

શબ્દાર્થ :– સન્તઃ સંત પુરુષો, સજ્જનો. કેવા સજ્જનો ? બે વિશેષણો આ પ્રમાણે છે. - શાન્તાઃ અત્યંત શાંત, પેલાં 'શમ'-ગુણને જેમણે સંપૂર્ણરીતે આત્મસાત્ કર્યો છે, તેવા. અને મહાન્તઃ, મોટા, સૂક્ષ્મ અર્થમાં. આવા સંતોની જીવન-કારકિર્દીની વિશિષ્ટતા શી હોય છે ? લોકહિતં ચરન્તઃ વસન્તિ । લોકોનાં કલ્યાણ માટે વિહાર કરતાં-કરતાં તેઓ આ સંસારમાં વસે છે. આવું જીવન તેઓ કોની જેમ જીવે છે ? એક સુંદર ઉપમા, આ માટે, અપાઈ છેઃ વસન્તવત્ – વસંત ઋતુની જેમ ! આવા સંતો બીજું શું કરે છે ? અન્યાન્ જનાન્ અપિ તારયન્તિ તેઓ બીજા લોકોને પણ તારે છે, બચાવી લે છે. પરંતુ તેઓ પોતે તરેલા હોય છે ? શામાંથી ? અને બીજા લોકોને તારવામાં એમનો હેતુ શો હોય છે ? આ ત્રણેય સવાલોના જવાબો આ પ્રમાણે છે : હા, સ્વયં તીર્ણાઃ પોતે તો તરી ચૂકેલા જ હોય છે, પોતે તર્યા વગર બીજાને કેવી રીતે તારી શકાય ? અને તરવા-તારવાનું સ્થળ પણ કંઈ જેવું-તેવું નહીં, - આ ભયંકર સંસાર-સાગરને (ભીમભવાર્ણવં) તરવા ને તારવાની વાત અહીં છે. અને બીજા લોકોને તારવામાં એમને શો રસ હોય છે ? એમાં એમનો પોતાનો કશો સ્વાર્થ હોય છે ? અરે, ના, ના, એમને સ્વાર્થ કેવો ? એ તો સંતો હોય છે, એટલે અહેતુના, - તેઓ, આવું કામ, કશા જ હેતુ વિના, કારણ વિના, પૂરેપૂરા નિઃસ્વાર્થભાવે જ કરે છે ! (૩૯)

અનુવાદ :– અત્યંત શાંત અને મહાન એવા (આ) સજ્જનો, વસંતઋતુની જેમ, લોક-કલ્યાણ માટે (સમાજમાં) વિહાર કરતાં રહે છે, અને (આપણા આ) ભયંકર ભવસાગરને પોતે તરી ચૂકેલા (તેઓ) બીજા લોકોને પણ કોઈ પણ હેતુ વગર તારે છે. (૩૯)

ટિપ્પણ :– ભવસાગરમાંથી પોતાના ઉદ્ધાર અને મૃત્યુમાંથી રક્ષણ માટે, હાથ જોડીને ગુરુ સમક્ષ ઊભેલા શિષ્યના આ ઉદ્‌ગાર છે. ગુરુજી પાસેથી આવાં ઉદ્ધાર-રક્ષણ પોતે પામશે, એવી એને ખાતરી શી રીતે થઈ ? એને તરત જ પેલાં સુપ્રસિદ્ધ સુભાષિતની આ લીંટી યાદ આવી ગઈ, –

સ્વભાવ એવૈષ પરોકારિણામ્ ।

'પરોપકારી સજ્જનોનો તો સ્વભાવ જ આવો હોય છે !' કદાચ, આવો અભિપ્રાય આચાર્યશ્રીનો પોતાનો પણ હોઈ શકે.

તડકો સહન કરીને, વૃક્ષો, છાંયો અને ફળો આપે જ છે ને ! અને વાદળાં પણ પાણી આપતાં જ હોય છે ! અહેતુના, એમાં એમને કશો જ સ્વાર્થ હોતો નથી. અને એ જ રીતે, આ સંતો પણ, બીજા શરણાગત મુમુક્ષુઓને આ ભયાનક ભવસાગરમાંથી તારે છે. અને પોતે તો એમાંથી સ્વશક્તિ વડે, સ્વયંપ્રેરણાથી, તરી ચૂકેલા જ હોય છે, એટલે બીજા લોકોને તારવાનું આ કામ તો, તેમના માટે, 'ડાબા હાથના ખેલ જેવું' સહેલું હોય છે.

પરંતુ આ સંતોની જીવન-કારકિર્દીનું એક લક્ષણ વિશિષ્ટ અને નોંધપાત્ર હોય છે : લોક-કલ્યાણ સદાસર્વદા કર્યા જ કરવું, કરતાં જ રહેવું, એ તો એમનો સ્વભાવ જ હોય છે : It is their second nature ! કોની જેમ ? એક સરસ ઉપમા છે : વર્ષની છયે ઋતુઓ પોતપોતાની રીતે લોકોનાં કલ્યાણનું આચરણ (चरन्तः) તો કરતી જ હોય છે, પરંતુ એમાં ટોચનું સ્થાન વસંતઋતુનું છે. ऋतूनां कुसुमाकरः । (ગીતા, ૧૦,૩૫) - એમ કહીને, સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે જેને પોતાની વિભૂતિ તરીકે સ્થાપિત કરી હતી, તે 'ફૂલોની ખાણ', 'ફૂલોના મહાસમૂહ' જેવી વસંત-ઋતુ તો, શ્રીશંકરાચાર્યની સ્મૃતિમાં અગ્રસ્થાને જ હોય ને !

શ્લોકનાં પ્રથમ બે ચરણોમાંના त्त, એ અક્ષરનું પાંચ વાર થતું પુનરાવર્તન પ્રાસાનુપ્રાસનું મધુર સંગીત રચે છે તે, નોંધપાત્ર છે.

શ્લોકનો છંદ : 'ઉપજાતિ' (૩૯)

૪૦

अयं स्वभावः स्वत एव यत्पर-
श्रमापनोदप्रवणं महात्मनाम् ।
सुधांशुरेषः स्वयमर्ककर्कश-
प्रभाभितप्तामवति क्षितिं किल ॥ ४० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अयं स्वभावः स्वत एव यत्पर-
श्रमापनोदप्रवणं महात्मनाम् ।
सुधांशुरेषः स्वयमर्ककर्कश-
प्रभाभितप्तामवति क्षितिं किल ॥ ४० ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– महात्मनां अयं स्वभावः (अस्ति), यत् स्वतः एव परश्रमापनोदप्रवणं (यथा स्यात् तथा स्वचेतः प्रवर्तयन्ते) । एषः सुधांशुः अर्ककर्कशप्रभाभितप्तां क्षितिं स्वयं अवति, किल ॥ ४० ॥

શબ્દાર્થ :– સ્વતઃ એવ - પોતાની મેળે જ, સ્વાભાવિક-સાહજિક રીતે જ, યત્ - કારણ કે, પરશ્રમાપનોદપ્રવણં - પરશ્રમ એટલે પારકાનું, બીજાનું દુઃખ, ક્લેશ, તકલીફ, અપનોદ એટલે દૂર કરવું, હાંકી કાઢવું, પ્રવણ એટલે તત્પર, તૈયાર, સજ્જ, Inclined. આ આખો શબ્દ, પરશ્રમાપનોદપ્રવણં એ એક 'અવ્યયીભાવ' સમાસ છે, એટલે 'પારકાંનાં દુઃખને દૂર કરવા તત્પર હોય એવી રીતે' (પોતાનાં ચિત્તને તેઓ પ્રેરે છે), - એ રીતે આખા શબ્દનો અર્થ સમજવાનો રહે. એષઃ સુધાંશુઃ - (રાત્રે આકાશમાં આંખ સામે જ દેખાતો) આ ચંદ્ર. ચંદ્રને 'સુધાંશુ' એટલા માટે કહ્યો છે કે તેનાં કિરણો અમૃત (સુધા) જેવાં શીતળ હોય છે. આ ચંદ્ર શું કરે છે ? ક્ષિતિં સ્વયં અવતિ ધરતીને, પૃથ્વીને પોતાની મેળે જ શાંતિ-શીતળતા-ઠંડક-સંરક્ષણ આપે છે. કેવી ધરતી ? અર્ક-કર્કશ-પ્રભા-અભિતપ્તાં - અર્ક એટલે સૂર્ય, એના, કર્કશ એટલે આકરા-અણગમતા-અકળાવતા-પ્રખર તાપ-તડકા (પ્રભા) વડે, અત્યંત, ખૂબ તપી ગયેલી, સંતપ્ત થઈ ગયેલી (અભિતપ્તાં) એવી. કિલ, ખરેખર, સાચે જ. ક્ષિતિ એટલે ધરતી, પૃથ્વી, ધરા, ભૂમિ, અવતિ રક્ષણ આપે છે, એટલે ધરતીને સૂર્યના તાપમાંથી બચાવીને એને નિરાંતની શાતા આપે છે. (૪૦)

અનુવાદ :– મહાત્માઓનો (તો) આ સ્વભાવ (જ) હોય છે કે તેઓ પોતાની મેળે જ, બીજાંનાં દુઃખ દૂર થઈ જાય એ રીતે, પોતાનાં ચિત્તને પ્રવૃત્ત કરે છે : આ ચંદ્ર, સૂર્યના આકરા તડકાથી ખૂબ તપી ગયેલી ધરતીને, પોતાની મેળે જ (ઠંડક આપીને, તાપમાંથી), રક્ષણ આપે છે. (૪૦)

ટિપ્પણ :– સાચા સંતો-મહંતોનાં વિશિષ્ટ લક્ષણની વાત આ શ્લોકમાં ચાલુ રહી છે. આ ભવસાગરમાં ગળકાં ખાતાં શરણાગત મુમુક્ષુઓને સંતો તારે છે તારયન્તિ, એવું સાંભળીને કોઈને નવાઈ લાગે કે આ લોકો આમ શા માટે કરતા હશે ? - એનો આ શ્લોકમાં જવાબ છે કે 'ભાઈ, મહાત્માઓનો તો સ્વભાવ જ આવો હોય છે, એમને આવું કરવાનું કોઈએ કહેવું પડતું નથી.' બીજાંનું દુઃખ તેમનાથી જોયું જ ન જાય. બીજાંને દુઃખી જુએ, એટલે તેઓ પોતે જ દુઃખી થઈ જાય ! પેલાં દુઃખિયારાં તેમની પાસે આવીને મદદ માટે કરગરે, એવી પરિસ્થિતિ જ એમને તો ન ગમે. એ જ ક્ષણે, પેલાંનાં દુઃખો દૂર થઈ જાય ત્યારે જ એમને શાંતિ થાય, જીવ હેઠો બેસે. એમનો આવો સ્વભાવ 'અજોડ' એટલા માટે માનવાનો રહે કે આવી શુભ પ્રવૃત્તિ તેઓ સ્વયંપ્રેરણાથી કરતા હોય છે !

આખા દિવસ દરમિયાન, અને ખાસ તો ઉનાળાના વૈશાખ-જેઠ મહિનામાં, સૂર્યનાં પ્રખર તડકાથી ધરતી બિચારી ખૂબ તપીને ત્રાસી ગઈ હોય છે, પણ એને ત્રાહિ માં, ત્રાહિ મામ્ । એવું કહેવાની જરૂર રહેતી જ નથી. રાત પડે કે તરત જ, અમૃત જેવાં શીતળ કિરણો ધરાવતો ચંદ્ર, સામેથી, એની મેળે, દોડતો, પહોંચી જાય છે અને એનો સ્પર્શ થતાં જ, ધરતીનું હૈયું બોલી રહે છે : 'હાશ, હવે નિરાંત થઈ ગઈ !'

આવું દૃષ્ટાંત સાંભળ્યા-સમજ્યા પછી, મહાત્માઓના સ્વભાવ વિશે કોનાં મનમાં શંકા કે આશ્ચર્ય રહે ?

આ શ્લોકમાં **'વંશસ્થ'** છંદ પ્રયોજાયો છે. (૪૦)

૪૧

ब्रह्मानन्दरसानुभूतिकलितैः पूतैः सुशीतैः सितै-
-र्युष्मद्वाक्कलशोज्झितैः श्रुतिसुखैर्वाक्यामृतैः सेचय ।
सन्तप्तं भवतापदावदहनज्वालाभिरेनं प्रभो
धन्यास्ते भवदीक्षणक्षणगतेः पात्रीकृताः स्वीकृताः ॥ ४१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

બ્રહ્માનન્દરસાનુભૂતિકલિતૈઃ પૂતૈઃ સુશીતૈઃ સિતૈ-
ર્યુષ્મદ્વાક્કલશોજ્ઝિતૈઃ શ્રુતિસુખૈર્વાક્યામૃતૈઃ સેચય ।
સન્તપ્તં ભવતાપદાવદહનજ્વાલાભિરેનં પ્રભો
ધન્યાસ્તે ભવદીક્ષણક્ષણગતેઃ પાત્રીકૃતાઃ સ્વીકૃતાઃ ॥ ૪૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (હે) પ્રભો, બ્રહ્માનન્દરસાનુભૂતિકલિતૈઃ પૂતૈઃ સુશીતૈઃ સિતૈઃ યુષ્મદ્વાક્-કલશ-ઉજ્ઝિતૈઃ વાક્યામૃતૈઃ, ભવતાપદાવદહનજ્વાલાભિઃ સન્તપ્તં એનં (ભવતઃ શિષ્યં માં) સેચય । ભવદીક્ષણક્ષણગતેઃ (યે જનાઃ) પાત્રીકૃતાઃ સ્વીકૃતાઃ (ચ), તે ધન્યાઃ (સન્તિ) ॥ ૪૧ ॥

શબ્દાર્થ :– તે (જનાઃ) ધન્યાઃ સન્તિ । એ મુખ્ય વાક્ય છે. જીવનમાં (અને ખાસ કરીને, ગુરુની કૃપા પામવા ઇચ્છતા શિષ્યોમાં) ખરેખર, કોણ ધન્ય છે ? જવાબ છે : 'તે શિષ્યો ધન્ય છે.' કોણ ? કેવા ? ભવત્-ઈક્ષણ-ક્ષણગતેઃ (યે) શિષ્યાઃ પાત્રીકૃતાઃ સ્વીકૃતાઃ (ચ) । પાત્રીકૃતાઃ એટલે પાત્ર બની શક્યા છે, યોગ્ય-લાયક બની ગયા છે. અને સ્વીકૃતાઃ એટલે સ્વીકારવામાં આવ્યા છે, સ્વીકારાયા છે, અપનાવાયા છે. શાના વડે ? ભવત્-ઈક્ષણ-ક્ષણગતેઃ- શાના પાત્ર ? શાનો સ્વીકાર ? ભવત્ એટલે આપની, ઈક્ષણ (કૃપા)-દૃષ્ટિ, નજર (ઈક્ષ્ એટલે 'જોવું', એ ધાતુ પરથી બનેલું નામઃદૃષ્ટિ, નજર). શિષ્ય ગુરુજીને કહે છે કે "આપની કૃપાદૃષ્ટિની એક ક્ષણ માત્ર માટે પાત્ર બનેલાં (ક્ષણગતેઃ પાત્રીકૃતાઃ અને તેથી આપે શિષ્ય તરીકે અપનાવેલા સ્વીકૃતાઃ) શિષ્યો ધન્ય છે. પરંતુ આવાં 'પાત્ર' અને 'સ્વીકાર' પામવાં શી રીતે ? આ લાયકાત અને સ્વીકાર ક્યારે અને કેવી રીતે મળી શકે, એનો એને ખ્યાલ છે, એટલે તે ગુરુજીને સીધી-લાગલી જ પ્રાર્થના કરે છે. શી ? એનં (માં) સેચય । આપની સામે, હાથ જોડીને ઊભેલા મને, આપના આ શિષ્યને, એના ઉપર સિંચન કરો, એને ભીંજવી-પલાળી દો. એને પલળવાની શી-કેમ જરૂર છે ? કારણ કે તે સંતપ્ત બહુ જ તપી ગયો છે, અત્યંત 'દાઝી' બળી

ગયો છે, પણ શાથી 'સંતપ્ત' થયો છે ? भव-ताप-दाव-दहन-ज्वालाभिः. भव એટલે સંસાર, સંસારી જિંદગી, दाव-दहन એટલે દાવાનળ અને दहन એટલે અગ્નિ, આ ભવરૂપી દાવાનળના અગ્નિની જવાળાઓથી એ સંપૂર્ણરીતે બળી રહ્યો છે. દાઝી ગયેલા માણસને તો કોઈક ઠંડા પ્રવાહીનાં સિંચનથી જ ઠારવાનો હોય ને ? અને શિષ્યનાં સદ્‌ભાગ્યે આવું પ્રવાહી ભરપૂર માત્રામાં એની સામે જ હાજર છે ! એ વળી કયું ? युष्मद् वाक्यामृतैः આપનાં વાક્યરૂપી અમૃત વડે ! વાહ, સરસ ! એ વાક્યામૃત કેવું છે. શ્લોકનાં બાકીના બધા શબ્દો આ 'વાક્યામૃત'નાં વિશેષણો છે : ब्रह्म-आनन्दरस-अनुभूति-कलितैः - कलित એટલે સંપન્ન, સભર. ગુરુજી પોતે તો બ્રહ્મસાક્ષાત્કાર પામી ચૂકેલા છે, એટલે બ્રહ્માનન્દની રસાનુભૂતિ વડે એમનું વાક્યામૃત તો સભર-સંપન્ન જ હોય. વળી, એ 'વાક્યામૃત', વધારામાં, 'पूत' (પવિત્ર) છે, सुशीत (અત્યંત શીતળ, ઠંડું) છે, અને 'सित' (સ્વચ્છ, નિર્મળ, ચોકખું) છે. વળી, ગુરુજીનાં એ વેણ-વચનો શ્રુતિસુખ છે, કાન માટે સુખદ છે, કર્ણપ્રિય, સાંભળવા ગમે તેવાં છે. પરંતુ આવું 'અમૃત' તો કોઈ વાસણમાં ભરેલું હોય ને ? હા, છે જ ને ! युष्मद्-वाक् -कलश-उज्झितैः. उज्झित એટલે નીકળતાં-ઠલવાતાં-પીરસાતાં. એ 'વાક્યામૃત' युष्मद् (આપની) वाक् (વાણી, વચનો, બોલ) - એ રૂપી कलश(કળશો, કળશિયા, લોટા)માંથી પીરસવામાં આવે છે. (હે પ્રભો) તો હે ભગવન્ ! આવો લાભ મને મળે, હું આવો ધન્ય થાઉં, - એવી મારા પર કૃપા કરો, - એવી પ્રાર્થના આ શિષ્ય પોતાના ગુરુજીને કરે છે. (૪૧)

અનુવાદ :– હે ભગવન્ ! બ્રહ્માનંદની રસાનુભૂતિથી સભર-સંપન્ન, પવિત્ર, અત્યંત શીતળ, સ્વચ્છ અને આપની વાણીરૂપી કલશમાંથી પીરસાતાં, કર્ણપ્રિય, આપનાં વાક્યોરૂપી અમૃત વડે, સંસારરૂપી દાવાનળની જ્વાલાઓ વડે સંતપ્ત એવા આ(આપના શિષ્ય)ને, એટલે કે, મને, આપની એક ક્ષણમાત્ર કૃપાદૃષ્ટિ વડે ભીંજવી દો : આને માટે યોગ્ય બનેલા અને આવો સ્વીકાર પામેલા (શિષ્યો, ખરેખર) ધન્ય છે ! (૪૧)

ટિપ્પણ :– આ શ્લોક 'शार्दूलविक्रीडित' એવા ૧૯ અક્ષરોવાળા, લાંબા છંદમાં રચાયો છે. અને એમાં લાંબા સમાસો અને અઘરા શબ્દો છે તેથી, સમજવામાં, પ્રમાણમાં, જરા અઘરો છે, પરંતુ 'શબ્દાર્થ'-વિભાગમાં બધા શબ્દોને સવિસ્તર અને સરળ ભાષામાં, સ્પષ્ટતાપૂર્વક, સમજાવવામાં આવ્યા છે. વાચકે, માત્ર, થોડું ધ્યાન આપવાનું રહે છે.

શ્લોક ભલે લાંબો હોય, શબ્દો અને સમાસો ભલે થોડા અઘરા હોય, પરંતુ મૂળ વાત તો સાદી અને સીધી જ છે : શિષ્યનાં હૃદયમાં બ્રહ્મસાક્ષાત્કાર અને મોક્ષપ્રાપ્તિ માટેની સંનિષ્ઠ અને સુતીવ્ર ઇચ્છા છે. આ માટે પોતાના સદ્‌ગુરુને તે કૃપાદૃષ્ટિ કરવા અને સમુચિત ઉપદેશ આપવા પ્રાર્થના કરે છે. એના માટે તો,

ગુરુજીની કૃપાદૃષ્ટિ માટે પાત્ર બનવું, શિષ્ય તરીકે તેઓશ્રી તેને સ્વીકારે અને એમની અમૃત-છલોછલ વાણી સાંભળવાનો વિરલ લાભ તેને મળે, એ જ એનું પરમ સદ્‌ભાગ્ય છે અને એમાં જ એનાં જીવનની સાચી ધન્યતા અને કૃતાર્થતા છે.

વેદાંત-વિદ્યાનું નિરૂપણ કરવું, એ આ ગ્રંથનો હેતુ છે અને શ્રીશંકારાચાર્ય એક સમર્થ તત્ત્વજ્ઞાની છે. પરંતુ આવા આચાર્યશ્રી એક, એટલા જ પરમસંનિષ્ઠ પ્રભુભક્ત અને પ્રાસાદિક કવિ પણ છે, એ ભૂલવાનું નથી : એમનાં સ્તોત્રો આ હકીકતની ખાતરી આપે છે, તેથી આવા દાર્શનિક વિષયનાં આલેખનમાં પણ એમની વાણી કવિત્વમય બની જાય છે. અગાઉના શ્લોકોમાં 'પ્રાસાનુપ્રાસ' અને 'દૃષ્ટાંત' જેવા અલંકારો તેમણે પ્રયોજ્યા છે, તેમ જ અહીં પણ 'વાણી-રૂપી કલશ', 'વાક્યરૂપી અમૃત' અને 'ભવ-તાપરૂપી દાવાનળ' જેવાં 'રૂપક' - અલંકારો તેમણે પ્રયોજ્યા છે, અને ઈક્ષણ-ક્ષણ, - એ સમાસમાં રહેલું પ્રાસ-અનુપ્રાસ - અલંકારનું, અને ઝડ-ઝમકનું, સંગીત પણ એટલું જ કર્ણપ્રિય અને મધુર છે. (૪૧)

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત (૪૧)**

૪૨

कथं तरेयं भवसिन्धुमेतं
का वा गतिर्मे कतमोऽस्त्युपायः ।
जाने न किंचित् कृपयाऽव मां प्रभो
संसारदुःखक्षतिमातनुष्व ॥ ४२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

કથં તરેયં ભવસિન્ધુમેતં
કા વા ગતિર્મે કતમોઽસ્ત્યુપાયઃ ।
જાને ન કિંચિત્ કૃપયાઽવ માં પ્રભો
સંસારદુઃખક્ષતિમાતનુષ્વ ॥ ૪૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– એતં ભવસિન્ધું (અહં) કથં તરેયમ્ ? કા વા મે ગતિઃ સ્યાત્ ? કતમઃ ઉપાયઃ અસ્તિ ? (અહં) કિંચિત્ (અપિ) ન જાને । (હે) પ્રભો, કૃપયા માં અવ, (મમ) સંસારદુઃખક્ષતિં આતનુષ્વ ॥ ૪૨ ॥

શબ્દાર્થ :– કથં - કેવી રીતે ? કેમ કરીને ? એતં ભવસિન્ધું - આ ભવસાગરને,(અહં) તરેયં - હું તરું ? તરીશ ? તરી શકીશ ? વા - વળી, મે ગતિઃ કા (સ્યાત્) ? મારી ગતિ, શી થશે ? કેવી થશે ? કતમઃ ઉપાયઃ અસ્તિ ? - આનો, ભવસાગરને તરવાનો, કેવો-ક્યો-કોઈ ઉપાય છે ? છે ખરો ? (અહં) કિંચિત્ (અપિ) ન જાને – હું તો આ બાબતમાં કશું જ જાણતો નથી, મને કંઈ જ ખબર નથી, (હે) પ્રભો, માં કૃપયા અવ । હે ભગવન્ ! મને મહેરબાની

કરીને, કૃપા કરીને, મારી આ પરિસ્થિતિમાંથી બચાવો, ઉગારો, (અવ). (મમ) संसारदुखक्षतिं आतनुष्व । क्षतिं એટલે નાશ, દૂર કરવું, પરહરવું, અંત લાવવો, क्षतिं आतनुष्व - નાશ કરો, દૂર કરો, પરહરો. (૪૨)

અનુવાદ :– આ ભવસાગરને હું કેવી રીતે તરીશ ? વળી, મારી ગતિ કેવી થશે ? (આનો) ઉપાય શો (કેવો) છે ? (આમાંનું) કશું જ હું જાણતો નથી. હે પ્રભો ! (કૃપા કરીને) મને (આમાંથી) ઉગારી લ્યો, મારાં સંસારદુઃખોનો નાશ કરો. (૪૨)

ટિપ્પણ :– શ્લોક સહેલો છે. શિષ્યે પોતાની મુંઝવણ ગુરુજી સમક્ષ વ્યક્ત કરી : આ માટે તેણે ત્રણ પ્રશ્નો પૂછ્યા, પોતાનાં અજ્ઞાનનો એકરાર કર્યો અને પછી યાચના કરી : 'આ વિષમ પરિસ્થિતિમાંથી મને બચાવી લો અને તે માટે મારાં સર્વ સંસાર-દુઃખોને દૂર કરો.' એના ત્રણેય સવાલો, અજ્ઞાનની એની કબૂલાત અને સદ્‌ગુરુ સમક્ષની એની વિનંતી,- આ બધું યે, શિષ્યની નમ્રતા, નિખાલસતા અને નિષ્ઠા, - એના સમગ્ર સ્વભાવની પારદર્શકતા, - સૂચવી રહે છે :-

કુરુક્ષેત્રનાં યુદ્ધમાં લડવું કે ન લડવું, - એવી રીતે પોતાની ફરજ (ધર્મ) બાબત જેની મતિ મુંઝાઈ ગઈ હતી, એવા અર્જુને શ્રીકૃષ્ણને કહેલાં વચનો અહીં સ્મરણે ચઢે છે :-

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् । (ગીતા ૨, ૭)

('હું આપનો શિષ્ય છું : પ્રપત્તિભાવે આપને શરણે આવ્યો છું, મને માર્ગદર્શન આપો.')

શ્લોકનો છંદ : **'ઉપજાતિ'** (૪૨)

૪૩

तथा वदन्तं शरणागतं स्वं
संसारदावानलतापतप्तम् ।
निरीक्ष्य कारुण्यरसार्द्रदृष्ट्या
दद्यादभीतिं सहसा महात्मा ॥ ४३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

तथा वदन्तं शरणागतं स्वं
संसारदावानलतापतप्तम् ।
निरीक्ष्य कारुण्यरसार्द्रदृष्ट्या
दद्यादभीतिं सहसा महात्मा ॥ ४३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– तथा वदन्तं स्वं शरणागतं संसारदावानलतापतप्तं (च) (शिष्यं, मुमुक्षुं) कारुण्यरसार्द्रदृष्ट्या निरीक्ष्य, महात्मा, सहसा अभीतिं दद्यात् ॥ ४३ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : अभीर्तिं दद्यात् । सहसा – એટલે તરત જ, તત્ક્ષણ, વિના વિલંબ, भीति એટલે ભય, ડર, બીક, अभीति – એટલે અભય, નિર્ભયતા, ભયમાંથી છૂટકારો. આખા વાક્યનો અર્થ આ પ્રમાણે : મહાત્માએ, એટલે ગુરુજીએ, તરત જ અભયદાન કરવું જોઈએ, અભયવચન આપવું જોઈએ. કોને ? શિષ્યને, મુમુક્ષુને, સાધકને. કર્મ (Object) માટેનો આ શબ્દ શ્લોકમાં અધ્યાહાર્ય (understood સમજી લેવાનો) છે. આ પહેલાંના શ્લોકો પરથી આપણે જાણીએ છીએ કે આવાં અભયવચન માટે પેલો શિષ્ય ગુરુજી સમક્ષ હાથ જોડીને જ ઊભો છે. એ શિષ્ય કેવો છે ? એનાં વિશેષણો આ પ્રમાણે : तथा वदन्तं – તે પ્રમાણે બોલતો, પ્રાર્થના કરતો, स्वं शरणागतं પોતાને શરણે આવેલો, અને संसारदावानलतापतप्तं. એ શિષ્યે, આ પહેલાં, પોતે જ, એકરાર કર્યો છે તેમ, તે સંસારરૂપી દાવાનળના તાપથી તપ્ત છે, દાઝેલો છે, એટલે, સૌપ્રથમ તો, ગુરુજીએ તેને, તરત જ, એ દાવાનળના તાપમાંથી મુક્ત કરવો જોઈએ, તેને તે તાપના ભયમાંથી છૂટકારો આપવો જોઈએ : 'ચિંતા કર મા, તું મારે શરણે આવ્યો છે, તેથી તારે હવે કશાથી ડરવાનું રહેતું નથી,' – એવું અભયવચન તેને આપવું જોઈએ. પરંતુ ગુરુએ આ પ્રક્રિયા કેવી રીતે કરવી જોઈએ ? – दृष्ट्या – પોતાની દૃષ્ટિથી. શિષ્યને જોઈને નિરીક્ષ્ય. એ દૃષ્ટિ કેવી છે ? कारुण्यरसार्द्र કરુણાના રસથી આર્દ્ર, ભીની, ભીંજવતી, નીતરતી. (૪૩)

અનુવાદ :– તે પ્રમાણે બોલતા, પોતાને શરણે આવેલા અને સંસારરૂપી દાવાનળથી ખૂબ દાઝેલા(એવા તે, મુમુક્ષુ)ને મહાત્માએ (ગુરુજીએ) (પોતાની) કરુણારસથી નીતરતી નજરે જોઈને, વિના વિલંબે, તેને અભયદાન આપવું જોઈએ. (૪૩)

ટિપ્પણ :– સંસારના તાપથી દાઝેલો શિષ્ય તો, ગુરુ સમક્ષ, શરણે આવીને, હાથ જોડીને, આગળના શ્લોકો પ્રમાણે, પ્રાર્થના કરતો, ઊભો જ છે. એ સળગી રહ્યો છે, એટલે ગુરુજીએ સૌપ્રથમ તો પેલા અગ્નિમાંથી એને ઊગારી લેવો જોઈએ, એને ટાઢક આપવી જોઈએ, પરંતુ અહીં હોસ્પિટલના Burns-વિભાગની વાત નથી. કરુણાના રસથી સતત નીતરતી ગુરુજીની નજર જ, એમનો એક દૃષ્ટિપાત જ, આ માટે પૂરતો છે ! આ જ ચમત્કાર છે, – સાચા સદ્‌ગુરુની નજરનો ! જેવા ગુરુ પેલા સામે જુએ કે તરત જ (सहसा), શિષ્ય અગ્નિ(अनल)ના ભયથી મુક્ત થઈ જાય ! વળી, એમને કશું બોલવું પડતું નથી. એમની આવી મૌન-નજર જ એને નિર્ભય કરી નાખે છે. એ દૃષ્ટિપાત એટલે જ અભયવચન ! એ દૃષ્ટિપાતનો જાદુ એ હોય છે કે શરણાગત પ્રત્યેના દયાભાવના રસથી તે સદા-સભર હોય છે !

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૪૩)**

૪૪

विद्वान् स तस्मा उपपत्तिमीयुषे
मुमुक्षवे साधु यथोक्तकारिणे ।
प्रशान्तचित्ताय शमान्विताय
तत्त्वोपदेशं कृपयैव कुर्यात् ॥ ४४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

विद्वान् स तस्मा उपपत्तिमीयुषे
मुमुक्षवे साधु यथोक्तकारिणे ।
प्रशान्तचित्ताय शमान्विताय
तत्त्वोपदेशं कृपयैव कुर्यात् ॥ ४४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– सः विद्वान् (गुरुः) उपपत्तिं ईयुषे, मुमुक्षवे, साधु यथोक्तकारिणे, प्रशान्तचिताय, शमान्विताय तस्मै (शिष्याय साधकाय) कृपया एव, तत्त्वोपदेशं कुर्यात् ॥ ४४ ॥

શબ્દાર્થ :– सः विद्वान् (गुरुः) - એ આત્મજ્ઞાની ગુરુએ હવે પછી तस्मै - તે શિષ્ય પ્રત્યે શું કરવું જોઈએ ? तत्त्वोपदेशं कुर्यात् । तत्त्वનો, આત્મસ્વરૂપનો, આત્મજ્ઞાનનો ઉપદેશ કરવો-આપવો જોઈએ. कृपया एव, કૃપા કરીને. એને તેમણે નિર્ભય તો કરી જ દીધો છે. હવે પછીનું તેમનું બીજું પગલું આ હોવું જોઈએ. પરંતુ ઉપદેશ માટે તે લાયક છે ? શ્લોકમાંના આ સિવાયના શબ્દો, - શિષ્યની આવી લાયકાત દર્શાવતાં વિશેષણો છે. - એક પછી એક, આ પ્રમાણે : उपपत्तिं ईयुषे - શરણે આવેલાને. એ શરણાગત ન હોય, અને એના મગજમાં જો કશો અહંકાર (Ego) હોય તો ગુરુ-ઉપદેશ માટે અપાત્ર ઠરે. આથી જ ભગવાન શ્રીકૃષ્ણે અનેક પ્રકારની દલીલો કરી રહેલા અર્જુનને કહ્યું હતું કે-

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । (ગીતા ૧૮, ૬૬)

मुमुक्षवे - અને શિષ્ય મુમુક્ષુ તો, મોક્ષવાંછુ છે જ, साधु यथोक्तकारिणे - ગુરુએ જે કહ્યું તે પ્રમાણે, સારી રીતે (साधु) કરનારો હોવો જોઈએ. શિષ્યની આજ્ઞાંક્તિતા પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે, અને એનું ચિત્ત પ્રશાન્ત તથા 'शम'-ગુણથી યુક્ત હોવું જોઈએ : प्रशान्तचिताय शमान्विताय.

અનુવાદ :– ઉપર-કહ્યા પ્રમાણે શરણે આવેલા, કહ્યા પ્રમાણે કરતા, પ્રશાન્ત ચિત્તવાળા અને 'शम'(ગુણ)થી યુક્ત એવા તે(શિષ્ય)ને, તેણે (મહાત્મા ગુરુએ) તત્ત્વનો ઉપદેશ કરવો. (૪૪)

ટિપ્પણ :– શ્લોક સરળ છે.

મોક્ષપ્રાપ્તિની સઘળી પાત્રતા શિષ્ય ધરાવે છે, એટલે હવે ગુરુએ એક જ કામ હાથ ધરવાનું રહે છે : કૃપા કરીને શિષ્યને આત્મજ્ઞાનનો ઉપદેશ આપવો જોઈએ.

શ્લોકનો છંદ : **'ઉપજાતિ' (૪૪)**

૪૫

श्रीगुरुरुवाच ।

मा भैष्ट विद्वंस्तव नास्त्यपायः
संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।
येनैव याता यतयोऽस्य पारं
तमेव मार्गं तव निर्दिशामि ॥ ४५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

मा भैष्ट विद्वंस्तव नास्त्यपायः
संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।
येनैव याता यतयोऽस्य पारं
तमेव मार्गं तव निर्दिशामि ॥ ४५ ॥

श्रीगुरुः उवाच ।

શ્લોકનો ગદ્ય અન્વય :– (हे) विद्वन्, मा भैष्ट, तव अपायः न अस्ति, संसारसिन्धोः तरणे उपायः अस्ति ! येन एव (मार्गेण) यतयः (अस्य संसार-सिन्धोः) पारं याताः, तं एव मार्गं (अहं) तव निर्दिशामि ॥ ४५ ॥

શબ્દાર્થ :– मा भैष्ट – તું ભય ન પામજે, (જરા પણ) ડરીશ નહીં, (हे) विद्वन् હે વિદ્વાન્ ! ભણી-ગણીને, સર્વ વિદ્યાઓનું જ્ઞાન પામીને, પોતાની પાસે આવેલા શિષ્યને ગુરુજીએ કરેલું આ સંબોધન છે. अपायः – નાશ, सिन्धु – સાગર, तरणं - તરી જવું, ઓળંગવું, સામે પાર જવું. यतयः યોગીઓ, पारं याताः પાર કરી ગયા, તરી ગયા. (अहं) तव निर्दिशामि હું તને બતાવું છું. હું તને માર્ગદર્શન આપું છું, તને રસ્તો દર્શાવું છું. (૪૫)

અનુવાદ :– હે વિદ્વાન ! (હવે તું જરા પણ) ભય ન રાખજે, તારો નાશ નથી, (તારા માટે) સંસાર-સાગરને તરી જવાનો ઉપાય છે (જ). જે(માર્ગ)થી યોગીજનો આ(સંસાર-સાગર)ને તરી ગયા, તે જ (માર્ગ, હવે) હું તને બતાવું છું. (૪૫)

ટિપ્પણ :– શિષ્યને અભય-પ્રદાન ગુરુએ તો કર્યું જ હતું. પણ હવે જ્યારે પોતે જ શિષ્યને સીધું સંબોધન શરૂ કરે છે ત્યારે, સૌથી પહેલી વાત એ જ કરે છે કે 'તારે હવે ડરવાની કશી જરૂર નથી (मा भैष्ट), હવે તું મારે શરણે આવ્યો છે, એટલે સંપૂર્ણરીતે નિર્ભય અને નિશ્ચિન્ત થઈ જા'. અને આવાં સીધાં અભયવચનની જરૂર ગુરુજીને એટલા માટે લાગી, કે આ સંસારરૂપી સાગરને તરવાની એને બીક હતી, ચિંતા હતી. શિષ્યને એ પણ બીક હતી કે તરી જવાની આ પ્રક્રિયા દરમિયાન જ પોતે ડૂબી જશે, મરી જશે. એટલે, ગુરુજીએ એને બીજી હૈયાધારણ એ આપી કે "ડૂબી-મરી જવાની બીક પણ રાખીશ મા, કારણ કે તારો

નાશ (અપાયઃ) નહી થાય. જેનાં ભય અને ચિંતા તને કનડી રહ્યાં છે, એ સંસાર-સાગરને તરી જવાનો 'ઉપાય' છે જ, અને એ 'ઉપાય' જેવો તેવો નથી. મોટા મોટા યોગીજનો અને ઋષિમુનિઓ જે માર્ગે તરી ગયા, એ જ, એવો જ, સરળ અને સુપ્રસિદ્ધ માર્ગ હવે હું તને બતાવું છું".

અંગ્રેજીમાં આવો માર્ગ ભલે 'Royal' Road કહેવાતો હતો, ગુરુજીનાં મનમાં જે માર્ગ છે, તે તો 'Sacred' 'પવિત્ર' road જ હોવો જોઈએ. વિષય ભલેને વેદાન્તવિદ્યાનો રહ્યો. આચાર્યશ્રીનાં કવિત્વનો સંપર્ક કંઈ મળ્યા વિના રહે ?

અપાયઃ - ઉપાયઃ અને યૈનૈવ યાતા યતયો,-માંનો 'પ્રાસાનુપ્રાસ'-અલંકાર ચિત્ત-સંતર્પક છે.

શ્લોકનો છંદ : **'ઉપજાતિ' (૪૫)**

૪૬

अस्त्युपायो महान् कश्चित् संसारभयनाशनः ।
तेन तीर्त्वा भवाम्भोधिं परमानन्दमाप्स्यसि ॥ ४६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

अस्त्युपायो महान् कश्चित् संसारभयनाशनः ।
तेन तीर्त्वा भवाम्भोधिं परमानन्दमाप्स्यसि ॥ ४६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- संसारभयनाशनः कश्चित् महान् उपायः अस्ति, तेन (उपायेन) भवाम्भोधिं तीर्त्वा त्वं परमानन्दं आप्स्यसि ॥ ४६ ॥

શબ્દાર્થ :- संसारभयनाशनः संसार(સાગરના તરવા)ના ભયનો નાશ કરે તેવો, कश्चित् महान् उपायः अस्ति કોઈક મહાન ઉપાય છે જ, तेन तीर्त्वा - તેના આધારે તરીને, भवाम्भोधिं. भव એટલે આ સંસાર, અને अम्भोधि એટલે સાગર (अम्भः પાણી, અને धि - સમૂહ, જળસમૂહ, દરિયો). (त्वं) परमानन्दं आप्स्यसि તું પરમ આનંદ પામીશ. (૪૬)

અનુવાદ :- સંસારના ભયનો નાશ કરી શકે એવો કોઈ (એક) મહાન ઉપાય છે, તેનાથી ભવસાગરને તરી જઈને, તું પરમ આનંદ પામીશ. (૪૬)

ટિપ્પણ :- શ્લોક સાવ સહેલો છે. શિષ્યનાં મનમાં જે ભય છે, તેનો નાશ કરે એવો ઉપાય ગુરુજી પાસે તો છે જ. વળી, એ ઉપાય જેવો-તેવો નથી, મોટો (महान्) છે. પરંતુ એ માત્ર મોટો નથી, कश्चित् એટલે 'કોઈક', અદ્‌ભુત, વિરલ અને 'અમોઘ' (કદી પણ નિષ્ફલ ન જાય એવો) પણ છે. એમાં જ ઉપાયની વિશિષ્ટતા છે.

અને આવા ઉપાયને અપનાવીને, ભવસાગર તર્યાનો આનંદ તો સામાન્ય હોય જ શાનો ?

એ તો અવશ્ય 'પરમ' આનંદ જ હોય !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૪૬)**

૪૭

वेदान्तार्थविचारेण जायते ज्ञानमुत्तमम् ।
तेनात्यन्तिकसंसारदुःखनाशो भवत्यनु ॥ ४७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વેદાન્તાર્થવિચારેણ જાયતે જ્ઞાનમુત્તમમ્ ।
તેનાત્યન્તિકસંસારદુઃખનાશો ભવત્યનુ ॥ ૪૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– वेदान्तार्थविचारेण उत्तमं ज्ञानं जायते । तेन अनु आत्यन्तिकसंसारदुःखनाशः भवति ॥ ४७ ॥

શબ્દાર્થ :– वेदान्त-अर्थ-विचारेण । - વેદાન્તનાં વાક્યોનાં અર્થની વિચારણા કરવાથી, એનો સ્વાધ્યાય કરવાથી, એનાં ચિંતન-મનન કરવાથી, उत्तमं ज्ञानं जायते - ઉત્તમ જ્ઞાન થાય છે, तेन अनु - તેમ કર્યા પછી તરત જ, आत्यन्तिक-संसारदुःखनाशः - આ સામાસિક શબ્દમાં आत्यन्तिक - એ શબ્દ नाशःનું વિશેષણ છે. સંસારનાં દુઃખોનો નાશ કેવો ? આત્યન્તિક, એટલે કે સંપૂર્ણ, પૂરેપૂરો, નિઃશેષ, भवति - થાય છે. (૪૭)

અનુવાદ :– વેદાન્ત(વાક્યો)ના અર્થની વિચારણા કરવાથી ઉત્તમ જ્ઞાન (પ્રાપ્ત) થાય છે, (અને) ત્યારપછી તરત જ સંસારનાં દુઃખોનો સંપૂર્ણ નાશ થઈ જાય છે. (૪૭)

ટિપ્પણ :– આ શ્લોક પણ સહેલો જ છે. માત્ર, એક વેદાન્ત-શબ્દ, પરિચિત હોવા છતાં, એનો તાત્ત્વિક અર્થ સમજવાનો રહે છે : સંસ્કૃત સાહિત્યના બે ભાગ પાડવામાં આવ્યા છે : **'વૈદિક'** સાહિત્ય અને **'પ્રશિષ્ટ'** સાહિત્ય. આ **વૈદિક** સાહિત્યના પણ **ચાર** પેટા વિભાગો આ પ્રમાણે છે : ચાર વેદો, બ્રાહ્મણ-ગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદો. ત્યારપછીનું **રામાયણ-મહાભારતથી** શરૂ થતું સઘળું સાહિત્ય 'પ્રશિષ્ટ સાહિત્ય' (Classical Literature) કહેવાય છે.

વૈદિક સાહિત્યમાં, ઉપનિષદો છેક છેલ્લે, અંતે, આવતાં હોવાથી, અને એમાં વેદોનો 'અંત', એટલે કે 'સાર' (Essence) હોવાથી, ઉપનિષદોને **'વેદાન્ત'** કહેવામાં આવે છે.

એક બીજી, એવી જ, મહત્ત્વની હકીકત લક્ષમાં રાખવા જેવી છે : ભારતીય 'દર્શન'ની, એટલે કે તત્ત્વજ્ઞાનની, છ પદ્ધતિઓ (Six systems of Indian philosophy) આ પ્રમાણે છે. સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા. આ ઉત્તરમીમાંસા એટલે જ **'વેદાન્તદર્શન'** જેમાં, મહદંશે, **ઉપનિષદ**નાં ચિંતનને વણી લેવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૪૭)**

૪૮

श्रद्धाभक्तिध्यानयोगान्मुमुक्षोः
मुक्तेर्हेतून् वक्ति साक्षात् श्रुतेर्गीः ।
यो वा एतेष्वेव तिष्ठत्यमुष्य
मोक्षोऽविद्याकल्पिताद् देहबन्धात् ॥ ४८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શ્રદ્ધાભક્તિધ્યાનયોગાન્મુમુક્ષોઃ
મુક્તેર્હેતૂન્ વક્તિ સાક્ષાત્ શ્રુતેર્ગીઃ ।
યો વા એતેષ્વેવ તિષ્ઠત્યમુષ્ય
મોક્ષોઽવિદ્યાકલ્પિતાદ્ દેહબન્ધાત્ ॥ ૪૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– શ્રુતેઃ ગીઃ શ્રદ્ધાભક્તિધ્યાનયોગાત્ મુમુક્ષોઃ મુક્તેઃ સાક્ષાત્ હેતૂન્ વક્તિ । યઃ (સાધક)ઃ વા એતેષુ એવ તિષ્ઠતિ, અમુષ્ય (સાધકસ્ય) અવિદ્યાકલ્પિતાત્ દેહબન્ધાત્ મોક્ષઃ (ભવતિ) ॥ ૪૮ ॥

શબ્દાર્થ :– શ્રુતેઃ ગીઃ – શ્રુતિ એટલે વેદો, વૈદિક સાહિત્ય, ગીઃ એટલે વાણી, જેના ઉપરથી 'ગિરા' એવો શબ્દ બન્યો. શ્રુતેઃ ગીઃ વેદોની વાણી, શ્રુતિવચનો, વક્તિ – ગણે છે, ગણાવે છે, કહે છે. મુખ્ય વાક્ય છે : શ્રુતેઃ ગીઃ વક્તિ – વેદોની વાણી કહે છે. શું કહે છે ? મુમુક્ષોઃ મુક્તેઃ સાક્ષાત્ હેતૂન્ – મુમુક્ષુજનની મુક્તિના સાક્ષાત્ હેતુઓને, કારણોને, સાધનોને. શ્રદ્ધા-ભક્તિ-ધ્યાન-યોગાન્ – શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગને (મુક્તિનાં સાક્ષાત સાધનો તરીકે ગણે છે). યઃ (સાધકઃ) વા એતેષુ એવ તિષ્ઠતિ – અને જે કોઈ (સાધક) આ (બધાં સાધનો)નું જ અનુષ્ઠાન કરે છે, આ સર્વમાં જ સ્થિરભાવે રચ્યોપચ્યો રહે છે, એ સહુમાં જ સતત મગ્ન રહે છે, અમુષ્ય (સાધકસ્ય) મોક્ષઃ (ભવતિ) – આવા સાધકનો મોક્ષ થાય છે. શામાંથી મોક્ષ થાય છે ? અવિદ્યાકલ્પિતાત્ દેહબન્ધાત્ – અવિદ્યાનાં કારણે કલ્પવામાં આવેલાં, માની લીધેલાં, દેહનાં બંધનોમાંથી. અવિદ્યા એટલે અજ્ઞાન, એનાથી કલ્પિત શરીરનાં બંધનોમાંથી. (૪૮)

અનુવાદ :– વેદ-વાણી શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગને મુમુક્ષુજનની મુક્તિનાં સાક્ષાત્ સાધનો તરીકે ગણે છે, અને જે કોઈ (સાધક) આ સાધનોનું સતત અનુષ્ઠાન કરે છે તેનો, અવિદ્યાથી કલ્પિત એવાં દેહ(જનિત)બંધનોથી મોક્ષ થાય છે. (૪૮)

ટિપ્પણ :– ગુરુજીને શરણે આવેલો શિષ્ય એક સાચો મુમુક્ષુ છે, એને મોક્ષની ઇચ્છા છે, પરંતુ સૌપ્રથમ તો તેણે જ્ઞાન પ્રાપ્ત કરવું પડે, અને એ જ્ઞાન એને ઉપનિષદોનાં વાક્યોનાં અધ્યયન દ્વારા મળે, એમ ગુરુજીએ આ પહેલાંના શ્લોકમાં કહ્યું, પરંતુ એટલું જ પૂરતું નથી. શ્રુતિનાં વચનો તો, આ ઉપરાંત, શ્રદ્ધા, ભક્તિ,

ધ્યાન અને યોગ, - એ ચારને મુક્તિનાં સાક્ષાત્, - સીધે સીધાં, સાધનો તરીકે ગણે છે, એટલે આ ચારને પણ સાધકે 'આત્મસાત્' કરવાં રહ્યાં. આ ચારનો શાસ્ત્રોક્ત અર્થ સમજી લેવો જોઈએ :

ધાર્મિક-આધ્યાત્મિક બાબતોમાં, 'શ્રદ્ધા' તો પાયાની આવશ્યકતા છે. અને શ્રદ્ધા પણ સામાન્ય પ્રકારની, ઉપરછલ્લી, દેખાવની નહીં, પરંતુ ઊંડી, હૃદયસ્પર્શી, સંનિષ્ઠ હોવી જોઈએ, તો જ સાધના ફળીભૂત થાય.

અને 'ભક્તિ' પણ એવી જ હોવી જોઈએ, - સાધના દરમિયાન ભક્ત, ભગવાન સાથે ઐક્યભાવ અનુભવે, 'પોતે અને ભગવાન એક જ છે.' - એવો ભાવ મનમાં થાય, 'પોતે ભગવાન-મય બની જાય', - એ જ સાચી ભક્તિ.

સાધક જ્યારે ભગવાનનું 'ધ્યાન' ધરે છે ત્યારે, પોતે 'ધ્યાતા' છે અને ભગવાન 'ધ્યેય' છે. પરંતુ ધ્યાનની પ્રક્રિયાનાં માધ્યમ દ્વારા, 'ધ્યાતા' અને 'ધ્યેય'નું ઐક્ય સધાય તો જ અને ત્યારે જ, સાચું 'ધ્યાન' થયું ગણાય.

અને 'યોગ' શબ્દ જ યુજ્ (એટલે જોડવું) એ ધાતુમાંથી બનેલો છે, એટલે 'યોગ'નો અર્થ જ ભક્તનું ભગવાન સાથેનું જોડાણ (Union).

પરંતુ આ ચારનું સેવન, અનુષ્ઠાન, જેટલું સતત એટલું જ સઘન (एतेषु एव) હોવું જોઈએ.

બસ, આટલું સુયોગ્ય રીતે સિદ્ધ થઈ જાય, પછી સાધકને કોઈ દેહજન્ય બંધનો રહે જ નહીં, - અને એ જ મોક્ષ !

શ્લોકનો છંદ : **'शालिनी'** (૪૮)

૪૯

अज्ञानयोगात् परमात्मनस्तव
ह्यनात्मबन्धस्तत एव संसृतिः ।
तयोर्विवेकोदितबोधवह्नि-
रज्ञानकार्यं प्रदहेत् समूलम् ॥ ४९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અજ્ઞાનયોગાત્ પરમાત્મનસ્તવ
હ્યનાત્મબન્ધસ્તત એવ સંસૃતિઃ ।
તયોર્વિવેકોદિતબોધવહ્નિ-
રજ્ઞાનકાર્યં પ્રદહેત્ સમૂલમ્ ॥ ૪૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– परमात्मनः तव अज्ञानयोगात् (एव) हि अनात्मबन्धः (भवति, जायते), ततः एव (तेन एव, तस्मात् एव) संसृतिः (अस्ति), तयोः विवेकोदितबोधवह्निः अज्ञानकार्यं समूलं प्रदहेत् ॥ ४९ ॥

શબ્દાર્થ :– परमात्मनः तव - આમ તો તું પોતે જ પરમાત્મા છે, પરમાત્મ-સ્વરૂપ છે, તું અને પરમાત્મા જુદા નથી, પરંતુ अज्ञानयोगात् हि - અજ્ઞાન સાથેનાં સંબંધથી જ, અજ્ઞાનનાં કારણે જ, अनात्मबन्धः આત્મા નહીં, તે 'અનાત્મા', અને 'અનાત્મા' એટલે જ દેહ-શરીર-ઇન્દ્રિયો, મન વગેરે, અને એનો બન્ધ - એટલે એનું બંધન, અને ततः एव - તેમાંથી જ, તેનાં જ કારણે, संसृतिः સંસાર, तयोः એટલે એ બે(આત્મા-પરમાત્મા અને 'અનાત્મા')ના विवेकोदितबोधवह्नि. વિવેક એટલે એ બે જુદાં છે, એવી સમજણ, વિવેકબુદ્ધિ (Sense of discretion). वि+विज् (છૂટું પાડવું, જુદું કરવું), - એ ધાતુ પરથી બનેલો શબ્દ - विवेकः. विवेकोदित(विविक-उदित)बोधः - આ વિવેકબુદ્ધિ વડે ઉપજેલો બોધ, જ્ઞાન. એવા 'બોધ'રૂપ वह्निः - અગ્નિ, એવાં જ્ઞાન-રૂપી, એવી સમજણ-રૂપી અગ્નિ. अज्ञानकार्यं समूलं प्रदहेत् - અજ્ઞાનકાર્ય એટલે અજ્ઞાનનાં પરિણામ - સ્વરૂપ, અજ્ઞાનમાંથી જ જન્મેલો, એટલે કે સંસાર, તેને પ્રદહેત્ - બાળી નાખશે, સળગાવી મૂકશે, અને તે પણ समूलं મૂળ સાથે, મૂળ સહિત, સમૂળગો, પૂરેપૂરો, સંપૂર્ણરીતે (૪૯)

અનુવાદ :– પરમાત્મ-સ્વરૂપ એવો તું અજ્ઞાનનાં સંબંધને કારણે જ અનાત્મ(એટલે દેહાદિ)નાં બંધનને પામ્યો છે, અને તેથી જ (તને, તારે માટે આ) સંસાર (સર્જાય) છે. (પરંતુ) આત્મા અને અનાત્માની વિવેકબુદ્ધિ વડે ઊપજેલો જ્ઞાનરૂપી અગ્નિ અજ્ઞાનનાં પરિણામ-સ્વરૂપ આ(સંસાર)ને સમૂળગો સળગાવી નાખશે. (૪૯)

ટિપ્પણ :– શ્લોક, એમાંનાં શબ્દો, વાક્યરચના, વક્તવ્ય વગેરે થોડાં અઘરાં છે.

વેદાન્ત-દર્શનના સિદ્ધાન્તોનું નિરૂપણ કરતો આ ગ્રંથ છે અને તે પ્રમાણે, જીવાત્મા અને પરમાત્મા, મનુષ્ય અને ઈશ્વર, ભક્ત અને ભગવાન જુદા નથી, એ બંને એક જ છે, એ બે વચ્ચે સંપૂર્ણ એકતા છે, 'અભેદ' છે, 'અદ્વૈત' છે. આથી જ શ્રીશંકરાચાર્યનો આ સિદ્ધાન્ત **'અદ્વૈત-સિદ્ધાંત'** કહેવાય છે :-

जीवो ब्रह्मैव नापरः ।

(જીવાત્મા એ જ બ્રહ્મ, એટલે કે પરમાત્મા છે, જુદો નથી.)

પરંતુ તો પછી, સામાન્ય માણસને, અથવા સાધકને, એ બંને જુદા કેમ લાગે છે ? એની સમજણ અહીં આપવામાં આવી છે. આવું ગહન સત્ય સમજવા-પામવા માટે જ્ઞાન જોઈએ, પરંતુ જન્મ્યા પછી મનુષ્ય દેહ-ઇન્દ્રિયો-મન વગેરે આત્મા-નહીં એવાં 'અનાત્મ'-તત્ત્વોના સંબંધ-સંપર્કમાં આવે છે. એનાં પરિણામે, મૂળભૂત રીતે સ્વયં-પરમાત્મા હોવા છતાં પણ, જીવાત્મા ઉપર્યુક્ત 'અનાત્મ'-વસ્તુનાં બંધનમાં જકડાય છે, અને તેથી 'પોતે પરમાત્મા નથી', એવું અજ્ઞાન, એવી અણસમ

એનામાં ઉત્પન્ન થાય છે. અને આવી અણસમજ અને દેહ-વગેરેનાં બંધનો એટલે જ, આ સંસાર (संसृतिः), આ સંસારી જીવન. હવે, આનો નાશ ન થાય ત્યાં સુધી મોક્ષની શક્યતા જ ન રહે !

તો પછી શું કરવું ? સાધકને મોક્ષ તો પામવો જ છે, અને તે માટે તો તે અહીં ગુરુજી પાસે આવ્યો છે.

આ માટેની સૌપ્રથમ આવશ્યકતા છે વિવેકની : નિત્ય-અનિત્ય, સત્ય-અસત્ય, ક્ષર-અક્ષર, જડ-ચેતન, - આવી પરસ્પર-વિરોધી બાબતો વચ્ચેના તફાવતને-ભેદને સમજવો, - એ જ 'વિવેક.' આ ગ્રંથનાં શીર્ષકમાં રહેલો 'વિવેક' શબ્દ, આથી જ ખૂબ સૂચક (Significant) છે. ટૂંકમાં, સાધકને જરૂર છે, 'જ્ઞાન'(બોધ)ની, જે મળે માત્ર એક જ રીતે, અને એ રીત એટલે તે બંને - જીવાત્મા અને પરમાત્મા-વચ્ચેના (तयोः) વિવેક(વિવેકાત્)માંથી ઉપજેલો (उदित) બોધ, જ્ઞાન. અને જ્ઞાન પોતે જ એવો પ્રચંડ અગ્નિ (वह्नि) છે કે સાધકનાં મનમાં રૂઢ થઈ ગયેલાં પેલાં અજ્ઞાનને મૂળ સહિત (समूलं) તે સળગાવી નાખે છે (प्रदहेत्) અને અજ્ઞાનકાર્ય એટલે જ આ સંસાર, અજ્ઞાનની જ સંતતિ, અજ્ઞાનનું જ ફરજંદ !

સહુ જાણે છે કે પ્રકાશ પ્રગટે એટલે અંધકારને એ જ ક્ષણે નાસી જવું પડે : તો પછી જ્ઞાન પ્રગટે, પછી અજ્ઞાનનું પણ આવી જ બનેને !

કારણ (Cause) જ ન રહે, પછી 'કાર્ય' (Effect) શી રીતે સંભવે ?

कारणनाशे कार्यं न संभवति ।
मूलं नास्ति कुतः शाखा ? ।

જરા લંબાણ થઈ ગયું, પરંતુ એ જરૂરી હતું.

શ્લોકનો છંદ : 'ઉપજાતિ' (૪૯)

૫૦

शिष्य उवाच ।

कृपया श्रूयतां स्वामिन् प्रश्नोऽयं क्रियते मया ।
यदुत्तरमहं श्रुत्वा कृतार्थः स्यां भवन्मुखात् ॥ ५० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

કૃપયા શ્રૂયતાં સ્વામિન્ પ્રશ્નોઽયં ક્રિયતે મયા ।
યદુત્તરમહં શ્રુત્વા કૃતાર્થઃ સ્યાં ભવન્મુખાત્ ॥ ૫૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (હે) સ્વામિન્ ! કૃપયા શ્રૂયતાં, મયા અયં પ્રશ્નઃ ક્રિયતે, યદુત્તરં ભવન્મુખાત્ શ્રુત્વા, અહં કૃતાર્થઃ સ્યામ્ ॥ ૫૦ ॥

શબ્દાર્થ :– (હે) સ્વામિન્ - (હે) સ્વામી ! ભગવાન ! કૃપયા શ્રૂયતાં - કૃપા કરીને સાંભળો, સાંભળવાની મહેરબાની કરો. શું સાંભળવાનું છે ? મયા અયં

प्रश्नः क्रियते । - હું આ પ્રશ્ન કરું છું. હું આપને એક સવાલ પૂછું છું. यदुत्तरं श्रुत्वा - જેનો ઉત્તર સાંભળીને, भवन्मुखात् - આપનાં મુખથી अहं कृतार्थः स्याम् ! હું કૃતાર્થ થાઉં, હું ધન્ય બનું. (૫૦)

અનુવાદ :- (શિષ્ય બોલ્યોઃ) હે સ્વામિન્ ! કૃપા કરીને સાંભળો : હું (આપને) એક પ્રશ્ન કરું છું, જેનો ઉત્તર આપનાં મુખથી સાંભળીને હું કૃતાર્થ થાઉં. (૫૦)

ટિપ્પણ :- શ્લોક સાવ સહેલો છે. પોતાની વિનંતી માન્ય રાખીને, આ પહેલાંના થોડા શ્લોકોમાં ગુરુજીએ જે કાંઈ કહ્યું તે સાંભળ્યા પછી, શિષ્યને એક પ્રશ્ન પૂછવાની ઇચ્છા થઈ, એટલે વિનયપૂર્વક તે ગુરુજીને તે સાંભળવાની પ્રાર્થના કરે છે. તેને ખાતરી જ છે કે પોતાના પ્રશ્નનો જે ઉત્તર ગુરુજી સ્વમુખે આપશે, તેથી તેની જિજ્ઞાસા પરિપૂર્ણ થશે, અને પરિણામે તે ધન્ય થશે.

શ્લોકનો છંદ : **'અનુષ્ટુપ'** (૫૦)

૫૧

को नाम बन्धः? कथमेष आगतः?
कथं प्रतिष्ठास्य? कथं विमोक्ष? ।
कोऽसावनात्मा? परमः क आत्मा?
तयोर्विवेकः कथमेतदुच्यताम् ॥ ५१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

કો નામ બન્ધઃ ? કથમેષ આગતઃ ?
કથં પ્રતિષ્ઠાસ્ય ? કથં વિમોક્ષઃ ? ।
કોઽસાવનાત્મા ? પરમઃ ક આત્મા ?
તયોર્વિવેકઃ કથમેતદુચ્યતામ્ ॥ ૫૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- बन्धः नाम कः? एषः कथं आगतः? अस्य प्रतिष्ठा कथम् ? कथं विमोक्षः? असौ अनात्मा कः? परमः आत्मा कः? तयोः विवेकः कथम् ? एतद् उच्यताम् ॥ ५१ ॥

શબ્દાર્થ :- बन्धः - બંધન. कः नाम ? એટલે, ખરેખર, શું ? (બંધન), સાચે જ, કોને કહેવાય? नाम - ખરેખર, સાચે જ, एषः (बन्धः) कथं आगतः ? આ (બંધન) ક્યાંથી, કેવી, કઈ રીતે આવ્યું ? प्रतिष्ठा - સ્થિરતા, જામી જવું, ટકી રહેવું તે. अस्य (बन्धस्य) प्रतिष्ठा कथम् ? આ બંધન (મનુષ્યનાં શરીરમાં) કેવી રીતે સ્થિર બનીને ટકી રહ્યું છે ? મજબૂત રીતે જામી પડ્યું છે ? विमोक्षः છુટકારો, મુક્તિ. (तस्मात् बन्धात्) कथं विमोक्षः ? તે બંધનમાંથી મુક્તિ કેવી રીતે મળે ? अनात्मा - આત્મા નથી તે, આત્મા-સિવાયનું, આત્મા-વિહીન,

असौ अनात्मा कः ? આ જેને 'અનાત્મા' કહેવામાં આવે છે તે કોણ છે ? તે શું છે ? परमः आत्मा कः ? પરમાત્મા, ઉચ્ચ આત્મા, પવિત્ર-પાવન આત્મા કોણ છે ? तयोः विवेकः कथम् ? આ બંને વચ્ચેનો, આત્મા-અનાત્મા વચ્ચેનો, - વિવેક કેવી રીતે થાય ? एतद् (मे, मां) उच्यताम् આ (બધું મને) કહો. આ (સર્વ મને) સમજાવો. (૫૧)

અનુવાદ :– 'બંધન' ખરેખર, છે શું ? એ કેવી રીતે આવ્યું ? કેવી રીતે એ જામી પડ્યું ? એમાંથી છુટકારો કેમ કરીને થાય ? (આ) 'અનાત્મા' (વળી) શું છે ? (અને) 'પરમ આત્મા' (એટલે) કોણ ? તે બંને વચ્ચેનો, (એટલે કે આત્મા અને અનાત્મા વચ્ચેનો) 'વિવેક' કઈ રીતે થાય ? આ (બધું) મને કહો. (૫૧)

ટિપ્પણ :– ગયા શ્લોકમાં શિષ્યે ભલે **એક** પ્રશ્ન(प्रश्नः)નો ઉલ્લેખ કર્યો હતો, પણ ખરેખર તો તેણે અહીં એકસામટા **સાત** પ્રશ્નો ગુરુજીને પૂછ્યા છે !

જ્ઞાનપ્રાપ્તિ માટેની એક સ્વાભાવિક પરિપાટી આ ચાલી આવે છે : ગુરુ-શિષ્ય વચ્ચે પ્રશ્નોત્તરી હોય, શિષ્ય પ્રશ્ન પૂછે અને ગુરુ તેનો ઉત્તર આપે. અને તો જ, આવી પરસ્પર સવિસ્તર ચર્ચા વડે જ, શિષ્યની જિજ્ઞાસા સંતોષાય. **ગીતા**માં, શ્રીકૃષ્ણે, જ્ઞાનપ્રાપ્તિ માટે, અર્જુનને, જે ત્રણ સાધનો સૂચવ્યાં હતાં, તેમાં પણ આવી પ્રશ્નોત્તરીનો તેમણે સમાવેશ કર્યો હતો :-

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ॥ ४, ३४ ॥

('તે જ્ઞાન તું જ્ઞાની પાસેથી, ગુરુ પાસેથી, પ્રણિપાત, **પરિપ્રશ્ન** અને સેવા વડે મેળવી લેજે.')

ગુરુ-શિષ્ય વચ્ચેની, જ્ઞાનપ્રાપ્તિ માટેની, આવી જ પ્રણાલિકા, પ્રાચીન સમયમાં ગ્રીસ-દેશમાં પણ પ્રચલિત હતી : **સોક્રેટિસ** પોતાના **પ્લેટો** વગેરે શિષ્યોને આવી પ્રશ્નોત્તરી દ્વારા જ જ્ઞાન આપતો હતો.

આમ તો, આ સાતેય પ્રશ્નો, દેખીતી રીતે, સાવ સરળ છે, પરંતુ શિષ્યે બહુ જ સમજણપૂર્વક પોતાના પ્રશ્નોમાં, વેદાન્ત-દર્શનના **बन्धः, विमोक्षः, आत्मा, अनात्मा, विवेकः**, - વગેરે પારિભાષિક (Technical) શબ્દો પ્રયોજ્યા છે. અને સંસારસાગરને તરી જઈને મોક્ષ પામવાની એની જે ઇચ્છા છે, એ વિશે જાણવાની એની ઇચ્છા (જિજ્ઞાસા) છે, તેનો બધો જ આધાર, આ પારિભાષિક શબ્દોનાં હાર્દમાં રહેલાં ગૂઢ-ગહન-તાત્ત્વિક રહસ્યને જાણવા-સમજવા પર છે.

પરંતુ હવે, આપણે પણ, આ સમજણ ગુરુજીના જવાબમાંથી જ મેળવીએ.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૫૧)**

૫૨

श्रीगुरुरुवाच ।

धन्योऽसि कृतकृत्योऽसि पावितं ते कुलं त्वया ।
यदविद्याबन्धमुक्त्या ब्रह्मीभवितुमिच्छसि ॥ ५२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

धन्योऽसि कृतकृत्योऽसि पावितं ते कुलं त्वया ।
यदविद्याबन्धमुक्त्या ब्रह्मीभवितुमिच्छसि ॥ ५२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (त्वं) धन्यः असि, (त्वं) कृतकृत्यः असि, त्वया ते कुलं पावितम्, यद् अविद्याबन्धमुक्त्या ब्रह्मीभवितुं (त्वं) इच्छसि ॥ ५२ ॥

શબ્દાર્થ :– त्वया ते कुलं पावितम् । તારા વડે તારું કુલ પવિત્ર થયું છે, તેં તારાં કુળને પવિત્ર કર્યું છે. શાનાં કારણે ? **यद्** – કારણ કે **त्वं इच्छसि** તું ઇચ્છે છે. શું થવા ? **अविद्या-बन्ध-मुक्त्या ब्रह्मीभवितुम्** – અવિદ્યાનાં બંધનમાંથી મુક્તિ મેળવીને બ્રહ્મરૂપ થવા, અજ્ઞાનનાં બંધનમાંથી છુટકારો પ્રાપ્ત કરીને, બ્રહ્મભાવ પામવા.

હકીકતમાં, શિષ્ય બ્રહ્મરૂપ ન્હોતો, હવે એને બ્રહ્મરૂપ થવું છે, બ્રહ્મભાવ પામવો છે. જે 'અ-બ્રહ્મ' છે, તેને બ્રહ્મ બનવું છે, તે માટેનું વ્યાકરણનું આ 'ચ્વિ' (च्वि) રૂપ છે : **ब्रह्मीभवितुम्**. (૫૨)

અનુવાદ :– શ્રીગુરુજી બોલ્યા : (હે વત્સ !) તું ધન્ય છે, કૃતકૃત્ય છે, તેં તારાં કુળને પવિત્ર કર્યું છે, કારણ કે અવિદ્યાનાં બંધનમાંથી મુક્તિ મેળવીને તું બ્રહ્મરૂપ થવા ઇચ્છે છે. (૫૨)

ટિપ્પણ :– શિષ્યના પ્રશ્નો સાંભળીને ગુરુજી પ્રસન્ન થઈ ગયા અને ઉચ્ચ પ્રકારની આવી સાચી સંનિષ્ઠ જિજ્ઞાસા ધરાવવા માટે, તેને હાર્દિક ધન્યવાદ અને અભિનંદનો આપવા લાગ્યા.

શિક્ષણશાસ્ત્રનું આ એક પરમ સત્ય છે કે ઊંડી જિજ્ઞાસા ધરાવતો શિષ્ય પામીને ગુરુને ખૂબ આનંદ થાય : અહીં ભલે ગુરુ શિષ્યને 'ધન્ય' અને 'કૃતકૃત્ય' કહે. હકીકતમાં, તેઓશ્રી પણ આવા શિષ્યની પ્રાપ્તિથી 'ધન્ય-કૃતકૃત્ય' થઈ ગયા છે. સંસારમાં જન્મીને, સંસારમાં જ રહીને, સંસારમાં જ રહેવા છતાં, બ્રહ્મભાવ પામવાની ઇચ્છા સેવવી, એ કંઈ નાની-સૂની કે સામાન્ય વાત નથી. બાકી તો, મોટે ભાગે, સંસારના સ્થૂલ અને ભૌતિક ઉપભોગોમાં મનુષ્ય એવો તો ગળાડૂબ પડી જાય છે કે જેણે આવો દુર્લભ, અરે, વિરલ અમૂલ્ય-મનુષ્યદેહ આપ્યો, એ ભગવાનને જ તે ભૂલી જાય છે. પોતે તો ભગવાનનો પરમ ભક્ત હતો જ, છતાં મધ્યકાલીન કવિ સૂરદાસે આવા ઉદ્‌ગારો કાઢીને, પોતાની નમ્રતા, નિખાલસતા અને આંતરિક પારદર્શકતાનો એકરાર કર્યો હતો :-

'मों सम कौन कुटिल, खल, कामी,
जिन तनु दियो ताहि विसरायो,
ऐसो निमकहरामी ?'

પરંતુ આ જ બ્રહ્મ સાથે એક બની જવા જેણે તત્પરતા સેવી, તેનાથી તો,

ખરેખર, માત્ર એનું કુટુંબ જ પવિત્ર થયું છે એટલું જ નહીં, પરંતુ એની માતા એને જન્મ આપીને કૃતાર્થ થઈ છે, અને એના થકી ખુદ આ ધરતી-માતા પણ 'પુણ્યવતી' બની જાય છે ! -

कुलं पवित्रं जननी कृतार्था
वसुन्धरा पुण्यवती च तेनं ।
अपारसंवित्सुखसागरेऽस्मिन्
लीनं परब्रह्मणि यस्य चेतः ।

બાકી તો, બ્રહ્મતત્ત્વનાં પ્રવચનો સાંભળનારાં કેટલાં ? સાંભળ્યા પછી એને સમજનારાં કેટલાં ? આવા વક્તાઓ કેટલા ? શ્રોતાઓ કેટલા ? **કઠોપનિષદે** આવી વિરલ વ્યક્તિઓ વિશે આવો સાશ્ચર્યાનંદ વ્યક્ત કર્યો છે :-

श्रवणायापि बहुभिर्यो न लभ्यः
शृण्वन्तोऽपि बहवो यं न विदुः ।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा
आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः ॥ १, २, ७ ॥

અને ગીતાએ પણ ઉપનિષદની આ વાણીને એવું જ સમર્થન આપ્યું છે :-

आश्चर्यवत् पश्यति कश्चिदेनं
आश्चर्यवत् वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥ २, २९ ॥

પરંતુ **મુંડકોપનિષદ** તો એથી યે આગળ વધીને આખરી ચૂકાદો જ સંભળાવી દે છે કે પરમ બ્રહ્મને જે જાણી લે છે, એટલે કે જે બ્રહ્મજ્ઞાની બની જાય છે તે, પછી, બ્રહ્મથી અળગો રહેતો નથી, સ્વયં બ્રહ્મ જ બની જાય છે :-

स यो ह वै तत्परमं ब्रह्म वेद, (सः) ब्रह्मैव भवति । ३, २, ९ ।

પરંતુ આપણે આ સદ્‌ગુરુના વધુ પ્રતિભાવો સાંભળીએ.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૫૨)**

૫૩

ऋणमोचनर्तारः पितुः सन्ति सुतादयः ।
बन्धमोचनकर्ता तु स्वस्मादन्यो न कश्चन ॥ ५३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

ઋણમોચનર્તારઃ પિતુઃ સન્તિ સુતાદયઃ ।
બન્ધમોચનકર્તા તુ સ્વસ્માદન્યો ન કશ્ચન ॥ ૫૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- પિતુઃ ઋણમોચનકર્તારઃ સુતાદયઃ (અનેકે) સન્તિ, બન્ધમોચનકર્તા તુ સ્વસ્માત્ અન્યઃ કશ્ચન ન (સંભવતિ) ॥ ૫૩ ॥

શબ્દાર્થ :– **पितुः ऋणमोचनकर्तारः** પિતાને ઋણમાંથી, દેણાં-દેવાંમાંથી છોડાવનાર, મુક્ત કરનાર, **सुताादयः** (અનેકે) **सन्ति** - પુત્ર વગેરે (અનેક) હોય છે. **बन्धमोचनकर्ता** તુ પરંતુ સંસારનાં બંધનમાંથી મુક્તિ અપાવનાર **स्वस्माद् अन्यः कश्चन न (संभवति)** પોતાની જાત સિવાય બીજું કોઈ હોઈ શકે નહીં. (૫૩)

અનુવાદ :– પિતાને (તેમણે કરેલાં) ઋણમાંથી મુક્ત કરાવનાર તો પુત્ર વગેરે (બીજા અનેક) હોય છે, (હોઈ શકે છે), પરંતુ (સંસારનાં) બંધનમાંથી મુક્તિ અપાવનાર તો પોતાની જાત સિવાય બીજું કોઈ હોઈ શકે જ નહીં. (૫૩)

ટિપ્પણ :– આમ તો, શ્લોક, પ્રમાણમાં, સહેલો જ છે, છતાં એને વધારે સહેલો બનાવીએ : જીવન દરમિયાન, મનુષ્યને સંજોગો પ્રમાણે, ક્યારેક, દેણું કરવું પડે છે, ધન વગેરે કોઈકની પાસેથી ઉધાર (ઉછીના) પણ લેવાં પડે છે. અને એ દેવું પાછું આપ્યા વગર, 'ઋણ' ચૂક્તે કર્યા વિના, જો તે અવસાન પામે તો, પિતાને આવાં દેણાંમાંથી છોડાવનાર, તેને ઋણ-મુક્ત કરાવનાર તો તેના પુત્રો-વારસદારો વગેરે અનેક હોય છે. પરંતુ જો પિતાએ જિંદગી દરમિયાન પાપ કર્યાં હોય તો ? તેનાં પાપકર્મની જવાબદારીમાંથી તેને કોણ છોડાવી શકે ? ભારતીય શાસ્ત્રોનો જવાબ જડબેસલાક છે : કોઈ જ નહીં ! એમાં દીકરાઓ, ધર્મપત્ની, સગાંવહાલાંઓ વગેરે બીજાં કોઈ સ્વજનો ઉપયોગી ન બની શકે. પાપાચરણનાં પરિણામે, પિતાનાં લલાટે, સંસાર-બંધનનું જે ઋણ, લખાયું હોય, તેમાંથી તેને અન્ય કોઈ જ (**अन्यः कश्चन**) મુક્ત કરી શકે નહીં.

પરતુ તો પછી ? આ ઋણમુક્તિનો ઉપાય શો ?

ભારતીય આધ્યાત્મિક પરંપરામાં કર્મનો સિદ્ધાંત સુનિશ્ચિત છે. જીવન દરમિયાન સારાં-નરસાં કર્મ કરનાર મનુષ્યે, જીવન દરમિયાન કે ત્યારપછી (એટલે કે મૃત્યુ પછી), તે તે કર્મનાં સારાં-નરસાં પરિણામો, એટલે કે સુખ કે દુઃખ, - ટૂંકમાં, પોતાનાં કર્મની સજા, પોતે જ ભોગવવાની રહે છે. આ અફર-અટલ-અવશ્યંભાવિ પ્રક્રિયાને, જે નામ આપવું હોય તે આપો, - દૈવ, નસીબ, ભાગ્ય, વિધિ, ગતિ, નિયતિ (Destiny) વગેરે, પરંતુ તેમાં ફેરફારને કશો જ અવકાશ નથી. દેણું જેણે કર્યું, એ જ એને ચૂકવે ! આ માટે જ આપણે ત્યાં તળપદું આવું કથન છે કે 'કર્યા ભોગવે !' આવાં ઋણમાંથી પોતાનો ઉદ્ધાર પોતે જ કરવાનો રહે ! આથી જ **ગીતા**એ સ્પષ્ટ કહ્યું કે :-

उद्धरेदात्मनात्मानम् । (६, ५)

('પોતાનો ઉદ્ધાર પોતે જ કરવાનો રહે.')

ટૂંકમાં, ગુરુજીએ અહીં સંસાર-બંધન-મુક્તિનાં મહત્ત્વ પર ભાર મૂક્યો છે, એની નીચે લાલ લીંટી દોરીને, તેના પ્રત્યે, શિષ્યનું ધ્યાન ખેંચ્યું છે.

વાલિયો લુંટારો જંગલમાં બધાંને લૂંટી લેતો હતો. દેવર્ષિ નારદે તેને પૂછ્યું :

'તું આવું પાપ શા માટે કરે છે ?' વાલિયાએ જવાબ આપ્યો કે 'કુટુંબનાં ભરણપોષણ માટે.' નારદજીએ તેને સમજાવ્યું કે 'લોકોને લૂંટવાનું પાપ તો તું કરે છે, તે પાપની સજા ભોગવવા તારાં કુટુંબીજનો તૈયાર છે ? નહીંતર તો તે સજા તારે પોતે જ ભોગવવી પડશે !'

અને તે જ ક્ષણે, વાલિયાનાં મગજમાં ઝળાંહળાં પ્રકાશ પ્રગટ્યો, અને નારદજીના આટલા એક નાનકડા સંત્સંગનાં પરિણામે, વાલિયા-લુંટારામાંથી મહાકવિ બનેલા વાલ્મીકિ પાસેથી વિશ્વને પ્રથમ પંક્તિનું મહાકાવ્ય **'રામાયણ'** સાંપડ્યું !

સંસારનાં બંધનો, એ બંધનનું ઋણ અને એ ઋણમાંથી મુક્તિ : એ સર્વના મહિમા વિશે, આટલું જાણ્યા પછી, હવે કોનાં મનમાં, એ વિશે, કશી શંકા રહી શકે ?

શ્લોકનો છંદ : **'અનુષ્ટુપ'** (૫૩)

૫૪

मस्तकन्यस्तभारादेर्दुःखमन्यैर्निवार्यते ।
क्षुदादिकृतदुःखं तु विना स्वेन न केनचित् ॥ ५४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

મસ્તકન્યસ્તભારાદેર્દુઃખમન્યૈર્નિવાર્યતે ।
ક્ષુદાદિકૃતદુઃખં તુ વિના સ્વેન ન કેનચિત્ ॥ ૫૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– **मस्तकन्यस्तभारादेः दुःखं अन्यैः निवार्यते । क्षुदादिकृतदुःखं तु स्वेन विना न केनचित् (अन्येन निवार्यते)** ॥ ૫૪ ॥

શબ્દાર્થ :– मस्तक-न्यस्त-भारादेः दुःखं - માથા પર રાખવામાં-મૂકવામાં આવેલા ભાર વગેરેનું દુઃખ, **अन्यैः निवार्यते** - બીજાંઓ વડે એ દુઃખનું નિવારણ થઈ શકે, બીજાંઓ એ દુઃખને દૂર કરી શકે, **क्षुध्-आदि-कृत-दुःखं तु** - **क्षुध्** એટલે ક્ષુધા, ખાવું, ભોજન કરવું, એ શબ્દથી તૃષા, તરસ, પાણી પીવું, વગેરે ક્રિયાઓ સમજવાની રહે છે, પરંતુ આ દુઃખ તો (**अन्येन**) **केनचित् न निवार्यते** । આ દુઃખનું નિવારણ તો, **स्वेन** વિના પોતાના વિના, બીજા કોઈથી થઈ શકે જ નહીં, પોતાના વગર બીજાં કોઈ દૂર કરી શકે જ નહીં. (૫૪)

અનુવાદ :– માથા પર મૂકાયેલા ભારનું દુઃખ બીજાંઓ દૂર કરી શકે છે, પરંતુ ભૂખ(-તરસ) વગેરે દુઃખનું નિવારણ તો, પોતાની જાત સિવાય, બીજું કોઈ ન જ કરી શકે. (૫૪)

ટિપ્પણ :– શિષ્યે રજુ કરેલા સવાલોનો જવાબ ગુરુજી આપી રહ્યા છે. સાધક વ્યક્તિને સંસારના તાપનું દુઃખ અટકાવી રહ્યું છે, મુંઝવી રહ્યું છે. એનું નિવારણ કરીને એને મોક્ષમાર્ગ તરફ ગતિ કરવી છે. એનું આ દુઃખ કોણ દૂર કરી શકે ? માથા પર રાખવામાં આવેલો, - સામાનનો બોજો અસહ્ય બને તો, એ બોજો

બીજાને સોંપીને એ દુઃખને ઓછું-હળવું કરી શકાય, એ બધો બોજો બીજાનાં હાથમાં કે માથા પર મૂકીને એમાંથી સાવ મુક્ત પણ થઈ શકાય, 'હાશ'-કારો અનુભવી શકાય, પરંતુ મને ભૂખ લાગી, તરસ લાગી, એનાં દુઃખથી તરફડાટ થવા લાગ્યો, મારાં ભૂખ-તરસનાં દુઃખનાં નિવારણ માટે, જો કોઈ સ્વજન આવીને મને કહે કે- 'ચિંતા કર મા, હું હમણાં જ ખાવા બેસું છું, અને પાણી પણ પીઉં છું, બસ ! નિરાંત કર !' તો મારાં ભૂખ-તરસ મટે ખરાં ? પ્રશ્નના ઉત્તરની જરૂર નથી. એ માટે તો મારે પોતે જ ખાવું-પીવું રહ્યું ! અંગ્રેજીમાં આને લગતી એક સરસ કહેવત છે : તરસ્યા ઘોડાને તમે તળાવના કાંઠે લઈ જઈ શકો, પણ પાણી તો ઘોડાએ પોતે જ પીવું પડે !

ગુરુજીએ તરત જ ગળે ઊતરી જાય એવું ઉદાહરણ આપ્યું છે. સંસારતાપનું દુઃખ મારું પોતાનું છે, એ મને જ મુંઝવી રહ્યું છે, મારું આ દુઃખ બીજા કોઈને 'ટ્રાન્સ્ફર' કેવી રીતે કરી શકાય ? શાસ્ત્રોમાં સૂચવાયેલાં, આ દુઃખનાં નિવારણ માટેના ઉપાયો, 'બહિરંગ' અને 'અંતરંગ' સાધનો આત્મસાત્ કરીને, મારે જ એનું નિવારણ કરવાનું રહ્યું. આ સાધનોનાં પરિણામે, જેવો બોજો દૂર થયો કે તરત જ, હું હળવો-ફૂલ થઈ ગયો ! અને મોક્ષના પંથે પળવાની અનુકૂળતા મળી ગઈ !

ટૂંકમાં, મુમુક્ષુ સમક્ષ સ્વ-પ્રયત્ન વિના બીજો કોઈ વિકલ્પ નથી, એ વાત પર ભાર મૂકીને, ગુરુજી શિષ્યને આ માટે તૈયાર રહેવા 'તૈયાર' કરે છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૫૪)**

૫૫

पथ्यमौषधसेवा च क्रियते येन रोगिणा ।
आरोग्यसिद्धिर्दृष्टास्य नान्यानुष्ठितकर्मणा ॥ ५५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

पथ्यमौषधसेवा च क्रियते येन रोगिणा ।
आरोग्यसिद्धिर्दृष्टास्य नान्यानुष्ठितकर्मणा ॥ ५५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— येन रोगिणा पथ्यं औषधसेवा च क्रियते, आरोग्यसिद्धिः अस्य एव दृष्टा (स्यात्), अन्य-अनुष्ठित-कर्मणा न (स्यात्) ॥ ५५ ॥

શબ્દાર્થ :— **येन रोगिणा** - જે રોગી વડે, જે બિમાર માણસ વડે, **पथ्यं** માંદા માણસે પાળવાની, આહાર-વિહારની પરેજી, **औषधसेवा** - ઔષધિઓનું સેવન, નિયમિત રીતે, નક્કી કરેલાં માપમાં, દવાઓ લેવી તે. **क्रियते** - કરવામાં આવે છે, અમલમાં મૂકવામાં આવે છે, **आरोग्यसिद्धिः अस्य (एव स्यात्)** આરોગ્યની-તંદુરસ્તીની-રોગમુક્તિની સિદ્ધિ-સફળતા-પ્રાપ્તિ એને (જ) થાય છે, મળે છે,

अन्यानुष्ठितकर्मणा न (स्यात्) એને બદલે બીજું કોઈ 'પથ્ય' અને 'ઔષધિસેવન' કરે તો, પેલા માંદા માણસને સ્વાસ્થ્ય-પ્રાપ્તિ ન થાય ! (૫૫)

અનુવાદ :– જે રોગી આહારવિહારની પરેજી (પોતે) પાળે અને ઔષધોનું સેવન (પોતે) કરે, એને જ આરોગ્ય (પાછું મેળવવામાં) સફળતા મળે, (એના વતી) બીજું કોઈ જો (ઉપર-કહ્યા પ્રમાણે) કરે તો, (પેલો માંદો માણસ સાજો થઈ શકે) નહીં. (૫૫)

ટિપ્પણ :– માંદા માણસ માટે, સાજા થવા માટે, પથ્ય અને ઔષધોનું સેવન પોતે કરવા સિવાય બીજો વિકલ્પ નથી, એ દૃષ્ટાંત પણ આગલા શ્લોકમાંનાં દૃષ્ટાંત જેવું જ છે. મોક્ષ મેળવવો હોય તો, મોક્ષાર્થીએ પોતે જ, એ માટેનાં, શાસ્ત્રોએ અને ગુરુએ સૂચવેલાં સાધનો અને ઉપાયોને આચારિત કરવાં માટે કટિબદ્ધ થવું પડે, - એ વિના છૂટકો જ નથી, - એ હકીકતને આ શ્લોકમાં ગુરુજીએ દોહરાવી છે. શ્લોક, એ રીતે, સહેલો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૫૫)**

૫૬

वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा ।
स्वेनैव वेद्यं न तु पण्डितेन ।
चन्द्रस्वरूपं निजचक्षुषैव
ज्ञातव्यमन्यैरवगम्यते किम् ॥ ५६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा
स्वेनैव वेद्यं न तु पण्डितेन ।
चन्द्रस्वरूपं निजचक्षुषैव
ज्ञातव्यमन्यैरवगम्यते किम् ॥ ५६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– वस्तुस्वरूपं स्फुटबोधचक्षुषा स्वेन एव वेद्यं न तु पण्डितेन; चन्द्रस्वरूपं निजचक्षुषा एव ज्ञातव्यं, (तद्) किं अन्यैः अवगम्यते ? ॥ ५६ ॥

શબ્દાર્થ :– वस्तुस्वरूपं - કોઈ પણ વસ્તુનું સાચું-મૂળભૂત યથાર્થ રૂપ **स्वेन एव वेद्यं** - પોતાનાથી જ, પોતે જાતે જ જાણવું જોઈએ, જાણવા યોગ્ય છે (विद् - એ ધાતુનું વિધ્યર્થ કર્મણિ કૃદંત). કેવી રીતે ? કઈ આંખ વડે ? **स्फुट** - સ્પષ્ટ, સમ્યક્, ચોક્ખી, વિશદ, **बोधचक्षुषा** - જ્ઞાનરૂપી આંખ વડે, જ્ઞાનનેત્ર વડે, **न पण्डितेन (वेद्यं)** - પણ પંડિત વડે નહીં, **चन्द्रस्वरूपं** ચંદ્રનું (રમણીય, સુંદર) રૂપ, ચંદ્રનું સૌન્દર્ય, **निजचक्षुषा एव ज्ञातव्यं** - પોતાની આંખે જ જોઈ-જાણી લેવું જોઈએ. (ज्ञा - એ ધાતુનું વિધ્યર્થ કર્મણિ કૃદંત). (तद्) **किं अन्यैः अवगम्यते ?** શું તે બીજાઓ દ્વારા-મારફતે જાણી શકાય ? (૫૬)

અનુવાદ :– કોઈ પણ વસ્તુનું યથાર્થ રૂપ તો જ્ઞાનરૂપી આંખ વડે, પોતે જાતે જ, જાણી લેવું જોઈએ, કોઈ પંડિત દ્વારા નહીં : ચન્દ્રનું સૌન્દર્ય (પણ એ જ રીતે) પોતાની આંખે જ જોવાનું-જાણવાનું રહે, - બીજાઓ મારફત, શું તે જાણી શકાય છે ? (૫૬)

ટિપ્પણ :– મોક્ષ મેળવવા માટે સાધકે પોતે-જાતે જ પરિશ્રમ કરવાનો છે, એમાં બીજા કોઈની મદદને જરા પણ અવકાશ નથી, એ પાયાની હકીકત શિષ્યને ગળે ઊતારવા માટે, ગુરુજી, એક પછી, એક ઉદાહરણો આપી રહ્યા છે. ચંદ્રની નયનરમ્ય સુંદરતાનું અન્ય કોઈ માણસ ગમે એટલું સવિસ્તર અને ગમે એવું વિશદ વર્ણન કરે, પણ આંધળાને એ વર્ણન કેટલું કામ આવે ? એમાં તો દેખતા માણસનું જ કામ ! એ જ રીતે, ઈશ્વરનો સાક્ષાત્કાર પણ, ભક્તજને, પોતાની ભીતરી આંખ વડે, પોતાને લાધેલાં જ્ઞાનનાં નેત્ર વડે, સ્વયમેવ, કરવાનો રહે, પોતાનો કોઈ સ્વજન કે મિત્ર ગમે તેટલો પંડિત હોય, એનું પાંડિત્ય ભક્તને કશું જ કામનું નહીં !

હકીકતમાં, પંડિતાઈ કશી જ કામની નહીં, એમાં તો આત્માનુભવ - સ્વયંપ્રેરણા (Self-realisation) જ કામ આવે ! આપણા અનેક ભક્તો સાવ અભણ હતા, છતાં ભગવાનનું દર્શન કરી શકતા હતા : સાચા-સંનિષ્ઠ ભક્ત માટે તો ભગવાન હાજરાહજૂર છે !

તાત્પર્ય એ કે આમાં કોઈ એજન્ટ, આડતિયા કે દલાલ તદ્દન નકામા ! બોલબાલા માત્ર પોતાની, પોતાની સંનિષ્ઠા(Sincerity)-ની.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૬)

૫૭

अविद्याकामकर्मादिप्राशबन्धं विमोचितुम् ।
कः शक्नुयाद् विनात्मानं कल्पकोटिशतैरपि ॥ ५७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અવિદ્યાકામકર્માદિપાશબન્ધં વિમોચિતુમ્ ।
કઃ શક્નુયાદ્ વિનાત્માનં કલ્પકોટિશતૈરપિ ॥ ૫૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– અવિદ્યાકામકર્માદિપાશબન્ધં વિમોચિતું, આત્માનં વિના, કલ્પકોટિશતૈઃ અપિ કઃ શક્નુયાદ્ ? ॥ ૫૭ ॥

શબ્દાર્થ :– **અવિદ્યા** - એટલે અનાદિ કાળથી ચાલ્યાં આવતાં અજ્ઞાન; આત્મજ્ઞાનનો અભાવ, **કામ** - કામ, ક્રોધ વગેરે સૂક્ષ્મ ષડ્રિપુઓ, આંતરિક દુશ્મનો, છ શત્રુઓ, **કર્મ** મનુષ્યે સંસારી જીવનમાં કરેલાં રોજ-બ-રોજ કર્મો. આ બધાનો પાશ, ફાંસલો, બાંધવાનું જાડું-મોટું દોરડું (પાશ) અને આ બધાંના પાશનું બંધન (**બન્ધનં**) - એમાંથી **વિમોચિતું** - છુટકારો મેળવવા માટે, છૂટવા માટે, મુક્ત

થવા માટે, **कः शक्नुयाद्** - કોણ સમર્થ બને ? એ કામ કોણ કરી શકે ? **आत्मानं विना** - પોતાની જાત સિવાય ? સ્વ-પ્રયત્ન વિના ? પોતાના પરિશ્રમ-પુરુષાર્થ વિના ? જાત-મહેનત વગર? **कल्प** - યુગ, **कोटि-शतैः** સો કરોડ, કરોડો યુગો સુધી પણ (**अपि**) ? (૫૭)

અનુવાદ :– અવિદ્યા, કામનાઓ અને કર્મો વગેરેના પાશનાં બંધનમાંથી છૂટવા માટે, કરોડો યુગો સુધી પણ, પોતાની જાત વિના, કોણ શક્ત બને ? (૫૭)

ટિપ્પણ :– એક ને એક વાત ફરી ફરીને કહેવી, કહ્યા કરવી, એને સાહિત્ય-વિવેચકો, 'પુનરુક્તિ'-દોષ ગણે છે, એટલું જ નહીં પણ આપણા વાસ્તવિક જીવન-વ્યવહારમાં પણ આવી પ્રક્રિયા કંટાળાજનક બને. સાહિત્યમાં અને રોજિંદા વ્યવહારમાં એ ભલે દોષ હોય, અધ્યયન-અધ્યાપનમાં તો આવી પ્રક્રિયા એક ખૂબ ઉપયોગી 'પ્લસ-પોઈન્ટ' જ ગણાય : એક ને એક વિચાર કે મુદ્દાનું અનેક વાર રટણ થાય, તેથી એ વિચાર કે મુદ્દો એ સાંભળનારનાં મગજમાં બરાબર ઊતરી જાય, યાદ રહી જાય અને એ એવો સજ્જડ રીતે યાદ રહી જાય કે ક્યારેય - કદીય ભૂલાય નહીં ! આને 'પિષ્ટપેષણ'-ન્યાય કહેવાય છે. ખાંડેલાં-દળેલાંને ફરી ફરીને ખાંડવું-દળવું તે; - આ 'દળણું' એવું ઝીણું થાય કે એમાં ક્યાંય એક નાની ઝીણી કાંકરી પણ ન રહે ! લોટ આવો ઝીણો-બારીક હોય, તેમાંથી બનાવેલી વાનગી ખાવામાં મજા પડે !

જ્ઞાનનું, - અને ખાસ કરીને, - અધ્યાત્મજ્ઞાનનું પણ આવું જ છે. આચાર્યશ્રી શિક્ષણશાસ્ત્રના આવા જ નિષ્ણાત (Expert) તજ્જ્ઞ (Connoisseur) છે. સામે ઊભેલા શિષ્યને વેદાન્ત-વિદ્યાના સિદ્ધાન્તો સમજાવવા માટે, તેઓશ્રી, પુનરાવર્તનનો (સાહિત્ય)દોષ વ્હોરીને પણ, અહીં, આવું જ કરી રહ્યા છે !

Long and short of it, તેઓશ્રી શિષ્યનાં માનસ પર એક જ સત્યને ઘુંટી-ઘુંટાવી રહ્યા છે કે 'વત્સ ! અહીં તો 'જાતમહેનત જ ઝિંદાબાદ' છે. યાદ રાખ, બેટા ! આ ગીતાવચન : **उद्धरेदात्मनात्मानम्** ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૭)

૫૮

न योगेन न सांख्येन कर्मणा नो न विद्यया ।
ब्रह्मात्मैकबोधेन मोक्षः सिद्ध्यति नान्यथा ॥ ५८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

न योगेन न सांख्येन कर्मणा नो न विद्यया ।
ब्रह्मात्मैकबोधेन मोक्षः सिद्ध्यति नान्यथा ॥ ५८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– न योगेन, न सांख्येन, नो (न+उ) कर्मणा, न विद्यया मोक्षः सिद्ध्यति । (सः मोक्षः तु) ब्रह्मात्मैकबोधेन (एव) सिद्ध्यति, अन्यथा न (सिद्ध्यति) ॥ ५८ ॥

શબ્દાર્થ :– **યોગ** – મહામુનિ પતંજલિએ નિરૂપેલું **યોગદર્શન** અને એમાં દર્શાવેલી અનેક યૌગિક ક્રિયાઓ, **સાંખ્ય** - **કપિલ**-મુનિ-પ્રણીત **સાંખ્ય**-દર્શન અને એમાં નિરૂપિત પુરુષ અને પ્રકૃતિનું દ્વૈત, **કર્મ** - **જૈમિનિ**-ઋષિએ નિરૂપેલું **પૂર્વમીમાંસા**- દર્શન અને એમાં વિહિત કરવામાં આવેલી વૈદિક કર્મકાંડની પ્રક્રિયાઓ, **વિદ્યા** ઉપનિષદો વગેરે શ્રુતિ-ગ્રંથોમાં અને **બાદરાયણ**નાં **બ્રહ્મસૂત્રો**માં નિરૂપિત 'ઉપાસના' અથવા 'ધ્યાન'. **બ્રહ્મ-આત્મા-એકત્વ-બોધ** – બ્રહ્મ અને આત્મા, એટલે પરમાત્મા અને જીવાત્મા, એ બંનેનું **એકત્વ**, એટલે એ બંનેની એકતા, એ બંને વચ્ચે સંપૂર્ણ અભેદ, - ટૂંકમાં, એ બંને જુદા નહીં પણ એક જ છે, એવું જ્ઞાન, એવી સમજણ (**બોધઃ**). **મોક્ષઃ સિદ્ધ્યતિ** – મોક્ષ સિદ્ધ થાય છે, મોક્ષની પ્રાપ્તિ થાય છે, **અન્યથા** (**ન સિદ્ધ્યતિ**) નહીંતર, એટલે કે બીજા કોઈ ઉપાયો વડે, બીજી કોઈ રીતે, મોક્ષ સિદ્ધ થતો નથી. (૫૮)

અનુવાદ :– ન **યોગ**થી, ન **સાંખ્ય**થી, ન **કર્મ**થી કે ન **વિદ્યા**(એટલે કે ઉપાસના)થી, – મોક્ષ સિદ્ધ થતો નથી. (મોક્ષ તો, માત્ર) બ્રહ્મ અને આત્માની એકતાનાં જ્ઞાન વડે (જ) સિદ્ધ થાય છે, બીજા કોઈ ઉપાયો વડે નહીં.

ટિપ્પણ :– પ્રાચીન ભારતીય તત્ત્વચિંતનની પરંપરામાં, **સાંખ્ય**, **યોગ**, **ન્યાય**, **વૈશેષિક**, **પૂર્વમીમાંસા** અને **ઉત્તરમીમાંસા** અથવા **વેદાન્ત** - એવાં છ 'દર્શનો' (Six systems of Indian philosophy) માન્ય થયાં છે, એમાંના ત્રણ(સાંખ્ય, યોગ કર્મ એટલે પૂર્વમીમાંસા)'દર્શનો'નો અહીં ઉલ્લેખ છે.

મૂળ મુદ્દો મોક્ષપ્રાપ્તિનો છે અને શિષ્ય એ વિશેનાં માર્ગદર્શન માટે જ ગુરુ પાસે આવ્યો છે.

આ પહેલાંના થોડા શ્લોકોમાં, ગુરુજીએ, ભિન્ન ભિન્ન થોડાં ઉદાહરણો આપીને, આ અનુસંધાનમાં, સાધકના સંનિષ્ઠ સ્વયં-પુરુષાર્થ પર ખૂબ ભાર મૂકીને, શિષ્યને એનું મહત્ત્વ સમજાવ્યું છે.

હવે, અહીં તો, તેઓશ્રીએ પાયાની વાત જ જણાવી દીધી છે કે જીવાત્મા અને પરમાત્મા વચ્ચેનાં સંપૂર્ણ અભેદ-અદ્વૈતનાં જ્ઞાનથી જ, માત્ર એના વડે જ, મોક્ષ સિદ્ધ થઈ શકે, એના સિવાયનો બીજો કોઈ ઉપાય એમાં ચાલે જ નહીં !

એમ કેમ ?

આના જવાબમાં તેઓશ્રીએ, શ્લોકની પ્રથમ પંક્તિમાં, ચાર વાર ન-શબ્દને પ્રયોજીને, **સાંખ્ય**, **યોગ**, **કર્મ** અને **વિદ્યા**, - એ ચાર પર મોટી ચોકડી મારી દીધી અને એ ચારેયની, આ મોક્ષપ્રાપ્તિની પ્રક્રિયામાં, બાદબાકી જ કરી નાખી !

કારણ ?

એક જ : મોક્ષપ્રાપ્તિની સર્વથા અને સંપૂર્ણ પૂર્વશરત છે, - જીવાત્મા અને પરમાત્મા વચ્ચેના અભેદનાં જ્ઞાનની. **સાંખ્ય-યોગ-કર્મ-વિદ્યા**, - એ ચારેય, એટલા માટે, આ સંદર્ભમાં, નિરુપયોગી અને નકામાં છે કે એ સર્વનાં હાર્દમાં, જીવાત્મા-

પરમાત્મા વચ્ચેના ભેદની, દ્વૈતની, એ બે જુદાં છે, એ બે એક નથી, એવી વિભાવના માન્ય રાખવામાં આવી છે. અને આ પહેલાંના પાંચ શ્લોકો(૫૩-૫૪-૫૫-૫૬-૫૭)ની, આ ૫૮મા શ્લોક સાથે, એકવાક્યતા તો એવા નિષ્કર્ષ વડે, સ્થાપી શકાય કે, છેવટે તો ગુરુ પણ 'બ્રહ્માત્મૈકત્વ'નો 'બોધ' આપીને અટકી જાય. જીવાત્મા-પરમાત્માની એકતાની અનુભૂતિ (Realisation, Experience) તો સાધકે પોતે જ કરવાની રહે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૫૮)**

૫૯-૬૦

वीणाया रूपसौन्दर्यं तंत्रीवादनसौष्ठवम् ।
प्रजारंजनमात्रं तद् न साम्राज्याय कल्पते ॥ ५९ ॥
वाग्वैखरी शब्दझरी शास्त्रव्याख्यानकौशलम् ।
वैदुष्यं विदुषां तद्वद् भुक्तये न तु मुक्तये ॥ ६० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વીણાયા રૂપસૌન્દર્યં તંત્રીવાદનસૌષ્ઠવમ્ ।
પ્રજારંજનમાત્રં તદ્ ન સામ્રાજ્યાય કલ્પતે ॥ ૫૯ ॥
વાગ્વૈખરી શબ્દઝરી શાસ્ત્રવ્યાખ્યાનકૌશલમ્ ।
વૈદુષ્યં વિદુષાં તદ્વદ્ ભુક્તયે ન તુ મુક્તયે ॥ ૬૦ ॥

શ્લોકોનો ગદ્ય અન્વય :– (યથા) વીણાયાઃ રૂપસૌન્દર્યં, તંત્રીવાદનસૌષ્ઠવં, તત્ પ્રજારંજનમાત્રં, સામ્રાજ્યાય ન કલ્પતે । (તથા એવ) વૈખરી વાક્, શબ્દઝરી, શાસ્ત્રવ્યાખ્યાનકૌશલં, વિદુષાં વૈદુષ્યં (ચ એતાનિ સર્વાણિ અપિ ।) (શ્રોતુઃ) ભુક્તયે, ન તુ (તસ્ય) મુક્તયે (સફલાનિ ભવન્તિ) (૫૯-૬૦)

શબ્દાર્થ :– **વીણાયાઃ રૂપસૌન્દર્યં** - વીણાનાં રૂપની સુંદરતા, એના દેખાવનું ફૂટડાપણું; **તંત્રીવાદનસૌષ્ઠવં** - તંત્રી એટલે વીણાના તંતુઓ, તાર; **વાદન** - એટલે તેને વગાડવું તે; અને **સૌષ્ઠવ** - એટલે આવડત, હોંશિયારી, કુશળતા; **તત્** - તે (આ બધું); **પ્રજારંજનમાત્રં** - લોકોનું મનોરંજન કરવા માટે જ છે, લોકોને ખુશ-પ્રસન્ન કરવા માટે જ છે; **સામ્રાજ્યાય** - સામ્રાજ્યની પ્રાપ્તિ માટે; **ન કલ્પતે** - એ માટે ઉપયોગી ન થાય, એમાં કામ ન લાગે, એમાં સાધન ન બની શકે; **તદ્વત્** - તેવી જ રીતે; **વૈખરી વાક્** - **'વૈખરી'** વાણી; શાસ્ત્રો પ્રમાણે **વાણીના ચાર** પ્રકારો આ પ્રમાણે આપવામાં આવ્યા છે : **'વૈખરી'**, **'મધ્યમા'**, **'પશ્યન્તી'** અને **'સૂક્ષ્મા'** (અથવા **'પરા'**); આ ચારમાંની સૌપ્રથમ **'વૈખરી'** એટલે તો એવી વાણી, જેમાં માત્ર શબ્દોનો સતત એકસામટો ધોધ, અથવા શબ્દોનો અસ્ખલિત (Non-stop) પ્રવાહ જ હોય; બહુ-બહુ તો એ કર્ણપ્રિય, કર્ણમધુર હોય, સાંભળવી ગમે એવી હોય;

ટૂંકમાં, 'વૈખરી'-વાણીમાં **શબ્દો** વધારે અને **અર્થ** ઓછો હોય; તળપદી ભાષામાં "ધાણીફૂટ વાણી". આ કારણે જ, **वैखरी शब्दनिष्पत्तिः** - એવી એની વ્યાખ્યા થઈ હશે. એકંદરે એમ કહેવાય છે કે મનુષ્યો બોલે છે તે વાણી એટલે **"વૈખરી"**. **शब्दझरी** - અવિચ્છિન્ન શબ્દપ્રવાહ, શબ્દનું અણઅટકૂયું સદાવ્હેતું ઝરણું; **शास्त्रव्याख्यानकौशलम्** - શાસ્ત્રો પર વ્યાખ્યાન આપવાની કુશળતા, નિપુણતા, ચતુરાઈ, વિદ્વત્તા, પંડિતાઈ; **विदुषां** - વિદ્વાનોની, પંડિતોની; **वैदुष्यं** - વિદ્વત્તા, વિદ્વાનપણું; **भुक्तये** - ભોગ માટે, ઉપભોગ માટે, મજા-આનંદ માટે; **न तु मुक्तये** - પરંતુ મોક્ષ આપવા માટે નહીં. મુક્તિ માટે નહીં. (૫૯-૬૦)

અનુવાદ :– (જેવી રીતે) વીણાના દેખાવની સુંદરતા અને એના તારને વગાડવાની કુશળતા લોકોનું મનોરંજન કરવામાં ઉપયોગી થાય, પરંતુ તેથી કંઈ સામ્રાજ્ય ન મળી જાય; (તેવી જ રીતે) **"વૈખરી"** વાણી, (માત્ર) શબ્દોનો અસ્ખલિત પ્રવાહ, શાસ્ત્રો પર વ્યાખ્યાન આપવાની હોંશિયારી અને વિદ્વાનોની વિદ્વત્તા, - આ બધું (સામાન્ય મનુષ્યોને) રીઝવવામાં ખપ લાગે, (પરંતુ) મુક્તિ મેળવવામાં નહીં. (૫૯-૬૦)

ટિપ્પણ :– વીણા એક સરસ-સુંદર તંતુ-વાદ્ય છે, પરંતુ એનાં રૂપ-સૌન્દર્ય અને એ કુશળતાપૂર્વક વગાડવામાં આવે તે સમયનું એનું નાદ-માધુર્ય કંઈ સામ્રાજ્ય-પ્રાપ્તિમાં ઉપયોગી બની શકે ? એનું સંગીત સમાપ્ત થાય, એટલે એની સાર્થકતા પણ એ જ સમયે સમાપ્ત ! આથી વિશેષ એનો કશો જ મહિમા નહીં ! Thus far and no further !

બસ, એવું જ શબ્દ અને વાણીનું : કાને પડ્યાં, સાંભળ્યાં, એટલે વાત પૂરી થઈ ગઈ ! શાસ્ત્રોની બહુશ્રુતતા (Well-readness), વિદ્વત્તા, પાંડિત્ય, વ્યાખ્યાન-કુશળતા, - એ બધાં પણ, મુગ્ધ મનને, થોડો સમય પ્રભાવિત કરી શકે, પરંતુ મોક્ષપ્રાપ્તિના માર્ગમાં મદદરૂપ થવાનું એનું કશું ગજું નહીં !

અને એમાંયે, આપણી, - સામાન્ય મનુષ્યની, - વાણી એટલે તો **વૈખરી**, - જેમાં શબ્દ-બાહુલ્ય અને શબ્દ-ચાતુર્યનો જ ઠાઠ ! ભલે, આપણાં શાસ્ત્રોમાં **શબ્દ**ને 'બ્રહ્મ'નો હોદ્દો (Status) અપાયો હોય, પરંતુ ખરેખર જ્યારે તે 'બ્રહ્મ'નો સંપર્ક કરવાનું 'સાહસ' કરે છે ત્યારે તો તેને, મનની સાથે, વીલે મોઢે, ભૂંડે હાલે, હીરો ધોધે જઈ આવ્યાની જેમ, નિરાશ-નિષ્ફળ થઈને, ત્યાંથી પાછાં ફરવાની જ ફરજ પડે છે ! :-

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह । (**तैत्तिरीय**-ઉપનિષદ)

અને **મુંડક**-ઉપનિષદ તો ચોકખું જ સંભળાવી દે છે કે આ **આત્મા**, એટલે કે બ્રહ્મ, પરમાત્મા, પ્રવચનો વડે કંઈ પામી શકાતો નથી :-

नायमात्मा प्रवचनेन लभ्यः । (૩, ૨, ૩)

ટૂંકમાં, શબ્દના માધ્યમ મારફત મળતું આવું 'કહેવાતું' ("**तथाकथित**", So-called) **ज्ञान**, - એટલે તો માત્ર **માહિતી** (information) જ ! અને એટલે જ, 'અમે તો શબ્દના સોદાગર' ! એમ કહેવામાં ગૌરવ અનુભવનાર, એનાથી થાકી- કંટાળીને, આપણા રાષ્ટ્રીય શાયર મેઘાણીએ આવો આર્ત-નાદ કર્યો હશે :-

'મારાં જ્ઞાન-ગુમાનની ગાંસડી ઊતરાવો શિરેથી આજ !'

અને વિશ્વપ્રસિદ્ધ કવિ-નાટ્યકાર શેક્સ્પીઅર તો આ શબ્દથી એવા તોબા પોકારી ગયો હતો કે એનાં નાટકના એક પાત્રનાં મુખે તેણે આવા શબ્દો મૂક્યા હતા : "Words, Words, Words !"

એનું ગજું, બહુ બહુ તો, આચાર્યશ્રી ઔચિત્યપૂર્વક કહે છે તેમ, માત્ર **મુક્તયે**, **મુક્તયે** તો કદાપિ નહીં, નહીં, નહીં જ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૫૯-૬૦)**

૬૧

अविज्ञाते परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ।
विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥ ६१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

अविज्ञाते परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ।
विज्ञातेऽपि परे तत्त्वे शास्त्राधीतिस्तु निष्फला ॥ ६१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- परे तत्त्वे अविज्ञाते, शास्त्राधीतिः तु निष्फला (भवति) । (एवं एव) परे तत्त्वे विज्ञाते अपि, शास्त्राधीतिः तु निष्फला (एव) भवति ॥ ६१ ॥

શબ્દાર્થ :- परे तत्त्वे अविज्ञाते (सति) બ્રહ્મરૂપી પરમતત્ત્વનું જ્ઞાન ન થયું હોય તો, ત્યાં સુધી; પરમબ્રહ્મનું મૂળસ્વરૂપ ન સમજાયું હોય, ન આત્મસાત્ થયું હોય તો, ત્યાં સુધી; સાધકની આધ્યાત્મિક પરિપક્વતા અથવા સજ્જતા, પરમતત્ત્વનાં જ્ઞાન પૂરતી આટલી ઊણી-અધૂરી હોય, તેવી પરિસ્થિતિમાં તો, ત્યાંસુધી, તેવી પરિસ્થિતિમાં શું થાય ?

આ સવાલનો જવાબ શ્લોકની પ્રથમ પંક્તિનાં બીજાં ચરણમાં અપાયો છે, પરંતુ તે પહેલાં આ પ્રથમ ચરણની વાક્યરચનાને, વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ, જરા સમજવા જેવી છે : **पर**, **तत्त्व** અને **अविज्ञात**,- એ ત્રણેય શબ્દોને અહીં સપ્તમી-વિભક્તિ એકવચનમાં(**परे**, **तत्त्वे**, અને **अविज्ञाते**)મૂકવામાં આવ્યા છે. આવી વાક્યરચનાને સંસ્કૃત વ્યાકરણ-શાસ્ત્રમાં, **"सति सप्तमी"**, - એવું પારિભાષિક નામ આપવામાં આવ્યું છે. શ્લોકની બીજી લીંટીનાં પહેલાં ચરણમાં પણ આવી જ **"सति सप्तमी"**-વાક્યરચના છે. કોઈ પણ ક્રિયાનો સમય દર્શાવવા માટે, આવી વાક્યરચના, સંસ્કૃત કવિઓમાં, ખૂબ પ્રિય અને પ્રચલિત બની રહી હતી : **શ્લોકનો**

"અયોધ્યાનાં લોકો સુખી હતાં (**जनाः सुखिनः आसन्** ।)". 'પરંતુ ક્યારે?' તો કે "અયોધ્યામાં દશરથ રાજા રાજ્ય કરતા હતા, ત્યારે", (**नृपे दशरथे अयोध्यायां शासति सति** ।). આ છેલ્લાં વાક્યમાં **नृपे, दशरथे, शासति,** - એ ત્રણેય શબ્દો સપ્તમી-વિભક્તિ એકવચનનાં રૂપો છે. આવી શાસ્ત્રીય બાબતોમાં સામાન્ય વાચકોને રસ ન હોય, એ સ્વાભાવિક છે, તે છતાં કોઈક સંસ્કારી જિજ્ઞાસુ વાચક આવી બાબતને પણ માણી (enjoy-appreciate કરી) શકે, તે માટે અહીં આટલું રોકાવું યોગ્ય અને જરૂરી જણાયું છે.

હવે આપણે શ્લોકના પ્રસ્તુત સંદર્ભમાં પાછા આવીએ : પરમ તત્ત્વ ન સમજાયું હોય તેવી પરિસ્થિતિમાં શું બને ? કેવું પરિણામ આવે ? **शास्त्राधीतिः** - એટલે શાસ્ત્રોનું (**अधीतिः**) અધ્યયન, ભણતર, શાસ્ત્રોનો અભ્યાસ; **निष्फला (भवति)** - નિષ્ફળ, ફળ ન આપનારું, નિરર્થક, નિષ્પ્રયોજન, નકામું (બની જાય છે, નીવડે છે). અર્થ સ્પષ્ટ છે : પરમ તત્ત્વનાં જ્ઞાનનાં અભાવે, એની ગેરહાજરીમાં, એ ન હોય તો, એટલી આધ્યાત્મિક પૂર્વશરત પરિપૂર્ણ ન કરવામાં આવી હોય ત્યાં સુધી, શાસ્ત્રોનું ગમે તેટલું ઊંડું અને વ્યાપક ભણતર પણ, મોક્ષના સાધક માટે, તદ્દન નકામું બની જાય ! માત્ર નિરુપયોગી બોજ જ બની રહે ! ટૂંકમાં, આ પહેલાં કહેવાઈ ગયું છે તેમ, ઈશ્વર-સાક્ષાત્કાર અને મોક્ષપ્રાપ્તિનાં અનુસંધાનમાં, વિદ્વત્તા, બહુશ્રુતતા(Well-readness)નો કશો જ મહિમા નથી.

એવી જ રીતે, **परे तत्त्वे विज्ञाते अपि** - પરમ તત્ત્વ પૂરેપૂરું સમજાઈ ગયું હોય તો, ત્યારે, તેવી પરિસ્થિતિમાં પણ, શાસ્ત્રોનું અધ્યયન નિરર્થક જ છે, કારણ કે પછી તો સાધકને એની કશી જરૂર જ રહેતી નથી ! (૬૧)

અનુવાદ :– પરમ તત્ત્વ(બ્રહ્મ)નું જ્ઞાન ન થયું હોય તો, શાસ્ત્રનું અધ્યયન નિષ્ફળ છે; અને તે જ રીતે, પરમ તત્ત્વ(બ્રહ્મ)નું જ્ઞાન થઈ જાય પછી પણ, શાસ્ત્રનું અધ્યયન તો નિષ્ફળ જ છે.

ટિપ્પણ :– આમ તો, શબ્દાર્થ-વિભાગમાં, શ્લોકના વક્તવ્ય માટે જે વીગતો આપી છે અને જે વિસ્તાર કર્યો છે તે જોતાં, હવે વિશેષ કશું કહેવાનું રહેતું નથી.

પરંતુ શ્લોકની બંને પંક્તિઓમાં, એ ને એ જ શબ્દોને, ફક્ત થોડા મામૂલી ફેરફાર સાથે, ફરીથી મૂક્યા છે, - આચાર્યશ્રીનાં એ કાવ્ય-ચાતુર્યનો આસ્વાદ અંતરમાં જરા ઘૂંટવા જેવો છે : "પરમતત્ત્વનું જ્ઞાન ન હોય તો તો શાસ્ત્ર-અધ્યયન નિષ્ફળ રહે, એ તો જાણે સમજ્યા, પરંતુ પરમતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ, એ જ શાસ્ત્ર-અધ્યયન નિષ્ફળ ? આ તો ભારે વિરોધાભાસ કહેવાય; આવું તે કંઈ હોય ?" એવું, સામાન્ય માણસને અવશ્ય લાગે. પણ આવા વિરોધાભાસનાં હાર્દમાં જ બ્રહ્મ-સાક્ષાત્કાર જેવી આધ્યાત્મિક બાબતનું રહસ્ય રહેલું છે, તેને પૂરેપૂરું પામ્યા વિના, આ સ્વાધ્યાયમાં આપણે આગળ વધીએ તો આ શ્લોકના મર્મને ચૂકી ગયાં જેવું બને !

હકીકતમાં, અહીં શાસ્ત્ર-અધ્યયનનાં **મહિમા** અને **મર્યાદા**, - બંનેનું સ્પષ્ટ આલેખન કરવામાં આવ્યું છે : શાસ્ત્ર-અધ્યયનનો **મહિમા** કેટલો ? પરમતત્ત્વનાં જ્ઞાનરૂપી મૂળ સાધ્ય સુધી સાધકને લઈ જાય તેટલો જ; અને તેની **મર્યાદા** પણ આ જ કે પરમ-તત્ત્વનાં જ્ઞાનરૂપી સાધ્યને પૂરેપૂરું પામી લીધા પછી, એ જ શાસ્ત્ર-અધ્યયન સાવ નકામું ! 'કેમ' ? તો કે, તેનું ગજું માત્ર આટલું જ હતું ! સાધ્યસિદ્ધિ પછી પણ સાધકનાં મનમાં શાસ્ત્ર-અધ્યયન અસ્તિત્વ ધરાવતું હોય તો પણ તે તો એક નિરર્થક બોજરૂપ જ છેને ! એ તો પેલી પરમ**સાધ્ય**ની સિદ્ધિ માટેનું માત્ર એક **સાધન** જ હતું : **સાધક, સાધ્ય**ને મેળવી લે, ત્યારપછી **સાધન** એની પાસે રહે તો ય શું અને ન રહે તો ય શું ?

આકાશમાંનો ચંદ્ર દેખાતો ન્હોતો, બતાવનારે પેલાને કહ્યું : "જો, પેલા વૃક્ષની શાખા(ડાળી)ની સાવ નજીક ચંદ્ર છે !" પેલાને શાખા(ડાળી)દેખાતી હતી, શાખા જોઈ, શાખાની પાસે જ રહેલો ચંદ્ર પણ દેખાઈ ગયો, પછી શાખાની જરૂર શી ? શાખાને જોયા કરવાનો શો અર્થ ? કશો જ નહીં, સાવ નિરર્થક ! સંસ્કૃત સાહિત્યમાં આવી ઘટનાને **"શાખા-ચંદ્ર-ન્યાય"** (Maxim) કહેવામાં આવે છે : પરમતત્ત્વજ્ઞાન એટલે **ચંદ્ર** અને શાસ્ત્ર-અધ્યયન એટલે **શાખા** !

અઘરી વાતને **સહેલી** બનાવી શકે, એ જ આદર્શ અધ્યાપક અને આચાર્ય !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૬૧)**

૬૨

शब्दजालं महारण्यं चित्तभ्रमणकारणम् ।
अतः प्रयत्नाज्ज्ञातव्यं तत्त्वज्ञात्तत्त्वमात्मनः ॥ ६२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શબ્દજાલં મહારણ્યં ચિત્તભ્રમણકારણમ્ ।
અતઃ પ્રયત્નાજ્જ્ઞાતવ્યં તત્ત્વજ્ઞાત્તત્ત્વમાત્મનઃ ॥ ૬૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– शब्दजालं चित्तभ्रमणकारणं महारण्यं(अस्ति), अतः तत्त्वज्ञात् आत्मनः तत्त्वं प्रयत्नात् ज्ञातव्यम् ॥ ६२ ॥

શબ્દાર્થ :– शब्दजालं - શબ્દોની જાળ, શબ્દોનો સમૂહ, ઝાઝા શબ્દનો ઠઠારો; महा-अरण्यं - 'શબ્દજાળ' એ એક મોટું જંગલ છે(अस्ति), વન છે; આ 'મહા-અરણ્ય' કેવું છે ? - चित्तभ्रमणकारणं - ચિત્તને ભમાવવામાં, ભટકાવવામાં, રખડપટ્ટી કરાવવામાં કારણરૂપ; તો પછી સાધકે શું કરવું ? એનો જવાબ શ્લોકની બીજી લીંટીમાં અપાયો છે : अतः - આથી, આ કારણે; आत्मनः तत्त्वं ज्ञातव्यं । - ज्ञातव्यं એટલે જાણી લેવું જોઈએ, જાણી લેવું ઘટે. શું જાણી લેવાની જરૂર છે ? - आत्मनः तत्त्वं - આત્માનું તત્ત્વ; આત્માનું મૂળભૂત વાસ્તવિક તત્ત્વ-સ્વરૂપ. આ તત્ત્વ કોની પાસેથી જાણી લેવાનું ? - तत्त्वज्ञात् - તત્ત્વજ્ઞ પાસેથી.

આ તત્ત્વ તો, જે જાણતો હોય તે જ જણાવી શકે ને ! **तत्त्वज्ञ** એટલે **तत्त्वं जानाति यः, सः** । - જે પેલાં તત્ત્વને જાણે છે તે, - તત્ત્વજ્ઞાની; કેવી રીતે જાણી લેવું ? **प्रयत्नात्** - પ્રયત્નપૂર્વક. આવું તત્ત્વ કાંઈ સામાન્ય કે સહેલું થોડું છે ? એ તો ઘણી મહેનત માગી લે તેવું છે, જાણવું બહુ અઘરું છે, એટલે એના માટે સતત પ્રયત્નો ચાલુ જ રાખવા પડે. (૬૨)

અનુવાદ :– શબ્દજાળ તો ચિત્તને ભમાવી દે તેવું એક મોટું જંગલ છે; (અને) આથી (સાધકે) તત્ત્વજ્ઞાની પાસેથી આત્માનું તાત્ત્વિક સ્વરૂપ પ્રયત્નપૂર્વક જાણી લેવું જોઈએ. (૬૨)

ટિપ્પણ :– મુમુક્ષુને આચાર્યશ્રીએ અહીં એક સમુચિત ચેતવણી(Warning) આપી છે : આ પહેલાંના શ્લોકમાં જેમ શાસ્ત્રાધ્યયનનાં મહિમા અને મર્યાદા દર્શાવ્યાં હતાં તેમ, અહીં, આ શ્લોકમાં શબ્દનાં **મહિમા** અને **મર્યાદા** દર્શાવવામાં આવ્યાં છે.

શબ્દનો **મહિમા** એ હકીકતમાં રહેલો છે કે સાધકે જે કંઈ જાણવાનું હોય છે (**ज्ञातव्यं**), તેનું એકમાત્ર માધ્યમ(Medium) શબ્દ છે. શબ્દનાં માધ્યમમાં થઈને જ, એના દ્વારા જ, જ્ઞાન મેળવી શકાય, એટલે શબ્દ વિના તો ચાલે જ કેમ ?

દંડી નામના એક સાહિત્યવિવેચકે શબ્દનો **મહિમા** આ પ્રમાણે દર્શાવ્યો છે

इदं अन्धं तमः कृत्स्नं जायेत भुवनत्रयम् ।
यदि शब्दाह्वयं ज्योतिः आसंसारं न दीप्यते ॥ (**"काव्यादर्श"** १, ४)

("શબ્દ-નામનો પ્રકાશ જો સંસાર-ભરમાં ન ઝળહળતો હોત તો, આ સમગ્ર ત્રિભુવનમાં ઘોર અંધકાર વ્યાપી રહેત !")

ખરેખર, શબ્દ એ એક અજોડ અને અનિવાર્ય પ્રકાશ છે. એના વિના તો જ્ઞાનમાર્ગ સૂઝે જ નહીં, દેખાય જ નહીં, એ માર્ગની યાત્રા જ બંધ રાખવી પડે !

પરંતુ સાવધાન ! જરૂર હોય તેટલા જ, ઓછામાં ઓછા(Minimum) શબ્દોને ઉપયોગમાં લો. અનેક શબ્દોના બિન-જરૂરી ઠઠારામાં ન પડો. એ ઠઠારો પોતે જ એક જાળ(जालं) બની જશે, તમને એમાં ગૂંચવી-ફસાવી દેશે, અને તમારી સામે, ભૂલભૂલામણીથી ભરેલું, ચિત્તને ભટકાવનારું (**चित्तभ्रमणकारणं**) એક ભયંકર જંગલ (**महा-अरण्यं**) જ ઊભું કરી દેશે !

ઉપનિષદોએ પણ આવી જ ચેતવણી આપી છે :

नानुध्यायेद् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत् ।

("ઝાઝા શબ્દોની માથાકૂટ કદી ન કરવી : એમ કરવાથી તો વાણીને થકવી નાખવા સિવાય બીજું કશું જ પરિણામ નહીં આવે !")

સંસ્કૃત સાહિત્ય-વિવેચકોએ, આથી જ, ઓછામાં ઓછા શબ્દો દ્વારા, વધુમાં વધુ (Maximum) અર્થ વ્યક્ત કરવાના 'કાવ્ય-ગુણ' માટે **'લાઘવ'**(Precision) - શબ્દ પ્રયોજ્યો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૬૨)**

૬૩

अज्ञानसर्पदष्टस्य ब्रह्मज्ञानौषधं विना ।
किमु वेदैश्च शास्त्रैश्च किमु मन्त्रैः किमौषधैः ॥ ६३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અજ્ઞાનસર્પદષ્ટસ્ય બ્રહ્મજ્ઞાનૌષધં વિના ।
કિમુ વેદૈશ્ચ શાસ્ત્રૈશ્ચ કિમુ મંત્રૈઃ કિમૌષધૈઃ ॥ ૬૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– અજ્ઞાનસર્પદષ્ટસ્ય (જનસ્ય) બ્રહ્મજ્ઞાનૌષધં વિના, કિમુ વૈદૈઃ? કિમુ શાસ્ત્રૈઃ? કિમુ મન્ત્રૈઃ? કિમુ (અન્યૈઃ) ઔષધૈઃ ચ? ॥ ૬૩ ॥

શબ્દાર્થ :– **અજ્ઞાનસર્પદષ્ટસ્ય** (જનસ્ય) – જેને અજ્ઞાનરૂપી સાપ કરડ્યો હોય, ડસ્યો હોય તેને, તેવા માણસને, તેના માટે; **બ્રહ્મજ્ઞાન-ઔષધં વિના** - બ્રહ્મજ્ઞાનરૂપી ઔષધ-દવા વગર, તેના વિના, તેના સિવાય; **કિમુ** - એટલે **કિમ્-ઉ**, શું ખપનું ? શું કામનું ? **કિમુ વૈદૈઃ ચ શાસ્ત્રૈઃ ચ** ? - વેદો અને શાસ્ત્રોથી શું વળે ? **કિમુ મન્ત્રૈઃ** ? - મંત્રોનો શો ઉપયોગ ? **કિમુ (અન્યૈઃ) ઔષધૈઃ** ? બીજાં ફાલતુ-પરચુરણ ઓસડો શા ઉપાયનાં ? (૬૩)

અનુવાદ :– અજ્ઞાનરૂપી(ઝેરી) સાપ જેને ડસ્યો હોય, તેના માટે, બ્રહ્મજ્ઞાનરૂપી (એકમાત્ર) ઔષધ સિવાય, વેદોથી શું વળે ? શાસ્ત્રો શાં કામનાં ? મંત્રોનો શો ઉપયોગ ? અને (બીજાં સામાન્ય) ઔષધો શાં ખપનાં ? (૬૩)

ટિપ્પણ :– રોગ, રોગી, દવા અને રોગમુક્તિ (Recovery)- એ રૂપકને પ્રયોજીને, આચાર્યશ્રી અહીં બ્રહ્મજ્ઞાનની સર્વશ્રેષ્ઠતા પ્રસ્થાપિત કરે છે : કોઈ માણસ માંદો પડે ત્યારે, એનાં સ્વજનો એને કોઈક કુશળ(Expert) વૈદ્ય પાસે લઈ જાય છે. સૌપ્રથમ તો, વૈદ્ય, એનાં શરીરની સર્વાંગીણ તપાસ કરીને એના રોગ(Disease)નું નિદાન(Diagnosis) કરે છે અને પછી તે રોગનાં નિવારણ માટે, કોઈક અકસીર દવા(Medicine)ની ભલામણ (Prescription) કરે છે. વૈદ્યે લખી આપેલી દવા તો, વૈદ્યની દૃષ્ટિએ, સર્વશ્રેષ્ઠ, એકમાત્ર, અકસીર અને અમોઘ છે, અને દર્દીએ રોગમુક્ત થવું હોય, સાજા (Recover) થવું હોય તો, તેણે તે એક જ દવાનું સેવન કરવું જોઈએ, પરંતુ જો પેલો દર્દી, વૈદ્યે સૂચવેલી દવા સિવાયની અન્ય અરચુરણ-પરચુરણ દવાઓનું જ સેવન કર્યા કરે, તો શું-કેવું પરિણામ આવે ? આ સવાલનો જવાબ સહુ જાણે છે.

અહીં એક મુમુક્ષુ-જનને અજ્ઞાનરૂપી ઝેરી સાપ કરડ્યો છે, તે ઝેર એનાં શરીરનાં અંગે અંગમાં વ્યાપી ચૂક્યું છે; આવા દર્દીને આવું ઝેર-ઉતારનાર કોઈક સમર્થ વૈદ્ય(સદ્‌ગુરુ) પાસે લઈ જવામાં આવ્યો, વૈદ્યે એનું સચોટ નિદાન કરીને એકમાત્ર બ્રહ્મજ્ઞાન રૂપી અકસીર ઔષધ (Antidote) લખી આપ્યું; પરંતુ પેલા દર્દીએ,

પોતાનાં 'અહં' (Ego) કે મૂર્ખતાનાં કારણે, કે પછી વૈદ્યમાં પૂરતી શ્રદ્ધાના અભાવે, પેલાં બ્રહ્મજ્ઞાનરૂપી અમોઘ(Unfailing) ઔષધનું સેવન કરવાને બદલે, એટલે કે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી લેવાને બદલે, વેદો-શાસ્ત્રો-મંત્રો અને અન્ય આલતુ-ફાલતુ ઔષધોને જ સેવ્યાં કર્યાં. બસ, પછી તો જે પરિણામ આવવું જોઈએ, તે જ આવ્યું ! અજ્ઞાનરૂપી એનો વ્યાધિ ચાલુ રહ્યો અને મોક્ષ-પ્રાપ્તિરૂપી નીરોગીપણું તેને ક્યારેય ન લાધ્યું !

શ્લોકમાં પ્રયોજેલાં રૂપક(Metaphor)-અલંકાર વડે, શ્રીશંકરાચાર્યે અહીં ધાર્યું નિશાન પાડ્યું છે, - બ્રહ્મજ્ઞાનની અજોડતા (Unique-ness), અમોઘતા (Infallibitity, Efficacy) સ્થાપવી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૬૩)

૬૪

न गच्छति विना पानं व्याधिरौषधशब्दतः ।
विनाऽपरोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥ ६४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

न गच्छति विना पानं व्याधिरौषधशब्दतः ।
विनाऽपरोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते ॥ ६४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (यथा औषधेः) पानं विना, (केवलं) औषधि-शब्दतः (एव) व्याधिः न गच्छति, (तथा) अपरोक्षानुभवं विना (केवलं) ब्रह्मशब्दैः (संसार-बन्धनाद् कोऽपि मुमुक्षुः) न मुच्यते ॥ ६४ ॥

શબ્દાર્થ :– (यथा औषधेः) **पानं विना** - જેવી રીતે ઔષધિ (દવા) પીધા વગર, (केवलं) **औषधशब्दतः** અહીં **શબ્દ** એટલે, સામાન્ય અર્થમાં આપણે સમજીએ છીએ, તે **'શબ્દ'**(word) નહીં, પરંતુ 'રટણ', 'જાપ', ઉદ્ગાર(Utterence) દવાનું (દવાનાં નામનું) માત્ર રટણ કરવાથી; (**व्याधिः**) **न गच्छति**-રોગ જતો નથી, રોગનું નિવારણ થતું નથી, રોગ નાબૂદ થતો નથી, રોગી સાજો થતો નથી; **अपरोक्षानुभव. परोक्ष** - એટલે આંખોથી દૂર, નજર-બહારનું, સીધું નહીં, Indirect; અને **अपरोक्ष** એટલે આંખોની સામે જ, સમક્ષ, સાક્ષાત્ Direct - **अपरोक्षानुभव** - એટલે સીધેસીધો, સાક્ષાત્ અનુભવ; આવા અપરોક્ષ અનુભવ વગર (**विना**) (केवलं) **ब्रह्मशब्दैः** - માત્ર 'બ્રહ્મ' શબ્દનું રટણ કરવાથી; (कः अपि) **न मुच्यते** - સંસારનાં બંધનમાંથી કોઈ પણ સાધકનો મોક્ષ થતો નથી, તેને મુક્તિ મળતી નથી. (૬૪)

અનુવાદ :– (જેમ દવા) પીધા વિના, (માત્ર) દવાનાં નામનું રટણ કરવાથી જ, રોગ નાબૂદ થતો નથી, (તેમ જ બ્રહ્મનો) સાક્ષાત્ અનુભવ કર્યા વિના, 'બ્રહ્મ' એ શબ્દનું માત્ર રટણ જ કર્યા કરવાથી (કોઈને) મુક્તિ મળતી નથી. (૬૪)

ટિપ્પણ :– આ શ્લોકમાં પણ આચાર્યશ્રીએ, મોક્ષપ્રાપ્તિના અનુસંધાનમાં,

રોગ અને રોગ-નિવારણનાં ઉપાયોનું એક રૂપક યોજ્યું છે : માંદા માણસે, વૈદ્યે, સાજા થવા માટે, આપેલી દવા પીધી નહીં, પરંતુ દવાનાં નામ('ક્વિનાઇન')નું સતત રટણ જ કર્યા કર્યું, એનાથી એનો રોગ કદી નાબૂદ ન થાય. અહીં, સાધકને સંસારનાં બંધનોમાંથી મુક્તિ મેળવવી છે; એટલે એને સદ્‌ગુરુ-શરણ, સાધન-ચતુષ્ટય જેવી પ્રક્રિયા, ચિત્તશુદ્ધિ, ચિંતન-મનન-નિદિધ્યાસન વગેરે અંતરંગ સાધનો અને આ સર્વ મારફત બ્રહ્મનો સાક્ષાત્ અનુભવ મેળવવાની સૂચના કરવામાં આવી; પરંતુ તેણે તો આવી કશી ભાંજગડમાં પડ્યા વિના, એટલે કે બ્રહ્મની સાક્ષાત્ અનુભૂતિ, - બ્રહ્મનો સાક્ષાત્ અનુભવ, બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યા વિના, બસ, 'બ્રહ્મ' - 'બ્રહ્મ' એ શબ્દનું રટણ જ કર્યા કર્યું ! એથી શું વળે ? મુક્તિ તો તેટલી જ દૂર !

ટૂંકમાં, મુક્તિ માટે તો, સાધકે પોતે જ, બ્રહ્મનો સીધેસીધો, અપરોક્ષ, સાક્ષાત્ Direct, અનુભવ, સાક્ષાત્કાર કરવો રહ્યો !

વિદ્યારણ્ય-સ્વામીએ આ જ વાતને, એક જૂદું જ છતાં સચોટ ઉદાહરણ આપીને, આ રીતે સમજાવી છે :-

मुक्तिस्तु ब्रह्मतत्त्वस्य ज्ञानादेव न चान्यथा ।
स्वप्नबोधं विना नैव स्व-स्वप्नो हीयते यथा ॥

– 'પંચદશી' ૬,૨૧

મને રાત્રે ઊંઘમાં કશુંક સ્વપ્ન આવ્યું, એ સ્વપ્ન મારું પોતાનું હતું, મારે એને ટાળવું છે, એમાંથી છૂટવું છે, તો એના માટે એક જ ઉપાય : મારે પોતે જાતે જ ઊંઘમાંથી જાગી જવું જોઈએ, બીજાનાં જાગવાથી કંઈ મારું સ્વપ્ન ન ટળે ! એ જ રીતે, મુક્તિનો પણ એક જ ઉપાયઃ બ્રહ્મતત્ત્વનું જ્ઞાન સાધકે પોતે જ પ્રાપ્ત કરી લેવું, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

શ્લોકનો છંદ : **'અનુષ્ટુપ'** (૬૪)

૬૫

अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।
बाह्यशब्दैः कुतो मुक्तिरुक्तिमात्रफलैर्नृणाम् ॥ ६५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अकृत्वा देश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।
बाह्यशब्दैः कुतो मुक्तिरुक्तिमात्रफलैर्नृणाम् ॥ ६५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– दृश्यविलयं अकृत्वा, आत्मनः तत्त्वं अज्ञात्वा, उक्तिमात्र-फलैः बाह्यशब्दैः नृणां मुक्तिः कुतः? ॥ ६५ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે, - नृणां मुक्तिः कुतः? મનુષ્યોની મુક્તિ ક્યાંથી થાય ? માણસોનો મોક્ષ કેમ કરીને થાય ?

કેમ, એમાં શો વાંધો આવ્યો ?

હા, એક નહીં, પણ ત્રણ વાંધા છે, તે આ પ્રમાણે :

(૧) **'दृश्यविलयं अकृत्वा** - "**दृश्य**" એટલે, નજર સામે દેખાતું આ જગત, જેને દાર્શનિક-આધ્યાત્મિક પરિભાષામાં **'પ્રપંચ'** કહેવામાં આવે છે; **વિલય** - એટલે, અંત, નાશ; **અકૃત્વા** - કર્યા વિના.

એટલે, વાંધો એ કે આપણી સ્થૂલ આંખો સામે, નજરે પડી રહેલાં સંસારી જીવનવ્યવહારનો અંત હજુ આવ્યો નથી; 'સંસાર' તો છે જ અને રહેવાનો પણ છે જ; માત્ર, મુમુક્ષુએ પોતાની રીતે એનો 'વિલય' (નાશ, અંત) કરી દેવો જોઈએ, તો જ મુક્તિના માર્ગમાં આગળ વધી શકાય. આ થયો **પહેલો** વાંધો.

(૨) **आत्मनः तत्त्वं अज्ञात्वा** - આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વગર, આત્માનાં તાત્ત્વિક સ્વરૂપનું જ્ઞાન મેળવ્યા વિના; આત્માની સાચી ઓળખ જ જ્યાં સુધી ન હોય, ત્યાં સુધી મુક્તિના પંથે પળવાનું શક્ય જ નહીં. આ જ મુદ્દાને, આ પહેલાં, શ્લોક-નં. ૬૨માં આ પ્રમાણે રજુ કરવામાં આવ્યો જ છે : **आत्मनः तत्त्वं तत्त्वज्ञात् ज्ञातव्यम्** । આ થયો **બીજો** વાંધો.

(૩) આ પહેલાં, "શબ્દની મર્યાદા તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું જ છે - શ્લોક-નં. ૬૪. વળી, અહીં તો, કેવળ બોલવા-ખાતર-બોલાતા, કથનમાત્ર ફળવાળા (**उक्तिमात्रफलैः**), બાહ્ય-બહારના-ઠાલા-સ્થૂલ (**बाह्यशब्दैः**) શબ્દોની જ વાત છે. આવા બાપડા-બિચારા શબ્દોનું શું ગજું ? એની તાકાત કેટલી ? આવા માત્ર 'શબ્દો' પર નિર્ભર રહેવું, એ પર્યાપ્ત-પૂરતું નથી, આવા શબ્દોની મર્યાદાને ઓળંગ્યા વિના, મુક્તિની પ્રાપ્તિ શક્ય નથી : આ થયો **ત્રીજો** વાંધો. (૬૫)

અનુવાદ :– દૃશ્ય સંસારનો વિલય કર્યા વિના, આત્માના વાસ્તવિક-તાત્ત્વિક સ્વરૂપનું જ્ઞાન મેળવ્યા વિના, અને કથન-માત્ર ફળવાળા બહારના શબ્દો વડે, મનુષ્યોની મુક્તિ શી રીતે થાય ? (૬૫)

ટિપ્પણ :– આમ તો અહીં પણ, જરૂરી સઘળી સમજૂતી, ઉપર, 'શબ્દાર્થ' - વિભાગમાં અપાઈ જ ગઈ છે, તે છતાં, વધુ લંબાણ કર્યા વિના ટૂંકમાં, **એક** જ, પાયાની વાત, પર ભાર મૂકવાનો રહે છે અને તે છે, - આ શ્લોકમાંના **ત્રણેય વાંધા**, આચાર્યશ્રીએ, શ્લોક-નં. ૬૪માં નિર્દેશેલા 'અપરોક્ષ અનુભવ'ની આડે આવનારા છે. મોક્ષપ્રાપ્તિની અનિવાર્ય પૂર્વશરત (Indispensable pre-condition) છે, – આ 'અપરોક્ષ-અનુભવ'; અને આ પૂર્વશરતને પરિપૂર્ણ કરવા માટે, આ શ્લોકમાં રજુ કરવામાં આવેલા ઉપર્યુક્ત **ત્રણ** વાંધોનું નિવારણ, એ તો વળી એથી યે પહેલાંની પૂર્વશરત છે !

આ અનુસંધાનમાં જ, શ્રીશંકરાચાર્યે 'અપરોક્ષાનુભૂતિ'ને લગતાં કેટલાંક સુંદર દાર્શનિક સ્તોત્રો રચ્યાં છે તે, આ મુદ્દાને સમજવામાં સહાયભૂત થાય, તેવાં છે.

શ્લોકનો છંદ : **'અનુષ્ટુપ' (૬૫)**

૬૬

अकृत्वा शत्रुसंहारमगत्वाखिलभूश्रियम् ।
राजाऽहमिति शब्दान्नो राजा भवितुमर्हति ॥ ६६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अकृत्वा शत्रुसंहारमगत्वाखिलभूश्रियम् ।
राजाऽहमिति शब्दान्नो राजा भवितुमर्हति ॥ ६६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– शत्रुसंहारं अकृत्वा, अखिलभूश्रियं अगत्वा; (केवलं) 'अहं राजा' इति शब्दात्, राजा भवतुं नो अर्हति ॥ ६६ ॥

શબ્દાર્થ :– **शत्रुसंहारं अकृत्वा** - શત્રુઓનો સંહાર કર્યા વિના; **अखिल** - એટલે આખી, સમગ્ર, સમસ્ત; **भू** - એટલે પૃથ્વી; **श्रियं** - સંપત્તિ, લક્ષ્મી, ધનદોલત; **अगत्वा** - પ્રાપ્ત કર્યા વગર : સમસ્ત પૃથ્વીની સંપત્તિ પ્રાપ્ત કર્યા વિના; **'अहं राजा' इति शब्दात्** -'હું રાજા છું' - એવું માત્ર શબ્દોચ્ચારણ કરવાથી, રટણ કર્યા કરવાથી; **राजा भवितुं नो(न-उ) अर्हति** - રાજા બનવાની યોગ્યતા આવતી નથી, રાજા બનવા લાયક થઈ શકાતું નથી. (૬૬)

અનુવાદ :– શત્રુઓનો સંહાર કર્યા વિના, સમસ્ત પૃથ્વીની સંપત્તિ પ્રાપ્ત કર્યા વગર, (માત્ર) 'હું રાજા છું' - એવું રટણ કર્યા કરવાથી, રાજા બનવાની પાત્રતા મળી શકતી નથી. (૬૬)

ટિપ્પણ :– સાધકનું એકમાત્ર જીવન-ધ્યેય છે, - મોક્ષપ્રાપ્તિ. આ ધ્યેયને સંપન્ન કરવાની જેટલી પૂર્વશરતો હોય, તેને પરિપૂર્ણ કરવી અનિવાર્ય છે, એ હકીકત પર, આચાર્યશ્રીએ, અહીં, વધારાનું એક ઉદાહરણ આપીને, ભાર મૂક્યો છે :

એક વ્યક્તિને સમસ્ત પૃથ્વીનો ચક્રવર્તી રાજા બનવું છે, એટલે એ ભાઈ, આ માટે, બીજો કશો ય પુરુષાર્થ કર્યા વગર, પોતાનાં નિવાસમાં, બસ, "હું રાજા છું", - એ વાક્યનો માત્ર જાપ જ જપ્યા કરે, એવું ફક્ત શબ્દોચ્ચારણ જ કર્યા કરે, રટણ જ કર્યા કરે તો, રાજા તરીકેની એની નિમણૂંક (Appointment)નો પત્ર (Document), સામેથી રટણ-મગ્ન એ વ્યક્તિના ખોળામાં, આવીને પડવાનો હતો ?

સિંહ ભૂખ્યો થયો, પણ એ તો પોતાની જગ્યાએ સૂતો જ પડ્યો રહ્યો, તો શું હરણાં એનાં મોંમાં, સામેથી, પોતાની મેળે, **આવીને** પડવાનાં હતાં ? માત્ર મનોરથ જ સેવ્યા કરવાથી, કોઈ જ કાર્યો, કદી પણ સિદ્ધ થતાં નથી.

मनोरथेन कार्याणि न सिध्यन्ति कदाचन ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

ભૂખ ભાંગવી જ હોય તો, સિંહે, ઊંઘ-આરામ છોડીને, જંગલમાં રખડવું પડે, શિકાર શોધવો પડે, હરણાંઓને પકડીને હણવાં પડે !

એ જ રીતે, અહીં, રાજા બનવાની મહત્ત્વાકાંક્ષા સેવનાર વ્યક્તિએ, સૌપ્રથમ તો, સઘળા શત્રુઓને પડકારીને, સમરાંગણમાં, એ સહુનો સંહાર કરવો પડે, અને સમસ્ત પૃથ્વીની ધન-સંપત્તિને લૂંટીને ઘર-ભેગી કરવી પડે; અને આ રીતે, સમગ્ર વિશ્વમાં બિન-હરીફ બન્યા પછી જ, પોતાની જાતને "હું હવે ચક્રવર્તી રાજા છું," - એમ જાહેર કરવાની યોગ્યતા તે મેળવી શકે.

મોક્ષપ્રાપ્તિની પાત્રતા સિદ્ધ કરવાની, આવી જ હકીકત, આચાર્યશ્રીએ, પેલા મુમુક્ષુ સાધકની મનોભૂમિ પર જડબેસલાક પ્રસ્થાપિત કરી દીધી !

મહત્ત્વના કોઈક મુદ્દાનાં દૃઢીકરણ (Confirmation, Emphasis) માટે, સંસ્કૃત સાહિત્યમાં એક **સ્થૂણાનિખનન**-ન્યાય (Maxim) આ પ્રમાણે છે : **સ્થૂણા** એટલે થાંભલો અને નિખનન એટલે ખોદવું, ખોદા કરવું. મકાન બાંધતી વખતે, જમીનમાં થાંભલો મજબૂત રીતે ખોદવો હોય તો, ખાડો ખોદ્યા પછી, ખાડામાં થાંભલો મૂક્યા પછી, થાંભલો ખૂબ ઊંડે સુધી પહોંચે એ રીતે ખાડામાં પથરા, માટી કે રેતી પૂરતાં રહીને, વારંવાર થાંભલાને હલાવતાં રહીને, એને દૃઢ, સ્થિર અને મજબૂત કરવો પડે.

શ્રીશંકરાચાર્યે, પૂર્વપક્ષનું ખંડન કરવા માટે, **બ્રહ્મસૂત્ર**નાં પોતાનાં ભાષ્ય-શાંકર-ભાષ્યમાં, આ **"સ્થૂણાનિખનન"**ને ટાંક્યો છે.

શ્લોકનો છંદ : **'અનુષ્ટુપ'** (૬૬)

૬૭

आप्तोक्तिं खननं तथोपरिशिलाद्युत्कर्षणं स्वीकृतिं
निक्षेपः समपेक्षते न हि बहिः शब्दैस्तु निर्गच्छति ।
तद्वद् ब्रह्मविदोपदेशमननध्यानादिभिर्लभ्यते
मायाकार्यतिरोहितं स्वममलं तत्त्वं न दुर्युक्तिभिः ॥ ६७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

આપ્તોક્તિં ખનનં તથોપરિશિલાદ્યુત્કર્ષણં સ્વીકૃતિં
નિક્ષેપઃ સમપેક્ષતે ન હિ બહિઃ શબ્દૈસ્તુ નિર્ગચ્છતિ ।
તદ્વદ્ બ્રહ્મવિદોપદેશમનનધ્યાનાદિભિર્લભ્યતે
માયાકાર્યતિરોહિતં સ્વમમલં તત્ત્વં ન દુર્યુક્તિભિઃ ॥ ૬૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (યદ્વત્) નિક્ષેપઃ આપ્તોક્તિ ખનનં તથા ઉપરિશિલાદ્યુત્કર્ષણં: ચ સ્વીકૃતિં (ચ) સમપેક્ષતે, ન હિ બહિઃ શબ્દૈઃ તુ નિર્ગચ્છતિ; તદ્વત્ બ્રહ્મવિદા-ઉપદેશ-મનન-ધ્યાનાદિભિઃ માયાકાર્યતિરોહિતં સ્વં અમલં તત્ત્વં લભ્યતે, દુર્યુક્તિભિઃ ન (લભ્યતે) ॥ ૬૭ ॥

શબ્દાર્થ :– નિક્ષેપઃ- જમીનમાં દાટેલું ધન, ધરતીમાં ગાડેલી દોલત; સમપેક્ષતે

- સારી રીતે, સુયોગ્ય, અત્યંત અપેક્ષા રાખે છે. શાની, કઈ કઈ ક્રિયાઓની અપેક્ષા રાખે છે, આ ખજાનો મેળવવા માટે ? એક પછી એક, આટલી પૂર્વ-પ્રક્રિયાઓની : **એક** તો, **आप्तोक्ति. आप्त** - એટલે કોઈક વિશ્વાસપાત્ર, શ્રદ્ધેય, આપ્તજન, સ્વજન (Reliable Person); અને **उक्ति** - પેલા આપ્તજને કહેલી વાત, તેણે આપેલી માહિતી (એટલે કે તેણે પેલા દાટેલાં-ધનનું બતાવેલું સ્થાન); **બે** : **तद्-उपरि-शिला-आदि-उत्कर्षणं** - તે જગાની ઉપરના પત્થરો વગેરેને દૂર કરવા, બહાર ખેંચી કાઢવા; **त्रण** : **खननं** - ખોદવું, ખોદકામ કરવું; **चार** : પેલું દાટેલું ધન દેખાય ત્યારે તેને બહાર કાઢવું અને પોતાના જ હાથ વડે લઈ લેવું, ગ્રહણ કરવું-**स्वीकृतिम्**; આ **चार** છે, - પેલો ખજાનો(**निक्षेपः**) હસ્તગત કરવા માટેની પૂર્વ-અપેક્ષા (**समपेक्षते**). પરંતુ (**तु**) તે ધન, ખરેખર, અંદરથી બહાર નીકળતું નથી - **न हि निर्गच्छति**; - શાનાથી ? **बहिः शब्दैः** - માત્ર ઉપરછલ્લા શબ્દોથી; "ધન મને મળી જાઓ !" - આવા શબ્દો માત્ર બોલ્યાં કરવાથી, એ શબ્દોનો જાપ જપવાથી, એનું રટણ કરવાથી.

तद्वत् - તેવી જ રીતે, **स्वं अमलं तत्त्वं लभ्यते** - અમલ એટલે નિર્મળ, પવિત્ર, શુદ્ધ. પોતાનું નિર્મળ આત્મ-તત્ત્વ પ્રાપ્ત થાય છે. એ આત્મ-તત્ત્વ કેવું ? - **मायाकार्यतिरोहितम्** - **'माया'** અને તેનાં કાર્યરૂપ, પરિણામ-રૂપ(અહંકાર)વડે ઢંકાયેલું (**तिरोहित**), છુપાયેલું, સંતાયેલું, અવ્યક્ત; આવું આત્મતત્ત્વ શાના વડે પ્રાપ્ત કરી શકાય છે ? - **ब्रह्मविदा-उपदेश-मनन-ध्यानादिभिः** - **'ब्रह्मविद्'** એટલે બ્રહ્મજ્ઞાની સદ્‌ગુરુ; એમના **उपदेश**ને ગ્રહણ (Grasp) કરવો; ત્યારપછી, તેમના ઉપેદશવચનોનાં ચિંતન-મનન-ધ્યાન વગેરેની સાધના કરવાથી; **दुर्युक्तिभिः** જેવી-તેવી, ખરાબ, અયોગ્ય યુક્તિઓ વડે; નિરર્થક-નકામા બડબડાટ કરવાથી; **न (तु) लभ्यते** - આવી રીતે, આત્મ-તત્ત્વ પ્રાપ્ત થતું નથી. (૬૭)

અનુવાદ :– જમીનમાં દાટેલું ધન (એની પ્રાપ્તિ), કોઈક આપ્તજનનું (એ ધન માટેની જગા વિશેનું) કથન (માહિતી), તે(જગા) પર(અને અંદર)ના પત્થરો વગેરેને દૂર કરીને (તે ધન દેખાય ત્યારે) તેને હસ્તગત કરવું; - આટલી (પૂર્વ-ક્રિયાઓની) સારી અપેક્ષા રાખે છે, (પણ) માત્ર ઉપરછલ્લા શબ્દોથી (કે 'મને ધન મળી જાઓ !' એવાં રટણથી) તે (ધન), ખરેખર, બહાર નીકળતું નથી : તેવી જ રીતે, **'माया'** અને તેનાં કાર્ય(રૂપ, અહંકાર) વડે ઢંકાયેલું પોતાનું નિર્મળ સ્વરૂપ, બ્રહ્મજ્ઞાની સદ્‌ગુરુનાં ઉપદેશ-મનન, નિદિધ્યાસન વગેરેથી પ્રાપ્ત થઈ શકે છે, નિરર્થક બડબડાટ કરવાથી નહીં. (૬૭)

ટિપ્પણ :– અહીં, આ શ્લોકમાં પણ, મોક્ષપ્રાપ્તિ માટેની, સાધકની, પાત્રતા વિશે, આચાર્યશ્રીએ, વધુ એક વાર, દૃઢીકરણ કર્યું છે અને પેલા **'स्थूणानिखनन'**-ન્યાયનો આશ્રય લીધો છે : પેલા દાટેલા ધન-ખજાનાને હસ્તગત

કરવા માટે, કેવી અને કેટલી પૂર્વ-અપેક્ષાઓ પરિપૂર્ણ કરવાની હોય છે (**समपेक्षते**) એની વીગતો, શ્લોકની પ્રથમ બે પંક્તિઓમાં, નિરૂપિત થઈ છે, તે તો સમજાય એવી છે; પરંતુ પોતાના નિર્મળ આત્માનું મૂળભૂત સ્વરૂપ પામવું તે, સાધક માટે, એટલું સહેલું નથી.

કારણ ?

પેલાં દાટેલાં ધનની જગ્યાને ખોદીને, તેના પરના પત્થરો વગેરે ખેંચીને બહાર કાઢો, એટલે પેલો ખજાનો હાથ આવી જાય, પરંતુ આ આત્મતત્ત્વ તો **"माया"**નાં પરિણામ-સ્વરૂપ અહંકાર વડે ઢંકાયેલું (**तिरोहितं**) છે. શ્રુતિએ પણ આ જ વાત કરી છે : (**एष सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते । कठ-उपनिषद** (१,३,१२).

'સર્વ પ્રાણીઓમાં રહેલો હોવા છતાં આત્મા 'ગૂઢ' હોવાથી જણાતો નથી.' બસ, સાધકને મુંઝવતું એક મહા-વિઘ્ન એટલે આ **माया** !

વેદાન્ત-દર્શનનો આ **'माया'** એક પરિભાષિક શબ્દ છે, અને પોતાના 'કેવલાદ્વૈત'-સિદ્ધાંતની સ્થાપના માટે, શ્રીશંકરાચાર્યે આ **"माया"**—તત્ત્વને અત્યંત કુશળતાપૂર્વક પ્રયોજ્યું છે, એની ચર્ચા હવે પછી આ ગ્રંથમાં પણ આવશે. પરંતુ હાલતુરત આટલી સમજણ પર્યાપ્ત ગણાશે : આત્મતત્ત્વ-પ્રાપ્તિની આડે આવતું એક મહાવિઘ્ન એટલે આ **"माया"**; તેમ જ, એવું જ બીજું વિઘ્ન છે **"अविद्या"**. પરંતુ આ બે વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે જ્યારે **अविद्या** એ જીવને આવરતી-ઢાંકતી, જીવનાં આશ્રયે જ રહેલી, **रजस्तमोमयी** શક્તિ છે, ત્યારે **माया** તો **પરમાત્માને આશ્રયે રહેલી सत्त्वमयी** શક્તિ છે. અને આ બંને 'આવરણો' (આત્માને 'તિરોહિત' કરતાં ઢાંકણાં) દૂર ન થાય ત્યાં સુધી આત્મતત્ત્વને પામી શકાય નહીં. અલબત્ત, આ આવરણ-દૂરીકરણ(Removal) માટે બ્રહ્મજ્ઞાની સદ્‌ગુરુનો ઉપદેશ, એનાં પર સતત ચિંતન-મનન-નિદિધ્યાસન વગેરે સાધક માટે સુલભ જ છે; પરંતુ આ સાચા ઉપાયો સંપન્ન કરવાને બદલે, માત્ર નિરર્થક બડબડાટ અથવા મિથ્યા જલ્પન કરવાથી કશું જ ન વળે !

શ્લોકનો છંદ : **शार्दूलविक्रीडित (६७)**

६८

तस्मात् सर्वप्रयत्नेन भवबन्धविमुक्तये ।
स्वेनैव यत्नः कर्तव्यो रोगादाविव पण्डितैः ॥ ६८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

तस्मात् सर्वप्रयत्नेन भवबन्धविमुक्तये ।
स्वेनैव यत्नः कर्तव्यो रोगादाविव पण्डितैः ॥ ६८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— **तस्मात् भवबन्धविमुक्तये पण्डितैः सर्वप्रयत्नेन, स्वेन एव, रोगादौ इव, यत्नः कर्तव्यः ॥ ६८ ॥**

શબ્દાર્થ :– **तस्मात्** - તેથી; તે કારણે, આ પહેલાં સમજણ આપ્યા પ્રમાણે; મુખ્ય વાક્ય છે: **पण्डितैः यत्नः कर्तव्यः** । પંડિતોએ, ડાહ્યા માણસોએ, શાણા-સમજુ માણસોએ, પ્રયત્ન કરવો જોઈએ. શાના માટે પ્રયત્ન કરવો જોઈએ ? **भवबन्धविमुक्तये** - સંસારનાં બંધનોમાંથી છૂટવા માટે, મુક્ત થવા માટે; કેવી રીતે પ્રયત્નો કરવા જોઈએ ? આ સવાલના **ત્રણ** જવાબો આ પ્રમાણે છે : (૧) **सर्वप्रयत्नेन** - પ્રયત્નો વડે, કશું જ બાકી ન રહે એવી રીતે, બધી રીતે, Wholeheartedly, Sincerely, Without sparing one's self: (૨) **स्वेन एव** - પોતાની જાતે જ, પોતે જ, બીજા કોઈ મારફત નહીં, Personally: (૩) અને **रोगादौ इव** - રોગ થાય ત્યારે આપણે પોતે જ, જાતે જ, એનો ઉપચાર કરીએ છીએ, એવી રીતે. (૬૮)

અનુવાદ :– તેથી, સંસારનાં બંધનોમાંથી મુક્ત થવા માટે, બુદ્ધિશાળી માણસોએ, રોગ વગેરેને(ટાળવા માટે કરાય છે) તેની જેમ, સર્વ પ્રયત્નો વડે, પોતે, પોતાની જાતે જ, પ્રયત્નો કરવા જોઈએ. (૬૮)

ટિપ્પણ :– અહીં પણ, દૃઢીકરણની એ જ વાતને, ફરી એક વાર, સવિશેષ દૃઢ કરવા માટે, ભારપૂર્વક વ્યક્ત કરવામાં આવી છે.

મુખ્ય મુદ્દો પણ એ જ ચાલુ રહે છે : સંસારનાં બંધનોમાંથી મુક્તિ મેળવવા માટે અહીં પણ, યથાપૂર્વ, એ જ ઉપમા આપવામાં આવી છે, - ધાર્યું પરિણામ પ્રાત કરવા માટે : માંદા પડ્યાં હોઈએ અને જેવી રીતે એનાં ઉપચાર-ઔષધસેવન-પથ્યસેવન-આરામ વગેરે, આપણે પોતે જ, સંપૂર્ણરીતે કરીએ છીએ તેમ !

અંગ્રેજીમાં કહેવત છે કે, - Self-help is the best help : આત્મસહાય એ જ શ્રેષ્ઠ સહાય !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૬૮)

૬૯

यस्त्वयाऽद्य कृतः प्रश्नो वरीयाञ्छास्त्रविन्मतः ।
सूत्रप्रायो निगूढार्थो ज्ञातव्यश्च मुमुक्षुभिः ॥ ६९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

यस्त्वयाऽद्य कृतः प्रश्नो वरीयाञ्छास्त्रविन्मतः ।
सूत्रप्रायो निगूढार्थो ज्ञातव्यश्च मुमुक्षुभिः ॥ ६९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– त्वया अद्य यः प्रश्नः कृतः, (सः) वरीयान्, शास्त्रविन्मतः, सूत्रप्रायः, निगूढार्थः (च अस्ति); मुमुक्षुभिः (च) ज्ञातव्यः ॥ ६९ ॥

શબ્દાર્થ :– **अद्य** - આજે, હમણાં; **त्वया यः प्रश्नः कृतः** - તેં જે પ્રશ્ન કર્યો, તેં જે સવાલ પૂછ્યો. ગુરુજીએ બોલવાનું - ઉત્તર આપવાનું શરૂ કર્યું, તે પહેલાં, શિષ્યે પૂછેલા પ્રશ્નનું ગુરુજી અહીં અનુસંધાન કરે છે. તે પ્રશ્ન કેવો છે ? આ સવાલના **ત્રણ** જવાબો આ પ્રમાણે છે :-

(૧) **वरीयान्** - ઉત્તમ, શ્રેષ્ઠ; **उरु** એટલે પહોળું-મોટું-મહત્ત્વનું, - એ વિશેષણનું અધિકતાદર્શક(Comparative)રૂપ, - **वरीयस्**નું પુંલિંગ પ્રથમા એકવચન રૂપ - **वरीयान्** - વધારે મોટો; પણ અહીં એનો અર્થ શ્રેષ્ઠતાદર્શક (Superlative - **वरिष्ठ** તરીકે) લેવાનો છે : 'સર્વોત્તમ.'

(૨) **शास्त्रविन्मतः** - 'શાસ્ત્રવિદ્' એટલે શાસ્ત્રો જાણનારાઓ, શાસ્ત્રજ્ઞો; **शास्त्रविद्भिः मतः** - શાસ્ત્રજ્ઞોએ માન્ય કરેલો, સ્વીકારેલો, એમના વડે સમર્થન-અનુમોદન પામેલો, અપનાવાયેલો;

(૩) **सूत्रप्रायः** - સૂત્ર જેવો.

સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં એક તબક્કો એવો આવ્યો, જ્યારે કોઈ પણ પ્રશ્નની ચર્ચામાં અતિ વિસ્તાર કરવામાં આવતો, બહુ લંબાણ કરવામાં આવતું, પાનાંનાં પાનાં ભરાય એટલું પ્રતિપાદન કરવામાં આવતું. પરંતુ ત્યારપછી, તરત જ, વિદ્વાનોને, ખાસ તો, શબ્દશાસ્ત્રીઓને-ભાષાશાસ્ત્રીઓને, નિરૂપણની આ પદ્ધતિ ખૂંચી અને તેમણે શબ્દોને-વાક્યોને બિનજરૂરી રીતે વેડફવાને બદલે, કરકસર-(Economy of words)નાં હિતમાં, સંક્ષેપમાં, ઓછામાં ઓછા (Minimum) શબ્દો પ્રયોજીને, પ્રતિપાદન કરવાનો આગ્રહ સેવ્યો, જેનાં પરિણામે, સાહિત્ય-ઇતિહાસમાં, **"सूत्र"**-યુગ, એવો એક તબક્કો શરૂ થયો : **"सूत्र"** એટલે ઓછામાં ઓછા શબ્દોમાં, અક્ષરોમાં, વધુમાં વધુ (Maximum) અર્થ અભિવ્યક્ત કરતું ગદ્ય-વાક્ય (Aphorism) —

स्वल्पाक्षरं असंदिग्धं सारवद् विश्वतोमुखम् ।
अस्तोभं अनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥

("સૂત્રના જાણકારો **'सूत्र'** તેને કહે છે, જેમાં ઓછામાં ઓછા અક્ષરો હોય, જે અસંદિગ્ધ એટલે કે સ્પષ્ટ-વિશદ હોય, સાર-વાળું હોય, સર્વત્ર લાગુ પડી શકે તેવું, અડચણ-વિનાનું અને દોષ-વિનાનું હોય.")

આપણે ત્યાં ત્યારપછી, "દર્શન"-યુગ, એટલે કે 'સાંખ્ય', 'યોગ', - વગેરે છ દર્શનો(Six systems of Philosophy)નો યુગ શરૂ થયો અને એ સર્વનાં સિદ્ધાન્તો આ **सूत्र**-શૈલીમાં નિરૂપિત કરવામાં આવ્યા : દા.ત. **બાદરાયણે 'वेदान्त'**-દર્શનના સિદ્ધાન્તોનું નિરૂપણ **बह्मसूत्र** - ગ્રંથમાં કર્યું, જેમાં સમગ્ર પ્રતિપાદન ઉપર્યુક્ત **"सूत्र"**-શૈલીમાં કર્યું. પરંતુ આ સાથે જ, એક બીજી મુશ્કેલી ઊભી થઈ : અર્થના ભારથી ભરેલાં આવાં અધરાં સૂત્રોને સામાન્ય વાચક સમજે કેવી રીતે ? અને આ મુશ્કેલીનાં નિવારણ માટે, દરેક સૂત્રને સવિસ્તર સરળ રીતે સમજાવવાનો યુગ શરૂ થયો. આવી સમજાવટ(Explanation)ને **"भाष्य"** (Commentary) એવું નામ આવામાં આવ્યું. દા.ત. **बह्मसूत्र** પરનાં શ્રીશંકરાચાર્યનાં **'भाष्य'**ને **"शांकरभाष्य"** - એવું નામ આપવામાં આવ્યું. આ **'भाष्य'**ની વ્યાખ્યા આ પ્રમાણે છે.

सूत्रार्थो वर्ण्यते यत्र पदैः सूत्रानुसारिभिः ।
स्वपदानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥

("ભાષ્યના જાણકારો **'ભાષ્ય'** એવાં લખાણને કહે છે, જેમાં **'સૂત્ર'**ના અર્થને, સૂત્રને અનુસરતા શબ્દો વડે સમજાવવામાં આવે, અને ભાષ્યકારના પોતાના એ શબ્દોને પણ સમજાવવામાં આવ્યાં હોય.")

અહીં ગુરુએ, શિષ્યે પૂછેલા પ્રશ્નને (હકીકતમાં, શ્લોક-૫૧માંના, **એક** નહીં પણ **સાત** પ્રશ્નોને) **सूत्रप्रायः** કહ્યો છે, એનું કારણ એ છે કે એ ગહન-ગંભીર-સૂક્ષ્મ અર્થોથી સભર છે; વળી, તેઓશ્રી પોતે જ ઊમેરે છે તેમ, તે **निगूढार्थ** (ગૂઢ અને અત્યંત રહસ્યમય અર્થવાળો) છે. અને શિષ્યનો પ્રશ્ન ખરેખર, 'સૂત્રપ્રાય' (સૂત્ર જેવો) છે, એની સત્યતા એમાં, એ હકીકતમાં, રહેલી છે કે, એ પ્રશ્નને પૂરેપૂરો સમજાવવા માટે, ત્યારપછી અત્યાર સુધી ૧૮ શ્લોકો(૫૨ થી ૬૯) ગુરુજીએ પ્રયોજવા પડ્યા અને હજુ પણ એમનું આ શ્લોક-સ્વરૂપનું **'ભાષ્ય'**, અનેક શ્લોકો સુધી ચાલુ રહેવાનું છે ! - ભલે, ગુરુજીએ 'ભાષ્ય' શબ્દ ક્યાંય પ્રયોજ્યો નથી !

શિષ્યનો પ્રશ્ન, આમ, સાચે જ, **'સૂત્ર'** જેવો છે, અને એટલે જ ગુરુજી યોગ્ય જ કહે છે કે 'મુમુક્ષુઓએ તેને બરાબર જાણી-સમજી લેવો જોઈએ' -

मुमुक्षुभिः च ज्ञातव्यः । (૬૯)

અનુવાદ :– જે પ્રશ્ન તેં હમણાં પૂછ્યો, તે ઉત્તમ છે, શાસ્ત્રવેત્તાઓને તે માન્ય છે, તે સૂત્ર જેવો, ગૂઢ-અર્થવાળો છે, અને (તેથી જ) મુમુક્ષુજનોએ તેને બરાબર જાણી-સમજી લેવો જોઈએ. (૬૯)

ટિપ્પણ :– આમ તો, શ્લોક સહેલો છે અને એમાંના પારિભાષિક શબ્દ - **'સૂત્ર'**ને, મૂળભૂત વેદાન્ત-દર્શનના સંદર્ભમાં અને **"સૂત્ર"**-**"ભાષ્ય"**-શૈલીનાં નિરૂપણના સંદર્ભમાં, 'શબ્દાર્થ'-વિભાગમાં, સવિસ્તર સમજાવવામાં આવ્યો છે. **मुमुक्षुभिः ज्ञातव्यः** - એમ કહેવાનો ગુરુજીનો આશય એ છે કે "હે વત્સ ! તારા આ સૂત્રાત્મક પ્રશ્ન-પ્રશ્નોને હું હવે **"ભાષ્ય"** જેવા સરળ શ્લોકો વડે સવિસ્તર સમજાવું છું, તેને ગ્રહણ-આત્મસાત્ કરવા તું તૈયાર અને તત્પર થઈ જા."

અને હવે પછી ગુરુજીનું આ 'ભાષ્ય' શરૂ થાય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૬૯)

૭૦

शृणुष्वावहितो विद्वन् यन्मया समुदीर्यते ।
तदेतच्छ्रवणात् सद्यो भवबन्धाद् विमोक्ष्यसे ॥ ७० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

शृणुष्वावहितो विद्वन् यन्मया समुदीर्यते ।
तदेतच्छ्रवणात् सद्यो भवबन्धाद् विमोक्ष्यसे ॥ ७० ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (હે) **વિદ્વન્ ! મયા યત્ સમુદીર્યતે, તત્ (ત્વં) અવહિતઃ શૃણુષ્વ । એતત્ શ્રવણાત્ ભવબન્ધાત્ (ત્વં) સદ્યઃ વિમોક્ષ્યસે ॥ ૭૦ ॥**

શબ્દાર્થ :– વિદ્વન્ - હે વિદ્વાન ! આ સંબોધન, સામે ઊભેલા શિષ્યને છે. **તત્ (ત્વં) શૃણુષ્વ** - (તે) તું સાંભળ; શું સાંભળવાનું છે ? **મયા યત્ સમુદીર્યતે**- જે (કંઈ હવે) હું (તને) કહું છું તે. કેવી રીતે સાંભળવાનું છે ? **અવહિતઃ** - સાવધાન થઈને, ધ્યાન દઈને, તેનું યથાર્થપણે તાત્પર્ય સમજીને, એકાગ્રચિત્તે; ગુરુજી જે કહે, તેને સાવધાન થઈને સાંભળવાનું શું ફળ શિષ્યને મળશે ? **એતત્ શ્રવણાત્** એ સાંભળીને, સાંભળવાથી; **(ત્વં) સદ્યઃ ભવબન્ધાદ્ વિમોક્ષ્યસે** - **સદ્યઃ** - એટલે જલ્દી, તરત જ, શીઘ્ર; ભવનાં-સંસારનાં બંધનમાંથી તું તરત જ મુક્ત થઈ જઈશ. (૭૦)

અનુવાદ :– હે વિદ્વન્ ! (હવે તને) હું જે કહું, તે તું સાવધાન થઈને સાંભળ; એ સાંભળીને તું તરત જ સંસારનાં બંધનમાંથી વિમુક્ત થઈ જઈશ. (૭૦)

ટિપ્પણ :– શ્લોક સહેલો છે.

શિષ્યના, શ્લોક-૫૧માંના પ્રશ્નને(સાત પ્રશ્નોને), ગયા, છેલ્લા શ્લોકમાં ગુરુજીએ **'સૂત્ર'** જેવો (**સૂત્રપ્રાયો**) અને ગંભીર-ગહન અર્થ વાળો- (**ગૂઢિતાર્થઃ**) ગણ્યો હતો, એનો એ જે અર્થ કે તેને, તેમાંના મર્મને, તેમણે **'ભાષ્ય'**-શૈલીમાં સવિસ્તર અને સરળ રીતે સમજાવવો જોઈએ; વળી, તેમણે એટલું પણ ઊમેર્યું હતું કે તે પ્રશ્નને (પ્રશ્નોને) મુમુક્ષુજનોએ બરાબર જાણી-સમજી લેવો (લેવા) જોઈએ (**મુમુક્ષુભિઃ જ્ઞાતવ્યઃ**); અને આ પ્રસ્તુત શિષ્ય મુમુક્ષુ તો હતો જ, અને ભવબન્ધનમાંથી વિમુક્તિ મેળવવા માટે જ તે અહીં ગુરુજીનાં શરણે આવ્યો હતો. અને એટલે જ ગુરુજી તેને, હવે પછીનાં વક્તવ્યને એકાગ્રચિતે સાંભળવાનું સૂચવે છે. **સદ્યઃ** - (તરત જ) શબ્દ, ગુરુજીનો આત્મવિશ્વાસ (Self-confidence) દર્શાવે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૭૦)

૭૧

મોક્ષસ્ય હેતુઃ પ્રથમો નિગદ્યતે
વૈરાગ્યમત્યન્તમનિત્યવસ્તુષુ ।
તતઃ શમશ્ચાપિ દમસ્તિતિક્ષા
ન્યાસઃ પ્રસક્તાખિલકર્મણાં ભૃશમ્ ॥ ૭૧ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

મોક્ષસ્ય હેતુઃ પ્રથમો નિગદ્યતે
વૈરાગ્યમત્યન્તમનિત્યવસ્તુષુ ।
તતઃ શમશ્ચાપિ દમસ્તિતિક્ષા
ન્યાસઃ પ્રસક્તાખિલકર્મણાં ભૃશમ્ ॥ ૭૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अनित्यवस्तुषु अत्यन्तं वैराग्यं, मोक्षस्य प्रथमः हेतुः निगद्यते । ततः शमः दमः तितिक्षा च प्रसक्तकर्मणां भृशं न्यासः अपि (च एतानि निगद्यन्ते) ॥ ७१ ॥

शब्दार्थ :– **मोक्षस्य प्रथमः हेतुः निगद्यते** - મોક્ષનાં પ્રથમ કારણ તરીકે ગણવામાં કહેવામાં આવે છે; કોને ? **अनित्यवस्तुषु अत्यन्तं वैराग्यं** - અનિત્ય વસ્તુઓ પ્રત્યે અત્યંત-ઊંડો-અતિદૃઢ વૈરાગ્ય. આ જો પહેલું કારણ હોય તો, ત્યારપછી બીજાં કેટલાં અને ક્યાં કારણો ? - જે, મોક્ષ માટે જરૂરી છે ? આ સવાલના જવાબ તરીકે આ **ચાર**નો નિદેશ કરવામાં આવ્યો છે : (૧) **शमः** - શમ; (૨) **दमः** -દમ; (૩) **तितिक्षा**; અને (૪) **प्रसक्त-अखिल-कर्मणां भृशं न्यासः अपि च** - **न्यासः** - એટલે ત્યાગ. કેવો 'ત્યાગ' ? **भृशं** - સદંતર, સંપૂર્ણ, પૂરેપૂરો; શાનો 'ત્યાગ' ? **अखिलकर्मणां** - સમગ્ર, સર્વ, બધાં કર્મોનો, ક્રિયાઓનો, પ્રવૃત્તિઓનો; કેવાં કર્મોનો 'ત્યાગ' ? મનમાં આસક્તિ (Attachment) ઉપજાવે તેવાં, મોહ-મમતા ઉપજાવનારાં - (**प्रसक्त**). આમ, ચોથું(૪) કારણ એટલે, મુમુક્ષુજનોનાં મનમાં મોહ-મમત્વ-આસક્તિ ઉપજાવે તેવાં સર્વ કર્મોનો સદંતર ત્યાગ. (૭૧)

અનુવાદ :– અનિત્ય વસ્તુઓમાં અતિદૃઢ વૈરાગ્ય, - મોક્ષનું પ્રથમ કારણ કહેવાય છે; અને પછી, '**शम**', '**दम**', '**तितिक्षा**' અને (મનમાં) આસક્તિ ઉપજાવે તેવાં બધાં જ કર્મોનો ત્યાગ (મોક્ષનાં કારણો તરીકે ગણાવાય છે). (૭૧)

ટિપ્પણ :– પ્રસ્તુત શિષ્ય એક સંનિષ્ઠ મુમુક્ષુ છે, એટલે ગુરુજીએ, અહીં, પોતાનાં '**भाष्य**'માં, ઔચિત્યપૂર્વક, મોક્ષનાં કારણો, શિષ્ય સમક્ષ, એ કારણોનું મહત્ત્વ (Importance) નજર સમક્ષ રાખીને, એક પછી એક, ક્રમબદ્ધ રીતે, આ પ્રમાણે મૂકી દીધાં : સૌપ્રથમ મહત્ત્વનું અને મોખરાનું કારણ-સાધન છે, - સંસારની સર્વ અનિત્ય વસ્તુઓમાં, આત્યંતિક વૈરાગ્ય; આ એક મુખ્ય સાધન સંપન્ન કર્યા પછી, બાકીનાં કારણો તો, આપમેળે જ, સંપન્ન થતાં રહેશે : '**शम**' એટલે મનોનિગ્રહ, મનનું નિયંત્રણ અને એનાં પરિણામે સધાતી મનઃશાંતિ; '**दम**' એટલે ઇન્દ્રિય-નિગ્રહ. આંખ-કાન-નાક-જીભ અને ત્વચા(ચામડી), - એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અને હાથ-પગ-ગુદા-જનનેન્દ્રિય અને વાણી, - એ પાંચ કર્મેન્દ્રિયો છે; આ દશેય ઇન્દ્રિયો '**બાહ્ય**' છે, શરીર સાથે સંકળાયેલી છે, જ્યારે **અગિયારમી**, ઇન્દ્રિય 'મન', - એ 'અંદર' હોવાથી, એને 'આન્તર' ઇન્દ્રિય અથવા 'અન્તઃકરણ' કહેવામાં આવે છે; ટૂંકમાં, '**शम**'(મનોનિગ્રહ)ને સંપન્ન કર્યા પછી, '**दम**'(ઇન્દ્રિયનિગ્રહ)ને સંપન્ન કરવામાં ઝાઝી મુશ્કેલી પડતી નથી; અને '**शम**'-'**दम**'ને પગલે પગલે જ 'તિતિક્ષા' (સહિષ્ણુતા, સહનશક્તિ) પણ સિદ્ધ થઈ જાય; અને 'શમ'-'દમ'-'તિતિક્ષા', - એ ત્રણનો, સાધકનાં ચિત્ત પર, પ્રભાવ જ એવો પડે કે આસક્તિ

ઉપજાવે તેવાં કોઈ પણ કર્મમાં તેને રસ જ ન રહે, એનાથી અળગા રહેવામાં જ તે રાચે, તેનો ત્યાગ (न्यासः) કરવાનો પ્રયાસ જ જરૂરી ન રહે !

આમ, ગુરુજીએ, શ્લોક-૭૦માં 'સદ્યો મુક્તિ'ની જે વાત કરી હતી, તેને આ શ્લોકમાં તર્કબદ્ધ રીતે સમજાવી દીધી.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૭૧)

૭૨

ततः श्रुतिस्तन्मननं सतत्त्व-
ध्यानं चिरं नित्यनिरन्तरं मुनेः ।
ततोऽविकल्पं परमेत्य विद्वा-
निहैव निर्वाणसुखं समृच्छति ॥ ७२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ततः श्रुतिस्तन्मननं सतत्त्व-
ध्यानं चिरं नित्यनिरन्तरं मुनेः ।
ततोऽविकल्पं परमेत्य विद्वा-
-निहैव निर्वाणसुखं समृच्छति ॥ ७२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ततः, मुनेः, - श्रुतिः, तन्मननं, नित्य-निरन्तरं स-तत्त्व-ध्यानं; ततः अविकल्पं परं एत्य, विद्वान् इह एव निर्वाणसुखं समृच्छति ॥ ७२ ॥

શબ્દાર્થ :– ततः - ત્યારપછી; એટલે કે આ પહેલાંના શ્લોકમાંની ગુરુ-આજ્ઞાને આચારમાં મૂક્યા પછી. श्रुतिः-શ્રુ એટલે સાંભળવું; એના પરથી નામ, **'શ્રવણ'**; શું સાંભળવું ? વૈદિક સાહિત્ય અને એમાંયે ખાસ તો ઉપનિષદોમાંનાં જીવાત્મા-પરમાત્માની એકતા પ્રબોધનારાં વાક્યોનું શ્રવણ; तन्मननं. तेषां मननं - તેમનું એટલે કે ઉપર્યુક્ત વાક્યોનાં શ્રવણ પછી, તેમનું જ **'मनन'**, - ચિંતન, તેમની મનમાં ઊંડી વિચારણા; नित्य-निरन्तरं - એટલે રોજ, હંમેશ; निरन्तरं - અટક્યા વિના, सतत, Constantly-continuously; चिरं - દીર્ઘ કાળ સુધી, લાંબા સમય સુધી; શું કરવાનું ? स-तत्त्व-ध्यानं. तत्त्व એટલે આત्मतत्त्व અને એનું ध्यानं એટલે **'निदिध्यासन'**, - જેનો અર્થ થાય છે, ઊંડું, તલસ્પર્શી, અણઅટક્યું ધ્યાન : Profound and constant meditation; मुनेः-'मुनि' એટલે મનનશીલ વ્યક્તિ; મુમુક્ષુ મનનશીલ તો હોવો જ જોઈએ : આવી વ્યક્તિએ, એટલે કે આવા 'મુનિ'એ, ઉપર કહ્યાં તે **'શ્રવણ'**, 'મનન' અને 'નિદિધ્યાસન', લાંબા સમય સુધી અને નિત્ય-નિરંતર કરવાં જોઈએ. તો પછી, આવો 'મુનિ' અને 'વિદ્વાન' (विद्वान्) શો લાભ મેળવે છે ? निर्वाणसुखं - મોક્ષનું સુખ; समृच्छति - સારી રીતે અનુભવ કરે છે, પામે છે, મેળવે છે. ક્યાં ? આ લોકમાં કે પરલોકમાં ? ના, ના, - અહીં જ, આ જ લોકમાં અને પોતાના વર્તમાન શરીરમાં इह एव; પરંતુ તે પહેલાં, તેને,

વચ્ચેના એક તબક્કામાંથી પસાર થવાનું રહે છે, - જો કે એ પણ એક વિરલ લાભ છે, તે શું છે ? **अविकल्पं परं एत्य,**- **परं** એટલે **બ્રહ્મ**, પરમાત્મા; કેવા છે એ પરમાત્મા ? કેવું છે એ **બ્રહ્મ** ? **अविकल्पं**, - નિર્વિકલ્પ, એટલે કે જ્યાં કશાં ભેદ-આશંકા-અનિશ્ચિતતા ન હોય, જ્યાં જીવ-શિવનું સંપૂર્ણ ઐક્ય હોય, એવું બ્રહ્મ; **एत्य**, - આવા બ્રહ્મને પામીને, પામ્યા પછી. બસ, પહેલો આ લાભ મળે અને પછી નિર્વાણસુખનો, મોક્ષસુખનો લાભ મળે. (૭૨)

અનુવાદ :– પછી મુનિએ, શ્રુતિ-વાક્યોનું **'શ્રવણ'**, એનું જ **'મનન'** અને આત્મતત્ત્વનું નિત્ય-નિરંતર, લાંબા સમય સુધી **'નિદિધ્યાસન'** કરવું જોઈએ; ત્યારપછી તે વિદ્વાન(મુનિ) નિર્વિકલ્પ બ્રહ્મને પામીને, અહીં જ મોક્ષસુખ સુપેરે અનુભવે છે. (૭૨)

ટિપ્પણ :– શિષ્યના **'સૂત્ર'** જેવા પ્રશ્નોનું, ગુરુજીનું પ્રત્યુત્તર-'ભાષ્ય' અહીં પણ ચાલુ જ છે.

આ પહેલાંના શ્લોકમાંની ગુરુ-આજ્ઞા શિષ્ય આચારિત કરે, ત્યારપછી એને શું કરવાનું છે અને તેના અંતે તેને શી અનુભૂતિ થશે, એની વીગતો આ શ્લોકમાં આપવામાં આવી છે.

વેદાન્ત-દર્શનનાં **સાધનો** બે પ્રકારનાં છે : **'બહિરંગ'** એટલે બાહ્ય, બહારનાં અને **'અંતરંગ'** એટલે આંતરિક, અંદરનાં; ગયા શ્લોકમાં **'વૈરાગ્ય'**, **'શમ'**, **'દમ'**, **'તિતિક્ષા'**,- વગેરે જે સાધનો ગુરુજીએ, મોક્ષપ્રાપ્તિ માટેનાં, ગણાવ્યાં હતાં, તે બધાં **"બહિરંગ"** સાધનો હતાં. હવે, આ શ્લોકમાં **"શ્રવણ"**, **"મનન"** અને **"નિદિધ્યાસન"** - એ ત્રણ **"અંતરંગ"** સાધનો સમજાવ્યાં છે, જેને સંપૂર્ણરીતે આત્મસાત્ કર્યા પછી, 'મુનિ' અને 'વિદ્વાન' એવો સાધક, નિર્વિકલ્પ બ્રહ્મને પામીને, અહીં જ, આ શરીરે અને આ લોકમાં જ, સુપેરે, સારી રીતે, મોક્ષસુખ અનુભવે છે.

આ ત્રણ પારિભાષિક શબ્દોને બરાબર સમજી લઈએ : 'શ્રવણ' એટલે શ્રુતિનું, ઉપનિષદ-વાક્યોનું માત્ર કાનથી, સ્થૂલ શ્રવણ નહીં, પરંતુ એ શ્રવણને અંતરમાં ઊતારીને જીવાત્મા-પરમાત્માનું સંપૂર્ણ ઐક્ય-જ્ઞાન પ્રાપ્ત કરવું અને એનાં પરિણામે, સંસાર-વ્યવહારમાંનાં સર્વ શોક-મોહ-અનર્થો-દુઃખોનું નિવારણ થવું જોઈએ : આ જ સાચું **"શ્રવણ"**.

પરંતુ એકલું **'શ્રવણ'** પૂરતું નથી. **'શ્રવણ'** દ્વારા જે કૈં પ્રાપ્તિ થઈ, તેના પર ઊંડું-તલસ્પર્શી-એકનિષ્ઠ ચિંતન કરીને, જીવાત્મા-પરમાત્માનાં ઐક્યને, એના બોધને, પોતાનાં જીવાતાં જીવનમાં ચરિતાર્થ કરવું જોઈએ, અને એમાં જે કૈં વિઘ્નો આવે, તેનું યુક્તિ-પ્રયુક્તિ અને શ્રુતિમાન્ય તર્ક વડે સંપૂર્ણ ખંડન (Refutation) કરવું જરૂરી છે. આથી જ, **'શ્રવણ'** પછીનાં આ તબક્કાને **"મનન"** કહેવામાં આવે છે.

ટૂંકમાં, मन् - ધાતુનો મૂળભૂત અર્થ(વિચારવું, ચિંતન કરવું, રટણ કરવું, મનમાં એક જ વિચારને બરાબર વાગોળવો વગેરે અર્થ, Process of deep thinking)ને પૂરેપૂરો ક્રિયાન્વિત કરવો, તે પ્રક્રિયા એટલે **"મનન"**.

હવે આવે છે, **"અંતરંગ"** સાધનોનો અંતિમ અને ઉત્તમ તબક્કો, - **"નિદિધ્યાસન"**. આ **'निदिध्यासन'** પણ આમ તો, ધ્યાન (Meditation, Contemplation) જ છે, પરંતુ ધ્યાનની પ્રક્રિયા જ્યારે પરાકાષ્ઠા(Climax, Culmination)એ પહોંચી જાય ત્યારે, સાધકનાં ચિત્તમાં, 'ધ્યાતા' (ધ્યાન ધરનાર), 'ધ્યેય' (ધ્યાનનો વિષય, ધ્યાનનું કેન્દ્રબિંદુ) અને 'ધ્યાન' (ધ્યાનની પ્રક્રિયા), - એ ત્રણેયની કશી જ સભાનતા રહેતી નથી, એટલું જ નહીં પરંતુ 'ધ્યાતા' પોતે 'ધ્યેય'માં, એટલે કે એનાં પ્રાપ્તવ્ય-ગંતવ્ય સમાં પરમતત્ત્વમાં 'લીન' થઈ જાય છે, એમાં એ Merge થઈ જાય છે, એનું કશું જૂદું અસ્તિત્વ રહેતું જ નથી : આ જ સાક્ષાત્કાર, આ જ અપરોક્ષાનુભૂતિ, આ જ નિર્વિકલ્પ મોક્ષ, આ જ **निर्वाण**.

અને પંચમહાભૂતના આ દેહે જ, સદેહે, આ લોકમાં જ, આવી મુક્તિ મેળવનારને **'जीवन्मुक्त'** કહેવામાં આવે છે. મનુષ્યજીવનના પરમ અને ચરમ એવા ચોથા પુરુષાર્થ, - **'मोक्ष'** માટે પછી, એને મૃત્યુની રાહ જોવાની રહેતી નથી : રાજા જનક આવા એક 'જીવન્મુક્ત' હતા.

હવે **'निर्वाण'** શબ્દને સમજી લઈએ : 'મોક્ષ' માટેનો આ પારિભાષિક શબ્દ છે, - બૌદ્ધ-જૈન દર્શન પ્રમાણે. આ શબ્દની રચના જરા રસ પડે તેવી છે : **निस्+वा**, ઓલવાઈ જવું; દીવો બળતો હોય, અને પવનનાં કારણે તે ઓલવાઈ જાય ત્યારે, એમ કહેવાય કે - **दीपः निर्वातः**। "દીવો ઓલવાઈ ગયો !" 'દીવાનું નિર્વાણ થયું !' મનુષ્યનું અવસાન થાય ત્યારે, એનો જીવન-દીપક ઓલવાઈ જાય છે, એ પણ 'નિર્વાણ' જ કહેવાય; પરંતુ શ્રીશંકરાચાર્યના પેલા સુપ્રસિદ્ધ શ્લોકમાં કહેવાયું છે તેમ, નિયતિ(Destiny)ના નિયમ પ્રમાણે, તે પુનર્જન્મ પામે છે, ફરીથી તે જન્મે છે :-

पुनरपि जननं, पुनरपि मरणं
पुनरपि जननीजठरे शयनम् ।

ટૂંકમાં, તે જન્મ-મરણની સતત ચાલતી ઘટમાળમાં અટવાતો રહે છે, એટલે એનો દીપક સંપૂર્ણરીતે 'ઓલવાયેલો' (**निर्वात**) ન કહી શકાય. સાચું **'निर्वाण'** (Complete extinction of individual existence) તો તે જ, જેમાં જીવનાં અસ્તિત્વનો દીવો પૂરેપૂરો ઓલવાઈ ગયો હોય. Completely extinguished, final liberation or emancipation from matter and union with the supreme spirit, highest felicity, etranal bliss, Perfect and perpetual Repose.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૭૨)**

૭૩

यद् बोद्धव्यं त्वयेदानीमात्मानात्मविवेचनम् ।
तदुच्यते मया सम्यक् श्रुत्वात्मन्यवधारय ॥ ७३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

यद् बोद्धव्यं त्वयेदानीमात्मानात्मविवेचनम् ।
तदुच्यते मया सम्यक् श्रुत्वात्मन्यवधारय ॥ ७३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– त्वया इदानीं यद् बोद्धव्यं, - आत्मानात्मविवेचनं, - तद् मया उच्यते, (तद्) सम्यक् श्रुत्वा, (त्वं) आत्मनि अवधारय ॥ ७३ ॥

શબ્દાર્થ :– इदानीं - હવે, આગળ; त्वया यद् बोद्धव्यं - તારે જે જાણવાનું રહે છે, જાણવું જોઈએ; શું જાણવાનું રહે છે (**बोद्धव्यम्**) ? आत्म-अनात्म-**विवेचनम्** - 'આત્મા' અને 'અનાત્મા'નું વિવેચન, એ બંને વચ્ચેનો તફાવત - ભેદ, એ બે વચ્ચેનો **'विवेक'**. तद् मया उच्यते । તે હું તને કહું છું. तद् सम्यक् श्रुत्वा - તેને તું સારી રીતે, સ્થિરબુદ્ધિપૂર્વક, એકાગ્રચિત્તે, ધ્યાનપૂર્વક (सम्यक्) સાંભળીને, સાંભળ્યા પછી; પછી શું કરવાનું છે ? (तद् त्वं) आत्मनि अवधारय તેને તું મનમાં-હૃદયમાં, અંતઃકરણમાં (आत्मनि), ધારણ કર, ગ્રહણ કર. (૭૩)

અનુવાદ :– આત્મા અને અનાત્મા વચ્ચેનો તાત્ત્વિક તફાવત તારે જાણવાનો છે, તે હવે હું તને કહું છું; તેને સારી પેઠે સાંભળીને, તું તેને તારાં અંતઃકરણમાં બરાબર ધારણ કર. (૭૩)

ટિપ્પણ :– પોતાના ઉપદેશમાં અત્યાર સુધી રહી ગયેલી, પરંતુ શિષ્ય માટે જે મહત્ત્વની અને જાણવી અનિવાર્ય(**बौद्धव्यं**) છે, તે હવે ગુરુજી શિષ્યને જણાવે છે. આ પહેલાં બ્રહ્મસાક્ષાત્કારનાં, **'शम'-'दम'-'तितिक्षा'-'वैराग्य'** વગેરે જે **'બહિરંગ'** સાધન વિશે ગુરુજીએ ઉલ્લેખ કર્યો હતો, તેમાં મહત્ત્વનું એક **'બહિરંગ'** સાધન રહી ગયું હતું. એ સાધન એટલે **"विवेक"**. વેદાન્ત-દર્શન પ્રમાણે **'આત્મા'** નિત્ય, શાશ્વત, સ્થિર, અમર્ત્ય, ચૈતન્યપૂર્ણ, અવિનાશી, અનન્ત, અક્ષય અને અક્ષર છે. આ સમગ્ર બ્રહ્માંડમાં બાકીનું બધું જ, ખુદ બ્રહ્માંડ સુદ્ધાં, અનિત્ય, મર્ત્ય, વિનાશશીલ, જડ, અસ્થિર, ક્ષર અને સ-ક્ષય, સાન્ત (સ+અંત) છે. એનો અર્થ એ થયો કે **'આત્મા'** સિવાયનું સઘળું જ, **'આત્મા'** ન હોવાથી, **'અનાત્મા'** છે. આત્મા-અનાત્મા, જડ-ચેતન, સાન્ત-અનન્ત, નિત્ય-અનિત્ય, ક્ષર-અક્ષર વચ્ચેના ભેદ(distinction)ની પાકી સમજ મુમુક્ષુને હોવી અનિવાર્ય (Indispensable) છે. આ ભેદ માટેનો પારિભાષિક શબ્દ છે, - **"विवेक"**, જેની પાકી, પૂરી સમજ વગર, મોક્ષ-માર્ગમાં આગળ વધી શકાય જ નહીં. તેથી, આ **"विवेक"**નું તત્ત્વ શિષ્યનાં મનમાં ઠસાવવા, ગુરુજી તેને સાવધાનતાપૂર્વક સાંભળવા-સમજવા-ગ્રહણ કરવા અનુરોધ કરે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૭૩)**

૭૪-૭૫

मज्जास्थिमेदःपलरक्तचर्म-
-त्वगाह्वयैर्धातुभिरेभिरन्वितम् ।
पादोरुवक्षोभुजपृष्ठमस्तकै -
- रंगैरुपांगैरुपयुक्तमेतत् ॥
अहं ममेति प्रथितं शरीरं
मोहास्पदं स्थूलमितीर्यते बुधैः ॥ ७४-७५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

મજ્જાસ્થિમેદઃપલરક્તચર્મ-
-ત્વગાહ્વયૈર્ધાતુભિરેભિરન્વિતમ્ ।
પાદોરુવક્ષોભુજપૃષ્ઠમસ્તકૈ-
-રંગૈરુપાંગૈરુપયુક્તમેતત્ ॥
અહં મમેતિ પ્રથિતં શરીરં
મોહાસ્પદં સ્થૂલમિતીર્યતે બુધૈઃ ॥ ૭૪-૭૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– મજ્જા-અસ્થિ-મેદઃ-પલ-રક્ત-ચર્મ-ત્વક્-આહ્વયૈઃ એભિઃ ધાતુભિઃ અન્વિતં, પાદ-ઊરુ-વક્ષઃ-ભુજ-પૃષ્ઠ-મસ્તકૈઃ અંગૈઃ ઉપાંગૈઃ (ચ) ઉપયુક્તં 'અહં મમ' ઇતિ પ્રથિતં, મોહાસ્પદં, એતત્ શરીરં સ્થૂલં ઇતિ બુધૈઃ ઈર્યતે ॥ ૭૪-૭૫ ॥

શબ્દાર્થ :– એતત્ શરીરં – આ શરીરને; ઈર્યતે – કહેવાય છે, જણાવાય છે; બુધૈઃ – જ્ઞાનીઓ-વિદ્વાનો-જાણકારો વડે; સ્થૂલં ઇતિ – 'સ્થૂલ' છે, એમ; જ્ઞાનીઓ આ શરીરને "સ્થૂલ" કહે છે.

કેવું છે આ "સ્થૂલ" શરીર ? શ્લોક-૭૪ની ચારેય પંક્તિઓમાં અને શ્લોક-૭૫નાં પૂર્વાર્ધમાં, એની પ્રથમ બે પંક્તિઓના બાકીના શબ્દોમાં, આ "સ્થૂલ" શરીરનાં વિશેષણો આપવામાં આવ્યાં છે તે, હવે, આપણે, એક પછી એક, લઈએ : આ શરીરના ભાગોના બે વિભાગો, આ પ્રમાણે, પાડવામાં આવ્યા છે : (૧) અંગૈઃ એટલે મુખ્ય, મોટાં અવયવો; (૨) અને ઉપાંગૈઃ એટલે નાનાં, અંગો, ઉપાંગો; અંગૈઃ ઉપાંગૈઃ ચ ઉપયુક્તં (એતત્ શરીરં અસ્તિ) - આ શરીર 'અંગો' અને 'ઉપાંગો' વડે ઉપયોગી બનેલું છે. વળી, આ શરીર એભિઃ ધાતુભિઃ અન્વિતં (અસ્તિ) - આ બધાં 'ધાતુઓ'થી 'અન્વિત' એટલે કે યુક્ત છે. 'આ બધાં' એટલે ક્યાં 'ધાતુઓ' ? મજ્જા-અસ્થિ-મેદઃ-પલ-રક્ત-ચર્મ-ત્વક્-આહ્વયૈઃ (એભિઃ ધાતુભિઃ) મજ્જા – હાડકાંની વચ્ચેનાં ખાલી ભાગમાં, છિદ્રોમાં રહેલો ચીકણો પદાર્થ, એવું તત્ત્વ (Marrow); અસ્થિ – હાડકાં; મેદઃ – ચરબી (Fat),

पल - मांस; रक्त - लोही; चर्म - सूक्ष्म-ઝીણી ચામડી; त्वक् - સ્થૂલ-જાડી ચામડી; आह्वयैः धातुभिः - વગેરે, ઇત્યાદિ ધાતુઓ વડે; ટૂંકમાં, 'આ શરીર', - (સાત) 'ધાતુઓથી યુક્ત' (अन्वितं) છે; આ ઉપરાંત, 'આ શરીર' पाद-ऊरु-वक्षः-भुज-पृष्ठ-मस्तकैः अंगैः उपांगैः (च) उपयुक्तं (अस्ति) । पाद - પગ; ऊरु - જાંઘ, સાથળ, वक्षः - છાતી, भुज - હાથ; पृष्ठ - પીઠ; मस्तक - માથું; આ બધાં 'અંગો' અને (આંગળાં) વગેરે 'ઉપાંગો' વડે પણ તે યુક્ત છે. હવે, જ્ઞાનીઓ, જેને 'સ્થૂલ' કહે છે તે શરીરનાં બાકી રહેલાં, બે વિશેષણો આ પ્રમાણે છે : 'अहं मम' इति प्रथितं - 'હું' અને 'મારું' - એવા ભાવો-વિચારોથી પ્રસિદ્ધ અને मोहास्पदं 'મોહ'નો જે આશ્રય (आस्पदं) બને છે તેવું. (૭૪-૭૫)

અનુવાદ :– મજ્જા, હાડકાં, માંસ, ચરબી, લોહી, ચર્મ અને ત્વચા, - ઇત્યાદિ (आह्वयैः, એ નામ-નાં સાત) 'ધાતુઓથી' 'અન્વિત' (ધાતુઓવાળું); પગ, સાથળ, છાતી, હાથ, પીઠ અને માથું - આ બધાં 'અંગો' અને (આંગળિયો વગેરે) ઉપાંગો વડે ઉપયોગી (उपयुक्तं) બનતું; 'હું અને મારું' એવા ભાવોથી જે પ્રસિદ્ધ છે; તેમ જ મોહના આશ્રયરૂપ તે આ શરીરને જ્ઞાનીઓ **'સ્થૂલ'** કહે છે. (૭૪-૭૫)

ટિપ્પણ :– શ્લોક-૭૩માં, ગુરુજીએ **'આત્મા'** અને **'અનાત્મા'** વચ્ચે **'વિવેક'** કરવાના મહિમા-મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. **'આત્મા'**ને તો સહુ જાણે છે; દરેક મનુષ્ય-શરીરમાં એ રહે છે, - જેને સહુ Soul તરીકે ઓળખે છે.

પરંતુ આ **'અનાત્મા'** એટલે શું ? **'વિવેક'**નો તાત્ત્વિક અર્થ સમજવા માટે, **'અનાત્મા'**નો પૂરેપૂરો પરિચય થઈ જવો જોઈએ, જેથી એ બે વચ્ચેનો ભેદ-તફાવત-**"વિવેક"** એટલે શું ? - એ નક્કી કરી શકાય.

વેદાન્ત-દર્શન અનુસાર, 'શરીર' ત્રણ પ્રકારનાં છે : **'સ્થૂલ'** શરીર, **'સૂક્ષ્મ'** શરીર (અથવા **'લિંગ'**) શરીર અને **'કારણ'** શરીર. ગુરુજીએ, **'અનાત્મા'**ની ચર્ચામાં, સૌપ્રથમ **"સ્થૂલ"** શરીરનું સ્વરૂપ સમજાવ્યું છે. એમાં સાત 'ધાતુઓ', 'અંગો' અને 'ઉપાંગો' સમજવામાં મુશ્કેલી નથી; પરંતુ 'સ્થૂળ' શરીરનાં બાકીનાં વિશેષણો નોંધપાત્ર અને યાદ રાખવા જેવાં છે : अहं मम इति प्रथितं - વેદાંતની મૂળભૂત વિચારસરણી પ્રમાણે, હું આત્મ-સ્વરૂપ છું; શરીરથી અસંગ, અલિપ્ત, અળગો અને ન્યારો છું, અને છતાં નવાઈની વાત તો એ છે કે અજ્ઞાનનાં કારણે હું શરીરને 'મમભાવે' 'મારું' કહું છું, એ શરીર એટલે "હું", - એમ સમજું છું, અને આથી જ આ સ્થૂલ શરીર मोहास्पदं છે, 'મોહ'નો આશ્રય બને છે, અને મનુષ્યનાં મનમાં આવી મોહભ્રાન્તિ અથવા ભ્રમણા ઊભી કરે છે.

આ **'સ્થૂલ'** શરીર **'અનાત્મા'** છે, એમ શિષ્યને સમજાવવા માટે ગુરુજી, હવે પછીના થોડા શ્લોકોમાં એની સાથે સંકળાયેલાં અનેક 'અનાત્મા-તત્ત્વોનું સવિસ્તર નિરૂપણ કરશે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૭૪-૭૫)

૭૫-૭૬

नभोनभस्वद्ददहनाम्बुभूमयः
सूक्ष्माणि भूतानि भवन्ति तानि ॥ ७५ ॥
परस्परांशैर्मिलितानि भूत्वा
स्थूलानि च स्थूलशरीरहेतवः ।
मात्रास्तदीया विषया भवन्ति
शब्दादयः पंच सुखाय भोक्तुः ॥ ७६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

નભોનભસ્વદ્દહનામ્બુભૂમયઃ
સૂક્ષ્માણિ ભૂતાનિ ભવન્તિ તાનિ ॥ ૭૫ ॥
પરસ્પરાંશૈર્મિલિતાનિ ભૂત્વા
સ્થૂલાનિ ચ સ્થૂલશરીરહેતવઃ
માત્રાસ્તદીયા વિષયા ભવન્તિ
શબ્દાદયઃ પંચ સુખાય ભોક્તુ ॥ ૭૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– નભઃ-નભસ્વદ્-દહન-અમ્બુ-ભૂમયઃ (પ્રથમતઃ એતાનિ) ભૂતાનિ સૂક્ષ્માણિ ભવન્તિ; તાનિ પરસ્પરાંશૈઃ મિલિતાનિ ભૂત્વા સ્થૂલાનિ સ્થૂલશરીરહેતવઃ ચ ભવન્તિ । તદીયાઃ માત્રાઃ શબ્દાદયઃ ભોક્તુઃ સુખાય પંચ વિષયાઃ ભવન્તિ ॥ ૭૫-૭૬ ॥

શબ્દાર્થ :– નભઃ - આકાશ; નભસ્વદ્ - વાયુ; દહન - અગ્નિ; અમ્બુ - જળ; ભૂમિ - પૃથ્વી; (પ્રથમતઃ એતાનિ) ભૂતાનિ સૂક્ષ્માણિ ભવન્તિ । - પ્રથમ તો, સૌ પહેલાં તો, મૂળરૂપે, આ(પાંચ) ભૂતો સૂક્ષ્મરૂપે ઉત્પન્ન થાય છે.

પરસ્પરાંશૈઃ મિલિતાનિ ભૂત્વા તાનિ - તેમનાં અંશો પરસ્પરમાં ભળે ત્યારે, એમ થવાથી; એક-બીજામાં મિશ્રિત થાય ત્યારે; ત્યારે શું થાય છે ? સ્થૂલાનિ ભવન્તિ - (સૂક્ષ્મરૂપ રહેલાં તે પાંચ) સ્થૂલ બને છે; અને તે સાથે જ, 'સ્થૂલ' થયેલાં તે પાંચ સ્થૂલશરીરહેતવઃ ચ ભવન્તિ - સ્થૂલ શરીરનાં કારણ બની જાય છે; તદીયાઃ માત્રાઃ - તેમની જ 'માત્રાઓ', ઉપર્યુક્ત પાંચ 'મહાભૂતો' (આકાશ, વાયુ વગેરે) જેમાંથી બને છે, તે (પાંચ) તેની સૂક્ષ્મ 'તન્માત્રાઓ' (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) છે; અને તેઓ (તદીયાઃ માત્રાઃ, તેમની જ 'માત્રાઓ', 'તન્માત્રાઓ') પંચ વિષયાઃ ભવન્તિ । પાંચ 'વિષયો' બને છે, પાંચ જ્ઞાનેન્દ્રિયો– (કાન, ત્વચા, આંખ, જીભ અને નાક)ના પાંચ 'વિષયો' (વિષય-વાસનાઓ) બને છે. શા માટે ? કયા હેતુ માટે. ભોક્તુઃ સુખાય । - ભોક્તાનાં સુખ માટે, એના ઉપભોગ માટે. જીવાત્મા, પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા, (સાંભળવું, સ્પર્શવું, જોવું વગેરેનું સુખ ભોગવી શકે તે માટે), પેલી પંચ તન્માત્રાઓ (શબ્દ, સ્પર્શ, રૂપ વગેરે) પાંચ 'વિષયો' બને છે. (૭૫-૭૬)

અનુવાદ :– આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી, - આ પાંચ, મૂળભૂત રૂપે તો (પહેલેથી જ), **'સૂક્ષ્મ'** ભૂતો હતાં; (પરંતુ) તેમના અંશો પરસ્પરમાં ભળી જવાથી, **'સ્થૂલ'** (મહાભૂતો) બની જાય છે અને તેઓ સ્થૂલ શરીરનાં કારણ બની રહે છે. (આમ તો) આ પાંચ મહાભૂતો જેમાંથી બને છે તે, સૂક્ષ્મ **"તન્માત્રાઓ"** જ છે, અને તે ભોક્તા(જીવાત્મા)નાં સુખ માટે (શબ્દ, સ્પર્શ વગેરે) **પાંચ** વિષયો બને છે. (૭૫-૭૬)

ટિપ્પણ :– "સ્થૂલ શરીર"નાં સ્વરૂપનું સવિસ્તર, સ-વીગત નિરૂપણ, - ગુરુજી એમનાં **'ભાષ્ય'** - સ્વરૂપે અહીં કરે છે. થોડા પારિભાષિક શબ્દોનાં કારણે, આ શ્લોક થોડો અઘરો બની જાય છે.

સૌપ્રથમ હકીકત તો એ કે મનુષ્યનું **'સ્થૂલ'** શરીર, આકાશ-વાયુ વગેરે પાંચ મહાભૂતોમાંથી સર્જાય છે; એટલે કે આકાશ-વગેરે પાંચ મહાભૂતો, સ્થૂલ શરીરનું **'કારણ'** (Cause) છે અને **'સ્થૂલ'** શરીર એ પાંચ મહાભૂતોનું 'કાર્ય' (Effect) છે.

પરંતુ આ પાંચ મહાભૂતો, પહેલેથી જ 'સ્થૂલ' ન્હોતાં, 'સૂક્ષ્મ' ભૂતો હતાં; પણ વેદાન્ત-દર્શનનાં સિદ્ધાંત પ્રમાણે, **"પંચીકરણ"** - નામની એક ગહન અને તાત્ત્વિક પ્રક્રિયાનાં પરિણામે, એ સૂક્ષ્મ ભૂતોના અંશો પરસ્પરમાં ભળી ગયાં (**तानि परस्परांशैः मिलितानि भूत्वा**), એટલે મૂળભૂત 'સૂક્ષ્મ' એવાં તે પાંચ 'સ્થૂલ' ભૂતો બની ગયાં, અને તે સ્થૂલ સ્વરૂપે જ, મનુષ્યનાં સ્થૂલ-શરીરનું **કારણ** બની ગયાં. મનુષ્યનું **'સ્થૂલ'** શરીર આ પાંચ મહાભૂતોનું બનેલું કહેવાય છે તે, આ અર્થમાં.

પણ હજુ આપણે, આ પ્રક્રિયામાં, થોડાં વધુ ઊંડાં ઊતરીએ : આ પાંચ મહાભૂતો ભલે 'સ્થૂળ' શરીરનું કારણ હોય, પરંતુ એ પોતે જ, તેમની જ પાંચ સૂક્ષ્મ 'તન્માત્રાઓ'(શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગંધ)માંથી સર્જાયેલાં છે. અને આ પાંચ તન્માત્રાઓ જ, સ્થૂલ શરીરમાં રહેલા જીવાત્માના સુખોપભોગ માટે, પાંચ **'વિષયો'** (વિષયવાસનાઓ) બની જાય છે, જેના દ્વારા, જેનાં માધ્યમથી, જીવાત્મા, અનુક્રમે, સાંભળવું-સ્પર્શવું જોવું-સ્વાદ લેવો-સુંઘવું વગેરે ઉપભોગો અનુક્રમે પાચ જ્ઞાનેન્દ્રિયો (કાન, ત્વચા, આંખ, જીભ અને નાક) દ્વારા પામે છે.

આ સમગ્ર પ્રક્રિયાને, નીચેના કોઠા (Table) વડે, આમ, સરળ કરી શકાય :-

પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓ	પાંચ સ્થૂલ મહાભૂતોઃ	એમાંથી સર્જાયેલા સ્થૂલ શરીરની પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ	ભોક્તા જીવાત્માના પાંચ ઉપભોગો-વિષયોઃ
શબ્દ	આકાશ	કાન	શ્રવણ (સાંભળવું)
સ્પર્શ	વાયુ	ત્વચા	સ્પર્શન (સ્પર્શવું, અડકવું)
રૂપ	અગ્નિ	આંખ	દર્શન (જોવું)
રસ	જલ	જીભ (રસના)	આસ્વાદ (ચાખવું)
ગંધ	પૃથ્વી	નાક	ઘ્રાણ (સુંઘવું)

આ તાત્વિક પ્રક્રિયામાંની વધુ બે વાત આ પ્રમાણે :-

એક : કારણ-કાર્યની આ પરંપરામાં, તત્ત્વજ્ઞોના અભિપ્રાય પ્રમાણે, સર્વનાં મૂળમાં રહેલી પાંચ 'સૂક્ષ્મ તન્માત્રાઓ', સાંખ્ય-દર્શનનાં (પચીસ) તત્ત્વોમાંના **'મહત્'**-તત્ત્વમાંથી જન્મે છે.

બે : **'પંચીકરણ'**ની પ્રક્રિયા, જેનાં પરિણામે, પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓ પરસ્પરમાં ભળવાથી, તેઓ પાંચ સ્થૂલ મહાભૂતો બને છે તે, ખૂબ ગહન હોવાથી, અને સામાન્ય જિજ્ઞાસુને એમાં રસ ન પડે, એમ વિચારીને તે વીગતો અહીં આપી નથી.

હવે એક જ વાત રહે છે : શ્લોક-૭૪માં, 'સ્થૂલ' શરીરનાં 'અંગો', 'ઉપાંગો' અને 'ધાતુઓ'ની જે વીગતો અપાઈ છે, તે સરળ છે; પરંતુ **अहं मम इति प्रथितं** અને **मोहस्पदं**, - એ બે વિશેષણોનું ઔચિત્ય આ શ્લોકમાંની વીગતોના આધારે સમજી શકાય છે : જીવાત્મા ભોક્તા બનીને, પોતાના સ્થૂળ શરીરની જ્ઞાનેન્દ્રિયો દ્વારા શ્રવણ-દર્શન વગેરેના આનંદો ભોગવે છે, તેથી સ્વાભાવિક રીતે જ, "હું" સાંભળું છું વગેરેનો **મમભાવ** તેનામાં જાગે; અને છતાં અંતે તો આવા બધા સ્થૂળ આનંદો અને ઉપભોગો જીવાત્માનાં સંસાર-બંધનનું કારણ બને છે, તેથી જ આ 'સ્થૂલ' શરીર 'મોહના આશ્રય-રૂપ' બન્યું, એમ કહી શકાય.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૭૫-૭૬)**

૭૭

य एषु मूढा विषयेषु बद्धा
रागोरुपाशेन सुदुर्दमेन ।
आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः
स्वकर्मदूतेन जवेन नीताः ॥ ७७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

य एषु मूढा विषयेषु बद्धा
रागोरुपाशेन सुदुर्दमेन ।
आयान्ति निर्यान्त्यध ऊर्ध्वमुच्चैः
स्वकर्मदूतेन जवेन नीताः ॥ ७७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— ये मूढाः(जनाः) एषु(शब्दादि)-विषयेषु सुदुर्दमेन रागोरुपाशेन बद्धाः, (ते) स्वकर्मदूतेन जवेन नीताः अधः ऊर्ध्वं उच्चैः (च) आयान्ति निर्यान्ति च ॥ ७७ ॥

શબ્દાર્થ :— ते (मूढाः जनाः) आयान्ति निर्यान्ति च - તે મૂર્ખ-અજ્ઞાની લોકો (આ જગતમાં) આવે છે (જન્મે છે) અને પાછા જાય છે (મરે છે). ક્યાં આવ-જા કર્યા છે ? શામાં આવ-જા કરે છે ? **ऊर्ध्वं उच्चैः** - ઉપર, સ્વર્ગમાં;

અનેક ઉત્તમ યોનિઓમાં. **અધઃ** - નીચે, નરક વગેરે અધમ-હલકી-નીચ યોનિઓમાં; કેવી રીતે આ પ્રકારની આવ-જા કર્યા કરે છે ? **જવેન નીતાઃ** - જવ એટલે વેગ, ઝડપ, Speed; વેગથી, **નીતાઃ** - ઘસડાતા, પ્રેરાતા, લઈ જવાતા (carried away); કોનાથી-શાનાથી ઘસડાતા ? **સ્વ-કર્મ-દૂતેન** - આ સંસારમાં પોતે જ આચરેલાં કર્મો રૂપી દૂતો વડે (ઘસડાતાં); તેમણે કરેલાં કર્મો જ, આ કામ માટે, આવ-જા માટે, તેમના દૂતો, સંદેશવાહકો (Messengers) બની જાય છે અને તેમને પેલી ઉચ્ચ-નીચ યોનિઓમાં, ઘસડીને, લઈ જાય છે. પરંતુ આવું કેમ બને છે ? શા કારણે બને છે ? તે લોકો મૂઢ છે, મૂર્ખ છે, અજ્ઞાનીઓ (**મૂઢાઃ સન્તિ**) છે, અને કેદમાં-બંધનમાં ફસાઈ જાય (**બદ્ધાઃ-ભવન્તિ**) છે. કયાં દોરડાંથી તેમને બાંધવામાં આવે છે ? **રાગ-ડુ-પાશેન.** **પાશ** એટલે, બાંધવા માટેનું જાડુ દોરડું, રાંઢવું; આ 'દોરડું' શાનું છે ? કેવું છે ? **રાગ**-આસક્તિ-(Attachment)રૂપી અને તે પણ પાછું ખૂબ મોટું-જાડું અને મજબૂત (**ડુ**) હોય છે. આવા **રાગ-ડુ-પાશેન બદ્ધાઃ** - તેઓ હોય છે; વળી, આ 'પાશ' પણ જેવો-તેવો, સાધારણ કક્ષાનો નથી હોતો; તે તો અત્યંત દૃઢ અને **સુ-દુર્દમ** તોડી ન શકાય તેવો સજ્જ, તોડવો મુશ્કેલ હોય છે. પરંતુ તેઓ શામાં, શેમાં બંધાયેલા-ફસાયેલા-જકડાયેલા (**બદ્ધાઃ**) હોય છે ? **એષુ (શબ્દાદિ-) વિષયેષુ** - શ્લોક-૭૬માં નિર્દેશ કરવામાં આવેલા, શબ્દ-સ્પર્શ વગેરે "વિષયો"માં, "વિષય"-વાસનાઓમાં ફસાઈ પડેલા હોય છે. - આમ બનવાનું એક જ કારણ છે, અને તે એ કે આ લોકો અજ્ઞાનીઓ, મૂર્ખ હોય છે અને તેઓ પેલા વિષયોના "મોહ"માં સહેલાઈથી ફસાઈ જાય છે, - **મૂઢાઃ** બની જાય છે. **મુહ્** - મોહમાં પડી જવું, - એ ધાતુનું કર્મણિ ભૂત - કૃદન્તનું રૂપ-મૂઢ. (૭૭)

ટિપ્પણ :– શ્રીશંકરાચાર્યનો એક સુપ્રસિદ્ધ શ્લોક ટાંકીને, કહેવામાં આવ્યું હતું, - **પુનરપિ જનનં** - તેમ, મનુષ્યો ફરી-ફરીને, આ લોકમાં જન્મે છે અને મરે છે. જન્મ-મરણની, આવન-જાવનની આ ઘટમાળને, એના આ ફેરાને, ચકાવાને, આવાગમનને શિષ્યનાં મગજમાં અસરકારક રીતે ઊતારી દેવા માટે, ગુરુજીએ, આ શ્લોકમાં, એક સરસ-સુંદર-સમુચિત-ચિત્રાત્મક (vivid) રૂપક (Metaphor) યોજ્યું છે : પાપ કરનાર કોઈ ગુનેગારને મજબૂત બેડીઓથી બાંધીને, પોલિસ-લોકો કોર્ટમાં કે જેલમાં ઘસડી જતા હોય, એવું એક આબેહૂબ શબ્દચિત્ર ગુરુજીએ અહીં આલેખ્યું છે :

સંસારમાંના આવા લોકો, અજ્ઞાની-મૂર્ખ હોય છે, તેઓ સહેલાઈથી શબ્દ-સ્પર્શ વગેરે પેલી વિષય-વાસનાના "મોહ"માં પડી જાય છે (**મૂઢાઃ**) અને તેનાં જ (Attachment)રૂપી મજબૂત-મોટાં-જાડાં રાંઢવા (**પાશ**) વડે, તેની બેડીઓ-સાંકળોમાં તેમને બાંધવામાં આવે છે (**બદ્ધાઃ**) અને તેમનાં પોતાનાં જ કર્મો, પોલિસ જેવા દૂતો બનીને - **સ્વકર્મદૂતેન**,- તેમને ઉપર-નીચે (**ઊર્ધ્વં, અધઃ**) અનેક સારી-

નરસી, ઉચ્ચ-નીચ યોનિઓમાં, (उच्चैः) અતિઝડપથી (जवेन) ઘસડી જાય છે (नीताः), અને આ રીતે, તેમનાં તે તે કર્મોનાં ફળ પ્રમાણે, આ સંસારમાં તેઓ, વારંવાર, ફરી ફરીને આવે છે (आयान्ति) અને અહીંથી પાછા ચાલ્યા છે (निर्यान्ति), આવ-જા કર્યા જ કરે છે. વિષય-વાસનાઓનો કેવો ખતરનાક પ્રભાવ, મનુષ્યો પર, અહીં, આ સંસારમાં પડે છે, તેનું આ એક તાદેશ શબ્દ-ચિત્ર છે.

ગુજરાતના એક સંત પૂ. શ્રી શંભુ-મહારાજનું અવસાન, થોડાં વર્ષો પહેલાં, વિરમગામ-અમદાવાદ વચ્ચેના ધોરી-માર્ગ પર, એક વાહન-અકસ્માતમાં થયું હતું ત્યારે, તેમનાં પહેરણનાં ખિસ્સામાંથી નીકળેલી ડાયરીનાં પ્રથમ પાના પર લખાયેલો આ શ્લોક, આ સંદર્ભમાં, યાદ આવી જાય છે :-

धनानि भूमौ, पशवश्च गोष्ठे
भार्या गृहद्वारि, जनः श्मशाने ।
देहश्चितायां परलोकमार्गे
कर्मानुगो गच्छति जीव एकः ॥

મનુષ્ય મૃત્યુ પામે છે ત્યારે, તેની પરલોકયાત્રાના માર્ગમાં, અહીંથી, કોણ-કોણ તેની સાથે, સંગાથી તરીકે, ક્યાં સુધી જાય છે, તેની વીગતો આ શ્લોકમાં આવી છે : તેનું ધન અહીં જ તેનાં ઘરના કબાટમાં કે બેંકના 'લોકર'માં પડ્યું રહે છે; તેનાં ઢોર-ઢાંખર તેની ગમાણમાં જ રહી જાય છે; તેની ધર્મપત્ની મકાનના ઝાંપા સુધી જ તેને વળાવવા આવે છે, તેનાં સગાંવ્હાલાં-સ્નેહીઓ-સન્મિત્રો શ્મશાન સુધી જ સાથ આપે છે અને તેનો દેહ ચિતાથી આગળ જતો નથી : તેના પરલોકયાત્રાના પંથમાં, તેનો જીવ બિચારો તો, સાવ એકલો જતો હોય છે, - તેની પાછળ પાછળ તો, માત્ર તેનાં કર્મો જ ધીમે ધીમે ચાલ્યાં આવતાં હોય છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૭૭)

૭૮

शब्दादिभिः पञ्चभिरेव पञ्च
पञ्चत्वमापुः स्वगुणेन बद्धाः ।
कुरंग-मातंग-पतंग-मीन-
-भृंगा नरः पञ्चभिरञ्चितः किम् ॥ ७८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શબ્દાદિભિઃ પંચભિરેવ પંચ
પંચત્વમાપુઃ સ્વગુણેન બદ્ધાઃ ।
કુરંગ-માતંગ-પતંગ-મીન-
ભૃંગા નરઃ પંચભિરંચિત કિમ્ ? ॥ ૭૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– स्वगुणेन बद्धाः - कुरंग-मातंग-पतंग-मीन-

भृंगाः (एते) पञ्च, पञ्चभिः शब्दादिभिः पञ्चत्वं आपुः (ततः) पञ्चभिः (शब्दादिभिः बद्धः) अञ्चितः नरः किम् ? (किं ईदृशः नरः पञ्चत्वं न आप्नोति ? अवश्यं एव आप्नोति ।) ॥ ७८ ॥

शब्दार्थ :– **कुरंग** - હરણ, મૃગ; **मातंग** - હાથી; **पतंग** - પતંગિયું; **मीन** - માછલું; **भृंग** - ભમરો; આ પાંચ(**पञ्च**) પશુ-પંખીઓ કેવાં છે ? **स्वगुणेन बद्धाः** - પોતપોતાના ગુણાનુરાગને કારણે બંધાયેલા, આસક્ત; એ પાંચ ગુણો કયા છે ? **पञ्चभिः शब्दादिभिः (बद्धाः)** - આ પાંચ પશુ-પંખીઓ, બંધાયેલા-આસક્ત થયેલા છે, અનુક્રમે, **शब्द, स्पर्श**, રૂપ(તેજ), **रस**(આસ્વાદ) **अने** ગંધ, - એ પાંચ વિષયો(તન્માત્રાઓ)માંથી માત્ર એક-એક વિષયમાં આસક્ત થયાં છે, થાય છે; - તે આ રીતે : - **हरण (कुरंग)** પોતાની કર્ણેન્દ્રિય દ્વારા શબ્દ એટલે કે અવાજ સાંભળીને બદ્ધ બને છે; **हाथी (मातंग)** પોતાની ત્વક્ (ચામડી) ઇન્દ્રિય દ્વારા હાથણીના **स्पर्श**થી ગાંડો-ઘેલો થાય છે **अने** ફસાય છે : **पतंगियुं (पतंग)** પોતાની આંખો વડે દીવાનાં **तेज**(પ્રકાશ)માં આસક્ત બનીને બળી મરે છે; **माछलुं (मीन)** રસનેન્દ્રિય (એટલે કે જીભ) દ્વારા **रस** (એટલે કે આસ્વાદ, ખાવા)ના લોભમાં ફસાય છે; અને **ભમરો** - (**भृंग**) ઘ્રાણેન્દ્રિય (નાક) દ્વારા કમળપુષ્પની **गंध** પ્રત્યે આકર્ષાય છે અને કમળમાં બિડાઈ જાય છે.

पञ्चत्वं आपुः - મરણ પામે છે, નાશ પામે છે; મૃત્યુવશ થાય છે; પાંચ મહાભૂતોનું શરીર એ જ પાંચ મહાભૂતોમાં વિલીન થઈ જાય, એટલે મૃત્યુ. આથી, પંચત્વની પ્રાપ્તિ, એટલે મૃત્યુ, એવો રૂઢિપ્રયોગ(Idiom) સંસ્કૃત ભાષામાં પ્રચલિત થયો. આ પાંચ પશુ-પંખીઓ તો **शब्द** વગેરે પાંચ વિષયોમાંના માત્ર **એક-એક** વિષય (**गुण**) પ્રત્યેની પોતાની જન્મજાત-સ્વભાવગત આસક્તિનાં કારણે (**हरण-शब्द; हाथी-स्पर्श, पतंगियुं-रूप, माछलुं-रस अने भ्रमर-गंध**, - એ રીતે) મૃત્યુ પામે છે.

તો પછી, - 'તો પછી (**ततः**)' શું ?

"તો પછી" - એ જ કે માણસ (**नरः**) તો પેલા પાંચે-પાંચ (**पञ्चभिः**) વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ) પ્રત્યે આસક્તિ ધરાવે છે (**पञ्चभिः अञ्चितः अस्ति** ।) **अञ्चितः** - આસક્ત-બદ્ધ-ફસાયેલો; પેલાં બાપડાં પાંચ પશુ-પંખીઓ તો, પાંચ વિષયોમાંથી, ઉપર જણાવ્યું તેમ, એક-એક વિષય પ્રત્યેની આસક્તિની નબળાઈ જ ધરાવે છે અને છતાં એનાં પરિણામે મૃત્યુ પામે છે, તો પછી પાંચે-પાંચ વિષયો પ્રત્યેની એકસામટી આસક્તિની નિર્બળતા ધરાવનાર મનુષ્યનું શું ? **किम्** ?

સવાલ સાવ તર્કબદ્ધ, સહેલો અને સાચો જ છે :

આવો મનુષ્ય તો મૃત્યુનો ભોગ બને જ ને ?

જેવો 'સવાલ', એવો જ 'જવાબ' પણ સાવ સાદો-સીધા જ છે.

આચાર્યશ્રીએ અહીં 'જવાબ', 'અધ્યાહાર' રાખ્યો છે, - એમ સમજીને કે, 'બુદ્ધિશાળી' એવો મનુષ્ય, પોતાની મેળે, 'જવાબ' નહીં મેળવી લે તો, - એના માટે તો **'વિનાશ'** નક્કી જ છે !

અહીં પણ આચાર્યશ્રીએ 'મનુષ્ય' માટે "नरः" શબ્દ પ્રયોજ્યો છે. એ યાદ રાખવા જેવું છે. (૭૮)

અનુવાદ :– હરણ, હાથી, પતંગિયું, માછલું અને ભ્રમર, - એ પાંચ, 'શબ્દ' વગેરે પાંચ વિષયોમાંથી પોતપોતાના ગુણ-અનુરાગનાં કારણે (ફક્ત એક-એક પ્રત્યે) આસક્ત થવાથી મત્યુ પામે છે, (તો પછી) પાંચે-પાંચ વિષયો પ્રત્યે આસક્ત થનાર મનુષ્ય માટે તો કહેવું જ શું ? (૭૮)

ટિપ્પણ :– મોક્ષાર્થી સાધક સમક્ષ અહીં આચાર્યશ્રીએ માનવ-સહજ નિર્બળતા પ્રત્યે ધ્યાન દોર્યું છે અને વિષયવાસનાની નિંદા કરી છે, અને આ માટે તેમણે જે ઉદાહરણ અપ્યું છે, તે સંપૂર્ણરીતે અસરકારક અને પ્રતીતિજનક છે.

હરણને ફસાવવા માટે શિકારી વાંસળી જેવું વાજિંત્ર વગાડે છે, બિચારું હરણ એનાથી આકર્ષાઈને, **અવાજ**("**શબ્દ**")ની દિશામાં દોડે છે અને શિકારીના હાથમાં જઈ પડે છે;

હાથણીનો સમાગમ પામવા, એના પ્રત્યેના **'સ્પર્શ'**ની લાલસાથી, **હાથી** ભાન ભૂલી જાય છે, ગાંડો-ઘેલો બનીને, પાંદડા-ડાળખાંની નીચે ખોદવામાં આવેલા ખાડામાં પડે છે અને શિકારીઓના હાથમાં પકડાઈ જાય છે;

દીવાનું અજવાળું જુએ અને **પતંગિયું** એના "**તેજ**"માં આસક્ત બની જાય છે, દીવાની એ જ્યોત("**રૂપ**")જ એના માટે વિનાશ બની રહે છે;

જળાશયમાં ફેંકેલા ખાદ્ય પદાર્થોના સ્વાદ માટે, એને ખાવા માટે, **માછલાં**ની જીભ લબકારા માંડવા શરૂ કરે છે, અને આ "**રસ**"માં લુબ્ધ બનેલું માછલું, શિકારીએ તૈયાર રાખેલા લોઢાના અણીદાર આંકડા(Hook)માં ભરાઈ જાય છે અને જીવ ગુમાવે છે;

અને **ભમરો** ? કમળની "**સુગંધ**"થી આકર્ષાય છે, પુષ્પમાં રહેલા **મધ**નાં પાનમાં એવો મગ્ન બની જાય છે કે સૂર્યાસ્ત થતાં, સાંજે, કમળની પાંખડીઓ બંધ થતાં, એ જ કમળમાં એ કેદ થઈ જાય છે !

પરંતુ આ બધાં, પાંચે-પાંચ, તો બિચારાં નીચલી કોટિનાં પશુ-પંખીઓ છે; વિવેકબુદ્ધિ અને વિચારશક્તિથી વંચિત છે, પેલા પાંચ વિષયોમાંથી માત્ર **એક** જ વિષયવાસનાની નિર્બળતાનો ભોગ બનેલાં છે અને છતાં એ નબળાઈને કારણે ખુવાર થાય છે અને પોતાનાં મોતને નોતરે છે.

તો પછી, પાંચે-પાંચ વિષયવાસનાની નિર્બળતાઓ ધરાવનાર મનુષ્યની બાબતમાં તો કહેવું જ શું ? **किमुत ? किं पुनः ?** किमुत-શબ્દ પરથી રચાયેલા

કૈમુતિક-ન્યાય પ્રમાણે, મનુષ્ય માટે તો, - જો તે પોતાની બુદ્ધિશક્તિથી સભાન-સ્વસ્થ રહીને-થઈને, પેલી માનવસહજ વિષયવાસનાઓનાં પ્રલોભનથી અનાસક્ત ન રહે તો, - તો... તો એનો વિનાશ તો નિશ્ચિત જ છે ! એના માટે અન્ય કશો તરણોપાય શક્ય જ નથી !

શંકરાચાર્યે અહીં **વિષયો**ની વિનાશકતાનું નિરૂપણ અત્યંત પ્રભાવક પ્રકારે કર્યું છે; અને સાધકને એનાથી દૂર રહેવા સૂચવ્યું છે; પરંતુ **"મણિરત્નમાલા"**માં તો, "ઝેરથી પણ વધારે કાતિલ ઝેર કયું ?" - એવો પ્રશ્ન પૂછીને (**विषादपि विषं किम् ?**), ત્યાં જ ઉત્તર અપાયો છે કે - "બધા જ વિષયો !" - (**विषयाः समस्ताः ।**). અને તેથી **"અષ્ટાવક્રગીતા"**માં એવો સીધો જ આદેશ અપાયો છે કે "જો તું મુક્તિ ઇચ્છતો હો તો, શબ્દ-આદિ વિષયોને ઝેર સમજીને છોડી દે !"

मुक्तिमिच्छसि चेत्तात विषयान् विषवत् त्यज ।

પરંતુ સામાન્ય સંસારી મનુષ્યની વાત જવા દઈએ, વેદાન્ત-વિદ્યાના અધિકારી અને મુમુક્ષુ એવા સાધક માટે તો વિષયવાસનાની આ નિંદા તો, **'લાલબત્તી'**-(Red light)સમી જ બની રહેવી જોઈએ : એ **'સાવધાન'**(Alert) રહે, એ માટેની આ **'ચેતવણી'** સમયસરની (Timely precaution) બની રહેવી જોઈએ !

આ શ્લોકમાં આચાર્યશ્રીએ નિરૂપેલી ખૂબી, બે કારણે, નોંધપાત્ર બની રહે છે; - ભગવાનનાં મુખમાં મૂકી હોય તો આ પ્રમાણે :-

એક તો, એમાં મનુષ્ય માટે મારો બહુ મોટો પડકાર(Challenge) છે : "જો જે હોં, જરા પણ ગાફેલ રહીશ તો, પેલાં પશુપંખીઓ કરતાં, તારા માટે તો, અધઃપતનનું 'પાંચ-ગણું' જોખમ છે !"

બીજું, એ જ પડકારને પહોંચી વળવાની એક સ્પેશ્યલ શક્તિ, — વિવેકબુદ્ધિ (Discretion) - પણ મેં તને, તને એકને જ, આપી છે !"

"હવે, સંસારમાં કેમ વર્તવું, એનો આધાર તારા પર જ છે, કારણ કે જો 'વિવેકભ્રષ્ટ' થઈશ તો, સ્વર્ગમાં હતી તે ગંગાની માફક, તારો પણ 'શતમુખ વિનિપાત' નિશ્ચિત જ છે !" —

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः (ભર્તૃહરિ : **'નીતિશતક'**)

શ્લોકનો છંદ : ઉપજાતિ (૭૮)

૭૯

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।
विषं निहन्ति भोक्तारं दृष्टारं चक्षुषाप्ययम् ॥ ७९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।
विषं निहन्ति भोक्तारं दष्टारं चक्षुषाप्ययम् ॥ ७९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– विषयः कृष्णसर्पविषाद् अपि दोषेण तीव्रः (अस्ति), विषं भोक्तारं (एव) निहन्ति; अयं(विषयः तु) चक्षुषा दृष्टारं अपि (निहन्ति) ॥ ७९ ॥

શબ્દાર્થ :– विषयः–'શબ્દ' વગેરે વિષયવાસના; **दोषेण तीव्रः** (अस्ति) - દોષની બાબતમાં, એની દુષ્ટતા વિશે, **तीव्रः अस्ति.** – અહીં **तीव्रः** શબ્દને "અધિક્તાદર્શક"(comparative degree) અર્થમાં, **तीव्रतर**ના અર્થમાં, સમજવાનો છે : વધારે 'તીવ્ર' છે, સવિશેષ 'કાતિલ', વધારે વિનાશક છે; કોના કરતાં ? **कृष्णसर्पविषाद् अपि** – કાળા સાપનાં ઝેર કરતાં પણ (વધારે તીવ્ર, કાતિલ, વિનાશક) ! બધી જાતનાં ઝેરોમાં, કાળા સાપનું ઝેર સૌથી વધારે વિનાશક હોય છે. અને આ વિષય(વાસના) તો, એની વિનાશકતાની બાબતમાં, પેલા કાળા સાપનાં ઝેર કરતાં પણ વધારે વિનાશક છે. એનો અર્થ જ એ થયો કે વિનાશકતાની બાબતમાં, જો કોઈ પદાર્થ વધારેમાં વધારે વિનાશક હોય તો, તે એક જ, 'વિષય' જ છે !

પરંતુ આવાં વિધાનનું સમર્થન ? આનો કશો પુરાવો ? કશી સાબિતી ? તૈયાર જ છે ! કેવી રીતે ? ઝેર, કરી-કરીને, શું કરી શકે ? બહુ-બહુ તો, એને ખાનારને (**भोक्तारं**. એટલે કે પીનારને) તે ઝેર(**विषं**) હણી નાખે છે, મારી નાખે છે (**निहन्ति**), જ્યારે આ (**अयं विषयः तु**) તો, તેને, તે વિષયને, નજરથી જોનારને પણ (**चक्षुषा दृष्टारं अपि**) હણી નાખે છે (**निहन्ति**) ! (૭૯)

અનુવાદ :– વિષયવાસના, દોષની બાબતમાં, કાળા સાપનાં ઝેર કરતાં પણ વધારે વિનાશક છે : ઝેર તો, એને ખાનાર(પીનાર)ને જ હણે છે, જ્યારે આ (વિષયવાસના) તો, એને આંખથી જોનારને પણ હણે છે. (૭૯)

ટિપ્પણ :– વિનાશકતાની બાબતમાં, અહીં, આ શ્લોકમાં, વિષય-વાસનાને સૌથી વધારે વિનાશક તરીકે નિરૂપવામાં આવી છે, એટલું જ નહીં પરંતુ એનું પ્રતીતિજનક સમર્થન પણ કરવામાં આવ્યું છે : કાળા સાપનાં ઝેરની વિનાશકતાની માત્રા (degree) કેટલી ? એ ઝેર જે કોઈ પીએ તેને, અથવા એ સાપ જેને કરડે તેને જ, એ ઝેર હણી શકે ! આથી વધારે કશું એ, - કાળા સાપનું ઝેર - પણ, ન કરી શકે. એની વિનાશકતાની મર્યાદા અહીં આવી જાય : એ ઝેર જેણે પીધું ન હોય, અથવા કાળો સાપ જેને કરડ્યો ન હોય, તેની પાસે એ ઝેરનું કશું ન ચાલે, ત્યાં તે ઝેર પણ તદ્દન 'લાચાર' બની જાય, પેલો માણસ સંપૂર્ણરીતે સલામત (safe) રહે.

પરંતુ આ શબ્દાદિ વિષયો તો, કાળા સાપનાં વિષ કરતાંયે, તીવ્રતા-કાતિલપણાંની દૃષ્ટિએ, ચઢી જાય !

એ વળી કેવી રીતે ?

બે જ ઉદાહરણો બસ(Enough) થશે :

ખાંડવ(વન)દહનમાંથી બચી જનાર શિલ્પીશ્રેષ્ઠ એવા મયદાનવે, કૃતજ્ઞ બનીને, શ્રીકૃષ્ણની સૂચના પ્રમાણે, ઇન્દ્રિપ્રસ્થમાં પાંડવો માટે એક અદ્‌ભુત "સભા"ની રચના કરી, જેમાં પ્રવેશ્યા પછી દુર્યોધનને જળનાં ઠેકાણે સ્થળ દેખાયું અને સ્થળની જગાએ જળનું દર્શન થયું. ત્યારે દ્રૌપદીએ તેનો ઉપહાસ કરતાં મ્હેણું માર્યું કે "આંધળાંનાં સંતાનો તો આંધળાં જ હોય ને !" .

બસ, થઈ રહ્યું ! દુર્યોધને આ વચનો માત્ર 'સાંભળ્યાં,' કાનથી ફક્ત 'શ્રવણ' કર્યાં, એનાં, - "શબ્દ"-રૂપી એ વિષયમાંથી વેરની જ્વાળા એટલી વિનાશક બની કે ૧૮ અક્ષૌહિણી-સેના-વાળા એ કુરુક્ષેત્ર-યુદ્ધને અંતે, માત્ર ૧૦ જ વ્યક્તિઓ સિવાય, કોઈ જ ન બચ્યું !

કારણ ? દ્રૌપદીનાં વચનોનું માત્ર 'શ્રવણ' ("શબ્દ") !

સીતા-સ્વયંવર વખતે ઉમેદવાર તરીકે હાજર રહેલા રાવણે સીતાનું "રૂપ" જોયું અને એના વડે એ એવો લુબ્ધ બની ગયો કે, સીતાનું તેણે અપહરણ કર્યું, જે, અંતે, રામ-રાવણનાં અજોડ યુદ્ધમાં પરિણમ્યું, સીતાના લંકાનિવાસનાં કારણે, પ્રજાજનોએ સીતાનાં ચારિત્ર્ય વિરુદ્ધ 'આળ' ઊભું કર્યું, રામે નિર્દોષ સીતાનો ત્યાગ કર્યો અને અશ્વમેધ-યજ્ઞને અંતે સીતા ધરતીમાતામાં સમાઈ ગઈ અને રામ-સીતાનાં જીવનમાં, વજ્ર જેવાં, કઠોર કાળજાંવાળાં કોઈ પણને રડાવી દે, એવી એક 'કરુણાંતિકા'(Tragedy) સર્જાઈ ગઈ !

કારણ ?

માત્ર એક જ : સીતાનું "રૂપ !"

"શબ્દ" વગેરે **'વિષયો'**ની સર્વવિનાશકતાનાં સમર્થન માટે, **"મહાભારત"**-**"રામાયણ"** જેવાં વિશ્વપ્રસિદ્ધ મહાકાવ્યો કરતાં વધારે પ્રતીતિજનક બીજાં કયાં ઉદાહરણો હોઈ શકે ?

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૭૯)

૮૦

विषयाशामहापाशाद्यो विमुक्तः सुदुस्त्यजात् ।
स एव कल्पते मुक्त्यै नान्यः षट्शास्त्रवेद्यपि ॥ ८० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

વિષયાશામહાપાશાદ્યો વિમુક્તઃ સુદુસ્ત્યજાત્ ।
સ એવ કલ્પતે મુક્ત્યૈ નાન્યઃ ષટ્શાસ્ત્રવેદ્યપિ ॥ ૮૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- સુદુસ્ત્યજાત્ વિષયાશામહાપાશાત્ યઃ વિમુક્તઃ (અસ્તિ), સઃ એવ મુક્ત્યૈ કલ્પતે, ષટ્શાસ્ત્રવેદી અન્યઃ (કઃ) અપિ (મુક્ત્યૈ) ન (કલ્પતે) ॥ ૮૦ ॥

શબ્દાર્થ :- વિષય-આશા-મહાપાશાત્ - વિષયોની આશાનાં મહાબંધનમાંથી;

એ મહાબંધન કેવું છે ? **सुदुस्त्यजात्** - જેનો ત્યાગ ખૂબ જ કઠિન છે એવું(બંધન); આવાં 'સુદુસ્ત્યજ' અને મહાબંધનથી જે મુક્ત રહી શક્યો - **यः विमुक्तः** - એના વિશે શું કહેવાનું છે ? એટલું જ કે **सः एव मुक्त्यै कल्पते**, - માત્ર તે એક જ મોક્ષ માટે યોગ્ય થાય છે, મુક્તિ માટેની પાત્રતા, એની એકનીજ નિશ્ચિત બને છે : **षट्शास्त्रवेदी** - એટલે છયે છ શાસ્ત્રો, છ યે છ દર્શનોનો વિદ્વાન, જાણકાર; **न अन्यः** બીજો કોઈ પણ(**अपि**); **मुक्त्यै न कल्पते** । મોક્ષ માટે યોગ્ય ઠરતો નથી. (૮૦)

અનુવાદ :– ત્યજવાં કપરાં એવાં વિષયોની આશાનાં બંધનથી જે **મુક્ત** રહી શક્યો, તે (એક)જ મુક્તિ મેળવવા શક્ય બને છે; અન્ય કોઈ નહીં, ભલે ને છ યે શાસ્ત્રોમાં પારંગત હોય તો પણ નહીં ! (૮૦)

ટિપ્પણ :– મોક્ષપ્રાપ્તિ માટેની પાત્રતા કોની ? એ સવાલનો જવાબ આ શ્લોકમાં આપવામાં આવ્યો છે :

આ પહેલાંના થોડા શ્લોકોમાં, "શબ્દ" વગેરે વિષયવાસનાઓની વિનાશકતા-તીવ્રતાનું પૂરું વર્ણન કરવામાં આવ્યું છે.

વિષયોની 'આશા' - અપેક્ષાને જ અહીં એક મહાપાશ, મહાબંધન તરીકે નિરૂપવામાં આવ્યું છે. "પાશ" એટલે રાંઢવાં જેવું મજબૂત દોરડું; આવાં દોરડાંથી જેને બાંધવામાં આવ્યો હોય, તે તેમાંથી કદી પણ છૂટી ન શકે, એટલે બહેતર તો એ જ છે કે એવાં બંધનથી, એવા પાશથી બંધાવું જ નહીં ! બસ, જે સાધક આવા મહા-પાશથી મુક્ત રહી શક્યો, જે એમાં બંધાયો જ નહીં, તે એક જ, મોક્ષપ્રાપ્તિ માટે લાયક ! બીજું કોઈ જ નહીં.

આચાર્યશ્રી ભારપૂર્વક કહે છે કે આ બાબતમાં કશી વિદ્વત્તા કે કશાં પાંડિત્યની હેસિયત જ નથી : સાંખ્ય, યોગ વગેરે છયે "દર્શનો"માંની પારંગતતા પણ આમાં ઉપયોગી ન બનેઃ માત્ર એક જ લાયકાત-Qualification જરૂરી છે, — મોક્ષની પ્રાપ્તિ માટે, અને તે એ કે "સુદુસ્ત્યજ" એવાં, વિષયોની આશાનાં મહાબંધનોથી જે છુટ્ટો રહી શકે તે !

આમ, જે છુટ્ટો રહી શક્યો, તે જ સાચા અર્થમાં 'મુક્ત' : એ જ સાચી "**મુક્તિ**", અને એ જ સાચો "મોક્ષ".

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૮૦)

૮૧

आपातवैराग्यवतो मुमुक्षून्
भवाब्धिपारं प्रतियातुमुद्यतान् ।
आशाग्रहो मज्जयतेऽन्तराले
विगृह्य कण्ठे विनिवर्त्य वेगात् ॥ ८१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

આપાતવૈરાગ્યવતો મુમુક્ષૂન્
ભવાબ્ધિપારં પ્રતિયાતુમુદ્યતાન્ ।
આશાગ્રહો મજ્જયતેઽન્તરાલે
વિગૃહ્ય કંઠે વિનિવર્ત્ય વેગાત્ ॥ ૮૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ભવાબ્ધિપારં પ્રતિયાતું ઉદ્યતાન્ આપાતવૈરાગ્યવતઃ મુમુક્ષૂન્, આશાગ્રહઃ કણ્ઠે વિગૃહ્ય, વેગાત્ વિનિવર્ત્ય, અન્તરાલે મજ્જયતે ॥ ૮૧ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : આશાગ્રહઃ મુમુક્ષૂન્ મજ્જયતે । આશાગ્રહઃ - એટલે આશારૂપી મગર. એ શું કરે છે ? મજ્જયતે, - ડૂબાડી દે છે. કોને ડૂબાડી દે છે ? મુમુક્ષૂન્ - મુમુક્ષુઓને, મોક્ષાર્થીઓને, મોક્ષ મેળવવા ઇચ્છનારાઓને.

શા માટે ડૂબાડી છે ? કેવા છે આ મોક્ષાર્થીઓ ? મુમુક્ષૂન્ - શબ્દના, આ માટે, બે વિશેષણો, આ પ્રમાણે, આપવામાં આવ્યાં છે : આપાત-વૈરાગ્યવતઃ અને ભવાબ્ધિપારં પ્રતિયાતું ઉદ્યતાન્.

એક તો એ કે આ મુમુક્ષુઓનો વૈરાગ્ય આપાત છે, અસ્થિર, કાચો છે, અપૂર્ણ છે; સંનિષ્ઠ નથી, હૃદયસ્પર્શી નથી, સંપૂર્ણ નથી; બીજું એ કે આવા અસ્થિર વૈરાગ્યવાળા મુમુક્ષુઓ ભવાબ્ધિપારં પ્રતિયાતું ઉદ્યતાન્ છે; ભવસાગરને (ભવાબ્ધિ) પાર કરવા માટે (પ્રતિયાતું) તૈયાર થયા છે (ઉદ્યતાન્).

આનું પરિણામ શું આવે છે ?

પેલો આશારૂપી મગર(આશાગ્રહઃ) તો, મોં ફાડીને, સંસારસમુદ્રમાં, આવા કાચા વૈરાગ્યવાળા મોક્ષાર્થીઓની રાહ જોઈને બેઠો જ હોય છે !

આ 'મગર' શું કરે છે ? એ બે કામ કરે છે : સૌ પહેલાં તો, તે પેલા મોક્ષાર્થીઓને ગળેથી, ગરદનથી પકડે છે (કણ્ઠે વિગૃહ્ય), અને ત્યારપછી તેમને વેગપૂર્વક પાછા વાળે છે(વેગાત્ વિનિવર્ત્ય).

અને છેવટે તેમને ડૂબાડી દે છે(મજ્જયતે).

ક્યાં ડૂબાડી દે છે ? વચ્ચે જ, વચમાં જ, અધવચે જ(અન્તરાલે). (૮૧)

અનુવાદ :– અસ્થિર વૈરાગ્યવાળા (અને છતાં પણ)ભવસાગરને પાર કરવાને તૈયાર થયેલા મુમુક્ષુઓને, આશારૂપી મગર, ગળેથી પકડીને, વેગપૂર્વક તેમને પાછા વાળીને, અધવચે જ, ડૂબાડી દે છે. (૮૧)

ટિપ્પણ :– આ સંસાર તો એક અગાધ સાગર છે, અને મોક્ષ તો તેની પેલી પાર છે; એટલે મોક્ષાર્થીએ આ સાગરને ઓળંગીને પેલી પાર પહોંચવું જ રહ્યું.

પરંતુ, સાગરને પાર કરવા માટે માત્ર કટિબદ્ધ થવું, એટલું જ પૂરતું નથી. આ માટે, એ પહેલાંની એક ફરજિયાત પૂર્વશરત છે. અને એ પૂર્વશરત એટલે "વૈરાગ્ય".

બહુ-જાણીતા એવા આ "વૈરાગ્ય"-શબ્દને સમજવા જેવો છે : જે વસ્તુ બહુ ગમે, એ માટેની માનવસહજ ઇચ્છા એટલે "રાગ". મોક્ષાર્થીએ આ "રાગ"(Attachment)માંથી મુક્ત થવું જ રહ્યું. આ પ્રક્રિયા એટલે "વિ-રાગ"(રાગ વગરનાં હોવાની પરિસ્થિતિ). 'વિરાગ'-શબ્દ પરથી રચવામાં આવેલું ભાવવાચક નામ (Abstract Noun) એટલે "વૈરાગ્ય".

પરંતુ આ 'વૈરાગ્ય' માત્ર નામનો, ઉપરછલ્લો, અધૂરો હોય, તે ન ચાલે. પત્નીનું અવસાન થતાં, એના અગ્નિદાહ માટે શ્મશાનમાં ગયેલા, પત્ની પ્રત્યેના પ્રેમનાં કારણે, એના વિયોગે ઝૂરતા પતિને, ફરી લગ્ન ન કરવાની ક્ષણિક વૃત્તિ થઈ આવે; પરંતુ ઘેર પાછા આવ્યા પછી, આવી વૃત્તિ લાંબું ન ટકે અને તે પુર્નલગ્ન કરે તો, પતિના આવા વૈરાગ્યને આપાત-"વૈરાગ્ય" અથવા "શ્મશાન-વૈરાગ્ય" કહેવામાં આવે છે.

મુમુક્ષુનો વૈરાગ્ય આવો ન હોવો જોઈએ : સંપૂર્ણ, સંનિષ્ઠ, સાચો હોવો જોઈએ. મોક્ષાર્થી માટે આ એક અપરિહાર્ય(Indispensable) પૂર્વશરત છે. 'આપાત-વૈરાગ્ય'નો અર્થ જ એ થયો કે વૈરાગ્ય આકસ્મિક, ક્ષણિક અને માત્ર આવેશજન્ય જ હતો, થોડા 'રાગ', થોડી "આશા" મનમાં હજુ બાકી રહી ગયાં હતાં, અને આ 'આશા' જ મગર બનીને, ચેલાની બોચી પકડે છે, તેને વેગપૂર્વક પાછો ખેંચે છે અને સામે કાંઠે (જ્યાં મોક્ષ છે ત્યાં) તે પહોંચે તે પહેલાં જ, અધવચે જ, તેને ડૂબાડી દે છે !

આમ તો, આ એક 'રૂપક'ની આલંકારિક પરિભાષા છે. સાદી ભાષામાં કહીએ તો, સો-ટકા સાચા વૈરાગ્ય વગર, મોક્ષપ્રાપ્તિ અશક્ય બને છે.

હૃદય 'ભગવું' બન્યા વિના **'ભગવાં'** વસ્ત્રો ધારણ કરનારા, સંસારમાં પાછા આવનાર "સંન્યાસીઓ" આ શ્લોકના તાત્પર્યાર્થનાં ઉદાહરણ-રૂપ છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૮૧)

૮૨

विषयाख्यग्रहो येन सुविरक्त्यसिना हतः ।
स गच्छति भवाम्भोधेः पारं प्रत्यूहवर्जितः ॥ ८२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિષયાખ્યગ્રહો યેન સુવિરક્ત્યસિના હતઃ ।
સ ગચ્છતિ ભવાંભોધેઃ પારં પ્રત્યૂહવર્જિતઃ ॥ ૮૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– સુ-વિરક્તિ-અસિના યેન (મોક્ષાર્થિના) વિષય-આખ્યગ્રહઃ હતઃ, સ (એવ) પ્રત્યૂહવર્જિતઃ (સન્) ભવામ્ભોધેઃ પારં ગચ્છતિ ॥ ૮૨ ॥

શબ્દાર્થ :– શ્લોકનું મુખ્ય વાક્ય છે : સઃ (એવ) ભવ-અમ્ભોધેઃ પારં ગચ્છતિ । તે (એક જ મુમુક્ષુ) ભવસાગરને તરી જાય, તેની સામે પાર પહોંચી જાય છે.

કોણ આમ કરી શકે છે ? येन (मुमुक्षुणा, मोक्षार्थिना) विषय - आख्य-ग्रहः हतः । જેણે (જે મુમુક્ષુએ) 'વિષય' - નામના (आख्य) મગર(ग्रहः)ને હણી નાખ્યો છે. શાના વડે હણ્યો છે ? सु-विरक्ति-असिना - સંપૂર્ણ(सु) વૈરાગ્ય (विरक्ति) રૂપી તલવાર (असिना) વડે. આવું કેમ શક્ય બને છે ? આ રીતે, પેલો મગર હણાયા પછી, તેના માટે કોઈ વિઘ્ન (प्रत्यूह) રહેતું નથી, તે વિઘ્ન-વગરનો(वर्जितः) બની જાય છે. (૮૨)

અનુવાદ :– 'વિષય' નામના મગરને જેણે સ્થિર વૈરાગ્યરૂપી તલવાર વડે હણ્યો છે, તે(જ), (કશાં પણ) વિઘ્ન વિના, ભવસાગરને તરી જાય છે. (૮૨)

ટિપ્પણ :– ભવસાગરને તરીને, પેલે પાર પહોંચીને, મોક્ષની પ્રાપ્તિ કરવા માટે, છેલ્લા શ્લોકમાં, આચાર્યશ્રીએ, નકારાત્મક (Negative) "રૂપક" (Metaphor) પ્રયોજ્યું હતું, જ્યારે, એ જ પ્રયોજનને સંપન્ન કરવા માટે, આ શ્લોકમાં, તેમણે, હકારાત્મક (Positive) "રૂપક" પ્રયોજ્યું છે. આની પાછળનો તેમનો ઉદ્દેશ સ્પષ્ટ છે : આગલા શ્લોકમાં મુમુક્ષુનો વૈરાગ્ય ઉપરછલ્લો અને અપૂર્ણ (आपात) હતો, જ્યારે એ જ વૈરાગ્ય (विरक्ति) અહીં સુદૃઢ (सु) છે.

પાયાની આવશ્યકતા (Fundamental essentiality), મોક્ષાર્થી માટે, એક જ છે : સ્થિર, સુદૃઢ, સમ્યક્, સંપૂર્ણ વૈરાગ્ય.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ ખૂબ ઊંડાં મૂળિયાંવાળા સંસારરૂપી આ 'અશ્વત્થ' - વૃક્ષને, 'અસંગ' (સંપૂર્ણ-વૈરાગ્ય) રૂપી દૃઢ શસ્ત્ર વડે છેદી નાખવાની સૂચના આપવામાં આવી છે :-

अश्वत्थमेनं सुविरूढमूल-
-मसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥ १५, ३ ॥

શ્લોકનો છંદ : अनुष्टुप (૮૨)

૮૩

विषमविषयमार्गैर्गच्छतोऽनच्छबुद्धेः
प्रतिपदमभिघातो मृत्युरप्येष सिद्धः ।
हितसुजनगुरूक्त्या गच्छतः स्वस्य युक्त्या
प्रभवति फलसिद्धिः सत्यमित्येव विद्धि ॥ ८३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિષમવિષયમાર્ગૈર્ગચ્છતોઽનચ્છબુદ્ધેઃ
પ્રતિપદમભિઘાતો મૃત્યુરપ્યેષ સિદ્ધઃ ।
હિતસુજનગુરૂક્ત્યા ગચ્છતઃ સ્વસ્ય યુક્ત્યા
પ્રભવતિ ફલસિદ્ધિઃ સત્યમિત્યેવ વિદ્ધિ ॥ ૮૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– विषम-विषय-मार्गैः गच्छतः अनच्छबुद्धेः (साधकस्य) प्रतिपदं अभिघातः, मृत्युः अपि एषः सिद्धः । हितसुजन-गुरूक्त्या स्वस्य युक्त्या च (गच्छतः साधकस्य) सत्यं फलसिद्धिः प्रभवति इति एव विद्धि ॥ ८३ ॥

शब्दार्थ :– શ્લોકના પૂર્વાર્ધનું મુખ્ય વાક્ય છે : (तस्य साधकस्य) प्रतिपदं अभिघातः, मृत्युः अपि एषः सिद्धः । (તે સાધકને) દરેક પગલે, ડગલ ને પગલે, ઠોકરો વાગે છે. અને અંતે, અરે ! એનું મૃત્યુ (અધઃપતનરૂપી મોત) પણ ચોક્કસ થાય છે, મોત પણ નિશ્ચિત હોય છે.

प्रतिपदम्-पदे पदे इति प्रतिपदम् । (અવ્યયીભાવ સમાસ) દરેક પગલે, ડગલે-ને-પગલે; अभिघातः - ઠેબું, ઠોકર, ઠેસ; આવું કયા સાધકની બાબતમાં બને છે ? આવા (तस्य साधकस्य) સાધક માટે બે વિશેષણો યોજાયાં છે : विषम-विषय-मार्गैः गच्छतः અને अनच्छबुद्धेः. એક તો, એ કે તેણે પ્રયાણ અથવા પ્રસ્થાન માટેના માર્ગો જ ખોટા-ખરાબ-અનુચિત, ગ્રહણ કર્યા છે (मार्गैः गच्छतः); એ માર્ગો કયા છે ? विषम,-વિકટ, ખરબચડા, ખાડા-ટેકરા-વાળા, ઉબડખાબડ (Rough, uneven); માર્ગો આવા કેમ ? કારણ કે આ માર્ગો વિષયવાસનાના છે; પછી તો, આવા માર્ગો ગ્રહણ કરનારનાં ભાગ્યમાં વિનાશ જ સર્જાયો હોય ને ! વિષયવાસનાના માર્ગો કદી 'સમ' - (even), સ્વચ્છ, સાફ, સુંવાળા હોતા જ નથી; એ તો હંમેશાં 'વિષમ' જ હોવાના ! અને એમાં ડગલે ને પગલે ઠેબાં-ઠોકરો ખાતાં ખાતાં અંતે મોત તો નિશ્ચિત જ હોય છે. વળી, આ વિનાશ માટે વધારાનું કારણ એ છે કે એની બુદ્ધિ મલિન, મેલી, અશુદ્ધ હોય છે ! આપણે "સ્વચ્છ" - શબ્દથી પરિચિત છીએ. મૂળ શબ્દ अच्छ છે, - એટલે કે ચોકખો, શુદ્ધ, સાફ. આ શબ્દની આગળ सु (સારો, શુભ, Good) અક્ષર મૂકાય ત્યારે स्वच्छ (सु+अच्छ) શબ્દ બને : Clean, pure; પરંતુ આ સાધકની બુદ્ધિ તો अनच्छ (अन्+अच्छ) છે, સ્વચ્છ નથી, એટલે પણ એના વિનાશનું પરિણામ નિશ્ચિત જ હોય. આ જ કારણે ઈશ્વરકૃપા ઈચ્છતા ભક્ત માટેની શરતોમાં **'મનની નિર્મળતા'**ને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે.

હવે આવીએ, શ્લોકના ઉત્તરાર્ધ પર. એમાં મુખ્ય વાક્ય છે : इति सत्यं एव विद्धि । આચાર્યશ્રી પેલા ભક્તને ભારપૂર્વક કહે છે કે આ વાત સાચી છે, નક્કી છે, ચોક્કસ છે, સુનિશ્ચિત છે, એમ તું જાણી લે, સમજી લે. આવી શી વાત છે ? (तस्य साधकस्य) फलसिद्धिः प्रभवति इति सत्यम् - એ જ કે (તેવા પ્રકારના સાધકની) ફળસિદ્ધિ-સફળતા.ચોક્કસ થાય જ છે. આમ, આ બંને વાક્યો સાથે इति सत्यम् - એ શબ્દોને જોડી શકાય, - **"દેહલીદીપ"**-ન્યાય પ્રમાણે : "દેહલી" એટલે ઘરમાંનો, બે ઓરડા વચ્ચેનો 'ઉંબરો' (Threshold); આ ઉંબર પર જો દીવો મૂકવામાં આવે તો, એક જ દીવો, બંને ઓરડામાં અજવાળું પાથરી શકે !

આવા સાધકને આવું સદ્‌ભાગ્ય કેમ સાંપડે છે ? આ સાધક માટે પણ, આ પ્રમાણે, બે વિશેષણો છે : **हित-सुजन-गुरूक्त्या गच्छतः** અને **स्वस्य युक्त्या (गच्छतः)**. એક તો એ કે આ સાધક હિતેચ્છુ, સજ્જન અને સદ્‌ગુરુના સદુપદેશ પ્રમાણે જીવનમાર્ગમાં પ્રયાણ કરતો હોય છે, અને સાથે સાથે પોતાની સ્વયંભૂ, અંતઃકરણ-પ્રેરિત, સુ-સંગત યોજનાને પણ સાંકળી લેતો હોય છે. પોતાના હિતેચ્છુ, સજ્જન અને પરમગુરુનો આદેશ તો ખરો જ; પણ વધારામાં, તે પોતાના અંતરાત્માના અવાજ(Inner Voice)ને પણ અનુસરતો હોય છે. અને પછી તો, પેલા અંગ્રેજ કવિએ કહ્યું છે તેમ, Can success be far behind ? પછી તો, ફલસિદ્ધિ હાથ-વેંતમાં નહીં, પોતાના હાથમાં જ ! (૮૩)

અનુવાદ :– વિષયોરૂપી વિકટ માર્ગો પરથી જતા, મલિનબુદ્ધિવાળા(સાધક)ને ડગલે ને પગલે ઠોકરો વાગે છે, (પરિણામે), એનું (વિનાશ, અધઃપતનરૂપી) મૃત્યુ પણ નક્કી જ હોય છે; (એથી ઊલટું), (કોઈ) હિતેચ્છુ, સાધુપુરુષ કે સદ્‌ગુરુના ઉપદેશ પ્રમાણે અને પોતાનાં અંતઃકરણની પ્રેરણા અનુસાર (સન્માર્ગે) જનાર(સાધક)ને સાથે જ સફળતા સાંપડે છે, એમ તું ચોક્કસ સમજી લે. (૮૩)

ટિપ્પણ :– શ્લોકના તાત્પર્યાર્થની સમજૂતી માટે, આમ તો, શબ્દાર્થ-વિભાગમાં, સવિસ્તર સ્પષ્ટતા કરવામાં આવી છે. હવે માત્ર એક જ બાબત પર, સહૃદય સ્વાધ્યાયીનું ધ્યાન ખેંચવાનું રહે છે : આ પહેલાંના શ્લોકમાં જેમ, નકારાત્મક અને હકારાત્મક એવાં, બે પરસ્પરવિરોધી 'રૂપકો' પ્રયોજ્યાં હતાં તેમ, અહીં, આ શ્લોકમાં, મોક્ષપ્રાપ્તિ માટેના, પ્રતિકૂળ અને અનુકૂળ એવા પરસ્પર-વિરુદ્ધ જીવનમાર્ગે પ્રયાણ કરતા બે સાધકોનાં બૂરાં-સારાં, પરિણામોનું તુલનાત્મક ચિત્ર નિરૂપવામાં આવ્યું છે. પરંતુ આ ચિત્રનાં હાર્દમાં પણ વાત તો વિષયવાસનાથી દૂર, અળગા રહેવાની જ છે, વિષયાસક્તિના અવશ્યંભાવિ દુષ્પરિણામની જ છે !

આ ગ્રંથનો વિષય ભલે હોય તત્ત્વજ્ઞાન, પરંતુ એના લેખક આદ્ય શ્રીશંકરાચાર્ય કાંઈ કવિ થોડા મટી જાય છે ? સુંદર, કવિત્વપૂર્ણ સ્તોત્રોના રચયિતા એવા આચાર્યશ્રીમાં રહેલા **"કવિ"** — "The Poet in Shri Shankaracharya !" - તત્ત્વજ્ઞાનનાં નિરૂપણમાં પણ અહીં, આ શ્લોકમાં, અનાયાસ, 'With effortless ease', પ્રગટી રહે છે !

શ્લોકની ચારે-ચાર પંક્તિઓમાંનો **"પ્રાસાનુપ્રાસ"** - શબ્દાલંકાર, કોઈ પણ સાહિત્યરસિક વાચકનું ધ્યાન અવશ્ય ખેંચે એવો સહજ છે :-

પંક્તિ-૧ : **गच्छ... अच्छ**
પંક્તિ-૨ : **मृत्युः... अप्येषः**
પંક્તિ-૩ : **गुरूक्त्या... युक्त्या**
પંક્તિ-૪ : **सिद्धिः....विद्धि**

શ્લોકનો **છંદ : માલિની (૮૩)**

૮૪

मोक्षस्य कांक्षा यदि वै तवास्ति
त्यजातिदूराद् विषयान् विषं यथा ।
पीयूषवत्तोषदयाक्षमार्जव-
-प्रशान्तिदान्तीर्भज नित्यमादरात् ॥ ८४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

મોક્ષસ્ય કાંક્ષા યદિ વૈ તવાસ્તિ
ત્યજાતિદૂરાદ્ વિષયાન્ વિષં યથા ।
પીયૂષવત્તોષદયાક્ષમાર્જવ-
-પ્રશાન્તિદાન્તીર્ભજ નિત્યમાદરાત્ ॥ ૮૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– યદિ વૈ તવ મોક્ષસ્ય કાંક્ષા અસ્તિ, (તર્હિ) વિષં યથા વિષયાન્ અતિદૂરાદ્ ત્યજ, તોષ-દયા-ક્ષમા-આર્જવ-પ્રશાન્તિ-દાન્તીઃ (ચ) પીયૂષવત્ આદરાત્ નિત્યં ભજ ॥ ૮૪ ॥

શબ્દાર્થ :– આ શ્લોકમાં, ગુરુ તરફથી, શિષ્યને બે સીધેસીધી આજ્ઞાઓ, સામેથી જ, આપવામાં આવી છે : **એક** તો, ત્યજ (ત્યજી દે, છોડી દે !) અને **બીજી**, ભજ (સેવન કર, સેવવા માંડ !)

શાને છોડી દેવાનું છે અને શાનું સેવન કરવાનું છે, એની વીગતો, **ત્યજ** અને **ભજ**, એ બે ક્રિયાપદોનાં 'કર્મ' (Objects) તરીકે, તે તે વાક્યોનાં બાકીના શબ્દોમાં આપવામાં આવી છે. પરંતુ તે પહેલાં, ગુરુજીએ શિષ્ય સમક્ષ, એક ઇચ્છા, પસંદગી (Choice), **"જો"** અને **"તો"**ની પરિભાષામાં, આ પ્રમાણે, મૂકી છે :- **यदि वै तव मोक्षस्य कांक्षा अस्ति** - **જો** તને મોક્ષની ઇચ્છા (કાંક્ષા, આકાંક્ષા), ખરેખર(વૈ), હોય **તો** !

તો (તર્હિ), તો "ત્યજવાનું" (**ત્યજ**) **એક** જ છે અને "ભજવા"નાં તો **અનેક** છે ! "ત્યજવાનું" કોને ? શેને ? અને કેવી રીતે ? જવાબ છે : **विषयान्** - વિષયવાસનાઓને, અને તે પણ, તે વિષયો "વિષ" જેવા, ઝેર જેવા હોય એમ સમજીને (**विषयान् विषं यथा**) અને તે પણ, ખૂબ દૂર હોય, નજીક આવે તે પહેલાં જ, **अतिदूरात्** ત્યજી દે !

"ભજવા" માટેની વીગતો પણ સમજવા જેવી અને સમજીને મનમાં સાચવી રાખવા જેવી (retain કરવા જેવી) છે !

પેલા વિષય-'ત્યાગ'માં મદદરૂપ થાય એવી, 'સેવન' કરવા માટેની આટલી બાબતો છે : **તોષ** (સંતોષ), **દયા**, **ક્ષમા**, સરળતા-ઋજુતા-(**આર્જવ**), **પ્રશાન્તિ** (શમ) અને **દાન્તિ** (સંયમ, ઇન્દ્રિયદમન, **'દમ'**)છે. આ બધાંનું સેવન કેવી રીતે

કરવાનું છે ? એ પણ, એ બધાં "અમૃત" હોય (पीयूषवत्) એ રીતે, અને રોજેરોજ (नित्यम्) અને આદરપૂર્વક, એમને પૂરેપૂરું માન આપીને(आदरात्). (૮૪)

અનુવાદ :– જો તને, ખરેખર મોક્ષની આકાંક્ષા હોય તો, 'વિષયો'ને, ઝેરની જેમ, ખૂબ દૂરથી જ, છોડી દે; અને સંતોષ, દયા, ક્ષમા, સરળતા, 'શમ' અને 'દમ'નું, અમૃતની માફક, રોજેરોજ, આદરપૂર્વક સેવને કર. (૮૪)

ટિપ્પણ :– અહીં પણ, પૂર્વવત્, 'વિષયો'ના ત્યાગની જ વાત છે, અને તે પણ, **"મણિરત્નમાળા"**ની ભલામણ મુજબ, તે "વિષયો" 'વિષ' જેવા, ત્યાગ-કરવા જેવા, હોય એવી તિરસ્કાર-ભાવનાથી ત્યજવાના છે; પરંતુ આવો 'ત્યાગ' પણ પૂરતો નથી : ત્યાગની આ પ્રક્રિયા પર પૂરતો 'ભાર' (Emphasis) મૂકવા માટે ઊમેર્યું કે અતિદૂરાત્, મુમુક્ષુની સમીપ પેલા વિષયો આવે તે પહેલાં જ, ખૂબ દૂરથી જ, તેમને છોડી દે ! - "તને તો, બાપ ! નવ-ગજના નમસ્કાર !" - એવી નફરતના ભાવથી !

પરંતુ આ શ્લોકમાં, શબ્દાર્થ-વિભાગમાં સમજાવવામાં આવ્યું છે તેમ, આ ત્યાગ, પૂરેપૂરો સફળ અને સાર્થક નીવડે તે માટે, સંતોષ વગેરે સદ્‌ગુણોનું સેવન કરવાનો, વધારાનો, એક આદેશ આપવામાં આવ્યો છે : भज ।

આ '**त्याग**' અને '**सेवन**,- એ બંને પ્રક્રિયાઓ કેવી પરસ્પર-વિરોધી અને સામસામી દિશાની છે, એ હકીકત, શિષ્યનાં મગજમાં જડબેસલાક પ્રસ્થાપિત થઈ જાય છે, તે માટેનો આ કોઠો(Table), શ્લોકમાંથી, આપોઆપ, ઉપસી આવે છે :-

"**त्याग**" (त्यज)	"**सेवन**" (भज)
વિષયોને (विषयान्)	સંતોષ વગેરેને (तोष..... दान्तीः)
ઝેરની જેમ (विषं यथा)	અમૃતની જેમ (पीयूषवत्)
અતિદૂરથી (अतिदूरात्)	રોજેરોજ (नित्यं) અને આદરપૂર્વક (आदरात्)

શ્લોકનો છંદ : ઉપજાતિ (૮૪)

૮૫

अनुक्षणं यत् परिहृत्य कृत्य-
-मनाद्यविद्याकृतबन्धमोक्षणम् ।
देहः परार्थोऽयममुष्य पोषणे
यः सज्जते सः स्वमनेन हन्ति ॥ ૮૫ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अनुक्षणं यत् परिहत्य कृत्य-
-मनाद्यविद्याकृतबंधमोक्षणम् ।
देहः परार्थोऽयममुष्य पोषणे
यः सज्जते सः स्वमनेन हन्ति ॥ ૮૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अनादि-अविद्या-कृत-बन्धमोक्षणं यत् कृत्यं, परार्थः अयं (यः देहः, तस्य) अमुष्य पोषणे यः (मनुष्यः) अनुक्षणं सज्जते, सः (मनुष्यः) अनेन (तस्य कृत्येन) स्वं हन्ति ॥ ८५ ॥

शब्दार्थ :– શ્લોકનું મુખ્ય વાક્ય છે : सः (मनुष्यः) अनेन (तस्य कृत्येन) स्वं हन्ति । તે મનુષ્ય, તેના આ કૃત્યથી, આમ કરવાથી, પોતાની જાતની જ હત્યા કરે છે. ક્યો મનુષ્ય ? यः (मनुष्यः) अयं (यः देहः, तस्य) अमुष्य पोषणे अनुक्षणं सज्जते । આ દેહ કે જે બીજાના ઉપયોગ માટે છે, જે પારકાના ઉપભોગ માટે છે, તેનાં પોષણમાં, તેને ટકાવી રાખવાની પળોજણમાં, પ્રતિક્ષણ (अनुक्षणं) રચ્યોપચ્યો રહે છે, લાગ્યો રહે છે, રત-મગ્ન રહે છે (सज्जते), તે મનુષ્ય (सः मनुष्यः); તેનું શું થાય છે ? सः अनेन(तस्य कृत्येन) स्वं (आत्मानं) हन्ति, તે પોતે પોતાની જાતને જ હણે છે.

પરંતુ તે પહેલાં, તે પોતાનું કયું કર્તવ્ય-કર્મ છોડી દે છે ? (कृत्यं) ક્યાં કર્તવ્ય-કર્મનો પરિત્યાગ કરે છે ? (परिहृत्य). अनादि-अविद्या-कृत-बन्धमोक्षणं यत् कृत्यं (कर्तव्यम्) - અનાદિ એવી અવિદ્યાનાં કારણે ઉત્પન્ન થયેલાં (कृत) બંધનમાંથી મુક્તિ મેળવવારૂપી કૃત્યને, તે બંધનમાંથી છૂટવારૂપી (बन्धमोक्षणं कृत्यं) કર્તવ્ય-કર્મને ત્યજીને (परिहृत्य) (૮૫)

અનુવાદ :– અનાદિ અવિદ્યાનાં કારણે ઉત્પન્ન થયેલાં બંધનમાંથી મુક્ત થવા રૂપી પોતાનાં કર્તવ્ય-કર્મનો ત્યાગ કરીને, પારકાંઓના ઉપભોગ માટે આ જે (સ્થૂળ) શરીર છે, તેનાં પોષણમાં જે (મનુષ્ય સતત) રચ્યોપચ્યો રહે છે, તે (મનુષ્ય તેનાં) આ કૃત્યથી પોતે પોતાની જાતને જ હણે છે.(૮૫)

ટિપ્પણ :– વેદાન્ત-દર્શન પ્રમાણે, **"બ્રહ્મ"** એવાં પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરાવે એ જ સાચી **"વિદ્યા"**; આ સિવાયની બધી, 'તથા-કથિત' (So-called) વિદ્યાઓ, એટલે **"અવિદ્યા"**, માત્ર નામની જ, "શોભાના ગાંઠિયા જેવી વિદ્યા !" વળી, સંસારમાંની આ અવિદ્યા 'અનાદિ' (અન્-આદિ) છે, સંસારનું સર્જન થયું તે પહેલાંથી, અનેક યુગોથી, પરંપરાગત રીતે, ચાલી આવે છે. અને જેનું નામ જ 'અવિદ્યા' (અ-વિદ્યા, સાચી વિદ્યા નહીં તે) છે તે, એનું સેવન કરનાર મનુષ્યને, સંસારનાં બંધનમાં જકડવા સિવાય બીજું શું કામ કરે ? હકીકતમાં, એનું સ્વભાવગત કામ જ એ છે. એટલે સાધક, જો તે સાચો મોક્ષાર્થી હોય, મુમુક્ષુ હોય તો, સૌપ્રથમ તેણે પેલી અનાદિ અવિદ્યાએ ઉત્પન્ન કરેલાં બંધનમાંથી મુક્ત થવું જ રહ્યું. મૃત્યુ પછી મળનારી પેલી શાશ્વત મુક્તિની વાત તો ત્યારપછીની છે. ટૂંકમાં, સાધકનું સૌપ્રથમ કર્તવ્ય-કર્મ (Bounden duty) જ આ છે.

હવે, આ કર્તવ્ય-કર્મનો પરિત્યાગ કરીને (परिहृत्य), કોઈ મનુષ્ય પોતાનાં, પંચમહાભૂતનાં બનેલાં, આ સ્થૂળ શરીરનાં પોષણ-રક્ષણની, લાલન-પાલનની ક્ષુલ્લક પ્રક્રિયામાં જ પ્રતિક્ષણ, સતત, લાગ્યો રહે, રચ્યો-પચ્યો રહે તો, તે એક

પાયાની હકીકત ભૂલી જાય છે કે આ શરીર તો 'પરાર્થ' છે, સંસારમાંના અન્ય જીવોનાં હિતમાં ઉપયોગી બને એવું, એક ક્ષુલ્લક સાધન-માત્ર છે. આવો મનુષ્ય તો એવો મૂર્ખ કહેવાય કે જે યાદ-રાખવા જેવું ભૂલી જાય છે અને ભૂલી-જવા જેવું યાદ રાખ્યા કરે છે !

આવા મનુષ્યનો અંજામ તો જે આવવો જોઈએ, તે જ આવે ! - વિનાશ ! પરંતુ આ વિનાશની કરુણતા(Tragedy) એ છે કે તેનો સર્જક તે પોતે જ હોય છે ! તેણે અપનાવેલું ઉપર્યુક્ત પગલું જ તેના માટે આત્મઘાતક(Suicidal) બની રહે છે ! આવા, 'આત્મહત્યા' (सः स्वं अनेन हन्ति ।) કરનારને અનુલક્ષીને જ, ઉપનિષદના ઋષિએ, "ये के चात्महनो जनाः ।" જેવા ઉદ્‌ગારો વ્યક્ત કર્યા છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૮૫)

૮૬

शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति ।
ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स इच्छति ॥ ८६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

शरीरपोषणार्थी सन् य आत्मानं दिदृक्षति ।
ग्राहं दारुधिया धृत्वा नदीं तर्तुं स ईच्छति ॥ ८६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– शरीरपोषणार्थी सन् यः आत्मानं दिदृक्षति, सः दारुधिया ग्राहं धृत्वा नदीं तर्तुं इच्छति ॥ ८६ ॥

શબ્દાર્થ :– **शरीरपोषणार्थी सन्** - સ્થૂળ શરીરનાં પોષણ-રક્ષણમાં રચ્યોપચ્યો હોવા છતાં; **यः** (मनुष्यः) **आत्मानं दिदृक्षति** - જે (મનુષ્ય) આત્માનું દર્શન કરવા ઇચ્છે છે, આત્માનો સાક્ષાત્કાર ઝંખે છે. दृश्(पश्य्) એટલે જોવું, એ ધાતુ પરથી બનેલું ઇચ્છા-દર્શક નામ (Desiderative noun) दिदृक्षा, તેનાં નામ-ક્રિયાપદ(Desiderative verb)નું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચન-રૂપ दिदृक्षति, - "જોવા ઇચ્છે છે."

આવા મનુષ્યની આ ક્રિયા કોના જેવી છે ? **सः दारुधिया ग्राहं धृत्वा नदीं तर्तुं इच्छति** । તે ઇચ્છે છે (सः इच्छति) તો નદીને તરી જવા (नदीं तर्तुं), પરંતુ આ માટે તે કરે છે શું ? મગરને (ग्राहं) - લાકડું માનીને-સમજીને (दारुधिया) પકડે છે (धृत्वा) ! दारु એટલે 'લાકડું' અને धी - એટલે બુદ્ધિ-સમજણ. (૮૬)

અનુવાદ :– શરીરનાં પોષણ-રક્ષણમાં જ રચ્યોપચ્યો હોવા છતાં, જે(મનુષ્ય) આત્મસાક્ષાત્કારની ઇચ્છા સેવે છે, તે (મનુષ્ય) લાકડાના ખ્યાલથી મગર પર સવાર થઈને નદી પાર કરવા માગે છે ! (૮૬)

ટિપ્પણ :– આ શ્લોકમાં પણ, શરીરનાં લાલન-પાલનમાં જ સતત લાગ્યા રહેતા માણસની ગતિની નિંદા કરવામાં આવી છે.

આત્મ-સાક્ષાત્કારની ઇચ્છા, ખરેખર, સ્તુત્ય અને આવકાર્ય છે, પરંતુ પોતાનાં આવાં ઉચ્ચ-ઉદાત્ત ધ્યેયને સંપન્ન કરવા માટે, સદ્‌ગુરુએ સૂચવેલાં, એ માટેનાં, શાસ્ત્રોમાંનાં, આવશ્યક સાધનોને તેણે અપનાવવાં જોઈએ. તેને બદલે આ ભાઈસાહેબ તો પંચમહાભૂતનાં આ અનિત્ય અને વિનશ્વર ખોળિયાંને નિશદિન લાડ લડાવવામાંથી જ પરવારતા નથી ! પછી શું થાય ? આત્મ-સાક્ષાત્કાર તો દૂર રહ્યો, આત્મવિનાશ જ આવી પડે !

તરતાં આવડતું નથી, અને નદીની પેલી પાર પહોંચવું છે : આ માટે હોડી-નાવડી ન મળે તો વાંધો નહીં, એકાદ મજબૂત લાકડું પકડી લે, તો પણ એનો બેડો પાર થઈ જાય, પણ આ બેવકૂફ માણસની મૂઢતા તો જુઓ : નદીમાં તરી રહેલા મગરમચ્છને તેણે જોયો, "હાશ, આ મોટું લાકડું મને મદદરૂપ થશે !" - એમ સમજીને ભાઈસાહેબ તો એના પર સવાર થઈ ગયા ! સામે પાર જવાની તો વાત જ ક્યાં રહી ! પેલા મગરે તો, તેનો, ત્યાં ને ત્યાં જ, કોળિયો કરી નાખ્યો !

સ્થૂળ-ભૌતિક દેહનાં પોષણમાં જ પ્રતિક્ષણ રાચતા અને છતાં આત્મસાક્ષાત્કારનાં દિવા-સ્વપ્નો સેવતા મનુષ્ય માટે સંપૂર્ણરીતે સમુચિત એવી સરખામણી(Apt comparion) પ્રયોજીને, આચાર્યશ્રીએ, અહીં, આ શ્લોકમાં, એની બરાબર ઠેકડી ઊડાડી છે !

મનોરથ-સિદ્ધિની પાત્રતા, **પહેલાં**, કેળવો **અને પછી જ** એવા મનોરથનું સેવન(Deserve and then desire !) કરો ! - એવી સલાહ, અનુભવી ડાહ્યા માણસોએ, આવા કિસ્સા જોયા પછી જ, આપી હશેને !

આવી સલાહ અમલમાં મૂક્યા વિના, હવામાં અદ્ધરો-અદ્ધર કિલ્લા બાંધવાનું (Building castles in air !) પરિણામ તો હાસ્યાસ્પદ (Ridiculous) જ આવે ને !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૮૬)

૮૭

मोह एव महामृत्युर्मुमुक्षोर्वपुरादिषु ।
मोहो विनिर्जितो येन स मुक्तिपदमर्हति ॥ ८७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

મોહ એવ મહામૃત્યુર્મુમુક્ષોર્વપુરાદિષુ ।
મોહો વિનિર્જિતો યેન સ મુક્તિપદમર્હતિ ॥ ૮૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– वपुरादिषु मोहः एव मुमुक्षोः महामृत्युः (अस्ति) । येन मोहः विनिर्जितः, सः मुक्तिपदं अर्हति ॥ ८७ ॥

શબ્દાર્થ :– **वपुः** - શરીર, સ્થૂલ દેહ; **वपुः आदिषु** - શરીર વગેરે પદાર્થોમાં, એટલે કે શરીરમાં, શરીર સાથે જ સંકળાયેલી કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને અંદર-રહેલી, અંતરિન્દ્રિય એટલે મન, - એ સહુમાં, એ સહુ વિશે. **मुमुक्षोः**- મુમુક્ષુ માટે, મોક્ષાર્થી માટે; આવો "**मोह**"(**मोहः एव**) જ; **महा-मृत्युः** (**अस्ति**) એક મહામૃત્યુ છે, બની રહે છે.

येन मोहः विनिर्जितः- જેણે, આ મોહને જીતી લીધો છે, - એટલે કે મોહ પર જેનો કાબુ છે, મોહને જે મનુષ્ય વશ થતો નથી તે; **सः मुक्तिपदं अर्हति** । - તે મનુષ્ય મોક્ષ-પદ માટે, એ પદ મેળવવા માટે યોગ્ય છે (**अर्हति**), એની પાત્રતા ધરાવે છે. (૮૭)

અનુવાદ :– મુમુક્ષુ માટે, શરીર વગેરે(પદાર્થો)માં મોહ હોવો તે જ (એક) મહામૃત્યુ(સમાન) છે : જેણે (આ) મોહને જીત્યો, તે જ મોક્ષ-પદ માટે લાયક છે. (૮૭)

ટિપ્પણ :– આચાર્યશ્રીએ, હમણાં, છેલ્લા કેટલાક શ્લોકોમાં, ઈશ્વર-સાક્ષાત્કાર, મોક્ષપ્રાપ્તિ વગેરેમાં, "**विषयो**" (વિષય-વાસનાઓ), સ્થૂળ દેહ વગેરેનાં લાલન-પાલન કેવાં વિઘ્નરૂપ બની રહે છે, તે સવિસ્તર, સ-દૃષ્ટાંત, સમજાવ્યું, એનું પ્રતિપાદન કર્યું.

હવે, તેઓશ્રી, થોડા શ્લોકોમાં, "**मोह**-"નામક તત્ત્વને, એવી જ સૂક્ષ્મતાપૂર્વક સમજાવે છે :

આ "**मोह**"-શબ્દ સામાન્ય જીવન-વ્યવહારમાં ખૂબ જ પ્રચલિત અને સહુને પરિચિત એવો શબ્દ છે. પરંતુ આ શબ્દનાં હાર્દને, તત્ત્વજ્ઞાન-તત્ત્વચિંતનનાં ક્ષેત્રમાંના એના દાર્શનિક(Philosophical) અર્થને સમજી લેવા જેવો છે. આ શબ્દના અર્થ વિશે, સામાન્ય જનસમાજમાં, થોડી ભ્રાન્તિ, થોડી ગેરસમજ પણ પ્રવર્તે છે: "તે માણસને પૈસા અને પ્રતિષ્ઠાનો ઘણો **મોહ** છે, તે સ્ત્રીને ઘરેણાંનો ખૂબ **મોહ** છે;" - આવા અર્થમાં, મહદંશે, આ શબ્દ, આપણા દૈનંદિન-દુન્યવી વ્યવહારમાં વપરાય છે.

પરંતુ દર્શનશાસ્ત્રમાં આ શબ્દનો સૂચિતાર્થ, એનો ધ્વનિ જરા જુદો છે : **मुह** એટલે, કોઈ વસ્તુમાં 'મોહિત' થઈ જવું, મુંઝાઈ જવું, 'શું કરવું' - 'શું ન કરવું', એ બાબત અકળાઈ જવું, કિંકર્તવ્યમૂઢ થઈ જવું. કુરુક્ષેત્ર-યુદ્ધના આરંભમાં, "લડવા-ન લડવા" વિશે અર્જુનનાં મનમાં, આ અર્થમાં જ "મોહ" જાગ્યો હતો, અને શ્રીકૃષ્ણના ઉપદેશથી જ્યારે તેને તેની ફરજ(ધર્મ) સમજાઈ ત્યારે, તેણે આમ જ કહ્યું હતું કે—

नष्टो मोहः... ॥ १८, ७३ ॥

આનો અર્થ જ એ કે એનાં કર્તવ્ય બાબતની 'મુંઝવણ' નાશ પામી હતી.

પરંતુ આ શબ્દનો દાર્શનિક અર્થ એ છે, જેનાં પરિણામે, મનુષ્ય આ વિશ્વનાં આત્યંતિક, મૂળભૂત, શાશ્વત સત્યને સમજી શકતો નથી, અને જેમાં ગ્રસ્ત થતાં,

તે આ જગતને, એમાંના સર્વ પદાર્થોને અને દેહાદિ તત્ત્વોને જ સત્ય માની બેસે છે અને પારમાર્થિક સત્યની 'સત્યતા' સમજવાની શક્તિ-વૃત્તિ ગુમાવી બેસે છે, અને અંતે ઈશ્વરસાક્ષાત્કાર અને મોક્ષ જેવી આધ્યાત્મિક ઉન્નતિથી હંમેશ માટે વંચિત રહે છે.

"**મોહ**" - શબ્દ, અહીં, આ તાત્ત્વિક અર્થમાં જ પ્રયોજાયો છે. હવે, આ અર્થમાં, શરીર વગેરે પદાર્થો પ્રત્યેનો, મોક્ષાર્થીનો, મોહ, 'મહા-મૃત્યુ' શા માટે બની રહે છે, તે વાત, તરત જ, સમજાશે. વળી, આ "મોહ" તેના માટે સામાન્ય પ્રકારનુ નહીં, પરંતુ "મહામૃત્યુ" બને છે, એમ કહીને તો, આચાર્યશ્રીએ, "મોહ"ની વિઘ્નકારકતાની પરાકાષ્ઠા જ સૂચવી દીધી છે !

એટલે જ, 'મુક્તિપદની પાત્રતા કોની ?' એ સવાલના જવાબરૂપે, એવું માર્મિક વિધાન તેમણે, કર્યું, - જેમાં, "મોહ"ને માત્ર 'જીતવાની જ' વાત નથી : "મોહ" પરની "જીત" સંપૂર્ણ ત્યારે અને તો જ ગણાય, જ્યારે **जितः**-શબ્દની પૂર્વે, **वि** અને **निस्** (निः, निर्) જેવા, ઉપસર્ગો એ "જીત"ને, એ "જય"ને, એ પ્રક્રિયાને, એની અંતિમ અને આત્યંતિક કક્ષાએ પહોંચાડે !

ટૂંકમાં, મોક્ષ-પદની પાત્રતા એટલે "**મોહ**" પરનો મુમુક્ષુનો, સંપૂર્ણ જય !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૮૭)

૮૮

मोहं जहि महामृत्युं देहदारसुतादिषु ।
यं जित्वा मुनयो यान्ति तद्विष्णोः परमं पदम् ॥ ८८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

મોહં જહિ મહામૃત્યું દેહદારસુતાદિષુ ।
યં જિત્વા મુનયો યાન્તિ તદ્વિષ્ણોઃ પરમં પદમ્ ॥ ૮૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- देह-दार-सुत-आदिषु मोहं (तं एव) महामृत्युं जहि, यं (मोहं) जित्वा मुनयः विष्णोः तत् परमं पदं यान्ति ॥ ८८ ॥

શબ્દાર્થ :- સદ્‌ગુરુએ અહીં શિષ્યને સીધો જ આદેશ આપ્યો છે કે - **मोहं जहि** । - મોહને હણી નાખ, મોહનો નાશ કર; **हन्**-"હણવું", એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ - **जहि**. શાના પ્રત્યેનો મોહ ? **दार** - એટલે સ્ત્રી, પત્ની. સંસ્કૃત-ભાષાની એક વિશિષ્ટતા (કે વિચિત્રતા ?) પ્રત્યે ધ્યાન ખેંચવાનાં પ્રલોભનને હું ટાળી શકતો નથી : "પત્ની" શબ્દની જાતિ, એનું "લિંગ"(Gender) **નારી**-જાતિ છે, સ્ત્રી-લિંગ (Feminine Gender)છે, અને તે એક જ જાતિ (Gender) પત્નીવાચક શબ્દોની હોય, હોવી જોઈએ, એવી સમજ, સામાન્ય રીતે સહુ કોઈની સહુની હોય; પરંતુ સંસ્કૃત-ભાષામાં **પત્ની**(wife) માટે, **નાન્યતર** (Neuter) તો ઠીક, પણ **નર**-જાતિ (Masculine Gender)માં પણ શબ્દ મળે

છે !-कलत्रम् (नान्यतर-જાતિ) અને અહીં જે શબ્દ પ્રયોજાયો છે તે, - दारः (नरજાતિ, પુંલિંગ). सुत - એટલે પુત્ર; ટૂંકમાં, દેહ, સ્ત્રી(પત્ની), પુત્ર વગેરેમાંનો "મોહ" એટલે જ "**महामृत्यु**".

અને આ મોહ અંગે એક વધારાની વાત અહીં એ જણાવવામાં આવી છે કે આ મોહ તે છે, જેને જીતીને (**जित्वा**), મુનિઓ (**मुनयः**) વિષ્ણુનાં તે(**तत्**) પરમ પદ(**परमं पदं**)ને પામે છે, પ્રાપ્ત કરે છે (**यान्ति**). (૮૮)

અનુવાદ :– જેને જીતીને મુનિઓ વિષ્ણુનાં તે પરમ-પદને પામે છે તે દેહ-પત્ની-પુત્ર વગેરેમાંના, મહામૃત્યુ સમા મોહને તું હણી નાખ, (એટલે કે, તેનો નાશ કર, તેનો ત્યાગ કર, તેનાથી મુક્ત થઈ જા.) (૮૮)

ટિપ્પણ :– આ જગત અને તેમાંના બધા જ પદાર્થો અનિત્ય છે, સાન્ત (સ+અન્ત)છે, વિનાશશીલ છે; આમ છતાં સામાન્ય માણસને તો શરીર, પત્ની, પુત્ર, ધન વગેરેનો મોહ વળગે, તે સ્વાભાવિક છે; પરંતુ જે મોક્ષાર્થી છે, શ્રેયાર્થી છે, તેણે તો મોહનું સ્વરૂપ સમજવું અને તેને આત્મસાત્ કરવું જ રહ્યું. આ શ્લોકમાં આજ્ઞા આપવામાં આવી છે(**मोहं जहि**) તેમ, જો તે મોહ-મુક્ત ન બને તો, તેની મોક્ષપ્રાપ્તિની સદ્‌ભાવના માટે તે મોહ "મહામૃત્યુ" જ બની રહે : અંગ્રેજી ભાષાનાં રૂઢિવાક્યને પ્રયોજતાં કહી શકાય કે આ "**મોહ**", તેની મોક્ષપ્રાપ્તિ માટે, Sounds a death-knell !

આ અનુસંધાનમાં, એક બીજી વાત પણ નોંધપાત્ર છે કે આ શ્લોકમાં જેનો ઉલ્લેખ થયો છે તે **विष्णु** એટલે વિશ્વના પાલક "વિષ્ણુ" નથી. **विष्** એટલે 'વ્યાપી જવું' - એ ધાતુ પરથી બનેલો 'વિષ્ણુ'-શબ્દ એટલે સર્વવ્યાપી પરમાત્મા, નિર્ગુણ પરમતત્ત્વ, બ્રહ્મ, પરબ્રહ્મ. ऋग्वेदમાંના **પાંચ** સૌર દેવતાઓ(Solar deities)- સૂર્ય, સવિતૃ, પૂષન્, **વિષ્ણુ** અને મિત્ર,-માંના **"વિષ્ણુ"** એટલે પણ સૂર્યનું વ્યાપનશીલ (Pérvasion) પાસું.

तद् विष्णोः परमं पदम् । - એ શ્રુતિવચન (**કઠોપનિષદ** ૧,૩,૯)માં **વિષ્ણુ**-શબ્દ આ જ અર્થમાં પ્રયોજાયો છે અને **વેદાન્ત**દર્શનને આ અર્થ જ સુ-સંગત લાગે, એ સ્વાભાવિક છે.

શ્રુતિ-સ્મૃતિ અને પૌરાણિક સાહિત્યમાં, નાના-મોટા અનેક મુનિઓ, મોહગ્રસ્ત થઈને, અધઃપતન પામ્યાનાં કથાનકો મળે છે; મોહને જીત્યા પછી જ તેઓ પરમતત્ત્વ પામવાના અધિકારી બની શક્યા છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૮૮)

૮૯

त्वङ् मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसंकुलम् ।
पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥ ८९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जास्थिसंकुलम् ।
पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥ ८९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– त्वङ्-मांस-रुधिर-स्नायु-मेदः-मज्जा-अस्थि-संकुलं मूत्रपुरीषाभ्यां पूर्णं इदं स्थूलं वपुः निन्द्यं(अस्ति) ॥ ८९ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : **इदं स्थूलं वपुः निन्द्यं** (अस्ति) । આ સ્થૂલ શરીર(**वपुः**) નિન્દ્ય છે, નિન્દાને પાત્ર છે, વખોડવા-વગોવવા જેવું છે. આ શરીર કેવું છે ? આ માટે બે વિશેષણો આપવામાં આવ્યાં છે : **त्वङ्-मांस-रुधिर-स्नायु-मेदः-मज्जा-अस्थि-संकुलं** અને **मूत्रपुरीषाभ्यां पूर्णम्**. પહેલું તો એ કે આ સ્થૂલ શરીર આટલા પદાર્થોનો બનેલો સમૂહ છે, એ બધાનું માળખું છે(**संकुलं**) : ત્વચા-ચામડી (**त्वङ्**), માંસ, લોહી(**रुधिर**), સ્નાયુ, મેદ(ચરબી, Fat), મજ્જા(હાડકાં અને માંસ વચ્ચેનો રસ, Marrow, pith), અને હાડકાં(**अस्थि**). અને **બીજું** એ કે આ સ્થૂલ શરીર મળ અને મૂત્રથી ભરેલું છે. (૮૯)

અનુવાદ :– ચામડી, માંસ, લોહી, સ્નાયુ, મેદ, મજ્જા અને હાડકાંના સમૂહરૂપ અને મળ-મૂત્રથી ભરેલું આ સ્થૂલ શરીર નિંદાને પાત્ર છે. (૮૯)

ટિપ્પણ :– આ પહેલાં, અનર્થનાં મૂળ જેવા મોહનાં નિન્દ્યરૂપનું પ્રતિપાદન, બે શ્લોકોમાં કરવામાં આવ્યું. એ મોહને 'મહામૃત્યુ' તરીકે વર્ણવવામાં આવ્યો.

પરંતુ એ મોહનું મૂળ તો આ સ્થૂલ શરીર પ્રત્યેની મનુષ્યની આસક્તિ છે, એટલે હવે આ સ્થૂલ શરીર શા માટે નિન્દાપાત્ર છે, એની વીગતો, પાંચ શ્લોકોમાં વિસ્તારવામાં આવી છે.

એક વાત બરાબર સમજી લેવાની છે કે આચાર્યશ્રી જેવા જ્ઞાનીઓ અને તત્ત્વચિંતકોને સ્થૂલ શરીર પ્રત્યે કશા તિરસ્કાર-દ્વેષ-નફરત કે પૂર્વગ્રહ નથી, આવા આ શરીરનું મૂલ્ય પણ તેઓ સમજે જ છે. સુદીર્ઘ અને સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય પામવા માટે આ શરીર આવશ્યક છે અને પોતાને સોંપાયેલી ફરજો(ધર્મ)ને સુયોગ્યરીતે પરિપૂર્ણ કરવા માટે પણ, આ શરીર જ સૌપ્રથમ (**आद्यं**) અને શ્રેષ્ઠ સાધન છે : **शरीरमाद्यं खलु धर्मसाधनम्** । (**"કુમારસંભવ"** ૫. ૩૩). અનેક પ્રકારના રોગોનો ભોગ બનેલ, અને ખાટલે પડેલો માણસ, આવાં શરીરે, પોતાની કશી જ ફરજો બજાવી શકે નહીં, એ દેખીતું છે; એટલે ઈશ્વરની અમૂલ્ય ભેટ સમાં જીવનના આધારરૂપ આ સ્થૂલ શરીરનું અવમૂલ્યન કરવાનો પણ કશો ઉદ્દેશ નથી.

તો પછી આવાં ઉપયોગી શરીરની નિંદા શા માટે ?

આ સવાલ અને એને પૂછવા પાછળનું કારણ, - બંને સાચાં છે. પરંતુ આ શરીરની મર્યાદા પણ સમજી લેવી જોઈએ : આવું આ શરીર પણ, અંતે તો, માત્ર એક **'સાધન'** જ છે, ઉપર્યુક્ત અવતરણમાં પણ એને **"સાધન"** જ કહેવામાં આવ્યું છે. જીવનનું **સાધ્ય** એ નથી, **સાધ્ય** બનવા માટે એની કશી ક્ષમતા પણ નથી. વેદાંત-વિદ્યાના સહુ જાણકારો તો એકીઅવાજે (Unanimously) કહે જ છે કે મનુષ્યનું

એકમાત્ર **સાધ્ય** મોક્ષ-પ્રાપ્તિ અને પરમતત્ત્વનો સાક્ષાત્કાર છે; એટલું જ નહીં પરંતુ આ સાધ્યને સંપન્ન કરવામાં, આ શરીરનાં ઉપયોગીપણાની અને એની સાધનરૂપતાની મર્યાદા જો યોગ્યરીતે સમજવામાં ન આવે તો, એ જ એક મોટું વિઘ્ન બની રહે છે.

અને એટલે જ, શરીરનાં સાધનત્વને ઓળંગીને આગળ વધનારાં સાધકોને, આચાર્યશ્રી, આદેશ આપે છે કે, - "Thus far, and no further !"

"ભલા માણસ, જરા ઊઘાડી આંખે જો તો ખરો : સુંદર અને આકર્ષક દેખાતું આ શરીર શાનું બનેલું છે ? એમાં શું શું ભરેલું છે ? જોતાં જ ચીતરી ચડે, આંખ અને નાક બંધ કરવાનું મન થાય એવી, કેટલી જુગુપ્સાજનક(Disgusting) વસ્તુઓનું એ માળખું છે ? લોહી-માંસ-મેદ-મજ્જા અને હાડકાં ! અને આટલું ઓછું હોય તેમ, જુગુપ્સાની પરાકાષ્ઠા જેવાં મળ અને મૂત્ર !

આ બધાંને લક્ષમાં લીધાં વિના, તું તો, બસ, આ બધી ગંદી વસ્તુઓને ઢાંકતી, એક ચામડીને જ, જુએ છે !" આપણા પૌરસ્ત્ય ચિંતકોનું સમર્થન કરતા હોય તેમ, પાશ્ચાત્ય ચિંતકોએ પણ મનુષ્ય-શરીરનાં બાહ્ય, કહેવાતાં(so-called) સૌન્દર્યની આમ કહીને, સ્પષ્ટ **"નિન્દા"** કરી જ છે :-

"Beauty is skin-deep !"

શરીર-સૌન્દર્યનું ઊંડાણ કેટલું ? બસ, ચામડી જેટલું જ ! એની નીચે ? એની અંદર ? માત્ર કાદવ-કીચડ, અને મળ-મૂત્ર વગેરેની પારવાર ગંદકી !

અંદર ગંદકી અને બહાર સ્વચ્છતા ! અંદર કુરુપતા અને બહાર સુંદરતા ! આવાં શરીરની તે પ્રશંસા કરવાની હોય કે નિન્દા ?

ઈશ્વરસાક્ષાત્કારરૂપી શાશ્વત સત્યને પામવામાં જે **"મોહ"**ને 'મહામૃત્યુ' કહેવામાં આવ્યો હતો, તે 'મોહ'નાં મૂળમાં આવાં સ્થૂલ શરીર પ્રત્યેની આસક્તિ છે.

અને એટલે, આવાં શરીરની નિન્દ્યતા પ્રસ્થાપિત કર્યા સિવાય, અધ્યાત્મમાર્ગી અને મોક્ષસાધનાપંથી માટે, અન્ય કશો વિકલ્પ નથી.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૮૯)

૯૦

पंचीकृतेभ्यो भूतेभ्यः स्थूलेभ्यः पूर्वकर्मणा ।
समुत्पन्नमिदं स्थूलं भोगायतनमात्मनः ।
अवस्था जागरस्तस्य स्थूलार्थानुभवो यतः ॥ ९० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

પંચીકૃતેભ્યો ભૂતેભ્યઃ સ્થૂલેભ્યઃ સ્વકર્મણા ।
સમુત્પન્નમિદં સ્થૂલં ભોગાયતનમાત્મનઃ ।
અવસ્થા જાગરસ્તસ્ય સ્થૂલાર્થાનુભવો યતઃ ॥ ૯૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– पंचीकृतेभ्यः स्थूलेभ्यः भूतेभ्यः स्वकर्मणा समुत्पन्नं आत्मनः भोगायतनं इदं स्थूलं शरीरं (अस्ति); अस्य अवस्था जागरः (अस्ति), यतः स्थूलार्थानुभवः (भवति) ॥ ९० ॥

शब्दार्थ :– આ શ્લોકમાં ત્રણ વાક્યો છે, તેમાંનું પહેલું આ પ્રમાણે છે : इदं स्थूलं शरीरं आत्मनः भोगायतनं (अस्ति) ।

જેની ચર્ચા ચાલી રહી છે, તે આ સ્થૂલ શરીર, જીવાત્માના ભોગો માટેનું અધિષ્ઠાન છે, સ્થાન છે, એ માટેનો આધાર (आयतनं) છે. આત્માનું આ 'ભોગાયતન' કેવું છે ? पंचीकृतेभ्यः स्थूलेभ्यः भूतेभ्यः समुत्पन्नम् - પંચીકરણ પામેલાં, સ્થૂલ, પંચમહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલું. (પૃથ્વી, જળ, તેજ અથવા અગ્નિ, વાયુ અને આકાશ, - આ પાંચ મહાભૂતોનાં 'પંચીકરણ'ની વીગતો, એની પ્રક્રિયા, આ પહેલાં, શ્લોકો ૭૫-૭૬માં આપવામાં આવી છે, એટલે અહીં, ફરી વાર, એનું પુનરાવર્તન કરવાની જરૂર રહેતી નથી.) આ 'ભોગાયતન'ની ઉત્પત્તિ, શેના આધારે, શાના વડે કરવામાં આવી છે ? कर्मणा - જીવાત્માનાં પોતાનાં પૂર્વ કર્મો વડે, એના જ અગાઉનાં, આ પહેલાંનાં જન્મોમાંનાં, કર્મોના આધારે.

બીજું વાક્ય આ પ્રમાણે છે : अस्य अवस्था जागरः (अस्ति) । આની, આ જીવાત્માની અવસ્થા **"जाग्रत्"** (जागरः) છે.

અને **ત્રીજું** વાક્ય તો, આ બીજાં વાક્યનો જ પેટા-ભાગ છે, એનું જ ગૌણવાક્ય (Subordinate clause) છે, આ પ્રમાણે : यतः (अस्य जीवात्मनः) स्थूलानुभवः (भवति) । જેમાં, જેનાથી, જેનાં કારણે (यतः), આ જીવાત્માને સ્થૂલ પદાર્થોનો અનુભવ થાય છે.

વેદાન્ત-દર્શનના સિદ્ધાંત પ્રમાણે, આત્માની, આ પ્રમાણે, **ત્રણ** 'અવસ્થા'ઓ સ્વીકારવામાં આવી છે : જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ. (૯૦)

અનુવાદ :– આ સ્થૂલ શરીર તો, પંચીકરણ પામેલાં સ્થૂલ પાંચ-મહાભૂતોમાંથી, (જીવાત્માના) પૂર્વ-કર્મો વડે ઉત્પન્ન થયેલું, જીવાત્માના ભોગો માટેનું અધિષ્ઠાન છે. આ(જીવાત્મા)ની 'અવસ્થા' જાગ્રત્ છે, જેમાં સ્થૂલ પદાર્થોનો (તેને) અનુભવ થાય છે. (૯૦)

ટિપ્પણ :– "જન્મ્યો તેનું મૃત્યુ, ચોક્કસ, અને મર્યો, તેનો પુનર્જન્મ, નક્કી,"- એવું એક સનાતન વિધાન ભગવાન શ્રીકૃષ્ણે "**श्रीमद्भगवद्गीता**"માં કર્યું છે :-

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ॥ (२, २७)

ગીતાનું આ ભગવદ્-વચન, આ શ્લોકમાંના पूर्वकर्मणा समुत्पन्नं - એ શબ્દો માટે સમર્થન-રૂપ બની રહે છે : આ સ્થૂલ શરીર જીવાત્મા માટે 'ભોગાયતન' તો બને છે; પરંતુ આ 'ભોગાયતન'ના પાયામાં જીવાત્માનાં પૂર્વ-કર્મોનો ફાળો મુખ્ય છે. જેવાં તે કર્મો હશે, તેના આધાર પર આ 'ભોગાયતન'ની રચના હશે.

હવે જો સ્થૂલ શરીર, આ રીતે, જીવાત્મા માટેના ભોગોનાં અધિષ્ઠાન-રૂપ હોય તો, એની ભોગાવસ્થા દરમિયાન, જીવાત્માનો, આ સ્થૂલ શરીર સાથેનો, સંબધ કેવો હોય છે ? - એ સવાલ ઊભો થાય છે, અને એટલે જ, આ સવાલના જવાબ તરીકે, જણાવવામાં આવ્યું છે કે શરીર સાથેની જીવાત્માની ભોગ-ક્રિયા માટે, તેની ત્રણ 'અવસ્થાઓ' (જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ) પૈકી, માત્ર એક જ અવસ્થા - 'જાગ્રત્'(जागरः)ની મર્યાદા બાંધવામાં આવી છે. જીવાત્માને પોતાના 'ભોગાયતન'-રૂપી આ રાજમહેલમાં, સ્થૂલ શરીરના સંપર્કમાં રહીને જે કંઈ લીલાઓ-ક્રીડાઓ માણવી હોય તે, માત્ર આ એક જ અવસ્થા("जाग्रत्") દરમિયાન કરી શકે છે, કારણ કે તેમાં જ, તે અવસ્થા દરમિયાન જ, તેને સ્થૂલ પદાર્થોનો અનુભવ થાય છે (**यतः तस्य स्थूलानुभवः अस्ति ।**). એટલે બીજી, એક વાત એ પણ સ્પષ્ટ થઈ ગઈ કે જીવાત્માને સ્થૂલ શરીર સાથે કશો જ સંબંધ, 'સ્વપ્ન' અને સુષુપ્તિ, - એ બે અવસ્થાઓ દરમિયાન રહેતો નથી.

એક ઝીણો અને નાનકડો, છતાં અગત્યનો મુદ્દો, કોઈક મેધાવી શ્રેયાર્થીનાં મનમાં, એ પણ ઉપસ્થિત થાય કે જીવાત્મા તો નિરાકાર છે; તે, વળી, સુખદુઃખને ભોગવે શી રીતે ? આ મુદ્દો જેટલો ચિંત્ય છે, તેટલો જ ચિંતનપ્રેરક પણ છે. અધ્યાત્મશાસ્ત્રમાં આ મુદ્દા અંગે, આ પ્રમાણે, ઉકેલ નક્કી કરવામાં આવ્યો છે : મૃત્યુ પછી, સ્થૂલ શરીર તો ભસ્મસાત્ થઈ જાય છે, પરંતુ ઉપર કહ્યું તે પ્રમાણે, જીવાત્મા પુનર્જન્મે, **સ્વકર્મણા** નવું શરીર ધારણ કરે છે **અને વેદાન્ત**ની પરિભાષામાં, જીવાત્મા, તે શરીરનો **"अभिमानी"** બને છે. તે પોતે જ, આ કારણે, સ્થૂલશરીરમાં 'મમ-ભાવ' ઉત્પન્ન કરે છે અને આ રીતે, સ્થૂલ શરીરને પોતાનાં સુખદુઃખ ભોગવવાનું સાધન સમજીને, પોતાની 'જાગ્રત્' - અવસ્થા દરમિયાન, એ જ શરીર-રૂપી પોતાનાં 'ભોગાયતન'માં, સંસારના સર્વ સ્થૂલ પદાર્થોનો અનુભવ પોતાની ઇન્દ્રિયો દ્વારા મેળવે છે.

એક આનુષંગિક વાત પણ અહીં નોંધવાની રહે છે કે અહીં આ શ્લોકમાં, બેને બદલે ત્રણ પંક્તિઓ છે. હવે પછી પણ ગ્રંથમાં ક્યાંક-ક્યાંક આવું બનશે. ગ્રંથકારની અનુકૂળતા પ્રમાણે, આવી પરંપરા **રામાયણ-મહાભારત**થી શરૂ થઈ છે.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૯૦)

૯૧

बाह्येन्द्रियैः स्थूलपदार्थसेवां
स्रक्चन्दनस्त्र्यादिविचित्ररूपाम् ।
करोति जीवः स्वयमेतदात्मना
तस्मात् प्रशस्तिर्वपुषोऽस्य जागरे ॥ ९१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

બાહ્યેન્દ્રિયૈઃ સ્થૂલપદાર્થસેવાં
સ્રક્ચન્દનસ્ત્યાદિવિચિત્રરૂપામ્ ।
કરોતિ જીવઃ સ્વયમેતદાત્મના
તસ્માત્ પ્રશસ્તિર્વપુષોઽસ્ય જાગરે ॥ ૯૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– જીવઃ સ્વયં એવ એતદ્ (શરીરં ઇતિ બુદ્ધ્યા) આત્મના બાહ્યેન્દ્રિયૈઃ સ્રક્-ચન્દન-સ્ત્રી-આદિવિચિત્રરૂપાં સ્થૂલપદાર્થસેવાં કરોતિ, તસ્માદ્ અસ્ય વપુષઃ પ્રશસ્તિઃ જાગરે અસ્તિ ॥ ૯૧ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : જીવઃ સ્થૂલપદાર્થસેવાં કરોતિ । જીવાત્મા (જીવઃ) સ્થૂલ ભોગ્ય પદાર્થોને (સ્થૂલ-પદાર્થ) સેવે છે, ભોગવે છે (સેવાં કરોતિ). આ સ્થૂલ પદાર્થો કેવા છે ? સ્રક્-ચન્દન-સ્ત્રી-આદિ-વિચિત્રરૂપામ્ - માળા (સ્રક્), ચંદન, સ્ત્રી વગેરે અનેકવિધ, જૂદા જૂદા પ્રકારનાં, - એવાં રૂપોવાળા; જીવ આ પદાર્થોને કેવી રીતે સેવે છે ? ભોગવે છે ? આ બે રીતે, - (૧) પોતે(સ્વયં) 'આ (એતદ્ શરીરં) શરીર' છે, તેવી બુદ્ધિ-સમજણથી, આ સ્થૂલ શરીર સાથે તાદાત્મ્ય સાધીને, પોતે જ 'આ શરીર છે,' - એવા પ્રતીતિ-ભાવથી; (૨) નેત્ર વગેરે બાહ્ય-બહારની ઇન્દ્રિયોની મદદથી(બાહ્ય-ઇન્દ્રિયૈઃ).

પ્રશસ્તિ એટલે પ્રાધાન્ય, પ્રધાનતા, મહત્ત્વ, મહિમા. તસ્માત્-તેથી, તે કારણે; ઉપર સ્પષ્ટ કરવામાં આવ્યું એ રીતે. તેથી શું ? એ જ કે અસ્ય વપુષઃ પ્રશસ્તિઃ જાગરે (અસ્તિ ।) આ સ્થૂલ શરીરનું (અસ્ય વપુષઃ) પ્રાધાન્ય (પ્રશસ્તિઃ) જાગ્રત્ અવસ્થામાં(જાગરે) (અસ્તિ) છે. (૯૧)

અનુવાદ :– પોતે જ 'આ શરીર છે' એમ સમજીને જ, જીવાત્મા, માળા, ચંદન, સ્ત્રી વગેરે વિવિધ પ્રકારનાં રૂપોવાળાં સ્થૂળ ભોગ્ય પદાર્થોને, બાહ્ય ઇન્દ્રિયો વડે, ભોગવે છે, તેથી આ સ્થૂલ શરીરનું મહત્ત્વ જાગ્રત્ અવસ્થામાં છે.(૯૧)

ટિપ્પણ :– મોક્ષાર્થી સાધકે, મોક્ષની પોતાની સાધનામાં **'સાધન'**રૂપ એવા આ સ્થૂલ શરીરનું મૂળભૂત સ્વરૂપ સમજી લેવું જોઈએ. જીવાત્મા પોતે ભલે અવિનાશી અને અવિકારી હોય, પરંતુ તે પોતે જ સ્થૂલ શરીર પ્રત્યે અહંભાવ કે મમભાવ કેળવીને (સ્વયં એતદ્ આત્મના), જેની સાથે તાદાત્મ્ય સાધીને, જેનો **"અભિમાની"** બનીને, બાહ્ય ઇન્દ્રિયો વડે(બાહ્યૈન્દ્રિયૈઃ), સુખદુઃખ ભોગવે છે, તે સ્થૂલ શરીર સંપૂર્ણરીતે 'વિકારી' અને વિનાશશીલ છે.

આ શરીર સાથે, જન્મથી તે મરણ સુધી, ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છ વિકારો (ષડ્-ભાવ-વિકારાઃ) આ પ્રમાણે છે : - અસ્તિ (**"છે"** એટલે કે તે ગર્ભમાં છે), જાયતે (પછી, તે **"જન્મે છે"**), વર્ધતે (ત્યારપછી, **"તે વધતું જાય છે"**, પુખ્ત બનતું રહે છે), વિપરિણમતે (**"એ વૃદ્ધ બને છે"**, એટલે કે "ઓલ્ડ(Old)" નહીં,

પરંતુ પોતાના વિકાસની પરાકાષ્ઠાએ, વિવર્ધન-પ્રક્રિયાની અંતિમ કક્ષાએ પહોંચે છે), અપક્ષીયતે (પછી તે **ધીમે ધીમે ક્ષીણ થતું જાય છે**) અને અંતે વિનશ્યતિ ("**વિનાશ પામે છે**", મરણ પામે છે.)

જીવનનો મુખ્ય ઉદ્દેશ ભલે મોક્ષપ્રાપ્તિ હોય, છતાં સ્થૂલ શરીરનાં આવાં વિકારી-વિનાશી સ્વરૂપનું જ્ઞાન તેના માટે અનિવાર્ય બને છે :-

षड् भावविकाराः भवन्ति इति वार्ष्यायणिः । -

जायते, अस्ति, विपरिणमते, वर्धते, अपक्षीयते, विनश्यति ॥

આ છ ભાવવિકારોનાં નામો, યાસ્કાચાર્યે(ઈ.સ. પૂર્વે ૭૦૦), પોતાના ગ્રંથ **નિરુક્ત**માં, 'વાર્ષ્યાયણિ'-નામના પોતાના કોઈક પુરોગામીના મત તરીકે, ઉદ્‌ધૃત (Quote)કર્યાં છે; એટલે જીવાત્માની આ પરિસ્થિતિની વિભાવના(Concept) કેટલી પ્રાચીન છે, એ સ્પષ્ટ બને છે.

અને આ પહેલાં ચોખવટ કરવામાં આવી છે તે જ વાત પ્રત્યે આ શ્લોકમાં પણ ધ્યાન ખેંચવામાં આવ્યું છે તે પ્રમાણે, આ સ્થૂલ શરીરનો મહિમા, એનું પ્રાધાન્ય, ત્રણ અવસ્થાઓમાંથી માત્ર "જાગ્રત્" અવસ્થામાં જ છે.

જીવાત્મા પોતાની બાહ્ય આંખ, નાક, કાન વગેરે ઇન્દ્રિયો વડે જે અનેક ભોગ્ય પદાર્થોને ભોગવે છે, તેનાં વિવિધ સ્વરૂપો તો સર્વપરિચિત છે :- સ્ત્રીપુરુષ-સમાગમ, વસ્ત્રાલંકારો, પુષ્પમાળાઓ અને ચંદનલેપ વગેરે.

શ્લોકનો **છંદ : ઉપજાતિ (૯૧)**

૯૨

सर्वोऽपि बाह्यसंसारः पुरुषस्य यदाश्रयः
विद्धि देहमिदं स्थूलं गृहवद् गृहमेधिनः ॥ ९२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

सर्वोऽपि बाह्यसंसारः पुरुषस्य यदाश्रयः ।
विद्धि देहमिदं स्थूलं गृहवद् गृहमेधिनः ॥ ९२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- पुरुषस्य सर्वः अपि बाह्यसंसारः यदाश्रयः, गृहमेधिनः गृहवत् इदं स्थूलं देहं विद्धि ॥ ९२ ॥

શબ્દાર્થ :- यदाश्रयः (यद्-आश्रयः) જેના આશ્રયે, જેના આધારે, पुरुषस्य सर्वः अपि बाह्यसंसारः (भवति, संभवति) । પુરુષનો, એટલે કે જીવાત્માનો બધો જ, સંપૂર્ણ, બહારનો સંસાર, જીવન-વ્યવહાર, બહારનાં જગતની તેની પ્રતીતિ, અનુભૂતિ થાય છે, તેને આ સ્થૂલ શરીર સમજી લે, જાણી લે, સ્વીકારી લે(विद्धि). જીવાત્માનો આ આશ્રય કેવો છે ? ગૃહસ્થનાં ઘર જેવો જ. गृहमेधिन् એટલે ગૃહસ્થ, સંસારી.. (૯૨)

અનુવાદ :– જેના આધારે પુરુષનો (એટલે કે જીવાત્માનો) સંપૂર્ણ બાહ્ય સંસાર-વ્યવહાર ચાલે છે તે, ગૃહસ્થનાં ઘર જેવું જ, આ સ્થૂળ શરીર છે, એમ સમજી લે. (૯૨)

ટિપ્પણ :– પેલા છ ભાવ-વિકારો(**षड् भावविकाराः**)માંના **जायते** પછી, એટલે કે જન્મ પછી, જીવાત્મા(એ પોતે તો નિરાકાર હોવાથી)ને રહેવા માટે કોઈક આશ્રય તો જોઈએને ? એ આશ્રય એટલે જ આ 'સ્થૂલ શરીર', અગાઉ કહ્યું તેમ, એનું 'ભોગાયતન'. પરણ્યા પછી, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા પછી, ગૃહસ્થ વ્યક્તિનાં માટે, સંસાર-વ્યવહાર ચલાવવા માટે જેવું ઘર, એવું જ, જીવાત્મા માટે, સંપૂર્ણ બાહ્ય સંસારની પ્રતીતિ માટે, આ સ્થૂલ શરીર છે, જેમાં અહંભાવ કેળવીને, જેમાં 'હું' અને "મારું" એવા મમ-ભાવની ભાવના ઊભી કરીને, જેનો હું "અભિમાની" બનીને, તે પોતે વિવિધ ભોગો ભોગવે છે.

અહીં પણ, અગાઉના "**नर**" શબ્દની જેમ, જીવાત્મા માટે "પુરુષ"-શબ્દ પ્રયોજ્યો છે તે, સૂચક છે.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૯૨)

૯૩

स्थूलस्य संभवजरामरणानि धर्माः
स्थौल्यादयो बहुविधाः शिशुताद्यवस्थाः ।
वर्णाश्रमादिनियमा बहुधा यमाः स्युः
पूजावमानबहुमानमुखा विशेषाः ॥ ९३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

स्थूलस्य संभवजरामरणानि धर्माः
स्थौल्यादयो बहुविधाः शिशुताद्यवस्थाः ।
वर्णाश्रमादिनियमा बहुधा यमाः स्युः
पूजावमानबहुमानमुखा विशेषाः ॥ ९३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (अस्य) स्थूलस्य(शरीरस्य) संभव-जरा-मरणानि, स्थौल्य-आदयः धर्माः, बहुविधाः शिशुता-आदि-अवस्थाः (सन्ति), वर्णाश्रमादिनियमाः यमाः (च) बहुधा स्युः, पूजावमानबहुमानमुखाः विशेषाः (च) स्युः ॥ ९३ ॥

શબ્દાર્થ :– મોક્ષાર્થી સાધક પોતાનાં સ્થૂલ શરીરનાં મૂળભૂત-મૌલિક (Original, Fundamental) સ્વરૂપને બરાબર સમજે, ઓળખી લે, અને તેનાં પરિણામે, એના પ્રત્યે એક પ્રકારની ઉદાસીનતા (Indifference, Apathy) કેળવે, એવા શુભ ઉદ્દેશથી, મનુષ્યનાં સાંસારિક જીવનમાં, આ સ્થૂલ શરીર સાથે, એની

સમગ્ર કારકિર્દી દરમિયાન, કઈ કઈ, કેવી કેવી, અને કેટલી પરિસ્થિતિઓ, અવસ્થાઓ અને અનુભૂતિઓ સંકળાય છે, એનું એક તાદૃશ શબ્દચિત્ર અહીં આપવામાં આવ્યું છે :

આખા શ્લોકમાંથી ઉપસતું મુખ્ય (અને એક જ) વાક્ય આ પ્રમાણે છે : (अस्य) स्थूलस्य (शरीरस्य)... (ईदृशाः) धर्माः... अवस्थाः...यमाः...विशेषाः (च)... स्युः । આ શરીર સાથે (આટલાં, આવાં) ધર્મો, અવસ્થાઓ, યમ-નિયમો (यमाः).. અને વિશેષતાઓ (विशेषाः) સંકળાય છે. **'धर्मो'** કયા, કેવા, કેટલા ? જન્મ (संभव), ઘડપણ(जरा), મરણ અને સ્થૂળતા(જાડાપણું, કૃશતા એટલે દૂબળાપણું) વગેરે. અને **'અવસ્થાઓ ?'** શૈશવ-બાળપણ (शिशुता, પછી યૌવન, પ્રૌઢતા)વગેરે બહુ પ્રકારની बहुविधाः. **'यम-नियमो'** ? વર્ણો, આશ્રમો વગેરે તથા તે તે વર્ણો અને આશ્રમોને લગતા અનેકવિધ (યમ-નિયમો); અને **'विशेषताओ ?'** - પૂજા, અપમાન (अवमान), બહુમાન વગેરે જેમાં મુખ્ય છે, તેવી (....मुख्याः). (૯૩)

અનુવાદ :– (આ) સ્થૂલ(શરીર)નાં, જન્મ-ઘડપણ-મરણ-સ્થૂળતા, - વગેરે ધર્મો છે, શૈશવ વગેરે બહુ પ્રકારની અવસ્થાઓ છે, વર્ણો-આશ્રમોના યમો-નિયમો પણ અનેક પ્રકારના છે, અને પૂજા-અપમાન-બહુમાન વગેરે જેમાં મુખ્ય છે, એવી એની વિશેષતાઓ પણ છે. (૯૩)

ટિપ્પણ :– મનુષ્ય સમજણો થાય ત્યારપછી, જો તે મનુષ્યજીવનની સાચી સાર્થક્તા સમજતો હોય તો, તેણે પોતાને, પોતાની જાતને, આવો પ્રશ્ન પૂછવો જોઈએ : "હું કોણ છું ? શું છું ?" પરંતુ આનો ઉત્તર કોણ આપે ? માનસશાસ્ત્રીય પૃથક્કરણ (Psychological Analysis) અનેક સંશોધનોનાં પરિણામે એવું પ્રતિપાદન કરે છે (જરા વિચિત્ર લાગે તેવું !) કે, દરેક માણસ પોતે **એક** નથી પણ **બે** છે ! **એક**, જે, બાહ્ય રીતે દેખાય છે તે; અને **બીજો**, જે, દેખાતો નથી છતાં "છે" - અંદર, ભીતર, એનો અંતરાત્મા - (Conscience). મનુષ્ય સંપૂર્ણરીતે તટસ્થ રહીને, સાક્ષીભાવે, પોતાની અંદર-ભીતર, સૂક્ષ્મ દૃષ્ટિ કરી શકે, આંતર-દર્શન કરી શકે તો, તે ખરેખર, કોણ છે, કેવો છે, શું છે, - એનો સાચો ખ્યાલ આવે. આમ તો, મનુષ્ય, દેખીતી રીતે, **એક** જ, છે, છતાં તેનું સાચું સ્વરૂપ તો, તે પોતે જ જાણી-સમજી-સ્વીકારી-ઓળખી શકે એવું તો અંદરનું જ છે !

બીજી એક મુદ્દાની અને પાયાની વાત : હું 'શરીર' છું કે 'આત્મા'-(જીવાત્મા) છું ? હું, મારી ઓળખાણમાં, 'યુવાન-વૃદ્ધ', 'જાડો-દુબળો', 'બ્રાહ્મણ-વૈશ્ય', 'બ્રહ્મચારી-ગૃહસ્થ', 'સુખી-દુઃખી', 'અપમાનિત-સન્માનિત', - આવું કશું સાંકળું છું ? આ સવાલનો જવાબ જો "હા"માં હોય તો, એનો એક જ અર્થ, એનું એક જ તાત્પર્ય, - કે હું હજુ સ્થૂલ શરીર જ છું; એનાથી, એની મર્યાદાઓથી 'પર' નથી થઈ શક્યો, અને તેથી મોક્ષપ્રાપ્તિ માટેની કશી પાત્રતા નથી !

આવી પાત્રતા તો ત્યારે જ મળે કે શરીરધારી હોવા છતાં, શરીરમાં અને શરીર સાથે જ રહેતો હોવા છતાં, શરીર અને એની ઉપર્યુક્ત સર્વ મર્યાદાઓથી "સો-ટકા" પર થઈને, - હું, ખળખળીને, એમ કહી શકું કે, - હું તો, બીજું કશું જ નહીં પણ, "આત્મા" છું, "આત્મતત્ત્વ" છું !

સંન્યાસ લેવાનો દૃઢ સંકલ્પ કરીને, આદ્ય-શંકરાચાર્ય, ઘેરથી નીકળીને, સદ્‌ગુરુની શોધમાં, નર્મદાતટ પરના, ગોવિંદાચાર્યના આશ્રમે આવ્યા અને દીક્ષા આપવા તેમને વિનંતી કરી.

ગુરુજીએ તેમને સીધો જ પ્રશ્નો કર્યો કે "તું કોણ છે ?"

આચાર્યશ્રીનાં જીવનચરિત્રમાં નોંધાયું છે તે પ્રમાણે, ક્ષણના પણ વિલંબ વિના, ગુરુજીને, તેમણે પોતાનો પરિચય આ પ્રમાણે, આપ્યો હતો :-

नाहं मनुष्यो न च देवयक्षौ
न ब्राह्मणक्षत्रियवैश्यशूद्राः ।
न ब्रह्मचारी न गृही-वनस्थौ
भिक्षुर्न चाहं निजबोधरूपः ॥ ("हस्तामलकस्तोत्र", २)

("હું 'મનુષ્ય,' 'યક્ષ' કે 'દેવ', - એવી કોઈ યોનિવાળો નથી; હું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર, - એવા કોઈ "વર્ણ"વાળો નથી; હું બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમી કે વાનપ્રસ્થાશ્રમી, એવા કોઈ 'આશ્રમ'વાળો નથી; હું કોઈ 'ભિક્ષુ' પણ નથી : હું તો માત્ર **આત્મજ્ઞાનરૂપ આત્મતત્ત્વ** છું !")

બસ, આ શ્લોકની પાછળનાં તાત્પર્યાર્થને, એમાંનાં હાર્દને સ્પષ્ટ કરવા માટે, આથી વધારે કશું કહેવાની જરૂર રહેતી નથી.

શ્લોકનો છંદ : **વસંતતિલકા** (૯૩)

૯૪

बुद्धीन्द्रियाणि श्रवणं त्वगक्षि
घ्राणं च जिह्वा विषयावबोधनात् ।
वाक्पाणिपादं गुदमप्युपस्थः
कर्मेन्द्रियाणि प्रवणानि कर्मसु ॥ ९४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

બુદ્ધીન્દ્રિયાણિ શ્રવણં ત્વગક્ષિ
ઘ્રાણં ચ જિહ્વા વિષયાવબોધનાત્ ।
વાક્પાણિપાદં ગુદમપ્યુપસ્થઃ
કર્મેન્દ્રિયાણિ પ્રવણાનિ કર્મસુ ॥ ૯૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- શ્રવણં ત્વક્ અક્ષિ ઘ્રાણં જિહ્વા ચ (ઇતિ), વિષયાવબોધનાત્ બુદ્ધીન્દ્રિયાણિ (ઉચ્યન્તે); વાક્પાણિપાદં ગુદં ઉપસ્થઃ ચ (ઇતિ) કર્મસુ પ્રવણાનિ કર્મેન્દ્રિયાણિ (સન્તિ) ॥ ૯૪ ॥

શબ્દાર્થ :– **શ્રવણં** - શ્રોત્ર, કાન; **ત્વક્** - ત્વચા, ચામડી; **અક્ષિ** - નેત્ર, આંખ; **ઘ્રાણં** - નાસિકા, નાક; **જિહ્વા** - જીભ; **વિષયાવબોધનાત્** - (શબ્દ, સ્પર્શ, રૂપ વગેરે) વિષયોનું જ્ઞાન આપતાં હોવાથી; વિષયોના બોધનાં સાધનો હોવાથી. **બુદ્ધિ-ઇન્દ્રિયાણિ (ઉચ્યન્તે)** - બુદ્ધીન્દ્રિયો અથવા જ્ઞાનેન્દ્રિયો (કહેવાય છે); (જ્યારે) **વાક્** - વાણી; **પાણિ** - હાથ; **પાદ** - પગ; **ગુદા** - ગુદા; **ઉપસ્થઃ** - જનનેન્દ્રિય; **કર્મસુ પ્રવણાનિ** - કર્મો કરવામાં પ્રેરતાં હોવાથી, કર્મોમાં પ્રવૃત્ત થતાં હોવાથી, કર્મો કરવાનાં સાધનો હોવાથી; **કર્મેન્દ્રિયાણિ (સન્તિ)** - કર્મેન્દ્રિયો (કહેવાય) છે. (૯૪).

અનુવાદ :– કાન, ચામડી, આંખ, નાક અને જીભ, - એ (પાંચ, શબ્દ વગેરે) વિષયોનું જ્ઞાન આપતાં હોવાથી, જ્ઞાનેન્દ્રિયો (કહેવાય) છે; (જ્યારે) વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ, - (એ પાંચ) કર્મોમાં પ્રવૃત્ત હોવાથી, કર્મેન્દ્રિયો (કહેવાય) છે. (૯૪)

ટિપ્પણ :– આ પહેલાં, સ્થૂલ શરીરનું વર્ણન-વિવરણ, મોક્ષાર્થીનાં જીવનમાં એનું સ્થાન અને મોક્ષાર્થીએ એના પ્રત્યે રાખવાની વિભાવના(Concept), - વગેરે નિરૂપવામાં આવ્યાં.

હવે, આ શ્લોકમાં, આવાં સ્થૂલ શરીરમાંની બે પ્રકારની ઇન્દ્રિયો અને એનાં કાર્યક્ષેત્રનો નિર્દેશ કરવામાં આવ્યો છે : શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ, - એ પાંચ વિષયોનું જ્ઞાન (**વિષયાવબોધનાત્**), અનુક્રમે, કાન(શ્રવણેન્દ્રિય), ત્વચા (સ્પર્શેન્દ્રિય), આંખ (દર્શનેન્દ્રિય), નાક (ઘ્રાણેન્દ્રિય) અને જીભ(રસનેન્દ્રિય, સ્વાદેન્દ્રિય) દ્વારા, થતું હોવાથી, - આ પાંચ "જ્ઞાનેન્દ્રિયો" કહેવાય છે. જ્યારે વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ, - એ પાંચ મારફત, અનુક્રમે બોલવું, ગ્રહણ કરવું (ઊપાડવું, મૂકવું વગેરે), ચાલવું (પરિભ્રમણ), મળત્યાગ અને જનન-પ્રક્રિયા વગેરે (સ્થૂલ) ક્રિયાઓ થતી હોવાથી (**કર્મસુ પ્રવણાનિ**), - એ પાંચ "**કર્મેન્દ્રિયો**" કહેવાય છે.

પરંતુ મોક્ષાર્થીએ તો, આ પહેલાં સ્પષ્ટ અને ભારપૂર્વક આદેશ આપવામાં આવ્યો છે તેમ, આ ઇન્દ્રિયોનાં કર્તા-ભોક્તાપણાં અને એનાં કર્મફળોથી અળગા જ રહેવાનું છે. ઇન્દ્રિયો ભલે પોતાનાં તે તે વિષયો અને ક્ષેત્રોમાં રાચ્યાં કરે, મુમુક્ષુએ તો એ સર્વ ક્રિયાઓના, તટસ્થભાવે, માત્ર સાક્ષી જ રહેવાનું છે, **નિજબોધરૂપઃ**, - એવા આત્મસ્વરૂપે, આત્મ-તત્ત્વ-રૂપે જ રહેવાનું છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૯૪)

૯૫-૯૬

નિગદ્યતેઽન્તઃકરણં મનોધી-
-રહંકૃતિશ્ચિત્તમિતિ સ્વવૃત્તિભિઃ ।
મનસ્તુ સંકલ્પવિકલ્પનાભિ-
ર્બુદ્ધિઃ પદાર્થાધ્યવસાયધર્મતઃ ॥ ૯૫ ॥

अत्राभिमानादहमित्यहंकृतिः
स्वार्थानुसंधानगुणेन चित्तम् ॥ ९६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

નિગદ્યતેઽન્તઃકરણં મનોધી-
રહંકૃતિશ્ચિત્તમિતિ સ્વવૃત્તિભિઃ ।
મનસ્તુ સંકલ્પવિકલ્પનાભિ-
ર્બુદ્ધિઃ પદાર્થાધ્યવસાયધર્મતઃ ॥ ૯૫ ॥
અત્રાભિમાનાદહમિત્યહંકૃતિઃ
સ્વાર્થાનુસંધાનગુણેન ચિત્તમ્ ॥ ૯૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– સ્વવૃત્તિભિઃ અન્તઃકરણં એકં (એવ સત્ અપિ) મનઃ ધીઃ અહંકૃતિઃ ચિત્તં (ચ) ઇતિ નિગદ્યતે; સંકલ્પવિકલ્પનાભિઃ મનઃ, પદાર્થાધ્યવસાયધર્મતઃ બુદ્ધિઃ, અત્ર અહં ઇતિ અભિમાનાત્ અહંકૃતિઃ સ્વાર્થાનુસન્ધાનગુણેન ચિત્તમ્ (ઇતિ કથ્યતે) ॥ (૯૫-૯૬)

શબ્દાર્થ :– અન્તઃકરણં (એકં એવ સત્ અપિ) – **'અંતઃકરણ'** (અંદરની ઇન્દ્રિય) (માત્ર **એક** જ હોવા છતાં); **"છતાં"** એટલે શું ? **"છતાં"** શા માટે ? હવે પછી, તે આ પ્રમાણે, **ચાર** જૂદાં જૂદાં નામો વડે ઓળખાય છે, ચાર જૂદી જૂદી સંજ્ઞાઓ વડે કહેવામાં આવે છે, - એ કારણે. ક્યાં **ચાર** જૂદાં જૂદાં નામ ? - આ ચારઃ **મન**, **બુદ્ધિ** (ધીઃ), **અહંકાર** (અહંકાર) અને **ચિત્ત**.

"અંતઃકરણ"ને આવી **ચાર** જૂદી જૂદી સંજ્ઞાઓ શા માટે આપવામાં આવે છે ? સંકલ્પો અને વિકલ્પોનાં કારણે (**સંકલ્પવિકલ્પનાભિઃ**) તે **"મન"**(**મનઃ**) કહેવાય છે; પદાર્થોના નિશ્ચયરૂપ ધર્મને લીધે, અથવા તે (એટલે કે બુદ્ધિ) પદાર્થોની નિશ્ચાયક બને છે તેથી (**પદાર્થાધ્યવસાયધર્મતઃ**), તે **"બુદ્ધિ"** (**ધીઃ**) - નામથી ઓળખાય છે; અહીં (એટલે કે સ્થૂલ શરીરમાં હું-પણાનાં અભિમાનનાં કારણે (**અત્ર અભિમાનાત્**), તેને **"અહંકાર"** (**અહંકૃતિઃ**) કહેવામાં આવે છે; અને અભિપ્રેત વિષયમાં પરોવાયેલું રહેવાના તેના ગુણ અથવા સ્વભાવને કારણે, અથવા પોતે ઈચ્છેલી વસ્તુનું સતત ચિંતન કરવાની તેની ટેવને કારણે (**સ્વાર્થાનુસન્ધાનગુણેન**), તેને **"ચિત્ત"** એવું નામ આપવામાં આવે છે.

પરંતુ મૂળભૂત રીતે, આ **"અન્તઃકરણ"** છે તો એક જ, તો પછી આવાં ચાર જૂદાં જૂદાં નામો વડે તેને કેમ ઓળખાવવામાં આવે છે ? કેમ કહેવામાં આવે છે (**નિગદ્યતે**) ?

માત્ર એક જ કારણ : પોતાની વિભિન્ન વૃત્તિઓના ભેદને કારણે; પોતાનાં જૂદાં જૂદાં સંવેદનોને લીધે (**સ્વવૃત્તિભિઃ**). (૯૫-૯૬)

અનુવાદ :– **"અંતઃકરણ"** (પોતે તો એક જ હોવા છતાં) પોતાની વિભિન્ન

વૃત્તિઓનાં કારણે, "**मन**", "**બુદ્ધિ**", "**अहंकार**" અને "**चित्त**", - એવાં ચાર નામો વડે તેને ઓળખાવવામાં આવે છે (આ પ્રમાણે) : સંકલ્પો અને વિકલ્પોની એની વૃત્તિઓને લીધે, "**मन**"; પદાર્થોના નિશ્ચયરૂપ ધર્મનાં કારણે, "**બુદ્ધિ**"; અહીં (સ્થૂલ દેહમાં) હું-પણાંનું અભિમાન કરવાથી, "**अहंकार**", અને પોતાની ઇચ્છેલી વસ્તુમાં સતત પરોવાયેલું રહે ત્યારે, તે "**चित्त**" (કહેવાય છે). (૯૫-૯૬)

ટિપ્પણ :– "કરણ" એટલે ઇન્દ્રિય. આ પહેલાંના શ્લોકમાં નિરૂપિત પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો, સ્થૂલ શરીરનાં બાહ્ય સ્વરૂપમાં રહેલી હોવાથી, તે દશેય ઇન્દ્રિયોને '**बाह्यकरणो**' કહી શકાય, જ્યારે **मन, બુદ્ધિ, अहंकार** અને **चित्त**, - ચાર બહાર નહીં પણ અંદર, શરીરની ભીતર રહેતી હોવાથી, તેને "**अन्तःकरण**" કહેવામાં આવે છે. અંદરની આ 'આંતર' કરણ, અંતઃકરણ, હકીકતમાં અને ખરેખર તો, **માત્ર એક** જ હોવા છતાં, એની ભિન્ન ભિન્ન ક્રિયાઓ અને વૃત્તિઓને કારણે, ટૂંકમાં, એનાં કાર્યગત ભેદનાં કારણે, તેને, તે તે ક્રિયાઓમાં તે વ્યાપૃત હોય ત્યારે, શબ્દાર્થ-વિભાગમાં દર્શાવેલી વીગતો પ્રમાણે, **मन-બુદ્ધિ-चित्त-अहंकार**, - એવાં જૂદાં જૂદાં નામો આપવામાં આવે છે.

આપણા રોજિંદા દુન્યવી જીવનવ્યવહારમાં, **मन** અને **चित्त**, - એ બંનેને (Mind) એવા પરસ્પરના પર્યાયો (Synonyms) જ માનવામાં આવે છે. અને '**બુદ્ધિ**' એટલે આ બંને(**मन** અને **चित्त**)ની સ્વભાવગત પ્રક્રિયા, એમ સમજવામાં આવે છે, પરંતુ તાત્ત્વિક રીતે, દાર્શનિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ, તે સર્વનું કાર્ય-(Function)ક્ષેત્ર ભિન્ન હોવાથી, તે સર્વ, સામાન્ય મટીને, પારિભાષિક શબ્દો (Technical words) બની જાય છે.

એ જ રીતે, '**अहंकार**'ને અભિમાન(Pride)ના અર્થમાં સમજવામાં આવે છે, પરંતુ આ જ '**अन्तःकरण**' જ્યારે એમ સમજવા માંડે કે "હું કરું છું", "હું ભોગવું છું"; ટૂંકમાં, પોતે કોઈ પણ ક્રિયા સાથે, **કર્તા** કે **ભોક્તા**ના ભાવ સાથે, સંલગ્ન થઈ જાય ત્યારે, તે અન્તઃકરણ જ **વેદાન્ત**ના તાત્ત્વિક અર્થમાં, "**अहंकार**" બની રહે છે.

આમ, મનુષ્ય-જીવનના દૈનંદિન દુન્યવી વ્યવહારમાં **मन, चित्त** વગેરે જેવા શબ્દો, ગમે તેવા આડેધડ અને અવ્યવસ્થિત અર્થમાં (Roughly) પ્રયોજાય છે, તેનાં તાત્ત્વિક સૂક્ષ્મ સ્વરૂપોને અહીં સમજાવવામાં આવ્યાં છે.

અગાઉ, જેમ, સામાન્ય રીતે અનુષ્ટુપ-છંદના શ્લોકમાં બે લીટીને બદલે **ત્રણ** લીંટીઓ મૂકવામાં આવી હતી (શ્લોક-નં ૯૦), તેમ અહીં **ઉપજાતિ**-છંદવાળા આ શ્લોકમાં **ચાર**ને બદલે **છ** ચરણો મૂકવામાં આવ્યાં છે. (૯૫-૯૬)

૯૭

प्राणापानव्यानोदानसमाना भवत्यसौ प्राणः ।
स्वयमेव वृत्तिभेदाद् विकृतिभेदात् सुवर्णसलिलादिवत् ॥ ९७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

પ્રાણાપાનવ્યાનોદાનસમાના ભવત્યસૌ પ્રાણઃ ।
સ્વયમેવ વૃત્તિભેદાદ્ વિકૃતિભેદાત્ સુવર્ણસલિલાદિવત્ ॥ ૯૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– અસૌ પ્રાણઃ (સ્વતઃ એકઃ એવ સન્), વૃત્તિભેદાત વિકૃતિભેદાત્ (ચ) સુવર્ણસલિલાદિવત્, સ્વયં એવ, પ્રાણ-અપાન-વ્યાન-ઉદાન-સમાનાઃ ભવતિ ॥ ૯૭ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : **અસૌ પ્રાણઃ** (સ્વતઃ એકઃ એવ સન્), **સ્વયં એવ, પ્રાણ-અપાન-વ્યાન-ઉદાન-સમાનાઃ ભવતિ** । આ **પ્રાણ** - એટલે કે દરેક સ્થૂલ શરીરમાં હોય છે તે, - ખરેખર તો, આ પહેલાંના શ્લોકમાંનાં અન્તઃકરણની જેમ, - પોતે તો એક જ છે; પરંતુ ઉપર્યુક્ત **અન્તઃકરણ**ની જેમ જ, પોતે પોતાની મેળે જ (**સ્વયં એવ**), **પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન**, - એ પાંચ નામ-રૂપ ધરાવતો થઈ જાય છે. પેલું એક જ એ **અન્તઃકરણ**, જેમ, **મન-બુદ્ધિ-અહંકાર-ચિત્ત**, - એમ **ચાર** જૂદાં જૂદાં નામ-રૂપ ધરાવતું બન્યું હતું એમ જ, અહીં, આ **પ્રાણ** એની મેળે, પાંચ જૂદાં જૂદાં નામ-રૂપો ધરાવતું થઈ જાય છે. આમ કેમ બને છે ? શા કારણે બને છે ? આ **બે** કારણે : **એક, વૃત્તિભેદાત્** અને **બે, વિકૃતિભેદાત્**, - પ્રાણના પોતાના જ વૃત્તિભેદ એટલે કે કાર્યભેદનાં કારણે, અને એના પોતાના જ વિકારોની ભિન્નતાનાં કારણે.

આવું શાની જેમ, કોની જેમ બને છે ? જવાબ છે, - **સુવર્ણ-સલિલ-આદિવત્**. સોનું, જળ વગેરે. મૂળભૂત પોતાનાં સ્વરૂપે તો, સોનું, જળ વગેરે જ હોય છે, પરંતુ એ જ સોનાને તપાવવાથી-ટીપવાથી અનેક પ્રકારનાં-નામવાળાં અલંકારો બને છે. જળ પણ ઠરી જાય ત્યારે બરફ, ગરમ કરવામાં આવે ત્યારે વરાળ, તેમાં રંગો નાખવાથી તે તે રંગવાળું, તેમાં દ્રવ્યો-પદાર્થો ભેળવવાથી જૂદા જૂદા ખાદ્ય-પેયનાં નામ-રૂપોવાળું બને છે, તેમ. (૯૭)

અનુવાદ :– **પ્રાણ** પોતે તો એક જ હોવા છતાં, પોતાનાં કાર્યભેદ અને વિકારભેદનાં કારણે, સુવર્ણ અને જળની જેમ, પોતાની મેળે જ, **પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન** (વગેરે) બની જાય છે. (૯૭)

ટિપ્પણ :– સ્થૂલ શરીરને ટકાવી રાખવા માટે, તેની અંદર રહેલો **પ્રાણ** પોતે જ, જૂદી-જૂદી **પાંચ** પ્રક્રિયાઓ કરતો હોવાથી, તે તે કાર્ય અથવા ફરજ(ધર્મ, Duty)નાં સંદર્ભમાં, તે તે કાર્ય-ક્ષેત્ર દરમિયાન, તેના થતા વિકારોનાં પરિણામે, પોતાની મેળે જ, **પ્રાણ, અપાન** વગેરે બની જાય છે : **પ્રાણ-વાયુ** એટલે સમગ્ર શરીરમાં સંચરતો શ્વાસ-ઉચ્છ્વાસ, જે બહારથી અંદર અને અંદરથી બહાર, સતત આવ-જા કરતો રહે છે, અને એ રીતે શરીરને ટકાવી રાખવાનું કામ કરે

છે(Oxygen); આ ઉપરાંત, શરીરમાંના જઠરાગ્નિ સાથે ભળી જઈને, માણસની આહારની પ્રક્રિયાનું નિયંત્રણ કરે છે. શરીરમાં પ્રવેશેલો એ જ પ્રાણવાયુ મળ-મૂત્ર-વિસર્જનની ક્રિયાનું નિયમન કરે છે, અને ગુદા-દ્વારમાંથી દૂષિત-મલિન બનીને નિષ્ક્રમણ કરે છે ત્યારે, તે **અપાન**-વાયુ બને છે. સ્થૂલ શરીરમાંનાં અનેક અંગો-ઉપાંગોમાંના ઢીંચણ-કોણી-ડોક-કેડ વગેરેમાં સાંધા(Joints)નાં હલનચલનને, એનાં વળવા-વાળવાની જવાબદારી સંભાળે છે, અને તેથી તે **વ્યાન**-વાયુ બનીને સમગ્ર શરીરમાં વ્યાપેલો રહે છે. **ઉદાન**-વાયુ, માણસનાં ચિત્તતંત્રને સજાગ તથા સૂક્ષ્મ રાખવામાં સહાયભૂત થાય છે : મોટે ભાગે કંઠમાં રહીને, ખાધેલા-પીધેલા પદાર્થો અન્ન-નળીમાં જ જાય અને બાજુમાં જ રહેલી શ્વાસ-નળીમાં ન પેસી જાય, એનું ધ્યાન રાખવામાં માણસનાં મનને સાવધ રાખે છે. આ ઉપરાંત, પોતાનાં નિયત થયેલાં સ્થાનમાં, કંઠમાં-ગળામાં રહીને, અન્ન અને પાણીને છુટ્ટાં પાડીને, અન્નને આંતરડા તરફ અને જળને મૂત્રાશયની કોથળી તરફ વ્યવસ્થિત રીતે રવાના કરવાની, મહત્ત્વની જવાબદારી સંભાળે છે. **સમાન**-વાયુનું નિવાસ-સ્થાન નાભિ છે અને ત્યાં રહીને તે, અન્નરસ તથા લોહીને સમગ્ર શરીરમાં સતત પહોંચાડવાની કામગીરી સંભાળે છે. ટૂંકમાં, શરીરની સ્ફૂર્તિ, ગતિશીલતા અને સક્રિયતા, સમગ્ર શરીરની સતેજતા, આ **સમાન**-વાયુને આભારી છે.

આ પાંચેય વાયુનાં '**નામો**' પણ એમનાં કાર્યક્ષેત્રો તરફ ઈશારો કરે છે : પાંચેય નામોમાં મૂળ ધાતુ **અન્**(ગમન કરવું, ક્રિયાશીલ-સક્રિય રહેવું, સંચરણ કરવું, to move, to act, to breathe) પરથી બનેલો શબ્દ **આન** છે, અને પછી તેનાં કાર્યભેદો સૂચવવા માટે, તેનાં આગળ **પ્ર, અપ, વિ, ઉદ્, સમ્** - વગેરે ઉપસર્ગો લગાડીને '**પ્રાણ**', **અપાન**, **વ્યાન**, **ઉદાન**, **સમાન** વગેરે શબ્દોની રચના કરવામાં આવી છે. પરંતુ આ બધાંમાં મુખ્ય અને મૂળભૂત વાયુ "**પ્રાણ**" હોવાથી, **પ્રકર્ષેણ** અનિતિ ઇતિ પ્રાણઃ । - એવી એની વ્યુત્પત્તિ, એનાં કેન્દ્રસ્થ સ્થાન અને મહત્ત્વનો નિર્દેશ કરે છે, એ સૂચક અને સ્મરણીય છે.

આમ, "**પ્રાણ**"ની સંખ્યા 'પાંચ' હોવાથી, સંસ્કૃત ભાષામાં, આ શબ્દ, મોટા ભાગે, બહુવચનમાં જ પ્રયોજાય છે.

શ્લોકનો છંદ : **ગીતિ** (૯૭)

૯૮

वागादि पञ्च श्रवणादि पञ्च
प्राणादि पञ्चाभ्रमुखानि पञ्च ।
बुद्ध्याद्यविद्यापि च कामकर्मणी
पुर्यष्टकं सूक्ष्मशरीरमाहुः ॥ ९८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વાગાદિ પંચ શ્રવણાદિ પંચ
પ્રાણાદિ પંચાભ્રમુખાનિ પંચ ।
બુદ્ધ્યાદ્યવિદ્યાપિ ચ કામકર્મણી
પુર્યષ્ટકં સૂક્ષ્મશરીરમાહુ : ॥ ૯૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– **વાગ્**-આદિ પંચ, **શ્રવણ**-આદિ પંચ, **પ્રાણાદિ** પઞ્ચ **અભ્ર**મુખાનિ પંચ, **બુદ્ધિ**-આદિ, **અવિદ્યા** અપિ ચ **કામ**-**કર્મણી** (ઇતિ) **પુરી**-**અષ્ટકં** **સૂક્ષ્મશરીરં** **આહુઃ** ॥ ૯૮ ॥

શબ્દાર્થ :– અત્યાર સુધી, આ પહેલાંના થોડા શ્લોકોમાં, મનુષ્યનાં "**સ્થૂલ શરીર**"નું વર્ણન-વિવેચન કરવામાં આવ્યું, હવે તેનાં "**સૂક્ષ્મ શરીર**"નું નિરૂપણ હાથ ધરવામાં આવ્યું છે.

મુખ્ય વાક્ય છે : (**તે બુધાઃ**) **સૂક્ષ્મશરીરં** **આહુઃ** । **આહુઃ** - એટલે તેઓ કહે છે, વર્ણવે છે; પ્રાચીન પરંપરા પ્રમાણે, **આહુઃ** - એ ક્રિયાપદનો કર્તા, સામાન્ય રીતે અધ્યાહાર રહે છે, પરંતુ એનો કર્તા એટલે **તે બુધાઃ**, **તે પ્રાજ્ઞાઃ**, **તે વિદ્વાંસઃ**, "તે ડાહ્યાઓ-વિદ્વાનો", - એમ સમજી લેવામાં આવે છે. આ વિદ્વાનો "સૂક્ષ્મશરીર"ને વર્ણવે-સમજાવે છે. કેવી રીતે, ક્યાં સ્વરૂપે વર્ણવે છે ? જવાબ છે : **પુરી**-**અષ્ટકં** (**ઇતિ**) । **પુરી** એટલે નગરી, શહેર, રહેઠાણ, નિવાસસ્થાન, **અષ્ટકં** - એટલે "**આઠ**"નો સમૂહ, સમુદાય, ઘટક તત્ત્વો. શ્લોકમાં વર્ણવવામાં આવેલાં જૂદાં જૂદાં "**આઠ**" ઘટક તત્ત્વોના સમૂહ(Collection)ની નગરી, એ રૂપી નિવાસ-સ્થાન (**પુરી**-**અષ્ટકં**) એટલે "**સૂક્ષ્મ-શરીર**", અથવા "**સૂક્ષ્મ-શરીર**" એટલે જ "**પુરી-અષ્ટક**".

પરંતુ "**સૂક્ષ્મ-શરીર**"રૂપી નગરીનાં **આઠ** રહેઠાણો, **આઠ** નિવાસસ્થાનો ક્યાં ક્યાં ? આ પ્રમાણે : (૧) વાણી વગેરે (પાંચ) કર્મેન્દ્રિયોનું **પંચક**; (૨) કાન વગેરે (પાંચ) જ્ઞાનેન્દ્રિયોનું **પંચક**; (૩) પ્રાણ વગેરે (પાંચ) 'પ્રાણો' અથવા વાયુઓનું **પંચક**; (૪) આકાશ (**અભ્ર**) વગેરે (પાંચ) મહાભૂતોનું **પંચક**; (૫) બુદ્ધિ વગેરે (ચાર)નું **ચતુષ્ટય**; (૬) અવિદ્યા, (૭) કામના, અને (૮) કર્મ.

પંચક એટલે પાંચનો સમૂહ અને **ચતુષ્ટય** એટલે ચારનો સમૂહ. **કામઃ** **ચ** **કર્મ** **ચ** **ઇતિ** **કામકર્મણી** । કામના-કામવાસના અને કર્મ. **આઠ**ની સંખ્યાની ગણતરી આ પ્રમાણે નક્કી કરવામાં આવી છે : **ચાર** પંચકો, **એક** ચતુષ્ટય, એટલે **પાંચ**; અને વ્યક્તિગત રીતે (Individually) અવિદ્યા, કામના અને કર્મ, - એ **ત્રણ**; આમ, ૪+૧+૩=૮, એવો સરવાળો થયો. પરંતુ આ બધાંને વ્યક્તિશઃ, વ્યક્તિગત રીતે લઈએ તો, **૫+૫+૫+૫+૪+૩= "સૂક્ષ્મશરીર"**નાં કૂલ ૨૭ ઘટક તત્ત્વો થાય. આ "**સૂક્ષ્મ શરીર**" એટલે જ "**લિંગ શરીર**" (૯૮)

અનુવાદ :– વાણી વગેરે(કર્મેન્દ્રિયો)નું પંચક, શ્રવણ વગેરે(જ્ઞાનેન્દ્રિયો)નું

પંચક, પ્રાણ વગેરે(વાયુઓ)નું પંચક, આકાશ વગેરે(મહાભૂતો)નું પંચક, બુદ્ધિ વગેરે(બુદ્ધિ, મન, અહંકાર અને ચિત્ત)નું ચતુષ્ટય; અવિદ્યા, કામના અને કર્મ;-આ "પુરી-અષ્ટક"ને (શરીરરૂપી નગરીનાં આઠ ઘટક તત્ત્વોને) (મનીષીઓ) "**સૂક્ષ્મ શરીર**" કહે છે. (૯૮)

ટિપ્પણ :– પંચકો અને ચતુષ્ટયમાંનાં ઘટકોની વીગતો, "**સ્થૂલશરીર**"નાં વર્ણન વિશેના, આ પહેલાંના થોડા શ્લોકોમાં, સમજાવવામાં આવી છે, એટલે એનું કશું સ્પષ્ટીકરણ કરવાની જરૂર રહેતી નથી.

આ '**સૂક્ષ્મ**' અથવા '**લિંગ**' શરીરનાં સ્વરૂપને તથા તેનાં કાર્યને બરાબર સમજી લેવાની જરૂર છે : મૃત્યુ પછી, મૃત્યુ વખતે, જીવાત્મા 'સ્થૂલ' શરીરને છોડી દે છે, ત્યારપછીની એની દેહાન્તર કે લોકાન્તરની સુદીર્ઘ યાત્રામાં, આ "**સૂક્ષ્મ શરીર**" જ એનું વાહન બને છે. આ '**સૂક્ષ્મ**' અથવા '**લિંગ**' શરીર, - જીવાત્મા માટેનું, મૃત્યુ પછીનું, - જે નિવાસસ્થાન છે, તેનાં આઠ ઘટક તત્ત્વોની, એ 'પુરી-અષ્ટક'ની વીગતો તો આ શ્લોકમાં આપવામાં આવી છે; પરંતુ આ શરીર, '**સ્થૂલશરીર**'થી એ બાબતમાં જૂદું પડે છે કે આ **લિંગ શરીર** ઈન્દ્રિયોથી જોઈ-જાણી શકાય એવું નથી, એ 'અતીન્દ્રિય' અથવા 'ઇન્દ્રિયાતીત' છે. **બીજી** મહત્ત્વની વાત એ છે કે મોક્ષની આત્યંતિક અવસ્થાને જીવાત્મા પામે નહીં ત્યાંસુધી, પુનર્જન્મ, મરણ, લોકાન્તરગમનના સમગ્ર સમય દરમિયાન, આ '**લિંગ શરીર**' જ એનું એકમાત્ર આશ્રયસ્થાન, રહેઠાણ બની રહે છે.

સાંખ્ય વગેરે અન્ય દર્શનોમાં, "**સૂક્ષ્મ શરીર**"નાં ઘટક તત્ત્વો અને એની સંખ્યા બાબતમાં થોડા મતભેદો છે, પરંતુ આ તો માત્ર એક આનુષંગિક અને પ્રમાણમાં ગૌણ બાબત છે. આપણે તો એટલું જ યાદ રાખવાનું કે **સૂક્ષ્મશરીર**નું આ સ્વરૂપ **વેદાન્ત**-દર્શન પ્રમાણેનું છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૯૮)

૯૯

इदं शरीरं श्रुणु सूक्ष्मसंज्ञितं
लिंगं त्वपंचीकृतभूतसंभवम् ।
सवासनं कर्मफलानुभावकं
स्वाज्ञानतोऽनादिरुपाधिरात्मनः ॥ ९९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ઇદં શરીરં શ્રુણુ સૂક્ષ્મસંજ્ઞિતં-
લિંગં ત્વપંચીકૃતભૂતસંભવમ્ ।
સવાસનં કર્મફલાનુભાવકં
સ્વાજ્ઞાનતોઽનાદિરુપાધિરાત્મનઃ ॥ ૯૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– શ્રુણુ, - इदं सूक्ष्मसंज्ञितं लिंगं शरीरं तु अपंचीकृतभूतसंभवं (अस्ति); (एतद्) सवासनं (सत्) कर्मफलानुभावकं (भवति); (एतद् एव) स्व-अज्ञानतः आत्मनः अनादिः उपाधिः (अस्ति) ॥ ९९ ॥

શબ્દાર્થ :– સદ્‌ગુરુ શિષ્યને કહે છે : **શ્રુણુ** - સાંભળ. તેને શું સાંભળવાનું છે ? "સૂક્ષ્મ-શરીર"ની ચર્ચા ચાલી રહી છે, એ અનુસંધાનમાં, આ "**સૂક્ષ્મ શરીર**" વિશે ગુરુજી શિષ્યને આ પ્રમાણે **ત્રણ** વાત કહે છે : (૧) **इदं शरीरं सूक्ष्मसंज्ञितं लिंगं (अस्ति)** । - જેને '**લિંગ**'-શરીર કેહવામાં આવે છે તે, આ **સૂક્ષ્મ**-નામનું, -એ સંજ્ઞાવાળું ('સજ્ઞા - એટલે નામ, **સંજ્ઞા**', **સંજ્ઞિતમ્**), - આ શરીર. શામાંથી ઉત્પન્ન થયું છે, પેદા થયું છે ? જન્મ્યું છે (**संभवम्**) ? **भूतसंभवम्** - પાંચ મહાભૂતોમાંથી. પૃથ્વી, જળ, તેજ(અગ્નિ), વાયુ અને આકાશ, - આ પાંચ મહાભૂતો, - તેમાંથી. પરંતુ આ સંદર્ભમાં એક હકીકત ખાસ યાદ રાખવાની છે, અને તે એ કે જેમાંથી લિંગ શરીર ઉત્પન્ન થાય છે, તે આ પાંચ મહાભૂતો, પંચીકરણ થયા પહેલાંનાં, એટલે કે પંચીકરણ થવાનાં પરિણામે, એ પાંચ 'સ્થૂલ' બન્યાં તે પહેલાંનાં, એમનાં '**तन्मात्रा**'-સ્વરૂપનાં **સૂક્ષ્મ** સ્વરૂપમાંથી આ સૂક્ષ્મ શરીર જન્મ્યું છે. શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ, આ પાંચ '**तन्मात्राओ**' એટલે જ 'અ-પંચીકૃત' પાંચ મહાભૂતો. (૨) આ '**सूक्ष्म शरीर**' વિશે નોંધપાત્ર **બીજી** વાત એ છે કે મનુષ્ય જ્યારે મૃત્યુ પામે છે ત્યારે, જીવન દરમિયાન અતૃપ્ત રહેલી તેની સારી-નરસી સર્વ વાસનાઓ, ભવિષ્યમાં થનારી તૃપ્તિ માટે, એનો જીવાત્મા, આ સૂક્ષ્મ શરીર સાથે રહીને(**स-वासनं**), આગળની યોનિઓ કે હવે પછીના તેના 'લોક' તરફ પ્રયાણ કરે છે, એટલું જ નહીં પરંતુ જીવન દરમિયાન, જીવે આચરેલાં પાપ-પુણ્ય વગેરે કર્મોનાં ફળ, અનુભવ વગેરે પણ આ **સૂક્ષ્મ શરીર** જ કરાવે છે (**कर्म-फल-अनुभावकं**). (૩) આ સૂક્ષ્મ શરીર વિશેની **ત્રીજી** અને છેલ્લી વાત : જ્યાં સુધી જીવને પોતાનાં મૂળભૂત આત્મસ્વરૂપનું જ્ઞાન ન થાય, એટલે કે એનું એ અજ્ઞાન ચાલુ રહે ત્યાં સુધી, એ અજ્ઞાનનાં કારણે જ (**अज्ञानतः**), આ સૂક્ષ્મ શરીર, મનુષ્યના આત્માની '**ઉપાધિ**' બની રહે છે, અને આત્મજ્ઞાન થાય ત્યાં સુધી આ '**ઉપાધિ**' ચાલુ રહેતી હોવાથી, આ '**ઉપાધિ**' '**અનાદિ**' બની રહે છે.

આ '**ઉપાધિ**' શબ્દ, તત્ત્વજ્ઞાનની ચર્ચામાંનો એક પારિભાષિક(Technical) શબ્દ છે. એની સમજુતી આ પ્રમાણે છે : '**ઉપાધિ**' એટલે તે, - જે, કોઈ પણ બીજી વસ્તુને, પોતાના સંસર્ગ - સંપર્કનાં પરિણામે, પોતાના જેવી બનાવી દે, તે વસ્તુ પર પોતાના (આકાર, રૂપ, રંગ વગેરે) ગુણધર્મોનું આરોપણ કરે, એનું સંપૂર્ણ પરિવર્તન કરી નાખે. આવું પરિવર્તન કરનાર પદાર્થને, પેલી મૂળ વસ્તુની '**ઉપાધિ**' કહેવામાં આવે છે. એક ઉદાહરણથી આ પ્રક્રિયા સમજાશે : લાલ રંગના કાચવાળા પ્યાલામાં દૂધ રાખવામાં આવે ત્યારે, મૂળ સફેદ રંગનું દૂધ લાલ-રંગવાળું

દેખાય, પ્યાલાનું માપ એ દૂધનું માપ બની જાય, પ્યાલાનો આકાર એ દૂધનો આકાર થઈ જાય. ટૂંકમાં, જે દૂધનાં રંગ-રૂપ-આકાર-માપ વગેરે, લાલ-કાચના પ્યાલામાં રખાતાં પહેલાં, પોતાનાં જ હતાં, તે, હવે, આ પ્યાલાના સંસર્ગમાં આવવાથી, તેનાં પોતાના રંગ-રૂપ-આકાર-માપ વગેરે પ્યાલાનાં રંગ-રૂપ-આકાર-માપનાં બની જાય. પ્યાલાનાં બધાં જ ગુણો-ધર્મો, દૂધ પર આરોપિત થઈ જાય. આ ઉદાહરણમાં, લાલ-કાચનો પ્યાલો, દૂધ માટે "**ઉપાધિ**" કહેવાય.

આપણી પ્રસ્તુત ચર્ચામાં, મૃત્યુ પામનાર મનુષ્યના આત્મા માટે, તેનું '**સૂક્ષ્મ શરીર**' આવી જ એક "**ઉપાધિ**" બની રહે. આ "**ઉપાધિ**"માંથી આત્મા ત્યારે જ મુક્ત થાય, જ્યારે પેલું એનું અજ્ઞાન દૂર થાય. પરંતુ અજ્ઞાન તો 'અનાદિ' કહેવાય છે, તેથી આ "**ઉપાધિ**" પણ '**અનાદિ**' જ બની રહે !

અનુવાદ :– (હે શિષ્ય !) સાંભળ : '**સૂક્ષ્મ**'-નામનું આ શરીર '**લિંગ**' (પણ કહેવાય છે), તે અ-પંચીકૃત મહાભૂતોમાંથી ઉત્પન્ન થયેલું હોય છે, તેથી તે વાસનાવાળું હોવાથી, તે (જીવાત્માને તેનાં) કર્મફળનો અનુભવ કરાવે છે અને પોતાનાં (મૂળભૂત) સ્વરૂપનાં અજ્ઞાનને કારણે (આ **સૂક્ષ્મ** શરીર) આત્માની અનાદિ ઉપાધિ બની રહે છે. (૯૮)

ટિપ્પણ :– આમ તો, આ શ્લોકનાં તાત્પર્ય સાથે સંકળાયેલી સર્વ વીગતોને, શબ્દાર્થ-વિભાગમાં, સ-વિસ્તર અને સ-ઉદાહરણ, સમજાવવામાં આવી જ છે. તે છતાં, પુનરાવર્તનનો દોષ વ્હોરીને પણ, થોડી વધુ સ્પષ્ટતા સહાયરૂપ બની રહેશે, એ ઉદ્દેશથી, આટલી વાતો યાદ રાખી લઈએ :

અગાઉ ચોખવટ કરવામાં આવી જ છે તે પ્રમાણે, મનુષ્યનું **સ્થૂલ** શરીર, પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશ, – એ સ્થૂલ પંચ-મહાભૂતોમાંથી ઉત્પન્ન થાય છે. તો પછી તેનું "**સૂક્ષ્મ**" શરીર શામાંથી જન્મે છે ? – એ પ્રશ્નનો ઉત્તર આ શ્લોકમાં આપવામાં આવ્યો છે. **સાંખ્ય**-દર્શનનાં ૨૫-તત્ત્વોમાં એક "**મહત્**"-નામનું તત્ત્વ છે, એમાંથી પાંચ સૂક્ષ્મ '**તન્માત્રાઓ**' (શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ) જન્મે છે. આ તન્માત્રાઓમાંથી જ, પેલાં પંચ-મહાભૂતો જન્મે છે, પરંતુ પંચ-મહાભૂતો તો 'સ્થૂલ' છે, જ્યારે તન્માત્રાઓ સૂક્ષ્મ છે. આ "**સૂક્ષ્મ**"માંથી "**સ્થૂલ**"નું સર્જન શી રીતે થઈ શકે ? એનો ખુલાસો એ છે કે આ 'સૂક્ષ્મ' તન્માત્રાઓ, '**પંચીકરણ**'-નામની એક તાત્ત્વિક પ્રક્રિયા પ્રમાણે, પાંચ-પાંચનાં માપ પ્રમાણે અને અમુક નક્કી કરવામાં આવેલી રીતે, પરસ્પરમાં ભળી ગયાં, તેનાં પરિણામે, પંચ-મહાભૂતોનાં 'સ્થૂલ' સ્વરૂપમાં તેઓ પરિવર્તિત થઈ ગયાં. ટૂંકમાં, આ સૂક્ષ્મ-શરીર પણ, સ્થૂલ શરીરની જેમ જ, પાંચ મહાભૂતોમાંથી જ ઉત્પન્ન થયું છે; ફરક માત્ર એટલો જ કે આ પાંચ મહાભૂતો ત્યારે, "પંચીકરણ"-પ્રક્રિયાનાં પરિણામે હજુ સ્થૂલ થયાં ન્હોતાં, પંચીકરણ-પૂર્વેનાં (અ-પંચીકૃત) સૂક્ષ્મ-સ્વરૂપમાં જ(**તન્માત્રા**નાં સ્વરૂપમાં જ) હતાં, જેમાંથી આ સૂક્ષ્મ-શરીરનો જન્મ થયો.

પંચીકરણ-પ્રક્રિયાના સંદર્ભમાં, અહીંના આ શ્લોક સાથે, અગાઉનો શ્લોક-૭૬ અને તેમાંના શબ્દાર્થ તથા ટિપ્પણને ફરી વાર જોઈ લેવાથી, આ શ્લોકનો મર્મ સવિશેષ સરળ બનશે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૯૯)

૧૦૦

स्वप्नो भवत्यस्य विभक्त्यवस्था
स्वमात्रशेषेण विभाति यत्र ।
स्वप्ने तु बुद्धिः स्वयमेव जाग्रत्-
-कालीननानाविधवासनाभिः ।
कर्त्रादिभावं प्रतिपद्य राजते
यत्र स्वयंज्योतिरयं परात्मा ॥ १०० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

स्वप्नो भवत्यस्य विभक्त्यवस्था
स्वमात्रशेषेण विभाति यत्र ।
स्वप्ने तु बुद्धिः स्वयमेव जाग्रत्-
-कालीननानाविधवासनाभिः ।
कर्त्रादिभावं प्रतिपद्य राजते
यत्र स्वयंज्योतिरयं परात्मा ॥ १०० ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अस्य (लिंगशरीरस्य) विभक्त्यवस्था स्वप्नः भवति, यत्र तु स्वयंज्योतिः अयं परात्मा स्वमात्रशेषेण विभाति, स्वप्ने बुद्धिः स्वयं एव जाग्रत्कालीननानाविधवासनाभिः कर्त्रादिभावं प्रतिपद्य राजते ॥ १०० ॥

શબ્દાર્થ :– अस्य (लिंगशरीरस्य) विभक्ति-अवस्था स्वप्नः भवति । विभक्ति-अवस्था - એટલે એની પોતાની, સ્વકીય, વિશિષ્ટ, આગવી, પૃથક્, જૂદી, સ્વતંત્ર 'અવસ્થા'. એ 'અવસ્થા' કઈ છે ? શી છે ? જવાબ છે, — 'સ્વપ્નાવસ્થા'. - આ 'સ્વપ્નાવસ્થા' કેવી હોય છે ? यत्र अयं परात्मा विभाति । - જ્યાં આ પરમાત્મા પ્રકાશે છે. આ પરમાત્મા કેવા છે ? स्वयंज्योतिः - સ્વયંપ્રકાશ, સ્વકીય પ્રકાશના સ્વરૂપવાળા; પરંતુ તે પરમાત્મા કેવી રીતે, કયા સ્વરૂપમાં પ્રકાશે છે ? स्वमात्रशेषेण - માત્ર પોતે જ શેષ રહે, બાકી રહે, એવી રીતે; એટલે કે તે સમયે, એના સિવાય બીજું કશું જ ન હોય એવી રીતે, શુદ્ધ ચેતનરૂપ બનીને; એ જ સ્વપ્નાસ્થામાં 'બુદ્ધિ' શું કરી 'રહી હોય ? राजते - જણાય છે, પ્રતીત થાય છે, ભાસે છે, દેખાય છે. કેવી ? स्वयं एव - પોતે જ, પોતાની મેળે; શું કરીને ? कर्त्रादिभावं प्रतिपद्य - કર્તા-ભોક્તા-ભાવને ધારણ કરીને, કર્તાપણું-ભોક્તાપણું પ્રાપ્ત કરીને; આવું શાનાં કારણે બને છે ? जाग्रत्-कालीन-नानाविध-वासनाभिः -

'જાગ્રત્' - અવસ્થામાંની વિવિધ, અનેકવિધ, જાત-જાતની વાસનાઓના કારણે, એવી વાસનાઓને લીધે. (૧૦૦)

અનુવાદ :– આની (આ લિંગશરીરની) સ્વકીય-આગવી અવસ્થા 'સ્વપ્ન' (સ્વપ્નાવસ્થા) છે, જેમાં (જ્યાં) આ સ્વયંપ્રકાશ પરમાત્મા જ શુદ્ધ-ચૈતન્ય-સ્વરૂપે પ્રકાશે છે, જેમાં (એટલે કે, સ્વપ્નાવસ્થામાં) બુદ્ધિ પોતે જ, 'જાગ્રત્' - અવસ્થામાંની અનેકવિધ અવસ્થાઓનાં કારણે, કર્તા-વગેરે ભાવોને પ્રાપ્ત થઈને (એટલે કે એવા વિવિધ આકારે) પ્રતીત થાય છે. (૧૦૦)

ટિપ્પણ :– જેમના દાર્શનિક મતને, એટલે કે અદ્વૈત-વેદાન્ત-વિષયક મતને, આદ્ય-શંકરાચાર્યે પુરસ્કાર્યો, તે, તેમના પરમગુરુ ગૌડપાદાચાર્યે, (સમય : ઈ.સ. આશરે પાંચમું-છઠ્ઠું શતક), "**માંડૂક્ય-ઉપનિષદ**"પરની પોતાની "**કારિકા**"માં, આત્માની આ **ત્રણ** ચૈતસિક "**અવસ્થાઓ**"નું નિરૂપણ કર્યું છે : **જાગ્રત્, સ્વપ્ન** અને સુષુપ્તિ, જેમાં ચિત્ત સક્રિય રહીને, સૃષ્ટિને, નેત્ર વડે, સ્થૂલ-રૂપે જુએ છે, ઇન્દ્રિયોના અનુભવના સંસ્કારથી મુક્ત મન, સૃષ્ટિને સૂક્ષ્મરૂપે જુએ છે, અને જ્યાં સૃષ્ટિ જ નથી, દૃશ્ય વિષયો જ નથી, વિષયોનો સંપૂર્ણ અભાવ છે. બીજી રીતે આ જ વાતને મૂકીએ તો, જાગ્રત્-અવસ્થા એટલે ચિત્તની સક્રિયતા, સ્વપ્ન-અવસ્થા એટલે સંકુલતા અને સુષુપ્તિ-અવસ્થા એટલે સંપૂર્ણ નિષ્ક્રિયતા.

અહીં, આ શ્લોકમાં, શ્રીશંકરાચાર્યે, **આ ત્રણમાંથી જાગ્રત્ અને સ્વપ્ન** એ પ્રથમ બે અવસ્થાનો, સૂક્ષ્મ-શરીરના અનુસંધાનમાં, અછડતો નિર્દેશ કર્યો છે : સ્થૂલ-શરીરની અવસ્થા તો, સ્વાભાવિક રીતે, "**જાગ્રત્**" છે; લિંગશરીરની વિશિષ્ટ (પોતીકી, સ્વકીય એવી) અવસ્થા "**સ્વપ્ન**" છે, જેમાંની સૂક્ષ્મશરીરની, એવી જ વિશિષ્ટ, અનુભૂતિઓ, અહીં નિરૂપિત થઈ છે.

અહી પણ, છ ચરણોવાળો ઉપજાતિ-છંદ પ્રયોજાયો છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૦૦)

૧૦૧

धीमात्रकोपाधिरशेषसाक्षी
न लिप्यते तत्कृतकर्मलेशैः ।
यस्मादसंगस्तत एव कर्मभि-
-र्न लिप्यते किंचिदुपाधिना कृतैः ॥ १०१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ધીમાત્રકોપાધિરશેષસાક્ષી
ન લિપ્યતે તત્કૃતકર્મલેશૈઃ ।
યસ્માદસંગસ્તત એવ કર્મભિ-
-ર્ન લિપ્યતે કિંચિદુપાધિના કૃતૈઃ ॥ ૧૦૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– धीमात्रक-उपाधिः अशेषसाक्षी (आत्मा) तत्-कृत-कर्मलेशैः (किंचित् एव) न लिप्यते, यस्मात् (आत्मा) असंगः (अस्ति), ततः एव उपाधिना कृतैः कर्मभिः किंचित् (एव) न लिप्यते ॥ १०१ ॥

શબ્દાર્થ :– શ્લોકનાં બંને ચરણમાં મુખ્ય વાક્ય છે : (आत्मा) किंचित् एव न लिप्यते । બંને વાક્યોમાં કર્તા આત્મા (શ્લોક નં. ૧૦૦માંનો "**परात्मा**") અધ્યાહાર છે. આ આત્મા વિશે શું કહેવાનું છે ? એ જ કે તે જરા પણ લેપાતો નથી, લિપ્ત થતો નથી, ખરડાતો નથી. શાનાથી ખરડાતો નથી ? तत्(धी - બુદ્ધિ)-कृत-कर्मलेशैः । તેણે, એટલે કે બુદ્ધિએ કરેલાં કર્મોથી. આત્મા કેવો છે ? धी-मात्रक-उपाधिः અને अशेषसाक्षी. धी-એટલે બુદ્ધિ; કેવળ બુદ્ધિ જ જેની '**ઉપાધિ**' છે, એવો; અને સર્વનો(अ-शेष) સાક્ષી; ગયા શ્લોક પ્રમાણે, અહીં વાત લિંગશરીરની "**स्वप्न**" - અવસ્થાની છે, જે સમયે, બુદ્ધિ પોતે જ "જાગ્રત્"-અવસ્થાની વાસનાઓ વડે કર્તાભાવને પ્રાપ્ત થયેલી જણાય છે (**सरખાવો : स्वप्ने तु बुद्धिः स्वयं एव जाग्रत्कालीन-नानाविधवासनाभिः कर्मादिभावं-प्रतिपद्य राजते** । - શ્લોક ૧૦૦); એટલે, તે વખતે, સર્વસાક્ષી એવા આત્માની, સ્વપ્ન-અવસ્થામાંની માત્ર બુદ્ધિ જ એકમાત્ર 'ઉપાધિ' હોય છે. તેથી તે(**बुद्धि-तत्**)ના વડે કરાતાં કર્મોથી (સ્વાપ્નિક કર્મોથી) આત્મા જરા પણ લેપાતો નથી. ન લેપાવાનું કારણ શું છે ? એ જ (**यस्मात्**) કે તે "**असंग**" છે; સંપૂર્ણરીતે તે નિર્લેપ છે, આસક્તિ વગરનો છે, આસક્તિથી પર છે; અને બુદ્ધિ જ આત્માની 'ઉપાધિ' હોય છે, તેથી સ્વાભાવિક રીતે જ, બુદ્ધિરૂપી ઉપાધિ વડે કરવામાં આવેલાં કર્મો વડે (**उपाधिना कृतैः कर्मभिः**) આત્મા જરા પણ (**किंचित् एव**) લેપાતો નથી (**न लिप्यते**). (૧૦૧)

અનુવાદ :– કેવળ બુદ્ધિ જ જેની ઉપાધિ છે તેવો, અને સર્વનો સાક્ષી એવો (આત્મા), તેણે (બુદ્ધિએ) કરેલાં કર્મો વડે જરા પણ લેપાતો નથી; કારણ કે તે(આત્મા) અસંગ છે, તેથી (બુદ્ધિરૂપી) ઉપાધિ વડે કરવામાં આવેલાં કર્મો વડે તે જરા પણ લિપ્ત થતો નથી. (૧૦૧)

ટિપ્પણ :– જીવાત્માની ત્રણ અવસ્થાઓ(જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિ)માંથી, લિંગશરીરની પોતાની અવસ્થા તો 'સ્વપ્ન'-અવસ્થા છે. તે અવસ્થા દરમિયાન, બુદ્ધિ, તે પહેલાંની અવસ્થા-જાગ્રત્-અવસ્થા-માંની વિવિધ વાસનાઓનાં કારણે, કર્તા-ભોક્તાભાવને પામેલી હોય છે અને પરમાત્મા તો શુદ્ધચૈતન્ય-સ્વરૂપ અને સ્વયંજ્યોતિ હોવાથી, તે અસંગ છે. અને એટલે જ, લિંગશરીરની આ અવસ્થા દરમિયાન, બુદ્ધિરૂપી ઉપાધિ વડે કરવામાં આવેલાં કર્મો વડે તે જરા પણ લેપાય જ શાનો ?

આત્મા તો, જાગ્રત્ અને સ્વપ્ન, બંને અવસ્થાઓમાં, તે તે અવસ્થાઓથી પર અને અસંગ હોય છે. તે તો માત્ર, તે તે અવસ્થાઓનો સાક્ષી જ હોય છે. સાક્ષીભાવે બધું જોયા કરે છે (**अशेषसाक्षी**). તે પોતે તો નિરુપાધિક છે, એટલે

બુદ્ધિરૂપી ઉપાધિ ભલેને ગમે તેવાં અને ગમે તેટલાં કર્મો કરે, એની સાથે તેને, એટલે કે આત્માને, શું લેવા-દેવા ? એટલે તે, કર્મો વડે કે કર્મફળો વડે, જરા પણ બંધાતો નથી, બંધનમાં પડતો નથી.

પારિભાષિક-શબ્દ "**ઉપાધિ**"ની સમજુતી, આ પહેલાના શ્લોકના શબ્દાર્થ તથા ટિપ્પણમાં, સવિસ્તર અને સ-ઉદાહરણ આપી છે.

ટૂંકમાં, તે સમયે, આત્મા, પોતાનાં શરીરને, અન્ય શરીરની જેમ, જુએ છે, જાણે છે, સમજે છે; અને તે પ્રમાણે, સઘળો વ્યવહાર સાક્ષીભાવે, દૃષ્ટાભાવે, તદ્દન તટસ્થભાવે જ કરતો હોય છે, તેથી મુમુક્ષુએ જરા પણ મુંઝાવાની જરૂર નથી.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૦૧)**

૧૦૨

सर्वव्यापृतिकरणं लिंगमिदं स्याच्चिदात्मनः पुंसः ।
वास्यादिकमिव तक्षणस्तेनैवात्मा भवत्यसंगोऽयम् ॥ १०२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

सर्वव्यापृतिकरणं लिंगमिदं स्याच्चिदात्मनः पुंसः ।
वास्यादिकमिव तक्षणस्तेनैवात्मा भवत्यसंगोऽयम् ॥ १०२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– तक्षणः वास्यादिकं इव, चिदात्मनः पुंसः इदं लिंगं (लिंगशरीरं) सर्वव्यापृतिकरणं स्यात्; तेन एव अयं आत्मा असंगः भवति ॥ १०२ ॥

શબ્દાર્થ :– तक्षन्-એટલે સુથાર, લાકડાં કાપનાર, - Carpenter; એ શબ્દનું ષષ્ઠી વિભક્તિનું એકવચનરૂપ, - **तक्षणः**; સુથારનું; **वास्य** - એટલે વાંસલો, સુથારનું હથિયાર, ઓજાર. સુથાર માટે વાંસલો વગેરે (**वास्यादिकं**) શું છે ? માત્ર સાધન, એથી વધારે કશું જ નહીં. એ જ પ્રમાણે, **इदं लिंगं** એટલે કે આ લિંગશરીર પણ, **सच्चिदात्मनः पुंसः** - સચ્ચિદાત્મા પુરુષ માટે, ચૈતન્યસ્વરૂપ પુરુષ માટે, **सर्वव्यापृतिकरणं (एव) स्यात्** । **व्यापृतिकरणं** એટલે સાધન, હથિયાર; સર્વ ક્રિયાઓ, વ્યાપારો, પ્રવૃત્તિઓ કરવા માટેનું માત્ર સાધન જ છે. અને તેથી જ (**तेन एव**), **अयं आत्मा असंगः भवति** । આ આત્મા અસંગ જ છે. (૧૦૨)

અનુવાદ :– જેવી રીતે સુથારને મન, વાંસલો વગેરે (માત્ર સાધન જ) છે, તેવી જ રીતે, સચ્ચિદાત્મા પુરુષ માટે, આ લિંગશરીર પણ, બધી ક્રિયાઓ કરવા માટેનું માત્ર એક સાધન જ છે. આમ હોવાથી, આ આત્મા તો અસંગ જ રહે છે. (૧૦૨)

ટિપ્પણ :– મૃત્યુ પછી, જીવાત્માએ, નવું શરીર, સૂક્ષ્મ-શરીર, લિંગશરીર ધારણ કર્યું તે છતાં, આ શરીરાન્તર-પ્રક્રિયા, - એટલે કે એક શરીરમાંથી બીજા શરીરમાં જવાની, સ્થૂલમાંથી સૂક્ષ્મ શરીરમાં જવાની પ્રક્રિયાનો કશો જ પ્રભાવ,

જીવાત્મા પર, ચૈતન્યસ્વરૂપ આત્મા પર, સચ્ચિદાત્મા પુરુષ પર, પડતો નથી; કારણ કે આ પ્રક્રિયા પછી પણ તે તો, હતો તેવો જ, અસંગ જ, રહે છે. લિંગશરીરને સોંપાયેલાં કર્મો, તેના ભાગે આવતાં કર્મો, તે ભલે ક્યાં કરે, જીવાત્માને એની સાથે કશો જ સંબંધ નથી. આનું કારણ શું ? એક જ, અને તે એ કે જીવાત્મા માટે તો આ લિંગશરીર પણ માત્ર એક સાધન જ છે. કેવી રીતે ? આ માટે એક સમુચિત ઉપમા અહીં આપવામાં આવી છે : સુથાર પાસે, પોતાના ધંધામાં સફળ થવા માટે, વાંસલો વગેરે ઓજારો-હથિયારો હોય છે, પરંતુ તે બધાં તેને મન, તેની દૃષ્ટિએ શું ? માત્ર સાધનો જ. સાધન કદી સાધ્ય બની શકે જ નહીં, સાધન કદી સાધક પણ ન જ બની શકે; સુથાર સાધક છે, વાંસલો સાધન છે, - એ બંને ભિન્ન જ રહે. સાધનનાં કર્મો સાધકમાં ન હોય; એ જ પ્રમાણે, શરીરના ધર્મો, આત્માના ધર્મો કદાપિ બની શકે જ નહીં.

જીવાત્મા, મુમુક્ષુ તરીકે, સાધક છે; લિંગશરીર સાધન છે અને મોક્ષપ્રાપ્તિ સાધ્ય છે. લિંગશરીર અને એનાં સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી, ગ્રંથકાર, આ બે શ્લોકોમાં, સુથાર અને તેનાં સાધનરૂપ વાંસલાનું ઉદાહરણ આપીને, તે સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ આપતાં જણાવે છે કે શરીરના (સ્થૂલ કે લિંગશરીરના) ધર્મો આત્મામાં હોતા નથી, આત્મા તો સદા અસંગ અને અનાસક્ત છે, સ્વયં અદૃશ્ય છતાં દૃષ્ટા હોવાથી, લિંગશરીર સાથેના પોતાના તાદાત્મ્ય-સંબંધને લીધે જ, લિંગશરીર વડે આચરાતા સર્વ વ્યવહારો આત્મા કરે છે, એવી પ્રતીતિ, - આભાસી પ્રતીતિ, - થાય છે, પરંતુ વાસ્તવમાં, આત્મા, અસંગ હોવાથી, કશું જ કરતો નથી. મોક્ષપ્રાપ્તિનું સાધનભૂત એવું લિંગ શરીર તે કદી બની શકે નહીં.

શ્લોકનો છંદ : આર્યા (૧૦૨)

૧૦૩

अन्धत्वमन्दत्वपटुत्वधर्माः
सौगुण्यवैगुण्यवशाद्धि चक्षुषः ।
बाधिर्यमूकत्वमुखास्तथैव
श्रोत्रादिधर्मा न तु वेत्तुरात्मनः ॥ १०३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अन्धत्वमन्दत्वपटुत्वधर्माः
सौगुण्यवैगुण्यवशाद्धि चक्षुषः ।
बाधिर्यमूकत्वमुखास्तथैव
श्रोत्रादिधर्मा न तु वेत्तुरात्मनः ॥ १०३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– सौगुण्य-वैगुण्य-वशात् अन्धत्व-मन्दत्व-पटुत्व-

धर्माः चक्षुषः हि (भवन्ति) । तथा एव बाधिर्य-मूकत्वमुखाः श्रोत्रादिधर्माः (सन्ति), न तु वेत्तुः आत्मनः (सन्ति) ॥ १०३ ॥

शब्दार्थ :– શરીરનાં કોઈ પણ અંગ-ઉપાંગની ખામી-ઉણપ-નબળાઈનાં કારણે અમુક-અમુક રોગો ઉત્પન્ન થાય છે, પરંતુ આત્મા તો જ્ઞાનસ્વરૂપ હોવાથી, તેને પેલી અંગ-ઉપાંગની ખામીઓ કે એનાં કારણે ઉત્પન્ન થતા રોગો સાથે કોઈ જ સંબંધ નથી : ટૂંકમાં, પેલા સર્વ ધર્મો, પેલી સર્વ વિશિષ્ટતાઓ, શરીર-ગત કે અંગ-ઉપાંગ-ગત છે, આત્મા-ગત નથી. આ છે, શ્લોકનું તાત્પર્ય.

'સુગુણ'-(સારા ગુણો ધરાવનારો) - શબ્દ પરથી બનેલું ભાવવાચક નામ — "સૌગુણ્ય", – સારા ગુણો હોવાની પરિસ્થિતિ; એ જ રીતે 'વિગુણ' (ગુણો વિનાનો) - શબ્દ પરથી બનેલું ભાવવાચક નામ - "વૈગુણ્ય" (ગુણો વિનાના હોવાની પરિસ્થિતિ). આંખનું(चक्षुषः) "સૌગુણ્ય" એટલે આંખ સારી હોવાની, આંખનાં નિર્દોષપણાની, દૃષ્ટિની ગુણવત્તાની પરિસ્થિતિ; આંખનું(चक्षुषः) "વૈગુણ્ય" એટલે આંખ ખામીવાળી, ખરાબ હોવાની, અથવા દૃષ્ટિની ગુણવત્તા વિનાની હોવાની પરિસ્થિતિ; આવી બંને પ્રકારની પરિસ્થિતિનાં કારણે(वशात्), અંધાપો(अन्धत्व), ધૂંધળાપણું-ઝાંખપ(मन्दत्व), અને સ્પષ્ટદર્શન-ચોખ્ખું દેખાવાની પરિસ્થિતિ(पटुत्व), - વગેરે વસ્તુસ્થિતિ-વિશિષ્ટતાઓ-ધર્મો(धर्माः) પરિણમે છે (भवन्ति), તે चक्षुषः हि - આંખના જ હોય છે, નેત્રના જ બને છે.

એ જ રીતે, (तथा एव) "બાધુર્ય"(बधिर એટલે બહેરો, - તેના પરથી બનેલું ભાવવાચક નામ, - બહેરાપણું - બહેરાશ; (मूक એટલે મૂંગો; मूकत्व) એટલે મૂંગાપણું; - વગેરે(मुखाः) દોષો(धर्माः), શ્રોત્રેન્દ્રિય કાન વગેરેના(श्रोत्रादिधर्माः) હોય છે, - सन्ति; આત્માના(आत्मनः) નથી હોતા, - (न तु भवन्ति); તેનું કારણ ? આત્મા જ્ઞાનસ્વરૂપ(वेत्तुः) હોય છે, સાક્ષીભાવ-દૃષ્ટાભાવવાળો, જ્ઞાનનું મૂર્તસ્વરૂપ હોય છે. विद् એટલે જાણવું, એ ધાતુ પરથી બનેલ શબ્દ वेत्तृ એટલે જાણનાર, જ્ઞાની, જ્ઞાનસ્વરૂપ; આત્મા આવો 'વેત્તા' હોવાથી (वेत्तुः आत्मनः), આંખ, કાન વગેરેના સારા-નરસા-પણાંને કારણે સર્જાતા ધર્મો, તેના-આત્માના હોતા નથી (न तु सन्ति). (૧૦૩)

અનુવાદ :– અંધાપો, ઝાંખપ કે સ્પષ્ટદર્શન વગેરે ધર્મો આંખની ગુણવત્તા અથવા ગુણવિહીનતા વગેરેનાં કારણે ઉત્પન્ન થાય છે (એટલે કે આ ગુણધર્મો આંખના જ છે). તે જ રીતે, બહેરાશ અને મૂંગાપણું વગેરે કાનના જ દોષો છે; સાક્ષીભાવવાળા જ્ઞાનસ્વરૂપ આત્માના નહીં. (૧૦૩)

ટિપ્પણ :– જેનો આ પહેલાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે તે, આત્માના અસંગત્વ પર, અહીં, ફરીથી ભાર મૂકીને, આત્માની આ સ્વકીય કહી શકાય એવી લાક્ષણિકતા પ્રત્યે, મુમુક્ષુનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. મનુષ્ય જીવતો હોય

છે ત્યારે એનું શરીર 'સ્થૂલ' હોય છે અને મરણ પામ્યા પછી એનો જીવાત્મા 'સૂક્ષ્મ' અથવા 'લિંગ' શરીર ધારણ કરે છે; બંને પરિસ્થિતિ દરમિયાન, આત્મા તે તે શરીરમાં જ રહેતો હોવાથી, એટલે કે તે તે શરીર સાથે, તેનો તાદાત્મ્ય-સંબંધ હોવાથી, શરીર અથવા તેનાં વિવિધ અંગો-ઉપાંગો સારાં-નરસાં હોવાને કારણે કેટલાક ગુણો-દોષો સર્જાય છે, તે, મૂળે, તે તે અંગોના જ હોવા છતાં, પ્રતીતિ એવી થાય છે કે તે તે ગુણો-દોષો આત્માના ધર્મો છે; પરંતુ આવી કશી હકીકત નથી, આ તો માત્ર આભાસ કે બાહ્ય દેખાવ જ હોય છે; કારણ કે આત્મા તો સદા અસંગ છે, નિર્લેપ છે, અનાસક્ત છે, સાક્ષીભાવવાળો અને જ્ઞાનસ્વરૂપ જ હોય છે. પેલા ગુણો કે દોષો તો માત્ર આંખ, કાન વગેરે અંગો-ઉપાંગોના જ હોય છે.

આ શ્લોકમાં 'સુગુણતા'ને બદલે 'સૌગુણ્ય', 'વિગુણતા'ને બદલે 'વૈગુણ્ય' અને 'બધિરતા'ને બદલે 'બાધિર્ય' જેવા પ્રમાણમાં અઘરા અને અપ્રચલિત શબ્દો, છંદની મર્યાદાને કારણે, પ્રયોજાયા છે, ગ્રંથકારને પ્રયોજવા પડ્યા છે તે, સુવાચ્યતાનો અભાવ જરા ખૂંચે એવો છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૦૩)**

૧૦૪

उच्छ्वासनिःश्वासविजृम्भणक्षुत्-
-प्रस्पन्दनाद्युत्क्रमणादिकाः क्रियाः ।
प्राणादिकर्माणि वदन्ति तज्ज्ञाः
प्राणस्य धर्मावशनापिपासे ॥ १०४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ઉચ્છ્વાસનિઃશ્વાસવિજૃમ્ભણક્ષુત્-
-પ્રસ્પન્દનાદ્યુત્ક્રમણાદિકાઃ ક્રિયાઃ ।
પ્રાણાદિકર્માણિ વદન્તિ તજ્જ્ઞાઃ
પ્રાણસ્ય ધર્માવશનાપિપાસે ॥ ૧૦૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– उच्छ्वास-निःश्वास-विजृम्भण-श्रुत्-प्रस्पन्दन-आदि-उत्क्रमण-आदिकाः क्रियाः प्राण-आदि-कर्माणि (सन्ति इति) तज्ज्ञाः वदन्ति । अशना-पिपासे प्राणस्य धर्मौ (स्तः) ॥ १०४ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : तज्ज्ञाः वदन्ति । 'तज्ज्ञ' એટલે તે તે પ્રસ્તુત બાબતોના જાણકારો : तद् जानाति असौ । 'તે'ને જે જાણે છે, તે **"तज्ज्ञ"**. तद्(તે) એટલે શાસ્ત્ર, દર્શન, પ્રસ્તુત વિષય અંગેની મૂળભૂત તાત્ત્વિક બાબતો. અહીં પ્રસ્તુત વિષય છે, — **"પ્રાણ"**. તેના જાણકારો, તેનાં શાસ્ત્રના જાણકારો, વિશેષજ્ઞો, — Experts, Connoisseurs : આ જાણકારો કહે છે. શું કહે છે ? એ જ કે 'ઉચ્છ્વાસ'થી 'ઉત્ક્રમણ' વગેરે ક્રિયાઓ (आदिकाः क्रियाः), એ પ્રાણની

ક્રિયાઓ(प्राणादिकर्माणि) છે (सन्ति). उच्छ्वास એટલે શ્વાસ લેવો તે, - તેની ક્રિયા; निःश्वास એટલે શ્વાસને બહાર કાઢવો તે. આ બંને ક્રિયાઓ મળીને, આપણે જેને શ્વાસોચ્છ્વાસ કહીએ છીએ તે. विजृम्भण એટલે બગાસું ખાવાની ક્રિયા; क्षुत् એટલે છીંક ખાવાની ક્રિયા; प्रस्पन्दन એટલે કંપવાની-ધ્રૂજવાની ક્રિયા; उत्क्रमण એટલે ઊછળવાની ક્રિયા, - ખાસ કરીને, મૃત્યુ-સમયે શ્વાસના ચાલ્યા જવાની ક્રિયા. આ બધી ક્રિયા-પ્રક્રિયાઓ **'પ્રાણ'**ની છે, એમ આ શાસ્ત્રના જાણકારો, તત્ત્વવેત્તાઓ કહે છે. આ વિદ્વાનો બીજું શું કહે છે ? એ જ કે ભૂખ(अशना) અને તરસ(पिपासा), એ બે પ્રાણના ધર્મો છે (प्राणस्य धर्मौ स्तः). (૧૦૪)

અનુવાદ :- ઉચ્છ્વાસ, નિઃશ્વાસ, બગાસું, છીંક, કંપન, ઉત્ક્રમણ, વગેરે - આ બધી ક્રિયાઓ **"પ્રાણ"**ની છે, અને ભૂખ તથા તરસ (એ બે) **"પ્રાણ"**ના ધર્મો છે, એમ વિશેષજ્ઞો કહે છે. (૧૦૪)

ટિપ્પણ :– આ પહેલાં, **'પ્રાણ'**ના પાંચ પ્રકારો વિશે વિવરણ કરવામાં આવ્યું હતું. હવે, અહીં, **પ્રાણની ક્રિયાઓ** અને **પ્રાણના ધર્મો**, - એ બે બાબતોને જુદી તારવીને, એ બંને વિશે સ્પષ્ટતા કરવામાં આવી છે, - જેની વીગતો શબ્દાર્થ-વિભાગમાં સમજાવવામાં આવી છે.

મોક્ષાર્થીએ એક વાત બરાબર સમજી લેવાની છે કે કોઈ પણ પ્રકારનાં કર્મ-ક્રિયા-પ્રક્રિયા-ચેષ્ટા કરવાની શક્તિ શરીર પાસે નથી. શરીર તો જડ છે, નિષ્ક્રિય છે, અક્રિય છે. એટલે, શરીર દ્વારા, શરીરમાં જે કશી ક્રિયાઓ ચાલતી હોય તે, **પ્રાણને** આધીન છે, **પ્રાણને** લીધે જ થાય છે. શ્વાસોચ્છ્વાસ, બગાસું, છીંક વગેરે ક્રિયાઓ શરીર કરતું હોય, એમ લાગે-જણાય; પરંતુ, હકીકતમાં, એ સર્વ ચેષ્ટાઓ પ્રાણ દ્વારા, પ્રાણને લીધે જ થતી હોય છે : શરીરમાં પ્રાણ ન હોય, શરીર નિષ્પ્રાણ થઈ ગયું હોય, એટલે કે શરીરમાંથી પ્રાણ ચાલ્યો ગયો હોય, - એટલે કે માણસનું મરણ થયું હોય તો, શરીર કશી ક્રિયાઓ કરી શકતું નથી.

ઉપર્યુક્ત સર્વ **પ્રાણની 'ક્રિયાઓ'** છે, તો ભૂખ-તરસ લાગવી, - એટલે કે ખાવાની, (પાણી) પીવાની ઇચ્છા થાય, - તે બંને **'પ્રાણ'**ના **"ધર્મો"** છે. આવી-આટલી સ્પષ્ટતા આ શ્લોકમાં કરવામાં આવી છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૦૪)

૧૦૫

अन्तःकरणमेतेषु चक्षुरादिषु वर्ष्मणि ।
अहमित्यभिमानेन तिष्ठत्याभासतेजसा ॥ ૧૦૫ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अन्तःकरणमेतेषु चक्षुरादिषु वर्ष्मणि ।
अहमित्यभिमानेन तिष्ठत्याभासतेजसा ॥ ૧૦૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– **વર્ષ્મણિ એતેષુ ચક્ષુરાદિષુ આભાસતેજસા, 'અહં' ઇતિ અભિમાનેન, અન્તઃકરણં તિષ્ઠતિ ॥ ૧૦૫ ॥**

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : **'અહં' ઇતિ અભિમાનેન અન્તઃકરણં તિષ્ઠતિ** । આ પહેલાં, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો વિશેની સમજણ આપી દેવામાં આવી છે. આ દશેય ઇન્દ્રિયો બહારની, શરીર-બહાર, શરીરની બહારની બાજુએ રહેનારી છે, તેથી તે 'બાહ્ય-ઇન્દ્રિયો' છે; - **બાહ્ય-કરણાનિ** છે. **કરણ** એટલે ઇન્દ્રિય. અહીં અંદરની, શરીરની અંદર રહેનારી, આંતર-ઇન્દ્રિય, એવાં **અન્તઃકરણ**ની વાત છે. એના વિશે ગ્રંથકારને શું કહેવાનું છે ? એ જ કે તે હું-પણાનો ભાવ ધારણ કરે છે, એટલે કે 'અમુક ક્રિયા હું કરું છું' - એવું સમજે છે, - **અહં ઇતિ અભિમાનેન તિષ્ઠતિ** ।

તે છે તો શરીરની 'અંદર'(**વર્ષ્મણિ**), અને પેલી, આંખ વગેરે જ્ઞાનેન્દ્રિયો તો (**એતેષુ ચક્ષુરાદિષુ**) શરીરની બહારની બાજુએ છે, છતાં આ આન્તર-ઇન્દ્રિય (**અન્તઃકરણં**), આંખ વગેરે પેલી બાહ્ય-ઇન્દ્રિયો સાથે, - "અહં"-ભાવ' "મમ"-ભાવ ધરાવવા માંડે છે, 'એ હું જ છું', - એવી ખોટી સમજણ, એવો અનુચિત ભાવ ધારણ કરે છે. પરંતુ આ "અહં"ભાવ એટલે, ખરેખર, શું ? એ જ કે, જુએ છે આંખ, સાંભળે છે કાન, સૂંઘે છે નાક, અને છતાં 'અન્તઃકરણ' એવો ભાવ ધરે છે કે "હું" જોઉં છું, "હું" સાંભળું છું, "હું" સૂંઘું છું, - વગેરે, વગેરે. પરંતુ આ તે કાંઈ યોગ્ય કહેવાય ? **"અન્તઃકરણ"** કેવી રીતે જોઈ-સાંભળી-સૂંઘી શકે ? એ પોતે થોડું જ આંખ-કાન-નાક છે ? કે જેથી તે પ્રક્રિયાઓ કરી શકે ? તો પછી આમ કેમ બનવા પામે છે ? આ સવાલનો જવાબ મળે છે, **આભાસતેજસા**, - એ શબ્દમાં. **આભાસ** - એટલે ચિદાભાસ, ચૈતન્યનો આભાસ, તેનાં તેજ વડે, તેનાં તેજનાં કારણે. શરીર પોતે ભલે જડ છે, પરંતુ મનુષ્ય જીવે છે ત્યાં સુધી, તે 'ચિન્મય' (ચિદ્+મય) છે, ચૈતન્યસભર છે, એ "ચિત્"ના આભાસરૂપી તેજનાં કારણે, 'અન્તઃકરણ', 'ચક્ષુ'-વગેરે બાહ્ય-કરણો સાથે તાદાત્મ્ય, - એટલે કે તદાત્મ-ભાવ, 'પોતે તે જ છે', - એવો અયોગ્ય 'અહં'-ભાવ, 'અસ્મિતા'-ભાવ ધારણ કરે છે. આ 'ભાવ' જ અન્તઃકરણનું 'અભિમાન', અને આ જ એનો "અહં"-કાર !

અને એનું પરિણામ પણ, આથી જ, ખોટું-અયોગ્ય-અનુચિત ! જે **'નથી'**, તેને **'છે'**, - એમ સમજવું ! (૧૦૫)

અનુવાદ :– શરીરમાં રહેલાં આ, ચક્ષુ વગેરે(ગોલકો)માં, ચિદાભાસનાં તેજનાં કારણે, અન્તઃકરણ હું-પણાંનો ભાવ ધારણ કરે છે. (૧૦૫)

ટિપ્પણ :– હકીકતમાં, જુએ છે આંખ; પરંતુ અન્તઃકરણ તેની સાથે એકરૂપ બની જાય છે, 'એ આંખ હું પોતે જ છું', - એમ સમજીને, આંખ દ્વારા થતી

જોવાની ક્રિયા સાથે અહં-ભાવ, મમ-ભાવ, અસ્મિતા-ભાવ ધરાવવાનું શરૂ કરે છે. એટલે, આંખની જોવાની ક્રિયાના સમયે, અન્તઃકરણનો, "અહંકાર"-સંબંધ રચાઈ રહે છે. આવું જ કાન-નાક-જીભ વગેરે અન્ય જ્ઞાનેન્દ્રિયોનું, બાહ્યેન્દ્રિયોનું પણ સમજવાનું !

આવી અયોગ્ય ક્રિયાનાં મૂળમાં વાત તો એ જ રહી છે કે અન્તઃકરણ ચિદાભાસવાળું("आभासचेतसा") છે, ચિન્મય છે, જેનાં કારણે, તે તે જ્ઞાનેન્દ્રિય સાથે, તે તે જ્ઞાનેન્દ્રિયની ક્રિયા સાથે, અન્તઃકરણ, અનુચિત તદાત્મભાવ, "અહં"ભાવ, ધારણ કરે છે; તે તે ક્રિયાઓ જાણે પોતે જ કરી રહે છે, એમ સમજી બેસે છે. અન્તઃકરણનું આ જ 'અભિમાન' !

એટલી, અલબત્ત, ચોખવટ કરવાની કે 'અભિમાન'નો દુન્યવી-સાંસારિક (Worldly) અર્થ, - Pride - અહીં નથી !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૦૫)**

૧૦૬

अहंकारः स विज्ञेयः कर्ता भोक्ताऽभिमान्ययम् ।
सत्त्वादिगुणयोगेन चावस्थात्रयमश्नुते ॥ १०६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અહંકારઃ સ વિજ્ઞેયઃ કર્તા ભોક્તાઽભિમાન્યયમ્ ।
સત્ત્વાદિગુણયોગેન ચાવસ્થાત્રયમશ્નુતે ॥ ૧૦૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– सः अहंकारः विज्ञेयः, अयं (अहंकारः एव) कर्ता भोक्ता (च इति) अभिमानी (भवति), सत्त्वादिगुणयोगेन च अवस्थात्रयं अश्नुते ॥ १०६ ॥

શબ્દાર્થ :– सः अहंकारः विज्ञेयः । सः - એટલે, આ પહેલાંના શ્લોકમાં વર્ણવવામાં આવેલો તે; જોવાની ક્રિયા તો આંખ કરતી હોય છે, છતાં અંતઃકરણ તેની સાથે એકરૂપ બનીને, આંખની જોવાની તે ક્રિયા સાથે 'અહંભાવ' ધરાવે છે, - તે ભાવ; તે ભાવને જ "અહંકાર" જાણવો-સમજવો-ઓળખી લેવો; અથવા, આવો અહંભાવ જ 'અહંકાર'ના નામે, 'અહંકાર' તરીકે ઓળખાય છે. શા કારણે ? એ 'અહંકાર' જ કર્તાપણા-ભોક્તાપણાનું અભિમાન ધરાવે છે - सः अहंकार एव कर्ता भोक्ता च इति अभिमानी भवति । અને 'અહંકાર' વિશે ત્રીજી શી વાત છે ? એ જ કે તે अवस्थात्रयं अश्नुते । - તે ત્રણેય અવસ્થાઓને પામે છે. त्रयं એટલે ત્રણનો સમૂહ. આ પહેલાં, જીવાત્માની બે અવસ્થાઓ, - 'જાગ્રત્' અને 'સ્વપ્ન'-ના ઉલ્લેખો આવી ગયા છે, અહીં ત્રણેય અવસ્થાઓનો ઉલ્લેખ છે, - ત્રીજી અવસ્થા એટલે 'સુષુપ્તિ'. આ ત્રણેય અવસ્થાઓને, પેલો અહંકાર, કેવી

રીતે, કેમ કરીને, પામે છે ? સત્ત્વ, રજસ્ અને તમસ્, - સાંખ્યદર્શન-પ્રબોધિત આ ત્રણ ગુણોના સંબંધ વડે, - **सत्त्वादिगुणयोगेन.** (૧૦૬)

અનુવાદ :– તે (ગયા શ્લોકમાં નિરૂપિત ભાવ) 'અહંકાર'-નાં નામે ઓળખાય છે, અને આ(અહંકાર) કર્તા-ભોક્તા-પણાંનો અભિમાની (બને) છે; અને, સત્ત્વ વગેરે ત્રણ ગુણોના સંબંધથી, તે ત્રણ અવસ્થાઓને પામે છે. (૧૦૬)

ટિપ્પણ :– "અહંકાર" શબ્દની પૂર્વભૂમિકા, આ પહેલાંના શ્લોકમાં, ગ્રંથકારે નિરૂપી છે. અંતઃકરણની હું-પણાના ભાવની અનુભૂતિ અથવા પ્રતીતિ - એ જ 'અહંકાર'. **अन्तःकरणं अहं-अहं करोति यस्मिन् सः भाव अहंकारः** । સરખાવો, આવા બીજા શબ્દો : હાહાકાર, હુંકાર વગેરે.

જે એક વધારાની વાત, જીવાત્મા વિશે, અહીં કહેવામાં આવી છે, - તે છે **अवस्थात्रयम्**-ની.

ઉપનિષદોમાં, અને સવિશેષ, **માંડૂક્ય**-ઉપનિષદમાં, **"ૐ-કાર"**નાં તત્ત્વજ્ઞાનનાં નિરૂપણના સંદર્ભમાં, ગૌડપાદાચાર્યે, તેમની કારિકાઓમાં, વ્યક્તિગત દેહમાં રહેલા આત્માની, ચૈતન્યની ત્રણ અવસ્થાઓ, –જાગ્રત્–સ્વપ્ન–સુષુપ્તિ, – સાથે એકતાનું નિરૂપણ કર્યું છે :

જાગ્રત્-અવસ્થામાં ચિત્ત સક્રિય છે, સૃષ્ટિને સ્થૂલરૂપે જુએ છે; સ્વપ્ન-અવસ્થામાં ઇન્દ્રિયોના અનુભવના સંસ્કારથી મન સંકુલ બને છે અને તેથી સૃષ્ટિને સ્થૂલરૂપે જુએ છે. આમ છતાં, જાગ્રત્ તથા સ્વપ્ન, - બંને અવસ્થાનું જગત તો મનોમય જ રહે છે. છેલ્લી અવસ્થા – સુષુપ્તિ – દરમિયાન તો સૃષ્ટિ રહેતી નથી, દૃશ્ય વિષયો જ નથી, વિષયોનો સંપૂર્ણ અભાવ હોય છે, એટલે તે અવસ્થામાં ચિત્ત નિષ્ક્રિય બની જાય છે. જાગ્રત્ પછી સ્વપ્નની અવસ્થામાં, ચિત્તરૂપે સક્રિય ભાસતો આત્મા, પોતાના આવિષ્કારોને સંકેલતો જાય છે, બાહ્યમાંથી આંતર થાય છે અને પછી, અંતે, સુષુપ્તિ-અવસ્થામાં તો બીજરૂપે જ રહે છે. ગાઢ નિદ્રાની આ અવસ્થામાં આત્મા કોઈ પદાર્થની કામના કરતો નથી : જાગ્રત્-માં બાહ્ય, સ્થૂલ રીતે અનુભવાય છે તેવો, કે સ્વપ્નમાં આંતરિક, સૂક્ષ્મ રીતે અનુભવાય છે તેવો, કોઈ પણ પ્રકારે, ઇન્દ્રિયોનો અને વિષયોનો સંબંધ, આ અંતિમ-અવસ્થામાં, રહેતો નથી.

આ શ્લોકમાં, "અહંકાર" આ ત્રણ અવસ્થાઓને પામે છે એમ કહેવામાં આવ્યું છે, અને તેનાં કારણ તરીકે, સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણો સાથેના, અહંકારના યોગને, એટલે કે સંબંધને નિરૂપવામાં આવ્યો છે : અહંકાર, આ ત્રણ ગુણોના સંબંધથી, અનુક્રમે, સુખ-દુઃખ-મોહ પામે છે, અને એ જ ક્રમે અને અનુક્રમે, જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તિ એ અવસ્થાત્રયને પામે છે.

સાંખ્યદર્શન-પ્રબોધિત સત્ત્વ વગેરે ત્રણ ગુણોનું વ્યવસ્થિત અને શાસ્ત્રોક્ત નિરૂપણ, **ગીતા**ના, "ગુણત્રયવિભાગયોગ" - નામના ૧૪મા અધ્યાયમાં કરવામાં

આવ્યું છે, એટલું જ નહીં પણ, ૧૭મા અને ૧૮મા, - એ બે અધ્યાયોમાં શ્રદ્ધા, યજ્ઞ, તપ, દાન, ત્યાગ, જ્ઞાન, કર્મ, કર્તા, બુદ્ધિ, ધૃતિ, સુખ, - વગેરેના સાત્ત્વિક-રાજસ-તામસ, - એવા, આ ગુણત્રય પર આધારિત, ત્રણ-ત્રણ ભેદોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૦૬)

૧૦૭

विषयाणामानुकूल्ये सुखी दुःखी विपर्यये ।
सुखं दुःखं च तद्धर्मः सदानन्दस्य नात्मनः ॥ १०७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિષયાણામાનુકૂલ્યે સુખી દુઃખી વિપર્યયે ।
સુખં દુઃખં ચ તદ્ધર્મઃ સદાનન્દસ્ય નાત્મનઃ ॥ ૧૦૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (સઃ અહંકારઃ) વિષયાણાં આનુકૂલ્યે સુખી, વિપર્યયે (તુ) દુઃખી (ભવતિ); સુખં દુઃખં ચ તદ્ધર્મઃ, સદા-આનન્દસ્ય આત્મનઃ ન (સ્તઃ) ॥ ૧૦૭ ॥

શબ્દાર્થ :– **સઃ અહંકારઃ વિષયાણાં આનુકૂલ્યે સુખી** (ભવતિ) । આનુકૂલ્ય એટલે અનુકૂળતા; વિષયોની અનુકૂળતા હોય ત્યારે, એટલે કે જ્યારે તેને અનુકૂળ-મનગમતા વિષયો મળે, - આ પ્રકારની મનપસંદ વિષયવાસનાઓનો ઉપભોગ કરવાની પરિસ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે, તે સુખી થાય છે; **વિપર્યયે** એટલે કે પ્રતિકૂળતામાં, વિષયો પ્રતિકૂળ હોય ત્યારે, તે દુઃખી થાય છે. આનું કારણ એ છે કે સુખ અને દુઃખ, એ બે તેના, - એટલે કે, - અહંકારના ધર્મ(**તદ્ધર્મઃ**) છે. આત્મા તો, સદા-સર્વદા, આનંદસ્વરૂપ જ છે, તેથી આ સુખ અને દુઃખ સાથે આત્માને કશો જ સંબંધ નથી : **સુખં ચ દુઃખં સદા-આનન્દસ્વરૂપસ્ય આત્મનઃ ધર્મૌ ન સ્તઃ** । આત્માના આવા કોઈ દુન્યવી-સાંસારિક ધર્મો હોતા જ નથી, હોઈ શકે જ નહીં; આત્મા તો તેનાથી, - આવા ધર્મોથી સતત પર જ, આળગો જ છે. (૧૦૭)

અનુવાદ :– (આ અહંકાર) અનુકૂળ વિષયો મળે ત્યારે સુખી અને પ્રતિકૂળ (વિષયો) મળે ત્યારે, દુઃખી થાય છે; (કારણ કે) સુખ અને દુઃખ એ(અહંકાર)ના ધર્મો છે, સદા-આનંદ-સ્વરૂપ (એવા) આત્માના નહીં. (૧૦૭)

ટિપ્પણ :– ઉપર્યુક્ત અહંકારની એક લાક્ષણિકતાની અહીં ગ્રંથકારે વાત કરી છે : જીવાત્માની **જાગ્રત્** અને **સ્વપ્ન**, એ બે અવસ્થાઓ દરમિયાન, અનુકૂળ કે પ્રતિકૂળ વિષય-વાસનાઓના સંપર્કમાં આવતાં, આ અહંકાર, અનુક્રમે, સુખી કે દુઃખી થાય છે; પરંતુ આવા સંજોગોમાં જો સમુચિત વિવેકબુદ્ધિ (Sense of discretion) જાળવવામાં ન આવે તો, અહંકારના જ, એવા સુખ-દુઃખના ધર્મોને

પોતાના માની-સમજીને, જીવાત્મા પોતાને સુખી-દુઃખી માની-સમજી બેસે છે. મુમુક્ષુ માટે આ એક બહુ મોટું જોખમ છે, ભયસ્થાન છે. સંપૂર્ણરીતે સભાન-સાવધ-સાવધાન રહીને, આત્માનાં મૂળભૂત-મૌલિક સ્વરૂપની પોતાની પાકી સમજણ તેણે સુરક્ષિત રાખવી જોઈએ કે આત્મા તો પરમાત્માનાં જે ત્રણ શાશ્વત સ્વરૂપો છે, - **સત્, ચિદ્ અને આનંદ** - એમાંનાં આનંદનું જ સ્વરૂપ છે. સુખ-દુઃખ જેવા સાંસારિક અને તેથી સ્થૂલ-ભૌતિક ધર્મો એના છે જ નહીં. **'અહંકાર'** અને **'આત્મા'**, એ બેનાં સર્વથા-સર્વદા ભિન્ન એવાં સ્વરૂપોના 'ગોટાળા'(Confusion)નાં કારણે જ, આવો ગોટાળો પરિણમે છે; એટલે, મુમુક્ષુએ સંપૂર્ણરીતે સ્વસ્થ રહીને, - એટલે કે, આવી ગેરસમજથી પર રહીને, - સૂક્ષ્મશરીર સાથે સંકળાયેલા 'અહંકાર'માં અહં-બુદ્ધિ (હું-બુદ્ધિ) ન રાખતાં, 'હું તો સદા આત્મા જ છું,' – એવી પોતાની સુદૃઢ પ્રતીતિને જાળવી રાખવી જોઈએ; નહીંતર, આવી ચલાયમાનતા મોક્ષપ્રાપ્તિ માટે બાધક નીવડે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૦૭)**

૧૦૮

आत्मार्थत्वेन हि प्रेयान् विषयो न स्वतः प्रियः ।
स्वत एव हि सर्वेषामात्मा प्रियतमो यतः ॥ १०८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

આત્માર્થત્વેન હિ પ્રેયાન્ વિષયો ન સ્વતઃ પ્રિયઃ ।
સ્વત એવ હિ સર્વેષામાત્મા પ્રિયતમો યતઃ ॥ ૧૦૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– વિષયઃ આત્માર્થત્વેન હિ પ્રેયાન્, ન સ્વતઃ પ્રિયઃ; (યતઃ) સર્વેષાં (ભૂતાનાં) આત્મા સ્વતઃ એવ હિ પ્રિયતમઃ (અસ્તિ, ભવતિ) ॥ ૧૦૮ ॥

શબ્દાર્થ :– વિષયઃ પ્રેયાન્ (અસ્તિ, ભવતિ) । - એ મુખ્ય વાક્યમાં, પ્રેયાન્ એટલે પ્રિય, વધારે પ્રિય. વ્યાકરણની દૃષ્ટિએ, પ્રિય - શબ્દનું અધિકતાદર્શક(Comparative) રૂપ, - પ્રેયસ્ (પ્રેયાન્), (Dearer) અને શ્રેષ્ઠતાદર્શક (Superlative) રૂપ - પ્રેષ્ઠ (Dearest) છે. અલબત્ત, અહીં એ શબ્દ ચુસ્ત વ્યાકરણગત અર્થમાં પ્રયોજાયો નથી, પ્રેયાન્ એટલે પણ અહી તો 'પ્રિય' એવો અર્થ છે. "વિષય" પ્રિય છે, બને છે, રહે છે. "વિષય" શા માટે પ્રિય બને છે? જવાબ છે, - આત્માર્થત્વેન-હિ । "આત્માનાં પ્રયોજનપણાંને કારણે, આત્માનું પ્રયોજન તે સારે છે, તેથી. બીજું વાક્ય છે : (વિષયઃ) સ્વતઃ પ્રિયઃ ન (અસ્તિ, ભવતિ) । વિષય, આપોઆપ-પોતાની મેળે-એમ ને એમ-કોઈ પણ કારણ વિના, પ્રિય હોતો નથી, થતો નથી. આનું કારણ શું ? કારણ કે (યતઃ) સર્વેષાં (ભૂતાનાં) આત્મા સ્વતઃ એવ હિ

प्रियतमः (अस्ति, भवति) । આત્મા તો સર્વ ભૂતો માટે, આપોઆપ-કોઈ પણ કારણ વિના-એની મેળે જ ખૂબ પ્રિય, અતિ-પ્રિય, સૌથી વધારે પ્રિય (**प्रियतमः**) હોય જ છે.

અહીં, એક વ્યાકરણ-ગત વિશિષ્ટતા તરફ, નીચે મુજબ, ધ્યાન ખેંચવાનું રહે છે: પ્રિય (Dear) - શબ્દનાં અધિકતાદર્શક(Comparative) અને શ્રેષ્ઠતાદર્શક (Superlative) રૂપો આ બે રીતે બને છે :-

Positive	Comparative	Superlative
प्रियः	**प्रियतरः**	**प्रियतमः**
प्रियः	**(प्रेयस्)**	**(प्रेष्ठः)**

અહી, **प्रिय**-શબ્દનાં આ બધાં રૂપોમાંથી, **विषय**ના અનુસંધાનમાં **प्रेयान्**-રૂપ પ્રયોજાયું છે, જ્યારે **आत्मा**ના સંદર્ભમાં **प्रियतमः**-રૂપ પ્રયોજાયું, - એ નોંધપાત્ર છે. આવો વ્યાકરણગત-પ્રયોગ પણ **आत्मा**નાં સર્વપ્રિયપણાં તરફ, અત્યંત-પ્રિયપણાં તરફ નિર્દેશ કરે છે. (૧૦૮)

અનુવાદ :– વિષય, એની મેળે, પ્રિય થતો નથી, પરંતુ આત્માનું પ્રયોજન તે સારે છે, એ કારણે પ્રિય છે; જ્યારે આત્મા તો, સ્વયમેવ સૌથી વધુ પ્રિય હોય છે. (૧૦૮)

ટિપ્પણ :– આમ તો, **'विषय'** અને **'आत्मा'**, – એ બંનેનાં સ્વરૂપો જ એટલાં બધાં આત્યંતિક રીતે ભિન્ન છે કે એ બંનેની પરસ્પર-તુલના, એકબીજા સાથે સરખામણી જ નિરર્થક બની જાય છે : એ બેમાંનું **એક**(**"विषय"**) તદ્દન નિમ્નકક્ષાનું છે, જ્યારે **બીજું**(**"आत्मा"**), માત્ર ઉચ્ચ-કક્ષાનું જ નહીં, પરંતુ સર્વોચ્ચ-કક્ષાનું છે. આમ છતાં, મોક્ષપ્રાપ્તિના અનુસંધાનમાં કશી ગેરસમજૂતી ન બને, એ હેતુથી અહીં ગ્રંથકારે એ બંને વચ્ચેની એક સ્પષ્ટ, ભેદ-રેખા દોરી છે - તે આ રીતે :

'પ્રિય' તો એ બંને, - **विषय** અને **आत्मा**, - હોય છે; પરંતુ એ બંનેનાં 'પ્રિયત્વ'(પ્રિય હોવા)નાં પ્રયોજનોનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવા જેવું છે. **"विषय"** શા માટે પ્રિય બને છે ? એનું પ્રયોજન શું ? જવાબ : **आत्मार्थत्वेन**, "આત્મા"નું પ્રયોજન તે (**"विषय"**) સારે છે, તેથી જ, તે એક જ કારણે. આમ ન હોત તો, એટલે કે **"आत्मा"**નું પ્રયોજનપણું તે જો સિદ્ધ ન કરતો હોત તો, **"विषय"** કદી પણ, કોઈને પણ પ્રિય ન બન્યો હોત ! આમ, **"विषय"**નાં પ્રિયત્વની આધારશિલા (Foundation stone) જ **"आत्मा"** છે, એનું અસ્તિત્વ જ **"आत्मा"** પર અવલંબે છે !

જ્યારે, **"आत्मा"** ? એ તો માત્ર **प्रिय** (કે **प्रेयान्**) જ નહીં, **प्रियतम** છે, અને તે પણ કોઈ મર્યાદા વિના, કોઈ શરત વગર, એની મેળે, આપોઆપ, સ્વયમેવ ! એનું આ 'પ્રિયતમપણું' તો સ્વાભાવિક, નિર્મર્યાદ, બિનશરતી(Unconditional) છે !

આ સિદ્ધાંત, આમ તો, એવો શાશ્વત-કક્ષાનો છે કે તેને કશાં પણ ઉદાહરણનાં સમર્થનની જરૂર નથી, તેમ છતાં આવું એક લૌકિક ઉદાહરણ પર્યાપ્ત બનશે : એક વ્યક્તિને ગળ્યું ખાવાનો બહુ શોખ છે, ગળ્યા પદાર્થો તે મનભર રીતે, પેટ ભરીને, ખાધા કરે છે. પરંતુ આમ કરતાં તે ડાયાબિટિસ-રોગનો ભોગ બને છે, અને ડૉક્ટર તેને ગંભીર ચેતવણી આપી દે છે કે 'જો અન્ય અનેક રોગોના ભોગ બનીને મોતને નોતરું ન આપવું હોય તો હવે ખાંડ(Sugar) સદંતર બંધ કરી દો !' હવે આવી પરિસ્થિતિ પછી, આ ભાઈસાહેબને 'મધુર-રસ' કેટલો 'પ્રિય' રહે ? અરે, 'પ્રિય'ની ક્યાં વાત કરો છો ? એ રસનાં ઉલ્લેખ અને દર્શન સુદ્ધાં એને માટે 'અપ્રિય' થઈ પડે છે !

'વિષય'નાં 'પ્રિયત્વ'ની, બસ, આટલી જ મર્યાદા !

અને **'આત્મા'** ! એનાં 'પ્રિયત્વ'નું પ્રયોજન ક્યાંય, આખાયે બ્રહ્માંડમાંયે, ક્યાંયે શોધ્યું જડે ખરું ? અને શોધવાની જરૂર પણ ખરી ?

બૃહદારણ્યક-ઉપનિષદમાં(૪,૫,૬) મહર્ષિ યાજ્ઞવલ્ક્ય પોતાની બ્રહ્મવાદિની ધર્મપત્ની મૈત્રેયીને **"આત્મા"**નું સનાતન પ્રિયત્વ સમજાવતાં, દૃષ્ટાંતોનું એક લાંબું લિસ્ટ આપે છે, તેમાંનાં માત્ર આટલાં જ બસ થશે :-

પતિ પત્નીને શા માટે પ્રિય હોય છે ?
પત્ની પતિને શા માટે પ્રિય હોય છે ?
પુત્રો માતાપિતાને શા માટે પ્રિય હોય છે ?

આ પ્રશ્નોનો ઉત્તર માત્ર **એક** જ,-

आत्मनस्तु कामाय पतिः प्रियः भवति ।
आत्मनस्तु कामाय जाया प्रिया भवति ।
आत्मनस्तु कामाय पुत्राः प्रिया भवन्ति ।

- પતિ, જાયા(પત્ની), પુત્રો - એ સર્વ **આત્મા**-નાં પોતાનાં સુખને કારણે પ્રિય બને છે !

અને પછી તો, **આત્મા**નાં પોતાનાં સુખનો, સમુચિત ઉપસંહાર કરતાં, યાજ્ઞવલ્ક્ય, આ **લિસ્ટ**માં, **સર્વ**-ને, આ રીતે, સાંકળી લેતાં કહે છે :-

न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति ।
आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति ॥

વિદ્યારણ્ય-સ્વામીએ પણ, **પંચદશી**(૧૨,૬૦)માં, આ જ શાશ્વત સત્યનું, પોતાની રીતે, આ પ્રમાણે, સમર્થન કર્યું છે :-

"ધન કરતાં પુત્ર પ્રિય, પુત્ર કરતાં પોતાની જાત, પોતાની જાત કરતાં ઇન્દ્રિયો, ઇન્દ્રિયો કરતાં પ્રાણ, અને પ્રાણ કરતાં પણ, વ્યક્તિને, પોતાનો **'આત્મા સૌથી વધારે પ્રિય'** હોય છે." :—

वित्तात् पुत्रः प्रियः, पुत्रात् पिंडः, पिंडात्तथेन्द्रियम् ।
इन्द्रियाच्च प्रियः प्राणः, प्राणादात्मा परः प्रियः ॥

આત્માનાં સર્વપ્રિયત્વની, પ્રિયતમત્વની આ ફિલોસોફી, ખરેખર, અદ્‌ભુત છે ! મુમુક્ષુને તો, મોક્ષપ્રાપ્તિના સંદર્ભમાં, મનુષ્ય-જીવનના આ પરમ અને ચરમ પુરુષાર્થ પરત્વે, જીવન અને જગતનું બધું જ ભૂલવી દે, એવી અતિ-અદ્‌ભુત અવશ્ય બની રહે !

અને આવું અસાધારણ આધ્યાત્મિક પ્રદાન, દાર્શનિક પ્રતિપાદન, - સમગ્ર વિશ્વમાં, એકમાત્ર પ્રાચીન ભારતીય સંસ્કૃતિની જ વિશિષ્ટતા છે, એ હકીકત આપણા સહુ માટે આનંદ અને ગૌરવની જ બની રહે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૦૮)**

૧૦૯

तत आत्मा सदानन्दो नास्य दुःखं कदाचन ।
यत्सुषुप्तौ निर्विषय आत्मानन्दोऽनुभूयते ।
श्रुतिः प्रत्यक्षमैतिह्यमनुमानं च जाग्रति ॥ १०९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

तत आत्मा सदानन्दो नास्य दुःखं कदाचन ।
यत्सुषुप्तौ निर्विषय आत्मानन्दोऽनुभूयते ।
श्रुतिः प्रत्यक्षमैतिह्यमनुमानं च जाग्रति ॥ १०९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ततः आत्मा सदा आनन्दः (अस्ति), अस्य (आत्मनः) कदाचन दुःखं न (अस्ति), यत् सुषुप्तौ आत्मा आनन्दः अनुभूयते । (अत्र) श्रुतिः, प्रत्यक्षं, ऐतिह्यं अनुमानं च जाग्रति (अवस्थायां प्रमाणं, साक्षीरूपं च) ॥ १०९ ॥

શબ્દાર્થ :– ततः, - તેથી, આથી, ઉપર - આ અગાઉ-કહ્યા પ્રમાણે; आत्मा सदा आनन्दः (अस्ति) । - આત્મા સદા-સર્વદા-સતત-હંમેશ આનંદરૂપ છે. अस्य (आत्मनः) कदाचन दुःखं न (अस्ति) । - આ(આત્મા)ને કદી પણ દુઃખ હોતું નથી; તે કદીયે દુઃખરૂપ હોતો નથી; કારણ કે(यत्) निर्विषयः. आत्मा-નું વિશેષણઃ કેવો આત્મા ? વિષયો-વિનાનો, વિષયશૂન્ય, વિષય-રહિત; આવો આત્મા આનંદરૂપ અનુભવાય છે - आनन्दः अनुभूयते । ક્યારે ? सुषुप्तौ, સુષુપ્તિ-અવસ્થામાં-ગાઢ નિદ્રામાં; આ બાબતમાં(अत्र) કશું પ્રમાણ ખરું ? કોઈ સાક્ષીરૂપ છે ? જવાબ : હા, અવશ્ય, છે. કોણ કોણ ? ક્યાં ક્યાં ? આ ચાર: (૧) श्रुतिः-શ્રુતિવચનો, વૈદિક સાહિત્યનાં વાક્યો; (૨) प्रत्यक्षं-ચાર પ્રમાણોમાંનું સૌપ્રથમ પ્રમાણ, - **'प्रत्यक्ष'**; અનુભવ; (૩) ऐतिह्यं-ઇતિહાસ; 'ઇતિહાસ'(History). એ ઇતિહાસ એટલા માટે કહેવાય છે કે તે "એ પ્રમાણે, ખરેખર, હતું" - (इति ह आस), એમ કહે છે. આ "इति-ह" પરથી બનેલું નામ (Noun) એટલે **"ऐतिह्य"**, જે, ખરેખર, બન્યું છે તે; - એટલે કે ઇતિહાસ; (૪) अनुमानं - ચાર પ્રમાણોમાંનું બીજું એક એનાં

પ્રમાણ,- **'અનુમાન.'** **जाग्रति** – જાગ્રત્-અવસ્થામાં, **जाग्रत्**-નું સપ્તમી એકવચનનું રૂપ. (૧૦૯)

અનુવાદ :– તેથી, આત્મા સર્વદા આનંદરૂપ છે; આ(આત્મા)ને કદી પણ દુઃખ હોતું નથી, કારણ કે સુષુપ્તિ-અવસ્થા દરમિયાન, વિષયરહિત આત્મા આનંદરૂપે જ અનુભવાય છે. આ બાબતમાં, શ્રુતિવચનો, પ્રત્યક્ષ-પ્રમાણ, ઇતિહાસ અને અનુમાન-પ્રમાણ, જાગ્રત્-અવસ્થામાં(પ્રમાણરૂપ) છે. (૧૦૯)

ટિપ્પણ :– છેલ્લા કેટલાક શ્લોકોમાં ચાલી રહેલી સૂક્ષ્મ-શરીરની ચર્ચાનું સમુચિત સમાપન કરતાં, અને **"માયા"**નામના, વેદાન્ત-દર્શનના એક નવા જ વિષયની ચર્ચા શરુ કરતાં પહેલાં, આચાર્યશ્રી, **"આત્મા"**નાં સદા-આનંદ-સ્વરૂપને અહીં સુનિશ્ચિત અને અસંદિગ્ધ રીતે પ્રસ્થાપિત કરી દે છે.

આત્મા સદા-સર્વદા આનંદ–સ્વરૂપ છે, એ તો અત્યારસુધીમાં એકથી વધુ વાર કહેવાઈ ગયું; અહીં, આ શ્લોકમાં, એ જ વાત નિષેધાત્મક-નકારાત્મક રીતે (Negatively) રજુ થાય છે : આત્મા સદા-સર્વદા આનંદ-સ્વરૂપ તો છે જ, પરંતુ એકલું વિધેયાત્મક-હકારાત્મક(Positive) વિધાન કોઈક શંકાકારને પૂરતું ન જણાય, એવું, કદાચ, બને. તેથી અહીં એ પણ કહી દેવામાં આવ્યું કે આ આત્મા કદી પણ દુઃખ–સ્વરૂપ હોતો નથી, એને ક્યારેય પણ દુઃખ હોતું જ નથી.

શાસ્ત્રીય ચર્ચા ચાલતી હોય ત્યારે, આપણી અત્યારની **'ડિબેઈટ'** (Debate)-પ્રથાની જેમ, ચર્ચામાં ભાગ લેનાર બે પક્ષો હોય છે : **એક** વિષયની તરફેણમાં, અને **બીજો**, વિષયની વિરુદ્ધમાં. આ બંને માટેના પારિભાષિક શબ્દો છે, અનુક્રમે, **"સિદ્ધાંત-પક્ષ"** અને **"પૂર્વપક્ષ"**. આત્માનું આનંદ-સ્વરૂપ સ્થાપવા ઇચ્છતા આચાર્યથી, અહીં, આ ચર્ચામાં, સિદ્ધાંતપક્ષે છે, **'सिद्धांतिन्'(સિદ્ધાંતી')** છે. વિષયની તરફેણમાં જે કાંઈ કહેવાની જરૂર હતી, તે બધું તેમણે તો કહી દીધું; પરંતુ પેલો **"પૂર્વપક્ષ"** આ બધું, એમ ને એમ, સ્વીકારે જ નહીં ! આપણાં પ્રવર્તમાન ન્યાયાલયો(Courts)માં પણ, 'સાક્ષી'(Witness), 'પુરાવા'(Evidence) વગેરેનું મહત્ત્વ તો છે જ. એ વગર કશો અંતિમ નિર્ણય થઈ શકે જ નહીં !

અહીં પણ પેલો **'પૂર્વપક્ષ'** તરત જ પૂછે છે, - **સિદ્ધાંતી**ને, એટલે કે આચાર્યશ્રીને, - કે "તમારી આ વાત તો અમે જાણી, પણ તમારી પાસે, એનું કશું "પ્રમાણ"(Authority) છે, કોઈ સાક્ષી છે ?"

અને એના જવાબરૂપે જ અહીં આચાર્યશ્રીએ **ચાર** બાબતોને સાક્ષીરૂપે રજુ કરી દીધી. પરંતુ આ **ચાર**ને સમજવા માટે, આપણે થોડું શાસ્ત્રીય વિશ્લેષણ કરવું પડશે. આ સંદર્ભમાં, ભારતીય પ્રરંપરામાં સ્વીકારાયેલાં **"છ દર્શનો"**(Six systems of Indian philosophy)માંના બે દર્શનો- **'ન્યાય'** અને **'વૈશેષિક'**, - આપણને મદદરૂપ થાય છે. એમના સિદ્ધાંતો પ્રમાણે, કોઈ પણ જ્ઞાનની છેવટની-અંતિમ સિદ્ધિ કે સ્વીકૃતિ માટે, આ ચાર **"પ્રમાણો"** પ્રસ્થાપિત કરવામાં આવ્યાં છે :

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને શબ્દ. આ ચારમાંનાં, એક ઉપમાન સિવાયનાં ત્રણને અહીં સાક્ષીરૂપે ટાંકવામાં આવ્યાં છે, અને **ઉપમાન**ને બદલે અહીં **'ઇતિહાસ'**-(ઐતિહ્ય)ને પ્રમાણભૂત તરીકે રજુ કરવામાં આવ્યો છે.

આ ચારને **'ન્યાય-વૈશેષિક'**-દર્શનો પ્રમાણે, **'પ્રમાણો'** તરીકે સ્વીકારવામાં આવ્યાં છે; પરંતુ 'પૌરાણિકો' આ ચાર ઉપરાંત, અથવા તો, આ ચારની સાથે જ, **'ઐતિહ્ય'**ને પણ, એક વધારાનાં, **પાંચમાં 'પ્રમાણ'** તરીકે સ્વીકારે છે :-

ऐतिह्यमनुमानं च प्रत्यक्षमपि चागमम् ॥ - રામાયણ

'ઐતિહ્ય' એટલે પરંપરાગત રીતે ચાલ્યો આવતો અને સ્વીકારાયેલો અભિપ્રાય (Traditional opinion, legendary account).

અહીં, આ **'ઐતિહ્ય'**ને, ઇતિહાસ-પુરાણ-ગત **'પ્રમાણ'** તરીકે નિર્દેશમાં આવ્યું છે.

પ્રત્યક્ષઃ अहं घटं पश्यामि । હું મારી પોતાની આંખ વડે જ, મારી સામેના ઘડાને જોઉં છું, - એ થયું પ્રત્યક્ષ-પ્રમાણ. ઘડાનાં અસ્તિત્વ વિશે કશી શંકાને સ્થાન જ નથી, કારણ કે ઘડો મારી સામે જ છે, સમક્ષ જ છે, અને એને હું મારી પોતાની આંખ વડે જ જોઉં છું.

સુષુપ્તિ-અવસ્થામાં, એટલે કે ગાઢ નિદ્રા દરમિયાન, શરીરનાં અંગો, ઇન્દ્રિયો, બુદ્ધિ, - વગેરે નિષ્ક્રિય હોય અને સ્પર્શાદિ વિષયો પણ ત્યાં ગેરહાજર હોય છે, અને છતાં જાગતાંની સાથે જ (**जाग्रति**) મનુષ્ય બોલી ઊઠે છે કે "હું તો ખૂબ નિરાંતે, સુખચેનથી, સૂતો હતો !" (**मया सुखेन निद्रा अनुभूता**). અવયવો-ઇન્દ્રિયો-બુદ્ધિ-વિષયો, - એ સર્વની ગેરહાજરી હોવા છતાં, મનુષ્યનો, આ નિદ્રા-અનુભૂતિનો, આનંદ કેવી રીતે શક્ય બન્યો ? એક જ ઉત્તર : આત્મા તો ચૈતન્યમય હોવાથી, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ, – એ ત્રણેય અવસ્થાઓમાં ઉપસ્થિત હોય જ છે. આમ, આત્માએ પોતે જ 'પ્રત્યક્ષ'-સ્વરૂપે આનંદની અનુભૂતિ કરી.

અનુમાન :

સામેની ટેકરી પર મેં ધુમાડો જોયો, પછી મેં તરત જ જાહેર કર્યું કે "આ ટેકરી પર અગ્નિ છે"(**अस्मिन् पर्वते अग्निः अस्ति** ।). મેં તો અગ્નિને જોયો જ નથી, માત્ર ધુમાડો જ જોયો છે, છતાં હું કેમ કહી શકું છું કે 'ત્યાં અગ્નિ પણ છે ?' કારણ કે એક વાત સહુ જાણે છે કે જ્યાં જ્યાં ધુમાડો હોય, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય જ છે, અગ્નિ વિના ધુમાડો શક્ય જ નથી : **यत्र यत्र धूमः, तत्र तत्र अग्निः** । આવી **"વ્યાપ્તિ"**(અગ્નિ-ધૂમાડાનું સહ-અસ્તિત્વ, Invariable concomittance)ને કારણે, હું 'અનુમાન' કરી શકું છું, કે સામેની ટેકરી પર માત્ર ધૂમાડો જ નહીં, પરંતુ અગ્નિ પણ છે જ !

છાંદોગ્ય-ઉપનિષદનું એક વિધાન આ પ્રમાણે છે : **यद् अल्पं तद् मर्त्यम्** ।

જે કંઈ **અલ્પ** એટલે કે 'અનિત્ય' હોય, તે 'મર્ત્ય' એટલે કે મૃત્યુવશ છે, વિનાશશીલ છે, અને તેથી જ દુઃખદાયક છે. આમ, જે અનિત્ય હોય તે દુઃખસ્વરૂપ હોય, તો પછી જે નિત્ય હોય, તે તો આનંદસ્વરૂપ જ હોય ને ! અને આત્મા તો **ગીતા** કહે છે તેમ, **'નિત્ય'** જ છે :-

अजो नित्यः शाश्वतोऽयं पुराणः ॥ (૨.૨૦)

અને તે **નિત્ય** હોવાથી, તે **આનંદ-સ્વરૂપ** જ હોય, એવું **"અનુમાન"** આપણે અવશ્ય કરી શકીએ !

શબ્દ :

વેદોના મંત્રો, કોઈએ, પોતાના હાથે લખેલા નથી, પણ તે તે ઋષિઓએ, મંત્રોને **'જોયા'** હતા, એમનું **'દર્શન'** કર્યું હતું. આથી જ વેદોને **'અ-પૌરુષેય'**, અને ઋષિઓને **'મંત્રદૃષ્ટા'** કહેવામાં આવે છે. આવી **'દર્શન'**ની શક્તિનું મૂળ ઋષિઓની તપશ્ચર્યામાં રહેલું છે. અને આથી જ, વેદોમાં - એટલે કે સમગ્ર વૈદિક સાહિત્યમાં, - જે કાંઈ કહેવાયું છે, તે હંમેશાં સિદ્ધ, સુનિશ્ચિત અને પ્રમાણભૂત (Authoritative) ગણાય છે, એને કોઈ સાક્ષી-પુરાવાની જરૂર રહેતી નથી. ન્યાય-વૈશેષિક દર્શનોએ પ્રસ્થાપેલું આ જ **'શબ્દ'**-પ્રમાણ. અહીં, આ શ્લોકમાં, એના માટે **'શ્રુતિ'** શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. ઋષિઓનાં વાક્યોને 'સાંભળ્યા પછી' (શ્રુ - એટલે સાંભળવું) જે સાહિત્ય રચાયું તે, - **વેદો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો** વગેરે — **"શ્રુતિ"** અને એને 'સ્મરણમાં રાખીને' (સ્મૃ-યાદ રાખવું), ત્યારપછી જે સાહિત્ય રચાયું તે, **"સ્મૃતિ"** (**રામાયણ, મહાભારત, પુરાણો** વગેરે).

આ જ **"શ્રુતિ"**સાહિત્યનું એક સુપ્રસિદ્ધ વાક્ય આ પ્રમાણે છે : **आनन्दो ब्रह्म इति व्यजानात् ।** - **તૈત્તિરીય** - ઉપનિષદ. "તેણે જાણ્યું કે **બ્રહ્મ** એટલે કે આત્મા, તો આનંદસ્વરૂપ છે."

એ જ **ઉપનિષદ**માં બીજાં પણ વિધાનો આ પ્રમાણે છે :- **रसो वै सः ।** "તે આત્મા રસ-સ્વરૂપ છે." અને **'રસ'** તો એની વ્યુત્પત્તિ પ્રમાણે (**रस्यते असौ रसः**) આનંદ-સ્વરૂપ જ હોય !

आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।

"બ્રહ્મના, એટલે કે આત્માના આનંદને જાણનારને કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી."

આ થયું **શબ્દ**નું, એટલે કે **'શ્રુતિ'**નું પ્રમાણ.

અને આવાં શ્રુતિવાક્યની પ્રમાણભૂતતા વિશે તો **'પૂર્વપક્ષ'** પણ કશો વાંધો ન લઈ શકે.

હવે રહ્યો **ઇતિહાસ** - **ऐतिह्यम्**. આમ તો, આ પહેલાં જણાવવામાં આવ્યું છે તેમ, **'ઇતિહાસ'** એ શબ્દની વ્યુત્પત્તિ જ સાક્ષીરૂપ છે કે - "તે, ખરેખર, આ

પ્રમાણે બન્યું હતું !" (इति ह आस ।), છતાં આપણા ભારતીય દર્શનના અને સંસ્કૃતિના ઈતિહાસમાં, યાજ્ઞવલ્ક્ય જેવા તપઃસિદ્ધ મહર્ષિઓએ નિરૂપણ કર્યું જ છે કે "આત્મા સદા-આનંદ-સ્વરૂપ છે."

આ થયો **ઈતિહાસ.**

ચર્ચાનો વિરોધ કરી રહેલો પેલો **પૂર્વપક્ષ** પંણ, આચાર્યશ્રીએ, એટલે કે **સિદ્ધાંતી**એ, રજૂ કરેલાં ઉપર્યુક્ત ચાર **"પ્રમાણો"**ની સામે કશું બોલી શકે તેમ નથી : એ પણ મૂક બનીને, આચાર્યશ્રીના આ સિદ્ધાંતને સ્વીકારી લે છે કે આત્મા સદાસર્વદા, આનંદસ્વરૂપ છે, એટલું જ નહીં પણ તેને કદી પણ દુઃખ હોતું નથી.

શ્લોકનો **છંદ** : અનુષ્ટુપ; અને આ અનુષ્ટુપને અહીં **ત્રણ** લીટીઓ અને છ ચરણોમાં રજુ કરવામાં આવ્યો છે, તે નોંધપાત્ર છે. (૧૦૯)

૧૧૦

अव्यक्तनाम्नी परमेशशक्ति-
-रनाद्यविद्या त्रिगुणात्मिका परा ।
कार्यानुमेया सुधियैव माया
यया जगत् सर्वमिदं प्रसूयते ॥ ११० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અવ્યક્તનામ્ની પરમેશશક્તિ-
-રનાદ્યવિદ્યા ત્રિગુણાત્મિકા પરા ।
કાર્યાનુમેયા સુધિયૈવ માયા
યયા જગત્ સર્વમિદં પ્રસૂયતે ॥ ૧૧૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अव्यक्तनाम्नी त्रिगुणात्मिका अनादि (च) अविद्या (या), परमेशशक्तिः परा (अस्ति), यया (च), इदं सर्वं जगत् प्रसूयते, (सा) सुधिया एव कार्यानुमेया 'माया' (इति उच्यते) ॥ ११० ॥

શબ્દાર્થ :– (या) परमेशशक्तिः (अस्ति) - પરમેશ્વરની જે એક શક્તિ છે; પરમેશ્વરની એક શક્તિનું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે. એ 'શક્તિ' કેવી છે ? જોઈએ એનાં વિશેષણો : સૌપ્રથમ તો, એ શક્તિ **પરા**, - એટલે કે અતિ-ઉચ્ચ, સર્વોચ્ચ છે, - Highest, greatest, best, principal, most eminent, superior, - એવી ઉત્કૃષ્ટ પ્રકારની છે. **બીજું**, એનું નામ 'અવ્યક્ત' છે(अव्यक्तनाम्नी). 'વ્યક્ત' એટલે તે, જે સ્પષ્ટ છે, દેખાય છે, જાણી શકાય છે, - જે - Manifest, clear, clearly visible છે; આ શક્તિ એવી નથી પણ અવ્યક્ત છે, ગૂઢ છે, રહસ્યાત્મક છે; ત્યારપછી, **ત્રીજું**, એ 'અનાદિ' છે. 'આદિ' એટલે આરંભ, શરૂઆત (Beginning), - જે ક્યારે શરુ થઈ, એની જ કોઈને જાણ

નથી, Beginningless, - એટલે કે શાશ્વત, eternel, છે; વળી, એ **'અવિદ્યા'** છે. વિદ્યા એટલે જાણવા જેવી (**विद्** - 'જાણવું' એ ધાતુ પરથી બનેલો શબ્દ), એટલે કે 'જ્ઞાન' Knowledge. ન જાણવા લાયક જે હોય તે **'અવિદ્યા'**. અંગ્રેજીમાં, - જેને 'Ne-science' કહેવામાં આવે છે; તે, આ **"Ne-science"** શબ્દ વિશે "બાઈબલ"માં એવી નોંધ છે કે **સેન્ટ બર્નાર્ડ**ને ઈશ્વર(God)નાં સ્વરૂપ વિશે જ્યારે મુંઝવણ થઈ ત્યારે તે બોલી ઊઠ્યો હતો કે, — "મને ખબર નથી !"-"Nescience" (**ઉચ્ચાર** : "નેસ્સીઓ"). અને છેલ્લે, તે સાંખ્ય દર્શનના ત્રણેય ગુણો—સત્ત્વ, રજસ્ અને તમસ્—થી યુક્ત છે, એ ત્રણેય ગુણો જે ધરાવે છે, એવી (**त्रिगुणात्मिका**) છે અને પરમેશ્વરની આ 'પરા શક્તિ' વિશેની સહુથી વિશિષ્ટ વાત એ છે કે તેના વડે આ બધું જગત ઉત્પન્ન થાય છે : **यया इदं सर्वं जगत् प्रसूयते** । પરમેશ્વરની આ 'પરા શક્તિ' વિશે હવે બે જ વાત જાણવાની રહે છે. એમાંની **પહેલી** એ કે તે 'અવ્યક્ત' હોવાથી, સીધી રીતે (Directly) તો તેને જાણી શકાય(**ज्ञेय**) એવી નથી, પરંતુ એનું 'અનુમાન' થઈ શકે એવી છે - (**अनुमेय**). આ અનુમાન કેવી રીતે, શાના આધારે થઈ શકે એમ છે ? માત્ર એક જ રીતે : તેણે જે કાંઈ 'કાર્ય' કર્યું છે, જે કંઈ રચ્યું છે, સર્જ્યું છે, નિર્મ્યું છે, એના પરનાં અનુમાન વડે, તેના વિશે કંઈક જાણ થઈ શકે એવી છે; અને એનું **कार्य** (Creation) એટલે તો આ જગત; આ જગત એનું 'કાર્ય', 'સર્જન', 'ઉત્પત્તિ'; આના આધારે એક જ બાબત જાણી શકાય; અને તે એ કે તે આ જગત-રૂપી **'કાર્ય'**નું **'કારણ'** છે. અને આવું અનુમાન કરવાનું કામ કંઈ સામાન્યબુદ્ધિવાળાનું ન હોય, એમાં તો ઊંચા પ્રકારની બુદ્ધિ, વિવેકબુદ્ધિ જોઈએ. **धी**-એટલે 'બુદ્ધિ', અને **'सु'** એટલે 'સારી'. ઉચ્ચ પ્રકારની, સારી બુદ્ધિવાળા વડે જ (**सुधिया एव**), આવું અનુમાન શક્ય બને.

અને હવે, **બીજી** તથા **છેલ્લી** અને અત્યંત મહત્ત્વની વાત એ કે પરમેશ્વરની આ પરા શક્તિ **"माया"** એવા નામથી પ્રસિદ્ધ છે, તે **"माया"** કહેવાય છે. (૧૧૦)

અનુવાદ :— 'અવ્યક્ત' એવાં નામવાળી, અનાદિ, અવિદ્યા અને (સત્ત્વ વગેરે) ત્રણેય ગુણોથી યુક્ત એવી, - પરમેશ્વરની એક અતિ-ઉત્કૃષ્ટ શક્તિ છે, જેના વડે આ બધું જગત ઉત્પન્ન થાય છે, અને શ્રેષ્ઠ વિવેકબુદ્ધિ ધરાવનારા વડે, એનાં કાર્ય પરથી જેના વિશે અનુમાન કરી શકાય છે, — તે **"माया"**(કહેવાય) છે. (૧૧૦)

ટિપ્પણ :— **"माया"** વિશે એક અતિ-વિચિત્ર વાત એ છે કે આ શબ્દ લગભગ સુ-પરિચિત છે, છતાં એનું હાર્દ એટલું બધું ગૂઢ અને રહસ્યપૂર્ણ છે કે એને પૂરેપૂરું પામવાનું તો સામાન્ય માણસનું ગજું જ નહીં ! પરંતુ એ વિશેની વધુ વાત હવે પછી કરીશું. **"माया"**ના એ ગૂઢાર્થના સંદર્ભમાં અને એના જ પશ્ચાદ્‌ભૂ-(Background)માં રહેલી, આ શ્લોકમાંથી જ ઉપસતી, કેટલીક પ્રસ્તુત વાતોને સમજી લઈએ.

પરમાત્માની આ 'પરા શક્તિ' વિશે એમ કહેવાયું છે કે એમાંથી આ આખું જગત ઉત્પન્ન થાય છે (**यया इदं सर्वं जगत् प्रसूयते ।**). આનો અર્થ એ થયો કે આ જગત પેલી શક્તિનું **"કાર્ય"**(Creation)છે, અને તે શક્તિ આ જગતનું **'કારણ'** (Cause) છે. બે તત્ત્વો વચ્ચેના આ **"કાર્ય-કારણ-ભાવ"**(Law of Causation)નાં સ્વરૂપને તાત્ત્વિક રીતે સમજી લેવાં જોઈએ : કુંભારે માટીમાંથી ઘડો ઉત્પન્ન કર્યો, એટલે અહીં ઘડો **'કાર્ય'** છે અને માટી **'કારણ'** છે. માટી વિના ઘડાનું નિર્માણ થઈ શકે નહીં, એ એક સુનિશ્ચિત અને અસંદિગ્ધ(Undoubted, Indisputable) હકીકત છે; છતાં ઘડાનાં નિર્માણમાં કુંભાર, એની પત્ની, ચાકડો, માટી લઈ આવનાર ગધેડો, પાણી, ઘડાને પકવનાર નિંભાડો, વગેરે ન હોત તો ? માટી હોય અને આ બધાં ન હોય, તો પણ ઘડો ઉત્પન્ન કરી શકાત નહીં. એટલે આ બધાંની મદદની જરૂરત તો ખરી; પરંતુ માટી તો મૂળભૂત પદાર્થ છે, **જેમાંથી** જ ઘડાનું નિર્માણ થઈ શકે. એટલે **"ન્યાય"**દર્શનના તત્ત્વચિંતકોએ એવો સિદ્ધાંત સ્થાપ્યો કે ઘડાનાં નિર્માણનાં બે કારણો છે : **એક**, માટી અને **બીજું**, કુંભાર વગેરે પેલાં બધાં સહાયકો. માટી તો ઘડા માટેનો મૂળભૂત પદાર્થ છે, એટલે એને નામ આપ્યું, — "**ઉપાદાન** કારણ"; અને પેલાં સર્વ સહાયકો માટે નામ આપ્યું, - "**નિમિત્ત** કારણ."

પરંતુ અહીં જગતનાં નિર્માણ માટે તો, જગતરૂપી **"કાર્ય"** માટે તો, પરમેશ્વરની **"પરા શક્તિ"**, **'ઉપાદાન'** અને **'નિમિત્ત'** બંને કારણ ! પરમેશ્વરની આ શક્તિ જ સ્વયં જ્યાં **"પરા"** હોય ત્યાં આ **"કાર્ય"**માં એને અન્ય કોઈની સહાય કે મદદની જરૂર જ શાની રહે !

જગતનાં સર્જન(Creation : **'કાર્ય'**)ની આ પ્રક્રિયામાંથી જ એક હકીકત એ પણ આપમેળે જ ઉપસી આવે છે, અને તે એ કે જેમાંથી જગત્ ઉત્પન્ન થાય છે(**यया इदं सर्वं जगत् प्रसूयते ।**) તે, પરમેશ્વરની **परा** શક્તિ, એટલે જગતનું **'કારણ'**-શરીર.

શ્રુતિઓ તો ઠીક, પરંતુ સ્મૃતિઓ પણ શ્રુતિના આ સિદ્ધાંતનું સમર્થન કરે છે : **ગીતા**માં ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ એકરાર કરે છે કે "હું પોતે, મારી, એટલે કે પરમાત્માની, શક્તિ વડે સમગ્ર જગતનું સર્જન કરું છું; અલબત્ત, એ સર્જનક્રિયામાં હું ભાગીદાર થતો નથી, - માત્ર, અધ્યક્ષ કે સાક્ષીરૂપે જ તેમાં ઉપસ્થિત રહું છું.":

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ॥ ९, १० ॥

આ શક્તિનાં વિશેષણો પણ એવાં જ સૂચક (Significant) છે : આ શક્તિ, પોતાનાં જ, 'સત્ત્વ' વગેરે ત્રણ ગુણો દ્વારા જ જગતનું સર્જન કરે છે છતાં, તે પોતે તો અદૃશ્ય જ રહે છે, તેથી તેને **'અવ્યક્ત'** એવું સાર્થક અને સમુચિત નામ આપવામાં આવ્યું છે. વળી, તે શક્તિની શરુઆત (આદિ) ક્યારે થઈ, એ કોઈ જાણતું નથી, તેથી તે **અનાદિ** છે. આ **"પરા શક્તિ"** છે તો સ્વયં પરમેશ્વરની, અને છતાં એને **'અવિદ્યા'** કહેવામાં આવી છે, તે હકીકત અપ્રતીતિકર તો ઠીક, પણ

સામાન્ય ઈશ્વરભક્ત, સાધક કે મોક્ષાર્થીને તો આઘાત અને આંચકો આપે એવી છે ! વેદાંતદર્શનના કેટલાક વિવેચકો આ વિશેષણ-**'अविद्या'**-ને યથાર્થ સિદ્ધ કરવા માટે એવું કહે છે કે જે શક્તિ **'मिथ्या'** (સરખાવો : **ब्रह्म सत्यं जगत् मिथ्या** ।) એવા આ જગતનાં મૂળમાં હોય, એ સારી કે સાચી વિદ્યા હોઈ શકે જ નહીં ! એને **'अविद्या'** કહેવી, એમાં જ ઔચિત્ય છે ! ઉપરાંત, આ શક્તિને, તેનાં કાર્ય પરથી અનુમાન કરી શકાય (**कार्यानुमेया**) એવી કહી છે, એ હકીકત પણ આ અર્થઘટનનું જ સમર્થન કરે છે : એ શક્તિનું 'કાર્ય' શું અને કેવું છે ? તો કે આ જગત જેવું મિથ્યા, મર્ત્ય અને વિનશ્વર ! તો પછી, સૂક્ષ્મ અને શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યો તો તરત જ એવું 'અનુમાન' કરે(**सुधिया एव अनुमेया**) કે તે શક્તિ પોતે પણ તેનાં પોતાનાં **'कार्य'** જેવી જ હશે ને ! - વિદ્યા નહીં પરંતુ **"अविद्या"** ! જેવું તેનું કામ, તેવું નામ !

અને સૌથી છેલ્લી છતાં સૌથી મહત્ત્વની, "The last, but not the least !" - એવી વાત તો, "પરમેશ્વરની આ **परा** શક્તિ" વિશે, એ કે, તેને બધાં શાસ્ત્રો અને દર્શનોમાં **माया** કહેવામાં આવી છે !

આ શ્લોકમાં તો, પરમેશ્વરની આ **'परा** શક્તિ'નું આ 'નામ'-કરણ જ થયું છે અને એનાં સ્વરૂપ વિશે તો હવે પછીના શ્લોકોમાં નિરૂપણ થશે; એટલે આપણે એ વિશેનો આવશ્યક વિસ્તાર ત્યાં જ કરીશું. અત્યારે તો, એનાં નામ - **"माया"**, - એ શબ્દ વિશે જ થોડું વિચારીએ :

એમ લાગે છે કે **वेदांत**-દર્શનના તત્ત્વચિંતકોએ આ નામની, આ શબ્દની પસંદગી, ઘણી ઊંડી અને વ્યાપક વિચારણા-વિમર્શના પછી અને સંપૂર્ણ ઔચિત્યપૂર્વક કરી છે : **'माया'** એટલે શાબ્દિક રીતે, કપટ, છળ, છેતરપીંડી, યુક્તિ, ચાલાકી વગેરે; ટૂંકમાં, જે કાંઈ ખોટો આભાસ ઊભો કરે, અસ્તિત્વ ન હોય છતાં જે પોતાનાં અસ્તિત્વનો ભ્રામક દેખાવ કરે, તે બધું જ **माया** ! - Something unreal, phantom, illusion. 'માયા'-વચન એટલે ખોટું વચન, 'માયા'-મૃગ એટલે(**रामायण**માં, સીતાહરણની અનુકૂળતા માટે, રામનાં મનમાં)સુવર્ણમૃગનો આભાસ ઊભો કરતું મૃગ !

ટૂંકમાં, જે **'नथी'** છતાં **'છે'**, એવો આભાસી ભાવ, ચિત્તમાં ઊભો કરે, તે બધું જ **माया** ! ઝાંઝવાનાં જળ, એ જળ છે જ નહીં, છતાં હરણોનાં મનમાં જળનો ભ્રમ ઊભો કરે છે, માટે જ એ 'જળ'ને 'મૃગજળ' અથવા **'मृगतृष्णिका'** (Mirage) કહેવામાં આવે છે.

સવિશેષ પ્રસ્તુત રીતે સ્પષ્ટ કરીએ તો, **वेदांत**-દર્શનના સંદર્ભમાં, આ જગત **'मिथ्या'** (Unreal) છે, છતાં અજ્ઞાનને કારણે, મનુષ્યને, તે 'સત્ય'(Real) ભાસે છે, તે પણ **'माया'** ! હકીકતમાં, તે જ **"माया"** !

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૧૦)**

૧૧૧

सन्नाप्यसन्नाप्युभयात्मिका नो
भिन्नाप्यभिन्नाप्युभयात्मिका नो ।
सांगाप्यनंगाप्युभयात्मिका नो
महाद्भुताऽनिर्वचनीयरूपा ॥ १११ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

सन्नाप्यसन्नाप्युभयात्मिका नो
भिन्नाप्यभिन्नाप्युभयात्मिका नो ।
सांगाप्यनंगाप्युभयात्मिका नो
महाद्भुताऽनिर्वचनीयरूपा ॥ १११ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (इदं माया) सत् न, असत् न, उभयात्मिका अपि नो (न उ); भिन्ना अपि (न), अभिन्ना अपि (न), उभयात्मिका अपि नो (न उ); सांगा अपि (न), अनंगा अपि (न), उभयात्मिका अपि नो (न उ); - (ईदृशी इयं माया) अनिर्वचनीयरूपा महाद्भुता (च) (अस्ति) ॥ ११२ ॥

શબ્દાર્થ :– ગયા શ્લોકમાં જેનાં નામનો નિર્દેશ કરવામાં આવ્યો, તે **"માયા"** કેવી છે, - એના સ્વરૂપની, એવી વીગતો અહીં આપવામાં આવી છે. सत् अपि न - તે 'सत्'(એટલે કે સાચી, 'सत्य'स्वरूप, Real) પણ નથી; અને असत् अपि न, - તે 'असत्'(એટલે કે 'असत्य'स्वरूप, Unreal) પણ નથી; उभयात्मिका अपि नो (न-उ), - सत् અને असत्, એ બંને પ્રકારની પણ નથી. नो, - ભારપૂર્વક(Emphatically) કહેવા માટે न પછી उ એ શબ્દ મૂકવાં આવે છે : ના, નહીં જ, - No, Certainly not. भिन्ना अपि (न), - 'भिन्न'(એટલે કે, જુદી) પણ નથી; अभिन्ना अपि (न), - 'अभिन्न'(એટલે કે, જુદી ન હોય, એવી) પણ નથી; उभयात्मिका अपि नो, - भिन्न અને अभिन्न, એમ બંને પ્રકારની પણ નથી; सांगा (स+अंगा) अपि (न), - અંગોવાળી, અવયવો પણ નથી; अनंगा (अन्+अंगा) अपि (न), - અંગો વિનાની પણ નથી; उभयात्मिका अपि नो, - અંગોસહિત અને અંગોરહિત, - એમ એ બંને પ્રકારની પણ નથી; - આવી આ **માયા** (ईदृशी इयं माया) अनिर्वचनीयरूपा, - આ કે તે, એમ બંને, અથવા, બેમાંથી કોઈ પણ એક રીતે જેને વર્ણવી ન શકાય, વ્યક્ત ન કરી શકાય એવી, - Indescribable. महा-अद्भुता - અત્યંત, ખૂબ, અતિશય અદ્ભુત છે (अस्ति). (૧૧૧)

અનુવાદ :– (આ **માયા**) 'सत्' પણ નથી, 'असत्' પણ નથી, અને 'सत्'-'असत्', એમ બંને પ્રકારની પણ નથી; (તે) 'भिन्न' પણ નથી, 'अभिन्न' પણ નથી, અને 'भिन्न'-'अभिन्न', - એમ બંને પ્રકારની પણ નથી; (વળી, તે) અંગસહિત પણ નથી, અંગરહિત પણ નથી, અને 'અંગસહિત'-'અંગરહિત', -

એમ બંને પ્રકારની પણ નથી : (આવી આ **માયા**, આમ) અનિર્વચનીય સ્વરૂપવાળી અને અત્યંત અદ્‌ભુત છે ! (૧૧૧)

ટિપ્પણ :– ગયા શ્લોકનાં ટિપ્પણમાં, છેલ્લે, **'માયા'**-શબ્દના પ્રચલિત, પરંપરાગત અને તાત્ત્વિક, - એવા અનેક ભિન્ન અર્થો, દૃષ્ટાંત સહિત, આપવામાં આવ્યા હતા તે પ્રમાણે, તે શબ્દનું, મનને મુંઝવી નાખે એવું, ખરેખર, **'માયાવી'** સ્વરૂપ અહીં વર્ણવવામાં આવ્યું છે, અને છતાં, વર્ણવનારે પોતે, અંતે, ખુલ્લો એકરાર કર્યો છે કે **માયા**, સાચે જ, કોઈ પણ પ્રકારનાં વર્ણનથી પર છે, અવર્ણનીય છે, 'અનિર્વચનીય' છે, અને તેથી જ એને 'અત્યંત અદ્‌ભુત' (**'महाद्‌भुता'**) કહીને, એવો પ્રયાસ છોડી દીધો છે !

સૌપ્રથમ તો, આપણે એ સમજી લઈએ કે સત્-અસત્, ભિન્ના-અભિન્ના અને સાંગા-અનંગા, - એ ત્રણેય શબ્દજોડલાંમાંના બંને શબ્દો પરસ્પર-વિરોધાર્થી શબ્દો છે, એટલે **માયા** 'ઉભયાત્મિકા' તો હોઈ જ ન શકે; તેથી **માયા** સત્-અસત્, ભિન્ન-અભિન્ન, અને અંગોસહિત-અંગોરહિત, - એ બંને પ્રકારની 'ઉભયાત્મિકા' નથી.

હવે, એક બીજા પ્રકારના **'વિરોધ'**નું નિરાકરણ કરવાનું રહે છે : **માયા** કાં તો 'સત્' હોય, કાં 'અસત્' હોય. બેમાંથી એકેયરૂપે ન હોય – એ 'સત્' પણ ન હોય અને 'અસત્' પણ ન હોય, - એવી પરિસ્થિતિ કેવી રીતે શક્ય, ગ્રાહ્ય કે સ્વીકાર્ય બને ? અને એવું જ નિરાકરણ 'ભિન્ન'-'અભિન્ન' અને 'સાંગ'-'અનંગ',-વચ્ચેના વિરોધનું પણ કરવાનું રહે છે.

હવે, એ જોઈએ :

માયા જો **સત્** (અસ્તિત્વ ધરાવતી) હોય તો, તે ત્રણેય કાળ દરમિયાન ચાલુ રહેવી જોઈએ, ટકવી જોઈએ; પરંતુ એનો તો એક કાળમાં પણ અનુભવ થતો નથી. સદા, અજ્ઞાત અને અવ્યક્ત રહીને જ એ તો જગતને સર્જે છે ! એક બીજી રીતે પણ આવો જ નિર્ણય થાય છે : **માયા** અજ્ઞાનરૂપ છે, તેથી જ્ઞાનનો ઉદય થતાં તે ટળે છે, નાશ પામે છે; તે જો, ખરેંખર, 'સત્' હોય તો તે ક્યારેય નષ્ટ ન થાય. અને જો તે 'અસત્' હોય તો, તેનો અનુભવ, તેની પ્રતીતિ ક્યારેય ન થાય; પરંતુ આપણાં શાસ્ત્રો અને દર્શનો તો સ્પષ્ટ કહે છે કે **માયા** જગતની ઉત્પત્તિનું ઉપાદાન કારણ છે, તેનાથી જ આ બધું જગત્ ઉત્પન્ન થાય છે(**यया इदं सर्वं जगत् प्रसूयते** ।) : આમ, જગતનાં પ્રાણીઓ-પદાર્થોનાં રૂપમાં તો તેની પ્રતીતિ થાય જ છે; જો **शशशृंग**(સસલાંનાં શિંગડાં)ની જેમ, ખરેખર, 'અસત્' હોય તો આમ ન બની શકે; તેથી નિશ્ચિત થાય છે કે **માયા** 'અસત્' પણ નથી : (**सत् अपि न, असत् अपि न** ।) મૂળમાં, પાયાની વાત, અજ્ઞાન અને આત્મજ્ઞાનની છે : પોતાની અજ્ઞાનદશામાં **માયા सत्य** જેવી, અને આત્મજ્ઞાન-સમયમાં **असत्य** જેવી જણાય છે :-

स्व(अज्ञान)काले सत्यवद् भाति, प्रबोधे सति असद् भवेत् ॥

–"आत्मबोध"-૬

માયા પરમેશ્વરની શક્તિ છે, અને આત્મા તો એક, અદ્વિતીય અને અખંડ છે, એટલે એ શક્તિરૂપી **માયા** આત્માથી 'ભિન્ન' કેવી રીતે હોઈ શકે ? તેથી તે 'ભિન્ન' નથી. અને જ્ઞાનના ઉદયકાળે તથા મુક્તિની દશામાં, માયાનો બાધ અને સંપૂર્ણ અભાવ થઈ જાય છે, તેથી તે પરમાત્માથી, 'અભિન્ન' પણ ન હોઈ શકે. આ રીતે, **માયા** પરમાત્માથી 'ભિન્ન' પણ નથી, અને 'અભિન્ન' પણ નથી : **भिन्ना अपि न, अभिन्ना अपि न ।**

શાસ્ત્રોનાં નિરૂપણોમાં **માયા**નાં અંગોનું વર્ણન મળતું નથી, એટલું જ નહીં પણ **માયા**ની અનુભૂતિ, ગાઢ નિદ્રા દરમિયાન, સુષુપ્તિ-અવસ્થામાં, અજ્ઞાનરૂપે થતી હોવાથી, તે, 'અંગસહિત' પણ નથી, અને સત્ત્વ વગેરે ત્રણેય ગુણો **માયા**માં ઓતપ્રોત હોવાથી (**त्रिगुणात्मिका**), એટલે કે જગતના વિવિધ વિચિત્ર પદાર્થરૂપમાં પ્રતીત થતી હોવાથી, **માયા** 'અંગરહિત' પણ ન હોઈ શકે.

सांगा अपि न, अनंगा अपि न ।

અને **માયા**નું સ્વરૂપ જો આવું જ હોય તો, સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ જ એ કે એનું વર્ણન થઈ જ ન શકે : શબ્દો એને વ્યક્ત ન કરી શકે અને શાસ્ત્રોક્ત 'પ્રમાણો' એને પ્રમાણિત ન કરી શકે; તેથી તે, સાચા અર્થમાં, અવર્ણનીય અને અનિર્વચનરૂપવાળી જ કહેવાય(**अनिर्वचनीयरूपा**). **માયા**નાં આવાં સ્વરૂપને અનુલક્ષીને જ, ભગવાન શ્રીકૃષ્ણે, **ગીતા**માં, પોતાની **માયા**ને 'તરવી કે પાર કરવી' મુશ્કેલ કહી છે : **मम माया दुरत्यया ।** (૭, ૧૪)

અને જેનું વર્ણન જ આવું શબ્દાતીત અને કષ્ટપ્રદ હોય, તે માત્ર સામાન્ય અર્થમાં અદ્‌ભુત ન હોય, આત્યંતિક અર્થમાં જ અદ્‌ભુત હોય(**महाद्भुता**) !

શ્લોકનો છંદ : **ઈન્દ્રવજ્રા (૧૧૧)**

૧૧૨

शुद्धाद्वयब्रह्मविबोधनाश्या
सर्पभ्रमो रज्जुविवेकतो यथा ।
रजस्तमः सत्त्वमिति प्रसिद्धा
गुणास्तदीयाः प्रथिताः स्वकार्यैः ॥ ११२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

શુદ્ધાદ્વયબ્રહ્મવિબોધનાશ્યા
સર્પભ્રમો રજ્જુવિવેકતો યથા ।
રજસ્તમઃ સત્ત્વમિતિ પ્રસિદ્ધા
ગુણાસ્તદીયાઃ પ્રથિતાઃ સ્વકાર્યૈઃ ॥ ૧૧૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– **यथा रज्जुविवेकतः सर्पभ्रमः, तथा इयं माया**

शुद्ध-अद्वय-ब्रह्म-विबोध-नाश्या (अस्ति) । सत्त्वं रजः तमः इति प्रसिद्धाः तदीयाः गुणाः स्वकार्यैः प्रथिताः (सन्ति) ॥ (११२)

शब्दार्थ :– મુખ્ય વાક્ય છે : **(इयं माया) शुद्ध-अद्वय-ब्रह्म-विबोध-नाश्या (अस्ति)** । **अद्वय** - એટલે અદ્વૈત, અદ્વિતીય, અજોડ. **विबोध** - એટલે જ્ઞાન; **नाश्या**-નાશ પામનારી, નાશ પામે છે, નાશ પામે તેવી છે : (આ માયા) શુદ્ધ અને અદ્વૈત બ્રહ્મનાં જ્ઞાન વડે નાશ પામે છે. તે કેવી રીતે નાશ પામે છે ? **यथा रज्जुविवेकतः सर्पभ्रमः (नाश्यः, तथा).** **रज्जु** એટલે દોરડું, દોરડી; **विवेकतः**-જ્ઞાન, માહિતી, સ્પષ્ટ સમજણ,- વગેરેથી, એવું જ્ઞાન થવાથી, એવું સ્પષ્ટ જાણવાથી; 'એ સર્પ નથી, પણ દોરડી છે,' એવી સમજણ વડે; **भ्रमः**-ભ્રાંતિ, ભ્રમણા, ખોટી-મિથ્યા છાપ. **नाश्यः**-નાશ પામે છે, દૂર થાય છે.

રાત્રે બહાર જતાં, અંધારામાં પડેલું દોરડું જોઈને, માણસ છળી ઊઠે છે, - "દોરડું નહીં પણ આ તો ગૂંચળું વળીને પડેલો સાપ છે !" પરંતુ ફાનસ કે બેટરીનો પ્રકાશ મળતાં, 'એ તો દોરડું છે,' એવું જ્ઞાન થતાં(**विवेकतः**), માણસનાં મનમાંથી સાપ વિશેની પેલી ભ્રમણા નાશ પામે છે.

આને "રજ્જુસર્પન્યાય" કહેવામાં આવે છે, અને "જગત મિથ્યા છે, અને બ્રહ્મ સત્ય છે," - મોક્ષાર્થીને એવી પ્રતીતિ કરાવવા માટે, **वेदांत**-ગ્રંથોમાં, આ દૃષ્ટાંત ખૂબ પ્રચલિત અને પ્રસિદ્ધ છે.

હવે, બીજું વાક્ય છે : **तदीयाः (मायायाः) रजः तमः सत्त्वं इति प्रसिद्धाः गुणाः स्वकार्यैः प्रथिताः (सन्ति)** । **माया** કેવી રીતે નાશ પામે છે, તે વાત, આ પહેલાંનાં વાક્ય મારફત, જણાવવામાં આવ્યું. હવે, તે **माया**ના ત્રણ ગુણોનાં સ્વરૂપ વિશે આ વાક્યમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. **तदीयाः** એટલે તેના, તે **माया**ના; સત્ત્વ-રજસ્-તમસ્-એ નામે પ્રસિદ્ધ, પ્રખ્યાત એવા ત્રણ ગુણો કેવા છે ? **स्वकार्यैः प्रथिताः (सन्ति)** । **प्रथित** - જાણી શકાય તેવા, ઓળખાતા; **स्वकार्यैः** - પોતપોતાનાં, જૂદાં જૂદાં, વિશિષ્ટ કાર્યો વડે. **माया**નું કાર્ય એટલે જગત અને જગતમાંના પદાર્થો. તેમાં જ્ઞાન-પ્રકાશ-ઉલ્લાસ **(सत्त्व)**, દુઃખ**(रजस्)**, અને મોહ**(तमस्)**, - વગેરે, તે તે ગુણોની, પોતપોતાનાં કાર્યોની, અનુક્રમે, વિશિષ્ટતા-ઓળખાણ હોવાથી **(स्वकार्यैः प्रथिताः)**; - એટલે કે સત્ત્વગુણનું સ્વકાર્ય, જ્ઞાન અને પ્રકાશ આપવાનું; રજોગુણનું સ્વકાર્ય, દુઃખ સર્જવાનું અને તમોગુણનું સ્વકાર્ય એટલે મનુષ્યનાં મનમાં મોહ ઊભો કરવાનું; આ ત્રણ, તે ત્રણ ગુણોનાં પોતપોતાનાં, સ્વકીય કાર્યો છે અને એ રીતે માયાનાં તે ત્રણ ગુણો પ્રસિદ્ધ છે. (૧૧૨)

અનુવાદ :– જેમ દોરડાનું જ્ઞાન-ભાન થતાં, સાપ વિશેની ભ્રમણા નાશ પામે છે, તેવી રીતે, (આ માયા) શુદ્ધ-અદ્વૈત-બ્રહ્મનાં જ્ઞાન વડે નાશ પામે છે; (અને) પોતપોતાનાં કાર્યો વડે ઓળખાતા, સત્ત્વ,- રજસ્,- તમસ્ એ(ત્રણ) તે(માયા)ના પ્રસિદ્ધ ગુણો છે. (૧૧૨)

ટિપ્પણ :– माया તો ઉપર કહ્યું તેમ, 'દુસ્તર' અને 'દુરત્યય' છે, પરંતુ એને

ઓળંગ્યા-તર્યા વિના, એની પાર ગયા વિના, મોક્ષપ્રાપ્તિ શક્ય નથી. **માયા** દ્વારા સર્જવામાં આવેલી સાંસારિક આસક્તિમાંથી મુક્ત થવું, આમ તો, ખૂબ કઠિન અને કપરું છે; પરંતુ તે અશક્ય નથી, - એવી સ્પષ્ટતા આ શ્લોકમાં કરવામાં આવી છે : **માયા**નો નાશ એક જ રીતે થઈ શકે, અને તે રીત એટલે સદા શુદ્ધ-બુદ્ધ-મુક્ત-નિત્ય એવા અદ્વિતીય બ્રહ્મનાં સમ્યક્, અસંદિગ્ધ અને સંપૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ. અજવાળું થતાં, અંધારાનાં કારણે સર્જાયેલી સાપની ભ્રમણા દૂર થાય છે, તેમ જ બ્રહ્મનાં શુદ્ધ અને શંકારહિત જ્ઞાનનો ઉદય થતાં, આ **માયા** પણ નાશ પામે છે (**નાશ્યા**). આમ, એક હકીકત સિદ્ધ થાય છે કે **માયા** ભલે 'અનાદિ' રહી (શ્લોક-૧૧૦), પરંતુ એ 'અનંત' નથી, એનો 'અંત' થઈ શકે છે, એટલે કે તે 'સાન્ત' (સ+અન્ત) છે.

ટૂંકમાં, જગત આ **માયા**નું કાર્ય હોવા છતાં અને જગત આ રીતે **માયા**થી વ્યાપ્ત હોવા છતાં, મુમુક્ષુએ નિરાશ થવાની જરૂર નથી, – **માયા**-નાશનો પણ એક સુચિંતિત-સુનિશ્ચિત ઉપાય છે, એવો એક અગત્યનો સધિયારો મોક્ષાર્થીને અહીં આપવામાં આવ્યો છે.

વળી, **માયા** ભલે પોતાના પેલા ત્રણ ગુણો (સત્ત્વ-રજસ્-તમસ્) વડે, આ જગતની ઉત્પત્તિ કરતી (**ત્રિગુણાત્મિકા**) હોય, અને ગુણો પણ પોતપોતાનાં કાર્યો વડે ભલે 'પ્રથિત' હોય, – બ્રહ્મનાં શુદ્ધ જ્ઞાન પાસે તેમનું કશું ચાલતું નથી : આ જ્ઞાનના પ્રકાશમાં, મુમુક્ષુને સંસાર, એનો સઘળો દૃશ્ય-પ્રપંચ તથા **માયા**નું સમગ્ર કાર્ય, સ્વપ્નવત્ મિથ્યા છે, એવી આત્યંતિક પ્રતીતિ થાય છે.

આમ, આ રીતે, 'દુસ્તર' **માયા**, સાવ 'સુસ્તર' બની શકે છે; એવો સ્પષ્ટ સંકેત આ શ્લોકમાં આપવામાં આવ્યો છે.

શ્લોકનો **છંદ** : **ઉપજાતિ** (૧૧૨)

૧૧૩

विक्षेपशक्ती रजसः क्रियात्मिका
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।
रागादयोऽस्याः प्रभवन्ति नित्यं
दुःखादयो ये मनसो विकाराः ॥ ११३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિક્ષેપશક્તી રજસઃ ક્રિયાત્મિકા
યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ।
રાગાદયોઽસ્યાઃ પ્રભવન્તિ નિત્યં
દુઃખાદયો યે મનસો વિકારાઃ ॥ ૧૧૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– रजसः (सा) क्रियात्मिका विक्षेपशक्तिः (अस्ति), यतः पुराणी प्रवृत्तिः प्रसृता; अस्याः (विक्षेपशक्त्याः) (च) ये रागादयः दुःखादयः (च) विकाराः नित्यं प्रभवन्ति । ॥११३॥

શબ્દાર્થ :– रजसः विक्षेपशक्तिः (सा) क्रियात्मिका (अस्ति) । રજોગુણની તે **'વિક્ષેપ'** - નામની શક્તિ ક્રિયારૂપ છે; રજોગુણમાંથી તે ક્રિયાત્મક **'વિક્ષેપ'**-નામની એક શક્તિ ઉત્પન્ન થાય છે; તેના વિશે શું કહેવાનું છે ? એ જ કે, यतः पुराणी प्रवृत्तिः प्रसृता (भवति) । જેમાંથી પુરાતન-સમયથી, અનાદિ-કાળથી બધી પ્રવૃત્તિઓ-ક્રિયાઓ પ્રસરતી રહે છે, થતી રહે છે. अस्याः एव, - આના દ્વારા જ, આ 'વિક્ષેપ'-શક્તિમાંથી જ; मनसः रागादयः दुःखादयः च ये विकाराः (सन्ति), તે नित्यं प्रभवन्ति । रागादयः - એટલે રાગ-દ્વેષ વગેરે, અને दुःखादयः - એટલે દુઃખો, લોભ, અશાંતિ વગેરે; મનના આવા સર્વ જે વિકારો હોય છે, તે પણ હંમેશાં ઉત્પન્ન થાય છે. (૧૧૩)

અનુવાદ :– રજોગુણમાંથી **'વિક્ષેપ'**નામની તે ક્રિયાત્મક શક્તિ પેદા થાય છે, જેના દ્વારા પુરાણા-સમયથી બધી ક્રિયાઓ પ્રસરતી રહી છે; અને આ('વિક્ષેપ'શક્તિ) દ્વારા જ, રાગ (દ્વેષ) વગેરે અને દુઃખ (લોભ) વગેરે મનના જે વિકારો છે, તે હંમેશાં ઉત્પન્ન થાય છે. (૧૧૩)

ટિપ્પણ :– માયાનાં સ્વરૂપની ચર્ચા દરમિયાન, તેના, માટે બે સૂચક વાતો કહેવામાં આવી છે : **એક** તો એ કે આ સઘળું જગત તેમાંથી જ સર્જાયું છે. (**यया इदं सर्वं जगत् प्रसूयते** । શ્લોક-૧૧૦); એટલે કે પરમેશ્વરની આ **'માયા'**નામક 'પરા શક્તિ' જ જગતનું 'ઉપાદાન' કારણ છે. **બીજું**, આ **માયા** સત્ત્વ વગરે ત્રણેય ગુણોથી યુક્ત (**त्रिगुणात्मिका**) છે. પરિસ્થિતિ આ પ્રકારની હોવાથી, આ ત્રણ ગુણોનો સારો-નરસો (મોટે ભાગે તો, 'નરસો' જ !) પ્રભાવ, માયાનાં 'કાર્ય' એવાં આ જગતમાં દૃશ્યમાન થાય જ. આ અને હવે પછીના, બે શ્લોકોમાં, આ ત્રણ ગુણોના પ્રભાવનું વર્ણન-વિવેચન કરવામાં આવ્યું છે.

પહેલી વાત તો એ કે જે મનુષ્યમાં રજોગુણ વધારે હોય, તેનામાં રાગદ્વેષ વગેરે વિકારો વધારે રહેવાના : **ગીતા** આ સંદર્ભમાં વધારે સ્પષ્ટ છે : **रजो रागात्मकं विद्धि** । (૧૪,૭), અને આ 'રાગાત્મક'તા જ તેનામાં આસક્તિ પ્રેરે છે, તેને પોતાની ઈચ્છિત વસ્તુઓ મેળવવા માટે સતત પ્રવૃત્ત રાખે છે, અનેક પ્રકારનાં કર્મોમાં, દોડાદોડીમાં તેને સક્રિય કરે છે; **'રાગ'** એટલે તે, જે મનને ગમે; અને **'દ્વેષ'** એટલે તે, જેના પ્રત્યે મનને અણગમો હોય. જગતના પદાર્થો પ્રત્યે આસક્તિ('રાગાત્મકતા')વાળાં મનુષ્યમાં આ બંને, - રાગ અને દ્વેષ, - હોવાના જ. વળી, આમ, અનેક વિવિધ કર્મોમાં જ રચ્યા-પચ્યા રહેતા માણસને, નિષ્ફળતા સાંપડતાં, ક્યારેક, દુઃખ પણ અનુભવવાનું રહે, મનમાં અશાંતિ પણ ઊભી થાય,

લોભ પણ રહ્યા કરવાનો. આવા બધા મનના વિકારો, ગ્રંથકાર કહે છે, રજોગુણની 'વિક્ષેપ'-નામની ક્રિયાત્મક શક્તિ દ્વારા જ, સતત ઉત્પન્ન થતા રહે છે (नित्यं प्रभवन्ति). वि+क्षिप् - એ ધાતુમાંથી બનેલા આ 'વિક્ષેપ'-શબ્દનું સૂચન જ એ છે કે તે મનુષ્યનાં મનને, નિત્ય-શુદ્ધ-બુદ્ધ એવા આત્મા તરફથી વિચલિત કરીને, સંસારના અનિત્ય, અશાંત, અશુદ્ધ અને અજ્ઞાનજનક પદાર્થો તરફ, અહીં તહીં, ફંગોળે-ફેંકે અને એનાં ચિત્તને સતત ક્ષુબ્ધ રાખે. ટૂંકમાં, માનસિક અજંપો આ 'વિક્ષેપ'- શક્તિનું જ સીધું પરિણામ છે, Disturbance, Distraclion, perplexity, confusion, bewilderment, - આવી બધી વિપરીત, વિકૃત અને વિક્ષુબ્ધ પરિસ્થિતિ સર્જતા રહેવાની ક્રિયાત્મકતા, - એટલે જ રજોગુણની 'विक्षेप' નામની શક્તિ.

આધ્યાત્મિક ગ્રંથોના અભ્યાસીને તરત જ યાદ આવી જશે કે ગીતાના ૧૫મા અધ્યાયના ૪થા શ્લોકનું ૪થું ચરણ એ જ આ શ્લોકનું બીજું ચરણ, – यतः प्रवृत्तिः प्रसृता पुराणी ।

રજોગુણની આ 'विक्षेप'નામાત્મક શક્તિનાં વિપરીત કાર્યોની પરાકાષ્ઠા એ હકીકતમાં રહેલી છે કે તે કાંઈ આજ-કાલની નથી, એ તો પ્રાચીનકાળથી સતત પ્રસરતી જ રહી છે, માનવનાં મનને 'વિક્ષેપ' કર્યા કરવાનો તેનો આ સ્વભાવ તો 'સર્જન-જૂનો' છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૧૩)

૧૧૪

कामः क्रोधो लोभदम्भाद्यसूया-
-हंकारेर्ष्यामत्सराद्यास्तु घोराः ।
धर्मा एते राजसाः पुम्प्रवृत्ति-
-र्यस्मादेषा तद्रजो बन्धहेतुः ॥ ११४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

કામઃ ક્રોધો લોભદમ્ભાદ્યસૂયા-
-હંકારેર્ષ્યામત્સરાદ્યાસ્તુ ઘોરાઃ ।
ધર્મા એતે રાજસાઃ પુમ્પ્રવૃત્તિ-
-ર્યસ્માદેષા તદ્રજો બન્ધહેતુઃ ॥ ૧૧૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– कामः क्रोधः लोभ-दम्भ-आदि-असूयाऽहंकार-ईर्ष्या-मत्सर-आद्याः तु घोराः एते धर्माः राजसाः, यस्मात् एषा पुम्प्रवृत्तिः तद् रजः बन्धहेतुः ॥ ११४ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે, एते (सर्वे) धर्माः राजसाः (सन्ति) । - આ (બધા) ધર્મો રજોગુણમાંથી જ ઉત્પન્ન થયા છે, એટલે તે બધાં એનાં જ 'સંતાનો'

કહેવાય. એક ચોખવટ કરવી રહી : આધ્યાત્મિક ગ્રંથોમાં, કોઈ પણ વ્યક્તિ-વસ્તુ-પદાર્થની સ્વકીય-સ્વભાવગત-નિજી એવી બાબત માટે **'ધર્મ'** શબ્દ પ્રયોજવાની એક પરંપરાગત પદ્ધતિ છે. અહીં આ બધાં રજોગુણનાં 'સંતાનો' માટે **'ભયંકર'(घोराः)** એવું વિશેષણ વપરાયું છે, છતાં એને **धर्माः** કહ્યા છે ! વસ્તુતઃ, આ 'ધર્મો' એટલે 'દોષો', - એમ સમજવાનું !

રજોગુણના આ બધા 'ભયંકર ધર્મો' (**घोराः धर्माः**) કયા કયા છે ? એમાંના મોટા ભાગના તો જાણીતા અને પ્રચલિત છે : કામ, ક્રોધ, લોભ, દંભ, અસૂયા, અહંકાર, ઈર્ષ્યા, મત્સર વગેરે, - તે સર્વને સમજાવવાની જરૂર નથી, પરંતુ 'ઈર્ષ્યા,' 'અસૂયા' અને 'મત્સર', — એ ત્રણ શબ્દોની અર્થચ્છાયાઓ(Shades of meaning) પરસ્પર ખૂબ જ નજીક-નજીકની છે અને તેથી તે ત્રણ લગભગ પર્યાયો(Synonyms) જેવા છે, છતાં એમના મૂળ અર્થોની મુદ્દાસરતા (Pointedness)માં બહુ જ થોડો તફાવત છે તે, આ પ્રમાણે : **ईर्ष्या** એટલે સામાન્ય પ્રકારની અદેખાઈ, Envy; **असूया**, - એ અધમ પ્રકારની અદેખાઈ છે, જેમાં એક માણસ, સામા-બીજા માણસના ગુણો પ્રત્યે પણ અસહિષ્ણુ બની જાય છે, એટલું જ નહીં પરંતુ તે ગુણોને પણ દોષો તરીકે રજુ કરવામાં રાચે છે,- Jealousy; જ્યારે, **मत्सर** એટલે બીજાનાં અભ્યુદય-ચઢતી પ્રત્યેની અસહિષ્ણુતા; 'મત્સર' એ, આમ તો, 'લોભ'નો જ એક પ્રકાર છે, - માત્ર, એમાં અસહિષ્ણુતા સાથે અતૃપ્તિ પણ સંકળાયેલી હોય છે.

રજોગુણના આ બધા દોષો કેવા છે ? એવા કે જેમાંથી જીવાત્મા કર્મોમાં પ્રવૃત્ત થાય છે, જેને કારણે મનુષ્યની કર્મો તરફથી પ્રવૃત્તિ થાય છે. **पुम्** - શબ્દ અહીં સામાન્ય મનુષ્યના અર્થમાં, જીવના અર્થમાં પ્રયોજાયો છે. **यस्मात् एषा पुम्प्रवृत्तिः (भवति), तद् रजः बन्धहेतुः (भवति)** । તે રજોગુણ બંધનનું કારણ બને છે. (૧૧૪)

અનુવાદ :— કામ, ક્રોધ, લોભ, દંભ વગેરે, અસૂયા, અહંકાર, ઈર્ષ્યા, મત્સર વગેરે, - આ (બધા) ભયંકર દોષો રજોગુણમાંથી જ ઉત્પન્ન થયેલા છે, જેમાંથી મનુષ્યની, કર્મો તરફની, આ પ્રવૃત્તિ ચાલ્યા કરે છે. તે રજોગુણ બંધનનું કારણ (બને) છે. (૧૧૪)

ટિપ્પણ :— આ શ્લોકમાં, રજોગુણની **વિક્ષેપ**-શક્તિના, 'रागादयः' અને 'दुःखादयः' ઉપરાંત (શ્લોક ૧૧૩), કામ-ક્રોધ-લોભ-દંભ વગેરે બીજા થોડા દોષોનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ બધા પણ અંતે તો વિક્ષેપશક્તિએ ઉત્પન્ન કરેલા મનોવિકારો જ છે. પરંતુ ચર્ચાનો મૂળ મુદ્દો, એના પાયાની વાત, - ટૂંકમાં, આ વિષય પરની સમગ્ર ચર્ચા-વિચારણા-વિમર્શનનો નિષ્કર્ષ એ છે કે રજોગુણની આ **'વિક્ષેપ'**-શક્તિ મોક્ષાર્થી સાધકનાં ચિત્તની બ્રહ્મવિષયક એકાગ્રતાને ખંડિત કરે છે, એ ચિત્તને નિર્બળ અને ચંચળ બનાવીને તેના કેન્દ્રવર્તી ધ્યેય સમા બ્રહ્મજ્ઞાન વિશે તેને શિથિલ અને વિશૃંખલ કરી મૂકે છે; પરિણામે, 'रागादयः' અને 'दुःखादयः'

ઉપરાંત, કામ-ક્રોધ-લોભ-દંભ વગેરે, રજોગુણમાંથી ઉત્પન્ન થયેલા ભયંકર દોષોનું સૈન્ય, મુમુક્ષુ માટે સંસારબંધનનું કારણ બની રહે છે.

ગીતા પણ આ જ નિષ્કર્ષનું સમર્થન કરે છે :-

तन्निबध्नाति कौन्तेय कर्मसंगेन देहिनम् ॥ १४,७ ॥

અને 'બંધન' માટેનું કારણ મોજુદ હોય ત્યાં સુધી, 'મુક્તિ' અને એની પ્રાપ્તિ અશક્ય નહીં તો અઘરી તો અવશ્ય બની જાય !

આમ, રજોગુણના આ બધા ભયંકર દોષોનું 'લાવ-લશ્કર' મુમુક્ષુને મનોમંથન કરતો કરી મૂકે એવી નાજુક પરિસ્થિતિ સર્જે છે !

શ્લોકનો છંદ : **માલિની (૧૧૪)**

૧૧૫

एषावृतिर्नाम तमोगुणस्य
शक्तिर्यया वस्त्ववभासतेऽन्यथा ।
सैषा निदानं पुरुषस्य संसृते-
-र्विक्षेपशक्तेः प्रसरस्य हेतुः ॥ ११५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

એષાવૃતિર્નામ તમોગુણસ્ય
શક્તિર્યયા વસ્ત્વવભાસતેઽન્યથા ।
સૈષા નિદાનં પુરુષસ્ય સંસૃતે-
વિક્ષેપશક્તેઃ પ્રસરસ્ય હેતુઃ ॥ ૧૧૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– यया वस्तु अन्यथा अवभासते, एषा तमोगुणस्य आवृतिः नाम शक्तिः; एषा सा, पुरुषस्य संसृतेः निदानं (अस्ति); विक्षेपशक्तेः (अपि) संसृतेः प्रसरस्य हेतुः (अस्ति) ॥ ११५ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : तमोगुणस्य आवृतिः नाम शक्तिः अस्ति । आवृतिः આચ્છાદિત કરવું, आवृति - એટલે આવરણ, आ+वृ (ઢાંકી દેવું), એ ધાતુ પરથી બનેલું નામ(Noun); आवृत्तिः(Edition) - શબ્દ સાથે આ आवृतिः-શબ્દનો ગોટાળો ન થઈ જાય એ ધ્યાનમાં રાખવાનું રહે છે. 'आवृति' (આવરણ)નામની, તમોગુણની આ તે શક્તિ છે; કઈ ? એ શક્તિ શું કરે છે ?- यया वस्तु अन्यथा अवभासते । અન્યથા એટલે જે કંઈ મૂળમાં, ખરેખર, હોય, તેનાથી જૂદું, વિપરીત; Otherwise. તમોગુણની આ તે શક્તિ છે, જેના વડે (यया) વસ્તુ જે કંઈ હોય, તેનાથી વિપરીત(अन्यथा) ભાસે છે, જણાય છે, દેખાય છે(अवभासते); આ 'શક્તિ' વિશેની બીજી વાત કઈ ? एषा सा, पुरुषस्य संसृतेः निदानं (अस्ति) । संसृति એટલે સંસાર; सम्+सृ - એ ધાતુ પરથી બનેલાં આ બંને નામો - संसृति અને संसारः-નો અર્થ એક જ : 'સંસાર'(Worldy life). संसरति इति

संसारः । - જે સતત સર્યા કરે, અણઅટક્યો ચાલ્યા જ કરે તે 'સંસાર' ! 'સંસાર' અને સાંસારિક જીવનનાં સ્વરૂપને હૂબહૂ સમજાવતી કેવી સુંદર વ્યુત્પત્તિ ! **निदान** એટલે મૂળ કારણ; 'आवृति' (આવરણ), - તે શક્તિ છે, જે મનુષ્યના સંસારનું મૂળ કારણ છે; અને આ શક્તિ વિશે બીજું જે યાદ રાખવા જેવું છે તે આ છે : **सा विक्षेपशक्तेः प्रसरस्य अपि हेतुः** (अस्ति) । **प्रसर** એટલે વિસ્તાર, વિસ્તરણ, ફેલાઈ જવું તે, પથારો; રજોગુણની પેલી પૂર્વોક્ત 'વિક્ષેપશક્તિ'ના પ્રસરવાનું કારણ પણ આ 'આવૃતિ'-શક્તિ જ છે.

અહીં પણ 'પુરુષ'-શબ્દ 'મનુષ્ય' અથવા 'જીવાત્મા'ના અર્થમાં પ્રયોજાયો છે, એ નોંધપાત્ર છે. (૧૧૫)

અનુવાદ :– જેના વડે વસ્તુ (મૂળ કરતાં) વિપરીત ભાસે છે તે, **'आवरण'**-નામની, તમોગુણની શક્તિ છે; આ તે જ શક્તિ છે, જે, મનુષ્યના સંસારનું મૂળ કારણ છે, અને (રજોગુણની પેલી) **'विक्षेप'**-શક્તિના વિસ્તારનું પણ કારણ છે. (૧૧૫)

ટિપ્પણ :– મુમુક્ષુના માર્ગમાં અવરોધરૂપ એવી, **રજોગુણની** 'વિક્ષેપ'-શક્તિનાં કાર્યની વાત, આ પહેલાં, કહેવાઈ; **माया** તો ત્રિગુણાત્મિકા છે જ; એટલે તેના તમોગુણની એક શક્તિ, - 'આવૃતિ'(આવરણ)નું સ્વરૂપ, સાધકના માર્ગમાં વિઘ્નરૂપ બનતું એનું કાર્ય, અહીં સમજાવવામાં આવ્યું છે :

મનુષ્યનાં મનમાં ભ્રમણા, ભ્રાંતિ ક્યારે ઉત્પન્ન થાય છે ? જે કંઈ તે જુએ, તે તેનાં મૂળ સ્વરૂપમાં ન દેખાય, પરંતુ સાવ જૂદા જ, વિપરીત, સ્વરૂપે દેખાય ત્યારે, તેને તે વસ્તુ વિશે ભ્રમ ઊભો થાય છે. હતું તો મૂળ દોરડું જ, પણ રાતનાં અંધારાનાં કારણે, દોરડાંનું મૂળ દોરડું-સ્વરૂપ, અંધારાંનાં કારણે, ઢંકાઈ ગયું, 'आवृत' થઈ ગયું અને જે પોતે તે ન્હોતું, એવાં સાપનાં સ્વરૂપે, માણસને દેખાયું - 'ભાસ્યું', અને પરિણામે દોરડું જોનાર માણસના મનમાં સાપ વિશેનો ભ્રમ ઉત્પન્ન થયો.

मायाનાં સ્વરૂપનાં નિરૂપણમાં, એને **'अविद्या'** પણ કહેવામાં આવી છે. **विद्या**ની વિરોધી, **विद्या** ન હોય તે, **अविद्या. माया**નું ત્રિગુણાત્મક સ્વરૂપ પણ આ **अविद्या** વડે પ્રભાવિત થયેલું હોવાથી, તમોગુણ પર પણ તે છવાયેલી જ રહે છે. અને પરિણામે, તમોગુણની **'आवरण'**(આવૃતિ)- શક્તિ ઉત્પન્ન થાય છે, જેના વડે મૂળ વસ્તુ તે **आत्मा**, **आत्मा**-સ્વરૂપે નહીં પણ **अनात्मा**-રૂપે દેખાય છે. આ **आवरण**-શક્તિ આત્માને ઢાંકી દે છે, તેથી દોરડાંને બદલે જેમ સાપનો આભાસ થયો તેમ, અહીં **आत्मा**ને બદલે **अनात्मा**નો ભાસ થયો. અંધારું દૂર થાય અને પ્રકાશ મળે ત્યારે, જેમ સત્યનો ભ્રમ કે આભાસ પણ દૂર થાય, દોરડું એનાં, મૂળ સ્વરૂપે દેખાય, તેમ અહીં પણ જ્ઞાનનો ઉદય થાય, એટલે અજ્ઞાન અથવા **अविद्या**નું નિવારણ થાય અને આત્માનાં મૂળસ્વરૂપનાં દર્શન થાય !

પરંતુ 'જ્ઞાન' એટલે કે વિદ્યાનો ઉદય થાય તે પહેલાં તો, **'अविद्या'**નું સામ્રાજ્ય ! અવિદ્યા તમોગુણ પર પોતાનું આરોપણ કરી દે, અને એનાથી સર્જાય,

તમોગુણની 'આવૃતિ'(આવરણ)-શક્તિ ! 'આત્મા' એના વડે 'આવૃત' થઈ જાય, એટલે **આત્મા** અન્યથા-રૂપે, એટલે કે **અનાત્મા**-રૂપે અવભાસિત થાય, અને **અનાત્મા**નું સતત 'અવભાસન' એટલે જ 'સંસૃતિ', - આ સંસાર ! અને 'સંસાર'નાં મૂળમાં, એનું **'નિદાન'**, તમોગુણની આ આવરણ-શક્તિ !

આમ તો, જરા ઝીણી નજરે જોવામાં આવે તો, આ આવરણ-શક્તિ જ રજોગુણની પેલી વિક્ષેપ-શક્તિનું કારણ બને છે : આત્માનું મૂળ રૂપ 'આવૃત' થઈ જાય, ઢંકાઈ જાય, એટલે 'દૃષ્ટા'ની-મનુષ્યની દૃષ્ટિ **'વિક્ષિપ્ત'** (Disturbed, distracted) થઈ ગઈ : આત્માનું **'આવરણ'** જ જોનાર મનુષ્યની દૃષ્ટિમાં **'વિક્ષેપ'** ઊભો કરે છે.

તમોગુણની ગીતા-નિરૂપિત, આ સમજૂતી, આપણા પ્રસ્તુત સંદર્ભમાં, યાદ રાખવા જેવી છે :–

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥ (૧૪, ૮)

આ તમોગુણ પોતે જ, જો અજ્ઞાનમાંથી જન્મ્યો હોય, તો પછી એનાં સંતાનો મોહ, પ્રમાદ, આલસ્ય, નિદ્રા જેવાં જ હોય ને ! અને તેથી તે તો બંધનરૂપ જ બની રહે !

મહાભારતનાં ઉદ્યોગપર્વમાં, 'સનતસુજાત' નામનું એક ઉપપર્વ આવે છે જેમાં, સનતસુજાત-ઋષિ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપતાં કહે છે, —

प्रमादो वै मृत्युः (૨,૪)

પ્રમાદની, કેવી સ્પષ્ટ છતાં સચોટ વ્યાખ્યા !

મૃત્યુ જેવા પ્રમાદનું જ્યાં શાસન ચાલી રહ્યું હોય ત્યાં, અસ્તિત્વ-સ્વરૂપ આત્માનું તો 'આવરણ' જ થઈ જાયને ! અને આવા 'આવૃત' આત્માનું જ્યાં સુધી 'અનાવરણ' ન થાય, ત્યાં સુધી તો, સર્વત્ર, બસ, સંસાર અને બંધન જ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૧૫)

૧૧૬

प्रज्ञावानपि पण्डितोऽपि चतुरोऽप्यत्यन्तसूक्ष्मार्थदृक्
व्यालीढस्तमसा न वेत्ति बहुधा संबोधितोऽपि स्फुटम् ।
भ्रान्त्यारोपितमेव साधु कलयत्यालम्बते तद्गुणान्
हन्तासौ प्रबला दुरन्ततमसः शक्तिर्महत्यावृतिः ॥ ११६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

પ્રજ્ઞાવાનપિ પંડિતોઽપિ ચતુરોઽપ્યત્યન્તસૂક્ષ્માર્થદૃક્
વ્યાલીઢસ્તમસા ન વેત્તિ બહુધા સંબોધિતોઽપિ સ્ફુટમ્ ।
ભ્રાન્ત્યારોપિતમેવ સાધુ કલયત્યાલંબતે તદ્ગુણાન્
હન્ત્યાસૌ પ્રબલા દુરન્ત્તમસઃ શક્તિર્મહત્યાવૃતિઃ ॥ ૧૧૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– प्रज्ञावान् अपि, पण्डितः अपि, चतुरः अपि, अत्यन्तसूक्ष्मार्थदृक्, तमसा व्यालीढः, बहुधा संबोधितः अपि (मनुष्यः) स्फुटं न वेत्ति, भ्रान्त्या आरोपितं एव (वस्तु) साधु कलयति, तद्गुणान् आलम्बते । हन्त, दुरन्ततमसः असौ महती आवृतिः शक्तिः प्रबला (अस्ति) ॥ ११६ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : दुरन्ततमसः असौ महती आवृतिः शक्तिः प्रबला (अस्ति) । दुरन्त એટલે જેનો અંત અત્યંત અઘરો છે; दुर्लभः अन्तः यस्य सः । એટલે, એવી વસ્તુ, જેનો નાશ કરવો બહુ કઠિન છે. તમોગુણનું આ વિશેષણ છે, તેથી તમોગુણમાંથી મુક્ત થવું કેટલું અઘરું છે, એનો ખ્યાલ આ શબ્દમાંથી મળે છે. આવા તમોગુણની આ મહાન(महती) **'આવરણ'**-શક્તિ બહુ પ્રબળ (प्रबला) છે. આવરણ-શક્તિની આટલી બધી પ્રશંસા શા માટે ? એનો પ્રભાવ જુઓ : મનુષ્ય ગમે તેટલો બુદ્ધિશાળી (प्रज्ञावान्) હોય, પંડિત(पण्डित)હોય, ચતુર-ચાલાક-હોંશિયાર(चतुरः) હોય. ખૂબ જ ઝીણી નજરે પદાર્થોને જોઈ શકે એવો (अत्यन्त-सूक्ष्म-अर्थ-दृक्) હોય. दृक् – દૃષ્ટિ, નજર. જોવાની શક્તિ હોય તો પણ, તે છતાં; - ઉપર્યુક્ત દરેક શબ્દ પછી अपि-શબ્દ છે; તેથી આટલા બધા વિધાયક (Positive) સદ્ગુણો ધરાવતો હોય છતાં, જો તે મનુષ્ય तमसा व्यालीढः,- તમોગુણથી ગ્રસ્ત, વ્યાપ્ત, એની ગાઢ અસર તળે આવી ગયો હોય તો; वि+आ+लिह्-ધાતુનું કર્મણિ ભૂતકૃદન્ત-રૂપ,- व्यालीढः; આવા માણસની કેવી અવદશા થાય છે, તે જુઓ : बहुधा એટલે બહુ પ્રકારે, અનેક રીતે; संबोधितः अपि, - સમજાવવામાં આવ્યું હોય તે છતાં; તે स्फुटं न वेत्ति,- તે સ્પષ્ટ સમજી શકતો નથી; भ्रान्त्या आरोपितं एव (वस्तु) साधु कलयति । ભ્રમણા વડે આરોપિત એવી અસત્ય વસ્તુને જ સત્ય (साधु) સમજે છે (कलयति), એટલું જ નહીં પરંતુ તે(અસત્ય)ના વડે જ આરોપિત એવા આ સંસારના ગુણોનું જ અવલંબન કરે છે, તેને જ સ્વીકારે છે, તેને જ વળગી રહે છે :

तद्गुणान् (तस्य आरोपितस्य, असत्यवस्तुनः संसारस्य गुणान्) आलम्बते ।

સંસ્કૃતમાં हन्त,-એ શબ્દ, હૃદયના વિવિધ ભાવોની અભિવ્યક્તિ માટેનો ઉદ્ગાર છે. અહીં એ ઊંડા ખેદને વ્યક્ત કરે છે કે અહો ! અરરે ! આ આવૃતિ-શક્તિ કેટલી બધી બળવાન છે ! (૧૧૬)

અનુવાદ :– (મનુષ્ય) ગમે તેવો બુદ્ધિમાન, પંડિત, કાર્યદક્ષ, અને અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિવાળો હોય તો પણ, જ્યારે તે તમોગુણથી વ્યાપ્ત થયો હોય ત્યારે, તેને અનેક રીતે સમજાવવામાં આવ્યો હોય તે છતાં, તે સાચું સમજતો નથી, ભ્રાન્તિ વડે (સત્ય પર) આરોપિત(અસત્ય)ને જ સાચું સમજે છે અને એના ગુણોને સ્વીકારે છે : અહો ! મુશ્કેલીથી દૂર કરી શકાય એવી, તમોગુણની આ આવરણશક્તિ (કેટલી બધી) બળવાન છે ! (૧૧૬)

ટિપ્પણ :– **પહેલી** વાત તો એ કે તમોગુણ પોતે જ 'દુરન્ત' છે, એનો અંત લાવવો, એનો નાશ કરવો અત્યંત કઠિન છે, એનાં અસ્તિત્વને મિટાવવાનું કામ ઘણું અઘરું છે; એટલે એનાં આવાં સ્વરૂપમાંથી જ સર્જાતી શક્તિ, - 'આવરણ'શક્તિ-ની પ્રબળતા, તાકાત પણ એવી-એટલી જ મોટી હોય, તે સ્વાભાવિક છે.

આ શ્લોકમાં આચાર્યશ્રીએ, **બીજી** મહત્ત્વની વાત એ કહી છે કે સાધક મનુષ્યની ગમે તેવી ઉચ્ચ પ્રજ્ઞા-મેધા, એનું ગમે તેવું પાંડિત્ય, એની ગમે તેવી કાર્યદક્ષતા, વસ્તુને જોવા-સમજવાની એની ગમે તેવી અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિ હોય, - આવી સમૃદ્ધ સદ્‌ગુણસંપત્તિ એની પાસે હોય તે છતાં, પેલી આવરણ-શક્તિ પાસે તે સંપૂર્ણરીતે લાચાર, અસહાય, નિરુપાય થઈ જાય છે ! કોઈ સર્વોચ્ચ કક્ષાના સદ્‌ગુરુએ તેને, અનેક રીતે, બહુવિધ દૃષ્ટાંતો આપીને, સવિસ્તર સમજાવ્યું હોય કે- "ભાઈ ! આ સંસાર મિથ્યા છે, અસત્ય છે, આભાસ-માત્ર છે !" તે છતાં પણ તે તમોગુણના વ્યાપમાં આવી જાય, એટલી જ વાર ! "શેઠની શિખામણ ઝાંપા સુધી !"- એ લોકપ્રચલિત કહેવત પ્રમાણે, એની પેલી માતબર સદ્‌ગુણસંપતિ અને સદ્‌ગુરુજીની સઘળી દીક્ષા-શિક્ષા, - આ બધું જ, તમોગુણે સર્જેલી એની મૂઢતા પાસે પળવારમાં હતું-ન-હતું થઈ જાય છે ! એનાં સમગ્ર અસ્તિત્વ પર તમોગુણની પકડ એવી સખત અને સજ્જડ હોય છે, કે એ બિચારો રાંક બની જાય છે, અને એ શક્તિને વશવર્તીને જ એને રહેવું પડે છે ! આવરણશક્તિનો આ જ મહિમા, એની પ્રતિષ્ઠા, અને આ જ એની આશ્ચર્યજનક પ્રબળતા !

પહેલી, ઉપર છલ્લી નજરે, જોનારને એમ અવશ્ય લાગે કે આવાં નિરૂપણમાં તો આવરણશક્તિની પ્રશંસા કે સ્તુતિ (વખાણ) કરવામાં આવી છે. પરંતુ તમોગુણની આ શક્તિનો, મોક્ષસાધક મનુષ્યનાં મન-હૃદય પર જે વિનાશક પ્રભાવ પડે છે, તેને લક્ષમાં લઈએ, - એટલે કે તે મનુષ્યની મોક્ષપ્રાપ્તિ માટેની પાત્રતા, એનો એ માટેનો સઘળો અધિકાર, બધું જ નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે, તેનો વિચાર કરીએ,– ત્યારે આપણને પ્રતીતિ થાય છે કે - ના, ના, આ કંઈ 'સ્તુતિ' ન કહેવાય, આવું ખરાબ પરિણામ લાવનારનાં આ કંઈ વખાણ ન કહેવાય ! એ શક્તિનું આવું નિરૂપણ પોતે જ એની 'નિન્દા' બની રહે છે ! આવાં નિરૂપણમાંથી જ મોક્ષાર્થીને ચોકખી ચેતવણી મળી જાય છે કે, - "જોજે, ભાઈ ! આ આવરણશક્તિથી લાખ જોજન દૂર રહેજે !" જેનાથી દૂર રહેવાની ભલામણ થતી હોય, એ કોઈ સારી વસ્તુ તો હોય જ નહીં ! બસ, આ જ એની **'નિન્દા'** !

'સ્તુતિ' (વખાણ) કર્યા પછી, એ **'સ્તુતિ'** દ્વારા જ, કોઈની **'નિન્દા'** કરવામાં આવે, એ "અલંકાર"(Figure of speech)ને સાહિત્યનાં શાસ્ત્રના જાણકારો **"વ્યાજસ્તુતિ"** અલંકાર કહે છે.

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત (૧૧૯)**

૧૧૭

अभावना वा विपरीतभावना-
-संभावना विप्रतिपत्तिरस्याः ।
संसर्गयुक्तं न विमुञ्चति ध्रुवं
विक्षेपशक्तिः क्षपयत्यजस्रम् ॥ ११७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અભાવના વા વિપરીતભાવના-
-સંભાવના વિપ્રતિપત્તિરસ્યાઃ ।
સંસર્ગયુક્તં ન વિમુંચતિ ધ્રુવં
વિક્ષેપશક્તિઃ ક્ષપયત્યજસ્રમ્ ॥ ૧૧૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अस्याः (आवृतिशक्त्याः) संसर्गयुक्तं (मनुष्यं) अभावना, विपरीतभावना, असंभावना, विप्रतिपत्तिः वा ध्रुवं न विमुञ्चति; विक्षेपशक्तिः (अपि) (तं) अजस्रं क्षपयति ॥ ११७ ॥

શબ્દાર્થ :– **અભાવના** - કશું જ ન સૂઝે એવી વૃત્તિ, સ્થિતિ, હાલત; **વિપરીત-ભાવના** - ઊંધું-ઉલટું-અવળું સૂઝે એવી વૃત્તિ, સ્થિતિ, હાલત; **અસંભાવના**, - સત્યને સાચી વાતને-હકીકતને અશક્ય-અસંભવિત માનવાની વૃત્તિ, સ્થિતિ, હાલત; **વિપ્રતિપત્તિઃ** - શંકામાં પડી જવાની, સંશયગ્રસ્ત બની જવાની વૃત્તિ, સ્થિતિ, હાલત.

'આ યુદ્ધમાં મારે લડવું ? કે ન લડવું ? લડું તો ભીષ્મ-દ્રોણ જેવા વડીલો, દુર્યોધન-દુઃશાસન જેવા પિતરાઈ ભાઈઓનો હણનારો ન બનું ? અને ન લડું તો ક્ષત્રિય તરીકેના મારા સ્વધર્મનું શું ?' · આવી શંકા, ગડમથલ, · એટલે **'વિપ્રતિપત્તિ'.**

મહાભારતના કુરુક્ષેત્ર-યુદ્ધના આરંભમાં, અર્જુનનાં મનની પણ આવી જ પરિસ્થિતિ હતી. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને સ્પષ્ટ જણાવ્યું કે આવા 'સંશય'ની પાછળ બે કારણો હોય છે, - અજ્ઞાન અને અશ્રદ્ધા; અને આવો સંશયગ્રસ્ત માણસ અંતે નાશ પામે છેઃ-

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ॥ ४, ४० ॥

આ ચારેય પ્રકારની પરિસ્થિતિ શું કરે છે ? - अस्याः (आवृतिशक्त्याः) संसर्गयुक्तं (मनुष्यं) ध्रुवं न विमुञ्चति । ध्रुवं - ચોક્કસ, અવશ્ય, નક્કી, નિઃશંક, હંમેશ-કાયમ માટે. આ આવરણ-શક્તિના સંસર્ગમાં,-સંપર્કમાં-વશમાં આવેલા મનુષ્યને, 'અભાવના' વગેરે પેલા સર્વ મનોવિકારો કદી છોડતા નથી, કાયમ માટે તેને પોતાનામાં કેદ કરી દે' છે, તેને હંમેશ માટે અસ્વસ્થ અથવા ડામાડોળ કરી મૂકે છે, જંપવા દેતા નથી. **'આવરણ'**-શક્તિનો ભોગ (Victim) બનેલાની હાલત જો આવી છે, તો પેલી **'વિક્ષેપ'**-શક્તિનો પ્રભાવ પણ કંઈ ઓછો વિનાશક નથી; એ વળી શું કરે છે ? विक्षेपशक्तिः (अपि) तं अजस्रं क्षपयति । अजस्रं-નિરંતર,

સતત, અટક્યા વિના (Non-stop); **क्षपयति**-ક્ષીણ, ભ્રષ્ટ કર્યા કરે છે, એનો ક્ષય કર્યા કરે છે. (૧૧૭)

અનુવાદ :– આ(આવરણ-શક્તિ)ના સંસર્ગમાં આવેલા(મનુષ્ય)ને અભાવના, વિપરીત-ભાવના, અસંભાવના, વિપ્રતિપત્તિ - (આ સર્વ મનોવિકારો) અવશ્ય અસ્વસ્થ કરી મૂકે છે; વળી, વિક્ષેપશક્તિ પણ એને નિરંતર ક્ષીણ કર્યા કરે છે. (૧૧૭)

ટિપ્પણ :– મનુષ્ય મનમાં કેવી 'ભાવના' સેવે છે, એના પર એની જીવનસાધના આધાર રાખે છે, અને તેથી જ કહેવાયું છે કે "જેવી જેની ભાવના, એવી એની સિદ્ધિ,"-

यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ॥

भू-भव्- એ ધાતુનાં પ્રેરક (Causal) **भावयति** પરથી બનેલું નામ,- **'भावना'**,- મનમાં કશુંક 'ભાવવું', કશીક ભાવના સેવવી તે. આ શ્લોકમાં **'भावना'**ના ત્રણ પ્રકારો દર્શાવવામાં આવ્યા છેઃ અભાવના, વિપરીત-ભાવના અને અસંભાવના; અને એવો જ, ભાવનાનો, ચોથો પ્રકાર છે, - **'विप्रतिपत्ति'**. આ ચારેય મનોવિકારોને શબ્દાર્થ-વિભાગમાં સમજાવવામાં આવ્યા છે, તેથી એ સર્વ સ્વયંસ્પષ્ટ બન્યા છે. આ ચારેય મનોભાવનાઓ, આમ તો, સામાન્ય પરિસ્થિતિમાં પણ, મનુષ્યનાં મનને ક્ષુબ્ધ(Confused) કરી મૂકે એવા અનિચ્છનીય છે. હકીકત આવી હોય ત્યારે, મનુષ્ય પેલી આવરણશક્તિના સંપર્કમાં આવી જાય, તો તો પછી આ ભાવનાઓનાં વિનાશશીલ કાર્ય વિશે પૂછવું જ શું ? (**किं पुनः, किमुत** ?). આવું બને ત્યારે તો આ બધા મનોવિકારો, - અભાવના વગેરે -, પેલા માણસની માનસિક પરિસ્થિતિ સંપૂર્ણરીતે અસ્તવ્યસ્ત, વિક્ષુબ્ધ અને ડામાડોળ કરી મૂકે છે. અને પેલી **'विक्षेप'**-શક્તિ પણ, પેલા મનુષ્યનાં મન પર ત્રાટકવાની રાહ જોઈને જ ઊભી હોય છે ! તક મળે કે તરત જ, તે પણ પેલા મનુષ્યને, મોક્ષ પ્રાપ્ત કરવાનાં તેનાં જીવનધ્યેયથી ભ્રષ્ટ કરે છે, ચ્યુત કરે છે, એટલું જ નહીં પણ નિરંતર ક્ષીણ કરતી રહે છે !

રજોગુણની **'विक्षेप'**-શક્તિ અને તમોગુણની **आवरण**-શક્તિ, એ બંનેની, આવી છે, વિનાશશીલ કાર્યપદ્ધતિ । (૧૧૭)

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૧૭)

૧૧૮

अज्ञानमालस्यजडत्वनिद्रा-
-प्रमादमूढत्वमुखास्तमोगुणाः ।
एतैः प्रयुक्तो न हि वेत्ति किंचिद्
निद्रालुवत् स्तंभवदेव तिष्ठति ॥ ११८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અજ્ઞાનમાલસ્યજડત્વનિદ્રા-

-પ્રમાદમૂઢત્વમુખ્યાસ્તમોગુણાઃ ।

એતૈઃ પ્રયુક્તો ન હિ વેત્તિ કિંચિદ્

નિદ્રાલુવત્ સ્તંભવદેવ નિષ્ઠતિ ॥ ૧૧૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– અજ્ઞાનં, આલસ્ય-જડત્વ-નિદ્રા-પ્રમાદ-મૂઢત્વમુખાઃ તમોગુણાઃ (સન્તિ) । એતૈઃ (તમોગુણૈઃ) પ્રયુક્તઃ (મનુષ્યઃ) કિંચિત્ ન હિ વેત્તિ, નિદ્રાલુવત્ વા સ્તંભવત્ એવ (સઃ) તિષ્ઠતિ ॥ ૧૧૮ ॥

શબ્દાર્થ :– આલસ્ય - અને પ્રમાદ, - બંનેનો અર્થ 'આળસ'(Idleness)તો ખરો જ, પરંતુ પ્રમાદમાં વધારાનો એક દુર્ગુણ પણ ભળે છે, અને તે છે બેદરકારી(Carelessness). જડત્વ-જડતા, જડપણું; ચૈતન્ય-સક્રિયતા-પ્રવાહિતાનો અભાવ; મૂઢત્વ - મૂઢતા. મુહ્ - એટલે મોહ પામવું, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, - મૂઢ, - એના પરથી બનેલું નામ(noun) - મૂઢત્વ; Infatuated perplxed, bewildered, stupefied. મહાભારતનું કુરુક્ષેત્ર-યુદ્ધ શરુ થતાં પહેલાં અર્જુનનું મન આવું - કર્મ(Duty)ની બાબતમાં મુંઝાઈ ગયું હતું - ધર્મસંમૂઢચેતાઃ । (૨, ૭). આ પહેલાં કહેવાઈ ગયું છે તેમ, 'મોહ' - એ તમોગુણના અનેક દોષોમાંનો એક છે. અહીં એ ફરીથી કહેવાયું છે.....મુખાઃ, - એટલે 'આ બધા', 'વગેરે'. એતૈઃ (તમોગુણૈઃ) પ્રયુક્તઃ (મનુષ્યઃ) કિંચિદ્ ન વેત્તિ । આ બધા તમોગુણના દોષો વડે ઘેરાયેલો, એની અસર તળે આવેલો માણસ કશું જ સમજતો નથી. નિદ્રાલુવત્ (વા) સ્તંભવત્ એવ તિષ્ઠતિ । નિદાલુ એટલે ઊંઘણશી, ઊંઘતો-ઊંઘમાં પડેલો-ઊંઘથી ઘેરાયેલો; સ્તંભ - થાંભલો. ઊંઘણશી અથવા થાંભલાની જેમ, તે, જડ જેવો થઈ જાય, બની જાય છે.

'મોહ' પણ એક પ્રકારની નિદ્રા જ છે. અર્જુન પણ આવી 'મોહનિદ્રા'માં જ પડી ગયો હતો અને તેથી જ, એક ક્ષત્રિય તરીકે, અન્યાય સામે લડવું જોઈએ, એવો સ્વધર્મ તે સમજતો ન્હોતો. ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશનાં પરિણામે, તે આ 'મોહ-નિદ્રા'માંથી જાગ્યો અને તેણે તરત જ એકરાર કર્યો કે "મારો 'મોહ' નાશ પામ્યો છે, મને મારા સ્વધર્મનું સ્મરણ થયું છે,"-

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા..... ॥ ૧૮, ૭૩ ॥

આવો છે, – તમોગુણોના દોષોનો વિપરીત પ્રભાવ. (૧૧૮)

અનુવાદ :– અજ્ઞાન, આળસ, જડતા, નિદ્રા, પ્રમાદ અને મૂઢતા, - વગેરે તમસ્‌ના ગુણો છે. આ સર્વની અસર તળે આવેલો જીવાત્મા કશું જ સમજતો નથી : ઊંઘણશી કે થાંભલાની જેમ તે જડ જેવો બની જાય છે. (૧૧૮)

ટિપ્પણ :– પિષ્ટસ્ય પેષણમ્ એટલે પિષ્ટપેષણમ્ - એટલે ખાંડેલાને (દળેલાને)

ફરીથી ખાંડવું (દળવું); એક ને એક વાત ફરી-ફરીને કહ્યા કરવી : પુનરુક્તિ. આમ તો, 'પિષ્ટપેષણ' અને 'પુનરુક્તિ', - સાહિત્યશાસ્ત્રની દૃષ્ટિએ, 'દોષો' છે; પરંતુ આ **'દોષ'**નો પણ એક **'ગુણ'** છે ! પોતાનાં કથનને સવિશેષ સ્પષ્ટ કરવું. અઘરી વાતને ફરી-ફરીને કહેવામાં આવે તો, સાંભળનાર માટે એ સરળ બની જાય છે.

'ત્રિગુણાત્મિકા' એવી **માયા**ની આ ચર્ચામાં પણ આચાર્યશ્રીએ, રજોગુણની **'વિક્ષેપ'**-શક્તિ અને તમોગુણની **'આવરણ'**-શક્તિનાં, મોક્ષાર્થી માટેનાં **'જોખમ'**ને લક્ષમાં રાખીને, આ જોખમથી તેને ચેતવવા માટે, અહીં, આ પુનરુક્તિ-**'દોષ'** પાસેથી પણ 'ગુણ'નું કામ કરાવ્યું છે !

રજોગુણ-તમોગુણની આ બંને અતિપ્રબળ શક્તિઓ, મોક્ષાર્થી મનુષ્ય માટે, સંસાર-બંધન સર્જીને, સાધક તરીકેની તેની સમગ્ર કારકિર્દીને નિષ્ફળ અને નષ્ટ બનાવી દે છે, - એ એક પાયાની હકીકત (Fundamental fact) પર આવશ્યક ભાર મૂકવા માટે જ (To emphasise), આચાર્યશ્રીએ, એક આદર્શ સદ્‌ગુરુ તરીકે, અહીં 'પિષ્ટપેષણ' કર્યું છે, ખાંડેલાને ફરી-ફરી ખાંડીને, એવું ઝીણું બનાવી દીધું છે કે એને ચાળવાની પણ જરૂર ન રહે, તરત રાંધવામાં ઉપયોગમાં લેવાય !

વક્તવ્ય વિશે, શિષ્યને પૂરી પ્રતીતિ થઈ જાય !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૧૮)

૧૧૯

सत्त्वं विशुद्धं जलवत् तथापि
ताभ्यां मिलित्वा सरणाय कल्पते ।
यत्रात्मबिम्बः प्रतिबिम्बितः सन्
प्रकाशयत्यर्क इवाखिलं जडम् ॥ ११९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :-

सत्त्वं विशुद्धं जलवत् तथापि
ताभ्यां मिलित्वा सरणाय कल्पते ।
यत्रात्मबिम्बः प्रतिबिम्बितः सन्
प्रकाशयत्यर्क इवाखिलं जडम् ॥ ११९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :- सत्त्वं (सत्त्वगुणः) जलवत् विशुद्धं (विशुद्धः) (अस्ति), तथा अपि ताभ्यां (रजोगुण-तमोगुणाभ्यां) मिलित्वा सरणाय कल्पते, यत्र सत्त्वगुणस्य (कार्ये बुद्धौ) आत्मबिम्बः प्रतिबिम्बितः सन् अर्कः इव अखिलं जडं प्रकाशयति ॥ ११९ ॥

શબ્દાર્થ :- सत्त्वं (सत्त्वगुणः) जलवत् विशुद्धं (विशुद्धः) (अस्ति) ।

એમાં શંકા નથી કે સત્ત્વગુણ જળના જેવો વિશુદ્ધ-નિર્મળ-સ્વચ્છ છે; **तथा अपि** - તો પણ, તેમ છતાં; સત્ત્વગુણનું જમા પાસું આવું-આટલું બધું સમૃદ્ધ-સદ્ધર-શ્રદ્ધેય છે, તો પછી એની વિરુદ્ધ શું કહેવાનું છે ? શા માટે ? એની વિરુદ્ધ જતી એક જ પરિસ્થિતિ છે, અને તે એ છે કે, તે પેલા બે(**ताभ्यां**)-રજોગુણ અને તમોગુણ-ની સાથે એની ભેળસેળ થઈ ગઈ છે, તેની સાથે તે ભળી ગયો છે (**मिलित्वा**); આમ થવાનું શું પરિણામ આવ્યું ? (**तत् सत्त्वं**) **सरणाय कल्पते** । **सरण** એટલે સંસાર, - બંને શબ્દો **सृ**(**सर्**)-એટલે 'સરી જવું'-એ ધાતુ પરથી બનેલા છે : 'સંસાર' એટલે તે, જે, આપણી પાસેથી પ્રતિક્ષણ સરી જતો હોય છે, આપણી પકડમાં રહેતો નથી, આપણી પાસે રહેતો નથી ! અને પછી, જે, હંમેશ માટે સરી જાય છે તે ! **कल्पते** - કારણ બની જાય છે. પેલા બે ગુણો સાથેના નિત્યસંબંધ-મિલનને કારણે, અન્યથા સારો-શુભ-શુદ્ધ-સ્વચ્છ એવો આ સત્ત્વગુણ પણ સંસારનું કારણ બની રહે છે !

પરંતુ આ સત્ત્વગુણ, મૂળભૂત રીતે જે સારો છે, તેનું, ખરાબ સોબતને કારણે, આવું અધઃપતન થયું હોવા છતાં, તેનો એક વિધાયક મુદ્દો(Plus-point) આ રીતે ટકી રહે છે : **यत्र** - એટલે કે જ્યાં, તે સત્ત્વગુણનાં કાર્ય, એવી બુદ્ધિમાં, **आत्मबिम्बः प्रतिबिम्बितः सन्** - આત્મારૂપી બિંબ પ્રતિબિંબિત થયું હોવાથી; તેથી શું બને છે ?(**सः**) **अखिलं जडं प्रकाशयति** । તે સમસ્ત-સમગ્ર-સર્વ જડ વસ્તુઓ-પદાર્થોને પ્રકાશિત કરે છે, જડને-અંધકારગ્રસ્તને-નિશ્ચેતનને-નિષ્પ્રાણને જીવંત-ચેતન-પ્રાણવંતા-પ્રકાશવાળા બનાવી શકે છે. કોની જેમ ? **अर्कः इव** - સૂર્યની માફક. (૧૧૯)

અનુવાદ :– સત્ત્વગુણ (જો કે) જળના જેવો અતિનિર્મળ છે, તે છતાં તે બે(રજોગુણ-તમોગુણ)ની સાથે તેની સેળભેળ થઈ ગઈ હોવાથી, તે સંસારનું કારણ બને છે; (પરંતુ) તે(સત્ત્વગુણ)માં આત્મારૂપી બિંબ પ્રતિબિંબિત થયું હોવાથી, તે, સૂર્યની માફક, જડ પદાર્થોને પ્રકાશિત કરે છે. (૧૧૯)

ટિપ્પણ :– પરમાત્માની 'પરા શક્તિ' એવી **'માયા'**નાં સ્વરૂપની ચર્ચાના આરંભમાં જ, એને 'ત્રિગુણાત્મિકા' કહેવામાં આવી છે (શ્લોક-૧૧૦). સાંખ્યદર્શન-પ્રબોધિત આ ત્રણ ગુણોમાંથી બે– રજોગુણ અને તમોગુણ—ના, મોક્ષાર્થીનાં ચિત્ત પરના પ્રભાવની વીગતો અત્યાર સુધી આપવામાં આવી. હવે, અહીંથી, હવે પછીના ત્રણ શ્લોકોમાં, બાકી રહેલા ત્રીજા ગુણ-**'सत्त्व'**-ના પ્રભાવની ચર્ચા કરવામાં આવે છે.

આ ગુણ-**'सत्त्व'**-નું **'नाम'** જ એક મહત્ત્વની હકીકત અભિવ્યક્ત કરે છે કે તે **सत्**-સ્વરૂપ છે : **सत्** - એટલે, સૌપ્રથમ તો, પરમાત્માનાં ત્રણ શાશ્વત સ્વરૂપોમાંનું-'સત્', 'ચિત્' 'આનંદ'-માંનું એક અને **सौप्रथम**. અને તે તો **कदापि**

અ-'સત્' કે ખરાબ હોઈ શકે જ નહીં. વળી, 'સત્' (अस् - એટલે 'હોવું'- એ ધાતુનું વર્તમાન કૃદન્ત) એટલે જ, જે, હંમેશ હોય છે, તે, - 'અસ્તિત્વ' (Existence). તેનાં નામમાંથી પ્રતીત થતું તેનું આ પાસું પણ તેનાં સ્વરૂપનાં સારાંપણાં(Goodness)નો સંકેત આપે છે. અને એટલે જ, આ શ્લોકમાં, આ સત્ત્વગુણની, જળ જેવી, વિશુદ્ધિ, નિર્મળતા-પવિત્રતા-ની વાત, સૌપ્રથમ કહેવામાં આવી છે (सत्त्वं विशुद्धं जलवत्). ગીતા પણ આ જ વાતનું સમર્થન કરે છે :-

तत्र सत्त्वं निर्मलत्वात् । (૧૪, ૬)

પણ, તો પછી, આ(સત્ત્વગુણ)ની સામે વાંધો શો છે ? શા માટે, तथापि - શબ્દનો પ્રયોગ ? બસ, એનો એક જ વાંક-ગુનો-અપરાધ, જે કહો તે, એ કે, તે જેની સાથે નિત્ય-સંબંધ-સંપર્કમાં રહે છે તે, - તેના બે નિત્ય-સંગાથી (રજોગુણ અને તમોગુણ !) 'સારા' નથી ! (ताभ्यां मिलित्वा). આ રીતે, પોતાનું મૂળભૂત રીતે સારું (सत्) અને શુદ્ધ સ્વરૂપ પણ, પેલા બેનાં 'અ-સત્' અને અશુદ્ધ સ્વરૂપો સાથે ભળી ગયું હોવાથી, એની સાથે સેળભેળ થઈ ગયેલું હોવાથી,..... આ કારણે, કેવું-શું પરિણામ, આવે છે ? અરે, બહુ ભયંકર પરિણામ, - તે સંસારનું કારણ બને છે (सरणाय कल्पते) ! અને આ કંઈ જેવી-તેવી વાત છે ? સંસારનું કારણ એટલે તો 'બંધન', - જે, મોક્ષનું અવરોધ–રૂપ બની રહે ! ભલે 'સુખ' અને 'જ્ઞાનના સંગમાં, પણ સાધકને તે બંધનરૂપ બને છે, એ તો નક્કી !'

सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ ગીતા ૧૪, ૬ ॥

"જેવી સોબત, તેવી અસર" અને "A man is known by the company, he keeps," - જેવી કહેવતો કંઈ અમથી રચાઈ હશે !

અને આમ છતાં, 'સારો' પદાર્થ (અને સારો માણસ પણ !) પોતાનું જન્મજાત સારાપણું છોડતો નથી, એટલે એનું "સત્'-કાર્ય" તો ચાલુ જ રહે છે, - એ એની 'ઊજળી બાજુ' છે ! - A saving grace !

શી છે એની એ 'ઊજળી બાજુ' ? એ જ, કે તે સમસ્ત જડ પદાર્થોને પ્રકાશિત કરે છે (अखिलं जडं प्रकाशयति ।). એ, વળી, કેવી રીતે ? જીવાત્મા સત્ત્વગુણસભર હોય ત્યારે, એની સાત્ત્વિક બુદ્ધિમાં 'આત્મા'નું પ્રતિબિંબ પડે છે, (यत्र आत्मबिम्बः प्रतिबिम्बितः सन्), તેથી તે બુદ્ધિ ચૈતન્યપૂર્ણ અને જ્ઞાનમય બને છે, અન્યને, એના સંપર્કમાં આવનાર 'જડ' જેવા પદાર્થોને, ઇન્દ્રિયોને પણ પોતાના જેવાં જ, પ્રકાશિત કરી રહે છે ! ગીતાએ પણ 'સત્ત્વગુણ' માટે, प्रकाशकं અને अनामयम् જેવા સમુચિત શબ્દો પ્રયોજ્યા છે (૧૪,૬). આ બંને વિશેષણો પર્યાપ્ત રીતે સૂચક (Significant) છે : શાસ્ત્રોમાં પણ 'પ્રકાશવું' એટલે જ 'જાણવું'. 'પ્રકાશ' એટલે જ 'જ્ઞાન'; અને अनामय એટલે 'સ્વસ્થ'-(Healthy) અને સ્ફુર્તિમય(Gleaming, Glittering, Shining).

કોઈ પણ મનુષ્ય કેટલો જ્ઞાની અને સમજદાર છે, એની માત્રા, એનું પ્રમાણ, એનાં બુદ્ધિઘટક એવા સત્ત્વગુણની વિશુદ્ધિની માત્રા પર આધાર રાખે છે.

દર્શનશાસ્ત્રમાં જીવાત્માનાં સ્વરૂપ વિશે ત્રણ 'વાદો' પ્રચલિત છે : પ્રતિબિમ્બ, અવચ્છેદ અને આભાસ, - એમાંનો પ્રથમ 'વાદ' એટલે "પ્રતિબિંબ"વાદ,- આચાર્યશ્રીને સ્વીકાર્ય જણાય છે.

અવચ્છેદનું લક્ષણ "વાક્યપદીય"(પૃ.૬)માં આ પ્રમાણે આપવામાં આવ્યું છે :-

शब्दार्थस्यानवच्छेदे विशेषस्मृतिहेतवः ॥

અને આભાસની સમજૂતી તો, વેદાન્તદર્શનમાં જ, આ પ્રમાણે, આપવામાં આવી છે :—

तत्राज्ञानं धिया नश्येदाभासात्तु घटं स्फुरेत् ।

આવા વાદો અને મતો તો, સામાન્ય માણસની મતિને મુંઝવી દે, એટલે એની વીગતોમાં ઊતરવાનું, આપણા માટે નથી આવશ્યક, નથી ઇચ્છનીય. મુમુક્ષુએ સદા સ્મરણમાં રાખવાની હકીકત તો એ છે કે આ સત્ત્વગુણ, મૂળભૂત રીતે, સારો હોવા છતાં, તે, પેલા ત્રણ-ગુણોમાંનો એક છે, અને તે પણ, પેલા અન્ય બે ગુણોની જેમ, સાંખ્ય-પ્રબોધિત પ્રકૃતિમાંથી જ ઉદ્‌ભવ્યો હોવાથી, પેલા બેની જેમ જ, બંધનરૂપ બને છે :—

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
'निबध्नन्ति' महाबाहो देहे देहिनमव्ययम् ॥ ગીતા ૧૪, ૫ ॥

અને એટલે જ, મોક્ષપ્રાપ્તિમાં જેને સાચો અને સંનિષ્ઠ રસ હોય તેને, આપણાં દર્શનશાસ્ત્રમાં, આ ત્રણેય ગુણોના પ્રભાવથી પર થવાની, 'ત્રિગુણાતીત' થઈ જવાની ભારપૂર્વક ભલામણ કરવામાં આવી છે. જુઓ ગીતા :

गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्‌भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ ૧૪, ૨૦ ॥

આવી 'ત્રિગુણાતીત'-અવસ્થા એટલે જ સંસારનાં સર્વ– જન્મ, જરા, મૃત્યુ વગેરે – દુઃખોમાંથી મુક્તિ, – એટલે કે 'મોક્ષ' – અને અંતિમ અમૃતત્વ'ની પ્રાપ્તિ.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૧૯)

૧૨૦

मिश्रस्य सत्त्वस्य भवन्ति धर्मा-
स्त्वमानिताद्या नियमा यमाद्याः ।
श्रद्धा च भक्तिश्च मुमुक्षुता च
दैवी च संपत्तिरसन्निवृत्तिः ॥ ૧૨૦ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

મિશ્રસ્ય સત્ત્વસ્ય ભવન્તિ ધર્મા-
-સ્ત્વમાનિતાદ્યા નિયમા યમાદ્યાઃ ।
શ્રદ્ધા ચ ભક્તિશ્ચ મુમુક્ષુતા ચ
દૈવી ચ સંપત્તિરસન્નિવૃત્તિ : ॥ ૧૨૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अमानिता-आद्याः यम-आद्याः नियमाः, श्रद्धा च भक्तिः मुमुक्षुता च, दैवी च संपत्तिः, असत्-निवृत्तिः, - (एते) तु मिश्रस्य सत्त्वस्य धर्माः भवन्ति ॥ १२० ॥

શબ્દાર્થ :– રજોગુણ અને તમોગુણ - એ બંને સાથે નિત્ય-સંબંધમાં હોવાથી, આ શ્લોકના આરંભમાં જ, સત્ત્વગુણને 'મિશ્ર' કહેવામાં આવ્યો છે, તે યોગ્ય જ છે; છતાં મનુષ્યનાં ચિત્તમાં સત્ત્વગુણનું પ્રાધાન્ય હોય, અને પેલા બે - રજોગુણ અને તમોગુણ-ની ગૌણતા(Subordinate position) હોય, - એવી સ્થિતિ પણ એક સિદ્ધિ (Attainment, Accomplishment) ગણાય છે, એનો પણ એવો મહિમા છે, અને એની અહીં પ્રશસ્તિ કરવામાં આવી છે.

अमानिता-आद्याः એટલે **ગીતા**ના ૧૩મા અધ્યાયમાં, શ્લોક-૭થી ૧૧મા સુધીમાં વર્ણવવામાં આવેલાં, **"જ્ઞાન"**નાં ૨૪ સાધનો અથવા પગથિયાં; **यम-आद्याः नियमाः** એટલે **"યોગસૂત્ર"**માં પતંજલિમુનિએ નિરૂપેલા, - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, - એ પાંચ **'યમો'**; એ જ **"યોગસૂત્ર"** અનુસાર,- શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપૂજા,- એ પાંચ **'નિયમો'**; ગીતાના ૧૬મા અધ્યાયમાં, આરંભમાં જ, **अभयं सत्त्वसंशुद्धिः**થી **नातिमानिता** (શ્લોક ૧-૨-૩),- વગેરે દર્શાવેલા ૨૪, **'દૈવી સંપત્તિ'**ના સદાચારો; **असत्-निवृत्तिः** એટલે એ જ ૧૬મા અધ્યાયના ૪થા શ્લોકમાં વર્ણવવામાં આવેલી **'આસુરી સંપત્તિ'**નું નિવારણ, એનો ત્યાગ, એનું દૂરીકરણ; અને આ ઉપરાંત શ્રદ્ધા, ભક્તિ અને મુમુક્ષુતા,- આ બધા 'મિશ્ર' છતાં સત્ત્વપ્રધાન મનુષ્ય-અંતઃકરણના ધર્મો છે. (૧૨૦)

અનુવાદ :– અમાનિત્વ વગેરે, યમ-નિયમ વગેરે, દૈવી-સંપત્તિ(નું હોવાપણું), આસુરી સંપત્તિનું નિવારણ, શ્રદ્ધા, ભક્તિ અને મુમુક્ષુતા, - આ બધા જ 'મિશ્ર' એવા સત્ત્વગુણના ધર્મો છે. (૧૨૦)

ટિપ્પણ :– રજોગુણ અને તમોગુણ સાથે સતત સંબદ્ધ હોવાને કારણે, સત્ત્વગુણનું ૧૦૦% શુદ્ધ સ્વરૂપ તો શક્ય જ નથી; ટૂંકમાં, સાધકે એનાં **'મિશ્ર'** - સ્વરૂપને તો સદા નિભાવવાનું જ રહ્યું. પરંતુ મોક્ષપ્રાપ્તિના સાધકના પક્ષે, સહાયકરૂપ બને એવી એક બાબત એ છે કે પોતાનાં અંતઃકરણમાં તે સત્ત્વગુણનાં પ્રાધાન્યને સાચવી રાખવા સદા સભાન અને પ્રયત્નશીલ રહે. સત્ત્વગુણની પ્રધાનતા જો વ્યવસ્થિત રીતે જળવાઈ રહે તો, આ શ્લોકમાં ગણાવવામાં આવેલા સર્વ વિધાયક (Positive) ધર્મો તેના મોક્ષમાર્ગમાં અવશ્ય મદદરૂપ બની રહે. અને આ પણ કંઈ જેવી તેવી સિદ્ધિ નથી. સત્ત્વગુણના આ સર્વ ધર્મોની વીગતો શબ્દાર્થ-વિભાગમાં આપી છે, - તેના બધા લાભો મોક્ષાર્થી સાધકની આધ્યાત્મિક કારકિર્દીને ઉજ્જ્વળ અને યશસ્વી બનાવી શકે એવા સત્ત્વ-સભર અને સમૃદ્ધ છે.

અને જે સાચો અને સંવેદનશીલ મુમુક્ષુ હોય, તેનું તો સમગ્ર વ્યક્તિત્વ જ શ્રદ્ધા તથા ભક્તિના ભાવો વડે ભીનું હોય જ.

આદર્શ સ્થિતિ તો 'ત્રિગુણાતીત'-અવસ્થા છે, પરંતુ તે સિદ્ધિ ન પ્રાપ્ત થાય ત્યાંસુધી, સત્ત્વગુણનાં પ્રાધાન્યને અકબંધ સુરક્ષિત રાખવાનું તો અનિવાર્ય જ છે, - એ વાત પર અહીં ભાર મૂકવામાં આવ્યો છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૨૦)

૧૨૧

विशुद्धसत्त्वस्य गुणाः प्रसादः
स्वात्मानुभूतिः परमा प्रशान्तिः ।
तृप्तिः प्रहर्षः परमात्मनिष्ठा
यया सदाऽऽनन्दरसं समृच्छति ॥ १२१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

વિશુદ્ધસત્ત્વસ્ય ગુણાઃ પ્રસાદઃ
સ્વાત્માનુભૂતિઃ પરમા પ્રશાન્તિઃ ।
તૃપ્તિઃ પ્રહર્ષઃ પરમાત્મનિષ્ઠા
યયા સદાઽઽનન્દરસં સમૃચ્છતિ ॥ ૧૨૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– प्रसादः, स्वात्मानुभूतिः, परमा प्रशान्तिः, तृप्तिः, प्रहर्षः (च), यया (सिद्धः मनुष्यः) सदा आनन्दरसं समृच्छति, (सा, तादृशी) परमात्मनिष्ठा, - (एते सर्वे) विशुद्धसत्त्वस्य गुणाः (सन्ति) ॥ १२१ ॥

શબ્દાર્થ :– **પ્રસાદઃ**– અંતઃકરણની ઊંડી પ્રસન્નતા; પૂજા વગેરેમાં આપણે ભગવાનને જે ધરાવીએ છીએ અને ત્યારપછી ભક્તોને જે વ્હેંચીએ છીએ, તે પણ એટલા માટે જ 'પ્રસાદ' (પ્રસાદી, પરસાદી) કહેવાય છે કે તે, પૂજન દ્વારા, ભગવાન પ્રસન્ન થયા છે, તેનો અર્ક (મૂળ તત્ત્વ, Essence) બની જાય છે. **સ્વાત્માનુભૂતિઃ** પોતાના આત્માનો અનુભવ; **પરમા પ્રશાન્તિઃ** - આમ તો, **શાન્તિ**ને પ્ર-ઉપસર્ગ લગાડાયો છે, તેથી તે શાંતિ, 'સંપૂર્ણ' શાંતિ જ બની જાય છે, પરંતુ એ શાંતિ 'પરમા' ત્યારે બને છે, જ્યારે એવી સંપૂર્ણ શાંતિ પ્રતિકૂળ સંજોગોમાં પણ અનુભવાય; **તૃપ્તિઃ**–સંતોષ; **પ્રહર્ષઃ**– અહીં પણ **હર્ષ**:–આગળ પ્ર-ઉપસર્ગ છે, તે સૂચક છે. **પ્રકૃષ્ટઃ હર્ષઃ** 'ઉચ્ચ પ્રકારનો હર્ષ,' રૂંવાડાં ઊભા કરી દે, એવો હર્ષ, રોમાંચ, **પરમાત્મનિષ્ઠા** –**નિષ્ઠા** એટલે તે, જેના વડે નિયમ મુજબ અથવા નિયમપૂર્વક સ્થિર રહી શકાય. **नियमेन यया स्थीयते सा निष्ठा** । આવી 'નિષ્ઠા' જ્યારે પરમાત્મા પ્રત્યે હોય કે થાય ત્યારે તે 'પરમાત્મનિષ્ઠા' - પરમેશ્વર પ્રત્યેનું એક-નિષ્ઠપણું - કહેવાય. આ પરમાત્મનિષ્ઠાની વિશેષતા શી છે ? એ જ કે તેના વડે **(यया)** સિદ્ધ મનુષ્ય સદા આનંદરસને પ્રાપ્ત કરે છે **(सदा आनन्दरसं समृच्छति ।)**. **'રસ'** એ કાવ્યશાસ્ત્રનો એક પારિભાષિક શબ્દ છે. ભોજનમાં જેમ મધુર, ખારો, ખાટો વગેરે છ (૬) રસો છે, તેમ કાવ્ય-નાટક વગેરેમાં પણ શૃંગાર, કરુણ, વીર

વગેરે **નવ** (૯) રસો છે. પરંતુ પેલા **છ** રસો સ્થૂલ છે, જ્યારે આ **નવ** રસો સૂક્ષ્મ છે, કારણ કે તે આનંદનો આસ્વાદ આપે છે. **રસ** - શબ્દની વ્યુત્પત્તિ જ સૂચક છે, - **रस्यते, चर्व्यते, आस्वाद्यते इति रसः** । 'ચર્વણા' એટલે જ આસ્વાદ. પરમાત્મામાંની નિષ્ઠા જે આનંદ આપે, તે તો દિવ્ય કક્ષાનો જ આનંદ હોય. એવા આનંદના રસની પ્રાપ્તિ અહીં પ્રસ્તુત છે.

(एते सर्वे) **गुणाः विशुद्धसत्त्वस्य गुणाः** (सन्ति) । - આ સર્વ(ઉપર્યુક્ત) ગુણો, વિશુદ્ધ એવા સત્ત્વગુણના, - એટલે કે સત્ત્વગુણની પ્રધાનતાના, એનાં પ્રાધાન્યના, આધિક્યના છે. (૧૨૧)

અનુવાદ :– પ્રસન્નતા, પોતાના આત્માનો અનુભવ, પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ મનની ઊંડી શાંતિ, તૃપ્તિ, પ્રહર્ષ, અને જેના વડે (સિદ્ધ મનુષ્ય) સદા આનંદ-રસને પ્રાપ્ત કરે છે એવી પરમાત્મામાં એકનિષ્ઠ શ્રદ્ધા,- આ બધા, સત્ત્વગુણનાં આધિક્યના ગુણો છે. (૧૨૧)

ટિપ્પણ :– ફરી એક વાર સ્પષ્ટતા કરવાની કે અન્યથા 'સારો' હોવા છતાં, સત્ત્વગુણ, પેલા અન્ય બે ગુણો સાથેનાં તેનાં મિલનનાં પરિણામે, સંસારનું કારણ બને છે (**ताभ्यां मिलित्वा सरणाय कल्पते** । શ્લોક-૧૧૯), અને તેથી જ, તેનું સંપૂર્ણરીતે શુદ્ધ સ્વરૂપ શક્ય નથી. પરંતુ મોક્ષાર્થીએ તો સંસારનાં બંધનમાંથી મુક્ત થવું જ રહ્યું, અને તેની આવી પરિસ્થિતિમાં, એની સમક્ષ, માત્ર **એક જ** વિકલ્પ છે, અને તે છે સત્ત્વગુણનાં પ્રાધાન્યને ટકાવી રાખવાનો, રજોગુણ–તમોગુણ પર સત્ત્વગુણનું સંપૂર્ણ વર્ચસ્વ જળવાઈ રહે, એવી સિદ્ધિ મેળવવાનો.

આવા સિદ્ધ પુરુષને સત્ત્વપ્રાધાન્યના કયા ગુણોનો લાભ મળે છે, એ વાત અહીં, શ્લોક-૧૨૦ કરતાં, જરા જૂદી રીતે, કહેવામાં આવી છે.

અંતે તો, 'સંસાર' એ સંસાર જ છે અને એમાં તો 'ત્રિગુણાત્મિકા માયા'નું જ સર્વત્ર સામ્રાજ્ય પ્રસરેલું છે, એમાં કશો 'મીન-મેખ' નથી; તેમ છતાં પરમાર્થ-પ્રાપ્તિ માટે ઉત્સુક એવી સાધક જો સત્ત્વગુણની પ્રધાનતા પોતાનાં અંતઃકરણમાં સિદ્ધ કરી શકે તો, તે પોતાની બુદ્ધિને વિશુદ્ધ અને નિર્મળ બનાવી શકે, અને આત્મજ્ઞાનીની અવસ્થાને સિદ્ધ–સંપન્ન કરી શકે, એવી બધી સાત્ત્વિક સામગ્રી, સત્ત્વગુણનાં પ્રાધાન્યનાં પરિણામ-સ્વરૂપ, આ છેલ્લા ત્રણ શ્લોકોમાં (૧૧૯-૧૨૦-૧૨૧) આપવામાં આવી છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૨૧)**

૧૨૨

अव्यक्तमेतत् त्रिगुणैर्निरुक्तं
तत्कारणं नाम शरीरमात्मनः ।
सुषुप्तिरेतस्य विभक्त्यवस्था
प्रलीनसर्वेन्द्रियबुद्धिवृत्तिः ॥ १२२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અવ્યક્તમેતત્ ત્રિગુણૈર્નિરુક્તં
તત્કારણં નામ શરીરમાત્મનઃ ।
સુષુપ્તિરેતસ્ય વિભક્ત્યવસ્થા
પ્રલીનસર્વેન્દ્રિયબુદ્ધિવૃત્તિઃ ॥ ૧૨૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– ત્રિગુણૈઃ યુક્તં (અવિદ્યાયાઃ, માયાયાઃ) (યત્) નિરુક્તં, એતત્ અવ્યક્તં (અસ્તિ), તત્ (એવ) આત્મનઃ 'કારણં' નામ શરીરં (અસ્તિ); એતસ્ય વિભક્ત્યવસ્થા પ્રલીનસર્વેન્દ્રિયબુદ્ધિવૃત્તિઃ સુષુપ્તિઃ (અસ્તિ) ॥ ૧૨૨ ॥

શબ્દાર્થ :– ત્રિગુણૈઃ યુક્તં (યત્) નિરુક્તં । - નિરુક્તં । (નિઃ+ઉક્તં) એટલે વર્ણન કરવામાં આવ્યું, નિરૂપણ કરવામાં આવ્યું; કોનું ? અવિદ્યાયાઃ, માયાયાઃ । અવિદ્યાનું, માયાનું : તે નિરૂપણ કેવું હતું ? ત્રિગુણૈઃ (યુક્તં) - સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોથી યુક્ત; એતત્ અવ્યક્તં (અસ્તિ) તે **'અવ્યક્ત'** છે; તત્ (એવ) આત્મનઃ **'કારણં'** નામ શરીરં અસ્તિ । - અને તે જ, - જેનું નિરૂપણ કરવામાં આવ્યું તે જ, - આત્માનું, જીવાત્માનું, - **'કારણ'**-નામનું શરીર છે. આ **'કારણ'**-નામનાં શરીરની સ્વકીય-પોતીકી-ભિન્ન-વિશિષ્ટ અવસ્થા કઈ છે ? એતસ્ય વિભક્ત્યવસ્થા સુષુપ્તિઃ અસ્તિ - તેની પોતાની કહી શકાય એવી અવસ્થા 'સુષુપ્તિ' છે. આ 'સુષુપ્તિ' અવસ્થા કેવી છે ? પ્રલીનસર્વેન્દ્રિયબુદ્ધિવૃત્તિઃ । પ્રલીન - એટલે લીન-વિલીન, લય પામી જાય એવી; વૃત્તિ-એટલે વ્યાપાર, પ્રવૃત્તિ, ક્રિયા; તે અવસ્થા એવી છે, જેમાં સર્વ ઇન્દ્રિયો અને બુદ્ધિની પ્રવૃત્તિઓ, એના વ્યાપારો વિલીન થઈ ગયેલ હોય છે; આ બધા વ્યાપારો સંપૂર્ણરીતે ચ્યુત થઈ જાય છે, ખરી પડે છે, એ બધાંનો અંત આવી જાય છે. સુષુપ્તિ-અવસ્થા દરમિયાન, સર્વ જ્ઞાનેન્દ્રિયો-કર્મેન્દ્રિયો અને બુદ્ધિની વૃત્તિઓ સંપૂર્ણ શાંત થઈ જાય છે, પોતપોતાની ક્રિયાઓ બંધ કરી દે છે. ટૂંકમાં, આ સમયે, માત્ર આત્મા(જીવાત્મા) અને અવિદ્યા, - એ બે જ રહે છે. (૧૨૨)

અનુવાદ :– (આ પહેલાં અહીં, જે) ત્રણ ગુણોથી યુક્ત એવી (અવિદ્યાનું, માયાનું) નિરૂપણ કરવામાં આવ્યું, તે **'અવ્યક્ત'** છે, અને તે જ, આત્માનું, **'કારણ'** નામનું શરીર છે; એની પોતીકી અવસ્થા **'સુષુપ્તિ'** છે, જેમાં સર્વ ઇન્દ્રિયો તથા બુદ્ધિના વ્યાપારો વિલીન થઈ જાય છે. (૧૨૨)

ટિપ્પણ :– આ પહેલાં **સ્થૂલ** શરીર અને **સૂક્ષ્મ** શરીર, - એ બેનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. હવે, અહીં, બે શ્લોકોમાં **'કારણ'** - શરીરનું નિરૂપણ કરવામાં આવે છે.

શ્લોક-નં.૧૧૦માં, સાંખ્યદર્શન-પ્રબોધિત, સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોથી યુક્ત, પરમાત્માની, અનાદિ-અવિદ્યા એવી પરા શક્તિનું વર્ણન કરવામાં આવ્યું હતું અને ત્યાં જ, **'માયા'** એ નામથી જ ઓળખાય છે તે, આ અવિદ્યા-માયામાંથી જ બધું જગત ઉત્પન્ન થાય છે (**યયા ઇદં સર્વં જગત્ પ્રસૂયતે**), - એમ કહેવામાં

આવ્યું હતું. એનો ફલિતાર્થ જ એ કે એ જ આત્માનું **'કારણ'**-શરીર છે. હવે એ જ સંદર્ભને આગળ વધારીને, અહીં આ **'કારણ'**-શરીરનાં વિશિષ્ટ સ્વરૂપનું વિવેચન કરવામાં આવ્યું છે.

ત્રણેય પ્રકારનાં શરીરોને પોતપોતાની 'અવસ્થા' હોય છે, - જેમ કે, 'સ્થૂલ'-શરીરની 'જાગ્રત્'-અવસ્થા અને 'સૂક્ષ્મ'-શરીરની 'સ્વપ્ન'-અવસ્થા છે; તેમ જ આ **'કારણ'**ની અવસ્થા 'સુષુપ્તિ' છે. આ 'સુષુપ્તિ', આ **'કારણ'**-શરીરની સ્વકીય અવસ્થા છે; એને અહીં **વિભક્તિ**-અવસ્થા, - વિશિષ્ટ, લાક્ષણિક, જૂદી ભિન્ન, - એટલા માટે કહેવામાં આવે છે કે આ અવસ્થા દરમિયાન, 'જાગ્રત્'-અવસ્થા જેવો, સ્થૂળ પદાર્થો સાથેનો કશો વ્યવહાર, હોતો નથી, અને 'સ્વપ્ન'-અવસ્થામાં બને છે તેમ, બુદ્ધિ પોતે જ 'જાગ્રત્'-અવસ્થાની જાત જાતની વાસનાઓ વડે કર્તા-ભોક્તાભાવને પ્રાપ્ત થાય છે, - એવું પણ આ સુષુપ્તિ - અવસ્થામાં બનતું નથી. અહીં તો જ્ઞાન અને કર્મ બંનેની સર્વ ઇન્દ્રિયો, બુદ્ધિ, મન, - એ બધાંનાં વૃત્તિઓ - વ્યવહારો - વ્યાપારો ગાઢ અજ્ઞાનમાં લય પામે છે, વિલીન થઈ જાય છે, ક્રિયાશૂન્ય થઈ જાય છે. ટૂંકમાં, **'કારણ'** શરીરની આ પોતીકી સ્વકીય એવી સુષુપ્તિ—અવસ્થામાં સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ નિવૃત્ત થઈ જાય છે અને આ નિવૃત્તિનાં પરિણામે જ ત્યાં એક પ્રકારની 'અજ્ઞાનજન્ય શાંતિ'નો અનુભવ થાય છે.

પરિસ્થિતિ આવી હોવાથી, સવાલ એ ઊભો થાય કે આ અજ્ઞાનદશાને પણ જાણનારો કોઈક તો હોવો જોઈએને ! એ કોણ ? જવાબ એક જ, - કે એ સુષુપ્તિ અને અજ્ઞાનનો એકમાત્ર સાક્ષી અને દૃષ્ટા એવો આત્મા ત્યાં છે, જે પોતે જ્ઞાનસ્વરૂપ છે, સત્-સ્વરૂપ છે. એની અનુપસ્થિતિ તો કદી કલ્પી શકાય જ નહીં. તાત્પર્ય એ જ કે ત્રણેય પ્રકારનાં શરીરની ત્રણેય અવસ્થામાં પણ, સદા-સર્વદા સાક્ષી એવો આત્મા, સર્વનું સર્વત્ર દર્શન કરતો, સતત ઉપસ્થિત જ હોય છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૨૨)

૧૨૩

सर्वप्रकारप्रमितिप्रशान्ति-
-र्बीजात्मनावस्थितिरेव बुद्धेः ।
सुषुप्तिरेतस्य किल प्रतीतिः
किञ्चिन्न वेद्मीति जगत्प्रसिद्धेः ॥ १२३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

सर्वप्रकारप्रमितिप्रशान्ति-
-र्बीजात्मनावस्थितिरेव बुद्धेः ।
सुषुप्तिरेतस्य किल प्रतीतिः
किंचिन्न वेद्मीति जगत्प्रसिद्धेः ॥ १२३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– **बुद्धेः सर्वप्रकारप्रमितिप्रशान्तिः, (बुद्धेः च) बीजात्मना एव अवस्थितिः, - (ईदृशी) एतस्य (जीवात्मनः) सुषुप्तिः (अवस्था अस्ति); (यतः) (अहं) किंचिद् न वेद्मि इति जगत्प्रसिद्धेः (सर्वेषां) किल प्रतीतिः (भवति) ॥ १२३ ॥**

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : **एतस्य (जीवात्मनः) (ईदृशी) सुषुप्तिः (अवस्था अस्ति)** । - આ જીવાત્માની **'સુષુપ્તિ'** અવસ્થા (આવી) હોય છે. કેવી હોય છે ? બે વિશેષણો : **એક,- (तत्र) बुद्धेः सर्वप्रकारप्रमितिप्रशान्तिः (भवति)**, અને **બીજું, बुद्धेः बीजात्मना एव अवस्थितिः (भवति)** । **प्रमिति** એટલે જ્ઞાન. ત્યાં, સુષુપ્તિ-અવસ્થામાં, બુદ્ધિનું સર્વ પ્રકારનું જ્ઞાન શમી જાય છે - **(प्रशान्तिः)**; એનો અર્થ એ થયો કે આ અવસ્થા દરમિયાન, બુદ્ધિ, બધી જાતનું જ્ઞાન મેળવવાનું કામ બંધ કરી દે છે; અને એ જ બુદ્ધિની, એટલે કે અંતઃકરણની અવસ્થિતિ, પરિસ્થિતિ, - એનું અસ્તિત્વ પણ માત્ર બીજરૂપે જ રહે છે. જીવાત્માની સુષુપ્તિ-અવસ્થા આવી હોય છે. આવા નિર્ણય પર આવવા માટે કશું સમર્થન ખરૂં ? હા, તરત ગળે ઊતરી જાય એવું સમર્થન, આ પ્રમાણે છે : આ સુષુપ્તિ અવસ્થા દરમિયાન, એમાં રહેલ વ્યક્તિનો અનુભવ એવો હોય છે કે એ અવસ્થામાંથી જાગ્યા પછી તરત જ તે એમ કહે છે કે "હું તો કશું જાણતો જ નથી, મને તો કશી જ ખબર નથી ! હું તો નિરાંતે ઊંઘી ગયો હતો, સરસ મજાની સુખપ્રદ ઊંઘ મને આવી ગઈ !" અને વ્યક્તિના આવા અનુભવની પ્રતીતિ, જગત્પ્રસિદ્ધ છે, સાર્વજનિક-સાર્વલૌકિક છે **(अहं किंचिद् न वेद्मि इति जगत्प्रसिद्धेः प्रतीतिः ।)** **किल** એટલે ખરેખર, સાચે જ, નિઃશંક, - Indeed, Really, Undoubtedly. આ શબ્દ પણ ઉપર્યુક્ત પ્રતીતિનું સમર્થન કરે છે. (૧૨૩)

અનુવાદ :– જ્યાં સર્વ પ્રકારનું જ્ઞાન શમી જાય છે અને બુદ્ધિનું અસ્તિત્વ પણ માત્ર બીજરૂપે જ રહે છે એવી - આ(જીવાત્મા)ની **સુષુપ્તિ** (અવસ્થા) છે; (કારણ કે) "હું કાંઈ પણ જાણતો નથી"- એવી પ્રતીતિ (સર્વને થાય છે) તે, જગત્પ્રસિદ્ધ છે. (૧૨૩)

ટિપ્પણ :– **સુષુપ્તિ**-અવસ્થા દરમિયાન, આ પહેલાં કહ્યું છે તેમ, સર્વ ઇન્દ્રિયો, બુદ્ધિ, મન, - એ સહુના સઘળા વ્યવહારો-વ્યાપારો વિલીન થઈ જાય છે. **'કારણ'**-શરીરની આ એવી અવસ્થા છે, જેમાં, જેનો ધર્મ જ્ઞાન મેળવવાનો છે, એ બુદ્ધિ પોતે જ, પોતાનું આ કાર્ય બંધ કરી દે, છોડી દે, એટલું જ નહીં પરંતુ અંતઃકરણ-સ્વરૂપ એ જ બુદ્ધિનું અસ્તિત્વ પણ માત્ર એનાં બીજરૂપે જ રહે, એથી વિશેષ કશું જ નહીં ! આનો અર્થ જ એ થયો કે આ અવસ્થા દરમિયાન, સંસારની સઘળી પ્રવૃત્તિઓ સંપૂર્ણરીતે નિવૃત્ત થઈ જાય છે. સંક્ષેપમાં, **'કારણ'**-શરીર અને જીવાત્માની **'સુષુપ્તિ'**-અવસ્થા, - એક પ્રકારની અજ્ઞાનદશા છે, જ્યારે એ અવસ્થામાંની

વ્યક્તિને પણ જગત્પ્રસિદ્ધ એવી પ્રતીતિ થાય કે, જાગતાંની સાથે જ એ બોલી ઊઠે કે "હું કશું જાણતો નથી !" (अहं न किंचिद् वेद्मि ।)

પરંતુ આ અનુસંધાનમાં સદા-સ્મરણીય એવી હકીકત એ છે કે જ્ઞાનના આ સંપૂર્ણ અભાવને, - એટલે કે અજ્ઞાનને પણ જાણનારો, - એનો પણ જ્ઞાતા, અજ્ઞાનનો પણ જ્ઞાતા છે, - અને તે છે આત્મા, સર્વનો દ્રષ્ટા, સર્વનો સાક્ષી, સર્વ-જ્ઞાનસ્વરૂપ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૨૩)

૧૨૪

देहेन्द्रियप्राणमनोऽहमादयः
सर्वे विकारा विषयाः सुखादयः ।
व्योमादिभूतान्यखिलं च विश्व-
-मव्यक्तपर्यन्तमिदं ह्यनात्मा ॥ १२४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

देहेन्द्रियप्राणमनोऽहमादयः
सर्वे विकारा विषयाः सुखादयः ।
व्योमादिभूतान्यखिलं च विश्व-
-मव्यक्तपर्यन्तमिदं ह्यनात्मा ॥ १२४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– देह-इन्द्रिय-प्राण-मनः-अहं-आदयः सर्वे विकाराः, विषयाः, सुखादयः, व्योमादिभूतानि, अव्यक्तपर्यन्तं इदं अखिलं च विश्वं हि अनात्मा ॥ १२४ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : इदं अखिलं विश्वं हि अनात्मा (अस्ति) ।

આ આખુંયે વિશ્વ અનાત્મા, એટલે કે જડ છે. સમગ્ર બ્રહ્માંડમાં 'આત્મા' એ એક જ તત્ત્વ સદા-સર્વદા ચૈતન્યપૂર્ણ અને શાશ્વત(Eternal) છે. એટલે, સ્વાભાવિક રીતે જ, વિશ્વમાંનું બાકીનું બધું જ, 'આત્મા' ન હોવાથી, 'અનાત્મા', એટલે કે જડ છે. 'બાકીનું બધું' એટલે શું ? - એની યાદી શ્લોકમાં આ પ્રમાણે આપવામાં આવી છે : દેહ, ઇન્દ્રિય, પ્રાણ, મન, અહંકાર વગેરે બધા વિકારો; સુખ-દુઃખ વગેરે વિષયવાસનાઓ; આકાશ (व्योम) વગેરે પાંચ મહાભૂતો અને 'અવ્યક્ત' સુધીનું (पर्यन्तं), - બાકીનું બધું જ જડ છે. 'અવ્યક્ત' એટલે જે વ્યક્ત નથી તે, સમગ્ર પ્રકૃતિ અથવા માયા. (૧૨૪)

અનુવાદ :– દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન, અહંકાર વગેરે (બધા) વિકારો; સુખ-દુઃખ વગેરે વિષયો; આકાશ વગેરે (પાંચ) મહાભૂતો અને 'અવ્યક્ત' સુધીનું આ સમસ્ત વિશ્વ, - આ સઘળું જડ છે. (૧૨૪)

ટિપ્પણ :– આમ તો, શ્લોકમાંના બધા જ શબ્દો સરળ અને સુગમ છે, અને શબ્દાર્થ-વિભાગમાં, એ સર્વના અર્થો સમજાવવામાં આવ્યા છે, એટલું જ નહીં પરંતુ આ પહેલાંના શ્લોકોમાં એ સર્વનું સવિસ્તર વિવેચન પણ થઈ ગયું છે. માત્ર એક જ વાત પ્રત્યે ગ્રંથકાર સાધકનું લક્ષ ખેંચવા માગે છે; અને તે એ કે 'પરમાત્મા'નાં સ્વરૂપનું નિરૂપણ શરુ કરતાં પહેલાં, અને માયાનું નિરૂપણ સમાપ્ત કરતાં પહેલાં, અહીં, આ સમગ્ર બ્રહ્માંડમાં બધું જ 'અનાત્મા' એટલે જડ છે, એ હકીકત સદા યાદ રાખીને, મોક્ષાર્થી, એ સર્વ તરફની કશી પણ આસક્તિથી સંપૂર્ણરીતે દૂર રહે, જેથી એના મોક્ષપ્રાપ્તિ–માર્ગમાં કશો અવરોધ ઊભો થવા ન પામે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૨૪)**

૧૨૫

माया मायाकार्यं सर्वं महदादिदेहपर्यन्तम् ।
असदिदमनात्मकं त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥ १२५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

माया मायाकार्यं सर्वं महदादिदेहपर्यन्तम् ।
असदिदमनात्मकं त्वं विद्धि मरुमरीचिकाकल्पम् ॥ १२५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– माया महद्-आदि-देह-पर्यन्तं इदं सर्वं मायाकार्यं (जगत्) च मरु-मरीचिकाकल्पं असत् अनात्मकं च त्वं विद्धि ॥ १२५ ॥

શબ્દાર્થ :– સદ્‌ગુરુ શિષ્યને આદેશ આપતાં કહે છે કે इदं **सर्वं असत् अनात्मकं च (इति) त्वं विद्धि** । **असत्** એટલે અસત્ય, જુઠું, મિથ્યા; **अनात्मकं**-એટલે આત્મા-વગરનું, અનાત્મા, જડ; આ બધું મિથ્યા અને જડ છે, એમ તું જાણી લે, સમજી લે; "આ બધું" - એટલે શું ? સૌ પ્રથમ તો **माया**; અને ત્યારપછી **मायाकार्यं** - એટલે માયા વડે ઉત્પન્ન થયેલું જગત્. આ જગતમાં શું શું આવી જાય ? **महत्**-તત્ત્વ(બુદ્ધિ)થી માંડીને સ્થૂળ દેહ સુધીનું બધું જ; આ બધું કોના જેવું (**कल्पं**) મિથ્યા અને જડ છે ? **मरु** એટલે નિર્જળ એવો રણપ્રદેશ; અને **मरीचिका** એટલે મૃગજળ, ઝાંઝવાનાં જળ. વૈશાખ-જેઠ મહિનાના પ્રખર તાપને કારણે, 'મરુ' અને 'મરીચિકા' બંનેમાં પુષ્કળ જળ છે, એમ તરસ્યાં હરણોને લાગે, ભાસ થાય, પરંતુ હકીકતમાં, ત્યાં જરા પણ જળ હોતું નથી. (૧૨૫)

અનુવાદ :– માયા અને મહત્-તત્વ(બુદ્ધિ)થી માંડીને (સ્થૂળ) દેહ સુધીનું, માયાથી ઉત્પન્ન થયેલું, આ સમસ્ત(જગત), રણપ્રદેશ અને મૃગજળ જેવું મિથ્યા અને જડ છે, એમ તું જાણી લે. (૧૨૫)

ટિપ્પણ :– આમ તો, સાચો મોક્ષાર્થી એવો સાધક તો, આ બધું જાણતો જ હોય, તે છતાં તે રખેને, ક્યારેક બેદરકાર કે અસાવધ રહે, એવી આશંકાથી,

માયા અને માયાનાં કાર્ય જેવાં આ જગતમાં સઘળું મિથ્યા અને જડ છે, ઝાંઝવાનાં જળ જેવું છેતરામણું અને ભ્રાંતિકારક છે, તેથી એ સર્વથી સતત અનાસક્ત અને વેગળા રહેવાની સ્પષ્ટ અને સમયસરની **'નોટીસ'**, સદ્‌ગુરુ, સાધક-શિષ્યને આપી દે છે. આ બધાંનાં મિથ્યાપણાં અને જડત્વની વાત, શિષ્યને, તરત અને પૂરેપૂરી, પ્રતીત થાય, ગળે ઊતરી જાય, તે ઉદ્દેશથી, સદ્‌ગુરુએ જે ઉપમા, અહીં, પ્રયોજી છે, એનું સંપૂર્ણ ઔચિત્ય છે.

શ્લોકનો છંદ : **આર્યા (૧૨૫)**

૧૨૬

अथ ते संप्रवक्ष्यामि स्वरूपं परमात्मनः ।
यद् विज्ञाय नरो बन्धान्मुक्तः कैवल्यमश्नुते ॥ १२६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અથ તે સંપ્રવક્ષ્યામિ સ્વરૂપં પરમાત્મનઃ ।
યદ્ વિજ્ઞાય નરો બન્ધાન્મુક્તઃ કૈવલ્યમશ્નુતે ॥ ૧૨૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अथ परमात्मनः (तत्) स्वरूपं (अहं) ते संप्रवक्ष्यामि, यद् विज्ञाय नरः बन्धात् मुक्तः (सन्) कैवल्यं अश्नुते ॥ १२६ ॥

શબ્દાર્થ :– अथ - હવે, હવે પછી; મુખ્ય વાક્ય છે : परमात्मनः (तत्) स्वरूपं (अहं) ते संप्रवक्ष्यामि । પરમાત્માનું (તે) સ્વરૂપ હું તને સારી રીતે (सम्) કહીશ-સમજાવીશ (प्रवक्ष्यामि); 'પરમાત્માનું' એટલે વિશુદ્ધ આત્માનું. જે ધાતુ (प्र+वच्) પરથી, 'પ્રવચન' એવો શબ્દ બન્યો છે, તેના સામાન્ય ભવિષ્યકાળનું પ્રથમ પુરુષ એકવચનનું રૂપ, प्रवक्ष्यामि. એ સ્વરૂપ કેવું છે ?- હશે ? यद् विज्ञाय - જેને જાણીને, જાણ્યા પછી; જેનો સાક્ષાત્કાર થવાથી; नरः बन्धात् मुक्तः (सन्) कैवल्यं अश्नुते । नरः - મનુષ્ય, જીવ, જીવાત્મા; बन्धात् मुक्तः सन्- (જીવ) સંસારમાંથી, સંસારનાં બંધનમાંથી મુક્ત થઈને, છુટકારો મેળવીને; कैवल्यं- એટલે મોક્ષ, મુક્તિ; अश्नुते - પામે છે, મેળવે છે. (૧૨૬)

અનુવાદ :– હવે હું તને પરમાત્માનું તે સ્વરૂપ સારી રીતે સમજાવીશ, જે જાણીને, મનુષ્ય, (સંસારનાં) બંધનમાંથી છુટકારો મળતાં જ મોક્ષ પામે છે. (૧૨૬)

ટિપ્પણ :– અથ-એ શબ્દ આરંભ-સૂચક છે. અત્યારસુધી જે વિષય(Topic)ની ચર્ચા ચાલતી હતી, - 'માયા' વગેરેની, - તે હવે પૂરી થઈ છે, અને નવા વિષયનું પ્રવચન સદ્‌ગુરુ, આ શ્લોકથી, હવે પછીના થોડા શ્લોકો સુધી, શરુ કરે છે. અને એ નવો વિષય છે, - પરમાત્મા(વિશુદ્ધ આત્મા)નું સ્વરૂપ.

ચર્ચાનો ક્રમાંક પણ સૂચક છે : જેનાથી સાધકે સદા દૂર રહેવાનું છે તે, - **માયા** અને **માયાનાં** કાર્ય સમાં સંસારનું સવિસ્તર વર્ણન-વિવરણ-વિવેચન કર્યા

પછી, સદ્‌ગુરુ, હવે, થોડા શ્લોકોમાં, પરમાત્માનાં સ્વરૂપને સમજાવશે. **માયા** તથા **માયા**-કાર્યનું મિથ્યાત્વ શિષ્યને, ચિત્તમાં, સુયોગ્ય રીતે સમજાઈ ગયું હોય તો જ, તે પૂર્વભૂમિકા પર જ, પરમાત્માનાં સ્વરૂપ જેવા મહત્ત્વના વિષયની ચર્ચા અસરકારક બની શકે.

વળી, આ નવો વિષય એવો ગહન છે કે તેને સારી રીતે, સમ્યક્ રીતે સમજાવવાની જરૂર છે, એટલે સદ્‌ગુરુએ પોતાનાં 'પ્રવચન'(**प्रवक्ष्यामि**)ની પૂર્વે **सम्**-એવો સમુચિત ઉપસર્ગ પ્રયોજ્યો છે. આવાં 'સંપ્રવચન' (Thorough discourse)નાં પરિણામે, એટલે કે પરમાત્માનાં સ્વરૂપનો સાક્ષાત્કાર, શિષ્યને, થાય (**यद् विज्ञाय**), તેથી સંસારનાં બંધનમાંથી તેનો છુટકારો થાય (**बन्धात् मुक्तः सन्**) કે તરત જ તેને મોક્ષની પ્રાપ્તિ થાય (**कैवल्यं अश्नुते**).

આમ, એક પછી એક બનતી આ સર્વ પ્રક્રિયાઓનો ક્રમ પણ સંપૂર્ણરીતે તર્ક-સુસંગત છે.

જીવાત્મા માટેની આચાર્યશ્રીની મૂળભૂત રીતે સ્થિર અને વિશિષ્ટ 'વિભાવના' (Conception) અનુસાર, અહીં પણ **नरः** - શબ્દ પ્રયોજાયો છે.

શ્લોકનો **છંદ : अनुष्टुप (૧૨૯)**

૧૨૭

अस्ति कश्चित् स्वयं नित्यमहंप्रत्ययलम्बनः ।
अवस्थात्रयसाक्षी सन् पञ्चकोशविलक्षणः ॥ ૧૨૭ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अस्ति कश्चित् स्वयं नित्यमहंप्रत्ययलंबनः ।
अवस्थात्रयसाक्षी सन् पंचकोशविलक्षणः ॥ ૧૨૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अहंप्रत्ययलम्बनः कश्चित् (आत्मा) स्वयं नित्यं अस्ति, (यः) अवस्थात्रयसाक्षी सन् पञ्चकोशविलक्षणः (वर्तते) ॥ ૧૨૭ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : **कश्चित्** (આત્મા) **स्वयं नित्यं अस्ति** । સદા-સર્વદા અસ્તિત્વ ધરાવતો, સ્વયં-સ્વરૂપે વ્યક્ત થતો કોઈક (આત્મા) છે, કોઈક પદાર્થ છે, કશુંક એવું તત્ત્વ છે. આ વિશુદ્ધ આત્મા (પરમાત્મા) કેવો છે ?. **अहंप्रत्ययलम्बनः** । **प्रत्यय** - એટલે પ્રતીતિ, પ્રબોધન, અનુભવ, જ્ઞાન; **लम्बन** - એટલે આલંબન, આધાર; **अहं (अस्मि इति)** 'હું છું',- એવી પ્રતીતિ, એવા અનુભવનો આધાર; એટલે કે તે બોધાય છે, અનુભવાય છે, - 'હું છું', એ રીતે. આ પરમાત્માનો વિશેષ પરિચય, એનું વિશિષ્ટ સ્વરૂપ કેવું છે ? બે વિશેષણો : **એક, अवस्थात्रयसाक्षी सन्** અને બે, **पञ्चकोशविलक्षणः**; આ પરમાત્મા જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તિ, – એ ત્રણેય અવસ્થાઓનો સાક્ષી છે; **विलक्षण**, - એટલે જૂદો, ન્યારો, અળગો, અસંગ; પાંચ "**કોશો**", આ પ્રમાણે છે : અન્નમય, પ્રાણમય,

મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય; આ પાંચેય કોશોથી તે જૂદો છે, અળગો છે, ન્યારો છે. (૧૨૭)

અનુવાદ :– 'હું છું' - એવા અનુભવના આધારરૂપ, નિત્ય રહેનારો અને સ્વયંરૂપે અભિવ્યક્ત થતો કોઈક (વિશુદ્ધ આત્મા) છે, જે ત્રણેય અવસ્થાનો સાક્ષી છે અને પાંચ કોશોથી જૂદો છે. (૧૨૭)

ટિપ્પણ :– દરેક માણસને સતત, પ્રતિક્ષણ, જીવનવ્યવહારમાં, એવો અનુભવ થયા કરતો હોય છે, - કે "હું છું" (**अहं अस्मि** ।); પરંતુ આવી અનુભૂતિ અથવા પ્રતીતિ શાના આધારે થતી હોય છે? એવું કોઈક તત્ત્વ, એવો કોઈક પદાર્થ હોય, - જે આ પ્રકારના બોધનું અવલંબન હોય, અધિષ્ઠાન હોય. એ શું છે ? એક વાત સુનિશ્ચિત છે કે મનુષ્યની, પોતાની, પ્રથમ-પુરુષ એકવચનની આવી પ્રતીતિના પાયામાં, એની ભીતર, સ્વયંરૂપે રહેતું કોઈક નિત્ય, શાશ્વત, સનાતન તત્ત્વ તો હોવું જ જોઈએ. એ કોણ છે ? કેવું છે ? - આવી જિજ્ઞાસાને અહીં સંતોષવામાં આવી છે.

નામ આપીને આ સવાલનો જવાબ આપવામાં આવ્યો નથી, છતાં જેની આધ્યાત્મિક સમજણ સંપન્ન થઈ ગઈ હોય, એવા સાધકને વગર કહ્યે તરત જ ખ્યાલ આવી જાય છે કે એ તે 'કશ્ચિત્'-કોઈક પદાર્થ એટલે બીજું કોઈ નહીં, પણ ચૈતન્યમય અને જ્ઞાનસ્વરૂપ વિશુદ્ધ આત્મા છે, પરમાત્મા છે, - જેનાં શાશ્વત અસ્તિત્વને કારણે જ, મનુષ્યને પોતાનાં "હું"(**अहं**)ની પ્રતિક્ષણ પ્રતીતિ થતી રહે છે. આ પરમાત્મા 'સત્'(**अस्ति**) અને 'નિત્ય' તો છે જ, પરંતુ વધારામાં, તે સ્વતંત્ર છે, સ્વયં-પર્યાપ્ત પણ છે, જેથી તેને પોતાના સિવાય, **अहं** - સિવાય, અન્ય કોઈ આધાર કે આલંબનની જરૂર રહેતી નથી.

આ ઉપરાંત, પરમાત્માનાં સ્વરૂપની વિશિષ્ટતા એ છે કે ત્રણેય અવસ્થાનો, આ રીતે, તે સાક્ષી છે : **'जाग्रत्'**-અવસ્થામાં તે સ્થૂળ પદાર્થોના ભોક્તા તરીકે સાક્ષી છે; **'स्वप्न'**-અવસ્થામાં તે સૂક્ષ્મ ભોગોનો સાક્ષી છે; અને **"सुषुप्ति"**અવસ્થામાં ભલે સર્વ વ્યવહારો શૂન્ય થઈ જતા હોય અને સંપૂર્ણ અજ્ઞાન-દશા પ્રવર્તી રહી હોય, તે છતાં **अहं किंचिद् न वेद्मि** - 'હું કશું જ જાણતો નથી', - એવી અજ્ઞાનદશા અથવા શૂન્યતાનો પણ એ જ સાક્ષી હોય છે. આમ, આ ત્રણેય અવસ્થાઓનો સાક્ષી હોવા છતાં, પાંચેય **"કોશો"**થી તે જૂદો છે, વિલક્ષણ છે, ન્યારો છે, અળગો રહે છે.

પરંતુ આ **'કોશ'** એટલે શું ? વેદાન્ત-દર્શનનો આ એક પારિભાષિક શબ્દ છે, અને આચાર્યશ્રીએ **'બ્રહ્મસૂત્ર'** પરનાં પોતાના ભાષ્યમાં એની સૂક્ષ્મ અને સવિસ્તર ચર્ચા કરી છે.

પરંતુ તેની આવી કશી તાત્ત્વિક વીગતોમાં ઊતર્યા વિના આપણે તેનું, પરમાત્માનાં સ્વરૂપની આપણી આ પ્રસ્તુત ચર્ચાના સંદર્ભમાં, સ્થાન અને તાત્પર્ય, સાદી ભાષામાં અને સ્પષ્ટ રીતે, સમજી લઈએ.

'કોશ' એટલે તલવાર કે છરીને સાચવવા માટેનું **મ્યાન**, - A sheath, a scabbard, a vesture. મ્યાન, જેમ તલવાર કે છરીનું આવરણ કે ઢાંકણ છે, તેમ આ પાંચ કોશો પણ આત્માનું અંતરંગ આવરણ છે, આત્માને પોતાની અંદર સુરક્ષિત રાખતાં, – Enshrine કરતાં – શરીર માટે, તેની જૂદી જૂદી આધ્યાત્મિક પરિસ્થિતિઓ માટે, પ્રયોજાતો શબ્દ છે.

'અન્નમય' કોશ, એનું નામ જ સૂચવે છે તેમ, અન્નથી પુષ્ટ થતું-રહેતું, આત્માને ઢાંકતું, સ્થૂળ શરીર છે. એ જ શરીરમાં પોતાને સોંપાયેલી પાંચ વિશિષ્ટ પ્રક્રિયાઓ કરતાં રહીને, શરીરને જાળવતા, પ્રાણ-અપાન-વ્યાન-ઉદાન-સમાન વગેરે પાંચ પ્રાણનાં રૂપે રહેલો કોશ એટલે **'પ્રાણમય'** કોશ; 'મન' એટલે આંતર-ઈન્દ્રિય, અંતઃકરણ, - જે અંદર-ભીતર રહીને સંકલ્પ-વિકલ્પ કરવાનું કામ કરે છે તે, - **'મનોમય'** કોશ; વિશિષ્ટ પ્રકારનાં જ્ઞાનને, 'વિજ્ઞાન' કહેવામાં આવે છે, અને બુદ્ધિનો જે બોધક, તે **'વિજ્ઞાનમય'** કોશ.

'અન્નમય' કોશ તો, સ્થૂલ-અન્ન-સ્વરૂપ જ હોવાથી, સૌથી સ્થૂલ છે, સ્થૂલતમ છે; પરંતુ ત્યારપછીના કોશો, સ્થૂલમાંથી, ક્રમે ક્રમે, સૂક્ષ્મ બનતા રહે છે; અન્ન પછી બીજા ક્રમે કર્મેન્દ્રિયો આવે, જેનો સમાવેશ **'પ્રાણમય'** કોશમાં થાય; જ્ઞાનેન્દ્રિયોનો સમાવેશ **'મનોમય'** કોશમાં થાય, અને જે જરા વધારે ઊંડો હોય છે તે અહંકારનો સમાવેશ **'વિજ્ઞાનમય'** કોશમાં થાય છે.

છેલ્લે આવે છે, **'આનંદમય'** કોશ, જે, અંતરતમ (Inner-most) છે, સૂક્ષ્મતમ છે. મનુષ્યનાં સત્કાર્યો-પુણ્યોનાં ફલસ્વરૂપ જે સુખ અને આનંદની અનુભૂતિ તેને ત્રણેય અવસ્થામાં થાય છે, - તે જ **'આનંદમય'** કોશ છે.

આ છે, ટૂંકમાં, પાંચેય કોશોનો પરિચય. આ અનુસંધાનમાં, સાધકે બે વાતને લક્ષમાં રાખવાની છે : **એક** તો એ કે આ પાંચેય કોશો, અંતે તો, આત્માનાં આવરણરૂપ છે, એમાં સુરક્ષિત રહેતો આત્મા, એ પાંચેયથી જુદો છે, અલગ છે, 'વિલક્ષણ' છે. આમાંના કોઈ પણ કોશને, અરે સૌથી સૂક્ષ્મ એવા 'આનંદમય' કોશને પણ આત્મા માની લેવાની ભૂલ કરવી નહીં. આત્માને સાચવી રાખતું તે, આત્માનું માત્ર એક સાધન જ છે, અને તેથી જ, સાધનરૂપ આ પાંચેય કોશો, એ સર્વના શાસક એવા આત્માને આધીન રહે છે. વસ્તુતઃ, **પંચકોશ** અને **આત્મા** વચ્ચેની આ પ્રકારની વિવેકબુદ્ધિ (Sense of discrimination), મુમુક્ષુની મોક્ષપ્રાપ્તિની યાત્રામાં ખૂબ જ મદદરૂપ અને મહત્ત્વની બની રહે છે.

બીજી વાત એ કે સ્થૂલ શરીરને પોષવા માટે 'અન્ન' વિના તો મનુષ્યને ચાલે જ નહીં, પરંતુ એનાથી પર રહીને, ધીમે ધીમે, તેણે પોતાના આ કોશનું ઊર્ધ્વીકરણ(Sublimation) કરતાં રહીને, એટલે કે ઉત્તરોત્તર કોશને સૂક્ષ્મતર બનાવતાં રહીને, અંતે, એને **'આનંદમય'** એવા સૂક્ષ્મતમ કોશની પરાકાષ્ઠાએ પહોંચાડવાનું છે, એ હકીકત તેણે સતત સ્મરણમાં રાખવાની છે.

આમ, આ વિશુદ્ધ આત્મા, એટલે કે પરમાત્મા, ત્રણેય અવસ્થાનો સાક્ષી હોવા છતાં (अवस्थात्रयसाक्षी सन्), પાંચેય કોશોથી તે જુદો છે. (पञ्चकोशविलक्षणः).

શ્લોકનો છંદ : अनुष्टुप (૧૨૭)

૧૨૮

यो विजानाति सकलं जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
बुद्धितद्वृत्तिसद्भावमभावमहमित्ययम् ॥ ૧૨૮ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

यो विज्ञानाति सकलं जाग्रत्स्वप्नसुषुप्तिषु ।
बुद्धितद्वृत्तिसद्भावमभावमहमित्ययम् ॥ ૧૨૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– जाग्रत्-स्वप्न-सुषुप्तिषु बुद्धि-तद्वृत्ति-सद्भावं अभावं (च) सकलं यः अहं इति विजानाति, (सः) अयं (आत्मा अस्ति) ॥ ૧૨૮ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે, - अयं (**आत्मा**) सः (अस्ति) ।

આ આત્મા તે છે. કયો ? કેવો ? - यः अहं इति सकलं विजानाति । "હું" - એવાં રૂપે, જે સર્વને (સમગ્રને, સમસ્તને) સારી રીતે જાણે છે. પરંતુ આ 'સર્વ' (सकलं) એટલે શું ?- બુદ્ધિ, તેની વૃત્તિનો સદ્‌ભાવ અને તેનો અભાવ (बुद्धि-तद्वृत्ति-सद्भावं,, अभावं च. આત્મા આ બધું ક્યારે જાણે છે ? જાગ્રત્, સ્વપ્ન અન સુષુપ્તિ - એ ત્રણેય અવસ્થાઓમાં, તે દરમિયાન (जाग्रत्-स्वप्न-सुषुप्तिषु). (૧૨૮)

અનુવાદ :– જાગ્રત્, સ્વપ્ન અને સુષુપ્તિમાં, બુદ્ધિ, તેની વૃત્તિનો સદ્‌ભાવ અને તેના અભાવને, એટલે કે આ સર્વને, જે, "હું" - એવા રૂપે, સારી રીતે જાણે છે, તે આ (આત્મા) છે. (૧૨૮)

ટિપ્પણ :– જેનાં જ્ઞાનથી, જેનો સાક્ષાત્કાર થવાથી, સંસારનાં બંધનમાંથી જીવાત્માનો છુટકારો થાય છે અને તે મોક્ષ પામે છે તે, પરમાત્માનાં સ્વરૂપનું પ્રવચન, સદ્‌ગુરુએ ગયા શ્લોકમાં શરુ કર્યું તેને, હવે આ શ્લોકમાં આગળ લઈ જવામાં આવે છે.

મનુષ્યની ભીતર રહેલા પ્રથમ-પુરુષ એકવચન- એટલે કે, એનાં "હું"(अहम्, Ego)-નો, એની અહંવૃત્તિનો, "હું છું"- એવી એની પ્રતીતિનો આધાર આત્મા છે. આ આત્માને "સર્વજ્ઞ"(Omniscient) કહેવામાં આવ્યો છે,- यः सकलं विजानाति । વળી તે "સર્વજ્ઞ" છે, એટલું જ નહીં, તે આ સઘળું સારી રીતે(वि) જાણે છે (जानाति). **सद्‌भाव** એટલે હાજરી, ઉપસ્થિતિ (Presence) અને **अभाव** - એટલે ગેરહાજરી(Absence). બુદ્ધિની વિષયાકાર પામતી વૃત્તિઓને, એટલે કે એની હાજરીને, આ આત્મા જાગ્રત્ અને સ્વપ્ન એ બે અવસ્થાઓમાં જાણે છે અને

એ જ બુદ્ધિ તથા તેની વૃત્તિઓના અભાવને, એની ગેરહાજરીને, તે, સુષુપ્તિ-અવસ્થામાં જાણે છે.

કોઈ પણ વ્યક્તિ-વસ્તુ-પદાર્થ-ભાવની હાજરીને જાણવાનું સહેલું છે, પરંતુ આ આત્મા તો અભાવને પણ જાણી શકે છે,- એ એની પોતીકી કહી શકાય એવી, સ્વકીય વિશિષ્ટતા છે, લાક્ષણિકતા છે; અને એટલે જ એનું આ જ્ઞાન, 'વિ'જ્ઞાન બની જાય છે. ટૂંકમાં, એનાં જ્ઞાનને, એની જાણકારીને, કોઈ સીમા નથી, મર્યાદા નથી : 'ભાવ' (सद्भाव) હોય કે 'અભાવ' હોય, - આવી કોઈ પણ મર્યાદા, એની 'સર્વજ્ઞતા'(Omniscience) માટે બાધારૂપ બનતી નથી. ત્રણેય અવસ્થાઓમાં એની આ શક્તિ, જરા પણ પ્રતિહત થયા વિના, એકસરખા પ્રભાવથી, કાર્યક્ષમ રહે છે.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૧૨૮)

૧૨૯

यः पश्यति स्वयं सर्वं यं न पश्यति कश्चन ।
यश्चेतयति बुद्ध्यादिं न तु यं चेतयत्ययम् ॥ १२९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

यः पश्यति स्वयं सर्वं यं न पश्यति कश्चन ।
यश्चेतयति बुद्ध्यादिं न तु यं चेतयत्ययम् ॥ १२९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– यः स्वयं सर्वं पश्यति, यं न कश्चन पश्यति, यः बुद्ध्यादिं चेतयति, यं तु न (कश्चन) चेतयति, (सः) अयं (आत्मा अस्ति) ॥ १२९ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : (सः) अयं (आत्मा अस्ति । તે આ આત્મા છે. કયો, કેવો આત્મા ? - यः स्वयं सर्वं पश्यति । - જે પોતે સઘળું જુએ છે; અને એના વિશે બીજું શું ? - यं न कश्चन पश्यति - જેને બીજું કોઈ જોઈ શકતું નથી; વળી, यः बुद्ध्यादिं चेतयति. चेतयति - એટલે ચેતનવંતું બનાવે છે; જે બુદ્ધિ વગેરેને ચેતનવાળી - સચેતન - ચૈતન્યપૂર્ણ કરે છે; અને, છેલ્લે, यं तु न (कश्चन) चेतयति । - જેને અન્ય કોઈ ચેતનવંતું કરી શકતું નથી. (૧૨૯)

અનુવાદ :– જે પોતે સર્વને જુએ છે, (પરંતુ) બીજું કોઈ જેને જોઈ શકતું નથી, બુદ્ધિ વગેરેને જે ચેતનવંતી બનાવે છે, પરંતુ જેને અન્ય કોઈ ચેતનવાળો બનાવી શકતું નથી, - તે આ આત્મા છે. (૧૨૯)

ટિપ્પણ :– શ્લોક : ૧૨૬-૧૨૭થી શરૂ થયેલું, પરમાત્માનાં સ્વરૂપનું પ્રવચન (संप्रवक्ष्यामि) અહીં પણ આગળ ચાલી રહ્યું છે : આ વિશુદ્ધ આત્માની, – એનાં સ્વરૂપની, – વિશેષતા એ હકીકતમાં રહેલી છે કે તે પોતે આ સઘળું જોઈ શકે છે, પરંતુ અહીંનું, - આ સંસારનું, આ બ્રહ્માંડમાંનું - બીજું કોઈ જ એને જોઈ

શકતું નથી. વળી, અહીં જે જડ અને અચેતન છે તે, - બુદ્ધિ, મન, ઇન્દ્રિયો વગેરે,- ને તે પોતે ચેતનવંતાં બનાવે છે, પરંતુ બીજું કોઈ તેને ચેતનવંતું બનાવતું નથી, બનાવી શકતું નથી, બનાવવાની જરૂર જ નથી.

પરમાત્માનાં આવાં વિરોધાભાસી સ્વરૂપને હવે સમજવાનો પ્રયત્ન કરીએ : **સૌપ્રથમ** તો એક સ્પષ્ટતા એ કરવાની કે આ પહેલાંના શ્લોકમાં કહેવાયું છે તેમ, આ આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ (ચિદ્-રૂપ) હોવાથી, જાગ્રત્-વગેરે ત્રણેય અવસ્થાઓ દરમિયાન, બુદ્ધિ વગેરેના ભાવ તથા અભાવને, – અહીંનાં સઘળાંને તે જાણે છે (यः सकलं विजानाति ।), એટલે કે તે સર્વજ્ઞ, સર્વ-વિદ્ (Omniscient) છે. અને જે 'સર્વજ્ઞ' હોય તે **सर्वदृक्** (સર્વને જોનારો) તો હોય જ; કારણ કે જે જોઈ શકે, તે જ જાણી શકે : જોયા વિના તો કશું જાણી જ ન શકાય ! આ જ અર્થમાં, 'Philosophy' (તત્ત્વજ્ઞાન) માટે 'દર્શનશાસ્ત્ર' એવો શબ્દ, 'પર્યાય' (Synonym) તરીકે, સ્વીકારાયો છે, રૂઢ થઈ ગયો છે. આ જ કારણે, નિરાકાર અને નિરવયવ, આંખ વિનાના એવા આત્માને **सर्वदृक्** કહેવામાં આવ્યો છે. **ગીતા** વગેરે આધ્યાત્મિક ગ્રંથોમાં, અવારનવાર, – **यः पश्यति स पश्यति** ।, – જેવી શબ્દરચના (કે વાક્યરચના) નજરે પડે છે. ત્યાં, બે વાર પ્રયોજાયેલો **पश्यति** - શબ્દ **जानाति** - શબ્દના પર્યાય તરીકે જ સમજવાનો રહે છે. આમ, જે **દૃષ્ટા** (Seer) છે, 'સર્વદૃષ્ટા' છે, તે પોતે તો સર્વત્ર 'અદૃશ્ય' (Invisible) જ રહે છે ! જે 'સર્વજ્ઞ' છે, તે પોતે તો 'અજ્ઞેય' (Inconceivable, Incomprehensible, unintelligible) જ રહે છે !

બીજું, આત્મા પોતે તો ચૈતન્યસ્વરૂપ હોવાથી, એને કોઈ અન્ય દ્વારા ચેતનવંતો બનાવવાની, ક્યારેય, જરૂર ઊભી થતી જ નથી; એથી ઊલટું, મન-બુદ્ધિ-ઇન્દ્રિયો વગેરે તો સ્વ-રૂપે જ 'જડ' છે, એટલે એ સહુને તો 'સ-ચેતન' બનાવવાં જ રહ્યાં; અને સ્વયંચૈતન્ય-સ્વરૂપ એવો આ વિશુદ્ધ આત્મા (પરમાત્મા), બુદ્ધિ વગેરેના સંપર્કમાં આવીને, પોતાની પાસેની અનંત સ્ફુર્તિ-ચેતના વડે, એ સહુને ચેતનવંતાં બનાવે છે (**चेतयति**).

સંક્ષેપમાં, આ આત્મા એક જ, આ સકળ બ્રહ્માંડમાં, જ્ઞાતા છે, દૃષ્ટા છે, ચેતન છે; જ્યારે આત્માથી ભિન્ન એવાં બુદ્ધિ વગેરે અ-ચેતન, દૃશ્ય, વ્યક્ત અને જ્ઞેય છે.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૧૨૯)

૧૩૦

येन विश्वमिदं व्याप्तं यं न व्याप्नोति किंचन ।
आभारूपमिदं सर्वं यं भान्तमनुभात्ययम् ॥ १३० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

યેન વિશ્વમિદં વ્યાપ્તં, યં ન વ્યાપ્નોતિ કિંચન ।
આભારૂપમિદં સર્વં યં ભાન્તમનુભાત્યયમ્ ॥ ૧૩૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– યેન ઇદં વિશ્વં વ્યાપ્તં, યં ન કિંચન વ્યાપ્નોતિ, (સઃ) અયં (આત્મા અસ્તિ), યં ભાન્તં આભારૂપં ઇદં સર્વં અનુભાતિ, (સઃ) અયં (આત્મા અસ્તિ) ॥ ૧૩૦ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : (સઃ) અયં (આત્મા અસ્તિ) । - આ તે જ આત્મા છે. કયો, કેવો આત્મા ? **યેન ઇદં વિશ્વં વ્યાપ્તં** અને **યં ન કિંચન વ્યાપ્નોતિ** । જેના વડે આ આખું વિશ્વ વ્યાપવામાં આવ્યું છે, અને જેને બીજું કશું વ્યાપી શકતું નથી. વળી, **યં ભાન્તં આભારૂપં ઇદં સર્વં અનુભાતિ, (સઃ) અયં (આત્મા અસ્તિ).** પહેલાં વાક્યમાં જેમ 'વ્યાપવા'ની (વિ+આપ્ - To pervade) વાત છે, તેમ આ બીજાં વાક્યમાં 'પ્રકાશવા'ની (ભા, આ+ભા To shine) વાત છે. આભા - (આ+ભા-એ ધાતુ પરથી બનેલું નામ (Noun); - પ્રકાશ, આભાસ, તેજ, - Light, lustre, splendour. **આભારૂપં, — ઇદં સર્વં** (જગત્) પ્રકાશમય એવું આ આખું જગત, **અનુભાતિ** - પ્રકાશમય બને-રહે-થાય છે; શાને કારણે ? **યં** (આત્માનં) **ભાન્તમ્** । - જેના (આત્માના) પ્રકાશિત થવાથી, પ્રકાશિત થવાનાં કારણે; એ આત્મા તો પહેલેથી જ ભાન્ત (પ્રકાશિત) છે; એટલે એનાં કારણે, ત્યારપછી (અનુ) આ જગત પ્રકાશિત થાય છે. (૧૩૦)

અનુવાદ :– જેના વડે આ વિશ્વ વ્યાપ્ત છે, (અને) જેને બીજું કોઈ વ્યાપી શકતું નથી; વળી, જે પ્રકાશવાનાં કારણે આભાસરૂપ આ બધું પ્રકાશે છે, - તે (આ આત્મા) છે. (૧૩૦)

ટિપ્પણ :– આ પહેલાં, આત્માનું 'સર્વજ્ઞ' (Omniscient) અને **'સર્વદૃષ્ટા'** (Omni-seer) તરીકે નિરૂપણ કરવામાં આવ્યું; હવે, અહીં, એ જ આત્માને **'સર્વવ્યાપી'** (Omnipresent) અને **'સર્વભાસક'** - સર્વપ્રકાશક (All-lightener, All-bightener) તરીકે નિરૂપવામાં આવ્યો છે.

પરમાત્મામાં ઊંડી અને અવિચળ શ્રદ્ધા ધરાવતો દરેક સાધક જાણે છે, સમજે છે, સ્વીકારે છે કે પરમાત્મા અદૃશ્ય-સ્વરૂપ હોવા છતાં, આ સમગ્ર બ્રહ્માંડનાં અણુ-અણુમાં તે વ્યાપ્ત છે. કોઈને સવાલ થાય કે જે ક્યાંય દેખાતો નથી, જે પૂરેપૂરો 'અ-રૂપ' છે, એ ક્યાંય પણ વ્યાપ્ત કેવી રીતે હોઈ શકે ? આ બાબતમાં એક હકીકત હંમેશાં લક્ષમાં રાખવાની રહે છે, અને તે એ કે સ્થૂળ કરતાં સૂક્ષ્મ હોય, તેની વ્યાપવાની શક્તિ વધારે; પાંચ મહાભૂતોમાં, પૃથ્વી-પાણી-વાયુ-તેજ અને આકાશ, - એ પાંચમાં, જે ઉત્તરોત્તર છે, એકની પછી બીજું આવે છે તે, આગલા કરતાં વધુ સૂક્ષ્મ છે; આકાશ સૌથી સૂક્ષ્મ છે, તેથી એ પાંચેયમાં આકાશની વ્યાપન-શક્તિ સૌથી વધારે છે; પરંતુ આત્મા તો આકાશ કરતાં પણ વધારે સૂક્ષ્મ (subtler)

છે; હકીકતમાં, - સૌથી સૂક્ષ્મ છે, સૂક્ષ્મતમ છે; અને તેથી જ તે સૌથી વધારે વ્યાપી શકે, - સર્વવ્યાપી છે. આવા સર્વવ્યાપી (સર્વવ્યાપક) આત્માને કોણ વ્યાપી શકે ? કોઈ જ નહીં (यं न व्याप्नोति किंचन ।) ! હકીકતમાં, એ આત્મા સર્વવ્યાપી છે, એ જ આપણું સહુનું પરમ સદ્‌ભાગ્ય છે !

भा - એટલે દેખાવું, જણાવું (To appear). જેવી વાત વ્યાપવાની, એવી જ આ જણાવાની - દેખાવાની. આ આખું વિશ્વ જણાય છે, દેખાય છે, ભાસે છે, એની પાછળનું રહસ્ય પણ એ જ કે આત્મા સર્વત્ર ભાસી રહ્યો છે, – यं भान्तम् । સૌપ્રથમ એ ભાસે છે, ત્યારપછી જ, એનાં ભાસવાનાં કારણે જ, આ બધું (इदं सर्वं) ભાસી રહ્યું છે (अनुभाति) ! એ ભાસી રહ્યો છે, પ્રકાશી રહ્યો છે, તેથી જ, તેનાં પરિણામે જ, સૂર્ય અને ચંદ્ર પણ પ્રકાશી શકે છે ! તે ન પ્રકાશતો હોત તો, શું ગજું સૂર્ય-ચંદ્ર-અગ્નિનું, - પ્રકાશવાનું ? **ઉપનિષદે** અને **ગીતાએ** પણ આ જ વાત કહી છે :—

तमेव भान्तमनुभाति सर्वं, तस्य भासा सर्वमिदं विभाति ॥

- **કઠોપનિષદ** ૨,૨,૧૫

न तद् भासयते सूर्यो न शशांको न पावकः ।

- **ગીતા**, ૧૫,૬

यदादित्यगतं तेजो जगद् भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥

- **ગીતા**, ૧૫,૧૨

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૩૦)

૧૩૧

यस्य सन्निधिमात्रेण देहेन्द्रियमनोधियः ।
विषयेषु स्वकीयेषु वर्तन्ते प्रेरिता इव ॥ ૧૩૧ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

यस्य सन्निधिमात्रेण देहेन्द्रियमनोधियः ।
विषयेषु स्वकीयेषु वर्तन्ते प्रेरिता ईव ॥ ૧૩૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— यस्य सन्निधिमात्रेण देह-इन्द्रिय-मनः-धियः स्वकीयेषु विषयेषु प्रेरिताः इव वर्तन्ते, सः अयं आत्मा अस्ति । ॥ ૧૩૧ ॥

શબ્દાર્થ :— **ધી** - એટલે બુદ્ધિ; **સ્વકીય** - એટલે પોતપોતાનાં, વ્યક્તિગત, ભિન્ન-ભિન્ન; દેહ, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ - આ બધાં પોતપોતાનાં, જૂદા જૂદા વિષયોમાં પ્રવર્તે છે, પ્રવર્તિત થાય છે, સક્રિય બને છે, કાર્યરત બને છે; શાનાં કારણે ? **यस्य सन्निधिमात्रेण प्रेरिताः इव** । **सन्निधि** - એટલે સંપર્ક, સમીપતા, સાંનિધ્ય, નજીકપણું; જેની માત્ર સમીપતાથી જ પ્રેરાયાં હોય એમ, જાણે પ્રેરણા પામ્યાં

હોય તેમ : જેનાં સાંનિધ્ય-માત્રથી દેહ-ઈન્દ્રિય-મન-બુદ્ધિ એ સહુ પોતપોતાના વિષયોમાં કાર્યરત થવાની પ્રેરણા પામે છે, તે જ આત્મા છે, તે જ આ પરમાત્મા છે. (૧૩૧)

અનુવાદ :– જેની માત્ર સમીપતાથી જ, દેહ-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ પોતપોતાના વિષયોમાં જાણે પ્રેરણા પામ્યાં હોય એમ વર્તે છે, (એ જ આ આત્મા છે).(૧૩૧)

ટિપ્પણ :– પરમાત્માનાં સ્વરૂપની લાક્ષણિકતાઓની વાતો, એક પછી એક, ચાલી રહી છે, તેમાંની વધુ એક વાત, આ શ્લોકમાં નિરૂપિત થઈ છે.

દેહ સાથે સંકળાયેલા બધા જ પદાર્થો, — દેહ સુદ્ધાં, સહિત, - જડ છે; અને તે સહુને, નિયતિ દ્વારા, શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ વગેરેમાં પ્રવર્તવાનાં કાર્યો તો સોંપાયાં જ હોય છે, Assign થયાં જ હોય છે, પરંતુ 'જડતા' જેનું નામ ! 'જડ'ની પાસે પોતાની કહી શકાય એવી કોઈ સ્ફુર્તિ કે ચેતના તો હોતી જ નથી; એટલે એમને પોતાનાં પેલાં કાર્યો તરફ, તે તે Assignments તરફ, ક્યાંકથી કશીક પ્રેરણા ન મળે, કાર્યરત થવા માટે, કશોક ધક્કો (Push) ન સાંપડે, ત્યાં-સુધી, 'જડ' એવાં તે બધાં સાવ નિષ્ક્રિય !

આચાર્યશ્રી કહે છે કે આવશ્યક જ નહીં પણ અનિવાર્ય (Indispensable) એવી પ્રેરણા એ બધાંને આપે છે, પરમાત્માનો સંપર્ક ! એનું જ સાંનિધ્ય ! દરેક દેહની અંદર રહેલો પરમાત્માનો આ ઈશ્વરીય અંશ, પોતાના સંસ્પર્શ-માત્રથી જ, જડ એવા દેહને તથા તેમાંનાં મન-બુદ્ધિ-ઈન્દ્રિયો વગેરેને ચૈતન્યસભર કરી મૂકે છે ! અન્યથા નમાલું અને નિષ્ક્રિય એવું, દેહનું સમગ્ર તંત્ર પરમાત્માનાં સાંનિધ્યથી જાણે જીવંત અને સક્રિય બની જાય છે ! એ જાદુ છે, પરમાત્માનાં પાડોશ-માત્રનો (**यस्य सन्निधिमात्रेण**) !

પરમાત્માનાં સ્વરૂપનો, એનાં સામીપ્યનો આવો અપાર્થિવ પ્રભાવ !

મનનું કામ સંકલ્પ-વિકલ્પ કરવાનું, બુદ્ધિનું કામ સારાં-નરસાં વચ્ચેનો વિવેક (Discretion) કરવાનું, આંખનું કામ જોવાનું, કાનનું કામ સાંભળવાનું; - વગેરે પોતપોતાના વિષયો તરફ (**स्वकीयेषु विषयेषु**), એ બધાને, જાણે વિદ્યુત્પ્રવાહ (Electric current)ની પ્રેરણા પ્રાપ્ત થઈ જાય છે, પરમાત્માનાં સામીપ્યમાત્રથી !

એ સામીપ્ય એટલે જ ચૈતન્ય, પ્રાણ, જીવન (Life) !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૧૩૧)

૧૩૨

अहंकारादिदेहान्ता विषयाश्च सुखादयः ।
वेद्यन्ते घटवद् येन नित्यबोधस्वरूपिणा ॥ १३२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અહંકારાદિદેહાન્તા વિષયાશ્ચ સુખાદયઃ ।
વેદ્યન્તે ઘટવદ્ યેન નિત્યબોધસ્વરૂપિણા ॥ ૧૩૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– नित्यबोधस्वरूपिणा येन अहंकारादिदेहान्ताः सुखादयः विषयाः च घटवद् वेद्यन्ते (सः अयं आत्मा, परमात्मा अस्ति) ॥ १३२ ॥

શબ્દાર્થ :– અહીં પણ મુખ્ય વાક્ય એ જ છે **सः अयं आत्मा अस्ति** ॥

આ તે જ પરમાત્મા (વિશુદ્ધ આત્મા) છે. કયો, કેવો, આત્મા ? **नित्यबोध-स्वरूपिणा येन सुखादयः विषयाः वेद्यन्ते** । **नित्यबोधस्वरूपिणा** - એટલે નિત્ય, હંમેશના (Permanent) જ્ઞાનસ્વરૂપવાળા (આ પરમાત્મા) વડે; **वेद्यन्ते** - જાણી શકાય છે, અનુભવી શકાય છે, અસ્તિત્વમાં આણી શકાય છે. શાને ? **सुखादयः विषयाः** । સુખ (દુઃખ) વગેરે વિષયોને; કોની જેમ ? **घटवद्** - ઘડાની જેમ; પેલા વિષયો કેવા હોય છે ? **अहंकार-आदि-देह-अन्ताः** - અહંકારથી માંડીને દેહ સુધીનાં તત્ત્વો, પદાર્થો, આધ્યાત્મિક ઉપકરણો. (૧૩૨)

અનુવાદ :– અહંકારથી લઈને દેહ સુધીનાં ઉપકરણો અને સુખ વગેરે વિષયો, નિત્ય જ્ઞાનસ્વરૂપ જેના વડે, ઘડાની માફક જાણી શકાય છે, (તે આ પરમાત્મા છે.) (૧૩૨)

ટિપ્પણ :– અહીં પણ એ જ પરમાત્માનાં સ્વરૂપનું નિરૂપણ, જરા જૂદા દૃષ્ટિકોણથી, થોડા ભિન્ન સંદર્ભ વડે, કરવામાં આવ્યું છે.

'હોવું' (To be, अस्) એ **એક** વાત છે, અને એનું **'જણાવું'** - (To appear, विद्) એ સાવ **જૂદી** વાત છે : ઘડો (**घट**) ત્યાં **'હતો'** તો ખરો જ, પણ દીવાની ગેરહાજરીમાં તે **'જણાતો'** ન્હોતો. દીવાને લાવવામાં આવ્યો કે તરત જ ઘડો જણાયો, દેખાયો !

એ જ રીતે, અહંકારથી માંડીને દેહ સુધીનાં સર્વ તત્ત્વો અને સુખ-દુઃખ વગેરે વિષયો પણ હતાં તો ખરાં જ; પરંતુ દેહ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, શબ્દ-સ્પર્શ વગેરે વિષયો વગેરેની કશી અનુભૂતિ થઈ શકતી ન્હોતી. પ્રકાશનું આગમન થતાં જેમ ઘડો પ્રતીત થયો, જણાયો, તેમ જ નિત્ય જ્ઞાનસ્વરૂપ પરમાત્મા ઉપસ્થિત થતાં, પેલાં સર્વ ઉપકરણો, વિષયો અને સુખ-દુઃખ વગેરે પણ તરત જ જાણી શકાયાં, અનુભવી શકાયાં, અસ્તિત્વમાં આણી શકાયાં.

અહીં પણ, તાત્પર્ય એ જ છે કે, 'જણાવાનો'(**वेद्यन्ते**) આ બધો પ્રભાવ શાશ્વત-જ્ઞાન-સ્વરૂપ પરમાત્માનો જ છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૩૨)

૧૩૩

एषोऽन्तरात्मा पुरुषः पुराणो
निरन्तराखंडसुखानुभूतिः ।
सदैकरूपः प्रतिबोधमात्रो
येनेषिता वागसवश्चरन्ति ॥ १३३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

એષોઽન્તરાત્મા પુરુષઃ પુરાણો
નિરન્તરાખંડસુખાનુભૂતિઃ ।
સદૈકરૂપઃ પ્રતિબોધમાત્રો
યેનેષિતા વાગસવશ્ચરન્તિ ॥ ૧૩૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– निरन्तराखण्डसुखानुभूतिः, सदा-एकरूपः प्रतिबोध-मात्रः (च) एषः अन्तरात्मा पुराणः पुरुषः (अस्ति), येन इषिताः वाग्-असवः चरन्ति ॥ १३३ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : **एषः अन्तरात्मा पुराणः पुरुषः** (अस्ति) । **पुराणः** - અતિ પ્રાચીન, અનાદિ; આ અંતરાત્મા અનાદિ પુરુષ છે; એ કેવો છે ? એનાં **ચાર** વિશેષણો આ પ્રમાણે છે : (૧) **निरन्तर-अखण्ड-सुख-अनुभूतिः** - એનાં સુખની અનુભૂતિ એવી છે, જે નિરન્તર અને અખંડ છે; (૨) **सदा-एकरूपः** - એનું સ્વરૂપ હંમેશાં એક જ રહે છે, એ સ્વરૂપમાં કશું પરિવર્તન, કશો ફેરફાર, થતાં નથી; (૩) **प्रतिबोधमात्रः** - પ્રતિબોધ એટલે જ્ઞાન; તે માત્ર જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાન સિવાય અન્ય કોઈ સ્વરૂપ એને હોતું નથી; (૪) **येन इषिताः वाग्-असवः चरन्ति** । **इषिताः** - એટલે **પ્રેરિતાઃ**, - જેના વડે પ્રેરાઈને જ, જેની પ્રેરણા વડે જ; **वाग्** એટલે વાણી, એટલે કે પાંચેય કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો; **असवः** । **असु** એટલે પ્રાણ; પ્રાણ-અપાન વગેરે પાંચ પ્રાણ; **चरन्ति** - એટલે કાર્યરત બને છે, પોતપોતાનાં કાર્યોમાં પ્રવૃત્ત બને છે, સદા ગતિશીલ રહે છે. આવા આ **અન્તરાત્મા**નું અહીં નિરૂપણ છે. (૧૩૩)

અનુવાદ :– જેની પ્રેરણાથી વાણી (વગેરે ઇન્દ્રિયો) અને (પાંચ) પ્રાણ પ્રવૃત્ત રહે છે, તે આ અંતરાત્મા અનાદિ પુરુષ છે, એનું સ્વરૂપ નિરન્તર અને અખંડ સુખનું છે, તે સદા એક જ સ્વરૂપે રહે છે, અને તે માત્ર જ્ઞાન-સ્વરૂપ જ છે. (૧૩૩)

ટિપ્પણ :– શ્લોક-૧૨૭થી શરૂ થયેલાં પરમાત્માનાં સ્વરૂપનું પ્રવચન, અહીં પણ ચાલુ રહ્યું છે; પ્રાણીમાત્રનાં શરીરની અંદર સદા વસતો હોવાથી, એને 'અંતરાત્મા' કહેવામાં આવે છે; આપણાં અધ્યાત્મશાસ્ત્રમાં પરમાત્માને "પુરુષ" એટલા માટે કહેવામાં આવે છે કે તે શરીર-રૂપી "પુર" એટલે કે નગર(City)માં રહે છે : **पुरे शेते इति पुरुषः** । **ગીતા**માં પણ આત્માને નવ-દ્વારવાળાં પુર(નગર)રૂપી દેહમાં રહેતા **"દેહી"** તરીકે વર્ણવવામાં આવ્યો છે.

નવદ્વારે પુરે દેહી... (આસ્તે) ॥ (૫, ૧૩)

पुराणः એટલે અનાદિ, જેનાં 'આદિ'ની કોઈને જાણ નથી, જેને કોઈ શરુઆત જ નથી, એવો આ પુરુષ એટલો બધો જૂનો-પ્રાચીન છે કે જેનો આરંભ જ અજ્ઞાત છે, - એટલે કે જે Beginningless છે, the most ancient, Aged, the Primeval

છે. આ પુરાણ - શબ્દની વ્યુત્પત્તિ પણ નોંધપાત્ર છે : **पुरा नवम् इति पुराणम्** । - એટલે કે જે નવીન કે નૂતન (New) તો હતો, પરંતુ ક્યારે ? હમણાં, આજ-કાલ નહીં, પરંતુ 'અગાઉ' (पुरा) ! અને એટલે જ તે **'અનાદિ'** છે ! આવો આ 'પુરાણ પુરુષ' એટલે જ 'અંતરાત્મા' - God, the Supreme Being, the Soul of the Universe.

આવા આત્માનું, અંતરાત્માનું સુખ તો અખંડ, અનંત, નિરન્તર જ હોય; ઇન્દ્રિયગમ્ય સુખ હોય તે જન્મે અને પછી, નાશ પામે, થોડો સમય જ ટકનારું Temporary હોય; પરંતુ આ સુખ તો અંત-વિનાનું, ખંડ(Part)વિનાનું, સનાતન, શાશ્વત જ હોય; Eternal Bliss. સંસારમાંની સર્વ વસ્તુઓ સતત પરિવર્તનશીલ છે, એનાં રૂપોમાં ફેરફાર થતા જ રહે છે, પરંતુ આ તો 'અનાદિ પુરુષ' છે, એટલે તે સદા-સર્વદા, પોતાનાં મૂળભૂત સ્વરૂપે જ રહે છે. Ever Changeless અને તે 'ચિત્'-રૂપ, ચિદ્રૂપ હોવાથી, એનું સ્વરૂપ માત્ર એક જ, 'જ્ઞાન' જ હોય છે, જ્ઞાનમાત્ર, **'प्रतिबोधमात्र'**.

આ અન્તરાત્મા - પરમાત્માની વિશિષ્ટતા એ છે કે એની જ પ્રેરણાથી (येन इषिताः) વાણી, મનુષ્ય-શરીરમાંનાં (वाक्) વગેરે કર્મેન્દ્રિયો, ચક્ષુ વગેરે જ્ઞાનેન્દ્રિયો અને પ્રાણ-અપાન વગેરે પાંચ પ્રાણો, પોતપોતાને સોંપાયેલાં (Assigned) કાર્યો(Duties, Functions)માં સક્રિય રહે છે. શરીરમાંનાં આ સર્વ તત્ત્વોની સઘળી પ્રેરણા, ચેતના અને સ્ફુર્તિનું એકમાત્ર ઉદ્ભવ-સ્થાન આ અંતરાત્મા (एषः अन्तरात्मा) જ છે, જેની ગેરહાજરીમાં શરીર અને એમાંનાં અવયવો જડ, નિષ્પ્રાણ, નિર્જીવ બની રહે : આવું અદ્ભુત છે પરમાત્માનું સ્વરૂપ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૩૩)

૧૩૪

अत्रैव सत्त्वात्मनि धीगुहाया-
-मव्याकृताश उरुप्रकाशः ।
आकाश उच्चै रविवत् प्रकाशते
स्वतेजसा विश्वमिदं प्रकाशयन् ॥ १३४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अत्रैव सत्त्वात्मनि धीगुहाया-
-मव्याकृताकाश उरुप्रकाशः ।
आकाश उच्चै रविवत् प्रकाशते
स्वतेजसा विश्वमिदं प्रकाशयन् ॥ १३४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (एषः) उरुप्रकाशः (अन्तरात्मा) अत्र एव सत्त्वात्मनि

धी-गुहायां अव्याकृत-आकाशे, आकाशे उच्चैः रविवत्, स्वतेजसा इदं विश्वं प्रकाशयन् (स्वयं) प्रकाशते ॥ १३४ ॥

शब्दार्थ :– मुख्य वाक्य आ प्रमाणे छे : (एषः अन्तरात्मा स्वयं) प्रकाशते । आवो आ अंतरात्मा पोते प्रकाशित थाय छे. ते पोते केवो छे ? - **उरुप्रकाशः**- विशाळ-व्यापक-प्रचंड प्रकाशवाळो; (उरु એટલે વિશાળ, વિરાટ); એ કેવી રીતે, શું કરીને, પ્રકાશિત થાય છે ? **स्वतेजसा इदं विश्वं प्रकाशयन्** - પોતાના પ્રકાશ વડે, આ વિશ્વને પ્રકાશતો રહીને; એ પોતે તો પ્રકાશિત થાય જ છે, પરંતુ એ પહેલાં, અથવા એની સાથોસાથ, આ વિશ્વને પણ એ પોતાનાં એ જ તેજ વડે પ્રકાશિત કરતો રહે છે. કોની જેમ ? - **आकाशे उच्चैः रविवत्** - ઊંચે આકાશમાં રહેતા સૂર્યની જેમ. એ ક્યાં પ્રકાશે છે ? પ્રકાશિત થાય છે ? **धी-गुहायाम्** - **धी** એટલે બુદ્ધિ અને **गुहा** એટલે ગુફા; બુદ્ધિરૂપી ગુફામાં તે પ્રકાશતો રહે છે. એ ગુફા કેવી છે અને ક્યાં છે ? **अत्र एव** - અહીં આ મનુષ્ય-શરીરમાં જ; **सत्त्व-आत्मनि** - એટલે કે સત્ત્વગુણપ્રધાન; **अव्याकृत-आकाशे** - બુદ્ધિરૂપી ગુફામાં પણ, એની અંદરના આકાશમાં; આ આકાશ કેવું છે ? - **अव्याकृत** એટલે વ્યાકૃત થયા વિનાનું; ફેરફાર થયા વગરનું; 'વ્યાકરણ' (वि+आ+कृ) એટલે ફેરફાર, પરિવર્તન, પૃથક્કરણ, - Transformation, Change of form, Decomposition, Analysis. આપણે જેને **"व्याकरण"**(Grammar) કહીએ છીએ, તે પણ મૂળ શબ્દમાં થતા અનેક વિવિધ ફેરફારો(નામ, ક્રિયાપદ, વિશેષણ, વિભક્તિ, જાતિ, વચન વગેરે)નું જ શાસ્ત્ર છે. આ વિશ્વમાંની સર્વ વસ્તુઓને-વ્યક્તિઓને, બધા પદાર્થોને, પોતપોતાનાં, જૂદાં જૂદાં 'નામ'(Names) અને 'રૂપો'(Forms) હોય છે, તે પણ તેમનાં **'व्याकरण'** જ કહેવાય ! - **नामरूपे व्याकरवाणि** । (૧૩૪)

અનુવાદ :– અહીં (આ મનુષ્ય શરીરમાં) જ, સત્ત્વગુણપ્રધાન બુદ્ધિરૂપી ગુફામાં, અવ્યાકૃત (અવ્યક્ત) આત્માની અંદર, વ્યાપક પ્રકાશવાળો (આ આત્મા, અંતરાત્મા) ઊંચે આકાશમાંના સૂર્યની જેમ, પોતાનાં તેજ વડે આ સમગ્ર વિશ્વને પ્રકાશતો રહીને, (પોતે પણ) પ્રકાશિત થાય છે. (૧૩૪)

ટિપ્પણ :– છેલ્લા કેટલાક શ્લોકોમાં રહેલાં પરમાત્માનાં સ્વરૂપનાં નિરૂપણમાં, ભિન્ન ભિન્ન રીતે છતાં પાયાની એક તાત્ત્વિક હકીકત તરીકે, એમ કહેવામાં આવ્યું કે મનુષ્યનાં સ્થૂલ અને સૂક્ષ્મ શરીરમાં રહેલાં અંતઃકરણ-ઈન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરે જો પોતપોતાનાં કાર્યોમાં સતત પ્રવૃત્ત રહેતાં હોય તો, તે માત્ર આ પરમાત્મા(વિશુદ્ધ આત્મા, અંતરાત્મા)ની પ્રેરણાને કારણે જ !

સામાન્ય માણસ પણ આટલું તો સમજી અને સ્વીકારી શકે; પરંતુ સર્વ-પ્રેરણારૂપ આ અંતરાત્મા ક્યાં રહીને પોતાનું આવું સૂક્ષ્મ અને ઈશ્વરીય-અપાર્થિવ કાર્ય કરી રહે છે ? - આ સવાલના જવાબ રૂપે, અંતરાત્માના નિવાસની, એનાં કાર્યનાં સ્થળની ચર્ચા આ શ્લોકમાં કરવામાં આવી છે.

એ સ્થળ ક્યાંય દૂર કે અન્યત્ર નથી : એ અહીં જ (अत्र एव), આ મનુષ્યશરીરમાં જ છે; એ સ્થાન એટલે બુદ્ધિરૂપી ગુફા - (धी-गुहा). પરંતુ આ કાંઈ જેવો-તેવો, સામાન્ય-પ્રકારનો આત્મા નથી, આ તો અંતરાત્મા છે, પરમાત્મા છે; એના નિવાસ-સ્થાનમાં રજોગુણ-તમોગુણ માટે તો અવકાશ જ ન હોઈ શકે; ત્યાં તો માત્ર સત્ત્વગુણ જ નહીં, એની પણ પ્રધાનતા હોય, એટલે બુદ્ધિરૂપી એ ગુફા પણ સત્ત્વગુણ-પ્રધાન જ (सत्त्व-आत्मनि) છે; વળી, આત્માનું તેજ કોઈ સ્થૂલ દીપક જેવું અને જેટલું નથી; એ પ્રકાશ એટલે જ જ્ઞાનરૂપી પ્રકાશ, અને તે પણ વ્યાપક-વિશ્વ-પ્રચંડ પ્રકાશ (उरुप्रकाशः). પોતાનાં જ્ઞાનરૂપી આ પ્રકાશ વડે (स्वतेजसा) ને પોતે તો પ્રકાશે જ છે (स्वयं प्रकाशते), પણ સાથે સાથે આ વિશ્વને પણ તે સતત પ્રકાશતો જ રહે છે (इदं विश्वं प्रकाशयन्), અને તે પણ, અલબત્ત, ઊંચે આકાશમાંના સૂર્યની જેમ જ (आकाशे उच्चैः रविवत्). પરંતુ વિશ્વને પ્રકાશિત કરવા માટેનું અને પોતાને પ્રકાશવા માટેનું **'આકાશ'** એટલે ? એ **'આકાશ'** એટલે જ્યાં સૂર્ય-ચંદ્ર-તારાઓ-નક્ષત્રો વગેરે જ્યોતિષ્-પદાર્થો (Lumimaries) પ્રકાશી રહે છે તે, સ્થૂલ **આકાશ** (Sky) નહીં !

તો પછી, એનાં માટેનું જૂદું, અલગ, અનોખું **'આકાશ'** કયું ? બસ, અહીં જ મુદ્દાની વાત (Fundamental fact) આવે છે. આમ તો, આ પણ **'આકાશ'** જ છે, પરંતુ આ **'આકાશ'** એટલે આપણે જેને સામાન્ય લોક-પ્રચલિત વાણી-વ્યવહાર(Popular Parlour)માં 'ગગન' (Sky) કહીએ છીએ તે નહીં : પાંચ મહાભૂતોમાંનું 'આકાશ' તો 'વ્યાકૃત' છે, વ્યક્ત છે, સ્થૂલ છે; પરંતુ પરમાત્માનું આશ્રયસ્થાન એવું આ **'આકાશ'** તો અ-વ્યાકૃત છે, અ-વ્યક્ત છે, સૂક્ષ્મ(Subtle)છે, એટલું જ નહીં પરંતુ, તે તો પેલી સત્ત્વગુણપ્રધાન બુદ્ધિગુફામાંના **'કારણ-શરીર'**માં રહેલું (Situated) છે : બાહ્ય, સ્થૂલ આકાશ **'વ્યાકૃત'**, એ અર્થમાં છે કે એનું 'વ્યાકરણ' કરવામાં આંવ્યું છે, એટલે કે એને જોઈ-જાણી-સમજી શકાય એવાં સ્થૂલ નામ અને રૂપ આપવામાં આવ્યાં છે, જ્યારે પરમાત્માનાં નિવાસસ્થાન એવાં આ **'આકાશ'**ને નથી કશાં નામ-રૂપ, નથી એ વ્યાકૃત-વ્યક્ત-દૃશ્ય કે સ્થૂલ. આ સૂક્ષ્મ **'આકાશ'** એટલે **"Ether"**, - જે, આ સમગ્ર વિશ્વમાં સર્વત્ર વ્યાપી રહેલું છે, **વૈશેષિક**-દર્શન પ્રમાણે જે **'સાત'** પદાર્થો(Substances)માંનું એક છે અને જે શબ્દ(Sound)-નામક **'ગુણ'**નું આશ્રયસ્થાન Substratum છે : **शब्दगुणं आकाशम्.**

છાન્દોગ્ય-ઉપનિષદના 'દહર-પુંડરીક-વિદ્યા'-નામક પ્રકરણ(૮,૧-૨-૩)માં, આ અવ્યાકૃત **'આકાશ'** અને તેમાં વસી રહેલાં ઈશ્વરીય અંતરાત્માની સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે :-

यावन् वा अयं आकाशः तावान् एव अन्तर्हृदयः आकाशः उभे अस्मिन् द्यावापृथिवी अन्तरेव समाहिते...॥

'જેટલું પ્રસિદ્ધ આ (ભૌતિક) આકાશ (છે), તેટલું જ, (તેથી પણ વધારે)

હૃદયની અંદર આ (બ્રહ્મરૂપ) આકાશ છે. આની (બુદ્ધિરૂપ ઉપાધિવાળા બ્રહ્મરૂપ આકાશની) અંદર જ સ્વર્ગ અને પૃથ્વી બંને સારી રીતે સ્થિત (છે.)'

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૩૪)

૧૩૫

ज्ञाता मनोऽहंकृतिविक्रियाणां
देहेन्द्रियप्राणकृतक्रियाणाम् ।
अयोऽग्निवत् तामनुवर्तमानो
न चेष्टते नो विकरोति किंचन ॥ १३५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ज्ञाता मनोऽहंकृतिविक्रियाणां
देहेन्द्रियप्राणकृतक्रियाणाम् ।
अयोऽग्निवत् तामनुवर्तमानो
न चेष्टते नो विकरोति किंचन ॥ १३५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– मनोऽहंकृतिविक्रियाणां देहेन्द्रियप्राणकृतक्रियाणां (च) ज्ञाता, तां अनुवर्तमानः (अपि) अयं आत्मा न चेष्टते, नो किंचन (च) विकरोति ॥ १३५ ॥

શબ્દાર્થ :– (अयं आत्मा) मनः अहंकृतिविक्रियाणां देह-इन्द्रिय-प्राण-क्रियाणां (च) ज्ञाता (अस्ति) । विक्रिया એટલે વિકાર, પરિવર્તન; ज्ञाता જાણકાર, જાણનાર, જાણે છે. આ આત્મા મન અને અહંકારના વિકારોને અને શરીર-ઇન્દ્રિયો-પ્રાણોની ક્રિયાઓને જાણે છે; વળી, तां अनुवर्तमानः (अपि) – તેમને (એટલે કે મન વગેરેને) અનુસરતો હોવા છતાં; न चेष्टते – હકીકતમાં, વસ્તુતઃ, કશી ક્રિયા કરતો નથી, કોઈ ચેષ્ટા કરતો નથી; એ नो (न+उ) किंचन विकरोति । - પોતે લેશમાત્ર, જરા પણ વિકાર પામતો નથી, તેના પોતાનામાં કશો ફેરફાર થતો નથી, કશું પરિવર્તન થતું નથી; કોની જેમ ? अयः-अग्निवत्. अयः એટલે લોઢું; તપાવેલાં લોઢાંની જેમ; લોઢાંમાં, લોઢાંના ગોળામાં પ્રવેશેલા અગ્નિની જેમ. (૧૩૫)

અનુવાદ :– (આ આત્મા) મન અને અહંકારના વિકારોને તથા શરીર, ઇન્દ્રિયો અને પ્રાણોની ક્રિયાઓને જાણે છે; વળી, તેમને (એટલે કે, મન વગેરેને) અનુસરતો હોવા છતાં, હકીકતમાં, તપાવેલાં લોઢામાં રહેલા અગ્નિની જેમ, તે કશી ક્રિયા કરતો નથી, અને તે પોતે લેશમાત્ર વિકાર પામતો નથી. (૧૩૫)

ટિપ્પણ :– શરીરમાં રહેલા, કારણ-શરીરમાંના પેલા અ-વ્યાકૃત આકાશમાં વસતા આ અંતરાત્માની એક આશ્ચર્યકારક વિશેષતા (Speciality) આ શ્લોકમાં નિરૂપવામાં આવી છે.

આ પહેલાંના શ્લોકોમાં કહેવામાં આવ્યું છે તેમ, આ વિશુદ્ધ આત્મા, અથવા પરમાત્માનાં સ્વરૂપ સમો અંતરાત્મા, શરીરનાં અણુ-અણુમાં વ્યાપ્ત છે; સર્વત્ર-વ્યાપ્ત છે; એટલું જ નહીં પરંતુ શરીર, અંતઃકરણ, મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, પ્રાણ વગેરેને, પોતપોતાનાં કાર્યો માટે તે પ્રેરણા આપે છે, ચેતના પૂરી પાડે છે, સ્ફૂર્તિવાળાં બનાવે છે; એ સૌ ક્રિયાશીલ બને છે, કર્મો કરે છે અને એ કર્મોનાં સારાં-નરસાં ફળ ભોગવે છે. આને કારણે કોઈક વિવેકબુદ્ધિ વિનાનો માણસ એમ માની બેસે કે એ બધાંની સાથે જ રહેલો અંતરાત્મા પણ એ બધાં કાર્યો કરે છે.

આવી માન્યતાનું અહીં ખંડન કરવામાં આવ્યું છે. આત્મા તો દેહ-ઇન્દ્રિયો-મન-બુદ્ધિ-પ્રાણ વગેરેની સાથે સતત રહેતો હોવા છતાં, પેલાં કોઈ જ કાર્યો તે પોતે કરતો નથી; એ તો માત્ર એક દૃષ્ટા તરીકે, તટસ્થભાવે, સાક્ષીભાવે પેલી બધી ક્રિયાઓને, નિર્લેપ રહીને, જોયા કરે છે. મન વિચારે છે, આત્મા નહીં; હાથ-પગ ચાલે છે, આત્મા નહીં; કાન સાંભળે છે, આત્મા નહીં; વગેરે, વગેરે.

તો પછી, આત્મા આ બધું કરતો હોય, એવું શાથી જણાય છે ? તરત ગળે ઊતરી જાય એવું એક સરસ દૃષ્ટાંત અહીં આપવામાં આવ્યું છે : લોઢાના ગોળાને અગ્નિની ભઠ્ઠીમાં ખૂબ તપાવવામાં આવ્યો, તેથી ગોળામાં પ્રવેશેલો અગ્નિ (अयोऽग्निः)એ ગોળાના આકાર-પ્રકારને ધારણ કરે છે; એ લોઢાને એરણ પર હથોડા વડે ટીપવામાં આવે તો લોઢાના આકારમાં જ ફેરફારો થાય, તે બધા જ અગ્નિમાં પણ થતા હોય એમ લાગે, પરંતુ હકીકતમાં અગ્નિમાં કશું જ પરિવર્તન થતું નથી; અગ્નિ તો એનો એ જ રહે છે. જે કાંઈ વિકારો થાય છે, તે તો માત્ર લોઢામાં જ થાય છે.

એ જ રીતે, શરીરનાં અંગોમાં ફેરફાર થાય છે, એમાં શૈશવ, યુવાની, ઘડપણ વગેરેના વિકારો આવે છે; આંખે મોતિયો આવે, કાનમાં બહેરાશ આવે, હાથ-પગ ભાંગી જાય, મનમાં રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ-શંકા વગેરે વિકારો ઉત્પન્ન થાય. આ સર્વ વિકારો-પરિવર્તનો સાથે આત્માને કશી જ નિસ્બત નથી : શરીર, મન, અહંકાર વગેરેની ક્રિયાઓને તે જાણે છે, તેમનું સહુનું અનુસરણ કરતો હોય એવું લાગે તે છતાં, વાસ્તવમાં, અંતરાત્મા કશી જ ક્રિયા કે ચેષ્ટા કરતો નથી, લેશમાત્ર પણ વિકાર પામતો નથી; દેહનું મૃત્યુ થાય છે, કરેલાં કર્મનાં ફળ ભોગવવા માટે તેનો પુનર્જન્મ થાય છે; પરંતુ આ બધું દેહનું પરિવર્તન છે : આત્મા તો જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ જેવા સર્વ વિકારોથી પર છે. સંક્ષેપમાં, લોઢાના ગોળામાં રહેલો અગ્નિ, તેમાં સર્વવ્યાપ્ત હોવાથી, લોઢામાં થતા સર્વ ફેરફારો કરતો કે પામતો નથી, તેમ જ આ અંતરાત્મા સદા-સર્વદા સંપૂર્ણરીતે નિષ્ક્રિય, નિર્વિકાર, નિર્લેપ, અસંગ અને અનાસક્ત જ રહે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૩૫)**

૧૩૬

न जायते नो म्रियते न वर्धते
न क्षीयते नो विकरोति नित्यः ।
विलीयमानेऽपि वपुष्यमुष्मिन्
न लीयते कुम्भ इवाम्बर क्वचित् ॥ १३६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

न जायते नो म्रियते न वर्धते
न क्षीयते नो विकरोति नित्यः ।
विलीयमानेऽपि वपुष्यमुष्मिन्
न लीयते कुम्भ ईवाम्बरं क्वचित् ॥ १३६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (अयं आत्मा) नित्यः (सन्), न जायते नो(न+उ) म्रियते, न वर्धते, न क्षीयते, नो(न+उ) विकरोति; अमुष्मिन् वपुषि विलीयमाने अपि, कुम्भे अम्बरं इव, क्वचित् न लीयते ॥ १३६ ॥

શબ્દાર્થ :– (अयं आत्मा) नित्यः (सन्).... ત્યારપછીનાં, શ્લોકમાંનાં जायते-म्रियते વગેરે બધાં જ ક્રિયાપદો, अयं आत्मा (એ કર્તા Subject) સાથે અન્વિત કરવાનાં છે : એટલે (આ આત્મા) નિત્ય (હોવાથી), જન્મતો નથી (न जायते), મરતો નથી(नो म्रियते), વૃદ્ધિ પામતો નથી(नो वर्धते), ઘટતો નથી, નાનો- ઓછો થતો નથી(न क्षीयते), વિકાર-પરિવર્તન પામતો નથી(नो विकरोति); આ (સ્થૂળ) શરીર નાશ પામે ત્યારે પણ (अमुष्मिन् वपुषि विलीयमाने अपि), એ ક્યાંય-કશામાં લીન થઈ જતો નથી, નાશ પામતો નથી (क्व चित् न लीयते). આવું કોની જેમ બને છે ? **कुम्भ** એટલે ઘડો; **अम्बर** એટલે આકાશ; ઘડામાંનાં, ઘડો ફૂટતાં તેમાંનાં, આકાશની જેમ (**कुम्भे अम्बरं इव**). (૧૩૬)

અનુવાદ :– (આ આત્મા, અંતરાત્મા) નિત્ય (હોવાથી), તે જન્મતો નથી, મરી જતો નથી, વૃદ્ધિ પામતો નથી, ઘટતો નથી, અને વિકાર પણ પામતો નથી: આ (સ્થૂળ) શરીર નાશ પામે ત્યારે પણ, ઘડામાંનાં, ઘડા ફૂટ્યા પછી તેમાંનાં, આકાશની જેમ, તે ક્યાંય લય પામતો નથી. (૧૩૬)

ટિપ્પણ :– છેલ્લા શ્લોકમાં અંતરાત્મા વિશે જે વિસ્મયજનક વિશેષતા નિરૂપવામાં આવી હતી, તેને જ અહીં જરા જૂદી રીતે, અથવા કહો કે, વધારે વિસ્તારથી અને સ્પષ્ટતાપૂર્વક, અહીં રજુ કરવામાં આવી છે, એટલું જ નહીં પરંતુ એ જ નિરૂપણનું અહીં, એક પ્રતીતિકારક દૃષ્ટાંત વડે, સમર્થન કરવામાં આવ્યું છે :

સ્થૂલ શરીરમાં સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં, શરીરમાં થતાં બધાં જ પરિવર્તનો–

જન્મ, મૃત્યુ, વૃદ્ધિ, ક્ષય, વિકાર–થી આત્મા સદા-સર્વદા પર રહે છે; જે કાંઈ ફેરફારો શરીરમાં થાય છે, એની કશી જ અસર, શરીર સાથે જ, એમાં જ સતત રહેતો હોવા છતાં, આત્માને થતી નથી; એ તો જેવો હતો અથવા છે તેવો જ, નિર્વિકાર અને અપરિવર્તિત રહે છે. આનું **એક જ** અને **મહામહત્ત્વનું** કારણ એ છે કે તે **'નિત્ય'** (**नित्यः सन्**) છે; શરીર અને એની સાથેનું સઘળું ય **'અનિત્ય'** છે, એટલે **અનિત્ય**નો કશો જ પ્રભાવ **નિત્ય**(Eternal)પર શી રીતે પડે ? આ જ અનુસંધાનમાં, **जायते, अस्ति, वर्धते** – વગેરે અગાઉ નિર્દેશ કરવામાં આવેલા, 'છ ભાવવિકારો'(**षड् भावविकाराः**)ને "શરીરધર્મો" કહેવામાં આવ્યાં હતા, એ નોંધપાત્ર છે.

પાંચ મહાભૂતોમાંનું સર્વત્ર અને સર્વવ્યાપ્ત "આકાશ" (અવકાશ,**अम्बरं** Ether) ઘડામાં પણ (**कुम्भे, घटे**) હોય છે. પરંતુ ઘડો તો શરીર માફક અનિત્ય છે, એટલે જેમ શરીરનું મરણ થાય તેમ, ઘડો પણ ક્યારેક, અવશ્ય, ફૂટી જાય; પરંતુ ઘડો ફૂટી જવા છતાં, એમાં રહેલું આકાશ નાશ પામતું નથી, એ તો વિશ્વમાં રહેલા આકાશમાં ભળી જાય છે, **'घटाकाश'** મહા-આકાશ, **'महाकाश'** સાથે મળી જાય છે, એનું અસ્તિત્વ તો એવું ને એવું જ રહે છે : **घट-नाश** થવા છતાં, **आकाश**-નાશ થતો નથી. એ જ રીતે, શરીર સાથે સદા-વ્યાપ્ત એવો આત્મા પણ, શરીર-નાશ થવા છતાં (**अमुष्मिन् वपुषि विलीयमाने अपि**), ક્યારેય પણ, ક્યાંય પણ લય પામતો નથી. (**क्वचित् न लीयते**)

સંક્ષેપમાં, જન્મ-વ્યાધિ-જરા-મૃત્યુ-પુનર્જન્મ વગેરે શરીર-ધર્મોને, શરીર સાથે જ, શરીરમાં જ રહેલા આત્મા સાથે કશો જ સંબંધ નથી, – એવાં નિરૂપણનું અહીં, **'घटाकाश-महाकाश'**નાં અસરકારક ઉદાહરણ દ્વારા, સફળતાપૂર્વક દૃઢીકરણ (Corroboration) કરવામાં આવ્યું છે.

શરીરના હણાવા છતાં, આત્મા ક્યારેય હણાતો નથી, એ પ્રકારનાં, આત્માનાં 'નિત્યત્વ'નાં આ નિરૂપણનાં મૂળમાં, **'કઠ'** ઉપનિષદનો આ મંત્ર રહેલો છે :-

न जायते म्रियते वा विपश्चि-
न्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ २, १८ ॥

અને આત્માવિષયક આ વિચારનું મહત્ત્વ એટલું બધું છે કે **ગીતા**-કારે પણ, માત્ર થોડા શાબ્દિક ફેરફાર કરીને, આ જ મંત્રને પોતાના ગ્રંથમાં (૨,૨૦) તરીકે મૂકી દીધો છે !

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૩૬)**

૧૩૭

प्रकृतिविकृतिभिन्नः शुद्धबोधस्वभावः
सदसदिदमशेषं भासयन्निर्विशेषः ।
विलसति परमात्मा जाग्रदादिष्ववस्था-
स्वहमहमिति साक्षात् साक्षिरूपेण बुद्धेः ॥ १३७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

પ્રકૃતિવિકૃતિભિન્નઃ શુદ્ધબોધસ્વભાવઃ
સદસદિદમશેષં ભાસયન્નિર્વિશેષઃ ।
વિલસતિ પરમાત્મા જાગ્રદાદિષ્વવસ્થા-
સ્વહમહમિતિ સાક્ષાત્ સાક્ષિરૂપેણ બુદ્ધેઃ ॥ ૧૩૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– प्रकृतिविकृतिभिन्नः शुद्धबोधस्वभावः, सत् असत् इदं अशेषं भासयन्, निर्विशेषः परमात्मा जाग्रदादिषु अवस्थासु अहं अहं इति बुद्धेः साक्षात् साक्षिरूपेण विलसति ॥ १३७ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : **परमात्मा विलसति** । - પરમાત્મા વિલસી રહ્યો છે, શોભી રહ્યો છે, પ્રકાશી રહ્યો છે. આ પરમાત્મા કેવો છે ? એનાં વિશેષણો, એક પછી એક, આ પ્રમાણે છે : (૧) **प्रकृतिविकृतिभिन्नः**; પ્રકૃતિ એટલે જગતનું મૂળ કારણ; વિકૃતિ એટલે એ જ "પ્રકૃતિનાં કાર્યો", 'મહત્' જગત વગેરે એના વિકારો; **भिन्न**, - એનાથી વિલક્ષણ, જૂદો, અસંગ, ન્યારો; **'પ્રકૃતિ'** અને **'વિકૃતિ'** એ બંનેથી ભિન્ન; (૨) **शुद्धबोधस्वभावः**; બોધ એટલે જ્ઞાન; શુદ્ધ જ્ઞાન સ્વરૂપ; (૩) सत् असत् इदं अशेषं भासयन्; सत् એટલે ઇન્દ્રિયગ્રાહ્ય એવું 'સત્' (વ્યક્ત) અને આકાશ વગેરે અનુમેય એવું 'અસત્'; **अशेषं** એટલે સઘળું, સર્વ, બધું, સમગ્ર; **इदं** એટલે 'આ' (વિશ્વ); **भासयन्** - પ્રકાશિત કરતો, આભાસિત કરતો : 'સત્' અને 'અસત્' એવાં આ સમસ્ત વિશ્વને પ્રકાશિત કરતો; (૪) **निर्विशेषः** એટલે નામ, રૂપ વગેરે કશી પણ વિશેષતા, — Speciality, Pequliarity, Distinction, – વિનાનો, (૫) **जाग्रत्-आदि-अवस्थासु** "अहं अहं" इति (अनुभूयमानः) — જાગ્રત્, સ્વપ્ન, સુષુપ્તિ, - એ ત્રણેય અવસ્થાઓમાં "હું - હું" એવાં સંવેદન-રૂપે અનુભવાતો; આ પરમાત્મા ક્યાં સ્વરૂપે વિલસી રહ્યો છે ? **बुद्धेः साक्षात् साक्षिरूपेण(विलसति)** । - બુદ્ધિનાં સાક્ષાત્ સાક્ષીનાં સ્વરૂપમાં, એ રૂપે, તે વિલસી રહ્યો છે. (૧૩૭)

અનુવાદ :– 'પ્રકૃતિ' અને તેના વિકારોથી ભિન્ન, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, 'સત્' અને 'અસત્' એવાં આ સમગ્ર(વિશ્વ)ને પ્રકાશિત કરી રહેલો, નિર્વિશેષ એવો આ

પરમાત્મા, જાગ્રત્-વગેરે ત્રણેય અવસ્થાઓમાં "હું-હું" એવી રીતે (એવાં સંવેદનનાં રૂપમાં), બુદ્ધિનો સાક્ષાત્ સાક્ષી બનીને વિલસી રહ્યો છે. (૧૩૭)

ટિપ્પણ :– પરમાત્માનાં સ્વરૂપનો, અહીં, એકંદરે, ઉપસંહાર કરવામાં આવ્યો છે. શ્લોક-૧૨૭થી શરૂ કરવામાં આવેલાં એ સ્વરૂપનું સમુચિત સમાપન કરતાં, આ શ્લોકમાં, ગ્રંથકાર, એને એની સર્વોચ્ચ કક્ષાએ,' પરાકાષ્ઠાએ લઈ જાય છે.

જગત-સર્જન અંગેના, સાંખ્યદર્શનના સિદ્ધાંત પ્રમાણે, **"પ્રકૃતિ"** જગતનું મૂળ ઉપાદાન કારણ છે, અને **'વિકૃતિ'** એટલે એ જ **"પ્રકૃતિ"**નું **'કાર્ય'**, - મહત્-તત્ત્વ વગેરે સહિત આ જગત છે; પરંતુ આ પરમાત્મા તો, **"પ્રકૃતિ-વિકૃતિ"** બંનેથી ભિન્ન, જૂદો, વિલક્ષણ, ન્યારો, અસંગ છે; કારણ કે પરમાત્મા સ્વયં જ્ઞાન-સ્વરૂપ છે, જ્યારે પેલાં **"પ્રકૃતિ-વિકૃતિ"** બંનેને કશું જ સ્વતંત્ર જ્ઞાન કે જ્ઞાતાપણું નથી; વળી, આ પરમાત્મા **'નિર્વિશેષ'** છે, - નામ, રૂપ, ગુણ, જાતિ, કુળ, ગોત્ર, સ્થળ, સમય, - વગેરે સર્વ વિશેષતાઓથી, મર્યાદાઓ(Limitations)થી પર છે. પરમાત્મા સમગ્ર બ્રહ્માંડમાંનાં સર્વ 'સત્' તેમ જ 'અસત્'ને, વ્યક્તને અને અવ્યક્તને પ્રકાશિત કરતો રહીને (**ભાસયન્**), જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તિ, - એ ત્રણેય અવસ્થાઓમાં "હું"-"હું" - એવાં સંવેદનનાં રૂપમાં અનુભવાય છે, એટલું જ નહીં પણ તે પોતે બુદ્ધિનો સાક્ષી બનીને સર્વત્ર સ્વયં વિલસી રહ્યો છે.

પરમાત્માનાં સ્વરૂપ વિશે ઉપસંહાર કરતાં, ગ્રંથકાર, એનાં નિરાળાપણાંની આટલી બાબતો અંગે સાધકનું ધ્યાન ખેંચે છે : કારણ (**'પ્રકૃતિ'**) અને કાર્ય (**'વિકૃતિ'**), - બંનેથી તે વિલક્ષણ છે, પર છે; તે સ્વયં **"ચિત્"** હોવાથી જ્ઞાન-સ્વરૂપ છે, **બોધ**-સ્વભાવ છે; કોઈ પણ પ્રકારની **વિશેષતા** સાથે તેને કશો જ સંબંધ નથી, — તે સંપૂર્ણરીતે **"નિર્વિશેષ"** છે; અને સર્વને-સકળને-સમગ્રને પ્રકાશે છે, જાણે છે અને તેમને પ્રેરણા-સ્ફુર્તિ, સત્તા(Existence) આપીને કાર્યરત કરતો હોવા છતાં અને જાગ્રત્ વગેરે ત્રણેય અવસ્થામાં **"અહમ્"** - એવાં રૂપે સંવેદાતો હોવા છતાં, તે પોતે ક્યાંય સંકળાતો નથી અને કેવળ **સાક્ષી**-ભાવે જ સદા **વિલસતો** રહે છે.

ટૂંકમાં, તે **એક** છે, **અદ્વિતીય** છે, **અનંત-અખંડ-અનાદિ** અને **પરિપૂર્ણ** છે; સર્વવ્યાપ્ત છતાં તે પોતે તો નિષ્ક્રિય, નિર્વિકાર, અ-પરિવર્તનશીલ અને અ-પરિચ્છિન્ન છે; **'સગુણ'** હોય એમ લાગે છે, દેખાય છે, જણાય છે, છતાં સ્વયં સદા **"નિર્ગુણ"** છે. તે સ્વયં જ્ઞાન-સ્વરૂપ અને સર્વજ્ઞ, સર્વવ્યાપી તથા સર્વશક્તિમાન (Omnipotent) હોવા છતાં તે પોતે તો અજ્ઞેય છે.

આ વિશુદ્ધ અંતરાત્માની એક જ વિશિષ્ટતાને મુમુક્ષુ સાધકે સદા સ્મરતા રહેવાની છે અને તે એ કે તે માત્ર અનુભૂતિગમ્ય છે, સાક્ષાત્કારનો જ વિષય છે.

શ્લોકનો છંદ : માલિની (૧૩૭)

૧૩૮

नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-
-न्ययमहमिति साक्षाद् विद्धि बुद्धिप्रसादात् ।
जनिमरणतरंगापारसंसारसिन्धुं
प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥ १३८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

नियमितमनसामुं त्वं स्वमात्मानमात्म-
-न्ययमहमिति साक्षाद् विद्धि बुद्धिप्रसादात् ।
जनिमरणतरंगापारसंसारसिन्धुं
प्रतर भव कृतार्थो ब्रह्मरूपेण संस्थः ॥ १३८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– नियमितमनसा आत्मनि स्वयं अमुं आत्मानं बुद्धिप्रसादात् "अयं अहं" इति त्वं साक्षात् विद्धि; ब्रह्मरूपेण संस्थः (च) जनि-मरण-तरंग-अपार-सिन्धुं प्रतर, कृतार्थः (च) भव ॥ १३८ ॥

શબ્દાર્થ :– સદ્‌ગુરુ, પોતાના શિષ્યને, આ પહેલાંના ૧૧ (૧૨૭-૧૩૭) શ્લોકોમાં, પરમાત્માનાં સ્વરૂપ વિશે સવિસ્તર, સ્પષ્ટ અને સુવાચ્ય પ્રવચન આપ્યા પછી, આ શ્લોકમાં, **ત્રણ** આજ્ઞાઓ, આ પ્રમાણે આપે છે : (૧) **त्वं अमुं आत्मानं साक्षात् विद्धि** । - તું આ આત્માને (પરમાત્માને) સ્પષ્ટ-રૂપમાં (**साक्षात्**), જાણી લે, સમજી લે, ઓળખી લે (**विद्धि**); **विद्** એટલે 'જાણવું' - એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ, – **विद्धि**. (૨) .....**संसारसिन्धुं प्रतर** – (આ) સંસાર-સાગરને તરી જા (**प्रतर**); **प्र+तृ(तर्)** "તરવું" એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ, – **प्रतर** અને (૩) **कृतार्थः भव** । - કૃતકૃત્ય થઈ જા, ધન્ય બની જા, (તારાં જીવનને) સફળ કરી દે : **भू(भव्)** – થવું, બનવું એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એક વચનનું રૂપ, - **भव**.

ગુરુજીની આ ત્રણેય આજ્ઞાઓને હવે આપણે સ-વીગત સમજી લઈએ. (૧) આત્માને શાના વડે જાણવાનો ? **नियमितमनसा** – સંયમપૂર્ણ અને વિવેકસભર મન વડે; શાનાં બળે જાણવાનો ? **बुद्धिप्रसादात्** – બુદ્ધિની પ્રસન્નતા(પ્રસાદ)નાં બળે; **प्रसाद**- એટલે પ્રસન્નતા; અંતઃકરણની શુદ્ધિરૂપી પ્રસન્નતાનાં બળે; ક્યાં જાણવાનો છે આ આત્માને ? **आत्मनि** - તારાં પોતાનાં અંતઃકરણમાં જ; **त्वं स्वम्** - તું પોતે જ (જાણી લે); અને આ આત્માને ક્યાં રૂપે જાણવાનો છે ? - **अयं** (આત્મા) **अहं इति** । - આ (આત્મા) હું પોતે જ છું, - એ રૂપે; "**હું**"-એવા શબ્દના વિષય-રૂપે (જાણી લે).

(૨) જેને તરવાનો છે, એ સંસારસાગર કેવો છે ? - **जनि-मरण-तरंग-अपार-संसार-सिन्धु – એક** તો એ કે સંસારરૂપી આ સાગર "અપાર" છે, અગાધ છે, એનો ક્યાંય 'પાર' કે છેડો નથી, એવો; આ અપાર સંસારસાગરમાં પાર-વિનાના ક્યાં-કેવાં મોજાં (**तरंग**) છે? **जनि** એટલે "જન્મ". એમાં જન્મ અને મરણ જેવાં અનેક-અસંખ્ય મોજાં છે. પરંતુ આ સાગરને તરવો કેવી રીતે ? **ब्रह्मरूपेण संस्थः** (सन्) । **संस्थः** - સારી રીતે સ્થિત બનીને, સમ્યક્ રીતે સ્થિતિ (Stability) મેળવીને; પરંતુ આ સ્થિતિ ક્યાં રૂપે મેળવવાની **ब्रह्मरूपेण** - બ્રહ્મરૂપે, બ્રહ્મભાવનાં રૂપે.

(૩) અને **कृतार्थः भव** । - જીવનનું ધ્યેય (**अर्थ**) શું છે ? - સંસારરૂપી આ સાગરને તરીને, મોક્ષ પ્રાપ્ત કરવાનું. એ ધ્યેય તું સંપન્ન સંપાદિત કરી લે, - એટલે કે મોક્ષપ્રાપ્તિરૂપી જીવનનાં પ્રયોજનને સિદ્ધ કરી લે, જીવનને સફળ અને સાર્થક કરી લે, ધન્ય, કૃતકૃત્ય બની રહે. (૧૩૮)

અનુવાદ :– સંયમપૂર્ણ મન વડે અને બુદ્ધિની પ્રસન્નતાનાં બળે, પોતાનાં અંતઃકરણમાં (જ), તું આ આત્મા(પરમાત્મા)ને, 'આ (પરમાત્મા) હું છું, - એ રૂપે, સાક્ષાત્ જાણી લે. વળી, બ્રહ્મભાવની સારી સ્થિતિ મેળવીને, જન્મ-મરણરૂપી તરંગોવાળા આ અપાર સંસાર-સાગરને તરી જા, અને કૃતકૃત્ય બની રહે. (૧૩૮)

ટિપ્પણ :– હવે, આ શ્લોકમાં, સદ્‌ગુરુ શિષ્યને, આદેશોનાં સ્વરૂપમાં સદુપદેશ આપે છે : મનુષ્ય-જીવનનું એકમાત્ર અને પરમોચ્ચ ધ્યેય છે, - મોક્ષની પ્રાપ્તિ, એ તું સંપન્ન કરી લે.

પરંતુ મનુષ્યનું જીવન, એની જીવનયાત્રા કાંઈ સરળ નથી, એનો માર્ગ કાંઈ સુંવાળો નથી, એમાં તો અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ હોય છે. અંગ્રેજીમાં, આ જ કારણે, એક કહેવત (Proverb) આ પ્રમાણે, બની છે : Life is not a bed of roses : જિંદગી કાંઈ ગુલાબ-પુષ્પોની મૃદુ-કોમળ પથારી નથી. એ તો એક ખૂબ કઠિન અને દુઃસાધ્ય વિઘ્ન દોડ (Hurdle race) જેવી શરત (Race) અથવા સ્પર્ધા છે.

અને એ 'શરત'માંનાં વિઘ્નો (Hurdles) કાંઈ સામાન્ય પ્રકારનાં નથી. એ જેટલાં અસંખ્ય છે, એટલાં જ અનેક પ્રકારનાં અને દુસ્તર (Insurmountable) અને Insuperable) છે.

આ વિઘ્નોમાંનાં મુખ્ય અને મહત્ત્વનાં તો આ **બે** જ છે : **પહેલું**, પરમાત્માનાં સ્વરૂપનો સાક્ષાત્કાર, અને **બીજું**, આ સંસાર-સાગરનું તરણ, અને બે વિઘ્નોનું સૂક્ષ્મ નિરીક્ષણ અને સુયોગ્ય મૂલ્યાંકન કરીએ તો તો એક જ ખરેખરું વિઘ્ન છે, પરમાત્માનાં સ્વરૂપનો સાક્ષાત્કાર. આ વિઘ્નનું નિવારણ થઈ જાય, તો બીજું તો, આપોઆપ, એની મેળે જ, પ્રથમ વિઘ્નનાં નિવારણનાં પરિણામે જ, દૂર થઈ જાય !

અને આ જ ઉદ્દેશને લક્ષમાં રાખીને, સદ્‌ગુરુએ, પરમાત્માનાં સ્વરૂપનું નિરૂપણ,

પૂરા ૧૧ શ્લોકોમાં (૧૨૭-૧૩૭), વિસ્તૃત, વીગતવાર અને વિશદ રીતે કર્યું હતું. એમને પૂરી પ્રતીતિ છે કે પરમાત્માનાં સ્વરૂપને સાધક-શિષ્ય જો સમ્યક્ અને સંપૂર્ણ રીતે આત્મસાત્ કરી લે તો, મોક્ષપ્રાપ્તિનો એનો માર્ગ મોકળો અને સરળ બની જાય.

ગુરુજીને સ્પષ્ટ ખ્યાલ છે કે કશું પણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અંતઃકરણની શુદ્ધિ અનિવાર્ય છે. એ શુદ્ધિ એટલે જ 'પ્રસાદ', પ્રસન્નતા(बुद्धिप्रसाद). બુદ્ધિની આવી શુદ્ધિ એટલે પ્રસન્નતા, પ્રાપ્ત થાય કે તરત જ, મનને વિવેકશક્તિ મળી જાય (नियमितमनः) અને પછી તો પોતાનાં અંતઃકરણમાં જ (आत्मनि), આ પરમાત્માનો સાક્ષાત્, અપરોક્ષ, સાક્ષાત્કાર સ્પષ્ટરૂપે થઈ જ જાય, 'આ પરમાત્મા એટલે હું પોતે જ !' એવી અભેદાનુભૂતિ સાથે (अयं अहं इति).

સંસાર-સાગરને તરવો, આમ કંઈ, સહેલો નથી, કારણ કે તેને તરવા નીકળનારને એમાંનાં જન્મ-મરણ-રૂપી પહાડ જેવાં ઊંચાં મોજાં (तरंग) અને મોં ફાડીને ડરાવતાં અનેક ભયંકર મોટા મગરમચ્છોને કારણે, એ, ખરેખર, 'અપાર' બની ગયો હોય છે. સંસારસાગર-તરણ આવું મુશ્કેલ હોવા છતાં, પરમાત્માના સાક્ષાત્કારનાં પરિણામે, સાધક, એ જ સાક્ષાત્કારનાં માધ્યમથી બ્રહ્મભાવમાં સારી રીતે સ્થિત થઈ જાય છે(ब्रह्मरूपेण संस्थः) અને એટલે જ, પછી તો, પેલા અપાર સંસારસાગરની પણ સાધક માટે તો, 'ઐસી-તૈસી' બની રહે છે. High કે Long Jumpની પણ એને જરૂર રહેતી નથી, - પેલા સાગરને પેલે પાર પહોંચીને, મોક્ષપ્રાપ્તિ રૂપી પોતાનાં જીવનની કૃતાર્થતા સંપન્ન કરવા માટે, એના માટે તો, એક નાનકડો સામાન્ય કૂદકો જ પર્યાપ્ત બની રહે - प्रतर कृतार्थः च भव ।

સાધકનાં જીવનની આવી સિદ્ધિ માટે, વિઘ્નોનું નિવારણ કરવાનો, સદ્‌ગુરુએ સૂચવેલો આ ક્રમ (Order), ખરેખર, સૂચક (Significant) છે.

શ્લોકનો છંદ : **માલિની** (૧૩૮)

૧૩૯

अत्रानात्मन्यहमिति मतिर्बन्ध एषोऽस्य पुंसः
प्राप्तोऽज्ञानाज्जननमरणक्लेशसंपातहेतुः ।
यैनेवायं वपुरिदमसत्सत्यमित्यात्मबुद्ध्या
पुष्यत्युक्षत्यवति विषयैस्तन्तुभिः कोशकृद्वत् ॥ १३९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अत्रानात्मन्यहमिति मतिर्बन्ध एषोऽस्य पुंसः
प्राप्तोऽज्ञानाज्जननमरणक्लेशसंपातहेतुः ।
यैनेवायं वपुरिदमसत्सत्यमित्यात्मबुद्ध्या
पुष्यत्युक्षत्यवति विषयैस्तन्तुभिः कोशकृद्वत् ॥ १३९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अत्र अनात्मनि 'अहं' इति मतिः, अस्य पुंसः अज्ञानात् जननमरणक्लेशसंपातहेतुः प्राप्तः एषः बन्धः (अस्ति), येन एव अयं (जीवः जीवात्मा) इदं असत् वपुः सत्यं इति (मत्वा) आत्मबुद्ध्या, तन्तुभिः कोशकृद्वत्, विषयैः पुष्यति उक्षति अवति (च) ॥ १३९ ॥

શબ્દાર્થ :– अत्र – અહીં, એટલે ક્યાં ? अनात्मनि – અનાત્મામાં, આત્મા નથી એવા, અનાત્મરૂપ દેહ વગેરે વસ્તુઓમાં, 'अहं' इति मतिः 'હું' એવી બુદ્ધિ હોવી, એ જ, આવી સમજ-માન્યતા હોવી એ જ. એ જ શું છે ? अस्य पुंसः प्राप्तः एषः बन्धः । पुंसः એટલે પુરુષ માટે, એટલે કે મનુષ્ય માટે, આ મનુષ્યને પ્રાપ્ત થયેલું આ બંધન છે. આવું શાનાં કારણે ? - अज्ञानात् - અજ્ઞાનથી, અજ્ઞાનને લીધે, એ કારણે. અને બીજું શું છે ? जनन-मरण-क्लेश-संपातहेतुः (अस्ति) । जनन એટલે જન્મ, જન્મ-મરણ વગેરે ક્લેશોનાં કારણરૂપ (બંધન) છે. આને લીધે જીવાત્મા માટે કઈ-શી તકલીફ ઊભી થાય છે ? येन एव આને લીધે જ, આ જ કારણે, इदं असत् वपुः सत्यं इति आत्मबुद्ध्या (मत्वा) આ અસત્ય-ખોટું, મિથ્યાભૂત શરીરને પોતાની બુદ્ધિથી સત્ય-સાચું માનીને. સ્વ-સ્વરૂપ સમજીને, अयं (जीवात्मा) – આ જીવાત્મા, એ શું કરે છે ? એ જ શરીરને (वपुः) पुष्यति – પોષે છે, એનું પોષણ કરે છે, उक्षति – સજાવે છે, શણગારે છે, શોભાયમાન કરે છે, अवति સાચવે છે, રક્ષે છે, એને રક્ષણ આપે છે, એની સાર-સંભાળ લે છે. આવું બધું તે શાની મદદથી કરે છે ? विषयैः – વિષયો વડે, વિષયવાસનાઓ વડે; આવું બધું તે કોની જેમ કરે છે ? कोशकृद्-वत् – કોશેટો બનાવનાર રેશમનો કીડો, જેમ, કોશને કરે છે તેમ. એ કીડો આ બધી ક્રિયાઓ કોની સહાયથી કરે છે ? तन्तुभिः – તાંતણાંઓ-તન્તુઓ વડે. (૧૩૯)

અનુવાદ :– અહીં, અનાત્મ-રૂપ એવી દેહ-વગેરે વસ્તુઓમાં, 'હું' એવી બુદ્ધિ (સમજ) હોવી તે, આ મનુષ્ય માટે, અજ્ઞાનથી પ્રાપ્ત થયેલું બંધન છે અને (તે જ) જન્મ-મરણ વગેરે ક્લેશોનું કારણ છે, જેનાથી જ, આ મિથ્યાભૂત શરીરને પોતાની બુદ્ધિથી સત્ય અને સ્વ-સ્વરૂપ માનીને, રેશમનો કીડો જેમ પોતાના કોશને તાંતણાઓ વડે કરે તેમ, આ (જીવાત્મા) શરીરને વિષયવાસનાઓ વડે પોષે છે, સજાવે છે અને સાચવે છે. (૧૩૯)

ટિપ્પણ :– પરમાત્માનાં સ્વરૂપને સ્પષ્ટ અને સવિસ્તર સમજાવીને-નિરૂપીને (શ્લોકો ૧૨૭થી ૧૩૭), આચાર્યશ્રીએ, સાધક-મુમુક્ષુને એના દ્વારા, જીવન-પ્રયોજનને, એટલે કે મોક્ષપ્રાપ્તિને સંપન્ન કરવા સુધીના આદેશો-ઉપદેશો આપ્યા.

પરંતુ મુક્તિનો એ ઉપાસક, 'મુક્તિ'ને જોખમમાં મૂકનાર એવાં 'બંધન'ને, એનાં સાચાં સ્વરૂપને અને એના મૂળભૂત કારણોને સંપૂર્ણરીતે આત્મસાત્ (Imbibe) ન કરે તો, મુક્તિ–પ્રાપ્તિની દિશામાં તેણે કરેલો સઘળો પુરુષાર્થ નિષ્ફળ બની રહે.

એટલે, અહીંથી, થોડા શ્લોકોમાં, ગુરુજી, જરૂરી ચેતવણી આપીને, શિષ્યને, સંસારમાંનાં આ 'બંધન'થી સદા અળગા રહેવાની સમુચિત ભૂમિકા બાંધી આપે છે.

જ્યાં-જ્યાં ધૂમાડો હોય, ત્યાં-ત્યાં અગ્નિ અવશ્ય હોય જ, એવો, પરસ્પર-વ્યાપ્તિવાળો સંબંધ, જેમ ધૂમાડા અને અગ્નિ વચ્ચે છે, **यत्र यत्र धूमः तत्र तत्र वह्निः** - એનાથી તદ્દન ઉલટો, વિપરીત સંબંધ બંધન અને મુક્તિ વચ્ચે છે, એટલે કે જ્યાં બંધન હોય, ત્યાં મુક્તિ કદી જ ન હોઈ શકે. અને તેથી જ બંધનને નષ્ટ કે નિર્મૂળ કર્યા વિના, મુક્તિની પ્રાપ્તિ અશક્ય જ રહે. પરંતુ બંધનને અને એનાં કારણને સમજ્યા વિના, બંધનનો નાશ કેવી રીતે થાય ?

અને આ બંધન-નાશના પાયામાં અનિવાર્ય (Indispensable) એવું તત્ત્વ એટલે 'વિવેકબુદ્ધિ' (Sense of discretion or discrimination). સત્ય-અસત્ય, સાચું-ખોટું, સારું-નરસું, નિત્ય-અનિત્ય એવી પરસ્પર-વિરોધી બાબતો વચ્ચેના ભેદની સમજણ, એ જ આ વિવેકબુદ્ધિ. વેદાન્ત-દર્શનના પાયામાં રહેલો સિદ્ધાંત છે, – **ब्रह्म सत्यं जगत् मिथ्या** । બ્રહ્મ, પરમાત્મા, વિશુદ્ધ અંતરાત્મા, આત્મા, - એ એક જ સત્ય છે, અને જગત, જગતમાંનું સઘળું, શરીર, શરીરમાંનું સઘળું મિથ્યા છે, અસત્ય છે. પરિસ્થિતિ આવી છે ત્યારે, અસત્-માં 'સત્' એવી બુદ્ધિ, મિથ્યામાં સત્ય એવી બુદ્ધિ, અનાત્મા(એટલે કે જે આત્મા નથી તે)માં આત્મા એવી સમજણ, - આવી સમજણ એ જ, બંધન !

દેહ અને દેહમાંનું સઘળું (ઇન્દ્રિયો વગેરે), 'અનાત્મ' છે, 'આત્મા' નથી છતાં, શરીરમાં રહેલા પરમાત્માનો અંશ એવો 'આત્મા' પોતે હોવા છતાં, 'હું શરીર છું' મનુષ્યની એવી સમજણ, એ જ બંધન ! અને આવાં દેહ-તાદાત્મ્ય, એટલે કે અનાત્મ-તાદાત્મ્યનાં મૂળમાં છે, જન્મોજન્મનાં અજ્ઞાન અથવા અવિદ્યાનાં કારણે મનુષ્યમાં રહેલા અને એના ચિત્તમાં રૂઢ થઈ ગયેલા પરંપરાગત સંસ્કારો ! પોતે દેહમાં રહેલો દેહી છે, 'દેહ' નથી, - છતાં પોતે 'દેહ' છે, એવી સમજણ, એ જ દેહાત્મબુદ્ધિ અને એ જ બંધન, - જે, એના માટે જન્મ-મરણ વગેરે ક્લેશોનું કારણ બને છે.

અને એક વાર 'પોતે મિથ્યાભૂત શરીર છે,' – મનુષ્યની એવી સમજણ સુદૃઢ થઈ ગઈ, એટલે એ શરીરને, વિષયવાસનાઓ વડે, પુષ્ટ કરવાનું, સજાવવાનું, સંરક્ષવાનું, એના માટે સ્વભાવિક બની જાય !

પેલો રેશમનો કીડો આમ જ કર્યા કરે છે ને ! ખૂબ મહેનત કરીને રેશમના તાર પોતાના પર વીંટ્યા કરે અને અંતે તે પોતે જ એમાં, એ તારો વડે, એમાં જ ગુંચવાઈ જાય અને ગુંગળાઈને મરી જાય !

નશ્વર એવા શરીરને, વિષયો વડે, ઇન્દ્રિયોના ઉપભોગો વડે, પોષતો-સજાવતો-સાચવતો મનુષ્ય પણ, તાંતણાઓ વડે કોશને સાચવતા પેલા રેશમના કીડાની જેમ, અંતે, ક્ષીણ અને ખતમ થઈ જાય છે !

આવું છે, બંધન અને બંધનનું સ્વરૂપ, અને આવાં છે એ બંધનનાં કારણો ! એમાં ફસાયેલા મનુષ્ય માટે મુક્તિ શક્ય જ ન બને.

શ્લોકનો છંદ : **મંદાક્રાન્તા** (૧૩૯)

૧૪૦

अतस्मिंस्तद्बुद्धिः प्रभवति विमूढस्य तमसा
विवेकाभावाद्वै स्फुरति भुजगे रज्जुधिषणा ।
अतोऽनर्थव्रातो निपतति समादातुरधिक-
स्ततो योऽसद्ग्राहः स हि भवति बन्धः श्रुणु सखे ॥ १४० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

अतस्मिंस्तद्बुद्धिः प्रभवति विमूढस्य तमसा
विवेकाभावाद्वै स्फुरति भुजगे रज्जुधिषणा ।
अतोऽनर्थव्रातो निपतति समादातुरधिक-
स्ततो योऽनर्थग्राहः स हि भवति बन्धः श्रुणु सखे ॥ १४० ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– विमूढस्य (मनुष्यस्य) तमसा अतस्मिन् तद्बुद्धिः प्रभवति, विवेक-अभावाद् वै भुजगे रज्जुधिषणा स्फुरति, अतः समादातुः अधिकः अनर्थव्रातः निपतति, सखे, श्रुणु, ततः यः असद्ग्राहः, सः (एव) हि बन्धः भवति ॥ १४० ॥

શબ્દાર્થ :– **विमूढस्य** - મૂઢ બની ગયેલા મનુષ્યને, **अतस्मिन् तद्बुद्धिः प्रभवति** । જે 'तत्' નથી, એટલે કે જે 'अ-तत्' છે, તેમાં તેને 'तत्' એવી બુદ્ધિ, એવી સમજ થાય છે, - જે 'જે' ન હોય તેમાં, તેને 'તે' હોવાની સમજ, એવી અયોગ્ય-ખોટી બુદ્ધિ થાય છે. ટૂંકમાં, 'अ-तत्'ને તે 'तत्' તરીકે સમજી-સ્વીકારી-માની બેસે છે. આવું કેમ બને છે ? **तमसा** - તેનામાં રહેલા તમોગુણને લીધે, તેના પરના તમોગુણના પ્રભાવને કારણે. આવું બનવાનો કોઈ દાખલો ખરો ? કોઈ દૃષ્ટાંત ખરું ? તો કે હા : **भुजगे रज्जुधिषणा स्फुरति** । भुजग એટલે સાપ, रज्जु એટલે દોરડું, અને धिषणा એટલે બુદ્ધિ, સમજ, માન્યતા. ખરેખર, તો તે હતો સાપ, છતાં એવી ભ્રાન્તિ એનાં મગજમાં થઈ, ઉદય પામી, જન્મી (स्फुरति). આમ કેમ બનવા પામ્યું ? **विवेक-अभावात् वै** - તે માણસમાં વિવેકબુદ્ધિનાં અભાવને કારણે જ. वि+विज् - 'પરસ્પર વિરુદ્ધ એવી બે વસ્તુઓ વચ્ચેના તફાવતને સમજવો,' એ ધાતુ પરથી બનેલું નામ (Noun) એટલે વિવેકબુદ્ધિ, Sense of Discretion, Discrimination. સાપ અને દોરડું, બંને ભિન્ન છે, જુદાં છે, પરસ્પર અલગ છે. એ બંનેને એ રીતે, એ રૂપે, સમજવાં, તે વિવેક, અને એમ ન સમજવાં, સાપને દોરડું જ સમજવું, એવી ભૂલ કે ભ્રાન્તિ કરવી, એટલે વિવેકનો અભાવ, સાપમાં દોરડું હોવાની બુદ્ધિ, એવી ખોટી માન્યતા, ભ્રમણા, તે માણસનાં મનમાં સ્ફુરી, એનું મૂળ, એનું કારણ એટલે 'વિવેક'નો અભાવ. **अतः** આથી, એટલે કે આવી ભ્રાંતિ, સમજ ઉદિત થાય ત્યારે. ત્યારે શું

બને છે ? समादातुः अधिकः अनर्थव्रातः निपतति. આવી ખોટી બુદ્ધિ ધરાવનાર, એટલે કે સાપને દોરડું માનનાર, એવી મિથ્યાબુદ્ધિ ગ્રહણ કરનાર માણસ માટે. व्रात એટલે સમૂહ, ઢગલો, સમુદાય. अनर्थव्रात એટલે ઘણા અનર્થો(Evils), દુઃખો, દુર્ભાગ્ય, આફતો. निपतति - આવી પડે છે, તેને ઘેરી વળે છે. ततः તેથી, વસ્તુસ્થિતિ તેવી છે, તેથી, સદગુરુ શિષ્યને કહે છે કે હે सखे श्रुण મિત્ર ! હું તને જે કહું છું, તે સાંભળ, સાંભળી લે. ગુરુજી શિષ્યને શું કહેવા માગે છે ? એ જ કે यः असद्ग्राहः (अस्ति), सः हि बन्धः भवति । असद्ग्राह એટલે જે અસત્ય છે તેનું સત્ય તરીકે ગ્રહણ, તેનો સત્ય તરીકે સ્વીકાર, જે જ્યાં ન હોય, તેને ત્યાં સમજી લેવું તે, આ પ્રકારની ભ્રાંતિજન્ય ખોટી માન્યતાઃ તે જ બંધન છે, બને છે. આમ, ગુરુજીએ શિષ્યને, બંધન શું છે અને કેવી રીતે, શાં કારણે, તે ઉત્પન્ન થાય છે, તે સમજાવ્યું. (૧૪૦)

અનુવાદ :– વિમૂઢ મનુષ્યને, તમોગુણને લીધે, 'અ-તત્'માં 'તદ્'બુદ્ધિ ઉત્પન્ન થાય છે. (દાખલા તરીકે) 'વિવેક' ન હોવાને લીધે જ, સાપમાં દોરડાની સમજ (ભ્રાંતિ) પેદા થાય છે. આથી, (આવી રીતે, સાપમાં દોરડાની સમજ) ધરાવનાર (માણસ) માટે અનેક પ્રકારના અનર્થો આવી પડે છે. તેથી હે મિત્ર ! સાંભળ : અસત્યનું (સત્યરૂપે) જે ગ્રહણ છે, તે જ બંધન છે. (૧૪૦)

ટિપ્પણ :– અનાત્મા-માં 'હું' - એવી બુદ્ધિ, એ અજ્ઞાન છે, અને આવાં અજ્ઞાનમાંથી જ મનુષ્યને બંધન પ્રાપ્ત થાય છે. આ પહેલાંના શ્લોકમાં શરુ થયેલી બંધનનાં સ્વરૂપની ચર્ચાને, એનાં કારણોની સમજણ વડે, પ્રતીતિજનક દૃષ્ટાંત આપીને, આ શ્લોકમાં વિસ્તારવામાં આવી છે.

મૂળ વાત છે, अ-तस्मिन् तद्-बुद्धिः । 'अ-तद्'માં 'तद्'ની સમજ, જે 'જે' નથી, તેને 'તે' માની લેવાની બુદ્ધિ, સાપ એ સાપ છે, છતાં અંધારાંને કારણે, સાપને દોરડું સમજી લેવું, - એટલે જ, अ-तद्માં तद्'બુદ્ધિની આવી ભ્રાંત સમજણ. ભ્રાંતિનું કારણ શું ? વિવેકનો અભાવ. સાપ અને દોરડા વચ્ચેના તફાવતને, ભેદને સમજવાની શક્તિનો અભાવ. એ જ રીતે શરીર એ 'શરીર' છે, 'આત્મા' નથી, તે છતાં એ 'અનાત્મા'માં જ 'આત્મા'નાં દર્શન કરવાં, તે પણ अतस्मिन् तद्-बुद्धिः છે. અને પછી તો આવી ભ્રમણા ધરાવનાર માણસ માટે અનર્થો અને આફતોનો પાર જ ન રહે, - અનેક આપત્તિઓ એને ઘેરી વળે !

અને એટલે જ, સદ્ગુરુ, બધા જ પ્રકારના શિષ્ટાચારોને (Formalities) છોડી દઈને, શિષ્યને મિત્રભાવે સંપૂર્ણ વિશ્વાસમાં લઈને, અંગત રીતે, આત્મીયભાવે, એક સનાતન સત્ય સમજાવી દે છે કે 'અસત્યનું સત્ય તરીકે ગ્રહણ ('असद्ग्राह') એ જ બંધન છે.'

'**બ્રહ્મસૂત્ર**' પરનાં પોતાના 'ભાષ્ય'ના આરંભમાં જ પ્રથમ સૂત્ર પરના

ઉપાદ્‌ઘાતમાં આદ્ય શ્રીશંકરાચાર્યે, આ - **अतस्मिन् तद्‌बुद्धिः** - એ **'અધ્યાસ'** એવું પારિભાષિક નામ આપ્યું છે. **अधि+आस्** - એટલે, એક વસ્તુ પર બીજી ખોટી વસ્તુનું 'આસન' કરવું, એના પર 'આરોપ' કરવો, એનાં પર 'આરોપણ' કરવું - એ ધાતુ પરથી બનેલું નામ (Noun), એ **'અધ્યાસ'** : False attribution, wrong supposition.

"અધ્યાસ"નાં તાત્ત્વિક સ્વરૂપની સમજૂતી આપતાં આચાર્યશ્રી, પોતાનાં તે ભાષ્યમાં, આટલું ઊમેરે છે :-

स्मृतिरूपः परत्र पूर्वदृष्टावभासः (अध्यासः) ।

'અવભાસ' એટલે જ **અધ્યાસ**, - પાછળથી નાશ પામી જનારો કે મિથ્યા ઠરનારો દેખાવ. ટૂંકમાં, જે દેખાવ, પાછળથી વસ્તુનાં યથાર્થજ્ઞાનને લીધે બાધિત થઈ જાય, એવો દેખાવ એટલે **"અવભાસ"**.

બીજું, એ અવભાસ **પૂર્વદૃષ્ટ** હોવો જોઈએ. જે વસ્તુનો ભાસ થાય છે તે, પહેલાં જોયેલી હોવી જોઈએ, પહેલાં જોયેલી વસ્તુનો પાછળથી બાધિત થનારો ભાસ, એટલે **અધ્યાસ**.

ત્રીજું, આ ભાસ **'સ્મૃતિરૂપ'**, સ્મૃતિનાં સ્વરૂપ જેવા સ્વરૂપવાળો હોય છે. સ્મૃતિ થાય ત્યારે જેની સ્મૃતિ થતી હોય તે વસ્તુ પાસે કે સામે હોતી નથી.

અને **ચોથું**, **'પરત્ર'**-એટલે અન્ય સ્થળે, એટલે બીજી વસ્તુમાં આવો ભાસ થાય છે.

આ **ચારેય** શબ્દોના અર્થોને સમન્વિત કરતાં, **"અધ્યાસ"**ની સંપૂર્ણ વ્યાખ્યા આ પ્રમાણે થશે : સ્મૃતિના જેવા સ્વરૂપવાળો, બીજી વસ્તુમાં થતો, પહેલાં જોયેલી વસ્તુનો પાછળથી બાધિત થતો દેખાવ, ભાસ, **અવભાસ**, એટલે **"અધ્યાસ"**. એક ઉદાહરણથી આ વ્યાખ્યા આ પ્રમાણે સમજી શકાશે : **शुक्तौ रजतभानम्** ।

સૂર્યના તાપમાં, કોઈક માણસ સામે પડેલી **"છીપલી"**ને (**शुक्तौ**) **"ચાંદી"**(**रजत**) માની બેસે છે. છીપલીમાં ચાંદીનો ભાસ થાય ત્યારે, ચાંદી સામે હોતી નથી; તેથી તે ચાંદીનો ભાસ "સ્મૃતિનાં જેવાં રૂપવાળો" (**स्मृतिरूपः**) છે. ચાંદીનો ભાસ બીજે ઠેકાણે (**परत्र**), બીજી વસ્તુમાં, એટલે કે છીપલીમાં થાય છે. ચાંદીનો ભાસ થાય છે તે, "પહેલાં" જોયેલી (**पूर्वदृष्टः**) છે; અને જ્યારે માણસ નજીક જઈને જુએ છે ત્યારે તો, એને છીપલીનો ટૂકડો જ દેખાય છે. આમ, યથાર્થજ્ઞાન થતાં જ ચાંદીના દેખાવ(**अवभास**)નો ભાસ થાય છે. ત્યારપછી, ચાંદી દેખાતી બંધ થઈ જાય છે.

અને આથી આચાર્યશ્રી, છેવટે, આ ચર્ચાના ઉપસંહારમાં કહે છે કે, — **एवंलक्षणं अध्यासं पण्डिताः अविद्या इति मन्यन्ते** । આ પ્રકારના, – ઉપર્યુક્ત લક્ષણવાળા, **'અધ્યાસ'**ને પંડિતો **'અવિદ્યા'** માને છે.

શ્લોકનો છંદ : **શિખરિણી (૧૪૦)**

૧૪૧

अखण्डनित्याद्वयबोधशक्त्या
स्फुरन्तमात्मानमनन्तवैभवम् ।
समावृणोत्यावृतिशक्तिरेषा
तमोमयी राहुरिवार्कबिम्बम् ॥ १४१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અખંડનિત્યાદ્વયબોધશક્ત્યા
સ્ફુરન્તમાત્માનમનન્તવૈભવમ્ ।
સમાવૃણોત્યાવૃતિશક્તિરેષા
તમોમયી રાહુરિવાર્કબિમ્બમ્ ॥ ૧૪૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– तमोमयी एषा आवृतिशक्तिः राहुः अर्कबिम्बं इव, अखण्डनित्य-अद्वय-बोध-शक्त्या स्फुरन्तं अनन्तवैभवं आत्मानं समावृणोति ॥ १४१ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે, - एषा आवृतिशक्तिः आत्मानं समावृणोति । आवृतिशक्तिः એટલે, અગાઉ, આ પહેલાં, જેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે તે, તમોગુણની આવરણશક્તિ, ઢાંકી દેવાની શક્તિ. समावृणोति એટલે સારી રીતે, સંપૂર્ણરીતે ઢાંકી દે છે. આ આવરણ-શક્તિ આત્માને સારી-રીતે ઢાંકી દે છે. આ શક્તિ કેવી છે ? - तमोमयी, તમોગુણથી પૂર્ણ, તમોગુણમયી. આત્મા કેવો છે ? એનાં બે વિશેષણો આ પ્રમાણે છે : (૧) अखण्ड-नित्य-अद्वय-बोध-शक्त्या स्फुरन्तम् અને (૨) अनन्तवैभवम्. (૧) અખંડ, નિત્ય, અદ્વિતીય અને શક્તિ વડે ઝળહળી રહેલો, સ્ફુરાયમાણ, સ્ફુરી રહેલો, અને (૨) અનંત વૈભવવાળો, અવિનાશી એવાં ઐશ્વર્યથી સંપન્ન. આ આવરણશક્તિ, કોની જેમ, કોને ઢાંકી દે છે ? राहुः अर्कबिम्बं इव । अर्क એટલે સૂર્ય. રાહુ, ગ્રહણ-સમયે, જેમ સૂર્યનાં બિંબને ઢાંકી દે છે, તેમ. (૧૪૧)

અનુવાદ :– તમોગુણથી પૂર્ણ એવી આ આવરણ-શક્તિ, રાહુ સૂર્યનાં બિંબને ઢાંકી દે છે તેમ, અખંડ-નિત્ય, અદ્વિતીય અને જ્ઞાનશક્તિથી સ્ફુરી રહેલા અને અનંત વૈભવવાળા આત્માને સારી રીતે ઢાંકી દે છે. (૧૪૧)

ટિપ્પણ :– સદ્‌ગુરુના ઉપદેશનાં કારણે, મુમુક્ષુ સાધકને એટલું તો સમજાઈ ગયું જ છે કે મોક્ષ પ્રાપ્ત કરવો હોય તો, તે પહેલાં, આત્માનો સાક્ષાત્કાર કરવો અનિવાર્ય છે. આત્માનાં મહિમાપૂર્ણ સ્વરૂપનો પણ એને એટલો ખ્યાલ છે કે તે એક, અદ્વિતીય, અખંડ, નિત્ય, અનશ્વર, અને પોતાની જ્ઞાનશક્તિથી સદા સ્ફુરાયમાણ હોય છે, અને એનાં વૈભવ તથા એનાં અનંત ઐશ્વર્યથી પણ તે સુપરિચિત છે. આમ, આત્માનાં આવા મહિમાપૂર્ણ સ્વરૂપની અપરોક્ષાનુભૂતિ કરવા તે સદા તત્પર અને પ્રયત્નશીલ જ હોય છે. એમાં તેના માટે એક વિઘ્ન ઊભું થાય

છે : તમોગુણની પેલી આવરણશક્તિ, આવા અદ્‌ભુત અને સમર્થ આત્માને પણ, પૂરેપૂરો ઢાંકી દે છે, આચ્છાદિત કરી દે છે. આમ, આત્મતત્ત્વનાં યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિના માર્ગમાં અવરોધ કરવો, એ પોતાનો સ્વભાવ હોવાથી, જરા પણ અ-સાવધ અને ગાફેલ રહેતા સાધક માટે, તમોગુણપૂર્ણ આ આવરણશક્તિ, બંધન ઊભું કરે છે. સૂર્યનાં બિંબમાં કેવો પ્રચંડ પ્રકાશ હોય છે ? તે છતાં, સૂર્ય-ગ્રહણના સમયે, રાહુ, આવા પ્રચંડ તેજથી પ્રપૂર્ણ એવાં સૂર્યનાં બિંબને પણ એવું ઢાંકી દે છે કે સૂર્યદેવતાના ઉપાસકને, તે વખતે, સૂર્યબિંબનું દર્શન જ ન થઈ શકે !

આત્મસાક્ષાત્કારની આડે આવતું, તમોગુણની આવરણશક્તિનું, આવું જ બંધન, સાધક માટે, મહા-વિઘ્ન સમું બની રહે છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૪૧)

૧૪૨

तिरोभूते स्वात्मन्यमलतरतेजोवति पुमा-
ननात्मानं मोहादहमिति शरीरं कलयति ।
ततः कामक्रोधप्रभृतिभिरमुं बन्धनगुणैः
परं विक्षेपाख्या रजस उरुशक्तिर्व्यथयति ॥ १४२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

तिरोभूते स्वात्मन्यमलतरतेजोवति पुमा-
-ननात्मानं मोहादहमिति शरीरं कलयति ।
ततः कामक्रोधप्रभृतिभिरमुं बंधनगुणैः
परं विक्षेपाख्या रजस उरुशक्तिर्व्यथयति ॥ १४२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– अमलतरतेजोवति स्वात्मनि तिरोभूते (सति), पुमान् मोहात्, अनात्मानं शरीरं 'अहं' (अस्मि) इति कलयति । ततः परं रजसः विक्षेपाख्या उरुशक्तिः (अमुं मनुष्यं) कामक्रोधप्रभृतिभिः बन्धनगुणैः व्यथयति ॥ १४२ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : पुमान् अनात्मानं शरीरं 'अहं' इति कलयति । पुमान् એટલે પુરુષ; પણ અહીં 'મનુષ્ય' (જીવાત્મા) એવા સામાન્ય અર્થમાં આ શબ્દ પ્રયોજાયો છે. તે શું કરે છે ? कलयति – સમજે છે, માની બેસે છે. શાને ? શું તરીકે ? 'શરીરને', (તે શરીર) 'હું છું', – એમ તે સમજે છે. તે શરીર કેવું છે ? अनात्मानं – જે, આત્મા નથી એવું, 'અનાત્મા' છે એવું. શાને કારણે તેણે આમ માન્યું ? मोहात् – મોહને કારણે, પરંતુ આવું ક્યારે બન્યું ? स्वात्मनि तिरोभूते (सति) – પોતાનો આત્મા ઢંકાઈ ગયો ત્યારે, પોતાનું આત્મતત્ત્વ 'આવૃત' (ઢંકાઈ ગયેલું) બની ગયું ત્યારે. એ આત્મતત્ત્વ કેવું હતું ? अमलतरतेजोवति. मल એટલે

મેલ, મળ. અ-मल એટલે મળમેલ વિનાનું, નિર્મળ, સ્વચ્છ. વળી, અધિકતાદર્શક (Comparative) तर પ્રત્યય अमल શબ્દને લગાડાયો હોવાથી, अमलतर એટલે વધારે નિર્મળ, અતિનિર્મળ, અત્યંત સ્વચ્છ, ખૂબ શુદ્ધ. तेजो (तेजः) તેજ, પ્રકાશ. તેનું પોતાનું આત્મતત્ત્વ અતિનિર્મળ હોવા છતાં. अमलतरतेजोवति स्व-आत्मनि तिरोभूते (सति), - આ આખી વાક્યરચનામાં બધા જ શબ્દોને 'સપ્તમી વિભક્તિ એકવચન'નાં રૂપમાં મૂકાયા હોવાથી, સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રના નિયમ પ્રમાણે, આવી વાક્યરચનાને 'सति सप्तमी' તરીકે ઓળખવામાં આવે છે, અને આવી રચના વાક્યમાંની ક્રિયાનો સમય સૂચવે છે : જીવાત્મા શરીરને (તે હું છું), એમ ક્યારે સમજે છે ? અતિનિર્મળ એવો પોતાનો આત્મા ઢંકાઈ ગયો ત્યારે. આવો આત્મા 'તિરોભૂત' કોના વડે બની ગયો ? અહીં એ દર્શાવવામાં આવ્યું નથી, પરંતુ આ પહેલાંના, આગલા, શ્લોકમાં, તમોગુણની 'આવૃતિ'–શક્તિની વાત કહેવામાં આવી હતી, તેને અહીં યાદ કરવાની જરૂર છે. આત્માને 'આવૃત' કરનાર, ઢાંકી દેનાર તત્ત્વ હતું, - તમોગુણની આ આવરણશક્તિ. तिरः+भू - तिरोभू એટલે 'ઢાંકી દેવું' એ ધાતુના કર્મણિ ભૂતકૃદંત, तिरोभूत-નું સપ્તમી-વિભક્તિ એકવચનનું રૂપ - तिरोभूते, ઢાંકી દેવાયું ત્યારે, ઢંકાઈ જતાં.

આમ બને ત્યારપછી (ततः परं) શું થાય છે ? रजसः विक्षेपाख्या उरुशक्तिः अमुं (मनुष्यं, जीवात्मानं) व्यथयति । विक्षेप-आख्या, એટલે विक्षेप - નામની, उरुशक्तिः. उरु એટલે મોટી, મહાન, પ્રબળ, સમર્થ. 'વિક્ષેપ' નામની પ્રબળ શક્તિ. આ શક્તિ કોની છે ? रजसः રજોગુણની. 'આવૃતિ'-શક્તિ જેમ તમોગુણની છે, તેમ આ 'વિક્ષેપ'-શક્તિ રજોગુણની છે. આ શક્તિ આ મનુષ્યને (अमुं मनुष्यं) શું કરે છે ? व्यथयति - વ્યથા પહોંચાડે છે, વ્યથિત કરે છે, બહુ હેરાન-પરેશાન કર્યા કરે છે (Harasses, annoys, worries). એ શક્તિ શાના વડે મનુષ્યને હેરાન કરે છે ? काम-क्रोध प्रभृतिभिः बन्धनगुणैः । प्रभृति એટલે વગેરે, કામ-ક્રોધ વગેરે બંધનમાં નાખનાર, બંધનકારક (પોતાના) વિકારો વડે. આમ તો, બંધનમાં નાખવું' - એ કાંઈ 'ગુણ' (સારી વાત) ન કહેવાય, પરંતુ શાસ્ત્રો પ્રમાણે કોઈ પણનાં કશાંક વિશિષ્ટ (Characteristic) કાર્યને, એનાં ઘટક અવયવોને 'ગુણ' તરીકે પ્રયોજવાની, એક પરંપરા, પ્રથા, પ્રચલિત છે.

આ પહેલાં (શ્લોક-૧૧૦) પરમેશ્વરની, માયા-નામક ઉત્કૃષ્ટ શક્તિને 'ત્રિગુણાત્મિકા' કહેવામાં આવી છે, અને સાંખ્યદર્શન-પ્રબોધિત પ્રકૃતિના સત્ત્વ-રજસ્-તમસ્ એવા આ ત્રણ ગુણો જીવાત્મા માટે 'બંધનરૂપ' બને છે, એમ પણ કહેવામાં આવ્યું છે. (શ્લોક-૧૧૪)

વળી, 'ગુણ' શબ્દનો બીજો એક અર્થ, સંસ્કૃતમાં, 'દોરડું' (Rope) એવો પણ થાય છે. એટલે, દોરડું જેમ બાંધવાનું સાધન છે, તેમ પ્રકૃતિના આ ત્રણ ગુણો પણ બંધનકારક બને છે. (૧૪૨)

અનુવાદ :– અતિનિર્મળ તેજવાળું આત્મતત્ત્વ (તમોગુણની 'આવરણ'-શક્તિ વડે) જ્યારે ઢંકાઈ જાય છે ત્યારે, મનુષ્ય (જીવાત્મા), મોહને લીધે, 'અનાત્મા' એવા શરીરને (તે) 'હું' છું, એમ માની બેસે છે, અને ત્યારપછી તો, 'વિક્ષેપ' નામની રજોગુણની પ્રબળ શક્તિ, કામ-ક્રોધ, વગેરે બંધનકારક (પોતાના) ગુણો વડે આ (મનુષ્ય)ને હેરાન કર્યા કરે છે. (૧૪૨)

ટિપ્પણ :– મુમુક્ષુ સાધક માટે, આત્મસાક્ષાત્કાર, આત્માનું અપરોક્ષ-દર્શન, એ મોક્ષપ્રાપ્તિની સિદ્ધિ માટેની એક અનિવાર્ય પૂર્વશરત છે. પરંતુ સાધક એનું દર્શન કરી શકે તે પહેલાં તો, તમોગુણની આવરણ-શક્તિ, અત્યંત મહિમાવંત એવા આત્માને ઢાંકી દે છે, એવું નિરૂપણ આ પહેલાંના શ્લોક(૧૪૧)માં કરવામાં આવ્યું છે.

કોઈ પણ વસ્તુ ઢંકાઈ ગઈ હોય, એને તો જોઈ જ ન શકાય, એ તો દેખાય જ નહીં. તમોગુણની આવરણશક્તિનાં આવાં વિઘ્નરૂપ કાર્યનાં પરિણામે, સાધક માટે, આત્માનું, એનાં મૂળભત સ્વ-સ્વરૂપનું, દર્શન જ અશક્ય બની જાય. ટૂંકમાં, આત્મા, આત્મા-સ્વરૂપે, એની સમક્ષ જ ન રહે. સાધક આ પ્રકારનાં વિઘ્નમાં અટવાતો હતો ત્યાં, આટલું જાણે પૂરતું ન હોય તેમ, તમોગુણની પેલી 'આવરણ'શક્તિ કરતાં યે વધારે પ્રબળ, બળવત્તર એવી, રજોગુણની 'વિક્ષેપ'શક્તિનું તેના પર આક્રમણ થયું ! બિચારો સાધક ! Poor Soul ! આમ તો, આત્મા પોતે અત્યંતનિર્મળ એવાં સ્વકીય તેજવાળો હતો (**अमलतरतेजोवति**), પરંતુ તમોગુણની આવરણશક્તિ વડે તેને 'તિરોભૂત' કરી નાખવામાં આવ્યો હતો, એટલે, પેલા બિચારા સાધકે જે શરીર આત્મા નથી, એવા અનાત્મા-શરીરને, **अनात्मानं शरीरं** 'તે હું છું,', તે અનાત્મા-એવું શરીર જ આત્મા છે, એમ, મોહની અસર તળે (**मोहात्**) માનવા માંડ્યું ! (**कलयति**)

આવી બન્યું બાપડા સાધકનું ! કારણ કે ત્યારપછી તો (**ततः परं**) જેનું કામ જ વિક્ષેપ કરવાનું, મનને Disturb કે Distract કરવાનું છે, તેણે, વિક્ષેપશક્તિએ તો, સાધક સમક્ષ, આત્માને, તે મૂળભૂત રીતે (Originally) છે (નિત્ય, શુદ્ધ, બુદ્ધ), એના કરતાં સાવ વિપરીત-સ્વરૂપે રજુ કરી દીધો. કામ-ક્રોધ વગેરે, આ સબળ વિક્ષેપ-શક્તિના, બંધનકારક ગુણો (**बन्धनगुणाः**) તેના પર એકસામટા ત્રાટક્યા અને એને બિચારાને તો એ બધાએ સાથે મળીને, સંપૂર્ણરીતે હેરાન-પરેશાન કરી મૂક્યો ! (**व्यथयति**)

તમોગુણ અને રજોગુણની આવી દ્વિમુખી, - (આવરણ અને વિક્ષેપની) શક્તિના વિનાશક પ્રભાવનું વર્ણન, આ બે શ્લોકોમાં (૧૪૧-૧૪૨) કરવામાં આવ્યું છે, તે, સાધક માટે, આવશ્યક એવી ચેતવણીરૂપ બની રહે છે.

અને સાધક, એક વાર, શરીરને જ પોતે હું છું એમ સમજવા માંડે, પછી

તો, આત્મસ્વરૂપથી વિક્ષિપ્ત અથવા વિમુખ બની ગયેલો તે, ઇન્દ્રિયભોગની અનિચ્છનીય લીલાનાં જંગલમાં જ અટવાતો રહે ! આવી વિષમ વસ્તુસ્થિતિમાં, મોક્ષપ્રાપ્તિનાં પોતાનાં જીવનધ્યેયનું તો તેને સ્મરણ જ ક્યાંથી રહે !

શ્લોકનો છંદ : **શિખરિણી** (૧૪૨)

૧૪૩

महामोहग्राहग्रसनगलितात्मावगमनो
धियो नानावस्थाः स्वयमभिनयंस्तद्गुणतया ।
अपारे संसारे विषयविषपूरे जलनिधौ
निमज्योन्मज्य भ्रमति कुमतिः कुत्सितगतिः ॥ १४३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

महामोहग्राहग्रसनगलितात्मावगमनो
धियो नानावस्थाः स्वयमभिनयंस्तद्गुणतया ।
अपारे संसारे विषयविषपूरे जलनिधौ
निमज्योन्मज्य भ्रमति कुमतिः कुत्सितगतिः ॥ १४३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– (ततः) महामोहग्राहग्रसनगलितात्मावगमनः कुमतिः (अयं साधकः) तद्गुणतया धियः नाना-अवस्थाः स्वयं अभिनयन्, विषयविषपूरे (अस्मिन्) अपारे संसारे जलनिधौ निमज्य उन्मज्य कुत्सितगतिः भ्रमति ॥ १४३ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : (अयं साधकः अस्मिन्) अपारे संसारे जलनिधौ भ्रमति । जलनिधि એટલે સાગર, સમુદ્ર, संसारे जलनिधौ એટલે આ સંસારરૂપી સમુદ્રમાં. આ સંસારસમુદ્ર કેવો છે ? अपारे. अपार અપાર છે, પાર વિનાનો, અગાધ છે. વળી, એ કેવો છે ? विषय-पूरे વિષયવાસનાઓ રૂપી ઝેરથી ભરેલો છે. એ સાધક कुमति, દુર્બુદ્ધિવાળો, ભ્રાન્તબુદ્ધિવાળો કેમ છે ? ततः રજોગુણની પેલી, વિક્ષેપશક્તિના પ્રભાવ નીચે આવી ગયા પછી. પછી તે આવો 'કુમતિ' શા કારણે બની જાય છે ? महामोह-ग्राह-ग्रसन-गलित-आत्म-अवगमनः । ग्राह એટલે મગર, મગરમચ્છ, महामोहग्राह મહામોહરૂપી મગરો, ग्रसन એટલે ગળી જવાની ક્રિયા, ગ્રાસ અથવા કોળિયો બની જવાની ક્રિયા. આ અપાર સંસારરૂપી સાગરમાં તો મહામોહરૂપી અનેક મગરો હોય, તે બધા પેલા સાધકને ગળી જાય, आत्मावगमनं - આત્મજ્ઞાન. અને પેલા મગરમચ્છો એને ગળી જાય (ग्रसनं), એનાં પરિણામે તે સાધકનું આત્મજ્ઞાન, गलित ચાલ્યું જાય, નાશ પામે, એટલે તે આત્મજ્ઞાન વગરનો, આત્મજ્ઞાનહીન, આત્મજ્ઞાનરહિત બની જાય !

ત્યારપછી એ સાધકનું શું થાય છે ? - तद्-गुणतया । तद् એટલે તે બુદ્ધિ, બુદ્ધિના ગુણોથી તદાકાર બનીને, એમાં એકાકાર થઈને, नाना- એટલે વિવિધ,

અનેક. અનેક પ્રકારની ધી, એટલે બુદ્ધિ, **धियः नाना-अवस्थाः स्वयं अभिनयन्** - બુદ્ધિની વિવિધ અવસ્થાઓને પોતાની માનીને, પોતાની માનવા માંડે છે. બુદ્ધિની વિવિધ અવસ્થાઓ કઈ ? કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપી ખોટા તાદાત્મ્યથી ઉત્પન્ન થયેલી અવસ્થાઓ. બુદ્ધિના ગુણો સાથે તે તદાકાર-એકાકાર થઈ જાય, એટલે, સ્વાભાવિક રીતે જ, તેને પોતાની માનીને તે વર્તવાનું શરૂ કરે, તેથી તે પોતે જ તેનો કર્તા છે, ભોક્તા છે, એ પ્રકારનું બુદ્ધિ સાથેનું તેનું ખોટું તાદાત્મ્ય-ઐક્ય (Identification) સર્જાય અને એનાં કારણે ઉત્પન્ન થયેલી પેલી કર્તૃત્વભોક્તૃત્વની વિવિધ અવસ્થાઓને પોતાની માનીને—સમજીને, તે વર્તવા માંડે છે (**स्वयं अभिनयन्**). આનાં પરિણામે, તે પેલા અપાર સાગરમાં નીચે-ઉપર, અંદર-બહાર ડૂબકાં ખાવા માંડે છે (**निमज्य-उन्मज्य**). नि એટલે નીચે, અને उत् (उद्) એટલે ઉપર, मस्ज् એટલે ન્હાવું, ડૂબકી ખાવી, પાણીમાં પડવું, - એ ધાતુને આગળ नि અને उत् (उद्) એવા બે ઉપસર્ગો લગાડ્યા પછીનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ - **निमज्य** અને **उन्मज्य**. જેની પરિસ્થિતિ આવી હોય, એની ગતિ તો પછી **कुत्सित** જ બની જાય ને ! અને પછી તો એનાં એવાં દુર્ભાગ્યમાં, એને સતત ભટક્યા કરવાનું, ભમ્યા કરવાનું, અથડાવા-કૂટાવાનું જ રહેને ! (**भ्रमति**) (૧૪૩)

અનુવાદ :— (રજોગુણની 'વિક્ષેપ'-શક્તિના પ્રભાવ તળે આવેલો) આ દુર્બુદ્ધિ (સાધક) મહામોહરૂપી મગરોનો ગ્રાસ બનતાં, આત્મજ્ઞાનરહિત બની જાય છે, તથા તે(બુદ્ધિ)ના ગુણોમાં એકાકાર બની જઈને, બુદ્ધિની વિવિધ અવસ્થાઓને પોતાની સમજીને વર્તી રહેલો તે, હીન ગતિ પામીને, વિષયવાસનાઓનાં વિષથી ભરેલા સંસારરૂપી અપાર સમુદ્રમાં નીચે-ઉપર ડૂબકાં ખાતો ખાતો ભટક્યા કરે છે. (૧૪૩)

ટિપ્પણ :— તમોગુણ અને રજોગુણની, અનુક્રમે, 'આવરણ'-શક્તિ અને 'વિક્ષેપ'-શક્તિના અનર્થકારક પ્રભાવને સવિસ્તર નિરૂપીને, સદ્‌ગુરુએ, મોક્ષાર્થી સાધકને સમયસર સાવધ રહેવાની ચેતવણી તો આપી જ હતી, તે છતાં આ સાધક-મહાશય ગાફેલ રહ્યા અને પેલી બે શક્તિઓનાં વિનાશક આક્રમણોનો ભોગ (Victim) બની ગયા !

અને, પછી તો, બનવાનું હતું તે જ બનેને ! તમોગુણ વડે વિમૂઢ થઈ ગયેલા તેના આત્માને આવરણશક્તિએ ઢાંકી દીધો, તેનામાં ઉપર્યુક્ત 'અધ્યાસ' એટલે કે '**अ-तस्मिन् तद्-बुद्धिः**' ઉત્પન્ન થઈ, તે વિવેકબુદ્ધિ વિનાનો બની ગયો, આવા **असद्ग्राह**નાં પરિણામે, અત્યંત નિર્મળ એવા તેજવાળો તેનો આત્મા 'તિરોભૂત' થઈ ગયો, અનાત્મા એવા શરીરને, મોહના પ્રભાવ નીચે, તે, 'હું છું' એમ સમજી બેઠો, અને આટલું દુર્ભાગ્ય ઓછું હોય તેમ, રજોગુણની પ્રચંડ વિક્ષેપ-શક્તિએ તેને એવો હેરાન—પરેશાન કરવા માંડ્યો કે અંતે, વિષયવાસનાઓનાં વિષથી ભરપૂર

એવા અપાર સંસારસાગરમાં તે ગળકાં ખાવા માંડ્યો અને પછી તો એની ગતિ એટલી બધી હીન થઈ ગઈ કે હવે તો એના માટે એક જ પરિણામ, દુષ્પરિણામ, - બાકી રહ્યું, - ડૂબી મરવાનું !

સૂર્યવંશના રાજા ભગીરથની તપશ્ચર્યાથી પ્રસન્ન અને પ્રભાવિત થઈ ગયેલી, સ્વર્ગમાંની મંદાકિની-નદીનાં અધઃપતનની પૌરાણિક કથાનું, અહીં, સ્મરણ થઈ આવે છે : વિષ્ણુનાં દિવ્ય ચરણોમાંથી પ્રગટેલી આ મંદાકિની, સૌપ્રથમ, સ્વર્ગમાંથી ભગવાન શિવનાં મસ્તક પર પડી, ત્યાંથી તે હિમાલય પર્વત પર પડી, ત્યાંથી તે 'ભાગીરથી' બનીને પૃથ્વી પર પડી, પૃથ્વી પરથી શતમુખે સમુદ્રમાં પડ્યા પછી અંતે તે 'ભોગાવતી' બનીને છેક નીચે પાતાળમાં પટકાય છે !

સ્વર્ગમાંથી, પૃથ્વી પર અને પૃથ્વી પરથી પાતાળમાં !

રાજર્ષિ કવિ ભર્તૃહરિએ પોતાનાં **'નીતિશતક'**-સ્તોત્રગ્રંથમાં, ગંગાનાં આ ક્રમિક અધઃપતનનું વિશદ વર્ણન કરીને, અંતે, તેની, તેમણે આ આ પ્રકારની દયા ખાધી છે (Pitied) કે જે કોઈ એક વાર વિવેકભ્રષ્ટ થાય છે, તેનો વિનિપાત તો આવો 'શતમુખ' જ હોય છે ! –

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ॥ १० ॥

મોક્ષપ્રાપ્તિના માર્ગે નીકળેલા, પરંતુ અધવચ્ચે જ, વિવેકભ્રષ્ટ થયેલા મુમુક્ષુ સાધકનો, અહીં, વર્ણવવામાં આવેલો વિનિપાત પણ જેટલો કમનસીબ અને કરુણ છે, એટલો જ કવિત્વપૂર્ણ (Poetic) પણ બની રહ્યો છે !

શ્લોકનો છંદ : **શિખરિણી** (૧૪૩)

૧૪૪

भानुप्रभासाज्जनिताभ्रपंक्ति-
र्भानुं तिरोधाय विजृम्भते यथा ।
आत्मोदिताहंकृतिरात्मतत्त्वं
तथा तिरोधाय विजृम्भते स्वयम् ॥ १४४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

ભાનુપ્રભાસાજ્જનિતાભ્રપંક્તિ-
-ર્ભાનું તિરોધાય વિજૃમ્ભતે યથા ।
આત્મોદિતાહંકૃતિરાત્મતત્ત્વં
તથા તિરોધાય વિજૃમ્ભતે સ્વયમ્ ॥ ૧૪૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– भानुप्रभासात् जनिता अभ्रपंक्तिः यथा भानुं तिरोधाय विजृम्भते, तथा (एव) आत्मा-उदित-अहंकृतिः आत्मतत्त्वं तिरोधाय स्वयं विजृम्भते ॥ १४४ ॥

શબ્દાર્થ :– આખા શ્લોકમાં **यथा-तथा** (જેમ-તેમ, જેવી રીતે, તેવી રીતે) એવા સરખામણી(Comparison)ના શબ્દોને પ્રયોજીને, ગ્રંથકારે, અહીં, આત્મામાંથી જ ઉત્પન્ન થયેલા (જન્મેલા) અહંકારની, પોતાના જનક(Creator)ને જ ઢાંકી દેવાની, તિરોધાન-શક્તિની, અને ત્યારપછી, તેના જ, આત્માના જ સ્થાને, ચડી બેસવાની વિસ્મયકારક કુટેવની કથા કહી છે !

આ અહંકાર (**अहंकृतिः**) કેવો છે ? **आत्मा-उदित**, આત્મામાંથી પ્રગટેલો, જન્મેલો, ઉત્પન્ન થયેલો. તે સૌપ્રથમ શું કરે છે ? **आत्मतत्त्वं तिरोधाय** એ જ આત્મતત્વનું 'તિરોધાન' કરે છે, તેને ઢાંકી દે છે, તેનું આવરણ કરે છે. અને ત્યારપછી તે શું કરે છે ? (**सः तत्र एव, अर्थात् आत्मस्थाने**) **स्वयं विजृम्भते.** वि+जृम्भ् એટલે પ્રગટવું, પ્રદર્શિત થવું, પ્રતીત થવું, દેખાવું, To display, to appear, to exhibit, to manifest, - એવા અર્થવાળા ધાતુનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ, **विजृम्भते**, પ્રતીત થાય છ, રજુ કરે છે, દેખાય છે, એટલે કે તે (અહંકાર) ત્યાં જ, પોતાના સર્જક એવા આત્માનાં સ્થાને જ, પોતે જ, પોતાને, પ્રતીત કરે દે છે ! પોતાના પિતાને અદૃશ્ય કરીને, અનાવૃત કરીને, પુત્ર પોતે જ, પિતાના સ્થાને, પ્રગટ થઈ જાય છે !

આવી ઘટના કોના જેવી છે, કોનું સ્મરણ કરાવે છે ?

કુદરત(પ્રકૃતિ-Nature)નાં ક્ષેત્રમાં ઘટી રહેતી એ ઘટના (Phenomenon) આ પ્રમાણે છે : **भानुप्रभासात् जनिता अभ्रपंक्तिः भानुं तिरोधाय (स्वयं) विजृम्भते** । **भानु** એટલે સૂર્ય, **प्रभास** એટલે તેજ, તાપ, ગરમી, **जनिता** ઉત્પન્ન થયેલી, **अभ्रपंक्ति** એટલે વાદળાંની હારમાળા, **भानुं तिरोधाय** – એ જ સૂર્યને ઢાંકી દઈને, (**स्वयं**) **विजृम्भते** - પોતે જ દેખાવા લાગે છે. સૂર્યની ગરમી ઉનાળામાં, પાણીની વરાળ થાય છે, evaporates, અને પછી એ વરાળમાંથી જ વાદળાંની હારમાળા, આકાશમાં ઉત્પન્ન થાય છે. આમ, સૂર્યમાંથી, તેના તાપમાંથી સર્જાયેલાં આ વાદળાં, તેના પોતાના ઉત્પાદક એવા સૂર્યને પોતાના વડે, ઢાંકી દે છે, અને પછી, સૂર્ય દેખાતો બંધ થઈ થઈ જાય ત્યારે, તે જ ઠેકાણે, આ વાદળાં, પોતાને જ પ્રદર્શિત કરી રહે છે ! સૂર્ય તો ક્યાંય દેખાતો જ નથી, - દેખાય છે, કેવળ વાદળાં ! (૧૪૪)

અનુવાદ :– સૂર્યના તાપમાંથી ઉત્પન્ન થયેલી મેઘ–હારમાળા જેમ સૂર્યને ઢાંકી દઈને, પોતે જ દેખાયા કરે છે તેમ, આત્મામાંથી જન્મેલો અહંકાર, આત્મતત્ત્વને ઢાંકી દઈને, પોતે જ,પ્રતીત થતો રહે છે. (૧૪૪)

ટિપ્પણ :– ગ્રીષ્મઋતુમાં, વૈશાખ-જેઠ મહિનાઓ દરમિયાન, સૂર્યના પ્રખર તાપનાં કારણે, સમુદ્ર-સુદ્ધાં સર્વ જળાશયોનાં જળનું બાષ્પીભવન (Evaporation) થાય છે, એની વરાળમાંથી વાદળાં બંધાય છે. ચોમાસાનાં આકાશમાં સૂર્ય નથી હોતો એમ નહીં, હોય જ છે, પરંતુ ઘન-ઘટાની પાછળ તે ઢંકાઈ ગયો હોય છે,

એટલે બને છે એવું કે સૂર્યમાંથી સર્જાયેલાં વાદળાં જ સૂર્યને ઢાંકી દે, સૂર્યને તિરોહિત કરી દે, આકાશમાં માત્ર વાદળાં જ સૂર્યનાં સ્થાને દેખાયા કરે !

તમોગુણની આવરણશક્તિને કારણે ઢંકાઈ ગયેલા આત્માનું અસ્તિત્વ (Existence) કાંઈ નાબૂદ થઈ જતું નથી; એ હોય છે તો ખરો જ; માત્ર, સાધકની અસાવધતાને કારણે, 'તિરોભૂત' થયેલા આત્માનું દર્શન ન થતાં, સાધક, અનાત્મા એવા શરીરને, 'હું જ તે શરીર છું' એવો, આત્માના ઢંકાઈ જવાનાં પરિણામે, આત્મામાંથી ઉત્પન્ન થયેલો આત્મોદિત અહંકાર (अहंकृतिः) સાધકનાં મનમાં ઊભો થાય છે અને આત્માને ઢાંકી દઈને (तिरोधाय), એ અહંકાર-'મહાનુભાવ' પોતે જ (स्वयं), સાધકને, સર્વત્ર, દેખાયા કરે છે ! (विजृम्भते)

હકીકતમાં, આ 'અહંકાર'-એવા 'સાહેબ'નો જન્મ, આત્મારૂપી અધિષ્ઠાનનાં અજ્ઞાનમાંથી જ થાય છે, પરંતુ પોતાની સમક્ષ સતત દેખાતા, અનાત્મા એવા શરીર પ્રત્યે સાધકને **'મમ'**-ભાવ, **"અહં"**-ભાવ થાય છે; પરિણામે, એનો "હું" (Ego) જ એને સ્વાંગ ઘેરી વળે છે અને પોતાના જ સર્જક આત્માને, સાધક નજર સામેથી, તિરોહિત—આચ્છાદિત કરી દે છે, અને અંતે "હું કર્તા છું, હું ભોક્તા છું, હું સુખી છું, હું સમર્થ છું", – એવા **"અહં"**-ભાવમાં જ, સાધક, સતત રમમાણ રહે છે ! આ 'અહંકાર' જ એના આત્માનાં સ્થાને આરૂઢ બની થઈ જાય છે.

શ્લોકમાં યોજાયેલી સરખામણી (Comparison) જેટલી સચોટ છે, એટલી જ પ્રબળ અને પ્રતીતિજનક છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૪૪)

૧૪૫

कवलितदिननाथे दुर्दिने सान्द्रमेधै-
र्व्यथयति हिमझंझावायुरुग्रो यथैतान् ।
अविरततमसात्मन्यावृते मूढबुद्धि
क्षपयति बहुदुःखैस्तीव्रविक्षेपशक्तिः ॥ १४५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :—

કવલિતદિનનાથે દુર્દિને સાન્દ્રમેઘૈ-
ર્વ્યથયતિ હિમઝંઝાવાયુરુગ્રો યથૈતાન્ ।
અવિરતતમસાત્મન્યાવૃતે મૂઢબુદ્ધિં
ક્ષપયતિ બહુદુઃખૈસ્તીવ્રવિક્ષેપશક્તિઃ ॥ ૧૪૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :— દુર્દિને સાન્દ્રમેઘૈઃ કવલિતદિનનાથે (સતિ), યથા ઉગ્રઃ હિમઝંઝાવાયુઃ એતાન્ (સર્વાન્ લોકાન્) વ્યથયતિ, (તથા) અવિરતતમસા આત્મનિ આવૃતે (સતિ), તીવ્રવિક્ષેપશક્તિઃ મૂઢબુદ્ધિં બહુદુઃખૈઃ ક્ષપયતિ ॥ ૧૪૫ ॥

શબ્દાર્થ :– **यथा... तथा** (જેમ.... તેમ, જેવી રીતે... તેવી રીતે) એવા શબ્દપ્રયોગો વડે, શ્લોકમાં, **બે** વિધાનોની સરખામણી કરવામાં આવી છે. **પહેલું** વિધાન છે, **यथा उग्रः हिमझंझावायुः एतान् (सर्वान् लोकान्) व्यथयति** । **हिमझंझावायुः** એટલે ટાઢો–ઠંડો વંટોળિયો, વંટોળ, ઝંઝાવાતી પવન, વાયરો. એ વંટોળ કેવો છે ? **उग्रः** તોફાની, પ્રચંડ, સખત, પ્રબળ, **एतान् (सर्वान् लोकान्)** આ સૌ લોકોને, બધાં માણસોને. શું કરે છે ? **व्यथयति** - અકળાવી મૂકે છે, હેરાન-પરેશાન કરે છે, વ્યથા પહોંચાડે છે, વ્યથિત કરે છે. એ વંટોળ આવું ક્યારે, કરે છે ? **दुर्दिने सान्द्रमेघैः कवलितदिननाथे (सति)** । બધા શબ્દોને સપ્તમી વિભક્તિમાં મૂકીને સમય દર્શાવતી આ **"सति-सप्तमी"**-વાક્યરચના છે. **दुर्दिन** એટલે એવો દિવસ, જ્યારે ધૂળકોટથી છવાઈ ગયેલાં અંધારાંથી બધું કાળું ધબ્બ બની ગયું હોય, A rainy-cloudy-stormy day. આમ તો, આ કારણે, સંસ્કૃત ભાષામાં, 'દુર્ભાગી' - 'કમનસીબ દિવસ' અથવા 'અશુભ સમય' માટે આ 'દુર્દિન' શબ્દ રૂઢ થઈ ગયો છે, પરંતુ અહીં તો આ શબ્દ એના સામાન્ય શાબ્દિક અર્થમાં જ પ્રયોજાયો છે. આવો 'દુર્દિન' શાને કારણે, શું થતાં, બની ગયો છે ? **सान्द्रमेघैः** ઘાટાં વાદળાંઓને કારણે, ઘટાટોપ કરી રહેલાં વાદળાંઓને કારણે, અને **कवलितदिननाथे. दिननाथ** એટલે સૂર્ય. સૂર્ય ઊગવાથી જ દિવસ અસ્તિત્વમાં આવતો હોવાથી, સંસ્કૃત ભાષામાં, 'સૂર્ય' માટે **दिनकर, दिनेश** જેવા શબ્દો બન્યા છે. **कवल** એટલે કોળિયો, A mouthful. આ શબ્દના નામક્રિયાપદ(**कवलयति**)નું કર્મણિ ભૂતકૃદતનું રૂપ,— **कवलित**, - એટલે 'કોળિયો થઈ જવો (Swallow). કોઈ પણ વસ્તુનો કોળિયો થઈ જાય, એનો અર્થ એ કે તે વસ્તુ અદશ્ય થઈ ગઈ, દેખાતી બંધ થઈ ગઈ; અહીં, 'સૂર્યનો કોળિયો થઈ ગયો', એટલે સૂર્ય દેખાતો બંધ થઈ ગયો, વાદળાંના ઘટાટોપને કારણે સૂર્ય દેખાતો બંધ થઈ ગયો, ઢંકાઈ ગયો. આવું બને ત્યારે પેલો ઉગ્ર ઠંડો વંટોળિયો, સ્વાભાવિક રીતે જ, સહુને અકળાવી મૂકે.

હવે, જેમ આવું બને છે, તેમ બીજું શું બને છે ? **तीव्रविक्षेपशक्तिः मूढबुद्धिं बहुदुःखैः क्षपयति** । **तीव्रविक्षेपशक्ति** એટલે રજોગુણની પેલી પૂર્વોક્ત **"विक्षेपशक्ति"**. એ કેવી છે ? **तीव्र** એટલે સખત, બળવાન, પ્રચંડ. એ શું કરે છે ? **क्षपयति** હેરાન કરે છે, તકલીફ ઊભી કરે છે. કોને ? **मूढबुद्धिं** - મૂઢ મનુષ્યને, વિવેક વિનાના મૂર્ખ માણસને. શાના વડે ? **बहुदुःखैः** બહુ પ્રકારનાં દુઃખો વડે. આવું તે વિક્ષેપશક્તિ ક્યારે કરે છે ? **अविरततमसा आत्मनि आवृते (सति)** । આ પહેલાંનાં વાક્યની જેમ જ, અહીં, આ પણ, પેલો 'સતિ-સપ્તમી'નો પ્રયોગ છે, - જે સમય દર્શાવે છે. **आत्मनि आवृते सति** (આત્મા) જીવાત્મા જ્યારે 'આવૃત' થઈ જાય, જ્યારે એનું 'આવરણ' થઈ જાય, જ્યારે ઢંકાઈ જાય. શાનાં વડે ઢંકાઈ જાય ?

अविरततमसा. अविरत એટલે 'અટક્યા વિના', 'સતત', Continuous, ગાઢ તમોગુણ વડે, તમોગુણનાં સતત આવરણ વડે.

સૂર્ય ઢંકાઈ જતાં જેમ પેલો વંટોળિયો સહુને અકળાવી મૂકે, તેમ રજોગુણની વિક્ષેપશક્તિ વિવેકહીન મનુષ્યને હેરાન કરે છે. (૧૪૫)

અનુવાદ :– ઘટાટોપ કરી રહેલાં વાદળાંને કારણે અંધકારમય બની ગયેલા દિવસે, સૂર્ય ઢંકાઈ જતાં, ઠંડો વંટોળિયો જેમ આ(સહુ લોકો)ને પરેશાન કરી મૂકે છે તેમ જ, તમોગુણનાં ગાઢ આવરણથી આત્મા ઢંકાઈ જાય ત્યારે, તીવ્ર બનેલી વિક્ષેપશક્તિ વિવેકહીન મૂઢ મનુષ્યને અનેક પ્રકારનાં દુઃખો વડે હેરાન કરે છે.(૧૪૫)

ટિપ્પણ :– આત્મસાક્ષાત્કાર કરીને મોક્ષ મેળવવાની કારકિર્દી અપનાવનાર સાધકની જિંદગી તો 'ખાંડાની ધાર' જેવી છે. તેણે તો સતત સભાન અને સાવધ રહેવું જ પડે, એમાં જરા પણ ભૂલચૂક થાય તો, પેલી કહેવત પ્રમાણે, 'કરી કમાણી એળે જાય !'

જીવનનું એકમાત્ર અને અંતિમ ધ્યેય જો 'મુક્તિ'ની પ્રાપ્તિ હોય તો, કશું પણ 'બંધન'કારક તો એને પોસાય જ નહીં ! આત્માનું એનું દર્શન સદા સ્વચ્છ, સ્પષ્ટ અને નિર્મળ જ રહેવું જોઈએ, આવો આત્મા જ સતત એની દૃષ્ટિ સમક્ષ રહેવો જોઈએ, આત્મા સર્વદા 'અનાવૃત' અને 'અ-વિક્ષિપ્ત' રહેવો જોઈએ. આમાં ક્યાંય પણ કશીય કચાશ કે ચૂક થઈ જાય તો, આત્મા સિવાયનું જે કાંઈ સઘળું 'અનાત્મા' છે, તેના તરફ તે સાધક આસક્ત બની જાય, અને પછી તો એની વસ્તુસ્થિતિ માર્ગ-ભૂલેલા મુસાફર જેવી વિષમ અને વિપરીત બની જાય ! આવું 'બન્ધન' જ એની 'મુક્તિ'નું ખરું વિઘ્ન બની રહે.

આકાશમાં વાદળાંઓનો ઘન-ઘટાટોપ જામ્યો હોય, ઠંડા હિમ જેવો વંટોળિયો પૂર-ઝડપે વાતો હોય, અને ભર-બપોર હોવા છતાં, સૂર્ય સાવ ઢંકાઈ જતાં, ચારેકોર, બસ, અંધારું જ હોય અને એવી પરિસ્થિતિ, - મુંઝવણ અને અકળામણની - સર્વત્ર વ્યાપી ગઈ હોય, એવા સંજોગોમાં, ભૂલા પડેલા મુસાફરની કેવી હેરાનગતિ થાય ! એવી જ દયનીય દશા, ગાઢ તમોગુણથી, એની 'આવરણ'શક્તિથી, જેનો આત્મા ઢંકાઈ ગયો હોય, પોતાના જ આત્માનું સાધકને દર્શન જ ન થતું હોય, અને આટલું જાણે ઓછું હોય તેમ, રજોગુણની પ્રચંડ 'વિક્ષેપ'શક્તિ એની બુદ્ધિને ભ્રાંત, મૂઢ અને વિવેકહીન બનાવી રહી હોય, ત્યારે તેની બની રહે !

અંગ્રેજ ભક્ત-કવિ કાર્ડિનલ ન્યુમેન(Cardinal Newman)નાં, ગાંધીજીને પ્રિય એવાં ભજનમાં, કવિ ઈશ્વરને પ્રાર્થે છે તેમ :

'The night is dark and I am far from home, lead thou me on!' એના અનુવાદક કવિ શ્રીનરસિંહરાવ દીવેટિયા કહે છે તેમ, ધોળે દિવસે,

"દૂર પડ્યો નિજ ધામથી હું ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, મુજ જીવન-પંથ ઉજાળ !"

આવી જ અવદશા થાય, બાપડા એ સાધક જીવની અને એ તો, ખરેખર, એનાં જીવનનો સાચો 'દુર્દિન' (A raing day) જ બની જાય ! How pitliable ! Miserable !

શ્લોકનો છંદ : **માલિની (૧૪૫)**

૧૪૬

एताभ्यामेव शक्तिभ्यां बन्धः पुंसः समागतः ।
याभ्यां विमोहितो देहं मत्वात्मानं भ्रमत्ययम् ॥ १४६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

એતાભ્યામેવ શક્તિભ્યાં બન્ધઃ પુંસઃ સમાગતઃ ।
યાભ્યાં વિમોહિતો દેહં મત્વાત્માનં ભ્રમત્યયમ્ ॥ ૧૪૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– एताभ्यां शक्तिभ्यां (एव) पुंसः बन्धः समागतः, याभ्यां विमोहितः भूत्वा अयं (जीवात्मा, पुरुषः) देहं आत्मानं मत्वा (अस्मिन् संसारचक्रे) भ्रमति ॥ १४६ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : **पुंसः बन्धः समागतः** । પુરુષને, એટલે કે જીવને બંધન આવે છે, આવ્યું છે. આ બંધન કોના વડે આવે છે ? **एताभ्यां शक्तिभ्यां एव** । અવિદ્યાની, રજોગુણ-તમોગુણની, 'વિક્ષેપ' અને 'આવરણ'ની આ બે શક્તિઓને કારણે જ. તેના વડે બીજું શું પરિણામ આવે છે ? **याभ्यां विमोहितः अयं (पुरुषः) देहं आत्मानं मत्वा (अस्मिन् संसारचक्रे) भ्रमति** । જેના વડે અત્યંત મોહિત થઈને, વિમૂઢ બનીને, આ માણસ, આ જીવાત્મા, સ્થૂળ દેહને આત્મા માનીને, સમજીને (આ સંસારચક્રમાં) ભમ્યા કરે છે, ભટક્યા કરે છે, રખડ્યા કરે છે, અટવાતો રહે છે. (૧૪૬)

અનુવાદ :– (અવિદ્યાની) આ બે શક્તિઓનાં કારણે જ પુરુષને બંધન આવ્યું છે, જેના વડે વિમૂઢ બનીને આ (જીવાત્મા, પુરુષ) (સ્થૂળ) દેહને આત્મા માનીને (સંસારમાં) ભમ્યા કરે છે. (૧૪૬)

ટિપ્પણ :– આ આખી ચર્ચા શરુ થઈ ત્યારે, શિષ્યે સદ્‌ગુરુને સવાલ પૂછ્યો હતો (શ્લોક-૫૧) કે -

को नाम बन्धः कथमेष आगतः ॥

'બંધન, ખરેખર, શું છે ? કોને કહેવાય ? અને આ બંધન ક્યાંથી આવ્યું છે ?'

'એનો' સીધો જવાબ આ શ્લોકમાં આપવામાં આવ્યો છે કે તમોગુણની

'આવરણ'શક્તિ અને રજોગુણની 'વિક્ષેપ'શક્તિ, આ બે શક્તિઓનાં કારણે જ મનુષ્યને બંધન આવ્યું છે, અને આનાં પરિણામે જ તે વિમૂઢ બને છે, 'અનાત્મા' એવા સ્થૂળ દેહને તે આત્મા માની-સમજી બેસે છે. અનાત્માને તે 'આત્મા' માને, પછી એનું બીજું શું પરિણામ આવે ? એને મોક્ષ કેમ મળી શકે ? એને તો, પછી, જ્યાં સુધી એનો મોહ ન ટળે અને ગીતામાંના અર્જુનની જેમ, મોક્ષાર્થી તરીકેના એના સાચા મૂળભૂત ધર્મનું સ્મરણ ન થાય, –

नष्टो मोहः स्मृतिर्लब्धा... (૧૮, ૭૩)

ત્યાં સુધી, આ સંસાર-ભવાટવીનાં ચક્રમાં, અહીં-તહીં ભટક્યા કરવાનું જ રહે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૪૬)**

૧૪૭

बीजं संसृतिभूमिजस्य तु तमो देहात्मधीरंकुरो
रागः पल्लवमम्बु कर्म तु वपुः स्कन्धोऽसवः शाखिकाः ।
अग्राणीन्द्रियसंहतिश्च विषयाः पुष्पाणि दुःखं फलं
नानाकर्मसमुद्भवं बहुविधं भोक्ताऽत्र जीवः खगः ॥१४७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

બીજં સંસૃતિભૂમિજસ્ય તુ તમો દેહાત્મધીરંકુરો
રાગઃ પલ્લવમમ્બુ કર્મ તુ વપુઃ સ્કન્ધોઽસવઃ શાખિકાઃ ।
અગ્રાણીન્દ્રિયસંહતિશ્ચ વિષયાઃ પુષ્પાણિ દુઃખં ફલં
નાનાકર્મસમુદ્ભવં બહુવિધં ભોક્તાઽત્ર જીવઃ ખગઃ ॥ ૧૪૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– तमः संसृति-भूमिजस्य तु बीजं, देहात्मधीः अंकुरः, रागः पल्लवं, कर्म अम्बु, वपुः तु स्कन्धः, असवः शाखिकाः, इन्द्रियसंहतिः अग्राणि, विषयाः पुष्पाणि, नानाकर्मसमुद्भवं बहुविधं दुःखं फलं, अत्र (अस्मिन् संसारवृक्षे) भोक्ता जीवः खगः (अस्ति, भवति, वर्तते) ॥ १४७ ॥

શબ્દાર્થ :– આ શ્લોકમાં સંસારને વૃક્ષનું રૂપક (Metaphor) આપીને, એ વૃક્ષનાં વિવિધ અંગોનું, તેનાં કારણો સહિત, તે વૃક્ષનું સવિસ્તર અને સાંગ (સ-અંગ) વર્ણન કરવામાં આવ્યું છે.

संसृति એટલે સંસાર, सम् (સૃ) એટલે સરવું, સર્યા કરું, ફેલાયા કરવું, To spread, - એ ધાતુ પરથી જ 'સંસૃતિ' અને 'સંસાર', એ બે શબ્દો બન્યા છે, એ સૂચક છે. 'સસાર' (World, worldly life) એટલે જ તે જે અટક્યા વિના, બસ, પ્રસર્યા જ કરે છે, ફેલાયા જ કરે છે ! भूमिज એટલે 'ભૂમિ'(જમીન)માં જે ઊગે છે તે, - વૃક્ષ.

હવે, આ સંસાર-રૂપી વૃક્ષનાં, 'સંસાર-વૃક્ષ'નાં વિવિધ અંગો અને એમનાં કારણોની વીગતો જોઈએ : આ વૃક્ષનું બી(બીજ,seed) **बीजं** શું છે ? **तमः** એટલે અંધકાર, - એટલે કે અજ્ઞાન (Ignorance). તત્ત્વજ્ઞાનમાં 'અજ્ઞાન'ને અંધકાર અને 'જ્ઞાન'ને પ્રકાશ માનવામાં આવે છે. આ સંસારવૃક્ષ અજ્ઞાનરૂપી બીજમાંથી ઊગ્યું છે. આ વૃક્ષનો અંકુર શું ? **देह-आत्मा-धीः** । સ્થૂળ શરીરને જ આત્મા માનવાની સમજણ (**धीः** એટલે બુદ્ધિ). આવી સમજણ, ખોટી સમજણ, સ્થૂળ-શરીરમાં આત્મ-બુદ્ધિ, એ જ આ વૃક્ષનો 'અંકુર', ફણગો, a sprout. અને એનું થડ (**स्कन्ध**) શું ? **वपुः** શરીર, દેહ એ જ થડ. પાંદડાં (**पल्लवाः**) ક્યાં ? **रागः**- વાસના, અનુરાગ, આસક્તિ, Passion, emotion. એ ક્યાં જળથી ઊગે છે ? **कर्म**, સારાં-નરસાં કર્મો એ જ વૃક્ષ માટેનું પાણી, અને ડાળીઓ (**शाखाः, शाखिकाः**) ? **असवः** । અસુ એટલે પ્રાણ. પ્રાણ પાંચ હોવાથી એનું બહુવચન. પ્રાણ-અપાન વગેરે પાંચ પ્રાણો એ જ આ વૃક્ષની ડાળીઓ. ડાળીઓ હોય એટલે એના અગ્રભાગો, ટોચો પણ (**अग्राणि**) હોય, એ શું છે ? **इन्द्रियसंहतिः** । **संहतिः** એટલે સમુદાય. કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય વગેરે ઇન્દ્રિયોનો સમૂહ એ જ અગ્રભાગો, અને એનાં ફૂલો (**पुष्पाणि**) ? **विषयाः** શબ્દ, સ્પર્શ વગેરે ઇન્દ્રિયોની વિષયવાસનાઓ, વિષયો એ જ આ વૃક્ષનાં પુષ્પો. વળી, વૃક્ષ હોય એને ફળ પણ હોવું જોઈએ, એ શું છે ? **नाना** એટલે અનેક, અનેક કર્મોથી ઉત્પન્ન થયેલું, ઘણાં પ્રકારનું દુઃખ (**नानाकर्मसमुद्भवं बहुविधं दुःखं**) એ જ આ વૃક્ષનું 'ફળ'. વૃક્ષ ઉપર ઊગતાં ફળોને ખાનારો, ભોગવનાર (**भोक्ता**) પક્ષી (**खगः**) કોણ ? તો કે બીજું કોણ ? (**अयं**) **जीवः**, આ જીવ, જીવાત્મા. **अत्र**, - અહીં, સંસારરૂપી આ વૃક્ષમાં. સંસારરૂપી આ વૃક્ષનાં આ બધાં વિવિધ અંગો ને કારણો. (૧૪૭)

અનુવાદ :– સંસારરૂપી આ વૃક્ષનું બીજ અજ્ઞાન છે, એનો અંકુર એટલે શરીરમાં આત્મબુદ્ધિ, એનાં પાંદડાં રાગ છે, એનાં માટેનું જળ એટલે કર્મ, શરીર એ જ થડ, પ્રાણો એની શાખાઓ છે, ઇન્દ્રિયોનો સમુદાય એ જ એના અગ્રભાગો, વિષયો એ જ એનાં પુષ્પો, અનેક કર્મો વડે ઉત્પન્ન થયેલું, ઘણા પ્રકારનું, દુઃખ એ એનું ફળ છે અને અહીં (આ સંસારરૂપી વૃક્ષમાં) જીવ એ જ ફળનો ભોગવનાર પક્ષી છે. (૧૪૭)

ટિપ્પણ :– આ સંસારરૂપી વૃક્ષનાં રૂપકાત્મક વર્ણનની વીગતો પરથી એક હકીકત નિશ્ચિત થાય છે કે જીવાત્મારૂપી પક્ષી આ સંસારવૃક્ષ પર બેસીને, પોતાનાં સારાં-નરસાં કર્મનાં સુખ-દુઃખરૂપી ફળને ભોગવે છે. આધ્યાત્મિક ગ્રંથોમાં, સંસારને વૃક્ષની ઉપમા આપવાની પરંપરા પ્રાચીન છે :-

(૧) કઠ-ઉપનિષદમાં, આ સંસારને ઊંચા મૂળવાળાં, નીચી શાખાઓવાળાં અને ચિરકાળથી પ્રવૃત્ત થયેલા પીપળા(અશ્વત્થ)નાં વૃક્ષનું રૂપક આ પ્રમાણે આપવામાં આવ્યું છે :

ऊर्ध्वमूलः अवाक्शाखः एषः अश्वत्थः सनातनः ॥ (३,१)

(२) મુંડક ઉપનિષદમાં તો, આથી આગળ વધીને, આ સંસાર અથવા શરીરને જ વૃક્ષનું રૂપક આપવામાં આવ્યું છે, જેના પર જીવાત્મા અને પરમાત્મા એવાં હંમેશાં સાથે રહેનારાં, બે મિત્રો બનેલાં, પંખીઓ રહે છે, અને તેમાંનું એક, એટલે કે જીવાત્મારૂપી પંખી, આ વૃક્ષનું સ્વાદિષ્ઠ પિપ્પલ-ફળ ખાય છે અને પરમાત્મારૂપી બીજું પંખી ખાતું નથી, પરંતુ ખાઈ રહેલાં પેલાં બીજાં પંખીને સાક્ષીભાવે જોયા કરે છે :

द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।
तयोः अन्यः पिप्पलं स्वादु अत्ति
अनश्नन् अन्यः अभिचाकशीति ॥ ३, १ ॥

અને ગીતામાં, ઉપનિષદોનાં ઉપર્યુક્ત રૂપકના આધારે જ, સંસારનું, અશ્વત્થ-વૃક્ષ તરીકે, આવું વર્ણન આપવામાં આવ્યું છે :

ऊर्ध्वमूलं अधःशाखं अश्वत्थं प्राहुः अव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यः तं वेद स वेदवित् ॥ १५, १ ॥

(४) ગીતા જેનો ભાગ છે, એવા મહાભારતમાં પણ આવાં જ એક બ્રહ્મવૃક્ષનું વર્ણન મળે છે. (અશ્વમેધપર્વ ૪૭,૧૨-૧૫)

કોઈ પણ વસ્તુનું રૂપકાત્મક રીતે વર્ણન કરવું, એ તો માત્ર એક સાહિત્યિક યુક્તિ-પ્રયુક્તિ છે, પરંતુ એનો કશો મહિમા નથી. અહીં આ વર્ણનમાંથી પણ મહત્ત્વની જે વાત નિષ્પન્ન થવી જોઈએ તે તો એ છે કે મુંડક ઉપનિષદમાંનાં ઉપર્યુક્ત સંસારવૃક્ષનાં વર્ણનમાં, તે વૃક્ષનું સ્વાદિષ્ઠ ફળ ખાતું, અને તે ફળનાં સ્વાદની આસક્તિમાં સતત રાચતું જીવાત્મા-નામનું જે પક્ષી છે, તેણે તે જ વૃક્ષ પરના પોતાના પરમ-મિત્ર અને ફળના અ-ભોક્તા છતાં પોતાને સતત સાક્ષીભાવે જોયા કરતા પરમાત્મા સાથે ઐક્ય સાધી લેવું જોઈએ. 'હું જીવાત્મા નથી, પરંતુ મારો સતત સાક્ષી એવો એ પરમાત્મા જ હું છું' - એવી પ્રતીતિ જ સંસારનાં બંધનમાંથી મુક્ત થવાનો એકમાત્ર ઉપાય છે. સંસારનાં રૂપકાત્મક (Metaphorical) વર્ણનની એકમાત્ર અને આત્યંતિક ફલશ્રુતિ પણ આ જ છે.

શ્લોકનો છંદ : શાર્દૂલવિક્રીડિત (૧૪૭)

૧૪૮

अज्ञानमूलोऽयमनात्मबन्धो
नैसर्गिकोऽनादिरनन्त ईरितः ।
जन्माप्ययव्याधिजरादिदुःख-
प्रवाहपातं जनयत्यमुष्य ॥ १४८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

અજ્ઞાનમૂલોઽયમનાત્મબન્ધો
નૈસર્ગિકોઽનાદિરનન્ત ઈરિતઃ ।
જન્માપ્યયવ્યાધિજરાદિદુઃખ-
પ્રવાહપાતં જનયત્યમુષ્ય ॥ ૧૪૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– અજ્ઞાનમૂલઃ અયં અનાત્મબન્ધઃ નૈસર્ગિકઃ અનાદિઃ અનન્તઃ (ઇતિ) ઈરિતઃ, યઃ અમુષ્ય (જીવસ્ય) જન્મ-અપ્યય-વ્યાધિ-જરા-આદિ-દુઃખપ્રવાહપાતં જનયતિ ॥ ૧૪૮ ॥

શબ્દાર્થ :– મુખ્ય વાક્ય છે : અજ્ઞાનમૂલઃ અયં અનાત્મબન્ધઃ નૈસર્ગિકઃ અનાદિઃ અનન્તઃ (ઇતિ) ઈરિતઃ । અનાત્મબન્ધઃ એટલે અનાત્માએ કરેલું, સર્જેલું, ઊભું કરેલું આ (અયં) બંધન, એટલે કે દેહ-ઈન્દ્રિયો વડે થતું આ બંધન. આ બંધન કેવું છે ? અજ્ઞાનમૂલઃ અજ્ઞાનમાંથી ઉદ્‌ભવેલું, ઉત્પન્ન થયેલું, અજ્ઞાનરૂપી મૂળવાળું. આ બંધન કેવું કહેવાય (ઈરિતઃ) છે. નૈસર્ગિકઃ સ્વાભાવિક, અનાદિઃ અનાદિ (Beginningless), અનન્તઃ- અનંત, અંતવિહોણું (Endless), ટૂંકમાં, આ બંધન સહજ અને સ્વાભાવિક (Natural), એની મેળે, આપોઆપ ઉત્પન્ન થયેલું છે, અનાદિ છે, અનંત છે. પરંતુ આ બંધન આ (અમુષ્ય) જીવાત્માને શી હાનિ પહોંચાડે છે ? શું નુકશાન કરે છે ? એના માટે શી અને કેવી તકલીફો ઊભી કરે છે ? આટલી તકલીફો : જન્મ, મરણ (અપ્યય), વ્યાધિ (રોગો), ઘડપણ, - વગેરે દુઃખોના પ્રવાહમાં પાડે છે, એવાં પતન(પાત)નું કામ કરે છે, એવી ખરાબ કામગીરી સર્જ્યા કરે છે (જનયતિ), જીવાત્મા માટે આવા અનર્થોની પરંપરા સર્જ્યા કરે છે, આવાં અનેક દુઃખોના પ્રવાહમાં જીવાત્માને ધકેલ્યા કરે છે. (૧૪૮)

અનુવાદ :– અજ્ઞાનમાંથી ઉદ્‌ભવેલું (જીવનું) આ, અનાત્માએ કરેલું બંધન, સ્વાભાવિક, અનાદિ અને અનંત છે, એમ કહેવાય છે, - જે, આ જીવાત્માને જન્મ, મરણ, રોગ, વૃદ્ધાવસ્થા વગરે દુઃખોના પ્રવાહમાં પાડ્યા કરે છે. (૧૪૮)

ટિપ્પણ :– શિષ્યે પૂછેલા પ્રશ્નની જે ચર્ચા ચાલી રહી છે, તેમાં બંધનનું લક્ષણ (Definition) અને એનાં કારણો સદ્‌ગુરુએ સમજાવ્યાં. હવે, આ શ્લોકમાં એનાં સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

એમાં સૌપ્રથમ, પાયાની (Fundamental) અને ખૂબ મહત્ત્વની વાત, - સાધકે જેને હંમેશ યાદ રાખવી જોઈએ તેવી, - એ છે કે દેહ, ઈન્દ્રિયો વગેરેએ ઊભાં કરેલાં આ બંધન, - એટલે કે, અનાત્માને આત્મા માની બેસવાથી ઉદ્‌ભવેલાં બંધનનું મૂળ અજ્ઞાનમાં રહેલું છે. અને અજ્ઞાન તો સંસ્કારગત છે, એટલે તે, આપોઆપ, એની મેળે, સહજ-સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થાય છે, - કશા જ ખાસ પ્રયત્નો વિના. આવું બંધન ક્યારે ઉત્પન્ન થયું ? એની શરૂઆત (આદિ)

ક્યારે થઈ ? આની ખબર કોઈને નથી, તેથી તે 'अनादिः' (अन्-'आदि') છે, અને એનો અંત ક્યારે આવશે ? એ પણ કોઈ જાણતું નથી, તેથી તે 'अनन्तः' (अन्+अंत) પણ છે.

અહીં સાધક સમક્ષ એક મુંઝવણ ઊભી થાય છે : આ બંધન જો 'અનાદિ' અને 'અનંત' હોય તો તો મુક્તિનો સંભવ જ ન રહે. અને મુક્તિ ભલે દુર્લભ (Difficult) છે, પરંતુ શાસ્ત્રોમાં એને અશક્ય (Impossible) કહેવામાં આવી નથી.

તો પછી, આનો ઉપાય શો ? એ જ, અને એક જ, કે જો બંધનનું મૂળ 'અજ્ઞાન' હોય તો, એ મૂળનો જ નાશ કરવો રહ્યો, - પછી તો, **मूलं नास्ति कुतः शाखाः** અને 'અજ્ઞાન'નું એક જ નિવારણ, 'જ્ઞાન'ની - આત્મજ્ઞાનની પ્રાપ્તિ ! - જેના જેવું પવિત્ર આ સમગ્ર વિશ્વમાં કશું જ નથી, - એમ સ્વયં **ગીતા**એ જ કહ્યું છે :

न हि ज्ञानेन सदृशं पवित्रं इह विद्यते ॥ (૪, ૩૮)

જે મુમુક્ષુ હોય, તે એટલો તો સુજ્ઞ અને સમજુ તો હોય જ કે જે 'જન્મે' તેનો નાશ જો હોય, - **जातस्य हि ध्रुवो मृत्युः** (ગીતા, ૨,૨૭), તો એને 'જન્મ' આપનાર અજ્ઞાનનું પણ 'મૃત્યુ' હોય જ ! અને એનું નિશ્ચિત (ધ્રુવઃ) 'મૃત્યુ' એટલે 'આત્મજ્ઞાન'

આત્મજ્ઞાનની પ્રાપ્તિ, એટલે અજ્ઞાનની નિર્મૂળતા, અને એનું શુભ પરિણામ એટલે બંધનનો નાશ ! અને પછી તો, જન્મ–મૃત્યુ–જરા–વ્યાધિ વગેરે અનર્થ–પરંપરાને કશો અવકાશ જ ન રહે ! અને એના અવકાશથી જ શક્ય બનતો પેલો દુઃખપ્રવાહ-પ્રપાત !

આ બધી જ જંજાળ, પછી તો, સંપૂર્ણતઃ અશક્ય, અસંભવિત, અનવકાશ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૪૮)

૧૪૯

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना
छेत्तुं शक्यो न च कर्मकोटिभिः ।
विवेकविज्ञानमहासिना विना
धातुः प्रसादेन सितेन मंजुना ॥ १४९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

नास्त्रैर्न शस्त्रैरनिलेन वह्निना
छेत्तुं शक्यो न च कर्मकोटिभिः ।
विवेकविज्ञानमहासिना विना
धातुः प्रसादेन सितेन मंजुना ॥ १४९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– न अस्त्रैः, न शस्त्रैः, न अनिलेन, न वह्निना, न

च कर्मकोटिभिः, (अपि तु) धातुः प्रसादेन (प्रसादरूपेण) सितेन मंजुना विवेकविज्ञान-महासिना विना (अयं बन्धनरूपः अनर्थः) छेत्तुं शक्यः न (अस्ति) ॥ १४९ ॥

शब्दार्थ :– અજ્ઞાનરૂપી મૂળમાંથી ઉદ્‌ભવેલાં આ બંધનરૂપી અનર્થને કાપી નાખવાનું, એને છેદી નાખવાનું (**छेत्तुं**) શક્ય શાથી થાય ? એ સવાલનો જવાબ આ શ્લોકમાં આપવામાં આવ્યો છે.

આ બંધન મુમુક્ષુ સાધક માટે વિનાશરૂપ તો છે જ. આવી વિનાશક વસ્તુને છેદવા માટેનાં, એનાં છેદન માટેનાં, કેટલાંક જાણીતા સાધનો અને હથિયારો-(Weapons)ની શક્યતાની, સફળતાની અહીં ચર્ચા કરવામાં આવી છે.

अस्त्रैः એટલે એવાં હથિયારો, (બાણ વગેરે જેવાં), જેને દૂર રહેલા શત્રુઓ પર ફેંકી શકાય (**अस्** એટલે ફેંકવું, To throw એ ધાતુ પરથી બનેલો શબ્દ), અને **शस्त्रैः** એટલે એવાં હથિયારો, (તલવાર જેવાં), કે જેના વડે શત્રુઓને નજીકથી પણ હણી શકાય (**शस्** એટલે હણવું, To kill એ ધાતુ પરથી બનેલો શબ્દ).

હવે, અહીં તો શત્રુ છે, અજ્ઞાન, અને એમાંથી ઉદ્‌ભવેલું બંધન. એમાં આ અસ્ત્રો અને શસ્ત્રો શું કરી શકે ? સાવ નકામાં, નિરર્થક ! **न शक्यः** । એના વડે છેદવાનું શક્ય જ નથી. અને આવી જ અશક્યતા, છેદનની - પવન (**अनिलेन**), અગ્નિ (**वह्निना**) અને કરોડો કર્મો (**कर्मकोटिभिः**) માટેની. એ બિચારાં, આ બાબતમાં, શું કરી શકે ? આવી ચર્ચા જ અપ્રસ્તુત બની રહે.

તો પછી શું કરવું ? અજ્ઞાન અને બંધન, - હકીકતમાં તો, માત્ર એક અજ્ઞાન જ ! એવા શત્રુઓને હણવા શી રીતે ? છેદવા કેમ કરીને ?

આપણાં શાસ્ત્રો અને દર્શનો તો અતિભારપૂર્વક (Very emphatically) કહે છે કે અમારી પાસે તો આ અનર્થનાં છેદન માટેનું એક અમોઘ (કદી પણ નિષ્ફળ ન નીવડે એવું, Infallibe, un-erring) હથિયાર છે, - વિવેકવિજ્ઞાન રૂપી મોટી તલવાર ! (**विवेक-विज्ञानमहाअसिना**), અને આ 'તલવાર' (**असि**) જેટલી તીક્ષ્ણ-ધારદાર (**सितेन** Sharp) છે, એટલી જ સુંદર-મંગળ-નિર્મળ (**मंजुना**) પણ છે !

પરંતુ આવી તલવાર - (વિવેકજ્ઞાનરૂપી તલવાર) - મળે ક્યાં ? એનું પ્રાપ્તિસ્થાન ? એનું સરનામું ?

સાચા, સંનિષ્ઠ, શ્રદ્ધાસભર એવા સાધક માટે, એવા ભક્તજન માટે તો, આ તલવાર સાવ સુલભ ! અહીં જે કંઈ છે તેને ઉત્પન્ન કરનાર વિધાતાની, સર્જનહારની, ભગવાનની પવિત્ર કૃપા ! - **धातुः प्रसादेन** ।

ભક્તની ભીડ ભાંગનાર, એનું ભીડભંજક તત્ત્વ એક જ, અને તે છે ભગવત્કૃપા, ઈશ્વરપ્રસાદ, Divine Grace ! (૧૪૯)

अनुवाद :– (આ બંધન, આ અજ્ઞાન) ન અસ્ત્રો વડે, ન શસ્ત્રો વડે, ન પવન વડે, ન અગ્નિ વડે, પરંતુ વિધાતાની વિશુદ્ધ કૃપાથી સુલભ એવી ધારદાર

અને સુંદર વિવેકવિજ્ઞાનરૂપી સમર્થ તલવાર વડે જ છેદી શકાય છે ! (૧૪૯)

ટિપ્પણ :– આમ તો, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં, માત્ર શબ્દોના અર્થ જ નહીં પરંતુ અહીં, આ ટિપ્પણ-વિભાગમાં, જે કાંઈ સમાવિષ્ટ કરવાની જરૂર રહે, તે બધું જ કહી દેવામાં આવ્યું છે, તે છતાં ગ્રંથકારના પ્રભાવક એવાં, આ શ્લોકમાંનાં, નિરૂપણનું, થોડું વધુ રસદર્શન કરીએ.

આ પહેલાંના શ્લોકમાં, બંધનનાં મૂળમાં રહેલાં અજ્ઞાનનાં નાશ–નિવારણરૂપે આત્મજ્ઞાનનાં મહત્ત્વને અસરકારક રીતે અધોરેખાંકિત (Underline) કરવામાં આવ્યું જ છે, છતાં અહીં વધારાની, અને એટલાં જ મહત્ત્વની, જે એક વાત ઊમેરવામાં આવી છે, તે તો સર્વ પ્રકારની આધ્યાત્મિક-દાર્શનિક સાધનાની સિદ્ધિ માટે, પરાકાષ્ઠા (Climax) સ્વરૂપની છે.

ઈશ્વર-પ્રસાદ, પરમેશ્વરની પાવન કૃપા, એ કાંઈ ગાંડા–ઘેલા એવા ભક્તની વેવલી વાત નથી. અડગ-અતૂટ-ઊંડી-અંતસ્તલસ્પર્શી ઈશ્વરશ્રદ્ધામાંથી જ સુલભ એવી આ ઈશ્વર-કૃપાનો જેટલો મહિમા ભક્તને, એટલો જ મુમુક્ષુ સાધકને પણ છે, બલકે, હોવો જોઈએ, - એ શાશ્વત સત્ય પ્રત્યે આચાર્યશ્રીએ અહીં સહુ તત્ત્વચિંતકો અને દાર્શનિકોનું લક્ષ ખેંચ્યું છે. આપણાં ઉપનિષદોમાં, જીવ-જગત અને જગદીશને લગતી જે અને જેવી–જેટલી તત્ત્વ-ચર્ચા કરવામાં આવી છે, તે વિશ્વના કોઈ પણ ગ્રંથોમાં કરવામાં આવી નથી, - એ હકીકત તો હવે સહુ પાશ્ચાત્ય તત્ત્વચિંતકોએ પણ ઐક્યમત્યપૂર્વક (Unanimously) સ્વીકારી લીધી છે.

અને ઉપનિષદોના એ આર્ષદૃષ્ટા ઋષિમુનિઓએ જે તત્ત્વચિંતન નિરૂપ્યું છે, તેના પાયામાં પણ ઈશ્વરશ્રદ્ધા અને ઈશ્વરકૃપાની જરા પણ ઉપેક્ષા કરવામાં આવી નથી, એ પણ આ અનુસંધાનમાં ખૂબ પ્રસ્તુત અને સૂચક છે. અને આદ્ય શ્રીશંકરાચાર્ય પોતે ? ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર પરનાં તેમનાં ભાષ્યોનો સ્વાધ્યાય કરનાર વિદ્વાનો તો જાણે જ છે કે તેઓશ્રી કેટલાં મોટાં ગજાના તત્ત્વચિંતક છે. આવા આચાર્યશ્રી સ્વયં કેવા પરમશ્રદ્ધાળુ અને વિનમ્ર ઈશ્વરભક્ત છે, એની પ્રતીતિ તો એમનું પ્રત્યેક સ્તોત્ર કરાવે જ છે.

અને **ગીતા**માં પણ ઉપદેશ-પ્રયોજનની મુખ્ય ભૂમિકા ભલે કર્મ(અર્જુનને એનાં સ્વધર્મ સમા મુદ્દા તરફ પ્રેરવા)ની રહી, પરંતુ એ જ ભૂમિકા પર જ્ઞાન અને ભક્તિનો કેવો અનિવાર્ય એવો, સુભગ સમન્વય ! જ્ઞાન વિનાની ભક્તિનું હાર્દ જેમ કાચું, તેમ જ ભક્તિ વિનાનું જ્ઞાન પણ એટલું જ કોરું ! - આ જ એ સમન્વય-નિરૂપણનો હેતુ !

આત્મજ્ઞાનની ખોજમાં નીકળેલા મુમુક્ષુને ઈશ્વરશ્રદ્ધા અને ઈશ્વરકૃપા જેવી નમ્રતા અને નિર્બળતા પોસાય નહીં, એવું રખે કોઈ માની બેસે ! - એવી આશંકાના ભયનાં કારણે, આ બાબતમાં આટલું લંબાણ અને વિસ્તરણ જરૂરી બની ગયું.

શ્લોકનો છંદ : **ઈન્દ્રવંશા (૧૪૯)**

૧૫૦

श्रुतिप्रमाणैकमतेः स्वधर्म-
निष्ठा तयैवात्मविशुद्धिरस्य ।
विशुद्धबुद्धेः परमात्मवेदनं
तनैव संसारसमूलनाशः ॥ १५० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :–

श्रुतिप्रमाणैकमतिः स्वधर्म-
निष्ठा तयैवात्मविशुद्धरस्य ।
विशुद्धबुद्धेः परमात्मवेदनं
तनैव संसारसमूलनाशः ॥ १५० ॥

શ્લોકનો ગદ્ય અન્વય :– श्रुतिप्रमाणैकमतेः (मनुष्यस्य साधकस्य) स्वधर्मनिष्ठा (परिणमति), तया (स्वधर्मनिष्ठया) एव अस्य (साधकस्य) आत्मविशुद्धिः (संभवति), विशुद्धबुद्धेः (च तस्य) परमात्मवेदनं (भवति), तेन एव संसारसमूलनाशः (संभवति, भवति) ॥ १५० ॥

શબ્દાર્થ :– આત્મજ્ઞાનના સંશોધક માટે ઈશ્વરશ્રદ્ધા અને ઈશ્વરકૃપા, એ અગત્યની અને અનિવાર્ય (Indispensable) પૂર્વશરત છે, પૂર્વભૂમિકા છે, એવું નિરૂપણ છેલ્લા શ્લોકમાં કરવામાં આવ્યું, તેનું જ સમર્થન અહીં કરવામાં આવ્યું છે.

સંસારના, એટલે કે સાંસારિક જીવનવ્યવહારના, સમૂળ, એનાં મૂળમાંથી, એટલે કે સંપૂર્ણ નાશ(संसार-समूल-नाश)ની આધારશિલા પરમાત્માનું જ્ઞાન(परमात्मवेदनं) છે, પરંતુ આ માટે, સાધક માટે (अस्य साधकस्य), બુદ્ધિની અત્યંત શુદ્ધિ આવશ્યક છે (विशुद्धबुद्धि), પણ સ્વ-ધર્મ-નિષ્ઠા વિના આ શક્ય જ નથી (स्वधर्मनिष्ठा, तया एव). અને આ સ્વધર્મનિષ્ઠાની પ્રાપ્તિ તો એવા સાધક માટે જ શક્ય બને, જેને શ્રુતિરૂપી પ્રમાણમાં પાકો અને પૂરો વિશ્વાસ હોય (श्रुति-प्रमाण-एकमतेः एव).

આમ, આત્મજ્ઞાન-પ્રાપ્તિની સિદ્ધિની યાત્રાએ નીકળેલા સાધક માટે પાયાની જરૂરિયાત, શ્રુતિ-પ્રમાણમાંની તેની પરિપક્વ અને વિશ્વાસપૂર્ણ બુદ્ધિ, એ બાબત પર આવીને અટકે છે. (૧૫૦)

અનુવાદ :– શ્રુતિ-પ્રમાણમાં પરિપક્વ બુદ્ધિવાળા(સાધક)ને પોતાના ધર્મમાં નિષ્ઠા થાય છે અને તે(નિષ્ઠા)થી જ આ(સાધક)ની બુદ્ધિની (આત્માની, અંતઃકરણની) શુદ્ધિ થાય છે; વિશુદ્ધ બુદ્ધિવાળા જીવાત્માને પરમાત્માનું જ્ઞાન થાય છે, અને તે જ્ઞાનથી જ સંસારનો, તેનાં મૂળસહિત, નાશ સંભવિત બને છે. (૧૫૦)

ટિપ્પણ :– મુમુક્ષુ સાધક માટેની આવશ્યક એવી અનેક સિદ્ધિઓની પરંપરામાં,

એક પછી એક, ક્રમિક, ઉત્તરોત્તર સિદ્ધિઓનું નિરૂપણ આ શ્લોકમાં કરવામાં આવ્યું છે. તેમાં જે અંતિમ અને અત્યંત મહત્ત્વની વાત છે તે, શ્રુતિ-પ્રમાણમાંનો તેનો, સાધકનો વિશ્વાસ છે.

પ્રમાણોની આ વાત જરા સમજવા જેવી છે. કોઈ પણ જ્ઞાનની પ્રાપ્તિ માટે, ન્યાય-વૈશેષિક દર્શનોમાં, એની પ્રમાણભૂતતા(Authority, Authorisation)ની ચર્ચા કરવામાં આવી છે.

અહીં મૂળ અને મુખ્ય મુદ્દો આત્માનાં જ્ઞાનનો છે. આવું જ્ઞાન મળે ત્યારે, એને ચકાસવાની જરૂર છે કે તે જ્ઞાન, એ સાચું જ્ઞાન છે ?

પરંતુ આની સાબિતી શી ? એની ચકાસણી (Scrutiny) કરવી કેવી રીતે ? આવી સાબિતી માટે, ચકાસણી માટે, પરીક્ષા માટે, દર્શનશાસ્ત્રમાં **ચાર** 'પ્રમાણો' આ પ્રમાણે નક્કી કરવામાં આવ્યાં છે :

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ અથવા શ્રુતિ

(૧) **પ્રત્યક્ષ પ્રમાણ** : 'હું ઘડો જોઉં છું (**अहं घटं पश्यामि**)' । એમ કોઈ કહે તો, ઘડા વિશેનું એનું જ્ઞાન સાચું, અસંદિગ્ધ અને સચોટ એટલા માટે બને છે કે ઘડો એની સામે જ છે, અને જોવા માટેની એની જ્ઞાનેન્દ્રિય એટલે કે આંખ ઘડા સાથે જોડાયેલી છે. ઘટ-જ્ઞાનની પ્રમાણભૂતતા માટેનું આ પ્રમાણ એટલે **પ્રત્યક્ષ** પ્રમાણ.

(૨) **અનુમાન-પ્રમાણ** : 'આ પર્વત પર અગ્નિ છે' (**अयं पर्वतः वह्निमान्**) એમ કોઈ કહે તો આપણે તેને તરત પૂછીએ કે 'ભાઈ, ત્યાં અગ્નિ તો દેખાતો નથી, તું શાના આધારે કહી શકે છે કે ત્યાં અગ્નિ છે ?' એટલે પેલો તરત જવાબ આપે કે 'ત્યાં ધૂમાડો દેખાય છે, તેથી' (**धूमवत्त्वात्**). પરંતુ, આપણે કહીએ કે, તેથી શું ? એ તો ધૂમાડો છે, અગ્નિ થોડો છે ? એટલે પેલો જણ અગ્નિ બાબતનાં પોતાનાં જ્ઞાનની પ્રમાણભૂતતા માટે તરત એવી એક 'વ્યાપ્તિ' (Invariable Concomitance) રજુ કરશે કે - 'જ્યાં જ્યાં ધૂમાડો હોય, ત્યાં ત્યાં અગ્નિ હોવો જ જોઈએ (**यत्र यत्र धूमः, तत्र तत्र वह्निः अवश्यमेव अस्ति ।**). અને વાત તો વૈજ્ઞાનિક રીતે સાચી, વિજ્ઞાનસિદ્ધ છે કે અગ્નિ ન હોય તો ધૂમાડો શક્ય નથી, અગ્નિ વિના ધૂમાડાનો સંભવ જ નથી.

ટૂંકમાં, પેલા પર્વત પર અગ્નિ, પ્રત્યક્ષ રીતે દેખાતો ન્હોતો તે છતાં, ધૂમાડાની હાજરીને કારણે, ત્યાં અગ્નિ હોવાની વાત પ્રમાણભૂત બની.

અગ્નિનાં જ્ઞાનનું આ પ્રમાણ એટલે **અનુમાન** પ્રમાણ.

(૩) **ઉપમાન પ્રમાણ** : ગવય-નામનું પશુ અહીં ક્યાંય જોવા મળતું નથી, તે માત્ર હિમાલય પ્રદેશમાં જ રહે છે. માટે હિમાલયની યાત્રાએ જવાનું નક્કી થતાં, હિમાલયની યાત્રાએ જઈ આવેલા અને ગવય પશુને જોઈ આવેલા મિત્રને મેં પૂછ્યું કે 'ભાઈ, મારે ગવયને જોવું છે, - એ કેવું હોય છે ?' તેણે જવાબ આપ્યો કે 'જેવી ગાય, એવું જ ગવય' (**गो-सदृशः गवयः**). મેં હિમાલય પ્રદેશમાં પહોંચીને,

ગાય જેવું જ પશુ જોયું કે તરત જ મને જ્ઞાન લાધ્યું કે 'બસ, આ જ ગવય !' (अयं एव गवयः ।)

ગવય-પશુનાં આ જ્ઞાનની પ્રમાણભૂતતા એટલે **ઉપમાન-પ્રમાણ.**

(૪) હવે બાકી રહ્યું ચોથું અને છેલ્લું પ્રમાણ, **શબ્દ-પ્રમાણ, શ્રુતિ-પ્રમાણ.** હવે જુઓ : મને કોઈએ કહ્યું કે 'સત્ય બોલવું જોઈએ' (सत्यं ब्रूयात् ।) મેં પૂછ્યું કે 'આ સત્ય બોલવાનાં જ્ઞાનને શા માટે સ્વીકારવું ?' એટલે તેણે તરત કહ્યું કે 'વેદોમાં આમ કહેવામાં આવ્યું છે.'

આ વેદો એટલે **શ્રુતિ** પ્રમાણ, **શબ્દ-પ્રમાણ.**

વેદોમાં જે કહેવામાં આવ્યું હોય, તે શંકાથી પર હોય છે, કારણ કે વેદોના તે ઋષિઓએ તે તે મંત્રોનું દર્શન કર્યું હોય છે, એ જ્ઞાન ઈન્દ્રિયોથી પર હોય છે, એ જ્ઞાન **'અપૌરુષેય'**, એટલે કે મનુષ્યબુદ્ધિથી પર હોય છે. તેથી કશી જ દલીલ કે ચર્ચામાં ઊતર્યા વિના, વેદોનાં જ્ઞાનને સ્વીકારી લેવાનું રહે છે, એ જ્ઞાનની પ્રમાણભૂતતા (Authority) સ્વયંસિદ્ધ હોય છે.

ટૂંકમાં, આપણી સર્વોચ્ચ અદાલત(Supreme)ના ચૂકાદા (Judgement) કરતાં પણ ચઢિયાતું આ પ્રમાણ એટલે **શબ્દ પ્રમાણ, શ્રુતિ પ્રમાણ.**

આત્મજ્ઞાન પણ આવું જ જ્ઞાન છે, અને એની પ્રાપ્તિનું સ્થાન (Source) માત્ર એક જ છે, - વેદો, - એટલે કે **શ્રુતિ.**

આવાં **શ્રુતિ**-પ્રમાણમાં પાકા વિશ્વાસનાં મહત્ત્વનું આ શ્લોકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે : **શ્રુતિ** પ્રમાણમાંની પરિપક્વ બુદ્ધિ જ મુમુક્ષુ સાધકને, ક્રમે ક્રમે, સંસારના સમૂળ અને સંપૂર્ણ નાશની સિદ્ધિએ પહોંચાડી શકે, - જે સિદ્ધિ થતાં જ, તે આત્મજ્ઞાન અને તરત જ પછી મોક્ષ પ્રાપ્ત કરી શકે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૫૦)**

૧૫૧

कोशैरन्नमयाद्यैः पंचभिरात्मा न संवृतो भाति ।
निजशक्तिसमुत्पन्नैः शैवालपटलैरिवाम्बु वापीस्थम् ॥ १५१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

कोशैरन्नमयाद्यैः पंचभिरात्मा न संवृतो भाति ।
निजशक्तिसमुत्पन्नैः शैवालपटलैरिवाम्बु वापीस्थम् ॥ १५१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : निजशक्तिसमुत्पन्नैः अन्नमयाद्यैः पंचभिः कोशैः शैवालपटलैः वापीस्थं अम्बु इव, आत्मा संवृतः (भवति, येन सः आत्मा) न भाति ॥ १५१ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : (सः आत्मा) न भाति । (તે આત્મા) ભાસતો નથી, દેખાતો નથી, દૃષ્ટિગોચર થતો નથી, નજરે પડતો નથી. આ આત્મા કેવો

છે ? **संवृतः** (अस्ति) । ઢંકાયેલો છે, ઢંકાઈ ગયો છે. શાના વડે તે ઢંકાઈ ગયો છે ? **पंचभिः कोशैः** પાંચ કોશો વડે. એ પાંચ કોશો કયા છે ? **अन्नमयाद्यैः** અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનન્દમય વગેરે પાંચ કોશો વડે. એ કોશો કેવા છે ? **निजशक्तिसमुत्पन्नैः** । **निज** એટલી પોતાની. આત્માની. પોતાની જ શક્તિ વડે, આત્માની, પોતાની અવિદ્યારૂપી શક્તિ વડે, અવિદ્યાનાં કારણે એ પાંચકોશો આત્મામાંથી જ પ્રગટ થયેલા છે. કોની જેમ, કોના વડે, આ આત્મા ઢંકાય છે ? ઢંકાઈ જાય છે ? **वापीस्थं अम्बु इव** । **वापी** એટલે કૂવો, વાવ, **अम्बु** એટલે પાણી, વાવનાં પાણીની જેમ. આ પાણી શાના વડે ઢંકાઈ જાય છે ? **शैवालपटलैः** । **शैवाल** એટલે શેવાળ, લીલ. **पटलैः** પડ, શેવાળનાં બાઝેલાં પડો વડે. વાવનું પાણી, જેમ તેના પર લાગતા શેવાળનાં પડો વડે ઢંકાઈ જાય છે તેમ, આત્મા પાંચ કોશો વડે ઢંકાઈ જાય છે, અને તેનાં પરિણામે તે, જોનારની નજરે પડતો નથી. (૧૫૧)

અનુવાદ : પોતાની શક્તિમાંથી ઉત્પન્ન થયેલા અન્નમય વગેરે પાંચ કોશો વડે ઢંકાઈ ગયો હોવાથી, (આ) આત્મા, શેવાળનાં પડો વડે ઢંકાઈ ગયેલાં વાવનાં પાણીની જેમ, સ્પષ્ટપણે, દેખાતો નથી. (૧૫૧)

ટિપ્પણ : **कुश्** એટલે ઢાંકવું, આવૃત કરવું, To cover up, to hide, to coceal, to envelop, to enclose - એ ધાતુ પરથી બનેલો શબ્દ (નામ, Noun) **कोश** એટલે આવરણ, ઢાંકણ, (તલવાર માટેનું) મ્યાન,- A sheath, A case, A vesture.

આત્માને ઢાંકી દેતા, આત્માને જોનારની નજરથી દૂર રાખતા, અન્નમય વગેરે પાંચ કોશોની ચર્ચા અહીંથી શરૂ થાય છે. હકીકતમાં, આત્માની પોતાની, અવિદ્યારૂપી શક્તિમાંથી જ આ કોશો ઉત્પન્ન થયેલા છે, અવિદ્યાને કારણે જ, આ કોશો આત્મામાંથી જ પ્રગટ થયેલા છે, અને આ કોશો જ આત્માને ઢાંકી દે છે ! આત્માને, એનાં સાચાં, મૂળ સ્વરૂપે પ્રગટ થવા દેતા નથી. કમનસીબી એ છે કે જેમાંથી તે કોશો ઉત્પન્ન થવા પામ્યા છે, એ આત્માનું સ્થાન જ આ કોશો લઈ લે છે, એના (આત્માના) સ્થાને જ આ કોશો બેસી જાય છે. પિતા(જનક)નાં સ્થાને પુત્ર બેસી જાય તેમ ! 'ઉપકાર' કરનાર પર 'અપકાર' કરનારની જેમ આત્માનાં મૂળ સ્થાનને જ આ કોશો હડપ કરી જાય છે ! (Usurp, Mis-appropriate)

શેવાળ જન્મે છે, પાણીનાં કારણે, અને પછી એ શેવાળનાં પડો, પાણીને જ ઢાંકી દે છે, તેમ !

શ્લોકનો છંદ : **ગીતિ (૧૫૧)**

૧૫૨-૧૫૩

तच्छैवालापनये सम्यक् सलिलं प्रतीयते शुद्धम् ।
तृष्णासंतापहरं सद्यः सौख्यप्रदं परं पुंसः ॥ १५२ ॥

पंचानामपि कोशानामपवादे विभात्यं शुद्धः ।
नित्यानन्दैकरसः प्रत्यग्रूपः स्वयंज्योतिः ॥ १५३ ॥

શ્લોકોનો ગુજરાતી પાઠ :

तच्छैवालापनये सम्यक् सलिलं प्रतीयते शुद्धम् ।
तृष्णासंतापहरः सद्यः सौख्यप्रदं परं पुंसः ॥ १५२ ॥
पंचानामपि कोशानामपवादे विभात्ययं शुद्ध : ।
नित्यानन्दैकरसः प्रत्यग्रूपः स्वयंज्योतिः ॥ १५३ ॥

શ્લોકોનો ગદ્ય અન્વય : (यथा) तत्-शैवाल-अपनये पुंसः सद्यः तृष्णा-संतापहरं परं सौख्यप्रदं शुद्धं सलिलं सम्यक् प्रतीयते, (तथा एव) पंचानां अपि कोशानां अपवादे नित्यानन्द-एकरसः प्रत्यग्-रूपः परः स्वयं:ज्योतिः शुद्धः अयं (आत्मा) विभाति

॥ १५२-१५३ ॥

शब्दार्थ : (यथा) જેમ, જેવી રીતે. મુખ્ય વાક્ય છે, - **शुद्धं सलिलं सम्यक् प्रतीयते** । શુદ્ધ જળ સ્પષ્ટ (ચોખ્ખું) દેખાય છે. કેવું જળ ? **पुंसः सद्यः संतापहरं** અને **परं सौख्यप्रदं**. માણસને તરત જ તરસના સંતાપને દૂર કરનારું અને સંતાપમાંથી મુક્ત કરનારું, અને પરમ સુખ આપનારું. આવું શાથી શક્ય બને છે ? **तत्-शैवाल-अपनये** । **अपनय** એટલે દૂર કરવું, તે શેવાળને દૂર કરવાથી; પાણીની સપાટી પર બાઝેલી લીલને દૂર કરવામાં આવી કે તરત જ ચોકખું પાણી દેખાવા માંડ્યું !

એ જ રીતે (**तथा एव**) શું બને છે ? **अयं (आत्मा) विभाति** । આ આત્મા પ્રકાશી રહે છે, પ્રકાશિત થાય છે. કેવો આત્મા ? **चार** વિશેષણો : **नित्य-आनन्द-एकरसः** નિત્ય, આનંદરૂપ, એકરસ, હંમેશાં માત્ર આનંદસ્વરૂપ જ, એવો. **प्रत्यग्-रूपः** - પ્રત્યકસ્વરૂપ, એટલે કે 'હું'-શબ્દથી હંમેશાં પ્રત્યક્ષ થઈ જાય તેવો, **परः** ઉચ્ચ પ્રકારનો, શુદ્ધ, એટલે અવિદ્યાથી પર. **स्वयं-ज्योतिः** સ્વયંપ્રકાશ, પોતાનાં જ તેજ વડે પ્રકાશિત. **शुद्धः** - શુદ્ધ, સ્પષ્ટ, વિશદ, ચોકખો, અવિદ્યા વગેરે સર્વ અશુદ્ધિઓથી રહિત. આવું કેવી રીતે શક્ય થાય છે ? **पंचानां अपि कोशानां अपवादे** । **अपवाद** એટલે બાધ કરવો, નિવારણ કરવું, દૂર કરવું. અન્નમય વગેરે પેલા પાંચેય કોશોનો બાધ થતાં. આ પાંચેય કોશોનું જેવું નિવારણ કરવામાં આવે, તેવો જ, તરત જ, આત્મા, એનાં મૂળભૂત શુદ્ધ સ્વરૂપે પ્રકાશી રહે છે ! (૧૫૨-૧૫૩)

અનુવાદ : જેમ તે શેવાળને દૂર કરવામાં આવતાં, માણસને તરસના સંતાપમાંથી તરત જ મુક્ત જ કરે તેવું અને તેને પરમ સુખ આપનારું શુદ્ધ જળ સ્પષ્ટ દેખાય છે, (તેમ જ) પાંચે-પાંચ કોશોનો બાધ કરવામાં આવતાં, નિત્ય,

માત્ર-એક આનંદ-સ્વરૂપમાં રહેતો પ્રત્યક્-સ્વરૂપ, ઉચ્ચ પ્રકારનો, સ્વયંપ્રકાશ અને શુદ્ધ એવો આ (આત્મા, પરમાત્મા) પ્રકાશી રહે છે ! (૧૫૨-૧૫૩)

ટિપ્પણ : વાવમાં રહેલું પેલું પાણી પોતે તો ચોકખું હતું, છતાં તે કેમ દેખાતું ન્હોતું ? પેલી શેવાળનાં પડ એને ઢાંકી રહ્યાં'તાં, એ કારણે. તરસથી પીડાતો માણસ ત્યાં, પાણીની નજીક ગયો, અને પોતાના હાથ વડે, લીલનાં બધાં પડોને પાણી પરથી દૂર કર્યાં કે તરત જ, પાણી ચોકખું નજરે પડ્યું ! તરસ્યો તો તે હતો જ, તેણે તરત પાણી પીધું, અને તરસની તેની સઘળી પીડા ચાલી ગઈ, અને તેને ખૂબ શાંતિ મળી ગઈ ! બસ, એવી જ રીતે, અહીં, આપણા પ્રસ્તુત સંદર્ભમાં, સાધકે, પોતાના આત્માને ઢાંકી રહેલા, અન્નમય વગેરે પેલા પાંચે પાંચ કોશોનાં આવરણને હટાવી કાઢ્યું, એના અપવાદથી તે મુક્ત થઈ ગયો, અને તરત જ એક અદ્‌ભુત 'જાદુ' સર્જાયું ! આત્મા સ્વયંપ્રકાશ અને શુદ્ધ તો હતો જ, પેલા કોશો એને ઢાંકી દેતા હતા. સાધકની સાધના એવી સંનિષ્ઠ અને સંપૂર્ણ હતી કે પેલા પાંચેય કોશોનું કશું નામ-નિશાન ન રહ્યું અને આત્મા, એનાં મૂળભૂત શુદ્ધ અને પર સ્વરૂપે ઝળહળી ઊઠ્યો ! સરસ મજાનું, સમુચિત, પ્રતીતિકારક દૃષ્ટાંત !

આમ, પાયાની જરૂરિયાત છે, કોશોનાં આવરણથી આત્માને મુક્ત કરવાની-રાખવાની : પછી તો, આત્માનો પુણ્ય પ્રકાશ સર્વત્ર ઝળાંહળાં !

બંને શ્લોકોનો છંદ : **ગીતિ (૧૫૨-૧૫૩)**

૧૫૪

आत्मानात्मविवेकः कर्तव्यो बन्धमुक्तये विदुषा ।
तनैवानन्दी भवति स्वं विज्ञाय सच्चिदानन्दम् ॥ १५४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

आत्मानात्मविवेकः कर्तव्यो बन्धमुक्तये विदुषा ।
तेनैवानन्दी भवति स्वं विज्ञाय सच्चिदानन्दम् ॥ १५४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (तस्मात्) विदुषा बन्धमुक्तये आत्मा-अनात्मविवेकः कर्तव्यः, तेन एव सत्-चित्-आनन्दं स्वं विज्ञाय (सः विद्वान्) आनन्दी भवति ॥१५४॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : (तस्मात्) विदुषा आत्मा-अनात्म-विवेकः कर्तव्यः । विदुषा - વિદ્વાન વડે; विद्वस् - શબ્દની ત્રીજી વિભક્તિ એકવચનનું રૂપ; विवेकः બે પરસ્પર-વિરોધી વાતો-વિચારો-વસ્તુઓ ભેગી થઈ ગઈ હોય, એકમેકમાં ભળી ગઈ હોય તો, એને જૂદી કરવાની પ્રક્રિયા, એટલે 'विवेक' Sense of Discretion; Sense of Discrimination. જે **'आत्मा'**નથી તે, દેહ, ઇન્દ્રિયો વગેરે **"अनात्मा"** છે. આ બંને એકમેકથી સાવ ભિન્ન છે, તેથી જો એ બંને

એકમેકમાં ભળી ગયાં હોય, ભેગાં થઈ ગયાં હોય તો, **'આત્મા'**ને **'અનાત્મા'** અને **'અનાત્મા'**ને **'આત્મા'** માની-સમજી લેવાનો ગુંચવાડો, એવું જોખમ ઊભું થાય; આવું જોખમ નિવારવા માટે, એ બંનેને જૂદાં પાડવાં, તેમનાં મૂળ ભિન્ન પૃથક્ એવાં સ્વરૂપે સમજવાં. ટૂંકમાં, એ બંને વચ્ચે **'વિવેક'** કરવો તે માત્ર આવશ્યક જ નહીં,પરંતુ અનિવાર્ય છે. આખા વાક્યમાં કર્મણિ-પ્રયોગ(Passive-Voice)રચના છે : "વિદ્વાન વડે **'આત્મા'** અને **'અનાત્મા'** વચ્ચે **'વિવેક'** કરાવો જોઈએ; એટલે કે તેથી, તે કારણે". આ પહેલાના શ્લોકમાં કહેવામાં આવેલી વાત સમજી–સ્વીકારીને, વિદ્વાને આત્મા-અનાત્મા-વિવેક કરવો જોઈએ. આવું શા માટે કરવું જોઈએ ? **बन्धमुक्तये**- બન્ધનમાંથી મુક્તિ મેળવવા માટે, સંસારરૂપી બંધનમાંથી છૂટવા માટે. આમ કરવાથી તેને શો લાભ થાય ? **तेन (विवेकेन) एव** - તેના વડે જ, તેવો **'વિવેક'** કરવાથી જ. તેથી શું ? **(सः विद्वान्) आनन्दी भवति** - તે વિદ્વાન આનંદી બને છે, આનન્દરૂપ બની જાય છે. કેવી રીતે ? શું કરવાથી ? શું થતાં ? **सत्-चित्-आनन्दं स्वं विज्ञाय** । પોતાને, પોતાની જાતને 'સત્', 'ચિત્', અને 'આનન્દ'-રૂપ જાણીને- અનુભવીને. **सत्** અસ્ એટલે હોવું-થવું, એ ધાતુનું વર્તમાન-કૃદન્તનું રૂપ Being Existing, પોતે અસ્તિત્વ ધરાવી રહ્યો છે, એવો અનુભવ. **चित्** એટલે જ્ઞાન, આત્મજ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન. 'પોતે આવો છે,' - એવી અનુભૂતિનાં કારણે, તે આનંદી-આનંદરૂપ બની રહે છે. (૧૫૪)

અનુવાદ : (તેથી), વિદ્વાને (સંસારરૂપી) બંધનમાંથી છૂટવા, આત્મા અને અનાત્માનો વિવેક કરવો જોઈએ. તે(વિવેક)ના વડે જ, પોતાને સત્-ચિત્-આનંદરૂપ જાણીને તે આનંદ-સ્વરૂપ બની જાય છે. (૧૫૪)

ટિપ્પણ : 'કોશ' એટલે 'મ્યાન', - તલવાર મ્યાનમાં હોવાથી દેખાતી નથી, તેને મ્યાનમાંથી બહાર કાઢવામાં આવે, એટલે કે તેના પરનું, તેને ઢાંકી દેતું મ્યાન દૂર કરવામાં આવે, તો જ તે દેખાય. હવે જેનાં સ્વરૂપને સમજાવવાનો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો છે તે, અન્નમય વગેરે પાંચ કોશો વડે આત્મા ઢંકાઈ ગયો છે, એટલે જેને આત્માનું દર્શન કરવું હોય, તેણે આ પાંચે પાંચ કોશોનો બાધ કરવો જ રહ્યો ! **(पंचानां अपि कोशानां अपवादः)** એ એક જ શરતે, આત્મદર્શન શક્ય બને છે.

સંસાર, એક બંધનરૂપ બની જાય છે, એનું કારણ શું ? શરીર, ઇન્દ્રિયો વગેરે 'આત્મા' નથી, 'અનાત્મા' છે. શરીર અને આત્મા એકસાથે જ રહેતાં હોવાથી, પરસ્પર ખૂબ જ નજીક હોવાથી, 'અનાત્મા' એવાં શરીર-ઇન્દ્રિય વગેરેને 'આત્મા' માની લેવાનો ગોટાળો (Confusion) થઈ જવાનું સ્વાભાવિક છે, અને આવો ગુંચવાડો જ સાધકનાં મનમાં બંધન ઊભું કરે છે. આ બંધનમાંથી મુક્ત થવા માટે, પેલાં, 'આત્મા' અને 'અનાત્મા'નો વિવેક કરવો અનિવાર્ય છે. આમ કરવાથી જ, સાધક પોતાની જાતને સત્-ચિત્-આનંદરૂપ જાણીને આનંદરૂપ બની જાય છે.

આમ તો, પોતે આનંદરૂપ જ હતો, પરંતુ પેલા વિવેકના અભાવે, તે પોતાની જાતને તે રૂપે જોઈ શકતો ન્હોતો, આત્મદર્શન કરી શકતો ન્હોતો. પેલા વિવેકનાં પરિણામે, અનાત્માનાં આવરણો દૂર થઈ ગયાં, એટલે આત્મા પોતાનાં મૂળભૂત સ્વરૂપે સાધકની સમક્ષ પ્રગટ-પ્રકાશિત થઈ ગયો !

અહીં બે વાતને બરાબર સમજી લેવાની જરૂર છે : એક તો એ કે મનુષ્ય પોતે સચ્ચિદાનંદ-સ્વરૂપ જ છે, એટલે પોતાનાં એ મૂળ સ્વરૂપનો અનુભવ, એ જ એનું જીવન-ધ્યેય છે. બીજી એવી જ મહત્ત્વની વાત એ છે કે જ્યારે તે, પેલા વિવેકનાં પરિણામે, પોતાનાં સચ્ચિદાનંદ-સ્વરૂપનું દર્શન કરે છે, એટલે કે તે પોતાની જાતનું, પોતાના આત્માનું દર્શન કરે છે ત્યારે, તે કશું 'નવું' જોતો નથી. આત્મા તો હતો જ, તેને જ તે જુએ છે. જે 'અદૃશ્ય' હતો તે હવે 'દૃશ્ય' બની ગયો ! પેલી વાવમાં શુદ્ધ જળ તો હતું જ, શેવાળનાં પડ દૂર થવાથી જે જળ પેલા તરસ્યા માણસને વાવમાં દેખાયું, તે કશું 'નવું' તત્ત્વ ન્હોતું. શેવાળ વડે ઢંકાયેલું, 'અદૃશ્ય' જળ, શેવાળ દૂર થતાં, 'દૃશ્ય' બન્યું !

ટૂંકમાં, કશું 'અ-પ્રાપ્ત' હતું, તે હવે 'પ્રાપ્ત' બન્યું, એવું અહીં નથી. 'પ્રાપ્ત' જ હતું, પણ અમુક આવરણનાં કારણે જે 'પ્રાપ્ત' છે એમ જણાતું ન્હોતું તે, પેલું આવરણ દૂર થતાં, 'પ્રાપ્ત' બન્યું.

આત્મા ક્યારેય 'અ-પ્રાપ્ત' ન્હોતો, હોઈ શકે જ નહીં, 'પ્રાપ્ત' જ હતો, 'પ્રાપ્ત' લાગતો ન્હોતો, તે હવે 'પ્રાપ્ત' બની રહ્યો !

અધ્યાત્મશાસ્ત્રમાં, અથવા તો, સવિશેષ સ્પષ્ટ રીતે કહીએ તો, મોક્ષશાસ્ત્રમાં, આવી અનુભૂતિને 'प्राप्तस्य प्राप्तिः' કહેવામાં આવે છે.

શ્લોકનો છંદ : આર્યા (૧૫૪)

૧૫૫

मुंजादिषीकामिव दृश्यवर्गात्
प्रत्यंचमात्मानमसंगमक्रियम् ।
विविच्य तत्र प्रविलाप्य सर्वं
तदात्मना तिष्ठति यः स मुक्तः ॥ १५५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

मुंजादिषीकामिव दृश्यवर्गात्
प्रत्यंचमात्मानमसंगमक्रियम् ।
विविच्य तत्र प्रविलाप्य सर्वं
तदात्मना तिष्ठति यः स मुक्तः ॥ १५५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मुंजात् इषीकां इव दृश्यवर्गात् प्रत्यंचं असंगं अक्रियं

आत्मानं विविच्य, तत्र सर्वं प्रविलाप्य यः (विवेकशीलः साधकः) तत्-आत्मना तिष्ठति, सः मुक्तः (अस्ति) ॥ १५५ ॥

शब्दार्थ : मुख्य वाक्य छे : **सः मुक्तः (अस्ति)** ते मनुष्य मुक्त छे, ते साधक संसारनां बंधनमांथी छुटकारो मेळवे छे. क्यो मनुष्य ? - **यः तत्-आत्मना तिष्ठति (सः मुक्तः अस्ति)**। तेवा आत्मस्वरूपे विवेकी साधक रहे छे, आत्मामां ज विहार करतो, रत रहीने जीवन गाळे छे ते (मुक्त छे). ते आवुं, शुं करीने, कर्या पछी, पामी शके छे ? आ बे प्रक्रिया कर्या पछी : **आत्मानं विविच्य** अने **तत्र सर्वं प्रविलाप्य**; - **एक :** आत्माने सर्वथी जूदो समजीने, बीजी बधी बाबतोथी आत्मानो विवेक करीने, अने **बे :** आत्मामां ज सर्वनो विलय करीने. आत्माने शाथी जुदो समजे छे ? **दृश्यवर्गात्** - देखाता सर्व पदार्थोथी, सर्व-समग्र दृश्य जगतथी. आ आत्मा केवो छे ? - आ **त्रण** विशेषणो धरावतो : **एक**,- **प्रत्यंचं** सर्वनी अंदर-भीतर रहेलो, परोक्ष-प्रत्यक्ष अनुभवातो; **बे**,- **असंगं** कशा पण संग के विकार विनानो, निर्विकार, अनासक्त; **त्रण**,- **अक्रियं** कशी पण क्रिया न करतो, निष्क्रिय, अक्रिय; आवुं ते कोनी जेम करे छे ? **मुंजात् इषीकां इव (विविच्य)** - **मुंज** एटले 'मुंज'-नामनुं घास; **इषीकां** एटले सळी; मुंज-घासमांनी सळीने मुंजथी जूदी समजी लेवाय, तेवी रीते; टूंकमां, वात छे, विवेकना, समजपूर्वकना, उपयोग-विनियोगनी. (१५५)

अनुवाद : मुंज-घासमांनी सळीनी जेम, देखाता आ सर्व पदार्थोना वर्गमांथी प्रत्यक्ष अनुभवाता, असंग अने निष्क्रिय आत्माने जुदो समजीने, जे (विवेकी साधक), ते आत्मामां ज सर्वनो विलय करीने, तेवा आत्मस्वरूपे ज रहे छे, ते ज मुक्त छे. (१५५)

टिप्पण : समजु माणस बहु ज सूक्ष्म एवा मुंज-घास परनुं पड दूर करीने, तेनी वचमां, तेनी अंदर, रहेली सळीने, तेने घासथी जुदी-भिन्न-अलग समजे छे. घास अने सळी, - बंने साथे होवा छतां, सळी घासथी जुदी छे, - एवो विवेक ते करे छे तेम, विवेकशील साधक, आ दृश्यमान जगतमांना सर्व पदार्थोथी, ए सर्वनी अंदर ज रहेला अने असंग तथा निष्क्रिय एवा आत्माने जुदो समजे छे. पेला बधा दृश्य पदार्थो, एटले के देह-इन्द्रिय वगेरे आत्मा साथे ज रहेता होवा छतां, ते **'आत्मा'** नथी **'अनात्मा'** छे, - एवो विवेक करी शके छे, एटलुं ज नहीं परंतु पेला सर्व **'अनात्मा'** पदार्थोनो आत्मामां ज विलय करे छे अने, अंते, आवा अद्वितीय, अखंड, अभेद, निर्विकार, नित्य अने निर्मळ आत्मामां ज सतत विहार करतां करतां पोतानुं जीवन व्यतीत करे छे, ते, खरेखर, धन्य छे.

बस, जे साधक आटलो विवेकशील रही शके छे, एटले के आत्माने सर्व

અનાત્મ-પદાર્થોથી અલગ સમજે છે અને આત્મામાં જ પેલાં સર્વ અનાત્મ-તત્ત્વોને વિલીન કરી શકે છે, તેને તો, ત્યારપછી, તેવા આત્મામાં જ વિહાર કરવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે. પછી તો, તેને કશાં બંધનો જ રહેતાં નથી, અને બંધન-વિહોણો એટલે મુક્ત !

જીવનમાં સુખી અને કૃતાર્થ થવું હોય તો, માણસ માટે, સૂક્ષ્મ 'વિવેકબુદ્ધિ' અનિવાર્ય બની રહે છે.

પુષ્પમાંનો પુષ્પ-રસ એટલે કે મકરન્દ, તલમાં રહેલું તેલ અને દૂધમાં રહેલું નવનીત (માખણ), - આ બંને એકમેકમાં જ, અનુક્રમે, પુષ્પમાં, તેલમાં અને દૂધમાં, સાથે જ રહેતાં હોય છે, પરંતુ મકરન્દ-તેલ-માખણને મેળવવા-પામવા ઇચ્છતો મનુષ્ય, એ બંને વચ્ચેનો **'વિવેક'** ન કરી શકે તો, આવી સર્વ મહત્ત્વની મૂલ્યવાન અને સત્ત્વશીલ વસ્તુઓને તે કદાપિ પ્રાપ્ત કરી જ ન શકે.

આવું જ, આ દૃશ્ય અને સ્થૂલ જગતમાં, દેહ-ઇન્દ્રિયો વગેરે **અનાત્મા**-પદાર્થોનું અને **આત્મા**નું સાહચર્ય છે. આવશ્યક છે, - એ બંને વચ્ચેનો **વિવેક** કરવાનું, — **विविच्य**.

મુંજ-ઘાસ અને એમાંની સળીનું આ દૃષ્ટાંત પણ, પૂર્વવત્, અત્યંત ઔચિત્યપૂર્ણ છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૫૫)**

૧૫૬

देहोऽयमन्नभवनोऽन्नमयस्तु कोश-
श्चान्नेन जीवति विनश्यति तद्विहीनः ।
त्वक्चर्ममांसरुधिरास्थिपुरीषराशि-
र्नायं स्वयं भवितुमर्हति नित्यशुद्धः ॥ १५६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

देहोऽयमन्नभवनोऽन्नमयस्तु कोश-
-श्चान्नेन जीवति विनश्यति तद्विहीनः ।
त्वक्चर्ममांसरुधिरास्थिपुरीषराशि-
-र्नायं स्वयं भवितुमर्हति नित्यशुद्धः ॥ १५६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अन्नभवनः अयं देहः अन्नमयः कोशः (अस्ति); (सः देहः) अन्नेन जीवति, तद्-विहीनः च विनश्यति । त्वक्-चर्म-मांस-रुधिर-अस्थि-पुरीष-शशिः अयं (देहः) स्वयं तु नित्यशुद्धः (आत्मा) भवितुं न अर्हति ॥ १५६ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : अन्नभवनः अयं देहः अन्नमयः कोशः (अस्ति) ।

अन्नभवनः - એટલે અન્ન વડે પોષણ પામતું, ઘડાતું અને એમાંથી જ ઉત્પન્ન થયેલું; **अयं देहः** - ઉપર્યુક્ત વિશેષણ વડે આ સ્થૂળ શરીર **अन्नमयः कोशः** - **'अन्नमय'** કોશ છે. આવું શરીર એ જ **'अन्नमय'** કોશ છે. આ સ્થૂળ શરીર કેવું છે ? એની વિશેષતા શી છે ? કેવી છે ? - આ બેઃ **એક**,—(**सः देहः**) **अन्नेन जीवति**,— તે દેહ અન્નથી જીવે છે, જીવતું રહે છે; અને **બે**,-(**सः देहः**) **तद्-विहीनः च विनश्यति**,-અને તેના વિના, એટલે કે અન્ન વિના, તે વિનાશ પામે છે. આ સ્થૂળ શરીર વિશે **બીજું** શું કહેવામાં આવ્યું છે ? એ જ કે **अयं (देहः) स्वयं नित्यशुद्धः (आत्मा) भवितुं न अर्हति**। - આ સ્થૂળ શરીર પોતે, નિત્યશુદ્ધ એવો આત્મા બની શકે નહીં, એવો આત્મા હોવાને, બનવા માટે યોગ્ય નથી, લાયક નથી. આનું કારણ શું ? (**अयं देहः**) **त्वक्चर्म-मांस-रुधिर-अस्थि-पुरीष-राशिः (अस्ति)** । **त्वक्** એટલે સૂક્ષ્મ, અંદરની, પાતળી ચામડી, **चर्म** એટલે ચામડી, એટલે સ્થૂળ પ્રકારની, બહારની, જાડી ચામડી; **अस्थि** એટલે હાડકાં, **पुरीष** - એટલે મળ-મૂત્ર; અને **राशि** - સમૂહ, સમુદાય, સંગ્રહ, Collection. આવું આ સ્થૂળ શરીર નિત્યશુદ્ધ આત્મા હોવાને લાયક નથી, એનું કારણ એ છે કે ચામડીથી માંડીને, માંસ-લોહી-હાડકાં અને મળ-મૂત્ર જેવાં અશુદ્ધ, ગંદાં, મલિન તત્ત્વોનો સમૂહ માત્ર તે છે. આવાં ક્ષુદ્ર, અસ્વચ્છ અને હીન તત્ત્વોનું બનેલું સ્થૂલ શરીર, નિત્યશુદ્ધ એવા આત્મા હોવાની યોગ્યતા કેવી રીતે ધારણ કરી શકે ? કદાપિ આવું સંભવિત બની જ ન શકે, એવો એકમાત્ર અને સાચો ઉત્તર પેલા સવાલનો હોઈ શકે, - એ સ્પષ્ટ અને સુનિશ્ચિત છે. (૧૫૬)

અનુવાદ : અન્ન વડે પોષાતું આ સ્થૂળ શરીર (એ જ) અન્નમય કોશ છે. અન્નથી તે જીવતું રહે છે અને તેના તે વિના વિનાશ પામે છે, (તેથી) ત્વચા, ચામડી, લોહી, માંસ, હાડકાં અને મળમૂત્રના સમૂહ-રૂપ આ (સ્થૂળ) શરીર પોતે નિત્યશુદ્ધ એવો આત્મા હોઈ શકે નહીં. (૧૫૬)

ટિપ્પણ : મોક્ષાર્થી સાધક માટે આત્મ-દર્શન, આત્મ-સાક્ષાત્કાર અનિવાર્ય રીતે આવશ્યક (Indispensable) છે, એમ આ પહેલાં, અનેક વાર અને અનેક ભિન્ન ભિન્ન રીતે, નિરૂપિત કરવામાં આવ્યું છે.

અને આત્મદર્શન તો ત્યારે જ શક્ય બને, જ્યારે સાધકને આત્માનાં મૂળભૂત, સ્વરૂપનો સાચો-સમ્યક્-સંપૂર્ણ પરિચય થાય, અને આ પરિસ્થિતિ પણ ત્યારે જ શક્ય બને, જ્યારે તે આ દૃશ્ય અને સ્થૂલ જગતમાંનાં શરીર-ઇન્દ્રિયો વગેરે જેવાં, જે આત્મા નથી તેવાં, સર્વ 'અનાત્મ'-તત્ત્વોથી 'આત્મા'નો વિવેક કરી શકે.

આત્માનાં શુદ્ધ સ્વરૂપનાં દર્શનની આડે આવતાં, એને 'આવૃત કરતાં અને એને 'વિક્ષિપ્ત' કરતાં બે વિઘ્નો, એટલે તમોગુણની 'આવરણ'-શક્તિ અને રજોગુણની 'વિક્ષેપ'-શક્તિ. આ બે વિઘ્નોનાં જોખમ, એની ભય-ઉત્પાદક શક્તિ વિશે અને

એનાં દૂરીકરણ બાબત સાવધાન રહેવાનું પણ, સદ્‌ગુરુએ, સાધકને, શક્ય અને જરૂરી એવું સઘળું માર્ગદર્શન આપી દીધું છે.

આવું જ અને એટલું જ અનર્થકારક વિઘ્ન એટલે સ્થૂળ દેહમાં રહેલાં, 'અન્નમય' વગેરે પાંચ કોશો.

હવે, અહીંથી, આ શ્લોકથી, હવે પછીના અનેક શ્લોકોમાં, આ પંચકોશ-રૂપી વિઘ્નની, એનાં સ્વરૂપની સમજૂતી આપવામાં આવી છે. આ શ્લોકમાં, અન્નથી જ ઉત્પન્ન થયેલા, એનાથી જ જીવી શકતા અને એના વિના અવશ્ય વિનષ્ટ થતાં (એટલે કે મૃત્યુ પામતાં) સ્થૂળ શરીરને જ 'અન્નમય' કોશ કહેવામાં આવ્યો છે, એટલું જ નહીં પણ બીજી, પાયાની વાત (Fundamental fact) એ પણ નિરૂપિત કરી દેવામાં આવી છે કે ચામડીથી માંડીને મળમૂત્ર સુધીનાં, સંપૂર્ણતઃ 'અશુદ્ધ' એવાં તત્ત્વોથી ભરેલું આ સ્થૂળ શરીર 'નિત્યશુદ્ધ' એવો આત્મા કદાપિ હોઈ શકે નહીં.

'અન્નમય' કોશ બની રહેલાં આવાં 'સ્થૂળ શરીર'ને 'આત્મા' માની બેસવાની ભયંકર ભૂલ સાધક ન કરે, એ માટે સદ્‌ગુરુએ સમયસરની, સૂચક અને પ્રતીતિજનક ચિમકી અહીં સાધકને આપી દીધી છે.

શ્લોકનો છંદ : વસંતતિલકા (૧૫૬)

૧૫૭

पूर्वं जनेरपि मृतेरपि नायमस्ति
जातः क्षणं क्षणगुणोऽनियतस्वभावः ।
नैको जडश्च घटवत् परिदृश्यमानः
स्वात्मा कथं भवति भावविकारवेत्ता ॥ १५७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પૂર્વં જનેરપિ મૃતેરપિ નાયમસ્તિ
જાતઃ ક્ષણં ક્ષણગુણોઽનિયતસ્વભાવઃ ।
નૈકો જડશ્ચ ઘટવત્ પરિદૃશ્યમાનઃ
સ્વાત્મા કથં ભવતિ ભાવવિકારવેત્તા ॥ ૧૫૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अयं (देहः) जनेः पूर्वं अपि, मृतेः (पश्चात् अपि) न अस्ति । (सः देहः) क्षणं जातः, क्षणगुणः अनियतस्वभावः (च), न एकः (अर्थात् अनेकरूपः अस्ति), जडः घटवत् परिदृश्यमानः (च अस्ति), दृष्ट न अस्ति) । (ईदृशः) भावविकारवेत्ता (देहः) कथं स्वात्मा भवति ? ॥ १५७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : अयं (देहः) जनेः पूर्वं अपि मृतेः (पश्चात् अपि) न अस्ति । जनि એટલે જન્મ, અને मृति એટલે મૃત્યુ. તે બંને શબ્દોનું છઠ્ઠી વિભક્તિ એકવચનનું - રૂપ जनेः અને मृतेः. જન્મની પહેલાં પણ અને

મૃત્યુની પછી પણ, **न अस्ति** - હોતો નથી, રહેતો નથી, અસ્તિત્વ ધરાવતો નથી. એટલે કે આ દેહનું અસ્તિત્વ, એનું હોવાપણું, એની હયાતી, - (Existence. Life) જન્મથી મૃત્યુ સુધીના સમય સુધી જ મર્યાદિત છે. જન્મ પહેલાં તે હતો નહીં, અને મૃત્યુ પછી તે હશે નહીં. **सः देहः क्षणं जातः क्षणगुणः च (अस्ति)** । તે ક્ષણમાં જન્મે છે અને ક્ષણિકગુણોવાળો છે. વળી, **(सः देहः) न एकः (अपि तु अनेकरूपः अस्ति)** । તે એકરૂપ નહીં, પણ અનેકરૂપોના સમૂહરૂપે બનેલો છે. **अनियतस्वभावः (च अस्ति)** । તે અનિયત, એટલે નિશ્ચિત નહીં એવા અસ્થિર, અદઢ અથવા પરિવર્તનશીલ સ્વભાવવાળો છે. ટૂંકમાં, એનો સ્વભાવ સ્થિર નથી, એનું કશું સ્થાયિત્વ નથી, સમયે સમયે એમાં ફેરફારો થતા રહે એવો એનો સ્વભાવ છે. **(सः) जडः, घटवत् परिदृश्यमानः (च अस्ति)** । વળી, તે ઘડાની માફક એક દશ્ય પદાર્થ છે અને તેથી તે જડ છે. ટૂંકમાં, તે 'દશ્ય' (જેને જોઈ શકાય એવો, એટલે કે 'જોવાનું' કર્મ - Object, seen) છે, 'દષ્ટા' (જોનાર, 'જોવાનો' કર્તા - Subject, seer) નથી. **सः भावविकारवेत्ता (अस्ति)** । **भावविकाराः** વગેરે 'છ ભાવ-વિકારો'નો જાણનાર છે, એટલે કે તે એ હકીકત જાણે છે કે તેને પોતાને માટે જન્મ-જરા-મૃત્યુ વગરે સ્થૂલ-શરીર-સહજ ભાવ-વિકારોનો ભોગ બનવાનું નિશ્ચિત છે. **(ईदृशः स्थूलदेहः)** આવો આ સ્થૂલ દેહ પોતે, પોતાનો આત્મા કેમ હોઈ શકે ? (૧૫૭)

અનુવાદ : આ (સ્થૂલ દેહ) જન્મની પહેલાં પણ અને મૃત્યુની પછી પણ રહેતો નથી, તે ક્ષણમાં જન્મે છે અને ક્ષણિક-ગુણોવાળો છે, એનો સ્વભાવ અસ્થિર છે, એક નહીં પરંતુ અનેકરૂપોવાળો છે, ઘડાની માફક તે દશ્ય પદાર્થ છે, તેથી તે જડ છે. ભાવ-વિકારોનો જાણનાર એવો આ (સ્થૂલ દેહ) પોતે પોતાનો આત્મા કેવી રીતે હોઈ શકે ? (૧૫૭)

ટિપ્પણ : સ્થૂલ દેહની, નિશ્ચિત થઈ ચૂકેલી, કેટલીક, પરિસ્થિતિઓનું વર્ણન કરીને, તે કદી પણ આત્મા ન હોઈ શકે, એવું અહીં નિરૂપણ કરવામાં આવ્યું છે.

આત્મા સદા-સર્વદા-સતત, ત્રણેય કાળમાં, અસ્તિત્વ ધરાવતો, ત્રણેય કાળનો સાક્ષી એટલે કે **सत्** Ever-existing છે, અજન્મા અને અવિનાશી છે, તે શાશ્વત (Eternal) છે, સનાતન ગુણો ધરાવે છે, એક જ સ્વરૂપવાળો છે, નિયત સ્વભાવવાળો છે, 'દષ્ટા' (Seer) છે, જ્ઞાતા છે, જ્ઞેય નથી, દશ્યમાન નથી, સ્વયં ચૈતન્યરૂપ છે, અપરિવર્તનશીલ છે, અને એને કશા ભાવ-વિકારો હોતા નથી, કારણ કે તે નિર્વિકાર છે.

આની સામે સ્થૂલ દેહનું સ્વરૂપ કેવું છે ? જન્મ પહેલાં અને મૃત્યુ પછી એનું ક્યાંય અસ્તિત્વ હોતું નથી. એની હયાતી, માત્ર જન્મથી મૃત્યુ સુધીની, મર્યાદિત જ છે. એનું સમગ્ર અસ્તિત્વ જ ક્ષણિક છે. આ ક્ષણે છે, પણ હવે પછીની ક્ષણે તે 'હશે' કે નહીં, એ નિશ્ચિત નથી હોતું. શૈશવ, યૌવન, ઘડપણ, નાનો-મોટો,

કાળો-ધોળો, તંદુરસ્ત-માંદો, હસતો-રડતો,- વગેરે જેવાં અનેકવિધ રૂપો તેને હોય છે. એનો સ્વભાવ કદી એકરૂપ હોતો નથી. સવારે પ્રસન્ન હોય, બપોરે ગુસ્સામાં હોય, સાંજે શોકમાં હોય અને રાત્રે ફરી પાછો ખુશમિજાજ હોય. ઘડાની માફક તે દૃશ્ય અને જડ પદાર્થ જેવો હોય છે, 'જડ' હોવાથી તેને કશું 'ચૈતન્ય' હોતું નથી. અને સમગ્ર જીવન દરમિયાન તે अस्ति થી છેક विनश्यति સુધીના સર્વ ભાવવિકારોનો તે સતત ભોગ બનતો રહેતો હોય છે.

સ્થૂલ દેહ **આવો**, અને આત્મા **તેવો** !
સામસામા છેડાના બંને સ્વરૂપો !
એ બે વચ્ચે મેળ કેવો ? અશક્ય !

સંક્ષેપમાં, આવો સ્થૂલ દેહ પોતે, કદાપિ પોતાનો આત્મા હોઈ શકે જ નહીં.

શ્લોકનો છંદ : **વસંતતિલકા (૧૫૭)**

૧૫૮

पाणिपादादिमान् देहो नात्मा व्यंगेऽपि जीवनात् ।
ततच्छक्तेरनाशाच्च न नियम्यो नियामकः ॥ १५८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

पाणिपादादिमान् देहो नात्मा व्यंगेऽपि जीवनात् ।
ततच्छक्तेरनाशाच्च न नियम्यो नियामकः ॥ १५८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : पाणिपादादिमान् (अयं) देहः आत्मा न (अस्ति) । व्यंगे अपि (तस्मिन् देहे) जीवनात् तत्-तत्-शक्तेः अनाशात् चः (सः) नियम्यः (अस्ति), न नियामकः (अस्ति) ॥ १५८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે. पाणिपादादिमान् (अयं) देहः आत्मा न (अस्ति) पाणि એટલે હાથ, અને પાદ એટલે પગ. હાથ-પગ વગેરેવાળો આ સ્થૂલ દેહ આત્મા નથી. શા કારણે ? **ત્રણ** કારણો આ પ્રમાણે : (૧) व्यंगे अपि (तस्मिन् देहे) जीवनात् - व्यंग (वि+अंग) એટલે ખામીવાળું, ખોડ-ખાંપણવાળું. व्यंगे अपि तस्मिन् देहे - એ 'सति-सप्तमी' વાક્યરચના છે, - સમય દર્શાવનારી. તે દેહ ખોડખાંપણવાળો હોય ત્યારે પણ, તો પણ, કોઈ પણ ઇન્દ્રિય કે અવયવનો ક્ષય થયો હોય તો પણ. 'તો પણ' શું ? जीवनात् તેમાં જીવન ચાલુ રહે છે છે. (૨) तत्-तत्-शक्तेः अनाशात् च । વળી, મનુષ્યની તે તે જૂદી જૂદી શક્તિ બનતી રહે છે, તેમાં તે તે અંગ-અવયવની ચેતન-શક્તિનો નાશ થતો નથી, અને (૩) सः देह नियम्यः (अस्ति), न नियामकः (अस्ति) । તે દેહ નિયમ્ય છે, એટલે કે નિયમને આધીન છે, (અન્ય એટલે કે આત્મા વડે) નિયમન-નિયંત્રણમાં લાવી શકાય તેવો, શાસિત છે, નિયામક-શાસક નથી. (૧૫૮)

અનુવાદ : હાથ-પગ વગેરે(અંગો)વાળો આ સ્થૂળ દેહ (તે) આત્મા નથી, કારણ કે, તે ખોડ-ખાંપણવાળો બને ત્યારે પણ જીવવાનું તો ચાલુ જ રહે છે અને તેની તે તે ચેતનશક્તિનો નાશ થતો નથી. (આ સ્થૂળ દેહ) નિયમ્ય છે, નિયામક નથી. (૧૫૮)

ટિપ્પણ : મનુષ્યનો સ્થૂલ દેહ આત્મા નથી, ન હોઈ શકે, - આ પહેલાંના શ્લોકમાં નિરૂપિત આ વાત અહીં પણ ચાલુ રહી છે. આત્મા આ સ્થૂલ દેહ કે એનું કોઈ અંગ હોઈ શકે નહીં, કારણ કે જો એમ હોય તો કોઈ પણ અંગ કપાઈ જતાં કે કોઈ પણ અવયવનો ક્ષય થતાં, એટલે કે શરીર આવું ખામીવાળું બનતાં, આત્માનો પણ વિનાશ થવો જોઈએ, પરંતુ એવું બનતું નથી, જીવવાનું તો ચાલુ જ રહે છે (**जीवनात्**). એ જ રીતે, મનુષ્યની તે તે ચેતન-શક્તિનો પણ નાશ થતો નથી, તે તે શક્તિ પણ ચાલુ જ રહે છે. અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આત્મા તો સ્થૂલ દેહનાં અંગો, અવયવો, વાણી, મન, અહંકાર, અંતઃકરણ, - વગેરેનો નિયામક છે, નિયંત્રક છે, નિયંતા છે, શાસક છે. શરીર તો આ નિયામકે નક્કી કરેલાં સર્વ નિયમો-નિયંત્રણોને સર્વથા આધીન છે, નિયમ્ય છે, નિયંત્રિત છે, આત્મા વડે શાસિત છે.

સ્થૂલ દેહ, આત્મા ન હોઈ શકે, એ હકીકતને સિદ્ધ કરવા માટેનાં અહીં રજુ કરવામાં આવેલાં કારણો, ખરેખર, ખાતરી કરાવનારાં છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૫૮)**

૧૫૯

देहतद्धर्मतत्कर्मतदवस्थादिसाक्षिणः।
सत एव स्वतः सिद्धं तैद्वलक्षण्यमात्मनः ॥ १५९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

देहतद्धर्मतत्कर्मतदवस्थादिसाक्षिणः ।
सत एव स्वतः सिद्धं तद्वैलक्षण्यमात्मनः ॥ १५९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : देह-तद्धर्म-तत्कर्म-तद्-अवस्था-आदि-साक्षिणः सतः आत्मनः तद्-वैलक्षण्यं स्वतः एव सिद्धं (भवति) ॥ १५९ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : आत्मनः (देहात्) वैलक्षण्यं स्वतः एव सिद्धं (भवति) । वैलक्षण्य એટલે વિલક્ષણતા, જૂદાપણું, ભિન્નતા, પૃથક્પણું Separateness, Distinction, Dissimilarity, Individualuty, स्वतः एव એટલે આપોઆપ, એની મેળે જ, કશો ખાસ પ્રયત્ન કર્યો વિના જ. દેહથી આત્માનું જૂદાપણું, આત્મા દેહથી વિલક્ષણ છે, તે હકીકત આપોઆપ જ સિદ્ધ-સાબિત-સંપન્ન થાય છે. શાથી ? શા કારણે ? કેવી રીતે ? એનાં બે કારણો આ પ્રમાણે છે : (૧) **પહેલું** કારણ તો એ કે આત્મા હંમેશાં સત્સ્વરૂપ છે, સત્યસ્વરૂપ છે,

સદા-સર્વદા અસ્તિત્વ-હયાતી ધરાવે છે, તે કદાપિ **असत्** (અસ્તિત્વ-વિહોણો,) Non-existent હોતો નથી, અને (૨) **બીજું** કારણ એ છે કે **સ્થૂલ** દેહ અને તેની સાથે સંકળાયેલાં સર્વ ધર્મો, પ્રક્રિયાઓ અને પરિસ્થિતિઓનો તે (આત્મા) **'साक्षी'** છે. કોર્ટમાં કોઈ **આરોપી**ના **साक्षी** (Witness) તરીકે ઉપસ્થિત રહેનાર વ્યક્તિ પેલા **આરોપી** કરતાં જૂદી જ હોય; આરોપી **'साक्ष्य'** છે, જ્યારે આ વ્યક્તિ તો **'साक्षी'** છે; **साक्षी** અને **साक्ष्य** કદી એક હોઈ શકે જ નહીં. અહીં, પ્રસ્તુત સંદર્ભમાં સ્થૂલ દેહ અને એની સાથે સંલગ્ન સર્વ બાબતો **'साक्ष्य'** છે, જ્યારે આત્મા તો **'साक्षी'** છે. સ્થૂલ દેહ સાથે સંકળાયેલી બાબતો શી શી છે, કઈ કઈ છે ? देह-तद्-धर्म-तत्-(देह)कर्म-तद्-(देह)-अवस्था-आदिसाक्षिणः (आत्मनः) । **'साक्षी'** રહેલા **आत्मा** શબ્દનું આ વિશેષણ છે : દેહના ધર્મો, આટલા : જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, જાડાપણું, દૂબળાપણું વગેરે વિકારો: તેનાં કર્મો, આટલાં : જોવું, સાંભળવું, સૂંઘવું, ચાખવું, સ્પર્શવું, ખાવું, પીવું, બેસવું, ચાલવું, ઊંઘવું, જાગવું, પચાવવું, મળમૂત્ર-વિસર્જન વગેરે. દેહની અવસ્થાઓ તો જાણીતી, નક્કી થયેલી આ ત્રણ છે જ : જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ. સ્થૂલ દેહ અને એનાં સર્વ ધર્મો, કર્મો, અવસ્થાઓને, આત્મા તો, સાક્ષીભાવે, તે સહુથી જુદો (પૃથક્) રહીને, જોયા કરે છે. (૧૫૯)

અનુવાદ : સ્થૂલ દેહ, તેના ધર્મો, તેનાં કર્મો અને તેની અવસ્થાઓને સાક્ષીભાવે જોનાર અને સત્સ્વરૂપ એવા આત્માનું તેનાથી (એટલે કે દેહથી) જૂદાપણું આપોઆપ સિદ્ધ થાય છે. (૧૫૯)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકોમાં, સ્થૂલ દેહ તે આત્મા નથી, તે બંને વચ્ચે ઐક્ય કે તાદાત્મ્ય ન હોઈ શકે, એ રીતે નિરૂપણ કરવામાં આવ્યું.

પરંતુ કોઈક શંકાકાર પૂર્વપક્ષ એમ પૂછે કે - "ઠીક છે, આ તો જાણ્યું, પણ આત્મા દેહથી જૂદો (**विलक्षण**) છે, એ કેવી રીતે ? આત્માનાં, દેહથી જૂદાપણાંનાં કારણો તો જરા દર્શાવો !"

આવા પૂર્વપક્ષને, અહીં, સિદ્ધાંતપક્ષે, મૂંગો કરી દે એવો જડબાંતોડ જવાબ આપ્યો છે : "ભલા માણસ, તારામાં તો કોઈ 'સામાન્ય બુદ્ધિ' (Common sense) પણ જણાતી નથી ! કોર્ટમાંનો **'साक्षी'**(witness) એક બાજુ, **ન્યાયાધીશ**(Judge) અથવા **વકીલ**(Pleader)ની સામે ઊભો હોય છે, જ્યારે પેલો **આરોપી**(Accused) તો આરોપીનાં પિંજરામાં ઊભો હોય છે ! એ બંને, એટલે કે **साक्षी** અને **साक्ष्य**(આરોપી), કદી એક જ વ્યક્તિ હોઈ શકે ? એ જ રીતે, અહીં, સદા-સર્વદા-સતત સત્સ્વરૂપ એવો આત્મા પણ, સર્વવ્યાપી (Omni-present) હોવાથી, મર્ત્ય અને વિનશ્વર (Mortal) એવા સ્થૂલ દેહને, તેનાં અનેક વિવિધ ધર્મો-કર્મો, અવસ્થાઓને, તેનાંથી સાવ અલગ-ભિન્ન-ન્યારો-વિલક્ષણ રહીને,

સાક્ષીભાવે જોયા જ કરતો હોય છે ! તે તો **'દ્રષ્ટા'**(seer) છે, દેહ વગેરે તો 'દૃશ્ય' અથવા દૃશ્યમાન છે ! જે **'તટસ્થ'** (એટલે કે નદીના તટ પર ઊભો) હોય, તે પોતાની સામેના સરિતાપ્રવાહમાંની હોડીઓ અને એમાં બેઠેલાં બધા યાત્રાળુઓ વગેરેથી તો જુદો જ હોયને ! **'તટસ્થ'** અને **'જલપ્રવાહસ્થ'** એ બંને ક્યારેય પણ એક હોઈ શકે ?"

બિચારો પૂર્વપક્ષ ! આવ્યો તો હતો, સિદ્ધાંતપક્ષ સાથે વિવાદ કરવા, અને એમ કરીને, એમનાં નિરૂપણનું ખંડન (Refutation) અને સિદ્ધાંતપક્ષને પરાજિત કરવા, પરંતુ એની કમનસીબી અને કરુણતા, - એની 'ફજેતી', - એવી થઈ કે, પેલી પ્રચલિત લોક-કહેવત મુજબ, 'આપે થે શિકાર કરને કે લિયે, લેકિન ખુદ હી શિકાર બન ગયે !'

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૫૯)**

૧૬૦

कुल्यराशिर्मांसलिप्तो मलपूर्णोऽतिकश्मलः ।
कथं भवेदयं वेत्ता स्वयमेतद्विलक्षणः ॥ १६० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

कुल्यराशिर्मांसलिप्तो मलपूर्णोऽतिकश्मलः ।
कथं भवेदयं वेत्ता स्वयमेतद्विलक्षणः ॥ १६० ॥

શ્લોકનો ગદ્ય અન્વય : कुल्यराशिः मांसलिप्तः मलपूर्णः अतिकश्मलः अयं (देहः), एतद्विलक्षणः (तस्य देहस्य स्वयं) वेत्ता (च ईदृशः आत्मा) कथं (भवेत्) ? ॥ १६० ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : अयं (देहः) एतद्विलक्षणः (आत्मा) कथं भवेत् ? આ (સ્થૂલ દેહ) પોતાનાથી જુદાં જ લક્ષણવાળો (આત્મા) કેવી રીતે હોઈ શકે ? કેવો દેહ ? એનાં **ચાર** વિશેષણો આ પ્રમાણે : (૧) **कुल्यराशिः** । **कुल्य** એટલે હાડકાં અને **राशिः** એટલે ઢગલો-સમૂહ-માળો, હાડકાંનો માળો, (૨) **मांसलिप्तः** માંસ વડે લીંપાયેલો, લથપથ, ખરડાયેલો, (૩) **मलपूर्णः** મળ-ભર્યો, મળમૂત્રથી ભરેલો, (૪) **अतिकश्मलः** । **कश्मल** એટલે મેલો (Dirty), મલિન, નિન્દ્ય-નિન્દાપાત્ર, – Ignominous, Condemnable.

સ્થૂલ દેહ આવો છે, તો તેનાથી જુદો એવો આત્મા કેવો છે ? (**तस्य देहस्य**) **स्वयं वेत्ता** - તેને, દેહને, જાણનારો, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતા (The knower). (૧૬૦)

અનુવાદ : હાડકાંનો માળો, માંસ વડે લથપથ, મળથી ભરેલો અને અત્યંત મલિન એવો આ (સ્થૂલ દેહ), પોતાનાથી સાવ વિલક્ષણ અન સ્વયં જ્ઞાનસ્વરૂપ એવો આત્મા શી રીતે હોઈ શકે ? (૧૬૦)

ટિપ્પણ : પેલા બિચારા પૂર્વપક્ષ-'ભાઈ સાહેબ' હાર્યા તો ખરા, છતાં 'હાર્યો જુગારી બમણું રમે !' એ કહેવત પ્રમાણે, અથવા અંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથ (Goldsmith 1728-1794)નાં કાવ્ય-'**The Deserted Village**'માંના પેલા '**ગામઠી શાળાના માસ્તર**'(Village-schoolmaster)ની જેમ, –

'Even though vanquished, he could argue still !'

'હાર્યા છતાં, દલીલબાજીમાં પોતે જરા પણ ઊણાં ઊતરે તેમ નથી !' – એવું પોતાનું ડહાપણ (કે 'દોઢ-ડહાપણ' ?) દર્શાવવા, જ્યારે તેણે 'સ્થૂલ દેહ તે આત્મા જ છે !' – એવું પોતાનું ગાણું ગાવાનું ચાલુ જ રાખ્યું ત્યારે, એને 'ભોંયભેગો' કરવા માટે, સિદ્ધાંતપક્ષ માટે બીજો કશો વિકલ્પ ન્હોતો !

પરંતુ આ વિશે આગળ જતાં પહેલાં, એક નોંધપાત્ર વાતની નોંધ કરી લઈએ : "સ્થૂલ શરીર એ આત્મા નથી", – એ વિષય પર, અત્યારસુધીમાં, સવિસ્તર નિરૂપણ થઈ ગયું છે; આવશ્યક એવું, એના અનુસંધાનમાં, બધું જ કહેવાઈ ગયું છે; છતાં એ જ બાબતનું આવું, વારંવાર, '**પિષ્ટપેષણ**' (**पिष्टस्य पेषणम्**) – એટલે કે 'ખાંડેલા'(Pulverised, pounded, crushed)ને ફરી-ફરી અનેક વાર ખાંડવું : એક ને એક વાતની વારંવાર પુનરુક્તિ-Repetition(કર્યા કરવી). શા માટે ? આવો સવાલ કોઈક વાચકનાં મનમાં ઊઠવાની શક્યતા ખરી.

આમ તો, આવો સવાલ સાચો અને સમુચિત ગણાય, કારણ કે સાહિત્ય-વિવેચન-શાસ્ત્ર (Literary criticism)ના સિદ્ધાંત પ્રમાણે, 'પુનરુક્તિ'ને, લેખકનો, "**દોષ**" જ ગણવામાં આવેલ છે. આ બાબતમાં બે વાત લક્ષમાં રાખવાની રહે છે : **એક** તો એ કે આ ગ્રંથ સાહિત્યનો નથી, વેદાન્તનો, એટલે કે તત્ત્વજ્ઞાનનો છે, અને **બીજી** એ કે સ્વયં શ્રીશંકરાચાર્યજીએ, "**બ્રહ્મસૂત્ર**" પરનાં પોતાનાં ભાષ્યમાં, એક સ્થળે, "**સ્થૂણા-નિખનન**"-નામનો એક '**ન્યાય**' ટાંક્યો છે : કોઈ-સ્થળે, ભોંયમાં, થાંભલો (**સ્થૂણા**) ખોડવાનો કે રોપવાનો હોય ત્યારે, એ થાંભલા માટેના ખાડામાં જરૂરી રેતી-પત્થરો નાખીને, થાંભલાને મજબૂત કરવા માટે, એને વારંવાર ખાંડ્યા-ખોડ્યા કરવા(**નિખનન**)ની જરૂર રહે છે. તત્ત્વજ્ઞાનની ચર્ચા દરમિયાન પણ, "સ્થૂલ શરીર તે આત્મા નથી", – જેવા મહત્ત્વના વિષયને, શિષ્યનાં મનમાં દૃઢીભૂત કરવામાં, પુનરુક્તિ એ **દોષ** નથી, પરંતુ ગુણ બની રહે છે, એવું આચાર્યશ્રી માનતા હોય તો તે અસ્વાભાવિક નથી.

સ્થૂલ દેહથી આત્માની વિલક્ષણતા સિદ્ધ કરવા માટે અહીં, ફરી એક વાર, '**વિલક્ષણ**'–શબ્દ પ્રયોજાયો છે, પરંતુ એ 'વિલક્ષણતા'ના **બે** નવા આધાર અહીં નિરૂપાયા છે : **એક** તો એ કે સ્થૂલ શરીર માંસ-મળ-સૂત્ર વગેરે ગંદા તત્ત્વોથી લથપથ છે અને નિંદ્ય છે, જ્યારે આત્મા તો વિશુદ્ધિનું મૂર્તિમંત સ્વરૂપ છે અને આવકાર્ય-ઇચ્છનીય-પ્રાતવ્ય એવું એક તત્ત્વ છે. **બીજું**, આત્મા, એ દેહને જાણનારો (**વેત્તા**) છે, "**જ્ઞાતા**"(Knower) છે, દેહ તો આત્માનો "**જ્ઞેય**"(Knowable) એવો

પદાર્થ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાન-ક્રિયાનો "કર્તા"(Subject) છે, જ્યારે દેહ તો એ જ જ્ઞાન-ક્રિયાનું માત્ર "કર્મ"(Object) જ છે ! વ્યાકરણશાસ્ત્રના નિયમ પ્રમાણે પણ, 'કર્મ' કદાપિ કર્તા ન હોઈ શકે, ન બની શકે : એ બંને વચ્ચેની વિલક્ષણતા તો સિદ્ધ જ છે.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૧૬૦)

૧૬૧

त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशा-
-वहंमतिं मूढजनः करोति ।
विलक्षणं वेत्ति विचारशीलो
निजस्वरूपं परमार्थभूतम् ॥ १६१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशा-
-वहंमतिं मूढजनः करोति ।
विलक्षणं वेत्ति विचारशीलो
निजस्वरूपं परमार्थभूतम् ॥ १६१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : મૂઢજનઃ ત્વङ્માંસમેદોऽસ્થિપુરીષરાશૌ (સ્થૂલદેહે) મૂઢજનઃ અહંમતિં કરોતિ, વિચારશીલઃ (તુ) પરમાર્થભૂતં નિજસ્વરૂપં વિલક્ષણં વેત્તિ ॥ ૧૬૧ ॥

શબ્દાર્થ : આ શ્લોકમાં, આ બે સ્વતંત્ર વાક્યો છે : એક : મૂઢજનઃ ત્વङ્-માંસમેદોऽસ્થિપુરીષરાશૌ (સ્થૂલદેહે) અહંમતિ કરોતિ ।

બે : વિચારશીલઃ (તુ) પરમાર્થભૂતં નિજસ્વરૂપં વિલક્ષણં વેત્તિ । મૂઢજનઃ - મૂર્ખ માણસ, જેની મતિ-બુદ્ધિ મુંઝાઈ ગઈ છે અને તેથી, જે યોગ્ય વિચાર કરી શકતો નથી, વિવેકબુદ્ધિ વિનાનો માણસ. એ શું કરે છે ? (સ્થૂલદેહે) અહંમતિં કરોતિ । અહંમતિ એટલે તે માણસ સ્થૂલ દેહ વિશે "હું"-બુદ્ધિ કરે છે, 'હું' એટલે આ દેહ, - એવું માનનાર-સમજનાર માણસ; સ્થૂલ શરીર પ્રત્યે તે "અહં"-ભાવ, "મમ"ભાવ સેવે છે. સ્થૂલ દેહ કેવો છે ? - આ વિશેષણમાંના બધા જ શબ્દો અગાઉના શ્લોકોમાં આવી ગયા છે. સ્થૂલ દેહ એટલે ચામડી-માંસ-મેદ-હાડકાં-વિષ્ઠા(મળ) વગેરેનો સમૂહ, ઢગલો; આવા સ્થૂલ શરીરને, મૂઢ-માણસ, 'હું' - એમ સમજે છે.

વિચારશીલ એટલે યોગ્ય વિચાર કરી શકે, વિવેકબુદ્ધિનો સમુચિત વિનિયોગ કરી શકે તેવો, જ્ઞાની, જ્ઞાનસંપન્ન માણસ. આ માણસ શું કરે છે ? **નિજસ્વરૂપં** એટલે પોતાનાં સ્વરૂપને, પોતાની જાતને, **વિલક્ષણ** એટલે જૂદી, ભિન્ન, પૃથક્,

અળગી, ન્યારી. કોનાથી ? - સ્થૂલ શરીરથી; 'વિલક્ષણ' એટલે કેવી ? **परमार्थभूतं** પારમાર્થિક સત્ય તરીકે, પરમ-અર્થ-સંપન્ન એવા આત્મા તરીકે. **वेत्ति** - સમજે છે, જાણે છે, ઓળખે છે.

'મૂઢજન' અને 'વિચારશીલ' એવા બે પરસ્પર-ભિન્ન મનુષ્યોની જૂદી જૂદી સમજણ અને માન્યતા વચ્ચેનો તફાવત દર્શાવવા માટે, ઉપર્યુક્ત બંને વાક્યો વચ્ચે (तु) શબ્દ 'અધ્યાહાર્ય છે, એમ સમજવાનું છે. (૧૬૧)

અનુવાદ : મૂર્ખ માણસ, ચામડી-માંસ-મેદ-હાડકાં-મળના ઢગલા(સમાન સ્થૂલ દેહ)માં 'હું-બુદ્ધિ' કરે છે, જ્યારે વિચારશીલ માણસ પારમાર્થિક સત્ય એવા પોતાનાં સ્વરૂપને, તે(દેહ)થી વિલક્ષણ સમજે છે. (૧૬૧)

ટિપ્પણ : "સ્થૂલ શરીર તે આત્મા નથી",– એ ચર્ચામાં, અંતે, પેલા પૂર્વપક્ષે, પોતાનો પરાજય સ્વીકારી લીધો છે, એમ આપણે સમજી લેવાનું રહે છે, કારણ કે અહીંથી સિદ્ધાંતપક્ષ તથા પૂર્વપક્ષ, - એ બંને પક્ષોની વિચારધારામાં માન્યતા ધરાવનારા, બે, જૂદા જૂદા સ્વભાવવાળા, માણસો વચ્ચેના તફાવતને સમજાવવામાં આવે છે.

અંગ્રેજીમાં એક કહેવત છે કે **"Beauty is skin-deep"**. માણસને શરીર સુંદર કેમ લાગે છે ? બહારની સ્થૂળ ચામડી સુંદર છે, તેથી. પરંતુ ચામડીનું પડ તો સાવ પાતળું હોય છે, અને ચામડીની નીચે, અંદર, શરીરમાં તો માંસ-મળ-મૂત્ર વગેરેની ગંદકી જ ભરેલી છે ! પરંતુ મૂઢ માણસ તો શરીર-ઉપરની રૂપાળી ચામડીથી જ પ્રસન્ન અને પ્રભાવિત થઈ જાય છે ! શરીરની અંદર ભરપૂર માત્રામાં રહેલી ગંદકી વિશે તો, આંખથી તે અળગી હોવાથી, તે વિચારી શકતો જ નથી, – તેની 'મતિ' 'મૂઢ' હોવાથીસ્તો ! અને આનું પરિણામ ? 'હું સ્થૂલ શરીર જ છું !' – એવી મિથ્યા અને અનર્થ-જનક સમજણ ! શરીરથી આગળ-ઊંચે અને 'અંદર', પેલી ગંદકી ઉપરાંત, એની પેલી પાર પોતાનાં મૂળભૂત સ્વરૂપ સમા, હકીકતમાં તો સદા વસી રહેલા, સ્વયં પરમાત્માના અંશને, આત્માને, તે જોઈ શકતો નથી, જોવાનું તેને સૂઝતું જ નથી : What a tragedy ! What a tragic irony !

આની પડછે, પેલા વિચારશીલ અને જ્ઞાની મનુષ્યની સિદ્ધિ જુઓ : એની વિવેકબુદ્ધિ એને સાચી અને સૂક્ષ્મ દૃષ્ટિ આપે છે, જેના વડે, શરીરમાંની પેલી બધી ગંદકીની સંપૂર્ણ ઉપેક્ષા કરીને, એની પેલી પાર રહેલાં પોતાનાં સ્વરૂપને, પેલાં શરીર તથા એની ગંદકીથી વિલક્ષણ, પારમાર્થિક સત્ય એવા આત્મા તરીકે, ઓળખી લે છે ! આવી સાચી-સૂક્ષ્મ દૃષ્ટિ, સમજણ અને આવાં જ્ઞાનને કારણે, 'હું તો સ્થૂલ શરીરના અહંભાવ–મમભાવથી અળગો, અસંગ, વિલક્ષણ આત્મા છું !'- એવી પ્રતીતિ વડે તે ધન્ય બની જાય છે, અને મોક્ષપ્રાપ્તિ વડે એનો બેડો પાર થઈ જાય છે !

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૬૧)**

૧૬૨

देहोऽहमित्येव जडस्य बुद्धि-
-र्देहे च जीवे च विदुषस्त्वहंधीः ।
विवेकविज्ञानवतो महात्मनो
ब्रह्माहमित्येव मतिः सदात्मनि ॥ १६२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહોઽહમિત્યેવ જડસ્ય બુદ્ધિ-
-ર્દેહે ચ જીવે ચ વિદુષસ્ત્વહંધીઃ ।
વિવેકવિજ્ઞાનવતો મહાત્મનો
બ્રહ્માહમિત્યેવ મતિઃ સદાત્મનિ ॥ ૧૬૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : देहः अहं इति एव बुद्धिः जडस्य (अस्ति), देहे च जीवे च 'अहंधीः' (इति तु बुद्धिः) विदुषः (अस्ति), 'सत्'-आत्मनि अहं ब्रह्म एव (अस्मि, इति) मतिः विवेकविज्ञानवतः महात्मनः (अस्ति) ॥ १६२ ॥

શબ્દાર્થ : 'देहः अहं इति एव बुद्धिः जडस्य (अस्ति) । જડ એટલે એવો માણસ, જેની બુદ્ધિ નિષ્ક્રિય હોય, કામ કરતી ન હોય, જે પોતે કશું વિચારી શકતો ન હોય. આવા માણસની સમજણ-માન્યતા (बुद्धिः) કેવી હોય છે? 'આ સ્થૂળ શરીર જ હું છું એવી' देहः एव अहं इति । विदुषः । (विद्वस् એ શબ્દની છઠ્ઠી વિભક્તિ-એકવચન)ની એટલે કે વિદ્વાન-પંડિત શા પારંગતની બુદ્ધિ (धीः) કેવી હોય છે ? 'દેહમાં અને જીવમાં હું છું' - એવી (अहं-धीः). પરંતુ જે માણસ વિવેક–વિજ્ઞાનવાળો મહાત્મા (विवेकविज्ञानवतः महात्मनः) હોય તેની બુદ્ધિ (मतिः) કેવી હોય છે ? 'सत्स्वरूप-सत्यस्वरूप આત્મામાં (सति आत्मनि) હું બ્રહ્મ જ છું (अहं ब्रह्म एव अस्मि)' એ પ્રકારની. (૧૬૨)

અનુવાદ : 'સ્થૂળ શરીર જ હું છું,' - એવી સમજણ જડ માણસની હોય છે. 'દેહ અને જીવમાં હું છું,' - એવી માન્યતા પંડિતની હોય છે, જ્યારે 'સદ્રૂપ આત્મામાં હું પોતે બ્રહ્મ જ છું.' - એવી બુદ્ધિ વિવેકવિજ્ઞાનવાળા મહાત્માની હોય છે. (૧૬૨)

ટિપ્પણ : આમ તો, અહીં પણ, આ પહેલાંના શ્લોકમાંનો વિષય જ ચાલુ રહ્યો છે, પણ એમાં થોડો ફેર છે. 'હું શું છું ?' એ પ્રશ્ન પરત્વે, પોતાની બુદ્ધિ (बुद्धिः धीः, मतिः) કેવી છે ? એ બાબતમાં અહીં, બે નહીં, પરંતુ **ત્રણ** જૂદી જૂદી બૌદ્ધિક સજ્જતા (Intellectual equipment) ધરાવતા માણસો વચ્ચે રહેલો તફાવત નિરૂપવામાં આવ્યો છે, અને તે **ત્રણ** આ પ્રમાણે છે :

(૧) જડ બુદ્ધિવાળો માણસ,

(૨) બહુ-ભણેલો, શાસ્ત્ર-પારંગત, બહુશ્રુત પંડિત (Well-read) માણસ,

અને (૩) સૂક્ષ્મ વિવેકબુદ્ધિની વિજ્ઞાન-સિદ્ધિ ધરાવતો, સાચો જ્ઞાની, મહાત્મા, એવો મનુષ્ય.

પેલા પ્રસ્તુત પ્રશ્ન પરત્વે, આ ત્રણ વ્યક્તિની સમજણ આ પ્રમાણે હોય છે :

(૧) જેની બુદ્ધિ એટલે કે વિચારશક્તિ જ જડ, નિષ્ક્રિય છે, જે કશું વિચારી જ શકતો નથી, એ બિચારો તો, સુંદર-મજાના-આકર્ષક પોતાના સ્થૂળ દેહને જુએ કે તરત જ, - 'હું' એટલે બીજું કશું નહીં, 'આ દેહ' જ છું ! - એમ માની બેસે છે.

(૨) પંડિતની બુદ્ધિ થોડી કેળવાયેલી છે, કારણ કે કોઈક સારી પાઠશાળા-(University)માં ભણીને, વેદો-શાસ્ત્રો-દર્શનો વગેરે વિશે વ્યાપક અને ઊંડા સ્વાધ્યાયની, વિદ્વત્તાની, ઉચ્ચ કક્ષા તેણે પ્રાપ્ત કરી છે. આમ, એની વૈચારિક-બૌદ્ધિક કક્ષા (Intellectual-level) ઘણી ઊંચી હોવા છતાં, આધ્યાત્મિક અને તાત્ત્વિક બાબતોમાં (Spiritual, Philosophical matters) તે સાવ કોરો છે, એની કેળવણી માત્ર બુદ્ધિ અને જીવનાં સ્વરૂપ સુધીની જ મર્યાદિત છે, હૃદય-અંતઃકરણ-આત્મા જેવાં સૂક્ષ્મ અને આંતર (Internal) તત્ત્વો બાબતમાં તે હજી સંપૂર્ણતઃ અનભિજ્ઞ છે. પરિણામે, તે દેહ અને જીવમાં 'અહં'બુદ્ધિવાળો હોય છે : 'દેહવાળો જીવ હું છું', એમ તે માને છે.

(૩) ત્રીજો માણસ, ખરેખર, વિવેક-વિજ્ઞાન-સંપન્ન એવો એક વિરલ મહાત્મા છે. બ્રહ્મનાં મૂળભૂત સાચાં સ્વરૂપની એને પૂરી અને પાકી સમજણ છે. તેથી સ્થૂળ શરીર અને જીવની મર્યાદાથી તે સંપૂર્ણરીતે પરિચિત છે. તેની આંતર-દૃષ્ટિ ઊઘડી ગઈ હોવાથી, તેને સમ્યક્ પ્રતીતિ થઈ ગઈ હોય છે કે 'હું બીજું કશું જ નહીં, પરંતુ હું સ્વયં બ્રહ્મ જ છું !'

આવી ત્રણ વ્યક્તિઓનાં બાહ્ય તથા આંતરિક વ્યક્તિત્વનાં આટલાં નિરીક્ષણ પછી, પ્રવર્તમાન વિશ્વવિદ્યાલયોમાં પ્રચલિત બનેલા, પારિભાષિક શબ્દોને પ્રયોજીને, આપણે નિઃસંકોચ કહી શકીએ કે :

(૧) પ્રથમ વ્યક્તિ માત્ર દુન્વયી માણસ તરીકે ત્રીજા વર્ગમાં (III - class) પાસ, પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ તો પૂરેપૂરી નાપાસ થાય છે.

(૨) વચલી વ્યક્તિ બીજા વર્ગમાં (II - class) ઉત્તીર્ણ થાય છે.

(૩) ત્રીજી વ્યક્તિ પ્રથમ વર્ગમાં, પણ પ્રથમ ક્રમ (1st class First) મેળવીને, સર્વોચ્ચ સિદ્ધિનો અધિકારી બને છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૬૨)

૧૬૩

अत्रात्मबुद्धिं त्यज मूढबुद्धे
त्वङ्मांसमेदोऽस्थिपुरीषराशौ ।
सर्वात्मनि ब्रह्मणि निर्विकल्पे
कुरुष्व शान्तिं परमां भजस्व ॥ १६३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અત્રાત્મબુદ્ધિં ત્યજ મૂઢબુદ્ધે
ત્વઙ્માંસમેદોઽસ્થિપુરીષરાશૌ ।
સર્વાત્મનિ બ્રહ્મણિ નિર્વિકલ્પે
કુરુષ્વ શાન્તિં પરમાં ભજસ્વ ॥ ૧૬૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (હે) મૂઢબુદ્ધે, ત્વઙ્માંસમેદોઽસ્થિપુરીષરાશૌ અત્ર (સ્થૂલદેહે) આત્મબુદ્ધિં ત્યજ। સર્વાત્મનિ નિર્વિકલ્પે બ્રહ્મણિ (આત્મબુદ્ધિં) કુરુષ્વ । પરમાં શાન્તિં (ચ) ભજસ્વ ॥ ૧૬૩ ॥

શબ્દાર્થ : સ્થૂલ દેહ અને આત્માનાં સ્વરૂપ અને પરસ્પરસંબંધની બાબતમાં ગેરમાર્ગે જઈ રહેલા શિષ્યને 'હે મૂઢબુદ્ધિવાળા !' (હે મૂઢબુદ્ધે) - એવાં સંબોધન-થી, સદ્‌ગુરુ, આ પ્રમાણે, ત્રણ આદેશો આપે છે :

(૧) ત્યજ - ત્યજી દે, છોડી દે, ત્યાગ કર.

(૨) (આત્મબુદ્ધિં) કુરુષ્વ - (આત્મબુદ્ધિ) કર, અપનાવ.

(૩) ભજસ્વ । પામજે, પ્રાપ્ત કરજે, મેળવ.

હવે, આ ત્રણેય આજ્ઞાઓ સાથે સંકળાયેલાં વાક્યોને સમજવાનો પ્રયત્ન કરીએ :

(૧) ગુરુજી, શિષ્યને શું છોડી દેવાનો આદેશ આપે છે ? અત્ર (સ્થૂલદેહે) આત્મબુદ્ધિ । - અહીં, આ સ્થૂલ દેહમાં, આત્મબુદ્ધિ કરવાનો, એટલે કે 'આ શરીર એ જ હું છું,' એવી અહંબુદ્ધિ, એવી ખોટી સમજણનો ત્યાગ કરવાનો આદેશ આપે છે. શા માટે ? કારણ કે, આ પહેલાં કહેવાઈ ગયું છે તેમ, આ શરીર, ચામડી- માંસ-મેદ-હાડકાં-મળ વગેરેનો માત્ર ઢગલો છે, એનું જ એ માળખું છે. એ સિવાય એમાં બીજું કશું જ શુભ-મંગલ કે સાત્ત્વિક નથી, - તેથી. અને શિષ્ય મંદબુદ્ધિવાળો (મૂઢમતિ) હોય ત્યારે જ, તેને, આવો આદેશ આપવો પડેને !

(૨) ઉપર્યુક્ત આદેશમાં જેમ, છોડવાની (ત્યજ) વાત છે તેમ, આ બીજા આદેશમાં, અપનાવવાની (કુરુષ્વ) આજ્ઞા છે. શિષ્યે શું અપનાવવાનું - કરવાનું - સ્વીકારવાનું છે ? સર્વમાં આત્મારૂપે રહેલા (સર્વાત્મનિ) નિર્વિકલ્પ (નિર્વિકલ્પે) એવા બ્રહ્મમાં આત્મબુદ્ધિ (બ્રહ્મણિ) કરવાની છે. આવા બ્રહ્મમાં (આત્મબુદ્ધિં કુરુષ્વ) આત્મબુદ્ધિ કરવી, એટલે 'એ બ્રહ્મ હું પોતે જ છું' - એવી સમજણને અપનાવવી-સ્વીકારવી. આ બ્રહ્મ 'નિર્વિકલ્પ' એટલા માટે છે કે તેમાં કશા 'વિકલ્પ' (Option) માટે અવકાશ નથી, આ કે તે, એવાં બીજાં કોઈ રૂપે તેને વર્ણવી શકાય એમ નથી, એટલે કે એનું સ્વરૂપ શાશ્વત છે, નિત્ય (Eternal) છે, પરિવર્તનથી પર છે.

(૩) શિષ્ય, ગુરુજીની, આ બીજી આજ્ઞા સ્વીકારે, એટલે પછી ત્રીજી આજ્ઞા તો, આ પ્રમાણે, શુભ પરિણામ સમી સ્વાભાવિક જ બની રહે કે - 'તું ઉત્કૃષ્ટ-પરમ-સર્વશ્રેષ્ઠ શાંતિને (પરમાં શાન્તિં) પ્રાપ્ત કર, પામ, મેળવ.' (ભજસ્વ) (૧૬૩)

અનુવાદ : હે મંદબુદ્ધિવાળા ! ચામડી-માંસ-મેદ-હાડકાં-વિષ્ઠાના ઢગલા જેવા આ સ્થૂલ દેહમાં આત્મબુદ્ધિનો ત્યાગ કર, અને સર્વમાં આત્મારૂપે રહેલા નિર્વિકલ્પ બ્રહ્મમાં (આત્મબુદ્ધિ) કર, (આમ કરીને, પરિણામે) તું પરમ શાંતિ પામ ! (૧૬૩)

ટિપ્પણ : આમ તો, શબ્દાર્થ-વિભાગમાં, શબ્દોના અર્થની સવિસ્તર સમજૂતી ઉપરાંત, આ શ્લોકનાં તાત્પર્ય વિશે પણ, જેટલું જરૂરી છે, તે સઘળું નિરૂપી દેવામાં આવ્યું છે. તેમ છતાં, આટલી બાબતો આપણે લક્ષમાં રાખીએ :

એક તો એ કે મોક્ષાર્થી સાધકને 'મૂઢબુદ્ધિ' રહેવાનું પોસાય નહીં. તેણે જો મોક્ષપ્રાપ્તિરૂપી પોતાનાં જીવનધ્યેયને સંપન્ન કરવું હોય તો, પોતાની બુદ્ધિને, વિચારશક્તિને સક્રિય-સતેજ-સાવધ કરવી જ રહી. એ વિના પોતે સ્વીકારેલી જીવનયાત્રામાં એ સફળ થઈ શકે નહીં.

બીજું, મોક્ષપ્રાપ્તિ એટલે જ પરમ શાંતિ - એ સત્ય અને શાશ્વત હકીકતને તેણે સમયસર સમજીને હંમેશાં સ્મરણમાં રાખવાની છે.

અને **ત્રીજી** તથા **છેલ્લી** અને **સહુથી મહત્ત્વની** વાત એ છે કે જે બ્રહ્મમાં તેણે આત્મબુદ્ધિ કરવાની છે, તેનું મૂળભૂત સાચું સ્વરૂપ તેણે આત્મસાત્ કરી લેવાનું છે કે તે (બ્રહ્મ) સર્વમાં આત્મારૂપે રહેલું છે અને અન્ય કોઈ પણ વર્ણન કે વિકલ્પથી તે પર છે, નિર્વિકલ્પ છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૬૩)

૧૬૪

देहेन्द्रियादावसति भ्रमोदितां
विद्वानहंतां न जहाति यावत् ।
तावन्न तस्यास्ति विमुक्तिवार्ता-
-प्यस्त्वेष वेदान्तनयान्तदर्शी ॥ १६४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહેન્દ્રિયાદાવસતિ ભ્રમોદિતાં
વિદ્વાનહંતાં ન જહાતિ યાવત્ ।
તાવન્ન તસ્યાસ્તિ વિમુક્તિવાર્તા-
-પ્યસ્ત્વેષ વેદાન્તનયાન્તદર્શી ॥ ૧૬૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : વિદ્વાન્ યાવત્ અસતિ દેહેન્દ્રિયાદૌ ભ્રમોદિતાં અહંતાં ન જહાતિ, તાવત્ તસ્ય વિદુષઃ વિમુક્તિ-વાર્તા ન અસ્તિ, એષઃ તુ વેદાન્ત-નય-અન્તદર્શી અપિ અસ્તુ (નામ) ॥ ૧૬૪ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : તાવત્ તસ્ય (વિદુષઃ) વિમુક્તિવાર્તા ન અસ્તિ । વાર્તા એટલે વાત, સવાલ, વિષય, મુદ્દો. ત્યાં સુધી તે(વિદ્વાન)ની મુક્તિની વાત

ન થઈ શકે, ન સંભવી શકે. ક્યાં સુધી ? અને કયો વિદ્વાન ? यावत् (सः) विद्वान् असति देहेन्द्रियादौ भ्रमोदितां अहंतां न त्यजति । - જ્યાં સુધી (તે) વિદ્વાન છોડે નહીં, ત્યજે નહીં (न जहाति). શું છોડવાનું-ત્યજવાનું છે ? अहंतां - અહંપણાને, અહંભાવને, મમભાવને. શામાંનો આ 'અહં-ભાવ' ? देहेन्द्रियादौ - દેહ અને ઇન્દ્રિયો વગેરેમાંનો અહંભાવ. એ અહંભાવ કેવો છે ? असति (असत्-નું સપ્તમી વિભક્તિ એકવચન-રૂપ, देहेन्द्रियादौનું વિશેષણ) મિથ્યા, મિથ્યાભૂત, ખોટો, અસત્ય. अहंता - કેવી છે ? भ्रम-उदितां - ભ્રમને કારણે જન્મેલી, ભ્રમણા-ભ્રાન્તિને કારણે પ્રગટેલી, ઊભી થયેલી. ટૂંકમાં, વિદ્વાન, મિથ્યા એવા દેહ-વગેરેમાં ભ્રાન્તિને કારણે ઉદ્‌ભવેલા પોતાના હું-પણાને છોડે નહીં ત્યાં સુધી, તેના મોક્ષનો સવાલ સંભવતો જ નથી. नय - એટલે સિદ્ધાન્ત. नयान्त એટલે પણ સિદ્ધાન્ત. दर्शी - જાણકાર, જેણે દર્શન કર્યું છે, જે જ્ઞાન ધરાવે છે તે, પારંગત. अपि પણ. नाम - ભલેને, ભલે. આવો વિદ્વાન દર્શનના સિદ્ધાન્તોનો પૂરેપૂરો જાણકાર ભલેને હોય, તો પણ નહીં ! (૧૬૪)

અનુવાદ : વિદ્વાન જ્યાં સુધી દેહ અને ઇન્દ્રિયો વગેરેમાં, ભ્રમને કારણે ઊગેલા જૂઠા (પોતાના) 'અહં'ભાવને છોડે નહીં ત્યાં સુધી, તેના મોક્ષની વાત જ ન થઈ શકે, - પછી, ભલેને, તે વેદાન્તના સિદ્ધાન્તોનો જાણકાર હોય ! (૧૬૪)

ટિપ્પણ : સાધક ખૂબ ભણ્યો હોય, ખાસ કરીને વેદાન્ત-દર્શનના સર્વ મહત્ત્વના અને પાયાના સિદ્ધાન્તોનું પાંડિત્ય ધરાવતો હોય, એનો તે પૂરેપૂરો જાણકાર બની ગયો હોય, અરે, એમાં પારંગત થઈ ગયો હોય, જેને સાચા અર્થમાં એ વેદાન્તસિદ્ધાંતો પૂરતો, 'તજ્જ્ઞ' (Expert, connoisseur) કહેવામાં આવે છે, એવો તે હોય, તો પણ એના મોક્ષની વાત જ ન સંભવી શકે, કારણ કે તેણે મોક્ષપ્રાપ્તિ માટેની પાયાની શરત જ પરિપૂર્ણ નથી કરી. સ્થૂલ દેહ સાથે સંકળાયેલા, ઇન્દ્રિયો વગેરે બધા જ પદાર્થો મિથ્યા ('असत्') છે અને 'એ સર્વ હું છું' - એવા, ભ્રમણાને કારણે ઉદ્‌ભવેલા, 'અહં'-ભાવમાંથી જ હજુ તે મુક્ત થયો નથી, ત્યાં, આવી પરિસ્થિતિમાં, એના મોક્ષનો સવાલ જ અપ્રસ્તુત બની જાય. પેલા 'મમ'-ભાવનો ત્યાગ, એ તો પ્રાથમિક છતાં અનિવાર્ય એવી શરત છે. જ્યાં સુધી આવા 'અહં'ભાવની આળપંપાળમાં સાધક રાચતો હોય, ત્યાં સુધી વેદાન્ત-સિદ્ધાન્તનું એનું પાંડિત્ય પણ નિરર્થક જ નીવડે. આવું જ્ઞાન, અવશ્ય, ઉપયોગી છે, પરંતુ 'અહં'ભાવ-ત્યાગની પેલી સૌપ્રથમ-મૂળભૂત શરતને તે સંપન્ન કરે ત્યારપછી જ, તે પહેલાં, હરગીઝ નહીં !

ઘણા બહુશ્રુત પંડિતો મોક્ષપ્રાપ્તિ માટે અ-પાત્ર ઠર્યા છે, એનાં કારણોની અહીં તળિયા-ઝાટક ચર્ચા કરવામાં આવી છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૬૪)**

૧૬૫

छायाशरीरे प्रतिबिम्बमात्रे
यत्स्वप्नदेहे हृदि कल्पितांगे ।
यथात्मबुद्धिस्तव नास्ति काचिद्
जीवच्छरीरे च तथैव मास्तु ॥ १६५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

છાયાશરીરે પ્રતિબિમ્બમાત્રે
યત્સ્વપ્રદેહે હૃદિ કલ્પિતાંગે ।
યથાત્મબુદ્ધિસ્તવ નાસ્તિ કાચિદ્
જીવચ્છરીરે ચ તથૈવ માસ્તુ ॥ ૧૬૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : प्रतिबिम्बमात्रे छायाशरीरे, हृदि कल्पितांगे (च) स्वप्नदेहे यथा तव काचित् (अपि) आत्मबुद्धिः न अस्ति, तथा एव जीवत्-शरीरे च (अपि) तव (आत्मबुद्धिः) मा अस्तु ॥ १६५ ॥

શબ્દાર્થ : આખા શ્લોકમાં, **યથા-તથા** (જેવી રીતે, તેવી રીતે) એવા અર્થમાં, એક-બીજાં સાથે સંકળાયેલાં, બે વાક્યો મૂકવામાં આવ્યાં છે. સદ્‌ગુરુજી શિષ્યને કહે છે કે **तथा एव जीवत्-शरीरे च तव (आत्मबुद्धिः) मा अस्तु** । **जीवत्-शरीरे** એટલે આપણું આ જીવતું, જાગ્રત અવસ્થામાં અનુભવાતું સ્થૂલ શરીર. તેવી જ રીતે (**तथा एव**) આ તારાં જીવતાં સ્થૂળ શરીરમાં તને 'હું-પણાં'ની બુદ્ધિ (**आत्मबुद्धि**) ન થવી જોઈએ. કેવી રીતે ? **यथा प्रतिबिम्बमात्रे छायाशरीरे, हृदि कल्पितांगे, स्वप्नदेहे च तव काचित् (अपि) आत्मबुद्धि न अस्ति (तथा)** । **छायाशरीर** એટલે દર્પણમાં પ્રતિબિંબ થયેલું (**प्रतिबिम्बित**) છાયારૂપી સ્થૂલ શરીર, **हृदि कल्पित** એટલે મનમાં-હૃદયમાં-અંતરમાં કલ્પેલું (એ જ શરીર), **स्वप्नदेह** એટલે સ્વપ્નમાં જોયેલું-દીઠેલું શરીર. જેવી રીતે ઉપર્યુક્ત આવાં કોઈ જ પ્રકારનાં શરીરમાં તને 'હું છું' એવો કશો પણ ભાવ, એટલે કે આત્મબુદ્ધિ થતી નથી, - તેવી જ રીતે, આ જીવતાં સ્થૂલ શરીરમાં પણ તને આત્મબુદ્ધિ ન થવી જોઈએ. (૧૬૫)

અનુવાદ : (દર્પણમાં) પ્રતિબિંબિત થયેલાં છાયારૂપી શરીરમાં, સ્વપ્નમાં જોયેલાં શરીરમાં અને મનમાં કલ્પેલાં શરીરમાં તને જેમ કશી પણ આત્મબુદ્ધિ થતી નથી, તેવી જ રીતે (જાગ્રત-અવસ્થામાં અનુભવાતાં આ સ્થૂલ) શરીરમાં પણ, (તને આત્મબુદ્ધિ) ન થવી જોઈએ. (૧૬૫)

ટિપ્પણ : તડકે જતાં હોઈએ ત્યારે, આપણાં સ્થૂલ શરીરનો પડછાયો (Shadow) જમીન પર પડે છે, અરીસાની સામે ઊભાં હોઈએ ત્યારે, અરીસામાં આપણાં એ જ શરીરનું પ્રતિબિંબિત (Reflection) પડે છે, થોડી વધુ કલ્પના કરીએ તો, સ્વપ્નમાં પણ આપણું તે કાલ્પનિક શરીર જોઈએ છીએ.

પડછાયા-રૂપી શરીર, પ્રતિબિંબિત શરીર કે કાલ્પનિક શરીર, - આવાં ત્રણેય

શરીરો આપણાં નથી, એ વાત આપણે સમજીએ છીએ અને સ્વીકારીએ છીએ, તેથી તેના પ્રત્યે, એ શરીરો 'આપણાં છે' એવી આત્મબુદ્ધિ કદી આપણને પણ થતી નથી. હકીકતમાં, આવી હકીકત કોઈને સમજાવવાની પણ જરૂર રહેતી નથી. શા માટે? કારણ કે સહુને ખાતરી છે કે એ શરીરો 'સાચાં' નથી, આપણાં શરીરનાં એ બધાં માત્ર પડછાયા-પ્રતિબિંબ-કલ્પના વગેરે જ છે.

પરંતુ જાગ્રત-અવસ્થામાં, નિત્ય અનુભવાતું આપણું આ જીવતું-જાગતું શરીર તો 'મારું છે', 'તે હું જ છું' - એવી આત્મબુદ્ધિ, સામાન્ય રીતે, આપણને સહુને સ્થૂલ શરીર વિશે થાય છે, અને સહુ સંસારી મનુષ્યોને આવો મમ-ભાવ થાય, તે સ્વાભાવિક પણ છે.

પરંતુ આ ગ્રંથમાંનું સઘળું નિરૂપણ, આવા કોઈ સામાન્ય સંસારી જીવને અનુલક્ષીને કરવામાં આવ્યું નથી. ગ્રંથકર્તા અને ગુરુજી બંનેનું લક્ષ્ય (Target) અહીં મોક્ષાર્થી એવો સાધક છે, એટલે જ તે બંનેએ, શિષ્યભાવે તેમની સમક્ષ આવેલા તે સાધકને જ સીધું સંબોધન કરતાં, ઉપર્યુક્ત સામાન્ય સંસારીજનની જેમ, પોતાનાં 'જીવત્-શરીર' પ્રત્યે એવો જ અભિગમ ન રાખવાની તાકીદ કરી છે. આમ તો, હકીકતમાં, આ 'જીવત્-શરીર' પ્રત્યે પણ, આત્મબુદ્ધિ રાખવાની બાબતમાં પણ પેલાં છાયા-પડછાયા-કાલ્પનિક શરીરોની જેમ, એના જેવું જ વલણ અપનાવવા માટે, સીધો જ અનુરોધ કર્યો છે. આવાં ત્રણેય પ્રકારનાં શરીરો વચ્ચે, મોક્ષાર્થી સાધકને કશો જ તફાવત જણાવો ન જોઈએ : જેવાં મિથ્યા અને આભાસી પેલાં શરીરો, તેવું જ મિથ્યા અને આભાસી જાગ્રત-અવસ્થામાં અનુભવાતું આ શરીર પણ છે, એમ તેણે હંમેશ માટે, Once for all, સમજી લેવું જોઈએ.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૬૫)**

૧૬૬

देहात्मधीरेव नृणामसद्धियां
जन्मादिदुःखप्रभवस्य बीजम् ।
यतस्ततस्त्वं जहि त्वां प्रयत्नात्
त्यक्ते तु चित्ते न पुनर्भवाशा ॥ १६६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહાત્મધીરેવ નૃણામસદ્ધિયાં
જન્માદિદુઃખપ્રભવસ્ય બીજમ્ ।
યતસ્ત્તતસ્ત્વં જહિ તાં પ્રયત્નાત્
ત્યક્તે તુ ચિત્તે ન પુનર્ભવાશા ॥ ૧૬૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : યતઃ દેહાત્મધીઃ એવ અસત્-ધિયાં નૃણાં જન્માદિ-દુઃખપ્રભવસ્ય બીજં (અસ્તિ), તતઃ (તસ્માત્) તાં (દેહાત્મબુદ્ધિં) ત્વં જહિ, ત્યક્તે

तु चित्ते, पुनर्भवाशा न (वर्तते) ॥ १६६ ॥

शब्दार्थ : શ્લોકમાં ગુરુજી શિષ્યને સીધી અને સ્પષ્ટ આજ્ઞા આપે છે કે जहि । हन् - 'હણવું' એ ક્રિયાપદનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ, जहि, એટલે તું હણી નાખ (Kill, destroy), એટલે કે ત્યજી દે, છોડી દે. શું છોડવાનું છે ? तां (देहात्मबुद्धिं) - તે દેહાત્મબુદ્ધિને, સ્થૂળ શરીરમાં આત્મબુદ્ધિને, 'તે દેહ હું છું' - એવી ખોટી ધારણાને. આમ તો, ગુરુજી જાણે જ છે કે આવો ત્યાગ કાંઈ સહેલો નથી, ખૂબ અઘરો છે, - એટલે તેમણે ઊમેર્યું: प्रयत्नात् - પ્રયત્નપૂર્વક, પુરુષાર્થપૂર્વક, સભાન રીતે, પ્રયાસો કરીને. આવો આદેશ આપવાનો હેતુ શું છે ? એ જ (यतः જેથી) કે देह-आत्म-धीः एव जन्म-आदि-दुःख-प्रभवस्य बीजं अस्ति । प्रभव - એટલે ઉત્પત્તિ, ઉદ્‌ભવ, बीजं કારણ. સ્થૂળ શરીરમાં આત્મબુદ્ધિ, 'દેહ જ આત્મા છે', - એવી ખોટી સમજ, ધારણા, - એ જ જન્મ (મરણ વગેરે) વગેરે દુઃખોની ઉત્પત્તિનું કારણ છે. આવી ગેરસમજ કોને થાય છે ? असत्-धियां नृणां - ખોટી બુદ્ધિવાળા મનુષ્યોને. જેથી (यतः) આવું બને છે, તેથી (ततः), તે કારણે, તું તેનો ત્યાગ કર. त्यक्ते तु चित्ते, पुनर्भव-आशा न (वर्तते) । - पुनर्भव એટલે પુનર્જન્મ, ફરીથી જન્મવું, - એની આશા-આશંકા રહેતી નથી. ક્યારે ? શું કર્યું હોય ત્યારે? त्यक्ते तु चित्ते । तु પણ. સમય દર્શાવનાર 'सति-सप्तमी' વાક્ય-રચનાનો પ્રયોગ અહીં કરવામાં આવ્યો છે. ચિત્તમાંથી તેવી બુદ્ધિનો ત્યાગ થતાં, મનમાંથી તેવી ખોટી સમજનો ત્યાગ થાય ત્યારે, એવી ગેરમાર્ગે દોરતી જુઠ્ઠી ધારણા-બુદ્ધિ છૂટી જતાં. (૧૬૬)

अनुवाद : ખોટી બુદ્ધિવાળા મનુષ્યોની, સ્થૂળ શરીરમાંની આત્મબુદ્ધિ જ, જેથી, જન્મ વગેરે દુઃખોની ઉત્પત્તિનું કારણ છે, તેથી, તેને તું પ્રયત્નપૂર્વ છોડી દે : (કેમ કે) ચિત્તમાંથી તેનો ત્યાગ થતાં, ફરીથી જન્મ ધારણ કરવાની આશંકા રહેશે નહીં. (૧૬૬)

टिप्पण : મોક્ષાર્થી સાધકની અહીં વાત છે. તેને મોક્ષ મળે, એટલે ફરી જન્મ ધારણ કરવાનો, પુનર્જન્મનો, ભય તેને રહેતો નથી, અને જન્મ કાંઈ એકલો જ થોડો હોય છે ? એની સાથે તો, જરા-વ્યાધિ-મરણ જેવા તેના અનેક દોસ્તોની આખી એક 'ટીમ' હોય છે ! પરંતુ, આવી પુનર્જન્મ વગેરે દુઃખોની ઉત્પત્તિનું કારણ, બીજભૂત કારણ શું હોય છે ! બસ, માત્ર એક જ : સ્થૂળ શરીરમાં આત્મબુદ્ધિ. આવી કમનસીબ ઘટના કેવા માણસો માટે નિમિત્તરૂપ બને છે ? 'દેહ જ આત્મા છે', એવી ખોટી-અસત્ય-જુઠ્ઠી બુદ્ધિવાળા માણસો માટે, આત્મા-અનાત્માની વિવેકબુદ્ધિ વિનાના માણસો માટે. હકીકતમાં, એમની આવી કુ-બુદ્ધિ જ, કુ-મતિ જ, જન્મ-જરા-વ્યાધિ-મરણ જેવાં દુઃખોની ઉત્પત્તિનું, - એટલે કે સંસારનું, સંસારી જીવનનું, - બીજ બને છે. અને એટલે જ ગુરુજી, શિષ્યને, સીધો જ આદેશ

(Direct order) આપે છે કે આ બીજનો તું પ્રયત્નપૂર્વક નાશ કર (जहि). પછી તો, વિવેકપૂર્ણ ચિત્તમાંથી, આ બીજને જ દૂર કરી દઈશ, એટલે मूलं नास्ति, कुतः शाखाः-ના ન્યાય મુજબ, આચાર્યશ્રીએ પોતે જ, પોતાનાં પેલાં પ્રસિદ્ધ સ્તોત્રમાં નિરૂપ્યું છે તેમ,–

पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम् ।

— માણસના લલાટે લખાતા, અનંતકાળ સુધી ચાલુ રહેતા, જન્મમરણના ચકરાવામાં અટવાવાની આશંકા કે ભીતિ તેના માટે રહેતી જ નથી !

દેહાત્મબુદ્ધિના ત્યાગનું આવું ફળ, એ જ મનુષ્યજીવનની એકમાત્ર સિદ્ધિ છે, એનું એકમાત્ર ધ્યેય છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૬૬)

૧૬૭

कर्मेन्द्रियैः पंचभिरंचितोऽयं
प्राणो भवेत् प्राणमयस्तु कोशः ।
येनात्मवानन्नमयोऽन्नपूर्णः
प्रवर्ततेऽसौ सकलक्रियासु ॥ १६७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કર્મેન્દ્રિયૈઃ પંચભિરંચિતોઽયં
પ્રાણો ભવેત્ પ્રાણમયસ્તુ કોશઃ ।
યેનાત્મવાનન્નમયોઽન્નપૂર્ણઃ
પ્રવર્તતેઽસૌ સકલક્રિયાસુ ॥ ૧૬૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : पंचभिः कर्मेन्द्रियैः अंचितः अयं प्राणः प्राणमयः तु कोशः भवेत्, येन आत्मवान् असौ अन्नपूर्णः अन्नमयः (कोशः) सकलक्रियासु प्रवर्तते ॥ १६७ ॥

શબ્દાર્થ : આત્મદર્શન અને આત્મસાક્ષાત્કારનાં અનુસંધાનમાં, સાધકને વિઘ્નો બની નડતા 'પંચકોશ'નું નિરૂપણ, આચાર્યશ્રીએ, પ્રાસ્તાવિક રૂપમાં શ્લોક-૧૫૧થી શરૂ કર્યું, અને ત્યારપછીના ત્રણ-ચાર શ્લોકોમાં તે પ્રસ્તાવના પૂરી કરીને, શ્લોક-૧૫૬થી તો, આ નિરૂપણ તેમણે, સૌપ્રથમ-કોશ, અન્નમય કોશથી, એક પછી એક, આરંભી દીધું. છ-એક શ્લોકોમાં અન્નમય કોશનું સ્વરૂપ, સક્ષેપમાં છતાં સ્પષ્ટ રીતે, સમજાવીને, આચાર્યશ્રીએ, છેલ્લા થોડા શ્લોકોમાં શિષ્યને આશીર્વચનો પાઠવતાં, તેની સાધનામાં તેને માર્ગદર્શનરૂપ નીવડે એવા, બે-ત્રણ, સીધા આદેશો પણ આપ્યા.

હવે, અહીંથી, ક્રમ અનુસાર આવતા, બીજા કોશ, - પ્રાણમય, - કોશનું સ્વરૂપ સમજાવવાનું તેઓશ્રી શરૂ કરે છે.

મુખ્ય વાક્ય છે : **अयं प्राणः तु प्राणमयः कोशः भवेत्** । આ પ્રાણ જ પ્રાણમય કોશ થાય છે. એની સાથે બીજાં કોણ હોય છે ? તે પ્રાણ કેવો હોય છે ? - એનું વિશેષણ, આ પ્રમાણે છે : **पंचभिः कर्मेंद्रियैः अंचितः** । **अंचितः** એટલે સહિત, accompanied by, along with. પ્રાણમય કોશ થાય છે, તે એકલો નહીં, પરંતુ વાણી, હાથ, પગ, ગુદા અને શિશ્ન, એ પાંચ કર્મેન્દ્રિયોની સાથે, એ આખા સમૂહને પ્રાણમય કોશ કહેવામાં આવે છે. બીજું વાક્ય છે. **अन्नमयः (कोशः) सकलक्रियासु प्रवर्तते** । અન્નમય કોશ સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે. શાના વડે એ પ્રવૃત્ત થાય છે ? - **येन आत्मवान् असौ अन्नपूर्णः** । આ અન્નમય કોશ કેવો છે ? જેનાથી, એટલે કે પ્રાણમય કોશના સાથ-સહકાર-સથવારા વડે, તે આત્મવાન થઈને, ચેતનવંતો બનીને, અન્નથી ભરપૂર બની જાય છે. અન્નમય કોશ પોતાની બધી ક્રિયાઓમાં પ્રવૃત્ત થઈ શકતો હોય તો, એનો બધો યશ પ્રાણમય કોશના ફાળે જાય છે, કારણ કે તેની સહાય વિના તે ચૈતન્યપૂર્ણ-ચેતનવંતો-આત્મવાન્-સ્ફુર્તિસભર ન બની શક્યો હોત. (૧૬૭)

અનુવાદ : પાંચ કર્મેન્દ્રિયો સહિત આ પ્રાણ પોતે જ પ્રાણમય કોશ થાય છે, જેનાથી આત્મવાન થઈને અન્નથી ભરેલો આ અન્નમય કોશ (પોતાની) સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે. (૧૬૭)

ટિપ્પણ : પ્રાણ, વ્યાન, ઉદાન, સમાન અને અપાન, - એ પાંચ પ્રાણ, પેલી પાંચ કર્મેન્દ્રિયો સાથે જોડાય છે (**अंचितः**) ત્યારે, પ્રાણ પોતે જ પ્રાણમય કોશ, એવી સંજ્ઞા પ્રાપ્ત કરે છે.

આ જોડાણ(Association)નાં અનુસંધાનમાં આટલી બાબતો સમજી લેવાની રહે છે : **એક** તો, એ કે સ્થૂળ શરીર તો જડ અને ક્રિયાશૂન્ય છે. ઉપર્યુક્ત પેલાં જોડાણનાં પરિણામે, - એટલે કે પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણનાં પરસ્પર સહભાવનાં પરિણામે, - શરીર પોતાને કરવાનાં સર્વ કાર્યોમાં પ્રવૃત્ત થાય છે, સક્રિય થાય છે, ગતિશીલ બને છે. **બીજું**, સ્થૂળ દેહ જે કાંઈ અન્ન આરોગે છે, ખાય છે, તેને શરીરનાં સર્વ જૂદાં જૂદાં અવયવોમાં પહોંચાડીને તેનું પાચન કરવામાં પણ આ પ્રાણમય કોશ, પ્રાણ-અપાન વગેરે પાંચ જુદા જુદા પ્રાણની મદદથી, મદદરૂપ બને છે. અને **ત્રીજું**, પાચન પછી, મળત્યાગ કરવાની જે વિશિષ્ટ ક્રિયા છે, તેમાં પણ પ્રાણમય કોશ અપાન વડે શરીરને સહાયભૂત થાય છે. ટૂંકમાં, પ્રાણમય કોશનું સૌપ્રથમ કામ, જડ અને ક્રિયાશૂન્ય એવાં સ્થૂળ શરીરને ચેતનવંતું, સક્રિય અને પ્રવૃત્તિમય બનાવવાનું છે. (૧૬૭)

શ્લોકનો છંદ : **ઇન્દ્રવજ્રા (૧૬૭)**

૧૬૮

नैवात्मायं प्राणमयो वायुविकारो
गन्ताऽऽगन्ता वायुवदन्तर्बहिरेषः ।
यस्मात् किंचित् क्वापि न वेत्तीष्टमनिष्टं
स्वं वान्यं वा किंचन नित्यं परतंत्रः ॥ १६८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નૈવાત્માયં પ્રાણમયો વાયુવિકારો
ગન્તાઽઽગન્તા વાયુવદન્તર્બહિરેષઃ ।
યસ્માત્ કિંચિત્ ક્વાપિ ન વેત્તીષ્ટમનિષ્ટં
સ્વં વાન્યં વા કિંચન નિત્યં પરતંત્રઃ ॥ ૧૬૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : વાયુવિકારઃ (સન્) અયં પ્રાણમયઃ (કોશઃ) આત્મા ન એવ (અસ્તિ), એષઃ (તુ) વાયુવત્ અન્તઃ બહિઃ (ચ) ગન્તા આગન્તા (અસ્તિ), યસ્માત્ (અયં) ક્વ અપિ કિંચિત્ ઇષ્ટં અનિષ્ટં વા ન વેત્તિ, સ્વં વા અન્યં વા કિંચન (ન વેત્તિ), (ઇત્થં) (અયં) નિત્યં પરતંત્રઃ (એવ અસ્તિ) ॥ ૧૬૮ ॥

શબ્દાર્થ : ગયા શ્લોકમાં પ્રાણમય કોશનું પ્રાથમિક કાર્ય વર્ણવવામાં આવ્યું, હવે અહીં એની મર્યાદા દર્શાવવામાં આવી છે.

મુખ્ય વાક્ય આ પ્રમાણે છે : **अयं प्राणमयः (कोशः) आत्मा न एव अस्ति** । આ પ્રાણમય કોશ આત્મા નથી જ, એ કદી આત્મા હોઈ શકે જ નહીં. પરંતુ આનું કારણ શું ? એ કે આ પ્રાણમય કોશ **वायुविकारः** (सन्) વાયુનો, એટલે કે પવનનો વિકાર-માત્ર હોવાથી, **एषः वायुवद् अन्तः बहिः च गन्ता-आगन्ता** (भवति, अस्ति) । વાયુથી બનેલો આ પ્રાણમય કોશ, વાયુની જેમ, અંદર અને બહાર જવા-આવવાવાળો જ છે, આવ-જા કર્યા કરે છે. આનું પણ કારણ શું ? એ જ કે (यस्मात्) **अयं क्व अपि किंचित् इष्टं अनिष्टं वा न वेत्ति** । ક્યાંય પણ, કશું પણ, ઈષ્ટ કે અનિષ્ટ, સારું કે નરસું, કે હિત-અહિત, આ પ્રાણમય કોશ જાણતો નથી, એટલું જ નહીં પણ **स्वं अन्यं वा किंचन (न वेत्ति)** । પોતાને કે બીજાને, પોતાનું કે પારકું, એવું કંઈ પણ જાણતો નથી. અને છેલ્લે, **अयं नित्यं परतंत्रः (एव) अस्ति** । (વળી), - આવી બધી એની મર્યાદા હોવાને કારણે, વધારામાં, આ પ્રાણમય કોશ હંમેશાં, સદા-સર્વદા, પરતંત્ર જ હોય છે. (૧૬૮)

અનુવાદ : વાયુનો વિકાર-માત્ર હોવાથી, આ (કોશ) વાયુની જેમ અંદર અને બહાર (માત્ર) આવન-જાવન કર્યા કરે છે અને તેથી એ આત્મા નથી, કારણ કે તે ક્યાંય પણ, કશું પણ, ઈષ્ટ કે અનિષ્ટ જાણતો નથી, પોતાને કે અન્યને (પોતાનું કે પારકું), એવું પણ તે જાણતો નથી. વળી, તે સદાયે પરતંત્ર (જ) હોય છે. (૧૬૮)

ટિપ્પણ : આરંભમાં જ, એટલે કે આ પંચકોશનું નિરૂપણ શરૂ થયું ત્યારે જ, સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આ સર્વ કોશો, સાધક માટે, બંધનરૂપ અને વિઘ્નરૂપ જ છે, તેથી હવે આ પ્રાણમય કોશની મર્યાદાઓ(Limitations)નો નિર્દેશ કરવામાં આવ્યો છે : ઉદ્દેશ એ છે કે આવો આ પ્રાણમય કોશ આત્મા ન હોવાથી, તેને આત્મા સમજીને સાધક એનાં બંધનમાં ફસાય નહીં, એનાથી અળગો રહે, એ બાબતમાં સાવધ રહે.

સાધકે, સૌપ્રથમ તો, એ સમજી લેવાનું છે કે આ પ્રાણમય કોશ, વાયુનો, વાયુથી બનેલો હોવાથી, તે વાયુવિકાર-માત્ર, પવનનો વિકાર-માત્ર જ છે, અને તેથી, વાયુની જેમ જ, તે નિત્ય-નિરંતર, સ્થૂળ શરીરની અંદર ને બહાર, બહારથી-અંદર અને અંદરથી-બહાર, આવ-જા કરે છે. જો તે આત્મા હોય તો, તે આવું હલકા પ્રકારનું કાર્ય કરે ? માણસ ઊંઘી જાય ત્યારે, તેની તે સુષુપ્તિ-અવસ્થામાં, જ્યારે તેનાં બધાં અંગો અને મન-બુદ્ધિ-ઇન્દ્રિયો આરામ કરી રહ્યાં હોય ત્યારે, અલબત્ત, આ પ્રાણમય કોશ, જાગતો રહે છે. તેમ છતાં તે ઊંઘતા માણસ પાસે કોઈ મિત્ર કે શત્રુ આવીને ચાલ્યો જાય તો પણ તેને કશું જ્ઞાન-ભાન હોતું નથી. એ જ રીતે સારું કે નરસું, હિત કે અહિત, - કશું ય, ક્યાંય, તે જાણતો નથી. આમ, તે જ્ઞાનસ્વરૂપ નથી. આત્મા તો સદૈવ જ્ઞાનસ્વરૂપ જ હોય છે, તેથી પણ આ પ્રાણમય કોશ આત્મા હોઈ શકે નહીં, અને છેલ્લે, તે હંમેશાં પરતંત્ર છે, જ્યારે આત્મા તો સદા-સર્વદા સ્વતંત્ર જ હોય છે, તેથી પણ પ્રાણમય કોશ આત્મા હોઈ શકે જ નહીં.

આવાં બંધનમાં સાધક મુમુક્ષુ ફસાય નહીં અને સતત વિવેકશીલ રહીને, આ કોશને આત્મા સમજવાની ભૂલ ન કરીને, પોતાના મોક્ષમાર્ગમાં સતત સલામત રહે, - એ આ શ્લોકનું તાત્પર્ય છે.

શ્લોકનો છંદ : **મત્તમયૂરી (૧૬૮)**

૧૬૯

ज्ञानेन्द्रियाणि च मनश्च मनोमयः स्यात्
कोशो ममाहमिति वस्तुविकल्पहेतुः ।
संज्ञादिभेदकलनाकलितो बलीयान्
तत्पूर्वकोशमभिपूर्य विजृम्भते यः ॥ १६९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જ્ઞાનેન્દ્રિયાણિ ચ મનશ્ચ મનોમયઃ સ્યાત્
કોશો મમાહમિતિ વસ્તુવિકલ્પહેતુઃ ।
સંજ્ઞાદિભેદકલનાકલિતો બલીયાન્
તત્પૂર્વકોશમભિપૂર્ય વિજૃમ્ભતે યઃ ॥ ૧૬૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : ज्ञानेन्द्रियाणि मनः च 'मम', 'अहं' इति वस्तु-विकल्पहेतुः मनोमयः कोशः स्यात्, यः संज्ञादिकलनाकलितः च तत्पूर्वकोशं अभिपूर्य बलीयान् विजृम्भते ॥ १६९ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : (सः) मनोमयः कोशः स्यात् । તે 'મનોમય' કોશ બને છે, કહેવાય છે. મનોમય કોશ કેવો છે ? તે ક્યારે એ નામનો કોશ બને છે ? ज्ञानेन्द्रियाणि मनश्च (मिलित्वा) । - આંખ, કાન, નાક વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મન મળીને, એ બધાં મળે ત્યારે. બીજું શું ? 'अहं', 'मम' 'इति' वस्तु-विकल्पहेतुः । 'હું' અને 'મારું' એવા વિકલ્પોનું, 'હું' અને 'મારું' એવી રીતે વસ્તુના વિચારનું (જે) કારણ છે, તેવો. આ બધાં ભેગાં થાય ત્યારે જે સ્વરૂપ બને તેને, સંયુક્તપણે, 'મનોમય' કોશ કહેવામાં આવે છે. આવો 'મનોમય' કોશ શું કરે છે ? संज्ञादिभेद-कलन-आकलितः च । संज्ञा એટલે નામ, कलन એટલે કલ્પના, आकलितः च એટલે કલ્પના કરે છે. દરેક વસ્તુનાં નામ વગેરે ભેદની તે કલ્પના કરે છે. વળી, તેના વિશે બીજું શું જાણવાની રહે છે ? (यः) बलीयान् विजृम्भते । बलीयान् એટલે બધારે બળવાન, विजृम्भते એટલે, છે, દેખાય છે, જણાય છે. તે વધારે બળવાન જણાય છે. કોના કરતાં ?. આ પૂર્વેના કોશો, - અન્નમય અને પ્રાણમય કોશો, - કરતાં. કેમ ? શા કારણે ? तत्पूर्वकोशं अभिपूर्य - તેના પહેલાંના કોશોને તે પોતાના વશમાં રાખે છે તેથી, એટલે કે તે દેહને તથા આગલા બંને કોશોને પોતાના વડે સંપૂર્ણ રીતે વ્યાપ્ત કરે છે, તેથી. (૧૬૯)

અનુવાદ : જ્ઞાનેન્દ્રિયો અને મન, - આ બધાં, 'હું' અને 'મારું' એવા વિકલ્પો કરનારાંઓ માટે, સંયુક્તપણે 'મનોમય' કોશ બને છે, - જે, નામ વગેરે ભેદની કલ્પના કરે છે અને પોતાની પહેલાંના કોશોને પોતાના વશમાં રાખનારો હોવાથી, પેલા કોશો કરતાં વધારે બળવાન જણાય છે. (૧૬૯)

ટિપ્પણ : ક્રમ અનુસાર, હવે પછીના, ત્રીજા કોશ, - 'મનોમય' કોશ,-નું સ્વરૂપ, અહીં સમજાવવામાં આવ્યું છે.

'મનોમય' કોશનાં સ્વરૂપ અને કાર્યક્ષેત્ર અંગે આટલી બાબતો નોંધપાત્ર બને છે : એક, 'અન્નમય' કોશમાં પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ પ્રાણના સહભાવની, પરસ્પર ભેગાં મળવાની, વાત હતી. પ્રાણમય કોશમાં, વાયુવિકાર જેવા પાંચ પ્રાણોની પ્રક્રિયાની જ વાત હતી, જ્યારે અહીં, આ મનોમય કોશમાં, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને મનનાં મિલનની વાત છે, તેથી એક વાત એ પ્રતીત થાય છે કે પેલા બે કોશો કરતાં આ કોશ થોડી ઉચ્ચતર ભૂમિકા પર છે. બે : અહંભાવ કે મમભાવ, એવાં વિચાર કે કલ્પના, મનુષ્યનાં ચિત્તમાં, આ કોશ દ્વારા જ થાય છે. ત્રણ : સર્વ દૃશ્ય પદાર્થો વચ્ચેનો ભેદ જાણવા માટે, ભિન્ન ભિન્ન સંજ્ઞાઓ અથવા નામોની કલ્પનાનો આધાર પણ આ કોશ પર જ રહે છે. મનુષ્યનાં મનમાં, રાગ-દ્વેષનાં કારણ એવી ભેદદૃષ્ટિ પણ આ કોશની જ નીપજ છે, અને છેલ્લું , ચાર :

સ્થૂળ શરીર અને આગલા બંને કોશોને આ કોશ પોતાના વશમાં રાખી શકતો હોવાથી, તે સહુ પર તેનું વર્ચસ્વ સ્થપાઈ જાય છે, અને તેથી તે પેલાં બધાં કરતાં વધારે બળવાન દેખાય છે.

આ પાંચ કોશોનાં સ્વરૂપની બાબતમાં એક હકીકત હંમેશાં યાદ રાખવાની રહે છે કે સૌપ્રથમ કોશ,- અન્નમય કોશ,- પછી, ત્યારપછીના કોશો, ઉત્તરોત્તર, સ્થૂલમાંથી સૂક્ષ્મ તરફ સવિશેષ ગતિ કરતા હોય છે. આ દૃષ્ટિએ, આ 'મનોમય' કોશ, આગલા બંનેની સરખામણીમાં, થોડો વધુ ભીતરી અને સૂક્ષ્મ છે.

શ્લોકનો છંદ : **વસંતતિલકા (૧૬૯)**

૧૭૦

पंचेन्द्रियैः पंचभिरेव होतृभिः
प्रचीयमानो विषयाज्यधारया ।
जाज्वल्यमानो बहुवासनेन्धनै-
-र्मनोमयाग्निर्दहति प्रपंचम् ॥ १७० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પંચેન્દ્રિયૈઃ પંચભિરેવ હોતૃભિઃ
પ્રચીયમાનો વિષયાજ્યધારયા ।
જાજ્વલ્યમાનો બહુવાસનેન્ધનૈ-
-ર્મનોમયાગ્નિર્દહતિ પ્રપંચમ્ ॥ ૧૭૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : पंचेन्द्रियैः पंचभिः होतृभिः एव विषय-आज्य-धारया प्रचीयमानः, बहुवासना-इन्धनैः जाज्वल्यमानः (अयं) मनोमय-अग्निः प्रपंचं दहति ॥१७०॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : (अयं) मनोमय-अग्निः प्रपंचं दहति । **પ્રપંચ** એટલે સંસાર, જગત, દુનિયા. મનોમય કોશનો આ અગ્નિ સંસારને બાળે છે, સળગાવે છે, દઝાડે છે, સંતપ્ત કરે છે, દુઃખી કરે છે. મનોમય-કોશ જો આવો યજ્ઞ-કુંડમાંનો અગ્નિ હોય તો, એના હોતાઓ, હોમ કરનારા કોણ છે ? **पंचेन्द्रियैः पंचभिः एव होतृभिः** । પાંચ જ્ઞાનેન્દ્રિયો જ પાંચ હોતાનું કામ કરે છે. પરંતુ યજ્ઞના અગ્નિમાં તો વારંવાર ઘીની ધારા ચાલુ જ રાખવાની હોય છે, તો આ હોમ કરનારાઓ કયું ઘી ઉપયોગમાં લે છે ? - **विषय-आज्य धारया** । **આજ્ય** એટલે ઘૃત, શબ્દાદિ વિષયવાસનાઓ રૂપી ઘૃતની ધારાઓ વડે, આ અગ્નિ સતત **प्रचीयमानः** એટલે સળગતો-ભભૂકતો રહે છે. અને આ અગ્નિને પ્રજ્વલિત-ચમકતો રાખતું બળતણ ? **बहुवासना-इन्धनैः जाज्वल्यमानः** । **इन्धन** એટલે બળતણ.

અનેક વાસનાઓરૂપી બળતણો વડે આ અગ્નિ સતત પ્રજ્વલિત રહે છે. (૧૭૦)

અનુવાદ : પાંચ જ્ઞાનેન્દ્રિયો-રૂપી પાંચ હોતાઓ વડે જ શબ્દાદિ વિષયોરૂપી ઘીની ધારાઓથી સળગતો અને બહુ પ્રકારની વાસનાઓરૂપી બળતણો વડે પ્રજ્વલિત થતો, મનોમય (કોશ) રૂપી આ અગ્નિ સંસારને દઝાડે છે. (૧૭૦)

ટિપ્પણ : મનોમય કોશનું મુખ્ય કામ એટલે સંસારને બાળવો, દઝાડવો, સંતાપવો, દુઃખી કરવો. સંસાર અને સંસારી માણસો જો સતત દુઃખી રહ્યા કરતા હોય તો, આ **મનોમય**-કોશનાં કારણે.

આ શ્લોકમાં એક સંપૂર્ણ રૂપક (Metaphor) પ્રયોજવામાં આવ્યું છે : સંસારને બાળી રહેલો આ મનોમય-કોશ જો (યજ્ઞનો) અગ્નિ હોય તો, આ રૂપકને સંપૂર્ણ કરતાં, - એનાં બીજાં અંગો ક્યાં ક્યાં છે ? આ પ્રમાણે : આંખ-કાન-નાક વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો એ જ **હોતાઓ**, અગ્નિમાં સતત નાખવામાં આવતું **ઘી** એટલે શબ્દ-સ્પર્શ-ગંધ વગેરે વિષયો, અને આ અગ્નિને પ્રજ્વલિત રાખવા માટેનાં **બળતણો** એટલે મનુષ્યને પીડતી અનેક પ્રકારની વાસનાઓ. પરંતુ આ તો એક આલંકારિક, કાવ્યાત્મક વર્ણન થયું. અર્થાલંકાર એવાં રૂપકમાંથી સીધો–સાદો, સામાન્યજનસુલભ અને સરળ-સુગમ જે અર્થ ગ્રંથકારને અભિપ્રેત છે તે આ છે : આંખ-કાન વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો, શબ્દાદિ વિષયો અને અનેક પ્રકારની વાસનાઓ, આ બધાં ભેગાં મળીને, સંસારી-જનને, સતત, સંતાપતાં રહે છે, તેને અસ્વસ્થ કરતાં રહે છે, કામ-ક્રોધ-લોભ વગેરે અનેક અગ્નિઓ તેને બાળતા-દઝાડતા રહે છે, તેના મનમાં અજંપો અને ઉદ્વેગ પેદા કરતા રહે છે.

આવા અગ્નિના અસહ્ય અને અવિરત તાપ-સંતાપથી બચવું હોય તો, એનો એક જ ઉપાય : આવા મનોમય કોશથી, આઘા-અળગા-વેગળા રહેવું, - એને દૂરથી જ 'નવ-ગજના નમસ્કાર' કરવા !

અને આ કોશનું આવું બધું કાર્યક્ષેત્ર ભીતરી હોવાથી, આ કોશ સવિશેષ સૂક્ષ્મ છે, એ સ્પષ્ટ છે.

આમ તો, સહુ સમજે છે તેમ, **'વિવેકચૂડામણિ'** એટલે **વેદાન્ત**દર્શનના પાયાના સિદ્ધાંતોની સમજણ માટેનો માર્ગદર્શક ગ્રંથ : પરંતુ એના લેખક, આદ્ય શ્રીશંકરાચાર્ય, ઉત્તમ કક્ષાના તત્ત્વચિંતક (Philosopher) ઉપરાંત, એવા જ મોટા ગજાના સંનિષ્ઠ કવિ (Poet) પણ છે, - એ હકીકતને સ્વયં તેઓશ્રી પણ પોતાનાથી કેવી રીતે અળગી રાખી શકે !

આ શ્લોકમાં પ્રયોજાયેલા 'રૂપક'-અલંકારમાં, 'તત્ત્વજ્ઞાની'માં રહેલો 'કવિ' આબાદ અને અનાયાસ પ્રગટી રહે છે : અંગ્રેજીમાં જેને The poet in him કહેવામાં આવે છે, એનું આ તાદૃશ દૃષ્ટાંત છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૭૦)

૧૭૧

न ह्यस्त्यविद्या मनसोऽतिरिक्ता
मनो ह्यविद्या भवबन्धहेतुः ।
तस्मिन् विनष्टे सकलं विनष्टं
विजृम्भितेऽस्मिन् सकलं विजृम्भते ॥ १७१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન હ્યસ્ત્યવિદ્યા મનસોઽતિરિક્તા
મનો હ્યવિદ્યા ભવબન્ધહેતુઃ ।
તસ્મિન્ વિનષ્ટે સકલં વિનષ્ટં
વિજૃમ્ભિતેઽસ્મિન્ સકલં વિજૃમ્ભતે ॥ ૧૭૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मनसः अतिरिक्ता हि (काचित्) अविद्या न अस्ति । मनः हि भवबन्धहेतुः अविद्या (अस्ति) । तस्मिन् (मनसि) विनष्टे, (इदं) सकलं विनष्टं (भवति), अस्मिन् (मनसि) विजृम्भिते (च) (इदं) सकलं विजृम्भते ॥ १७१ ॥

શબ્દાર્થ : मनसः अतिरिक्ता हि (काचित्) अविद्या न अस्ति । 'અવિદ્યા' એટલે 'વિદ્યા'નો વિરોધી શબ્દ, - 'અ-વિદ્યા', - વિદ્યા ન હોવી તે. પરંતુ આધ્યાત્મિક–દાર્શનિક (Philosophcal) સંદર્ભમાં, સાચી-ખરી વિદ્યા એટલે 'આત્મજ્ઞાન', અને તેથી જ, 'અવિદ્યા' એટલે એવી વિદ્યા ન હોવાની પરિસ્થિતિ, Spiritual ignorance : (Ne-science). अतिरिक्ता એટલે જુદી, એના સિવાયની, એના વિનાની, એનાથી રહિત. हि એ કોઈ પણ કથનમાં ભારપૂર્વકતા (Emphasis) દર્શાવવા માટેનો શબ્દ છે : 'જ'. મનથી જૂદી બીજી કોઈ અવિદ્યા નથી જ, ન જ હોઈ શકે. આનું કારણ શું ? मनः हि भवबन्धहेतुः अविद्या (अस्ति) । કારણ કે, મન જ સંસારનાં બંધનના હેતુરૂપ અવિદ્યા છે. तस्मिन् (मनसि) विनष्टे (इदं) सकलं विनष्टं भवति । तस्मिन् (मनसि) विनष्टे - અહીં 'सति सप्तमी' વાક્યરચના છે, - તે(મન)નો નાશ થતાં, તે નાશ પામે ત્યારે. 'ત્યારે' શું થાય છે ? (इदं) सकलं विनष्टं (भवति) । આ બધું, - એટલે કે, સમગ્ર સંસાર, - નાશ પામે છે. अस्मिन् (मनसि) विजृम्भिते, (इदं) सकलं विजृम्भते । वि+जृम्भ् એટલે સ્ફુરવું, ઉદય પામવું, જાગવું, પ્રગટ થવું, દેખાવા લાગવું, ભાસમાન થવું. અહીં પણ ત્રીજી લીંટી જેવો જ, 'सति-सप्तमी'નો પ્રયોગ છે : આ (મન) જાગે છે ત્યારે, એ જાગ્રત થતાં જ, આ બધું, એટલે કે આખું જગત, જાગ્રત થઈ જાય છે. (૧૭૧)

અનુવાદ : મનથી જુદી કોઈ 'અવિદ્યા' છે જ નહીં, (કારણ કે) મન જ સંસાર-બંધનમાં હેતુ એવી અવિદ્યા છે. તેનો નાશ થતાં, આ સકળ (સંસાર) નાશ પામે છે અને એ જાગ્રત થતાં બધું (સંસાર) જાગ્રત થઈ જાય છે. (૧૭૧)

ટિપ્પણ : જેની ચર્ચા ચાલી રહી છે તે 'મનોમય' કોશ, એ સંજ્ઞા જ દર્શાવે છે કે આ કોશનાં કેન્દ્રમાં મન છે, અથવા તો, મન જ 'મનોમય'-કોશનું પ્રતિનિધિ (Representative) છે.

પાંચેય કોશ આત્માનું આવરણ કરે છે, આત્માને ઢાંકી દે છે, અને પરિણામે, સાધક આત્મદર્શન કરી શકતો નથી અને સંસારનાં બંધનમાં ફસાઈ જાય છે. 'મનોમય'-કોશ જો આવું કરતો હોય તો, એના પાયામાં રહેલાં મનને એનાં સાચાં સ્વરૂપમાં સમજી લેવું અનિવાર્ય છે. ગ્રન્થકાર, અહીં, મનનાં સાચાં સ્વરૂપની સમજણ, સરળ ભાષામાં આપે છે.

સાધકનું જીવન-ધ્યેય છે, 'મોક્ષ'ની પ્રાપ્તિ, અને 'મોક્ષ' એટલે 'મુક્તિ' (Liberation), – સંસારરૂપી બંધન(Bondage)માંથી. અને આ બંધનનું કારણ શું છે, તે સમજાય તો જ, એ બંધનનું નિવારણ થઈ શકે.

સાવ સાદી ભાષામાં અહીં જણાવી દેવામાં આવ્યું છે કે આ બંધનનું કારણ મન છે : **(मनो हि अविद्या भवबन्धहेतुः ।)** ટૂંકમાં, મન જ અવિદ્યા છે, અજ્ઞાન છે, Ne-science છે. મન અવિદ્યા કેવી રીતે બને છે ? સ્થૂળ દેહમાં, 'એ દેહ હું છું' - એવો 'અહં-ભાવ' મનુષ્યનાં મનમાં જ ઉદ્‌ભવે છે અને તેથી, આત્મા ઉપર નામ-રૂપ-આકારનું આરોપણ કરી રહેલા, સંસારનાં સર્વ, અન્યથા મિથ્યા એવા, દૃશ્ય પદાર્થોને આત્મા માની લેવાની ભ્રમણા કે ભ્રાંતિમાં તે સરી પડે છે, અને પછી તો, આ ભ્રાંતિ જ એના માટે, જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ જેવી જંજાળ સમું **બંધન** સર્જી રહે છે.

એટલે, ફરી પાછાં આપણે, આ બંધનનાં કારણરૂપ મનની પાસે જ આવી પહોંચી છીએ ! આવાં બંધનનાં સર્જક-ઉત્પાદક એવાં મનનો નાશ, - એ એક જ તરણોપાય બને : **(तस्मिन् विनष्टे सकलं विनष्टम्)**. મનોનાશ એટલે જ સંસાર-બંધનનાશ, અને સંસારબંધનનાશ એટલે જ મોક્ષ ! મનની આવી અનિષ્ટસર્જન-શક્તિને સમ્યક્ રીતે સમજ્યા પછી જ, મનીષીઓએ મન વિશે આવાં નિરૂપણો કર્યાં હશે :

(૧) **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**

(૨) **मम-इति बध्यते जन्तुः निर्मम-इति विमुच्यते ।**

(जन्तुः એટલે જે કંઈ જન્મેલું, ભૂત-માત્ર, મનુષ્ય.)

(૩) It is Mind that makes Heaven of Hell, and Hell of Heaven !

મનોનાશ(**मनसि विनष्टे**)ની આ પ્રક્રિયાને, શંકરાચાર્યના આદ્ય ગુરુ એવા **શ્રીગૌડપાદાચાર્યે** જરા જૂદી રીતે, છતાં પૂરી પ્રતીતિજનક રીતે, આ પ્રમાણે, સમજાવી છે : મનનો નાશ કરવા કરતાં, મનને 'મન-એવાં સ્વરૂપે' રહેવા જ ન દેવું, મનનું અસ્તિત્વ જ ન રહે એવી વસ્તુસ્થિતિ સર્જવી, – મનનું 'અ-મનીકરણ' જ કરી નાખવું ! 'મન'ને 'અ-મન' જ કરી નાખવું ! 'મન' 'મન'-સ્વરૂપે અસ્તિત્વ

ધરાવતું હોય તો જ તકલીફો ઊભી થાયને ! –

मनोदृश्यमिदं द्वैतं यत् किंचित् सचराचरम् ।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ॥ ગૌડપાદકારિકા, ૩, ૩૧

('જે કાંઈ સચરાચર દ્વૈત ભાસે છે, તે સર્વ મનનું દૃશ્ય છે. મનનો જ્યારે 'અમનીભાવ' થાય, ત્યારે દ્વૈતની ઉપલબ્ધિ રહેતી નથી.')

આમ તો, કોઈક સુજ્ઞ વાચક અવશ્ય પૂછી શકે કે 'મનોનાશ' એ જ આ 'અમનીભાવ' નથી ? વાત સાચી છે, છતાં તાત્ત્વિક રીતે, સૂક્ષ્મ દૃષ્ટિએ, એ બંને વચ્ચે, થોડો ફેર છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૭૧)

૧૭૨

स्वप्नेऽर्थशून्ये सृजति स्वशक्त्या
भोक्त्रादिविश्वं मन एव सर्वम् ।
तथापि जाग्रत्यपि नो विशेष-
-स्तत्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥ १७२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वप्नेऽर्थशून्ये सृजति स्वशक्त्या
भोक्त्रादिविश्वं मन एव सर्वम् ।
तथापि जाग्रत्यपि नो विशेष-
-स्तत्सर्वमेतन्मनसो विजृम्भणम् ॥ १७२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अर्थशून्ये स्वप्ने मनः एव सर्वं भोक्तृ-आदि-विश्वं सृजति तथा जाग्रति अपि नो (न्+उ) तत्सर्वं (एवं एव भवति), (एतत्) सर्वं मनसः विजृम्भणं (अस्ति) ॥ १७२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : अर्थशून्ये स्वप्ने मनः एव भोक्तृ-आदि-विश्वं स्वशक्त्या सृजति । સ્વપ્ન-અવસ્થામાં, મન જ, પોતાની શક્તિ વડે ભોક્તા-ભોગ્ય વગેરેનાં સંપૂર્ણ વિશ્વને સર્જે છે, રચે છે. આ સ્વપ્ન-અવસ્થા કેવી છે ? - अर्थशून्ये - (સાચા) પદાર્થો વિનાની, જ્યાં કશું ખરેખર હોતું નથી, એવી. આ તો થઈ સ્વપ્ન-અવસ્થાની વાત, પરંતુ જાગ્રત અવસ્થાની શી પરિસ્થિતિ છે ? जाग्रति अपि नो (न+उ) (कश्चित्) विशेषः (अस्ति) । જવાબ છે, - જાગ્રત-અવસ્થામાં પણ કશી વિશેષતા નથી હોતી, કશો ફેર પડતો નથી, એટલે તે અવસ્થામાં પણ આવું જ (એટલે કે, સ્વપ્ન-અવસ્થામાં બને છે, એવું જ) થાય છે : सर्वं एवं एव भवति । તો પછી, આ બધું, ખરેખર, શું છે ? જવાબ છે : सर्वं एतत् मनसः विजृम्भणं (अस्ति) । આ બધું તો કેવળ મનનો ખેલ છે, દેખાવ છે, આભાસ છે; મનનું સ્ફુરણ છે, પ્રાગટ્ય છે, પ્રક્ષેપણ છે, સર્જન છે. હકીકતમાં, આ બધી મનની જ

લીલા છે, સૃષ્ટિ છે, - પ્રપંચ છે. (૧૭૨)

અનુવાદ : જેમાં કશું ખરેખર હોતું નથી એવી સ્વપ્ન-અવસ્થામાં મન જ ભોક્તા(ભોગ્ય વગેરે)રૂપી વિશ્વને,પોતાની શક્તિ વડે, સર્જે છે. જાગ્રત્-અવસ્થામાં પણ, તે જ પ્રમાણે, કશી વિશેષતા હોતી નથી, એ બધું એવું જ થાય છે. (હકીકતમાં), આ બધી મનની જ લીલા છે. (૧૭૨)

ટિપ્પણ : મન એટલે અવિદ્યાનો પર્યાય (Synonym), અને તેને કારણે જ, સાધક માટે, સંસાર-રૂપી બંધન સર્જાય છે. મનનું અસ્તિત્વ એટલે સકળ સંસારનું અસ્તિત્વ, મનનો નાશ એટલે સકળ સંસારનો નાશ,– એવું એક ગાણિતિક સમીકરણ (Equation) ગયા શ્લોકમાં નિરૂપ્યા પછી, આ શ્લોકમાં, એ જ નિરૂપણનાં દૃઢીકરણ (Corroboration) માટે, સ્વપ્ન અને જાગ્રત, - એ બંને અવસ્થાઓમાં મનની રમણાનું એક શબ્દ-ચિત્ર આપવામાં આવ્યું છે : સ્વપ્ન-અવસ્થામાં માણસે જે કંઈ જોયું હોય, એ સાચા પદાર્થો રહિત તદ્દન અસત્ય છે, મિથ્યા છે, 'જોયું છે', એવું ખરેખર કશું હોતું નથી, - એવું ભાન, જાગ્યા પછી તરત જ, તેને થાય છે. તો પછી, સ્વપ્નની એ બધી સૃષ્ટિ રચી કોણે ? સ્વપ્નમાં ભિખારી રાજા બને છે, અને રાજા ભિખારી બને છે, પરંતુ વસ્તુતઃ આવું કશું જ નથી. તો પણ, આવું, – સાચેસાચ ન હોય એવું, – ભોક્તા-ભોગ્ય વગેરેનું વિશ્વ દેખાય છે શા કારણે ? જવાબ છે, – મન જ પોતાની આભાસ-સર્જનની શક્તિ વડે આવી સર્વ રચનાઓ કર્યા કરે છે. અને જેમ સ્વપ્ન-અવસ્થામાં પણ, તેમ જ, તેવી જ રીતે, જાગ્રત અવસ્થામાં, ઉચ્ચ આધ્યાત્મિક-દાર્શનિક દૃષ્ટિએ, જે ખરેખર નથી, જે મિથ્યા છે એવું આ જગત સત્ય ભાસે છે, (યાદ કરો : **ब्रह्म सत्यं जगत् मिथ्या** ।). અહીં પણ આચાર્યશ્રીનું અનુરોધપૂર્ણ પ્રતિપાદન છે કે જાગ્રત-અવસ્થામાં પણ કશી વિશેષતા નથી. સ્વપ્નાવસ્થામાં જેમ, જે ખરેખર ન્હોતું 'તે બધું,' 'છે' એમ દેખાતું હતું, એ જ રીતે, જે તત્ત્વતઃ 'મિથ્યા' છે એ જગત્ 'સત્' છે, એમ જાગ્રત-અવસ્થામાં પણ જણાય છે, તે પણ, કેવળ, આ મનનું જ પ્રક્ષેપણ (Projection) છે. મન વડે, એની પેલી લાક્ષણિક શક્તિ મારફત રચવામાં આવેલા ખેલનો રંગમંચ છે, રંગમંડપ છે આ જગત, અને સુષુપ્તિ-અવસ્થામાં તો કશું હોતું જ નથી, એ દૃષ્ટિએ આ વિશ્વપ્રપંચનો વિચાર કરીએ તો, એ સિદ્ધ થાય છે કે સંસાર મનોમય છે, મનની કલ્પના છે, લીલા-માત્ર છે, **लीलाकैवल्यम्**.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૭૨)**

૧૭૩

सुषुप्तिकाले मनसि प्रलीने
नैवास्ति किंचित् सकलप्रसिद्धेः ।
अतो मनःकल्पित एव पुंसः
संसार एतस्य न वस्तुतोऽस्ति ॥ १७३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સુષુપ્તિકાલે મનસિ પ્રલીને
નૈવાસ્તિ કિંચિત્ સકલપ્રસિદ્ધેઃ ।
અતો મનઃકલ્પિત એવ પુંસઃ
સંસાર એતસ્ય ન વસ્તુતોઽસ્તિ ॥ ૧૭૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : સકલપ્રસિદ્ધેઃ, સુષુપ્તિકાલે મનસિ પ્રલીને, ન એવ કિંચિત્ અસ્તિ । અતઃ પુંસઃ સંસારઃ મનઃકલ્પિતઃ એવ (અસ્તિ) । વસ્તુતઃ, (સઃ સંસારઃ) એતસ્ય (પુંસઃ) ન અસ્તિ ॥ ૧૭૩ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : ન એવ કિંચિત્ અસ્તિ । કાંઈ જ, કશું જ હોતું નથી, કશાનું યે અસ્તિત્વ હોતું નથી, કોઈ પદાર્થ કે વસ્તુની કશી જ હયાતી ક્યાંય હોતી નથી. ક્યારે ? સુષુપ્તિકાલે મનસિ પ્રલીને । પ્રલીન એટલે વિલીન થઈ જવું, નિષ્ક્રિય-પ્રવૃત્તિરહિત થઈ જવું. અહીં પણ, 'સતિ-સપ્તમી' વાક્યરચના પ્રયોજાઈ છે, – સુષુપ્તિ-અવસ્થામાં, જ્યારે મન તદ્દન પ્રલીન થઈ ગયું હોય ત્યારે. આવો નિર્ણય શા કારણે, શા આધારે, કરી શકાયો ? સકલપ્રસિદ્ધેઃ । પ્રસિદ્ધિ – શબ્દનું આ, કારણદર્શક, પંચમી-એકવચનનું રૂપ છે. આ હકીકત સર્વત્ર જાહેર છે તેથી, આ ઘટના સૌ કોઈ જાણે છે, તેથી. આ વસ્તુસ્થિતિ (Phenomenon) સુપ્રસિદ્ધ છે માટે. તો પછી, આ સંસાર આવ્યો ક્યાંથી ? એ આવિષ્કૃત થયો જ કેવી રીતે ? અતઃ પુંસઃ (અયં) સંસારઃ મનઃકલ્પિતઃ એવ અસ્તિ । મનુષ્યનો આ સંસાર મનની કલ્પના-માત્ર જ છે, આ સંસાર મનુષ્યે પોતે પોતાનાં મનથી જ કલ્પેલો હોય છે, એટલે કે આ સંસાર મનુષ્યની માત્ર કલ્પના જ છે, અને તેથી જ વસ્તુતઃ (સઃ સંસારઃ) એતસ્ય (પુંસઃ) ન અસ્તિ । વાસ્તવમાં, ખરી રીતે, ખરેખર, હકીકતે, - In fact, really, તે સંસાર તે(મનુષ્ય)નો, પુરુષનો, એટલે કે આત્માનો નથી. તાત્પર્ય એ છે કે આત્માને આ (આવા) સંસાર સાથે કશો જ સંબંધ નથી. (૧૭૩)

અનુવાદ : સુષુપ્તિ-અવસ્થા દરમિયાન, મન વિલીન થઈ જતાં, અહીં કશું જ હોતું નથી, કારણ કે આ એક સર્વ-પ્રસિદ્ધ હકીકત છે, આથી મનુષ્યનો સંસાર મનથી કલ્પવામાં આવેલો જ હોય છે. ખરી રીતે, (સંસાર) તે(મનુષ્યનો, આત્મા)નો નથી. (૧૭૩)

ટિપ્પણ : આ પહેલાં, જાગ્રત અને સ્વપ્ન, - એ બે અવસ્થાઓમાંનાં મનનાં કાર્યક્ષેત્રની વાત કરવામાં આવી. હવે, અહીં એ જ મનની પરિસ્થિતિ સુષુપ્તિ-અવસ્થામાં કેવી હોય છે, એ દર્શાવીને એનાં નિશ્ચિત પરિણામની વાત કરવામાં આવી છે.

સુષુપ્તિ-અવસ્થામાં મનની પરિસ્થિતિ કેવી હોય છે ? મન બુદ્ધિમાં અને બુદ્ધિ અજ્ઞાનમાં વિલીન થઈ જાય છે, તેથી મન તદ્દન નિષ્ક્રિય બની જાય છે, એની

બધી જ રમણા શમી જાય છે, એનાં સર્વ પ્રક્ષેપણો (Projections) બંધ થઈ જાય છે, સંકલ્પ-વિકલ્પ કરવાનું એનું સામાન્ય-સ્વાભાવિક કાર્યક્ષેત્ર સ્થગિત થઈ જાય છે. કોઈ શંકાકાર શંકા કરે કે - 'પરંતુ આવો નિર્ણય તમે શા આધારે કર્યો ?' - તો આચાર્યશ્રી તેને લાગલો જ જવાબ આપે છે કે, - 'ભલા માણસ, આમાં કશા પણ આધારની જરૂર જ ક્યાં છે ? આ તો સર્વને થતી સાર્વજનિક, સર્વપ્રસિદ્ધ, પ્રખ્યાત એવી અનુભૂતિની જ વાત છે. ટૂંકમાં, સુષુપ્તિ-સમયમાં, મનનાં પ્રલીન થવાનાં પરિણામે, અહીં કશું જ હોતું નથી, એ તો સહુ કોઈ જાણે જ છે (सकलप्रसिद्धेः) અને એટલે જ, સંસાર જેવો કાંઈ મનુષ્યને જે આભાસ થાય છે તે, તેનાં મનની કલ્પના-માત્ર જ છે (मनःकल्पितः एव). આવી વિશિષ્ટ વસ્તુસ્થિતિનો નિષ્કર્ષ એ જ કે આ મનઃકલ્પિત સંસાર સાથે, જીવાત્માને કશી જ લેવા-દેવા નથી.'

આ રીતે ગ્રંથકારે, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ, - એ ત્રણેય અવસ્થામાંનાં મનનાં કાર્યક્ષેત્રની વાત કરી અને સિદ્ધ કર્યું કે તેમાં જે કાંઈ અનુભવાય છે, તે સાચું નથી.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૭૩)

૧૭૪

वायुनाऽऽनीयते मेघः पुनस्तेनैव नीयते ।
मनसा कल्प्यते बन्धो मोक्षस्तेनैव कल्प्यते ॥ १७४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વાયુનાઽઽનીયતે મેઘઃ પુનસ્તેનૈવ નીયતે ।
મનસા કલ્પ્યતે બન્ધો મોક્ષસ્તેનૈવ કલ્પ્યતે ॥ ૧૭૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मेघः वायुना आनीयते, (सः मेघः) पुनः तेन (वायुना) एव (दूरं) नीयते, (तद्-वत्) बन्धः मनसा कल्प्यते, मोक्षः (अपि) तेन (मनसा) एव कल्प्यते ॥ १७४ ॥

શબ્દાર્થ : નાનાં-નાનાં ચાર વાક્યો આ પ્રમાણે છે : (૧) मेघः वायुना आनीयते અને (૨) (सः मेघः) पुनः तेन (वायुना) एव (दूरं) नीयते । : नी એટલે લઈ જવું, દૂર લઈ જવું અને आ+नी એટલે આણવું, લઈ આવવું, લાવવું. ચારેય વાક્યોમાં 'કર્મણિ' (Passive Voice) વાક્યરચના છે. વાદળું પવન વડે લવાય છે અને ત્યારપછી તેના વડે જ તે વાદળાંને દૂર લઈ જવામાં આવે છે. પવન વાદળાંને લઈ આવે છે, અને તે જ પવન તેને દૂર ધસડી જાય છે, તે જ રીતે (तद्-वत्) (૩) बन्धः मनसा कल्प्यते । અને (૪) मोक्षः अपि तेन मनसा एव कल्प्यते । મન વડે બંધનની કલ્પના કરવામાં આવે છે અને મોક્ષની કલ્પના પણ તે(મન)ના વડે કરવામાં આવે છે. બંધન એ મનની કલ્પના છે, તે જ રીતે મોક્ષ પણ તે(મન)ની જ કલ્પના છે. (૧૭૪)

અનુવાદ : પવન મેઘને લઈ આવે છે. વળી, તે(પવન)જ તે(મેઘ)ને દૂર ઘસડી જાય છે; તેવી જ રીતે, બંધનની કલ્પના મનની છે, અને મોક્ષની કલ્પના પણ તે(મન)ની જ છે. (૧૭૪)

ટિપ્પણ : **"મનોમય"**-કોશની ચર્ચા ચાલી રહી છે, એટલે આ કોશનાં કેન્દ્રમાં રહેલાં **મન**નું, એનાં સ્વરૂપનું, એનાં કાર્યક્ષેત્રનું સંપૂર્ણ વિશ્લેષણ મોક્ષાર્થી સાધક સમક્ષ રજુ થાય તો જ, મોક્ષમાર્ગનો એ પથિક પોતાના ધ્યેયસ્થાને, નિર્ભ્રાન્ત બનીને, અચૂક પહોંચી શકે.

મન **મિત્ર** પણ છે અને એ જ મન **શત્રુ** પણ છે; મન **મદદરૂપ** પણ છે અને એ જ મન **હાનિકારક** પણ છે; મન **હકારાત્મક** (Positive) પણ છે, એ જ મન **નકારાત્મક** (Negative) પણ છે; મનનું સાચું-શુદ્ધ-મૂળભૂત સ્વરૂપ સુપેરે-સંપૂર્ણતઃ આત્મસાત્ કરવામાં આવે તો, તે **જીવનનું સદ્ધર-સમૃદ્ધ જમાપાસું** (Asset) બની શકે તેમ છે અને એનાં સ્વરૂપનું **અજ્ઞાન** જીવનને બરબાદ કરે એવું ખતરનાક **ઉધારપાસું** (Liability) પણ એ જ બની બેસે,– એવું, અત્યંત લાક્ષણિક અને પરસ્પર-વિરુદ્ધ સ્વરૂપ આ મનનું છે. અને મનનાં આવાં વિચિત્ર-વિશિષ્ટ વ્યક્તિત્વના સર્વાંગીણ અભ્યાસ પછી જ પેલો અંગ્રેજ ચિંતક એવા આત્યંતિક નિર્ણય પર આવ્યો હશે કે મનમાં એવી તાકાત છે કે તે **નરક**ને **સ્વર્ગ** બનાવી શકે છે અને એ જ **સ્વર્ગ**નું **નરક**માં રૂપાંતર રચી શકે છે : –

It is **Mind** that makes **Heaven** of **Hell** and **Hell** of **Heaven** !

કોઈ કહેશે કે આવું તે કાંઈ હોય ? **સ્વર્ગ** એ **સ્વર્ગ** છે અને **નરક** એ **નરક** છે, **સારું** એ **સારું** છે, અને **ખરાબ** એ **ખરાબ** છે. ગ્રંથકાર પ્રત્યુત્તર આપતાં કહે છે કે 'ભાઈ, તારી આ બધી વાત સાચી, છતાં મનનું સ્વરૂપ એવું જાદુઈ (Magical) છે કે મન આવું બધું અશક્ય જણાતું પણ ક્ષણવારમાં સિદ્ધ કરી શકે છે', અને માટે જ કહે છે કે, – જે મન વડે **બંધન**ની કલ્પના થાય છે, એ જ મન વડે **મોક્ષ**ની કલ્પના પણ થઈ શકે છે. મનનાં સ્વરૂપ વિશેનાં આવાં નિરૂપણને **ઉપનિષદો**નું પણ સમર્થન, આ પ્રમાણે, પ્રાપ્ત થયું છે :

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।

"એ વળી કેવી રીતે ?" જવાબ જેટલો સંક્ષિપ્ત છે, એટલો જ સચોટ છે : 'મન જ્યારે વિષયાસક્ત બને છે ત્યારે **બંધન** સર્જે છે અને એ જ મન જ્યારે નિર્વિષય બની જાય છે ત્યારે **મોક્ષ**-જનક બની રહે છે :–

बन्धाय विषयासक्तं मुक्त्यै निर्विषयं स्मृतम् ॥

(બ્રહ્મબિંદુ ઉપનિષદ, ૨)

પાયાની વાત છે, મનનાં સાંચાં સ્વરૂપની સમજ અને એની વિધાયક (Positive) શક્તિનો લાભ લેવાની આવડતની, સદ્વૃત્તિની. અને આ વાત કાંઈ માત્ર શાસ્ત્રોક્ત નથી, નિસર્ગ(Nature)નું નિરીક્ષણ પણ આવાં શાસ્ત્રવિધાનની પુષ્ટિ કરે છે : આકાશમાં અહીં તહીં વેર-વિખેર વાદળાંને જે પવન એકત્ર કરીને

(आनीयते) લોકોને ધોધમાર વરસાદનો લાભ આપે છે, તે જ પવન, વાવાઝોડાંનું સ્વરૂપ લઈને ઉત્પાત મચાવતાં વાદળાંને દૂર ધસડી લઈ જઈને લોકોને શાંતિ અને રાહત પણ આપે છે. પ્રાકૃતિક ક્ષેત્રે વરસાદ અને વાવાઝોડું, બંનેનો સર્જક જેમ પવન છે, તેમ જ આધ્યાત્મિક બાબતમાં **બંધન** અને **મોક્ષ** એ બંનેની કલ્પનાનો આધાર એક જ છે : **'મન'** !

આ પહેલાં "રૂપક" જેવા અર્થાલંકારનાં નિરૂપણની બાબતમાં કહ્યું હતું તેમ, આ શ્લોકમાંનાં સમુચિત અને સચોટ (Apt) દૃષ્ટાંત-અલંકાર પરત્વેની આચાર્યશ્રીની હથોટીની શક્તિ પ્રતીત થાય છે. મન અને વાયુમાંનાં સામ્યનું નિરૂપણ જેટલું ઔચિત્યપૂર્ણ છે, તેટલું જ કાર્યસાધક પણ છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૭૪)

૧૭૫

देहादिसर्वविषये परिकल्प्य रागं
बध्नाति तेन पुरुषं पशुवद् गुणेन ।
वैरस्यमत्र विषवत्सु विधाय पश्चा-
-देनं विमोचयति तन्मन एव बन्धात् ॥ १७५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહાદિસર્વવિષયે પરિકલ્પ્ય રાગં
બધ્નાતિ તેન પુરુષં પશુવદ્ ગુણેન ।
વૈરસ્યમત્ર વિષવત્સુ વિધાય પશ્ચા-
-દેનં વિમોચયતિ તન્મન એવ બન્ધાત્ ॥ ૧૭૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : देहादिसर्वविषये रागं परिकल्प्य, तेन (शरणरूपेण) गुणेन पुरुषं (पूर्वं आदौ) पशुवत् (यत् मनः) बध्नाति, पश्चात् विषवत्सु अत्र (एषु विषयेषु) वैरस्यं विधाय, एनं (पुरुषं) तत् मनः एव बन्धात् विमोचयति ॥ ૧૭૫ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : तत् मनः एव एनं (पुरुषं) बन्धात् विमोचयति । તે મન જ તેને (એટલે કે જીવાત્માને) ત્યારપછી બંધનમાંથી છોડાવે છે, મુક્ત કરે છે. આ મન કેવું છે ? **પાછળથી** આવું કરે છે, તો તે **પહેલાં** શું કરે છે ? (यत् मनः) पुरुषं पशुवत् बध्नाति (तत् तादृशं मनः) । તે જ મનની આ ઘાત છે. જે મન, પહેલાં **મનુષ્યને** ઢોરની માફક બાંધે છે. બંધનમાં નાખે છે. તેને શાના વડે બાંધે છે ? देहादिसर्वविषये रागं परिकल्प्य, तेन (रागरूपेण) गुणेन (बध्नाति) । गुण એટલે દોરડું, **राग** એટલે અનુરાગ, પ્રેમ, આકર્ષણ,

આસક્તિ, **परिकल्प्य** એટલે કલ્પીને, જગાડીને, ઉત્પન્ન કરીને. ક્યાં, શામાં 'રાગ' જગાડે છે ? **देहादिसर्वविषयेषु** । દેહ (શબ્દ, સ્પર્શ) વગેરે વિષયોમાં. દેહ વગેરે વિષયોમાં **રાગ** જગાડીને, તે રાગ-રૂપી દોરડા વડે જીવાત્માને બાંધે છે. આ રીતે **મન** બાંધે છે, તો પછી, તે તેને છોડાવે છે, કેવી રીતે ? **पश्चात् विषवत्सु अत्र (एषु विषयेषु) वैरस्यं विधाय विषवस्तु** એટલે ઝેર જેવા (વિષયો), **वैरस्य** એટલે વિરસતા, રસવિહીનતા, વૈરાગ્ય, જેમાંથી 'રસ' ચાલ્યો ગયો હોય, તે **विरस**, અને આ શબ્દનું ભાવવાચક નામ, **वैरस्यम्** । **विधाय** એટલે પેદા કરીને, ઉત્પન્ન કરીને, રચીને, યોજીને. **पाछળથી** અહીં (**अत्र**) ઝેર જેવા વિષયોમાં, તેના પ્રત્યે વૈરાગ્ય પેદા કરીને, તેને, છોડાવે છે. (૧૭૫)

અનુવાદ : દેહ વગેરે વિષયોમાં (પહેલાં) રાગ જગાડીને (જે **મન**) તે (રાગરૂપી) દોરડાં વડે, પશુની જેમ, (જીવાત્માને) બાંધે છે, તે **મન** જ, પાછળથી, ઝેર જેવા આ વિષયોમાં વૈરાગ્યભાવ પેદા કરીને, (તેને) બંધનમાંથી છોડાવે છે. (૧૭૫)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકમાં આચાર્યશ્રીએ એવું વિધાન કર્યું હતું કે બંધન અને મોક્ષ, – એ બંનેની કલ્પના, મન વડે જ, કરવામાં આવે છે. આ મન, આવી અદ્‌ભુત કાર્યસિદ્ધિ કેવી રીતે સંપન્ન કરી શકે છે, એની પ્રક્રિયા શી અને કેવી છે, તેનું સંક્ષિપ્ત છતાં સચોટ અને પ્રતીતિકારક નિરૂપણ આ શ્લોકમાં કરવામાં આવ્યું છે.

રાગ એટલે આકર્ષણ-આસક્તિ (Attachment). મન આ રાગનું બળ અને જીવાત્માની નિર્બળતા, – બંનેને બરાબર જાણે, ઓળખે છે. એટલે સૌપ્રથમ આ **"મનજી"**-ભાઈએ દેહ-ઇન્દ્રિયો વિષયો વગેરેમાં માણસનો રાગ જગાડ્યો (**परिकल्प्य**). બિચારો માણસ એમાં ફસાયો, લટ્ટુ બની ગયો, એ જોઈને, એ રાગ-રૂપી દોરડા વડે જ, માણસને ઢોરની જેમ, જકડીને બાંધી દીધો (**बध्नाति**). આ થઈ, બંધનની પ્રક્રિયા.

હવે, જો "રાગ-ગુણ"ની કેદમાં, એના કારાવાસમાં પડેલા આ માણસનું સદ્‌ભાગ્ય હોય તો, એ જ **"મનજી"**-ભાઈ, પાછળથી (**पश्चात्**), કેદીને પેલા પાશમાંથી કેવી રીતે છોડાવે છે (**विमोचयति**), એ જુઓ : દેહાદિવિષયોમાં, અગાઉ રાગ જગાડ્યો હતો તેમાં (**अत्र**) જ, પેલા કેદીને જરા પણ 'રસ' ન રહે, એવી 'વિરસતા', રસવિહીનતા એટલે એવો વૈરાગ્ય, આ **'મનજી'**-ભાઈએ જ પેદા કર્યો (**विधाय**). પણ આ વૈરાગ્ય જાગ્યો કેવી રીતે ? પેલાં માણસને એવી ખાતરી કરાવવામાં આવી કે વિષયો તો ઝેર જેવાં (**विषवत्**) છે અને ઝેર તે કોઈ, 'એ ઝેર છે' - એવી ખાતરી થઈ ગયા પછી, પીએ જ શાનો ? એટલે, વૈરાગ્યભાવનો ઉદય થતાં, **'મોક્ષ'** માટેની એની પાત્રતા સિદ્ધ થઈ, અને બંધનનાં પેલાં દોરડાં, આપોઆપ, ફટાફટ, તૂટવા લાગ્યાં. આવી 'કરામત' પણ આ **"મનજી"**-ભાઈની

જ ! એના ગળામાંનો પેલો "ગાળિયો" એની મેળે નીકળી ગયો ! આમ, પેલા ગુજરાતી કવિએ, યોગ્ય જ, ગાયું છે, –

'જે પોષતું, તે મારતું !'–

તેમ, જેણે બંધન ઊભું કર્યું હતું, તેણે જ, મોક્ષનું સર્જન કર્યું !

શ્લોકનો છંદ : **વસંતતિલકા** (૧૭૫)

૧૭૬

तस्मान्मनः कारणमस्य जन्तो-
-र्बन्धस्य मोक्षस्य च वा विधाने ।
बन्धस्य हेतुर्मलिनं रजोगुणै-
-र्मोक्षस्य शुद्धं विरजस्तमस्कम् ॥ १७६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તસ્માન્મનઃ કારણમસ્ય જન્તો-
-ર્બન્ધસ્ય મોક્ષસ્ય ચ વા વિધાને ।
બન્ધસ્ય હેતુર્મલિનં રજોગુણૈ-
-ર્મોક્ષસ્ય શુદ્ધં વિરજસ્તમસ્કમ્ ॥ ૧૭૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : तस्माद् अस्य जन्तोः बन्धस्य मोक्षस्य च विधाने मनः (एव) कारणं (अस्ति) । रजोगुणैः मलिनं (मनः) बन्धस्य हेतुः (अस्ति), विरजस्तमस्कं (मनः) च मोक्षस्य (हेतुः भवति) ॥ १७६ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : **तस्माद् अस्य जन्तोः बन्धस्य मोक्षस्य च कारणं मनः (एव) अस्ति** । **तस्मात्** – તેથી, આ પહેલાંના શ્લોકોમાં, મનની કાર્યશક્તિ અને સિદ્ધિ સમજાવવામાં આવી છે, તે કારણે. **जन्तु** એટલે જન્મેલો, જીવ, મનુષ્ય. **विधान** એટલે નિર્માણ, રચના, પ્રાપ્તિ. તેથી આ મનુષ્યનાં બંધન તથા મુક્તિનાં નિર્માણમાં મન (જ) કારણ છે. આ કારણ કેવી રીતે શક્ય બને છે ? બે વાક્યો, આ પ્રમાણે : (૧) **रजोगुणैः मलिनं (मनः) बन्धस्य हेतुः (अस्ति)** । **रजोगुणैः** એટલે રજોગુણો વડે, એમાંથી ઉત્પન્ન થયેલા કામ-ક્રોધ-લોભ વગેરે વડે, **मलिनं मनः** મલિન બનેલું, અશુદ્ધ બનેલું મન, બન્ધનનું કારણ છે. અને (૨) **विरजस्तमस्कं शुद्धं (मनः) मोक्षस्य (कारणं भवति)** । રજોગુણ વિનાનું હોય તે **विरजः** અને તમોગુણ વિનાનું હોય તે **वितमः**, અને આ બંને ગુણોના પ્રભાવથી જે મુક્ત બની ગયું હોય, તે **विरजस्तमस्कम्**. મનનું આ વિશેષણ છે : રજોગુણ અને તમોગુણ, બંનેની અસરથી મુક્ત એવું, શુદ્ધ મન મોક્ષનું કારણ બને છે. (૧૭૬)

અનુવાદ : તેથી, આ જીવનાં બંધન તેમ જ મોક્ષનાં નિર્માણમાં મન (જ) કારણ (છે) : રજોગુણ વડે મલિન થયેલું (મન) બંધનનું કારણ છે, અને રજોગુણ-તમોગુણથી મુક્ત થયેલું શુદ્ધ (મન) મોક્ષનું કારણ (છે). (૧૭૬)

ટિપ્પણ : બંધન અને મોક્ષ, – એ, બંને, મનની જ કલ્પના છે, એ વિધાનનું અહીં સવિશેષ સમર્થન કરવામાં આવ્યું છે. ફરી એ જ વાત, બીજા શબ્દોમાં અહીં વ્યક્ત કરવામાં આવી છે કે જીવનાં બંધન અને મોક્ષનાં નિર્માણમાં મન જ કારણ છે.

હવે, મન બંધનનું કારણ કેવી રીતે બને છે અને મોક્ષનું કારણ કેવી રીતે બને છે તે, અહીં, જરા જૂદી રીતે દર્શાવવામાં આવ્યું છે : બંને પરિસ્થિતિઓમાં કેવું મન ભાગ ભજવે છે, તે અહીં સવિશેષ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. બંધન અને મોક્ષ માટે, મનનું, અનુક્રમે, અશુદ્ધ (મલિન) અને શુદ્ધ બનવું નિમિત્ત બને છે. રજોગુણની વિક્ષેપશક્તિનાં કારણે મન વિષયભ્રમણમાં સરી પડે છે, ચંચળ બની જાય છે, અને કામ-ક્રોધ વગેરે સૂક્ષ્મ છ શત્રુઓ(ષડ્રિપુઓ)ના પંજામાં-સકંજામાં સપડાય છે અને અંતે પોતાની મૂળભૂત (Original) શુદ્ધિ ગુમાવી બેસે છે, મલિન બની જાય છે, અને આવું મલિન મન બંધનનું કારણ બની જાય છે. પરંતુ માણસમાં સમયસર વિવેકબુદ્ધિ જાગૃત થઈ જાય તો, એના પ્રભાવ હેઠળ, એનું મન રજોગુણની વિક્ષેપશક્તિ ઉપરાંત, તમોગુણની આવરણશક્તિમાંથી પણ તે પૂરેપૂરું મુક્ત બની જાય છે, અને આવું વિશુદ્ધ-નિર્મળ મન મોક્ષ માટેનું કારણ બને છે : નિષ્કર્ષ એ છે કે બંધન અને મોક્ષ, બંનેમાં કારણ તો મન જ હોય છે, પરંતુ તફાવત છે, મનની, અનુક્રમે, મલિનતા અને નિર્મળતા !

આમ, તો, 'કલ્પના' શબ્દ એટલું તો સ્પષ્ટ કરે જ છે કે તે સત્ય નથી, ભ્રમણા છે, ભ્રાંતિ છે. પરંતુ બંધન એ જો 'ભ્રાંતિ' હોય તો, આ ભ્રાંતિમાંથી મુક્ત થવા માટે, એટલે કે એ રીતે મુક્ત થઈને, મોક્ષ મેળવવા માટે, મોક્ષરૂપી મહાભ્રાંતિ ઊભી કરવી જ રહી ! ભ્રાંતિનો નાશ તો બીજી મોટી, મહાભ્રાંતિ જ કરી શકેને ! ટૂંકમાં, બંધન અને મોક્ષ, - બંને, મનની કલ્પના, ભ્રાંતિ, પરંતુ એક, બંધન, - ભ્રાંતિ, તો બીજું, - મોક્ષ, મહાભ્રાંતિ !

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૭૬)**

૧૭૭

विवेकवैराग्यगुणातिरेकात्
शुद्धत्वमासाद्य मनो विमुक्त्यै ।
भवत्यतो बुद्धिमतो मुमुक्षो-
-स्ताभ्यां दृढाभ्यां भवितव्यमग्रे ॥ १७७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિવેકવૈરાગ્યગુણાતિરેકાત્
શુદ્ધત્વમાસાદ્ય મનો વિમુક્ત્યૈ ।
ભવત્યતો બુદ્ધિમતો મુમુક્ષો-
-સ્તાભ્યાં દૃઢાભ્યાં ભવિતવ્યમગ્રે ॥ ૧૭૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : विवेकवैराग्यगुणातिरेकात् शुद्धत्वं आसाद्य मनः विमुक्त्यै भवति, अतः अग्रे (आरम्भे, आदौ) बुद्धिमतः मुमुक्षोः ताभ्यां (विवेकवैराग्याभ्यां) दृढाभ्यां भवितव्यम् ॥ १७७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : **मनः विमुक्त्यै भवति** । મન વિમુક્તિ-મોક્ષ આપવા માટે સમર્થ બને છે, એટલે કે મન મોક્ષપ્રદ બને છે, મોક્ષ આપવાની પાત્રતા મન પ્રાપ્ત કરી શકે છે. શું કર્યા પછી ? **शुद्धत्वं आसाद्य** - શુદ્ધિ મેળવીને, વિશુદ્ધ-નિર્મળ બન્યા પછી. પણ આ પ્રાપ્તિ શાનાં કારણે સિદ્ધ થાય છે ? **विवेकवैराग्यगुण-अतिरेकात्** । **अतिरेक** એટલે વૃદ્ધિ થવી, વધી જવું, ઘણો વધારો થવો (Excess, Excellence, Exuberence, Eminence), પાકટ થવું, પરિપક્વ થવું. વિવેક અને વૈરાગ્ય, એ બે ગુણો અતિ વૃદ્ધિંગત થવાથી, પરિપક્વ થવાથી, મન વિશુદ્ધ થાય છે, અને આવું મન મુક્તિદાયી બને છે, અને એટલે જ (**अतः**), મુમુક્ષુ માટે, સૌપ્રથમ (**अग्रे**) એક ઘટના અનિવાર્ય રીતે આવશ્યક બને છે. કઈ ? **मुमुक्षोः बुद्धिमतः** । મુમુક્ષુ, બુદ્ધિવાળો, એટલે કે વિચારશીલ હોવો જોઈએ અને આવા મુમુક્ષુએ **ताभ्यां (विवेक-वैराग्याभ्यां) दृढाभ्यां भवितव्यम्** । **भवितव्य-भू(भव्)**) થવું, હોવું એ ધાતુનું વિધ્યર્થ કૃદન્ત (Potential Participle), થઈ જવું જોઈએ, બની જવું જોઈએ, હોવું જોઈએ. એટલે કે એનું મન વિવેક અને વૈરાગ્યની બાબતમાં દૃઢ બની જવું જોઈએ. (૧૭૭)

અનુવાદ : વિવેકરૂપ અને વૈરાગ્યરૂપ એવા બે ગુણો, પરિપક્વ થાય ત્યારે, વિશુદ્ધ બનવાથી, મન મુક્તિ આપવા સમર્થ થાય છે. આથી, બુદ્ધિમાન મુમુક્ષુનાં વિવેક અને વૈરાગ્ય એ બે, સૌપ્રથમ, દૃઢ બની જવાં જોઈએ. (૧૭૭)

ટિપ્પણ : છેલ્લા કેટલાક શ્લોકોથી ચાલી રહેલી મનોમય કોશની ચર્ચામાં, બંધન અને મોક્ષ એ બેયનાં કારણભૂત એવાં મનનાં સ્વરૂપનું, એક જૂદું અને અત્યારસુધી નહીં નિરૂપાયેલું એવું, પાસું, અહીં, નિરૂપવામાં આવ્યું છે.

બંધન તો ઠીક, પરંતુ મોક્ષ આપવાની મનની શક્તિ વિશેની આ એક વાત પ્રત્યે બુદ્ધિશાળી મુમુક્ષુનું ધ્યાન ખેંચતાં, ગુરુજી કહે છે કે મન વિશુદ્ધ થાય તો જ તે મુક્તિ આપવા માટે સમર્થ બને છે અને આ વિશુદ્ધિનો બધો જ આધાર, વિવેક અને વૈરાગ્યની પરિપક્વતા પર રહે છે. આથી, બીજું કશું કરતાં પહેલાં, મુમુક્ષુએ પોતાનાં મનમાંનાં વિવેક અને વૈરાગ્ય, – એ બંને, સંપૂર્ણ રીતે મજબૂત અને દૃઢ છે, એ સ્થિતિની ખાતરી કરી લેવી જોઈએ. વ્યાકરણની દૃષ્ટિએ, **भवितव्यम्** જેવું, **भू(भव्)** એ ધાતુનાં વિધ્યર્થ કૃદન્તનું રૂપ પ્રયોજવામાં આવ્યું છે, - એ હકીકત એમ પુરવાર કરે છે કે મુમુક્ષુ માટેની આ સિદ્ધિ ફરજિયાત (Compulsory) છે. આ બંનેની દૃઢતાવાળાં મન વિના મોક્ષપ્રાપ્તિ અશક્ય છે, એ વાતને અહીં અધોરેખાંકિત (Underline) કરવામાં આવી છે.

આમ તો, આ પહેલાં પણ, આ વાત થઈ જ ગઈ છે, તે છતાં, જેની 'દૃઢતા' અને જેનાં 'અતિરેક' પર આટલો બધો ભાર (Emphasis) મૂકવામાં

આવ્યો છે તે બંને, - વિવેક અને વૈરાગ્ય, નાં મૂળભૂત સ્વરૂપને, ફરી એક વાર, બરાબર સમજી લઈએ :

વિ+વિજ્ - એ ધાતુ પરથી બનેલો શબ્દ **વિવેક**, 'એક' સારું (Good) અને બીજું, ખરાબ (Bad), એવી બે પરસ્પર-વિરોધી વસ્તુઓ વચ્ચે રહેલા તફાવતને આત્મસાત્ કરવાની શક્તિ (Power of Discrimination, Discretion) પર ભાર મૂકે છે. સ્થૂળ દેહ વગેરે બધું 'અનાત્મા' છે, તેથી તે અને 'આત્મા' વચ્ચેનો તફાવત, સાધકનાં મનમાં સુનિશ્ચિત થઈ જવો જોઈએ.

અને **વૈરાગ્ય** એટલે જ મનની 'વિરાગ' અવસ્થા, દેહ-ઇન્દ્રિયો-વિષયો પ્રત્યેના રાગ (Attachment) વિનાનું મનનું હોવાપણું. આ પહેલાં, શ્લોક-૧૭૫માં પ્રયોજાયેલો શબ્દ, **'વૈરસ્ય,'** મનની 'વિરસતા', એ પણ 'વૈરાગ્ય'નો જ સમાનાર્થી શબ્દ (Synonym) છે : દેહ આદિમાંના, મનના, રસ અને રાગ, સાધકને પોતાનાં મોક્ષપ્રાપ્તિ-રૂપી ધ્યેયમાંથી ચલિત કરનારાં બે મહા-અનર્થો (Evils) છે.

અને તેથી જ, મન માટે, આ બંનેની દૃઢતાને એક 'ભવિતવ્ય' (Indispensable) તરીકે અહીં સ્થાપિત કરવામાં આવી છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૭૭)**

૧૭૮

मनो नाम महाव्याघ्रो विषयारण्यभूमिषु ।
चरत्यत्र न गच्छन्तु साधवो ये मुमुक्षवः ॥ १७८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

मनो नाम महाव्याघ्रो विषयारण्यभूमिषु ।
चरत्यत्र न गच्छन्तु साधवो ये मुमुक्षवः ॥ १७८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मनः नाम महाव्याघ्रः विषयारण्यभूमिषु चरति, (अतः) अत्र ये मुमुक्षवः साधवः (सन्तु, ते) न गच्छन्तु ॥ १७८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : मनः नाम महाव्याघ्रः विषय-अरण्यभूमिषु चरति । 'મન' નામનો એક મોટો બળવાન-ભયંકર વાઘ, (શબ્દ-આદિ) વિષયોરૂપી અરણ્ય-જંગલના પ્રદેશમાં, એ ભૂમિમાં, ફર્યા કરતો, ઘૂમતો, ભમતો, રખડતો રહે છે. આથી (अतः) मुमुक्षवः - મુમુક્ષુઓ, મોક્ષાર્થીઓ, મોક્ષકામી, साधवः સાધુઓ, સજ્જનો, સાધકો આવા ये જે મનુષ્યો અહીં (अत्र) હોય, તેમણે (તે તરફ) ન જવું, – પેલાં જંગલની નજીક. (૧૭૮)

અનુવાદ : 'મન' નામનો (એક) મોટો વાઘ (શબ્દ-આદિ) વિષયોનાં જંગલમાં ઘૂમ્યા કરતો હોય છે, આથી અહીં જે મુમુક્ષુ સાધકો હોય, તેમણે (તે તરફ) ન જવું. (૧૭૮)

ટિપ્પણ : ફરી એક વાર, 'રૂપક'-અલંકાર પ્રયોજવાનું, આચાર્યશ્રીનું, કૌશલ અહીં પ્રતીત થાય છે. જંગલ હોય, એટલે વાઘ-સિંહ જેવાં હિંસક પ્રાણીઓ, પોતાના શિકાર માટે, સમગ્ર અરણ્યપ્રદેશમાં આતંક ફેલાવતાં, અહીં-તહીં-સર્વત્ર, ઘૂમતાં જ હોય છે, એટલે જે લોકો સલામત રહીને જીવવા ઇચ્છતા હોય, તેમણે પેલાં જંગલ તરફ કદી ન જવું જોઈએ.

શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ, એ વિષયો એટલે ભયંકર જંગલ, અને 'મન' એ જ, મોઢું ફાડીને સતત ઘૂમતો શક્તિશાળી વાઘ ! આવું જંગલ, અને આવો વાઘ ! આવાં જંગલમાં, ભૂલે-ચૂકે પણ, ભૂલા પડનાર મુસાફરને કદી છોડે, પેલો વાઘ ? એને દેખે એટલી જ વાર ! તરત જ 'ઓહિયાં' ! ટૂંકમાં, સાધક-મુમુક્ષુ એટલે, આવા વાઘનો શિકાર બનતો મુસાફર !

મન એ બંધનનું કારણ છે, એવું આ પહેલાં કહેવામાં આવ્યું છે. મુમુક્ષુ સાધક ત્યારે જ બંધનમાં ફસાય છે, જ્યારે તે શબ્દ વગેરે વિષયોમાં આસક્ત બની જાય છે. પછી તો શબ્દાદિના કારાવાસમાંથી એનો છૂટકારો, **તો** અને **ત્યારે** જ થાય, **જો** અને **જ્યારે** ઝેર જેવા આ વિષયો પ્રત્યે, એ જ મન, વૈરસ્ય કે વૈરાગ્યભાવ જગાડે !

પરંતુ, આ રીતે, પહેલાં સામે ચાલીને, બંધનમાં-કેદમાં જવા જેવો ગુનો કરવો, અને પછી, એમાંથી છૂટવા માટે, પેલાં મનની દયા પર જીવવું, એના કરતાં, પહેલેથી જ, સાવચેત રહીને, બંધનમાં પડવું જ નહીં, – એવું સૂઝે, એ કેવું મોટું સદ્‌ભાગ્ય !

આવું સદ્‌ભાગ્ય, સદા-સર્વદા, સાધક-મુમુક્ષુને મળતું જ રહે, એવી સોનેરી સલાહ આચાર્યશ્રી, રૂપક અલંકારનાં માધ્યમમાં, અહીં આપે છે : 'વનવિહાર' સહુને ગમે, પરંતુ એ વનમાં જો માંસભક્ષક હિંસક પ્રાણીઓ મુક્ત રીતે સર્વત્ર આથડ્યાં જ કરતાં હોય તો, એવો 'વનવિહાર', મુસાફરે, એની જિંદગીના ભોગે જ કરવો પડે ! આવાં જોખમથી અજાણ્યો મુસાફર જાન ગુમાવે, એમાં તો એ બાપડો લાચાર !

પરંતુ આચાર્યશ્રી તો સાધકોને સમયસર ચેતવણી આપે છે કે આ વિષય-ભ્રમણરૂપી 'વનવિહાર' આવો મહા-જોખમી છે ! તેથી, એ જોખમને સમજીને જ, તેમણે તે તરફ ન જવું (**न गच्छन्तु**) !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૭૮)**

૧૭૯

मनः प्रसूते विषयानशेषान्
स्थूलात्मना सूक्ष्मतया च भोक्तुः ।
शरीरवर्णाश्रमजातिभेदान्
गुणक्रियाहेतुफलानि नित्यम् ॥ १७९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

મનઃ પ્રસૂતે વિષયાનશેષાન્
સ્થૂલાત્મના સૂક્ષ્મતયા ચ ભોક્તુઃ ।
શરીરવર્ણાશ્રમજાતિભેદાન્
ગુણક્રિયાહેતુફલાનિ નિત્યમ્ ॥ ૧૭૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : મનઃ સ્થૂલાત્મના સૂક્ષ્મતયા ચ ભોક્તુઃ અશેષાન્ વિષયાન્ પ્રસૂતે, શરીર-વર્ણ-આશ્રમ-જાતિ-ભેદાન્ (કરોતિ), ગુણ-ક્રિયા-હેતુ-ફલાનિ (ચ) નિત્યં (પ્રસૂતે) ॥ ૧૭૯ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : મનઃ અશેષાન્ વિષયાન્ પ્રસૂતે । - અશેષ એટલે જેમાં કશું જ 'શેષ' ન રહે તેવું, એટલે કે બધું, સર્વ, સકળ, સમગ્ર. મન સર્વ વિષયોને પેદા કરે છે, ઉત્પન્ન કરે છે, ઊભા કરે છે. કોના માટે ? ભોક્તુઃ ભોક્તા જીવ માટે, એનાં સુખ માટે પેદા કરી, જીવને અર્પણ કરે છે. ક્યારે ? ક્યા સમયમાં ? સ્થૂલાત્મના - સ્થૂલ સ્વરૂપે, એટલે કે જાગ્રત-અવસ્થા દરમિયાન. સૂક્ષ્મતયા-સૂક્ષ્મ સ્વરૂપે, એટલે કે સ્વપ્ન-અવસ્થા દરમિયાન. આ મન બીજું શું કરે છે ? શરીર-વર્ણ-આશ્રમ-જાતિ-ભેદાન્ (કરોતિ) । વર્ણ એટલે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શુદ્ધ એવા ચાર વર્ણ, આશ્રમ એટલે બ્રહ્મચર્ય-ગૃહસ્થ-વાનપ્રસ્થ-સંન્યાસ એવા ચાર આશ્રમો, જાતિ એટલે જન્મ, ઉત્પત્તિ, ઉત્પન્ન થવાની ક્રિયા. મનુષ્યો, પશુઓ, પક્ષીઓ, વેલ, છોડવા વગેરે અને જંતુઓ, - એ ચાર પ્રકારનાં ભૂતોની જન્મ-પ્રક્રિયાઓ આ પ્રમાણે, જુદી જુદી છે : મનુષ્યો અને પશુઓ સ્ત્રીના ગર્ભને વીંટળાઈ રહેલી બહારની-ઉપરની પાતળી ચામડી(जरायु)માંથી જન્મે છે તેથી, મનુષ્યો અને પશુઓ 'જરાયુજ' કહેવાય છે. પક્ષીઓ ઈંડાં(अण्ड)માંથી જન્મે છે, તેથી તેઓ 'અંડજ' કહેવાય છે. વેલ-લતા-છોડ (Plants) વગેરે જમીનમાંના, 'उद्भिद्' - નામક, અંકુર જેવા (Sprout)માંથી ઊગે છે તેથી, તે બધા 'ઉદ્ભિજ્જ' કહેવાય છે, અને જૂ-લીખ જેવાં જંતુઓ પરસેવા(स्वेद)માંથી જન્મે છે તેથી, તે બધાં 'સ્વેદજ' કહેવાય છે. શ્લોકમાંની 'જાતિ', - એટલે આ ચાર ભેદો. આવા બધા, વર્ણ-આશ્રમ-જાતિના ભેદોને પણ મન જ ઊભા કરે છે, - ભેદાન્ (કરોતિ). આ ઉપરાંત, મન, છેલ્લે, જે કરે છે તે, આ : ગુણક્રિયા-હેતુ-ફલાનિ (ચ પ્રસૂતે) ! ગુણ-ક્રિયા-હેતુ-ફળ વગેરેને પણ તે મન જ પેદા કરે છે. આસક્તિ-અનાસક્તિ, રાગ-વૈરાગ્ય જેવા 'ગુણો'ના ભેદ, વૈદિક-લૌકિક-કામ્ય જેવી 'ક્રિયાઓ'ના ભેદ, સારાં-નરસાં એવા 'હેતુઓ'(કારણો)ના ભેદ, અને ઊર્ધ્વગમન કે અધઃપતન જેવાં 'ફળો'ના ભેદ, — આ પ્રકારના ભેદો પણ મન જ સર્જે છે. અને આવા બધા ભેદો પેદા કરવાનું એનું કામ, સતત-નિત્ય-નિરન્તર, અવિરત, અનવરત (નિત્યં) ચાલ્યા જ કરતું હોય છે. (૧૭૯)

અનુવાદ : મન જ, સ્થૂલ અને સૂક્ષ્મ, બંને સ્વરૂપે, ભોક્તા એવા જીવાત્મા

માટે, સમગ્ર વિષયોને પેદા કરે છે. એ જ (મન), વળી, શરીર-વર્ણો-આશ્રમો-જાતિઓ વગેરેના ભેદો પાડે છે અને ગુણ-ક્રિયા-હેતુ-ફલ વગેરેને પણ રોજેરોજ તે જ પેદા કરતું રહે છે. (૧૭૯)

ટિપ્પણ : શ્રુતિઓ અને સર્વ શાસ્ત્રોનાં ચિંતન-મનનના નિષ્કર્ષ સમું એક સનાતન સૂત્ર છે કે આ જગતમાં, મૂળભૂત રૂપે, કશા જ ભેદ નથી : **एकं एव-अद्वितीयम्** । બ્રહ્મ એક જ અને 'અદ્વિતીય' છે. 'અદ્વિતીય' એટલે જેને, જેના પછી 'દ્વિતીય', બીજું કોઈ કશું છે જ નહીં, એવું Without a second, lone, Alone, Matchless, Peerless, 'અજોડ'. એટલે કે અનેકતા-વિવિધતા અને બધા ભેદો અજ્ઞાન-અવિદ્યાનાં કારણે જ પેદા થયા છે. આ ભેદો કોણે પેદા કર્યા ? આ સવાલનો જવાબ આ શ્લોકમાં આપવામાં આવ્યો છે. ગ્રન્થકાર કહે છે કે આ સર્વ ભેદો, માત્ર મનના જ છે. સમગ્ર વિષયોને પેદા કરીને, મન, ભોક્તા એવા જીવ સમક્ષ, તે સર્વને અર્પણ કરી દે છે, અને જેવો તે ભોક્તા આ સર્વ વિષયોમાં આસક્ત બને છે, તેવો જ, તેને જ્યાં 'એક' જ છે, ત્યાં 'અનેક'નું, 'અભેદ' જ છે ત્યાં 'ભેદો'નું અને 'અ-દ્વૈત' છે ત્યાં 'દ્વૈત'નું છેતરામણું મિથ્યા દર્શન થાય છે.

અને આવું 'મિથ્યા'-દર્શન એ જ 'બંધન' !

સર્વ બંધનનું કારણ માત્ર મન જ છે, - એ પૂર્વોક્ત સિદ્ધાંતની સિદ્ધિ, અહીં, જરા જૂદી રીતે, સંપન્ન કરવામાં આવી છે. આવી રજૂઆતનો હેતુ તો, આ પહેલાં, અનેક રીતે કહેવાયો છે તે જ છે - કે મુમુક્ષુ સાધક મનની આવી અવિશ્વસનીય (Treacherous, Perfidious) ફરેબી માયાજાળને બરાબર ઓળખી લે, અને સંપૂર્ણરીતે સ્વસ્થ તથા સાવધ રહીને, એની આવી ભ્રામક 'પ્રસૂતિ'(प्रसूते, Creation)થી અળગો રહે.

ऋग्वेदના ઋષિએ તો હજારો વર્ષો પહેલાં, પોતાનાં આર્ષદર્શનનાં પરિણામ-સ્વરૂપ, આવું વિધાન કર્યું જ હતું કે, **सत्** (સદા-સર્વદા અસ્તિત્વ ધરાવતું, Ever-existing એવું બ્રહ્મ) છે તો 'એક' જ, પરંતુ 'વિપ્રો' (જેમણે મનની લીલાને પારખી લીધી છે, તેવા મનીષીઓ) તેને 'બહુ' (અનેક) રીતે ('**बहुधा**') વદે છે, વર્ણવે છે, –

एकं सद् विप्रा बहुधा वदन्ति ।

- अस्य-वामीय सूक्त (१, १६५, ४६)

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૭૯)**

૧૮૦

असंगचिद्रूपममुं विमोह्य
देहेन्द्रियप्राणगुणैर्निबध्य ।
अहंममेति भ्रमयत्यजस्रं
मनः स्वकृत्येषु फलोपभुक्तिषु ॥ १८० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અસંગચિદ્રૂપમમું વિમોહ્ય
દેહેન્દ્રિયપ્રાણગુણૈર્નિબધ્ય ।
અહંમમેતિ ભ્રમયત્યજસ્રં
મનઃ સ્વકૃત્યેષુ ફલોપભુક્તિષુ ॥ ૧૮૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : મનઃ અસંગચિદ્રૂપં અમું (આત્માનં) વિમોહ્ય, દેહેન્દ્રિયપ્રાણ-ગુણૈઃ નિર્બધ્ય, અહં-મમ ઇતિ (બુદ્ધયા) અજસ્રં સ્વકૃત્યેષુ ફલોપભુક્તિષુ (ચ) ભ્રમયતિ ॥ ૧૮૦ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : **મનઃ અમું** (આત્માનં) **ભ્રમયતિ** । મન આ આત્માને (જીવાત્માને) ભ્રમણ કરાવે છે, ભટકાવે છે, ભમાવે છે. આત્મા કેવો છે ? - **અસંગ-ચિદ્-રૂપં** તે 'અસંગ' છે, એટલે કે કર્તા, કર્મ કે કર્મફળની એને કશી આસક્તિ નથી, એ જ રીતે એનામાં કર્તૃત્વ-ભોક્તૃત્વનો કશો ભાવ હોતો નથી, એ તો તદ્દન નિર્લેપ છે. વળી, આત્મા ચિદ્-રૂપ છે, ચૈતન્ય-સ્વરૂપ છે. આત્માને મન ક્યાં ભમાવે છે ? **સ્વકૃત્યેષુ ફલોપભુક્તિષુ** (ચ) । તેણે પોતે કરેલાં જુદાં જુદાં કર્મોમાં અને એ જ કર્મનાં ભોગોમાં, ઉપભોગોમાં. જીવાત્માને આ રીતે ભમાવવાનું, મનનું, કામ કેટલો સમય ચાલે છે ? **અજસ્રમ્** - નિત્ય-નિરંતર, અણ-અટક્યું, અનવરત, અવિરત. જીવાત્માને સતત ભમાવવાનું કામ મન કેવી રીતે કરે છે ? **ત્રણ** ક્રિયાઓ કરીને, આ રીતે : (૧) **વિમોહ્ય** મોહમાં નાખીને. સૌપ્રથમ તો, મન, જીવાત્માને મોહમાં નાખી દે છે, એટલે કે એને મૂઢ, વિચાર-મૂઢ બનાવી દે છે, એની વિચારશક્તિને જ નિષ્ક્રિય કરી નાખે છે,(૨) **નિર્બધ્ય** એને બાંધીને, એને બંધનમાં જકડીને. એને શાના વડે બાંધે છે ? કશાંક દોરડાં તો જોઈએને, બાંધવા માટે ! **દેહ-ઇન્દ્રિય-પ્રાણ-ગુણૈઃ** સ્થૂળ શરીર, કર્મેન્દ્રિયો-જ્ઞાનેન્દ્રિયો અને પાંચ-પ્રાણ વગેરે જેવાં અનેક દોરડાં (**ગુણૈઃ**) વડે, બરાબર 'ટાઈટ' બાંધીને, અને (૩) **અહં-મમ-ઇતિ** (**બુદ્ધયા**) 'હું દેહ છું,' 'હું ઇન્દ્રિયો છું', 'હું પ્રાણ છું', - એવી ભ્રામક બુદ્ધિ તેનામાં પ્રેરીને, તેનામાં આ પ્રકારનો 'અહં'ભાવ કે 'મમ'ભાવ પેદા કરીને. આ **ત્રણ** રીતે, મન, જીવાત્માને સતત ભ્રમણ કરાવ્યા જ કરે છે ! (૧૮૦)

અનુવાદ : મન (જ) નિર્લેપ અને ચૈતન્ય-સ્વરૂપ જીવાત્માને મોહમાં નાખીને, દેહ-ઇન્દ્રિયો-પ્રાણરૂપી દોરડાં વડે બાંધીને, (એ બધામાં) 'હું'–'મારું' એવી ભ્રમણામાં નાખીને, પોતે કરેલાં જૂદાં જૂદાં કર્મોમાં તેમ જ કર્મફળોના ઉપભોગોમાં નિરંતર ભ્રમણ કરાવે છે. (૧૮૦)

ટિપ્પણ : મનની અનર્થલીલાનું નિરૂપણ, કંટાળાજનક બની રહે, એટલું લાંબું, 'પિષ્ટ-પેષણ' અને 'કથિત-કથન'(Repetition)થી ભરપૂર, કરવામાં આવ્યું છે, - એવી ટીકા અવશ્ય થાય, પરંતુ મનોમય-કોશનાં કેન્દ્રમાં રહેલાં મનનું સ્વરૂપ એવું

કોયડા (Riddle, Puzzle) સમાન છે કે તેને સંપૂર્ણરીતે આત્મસાત્ કરવું તે, સાધક માટે એક સમસ્યા(Problem)રૂપ જ બની જાય !

અને તેથી જ, આ પહેલાં જેનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે, 'સ્થૂણા-નિખનન' ન્યાય પ્રમાણે, એની અનેક વાર 'પુનરુક્તિ' પણ દોષ-રૂપ ન બને, બલકે, આવકાર્ય કે આવશ્યક એવા ગુણ-રૂપ જ બની રહે !

જીવાત્માને મોહ પમાડીને, એને વિચાર-વિવેક-મૂઢ કરીને, એને બંધનમાં નાખીને અને એનામાં અહંભાવ-મમભાવની મિથ્યા સમજણ પેદા કરીને, એને નિત્ય-નિરંતર, કર્મો અને કર્મફળોમાં ભટકતો રાખવો, – આ બધી કરામત અને કૂટનીતિ મનની છે.

એના સકંજામાં સાધક ન સપડાય, સદ્‌ગુરુજીની એવી સાત્ત્વિક ચિંતા જ આ દીર્ઘસૂત્રી જેવા લાગતાં નિરૂપણ-લંબાણની પાછળ રહી છે, – એ આપણે સ્વીકારવું જ રહ્યું.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૮૦)**

૧૮૧

अध्यासदोषात् पुरुषस्य संसृति-
-रध्यासबन्धस्त्वमुनैव कल्पितः ।
रजस्तमोदोषवतोऽविवेकिनो
जन्मादिदुःखस्य निदानमेतत् ॥ १८१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અધ્યાસદોષાત્ પુરુષસ્ય સંસૃતિ-
-રધ્યાસબન્ધસ્ત્વમુનૈવ કલ્પિતઃ ।
રજસ્તમોદોષવતોઽવિવેકિનો
જન્માદિદુઃખસ્ય નિદાનમેતત્ ॥ ૧૮૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : પુરુષસ્ય સંસૃતિઃ અધ્યાસદોષાત્ (ભવતિ) । અધ્યાસબન્ધઃ તુ અમુના (મનસા) એવ કલ્પિતઃ (અસ્તિ) । રજઃ-તમઃ-દોષવતઃ અવિવેકિનઃ (જીવસ્ય) જન્માદિદુઃખસ્ય નિદાનં (અપિ) એતત્ (મનઃ એવ અસ્તિ) ॥ ૧૮૧ ॥

શબ્દાર્થ : આ શ્લોકમાં **ત્રણ** વાક્યો આ પ્રમાણે છે : (૧) પુરુષસ્ય સંસૃતિઃ અધ્યાસદોષાત્ (ભવતિ) । સંસૃતિઃ એટલે સંસાર, અધ્યાસ વેદાંત-દર્શનના આ પારિભાષિક શબ્દની વ્યાખ્યા, વિભાવના અને એનું સ્વરૂપ વગેરે આ પહેલાં, શ્લોક-૧૪૦માં સમજાવવામાં આવ્યું છે, છતાં ફરીથી એક વાર સમજી લઈએ કે 'અધ્યાસ' એ એક પ્રકારની, ગેરમાર્ગે દોરતી ભ્રમણા છે. अतस्मिन् तद्बुद्धिः

अध्यासः । (ब्रह्मसूत्र-शांकरभाष्य) : 'ते' (तद्) नथी, तेने 'ते' (तद्) मानी लेवुं, ते 'अध्यास' छे. पुरुष એટલે જીવ, જીવાત્મા. જીવાત્માને સંસારની પ્રાપ્તિ અધ્યાસરૂપી દોષનાં કારણે થાય છે. આ દોષને લીધે જ તે સંસારમાં પડે છે. જીવાત્મા માટે જો કોઈ સંસાર સર્જતું હોય તો, તે બીજું કોઈ નહીં, પણ આ અધ્યાસ-દોષ જ છે. (૨) अध्यासबन्धः तु अमुना (मनसा) एव कल्पितः । बन्धः એટલે બંધન. તો પછી, આ અધ્યાસરૂપી બંધન કોની કલ્પનાથી ઊભું થાય છે ? આ બંધન પણ આ (જેની ચર્ચા ચાલી રહી છે તે, મન) દ્વારા જ કલ્પવામાં આવ્યું છે. આ કલ્પના પણ મનની જ છે. (૩) रजः-तमः-दोषवतः अविवेकिनः (जीवस्य) जन्मादिदुःखस्य निदानं (अपि) एतत् (मनः एव अस्ति) । निदानं એટલે મૂળ કારણ, - Origin, Root, Root cause. अविवेकिनः એટલે એવો જીવ, જેનામાં વિવેકબુદ્ધિ ન હોય. આટલું ઓછું હોય તેમ, વળી પાછા તેનામાં રજોગુણ અને તમોગુણરૂપી દોષો હોય (रजः-तमः-दोषवतः). હકીકતમાં તો, તે વિવેકહીન બને છે, આ રજોગુણ-તમોગુણના દોષને કારણે જ. આવા જીવાત્માનાં જન્મ-મરણ વગેરેનાં દુઃખનું (जन्मादिदुःखस्य) મૂળ (निदानं) પણ આ મન જ છે. (૧૮૧)

અનુવાદ : જીવાત્માને સંસારની પ્રાપ્તિ અધ્યાસ-રૂપી દોષનાં કારણે થાય છે. અધ્યાસનું (આ) બંધન પણ મનની કલ્પનાથી જ ઊભું થાય છે. રજોગુણ-તમોગુણના દોષનાં કારણે વિવેકહીન બનેલા જીવાત્માનાં જન્મ વગેરે દુઃખનું મૂળ પણ આ (મન જ) છે. (૧૮૧)

ટિપ્પણ : મનુષ્ય માટે સંસાર-પ્રાપ્તિ અધ્યાસદોષનાં કારણે થાય છે, અધ્યાસનું બંધન એ મનની જ કલ્પના છે, અને એનાં જન્માદિ દુઃખનું મૂળ પણ મન જ છે ! આમ, જીવાત્મા માટેની સઘળી અનર્થપરંપરાનાં 'ગંગોત્રી' તરીકે તો આ 'મનજી'-ભાઈ જ પુરવાર થાય છે ! છે તો દોરડું (रज्जु) જ, પણ અંધારાંનાં કારણે, મન એને 'સર્પ' માની બેસે છે ! આ જ 'અધ્યાસ' – ભ્રમ, ભક્તિ, ભ્રમણા ! – જેને 'रज्जुसर्पन्याय' કહેવામાં આવે છે.

આત્મા તો, હંમેશાં, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્ય-જ્ઞાન-આનંદરૂપ, અસંગ અને નિર્લેપ છે. આવા આત્માને દેહ-વગેરે માની લેવામાં આવે તે 'અધ્યાસ' છે. દોરડાંને સાપ કોણ માની લે છે ? મન જ ! આત્મામાં દેહાદિબુદ્ધિ કોણ કલ્પે છે ? મન જ ! 'आरोपविषय' દોરડું અને 'आरोप्य' સાપ, - એ બંને વચ્ચે વિવેક ન કરી શકવાનું પરિણામ ! 'આ સાપ મને કરડશે,' એવાં ભય-કંપ-આશંકાની ભૂતાવળ ! અવિવેકનું જ આ પરિણામ ! આત્મા અને દેહાદિ વચ્ચેના અવિવેકનું પણ એવું જ પરિણામ, – જન્મમરણ વગેરેનાં દુઃખ અને આ જ સંસાર ! અને સઘળાંનું મૂળ (निदानं) પણ આ એક જ, – મન !

ગંગા, સ્વર્ગમાં હતી ત્યારે, તેને 'मन्दाकिनी' એવું દિવ્ય નામ મળ્યું હતું,

પરંતુ ભગીરથના પિતૃઓની સદ્‌ગતિમાં પોતે નિમિત્ત બનશે, એવા અવિવેકનાં કારણે, તે સૌપ્રથમ શિવ-મસ્તક પર પડી, ત્યાંથી હિમાલય-પર્વત પર પડી, ત્યાંથી વળી પૃથ્વી પર પડીને 'ભાગીરથી' બની, અને ત્યાંથી પણ સમુદ્રમાં થઈને અંતે પાતાળમાં પડીને 'ભોગાવતી' બનવાનાં દુર્ભાગ્યને પામી ! 'મન્દાકિની' સમી આ દેવનદીનાં, ઊંચે સ્વર્ગમાંથી છેક નીચે પાતાળમાંનાં અધઃપતનનાં મૂળમાં પણ, એનું મન, પછી અવિવેક, અને ત્યારપછી અધ્યાસ (ભ્રમ) ! મૂળભૂત રીતે આત્મા, એવા જીવાત્માની અધઃપતન-પરંપરાનાં સોપાનો પણ આવાં જ, – મન, અવિવેક, અધ્યાસ અને જન્માદિદુઃખોથી સભર એવો સંસાર !

આવા વિનિપાતમાંથી બચવું હોય અને વચ્ચેના પગથિયાંની પછડાટો ન ખાવી હોય, તો, – એકમાત્ર ઉપાય ! મનનાં અનર્થકારી સ્વરૂપનો પૂરો પરિચય.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૮૧)**

૧૮૨

अतः प्राहुर्मनोऽविद्यां पण्डितास्तत्त्वदर्शिनः ।
येनैव भ्राम्यते विश्वं वायुनेवाभ्रमण्डलम् ॥ १८२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अतः प्राहुर्मनोऽविद्यां पण्डितास्तत्त्वदर्शिनः ।
येनैव भ्राम्यते विश्वं वायुनेवाभ्रमण्डलम् ॥ १८२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अतः तत्त्वदर्शिनः पण्डिताः मनः अविद्यां आहुः, येन एव, वायुना अभ्रमण्डलं इव, विश्वं भ्राम्यते ॥ १८२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : अतः तत्त्वदर्शिनः पण्डिताः मनः अविद्यां आहुः । अतः એટલે આથી, આ કારણે, માટે, આ પહેલાંના શ્લોકોમાં મનનાં વિનિપાત-સર્જક સ્વરૂપને અને એની વીગતોને સવિસ્તર સમજાવવામાં આવી છે, એનાં આધારે, પંડિતો **મનને અવિદ્યા** જ કહે છે. એ પંડિતો કેવા છે, આમ કહેવાની એમની પાત્રતા શી છે ? તે બધા **તત્ત્વદર્શી** છે. તત્ત્વનું એટલે કે સત્યનું, સંપૂર્ણ અને આત્યંતિક દર્શન કરવાની વિરલ શક્તિ તેઓ ધરાવે છે. **तत्त्व** (तद्+त्व) **"તે"**-તે એનાં રૂપે જ તેઓ જુએ છે. કોઈ **"अ-तद्"**ને **'तद्'**-માની લેનારા તેઓ નથી; આ બાબતમાં તેઓ પૂરા વિવેકી છે. વળી, **पण्डा** એટલે આત્મબુદ્ધિ (पण्डा आत्म-विषया बुद्धिः । શંકરાચાર્ય), અને આવી બુદ્ધિ જેમની હોય, તે **'પંડિતો'**, બહુશ્રુત વિદ્વાનો. **અવિદ્યા** એટલે વિદ્યાનો અભાવ, અને વિદ્યા એટલે બીજું કશું જ નહીં પણ આત્મા વિશેનું જ્ઞાન. ટૂંકમાં, **અવિદ્યા** એટલે **અજ્ઞાન**(Nescience). આવા પંડિતો, આથી જ (अतः), **'મન'**ને જ **"अविद्या"** કહે છે. મનનું આવું, - **'અવિદ્યારૂપ'** હોવાથી શું બને છે ? (मनसा, अविद्यया) एव विश्वं भ्राम्यते ।

જેનાં કારણે જ વિશ્વને ભમાવવામાં આવે છે, જગતની ભ્રમણ-રખડપટ્ટી ચાલ્યા જ કરે છે, સંસારની ચક્કી ચાલ્યા કરે છે. કોની જેમ ? **वायुना अभ्रमण्डलं इव** । વાયુ વડે મેઘસમૂહને આમતેમ ભમાવવામાં આવે છે, તેમ. જોરથી ફુંકાતો પવન વાદળાંને અહીં-તહીં રખડાવે છે, તેમ. (૧૮૨)

અનુવાદ : આથી જ, સત્યદર્શી વિવેકશીલ વિદ્વાનો મનને 'અવિદ્યા' કહે છે, જે(મનના, અવિદ્યા)નાં કારણે જ, વાયુ વડે મેઘસમૂહની જેમ, સંસારનું ચક્ર ઘૂમતું રહે છે. (૧૮૨)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકોમાં, મનોમય-કોશનું મુખ્ય પ્રતિનિધિ એવું મન જ ચર્ચાનાં કેન્દ્રમાં હતું અને તેનો નિચોડ પંડિતોએ 'મન એ જ અવિદ્યા' એવાં સમીકરણનાં રૂપમાં વ્યક્ત કર્યો. અને આ સમીકરણ પ્રમાણભૂત તથા સર્વ-સ્વીકાર્ય બની રહે તે માટે, તેના પ્રસ્થાપક તરીકે, ગ્રંથકારે, તત્ત્વદર્શી પંડિતોને પસંદ કર્યા.

શ્રીશંકરાચાર્યનું વ્યક્તિત્વ, આમ તો, એક મોટાં ગજાના તત્ત્વજ્ઞાની (Philosopher)નું છે, પરંતુ એમનો જીવ તો એવા જ સંવેદનશીલ કવિ(Poet)નો પણ રહ્યો, એટલે દર્શનશાસ્ત્રની તાત્ત્વિક બાબતોનાં નિરૂપણમાં પણ, એમનું 'કવિત્વ' પણ ડોકાયા વિના ન રહે !

'મન એ જ અવિદ્યા,' – એવું સમીકરણ (Equation) એટલે જ 'રૂપક' અલંકાર. હવે, આ અવિદ્યા-સ્વરૂપ મન, સમસ્ત વિશ્વ માટે, કેવડો મોટો ઝંઝાવાત સર્જી શકે છે, એવું પ્રતિપાદન કરવા માટે આ પેલા 'રૂપક' અલંકારને પણ આચાર્યશ્રી એક સચોટ 'ઉપમા' વડે સવિશેષ 'અલંકૃત' કરે છે : **મન** વિશ્વને કેવી રીતે ભમાવે છે ? તો કે વાવાઝોડાં જેવો પવન, મેઘમંડળને, આકાશમાં, અહીં-તહીં ભમાવીને અસ્તવ્યસ્ત કરી નાખે છે, તેમ. ઇન્દ્રિયોમાં અથડાતાં, મનની હાલતનું વર્ણન કરતા ગીતાકારે પ્રયોજેલી ઉપમાનું અહીં સહેજે સ્મરણ થઈ આવે છે. જળમાંની નાવને જેમ વાયુ જ્યાં ત્યાં ખેંચી જાય છે તેમ : – **वायुर्नावमिवाम्भसि** ।

સંસારનો ચકાવો સતત ચાલતો-ઘૂમતો જ રહે, – એવાં નિરૂપણમાં, આચાર્યશ્રીની અલંકાર-નિયોજનની સિદ્ધ હથોટી, સુપેરે સહાયક બની રહે છે. એક જ નાનકડા શ્લોકમાં બબ્બે અલંકારો પાસેથી આચાર્યશ્રી ધાર્યું કામ કઢાવી શકે છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૮૨)

૧૮૩

तन्मनःशोधनं कार्यं प्रयत्नेन मुमुक्षुणा ।
विशुद्धे सति चैतस्मिन् मुक्तिः करफलायते ॥ १८३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तन्मनःशोधनं कार्यं प्रयत्नेन मुमुक्षुणा ।
विशुद्धे सति चैतस्मिन् मुक्तिः करफलायते ॥ १८३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मुमुक्षुणा तन्मनःशोधनं प्रयत्नेन कार्यं, एतस्मिन् (मनसि) (च) विशुद्धे सति, मुक्तिः करफलायते ॥ १८३ ॥

શબ્દાર્થ : शोधनं એટલે શુદ્ધ કરવાની પ્રક્રિયા, શુદ્ધીકરણ, નિર્મલીકરણ, પવિત્રીકરણ. મુમુક્ષુએ તેવાં મનને પ્રયત્નપૂર્વક શુદ્ધ કરવું જોઈએ. एतस्मिन् (मनसि) च विशुद्धे सति – અહીં પાછી 'सति-સપ્તમી' એ વાક્યરચના પ્રયોજાઈ છે. અને તે મન, એક વાર, વિશુદ્ધ થઈ જાય તો, ત્યારે. 'ત્યારે' શું ? मुक्तिः करफलायते । करफल એટલે હાથમાં રહેલું ફળ. આ શબ્દનાં નામક્રિયાપદ(Denominative)નું વર્તમાનકાલ ત્રીજો પુરુષ એકવચનું રૂપ करफलायते. હાથમાં રહેલાં ફળની જેમ, મુક્તિ તો સાવ સ્પષ્ટ અને સરળ-સુલભ બની જાય છે. (૧૮૩)

અનુવાદ : મુમુક્ષુ મનુષ્યે તે (તેવાં) મનને પ્રયત્નપૂર્વક શુદ્ધ કરવું જોઈએ (અને) મન વિશુદ્ધ થતાં, મુક્તિ તો હાથમાં રહેલાં ફળ જેવી સ્પષ્ટ બની જાય છે. (૧૮૩)

ટિપ્પણ : મનની લીલા જો આવી વિનાશક અને વિનિપાત-જનક હોય તો પછી, 'અમારે કરવું શું ? એમાંથી બચવાનો કોઈ ઉપાય જ નથી ? અમારું જીવનધ્યેય તો મુક્તિપ્રાપ્તિ છે,' – મુમુક્ષુ સાધક એવો શિષ્ય, જો ગુરુજી સમક્ષ આવી રજુઆત કરે તો, એનું સમાધાન આ શ્લોકમાં કરવામાં આવ્યું છે.

સદ્‌ગુરુએ શિષ્યને આજ્ઞા આપતાં સૂચવ્યું કે આનો ઉપાય અવશ્ય છે અને તે એ કે તેવાં મનને વિશુદ્ધ કરવું. પણ આ કાંઈ સહેલી બાબત નથી, એટલે ગુરુજીએ 'પ્રયત્નપૂર્વક' (प्रयत्नेन) એવો શબ્દ અધોરખાંક્તિ કરીને (Underline કરીને) શ્લોકમાં ઊમેર્યો.

અને છતાં પાયાની વાત તો રહે જ છે કે મનને વિશુદ્ધ કરવું એટલે શું ? અને તે કેવી રીતે ? આવી સ્પષ્ટતા શ્લોકમાં કરવામાં આવી નથી, શિષ્યની સામાન્ય બુદ્ધિ (Common sense) પર તે છોડી દેવામાં આવી છે, એમ સમજવું રહ્યું.

'વિશુદ્ધ' કોને કરવું પડે ? જે 'અશુદ્ધ' હોય તેને. મનમાં કઈ અને કેવી અશુદ્ધિઓ છે ? આટલી : વિષયોમાં આસક્તિ, વિષય-ભ્રમણ, અને દેહ-ઇન્દ્રિયોમાં મનનું રમણ. બસ, મનમાંની આવી બધી અશુદ્ધિઓ દૂર થઈ જાય, - એટલે કે મન સંપૂર્ણરીતે વાસનામુક્ત, આસક્તિરહિત, વિષયભ્રમણમાંથી મુક્ત થઈ જાય (एतस्मिन् च मनसि विशुद्धे सति ।), મનનો બાધ જ થઈ જાય, મન રહે જ નહીં, મનોનાશ કે મનના અમનીભાવ પછી તો અવશેષ તરીકે માત્ર આત્મતત્ત્વ જ રહે. આવું વિશુદ્ધ અને પવિત્ર થયેલું મન, પછી તો, મુમુક્ષુનું સન્મિત્ર જ બની જાય, એના માટે પરમશ્રેયસ્કર અને કલ્યાણકારક બની રહે. મનનાં વિશુદ્ધીકરણનાં પરિણામે, પછી, મુક્તિની પ્રાપ્તિમાં કશો વિલંબ રહે જ નહીં. મુક્તિ 'હાથવેંત' નહીં, હાથમાં રહેલાં ફળની જેમ, એ પ્રત્યક્ષ અને સુલભ જ બની જાય ! અહીં ભલે करफलायते એવો શબ્દપ્રયોગ થયો છે. બાકી, આવી અભિવ્યક્તિ માટે

સંસ્કૃત ભાષામાં હસ્તામલકવત્ (હસ્ત+આમલક+વત્) એવો એક રૂઢિપ્રયોગ (Idiom) પ્રચલિત છે જ. હકીકતમાં, આચાર્યશ્રીને એ જ અહીં અભિપ્રેત જણાય છે : આમલક એટલે 'આમળાંનું ફળ'. 'હાથમાં રહેલું આમળું' તો અત્યંત સરળ, સુલભ, Very easy and simple ! મુક્તિપ્રાપ્તિ પણ આટલી જ સુલભ !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૧૮૩)

૧૮૪

मोक्षैकसक्त्या विषयेषु रागं
निर्मूल्य संन्यस्य च सर्वकर्म ।
सच्छ्रद्धया यः श्रवणादिनिष्ठो
रजःस्वभावं स धुनोति बुद्धेः ॥ १८४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

મોક્ષૈકસક્ત્યા વિષયેષુ રાગં
નિર્મૂલ્ય સંન્યસ્ય ચ સર્વકર્મ ।
સચ્છ્રદ્ધયા યઃ શ્રવણાદિનિષ્ઠો
રજઃસ્વભાવં સ ધુનોતિ બુદ્ધેઃ ॥ ૧૮૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मोक्षैकसक्त्या रागं निर्मूल्य, सत्-श्रद्धया सर्वकर्म संन्यस्य च, यः श्रवणादिनिष्ठः (तिष्ठति), सः बुद्धेः रजःस्वभावं धुनोति ॥१८४॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : सः (साधकः) बुद्धेः रजःस्वभावं धुनोति । धुनोति ખંખેરી નાખે છે, ફગાવી દે છે, ધોઈ નાખે છે. તે સાધક બુદ્ધિમાં ઘર કરી બેઠેલા રજોગુણી સ્વભાવને ખંખેરી નાખે છે. આ પહેલાં તે શું શું કરે છે, અને તે કેવો છે ? **श्रवणादिनिष्ठः** श्रवण-मनन-निदिध्यासन વગેરેમાં તેની નિષ્ઠા પૂરી હોય છે, તે બધામાં તે પ્રવૃત્ત થયેલો હોય છે, - તે બધું કરવામાં તે લાગેલો હોય છે. **विषयेषु रागं निर्मूल्य** । શબ્દાદિવિષયોના રાગનું ઉન્મૂલન-નિર્મૂલન કરીને, રાગને નિર્મૂળ કરીને, **सर्वकर्म च संन्यस्य** - બધાં કર્મોનો સંન્યાસ કરીને, સર્વ કર્મો છોડી દઈને. કેવી રીતે, મનમાં કયા ભાવથી આ બધું કરે છે ? **मोक्ष-एक-सक्त्या** - એકમાત્ર મોક્ષની આસક્તિ વડે, કેવળ મોક્ષની ઇચ્છાથી જ, અને **सत्-श्रद्धया** સાચી-સંનિષ્ઠ શ્રદ્ધાપૂર્વક, સારાં-સાચાં શાસ્ત્રોમાં અને ગુરુ-ઉપદેશ વગેરેમાં પૂરી શ્રદ્ધા રાખીને. (૧૮૪)

અનુવાદ : શ્રવણ-વગરેમાં પ્રવૃત્ત થઈને, મોક્ષમાત્રની આસક્તિથી, જે (સાધક) (શબ્દાદિ) વિષયો પ્રત્યેના રાગને નિર્મૂળ કરીને અને સાચી શ્રદ્ધાથી સર્વ કર્મોનો સંન્યાસ કરે છે, તે, બુદ્ધિમાંના (પોતાના) રજોગુણી સ્વભાવને ખંખેરી નાખે છે. (૧૮૪)

ટિપ્પણ : મનોમય-કોશનાં નિરૂપણની સમાપ્તિ તરફ જઈ રહેલા સદ્‌ગુરુ, હવે, મુમુક્ષુ સાધકને, છેલ્લે, કેટલીક સલાહ-સૂચના આપે છે : બુદ્ધિમાં પોતાનું થાણું જમાવી બેઠેલા પોતાના રજોગુણી સ્વભાવને પૂરેપૂરો ખંખેરી નાખવાનો રહે છે, આત્મસાક્ષાત્કાર અથવા બ્રહ્મસાક્ષાત્કાર માટે અનિવાર્ય એવાં અપરોક્ષ-જ્ઞાનના ઉદ્‌ભવ માટે આવશ્યક એવાં, શ્રવણ-મનન-નિદિધ્યાસન જેવાં 'અંતરંગ-સાધનો'ની પરિપક્વતા પરત્વે નિષ્ઠા કેળવવાની રહે છે અને મોક્ષમાત્રની ઇચ્છાથી, તેણે, શબ્દાદિ વિષયો પ્રત્યેના રાગને નિર્મૂળ કરવાનો રહે છે, અને સર્વ કર્મોને ત્યજી દેવાના છે.

સ્થૂળ દેહ પ્રત્યેનો 'અહં-ભાવ' નષ્ટ થઈ જાય, કર્તા-ભોક્તા-ભાવ સ્વયં ક્ષીણ થઈ જાય, અને મોક્ષ સિવાય બીજે ક્યાંય આસક્તિ ન રહે ત્યારે, સર્વ કર્મો એની મેળે સરી પડે છે. આ જ સાચો કર્મસંન્યાસ, અને સાધક જ્યારે પોતાની સાધનાની આવી ચરમસીમા(Climax)એ પહોંચી જાય, ત્યારે બુદ્ધિમાંનો તેનો રજોગુણી સ્વભાવ તો ટકી શકે જ નહીં. તે તો આપોઆપ અને તત્કાળ ખરી પડે છે, સરી પડે છે, - જાણે કોઈક અણગમતી વસ્તુઓને ખંખેરી નાખતાં હોઈએ, એ રીતે !

અને પછી તો, નિરુપાધિક આત્મા બનવાનું, મનોમય કોશ માટે, શક્ય જ ન રહે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૮૪)

૧૮૫

मनोमयो नापि भवेत् परात्मा
ह्याद्यन्तवत्त्वात् परिणामिभावात् ।
दुःखात्मकत्वाद् विषयत्वहेतो-
-र्दृष्टा हि दृश्यात्मतया न दृष्टः ॥ १८५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

મનોમયો નાપિ ભવેત્ પરાત્મા
હ્યાદ્યન્તવત્ત્વાત્ પરિણામિભાવાત્ ।
દુઃખાત્મકત્વાદ્ વિષયત્વહેતો-
-ર્દૃષ્ટા હિ દૃશ્યાત્મતયા ન દૃષ્ટઃ ॥ ૧૮૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : आद्यन्तवत्त्वात् परिणामिभावात्, दुःखात्मकत्वात्, विषयत्वहेतोः अपि, मनोमयः (कोशः) हि परात्मा न भवेत् । दृष्टा हि दृश्यात्मतया (केनचित् अपि) न दृष्टः ॥ १८५ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : मनोमयः (कोशः) हि परात्मा न भवेत् । हि

- નક્કી, ચોક્કસ, સુનિશ્ચિત. **परात्मा** એટલે પરમ-આત્મા, નિરુપાધિક આત્મા. મનોમય કોશ નિરુપાધિક-પરમાત્મા થઈ શકે નહીં, એ હકીકત સુનિશ્ચિત છે. આવું શા કારણે ? આ પ્રમાણે **चार** કારણો : (૧) **आदि-अन्त-वत्त्वात्** । તે આરંભ અને અંતવાળો હોવાથી, તેને ઉત્પત્તિ અને વિનાશ હોવાથી, (૨) **परिणामिभावात्** । **परिणामिभाव** - એટલે ક્ષણે ક્ષણે બદલતા રહેવાનો સ્વભાવ, પ્રતિક્ષણ પરિવર્તનનો સ્વભાવ, આવા સ્વભાવવાળો તે હોવાથી, (૩) **दुःखात्मकत्वात्** ।- તે દુઃખરૂપ હોવાથી, તે દુઃખ-સ્વરૂપ હોવાથી, અને (૪) **विषयत्वहेतोः अपि** । વિષયરૂપ જણાતો હોવાનાં કારણે પણ. આત્મા વડે તે જ્ઞાનનો વિષય બનતો હોવાથી, એટલે કે તે 'જ્ઞેય' (Object of knowledge, knowable) છે, એ કારણે પણ, જ્ઞાન-દર્શન-ક્રિયાઓનું કર્મ (object) હોવાથી. આ સર્વ કારણોનું તારણ શું છે ? એ જ કે **दृष्टा हि दृश्यात्मतया (केनचित् अपि) न दृष्टः** । દશ્યસ્વરૂપે તે કોઈ વડે ક્યારેય જોવાયો નથી, દષ્ટાને કોઈએ દશ્યરૂપે જોયો નથી. **दृष्टा** એ જોનાર(Seer), જાણનાર જ છે, જોવા-જાણવાની ક્રિયાનો કર્તા 'વિષયી' (Subject) જ છે, આ ક્રિયાઓનો કર્મ-વિષય (Object) હોતો નથી. (૧૮૫)

અનુવાદ : આદિ અને અંતવાળો હોવાથી, પ્રતિક્ષણ બદલાતા રહેવાના સ્વભાવવાળો હોવાથી, દુઃખ-સ્વરૂપ હોવાથી, અને વિષયરૂપે જણાતો હાવાને કારણે પણ, મનોમય-કોશ કદી પણ પર-આત્મા બની શકે નહીં, એ સુનિશ્ચિત છે, કારણ કે દષ્ટાને (કોઈએ, ક્યારેય પણ) દશ્ય-વસ્તુ-રૂપે જોયો નથી. (૧૮૫)

ટિપ્પણ : છેલ્લા અનેક શ્લોકોમાં **'पंचकोश'**માંના ત્રીજા,–**"मनोमय"**–કોશનું નિરૂપણ ચાલ્યું આવતું હતું, અહીં એની પૂર્ણાહુતિ થાય છે. એટલે, એના ઉપસંહાર-રૂપે, ગ્રંથકાર, એના વિશેની એક સિદ્ધ હકીકત, અહીં જણાવી દે છે, અને તે એ કે **મનોમય**-કોશ 'પરાત્મા' એટલે નિરુપાધિક આત્મા બની શકે નહીં. નિશ્ચિત એવી આ હકીકતનાં **ચાર** કારણો દર્શાવવામાં આવ્યાં છે, તેની સમજૂતી શબ્દાર્થ–વિભાગમાં આપી છે, તે તો સ્પષ્ટ છે જ. એક વધારાનું અને પાયાનું (Fundamental) કારણ અહીં આપવામાં આવ્યું છે, તે તો સાધક માટે સદા-સ્મરણીય બની રહે એવું છે.

"જોવું" **दृश्-(पश्य्)** એ ધાતુ પરથી બનેલો શબ્દ "**दृष्टा**", એટલે "**જોનાર**" (Seer); અને એ જ ધાતુ પરથી બનેલો બીજો શબ્દ "**दृश्य**" એટલે "જોવાયેલા" (Seen). વ્યાકરણની દૃષ્ટિએ, '**दृष्टा**' એ '**कर्ता**'(Subject) છે અને '**दृश्य**' એ કર્મ(Object) છે : જે '**कर्ता**' હોય, એ કદી '**कर्म**' બની શકે નહીં. અહીં પ્રસ્તુત સંદર્ભમાં **આત્મા** દષ્ટા છે, "**જોનાર**" છે, "**જાણનાર**"(જ્ઞાતા) છે, "**જણાયેલો**"(જ્ઞેય) નહીં.

"**કોશ**" એટલે 'મ્યાન', – જે, તલવારને પોતાની અંદર ઢાંકીને, આવૃત કરીને, સુરક્ષિત રાખે છે. આમ, કોશ આત્મા માટે મ્યાનનું કામ કરે છે. આત્માને

સાધકથી અ-દૃષ્ટ' રાખે છે, એટલે મુમુક્ષુ સાધક માટે તો, આ 'કોશ' આત્મદર્શનની આડે આવનારું એક 'આવરણ' અથવા 'વિઘ્ન' જ છે.

આવું એક વિઘ્ન આ મનોમય-કોશ છે, જેનાં કેન્દ્રમાં 'મન' છે, અને મનની અનર્થ-લીલાઓનું વર્ણન ગ્રંથકારે સુદીર્ઘ અને સર્વાંગીણ કર્યું છે. એટલે, એક વાત, આ સંદર્ભમાં સૂઝે છે કે જો આ મનને વિઘ્ન બનતાં પૂરેપૂરું અટકાવી દેવું હોય તો, એને, એની સર્વ લીલોઓમાંથી પકડીને પરમાત્મામાં મૂકી દેવું જોઈએ ! ત્યાં એને રોકી દેવામાં આવે, પછી, એનું કશું ચાલે નહીં, સાધકને એ કશું નુકશાન પહોંચાડી શકે જ નહીં !

વેદાન્ત-દર્શનમાં આ વાત, 'નિર્ગુણ' બ્રહ્મના સંદર્ભમાં કરવામાં આવે છે. પરંતુ 'સગુણ' બ્રહ્મને અનુલક્ષીને, આ જ વાત, **ગીતા**માં કહેવામાં આવી છે, તે, ખરેખર, નોંધપાત્ર છે. અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા આ પ્રમાણે છે :

(૧) **मय्यासक्तमनाः** (मयि आसक्तमनाः) ।
('જેનું મન મારામાં આસક્ત થઈ ગયું છે...') (૭, ૧)

(૨) **मय्यर्पितमनोबुद्धिः** (मयि अर्पितमनोबुद्धिः) ।
('જેણે પોતાનાં મન અને બુદ્ધિ મને અર્પણ કરી દીધાં છે...') (૮, ૭)

(૩) **मय्यावेश्य मनो** (मयि आवेश्य मनः) ।
('મારામાં મનને રાખીને...') (૧૨, ૨)

(૪) **मय्येव मन आधत्स्व** (मयि एव मनः आधत्स्व...) ।
('મારામાં જ મનને રોકીને...') (૧૨, ૮)

ભગવાન શ્રીકૃષ્ણ, અર્જુનને, એટલે કે ભક્તને, તેનાં મનને પોતાનામાં જ રાખવા-રોકવા-મૂકવા-અર્પણ કરવાનો આદેશ આપે છે, — જો તે ભક્ત ભગવાનને પામવા ઇચ્છતો હોય, એટલે કે જો તે મોક્ષ પામવા માગતો હોય તો, - તે, સાચે જ સૂચક છે અને તેથી, અસંદિગ્ધ રૂપે સ્વીકાર્ય છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૮૫)**

૧૮૬

बुद्धिर्बुद्धीन्द्रियैः सार्धं सवृत्तिः कर्तृलक्षणः ।
विज्ञानमयकोशः स्यात् पुंसः संसारकारणम् ॥ १८६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બુદ્ધિર્બુદ્ધીન્દ્રિયૈઃ સાર્ધં સવૃત્તિઃ કર્તૃલક્ષણઃ ।
વિજ્ઞાનમયકોશઃ સ્યાત્ પુંસઃ સંસારકારણમ્ ॥ ૧૮૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : बुद्धिः-इन्द्रियैः सार्धं स-वृत्तिः बुद्धिः (एव) कर्तृलक्षणः विज्ञानमयकोशः पुंसः संसारकारणं स्यात् ॥ १८६ ॥

શબ્દાર્થ : बुद्धिः (एव) विज्ञानमयकोशः (अस्ति) । બુદ્ધિ જ (સાધક માટે)

વિજ્ઞાનમય કોશ છે, કેવી બુદ્ધિ ? **बुद्धि-इन्द्रियैः सार्धम्** । **सार्धं** એટલે સાથે, સહિત, **बुद्धि-इन्द्रियैः** એટલે આંખ-કાન-નાક વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો. જ્ઞાનેન્દ્રિયો-સહિત બુદ્ધિ વિજ્ઞાનમય છે. **वृत्तिः** એટલે અહંકાર વગેરે અનેક વિવિધ વૃત્તિઓ. જ્ઞાનેન્દ્રિયોની જેમ, આવી વૃત્તિઓ સહિત બુદ્ધિ વિજ્ઞાનમય કોશ છે. **कर्तृलक्षणः** કર્તાપણાંનાં લક્ષણવાળો, 'હું કર્તા છું,' - એવાં લક્ષણવાળો 'વિજ્ઞાનમય' કોશ', - **पुंसः संसारकारणं स्यात्** । પુરુષ એટલે કે જીવાત્મા માટે સંસારકારણ બને. (૧૮૬)

અનુવાદ : જ્ઞાનેન્દ્રિયો અને (અહંકારાદિ) વૃત્તિઓ સહિત બુદ્ધિ 'વિજ્ઞાનમય' કોશ છે : કર્તાપણાંના સ્વભાવવાળો તે, જીવાત્મા માટે સંસારનું કારણ બની રહે.(૧૮૬)

ટિપ્પણ : અહીંથી હવે ચોથા કોશ, - વિજ્ઞાનમય કોશ,-નું નિરૂપણ શરૂ થાય છે. મનોમયકોશમાં જેમ મન કેન્દ્રસ્થાને હતું તેમ, આ વિજ્ઞાનમય કોશમાં બુદ્ધિ કેન્દ્રસ્થાને છે. જીવાત્મા માટે બુદ્ધિ એક સચિવ-અમાત્ય-રહસ્યમંત્રી(Private secretary)નું કામ કરે છે. એની જ સહાયક શક્તિઓ વડે જ્ઞાનેન્દ્રિયો બહાર વ્યક્ત થઈને, પ્રગટ થઈને, પોતપોતાનાં કાર્યક્ષેત્રમાં સક્રિય બને છે. સામે રહેલા ઘડાને જોઈને **अयं घटः अस्ति** । ('આ ઘડો છે') એવી અનુભૂતિ આંખને થાય છે. આવી જ્ઞાનેન્દ્રિયો સહિત બુદ્ધિમાં જ્યારે અહંભાવ-મમભાવ જેવી કર્તૃત્વભોક્તૃત્વ જેવી વૃત્તિ ભળે ત્યારે, આ સર્વનું જોડાણ, સાધક માટે વિજ્ઞાનમય કોશ બને છે.

બુદ્ધિનો મૂળભૂત નિશ્ચયાત્મક ભાવ (અથવા નિર્ણયાત્મક ભાવ), કર્તાપણાંનાં અભિમાનવાળી સર્વ વૃત્તિઓ, અને જીવાત્માને વિવિધ જ્ઞાનની અનુભૂતિ કરાવતી પાંચ જ્ઞાનેન્દ્રિયો, – આ બધાંનું સંયોજન, એ જ વિજ્ઞાનમય કોશ. બુદ્ધિ શુદ્ધ અને સાત્ત્વિક હોય તો તો સારું, પરંતુ એવું ભાગ્યે જ બને છે, એટલે, રાજસી-તામસી બુદ્ધિના પ્રતિનિધિ સમો આ વિજ્ઞાનમય કોશ સાધક માટે સંસારનું કારણ બની રહે, તે સ્વાભાવિક છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૮૬)**

૧૮૭

अनुव्रजच्चित्प्रतिबिम्बशक्ति-
-र्विज्ञानसंज्ञः प्रकृतेर्विकारः ।
ज्ञानक्रियावानहमित्यजस्रं
देहेन्द्रियादिष्वभिमन्यते भृशम् ॥ १८७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अनुव्रजच्चित्प्रतिबिम्बशक्ति-
-र्विज्ञानसंज्ञः प्रकृतेर्विकारः ।
ज्ञानक्रियावानहमित्यजस्रं
देहेन्द्रियादिष्वभिमन्यते भृशम् ॥ १८७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अनुव्रजत्-चित्प्रतिबिम्बशक्तिः विज्ञानसंज्ञः प्रकृतेः विकारः (अस्ति) । (सः च) 'अहं ज्ञानक्रियावान्' इति देहेन्द्रियादिषु भृशं अभिमन्यते ॥ १८७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : **विज्ञानसंज्ञः (कोशः) प्रकृतेः विकारः** (अस्ति) । **संज्ञा** એટલે નામ, **विकारः** એટલે કાર્ય. પહેલવહેલું, સૌપ્રથમ સર્જન, વિજ્ઞાનમય નામનો કોશ પ્રકૃતિનો વિકાર છે. **प्रकृति** એટલે માયા. આ કોશ કેવો છે ? **अनुव्रजत्-चित्-प्रतिबिम्बशक्तिः** । **अनुव्रजत्** એટલે રહેલી છે, પ્રવેશેલી છે, (મન અને ઇન્દ્રિયોની) પાછળ જતી, **चित्** એટલે ચૈતન્ય, ચૈતન્યમય આત્મા. ચૈતન્યમય આત્માની પ્રતિબિંબશક્તિ જેમાં પ્રવેશેલી છે, રહેલી છે, તેવો (વિજ્ઞાનમય કોશ). મન-ઇન્દ્રિયો સાથે એકરૂપતા અનુભવતી આ શક્તિ એટલે જ બુદ્ધિ, - જે, પ્રકૃતિનું સર્વપ્રથમ સર્જન છે, અને તે જ 'વિજ્ઞાનમય' નામનો કોશ છે.

આ કોશ શું કરે છે ? **भृशं अभिमन्यते** । **भृशं** એટલે બહુ, ખૂબ, ઘણું, અત્યંત, **अभिमन्यते** - અભિમાન કરે છે, ધરાવે છે, શામાં અને કેવું અભિમાન ધરાવે છે ? **देह-इन्द्रिय-आदिषु** । દેહ, ઇન્દ્રિયો વગેરેમાં, **अजस्रम्** એટલે હંમેશાં, સતત, નિત્ય-નિરંતર, **अहं ज्ञानवान् क्रियावान्** (च अस्मि इति) । 'હું જ્ઞાનવાન છું, ક્રિયાવાન છું', એવું અભિમાન. (૧૮૭)

અનુવાદ : ચૈતન્યની પ્રતિબિંબશક્તિ (એટલે કે બુદ્ધિ) જેમાં પ્રવેશેલી છે, તે 'વિજ્ઞાનમય' નામનો કોશ પ્રકૃતિનો વિકાર છે, અને તે દેહ અને ઇન્દ્રિયો વગેરેમાં, 'હું જ્ઞાનવાન્ ક્રિયાવાન્ છું,'- એવું ઘણું અભિમાન નિરંતર ધરાવે છે, (૧૮૭)

ટિપ્પણ : સાધક માટે સૌપ્રથમ જરૂર છે, 'પ્રકૃતિને', તેનાં સ્વરૂપને સમજવાની. 'પ્રકૃતિ' એ 'માયા'નો પર્યાય છે, 'પ્રકૃતિ' એટલે જ માયા. સાંખ્યદર્શનના સિદ્ધાંત પ્રમાણે, જગતની ઉત્પત્તિમાં જે બે મૂળ કારણો, - 'પુરુષ' અને 'પ્રકૃતિ', – છે, તેમાંનું એક, એટલે આ પ્રકૃતિ, માયા. બીજું, દેહ-ઇન્દ્રિયોનાં કાર્યોમાં, 'હું જ્ઞાનવાન છું', હું 'ક્રિયાવાન છું' - એ પ્રકારનો આત્મભાવ, એટલે 'અહંકાર', અને આવો 'અહંકાર', આવું 'અભિમાન' (**अभिमन्यते**) આ વિજ્ઞાનમય કોશનું એક મહત્ત્વનું પાસું છે. દેહ અને ઇન્દ્રિયોની પાછળ-પાછળ જતી બુદ્ધિમાં ચૈતન્યમય આત્માની પ્રતિબિંબશક્તિ રહેલી છે અને તે જ, વિજ્ઞાનમય કોશનાં સ્વરૂપે, પેલી માયાનું સૌપ્રથમ સર્જન છે.

ટૂંકમાં, મનોમય-કોશનાં કેન્દ્રમાં જેમ મન હતું તેમ, આ વિજ્ઞાનમય-કોશનાં કેન્દ્રમાં 'બુદ્ધિ' અને 'અભિમાન' છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૮૭)

अनादिकालोऽयमहंस्वभावो
जीवः समस्तव्यवहारवोढा ।
करोति कर्माण्यपि पूर्ववासनः
पुण्यान्यपुण्यानि च तत्फलानि ॥ १८८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અનાદિકાલોઽયમહંસ્વભાવો
જીવઃ સમસ્તવ્યવહારવોઢા ।
કરોતિ કર્માણ્યપિ પૂર્વવાસનઃ
પુણ્યાન્યપુણ્યાનિ ચ તત્ફલાનિ ॥ ૧૮૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अनादिकालः 'अहं-स्वभावः' अयं (विज्ञानमयः कोशः) समस्तव्यवहारवोढा (जीवः अस्ति), (सः च) पूर्ववासनः पुण्यानि अपुण्यानि च कर्माणि करोति, तत्फलानि अपि (भुंक्ते) ॥ १८८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય છે : अयं (विज्ञानमयः कोशः) जीवः (अस्ति) । આ (વિજ્ઞાનમય કોશ) 'જીવ' છે. આ કોશ કેવો છે ? બે વિશેષણો : (૧) अनादिकालः । અનાદિકાળથી ચાલ્યો આવતો અને (૨) अहं-स्वभावः । 'હું'-સ્વભાવવાળો, 'અહંકાર'-સ્વરૂપ 'અભિમાન'-સ્વરૂપ. અને આ 'જીવ' કેવો છે ? समस्तव्यवहारवोढा । वह् વહવું, ઊપાડવું, સંચાલન કરવું, - એ ધાતુ પરથી બનેલો શબ્દ वोढा । એટલે વહન કરનાર, સંચાલન કરનાર, સમગ્ર વ્યવહારનું સંચાલન કરી રહેલો, ચલાવતો. વળી, બીજું શું તે 'જીવ' કરે છે ? સૌપ્રથમ તો, તે पूर्ववासनः છે, એટલે કે પૂર્વજન્મની (સારી-નરસી અનેક) વાસનાઓ ધરાવે છે અને તે વાસનાઓ પ્રમાણે, पुण्यानि अपुण्यानि च कर्माणि करोति । પુણ્ય અને પાપ કર્મો કરે છે, શુભ અને અશુભ કર્મો કરે છે. અને આ ઉપરાંત તે, तत्फलानि अपि (भुंक्ते) । भुंक्ते આ ('ભોગવે છે')- એ ક્રિયાપદ, ત્યારપછીના શ્લોક-૧૮૯માંથી, અહીં મૂકીને, આખું વાક્ય પૂરૂ કરવાનું રહે છે : તેનાં ફળો પણ તે ભોગવે છે.

જીવાત્મા જન્મ્યો તે પહેલાંના તેના જન્મોની શુભ-અશુભ વાસનાઓ આ જન્મમાં પણ તેની સાથે જ વળગીને આવી હતી, એટલે તે વાસનાઓ પ્રમાણે તે, આ જન્મમાં, પણ પુણ્યકર્મો અને પાપ-કર્મો કરે છે, અને આવાં કર્મો કરે, તેથી તેનાં ફળો પણ તેને ભોગવવાં જ પડે (૧૮૮)

અનુવાદ : અનાદિકાળથી ચાલ્યો આવતો અહંકાર-સ્વરૂપ આ (વિજ્ઞાનમય કોશ) સમગ્ર વ્યવહાર ચલાવતો જીવ છે, અને આ (જીવ) જ પૂર્વજન્મની તેની

(શુભ-અશુભ) વાસનાઓ પ્રમાણે, પુણ્ય અને પાપ કર્મો કરે છે અને તેનાં ફળો પણ (ભોગવે છે) (૧૮૮)

ટિપ્પણ : આ વિજ્ઞાનમય કોશ જીવ-રૂપ કેમ, કેવી રીતે, શા માટે થાય છે ? **પહેલી** વાત તો એ કે તે દેહ-ઇન્દ્રિયો સાથે એકરૂપ થાય છે; **બીજું**, તે બધાંમાં, 'તે હું છું' એવો 'અહંભાવ' સેવીને તે 'અભિમાની' થાય છે (**અભિ-મન્યતે**). આવું અભિમાન (**અહંકાર**) ધરાવવાનો તેનો સ્વભાવ તો અનાદિકાળથી ચાલ્યો આવે છે, અને **ત્રીજું**, આથી જ તે જીવાત્મા-સ્વરૂપ બની જાય છે.

અને તે સમગ્ર સંસારવ્યવહારનો ચલાવનાર (**વોઢા**) કેવી રીતે બને છે ? એક વાર, તે દેહ-ઇન્દ્રિયાદિનો 'અભિમાની' બન્યો, એટલે કર્તાભાવે-ભોક્તાભાવે, સમસ્ત સંસાર-વ્યવહારની જવાબદારી, એનો સઘળો ભાર તેને ઊપાડવો જ પડે ! આમ, સંસારનું સંચાલન તો તેણે કરવું જ રહ્યું. પરંતુ પૂર્વજન્મોની વાસનાઓ તેને વળગી છે, તેનું શું ? એ બધી સારી-નરસી વાસનાઓ પ્રમાણે, તેના હાથે, પુણ્યકર્મો અને પાપકર્મો, લાચારીપૂર્વક (Helplessly) આચરાયાં જ કરે છે, અને કર્મો કર્યાં, એટલે એનાં સારાં-માઠાં ફળો પણ તેણે ભોગવ્યા વિના, તેની પાસે બીજો કશો વિકલ્પ જ નથી !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૧૮૮)

૧૮૯

भुंक्ते विचित्रास्वपि योनिषु व्रज-
-न्नायाति निर्यात्यध ऊर्ध्वमेषः ।
अस्यैव विज्ञानमयस्य जाग्रत्-
-स्वप्नाद्यवस्थाः सुखदुःखभोगः ॥ १८९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભુંક્તે વિચિત્રાસ્વપિ યોનિષુ વ્રજ-
-ન્નાયાતિ નિર્યાત્યધ ઊર્ધ્વમેષઃ ।
અસ્યૈવ વિજ્ઞાનમયસ્ય જાગ્રત્-
-સ્વપ્નાદ્યવસ્થાઃ સુખદુઃખભોગઃ ॥ ૧૮૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : એષઃ (જીવઃ) વિચિત્રાસુ અપિ યોનિષુ વ્રજન્ અધઃ આયાતિ, ઊર્ધ્વં નિર્યાતિ (ચ) । અસ્ય વિજ્ઞાનમયસ્ય (કોશસ્ય) એવ જાગ્રત્-સ્વપ્ન-આદિ-અવસ્થાઃ (સન્તિ), (યાસુ અસ્ય) સુખદુઃખભોગઃ (અસ્તિ) ॥ ૧૮૯ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : એષઃ (જીવઃ) વિચિત્રાસુ અપિ યોનિષુ વ્રજન્ અધઃ આયાતિ, ઊર્ધ્વં નિર્યાતિ ચ ।

व्रजत्- જતો, ભમતો, રખડતો, **अधः** નીચે, **ऊर्ध्वं** - ઊંચે, **आयाति** આવે છે, **निर्याति** - જાય છે. **विचित्रासु** - વિવિધ, જુદી જુદી જાતની, અનેક. આ (જીવ), વિવિધ યોનિઓમાં ભમતો, નીચે આવે છે અને ઉપર જાય છે. આ વિજ્ઞાનમય કોશની જ (**अस्य विज्ञानमयस्य कोशस्य एव**), **जाग्रत्-स्वप्न-आदि-अवस्थाः** જાગ્રત, સ્વપ્ન વગેરે અવસ્થાઓ છે (**सन्ति**), જેમાં આ જીવ જ સુખ-દુઃખનો ભોગ કરે છે.

અહીં **भोग** શબ્દ તો છે જ, એટલે આરંભનો શબ્દ **भुंक्ते** શ્લોક-૧૮૮માંના કર્તા (Subject) **जीवः** સાથે લઈએ, તે જ યોગ્ય ગણાય; નહીંતર, અહીં, **भोगः भुंक्ते** એવી અનુચિત અને અનાવશ્યક પુનરુક્તિ (Repetition) થશે. (૧૮૯)

અનુવાદ : આ (બુદ્ધિમય વિજ્ઞાનમય કોશ, એટલે કે જીવ) જુદી જુદી જાતની યોનિઓમાં રખડતો-આથડતો, નીચે આવે છે અને ઉપર જાય છે. આ વિજ્ઞાનમય કોશની જ જાગ્રત, સ્વપ્ન વગેરે અવસ્થાઓ છે, (જેમાં તે) સુખદુઃખનો ભોગ કરે છે. (૧૮૯)

ટિપ્પણ : આ પહેલાં, જેમ પ્રતિપાદન કરવામાં આવ્યું હતું કે તે તે કોશ (અન્નમય, પ્રાણમય, મનોમય વગેરે કોશો) નિરુપાધિક આત્મા બની શકે નહીં, આત્મા કદાપિ હોઈ શકે નહીં, તેમ અહીં પણ ગ્રંથકારને એવું જ અભિપ્રેત છે કે આ વિજ્ઞાનમય કોશ પણ આત્મા નથી. આ કોશ પણ પોતાના સ્વભાવે અને સ્વરૂપે જીવ જ છે : આગલા જન્મોમાંની પોતાની સારી-નરસી, ભિન્ન-ભિન્ન વાસનાઓનાં બળે, તે અનેક વિચિત્ર યોનિઓમાં પરિભ્રમણ કરે છે, ઇષ્ટ-અનિષ્ટ યોનિઓમાંનાં શરીરો દ્વારા ક્યારેક ઊંચે જાય છે, તો ક્યારેક નીચે પછડાય છે, અને આ જીવને જ જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ જેવી ત્રણ અવસ્થાઓ હોય છે, જેમાં તે સુખ-દુઃખના ભોગો ભોગવે છે.

આવા બધા અનેક પ્રકારના વિવિધ, વિચિત્ર અનુભવો, અનેક-વિચિત્ર યોનિઓ, નીચે-ઉપરની રખડપટ્ટી, આવ-જા અને આવાગમન, ત્રણેય અવસ્થાઓ અને સુખદુઃખના ભોગો વગેરે કાંઈ આત્માને હોઈ શકે નહીં. આવું બધું જ, 'જીવ'-નામનો આ 'વિજ્ઞાનમય' કોશ જ કર્યા કરે છે, - એટલે નિષ્કર્ષરૂપ તાત્પર્ય એટલું જ કે જીવ-સ્વરૂપ આ વિજ્ઞાનમય કોશ ક્યારેય પણ આત્મા હોઈ શકે નહીં.

આત્મકલ્યાણ, આત્મદર્શન, આત્મસાક્ષાત્કાર એ જ જેનું જીવનધ્યેય છે એવા મુમુક્ષુ સાધકને આવી ચેતવણી આપીને, ગ્રંથકાર, આ કોશથી પણ અળગા રહેવાનો અનુરોધ કરે છે. જીવને આત્મા માની લેવાની ગેરસમજ (Mis-understanding) જ, મોક્ષાર્થી સાધક માટે, અનર્થ-રૂપ બની રહે છે, - એ પાયાની હકીકત તરફ, ગ્રંથકાર, ફરી ફરીને, તેનું ધ્યાન ખેંચતા રહે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૮૯)**

देहादिनिष्ठाश्रमधर्मकर्म-
-गुणाभिमानं सततं ममेति ।
विज्ञानकोशोऽयमतिप्रकाशः
प्रकृष्टसान्निध्यवशात् परात्मनः ।
अतो भवत्येष उपाधिरस्य
यदात्मधीः संसरति भ्रमेण ॥ १९० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહાદિનિષ્ઠાશ્રમધર્મકર્મ-
ગુણાભિમાનં સતતં મમેતિ ।
વિજ્ઞાનકોશોઽયમતિપ્રકાશઃ
પ્રકૃષ્ટસાન્નિધ્યવશાત્ પરાત્મનઃ ।
અતો ભવત્યેષ ઉપાધિરસ્ય
યદાત્મધીઃ સંસરતિ ભ્રમેણ ॥ ૧૯૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अयं विज्ञानमयः (कोशः) देह-आदि-निष्ठ-आश्रम-धर्म-कर्म-गुण-अभिमानं सततं 'मम' इति (करोति) । (अयं विज्ञानमयकोशः) परात्मनः प्रकृष्टसान्निध्यात् अतिप्रकाशः (अस्ति), अतः एषः अस्य उपाधिः भवति, यदात्मधीः भ्रमेण संसरति ॥ १९० ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : अयं विज्ञानमयः (कोशः) देह-आदि-निष्ठ-आश्रम-धर्म-कर्म-गुण-अभिमानं सततं 'मम' इति (करोति) । આ વિજ્ઞાનમય (કોશ) 'મારા છે', એમ સતત સમજે છે. કોને સમજે છે ? આ દેહ-આદિને તથા તેની સાથે સંબંધ ધરાવતાં આશ્રમો, ધર્મો, કર્મો તેમ જ ગુણોને (પોતાનાં સમજે છે), એ સર્વમાંનાં પોતાનાં અભિમાનને લીધે (अभिमानम्). વળી, બીજું શું તેના વિશે જાણવાનું છે ? (अयं विज्ञानमयकोशः) परात्मनः प्रकृष्टसान्निध्यात् अतिप्रकाशः (अस्ति) । परात्मा એટલે પરમાત્મા, નિરુપાધિક આત્મા. प्रकृष्ट એટલે અત્યંત, ખૂબ, सान्निध्य એટલે સામીપ્ય, સમીપ હોવાપણું, નજીક હોવાનો ભાવ. આ (વિજ્ઞાનમયકોશ) પરમાત્માની ખૂબ નજીક હોવાને લીધે, ખૂબ જ પ્રકાશવાળો છે. આથી શું બને છે ? अतः एषः (विज्ञानमयकोशः) (परात्मनः) उपाधिः भवति । આથી, આ વિજ્ઞાનમયકોશ પરમાત્માની ઉપાધિ બને છે. એને લીધે શું પરિણામ આવે છે ? यद्-आत्मधीः भ्रमेण संसरति । आत्मधीः એટલે જેમાં આત્મબુદ્ધિ(धी)વાળો (હોવાથી), જેમાં હું-પણાનો ભાવ (હોવાથી). भ्रमेण હું-

પણાના ભ્રમથી, **संसरति** - સંસારને તે પામ્યા કરે છે, સંસારચક્રમાં ભમ્યા કરે છે, ભટક્યા કરે છે, અટવાયા કરે છે, - એમાં ફસાય છે. (૧૯૦)

અનુવાદ : દેહમાં અને દેહ સાથે સંકળાયેલા આશ્રમો અને તે આશ્રમોને લગતાં ધર્મો, કર્મો અને ગુણોમાંનાં અભિમાનને લીધે, આ વિજ્ઞાનમય કોશ, તેને સતત પોતાનાં સમજે છે. પરમાત્માની અત્યંત સમીપ હોવાને લીધે, આ (વિજ્ઞાનમય કોશ) ખૂબ પ્રકાશવાળો છે, અને આ કારણે જ તે (વિજ્ઞાનમયકોશ) આ-(પરમાત્મા)ની 'ઉપાધિ' બને છે, જે(ઉપાધિરૂપ વિજ્ઞાનમયકોશ)માં આત્મબુદ્ધિવાળો તે (હું-પણાંના) ભ્રમને કારણે, સંસારને પામ્યા કરે છે. (૧૯૦)

ટિપ્પણ : વિજ્ઞાનમય કોશ એ 'જીવ' છે, 'જીવાત્મા' છે, એમ આ પહેલાં કહેવાઈ ગયું છે. જીવ-સ્વરૂપ આવા આ વિજ્ઞાનમય કોશને સંસારચક્રમાં શા માટે ભટકવું પડે છે, - એ વાત અહીં સમજાવવામાં આવી છે.

આ કોશનાં અનુસંધાનમાં, એક વિશિષ્ટ હકીકત એ ધ્યાનમાં રાખવાની રહે છે કે આ સિવાયના અન્ય સર્વ કોશો કરતાં જો કોઈ કોશ પરમાત્માની સૌથી સમીપ હોય તો, તે આ એક, – વિજ્ઞાનમય, – કોશ જ છે. આ હકીકતનું સીધું અને સ્વાભાવિક પરિણામ એ છે કે તે ખૂબ પ્રકાશવાળો છે. પરમાત્માના અત્યંત સમીપમાં હોવાનો (**प्रकृष्टसान्निध्यात्**) કશોક લાભ તો તેને મળવો જોઈએને ! તે લાભ એટલે આ અતિપ્રકાશની પ્રાપ્તિ. પરંતુ આ હકીકતનાં જ કારણે, એને બીજો એક લાભ પણ મળે છે, અને તે એ કે તે પરમાત્માની 'ઉપાધિ' બની રહે છે.

આ 'ઉપાધિ' શબ્દ, આ પહેલાં પણ એક વાર, આવી ગયો છે અને ત્યાં તેની સમજૂતી આપી છે, તે છતાં **वेदान्त**-દર્શનના આ પારિભાષિક શબ્દને પૂરેપૂરો સમજી લઈએ, જેથી વિજ્ઞાનમય કોશનું સ્વરૂપ બરાબર સમજાય : **उप+आ+धा** (કોઈક વસ્તુને, બીજી કોઈક વસ્તુની અત્યંત નજીક મૂકવી) - આ ધાતુ પરથી બનેલો આ 'ઉપાધિ' શબ્દ એટલે, વાચ્યાર્થમાં તો, 'ભ્રમ-કપટ-છેતરપીંડી' (Fraud, trick, descit). આવી ભ્રમણા કેવી રીતે ઉદ્ભવે છે તે, એક ઉદાહરણથી, સ્પષ્ટ થશે : દૂધ, મૂળભૂત રીતે રંગે ધોળું છે, છતાં તેને લાલ-રંગવાળા કાચના પ્યાલામાં મૂકવામાં આવે ત્યારે, તે લાલ-રંગનું દેખાય છે. પ્યાલાનો લાલ-રંગ તેની 'ઉપાધિ' છે. આ પણ એક જાતની ભ્રમણા જ છે ને !

અહીં પ્રસ્તુત સંદર્ભમાં, વિજ્ઞાનમયકોશ સ્વયં પરમાત્મા તો નથી જ, અને તે પરમાત્માની અત્યંત સમીપ હોવા છતાં, તે રહે છે તો વિજ્ઞાનમયકોશ જ, પરંતુ પેલાં સાન્નિધ્યને કારણે, તે 'પરમાત્મા' હોય એવી ભ્રમણા ઊભી કરે છે, - ઉપલક દૃષ્ટિએ જોનારનાં મનમાં, અને ખુદ આ કોશનાં મનમાં, એટલે કે જીવાત્માની ભીતર !

વળી, પરમાત્માની ખૂબ જ નજીક હોવાથી, તેની સર્વ ક્રિયાઓમાં એક

પ્રકારની ચેતનાશક્તિ આવી જાય છે, અને તેથી જ દેહ વગેરેમાં અને એની સાથે સંકળાયેલા સર્વ આશ્રમો(બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ વગેરે ચાર આશ્રમો)માં, તે તે આશ્રમોનાં ધર્મો-કર્મો-ગુણો વગેરેને તે, તે બધાં મારાં છે (सततं मम इति) એમ સમજીને, તેમાં તે 'અભિમાન' ધરાવે છે.

પરંતુ, આવી બધી ગુણવત્તા અને વિશિષ્ટતા હોવા છતાં, જીવ-સ્વરૂપ આ વિજ્ઞાનમય કોશને સંસારચક્રમાં પરિભ્રમણનું દુર્ભાગ્ય કેમ સાંપડે છે ? એવો સવાલ કોઈકનાં મનમાં જરૂર જાગે.

હકીકત એ છે કે વિજ્ઞાનમય કોશ ભલે આત્માની ખૂબ નજીક હોય, છતાં તે પોતે તો આત્મા નથી જ, તે તો આત્માની માત્ર 'ઉપાધિ' જ છે ! એટલે શું બને છે ? અસંગ, નિર્લેપ અને નિરુપાધિક એવા પરમાત્માની ઉપાધિરૂપ એવા આ વિજ્ઞાનમય કોશમાં, પેલી ઉપાધિમાં, તે આત્મબુદ્ધિ ધરાવવા માંડે છે (यद्-आत्मधीः) અને એવી જ ભ્રમણાનાં, હું-પણાનાં ભ્રમથી, જન્મમરણનાં અનંત-જેવા ચકરાવારૂપી સંસારમાં તે ફસાય છે.

આમ તો, આ ઉપાધિ અને આ ભ્રમ, એ બધાનું મૂળ કારણ છે - અવિદ્યા. 'હું બ્રહ્મ જ છું' (अहं ब्रह्मास्मि) - એ જાતનો બોધ થતાં, એ પ્રકારની સાચી વિદ્યા પામ્યા પછી, પેલી અવિદ્યા ટળી જાય છે ! પરંતુ આવી અભીષ્ટ પરાકાષ્ઠાએ પહોંચવા માટે તો સાધકે, અત્યંત આકરી સાધનાની તાવણીમાંથી પસાર થવું પડે !

આ શ્લોકમાં, ઉપજાતિ છંદનાં ચારને બદલે છ ચરણોમાં છે, તે નોંધપાત્ર છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૯૦)**

૧૯૧

योऽयं विज्ञानमयः प्राणेषु हृदि स्फुरत्स्वयंज्योतिः ।
कूटस्थः सन्नप्यात्मा कर्ता भोक्ता भवत्युपाधिस्थः ॥ १९१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

योऽयं विज्ञानमयः प्राणेषु हृदि स्फुरत्स्वयंज्योतिः ।
कूटस्थः सन्नप्यात्मा कर्ता भोक्ता भवत्युपाधिस्थः ॥ १९१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यः अयं विज्ञानमयः (कोशः) प्राणेषु हृदि (च) स्फुरत्स्वयंज्योतिः (अस्ति), (सः एव अयं) कूटस्थः आत्मा सन् (अपि) उपाधिस्थः कर्ता भोक्ता (च) भवति ॥ १९१ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (सः एव अयं स्वभावतः) कूटस्थः आत्मा सन् (अपि) उपाधिस्थः कर्ता भोक्ता च भवति । कूटस्थ - શબ્દ પણ દાર્શનિક (Philo-sophical) અને આધ્યાત્મિક (Spiritual) પરંપરામાં એક પારિભાષિક શબ્દ છે. સૌપ્રથમ, આપણે તેને સમજી લઈએ : કૂટ એટલે, મૂળભૂત રીતે, જે કાંઈ ખોટું, મિથ્યા, ભ્રામક, છેતરાપણું હોય તે. વાંચો :

कूटाः स्युः पूर्वसाक्षिणः । (આ પહેલાના બધા સાક્ષીઓ ખોટા છે. **याज्ञवल्क्यस्मृति**, ૧,૮૦.)

વાંચો, શ્રીશંકરાચાર્યનો પોતાનો અભિપ્રાય : **दृश्यमानगुणकं अन्तर्दोषं कूटम्** । જેના ગુણો માત્ર દેખાવના જ છે, અંદર તો દોષો જ છે, તે, કૂટ. **गीता** ૧૨,૩.

कूटे तिष्ठति असौ कूटस्थः । બધી જ મિથ્યા વસ્તુઓને ઓળંગીને, અતિક્રમીને, તે સહુની ઉપર, જે, સત્ય અને સ્થાયી સ્વરૂપે, રહે છે, તે કૂટસ્થ, એટલે કે સદા-સ્થિર, અચળ, અવિચળ, સનાતન, શાશ્વત પરમાત્મા Supreme Soul. પરમાત્માને, **'कूटस्थ'** ઉપરાંત, **सर्वत्रग** (Omnipresent) **अचिन्त्य** (Inconceivable, incomprehensible), **अचल** (Immovable) અને **ध्रुव निर्विकार** (Firm, Permanent, Unchangeable) પણ કહેવામાં આવ્યો છે :

सर्वत्रगं अचिन्त्यं च कूटस्थं अचलं ध्रुवम् । (**गीता** ૧૨, ૩)

ટૂંકમાં, 'કૂટસ્થ' એટલે આ બધા અજોડ ભાવો ધરાવતા, પરમાત્મા. આવો તે, વિજ્ઞાનમયકોશ, એટલે કે જીવાત્મા, મૂળસ્વભાવે કૂટસ્થ 'આત્મા' હોવા છતાં, ઉપાધિમાં રહેલો હોવાથી, કર્તા અને ભોક્તા બને છે.

આ વિજ્ઞાનમય કોશ કેવો છે ? **हृदि प्राणेषु च स्फुरत्स्वयंज्योतिः** । પ્રાણોમાં (અને તેથી ઇંન્દ્રિયોમાં) અને હૃદયમાં (એટલે કે અંતઃકરણમાં) પોતાનાં જ તેજથી પ્રકાશી રહ્યો છે, તેવો. (૧૯૧)

અનુવાદ : પ્રાણોમાં અને હૃદયમાં, આ જે વિજ્ઞાનમય કોશ પોતાનાં તેજથી પ્રકાશી રહ્યો છે તે, (પોતાનાં મૂળ સ્વરૂપે તો) 'કૂટસ્થ' આત્મા હોવા છતાં, 'ઉપાધિ'માં રહેલો હોવાનાં કારણે, કર્તા અને ભોક્તા બને છે. (૧૯૧)

ટિપ્પણ : વિજ્ઞાનમય કોશનું જમાપાસું, આ પહેલાંના ત્રણેય કોશોની સરખામણીમાં, વધારે સદ્ધર છે. **એક** તો, એ કે તે પરમાત્માની અત્યંત નજીક છે; **બીજું**, આ જ કારણે તે અતિપ્રકાશવાળો છે; **ત્રીજું**, તે માત્ર અતિપ્રકાશમાન જ નહીં, પરંતુ 'સ્વયંપ્રકાશ'(**स्वयंज्योतिः**) છે.

કોઈકને, આ છેલ્લી વાત, પૂરેપરી સ્વીકાર્ય ન લાગે, એ શક્ય છે : આ વિજ્ઞાનમય કોશ પણ, અંતે તો, એક માત્ર કોશ જ છે ને ! વળી, એ, સ્વરૂપે, જીવાત્મા જ છે: તો પછી આવો આ કોશ સ્વયંપ્રકાશ કેવી રીતે હોઈ શકે ?

આવી આશંકા સાવ નિરાધાર નથી, પરંતુ આ તો **वेदांत**દર્શન છે, એમાં માત્ર શબ્દાર્થ કે વાચ્યાર્થને જ વળગી રહીએ તો, દાર્શનિક વિધાનનાં હાર્દને ન પામી શકાય. એમાં તો, અંગ્રેજીમાં જેને 'Reading between the lines' કહે છે તેવાં, તાત્ત્વિક રહસ્યને પકડવા માટે, જરા ઊંડું ઊતરવું પડે : વિજ્ઞાનમય કોશ પોતે ભલે આત્મા નથી, પરંતુ નિરુપાધિક આત્માનાં પ્રકૃષ્ટ-સાન્નિધ્યનો તેને વિરલ લાભ મળ્યો છે. બીજું, અહીં,'જ્યોતિ'નો અર્થ 'સ્થૂલ' પ્રકાશ કે તેજ, એવો

કરવાનો નથી. હકીકતમાં, જ્ઞાન જ સાચો પ્રકાશ છે, એટલે પરમાત્મા જ્ઞાનસ્વરૂપ છે, એટલું જ નહીં પણ તે સ્વયંજ્ઞાન-સ્વરૂપ છે. પરમાત્માનાં અત્યંત નજીક રહેનાર આ વિજ્ઞાનમય કોશને પણ સ્વયંજ્ઞાનનો લાભ મળવો જ જોઈએ. ગ્રંથકાર, આથી જ, કહે છે કે, તે પોતે 'કૂટસ્થ આત્મા' હોવા છતાં પણ (कूटस्थः आत्मा सन् अपि) આવું શક્ય નથી બનતું, તેનું એક જ કારણ છે, અને તે એ કે, તે ઉપાધિમાં રહેલો છે (उपाधिस्थः).

આ રીતે, વાચ્યાર્થને છોડીને, લક્ષ્યાર્થ પામીએ, ત્યારે એમ લાગે છે કે આ વિજ્ઞાનમય કોશનાં બે પાસાં છે : **એક**, પરમાત્માનાં ઘનિષ્ઠ-સાન્નિધ્યનાં કારણે, એનું પાસું વિશુદ્ધ-ચૈતન્યરૂપ છે અને **બીજું**, તે જીવાત્મા-સ્વરૂપ હોવાથી તે પોતે જ બુદ્ધિ છે, જે, તેના માટે ઉપાધિ-રૂપ બનીને, તેનામાં કર્તૃત્વ-ભોક્તૃત્વના ભાવો જગાડે છે. આ અહંભાવ-મમભાવ તેનામાં અનેક વિકારો ઉત્પન્ન કરે છે. આનું સ્વાભાવિક પરિણામ એ આવે છે કે ઉપાધિ સાથેનાં તેનાં તાદાત્મ્યથી, મૂળભૂતરૂપે, તે નિર્વિકારી હોવા છતાં વિકારી, અ-કર્તા હોવા છતાં કર્તા અને અ-ભોક્તા હોવા છતાં ભોક્તા, – એવા આભાસનો તે ભોગ બને છે.

આમ, 'કૂટસ્થ'ની ઊંચાઈની જેની પાત્રતા છે એવો આ વિજ્ઞાનમય કોશ પણ, ઉપાધિમાં રહેવાનાં કારણે સામાન્યતામાં સરી પડે છે. આવી છે, તેની કરુણતા અને કમનસીબી !

શ્લોકનો છંદ : ગીતિ (૧૯૧)

૧૯૨

स्वयं परिच्छेदमुपेत्य बुद्धे-
-स्तादात्म्यदोषेण परं मृषात्मनः ।
सर्वात्मकः सन्नपि वीक्षते स्वयं
स्वतः पृथक्त्वेन मृदो घटानिव ॥ १९२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્વયં પરિચ્છેદમુપેત્ય બુદ્ધે-
-સ્તાદાત્મ્યદોષેણ પરં મૃષાત્મનઃ ।
સર્વાત્મકઃ સન્નપિ વીક્ષતે સ્વયં
સ્વતઃ પૃથક્ત્વેન મૃદો ઘટાનિવ ॥ ૧૯૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : स्वयं परं मृषात्मनः बुद्धेः तादात्म्यदोषेण परिच्छेदं उपेत्य, स्वयं सर्वात्मकः सन् अपि, मृदः घटान् इव, स्वतः पृथक्त्वेन वीक्षते ॥ ૧૯૨ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **स्वयं सर्वात्मकः सन् अपि स्वयं परं स्वतः पृथक्त्वेन वीक्षते** । स्वयं परं આત્મા-પરમાત્મા પોતે. તે શું કરે છે ? **वीक्षते** - જુએ છે. શું જુએ છે ? કેવું જુએ છે ? **पृथक्त्वेन** - અલગ, જુદું, ભિન્ન, નોખું. પોતે જ બધું પોતાનાથી ભિન્ન જુએ છે. **सर्वात्मकः** - સર્વરૂપ, સર્વાત્મા. પોતે સર્વાત્મા હોવા છતાં, પણ આવું કેમ બને છે ? **मृषात्मनः बुद्धेः तादात्म्यदोषेण परिच्छेदं उपेत्य** । **परिच्छेद** એટલે મર્યાદા. બુદ્ધિના તાદાત્મ્યદોષને કારણે, બુદ્ધિ સાથે એકરૂપ થવાની ભૂલને કારણે. **तद्-आत्म** - તેના જેવું રૂપ પામવું, એ શબ્દનું ભાવવાચક નામ, **तादात्म्य**, એકરૂપતા, તન્મયતા, તન્મયતા, Identity, Identification. બુદ્ધિ કેવી ? **मृषा** - મિથ્યા, ખોટી, અસત્ય, **मृषात्मनः** એટલે મિથ્યારૂપ (બુદ્ધિ). મિથ્યારૂપ બુદ્ધિનાં તાદાત્મ્યદોષને લીધે, પરિચ્છેદને, એટલે કે બુદ્ધિની મર્યાદાઓને તે પામે છે. આવું અનિચ્છનીય પરિણામ, ઉપર્યુક્ત અનુચિત ઘટનાનું જ આવ્યું.

આ આખી પ્રક્રિયા કોના જેવી છે ? **मृदः घटान् इव** । **मृद्** એટલે માટી, મૃત્તિકા. ઘડા જેમ માટીથી જૂદા જોવાય છે, તેમ, પોતાને માટીથી અલગ મનાતા ઘડાની માફક. (૧૯૨)

અનુવાદ : પરમાત્મા પોતે, મિથ્યારૂપ બુદ્ધિનાં તાદાત્મ્યદોષને લીધે, મર્યાદા પામે છે અને પોતે સર્વરૂપ હોવા છતાં, માટીથી ઘડા જેમ અલગ મનાય છે તેમ, પોતાને પોતાનાથી જ જૂદો અનુભવે છે. (૧૯૨)

ટિપ્પણ : મનુષ્યનાં **સ્થૂળ** શરીરમાં રહેલો જીવાત્મા, ખરેખર તો, પરમાત્માનો જ અંશ છે, - એટલું જ નહીં પણ તે પોતે જ તે છે, તો પછી મનુષ્ય-શરીરમાં આવ્યા પછી તે પોતે જ, પોતાને, પોતાનાથી અલગ, ભિન્ન, જૂદો હોય એવી અનુભૂતિ કેમ કરે છે ? આ ઘટનાને, આવી પ્રક્રિયાને, અહીં સમજાવવામાં આવી છે.

પરમાત્મા જીવાત્મા બને છે ત્યારે, એક અનુચિત અને અનિચ્છનીય ઘટના એ બનવા પામે છે કે જીવાત્મા-સ્વરૂપે તે પરમાત્મા પોતે, મિથ્યારૂપ બુદ્ધિ સાથે તદ્રૂપ બની જાય છે. બુદ્ધિ તો મિથ્યારૂપ છે, ખોટી છે, અસત્ય છે અને તે પોતે બુદ્ધિ નથી. પોતે તો પરમાત્મા–સ્વરૂપ છે, સર્વરૂપ છે, તે છતાં ઉપાધિ-રૂપ બુદ્ધિ સાથે એકરૂપ બની જાય છે. અને આવું બને એટલે તો, ન બનવા જેવું જ બને ! પરમાત્મા પોતે જ, પેલી મિથ્યારૂપ બુદ્ધિની મર્યાદાઓને (**परिच्छेदं**) પામે છેઃ પોતાનું મૂળભૂત (Original) સર્વરૂપ, સર્વાત્મક-રૂપ ગુમાવી દે છે, પોતે નિરુપાધિક હોવા છતાં સોપાધિક બની જાય છે, નિરાકાર હોવા છતાં સાકાર બની રહે છે, પોતે અભિન્ન હોવા છતાં, તે પોતે જ, પોતાને, પોતાનાથી અલગ હોય (**पृथक्त्वेन**) એમ સમજે છે. ખરેખર તો, પરમાત્મા પોતે, દેશ-કાળ-વસ્તુ જેવાં, સજાતીય-વિજાતીય એવાં, સર્વ ભેદોથી અને મર્યાદાઓથી રહિત છે, પર છે. તે પોતે

આત્મસ્વરૂપ છે, એ હકીકત જ ભૂલી જાય છે. એની ભૂલ અથવા ભ્રાંતિ એટલી જ કે તેણે પોતે જ, મનુષ્ય-શરીર-પ્રવેશ પછી, પેલી તદ્દન મિથ્યા એવી બુદ્ધિ સાથે પોતાની એકરૂપતા સ્વીકારી લીધી, બુદ્ધિ સાથે પોતાને Identified કરી નાખ્યો, અને પછી તો, શરીરનાં આકાર, રૂપ, જન્મ, જરા, વ્યાધિ વગેરે પોતાનાં જ છે એવું તે માનવા લાગ્યો ! શરીરરૂપી આકારમાં, સીમામાં 'પોતે સીમિત બની ગયો !

આ ઘટના સમજાવવા માટે, આચાર્યશ્રી, અત્યંત સચોટ અને પ્રતીતિકારક ઉપમા આપે છે : મૂળ તો માટી (મૃદ્) જ છે અને એમાંથી જ ઘડા બને છે, પરંતુ, ત્યારપછી, માટી મૂળભૂત રૂપ માટી-સ્વરૂપે રહેતી નથી, ઘડાની, આકાર-પ્રકાર-કદ વગેરેની, મર્યાદાઓનું આરોપણ તેના પર આવી જાય છે : ટૂંકમાં, ઘડા પણ ખરેખર તો માટી જ હોવા છતાં, તે હવે માટી મટી જાય છે. હવે, ઘડાને કોઈ 'માટી' નહીં કહે, 'ઘડા' જ કહેશે-માનશે-ગણશે ! તેમ જ સર્વવ્યાપી-સર્વરૂપ પરમાત્મા બુદ્ધિરૂપી ઉપાધિ સાથે એકરૂપ થતાં, બુદ્ધિના ગુણધર્મો પોતાના હોય, એવી ભ્રમણા તે સેવે છે !

આમ, જ્યાં કશાં ભેદ-પરિચ્છેદ-મર્યાદા નથી, ત્યાં આ બધાં ભાસવા લાગે છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૧૯૨)

૧૯૩

उपाधिसंबन्धवशात् परात्मा
ह्युपाधिधर्माननुभाति तद्गुणः ।
अयोविकारानविकारिवह्निवत्
सदैकरूपोऽपि परः स्वभावात् ॥ १९३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઉપાધિસંબન્ધવશાત્ પરાત્મા
હ્યુપાધિધર્માનનુભાતિ તદ્ગુણઃ ।
અયોવિકારાનવિકારિવહ્નિવત્
સદૈકરૂપોઽપિ પરઃ સ્વભાવાત્ ॥ ૧૯૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : परात्मा उपाधिसंबन्धवशात् हि तद्गुणः (भूत्वा), अयोविकारान् अविकारिवह्निवत्, सदा एकरूपः स्वाभावात् परः (सन्) अपि, उपाधिधर्मान् अनुभाति ॥ १९३ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : परात्मा सदा एकरूपः स्वभावात् परः (सन्) अपि, उपाधिर्मान् अनुभाति । परात्मा એટલે પરમાત્મા ઉપાધિના ધર્મોનો અનુભવ કરે છે એ ધર્મોને આત્મસાત્ કરે છે, એને અપનાવે છે (अनुभाति). વળી, તે તો સદા 'એકરૂપ' (एकरूपः) હોવા છતાં પણ (अपि), આવું કેમ બનવા પામે છે ?

उपाधिसंबन्धवशात् हि तद्गुणः (भूत्वा - बुद्धिरूपः) ઉપાધિ સાથેના સંબંધને લીધે જ, એ જ ઉપાધિના ધર્મોને, ગુણોને તે અપનાવે છે, તેથી **तद्गुणः (भूत्वा)** તેના ગુણધર્મો પોતાના માને છે. આ પ્રક્રિયા કોના જેવી છે ? **अयोविकारान् अ-विकारिवहनिवत्** । **अयः** એટલે લોઢું અને **वहनि** એટલે અગ્નિ. લોઢાંને, એટલે કે લોઢાનાં હથિયારોને તપાવવામાં આવે ત્યારે, અગ્નિને તો કોઈ વિકારો જ હોતા નથી (**अ-विकारि**), પરંતુ તે તે હથિયારોમાંનાં લોઢાંમાં તે પ્રવેશે છે તેથી, તે લોઢાંના વિકારોને અપનાવે છે, તેમ અહીં પણ બને છે. (૧૯૩)

અનુવાદ : પરમાત્મા, ઉપાધિ-સંબંધને લીધે, ઉપાધિના ગુણધર્મોને અપનાવતો હોવાથી, વિકાર વિનાનો અગ્નિ (લોઢાંમાં પ્રવેશ્યા પછી) લોઢાંના વિકારોને અપનાવી લે છે તેમ, સદા એકરૂપ અને સ્વભાવે (ઉપાધિથી) પર હોવા છતાં પણ, ઉપાધિના ગુણધર્મોને અપનાવે છે. (૧૯૩)

ટિપ્પણ : પરમાત્મા પોતે તો સંપૂર્ણરીતે નિરુપાધિક છે, તે છતાં તે સોપાધિક કેમ બને છે ? તે તો સદા-સર્વદા એકરૂપ જ હોવા છતાં જૂદાં સ્વરૂપે કેમ દેખાય છે ? તે સ્વયં નિર્વિકારી હોવા છતાં વિકારોવાળો કેવી રીતે, શા કારણે બને છે ? ગયા શ્લોકમાંની ઘટનાને, જરા જૂદી રીતે, અને એવી જ બીજી સચોટ ઉપમા આપીને, ગ્રંથકારે, અહીં સમજાવી છે.

પરમાત્મા પોતાનાં મૂળ સ્વરૂપે કે સ્વભાવે તો, સદા-સર્વદા એકરૂપ જ રહે છે, એમાં કશાં પરિવર્તનો-વિકારો-ફેરફારો હોતાં જ નથી, તે તો એક સિદ્ધ હકીકત છે. પરંતુ શરીર, તેમાંની ઇન્દ્રિયો, બુદ્ધિ વગેરે ઉપાધિઓના સંસર્ગમાં તે આવે છે, ખાસ તો, બુદ્ધિ સાથેનો તેનો સંબંધ સવિશેષ ઘનિષ્ઠ બની જાય છે. અને તે સર્વ ઉપાધિઓના ગુણધર્મો તે પોતે અપનાવી લે છે. ટૂંકમાં, ગયા શ્લોકની સમજૂતી આપતાં કહ્યું હતું તેમ, સમગ્ર બ્રહ્માંડના એકાધાર જેવો, એનાં અધિષ્ઠાન સમો પરમાત્મા, મનુષ્ય-શરીરમાં જીવાત્મા તરીકે જન્મ્યા પછી, પોતાનાં મૂળ સ્વરૂપ અને સ્વભાવને સાચવી શકતો નથી. શરીર સાથે જ વળગેલી સર્વ ઉપાધિઓ, એના સ્વરૂપમાં અને સ્વભાવમાં, આમૂલ છતાં અનિચ્છનીય, પરિવર્તન આણે છે.

અહીં પણ, છેલ્લા શ્લોકની જેમ, એક સમુચિત અને સામાન્યજન-સુબોધ ઉપમા આપવામાં આવી છે : પંચમહાભૂતોમાંનો એક એવો અગ્નિ, મૂળભૂત-સ્વરૂપે, નિર્વિકારી છે, પરંતુ તલવાર જેવાં હથિયારોને અથવા સાણસી-દાતરડું-ચિપીઆ જેવાં ઓજારોને જ્યારે અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે, અવિકારી એવો અગ્નિ પેલા હથિયારો-ઓજારોમાં પ્રવેશ્યા પછી, તે તે હથિયારો-ઓજારોમાંનાં લોઢાંનાં આકાર-વિકાર અપનાવે છે અને આ સંસર્ગને કારણે જ વિકારી બની જાય છે.

બસ, આવું જ પરિવર્તન, સદા અ-પરિવર્તનશીલ પરમાત્માની બાબતમાં બને છે, તેનું કારણ માત્ર એક જ, — ઉપાધિ સાથેનું પ્રકૃષ્ટ સાન્નિધ્ય !

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૧૯૩)**

૧૯૪

शिष्य उवाच ।

भ्रमेणाप्यन्यथा वाऽस्तु जीवभावः परात्मनः ।
तदुपाधेरनादित्वान्नानादेर्नाश ईष्यते ॥ १९४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભ્રમેણાપ્યન્યથા વાઽસ્તુ જીવભાવઃ પરાત્મનઃ ।
તદુપાધેરનાદિત્વાન્નાનાદેર્નાશ ઈષ્યતે ॥ ૧૯૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : शिष्यः उवाच । परात्मनः जीवभावः भ्रमेण अन्यथा वा अस्तु, तद्-उपाधेः अनादित्वात् अनादेः नाशः न इष्यते ॥ १९४ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : परात्मनः जीवभावः (अस्ति) । પરાત્મા એટલે પરમાત્મા, તેનો જીવભાવ, તેનું જીવપણું, તેનું જીવ હોવાપણું તો છે જ. આવું શાને લીધે છે ? भ्रमेण अस्तु, अन्यथा वा (अस्तु) । પરમાત્માનો આ જીવભાવ, ભ્રમને લીધે હોય કે બીજા કોઈ કારણે હોય, तत्-उपाधेः अनादित्वात् अनादेः नाशः न इष्यते । (બુદ્ધિરૂપી) તેની આ ઉપાધિ અનાદિ-સમયની હોવાથી, જે અનાદિ હોય, તેનો નાશ થઈ શકે નહીં. તેનો નાશ છે, એમ કહેવું તે યોગ્ય નથી. આમ બનવું, એટલે કે પરમાત્માનો જીવભાવ હોવો તે, ભ્રમ-ભ્રમણા-ભ્રાંતિને કારણે હોય, પરંતુ તેને બુદ્ધિરૂપી જે ઉપાધિ વળગી છે, તે તો અનાદિ છે, અનાદિકાળથી ચાલી આવે છે અને अनादेः नाशः न इष्यते । જે અનાદિ હોય, તેનો નાશ તો થઈ શકે નહીં. (૧૯૪)

અનુવાદ : પરમાત્માનો જીવભાવ, ભલેને ભ્રમથી થયો હોય કે બીજાં કોઈ કારણે થયો હોય, પરંતુ તેની ઉપાધિ તો અનાદિ છે, અને જે અનાદિ હોય, તેનો નાશ (કહેવો) યોગ્ય નથી. (૧૯૪)

ટિપ્પણ : છેલ્લા ઘણા શ્લોકોથી, શિષ્ય, ગુરુજીનું પ્રવચન એકધારું સાંભળ્યા કરતો હતો. એ પ્રવચનમાં પંચકોશનું વિવેચન ચાલતું હતું અને છેલ્લા થોડા શ્લોકોમાં તો ગુરુજીએ, નિરુપાધિક એવા પરમાત્માનાં સોપાધિક સ્વરૂપની અને એનાં કારણોની સવિસ્તર ચર્ચા કરી.

શિષ્ય, આ બધું, શાંતિપૂર્વક, એકાગ્રચિત્તે અને વિનમ્ર બનીને સાંભળ્યા કરતો હતો અને સાંભળેલું બધું આત્મસાત્ કરતો રહ્યો હતો.

પરંતુ ગુરુજી પ્રત્યેના આદરથી અને પોતાની શ્રદ્ધાથી રસપૂર્વક શ્રવણ કરી રહેલા શિષ્યને, ગુરુજીનાં છેલ્લાં થોડાં વિધાનો સાંભળીને, મનમાં શંકા જાગી, એટલે એ શંકાનું સમાધાન કરવા માટે, ગુરુજીનાં પ્રવચનને વચ્ચેથી જ અટકાવી દઈને, આ બે શ્લોકો(૧૯૪-૧૯૫)માં તેણે પોતાની શંકાને વ્યક્ત કરી.

ગીતાની માફક આ ગ્રંથ પણ ગુરુ-શિષ્ય વચ્ચેના સંવાદનાં રૂપમાં છે. કોઈ

પણ લખાણ કે પ્રવચન એકધારું ચાલ્યું આવતું હોય તો તે થોડું કંટાળાજનક (Monotonous, boring) બને, – આ એક સાર્વત્રિક અને માનવસહજ અનુભવ છે. ગીતામાં પણ, ભગવાન શ્રીકૃષ્ણને અટકાવીને, અર્જુને, વચ્ચે-વચ્ચે, અનેક પ્રશ્નો વડે, પોતાની આશંકાને વ્યક્ત કરી છે અને શ્રીકૃષ્ણે તેનું સમાધાન કર્યું છે, તે, સહુ જાણે છે.

અહીં શિષ્યની શંકા સ્વાભાવિક છે : "મનોભ્રમ, અવિદ્યા કે અણસમજને કારણે અથવા અન્ય કોઈ કારણે, નિરુપાધિક એવા પરમાત્માને, જીવાત્મા સ્વરૂપે સોપાધિક બનવું પડ્યું હોય તો ભલે, પરંતુ 'નિરુપાધિક'ને 'સોપાધિક' બનાવનાર આ 'ઉપાધિ' જો અનાદિ હોય અને આપે પણ જીવભાવનું અનાદિ તરીકે જ પ્રતિપાદન કર્યું છે અને જે અનાદિ હોય, તેનો જો નાશ જ ન થઈ હોઈ શકે, તો તો પછી, જીવભાવનો પણ નાશ ન હોય ! આમાંથી તો ઘણો મોટો અનર્થ સર્જાય !"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૯૪)**

૧૯૫

अतोऽस्य जीवभावोऽपि नित्यो भवति संसृतिः ।
न निवर्तेत तन्मोक्षः कथं मे श्रीगुरो वद ॥ १९५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अतोऽस्य जीवभावोऽपि नित्यो भवति संसृतिः ।
न निवर्तेत तन्मोक्षः कथं मे श्रीगुरो वद ॥ १९५ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अतः अस्य जीवभावः अपि नित्यः भवति, (येन) संसृतिः न निवर्तेत, तत्-मोक्षः कथं (भवति) ? (हे) श्रीगुरो, (एतत्) मे वद ॥ १९५ ॥

શબ્દાર્થ : अतः - આથી, માટે, આ કારણે, अस्य (परात्मनः) जीवभावः नित्यः भवति । આ(પરમાત્મા)નો જીવભાવ પણ નિત્ય-હંમેશનો થશે, રહેશે. (येन) संसृतिः न निवर्तेत । न निवर्तेत નિવૃત્તિ નહીં થાય, નિવારણ નહીં થાય, ટળશે નહીં, નાબૂદ નહીં થાય. नि + वृत् (वर्त्) - નિવૃત્તિ થવી, નિવારણ થવું, - એ ધાતુનું વિધ્યર્થ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ, निवर्तेत. संसृतिः - સંસાર, (જેથી) સંસારનું નિવારણ નહીં થાય. तत्-मोक्षः कथं (भवति) ? તો પછી, તેનો (જીવાત્માનો) મોક્ષ કેવી રીતે, કેમ કરીને, થાય ? (हे) श्रीगुरो, (एतत्) मे वद । હે સદ્‌ગુરુ ! આ મને સમજાવો, આ મને કહો. આથી તો, તે(પરાત્મા)નો જીવભાવ પણ નિત્ય રહેશે અને તેના સંસારનું નિવારણ પણ થઈ શકશે નહીં, તો પછી, તે(જીવ)નો મોક્ષ કેમ કરીને થાય ? (૧૯૫)

અનુવાદ : તેથી, પરાત્માનો જીવભાવ પણ નિત્ય રહેશે અને એના સંસારનો

પણ કદી અંત નહીં આવે, તો પછી જીવનો મોક્ષ કેમ થાય ? - હે ગુરુદેવ ! આ મને સમજાવો. (૧૯૫)

ટિપ્પણ : પંચકોશનું નિરૂપણ અને નિરુપાધિક એવા પરમાત્માના સોપાધિક જીવભાવ વિશેનાં સુદીર્ઘ પ્રવચન પછી, શિષ્યે, પોતાની આશંકા, છેલ્લા શ્લોકથી, રજુ કરી, તે અહીં પણ ચાલુ રહી છે :

'હે સદ્‌ગુરુ ! આ પહેલાં, મારી આશંકા વિશે, મેં આપની સમક્ષ, જે રજુઆત કરી હતી, તે જ અનુસંધાનમાં, મારે, વધારે જે આપને પૂછવાનું છે, તે એ કે ઉપાધિનાં કારણે, પરમાત્માનો જીવભાવ હોય, ઉપાધિ અનાદિકાળની હોય, અને જે અનાદિ હોય, તેનો નાશ ન થતો હોય તો, તો એમ જ સમજવાનું રહે કે પરમાત્માનો આ જીવભાવ નિત્ય રહેશે અને સંસારનું પણ નિવારણ થઈ શકશે નહીં, – ખરેખર, વસ્તુસ્થિતિ, આવી જ હોય તો, તો પછી, તેનો, એટલે કે જીવનો મોક્ષ કેવી રીતે થાય ?'

આમ તો, એમ લાગે છે કે ગુરુજીનાં લંબાણ-પ્રવચન પછી પણ શિષ્ય આધ્યાત્મિક-દાર્શનિક બાબતમાં ઠીક-ઠીક અધ્યયન-નિષ્ઠ અને સજ્જ હોવા છતાં, પરમાત્મા અને 'જીવાત્મા' - એ બેનાં મૂળભૂત અને તાત્ત્વિક સ્વરૂપ વિશે, કહો કે એ બે સ્વરૂપો વચ્ચેના પાયાના (Fundamental) તફાવત વિશેની તેની મુંઝવણ હજી દૂર થઈ નથી.

આ મુંઝવણ તેણે અહીં અભિવ્યક્ત કરી છે. આ મુંઝવણને જરા વિશદ કરીએ તો, આટલા મુદ્દા તેને અકળાવે છે :

(૧) નિરુપાધિક અને નિર્લેપ પરમાત્માને સોપાધિક તથા વિકારશીલ બનવું પડ્યું હોય, તો તે ભલે થયું, પરંતુ પરમાત્માનો આવો જીવભાવ અનાદિ કેવી રીતે ? શા કારણે ?

(૨) અને જો તે અનાદિ હોય તો, તેનો અર્થ તો એ થયો કે આ જીવભાવનો નાશ જ ન થાય, એનો અંત જ ન આવે તો, આ જીવભાવ નિત્ય છે ? નિત્ય રહેશે ?

(૩) અને તો તો, જન્મમરણરૂપી આ સંસારચક્રનું પણ નિવારણ થઈ શકે નહીં ! અને તો પછી, આ અનાદિ-જીવભાવથી, કોઈને પણ ક્યારેય મોક્ષ મળી શકે જ નહીં ! તો શું મોક્ષપ્રાપ્તિ અસંભવિત છે ? એવું તે કદી હોઈ શકે ?

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૯૫)**

૧૯૬

શ્રીગુરુરુવાચ ।

સમ્યક્ પૃષ્ટં ત્વયા વિદ્વન્ ! સાવધાનેન તચ્છૃણુ ।
પ્રામાણિકી ન ભવતિ ભ્રાન્ત્યા મોહિતકલ્પના ॥ ૧૯૬ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सम्यक् पृष्टं त्वया विद्वन् ! सावधानेन तच्छृणु ।
प्रामाणिकी न भवति भ्रान्त्या मोहितकल्पना ॥ १९६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (हे) विद्वन् ! त्वया सम्यक् पृष्टं, तत् सावधानेन शृणु, भ्रान्त्या मोहितकल्पना प्रामाणिकी न भवति ॥ १९६ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (हे) विद्वन् । त्वया सम्यक् पृष्टं (अस्ति) । सम्यक् એટલે સારું, બરાબર, ઠીક, યોગ્ય, पृष्टं તારા વડે પૂછાયું, पृच्छ् એટલે પૂછવું, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદન્તનું રૂપ. હે વિદ્વાન ! તેં ઠીક પૂછ્યું, તેં બહુ જ સારો પ્રશ્ન પૂછ્યો, તેં સારો સવાલ રજુ કર્યો. तत् (त्वं) सावधानेन शृणु । तत् એટલે તે, એટલે કે તે સવાલનું સમાધાન, તેની સમજૂતી, सावधानेन, - સાવધાન થઈને, ધ્યાનપૂર્વક, शृणु - સાંભળ. હવે, તેનું સમાધાન તું ધ્યાનપૂર્વક સાંભળ, भ्रान्त्या - ભ્રાન્તિથી, ભ્રમને લીધે. मोहितकल्पना प्रामाणिकी न भवति । मोहितकल्पना એટલે મુંઝાયેલા મનુષ્યે ભ્રમને લીધે જે કલ્પના કરી હોય તે, તેવી કલ્પના, प्रामाणिकी એટલે સાચી, પ્રામાણિક, પ્રમાણભૂત. મોહમાં ડૂબેલા માણસે ભ્રાન્તિથી જે કલ્પના કરી હોય, તે પ્રમાણભૂત હોતી નથી. (૧૯૬)

અનુવાદ : (હે) વિદ્વાન ! તેં બહુ સારો પ્રશ્ન પૂછ્યો છે. (હવે) સાવધાન થઈને તેનું સમાધાન તું સાંભળ : ભ્રમને લીધે, જે કલ્પના મોહપૂર્વક કરવામાં આવી હોય તે, પ્રમાણભૂત હોતી નથી. (૧૯૬)

ટિપ્પણ : છેલ્લા બે શ્લોકોમાં, પરમાત્મા-જીવાત્મા, ઉપાધિ, અનાદિ, જીવાત્માની નિત્યતા, સંસાર અને તેનું નિવારણ, મોક્ષની પ્રાપ્તિ-અપ્રાપ્તિ, તેનો સંભવ-અસંભવ, – વગેરે વિશે શિષ્યે પોતાની જે આશંકાઓ અને પોતાનાં મનને પીડી રહેલા પ્રશ્નો, – વગેરે અંગે જે જિજ્ઞાસા અભિવ્યક્ત કરી, તેથી ગુરુજી પ્રસન્ન થઈ ગયા.

પોતાનાં અધ્યાપનને અને પ્રવચનને ધ્યાનપૂર્વક, એકાગ્રભાવે સાંભળે, સમજે, એનાં પર ચિંતન-મનન કરે અને ત્યારપછી તેને ન સમજાય એવા મુદ્દાઓ, એવી આશંકાઓ, એવા સવાલો, જે શિષ્ય ગુરુજી સમક્ષ રજુ કરે, તેના પર ગુરુજી અવશ્ય પ્રસન્ન થાય. આવો સુપાત્ર શિષ્ય પોતાને સાંપડ્યો, એથી ગુરુજી પોતાને કૃતાર્થ માને, અને શિષ્યની જિજ્ઞાસાનું વાત્સલ્યપૂર્વક સમાધાન કરે જ.

અહીં, આ શ્લોકમાં, શ્રીસદ્‌ગુરુને, શિષ્યની રજુઆત સાંભળીને ખૂબ આનંદ થયો. તેમણે તે મુક્ત રીતે અભિવ્યક્ત કર્યો અને હવે શિષ્યના સવાલોનું તેઓશ્રી સમાધાન કરે છે.

વાજશ્રવા-મુનિનો સુપુત્ર નચિકેતા, પિતાની આજ્ઞા પ્રમાણે, યમદેવને ત્યાં ગયો ત્યારે, કિશોરાવસ્થામાં રહેલા નચિકેતાની, ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક-દાર્શનિક

સમજણ, એની જ્ઞાનનિષ્ઠા, એની અંતસ્તલસ્પર્શી જિજ્ઞાસાવૃત્તિ વગેરે જોઈને, ખુદ એ મૃત્યુદેવ પણ પ્રસન્ન થઈ ગયા હતા અને તેમણે તેને આપેલાં ત્રણ વરદાનો વિશેની ચર્ચા દરમિયાન, તેમણે આવો હર્ષોદ્‌ગાર વ્યક્ત કર્યો હતો કે, 'હે નચિકેતા ! અમને તારા જેવો પૂછનાર શિષ્ય હંમેશાં પ્રાપ્ત થાઓ !'

त्वादृङ्नो भूयान्नचिकेतः पृष्टा । (त्वादृक् नः भूयात् नचिकेतः पृष्टा ॥)

(કઠોપનિષદ ૨, ૯)

પ્રવર્તમાન શિક્ષણની પરિસ્થિતિમાં, આ પ્રકારની પ્રાચીન ઘટનાની પ્રસ્તુતતા જરા વિચારણીય બની રહે છે !

પ્રશ્નોત્તરીમાં પારંગત એવા શિષ્ય પ્રત્યે ગુરુએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી, તેણે રજુ કરેલી જિજ્ઞાસાવૃત્તિ વિશે પોતાની ગુણજ્ઞતા (Appreciation) દર્શાવી અને શિષ્યને તેના પ્રશ્નો અંગેનું સમાધાન સાવધાન રહીને, સ્વસ્થ બનીને, એકાગ્રભાવે સાંભળવાનું સૂચવ્યું (सावधानेन तत् श्रुणु ।)

ગુરુજીને શિષ્યની નિષ્ઠાની તો પ્રતીતિ થઈ, પરંતુ તેમને તરત જ ખ્યાલ આવી ગયો કે શિષ્યે પોતાના પ્રશ્નો વિશે જે કલ્પના કરી છે, તે સાચી અને પ્રમાણભૂત નથી, કારણ કે તે હજુ મોહમાં ડૂબેલો હતો, અને આવી મોહાવસ્થામાં જ, તેણે તે કલ્પના, ભ્રાન્તિના પ્રભાવમાં વશ થઈને, કરી હતી. તેથી, સૌપ્રથમ તો, શિષ્યનાં મનમાં રહેલી ભ્રાન્તિ અને મોહિતકલ્પનાને દૂર કરવાનો જરૂરી મુદ્દો તેમણે હાથ ધર્યો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૧૯૬)**

૧૯૭

भ्रान्तिं विना त्वसंगस्य निष्क्रियस्य निराकृतेः ।
न घटेतार्थसंबन्धो नभसो नीलतादिवत् ॥ १९७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભ્રાન્તિ વિના ત્વસંગસ્ય નિષ્ક્રિયસ્ય નિરાકૃતેઃ ।
ન ઘટેતાર્થસંબંન્ધો નભસો નીલતાદિવત્ ॥ ૧૯૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : असंगस्य निष्क्रियस्य निराकृतेः (आत्मनः) भ्रान्तिं विना, नभसः नीलतादिवत्, अर्थसंबन्धः न घटेत ॥ १९७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (आत्मनः) अर्थसंबंधः न घटेत । અર્થસંબધ એટલે દુનિયાના કોઈ પણ પદાર્થો સાથેનો સંબંધ. કોનો ? आत्मनः - આત્માનો. જગતના કોઈ પણ પદાર્થો સાથેનો આત્માનો સંબંધ હોઈ શકે નહીં, શક્ય ન બને (न घटेत ।) ક્યા સંજોગોમાં ? भ्रांतिं विना - ભ્રમ વિના તો. એટલે કે જો કશી ભ્રાન્તિ હોય તો જ આત્માનો સંબંધ શક્ય બને. કેવો આત્મા ? એનાં ત્રણ વિશેષણો આ પ્રમાણે : (૧) असंगस्य - સંગ વિનાનો, કર્મ-ક્રિયા, આકાર-વિકાર

વગેરે સાથેના કશા પણ સંગ વગરનો, (૨) **निष्क्रियस्य** - કોઈ પણ પ્રકારની ક્રિયા વિનાનો, અને (૩) **निरकृतेः** ।-આકૃતિ-આકારથી રહિત. આવા આત્માના અર્થસંબંધની વાત અહીં કરવામાં આવી છે. આવું કોની જેમ બને છે ? **नभसः नीलतादिवत्** । **नभस्** એટલે આકાશ, અને **नीलता** એટલે નીલિમા વાદળી રંગ. આકાશનો, જેમ વાદળી રંગની સાથે, સંબંધ, કોઈ ભ્રમ વગર ન હોઈ શકે તેમ. (૧૯૭)

અનુવાદ : આકાશનો, વાદળી રંગ સાથેનો સંબંધ જેમ ન હોઈ શકે તેમ, અસંગ, નિષ્ક્રિય અને આકૃતિ-વિનાના(આત્મા)નો, ભ્રમ વગર, (સંસારના દેહ, બુદ્ધિ વગેરે) પદાર્થો સાથેનો સંબંધ હોઈ શકે નહીં. (૧૯૭)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકમાં, શિષ્યનાં મનમાંની આશંકાઓનું સમાધાન કરવાનું શરૂ કરતાં, શ્રીગુરુજીએ, મોહવશ થયેલા માણસે ભ્રાંતિથી જે કલ્પના કરી હોય તે, મોહયુક્ત હોવાથી, પ્રમાણભૂત હોતી નથી, એવું વિધાન કર્યું હતું. હવે અહીં, તેઓશ્રી ભ્રાંતિનાં સ્વરૂપને અને સંજોગોને જરા વધુ વિસ્તારથી સમજાવે છે અને આત્માના આ સંસારમાંના દેહ વગેરે પદાર્થો સાથેના સંબંધની શક્યતાને સ્પષ્ટતાપૂર્વક નકારે છે.

આત્માને કોઈ પણ ક્રિયા કે આકૃતિ સાથે કશો જ સંગ, સ્પર્શ કે સંપર્ક નથી. તે જો કર્મ કરતાં, આકાર ધારણ કરતાં કે કશા સંપર્કમાં હોવાનો, ટૂંકમાં, કશો પણ ભોગ ભોગવતો જણાય ત્યારે, આવું બધું કેવળ ભ્રાંતિનાં કારણે જ થતું હોય છે એવું, શ્રીગુરુજી પ્રતિપાદન કરે છે, અને વધારામાં ઊમેરે છે કે આમ થાય છે તે, મોહમાં ડૂબેલા મનુષ્યની આ તો નરી ભ્રાંતિ જ છે, મોહિત કલ્પના છે. પોતાનાં આ પ્રતિપાદનનું સમર્થન કરવા માટે, તેઓશ્રી, તેમની નિરૂપણપદ્ધતિની, પહેલેથી જ ચાલી આવતી, એકધારી વિશિષ્ટતા પ્રમાણે, પ્રકૃતિનાં ક્ષેત્રમાંથી એક સરસ સરખામણી આપે છે : આકાશને તો કોઈ આકાર, રંગ કે સ્પર્શ-સંગ-સંપર્ક હોતો નથી. ટૂંકમાં, તે પણ આત્માની જેમ જ, અસંગ-નિષ્ક્રિય-નિરાકાર છે અને તે છતાં, એવું જે કંઈ દેખાય છે તે તો, વાદળીઓના આકાશ સાથેના સંબંધની જ નીપજ હોય છે. આકાશને વાદળી (નીલ) કે બીજો કશો રંગ હોતો જ નથી. આકાશનો, વાદળી રંગ સાથેનો આ પદાર્થ-સંબંધ, મૂઢ એવા જોનારની માત્ર ભ્રમણા જ છે, મોહિત-કલ્પના જ છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૧૯૭)

૧૯૮

स्वस्य द्रष्टुर्निर्गुणस्याक्रियस्य
प्रत्यग्बोधानन्दरूपस्य बुद्धेः ।
भ्रान्त्या प्राप्तो जीवभावो न सत्यो
मोहापाये नास्त्यवस्तुस्वभावात् ॥ १९८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્વસ્ય દ્રષ્ટિર્નિર્ગુણસ્યાક્રિયસ્ય
પ્રત્યગ્બોધાનન્દરૂપસ્ય બુદ્ધેઃ ।
ભ્રાન્ત્યા પ્રાપ્તો જીવભાવો ન સત્યો
મોહાપાયે નાસ્ત્યવસ્તુસ્વભાવાત્ ॥ ૧૯૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : નિર્ગુણસ્ય અક્રિયસ્ય પ્રત્યગ્બોધાનન્દરૂપસ્ય સ્વસ્ય દ્રષ્ટુઃ, આત્મનઃ બુદ્ધેઃ ભ્રાન્ત્યા પ્રાપ્તઃ જીવભાવઃ સત્યઃ ન (અસ્તિ) । અવસ્તુસ્વભાવાત્ મોહાપાયે (સઃ જીવભાવઃ) ન અસ્તિ ॥ ૧૯૮ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (આત્મનઃ) પ્રાપ્તઃ જીવભાવઃ સત્યઃ ન (અસ્તિ) । (આત્માને) પ્રાપ્ત થયેલો જીવભાવ સત્ય (સાચો) નથી. કેવો 'જીવભાવ' ? **બુદ્ધેઃ ભ્રાન્ત્યા (પ્રાપ્તઃ)** । બુદ્ધિની, એટલે કે અંતઃકરણની ભ્રાન્તિ વડે (પ્રાપ્ત થયેલો) જીવભાવ, (આત્માને) બુદ્ધિ સાથે તાદાત્મ્યને લીધે થયેલી ભ્રાન્તિને કારણે પ્રાપ્ત થયેલો જીવભાવ, એટલે કે કર્તૃત્વ-ભોક્તૃત્વ-સંસારીપણારૂપી જીવભાવ. આ જીવભાવ કેવા આત્માને પ્રાપ્ત થયેલો છે ? આ **ચાર** વિશેષણો (આત્માનાં) : (૧) **નિર્ગુણ** - એટલે કે પ્રકૃતિના સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોથી રહિત, એટલે કે માયા-અતીત, માયા-વિનાનો, (૨) **અક્રિયસ્ય** - નિષ્ક્રિય, ક્રિયારહિત, કોઈ પણ પ્રકારનાં કર્મો વગરનો, (૩) **પ્રત્યગ્બોધાનન્દરૂપસ્ય** । સાક્ષાત્, એટલે કે સર્વની અંદર રહેલ જ્ઞાન અને આનંદસ્વરૂપ, એ સ્વરૂપે અનુભવાતો, અને (૪) **સ્વસ્ય દ્રષ્ટુઃ** । ભીતર, અંદર, દ્રષ્ટા એટલે કે સાક્ષી રૂપે, 'દ્રષ્ટા' (Seer) તરીકે રહેલો, આત્મા. **પ્રત્યક્** એટલે સર્વની ભીતર હંમેશાં વસતો, સાક્ષાત્. આવો જીવભાવ સત્ય શા માટે નથી ? **અવસ્તુસ્વભાવાત્ મોહ-અપાયે (સઃ જીવભાવઃ) ન અસ્તિ** । **મોહ** એટલે અવિવેક, અજ્ઞાન, સાચી સમજણનો અભાવ, સત્ય વિશેની મુંઝવણ-અકળામણ. **અપાય** એટલે નાશ, દૂર થવું, ટળી જવું. **અવસ્તુસ્વભાવાત્** એટલે (એ જીવભાવ) મિથ્યા, અવાસ્તવિક, ખોટો-જુઠ્ઠો, આભાસી હોવાને કારણે. ટૂંકમાં, આવો જીવભાવ અવાસ્તવિક હોવાને લીધે, મોહ (અજ્ઞાન) દૂર થતાં, તે આપોઆપ ટળી જાય છે, એટલે કે એનું અસ્તિત્વ જ રહેતું નથી. (૧૯૮)

અનુવાદ : નિર્ગુણ, નિષ્ક્રિય, સર્વની અંદર રહેલ જ્ઞાન અને આનંદસ્વરૂપે અનુભવાતા, દ્રષ્ટા-રૂપે રહેલા આત્માને, બુદ્ધિની ભ્રાંતિ વડે પ્રાપ્ત થયેલો જીવભાવ સત્ય નથી. તે (જીવભાવ) અવાસ્તવિક હોવાને લીધે, અજ્ઞાન દૂર થતાં, રહેતો નથી. (૧૯૮)

ટિપ્પણ : પરમાત્માને પ્રાપ્ત થયેલો જીવભાવ સાચો નથી, એ હકીકતનું આ શ્લોકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્લોકમાંનાં આ નિરૂપણને સમજવા માટે,

સૌપ્રથમ તો, 'પરમાત્મા' અને 'જીવાત્મા'ની સ્વરૂપ-ગત વિશિષ્ટતા સમજી લેવાની જરૂર છે. મોહ-અવિદ્યા-અજ્ઞાન-અવિવેક વગેરેના ફંદામાં ન ફસાયો હોય તેવો સત્-ચિત્-આનન્દ-સ્વરૂપ, શુદ્ધ-બુદ્ધ-નિત્ય-મુક્ત એવો આત્મા, - એટલે 'પરમાત્મા', અને ઉપર્યુક્ત અજ્ઞાન-અવિદ્યા વગેરે અનિચ્છનીય તત્ત્વોનાં સંસર્ગનાં પરિણામે બુદ્ધિ વગેરે સાથે તાદાત્મ્ય સાધીને, બુદ્ધિ વગેરેના ગુણધર્મોને પોતાના સમજીને, જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિવાળા સંસારના ચકરાવામાં અટવાઈ રહ્યો હોય તે, 'જીવાત્મા'. જીવ્ એટલે જીવવું, એનો સંકેત જ એ છે કે 'જીવાત્મા' 'પરમાત્મા' માટે જીવવાનો જીવનક્રિયા સાથેનો, એટલે કે 'પ્રાણ'નો (પ્ર+અન્ એટલે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી) સંબંધ સ્થાપે છે.

બીજું, આત્મા કંઈ 'દૃશ્ય' કે 'જ્ઞેય' નથી, એટલે કે જોવા-જાણવાનું 'કર્મ' (Object) નથી, એ તો સદા-સર્વદા 'દૃષ્ટા' અને 'જ્ઞાતા' જ છે, એટલે કે જોવા-જાણવાનો 'કર્તા' (Subject) જ છે, જ્યારે જીવને, એટલે કે દેહને તો, દેશ-કાળ-વસ્તુ-ગત અનેક મર્યાદાઓ અને બંધનો હોય છે.

'પરમાત્મા' અને 'જીવાત્મા'નાં મૂળભૂત સ્વરૂપોની આ લાક્ષણિકતા સંપૂર્ણ રીતે આત્મસાત્ થઈ જાય, એટલે તરત જ સમજાઈ જશે કે આવા નિર્ગુણ, નિષ્ક્રિય, સત્-ચિદ્-આનંદ, દૃષ્ટા, સાક્ષી, જ્ઞાતા, આત્માને, 'પરમાત્મા'ને, જ્યારે જીવભાવ પ્રાપ્ત થાય છે ત્યારે, બુદ્ધિની ભ્રાન્તિ વડે, એટલે કે 'બુદ્ધિના ગુણધર્મો મારા છે,' એવી ભ્રાંતિ વડે જ આવું પરિણામ આવે છે, અને તેથી જ તે સાચો જીવભાવ નથી. આવો જીવભાવ અવાસ્તવિક (Unreal), આભાસી (Fallaciously appearing) અને મિથ્યા હોવાથી, જે ક્ષણે ભ્રાન્તિ-ગત મોહ દૂર થાય (મોહાપાયે), કે તરત જ જીવભાવનું અસ્તિત્વ ટળી જાય છે, નાબૂદ થઈ જાય છે.(ન અસ્તિ ।)

અને જીવભાવનું આવું, આપોઆપ, નિવારણ એટલે જ પરમાત્માનો સાક્ષાત્કાર, બ્રહ્મભાવ, મોક્ષ ! આમ, 'મોક્ષ' કોઈ 'નવું' (એટલે કે પહેલાં ન્હોતું અને હવે સર્જાયેલું એવું) તત્ત્વ નથી; 'અપ્રાપ્ત' એવાં કોઈ તત્વની 'પ્રાપ્તિ' નથી : **प्राप्तस्य एव प्राप्तिः** છે. માત્ર, અત્યારસુધી તે કેમ 'અપ્રાપ્ત' રહેતું હતું, એ પરિસ્થિતિને, વાસ્તવિક સત્યને સ્પષ્ટરીતે સમજવાની જરૂર છે.

શ્લોકનો છંદ : **शालिनी** (૧૯૮)

૧૯૯

यावद् भ्रान्तिस्तावदेवास्य सत्ता
मिथ्याज्ञानोज्जृम्भितस्य प्रमादात् ।
रज्ज्वां सर्पो भ्रान्तिकालीन एव
भ्रान्तेर्नाशे नैव सर्पोऽपि तद्वत् ॥ १९९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યાવદ્ ભ્રાન્તિસ્તાવદેવાસ્ય સત્તા
મિથ્યાજ્ઞાનોજ્જૃમ્ભિતસ્ય પ્રમાદાત્ ।
રજ્જ્વાં સર્પો ભ્રાન્તિકાલીન એવ
ભ્રાન્તેર્નાશે નૈવ સર્પોઽપિ તદ્વત્ ॥ ૧૯૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : યાવદ્ ભ્રાન્તિઃ, તાવદ્ એવ પ્રમાદાત્ મિથ્યાજ્ઞાનોજ્જૃમ્ભિતસ્ય અસ્ય (જીવભાવસ્ય) સત્તા (અસ્તિ) । રજ્જ્વાં સર્પઃ ભ્રાન્તિકાલીનઃ એવ (અસ્તિ) । ભ્રાન્તેઃ નાશે સર્પઃ અપિ ન એવ (અસ્તિ), તદ્-વત્ (અત્ર પ્રસ્તુતે વિષયે અસ્તિ) ॥ ૧૯૯ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : યાવદ્ ભ્રાન્તિઃ, તાવદ્ એવ પ્રમાદાત્ મિથ્યાજ્ઞાન - ઉજ્જૃમ્ભિતસ્ય અસ્ય (જીવભાવસ્ય) સત્તા (અસ્તિ) । યાવદ્-તાવદ્ એટલે જ્યાં સુધી- ત્યાં સુધી, પ્રમાદ એટલે અજ્ઞાન-અવિદ્યા-વિવેકરહિતતા, ઉજ્જૃમ્ભિત એટલે ઉત્પન્ન થયેલું, ઉપજેલું, પેદા થયેલું, સત્તા એટલે અસ્તિત્વ, હયાતી, હોવાપણું (Being, Existence). અસ્ એટલે થવું હોવું, એ ધાતુ પરથી બનેલું ભાવવાચક નામ, સત્-તા, સત્તા. આ જીવભાવની 'સત્તા' (હયાતી) ક્યાં સુધી ? જ્યાં સુધી ભ્રાન્તિ ચાલુ રહે ત્યાં સુધી. આ જીવભાવ શાને કારણે ઉત્પન્ન થયો (ઉજ્જૃમ્ભિત) ? મિથ્યાજ્ઞાનથી, અજ્ઞાનથી તે ઉપજ્યો. પણ તે ઉત્પન્ન થયો, તેનું શું કારણ ? પ્રમાદાત્ - આળસ-અજ્ઞાનને લીધે પેદા થયો. તેથી તે જીવભાવની સત્તા, જ્યાં સુધી પેલી ભ્રાન્તિ ચાલુ રહે, ત્યાં સુધી જ.

આ પહેલાં એક વાર આવી ગયેલું 'દૃષ્ટાંત', અહીં પણ, સંચોટ હોવાથી, ફરી એક વાર યોજાયું છે : હતું તો મૂળ દોરડું (રજ્જુ) જ, પરંતુ જોનારને, રસ્તે જનારને, એમાં સાપ(રજ્જ્વાં સર્પઃ)નું દર્શન થયું, અંધકારને કારણે આવી ભ્રાન્તિ તેનાં મનમાં થઈ, પ્રમાદને કારણે એનાં મનમાં આવું મિથ્યાજ્ઞાન પેદા થયું ! પરંતુ એવું ખોટું દર્શન એના મનમાં ક્યાં સુધી ચાલુ રહ્યું ? જ્યાં સુધી પેલી ભ્રાન્તિ તેનાં મનમાં ચાલુ રહી, ત્યાં સુધી જ (ભ્રાન્તિકાલીનઃ એવ). એટલે ભ્રાન્તિનો જેવો નાશ થયો કે તરત જ (ભ્રાન્તેઃ નાશે) સાપ તો રહેતો જ નથી ! ફાનસ કે બેટરીનું અજવાળું થતાં, મૂળ હતું તે દોરડું જ દેખાયું, પછી સાપ રહે જ ક્યાંથી ? (નૈવ સર્પઃ) । 'ભ્રાન્તિ'ના નાશ સાથે જ જેમ સર્પ રહેતો નથી, તે જ પ્રમાણે (તદ્-વત્) અહીં, પ્રસ્તુત બાબતમાં પણ, પ્રમાદને કારણે મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયેલા જીવભાવનું પણ સમજવું !

અનુવાદ : જ્યાં સુધી ભ્રાંતિ હોય ત્યાં સુધી જ, પ્રમાદને કારણે મિથ્યાજ્ઞાનને લીધે ઉત્પન્ન થયેલા આ(જીવભાવ)નું અસ્તિત્વ રહે છે : દોરડામાં ભાસતો સર્પ, (એ પ્રકારની) ભ્રાંતિ-સમયમાં જ હોય છે. એવી ભ્રાંતિનો નાશ થતાં જ, સર્પ પણ ટળી જાય છે તેમ, (જીવભાવનું સમજવું). (૧૯૯)

ટિપ્પણ : ભ્રાન્તિને લીધે પ્રાપ્ત થયેલો પરમાત્માનો જીવભાવ સાચો નથી,– ગયા શ્લોકમાંના આ જ વિષયને અહીં જરા જૂદી રીતે સમજાવવામાં આવ્યો છે, અને એ સમજૂતી સાથે સંકળાયેલી સર્વ વીગતોને પણ શબ્દાર્થ-વિભાગમાં સંપૂર્ણરીતે સ્પષ્ટ કરી દેવામાં આવી છે, એટલે આ ટિપ્પણમાં વધુ કશું ઊમેરવાનું રહેતું નથી.

રાત્રે, રસ્તે જતાં, અંધારાંને લીધે, વચ્ચે પડેલું 'દોરડું' 'સર્પ'-રૂપે દેખાયું, કારણ ? અંધકાર-રૂપી 'ભ્રાન્તિ' : દોરડાંનું સર્પ રૂપે દેખાવાનું ક્યાં સુધી ? પેલી 'ભ્રાન્તિ' ટકે ત્યાં સુધી જ. (**भ्रान्तिकालीनः एव**)

અજવાળું આવ્યું, એટલે બાપડાં અંધારાંનું શું ગજું, – ટકી રહેવાનું ? અંધારું ગયું, એની સાથે જ ભ્રાન્તિ ગઈ, પછી 'સર્પ'નું હોવું જ અશક્ય ! (**भ्रान्तेर्नाशे सर्पोऽपि नैव अस्ति ।**).

એ જ રીતે (**तद्-वत्**), પરમાત્માના જીવભાવનું અસ્તિત્વ (**सत्ता**) ક્યાં સુધી ? અજ્ઞાનને લીધે ઉત્પન્ન થયેલી પેલી ભ્રાન્તિ ચાલુ રહે ત્યાં સુધી જ (**यावद्... तावद्**) !

પ્રસ્તુત ચર્ચામાં અને દૃષ્ટાંતમાં, બંનેમાં, - બધા જ અનર્થનાં મૂળમાં ભ્રાન્તિ હતી : ભ્રાન્તિનો નાશ, એટલે તેણે સર્જેલાં અનર્થોનો નાશ !

શ્લોકનો છંદ : **શાલિની (૧૯૯)**

૨૦૦

अनादित्वमविद्यायाः कार्यस्यास्य तथेष्यते ।
उत्पन्नायां तु विद्यायामाविद्यकमनाद्यपि ॥ २०० ॥
प्रबोधे स्वप्नवत् सर्वं सहमूलं विनश्यति ।

શ્લોકનો ગુજરાતી પાઠ :

અનાદિત્વમવિદ્યાયાઃ કાર્યસ્યાસ્ય તથેષ્યતે ।
ઉત્પન્નાયાં તુ વિદ્યાયામાવિદ્યકમનાદ્યપિ ॥ ૨૦૦ ॥
પ્રબોધે સ્વપ્નવત્ સર્વં સહમૂલં વિનશ્યતિ ।

શ્લોકનો ગદ્ય અન્વય : (**तथा**) **अविद्यायाः तथा कार्यस्य अपि अनादित्वं इष्यते** । **यथा उत्पन्नायां तु विद्यायां, प्रबोधे स्वप्नवत् सर्वं आविद्यकं अनादि अपि सहमूलं विनश्यति** ॥ ૨૦૦-૨૦૧ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **तथा अनादित्वं इष्यते** । **तथा** એટલે તેવી રીતે. **इष्यते** એટલે સ્વીકારવામાં આવે છે, માન્ય રાખવામાં આવે છે, સ્વીકાર્ય રહે છે. શું ? કોણ ? **अनादित्वं** - અનાદિપણું, અનાદિ છે, એ વાત. કોનું અનાદિત્વ સ્વીકાર્ય રહે છે ? (**यथा**) **अविद्यायाः तथा कार्यस्य अपि** (**अनादित्वं**) । કાર્ય એટલે પરિણામ, અવિદ્યાનું કાર્ય, પરિણામ, તેણે ઉત્પન્ન કરેલું અનિષ્ટ, - એટલે

કે જીવભાવ, સંસાર. આ બંને અનાદિ છે, એવું માન્ય રાખવામાં આવે છે. ટૂંકમાં, જેમ અવિદ્યા અનાદિ છે, તેમ તેના વડે અસ્તિત્વમાં આવેલો પરમાત્માનો જીવભાવ અથવા સંસાર પણ અનાદિ છે.

सर्वं आवेद्यकं (तस्य कार्यं) अपि अनादि सहमूलं विनश्यति । आवेद्यकं– अविद्याया इदं इति आवेद्यकम् । 'અવિદ્યા' અને તેનાથી ઉત્પન્ન થયેલું બધું જ, પરમાત્માનો જીવભાવ અથવા સંસાર, સઘળું જ, નાશ પામે છે (**विनश्यति**). પણ તે તો 'અનાદિ' હતુંને ? હા, હા, તે છતાં (**अनादि अपि**). અરે, એટલું જ નહીં પણ સમૂળગું (**सहमूलं**), મૂળ-સહિત, એટલે કે સંપૂર્ણરીતે નાશ પામે છે. પરંતુ આમ ક્યારે બને ? **उत्पन्नायां तु विद्यायाम् । सति सप्तमी** આ વાક્યરચના પેલા 'નાશ'નો સમય દર્શાવે છે, – જ્યારે વિદ્યા એટલે કે આત્માનું યથાર્થ જ્ઞાન, સાચી આત્માનુભૂતિ ઉત્પન્ન થાય ત્યારે. આવી પ્રક્રિયા કોના જેવી છે ? **प्रबोधे स्वप्नवत् । प्रबोध** એટલે જાગી જવું, જાગ્રત અવસ્થા, જાગી જતાં જેમ સ્વપ્ન નાશ પામે છે, તેમ. (૨૦૦-૨૦૧)

અનુવાદ : અવિદ્યાની જેમ તેનાં પરિણામ-સ્વરૂપ સંસાર પણ અનાદિ છે, પરંતુ યથાર્થજ્ઞાન ઉત્પન્ન થતાં જ, જાગી જતાં સ્વપ્નની જેમ, અવિદ્યાનું સઘળું પરિણામ પણ, અનાદિ હોવા છતાં, તેનાં મૂળ સહિત, નાશ પામે છે. (૨૦૦-૨૦૧)

ટિપ્પણ : અવિદ્યા અને એનાં પરિણામ-સ્વરૂપ સર્વનાં 'અનાદિત્વ'ની આ ચર્ચા પ્રસ્તુત એટલા માટે બને છે કે શિષ્યે, ગુરુજી સમક્ષ, પોતાની મુંઝવણ રજુ કરતી વખતે, અનાદિત્વ અંગેનો આ મુદ્દો પણ એ રજુઆતમાં સમાવિષ્ટ કર્યો હતો. (શ્લોક-૧૯૪)

'અનાદિ' એટલે તે, જેનો આરંભ (આદિ) હોય નહીં. પરમાત્માનો જીવભાવ, બુદ્ધિ વગેરે રૂપી એની ઉપાધિ જો ખરેખર 'અનાદિ' હોય તો એનો નાશ થઈ શકે નહીં, એટલે તે અનંત હોય, - એવી સંપૂર્ણરીતે તર્કસંગત (Logical) જણાય એવી, શિષ્યની દલીલ હતી.

શિષ્યની તાર્કિકતા (Logicality) એવી હતી કે જો પરમાત્માનો જીવભાવ અને તેની 'ઉપાધિ' અનાદિકાળની હોય તો, તેનો જીવભાવ 'નિત્ય' થશે, સંસારનું નિવારણ અશક્ય બનશે અને આમ જો સંસાર ચાલુ જ રહે તો પછી, જીવાત્માનો મોક્ષ પણ અશક્ય જ નહીં, પરંતુ એક અનિચ્છનીય અનર્થ જ બની રહે !

ન્યાયદર્શન પ્રમાણે, આવી પરિસ્થિતિ માટેનો પારિભાષિક શબ્દ છે **પ્રસંગ** એટલે કે 'અનિચ્છનીય અનર્થ', Undesirable contingency.

આચાર્યશ્રી પોતે પણ, પૂર્વપક્ષની દલીલોનું ખંડન કરતી વેળાએ, પોતાનાં ભાષ્યોમાં, ખાસ તો, **બ્રહ્મસૂત્ર** પરનાં ભાષ્યમાં, આ **'પ્રસંગ'** શબ્દને પ્રયોજે છે અને એ રીતે, ન્યાયદર્શનના આ પારિભાષિક શબ્દને વેદાંત–દર્શનનો પણ એક પ્રચલિત પારિભાષિક શબ્દ બનાવી દે છે !

અને મુમુક્ષુ સાધકને તો, આવો **'પ્રસંગ'** અવશ્ય મુંઝવે જ ! શિષ્યનાં મનને

મુંઝવી રહેલી આ ગડમથલ ગુરુજી આબાદ પારખી ગયા અને એનું સમયસર અને સંપૂર્ણ નિવારણ આ શ્લોકમાં કરે છે. અને એમનું આ નિવારણ, એક આદર્શ અધ્યાપકને છાજે એવું, પદ્ધતિસરનું (Systematical) છે.

તેમણે સૌપ્રથમ સ્પષ્ટતા તો એ કરી કે અવિદ્યા અને તેનું કાર્ય (એટલે કે, દેહાત્મબુદ્ધિ, અહંભાવ, જીવભાવ વગેરે) ભલે 'અનાદિ' હોય, પરંતુ તે કદી પણ, કોઈ પણ સંજોગોમાં 'અનંત', (અન્+અન્ત) નથી. આવી સમજ, આવું અર્થઘટન (Interpretation) અયોગ્ય છે, કારણ કે આ સમગ્ર બ્રહ્માંડમાં અનાદિ અને અનંત તો માત્ર એક જ છે, અને તે છે બ્રહ્મ, આત્મા અથવા આત્મતત્ત્વ. અને શિષ્યે ઉપર્યુક્ત જે તાર્કિકતા પ્રતિપાદન કરીને મોક્ષની અસંભવિતતાનો મુદ્દો ઊભો કર્યો, તેનું સંપૂર્ણ ખંડન ગુરુજીએ બે રીતે કર્યું : (૧) અવિદ્યા અને એનાં કાર્યનું અનાદિત્વ અમુક મર્યાદિત સમય માટેનું, એટલે કે અવિદ્યા ચાલુ રહે તેટલું જ (Temporary) છે, હંમેશનું (Permanent) નથી. સાધકનાં મનમાં આત્માનું યથાર્થજ્ઞાન ઉત્પન્ન થતાં જ, આ અવિદ્યાનો આખો પરિવાર, અનાદિ હોવા છતાં (सर्वं आवेद्यकं अनादि अपि) પણ સમૂળગો નાશ પામે છે (सहमूलं विनश्यति), એટલે કે તે 'અનંત' નહીં, પરંતુ 'સાન્ત' (સ+અંત) છે. મૂળ સવાલ, વિદ્યા એટલે કે આત્માનુભૂતિ ઉત્પન્ન થાય છે, તેનો છે (उत्पन्नायां तु विद्यायाम्). અવિદ્યા વગેરેની સ્વીકૃતિ 'સ્વપ્ન' જેવી છે : રાત્રે ઊંઘ દરમિયાન, સ્વપ્ન આવ્યું, તે ઘટના છે તો સાચી જ, પરંતુ એનું સાચાપણું, એનું સ્વીકારવાપણું (इष्यते) ક્યાં સુધી ? જ્યાં સુધી ઊંઘ ચાલુ રહે ત્યાં સુધી જ ! જાગ્યા પછી સ્વપ્નની ઘટના કેવી-કેટલી-ક્યાં સુધી ટકે ? આ સવાલનો જવાબ આપવાની જરૂર જ રહેતી નથી. સર્વવિદિત એ સ્વપ્ન, ખરેખર, 'સ્વપ્ન' જ હતું, જાગતાંની સાથે જ તેનો નાશ થઈ ગયો ! (प्रबोधे स्वप्नवत्). જાગ્યા પછી, માણસને પોતાની સઘળી સ્વપ્નસૃષ્ટિ ખોટી, મિથ્યા, ભ્રાંતિરૂપ સમજાઈ જાય છે, તેને એવી પ્રતીતિ થઈ જાય છે તેમ જ, સાધકને, જ્યારે, 'હું તો સત્-ચિદ્-આનંદસ્વરૂપ છું, અશરીરી, નિરાકાર, અવિદ્યાની સર્વ ઉપાધિઓથી રહિત એવો નિરુપાધિક આત્મા છું' એવું, પોતાને વિશે એને યથાર્થજ્ઞાન થાય ત્યારે પેલું અનાદિત્વ, તત્કાળ અને સંપૂર્ણપણે નિર્મૂળ થઈ જાય છે, નાશ પામે છે, - પછી ભલે ને અનાદિત્વ પોતાને અનાદિ માનતું હોય, તો પણ ! (૨) **બીજું** એ કે શિષ્યની તાર્કિકતા પ્રમાણે, જીવનો મોક્ષ અસંભવિત જ બની જાય તો, - શ્રુતિ, સ્મૃતિ વગેરે સઘળાં દાર્શનિક શાસ્ત્રગ્રંથો અને સંતો-મહંતો તથા આત્માનો સાક્ષાત્કાર કરનાર આચાર્યોની વાણી પણ અપ્રામાણિક, અસત્ય અંને મિથ્યા ઠરે ! અને આવું તો કદી બન્યું નથી, કદીયે બને જ નહીં - न भूतो, न भविष्यति ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૦૦-૨૦૧)**

૨૦૧

अनाद्यपीदं नो नित्यं प्रागभाव इव स्फुटम् ॥ २०१ ॥
अनादेरपि विध्वंसः प्रागभावस्य वीक्षितः ।

શ્લોકનો ગુજરાતી પાઠ :

अनाद्यपीदं नो नित्यं प्रागभाव ईव स्फुटम् ॥ २०१ ॥
अनादेरपि विध्वंसः प्रागभावस्य वीक्षितः ।

શ્લોકનો ગદ્ય અન્વય : अनादेः प्राग्-अभावस्य अपि विध्वंसः वीक्षितः, (तस्मात्) अनादि अपि इदं प्राग्-अभावः इव नो (न+उ) नित्यं (इति) स्फुटं (अस्ति) ॥ २०१-२०२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **अनादेः प्राग्-अभावस्य अपि विध्वंसः वीक्षितः ।** **प्राक्** - એટલે પહેલાં, પૂર્વે, અગાઉ, **अभाव** એટલે ન હોવાપણું, અન્-અસ્તિત્વ, અન્-ઉપસ્થિતિ, ગેરહાજરી, 'Absence, Non-existence'. **प्रागभाव** એ પૂર્વે ન હોવાની પરિસ્થતિ. **'अभाव'** એ ન્યાય-દર્શનનો એક પારિભાષિક શબ્દ છે.. દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ, એ કુલ સાત **'पदार्थो'**માંનો આ **'अभाव'** છેલ્લો અને સાતમો પદાર્થ છે. **'अभाव'** બે પ્રકારનો છે : (૧) સંસર્ગ-અભાવ અને (૨) અન્યોન્ય-અભાવ. સંસર્ગ-અભાવ પણ આ **ત્રણ** પ્રકારનો છે : (૧) પ્રાક્ અભાવ, (૨) પ્રધ્વંસ-અભાવ, અને (૩) અત્યંત-અભાવ

'અભાવ'ના આ પાંચ પ્રકારોને કોઠા(Table)નાં રૂપમાં, આ રીતે, દર્શાવી શકાય :-



ન્યાય-દર્શનના 'તર્ક-ભાષા', 'તર્ક-સંગ્રહ' 'સપ્તપદાર્થી', 'તર્ક-કૌમુદી', 'ન્યાયસાર', - વગેરે ગ્રંથોમાં આ **અભાવ**નું પ્રકરણ સવિસ્તર સમજાવવામાં આવ્યું છે, પરંતુ આપણા માટે તો, **અભાવ**નો **પ્રાક્-અભાવ** એ એક જ પ્રકાર પ્રસ્તુત છે, એટલે એનાં સ્વરૂપની સમજૂતી જ પર્યાપ્ત થશે.

સૌપ્રથમ તો એ સમજી લેવાનું રહે છે કે 'દ્રવ્ય' વગેરે પ્રથમ છ **પદાર્થો** 'ભાવ-રૂપ' (હાજરી અથવા ઉપસ્થિતિ - Presence રૂપવાળાં) છે. આ **'अभाव'**ની વ્યાખ્યા (એનું 'લક્ષણ' Definition) આ પ્રમાણે આપવામાં આવી છે :

भावभिन्नः पदार्थः प्रतियोगिज्ञानाधीनविषयः । **प्रतियोगी** એટલે વિરુદ્ધ-વિપરીત-

પ્રતિકૂલ તત્ત્વ. કોઈ પણ તત્ત્વના અભાવનું જ્ઞાન ત્યારે જ મેળવી શકાય, જ્યારે તેના વિરોધી તત્ત્વનું જ્ઞાન મેળવી લેવામાં આવ્યું હોય. દાખલા તરીકે, ઘટાભાવ (ઘટ+અભાવ)ને **તો**, અને **ત્યારે જ** સમજી શકાય, **જો** અને **જ્યારે** આપણે ઘટાભાવના વિરોધી (પ્રતિયોગી) એવા ઘટને બરાબર સમજી લીધો હોય. ઘડો એટલે શું ? ઘડાનું સ્વરૂપ કેવું છે ? એ જાણ્યા-સમજ્યા વિના ઘડાની ગેરહાજરી, એટલે કે ઘટાભાવને સમજી ન શકાય. ઘડો હાજર ન હોય એવી વસ્તુસ્થિતિ, એટલે, ઘડાનો અભાવ, ઘટ-અભાવ.

અભાવનું આ પ્રાથમિક સ્વરૂપ સમજ્યા પછી, હવે આપણે, આપણા માટે અહીં પ્રસ્તુત છે, તે **પ્રાગ્-અભાવ** પર આવીએ : માટી 'કારણ' અને એમાંથી બનાવવામાં આવેલો ઘડો 'કાર્ય' છે. ઘડો ઉત્પન્ન કરવામાં આવ્યો તે પહેલાં (**પ્રાક્**), માટી(કારણ)માં રહેલા ઘડા(કાર્ય)નો અભાવ, એટલે **પ્રાગ્-અભાવ**. માટીમાં ઘડો હાજર ન્હોતો, - આ થયો ઘડાનો પ્રાગભાવ. તંતુઓ (એટલે કે તાંતણાં) 'કારણ' છે, અને એમાંથી વણવામાં આવેલું પટ (એટલે કે કાપડ) એ 'કાર્ય' છે. પટ વણવામાં આવ્યું તે પહેલાં (**પ્રાક્**), તંતુ(કારણ)માં રહેલા પટ(કાર્ય)નો અભાવ, એટલે પ્રાક્-અભાવ, પટ-પ્રાગભાવ.

ટૂંકમાં, ઘટ અને પટ ઉત્પન્ન થયાં તે પહેલાં (**પ્રાક્**), ઘટ-પ્રાગભાવ અને પટ-પ્રાગભાવ અસ્તિત્વ ધરાવતાં હતાં, એટલે કે આવા બે અભાવો, ઘટ અને પટની ઉત્પત્તિ પહેલાં હાજર હતાં, અને તેમની તે હાજરી ક્યારે શરૂ થઈ હશે, તે કોઈ જ જાણતું નથી તેથી, આ બે પ્રાગભાવો અનાદિ છે. પરંતુ આ પ્રાગભાવો અનંત નથી, સાન્ત (સ+અંત) છે, વિનાશી છે, કારણ કે જેવાં ઘટ અને પટ જેવાં કાર્યો અસ્તિત્વમાં આવે, તેવાં જ, ઘટ અને પટના પ્રાગભાવો નષ્ટ થઈ જાય.

ટૂંકમાં, પ્રાગભાવ અનાદિ છે, પરંતુ અનંત નથી, એનો અંત નિશ્ચિત છે, અને તે અંત એટલે તે તે કાર્યોની ઉત્પત્તિ.

હવે આપણે, શ્લોકમાંના શબ્દોની અર્થ-સમજૂતી પર પાછાં આવીએ : **વિધ્વંસ** એટલે વિનાશ, અંત. **વીક્ષિતઃ** એટલે જોવામાં આવ્યો છે. આમ, આ મુખ્ય વાક્યનો અર્થ આ પ્રમાણે થશે : અનાદિ એવા પ્રાગભાવનો પણ વિનાશ એટલે કે અંત જોવામાં આવ્યો છે. એનો અર્થ એ થયો કે કોઈ પણ વસ્તુ 'અનાદિ' ભલે હોય, તે અનંત નથી, તે પણ સાન્ત છે. **(તસ્માત્) અનાદિ અપિ ઇદં (તસ્ય કાર્યં) પ્રાગભાવઃ ઇવ નો નિત્યં (ઇતિ) સ્ફુટં (અસ્તિ)** । સ્ફુટં એટલે સ્પષ્ટ, સરળ, સમજાય તેવું. તેથી, અનાદિ હોવા છતાં, આ (અવિદ્યા અને તેનું કાર્ય), પ્રાગભાવની જેમ નિત્ય નથી, એ હકીકત સ્પષ્ટ છે. (૨૦૧-૨૦૨)

અનુવાદ : અનાદિ એવા પ્રાગભાવનો પણ વિનાશ જોવામાં આવ્યો છે, તેથી અનાદિ હોવા છતાં પણ આ (અવિદ્યા અને તેનું કાર્ય) પ્રાગભાવની જેમ નિત્ય નથી, એ (હકીકત) સ્પષ્ટ છે. (૨૦૧-૨૦૨)

ટિપ્પણ : 'પ્રાગભાવ'નું સ્વરૂપ, આ પહેલાં, શબ્દાર્થ-વિભાગમાં, માટી-ઘટ અને તંતુ-પટના દાખલા આપીને સવિસ્તર સમજાવવાં આવ્યું હોવાથી, હવે જીવભાવ અને અવિદ્યા એ બધું ભલે અનાદિ હોય, - આ બધાં પણ, ઉપર પ્રાગભાવનું સ્વરૂપ વિશદતાપૂર્વક, તાત્ત્વિક રીતે, અને શાસ્ત્રીય સંદર્ભમાં સમજાઈ જતાં, અનંત નથી, એનો પણ વિનાશ છે, અંત છે, એ હકીકત સ્પષ્ટ થઈ જશે.

જીવભાવનો વિનાશ ક્યારે થાય ? આત્માનાં યથાર્થ જ્ઞાનનો ઉદય થાય ત્યારે.

ઘડાનો પ્રાગભાવ એટલે ઘડો ઉત્પન્ન થયો, તે પહેલાંનો અભાવ, પણ જેવો ઘડો બનાવવામાં આવ્યો, તેવો જ, તે જ ક્ષણે, તેનો પ્રાગભાવ નષ્ટ થઈ ગયો.

સિદ્ધાંત એ છે કે કારણના નાશમાં જ કાર્યનો નાશ રહેલો છે, તેથી આત્માનાં યથાર્થજ્ઞાનની પ્રાપ્તિ થતાં, જીવભાવનાં કારણરૂપ અવિદ્યાનો નાશ થાય જ.

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ છે કે જીવભાવ ભલે અનાદિ હોય, એ અનંત નથી, સાન્ત છે, વિનાશી છે. જીવભાવ ઉત્પન્ન થાય છે અવિદ્યા-અજ્ઞાનને કારણે. વિદ્યા અને જ્ઞાનનો ઉદય થતાં જ તે નાશ પામે છે. અને એટલે જ એનાં અસ્તિત્વને, એની સત્તાને, સ્વપ્ન જેવી પ્રાતિભાસિક, માત્ર દેખાય છે તેવી, કહેવામાં આવી છે. (प्रबोधे स्वप्नवत् - શ્લોક ૨૦૧)

ટૂંકમાં, શિષ્યનાં મનમાં, અનાદિત્વ વિશેની જે ગડમથલ હતી તેનું, ગુરુજીએ, અભાવ અથવા પ્રાગભાવનાં સ્વરૂપને નિરૂપીને, આ રીતે, નિવારણ કર્યું. મોક્ષાર્થી સાધકને હવે સ્પષ્ટ સમજાઈ ગયું હશે કે જીવભાવ અને તેનાં પરિણામ-સ્વરૂપ આ સંસાર અને સમગ્ર જીવસૃષ્ટિ અનાદિ છતાં સાન્ત છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૦૧-૨૦૨)

૨૦૨-૨૦૩-૨૦૪

यदबुद्ध्याद्युपाधिसंबन्धात् परिकल्पितमात्मनि ॥ २०२ ॥
जीवत्वं न ततोऽन्यत्तु स्वरूपेण विलक्षणम् ।
संबन्धः स्वात्मनो बुद्ध्या मिथ्याज्ञानपुरःसरः ॥ २०३ ॥
विनिवृत्तिर्भवेत् तस्य सम्यग्-ज्ञानेन नान्यथा ।
ब्रह्मात्मैकत्वविज्ञानं सम्यग्-ज्ञानं श्रुतेर्मतम् ॥ २०४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यद्बुद्ध्याद्युपाधिसंबन्धात् परिकल्पितमात्मनि ॥ २०२ ॥
जीवत्वं न ततोऽन्यत्तु स्वरूपेण विलक्षणम् ।
संबन्धः स्वात्मनो बुद्ध्या मिथ्याज्ञानपुरःसरः ॥ २०३ ॥
विनिवृत्तिर्भवेत् तस्य सम्यग्-ज्ञानेन नान्यथा ॥
ब्रह्मात्मैकत्वविज्ञानं सम्यग्-ज्ञानं श्रुतेर्मतम् ॥ २०४ ॥

શ્લોકોનો ગદ્ય અન્વય : आत्मनि बुद्धि-आदि-उपाधिसंबन्धात् परिकल्पितं यद् जीवत्वं, (तत्) ततः आत्मनः अन्यत् स्वरूपेण तु विलक्षणं न (अस्ति), स्वात्मनः बुद्ध्या संबन्धः मिथ्याज्ञानपुरःसरः (अस्ति), तस्य सम्यग्-ज्ञानेन विनिवृत्तिः भवेत् न अन्यथा, ब्रह्मात्मैकत्वविज्ञानं श्रुतेः सम्यग्-ज्ञानं मतम् ॥ (२०२-२०३-२०४)

शब्दार्थ : मुख्य वाक्य : आत्मनि बुद्धि-आदि-उपाधिसंबन्धात् परिकल्पित् यद् जीवत्वं (तत्) ततः आत्मनः अन्यत् स्वरूपेण न (अस्ति) । આત્મામાં બુદ્ધિ વગેરે ઉપાધિના સંબંધથી કલ્પાયેલું, — જેની કલ્પના થઈ છે તે, જીવત્વ, — વિશુદ્ધ આત્માથી ભિન્ન (કે અલગ, જુદું) પણ નથી. स्वरूपेण तु विलक्षणं (न अस्ति) । સ્વરૂપથી વિલક્ષણ પણ નથી.

स्वात्मनः बुद्ध्या संबन्धः मिथ्याज्ञानपुरःसरः (अस्ति) । (કારણ કે) પોતાના આત્માનો બુદ્ધિ સાથેનો સંબંધ એ જ, મિથ્યાજ્ઞાન છે. तस्य मिथ्याज्ञानस्य सम्यग्-ज्ञानेन विनिवृत्तिः भवेत् न अन्यथा । निवृत्ति એટલે પૂરેપૂરું નિવારણ, દૂરીકરણ, દૂર કરવું તે. આ મિથ્યાજ્ઞાનનું પૂરેપૂરું નિવારણ (હું શુદ્ધ-બુદ્ધ-મુક્ત-નિત્ય આત્મા છું' - એવાં) સમ્યગ્-જ્ઞાનથી, એટલે કે આત્મજ્ઞાનથી, યથાર્થ જ્ઞાનથી થાય છે, બીજી કોઈ રીતે નહીં. ब्रह्म-आत्मा-एकत्व-विज्ञानं सम्यग्-ज्ञानं (इति) श्रुतेः मतम् (अस्ति) । બ્રહ્મ અને આત્માની એકતાનો અનુભવ એ જ સમ્યગ્-જ્ઞાન છે, યથાર્થ જ્ઞાન છે, – એવો શ્રુતિનો, એટલે કે ઉપનિષદોનો મત છે, એટલે કે જીવ અને બ્રહ્મની ઐક્યાનુભૂતિ, એ જ સમ્યગ્-જ્ઞાન છે, એવો શ્રુતિનો અભિપ્રાય છે. (૨૦૨-૨૦૩-૨૦૪)

અનુવાદ : આત્મામાં બુદ્ધિ વગેરે ઉપાધિના સંબંધથી કલ્પાયેલું જે જીવત્વ છે તે, તે(આત્મા)નાથી ભિન્ન નથી અને સ્વરૂપથી વિલક્ષણ પણ નથી, કારણ કે પોતાના આત્માનો બુદ્ધિ સાથેનો સંબંધ એ જ મિથ્યાજ્ઞાન છે, તે(મિથ્યાજ્ઞાન)નું આત્માનાં યથાર્થજ્ઞાન વડે પૂરેપૂરું નિવારણ થાય છે, બીજી કોઈ રીતે નહીં. જીવ અને બ્રહ્મની એકતાનો અનુભવ એ જ સમ્યક્ જ્ઞાન છે, એવો શ્રુતિનો મત છે. (૨૦૨-૨૦૩-૨૦૪)

ટિપ્પણ : પ્રાગભાવનો સંદર્ભ આપીને, ગ્રંથકારે, ગયા શ્લોકમાં, પ્રતિપાદન કર્યું કે જીવભાવ અનાદિ હોવા છતાં તે અનંત નથી, સાન્ત (સ+અન્ત) છે. જેવી બ્રહ્મ-ભાવની પ્રાપ્તિ થાય કે તરત જ જીવભાવનો અંત આવે છે, એનો નાશ થઈ જાય છે.

આટલું સમજી લીધા પછી, મુમુક્ષુનાં મનમાં સવાલ એ ઊભો થાય કે આવો આ જીવભાવ ઉત્પન્ન શા કારણે થાય છે ? અને એનું આત્યંતિક નિવારણ શી રીતે થઈ શકે ?

બુદ્ધિ વગેરે તો દાર્શનિક દૃષ્ટિએ 'ઉપાધિ' જ છે. જે આત્મા મૂળભૂતરૂપે શુદ્ધ-બુદ્ધ છે, તેમાં ઉપાધિરૂપ આ બુદ્ધિ વગેરેના સંબંધના કારણે જ અનાદિ એવો

આ જીવભાવ ઉત્પન્ન થાય છે. હકીકતમાં, આત્માનો બુદ્ધિ-વગેરે સાથેનો આ સંબંધ, એ પણ માત્ર એક કલ્પના જ છે, આત્મામાં પેલી ઉપાધિનું આરોપણ જ છે, આવી કલ્પના કે આવું આરોપણ પણ એક ભ્રાંતિ જ છે, જે, માત્ર અજ્ઞાનનું જ પરિણામ છે, કારણ કે આ જીવત્વ પણ આત્માથી ભિન્ન નથી, અલગ નથી (जीवत्वं आत्मनः न अन्यत्). વળી, જીવત્વનું બિચારાનું શું ગજું કે તે આત્માથી વિલક્ષણ એવું, પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધારણ કરી શકે ? આવું તો કદાપિ બની શકે જ નહીં, કારણ કે સંબંધનું તો સ્વરૂપ જ એવું છે કે તે ઉભયાન્વયી છે, બે સ્વતંત્ર અને ભિન્ન વસ્તુઓ કે તત્ત્વો વચ્ચે જ હોઈ શકે, — જ્યારે અહીં જીવ અને આત્મા તો એક જ છે, એ બેની વચ્ચેનું તાદાત્મ્ય તો માત્ર કલ્પવામાં જ આવ્યું છે (परिकल्पितं).

તો પછી, આવી કલ્પના થઈ જ કેમ ? જીવત્વ અને આત્મા, એ બંને એક જ હોવા છતાં, એ બંનેને જૂદા માનીને, એ બંનેનો સંબંધ કલ્પવામાં આવ્યો, — એવું મિથ્યાજ્ઞાન જ, એનું એકમાત્ર કારણ (विनिवृत्तिः) હતું. તો હવે આ મિથ્યાજ્ઞાનનું નિવારણ કેવી રીતે કરવું ? આ સવાલનો જવાબ તો સાવ સીધો-સાદો અને સરળ છે : મિથ્યા-જ્ઞાનનું નિવારણ તો માત્ર એક જ રીતે થઈ શકે, — સમ્યગ્જ્ઞાન વડે. સમ્યગ્-જ્ઞાન એટલે આત્માનું યથાર્થજ્ઞાન, જીવ અને બ્રહ્મ(આત્મા)ની એકતાનો અનુભવ. બ્રહ્મ અને આત્માની ઐક્યાનુભૂતિ એ જ સમ્યગ્-જ્ઞાન. હકીકતમાં, જીવ અને બ્રહ્મ એ બે ભિન્ન નથી, પરંતુ એક, અભિન્ન અને અદ્વિતીય છે, એવું જ્ઞાન, એવી પ્રતીતિ, એ જ સમ્યગ્-જ્ઞાન, અને આ જ શ્રેષ્ઠ તથા સર્વોત્તમ, સર્વોત્કૃષ્ટ જ્ઞાન છે.

પરંતુ આવો મત કોનો છે ?

જેનો તેનો નહીં, પરંતુ ચાર પ્રમાણોમાં જે સૌથી વધારે પ્રમાણભૂત (Authoritative) છે તે, — શબ્દપ્રમાણનો, શ્રુતિનો, વેદોનો, ઉપનિષદોનો ! (ब्रह्म-आत्मा-एकत्वविज्ञानं एव सम्यग्ज्ञानं इति श्रुतेः मतम् ।)

શ્લોકોનો છંદ : અનુષ્ટુપ (૨૦૨, ૨૦૩, ૨૦૪)

૨૦૫

तदात्मानात्मनोः सम्यग्-विवेकेनैव सिध्यति ।
ततो विवेकः कर्तव्यः प्रत्यगात्मासदात्मनोः ॥ ૨૦૫ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तदात्मानात्मनोः सम्यग्-विवेकेनैव सिध्यति ।
ततो विवेकः कर्तव्यः प्रत्यगात्मासदात्मनोः ॥ ૨૦૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : आत्मा-अनात्मनोः सम्यग्-विवेकेन एव तत् (सम्यग्

ज्ञानं) सिध्यति । ततः आत्मा-असद्-आत्मनोः विवेकः कर्तव्यः ॥ २०५ ॥

शब्दार्थ : मुख्य वाक्य : **तत् (सम्यग् ज्ञानं) सिध्यति** । ते, એટલે કે સમ્યગ્-જ્ઞાન, આત્માનું યથાર્થજ્ઞાન સિદ્ધ અથવા સંપન્ન થાય છે. शानाथी ? - **आत्मा-अनात्मनोः सम्यग्-विवेकेन एव** । આત્મા અને અનાત્માના સમ્યક્ એટલે કે યથાર્થ વિવેક વડે જ. **तत्** - તેથી, માટે, તે કારણે. તેથી શું કરવું જોઈએ? **प्रत्यग् आत्मा असद्-आत्मनोः विवेकः कर्तव्यः** । **प्रत्यग्-आत्मा** આત્મા અને અનાત્માના સમ્યક્ એટલે કે યથાર્થ વિવેક વડે જ **ततः** તેથી, માટે, તે કારણે. તેથી શું કરવું જોઈએ ? **प्रत्यग्-आत्मा-असद्-आत्मनोः विवेकः कर्तव्यः** । **प्रत्यग् आत्मा** એટલે સ્વ-સ્વરૂપ આત્મા, **असद्-आत्मा** એટલે ખોટી રીતે આત્મા બની બેઠેલાં બુદ્ધિ-વગેરે, એટલે કે, હકીકતમાં, અનાત્મા. સ્વ-સ્વરૂપ આત્મા અને અનાત્મા વચ્ચે વિવેક કરવો જોઈએ. (૨૦૫)

અનુવાદ : આત્મા અને અનાત્મા વચ્ચેના યથાર્થ વિવેક વડે જ તે (સમ્યગ્-જ્ઞાન) સિદ્ધ થાય છે, (અને) તેથી સ્વ-સ્વરૂપ આત્મા અને અનાત્મા વચ્ચે વિવેક કરવો જોઈએ. (૨૦૫)

ટિપ્પણ : મોક્ષાર્થી સાધકે ભૂલોની જે પરંપરા શરૂ કરી, તેમાં સૌપ્રથમ હતી, આત્મામાં બુદ્ધિ વગેરેની પરિકલ્પના. આ જ હતું મિથ્યાજ્ઞાન, અને આ મિથ્યાજ્ઞાન તો માત્ર સમ્યગ્જ્ઞાન વડે જ નિવારી શકાય, – એટલું તો ગયા શ્લોકમાં, ગ્રંથકારે, પ્રતિપાદિત કર્યું. વળી, આ સમ્યગ્જ્ઞાન એટલે બીજું કશું જ નહીં, પરંતુ **બ્રહ્મ** અને આત્માની એકતાનો અનુભવ (**ब्रह्मात्मैकत्वविज्ञानम्**). પરંતુ આવું **શ્રુતિ**-સંમત, ઉપનિષદોએ એકી-અવાજે (Unanimously) પ્રમાણભૂત ઠરાવેલું સમ્યગ્જ્ઞાન સિદ્ધ કેવી રીતે કરવું ? આ પ્રશ્નનો પ્રત્યુત્તર આ શ્લોકમાં આપવામાં આવ્યો છે. સારી-નરસી અને સાચી-ખોટી એવી બે પરસ્પર-ભિન્ન વસ્તુઓ વચ્ચેના વિવેક(Sense of Discretion, Discrimination)ના મહિમાનું, આ પહેલાં, નિરૂપણ કરવામાં આવ્યું છે. વળી, વિવેક પણ સમ્યક્, સાચો, યથાર્થ હોવો જોઈએ.

સાધકે બીજી જે વાત યાદ રાખવાની છે તે, આત્મા સિવાયનું જે કઈ છે સંસાર, અવિદ્યા, બુદ્ધિ વગેરે, તે બધું અનાત્મા જ છે. આત્મા અને અનાત્મા વચ્ચેના યથાર્થ વિવેક વડે જ તે, - સમ્યગ્-જ્ઞાન સિદ્ધ થઈ શકે છે; એટલે કે સાધક માટેની, પાયાની, મહત્ત્વની બાબત છે, સ્વ-સ્વરૂપ એવા આત્મા અને ખોટી રીતે બની બેઠેલા એવા, બુદ્ધિ વગેરે (**असद्**), એટલે કે અનાત્મા વચ્ચેનો સઘળી નિત્ય-અનિત્ય અને સોપાધિક-નિરુપાધિક વસ્તુઓ વચ્ચેનો અવશ્ય કરવાનો વિવેક.

ટૂંકમાં, જેને મોક્ષપ્રાપ્તિ કરવી છે એવા મોક્ષાર્થી સાધક માટે, આવી યથાર્થ વિવેકબુદ્ધિ એક અનિવાર્ય (Indispensable) આવશ્યકતા છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૦૫)**

૨૦૬

जलं पंकवदत्यन्तं पंकापाये जलं स्फुटम् ।
यथा भाति तथाऽऽत्मापि दोषाभावे स्फुटप्रभः ॥ २०६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જલં પંકવદત્યન્તં પંકાપાયે જલં સ્ફુટમ્ ।
યથા ભાતિ તથાઽઽત્માપિ દોષાભાવે સ્ફુટપ્રભઃ ॥ ૨૦૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : અત્યન્તં પંકવદ્ (અપિ) જલં પંક-અપાયે યથા સ્ફુટં જલં ભાતિ, તથા આત્મા અપિ દોષ-અભાવે સ્ફુટપ્રભઃ (ભવતિ) ॥ ૨૦૬ ॥

શબ્દાર્થ : પંકવદ્ એટલે કાદવવાળું, ગંદું, મેલું, અપાય એટલે નાશ, દૂરીકરણ. પંક-અપાય એટલે કાદવ વિનાનું બનતાં, કાદવ (નીચે) બેસી જતાં, સ્ફુટં એટલે સ્વચ્છ, શુદ્ધ, નિર્મળ, ચોકખું. અત્યન્તં એટલે ખૂબ, અતિશય, ઘણું. ખૂબ કાદવવાળું હોવા છતાં, કાદવ નીચે બેસી જતાં, પાણી સ્વચ્છ દેખાય છે, તે પ્રમાણે. 'તે પ્રમાણે' શું ? દોષ-અભાવે । દોષ, જીવભાવરૂપી દોષ. આ જીવભાવરૂપી દોષ દૂર થતાં, સ્ફુટપ્રભઃ (ભવતિ) । દોષમુક્ત થતાં, સ્પષ્ટ પ્રભાવાળો બને છે, સ્પષ્ટપણે પ્રકાશે છે, એનો પ્રકાશ સ્પષ્ટ થઈ જાય છે. (૨૦૬)

અનુવાદ : પાણી, અતિશય કાદવવાળું હોવા છતાં, કાદવ (નીચે બેસી જતાં), જેમ સ્વચ્છ દેખાય છે તેમ, આત્મા પણ દોષમુક્ત થતાં, સ્પષ્ટ પ્રભાવાળો બનીને પ્રકાશે છે. (૨૦૬)

ટિપ્પણ : કાદવથી મેલું બનેલું (पंकवत्) પાણી અને જીવભાવરૂપી દોષવાળો આત્મા, - એ બંને વચ્ચે અહીં સરખામણી (તુલના) કરવામાં આવી છે. વાંધો કે વાંક પાણીનો નથી, એમાં ભળેલા કાદવનો છે, કાદવને જ કારણે પાણી ગંદુ બની જાય છે, પેય (પીવા લાયક) રહેતું નથી. પરંતુ કાદવ દૂર થતાં અથવા નીચે-તળિયે બેસી જતાં (पंक-अपाये), એ જ પાણી સાફ (स्फुटं) બની જાય છે અને પેય બની રહે છે.

એ જ રીતે, આત્મા તો હંમેશ માટે એક પૂજ્ય, સ્વીકાર્ય-નિર્મળ અથવા ઇચ્છનીય તત્ત્વ છે. મુશ્કેલી ઊભી થાય છે, જ્યારે એ જીવભાવરૂપી દોષથી ખરડાય છે, પોતાના સ્વકીય પ્રકાશ (પ્રભા) વિનાનો (निष्प्रभ) બની જાય છે. સંનિષ્ઠ સાધનાનાં પરિણામે, સાધક એમાં, એટલે કે આત્મામાં પ્રવેશી ગયેલા જીવભાવરૂપી દોષને દૂર કરે છે, એટલે કે જ્યારે આત્મા આ રીતે દોષ-વિનાનો (दोषाभावे) બની જાય છે ત્યારે, એનો પોતાનો પ્રકાશ (પ્રભા) છતો થઈ જાય છે, એટલે કે તે પોતાની સ્પષ્ટ પ્રભા વડે પ્રકાશવા માંડે છે. (स्फुटप्रभः भवति ।)

ટૂંકમાં, આત્મા સ્પષ્ટ રીતે પ્રકાશતો ન્હોતો, એટલે કે સાધકને તેનું સ્પષ્ટ દર્શન થતું ન્હોતું, તેનું કારણ એ હતું કે જીવભાવરૂપી દોષનું આવરણ તેના પર આવી ગયું હતું. આત્મા આ દોષ વડે 'આવૃત' (Covered) થઈ ગયો હતો, ઢંકાઈ ગયો હતો. પરંતુ જીવભાવરૂપી આ દોષનું આવરણ દૂર થતાં (**દોષાભાવે**), આત્મા સ્વકીય પ્રકાશ વડે ઝગમગવા લાગ્યો, ઝળાંહળાં બની ગયો !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ્** (૨૦૬)

૨૦૭

असन्निवृत्तौ तु सदात्मनः स्फुटं
प्रतीतिरेतस्य भवेत् प्रतीचः ।
ततो निरासः करणीय एव -
- सदात्मनः साध्वहमादिवस्तुनः ॥ २०७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

असन्निवृत्तौ तु सदात्मनः स्फुटं
प्रतीतिरेतस्य भवेत् प्रतीचः ।
ततो निरासः करणीय एव -
- सदात्मनः साध्वहमादिवस्तुनः ॥ २०७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : असत्-निवृत्तौ तु प्रतीचः एतस्य सद्-आत्मनः प्रतीतिः स्फुटं भवेत् । ततः सद्-आत्मनः अहं-आदि-वस्तुनः साधु निरासः करणीयः एव ॥ २०७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : असत्-निवृत्तौ तु प्रतीचः एतस्य सद् आत्मनः प्रतीतिः स्फुटं भवेत् । નિવૃત્તિ: એટલે નિવારણ, દૂર કરવાની પ્રક્રિયા, દૂરીકરણ: કોની નિવૃત્તિ? असत्ની, એટલે કે ખોટા, મિથ્યા, ભ્રાન્તિકલ્પિત જીવભાવની નિવૃત્તિ, असत्-સ્વરૂપ અવિદ્યા તથા આ સંસારના પ્રપંચની નિવૃત્તિ, सद्-आत्मनः प्रतीतिः स्फुटं भवेत्। प्रतीतिः એટલે અનુભૂતિ, અનુભવ, प्रतीचः એટલે પ્રત્યગાત્મા, અંત:કરણમાં રહેલો જીવાત્મા, सत्-સ્વરૂપ આત્મા. असत्નું નિવારણ થતાં જ, અંતરમાં રહેલા આ પ્રત્યગાત્મા એવા सत्-સ્વરૂપ આત્માની પ્રતીતિ, એની અનુભૂતિ સ્પષ્ટ થાય છે. सद्-आत्मनः अहं आदि-वस्तुनः साधु निरासः करणीयः एव । ततः તેથી. ત્યારપછી શું કરવું જોઈએ ? निरासः । निरासः એટલે નિવૃત્તિ, નિવારણ, દૂર કરવું તે, એટલે કર્તવ્ય, કરવા-યોગ્ય, કરવું જોઈએ, સાધુ સારી રીતે, સારી પેઠે, શામાંથી ? કોનો 'નિરાસ ?' सत्-आत्मनः - सत्-સ્વરૂપ આત્મામાંથી, અહંકાર (अहं) વગેરે વસ્તુને સારી પેઠે દૂર કરવી જોઈએ. (૨૦૭)

અનુવાદ : અસત્‌નું એટલે કે અવિદ્યાનું નિવારણ થતાં જ, અંતરમાં રહેલા આ સત્સ્વરૂપ આત્માની અનુભૂતિ સ્પષ્ટ થાય છે, ત્યારપછી સત્સ્વરૂપ આત્મામાંથી અહંકાર વગેરે વસ્તુને સારી પેઠે દૂર કરવી જોઈએ. (૨૦૭)

ટિપ્પણ : મહત્ત્વની વાત છે આત્માને આવરી રહેલા જીવભાવરૂપી દોષને દૂર કરવાની. આ દોષ દૂર થાય કે તરત જ આત્માની પોતાની પ્રભા પ્રગટ થઈ જાય છે, તે પોતે સ્વકીય પ્રકાશ વડે સ્પષ્ટપણે પ્રકાશે છે.

સાધકનો હંમેશનો પ્રયાસ યથાર્થ વિવેકબુદ્ધિના વિનિયોગ વડે, સત્સ્વરૂપ આત્મામાં, પેલા દોષને કારણે ઘર કરી બેઠેલા અહંકાર વગેરે વસ્તુનું સારી પેઠે, – એટલે કે આત્મા સંપૂર્ણરીતે નિર્મળ થઈ જાય, એવી રીતે – નિવારણ કરવાનો હોવો જોઈએ. અંધારાંને કારણે, દોરડા પરનાં સર્પરૂપી આરોપણના દોષનું નિવારણ થતાં જ, દોરડું પોતાનાં મૂળસ્વરૂપે, જોનારની સમક્ષ, સ્પષ્ટરીતે દેખાવા લાગ્યું એ જ રીતે, અહીં, આત્મા પર, અહંકાર વગેરે વસ્તુઓનાં આરોપણનો દોષ હતો ત્યાં સુધી, સત્સ્વરૂપ આત્માની પ્રતીતિ સ્પષ્ટ ન્હોતી.

અહંકાર વગેરે વસ્તુઓને કારણે, ભ્રમ-જન્ય અને અવિદ્યા-કલ્પિત જીવભાવ, એ જ આત્મા પરનાં આરોપણરૂપી દોષ. મોક્ષાર્થી સાધકે આ દોષનો 'નિરાસ' કરવો જ રહ્યો ! (**निरासः करणीयः एव** ।) ટૂંકમાં, 'સત્' પરનાં 'અસત્'ના આરોપણ-દોષનું નિવારણ એ, સાધક માટે, પાયાનો ધર્મ (Fundamental duty) બની રહે છે. (૨૦૭)

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૦૭)

૨૦૮

अतो नायं परात्मा स्याद्विज्ञानमयशब्दभाक् ।
विकारित्वाज्जडत्वाच्च परिच्छिन्नत्वहेतुतः ।
दृश्यत्वाद् व्यभिचारित्वान्नानित्यो नित्य इष्यते ॥ २०८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अतो नायं परात्मा स्याद्विज्ञानमयशब्दभाक् ।
विकारित्वाज्जडत्वाच्च परिच्छिन्नत्वहेतुतः ।
दृश्यत्वाद् व्यभिचारित्वान्नानित्यो नित्य ईष्यते ॥ २०८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : विज्ञानमयशब्दभाक् अयं (कोशः), विकारित्वात्, जडत्वात्, परिच्छिन्नत्वहेतुतः (तथा च), दृश्यत्वात्, व्यभिचारित्वात्, नित्यः न इष्यते, (तस्मात्) (सः) अनित्यः (अस्ति), अतः (सः) परात्मा न स्यात् ॥२०८॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : विज्ञानमयशब्दभाक् अयं (कोशः) नित्यः न इष्यते । शब्दभाक् – એ શબ્દ વડે વાચ્ય, એ નામે ઓળખાતો આ વિજ્ઞાનમય (કોશ),

नित्यः न इष्यते । નિત્ય હોઈ શકે નહીં. આવું શા કારણે ? આ કારણો, આ પ્રમાણે, પાંચ : (૧) विकारित्वात् - વિકારી, એટલે કે પરિવર્તનશીલ, પળે પળે બદલાતો હોવાથી. જે નિત્ય હોય, એનો અર્થ જ એ કે તે એક જ સ્વરૂપમાં હંમેશ રહે છે. અને આ કોશ તો વારંવાર બદલાતો જ હોય છે, તે કારણે તે નિત્ય હોઈ શકે નહીં, (૨) जडत्वात् - જડ હોવાથી. જડ હોય તે નિત્ય હોઈ શકે જ નહીં, (૩) परिच्छिन्नत्वहेतुतः 'પરિચ્છિન્ન' એટલે સીમાવાળો, સીમિત, મર્યાદિત. આવું કારણ હોવાથી (हेतुतः). (૪) दृश्यत्वात् - આત્માનો, તે, દૃશ્ય વિષય બનતો હોવાથી અને (૫) व्यभिचारित्वात् - 'વ્યભિચારી' એટલે કે અનેકગામી, અનેક તત્ત્વોના સંપર્કમાં રહેતો હોવાથી. આ પાંચ કારણે આ વિજ્ઞાનમય કોશ નિત્ય હોઈ શકે નહીં. (अयं कोशः) अनित्यः (एव अस्ति) । આ કોશ અનિત્ય જ છે. अतः આથી, આ કારણે, એટલે કે તે અનિત્ય જ છે, - એ કારણે. આ કારણે શું કહેવાનું પ્રાપ્ત થાય છે ? - એ જ કે अयं (कोशः) परात्मा न स्यात् । આ વિજ્ઞાનમય કોશ પરમાત્મા નથી. (૨૦૮)

અનુવાદ : 'વિજ્ઞાનમય' એ શબ્દથી ઓળખાતો આ (કોશ), ક્ષણે ક્ષણે બદલાતો હોવાથી, જડ હોવાથી, તે મર્યાદિત છે. એ કારણે, (આત્માનો) દૃશ્ય વિષય બનતો હોવાથી, અને વ્યભિચારી હોવાથી, તે નિત્ય હોઈ શકે નહીં, અનિત્ય જ છે, અને આથી તે પરમાત્મા નથી. (૨૦૮)

ટિપ્પણ : ગ્રંથકારે પાંચ કોશોનાં નિરૂપણનો આરંભ છેક શ્લોક-૧૫૬થી કર્યો અને વચ્ચે, અન્નમય-પ્રાણમય-મનોમય એ ત્રણ કોશો વિશેની વિચારણા પૂરી કરીને, આ ચોથા કોશ-વિજ્ઞાનમય-નું નિરૂપણ શ્લોક-૧૮૬થી શરૂ કર્યું હતું, તેનું સમાપન આ શ્લોકમાં થાય છે.

છેલ્લા ૨૨ શ્લોકોમાં ચાલી રહેલાં નિરૂપણના સંદર્ભમાં, આ કોશ સાથે સંકળાયેલા અનેક પ્રસ્તુત મુદ્દાઓને, ગ્રંથકારે, રજુ કર્યા. એટલે, આ વિજ્ઞાનમય-કોશના પ્રસ્તુત વિષયનો સંદર્ભ કોઈક વાચક વીસરી જાય, એવું ન બનવા પામે, એ હેતુથી, આટલી સ્પષ્ટતા કરવાનું જરૂરી બન્યું.

વિજ્ઞાનમય કોશનાં સ્વરૂપ વિશે કોઈ પણ સાધક જરા પણ ભ્રમમાં ન રહે એટલા માટે, આચાર્યશ્રીએ એના વિશેની એક અત્યંત મહત્ત્વની વાત ભારપૂર્વક (Emphatically) જણાવી દીધી કે આ કોશ, તે પરમાત્મા નથી (अयं न परात्मा स्यात् ।). 'કેમ ?' એવું કોઈ પૂછે તો તેનો ઉત્તર આ પ્રમાણે રોકડો છે : તે તો 'અનિત્ય' છે (अनित्यः अस्ति). વળી, બીજો સવાલ પૂછાય કે 'આ કોશ નિત્ય કેમ ન હોઈ શકે ?(कथं नित्यः न स्यात् ?)' તો, તેઓશ્રી, સંપૂર્ણરીતે પ્રતીતિજનક એવાં જડબેસલાક **પાંચ** કારણો આપે છે અને આ પાંચેય કારણો, ખરેખર, ખૂબ સમજવા જેવાં છે : (૧) **પહેલું** કારણ એ કે આ કોશ વિકારી છે, **विकारित्वात्**. એનામાં સતત ફેરફારો થતા રહે છે. સ્થૂળબુદ્ધિ-સૂક્ષ્મબુદ્ધિ, વિવેકબુદ્ધિ-વિવેકવિહીન બુદ્ધિ, આત્મબુદ્ધિ-અનાત્મબુદ્ધિ, મંદબુદ્ધિ-પરિપક્વબુદ્ધિ વગેરે જેવા અનેક વિકારો

તેમાં જોવા મળે છે. પરમાત્મા જેવું જે નિત્ય હોય તે તો હંમેશાં એ જ સ્વરૂપમાં ચાલુ રહે, એનામાં કશાં જ પરિવર્તનો ક્યારેય ન આવે. (૨) **બીજું**, આ કોશ જડ છે (**जडत्वात्**). જે જડ હોય, ચૈતન્યવિહીન હોય, પરતંત્ર હોય, તે કદાપિ નિત્ય હોઈ શકે નહીં. વિશુદ્ધસ્વરૂપમાં પરમાત્મા તો, નિત્ય હોવાથી, હંમેશાં ચૈતન્યસભર અને સ્વયંસ્વતંત્ર હોય છે. (૩) **ત્રીજું**, આ કોશને અનેક પ્રકારના પરિચ્છેદો નડે છે (**परिच्छिन्नत्वहेतुतः**). પરિચ્છેદો એટલે સીમાઓ, મર્યાદાઓ (Limitations). દેશ-કાળ-વસ્તુ વગેરે અનેક તત્ત્વોથી, તે પરિચ્છિન્ન-મર્યાદિત-સીમિત છે, જ્યારે પરમાત્મા તો સદા-સર્વદા અપરિચ્છિન્ન, અનાદિ, અનંત, છે, એને કોઈ સીમા નડતી નથી. તે તો અસીમ કે નિઃસીમ છે. જે નિત્ય હોય તે, આવા બધા પરિચ્છેદોથી મુક્ત હોય. (૪) **ચોથું**, જે નિત્ય હોય તે હંમેશાં દૃષ્ટા (Seer) હોય, દૃશ્ય (Seen) ન હોય. આ કોશ તો આત્માનો દૃશ્ય વિષય બને છે (**दृश्यत्वात्**) અને જે 'દૃશ્ય' હોય તે નિત્ય હોઈ શકે નહીં. દૃશ્ય ઉપરાંત તે જ્ઞેય (Known, જ્ઞાનનું કર્મ) છે, જ્યારે નિત્ય એવા પરમાત્મા તો હંમેશ જ્ઞાતા (જ્ઞાનનો કર્તા - Subject) જ રહે છે. અને છેલ્લું તથા (૫) **પાંચમું** એ કે આ કોશ અનેકગામી હોવાને કારણે તે વ્યભિચારી છે (**व्यभिचारित्वात्**). પરમાત્મા તો સુષુપ્તિ-સહિત ત્રણેય અવસ્થામાં હાજર હોય છે, સત્ હોવાથી ભાવરૂપ હોય છે, સુષુપ્તિ દરમિયાન પણ તે સાક્ષી-સ્વરૂપે ઉપસ્થિત હોય છે, જ્યારે સુષુપ્તિસમયમાં આ કોશ હાજર હોતો નથી, એનો ભાવ (Presence) હોતો નથી, અસત્ હોવાથી એનો, ત્યારે, અભાવ હોય છે.

નિત્ય અને અનિત્ય એટલે કે સત્ અને અસત્ની હાજરી અને ગેરહાજરી એટલે કે તેમનાં ભાવરૂપ અને અભાવરૂપ વિશે, **ગીતા**એ સંક્ષિપ્ત છતાં સચોટ નિરૂપણ કરતાં સ્પષ્ટ જણાવ્યું છે કે, જે અસત્ (અનિત્ય) હોય, તેનો કદી ભાવ (Presence) હોતો નથી, અને જે સત્ (નિત્ય) હોય, તેનો કદી અભાવ (Absence) હોતો નથી :-

नासतो (न असतः) विद्यते भावो नाभावो (न अभावः) विद्यते सतः । (૨, ૧૬)

આવાં બધાં કારણોને લીધે, આ વિજ્ઞાનમય કોશ નિત્ય હોઈ શકે નહીં (**नित्यः न इष्यते**) અને આથી (**अतः**) તે પરમાત્મા ન હોઈ શકે, નથી જ (**परात्मा न स्यात् ।**).

પરમાત્મા હોવાની, આ વિજ્ઞાનમય કોશની અપાત્રતા, આમ, એ કોશનું નિરૂપણ પૂરું કરતાં, આચાર્યશ્રીએ, અસરકારક રીતે, સિદ્ધ કરી દીધી. પરમાત્મા તો, આ બ્રહ્માંડમાંની સર્વ વસ્તુઓથી, એમાંનાં સમસ્ત તત્ત્વોથી, એ સર્વથી, એ સમસ્તથી, એ સમગ્રથી, સદા-સર્વદા વિશિષ્ટ છે, જૂદો છે, ન્યારો છે, ભિન્ન છે. અરે, એ તો એક જ છે, અદ્વિતીય છે, તો પછી એનો સમકક્ષ (Equivalent) હોવાનું કે બનવાનું આ કોશનું બિચારાનું તો ગજું જ શું ?

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૦૮)

आनन्दप्रतिबिम्बचुम्बिततनुर्वृत्तिस्तमोज्जृम्भिता
स्यादानन्दमयः प्रियादिगुणकः स्वेष्टार्थलाभोदये ।
पुण्यस्यानुभवे विभाति कृतिनामानन्दरूपः स्वयं
भूत्वा नन्दति यत्र साधु तनुभृन्मात्रः प्रयत्नं विना ॥ २०९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

આનન્દપ્રતિબિમ્બચુમ્બિતતનુર્વૃત્તિસ્તમોજૃમ્ભિતા
સ્યાદાનન્દમયઃ પ્રિયાદિગુણકઃ સ્વેષ્ટાર્થલાભોદયઃ ।
પુણ્યસ્યાનુભવે વિભાતિ કૃતિનામાનન્દરૂપઃ સ્વયં
ભૂત્વા નન્દતિ યત્ર સાધુ તનુભૃન્માત્રઃ પ્રયત્નં વિના ॥ ૨૦૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : આનન્દ-પ્રતિબિમ્બ-ચુમ્બિતતનુઃ તમઃ-ઉજ્જૃમ્ભિતા વૃત્તિઃ પ્રિયાદિગુણકઃ આનન્દમયઃ સ્યાત્ । સ્વ-ઇષ્ટ-અર્થલાભોદયે, પુણ્યસ્ય અનુભવે, કૃતિનાં આનન્દરૂપઃ સ્વયં વિભાતિ, યત્ર તનુભૃત્-માત્રઃ ભૂત્વા પ્રયત્નં વિના સાધુ નન્દતિ ॥ ૨૦૯ ॥

શબ્દાર્થ : (ઈદૃશઃ) આનન્દમયઃ (કોશઃ) **સ્યાત્** । આનન્દમય કોશ આવો (ઈદૃશઃ) છે. 'આવો' એટલે કેવો (કીદૃશઃ) ? **આનન્દપ્રતિબિમ્બિતચુમ્બિતતનુઃ** । તનુઃ એટલે શરીર. એટલે આ આખા શબ્દનો અર્થ આવો થાય : આનન્દરૂપ આત્માનું જે શરીરમાં પ્રતિબિંબ પડે છે તેવો. વળી, કેવો ? **તમઃ-ઉજ્જૃમ્ભિતા વૃત્તિઃ** । તમઃ એટલે તમોગુણ, ઉજ્જૃમ્ભિતા એટલે તમોગુણથી પ્રગટ થતી, તમોગુણવાળી વૃત્તિ. આવી વૃત્તિ એ જ આનન્દમય કોશ. વળી, તે **પ્રિય-આદિ-ગુણકઃ** એટલે પ્રિયતા, આમોદ-પ્રમોદ-મોદ વગેરે ગુણોવાળો છે. આ આનન્દમય કોશનો સાક્ષાત્કાર, એનું દર્શન કોને, ક્યારે થાય છે ? **સ્વ-ઇષ્ટ-અર્થ-લાભોદયે** - પોતાની ઇચ્છિત વસ્તુ આવી મળે ત્યારે, **પુણ્યસ્ય અનુભવે** (ચ) - પોતાનાં પુણ્યકર્મનો અનુભવ થાય ત્યારે, એટલે કે પોતાનાં પુણ્યકર્મ પાકતાં, પાકે ત્યારે. (સઃ) આનન્દરૂપઃ **સ્વયં વિભાતિ** । આ આનન્દમય કોશ પોતે જ, આનન્દનાં રૂપમાં દેખાય છે, જણાય છે, દર્શન આપે છે. કોને ? **કૃતિનામ્** - કૃતિન્ એટલે પુણ્યકર્મ કરનાર, પુણ્યશાળી વ્યક્તિ. આવી વ્યક્તિઓને આ કોશ દેખાય છે, એટલે કે આવી પુણ્યશાળી વ્યક્તિઓ પોતે જ આનંદમયસ્વરૂપ બની જાય છે. તે વખતે શું બને છે ? **યત્ર તનુભૃત્-માત્રઃ** (આનન્દરૂપઃ) **ભૂત્વા પ્રયત્નં વિના સાધુ નન્દતિ** । તનુભૃત્ એટલે શરીર (તનુ) ધારણ કરનાર, દરેક પ્રાણી, દેહધારી, આનંદમય બનીને, કશા પણ પ્રયત્ન વગર, સારી રીતે આનંદ અનુભવે છે. ટૂંકમાં, ત્યારે, તે વખતે, પુણ્યોદય-સમયે, પ્રાણીમાત્ર, વિના પ્રયત્ને આનંદિત બની જાય છે. (૨૦૯)

અનુવાદ : આનન્દરૂપ આત્માનું જે(શરીર)માં પ્રતિબિંબ પડે છે, તેવી તમો-

ગુણવાળી વૃત્તિ, પ્રિયતા (પ્રમોદ, મોદ વગેરે) રૂપે ઇચ્છિત વસ્તુ મળતાં, આનંદમય કોશ પ્રગટ થાય છે. વળી, પોતાનાં પુણ્યકર્મનો અનુભવ થાય ત્યારે, પુણ્યકર્મ કરનારાં મનુષ્યોને (આ કોશ) આનંદરૂપે સ્વયં જણાય છે, જેમાં પ્રાણીમાત્ર આનંદમય બની, કશા પણ પ્રયત્ન વગર, સારી રીતે આનંદ અનુભવે છે. (૨૦૯)

ટિપ્પણ : શ્લોક-૧૫૬થી શરૂ થયેલું, પાંચ કોશોનાં સ્વરૂપનું, નિરૂપણ, હવે, આ છેલ્લા, પાંચમા, આનંદમય-કોશનાં સ્વરૂપનાં નિરૂપણ (શ્લોકો-૨૦૯-૨૧૦-૨૧૧) સાથે, પૂરું થાય છે. શ્લોક-૨૧૨માં આ પાંચેય કોશોનો ઉપસંહાર કરીને, ગ્રંથકાર, મોક્ષાર્થી સાધકને, એ પાંચેયના નિષેધની ભલામણ કરે છે અને વેદાન્ત-દર્શનના આ એક મહત્ત્વના વિષયની ચર્ચાનું સમાપન કરે છે.

આ કોશનું નામ, એની સંજ્ઞા 'આનન્દમય' છે, એટલે વિશુદ્ધ આત્માનાં જે ત્રણ મૂળભૂત સ્વરૂપો છે, – સત્, ચિત્ અને આનંદ, – તેમાંનું 'આનન્દ'–સ્વરૂપ જેનાં નામ સાથે સંકળાયેલું છે તે, આ આનન્દમય કોશ, આવકાર્ય-સ્વીકાર્ય કે ગ્રહણ કરવા યોગ્ય હશે, એવી ભ્રમણામાં કોઈ સાધક ન રહે તે માટે, આચાર્યશ્રી, સૌપ્રથમ, ચોખવટ કરી નાખે છે કે આનન્દ-સ્વરૂપ આત્માનું જે શરીરમાં પ્રતિબિંબ પડે છે તેવો (आनन्दप्रतिबिम्बितचुम्बिततनुः) આનન્દમય કોશ પણ અંતે તો, તમોગુણથી પ્રગટ થતી વૃત્તિમાત્ર જ (तमः-उज्जृम्भिता वृत्तिः) છે. અને આવી વૃત્તિ કંઈ સારી ન કહેવાય, એને આત્મસાત્ કરવાથી કંઈ શુભ પરિણામ ન આવે.

વળી, મનુષ્યને સુખનો અનુભવ કરાવનારા આ ત્રણ ગુણોને, – પ્રિયતા, મોદ અને પ્રમોદને, – શાસ્ત્રોએ ગણાવ્યા છે. પરંતુ આ ત્રણ ગુણોનું સ્વરૂપ એવું છે કે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય ત્યારે (स्व-इष्ट-अर्थ-लाभ-उदये), એની પ્રિયતાની માત્રા પ્રમાણે મનુષ્યની ચિત્તવૃત્તિ જે આનંદનો અનુભવ કરે છે તે, ઉત્તરોત્તર, આરોહના ક્રમે કરે છે. દા.ત. કોઈ મનુષ્યને સોનાના અલંકારો બહુ ગમે છે, એટલે કે એ તેનું અર્થ છે. એનો વિચાર કે દર્શન પણ એને જે આનંદ આપે છે તે, પ્રિયતા – પ્રકારનો છે. એવા અલંકારો જ્યારે તેને ખરેખર પ્રાપ્ત થાય છે ત્યારે આનંદ મોદ પ્રકારનો બને છે. પરંતુ જ્યારે તે આ અલંકારોને પોતાનાં શરીર પર ધારણ કરે છે, પહેરે છે, તે સમયનો આનંદ તો પ્રમોદ-પ્રકારનો થઈ જાય છે. પ્રિયતા – પ્રકારનો આનંદ ઉચ્ચ છે, મોદ-પ્રકારનો આનંદ ઉચ્ચતર છે. પણ પ્રમોદ-પ્રકારનો તો ઉચ્ચતમ છે, સર્વોત્કૃષ્ટ છે. પરંતુ આ પ્રકારનો શ્રેષ્ઠ આનંદ, પુણ્યકર્મ કરનારાઓ(कृतिनाम्)ને, એમનાં પુણ્યો પાકે ત્યારે (पुण्यस्य अनुभवे) જણાય છે અને તે પણ સ્વયં આનંદ-રૂપે જણાય છે (आनन्दरूपः स्वयं विभाति ।) હકીકતમાં, તે પુણ્યશાળી વ્યક્તિ પોતે જ આનંદમય-સ્વરૂપ બની જાય છે.

પરંતુ આવો પ્રગાઢ આનંદ તે વ્યક્તિને સુષુપ્તિ-અવસ્થામાં, ગાઢ નિદ્રા દરમિયાન થાય છે, અને આવી સ્થિતિ તે જીવાત્માની સ્થિતિ છે, જે આનંદમયકોશના ઉદયનાં કારણે શક્ય બને છે. એટલે એમ કહી શકાય કે આવી

સર્વોચ્ચ આનંદની સ્થિતિ સાથે જે તાદાત્મ્ય સાધે છે, તે જીવ પોતે જ આનંદમય કોશ બની રહે છે.

આ જ અનુસંધાનમાં સાધકે એ હકીકત ખાસ યાદ રાખવાની રહે છે કે સુષુપ્તિ અવસ્થાની ગાઢ નિદ્રામાં આવા પ્રગાઢ આનંદની અનુભૂતિ દરમિયાન જીવ, સતત તમોગુણવાળી વૃત્તિના પ્રભાવ તળે હોવાથી, વિવેકરહિત હોય છે અને તેથી તેનાં મન-બુદ્ધિ-ઇન્દ્રિયો વગેરે પણ તમોગુણના તમોમય પર્યાવરણથી આવૃત, આચ્છાદિત બની જાય છે, ઢંકાઈ જાય છે. સ્વાભાવિક રીતે જ, પરિણામ એ આવે છે કે પુણ્યો પાકતાં, પુણ્યશાળી વ્યક્તિઓ (**कृतिनाम्**) પોતે જ (**स्वयं**) આનંદરૂપ બની જતી હોય અને એ રીતે પ્રાણીમાત્ર (**तनुभृत्-मात्रः**) આનંદમય બનીને (**भूत्वा**), કશા પણ પ્રયત્ન વિના (**प्रयत्नं विना**) ભલે સારી પેઠે (**साधु**) આનંદની અનુભૂતિ કરતી હોય (**नन्दति**), તેમ છતાં, અંતે તો, આ પરિસ્થિતિમાં, સામ્રાજ્ય તો તમોગુણનું જ હોવાથી, જીવ, આ ક્ષણિક અને અલ્પજીવી આનંદાવસ્થામાં રાચે છે, અજ્ઞાનથી ઢંકાયેલો રહે છે અને જીવનનાં એકમાત્ર પ્રાપ્તવ્ય એવાં, આત્મદર્શનના અસીમ આનંદથી વંચિત રહી જાય છે.

શ્લોકનો છંદ : **शार्दूलविक्रीडित** (૨૦૯)

૨૧૦

आनन्दमयकोशस्य सुषुप्तौ स्फूर्तिरुत्कटा ।
स्वप्नजागरयोरीषदिष्टसंदर्शनादिना ॥ ૨૧૦ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

આનન્દમયકોશસ્ય સુષુપ્તૌ સ્ફુર્તિરુત્કટા ।
સ્વપ્નજાગરયોરીષદિષ્ટસંદર્શનાદિના ॥ ૨૧૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : **आनन्दमयकोशस्य उत्कटा स्फूर्तिः सुषुप्तौ (एव भवति), स्वप्नजागरयोः (तु) इष्टसंदर्शनादिना ईषत् (स्फूर्तिः) (भवति)** ॥૨૧૦॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **आनन्दमयकोशस्य उत्कटा स्फूर्तिः सुषुप्तौ (एव भवति)** । **स्फूर्ति** એટલે સ્ફુરણ, પ્રભાવ, પ્રાકટ્ય, આવિર્ભાવ, આવિષ્કરણ, **उत्कटा** એટલે સ્પષ્ટ, તીવ્ર, સંપૂર્ણ, શ્રેષ્ઠ. આનન્દમય કોશનું ઉત્કટ સ્ફુરણ તો સુષુપ્તિ-અવસ્થામાં જ, એટલે કે ગાઢ નિદ્રામાં જ, થાય છે. તો પછી, બાકીની બે, સ્વપ્ન અને જાગ્રત-અવસ્થાઓમાં આ કોશનું સ્ફુરણ કેવું હોય છે ? **स्वप्नजागरयोः तु ईषत् स्फूर्तिः (भवति)** । **ईषत्** એટલે થોડું, ક્ષણિક, સામાન્ય, અલ્પ. આ બે અવસ્થાઓમાં તો આ કોશનું સ્ફુરણ થોડુંક જ હોય છે. આવું કેમ ? શા કારણે ? **इष्ट-संदर्शन-आदिना** । **इष्ट** એટલે પોતાની અભીષ્ટ, ઇચ્છિત, મનગમતી, પ્રિય વસ્તુ. પોતાની પ્રિય વસ્તુની પ્રાપ્તિ અથવા દર્શન વગેરે થતાં, થવાને કારણે. (૨૧૦)

અનુવાદ : આનન્દમય-કોશનું સ્પષ્ટ સ્ફુરણ તો સુષુપ્તિ-અવસ્થામાં જ થાય

છે. સ્વપ્ન અને જાગ્રત અવસ્થાઓમાં તો પોતાની પ્રિય વસ્તુનાં દર્શન થતાં તે સ્ફુરણ થોડું જ હોય છે. (૨૧૦)

ટિપ્પણ : આનન્દમય કોશનાં સ્ફુરણ, પ્રભાવ વિશે, એટલે કે ત્રણ અવસ્થાઓ દરમિયાન એનાં પ્રાકટ્યની પરિસ્થિતિ વિશે, અહીં સંક્ષેપમાં છતાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. ગયા-છેલ્લા શ્લોકમાં જ એક ચોખવટ, સૌપ્રથમ, કરવામાં આવી હતી કે આનંદમય એવા આત્માનું પ્રતિબિંબ શરીરમાં પડે છે તે સમયે, જીવાત્મા પર તમોગુણવાળી વૃત્તિનું વર્ચસ્વ હોય છે. હકીકતમાં તો, આ વૃત્તિ એટલે જ આનન્દમય કોશ. એનો ફલિતાર્થ જ એ કે આનંદમય-કોશમાંનો 'આનંદ' સુષુપ્તિ-અવસ્થાની ગાઢ નિદ્રામાં જ અનુભવી શકાય છે, એટલું જ નહીં પરંતુ વિવેકહીન એવી એ તમોગુણી પરિસ્થિતિમાં, આ કોશનું સ્ફુરણ, સ્વાભાવિક રીતે જ, ઉત્કટ હોય છે. તમોગુણ એટલે અજ્ઞાનનો પર્યાય (Synonym), જેનાં પરિણામે, જીવાત્મા અનેક પ્રકારની વાસનાઓ વડે પૂરેપૂરો ઢંકાઈ જાય છે. પછી તો, આનન્દમય-કોશને પોતાનાં સ્ફુરણ માટે 'મોકળું' મેદાન જ મળી જાય છે !

પરંતુ સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં આ સ્ફુરણને મર્યાદા આવી જાય છે, કારણ કે આ બે અવસ્થાઓમાં જીવાત્માને પોતાની પ્રિય વસ્તુની પ્રાપ્તિ થાય છે, અને તેથી ઇષ્ટનાં દર્શન-શ્રવણના પ્રભાવમાં આનંદમય-કોશનું સ્ફુરણ ઘટી જાય છે, એનો સુખસ્વભાવ અલ્પકાલીન અને ક્ષણિક (ઈષત્) બની જાય છે. સુષુપ્તિ-અવસ્થામાં તો જીવાત્મા ગાઢ નિદ્રામાં હોય છે, તેથી તેને ઇષ્ટ-અનિષ્ટ કે પ્રિય-અપ્રિય વિશે કશો વિવેક જ હોતો નથી. નિદ્રામાંથી જાગ્રત થતાં, જીવાત્મા ભાનમાં આવે છે, વચ્ચેની સ્વપ્ન-અવસ્થા પણ રહેતી નથી, જીવાત્માને પોતાની પ્રિયવસ્તુની પ્રાપ્તિ થઈ જાય છે, તેથી સુષુપ્તિ-અવસ્થામાં જ રાચતા-મ્હાલતા આનંદમય કોશનું ચલણ હવે ટકી જ ન શકે, ટકે તો સાવ થોડું !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૧૦)**

૨૧૧

नैवायमानन्दमयः परात्मा
सोपाधिकत्वात् प्रकृतेर्विकारात् ।
कार्यत्वहेतोः सुकृतक्रियाया
विकारसङ्घातसमाहितत्वात् ॥ २११ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

नैवायमानन्दमयः परात्मा
सोपाधिकत्वात् प्रकृतेर्विकारात् ।
कार्यत्वहेतोः सुकृतक्रियाया
विकारसंघातसमाहितत्वात् ॥ २११ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : सोपाधिकत्वात् प्रकृतेः विकारात् सुकृतक्रियायाः कार्यत्वहेतोः, विकारसंघातसमाहितत्वात्, - अयं आनन्दमयः (कोशः) परात्मा न एव (अस्ति) ॥ २११ ॥

शब्दार्थ : मुख्य वाक्य : अयं आनन्दमयः (कोशः) परात्मा न एव (अस्ति) । **परात्मा** એટલે શુદ્ધ આત્મા, પરમાત્મા. આ આનંદમય કોશ પરમાત્મા નથી જ. કેમ ? શા કારણે ? **ચાર** કારણો આ પ્રમાણે છે : (૧) **सोपाधिकत्वात्** (બુદ્ધિ વગેરે) ઉપાધિવાળો હોવાથી, (૨) **प्रकृतेः विकारात्** - પ્રકૃતિનો વિકાર હોવાથી, (૩) **सुकृतक्रियायाः कार्यत्वहेतोः** । **सुकृतक्रिया** એટલે શુભકાર્ય, સારું કર્મ, **कार्य** એટલે ફળ, શુભકર્મોનાં ફળરૂપ બનેલો હોવાથી, અને (૪) **विकारसंघात-समाहितत्वात्** । **संघात** એટલે સમૂહ, સમુદાય, સંગ્રહ. વિકારોનો સમૂહ એટલે આ પાંચભૌતિક દેહ, **समाहितत्व** એટલે આશ્રયે રહેવું, વિકારોના સમૂહ એવા આ પંચમહાભૂતોનાં બનેલાં શરીરના આશ્રયે રહેલો હોવાથી. આ ચાર કારણોને લીધે આ આનંદમય કોશ પરમાત્મા હોઈ શકે નહીં. (૨૧૧)

અનુવાદ : ઉપાધિવાળો હોવાથી, પ્રકૃતિનો વિકાર હોવાથી, શુભકાર્યોનાં ફળરૂપ બનેલો હોવાથી, અને વિકારોના સમુદાય એવા દેહને આશ્રયે રહેલો હોવાથી, – આ આનંદમય કોશ શુદ્ધ આત્મા નથી જ. (૨૧૧)

ટિપ્પણ : આ પહેલાંના વિજ્ઞાનમય કોશનું નિરૂપણ પૂરું કરતાં, તે માટેના શ્લોક-૨૦૮માં આવું જ વિધાન હતું કે 'આ વિજ્ઞાનમય કોશ પરમાત્મા નથી' (**विज्ञानमयशब्दभाक् अयं परात्मा न स्यात्** ।). એ જ પ્રકારનું પ્રતિપાદન, આનન્દમય કોશ માટે, અહીં કરવામાં આવ્યું છે. પેલાં વિધાનનાં સમર્થનમાં જેમ **પાંચ** કારણો આપવામાં આવ્યાં હતાં, તેમ અહીં **ચાર** કારણો આપવામાં આવ્યાં છે, જે, પ્રમાણમાં, સરળ અને સર્વવિદિત જેવાં છે : ઉપાધિ તરીકે બુદ્ધિ વગેરે તો ખરાં જ, પરંતુ આ કોશને પ્રિય, મોદ અને પ્રમોદરૂપી ગુણો (**प्रियादिगुणकः**) જેવી કેટલીક વધારાની ઉપાધિઓ પણ વળગેલી છે, તેથી તે 'સોપાધિક' છે,જ્યારે પરમાત્મા તો પ્રકૃતિના વિકારોથી સર્વદા-સર્વદા મુક્ત, અને તેથી 'અ-વિકારી' છે. વળી, આનન્દમય કોશની ઉત્પત્તિ જ પુણ્યકર્મોનાં ફળરૂપે થઈ છે (**पुण्यस्य अनुभवे आनन्दरूपः स्वयं विभाति** ।), જ્યારે વિશુદ્ધ આત્મા તો અજ એટલે કે અજન્મા છે, જન્મેલો જ નથી, **ગીતા**માં કહ્યું છે તેમ, –

न जायते म्रियते वा कदाचित्
अजो नित्यो शाश्वतो वा... ॥ २,२० ॥

અજ ઉપરાંત, તે નિત્ય અને શાશ્વત પણ છે, એટલે તેને કર્મ અને ફળ સાથે કશો સંબંધ જ નથી. છેલ્લી વાત એ કે આ કોશનું આશ્રયસ્થાન જ અનેક વિકારોના સમૂહરૂપ અને પાંચ મહાભૂતોનાં પરિણામ-સ્વરૂપ અપવિત્ર એવો આ દેહ છે,

જ્યારે પરમાત્મા તો સ્વરૂપે જ 'અસંગ' છે, પછી તેને કોઈ સંગ-સમૂહ કે આધાર-આશ્રયની જરૂર જ શી ?

આમ, આ પહેલાંના ચારેય કોશોની જેમ, આ આનન્દમય કોશ પણ કદાપિ પરાત્મા હોઈ શકે નહીં. આવો વિચાર જ નિરાધાર છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૨૧૧)

૨૧૨

पंचानापि कोशानां निषेधे युक्तितः श्रुतेः ।
तन्निषेधावधिः साक्षी बोधरूपोऽवशिष्यते ॥ २१२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પંચાનામપિ કોશાનાં નિષેધે યુક્તિતઃ શ્રુતેઃ ।
તન્નિષેધાવધિઃ સાક્ષી બોધરૂપોઽવશિષ્યતે ॥ ૨૧૨ ॥

શ્લોકો ગદ્ય અન્વય : યુક્તિતઃ શ્રુતેઃ (ચ), પંચાનાં અપિ કોશાનાં નિષેધે (કૃતે સતિ) તત્-નિષેધ-અવધિઃ બોધરૂપઃ (સઃ) સાક્ષી (એવ અવશિષ્યતે ॥ ૨૧૨ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (સઃ) સાક્ષી (એવ) અવશિષ્યતે । સાક્ષી એવો તે આત્મા જ અવશેષ રહે છે, બાકી રહે છે, શેષ તરીકે અસ્તિત્વ ધરાવે છે. કેવો છે, આ સાક્ષી ? બોધરૂપઃ એટલે જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ, મૂર્તિમંત જ્ઞાન. આ આત્મા ક્યાં બાકી રહે છે ? તત્-નિષેધ-અવધિઃ । તત્ એટલે તે પાંચેય કોશો, નિષેધ એટલે કોઈ પણ બાબતની મનાઈ કરવી તે (Prohibition), તેને દૂર રાખવી તે (Warding off), નકારવી તે (Denial, Negation). અવધિઃ એટલે હદ, અટકવું તે (Limit). તે પાંચેય કોશોનો નિષેધ, જ્યાં અટકે ત્યાં આત્મા બાકી રહે છે, તે નિષેધની અવધિરૂપે. પરંતુ પાંચેય કોશોનો આવો નિષેધ શા માટે ? એવા નિષેધનું સૂચન કોના તરફથી આવ્યું ? આ બે પ્રમાણભૂત તત્ત્વો તરફથી : (૧) યુક્તિતઃ । તર્ક દ્વારા, તર્ક તરફથી અને (૨) શ્રુતેઃ । શ્રુતિ તરફથી. નિષેધે (કૃતે સતિ) એ 'સતિ-સપ્તમી' વાક્યરચના છે, તેથી તે સમય દર્શાવે છે : નિષેધ કરવામાં આવે ત્યારે, નિષેધ કરવામાં આવતાં. (૨૧૨)

અનુવાદ : તર્ક દ્વારા અને શ્રુતિ દ્વારા પાંચેય કોશોનો નિષેધ કરવામાં આવતાં, તે(નિષેધ)ની અવધિરૂપ, એટલે કે તે (નિષેધ) જ્યાં અટકે ત્યાં, તે જ્ઞાનસ્વરૂપ (આત્મા) સાક્ષી (એક જ) (અવશિષ્ટ તરીકે) બાકી રહે છે (૨૧૨)

ટિપ્પણ : પાંચ કોશોનું ખૂબ સવિસ્તર (શ્લોક-૧૫૬થી શ્લોક-૨૧૨) એવું આ નિરૂપણ અહીં, આ શ્લોક સાથે, સમાપ્ત થાય છે.

આ પાંચેય કોશો અનિત્ય છે, એ હકીકતનું એનાં અનેક પ્રતીતિજનક કારણો આપીને, ગ્રંથકારે, પ્રસ્થાપન કર્યું અને તેથી આ બધા કોશો પરમાત્મા નથી, કદાપિ હોઈ શકે જ નહીં, એવું ગ્રંથકારે ભૂમિતિ(Geometry)ના પ્રમેય-

(Theorem)ની જેમ, સિદ્ધ કર્યું : (Quad Erat Demonstrandum, Q.E.D., એટલે કે જે સિદ્ધ કરવાનું હતું, તે સિદ્ધ થઈ ગયું.)

આમ, જે પરમાત્મા નથી, આત્મા પણ નથી એવા આ પાંચેય કોશો, અંતે તો, 'અનાત્મા'ની પંગતમાં જ આવી ગયા ! અને 'અનાત્મા'નો તો, વેદાન્ત-દર્શનમાં, નિષેધ જ હોય, એનો કદી સ્વીકાર થઈ જ ન શકે. આ પાંચેય કોશોના નિષેધ માટે, તે 'અનાત્મા' છે તે એક જ કારણ પર્યાપ્ત હતું, તેમ છતાં, અહીં, નિષેધ માટે, ગ્રંથકારે, બે પ્રમાણભૂત (Authoritative) કારણો રજુ કર્યાં : એક, તર્ક. યુક્તિ અથવા તર્ક એટલે દલીલ-ચર્ચા-શાસ્ત્રાર્થ કરવાનું શાસ્ત્ર (Logic, Argumen-tation, Reasoning). ભારતીય પરંપરાનાં છ દર્શનોમાંથી, ન્યાય અને વૈશેષિક એ બે દર્શનોમાં, એના સૂત્રગ્રંથોમાં, ચાર પ્રમાણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે, જેમાંનાં 'અનુમાન'-પ્રમાણમાં આ 'યુક્તિ' અથવા 'તર્ક'ને સમજાવવામાં આવ્યાં છે, જેને 'તર્કશાસ્ત્ર' કહેવામાં આવે છે. આ દલીલબાજી પછી અંતે જે નિર્ણય આવે તે પ્રમાણભૂત, અને તેથી અવશ્ય સ્વીકાર્ય બને છે. છેલ્લા ઘણા-બધા શ્લોકોમાં આચાર્યશ્રીએ આ તર્કશાસ્ત્રનો આશ્રય લઈને, 'આ પાંચેય કોશો પરમાત્મા નથી,' એ તર્કસંમત રીતે સિદ્ધ કર્યું. બીજું, શ્રુતિ (એટલે કે વેદો, ઉપનિષદો વગેરે) એટલે તો શબ્દ-પ્રમાણ. એ જે કંઈ કહે, તેને તો સદા-સ્વીકાર્ય જ માનવાનું રહે, - એ તો 'વેદ-વાક્ય' !

આમ, આ બંનેએ, – યુક્તિ અને શ્રુતિએ – આદેશ આપ્યો કે 'અનાત્મા' એવા આ પાંચેય કોશોનો નિષેધ કરો !' આ પાંચેય કોશોનો નિષેધ કરાતાં (**निषेधे कृते सति**), એની અવધિરૂપે (**निषेधावधिः**), આ પાંચેયની બાદબાકી કરતાં કરતાં, છેલ્લે, અંતે, અવશેષ તરીકે, શું બાકી રહ્યું ? માત્ર એક જ, આ સર્વનો પ્રકાશક, જ્ઞાનસ્વરૂપ, સાક્ષી, દૃષ્ટા, - એવો આત્મા ! જે, નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત, અજ, શાશ્વત, અવ્યય, અવિકારી અને સ્વયંપ્રકાશ છે ! અને મજાની વાત તો એ છે કે આવું પ્રતિપાદન, તર્ક અને શ્રુતિ, બંનેને એકસરખું માન્ય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૧૨)

૨૧૩

योऽयमात्मा स्वयंज्योतिः पंचकोशविलक्षणः ।
अवस्थात्रयसाक्षी सन्निर्विकारो निरंजनः ।
सदानन्दः स विज्ञेयः स्वात्मत्वेन विपश्चिता ॥ २१३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યોઽયમાત્મા સ્વયંજ્યોતિઃ પંચકોશવિલક્ષણઃ ।
અવસ્થાત્રયસાક્ષી સન્નિર્વિકારો નિરંજનઃ ।
સદાનન્દઃ સ વિજ્ઞેયઃ સ્વાત્મત્વેન વિપશ્ચિતા ॥ ૨૧૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यः अयं आत्मा स्वयंज्योतिः, पंचकोशविलक्षणः, अवस्थात्रयसाक्षी सन्, निर्विकारः निरंजनः सदानन्दः, सः विपश्चिता स्वात्मत्वेन विज्ञेयः ॥ २१३ ॥

शब्दार्थ : मुख्य वाक्य : सः (आत्मा) विपश्चिता स्वात्मत्वेन विज्ञेयः । विपश्चित् એટલે વિદ્વાન, જ્ઞાની, બહુશ્રુત પંડિત, स्वात्मत्वेन એટલે પોતાના આત્મા તરીકે રૂપે, विज्ञेयः જાણવો-માનવો-સમજવો જોઈએ. તે આત્માને વિદ્વાને પોતાનો આત્મા જાણવો, તે પોતાનો આત્મા છે એમ તે સમજે. તે આત્મા કેવો છે ? स्वयंज्योतिः સ્વયંપ્રકાશ, જે પોતાનાં, સ્વકીય તેજથી જ પ્રકાશે છે, તેવો, पंचकोशविलक्षणः પાંચેય કોશોથી જૂદો, ભિન્ન, ન્યારો (विलक्षणः) છે, अवस्थात्रयसाक्षी सन् । જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓનો સાક્ષી હોવાથી, હોવાને કારણે, સાક્ષી છે તેથી જ. સાક્ષી 'હોવાથી' શું પરિણામ આવ્યું ? તે निर्विकारः, निरंजनः, सदानन्दः આવો છે એની સાધકને પ્રતીતિ થઈ : निर्विकार એટલે વિકારો-વિનાનો, વિકાર-રહિત, અવિકારી, निरंजनः એટલે સર્વ પ્રકારનાં આવરણોનાં આચ્છાદનોથી મુક્ત, સદા અનાચ્છાદિત, सदा-आनन्दः એટલે જે સદા-સર્વદા આનન્દરૂપ જ છે તે. (૨૧૩)

અનુવાદ : જે આ આત્મા સ્વયંપ્રકાશ, પાંચેય કોશોથી ભિન્ન, ત્રણેય અવસ્થાઓનો સાક્ષી હોવાથી, નિર્વિકાર, નિરંજન અને સદા-આનંદસ્વરૂપ છે, તેને વિદ્વાને પોતાના આત્મારૂપે જાણવો. (૨૧૩)

ટિપ્પણ : પ્રકૃતિ(Nature)માં જેને આપણે પ્રકાશો (Luminaries) કહીએ છીએ, – સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરે, – તે પ્રકાશ કોનો છે, એવું આપણે કદી વિચાર્યું છે ? કોઈને જરા વિચિત્ર લાગે એવી વાત છે કે આ બધાં પ્રકાશરૂપો કંઈ પોતાનાં મૂળ, સ્વકીય તેજ વડે પ્રકાશતાં નથી, સ્વયંપ્રકાશ નથી, પરંતુ પરપ્રકાશ છે, અને તે 'પર' એટલે આત્યંતિક જ્ઞાન(ચિદ્)ના પ્રકાશ વડે નિત્ય, સતત, અવિરત પ્રકાશતો આત્મા, પરાત્મા, પરમાત્મા. આ આત્માનો પ્રકાશ મળતો રહેતો હોવાથી જ, માત્ર સૂર્ય-ચંદ્ર-અગ્નિ વગેરે જ નહીં. પરંતુ આ સમસ્ત બ્રહ્માંડ સતત સ્ફુરતું-પ્રકાશતું-ભાસતું રહે છે. આથી જ **કઠોપનિષદ**ના ઋષિએ પોતાનાં નિરીક્ષણનો નિષ્કર્ષ આ પ્રમાણે અભિવ્યક્ત કર્યો છે :-

न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तं एव भान्तं अनुभाति सर्वं
तस्य भासा सर्वं इदं विभाति ॥ (२, १५)

(ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્ર તથા તારા પ્રકાશતા નથી, આ વીજળીઓ પ્રકાશતી નથી, તો પછી આ અગ્નિ તો પ્રકાશે જ કેવી રીતે ? હકીકત એ છે કે સર્વ તેજ 'પેલા એકમાત્ર પ્રકાશમાન' પછી જ ભાસે છે : તેના પ્રકાશ વડે જ આ સર્વ (જગત, બ્રહ્માંડ વગેરે) પ્રકાશે છે.)

ટૂંકમાં, તે પરમબ્રહ્મ-પરમાત્માનાં જ્યોતિ વડે જ સૂર્ય વગેરે અને આખું જગત પ્રકાશે છે, ભાસે છે, દેખાય છે. આ પરમ પ્રકાશનું તેજ ન હોત તો, સૂર્ય-ચંદ્ર વગેરે પ્રકાશહીન હોત અને એનાં પરિણામે આ સમગ્ર બ્રહ્માંડ અંધકાર-ઘબ્બ, કાળું-ઘબ્બ હોત !

જેની ચર્ચા ચાલી રહી છે, તે આત્મા, આ કારણે, 'સ્વયંજ્યાતિ' છે, અન્નમયથી આનંદમય સુધીના પાંચેય કોશોથી આ આત્મા ભિન્ન છે, તે તો, આ પહેલાં આચાર્યશ્રીએ નિરૂપ્યું જ છે. એ જ રીતે, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણેય અવસ્થાઓનો આ આત્મા સાક્ષી છે, દૃષ્ટા છે, તટસ્થભાવે જોનારો છે, જાણનારો છે, જ્ઞાતા છે. આ ત્રણેય અવસ્થાઓ તો, આ આત્મા માટે, માત્ર દૃશ્ય અને જ્ઞેય જ છે.

આત્મા માટેની વસ્તુસ્થિતિ જ્યાં આ પ્રકારની હોય, ત્યાં એને દેહબુદ્ધિ-અવિદ્યા વગેરે વિકારો કેવી રીતે હોઈ શકે ? તે 'નિર્વિકાર' છે. એ જ રીતે, સ્વયં અંધકાર-સ્વરૂપ તમોગુણ, અવિદ્યા વગેરેનાં આચ્છાદનો આવરણોથી પણ નિરાળો છે, 'નિરંજન' છે. એ તો સદા-સર્વદા આનંદ-સ્વરૂપ, 'સદાનન્દ' જ છે !

આચાર્યશ્રીનો અનુરોધ છે, કે જે સાચા અર્થમાં 'વિદ્વાન' હોય, એવા સાધકે આવા આત્માને પોતાનો સમજી લેવો. (**स्वात्मत्वेन विज्ञेयः**)

અહીં અનુષ્ટુપ-છંદમાં ચારને બદલે છ ચરણો, અને બેને બદલે ત્રણ પંક્તિઓ છે, - એ નોંધપાત્ર છે. (૨૧૩)

૨૧૪

शिष्य उवाच ।

मिथ्यात्वेन निषिद्धेषु कोशेष्वेतेषु पंचसु ।
सर्वाभावं विना किंचिन्न पश्याम्यत्र हे गुरो ।
विज्ञेयं किमु वस्त्वस्ति स्वात्मनाऽत्मविपश्चिता ॥ २१४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

શિષ્ય ઉવાચ ।
મિથ્યાત્વેન નિષિદ્ધેષુ કોશેષ્વેતેષુ પંચસુ ।
સર્વાભાવં વિના કિંચિન્ન પશ્યામ્યત્ર હે ગુરો ।
વિજ્ઞેયં કિમુ વસ્ત્વસ્તિ સ્વાત્મનાઽઽત્મવિપશ્ચિતા ॥ ૨૧૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : હે ગુરો ! મિથ્યાત્વેન એતેષુ પંચસુ કોશેષુ નિષિદ્ધેષુ સર્વ-અભાવં વિના અત્ર અહં ન કિંચિત્ (અપિ) પશ્યામિ । (એવં સતિ) કિમ-ઉ વસ્તુ અસ્તિ, (યદ્) આત્મવિપશ્ચિતા સ્વ-આત્મના વિજ્ઞેયં (ભવતિ) ? ॥૨૧૪॥

શબ્દાર્થ : શિષ્ય ગુરુજીને જણાવે છે કે, - અત્ર સર્વ-અભાવં વિના અહં ન કિંચિદ્ અપિ પશ્યામિ । સર્વ-અભાવ એટલે સર્વનો અભાવ, કોઈ પણ, કશું પણ

ન હોવાની પરિસ્થિતિ. 'સર્વના અભાવ સિવાય, અહીં, આ દેહમાં, જગમાં, બીજું કશું જ મને દેખાતું નથી.' આવું તેને કેમ લાગ્યું ? **एतेषु पंचसु कोशेषु मिथ्यात्वेन निषिद्धेषु** (सति) । અહીં सति-સપ્તમી વાક્યરચના છે. આ પાંચેય કોશોને, મિથ્યાપણાં વડે, એટલે કે તે બધા 'મિથ્યા' છે, એમ સિદ્ધ કરાતાં, તે સર્વનો આપે નિષેધ કર્યો ત્યારે, તે કારણે અહીં સર્વનો, આ રીતે; અભાવ જ હોય તો, ત્યારે (**एवं सति**), **अत्र किम्-उ वस्तु अस्ति, यद् आत्मविपश्चिता स्व-आत्मना विज्ञेयं** (**भवति**) ? **आत्मविपश्चित्** એટલે આત્માના સંબંધમાં, આત્મા વિશે, સતત ચિંતન-મનન કરીને બનેલો વિદ્વાન. પરિસ્થિતિ જ્યારે આ પ્રકારની છે ત્યારે, શિષ્ય ગુરુજીને પૂછે છે, 'અહીં એવી કઈ વસ્તુ છે, જેને આત્મવિપશ્ચિત એવા વિદ્વાને જાણવી જોઈએ ? એના માટે જાણવાની રહે છે ?' (૨૧૪)

અનુવાદ : શિષ્ય બોલ્યો : 'હે ગુરો ! મિથ્યા હોવાથી આ પાંચેય કોશોનો આપના વડે નિષેધ થવાથી, અહીં (આ દેહમાં તથા જગતમાં) સર્વના અભાવ સિવાય મને બીજું કશું જ દેખાતું નથી. (પરિસ્થિતિ આવી હોવાથી) એવી કઈ વસ્તુ છે, જેને આત્મવિપશ્ચિત એવા વિદ્વાને જાણવી જોઈએ ?' (૨૧૪)

ટિપ્પણ : પાંચેય કોશોનાં સ્વરૂપનું સવિસ્તર નિરૂપણ કર્યા પછી, અંતે, ગુરુજીએ, એ પાંચેયનો નિષેધ કર્યો હતો (શ્લોક-૨૧૨). એ પાંચે અનિત્ય હોવાથી, એમાંનો કોઈ એક પણ પરમાત્મા હોવાની પાત્રતા ધરાવતો નથી, એવું પ્રતિપાદન ગુરુજીએ કર્યું હતું.

આમ તો, કોશનો મૂળ અર્થ જ 'મ્યાન' થાય છે અને મ્યાન જેમ તલવાર માટેનું ઢાંકણ કે આવરણ છે, તેમ આ પાંચેય કોશો પણ આત્માને 'આવૃત' કરતા, ઢાંકી દેતા હોવાથી, એનો તો નિષેધ કર્યે જ છૂટકો. આત્માનાં દર્શન માટે અવરોધરૂપ બનતા આવા કોશોનાં નિષેધ-નિવારણમાં જ મુમુક્ષુ-સાધકનું શ્રેય રહ્યું છે, એ તો જાણે શિષ્ય બરાબર સમજી ગયો. પરંતુ એની તકલીફ એ છે કે આવો નિષેધ થતાં, અહીં સર્વત્ર, દેહમાં અને બ્રહ્માંડમાં, સર્વનો અભાવ જ થઈ જાય છે, કશું રહેતું નથી, કશું દેખાતું નથી, સર્વત્ર જાણે ફક્ત શૂન્યાવકાશ, સૂનકાર (vacuum) ! શિષ્ય ગુરુજીને કરગરીને કહે છે કે 'હે ગુરો ! અહીં (**अत्र**) આ દેહમાં કે દુનિયામાં, મને કશું જ દેખાતું નથી (**अहं किंचित् अपि न पश्यामि** ।). હવે મારે શું કરવું ? મારે આત્મા સિવાયનું બીજું કશું જોવું-જાણવું નથી ! આત્માની બાબતમાં મેં ઘણુંબધું વિચાર્યું છે, એટલે હું આત્મવિપશ્ચિત છું, છતાં અહીં સમસ્ત બ્રહ્માંડમાં એવી કઈ વસ્તુ છે (**किमु वस्तु अस्ति** ?) જેને, હવે મારે મારા પોતાના આત્મા-રૂપે જાણવી જોઈએ !' (**स्व-आत्मना विज्ञेयम्** ।)

શિષ્ય મોક્ષાર્થી સાધક હતો, એટલે સમજદાર હતો, પરંતુ 'જ્યાં સર્વનો અભાવ જ હોય' (**सर्वाभावं विना**), ત્યાં તેય બિચારો શું કરે ? એટલે તે ગીતાના

અર્જુનની માફક, સદ્‌ગુરુને શરણે ગયો, 'પ્રપન્ન' થયો અને 'આવી કટોકટીની પરિસ્થિતિમાં મને માર્ગદર્શન આપો, હે ગુરો !' (માં શાધિ ।) એવી પ્રાર્થના કરી.

અહીં પણ અનુષ્ટુપ-છંદમાં, ત્રણ પંક્તિઓ અને છ ચરણો છે. (૨૧૪)

૨૧૫-૨૧૬

શ્રીગુરુવાચ ।

સત્યમુક્તં ત્વયા વિદ્વન્નિપુણોઽસિ વિચારણે ।
અહમાદિવિકારાસ્તે તદભાવોઽયમપ્યનુ ॥ ૨૧૫ ॥
સર્વે યેનાનુભૂયન્તે યઃ સ્વયં નાનુભૂયતે ।
તમાત્માનં વેદિતારં વિદ્ધિ બુદ્ધ્યા સુસૂક્ષ્મયા ॥ ૨૧૬ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સત્યમુક્તં ત્વયા વિદ્વન્નિપુણોઽસિ વિચારણે ।
અહમાદિવિકારાસ્તે તદભાવોઽયમપ્યનુ ॥ ૨૧૫ ॥
સર્વે યેનાનુભૂયન્તે યઃ સ્વયં નાનુભૂયતે ।
તમાત્માનં વેદિતારં વિદ્ધિ બુદ્ધ્યા સુસૂક્ષ્મયા ॥ ૨૧૬ ॥

શ્લોકોનો ગદ્ય અન્વય : (હે) વિદ્વન્ । ત્વયા સત્યં ઉક્તં, વિચારણે ત્વં નિપુણઃ અસિ, તે અહં-આદિ વિકારાઃ તદ્-અભાવઃ અયં અપિ અનુ, યેન સર્વે અનુભૂયન્તે, યઃ સ્વયં ન અનુભૂયતે, તં વેદિતારં આત્માનં સુસૂક્ષ્મયા બુદ્ધ્યા (ત્વં) વિદ્ધિ ॥ ૨૧૫-૨૧૬ ॥

શબ્દાર્થ : શિષ્યની મુંઝવણરૂપ આશંકાનું નિવારણ કરતાં, સૌપ્રથમ તો, સદ્‌ગુરુ, એની રજુઆતથી પ્રસન્ન થઈને, એને ધન્યવાદ આપે છે કે 'હે વિદ્વાન ! તેં જે કંઈ કહ્યું, તે સાચું છે (ત્વયા સત્યં ઉક્તમ્ ।) અને પછી એની વિચારશક્તિની કદર કરતાં, તેને અભિનંદન આપે છે કે વિચારણે ત્વં નિપુણઃ અસિ । વિચાર કરવામાં તું નિપુણ છે. આત્માનં (ત્વં) વિદ્ધિ । તે આત્માને તું જાણ. ગુરુજીને એટલી ખાતરી તો છે જ કે શિષ્ય બુદ્ધિશાળી છે, એટલું જ નહીં પરંતુ એની એ બુદ્ધિ અત્યંત સૂક્ષ્મ છે (સુસૂક્ષ્મયા બુદ્ધ્યા), —એટલી બધી સૂક્ષ્મ, કે પ્રકૃતિના રજસ્-ત્તમસ્ જેવા અનિચ્છનીય અને અનર્થરૂપ ગુણોથી તે મુક્ત છે. આવી અતિસૂક્ષ્મ બુદ્ધિ વડે આત્માને જાણવાની ગુરુજીએ શિષ્યને આજ્ઞા આપી (વિદ્ધિ) : આ આત્મા કેવો છે ? આત્મા માટેનાં આટલાં વિશેષણો : (૧) તે અહં-આદિ-વિકારાઃ, તદ્-અભાવઃ અયં અપિ અનુ, યેન સર્વે અનુભૂયન્તે, તં આત્માનં ત્વં વિદ્ધિ । તે આત્માને તું જાણી લે, જેના વડે અહંકાર વગેરે વિકારો, અને વળી તેમનો અભાવ પણ અનુભવાય છે, તે આત્મા, (૨) યઃ સ્વયં ન અનુભૂયતે, તં આત્માનં ત્વં વિદ્ધિ । જે પોતે કોઈના પણ વડે અનુભવાતો નથી, તે આત્મા, અને (૩) તં વેદિતારં આત્માનં ત્વં વિદ્ધિ । તે સર્વનો જ્ઞાતા,

સર્વવિદ્, સર્વજ્ઞ, - એવો આત્મા. આવા આત્માને તું, તારી અતિસૂક્ષ્મ બુદ્ધિ વડે, જાણ. (૨૧૫-૨૧૬)

અનુવાદ : શ્રી ગુરુજી બોલ્યા : હે વિદ્વાન ! તેં જે કહ્યું, તે સાચું છે. વિચાર કરવામાં તું નિપુણ છે. અહંકાર વગેરે સર્વ વિકારો, અને તેમનો અભાવ પણ, તે બધું જેનાથી અનુભવાય છે, અને જે પોતે કોઈથી અનુભવાતો નથી, તે સર્વવિદ્ આત્માને અતિસૂક્ષ્મ બુદ્ધિ વડેનું જાણી લે. (૨૧૫-૨૧૬)

ટિપ્પણ : અધ્યયન-અધ્યાપન તથા વિદ્યા-વિતરણનો એક સ્થાયી સિદ્ધાન્ત એ છે કે અધ્યાપકે એવી રીતે અધ્યાપન કરવું જોઈએ કે જેથી અધ્યાપકનું પ્રવચન સાંભળ્યા પછી, શિષ્ય તેના પર ઊંડું ચિંતન-મનન કરે અને ગુરુજીનાં અધ્યાપન અંગે, તેને ન સમજાતા કેટલાક મુદ્દા તે સ્વતંત્ર રીતે ઊભા કરે અને ગુરુજી પાસે એ મુદ્દાઓનું સ્પષ્ટીકરણ માગે. ગુરુ બોલ્યા કરે અને શિષ્ય સાંભળ્યા કરે, એટલું જ નહીં, પણ તે બધું તે સ્વીકારી જ લે, - અધ્યાપનની તે પદ્ધતિ આદર્શ નથી. શિષ્યની જિજ્ઞાસા જાગૃત કરવી અને જે કંઈ શિષ્યે સાંભળ્યું તેમાંથી તે ખરેખર કેટલું સમજ્યો, તેનું નિષ્કર્ષણ (Elicitation) પણ ગુરુએ શિષ્ય પાસેથી જ કરવું જોઈએ. આમ થાય તો જ, ગુરુનું અધ્યાપન અને શિષ્યનું અધ્યયન સફળ અને સાર્થક થાય. વિદ્યાવિતરણની આ આ જ પદ્ધતિ પ્રાચીન કાળમાં સમગ્ર વિશ્વમાં સ્વીકારવામાં આવી હતી : શ્રીકૃષ્ણ-અર્જુન (**ગીતા**), યાજ્ઞવલ્ક્ય-ગાર્ગી (**બૃહદારણ્યક**-ઉપનિષદ), યમ-નચિકેતા (**કઠ ઉપનિષદ**), **અંગિરા**-શૌનક (**મુંડક**-ઉપનિષદ), - વગેરે પૌરસ્ત્ય દૃષ્ટાંતો જેમ જાણીતાં છે, તેમ જ **સોક્રેટીસ-પ્લેટો-એરિસ્ટોટલ** વગેરે પાશ્ચાત્ય નામો પણ એટલાં જ પ્રસિદ્ધ છે. અરે, ભારતીય પરંપરામાં તો, સુકેશા વગેરે છ મુનિઓ, જ્ઞાનપ્રાપ્તિ માટે, ભગવાન પિપ્પલાદને શરણે ગયા હતા, તેમાં ગુરુ અને શિષ્યો વચ્ચે, જ્ઞાનવિતરણ અને જ્ઞાનનિષ્કરણનું માધ્યમ જ 'પ્રશ્નો'નું હતું તેથી, તે ઉપનિષદને તો નામ જ **'પ્રશ્નોપનિષદ'** એવું અન્વર્થક આપવામાં આવ્યું હતું !

અહીં પણ, પાંચ કોશનાં સ્વરૂપનાં સુદીર્ઘ નિરૂપણ પછી, શિષ્ય બધું જ સ્વીકારી લેતો નથી અને શ્લોક-૨૧૪માં તેણે રજુ કરેલી આશંકા એમ સાબિત કરે છે કે ગુરુજીએ તેને મનન-મંથન કરવા પ્રેર્યો છે, તેની જિજ્ઞાસાવૃત્તિને જાગૃત કરી છે અને ગુરુજીનાં અધ્યાપનને તેણે કેટલું આત્મસાત્ કર્યું છે, એટલું જ નહીં પરંતુ તેણે શ્લોક-૨૧૪માં પૂછેલા પ્રશ્ન પરથી, એવો ખ્યાલ આવે છે કે ગુરુજીએ એની જ પાસેથી આ વાતનું નિષ્કર્ષણ (Elicitation) કર્યું છે. અને આ હકીકતનું સમર્થન આપણને ગુરુજીનાં પ્રથમ બે વિધાનોમાં મળી રહે છે : **એક** તો એ કે ગુરુજીનાં પ્રવચનને તેણે પૂરેપૂરું આત્મસાત્ કર્યું છે એવી પ્રસન્નતા ગુરુજી પોતે એમ કહીને વ્યક્ત કરે છે કે 'હે વિદ્વાન ! તેં જે કહ્યું તે સાચું છે' (**त्वया सत्यं उक्तम्**), અને **બીજું** એ કે વિચારણા બાબતમાં શિષ્ય નિપુણ છે એવો એકરાર ગુરુજી પોતે કરે છે. (**विचारणे त्वं निपुणः असि ।**)

મહત્ત્વની વાત એ છે કે શ્રીગુરુજીએ શિષ્યની મુંઝવણનું નિવારણ શી રીતે કર્યું ? શિષ્યનાં મનમાં ઊભી થયેલી ગૂંચ ઉકેલવાનું કામ, ખરેખર, ખૂબ અઘરું હતું. પાંચેય કોશોના નિષેધનાં પરિણામે, તેને તો, સર્વના અભાવ સિવાય કશું દેખાતું જ ન્હોતું. સર્વત્ર, બસ, અભાવ જ હતો અને તે હતો તો આત્મજ્ઞાનાર્થી, આત્મદર્શનાર્થી. કઈ વસ્તુને, આવા સંજોગોમાં, તેણે પોતાના આત્મારૂપે જાણવી ? – એની અધીરાઈ તો ક્યાંક, ગમે ત્યાં, કોઈક વસ્તુને પોતાના આત્મારૂપે જોવા-જાણવાની હતી.

પરંતુ શ્રીગુરુ પૂરા વિચક્ષણ હતા. અને સાચા ગુરુ તો તે જ, જે શિષ્યનાં મન-હૃદયને અને તેની ભીતરમાંનાં સર્વ સંચલનોને આબાદ પામી જાય. તેથી ગુરુજીએ સૌપ્રથમ તો શિષ્યની વાતને 'સાચી' કહી, પરંતુ પછી તરત જ એક સૂક્ષ્મ હકીકત તરફ તેમણે શિષ્યનું ધ્યાન ખેંચ્યું : "બેટા ! તું કેમ ભૂલી જાય છે કે અહંકાર વગેરે વિકારો (अहं-आदिविकाराः) પણ તારા પોતાના જ છે, અને તેમનો અભાવ (तद्-अभावः) પણ, જેનું ભાન અને દર્શન કરવા તું અધીર અને ઉત્સુક છે તેવા આત્મારૂપે તારામાં છે ? એટલે કે બધાનો નિષેધ કે બાધ કરાતાં પણ, તું જ આત્મસ્વરૂપે અવશિષ્ટ રહે છે, બાકી રહે છે. અને 'સત્તા' (अस्तित्व Existence) તો એકમાત્ર આત્માની જ છે અને તે તો તારામાં મોજૂદ જ છે, પછી, આત્મારૂપે, જોવા-જાણવા માટે બીજી કોઈ વસ્તુની, જરૂર જ ક્યાં રહે છે? હકીકત એ છે કે વિકારોના ભાવ અને અભાવ બંનેનું આત્માને જ્ઞાન છે અને આ અંતરાત્મા તો સર્વ દેહોમાં રહેલો જ છે, તેનો અભાવ તો ક્યારેય, દેહના જન્મ પહેલાં કે તેના મરણ પછી, – હોતો જ નથી, થતો જ નથી, એનું અસ્તિત્વ તો અકાલાબાધિત અને શાશ્વત છે. વળી, આત્માની એક વિશિષ્ટતા હંમેશાં લક્ષમાં રાખવી, કે બુદ્ધિથી માંડીને સ્થૂલતમ-સૂક્ષ્મતમ સર્વ પદાર્થો તે(આત્મા)થી અનુભવાય છે (येन वैं अनुभूयन्ते), પરંતુ જે પોતે કોઈથી અનુભવાતો નથી, એટલે કે જે પોતે ક્યાંય-ક્યારેય-કોઈનોયે અનુભવ-વિષય થતો નથી.(यः स्वयं न अनुभूयते ।)

'આવો આ આત્મા ભલે સર્વજ્ઞ અને સર્વવિદ્ (Omniscient) હોય, પણ તું કેમ ભૂલી જાય છે કે તારી પાસે તો અત્યંત સૂક્ષ્મ બુદ્ધિ છે (सु-सूक्ष्मबुद्धि). આવા સર્વવિદ્ આત્માને જાણવા માટે તારી આવી અતિસૂક્ષ્મબુદ્ધિ પૂરતી સમર્થ છે. આ જ તારું એક મોટું જમા પાસું (Asset) છે. શ્રુતિએ પણ, તારા જેવા સૂક્ષ્મદૃષ્ટિથી જોનારાઓ માટે, આ વાતનું સમર્થન, આ રીતે કર્યું જ છે :-

दृश्यते तु अग्र्या बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः । કઠોપનિષદ, ૧,૩,૧૨

જેની બુદ્ધિ આવી એકાગ્ર અને સૂક્ષ્મ હોય, એને ચિંતા કરવાની જરૂર જ નથી, તેઓ અવશ્ય આત્મદર્શન કરી શકે છે."

આશંકામાં અથડાતા શિષ્યને, શ્રીગુરુજીએ, આ રીતે, સ્વસ્થ અને સુ-નિશ્ચયવાળો કરી દીધો !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૧૫, ૨૧૬)**

૨૧૭

तत्साक्षिकं भवेत्तत्तद्यद्यद्येनानुभूयते ।
कस्याप्यननुभूतार्थे साक्षित्वं नोपयुज्यते ॥ २१७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तत्साक्षिकं भवेत्तत्तद्यद्यद्येनानुभूयते ।
कस्याप्यननुभूत्यर्थे साक्षित्वं नोपयुज्यते ॥ २१७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : येन यद् यद् (वस्तु) अनुभूयते, तद् तद् (वस्तु) तत्साक्षिकं भवेत् । अननुभूतार्थे कस्य अपि साक्षित्वं न उपयुज्यते ॥ २१७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : तद् तद् (वस्तु) तत्तसाक्षिकं भवेत् । तत्साक्षिकं એટલે તેનાં સાક્ષિત્વવાળી, તે વસ્તુનો તે સાક્ષી બને છે. અહીં तत् એટલે તે सः आत्मा, सः आत्मा साक्षी यस्य तत् इति तत्साक्षिकम् । તે, આત્મા, જેનો સાક્ષી હોય, એવી પરિસ્થિતિ એટલે 'तत्साक्षिक'. તે તે વસ્તુ તેનાં સાક્ષિત્વવાળી થાય છે, એટલે કે તે તે વસ્તુનો તે (આત્મા) સાક્ષી બને છે. કઈ કઈ વસ્તુનો તે સાક્ષી બને છે ? यद् यद् वस्तु येन अनुभूयते । જે જે (વસ્તુનો) જેનાથી (એટલે કે સાક્ષીરૂપ તે આત્માથી) અનુભવ થાય છે. अननुभूतार्थे (वस्तुनि) कस्य अपि साक्षित्वं न उपयुज्यते । જેનો અનુભવ જ ન થયો હોય, તે વસ્તુ પ્રત્યે કોઈનું પણ સાક્ષિત્વ સંભવતું નથી. (૨૧૭)

અનુવાદ : જેનાથી જે જે(વસ્તુ)નો અનુભવ થાય, તે તે(વસ્તુ)નો તે સાક્ષી બને છે. જેનો અનુભવ જ ન થયો હોય, તે વસ્તુ પ્રત્યે કોઈ સાક્ષી બનતું નથી. (૨૧૭)

ટિપ્પણ : ગ્રંથકારને, અહીં, આ શ્લોકમાં, એ પ્રતિપાદન કરવાનું અભિપ્રેત છે કે આત્મા સર્વનો સાક્ષી છે. 'સાક્ષી' એટલે જોનાર, અનુભવનાર, જાણનાર. આત્મા જો 'સાક્ષી' છે, તો આત્મા જેનો સાક્ષી હોય, તેને 'સાક્ષ્ય' કહેવાય. ત્રણેય શરીરો, પાંચેય કોશો, ત્રણેય અવસ્થાઓ, અને સર્વ વિકારોને આત્મા જુએ છે, જાણે છે, અનુભવે છે, તેથી આત્મા 'સાક્ષી' છે, અને પેલાં શરીરો-કોશો-અવસ્થાઓ-વિકારો વગેરે બધાં જ આત્માનાં 'સાક્ષ્ય' બને છે, એટલે કે તે બધાં તેનાં, એટલે કે તે આત્માનાં, સાક્ષિત્વવાળાં ('तत्साक्षिक') બને છે.

પરંતુ આત્માનો 'સાક્ષી' કોણ ? કોઈ જ નહીં, કારણ કે તેને કોઈ જોઈ-જાણી-અનુભવી શકતું નથી, એટલે કે તે 'અનનુભૂત-અર્થ' છે, 'જેનો કોઈ વડે અનુભવ જ ન થયો હોય,' એવો છે, અને તેથી જ તેનું સાક્ષિત્વ સંભવતું નથી. આત્માને જાણનારો-જોનારો-અનુભવનારો કોઈ જ નથી. આત્મા જ્ઞેય, દૃશ્ય કે અનુભવગમ્ય નથી :

आत्मा is the Seer par excellence !

શિષ્યની શંકાનું સમાધાન કરતાં, ગયા શ્લોકમાં, શ્રીગુરુજીએ આથી જ આવા

સદા-સર્વદા 'સાક્ષી', - એટલે કે જેનાથી બધું અનુભવાય છે (येन सर्वं अनुभूयन्ते) અને જે પોતે કોઈના વડે અનુભવાતો નથી (यः स्वयं न अनुभूयते) એવા આત્માને જાણવાનો આદેશ તેને આપ્યો હતો, અને એમાં તેને તેની અતિસૂક્ષ્મ બુદ્ધિ મદદરૂપ બની શકે છે. (૨૧૭)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૧૭)

૨૧૮

असौ स्वसाक्षिको भावो यतः स्वेनानुभूयते ।
अतः परं स्वयं साक्षात् प्रत्यागात्मा न चेतरः ॥ २१८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

असौ स्वसाक्षिको भावो यतः स्वेनानुभूयते ।
अतः परं स्वयं साक्षात् प्रत्यागात्मा न चेतरः ॥ २१८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यतः असौ स्वसाक्षिको भावः स्वेन अनुभूयते, अतः परं स्वयं साक्षात् प्रत्यगात्मा (अस्ति), न च इतरः (अस्ति) ॥ २१८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : अतः परं साक्षात् प्रत्यगात्मा (अस्ति) । अतः એટલે આથી, આ કારણે. प्रत्यगात्मा એટલે અંતરાત્મા, દરેક મનુષ્યનો પોતાનો વ્યક્તિગત આત્મા (Individual self). આથી, આ પરમતત્ત્વ આત્મા સાક્ષાત્ અંતરાત્મા છે. न च इतरः (अस्ति) । इतर બીજો, જૂદો, અન્ય. પોતાનાથી, પોતાના અન્તરાત્માથી બીજો કોઈ નથી. આવો નિર્ણય શાના આધારે લેવાયો ? यतः असौ स्वसाक्षिको भावः स्वेन अनुभूयते । यतः એટલે કારણ કે. પેલા ઉપર્યુક્ત નિર્ણયનું કારણ એ છે કે આ આત્મા પોતે જ પોતાનો સાક્ષી છે (स्वसाक्षिकः भावः) અને પોતાની મેળે જ (અન્ય કોઈ સાક્ષી વિના) અનુભવાય છે (स्वेन अनुभूयते ।). આ આત્મા પોતે જ પોતાની 'સત્તા'(હોવાપણું, Existence)નો સાક્ષી બનીને સ્વાનુભવ કરે છે. (૨૧૮)

અનુવાદ : આ આત્મા પોતે જ પોતાની 'સત્તા'નો સાક્ષી હોવાથી, પોતાની મેળે જ સ્વાનુભવ કરે છે, તેથી આ પરમતત્ત્વ આત્મા સાક્ષાત્ અંતરાત્મા છે, પોતાનાથી અન્ય કોઈ નહીં. (૨૧૮)

ટિપ્પણ : શિષ્યે ગુરુજી સમક્ષ પોતાની મુંઝવણ વ્યક્ત કરી (શ્લોક-૨૧૪), ત્યારપછી ગુરુજીએ કરેલાં મનઃસમાધાન(શ્લોકો ૨૧૫-૨૧૬-૨૧૭)નાં અનુસંધાનમાં જે ચર્ચા ચાલી છે, તે જ અહીં પણ ચાલુ રહી છે.

'સાક્ષિ' એટલે 'સ+અક્ષિ'. 'અક્ષિ' એટલે આંખ, 'સ+અક્ષિ' એટલે આંખ સાથેનું, 'આંખ-સહિતનું', અને જોનાર પોતાની આંખથી જુએ છે, તેથી 'સાક્ષિ' એટલે જોનાર. ગયા શ્લોકમાં એટલું તો સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું જ છે કે આત્મા, જોવાની ક્રિયાનો કર્તા (Subject) છે, જોનાર છે, દૃષ્ટા છે, સાક્ષી

છે. તે બધું જ જુએ છે, તેથી તે 'સાક્ષી' છે અને બાકીનું બધું જ, - જેને તે જુએ છે તે, તેનું 'સાક્ષ્ય' છે. શ્રીગુરુજીએ આ સાક્ષીપણાંનો મુદ્દો એટલા માટે ઊઠાવ્યો કે તેમણે શિષ્યને પોતાની સુ-સૂક્ષ્મ બુદ્ધિ વડે, આત્માને જોવા-જાણવાનો આદેશ આપ્યો હતો (શ્લોકો : ૨૧૫-૨૧૬). મુમુક્ષુ સાધક પૂછે કે - 'પણ અમારે આ આત્માને કઈ પ્રતીતિને આધારે જાણવો ?' સાધકની આ મુશ્કેલીનું નિવારણ કરવા માટે જ શ્રીગુરુજી કહે છે કે 'આ પરમતત્ત્વ આત્મા પોતે જ સાક્ષાત્ અંતરાત્મા, દરેક વ્યક્તિનો પ્રત્યગાત્મા છે, એ સ્વયંપ્રકાશ છે, સ્વયં-જ્યોતિ છે, 'સ્વ-સાક્ષિક' છે. પોતે જ પોતાનો સાક્ષી હોવાથી, પોતે જ પોતાની 'સત્તા'નો સાક્ષી હોવાથી, અન્ય કોઈ સાક્ષી વિના, પોતાની મેળે જ, તે અનુભવાય છે. આ કારણે, આત્માને જ્ઞાન-દર્શન-અનુભવની વસ્તુરૂપે, એનાં કર્મ (Object) તરીકે, જાણવો શક્ય નથી. તે પોતે જ, સ્વયં, અનુભવસ્વરૂપ છે, એટલે સાધકે એવો દુરાગ્રહ ન સેવવો જોઈએ કે 'આત્માની અનુભૂતિ કોઈ વિશેષસ્વરૂપે થાય તો જ, તેનાં અસ્તિત્વને સ્વીકારવું.' એની 'સત્તા' સ્વયં છે, પોતાની 'સત્તા'નો તે પોતે જ સાક્ષી છે, પ્રકાશક છે. આનો ફલિતાર્થ એ થયો કે અંતઃકરણમાં 'હું'(અહમ્)-રૂપે થતી પ્રતીતિને આધારે જ, સ્વાનુભવ-સ્વરૂપે, પોતાના આત્માને જ, સાક્ષાત્ પરમતત્ત્વ-પરમાત્મા તરીકે જાણવાનો રહે.

ટૂંકમાં, શ્રી ગુરુજીએ, શિષ્યને પોતાની અતિસૂક્ષ્મ બુદ્ધિ વડે આત્માને જોવા-જાણવાની આજ્ઞા કરી હતી (શ્લોકો ૨૧૫-૨૧૬), તેમાં આત્માનો આ 'સ્વસાક્ષિભાવ' અથવા 'સ્વયંસાક્ષિભાવ' અત્યંત સહાયરૂપ બની શકે છે, અને તેથી જ, તેમણે, છેલ્લા બે શ્લોકોમાં, 'સાક્ષિત્વ'ના મુદ્દા પર ભાર મૂક્યો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૧૮)**

૨૧૯

जाग्रत्स्वप्नसुषुप्तिषु स्फुटतरं योऽसौ समुज्जृम्भते
प्रत्यग्रूपतया सदाहमहमित्यन्तः स्फुरन्नैकधा ।
नानाकारविकारभागिन इमान् पश्यन्नहंधीमुखान्
नित्यानन्दचिदात्मना स्फुरति तं विद्धि स्वमेतं हृदि ॥ २१९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જાગ્રત્સ્વપ્નસુષુપ્તિષુ સ્ફુટતરં યોઽસૌ સમુજ્જૃમ્ભતે
પ્રત્યગ્રૂપતયા સદાહમહમિત્યન્તઃ સ્ફુરન્નૈકધા ।
નાનાકારવિકારભાગિન ઈમાન્ પશ્યન્નહંધીમુખાન્
નિત્યાનન્દચિદાત્મના સ્ફુરતિ તં વિદ્ધિ સ્વમેતં હૃદિ ॥ ૨૧૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : જાગ્રત્સ્વપ્નસુષુપ્તિષુ યઃ અસૌ પ્રત્યગ્-રૂપતયા અહં

अहं इति एकधा अन्तः स्फुरन् स्फुटतरं समुज्जृम्भते, (तथा च) नाना-आकार-विकार-भागिनः इमान् अहं-धी-मुखान् पश्यन् नित्यानन्दचिदात्मना स्फुरति, तं एतं स्वं विद्धि ।।२१९।।

शब्दार्थ : मुख्य वाक्य : तं एतं स्वं विद्धि । આ તેને જ તું આત્મા સમજ, આને જ 'હું (એટલે કે આત્મા) તારી પોતાની જાત છે', એમ જાણ, જાણી લે. આ તે આત્મા કેવો છે ? આવો : (૧) यः असौ स्फुटतरं समुज्जृम्भते । समुज्जृम्भते એટલે ઝગમગે છે, પ્રકાશે છે, વિલસી-શોભી રહ્યો છે. કેવી રીતે પ્રકાશે છે ? स्फुटतरं અતિસ્પષ્ટરીતે, ખૂબ ચોખ્ખો હોય તેમ. ક્યાં પ્રકાશે છે ? जाग्रत्स्वप्नसुषुप्तिषु જાગ્રત્ સ્વપ્ન અને સુષુપ્તિ - એ ત્રણેય અવસ્થાઓમાં. કયાં રૂપે પ્રકાશે છે ? प्रत्यग्-रूपतया અંતરાત્મા-રૂપે. એ આત્મા વિશે બીજું શું જણાય છે ? सदा 'अहं-अहं' इति एकधा अन्तः स्फुरन् । 'હું-હું' એમ, એવી સંવેદનાથી, અંતઃકરણમાં જે એક જ સ્વરૂપે જણાય છે, દેખાય છે. વળી, તે આત્મા કેવો છે ? આવો : (૨) नाना-आकार-विकारभागिनः इमान् अहं-धी-मुखान् पश्यन् हृदि नित्यान्दचिदात्मना स्फुरति । હૃદયમાં જે સ્ફુરી રહ્યો છે, જે સ્ફુરાયમાણ છે. ક્યાં સ્વરૂપે ? नित्यानन्दचि-दात्मना, નિત્ય આનંદ અને ચૈતન્યરૂપે, જ્ઞાનસ્વરૂપે. શું કરતો ? સાક્ષીરૂપે જોતો, નિહાળતો. કોને જોતો ? અહંકાર-બુદ્ધિ વગેરે જેવાં અનેક પ્રકારનાં આકારો, વિકારો, એટલે કે પરિણામોને નિહાળતો. (૨૧૯)

अनुवाद : જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણેય અવસ્થાઓમાં જે અતિ-સ્પષ્ટરીતે પ્રકાશે છે, અને સદા 'હું-હું' એવી સંવેદનાથી અંતઃકરણમાં જે એકરૂપે, અંતરાત્મા-રૂપે જણાય છે, તથા અહંકાર, બુદ્ધિ જેવા અનેક આકારોવાળાં પરિણામોને સાક્ષીરૂપે જોતો, નિત્ય આનંદ અને જ્ઞાનસ્વરૂપે જે સ્ફુરી રહે છે તે, – આને (જ) તું આત્મા સમજી લે. (૨૧૯)

टिप्पण : પાંચ-કોશોનાં સ્વરૂપનાં સુદીર્ઘ નિરૂપણ પછી, આચાર્યશ્રીએ એ પાંચેયનો નિષેધ કરવાનું સૂચવ્યું હતું, પરંતુ આથી તો શિષ્યની મુશ્કેલી વધી ગઈ : આમ કરતાં, એને તો એમ જ લાગ્યું કે "હવે અહીં (દેહમાં તથા જગતમાં) મને તો કશું દેખાતું જ નથી (किंचित् न पश्यामि ।). સર્વત્ર માત્ર 'અભાવ', અભાવ !' એ સિવાય બીજું કશું જ નહીં ! તો પછી, મારે, મારા પોતાના આત્મારૂપે (स्व-आत्मना) શેને-શાને જાણવું ? શું આત્માનું પણ અસ્તિત્વ ક્યાંય રહ્યું નથી ?"

શિષ્યની આ મુંઝવણનાં નિવારણ માટે, ત્યારપછી, આચાર્યશ્રીએ, એના જેવા વિદ્વાનને ('आत्मविपश्चित'ને), કઈ વસ્તુમાં (किमु वस्तुनि) તેણે પોતાના આત્મારૂપે જાણવો, - એ માટેનું માર્ગદર્શન, ભિન્ન ભિન્ન રીતે, જૂદાં જૂદાં દૃષ્ટિકોણથી, વારંવાર, 'જાણી-લે', 'સમજી-લે' (विद्धि), એવી આજ્ઞારૂપે આપ્યું. (શ્લોક-૨૧૬-૨૧૮)

અહીં, આ શ્લોકમાં, આચાર્યશ્રીએ, આત્મા વિશે, શિષ્યને જે માર્ગદર્શન

આપ્યું છે તે, કંઈક આ પ્રકારનું છે : જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ, એ ત્રણેય અવસ્થાઓમાં આ આત્મા અત્યંત સ્પષ્ટરીતે પ્રકાશે છે. એનો અર્થ જ એ કે તે આ ત્રણેય અવસ્થાઓનો જ્ઞાતા છે. વળી, આમ પ્રકાશતી વખતે, તે પ્રત્યગાત્મા તરીકે, અંતરાત્મા તરીકે, ત્યાં હોય છે, જે, વ્યક્તિમાં, પરમાત્મા સાથેનાં તાદાત્મ્યની પ્રતીતિ કરાવીને, તેનામાં 'એ જ પરમાત્મા હું છું', એવી સંવેદના જગાડે છે, અને તેથી જ તે અંતઃકરણમાં એક જ રૂપે સ્ફુરી રહે છે.

પાંચેય કોશોનો નિષેધ થવાથી, શિષ્ય કહે છે કે 'મને અહીં કશું જ દેખાતું નથી' (अहं किंचित् अपि न पश्यामि) (શ્લોક-૨૧૪), ત્યારે તેની મુંઝવણ દૂર કરતાં શ્રીગુરુજી તેનું લક્ષ ખેંચે છે કે 'ત્રણેય અવસ્થાઓમાં જે પ્રત્યગ્-રૂપે અતિસ્પષ્ટ પ્રકાશે છે અને હૃદયમાં જે સાક્ષીરૂપે સ્ફુરી રહ્યો છે, તે પરમ-આત્માને જ તું તારો આત્મા સમજી લે (यः असौ प्रत्यगरूपतया स्फुटतरं समुज्जृम्भते अन्तः स्फुरन्... पश्यन्... हृदि स्फुरति, तं एतं स्वं विद्धि । (શ્લોક - ૨૧૯)

ભક્ત નરસૈયાની અનુભૂતિ પણ આવી જ કૈંક છે :-

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે !

પ્રત્યગાત્મા અને જેની પાસે તે લટકાં કરે છે તે બ્રહ્મ એટલે પરમાત્મા ! આમાં 'ઊંઘ' એ સુષુપ્તિ–અવસ્થા, 'જાગીને' એટલે જાગ્રત-અવસ્થા, 'જગત દીસે નહીં' એટલે अहं किंचित् न पश्यामि । ચૈતન્ય એટલે પરમ આત્મા અને ચિત્ત એટલે પ્રત્યગાત્મા, અંતરાત્મા !

બ્રહ્મ તો બંનેય છે, પણ 'લટકાં' કરનાર બ્રહ્મ એટલે પ્રત્યગાત્મા અને જેની પાસે તે 'લટકાં' કરે છે તે બ્રહ્મ, એટલે પરમાત્મા !

આ ઉપરાંત, અનેક પ્રકારના આકારો અને વિકારો પામતાં, વિવિધ સ્વરૂપે પરિણમતાં, અહંકાર, બુદ્ધિ વગેરેને, સાક્ષીરૂપે જોતો-જોતો, નિરખતો-નિહાળતો, તે, ત્યાં નિત્ય, આનંદ અને જ્ઞાનસ્વરૂપે સ્ફુરાયમાણ થતો હોય છે.

'કઈ વસ્તુને હું મારા પોતાના આત્મા રૂપે જોઉં ?' - એમ તું પૂછતો હતો ને ? - ગુરુજી શિષ્યને પૂછે છે અને તેને ફરી આજ્ઞા કરે છે કે 'હૃદયમાં (हृदि) આ પ્રમાણે સ્ફુરી રહેલા (स्फुरन्) આને જ તું આત્મા एतं तं स्वं જાણી લે (विद्धि), સમજી લે.' મધ્યકાલીન ભક્તકવિ નરસિંહ મહેતાનું નિરીક્ષણ પણ આવું જ કંઈક છે:

'જીવ' ને 'શિવ' તો આપ-ઇચ્છાએ થયા,
રચી પરપંચ ચૌદ લોક કીધા,
ભણે નરસૈંયો એ, 'તે જ તું', 'તે જ તું',
એને સમર્યાથી કંઈ સંત સીધ્યા !

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત (૨૧૯)**

૨૨૦

घटोदके बिम्बितमर्कबिम्ब-
-मालोक्य मूढो रविमेव मन्यते ।
तथा चिदाभासमुपाधिसंस्थं
भ्रान्त्याहमित्येव जडोऽभिमन्यते ॥ २२० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઘટોદકે બિમ્બિતમર્કબિમ્બ-
-માલોક્ય મૂઢો રવિમેવ મન્યતે ।
તથા ચિદાભાસમુપાધિસંસ્થં
ભ્રાન્ત્યાહમિત્યેવ જડોઽભિમન્યતે ॥ ૨૨૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : ઘટોદકે બિમ્બિતં અર્કબિમ્બં આલોક્ય (યથા) મૂઢઃ રવિં એવ મન્યતે, તથા જડઃ ભ્રાન્ત્યા ઉપાધિસંસ્થં ચિદાભાસં 'અહં' ઇતિ એવ અભિમન્યતે ॥ ૨૨૦ ॥

શબ્દાર્થ : શ્લોકમાં **યથા-તથા** (જેવી રીતે-તેવી રીતે) એવા શબ્દોના પ્રયોગ વડે, જૂદી જૂદી બે વ્યક્તિઓની ખોટી માન્યતાઓ(**मन्यते** અને **अभिमन्यते**)ને, બે જૂદા જૂદા વિષયના સંદર્ભમાં, સરખામણી માટે, સામસામી મૂકી છે. આમ તો, બંને વ્યક્તિઓ છે તો મૂર્ખ જ (**मूढः** અને **जडः**), પરંતુ પ્રસંગો જૂદા જૂદા છે. **मूढः रविं एव मन्यते** । મૂઢ માણસ (તેને) સૂર્ય જ માની લે છે, સમજી લે છે. કોને ? શું જોઈને ? (**आलोक्य**) **घट-उदके बिम्बितं अर्कबिम्बं** । **उदक** એટલે પાણી, અને **अर्क** એટલે સૂર્ય. ઘડાનાં પાણીમાં પ્રતિબિંબિત થયેલા સૂર્યને, (તે તેને સૂર્ય જ માની બેસે છે). તેવી જ રીતે, **जडः 'अहं' इति एव अभिमन्यते** । જડ બુદ્ધિવાળો માણસ, વિચાર-વગરનો, અક્કલ-વિનાનો માણસ, 'હું'-તરીકેનું અભિમાન કરે છે, 'તે હું છું,' - એવું અભિમાન કરે છે. શાના માટે ? **चिद्-आभासं** - ચિત્તનાં, ચૈતન્યના આભાસમાત્ર માટે. કેવો છે તે **चिदाभास** ? **उपाधि-संस्थं**, દેહ, બુદ્ધિ વગેરે જેવી 'ઉપાધિ'માં રહેલો, તેમાં પ્રતિબિંબિત થયેલો. આવું કેમ બને છે ? **भ्रान्त्या** - ભ્રમ-ભ્રમણાને કારણે. (૨૨૦)

અનુવાદ : ઘડાનાં પાણીમાં પ્રતિબિંબિત થયેલા સૂર્યને (એટલે કે સૂર્યને નહીં, માત્ર પ્રતિબિંબને) જોઈને, બિંબિત સૂર્યને જ મૂઢ માણસ તે સૂર્ય માની લે છે. તેમ, વિચારવિનાનો જડબુદ્ધિ માણસ, (દેહ-આદિ) ઉપાધિમાં રહેલા ચૈતન્યના આભાસમાત્રમાં (એટલે કે, ચૈતન્યમાં નહીં, પણ માત્ર તેના આભાસમાં, ખોટાં દેખાવમાં જ) '(તે) હું છું,' - એવું અભિમાન કરે છે (૨૨૦)

ટિપ્પણ : આમ તો, શ્લોક સહેલો છે અને એમાંના બધા જ શબ્દો શબ્દાર્થ-વિભાગમાં સમજાવી દેવામાં આવ્યા છે, તે છતાં આ તુલના પાછળના મર્મને સમજીએ : મૂઢ માણસની બુદ્ધિ સ્થૂળ છે, મોહ પામી ગઈ છે, નોર્મલ નથી, તે અજ્ઞાની છે, મૂર્ખ છે, એટલે પાણીથી ભરેલા ઘડામાં સૂર્યનાં પ્રતિબિંબને જોઈને, તે પ્રતિબિંબ માત્રને, પ્રતિબિંબિત સૂર્યને જ, સૂર્ય સમજી બેસે છે. આકાશમાં રહેલો મૂળ સૂર્ય અને પાણીમાં પ્રતિબિંબિત સૂર્ય, એ બે વચ્ચેના તફાવતને સમજવાની બુદ્ધિ તેનામાં ન હોવાને કારણે, તે 'પ્રતિબિંબ'ને જ 'બિંબ' માની લેવાની ભૂલ કરે છે, અણસમજ કરે છે.

તેવી જ રીતે, અહીંના આધ્યાત્મિક સંદર્ભમાં જે પણ માણસ જડ છે, વિચારશક્તિ-વિનાનો, અજ્ઞાની છે, તેની બુદ્ધિનો જરૂરી વિકાસ થયો નથી, તેથી તે જુએ છે માત્ર દેહ,બુદ્ધિ વગેરે ઉપાધિમાં રહેલા ચિત્‌નાં ચૈતન્યના આભાસને જ, મૂળ ચૈતન્યને નહીં, - અને છતાં, તે, ભ્રાન્તિને કારણે, એવું અભિમાન કરે છે કે 'તે માત્ર ચિત્-આભાસ હું છું'.

સરખામણીની બંને ઘટનાઓમાં પાયાની વાત છે, વિવેકબુદ્ધિના અભાવની. મૂળ સૂર્ય, એટલે કે 'બિંબ' અને તેનું 'પ્રતિબિંબ', - બંને, એક બીજાથી સાવ જૂદાં છે, અને છતાં તે બે વચ્ચેના તફાવત(Difference)ને સમજવા-પારખવા જેટલી વિવેકબુદ્ધિ પેલા મૂઢ-માણસમાં ન્હોતી, તેથી તેણે 'પ્રતિબિંબ'ને જ 'બિંબ' માની લીધું, પ્રતિબિંબિત સૂર્યને જ મૂળ સૂર્ય માની લીધો !

એ જ રીતે, અહીં પ્રસ્તુત સંદર્ભમાં, 'ચૈતન્ય' (**चित्**) છે તો ખરૂં, પરંતુ તે મૂળ-શુદ્ધ-નિર્વિકારી (Original) સ્વરૂપમાં નથી, દેહ-બુદ્ધિ-અંતઃકરણ-જીવ વગેરે અનેક ઉપાધિઓમાં રહેલું (**संस्थ**) છે, પરંતુ શુદ્ધ-બુદ્ધ-નિત્ય-મુક્ત-નિરુપાધિક-અકર્તા-અભોક્તા-અવિકારી એવું 'મૂળ ચૈતન્ય' (**चित्**) અને અનેક ઉપાધિઓમાં ફસાઈ ગયેલું, ઘેરાયેલું, ગ્રસ્ત, એવું ચૈતન્ય, એટલે કે એનો માત્ર મિથ્યા દેખાવ, એનો ફક્ત આભાસ, 'ચિદાભાસ', – એવી બે સંપૂર્ણરીતે ભિન્ન ઘટનાઓ વચ્ચેના ભેદને, – પાયાના ભેદને, – પારખવાની શક્તિ, વિવેકબુદ્ધિ, પેલા જડબુદ્ધિ માણસમાં ન હોવાથી, તે તેના ભ્રમનો ભોગ બને છે અને 'આભાસ'માં જ, પોતે હોવાનું અભિમાન કરે છે, બુદ્ધિ-પ્રતિબિંબિત મિથ્યા જીવને જ 'હું સત્-ચિદ્-આનંદ છું.' એવાં અનર્થકારી 'અભિમાન'માં રાચે છે !

શ્રીગુરુજીએ શિષ્યને બે-ત્રણ વાર 'આત્માને જાણ (**विद्धि**)', એમ કહ્યું તો ખરું, પરંતુ જાણવાની એ પ્રક્રિયામાં એને આવી ભ્રાન્તિ ન નડે અને એની સંસ્કાર-પામેલી વિવેકબુદ્ધિ સ્વસ્થ અને સ-જાગ રહે, એ હેતુથી તેમણે આવું પ્રતીતજનક દૃષ્ટાંત આપ્યું.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૨૨૦)**

२२१-२२२-२२३

घटं जलं तद्गतमर्कबिम्बं
विहाय सर्वं विनिरीक्ष्यतेऽर्कः ।
तटस्थ एतत् त्रितयावभासकः
स्वयंप्रकाशो विदुषा यथा तथा ॥ २२१ ॥
देहं धियं चित्प्रतिबिम्बमेतं
विसृज्य बुद्धौ निहितं गुहायाम् ।
द्रष्टारमात्मानमखण्डबोधं
सर्वप्रकाशं सदसद्विलक्षणम् ॥ २२२ ॥
नित्यं विभुं सर्वगतं सुसूक्ष्म-
-मन्तर्बहिःशून्यमनन्यमात्मनः ।
विज्ञाय सम्यङ्निजरूपमेतत्
पुमान् विपाप्मा विरजो विमृत्युः ॥ २२३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઘટં જલં તદ્ગતમર્કબિમ્બં
વિહાય સર્વં વિનિરીક્ષ્યતેઽર્કઃ ।
તટસ્થ એતત્ ત્રિતયાવભાસકઃ
સ્વયંપ્રકાશો વિદુષા યથા તથા ॥ ૨૨૧ ॥
દેહં ધિયં ચિત્પ્રતિબિમ્બમેતં
વિસૃજ્ય બુદ્ધૌ નિહિતં ગુહાયામ્ ।
દ્રષ્ટારમાત્માનમખંડબોધં
સર્વપ્રકાશં સદસદ્વિલક્ષણમ્ ॥ ૨૨૨ ॥
નિત્યં વિભું સર્વગતં સુસૂક્ષ્મ-
-મન્તર્બહિઃશૂન્યમનન્યમાત્મનઃ ।
વિજ્ઞાય સમ્યઙ્ નિજરૂપમેતત્
પુમાન્ વિપાપ્મા વિરજો વિમૃત્યુઃ ॥ ૨૨૩ ॥

શ્લોકોનો ગદ્ય અન્વય : घटं जलं तद्गतं अर्कबिम्बं (इदं सर्वं) विहाय, यथा विदुषा एतत् त्रितय–अवभासकः स्वयंप्रकाशः अर्कः विनिरीक्ष्यते, तथा देहं धियं (तथा च) बुद्धौ गुहायां निहितं एतं चित्प्रतिबिम्बं विसृज्य, द्रष्टारं अखण्डबोधं सर्वप्रकाशं सत्-असत्-विलक्षणं नित्यं विभुं सर्वगतं सु-सूक्ष्मं अन्तर्बहिःशून्यं एतत् निजरूपं सम्यग् विज्ञाय पुमान् विपाप्मा विरजः विमृत्युः च (भवति) ॥ २२१-२२२-२२३ ॥

શબ્દાર્થ : આ ત્રણેય શ્લોકોનો અન્વય એકીસાથે કરતાં, મુખ્ય વાક્ય આ પ્રમાણે ઉપસી આવે છે : **तथा पुमान् एतत् निजरूपं सम्यक् विज्ञाय विपाप्मा विरजः विमृत्युः** (च) (**भवति**) । **पुमान्** એટલે જ્ઞાની મનુષ્ય, સાચો સાધક, આ પહેલાં જેને સુ-સૂક્ષ્મ બુદ્ધિવાળો (શ્લોક-૨૧૬) 'आत्मविपश्चित' કહ્યો છે તે. આવા જ્ઞાની મનુષ્યને શો લાભ થાય છે ? તે નિષ્પાપ બની(ને) (**विपाप्मा**), રજોગુણથી રહિત બનીને, એટલે કે નિર્મલ બનીને (**विरजः**) અમર થઈ જાય છે (**विमृत्युः भवति** ।). આવો અતિવિરલ, દુર્લભ (લગભગ અશક્ય) કહેવાય તેવો લાભ તેને શા કારણે મળે છે ? બે કારણે : (૧) **એક** તો, તે છોડી દે છે, ત્યાગ કરે છે (**विसृज्य**) માટે. શું છોડી દે છે ? **देहं धियं** (**तथा च**) **बुद्धौ गुहायां निहितं एतं चित् – प्रतिबिम्बं** (**विसृज्य**) । સ્થૂળ શરીર, બુદ્ધિ, તેમ જ બુદ્ધિરૂપી ગુફા(**गुहा**)માં પડેલાં ચૈતન્ય(**चित्**)નાં પ્રતિબિંબને, ચિદાભાસને (**चित्**-આભાસ, એટલે જીવને) મિથ્યા સમજીને છોડી દે છે. અને **બીજું** કારણ (૨) એ કે તે બરાબર, સારી પેઠે, જાણી લે છે (**सम्यग् विज्ञाय**). કોને જાણી લે છે ? **एतद् निजरूपम्** । આ, એવાં, નિજ-સ્વરૂપને, પોતાનાં મૂળભૂત, સાચાં-ખરાં સ્વરૂપને સારી રીતે જાણી લે છે. તે 'નિજરૂપ' કેવું છે ? **द्रष्टारं** સર્વના દ્રષ્ટા (Seer) સાક્ષી. **अखण्डबोधम्** - અખણ્ડ એટલે સંપૂર્ણ, અવિનાશી **बोध** એટલે જ્ઞાન, સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞ (Omniscient), **सर्व-प्रकाशम्** - સર્વને પ્રકાશનાર, સમગ્ર બ્રહ્માંડને પોતાના પ્રકાશથી ઉજાળનાર, ઝળાંઝળાં કરનાર, **सत्-असत्-विलक्षणम्** - સત્ય અને અસત્યથી વિલક્ષણ, એટલે કે જૂદું-ન્યારું,-અલગ, કાર્ય અને કારણથી અળગું-નોખું, **नित्यम्** - નિત્ય, શાશ્વત, **विभुम्** - વ્યાપક, 'ન્યાય'-દર્શન પ્રમાણે, સર્વવ્યાપી (Omnipresent, Eternal, Existing everywhere, pervading all material things), એટલે સમગ્ર ભૌતિક જગતને પોતાના વડે વ્યાપી રહેલું શાશ્વત તત્ત્વ, **सर्वगतम्** - સર્વમાં અનુગત, સર્વગામી, સર્વત્ર અનુસ્યૂત, **सु-सूक्ष्मम्** અતિસૂક્ષ્મ (Very subtle), **अन्तर्बहिःशून्यम्** - અંદરના તથા બહારના સર્વ ભેદોથી વિમુક્ત, એવા કશા ભેદોથી રહિત, અંદર-બહારના ભેદો વિનાનું, **आत्मनः अनन्यम्** - પોતાનાં સ્વરૂપથી અભિન્ન, પોતાનાં સ્વરૂપથી જરા પણ ભિન્ન નહીં એવું, અને આ જ પેલું નિજસ્વરૂપ (**निजरूपम्**), જેને બરાબર જાણીને પેલો જ્ઞાની પુરુષ (**पुमान्**) નિષ્પાપ, નિર્મલ અને અમર થઈ જાય છે. આ આખીયે ઘટનાને 'તેવી રીતે' '**तथा**' કહી છે, તો આ ઘટના કોના જેવી છે ? **यथा विदुषा अर्कः विनिरीक्ष्यते** । જેમ, જેવી રીતે, કોઈ વિદ્વાન (જ્ઞાની, વિચક્ષણ, સમજદાર માણસ) સૂર્ય(**अर्कः**)ને જુએ છે. કેવો સૂર્ય ? **स्वयंप्रकाशः** પોતાનાં તેજે પ્રકાશી રહેલો. વળી કેવો ? **एतत् तटस्थः त्रितय-अवभासकः** । **त्रितय** એટલે ત્રણનો સમૂહ, **अवभासकः** એટલે આભાસ કરાવનારો. પરંતુ આ વિદ્વાન-માણસ સૂર્યને જુએ છે તે પહેલાં શું કરે છે ? ઘણીબધી (**सर्वं**) વસ્તુઓનો તે પરિત્યાગ કરે છે (**विहाय**). આ બધી વસ્તુઓ કઈ કઈ છે ? **घटं जलं तद्गतं अर्कबिम्बिम्** - આમ

તો, આ સર્વ એટલે તો આ ત્રણ જ (**त्रितय**), - ઘડો, જળ, અને તે (જળ)માં, તદ્‌ગતં સૂર્યનું પ્રતિબિંબ. સૂર્ય આ ત્રણેયને, તટસ્થ રહીને પ્રકાશે છે.

બસ, જેમ (**यथा**) આ વિદ્વાન માણસ, ઘડો, જળ, સૂર્યપ્રતિબિંબ એ બધાંને ત્યજીને (**सर्वं विहाय**) સૂર્યને જ જુએ છે, તેમ પેલો જ્ઞાની મનુષ્ય (**पुमान्**) દેહ, બુદ્ધિ વગેરેને છોડીને (**विसृज्य**), પોતાનાં નિજરૂપને બરાબર જાણીને (**सम्यग् विज्ञाय**) અમર (**विमृत्युः**) થઈ જાય છે. (૨૨૧-૨૨૨-૨૨૩)

અનુવાદ : ઘડાને, જળને અને તે(જળ)માં પડેલાં સૂર્યનાં પ્રતિબિંબને, - આ સર્વને છોડીને, વિલક્ષણ માણસ, જેમ, આ ત્રણેયને તટસ્થ રહીને પ્રકાશનાર સ્વયંપ્રકાશ સૂર્યને (તત્ત્વરૂપે) જુએ છે તેમ, સ્થૂળ શરીર, બુદ્ધિ, તેમ જ બુદ્ધિરૂપી ગુફામાં પડેલાં ચૈતન્યનાં પ્રતિબિંબને, એટલે કે ચિદાભાસને છોડીને, સર્વના દૃષ્ટા (સાક્ષી), સત્ય-અસત્યથી વિલક્ષણ, અવિનાશી, જ્ઞાનસ્વરૂપ, સર્વ-પ્રકાશક, નિત્ય, સર્વવ્યાપક, સર્વગામી, અતિસૂક્ષ્મ, અંદર-બહારના ભેદોથી સંપૂર્ણ વિમુક્ત, પોતાનાં સ્વરૂપથી અભિન્ન એવાં નિજ-સ્વરૂપને બરાબર જાણીને, જ્ઞાની મનુષ્ય નિષ્પાપ અને નિર્મલ બનીને અમર (થઈ જાય છે.) (૨૨૧-૨૨૨-૨૨૩)

ટિપ્પણ : જે માણસ સૂર્યને જ તાત્ત્વિક-રૂપે ઇચ્છે છે, તેનું જ જેને દર્શન કરવું છે, તેણે, ઘડો, તેમાં રહેલું પાણી, અને તે પાણીમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ, એ સર્વનો સર્વથા ત્યાગ કરવો જ રહ્યો, કારણ કે સૂર્ય તો, તટસ્થ રહીને, તે ત્રણેયને પ્રકાશનારો છે, તેને પેલાં ત્રણેય સાથે કશો જ સંબંધ નથી. સૂર્ય તો સ્વતંત્ર છે, અસંગ છે, તટસ્થ છે. જે મૂર્ખ માણસ ઘડો વગેરે પેલાં ત્રણની ઝંઝટમાં પડે છે, તેમાં પડેલો રહે છે, તેમાં પડેલાં પ્રતિબિંબને જ સૂર્ય સમજીને, તેમાં રાચે છે, આ અણસમજમાં જ રચ્યોપચ્યો રહે છે, આ સર્વનો પરિત્યાગ ન કરે, તે, સૂર્યને, સૂર્યના પ્રકાશને, સાચા અર્થમાં, તાત્ત્વિકરૂપે, ખરેખર, કદીયે, પામી જ ન શકે.

આ દૃષ્ટાંત પરથી, હવે આપણે મોક્ષાર્થી સાધકના 'કેઈસ' (Case) પર આવીએ. સાધક 'મુમુક્ષુ' છે, એ મોક્ષ ઇચ્છે છે. પરંતુ 'મોક્ષ' એટલે શું ? 'મોક્ષ' એટલે 'મુક્તિ'. શામાંથી મુક્તિ ? મૃત્યુનાં 'બંધન'માંથી. યાદ કરીએ, ઋગ્વેદનો પેલો 'મૃત્યુંજય'-મંત્ર, જેમાં મૃત્યુને 'બંધન' કહેવામાં આવ્યું છે :-

उर्वारुकमिव बन्धनात् मृत्योः मुक्षीय.... ॥ ७, ५९, १२ ॥

એટલે 'બન્ધન' મૃત્યુનું છે, અને એ 'બન્ધન'માંથી મુક્તિ, એટલે મોક્ષ. જન્મ-મરણની અનંત ચાલતી ઘટમાળમાંથી છૂટકારો. આવો 'છુટકારો' એટલે આ શ્લોક(૨૨૩)માંનો શબ્દ : **विमृत्युः**. **विमृत्युः** એટલે એવો સાધક, જેના માટે મૃત્યુ રહેતું નથી, **विगतः मृत्युः यस्य सः** । મૃત્યુથી પર થઈને જે અમર થઈ જાય છે !

આવી સિદ્ધિ મનુષ્ય માટે અશક્ય નથી, પણ અઘરી ઘણી છે. તે પહેલાં એના માટે અનિવાર્ય (Indispensable) એ છે કે તેણે પોતાનાં, 'સ્વકીય' (**निज**)

સ્વરૂપને, પૂરેપૂરું જાણી લેવું જોઈએ (**निजरूपं सम्यक् विज्ञाय**). પરંતુ આ સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ પહેલાં, તેણે બહુ મોટો એક ત્યાગ કરવાનો હોય છે. આ ત્યાગ પર જ પેલી પ્રાપ્તિ અવલંબિત છે, પ્રાપ્તિની પૂર્વ-શરત (Pre-condition) છે. ત્યાગ શાનો ત્યાગ કરવાનો છે ? સ્થૂળ શરીર વગેરે અનેક અનર્થો-ઉપાધિઓ-અનાત્માઓની ગુફામાં પડેલા 'ચિદાભાસ'નો. 'ચિદાભાસ' (ચિત્+આભાસ) એટલે મૂળ-ચૈતન્ય (ચિત્) નહીં, પરંતુ તેનો માત્ર આભાસ, ફક્ત તેનું પ્રતિબિંબ. આ 'ચિદાભાસ'નો 'ત્યાગ' થાય કે તરત જ પેલી, નિજરૂપનાં સમ્યગ્-જ્ઞાનની 'પ્રાપ્તિ' થઈ જાય ! અને જે નિજરૂપને પામે, તેને 'પાપ' કેવાં ને 'રજોગુણ' કેવાં ? એ તો તત્ક્ષણ 'નિષ્પાપ' અને 'નિર્મલ' થઈ જાય, અને આવા સમ્યગ્-જ્ઞાનીની સામે તો 'મૃત્યુ'નું ય ગજું જ શું, કે તે ઊભું રહે !

પરંતુ એ હરગીઝ ભૂલવાનું નથી કે આવો બધો 'ચમત્કાર' છે, માત્ર પેલાં 'નિજરૂપ'નો, એનાં સ્વરૂપનો ! આ સ્વરૂપ માટે, આચાર્યશ્રીએ જે થોડાં વિશેષણો પ્રયોજ્યાં છે, તે સંપૂર્ણરીતે સૂચક (Significant) છે, અને ધ્યાનપૂર્વક સમજવા જેવાં છે : તે 'અખંડબોધસ્વરૂપ' છે, અવિનાશી, મૂર્તિમંત જ્ઞાન છે, સર્વનો પ્રકાશક, દ્રષ્ટા (Seer) અને એકમાત્ર સાક્ષી છે, સત્ અને અસત્ - એ બંનેથી તે વિલક્ષણ છે, એટલે કે જે કાંઈ આ જગતમાં કાર્યરૂપે વ્યક્ત થાય છે અને જે માયારૂપી અવ્યક્ત કારણ છે, - તે બંનેથી ભિન્ન છે. વળી, તે 'નિત્ય', 'વિભુ' અને 'સર્વગત' છે : તેનો કદીયે અભાવ હોતો નથી, માટે તે 'નિત્ય' છે. તે સર્વત્ર-વ્યાપ્ત છે, સર્વવ્યાપી છે, Omnipresent છે, તેથી તે 'વિભુ' છે, અને તે સર્વનું અધિષ્ઠાન છે, સર્વમાં અનુગત છે, અનુસ્યૂત છે, એટલે જ તે 'સર્વગત' છે. પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન વગેરે પ્રમાણોથી કે મન અને ઇન્દ્રિયોથી એને જાણી ન શકાય એટલું તે સુ-સૂક્ષ્મ છે, અત્યંત સૂક્ષ્મ (Most Suttle) છે. 'અણુ' (Atom) એટલે નાનામાં નાનું (Smallest), પરંતુ આ તો 'અણું'થીયે વધારે નાનું છે :

અને એને કશો 'આકાર' જ નથી, એ તો નિરાકાર જ છે, પછી એને 'બહાર' (**बहिः**) શું અને 'અંદર' (**अन्तः**) શું ? - એ તો સદા **अन्तर्बहिःशून्य** જ છે !

અને સૌથી છેલ્લું, છતાં સૌથી મહત્ત્વનું (Last but not the least) વિશેષણ એટલે **आत्मनः अनन्यम्**. આમ તો, આ સ્વરૂપ માટે **निज** - શબ્દ પ્રયોજ્યો છે, એ જ એવી પ્રતીતિ માટે પર્યાપ્ત છે કે સાધકે જેનું સમ્યગ્-જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે પોતાનું છે, સ્વકીય છે અને પોતાનાં સ્વરૂપથી તે સંપૂર્ણરીતે અભિન્ન છે, – આત્માનું પરમ સ્વરૂપ જ જ્યાં નિજ-સ્વરૂપ બની રહે ! આ તો પોતે જ પોતાને જુએ-જાણે-અનુભવે, – એ પ્રકારનો આધ્યાત્મિક ચમત્કાર (Spritual Miracle) !

અને, અહીં, આ આત્મદર્શનમાં, આત્મજ્ઞાનમાં, આત્માનુભૂતિમાં તો, બસ, મુક્તિ જ, મુક્તિ ! મોક્ષ જ મોક્ષ ! મોક્ષનો મહોત્સવ !

શ્લોકોનો છંદ : **ઉપજાતિ (૨૨૧, ૨૨૨, ૨૨૩)**

૨૨૪

विशोक आनन्दघनो विपश्चित्
स्वयं कुतश्चिन्न बिभेति कश्चित् ।
नान्योऽस्ति पन्था भवबन्धमुक्ते-
-र्विना स्वतत्त्वावगमं मुमुक्षोः ॥ २२४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

विशोक आनन्दघनो विपश्चित्
स्वयं कुतश्चिन्न बिभेति कश्चित् ।
नान्योऽस्ति पन्था भवबन्धमुक्ते-
-र्विना स्वतत्त्वावगमं मुमुक्षोः ॥ २२४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : विशोकः आनन्दघनः कश्चित् विपश्चित् स्वयं कुतश्चित् न बिभेति, मुमुक्षोः स्व-तत्त्व-अवगमं विना भवबन्धमुक्तेः न अन्यः पन्थाः अस्ति ॥ २२४ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : कश्चित् विपश्चित् स्वयं कुतश्चित् न बिभेति । विपश्चित् એટલે વિદ્વાન-જ્ઞાની, कुतश्चित् એટલે કોઈથી પણ. કોઈ પણ વિદ્વાન કોઈથી પણ ડરતો નથી, બીતો નથી, ભય પામતો નથી. मुमुक्षोः अन्यः पन्थाः न अस्ति । पन्थाः એટલે માર્ગ, પન્થ, રસ્તો. મુમુક્ષુ માટે, મોક્ષાર્થી માટે, બીજો કોઈ માર્ગ નથી. શાના માટે ? મોક્ષ માટેસ્તો ! भवबन्धमुक्तेः સંસારનાં બંધનમાંથી છૂટવાનો એક જ માર્ગ છે, તો તે ક્યો ? स्व-तत्त्व-अवगमं विना - तत्त्व એટલે સ્વરૂપ, અને अवगम એટલે જ્ઞાન, પોતાનાં સ્વરૂપનાં જ્ઞાન સિવાય (બીજો કોઈ માર્ગ). પેલો જ્ઞાની (विपश्चित्) કેવો છે ? બે વિશેષણો : (૧) विशोकः શોકરહિત, શોક-વિનાનો, જેનો શોક ચાલ્યો ગયો છે, તેવો : विगतः शोकः यस्य सः । અને (૨) आनन्दघनः - આનંદસ્વરૂપ બની ગયેલો. (૨૨૪)

અનુવાદ : શોકરહિત અને આનંદસ્વરૂપ બની ગયેલો કોઈ પણ જ્ઞાની પોતે કોઈથી પણ ભય પામતો નથી. મુમુક્ષુ માટે, તત્ત્વરૂપ આત્માનાં જ્ઞાન વિના, સંસારનાં બંધનમાંથી છૂટવા માટે બીજો કોઈ માર્ગ નથી. (૨૨૪)

ટિપ્પણ : भवबन्धः એટલે સંસારનું બંધન. સંસાર એ 'બંધન' એટલા માટે બને છે કે એની સાથે મૃત્યુ જોડાયેલું છે. એટલે, હકીકતમાં, તો સંસારનું બંધન એટલે મૃત્યુનું બંધન, જેના વિશે આપણે ગયા શ્લોકમાં ચર્ચા કરી છે. આમ, બીજા શબ્દો પ્રયોજીએ તો, 'ભવ-બંધ-મુક્તિ' એટલે મૃત્યુ, બંધન-મુક્તિ, અને એટલે જ, ગયા શ્લોકનો શબ્દ પ્રયોજીએ તો, સાધક મુમુક્ષુએ 'વિમૃત્યુ' થવાનું છે. ત્યાં, ગયા શ્લોકમાં, 'વિમૃત્યુ' થવા માટે, નિજસ્વરૂપનું સમ્યક્ જ્ઞાન અનિવાર્ય છે, એવું

નિરૂપણ થયું હતું. અહીં, એ જ વાતને, **સ્વતત્ત્વ-અવગમ** એટલે કે પોતાનાં મૂળભૂત સ્વરૂપનું જ્ઞાન, તત્ત્વસ્વરૂપ આત્માનું જ્ઞાન, – એ રીતે નિરૂવામાં આવી છે. માત્ર શબ્દો જૂદા છે, મર્મ તો એ જ છે. અંતરાત્મા સાથે એકરૂપ બનેલા પરમાત્માનું સમ્યગ્ જ્ઞાન, આ સિવાય બીજો કોઈ માર્ગ, 'અયન' માટે, એટલે કે મોક્ષ માટે નથી, એમ શ્રુતિ સુનિશ્ચિત રીતે પ્રતિપાદન કરે છે' :-

नान्यः पन्थाः विद्यतेऽयनाय । - **श्वेताश्वतर** ઉપનિષદ

સંક્ષેપમાં, આમ કહીને, આચાર્યશ્રીએ, છેલ્લા શ્લોકમાંના પોતાનાં વિધાનનું અહીં, જરા જૂદી રીતે, સમર્થન જ કર્યું છે.

પરંતુ ના, એટલું જ નથી. મોક્ષાર્થી જ્ઞાની (**विपश्चित्**) માટે બે સમુચિત વિશેષણો પ્રયોજીને તેમણે એવા સાધકની સુયોગ્ય પ્રશસ્તિ કરી છે : **એક, विशोकः**, અને **બીજું, आनन्दघनः**. અને આ પ્રશસ્તિમાં બાકી રહી જતી એક મહત્ત્વની વાત, શ્લોકની બીજી પંક્તિમાં કહેવામાં આવી છે : **कुतश्चित् न बिभेति** ।

આ **ત્રણ** વાતોને એકીસાથે મૂકીએ, એટલે એક આદર્શ મુમુક્ષુનું શબ્દચિત્ર આપણી સમક્ષ ઉપસી રહે : **એક**, પોતાના આત્મસ્વરૂપનું સંપૂર્ણ, સમ્યગ્ અને અસંદિગ્ધ જ્ઞાન પામનાર વિપશ્ચિતના સર્વ શોકો દૂર થઈ જાય છે, તે 'અ-શોક' અથવા 'વિ-શોક' બની રહે છે, એને જે કશા શોકો સતાવતા હતા, તે, પેલા આત્મસ્વરૂપનાં જ્ઞાનનાં અભાવે જ. હવે, શોક શાનો ? **બે**, પરમાત્માનાં મૂળ સ્વરૂપ(सत्-चित् आनन्द)માં આનન્દ છે. એટલે સાચો મોક્ષાર્થી તો આનન્દસ્વરૂપ (आनन्दघनः) જ બની જાય, અને **ત્રણ**, બ્રહ્મના આનન્દને જ પામી ગયેલા વિપશ્ચિતને વળી ભય કોનો ?

आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कदाचन । - ઉપનિષદ

બ્રહ્મના આનંદની પ્રાપ્તિ એટલે જ અભયપદ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૨૪)

૨૨૫

ब्रह्माभिन्नत्वविज्ञानं भवमोक्षस्य कारणम् ।
येनाद्वितीयमानन्दं ब्रह्म संपद्यते बुधैः ॥ २२५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્માભિન્નત્વવિજ્ઞાનં ભવમોક્ષસ્ય કારણમ્ ।
યેનાદ્વિતીયમાનન્દં બ્રહ્મ સંપદ્યતે બુધૈઃ ॥ ૨૨૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : **બ્રહ્મ-અભિન્નત્વ-વિજ્ઞાનં ભવમોક્ષસ્ય કારણં (અસ્તિ), યેન બુધૈઃ અદ્વિતીયં આનન્દં બ્રહ્મ સંપદ્યતે ॥ ૨૨૫ ॥**

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **બ્રહ્મ-અભિન્નત્વ-વિજ્ઞાનં ભવમોક્ષસ્ય કારણં (અસ્તિ)** ।

ब्रह्म-अभिन्नत्व-कारणं 'બ્રહ્મ મારાથી જરા પણ ભિન્ન નથી' એવું જ્ઞાન. 'બ્રહ્મ' એટલે પરમાત્મા અને 'હું' એટલે જીવાત્મા, - એ બંને એક જ છે, એવું જ્ઞાન, એવી સમજ. **भवमोक्षस्य कारणं अस्ति** । આવું જ્ઞાન સંસારનાં બંધનમાંથી મુક્ત થવાનું, છુટવાનું કારણ છે. આને કારણે શું થાય છે ? **येन बुधैः अद्वितीयं आनन्दं ब्रह्म संपद्यते** । જેનાથી, આવાં અભેદજ્ઞાનથી, ડાહ્યા માણસો, જ્ઞાનીઓ, વિદ્વાનો, અદ્વિતીય આનંદસ્વરૂપ-બ્રહ્મને પામે છે, એટલે કે પોતે જ બ્રહ્મરૂપ બની જાય છે. (૨૨૫)

અનુવાદ : 'બ્રહ્મ (મારાથી) ભિન્ન નથી,' એવું જ્ઞાન સંસાર(નાં બધન)માંથી મુક્ત થવાનું કારણ છે, – જે(આવા અભેદજ્ઞાન)થી જ્ઞાનીઓ અદ્વિતીય આનંદ-સ્વરૂપ બની જાય છે. (૨૨૫)

ટિપ્પણ : મોક્ષાર્થી સાધક પરમ-બ્રહ્મને પામ્યા વિના, પોતાનાં જીવનનાં એકમાત્ર ધ્યેય સમા મોક્ષની પ્રાપ્તિ ન કરી શકે. મોક્ષ-પ્રાપ્તિની પૂર્વ-શરત (Pre-conditon) તરીકે બ્રહ્મ-સંપન્નતા (**ब्रह्म संपद्यते** ।) અનિવાર્ય છે, – એ હકીકતનું અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

પરંતુ તે પહેલાં, તેણે 'બ્રહ્મ' એટલે કે પરમાત્મા અને 'હું' એટલે કે જીવાત્મા, - એ બંને વચ્ચેનું અભેદજ્ઞાન મેળવી લેવું પણ એટલું જ અનિવાર્ય છે, કારણ કે સંસારનાં બંધનમાંથી મુક્ત થયા વિના તો બ્રહ્મપ્રાપ્તિ શક્ય જ ન બને, અને સંસારનાં બંધનમાંથી છૂટવા માટે, પરમાત્મા-જીવાત્માનું અભેદજ્ઞાન, એ એક જ કારણ છે. આમ, બ્રહ્મપ્રાપ્તિ માટેની સોપાન-પરંપરા આ પ્રમાણે છે : (૧) જીવાત્મા-પરમાત્મા-અભેદજ્ઞાન, (૨) સંસાર-બંધન-મુક્તિ, અને (૩) બ્રહ્મપ્રાપ્તિ.

આ અનુસંધાનમાં બે વાત નોંધપાત્ર છે : એક તો એ કે સાધકે **जीवो ब्रह्मैव नापरः** । જીવ, જીવાત્મા, એ બ્રહ્મ એટલે કે પરમાત્મા જ છે, 'જીવ તરીકે હું, બ્રહ્મથી જરા પણ જૂદો નથી, ભિન્ન નથી', એવી આત્મપ્રતીતિ સંપન્ન કરી લેવી જોઈએ. અને આત્માને પામવો હોય તો, આત્મા સિવાયનાં સર્વ તત્ત્વોને, એટલે કે જગતમાંનાં સમગ્ર 'અનાત્મા'-સમુદાયનો તેણે ત્યાગ કરવો જોઈએ. આ પહેલાંના શ્લોકોમાં સવિસ્તર પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેમ, આ 'અનાત્મા-સમુદાય-ત્યાગ' થાય કે તરત જ 'આત્મ-પ્રાપ્તિ' એટલે કે 'બ્રહ્મ-પ્રાપ્તિ' સંપન્ન બની રહે છે અને આવી આધ્યાત્મિક 'સંપત્તિ'ના ધણીને, પછી, સંસારબંધનની ચિંતા કરવાની રહેતી નથી !

અને બીજું એ કે બ્રહ્મના જ્ઞાનીથી બ્રહ્મ જૂદું રહેતું જ નથી. **श्रुति** તો નિશ્ચયપૂર્વક જાહેર કરે જ છે કે 'બ્રહ્મજ્ઞાની તો બ્રહ્મ જ બની જાય છે' : **ब्रह्मविद् ब्रह्मैव भवति** । આમ, બ્રહ્મનો જાણકાર સાધક, જ્યારે પોતે જ બ્રહ્મ બની જાય, ત્યારે એના આ બ્રહ્મસાક્ષાત્કારનો આનંદ તો શબ્દાતીત, અવર્ણનીય, અદ્વિતીય !

આવો આનંદ તો અનાદિ છે, અનંત છે અને એની અનુભૂતિ અપરોક્ષ

હોવાથી, એ કેવો છે, એ તો માત્ર એનો આસ્વાદ કરનાર જ કહી શકે ! આવા બ્રહ્મ-આનંદના રસના સ્વાદ વિશે જ, કદાચ, ભક્તકવિ નરસૈંયાંએ આ પ્રકારના સ્વયંભૂ ઉદ્‌ગારો અભિવ્યક્ત કર્યા હશેને ! –

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક-જોગી રે,
કંઈ-એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૨૨૫)

૨૨૬

ब्रह्मभूतस्तु संसृत्यै विद्वान्नावर्तते पुनः ।
विज्ञातव्यमतः सम्यग् ब्रह्माभिन्नत्वमात्मनः ॥ २२६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ब्रह्मभूतस्तु संसृत्यै विद्वान्नावर्तते पुनः ।
विज्ञातव्यमतः सम्यग् ब्रह्माभिन्नत्वमात्मनः ॥ २२६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : **ब्रह्मभूतः** तु विद्वान् पुनः संसृत्यै न आवर्तते, अतः आत्मनः **ब्रह्माभिन्नत्वं सम्यग् विज्ञातव्यम्** ॥ २२६ ॥

શબ્દાર્થ : **ब्रह्मभूतः** – બ્રહ્મસ્વરૂપ થઈ ગયેલો, પોતાને બ્રહ્મસ્વરૂપ જાણતો જ્ઞાની (વિદ્વાન), બ્રહ્મીભૂત થયેલો મુમુક્ષુ સાધક, **संसृति** એટલે જન્મમરણની જંજાળ-ઘટમાળ, જન્મમરણરૂપી સંસાર, જન્મ-મરણનું આવર્તન, **न आवर्तते** – પાછો આવતો નથી, એમાં ફસાતો નથી, **अतः** આથી, માટે, આ કારણે, એટલા માટે, **आत्मनः ब्रह्म-अभिन्नत्वम्** – આત્માનું બ્રહ્મથી અભિન્નપણું, બ્રહ્મ સાથેની પોતાની એકતા, પોતે બ્રહ્મથી જરા પણ જૂદો નથી, – એવી પ્રતીતિ, **सम्यग्** – સારી રીતે, સારી પેઠે, સંપૂર્ણરીતે, **विज्ञातव्यं** – જાણી લેવું જોઈએ, સમજી લેવું જોઈએ, આવું જ્ઞાન મેળવી લેવું જોઈએ. (૨૨૬)

અનુવાદ : પોતાને, ખરેખર, બ્રહ્મસ્વરૂપ સમજતો જ્ઞાની ફરીથી સંસારમાં આવતો નથી, આથી (સાધકે) બ્રહ્મ સાથેની પોતાની અભિન્નતા સારી રીતે જાણી લેવી જોઈએ. (૨૨૬)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકમાં, સાધક માટેની, બ્રહ્મ સાથેની અભિન્નતાના મહિમાનો નિર્દેશ કરવામાં આવ્યો જ છે (**ब्रह्म-अभिन्नत्व-विज्ञानम्**). અહીં એનું દૃઢીકરણ કરવામાં આવ્યું છે.

આ મહિમાને બરાબર આત્મસાત્ કરનાર સાધક વિશે એક વાત સુનિશ્ચિત થઈ જાય છે કે એને જન્મમરણની જંજાળરૂપ આ સંસારમાં ફરીથી આવવાનું રહેતું નથી. હકીકતમાં, આ પ્રકારનું 'અનાવર્તન', (સંસારમાં, પાછું ન આવવું), –

એટલે જ મોક્ષ, સંસાર-મુક્તિ. પરંતુ આ માટે, એનાં મનમાં બ્રહ્મ સાથેની પોતાની અભિન્નતાનો પાયાનો મુદ્દો સંપૂર્ણરીતે, જડબેસલાક, જડાઈ-જોડાઈ-રોપાઈ જવો જોઈએ.

ગીતામાં, ભગવાન શ્રીકૃષ્ણે પોતાનાં પરમ ધામનો પરિચય અર્જુનને આપતાં, આ, અનાવર્તન, અ-નિવર્તન, પ્રત્યે જ તેનું ધ્યાન દોર્યું હતું :-

यद् गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ १५, ५ ॥

"મારું ધામ તો તે જ, જ્યાં પહોંચ્યા પછી, જેને પામ્યા પછી, અહીં સંસારમાં પાછા આવવાનું રહેતું નથી."

અને **ગીતા** જેનો નિષ્કર્ષ છે તે **ઉપનિષદો**, તો મનીષીઓના આ મતને અનેક વાર, અનેક, જૂદી જૂદી રીતે, વ્યક્ત કરતા જ હતા :-

न स पुनरावर्तते ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૨૬)**

૨૨૭

सत्यं ज्ञानमनन्तं ब्रह्म विशुद्धं परं स्वतःसिद्धम् ।
नित्यानन्दैकरसं प्रत्यगभिन्नं निरन्तरं जयति ॥ २२७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सत्यं ज्ञानमनन्तं ब्रह्म विशुद्धं परं स्वतःसिद्धम् ।
नित्यानन्दैकरसं प्रत्यगभिन्नं निरन्तरं जयति ॥ २२७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : બ્રહ્મ સત્યં, જ્ઞાનં, અનન્તં, વિશુદ્ધં, પરં, સ્વતઃસિદ્ધં, નિત્ય-આનન્દ-એકરસં, પ્રત્યગ્-અભિન્નં, નિરન્તરં (સત્) જયતિ ॥ ૨૨૭ ॥

શબ્દાર્થ : આખાયે શ્લોકને આવરી લેતું વાક્ય આ પ્રમાણે છે :-

બ્રહ્મ સત્યં જ્ઞાનં... નિરન્તરં (સત્) જયતિ ।

બ્રહ્મ હંમેશાં વિજયી બની રહે છે. શાથી ? **સત્** - એનું સ્વરૂપ આવું હોવાથી. **અસ્**-'થવું-હોવું' - એ ધાતુનું વર્તમાન-કૃદંતનું રૂપ - **સત્**.

બ્રહ્મ સદા-સર્વદા વિજયી બની રહે છે, એવી શી વિશિષ્ટતા છે, - એનાં સ્વરૂપની ? શ્લોકમાંના બાકીના બધા જ શબ્દો, બ્રહ્મનાં વિશેષણો તરીકે, આ વિશિષ્ટતા સમજાવે છે.

આ પહેલાં, 'અભાવ'ની અને 'પ્રાગ્-અભાવની' વાત આવી ગઈ છે (શ્લોક નં. ૨૦૧). બ્રહ્મને દેશ, કાળ, વસ્તુ, વ્યક્તિ કશાંયનો પરિચ્છેદ કદી નડતો નથી. આમ હોવાથી, – ત્રણેય કાળમાં સતત અસ્તિત્વ ધરાવતું હોવાથી, – એનો ક્યારેય અભાવ થતો ન હોવાથી, તે, તત્ત્વ તરીકે, 'સત્ય' છે.

સત્-ની સાથે, બ્રહ્મનાં સ્વરૂપમાં, **ચિત્** - શબ્દ પણ રહેલો છે. આથી તે

ક્યારેય જડ કે ચૈતન્યશૂન્ય હોતું નથી. चित् એટલે જ ચૈતન્યસૂચક જ્ઞાન, તે તો સ્વયં જ્ઞાન-સ્વરૂપ હોવાથી, ત્રણેય કાળ અને ત્રણેય અવસ્થાઓમાં સાક્ષીરૂપ હોવાથી, બ્રહ્માંડની સર્વવસ્તુઓને તે જાણે છે : તે સર્વવિદ્, સર્વજ્ઞ(Omniscient) છે, સર્વજ્ઞાતા, - Knower par excellence છે, જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ છે.

બ્રહ્મતત્ત્વ પેલા – अस्ति, जायते, वर्धते, विपरिणमते, अपक्षीयते અને विनश्यति જેવા, ષડ્ ભાવવિકારોથી પર છે, તે ક્યારેય નાશ પામતું નથી, સતત અભાવરહિત હોવાથી, અંત-વિનાનું હોવાથી, - અનન્ત છે.

હકીકતમાં, **તૈત્તિરીય** ઉપનિષદના મૂળ શબ્દો જ ગ્રંથકારે અહીં, બ્રહ્મતત્ત્વનાં સ્વરૂપની વિશિષ્ટતાનાં અનુસંધાનમાં, મૂકી દીધા છે :–

सत्यं ज्ञानं अनन्तं ब्रह्म । (બ્રહ્માનન્દવલ્લી-૧)

ગીતાએ પણ, આ અનન્ત-શબ્દનાં સમર્થનરૂપે જ, આત્મા માટે આવા શબ્દો પ્રયોજ્યા છે :–

अजो नित्यः शाश्वतोऽयं पुराणः । (૨,૨૦)

બ્રહ્મતત્ત્વ વિશદ્ધ છે, કારણ કે તે સંપૂર્ણરીતે 'અસંગ' છે. પ્રકૃતિના પેલા ત્રણ ગુણો, - સત્ત્વ, રજસ્ અને તમસ્ - કે આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવા ત્રણ રોગો તેને સ્પર્શીને અશુદ્ધ કે મલિન બનાવી શકે તેમ નથી. આવું સંગવિહોણાંપણું બ્રહ્મની વિશુદ્ધિને નિત્ય સુરક્ષિત રાખે છે.

તે પર છે, કારણ કે તે સૌથી સૂક્ષ્મ છે, સૂક્ષ્મતમ છે, ઇન્દ્રિયાતીત છે, મન અને બુદ્ધિની પહોંચથી પર છે.

બ્રહ્માંડની સર્વ વસ્તુઓને સિદ્ધ કે સાબિત કરવા માટે બીજી કોઈક વસ્તુની જરૂર પડે છે, પરંતુ બ્રહ્મ તો સ્વયં જ્ઞાન-સ્વરૂપ હોવાથી, એ સ્વયંસિદ્ધ છે, સ્વતઃસિદ્ધ છે. પોતે જ પોતાના વડે સિદ્ધ છે. **ન્યાયદર્શનનાં સર્વ પ્રમાણો** બ્રહ્મને સિદ્ધ કરવા માટે ઊણાં અને અસમર્થ છે.

અને જેને આદિ અને અંત નથી, તે તો 'નિત્ય' જ હોય. વળી, આનંદ પણ પરમાત્માનાં સ્વરૂપનું મૂળભૂત એક તત્ત્વ છે. અને આ આનંદનું તત્ત્વ એવું સઘન અને સાતત્યસભર છે કે એનો રસ, એનો આસ્વાદ, અખંડ અને અપ્રતિહત હોય છે. એનો આનંદ સતત આવો 'એકરસ' હોય છે.

અને છેલ્લે, આ બ્રહ્મનાં સ્વરૂપની ખૂબી એ છે કે બ્રહ્માંડના સર્વ વ્યક્તિગત અંતરાત્માઓ સાથે, એ સર્વની અંદર, કોઈ પણ પ્રકારનાં ભેદ કે અંતર રાખ્યા વિના, તે નિરન્તર, અભિન્ન રહે છે. સમગ્ર બ્રહ્માંડને વ્યાપી રહેલું આ બ્રહ્મતત્ત્વ, એવા જ અભેદભાવથી પ્રત્યગાત્મામાં પણ સદા વ્યાપ્ત છે.

આમ, એની સ્વરૂપગત લાક્ષણિકતાને કારણે, આ બ્રહ્મતત્ત્વ, સર્વોત્તમ-સર્વશ્રેષ્ઠ-સર્વોત્કૃષ્ટ હોવાથી, આવાં અનોખાં સ્વરૂપે વિદ્યમાન હોવાથી, તે નિરન્તર વિજયી બની રહે છે. (૨૨૭)

અનુવાદ : બ્રહ્મ સત્ય, જ્ઞાન, અનંત, વિશુદ્ધ, સર્વોત્કૃષ્ટ અને સ્વયંસિદ્ધ છે. નિત્ય, માત્ર આનંદના જ રસાસ્વાદરૂપ એવું (આ) બ્રહ્મ અંતરાત્માથી અભિન્ન છે અને તે નિરંતર વિજયી બની રહે છે. (૨૨૭)

ટિપ્પણ : જે જ્ઞાની સાધક પોતાને બ્રહ્મસ્વરૂપ જાણે-સમજે, તેને ફરીથી આ સંસારની જન્મમરણની, જંજાળમાં ફસાવાનું રહેતું નથી, એટલે કે તે મોક્ષ પામે છે. આમ, મુમુક્ષુ સાધક માટે 'બ્રહ્મ'-અભિન્ન તત્ત્વ-વિજ્ઞાન, એટલે કે બ્રહ્મ સાથેની એકતાનું સમ્યક્ જ્ઞાન અનિવાર્ય બની રહે છે.

આ બ્રહ્મનું મૂળભૂત સ્વરૂપ કેવું છે ?

એ એવું તો પર એટલે કે સર્વાતિશાયી, સ્વયંસિદ્ધ અને સર્વોત્કૃષ્ટ છે કે એ નિરન્તર વિજયી બની રહે છે. બ્રહ્મસ્વરૂપની આ લાક્ષણિકતા માટેનાં સર્વ શ્રુતિ-પ્રસિદ્ધ વિશેષણો આ શ્લોકમાં પ્રયોજાયાં છે.

શ્લોકનો છંદ : **ગીતિ** (૨૨૭)

૨૨૮

सदिदं परमाद्वैतं स्वस्मादन्यस्य वस्तुनोऽभावात् ।
न ह्यन्यदस्ति किंचित् सम्यक् परमार्थतत्त्वबोधे हि ॥२२८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सदिदं परमाद्वैतं स्वस्मादन्यस्य वस्तुनोऽभावात् ।
न ह्यन्यदस्ति किंचित् सम्यक् परमार्थतत्त्वबोधे हि ॥ २२८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : स्वस्मात् अन्यस्य वस्तुनः अभावात् इदं परम-अद्वैतं सत् (अस्ति), सम्यक् परमार्थबोधे हि अन्यत् किंचित् न अस्ति ॥ २२८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : इदं परम-अद्वैतं सत् (अस्ति) ।

અદ્વૈત - અભેદ, અભિન્નતા, ઐક્ય, એકતા: દ્વૈત - એટલે, જૂદાં જૂદાં બે હોવાની પરિસ્થિતિ, 'અદ્વૈત' એટલે દ્વૈતનો અભાવ. અહીં કઈ બે વસ્તુઓનાં અદ્વૈતની વાત પ્રસ્તુત છે? બ્રહ્મ સાથે જીવ અને જગતનું, બ્રહ્મ અને બ્રહ્માંડનું, જગત અને જગદીશનાં અદ્વૈતની વાત પ્રસ્તુત છે. બ્રહ્મ સાથે જીવ અને જગતનું, બ્રહ્મ અને બ્રહ્માંડનું, જગત અને જગદીશનું અદ્વૈત એ કેવું છે ? પરમ એટલે સર્વોચ્ચ-સર્વશ્રેષ્ઠ પ્રકારનું, આજકાલનું નહીં, પરંતુ હંમેશનું, સર્જનજૂનું, શાશ્વત, Eternal. સત્ - એટલે સત્ય. આવું, આ બે વચ્ચેનું, શાશ્વત અદ્વૈત સત્ય છે. પરંતુ આ પ્રકારનાં વિધાનનું સમર્થન શું ? स्वस्मात् अन्यस्य वस्तुनः अभावात् । પોતાનાથી, એટલે કે બ્રહ્મ સિવાય, આત્મતત્ત્વ સિવાય, બીજી કોઈ વસ્તુ ન હોવાથી. આ બે તત્ત્વોનાં અદ્વૈતને ખોટું (असत्) સાબિત કરવા માટે, અન્ય કોઈક વસ્તુનું અસ્તિત્વ તો હોવું જોઈએને ! – છે જ નહીં ! अन्यत् किंचित् न हि

अस्ति । બ્રહ્મ સિવાય, આત્મતત્ત્વથી ભિન્ન, બીજું કશું પણ છે જ નહીં, રહેતું જ નથી. આવું આત્યંતિક વિધાન, ભારપૂર્વક, નિઃશંક રીતે (Emphatically, un-doubtedly) કરવા માટે, हि - નામનો નિપાત (Particle) પ્રયોજવામાં આવ્યો છે. પણ આવી અનુભૂતિ સાધકને ક્યારે થાય છે ? सम्यक् परमार्थ-तत्त्वबोधे । પરમાર્થતત્ત્વનું દૃઢ, સારી રીતે, સારી પેઠે જ્ઞાન થયા પછી, એવું જ્ઞાન થતાં જ. 'પરમાર્થતત્ત્વ' એટલે બ્રહ્માંડનું સર્વોત્કૃષ્ટ જ્ઞાતવ્ય-તત્ત્વ, પરમબ્રહ્મ, પરમાત્મા. (૨૨૮)

અનુવાદ : (બ્રહ્મ સાથે જીવ અને જગતનું) આ પરમ અદ્વૈત સત્ય છે, કારણ કે બ્રહ્મસ્વરૂપ સિવાય બીજી કોઈ વસ્તુ છે જ નહીં. પરમાર્થતત્ત્વનું સમ્યક્ જ્ઞાન થયા પછી, (બ્રહ્મ સિવાય) અન્ય કશું જ રહેતું નથી. (૨૨૮)

ટિપ્પણ : આ શ્લોકમાં, 'અદ્વૈત'ને 'પરમ', એટલે કે શાશ્વત, અને 'સત્ય' કહીને, એના મહિમાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એટલે **વેદાન્તદર્શન**ના અત્યંત મહત્ત્વના આ પારિભાષિક શબ્દને, એના સમુચિત સંદર્ભમાં, સમજી લેવાની જરૂર છે :

આચાર્યશ્રીનો આ **'અદ્વૈત'**વાદ, એટલે એવો વાદ, જેમાં અનેક દેવ-દેવીઓને તો નહીં જ, પરંતુ **સાંખ્ય**-દર્શનનાં પેલાં બે તત્ત્વોનાં, – એટલે કે 'પુરુષ' અને 'પ્રકૃતિ'નાં – દ્વૈતને પણ કશું જ સ્થાન નથી. આ સમગ્ર બ્રહ્માંડમાં જે કાંઈ છે, અસ્તિત્વ ધરાવે છે, તે, પરમ સત્ય એટલે एकं एव अद्वितीयं ब्रह्म, – એક અને માત્ર એક જ બ્રહ્મ. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું એકમાત્ર કારણ પણ તે એક જ બ્રહ્મ છે. માટી એ ઘડાનું 'ઉપાદાન' કારણ છે અને કુંભાર-ચાકડો-પાણી વગેરે એનાં 'નિમિત્ત' કારણ છે, પરંતુ શંકરાચાર્યના આ **'અદ્વૈત'**-સિદ્ધાંત પ્રમાણે તો, બ્રહ્મ આ જગતનું 'ઉપાદાન' અને 'નિમિત્ત' બંને કારણ છે. આ સિવાયનાં અન્ય કોઈ તત્ત્વને શંકરાચાર્યના સિદ્ધાંતમાં કશો જ અવકાશ ન હોવાને કારણે (न हि अन्यद् अस्ति किंचित् ।), તેમના આ વાદને માત્ર **'અદ્વૈતવાદ'** નહીં પણ **'કેવલાદ્વૈત'**વાદ (Absolute Monism) એવી વ્યાવર્તક સંજ્ઞા આપવામાં આવી છે. શંકરાચાર્ય(૯મું શતક)ના અનુગામી થોડા આચાર્યોએ, આ **'અદ્વૈત'**-સિદ્ધાંતની બાબતમાં, શંકરાચાર્યથી જૂદો મત સ્થાપીને, પોતપોતાના વાદને, નીચે પ્રમાણે, જુદા ઓળખાવ્યા, એ દૃષ્ટિએ પણ શંકરાચાર્યના આ વાદને **'કેવલાદ્વૈત'** કહેવો, એમાં સંપૂર્ણ ઔચિત્ય રહેલું છે :

નિમ્બાર્કાચાર્યનો 'દ્વૈતાદ્વૈતવાદ' (Mono-Dualism) (૧૦મું શતક)
મધ્વાચાર્ય(૧૨મું શતક)નો 'દ્વૈતવાદ' (Dualism)
રામાનુજાચાર્ય(૧૨મું શતક)નો 'વિશિષ્ટાદ્વૈતવાદ' (Qualified-Monisum)
વલ્લભાચાર્યનો (૧૫મું શતક) 'શુદ્ધાદ્વૈતવાદ' (Pure Monisum).

'અ-દ્વૈત' એટલે બે વસ્તુ વચ્ચે **'દ્વૈત'** ન હોવાપણું, ભેદનો, જૂદાપણાંનો સંપૂર્ણ

અભાવ. આ બે વસ્તુઓ કઈ ? બ્રહ્મ અને જીવ, બ્રહ્મ અને જગત. આચાર્યશ્રી, એક જ ઝાટકે, આ બે તત્ત્વો વચ્ચેનાં દ્વૈતને, ભેદને નકારી કાઢે.છે, કારણ કે પોતાનાં બ્રહ્મસ્વરૂપથી કે આત્મસ્વરૂપથી અન્ય કોઈ પણ વસ્તુનું તાત્ત્વિક અસ્તિત્વ, સમગ્ર બ્રહ્માંડમાં, હોઈ શકે જ નહીં (स्वस्माद् अन्यस्य वस्तुनः अभावात् ।), અને જીવ પોતે જ બ્રહ્મ છે, બ્રહ્મથી જરા પણ નોખો નથી (जीवो ब्रह्मैव, न अपरः ।), એટલે તો બ્રહ્મ અને જીવ વચ્ચેનું અદ્વૈત 'પરમ' અને 'સત્ય' જ ઠરે !

પરંતુ બ્રહ્મ સિવાય બીજું કશું છે જ નહીં, - એની પ્રતીતિ કેવી રીતે થાય ? આચાર્યશ્રીનો ઉત્તર જેટલો સંક્ષિપ્ત છે, એટલો જ સારગ્રાહી છે : સદ્‌ગુરુનાં ચરણે અને શરણે બેસીને, પરમ અર્થનાં તત્ત્વનું સમ્યગ્ જ્ઞાન થતાંની સાથે જ (सम्यक्परमार्थ-तत्त्वबोधे हि), સાધકનાં અંતરમાં, આવી પ્રતીતિનું અજવાળું ઊગી નીકળે છે.

અને પછી તો અન્ય કશું ક્યાંય રહેતું જ નથી ! (૨૨૮)

શ્લોકનો છંદ : આર્યા (૨૨૮)

૨૨૯

यदिदं सकलं विश्वं नानारूपं प्रतीतमज्ञानात् ।
तत्सर्वं ब्रह्मैव प्रत्यस्ताशेषभावनादोषम् ॥ २२९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यदिदं सकलं विश्वं नानारूपं प्रतीतमज्ञानात् ।
तत्सर्वं ब्रह्मैव प्रत्यस्ताशेषभावनादोषम् ॥ २२९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यद् इदं सकलं विश्वं अज्ञानात् नानारूपं प्रतीतं, तत् सर्वं, प्रत्यस्त-अशेष-भावनादोषं ब्रह्म एव (अस्ति) ॥ २२९ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય इदं सकलं विश्वं ब्रह्म एव (अस्ति) । આ સકળ વિશ્વ બ્રહ્મ જ છે. આ વિશ્વ કેવું દેખાય છે ? यद् नानारूपं प्रतीतम् । नानारूपं એટલે જૂદાં જૂદાં રૂપવાળું, વિવિધ આકારોવાળું, प्रतीतं એટલે દેખાય છે, જણાય છે. આ વિશ્વ આવું શા કારણે દેખાય છે ? अज्ञानात् - અજ્ઞાનને કારણે. આ સમસ્ત વિશ્વ જો બ્રહ્મ જ છે, તો તે બ્રહ્મ કેવું છે ? प्रत्यस्त-अशेष-भावनादोषम् । प्रत्यस्त એટલે અસ્ત થઈ ગયો છે, અંત આવી ગયો છે. એટલે સર્વ-સમસ્ત-સકળ - બધી જ ભાવનાઓના દોષોનો જ્યાં અંત આવી જાય છે, કલ્પનાથી જન્મેલી સર્વ ભેદભાવનાઓના દોષો જ્યાં અસ્ત પામી ગયા છે, એવું. (૨૨૯)

અનુવાદ : અજ્ઞાનને કારણે જે વિવિધરૂપોવાળું દેખાય છે તે આ સમસ્ત વિશ્વ, સર્વ ભાવનાઓના દોષો જ્યાં વિરમી જાય છે તેવું તે, બ્રહ્મ જ છે. (૨૨૯)

ટિપ્પણ : ગયા શ્લોકમાં જે અદ્વૈત-તત્ત્વને શાશ્વત અને સત્ય કહેવામાં આવ્યું હતું, તેની જ ચર્ચા અહીં પણ ચાલુ રહી છે.

કોઈક શંકાકાર શંકા રજુ કરે કે 'આ અદ્વૈત જ એકમાત્ર સત્ય છે, એમ તમે કહો છો, પણ આ આખાં વિશ્વમાં તો માત્ર દ્વૈત (બે) જ નહીં, અનેક વિવિધ રૂપો અને આકારો દેખાય છે (પ્રતીતં), તેનું શું ?' અહીં પણ આચાર્યશ્રીનો ઉત્તર ટૂંકો જ છે : અજ્ઞાનાત્ - સદ્‌ગુરુની કૃપાથી અને શિષ્યની સંનિષ્ઠાથી, પેલા પરમ અર્થનાં તત્ત્વનું સમ્યક્ જ્ઞાન (સમ્યક્‌પરમાર્થતત્ત્વબોધ, શ્લોક ૨૨૮) ન મળી ગયું હોય ત્યાં સુધી જ આવી શંકાને સ્થાન રહે છે. અને બીજી વાત એ છે કે વિશ્વમાં આવાં વિવિધરૂપો માત્ર દેખાય જ છે, 'ખરેખર' હોતાં નથી, એ તો આભાસ-માત્ર જ છે. આવા આભાસોથી છળી જવાનું સાધકને પોસાય નહીં. આવી અનેકતા અને વિવિધતા, અજ્ઞાનનાં પરિણામે જ ઊભી થાય છે. નામ-રૂપ-આકારના આ બધા ભેદો કાલ્પનિક જ છે. પરંતુ આ વિશ્વ, જે બ્રહ્મસ્વરૂપ છે, તે બ્રહ્મનું તો સ્વરૂપ જ એવું ન્યારું-નિરાળું છે કે ત્યાં કલ્પનાજન્ય આવી બધી ભેદભાવનાઓના દોષને કશું જ સ્થાન નથી.

બ્રહ્મ તો નિર્વિકાર, નિરાકાર, નિરુપાધિક, નિર્વિકલ્પ છે, એમાં દેશ-કાળ, નામ-રૂપની ભિન્નતા કે અનેકતાની કશી શક્યતા જ નથી. આ સમસ્ત વિશ્વ તો બ્રહ્મ પરનાં એક આરોપણનાં રૂપે જ અસ્તિત્વ ધરાવે છે. અંતે, આ આરોપ કે આરોપણનું મૂળ અધિષ્ઠાન તો અખંડ અને અસંગ એવું આ બ્રહ્મ જ છે, — જ્યાં કશાં દોષ નથી, દ્વૈત નથી, ભેદ નથી, ભ્રાંતિ નથી, કલ્પ-વિકલ્પ કે કલ્પના નથી !

શ્લોકનો છંદ : ગીતિ (૨૨૯)

૨૩૦

मृत्कार्यभूतोऽपि मृदो न भिन्नः
कुम्भोऽस्ति सर्वत्र तु मृत्स्वभावात् ।
न कुम्भरूपं पृथगस्ति कुम्भः
कुतो मृषा कल्पितनाममात्रः ॥ २३० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

મૃત્કાર્યભૂતોઽપિ મૃદો ન ભિન્નઃ
કુમ્ભોઽસ્તિ સર્વત્ર તુ મૃત્સ્વભાવાત્ ।
ન કુમ્ભરૂપં પૃથગસ્તિ કુમ્ભઃ
કુતો મૃષા કલ્પિતનામમાત્રઃ ॥ ૨૩૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मृत्कार्यभूतः कुम्भः अपि सर्वत्र तु मृत्स्वभावात् मृदः भिन्नः न अस्ति । कुम्भरूपं पृथक् न अस्ति । मृषा कल्पितनाममात्रः कुम्भः (मृदः) कुतः भिन्नः स्यात्) ॥ २३० ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : कुम्भः मृदः भिन्नः न अस्ति । કુમ્ભ એટલે ઘડો,

અને मृद्: એટલે માટી. भिन्न એટલે જૂદો, અલગ. ઘડો માટીથી જૂદો નથી. આવું વિધાન કરવા માટેનું કારણ ? सर्वत्र तु मृत्स्वभावात् । सर्वत्र - બધી રીતે, સર્વાંગ, સર્વ સ્થળે, मृत्स्वभाव - માટીરૂપ હોવું, માટી સાથે ઓતપ્રોત હોવું. ઘડો માટીથી ભિન્ન નથી કારણ કે તે, ખરેખર, બધી જ રીતે, માટીરૂપ જ છે, માટી સાથે ઓતપ્રોત છે. कुम्भः(ઘડો) કેવો છે ? मृत्कार्यभूतः ઘડાનાં આ વિશેષણને જરા સમજવા જેવું છે : मृत् એટલે માટી, कार्य એટલે પરિણામ (Effect). मृत्कार्य એટલે માટીનું પરિણામ, માટીનો બનેલો, માટીમાંથી બનેલો. ઘડો માટીમાંથી, માટીનો બનેલો છે, એ તો સર્વવિદિતિ છે, પરંતુ ગ્રંથકારને અહીં જે સૂચવવાનું અભિપ્રેત છે, તે તો એ કે માટી ઘડાનું 'ઉપાદાન કારણ' (Cause) છે, અને ઘડો માટીનું 'કાર્ય' (Effect) છે. ઘડા અને માટી વચ્ચેનો આ કાર્ય-કારણ-સંબંધ, બ્રહ્મ અને જગત વચ્ચેના આ જ પ્રકારના કાર્ય-કારણ-સંબંધ પ્રત્યે આંગળી ચીંધે છે ! कुम्भरूपं (मृदः) पृथक् न अस्ति । ઘડાનું રૂપ માટીથી જૂદું નથી. मृषा कल्पित-मात्रः कुम्भः (मृदः) कुतः (भिन्नः स्यात्) । मृषा એટલે ખોટી રીતે, મિથ્યા. મિથ્યા નામમાત્રથી કલ્પિત ઘડો (માટીથી જૂદો) ક્યાંથી-કેવી રીતે હોઈ શકે ? (૨૩૦)

અનુવાદ : માટીમાંથી બનેલો ઘડો, બધી જ રીતે, ખરેખર, માટીરૂપ જ હોવાથી, માટીથી ભિન્ન નથી. ઘડાનું રૂપ પણ (ઘડાથી કે માટીથી) અલગ નથી. (માટીમાં) મિથ્યા નામમાત્રથી કલ્પિત એવો ઘડો (માટીથી ભિન્ન) ક્યાંથી હોઈ શકે ? (૨૩૦)

ટિપ્પણ : વાત તો અહીં પણ, અગાઉની જેમ, બ્રહ્મ અને જગત વચ્ચેનાં 'અદ્વૈત'ની જ છે, અને બ્રહ્મ-બ્રહ્માંડ વચ્ચેના અભેદને સમજાવવા, સાબિત કરવા માટે, અહીં માટી (मृद्) અને ઘડા(कुम्भः)નું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

ઘડો માટીમાંથી બન્યો હોવાથી, માટી એ ઘડાનું 'ઉપાદાન કારણ' અને ઘડો એ માટીનું 'કાર્ય' છે (मृत्कार्यभूतः). જે 'ઉપાદાન કારણ' હોય, તે તેનાં 'કાર્ય'માં સર્વત્ર, સર્વાંગ, સાંગોપાંગ ઓતપ્રોત હોય. ઘડાનું રૂપ, એનો આકાર, એનું નામ, – એ બધું ભલે જૂદું હોય, ભિન્ન લાગે, પરંતુ એથી કરીને ઘડાને માટીથી ભિન્ન માની શકાય નહીં. ઘડાનાં અણુ-અણુમાં માત્ર માટી જ છે, એ હકીકતને કેમ ભૂલી શકાય ? ઘડો એટલે જ માટીનું મૂળભૂત રૂપ (मृत्स्वभावात्). અરે, ઘડાનું જરા બારીક નિરીક્ષણ તો કરો! સમગ્ર ઘડાની કાયામાં ક્યાંય, ઉપર-નીચે, અંદર-બહાર માટી ન હોય, એવી શક્યતા છે ? માટી તો ઘડાનાં અણુઅણુમાં, આંતરબાહ્ય સ્વરૂપમાં સર્વત્ર અનુસ્યૂત છે. ઘડો એટલે સર્વત્ર માટી જ માટી ! 'માટી-મય' ! (मृन्मय)

પરંતુ ઘડો માટીથી જૂદો દેખાય છે, તેનું શું ? એનાં નામ-રૂપ-આકાર, આ બધું તો માટીથી ભિન્ન છે, એનો શો ખુલાસો ?

વાત તો સાચી છે, પણ અંતે તો એ બધી ખોટી (मृषा) કલ્પનામાત્ર છે.

'ઘડો' એવું નામ, એવું રૂપ, એવો એનો આકાર, – એ બધું જ મિથ્યા કલ્પના, અજ્ઞાન, મોહ વગેરેને કારણે માટીમાં કલ્પવામાં આવ્યું છે, અને એ જ મિથ્યા કલ્પનાને માટી પર આરોપિત કરવામાં આવી છે. હકીકતમાં, આ સમગ્ર પ્રક્રિયામાં અંશમાત્ર પણ વાસ્તવિકતા (Reality) નથી. મિથ્યા નામમાત્રની કલ્પનાને કારણે, ઘડો માટીથી ભિન્ન કેવી રીતે હોઈ શકે ?

માટી-ઘડાનું આ દૃષ્ટાંત, બ્રહ્મ અને બ્રહ્માંડ વચ્ચેના 'અદ્વૈત'-સંબંધની પશ્ચાદ્‌ભૂ (Back-ground)માં રહીને, સાધકને મદદરૂપ બની શકે, એ જ ઉદ્દેશ છે, ગ્રંથકારનો, આ દૃષ્ટાંત યોજવા પાછળ !

છાંદોગ્ય-ઉપનિષદના પ્રપાઠક-૬માં, પિતા ઉદ્દાલક સાથેની ચર્ચામાં, શ્વેતકેતુએ પૂછ્યું કે "જેના વડે 'નહીં સાંભળેલું' 'સાંભળેલું' થાય, 'નહીં-તર્ક કરેલું' 'તર્ક-કરેલું' થાય, 'નહીં-નિશ્ચય કરેલું' 'નિશ્ચય-કરેલું' થાય, – હે ભગવન્ ! કેવી રીતે આવો આદેશ થાય છે ?" –

येन अश्रुतं श्रुतं भवति, अमतं मतं भवति, अविज्ञातं विज्ञातं भवति इति कथं नु भगवः स आदेशो भवति इति ॥ ६,१,३ ॥

ત્યારે ઉદ્દાલક-મુનિએ જે ઉત્તર આપ્યો, નીચે પ્રમાણે, તેનું જ અહીં અનુસંધાન છે :-

'હે પ્રિયદર્શન ! જેમ એક માટીના પિંડ વડે (એટલે કે માટીનો પિંડ જાણવામાં આવ્યા પછી), માટીનાં સર્વ 'કાર્યો' (એટલે કે માટીમાંથી ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુઓ) સારી રીતે જાણવામાં આવે છે (તેમ જ આ સમજવું) : વાણીનો વિષય 'કાર્ય'-માત્ર નામ જ છે, સત્ય નથી, મૃત્તિકા જ સત્ય છે.' :-

यथा एकेन सोम्य मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्यात् वाचारम्भणं विकारो नामधेयं, मृत्तिका इति एव सत्यम् ॥ ६,१,४ ॥

ટૂંકમાં, માટીમાંથી બનેલી સર્વ વસ્તુઓ--કોડિયું, બરણી વગેરે વસ્તુઓ, – વાણીના આધારે વિવિધ વિકારો, ફક્ત નામમાત્ર જ છે.

वाचारम्भणम् – વાળું - આ છેલ્લું વાક્ય સમગ્ર ઉપનિષદ-સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે. અહીં, આ શ્લોકમાં, 'અદ્વૈત' અથવા અભેદના સિદ્ધાન્તનાં નિરૂપણમાં આ જ શ્રુતિવચનનો આધાર લેવામાં આવ્યો છે, જેનો મર્મ એ છે કે 'કાર્ય'નો 'કારણ'થી હંમેશાં અભેદ હોય છે, તેથી સર્વ 'કાર્યો' 'કારણ'-રૂપ જ છે : વાણીનો વિષય જે 'કાર્ય', તે તો નામમાત્ર જ છે, સત્ય નથી.

શ્લોકમાં, **मृषा कल्पितनाममात्रः कुम्भः कुतः (स्यात्) ।** –

એવા જે શબ્દો છે તેમાં, **छान्दोग्य** ઉપનિષદનાં, **वाचारम्भणम्**વાળાં આ વિધાનનું જ ભાષ્ય મળે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૩૦)

૨૩૧

केनापि मृद्भिन्नतया स्वरूपं
घटस्य संदर्शयितुं न शक्यते ।
अतो घटः कल्पित एव मोहा-
- न्मृदेव सत्यं परमार्थभूतम् ॥ २३१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

केनापि मृद्भिन्नतया स्वरूपं
घटस्य संदर्शयितुं न शक्यते ।
अतो घटः कल्पित एव मोहा-
- न्मृदेव सत्यं परमार्थभूतम् ॥ २३१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मृद्भिन्नतया घटस्य स्वरूपं संदर्शयितुं केन अपि न शक्यते, अतः घटः मोहात् कल्पितः एव (अस्ति), मृद् एव परमार्थभूतं सत्यं (अस्ति) ॥ २३१ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : मृद्भिन्नतया घटस्य स्वरूपं संदर्शयितुं केन अपि न शक्यते । માટીથી ભિન્ન એવું ઘડાનું સ્વરૂપ સમજાવવું, (संदर्शयितुं) એ કોઈ પણ માટે શક્ય નથી. તો પછી, આ બાબતમાં શું સમજવું ? એ જ કે अतः घटः मोहात् कल्पितः एव (अस्ति) । આથી એટલું સુનિશ્ચિત રીતે સાબિત થાય છે કે ઘડાને અજ્ઞાનને કારણે માટીમાં માત્ર કલ્પવામાં જ આવે છે. આથી અંતે આટલું પ્રતિપાદન થઈ શકે છે કે - मृद् एव परमार्थभूतं सत्यं (अस्ति) । - ઘડાનું પારમાર્થિક અને વાસ્તવિક સત્ય માત્ર માટી જ છે. (૨૩૧)

અનુવાદ : માટીથી ભિન્ન એવાં ઘડાનાં સ્વરૂપને સમજાવવાનું કોઈના પણ માટે શક્ય નથી. આથી (સાબિત થાય છે કે) ઘડો અજ્ઞાનને કારણે માટીમાં (માત્ર) કલ્પવામાં જ આવે છે. (તાત્પર્ય એ જ કે) ઘડાનું પારમાર્થિક સત્ય માટી જ છે. (૨૩૧)

ટિપ્પણ : અહીં પણ એ જ ચર્ચા ચાલુ રાખવામાં આવી છે. જેમ માટી ઘડાનું 'ઉપાદાન કારણ' છે, - એટલે કે માટીમાંથી જ ઘડો બનાવવામાં આવ્યો છે, તેમ જ બ્રહ્મ તો, જગતનું માત્ર 'ઉપાદાન કારણ' જ નહીં પણ 'નિમિત્ત કારણ' પણ છે.

. છાંદોગ્ય-ઉપનિષદનાં પેલાં શ્રુતિવચનને આધારે આપણે જોયું તેમ, 'કાર્ય' અને 'કારણ' વચ્ચે હંમેશાં અભેદ હોય છે. અજ્ઞાન અથવા મોહને કારણે, 'કાર્ય'ને કોઈક મિથ્યા નામ ભલે અપાય, પણ એ તો માત્ર કલ્પના જ છે. 'કાર્ય' હંમેશાં 'કારણ'રૂપ જ હોય છે. વસ્તુસ્થિતિ આવી છે ત્યારે, માટીથી અલગ એવું ઘડાનું સ્વરૂપ બતાવી જ કેવી રીતે શકાય ? 'ઘડો' એવું નામ, એ અજ્ઞાનથી કરવામાં આવેલી કલ્પના-માત્ર જ છે. માટીથી જૂદું એવું ઘડાનું વાસ્તવિક અસ્તિત્વ જ નથી. જે કંઈ, ખરેખર, સત્ય છે તે તો માટી જ છે.

વેદાંત-દર્શનના પાયામાં રહેલો સિદ્ધાંત પણ આ જ છે કે જગત ભલે સાચું 'દેખાતું' હોય, સત્ય નથી, મોહને કારણે જ થયેલી આ તો એક મિથ્યા કલ્પના જ છે. બ્રહ્મથી ભિન્ન એવું જગતનું સ્વરૂપ કલ્પી શકાય જ નહીં. ઘડો અને માટીની બાબતમાં જેમ માટી જ પારમાર્થિક સત્ય છે (मृत्तिका इति एव सत्यम् ।) તેમ, બ્રહ્મ અને બ્રહ્માંડની બાબતમાં પણ બ્રહ્મ જ પારમાર્થિક સત્ય છે.

'ઘડો' ('કાર્ય') જેમ માટી('કારણ')રૂપ જ છે, તેમ જગત('કાર્ય') પણ બ્રહ્મ('કારણ')-રૂપ જ છે. આ એક ત્રિકાલાબાધિત સત્ય છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૩૧)

૨૩૨

सद्ब्रह्मकार्यं सकलं सदेव
तन्मात्रमेतन्न ततोऽन्यदस्ति ।
अस्तीति यो वक्ति न तस्य मोहो
विनिर्गतो निद्रितवत्प्रजल्पः ॥ २३२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सद्ब्रह्मकार्यं सकलं सदेव
तन्मात्रमेतन्न ततोऽन्यदस्ति ।
अस्तीति यो वक्ति न तस्य मोहो
विनिर्गतो निद्रितवत्प्रजल्पः ॥ २३२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : सद्ब्रह्मकार्यं सकलं सत् एव (अस्ति), एतत् तन्मात्रं (अस्ति), न ततः अन्यद् अस्ति, अस्ति इति यः वक्ति, तस्य मोहः न विनिर्गतः, (सः) निद्रितवत् प्रजल्पः (अस्ति) ॥ २३२ ॥

શબ્દાર્થ : આ શ્લોકમાં નાનાં નાનાં **ચાર** વાક્યો આ પ્રમાણે છે : (૧) सद्-ब्रह्मकार्यं सकलं सत् एव (अस्ति) । **બ્રહ્મકાર્યં** એટલે બ્રહ્મથી ઉત્પન્ન થયેલું (આ જગત), **સત્** એટલે સત્યસ્વરૂપ. સત્યસ્વરૂપ એવાં બ્રહ્મથી ઉત્પન્ન થયેલું આ સકલ જગત સત્યસ્વરૂપ જ છે. (૨) एतत् तन्मात्रं (अस्ति), न ततः अन्यद् अस्ति । **એતત્** એટલે આ જગત, **તન્માત્રં** (तत्-मात्रं) છે. **તત્** એટલે તે બ્રહ્મ, આ જગત તે બ્રહ્મ જ છે, તે(બ્રહ્મ)થી ભિન્ન નથી. (૩) अस्ति इति यः वक्ति, तस्य मोहः न विनिर्गतः । **અસ્તિ** એટલે કે છે, તેનાથી ભિન્ન છે, સત્-એટલે કે 'સત્યસ્વરૂનું કાર્ય, બ્રહ્મનું કાર્ય બ્રહ્મથી જૂદું છે' એમ જે કહે છે, એવો મત જે ધરાવે છે, તેનું અજ્ઞાન ટળ્યું નથી, ગયું નથી, નાશ પામ્યું નથી. (तस्य मोहः न विनिर्गतः ।) (૪) (सः) निद्रितवत् प्रजल्पः (अस्ति) । **નિદ્રિત** એટલે ઊંઘતો માણસ, **પ્રજલ્પઃ** એટલે બકવાસ, બટબડાટ, પ્રલાપ (Prattle, Babble). (૨૩૨)

અનુવાદ : સત્યસ્વરૂપ બ્રહ્મથી ઉત્પન્ન થયેલું આ સકલ (વિશ્વ) સત્યસ્વરૂપ જ

છે. આ (બધું, વિશ્વ) માત્ર તે (બ્રહ્મ) જ છે, તેનાથી જૂદું નથી '(જૂદું) છે', એમ જે કહે છે, તેનું અજ્ઞાન નાશ પામ્યું નથી, તે તો ઊંઘતા માણસની જેમ બકવાસ જ કરે છે ! (૨૩૨)

ટિપ્પણ : 'અદ્વૈત' એટલે કે અભેદના સિદ્ધાંતની જ ચર્ચા અહીં પણ ચાલુ જ રહી છે. પાયામાં રહેલી અને અત્યંત મહત્ત્વની વાત, ગ્રંથકાર એ કહેવા માગે છે કે આ જગતમાં જે કાંઈ ભેદો દૃષ્ટિગોચર થાય છે, તે મિથ્યા કલ્પનામાત્રનું જ પરિણામ છે, અને આ માટે મનુષ્યનાં મોહ અને અજ્ઞાન જ જવાબદાર છે.

આ પહેલાં માટી ('કારણ') અને ઘડા('કાર્ય')નું દૃષ્ટાંત આપવામાં આવ્યું હતું અને અંતે નિષ્કર્ષ આપવામાં આવ્યો હતો કે ઘડાને કોઈ સ્વતંત્ર, વાસ્તવિક, માટીથી અલાયદું અસ્તિત્વ છે જ નહીં, જે કંઈ સત્ય છે, તે તો માટી જ છે (**मृदेव सत्यं परमार्थभूतम्** ।) શ્લોક-૨૩૧, **मृत्तिका इति एव सत्यम्** - છાંદોગ્ય-ઉપનિષદ)

જેવું માટી-ઘડાનું દૃષ્ટાંત, તેવું જ બ્રહ્મ-જગતનું દૃષ્ટાંત. માટીનું સઘળું 'કાર્ય' (ઘડો, કોડિયું, બરણી વગેરે) જો માટી-રૂપ જ હોય તો, સત્ય-સ્વરૂપ બ્રહ્મનું 'કાર્ય' (એટલે કે આ જગત) સત્યસ્વરૂપ બ્રહ્મ જ છે. ઘડો માટીથી જૂદો નથી, એ જ રીતે આ જગત પણ બ્રહ્મથી જૂદું નથી.

આમ છતાં, કેટલાક માણસો એવા સ્વ-મત-આગ્રહી (Dogmatic) હોય છે કે આવી સાવ દીવા જેવી સ્પષ્ટ હકીકતને પણ સ્વીકારવા તૈયાર ન હોય અને પોતાના કક્કાને જ સાચો ઠરાવવા માટે એમ બોલ્યા કરે કે 'ના, ના, આ જગત તો બ્રહ્મથી ભિન્ન જ છે !' તો, તેના વિશે શું કહેવું ? બીજું શું કહેવું ? એ જ કે તે 'બોલતો' નથી, ઊંઘતા માણસની જેમ માત્ર 'બબડે' છે, 'બકવાસ' કરે છે, વૃથા 'બડબડાટ' જ કરે છે !

જેનો મોહ ન ટળ્યો હોય (**तस्य मोहः न विनिर्गितः** ।) તે તો આમ જ કરે ને ! અને એવાનો 'ધોખો' શો કરવો !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૩૨)

૨૩૩

ब्रह्मैवेदं विश्वमित्येव वाणी
श्रौती ब्रूतेऽथर्वनिष्ठा वरिष्ठा ।
तस्मादेतद् ब्रह्ममात्रं हि विश्वं
नाधिष्ठानाद् भिन्नताऽऽरोपितस्य ॥ २३३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્મૈવેદં વિશ્વમિત્યેવ વાણી
શ્રૌતી બ્રૂતેઽથર્વનિષ્ઠા વરિષ્ઠા ।
તસ્માદેતદ્ બ્રહ્મમાત્રં હિ વિશ્વં
નાધિષ્ઠાનાદ્ ભિન્નતાઽઽરોપિતસ્ય ॥ ૨૩૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : 'इदं विश्वं ब्रह्म एव' इति एव अथर्वनिष्ठा वरिष्ठा श्रौती वाणी ब्रूते, तस्मात् एतत् विश्वं हि ब्रह्ममात्रं (अस्ति), आरोपितस्य अधिष्ठानाद् भिन्नता न (अस्ति) ॥ २३३ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **इति एव श्रौती वाणी ब्रूते** । શ્રૌતી વાણી એટલે શ્રુતિનું વચન, **મુંડક** ઉપનિષદનું વિધાન. **બ્રૂતે** એટલે કહે છે. શ્રુતિની વાણી આ પ્રમાણે જ કહે છે. આ શ્રુતીની વાણી કેવી છે ? બે વિશેષણો : (૧) **અથર્વનિષ્ઠા**- **અથર્વવેદ**માં રહેલી, **અથર્વવેદ**ની, અને (૨) **વરિષ્ઠા** - એટલે શ્રેષ્ઠ, ઉત્તમ. આ શ્રુતિ-વાણી શું કહે છે ? **इदं विश्वं ब्रह्म एव इति** । 'આ વિશ્વ બ્રહ્મ જ છે', - એમ કહે છે.

તેથી શું થયું ? **तस्मात् एतत् विश्वं हि ब्रह्ममात्रं (अस्ति)** । તેથી એમ પુરવાર થાય છે કે આ વિશ્વ, ખરેખર, **માત્ર બ્રહ્મ** જ છે, બ્રહ્મ સિવાય બીજું કાંઈ નથી. પરંતુ આવા નિર્ણય માટેનો કશો પ્રમાણભૂત આધાર ખરો ? હા, છે જ, આ રહ્યો તે આધાર : **आरोपितस्य अधिष्ठानात् भिन्नता न (अस्ति)** । **અધિષ્ઠાન** એટલે આશ્રય, આધાર, નિવાસસ્થાન (Basis, Abode, Residence, Seat), અને **આરોપિત** એટલે આવાં અધિષ્ઠાનમાં, એની ઉપર, આરોપણ કરવામાં આવેલી, રાખવામાં કે મૂકવામાં આવેલી વસ્તુ. કોઈ સ્થાન(**અધિષ્ઠાન**)માં રાખવામાં આવેલી વસ્તુ (**આરોપિત**) પેલાં સ્થાનથી જૂદી (**ભિન્ન**) ન જ હોઈ શકે. **બ્રહ્મ** એ 'અધિષ્ઠાન' છે અને વિશ્વને એમાં અથવા એની ઉપર 'આરોપિત' કરવામાં આવ્યું છે. (૨૩૩)

અનુવાદ : 'આ વિશ્વ બ્રહ્મ જ છે' - એમ જ **અથર્વવેદની શ્રેષ્ઠ** વાણી કહે છે, તેથી આ વિશ્વ, ખરેખર, **બ્રહ્મ માત્ર** જ છે : **આરોપિત(વસ્તુ)ની** (તેના) અધિષ્ઠાનથી ભિન્નતા હોઈ શકે નહીં. (૨૩૩)

ટિપ્પણ : બ્રહ્મ અને જગત વચ્ચેનાં શાશ્વત અદ્વૈતનો સિદ્ધાંત આચાર્યશ્રીના **'કેવલાદ્વૈત'**-વાદની આધારશિલા છે, તેથી આ વાદનાં નિરૂપણનાં અનુસંધાનમાં, તેઓશ્રી, તેનાં ભિન્ન ભિન્ન પાસાંને, ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી, તપાસે છે, અને પોતાનાં આ પરીક્ષણ-નિરીક્ષણના આધારે, એના પ્રકાશમાં, પોતાના આ વાદનું પ્રતીતિજનક રીતે પ્રતિપાદન કરે છે.

જ્ઞાન સાથે સંકળાયેલી કોઈ પણ બાબતની આત્યંતિક સ્વીકૃતિ માટે, **ન્યાય-વૈશેષિક** દર્શનો અનુસાર, ચાર 'પ્રમાણ', – પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ અથવા શ્રુતિ, – સ્થાપવામાં આવ્યાં છે, એ વાત, આ પહેલાં, કહેવાઈ ગઈ છે, અને એ પણ આપણે જોયું છે કે આ ચારમાંથી સૌથી પ્રમાણભૂત (Most authoritative) પ્રમાણ માત્ર એક જ છે, અને તે છે **શબ્દ અથવા શ્રુતિ** પ્રમાણ.

આચાર્યશ્રીએ પોતાના સિદ્ધાંતની પ્રમાણભૂતતા માટે, અહીં, શ્રુતિ-વચનનું, 'શ્રૌતી વાણી'નું પ્રમાણ ટાંક્યું છે. વૈદિક સાહિત્યની પરંપરા પ્રમાણે ચારે ય વેદોને પોતપોતાનાં જૂદાં જૂદાં ઉપનિષદો છે. એ નિયમ પ્રમાણે, **મુંડક**-ઉપનિષદ **અથર્વવેદ**નું ગણાય છે અને **મુંડક**, ૧૨ કે ૧૩ મુખ્ય ઉપનિષદો, – જેના પર આચાર્યશ્રીએ

ભાષ્યો લખ્યાં છે, તે-માંનું એક છે, અને તેથી જ, આ શ્રુતિવચન માટે **અથર્વનિષ્ઠા વરિષ્ઠા શ્રૌતી વાણી**, - એવા શબ્દો પ્રયોજાયા છે. **મુંડક**-ઉપનિષદનું, આચાર્યશ્રીને અભિપ્રેત એવું, તે શ્રુતિવચન આ પ્રમાણે છે :

બ્રહ્મૈવેદમમૃતં પુરસ્તાદ્ બ્રહ્મ પશ્ચાદ્ બ્રહ્મ દક્ષિણતશ્ચોત્તરેણ ।
અધશ્ચોર્ધ્વં ચ પ્રસૃતં બ્રહ્મૈવેદં વિશ્વમિદં વરિષ્ઠમ્ ॥ ૨,૨,૧૧ ॥

('જે આ આગળ છે તે અમૃતરૂપ બ્રહ્મ જ છે, પાછળ બ્રહ્મ છે, દક્ષિણ તરફ અને ઉત્તર તરફ, ઊંચે અને નીચે, તથા (સર્વત્ર) પ્રસરેલું બ્રહ્મ છે, આ સર્વ બ્રહ્મ જ છે, આ શ્રેષ્ઠતમ છે.')

મુંડક - ઉપનિષદના આ મંત્રનું જ વિવરણ અને વિમર્શન આ શ્લોકમાં કરવામાં આવ્યું છે. અત્યંત સરળ શબ્દોમાં અહીં બ્રહ્મ અને વિશ્વનાં અદ્વૈતને નિરૂપવામાં આવ્યું છે. પ્રતિપાદનની અસંદિગ્ધતા અને સુનિશ્ચિતતા માટે, વધારાનો એક મુદ્દો અહીં રજુ કરવામાં આવ્યો છે, તે એ કે બ્રહ્મ તો સમગ્ર બ્રહ્માંડનું 'અધિષ્ઠાન' છે અને બ્રહ્માંડ તો આ બ્રહ્મરૂપી અધિષ્ઠાન પર માત્ર 'આરોપિત' છે. 'આરોપિત' હોય તેનું અસ્તિત્વ, એનો સમગ્ર આધાર, એનું એક માત્ર આશ્રયસ્થાન જ 'અધિષ્ઠાન' હોય છે. 'આરોપિત'ને 'અધિષ્ઠાન'થી ભિન્ન, અલગ, જૂદું, આગવું ચૈતન્ય જ હોતું નથી, તેથી એક સુસંગત અને તર્કપૂત સત્ય આમાંથી એ નિષ્પન્ન થાય છે કે 'આ વિશ્વ જ બ્રહ્મ છે.' (**इदं विश्वं ब्रह्म एव ।**)

'અધિષ્ઠાન' અને 'આરોપિત'ની વિભાવના આ દૃષ્ટાંતથી સ્પષ્ટ બનશે :

રસ્તે જતાં, રાત્રે, 'દોરડું' (**रज्जु**) પડ્યું હતું તે, અંધારાંને કારણે, 'સાપ' (**सर्प**) છે એમ લાગ્યું. આમાં 'દોરડું' 'અધિષ્ઠાન' છે અને 'સાપ' 'આરોપિત' છે. હકીકતમાં તો, 'સાપ' હતો જ નહીં, એ તો માત્ર ભ્રમ જ હતો. પરંતુ જે ખોટો 'સાપ' પણ ત્યાં જણાયો, તેનું તો કોઈ સ્વતંત્ર અસ્તિત્વ હતું જ નહીં. 'દોરડા'નું અસ્તિત્વ એ જ 'સાપ'નું અસ્તિત્વ બની ગયું ! કારણ કે તે ખોટો 'સાપ' પણ 'સાચાં' 'દોરડા' રૂપી 'અધિષ્ઠાન' પર 'આરોપિત' હતો. આમ, અહીં પણ 'આરોપિત'(સાપ)ની, તેના 'અધિષ્ઠાન'(દોરડા)થી કશી ભિન્નતા નથી.

અને આ 'ચૂકાદો' (Verdtict) તો શબ્દ(શ્રુતિ)પ્રમાણની, શ્રૌતી વાણીની આજ્ઞા ! એમાં તો એક જ વિકલ્પ, – અમલ અને અનુપાલન. એમાં ન અવકાશ, કોઈ તર્કને, કોઈ દલીલને, કશી ચર્ચાને !

'The Charge of the Light Brigade' નામનાં કાવ્યમાંની, અંગ્રેજ કવિ લોર્ડ ટેનિસન(Lord Tennyson, 1809-1892)ની આ પંક્તિઓ યાદ આવી જાય છે :

There's not to make reply,
There's not to reason why,
There's but to do and die !

સેનાપતિ આદેશ આપે કે 'આક્રમણ કરો' : March forward ! એટલે સૈનિકો પાસે તો, એક જ વિકલ્પ : To do and die ! લડવું અને ખપી જવું !

શ્રુતિ ચુકાદો આપે કે "આ સઘળું બ્રહ્મ જ છે," એટલે એ તો વેદ-વાક્ય ! સાધક માટે તો શિરસા-માન્ય જ !

શ્લોકનો છંદ : **શાલિની** (૨૩૩)

૨૩૪

सत्यं यदि स्याज्जगदेतदात्मनो-
-ऽनन्तत्वहानिर्निगमाप्रमाणता ।
असत्यवादित्वमपीशितुः स्या-
-न्नैतत् त्रयं साधु हितं महात्मनाम् ॥ २३४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सत्यं यदि स्याज्जगदेतदात्मनो-
-ऽनन्तत्वहानिर्निगमाप्रमाणता ।
असत्यवादित्वमपीशितुः स्या-
-न्नैतत् त्रयं साधु हितं महात्मनाम् ॥ २३४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यदि एतत् जगत् सत्यं स्यात्, आत्मनः अनन्तत्वहानिः (स्यात्), निगम-अप्रमाणता (स्यात्), ईशितुः (च) अपि असत्यवादित्वं (स्यात्) । एतत् त्रयं महात्मनां न साधु हितं (च भवेत्) ॥ २३४ ॥

શબ્દાર્થ : यदि एतत् जगत् सत्यं स्यात् - જો (કદાપિ) આ જગત સત્ય હોય તો. તો, શું વાંધો આવી જાય ? આવા ત્રણ દોષો અથવા આવી ત્રણ અસંગતિઓ ઉપસ્થિત થાય : (૧) आत्मनः अनन्तत्वहानिः (स्यात्) । - આત્માનું અનંતપણું રહેશે નહીં. 'આત્મા અનંત છે', - એ હકીકતને હાનિ પહોંચે, આત્મા અનંત ન જ રહે, (૨) निगम-अप्रमाणता (स्यात्) । निगम એટલે શ્રુતિ, શબ્દપ્રમાણ, વેદવચન, અપ્રમાણતા - અપ્રમાણ ઠરે, તે ખોટી ઠરે, તેની પ્રમાણભૂતતા (Authoritativeness) જ ન રહે, તે શંકાસ્પદ બની રહે, અને (૩) ईशितुः अपि (च) असत्यवादित्वं (स्यात्) । ईशितृ એટલે ઈશ્વર, એનું અસત્યવાદિત્વ સાબિત થાય, ઈશ્વર અસત્યભાષી છે, ઈશ્વર અસત્ય બોલે છે, એવી પરિસ્થિતિ સર્જાય.

एतत् त्रयम् - ઉપર્યુક્ત ત્રણેય દોષો, અસંગતિઓ, महात्मनां साधु हितं च न (भवेत्) । મહાત્માઓ માટે સારી અને હિતકારક ન ગણાય. (૨૩૪)

અનુવાદ : જો આ જગત સત્ય હોય તો, આત્માનાં અનંતપણાંને હાનિ પહોંચશે, શ્રુતિ પ્રમાણભૂત નથી એમ ઠરે, અને ઈશ્વર પણ અસત્યવાદી ઠરે : આ ત્રણ (દોષો) મહાત્માઓ માટે સારા અને હિતકારક નથી. (૨૩૪)

ટિપ્પણ : ब्रह्म सत्यं जगन्मिथ्या । - વેદાન્ત-દર્શનના આ સુપ્રસિદ્ધ સિદ્ધાંત

પ્રમાણે જગત મિથ્યા, અસત્ય છે. આમ છતાં પણ દરેક સમાજમાં કેટલાક નકારવાદીઓ (Negativists) અને અભદ્રદર્શીઓ (Cynics) હોય છે. એમને કશું સારું સ્વીકારવું ગમે જ નહીં. આવી કોઈક વ્યક્તિ હઠ પકડે અને દુરાગ્રહ જ સેવ્યા કરે કે 'ના, તમારી વાત સાચી નથી, જગત તો સત્ય જ છે !' - તો ?

આવો અનુચિત વાદ સ્વીકારવામાં આવે તો, કેવું અને કેટલું દુષ્પરિણામ ઊભું થાય, એની ચર્ચા આ શ્લોકમાં કરવામાં આવી છે. આમ તો, ભાષ્યની શૈલીનું જ આ એક પાસું છે અને આચાર્યશ્રીએ પોતાનાં ભાષ્યોમાં, પૂર્વપક્ષની દલીલોનું ખંડન કરવા માટે, એનો પ્રભાવક રીતે પ્રયોગ કર્યો છે. આચાર્યશ્રી, એટલે કે સિદ્ધાંતપક્ષ, પેલા પૂર્વપક્ષને ચેતવણી આપતાં કહે કે 'જો તમે આવી ખોટી દલીલ કરશો તો, - **इति चेत्**, - આપણી ચર્ચામાં આવી અસંગતિઓ ઊભી થશે !' આવા દોષ અથવા કે આવી અસંગતિ માટેનો પારિભાષિક શબ્દ છે, **'प्रसंग'**, – એક અનિચ્છનીય પરિસ્થિતિ (Undesirable Contingency).

ભૂમિતિશાસ્ત્ર(Geometry)માં પણ, કોઈક પ્રમેય(Theorm)ને સિદ્ધ કરવા માટે, અસત્ય શરતથી આરંભ કરવામાં આવે તો, અંતે, અસ્વીકાર્ય એવું પરિણામ જ ઊભું થાય છે, અને પછી પેલી અસત્ય શરતને રદ કરવાનો પ્રસંગ સર્જાય છે અને સ્વીકૃત તત્ત્વ(Data)ને સ્વીકારવાનું ફરજિયાત બની રહે છે

જો જગતને સત્ય માનવામાં આવે તો, આવા ત્રણ **'प्रसंगो'** સર્જાવાનો ભય રહેશે : (૧) **ब्रह्म** - અનંત છે, એવી **तैत्तिरीय** ઉપનિષદની બ્રહ્માનન્દવલ્લીને (**सत्यं ज्ञानं अनन्तं ब्रह्म** ।) આ પહેલાં ટાંકવામાં આવી જ છે.હવે જો જગત સત્ય હોય તો, આત્માનાં આ અનંતપણાનું શું ? જગતને સત્ય માનીએ, એટલે તેને 'અનંત' પણ માનવું જ પડે, અને જગતને 'અનંત' માનીએ તો આત્માનું 'અનંતત્વ' ટકી જ ન શકે, અને આત્મા અનંત નથી, પણ 'સાન્ત' છે, એવું સ્વીકારવાની ફરજ પડે, એના કરતાં વધારે ભયંકર બીજી આપત્તિ કઈ ? આ પહેલો **'प्रसंग'**. (૨) અને આ **'प्रसंग'**માંથી જ બીજો **प्रसंग** એ ઊભો થાય કે આત્માનાં અનંતત્વ વિશેની પેલી **तैत्तिरीय** શ્રુતિનું શું ? શ્રુતિ એટલે વેદ, નિગમ, એ કદી અપ્રમાણભૂત હોઈ જ ન શકે, પણ આત્માને 'અનંત'ને બદલે 'સાન્ત' બનાવી દેવાય તો, નિગમની અપ્રમાણભૂતતાનો **'प्रसंग'** ઊભો થયા વિના રહે નહીં, અને (૩) જો જગત સત્ય હોય તો તે કદી નાશ પામે નહીં, તેનો ક્યારેય પણ અભાવ થાય નહીં, પરંતુ સહુ જાણે છે તેમ, જગતનો પ્રલય તો થાય જ છે. અને જો સત્ય એવા જગતનો આ રીતે અભાવ થતો હોય તો, જે પોતે ઈશ્વરના અવતાર છે, એવા ભગવાન શ્રીકૃષ્ણનાં **ગીતા**માંનાં આ વચનોનું શું ? 'સત્યનો અભાવ હોતો નથી !' (**न अभावो विद्यते सतः** । ૨,૧૬). આમ, સ્વયં ઈશ્વરને અસત્યવાદી ઠેરવવાનો અક્ષમ્ય અપરાધ ઊભો થાય !

આમ, જો પૂર્વપક્ષની મૂળ દલીલ કે 'આ જગત સત્ય છે,' તેને માન્ય

રાખવામાં આવે તો, ક્યારેય ન સ્વીકારી શકાય એવી, ઉપર્યુક્ત ત્રણ (त्रयं) અસંગતિઓને સ્વીકારવાની 'મહા-આપત્તિ' સર્જાય !

અને સંતો-મહંતો-મહાત્માઓ, જરા પણ ઢીલા કે નબળા બનીને, આવી 'અસંગતિઓ' સ્વીકારે તે, તેમના માટે સારું કે હિતકારક નથી, એમને શોભતું કે છાજતું નથી !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૩૪)

૨૩૫

ईश्वरो वस्तुतत्त्वज्ञो न चाहं तेष्ववस्थितः ।
न च मत्स्थानि भूतानीत्येवमेव व्यचीक्लृपत् ॥ २३५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઈશ્વરો વસ્તુતત્ત્વજ્ઞો ન ચાહં તેષ્વવસ્થિતઃ ।
ન ચ મત્સ્થાનિ ભૂતાનીત્યેવમેવ વ્યચીક્લૃપત્ ॥ ૨૩૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : वस्तुतत्त्वज्ञः ईश्वरः 'न च अहं तेषु अवस्थितः, न च भूतानि मत्स्थानि' इति एवं एव व्यचीक्लृपत् ॥ २३५ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **ईश्वरः एवं एव व्यचीक्लृपत् ।** व्यचीक्लृपत् वि+क्लृ એ ધાતુનું અદ્યતન ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ, એટલે સ્પષ્ટ કહ્યું છે, ભારપૂર્વક, સુનિશ્ચિત રીતે કહ્યું છે. ઈશ્વરે સ્પષ્ટ કહ્યું છે. ઈશ્વર કેવો છે ? **वस्तुतत्त्वज्ञः** - વસ્તુનાં મૂળ સ્વરૂપને યથાર્થ, સાચા અર્થમાં જાણનાર, પારમાર્થિક વસ્તુના જાણકાર. ઈશ્વરે શું કહ્યું છે ? તેમણે આ બે સત્યો કહ્યાં છે : (૧) न च अहं तेषु (भूतेषु) अवस्थितः । 'ન તો હું તેઓ(ભૂતો)માં રહું છું, કે (૨) न च (भूतानि) मत्स्थानि (सन्ति) । 'તેઓ (ભૂતો) મારામાં નથી.' આનો અર્થ એ થયો કે ઈશ્વર ભૂતોમાં રહેલા નથી અને ભૂતો ઈશ્વરમાં રહેલાં નથી. (૨૩૫)

અનુવાદ : વસ્તુનાં મૂળ સ્વરૂપના યથાર્થ જાણકાર એવા ઈશ્વરે (ગીતામાં) ભારપૂર્વક આ પ્રમાણે જ કહ્યું છે કે - 'ન તો હું તેઓ(ભૂતો)માં રહું છું કે ન તેઓ (ભૂતો) મારામાં રહે છે.' (૨૩૫)

ટિપ્પણ : આ શ્લોકનું તાત્પર્ય એ છે કે જગત સત્ય નથી, તે છતાં પણ જો જગતને સત્ય માનવામાં આવે તો, ગયા શ્લોકમાં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે તેમ, ઈશ્વર અસત્યવાદી છે, એવો તાત્ત્વિક દોષ અથવા **'પ્રસંગ'** ઊભો થાય.

હવે એ જોઈએ કે ઈશ્વર ક્યાં, ક્યારે શું બોલ્યા છે, અને એમના એ બોલ, એ વચનો, એમની એ ઉક્તિઓ, એ બધું, જગતને સત્ય માનવામાં આવે તો, - કેવી રીતે અસત્ય ઠરે.

ભગવાન શ્રીકૃષ્ણે **ગીતા**માં આ પ્રમાણે કહ્યું છે :-

मया ततं इदं सर्वं जगद् अव्यक्तमूर्तिना ।
मत्स्थानि सर्वभूतानि न च अहं तेषु अवस्थितः ॥
न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ।
भूतभृत् न च भूतस्थो मम आत्मा भूतभावनः ॥ ९,४-५ ॥

ગ્રંથમાનાં, આ શ્લોકમાંનાં આચાર્યશ્રીનાં વિધાનો, ગીતાનાં આ બે શ્લોકો પર આધારિત છે, તે સ્પષ્ટ છે. પરંતુ સામાન્ય વાચક માટે મુશ્કેલી એ છે કે મૂળ ગીતામાં જ ભગવાનનાં પોતાનાં જ બે વાક્યો વચ્ચે પૂરેપૂરો પરસ્પર-વિરોધ છે : **मत्स्थानि सर्वभूतानि** । (શ્લોક-૪)

અને **न च मत्स्थानि भूतानि** । (શ્લોક-૫)

બધાં ભૂતો (પ્રાણીઓ વગેરે) ભગવાનમાં રહેતાં-રહેલાં હોય તો, તે જ ભૂતો ભગવાનમાં રહેતાં-રહેલાં નથી, – એ કેવી રીતે શક્ય બને? અને કેવી રીતે માની શકાય ? આવા વિરોધાભાસનું નિવારણ કેવી રીતે કરવું ?

અહીં, આ નિવારણ માટે, જરા ઊંડું ઊતરવાની અને ઝીણી નજરે અર્થઘટન કરવાની જરૂર છે : **પહેલી** વાત તો એ કે ભગવાન અહીં અર્જુનને પોતાના ઈશ્વરીય યોગને જોવાનું, પોતાની યોગશક્તિને જોવાનું, કહે છે (**पश्य मे योगं ऐश्वरम्** । શ્લોક-૫). આ કોઈ સામાન્ય ભૌતિક વાત નથી, ઈશ્વરની અલૌકિક યૌગિક શક્તિની વાત છે. આમાંથી જ ફલિત થતી **બીજી** વાત એ છે કે આ આખા જગતને 'અવ્યક્ત-મૂર્તિ' એવા નિરાકાર ઈશ્વર ઉત્પન્ન કરે છે (**अव्यक्तमूर्तिना** શ્લોક-૪ અને **भूतभावनः** શ્લોક-૫), બધાં જ ભૂતો તેનામાં રહે છે (**मत्स्थानि भूतानि**),. કારણ કે પ્રકૃતિ પણ તેની જ છે, અને છતાં બધાં ભૂતો તેનામાં રહેતાં નથી (**न च मत्स्थानि भूतानि**), કારણ કે પ્રકૃતિ જડ છે અને તેથી તે ચૈતન્યસભર પરમતત્ત્વને સ્પર્શી શકતી નથી.

ત્રીજી વાત એ કે પોતે સર્જેલા આ જગતમાં ઈશ્વર ભલે સર્વત્ર વ્યાપ્ત હોય (**मया ततं इदं सर्वम्** । શ્લોક-૪), પરંતુ એનો અર્થ એ નથી કે ઈશ્વર અને સર્વ ભૂતો વચ્ચે આવું સમીકરણ (Equation) સ્થાપી શકાય :–

સર્વ ભૂતો = ઈશ્વર

અને ઈશ્વર = સર્વ ભૂતો.

પોતે રચેલી સૃષ્ટિથી ઈશ્વર કૈંક ઊંચે જ રહે છે : ઋગ્વેદમાં કહ્યું છે તેમ, આખીયે ભૂમિને બધી બાજુથી વ્યાપ્યા પછી પણ તે પોતે તો તેને અતિક્રમીને, દશ આંગળ તેનાથી ઉપર **અને** પેલી પાર બહાર નીકળી જાય છે :–

स भूमिं विश्वतो वृत्वा अत्यतिष्ठद् दशांगुलम् ॥ १०,९०, १ ॥

ટૂંકમાં, અસંખ્ય ભૂતોથી ભરેલું આ જગત અને એ જ જગતને સર્જનાર ઈશ્વર, એ બંનેનો 'વ્યાપ' (Pervasion, Expansion) એકસરખો ન હોય, નથી

જ. જગત સીમિત છે, જ્યારે ઈશ્વર અસીમ છે. ઈશ્વરનું સ્વરૂપ 'અંતરસ્થ' (Imminent) હોવા ઉપરાંત 'સર્વાતિશાયી' (Transcendental) પણ છે. અને હવે **છેલ્લી** વાત : ઈશ્વરનો આત્મા, પોતાના વડે ઉત્પન્ન વસ્તુઓમાં જ સમાઈ શકે નહીં (**मम आत्मा भूतभावनः** । શ્લોક-૫). આ જગત ઈશ્વરનું જીવંત સ્વરૂપ હોવા છતાં, ઈશ્વરનું તે સંપૂર્ણ (Complete) અને પરિપૂર્ણ (Absolute) સ્વરૂપ નથી. બીજા શબ્દોમાં કહીએ તો,–

બધા જ ભૂતો બરાબર ઈશ્વર,
પરંતુ ઈશ્વર બરાબર બધાં જ ભૂતો, – એમ નહીં !

ભગવાન પોતે જ કહે છે તેમ, પોતે ભૂતોને સર્જનાર (ભૂતભૃત્) હોવા છતાં, ભૂતોમાં રહેલા(ભૂતસ્થ) નથી. (શ્લોક-૫)

અને ભગવાન પોતે જ, પોતાનાં વચનોમાંના ઉપર્યુક્ત વિરોધાભાસથી જાણે સભાન હોય તેમ, ભૂતો સાથેનાં પોતાનાં 'સ્થાન' વિશે, પોતે જ ત્યારપછીના શ્લોકમાં આ પ્રમાણે સ્પષ્ટીકરણ કરે છે :–

यथा-आकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।
तथा सर्वाणि भूतानि मत्स्थानि-इति उपधारय ॥ શ્લોક - ૬ ॥

વાયુ સર્વ દિશાઓમાં વાય છે, છતાં વાયુમાં આવતાં પરિવર્તનોથી આકાશ પર કંઈ જ અસર પડતી નથી. આમ, ઈશ્વર આકાશવત્ છે.

અંતમાં, શ્લોકનાં તાત્પર્યને ફરીથી યાદ કરીએ તો, જગતને સત્ય માનવામાં આવે તો, 'વસ્તુતત્ત્વજ્ઞ' એવાં ઈશ્વરનાં, **ગીતા**નાં આ વચનો ખોટાં ઠરે, અને ઈશ્વર અસત્યવાદી ઠરે ! (ईशितुः अपि असत्यवादित्वम् ।)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૩૫)**

૨૩૬

यदि सत्यं भवेद्विश्वं सुषुप्तावुपलभ्यताम् ।
यन्नोपलभ्यते किंचिदतोऽसत्स्वप्नवन्मृषा ॥ ૨૩૬ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यदि सत्यं भवेद्विश्वं सुषुप्तावुपलभ्यताम् ।
यन्नोपलभ्यते किंचिदतोऽसत्स्वप्नवन्मृषा ॥ ૨૩૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यदि विश्वं सत्यं भवेत् (तर्हि) सुषुप्तौ (तद्) उपलभ्यताम्, (किंतु) यत् (सुषुप्तौ) किंचिद् न उपलभ्यते, अतः (तद् विश्वं) स्वप्नवद् असत् मिथ्या (च अस्ति) ॥ ૨૩૬ ॥

શબ્દાર્થ : यदि ... तर्हि 'જો...તો', વાળી વાક્યરચના છે. 'જો' શું ? यदि विश्वं सत्यं भवेत्. 'જો વિશ્વ સત્ય હોય તો'. 'તો' શું ? तर्हि सुषुप्तौ (तद्)

उपलभ्यताम् । सुषुप्तौ उपलभ्यताम् । - તો સુષુપ્તિ-અવસ્થામાં પ્રતીત થાય, પ્રતીત થવું જોઈએ, અનુભવવામાં આવવું જોઈએ, દેખાવું જોઈએ. (किंतु) तत् (सुषुप्तौ) किंचिद् न उपलभ्यते । પરંતુ સુષુપ્તિ-અવસ્થામાં તેની કશી જ પ્રતીતિ થતી નથી, તે જરા પણ પ્રતીત થતું નથી. આથી, આ કારણે, માટે, (तद् विश्वं) स्वप्नवद् असत् मिथ्या (च अस्ति) । તે (વિશ્વ) સ્વપ્નની જેમ અસત્ અને મિથ્યા છે. ॥૨૩૬॥

અનુવાદ : જો વિશ્વ સત્ય હોય તો, સુષુપ્તિ-અવસ્થામાં તે પ્રતીત થવું જોઈએ, પરંતુ (સુષુપ્તિ-અવસ્થામાં) તેની કશી જ પ્રતીતિ થતી નથી, આથી તે (વિશ્વ) સ્વપ્નની જેમ અસત્ અને મિથ્યા છે. (૨૩૬)

ટિપ્પણ : વિશ્વ અસત્ય હોવાની હકીકત ગ્રંથકાર સિદ્ધ કરવા ઇચ્છે છે, તેથી અહીં પણ, આ પહેલાંના બે-એક શ્લોકોની જેમ, વિશ્વને જો સત્ય માનવામાં આવે તો, વધારાની એક અસંગતિ ઊભી થાય, એવું પ્રતિપાદન અહીં કરવામાં આવ્યું છે.

જો વિશ્વ, ખરેખર, સત્ય હોય તો, જાગ્રત્-અવસ્થામાં મનુષ્યે જોયેલું વિશ્વ તથા તેમાંની વસ્તુઓ (મકાનો, નદીઓ, પર્વતો વગેરે) તથા તે સમયની અનુભૂતિઓ (સુખ, દુઃખ, ભોગ વગેરે) અને પરિસ્થિતિઓ (સંપત્તિ, દરિદ્રતા, પ્રતિષ્ઠા વગેરે) સુષુપ્તિ-અવસ્થામાં પણ પ્રતીત થવાં જોઈએ, જણાવાં જોઈએ. પરંતુ સહુનો સાર્વજનિક સ્વાનુભવ એવો છે કે સુષુપ્તિ-અવસ્થામાં, કોઈને પણ, કદી પણ, જાગ્રત-અવસ્થામાં અનુભવેલાં વિશ્વનો કશો જ અનુભવ થતો નથી. એનો અર્થ એ થાય કે સુષુપ્તિ-અવસ્થામાં વિશ્વનો અભાવ સર્જાય છે, એનું અસ્તિત્વ રહેતું નથી. એવો એક અફર અને અટલ નિયમ છે કે જે વસ્તુ સત્ય હોય, તે તો ત્રણેય કાળમાં અને ત્રણેય અવસ્થાઓમાં એકસરખી રીતે સત્ય પ્રતીત થવી જોઈએ. પરંતુ આ નિયમ, વિશ્વની બાબતમાં, સુષુપ્તિ-અવસ્થાનાં સંદર્ભમાં, જળવાતો નથી.

એટલે, અગાઉ જેમ, વિશ્વને સત્ય તરીકે સ્વીકારવાથી, જે થોડા 'પ્રસંગો', એટલે કે અનિચ્છનીય દોષો ઊભા થયા હતા તેમ જ, અહીં પણ, એવો એક વધારાનો દોષ, મનુષ્યનો પોતાનો અનુભવ ખોટો કરવાનો દોષ, સર્જાયાનું આચાર્યશ્રીએ નિરૂપણ કર્યું છે, અને તેથી વિશ્વ અસત્ય, અનિત્ય, મિથ્યા છે, એ સિદ્ધ થાય છે.

આત્મા તો ત્રણેય કાળમાં અને ત્રણેય અવસ્થાઓમાં, સદા-સર્વદા, એકસરખી રીતે, અબાધિત, ઉપલબ્ધ અને અનુસ્યૂત રહે છે, જ્યારે અવસ્થાઓ, તેમાંની અનુભૂતિઓ-પરિસ્થિતિઓ અને વિશ્વ પોતે વિશે પણ, આવું શક્ય બનતું નથી, તેથી આ બધું મિથ્યા છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૩૬)**

૨૩૭

अतः पृथङ्नास्ति जगत् परात्मनः
पृथक् प्रतीतिस्तु मृषा गुणादिवत् ।
आरोपितस्यास्ति किमर्थवत्ता-
-ऽधिष्ठानमाभाति तथा भ्रमेण ॥ २३७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अतः पृथङ्नास्ति जगत् परात्मनः
पृथक् प्रतीतिस्तु मृषा गुणादिवत् ।
-आरोपितस्यास्ति किमर्थवत्ता-
ऽधिष्ठानमाभाति तथा भ्रमेण ॥ २३७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अतः जगत् परात्मनः पृथक् न अस्ति, (तस्य) पृथक् प्रतीतिः तु गुणादिवत् मृषा (अस्ति), आरोपितस्य (वस्तुनः) किं अर्थवत्ता अस्ति ? अधिष्ठानं (एव) तथा (आरोपितवस्तु इव) भ्रमेण आभाति ॥ २३७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : अतः जगत् परात्मनः पृथक् न अस्ति । परात्मा એટલે પરમાત્મા, पृथक् એટલે જૂદું, અલગ, ભિન્ન. આથી, જગત પરમાત્માથી જૂદું નથી. પરંતુ તો પછી, તે જૂદું પ્રતીત થાય છે, તેનું શું ? (तस्य) प्रतीतिः तु गुणादिवत् मृषा (अस्ति) । मृषा गुणादिवत् । मृषा એટલે મિથ્યા. ગુણવાન પુરુષોનાં ગુણોની જેમ. ગુણવાન માણસના ગુણો, ખરેખર, તેનાથી જૂદા નથી, છતાં જૂદા જણાય છે, તેમ. आरोपितस्य (वस्तुनः) किं अर्थवत्ता (अस्ति) ? अर्थवत्ता એટલે વાસ્તવિકતા, ખરેખર પરિસ્થિતિ, Reality. આરોપિત વસ્તુનું તે વળી કશું વાસ્તવિકપણું હોય ખરું ? અવાસ્તવિક વસ્તુ કદી વાસ્તવિક હોય ખરી ? ન જ હોય, નથી જ, તો પછી આવી પ્રતીતિ થાય છે, એનું શું ? अधिष्ठानं (एव) तथा (आरोपितवस्तु इव) भ्रमेण आभाति । अधिष्ठानं એટલે બ્રહ્મ, પરમાત્મા. પ્રતીતિ થાય છે તે તો, અધિષ્ઠાનની જ છે. તો પછી તે (तथा) આરોપિત વસ્તુનાં રૂપમાં, કેમ ભાસે છે (आभाति) ? એનો જવાબ છે : ભ્રમને કારણે. તેવી પ્રતીતિ માત્ર ભ્રાંતિ જન્ય છે. (૨૩૭)

અનુવાદ : આથી, જગત પરમાત્માથી જૂદું નથી, એનું જે જૂદાપણું પ્રતીત થાય છે, તે તો ગુણવાન મનુષ્યથી તેના ગુણો જૂદા દેખાય છે, તેના જેવું છે. (વળી), આરોપિત વસ્તુ કદી, ખરેખર, વાસ્તવિક હોય ખરી ? (ન જ હોય). (હકીકતમાં), અધિષ્ઠાન જ તેવું (એટલે કે તે રૂપે, વાસ્તવિક વસ્તુ રૂપે), (માત્ર) ભ્રમને કારણે, ભાસે છે. (૨૩૭)

ટિપ્પણ : જગત સત્ય હોય, અથવા એમ સ્વીકારવામાં આવે તો, કેવાં-કેવાં અનુચિત, અનિચ્છનીય અને અનિષ્ટ-કક્ષાના **પ્રસંગો** સર્જાય, એનું પ્રતિપાદન કરીને, છેલ્લા શ્લોકમાં, સુનિશ્ચિત રીતે સિદ્ધ કરવામાં આવ્યું કે જગત તો, સ્વપ્ન જેવું અસત્ય અને મિથ્યા છે.

હવે, હકીકત આવી હોવાથી, ઉપર્યુક્ત સિદ્ધિમાંથી જ બીજી સિદ્ધિ સ્વાભાવિક રીતે, એ ફલિત થાય કે આવું મિથ્યા જગત પરમાત્માથી જૂદું ન હોઈ શકે. પરંતુ, તો પછી જગત પરમાત્માથી ભિન્ન પ્રતીત થાય છે, તેનું શું ? આવી મિથ્યા (મૃષા) પ્રતીતિનાં **બે** કારણો આવામાં આવ્યાં છે : (૧) **પહેલું** તો એ કે ગુણવાન માણસના ગુણો તે માણસથી જૂદા ન હોવા છતાં, અવિવેકીને જૂદા જણાય છે (**પૃથક્ પ્રતીતિઃ**). એનું કારણ, એવા માણસનું અજ્ઞાન અથવા વિવેકબુદ્ધિનો તેનો અભાવ જ છે. ગુણો તો, ગુણવાન માણસની અંદર, એની સાથે, એના સ્વભાવમાં અથવા વ્યક્તિત્વમાં જ રહે છે, માણસની બહાર, બીજે ક્યાંય હોઈ શકે જ નહીં, અને છતાં અજ્ઞાની કે અવિવેકીને એ બંને એટલે કે 'દ્રવ્ય' (ગુણવાન માણસ) અને એનાં 'ગુણો' જૂદા જણાય છે (**પૃથક્ પ્રતીતિઃ**). પરંતુ તે પ્રતીતિ તો મિથ્યા જ છે, અને (૨) **બીજું**, આ પહેલાં, આપણે જોયું તેમ, જગત તો બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં માત્ર આરોપિત જ છે, અને આરોપિતનું, તેનું પોતાનું એવું, જૂદું અસ્તિત્વ કે વાસ્તવિકપણું તો કદી હોય જ નહીં. અંધારું હતું, તેથી 'દોરડું' 'સર્પ'રૂપે પ્રતીત થયું, પરંતુ સર્પ તો હતો જ ક્યાં ? અંધારાંને કારણે દોરડાં(અધિષ્ઠાન)માં એ તો માત્ર આરોપિત જ હતો. જેવું અજવાળું થયું કે સર્પ ક્યાંય ન રહ્યો, કારણ કે આરોપિત તરીકે તેનું વાસ્તવિક અસ્તિત્વ હતું જ નહીં ! મૂળ અધિષ્ઠાન(દોરડું) જ આરોપિત(સર્પ)નાં રૂપમાં આભાસિત થતો હતો, — અંધકારરૂપી ભ્રમને કારણે.

એ જ રીતે, જો જગત જૂદું પ્રતીત થતું હોય તો પણ, હકીકતમાં, તે તો બ્રહ્મ (અધિષ્ઠાન)ની જ ભ્રાંતિજન્ય પ્રતીતિ છે ! અધિષ્ઠાન જ તેવાં રૂપે (**તથા**, એટલે કે આરોપિત જગતનાં રૂપમાં) ભાસે છે (**આભાતિ**) અને તે પણ અવિદ્યા, અજ્ઞાન, અવિવેક કે ભ્રાંતિને કારણે જ (**ભ્રમેણ**).

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૩૭)

૨૩૮

भ्रान्तस्य यद्यद् भ्रमतः प्रतीतं
ब्रह्मैव तत्तद्रजतं हि शुक्तिः ।
इदंतया ब्रह्म सदैव रूप्यते
त्वारोपितं ब्रह्मणि नाममात्रम् ॥ २३८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભ્રાન્તસ્ય યદ્યદ્ ભ્રમતઃ પ્રતીતં
બ્રહ્મૈવ તત્તદ્રજતં હિ શુક્તિઃ ।
ઇદંતયા બ્રહ્મ સદૈવ રૂપ્યતે
ત્વારોપિતં બ્રહ્મણિ નામમાત્રમ્ ॥ ૨૩૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (યથા) ભ્રાન્તસ્ય (જનસ્ય) શુક્તિઃ હિ રજતં (ઇવ પ્રતીયતે), (તથા) ભ્રમતઃ (જનસ્ય) યદ્ યદ્ જગદ્-રૂપં પ્રતીતં (ભવતિ), તદ્ તદ્ બ્રહ્મ એવ (અસ્તિ) । બ્રહ્મ એવ સદા ઇદંતયા રૂપ્યતે, આરોપિતં (વસ્તુ) તુ બ્રહ્મણિ નામમાત્રં (અસ્તિ) ॥ ૨૩૮ ॥

શબ્દાર્થ : મૂળ શ્લોકમાં, **યથા-તથા**, એવા શબ્દો પ્રયોજાયા નથી, પરંતુ શ્લોકમાંથી નિષ્પન્ન થતા ભાવાર્થમાં, ભ્રાંતિનાં પરિણામે થતી, જૂદા જૂદા બે મનુષ્યોની પ્રતીતિ વચ્ચે, સરખામણી આપવામાં આવી છે, એટલે, ઉપર, શ્લોકના ગદ્ય અન્વયમાં, આ બે અધ્યાહાર્ય શબ્દોને, યોગ્ય જગાએ ઊમેરીને મૂક્યા છે, જેથી શ્લોકના અર્થને સમજવામાં સરળતા રહે છે : (૧) **પહેલી** પ્રતીતિઃ **યથા ભ્રાન્તસ્ય (જનસ્ય) શુક્તિઃ હિ રજતં (ઇવ પ્રતીયતે)** । **ભ્રાન્ત** એટલે ભ્રાંતિ પામેલો અજ્ઞાની માણસ, **શુક્તિ** એટલે છીપલી, અને **રજત** એટલે ચાંદી. જેવી રીતે, ભ્રાંતિ પામેલા માણસને છીપલી જ **(હિ)** ચાંદીરૂપે દેખાય છે, તેમ. 'તેમ' શું ? (૨) બીજી પ્રતીતિ : **તથા ભ્રમતઃ (જનસ્ય) (જગદ્રૂપં) યદ્ યદ્ પ્રતીતં (ભવતિ), તદ્ તદ્ બ્રહ્મ એવ (અસ્તિ)** । તેવી રીતે અવિદ્યાથી ભ્રાંત બનેલાને, ભ્રમણાની અસરવાળા માણસને, જે જે (જગત રૂપે) દેખાય છે, તે તે (સઘળું) બ્રહ્મ રૂપે ભાસે છે, તે તે **બ્રહ્મ** જ છે. **બ્રહ્મ સદા એવ ઇદંતયા રૂપ્યતે** । **ઇદંતયા. ઇદંતા** - શબ્દનું તૃતીયા-વિભક્તિ એકવચનનું રૂપ. **ઇદં** એટલે 'આ' (This). એ શબ્દનું ભાવવાચક નામ ઇદંતા. 'આ'–શબ્દ હોવાપણું, 'આ'-શબ્દ વડે. **બ્રહ્મ** હંમેશાં 'આ' એવા શબ્દથી જ નિરૂપાય છે, બ્રહ્મનું નિરૂપણ જ્યાં જ્યાં, જ્યારે-જ્યારે થાય છે, ત્યાં-ત્યાં, ત્યારે ત્યારે, તેના માટે 'આ' This (ઇદં)-શબ્દ જ પ્રયોજાય છે. 'આ બ્રહ્મ', (ઇદં બ્રહ્મ) એ રીતે. **આરોપિતં (વસ્તુ) તુ બ્રહ્મણિ નામમાત્રં (અસ્તિ)** । આરોપિત વસ્તુ તો બ્રહ્મમાં નામમાત્ર જ છે. (૨૩૮)

અનુવાદ : (જેવી રીતે) ભ્રાંતિ પામેલા માણસને છીપલી જ ચાંદીરૂપે દેખાય છે, (તેવી રીતે) ભ્રાંત બનેલા માણસને જે જે (જગત રૂપે) ભાસે છે, તે તે (સઘળું) બ્રહ્મ જ છે. બ્રહ્મ હંમેશાં (જગતના પદાર્થોમાં) 'આ'-શબ્દથી નિરૂપાય છે. આરોપિત વસ્તુ તો બ્રહ્મમાં નામમાત્ર છે. (૨૩૮)

ટિપ્પણ : છેલ્લા કેટલાક શ્લોકોથી, 'જગત અસત્ય છે,' એ મુદ્દાની ચર્ચા

ચાલી રહી છે, અને એ જ સિદ્ધાંતનાં પ્રતિપાદન માટે, ગ્રંથકારે, જૂદાં જૂદાં અનેક દૃષ્ટાંતો અને દૃષ્ટિકોણોને પ્રયોજ્યાં છે.

આ પહેલાં, ભ્રમને કારણે, દોરડાં(रज्जु)માં સાપ(सर्प)ને જોનાર અજ્ઞાની માણસનું દૃષ્ટાંત અપાયું હતું. હવે અહીં, એવી જ ભ્રાંતિના સંદર્ભમાં, છીપલી (शुक्ति) અને ચાંદી(रजत)નું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. એક જગ્યાએ છીપલી પડી છે, પરંતુ તેના પર સૂર્યનાં કિરણોનો પ્રકાશ પડવાને કારણે, અસાવધ માણસ એમ સમજે માને છે કે તે જેને જુએ છે, તે ચાંદી છે. આવાં ખોટાં પરિણામનું કારણ, પેલા અસાવધ-અજ્ઞાની માણસની ભ્રમણા જ છે. હકીકતમાં તો ત્યાં, છીપલી અને ચાંદી એવી બે વસ્તુઓ છે જ નહીં, માત્ર એક છીપલી જ છે. 'આ (रजत) ચાંદી છે', એવી એની પ્રતીતિ ભ્રમને કારણે જ સર્જાય છે.

એ જ રીતે, જગતમાં અનેક નામ-રૂપ-આકાર ધારણ કરેલી વસ્તુઓને જોનાર માણસ, સ્વસ્થ અને સાવધ ન રહે તો, જેને જેને તે જુએ તેના માટે, 'આ' (इदं) એવું સર્વનામ (Pronoun) પ્રયોજીને, તે એવું સમજી-સ્વીકારી લે છે કે તે 'જગત છે.' હકીકતમાં, જગત તો અસત્ય છે, મિથ્યા છે, તે અસ્તિત્વ જ ધરાવતું નથી.

ચાંદીનું અસ્તિત્વ હતું જ નહીં, ત્યાં એક છીપ જ હતી, છતાં છીપમાં જ પેલો માણસ ચાંદીનું દર્શન કરતો હતો તેમ, અવિદ્યા-અજ્ઞાનથી ભ્રાંત માણસને જગતમાં જે જે કાંઈ દૃશ્ય-વ્યક્ત નામ-રૂપ-આકાર ભાસે છે (भासते), અને જેના જેના માટે તે 'આ' (इदं) શબ્દ પ્રયોજે છે તે, તે બધું (सर्वं) બ્રહ્મ જ (एव) હોય છે. તાત્પર્ય એ છે કે 'આ'-શબ્દનો પ્રયોગ (इदंता) જગત અને જગતની નામરૂપાત્મક વસ્તુઓ માટે નહીં, પરંતુ બ્રહ્મનાં નિરૂપણ માટે જ કરાય છે (रूप्यते). એનું કારણ એ છે કે આરોપિત વસ્તુ (જગત, જગતમાંની વસ્તુઓ) આ બ્રહ્મમાં નામમાત્ર જ છે (नाममात्रं).

ફરી એક વાર પેલી સુપ્રસિદ્ધ **છાંદોગ્ય**-શ્રુતિને યાદ કરીએ : મૂળમાં, માત્ર માટી જ સત્ય છે, ઘડો-કોડિયું-નળિયું વગેરે આકારો અને નામ-રૂપો તો કલ્પિત છે. આ બધાં નામો-રૂપો, તે તે નામે-રૂપે, માટી માટે જ પ્રયોજાય છે અને તે બધાં નામ-રૂપો પણ માટીનો જ બોધ કરાવે છે.

એ જ રીતે, 'આ'-શબ્દથી નિર્દેશ કરવામાં આવતા, જગતના સર્વ પદાર્થો દ્વારા, જેનું નિરૂપણ કરવામાં આવે છે તે સર્વ, ખરેખર તો, બ્રહ્મ જ છે. પેલી વ્યાવહારિક વસ્તુઓ તો બ્રહ્મમાં આરોપિત થયેલી છે અને તેથી તે બધી નામમાત્ર જ છે.

જગતને અસત્ય સિદ્ધ કરવા માટેની ચર્ચા-વિચારણા અહીં સમાપ્ત થાય છે.

શ્લોકો છંદ : **ઉપજાતિ** (૨૩૮)

૨૩૯

अतः परं ब्रह्म सदद्वितीयं
विशुद्धविज्ञानघनं निरंजनम् ।
प्रशान्तमाद्यन्तविहीनमक्रियं
निरन्तरानन्दरसस्वरूपम् ॥ २३९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અતઃ પરં બ્રહ્મ સદદ્વિતીયં
વિશુદ્ધવિજ્ઞાનઘનં નિરંજનમ્ ।
પ્રશાન્તમાદ્યન્તવિહીનમક્રિયં
નિરન્તરાનન્દરસસ્વરૂપમ્ ॥ ૨૩૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : અતઃ પરં બ્રહ્મ સત્, અદ્વિતીયં, વિશુદ્ધવિજ્ઞાનઘનં, નિરંજનં, આદિ-અન્ત-વિહીનં, અક્રિયં, નિરન્તર-આનન્દ-રસ-સ્વરૂપં (ભવતિ) ॥ ૨૩૯ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : અતઃ પરં બ્રહ્મ (ઈદૃશં) (અસ્તિ, ભવતિ) । અતઃ આથી, આ કારણે. 'આ કારણે' એટલે આ પહેલાંના, છેલ્લા, કેટલાંક શ્લોકોમાં, 'જગત અસત્ય છે,' એમ સિદ્ધ કરવામાં આવ્યું, તેથી. આમ, આ અતઃ-શબ્દ, આ પહેલાંના તે શ્લોકો અને હવે પછીના, અહીંથી શરૂ થતા, થોડા શ્લોકોને સાંકળતી કડી-રૂપ બની રહે છે. આથી, પર બ્રહ્મ આવું (ઈદૃશં) છે. કેવું છે ? શ્લોકમાંનાં સઘળાં વિશેષણો પરબ્રહ્મનાં સ્વરૂપની વિશિષ્ટતાનું વર્ણન કરે છે. સત્ જે હંમેશાં-સદા-સર્વદા અસ્તિત્વ ધરાવે છે, જેનો કદી પણ અભાવ નથી, તેવું. અદ્વિતીયમ્ - સમગ્ર બ્રહ્માંડમાં જેનાથી બીજું (દ્વિતીયં) કોઈ નથી, જેના જેવું અન્ય કોઈ નથી, અનુપમ, નિરુપમ એટલે કે દ્વૈતરહિત, પરમ્ - દેશકાળથી પર (Above), ત્રિકાલા-બાધિત, સર્વ પ્રકારના ભેદોથી અબાધિત, સર્વોચ્ચ (Highest). વિશુદ્ધ-વિજ્ઞાન-ઘનમ્ પ્રકૃતિના ત્રણ ગુણોના વિકારો, એની અશુદ્ધિઓ-મલિનતાઓથી મુક્ત, માયાના મળ વગરનું, નિર્મળ, સ્વચ્છ, વિશુદ્ધ, કેવળ જ્ઞાનસ્વરૂપ, ચિદ્-રૂપ, સાધનનિરપેક્ષ, અપરોક્ષ જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ, આવાં જ્ઞાનનું ઘનિષ્ઠ (Most dense) સ્વરૂપ. નિરંજનમ્ । અંજન-એટલે આંજણ, લેપ. કશા પણ પ્રકારના લેપ-વિનાનું (Un-stained, Un-tinged). તમોગુણની આવરણશક્તિ કે પાંચ-કોશો જેને ઢાંકી કે આચ્છાદિત ન કરી શકે તેવું, પ્રશાન્તમ્-મનના સંકલ્પ-વિકલ્પો, બુદ્ધિના વિભ્રમો અને રજોગુણની વિક્ષેપશક્તિ વગેરેની અશાંતિથી સંપૂર્ણતઃ મુક્ત, મૂર્તિમંત શાંતિ, આદ્યન્તવિહીનમ્ બ્રહ્મ પોતે 'અજ' છે, અજન્મા છે, એને કશો અંત નથી, જન્મ-મૃત્યુ અને પુનર્જન્મથી પર, અનાદિ-અનંત, અક્રિયમ્ - શરીર, અંગાંગો, ઇન્દ્રિયો

અને મન-બુદ્ધિ વગેરેથી રહિત હોવાથી એને કશી ક્રિયાઓ સાથે સંબંધ નથી, અક્રિય, નિષ્ક્રિય, અકર્તા, **निरन्तर-आनन्द-रस-स्वरूपम्** । પરમાત્માનાં મૂળભૂત સ્વરૂપ **'सत्-चिद्-आनन्द'**-માં આનન્દ તો છે જ, અને ઉપનિષદોએ આ જ બ્રહ્મ માટે **'रसौ वै सः ।'** એવું નિરૂપણ કર્યું છે, તેથી બ્રહ્મ 'આનન્દ-સ્વરૂપ' અને 'રસ-સ્વરૂપ' છે, એ તો સરળતા અને સ્પષ્ટતાપૂર્વક ફલિત થાય છે, પરંતુ આ 'આનન્દ' અને 'રસ' 'નિરન્તર' છે. વિષયોનો આનંદ ક્ષણિક છે, તે પ્રગટ થાય છે અને નષ્ટ થાય છે, ઊગે છે અને અસ્ત થાય છે. બ્રહ્મનો આનન્દ આવો નથી, - એમાં કશું 'અંતર' નથી પડતું, તે અનંત અને અનસ્ત છે, શાશ્વત છે. આપણાં ભોજનમાંના ગળ્યું-ખારું-ખાટું વગેરે છ રસો અને સાહિત્યના શૃંગાર-કરુણ-વીર-હાસ્ય વગેરે નવ રસોના આસ્વાદની પ્રક્રિયામાં વચ્ચે વચ્ચે 'અંતર' પડી જાય છે, પરંતુ બ્રહ્મસાક્ષાત્કારનો રસાસ્વાદ અખંડ, એકધારો અને સાતત્યપૂર્ણ હોય છે. વળી, આ 'આનન્દ' અને 'રસ', - બંને, કોઈ સ્થૂલ-ભૌતિક પ્રકારના નહીં, પરંતુ દુઃખ-શોક-રહિત હોવાથી, નિર્મળ, શુદ્ધ અને સૂક્ષ્મ હોય છે. ટૂંકમાં, બ્રહ્મનું સ્વરૂપ આનંદૈકપૂર્ણ અને રસૈકપૂર્ણ છે. (૨૩૯)

અનુવાદ : આથી, પર-બ્રહ્મ સત્, અદ્વિતીય, શુદ્ધ, વિજ્ઞાનસ્વરૂપ, નિર્મળ, પ્રશાન્ત, અનાદિ-અનંત, નિષ્ક્રિય, નિરન્તર આનંદ-રસ-સ્વરૂપ છે. (૨૩૯)

ટિપ્પણ : શ્લોકમાનાં, પર-બ્રહ્મનાં સ્વરૂપનાં સર્વ વિશેષણો 'શબ્દાર્થ'-વિભાગમાં, ઉપર, સવિસ્તર, સમજાવવામાં આવ્યાં હોવાથી એ વિશે વિશેષ કશું ઊમેરવાનું રહેતું નથી. માત્ર, બ્રહ્મસ્વરૂપની એક સૂચક (Significant) લાક્ષણિકતા પ્રત્યે ધ્યાન ખેંચવાનું રહે છે : 'બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે' (**ब्रह्म सत्यं जगन्मिथ्या ।**), - વેદાંતદર્શનના આ મૂળભૂત (Fundamental) અને સારભૂત (Essential) સિદ્ધાંતનાં પ્રતિપાદન માટે, જગત-સ્વરૂપનાં 'મિથ્યા'પણાંની સામેનાં, બ્રહ્મસ્વરૂપનાં 'સત્ય'પણાંની વિલક્ષણતા (Contrast) પૂરેપૂરી દર્શાવવાની આવશ્યકતા હોવાથી, આટલાં બધાં વિશેષણોની, એનાં બાહુલ્યની, જરૂર પડી.

અને જગતનું 'મિથ્યાપણું' તો, છેલ્લા કેટલાક શ્લોકોમાં, એના માટે અનેક વિશેષણો પ્રયોજીને, એનાં અનેક પાસાંને આવરીને, સવિસ્તર નિરૂપવામાં આવ્યું જ છે, એટલે એ નિષ્કર્ષ તથા વિવરણ પરથી જ, એનાં જ ફલસ્વરૂપ (**अतः**), પરબ્રહ્મનાં સ્વરૂપનાં સત્યપણાંને સિદ્ધ કરવા માટે, આ બધાં વિશેષણો, પેલાં બધાં વિશેષણોની સામે મૂકવાથી, એ બંને વચ્ચે એક બહુ મોટો અને ચોકખો 'વિરોધ' (Contrast) આપોઆપ ઊપસી આવે, એ અનિવાર્ય બન્યું હતું.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૩૯)

૨૪૦

निरस्तमायाकृतसर्वभेदं
नित्यं सुखं निष्कलमप्रमेयम् ।

अरूपमव्यक्तमनाख्यमव्ययं
ज्योतिः स्वयं किंचिदिदं चकास्ति ॥ २४० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિરસ્તમાયાકૃતસર્વભેદં
નિત્યં સુખં નિષ્કલમપ્રમેયમ્ ।
અરૂપમવ્યક્તમનાખ્યમવ્યયં
જ્યોતિઃ સ્વયં કિંચિદિદં ચકાસ્તિ ॥ ૨૪૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : નિરસ્તમાયાકૃતસર્વભેદં, નિત્યં, સુખં, નિષ્કલં, અપ્રમેયં, અરૂપં, અવ્યક્તં, અનાખ્યં, અવ્યયં, સ્વયં-જ્યોતિઃ ઇદં કિંચિદ્ ચકાસ્તિ ॥ ૨૪૦ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (પર-બ્રહ્મસ્વરૂપં) ઇદં કિંચિદ્ ચકાસ્તિ । ચકાસ્તિ એટલે પ્રકાશે છે. (પર-બ્રહ્મનું સ્વરૂપ) આવું, કંઈક, આવી રીતે પ્રકાશે છે, અથવા તો, અહીં જે જે કાંઈ પ્રકાશે છે, તે તે બધું, તે (પરબ્રહ્મ) જ છે. 'આ આવું કાંઈક' (ઇદં કિંચિદ્) કેવું છે ? શ્લોકમાંનાં વિશેષણો, આ ઇદં કિંચિદ્માંની સંદિગ્ધતાને, અસ્પષ્ટતાને, સ્પષ્ટ અને વિશદ કરે છે. **નિરસ્તમાયાકૃતસર્વભેદમ્** - **નિરસ્ત** એટલે જેમાંથી દૂર કરવામાં આવ્યા છે, જેમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. માયાએ કરેલા સર્વ ભેદો જેમાંથી નાબૂદ કરવામાં આવ્યા છે તેવું, એટલે કે એવા ભેદોથી રહિત, મુક્ત. **સુખમ્** એટલે સુખસ્વરૂપ. **નિષ્કલમ્** - કલા એટલે અંગો-અવયવો-ભાગો, એના વિનાનું, એટલે કે નિરવયવ, સહજ, સ્વાભાવિક, **અપ્રમેયમ્** - પ્રત્યક્ષ, અનુમાન વગેરે પ્રમાણો વડે ન જાણી શકાય તેવું, અચિન્ત્ય, અ-મેય, અમાપ, **અરૂપમ્** - રૂપરહિત, શરીર-વિનાનું, નિરાકાર, અદૃશ્ય, અપ્રગટ, **અવ્યક્તમ્** - દેખાય - જણાય નહીં તેવું **અનાખ્યમ્** - આખ્યા એટલે નામ (Name), નામરહિત, ન-નામું, **અવ્યયમ્** । **વ્યય** એટલે પરિવર્તન-ફેરફાર, તેના વિનાનું, એ એક જ સ્વરૂપમાં હંમેશ રહેતું, શાશ્વત (Not liable to change, Immutable, Everlasting, Eternal). **સ્વયં-જ્યોતિઃ** સ્વયંપ્રકાશ, પોતાને પોતાના વડે પ્રકાશિત કરનાર. (૨૪૦)

અનુવાદ : માયાથી સર્જાતા સર્વભેદોથી મુક્ત, નિત્ય, સુખસ્વરૂપ, નિરવયવ, અચિન્ત્ય, રૂપરહિત, અપ્રગટ, નામરહિત, શાશ્વત અને સ્વયંપ્રકાશ, – એવું જે કાંઈ (અહીં) પ્રકાશે છે, તે (બધું પરબ્રહ્મ જ) છે. (૨૪૦)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકમાં શરૂ કરવામાં આવેલાં, પરબ્રહ્મનાં સ્વરૂપનું નિરૂપણ, અહીં ચાલુ રાખવામાં આવ્યું છે, બીજાં થોડાં એવાં જ સૂચક વિશેષણો ઊમેરવામાં આવ્યાં છે.

આ બધાંની વિસ્તૃત સમજૂતી 'શબ્દાર્થ–વિભાગ'માં આપવામાં આવી જ છે,

તે છતાં પરબ્રહ્મ-સ્વરૂપની કેટલીક, અસામાન્ય કહી શકાય તેવી વિશિષ્ટતા, આ પ્રમાણે, નોંધપાત્ર છે :

આ **માયા** એટલે એક પ્રકારની કપટ-યુક્તિ, ખોટો દેખાવ, Illusion, Trickery, Artifice, એવું એક, એનાં નામ પ્રમાણે, 'માયાવી' તત્ત્વ છે, જે બ્રહ્માંડમાં અનેક ભેદો, ઉપાધિઓ, કાર્ય-કારણને સર્જે છે, પરંતુ બ્રહ્મ તો 'એક અને અદ્વિતીય' છે, તેથી આવા કશા કપોલ-કલ્પિત ભેદોથી સદા-સર્વદા તે મુક્ત જ હોય છે.

'માયા' પણ વેદાન્ત-દર્શનનો એક પારિભાષિક શબ્દ છે, અને ઉપનિષદોમાં તથા વેદાન્તના ગ્રંથોમાં તે, અનેક વાર, જૂદા જૂદા અનેક સંદર્ભોમાં, પ્રયોજાયો છે.

આ સંદર્ભો ભલે ભિન્ન હોય, પરંતુ એનો તાત્પર્યાર્થ તો હંમેશાં એક અને અસંદિગ્ધ જ રહ્યો છે. **માયા** પરમ બ્રહ્મની સત્ત્વમયી શક્તિ છે અને એનું અધિષ્ઠાન એ જ બ્રહ્મ છે. સત્ત્વગુણની સંપત્તિ એનું સમૃદ્ધ જમાપાસું છે, તેથી તેના આશ્રયભૂત એવાં બ્રહ્મને પોતાના વશમાં લાવવામાં એને રસ જ નથી. એથી ઉલટું, બ્રહ્મને વશ રહેવામાં જ એની કૃતાર્થતા છે.

આ જ **માયા**, જગતમાં અને જીવાત્માઓમાં, ઉપાધિઓ તથા કાર્યકારણના અનેક ભેદો સર્જે છે, પરંતુ આવા ભેદો, એક અને અદ્વિતીય એવાં, તેનાં અધિષ્ઠાનસ્વરૂપ પરબ્રહ્મને કશી જ હાનિ પહોંચાડી શકતા નથી. શ્લોકમાંનાં **निरस्तमायाकृत**, – પરબ્રહ્મનાં આ વિશેષણનો આ જ ગર્ભિતાર્થ છે.

શરીર, ઈન્દ્રિયો અને મન-બુદ્ધિ તરફથી મળેલાં 'સુખ'ને સાચા અર્થમાં 'સુખ' કહેવાય જ નહીં, કારણ કે તે ક્ષણિક હોય છે, અને અંતે તો 'દુઃખ'સ્વરૂપ જ નીવડે છે, જ્યારે બ્રહ્મનું સુખસ્વરૂપ આદિ-અંત-વિનાનું, નિત્ય, શાશ્વત અને અતીન્દ્રિય, Beyond the cognition of senses હોય છે, – જેને એકને જ, યથાર્થ રીતે, 'સુખ' એવું નામ આપી શકાય. જગતની સર્વ વસ્તુઓ **स-कल**, એટલે કે કલાઓ-અવયવો-ભાંગોવાળી હોય છે, અને તેથી જ તે સર્વ, નવેસરથી બનાવવામાં આવેલી, 'કૃત્રિમ', સાવયવ હોય છે, જ્યારે બ્રહ્મ તો જન્મ-મૃત્યુ-રહિત હોવાથી, તદ્દન અકૃત્રિમ, સહજ, સ્વાભાવિક, નિરવયવ અને નિરાકાર હોય છે, જેને દાર્શનિક પરિભાષામાં **निष्कल** કહેવામાં આવે છે.

ન્યાય-વૈશેષિક દર્શનોના સિદ્ધાંત પ્રમાણે, કોઈ પણ પ્રકારનાં જ્ઞાનની પ્રમાણભૂત પ્રાપ્તિ માટે, પ્રત્યક્ષ-અનુમાન વગેરે ચાર **'પ્રમાણો'** નિરૂપવામાં આવ્યાં છે. આવાં પ્રમાણો વડે જેનું જ્ઞાન મેળવી શકાય, તેને 'પ્રમેય' (Measurable, Finite) કહી શકાય. પરંતુ બ્રહ્મ-સ્વરૂપનું જ્ઞાન આવાં કોઈ **પ્રમાણો** આપી શકે નહીં, કારણ કે બ્રહ્મ તો 'અપ્રમેય' (Immesurable), અમાપ (Inlinite) છે.

એ જ રીતે, પરબ્રહ્મ મનોવાગ્–અતીત છે, ઈન્દ્રિયાતીત છે, કારણ કે તેને કોઈ શરીર નથી, એટલે રૂપરહિત છે, 'અરૂપ' છે.

आख्या એટલે વર્ણન, વ્યાખ્યાન, નામ, પરંતુ બ્રહ્મ તો વાચાતીત, વર્ણનાતીત

છે, એને કોઈ નામ-રૂપ નથી, એટલે એની એક જ ઓળખ કે 'તે બ્રહ્મ છે !'

जायते, अस्ति વગેરે પેલા ષડ્-ભાવવિકારોથી પણ બ્રહ્મ 'પર' છે, એટલે તેનામાં કોઈ પણ પ્રકારનાં વ્યય-ફેરફાર-પરિવર્તનો હોઈ શકે જ નહીં, તે 'અ-વ્યય' છે. વ્યાકરણ(Grammar)માં નામ-ધાતુ-વિશેષણ વગેરેનાં રૂપમાં ફેરફાર થાય છે, પણ 'અવ્યય (Adverb)' તે છે, જેમાં કોઈ ફેરફાર થતા જ નથી.

જગતની સર્વ ભૌતિક વસ્તુઓને જણાવવા-પ્રગટાવવા માટે બહારના કોઈક પ્રકાશની જરૂર પડે છે, પરંતુ બ્રહ્મ તો પોતે, પોતાની મેળે જ, પ્રકાશે છે. તે જ્ઞાનપ્રકાશ-સ્વરૂપ છે, ચૈતન્ય-જ્યોતિ છે, તેથી પોતાનાં પ્રાકટ્ય માટે, તેને બીજે ક્યાંયથી પ્રકાશ ઊછીનો લેવો પડતો નથી. સર્વને પ્રકાશનારને, વળી, અન્ય પ્રકાશની શી જરૂર ? તે તો 'સ્વયંજ્યોતિ' છે, અને હંમેશાં, આ સર્વ વિશેષણોમાં નિર્દિષ્ટ એવું જે જે કાંઈ પ્રકાશે છે, તે બધું તે (બ્રહ્મ) જ છે (किंचिद् इदं चकास्ति).

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૪૦)

૨૪૧

ज्ञातृज्ञेयज्ञानशून्यमनन्तं निर्विकल्पकम् ।
केवलाखण्डचिन्मात्रं परं तत्त्वं विदुर्बुधाः ॥ २४१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ज्ञातृज्ञेयज्ञानशून्यमनन्तं निर्विकल्पकम् ।
केवलाखण्डचिन्मात्रं परं तत्त्वं विदुर्बुधाः ॥ २४१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : ज्ञातृज्ञेयज्ञानशून्यं अनन्तं निर्विकल्पकं केवल-अखण्ड-चिन्मात्रं, परं तत्त्वं बुधाः विदुः ॥ २४१ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : बुधाः परं तत्त्वं (ईदृशं) विदुः । જ્ઞાનીઓ પરમ-તત્ત્વને (આવું) જાણે છે, સમજે છે, ઓળખે છે. કેવું ? એનું વર્ણન કરતાં આ ચાર વિશેષણો : (૧) ज्ञातृज्ञेयज्ञानशून्यम् - જ્ઞાતા (Knower), જ્ઞેય (Known) અને જ્ઞાન (Knowledge), એ ત્રણ ભેદોથી રહિત, એવા ભેદો વિનાનું, (૨) अनन्तम् - અનંત, અંત વિનાનું, (૩) निर्विकल्पकम् - જેમાં 'આ કે તે ?' એવા વિકલ્પોને કશું સ્થાન નથી, એવું, કોઈ પણ પ્રકારના વિકલ્પો વગરનું, (૪) केवल-अखण्ड-चिन्मात्रम् - કેવલ, અખંડ, ચૈતન્યસ્વરૂપ એવું, માત્ર અખંડ-જ્ઞાન-પ્રકાશ-સ્વરૂપ એવું. (૨૪૧)

ટિપ્પણ : અહીં પણ परं तत्त्वं, — એ શબ્દો પ્રયોજીને, ગ્રંથકારે, બ્રહ્મસ્વરૂપનું જ નિરૂપણ ચાલુ રાખ્યું છે. આ નિરૂપણ શ્રદ્ધેય અને પ્રમાણભૂત બની રહે તે માટે, તેમણે આ નિરૂપણના કર્તા તરીકે જ્ઞાનીઓ-આત્મજ્ઞાનીઓને રજુ કર્યા છે.

કોઈ પણ વસ્તુ કે વ્યક્તિનું જ્ઞાન થાય ત્યારે, એના સ્પષ્ટ એવા બે ભેદ ઉપસી આવે : એક, જાણનાર, જ્ઞાતા, 'જાણવું' ક્રિયાપદનો કર્તા (Subject), Knower, અને બે, જેને જાણવાનું છે તે, જ્ઞેય, 'જાણવું' એ ક્રિયાપદનું કર્મ (Object), Known. પરંતુ આ કોઈ સામાન્ય વસ્તુ કે વ્યક્તિનાં જ્ઞાનની વાત નથી, આ તો બ્રહ્માંડનાં પરમ-તત્ત્વનાં જ્ઞાનની, પરમજ્ઞાનની, સર્વોચ્ચ જ્ઞાનની- (Knowledge Par Excellence) વાત છે. મુંડક ઉપનિષદના આરંભમાં, મહાશાલ શૌનકે, સદ્‌ગુરુ અંગિરા-ઋષિ સમક્ષ, વિધિપૂર્વક 'સમિત્પાણિ' બનીને, જે જ્ઞાનનાં અનુસંધાનમાં પાયાનો પ્રશ્ન પૂછ્યો હતો, તે જ્ઞાનની આ વાત છે. પ્રસિદ્ધ મહાગૃહસ્થ શૌનકનો પ્રશ્ન આ હતો : 'હે ભગવન ! એવું કયું જ્ઞાન છે, જેને જાણ્યાથી, સમગ્ર વિશ્વમાં જાણવા-યોગ્ય) સર્વ જ્ઞાન વિશેષ રીતે જાણવામાં આવી રહે ?'—

कस्मिन्नु भगवो विज्ञाते सर्वं इदं विज्ञातं भवति इति (१, ३)

ઘડો તો, માટી(ઉપાદાન કારણ)નું, કલ્પિત નામ-રૂપ ધારણ કરનારું માત્ર કાર્ય જ છે. કાર્યનું અસ્તિત્વ કારણથી ભિન્ન હોઈ શકે જ નહીં. માટી(ઉપાદાન કારણ)ને જાણ્યા પછી કુલડી-કુંડું-નળિયું-ઠીબડું વગેરેનું જ્ઞાન આપોઆપ થઈ જાય ! માટીનું જ્ઞાન એ જ મૂળ અને સાચું જ્ઞાન છે. (**मृत्तिका इति एव सत्यम्** ।)

પેલા 'મહાશાલ' શૌનકનો પ્રશ્ન આવાં જ્ઞાન માટેનો હતો. પરમ-તત્ત્વનાં આવાં જ્ઞાનમાં સર્વ દ્વૈત-પ્રપંચનું નિવારણ થઈ જાય, અને એવાં જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે, જ્ઞાતા-જ્ઞેયના ભેદો માટે તો કશો અવકાશ જ ન રહે, કારણ કે બ્રહ્મ પોતે જ એક-અદ્વિતીય-અદ્વૈત છે, ત્યાં કોઈ દ્વૈતને સ્થાન જ નથી, તો પછી જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન, જેવાં 'ત્રૈત'નાં હોવાની તો શક્યતા જ કેવી રીતે રહે ? જે સ્વયં અભેદમૂર્તિ છે, તેને, વળી 'ભેદ' સાથે શો સંબંધ ? બ્રહ્મ એટલે જ 'ભેદશૂન્યતા'.

અને જે અજ છે, અજન્મા છે, જેનો કોઈ 'આદિ' નથી, તેનો વળી, 'અંત' કેવો ? એ તો અંતરહિત, અનંત જ હોય !

વળી, 'વિકલ્પો' ક્યાં હોય ? — જ્યાં એકથી વધુ સંખ્યાની શક્યતા હોય ત્યાં, 'આ કે તે, કે પેલું', 'પહેલું કે બીજું કે ત્રીજું,' - એવા વિકલ્પો (Options) માટે, **एकं एव अद्वितीयम्** - એવા બ્રહ્મ પાસે, શી ગણના ? આવો કોઈ પ્રશ્ન જ અનુચિત, અપ્રસ્તુત, અનાવશ્યક !

એ જ રીતે, પરમતત્ત્વનું ચિદ્‌-રૂપ, ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનપ્રકાશ-સ્વરૂપ પણ એવું અજોડ (Unique) છે કે ત્યાં, તેના સાતત્ય(અખંડપણાં)નો કે કેવલ્યનો (કેવળપણાંનો) સવાલ જ કદી ન ઉદ્‌ભવે. જે સ્વયં 'ચિન્માત્ર' છે ત્યાં, જડમાં જ સંભવી શકે તેવા ખંડ-ભેદ-ભાગ તો હોઈ શકે જ નહીં !

ઊંડી અને અવિરત સાધનાને અંતે, આત્મજ્ઞાનીઓએ સંપાદિત કરેલી એવી આ ઉપલબ્ધિ છે. (**बुधाः विदुः** ।)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૪૧)**

૨૪૨

अहेयमनुपादेयं मनोवाचामगोचरम् ।
अप्रमेयमनाद्यन्तं ब्रह्म पूर्णं महन्महः ॥ २४२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अहेयमनुपादेयं मनोवाचामगोचरम् ।
अप्रमेयमनाद्यन्तं ब्रह्म पूर्णं महन्महः ॥ २४२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : ब्रह्म अहेयं, अनुपादेयं, मनोवाचां अगोचरं, अप्रमेयं, अन्-आदि-अन्तं, पूर्णं, महत् महः (अस्ति, भवति) ॥ २४२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (ब्रह्म ईदृशं अस्ति) । બ્રહ્મ આવું છે. બ્રહ્મ કેવું છે ? શ્લોકમાંનાં સર્વ વિશેષણો, એક પછી એક, બ્રહ્મનાં અસામાન્ય સ્વરૂપને, આ રીતે, વ્યક્ત કરે છે : (૧) हा એટલે ત્યજવું, છોડવું, એવા અર્થના ધાતુનું विध्यर्थ-कृदंतनું રૂપ, हेय, ત્યાગી શકાય તેવું. એનો વિરોધાર્થી શબ્દ अहेयम् એટલે ત્યાગી ન શકાય તેવું, અત્યાજ્ય, (૨) उप+आ+दा એટલે ગ્રહણ કરવું, પકડવું, - એવા અર્થના ધાતુનું विध्यर्थ-कृदंतनું રૂપ उपादेय, - પકડી શકાય, ગ્રહી શકાય તેવું. એનો વિરોધાર્થી શબ્દ अन्-उपादेयम् એટલે ગ્રહણ ન કરી શકાય તેવું, અગ્રાહ્ય. (૩) मनोवाचां अगोचरम् - મન અને વાણીને જે અગોચર છે તેવું, એટલે કે મન અને વાણીનો વિષય ન બની શકે તેવું, – અવિષય, (૪) अप्रमेयम् - કોઈ પણ પ્રમાણો વડે જેનું જ્ઞાન પ્રાપ્ત ન થઈ શકે તેવું; કોઈથી, કશાથી માપી ન શકાય તેવું, અમાપ. આ વિશેષણ અગાઉ, આ પહેલાં, આવી ગયું છે, (૫) अनादि-अनन्तम् આદિ અને અંત વિનાનું. આ બંને શબ્દો પણ, આ પહેલાં, આવી ગયા છે, (૬) पूर्णम् - કોઈ પણ પ્રકારની અપૂર્ણતા-ઓછપ-અધૂરપ વગરનું, પૂર્ણ (Full, Perfect, Complete), (૭) महत् महः । महः એટલે તેજ (Lustre), મહાન જ્યોતિસ્વરૂપ, વ્યાપક પ્રકાશ-સ્વરૂપ. (૨૪૨)

અનુવાદ : બ્રહ્મ, અત્યાજ્ય, અગ્રાહ્ય, મન-વાણીનો અવિષય, અપ્રમેય, અનાદિ, અનંત, પૂર્ણ અને મહાન જ્યોતિસ્વરૂપ છે. (૨૪૨)

ટિપ્પણ : પરમબ્રહ્મનાં સ્વરૂપનું નિરૂપણ શ્લોક-૨૩૯થી શરૂ થયું, તેનું અહીં સમાપન છે, એટલે એ સ્વરૂપ માટેનાં થોડાં બાકી રહી ગયેલાં વિશેષણો ઊમેરીને આ નિરૂપણ પૂરું કરવામાં આવ્યું છે. અલબત્ત, 'અપ્રમેય', 'અનાદિ', 'અનંત' જેવાં થોડાં વિશેષણોની પુનરુક્તિ પણ કરવામાં આવી છે.

બાકીનાં વિશેષણોથી વ્યક્ત થતી, બ્રહ્મનાં સ્વરૂપની વિશેષતાને આત્મસાત્ કરીએ :

ત્યાગ કોનો કરી શકાય ? જે આપણું પોતાનું ન હોય, તેનો જ. શરીર

આપણું પોતાનું નથી, આપણે પોતે શરીર નથી, એટલે મૃત્યુ-સમયે તે ત્યાજ્ય, 'હેય' બને છે, પરંતુ બ્રહ્મ તો પ્રત્યગાત્મા છે, પ્રત્યેક મનુષ્યનો વ્યક્તિગત અંતરાત્મા છે. મનુષ્ય જ્યારે પોતાનો ઉલ્લેખ કરે છે ત્યારે, તે પોતાના માટે 'હું' (अहम्) એવું સર્વનામ પ્રયોજે છે. આ 'હું' (अहम्) એટલે કોણ ? મનુષ્યનો પોતાનો જ અંતરાત્મા, જે, બ્રહ્મથી અભિન્ન એવું તેનું પોતાનું જ ભીતરી એવું આંતરસ્વરૂપ છે. ટૂંકમાં, બ્રહ્મ એટલે મનુષ્ય પોતે જ, – સ્વયમ્. કોઈ પણ મનુષ્ય પોતાને જ ત્યજી દે, એવું તો બને જ શી રીતે ? આપણાંથી જે જૂદું હોય, 'અન્ય' હોય, 'ભિન્ન' હોય, તે જ ત્યાજ્ય બની શકે. બ્રહ્મ તો દરેક મનુષ્યનું સ્વકીય તત્ત્વ જ છે, અરે, તે તો પોતે જ છે, તેથી બ્રહ્મનું સ્વરૂપ 'અહેય' છે.

જે રીતે અને જે કારણે, બ્રહ્મતત્ત્વ 'અહેય' છે, એ જ કારણે તે 'અનુપાદેય' (અગ્રાહ્ય) છે : ઉપાદેય કે ગ્રાહ્ય કઈ વસ્તુ હોય ? જે, પહેલાં, ન હોય અને હવે, નવેસરથી, ગ્રહણ કરવાની હોય. બ્રહ્મતત્ત્વ તો શરીરના જન્મ અગાઉ પણ હતું અને શરીરનાં મરણ પછી પણ રહેવાનું જ છે. હકીકતમાં, તે તો મનુષ્યની સાથે હતું, છે અને રહેશે, એનો કોઈ કાળે અભાવ હોતો જ નથી. એ તો સદા-સર્વદા 'પ્રાપ્ત' જ છે અને 'પ્રાપ્ત'ની કોઈ રીતે કે નવેસરથી 'પ્રાપ્તિ' કરવાની હોય જ નહીં. આથી મનીષીઓએ પરમતત્ત્વ કે પરમાત્મા માટે **प्राप्तस्य प्राप्तिः** એવા શબ્દો પ્રયોજ્યા છે.

આમ, પરમતત્ત્વ, નથી વિષય ત્યાગનો, નથી વિષય ગ્રહણનો. ત્યાગ અને ગ્રહણ, બંનેથી, તે પર હોવાથી જ, તેને **'અહેય'** (અત્યાજ્ય) અને **'અનુપાદેય'** (અગ્રાહ્ય) કહેવામાં આવ્યું છે.

મન અને વાણીને, આ પહેલાં, 'અનાત્મ'ના વર્ગમાં મૂકવામાં આવ્યાં છે, એટલે એ તો એક સંપૂર્ણરીતે તર્કસંગત એવી હકીકત બની રહે છે કે 'આત્મતત્ત્વ' આવાં 'અનાત્મ-તત્ત્વો'ને તો અગોચર જ હોય. અને એટલે જ, ઉપનિષદના ઋષિએ આ મન-વાણીની ઠેકડી ઊડાડતાં, એક પ્રસંગે, કહ્યું હતું કે "આ બંને, એક વાર, પરસ્પર સંતલસ કરીને, 'મોટે ઉપાડે', બ્રહ્મને પામવા નીકળી પડ્યાં, પરંતુ બ્રહ્મતત્ત્વ એમ સસ્તું અને સુલભ થોડું જ છે કે આ બંને એમની આ બ્રહ્મપ્રાપ્તિયાત્રામાં સફળ થાય ! એટલે પરિણામ જે આવવું જોઈએ તે જ આવ્યું : તે બંને, ગયાં હતાં તેવાં જ, ધોયેલ મૂળાં જેવાં, 'હીરો ઘોઘે જઈ આવ્યા'ની જેમ, બ્રહ્મને પામ્યા વિના જ, પાછાં આવ્યાં" ! :–

यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।

આથી જ, બ્રહ્મને, 'મનોવાગતીત', મનઃવાગ્-અતીત, 'મન–વાણીને અગોચર', કહેવામાં આવ્યું છે.

સમગ્ર બ્રહ્માંડમાં સઘળી વસ્તુઓ સર્વ-બાબતમાં, કોઈક, એક કે થોડી

બાબતમાં, 'અપૂર્ણ' જ હોય છે, કારણ કે તે બધાંને દેશ-કાળ અને વસ્તુ-વ્યક્તિની મર્યાદાઓ નડે છે, એના પરિચ્છેદો એમની આડે આવે છે, તેથી તે બધાં જ અપૂર્ણ, અધૂરાં અને કશીક ઓછપવાળાં હોય છે. પરંતુ બ્રહ્મ તો આવી સર્વ મર્યાદાઓથી અને બધા જ પરિચ્છેદોથી પર છે, તે તો સર્વ પ્રકારે માત્ર 'પૂર્ણ' જ નહીં, 'પરિપૂર્ણ' છે. અને આથી જ, **શુક્લ-યજુર્વેદ**નાં ઉપનિષદોના 'શાંતિમંત્ર'માં બ્રહ્મને કહેવામાં આવ્યું છે **પૂર્ણમદઃ**....! વળી, પૂર્ણ એવું આ જગત (**પૂર્ણમિદં**), જે પૂર્ણ એવાં બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે (**उदच्यते**), તેની બાદબાકી પેલાં (**પૂર્ણ**) એવાં બ્રહ્મમાંથી કરવામાં આવે ત્યારે પણ, બ્રહ્મની શાશ્વત **પૂર્ણતા**ને કશી જ હાનિ પહોંચતી નથી. પેલી બાદબાકી પછી પણ અવશેષ તો **પૂર્ણ** જ રહે છે ! :–

पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।

પૂર્ણમાંથી પૂર્ણ બાદ કરીએ તો પણ શેષ તો પૂર્ણ જ રહે !

આવો છે, મહિમા, – આધ્યાત્મિક અંકગણિત (Spiritual Arithmetic)નો !

અને સૂર્ય-ચંદ્ર-તારકો-અગ્નિ-વિદ્યુત્ વગેરે, બ્રહ્માંડને અજવાળતાં જ્યોતિઃસ્વરૂપો (Luminaries), જે એકમેવ અને આદ્ય એવાં આત્મજ્યોતિમાંથી પોતાને જરૂરી એવાં જ્યોતિને મેળવતાં હોય, તે, જગતનાં સર્વ જ્યોતિઓનાં ઉદ્ભવસ્થાન એવું બ્રહ્મ તો, મહત્તમ અને વ્યાપકાતિવ્યાપક એવું તેજોમય અને તેજ-સ્વરૂપ (**महन्महः**) જ હોય, એ તો નિર્વિવાદ જ બને !

બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ અહીં સમાપ્ત થાય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૪૨)

૨૪૩

तत्त्वं पदाभ्यामभिधीयमानयो-
-र्ब्रह्मात्मनोः शोधितयोर्यदित्थम् ।
श्रुत्या तयोस्तत्त्वमसीति सम्य-
-गेकत्वमेव प्रतिपाद्यते मुहुः ॥ २४३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तत्त्वं पदाभ्यामभिधीयमानयो-
-र्ब्रह्मात्मनोः शोधितयोर्यदित्थम् ।
श्रुत्या तयोस्तत्त्वमसीति सम्य-
गेकत्वमेव प्रतिपाद्यते मुहुः ॥ २४३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : 'तत्त्वमसि' इति तत् (च) त्वं (च) पदाभ्यां अभिधीयमानयोः शोधितयोः ब्रह्मात्मनोः तयोः यद् इत्थं एकत्वं अस्ति, तद् श्रुत्या एव मुहुः सम्यक् प्रतिपाद्यते ॥ २४३ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **तयोः ब्रह्मात्मनोः एकत्वं श्रुत्या एव मुहुः सम्यक् प्रतिपाद्यते ।** **मुहुः** એટલે વારંવાર, અવારનવાર, **सम्यक्** એટલે સારી રીતે, સારી પેઠે. તે બે, - બ્રહ્મ અને આત્મા એટલે કે જીવ,-નું (**तयोः ब्रह्मात्मनोः**) એકત્વ-ઐક્ય, શ્રુતિ વડે જ, વારંવાર સારી રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે એકત્વ કેવું છે ? **'तत्त्वमसि'** । इति तत् (च) त्वं (च) पदाभ्यां **शोधितयोः अभिधीयमानयोः** यद् इत्थं एकत्वं (अस्ति) तद् । तत्-त्वं-अस्ति । **त्वं** 'તું' એટલે કે 'જીવ' (બીજો પુરુષ એકવચનનું રૂપ) **तत्** - 'તે', એટલે કે 'બ્રહ્મ' (ત્રીજો પુરુષ એકવચનનું રૂપ). **असि** છે : 'તું' (જીવ) 'તે' (બ્રહ્મ) છે. **तत्त्वमसि** । એ **સામવેદનાં છાન્દોગ્ય** ઉપનિષદનું મહાવાક્ય છે. આ શ્રુતિવચનમાંનાં **तत्** અને **त्वं**, - એ બે પદો,-નું શોધન કર્યા પછી, તે બે પદો દ્વારા, જેનો બોધ થાય છે, **अभिधीयमानयोः** જેની અભિવ્યક્તિ થાય છે, તે એકત્વ, **इत्थं** એટલે આવી રીતે, આ પ્રમાણે. કેવી રીતે ? 'તું તે છે', એટલે કે 'જીવ (પોતે જ) બ્રહ્મ છે,' - એવી રીતે, એ પ્રમાણે. પરંતુ તે બે પદો દ્વારા આવો બોધ તો જ, ત્યારે જ થાય છે, **જો** અને **જ્યારે** તે બે પદોનું 'શોધન' કરવામાં આવે (**शोधितयोः**). **શોધન** એટલે શુદ્ધીકરણ, સ્પષ્ટીકરણ (Purification), સ્વચ્છીકરણ (Cleaning), તેમાંની ભૂલોનું નિવારણ કરીને અર્થને વિશદ-શુદ્ધ, અસંદિગ્ધ બનાવવાની પ્રક્રિયા (Exact Determination). (૨૪૩)

અનુવાદ : **'तत्त्वमसि'** (तत्-त्वं-अस्ति । આ શ્રુતિવાક્યનાં) **तत्** ('તે') અને **त्वं** ('તું'), આ બે, શોધન કરાયેલાં, પદો દ્વારા જેનો બોધ થાય છે તે, **બ્રહ્મ** અને જીવનું આવું એકત્વ, શ્રુતિ વડે જ, વારંવાર, સારી રીતે, પ્રતિપાદન કરાવામાં આવ્યું છે. (૨૪૩)

ટિપ્પણ : આ શ્લોકનું તાત્પર્ય યથાર્થ રીતે સમજાય તે માટે, **વેદાન્ત**-દર્શનમાં સ્વીકારવામાં આવેલી, કેટલીક, પરંપરા-પ્રાપ્ત શાસ્ત્રોક્ત બાબતોને સમજી લેવાની જરૂર છે, તે આ પ્રમાણે છે :

(૧) **મહાવાક્યો :** બ્રહ્મ અને જીવ, અથવા પરમાત્મા અને જીવાત્માની એકતા વિશે, ચારેય વેદોએ, પોતપોતાનાં ઉપનિષદો દ્વારા, અત્યંત સંક્ષેપમાં, વાક્યો રજુ કર્યાં છે તે, તદ્દન નાનાં અને ટૂંકાં હોવા છતાં, સાધક મુમુક્ષુને આત્મસાક્ષાત્કાર કરાવવા માટે સમર્થ હોવાથી, તેમાંના ગહન-ગંભીર આધ્યાત્મિક અર્થને અનુલક્ષીને, **'મહાવાક્યો'** તરીકે, દાર્શનિક પરંપરામાં પ્રસિદ્ધિ પામ્યાં છે, તેની વીગતો નીચે પ્રમાણે છે :

વેદ	ઉપનિષદ	મહાવાક્ય
(અ) **ऋग्वेद**	**ઐતરેય**-ઉપનિષદ	**प्रज्ञानं ब्रह्म ।**
		(આત્મા અને બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે.)

(આ) યજુર્વેદ બૃહદારણ્યક ઉપનિષદ અહં બ્રહ્માસ્મિ ।
(હું 'જીવ', બ્રહ્મ છું.)
(ઇ) સામવેદ છાંદોગ્ય-ઉપનિષદ તત્ત્વમસિ ।
(તું-'જીવ' તે બ્રહ્મ છે.)
(ઈ) અથર્વવેદ મુંડક-ઉપનિષદ અયમાત્મા બ્રહ્મ
(આ આત્મા (જીવાત્મા) બ્રહ્મ છે.)

અહીં, આ શ્લોકમાં, **સામવેદ**નાં મહાવાક્યના મર્મને સમજાવવામાં આવ્યો છે : પિતા ઉદ્દાલક, પુત્ર શ્વેતકેતુને, જીવાત્મા-પરમાત્માની એકતા વિશે સમજાવતાં, અનેક દૃષ્ટાંતો આપીને, આ મહાવાક્ય નવ વાર કહે છે (છાંદોગ્ય-ઉપનિષદઃ પ્રપાઠક-૬, ખંડ-૧૧થી ૧૬)

(૨) **વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ** : કોઈ પણ શબ્દ કે વાક્યને, માત્ર સાંભળવાથી, તેમાંથી નિષ્પન્ન થતા સીધા-સાદા અર્થને **'વાચ્યાર્થ'** કહેવામાં આવે છે. દાખલા તરીકે - **गंगायां कुटीरः** ।, 'ગંગા'નો શબ્દાર્થ અથવા વાચ્યાર્થ એટલે 'ગંગાની જળ-સપાટી', પણ ગંગાની જળસપાટી ઉપર કે અંદર (**गंगायां**) (સપ્તમી વિભક્તિ-એકવચનનું રૂપ) ઝુંપડી કેવી રીતે હોઈ શકે ? રહી શકે? આ રીતે, વાક્યના અર્થમાં મુશ્કેલી ઊભી થાય છે, તેથી 'ગંગા'-શબ્દના **'વાચ્યાર્થ'**માંની પ્રતિકૂળતા દૂર કરીને, અર્થ સ્પષ્ટ અને સાનુકૂળ બને એવી પ્રક્રિયાને **'શોધન'** કહેવામાં આવે છે. **'શોધન'** કર્યા પછી તેનો અર્થ 'ગંગા-તીર' થાય, તેને **'લક્ષ્યાર્થ'** કહેવામાં આવે છે : 'ગંગાતીરે ઝૂંપડી છે.' અને તપસ્વી ઋષિની ઝુંપડી (પર્ણકુટિ) ગંગાનાં તીરે હોય, એવો અર્થ તરત જ સ્વાભાવિક, સ્વીકાર્ય અને પ્રતીતિજનક બની જાય.

અહીં, શ્લોકમાં, **तत् त्वं असि** । એ શ્રુતિવાક્યનો **'વાચ્યાર્થ'** આ પ્રમાણે થાય : 'તું' 'તે' છે, પરંતુ 'તું' (બી.પુ.એ.વ.) હોય તે, 'તે' (ત્રી.પુ.એ.વ.) કેવી રીતે હોઈ શકે ? વાક્યના અર્થમાં કશો મેળ બેસતો નથી અને અર્થ બેસાડવામાં મુશ્કેલી રહે છે, તેથી 'તું' (**त्वं**) અને 'તે' (**तत्**) એ પદોમાંની પ્રતિકૂળતા દૂર કરીને, શ્રુતિવાક્યનો અર્થ સ્પષ્ટ અને સુસંગત બને તે માટે, તે બંને પદોનું **'શોધન'** કરીને, તેમાંથી જે **'લક્ષ્યાર્થ'** નિષ્પન્ન કરવામાં આવે છે, તે આ પ્રમાણે છે :

'તું' (**त्वं**) એટલે જીવ, જીવાત્મા, અને 'તે' (**तत्**) એટલે બ્રહ્મ, પરમાત્મા. આમ બંને પદોને **'શોધિત'** કરવાથી શ્રુતિને અભિપ્રેત એવો આ વાક્યનો અર્થ, 'તું' (જીવાત્મા), 'તે' (પરમાત્મા, બ્રહ્મ) છે, એવો થાય. **असि** એ ક્રિયાપદ, **त्वं** અને **तत्** એ પદોના અર્થને જોડવાનું કાર્ય કરતું હોવાથી, આ **મહાવાક્ય** દ્વારા આવું, આ રીતે (**इत्थं**), જીવ અને બ્રહ્મનું એકત્વ સિદ્ધ થાય છે, જેનું શ્રુતિએ જ, એટલે કે **સામવેદ**નાં આ **મહાવાક્યે** જ, વારંવાર, સારી રીતે પ્રતિપાદન કર્યું છે. **(यत् श्रुत्या एव मुहुः सम्यक्)**

હવે, એક જ વાત કહેવાની રહે છે : આવું પ્રતિપાદન કરવાની જરૂર કેમ ઊભી થઈ ? હકીકત એ છે કે મનુષ્ય જન્મ્યા પછી, સંસારી જીવનમાંની અનેક ઉપાધિઓમાં અને વિષયવાસનાઓમાં આસક્ત થવાને કારણે, અથવા અજ્ઞાન અને ભ્રાંતિને કારણે, અથવા તો પોતાનાં શરીર સાથેનાં તાદાત્મ્યને કારણે, પોતાનાં મૂળભૂત સ્વરૂપને, એટલે કે પોતે 'જીવ' નથી પરંતુ 'બ્રહ્મ' જ છે, એવાં પોતાનાં નિજ સ્વરૂપને તે વીસરી ગયો છે, અને પરિણામે, ભવબંધનમાં એવો જકડાઈ ગયો છે કે એના માટે મોક્ષ-પ્રાપ્તિની કોઈ શક્યતા જ ન રહે. મનુષ્યને આવી ભ્રમણામાંથી મુક્ત કરવા માટે, ઉપનિષદના ઋષિ તેને સમયસર Reminder પાઠવતાં, કહે છે કે 'ભાઈ, વસ્તુતઃ, ખરેખર, તું જીવ નથી, તારું પોતાનું મૂળ સ્વરૂપ તો બ્રહ્મ જ છે, त्वं (તું) तत् (તે, બ્રહ્મ) છે (तत्त्वमसि ।). જીવ-બ્રહ્મનાં એકત્વને આત્મસાત્ કર અને મોક્ષપ્રાપ્તિના માર્ગે પ્રયાણ કર.'

બસ, આ જ હેતુ છે, શ્રુતિવચનનો, — આત્મસાક્ષાત્કાર તરફ મનુષ્યને પ્રેરવાનો !

આમ તો, પિતા ઉદ્દાલકે પુત્ર શ્વેતકેતુને, જીવ-બ્રહ્મનું એકત્વ સમજાવતાં, જે દૃષ્ટાંતો આપ્યાં છે તે, છાંદોગ્ય ઉપનિષદની તેટલી કંડિકાઓ, મૂળમાં જ, અધ્યયન-યોગ્ય છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૪૩)

૨૪૪

ऐक्यं तयोर्लक्षितयोर्न वाच्ययो-
-र्निगद्यतेऽन्योन्यविरुद्धधर्मणोः ।
खद्योतभान्वोरिव राजभृत्ययोः
कूपाम्बुराश्योः परमाणुमेर्वोः ॥ २४४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઐક્યં તયોર્લક્ષિતયોર્ન વાચ્યયો-
-ર્નિગદ્યતેઽન્યોન્યવિરુદ્ધધર્મણોઃ ।
ખદ્યોતભાન્વોરિવ રાજભૃત્યયોઃ
કૂપામ્બુરાશ્યોઃ પરમાણુમેર્વોઃ ॥ ૨૪૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : खद्योतभान्वोः, राजभृत्ययोः कूप-अम्बुराश्योः, परमाणुमेर्वोः च इव अन्योन्यविरुद्धधर्मणोः तयोः (जीवब्रह्मणोः) ऐक्यं, लक्षितयोः निगद्यते, न (तु) वाच्ययोः ॥ (२४४) ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : तयोः (जीवब्रह्मणोः) ऐक्यं निगद्यते । ऐक्यं એટલે એકતા, એકત્વ, અભેદ, निगद्यते - કહેવામાં આવ્યું છે, સમજાવવામાં આવ્યું છે :

તે બંને(જીવ અને બ્રહ્મ)નું એકત્વ ગૃહીત થાય છે, પ્રતીત થાય છે તે બંને (જીવ અને બ્રહ્મ) કેવાં છે ? **अन्योन्यविरुद्धधर्मणोः** એકમેકથી વિરુદ્ધ ધર્મવાળાં, પરસ્પરવિરુદ્ધ સ્વભાવવાળાં. એ બંને વચ્ચેનું એકત્વ શાના વડે, કેવી રીતે સમજાવવામાં આવ્યું છે ? **लक्षितयोः** શબ્દની **लक्षणा**શક્તિથી નિષ્પન્ન એવો **लक्ष्यार्थ** પ્રાપ્ત થાય ત્યારે જ, **लक्ष्यार्थ** વડે જ. અને શાના વડે, તે એકત્વ ન સમજાવી શકાય ? **वाच्ययोः** શબ્દની **अभिधा**-શક્તિથી પ્રાપ્ત એવા **वाच्यार्थ** વડે નહીં. આવાં એકત્વની સિદ્ધિમાં **वाच्यार्थ** ઉપયોગી ન બની શકે, એમાં તો **लक्ष्यार्थ** જ મદદરૂપ થાય.

આ વાત પ્રતીતિજનક બને તે માટે, પરસ્પર-વિરુદ્ધ ધર્મવાળાં જીવ-બ્રહ્મની સરખામણી, એવાં પરસ્પરવિરોધી સ્વભાવવાળાં **ચાર** વસ્તુયુગલો સાથે, આ રીતે, કરવામાં આવી છે : (૧) **खद्योतभान्वोः** । **खद्योत** એટલે આગિયો, અને **भानु** એટલે **સૂર્ય**. આગિયો અને સૂર્ય, (૨) **राज-भृत्ययोः** । **भृत्य** એટલે નોકર, રાજા અને નોકર. (૩) **कूप-अम्बुराश्योः** । **कूप** એટલે કૂવો, અને **अम्बुराशि** એટલે સાગર (જળસમૂહ). કૂવો અને સાગર, (૪) **परमाणु-मेर्वोः** । એટલે મેરુ પર્વત, પરમાણુ અને મેરુપર્વત. પરસ્પર-વિરુદ્ધ સ્વભાવ હોવાની બાબતમાં, જીવ-બ્રહ્મ અને આ ચાર પદાર્થ-યુગલો વચ્ચેની સમાનતા સ્વયંસ્પષ્ટ છે. (૨૪૪)

અનુવાદ : આગિયો અને સૂર્ય, નોકર અને રાજા, કૂવો અને સાગર તથા પરમાણુ અને મેરુ(પર્વત)ની જેમ, પરસ્પર-વિરુદ્ધ ધર્મવાળા તે બંને(જીવ અને બ્રહ્મ)નું એકત્વ લક્ષ્યાર્થમાં જ સમજાવવામાં આવ્યું છે, વાચ્યાર્થમાં નહીં. (૨૪૪)

ટિપ્પણ : **'तत्त्वमसि'** - એ **મહાવાક્ય**માંનાં **तत्** અને **त्वं**, એ બે પદોથી કહેવામાં આવેલું (**अभिधीयमानयोः**) જીવ અને બ્રહ્મ બંનેનું એકત્વ, ત્યારે જ પ્રતિપાદિત થઈ શક્યું હતું, જ્યારે તે બે પદોને (**तत्** અને **त्वं**) **शोधित** કરવામાં (**शोधितयोः**) આવ્યાં હતાં (શ્લોક-૨૪૩). શ્લોક-૨૪૩માંના આ પારિભાષિક શબ્દ 'શોધિત'નો શાસ્ત્રોક્ત અર્થ સમજાવવા માટે, શબ્દના **'वाच्यार्थ'** અને **'लक्ष्यार्थ'**નો પ્રાથમિક પરિચય એ જ શ્લોકનાં ટિપ્પણ કરવામાં આવ્યો હતો. હવે અહીં, આ શ્લોકમાં તો, ગ્રંથકારે પોતે જ આ બે શબ્દો (**लक्ष्यार्थ** અને **वाच्यार्थ**) પ્રયોજ્યા છે, તેથી તે બેની થોડી વધુ સમજૂતી જરૂરી બને છે.

સાહિત્યશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે, શબ્દની ત્રણ શક્તિઓ આ પ્રમાણે છે : **'अभिधा'**, **'लक्षणा'** અને **'व्यंजना'**, અને આ ત્રણ શક્તિઓ દ્વારા, શબ્દમાંથી નિષ્પન્ન થતા ત્રણ પ્રકારના અર્થો, અનુક્રમે, આ પ્રમાણે છે : **'वाच्यार्थ'**, **'लक्ष्यार्थ'** અને **'व्यंग्यार्थ'**. **'व्यंग्यार्थ'** અહીં પ્રસ્તુત નથી, તેથી તેને છોડી દઈએ.

ગયા શ્લોકનાં ટિપ્પણમાં, 'વાચ્યાર્થ' અને 'લક્ષ્યાર્થ'ની સમજૂતી આપવા માટે, **गंगायां कुटीरः** । એ દૃષ્ટાંત આપવામાં આવ્યું હતું, અને ત્યાં જ એટલું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું કે શબ્દનો **'वाच्यार्थ'** (ગંગાનદીની જળસપાટી),

ઉપર્યુક્ત વાક્યનો અર્થ સમજવામાં મુશ્કેલી ઊભી કરે છે, કારણ કે ગંગાના જળપ્રવાહમાં ઝૂંપડી રહી શકે નહીં, અને તેથી જ તે અર્થને છોડી દઈને **'લક્ષણા'**-શક્તિમાંથી નિષ્પન્ન થતા **'લક્ષ્યાર્થ'**('ગંગાતટ', 'ગંગાતીર')ને સ્વીકારવામાં આવ્યો ત્યારે જ, વાક્યનો અર્થ ('ગંગાનાં તીરે ઝુંપડી') પ્રતીતિજનક નીવડ્યો હતો. શ્લોક-૨૪૩માંનો શબ્દ **अभिधीयमानयोः 'अभिधा'**-શક્તિ દ્વારા મળતા **'वाच्यार्थ'** માટે પ્રયોજાયો છે અને **शोधितयोः** એ શબ્દ **'लक्ष्यार्थ'**ને બદલે પ્રયોજાયો છે. तुं (त्वं) અને તે(तत्)ની જેમ એક વધુ વાત પણ સમજી લઈએ : જીવ અને બ્રહ્મ બંને, પરસ્પરવિરુદ્ધ ધર્મવાળાં તત્ત્વો છે, તેથી તે બંને વચ્ચે એકત્વ સિદ્ધ કરવાનું શક્ય ન્હોતું, પરંતુ તે બંનેના **વાચ્યાર્થ**માં રહેલી ઉપાધિ દૂર કરવામાં આવી કે તરત જ, તે બંનેના **લક્ષ્યાર્થ** વડે, તે બંનેનું એકત્વ સિદ્ધ થઈ શક્યું, - તે નીચે પ્રમાણે :

શબ્દ	વાચ્યાર્થ	ઉપાધિ	લક્ષ્યાર્થ
त्वं	તું	જીવ	ચૈતન્ય (આત્મા), 'તું તે જ છે.'
तत्	તે	ઈશ્વર	શુદ્ધ બ્રહ્મ, 'જીવ બ્રહ્મ જ છે.'

ગ્રંથકારને, આ શ્લોકમાં, જે અભિપ્રેત છે, તે આ જ કે પરસ્પરવિરુદ્ધ ધર્મવાળા બે પદાર્થો, ગંગા અને ઝુંપડીનું એકત્વ **વાચ્યાર્થ** (ગંગાજળપ્રવાહ) વડે નહીં, પરંતુ લક્ષ્યાર્થ (ગંગાતટ) વડે જ સમજાવી શકાય.

શ્લોકમાંનાં ચાર દૃષ્ટાંતોમાં, પરસ્પરવિરુદ્ધ ધર્મોવાળા બબ્બે પદાર્થો વચ્ચેનું એકત્વ આ રીતે પ્રતિપાદિત થાય છે :

પદાર્થો	ઉપાધિથી ભેદ	એકત્વ
(૧) આગિયો અને સૂર્ય	બંનેના પ્રકાશનું કદ : નાનું-મોટું	પ્રકાશનો દૃષ્ટિકોણ
(૨) નોકર અને રાજા	સત્તાનું કાર્યક્ષેત્ર : નાનું-મોટું	મનુષ્યત્વનો દૃષ્ટિકોણ
(૩) કૂવો અને સાગર	જળનાં જથ્થાનું પ્રમાણ : થોડું અને ઘણું	જળનો દૃષ્ટિકોણ
(૪) પરમાણુ અને મેરુ (પર્વત)	પૃથ્વી-પદાર્થનું કદ : ઘણું ઓછું અને ઘણું વધારે	પૃથ્વીત્વનો દૃષ્ટિકોણ

तत्-त्वं યુગલ (જીવ અને બ્રહ્મ) અને દૃષ્ટાંતમાંનાં એવાં જ ચાર પદાર્થયુગલોમાંના વિરુદ્ધ ધર્મો અને ભિન્ન ઉપાધિઓનો ત્યાગ કરવામાં આવતાં, 'લક્ષ્યાર્થ વડે', પાંચેય પદાર્થયુગલોમાંના પરસ્પરભિન્ન પદાર્થો વચ્ચે, તરત જ એકત્વ સિદ્ધ થાય છે, **'વાચ્યાર્થ'** આ કાર્ય કરવા સમર્થ નથી.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૨૪૪)**

૨૪૫

तयोर्विरोधोऽयमुपाधिकल्पितो
न वास्तवः कश्चिदुपाधिरेषः ।
ईशस्य माया महदादिकारणं
जीवस्य कार्यं शृणु पंचकोशम् ॥ २४५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તયોર્વિરોધોઽયમુપાધિકલ્પિતો
ન વાસ્તવઃ કશ્ચિદુપાધિરેષઃ ।
ઈશસ્ય માયા મહદાદિકારણં
જીવસ્ય કાર્યં શૃણુ પંચકોશમ્ ॥ ૨૪૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (गुरुः शिष्यं उपदिशति ।) शृणु (इति) । तयोः (जीव- ईश्वरयोः) अयं विरोधः उपाधिकल्पितः (एव अस्ति) । ईशस्य (उपाधिः) महद्-आदि-कारणं माया (अस्ति) । जीवस्य (उपाधिः) कार्यं (कार्यरूपं) पंचकोशं (अस्ति) । एषः उपाधिः (तु) न कश्चिद् वास्तवः (अस्ति) ॥ २४५ ॥

શબ્દાર્થ : સદ્‌ગુરુ પોતાના શિષ્યને ઉપદેશ આપતાં કહે છે કે - 'ભાઈ, તું (મારો ઉપદેશ) સાંભળ' : જીવ અને ઈશ્વર વચ્ચેના પરસ્પર-વિરુદ્ધ ધર્મની બાબતમાં સ્પષ્ટતા કરતાં, તેઓશ્રી ચાર વાક્યો, આ પ્રમાણે, રજુ કરે છે :

(૧) तयोः (जीव-ईश्वरयोः) विरोधः उपाधिकल्पितः (एव अस्ति) । તે બંને (જીવ અને ઈશ્વર) વચ્ચેનો આ વિરોધ છે, તે કેવળ ઉપાધિ દ્વારા કલ્પિત જ છે. (૨) ईशस्य उपाधिः महद्-आदिकारणं माया (अस्ति) । માયા ઈશ્વરની ઉપાધિ છે, મહત્ (હિરણ્યગર્ભ) વગેરેનું કારણ એવી માયા (શક્તિ) છે. (૩) जीवस्य (उपाधिः) कार्यं (कार्यरूपं) जीवस्य (उपाधिः) पंचकोशं (अस्ति) । પંચકોશરૂપી કાર્ય, તે જીવની ઉપાધિ છે, (૪) एषः कश्चिद् उपाधिः न वास्तवः (अस्ति) । પરંતુ આ ઉપાધિ (માત્ર કલ્પિત જ છે), વાસ્તવમાં કંઈ જ નથી, કશું જ નથી. (૨૪૫)

અનુવાદ : (ગુરુજી શિષ્યને કહે છે) સાંભળ : તે બંને(જીવ અને ઈશ્વર)માં જે વિરોધ છે, તે ઉપાધિ દ્વારા કલ્પિત છે. ઈશ્વરની ઉપાધિ, મહત્ (હિરણ્યગર્ભ) વગેરેનાં કારણરૂપ માયા (શક્તિ) છે. પંચકોશરૂપી કાર્ય, તે જીવની ઉપાધિ છે, પરંતુ આ ઉપાધિ, વાસ્તવમાં, કશું જ નથી. (૨૪૫)

ટિપ્પણ : પરસ્પર-વિરુદ્ધ ધર્મોવાળા દેખાતા જીવ અને ઈશ્વર વચ્ચેનો વિરોધ, અથવા તો તે બંનેનું એકત્વ સમજવામાં, સિદ્ધ કરવામાં, આડે આવતું વિઘ્ન, - એ કાંઈ સાચાં અને વાસ્તવિક નથી, માત્ર કલ્પિત જ છે, અને આવી કલ્પના ઉપાધિ પર જ આધારિત છે, એવાં, આ પહેલાંના શ્લોકોમાં કરવામાં આવેલાં પ્રતિપાદનનો

જ, જરા જૂદી રીતે, અહીં આ શ્લોકમાં, વિસ્તાર કરવામાં આવ્યો છે.

આ પહેલાંનાં પ્રતિપાદનમાં, શબ્દનાં **'શોધન'**ની એટલે કે **લક્ષ્યાર્થ**ની મદદ લેવામાં આવી હતી. અહીં, એવો મુદ્દો ઉપસાવવામાં આવ્યો છે કે બંને વચ્ચેના વિરોધના પાયામાં, એ બંનેની સાથે સંકળાયેલી કલ્પિતમાત્ર એવી ઉપાધિ જ રહેલી છે, એટલું જ નહીં પરંતુ આ ઉપાધિ એવી છે કે વાસ્તવિક દૃષ્ટિએ એનું કશું અસ્તિત્વ જ નથી. હકીકતમાં, એ તો કોઈક કપોલ-કલ્પનાનું જ પરિણામ છે. સાધક જો થોડો અ-સાવધ હોય તો, તેનાં મનમાં એવો સવાલ ઊઠે કે ઈશ્વર અને જીવ, એ બંનેની સાથે સંકળાયેલી ઉપાધિઓ શી અને કઈ છે ? આવા સંભવિત સવાલનો, ટૂંકો છતાં તત્ત્વસંપન્ન, જવાબ, ગુરુજીએ અહીં આપ્યો છે. પરબ્રહ્મનું મૂળભૂત સ્વરૂપ તો, સત્-ચિત્-આનંદનું છે, શુદ્ધ-બુદ્ધ, નિર્લેપ-નિરાકાર અને નામ-રૂપ-રંગરહિત છે, પરંતુ જ્યારે તે સૃષ્ટિ રચે છે ત્યારે, સાંખ્યદર્શન-પ્રબોધિત 'મહત્' વગેરેની કારણસ્વરૂપ 'માયા'-શક્તિનો તે આશ્રય (અથવા આધાર) લે છે. સૃષ્ટિસર્જન સમયની આ માયા એ જ છે, ઈશ્વરની ઉપાધિ !

તે જ રીતે, પંચકોશનાં કાર્યસ્વરૂપ પિંડ જેવો આ દેહ, જેની સાથેનાં તાદાત્મ્યને કારણે, માણસ એવી ભ્રમણામાં પડી જાય છે કે 'હું (બ્રહ્મ નથી, પરંતુ) દેહ જ છું, બસ, પંચકોશનાં કાર્યરૂપ આ દેહ, – એ જ છે, જીવની ઉપાધિ !

આવી બંને 'ઉપાધિ'ઓ સમજાવ્યા પછી, ગુરુજી લાલ-રંગથી અધોરેખાંકિત (Underline) કરીને, શિષ્યનું ધ્યાન ખેંચતાં ચોખવટ કરે છે કે, 'પરંતુ યાદ રાખજે કે આ ઉપાધિ નથી સત્ય કે નથી વાસ્તવિક ! વસ્તુતઃ, એનું ક્યાંય, કશુંય અસ્તિત્વ જ નથી !' (एष **उपाधिः न कश्चिद् वास्तवः** अस्ति ।). અંગ્રેજી ભાષાનાં પેલાં 'રૂઢિપ્રયોગ'(Idiom)માં કહ્યું છે તેમ, એ તો માત્ર કોઈક હવાઈ કિલ્લો જ છે ! (Building a castle in the air !)

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૪૫)

૨૪૬

एतावुपाधी परजीवयोस्तयोः
सम्यङ्निरासे न परो न जीवः ।
राज्यं नरेन्द्रस्य भटस्य खेटकः
तयोरपोहे न भटो न राजा ॥ २४६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એતાવુપાધી પરજીવયોસ્તયોઃ
સમ્યઙ્નિરાસે ન પરો ન જીવઃ ।
રાજ્યં નરેન્દ્રસ્ય ભટસ્ય ખેટકઃ
તયોરપોહે ન ભટો ન રાજા ॥ ૨૪૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (माया च पंचकोशाः च) - एतौ परजीवयोः उपाधी (स्तः), तयोः (उपाध्योः) सम्यङ् निरासे, न परः, न जीवः (च) (स्तः), (यथा) राज्यं नरेन्द्रस्य (उपाधि अस्ति), खेटकः भटस्य (उपाधिः, अस्ति), तयोः (उपाध्योः) अपोहे न राजा, न भटः (च स्तः) ॥ २४६ ॥

शब्दार्थ : मुख्य वाक्य : **एतौ उपाधी स्तः परजीवयोः** । **पर** એટલે ઈશ્વર, ઈશ્વર અને જીવની, પરમાત્મા અને જીવાત્માની આ બે (એટલે કે, અનુક્રમે, માયા અને પંચકોશ) ઉપાધિઓ છે, **निरास** એટલે દૂર કરવું, હટાવી દેવું, ત્યજી દેવું, **निरासे**, તે બંને ઉપાધિઓને સારી રીતે (**सम्यक्**) દૂર કરવામા આવ્યા પછી, **खेटकः** એટલે ઢાલ, **भटः** એટલે સૈનિક, યોદ્ધો, લડવૈયો. રાજ્ય એ રાજાની ઉપાધિ છે અને ઢાલ એ સૈનિકની ઉપાધિ છે. (૨૪૬)

અનુવાદ : જેમ રાજ્ય એ રાજાની ઉપાધિ છે અને ઢાલ એ સૈનિકની ઉપાધિ છે, પરંતુ એ બંને(ઉપાધિઓ)ને દૂર કરવામાં આવતાં, (કોઈ) રાજા રહેતો નથી, (કોઈ) સૈનિક રહેતો નથી; તેમ જ, (માયા અને પંચકોશ) એ બે, (અનુક્રમે), ઈશ્વર અને જીવની ઉપાધિઓ છે, પરંતુ એ બંને(ઉપાધિઓ)ને હટાવી દેવામાં આવ્યા પછી, નથી રહેતો ઈશ્વર અને નથી રહેતો જીવ. (૨૪૬)

ટિપ્પણ : રાજા અને સૈનિક, એ બંને મૂળભૂત રીતે મનુષ્યો છે, માણસો છે, પરંતુ રાજ્યનો માલિક બનતાં, માણસ રાજા બની જાય છે અને ઢાલ-તલવાર લઈને યુદ્ધમાં લડવા જતાં, એ જ માણસ સૈનિક બની જાય છે. એ બંનેને તે તે સ્થાનો પર આરૂઢ કરનાર તો, હકીકતમાં, અનુક્રમે, રાજ્યપ્રાપ્તિ અને હથિયાર-ગ્રહણ જ છે. પરંતુ કોઈક કારણે, તે બંને (અનુક્રમે, રાજ્ય અને ઢાલ), તે બંને(અનુક્રમે, રાજા અને સૈનિક)ની પાસે ન રહે, તેમની પાસેથી છીનવી લેવામાં આવે તો, તે બંને, અનુક્રમે, રાજા અને સૈનિક તરીકે ચાલુ રહી શકતાં નથી. એ બંનેના હોદ્દા-સ્થાન-પદનો આધાર, પેલી બે નિશાનીઓ પર રહે છે, અને તે બે નિશાનીઓને **વેદાન્ત** દર્શનની પરિભાષામાં **'ઉપાધિઓ'** કહેવામાં આવે છે. તાત્પર્ય એ છે કે આ ઉપાધિઓ બાહ્ય છે, કલ્પિત છે, આરોપિત છે, અસ્થાયી છે. મહિમા, રાજા હોવાનો કે સૈનિક હોવાનો નહીં, પરંતુ માણસ હોવાનો છે.

આ દૃષ્ટાંત પ્રમાણે, મૂળ તો એક જ શાશ્વત તત્ત્વ છે, નિરુપાધિક શુદ્ધ બ્રહ્મ. પરંતુ બ્રહ્મને માયાની અને જીવને પંચકોશની, - એમ, આ બંને 'ઉપાધિ'ઓ, તે જ મૂળ તત્ત્વ(બ્રહ્મ)ને વળગે ત્યારે, તે જ બ્રહ્મ, અનુક્રમે, ઈશ્વર અને જીવ બની જાય છે. પરંતુ માયા અને પંચકોશ, - એ બંને, માત્ર કલ્પિત છે, 'ઉપાધિઓ' જ છે. માયા-નામક 'ઉપાધિ'ને કારણે બ્રહ્મ 'ઈશ્વર' બને છે અને પંચકોશ-નામક ઉપાધિને કારણે, એ જ બ્રહ્મ જીવ બને છે. પરંતુ આ બંને ઉપાધિઓ, તાત્ત્વિક દૃષ્ટિએ, ભ્રાંતિ-અજ્ઞાન-અવિદ્યાનું જ પરિણામ છે. આ બંને ઉપાધિઓ, જ્ઞાનના

આધ્યાત્મિક પ્રકાશમાં, ટકી શકતી નથી. માયાનું નિવારણ થતાં ઈશ્વર રહેતો નથી અને પંચકોશમાં દેહાત્મબુદ્ધિ-રૂપી ઉપાધિનું નિરસન કરવામાં આવે (નિરાસે, અપોહે) તો, નથી રહેતો જીવ !

કલ્પનાજન્ય ઉપાધિનું નિરસન-નિવારણ, - એ જ અહીં ગ્રંથકારને અભિપ્રેત છે, જેનાં પરિણામે જીવાત્માને નિરુપાધિક પરમાત્માનો, નિજ-સ્વરૂપે સાક્ષાત્કાર થાય છે. આ જ વાતને ભક્ત કવિ નરસિંહ મહેતા, હેમ, ઘાટ, નામ-રૂપનું દૃષ્ટાંત આપીને, આ રીતે વ્યક્ત કરે છે :

'ઘાટ ઘડિયા પછી નામ-રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે !'

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૪૬)

૨૪૭

'अथात आदेश' इति श्रुतिः स्वयं
निषेधति ब्रह्मणि कल्पितं द्वयम् ।
श्रुतिप्रमाणानुगृहीतयुक्त्या
तयोर्निरासः करणीय एव ॥ २४७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

'अथात आदेश' ईति श्रुतिः स्वयं
निषेधति ब्रह्मणि कल्पितं द्वयम् ।
श्रुतिप्रमाणानुगृहीतयुक्त्या
तयोर्निरासः करणीय एव ॥ २४७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : 'अथ अतः आदेशः' - इति श्रुतिः स्वयं ब्रह्मणि कल्पितं द्वयं निषेधति, (अतः) श्रुति-प्रमाण-अनुगृहीत-युक्त्या तयोः (माया-पंचकोश-उपाध्योः) निरासः करणीयः एव ॥ २४७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : श्रुतिः स्वयं ब्रह्मणि कल्पितं द्वयं निषेधति । શ્રુતિ પોતે બ્રહ્મમાં કલ્પિત 'દ્વય'નો, એટલે કે માયા અને પંચકોશરૂપી 'દ્વૈત'નો, બે વસ્તુઓનો નિષેધ કરે છે. આ શ્રુતિ કઈ છે ? अथ अतः आदेशः इति । ઉપનિષદનું આ શ્રુતિવચન (બૃહદારણ્યક-ઉપનિષદ ૨,૪,૩) માત્ર ઉપદેશ જ નથી, પરંતુ સીધી આજ્ઞા (आदेशः) જ છે કે બ્રહ્મમાં આવી રીતે કલ્પવામાં આવેલી આ બે (માયા અને પંચકોશ, એ) ઉપાધિઓને માત્ર મિથ્યા સમજવાની નથી, એનો તો અવશ્ય ત્યાગ જ કરવો જોઈએ. એ બંને મિથ્યા છે, માટે એનો તો સદા-સર્વદા નિષેધ જ કરવો જોઈએ (Prohibit, negate), એવો આ શ્રુતિનો કડક આદેશ

(Strict Order) છે, માત્ર ઉપદેશ નથી. આથી (अतः) આ આદેશ પ્રમાણે, સાધકે શું કરવાનું રહે છે ? (उपाधि-द्वययोः) निरासः करणीयः एव । આ બંને, માયા અને પંચકોશરૂપી ઉપાધિઓનો ત્યાગ (निरसः) કરવો જ જોઈએ, એનું નિવારણ-નિરસન ફરજિયાત બની રહે છે. પરંતુ 'નિરાસ' કેવી રીતે કરવો ? श्रुति-प्रमाण-अनुगृहीत-युक्त्या । શ્રુતિ-પ્રમાણને અનુકૂળ, એ પ્રમાણ સાથે સુસંગત એવી યુક્તિ વડે. આ પહેલાં ન્યાય-દર્શન-પ્રબોધિત ચાર **પ્રમાણો**ની સમજૂતી આપવામાં આવી છે, તેમાંનું **શબ્દ** પ્રમાણ, એ જ આ **શ્રુતિ** પ્રમાણ. (૨૪૭)

અનુવાદ : 'આથી પછી આ આદેશ', એ (**બૃહદારણ્યક** ઉપનિષદનું) શ્રુતિવચન પોતે **બ્રહ્મ**માં કલ્પવામાં આવેલાં (તે) દ્વૈતનો નિષેધ કરે છે. (આથી) શ્રુતિ-પ્રમાણને અનુકૂળ એવી યુક્તિ વડે, (સાધકે) તે બંને(માયા અને પંચકોશ-રૂપી ઉપાધિઓ)નો નિષેધ કરવો જ જોઈએ. (૨૪૭)

ટિપ્પણ : આ પહેલાં, શ્લોક(૨૪૬)માં, માયા અને પંચકોશ, - એ બે ઉપાધિઓનાં સારી રીતે હટી જવાનાં (तयोः सम्यक् निरासे) મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે. **બ્રહ્મ**માં કલ્પિત આ બે જ ઉપાધિઓ નહીં, પરંતુ સર્વ વસ્તુઓના નિષેધનો આ રીતે આદેશ આપવામાં આવ્યો છે : **अथ अतः आदेशः न इति, न इति, न हि एतस्माद् इति** । (**બૃહદારણ્યક** ઉપનિષદ, ૨,૩,૪). **अतः** એટલે આથી-તેથી, આ કારણે, માટે, અને **अथ** એટલે પછી. પણ 'શાના પછી ?' સ્થૂલ-સૂક્ષ્મ-પ્રપંચ-રૂપ સત્યનાં કથન પછી, જે 'સત્યનું સત્ય,' એટલે કે સર્વોત્તમ સત્ય છે, તે એક જ અવશેષ રહે છે. આ 'સર્વોત્તમ સત્ય' શું છે ? ક્યું છે ? કેવું છે ? - આ પ્રમાણે : 'આથી, તે **બ્રહ્મ**નું આવું નહીં' (**न-इति**), 'આવું નહીં' (**न-इति**), એ કથન. **બ્રહ્મ**નું આનાથી અન્ય શ્રેષ્ઠ કથન છે જ નહીં (**न हि एतस्माद् इति ।**). તેથી, આ શ્રુતિવચન સિવાય, સર્વનો નિષેધ કરનારું, **બ્રહ્મ** અંગેનું બીજું કથન નથી. અને આ જ 'સર્વોત્તમ સત્ય'.

આમ, આ શ્લોકમાં જેનો સંદર્ભ ટાંકવામાં આવ્યો છે તે મૂળ ઉપર્યુક્ત શ્રુતિવચન તો, માત્ર આ બે ઉપાધિઓ(માયા અને પંચકોશ)નો જ નિષેધ કરવાનો નહીં, પરંતુ **બ્રહ્મ**માં કલ્પિત સર્વ વસ્તુઓનો નિષધ કરવાનો 'આદેશ' આપે છે. અને શ્રુતિ-પરંપરા પ્રમાણે, આવાં ઉચ્ચ આધ્યાત્મિક સંદર્ભમાં, **શબ્દ** અથવા **શ્રુતિ** એ એક સિવાય અન્ય કોઈ **પ્રમાણ**નો કશો અધિકાર નથી, એટલે શ્રુતિના આ શબ્દ પ્રમાણ વડે, ગ્રહણ કરવામાં આવેલા આત્મબોધ વડે, ઉપર્યુક્ત બંને ઉપાધિઓનો ત્યાગ સાધકે કરવો જ રહ્યો. **निरासः करणीयः एव** । આમ કરવાનું એકમાત્ર સારું પરિણામ એ જ આવે કે નિરુપાધિક **બ્રહ્મ** અવશિષ્ટ રહે, અને એ જ સાચું, - સહુનું **બ્રહ્મ**સ્વરૂપ છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૪૭)

૨૪૮

नेदं नेदं कल्पितत्वान्न सत्यं
रज्जौ दृष्टव्यालवत् स्वप्नवच्च ।
इत्थं दृश्यं साधुयुक्त्या व्यपोह्य
ज्ञेयः पश्चादेकभावस्तयोर्यः ॥ २४८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નેદં નેદં કલ્પિતત્વાન્ન સત્યં
રજ્જૌ દૃષ્ટવ્યાલવત્ સ્વપ્નવચ્ચ ।
ઇત્થં દૃશ્યં સાધુયુક્ત્યા વ્યપોહ્ય
જ્ઞેયઃ પશ્ચાદેકભાવસ્તયોર્યઃ ॥ ૨૪૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : रज्जौ दृष्टव्यालवत् स्वप्नवत् च कल्पितत्वात् (इदं) सत्यं न (अस्ति) । 'न इदं, न इदं' - इत्थं दृश्यं (जगत्) साधुयुक्त्या व्यपोह्य पश्चात् तयोः (जीव-ईश्वरयोः) यः एकभावः, (सः) ज्ञेयः (भवति) ॥ २४८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **पश्चात् तयोः यः एकभावः (सः) ज्ञेयः (भवति)** । **पश्चात्** - ત્યારપછી, પછીથી, પાછળથી. **एकभावः** - એકતા, અભેદ, ઐક્ય, અદ્વૈત; **तयोः** તે બંને(જીવ અને ઈશ્વર)ની વચ્ચેની (એકતા), **ज्ञेयः (भवति)** - જાણવા યોગ્ય બને છે, જાણી લેવી જોઈએ. ત્યારપછી, તે બે (જીવ અને ઈશ્વર) વચ્ચેની જે વાસ્તવિક એકતા છે, તે જાણી લેવી જોઈએ.

શું કર્યા પછી (**पश्चात्**), આ એકતા જાણી લેવા યોગ્ય (**ज्ञेयः**) બને છે ? (**इदं**) **दृश्यं (जगत्) व्यपोह्य** । **दृश्यं (जगत्)** એટલે આ જગત જે માત્ર દૃશ્ય છે, દેખાય જ છે, પણ વાસ્તવિક દૃષ્ટિએ મિથ્યા છે. **व्यपोह्य** - એટલે નિરાસ અથવા નિષેધ કરીને, નિરસન-નિવારણ કરીને. મિથ્યા જગતનો નિષેધ કેવી રીતે કરવો ? **साधुयुक्त्या** - ઉત્તમ, સમર્થ, પ્રબળ યુક્તિ વડે. આવી યુક્તિ કઈ ? **'न इदं, न इदं, इत्थं'** - 'આ (સાચું) નથી', 'આ (સાચું)' નથી, - એ પ્રમાણે, આ રીતે (**इत्थं**), આવી યુક્તિ વડે. આવી યુક્તિ કોના-શાના જેવી છે ? આ બે જેવી : (૧) **रज्जौ दृष्टव्यालवत्** । **रज्जु** એટલે દોરડું અને **व्याल** એટલે સર્પ, દોરડામાં દેખાતા સર્પ જેવી, અને (૨) **स्वप्नवत्** - સ્વપ્નમાં જોવામાં આવેલા પદાર્થોની જેમ. આ બંને કેવાં છે ? **कल्पितत्वात् न सत्यम्** । આ બંને માત્ર કલ્પિત હોવાથી, સાચાં નથી. દોરડામાંનો સર્પ અને સ્વપ્નમાંના પદાર્થો, આ બંને, આંખને દેખાય છે તો ખરા, પરંતુ તે બંને ખરેખર હોતાં નથી. (૨૪૮)

અનુવાદ : દોરડામાં દેખાતો સર્પ અને સ્વપ્નમાં જોવામાં આવતા પદાર્થો

(માત્ર) કલ્પિત હોવાથી (તે બંને જેમ) સાચાં નથી, (તેમ જ) 'આ નથી', 'આ નથી', - એમ પ્રબળ યુક્તિ વડે, દૃશ્ય(જગત)નો નિષેધ કર્યા પછી, તે બંને (જીવ અને ઈશ્વર) વચ્ચે જે વાસ્તવિક અભેદ છે, તે જાણી લેવો જોઈએ. (૨૪૮)

ટિપ્પણ : આ પહેલાં, વેદનું **મહાવાક્ય** અને ઉપનિષદનું શ્રુતિવચન, એ બંને દ્વારા એક હકીકત તો નિઃશંક સિદ્ધ કરવામાં આવી છે કે બંને ઉપાધિઓ (માયા અને પંચકોશ) માત્ર કલ્પિત છે, ભ્રાંતિનું જ પરિણામ છે. તો પછી, ન-ઇતિ, ન ઇતિ, - એવાં એ જ શ્રુતિવચન પ્રમાણે, બ્રહ્મનું જ બીજું એક કલ્પિત નામ, એવાં ઈશ્વર અને માયા, - એ બંને સાચાં નથી (**न इदं सत्यम्**), — એ સનાતન સત્યને સ્વીકારીને, જે જગત ફક્ત દેખાય જ છે, 'દૃશ્ય' જ છે, એનો, શ્રુતિપ્રમાણ જેવી સમર્થ યુક્તિ વડે, નિષેધ કરવામાં મુશ્કેલી જ ન રહે ! જગતનાં ઉપાદાન કારણ સમી માયા જ કલ્પિત હોય તો, એ જ ઉપાધિમાંથી જન્મેલું આ 'દૃશ્ય'-માત્ર એવું જગત તો મિથ્યા હોય જ, એમાં આશ્ચર્યને સ્થાન જ નથી. દોરડાંમાં દેખાતો સર્પ અને સ્વપ્નમાં દેખાતા પદાર્થો પણ ભ્રમણા અને કલ્પનાનું જ પરિણામ છે. આ રીતે, આ સર્વ ઘટનાઓનાં મૂળમાં રહેલી 'કલ્પના'નો નિષેધ કરવા માટે ગ્રંથકારે, એનાં દૃઢીકરણ (Corroboration) માટે, એમ ભારપૂર્વક બે વાર પુનરુક્તિ કરી છે. અને પેલી કલ્પના અથવા ભ્રાંતિનો 'વ્યપોહ' થયા પછી, જે જાણવા યોગ્ય બની રહે છે (ज्ञेयः), તે જ નિરુપાધિક બ્રહ્મનું સાચું સ્વરૂપ !

શ્લોકનો છંદ : **शालिनी** (૨૪૮)

૨૪૯

ततस्तु तौ लक्षणया सुलक्ष्यौ
तयोरखण्डैकरसत्वसिद्धये ।
नालं जहत्या न तथाऽजहत्या
किन्तूभयर्थात्मिकयैव भाव्यम् ॥ २४९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ततस्तु तौ लक्षणया सुलक्ष्यौ
तयोरखंडैकरसत्वसिद्धये ।
नालं जहत्या न तथाऽजहत्या
किन्तूभयार्थात्मिकयैव भाव्यम् ॥ २४९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : ततः तु तयोः (जीवात्म-परमात्मनोः) अखण्ड-एकरसत्व-सिद्धये तौ लक्षणया सुलक्ष्यौ । जहत्या (लक्षणया) अलं न (अस्ति), तथा अजहत्या (लक्षणया अपि) अलं न (अस्ति), किन्तु उभय-अर्थात्मिकया (जहद्-अजहद्-लक्षणया) एव भाव्यम् ॥ २४९ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **ततः तु तयोः (जीवात्म-परमात्मनोः) अखण्ड-एकरसत्वसिद्धये तौ लक्षणया सुलक्ष्यौ** । **ततः तु तौ सुलक्ष्यौ** તે બંનેને (જીવાત્મા-પરમાત્માને) સારી રીતે જાણી લેવા, લક્ષિત બનાવવા. ક્યારે ? **ततः तु** ત્યારપછી, એટલે કે આ પહેલાંના શ્લોકમાં ટાંકેલાં શ્રુતિવચનને યોગ્ય રીતે જાણી-સમજી લીધા પછી. કેવી રીતે તે બંનેને 'સુલક્ષ્ય' બનાવવા ? **लक्षणया** । 'લક્ષણા'-નામની શબ્દશક્તિ વડે. આમ શા માટે કરવું જોઈએ ? **तयोः (जीवात्म-परमात्मनोः) अखण्ड- एकरसत्व-सिद्धये** । તે બંનેની (જીવાત્મા-પરમાત્માની) અખંડ એક-રસપણાં-એકરસચિન્મયતાની સિદ્ધિ માટે.

પરંતુ તે બંનેને 'સુલક્ષ્ય' બનાવવા માટે, **जहत्या न अलं (अस्ति)** । **अलं** એટલે પર્યાપ્ત, પૂરતી (Enough, Sufficient, Adequnate). 'લક્ષણા' નામની આ શબ્દશક્તિ ત્રણ પ્રકારની છે : 'જહત્' 'અજહત્' અને 'જહત્-અજહત્'. 'જહત્-લક્ષણા' પૂરતી નથી. એ જ રીતે, **अजहत्या लक्षणया (अपि) न अलं (अस्ति)** । 'અજહત્-લક્ષણા' પણ પર્યાપ્ત નથી. આ બે પ્રકારની લક્ષણા જીવાત્મા-પરમાત્માને 'સુલક્ષ્ય' બનાવવા માટે પૂરતી નથી, તો પછી શું કરવું ? **किन्तु उभय-अर्थात्मिकया (जहत्-अजहत्-लक्षणया) एव भाव्यम्** । **भाव्यम्** એટલે ભાવન કરવું જોઈએ, વિચારવું જોઈએ, આધાર લેવો જોઈએ. 'જહત્' અને 'અજહત્' એ બંને પ્રકારની **(उभय)** 'લક્ષણા'(એટલે કે 'જહદજહલ્લક્ષણા)ના અર્થ વડે જ, જીવાત્મા-પરમાત્મા એ બંનેને 'સુલક્ષ્ય' બનાવવા માટે, આ 'જહદજલ્લક્ષણા'ની મદદ વડે જ વિચારવું જોઈએ. (૨૪૯)

અનુવાદ : પરંતુ ત્યારપછી તે બંને(જીવાત્મા-પરમાત્મા)ના અખંડ એકરસત્વની સિદ્ધિ માટે, તે બંનેને 'લક્ષણા' (નામની શબ્દશક્તિ) વડે સારી રીતે જાણી લેવા જોઈએ. (પણ એ બંનેને, આ રીતે જાણી લેવા માટે) 'જહત્-લક્ષણા' પર્યાપ્ત નથી, તેમ જ 'અજહત્-લક્ષણા' પણ પર્યાપ્ત નથી, (તેથી) તે બંનેના લક્ષ્યાર્થવાળી (એટલે કે 'જહદજહલ્લક્ષણા') વડે જ (આ માટે) વિચારણા કરવી જોઈએ (૨૪૯)

ટિપ્પણ : સાહિત્યશાસ્ત્ર(અથવા વિવેચનશાસ્ત્ર)ના સિદ્ધાંત પ્રમાણે, કોઈ પણ શબ્દમાંથી અર્થ નિષ્પન્ન કરવા માટે, શબ્દની આ પ્રમાણે, ત્રણ શક્તિઓ સ્વીકારવામાં આવી છે. 'અભિધા', 'લક્ષણા' અને 'વ્યંજના', અને આ ત્રણમાંની પ્રથમ બે શબ્દશક્તિ, – 'અભિધા' અને 'લક્ષણા', – નો થોડો પરિચય, આ પહેલાં, શ્લોક-૨૪૪નાં ટિપ્પણમાં આપવામાં આવ્યો છે. આ શ્લોકમાં, આ 'લક્ષણા' નામક શબ્દશક્તિના આ ત્રણ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

'જહત્-લક્ષણા', અજહત્ લક્ષણા અને 'જહત્-અજહત્-લક્ષણા' ('જહલ્લક્ષણા', 'અજહલ્લક્ષણા' અને 'જહદજહલ્લક્ષણા').

જે લક્ષણા, અર્થ (એટલે કે લક્ષ્યાર્થ) નિષ્પન્ન કરતી વખતે, શબ્દના

વાચ્યાર્થને છોડી દેતી હોય તેને 'જહત્-લક્ષણા' (કહેવામાં આવે છે. **હા** એટલે છોડી દેવું, - એ ધાતુના વર્તમાન કૃદંતનું રૂપ, - **जहत्**).

गंगायां कुटीरः । 'ગંગામાં ઝુંપડી છે' - આ વાક્ય 'જહત્-લક્ષણા'નું દૃષ્ટાંત છે, કારણ કે ગંગાનો વાચ્યાર્થ એટલે 'ગંગાજળ', 'ગંગાની જળસપાટી', આ વાચ્યાર્થ, વાક્યના અર્થની નિષ્પત્તિ કરવામાં અસંગત છે, મુશ્કેલી ઊભી કરે છે, લાગુ પડતો નથી, કારણ કે ગંગાની જળસપાટી પર ઝુંપડી રહી શકે નહીં, પરંતુ ગંગાનાં જળની સાથે ગંગાનો કિનારો સમીપ હોવાથી, આ સામીપ્ય-સંબંધ ધરાવતા કિનારા પર ઝુંપડી હોઈ શકે, રહી શકે છે. આમ, 'ગંગાની જળસપાટી' - એવા વાચ્યાર્થને છોડી દેવાથી (**जहत्**) 'ગંગાનો કિનારો' - એવો અર્થ (એટલે કે લક્ષ્યાર્થ) શક્ય અને સુસંગત બને છે. વાચ્યાર્થને છોડી દેવાથી, વાક્યનો લક્ષ્યાર્થ સુસંગત બનતો હોવાથી, એ વાક્ય 'જહલ્લક્ષણા'નું દૃષ્ટાંત છે. **श्वेतः धावति** । એનો અર્થ 'સફેદ દોડે છે' - એવો થાય, પરંતુ 'શ્વેત' તો રંગ છે, અને રંગ તો જડ ગુણ હોવાથી, તે દોડી શકે નહીં, એટલે વાક્યના અર્થની નિષ્પત્તિ કરવામાં 'સફેદ' એવો આ વાચ્યાર્થ મદદરૂપ થતો નથી, પરંતુ દોડનાર પશુ તો 'ઘોડો' (**अश्वः**) છે. આમ, જેમાં સફેદ રંગ છે, એવો 'ઘોડો' દોડે છે, એવો અર્થ સુસંગત છે. અહીં 'શ્વેત રંગ'(વાચ્યાર્થ)નો 'દોડનાર ઘોડા' સાથે દોડવાની ક્રિયાનો સંબંધ હોવાથી, 'શ્વેત' (વાચ્યાર્થ) અને 'ઘોડો' (લક્ષ્યાર્થ), બંને વચ્ચે દોડવાની ક્રિયા સામાન્ય અને સરખી હોવાથી, 'સફેદ ઘોડો દોડે છે', એવો અર્થ નિષ્પન્ન કરતી વખતે, 'સફેદ' - એ વાચ્યાર્થને છોડી દેવામાં આવતો નથી (**अजहत्**), તેથી આ વાક્ય - **श्वेतः धावति** । – 'અજહલ્લક્ષણાનું દૃષ્ટાંત છે.

હવે, જેમાં વાચ્યાર્થને છોડી દેવામાં આવતો હોય' (**जहत्**) અને 'છોડી દેવામાં ન આવતો હોય' (**अजहत्**) - એવી 'જહદજહલ્લક્ષણા'નું દૃષ્ટાંત જોઈએ :

થોડા વખત પહેલાં જેને આપણે કોઈક અન્ય જગાએ મળ્યા હોઈએ તેવા 'દેવદત્ત' નામના માણસને, આપણે આજે, અહીં, અત્યારની જગાએ, મળીએ ત્યારે, આપણે એમ બોલીએ કે 'આ તે (જ) દેવદત્ત છે', – **सोऽयं देवदत्तः** (**सः अयं देवदत्तः** ।) આ 'એટલે આજે અહીં મળેલો (**अयं**) (દેવદત્ત)' અને 'તે' એટલે અગાઉ, તે વખતે, તે જગાએ (**सः**) મળેલો (દેવદત્ત). 'આ' (**अयं**) અને 'તે' (**सः**) - તે એમ બે જૂદા જૂદા સમય અને બે જૂદી જૂદી જગાએ મળેલા દેવદત્તનો (તે એક જ વ્યક્તિનો), તે બંને સમય અને તે બંને જગા સાથે, એકીસાથે, સંબંધ હોઈ શકે નહીં, થઈ શકે નહીં, તેથી તે સમય અને તે જગા, તથા આ સમય અને આ જગા, - એ બંને વાચ્યાર્થને છોડી દેવા પડે (**जहत्**). પરંતુ વ્યક્તિ તરીકે તો દેવદત્ત એક જ છે, તેથી 'વ્યક્તિમાત્ર દેવદત્ત' - એવા વાચ્યાર્થને છોડી શકાય નહીં (**अजहत्**). આમ, **सोऽयं देवदत्तः** એ વાક્યમાંના સુસંગત એવા અર્થની

નિષ્પત્તિ કરવા માટે, આપણે વાચ્યાર્થને છોડવો પણ પડે છે (जहत्) અને છોડવો ન પડે (अजहत्), એવું પણ બને છે, એટલે આ વાક્ય 'જહદજહલ્લક્ષણા'નું દૃષ્ટાંત છે.

ગ્રંથકાર, આ શ્લોકમાં, જીવાત્મા અને પરમાત્મા બંનેના (तयोः) અખંડ એકરસત્વને સિદ્ધ કરવા માટે (**अखण्ड-एकत्व-सिद्धये**), તે બંનેને (तौ) 'લક્ષણા' - નામની શબ્દશક્તિ વડે (**लक्षणया**), તેમાંથી નિષ્પન્ન થતા લક્ષ્યાર્થ વડે, સારી રીતે જાણી લેવાની (**सुलक्ष्यौ**) સૂચના કરે છે તે છતાં, 'લક્ષણા' શબ્દશક્તિની એક સ્વરૂપ-ગત મર્યાદા પ્રત્યે, સાધકનું લક્ષ ખેંચતાં જણાવે છે કે તે બંનેને (જીવાત્મા-પરમાત્મા) સુલક્ષ્ય કરવા બાબતમાં, 'જહત્-લક્ષણા' પર્યાપ્ત નથી (**जहत्या न अलम्**), અને અજહત-લક્ષણા પણ પર્યાપ્ત નથી, **न तथा अजहत्या अलम्** । પરંતુ એ બંને પ્રકારની 'લક્ષણા' (એટલે કે 'જહદજહલ્લક્ષણા') વડે જ **किंतु उभयार्थात्मिकया एव** । ઉપર્યુક્ત સિદ્ધિ સંપન્ન કરવી જોઈએ (**भाव्यम्**).

ગ્રંથકારનાં આ સૂચન-કથન-વિધાનનાં મર્મને સમજવાનો હવે આપણે પ્રયત્ન કરીએ.

વેદોનાં ચાર **મહાવાક્યો**માંનું એક, **સામવેદ**નું મહાવાક્ય આ પ્રમાણે છે : **तत्त्वमसि** । (**तद् त्वं असि**), એટલે કે 'તું (त्वं) તે (तद्) છે'. વેદના મંત્રદૃષ્ટા ઋષિ જીવને કહે છે કે 'તું' (જીવાત્મા) 'તે' (પરમાત્મા) છે, પરંતુ આ કેવી રીતે શક્ય બને ? 'તું' બીજો પુરુષ એકવચન છે અને 'તે' ત્રીજો પુરુષ એકવચન છે, આ બંને એક જ કેવી રીતે હોઈ શકે ? પરંતુ આ તો વેદનું આર્ષ શ્રુતિવચન છે, એ કાંઈ ખોટું કે મિથ્યા તો હોય જ નહીં. એ તો શાશ્વત સત્ય જ હોય. એટલે આ 'તું' (त्वं) અને 'તે'(तद्)નાં એકત્વને સિદ્ધ કરવા માટે, આપણે ઉપર્યુક્ત લક્ષણાનામક શબ્દશક્તિનો, એમાંથી નિષ્પન્ન થતા લક્ષ્યાર્થનો આધાર લઈને, આ મહાવાક્ય વિશે વિચાર કરીએ (**भाव्यम्**) : **तद्** એટલે કે પરબ્રહ્મ પરમાત્મા, એનો વાચ્યાર્થ તો સર્વશક્તિમાન (Omnipotent), સર્વજ્ઞ (Omniscient) અને સર્વવ્યાપી (Ommipresent) છે, જ્યારે **त्वं** એટલે કે જીવાત્મા, આનો વાચ્યાર્થ તો અલ્પશક્તિવાળો, અલ્પજ્ઞાની અને અલ્પવ્યાપી છે. અને આ જ કારણે, શ્રુતિ પણ **तत्त्वमसि** કહીને, ઈશ્વરનાં 'નિર્ગુણ' સ્વરૂપનું પ્રતિપાદન કરતાં, **'શ્રીશિવમહિમ્નઃ-સ્તોત્ર**નો કવિ પુષ્પદંત કહે છે તેમ, શ્રુતિ પણ સંકોચ પામે છે.

अतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि । (શ્લોક-૨)

પરંતુ અંતે તો તે 'શ્રુતિ' છે, પરમકૃપાળુ - પરમાત્માના, આ મહાવિભૂતિના શ્વાસોચ્છ્વાસ સમો વેદ છે, **अस्य महतो भूतस्य निःश्वसितं एतद् यद् ऋग्वेद...** (બૃહદારણ્યક ઉપનિષદ ૨,૪,૧૦), એટલે પરસ્પરવિરોધી જણાતા આ બે શબ્દો, 'તે' (तद्) અને 'તું' (त्वं), એટલે કે પરમાત્મા અને જીવાત્મા, એ બેં વચ્ચે એકત્વ સિદ્ધ કરવા માટે, 'સર્વશક્તિમાન' વગેરે **तद्**ના વાચ્યાર્થને, અને 'અલ્પશક્તિવાળો' વગેરે **त्वं**ના વાચ્યાર્થને છોડી દઈએ (**जहत्**) અને **तद्** તથા **त्वं**

એ બંનેમાં રહેલા ચૈતન્યમાત્રરૂપી વાચ્યાર્થને સ્વીકારીએ, એટલે કે એક વાચ્યાર્થને છોડીએ અને બીજા વાચ્યાર્થને ન છોડીએ, - એ પ્રકારની 'જહદજહલ્લક્ષણા'નો આશ્રય લઈએ તો, ઉપર્યુક્ત બંને પ્રકારના ત્યાગ-સ્વીકાર પછી, જે શેષ રહે તે શુદ્ધ, નિરુપાધિક, પરબ્રહ્મ જ રહે છે, - જે પ્રત્યેક જીવાત્મામાં કૂટસ્થ, સાક્ષી, ચૈતન્યમાત્ર સ્વરૂપે હંમેશાં ઉપસ્થિત હોય છે. આ જહદજહલ્લક્ષણાને 'ભાગત્યાગ લક્ષણા' પણ કહેવામાં આવે છે.

શ્લોકમાંનું 'સુલક્ષ્ય' એટલે જ આ લક્ષ્યાર્થ, ગૂઢાર્થ, ગર્ભાર્થ, અને તાત્પર્યાર્થ અને આ જ છે **સામવેદ**નાં મહાવાક્યનો સૂક્ષ્મ, શાસ્ત્રગત, શ્રુતિસંમત અને 'વેદાન્ત' દર્શનનો દાર્શનિક મર્મ.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૪૯)

૨૫૦

स देवदत्तोऽयमितीह चैकता
विरुद्धधर्मांशमपास्य कथ्यते ।
यथा तथा तत्त्वमसीति वाक्ये
विरुद्धधर्मानुभयत्र हित्वा ॥ ૨૫૦ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स देवदत्तोऽयमितीह चैकता
विरुद्धधर्मांशमपास्य कथ्यते ।
यथा तथा तत्त्वमसीति वाक्ये
विरुद्धधर्मानुभयत्र हित्वा ॥ ૨૫૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यथा 'सः अयं देवदत्तः' इति इह (अस्मिन् वाक्ये) विरुद्धधर्मांशं अपास्य एकता कथ्यते, तथा च 'तत् त्वं असि' इति वाक्ये उभयत्र विरुद्धधर्मान् हित्वा (एकता कथ्यते) ॥ ૨૫૦ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : तथा च 'तत्-त्वं असि' इति वाक्ये (एकता कथ्यते) । - તથા તે જ રીતે, **સામવેદ**નાં આ મહાવાક્યમાં 'તું' 'તે' છે, એ વાક્યમાં 'તું' 'અને' 'તે' વચ્ચે એકતા કહેવામાં આવે છે. उभयत्र विरुद्धधर्मान् हित्वा । આ એકતા કેવી રીતે સિદ્ધ કરવામાં આવે છે ? उभयत्र એટલે જીવ અને ઈશ્વર બંનેમાં રહેલા, विरुद्धधर्मान् हित्वा - તે બંનેમાં રહેલા વિરુદ્ધ ધર્માંશોને છોડી દઈને (हित्वा). આ પ્રક્રિયા કોના જેવી છે ? यथा 'सः अयं देवदत्तः' इति इह (अस्मिन् वाक्ये) एकता कथ्यते । 'તે જ આ દેવદત્ત છે', અહીં આ વાક્યમાં એકતા કહેવામાં આવે છે. આ એકતા કેવી રીતે કહેવામાં આવે છે ? विरुद्धधर्मांशं अपास्य । अपास्य એટલે છોડી દઈને, દૂર કરીને, ત્યજી દઈને, 'તે' અને 'આ'

વચ્ચેનાં વિરુદ્ધ એવા ધર્માંશોને દૂર કરીને. (૨૫૦)

અનુવાદ : જેમ 'તે જ આ દેવદત્ત છે,' - અહીં (આ વાક્યમાં) વિરુદ્ધ ધર્મોના અંશને દૂર કરીને, (તે અને આ) વચ્ચે એકતા કહેવામાં આવે છે, તે જ રીતે, 'તું તે છે', આ વાક્યમાં બંને(જીવ અને ઈશ્વર)માં રહેલા વિરુદ્ધ ધર્મોને છોડી દઈને (એકતા કહેવામાં આવી છે.) (૨૫૦)

ટિપ્પણ : **सः अयं देवदत्तः** અને **तत् त्वं असि** । **સામવેદ**નાં આ **મહાવાક્ય**માં, અનુક્રમે, તે (**सः**) અને આ (**अयं**) વચ્ચે, તથા 'તું' (**त्वं**) અને 'તેને' (**तत्**) વચ્ચે, એકત્વ કેવી રીતે સિદ્ધ કરવામાં આવ્યું છે, એ પ્રક્રિયાની સવિસ્તર સમજૂતી, આ પહેલાંનાં શ્લોકનાં ટિપ્પણમાં, આપવામાં આવી છે, એટલે એનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

આ બંને દૃષ્ટાંતો 'જહદજલ્લક્ષણા'નાં છે, તે પણ આપણે તે ટિપ્પણમાં નોંધ્યું છે. બંને દૃષ્ટાંતોમાં વિરુદ્ધધર્મના અંશો એટલે તે તે વાક્યોમાંના સુસંગત અર્થને નિષ્પન્ન કરવામાં મુશ્કેલી ઊભી કરતા વાચ્યાર્થો : 'આ તે જ દેવદત્ત છે', એ વાક્યમાંના અર્થની એકતાની સુસંગતતામાં, દેશ-કાળ-ગત વિરુદ્ધ પરોક્ષતા અને અપરોક્ષતારૂપી વિરુદ્ધ ધર્મો અડચણરૂપ બને છે, તેને છોડી દેવામાં આવે છે (**अपास्य, जहत्**) અને 'તું તે છે' - એ **મહાવાક્ય**માં જીવ અને ઈશ્વર બંનેના વિરુદ્ધ ધર્મ-અંશોને છોડી દેવામાં આવે છે (**हित्वा, जहत्**).

બંને દૃષ્ટાંતોમાં જે ધર્મોને છોડી દેવામાં નથી આવતા (**अजहत्**) તેનો, - અનુક્રમે 'કેવળ વ્યક્તિમાત્ર દેવદત્ત', અને 'તું અને તે બંનેમાં રહેલું ચૈતન્યમાત્રનું તત્ત્વ', એનો, આ શ્લોકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પરંતુ તે અધ્યાહાર્ય (Understood) છે, એમ સમજી લેવાનું રહે છે, અને આ રીતે, બંને દૃષ્ટાંતો, 'જહદજહલ્લક્ષણા' અથવા 'ભાગ-ત્યાગ-લક્ષણા'નાં જ છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૫૦)

૨૫૧

संलक्ष्य चिन्मात्रतया सदात्मनो-
-रखण्डभावः परिचीयते बुधैः ।
एवं महावाक्यशतेन कथ्यते
ब्रह्मात्मनोरैक्यमखंडभावः ॥ २५१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

संलक्ष्य चिन्मात्रतया सदात्मनो-
-रखंडभावः परिचीयते बुधैः ।
एवं महावाक्यशतेन कथ्यते
ब्रह्मात्मनोरैक्यमखंडभावः ॥ २५१ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : बुधैः सद्-आत्मनोः चिन्मात्रतया अखण्डभावः परिचीयते, एवं संलक्ष्य महावाक्यशतेन ब्रह्म-आत्मनोः ऐक्यं अखण्डभावः (च) कथ्यते ॥२५१॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : एवं ब्रह्म-आत्मनोः ऐक्यं अखण्डभावः (च) कथ्यते । આ પ્રમાણે, જીવ અને બ્રહ્મની એકતા-અખંડતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે, એકતા-અખંડભાવ કહેવામાં આવ્યાં છે. 'આ પ્રમાણે' (एवं), એટલે શા પ્રમાણે ? संलक्ष्य - આ પહેલાં દર્શાવવામાં આવ્યું છે તે પ્રમાણે, શબ્દની લક્ષણા-શક્તિનો આશ્રય લઈને, લક્ષ્યાર્થ દ્વારા. પરંતુ એ લક્ષ્યાર્થ કોનો ? महावाक्यशतेन - શ્રુતિનાં સેંકડો મહાવાક્યોના લક્ષ્યાર્થ દ્વારા. કોની જેમ ? बुधैः सद्-आत्मनोः चिन्मात्रतया अखण्डभावः परिचीयते (तथा, एवम्) । बुधैः એટલે વિદ્વાનો વડે, બુદ્ધિશાળી પંડિતો દ્વારા, सद्-आत्मनोः अखण्डभावः परिचीयते । सद्-आत्मनोः પરમાત્મા અને જીવાત્માની અખંડતા સમજાવવામાં આવી છે, એ બંને વચ્ચેના અખંડભાવનો પરિચય આપવામાં આવ્યો છે. આ પરિચય ક્યાં સ્વરૂપે આપવામાં આવ્યો છે ? - चिन्मात्रतया, ચૈતન્યમાત્ર-સ્વરૂપે. (૨૫૧)

અનુવાદ : વિદ્વાનોએ પરમાત્મા અને જીવાત્મા વચ્ચેની અખંડતાનો પરિચય ચૈતન્યમાત્ર-સ્વરૂપે આપ્યો છે. એ જ પ્રમાણે, લક્ષણાનો આશ્રય લઈને, શ્રુતિનાં સેંકડો મહાવાક્યોએ, બ્રહ્મ અને જીવાત્માની એકતા-અખંડતાનું નિરૂપણ કર્યું છે. (૨૫૧)

ટિપ્પણ : પરમાત્મા અને જીવાત્મા વચ્ચેનું એકત્વ, એ અત્યંત મહત્ત્વની બાબત છે, એટલું જ નહીં પરંતુ આ મહત્ત્વની સિદ્ધિ સંપૂર્ણરીતે પ્રમાણભૂત અને શાસ્ત્રસંમત છે, એ હકીકત પ્રત્યે મોક્ષાર્થી સાધકનું લક્ષ ખેંચવા માટે, ગ્રંથકાર, અહીં, એવા બે અસંદિગ્ધ સંદર્ભો ટાંકે છે : (૧) એક તો એ કે વિદ્વાનો-પંડિતો-પ્રજ્ઞાવાનો(बुधैः)એ, પરમાત્મા-જીવાત્મા વચ્ચેના અભેદભાવનો (अखण्डभावः) પરિચય, ચૈતન્યમાત્ર-સ્વરૂપે (चिन्मात्रतया), સ્વકીય અનુભૂતિ અને આત્મ-પ્રતીતિના આધારે, આપ્યો છે. એમના આવાં પરિચય-આલેખનના પાયામાં એમની સ્વાનુભૂતિનો રણકો હોય છે, તેથી તે સંપૂર્ણરીતે સ્વીકાર્ય બની રહે છે, અને (૨) બીજું, શ્રુતિનાં तत्त्वमसि જેવાં સેંકડો મહાવાક્યોએ પણ, પરમાત્મા-જીવાત્મા વચ્ચેની એકતા-અખંડતાનું નિરૂપણ, 'જહદજલ્લક્ષણા'નો આશ્રય લઈને કર્યું છે અને આ નિરૂપણ પણ બે કારણે પ્રમાણભૂત ઠરે છે : (અ) એક તો એ બધાં શ્રુતિવચનોની પાછળ આર્ષદૃષ્ટિ ધરાવતા ઋષિમુનિઓનું તપોબળ હોય છે, અને (બ) બીજું, શબ્દની લક્ષણાશક્તિ દ્વારા નિષ્પન્ન થતા લક્ષ્યાર્થને વિવેચનશાસ્ત્રના નિષ્ણાત તજ્જ્ઞોએ (Connoisseurs) પોતાની સંમતિની મુદ્રા વડે અંકિત કર્યો છે. સંક્ષેપમાં, આ બંને સંદર્ભોમાં શ્રદ્ધા અને નિષ્ઠા દાખવીને, મુમુક્ષુએ, જીવ-બ્રહ્મના અખંડભાવને આત્મસાત્ કરવો જોઈએ, એવો અહીં ગ્રંથકાર આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ (૨૫૧)**

૨૫૨

अस्थूलमित्येतदसन्निरस्य
सिद्धं स्वतो व्योमवदप्रतर्क्यम् ।
यतो मृषामात्रमिदं प्रतीतं
जहीहि यत्स्वात्मतया गृहीतम् ।
ब्रह्माहमित्येव विशुद्धबुद्ध्या
विद्धि स्वमात्मानमखण्डबोधम् ॥ २५२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અસ્થૂલમિત્યેતદસન્નિરસ્ય
સિદ્ધં સ્વતો વ્યોમવદપ્રતર્ક્યમ્ ।
યતો મૃષામાત્રમિદં પ્રતીતં
જહીહિ યત્સ્વાત્મતયા ગૃહીતમ્ ।
બ્રહ્માહમિત્યેવ વિશુદ્ધબુદ્ધ્યા
વિદ્ધિ સ્વમાત્માનમખંડબોધમ્ ॥ ૨૫૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : 'अस्थूलं'-इति एतद् असत् निरस्य, व्योमवत् अप्रतर्क्यं स्वतः सिद्धं, यतः मृषामात्रं प्रतीतं यत् इदं स्वात्मतया गृहीतं, तत् जहीहि, विशुद्धबुद्ध्या अखण्डबोधं स्वयं आत्मानं (च) 'ब्रह्म अहं' इति एव विद्धि ॥ २५२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (तद् आत्मतत्त्वं) व्योमवत् अप्रतर्क्यं स्वतः सिद्धं (भवति) । અપ્રતર્ક્યં - એટલે જેના વિશે કશો તર્ક ન કરી શકાય એવું, અતર્ક્ય, તર્કથી પર. આકાશની જેમ અતર્ક્ય એવું તે આત્મતત્ત્વ પોતાની મેળે જ (स्वतः) સિદ્ધ થાય છે. આવી સિદ્ધિ શાને કારણે, કેવી રીતે થાય છે ? अस्थूलं इति एतद् असत् निरस्य । निरस्य - નિષેધ કરવાથી, નિરસન-નિવારણ કરવાથી, 'તે બ્રહ્મ-સ્થૂલ નથી', - વગેરે **બૃહદારણ્યક**-ઉપનિષદનાં શ્રુતિવચન (૩,૮,૮) પ્રમાણે આ સ્થૂલતા વગેરે असत् એટલે કે ખોટી-મિથ્યા કલ્પનાનો-માન્યતાનો નિષેધ કરવાથી, जहीहिं એટલે ત્યજી દે, છોડી દે, ત્યાગ કર. કોને-શાને છોડી દેવાનું છે ? यत् इदं स्वात्मतया गृहीतं (देहादिम्), तद् (जहीहि) । પોતાના આત્મારૂપે સ્વીકારેલા જે આ દેહ વગેરે છે, તેને છોડી દે. આ બધું (દેહ વગેરે) કેવું છે ? मृषामात्रं प्रतीतम् - મિથ્યામાત્ર, મિથ્યારૂપે પ્રતીત થતું, જણાતું, यतः - જેથી, જે કારણે. અને બીજું કશું કરવાનું છે ? स्वं आत्मानं 'ब्रह्म अहं' - इति एव विद्धि । તારા પોતાના આત્માને 'હું બ્રહ્મ છું' - એમ જ સમજી લે. જાણી લે. આ પોતાનો

આત્મા કેવો છે ? **अखण्डबोधम्** અખંડજ્ઞાન-સ્વરૂપ. આમ જ્ઞાના વડે જાણી લેવું ? **विशुद्धबुद्ध्या** વિશુદ્ધ બુદ્ધિ વડે, પૂરી સમજણથી, ખાત્રીપૂર્વક, પ્રતીતિપૂર્વક (૨૫૨)

અનુવાદ : (આ આત્મતત્ત્વ) 'સ્થૂળ નથી' વગેરે (**બૃહદારણ્યક**-ઉપનિષદનાં) શ્રુતિવચનથી, આ (સ્થૂલતા વગેરે) મિથ્યા કલ્પનાનો નિષેધ કરવાથી, આકાશની જેમ અતર્ક્ય એવું (આ આત્મતત્ત્વ) પોતાની મેળે જ સિદ્ધ થાય છે. તેથી મિથ્યામાત્ર-સ્વરૂપે પ્રતીત થતા, પોતાના આત્મા-સ્વરૂપે સ્વીકારેલા જે આ (દેહ વગેરે) છે, તેને ત્યજી દે, (અને) પોતાના આત્માને, અખંડ-જ્ઞાન-સ્વરૂપ 'બ્રહ્મ હું છું', - એમ જ જાણી લે. (૨૫૨)

ટિપ્પણ : આ શ્લોકમાં, સદ્‌ગુરુએ શિષ્યને, સીધી (Directly) બે આજ્ઞા કરી છે : (૧) **जहीहि**, - છોડી દે, ત્યજી દે, અને (૨) **विद्धि** - જાણી લે, સમજી લે.

શાનો ત્યાગ કરવાનો છે ? શરીર વગેરેના ધર્મો અને પંચકોશોનો 'અધ્યાસ' આત્મામાં કરવામાં આવ્યો અને આ દેહ વગેરેને આત્મારૂપે સ્વીકારવામાં આવ્યા (**यत् इदं स्वात्मतया गृहीतम्**), એ જ, મનુષ્યની મોટામાં મોટી અને મૂળભૂત ભૂલ હતી, એટલે ગુરુજી સૌપ્રથમ તો દેહાદિનો ત્યાગ કરવાનો આદેશ આપે છે: **जहीहि** (हा - 'त्यजवुं', - એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ). પરંતુ મોક્ષપ્રાપ્તિની યાત્રાએ નીકળેલા નવદીક્ષિત સાધકને તો એવો પ્રશ્ન જ થાય ને, કે આ દેહાદિને શા માટે ત્યજવા ? ગુરુજી તરત જ એનું કારણ આ પ્રમાણે જણાવે છે કે આ દેહાદિ અને સકળ વિશ્વ મિથ્યામાત્ર પ્રતીત થાય છે, તેથી (**यतः मृषामात्रं प्रतीतं इदं सर्वम्**). પરંતુ, શિષ્ય તો ગુરુજીને એ જ પૂછે છેં કે, આવી મિથ્યા-પ્રતીતિ થાય છે જ શા માટે ? કેવી રીતે ?

ગ્રંથકારને અહીં જે અભિપ્રેત છે તે, બ્રહ્મભાવન, બ્રહ્મવિચાર, આત્મવિચાર, આત્મસંશોધન. આવું ભાવન-ચિંતન-વિચારણ તો જ શક્ય બને, જો સાધકને બ્રહ્મનાં સ્વરૂપ-લક્ષણનો સ્પષ્ટ ખ્યાલ હોય. સાધકને આવો ખ્યાલ આપવા માટે, ગ્રંથકાર, અહીં **બૃહદારણ્યક**-ઉપનિષદનાં એક પ્રસિદ્ધ શ્રુતિવચનનો સંદર્ભ ટાંકે છે. વચક્નુની પુત્રી વાચક્નવી ગાર્ગી અને યાજ્ઞવલ્ક્ય વચ્ચે બ્રહ્મનાં સ્વરૂપ વિશે ચર્ચા ચાલી રહી છે તે દરમિયાન, ગાર્ગી પૂછે છે કે - 'આ પ્રસિદ્ધ આકાશ શામાં ઓત તથા પ્રોત છે ?' **किस्मिन्नु खलु आकाशः ओतः च प्रोतः च इति ॥** (૩,૮,૭)

શ્લોકનાં પ્રથમ પાદ(ચરણ)માં જેના પ્રથમ શબ્દ - અસ્થૂલં-નો ઉલ્લેખ છે તે આ કંડિકામાં યાજ્ઞવલ્ક્ય 'અક્ષર' એટલે કે બ્રહ્મનું સ્વરૂપ આ રીતે સમજાવે છે:

एतद् वै तद् अक्षरं गार्गि ब्राह्मणाः अभिवदन्ति - अस्थूलं, अनणु, अह्रस्वं, अदीर्घं, अलोहितं, अस्नेहं, अच्छायं, अतमः, अ-वायुं, अनाकाशं, असंगं, अरसं, अगन्धं, अचक्षुष्कं, अश्रोत्रं, अ-वाक्, अ-मनः, अतेजस्कं, अ-प्राणं, अ-मुखं, अ-मात्रं, अन्-अन्तरं, अ-बाह्यं, न तद् अश्नाति किंचन, न तद् अश्नाति कश्चन ॥

('હે ગાર્ગિ ! અંતર્યામિરૂપ અવ્યાકૃતનાં અધિષ્ઠાનરૂપ તે અક્ષરને, એટલે કે બ્રહ્મને, અવિનાશી શુદ્ધ બ્રહ્મને, બ્રહ્મવેત્તાઓ આ પ્રમાણે સમજાવે છે : તે (બ્રહ્મ) સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, ટૂંકું નથી, લાંબું નથી, રાતું નથી, ચીકણું નથી, છાયાવાળું નથી, અંધકારવાળું નથી, વાયુ-વિનાનું છે, આકાશવાળું નથી, સંગ-રહિત છે, રસ-વિનાનું છે, ગંધ-વિનાનું છે, ચક્ષુ-વિનાનું છે, શ્રોત્ર-વિનાનું છે, વાણી-વિનાનું છે, મન-રહિત છે, તેજ-વિનાનું છે, પ્રાણવાયુ-રહિત છે, મુખ-વિનાનું છે, પ્રમાણ-રહિત છે, છિદ્ર-રહિત છે અને અ-પરિચ્છિન્ન છે. તે કોઈ પણ વિષયને ભોગવતું નથી, તેમ કોઈ પણ મનુષ્ય તે(અક્ષર)ને ભોગવતો નથી.')

ટૂંકમાં, તે (બ્રહ્મ) સર્વ વિશેષણોથી રહિત હોવાથી, એક જ અને અદ્વિતીય છે.

બ્રહ્મ વિશેનાં બ્રહ્મવેત્તાઓએ નિરૂપેલાં આ સ્વરૂપ-લક્ષણ વિશે વિચારતાં, એમાંથી, આ બે વિશિષ્ટતા ફલિત થાય છે : એક તો એ કે આ 'બ્રહ્મ શું નથી,' એવો નિષેધાત્મક (Negative) અભિપ્રાય આ શ્રુતિવચન અભિવ્યક્ત કરે છે, એટલે કે બ્રહ્મ સર્વ પ્રકારની સાપેક્ષતા(Relativity)થી પર છે; અને **બીજું** એ કે સ્થૂલ-સૂક્ષ્મ, લાંબું-ટૂંકું જેવાં દ્વન્દ્વોથી તે મુક્ત છે. તાત્પર્ય એ છે કે આ શ્રુતિવચન દ્વારા 'સ્થૂલતા' વગેરે મિથ્યા કલ્પનાનો નિષેધ થાય છે (**अस्थूलं इति एतद् असत् निरस्य**) અને આકાશની જેમ તે સર્વત્ર વ્યાપક, સૂક્ષ્મ અને અતર્ક્ય હોવાથી, તે પોતે પોતાની મેળે જ સિદ્ધ થાય છે (**व्योमवत् प्रतर्क्यं स्वतः सिद्धम्**). બુદ્ધિ અને તર્કથી તે પર છે અને સ્વયંપ્રકાશ છે. **મુંડક**-ઉપનિષદે બ્રહ્મ-સ્વરૂપનું આ લક્ષણ સાવ સરળ રીતે વ્યક્ત કર્યું છે : **आत्मा विवृणुते तनुं स्वाम्** । (આત્મા પોતાનાં સ્વરૂપને પોતે જ પ્રગટ કરે છે.) ૩,૨,૩.

યાજ્ઞવલ્ક્યે ગાર્ગીને બ્રહ્મનું સ્વરૂપ-લક્ષણ સવિસ્તર સમજાવ્યું છે, તેને લક્ષમાં લેતાં, તેમાં આ પહેલાં, ઉપર, શિષ્યે પૂછેલા સવાલનો જવાબ મળી જાય છે કે આવાં બ્રહ્મતત્ત્વનું ભાવન-ચિંતન કરતાં, દેહાદિને પોતાનો આત્મા આત્મારૂપે સ્વીકારવામાં આ સકળ વિશ્વ મિથ્યા પ્રતીત થાય છે. શરીર વગેરે અને જગત જેવા મિથ્યા પદાર્થોમાં આસક્ત થવું એ તો નિરર્થક જ ઠરે છે, અને તેથી જ સદ્‌ગુરુ શિષ્યને **સૌપ્રથમ** ચોકખી આજ્ઞા આપે છે કે તેને તું છોડી દે : **जहीहि** ।

આત્મસાક્ષાત્કાર અથવા બ્રહ્મભાવનનું **પ્રથમ** પગથિયું, તે આ ત્યાગ (**जहीहि**), અને આ ત્યાગમાંથી જ આપોઆપ ઉપસતું **બીજું** સબળ અને સલામત પગથિયું તે, સર્વ શ્રુતિવાક્યોનાં લક્ષ્યાર્થ-સ્વરૂપ, જીવાત્મા અને બ્રહ્મ ચૈતન્ય માત્ર-રૂપે, અખંડ-જ્ઞાનરૂપે એક જ છે, એવી સુદૃઢ પ્રતીતિ. આવી પ્રતીતિને આધારે જ ગુરુજી શિષ્યને **બીજી** આજ્ઞા આપે છે કે 'પોતાના આત્માને 'હું બ્રહ્મ છું' એમ ખાત્રીપૂર્વક જાણી લે (**स्वं आत्मानं ब्रह्म अहं इति एव विद्धि** ।). **ब्रह्मास्मि** । – એવો પાકો નિશ્ચય, એટલે જ ઉપર નિર્દિષ્ટ કરવામાં આવેલું 'બ્રહ્મભાવન' ! અને **ब्रह्मविद्**

ब्रह्म एव भवति । ('બ્રહ્મવેત્તા તો સ્વયં બ્રહ્મ જ બની રહી છે !') - એ ન્યાયે, બ્રહ્મસ્વરૂપ બની ગયેલા સાધક માટે તો એ જ મોક્ષપ્રાપ્તિ !
આ શ્લોકના છંદ ઉપજાતિમાં ચારને બદલે છ ચરણો છે, તે નોંધપાત્ર છે. (૨૫૨)

૨૫૩

मृत्कार्यं सकलं घटादि सततं मृण्मात्रमेवाभित-
-स्तद्वत् सज्जनितं सदात्मकमिदं सन्मात्रमेवाखिलम् ।
यस्मान्नास्ति सतः परं किमपि तत्सत्यं स आत्मा स्वयं
तस्मात् 'तत्त्वमसि' प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥ २५३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

मृत्कार्यं सकलं घटादि सततं मृण्मात्रमेवाभित-
स्तद्वत् सज्जनितं सदात्मकमिदं सन्मात्रमेवाखिलम् ।
यस्मान्नास्ति सतः परं किमपि तत्सत्यं स आत्मा स्वयं
तस्मात् 'तत्त्वमसि' प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥ २५३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (यथा) घटादि सकलं मृत्कार्यं सततं अभितः मृण्मात्रं (मृद्-मात्रं) एव, तद्-वत् सत्-जनितं सत्-आत्मकं इदं अखिलं सत्-मात्रं एव (अस्ति), यस्मात् सतः किं-अपि न अस्ति, तत् सत्यं, सः आत्मा स्वयं, तस्मात् यत् परं अद्वयं प्रशान्तं अमलं ब्रह्म, तत् त्वं असि ॥ २५३ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : तद्-वत् सत्-जनितं सत्-आत्मकं इदं अखिलं सत्-मात्रं एव अस्ति । सत्-जनितं - સત્યસ્વરૂપ બ્રહ્મમાંથી, સત્-આત્મામાંથી પેદા થયેલું, નીપજેલું, ઉપજેલું, ઉત્પન્ન થયેલું, જન્મેલું, सत्-आत्मकं સત્યસ્વરૂપ, સદ્-રૂપ, સત્ય જ છે, તેવી રીતે સત્યસ્વરૂપ બ્રહ્મમાંથી જન્મેલું, અંદર-બહાર-સર્વત્ર સત્યસ્વરૂપ सत्-मात्रं આ સમસ્ત જગત સત્ય જ છે. આ બધું કેવી રીતે સત્ય જ છે ? (यथा) घटादि सकलं मृत्कार्यं सततं अभितः मृण्मात्रं एव (अस्ति तद्-वत्) । मृत्कार्यं - માટમાંથી બનેલું, માટી રૂપી કારણ(Cause)માંથી ઉત્પન્ન થયેલું કાર્ય (Effect), अभितः એટલે ચારે-બાજુ, સર્વત્ર, સર્વ પ્રકારે, मृद्-मात्रं एव - અંદર-બહાર, માત્ર માટી જ છે. જેવી રીતે, ઘડો વગેરે માટીમાંથી બનાવવામાં આવેલાં (પાત્રો) સદાકાળ ચારે બાજુ માત્ર માટી જ છે (તેવી રીતે). तस्मात् यत् परं ब्रह्म, तत् त्वं असि । તેથી જે પરમ બ્રહ્મ છે, તે જ તું (જીવાત્મા) છે. તે બ્રહ્મ કેવું છે ? अद्वयं प्रशान्तं अमलं (च) । અદ્વિતીય, પ્રશાંત અને નિર્મળ-વિશુદ્ધ. આમ હોવાનું કારણ શું છે ? यस्मात् सतः परं किं-अपि न अस्ति, तत् सत्यं सः आत्मा स्वयं (अस्ति) । કારણ કે સત્યથી ભિન્ન બીજું કશું જ નથી, તેથી તે આત્મા પોતે પણ સત્ય જ છે. (૨૫૩)

અનુવાદ : જેમ માટીમાંથી બનાવવામાં આવેલો ઘડો વગેરે (સર્વ સામગ્રી) સદા-સર્વદા ચારેબાજુ માત્ર માટી જ છે, તેમ સત્યસ્વરૂપ(બ્રહ્મ)માંથી ઉત્પન્ન થયેલું આ સર્વ-કાંઈ (સમસ્ત જગત) સત્ય જ છે, કારણ કે સત્ય સિવાય અન્ય કશું પણ નથી, તેથી તે આત્મા પોતે જ સત્ય છે, અને તેથી જ જે પરમ પ્રશાંત, અદ્વિતીય અને નિર્મળ બ્રહ્મ છે, તે જ તું (જીવાત્મા) છે. (૨૫૩)

ટિપ્પણ : ગયા શ્લોકથી 'બ્રહ્મભાવન' નામક જે મુદ્દાનું નિરૂપણ શરુ થયું છે, તે અહીં ચાલુ છે અને હજુ થોડા શ્લોકો સુધી પણ ચાલુ જ રહેશે.

શ્રીસદ્‌ગુરુએ શિષ્યને ગયા શ્લોકને અંતે આદેશ આપ્યો હતો કે "તું પોતાના આત્માને 'હું બ્રહ્મ છું' એમ જ જાણી લે (**स्वं आत्मानं अहं ब्रह्म इति एव विद्धि ।**)" શિષ્યનું 'બ્રહ્મભાવન' સંનિષ્ઠ અને સઘન બને તે માટે, અહીં પણ, સત્યસ્વરૂપ આત્માનો પરિચય આપીને, ગુરુજી શિષ્યને એવી જ પ્રતીતિ (Conviction) સંપડાવે છે કે સમસ્ત જગતનાં નિમિત્ત અને ઉપાદાન 'કારણ' તરીકે રહેલું જે પરમ બ્રહ્મ છે, - તે જ તું છે (**यत् परं ब्रह्म अस्ति, तत् त्वं असि ।**). આવી પ્રતીતિનાં મૂળ આધાર તરીકે ગુરુજીએ અહીં બે શાશ્વત સત્ય પ્રત્યે શિષ્યનું આ પ્રમાણે લક્ષ ખેંચ્યું છે : (૧) એક તો એ કે આ અખિલ બ્રહ્માંડ સત્યસ્વરૂપ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું હોવાથી સત્ય જ છે, અને બીજું (૨) સત્ય સિવાય, સત્યથી ભિન્ન, અહીં, બીજું કશું જ નથી. (**सतः परं किमपि न अस्ति ।**)

ન્યાય-દર્શને પ્રતિપાદિત કરેલા કાર્ય-કારણના નિયમ (Law of Causation) પ્રમાણે, પ્રત્યેક 'કાર્ય'(Effect)માં, એનું 'કારણ'(Cause) સદા-સર્વદા, આજુબાજુ-અંદરબહાર-સર્વત્ર સર્વ પ્રકારે અનુસ્યૂત અને ઓતપ્રોત હોય છે, વ્યાપી રહેલું હોય છે. ઘડો, કોડિયું, નળિયાં વગેરે માટીમાંથી બનાવવામાં આવ્યાં હોવાથી, માટી-રૂપી 'કારણ', ઘડો વગેરે માટીનાં 'કાર્ય'માં સર્વત્ર વ્યાપેલું જ હોય છે. વસ્તુતઃ, ઘડો વગેરે તે બધાં માટી-મય હોવાથી, તે બધાં માટી જ છે. (**मृण्मात्रं एव अस्ति ।**)

એ જ રીતે, આ અખિલ જગત સત્ય('કારણ')માંથી ઉત્પન્ન થયેલું (**सत्-जनित**) હોવાથી, સત્યનું જ 'કાર્ય' છે, તેથી તે સઘળું (**तत् अखिलं**) સત્યસ્વરૂપ છે (**सत्-आत्मकं**), એટલું જ નહીં પરંતુ તે અંદર-બહાર-સર્વત્ર માત્ર સત્ય જ (**सन्मात्रं एव**) છે.

આમ, સત્યમાંથી સર્જાયેલું આ સમસ્ત જગત જો સત્યસ્વરૂપ હોય અને આવાં શાશ્વત સત્ય સિવાય, એનાથી જૂદું, બીજું કશું અસ્તિત્વ જ ધરાવતું ન હોય તો, ગુરુજી શિષ્યને સમજાવે છે કે, "આ જગતનો જ એક અંશ એવો તું (જીવાત્મા), એ બ્રહ્મથી જૂદો, ભિન્ન કેવી રીતે હોઈ શકે ? વળી, તે બ્રહ્મને દેશ-કાળ-વસ્તુની કોઈ મર્યાદા નથી, તે અપરિચ્છિન્ન છે, તેથી તે પરમ છે, અદ્વિતીય છે, વિશુદ્ધ છે, પ્રશાંત છે. આવું 'તે' (બ્રહ્મ) 'તું' (જીવાત્મા) છે, એનાં તને આનંદ અને ગૌરવ હોવાં જોઈએ !"

'તું' (त्वं) જ 'તે' (तद्) બની રહે, 'જીવાત્મા' પોતે જ 'પરમાત્મા' એટલે કે બ્રહ્મસ્વરૂપ બની રહે, એ જ 'બ્રહ્મભાવન'નું સુનિશ્ચિત અને શુભ પરિણામ !

શ્લોકનો છંદ : शार्दूलविक्रीडित (૨૫૩)

૨૫૪

निद्राकल्पितदेशकालविषयज्ञात्रादि सर्वं यथा
मिथ्या, तद्वदिहापि जाग्रति जगत्स्वाज्ञानकार्यत्वतः ।
यस्मादेवमिदं शरीरकरणप्राणाहमाद्यप्यसत्
तस्मात् तत्त्वमसि प्रशान्तमलं ब्रह्माद्वयं यत्परम् ॥ २५४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

निद्राकल्पितदेशकालविषयज्ञात्रादि सर्वं यथा
मिथ्या, तद्वदिहापि जाग्रति जगत्स्वाज्ञानकार्यत्वतः ।
यस्मादेवमिदं शरीरकरणप्राणाहमाद्यप्यसत्
तस्मात् 'तत्त्वमसि' प्रशान्तममलं ब्रह्माद्वयं यत्परम् ॥ २५४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यथा (स्वप्ने) निद्राकल्पितदेश-काल-विषय-ज्ञातृ-आदि सर्वं मिथ्या (अस्ति), तद्-वत् जाग्रति इह अपि (इदं) जगत् स्व-अज्ञानकार्यत्वतः मिथ्या अस्ति), यस्मात् शरीर-करण-प्राण-अहं-आदि इदं (सर्वं) अपि असत् अस्ति, तस्मात् यत् परं प्रशान्तं अद्वयं अमलं ब्रह्म 'तत् त्वं असि' ॥ २५४ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : तद्-वत् जाग्रति इह अपि (इदं) जगत् स्व-अज्ञानकार्यत्वतः (मिथ्या अस्ति) । जाग्रति - જાગ્રત અવસ્થામાં, स्व-अज्ञानकार्यत्वतः પોતાનાં અજ્ઞાનનું કાર્ય, એટલે કે એમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી, તેવી રીતે, જાગ્રત અવસ્થામાં પણ, આ જગત, પોતાનાં અજ્ઞાનનું જ કાર્ય હોવાથી મિથ્યા છે. 'તેવી રીતે' એટલે કેવી રીતે ? यथा (स्वप्ने) निद्राकल्पित-देश-काल विषय-ज्ञातृ-आदि सर्वं मिथ्या (अस्ति तद्-वत्) । જેમ, જેવી રીતે, (સ્વપ્ન દરમિયાન), નિદ્રાને લીધે કલ્પવામાં આવેલાં સ્થળ, કાળ, વિષય અને આ બધાંનો જાણકાર વગેરે બધું મિથ્યા છે, તેમ, તેવી રીતે. પણ તેથી શું ? यस्मात् एवं इदं शरीरकरण-प्राण-अहं-आदि अपि असत् (अस्ति) । करण એટલે ઇન્દ્રિયો, अहं એટલે અહંકાર. એટલા માટે કે, શરીર, ઇન્દ્રિયો, પ્રાણ, અહંકાર વગેરે આ બધું પણ અસત્ય છે, મિથ્યા છે. શ્લોકની ચોથી પંક્તિ. ગયા શ્લોકની ચોથી પંક્તિ, પ્રમાણે જ છે. તેથી જે પ્રશાંત, નિર્મળ અને અદ્વિતીય પર-બ્રહ્મ છે, 'તે જ તું છે.' (૨૫૪)

અનુવાદ : (સ્વપ્ન દરમિયાન) નિદ્રાને લીધે (અથવા ઊંઘમાં) કલ્પવામાં આવેલાં દેશ-કાળ-વિષય અને એ બધાંનો જાણકાર વગેરે બધું જ જેમ મિથ્યા છે, તે જ રીતે જાગ્રત અવસ્થામાં પણ, પોતાનાં અજ્ઞાનનું જ કાર્ય હોવાથી, આ જગત (મિથ્યા)

છે, જેથી શરીર, ઈન્દ્રિયો, પ્રાણ, અહંકાર વગેરે આ બધું પણ અસત્ય જ છે, તેથી જ, જે પ્રશાંત, વિશુદ્ધ અને અને અદ્વિતીય પર-બ્રહ્મ છે, 'તે જ તું છે.' (૨૫૪)

ટિપ્પણ : આ શ્લોકમાં પણ, 'બ્રહ્મભાવન'નાં એ જ અનુસંધાનમાં, ગયા શ્લોકની ચોથી લીંટીને, અક્ષરશઃ અહીં, ફરીથી, મૂકીને, 'રિપીટ' (Repeat) કરીને, શ્રીસદ્‌ગુરુ શિષ્યને આત્મીયતાપૂર્વક અનુરોધ કરે છે કે 'તે પર-બ્રહ્મ તું જ છે, - એમ પ્રતીતિપૂર્વક જાણી-સમજી લે.'

આવા અનુરોધનાં સમર્થન માટે, શ્રીગુરુજી, આ સમગ્ર જગતનાં મિથ્યાપણાનું પ્રતિપાદન કરે છે, – બે રીતે, સ્વપ્ન અને જાગ્રત, - એ બંને અવસ્થાઓમાંની મનુષ્યની અનુભૂતિને મિથ્યા તરીકે સાબિત કરીને.

સહુ સમજે છે તે પ્રમાણે, સ્વપ્નાવસ્થામાં ઊંઘતા માણસે, સ્થળ-સમય-પદાર્થો વગેરે જે કાંઈ જોયું-અનુભવ્યું હોય, તે બધું જ ખોટું-અસત્ય-મિથ્યા છે, એવું ભાન જાગતાંની સાથે જ તેને થાય છે. નિદ્રા દરમિયાન જોવામાં આવેલું કશું જ, જાગ્યા પછી, રહેતું નથી, કારણ કે એ બધી તો માત્ર કલ્પનાસૃષ્ટિ જ હતી. આ તો સહુના અનુભવની અને સર્વ-સ્વીકૃત હકીકત છે. પરંતુ જાગ્રત-અવસ્થામાં જોવામાં-અનુભવવામાં આવતું જગત તો 'આંખે-દેખ્યું', સમક્ષ અને પ્રત્યક્ષ છે, એ, વળી, કેવી રીતે મિથ્યા હોઈ શકે ? – આશંકાગર્ભ આવો સવાલ કોઈ પણ સામાન્ય માણસનાં મનમાં સ્વાભાવિક રીતે જ ઊઠે.

આવી આશંકાનું નિવારણ, ગ્રંથકાર, આ રીતે કરે છે : વેદાંત-દર્શનની તો આધારશિલા જ આ સિદ્ધાંત છે કે 'એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે, આ સમસ્ત જગત તો મિથ્યા છે' :-

ब्रह्म सत्यं जगत् मिथ्या ।

પરંતુ આ જગત સગી આંખે દેખાય છે, તેનું શું ? એ કેવી રીતે મિથ્યા હોઈ શકે ? પેલા સિદ્ધાંતની જેમ વેદાન્ત-દર્શનનો એવો જ બીજો સિદ્ધાંત છે કે ચર્મચક્ષુને જે કાંઈ દેખાય છે, તે સઘળું, આત્મજ્ઞાનનાં અભાવનું જ પરિણામ છે. અવિદ્યા અથવા અજ્ઞાનને કારણે જ, વસ્તુતઃ અસત્ય એવાં આ નામરૂપાત્મક જગતને મનુષ્ય સાચું સમજે છે. આત્મજ્ઞાન અથવા આત્મસાક્ષાત્કારનો દિવ્ય પ્રકાશ સાધકને લાધે કે તરત જ, આ શરીર, ઈન્દ્રિયો, પ્રાણ, અહંકાર, - આમાંનું કશું જ રહેતું નથી, કારણ કે આ બધું જગત મનુષ્યનાં પોતાનાં અજ્ઞાનનું જ કાર્ય, એમાંથી જ સર્જાયેલો આભાસ હોય છે (**तद्-वद् इह अपि जाग्रति जगत् स्व-अज्ञानकार्यत्वतः ।**).

ઉપર્યુક્ત સ્વાભાવિક સવાલના પ્રતીતિજનક જવાબ માટે આચાર્યશ્રી 'સત્તા'ની (સત્યની, અસ્તિત્વ Existenceની) આ પ્રમાણે ત્રણ અવસ્થાઓ નિરૂપે છે.

(૧) બ્રહ્મની ત્રિકાલાબાધિત 'સત્તા'- એ 'પારમાર્થિક સત્તા',

(૨) મનુષ્યને પ્રત્યક્ષ દેખાતા જગતની 'વ્યાવહારિક સત્તા',

(૩) દોરડામાં થતી સર્પની પ્રતીતિ,- એ 'પ્રાતીતિક' અથવા 'પ્રાતિભાસિક સત્તા'.

જેમ અજવાળું થતાં સર્પ રહેતો જ નથી, દોરડું જ રહે છે, તેમ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં, નામરૂપાત્મક જગતનો કશો વ્યવહાર રહેતો જ નથી, ટકતો જ નથી. વ્યાવહારિક સત્તાનો બાધ થાય છે, એકમાત્ર બ્રહ્મનું 'પારમાર્થિક' અસ્તિત્વ (Highest truth, spiritual knowledge) જ સર્વત્ર રહે છે. આ 'પારમાર્થિક સત્તા', - એટલે જ **ब्रह्म सत्यम्** ।

પેલી 'પ્રાતિભાસિક' અને 'વ્યાવહારિક' સત્તાના બાધ પછી તો, એક 'પારમાર્થિક' સત્તાનો જ સાક્ષાત્કાર સાધકને થાય છે, જે, તેને અસંદિગ્ધ પ્રતીતિ કરાવે છે કે 'તું' (જીવાત્મા) 'તે' (બ્રહ્મ) જ છે !

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત (૨૫૪)**

૨૫૫

जातिनीतिकुलगोत्रदूरगं
नामरूपगुणदोषवर्जितम् ।
देशकालविषयातिवर्ति यद्
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २५५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જાતિનીતિકુલગોત્રદૂરગં
નામરૂપગુણદોષવર્જિતમ્ ।
દેશકાલવિષયાતિવર્તિ યદ્
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૫૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : જાતિ-નીતિ-કુલ-ગોત્ર-દૂરગં નામ-રૂપ-ગુણ-દોષ-વર્જિતં દેશ-કાલ-વિષય-અતિવર્તિ યદ્ બ્રહ્મ 'તત્-ત્વં-અસિ' (ઇતિ) આત્મનિ ભાવય ॥ ૨૫૫ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : તદ્ બ્રહ્મ ત્વં અસિ (ઇતિ) આત્મનિ ભાવય । આત્મનિ - તારા પોતાનાં અંતઃકરણમાં, તારા પોતાના વિશે, તારી પોતાની બાબતમાં, ભાવય - એવી ભાવના કર, એવી વિચારણા કર. 'તે બ્રહ્મ તું છે,' એવું મનમાં તું તારા પોતાના વિશે ભાવન કર, ચિંતન કર'. જેનું 'ભાવન' કરવાનું છે, તે બ્રહ્મ કેવું છે? બ્રહ્મનાં આ પ્રમાણે ત્રણ વિશેષણો : (૧) જાતિ-નીતિ-કુલ-ગોત્ર-દુરગમ્ । દૂરં ગચ્છતિ યત્ - જે દૂર જાય છે, રહે છે. દૂર, પર, એટલે કે જે (બ્રહ્મ) જાતિ, નીતિ, કુલ, ગોત્ર(વગેરે)થી પર છે, એટલે કે જેને આવાં જાતિ વગેરે હોતાં જ નથી, તેવું (બ્રહ્મ), (૨) નામ-રૂપ-ગુણ-દોષ-વર્જિતમ્ । વર્જિતં એટલે વિનાનું-વગરનું, રહિત. નામ-રૂપ વગેરે વિનાનું છે, તેવું (બ્રહ્મ), (૩) દેશ-કાલ-વિષય-અતિવર્તિ । અતિવર્તિ - એટલે અસ્પૃષ્ટ, અ-સંગ, વિષય - વિષયવાસનાઓ, એટલે કે જે દેશ-કાળ વગેરેના સ્પર્શ, સંપર્ક કે સંગની

સીમા અથવા મર્યાદાઓથી પર છે એવું (બ્રહ્મ). (૨૫૫)

અનુવાદ : જાતિ, નીતિ, કુલ, ગોત્રથી જે દૂર છે, નામ, રૂપ, ગુણ, દોષથી જે રહિત છે, અને દેશ, કાળ, વિષયોના સંબંધથી જે પર છે, – આવું 'તે બ્રહ્મ તું છે', - એવું પોતાના વિશે તું ભાવન કર. (૨૫૫)

ટિપ્પણ : આ પહેલાંના બે શ્લોકોની જેમ અહીં પણ શ્રીસદ્‌ગુરુ શિષ્યને એવો જ અનુરોધ કરે છે કે 'તે બ્રહ્મ તું છે' - એવું તારાં પોતાનાં અંતઃકરણમાં, તારી અંદર, તારી ભીતર, તારી પોતાની બાબતમાં 'ભાવન' કર (**भावय**). જે નવો મુદ્દો શ્રીગુરુજીએ શરુ કર્યો છે, તે જ આ 'બ્રહ્મભાવન.'

શિષ્ય આ પ્રકારનું સમુચિત ભાવન કરી શકે તે માટે, તેને બ્રહ્મનાં સ્વરૂપ-લક્ષણનો સ્પષ્ટ અને સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ, તે હકીકત શ્રીગુરુજી જાણે છે, એટલે અહીં પણ **त्रय** સૂચક વિશેષણો દ્વારા બ્રહ્મનાં સ્વરૂપની કેટલીક વિશિષ્ટતા તેઓશ્રી શિષ્ય સમક્ષ રજુ કરે છે : સૌપ્રથમ તો એ કે આ બ્રહ્મતત્ત્વ અજન્મા અને અવિનાશી છે, એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે કોઈ પણ વર્ણ(**जाति**)માં એના જન્મની કલ્પના જ મિથ્યા છે, અને એક વાર આટલું સ્વીકારવામાં આવે તો પછી, તે તે વર્ણોના નીતિ-નિયમો, કુલ-ધર્મો, ગોત્રોની મર્યાદાઓ વગેરે તો બ્રહ્મને રહે જ શાની ? એનાથી દૂર-સુદૂર-અતિદૂર ! અને (૨) આ બ્રહ્મ તો સ્થૂલ-સૂક્ષ્મ-કારણ એ ત્રણેય પ્રકારનાં શરીરોથી સંપૂર્ણરીતે વિલક્ષણ છે, તો પછી તેને શરીરો સાથે સંકળાયેલાં નામ-રૂપ-આકાર-ગુણ-દોષ વગેરે સાથે તો કશો સંબંધ જ શાનો હોઈ શકે ? વળી, (૩) બ્રહ્મતત્ત્વ સર્વવ્યાપી (Omnipresent) હોવાથી, સ્થળ-કાળની કશી સીમાઓનાં બંધનો તો તેને હોઈ શકે નહીં. અને અપરિચ્છિન્ન બ્રહ્મની વિચારણામાં, એનાં ભાવનમાં, વસ્તુ અને વિષયની મર્યાદાઓને તો કશું સ્થાન જ ન હોઈ શકે. એ તો આ બધાંને અતિક્રમીને, આ બધાંથી પર, દૂર, એમનાંથી રહિત જ હોય !

આવું અસીમ, અસંગ, અનાસક્ત, સસારનાં સર્વ સ્થૂલ તત્ત્વોથી ન્યારું-નિરાળું આ જે બ્રહ્મ છે, 'તે જ તું છે (**तत् त्वं असि ।**)' – એમ 'તું નિત્ય નિરંતર, તારી અંદર, તારાં અંતઃકરણમાં (In the heart of your heart, **आत्मनि**) ચિંતન-મનન-ભાવન કર.'

શ્લોકનો છંદ : રથોદ્ધતા (૨૫૫)

૨૫૬

यत् परं सकलवागगोचरं
गोचरं विमलबोधचक्षुषः ।
शुद्धचिद्घनमनादिवस्तु यद्
ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २५६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યત્ પરં સકલવાગગોચરં
ગોચરં વિમલબોધચક્ષુષઃ ।
શુદ્ધચિદ્ઘનમનાદિવસ્તુ યદ્
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૫૬ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : યત્પરં, સકલ-વાગ્-અગોચરં, વિમલ-બોધ-ચક્ષુષઃ ગોચરં, શુદ્ધચિદ્ઘનં, અનાદિવસ્તુ યદ્ બ્રહ્મ (અસ્તિ), 'તત્' (બ્રહ્મ) 'ત્વં' અસિ, (ઇતિ) આત્મનિ ભાવય ॥ ૨૫૬ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : 'તદ્ બ્રહ્મ ત્વં અસિ' (ઇતિ) આત્મનિ ભાવય । 'તે બ્રહ્મ જ તું છે', – એવી તું તારાં હૃદયમાં ભાવના કર. કેવું બ્રહ્મ ? બ્રહ્મનાં આ પ્રમાણે પાંચ વિશેષણો : (૧) **યત્ પરં** (અસ્તિ) । જે પ્રકૃતિથી પર છે, સાંખ્યદર્શન-પ્રબોધિત ત્રિગુણાત્મિકા પ્રકૃતિ સાથે જેને કશો સંબંધ નથી, તેવું. એ જ સાંખ્ય-દર્શન અનુસાર, પુરુષનાં નિરીક્ષણને અનુસરીને જે 'પ્રકૃતિ' દ્વૈતભાવે જગતનું સર્જન કરે છે, તેનાથી અ-સ્પૃષ્ટ, અ-સંપૃક્ત. (૨) **સકલ-વાગ્-અગોચરમ્** । સઘળી વાણીથી જે અગોચર છે, કોઈ જ વાણીની શક્તિ જેને વર્ણવી શકતી નથી તેવું. સકળ વાણીનું પ્રભુત્વ જ્યાં કુંઠિત થઈ જાય છે તેવું, એટલે કે સંપૂર્ણરીતે અવર્ણનીય, વાગ્-અતીત, શબ્દ-અતીત, એવું. (૩) **વિમલ-બોધ-ચક્ષુષઃ ગોચરમ્** । **વિમલ** એટલે નિર્મળ, વિશુદ્ધ, પવિત્ર, **બોધ-ચક્ષુ** એટલે જ્ઞાન-ચક્ષુ, આત્મજ્ઞાનરૂપી આંખ. સર્વ-વાણીથી તે ભલે અગોચર હોય, પરંતુ વિશુદ્ધ જ્ઞાનચક્ષુ વડે જેને જોઈ-જાણી શકાય એવું, નિર્મળ આત્મસાક્ષાત્કારની આંખ વડે જે પૂરેપૂરું દૃશ્ય છે, જ્ઞેય છે, એવું (૪) **શુદ્ધચિદ્ઘનમ્**। એટલે પરમાત્માનાં ત્રણ શાશ્વત સ્વરૂપો (**સત્, ચિત્ આનન્દ**), એમાંનું એક, વચલું, પરમ ચૈતન્ય, જે શુદ્ધ ચૈતન્યમય છે, 'ચિન્મય' છે, એવું. અને (૫) **અનાદિવસ્તુ** । જેને કોઈ 'આદિ' નથી એવું તત્ત્વ, જેનો ક્યારે આરંભ થયો એની કોઈની જાણ નથી, એવું. હકીકતમાં, આરંભ-વિનાનું, Beginningless. (૨૫૬)

અનુવાદ : (પ્રકૃતિથી) જે પર છે, સકળ વાણીથી અગોચર હોવા છતાં વિશુદ્ધ જ્ઞાન-ચક્ષુ માટે જે ગોચર છે, જે શુદ્ધ ચૈતન્યમય અનાદિ તત્ત્વ છે એવું 'તે બ્રહ્મ તું જ છે,' એવું તું હૃદયમાં ભાવન કર (૨૫૬)

ટિપ્પણ : ગ્રંથકારે 'બ્રહ્મભાવન'નો આ મુદ્દો નિરૂપવાનું શરૂ કર્યું ત્યારપછી, શ્લોક ૨૫૩ અને ૨૫૪ની ધ્રુવપંક્તિ (Refrain) આ પ્રમાણે હતી :

તસ્માત્ તત્ત્વમસિ પ્રશાન્તમમલં બ્રહ્માદ્વયં યત્પરમ્ ।

શ્લોક ૨૫૫થી શરૂ થયેલી ધ્રુવપંક્તિ - **બ્રહ્મ તત્ત્વંમસિ** ભાવયાત્મનિ । અહીં ચાલુ છે અને છેક શ્લોક ૨૬૪ સુધી ચાલુ રહેવાની છે, - આ હકીકતમાં બ્રહ્મભાવનનું મહત્ત્વ રહેલું છે. બ્રહ્મભાવનનો મહિમા શિષ્યનાં મન-હૃદયમાં સતત ઘુંટાયા કરે, ઘુંટાતો જ રહે, એ જ હેતુ આવી પુનરપિ પુનરુક્તિની પાછળ રહેલો છે.

આવી ધ્રુવપંક્તિ વડે, 'તે (બ્રહ્મ) તું છે' એવો બ્રહ્મવિચાર શિષ્યનાં ચિત્તમાં સતત-અવિરત-અનવરત રાખીને, દરેક શ્લોકમાં, શ્રીસદ્‌ગુરુ કેન્દ્રવર્તી એવાં બ્રહ્મનાં સ્વરૂપ-લક્ષણમાં, થોડો થોડો અમૂલ્ય ઊમેરો કરતાં રહે છે. અહીં પણ એવાં જ પાંચ વિશેષણો દ્વારા શ્રીગુરુજીએ બ્રહ્મની વિશેષતા રજુ કરી છે. સાંખ્ય-દર્શન-પ્રબોધિત-ત્રિગુણાત્મિકા અને દ્વૈતભાવાત્મક પ્રકૃતિથી તો, બ્રહ્મ પર જ હોય (यत्-परम्). એ જ રીતે વાણીનું સઘળું વર્ચસ્વ બ્રહ્મ પાસે પાંગળું બની જાય છે, એનું વર્ણન કરવાની ગુંજાયશ કોઈ પણ શબ્દ પાસે નથી. આમ છતાં, આશ્ચર્યજનક અને અદ્‌ભુત હકીકત તો એ છે કે વિશુદ્ધ જ્ઞાન-ચક્ષુ પાસે એ પ્રત્યક્ષ બની જાય છે, એનું મૂળભૂત સ્વરૂપ સાક્ષાત્કારપાત્ર થઈ જાય છે. વળી, આ બ્રહ્મતત્ત્વ તો સદા શુદ્ધ, ચૈતન્યમય અને અનાદિ છે.

આમ, સ્થૂલ તત્ત્વો માટે અગોચર-અવર્ણનીય-અપ્રમેય, છતાં જ્ઞાનચક્ષુ-ગમ્ય એવું શુદ્ધ, ચૈતન્યઘન-સ્વરૂપ અને અનાદિ એવું આ બ્રહ્મતત્ત્વ, જો તેનું એકાગ્રચિત્તે 'ભાવન' કરવામાં આવે તો, સાધકને પ્રતીતિ થાય કે 'તે પોતે જ, તે બ્રહ્મતત્ત્વ છે !'

શ્લોકનો છંદ : **રથોદ્ધતા (૨૫૬)**

૨૫૭

षड्भिरूर्मिभिरयोगि योगिहृद्-
भावितं न करणैर्विभावितम् ।
बुद्ध्यवेद्यमनवद्यभूति यद्
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २५७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ષડ્‌ભિરૂર્મિભિરયોગિ યોગિહૃદ્-
ભાવિતં ન કરણૈર્વિભાવિતમ્ ।
બુદ્ધ્યવેદ્યમનવદ્યભૂતિ યદ્
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૫૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : षड्भिः ऊर्मिभिः अयोगि, योगिहृद्-भावितं, करणैः न विभावितं, बुद्धि-अवेद्यं, अनवद्य-भूति (ईदृशं) यद् ब्रह्म (अस्ति), तत् त्वं 'असि' (इति) आत्मनि भावय ॥ २५७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : यद् (ईदृशं) ब्रह्म (अस्ति), 'तत् त्वं असि' (इति) आत्मनि भावय । આ વાક્યની સમજૂતી આ પહેલાંના શ્લોકોમાં, અપાઈ ગઈ છે, એટલે હવે, यद् (ईदृशं) ब्रह्म, - 'આવું' જે બ્રહ્મ, તેનાં વિશેષણો સમજવાનાં રહે છે, જે આ પ્રમાણે છે :

(૧) षड्भिः ऊर्मिभिः अयोगि । અયોગિ એટલે જેને કશો 'યોગ' કે સંબંધ-

સંપર્ક નથી. કોની સાથે ? **षड्भिः ऊर्मिभिः** । **ऊर्मिभिः** છ ઊર્મિઓ સાથે. દર્શનશાસ્ત્ર પ્રમાણે છ ઊર્મિઓ આ પ્રમાણે છે : ભૂખ, તૃષા, શોક, મોહ, જરા અને મૃત્યુ. આ રીતે 'ઊર્મિ' શબ્દ અહીં પારિભાષિક છે. મનુષ્યનાં જીવન સાથે સંકળાયેલી આ 'ઊર્મિઓ' સાથે બ્રહ્મને કશો સંબંધ નથી, એટલે કે બ્રહ્મ પર છે આવા 'વિકારો'થી.

(૨) **योगि-हृद्-भावितम्** । પરંતુ આ બ્રહ્મતત્ત્વ એવું છે, જેનું યોગીઓ પોતાનાં હૃદયમાં (हृद्) સતત ભાવન કર્યા કરતા હોય છે. યોગીઓનાં ધ્યાન(Meditation)નું કેન્દ્ર જ આ બ્રહ્મ હોય છે.

(૩) **करणैः न विभावितम्** । **करणैः** એટલે ઇન્દ્રિયો, જેના વડે આ બ્રહ્મ કદી ય પકડાતું નથી (**न विभावितम्**). કહેવાતી (So-called) આપણી જ્ઞાનેન્દ્રિયો પણ બ્રહ્મનું ગ્રહણ કરવામાં, એને જાણવામાં, એનું વિભાવન કરવામાં સંપૂર્ણરીતે અસમર્થ છે.

(૪) **बुद्धि-अवेद्यम्** । **अवेद्य** એટલે ન જાણી શકાય એવું. **विद्** એટલે જાણવું, એ ધાતુનું વિધ્યર્થ કર્મણિ કૃદન્તનું રૂપ. જેમ જ્ઞાનેન્દ્રિયો, તેમ બુદ્ધિ પણ બ્રહ્મને જાણવાની બાબતમાં અશક્ત છે.

(૫) **अनवद्य-भूति** । **भूति** એટલે સમૃદ્ધિ, ઐશ્વર્ય, મહિમા, **अनवद्य** એટલે દોષ કે ખામી વિનાનું. જેનું ઐશ્વર્ય નિર્દોષ છે, એટલે કે પરિપૂર્ણ (Perfect) છે. (૨૫૭)

અનુવાદ : (ભૂખ-તરસ વગેરે) છ વિકારોથી રહિત, યોગીઓ પોતાનાં હૃદયમાં જેનું સતત ભાવન કરે છે એવું, ઇન્દ્રિયોથી જેનું ગ્રહણ થઈ શકતું નથી એવું, બુદ્ધિથી જેને જાણવું અશક્ય છે એવું, અને પરિપૂર્ણ ઐશ્વર્યવાળું જે બ્રહ્મ છે, 'તે (બ્રહ્મ) તું છે,' એમ તારાં મનમાં મનન કર. (૨૫૭)

ટિપ્પણ : આમ તો, બ્રહ્મનાં પાંચેય વિશેષણોની જરૂરી સમજૂતી શબ્દાર્થ-વિભાગમાં અપાઈ જ ગઈ છે, છતાં થોડો સમુચિત વિસ્તાર કરીએ : મનુષ્યને સ્થૂળ શરીર છે અને એમાં એનાં પ્રાણ અને મન છે. આ બધાંને પોતાનાં પોષણ-રક્ષણ માટે, પોતપોતાની જૂદી જૂદી જરૂરિયાતો હોય છે, જેના માટે અહીં **'ઊર્મિઓ'** (વિકારો) એવો પારિભાષિક શબ્દ પ્રયોજાયો છે. સ્થૂળ શરીર ઇચ્છે કે ન ઇચ્છે, ઘડપણ અને મરણ, એની સાથે અનિવાર્યરૂપે સંકળાયેલાં છે. ભૂખ અને તરસ, - એ બે **'ઊર્મિઓ'** પ્રાણની છે, જ્યારે શોક અને મોહ, - એ બે મનના વિકારો છે, પરંતુ આ છમાંથી એકેય સાથે બ્રહ્મને કશો જ સંબંધ નથી (**अयोगि**).

પણ યોગીઓનાં હૃદયનું ભાવન તો બ્રહ્મ સાથે સતત ચાલતું જ હોય છે. અને બિચારી બુદ્ધિ અને ઇન્દ્રિયો ! બ્રહ્મ પાસે તેઓ તો સંપૂર્ણરીતે અસહાય અને લાચાર (Helpless) ! એમનું તો બ્રહ્મ પાસે કશું જ ચલણ કે ઉપજણ જ નહીં !

પરંતુ બ્રહ્મનું પોતાનું ઐશ્વર્ય તો એવું પરિપૂર્ણ કે એમાં કોઈ પણ દોષ કે ઉણપને અવકાશ જ નહીં !

ટિપ્પણ પૂરું કરતાં પહેલાં, શ્લોકની એક ભાષાકીય વિશિષ્ટતાની નોંધ કરવાનાં પ્રલોભનને ટાળી શકાય તેમ નથી. નિરૂપણ ચાલી રહ્યું છે, 'બ્રહ્મભાવન' જેવા એક ઉચ્ચ દાર્શનિક વિષયનું, અને છતાં આચાર્યશ્રીનું કવિત્વ તો અહીં પણ અનાયાસ આવિષ્કૃત થઈ ગયું છે. શ્લોકનાં પ્રથમ ત્રણ પાદ(ચરણ)માં, શબ્દ-ચમત્કૃતિ વડે સ્વયમેવ શોભતો અને શ્લોકને શોભાવતો 'અનુપ્રાસ'-નામક શબ્દાલંકાર, કાવ્યરસિક સહૃદયનાં હૃદયને સ્પર્શ્યા વિના રહેતો નથી. પ્રથમ પાદમાં 'અયોગિ'-યોગિ, બીજા પાદમાં અને ત્રીજા પાદમાં 'ભાવિત-વિભાવિત', 'વેદ્ય-વદ્ય' – એ ત્રણ શબ્દ-યુગલોમાંના પ્રાસાનુપ્રાસ, જેટલા સ્વયમેવ સિદ્ધ છે, એટલા જ અર્થદ્યોતક પણ છે. આમ, 'તત્ત્વચિંતક' શંકરાચાર્ય પણ પોતાનામાંના 'કવિ'(the poet in him)નાં સ્વરૂપને ક્યારેક-ક્યારેક અભિવ્યક્ત કરતા રહે છે !

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૨૫૭)

૨૫૮

भ्रान्तिकल्पितजगत्कलाश्रयं
स्वाश्रयं च सदसद्विलक्षणम् ।
निष्कलं निरुपमानमृद्धिमद्
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २५८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભ્રાન્તિકલ્પિતજગત્કલાશ્રયં
સ્વાશ્રયં ચ સદસદ્વિલક્ષણમ્ ।
નિષ્કલં નિરુપમાનમૃદ્ધિમદ્
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૫૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (યદ્) ભ્રાન્તિકલ્પિતજગત્કલાશ્રયં, સ્વાશ્રયં, સત્-અસત્- વિલક્ષણં નિષ્કલં, નિરુપમાનં, ઋદ્ધિમત્ ચ, તત્ બ્રહ્મ ત્વં અસિ (ઇતિ) આત્મનિ ભાવય ॥ ૨૫૮ ॥

શબ્દાર્થ : આ પહેલાંના શ્લોકોમાં છે તેમ, મુખ્ય વાક્ય : તત્ બ્રહ્મ ત્વં અસિ (ઇતિ) આત્મનિ ભાવય । કેવું બ્રહ્મ ? આ પ્રમાણે, બ્રહ્મનાં છ વિશેષણો છે :

(૧) ભ્રાન્તિ-કલ્પિત-જગત્-કલા-આશ્રયમ્ । જગત્-કલા એટલે જગતરૂપી કલા અથવા કલ્પના, આશ્રય એટલે આધારરૂપ, અધિષ્ઠાનરૂપ : ભ્રાન્તિ વડે કલ્પવામાં આવેલી આ જગતરૂપી કલાના આધારરૂપ જે છે, તેવું બ્રહ્મ.

(૨) સ્વ-આશ્રયમ્ । જેને પોતાના સિવાય અન્ય કોઈનો આધાર નથી, માત્ર પોતાના એકના જ આધાર પર નિર્ભર છે, એવું બ્રહ્મ.

(૩) સત્-અસત્-વિલક્ષણમ્ । સત્ અને અસત્ બંનેથી જૂદું-ભિન્ન-પૃથક્ છે, એવું બ્રહ્મ.

(૪) निष्कलम् । कला એટલે અંગ-અવયવ-ભાગ, અવયવો વિનાનું, નિરવયવ, સકલ, સંપૂર્ણ, એવું બ્રહ્મ.

(૫) निरुपमानम् । ઉપમાન-રહિત, અનુપમ, જેની સાથે સરખાવી શકાય, એવી કોઈ વસ્તુ વિનાનું, અદ્વિતીય, અજોડ (Unparalleled, unique), એવું બ્રહ્મ.

(૬) ऋद्धिमत् । અત્યંત સમૃદ્ધ, ઉચ્ચ ઐશ્વર્યથી સંપન્ન, સર્વોચ્ચ મહિમાવંતું એવું બ્રહ્મ (૨૫૮)

અનુવાદ : ભ્રાન્તિ વડે કલ્પવામાં આવેલી આ જગતરૂપી કલાના આધારરૂપ; પોતાના-એકના જ આધાર પર નિર્ભર, સત્ અને અસત્ બંનેથી ભિન્ન, અવયવ-વિનાનું, અનુપમ, અને પરમ-ઐશ્વર્યસંપન્ન એવું જે બ્રહ્મ છે, તે (બ્રહ્મ) તું જ છે, - એવું તું અંતઃકરણમાં ભાવન કર. (૨૫૮)

ટિપ્પણ : આ જગતરૂપી કલા ભલે ભ્રમણારૂપી કલ્પનાનું પરિણામ હોય, છતાં પણ તેને કોઈ આધાર-અધિષ્ઠાન-આશ્રય (Substratum) તો જોઈએને ! એવો આધાર આ બ્રહ્મ છે. પરંતુ તરત પ્રશ્ન થાય કે બ્રહ્મ ભલે જગતનો આધાર હોય, પણ એ બ્રહ્મનો આધાર શું ? કોણ ? એ કોના આશ્રયે રહે છે, ટકે છે ? એક જ ઉત્તર કે એને અન્ય કોઈના આશ્રયની જરૂર જ નથી. સમસ્તના આશ્રયરૂપ જે હોય, તેને વળી અન્ય કોઈનો આશ્રય શા માટે ? એ તો 'સ્વાશ્રય' છે, અને એટલે એ જ અર્થમાં તે 'નિરાશ્રય', 'અનાશ્રય' પણ છે ! 'સત્' હોય એનું ગ્રહણ કરી શકાય, અને 'અસત્' હોય એનો ત્યાગ કરી શકાય, પરંતુ આ બ્રહ્મ તો 'સત્' અને 'અસત્' બંનેથી અળગું છે, ગ્રહણ-ત્યાગની વિભાવનાથી પર છે, અને એ તો સદા-સર્વદા 'અખંડ' છે, 'સંપૂર્ણ' છે, 'પરિપૂર્ણ' (Undivided, whole, compact, Perfect) છે, પછી એને વળી અવયવો કેવાં ! જે અર્થમાં એ 'નિષ્કલ' છે, એ જ અર્થમાં 'સકલ' છે. કેવો વિરોધાભાસ ! એને કોની ઉપમા આપવી ? જેની સાથે એની ઉપમા આપી શકાય એવું કોઈક 'ઉપમાન' તો હોવું જોઈએને ! પરંતુ એવું કશું છે જ નહીં, એટલે એ તો છે સદા-સર્વદા એક, અદ્વિતીય, અજોડ, અનુપમ, નિરુપમ ! અને એની સમૃદ્ધિ તો, અપાર, અપરંપાર, અનંત ! આવી એની ઋદ્ધિ, એ જ એનું ઐશ્વર્ય, એ જ એનો મહિમા !

આવાં બ્રહ્મનાં 'ભાવન'નો શ્રીસદ્‌ગુરુ શિષ્યને અનુરોધ કરે છે.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા (૨૫૮)**

૨૫૯

जन्मवृद्धिपरिणत्यपक्षय-
व्याधिनाशनविहीनमव्ययम् ।
विश्वसृष्ट्यवनधातकारणं
ब्रह्म 'तत्वमसि' भावयात्मनि ॥ २५९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જન્મવૃદ્ધિપરિણત્યપક્ષય-
-વ્યાધિનાશનવિહીનમવ્યયમ્ ।
વિશ્વસૃષ્ટ્યવનઘાતકારણં
બ્રહ્મ 'તત્વમસિ' ભાવયત્મનિ ॥ ૨૫૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : જન્મ-વૃદ્ધિ-પરિણતિ-અપક્ષય-વ્યાધિ-નાશન-વિહીનં, અવ્યયં, વિશ્વ-સૃષ્ટિ-અવન-ઘાત-કારણં, (ઈદૃશં) યદ્ બ્રહ્મ, 'તત્' (બ્રહ્મ) 'ત્વં' અસિ (ઇતિ) આત્મનિ ભાવય ॥ ૨૫૯ ॥

શબ્દાર્થ : આ પહેલાંના શ્લોકોમાં છે તેમ, મુખ્ય વાક્ય : તત્ (બ્રહ્મ) ત્વં અસિ (ઇતિ) ભાવય । કેવું બ્રહ્મ ? આ પ્રમાણે બ્રહ્મનાં **ત્રણ** વિશેષણો છે. (૧) **જન્મ-વૃદ્ધિ-પરિણતિ-અપક્ષય-વ્યાધિ-નાશન-વિહીનમ્** । **જન્મ** એટલે જન્મ, અને **વૃદ્ધિ** એટલે જન્મ પછીનાં બાલ્યાવસ્થા-કિશોરાવસ્થા-યુવાવસ્થા વગેરે શરીરના વધવાના, વિકાસના તબક્કાઓ, **પરિણતિ** એટલે પરિણામ, પરિવર્તન, સતત બદલતાં રહેવાની પરિસ્થિતિ(Change), **અપક્ષય** એટલે ક્ષય પામવો, ક્ષીણ થવું, **વ્યાધિ** એટલે રોગ, માંદગી, **નાશન** એટલે વિનાશ, મરણ, અવસાન. જન્મ પામતાં શરીર સાથે સ્વભાવગત રીતે સંકળાયેલા આ જે છ 'વિકારો' છે તેનાથી બ્રહ્મ રહિત છે. જન્મથી શરૂ થતા અને મૃત્યુ સાથે પૂરા થતા આ છ વિકારોથી બ્રહ્મ પર છે, કારણ કે તે અજન્મા છે અને અમર્ત્ય છે.

(૨) **અ-વ્યયમ્** । **વ્યય** એટલે વિનાશ. અનંત અને અમર્ત્ય હોવાથી બ્રહ્મ અવિનાશી છે.

(૩) **વિશ્વ-સૃષ્ટિ-અવન-ઘાત-કારણમ્** । **સૃષ્ટિ** એટલે સર્જન, ઉત્પત્તિ, **અવન** એટલે રક્ષણ, પાલન-પોષણ (**અવ્** રક્ષવું, એ ધાતુ પરથી બનેલું નામ Noun અવનમ્). **ઘાત** એટલે સંહાર, નાશ. આ સૃષ્ટિનાં સર્જન-પાલન-સંહાર, - એ ત્રણેય પ્રક્રિયાઓનું કારણ, બ્રહ્મ છે. (૨૫૯)

આવું જે બ્રહ્મ છે, 'તે જ તું છે,' એવું ભાવન તું તારાં અંતરાત્મામાં કર.

અનુવાદ : જન્મવું, વધવું, બદલાવું, ક્ષીણ થવું, માંદા પડવું અને મૃત્યુ પામવા(શરીર સાથે સંકળાયેલા આ છ વિકારો)થી રહિત, અવિનાશી અને જગતનાં સર્જન-રક્ષણ-સંહારનું કારણ, એવું જે બ્રહ્મ છે, 'તે તું છે,' એવું ભાવન તારાં અંતઃકરણમાં કર. (૨૫૯)

ટિપ્પણ : આ શ્લોકમાંનાં, બ્રહ્મનાં ત્રણેય વિશેષણોથી, આધ્યાત્મિક માનસ ધરાવતો કોઈ પણ સામાન્ય પ્રકારનો સાધક પણ પરિચિત હોય જ, અને એ ત્રણેય સાથે સંકળાયેલી જરૂરી વીગતોને શબ્દાર્થ-વિભાગમાં રજુ કરવામાં આવી છે, એટલે હવે કશા વિસ્તારની આવશ્યકતા રહેતી નથી.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા (૨૫૯)**

૨૬૦

अस्तभेदमनपास्तलक्षणं
निस्तरंगजलराशिनिश्चलम् ।
नित्यमुक्तमविभक्तमूर्ति यद्
ब्रह्म तत्त्वमसि भावयात्मनि ॥ २६० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અસ્તભેદમનપાસ્તલક્ષણં
નિસ્તરંગજલરાશિનિશ્ચલમ્ ।
નિત્યમુક્તમવિભક્તમૂર્તિ યદ્
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૬૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : અસ્તભેદં, અનપાસ્તલક્ષણં, નિસ્તરંગજલરાશિનિશ્ચલં, નિત્યમુક્તં, અવિભક્તમૂર્તિ, (ઈદૃશં) યદ્ બ્રહ્મ, 'તત્ (બ્રહ્મ) ત્વં અસિ' (ઇતિ) આત્મનિ ભાવય ॥ ૨૬૦ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : આ પહેલાંના શ્લોકો પ્રમાણે છે.

કેવું બ્રહ્મ ? આ **પાંચ** વિશેષણો પ્રમાણે :

(૧) **અસ્તભેદમ્** । જેમાંથી સર્વ પ્રકારના ભેદો, સર્વ પ્રકારની ભિન્નતા, સઘળું જૂદાપણું - પૃથક્ત્વ, અસ્ત થઈ ગયાં છે એવું, એટલે જેનાં સ્વરૂપમાં કે વ્યક્તિત્વમાં કશા પણ ભેદ માટે અવકાશ નથી, એવું સંપૂર્ણરીતે ભેદરહિત.

(૨) **અનપાસ્તલક્ષણમ્** । કોઈ પણ વસ્તુ જેનું લક્ષણ બની શકતું નથી, એવું, જેના માટે કોઈ લક્ષણ રહ્યું નથી એવું, લક્ષણ-રહિત.

(૩) **નિસ્તરંગજલરાશિનિશ્ચલમ્** । **જલરાશિ** એટલે જળનો મોટો જથ્થો, એટલે કે સાગર, સમુદ્ર. **તરંગ** એટલે મોજાં (Waves) અને **નિસ્તરંગ** એટલે મોજાં વગરના, શાંત, નિશ્ચલ, એટલે કોઈ પ્રકારનાં હલન-ચલન(Movements)વિનાનું, નિશ્ચલ. પ્રશાંત, મોજા-વિનાના સમુદ્ર જેવું શાંત, નિશ્ચલ.

(૪) **નિત્યમુક્તમ્** । જેને કોઈ પણ પ્રકારનાં બંધનો કે કોઈ પણ પ્રકારની મુક્તિની સાપેક્ષતા નડતી નથી, એવું સદા-સર્વદા મુક્ત.

(૫) **અવિભક્તમૂર્તિ** । **મૂર્તિ** એટલે સ્વરૂપ, આકાર, દેખાવ, **અવિભક્ત** - કશા પણ ભાગ-વિભાગ પાડ્યા વિનાનું, અખંડ, સંપૂર્ણ. જે અખંડ-સ્વરૂપ છે, એવું. (૨૬૦)

અનુવાદ : સંપૂર્ણરીતે ભેદરહિત, લક્ષણ-રહિત, મોજાં વિનાના સમુદ્ર જેવું પ્રશાંત, નિત્ય-મુક્ત અને અખંડ-સ્વરૂપ, એવું જે બ્રહ્મ છે, 'તે તું છે', એમ તારા પોતાના વિશે તું ભાવન કર. (૨૬૦)

ટિપ્પણ : જે 'એક' અને 'અદ્વિતીય' છે, એવાં બ્રહ્મ વિશે કોઈ પણ પ્રકારના ભેદની કલ્પના જ અશક્ય છે. વેદાન્ત-દર્શનના પાયામાં રહેલું તત્ત્વ જ 'અદ્વૈત' છે અને આચાર્યશ્રીનો આ વિશેનો સિદ્ધાંત જ **'કેવલાદ્વૈત'** નામે પ્રસિદ્ધ છે. વળી 'દ્વૈત' એટલે જ બે હોવાપણું(Dualism). ભેદ, ભિન્નતા, પૃથક્ત્વ, જૂદાં હોવાપણું. બ્રહ્મ તો આવી બધી પરિસ્થિતિઓથી પર છે, સંપૂર્ણતઃ ભેદરહિત, અભેદ છે.

થોડો અપ્રસ્તુત છતાં આ અનુસંધાનમાં પ્રસ્તુત એવો એક પ્રસંગ યાદ આવી જાય છે. એ સરસ સંદર્ભને ટાંકવાનાં પ્રલોભનને ટાળી શકાતું નથી : **બૃહદારણ્યક** ઉપનિષદ(અધ્યાય-૩)માં વિદેહ-દેશના પ્રસિદ્ધ રાજા જનક વિશેનો એ પ્રસંગ આ પ્રમાણે મળે છે. આ જનક-રાજાના બહુ-દક્ષિણાવાળા યજ્ઞ-પ્રસંગે, કુરુ-પાંચાલ-દેશોના અનેક બ્રાહ્મણો એકત્રિત થયા હતા. જનકને એ જાણવાની ઇચ્છા હતી કે આ બધા બ્રાહ્મણોમાં અતિશય 'બ્રહ્મજ્ઞ', એટલે કે બ્રહ્મજ્ઞોમાં શ્રેષ્ઠ એવો બ્રાહ્મણ (**બ્રહ્મિષ્ઠ**) કોણ છે ? યાજ્ઞવલ્ક્યે બ્રહ્મિષ્ઠ હોવાનો દાવો(Claim) કર્યો, પરંતુ બાકીના બધા બ્રાહ્મણોએ યાજ્ઞવલ્ક્યના આ અધિકારનો વિરોધ કર્યો અને પછી તો અનેક બ્રાહ્મણોએ યાજ્ઞવલ્ક્ય સાથે બ્રહ્મનાં સ્વરૂપ વિશે સુદીર્ઘ શાસ્ત્રાર્થ કર્યો, જે દરમિયાન. 'બ્રહ્મ અદ્વિતીય છે,' એવું નિરૂપણ કરતાં, યાજ્ઞવલ્ક્યે એક સૂચક વિધાન આ પ્રમાણે કર્યું હતું: **द्वितीयाद् वै भयं भवति** । એટલે કે 'ભય ત્યારે જ ઉત્પન્ન થાય છે, જ્યારે દ્વૈત હોય ! અને દ્વૈત એટલે જ 'ભેદ' !

યાજ્ઞવલ્ક્યે આ મૂળ વિધાન તો બ્રહ્મ-સ્વરૂપ વિશેનાં દાર્શનિક અનુસંધાનમાં કર્યું છે, પરંતુ આપણાં ભૌતિક જગતનાં વ્યાવહારિક જીવનમાં પણ આ વિધાનની વ્યંજના એટલી જ પ્રસ્તુત છે !

કોઈ માણસને એક જ પુત્ર હોય તો, એના અવસાન પછી, મિલકતની વ્હેંચણીમાં કશી જ તકલીફ પડતી નથી, પરંતુ જો બે પુત્રો હોય, તો પિતાના વારસાની વ્હેંચણીમાં, તે બંનેને એકબીજાનો ભય રહે છે અને વ્હેંચણીના આવા મામલામાં ભયંકર ઝગડા થાય છે, ઝગડો કોર્ટ સુધી પહોંચે છે, અને ક્યારેક તો આવો ઝગડો ખૂનમાં પરિણમે છે !

કારણ ? **द्वितीयाद् वै भयं भवति** ।

બધો 'ભય' બીજી (દ્વિતીય) વ્યક્તિ તરફથી જ હોય છે.

અહીં 'બ્રહ્મ'ને માટે 'ભેદ-રહિત' (**अस्तभेदम्**), 'અભેદ' એવું વિશેષણ પ્રયોજાયું છે. યાજ્ઞવલ્ક્યનાં ઉપર્યુક્ત વિધાનમાંથી, બ્રહ્મનાં સ્વરૂપ વિશે જે એક વિશેષતા આપોઆપ ઉપસી આવે છે, તે એ છે કે બ્રહ્મ અદ્વિતીય-અદ્વૈત-અભેદ હોવાથી 'અભય', 'નિર્ભય' છે !

'લક્ષણ' કોને હોય ? પોતાના કોઈક સ્વકીય ગુણધર્મોને કારણે, જે બીજાં-બધાંથી અળગું હોય, તેનું જ લક્ષણ હોઈ શકે, પરંતુ બ્રહ્મ તો 'સર્વમય' છે. આવાં બ્રહ્મને, બીજાં કશાથી જૂદું પાડતું કોઈ ભેદક લક્ષણ ન હોઈ શકે, અને તેથી જ બ્રહ્મ 'અનપાસ્ત-લક્ષણ' છે.

અને જે હંમેશાં 'અવિચળ' છે, એની પ્રશાંતિ તો તરંગ-વિનાના સમુદ્ર જેવી જ હોય ! (निस्तरंगजलराशि-निश्चलम् ।)

વળી, 'નિત્યમુક્ત' અને 'અખંડસ્વરૂપ' (अविभक्तमूर्ति) એ બે તો, બ્રહ્મનાં સ્વરૂપનાં સ્વયંસિદ્ધ એવાં પાસાં છે.

આવું (ईदृशं) જે બ્રહ્મ છે, 'તે જ તું છે', એવું તું તારી અંદર મનન કર.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૨૬૦)

૨૬૧

एकमेव सदनेककारणं
कारणान्तरनिरासकारणम् ।
कार्यकारणविलक्षणं स्वयं
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २६१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એકમેવ સદનેકકારણં
કારણાન્તરનિરાસકારણમ્ ।
કાર્યકારણવિલક્ષણં સ્વયં
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૬૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : स्वयं एकं एव सत् (यद्) अनेककारणं (अस्ति), कारणान्तर-निरास-कारणं, कार्य-कारण-विलक्षणं, (ईदृशं) यद् ब्रह्म (अस्ति), 'तत् त्वं असि' (इति) आत्मनि भावय ॥ २६१ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય આ પહેલાંના શ્લોકો પ્રમાણે છે : કેવું બ્રહ્મ ? આ ત્રણ વિશેષણો પ્રમાણે :

(૧) स्वयं एकं एव सत् (अपि यद्) अनेककारणं (अस्ति) । सत् अपि - હોવા છતાં પણ, अनेक-कारणम् । અનેકનું કારણ છે. (જે) પોતે એક જ હોવા છતાં, અનેકનું કારણ છે. બ્રહ્મ પોતે તો एकं एव अद्वितीयम् છે, અને છતાં આ વિરાટ બ્રહ્માંડમાં અસંખ્ય વસ્તુઓ અને જીવો છે, તે સર્વનું તે કારણ છે, તે સર્વનો તે સર્જક છે, ઉત્પાદક છે.

(૨) कारणान्तर-निरास-कारणम् । कारणान्तर એટલે બીજું કોઈ કારણ (अन्यत् कारणं कारणान्तरम् ।) (नित्य-समास). निरास એટલે નિષેધ. બ્રહ્મ પોતે જ એક કારણ હોવાથી, સર્વ કારણોનું મૂળ કારણસ્વરૂપ હોવાથી, અન્ય કોઈ પણ કારણ માટે આ વિશ્વમાં અવકાશ રહેતો જ નથી, એટલે એવાં અન્ય કારણોનો નિષેધ કરવો જ જોઈએ. એવો નિષેધ આ બ્રહ્મ કરે છે અને તેથી એવા નિષેધનું તે કારણ છે.

(૩) **कार्य-कारण-विलक्षणम्** । કાર્ય-કારણ-ભાવ એટલે કોઈક કારણમાંથી કોઈક કાર્યની ઉત્પત્તિ થવી તે, આવી પ્રક્રિયા (Law of causation). આ પહેલાં, આચાર્યશ્રીએ, પોતાને અભિમત એવા **'કેવલાદ્વૈત'**વાદનાં અનુસંધાનમાં, પ્રસ્થાપિત કરેલી બે 'સત્તા'(પારમાર્થિક અને વ્યાવહારિક સત્તા)નો આપણે ઉલ્લેખ કર્યો હતો. તે અનુસાર, જગત ભલે 'મિથ્યા' હોય, પરંતુ વ્યાવહારિક 'સત્તા'ના દૃષ્ટિકોણથી, બ્રહ્મ જગતરૂપી 'કાર્ય'(Effect)નું 'કારણ' (Cause) છે અને છતાં પારમાર્થિક 'સત્તા'ના દૃષ્ટિકોણથી આવા કાર્યકારણભાવનું નિરીક્ષણ કરીએ ત્યારે, તરત જ સમજાય કે બ્રહ્મ આવા કાર્યકારણભાવથી વિલક્ષણ, પર અને ન્યારું-નોખું-નિરાળું છે.

બસ, આવું જે બ્રહ્મ છે, 'તે તું છે', એવું તારી ભીતર ભાવન કર. (૨૬૧)

અનુવાદ : (જે) પોતે એક જ હોવા છતાં અનેકનું કારણ છે, બીજાં કારણોના નિષેધનું જે કારણ છે અને જે પોતે તો કાર્યકારણભાવથી વિલક્ષણ છે, – આવું જે બ્રહ્મ છે, 'તે તું છે,' અંતકરણમાં એવું વિભાવન કર. (૨૬૧)

ટિપ્પણ : આમ તો, બ્રહ્મનાં ત્રણેય વિશેષણોને શબ્દાર્થ-વિભાગમાં સવિસ્તર સમજાવવામાં આવ્યાં છે, એટલે વધુ કશું ઊમેરવાનું રહેતું નથી. પરંતુ શ્લોકનો પાઠ કરતાં, એક હકીકત 'ઊડીને આંખે વળગે' છે, તેની નોંધ લઈએ :

શ્લોકની પહેલી ત્રણેય પંક્તિઓમાં, 'કારણ' શબ્દ પ્રયોજાયો છે, અને તેમાંયે બીજી પંક્તિમાં તો, વળી, બે વાર ! આવો શબ્દ-પ્રયોગ કંઈ અકસ્માત નથી, પરંતુ સ-પ્રયોજન છે. એ પ્રયોજન વળી ક્યું ?

એ પ્રયોજન તે આ : બ્રહ્મ આ જગતનું 'ઉપાદાન' અને 'નિમિત્ત' બંને પ્રકારનું કારણ છે, એ તો સ્વીકારવું જ પડે, – વ્યાવહારિક અને પારમાર્થિક એવી પરસ્પર-વિરોધી બે સત્તા વચ્ચે અનિવાર્ય એવો મેળ બેસાડવા માટે. પરંતુ આવા ઉપલકિયા અથવા ઉપરચોટિયા મેળથી ભરમાઈને, કોઈક અધીરો-ઉતાવળિયો-અપરિપક્વ સાધક, આવા મેળને જ આત્યંતિક સત્ય માની લે તો ? તો તો, 'બ્રહ્મભાવન' જેવા મહત્ત્વના મુદ્દાની સાચી સમજણથી તે વંચિત જ રહી જાય !

અને એટલે જ, 'વ્યાવહારિક સત્તા'ની પાછળ રહેલી, સાચી 'સત્તા' સમી 'પારમાર્થિક સત્તા' પ્રત્યે સાધકનું લક્ષ ખેંચીને **વેદાન્ત**-દર્શનનાં હાર્દ સમાં આત્યંતિક 'અદ્વૈત'ની વિભાવનાની તેને પ્રતીતિ કરાવવી જ રહી !

બસ, આ જ હેતુ છે, 'કારણ' શબ્દની, ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણના ઉદ્દેશથી કરવામાં આવેલી, પુનરુક્તિ(Repetion)નું !

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૨૬૧)

૨૬૨

निर्विकल्पकमनल्पमक्षरं
यत् क्षराक्षरविलक्षणं परम् ।

नित्यमव्ययसुखं निरंजनं
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २६२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિર્વિકલ્પકમનલ્પમક્ષરં
યત્ ક્ષરાક્ષરવિલક્ષણં પરમ્ ।
નિત્યમવ્યયસુખં નિરંજનં
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૬૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : નિર્વિકલ્પકં, અનલ્પં, અ-ક્ષરં, ક્ષર-અક્ષર-વિલક્ષણં, પરં, નિત્યં, અવ્યયસુખં, નિરંજનં યદ્ (ઈદૃશં) બ્રહ્મ (અસ્તિ), 'તત્ ત્વં અસિ' (ઇતિ) આત્મનિ ભાવય ॥ ૨૬૨ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : આ પહેલાંના શ્લોકો પ્રમાણે છે.

કેવું બ્રહ્મ ? આ પ્રમાણે, નાનાં-નાનાં આઠ વિશેષણો ધરાવતું.

(૧) નિર્વિકલ્પકમ્ । કોઈ પણ પ્રકારના વિકલ્પો વિનાનું.

(૨) અનલ્પમ્ । 'અલ્પ' નહીં એવું, કોઈ પણ પ્રકારની અલ્પતા કે લઘુતાથી રહિત, એટલે કે મોટું, મહાન, બૃહદ્.

(૩) અક્ષરમ્ (અ-ક્ષરમ્) । જે 'ક્ષર' નથી એવું, એટલે કે કદી પણ નાશ ન પામતું, અવિનાશી છે.

(૪) ક્ષર-અક્ષર-વિલક્ષણમ્ । ક્ષર એટલે વિનાશશીલ અને અક્ષર એટલે અવિનાશી. શરીર વગેરે ક્ષર છે અને જીવ અક્ષર છે, એ બંનેથી વિલક્ષણ જૂદું, પૃથક્.

બ્રહ્મનાં આ વિશેષણનું સ્પષ્ટ સમર્થન આપણને ગીતાના આ શ્લોકોમાં સાંપડે છે :

द्वौ इमौ पुरुषौ लोके क्षरः च अक्षरः एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थः अक्षरः उच्यते ।
उत्तमः पुरुषः तु अन्यः परमात्मा इति उदाहृतः ।
यः लोकत्रयं आविश्य विभर्ति अव्ययः ईश्वरः ॥
यस्मात् क्षरं अतीतः अहं अक्षरात् अपि च उत्तमः ॥
अतः अस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥(૧૫.૧૬,૧૭,૧૮)

("આ લોકમાં 'ક્ષર' અને 'અક્ષર' એવા બે પુરુષો છે. સર્વ ભૂતોને 'ક્ષર' (નાશવંત) અને કૂટસ્થને 'અક્ષર' (અવિનાશી) કહેવામાં આવે છે.

પરંતુ ઉત્તમ પુરુષ તો જૂદો જ છે, તેને 'પરમાત્મા' કહેવામાં આવે છે, જે અવિનાશી ઈશ્વર ત્રણેય લોકમાં પ્રવેશ કરીને ભરણપોષણ કરે છે.

હું 'ક્ષર'ને અતિક્રમીને રહેલો છું તથા 'અક્ષર'થી પણ ઉત્તમ છું, તેથી લોકમાં અને વેદમાં હું 'પુરુષોત્તમ' તરીકે પ્રખ્યાત છું.")

(૫) परम् । ૫૨, ૫૨મ, સર્વોચ્ચ, સર્વોત્તમ, સર્વોત્કૃષ્ટ (Highest).

(૬) नित्यम् । સદા-સર્વદા અસ્તિત્વ ધરાવતું, શાશ્વત (Eternal).

(૭) अव्ययसुखम् । જેમાંથી મળતું સુખ વ્યય-વિનાનું, સ્થિર, નિશ્ચલ, અતીન્દ્રિય, અવિચલ છે, એવું.

(૮) निरंजनम् (निर्-अंजनम्) કોઈ પણ પ્રકારનાં અંજન-આંજણ-લેપ વિનાનું, નિર્લેપ (Un-stained, Un-tinged), કોઈ પણ પ્રકારની કૃત્રિમતાથી રહિત, નિર્વ્યાજ, સત્ત્વ વગેરે ત્રણ ગુણોના પ્રભાવથી, અજ્ઞાનના દોષથી સર્વથા-સંપૂર્ણતઃ રહિત (૨૬૨)

અનુવાદ : વિકલ્પો-વિનાનું, અલ્પતા-રહિત (મહાન), અવિનાશી, ક્ષર-અક્ષર બંનેથી વિલક્ષણ, ૫૨મ, નિત્ય, અવિચલ-આનંદ-સ્વરૂપ અને નિરંજન, – એવું જે બ્રહ્મ છે, 'તે તું છે', આવું ભાવન તારાં હૃદયમાં કર (૨૬૨)

ટિપ્પણ : બ્રહ્મનાં નાનાં-મોટાં આઠેય વિશેષણોને શબ્દાર્થ - વિભાગમાં સમુચિત રીતે સમજાવવામાં આવ્યાં છે અને એ આઠેય વિશેષણો સહેલાં-સરળ-સુબોધ છે, એટલે હવે અહીં ટિપ્પણ વિભાગમાં કશું ઊમેરવાની જરૂર નથી.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા (૨૬૨)**

૨૬૩

यद्विभाति सदनेकधा भ्रमा-
न्नामरूपगुणविक्रियात्मना ।
हेमवत् स्वयमविक्रियं सदा
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २६३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यद्विभाति सदनेकधा भ्रमा-
न्नामरूपगुणविक्रियात्मना ।
हेमवत् स्वयमविक्रियं सदा
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २६३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यत् सत् भ्रमाद् नामरूप-गुण-विक्रिया-आत्मना अनेकधा विभाति, (किंतु यत्) स्वयं सदा हेमवत् अविक्रियं ब्रह्म (अस्ति), 'तत् त्वं असि' (इति) आत्मनि भावय ॥ २६३ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય આ પહેલાંના શ્લોકો પ્રમાણે જ છે. કેવું બ્રહ્મ ? એક જ સળંગ અને સુદીર્ઘ વિશેષણ દ્વારા એનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છેઃ

यत् सत् भ्रमात् नाम-रूप-गुण-विक्रिया-आत्मना अनेकधा विभाति । **विक्रिया** એટલે વિકાર, **अनेकधा** એટલે અનેક સ્વરૂપે, અનેક રીતે-પ્રકારે, **विभाति** એટલે ભાસે છે, દેખાય છે. સત્ય, ભ્રમને કારણે, નામ-રૂપ-ગુણોના વિકાર-રૂપે, અનેક

રૂપે, ભાસે છે. (किंतु यत्) स्वयं हेमवत् सदा अविक्रियं अस्ति । હેમવત્ એટલે સુવર્ણની જેમ, અવિક્રિયં એટલે વિકાર-રહિત, નિર્વિકાર. છતાં જે સ્વયં સોનાની જેમ સદા નિર્વિકાર છે તે.

(ईदृशं यद्) अस्ति, 'तत् (ब्रह्म) त्वं असि' (इति) आत्मनि भावय ॥ (૨૬૩)

અનુવાદ : જે સત્ય, ભ્રમને લીધે, જૂદાં જૂદાં નામ-રૂપ-ગુણોના વિકાર સ્વરૂપે અનેક પ્રકારે ભાસે છે, (તેમ છતાં) સ્વયં સુવર્ણની જેમ જે સદા નિર્વિકાર છે, 'તે બ્રહ્મ તું છે', - એમ તું પોતાના વિશે ભાવન કર. (૨૬૩)

ટિપ્પણ : સુવર્ણ પોતે તો મૂળભૂત એક જ સ્વરૂપે છે, તેમ છતાં તેમાંથી બનાવવામાં આવેલાં જૂદાં જૂદાં ઘરેણાં, - હાર, બંગડી, એરિંગ, નથણી વગેરે, - નાં અનેક નામ-રૂપ-ગુણોના વિકારરૂપે, એકનું એક સુવર્ણ, જૂદું-જૂદું દેખાય છે. એ જ રીતે, બ્રહ્મ પોતે પણ મૂળભૂત-સ્વરૂપે તો એક અને અદ્વિતીય છે, તે છતાં જગતની ઉત્પત્તિ થયા પછી, જીવ અને જગતનાં અનેક નામ-રૂપ-ગુણો ધારણ કરનાર પદાર્થોનાં સ્વરૂપે ભિન્ન-ભિન્ન સ્વરૂપે ભાસે છે.

શ્રીસદ્‌ગુરુ એટલે જ શિષ્યને કહે છે કે 'તું ભલે તારી જાતને' 'જીવ' સમજે, પરંતુ હકીકતમાં તો તું, ઉપર કહ્યા મુજબનું, નિર્વિકાર બ્રહ્મ જ છે, એટલે તું સદા-સર્વદા તારાં અંતકરણમાં આ પ્રકારની ભાવના કરતો રહે, એમાં જ તારું આત્યંતિક કલ્યાણ છે.

આવા જ અનુસંધાનમાં, મધ્યકાલીન ભક્ત-કવિ નરસિંહ મહેતાએ પરમતત્ત્વની આ પ્રમાણે પ્રાર્થના કરી હતી :

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,
'જૂજવે રૂપે' અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તાવ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,
'વિવિધ' રચના કરી 'અનેક' રસ લેવાને,
'શિવ' થકી 'જીવ' થયો, એ જ આશે !
વેદ તો એમ વદે, શ્રુતિ-સ્મૃતિ સાખ દે,–
કનક-કુંડલ વિશે ભેદ ન્હોયે,
ઘાટ ઘડિયા પછી 'નામ-રૂપ' જૂજવાં,
અંતે તો 'હેમનું હેમ' હોયે !'

આ શ્લોકમાં સુવર્ણનું દૃષ્ટાંત (हेमवत्) આપ્યું છે, તેની સાથે ભક્ત નરસૈયાનાં આ ભજનમાંનું નિરૂપણ બરાબર બંધ બેસે છે.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૨૬૩)

૨૬૪

यच्चकास्त्यनपरं परात्परं
प्रत्यगेकरसमात्मलक्षणम् ।
सत्यचित्सुखमनन्तमव्ययं
ब्रह्म 'तत्त्वमसि' भावयात्मनि ॥ २६४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યચ્ચકાસ્ત્યનપરં પરાત્પરં
પ્રત્યગેકરસમાત્મલક્ષણમ્ ।
સત્યચિત્સુખમનન્તમવ્યયં
બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાવયાત્મનિ ॥ ૨૬૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यत् अनपरं चकास्ति, (यच्च) परात् परं, प्रत्यक्-एकरसं, आत्मलक्षणं, सत्यचित्सुखं, अनन्तं, अव्ययं, (ईदृशं) ब्रह्म (अस्ति), 'तत् (ब्रह्म) त्वं असि' (इति) आत्मनि भावय ॥ २६४ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય આ પહેલાંના શ્લોકોની જેમ જ છે. કેવું બ્રહ્મ ? - સાત વિશેષણોમાં પ્રમાણે વર્ણવવામાં આવ્યું છે :

(૧) अनपरं (अन्-अपरं) यत् चकास्ति । अन्-अपरं એટલે જેનાથી 'અપર' એટલે કે અન્ય-બીજું કશું જ નથી, એવું, સર્વોપરિ, સર્વોચ્ચ, સર્વોત્તમ, સર્વોત્કૃષ્ટ, અસામાન્ય, અનન્ય-સાધારણ, चकास्ति - જે પ્રકાશે છે, જે આ પ્રમાણે, સર્વોપરિ-સ્વરૂપે પ્રકાશી રહ્યું છે, તેવું,

(૨) परात्परम् । પરથી યે જે પર છે, એટલે કે અવ્યક્ત પ્રકૃતિથી અથવા માયાથી પણ પર છે, સૂક્ષ્મ, સર્વવ્યાપક, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, એવું,

(૩) प्रत्यग्-एकरसम् । જે વ્યક્તિગત અંતરાત્મા-સ્વરૂપ અને અખંડ એક-રસસ્વરૂપ છે, એવું. જે પ્રત્યાગાત્મા એટલે પ્રાણીમાત્રનાં સ્વ-સ્વરૂપ અને ઉપનિષદ-પ્રબોધિત रसो वै सः । એટલે સ્વયં રસસ્વરૂપ છે, એવું,

(૪) आत्मलक्षणम् । એટલે જે સહુના આત્મારૂપે, અંતરાત્માનાં લક્ષણ તરીકે જણાય છે, તેવું.

(૫) सत्य-चित्-सुखम् । સત્ય, જ્ઞાન તથા સુખરૂપ, – સત્-ચિત્-આનંદ-સ્વરૂપ,

(૬) अनन्तम् । અનંત, અંત-રહિત,

(૭) अव्ययम् । વિકાર-વિનાનું, અવિકારી, નિર્વિકાર. (૨૬૪)

અનુવાદ : સર્વોપરિ રહીને જે પ્રકાશી રહ્યું છે, પરથી પણ જે પર છે, જે સ્વ-સ્વરૂપ અને એક-રસ-સ્વરૂપ છે, સહુને જે પોતાના આત્મારૂપે જણાય છે, જે

સત્-ચિદ્-આનંદ-સ્વરૂપ છે, જે અનંત અને અવ્યય છે, – આવું જે બ્રહ્મ છે, 'તે બ્રહ્મ જ તું છે', એવી તું તારાં અંતઃકરણમાં ભાવના કર. (૨૬૪)

ટિપ્પણ : આ શ્લોકમાં પણ સાતેય વિશેષણો, પ્રમાણમાં, સરળ છે, અને તે સહુને, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં, તે અંગેની સર્વ વીગતો સાથે, સવિસ્તર, સમજાવવામાં આવ્યાં છે, તેથી હવે, ટિપ્પણમાં, કશું ઊમેરવાનું રહેતું નથી.

શ્લોક-૨૫૨થી શરૂ કરવામાં આવેલા 'બ્રહ્મભાવન'ના મુદ્દાનું નિરૂપણ, અહીં પૂરું થાય છે. આ ૧૩ શ્લોકોમાં સમાવિષ્ટ બ્રહ્મનાં સ્વરૂપલક્ષણ પર, એકંદરે, ઉપસંહાર-રૂપે, દૃષ્ટિપાત કરતાં, એક હકીકતની પ્રતીતિ થાય છે કે બ્રહ્મસ્વરૂપનાં આ નિરૂપણમાં, ઉપનિષદો અને ગીતામાંની એતદ્‌વિષયક પ્રસ્તુત સામગ્રીને ગ્રંથકારે સમાવી લીધી છે. સાહિત્યવિવેચનના સિદ્ધાંત અનુસાર, એકની એક વાત, વારંવાર, ફરી ફરીને, કર્યા કરવી, તેને 'પુનરુક્તિ' નામનો 'દોષ' કહેવામાં આવે છે, પરંતુ અહીં તો ગુરુ દ્વારા શિષ્યને જ્ઞાન-વિતરણ (Imparting knowledge) કરવાની વાત છે, એટલે બ્રહ્મસ્વરૂપ જેવો મહત્ત્વનો વિષય, શિષ્યનાં ચિત્તમાં સંપૂર્ણરીતે ઠસી જાય, એ શુભ-ઉદ્દેશ જ ગુરુજીને અભિમત હોય. આ દૃષ્ટિએ જોતાં, આ સર્વ શ્લોકોમાં, એકની એક ધ્રુવપંક્તિની પુનરુક્તિ, ગુરુજીના ઉદ્દેશ માટે કાર્યસાધક બની રહેતી હોવાથી, 'દોષ'ને બદલે 'ગુણ'રૂપ બની રહે છે, એટલું અવશ્ય નોંધવું જોઈએ.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૨૬૪)

૨૬૫

उक्तमर्थमिममात्मनि स्वयं
भावय प्रथितयुक्तिभिर्धिया ।
संशयादिरहितं कराम्बुवत्
तेन तत्त्वनिगमो भविष्यति ॥ २६५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઉક્તમર્થમિમમાત્મનિ સ્વયં
ભાવય પ્રથિતયુક્તિભિર્ધિયા ।
સંશયાદિરહિતં કરામ્બુવત્
તેન તત્ત્વનિગમો ભવિષ્યતિ ॥ ૨૬૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : उक्तं इमं अर्थं प्रथितयुक्तिभिः स्वयं धिया आत्मनि भावय, तेन कराम्बुवत् तत्त्वनिगमः संशयादिरहितं भविष्यति ॥ ૨૬૫ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : उक्तं इमं अर्थं स्वयं आत्मनि भावय । તું પોતે તારાં પોતાનાં અંતઃકરણમાં, ભાવન કર, વિચાર કર, ચિંતન-મનન કર. શાનું ભાવન કરવાનું છે? उक्तं इमं अर्थम् । ઉપર્યુક્ત આ અર્થનું, ઉપર જણાવેલા

મુદ્દાનું-વિષયનું, એટલે કે શ્લોક ૨૫૨થી શ્લોક-૨૬૪ સુધીના ૧૩ શ્લોકોમાં સવિસ્તર નિરૂપવામાં આવેલાં બ્રહ્મનાં સ્વરૂપ-લક્ષણનું (ભાવન કર). કેવી રીતે ભાવન કરવાનું છે ? **धिया** - ધી એટલે બુદ્ધિ, તેનું તૃતીયા-વિભક્તિ, એકવચનનું રૂપ, **धिया**, બુદ્ધિપૂર્વક; બુદ્ધિ વડે. શાની મદદ વડે, આવું ભાવન કરવાનું છે ? **प्रथितयुक्तिभिः** । **प्रथित** એટલે પ્રસિદ્ધ, જાણીતી. ક્યાં પ્રસિદ્ધ ? ક્યાં જણાવવામાં આવેલી ? **युक्तिभिः वेदांत**દર્શનમાં પ્રસિદ્ધ એવી યુક્તિઓ વડે (ભાવન કર).

તેમ કરવાથી શો લાભ મળશે ? **तेन तत्त्वनिगमः संशयादिरहितं भविष्यति** । **तेन** તેનાથી, તેમ કરવાથી. **तत्त्वनिगमः** આત્મતત્ત્વનું જ્ઞાન, **वेदो, उपनिषदो,** ગીતા વગેરેમાં નિરૂપવામાં આવેલું બ્રહ્મતત્ત્વનું જ્ઞાન. આ જ્ઞાન કેવું થઈ જશે (**भविष्यति**) ? **संशयादिरहितम्** । સંશય વગેરેથી રહિત, શંકા વગેરે વિનાનું, નિઃશંક, અસંદિગ્ધ, સ્પષ્ટ. કોના જેવું સ્પષ્ટ ? **कर-अम्बु-वत्** । **कर** એટલે હાથ, હથેળી, **अम्बु** એટલે જળ. હથેળીમાં રહેલાં જળની જેમ સ્પષ્ટ. (૨૬૫)

અનુવાદ : ઉપર્યુક્ત આ વિષય વિશે, તું પોતે, પોતાની બુદ્ધિપૂર્વક, **वेदांत**-દર્શનમાં પ્રસિદ્ધ એવી યુક્તિઓ વડે, તારાં અંતઃકરણમાં ભાવન કર. તેમ કરવાથી, (વેદ-વેદાન્ત-પ્રબોધિત) આત્મતત્ત્વનો બોધ, તને, હથેળીમાં રહેલાં જળની માફક, કોઈ પણ પ્રકારની શંકાવિનાનો (સ્પષ્ટ) થઈ જશે. (૨૬૫)

ટિપ્પણ : શિક્ષણશાસ્ત્રનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે કે ગુરુએ વર્ગમાં જે કાંઈ ભણાવ્યું હોય, તેને સાંભળ્યા પછી, વર્ગમાંથી ઘેર ગયા બાદ, શિષ્યે તેના પર ઊંડું મનન કરવું જોઈએ. આમ થાય તો, જે કાંઈ 'ગ્રહણ' (Grasp) કરવામાં આવ્યું હોય તેને, મગજમાં 'સંરક્ષી' (Retain) શકાય.

અને અહીં તો સર્વોત્તમ અધ્યાપક એવા આદ્ય શ્રીશંકરાચાર્ય છે. જ્ઞાનનાં 'ગ્રહણ' (Grasping) પછીના 'સંરક્ષણ'(Retention)નો આ સિદ્ધાંત એમના ખ્યાલ બહાર હોય જ નહીં. આ શ્લોકમાં, તેઓશ્રી પેલા ૧૩ શ્લોકોમાંના પોતાના 'આદેશ- ઉપદેશ' ('**तत् ब्रह्म त्वं असि' इति आत्मनि भावय** ।) અને અનુરોધ પર, શિષ્ય એકાગ્રતાપૂર્વક ઊંડું મનન-મંથન (Meditation) કરે, એવી ભલામણ કરે છે. બ્રહ્મસ્વરૂપનું લક્ષણ એક અઘરો અને અટપટો વિષય છે, પરંતુ પોતાનાં જ્ઞાનના એ નિષ્કર્ષને, અનેક વિવિધ દૃષ્ટિકોણોને નજર સમક્ષ રાખીને, સમુચિત દૃષ્ટાંતોની સહાયથી, આચાર્યશ્રીએ, સ્પષ્ટ અને સવિસ્તર, શિષ્યની સમક્ષ નિરૂપ્યો છે. હવે, શિષ્ય, પોતાની બુદ્ધિ વડે (**स्वयं धिया**), **वेदांत**શાસ્ત્રમાં દર્શાવેલી તાત્ત્વિક યુક્તિ-પ્રયુક્તિઓની સહાયથી, શ્રુતિપ્રસિદ્ધ તર્ક-વિતર્ક વડે (**प्रथितयुक्तिभिः**), પોતાનાં મનમાં એનું રટણ કરે, એવી તેઓશ્રી આજ્ઞા કરે છે (**आत्मनि भावय** ।)

આમ કરવામાં આવે તો જ, બ્રહ્મતત્ત્વનું પોતે પ્રબોધેલું જ્ઞાન (**तत्त्वनिगमः**), શિષ્યની ચિત્તભૂમિ પર, હથેળીમાં રહેલાં જળ જેવું (**कराम्बुवत्**), સ્પષ્ટ અને અસંદિગ્ધ, સુદીર્ઘ સમય સુધી, સુરક્ષિત જળવાઈ રહે (**संशयादिरहितं भविष्यति**).

આચાર્યશ્રીનો આ અનુરોધ જેટલો સમયસરનો છે, તેટલો જ શાસ્ત્રસિદ્ધ છે.

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૨૬૫)

૨૬૬

स्वं बोधमात्रं परिशुद्धतत्त्वं
विज्ञाय संघे नृपवच्च सैन्ये ।
तदात्मनैवात्मनि सर्वदा स्थितो
विलापय ब्रह्मणि दृश्यजातम् ॥ २६६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वं बोधमात्रं परिशुद्धतत्त्वं
विज्ञाय संघे नृपवच्च सैन्ये ।
तदात्मनैवात्मनि सर्वदा स्थितो
विलापय ब्रह्मणि दृश्यजातम् ॥ २६६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : सैन्ये नृपवत्, संघे बोधमात्रं परिशुद्धतत्त्वं स्वं विज्ञाय, तद्-आत्मना एव आत्मनि सर्वदा स्थितः (सन्), ब्रह्मणि दृश्यजातं विलापय ॥ २६६ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **ब्रह्मणि दृश्यजातं विलापय** । विलापय એટલે લય કરી દે, વિલય કરી દે (वि+लप् એ ધાતુનાં પ્રેરકનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ - **विलापय** ।). શાનો વિલય કરવાનો છે ? **दृश्यजातम्** । दृश्य એટલે દેખાતું, નજર પડતું. **जातम्** એટલે સમૂહ, સમુદાય, **दृश्यजातम्** । दृश्य એટલે આંખની સામે રહેલું આ સમગ્ર જગત, અખિલ બ્રહ્માંડ, દશ્ય-પ્રપંચ. આનો ક્યાં વિલય કરવાનો છે ? **ब्रह्मणि** । બ્રહ્મમાં. સાધકે આ વિલય-પ્રક્રિયા કેવી રીતે કરવાની છે ? **आत्मना एव आत्मनि सर्वदा स्थितः (सन्)** । પોતાનામાં જ તન્મય બનીને અને તેમાં જ સદા સ્થિત રહીને. સાધકે બીજું શું કરવાનું છે ? **स्वं विज्ञाय** । આત્માનું જ્ઞાન મેળવીને, પોતે પોતાને ઓળખીને. પોતાનો તે આત્મા કેવો છે ? **बोधमात्रं परिशुद्धतत्त्वम्** । જ્ઞાનમાત્ર-સ્વરૂપ, સ્વયંપ્રકાશરૂપ અને વિશુદ્ધ પરમાત્મતત્ત્વરૂપ. પોતાનો આ આત્મા ક્યાં રહેલો છે ? **संघे** । સંઘમાં, 'સંઘ' એટલે પૃથ્વી-પાણી-તેજ-વાયુ-આકાશ એ પાંચ મહાભૂતોનાં સમૂહરૂપ શરીર. પોતાનો આત્મા, પોતે, શરીરમાં કોની જેમ રહેલો છે ? **सैन्ये नृपवत्** । સેનાની વચ્ચે રહેલા રાજાની જેમ. (૨૬૬)

અનુવાદ : લશ્કરની વચ્ચે રહેલા રાજાની જેમ, પંચ-મહાભૂતોના સમૂહરૂપ (એવાં) શરીરમાં, સ્વયંપ્રકાશરૂપે અને પરિશુદ્ધ-પરમાત્મારૂપે રહેલા પોતાના આત્માને (પોતાની જાતને) ઓળખીને, પોતાનામાં જ તન્મય બનીને અને સદા આત્મામાં જ સ્થિત રહીને, બ્રહ્મમાં સમગ્ર દશ્ય જગતનો વિલય કરી દે. (૨૬૬)

ટિપ્પણ : આત્મસાક્ષાત્કાર કે બ્રહ્મદર્શન કરે તે પહેલાં, સાધક માટેની

પૂર્વભૂમિકા છે, આત્મજ્ઞાનની (Self-Knowledge), પોતાના આત્માનું જ્ઞાન મેળવી લેવાની, પોતાની જાતને ઓળખી લેવાની. આત્મપરિચય એ પરમાત્મદર્શનની અનિવાર્યશરત છે. તેણે એ પણ બરાબર સમજી લેવું જોઈએ કે પોતાનો આત્મા જે શરીરમાં, લશ્કરની વચ્ચે અડગ અને અવિચળ ઊભેલા રાજાની જેમ, સ્થિર અને સ્વસ્થ રહેલો છે, તે શરીર, બીજું કશું જ નહીં પણ પંચમહાભૂતોનો સમુદાય-માત્ર,અથવા પંચકોશોનો સમૂહ-માત્ર, અથવા સ્થૂળ-સૂક્ષ્મ કારણ એવાં ત્રણ પ્રકારનાં શરીરોનો 'સંઘ' માત્ર છે.

આ પછીનું તેના માટેનું કર્તવ્ય છે, પરમાત્મ-સ્વરૂપ પોતાના આત્મા સાથે, પોતાની જાત સાથે, તન્મય-તદ્રૂપ બનીને, તેમાં જ સદા-સર્વદા સ્થિત રહેવાનું. પરંતુ સાધક આવું બધું કરે છે તો મિથ્યા એવા આ જગતમાં, માત્ર-દૃશ્ય એવા આ પ્રપંચમાં રહીને, અને જ્યાં સુધી આ મિથ્યા જગતનું અસ્તિત્વ રહે, ત્યાં સુધી સાધક માટે બ્રહ્મસાક્ષાત્કાર તો અશક્ય જ !

તો પછી, તેણે શું કરવું ? બ્રહ્મદર્શન કેવી રીતે કરવું ? બ્રહ્મદર્શન માટે આચાર્યશ્રીએ સૂચવેલી યુક્તિ જેટલી આધ્યાત્મિક છે, તેટલી જ સુનિશ્ચિત ધ્યેય-સાધક છે. અંતે તો, આ જગત એ બ્રહ્મનું જ કાર્ય, બ્રહ્મનું જ સ્વરૂપ છે ને ! તો પછી, બ્રહ્મસ્વરૂપ એવાં આ જગતનો, તેનાં મૂળ કારણરૂપ બ્રહ્મમાં જ વિલય કરી દે !

જગતનો લય, જગત-કારણ એવાં બ્રહ્મમાં થઈ જાય પછી તો, જગત રહેતું જ નથી. એટલે ભક્ત નરસૈંયો પોતાની રમતિયાળ શૈલીમાં આવા લીલા-લયને તાદૃશ રીતે નિરૂપે છે તેમ, –

'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે !'

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૬૬)

૨૬૭

बुद्धौ गुहायां सदसद्विलक्षणं
ब्रह्मास्ति सत्यं परमद्वितीयम् ।
तदात्मना योऽत्र वसेद गुहायां
पुनर्न तस्यांगगुहाप्रवेशः ॥ २६७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બુદ્ધૌ ગુહાયાં સદસદ્વિલક્ષણં
બ્રહ્માસ્તિ સત્યં પરમદ્વિતીયમ્ ।
તદાત્મના યોઽત્ર વસેદ્ ગુહાયાં
પુનર્ન તસ્યાંગગુહાપ્રવેશઃ ॥ ૨૬૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : બુદ્ધૌ ગુહાયાં સત્-અસત્-વિલક્ષણં પરં અદ્વિતીયં

सत्यं ब्रह्म अस्ति । यः (मनुष्यः) अत्र गुहायां तद्-आत्मना वसेत्, तस्य पुनः अंग-गुहा-प्रवेशः न (भवति ॥ २६७ ॥

शब्दार्थ : श्लोकमां बे स्वतंत्र वाक्यो आ प्रमाणे छे :-

(१) बुद्धौ गुहायां सत्-असत्-विलक्षणं परं अद्वितीयं सत्यं ब्रह्म अस्ति । ब्रह्म बुद्धौ गुहायां (अस्ति) । ब्रह्म बुद्धिरूपी गुफामां छे. केवुं ब्रह्म ? परं, पर्म, सर्वातिशायी, सत् - असत् - विलक्षणम् । सत् अने असत्, ए बंनेथी भिन्न, सत्यम् सत्यस्वरूप, अद्वितीयम् । अद्वितीय. आवुं ब्रह्म बुद्धिरूपी गुफामां बिराजे छे, होय छे, रहे छे.

(२) यः (मनुष्यः) अत्र गुहायां तदात्मना वसेत्, तस्य पुनः अंग-गुहाप्रवेशः न (भवति) । तदात्मना । ते ब्रह्म साथे एकरूप बनीने, ब्रह्ममय थईने, तन्मय-तद्रूप थईने, अंग-गुहा-प्रवेशः । शरीर-रूपी गुफामां प्रवेश. जे मनुष्य आ (बुद्धिरूपी) गुफामां ब्रह्म साथे तन्मय थईने रहे छे, तेनो शरीररूपी गुफामां फरीथी प्रवेश थतो नथी. (२६७)

अनुवाद : सत् अने असत् ए बंनेथी भिन्न, सत्य, अद्वितीय अने परम (एवुं) ब्रह्म बुद्धिरूपी गुफामां छे. जे मनुष्य अहीं आ गुफामां ते(ब्रह्म)मय (तन्मय) बनीने रहे, तेनो शरीर-रूपी गुफामां फरीथी प्रवेश थतो नथी (२६७)

टिप्पण : आ पहेलां, 'ब्रह्मभावन'नां निरूपण-अंतर्गत, ब्रह्मनां स्वरूप-लक्षणनां जे विशेषणो रजु थयां हतां, एमांना ज विशेषणो (सदसद्विलक्षणं, सत्यं, अद्वितीयं अने परं) अहीं फरी एक वार प्रयोजायां छे. वधारानी जे वात छे, ते ए ज के आवां ब्रह्मनो निवास बुद्धिरूपी गुफामां होय छे.

जागतिक जीवन-व्यवहार दरमियान, साधके, स्वस्थ रहीने, संसारनी जंजाळमांथी सभान रीते पोतानी जातने पाछी खेंची लेवी (Withdraw) जोईए अने पोतानी ज बुद्धि-गुफामां बिराजी रहेला ब्रह्म साथे तद्रूप थई जवुं जोईए. ब्रह्म साथेनी आ तद्रूपता अथवा तन्मयतानां परिणामे, तेने ब्रह्मानुभूति अने ब्रह्मसाक्षात्कारनो विरल लाभ मळशे, अने मनुष्य आ रीते ब्रह्मीभूत बनी जाय, त्यारपछी तेने शरीररूपी गुफामां फरीथी प्रवेश करवानो रहेतो नथी, एटले के तेनो पुनर्जन्म थतो नथी, जन्म-मरणना फेरामांथी ते मुक्त थई जाय छे, अने तेनुं संसारचक्र समाप्त थई जाय छे. अने मोक्षार्थी साधकनुं जीवनध्येय, आ रीते, मोक्षप्राप्ति साथे, परिपूर्ण थई जाय छे.

श्लोकनो छंद : **उपजाति** (२६७)

२६८

ज्ञाते वस्तुन्यपि बलवती वासनाऽनादिरेषा
कर्ता भोक्ताप्यहमिति दृढा योऽस्य संसारहेतुः ।

प्रत्यग्-दृष्ट्यात्मनि निवसता साऽपनेया प्रयत्ना-
न्मुक्तिं प्राहुस्तदिह मुनयो वासनातानवं यत् ॥ २६८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ज्ञाते वस्तुन्यपि बलवती वासनाऽनादिरेषा
कर्ता भोक्ताप्यहमिति दृढा याऽस्य संसारहेतुः ।
प्रत्यग्-दृष्ट्यात्मनि निवसता साऽपनेया प्रयत्ना-
न्मुक्तिं प्राहुस्तदिह मुनयो वासनातानवं यत् ॥ २६८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : वस्तुनि ज्ञाते अपि, 'अहं' कर्ता, (अहं) भोक्ता अपि इति या एषा अनादि बलवती दृढा वासना (अस्ति), (सा) अस्य (जीवस्य) संसारहेतुः (भवति) । (तस्मात्) सा (वासना) प्रत्यग्दृष्ट्या आत्मनि निवसता प्रयत्नाद् अपनेया, मुनयः इह यद् वासनातानवं, तद् मुक्तिं प्राहुः ॥ २६८ ॥

शब्दार्थ : मुख्य वाक्य : या एषा वासना (अस्ति), सा अस्य (जीवस्य) संसारहेतुः (भवति) । આ જે વાસના છે, તે જીવનાં સંસારનું કારણ બને છે. આ વાસનાનું સ્વરૂપ કેવું હોય છે ? 'अहं कर्ता, (अहं) भोक्ता अपि इति ।' 'હું કર્તા છું, હું ભોક્તા છું,' - એવાં સ્વરૂપવાળી (વાસના). વળી, આ વાસના કેવી છે ? **त्रण** વિશેષણો આ પ્રમાણે : (૧) **अनादि** । અનાદિ-કાળથી ચાલી આવતી, (૨) **बलवती** । બળવાન, અને (૩) **दृढा** । દૃઢ, મજબૂત, અતૂટ. પરંતુ સાધકે ઠીક ઠીક સાધના કરી હોય તો પણ ? જવાબ છે, 'હા'. **वस्तुनि ज्ञाते अपि** । એટલે કે આત્મવસ્તુ, વસ્તુતત્ત્વ, જીવ-બ્રહ્મ-એકના, આનું જ્ઞાન થઈ થવા છતાં, આત્માનું જ્ઞાન થઈ ગયા પછી પણ. વ્યાકરણની દૃષ્ટિએ આ 'सति-सप्तमी' વાક્યરચના છે, જે, કશુંક બન્યાનો સમય સૂચવે છે.

આ રીતે, આ વાસના જો જીવના સંસારનો હેતુ બને તો પછી, સાધકે શું કરવું જોઈએ ? **(तस्मात्) सा (वासना) अपनेया** । **अपनेया** એટલે ત્યાગ કરવો જોઈએ, દૂર કરવી જોઈએ, ભૂંસી નાખવી જોઈએ. કેવી રીતે ભૂંસી નાખવી ? **प्रयत्नाद्** - પ્રયત્નપૂર્વક, પ્રયાસો કરીને, **प्रत्यग्-दृष्ट्या आत्मनि निवसता** । **प्रत्यग्-दृष्टि** એટલે આંતરદૃષ્ટિ, જ્ઞાનમયી દૃષ્ટિ. આવી દૃષ્ટિથી, આત્મસ્વરૂપમાં સ્થિત બનીને, કેન્દ્રિત થઈને.

આમ કરવાનું કારણ શું છે ? એ જ કે **मुनयः इह यद् वासनातानवं, तद् मुक्तिं प्राहुः** । **तानवं** એટલે નાશ, અપહતિ, ત્યાગ. **इह** એટલે અહીં, સંસારમાં. અહીં સંસારમાં આ વાસનાના નાશને જ મુનિઓ મુક્તિ કહે છે. (૨૬૮)

अनुवाद : વસ્તુ-તત્ત્વનું જ્ઞાન થઈ ગયા પછી પણ, 'હું કર્તા-ભોક્તા છું'– એવી આ જે અનાદિ-કાળથી ચાલી આવતી, બળવાન અને અતૂટ વાસના છે તે (રહી ગઈ હોય તો તે), જીવાત્મા માટે સંસારનું કારણ બને છે, તેથી (સાધકે) આ વાસનાને, આંતર-દૃષ્ટિથી, આત્મસ્વરૂપમાં જ સ્થિત બનીને, પ્રયત્નપૂર્વક, દૂર કરી

દેવી જોઈએ. અહીં, સંસારમાં વાસનાના નાશને જ મુનિઓ મુક્તિ કહે છે. (૨૬૮)

ટિપ્પણ : ભારતીય સાંસ્કૃતિક પરંપરા પ્રમાણે, મનુષ્ય જિંદગીભર એક અથવા બીજાં, સારાં કે નરસાં કર્મો કરતો રહે છે, પરંતુ તેની માનવસહજ નિર્બળતાને કારણે, તે, તે કર્મોનો, પોતાની જાતને, કર્તા-ભોક્તા સમજે છે, અને મરણ પામતાં, તેની અમુક ઇચ્છા અથવા 'વાસના' અપૂર્ણ રહે છે, જેને પરિપૂર્ણ કરવા માટે, તેને પુનર્જન્મ અથવા આવાં અનેક જન્મોની, ઘટમાળમાં સંડોવાવાનું રહે છે. જીવન દરમિયાન તે જે કર્મો કરે છે, તે 'ક્રિયમાણ કર્મ' કહેવાય છે, પરંતુ અધૂરી 'વાસના'ને, એટલે કે મૃત્યુ પહેલાંનાં કર્મોને સંપન્ન કરવા માટે તે, પછીના જન્મોમાં જે કર્મો કરે છે તે, 'સંચિત' અને 'પ્રારબ્ધ' કર્મો કહેવાય છે.

આમ, 'ક્રિયમાણ', 'સંચિત' અને 'પ્રારબ્ધ' કર્મો દ્વારા, અગાઉના જન્મોમાંની અપૂર્ણ 'વાસનાઓ'(Impressions)ને પરિપૂર્ણ કરવા માટે તેને, પુનરપિ પુનઃ, જન્મ-મરણની અનંત ઘટમાળમાં અટવાવું પડે છે અને, આ રીતે, મનુષ્યજીવનનાં એકમાત્ર ધ્યેય સમી મોક્ષપ્રાપ્તિથી તેને વંચિત રહેવું પડે છે.

આ શ્લોકમાં, આચાર્યશ્રીએ, 'વાસના'ની વિમુક્તિ જેવા મહત્ત્વના વિષયને સમજાવ્યો છે. આ અનુસંધાનમાં, મોક્ષાર્થી સાધક માટે લક્ષમાં રાખવા જેવી વાત એ છે કે 'કર્તૃત્વ-ભોકતૃત્વ' જેવી અતૃપ્ત 'વાસના' સાથે જો તે મૃત્યુ પામ્યો હોય તો, જીવન દરમિયાન આત્મ-વસ્તુનું તેને જ્ઞાન થઈ ગયું હોય તે છતાં (**वस्तुनि ज्ञाते अपि**) પણ, અનાદિકાળથી ચાલી આવતી બળવાન અને દૃઢ 'વાસના' જો તેનાં મનમાં રહી ગઈ હોય તો, અ-સંતૃપ્ત વાસનાનાં પરિણામે, 'સંચિત' અને 'પ્રારબ્ધ' પ્રકારનાં કર્મોનાં ફળ ભોગવવા માટે, તેને, સંસારચક્રનું પરિભ્રમણ સતત કરવું પડે છે. ટૂંકમાં, તેની તે અનાદિ 'વાસના' જ તેના સંસારનું કારણ બને છે (**सा एषा अनादि वासना अस्य संसारहेतुः भवति ।**)

પરંતુ 'સંસારહેતું' બનતી વાસનામાંથી મુક્ત થવું કેવી રીતે ?

શ્લોકના ઉત્તરાર્ધમાં, આચાર્યશ્રીએ, સંક્ષેપમાં, આ ઉપાય જ સમજાવ્યો છે : મનન કરે તે મુનિ, એ વ્યુત્પત્તિ પ્રમાણે, મનનશીલ મુનિઓએ, લાઘવપૂર્વક છતાં અત્યંત પ્રતીતિજનક એવું એક સમીકરણ (Equation) પ્રતિપાદન કર્યું છે કે 'વાસનાનો ત્યાગ એ જ મુક્તિ !' (**यद् वासनातानवं, तद् मुक्ति इति मुनयः प्राहुः**)

પરંતુ આ 'વાસનાત્યાગ' માટે સાધકે ભારે મોટો પ્રયત્ન કરવાનો રહે છે (**प्रयत्नात्**), અને તે સંપન્ન કરવા માટે, તેણે આંતરદૃષ્ટિથી, આત્મામાં જ જ્ઞાનમયી દૃષ્ટિથી, આત્મસ્વરૂપમાં સતત સ્થિત બનીને, પરિશ્રમપૂર્વક, સભાન રહીને, પેલી અનાદિ અને અતૂટ વાસનાને સંપૂર્ણરીતે ભૂંસી નાખવી જોઈએ. (**प्रत्यग्दृष्ट्या आत्मनि निवसता सा वासना अपनेया ।**)

આમ, મોક્ષાર્થી સાધક સમક્ષ, આચાર્યશ્રીએ, વાસના-વિનાશ એ જ મુક્તિ, એવું એક સંક્ષિપ્ત સમીકરણાત્મક સૂત્ર જ રજુ કરી દીધું.

શ્લોકનો છંદ : **મન્દાક્રાન્તા (૨૬૮)**

૨૬૯

अहं ममेति यो भावो देहाक्षादावनात्मनि ।
अध्यासोऽयं निरस्तव्यो विदुषा स्वात्मनिष्ठया ॥ २६९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अहं ममेति यो भावो देहाक्षादावनात्मनि ।
अध्यासोऽयं निरस्तव्यो विदुषा स्वात्मनिष्ठया ॥ २६९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : देहादौ अनात्मनि 'अहं मम' इति यः भावः, अयं अध्यासः विदुषा स्वात्मनिष्ठया निरस्तव्यः ॥ २६९ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : अयं अध्यासः विदुषा निरस्तव्यः । निरस्तव्यः એટલે એનાં નિરાસ-નિષેધ-નિવારણ કરવાં જોઈએ, તેને દૂર કરવો જોઈએ, ભૂંસી નાખવો જોઈએ. આ અધ્યાસનો વિદ્વાને, નિષેધ કરવો જોઈએ. કયો-કેવો અધ્યાસ ? देह-अक्ष-आदौ अनात्मनि 'अहं' 'मम' इति यः भावः (ईदृशः अध्यासः) । अक्ष એટલે ઇન્દ્રિય, દેહ–ઇન્દ્રિયો વગેરે અનાત્મ વસ્તુઓમાં 'હું' અને 'મારું' એવી જે ભાવના થાય છે, - આવો અધ્યાસ. અધ્યાસ એટલે ભ્રમ, ભ્રમણા, ભ્રાંતિ, મનમાં જે ખોટી છાપ પડે તે.

તેનું નિવારણ કેવી રીતે કરવું જોઈએ ? **स्वात्मनिष्ठया** । આત્મનિષ્ઠા દ્વારા, પોતાના આત્મામાં સ્થિત કરીને. (૨૬૯)

અનુવાદ : દેહ, ઇન્દ્રિયો વગેરે અનાત્મ-વસ્તુઓમાં 'હું' અને 'મારું', - એવી જે ભાવના થાય છે, - એવા અધ્યાસનો, વિદ્વાને, આત્મનિષ્ઠા દ્વારા, નિષેધ કરવો જોઈએ. (૨૬૯)

ટિપ્પણ : 'અધ્યાસ' એ એક પ્રકારનું બંધન છે, તેથી મોક્ષાર્થી સાધકે તેનો 'નિરાસ' કરવો જોઈએ, એ આ શ્લોકનો વિષય છે.

આ પહેલાં, ગ્રંથકારે, શ્લોક-૧૪૦માં અને શ્લોક-૧૮૧માં 'અધ્યાસ'નો ઉલ્લેખ કર્યો છે અને ત્યાં તેમણે સ્પષ્ટ વિધાન કર્યું છે કે મનુષ્ય 'અધ્યાસ'રૂપી દોષને લીધે સંસારમાં પડે છે, એટલું જ નહીં પરંતુ 'અધ્યાસ'નું આ બંધન પણ મનની કલ્પનામાંથી જ આવે છે.' :-

अध्यासदोषात् पुरुषस्य संसृतिः
अध्यासबन्धः तु अमुना (मनसा) एव कल्पितः । (શ્લોક ૧૮૧)

પરંતુ આ 'અધ્યાસ', ખરેખર, છે શું ? એનું સ્વરૂપ કેવું છે ?

ઉપર્યુક્ત અવતરણમાં જ એક વાતની સ્પષ્ટ ચોખવટ કરવામાં આવી છે કે 'અધ્યાસ' એક પ્રકારનું 'બંધન' છે. પરંતુ તો પછી એવો પ્રશ્ન પણ થાય કે આ 'બંધન' શું છે ? સદ્‌ભાગ્યે, આ ગ્રંથના શ્લોક-૫૧માં જ, શિષ્યે ગુરુજીને આ જ પ્રશ્ન પૂછ્યો હતો કે 'બંધન કોને કહેવાય ? અને એ બંધન કેવી રીતે આવ્યું ?'

को नाम बन्धः कथं एषः आगतः ।

અને શિષ્યના આ સવાલનો જવાબ આપતાં, ત્યારપછીના શ્લોકોમાં, આચાર્યશ્રીએ કહ્યું હતું કે બંધન-માત્ર ભ્રાન્તિ-અજ્ઞાન-અવિદ્યામાંથી ઉત્પન્ન થાય છે, અને **'બ્રહ્મસૂત્ર'** પરનાં પોતાનાં ભાષ્યના આરંભમાં, કેવી ભ્રાંતિમાંથી આવું 'બંધન' ઉદ્‌ભવે છે તે સમજાવતાં, 'અધ્યાસ'ની જે વ્યાખ્યા તેમણે આપી છે તે જ, અક્ષરશઃ, શ્લોક-૧૪૦માં, આ રીતે, પુનરુક્ત કરી દીધી છે :–

अतस्मिंस्तद्‌बुद्धिः । (अतस्मिन् तद्‌बुद्धिः ।)

જે 'છે', તેને 'નથી' અને જે 'નથી', તેને 'છે' માની લેવું, એ જ 'અધ્યાસ' ! અને પછી એ જ શ્લોકમાં, અંતે, 'બંધન'નાં સ્વરૂપને સમજાવતાં, ઊમેર્યું હતું કે 'અસત્ય'ને 'સત્ય' સમજી લેવું, એટલે જ 'બંધન !'

यः असद्‌ग्राहः, सः हि बन्धः भवति ।

આમ, 'ભ્રાન્તિ', 'બન્ધન', 'અસદ્‌ગ્રાહ', 'અધ્યાસ' - આ સર્વ શબ્દો, એક જ અર્થને વ્યક્ત કરવા માટેના પર્યાયો (Synonyms) બની રહે છે. અને આવા ભ્રમની ઘટનાને સમજાવવા માટે, એ જ શ્લોક(૧૪૦)માં જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે, - **भुजगे रज्जुधिषणा** । (સર્પમાં દોરડાંની બુદ્ધિ), તે **વેદાંત**ના ગ્રંથોમાં અત્યંત પ્રચલિત છે. સર્પમાં (**अतस्मिन्**) એટલે કે જે દોરડું નથી, તેમાં તે દોરડું છે (**तद्-बुद्धिः**) એમ સમજી લેવું, તે જ 'અધ્યાસ', અસદ્‌ગ્રાહ. અને પ્રસ્તુત ચર્ચામાં એનો ઉપયોગ કરીએ તો, **अतस्मिन्** એટલે કે તે(શરીર)ને, જે **तद्** (બ્રહ્મ) નથી, છતાં તે શરીરને **तद्** એટલે કે **બ્રહ્મ** છે, એમ માનવું-સમજવું, - એ જ 'અધ્યાસ' !

અહીં, આ શ્લોક(૨૬૯)માં, 'અધ્યાસ'ને આ રીતે, સમજવવામાં આવ્યો છે : શરીર અને ઇન્દ્રિયો 'આત્મા' નથી, એટલે કે એ બધી 'અનાત્મ'-વસ્તુઓ છે, અને છતાં એ સર્વ પ્રત્યે 'અહં'-ભાવ અને 'મમ'-ભાવ સેવવો, એ જ 'અધ્યાસ' ! 'હું પોતે તો સચ્ચિદાનંદ આત્મા છું, શરીર નથી,' છતાં અજ્ઞાનને કારણે, 'હું શરીર છું, ઇન્દ્રિયો છું,' – એવી ખોટી દેહાત્મભાવનાને કારણે 'અધ્યાસ' ઉત્પન્ન થાય છે, અને ભ્રાંતિજન્ય આ 'અધ્યાસ'નો નિષેધ કરવાનો એક જ ઉપાય વિદ્વાન પાસે છે : **स्व-आत्म-निष्ठया**, એટલે કે તેણે પેલી ખોટી દેહાત્મભાવનાને છોડી દઈને, જે સાચું છે તેને જ અમલમાં મૂકવું, પોતે જે મૂળસ્વરૂપે છે તેવા પોતાના આત્મામાં જ પોતાની સ્થિતિ કરવી : શરીર અને ઇન્દ્રિયો જેવી 'અનાત્મ'-વસ્તુઓમાંનો 'અહં'-ભાવ અને 'મમ'-ભાવ ત્યજીને, પોતાના આત્મામાં જ 'અહં'ભાવ અને 'મમ'ભાવનું સેવન અને સ્થાપન કરવું.

'અધ્યાસ' વેદાન્ત-દર્શનનો એક પારિભાષિક (Technical) શબ્દ છે અને એની સવિશેષ સ્પષ્ટ અને સવિસ્તર સમજૂતી માટે, શ્લોક-૧૪૦ અને શ્લોક-૧૮૧નાં ટિપ્પણની સહાય લેવાની ભલામણ કરવામાં આવે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૬૯)**

૨૭૦

ज्ञात्वा स्वं प्रत्यगात्मानं बुद्धितद्वृत्तिसाक्षिणम् ।
सोऽहमित्येव सद्वृत्त्याऽनात्मन्यात्ममतिं जहि ॥ २७० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જ્ઞાત્વા સ્વં પ્રત્યગાત્માનં બુદ્ધિતદ્વૃત્તિસાક્ષિણમ્ ।
સોઽહમિત્યેવ સદ્વૃત્ત્યાઽનાત્મન્યાત્મમતિં જહિ ॥ ૨૭૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : બુદ્ધિ-તદ્વૃત્તિ-સાક્ષિણં પ્રત્યગ્-આત્માનં સ્વં જ્ઞાત્વા, સઃ (એવ) અહં ઇતિ સદ્વૃત્ત્યા અનાત્મનિ આત્મમતિં જહિ ॥ ૨૭૦ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **અનાત્મનિ આત્મમતિં જહિ** । **જહિ** - છોડી દે, ત્યજી દે, ત્યાગ કર. **મતિ** એટલે બુદ્ધિ, ભાવના, સમજણ. અનાત્મ-વસ્તુઓમાં, અનાત્મ-પદાર્થોમાં થયેલી આત્મભાવનાને ત્યજી દે. શાના વડે ત્યજી દેવી ? **સદ્વૃત્ત્યા** સદ્વૃત્તિ વડે. કેવા પ્રકારની આ સદ્વૃત્તિ ? **સઃ એવ અહમ્ ઇતિ** । 'હું તે જ છું,' 'હું તે બ્રહ્મ જ છું', એવી સદ્વૃત્તિ. પરંતુ એ પહેલાં શું કરવાનું રહે છે ? **પ્રત્યગ્-આત્માનં સ્વં જ્ઞાત્વા** । પ્રત્યગાત્માને સ્વસ્વરૂપ, એટલે કે અંતરાત્મારૂપે જાણીને. એ પ્રત્યગાત્મા કેવો છે ? **બુદ્ધિ-તદ્વૃત્તિસાક્ષિણમ્** । એટલે તે બુદ્ધિની અનેક વિવિધ વૃત્તિઓ, બુદ્ધિ અને તેની આવી વૃત્તિઓનો સાક્ષી (૨૭૦).

અનુવાદ : બુદ્ધિ અને તેની વૃત્તિઓના સાક્ષી એવા પ્રત્યગાત્માને અંતરાત્માસ્વરૂપે જાણ્યા પછી, 'હું તે જ છું' એવી સદ્વૃત્તિ વડે, અનાત્મ-વસ્તુઓમાં ઉત્પન્ન થયેલી આત્મબુદ્ધિને છોડી દે. (૨૭૦)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકમાં, **'અધ્યાસ'**નો નિષેધ કરવાનો, સાધકને, અનુરોધ કરવામાં આવ્યો હતો અને **'અધ્યાસ'** છે દેહ-ઇન્દ્રિયો જેવા 'અનાત્મ'-પદાર્થોમાં **'અહં'**-ભાવ અને **'મમ'**-ભાવનું પરિણામ. અને એટલે જ અહીં 'અનાત્મ'-વસ્તુઓમાંની અનિચ્છનીય આત્મબુદ્ધિનો ત્યાગ કરવાની, શિષ્યને, આજ્ઞા કરવામાં આવી છે (**જહિ**). પરંતુ આવું આજ્ઞાપાલન તો, **તો** જ શક્ય બને, **જો** બુદ્ધિ અને તેની વિવિધાકાર વૃત્તિઓના સાક્ષી એવા પ્રત્યગાત્માને સ્વ-સ્વરૂપ તરીકે સ્વીકારવામાં આવે, અને એનાં જ સુ-પરિણામ-રૂપ 'હું, તે બ્રહ્મ છું', – એવી સંનિષ્ઠ વૃત્તિ વડે સાધકનું મન સુવ્યાપ્ત બની જાય. **'બ્રહ્મભાવના'**નાં નિરૂપણમાંના શ્લોકોની ધ્રુવપંક્તિ તરીકે પ્રયોજાયેલું છેલ્લું ચરણ, – **'ब्रह्म तत्त्वमसि भावयात्मनि ।'** – એ જ આ શ્લોકમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી **સદ્વૃત્તિ**.

ટૂંકમાં, મહત્ત્વની વાત છે, - **'અધ્યાસ'**નું નિવારણ કરવાનું.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૭૦)**

૨૭૧

लोकानुवर्तनं त्यक्त्वा त्यक्त्वा देहानुवर्तनम् ।
शास्त्रानुवर्तनं त्यक्त्वा स्वाध्यासापनयं कुरु ॥ २७१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

લોકાનુવર્તનં ત્યક્ત્વા ત્યક્ત્વા દેહાનુવર્તનમ્ ।
શાસ્ત્રાનુવર્તનં ત્યક્ત્વા સ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૭૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : લોકાનુવર્તનં ત્યક્ત્વા, દેહાનુવર્તનં ત્યક્ત્વા, શાસ્ત્રાનુવર્તનં ત્યક્ત્વા, સ્વ-અધ્યાસ-અપનયં કુરુ ॥ ૨૭૧ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય: **સ્વ-અધ્યાસ-અપનયં કુરુ** । **અપનય** એટલે ત્યાગ, ત્યજી દેવું, દૂર કરવું, છોડી દેવું. શ્રીગુરુજી આજ્ઞા કરે છે કે "તું તારા પોતાના **'અધ્યાસ'**ને દૂર કરી દે." પરંતુ તે પહેલાં આ ત્રણ ક્રિયાઓનો ત્યાગ કરવાનું (**ત્યક્ત્વા**), તેમણે શિષ્યને સૂચવ્યું છે : (૧) **લોક-અનુવર્તનમ્** । લોકોને અનુસરવાનું; (૨) **દેહ-અનુવર્તનમ્** । શરીરને, એટલે કે તેના પ્રત્યેના **'અહં'**ભાવ-**'મમ'**ભાવ અને આસક્તિ વગેરેને આધીન થવાનું; (૩) **શાસ્ત્ર-અનુવર્તનમ્** । શાસ્ત્રોને, એટલે કે માત્ર શુષ્ક પાંડિત્ય આપી શકે તેવાં તેમનાં યાંત્રિક પઠન-પાઠનને અનુવર્તવાનું. (૨૭૧)

અનુવાદ : લોકોને અનુસરવાનું, દેહને(એટલે કે એના પ્રત્યેના આત્મભાવને) અનુસરવાનું અને શાસ્ત્રોને(એટલે કે માત્ર તેના વાચ્યાર્થને) અનુસરવાનું છોડીને, તું તારા પોતાના અધ્યાસને દૂર કરી દે. (૨૭૧)

ટિપ્પણ : **'અધ્યાસ'**નો નિષેધ કરવાનાં મહત્ત્વને અધોરેખાંકિત (Underline) કરવાની સૂચના અહીં પણ ચાલુ જ છે : **સ્વ-અધ્યાસ-અપનયં કુરુ** ।

પરંતુ **'અધ્યાસ'**નો નિષેધ કરવો તે, મનુષ્ય ધારે છે એટલો, સહેલો નથી. સંસારનો વ્યવહાર જ એવો અટપટો છે કે મોક્ષાર્થી સાધકને ખ્યાલ પણ ન રહે એ રીતે, **'અધ્યાસ'**-નિષેધના એના સાત્ત્વિક કાર્યમાં, રજોગુણ-તમોગુણ જેવાં કેટલાંક વિઘ્નો, તેમના સ્વભાવને કારણે, ઊભાં કરી દે. એમાં **સૌપ્રથમ** છે, - **'લોકાનુવર્તન'** : કીર્તિ, પ્રતિષ્ઠા, લોકપ્રિયતા (Popularity), પ્રશંસા, માન-મોભો, મહત્તા, વગેરેની પ્રાપ્તિ એક મનુષ્ય-સહજ નિર્બળતા છે: પોતાની સાધના દરમિયાન જો મોક્ષાર્થી આવી નિર્બળતાને વશવર્તી બની જાય, તો, તેના માટે બે ભયસ્થાનો સર્જાવાનો સંભવ રહે છે : **એક** તો, એ કે લોકોને પ્રસન્ન કરીને તેમના તરફથી પ્રોત્સાહન પ્રાપ્ત કરવામાં સાધકના અહંકારને અનિચ્છનીય પોષણ મળે, એટલે કે જેનાથી તેણે મુક્ત થવાનું છે તે, તેનો **'અહં'**-(Ego) સવિશેષ સબળ અને સજ્જડ બની જાય; અને **બીજું**, – જે, આ પહેલાં ભયસ્થાનમાંથી જ જન્મે છે

અને અધિકતર ભયજનક છે તે, એ કે **'અધ્યાસ'**-નિષેધનું તેનું પેલું મૂળ પ્રયોજન જ બાજુ પર ધકેલાઈ જાય !

બીજું વિઘ્ન છે, - શરીરની આળપંપાળ, એની અનેક વિવિધ ઇચ્છાઓ-વાસનાઓ-માગણીઓને તાબે થવાનું : મોક્ષપ્રાપ્તિને પોતાનું જીવનધ્યેય સમજ્યા-સ્વીકાર્યા-સ્થાપ્યા પછી, શરીરનાં મોહ-મહત્ત્વમાં અટવાવાનું સાધકને પોસાય જ નહીં : દેહની સાથે જ સંકળાયેલાં ઇન્દ્રિયો, પ્રાણ, મન, અહંકાર, -- વગેરે એના સાથીદારોની ઇચ્છાઓ તો અપરંપાર હોય છે; એના ભોગ-વિલાસનો કળણ એવો 'પ્રેય'-કક્ષાનો હોય છે કે એમાંથી બહાર નીકળવાનો જેટલો પ્રયત્ન કરવામાં આવે, એટલું જ ઊંડું એમાં ખૂંપતાં જવાનું થયા કરે ! આવી કરુણ પરિસ્થિતિમાં આત્મચિંતનને તો અવકાશ જ શાનો રહે ? અને **'અધ્યાસ'**ને દૂર કરવાનું સાધકનું મૂળ કાર્ય પોતે જ દૂર રહી જાય !

અને એવું જ **ત્રીજું** વિઘ્ન છે : **શાસ્ત્રાનુવર્તન.** મોક્ષની પ્રાપ્તિ અને **'અધ્યાસ'**-નિષેધનાં પ્રયોજનને સંપન્ન કરતાં, સાધક, શાસ્ત્રોનો સ્વાધ્યાય કરે તે સાવ સ્વાભાવિક છે. પરંતુ આવી આ શુભ અને સાત્ત્વિક પ્રવૃત્તિનું પણ એક ભયસ્થાન છે; અને તે એ કે શાસ્ત્રોના ગ્રંથોનો સ્વાધ્યાય કરતાં સાધક જો જાગ્રત ન રહે અને ગ્રંથોની પસંદગીમાં જો તે વિવેક ન જાળવે, એટલું જ નહીં પણ જો તે એ પોથાં-થોથાંમાંથી મળતા આદેશો-ઉપદેશોના માત્ર શબ્દાર્થ કે વાચ્યાર્થને જ વળગી રહે તો, તે માત્ર પોથી-પંડિત જ બને, -- એનું અંતઃકરણ તો આત્મજ્ઞાન-વિહોણું, એવું જ કોરું અને શુષ્ક રહી જાય ! શાસ્ત્રોના માત્ર યાંત્રિક સ્વાધ્યાયનું આ છે ભયસ્થાન, જેમાંથી મુક્ત થયા વિના, **'અધ્યાસ'**નાં નિવારણનું મૂળ પ્રયોજન કદી સિદ્ધ થઈ જ ન શકે. આવાં જ બોજારૂપ બનેલાં જ્ઞાનની જંજાળમાંથી છૂટવા માટે જ, રાષ્ટ્રીય કવિશ્રી ઝવેરચંદ મેઘાણીએ ભગવાનને પ્રાર્થના કરી હશેને, કે --

"મારાં જ્ઞાન-ગુમાનની ગાંસડી ઊતરાવો શિરેથી આજ !"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૭૧)**

૨૭૨

लोकवासनया जन्तोः शास्त्रवासनयापि च ।
देहवासनया ज्ञानं यथावन्नैव जायते ॥ २७२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

लोकवासनया जन्तोः शास्त्रवासनयापि च ।
देहवासनया ज्ञानं यथावन्नैव जायते ॥ २७२ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : लोकवासनया, शास्त्रवासनया, अपि च देहवासनया, जन्तोः यथावत् ज्ञानं न एव जायते ॥ २७२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય: जन्तोः यथावत् ज्ञानं न एव जायते । जन्तु એટલે

જે જન્મ્યું છે તે, જીવ, જીવાત્મા; **યથાવત્** – એટલે સાચું, સમ્યક્, જેવું થવું જોઈએ તેવું, સંપૂર્ણ; **જ્ઞાનં** – એટલે આત્મજ્ઞાન; **અપિ ચ**, – એ કારણે પણ; **લોકવાસના** – લોકમાં પ્રતિષ્ઠા, પ્રશંસા, ખ્યાતિ, પ્રસિદ્ધિ; **શાસ્ત્રવાસના** – શાસ્ત્રોમાં, એના અભ્યાસમાંની વિદ્વત્તા, નિપુણતા-કુશળતા, પાંડિત્ય, ચાતુર્ય. **દેહવાસના** – દેહાત્મભાવ, દેહ પ્રત્યેનું મમત્વ, એમાં આસક્તિ. આ ત્રણેયને કારણે, આ ત્રણેય વાસનાઓ હોય ત્યાં સુધી, જીવનને સાચું આત્મજ્ઞાન થતું નથી. (૨૭૨)

અનુવાદ : લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનાને કારણે પણ જીવને સાચું આત્મજ્ઞાન થતું નથી. (૨૭૨)

ટિપ્પણ : **'લોક'** એટલે સામાન્ય જનસમાજ (People at large); **'શાસ્ત્ર'** એટલે મોક્ષાર્થી સાધકના અંગત સ્વાધ્યાયના શાસ્ત્રગ્રંથો; **'દેહ'** એટલે સ્થૂળ શરીર, એમાંનાં પ્રાણ, મન, અહંકાર, ઇન્દ્રિયો વગેરે અને એ બધાં પ્રત્યેનું મમત્વ. આ પહેલાંના શ્લોકમાં, આ ત્રણેય પ્રત્યેના સાધકના અભિગમ માટે **'અનુવર્તન'**-શબ્દ પ્રયોજાયો હતો, અહીં **'વાસના'**-શબ્દ પ્રયોજાયો છે, પરંતુ એનાથી ગ્રંથકારને અભિપ્રેત અર્થમાં કશો ફરત પડતો નથી.

આ ત્રણેય પ્રત્યેનું સાધકનું **'અનુવર્તન'** કે તેમના પ્રત્યેની **'વાસના'**, – એના માટે કેવાં અને કયાં ભયસ્થાનો સર્જવાની શક્યતા રહે છે અને પોતાના **'અધ્યાસ'**નો નિષેધ કરવાનાં મૂળભૂત કાર્ય(**સ્વાધ્યાય-અપનયે**)માં કેવાં વિક્ષેપો અને વિઘ્નો ઊભાં કરે છે, એની સવિસ્તર અને સ-દૃષ્ટાંત ચર્ચા ગયા શ્લોકના ટિપ્પણ-વિભાગમાં કરવામાં આવી છે, એટલે આ બાબત કશું વધારે કહેવાનું રહેતું નથી. માત્ર એક જ વાત, જરા જૂદા શબ્દોમાં અહીં કહેવામાં આવી છે, તે એ કે જ્યાં સુધી આ ત્રણેયનાં **'અનુવર્તન'** કે એ ત્રણેયની **'વાસના'**નાં વર્ચસ્વથી અથવા તો એમના પ્રભાવથી, જીવ મુક્ત ન થાય ત્યાં સુધી, જીવને, જેવું થવું જરૂરી હોય એવું, એટલે કે સાચું-સમ્યક્-સંપૂર્ણ આત્મજ્ઞાન થઈ શક્તું નથી.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૨૭૨)

૨૭૩

संसारकारागृहमोक्षमिच्छो-
-रयोमयं पादनिबद्धशृंखलम् ।
वदन्ति तज्ज्ञाः पटुवासनात्रयं
योऽस्माद् विमुक्तः समुपैति मुक्तिम् ॥ २७३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

संसारकारागृहमोक्षमिच्छो-
-रयोमयं पादनिबद्धशृंखलम् ।

वदन्ति तज्ज्ञाः पटुवासनात्रयं
योऽस्माद् विमुक्तः समुपैति मुक्तिम् ॥ २७३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : तज्ज्ञाः, संसारकारागृहमोक्षं इच्छोः (जीवस्य), (उपर्युक्तं) पटुवासनात्रयं, अयोमयं पादनिबद्धशृंखलं वदन्ति । यः (जीवः) अस्मात् (वासनात्रय-शृंखलात्) विमुक्तः (भवति), (सः) मुक्तिं समुपैति ॥ २७३ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : तज्ज्ञाः वदन्ति । तज्ज्ञाः । तद् जानाति सः । તે વિશે જે જાણે છે; તે વિશેનો જાણકાર; કોઈ પણ વિષયનો નિષ્ણાત; અહીં तद् - એટલે બ્રહ્મ; **'तज्ज्ञ'** એટલે બ્રહ્મનો જાણનાર, બ્રહ્મજ્ઞાની; બ્રહ્મવિષયક નિષ્ણાત (Expert, Connoisseur). આ તજ્જ્ઞો, બ્રહ્મજ્ઞાનીઓ કહે છે, જણાવે છે, પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. કોના વિશે, માટે ? संसार-कारागृह-मोक्षं इच्छोः । इच्छु એટલે ઇચ્છનાર, માગણી કરનાર. શું ઇચ્છનાર ? - मोक्षं; શામાંથી મુક્તિ, છૂટકારો ? संसाररूपी કેદખાનામાંથી, કેદમાંથી, જેલમાંથી, બંધનમાંથી છૂટવા; આ કારાગૃહ વિશે તજ્જ્ઞો શું કહે છે ? – पटुवासनात्रयं अयोमयं पादनिबद्धशृंखलम् । त्रय એટલે ત્રણનો સમૂહ, ત્રિપુટી; पटु - એટલે મજબૂત, તીવ્ર, સખ્ત. આ પહેલાંના શ્લોકમાં જે ત્રણ વાસનાઓ, – લોકવાસના, શાસ્ત્રવાસના, દેહવાસના,– નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વાસનાત્રિપુટીની પકડ ખૂબ મજબૂત હોય છે. આ ત્રિપુટી વિશે પેલા નિષ્ણાતો શો અભિપ્રાય આપે છે ? – अयोमयं पादनिबद्धशृंखलम् - એ જ કે એ ત્રિપુટી સંસારરૂપી કારાગૃહમાંથી છૂટવા ઇચ્છનાર માટે એક સાંકળ, બેડી शृंखल છે. કેવી બેડી ? अयोमय (अयः-मय). अयः એટલે લોહું, લોખંડ; લોખંડની સાંકળ; पादनिबद्ध - એટલે પગમાં બાંધેલી. यः (जीवः) अस्मात् (शृंखलात्) विमुक्तः (भवति), (सः) मुक्तिं समुपैति । - જે જીવ આ સાંકળમાંથી છૂટકારો મેળવે, તે મોક્ષ પામે છે. (૨૭૩)

અનુવાદ : संसाररूपी કેદખાનામાંથી છૂટવા ઇચ્છનાર માટે, **'તે'**, (બ્રહ્મ)ના જાણકારો, (ઉપર્યુક્ત) વાસના-ત્રિપુટી, પગમાં બાંધેલી લોઢાંની સાંકળ છે, એમ કહે છે. જે (મનુષ્ય) આ(સાંકળ)માંથી છૂટી શકે, તે મુક્તિ પામે છે. (૨૭૩)

ટિપ્પણ : આ પહેલાંના બે શ્લોકોમાં, અને સવિશેષ તો શ્લોક ૨૭૨માં, **લોક, શાસ્ત્ર** અને **દેહ**, – એ ત્રણ (**त्रयं**) વાસનાઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે, સાધક માટે, કેવું સખત બંધન છે, એ અહીં સ્પષ્ટરીતે વર્ણવામાં આવ્યું છે. સંસાર તો એક જેલ છે, કેદખાનું છે; જીવાત્મા જો આ કારાગૃહમાંથી છૂટવા માગતો હોય (**मोक्षं इच्छोः**) તો, આ મજબૂત (**पटु**) વાસના–ત્રિપુટી તો એના માટે, પગમાં બાંધવામાં આવેલી લોઢાની સાંકળ (**अयोमयं पादनिबद्धशृंखलम्**) સમાન છે. આ વિશેષણ દ્વારા આ વાસનાત્રિપુટીનાં બંધનની પકડ(Grip)ની સખ્તાઈનો ખ્યાલ આપવામાં આવ્યો છે.

એક તો, કેદખાનું, જેની સર્વ બાજુએ સખત જામો હોય; અને અધૂરામાં પૂરું, સંસાર-કેદીને પગે આવી બેડી ! આમાંથી છૂટકારો મેળવવા માટે સાધકને કેવો સાત્ત્વિક પુરુષાર્થ કરવો પડે, કેવું ઉગ્ર તપ કરવું પડે, એ સહેજે સમજાય એવું છે.

અને વાસનાત્રિપુટી વિશેનો આ અભિપ્રાય કંઈ કોઈ આલતુ-ફાલતુ, સામાન્ય માણસોનો નથી : જેમનો અભિપ્રાય પ્રમાણભૂત અને તેથી સહુ માટે સદા-સર્વદા સ્વીકાર્ય જ ગણાય એવા, બ્રહ્મનાં સ્વરૂપ બાબતના નિષ્ણાતોનો, તજ્જ્ઞોનો છે.

એટલે, જેને મોક્ષપ્રાપ્તિ કરવી હોય તેણે, આ જેલ અને આ બેડીમાંથી છૂટવું જ રહ્યું, બીજો કશો વિકલ્પ જ નથી !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૭૩)

૨૭૪-૨૭૫

जलादिसंपर्कवशात् प्रभूत-
-दुर्गन्धधूतागरुदिव्यवासना ।
संघर्षणेनैव विभाति सम्यग्-
-विधूयमाने सति बाह्यगन्धे ॥ २७४ ॥
अन्यःश्रितानन्तदुरन्तवासना-
-धूलीविलिप्तापरमात्मवासना ।
प्रज्ञातिसंघर्षणतो विशुद्धा
प्रतीयते चन्दनगन्धवत् स्फुटा ॥ २७५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જલાદિસંપર્કવશાત્ પ્રભૂત-
-દુર્ગન્ધધૂતાગરુદિવ્યવાસના ।
સંઘર્ષણેનૈવ વિભાતિ સમ્યગ્-
-વિધૂયમાને સતિ બાહ્યગન્ધે ॥ ૨૭૪ ॥
અન્તઃશ્રિતાનન્તદુરન્તવાસના-
-ધૂલીવિલિપ્તાપરમાત્મવાસના ।
પ્રજ્ઞાતિસંઘર્ષણતો વિશુદ્ધા
પ્રતીયતે ચન્દનગન્ધવત્ સ્ફુટા ॥ ૨૭૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (યથા એવ) જલ-આદિ-સંપર્કવશાત્ પ્રભૂત-દુર્ગન્ધ-ધૂતા-અગરુ-દિવ્યવાસના સંઘર્ષણેન એવ બાહ્યગન્ધે વિધૂયમાને સતિ સમ્યગ્ વિભાતિ, (તથા એવ) અન્તઃ-શ્રિત-અનન્ત-દુરન્ત-વાસનાધૂલીવિલિપ્તા પરમાત્માવાસના, પ્રજ્ઞા-અતિસંઘર્ષણતઃ વિશુદ્ધા ચન્દન-ગન્ધવત્ સ્ફુટા પ્રતીયતે ॥ ૨૭૪-૨૭૫ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **परमात्मवासना चन्दनगन्धवत् स्फुट्य प्रतीयते** । પરમાત્મા-પ્રાપ્તિની સાત્ત્વિક-સ્વાભાવિક વાસના, ઇચ્છા, ચન્દનની સુગંધની જેમ સ્પષ્ટ પ્રતીત થાય છે, પ્રગટ થાય છે. ક્યારે, કેવી રીતે, પ્રગટ થાય છે ? **प्रज्ञा-अति-संघर्षणतः विशुद्धा** । ઉત્કૃષ્ટ આત્મજ્ઞાનના સંઘર્ષથી જ્યારે વિશુદ્ધ બને છે ત્યારે. આ પરમાત્મા અંગેની ઇચ્છા, પહેલાં, કેમ સ્પષ્ટ પ્રગટ થતી ન્હોતી ? કારણ કે તે **अन्तःश्रित-अनन्त-दुरन्त-वासना-धूली-विलिप्ता** હતી : **अन्तः** - એટલે અંતઃકરણમાં, અંદર, ભીતર; **दुरन्त-वासना-धूली-विलिप्ता** । મુશ્કેલીથી ટળે એવી અનેક-અનંત પ્રકારની ખરાબ વાસનાઓ-રૂપી ધૂળથી લેપાઈ ગયેલી, દટાઈ ગયેલી હતી. અને પરમાત્મા તો એમાં જ વસતા હતા !

પરમાત્માની પ્રાપ્તિ વિશેની આ વાસના અંગેની આ સમગ્ર પ્રક્રિયા કોના જેવી છે ? **जल-आदि-संपर्कवशात् प्रभूत-दुर्गन्ध-धूता-अगरु-दिव्य-वासना** જેવી, જળ અને કીચડ વગેરેના સંપર્કને લીધે ઉત્પન્ન થયેલી દુર્ગન્ધને કારણે દબાઈ ગયેલ, દટાઈ ગયેલી અગરુ-ચંદનની મીઠી સુવાસ જેવી. આની સ્વાભાવિક સુગંધ ક્યારે પ્રકટ થાય છે ? આ સુગંધ સારી રીતે, ક્યારે આવવા લાગે છે ? (**सम्यग् विभाति**) ? **संघर्षणेन एव बाह्यगन्धे विधूयमाने सति** । – આ વાક્યપ્રયોગ, સમય સૂચવતો, **'सति सप्तमी'**–પ્રકારનો છે : ચંદન–સુખડને સારી રીતે ઘસવામાં આવે અને પેલી બહારની દુર્ગન્ધને દૂર કરવામાં આવે ત્યારે.

આ બંને શ્લોકોમાં, પરમાત્મા-વાસનાની, **यथा-एव** અને **तथा-एव** એવા, તુલના-સૂચક અધ્યાહાર્ય-શબ્દો વડે, અગરુ-દિવ્ય-વાસના સાથે સરખામણી કરવામાં આવી છે. (૨૭૪-૨૭૫)

અનુવાદ : (જેવી રીતે), જળ અને કાદવ વગેરેના સંપર્કને લીધે દુર્ગન્ધ ઉત્પન્ન થાય છે તેથી અગરુ-ચંદનની મધુર સુવાસ દબાઈ જાય છે, પરંતુ (અગરુ-ચંદનને) સારી રીતે ઘસીને જ્યારે ઉપરની દુર્ગન્ધને દૂર કરવામાં આવે છે ત્યારે, (અગરુની મૂળભૂત) સ્વાભાવિક સુગંધ સારી રીતે અભિવ્યક્ત થવા માંડે છે, (તેવી જ રીતે) અંતઃકરણની અંદર અનેક પ્રકારની, મુશ્કેલીથી ટળે એવી અનંત દુર્વાસનાઓ-રૂપી ધૂળથી પરમાત્માની પ્રાપ્તિ માટેની સ્વાભાવિક વાસના ઢંકાઈ જાય છે, પણ તેને જ્યારે ઉત્કૃષ્ટ આત્મજ્ઞાનનાં સતત ઘર્ષણ વડે વિશુદ્ધ બનાવવામાં આવે ત્યારે, તે (પરમાત્મા-વાસના) ચંદનની સુગંધની જેમ સ્પષ્ટ-સ્વરૂપે પ્રગટ થાય છે. (૨૭૪-૨૭૫)

ટિપ્પણ : કોઈ જળાશયમાં સુખડ-ચંદનનાં લાકડાં લાંબા સમય સુધી તણાતાં કે ડૂબેલાં રહે તો, તેના પેર વરસાદનાં ગંદા પાણી અને એમાંનાં કાદવ-કીચડના થર જામી જાય અને આ સંપર્કનાં પરિણામે અગરુ-ચંદનની સુમધુર અને પવિત્ર સુવાસ દબાઈ જાય છે. પણ અનુભવી અને જાણકાર માણસને ખ્યાલ હોય છે કે

આમાં નિરાશ થવા જેવું નથી. એ જ અગરુ-ચંદનનાં લાકડાંને પાણીમાંથી બહાર કાઢીને, તેના પરનાં પેલાં બાહ્ય દુર્ગન્ધનાં પડને સારી રીતે ઘસીને કાઢી નાખવામાં આવે, એટલે તરત જ અગરુ-ચંદનની મૂળભૂત (Original) મીઠી-મધુરી સુગન્ધ આપોઆપ અભિવ્યક્ત થઈ જાય છે અને સમગ્ર વાતાવરણને પોતાનાં અસ્તિત્વથી સુગન્ધ-સભર અને ભભકભર્યું બનાવી દે છે.

બસ, આવું જ છે, પરમાત્માની પ્રાપ્તિની ઇચ્છાને પરિપૂર્ણ કરવાનું : સરેરાશ સારો માણસ તો, એનાં મૂળભૂત સૌજન્ય, સુવિચારો અને શુભ-ભાવનાઓને કારણે, પરમાત્માને-પામવાની સુ-વાસના સેવતો જ હોય છે; પરંતુ અંતે તો, તે એક મનુષ્ય છે અને માનવ-સહજ નિર્બળતાને કારણે, અનેક પ્રકારનાં સંસારી ભાવો, અનિચ્છનીય આસક્તિઓ અને મલિન દુર્વાસનાઓ એનાં અંત-કરણમાં જામી જાય છે અને આ સર્વ મેલની નીચે, એની પેલી પરમાત્મા-પ્રાપ્તિની સદ્-ઇચ્છા દબાઈ-દટાઈ જાય છે અને એ નિરાશ થઈ જાય છે કે "હવે, પરમાત્માના સાક્ષાત્કાર-રૂપી મારાં જીવનધ્યેયને હું કેમ કરીને પરિપૂર્ણ કરીશ ?" પરંતુ જેવો તે કોઈ સદ્‌ગુરુને શરણે જાય છે, તેવો જ તે સ્વસ્થ થઈ જાય છે અને ગુરુજીનાં મદદ-માર્ગદર્શન પ્રમાણે, ધીરે ધીરે છતાં અચૂક રીતે, ઉત્કૃષ્ટ આત્મજ્ઞાન તે મેળવે છે અને એના પ્રભાવથી, એની દુર્વાસનાઓ અને સંસાર-વાસનાઓ સંપૂર્ણરીતે ભૂંસાઈ જાય છે અને ઉપર્યુક્ત ચંદનની સુગંધની જેમ, એની પેલી ભૂતપૂર્વ પરમાત્મા-વાસના, સ્પષ્ટ-સ્વરૂપે પ્રગટ થઈ જાય છે.

આમાં મહિમા છે આટલા સદ્‌ભાવોનો : મનુષ્યનું મૂળભૂત, સૌજન્ય; પરમાત્મા-પ્રાપ્તિની સદ્‌ભાવનાનું સતત સેવન-ચિંતન-મનન; માનવસહજ નિર્બળતાનાં પરિણામે પેલી શુભભાવના કદિક ક્ષીણ થવા પામે તો સદ્‌ગુરુનાં શરણે જવાની તત્પરતા; અને એમના સદુપદેશ પ્રમાણે ઉત્કૃષ્ટ પ્રકારનું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્સુક્તા તથા સજ્જતા. બસ, પછી તો આત્મજ્ઞાન પોતે જ, એનો પ્રભાવ તે મનુષ્યની ભીતર દિવ્ય ચમત્કાર સર્જશે અને પરમાત્મા-પ્રાપ્તિની એની ભૂતપૂર્વ શુભભાવનાને સંપન્ન કરવાનાં પ્રેરણા-પ્રોત્સાહન આપશે !

શ્લોકોનો છંદ : ઉપજાતિ (૨૭૪-૨૭૫)

૨૭૬

अनात्मवासनाजालैस्तिरोभूतात्मवासना ।
नित्यात्मनिष्ठया तेषां नाशे भाति स्वयं स्फुटा ॥ २७६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अनात्मवासनाजालैस्तिरोभूतात्मवासना ।
नित्यात्मनिष्ठया तेषां नाशे भाति स्वयं स्फुटा ॥ २७६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अनात्म-वासना-जालैः आत्मवासना तिरोभूता

(अस्ति) । (तस्मात्) नित्य-आत्मनिष्ठया तेषां (अनात्म-वासना-जालानां) नाशे (सति), (आत्मवासना) स्वयं स्फुट्या भाति ॥ २७६ ॥

शब्दार्थ : मुख्य वाक्य : **आत्मवासना तिरोभूता** (अस्ति) । आत्मवासना - એટલે આત્માની, આત્માનાં મૂળભૂત-યથાર્થ-સમ્યક્ સ્વરૂપની વાસના-ઇચ્છા-પ્રતીતિ; **तिरोभूता** (अस्ति) એટલે ઢંકાઈ ગઈ છે; દેખાતી બંધ થઈ ગઈ છે; આવૃત બની ગઈ છે. આ આત્મવાસના શાના વડે ઢંકાઈ ગઈ છે ? **अनात्म-वासना-जालैः** । जाल - એટલે જાળું (Net, Web, Snare); અનાત્માની વાસનાઓનાં જાળાં વડે. તો પછી, આ જાળાંને દૂર કરવા માટે શું કરવું જોઈએ, જેથી **तस्मात्** - આત્મવાસના પોતાની મેળે, આપોઆપ (**स्वयं**) સ્પષ્ટપણે (**स्फुट्या**) પ્રગટ થાય, પ્રતીત થાય, દૃષ્ટિગોચર બની જાય (**भाति**) ? **नित्य-आत्मनिष्ठया तेषां** (अनात्म-वासना-जालानां) **नाशे सति** । આ વાક્યપ્રયોગ **'सति-सप्तमी'**નો છે, જે, આત્મવાસનાના પ્રગટ થવાનો સમય સૂચવે છે; સતત, નિત્યનિરંતર આત્મામાં નિષ્ઠા કરવાથી, સ્થિતિ કરવાથી, ત્યાં સ્થિત રહેવાથી, અનાત્માની વાસનાઓનાં પેલાં જાળાંઓનો નાશ થતાં, નાશ થાય ત્યારે. (૨૭૬)

અનુવાદ : અનાત્માની વાસનાઓનાં જાળાં વડે આત્માની વાસના ઢંકાઈ ગઈ છે; તેથી સતત આત્મનિષ્ઠા વડે પેલાં(જાળાંઓનો નાશ થતાં, આત્મવાસના) આપોઆપ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર બની જાય છે. (૨૭૬)

ટિપ્પણ : આત્મવાસના એટલે મુમુક્ષા, મોક્ષપ્રાપ્તિની ઇચ્છા, આત્મસાક્ષાત્કારની પવિત્ર-સાત્ત્વિક સદ્વૃત્તિ. આવી સદ્વૃત્તિ સરેરાશ સજ્જન(Average good man)નાં અંતઃકરણમાં તો સ્વાભાવિક રીતે હોય જ છે; પરંતુ આ પહેલાંના શ્લોકમાં જણાવાયું હતું તે પ્રમાણે, માનવ-સહજ નિર્બળતાને કારણે, આત્મામાં અધ્યારોપિત શરીર-ઇન્દ્રિયો-વિષયો પ્રત્યેની આસક્તિનાં જાળાં વડે, મનુષ્યની અંદર રહેલી પેલી મુમુક્ષા, આત્માનાં સાચાં સ્વરૂપની પ્રતીતિ, સદ્વાસના, ઢંકાઈ જાય છે, – પેલાં જાળાંનાં ઘનિષ્ઠ પડો-થરોને કારણે, – દેખાતી બંધ થઈ જાય છે (**तिरोहिता**); પરંતુ આથી સાધકે નિરાશ થવાની જરૂર નથી, આ તો માત્ર એક મર્યાદિત સમયની ઘટના (Temporary phase) છે. આવશ્યકતા છે ફક્ત નિત્યનિરંતર આત્મનિષ્ઠાનાં આત્મચિંતનનાં સાતત્યની: આત્માની ભીતર અવિરત સ્થિત રહેવાનો જાદુ (Miracle) જ એવો છે કે વિષયવાસનાઓનાં પેલાં અનાત્મજાળાં, સાધકને ખ્યાલ પણ ન રહે એવી ઝડપથી, ક્યાંય ફંગોળાઈ જાય; અને જેવું આ આવરણ દૂર થાય (**तेषां नाशे सति**), તેવી જ સાધકની પેલી ભીતરી સત્ત્વશીલ આત્મવાસનાની સઘન અનુભૂતિ, આપોઆપ (**स्वयं**) સ્પષ્ટ રીતે (**स्फुट्या**) આવિર્ભૂત થઈ જાય છે (**भाति**).

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ (૨૭૬)**

૨૭૭

यथा यथा प्रत्यगवस्थितं मनः
तथा तथा मुंचति बाह्यवासनाः ।
निःशेषमोक्षे सति वासनाना-
-मात्मानुभूतिः प्रतिबन्धशून्या ॥ २७७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यथा यथा प्रत्यगवस्थितं मनः
तथा तथा मुंचति बाह्यवासनाः ।
निःशेषमोक्षे सति वासनाना-
-मात्मानुभूतिः प्रतिबन्धशून्या ॥ २७७ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यथा यथा (साधकस्य) मनः प्रत्यग्-अवस्थितं (भवति), तथा तथा (सः) बाह्यवासनाः मुंचति । वासनानां निःशेषमोक्षे सति, आत्मानुभूतिः प्रतिबन्धशून्या (जायते) ॥ २७७ ॥

શબ્દાર્થ : यथा यथा (साधकस्य) मनः प्रत्यग्-अवस्थितं (भवति), तथा तथा (सः) बाह्यवासनाः मुंचति । 'જેમ જેમ' (यथा यथा) અને 'તેમ તેમ' (तथा तथा) જેવા શબ્દોને પ્રયોજીને, બે પ્રક્રિયાઓને, એક પછી એક, એમ વારાફરતી, થતી, અહીં, આ વાક્યમાં, નિરૂપવામાં આવી છે : (૧) જેમ જેમ, मनः એટલે અંતઃકરણ; प्रत्यग्-अवस्थितं (भवति); અંતરાત્મામાં સારી રીતે સ્થિર થતું જાય; તેમ તેમ, (૨) सः साधकः बाह्यवासनाः मुंचति । बाह्यवासनाः - એટલે બાહ્ય વસ્તુઓ-પદાર્થોની વાસનાઓ; मुंचति - એટલે ત્યજે છે, છોડે છે.

ત્યારપછીનું નિશ્ચયાત્મક અને પરિણામ-સૂચક વાક્ય આ પ્રમાણે છે : आत्मानुभूतिः प्रतिबन्धशून्या (जायते) । शून्य - એટલે રહિત, વિનાની, વગરની. આત્માની અનુભૂતિ પ્રતિબન્ધ-રહિત બની જાય છે. આવું પરિણામ ક્યારે આવે છે ? वासनानां निःशेषमोक्षे सति । - આ પણ સમય દર્શાવતું 'सति-સપ્તમી'-પ્રકારનું વાક્ય છે. निःशेष - એટલે જરા પણ શેષ ન રહે, એવું સંપૂર્ણ; मोक्ष એટલે (વાસનાઓનું) છૂટી જવું, એનો નાશ થઈ જવો. વાસનાઓનો પૂરેપૂરો નાશ થાય ત્યારે, આત્માની અનુભૂતિમાં કશો,-કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ રહેતો નથી. (૨૭૭)

અનુવાદ : જેમ જેમ (સાધકનું) અંતઃકરણ અંતરાત્મામાં સારી રીતે સ્થિર થતું જાય છે, તેમ તેમ તે (સાધક) બાહ્યપદાર્થોની વાસનાઓનો ત્યાગ કરતો જાય છે. વાસનાઓનો સંપૂર્ણ નાશ થાય ત્યારે, આત્માની અનુભૂતિ પ્રતિબંધ વિનાની બની જાય છે. (૨૭૭)

ટિપ્પણ : શ્લોક-૨૬૮થી વાસનાની વિમુક્તિનો મુદ્દો ગ્રંથકારે શરૂ કર્યો છે, તેનું અહીં, આ શ્લોકથી, સમાપન થાય છે.

જ્ઞાની એવા મોક્ષાર્થી સાધકનું જીવન-ધ્યેય એટલે આત્માનુભૂતિ, આત્મસાક્ષાત્કાર, પ્રત્યક્ષાનુભૂતિ, અપરોક્ષાનુભૂતિ, જીવન્મુક્તિ. આમાંથી જે શબ્દો પ્રયોજવા હોય તે પ્રયોજી શકાય. હકીકતમાં, આ બધા પર્યાય-શબ્દો (Synonyms) જ છે. આમ છતાં, આવી અનુભૂતિ એમ કાંઈ સરળ અને સુ-સાધ્ય નથી.

આવી સિદ્ધિની આડે સહુથી મોટું વિઘ્ન શા કારણે ? વિઘ્ન-પ્રતિબંધ-આવરણ, જે કહો તે છે, બાહ્યવસ્તુઓ વિશેની સાધકની વાસના. સાધક આ વાસનાઓમાંથી છૂટકારો મેળવે, એ માટે શું આવશ્યક-અનિવાર્ય છે ? – બાહ્યપદાર્થો-વસ્તુઓમાંથી મનને પાછું ખેંચી લઈને (Withdraw કરીને), સાધકે તેને (મનને) પોતાનાં અંતરાત્મામાં (પ્રત્યગ્-આત્મામાં) સારી રીતે, સ્થિર પ્રકારે, સ્થાયીરૂપે અવસ્થિત કરી દેવું જોઈએ. આમ, મનનું અસ્તિત્વ જ ન રહેવું જોઈએ, એનો નાશ જ થઈ જવો જોઈએ : ગૌડપાદાચાર્યના શબ્દોમાં 'મનનું સંપૂર્ણરીતે અ-મનીકરણ થઈ જવું જોઈએ', એટલે કે **'મન' 'અ-મન'** બની જવું જોઈએ. આટલું સિદ્ધ થાય એટલે, બાહ્યવસ્તુઓની વાસનાઓ પ્રત્યેની કશી જ આસક્તિ, **'અ-મન'** બની ચૂકેલાં પેલાં **'મન'**ને, રહેવા જ ન પામે !

આ સિદ્ધિ-પ્રક્રિયા સાકાર થાય એમાં થોડો સમય અવશ્ય જાય, કારણ કે 'મનોનાશ' એ અત્યંત અઘરી અને દુઃસાધ્ય બાબત છે; પરંતુ સાધક એ માટે સંનિષ્ઠાપૂર્વક કટિબદ્ધ થાય, એટલે અંતે 'મનોનાશ'ની સાથે જ તેની વાસનાઓ સંપૂર્ણરીતે છૂટી જાય છે (**वासनानां निःशेषमोक्षे सति ।**), અને આ વાસના-નાશની સાથે જ, સાધકની આત્માનુભૂતિના માર્ગમાં કશો જ પ્રતિબંધ રહેતો નથી. (**आत्मानुभूतिः प्रतिबन्धशून्या जायते ।**)

સંક્ષેપમાં, જો આ સર્વ પ્રક્રિયાઓનો ક્રમ નક્કી કરવો હોય તો, તેને આ પ્રમાણે, એક પછી એક, ક્રમાનુસાર મૂકી શકાય : મનોનાશ, વાસના-વિમુક્તિ અને પ્રતિબંધ-રહિત આત્માનુભૂતિ.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૭૭)

૨૭૮

स्वात्मन्येव सदा स्थित्वा मनो नश्यति योगिनः ।
वासनानां क्षयश्चातः स्वाध्यासापनयं कुरु ॥ २७८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वात्मन्येव सदा स्थित्वा मनो नश्यति योगिनः ।
वासनानां क्षयश्चातः स्वाध्यासापनयं कुरु ॥ २७८ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : स्व-आत्मनि एव सदा स्थित्वा योगिनः मनः

नश्यति, वासनानां क्षयः (च भवति), अतः स्व-अध्यास-अपनयं कुरु ॥ २७८ ॥

शब्दार्थ : मुख्य वाक्य : अतः स्व-अध्यास-अपनयं कुरु ॥ अतः – આથી, આ કારણે; अपनयं कुरु – દૂર કર, ત્યાગ કર, છોડી દે, ફગાવી દે : આથી તારા પોતાના **'અધ્યાસ'**ને દૂર કર. 'આથી' એટલે શાથી ? આ બે કારણે : (૧) योगिनः मनः नश्यति । **'मनः'** એટલે બાહ્ય વિષયોમાં - વાસનાઓમાં ભટકતી ચિત્તવૃત્તિઓ; યોગીનું આવું મન નાશ પામે છે; અને (૨) वासनानां क्षयः (च भवति) । અને વિષયવાસનાઓનો પણ ક્ષય (એટલે કે નાશ) થાય છે. આ બંને પરિણામો શાનાં કારણે શક્ય બને છે ? – स्वात्मनि एव सदा स्थित्वा । – પોતાના આત્મામાં જ સદા સ્થિતિ કરવાથી, ત્યાં જ સ્થિર રહેવાનાં કારણે. (૨૭૮)

અનુવાદ : પોતાના આત્મામાં જ સદા સ્થિતિ કરવાથી, યોગીનું મન નાશ પામે છે અને વિષયવાસનાઓનો પણ ક્ષય થાયઃ આથી તારા પોતાના અધ્યાસને દૂર કર. (૨૭૮)

ટિપ્પણ : મોક્ષાર્થી સાધક માટે, **'અધ્યાસ'**, એનાં જીવનધ્યેયને પરિપૂર્ણ કરવાની આડે, કેવું મોટું વિઘ્ન બને છે, તે પ્રત્યે ગ્રંથકારે આ પહેલાં પણ તેનું લક્ષ ખેંચ્યું જ છે; એટલું જ નહીં પરંતુ શ્લોક-૨૭૧માં પણ ચોથું ચરણ અહીંની જેમ જ હતું, – પોતાના **'અધ્યાસ'**નાં દૂરીકરણનું : स्व-अध्यास-अपनयं कुरु । અને હવે પછીના ૨૭૯થી ૨૮૬ સુધીના ૮ શ્લોકોમાં પણ આ જ ચરણની પુનરુક્તિ ચાલુ રહેવાની છે.

આ પહેલાં, ગ્રંથકારે, એકથી વધુ વાર, **'અધ્યાસ'**નું સ્વરૂપ સમજાવ્યું છે : अतस्मिन् तद्-बुद्धिः । – જે **'તે નથી'**, તેમાં **'તે છે'** એવી સમજણ; 'અનાત્મા'ને 'આત્મા' માની લેવો તે; શરીર વિશે 'હું શરીર છું' એવો **'अहं'**-ભાવ, **'मम'**-ભાવ. અહીંથી હવે પછી શ્લોક ૨૮૬ સુધી **अध्यास**-નિવૃત્તિનો મુદ્દો ગ્રંથકારે હાથ ધર્યો છે.

આવો આદેશ, આચાર્યશ્રી, બે કારણે, આપે છે, તે પહેલાં, આ બે કારણોનાં પણ કારણ તરીકે સાધકને પોતાના આત્મામાં જ સદા-સર્વદા સ્થિત રહેવાની ભલામણ કરી છે, એટલે કે ચિત્તવૃત્તિઓને પોતાના શુદ્ધ આત્માની અંદર જ સ્થિર-સ્વરૂપે સ્થાપિત કરવાની સલાહ આપી છે, કારણ કે ચિત્તવૃત્તિઓ મનની બહાર ભટકતી રહેવાને બદલે વિશુદ્ધ આત્માનું ગ્રહણ-અનુસરણ કરે તો, એમાં જ કેન્દ્રિત બને તો, અનાત્મ-વસ્તુઓનાં મિથ્યા સ્વરૂપની પ્રતીતિ થઈ જાય, અને આવી પ્રતીતિ એ જ **'અધ્યાસ'**નું **'અપનયન'** (Removal).

અને ચિત્તવૃત્તિઓનાં આત્મામાંના સ્થાપનને કારણે, **'અધ્યાસ'**નાં દૂરીકરણ માટેની બે અનિવાર્ય પૂર્વભૂમિકાઓ સ્વયમેવ સર્જાઈ જાય : (૧) સાધકનાં મનનો

નાશ, એટલે કે 'મન'નું 'અ-મન' બની જવું, અને (૨) બહારના પદાર્થોમાં પરિભ્રમણ કરતી ચિત્તવૃત્તિઓનો ક્ષય.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૨૭૮)

૨૭૯

तमो द्वाभ्यां, रजः सत्त्वात्, सत्त्वं शुद्धेन नश्यति ।
तस्मात् सत्त्वमवष्टभ्य स्वाध्यासापनयं कुरु ॥ २७९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તમો દ્વાભ્યાં, રજઃ સત્ત્વાત્, સત્ત્વં શુદ્ધેન નશ્યતિ ।
તસ્માત્ સત્ત્વમવષ્ટભ્ય સ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૭૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (सत्त्व-रजोभ्यां) द्वाभ्यां तमः नश्यति, सत्त्वाद् रजः नश्यति, शुद्धेन (आत्मज्ञानेन च) सत्त्वं नश्यति, तस्मात् (शुद्धं) सत्त्वं अवष्टभ्य स्व-अध्यास-अपनयं कुरु ॥ २७९ ॥

શબ્દાર્થ : પ્રથમ પંક્તિમાં ત્રણ નાનાં-નાનાં વાક્યો છે, જે સહેલાં છે : (સત્ત્વગુણ અને રજોગુણ આ) બે વડે તમોગુણ નાશ પામે છે, સત્ત્વગુણ વડે રજોગુણ નાશ પામે છે અને શુદ્ધ આત્મજ્ઞાન વડે સત્ત્વગુણ નાશ પામે છે. **तस्मात्** - તેથી, તે કારણે, માટે. તેથી સાધકે શું કરવાનું ? પોતાના અધ્યાસનો નિષેધ કરવાનો (**स्व-अध्यास-अपनयं कुरु** ।). પરંતુ આ નિષેધ કેવી રીતે કરવાનો છે ? – **शुद्धं सत्त्वं अवष्टभ्य** । **अवष्टभ्य** (अव+स्तम्भ् - આધાર લેવો, એ ધાતુનું સંબંધક-ભૂતકૃદંતનું રૂપ) આધાર લઈને, અવલંબન કરીને; શુદ્ધ સત્ત્વગુણ (એટલે કે આત્મજ્ઞાન)નો આધાર લઈને, એના આધારે-આશ્રયે. (૨૭૯)

અનુવાદ : (સત્ત્વગુણ-રજોગુણ આ) બે વડે તમોગુણ, સત્ત્વગુણ વડે રજોગુણ અને શુદ્ધ(આત્મજ્ઞાન)વડે, સત્ત્વગુણ નાશ પામે છે, માટે શુદ્ધ (આત્મજ્ઞાનરૂપી) સત્ત્વગુણનો આધાર લઈને, તું પોતાના અધ્યાસને દૂર કર. (૨૭૯)

ટિપ્પણ : **સાંખ્ય**-દર્શન-પ્રબોધિત **'પ્રકૃતિ'**ના ત્રણ ગુણો, – **સત્ત્વ, રજસ્** અને **તમસ્**,–ના સ્વભાવ-ગત પ્રભાવથી પર થઈ જવાનો, એટલે **'ત્રિગુણાતીત'** અથવા **'ગુણાતીત'** થઈ જવાનો, અનુરોધ, **ગીતા**ના ૧૪મા અધ્યાયમાં કરવામાં આવ્યો છે, —

गुणान् एतान् अतीत्य त्रीन् देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ ૧૪, ૨૦ ॥

("દેહનાં કારણરૂપ એવા આ ત્રણ ગુણોને ઓળંગીને, જીવાત્મા, જન્મ-મૃત્યુ તથા વૃદ્ધાવસ્થાનાં દુઃખોથી મુક્ત થઈને મોક્ષ પામે છે.")

અહીં પણ વાત તો એ જ છે, પરંતુ અહીં વીગત છે, તે એટલી જ કે આ

ત્રણેય ગુણોને વ્યક્તિગત રીતે કેવી રીતે ઓળંગવા, એનો નાશ કેવી રીતે થાય, એ દર્શાવવાની : સત્ત્વગુણ અને રજોગુણના પ્રભાવ વડે તમોગુણનો નાશ થાય છે, સત્ત્વગુણના પ્રભાવ વડે રજોગુણનો નાશ થાય છે અને શુદ્ધ આત્મજ્ઞાન વડે સત્ત્વગુણનો નાશ થાય છે.

અહીં કોઈકને આવો સવાલ અવશ્ય મુંઝવે : **'सत्त्व'**-ગુણ તો એનાં નામ પ્રમાણે **'સારો'** ગુણ છે, એનો પણ નાશ કરવાનો ? શા માટે ?

આ અનુસંધાનમાં, બે વાત સમજી લેવાની જરૂર છે : એક તો, એ કે **'सत्त्व'**-ગુણ ખરેખર સારો છે. જુઓ :—

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकं अनामयम् । (ગીતા ૧૪, ૬)

("सत्त्वगुण निर्मळ होवाथी, प्रकाशक होवाथी, निर्दोष छे.")

આમ છતાં, એ ભૂલવાનું નથી કે તે સુખની અને જ્ઞાનની આસક્તિથી (જીવાત્માને) **"બાંધે છે"** : **सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥** (૧૪, ૬)

'સંગ' એટલે આસક્તિ, અને આસક્તિ-માત્રનું પરિણામ એક જ, — **'બંધન'** !

અને **બીજું** એ કે પ્રકૃતિમાંથી જ જન્મેલા એના બીજા બે સાથીદારો, રજસ્ અને તમસ્, — ના નિત્યસંપર્કને કારણે, આ **'सत्त्व'**-ગુણ પણ સંપૂર્ણરીતે શુદ્ધ રહી શકતો નથી : 'સંગ તેવો રંગ' એ કહેવત પ્રમાણે, **'सत्त्व'**-ગુણ પર પણ પોતાના પેલા બે સહચરોના અનિચ્છનીય પ્રભાવનો 'રંગ' તો લાગી જ જાય છે ! પરિણામે, તે **'શુદ્ધ'**-સત્ત્વગુણને બદલે **'મિશ્ર'**-સત્ત્વગુણ બની જાય છે અને તેથી મોક્ષ-યાત્રિક એવા સાધકે આવા **'મિશ્ર'**-સત્ત્વગુણનો પણ, શુદ્ધ આત્મજ્ઞાન વડે, નાશ કરવાનો રહે છે.

અને આવો એનો નાશ થયા પછી, તે સત્ત્વગુણ શુદ્ધ આત્મજ્ઞાન-સ્વરૂપ બની જાય છે, જેનું અવલંબન (**अवष्टभ्य**) સાધકને પોતાના **'અધ્યાસ'**નો નાશ કરવામાં સહાયક નીવડે છે.

આમ તો, આ જગત ત્રણેય ગુણોની સૃષ્ટિ છે, એમ મનાય છે. પરબ્રહ્મ અને મોક્ષની પ્રાપ્તિ માટે, સાધકે પ્રકૃતિમાંથી જન્મેલાં આ ત્રણેય ગુણો અને તેમની સાથે સંબદ્ધ સાંસારિક વ્યવહારમાંથી મુક્ત થવાની જરૂર છે, કારણ કે તે ગુણો અવિનાશી જીવાત્માને દેહમાં બાંધી રાખે છે :—

सत्त्वं रजः तमः इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनं अव्ययम् ॥ ગીતા : ૧૪, ૫ ॥

આ જ કારણે, ભગવાન શ્રીકૃષ્ણે, અર્જુનને, ગીતાના આરંભમાં (૨, ૪૫), આ ત્રણેય ગુણોથી રહિત થઈ જવાનો, આ પ્રમાણે આદેશ આપ્યો હતો :

निस्त्रैगुण्यो भव अर्जुन ॥

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ (૨૭૯)**

૨૮૦

प्रारब्धं पुष्यति वपुरिति निश्चित्य निश्चलः ।
धैर्यमालम्ब्य यत्नेन स्वाध्यासापनयं कुरु ॥ २८० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રારબ્ધં પુષ્યતિ વપુરિતિ નિશ્ચિત્ય નિશ્ચલઃ ।
ધૈર્યમાલમ્બ્ય યત્નેન સ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૮૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : પ્રારબ્ધં (કર્મ) વપુઃ પુષ્યતિ ઇતિ નિશ્ચિત્ય, નિશ્ચલઃ (સન્) ધૈર્યં આલમ્બ્ય, યત્નેન સ્વ-અધ્યાસ-અપનયં કુરુ ॥ ૨૮૦ ॥

શબ્દાર્થ : અહીં પણ, આ પહેલાંના શ્લોકોની જેમ, મુખ્ય વાક્ય એ જ છે : સ્વ-અધ્યાસ-અપનયં કુરુ । (તારા પોતાના અધ્યાસને તું દૂર કર.)

પરંતુ આ કાર્ય સંપન્ન કરતાં પહેલાં, આ **ચાર** બાબતોને અમલમાં મૂકવાની છે : (૧) **પ્રારબ્ધં (કર્મ) વપુઃ પુષ્યતિ ઇતિ નિશ્ચિત્ય** । 'પ્રારબ્ધ' કર્મ જ શરીરનું (વપુઃ) પોષણ કરે છે, આવો નિશ્ચય કરીને; (૨) **નિશ્ચલઃ (સન્)** - નિશ્ચલ એટલે કે અડગ થઈને; (૩) **ધૈર્યં આલમ્બ્ય** ધૈર્યનું અવલંબન કરીને, ધીરજ ધરીને; અને (૪) **યત્નેન** પ્રયત્નપૂર્વક. (૨૮૦)

અનુવાદ : 'પ્રારબ્ધ' કર્મ જ શરીરનું પોષણ કરે છે, - એમ નિશ્ચય કરીને, અડગ બનીને, ધીરજ ધરીને અને પ્રયત્નપૂર્વક, તું તારા અધ્યાસને દૂર કર. (૨૮૦)

ટિપ્પણ : જીવન દરમિયાન, મનુષ્ય અનેક પ્રકારનાં કર્મો સતત કરતો હોય છે, એ બધાંને **'ક્રિયમાણ'** કર્મ કહેવામાં આવે છે. આમાંનાં મોટા ભાગનાં કર્મો એવાં હોય છે કે જેનું ફળ તરત જ મળી જાય છે : દાખલા તરીકે, ભૂખ લાગી અને ખાધું એટલે ભૂખ મટી ગઈ; ખાવાનું કર્મ ભોગવાઈ ગયું. તરસ લાગી અને પાણી પીધું એટલે તરસ છીપી ગઈ; પીવાનું કર્મ ભોગવાઈ ગયું. તે તે કર્મોનાં ફળ ભોગવાઈ ગયાં.

પરંતુ કેટલાંક કર્મો એવાં હોય છે, જેનું ફળ તરત જ નથી મળતું. અને કર્મ વિશેનો એક અટલ સિદ્ધાંત એ છે કે કર્મ સારું હોય કે ખરાબ, એને મનુષ્યે અવશ્ય ભોગવવું જ જોઈએ : જ્યાં સુધી કર્મ ભોગવાય નહીં ત્યાં સુધી, સેંકડો-હજારો-કરોડો યુગો વીતી જવા છતાં, એ કર્મોનો નાશ ન થાય :–

अवश्यं एव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।
न-आभुक्तं कर्म क्षीयते कल्पकोटिशतैः अपि ॥

કેટલાંક **'ક્રિયમાણ'** કર્મો એવાં હોય છે, જેનું ફળ તરત નથી મળતું. આવાં કર્મોને પાકતાં દિવસો-મહિનાઓ-વર્ષો લાગે છે; અને જે કર્મો ફળ આપે નહીં, ત્યાં સુધી તે **એકઠાં** થતાં રહે, - આવાં **જમા** થતાં રહેલાં કર્મોને **'સંચિત'** કર્મ કહેવામાં આવે છે. દાખલા તરીકે, એક યુવાને પોતાનાં વૃદ્ધ માબાપને દુઃખી કર્યાં

અને વર્ષો પછી જ્યારે તે વૃદ્ધ થયો ત્યારે, તેના યુવાન પુત્રે તેને દુઃખી કર્યો.

પરંતુ કેટલીક વાર, મનુષ્ય આવાં **'સંચિત'** કર્મોને ભોગવે, એટલે કે એનાં ફળ તેને મળે તે પહેલાં તેનું મૃત્યુ થાય. આવાં **'સંચિત'** કર્મો પાકીને ફળ આપે તે માટે તેણે ફરી જન્મવું જ રહ્યું, અને આ માટે તેણે શરીર ધારણ કરવું જ રહ્યું : પેલાં **'સંચિત'** કર્મો પાકીને બીજાં જન્મમાં ફળ આપવા તૈયાર થાય, તેને **'પ્રારબ્ધ'** કર્મો કહેવામાં આવે છે, જેને ભોગવવા માટે, અનુરૂપ શરીર મનુષ્યને મળે છે અને પેલાં **'પ્રારબ્ધ'** કર્મો જ આ શરીરનું પોષણ કરે છે. (प्रारब्धं कर्म वपुः पुष्यति), એને ટકાવી રાખે છે, જેથી મનુષ્ય, પેલાં પાકીને, ફળ આપવા, તૈયાર થયેલાં **'પ્રારબ્ધ'** કર્મોને, ભોગવી શકે.

ટૂંકમાં, શરીર જન્મે છે **'પ્રારબ્ધ'** કર્મને કારણે, અને એને પોષણ પણ મળે છે **'પ્રારબ્ધ'** (કર્મ) તરફથી, જેથી કર્મ ભોગવાય, ફળ મળે અને અંતે તે કર્મનો ક્ષય થાય.

આ શ્લોકમાં, આવાં **'પ્રારબ્ધ'** કર્મનો સંદર્ભ છે, જેનાં દ્વારા સાધકને એ સૂચવવામાં આવે છે કે જે શરીર આવાં **'પ્રારબ્ધ'** કર્મોના ભોગનું એક સાધનમાત્ર છે, એના પ્રત્યે કશી આસક્તિ કે કશા **અહં-મમ**-ભાવ તેણે સેવવાં નહીં. શરીરની માલિકી જો, આ રીતે, **'પ્રારબ્ધ'** કર્મની જ હોય તો, એ 'પ્રારબ્ધ' કર્મ જ શરીરનું જે કરવું હશે તે કરશે. સાધકે આવો નિશ્ચય કરીને (इति निश्चित्य), અચળ રહીને, ધીરજ રાખીને, પ્રયત્નપૂર્વક પોતાના અધ્યાસનો નિષેધ કરવામાં જ પોતાનાં સમગ્ર અસ્તિત્વને કેન્દ્રિત કરી દેવું.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૦)

૨૮૧

नाहं जीवः परं ब्रह्मेत्यतद्व्यावृत्तिपूर्वकम् ।
वासनावेगतः प्राप्तस्वाध्यासापनं कुरु ॥ २८१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નાહં જીવઃ પરં બ્રહ્મેત્યતદ્વ્યાવૃત્તિપૂર્વકમ્ ।
વાસનાવેગતઃ પ્રાપ્તસ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૮૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अहं जीवः न (अस्मि), (अपि तु) परं ब्रह्म (अस्मि), — इति (निश्चित्य) अतद्व्यावृत्तिपूर्वकं वासनावेगतः प्राप्त-स्व-अध्यास-अपनयं कुरु ॥ ૨૮૧ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **वासनावेगतः प्राप्त-स्व-अध्यास-अपनयं कुरु** । અહીં પણ શ્લોકની ધ્રુવપંક્તિ(Refrain) તો એ જ છે : તું તારા પોતાના **'અધ્યાસ'**ને દૂર કર. આ **'અધ્યાસ'** કેવી રીતે **'પ્રાપ્ત'** થયો ? — **वासनावेगतः** વાસનાના વેગને કારણે, વિષયવાસનાનાં બળને કારણે. આ **'અધ્યાસ'**ને કેવી

રીતે દૂર કરવાનો છે ? – अतद्व्यावृत्तिपूर्वकम् । અતદ્ એટલે જે **"તે (તદ્) નથી"**, જે તદ્ બ્રહ્મ, ચૈતન્ય આત્મા નથી, તે. ટૂંકમાં, અતદ્ એટલે તદ્થી વિરુદ્ધ-વિલક્ષણ એવું શરીર, જીવભાવ. **વ્યાવૃત્તિ** એટલે નિવૃત્તિ-નિવારણ-નિષેધ-દૂરીકરણ. **'અતદ્'**નાં નિવારણપૂર્વક એટલે કે સૌપહેલાં (**પૂર્વકમ્**) **'અતદ્'**નો નિષેધ કરવાનો છે અને ત્યારપછી, એટલે એને કારણે જ શક્ય બને એવા, **'અધ્યાસ'**નું નિવારણ કરવાનું છે.

પરંતુ એ પહેલાં, બીજું શું કરવાનું રહે છે ? **'अहं जीवः न (अस्मि), (अपि तु) परं ब्रह्म (अस्मि)' इति (निश्चित्य)** । 'હું જીવ નથી, પરંતુ પરમ બ્રહ્મ છું' – એ પ્રકારનો (મનમાં) નિશ્ચય કરવાનો છે. (૨૮૧)

અનુવાદ : 'હું જીવ નથી, પરંતુ પરમ બ્રહ્મ છું', – એવો (મનમાં) નિશ્ચય કરીને, **'અતદ્'**ના નિષેધપૂર્વક, વાસનાના વેગને કારણે (વારંવાર) પ્રાપ્ત થતા તારા **'અધ્યાસ'**ને તું દૂર કર. (૨૮૧)

ટિપ્પણ : શ્લોક ૨૭૮થી શરૂ થયેલા આ વિષયનાં નિરૂપણમાં, શ્રીસદ્ગુરુ, શિષ્યને પોતાના **'અધ્યાસ'**ને દૂર કરવાના મુદ્દા પર વારંવાર ભાર મૂકે છે, પણ દરેક શ્લોકમાં નવા સવાલો રજુ કરે છે : **એક : 'અધ્યાસ'** શાને કારણે પ્રાપ્ત થયો ? અને **બીજો : 'અધ્યાસ'**ને કેવી રીતે દૂર કરવાનો છે ? **પ્રથમ** સવાલનો જવાબ અહીં, આમ, આપવામાં આવ્યો છે : **वासनावेगतः** – સંસાર, દેહ, ઇન્દ્રિયો વગેરે પ્રત્યેની આસક્તિને કારણે ઉત્પન્ન થયેલી વિષયવાસનાઓનો 'વેગ', એ સર્વનું 'બળ' એટલું બધું હોય છે કે જેથી સાધકનાં ચિત્તમાં **'અધ્યાસ'** સર્જાય છે. **બીજા** સવાલના જવાબ-રૂપે, ગુરુજીએ શિષ્યને મહત્ત્વની બે સૂચનાઓ આ પ્રમાણે આપી છે : (૧) 'હું જીવ નથી, પરંતુ હું તો પરમ બ્રહ્મ છું,' – એ પ્રકારનો મક્કમ નિશ્ચય તેણે પોતાનાં મનમાં કરવાનો રહે છે; અને (૨) આ પ્રમાણે, તેણે જે નિર્ણય કર્યો છે તેને સંપૂર્ણરીતે ચરિતાર્થ કરવા માટે, અતદ્ એટલે કે જીવભાવની નિવૃત્તિ કરવાની રહે છે; શરીર પ્રત્યેની દેહાત્મબુદ્ધિનું નિવારણ કરવાનું છે; અને ઇન્દ્રિયો વગેરેના **'અહં'-'મમ'**ભાવને દૂર કરવાનો છે.

ટૂંકમાં, "હું જીવ છું, શરીર છું", એ પ્રકારની **"અતદ્"**,–વૃત્તિનું જ્યાં સુધી સંપૂર્ણરીતે નિવારણ ન થાય ત્યાં સુધી, **'અધ્યાસ'** દૂર ન થાય અને **'અધ્યાસ'** દૂર ન થાય ત્યાં સુધી બ્રહ્મભાવનો સાક્ષાત્કાર ન થાય.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૧)

૨૮૨

श्रुत्या युक्त्या स्वानुभूत्या ज्ञात्वा सार्वात्म्यमात्मनः ।
क्वचिदाभासतः प्राप्तस्वाध्यासापनयं कुरु ॥ २८२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

શ્રુત્યા યુક્ત્યા સ્વાનુભૂત્યા જ્ઞાત્વા સાર્વાત્મ્યમાત્મનઃ ।
ક્વચિદાભાસતઃ પ્રાપ્તસ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૮૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : શ્રુત્યા, યુક્ત્યા, સ્વાનુભૂત્યા (ચ) આત્મનઃ સાર્વાત્મ્યં જ્ઞાત્વા, ક્વચિદ્ આભાસતઃ પ્રાપ્તસ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૮૨ ॥

શબ્દાર્થ : અહીં પણ, યથાપૂર્વ, વાક્યરચના અને વાક્ય-વક્તવ્ય, બંને એ જ પ્રકારનાં છે. **'અધ્યાસ'**-ઉત્પત્તિ-કારણ અને **'અધ્યાસ'**-અપનયન-પદ્ધતિ, એ બંને વિશેના સવાલોના જવાબો આ પ્રમાણે છે : (૧) **'અધ્યાસ'**-પ્રાપ્તિનું કારણ આ પ્રમાણે છે : ક્યારેક (**ક્વચિત્**) ભ્રાન્તિને લીધે, આભાસથી(આભાસતઃ); અને (૨) એનાં નિવારણની રીત આ પ્રમાણે છે : **આત્મનઃ સાર્વાત્મ્યં જ્ઞાત્વા** । આત્માનાં **સાર્વાત્મ્ય**ને જાણીને, આત્માનાં 'સાર્વાત્મ્ય'નું જ્ઞાન મેળવીને; 'સાર્વાત્મ્ય' એટલે સર્વાત્મતા; આત્મા સર્વાત્માથી અભિન્ન હોવાનો ભાવ; આત્માનું સર્વાત્મા સાથેનું એકત્વ. વ્યાકરણની દૃષ્ટિએ, 'સાર્વાત્મ્ય' એટલે 'સર્વાત્મ'-શબ્દનું ભાવવાચક નામ (Abstreat Noun). આત્માની સર્વાત્મતાનું જ્ઞાન આ **ત્રણ** રીતે મેળવવાનું છે : (૧) **શ્રુત્યા** । **શ્રુતિ** એટલે વેદો, **બ્રાહ્મણગ્રંથો, આરણ્યક**-ગ્રંથો અને **ઉપનિષદો,** – આ સર્વનાં ઊંડા અને સવિસ્તર સ્વાધ્યાય વડે; (૨) **યુક્ત્યા** । **'યુક્તિ'** એટલે **ન્યાય-વૈશેષિક**-દર્શનોમાં દર્શાવેલાં તર્ક(Logic), દલીલબાજી(Argumentation), અનુમાન-પ્રમાણ (Inference) અને ચર્ચા (Discussion) વગેરેની સહાયથી; અને (૩) **સ્વાનુભૂત્યા** । પોતાના સ્વતંત્ર અને વ્યક્તિગત અનુભવ દ્વારા. (૨૮૨)

અનુવાદ : શ્રુતિ, યુક્તિ અને પોતાના વ્યક્તિગત અનુભવ વડે આત્માની સર્વાત્મતાનું જ્ઞાન મેળવીને, કોઈક સમયે, ભ્રમને કારણે પ્રાપ્ત થયેલા તારા પોતાના **'અધ્યાસ'**ને તું દૂર કર. (૨૮૨)

ટિપ્પણ : આત્માનું સમ્યગ્જ્ઞાન મેળવવું ઘણું અઘરું છે, કારણ કે આત્મા ઇન્દ્રિયગમ્ય ન હોવાથી એનું પ્રત્યક્ષ જ્ઞાન શક્ય નથી; અને એ જ રીતે આત્મા મન અને બુદ્ધિનો વિષય નથી, તેથી આત્માનું પરોક્ષ જ્ઞાન પણ અસંભવિત છે. **ન્યાય-વૈશેષિક**-પ્રબોધિત **ચાર** પ્રમાણો, – **પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન** અને **શબ્દ** એટલે કે **શ્રુતિ,**–માંથી **એકમાત્ર શબ્દ**-પ્રમાણ (**શ્રુતિ**-પ્રમાણ) જ અધિકૃત-પ્રમાણભૂત છે, એટલે આત્માની **'સર્વાત્મતા'**(**સાર્વાત્મ્યમ્**)નું જ્ઞાન તો **'સર્વં ખલુ ઇદં બ્રહ્મ ।'** અને **'આત્મા એવ ઇદં સર્વમ્ ।'** – જેવાં શ્રુતિવચનો દ્વારા જ મેળવી શકાય.

અહીં ભલે **તર્ક**ની સહાયને સ્વીકારવાનું સૂચવવામાં આવ્યું છે, પરંતુ એમાં પણ આચાર્યશ્રીએ પોતે જ, પોતાનાં ભાષ્યોમાં, એક ચોખવટ કરી છે કે આવી આધ્યાત્મિક ચર્ચામાં, એવો તર્ક જ સ્વીકાર્ય ગણાય, જે શ્રુતિ-સંમત હોય; જેને શ્રુતિની સંમતિ ન હોય એવા તર્કને આવી ચર્ચામાં કશું જ સ્થાન ન હોઈ શકે.

અને, આમે ય, આત્માનું જ્ઞાન, અનુમાન, શ્રુતિ-અસંમત તર્ક, દલીલબાજી અને ચર્ચાઓથી પર છે.

બાકી રહી એકમાત્ર રીત, અને તે છે : પોતાનો સ્વતંત્ર અને વ્યક્તિગત અનુભવ : "હું તો આત્મસ્વરૂપ છું, અને તેથી ત્રણેય અવસ્થાઓ(જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ) અને ત્રણેય કાળ(ભૂત, વર્તમાન અને ભવિષ્ય)માં રહેનાર ભાવસ્વરૂપ છું. મારો કદીયે, ક્યારેય અભાવ થતો નથી. હું તો સદા-સર્વદા-સર્વત્ર, સર્વનો સાક્ષી છું", – આનું નામ **સ્વાનુભૂતિ**.

અને અંતે તો મનુષ્ય એ મનુષ્ય જ છે, એટલે ક્યારેક (**ક્વચિત્**), મનુષ્યસહજ ભ્રમને કારણે **'અધ્યાસ'** પ્રાપ્ત થવા પામ્યો હોય તો પણ, આત્માની સર્વાત્મતાનું જ્ઞાન ઉપર્યુક્ત રીતે મેળવવાથી, એની સહાયથી, **"અધ્યાસ"**નું અપનયન કરી શકાય, એવું આ શ્લોકનું તાત્પર્ય છે.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૨૮૨)

૨૮૩

अनादानविसर्गाभ्यामीषन्नास्ति क्रिया मुनेः ।
तदेकनिष्ठया नित्यं स्वाध्यासापनयं कुरु ॥ २८३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अनादानविसर्गाभ्यामीषन्नास्ति क्रिया मुनेः ।
तदेकनिष्ठया नित्यं स्वाध्यासापनयं कुरु ॥ २८३ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अन्-आदान-विसर्गाभ्यां मुनेः ईषत् क्रिया न अस्ति, तत्-एक-निष्ठया नित्यं स्व-अध्यास-अपनयं कुरु ॥ २८३ ॥

શબ્દાર્થ : અધ્યાસનાં નિવારણ માટેની સૂચનાના સંદર્ભમાં ચાલી રહેલી પદ્ધતિ પ્રમાણે, અહીં પણ, એ જ ધ્રુવપંક્તિ મુખ્ય વાક્ય તરીકે છે.

અહીં, અધ્યાસ-નિષેધનાં અનુસંધાનમાં, આ બે સવાલોના જવાબો આપવામાં આવ્યા છે : (૧) અધ્યાસનો નિષેધ શા માટે કરવો ? અને (૨) કેવી રીતે કરવો ?

આ સવાલોના જવાબનો વિચાર કરીએ તે પહેલાં, શ્લોકમાં પ્રયોજવામાં આવેલા **मुनिः**-શબ્દમાંથી નિષ્પન્ન થતા વ્યંગ્ય-અર્થને સમજી લઈએ : **'मुनि'**–શબ્દનાં મૂળમાં છે **मन्** - ધાતુ, જેનો અર્થ થાય છે મનન-ચિંતન કરવું. આમ, **'मुनि'** એટલે એવી વ્યક્તિ, જે કશી દોડધામ કર્યા વિના, સતત **'मनन'**માં જ ઓતપ્રોત રહેતી હોય; અને મોક્ષાર્થી સાધક માટે પણ બ્રહ્મતત્ત્વનું મનન મહત્ત્વનું હોવાથી, આ **'मुनि'**–શબ્દથી, ગ્રંથકારને આવો સાધક જ અભિપ્રેત છે, એમ સમજવાનું છે.

आदान એટલે કશુંક લેવાનું, ગ્રહણ કરવાનું, મેળવવાનું; અને **विसर्ग** એટલે

કશુંક છોડી દેવાનું, ત્યજવાનું; આમ, **'આદાન'** એટલે ગ્રહણ અને **'વિસર્ગ'** એટલે ત્યાગ. ઈષત્ એટલે જરા પણ, જરાયે. અન્-નકારસૂચક (Negative) પૂર્વગ (Prefix) છે. આ વિધાનમાં **પહેલા** સવાલનો એવો જવાબ આવી જાય છે કે **'મુનિ'**ને કશુંય લેવાનું અને છોડી દેવાનું ન હોવાથી, તેને જરા પણ ક્રિયા કરવાની રહેતી નથી. તેથી તેણે તો પોતાના **'અધ્યાસ'**ને દૂર કરવો જ રહ્યો. અને **બીજા** સવાલનો જવાબ આવો છે : તેણે પોતાના આત્મા પર જ એકનિષ્ઠાપૂર્વક સતત સ્થિર અને સ્થિત રહીને **'અધ્યાસ'**ને દૂર કરવાનો છે. (૨૮૩)

અનુવાદ : મુનિએ કશું લેવાનું અને ત્યજવાનું ન હોવાથી, તેણે જરા પણ ક્રિયા કરવાની હોતી નથી; તેથી તે(આત્મા)માં અવિરત એકનિષ્ઠાથી, તું તારા પોતાના **'અધ્યાસ'**ને દૂર કર. (૨૮૩)

ટિપ્પણ : શ્લોકમાં, મોક્ષાર્થી સાધક માટે, **'મુનિ'**-શબ્દ પ્રયોજવાનો, ગ્રંથકારનો, હેતુ સ્પષ્ટ છે : પોતાના **'અધ્યાસ'**ને દૂર કરવાની આજ્ઞા શ્રીસદ્‌ગુરુ શિષ્યને ભારપૂર્વક (Emphatically) આપ્યા કરે છે, એમાં એમનો ઉદ્દેશ એ છે કે શિષ્ય **'અધ્યાસ'**ને દૂર કરવામાં જ સતત ઓતપ્રોત રહે, બીજી કશી ક્રિયામાં પોતાનાં સમય-શક્તિનો દુર્વ્યય ન કરે. મોક્ષાર્થી સાધક પણ **'મુનિ'** જ છે, હોવો જોઈએ. આત્મસ્વરૂપનાં મનનમાં જ અવિરત વ્યાપૃત રહેતા મુનિને કશી, ક્યાંય આસક્તિ કે વાસના હોતી જ નથી : પરિણામતઃ, એને કશું લેવાનું (**आदानं**) કે કશું છોડવાનું (**विसर्गः**) પણ હોતું નથી. તો પછી એને માટે ક્રિયા-કર્મ-કામ શા માટે હોય ? એ તો સંપૂર્ણ રીતે અક્રિય કે નિષ્ક્રિય જ હોય. **'નૈષ્કર્મ્ય'** એ જ એની એકમાત્ર સિદ્ધિ છે. અને આમ, તેને માટે કોઈ કર્મ કે ક્રિયા રહેતી ન હોવાથી, તેને કોઈ ફળ કે ભોગની અપેક્ષા કે આકાંક્ષા પણ હોતી નથી.

આવી જ ચર્ચાના અનુસંધાનમાં, **બૃહદારણ્યક**—ઉપનિષદમાં, આ શ્લોકના તાત્પર્યાર્થનું, આ પ્રમાણે, સમર્થન કરવામાં આવ્યું છે :—

यः अकामः निष्कामः आप्तकामः आत्मकामः, न तस्य प्राणाः उत्क्रामन्ति, ब्रह्म एव सन्, ब्रह्म अपि एति ॥ ४, ४, ६ ॥

("જે બાહ્ય શબ્દાદિની કામના-રહિત છે, જે અંતરમાં રહેલી વાસનારૂપ ઇચ્છાથી રહિત છે, જે પ્રાપ્તકામ, એટલે કે સર્વાત્મભાવ વડે જેને સર્વે ભોગો પ્રાપ્ત થઈ ગયા હોય એવો છે, અને હવે માત્ર આત્માની જ ઇચ્છાવાળો છે, તેના વાગ્-આદિ પ્રાણો, કામના અભાવ વડે, કર્મનો અભાવ થવાથી, ગમનનાં કારણના અભાવમાં, ઉત્ક્રમણ કરતા નથી; આથી જીવતાં બ્રહ્મ જ હોવાનાં કારણે, શરીરના ત્યાગ પછી, તે બ્રહ્મને જ પામે છે.")

'આત્મકામ' 'મુનિ'નું આ આદર્શ વર્ણન છે, જીવતાં જ એ બ્રહ્મસ્વરૂપ હોવાથી, મૃત્યુ પછી પણ તે બ્રહ્મને જ પામે છે.

પરંતુ આવું આદર્શ પરિણામ ક્યારે સંપન્ન થાય ? આ સવાલનો એક જ

જવાબ છે અને તે, આ શ્લોકમાં, આ પ્રમાણે, અપાયો છે :–

સાધક સંપૂર્ણરીતે નિષ્ક્રિય બનીને, જ્યારે તે આત્મામાં જ અવિરત અને એકનિષ્ઠાપૂર્વક રહીને નિત્યનિરંતર પોતાનાં **'અધ્યાસ'**ને દૂર કરી દે, **તો** અને ત્યારે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૩)

૨૮૪

तत्त्वमस्यादिवाक्योत्थब्रह्मात्मैकत्वबोधतः ।
ब्रह्मण्यात्मत्वदार्ढ्याय स्वाध्यासापनयं कुरु ॥ २८४ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तत्त्वमस्यादिवाक्योत्थब्रह्मात्मैकत्वबोधतः ।
બ્રહ્મણ્યાત્મત્વદાઢ્યાય સ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૮૪ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : 'तत् त्वं असि'–आदि-वाक्य-उत्थ-ब्रह्म-आत्मा-एकत्व-बोधतः ब्रह्मणि आत्मत्व-दार्ढ्याय स्व-अध्यास-अपनयं कुरु ॥ २८४ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય, યથાપૂર્વ, એ જ અહીં પણ ચાલુ જ છે.

(૧) પોતાના **'અધ્યાસ'**ને દૂર કેવી રીતે કરવો ? અને (૨) શા માટે કરવો ? – એ બે સવાલોના જવાબો, અહીં પણ, થોડી વિશિષ્ટ રીતે, આપવામાં આવ્યા છે :

(૧) કેવી રીતે દૂર કરવો ? - **ब्रह्म-आत्मा-एकत्व-बोधतः** । **बोधतः** એટલે જ્ઞાનથી, બોધ વડે; કયાં જ્ઞાન વડે ? – **બ્રહ્મ** અને જીવનાં એકત્વનાં, એમની એકતાનાં જ્ઞાન વડે. પરંતુ આવું જ્ઞાન મળે ક્યાંથી ? **'तत् त्वं असि' आदि-वाक्य-उत्थ** । **उत्थ** એટલે ઉત્પન્ન થયેલું, પ્રગટેલું. શામાંથી ? "તે (બ્રહ્મ) તું જ છે", – વગેરે, વેદોનાં મહાવાક્યોમાંથી; અને **'અધ્યાસ'** દૂર કરવાનું પ્રયોજન ? (૨) **दार्ढ्याय** । **દાઢ્ર્ય** અને દૃઢતા, દૃઢ કરવા માટે; શાને દૃઢ કરવાનું છે ? **ब्रह्मणि-आत्मत्व** । બ્રહ્મમાં આત્મભાવને, બ્રહ્મમાં આત્મબુદ્ધિને. (૨૮૪)

અનુવાદ : "તે (પરબ્રહ્મ) તું જ છે" – વગેરે મહાવાક્યોમાંથી પ્રગટતાં બ્રહ્મ અને જીવની એકતાનાં જ્ઞાન વડે, બ્રહ્મમાં આત્મબુદ્ધિને દૃઢ કરવા માટે, તું તારા **'અધ્યાસ'**ને દૂર કર. (૨૮૪)

ટિપ્પણ : પાયાની મુશ્કેલી એ છે કે અનેક જન્મોમાંની દેહાસક્તિને કારણે, જીવ એનાં કલ્યાણની એક અત્યંત મહત્ત્વની વાત વીસરી ગયો છે કે 'હું પોતે જ પરબ્રહ્મ છું' અને 'પરબ્રહ્મ તે પણ હું જ છું;' એટલે કે જીવ-બ્રહ્મની એકતાનો મુદ્દો તેનાં મનમાંથી નીકળી ગયો છે, અને આવું વિસ્મરણ મોક્ષ-પ્રાપ્તિનાં તેનાં જીવન-ધ્યેયની આડે અનેક અંતરાયો અને વિઘ્નો ઊભાં કરે છે.

"अहं ब्रह्म अस्मि ।" અને "तत् त्वं असि ।", – જેવાં આપણાં આ વૈદિક

મહાવાક્યોમાં પ્રબોધિત જીવ-બ્રહ્મની એક્તાના સિદ્ધાન્તને મળતી આવતી, સુપ્રસિદ્ધ સંત **"મન્સૂર"**ની **"અનલહક"** ("હું પોતે જ ખુદા છું"), એ ઘોષણા, આ અનુસંધાનમાં યાદ આવી જાય છે : જળનું **બિંદુ સિંધુમાં** ભળી જાય, તે પછી પાણીનું તે ટીપું એમ કહે છે કે "હું સાગર છું !" તો, એમાં સંપૂર્ણ ઔચિત્ય જ છેને !

અને ભૂલી ગયેલા માણસને તેની ભૂલનું સ્મરણ 'કરાવ્યા વિના, તે પોતાની ભૂલને સુધારી શકે નહીં; એટલે તેને **'સામવેદ'**નાં મહાવાક્ય - **તત્ત્વમસિ** ।'- જેવાં અન્ય મહાવાક્યોમાં પ્રબોધિત, બ્રહ્મ-જીવની એક્તાનાં જ્ઞાનનો સદુપયોગ કરવાની, શ્રીસદ્‌ગુરુ, શિષ્યને સમયસર યાદી (Reminder) પાઠવે છે, અને જ્યાં સુધી આ જ્ઞાન એ સંપૂર્ણરીતે આત્મસાત્ કરે નહીં ત્યાંસુધી, તેના **અધ્યાસને** દૂર કરવાનું તેના માટે શક્ય જ ન બને.

પરંતુ યાદ આપ્યા પછી પણ, માણસ, એ જ વાત ફરી ભૂલી જાય એ તો માનવ-સહજ છે, — To err is human એ અંગ્રેજી કહેવત પ્રમાણે ! અને મનોવિજ્ઞાન પણ આ વાતનું સમર્થન કરે છે; એટલે બ્રહ્મમાં પોતાની આત્મબુદ્ધિને શિષ્ય સતત, અવિરત દૃઢ કરતો રહે તે માટે (**दार्ढ्याय**), એટલે કે બ્રહ્મ-જીવનાં ઐક્યની ભાવનાનાં Confirmation માટે, ગુરુજી, તેને, આ પ્રકારની દૃઢતામાં નડતરરૂપ બનતા તેના પોતાના **અધ્યાસને** દૂર કરવાનો અનુરોધ કરે છે.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૨૮૪)

૨૮૫

अहंभावस्य देहेऽस्मिन् निःशेषविलयावधि ।
सावधानेन युक्तात्मा स्वाध्यासापनयं कुरु ॥ २८५ ॥

શ્લોકનો **ગુજરાતી પાઠ :**

અહંભાવસ્ય દેહેઽસ્મિન્ નિઃશેષવિલયાવધિ ।
સાવધાનેન યુક્તાત્મા સ્વાધ્યાસાપનયં કુરુ ॥ ૨૮૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : અસ્મિન્ દેહે અહંભાવસ્ય નિઃશેષ-વિલય-અવધિ સ-અવધાનેન યુક્તાત્મા (સન્) સ્વ-અધ્યાસ-અપનયં કુરુ ॥ ૨૮૫ ॥

શબ્દાર્થ : આ શ્લોકમાં પણ મુખ્ય વાક્ય તો, યથાપૂર્વ, તે જ છે; અને **'અધ્યાસ'**નાં દૂરીકરણનું પ્રયોજન તથા એ દૂરીકરણની રીત, — એ **બંને** સવાલોને પણ, યથાપૂર્વ, આવરી લેવાયા છે : (૧) **પ્રયોજન :** દેહ-ઇન્દ્રિયો-મન વગેરેમાંની આસક્તિથી લુબ્ધ બનીને જીવ આ બધાંમાં, 'હું કર્તા છું, ભોક્તા છું' - એવા **'અહં'**-ભાવ અને **'મમ'**-ભાવનાં સેવનનો ભોગ (Victim) બની જાય છે, અને આવું સેવન જ **'અધ્યાસ'**નું કારણ છે. આથી, આ શરીરમાંનો એનો **'હું'**-પણાનો ભાવ (अस्मिन् देहे अहंभावः) નષ્ટ કરવો જ રહ્યો. **નિઃશેષ** એટલે જરા પણ

શેષ ન રહે, બાકી ન રહે એવો, સંપૂર્ણ, પૂરેપૂરો. **विलय** એટલે નાશ. ટૂંકમાં, આ દેહમાંના અહંભાવનો, - એટલે કે 'હું આ દેહ છું' એવી ગેરસમજ (Misunderstanding)નો સંપૂર્ણ નાશ, એ **"अध्यास"**-નિષેધનું પ્રયોજન છે. (૨) અને એ નિષેધની રીત એ જ કે સાધકે સતત સાવધાનપૂર્વક (**सावधानेन**), એટલે કે જરા પણ ભૂલચૂક કે કશી ખામી ન રહી જાય એવી રીતે, ચિત્તને પોતાના આત્મામાં સ્થિર કરવાનું, એટલે કે એમાં પરોવી દેવાનું રહે છે. (**सावधानेन युक्तात्मा सन्** ।) (૨૮૫)

અનુવાદ : આ દેહમાં **'હું'**-પણાંનો ભાવ સંપૂર્ણરીતે નાશ પામે ત્યાં સુધી, સાવધાનતાપૂર્વક ચિત્તને આત્મામાં સ્થિર કરી, તું પોતાના **'अध्यास'**ને દૂર કર. (૨૮૫)

ટિપ્પણ : શ્લોક સહેલો છે, શ્લોકમાંના આવા વિચારો, આ પહેલાં પણ નિરૂપિત થઈ ગયા છે અને આ વિચારોની સમજૂતી માટે જે કંઈ જરૂરી છે, તેને **શબ્દાર્થ**-વિભાગમાં સમાવી લેવામાં આવ્યું હોવાથી, વધુ કશું વિસ્તરણ આવશ્યક નથી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૫)

૨૮૬

प्रतीतिर्जीवजगतोः स्वप्नवद् भाति यावता ।
तावन्निरन्तरं विद्वन् स्वाध्यासापनयं कुरु ॥ २८६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

प्रतीतिर्जीवजगतोः स्वप्नवद् भाति यावता ।
तावन्निरन्तरं विद्वन् स्वाध्यासापनयं कुरु ॥ २८६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (હે) **विद्वन्**, **यावता** જીવ-જગતોः **प्रतीतिः स्वप्नवद** भाति, **तावत् निरन्तरं स्व-अध्यास-अपनयं कुरु** ॥ ૨૮૬ ॥

શબ્દાર્થ : અહીં પણ મુખ્ય વાક્ય, યથાપૂર્વ, એ જ છે, -- અને હવે તો છેલ્લી વાર; કારણ કે શ્લોક ૨૭૮થી શરૂ થયેલા **'अध्यास'**-દૂરીકરણના મુદ્દાનું, આ શ્લોક સાથે, સમાપન થાય છે.

અને તેથી જ, કદાચ, શિષ્ય પ્રત્યે આત્મીયતાનો ભાવ અભિવ્યક્ત કરવા માટે, શ્રી સદ્‌ગુરુએ, તેને, **'विद्वन्'**-એ શબ્દ વડે, સંબોધન કર્યું છે.

અધ્યાસનું નિવારણ સાધકે ક્યાં સુધી કરવાનું ? - જ્યાંસુધી (**यावता**) જીવ અને જગતની (**जीवजगतोः**) 'પ્રતીતિ' સ્વપ્ન જેવી (**स्वप्नवद्**) લાગે ત્યાંસુધી (**भाति, तावद्**). અને આવી પ્રતીતિ કાંઈ સુલભ નથી, એટલે **'अध्यास'**-

અપનયનનું કાર્ય તો સતત-નિત્ય-નિરંતર પણ ચાલુ રાખવાનું રહે. (तावत् निरन्तरं स्वाध्यासापनयं कुरु ।) (૨૮૬)

અનુવાદ : હે વિદ્વાન ! જીવ અને જગતની પ્રતીતિ જ્યાંસુધી સ્વપ્ન જેવી જણાય, ત્યાંસુધી નિરંતર પોતાના આત્મામાં થતા અધ્યાસને દૂર કરતો રહે. (૨૮૬)

ટિપ્પણ : દેહ અને એની સાથે સંકળાયેલાં ઇન્દ્રિય-મન-પ્રાણ વગેરે કાંઈ બ્રહ્મ (तद्) નથી, પણ अतद् છે, અને છતાં તેને જ બ્રહ્મ(तद्) માની લેવાની ભ્રાંતિમાંથી જ સાધકની મનોભૂમિ પર **'અધ્યાસ'**(अतस्मिन् तद्-बुद्धिः)રૂપી મોક્ષપ્રાપ્તિ-અવરોધક એવું ભયસ્થાન ઉત્પન્ન થાય છે, અને એ મોક્ષપ્રાપ્તિ-અવરોધક હોવાથી, મુમુક્ષુ સાધકે એને દૂર કરવું જ રહ્યું (स्व-अध्यास-अपनयं कुरु ।).

શ્લોક-૨૭૮થી અહીં સુધીના નવ શ્લોકોમાં શ્રીસદ્‌ગુરુએ **'અધ્યાસ'**નાં દૂરીકરણ વિશેનાં, વિવિધ દૃષ્ટિકોણો દ્વારા, અનેક વિશિષ્ટ હેતુઓ અને રીતો રજુ કર્યાં, અને આ છેલ્લા શ્લોકમાં તો આ પ્રક્રિયા નિરન્તર ચાલુ રાખવાનો, શિષ્યને, અનુરોધ કર્યો છે : જીવ અને જગત મિથ્યા અને અનિત્ય છે, પરંતુ ઊંઘમાંથી જાગેલી વ્યક્તિને જેમ તરત પ્રતીતિ થાય છે કે નિદ્રા દરમ્યાન તેણે જોયેલું સ્વપ્ન અસત્ય હતું તેમ, એવી જ, પ્રતીતિ સાધકને જીવ તથા જગત વિશે થવી અનિવાર્ય છે, અને આવી પ્રતીતિ થવામાં વિલંબ સ્વાભાવિક હોવાથી, સાધકે અધીરા-ઉતાવળા થવાની કે થાકવા-કંટાળી જવાની જરૂર નથી. **'અધ્યાસ'**-નિવારણની પોતે શરૂ કરેલી પ્રક્રિયા તો નિરન્તર પણ ચાલુ રાખવી પડે. આને માટે શિષ્ય સજ્જ અને સદા-તત્પર રહે, એવું જ્ઞાન એનામાં હોવાની અપેક્ષાએ (In anticipation) શ્રીગુરુજી એને **'વિદ્વાન'** તરીકે સંબોધે છે, એ સૂચક છે.

કોઈ ગીત કે ભજનમાં વારંવાર પુનરુક્ત થતી ગીતપંક્તિની જેમ, શ્લોકો-૨૫૩-૨૫૪ અને શ્લોક ૨૭૮થી ૨૮૬માંની તે તે ધ્રુવપંક્તિઓ, તે તે શ્લોક-સમૂહોમાં નિરૂપિત વિષયોનાં મહત્ત્વની નિર્દેશક બની રહે છે. (૨૮૬)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૬)

૨૮૭

निद्राया लोकवार्तायाः शब्दादेरपि विस्मृतेः ।
क्वचिन्नावसरं दत्वा चिन्तयात्मानमात्मनि ॥ ૨૮૭ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

निद्राया लोकवार्तायाः शब्दादेरपि विस्मृतेः ।
क्वचिन्नावसरं दत्वा चिन्तयात्मानमात्मनि ॥ ૨૮૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : निद्रायाः लोकवार्तायाः शब्दादेः अपि क्वचित्

(आत्म)विस्मृतेः अवसरं न दत्वा, आत्मनि आत्मानं चिन्तय ॥ २८७ ॥

शब्दार्थ : मुख्य वाक्य : **आत्मनि आत्मानं चिन्तय** । - आत्मामां, એટલે કે હૃદયમાં અથવા અંતઃકરણમાં, આત્માનું ચિંતન કરતો રહે. આત્મચિંતનનું આવું સાતત્ય કેવી રીતે જાળવી રાખવાનું છે ? - (आत्म-)**विस्मृतेः अवसरं न दत्वा** । આત્મવિસ્મરણને, આત્મસ્વરૂપને વીસરી જવા માટે ક્યારેય અવસર એટલે કે તક ન આપીને, એટલે કે એવાં વિસ્મરણમાં સમય વેડફ્યા વિના. આવું વિસ્મરણ થવાનું જોખમ શામાં રહેલું છે ? - આવી **ત્રણ** પ્રવૃત્તિઓમાં : (૧) **निद्रायाः** ।- ઊંઘવામાં; (૨) **लोकवार्तायाः** । લૌકિક વાતચીતોમાં, લોકોના નિરર્થક વાર્તાલાપોમાં, ગામ-ગપાટામાં; અને (૩) **शब्दादेः अपि** । શબ્દ વગેરે વિષયવાસનાઓમાં પણ. (૨૮૭)

અનુવાદ : નિદ્રાને, લૌકિક વાર્તાલાપોને અને શબ્દ વગેરે વિષયોને પણ, આત્મવિસ્મણ માટે ક્યારેય તક ન આપતાં, તું તારા આત્મામાં જ આત્માનું (સતત) ચિંતન કરતો રહે. (૨૮૭)

ટિપ્પણ : મોક્ષાર્થી સાધકનું એકમાત્ર જીવનધ્યેય આત્મસાક્ષાત્કારનું છે, એટલે તેણે **બે** બાબતોનું સતત ધ્યાન રાખવાનું રહે છે : (૧) સમયનો સદુપયોગ, અને (૨) આત્મસાક્ષાત્કારમાં ક્યારેય કશો વિક્ષેપ ન થાય, તેનું.

મનુષ્યનું આયુષ્ય ગમે તેટલું લાંબું હોય, છતાં અંતે તો તેની પણ મર્યાદા છે, હોય જ. અને સમય તો અણ-અટક્યો પસાર થતો જ હોય છે, એટલે "Time is money"- એ કહેવત પ્રમાણે, જિંદગીની એક પણ ક્ષણ નકામી વેડફાય નહીં, એ રીતે પળે પળનો વિનિયોગ, પોતાનાં અભીષ્ટ ધ્યેય સમાં આત્મચિંતનમાં જ કરવો, એવો સુદૃઢ નિશ્ચય તેણે મનોમન કરી લેવો જોઈએ.

બીજી એવી જ મહત્ત્વની વાત છે, આત્મચિંતનની પ્રક્રિયામાંની એકાગ્રતા-(Concentration)ની : સંસાર-વ્યવહારનો સ્વભાવ જ એવા પ્રકારનો છે કે અમુક આરામદાયક અથવા મનોરંજનાત્મક પ્રવૃત્તિઓ તરફ મનુષ્યનું મન ઢળી જાય : સ્વાસ્થ્યને જાળવવા માટે છ કલાકની ઊંઘ પર્યાપ્ત છે, **એવો** સુનિશ્ચિત સ્વાસ્થ્ય-નિષ્ણાતોનો અભિપ્રાય છે, એટલું જ નહીં પણ દિવસે ઊંઘવા('દિવા-સ્વાપ')નો તો નિષેધ જ છે. અને છતાં સામાન્ય મનુષ્ય કેટલા બધા કલાક ઊંઘતો હોય છે !

આત્મચિંતનની એકાગ્રતામાં વિક્ષેપ સર્જે એવું બીજું પ્રલોભન છે, – સગાંવ્હાલાં, મિત્રો, પાડોશીઓ વગેરે સાથેની લૌકિક વાતચીતો; મોટે ભાગે તો, આવા વાર્તાલાપો(**लोकवार्ता**)માં નિરર્થક ચર્ચાઓ, લોકનિંદા-કુથલી અને ગામ-ગપાટા જ હોય છે ! સમયનાં મૂલ્ય-મહત્ત્વ સમજનાર સાધકને આવો આભાસી

'વિલાસ' (Luxury) પોસાય જ નહીં !

અને શબ્દ-સ્પર્શ-રૂપ-ગંધ-રસ વગેરે અંગેની, વિષયવાસનાઓની, માનવસહજ નિર્બળતાઓ તો રાહ જ જોતી હોય છે, – તપસ્વીઓની તપશ્ચર્યાનો ભંગ કરવાની ! આવા કેટલા બધા કથા-પ્રસંગો નોંધાયા છે, આપણાં પ્રાચીન પૌરાણિક સાહિત્યમાં !

નિદ્રાને, લૌકિક વાર્તાલાપોને અને શબ્દ વગેરે વિષયોને, ક્યારેય પણ આત્મચિંતનને ખોરવવાની તક ન મળી જાય એ માટે, સાધક માટે અનિવાર્ય આવશ્યકતા છે, **'અંતર્મુખ'** થવાની : મનુષ્યની સર્વ ઇન્દ્રિયોને પરમેશ્વરે **'બહિર્મુખ'** જ સર્જી છે, એટલે તે ઇન્દ્રિયો બહારનું જ બધું જુએ-સાંભળે છે, એ અંદર અંતરાત્માને જોતી જ નથી, એટલે આત્મચિંતકને સતત **'અંતર્મુખ'** થવા-રહેવા માટે **કઠોપનિષદમાં** આવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે :

परांचि खानि व्यतृणत्स्वयंभू-
-स्तस्मात्पराङ् पश्यति नान्तरात्मन् ।
कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्ष-
-दावृत्तचक्षुरमृतत्वमिच्छन् ॥ (२, १, १)

આ મંત્રમાંના 'અમૃતત્વ ઇચ્છતા' (अमृतत्वं इच्छन्) વિવેકી પુરુષ(धीरः)ની જેમ, આત્મચિંતકે પણ 'ચક્ષુના નિરોધવાળા' (आवृत्तचक्षुः) બનવાની જરૂર છે.

અને પેલા એક સુપ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિતમાં સૂચવાયું છે કે **'વિદ્યાર્થી'** (વિદ્યા-અર્થી)ને **'સુખાર્થી'** થવું પોસાય નહીં તેમ, પ્રસ્તુત સંદર્ભમાં, પણ, 'આત્મચિંતનાર્થી'ને વધારે-પડતી ઊંઘ, લૌકિક વાર્તાલાપો અને શબ્દાદિ-વિષયોના અનુભવમાં, ક્યારેય સમય વેડફવાનું ન જ પોસાય.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૭)

૨૮૮

मातापित्रोर्मलोद्भूतं मलमांसमयं वपुः ।
त्यक्त्वा चाण्डालवद् दूरं ब्रह्मीभूय कृती भव ॥ २८८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

માતાપિત્રોર્મલોદ્ભૂતં મલમાંસમયં વપુઃ ।
ત્યક્ત્વા ચાણ્ડાલવદ્ દૂરં બ્રહ્મીભૂય કૃતી ભવ ॥ ૨૮૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : मातापित्रोः मलोद्भूतं मलमांसमयं वपुः चाण्डालवद् दूरं त्यक्त्वा, ब्रह्मीभूय कृती भव ॥ २८८ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **ब्रह्मीभूय कृती भव** । कृती એટલે કૃતાર્થ, ધન્ય,

કૃતકૃત્ય; **બ્રહ્મીભૂય** એટલે બ્રહ્મસ્વરૂપ બનીને, બ્રહ્મભાવમાં સ્થિર થઈને. બ્રહ્મસ્વરૂપ થઈને તું કૃતાર્થ થઈ જા.

પરંતુ તે પહેલાં શું કરવાનું છે ? **વપુઃ ત્યક્ત્વા** । શરીરને ત્યજી દઈને, છોડી દઈને; શરીર કેવું છે ? આ પ્રમાણે બે વિશેષણો : (૧) **માતાપિત્રોઃ મલોદ્‌ભૂતમ્** । **મલ** એટલે રજ અને વીર્યરૂપ મેલ. માતા-પિતાના આવા મેલથી ઉત્પન્ન થયેલું; અને (૨) **મલમાંસમયમ્** । મળ અને માંસથી ભરેલું. આ શરીરને કેવી રીતે ત્યજી દેવાનું છે ? - **ચાણ્ડલવદ્ દૂરમ્** । ચાંડાલની જેમ, એટલે કે શ્મશાનમાં ચાંડાલો મડદાંને કશી પણ લાગણી વિના દૂર છોડી દે છે, તેમ. (૨૮૮)

અનુવાદ : માતા-પિતાનાં (રજ અને વીર્યરૂપ) મેલથી ઉત્પન્ન થયેલાં અને મળ તથા માંસથી ભરેલાં શરીરને, ચાંડાલની જેમ દૂર ત્યજી દઈને, બ્રહ્મભાવમાં સ્થિર બનીને, કૃતાર્થ થઈ જા. (૨૮૮)

ટિપ્પણ : જે શરીર, એમાંની ઇન્દ્રિયો વગેરે પ્રત્યેની આસક્તિને કારણે, મનુષ્યનાં મનમાં સંસારવ્યવહારમાં જકડી રાખતાં પ્રલોભનો પેદા થાય છે અને પરિણામે, તે મોક્ષપ્રાપ્તિ-રૂપી પોતાનાં મૂલ્યવાન જીવન-ધ્યેયને વીસરી જાય છે, તે શરીર પ્રત્યે ઘૃણા અને ત્યાગભાવ સેવવાનો અનુરોધ અહીં કરવામાં આવ્યો છે.

આવું શક્ય બને તે માટે શરીરનાં વાસ્તવિક સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે : શરીર બાહ્ય દૃષ્ટિએ ગમે એટલું સુંદર હોય, પરંતુ અંદર તો તે મળ-માંસ-લોહી-ચરબી વગેરેથી ભરેલું, ગંદું જ છે ને ! આવાં શરીરનો વળી મોહ શો ? એની આળપંપાળ કરવાની જરૂર જ શી ? જીવન ચાલુ રહે ત્યાં સુધી એની સાથે રહેવાનું, એટલે એને પોષવાની સામાન્ય જરૂરિયાત ભલે માન્ય રહે, પરંતુ એના પ્રત્યેનો સાધકનો ભાવ અને અભિગમ તો ત્યાગ અને તિરસ્કારનો જ હોવો જોઈએ; અને તે તિરસ્કાર પણ એવો તીવ્ર હોવો જોઈએ કે જેમ શ્મશાનમાં પેલો ચાંડાલ શબ પરનાં વસ્ત્રો લઈ લે અને શબને તો કશી લાગણી વિના, તિરસ્કારપૂર્વક ચિતા પર જ ત્યજી દે, એવો !

બસ, આવો અભિગમ, જીવન દરમિયાન, મુમુક્ષુ સાધકે, દેહ માટે સતત અને ઊંડી સમજણપૂર્વક સેવવાનો રહે છે. અને આનો લાભ એ છે કે આ પ્રકારના અભિગમનું પરિણામ પણ એને અભીષ્ટ છે, એવું જ સારું અને સાત્ત્વિક જ આવવાનું : તે પોતે બ્રહ્મસ્વરૂપમાં સ્થિર થઈ જશે, પોતે જીવનભર સેવેલાં પેલાં આધ્યાત્મિક ધ્યેયને એટલે કે મોક્ષપ્રાપ્તિને સંપન્ન કરી શકશે.

અને આ જ તો છે માનવ-અવતારની સાચી કૃતાર્થતા !

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૨૮૮)

૨૮૯

घटाकाशं महाकाशे इवात्मानं परात्मनि ।
विलाप्याखंडभावेन तूष्णीं भव सदा मुने ॥ २८९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઘટાકાશં મહાકાશે ઇવાત્માનં પરાત્મનિ ।
વિલાપ્યાખંડભાવેન તૂષ્ણીં ભવ સદા મુને ॥ ૨૮૯ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (હે) મુને, ઘટાકાશં મહાકાશે ઇવ આત્માનં પરાત્મનિ વિલાપ્ય, અખણ્ડભાવેન સદા તૂષ્ણીં ભવ ॥ ૨૮૯ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : (હે) મુને, સદા તૂષ્ણીં ભવ । તૂષ્ણીં એટલે શાંત, મૌન. હે મુનિ ! તું હંમેશ માટે શાંત થઈ જા, મૌન ધારણ કરી લે. આવું મૌન કેવા ભાવથી ધારણ કરવાનું છે ? અખણ્ડભાવેન । - અખંડબ્રહ્મભાવથી, કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના, માત્ર બ્રહ્મમય બનીને.

પરંતુ આ પહેલાં શું કરવાનું છે ? - આત્માનં પરાત્મનિ વિલાપ્ય । તારા પોતાના આત્માને પરમાત્મામાં વિલીન કરી દઈને (વિલાપ્ય). આવો વિલય કેવી રીતે કરવાનો છે ? ઘટાકાશં મહાકાશે ઇવ । - ઘડો ફૂટી જતાં, એની અંદરનો આકાશનો ભાગ, જેવી રીતે બહારના સર્વત્ર વ્યાપ્ત એવા વિરાટ મહા-આકાશમાં વિલીન થઈ જાય, ભળી જાય, એવી રીતે. (૨૮૯)

અનુવાદ : હે મુનિ ! (ઘડો ફૂટી જતાં) ઘડાની અંદર રહેલું આકાશ, જે રીતે બહારના મહા-આકાશમાં ભળી જાય છે, તે જ રીતે તારા પોતાના આત્માને પરમાત્મામાં વિલીન કરી દઈને, અખંડ-બ્રહ્મભાવે, સદા મૌન થઈ જા. (૨૮૯)

ટિપ્પણ : આ પહેલાંના શ્લોકમાં, મળ-મૂત્ર-માંસ-રુધિર-ચરબી વગેરે ગંદી વસ્તુઓથી ભરેલાં સ્થૂલ શરીર પ્રત્યે ત્યાગ અને તિરસ્કારભાવ સેવવાનો અનુરોધ શ્રીસદ્‌ગુરુએ શિષ્યને કર્યો છે. આવા ભાવનાં સંનિષ્ઠ સેવનનું સુ-પરિણામ એટલે બ્રહ્મભાવમાં સ્થિર થઈ જવાની એની કૃતકૃત્યતા.

બ્રહ્મસ્વરૂપ બની ગયેલા આવા સાધક માટેનું ત્યારપછીનું પગલું એટલે તેના પોતાના આત્માને પરમાત્મામાં વિલીન કરી દેવાનું, પોતે એમાં જ ભળી જવાનું, તે(બ્રહ્મ)મય, એટલે કે તન્મય, તદ્રૂપ બની જવાનું.

એક વાત સ્પષ્ટ સમજી લેવાની છે કે આવી પરમાત્મ-મયતા સંપન્ન કરવા માટે મૃત્યુ પામવાની જરૂર નથી. મૃત્યુ તો, નિયતિ(Destiny)ના નિયમ પ્રમાણે, એના નિયત થયેલા સમયે, અવશ્ય થવાનું જ છે, સાધકે એની રાહ જોવાની નથી. શરીરને સ્થૂલ ઉપાધિરૂપ સમજવાનો ભાવ તેણે મનમાં સતત ઘૂંટવાનો છે અને આવા ભાવ સાથે ઓતપ્રોત થનાર સાધકનો આત્મા સ્વયમેવ પરમાત્મામાં વિલીન થઈ જાય છે.

બીજું, અહીં જે **'આકાશ'**નો ઉલ્લેખ છે તે, ઉપર દેખાતું 'ગગન'(Sky) નહીં, પરંતુ પાંચ મહાભૂતોમાંનું એક મહાભૂત એવું સૂક્ષ્મ **'આકાશ'**(Ether), અવકાશ, જે દશે દિશાઓમાં, બ્રહ્માંડનાં અણુ-અણુમાં, સર્વત્ર વ્યાપ્ત છે તે. ઘડો ખાલી હોય ત્યારે પણ તેમાં આવું સૂક્ષ્મ આકાશ તો ભરેલું જ હોય છે. તેવું **'આકાશ'** એટલે **'ઘટાકાશ'** (ઘડાની અંદર રહેલું આકાશ). ઘડો ફૂટી જાય ત્યારે પણ આ **'ઘટાકાશ'** નાશ પામતું નથી, એ તો એવું ને એવું જ અકબંધ-અખંડિત રહે છે અને હવે ઘડો ન રહેતાં, બહારનાં **'મહાકાશ'**માં ભળી જાય છે.

બસ, આ જ રીતે, મોક્ષાર્થી સાધકે, પોતે, પોતાની જાતને, પોતાના આત્માને, વિરાટ પરમાત્મામાં વિલીન કરી દેવાનો રહે છે. પૂરી વિવેકબુદ્ધિપૂર્વક શરીરરૂપી ઉપાધિમાંથી તેને મુક્ત થવાનું છે અને નિરુપાધિક પરમાત્મામાં વિલીન, એટલે કે તલ્લીન, તદ્રૂપ, તન્મય થઈ જવાનું છે.

અને શરીરરૂપી ઉપાધિમાંથી મુક્તિ એટલે, સર્વ પ્રકારની ચંચળતા-અશાંતિ-વિક્ષિપ્તતામાંથી મુક્તિ. 'હું દેહ છું', – એવો ભાવ જ સૌથી મોટો વિક્ષેપ હતો, સૌથી મોટી અશાંતિ હતી. હવે તો એ **'અહં'**-ભાવ જ ચાલ્યો ગયો છે, બ્રહ્મમયતારૂપી અખંડતા જ સમગ્ર અસ્તિત્વમાં પ્રસરી રહી છે. ન કશી અશાંતિ, ન કશો વિક્ષેપ; સર્વત્ર, બસ, શાંતિ જ શાંતિ ! સંપૂર્ણ મૌન ! શ્લોકમાં જે **'તુષ્ણીભાવ'**નો ઉલ્લેખ છે, તે આ જ !

અહીં ગુરુજીએ, શિષ્યને સીધું સંબોધન કરતાં, ફરી એક વાર, **"મુનિ"**-શબ્દ પ્રયોજ્યો છે, એમાં એની **મનનશીલતા** તો એમને અભિપ્રેત છે જ; એ ઉપરાંત, એ જ શબ્દ દ્વારા, **મૌન**નાં મહત્ત્વ પ્રત્યે પણ સંકેત છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૮૯)

૨૯૦

स्वप्रकाशमधिष्ठानं स्वयंभूय सदात्मना ।
ब्रह्माण्डमपि पिण्डाण्डं त्यज्यतां मलभाण्डत् ॥ २९० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્વપ્રકાશમધિષ્ઠાનં સ્વયંભૂય સદાત્મના ।
બ્રહ્માંડમપિ પિંડાંડં ત્યજ્યતાં મલભાંડવત્ ॥ ૨૯૦ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : સ્વપ્રકાશં અધિષ્ઠાનં સદાત્મના સ્વયંભૂય, બ્રહ્માણ્ડં પિણ્ડાણ્ડં અપિ, મલભાણ્ડવત્ ત્યજ્યતામ્ ॥ ૨૯૦ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્યાંશ : **બ્રહ્માણ્ડં પિણ્ડાણ્ડં અપિ ત્યજ્યતામ્** । **ત્યજ્યતામ્** એટલે ત્યજી દે, ત્યાગ કરી દે, છોડી દે. શાને છોડવાનાં છે ? **બ્રહ્માણ્ડં પિણ્ડાણ્ડં અપિ** । પિંડ અને બ્રહ્માંડરૂપી બંને ઉપાધિઓને. શું કર્યા પછી આવો ત્યાગ કરવાનો

છે ? - **स्वप्रकाशं अधिष्ठानं सदात्मना स्वयंभूय** । **स्वयंभूय** એટલે સ્વાનુભૂતિ કરીને, સ્વયં બનીને, પોતાને જાણીને; શું-સ્વરૂપે જાણીને ? સ્વયંપ્રકાશ અને સર્વના અધિષ્ઠાન-રૂપ આત્મા સાથે એકરૂપ બનવાં-સ્વરૂપે. પિંડ અને બ્રહ્માંડ, – એ બંનેને શાની માફક ત્યજવાનાં છે ? **मलभाण्डवत्** । **मल** એટલે મેલી-ગંદી વસ્તુઓ, કચરો; **भाण्ड** એટલે વાસણ, ટોપલો, પોટલું : મળભરેલાં વાસણની જેમ. (૨૯૦)

અનુવાદ : સ્વયંપ્રકાશ અને સર્વનાં અધિષ્ઠાનરૂપ એવા આત્મા સાથે એકરૂપ બનીને, પિંડ અને બ્રહ્માંડરૂપી બંને ઉપાધિઓને, મળભર્યા વાસણની જેમ ત્યજી દે. (૨૯૦)

ટિપ્પણ : **ब्रह्माण्ड** અને **पिण्डाण्ड**, – એ બંને શબ્દોને અંતે **अण्ड** એટલે કે **'ઈંડું'**(Egg), એટલે કે **'शरीर'** એવો શબ્દ છે. **'બ્રહ્માંડ'** એટલે બ્રહ્માનું ઈંડું, એનું શરીર, એટલે કે આ જગત, વિશ્વ(Universe) : The primordial egg from which the universe sprang up, the world, અને **पिण्डाण्ड** એટલે મનુષ્યનું ઈંડું, શરીર, માનવ-શરીર (Human body).

આ બંનેને ત્યજી દેવાનો આદેશ એટલા માટે આપવામાં આવ્યો છે કે એ બંને 'ઉપાધિઓ' જ છે, – **'બ્રહ્માંડ'** એ પરમાત્માની વ્યાપક ઉપાધિ છે અને **'પિંડાંડ'** એટલે કે શરીર, એ જીવાત્માની અલ્પ-મર્યાદિત-પરિચ્છિન્ન(Limited) ઉપાધિ છે. આ જગત પરમાત્માનું શરીર છે અને મનુષ્ય-દેહ એ જીવાત્માનું શરીર છે, અને શરીર તો ત્યાગ-યોગ્ય, ત્યજી દેવા જેવી, ઉપાધિ છે, એ મુદ્દા પર તો છેલ્લા બે-ત્રણ શ્લોકોમાં ભાર મૂકવામાં આવ્યો છે.

જેમ 'ઘટાકાશ' અને 'મહાકાશ' વચ્ચે કશો જ ભેદ નથી, બંને નાનાં-મોટાં 'આકાશ' જ છે તેમ, જીવ અને બ્રહ્મ વચ્ચે પણ કશો જ ભેદ નથી, એટલું જ નહીં પરંતુ મૂળભૂત-સ્વરૂપે તો જીવ પોતે જ બ્રહ્મ છે, અને આ બ્રહ્મ સ્વયંપ્રકાશ છે, પિંડ અને બ્રહ્માંડ બંનેનું અધિષ્ઠાન (Substratum), – એટલે કે આધારસ્થાન, આશ્રયસ્થાન છે. પિંડ (માનવ-શરીર) અને બ્રહ્માંડ(જગત), – એ બંને તો, તું જે - સ્વરૂપ છે, તે-બ્રહ્મ પર આરોપ-માત્ર છે, અને એટલે જ મિથ્યા છે.

એક વાર, 'હું જ તે આત્મા છું' (**सदात्मना स्वयंभूय**), એવી અનુભૂતિ થઈ જાય, ત્યારપછી બ્રહ્મ પર આરોપિત આ બંનેને, – પિંડ અને બ્રહ્માંડને,– આ બંને ઉપાધિઓને, સંઘરી-સાચવી રાખવાની, એને વળગી રહેવાની કશી જ જરૂર નથી. આ બંને, મળ-મૂત્રથી ભરેલાં માટીનાં માટલાં જેવાં છે, એટલે એ બંનેને તો જેટલાં વહેલાં ત્યજી દેવાય, એમાં જ મોક્ષાર્થી સાધકનું પરમ કલ્યાણ રહેલું છે.

શ્લોકનાં ત્રીજાં અને ચોથાં ચરણ – **'ब्रह्माण्डमपि पिण्डाण्डं त्यज्यतां मलभाण्डवत् ।'**-માં **ण्ड**-આ અક્ષરનાં ચાર વાર થયેલાં પુનરાવર્તનમાંનો કર્ણપ્રિય **'प्रासानुप्रास'**–અલંકાર, આચાર્યશ્રીનાં કાવ્યત્વનાં પાસાંને સહજભાવે પ્રગટ કરે છે, એ નોંધપાત્ર છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૯૦)

૨૯૧

चिदात्मनि सदानन्दे देहारूढामहंधियम् ।
निवेश्य लिंगमुत्सृज्य केवलो भव सर्वदा ॥ २९१ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ચિદાત્મનિ સદાનન્દે દેહારૂઢામહંધિયમ્ ।
નિવેશ્ય લિંગમુત્સૃજ્ય કેવલો ભવ સર્વદા ॥ ૨૯૧ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : દેહારૂઢાં અહંધિયં સદાનન્દે ચિદાત્મનિ નિવેશ્ય, લિંગં ઉત્સૃજ્ય, સર્વદા કેવલો ભવ ॥ ૨૯૧ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **સર્વદા કેવલો ભવ** । **કેવલ** એટલે કૈવલ્યસ્વરૂપ, અદ્વિતીય આત્મસ્વરૂપ. પરમતત્ત્વ સાથે એકરૂપતા, અંતિમ સાયુજ્ય, એટલે કે મુક્તિ, મોક્ષ. શ્રીસદ્‌ગુરુ અહીં શિષ્યને, તેણે નક્કી કરેલાં પોતાનાં જીવનનાં પરમ ધ્યેયને, કૈવલ્યને, એટલે કે મોક્ષને સંપન્ન કરી લેવાનો આદેશ આપે છે.

પરંતુ આ તો અંતિમ અને ઉત્તમ પ્રકારની સિદ્ધિ છે. એ પહેલાં સાધકે આ બે ગૌણ સિદ્ધિઓને પરિપૂર્ણ કરી લેવાનો તેઓશ્રી અનુરોધ કરે છે : (૧) **देहारूढां अहंधियं सदानन्दं चिदात्मनि निवेश्य** । **निवेश्य** એટલે સ્થાપીને, સ્થિર-સ્વરૂપે મૂકીને. કોને, ક્યાં, સ્થિત કરવાનું છે ? **अहंधियं** હું-પણાંની બુદ્ધિને, અહંકાર-બુદ્ધિને. આ બુદ્ધિ કેવી છે ? **देहारूढाम्** દેહમાં આરૂઢ થઈ ગયેલી. એનો ક્યાં 'નિવેશ' કરવાનો છે ? **चिदात्मनि** । ચિત્-સ્વરૂપ બ્રહ્મમાં; અને આ બ્રહ્મ કેવું છે ? **सदानन्दं** । નિત્ય-આનંદસ્વરૂપ; અને (૨) **लिंगं उत्सृज्य** । **लिंग** એટલે સૂક્ષ્મ શરીર; એને **उत्सृज्य** એટલે છોડી દઈને. (૨૯૧)

અનુવાદ : દેહમાં આરૂઢ થઈ ગયેલી અહંકાર-બુદ્ધિને સદા-આનંદ-સ્વરૂપ અને ચિત્સ્વરૂપ એવા બ્રહ્મમાં સ્થિર કરીને, અને સૂક્ષ્મ શરીરનો ત્યાગ કરીને, સર્વદા કૈવલ્યસ્વરૂપ થઈ જા. (૨૯૧)

ટિપ્પણ : **'અધ્યાસ'**-નિરૂપણને સમાપ્ત કર્યા પછીના, આ છેલ્લા થોડા શ્લોકોમાં, શ્રીસદ્‌ગુરુએ, સંસારની ક્ષુદ્ર-ક્ષુલ્લક વસ્તુઓમાંથી પોતાનાં ચિત્તને પાછું ખેંચી લઈને, શિષ્યને, આત્મચિંતન, બ્રહ્મમાં સ્થિર થવાની કૃતાર્થતા,

અખંડબ્રહ્મભાવમાં મૌન, આત્મામાં સ્વયંભાવ, – વગેરે મોક્ષપ્રાપ્તિ તરફ લઈ જતા આધ્યાત્મિક વિચારો તરફ ગતિ કરવાનો અનુરોધ કર્યો છે, તેમાં કૈવલ્યસ્વરૂપ બનવાનું આ શ્લોકમાંનું સૂચન, તેનાં જીવનધ્યેયને પરિપૂર્ણ કરવા માટેની એક પ્રબળ પૂર્વભૂમિકા સર્જે છે.

કૈવલ્યસ્વરૂપ પામવા માટેની બે અનિવાર્ય આવશ્યકતાઓ પ્રત્યે ગુરુજી શિષ્યનું, અહીં, લક્ષ ખેંચે છે : એક તો, એ કે 'હું દેહ છું', – એવી સમજણ-માન્યતા-બુદ્ધિ(અહંધિયં), ઘણા લાંબા સમયથી, દેહમાં, ખૂબ ઊંડે સુધી, આરૂઢ થઈ ગઈ હોય છે, તેને ત્યાંથી ખસેડીને, પાછી ખેંચી લઈને, નિત્ય-આનંદ-સ્વરૂપ અને ચિત્સ્વરૂપ બ્રહ્મમાં સ્થાપિત કરવાની છે.

અને **બીજું**, 'હું સૂક્ષ્મ દેહ લિંગ છું,' – એવી **'અહં'**-બુદ્ધિનો ત્યાગ થતાં તો, સ્થૂળ-સૂક્ષ્મ બંને દેહમાંની તેની **'અહંબુદ્ધિ'**, આ રીતે, પૂરેપૂરી નાબૂદ થઈ જતાં, પરિણામ એ નિષ્પન્ન થશે કે 'હવે તો, હું કેવળ આત્મા છું,' – એવી સુદૃઢ પ્રતીતિ મોક્ષાર્થી સાધકને થશે.

અને આ **'કેવલ-આત્મ-ભાવ'** એટલે જ કૈવલ્યસ્વરૂપ (केवलो भव ।), અદ્વિતીય આત્મસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૯૧)

૨૯૨

यत्रैष जगदाभासो दर्पणान्तः पुरं यथा ।
तद् ब्रह्माहमिति ज्ञात्वा कृतकृत्यो भविष्यसि ॥ २९२ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યત્રૈષ જગદાભાસો દર્પણાન્તઃ પુરં યથા ।
તદ્ બ્રહ્માહમિતિ જ્ઞાત્વા કૃતકૃત્યો ભવિષ્યસિ ॥ ૨૯૨ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यत्र (ब्रह्मणि) एषः दर्पण-अन्तः पुरं यथा जगद्-आभासः (भवति), तद् 'ब्रह्म अहं (अस्मि)' इति ज्ञात्वा (त्वं) कृतकृत्यः भविष्यसि ॥ २९२ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : – 'तद् ब्रह्म अहं (अस्मि)' इति ज्ञात्वा (त्वं) कृतकृत्यः भविष्यसि । 'તે બ્રહ્મ હું છું', – એમ જાણીને તું કૃતકૃત્ય થઈ જઈશ. કયું બ્રહ્મ ? કેવું બ્રહ્મ ? यत्र (ब्रह्मणि) एषः दर्पण-अन्तः पुरं यथा जगद्-आभासः (भवति) । જે(બ્રહ્મ)માં આ જગત દર્પણમાં પ્રતિબિંબિત નગરની જેમ પ્રતીત થઈ રહ્યું છે 'તે બ્રહ્મ હું છું', – એમ જાણીને. (૨૯૨)

અનુવાદ : જે(બ્રહ્મ)માં આ જગત દર્પણમાં પ્રતિબિંબિત નગરની જેમ પ્રતીત થઈ રહ્યું છે, 'તે બ્રહ્મ હું છું', – એમ જાણીને તું કૃતકૃત્ય થઈ જઈશ. (૨૯૨)

ટિપ્પણ : - **ब्रह्म सत्यं जगत् मिथ्या** । — **'વેદાન્ત'**દર્શનના આ સિદ્ધાન્તને કેન્દ્રમાં રાખીને, શ્રીસદ્‌ગુરુ, અહીં, શિષ્યને, તેનાં જીવનધ્યેયને સંપન્ન કરીને, કૃતાર્થ થવાનું માર્ગદર્શન આપે છે.

આ દેખાતું જગત તો **'મિથ્યા'** જ છે, એનો માત્ર આભાસ જ પ્રતીત થાય છે. (**जगद्-आभासः भवति** ।). જગતનું મૂળ અધિષ્ઠાન તો બ્રહ્મ જ છે. હકીકતમાં, જગત જેવું કશું જ હોતું નથી, છે જ નહીં. એવું જે જણાય છે તે પણ આરોપ કે આભાસ જ છે. આવો મિથ્યા જગદ્-આભાસ પણ, તેનાં મૂળ અધિષ્ઠાનરૂપ સર્વદા-**'સત્ય'** એવાં પરબ્રહ્મમાં જ પ્રતીત થાય છે. અને આવી પ્રતીતિ કે અનુભૂતિ પણ મનુષ્યની અજ્ઞાન-પરિસ્થિતિમાં જ થાય છે; જગતની આવી **'सत्ता'**(Existence) પણ સાચી, વાસ્તવિક કે હંમેશની(Permanent) નથી. **'વેદાન્ત'**-દર્શનની પરિભાષામાં જેને **'प्रातीतिक'** કે **'प्रातिभासिक'** કહેવામાં આવે છે, એવી જ આ **'सत्ता'** છે. અને આવો જે ભાસ છે, આવી જે **'सत्ता'** જોનારને પ્રતીત થાય છે તે પણ, સદા-સત્ય-સ્વરૂપ જે અધિષ્ઠાન(પરબ્રહ્મ)માં તે(જગત) છે, તેને લીધે જ છે. સંક્ષેપમાં, જગતની જે **'सत्ता'** ભાસે છે, તે બ્રહ્મની પ્રતિબિંબિત **'सत्ता'** જ છે, તેની પોતાની નથી.

દર્પણમાં દેખાતું નગર, નગર-રૂપે સાચું હોતું જ નથી, એ તો માત્ર દર્પણમાંનું પ્રતિબિંબ જ છે, એવાં નગરને એનું પોતાનું કહી શકાય એવું સ્વતંત્ર અસ્તિત્વ હોતું જ નથી, એ તો માત્ર એક આભાસ કે આરોપ જ છે. આવી ઉપમા આપીને આચાર્યશ્રી જગતનાં મિથ્યાત્વને પ્રતિપાદિત કરે છે.

પરંતુ શ્લોકનાં કેન્દ્રમાં રહેલો તાત્પર્યાર્થ તો એ છે કે શિષ્ય આ વાત સમજે અને 'મિથ્યા' જગતનાં અધિષ્ઠાનરૂપ બ્રહ્મ વિશે, 'તે બ્રહ્મ હું છું', — એમ જાણે-સમજે-સ્વીકારે-આત્મસાત્ કરે, એ જ એના મનુષ્યજન્મની પરમ ધન્યતા છે, કૃતાર્થતા છે, કૃતકૃત્યતા છે.

એટલે મહત્ત્વ તો, શ્લોકમાંના **इति 'ज्ञात्वा'**- એ શબ્દો વડે સૂચિત આત્મજ્ઞાનનું જ છે; — જેનો પ્રકાશ લાધતાં, જગતરૂપી પ્રતિબિંબ ક્યાંય અદૃશ્ય થઈ જાય અને રહે માત્ર એક જ સત્ય, પરબ્રહ્મરૂપી દર્પણ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૨૯૨)

૨૯૩

यत् सत्यभूतं निजरूपमाद्यं
चिदद्वयानन्दमरूपमक्रियम् ।
तदेत्य मिथ्यावपुरुत्सृजैतत्
शैलूषवद् वेषमुत्तमात्मनः ॥ २९३ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યત્ સત્યભૂતં નિજરૂપમાદ્યં
ચિદદ્વયાનન્દમરૂપમક્રિયમ્ ।
તદેત્ય મિથ્યાવપુરુત્સૃજૈતત્
શૈલૂષવદ્ વેષમુત્તમાત્મનઃ ॥ ૨૯૩ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : યત્ સત્યભૂતં ચિદ્ અદ્વય-આનન્દં અરૂપં અક્રિયં, - તદ્ આદ્યં નિજરૂપં એત્ય, શૈલૂષવદ્ ઉપાત્તં વેષં આત્મનઃ એતદ્ મિથ્યાવપુઃ ઉત્સૃજ ॥ ૨૯૩ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : આત્મનઃ એતદ્ મિથ્યાવપુઃ ઉત્સૃજ । ઉત્સૃજ એટલે છોડી દે, ત્યજી દે. શું છોડી દેવાનું છે ? એતદ્ મિથ્યાવપુઃ । આત્માના આ શરીર-વગેરે મિથ્યા વેષને. આ વેષને શાની જેમ છોડી દેવાનો છે ? - શૈલૂષવદ્ ઉપાત્તં વેષં । શૈલૂષ એટલે નટ, અભિનેતા, ભવૈયો; ઉપાત્તં, – ધારણ કરેલો; નટ જેમ પોતે, અપેક્ષા પ્રમાણે, ધારણ કરેલા વેષને છોડી દે તેમ.

પેલાં 'ત્યાગ' (ઉત્સૃજ) પહેલાં શું પ્રાપ્ત કરવાનું છે ? શું પામી લેવાનું છે ? - તદ્ આદ્યં નિજરૂપં એત્ય । પોતાનાં મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરવાનું છે. પોતાનું તે નિજ સ્વરૂપ કેવું છે ? તેનાં આ છ વિશેષણો છે : (૧) સત્યભૂતમ્ । સત્ય, હંમેશ માટે સત્ય બની રહેલું, (૨) ચિત્ - ચૈતન્ય, ચિદ્-રૂપ, ચૈતન્ય-સ્વરૂપ; (૩) અદ્વયમ્ । - અદ્વિતીય; જેના પછી અન્ય કંઈ 'બીજું' નથી એવું, અજોડ; (૪) આનન્દમ્ । - આનંદ-સ્વરૂપ; (૫) અરૂપમ્ । રૂપ-રહિત; અને (૬) ક્રિયા-રહિત, નિષ્ક્રિય. (૨૯૩)

આવાં આદ્ય નિજ-સ્વરૂપને પ્રાપ્ત કરીને, મોક્ષાર્થી સાધકે, પેલાં મિથ્યા શરીરને છોડી દેવાનું છે; એવો આદેશ શ્રીગુરુજી શિષ્યને આપે છે. (૨૯૩)

અનુવાદ : જે સત્ય-સ્વરૂપ, ચૈતન્ય-સ્વરૂપ, અદ્વિતીય, આનંદ-સ્વરૂપ, રૂપરહિત અને ક્રિયા-રહિત છે, તેવું પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરીને, નટ જેમ પોતે ધારણ કરેલા વેષને છોડી દે છે તેમ, આત્માના આ (દેહાદિ) અસત્ય વેષને તું છોડી દે. (૨૯૩)

ટિપ્પણ : આ શ્લોકમાં પ્રયોજવામાં આવેલી, અભિનેતા(Actor, શૈલૂષ)-ની ઉપમા, ખરેખર ઔચિત્યપૂર્ણ(Proper), સચોટ(Apt), સૂચક(Significant) અને અભિવ્યંજક(Expressive) છે : અભિનય એ અભિનેતાનો વ્યવસાય છે. રોજ રાત્રે થિયેટરમાં જઈને, નાટકમાં પોતાને સોંપાયેલા પાઠ(Role)ને અનુરૂપ તે વેષભૂષા કરતો હોય છે, તેના માટે એ અનિવાર્ય છે. પરંતુ મોડી રાત્રે નાટક પૂરું થાય કે તરત જ, નેપથ્યમાંના ગ્રીન-રૂમમાં જઈને, પોતાના પાઠની અપેક્ષા પ્રમાણે

તેણે જે વેષ ધારણ કર્યો હોય છે તેને (**आत्मनः उपात्तं वेषं**) તે દૂર કરી દે છે (**उत्सृजति**). આનું કારણ એ હોય છે કે તેને પૂરેપૂરો ખ્યાલ હોય છે કે રંગભૂમિ પર **રાજા**નો પાઠ ભજવનાર પોતે નટ(**शैलूष**) નથી, પરંતુ દુન્વયી વાસ્તવિક જીવનમાં જીવનાર અને અભિનેતા તરીકેનો વ્યવસાય કરતો **'अशरफ़्खान'**-નામનો એક માણસ છે !

આ સંસારમાં જન્મીને, પોતાનું પોતાને ભાગે આવતું, જીવન જીવનાર દરેક મનુષ્યનું પણ, સૂક્ષ્મ અને ઊંડી દૃષ્ટિએ જોઈએ-વિચારીએ તો, બસ, આવું જ છે : અંગ્રેજ નાટ્યકાર-મહાકવિ **शेक्स्पीअरे** તેનાં એક નાટકમાં સમુચિત વિધાન કર્યું છે કે આ જગત એક રંગભૂમિ છે અને બધાં માણસો, ઈશ્વર-રૂપી નિર્માતા-દિગ્દર્શકે તેમને સોંપેલાં ભિન્ન ભિન્ન પાઠો (Roles) જ ભજવતા હોય છે ! આ વિધાનનો મર્મ એ છે કે "આ સંસારમાં હું જે કાંઈ છું, જે કાંઈ કરી રહ્યો છું તે, દેહાદિની ઉપાધિ ધારણ કરનાર જીવાત્મા છું અને પરબ્રહ્મે સોંપેલા, નટ સમાન જીવાત્મા તરીકે મારે મારો પાઠ (Role) ભજવવાનો છે, પરંતુ હું મૂળભૂત સમ્યક્ દૃષ્ટિએ તે 'નટ' નથી, મને અહીં મોકલનાર પેલા મહા-દિગ્દર્શક એવા પરબ્રહ્મનો જ એક અંશ છું; અરે, માત્ર અંશ જ નહીં, મારું એ જ આદ્ય નિજ-સ્વરૂપ (**तद् आद्यं निजरूपम्**) છે : આ તો મારા આત્મા માટેનું અસત્ય શરીર (**आत्मनः एतत् मिथ्यावपुः**) છે. સ્થૂળ-સૂક્ષ્મ-કારણ-શરીરરૂપી આ તો મેં ધારણ કરેલો માત્ર વેષ (**उपात्तवेषं**) જ છે. નાટકમાંના નટની જેમ, આ વેષભૂષા તો નાટક-પૂરતી જ હોય છે, એનો કશો મોહ જ ન હોય. આ વેશભૂષાને ત્યજી દઈને (**उत्सृज**), મારે તો મારાં તે મૂળભૂત સત્યભૂત બ્રહ્મસ્વરૂપને જ પ્રાપ્ત કરી લેવાનું (**एत्य**) છે."

સાચા અને સંનિષ્ઠ મુમુક્ષુએ એક વાત નિશ્ચિત-સ્વરૂપે સમજી લેવાની છે કે પરમ અને ચરમ એવો ચોથો મોક્ષ-પુરુષાર્થ એ કાંઈ મૃત્યુ પછીની જ ગતિ નથી; જીવની મુમુક્ષા જો સંપૂર્ણરીતે ઉત્કટ અને આત્મીયતા-સભર હોય તો, મૃત્યુ પહેલાં, જીવતાં છતાં પણ, તે મુક્તિ પામી શકે. આવા ધન્ય જીવ માટેનો શબ્દ છે **"जीवन्मुक्त"** અને આ જ ગ્રંથના અંતભાગમાં, આવા **"जीवन्मुक्त"**નું સવિસ્તર સ્વરૂપ-વર્ણન કરવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૯૩)

૨૯૪

सर्वात्मना दृश्यमिदं मृषैव
नैवाहमर्थः क्षणिकत्वदर्शनात् ।

जानाम्यहं सर्वमिति प्रतीतिः
कुतोऽहमादेः क्षणिकस्य सिद्ध्येत् ॥२९४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सर्वात्मना दृश्यमिदं मृषैव
नैवाहमर्थः क्षणिकत्वदर्शनात् ।
जानाम्यहं सर्वमिति प्रतीतिः
कुतोऽहमादेः क्षणिकस्य सिद्ध्येत् ॥ २९४ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : इदं दृश्यं (जगत्) क्षणिकत्वदर्शनात् सर्वात्मना मृषा एव (अस्ति) । (तत्र) तद् "अहं"अर्थः न एव (स्यात्), (यतः) क्षणिकस्य अहं-आदेः 'अहं सर्वं जानामि' इति प्रतीतिः कुतः सिद्ध्येत् ? ॥ २९४ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : इदं दृश्यं (जगत्) क्षणिकत्वदर्शनात् सर्वात्मना मृषा एव (अस्ति) । **दृश्यं** એટલે 'માત્ર દેખાતું' પરંતુ ખરેખર તો અસ્તિત્વ-વિનાનું; અને આવું **'દૃશ્ય'** એટલે જગત; **सर्वात्मना** એટલે સર્વ પ્રકારે, સંપૂર્ણ રીતે; **मृषा** એટલે મિથ્યા, અસત્ય, ખોટું; **क्षणिकत्वदर्शनात्** - એની ક્ષણિકતા સ્પષ્ટ જોવામાં આવે છે તેથી; આ **'દૃશ્ય'** જગત, એની ક્ષણિકતા સંપૂર્ણરીતે, સ્પષ્ટ, જોવામાં આવે છે એ કારણે, સર્વ પ્રકારે મિથ્યા જ છે. અને આથી જ (तस्मात्, तत्र, तद्) "अहं"अर्थः न एव (स्यात्) । તે **'अहं'**-નો, **'अहं'**-શબ્દનો, **'अहं'**-એવા મદનો, 'અહંકાર'નો, તત્ત્વાર્થ બની શકે નહીં; (ईदृशस्य) क्षणिकस्य अहं-आदेः 'अहं सर्वं जानामि' इति प्रतीतिः कुतः सिद्ध्येत् ? । – આવા ક્ષણિક અહંકાર વગેરેને 'હું બધું જાણું છું', – એવી પ્રતીતિ ક્યાંથી સિદ્ધ થઈ શકે ? (૨૯૪)

અનુવાદ : આ દૃશ્ય જગત, એની ક્ષણિકતા સ્પષ્ટ જોવામાં આવે છે તેથી, સર્વ પ્રકારે મિથ્યા જ છે. (અને આ જ કારણે) તે 'अहं'-શબ્દનો તત્ત્વાર્થ બની શકે નહીં : ક્ષણિક અહંકાર વગેરેને 'હું બધું જાણું છું', – એવી, પ્રતીતિ, ક્યાંથી સિદ્ધ થાય ? (૨૯૪)

ટિપ્પણ : अहम् એટલે શું ? સાચા **'अहं'**-નું, એટલે કે **'अहंकार'**નું સ્વરૂપ, આ શ્લોકમાં, સમજાવવામાં આવ્યું છે. આ જગત ક્ષણિક છે, એની ક્ષણિકતા સ્પષ્ટ જોવામાં આવે છે (**क्षणिकत्वदर्शनात्**). એ કારણે તે પૂર્ણપણે (**सर्वात्मना**) મિથ્યા જ છે (**मृषा एव अस्ति** ।). આવાં જગત માટે अहं-શબ્દ કેમ પ્રયોજી શકાય ? જે પોતે જ ક્ષણિક છે, મિથ્યા છે, અનિત્ય છે, અસત્ય છે, તે, આ જગત, अहं-શબ્દનો તત્ત્વાર્થ કદી પણ બની શકે નહીં. આવો **'अहंकार'**-શબ્દ જગત માટે પ્રયોજી શકાય નહીં : જગત અને અહંકાર, બંને પોતે તો ક્ષણિક,

મર્યાદિત અને પરિચ્છિન્ન છે; તો પછી 'હું બધું જાણું છું', – એવું જ્ઞાન (अहं सर्वं जानामि इति प्रतीतिः) તેને કેવી રીતે, ક્યાંથી, સિદ્ધ થાય ? (कुतः सिद्ध्येत् ?)

ટૂંકમાં, ગ્રંથકારને જે કથયિતવ્ય અહીં અભિપ્રેત છે તે એ કે સાચો અહં, જગત કે દેહાદિ જેવાં અનિત્ય અને ઉપાધિગ્રસ્ત તત્ત્વ માટે પ્રયોજી શકાય નહીં. સાચો અહં તો, જે સત્ય, નિત્ય, ભાવસ્વરૂપ અને સર્વકાલીન છે, તે આત્મા જ હોઈ શકે.

અહમ્-એવો ઉચ્ચાર-ઉદ્‌ગાર ('अहं'-કાર) તો તેને જ શોભે, તેના માટે જ યથાર્થ ગણાય, જે, "હું"-એવું ઉચ્ચારણ કરવા માટે સદા-સર્વદા અસ્તિત્વ ધરાવતો હોય. અને આવો અધિકાર તો આત્મા સિવાય અન્ય કોઈને હોઈ શકે જ નહીં.

'અહંકાર'-શબ્દના અર્થ વિશે કશી ગેરસમજૂતી અથવા કશો ગોટાળો ન થાય, એ ઉદ્દેશને લક્ષમાં રાખીને, આટલી સ્પષ્ટતા આવશ્યક બને છે કે અહીં, આ શ્લોકમાં "अहं"શબ્દ, એ શબ્દના સામાન્ય પ્રચલિત 'अभिमान', Pride અથવા Ego, – એવા અનુચિત અર્થમાં, પ્રયોજાયો નથી : "હું કર્તા છું, હું ભોક્તા છું", – એવો અભિગમ, એટલે કે 'अभिमान' અવશ્ય, અનુચિત છે : પરંતુ મૂળ "अहं"શબ્દનો તત્ત્વાર્થ તો, આધ્યાત્મિક સંદર્ભમાં, સદા-સર્વદા "सत्", એટલે કે હંમેશ અસ્તિત્વ ધરાવતા એવા નિત્ય આત્મા માટે, ઉચિત અર્થમાં જ પ્રયોજાયો છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૯૪)

૨૯૫

अहंपदार्थस्त्वहमादिसाक्षी
नित्यं सुषुप्तावपि भावदर्शनात् ।
ब्रूते ह्यजो नित्य इति श्रुतिः स्वयं
तत् प्रत्यगात्मा सदसद्विलक्षणः ॥ २९५ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અહંપદાર્થસ્ત્વહમાદિસાક્ષી
નિત્યં સુષુપ્તાવપિ ભાવદર્શનાત્ ।
બ્રૂતે હ્યજો નિત્ય ઇતિ શ્રુતિઃ સ્વયં
તત્ પ્રત્યગાત્મા સદસદ્વિલક્ષણઃ ॥ ૨૯૫ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : સુષુપ્તૌ અપિ ભાવદર્શનાત્, "अहं"-પદ-અર્થઃ (આત્મા) તુ નિત્યં "अहं"-આદિ-સાક્ષી (च अस्ति) । 'अजः नित्यः हि' इति

શ્રુતિ: સ્વયં બ્રૂતે, તત્ પ્રત્યગાત્મા સદ્-અસદ્-વિલક્ષણ: અસ્તિ ॥ ૨૯૫ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : "**અહં**"-પદ-અર્થ: (આત્મા) તુ નિત્યં "**અહં**"-આદિ-**સાક્ષી** (ચ **અસ્તિ**) । - બીજી વાર પ્રયોજાયેલા "**અહં**"-શબ્દનો અર્થ, અહીં, '**અહંકાર**' છે; જ્યારે પ્રથમ વાર પ્રયોજાયેલા "**અહં**"પદ-અર્થ:" શબ્દનો અર્થ, "અહં"એ પદના સાચા અર્થરૂપ, – "**આત્મા**" છે; કારણ કે તે 'નિત્ય' છે અને સુષુપ્તિમાં પણ તેનું અસ્તિત્વ (**ભાવ**) જોવામાં આવે છે (દર્શનાત્). વળી, આ **અહંપદાર્થ:**, એટલે કે "**અહં**"-એ પદના તત્ત્વાર્થ-રૂપ આત્મા, "**અહંકાર**"-વગેરેનો સાક્ષી (**અહં-આદિ-સાક્ષી અસ્તિ** ।) છે. 'આ **આત્મા** અજ (એટલે કે અજન્મા, જન્મરહિત) અને નિત્ય છે, એમ શ્રુતિ પોતે કહે છે – (**અજ: નિત્ય: ઇતિ શ્રુતિ: સ્વયં બ્રૂતે** ।) અને આ જ **આત્મા** વ્યક્તિગત આત્મા(**તત્ પ્રત્યગાત્મા**)રૂપે અંતરમાં વસે છે તથા તે સત્ અને અસત્ બંનેથી વિલક્ષણ છે, ભિન્ન છે (**સદ્-અસદ્-વિલક્ષણ: અસ્તિ** ।). (૨૯૫)

અનુવાદ : '**અહં**'-શબ્દના તત્ત્વાર્થ-રૂપ **આત્મા** તો નિત્ય છે અને '**અહંકાર**' વગેરેનો સાક્ષી છે, કારણ કે સુષુપ્તિમાં પણ તેનું અસ્તિત્વ હોય છે, એમ જોવામાં આવે છે. વળી, આ **આત્મા** અજ અને નિત્ય છે, એમ શ્રુતિ પોતે કહે છે. અને, આ જ **આત્મા** વ્યક્તિગત-આત્મારૂપે અંતરમાં વસે છે અને તે સદ્ અને અસદ્ બંનેથી ભિન્ન છે. (૨૯૫)

ટિપ્પણ : ગયા શ્લોકનાં ટિપ્પણને અંતે, જે સ્પષ્ટતા ઊભેરવામાં આવી છે, તેનું સમર્થન(Confirmation) આ શ્લોકમાં મળી રહે છે : અહીં અહં-શબ્દ બે વાર પ્રયોજાયો છે, પરંતુ અહં એટલે "**હું**"-એવાં સર્વનામ(Pronoun)ને લક્ષમાં રાખીએ, એટલે તે તરત જ સ્પષ્ટ થઈ જાય છે કે **પ્રથમ** વાર પ્રયોજાયેલા અહં–એટલે કે '**અહંકાર**' શબ્દનો તત્ત્વાર્થ એટલે '**આત્મા**', અને આ '**આત્મા**' તો બીજી વાર પ્રયોજાયેલા અહં–એટલે 'અહંકાર' વગેરેનો સાક્ષી છે. આનું કારણ એ છે કે સુષુપ્તિ એટલે કશા પણ અનુભવ વિનાની અવસ્થા, અને છતાં આવી અવસ્થામાં પણ આ '**આત્મા**'નું અસ્તિત્વ સ્પષ્ટ જોવા-જાણવામાં (**ભાવદર્શનાત્**) આવે છે. '**આત્મા**'નાં આવાં સ્વરૂપ વિશેની વિશિષ્ટતાનું '**પ્રમાણ**' આપણને **કઠોપનિષદ**નાં આ શ્રુતિવચનમાં મળી રહે છે : —

અજો નિત્ય: શાશ્વતોઽયં પુરાણ: ॥ ૨, ૧૮ ॥

("**આ આત્મા** અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાણ છે.")

અને આ જ શ્રુતિ-મંત્રને **ગીતા**માં (૨,૨૦) પણ અક્ષરશ: અવતારવામાં આવ્યો છે.

આનો તાત્પર્યાર્થ એ છે કે '**અહં**'-શબ્દના સાચા અર્થરૂપ, તત્ત્વાર્થ-રૂપ, આ

આત્મા માત્ર **'અહંકાર'**—વગેરેનો જ નહીં, પરંતુ સૌનો અંતર્યામી છે, સાક્ષી છે, તે જ વ્યક્તિગત આત્મા, એટલે કે પ્રત્યગાત્મા-રૂપે અંતરમાં વસે છે અને સત્-અસત્ એટલે કે વ્યક્ત-અવ્યક્ત અને કાર્ય-કારણથી ભિન્ન છે.

આમ, ક્ષણિક અને પરિચ્છિન્ન **'અહંકાર'** તથા **'અહં'**-શબ્દના તત્ત્વાર્થરૂપ, અજ-નિત્ય-શાશ્વત, અંતર્યામી અને સર્વ-સાક્ષીભૂત, સાચા-**'અહં'** એવા **'આત્મા'** વચ્ચેના તફાવતને લક્ષમાં લેતાં, પ્રસિદ્ધ અને પ્રચલિત એવા **'અહંકાર'**નું સ્વરૂપ સ્પષ્ટ થઈ જાય છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૯૫)

૨૯૬

विकारिणां सर्वविकारवेत्ता
नित्योऽविकारो भवितुं समर्हति ।
मनोरथस्वप्नसुषुप्तिषु स्फुटं
पुनः पुनर्दृष्टमसत्त्वमेतयोः ॥ २९६ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

विकारिणां सर्वविकारवेत्ता-
नित्योऽविकारो भवितुं समर्हति ।
मनोरथस्वप्नसुषुप्तिषु स्फुटं
पुनः पुनर्दृष्टमसत्त्वमेतयोः ॥ २९६ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : विकारिणां सर्वविकारवेत्ता नित्यः अविकारः (च) भवितुं समर्हति । एतयोः (दृश्यपदार्थ-अहंकारयोः) असत्त्वं मनोरथ-स्वप्न-सुषुप्तिषु पुनः पुनः स्फुटं दृष्टम् ॥ २९६ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : विकारिणां सर्वविकारवेत्ता नित्यः अविकारः (च) भवितुं समर्हति । **विकारिन्** એટલે વિકાર પામનાર, પ્રતિક્ષણ પરિવર્તન પામનાર, પળે પળે બદલાતી વસ્તુ-વ્યક્તિ; આવાં વિકાર પામનારાં તત્ત્વોના સર્વ વિકારોનો જાણનાર (**वेत्ता**) પોતે તો નિત્ય અને નિર્વિકાર (**अविकारः**) જ હોવો જોઈએ, હોઈ શકે, હોવાને લાયક છે. एतयोः (दृश्यपदार्थ-अहंकारयोः) असत्त्वं पुनः पुनः स्फुटं दृष्टम् । एतयोः આ બંને, — એટલે કે શરીર તથા અહંકાર,— નું असत्त्वं એટલે મિથ્યાપણું, અસત્ય-હોવાપણું, **मनोरथ** એટલે મનોરાજ્ય, સ્વપ્ન અને સુષુપ્તિસમય દરમિયાન વારંવાર, ફરી ફરીને, સ્પષ્ટ જોવામાં આવે છે. (૨૯૬)

અનુવાદ : પળે પળે પરિવર્તન પામનારાંઓ(અહંકાર વગેરે)નાં સર્વ

પરિવર્તનોનો જાણનાર (આત્મા) તો નિત્ય અને નિર્વિકાર જ હોઈ શકે : (શરીર અને અહંકાર) આ બંનેનું મિથ્યાપણું મનોરથ-સ્વપ્ન અને સુષુપ્તિના સમય દરમિયાન વારંવાર સ્પષ્ટ જોવામાં આવે છે. (૨૯૬)

ટિપ્પણ : બ્રહ્માંડમાં જે પ્રાણી અને પદાર્થો જન્મ્યાં છે, તે તો સતત અને સ્વાભાવિક રીતે વૃદ્ધિ-ક્ષય વગેરે વિકારોનો ભોગ બને છે; એમનાં આવાં વિકારો-પરિવર્તનો-ફેરફારો સ્વભાવગત અને અનિવાર્ય છે; પરંતુ આવાં સર્વ પરિવર્તનોનો જાણકાર, એટલે કે એમનો દૃષ્ટા-સાક્ષી એવો આત્મા પોતે તો નિત્ય, નિર્વિકાર, અફર અને અપરિવર્તનશીલ જ હોય, એ હકીકત ઉચિત જ હોઈ શકે, એમ હોવું જ યોગ્ય છે (**समर्हति, सम्+अर्हति**). જ્ઞાતા અને જ્ઞેય, એ બંને વચ્ચેનો આ તફાવત સ્વાભાવિક, સમુચિત અને અપેક્ષા પ્રમાણેનો છે.

આમ હોવાનું કારણ શું ? એ જ કે શરીર (સ્થૂલ અને સૂક્ષ્મ બંને પ્રકારનાં શરીર), સર્વ દૃશ્ય પદાર્થો અને અહંકાર વગેરે મિથ્યા છે, અસત્ છે, એ તો મનોરથો એટલે કે મનમાં સતત ચાલી રહેલા કાલ્પનિક વિહારો-મનોવિહારો, મનોરાજ્યો, મનોરથોની પરિસ્થિતિઓ અને સ્વપ્ન તથા સુષુપ્તિની અવસ્થાઓ દરમિયાન, વારંવાર, અવારનવાર, સાફસાફ જોવામાં આવે છે.

આમ, શરીર અને અહંકાર વગેરેની ઉપસ્થિતિ-અનુપસ્થિતિ, એમનું હોવું-ન-હોવું, એ તો સર્વવિદિત અને સુપ્રસિદ્ધ છે; અને આ બધાં સતત પરિવર્તનશીલ તત્ત્વોનાં પરિવર્તનોનો જાણનાર એવો આત્મા પોતે તો અપરિવર્તનશીલ, નિર્વિકાર અને નિત્ય હોય, એ તો સંપૂર્ણરીતે ન્યાયોચિત છે, કારણ કે આમ હોય તો જ તે આત્મા જ્ઞાતા બની શકે, સાક્ષી રહી શકે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૨૯૬)

૨૯૭

अतोऽभिमानं त्यज मांसपिण्डे
पिण्डाभिमानिन्यपि बुद्धिकल्पिते ।
कालत्रयाबाध्यमखण्डबोधं
ज्ञात्वा स्वमात्मानमुपैहि शान्तिम् ॥ २९७ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અતોઽભિમાનં ત્યજ માંસપિણ્ડે
પિણ્ડાભિમાનિન્યપિ બુદ્ધિકલ્પિતે ।
કાલત્રયાબાધ્યમખંડબોધં
જ્ઞાત્વા સ્વમાત્માનમુપૈહિ શાન્તિમ્ ॥ ૨૯૭ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : अतः मांसपिण्डे, बुद्धिकल्पिते पिण्ड-अभिमानिनि अपि, अभिमानं त्यज, स्वं आत्मानं कालत्रय-अबाध्यं अखण्डबोधं (च) ज्ञात्वा, शान्तिं उपैहि ॥ २९७ ॥

શબ્દાર્થ : મુખ્ય વાક્ય : **शान्तिं उपैहि** । उपैहि (उप+इ એટલે પામવું-પહોચવું-પ્રાપ્ત કરવું, એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ) પ્રાપ્ત કર, પામ; શ્રીગુરુજી શિષ્યને અનુરોધ કરે છે કે, – 'તું શાંતિ પ્રાપ્ત કર.'

પરંતુ આવી શાંતિ પ્રાપ્ત કરતાં પહેલાં, તેણે બે પ્રક્રિયાઓ સંપન્ન કરવાની રહે છે, – **એક** છોડી દેવાની (**त्यज** ।), અને **બીજી,** જાણી લેવાની (**ज्ञात्वा**).

શું છોડી દેવાનું છે ? – **अभिमानं त्यज** । અભિમાનનો ત્યાગ કર, એને ત્યજી દે. આ 'અભિમાન' શાનું છે ? આ પ્રમાણે બે-માં : (૧) **मांसपिण्डे**-માંસનાં પિંડરૂપ સ્થૂળ શરીરમાં; અને (૨) **बुद्धिकल्पिते पिण्ड-अभिमानिनि अपि** । દેહના અભિમાની એવા 'અહંકાર'નાં હું-પણાંમાં. આ હું-પણું કેવું છે ? બુદ્ધિ વડે કલ્પવામાં આવેલું.

હવે, જાણી લેવાનું (**ज्ञात्वा**) શું છે ? – **स्वं आत्मानम्** । - તારા પોતાના આત્માને. આ આત્માને કેવાં સ્વરૂપે જાણવાનો છે ? આ બે વિશેષણો પ્રમાણે : (૧) **कालत्रय-अबाध्यम्** । ત્રણેય કાળમાં અબાધ્ય, એટલે કે ત્રિકાલાબાધિત; અને (૨) **अखण्डबोधम्** – અખંડ જ્ઞાનસ્વરૂપ.

अतः એટલે આથી, આ કારણે; આ પહેલાંના થોડા શ્લોકોમાં અપાયેલા ઉપદેશને જાણીને, સમજીને, એને આત્મસાત્ કરીને. (૨૯૭)

અનુવાદ : આથી, માંસનાં પિંડરૂપ એવાં સ્થૂળ શરીરમાં અને બુદ્ધિએ કલ્પેલાં શરીરનાં અભિમાની એવાં અહંકારમાંના હું-પણાંને પણ તું છોડી દે. તારા પોતાના આત્માને ત્રણેય કાળમાં અબાધ્ય અને અખંડ જ્ઞાન-સ્વરૂપ જાણીને, તું શાંતિ પ્રાપ્ત કર. (૨૯૭)

ટિપ્પણ : આ પહેલાંના ત્રણ શ્લોકો(૨૯૪-૨૯૫-૨૯૬)માં **'અહંકાર'**નું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે, એની સાથે સાથે જ, શરીર અને **'અહંકાર'** પ્રત્યે, અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલી આત્મબુદ્ધિને છોડી દેવાની પણ શ્રીસદ્‌ગુરુ દ્વારા સૂચના આપવામાં આવી છે.

હવે, ગુરુજી, શિષ્યને, આવા ઉપદેશનાં પરિણામ-સ્વરૂપ (**अतः**), બે મહત્ત્વનાં પૂર્વ-કાર્યોને પરિપૂર્ણ કરીને, ત્યારપછી, તેના માટેનાં ધ્યેયરૂપ એવી શાંતિ પામવાનો અનુરોધ કરે છે : **शान्तिं उपैहि** ।

પરંતુ આવી શાંતિ કંઈ સાવ સુલભ નથી. જે 'આત્મા' નથી પરંતુ 'અનાત્મા' છે એવા માંસ-પિંડ સમાં સ્થૂળ શરીરમાંના, સાચાં નહીં પણ માત્ર બુદ્ધિએ જ કલ્પેલા એવા, શરીરના અભિમાની અહંકારમાં પણ હું-પણાંને તેણે છોડી દેવાનું

છે. આમાં એને તકલીફ ન પડવી જોઈએ, કારણ કે અહંકારનું મૂળભૂત સ્વરૂપ આ પહેલાંના ત્રણ શ્લોકોમાં સ્પષ્ટરીતે અને એની સાથે સંકળાયેલાં સર્વ પાસાં સહિત નિરૂપવામાં આવ્યું છે.

અને શાંતિ પામતાં પહેલાં, તેણે પોતાના આત્માની બે વિશિષ્ટ બાબતો જાણી લેવાની રહે છે : (૧) ભૂત, વર્તમાન અને ભવિષ્ય, – એ ત્રણેય કાળમાં એને બાધિત કરી શકે એવું કશું જ નથી, એ સર્વ-બાધા-રહિત છે, ત્રિકાલાબાધિત છે; અને (૨) એ અખંડ જ્ઞાનસ્વરૂપ છે, સંપૂર્ણ અને મૂર્તિમંત જ્ઞાનમાત્ર છે, બોધમાત્ર છે.

બસ, આટલું નિષ્ઠાપૂર્વક સંપન્ન કરવામાં આવે એટલે, સાધક માટે શાંતિ પામવામાં કશો જ અંતરાય ન રહે. એ શાંતિ, પછી તો, પૂર્ણ અને પરમ જ હોય, – ગીતા કહે છે તેવી "નૈષ્ઠિકી". (૫, ૧૨)

મોક્ષ એ આત્યંતિક સુખ છે, પણ શાંતિ એની પૂર્વભૂમિકા છે. આથી જ ગીતા છે કે 'અશાંત' હોય તેને આવું સુખ ન મળે :–

अशान्तस्य कुतः सुखम् ॥ २, ६६ ॥

શ્લોકનો છંદ : ઉપજાતિ. (૨૯૭)

૨૯૮

त्यजाभिमानं कुलगोत्रनाम-
-रूपाश्रयेष्वार्द्रशवाश्रितेषु ।
लिंगस्य धर्मानपि कर्तृतादी-
-न्त्यक्त्वा भवाखण्डसुखस्वरूपः ॥ २९८ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ત્યજાભિમાનં કુલગોત્રનામ-
-રૂપાશ્રયેષ્વાર્દ્રશવાશ્રિતેષુ ।
લિંગસ્ય ધર્માનપિ કર્તૃતાદી-
-ન્ત્યક્ત્વા ભવાખંડસુખસ્વરૂપઃ ॥ ૨૯૮ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : (અતઃ) આર્દ્ર-શવ-આશ્રિતેષુ કુલ-ગોત્ર-નામ-રૂપ-આશ્રયેષુ અભિમાનં ત્યજ । લિંગસ્ય કર્તૃતાદીન્ ધર્માન્ અપિ ત્યક્ત્વા અખણ્ડસુખસ્વરૂપઃ ભવ ॥ ૨૯૮ ॥

શબ્દાર્થ : શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો છે :

(૧) (અતઃ) અભિમાનં ત્યજ । આથી, આ પહેલાંના શ્લોકોમાં નિરૂપિત વાતોને લક્ષમાં રાખીને, તું તારું અભિમાન છોડી દે. ક્યાં અભિમાનને છોડવાનું

છે ? **कुल-गोत्र-नाम-रूप-आश्रयेषु (अभिमानं त्यज)** । કુળ, ગોત્ર, નામ, રૂપનાં આશ્રયે રહેલાં અભિમાનને ત્યજી દે. આ કુળ, ગોત્ર વગેરે કેવાં છે ? **आर्द्र-शव-आश्रितेषु** । - એટલે તાજાં, હમણાં જ મરણ પામેલાં; આવાં મડદાં જેવા સ્થૂળ શરીરનાં આધારે રહેલાં.

(૨) **अखण्डसुखस्वरूपः भव** । **सुख** એટલે આનંદ; અખંડ-આનંદ-સ્વરૂપવાળો તું થા. આવો થતાં પહેલાં શું કરવાનું છે ? **त्यक्त्वा** – છોડી દઈને, ત્યજીને. શું છોડવાનું છે ? **लिंगस्य कर्तृतादीन् धर्मान् अपि (त्यक्त्वा)** । **लिंग** એટલે **लिंग-शरीर, सूक्ष्म-शरीर**; સૂક્ષ્મ-શરીરના કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે ધર્મોને પણ (છોડીને). (૨૯૮)

અનુવાદ : (આથી) તાજાં મડદાં જેવાં આ સ્થૂળ શરીરના આશ્રયે (આધારે) રહેલાં કુળ, ગોત્ર, નામ અને રૂપ વિશેનાં અભિમાનને તું છોડી દે. વળી, સૂક્ષ્મ શરીરમાં આરોપાયેલા કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે ધર્મોને પણ ત્યજી દઈને, અખંડ-આનંદ-સ્વરૂપવાળો તું બની રહે. (૨૯૮)

ટિપ્પણ : અહંકારનાં સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી, એ નિરૂપણમાંની ચર્ચાને લક્ષમાં રાખીને, શ્રીસદ્‌ગુરુએ, શિષ્યને, ગયા શ્લોકમાં, શાંતિ પામવાનો અનુરોધ કર્યો હતો; એ જ પ્રમાણે, અહીં, આ શ્લોકમાં, તેને અખંડ-આનંદ-સ્વરૂપ બની રહેવાનું સૂચવ્યું છે.

પરંતુ જેમ શાંતિ-પ્રાપ્તિ સાવ સુલભ નથી એમ જ, અખંડ-આનંદ-સ્વરૂપ બની જવાનું પણ કાંઈ 'ડાબા-હાથનો ખેલ' નથી ! આવાં સદ્‌ભાગ્યની પ્રાપ્તિ પહેલાં પણ, એના માટે સારો એવો ભોગ આપવાનો રહે છે : આ બંને શ્લોકોમાં, ગુરુજીએ, શિષ્યને, શાંતિ અને અખંડ-આનંદ જેવી અમૂલ્ય પરિસ્થિતિની પ્રાપ્તિ માટે, એવી જ, છોડવી-અઘરી એવી, પરિસ્થિતિઓનો ત્યાગ કરવા સૂચવ્યું છે, એ હકીકત મનુષ્ય-જીવનના એક અફર-અટલ નિયમ પ્રત્યે આપણું સહુનું ધ્યાન ખેંચે છે : અને એ નિયમ એટલે આ : કશું ત્યજ્યા વિના અન્ય કશું પ્રાપ્ત થઈ શકતું નથી. ટૂંકમાં, દરેક પ્રાપ્તિ માટે એનું મૂલ્ય ચૂકવવું તે અનિવાર્ય છે, જીવનમાં કશું મફત કે નિઃશુલ્ક મળતું નથી !

અને અહીં તો, પરમ શાંતિ અને અખંડ-આનંદ જેવી દુર્લભ સ્થિતિને મેળવવાની વાત છે, એટલે એની કિંમત પણ એટલી જ ભારે-મોટી હોય ને !

શરીર-ઇન્દ્રિયો-અહંકાર વગેરે આત્મા નથી, પરંતુ **'અનાત્મા'** છે; એટલે પરમાત્માનાં નામ સાથે સંકળાયેલા અખંડ **'આનંદ'**ને પ્રાપ્ત કરવો હોય તો, સ્થૂલ શરીર સાથે સંકળાયેલાં નામ-રૂપ-કુળ-ગોત્ર વગેરેનાં અને સૂક્ષ્મ શરીરમાં

આરોપાયેલાં "હું કર્તા છું, હું ભોક્તા છું", – એવા ધર્મોને તો છોડવા જ પડે.

અને આ **'ત્યાગ'** અને **'પ્રાપ્તિ'**, – એ બંને વસ્તુઓને પરસ્પર સામ-સામે મૂકીએ તો તરત જ ખ્યાલ આવી જાય કે **'ત્યાગ'** કેવી ક્ષુદ્ર-ક્ષુલ્લક-સસ્તી ચીજોનો છે અને **'પ્રાપ્તિ'** કેવી મહત્ત્વની-મૂલ્યવાન સ્થિતિની છે ! સંસાર-વ્યવહારનાં કળણમાં ગળકાં ખાતાં અજ્ઞાનીઓ સિવાય, આ **'વિનિમય'**(Exchange)ને કોઈ 'ખોટનો સોદો' કહી શકે નહીં ! સાચાં જીવનમૂલ્યોને ન સમજી શકે એવા, આવા, બુદ્ધિહીનોને **અનુલક્ષીને** જ, આચાર્યશ્રીએ, સ્થૂળ શરીર માટે, 'તાજાં શબ' (**આર્દ્રશવ**) જેવો શબ્દ પ્રયોજ્યો છે, એમાં કેવું અને કેટલું બધું ઔચિત્ય છે ! અને જીવતાં શરીર માટે આવું સામ્ય તો, સંસારને અતિક્રમીને, એની પેલી પારનાં શાશ્વત અસ્તિત્વનું દર્શન કરી શકનાર, આચાર્યશ્રીને જ સૂઝે ! અને આત્માનાં 'અખંડ આનંદ'ની અનુભૂતિના આસ્વાદને પણ, તેમના સિવાય બીજું કોણ, પારખી શકે ?

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૨૯૮)

૨૯૯

सन्त्यन्ये प्रतिबन्धाः पुंसः संसारहेतवो दृष्टाः ।
तेषामेकं मूलं प्रथमविकारो भवत्यहंकारः ॥ २९९ ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सन्त्यन्ये प्रतिबन्धाः पुंसः संसारहेतवो दृष्टाः ।
तेषामेकं मूलं प्रथमविकारो भवत्यहंकारः ॥ २९९ ॥

શ્લોકનો ગદ્ય અન્વય : पुंसः संसारहेतवः अन्ये प्रतिबन्धाः दृष्टाः सन्ति, (किंतु) तेषां एकं मूलं प्रथमविकारः अहंकारः भवति ॥ २९९ ॥

શબ્દાર્થ : આ શ્લોકમાં, એકબીજાં પર આધાર રાખતાં, બે વાક્યો આ પ્રમાણે છે : (૧) पुंसः संसारहेतवः अन्ये प्रतिबन्धाः दृष्टाः सन्ति । **પ્રતિબન્ધ** એટલે વિઘ્ન, નડતર, અંતરાય. **પુંસઃ** – મનુષ્યને, એટલે કે જીવને, જીવાત્માને: મનુષ્યને સંસારનાં કારણરૂપ બીજાં (અનેક) વિઘ્નો જોવામાં આવ્યાં છે, નજરે પડ્યાં છે; અને (૨) (किंतु) तेषां एकं मूलं प्रथमविकारः अहंकारः भवति । **પ્રથમવિકારઃ** एकं मूलं પરંતુ તે બધાંનું એકમાત્ર મૂળ કારણ **'અહંકાર'**-નામનો વિકાર છે. (૨૯૯)

અનુવાદ : મનુષ્ય માટે સંસારનાં કારણરૂપ બીજાં (અનેક) નડતરો જોવામાં આવ્યાં છે; (પરંતુ) તે સર્વનું એકમાત્ર મૂળ(કારણ), પ્રથમ-વિકાર જેવો **'અહંકાર'** છે. (૨૯૯)

ટિપ્પણ : છેલ્લા થોડા શ્લોકોથી જેનાં સ્વરૂપની ચર્ચા ચાલી રહી છે, તે **'અહંકાર'**નાં એક અત્યંત જોખમકારક પાસાં તરફ શ્રીસદ્‌ગુરુ શિષ્યનું અહીં ધ્યાન ખેંચે છે.

જીવ સંસારમાં જન્મે છે અને સંસાર તેને એક બંધનરૂપે વળગે છે, એનાં અનેક વિવિધ કારણો છે, અને આવાં બધાં અંતરાયોની ચર્ચા, શાસ્ત્રોમાં તથા દર્શનોમાં, સવિસ્તર, કરવામાં આવી છે. ટૂંકમાં, જેમનાં મન અને મનશ્ચક્ષુ ખુલ્લાં છે એવા જ્ઞાનીઓ તો, આ વાત જુએ છે અને જાણે છે (**दृष्टः**). પરંતુ તે સહુ એક બાબત વિશે એકમત (Unanimous) છે, અને તે એ કે બધાં કારણોનું એકમાત્ર મૂળ કારણ (**एकं मूलं प्रथमविकारः**) **'અહંકાર'** છે.

'અહંકાર' માટે આવા અભિપ્રાયનું કારણ એ છે કે તે માયાનું સૌપ્રથમ કાર્ય છે : ઇન્દ્રિયોનાં કર્મો, હકીકતમાં, સાચાં કર્મો નથી, પરંતુ અજ્ઞાનને કારણે જીવાત્મા, દેહ-ઇન્દ્રિયો-મન-પ્રાણ વગેરે 'અનાત્મા' જેવાં તત્ત્વોમાં આસક્ત બનીને તેમના પ્રત્યે **'अहं'-'मम'**-ભાવ સેવે છે, પોતાને એ કર્મોનો **'कर्ता'** સમજે છે, એટલે એ જ કર્મોના **'भोक्ता'** તરીકે તેને વારંવાર જન્મવું પડે છે અને કર્તૃત્વ-ભોક્તૃત્વનું આ ચક્ર જ્યાંસુધી ચાલ્યા કરે ત્યાંસુધી, આવો મનુષ્ય (**पुंसः**) માયાનાં મૂળ અને સૌપ્રથમ કાર્ય જેવા આ **'અહંકાર'**નાં સકંજામાંથી છૂટી શક્તો નથી. આમ, અજ્ઞાન-**'અહંકાર'**-સંસારનું એક અવિરત વિષ-ચક્ર (Vicious Circle) મનુષ્ય માટે ચાલ્યા કરે છે.

શ્લોકનો છંદ : ગીતિ. (૨૯૯)

૩૦૦

यावत् स्यात् स्वस्य सम्बन्धोऽहंकारेण दुरात्मना ।
तावन्न लेशमात्रापि मुक्तिवार्ता विलक्षणा ॥ ३०० ॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यावत् स्यात् स्वस्य सम्बन्धोऽहंकारेण दुरात्मना ।
तावन्न लेशमात्रापि मुक्तिवार्ता विलक्षणा ॥ ३०० ॥

શ્લોકનો ગદ્ય અન્વય : यावत् (मनुष्यस्य, जीवात्मनः) दुरात्मना अहंकारेण सम्बन्धः स्यात्, तावत् विलक्षणा मुक्तिवार्ता लेशमात्रा अपि न अस्ति ॥ ३०० ॥

શબ્દાર્થ : यावत्-तावत् । એટલે "જ્યાંસુધી-ત્યાંસુધી", એવી વાક્યરચના અહીં છે : 'જ્યાંસુધી' શું હોય ? **यावत् स्वस्य** (मनुष्यस्य, जीवात्मनः) दुरात्मना अहंकारेण सम्बन्धः स्यात् । જ્યાંસુધી 'દુષ્ટ'(दुरात्मना) એવા **'અહંકાર'** સાથે

જીવાત્માને પોતાને સંબંધ (ચાલુ) હોય - 'ત્યાંસુધી' શું હોય ? **तावत् विलक्षणा मुक्तिवार्ता लेशमात्रा अपि न अस्ति** । **मुक्ति** એટલે (**मोक्ष**) અને (**वार्ता**) એટલે વાત, સ્થિતિ, વિચારણા, વિભાવના. **विलक्षणा** એટલે વિરલ, નિરાળી, વિશિષ્ટ, નોખી-અનોખી. ત્યાંસુધી, મુક્તિ જેવી નિરાળી મુક્તિની જરા પણ આશા ન રાખી શકાય. (૩૦૦)

અનુવાદ : જ્યાંસુધી (મનુષ્યનો) પોતાનો, દુષ્ટ (એવા) **'અહંકાર'** સાથે સંબંધ હોય, ત્યાંસુધી મોક્ષ જેવી વિશિષ્ટ સ્થિતિની લેશમાત્ર પણ શક્યતા નથી. (૩૦૦)

ટિપ્પણ : એક મહા-'અનર્થ'(Great Evil) તરીકે, **'અહંકાર'**નાં અનુસંધાનમાં, જે વાત ગયા-છેલ્લા શ્લોકનાં ટિપ્પણમાં કહેવામાં આવી છે, તે જ વાત, અહીં ગ્રંથકારે શ્લોકના મુખ્ય માધ્યમ દ્વારા કહી છે. આ વાત સવિશેષ ધ્યાનપાત્ર એટલા માટે બની રહે છે કે **'અહંકાર'** માટે **'દુરાત્મા'** જેવું સમુચિત છતાં અંતિમ-કક્ષા(Extreme)નું વિશેષણ પ્રયોજતાં પણ ગ્રંથકાર અચકાયા નથી !

અને એ જ રીતે, 'જ્યાંસુધી-ત્યાંસુધી' (यावत्-तावत्) જેવી અત્યંત સચોટ વાક્ય-રચનાના પ્રયોગ દ્વારા, **'અહંકાર'** સાથેના જીવાત્માના સંબંધનાં સુનિશ્ચિત દુષ્પરિણામ વિશે ગ્રંથકાર પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપી દે છે.

અંગ્રેજી કહેવત, – A man is known by the company the keeps," – તો પ્રમાણમાં હળવી કહેવાય, કારણ કે પોતાનાં સંબંધ-સોબતને કારણે (અથવા 'પરિણામે') માણસ, માત્ર 'ઓળખાય' છે. પરંતુ અહીં આ 'દુષ્ટ' 'સોબત (**सम्बन्धः**)' તો મનુષ્યનાં જીવન-મરણનો સવાલ બની જાય છે ! સજ્જન પણ જો દુર્જનના સંબંધમાં ચાલુ રહે તો, દુર્જન તો કદી સુધરે નહીં, પરંતુ સજ્જન તો જરૂર બગડે ! અને અહીં, **'અહંકાર'** જેવા દુર્જન સાથેનો સંબંધ તો, મનુષ્ય માટે, એટલો બધો ખતરનાક એ અર્થમાં છે કે તે એની એક જ જિંદગીનો ભોગ નથી લેતો, પરંતુ જ્યાંસુધી આ 'દુષ્ટ' સંબંધનો 'વળગાડ' ચાલુ રહે ત્યાંસુધી, એની અનેક જન્મોની પરંપરા પર એનો દુષ્પ્રભાવ ચાલુ રહે. સાધક પોતાની મોક્ષ-પ્રાપ્તિ-સાધનામાં ગમે તેટલો સંનિષ્ઠ હોય, પરંતુ જ્યાંસુધી **'અહંકાર'** સાથેનો એનો સંબંધ ચાલુ રહે ત્યાંસુધી, આચાર્યશ્રીના પોતાના જ શબ્દોમાં, એનું **पुनरपि जननं, पुनरपि मरणम्** ।-નું દુશ્ચક્ર સતત, અણ-અટક્યું, ચાલુ જ રહેવાનું ! મોક્ષપ્રાપ્તિનું એનું જીવનધ્યેય કદી પણ ફળીભૂત નહીં જ થવાનું !

સરળ છતાં સચોટ શબ્દોમાં, આચાર્યશ્રીએ, **'અહંકાર'** સાથેના સંબંધનું સુનિશ્ચિત અશુભ-અમંગલ ભાવિ અહીં ભાખી દીધું છે !

શ્લોકનો **છંદ** : **અનુષ્ટુપ** (૩૦૦)

अहंकारग्रहान्मुक्तः स्वरूपमुपपद्यते ।
चन्द्रवद्विमलः पूर्णः सदानन्दः स्वयंप्रभः ॥३०१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અહંકારગ્રહાન્મુક્તઃ સ્વરૂપમુપપદ્યતે ।
ચંદ્રવદ્વિમલઃ પૂર્ણઃ સદાનન્દઃ સ્વયંપ્રભઃ ॥૩૦૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહંકારગ્રહાત્ મુક્તઃ (જીવાત્મા), ચન્દ્રવદ્ વિમલઃ, પૂર્ણઃ, સદા-આનન્દઃ, સ્વયંપ્રભઃ, સ્વરૂપં ઉપપદ્યતે ॥૩૦૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્યઃ (જીવાત્મા) સ્વરૂપં ઉપપદ્યતે । આત્મા અથવા જીવાત્મા, પોતાનાં મૂળ, અસલીરૂપને પામે છે, પ્રાપ્ત થાય છે. પરંતુ આત્મા માટે આવું ક્યારે બને ? (યદા સઃ) અહંકારગ્રહાત્ મુક્તઃ (ભવતિ તદા એવ) । ગ્રહ નવ ગ્રહોમાંનો એક, અહીં રાહુ-નામનો ગ્રહ; 'અહંકાર'-રૂપી (રાહુ-નામના) ગ્રહના પાશમાંથી જ્યારે મુક્ત બને ત્યારે જ અને 'ચંદ્રની જેમ' (ચન્દ્રવદ્) આવું બને ત્યારે, એ જ આત્મા, નિર્મળ, પૂર્ણ, સદા-આનંદ-સ્વરૂપ (સદા-આનન્દઃ), અને પોતાનાં મૂળ પ્રકાશવાળો બનીને (સ્વયંપ્રભઃ) પોતાનાં અસલી સ્વરૂપ(સ્વરૂપં)ને પ્રાપ્ત થાય છે. (૩૦૧)

અનુવાદ :

અહંકારરૂપી (રાહુ-નામના)ગ્રહ(ના પાશ)માંથી મુક્ત થયેલો (જીવાત્મા), ચંદ્રની જેમ, પૂર્ણ, સદા-આનંદ-સ્વરૂપ, નિર્મળ અને સ્વયંપ્રકાશ બનીને, પોતાનાં મૂળ રૂપ(પરમાત્મા)ને પામે છે. (૩૦૧)

ટિપ્પણ :

જીવાત્માને, પોતાનાં મૂળભૂત સ્વરૂપ એવા પરમાત્માને પામવામાં જે મુશ્કેલી નડે છે, તેને પ્રતીતિજનક રીતે સમજાવવા માટે, આચાર્યશ્રીએ, અહીં, સંપૂર્ણરીતે સમુચિત એવો '**રૂપક**'(Metaphor)-અલંકાર પ્રયોજ્યો છે.

પૂર્ણિમાની રાત્રે ચંદ્રગ્રહણ થાય છે, તે પહેલાં, એનો મૂળ સ્વકીય પ્રકાશ,

પૂર્ણ અને નિર્મળ સ્વરૂપે, શોભી રહ્યો હોય છે અને સર્વજનોને આનંદ આપી રહ્યો હોય છે; પરંતુ ત્યાં જ રાહુ-નામનો ગ્રહ તેને પકડે છે (તેનું ગ્રહણ થાય છે), એના પાશમાં તે ગ્રસ્ત બની જાય છે અને પોતાનાં મૂળ પ્રકાશથી વંચિત થાય છે. આવો ચંદ્ર, ફરી, પોતાનાં અસલી (Original) તેજ વડે, પ્રકાશીને, પોતાનાં ભૂતપૂર્વ સ્વરૂપને ત્યારે જ પ્રાપ્ત કરી શકે, જ્યારે તે રાહુની પકડમાંથી મુક્ત થાય ત્યારે જ, એટલે કે 'ચંદ્રગ્રહણ'નો અંત આવે ત્યારે જ.

બસ, એવું જ જીવાત્માનું છે : તે પરમાત્મ-સ્વરૂપ જ હતો, એનાં તે, મૂળ, દિવ્ય, ઈશ્વરીય પ્રકાશથી જ શોભતો હતો; પરંતુ તેનાં દુર્ભાગ્યે, તે અહંકાર-રૂપી રાહુ-ગ્રહના સકંજામાં આવી ગયો અને પોતાનું મૂળ-સ્વરૂપગત-તેજ ગુમાવી બેઠો ! અહંકાર-રાહુનાં આવરણ-આચ્છાદનનાં પરિણામે, તે, 'અહં'-ભાવ અને 'મમ'-ભાવના અંધકારમાં ફસાઈને અશુદ્ધ, મળ-યુક્ત અને મલિન બની જાય છે, કર્તા-ભોક્તા-સ્વરૂપની અનિચ્છનીય સભાનતાથી દૂષિત થઈ જાય છે અને પરમાત્મ-સાક્ષાત્કારનાં પોતાનાં જીવનધ્યેયને પામ્યા વિના, સંસારમાં જ અટવાતો-ભટકતો રહે છે.

પરંતુ એને સદ્‌બુદ્ધિ સૂઝે છે, સદ્‌ગુરુને શરણે જાય છે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે, જેનાં પરિણામે તે 'અહંકાર'માંથી મુક્ત થાય છે અને અંતે પોતાનાં પૂર્ણ, નિર્મળ, નિત્ય-આનંદ-પ્રદ અને પરમાત્મ-સ્વરૂપે ઝળહળી રહે છે !

શ્લોકમાંનો '**રૂપક**'-અલંકાર એવો ઔચિત્યપૂર્ણ છે કે આચાર્યશ્રી અહીં તત્ત્વચિંતક ઉપરાંત, સ્વયં-પ્રેરિત કવિ પણ બની રહે છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૩૦૧)

૩૦૨

यो वा पुरे सोऽहमिति प्रतीतो
बुद्ध्या विकल्पितस्तमसाऽतिमूढ्या ।
तस्यैव निःशेषतया विनाशे
ब्रह्मात्मभावः प्रतिबन्धशून्यः ॥३०२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यो वा पुरे सोऽहमिति प्रतीतो
बुद्ध्या विकल्पितस्तमसाऽतिमूढ्या ।
तस्यैव निःशेषतया विनाशे
ब्रह्मात्मभावः प्रतिबन्धशून्यः ॥३०२॥

શ્લોકનો ગદ્ય અન્વય :

तमसा अतिमूढ्या बुद्ध्या विकल्पितः पुरे यः वा 'सः अहं' इति प्रतीतः, तस्य (अहंकारस्य) एव निःशेषतया विनाशे, (जीवात्मा) ब्रह्मात्मभावः प्रतिबन्धशून्यः (भवति) ॥३०२॥

शब्दार्थ :

मुख्य वाक्यः तस्य (अहंकारस्य, अज्ञानस्य) एव निःशेषतया विनाशे (जीवात्मा) प्रतिबन्धशून्यः ब्रह्मात्मभावः (भवति) । प्रतिबन्धशून्यः એટલે કોઈ પણ પ્રકારનાં વિઘ્ન વિનાનો બનીને, કશીયે આડખીલી વગરનો થઈને; ब्रह्मात्मभावः (भवति)- જીવાત્મા, બ્રહ્માત્મભાવની પ્રાપ્તિ કરે છે, એ ભાવને પામે છે, એ સ્વરૂપે પ્રગટ થાય છે. આવું ક્યારે શક્ય બને છે ? निःशेषतया એટલે, કશી પણ શેષ ન રહે, એવી સંપૂર્ણરીતે, સમૂલ, સમૂળગો, સર્વથા તે(અહંકાર)નો સમૂળગો વિનાશ થાય ત્યારે જ. તે અહંકાર કેવો છે ? બે વિશેષણો આ પ્રમાણે : (૧) तमसा अतिमूढ्या बुद्धया विकल्पितः । विकल्पितः એટલે, જેની કલ્પના થઈ છે તેવો, કલ્પિત (અહંકાર); આવી કલ્પના શાથી થઈ ? बुद्ध्या । બુદ્ધિ વડે; કેવી બુદ્ધિ ? तमसा अतिमूढ्या । तमसा એટલે, અંધકાર જેવાં અજ્ઞાનને કારણે અત્યંત મૂઢ થઈ ગયેલી બુદ્ધિ વડે : અજ્ઞાન વડે અત્યંત મૂઢ થઈ ગયેલી બુદ્ધિને કારણે કલ્પિત, અહંકાર; અને (૨) पुरे 'सः अहं' इति प्रतीतः । पुरे એટલે શરીરમાં; તે શરીરમાં, તેની બાબતમાં, તે (શરીર)માં જે છે, 'તે જ હું છું !', એવી પ્રતીતિ પામેલો, અહંકાર; 'તે (શરીર) જ હું છું', - એવી મિથ્યા પ્રતીતિ જે પામ્યો છે, તેવો અહંકાર. (૩૦૨)

अनुवाद :

અજ્ઞાનથી અત્યંત મૂઢ બની ગયેલી બુદ્ધિ વડે (માત્ર) કલ્પિત અને આ શરીરમાં, 'તે (શરીર) જ હું છું', એવી પ્રતીતિ જે પામ્યો છે, તેવા અહંકારનો જ સંપૂર્ણ વિનાશ થવાનાં પરિણામે, કોઈ પણ પ્રકારના પ્રતિબંધ વિનાનો બ્રહ્માત્મભાવ-(જીવાત્મા)ને પ્રાપ્ત થાય છે. (૩૦૨)

टिप्पण :

આ પહેલાંના શ્લોકની જેમ અહીં પણ અહંકારરૂપી મહાવિઘ્નનાં વિનાશનાં મહત્ત્વ પર જ ભાર મૂકવામાં આવ્યો છે.

કોઈ પણ પ્રકારના પ્રતિબંધ વિનાનો (प्रतिबन्धशून्यः) બ્રહ્માત્મભાવ (એટલે કે બ્રહ્મ સાથેનો જીવનો એકત્વભાવ), જીવાત્મા માટેનું પરાકાષ્ઠારૂપી (Climax) જે

જીવનધ્યેય છે, ત્યાં પહોંચવા માટેની એક સોપાન-પરંપરા આ શ્લોકમાં સૂચવવામાં આવી છે : આ નિસરણીનું સૌથી છેલ્લું-ઊંચું પગથિયું એટલે અહંકાર; પરંતુ આ અહંકાર સાચો નથી હોતો, કલ્પિત જ (विकल्पित) હોય છે; એટલે અહંકારની નીચેનું પગથિયું એટલે કલ્પના-જન્ય પ્રતીતિ, ભ્રમણા : આવી કલ્પનાની નીચેનું પગથિયું છે - અત્યંત મૂઢ થયેલી બુદ્ધિ (अतिमूढ्या बुद्ध्या); અને બુદ્ધિને આવી રીતે સંપૂર્ણરીતે મોહિત કરનાર, મૂઢ બનાવનાર, સાવ નીચેનું પગથિયું એટલે અજ્ઞાન, જેનું સ્વરૂપ જ અંધકારમય (तमसा) છે.

આમ, બ્રહ્માત્મભાવ-રૂપી સિદ્ધિનાં ઉચ્ચતમ શિખરે પહોંચવાની આડે આવતા પ્રતિબંધનો જે માંચડો ઊભો થયો છે, તે છે અહંકાર; પરંતુ આ અહંકાર કંઈ, એમ ને એમ, વગર-ટેકેથી નથી ઊભો ! એને ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન કરીને ટકાવી રાખનાર નીચેનાં પગથિયાં છે, આ પ્રમાણે : અજ્ઞાન (तमसा), અતિમૂઢ બુદ્ધિ અને 'તે શરીર જ હું છું' (सः अहं इति) એવી મિથ્યા-કલ્પિત પ્રતીતિ.

ટૂંકમાં, જીવ-બ્રહ્મ-ઐક્યરૂપી સિદ્ધિમાં આડખીલી-રૂપ ભલે 'અહંકાર' હોય અને એ અહંકારનો સંપૂર્ણ વિનાશ થાય તો અને ત્યારે જ (तस्य निःशेषतया विनाशे एव), પરમ અને ચરમ પરાકાષ્ઠાને પામી શકાય - એમ છતાં, એ અહંકારની ઉત્પત્તિનાં મૂળમાં રહેલાં અજ્ઞાન (तमः), અતિમૂઢ બુદ્ધિ, વિકલ્પના અને દેહાત્મભાવરૂપી મિથ્યાપ્રતીતિ, વગેરે કારણોનો વિનાશ જ, આચાર્યશ્રીને, અહીં, અભિપ્રેત છે, એમાં શંકા નથી : મૂળિયાં જ ન હોય, પછી ડાળી-ડાળખાં રહે જ ક્યાંથી ? - मूलं नास्ति, कुतः शाखाः ।

શ્લોકનો છંદ : ઈન્દ્રવજ્રા (૩૦૨)

303

ब्रह्मानन्दनिधिर्महाबलवताऽहंकारघोराहिना
संवेष्ट्यात्मनि रक्ष्यते गुणमयैश्चण्डैस्त्रिभिर्मस्तकैः ।
विज्ञानाख्यमहासिना द्युतिमता विच्छिद्य शीर्षत्रयं
निर्मूल्याऽहिमिमं निधिं सुखकरं धीरोऽनुभोक्तुं क्षमः ॥३०३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્માનન્દનિધિર્મહાબલવતાऽહંકારઘોરાહિના
સંવેષ્ટ્યાત્મનિ રક્ષ્યતે ગુણમયૈશ્ચંડૈસ્ત્રિભિર્મસ્તકૈઃ ।

વિજ્ઞાનાખ્યમહાસિના દ્યુતિમતા વિચ્છિદ્ય શીર્ષત્રયં
નિર્મૂલ્યાઽહિમિમં નિધિં સુખકરં ધીરોઽનુભોક્તું ક્ષમઃ ॥૩૦૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્માનન્દનિધિઃ, મહાબલવતા અહંકાર-ઘોર-અહિના, ત્રિભિઃ ચણ્ડૈઃ ગુણમયૈઃ મસ્તકૈઃ, આત્મનિ સંવેષ્ટ્ય રક્ષ્યતે । (કશ્ચિત્) ધીરઃ, દ્યુતિમતા વિજ્ઞાન-આખ્ય-મહા-અસિના શીર્ષત્રયં વિચ્છિદ્ય, ઇમં અહિં નિર્મૂલ્ય, સુખકરં નિધિં અનુભોક્તું ક્ષમઃ (ભવતિ) ॥૩૦૩॥

શબ્દાર્થ :

શ્લોકની પહેલી બે પંક્તિઓમાં અને છેલ્લી બે પંક્તિઓમાં - એમ, બે લાંબાં સ્વતંત્ર વાક્યો, આ પ્રમાણે છે :

(૧) બ્રહ્માનન્દનિધિઃ આત્મનિ રક્ષ્યતે । નિધિ એટલે ખજાનો, ભંડાર, ધનસમૂહ; બ્રહ્માનંદરૂપી ધનભંડારને અંતઃકરણમાં રાખ્યો છે. કોણે રાખ્યો છે ? મહાબલવતા અહંકાર-ઘોર-અહિના । અહિ એટલે સર્પ; અહંકાર-રૂપી મહાબળવાન અને ભયંકર (ઘોર) સર્પે; આ સર્પે પેલા નિધિને, કેવી રીતે, શાના વડે, ત્યાં ગોંધી-સંતાડીને રાખ્યો છે ? ત્રિભિઃ મસ્તકૈઃ સંવેષ્ટ્ય । પોતાનાં ત્રણ મસ્તકો વડે લપેટીને (સંવેષ્ટ્ય); એ મસ્તકો કેવાં છે ? ચણ્ડૈઃ અને ગુણમયૈઃ । પ્રચંડ-ઉગ્ર અને (સત્ત્વ-રજસ્-તમસ્ એ) ત્રણ ગુણ-રૂપઃ આ પ્રમાણે, અહંકાર-રૂપી સર્પે, પોતાનાં ત્રણ પ્રચંડ મસ્તકો વડે, પેલા નિધિને, અંતઃકરણમાં, લપેટીને ગોંધી રાખ્યો છે.

(૨) (કશ્ચિત્) ધીરઃ ઇમં નિધિં અનુભોક્તું ક્ષમઃ (ભવતિ) । પેલા ખજાનાને ભોગવવાને કોણ શક્તિમાન થાય છે ? - કોઈક વિવેકબુદ્ધિવાળો મનુષ્ય (ધીરઃ); ખજાનો કેવો છે ? સુખકરં - સુખકારક, સુખપ્રદ; સક્ષમ, શક્તિમાન, સમર્થઃ ક્યારે અને કેવી રીતે ભોગવવા (અનુભોક્તું) સક્ષમ બને છે (ભવતિ) ? ઇમં અહિં નિર્મૂલ્ય । નિર્મૂલ્ય - આ સર્પને મારી નાખીને, હણીને; શાના વડે ? મહા-અસિના । અસિ એટલે ખડ્ગ, તલવાર; તલવાર કઈ અને કેવી છે ? વિજ્ઞાન-આખ્ય-મહા અને દ્યુતિમતા । મોટી, તેજસ્વી ધારવાળી અને 'વિજ્ઞાન'-નામવાળી (આખ્ય). (૩૦૩)

અનુવાદ :

બ્રહ્માનન્દરૂપી ધનભંડારને, અહંકાર-રૂપી મહાબળવાન અને ભયંકર સર્પે, ત્રણ ગુણ-રૂપ પ્રચંડ મસ્તકો વડે અંતઃકરણમાં લપેટીને ગોંધી રાખ્યો છે. (કોઈક)

વિવેકબુદ્ધિવાળો (મનુષ્ય) જ, 'વિજ્ઞાન'-નામની, તેજસ્વી ધારવાળી, મોટી તલવાર વડે, તેનાં ત્રણ મસ્તકો છેદી નાખીને, તે સર્પને હણીને, (તે) સુખદાયક ખજાનાને ભોગવવા શક્તિમાન થાય છે. (૩૦૩)

ટિપ્પણ :

આ શ્લોકમાં પણ, મુમુક્ષુ સાધકના બ્રહ્માનંદ-ઉપભોગમાં આડખીલીરૂપ નીવડી રહેલાં અહંકારનાં નિર્મૂલનનાં મહત્ત્વને ફરી એક વાર અધોરેખાંકિત (under-line) કરવામાં આવ્યું છે અને તેના માટે આચાર્યશ્રીએ, એક અર્થ-પ્રતિપાદક અને સાંગ-સળંગ-સંપૂર્ણ '**રૂપક**'-અલંકાર પ્રયોજ્યો છે.

એક અતિમૂલ્યવાન મહા-ધનભંડારને (निधि) કોઈક ભયંકર સર્પે (अहिना) એક સ્થળે, પોતાની પ્રચંડ ફેણ વડે (मस्तके) લપેટીને ગોંધી રાખ્યો છે (संवेष्ट्य रक्ष्यते). આ ખજાનાને ભોગવવા ઇચ્છતો મનુષ્ય ક્યારે અને કેવી રીતે સક્ષમ થાય (अनुभोक्तुं क्षमः) ?

આ સવાલનો જવાબ, રૂપક-અલંકારનાં માધ્યમમાં આ રીતે આપવામાં આવ્યો છે : સુખદાયક ખજાનો (सुखकरः निधिः) એટલે બ્રહ્મસાક્ષાત્કારમાંથી પ્રાપ્ત થતો આનંદ (ब्रह्मानन्द). એને અંતઃકરણમાં (आत्मनि), પોતાનાં સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોરૂપી ઉગ્ર મસ્તકો વડે લપેટીને-વીંટાળીને ગોંધી રાખનાર છે, અહંકારરૂપી મહાભયંકર સર્પ.

ખજાનો મેળવવા ઇચ્છતા મનુષ્યે આ સર્પને હણવો જ રહ્યો (निर्मूल्य). આવું, નિર્મૂલન તો શ્રુતિમાંથી નિષ્પન્ન થતા 'આત્મજ્ઞાન' નામની તેજસ્વી તલવાર જ કરી શકે - (विज्ञान-आख्य-द्युतिमता महा-असिना). પરંતુ પેલા સર્પે, પોતાનાં ત્રિગુણાત્મક ઉગ્ર મસ્તકો વડે વીંટાળીને ખજાનાને સંતાડી રાખ્યો છે અને પોતે રાતદિવસ એની ચોકી કરી રહ્યો છે; એટલે આમાં તો વિવેકબુદ્ધિસંપન્ન કોઈક વિરલા ધીરપુરુષનું જ કામ ! તેણે પોતાનાં પેલાં, તેજસ્વી ધારવાળાં ખડ્ગ વડે, સૌપ્રથમ તો, સર્પનાં ત્રણ મસ્તકોને છેદી નાખવાનાં રહે (शीर्षत्रयं विच्छिद्य). અને આ રીતે સર્પને હણવામાં આવે (निर्मूल्य) - તો જ પેલા અઢળક અને અવ્યય ખજાનાને તે ભોગવી શકે !

પરંતુ આ તો થયું અલંકારાત્મક નિરૂપણ. સાદી અને સરળ ભાષામાં, આચાર્યશ્રીનું કથયિતવ્ય તો એટલું જ છે કે સાધકે શ્રુતિસાહિત્યનો તલસ્પર્શી સ્વાધ્યાય કરીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ અને એનાં દિવ્ય વર્ચસ્વ વડે, **સાંખ્ય**-દર્શન-પ્રબોધિત પ્રકૃતિ-ગત ત્રણ ગુણોના પ્રભાવનો 'વિચ્છેદ' કરી નાખવો જોઈએ.

બસ, આ વિચ્છેદ સાથે જ અહંકારનું નિર્મૂલન થઈ જાય અને અહંકાર-રહિત સાધક માટે, પછી તો, બ્રહ્માનન્દનો ઉપભોગ, હસ્તામલકવત્ સુલભ બની રહે !

સંક્ષેપમાં, ખજાનાને હસ્તગત કરવો હોય તો, એ ખજાનાને ગોંધી રાખનારનો વિનાશ કરવો જ રહ્યો !

'સો વાતની એક જ વાત :' મોક્ષાર્થી સાધકે અહંકાર-મુક્ત બનવું જ રહ્યું !

શ્લોકનો છંદ : **शार्दूलविक्रीडित** (૩૦૩)

૩૦૪

यावद्वा यत् किंचिद्विषदोषस्फूर्तिरस्ति चेद् देहे ।
कथमारोग्याय भवेत् तद्वदहन्तापि योगिनो मुक्त्यै ॥३०४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यावद् वा किंचिद्विषदोषस्फूर्तिरस्ति चेद् देहे ।
कथमारोग्याय भवेत् तद्वदहन्तापि योगिनो मुक्त्यै ॥३०४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यावद् वा देहे यत् किंचिद् विष-दोष-स्फूर्तिः अस्ति चेद्, (तावत्) कथं आरोग्याय भवेत् ? तद्-वत् अहन्ता अपि योगिनः मुक्त्यै (कथं) भवेत् ? ॥३०४॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે ક્રિયાઓ વચ્ચે 'જ્યાં સુધી-ત્યાં સુધી' જેવા શબ્દો પ્રયોજીને, એક ક્રિયા શક્ય બને, તો જ બીજી ક્રિયા શક્ય બને, એવું, એક સરખામણી રજૂ કરીને, પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૧) પહેલી બે ક્રિયાઓ આ પ્રમાણે છે : (અ) यावद् वा देहे यत् किंचिद् विष-दोष-स्फूर्तिः अस्ति । स्फूर्तिः એટલે અસર રહેવી, અસરનું ચાલુ હોવું. જ્યાં સુધી શરીરમાં વિષના દોષની અસર જરા પણ ચાલુ રહે, ત્યાં સુધી; 'ત્યાં સુધી' શું ? (બ) तावत् आरोग्याय कथं भवेत् ? આરોગ્ય એટલે તંદુરસ્તી, નીરોગિતા, સ્વાસ્થ્ય (Health); ત્યાં સુધી આરોગ્ય કેવી રીતે શક્ય બને ?

એ જ રીતે (तद् -वत्) (૨) બે ક્રિયાઓ : (અ) यावद् अहंता अपि (योगिनः मनसि अल्पमात्रायां अस्ति), યોગીનાં મનમાં અલ્પમાત્રામાં પણ અહંકાર

રહી જાય, ત્યાં સુધી; અહંતા એટલે 'અહં'-ભાવ અહં-પણું, અહંકાર, 'ત્યાં સુધી' શું ? (બ) તાવદ્ યોગિનઃ મુક્ત્યૈ (કથં ભવેત્ ?) ત્યાં સુધી યોગીની મુક્તિ કેવી રીતે શક્ય બને ? (૩૦૪)

અનુવાદ :

જ્યાં સુધી દેહમાં વિષના દોષની અસર ચાલુ હોય ત્યાં સુધી, આરોગ્ય કેવી રીતે શક્ય બને ? તે જ રીતે, (યોગીનાં મનમાં, જરા પણ) અહંકાર જ્યાં સુધી રહી જાય, ત્યાં સુધી, તેની મુક્તિ (નિર્વિઘ્ન કેમ બને) ? (૩૦૪)

ટિપ્પણ :

મોક્ષપ્રાપ્તિની યાત્રાના માર્ગમાં અહંકાર એ બહુ મોટો અનર્થકારક પ્રતિબંધ (Obstacle) છે, એ હકીકત શિષ્યનાં મનમાં મજબૂત રીતે ઠસાવવા માટે, શ્રીસદ્‌ગુરુ, છેલ્લા થોડા શ્લોકોમાં, અનેક વિવિધ રીતે, પ્રયાસ કરતા રહ્યા છે, એ અહીં પણ ચાલુ છે.

અહંકારનાં જોખમ(Risk)ની ભયાનકતા સૂચવવા માટે, ગુરુજીએ અત્યારસુધીમાં **'રૂપક'** જેવો અલંકાર યોજીને, અહંકારની સરખામણી રાહુ જેવા વિનાશક ગ્રહ સાથે અને સર્પ જેવા બિહામણાં પ્રાણી સાથે યોજી છે. હવે અહીં એને ઝેર(વિષ)ના સમકક્ષ તરીકે રજૂ કર્યો છે અને એ માટે એક સરસ **'ઉપમા'**, આયુર્વેદનાં કાર્યક્ષેત્રમાંથી આપી છે.

કોઈ માણસે, કોઈ પણ કારણસર, ઝેર પીધું હોય તો, એને જીવાડવા માટે વૈદ્યો-ડૉક્ટરો એને અનેક ઔષધો-દવાઓ આપે; તે છતાં પેલાએ પીધેલાં ઝેરના દોષની અસર જ્યાં સુધી જરા પણ દેહમાં રહી જાય (यावद् यत् किंचिद् अपि विष-दोष-स्फूर्तिः अस्ति ।), ત્યાં સુધી તે સંપૂર્ણરીતે સાજો-તાજો અને તંદુરસ્ત કેવી રીતે થઈ શકે ? (तावत् कथं आरोग्याय भवेत् ?)

મોક્ષપ્રાપ્તિનું પણ આવું જ છે : આમ તો, મોક્ષાર્થી સાધક, સામાન્ય અને સ્વાભાવિક રીતે, અહંકારનાં અનિષ્ટનાં (Evil) સ્વરૂપથી સ-જાગ અને સ-ભાન હોય જ, તે છતાં એક માનવ-સહજ નિર્બળતાને કારણે, કેટલીક વાર, સાધકનાં ચિત્તમાં, પોતાની ત્યાગવૃત્તિ, વૈરાગ્યભાવના, વિદ્વત્તા, યોગી-સંન્યાસી તરીકેની પ્રતિષ્ઠા જેવી, પ્રમાણમાં સારી અને નિરુપદ્રવી બાબતો વિશે, સૂક્ષ્મ અહંકાર, એનો પોતાનો પણ ખ્યાલ ન હોય એ રીતે, અસંપ્રજ્ઞાતપણે (unconsciously) અથવા આવાં એનાં અવચેતન - (Subconscious) મનમાં, અસ્તિત્વ ધરાવતો હોય છે. અહંકારનો આવડો અત્યંત નાનકડો અંશ પણ, એના મોક્ષની પ્રાપ્તિની આડે અવરોધરૂપ બની રહે અને આમ એનું જીવનધ્યેય પરિપૂર્ણ થયા વિનાનું જ રહી જાય !

ઝેર એટલે ઝેર, એનો એક અલ્પતમ અંશ પણ શરીરમાં રહી જવા પામ્યો હોય તો, તંદુરસ્તી પાછી લાવવાના માર્ગમાં, એક બહુ મોટાં વિઘ્ન તરીકે પોતાનો ભાવ ભજવ્યા વિના તે ન રહે ! તે જ રીતે, 'હું સંપૂર્ણરીતે અહંકાર-વિનાનો છું', - એવો સાત્ત્વિક **'અહંકાર'** પણ અંતે તો અહંકાર જ ગણાય ! અને તે પોતાની અનર્થ-લીલા આચાર્યા વિના રહે જ નહીં !

સાધક માટે આવી ચેતવણી (Warning) કેટલીક વાર આવશ્યક બની જતી હોય છે, એ હકીકત ગુરુજીના ખ્યાલ બહાર હોય જ નહીં, એ વાતની અહીં આપણને પ્રતીતિ સાંપડે છે.

શ્લોકનો છંદ : **ગીતિ** (૩૦૪)

૩૦૫

अहमोऽत्यन्तनिवृत्त्या तत्कृतनानाविकल्पसंहृत्या ।
प्रत्यक्तत्त्वविवेकादयमहमस्मीति विन्दते तत्त्वम् ॥३०५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अहमोऽत्यन्तनिवृत्त्या तत्कृतनानाविकल्पसंहृत्या ।
प्रत्यक्तत्त्वविवेकादयमहमस्मीति विन्दते तत्त्वम् ॥૩૦૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अहमः अत्यन्तनिवृत्त्या, तत्कृतनानाविकल्पसंहृत्या, प्रत्यक्तत्त्वविवेकात्, 'अयं अहं अस्मि' इति तत्त्वं (साधकः) विन्दते ॥३०५॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય: 'अयं अहं अस्मि' इति तत्त्वं (साधकः) विन्दते । इति - એવો, આ પ્રકારનો; **तत्त्वं** એટલે તત્ત્વબોધ, તત્ત્વજ્ઞાન, આત્મતત્ત્વનું જ્ઞાન; अयं - આ શુદ્ધ, નિરુપાધિક આત્મા: 'આ શુદ્ધ આત્મા હું છું' - એવો આત્મબોધ સાધકને થાય છે.

આવો બોધ ક્યારે થાય છે ? આવી ત્રણ પરિસ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે : (૧) अहमः अत्यन्तनिवृत्त्या । अहम् (અહંકાર)-એ શબ્દની ષષ્ઠી-વિભક્તિ એકવચનનું રૂપ अहमः, એટલે અહંકારનું, निवृत्ति એટલે નિવારણ : અહંકારનું સદાને માટે સંપૂર્ણ (अत्यन्त) નિવારણ થાય ત્યારે; (૨) तत्कृतनानाविकल्पसंहृत्या । तत्कृत - તેમાંથી એટલે કે તે અહંકારમાંથી ઉદ્ભવેલા; नाना અનેક, વિવિધ, જાત-જાતના,

જુદા જુદા પ્રકારના; संहृति એટલે સંહરણ, વિનાશ, સમાપ્તિ, શાંત થઈ જવું તે, સમેટાઈ જવું તે; તે(અહંકાર)માંથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના તર્ક-વિતર્કો અને સંકલ્પ-વિકલ્પો શાંત થઈ જાય ત્યારે; અને (૩) प्रत्यक्-तत्त्व-विवेकात् । - અંગત, વ્યક્તિગત આત્માનાં તત્ત્વનો વિવેકજાગ્રત થાય ત્યારે.

'આ આત્મા હું છું', - આવી પ્રતીતિ સાધકને થાય, તે પહેલાંની આ છે ત્રણ પૂર્વશરતો. (૩૦૫)

અનુવાદ :

અહંકારનું આત્યંતિક નિવારણ થતાં, તે(અહંકાર)માંથી ઉત્પન્ન થયેલા વિવિધ વિકલ્પો સમાપ્ત થઈ જતાં અને પ્રત્યગાત્મ-સ્વરૂપનો વિવેક જાગ્રત થતાં, - 'આ (શુદ્ધ આત્મા) હું છું', એ પ્રકારનું તત્ત્વજ્ઞાન (સાધકને) થાય છે. (૩૦૫)

ટિપ્પણ :

સામવેદનાં મહાવાક્ય - तत्त्वमसि ।(तत् त्वं असि । 'તે તું છે.')માંથી પ્રતીત થતું તત્ત્વજ્ઞાન એટલે જીવાત્મા-પરમાત્માનું એકત્વ. 'આ નિરુપાધિક વિશુદ્ધ આત્મા હું છું' अयं अहं अस्मि इति । - એ પ્રકારનું તત્ત્વજ્ઞાન (तत्त्वं) સાધક પામે, તે પહેલાંની પશ્ચાદ્‌ભૂમિ(Back-ground)ની અહીં ચર્ચા કરવામાં આવી છે અને એમાં પણ અહંકારનાં સદાને માટે, સંપૂર્ણ અને આત્યન્તિક નિવારણને અગ્રક્રમ(Priority) આપવામાં આવ્યું છે, તે સૂચક છે.

જીવ-બ્રહ્મની એકતાનો તત્ત્વબોધ સાધકને પ્રાપ્ત થાય તે માટેની જે **ત્રણ** પૂર્વશરતો અહીં નિરૂપવામાં આવી છે, તે ત્રણેય, **એકમાંથી બીજી** અને બીજીમાંથી **ત્રીજી**, - એ રીતે નિશ્ચિત-ક્રમ-બદ્ધ છે, એટલું જ નહીં પણ એમાંયે સૌપ્રથમ અને સૌથી મહત્ત્વની પૂર્વશરત છે, અહંકારની આત્યંતિક નિવૃત્તિઃ અહંકારનાં અસ્તિત્વનાં પરિણામે, એમાંથી જ ઉદ્‌ભવેલા અનેક વિવિધ સંકલ્પ-વિકલ્પો સાધકનાં ચિત્તનો કબજો લઈને બેઠા હતા તે સર્વ પણ, અહંકારનું નિર્મૂલન થવાની સાથે જ સમેટાઈ જાય છે (संहृत्या); અને આ બધા તર્ક-વિતર્કો શમી જાય કે તરત જ, સાધકનાં અંતઃકરણમાં પ્રત્યગાત્મ-સ્વરૂપનો વિવેક પ્રગટે છે : આ વિવેકનું પ્રાકટ્ય એટલે જ 'આ પરમાત્મા હું છું', - એવો સાધકને પ્રાપ્ત થતો તત્ત્વબોધ !

આવી ઉપલબ્ધિનાં મૂળમાં પણ અહંકારનું સંપૂર્ણ નિવારણ (अहमः अत्यन्तनिवृत्तिः) રહેલું છે, એ જ છે ચાલી રહેલી પ્રસ્તુત ચર્ચાનો તાત્પર્યાર્થ.

શ્લોકનો છંદ : **ગીતિ** (૩૦૫)

अहंकर्तर्यस्मिन्नहमिति मतिं मुञ्च सहसा
विकारात्मन्यात्मप्रतिफलजुषि स्वस्थितिमुषि ।
यदध्यासात् प्राप्ता जनिमृतिजरादुःखबहुला
प्रतीचश्चिन्मूर्तेस्तव सुखतनोः संसृतिरियम् ॥३०६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અહંકર્તર્યસ્મિન્નહમિતિ મતિં મુંચ સહસા
વિકારાત્મન્યાત્મપ્રતિફલજુષિ સ્વસ્થિતિમુષિ ।
યદધ્યાસાત્ પ્રાપ્તા જનિમૃતિજરાદુઃખબહુલા
પ્રતીચશ્ચિન્મૂર્તેસ્તવ સુખતનોઃ સંસૃતિરિયમ્ ॥૩૦૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિકારાત્મનિ આત્મપ્રતિફલજુષિ સ્વસ્થિતિમુષિ અસ્મિન્ અહંકર્તરિ, 'અહં'-ઇતિ મતિં સહસા મુઞ્ચ, યદ્-અધ્યાસાત્ પ્રતીચઃ ચિન્મૂર્તેઃ સુખતનોઃ તવ જનિ-મૃતિ-જરા-દુઃખ-બહુલા ઇયં સંસૃતિઃ પ્રાપ્તા ॥૩૦૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્યઃ 'અસ્મિન્ અહંકર્તરિ, 'અહં'- ઇતિ મતિં સહસા મુઞ્ચ । મુઞ્ચ - છોડી દે, ત્યજી દે, ત્યાગ કર; મતિં - બુદ્ધિને, સમજણને; સહસા - જલદી, તરત, શીઘ્ર, વિના-વિલંબે; અહંકર્તરિ - અહંકારમાં; 'આ અહંકારમાં હું-પણાની બુદ્ધિને તું તરત જ છોડી દે.' આ અહંકાર કેવો છે ? ત્રણ વિશેષણો આ પ્રમાણે : (૧) વિકારાત્મનિ । જેનું સ્વરૂપ વિકારનું છે એવો, વિકારાત્મક, વિકારસ્વરૂપ; (૨) આત્મપ્રતિફલજુષિ । પ્રતિફલ એટલે પ્રતિબિંબ; અને જુષિ (જુષ્ - કોઈ પણ સ્વરૂપમાં આનંદ પામતા, રસ લેતા; કોઈ પણ સ્વરૂપમાં જોડાતા, એ જ સ્વરૂપ ધારણ કરતા; - આવા અર્થવાળો આ શબ્દ કોઈ પણ સમાસને અંતે મૂકવામાં આવે છે, - એનું સપ્તમી એકવચનનું રૂપ) - (પ્રતિબિંબ)વાળો, પ્રતિબિંબમાં તાદાત્મ્યવાળો; એટલે કે આત્માનું પ્રતિબિંબ ધરાવતો, એવાં પ્રતિબિંબવાળો; અને (૩) સ્વસ્થિતિમુષિ । સ્વ એટલે આત્મા; સ્થિતિ એટલે એ આત્માનું વાસ્તવિક સ્વરૂપ; મુષ્ - એટલે ઢાંકી દેવું, સંતાડી દેવું, છુપાવી દેવું, - આ ધાતુ પરથી બનેલા એ જ શબ્દનું સપ્તમી એકવચનનું રૂપ : આત્માનાં મૂળ અને વાસ્તવિક

સ્વરૂપને ઢાંકી દેનાર, એને આવૃત કરનાર.

આવી હું-બુદ્ધિનો જલદી ત્યાગ કરવાની, ગુરુજી, શિષ્યને, શા માટે આજ્ઞા કરે છે ? આ સવાલનો જવાબ આ પ્રમાણે : શ્લોકનું બાકીનું વાક્ય જેમાં, અહંકારમાંની આવી હું-પણાંની બુદ્ધિનાં દુષ્પરિણામનું વર્ણન ગુરુજીએ કર્યું છે : મુખ્ય વાક્ય : यद्-अध्यासात् तव इयं संसृतिः प्राप्ता । संसृतिः એટલે સંસાર, સંસારી જીવન; જે(અહંકાર)માં આત્માનો અધ્યાસ કરવાને લીધે, તને આ સંસાર પ્રાપ્ત થયો છે. કેવો છે આ સંસાર ? जनि-मृति-जरा-दुःख-बहुला । बहुल એટલે ભરેલો, પૂર્ણઃ શાનાથી ભરેલો ? जनि એટલે જન્મ; मृति એટલે મરણ અને जरा એટલે ઘડપણ; આ ત્રણ દુઃખોથી ભરેલો સંસાર. આવો સંસાર **તને** (तव) પ્રાપ્ત થયો છે. તે 'તું' કેવો ? બે વિશેષણો આ પ્રમાણે : (૧) प्रतीचः चिन्मूर्तेः - પ્રત્યગાત્મ-સ્વરૂપ અને જ્ઞાનમૂર્તિ; અને (૨) सुखतनोः । આનંદસ્વરૂપ.

પેલા અધ્યાસનું પરિણામ એટલે તારી આવી દયાજનક હાલત ! (૩૦૬)

અનુવાદ :

જેમાં (આત્માનો) અધ્યાસ કરવાને લીધે જ, પ્રત્યગાત્મ-સ્વરૂપ, જ્ઞાનમૂર્તિ અને આનંદસ્વરૂપ એવા તને, જન્મ-મરણ-જરા વગેરેનાં દુઃખોથી ભરેલો આ સંસાર પ્રાપ્ત થયો છે તેવી, વિકારાત્મક-આત્માનાં પ્રતિબિંબવાળા અને આત્માનાં વાસ્તવિક સ્વરૂપને ઢાંકી દેનાર એવા આ અહંકારમાંની તારી હુંપણાંની બુદ્ધિનો તું સત્વર ત્યાગ કર. (૩૦૬)

ટિપ્પણ :

આ શ્લોકમાં પણ, અહંકારમાં 'હું-પણાં'ની બુદ્ધિ (अहं इति मतिं) સેવનાર, એનો અધ્યાસ કરનાર (यद्-अध्यासात्), મુમુક્ષુ સાધકની સાધના-કારકિર્દીમાં કેવું ખતરનાક પરિણામ આવે છે, તેનો એક વિષમ અને વાસ્તવિક ચિતાર આપવામાં આવ્યો છે. આ ચિતારનાં નિરૂપણમાં આચાર્યશ્રીએ જે શબ્દો પસંદ કર્યા છે, તે પણ, સાધકની, સૂક્ષ્મ અર્થમાં બંધ એવી આંખોને ઊઘાડવાની ફરજ પાડે તેવા (Eye-opener) છે.

અહંકારમાં હું-બુદ્ધિ સેવનાર સાધકે **ક્યાં** પહોંચવું હતું, ને **ક્યાં** પહોંચી ગયો ! કેવાં સર્વોચ્ચ સ્થાનની પ્રાપ્તિની એનાં અંતઃકરણમાં સદ્‌ભાવના હતી અને એનું કેવું હીન કોટિનું અધઃપતન થયું ! મનુષ્યજીવનના પરમ અને ચરમ પુરુષાર્થ-મોક્ષ-અંતર્ગત એવા બ્રહ્મસાક્ષાત્કારની અનુભૂતિની સાત્ત્વિક મનીષા અને જન્મ-જરા-મૃત્યુ-દુઃખ-સભર એવી તમોમય સંસારગતિ !

આમ તો, અહંકાર એ અનાત્મ-સંબંધનું પરિણામ હોવાથી, ભલે વિકારરૂપ છે - વિકારાત્મનિ), તે છતાં તે વાસ્તવમાં તો આત્માનાં પ્રતિબિંબવાળો જ છે (આત્મપ્રતિફલજુષિ), પરંતુ પોતાનાં સ્વરૂપ અને સ્વભાવ પ્રમાણે, તે, તે જ આત્માનાં વાસ્તવિક સ્વરૂપ પર આવરણ કરે છે, (સ્વસ્થિતિમુષિ); અને આ જ કારણે, સાધક મુમુક્ષુને એમાં હું-પણાંની બુદ્ધિ થાય છે.

બસ, આ અધ્યાસ જ, પ્રત્યગાત્મસ્વરૂપ-ચૈતન્યમૂર્તિ-આનંદસ્વરૂપ એવા મોક્ષાર્થી સાધકની સંસારગતિરૂપ અધઃપતનનું કારણ બને છે.

આવું દુષ્પરિણામ શિષ્યને ભોગવવું ન પડે તેવા શુભાશયથી, ગુરુજી, તેને અહંકારમાંનાં હુંપણાંની દુર્બુદ્ધિને જલદી છોડી દેવાનો આદેશ આપે છે.

આચાર્યશ્રીની કવિપ્રતિભાના ઉન્મેષને કારણે, શ્લોકમાં, અનાયાસસિદ્ધ એવો જુષિ-મુષિનો, અનુપ્રાસ, કર્ણમંજુલ બની રહે છે.

શ્લોકનો છંદ : શિખરિણી (૩૦૬)

૩૦૭

सदैकरूपस्य चिदात्मनो विभो-
-रानन्दमूर्तेरनवद्यकीर्तेः ।
नैवान्यथा क्वाप्यविकारिणस्ते
विनाहमध्यासममुष्य संसृतिः ॥३०७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સદૈકરૂપસ્ય ચિદાત્મનો વિભો-
-રાનન્દમૂર્તેરનવદ્યકીર્તેઃ ।
નૈવાન્યથા ક્વાપ્યવિકારિણસ્તે
વિનાહમધ્યાસમમુષ્ય સંસૃતિઃ ॥૩૦૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સદા એકરૂપસ્ય ચિત્-આત્મનઃ વિભોઃ આનન્દમૂર્તેઃ અનવદ્યકીર્તેઃ ક્વ અપિ અવિકારિણઃ તે, અમુષ્ય, અહમ્-અધ્યાસં વિના સંસૃતિઃ ન (સ્યાત્) ॥૩૦૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તે, અમુષ્ય, અહમ્-અધ્યાસં વિના સંસૃતિઃ ન એવ (સ્યાત્)

તે संसृतिः न एव (स्यात्) । તારા માટે સંસાર ન જ હોઈ શકે. તે એટલે કે "તું" કેવો ? अमुष्य - આ(પ્રત્યગાત્મ-સ્વરૂપ એવો તું, એવા તારો)નો; अहं-अध्यासं विना । - અહંકારમાં અધ્યાસ વિના; વળી તે ("તું") કેવો ? 'તારો', એટલે કે આ(પ્રત્યગાત્મ-સ્વરૂપ)નાં છ વિશેષણો આ પ્રમાણે : (૧) સદા એકરૂપસ્ય - જે સદાસર્વદા એક જ સ્વરૂપમાં હોય છે, એવો; જેનાં રૂપમાં ક્યારેય કશું પણ પરિવર્તન થતું નથી, એવો; હંમેશાં એક જ રૂપમાં રહેનારો, એવો; (૨) चित्-आत्मनः । - જ્ઞાન-સ્વરૂપ, જ્ઞાનાત્મા; (૩) विभोः - વ્યાપક; (૪) आनन्दमूर्तेः - આનન્દમૂર્તિ; જેનું સ્વરૂપ આનંદનું છે, એવો; આનન્દસ્વરૂપ; (૫) अनवद्यकीर्तेः । અનવદ્ય એટલે નિષ્કલંક, પવિત્ર, વિશુદ્ધ, નિષ્કલંક કીર્તિવાળો; પવિત્ર પ્રતિષ્ઠાવાળો; કલંક-રહિત કારકિર્દીવાળો; (૬) क्व अपि अविकारिणः । - ક્યાંય પણ વિકાર ન પામતો, સદા-સર્વત્ર નિર્વિકાર, અવિકારી. (૩૦૭)

અનુવાદ :

સદા-એકરૂપ, જ્ઞાન-સ્વરૂપ, વ્યાપક, આનંદમૂર્તિ, નિષ્કલંક કીર્તિવાળા અને સર્વત્ર-નિર્વિકાર એવા તારા માટે, એટલે કે આવા પ્રત્યગાત્મસ્વરૂપ માટે, અહંકારમાં અધ્યાસ કર્યા વિના, સંસાર ન જ હોઈ શકે. (૩૦૭)

ટિપ્પણ :

સંસાર-પ્રાપ્તિનો ભય અથવા એવી પ્રાપ્તિની શક્યતા કોના માટે ? એવા સવાલનો જવાબ અહીં આપવામાં આવ્યો છે.

શ્રીસદ્‌ગુરુજી શિષ્યને કહે છે કે "તું તો આત્મસ્વરૂપ છો અને મૂળભૂત આત્મસ્વરૂપે શરીરરહિત છો, તને સંસારનો ભય હોય જ નહીં ! વળી, જે પ્રત્યગ્-આત્મ-સ્વરૂપ હોય, તે તો હંમેશાં એકરૂપ જ હોય (सदेकरूपस्य), અનેકરૂપ તો સંસારીને જ હોય; એ જ રીતે, સંસારની સંભવિતતા તો અજ્ઞાનીને જ હોય, તું તો જ્ઞાનસ્વરૂપ (चिदात्मनः) છો. માપ કે મર્યાદા પણ સંસારીને જ નડે, તું તો વ્યાપક છો (विभोः). આનંદ સિવાયના, શોક-દુઃખ-ચિંતા જેવા ભાવોની તકલીફ પણ સંસારીને જ વેઠવાની હોય, જ્યારે તું તો પરમાત્માનાં મૂળ સ્વરૂપમાંના આનંદનો જ અંશ છો, આનંદસ્વરૂપ (आनन्दमूर्तेः) છો અને આત્મા તો સદા-સર્વદા વિશુદ્ધ હોવાથી, એની કીર્તિને કશું કલંક ન જ હોય (अनवद्यकीर्तेः); અને જે સદા-સતત-નિરંતર નિર્વિકાર છે (क्व अपि अविकारिणः), - એવા તારે વળી સંસાર-સંબંધ જ શાનો ?"

ગુરુજીએ તો, શિષ્ય માટે, આ રીતે, સંસારપ્રાપ્તિની શક્યતા અને ભીતિ પર

'ચોકડી' જ મારી દીધી ! પણ શિષ્યને એ નથી સમજાતું કે, "તો પછી, મારા માટે, સંસાર સર્જાયો જ શા કારણે ?"

ગુરુજી પાસે, શિષ્યના આ સવાલ માટે, સીધો ને સટ્ટ જવાબ તૈયાર છે : "તેં એક જ ભૂલ કરી છે અને તે છે, - અહંભાવનું સેવન; અનાત્મરૂપ દેહ વગેરેમાં 'તે હું છું' - એવા અહંકારની તને ભ્રાંતિ થઈ; આવા અહંકારમાં તેં 'અધ્યાસ' કર્યો (અહં-અધ્યાસ); એ જ તારી સંસારપ્રાપ્તિનું કારણ !"

ટૂંકમાં, હકીકતમાં, સંસારનાં બંધનોથી મુક્ત રહેવાની પાત્રતા ધરાવતો આત્મા, આવી પાત્રતાથી વંચિત થઈ ગયો, એ માટે માત્ર એક જ ઘટના કારણરૂપ બની ગઈ અને તે એ કે અવિદ્યાજન્ય અહંકારમાં આત્મભાવ સેવવાની તેણે ભૂલ કરી !

મોક્ષાર્થી સાધક માટે, અહંકારમાંનો અધ્યાસ, કેવા અનર્થરૂપ બની જાય છે, - એ સુનિશ્ચિત હકીકત પ્રત્યે આચાર્યશ્રીએ, યથાપૂર્વ, પુનરપિ, અહીં, ધ્યાન ખેંચ્યું છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૦૭)

૩૦૮

तस्मादहंकारमिमं स्वशत्रुं
भोक्तुर्गले कण्टकवत् प्रतीतम् ।
विच्छिद्य विज्ञानमहासिना स्फुटं
भुंक्ष्वात्मसाम्राज्यसुखं यथेष्टम् ॥३०८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તસ્માદહંકારમિમં સ્વશત્રું
ભોક્તુર્ગલે કંટકવત્ પ્રતીતમ્ ।
વિચ્છિદ્ય વિજ્ઞાનમહાસિના સ્ફુટં
ભુંક્ષ્વાત્મસામ્રાજ્યસુખં યથેષ્ટમ્ ॥૩૦૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

તસ્માત્ ભોક્તુઃ ગલે કણ્ટકવત્ પ્રતીતં ઇમં સ્વશત્રું અહંકારં વિજ્ઞાનમહાસિના સ્ફુટં વિચ્છિદ્ય, આત્મસામ્રાજ્યસુખં યથેષ્ટં ભુંક્ષ્વ ॥૩૦૮॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : આત્મસામ્રાજ્યસુખં યથેષ્ટં ભુંક્ષ્વ । ભુંક્ષ્વ - ભોગવ, ઉપભોગ

કર, મ્હાણી લે. (જેના પરથી, 'ભોજન' અને 'ભોગ' જેવા શબ્દો બન્યા છે, તે भुज्-ધાતુનું આજ્ઞાર્થ બીજો-પુરુષ એકવચનનું રૂપ). શું ભોગવવાનું છે ? - सुखं - સુખ, આનંદ, મોજ; શાનું સુખ ? આત્મસામ્રાજ્યનું, આત્માના આનંદરૂપી સામ્રાજ્યનું સ્વતંત્ર સુખ. આ સુખ કેવી રીતે ભોગવવાનું છે ? यथेष्टम् - મરજી મુજબ, ઇચ્છા અનુસાર, સ્વતંત્ર રીતે, મન ફાવે તેમ; પરંતુ આવું સુખ કાંઈ, એમ ને એમ, કશો પુરુષાર્થ કર્યા વિના, કશો આત્મભોગ આપ્યા વગર, થોડું જ ભોગવી શકાય ? એના માટે તો બહુ મોટા શત્રુનો સંહાર કરવો પડે અને એ છે : इमं स्वशत्रुं विच्छिद्य । સાધકનો પોતાનો જ મોટો દુશ્મન, એવો **'અહંકાર'**, જેને સંહાર્યા-વિદાર્યા-હણ્યા પછી જ (विच्छिद्य), પેલાં સુખને ભોગવવાનું શક્ય બને. આ શત્રુને કેવી રીતે હણવાનો છે અને ક્યાં શસ્ત્ર વડે ? स्फुटम् - સારી રીતે, સંપૂર્ણરીતે, પૂરેપૂરો; અને विज्ञान-महा-असिना । असि એટલે તલવાર, ખડ્ગ; અને विज्ञान એટલે આત્મજ્ઞાન, આત્માનાં સ્વરૂપ વિશેનું જ્ઞાન. આવાં જ્ઞાનરૂપી મોટી (महा), એટલે કે ખૂબ ધારદાર, તીક્ષ્ણ એવી, આ તલવાર વડે, અહંકારરૂપી ભયંકર શત્રુનો વિચ્છેદ કરવાનો છે. આ શત્રુ કોના જેવો છે ? કેવો છે ? એ શું કરે છે ? भोक्तुः गले कंटकवत् प्रतीतम् । भोक्तुः એટલે ભોજન કરનાર, ભોક્તા, ખાનાર; प्रतीतम् - કંટક એટલે કાંટાની જેમ ગળામાં ખટકતો, તકલીફ ઊભી કરતો, દુઃખ દેતો. આવી આજ્ઞા ગુરુજી શા માટે આપે છે ? तस्मात् - તેથી, તે કારણે; આ પહેલાંના શ્લોકોમાં 'અહંકાર'નાં સ્વરૂપનું જે નિરૂપણ કરવામાં આવ્યું છે, તેને બરાબર સમજીને, એને લક્ષમાં રાખીને. (૩૦૮)

અનુવાદ :

તેથી, ભોજન કરી રહેલા(મનુષ્ય)નાં ગળાની અંદર કાંટાની જેમ ખટકતા, અહંકારરૂપી તારા પોતાના આ શત્રુને, આત્મજ્ઞાનરૂપી મોટી તલવાર વડે, સંપૂર્ણરીતે સંહારીને, આત્મસામ્રાજ્યનો આનંદ તું ઇચ્છા પ્રમાણે ભોગવ. (૩૦૮)

ટિપ્પણ :

શબ્દાર્થ-વિભાગમાં, ઉપર, બધી જરૂરી સમજૂતી તો અપાઈ ગઈ છે તો પણ, તત્ત્વચિંતક છતાં પ્રતિભાશીલ મહાકવિ એવા આચાર્યશ્રીની કાવ્યમય અભિવ્યક્તિનો થોડો આસ્વાદ કરીએ :

અત્યારસુધી, છેલ્લા કેટલાક શ્લોકોમાં, મોક્ષાર્થીના માર્ગમાં એક મહા-અનર્થકારી વિઘ્નરૂપી એવા 'અહંકાર'નું, - એનાં સ્વરૂપનાં સર્વ પાસાંઓને આવરી લેતું, - સવિસ્તર વર્ણન કર્યા પછી, હવે, તેઓશ્રી, શિષ્યે તેમના તે ઉપદેશને સમ્યક્-સ્વરૂપે

આત્મસાત્ કર્યો છે એમ સમજીને, તેની આવી સંનિષ્ઠા અને તત્પરતાનાં સુ-પરિણામ-સ્વરૂપ અતીન્દ્રિય આનંદનો ઉપભોગ કરવાનો તેઓશ્રી તેને અનુરોધ કરે છે (भुंक्ष्व).

એમના આ અનુરોધમાં, એમનું કવિત્વ બે રીતે, અનાયાસ, ઉપસી આવે છે : એક તો, મુમુક્ષુ સાધકને અહંકાર કેવો ખૂંચે છે, ખટકે છે, તે સમજાવવા માટે આપેલી 'ઉપમા' : માણસ મિષ્ટાન્ન ભોજન આનંદપૂર્વક આરોગી રહ્યો હોય ત્યાં જ, તેનાં ગળામાં, ભોજનની વાનગીમાંનો, કોઈક કાંટો આવી જાય તો ? તો, તો, ભોજનની બધી મજા જ મરી જાય ! તેણે ભોજનને પૂરેપૂરું માણવું હોય તો, પોતાનાં ગળામાં ખટકતો પેલો કાંટો કાઢી નાખવો જ રહ્યો ! આત્મસાક્ષાત્કારનો આનંદ માણી રહેલા સાધકની તે આસ્વાદ-પ્રક્રિયામાં, 'અહંકાર' આવો એક કંટક છે !

અને બીજું, સાધકના આ કંટકના નાશ માટે આચાર્યશ્રીએ જે 'રૂપક' અલંકાર પ્રયોજ્યો છે તે પણ, ઉપર્યુક્ત 'ઉપમા'-અલંકાર જેવો જ કાર્યસાધક બની રહ્યો છે - બે કારણે : એક તો, એ કે અહંકાર કોઈ સામાન્ય પ્રકારનું નડતર નથી, એ તો સાધકનો પોતાનો જ શત્રુ (इमं स्वशत्रुं) છે; અને બીજું, આ શત્રુને વિદારવા માટે એક જ શસ્ત્ર સફળ થઈ શકે અને તે છે - આત્મજ્ઞાનરૂપી અત્યંત તીક્ષ્ણ તલવાર (विज्ञान-महा-असिना) !

અહંકાર-વિનાશની જે વાત શિષ્યને કહેવાની છે તે, આ બે અલંકારોનું પ્રયોજન, શિષ્ય માટે સંપૂર્ણ રીતે પ્રતીતિજનક બની રહે છે અને આમ તો, સાવ સામાન્ય પ્રકારનાં કહી શકાય એવાં બે અવ્યયો પણ, પોતપોતાની રીતે, કેવાં સહાયક અને સફળ બની રહે છે ! - શત્રુનો સંહાર સારી રીતે (स्फुटम्) કરવાનો છે અને આત્મસામ્રાજ્યનો આનંદ મરજી મુજબ (यथेष्टम्) ભોગવવાનો છે !

શબ્દો પાસેથી, પોતાને અભિપ્રેત એવો અર્થ, કઢાવી લેવો, એ તો, આવાં મોટાં ગજાનાં કવિની પ્રતિભા જ કરી શકે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૦૮)

૩૦૯

ततोऽहमादेर्विनिवर्त्य वृत्तिं
सन्त्यक्तरागः परमार्थलाभात् ।
तूष्णीं समास्स्वात्मसुखानुभूत्या
पूर्णात्मना ब्रह्मणि निर्विकल्पः ॥३०९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તતોઽહમાદેર્વિનિવર્ત્ય વૃત્તિં
સન્ત્યક્તરાગઃ પરમાર્થલાભાત્ ।
તૂષ્ણીં સમાસ્સ્વાત્મસુખાનુભૂત્યા
પૂર્ણાત્મના બ્રહ્મણિ નિર્વિકલ્પઃ ॥૩૦૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ततः अहम्-आदेः वृत्तिं विनिवर्त्य, परमार्थलाभात् सन्त्यक्तः, आत्मसुख-अनुभूत्या पूर्णात्मना ब्रह्मणि निर्विकल्पः (सन् त्वं) तूष्णीं समास्स्व ॥३०९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (त्वं) तूष्णीं समास्स्व । तूष्णीं - મૌન, શાંતિ; समास्स्व - ધારણ કર, પ્રાપ્ત કર, અનુભવ કર, બની રહે, બેસી જા. (सम् + आस् - ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ) : તું મૌન ધારણ કરી લે. આમ કરતાં પહેલાં સાધકે બીજું શું-શું કરવાનું રહે છે ? - આ પ્રમાણે ત્રણ પ્રક્રિયાઓ : (૧) अहम्-आदेः वृत्तिं विनिवर्त्य । विनिवर्त्य - પાછી વાળી દઈને, દૂર કરીને, ઉચ્છેદ કરીને (वि + नि + वृत् એ ધાતુનાં પ્રેરકનું સંબંધક ભૂતકૃદન્તનું રૂપ); अहम् - એટલે 'અહંકાર'. અહંકાર વગેરેની વૃત્તિઓને દૂર કરીને; (૨) परमार्थलाभात् सन्त्यक्तरागः (सन्) । राग એટલે વિષયવાસના; सन्त्यक्त - વિષયો પ્રત્યેની પ્રીતિ - આસક્તિ; ત્યાગ કરીને, છોડી દઈને, મુક્ત બનીને, રાગરહિત થઈને. પરમતત્ત્વના લાભને લીધે, વિષયો પરની આસક્તિ છોડી દઈને; (૩) आत्मसुख-अनुभूत्या पूर्णात्मना ब्रह्मणि निर्विकल्पः (सन्) । આત્મસુખનો અનુભવ કરવાને કારણે, સંપૂર્ણ અંતરાત્મા-પૂર્વક, બ્રહ્મમાં નિર્વિકલ્પ (કશા પણ સંકલ્પ-વિકલ્પ કે તર્ક-વિતર્ક અને શંકા-કુશંકા વિનાનો બની રહેલો, એવો તું.)

ततः - પછી, ત્યારપછી, ગયા-છેલ્લા શ્લોકમાં કહ્યા પ્રમાણે, અહંકારરૂપી પોતાના શત્રુને આત્મજ્ઞાનરૂપી તીક્ષ્ણ તલવાર વડે હણ્યા પછી. (૩૦૯)

અનુવાદ :

ત્યારપછી, અહંકાર વગેરેની વૃત્તિઓને દૂર કરીને, પરમતત્ત્વના લાભને લીધે રાગ-રહિત થઈને, આત્મસુખના અનુભવને કારણે, સંપૂર્ણ અંતરાત્માપૂર્વક, તું, બ્રહ્મમાં નિર્વિકલ્પ થઈ જા અને (પછી) મૌન ધારણ કરી લે. (૩૦૯)

ટિપ્પણ :

અહંકારનો નિઃશેષ નાશ, - છેલ્લા કેટલાક શ્લોકોમાં આ વિષયનું જ નિરૂપણ ચાલી રહ્યું છે તેમાં, છેલ્લા શ્લોકમાં તો, શ્રીસદ્‌ગુરુએ, અહંકારના નાશનાં પરિણામે, સાધક-શિષ્યને, સંભવિત લાભના સુખનો અનુભવ કરવા, આ પ્રમાણે અનુરોધ કર્યો હતો : आत्मसाम्राज्यसुखं भुंक्ष्व । અહીં પણ એવો જ અનુરોધ છે : तूष्णीं समास्स्व ।

પરંતુ આત્મસામ્રાજ્યનો આનંદ ભોગવતાં પહેલાં અને તાત્ત્વિક મૌન ધારણ કરતાં પહેલાં, શિષ્યે કેટલીક મહત્ત્વની પ્રક્રિયાઓને સંપન્ન કરી લેવાની રહે છે અને તે બધી, આવા અંતિમ પરિણામ માટેની અનિવાર્ય પૂર્વભૂમિકા છે, એ યાદ રાખવા જેવું છે : સૌપ્રથમ તો, દેહાદિ 'અનાત્મ'-વસ્તુઓનાં સેવનને લીધે ઉત્પન્ન થયેલી અહંકાર વગેરે અનિચ્છનીય વૃત્તિઓની સંપૂર્ણ નિવૃત્તિ; ત્યારપછી, આત્મજ્ઞાન-સ્વરૂપ એવાં પરમતત્ત્વના લાભને લીધે, વિષયવાસનાઓ પ્રત્યેની આસક્તિમાંથી વિમુક્તિ; અને ત્યારપછી, છેલ્લે, આત્મસુખની અનુભૂતિને કારણે પ્રાપ્ત થતી અંતરાત્માની પૂર્ણતાની પ્રતીતિ : બસ, આવી ઉત્કૃષ્ટ અવસ્થામાં તો સાધકનાં મનમાં કશા સંકલ્પ-વિકલ્પો રહે જ નહીં, એના માટે તો, આ જ નિર્વિકલ્પ-બ્રહ્મની સમાધિ !

જીવનના આવા પરાકાષ્ઠારૂપ ધન્ય તબક્કામાં, સાધકનાં સર્વ આશા-આકાંક્ષા-અપેક્ષા શમી જાય છે, શબ્દના આધારની કશી જરૂર એને રહેતી નથી અને એનું મૌન, અંતઃકરણનાં ઊંડાણમાંથી સ્વયમેવ સર્જાતી એની નિઃશબ્દ શાંતિ એને આત્મસાક્ષાત્કારનો પરમ આનંદ આપે છે : આવું તાત્ત્વિક મૌન ધારણ કરવાનો અનુરોધ ગુરુજી અહીં શિષ્યને કરે છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૦૯)

૩૧૦

समूलकृत्तोऽपि महानहं पुनर्-
-व्युल्लेखितः स्याद्यदि चेतसा क्षणम् ।
संजीव्य विक्षेपशतं करोति
नभस्वता प्रावृषि वारिदो यथा ॥३१०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

समूलकृत्तोऽपि महानहं पुनर्-
-व्युल्लेखितः स्याद्यदि चेतसा क्षणम् ।

સંજીવ્ય વિક્ષેપશતં કરોતિ
નભસ્વતા પ્રાવૃષિ વારિદો યથા ॥૩૧૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સમૂલકૃત્તઃ અપિ (અયં) મહાન્ અહં, યદિ ચેતસા ક્ષણં વ્યુલ્લેખિતઃ સ્યાત્ (તર્હિ), (પુનઃ) સંજીવ્ય (સઃ), પ્રાવૃષિ યથા નભસ્વતા વારિદઃ (તથા) વિક્ષેપશતં કરોતિ ॥૩૧૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (અયં) મહાન્ અહં વિક્ષેપશતં કરોતિ । અહં એટલે 'અહંકાર'; વિક્ષેપ એટલે ઉપદ્રવ, ઉત્પાત, વિક્ષોભ, ખળભળાટ; આ 'અહંકાર' એવો પ્રબળ (મહાન્) છે કે તે સેંકડો ઉપદ્રવો સર્જે છે. એને મૂળમાંથી ઊખેડી નાખવામાં આવ્યો હોય તો પણ(સમૂલકૃત્તઃ અપિ) ? કૃત્ - એટલે કાપી નાખવું, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, - કૃત્ત. ઉપર્યુક્ત સવાલનો જવાબ છે : "હા". પરંતુ આવું ક્યારે બનવા પામે ? - યદિ ચેતસા ક્ષણં વ્યુલ્લેખિતઃ સ્યાત્ । વ્યુલ્લેખિત એટલે ઉલ્લેખ કરવામાં આવે, એટલે કે ચિત્ત વડે જો તેને ક્ષણમાત્ર પણ સંભારવામાં આવે, એને યાદ કરવામાં આવે, ચિત્તનો જો તેને સાથ મળી જાય તો ! વિ + ઉદ્ + લિખ - એ ધાતુનાં પ્રેરકનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, - વ્યુલ્લેખિત. પણ આવું બને જ કેવી રીતે ? - સંજીવ્ય । એ તો, ચિત્તે કરેલા ક્ષણમાત્રના પેલા 'વ્યુલ્લેખ'ના પરિણામે ફરીથી સજીવન થાય ! એનું આવું કાર્ય કોના જેવું છે ? - યથા પ્રાવૃષિ નભસ્વતા વારિદઃ (તથા) । - પ્રાવૃષ્ એટલે વર્ષા-સમય, ચોમાસું; વારિદઃ એટલે જળ (વારિ) આપનાર (દઃ), વાદળું; કેવું વાદળું ? - નભસ્વતા પવનના સંસર્ગવાળું નભસ્વત્ - એટલે વાદળું - એ શબ્દની ત્રીજી વિભક્તિ એકવચનનું રૂપ, - નભસ્વતા; ચોમાસામાં, વાયુના સંપર્કમાં આવતું વાદળું જેવી રીતે અનેક ઉત્પાતો સર્જી રહે તેમ ! (૩૧૦)

અનુવાદ :

વર્ષાસમયમાં જેમ વાદળું, પવનના સંસર્ગમાં આવતાં (અનેક ઉત્પાતો સર્જે છે), તેમ જ આ બળવાન અહંકાર, મૂળમાંથી તેને ઊખેડી નાખવામાં આવ્યો હોય તો પણ, ચિત્ત વડે તેને ક્ષણમાત્ર પણ યાદ કરવામાં આવે તો, ફરીથી સજીવન થઈને, તે સેંકડો ઉપદ્રવો સર્જે છે. (૩૧૦)

ટિપ્પણ :

'અહંકાર' માટે, આ પહેલાં પણ, ગ્રંથકારે, રાહુ-સર્પ-વિષ જેવા વિનાશકતા-

સૂચક શબ્દો તો પ્રયોજ્યા જ છે. અહીં એની અતિ-પ્રબળતા સૂચવતા महान् – શબ્દ વાપર્યો છે; પરંતુ ભયંકર ઉત્પાતો સર્જવાની એની શક્તિનો, સાધકને, ખ્યાલ આપવા માટે, ગ્રંથકારે, અત્યંત સૂચક અને અભિવ્યંજક એવી બે વાતો, તેમણે કહી છે : એક તો એ કે સાધક એનો સમૂળગો, એટલે સંપૂર્ણ, નાશ કરે તો પણ (समूलकृत्तः अपि), કોઈક નિર્બળતાની ક્ષણે, ચિત્તમાં જો એનું એક ક્ષણ માટે પણ સ્મરણ કરવામાં આવે તો (यदि चेतसा क्षणं व्युल्लेखितः स्यात्), તે, આવી ભૂલ કરનારની જીવનકારકિર્દીમાં, અસંખ્ય ખળભળાટો પેદા કરી દે (विक्षेपशतं करोति ।) ! વિસ્મયકારક વિનાશકતા ! મૂળસહિત એને ઊખેડી નાખવામાં આવ્યો હતો, તેથી એનું અસ્તિત્વ જ રહ્યું ન્હોતું અને છતાં માત્ર એક પળનું એનું સ્મરણ ! એનાં પુનર્જીવન માટે, એનાં સજીવન થવા માટે, બસ, આટલું જ પૂરતું છે ! યથાપૂર્વ, હતો એવો જ, એનાં મૂળ સ્વરૂપે એ ખડો થઈ જાય અને પેલા સાધકની સમગ્ર સાધનાને નષ્ટ કરી નાખે ! (विक्षेपशतं करोति ।)

ઇજિપ્ત-દેશનું પૌરાણિક પક્ષી Phoenix ('ફિનિક્સ' : 'હુમા') અહીં, આ સંદર્ભમાં, યાદ આવી જાય છે : પોતાની રાખમાંથી જ તે ફરી જન્મ પામતું !

અને બીજું, અહંકારની ઉત્પાત-સર્જક શક્તિ કોના જેવી છે, એનો પૂરેપૂરો ખ્યાલ આપવા માટે, આચાર્યશ્રી, એક સચોટ 'ઉપમા' અહીં પ્રયોજે છે : ચોમાસા દરમિયાન (प्रावृषि), આકાશમાં વાદળાં તો હોય (वारिदाः), પણ જ્યાં સુધી તે એકલાં હોય, ત્યાં સુધી તેમનાં કારણે કશી તકલીફ ન ઊભી થાય, પરંતુ જેવો તેમને વાયુનો સંસર્ગ સાંપડે, (नभस्वता), તેવા જ, સૃષ્ટિમાં ઉત્પાતો શરૂ થઈ જાય !

ચિત્તમાં અહંકારનું ક્ષણમાત્રનું સ્મરણ અને વાદળાંને પવનનો સંસર્ગ : બંને એકસરખાં વિનાશક !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૧૦)

૩૧૧

निगृह्य शत्रोरहमोऽवकाशः
क्वचिन्न देयो विषयानुचिन्तया ।
स एव संजीवनहेतुरस्य
प्रक्षीणजम्बीरतरोरिवाम्बु ॥३११॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિગૃહ્ય શત્રોરહમોઽવકાશઃ
ક્વચિન્ન દેયો વિષયાનુચિન્તયા ।
સ એવ સંજીવનહેતુરસ્ય
પ્રક્ષીણજમ્બીરતરોરિવામ્બુ ॥૩૧૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(તં) નિગૃહ્ય, (તત્પશ્ચાત્) અહમઃ શત્રોઃ, વિષયાનુચિન્તયા, ક્વચિત્ (અપિ) અવકાશઃ ન દેયઃ; સઃ (અવકાશઃ) એવ, પ્રક્ષીણજમ્બીરતરોઃ અમ્બુ ઇવ, અસ્ય (અહંકારસ્ય) સંજીવનહેતુઃ (ભવતિ) ॥૩૧૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : શત્રોઃ અહમઃ ક્વચિત્ (અપિ) અવકાશઃ ન દેયઃ । અવકાશઃ એટલે તક; શત્રુ જેવા, શત્રુ-રૂપ એવા 'અહંકાર'ને ક્યારેય પણ અવકાશ આપવો નહીં (દેયઃ, - દા - ધાતુનું વિધ્યર્થ-કૃદંતનું રૂપ). આવી તક તેને કેવી રીતે મળી જવાની શક્યતા છે ? - વિષયાનુચિન્તયા । - વિષયવાસનાઓનાં ચિંતન દ્વારા; તેનો 'નિગ્રહ', એટલે એનું પૂરેપૂરું નિયંત્રણ કર્યા પછી પણ ? તેને સંપૂર્ણરીતે વશ કરી લીધા (Control) પછી પણ (નિગૃહ્ય અપિ) ? - આ સવાલનો સ્પષ્ટ જવાબ છે : "હા". એમ કેમ ? - સઃ (અવકાશઃ) એવ અસ્ય (અહંકારસ્ય) સંજીવનહેતુઃ (ભવતિ) । એમ કરવાનું કારણ એ છે કે એવો અવકાશ જ તેના માટે સજીવન થવાનો હેતુ બની રહે છે. આવું થવા માટે કોઈ ઉદાહરણ છે ? - 'હા' : અમ્બુ ઇવ પ્રક્ષીણ- જમ્બીરતરોઃ । - અમ્બુ એટલે પાણી; જમ્બીરતરુ એટલે બિજોરાનું વૃક્ષ; પ્રક્ષીણ એટલે સૂકાઈ ગયેલું; સૂકાઈ ગયેલાં બિજોરાનાં વૃક્ષને પાણી મળી જાય તો, તે ફરીથી અંકુરિત થાય છે, ઊગે છે, નવપલ્લવિત બને છે. (૩૧૧)

અનુવાદ :

(એક વાર) નિયંત્રિત કર્યા પછી પણ, શત્રુરૂપ અહંકારને વિષયચિંતન વડે ક્યાંય જરા પણ અવકાશ આપવો નહીં, કારણ કે જેવી રીતે જળ સૂકાઈ ગયેલાં બિજોરાનાં વૃક્ષને (નવપલ્લવિત કરે છે, તેમ) તે (અવકાશ) જ આ (અહંકાર)ને સજીવન કરવાનું કારણ બની રહે છે. (૩૧૧)

ટિપ્પણ :

અહંકારનું નિવારણ કરવાનું કામ ખૂબ મુશ્કેલ છે, - લગભગ, અશક્ય જેવું, - તેથી જ ગ્રંથકારે, તે નિવારણનાં અનેક વિવિધ પાસાંઓની, જુદાં જુદાં દૃષ્ટિકોણોને અનુલક્ષીને, નવાં નવાં ઉદાહરણો આપીને, એની લંબાણ-ચર્ચા કરી છે.

આ શ્લોકમાં તો, એટલે સુધી કહેવામાં આવ્યું છે કે, અહંકારનો એક વાર નિગ્રહ કર્યા પછી પણ સાધકે એમ ન માની લેવું કે 'હવે કશો વાંધો નથી, શત્રુ જીતાઈ ગયો છે'; આવી ગાફેલિયત એના માટે, જોખમકારક બની રહેવાની પૂરી શક્યતા છે; સાધકે સતત જાગ્રત રહીને એટલું ધ્યાન રાખવાનું રહે છે કે શત્રુરૂપ આ અહંકારને ફરી પ્રગટ થવાનો અવકાશ ન મળી જાય; અને આવો અવકાશ તેને વિષયવાસનાનાં થોડાંક ચિંતન દ્વારા મળી જાય તેમ છે. જેવો, આવો, વિષય-વિચાર સાધકનાં ચિત્તમાં થાય કે તરત જ પેલો નિયંત્રિત શત્રુ (અહંકાર) સળવળીને, ફરીથી, સજીવન થઈ જાય !

સાધક માટે થોડું પણ વિષય-ચિંતન કેવું ખતરનાક છે અને તેને સર્વનાશની ખીણમાં કેવી રીતે ફંગોળી દે છે, તેનું, અધઃપતનની નિસરણી જેવું, એક તાદૃશ શબ્દચિત્ર, ગીતામાં, ભગવાન શ્રીકૃષ્ણે, આ પ્રમાણે આપ્યું છે :

ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात् क्रोधोऽभिजायते ॥
क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥ (૨, ૬૨-૬૩)

("વિષયોનું ચિંતન કરતા માણસને તેમાં આસક્તિ થાય છે, આસક્તિથી કામ જન્મે છે અને કામથી ક્રોધ જન્મે છે; ક્રોધથી ઘણો જ મોહ થાય છે; અતિમોહથી સ્મૃતિમાં વિભ્રમ થાય છે, સ્મૃતિના વિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશને કારણે તે માણસ સંપૂર્ણ નાશ પામે છે.")

ટૂંકમાં, વિષયચિંતન એટલે, સાધક માટે તો, સર્વનાશની સોપાન-પરંપરા ! ગીતાના આ શ્લોકોમાં ભલે 'અહંકાર'-શબ્દ પ્રયોજાયો નથી, પરંતુ વિષય-ચિંતનનાં પરિણામનું જે બીજું પગથિયું છે, - સંગ, આસક્તિ, - તે જ અહંકારનું બીજું નામ છે, જે, કામ-ક્રોધ-મોહ-સ્મૃતિભ્રંશ-બુદ્ધિનાશ વગેરે ક્રમિક પગથિયે સાધકને પછાડતો-પછાડતો, અંતે, સર્વનાશનાં પાતાળમાં તેને ફેંકી દે છે !

ગ્રંથકારે, આ ઘટનાનાં સમર્થન માટે, યથાપૂર્વ, એવી જ સમુચિત 'ઉપમા' આપી છે : બીજોરાંનું ઝાડ સૂકાઈ ગયું હતું, ત્યાં એને પાણી મળી ગયું અને તે, આ એક જ કારણે, ફરીથી ઊગી નીકળ્યું !

નિયંત્રિત થઈ ગયેલા અહંકારના પુનઃ પ્રગટ થવા માટે પણ, થોડુંક વિષયચિંતન, આવી જ એક તક (Opportunity) બની રહે છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૧૧)

૩૧૨

देहात्मना संस्थित एव कामी
विलक्षणः कामयिता कथं स्यात् ।
अतोऽर्थसंधानपरत्वमेव
भेदप्रसक्त्या भवजन्महेतुः ॥३१२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહાત્મના સંસ્થિત એવ કામી
વિલક્ષણઃ કામયિતા કથં સ્યાત્ ।
અતોઽર્થસંધાનપરત્વમેવ
ભેદપ્રસક્ત્યા ભવબન્ધહેતુઃ ॥૩૧૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

દેહાત્મના સંસ્થિતઃ (મનુષ્યઃ) એવ કામી (ભવતિ) । વિલક્ષણઃ (સઃ) કામયિતા કથં સ્યાત્ ? । અતઃ, ભેદપ્રસક્ત્યા અર્થસંધાનપરત્વં એવ (તસ્ય) ભવબન્ધહેતુઃ (ભવતિ) ॥૩૧૨॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) દેહાત્મના સંસ્થિતઃ (મનુષ્યઃ) એવ કામી (ભવતિ) । દેહાત્મના સંસ્થિતઃ એટલે એવો માણસ કે જે દેહને જ આત્મા સમજી બેસે છે અને આવો માણસ જ કામી બને છે, તેનામાં કામનાઓ ઉદ્ભવે છે.

(૨) વિલક્ષણઃ (સઃ) કામયિતા કથં સ્યાત્ ? । વિલક્ષણઃ એટલે દેહને આત્માથી જુદો-અલગ સમજનાર માણસ; કામયિતા એટલે કામનાઓવાળો, કામના કરનારો, કામનું સેવન કરનારો, કામી; આવો 'વિલક્ષણ' માણસ 'કામી' કેવી રીતે થાય ? (થાય જ નહીં, ન જ થવો જોઈએ.)

(૩) અતઃ, ભેદપ્રસક્ત્યા અર્થસંધાનપરત્વં એવ (તસ્ય) ભવબન્ધહેતુઃ

(भवति) । अतः - આથી, આ કારણે, એટલા માટે; भेदप्रसक्ति એટલે ભેદબુદ્ધિ; બ્રહ્મથી જીવાત્માની ભિન્નતા; બ્રહ્મ અને જીવ જુદા છે, એવી સમજ, એવી માન્યતા; अर्थः એટલે વિષયો, વિષયવાસનાઓ; सन्धान એટલે તે વિષયોનો સંપર્ક, સંબંધ, તેનું ચિંતન; परत्वं એટલે એમાં જ પ્રવૃત્ત રહેવું, મગ્ન-મશગૂલ-રત રહેવું તે; भवबन्धहेतुः એટલે સંસારનાં બંધનનું કારણ; આથી જ, ભેદબુદ્ધિનાં કારણે, વિષયોનાં ચિંતનમાં મગ્ન રહેવું; એ જ સંસાર-બંધનનું કારણ બને છે. (૩૧૨)

અનુવાદ :

દેહને જ જે (મનુષ્ય) આત્મા સમજે છે, તે જ (માણસ) કામી બને છે. તે (દેહના)થી (આત્માને) જુદો સમજનાર (માણસ) કામનાઓવાળો કેમ થાય ? આથી જ, ભેદબુદ્ધિથી વિષયોનાં ચિંતનમાં પ્રવૃત્ત રહેવું, એ જ (તેના માટે) સંસારનાં બંધનનું કારણ બને છે. (૩૧૨)

ટિપ્પણ :

મનુષ્યને માટે સંસારનું બંધન કેમ, કેવી રીતે સર્જાય છે, તે સમજાવવા માટે ગ્રંથકારે, અહીં, **ગીતા**ના પેલા શ્લોકોની જેમ, નાનકડી એક નિસરણીનું નિરૂપણ કર્યું છે : સંસાર-બંધન (भवबन्ध) તો, **ગીતા**-શ્લોકોમાં નિર્દિષ્ટ સર્વનાશ જેવું છેલ્લું પગથિયું છે. મનુષ્યની સૌપ્રથમ ભૂલ છે, દેહાત્મબુદ્ધિ; દેહને જ આત્મા સમજી લેવાની ભૂલ. વેદાંતદર્શનના સિદ્ધાંત પ્રમાણે, સમગ્ર બ્રહ્માંડમાં, આત્મા સિવાયનું બીજું કશું છે જ નહીં, એક આત્માનું જ સર્વત્ર સદા-સર્વદા અસ્તિત્વ છે. આમ છતાં, દેહાત્મબુદ્ધિવાળો માણસ, આત્મા ઉપરાંત દેહનાં અસ્તિત્વને પણ સ્વીકારે છે, આથી તેનામાં દ્વૈતભાવ, ભેદભાવ (બ્રહ્મથી જીવની ભિન્નતા) જન્મે છે. દેહ અને આત્મા વચ્ચેની આવી ભેદબુદ્ધિને કારણે, તે વિષયચિંતન કરવા માંડે છે, તે કામી બની જાય છે; અને ભેદબુદ્ધિનાં પરિણામ-સ્વરૂપ, વિષયચિંતન-પ્રવૃત્તિ, એ જ એનાં સંસારનાં સર્જનનું, એનાં બંધનનું નિમિત્ત બની જાય છે. આમ, વિષયચિંતન, આસક્તિ, કામ-ક્રોધ-મોહના આવેગો-આવેશો અને એમાંથી સ્વાભાવિક રીતે ઉદ્ભવતાં સ્મૃતિભ્રંશ અને બુદ્ધિનાશના ક્રમિક તબક્કાઓમાંથી પસાર થઈને, મનુષ્ય, સંસારબંધનરૂપી સર્વનાશને પામે છે.

પરંતુ જેને દેહ સાથે સંબંધ જ નથી, એટલું જ નહીં પણ દેહને આત્માથી જુદો સમજે છે (विलक्षणः) અને દેહ તો 'અનાત્મ' હોવાથી નાશવંત છે, અનિત્ય છે, તેથી તે તો માત્ર આત્માનું જ અસ્તિત્વ સ્વીકારે છે; એટલે તેના માટે અદ્વૈતબુદ્ધિ જ રહે છે. આવા માણસને તો, પછી, કામનાઓ રહે જ કેવી રીતે (कामयिता कथं स्यात्) ?

સંક્ષેપમાં, ભવબંધનના ફંદામાં ન ફસાવા ઇચ્છતા મનુષ્યે, દેહાત્મબુદ્ધિથી દૂર રહીને, માત્ર આત્માનાં અસ્તિત્વમાં જ, એટલે કે અભેદબુદ્ધિમાં જ પોતાની જાતને સ્થિર કરવી રહી.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૧૨)

૩૧૩

कार्यप्रवर्धनाद् बीजप्रवृद्धिः परिदृश्यते ।
कार्यनाशाद् बीजनाशः तस्मात् कार्यं निरोधयेत् ॥३१३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કાર્યપ્રવર્ધનાદ્ બીજનાશઃ પરિદૃશ્યતે ।
કાર્યનાશાદ્ બીજનાશઃ તસ્માત્ કાર્યં નિરોધયેત્ ॥૩૧૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

कार्यप्रवर्धनाद् बीजप्रवृद्धिः परिदृश्यते । कार्यनाशाद् बीजनाशः (भवति) । तस्मात् कार्यं निरोधयेत् ॥३१३॥

(**નોંધ** : શ્લોકમાંના મૂળ પદ્ય-અન્વય પ્રમાણે જ ગદ્ય-અન્વય થાય, એવા અન્વયને **'દણ્ડાન્વય'** કહેવામાં આવે છે. અહીં આવો જ **'દણ્ડાન્વય'** છે.) (૩૧૩)

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) कार्यप्रवर्धनाद् बीजवृद्धिः परिदृश्यते । પ્રવર્ધન એટલે વધારવું, વધારતાં જવું - રહેવું; કાર્યોને વધારતાં જવાથી બીજની પણ વૃદ્ધિ થતી દેખાય છે.

(૨) कार्यनाशाद् बीजनाशः (संभवति) । કાર્યોનો નાશ કરવાથી બીજનો પણ નાશ થઈ જાય છે.

(૩) तस्मात् कार्यं निरोधयेत् । निरोधयेत् - નિરોધ કરવો જોઈએ, અટકાવી દેવો જોઈએ, ટાળવો જોઈએ; कार्यं એટલે કાર્યની સ્થિતિ, કાર્યો ચાલુ રહે, રહ્યા કરે, એવી પરિસ્થિતિ. તેથી કાર્યોને, કાર્યોની સ્થિતિ નાબૂદ કરવી જોઈએ. (૩૧૩)

અનુવાદ :

કાર્યોને વધારતાં જવાથી બીજની પણ વૃદ્ધિ થતી દેખાય છે. કાર્યોનો નાશ કરવાથી બીજનો પણ નાશ થઈ જાય છે, તેથી કાર્યોને અટકાવી દેવાં જોઈએ. (૩૧૩)

ટિપ્પણ :

શબ્દાર્થ, વાક્યરચના અને અન્વયની દૃષ્ટિએ શ્લોક સહેલો છે, પરંતુ એમાં યોજાયેલા કાર્ય અને બીજ, - એ બે શબ્દો પારિભાષિક સંદર્ભ ધરાવતા હોવાથી, એની સમજૂતી આવશ્યક બને છે.

સૌપ્રથમ તો, એ સમજી લેવાનું રહે છે કે **કાર્ય** - શબ્દને **ઉપનિષદો** અને ગીતા જેવા તત્ત્વચિંતનના ગ્રંથોમાં પ્રયોજાયેલા **કર્મ**-શબ્દના પર્યાય તરીકે અને એના સમાનાર્થ તરીકે સ્વીકારી લેવાનો રહે છે. **બીજું**, **બીજ**-શબ્દને 'વાસનાનાં બીજ' તરીકે સમજવાનો રહે છે.

મૂળ વાત આત્મજ્ઞાનનાં મહત્ત્વની છે. મનુષ્ય પોતાનાં જીવનમાં જે કાંઈ કર્મો કરે છે તે, દેહાભિમાન અને દેહાત્મભાવને કારણે, 'હું દેહ છું' - એવા કર્તા-ભોક્તાભાવને કારણે કરે છે અને આવો ભાવ એટલે જ અજ્ઞાન. આત્મજ્ઞાનની પરિસ્થિતિમાં તો, દેહ-ઇન્દ્રિયો વગેરે અનાત્મ-વસ્તુઓને કશું સ્થાન જ હોતું નથી. આમ, ક્રમાનુસાર, આ સમગ્ર પરિસ્થિતિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીએ તો સ્પષ્ટ સમજાશે કે અજ્ઞાન મનુષ્યનાં ચિત્તમાં કર્મની **'વાસના'** ઉત્પન્ન કરે છે અને **'વાસના'**ના પ્રભાવ હેઠળ, તે કર્મો કરે છે, એટલે આ શ્લોકમાં પ્રયોજાયેલો શબ્દ બીજ એટલે કર્મનું **'બીજ'**, - જે, 'વાસના'માંથી જન્મે છે. હકીકતમાં, સમગ્ર પ્રક્રિયાનો પૂર્વાપર-ભાવ આ રીતે નિશ્ચિત કરી શકાય : અજ્ઞાન, વાસના અને કર્મ.

હવે, આ જ સંદર્ભમાં, **બીજી** એક એ વાત સમજી લેવાની રહે છે કે પોતાનાં જીવાતાં જીવન દરમિયાન, મનુષ્ય જે 'ક્રિયમાણ' કર્મો કરે છે તે, ફળ આપ્યા વિનાનાં રહે તો, તે કર્મોને ભોગવવા માટે, તેને ફરી જન્મવું જ પડે. ભોગવ્યા વિનાનાં કર્મો તો ચાલુ જ હોય છે. આમ, ન ભોગવાયેલાં (અમુક્ત) 'ક્રિયમાણ' અને 'સંચિત' કર્મો, પાકીને 'પ્રારબ્ધ' કર્મો બન્યા પછી, એ બધાં પૂરેપૂરાં ભોગવાય, એટલે કે એનાં ફળ મનુષ્ય ભોગવી લે, પારિભાષિક શબ્દ પ્રયોજીને કહીએ તો, જ્યાં સુધી બધાં જ કર્મો મુક્ત ન બને ત્યાં સુધી, જન્મ-મૃત્યુનું ચક્ર મનુષ્ય માટે અવિરત ચાલુ જ રહે !

પરંતુ **બીજ**નો નાશ ક્યારે થાય (**बीजनाशः**) ? **કર્મ**નો નાશ થાય ત્યારે જ (**कार्यनाशात्**) ! કારણ કે જો મનુષ્યનાં પેલાં બધાં - 'ક્રિયમાણ', 'સંચિત', 'પ્રારબ્ધ' વગેરે - કર્મો વધારવામાં જ આવે (**कार्यप्रवर्धनात्**), તો-તો વાસના ચાલુ રહે અને વાસનાનાં બીજ પણ વધતાં જ રહે (**बीजप्रवृद्धः**) ! આમ, કર્મ અને વાસના-બીજનું એક 'વિષચક્ર (vicious circle)' અણ-અટક્યું ચાલ્યા જ કરે, જે, એવાં જ

અનિચ્છનીય જન્મ-મરણનાં 'વિષચક્ર' માટેનું નિમિત્ત બને !

અને આવાં **'વિષચક્રો'**(vicious circles)ને, તેમની સતત ચાલતી ગતિના કોઈક તબક્કે, સમયસર, અટકાવવામાં ન આવે તો, તે બધાં, અંગ્રેજીમાં કહ્યું છે તેમ, 'અનંત કાળ સુધી' (Ad Infinitum) ચાલ્યાં જ કરે !

અને આવાં 'વિષચક્રો' ચાલ્યાં કરે ત્યાં સુધી, મુક્તિની તો શક્યતા જ નહીં ! એટલે જ, પેલાં 'વિષચક્રો'નાં નિવારણ અથવા નાશ માટે, ગ્રંથકારે પોતાનો આખરી નિર્ણય આપી દીધો કે કર્મો ચાલુ રહે એવી સ્થિતિ ટાળવી જોઈએ (तस्मात् कार्यं निरोधयेत् ।)

સંક્ષેપમાં, 'હું દેહ છું' - એવા દેહાત્મભાવને બદલે, 'હું બ્રહ્મ છું' - એવી ભાવના જો સાધકનાં ચિત્તમાં સ્થિર અને સુદૃઢ થઈ જાય તો, દેહાદિમાં અધ્યાસ બંધ થઈ જાય અને પરિણામે, કર્મનાં બીજ-રૂપ-વાસનાનું અસ્તિત્વ જ ન રહે ! પછી તો કર્મનાશ એટલે બીજનાશ, - એવી અભીષ્ટ ફલશ્રુતિ અને સાત્ત્વિક સિદ્ધિ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૧૩)

૩૧૪

वासनावृद्धितः कार्यं कार्यवृद्ध्या च वासना ।
वर्धते सर्वथा पुंसः संसारो न निवर्तते ॥३१४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

वासनावृद्धितः कार्यं कार्यवृद्ध्या च वासना ।
वर्धते सर्वथा पुंसः संसारो न निवर्तते ॥३१४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

वासनावृद्धितः कार्यं (वर्धते), कार्यवृद्ध्या च वासना वर्धते । (अतः) पुंसः संसारः सर्वथा न निर्वतते ॥३१४॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં પણ, ગયા શ્લોક જેવો જ, મહદંશે, **'દંડાન્વય'** જ છે. वृद्धितः - વૃદ્ધિ થવાથી, વૃદ્ધિનાં કારણે, વૃદ્ધિ દ્વારા. વાસના એટલે કર્મનાં બીજ-રૂપ વાસના. पुंसः પુરુષ એટલે કે મનુષ્યનો, જીવનો, જીવાત્માનો. सर्वथा એટલે સર્વ પ્રકારે, સર્વ રીતે; सर्वथा न निवर्तते એટલે કે (સંસારનું) કોઈ પણ રીતે નિવારણ

થતું નથી, (સંસાર) ચાલુ જ રહે છે. (૩૧૪)

અનુવાદ :

વાસનાની (એટલે કે વાસનારૂપી બીજની) વૃદ્ધિ થવાથી, કર્મ વધતું રહે છે અને કર્મોની વૃદ્ધિ થતાં, વાસના વધતી જાય છે : (આથી) મનુષ્યના સંસારનું કોઈ પણ રીતે નિવારણ થતું નથી. (૩૧૪)

ટિપ્પણ :

આ શ્લોક પણ, ગયા શ્લોકની જેમ જ, સહેલો છે, એટલું જ નહીં પરંતુ એ શ્લોકનાં કથયિતવ્યને જ અહીં જરા જુદી રીતે કહેવામાં આવ્યું છે.

ગયા શ્લોકમાં **बीज** શબ્દ પ્રયોજાયો હતો; એ **'બીજ'** વાસનાનું હતું, એવી સ્પષ્ટતા એ શ્લોકનાં ટિપ્પણમાં કરવામાં આવી છે; એટલે વિષચક્રનું જે દ્વન્દ્વ ત્યાં **કર્મ** અને **બીજ** વચ્ચે હતું તે, અહીં, **કર્મ** અને **વાસના** વચ્ચે છે; પરંતુ વસ્તુતઃ ગ્રંથકારને અભિપ્રેત કથયિતવ્યમાં કશો ફેર પડતો નથી.

પ્રત્યેક મોક્ષાર્થી સાધકને આટલો ખ્યાલ તો છે જ કે જ્યાં સુધી સંસારની નિવૃત્તિ ન થાય, (**संसारो न निवर्तते** ।), એનું નિવારણ ન થાય, એટલે કે જીવાત્માનો સંસાર ચાલુ રહે ત્યાં સુધી, મોક્ષ માટે કશો અવકાશ સર્જાતો નથી.

પરંતુ સંસારનું નિવારણ તો, ગયા શ્લોકનાં ટિપ્પણમાં સવિસ્તર સમજાવવામાં આવ્યું છે તેમ, કર્મ-બીજ અથવા કર્મ-વાસનાનું વિષચક્ર ચાલુ રહે ત્યાં સુધી શક્ય જ નથી !

અને આ વિષચક્ર **તો** અને **ત્યારે** જ બંધ થાય, **જો** અને જ્યારે 'હું બ્રહ્મ છું' - એવી ભાવના વડે, મોક્ષાર્થી દ્વારા, દેહ વગેરેમાં આચરવામાં આવતો આત્માધ્યાસ દૂર કરવામાં આવે !

આમ, આત્મજ્ઞાનથી માંડીને મોક્ષ સુધીની, છેક નીચેથી ઉપર સુધીની, સમગ્ર સોપાન-પરંપરા પરસ્પર-અવલંબિત છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૧૪)

૩૧૫

संसारबन्धविच्छित्त्यै तद्-द्वयं प्रदहेद् यतिः ।
वासनावृद्धिरेताभ्यां चिन्तया क्रियया बहिः ॥३१५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સંસારબન્ધવિચ્છિત્ત્યૈ તદ્-દ્વયં પ્રદહેદ્ યતિઃ ।
વાસનાવૃદ્ધિરેતાભ્યાં ચિન્તયા ક્રિયયા બહિઃ ॥૩૧૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(તસ્માત્) સંસારબન્ધવિચ્છિત્ત્યૈ યતિઃ તદ્-દ્વયં પ્રદહેત્ । ચિન્તયા બહિઃ ક્રિયયા (ચ) એતાભ્યાં વાસનાવૃદ્ધિઃ (ભવતિ) ॥૩૧૫॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : યતિઃ તદ્-દ્વયં પ્રદહેત્ । યતિઃ એટલે સતત પ્રયત્ન કરનાર (યત્ એ ધાતુ પરથી બનેલો શબ્દ, - યતિઃ) મુનિ, મુમુક્ષુ સાધક; તદ્-દ્વયમ્ । દ્વયં એટલે બેનો સમૂહ, સતત પરસ્પર સાથે રહેતી બે વસ્તુઓ : અહીં, વાસના અને કર્મ); તે બંનેને સાધકે પૂરેપૂરાં (પ્ર) બાળી નાખવાં જોઈએ. શા માટે બાળી નાખવાં જોઈએ ? - સંસારબન્ધવિચ્છિત્ત્યૈ । વિચ્છિત્તિ (વિ + છિદ્ - કાપી, છેદી નાખવું, એ ધાતુ પરથી બનેલો શબ્દ) એટલે કાપી નાખવાની, તોડી નાંખવાની, નાશ કરવાની ક્રિયા = સંસારનાં બંધનને કાપી નાખવા માટે. આમ ન કરવામાં આવે તો કેવું પરિણામ આવે ? - ચિન્તયા બહિઃ ક્રિયયા (ચ) વાસનાવૃદ્ધિઃ (ભવતિ) । - વાસનાની વૃદ્ધિ થતી રહે, વાસનામાં વધારો થયા કરે; શાનાથી આવું બને ? બે કારણે : (૧) ચિન્તયા । ચિન્તા એટલે વિષયોનું, વિષયવાસનાનું ચિન્તન, એના જ વિચારો; અને (૨) બહિઃ ક્રિયયા । બહારની ક્રિયા; 'ચિન્તન' તો ચિત્તમાં, અંદર, ચાલે, પણ એ ચિંતન પ્રમાણેની વિષયોપભોગની ક્રિયા તો, ઇન્દ્રિયોની ક્રિયાઓ વડે બહાર (બહિઃ) ચાલે. આ બંને ચાલતાં જ રહે તો વાસનાની વૃદ્ધિ પણ થતી જ રહે. (૩૧૫)

અનુવાદ :

તેથી (તે કારણે) સંસારનાં બંધનને કાપી નાખવા માટે, યત્નશીલ મુનિએ તે બંને(વાસના અને કર્મો)ને પૂરેપૂરાં બાળી નાખવાં જોઈએ; (નહિતર) વિષય-ચિંતન અને તે પ્રમાણે થતી બાહ્ય ક્રિયા, - એ બંને વડે, વાસના વધતી જ રહે છે. (૩૧૫)

ટિપ્પણ :

મોક્ષાર્થી સાધક માટે, 'અહંકાર' એ એક 'શત્રુ' છે અને આ શત્રુ પણ કંઈ જેવો-તેવો, સામાન્ય પ્રકારનો નહીં; પણ એવો ભયંકર કે એક વાર તેનું નિયંત્રણ કર્યા પછી પણ સાધક જો સાવચેત ન રહે અને વિષયચિંતન ચાલુ રાખે તો, આ

શત્રુને ફરી પ્રગટ થવાનો અવકાશ મળી જાય ! (શ્લોક - ૩૧૧). અને વિષયચિંતનમાંથી વાસના(બીજ), એમાંથી કર્મ અને કર્મવૃદ્ધિમાંથી ફરી વાસનાવૃદ્ધિ, - એ વિષચક્ર સતત ચાલ્યા જ કરે ! અને વિષચક્રનાં આવાં સાતત્યનાં કારણે મુમુક્ષુ સાધકનાં સંસારનું તો નિવારણ જ ન થાય ! (શ્લોકો : ૩૧૨-૩૧૩-૩૧૪)

અને આ જ કારણે, સંસાર-બંધનનાં કારણરૂપ પેલાં વિષચક્રમાંના વાસના અને કર્મો, તે(બંને)ને સાધકે બાળીને ભસ્મીભૂત કરી નાખવાં જોઈએ (પ્રદહેત્), એવો આદેશ, અહીં, આચાર્યશ્રીએ આપ્યો છે. વિષયચિંતનને કારણે જ વાસના-કર્મનું વિષચક્ર શરૂ થાય છે અને ચાલુ રહે છે; એટલે જો સાધકે સંસારનાં બંધનમાંથી છૂટવું હોય અને એનાં જ પરિણામે સંભવિત બને એવા મોક્ષને પામવો હોય તો, તેની પાસે, અહીં સૂચવવામાં આવેલા એકમાત્ર ઉપાય (વાસના-કર્મ-પ્રદહન) સિવાય, અન્ય કશો વિકલ્પ રહેતો નથી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૧૫)

૩૧૬-૩૧૭

ताभ्यां प्रवर्धमाना सा सूते संसृतिमात्मनः ।
त्रयाणां च क्षयोपायः सर्वावस्थासु सर्वदा ॥३१६॥
सर्वत्र सर्वतः सर्वं ब्रह्ममात्रावलोकनम् ।
सद्भाववासनादार्ढ्यात् तत् त्रयं लयमश्नुते ॥३१७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તાભ્યાં પ્રવર્ધમાના સા સૂતે સંસૃતિમાત્મનઃ ।
ત્રયાણાં ચ ક્ષયોપાયઃ સર્વાવસ્થાસુ સર્વદા ॥૩૧૬॥
સર્વત્ર સર્વતઃ સર્વં બ્રહ્મમાત્રાવલોકનમ્ ।
સદ્ભાવવાસનાદાર્ઢ્યાત્ તત્ ત્રયં લયમશ્નુતે ॥૩૧૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

તાભ્યાં પ્રવર્ધમાના સા (વાસના) આત્મનઃ સંસૃતિં સૂતે । (એતેષાં) ત્રયાણાં ચ ક્ષય-ઉપાયઃ સર્વ-અવસ્થાસુ સર્વદા સર્વત્ર સર્વતઃ સર્વં બ્રહ્મમાત્ર-અવલોકનં (ભવતિ) । તત્ ત્રયં સદ્-ભાવ-વાસના-દાર્ઢ્યાત્ લયં અશ્નુતે ॥૩૧૬-૩૧૭॥

શબ્દાર્થ :

ઉપર, ગદ્ય અન્વયમાં દર્શાવ્યા પ્રમાણે, આ બે શ્લોકોમાં ત્રણ સ્વતંત્ર વાક્યો

આ મુજબ છે :

(૧) ताभ्यां प्रवर्धमाना सा (वासना) आत्मनः संसृतिं सूते । संसृति એટલે સંસાર અને सूते એટલે જન્મ આપે છે, ઉત્પન્ન કરે છે : તે વાસના આત્મા માટે સંસારનું સર્જન કરે છે, એટલે કે આત્માને સંસારી બનાવે છે. કેવી વાસના ? ताभ्यां प्रवर्धमाना । તે બે વડે, એટલે કે વિષયચિંતન અને તદનુસાર બાહ્ય ક્રિયા વડે, વૃદ્ધિ પામેલી (प्र + वृध् એ ધાતુનું વર્તમાન કૃદંતનું રૂપ, - प्रवर्धमाना).

(૨) (तेषां) त्रयाणां च क्षय-उपायः सर्व-अवस्थासु सर्वदा सर्वत्र सर्वतः सर्वं ब्रह्ममात्र-अवलोकनं (भवति) । द्वय એટલે જેમ બેનો સમૂહ, એમ त्रय એટલે ત્રણનો સમૂહ; આ ત્રણ એટલે વિષયચિંતન, તદનુસાર બાહ્ય ક્રિયા અને વાસના; क्षय એટલે નાશ, વિનાશ, નિર્મૂલન; ઉપર્યુક્ત ત્રિપુટી(त्रय)ના નાશનો ઉપાય શો ? કયો ? - मात्र એક જ, અને તે आ : ब्रह्ममात्र-अवलोकनम् । - અવલોકન એટલે દૃષ્ટિ, દર્શન, સાક્ષાત્કાર. માત્ર બ્રહ્મદર્શન, કેવળ બ્રહ્મસાક્ષાત્કાર, બ્રહ્મથી દૃષ્ટિ, એ એક જ. પરંતુ આવું માત્ર-બ્રહ્મ-દર્શન પણ ઉપરછલ્લું અને મર્યાદિત નહીં. તો, કેવું ? सर्वं - સર્વમાં; सर्वदा - હંમેશાં, સદાકાળ, સર્વ સમયે; सर्वत्र - સર્વ સ્થળે; सर्वतः - સર્વ રીતે; અને सर्व-अवस्थासु એટલે જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ, એ ત્રણેય અવસ્થાઓ દરમિયાન.

(૩) तत् त्रयं सद्-भाव-वासना-दार्ढ्यात् लयं अश्नुते । लय એટલે નાશ; तत् त्रयं लयं अश्नुते । તે ત્રણેય, એટલે કે વિષયચિંતન - બાહ્યક્રિયા - વાસના, - નાશ પામે છે. શાનાથી નાશ પામે છે ? सद्-भाव-वासना-दार्ढ्यात् । दार्ढ्य એટલે દૃઢતા; દૃઢભાવ; પ્રબળતા, સામર્થ્ય, મજબૂતી. सद्-भाव એટલે 'सद्'માં, બ્રહ્મમાં ભાવ; અને सद्-भाव-वासना એટલે બ્રહ્મવાસના. કહેવાની જરૂર નથી કે અહીં 'વાસના' બ્રહ્મમાંની હોવાથી, **'वासना'** - શબ્દ 'ખરાબ' અર્થ માટે નહીં પણ 'સારા' અર્થમાં પ્રયોજાયો છે. (૩૧૬-૩૧૭)

અનુવાદ :

તે બંને (વિષયચિંતન અને તે પ્રમાણે થતી બાહ્ય ક્રિયા) વડે પ્રબળ થયેલી તે (વાસના) આત્માને સંસારી બનાવે છે. આ ત્રણેય (વિષયચિંતન, બાહ્ય ક્રિયા અને વાસના)નો નાશ કરવાનો ઉપાય, એટલે ત્રણેય અવસ્થાઓમાં, સર્વ સમયે, સર્વ સ્થળે, સર્વ પ્રકારે અને સર્વમાં, માત્ર બ્રહ્મનું જ દર્શન : આવી સદ્વાસના (એટલે કે બ્રહ્મવાસના) દૃઢ થવાથી જ એ ત્રણેયનો લય થાય છે. (૩૧૬-૩૧૭)

ટિપ્પણ :

આ પહેલાંના બે શ્લોકો(૩૧૪-૩૧૫)માં અને અહીં (શ્લોક-૩૧૬), મોક્ષાર્થી સાધક માટે, સંસારનું સર્જન (संसृतिं सूते), તેનાં નિવારણની મુશ્કેલી (संसारो न निवर्तते) અને તેનાં બંધનનાં છેદન માટે વાસના અને કર્મો તે બંનેનું પ્રદહન (यतिः तद् द्वयं प्रदहेत्), - એટલું નિરૂપણ કરવામાં આવ્યું; પરંતુ આ સમગ્ર પ્રક્રિયાનું સૂક્ષ્મ અને સંપૂર્ણ નિરીક્ષણ કરતાં, ગ્રંથકારને ખ્યાલ આવ્યો કે વિષયચિંતન અને તદનુસાર બાહ્ય ક્રિયા વડે વાસનાની વૃદ્ધિ થાય છે તે ભલે સાચું હોય, પરંતુ સાધકનાં સંસાર-સર્જન માટે, એટલે કે આત્માને સંસારી બનાવવાની પ્રક્રિયા માટે માત્ર આ બે (द्वयं) જ જવાબદાર નથી, એ બેથી વૃદ્ધિંગત થયેલી વાસના પણ એટલી જ અનર્થકારક છે; આમ, મુમુક્ષુ સાધકનાં ક્ષેમકુશળ માટે જો વિઘ્નોના નાશના ઉપાયની (क्षयोपायः) વિચારણા કરવી હોય તો, પેલાં બે(द्वयं)માં, વાસનાનો પણ ઊમેરો કરીને, તે ત્રણેય-(त्रयं)ના નાશના ઉપાયનો વિચાર કરવાનો રહે.

પરંતુ તે ત્રણેયને સંપૂર્ણરીતે નિર્મૂળ કરવાનો ઉપાય શો (त्रयाणां च क्षयोपायः) ? - એવા પ્રશ્નનો જડબેસલાક પ્રત્યુત્તર આ બે શ્લોકોના છેલ્લાં પાંચ ચરણોમાં આ પ્રમાણે, સંક્ષિપ્ત છતાં સચોટ રીતે, આપવામાં આવ્યો છે : પહેલી અને પાયાની વાત તો એ કે મોક્ષાર્થી સાધકે નાની-મોટી બીજી બધી બાબતોને ભૂલી જઈને, કેવળ બ્રહ્મનું જ દર્શન કરવાનું છે (ब्रह्ममात्रावलोकनम्); અહીં પણ આચાર્યશ્રી, એક પરિપક્વ તત્ત્વચિંતક અને આરૂઢ બ્રહ્મજ્ઞ તરીકે, આપણી સમક્ષ પ્રતીત થાય છે : 'બ્રહ્મદર્શન' માટે 'માત્ર' - શબ્દ પ્રયોજીને, એ 'દર્શન'નાં ઉચ્ચ અને આત્યંતિક સ્વરૂપ વિશે તેમણે અંગુલિનિર્દેશ તો કર્યો જ છે, તેમ છતાં આટલું પર્યાપ્ત ન જણાતાં, જે પ્રત્યેકમાં 'सर्व'-શબ્દ સમાવિષ્ટ થયો હોય એવા એકસામટા પાંચ શબ્દો (सर्वावस्थासु, सर्वदा, सर्वत्र, सर्वतः, सर्व) ઊમેરીને, આ બ્રહ્મમયી દૃષ્ટિને સંપૂર્ણ, સર્વાતિશાયી અને સર્વસમન્વયી હોવા પર ભાર મૂક્યો છે તે, આ પ્રત્યુત્તરનું બીજું મહત્ત્વનું પાસું છે.

અને ત્રીજી વાત એ કે આવું બ્રહ્મદર્શન એટલે જ સદ્‌ભાવવાસના, જે, પ્રબળ થાય ત્યારે - (दार्ढ्यात्), પેલા ત્રણ (त्रयं) માટે તો તે એક પ્રલયકારક 'બ્રહ્માસ્ત્ર' જ બની રહે (लयं अश्नुते) !

દાક્તરી પરિભાષામાં, જેને 'સર્વ રોગો માટેની એકમાત્ર ઔષધિ' 'પેનેશિયા' (Panacea) કહેવામાં આવે છે, એવું આ "કેવળ-બ્રહ્મ-દર્શન" પણ, મુમુક્ષુ સાધક માટે, તેની મોક્ષસાધનાના અનુસંધાનમાં, એકમાત્ર કેન્દ્રસ્થ અને પરાકાષ્ઠા-સ્વરૂપ

બની રહે, એ એક અસંદિગ્ધ હકીકત છે.

વળી, 'વાસના' - શબ્દને 'અનર્થ'ના વ્યંજક તરીકે પ્રયોજ્યા પછી, તરત જ, એ જ શબ્દને 'સદ્‌ભાવ' એટલે કે 'બ્રહ્મભાવ'ના સંદર્ભમાં, પ્રયોજીને (सद्‌भाववासना), એને 'પરમ-અર્થ'નું સ્વરૂપ તો આચાર્યશ્રી જેવા મોટા ગજાના શબ્દસ્વામી જ આપી શકે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૩૧૬-૩૧૭)

૩૧૮

क्रियानाशे भवेच्चिन्तानाशोऽस्माद् वासनाक्षयः ।
वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरुच्यते ॥३१८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

क्रियानाशे भवेच्चिन्तानाशोऽस्माद् वासनाक्षयः ।
वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरुच्यते ॥३१८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

क्रियानाशे चिन्तानाशः भवेत्, अस्मात् (चिन्तानाशात्) वासनाक्षयः (जायते), वासनाप्रक्षयः (एव) मोक्षः (अस्ति), सा (च) जीवन्मुक्तिः उच्यते ॥३१८॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) क्रियानाशे चिन्तानाशः भवेत् । ક્રિયા એટલે બહારની સ્થૂલ-ભૌતિક - સાંસારિક ક્રિયાઓ, એવી જ દુન્યવી પ્રવૃત્તિઓ; ચિન્તા એટલે વિષયોનું ચિંતન : ક્રિયાઓ છૂટી જતાં, બંધ થઈ જતાં, વિષયોનું ચિંતન નાશ પામે છે, છૂટી જાય છે.

(૨) अस्मात् (चिन्तानाशात्) वासनाक्षयः (जायते) । વિષયચિંતનનો આ નાશ થવાથી વાસનાનો ક્ષય(નાશ) થાય છે.

(૩) वासनाप्रक्षयः (एव) मोक्षः (अस्ति) । क्षयः-શબ્દને પ્ર-ઉપસર્ગ લાગવાથી 'ક્ષય' સંપૂર્ણ, સમૂળગો (प्रकर्षेण) બને છે : વાસનાનો આવો સંપૂર્ણ નાશ, એ જ મોક્ષ !

(૪) सा (च) जीवन्मुक्तिः उच्यते । અને આને જ, આવા મોક્ષને જ,

'જીવન્મુક્તિ' કહેવામાં આવે છે. (૩૧૮)

અનુવાદ :

(બાહ્ય) ક્રિયાઓનો નાશ થતાં, વિષયોનું ચિંતન નાશ પામે છે; આ (વિષયચિંતન)ના નાશને કારણે વાસનાઓનો ક્ષય થાય છે અને વાસનાઓનો સંપૂર્ણ ક્ષય એ જ મોક્ષ છે : આ(વાસનાના સંપૂર્ણ ક્ષયરૂપી મોક્ષ)ને જ **'જીવન્મુક્તિ'** કહેવામાં આવે છે. (૩૧૮)

ટિપ્પણ :

શ્લોક સર્વ રીતે, - શબ્દાર્થ, વાક્યરચના વગેરેની દૃષ્ટિએ, - સહેલો છે અને આ પહેલાંના બે શ્લોકો(૩૧૬-૩૧૭)માંના વિષયની જ પુષ્ટિ કરે છે.

સાંસારિક વ્યવહારનાં કાર્યો અને વિષયોનું ચિંતન, - એ બંને પરસ્પરને પોષક પ્રક્રિયાઓ છે : કાર્યો વિષયોનાં ચિંતનને પ્રેરે છે અને વિષયોનું ચિંતન જ વળી પાછાં સાધકને કાર્યો પ્રત્યે ઉત્તેજિત કરે છે; અને શ્લોક-૩૧૬માં જણાવવામાં આવ્યું છે તેમ, આ બંને (બાહ્ય ક્રિયાઓ અને વિષયચિંતન) વડે વાસના પ્રબળ થાય છે (ताभ्यां प्रवर्धमाना सा वासना) અને આત્માને સંસારી બનાવે છે - (आत्मनः संसृतिं सूते ।). એટલે, સાધકે જો મોક્ષ પામવો હોય તો, આ ત્રણેય(ક્રિયા, ચિંતન અને વાસના)ને નિર્મૂળ કરવાં જ રહ્યાં !

અને એમાંયે, ક્રિયા તથા ચિંતનનો નાશ થતાં પરિણામ તો વાસનાઓનો સમૂળગો ક્ષય (प्र-क्षयः), - એ જ મોક્ષ, મોક્ષનો પર્યાય ! વાસનામુક્તિ એ જ મુક્તિ !

માનવજીવન સાથે સંકળાયેલા ચાર પુરુષાર્થો(ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)માંના છેલ્લા-ચોથા પુરુષાર્થ(મોક્ષ) વિશેની એક પ્રચલિત માન્યતા કે મોક્ષ તો મૃત્યુ પછી જ મળી શકે ! એ માન્યતાનું આચાર્યશ્રી અહીં ખંડન કરે છે, - એમ ભારપૂર્વક કહીને કે આવો વાસના-પ્રક્ષયરૂપી મોક્ષ, એને જ **'જીવન્મુક્તિ'** કહેવામાં આવે છે ! - (सा जीवन्मुक्तिः उच्यते ।). આચાર્યશ્રીને અહીં જે અભિપ્રેત છે તે એ કે 'મુમુક્ષુ' જો સાચા અર્થમાં 'મોક્ષ ઇચ્છતો' હોય તો, એટલે કે એની મોક્ષ-સાધના જો સંપૂર્ણ, સંનિષ્ઠ અને હૃદયોદ્‌ભૂત હોય તો, એને મૃત્યુની રાહ જોવાની જરૂર રહેતી નથી : અહીં જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે, - વાસનાનો **'પ્રક્ષય'**- જો તે સિદ્ધ કરી શક્યો હોય તો, છતે દેહે અને જીવાતાં જીવન દરમિયાન જ, તેણે મુક્તિ પ્રાપ્ત કરી લીધી કહેવાય અને આવી સંસિદ્ધિને જ **'જીવન્મુક્તિ'** કહેવામાં આવે છે.

હકીકતમાં, આચાર્યશ્રીનાં મનમાં 'મોક્ષ'ની આવી વિશિષ્ટ વિભાવના છે,

તેથી આ જ ગ્રંથના અંતભાગમાં, (શ્લોક-૪૨૬થી વીશેક શ્લોકોમાં), તેમણે **'જીવન્મુક્ત'**નાં લક્ષણોનું સ્પષ્ટ અને સવિસ્તર નિરૂપણ કર્યું છે.

મિથિલાના રાજા જનક, આવા એક **'જીવન્મુક્ત'** તરીકે, પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક-આધ્યાત્મિક પરંપરામાં પ્રસિદ્ધ છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૧૮)

૩૧૯

सद्वासनास्फूर्तिविजृम्भणे सति
ह्यसौ विलीना त्वहमादिवासना ।
अतिप्रकृष्टाप्युरुणप्रभायां
विलीयते साधु यथा तमिस्रा ॥३१९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सद्वासनास्फूर्तिविजृम्भणे सति
ह्यसौ विलीना त्वहमादिवासना ।
अतिप्रकृष्टाप्युरुणप्रभायां
विलीयते साधु यथा तमिस्रा ॥३१९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા અતિપ્રકૃષ્ટા અપિ તમિસ્રા અરુણપ્રભાયાં સાધુ વિલીયતે, (તથા) સદ્વાસનાસ્ફૂર્તિવિજૃમ્ભણે સતિ હિ અસૌ અહમ્-આદિ-વાસના તુ વિલીના (ભવતિ) ॥૩૧૯॥

શબ્દાર્થ :

બે ઘટનાઓ વચ્ચે સમાનતા દર્શાવવા માટે, અહીં, યથા (જેમ, જેવી રીતે)-તથા(તેમ, તેવી રીતે)વાળાં બે વાક્યો આ પ્રમાણે યોજવામાં આવ્યાં છે :

(૧) અસૌ અહમ્-આદિ-વાસના તુ વિલીના (ભવતિ) । વિલીના ભવતિ એટલે એનો લય થઈ જાય છે, એ નાશ પામે છે. અહમ્-આદિ-વાસના એટલે અહંકાર - વગેરે, એને લગતી વાસના; વાક્યમાંનો તુ-શબ્દ ભાર(Emphasis)ને અભિવ્યક્તિ કરે છે : આવી વાસના પણ નાશ પામે છે. આ વાસના ક્યારે વિલીન થઈ જાય છે ? - સદ્-વાસના-સ્ફૂર્તિ-વિજૃમ્ભણે સતિ । સદ્ એટલે બ્રહ્મ; વિજૃમ્ભણ

એટલે પ્રસરવું, પ્રગટ થવું, ફેલાવું; જ્યારે બ્રહ્મ-વાસનાની સ્ફૂર્તિ પ્રગટ થાય ત્યારે; (આ વાક્યમાં, સમય દર્શાવતી 'સતિ-સપ્તમી'-રચના પ્રયોજવામાં આવી છે.) તથા એટલે તેવી રીતે, કેવી રીતે ? હવે પછીનાં, બીજાં વાક્યમાં, જણાવવામાં આવ્યું છે, તે, આ રીતે :

(૨) (યથા) **અતિપ્રકૃષ્ટા તમિસ્રા અપિ વિલીયતે** । તમિસ્રા એટલે રાત્રિ, રાત; કેવી રાત્રિ ? - **અતિપ્રકૃષ્ટા અપિ** - અત્યંત અંધારી, ઘોર અંધારી, સંપૂર્ણરીતે અંધારમય; આવી રાત્રિ પણ નાશ પામે છે, દૂર થઈ જાય છે, વિલાઈ જાય છે; કેવી નાશ પામે છે ? **સાધુ** - સારી રીતે, એટલે કે પૂરેપૂરી; આવું ક્યારે બને છે ? **અરુણપ્રભાયામ્** । અરુણ એટલે સૂર્ય; આમ તો, અરુણ એ સૂર્યના રથના સારથિનું નામ છે; પણ અહીં આ શબ્દ 'સૂર્ય'ના અર્થમાં પ્રયોજાયો છે. પ્રભા એટલે પ્રકાશ, તેજ, અજવાળું; અહીં, આ અજવાળું, પરોઢના લાલ રંગનું સમજવાનું છે. પ્રભાત થતાં, સૂર્યની લાલિમા પ્રગટ થાય ત્યારે. (૩૧૯)

અનુવાદ :

જેવી રીતે ઘોર અંધારી રાત પણ સૂર્યનો પ્રકાશ પ્રગટ થતાં જ સારી રીતે વિલાઈ જાય છે, તેમ બ્રહ્મ-વાસનાની સ્ફૂર્તિ ફેલાતાં, અહંકાર વગેરેને લગતી આ વાસના પણ વિલીન થઈ જાય છે. (૩૧૯)

ટિપ્પણ :

મોક્ષના પર્યાય (Synonym) તરીકે જે વાસનાના સમૂળગા નાશ-(પ્રક્ષય)ની વાત ગયા શ્લોકમાં કહેવામાં આવી હતી તે, અહંકાર વગેરેને લગતી (અહમ્-આદિ) અનર્થકારી વાસના વિશેની જ હતી. વળી, આવી વાસનાનો માત્ર 'સામાન્ય પ્રકારનો' નહીં, પરંતુ 'સમૂળગો-સંપૂર્ણ નાશ' (પ્ર-ક્ષય) થાય **તો** અને **ત્યારે** જ, તે 'મોક્ષ' બની શકે, અન્યથા નહીં.

પરંતુ આવું ક્યારે શક્ય બને ? આવી પ્રબળ વાસનાનો વિલય સંભવિત ક્યારે થાય ? આ સવાલનો જવાબ, જેટલો દેખાય છે એટલો અઘરો નથી અને, સાથે સાથે, શબ્દો વડે બોલાય, એટલો સહેલો પણ નથી ! આવો વિરોધાભાસ શા માટે ?

વાતને જરા ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ : પહેલી વાત તો એ કે મૂળમાં **'વાસના'**-શબ્દ 'ખરાબ' નથી. **'વાસના'** એટલે 'પૂર્વના સંસ્કારોથી દૃઢ બનેલી ઇચ્છા'. ટૂંકમાં, **'વાસના'** એટલે **'ઇચ્છા'**. અને 'ઇચ્છા' તો **'સારી'**યે હોય અને **'ખરાબ'** પણ હોય. એ 'સારી-નરસી' હોવાનો આધાર, મનુષ્યના પૂર્વ-સંસ્કારોના

'સારા-નરસા' હોવા પર રહે છે. તેના પૂર્વ-સંસ્કારો 'સારા' હોય તો તેને સદ્-વાસના, આત્મ-વાસના અથવા બ્રહ્મ-વાસના સેવવાનું સૂઝે છે; પરંતુ જો તેના પૂર્વ-સંસ્કારો 'ખરાબ' હોય તો-તો, તેના નસીબે અહંકાર-વાસના, વિષયવાસના અથવા અનાત્મ-વાસના જ રહે !

એટલે, જો તેના પૂર્વ-સંસ્કારોના સારા પ્રભાવનાં પરિણામે, તેની બ્રહ્મવાસના-સ્ફૂર્તિ સોળે કળાએ પ્રગટ થઈ જાય (सद्-वासना-स्फूर्ति-विजृम्भणे सति), તો પેલી રાંક જેવી, બાપડી, અહંકાર-વગેરેને લગતી વાસના તો પળવારમાં જ વિલીન થઈ જાય (असौ अहमादि-वासना तु विलीना भवति ।) ! એનો એક અંશ પણ ટકી ન શકે !

રાત ભલેને અમાસની ઘોર અંધારી હોય (अतिप्रकृष्ट तमिस्रा अपि), ભગવાન સૂર્યનારાયણનો પ્રકાશ પ્રગટે એટલી વાર ! (अरुणप्रभायां). રાતને, બિચારીને, નાસી જવા સિવાય છૂટકો જ નહીં (साधु विलीयते ।) ! અજવાળું આવે, એટલે અંધારાંનું આવી જ બને ! બંને એકબીજાનાં પૂરાં વિરોધી ! બંને, એકીસાથે, રહી જ ન શકે !

બસ, એવું જ અહંકાર-વાસનાનું ! બ્રહ્મવાસનાનો ઉદય થાય, એટલી જ વાર !

બે વાત, આ શ્લોકમાં, નોંધપાત્ર છે : એક તો એ કે 'वासना'- શબ્દ, 'सद्' અને 'अहं', - બંને સાથે પ્રયોજાયા છે : મહત્ત્વ 'વાસના'નું નથી, એ કોની સાથે જોડાયેલી છે, તેનું છે ! અને બીજું, શ્લોકમાં પ્રયોજાયેલી ઉપમા જેટલી ઔચિત્યપૂર્ણ છે, એટલી જ અર્થસાધક અને આચાર્યશ્રીની કવિ-સૂઝની પરિચાયક છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૧૯)

૩૨૦

तमस्तमस्कार्यमनर्थजालं
न दृश्यते सत्युदिते दिनेशे ।
तथाऽद्वयानन्दरसानुभूतौ
नैवास्ति बन्धो न च दुःखगन्धः ॥३२०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तमस्तमस्कार्यमनर्थजालं
न दृश्यते सत्युदिते दिनेशे ।

तथाऽद्वयानन्दरसानुभूतौ
नैवास्ति बन्धो न च दुःखगन्धः ॥३२०॥

શ્લોકનો ગદ્ય અન્વય :

दिनेशे उदिते सति, तमः तमस्कार्यं अनर्थजालं (च) न दृश्यते, तथा अद्वय-आनन्दरस-अनुभूतौ (जातायां सति) न एव बन्धः, न च दुःखगन्धः अस्ति ॥३२०॥

શબ્દાર્થ :

અહીં પણ, યથાપૂર્વ, યથા-તથા-ની વાક્યરચના છે અને તાત્પર્ય પણ એ જ છે, - આ પ્રમાણે, બે સ્વતંત્ર વાક્યોમાં અભિવ્યક્ત :

(૧) न एव बन्धः (अस्ति), न च दुःखगन्धः (अस्ति) । बन्ध એટલે સંસારનું, સંસારરૂપી બંધન; दुःखगन्ध એટલે સંસાર-બંધનને કારણે આવી પડતાં દુઃખોની ગંધ, એનો અંશ માત્ર, એની રજમાત્ર પણ રહેતી નથી; આવું ક્યારે બને છે ? - अद्वय-आनन्दरस-अनुभूतौ (जातायां सति) । अद्वय એટલે અદ્વૈત, અદ્વિતીય; આનન્દરસ એટલે આત્માનંદનો રસ, બ્રહ્માનંદનો રસ. આ રસની અનુભૂતિ થતાં, આ રસ અનુભવ્યા પછી; આ વાક્યમાં, સમયનો નિર્દેશ કરતી 'सति-सप्तमी' વાક્યરચના છે : અદ્વિતીય બ્રહ્માનન્દના રસનો આસ્વાદ થાય ત્યારે, નથી રહેતું બંધન કે નથી ટકતી, એને કારણે આવી પડતાં દુઃખોની ગંધ !

આ ઘટના કોના જેવી છે ? આવું કોની જેમ બને છે ?

(૨) तमः तमस्कार्यं अनर्थजालं (च) न दृश्यते । तमः એટલે અંધકાર, અંધારું; तमस्कार्यं એટલે तमसः कार्यं, અંધકારનું કાર્ય, એનું પરિણામ; જાલ એટલે સમૂહ, સમુદાય; અંધારાનાં પરિણામે સર્જાતાં (ચોરી, ખૂન, લૂંટ વગેરે) અનર્થોની, ઉપદ્રવોની પરંપરા : આવું કશું જોવામાં આવતું નથી, દેખાતું નથી. ક્યારે ? - दिनेशे उदिते सति । दिनेश દિનને, દિવસને પ્રગટ કરનાર, સૂર્ય; સૂર્યનો ઉદય થતાં, સૂર્ય ઊગ્યા પછી. અહીં પણ 'सति-सप्तमी' વાક્યરચના છે. (૩૨૦)

અનુવાદ :

સૂર્ય ઊગ્યા પછી, જેમ અંધકાર કે અંધકારનાં (પરિણામ-સ્વરૂપ) (ચોરી વગેરે) અનર્થોની જાળ જોવામાં આવતી નથી, તેમ જ અદ્વૈત આનંદરસ અનુભવ્યા પછી, બંધન અને (બંધનને કારણે સર્જાતાં) દુઃખોની ગંધ પણ રહેતી નથી. (૩૨૦)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં અભિવ્યક્ત કરવામાં આવેલા વિચારને જ અહીં બીજા શબ્દોમાં રજૂ કરવામાં આવ્યો છે અને એકીસાથે અમલમાં આવતી બે ઘટનાઓ મારફત પ્રસ્તુત ઘટનાઓનું એવું જ સામ્ય અહીં પણ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે : (૧) ખૂન, ચોરી, હિંસા, લૂંટફાટ વગેરે ઉપદ્રવો, રાતનાં અંધારાં દરમિયાન અને અંધારાંને કારણે જ શક્ય બનતાં હોય છે; પરંતુ સૂર્ય ઊગ્યા પછી (दिनेशे उदिते सति), અંધારું અને એ જ અંધારાંમાં બનતાં પેલાં અનર્થો ક્યાંય દેખાતાં નથી (न दृश्यते).

(૨) અહંકાર વગેરેને લગતી વાસનાનાં સેવન અને સંપર્કનાં પરિણામે, મનુષ્યને, સંસારનાં બંધનો અને બંધનોને કારણે આવી પડતાં અનેક અસહ્ય દુઃખોનો ભોગ બનવું પડે છે; પરંતુ અદ્વિતીય બ્રહ્મના આનંદરસનો અનુભવ થાય કે તરત જ, अद्वय-आनन्दरस-अनुभूतौ, બંધન કે બંધનમાં દુઃખોનું અસ્તિત્વ ક્યાય ટકી શકતું નથી (नैवास्ति बन्धो न च दुःखगन्धः).

જેમ અજવાળાંની હાજરીમાં અંધારું ટકી શકતું નથી, તેમ જ આત્માના આનંદનો રસાસ્વાદ થતો હોય ત્યારે, દુઃખની ગંધ સરખી પણ રહી શકતી નથી : અદ્વૈત આત્માનંદનું મુક્ત વાતાવરણ સર્વત્ર જામ્યું હોય ત્યાં, બંધનની ભીંસ માટે તો ક્યાંય અવકાશ જ ન રહે !

આ અનુસંધાનમાં, છાંદોગ્ય-ઉપનિષદનો એક પ્રસંગ યાદ આવી જાય છે : **'मंत्रविद्'** હોવા છતાં **'आत्मविद्'** નહીં એવા નારદ, પોતાની અકૃતાર્થ બુદ્ધિ વડે **'शोक'** અનુભવી રહ્યા હતા, તેથી તેઓશ્રી બ્રહ્મનિષ્ઠ યોગીશ્વર એવા સનત્કુમાર પાસે, 'समित्पाणि' બનીને, શિષ્યભાવે, ગયા અને તેમને જણાવ્યું કે "મેં આપના જેવા પાસેથી સાંભળ્યું છે કે જે **'आत्मविद्'** હોય, તે શોકને તરી જાય છે (तरति शोकं आत्मविद् ।) અને હું અત્યારે શોક-ગ્રસ્ત છું (सोऽहं भगवः शोचामि ।), તો આપ મને આ શોકના સાગરની પાર લઈ જાઓ (तं मा शोकस्य पारं तारयतु ।); અને ઉપનિષદના ઋષિ કહે છે કે સનત્કુમાર પાસેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને, નારદ, આત્માના આનંદરસની અનુભૂતિ કર્યા પછી, તરત જ, પોતાને પીડી રહેલા પેલા શોકને તરી ગયા હતા. (૭, ૧-૨-૩)

આનંદરસના આવા જ અનુભવનું સમર્થન આપણને સાહિત્યશાસ્ત્રમાંથી પણ મળે છે : આ શાસ્ત્રના વિવેચકો એકી-અવાજે એવું પ્રતિપાદન કરે છે કે સાહિત્યના કરુણ-રૌદ્ર-ભયાનક જેવા રસો સહિત નવે-નવ રસ, સહૃદય સાહિત્યરસિકોને, રસાનુભૂતિના સમયે, જાણે અન્ય કશું જાણવાનું હોય જ નહીં, એવી રીતે,

'બ્રહ્માસ્વાદસહોદર' આનંદ આપે છે :

वेद्यान्तरस्पर्शशून्यो ब्रह्मास्वादसहोदरः ॥ ("साहित्यदर्पण" ૩, ૨)

સાહિત્યના રસનો જાદુ (Magic, Miracle) જો આવો હોય તો, અદ્વૈત એવા આનંદ-રસની અનુભૂતિ વિશે તો કહેવું જ શું ? આવો દિવ્ય-અદ્‌ભુત રસાસ્વાદ હોય, ત્યાં પછી સંસારનાં બંધનો અને દુઃખોનું, બિચારાંનું તો, ગજું જ શું, ટકવાનું-ટકી શકવાનું ?

શ્લોકની પહેલી પંક્તિમાંનું तमस्-तमस्-નું પુનરાવર્તન જેટલું અનાયાસ-સિદ્ધ છે, એટલું જ શબ્દ-ચમત્કૃતિ-સર્જક છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૨૦)

૩૨૧

दृश्यं प्रतीतं प्रविलापयन् स्वयं
सन्मात्रमानन्दघनं विभावयन् ।
समाहितः सन् बहिरन्तरं वा
कालं नयेथाः सति कर्मबन्धे ॥३२१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

दृश्यं प्रतीतं प्रविलापयन् स्वयं
सन्मात्रमानन्दघनं विभावयन् ।
समाहितः सन् बहिरन्तरं वा
कालं नयेथाः सति कर्मबन्धे ॥३२१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

કર્મબન્ધે સતિ, પ્રતીતં દૃશ્યં પ્રવિલાપયન્, સ્વયં આનન્દઘનં સન્માત્રં વિભાવયન્, બહિઃ અન્તરં વા, સમાહિતઃ સન્, કાલં નયેથાઃ ॥૩૨૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (હે શિષ્ય ! ત્વં) કાલં નયેથાઃ । શિષ્યને સંબોધન કરી રહેલા ગુરુજી તેને સૂચવે છે કે "તું સમય વીતાવ ! તારી જિંદગીના કાળને તું પસાર કરતો રહે !"

આવું ક્યારે અને ક્યાં કારણે કરવાનું ? અને શું કરતાં-કરતાં કરવાનું ? -

આ બે પ્રશ્નોના ઉત્તરો આ પ્રમાણે અપાયા છે :

(૧) કર્મબન્ધે સતિ । (આ 'સતિ-સપ્તમી' વાક્યરચના છે.) જો તારાં કર્મનાં બંધનો હજુ બાકી હોય તો, એટલે કે એ બંધનો ચાલુ હોય તે દરમિયાન, ત્યાં સુધી; (૨) આ કારણે, આ દરમિયાન, સાધકે, આ ત્રણ પ્રક્રિયાઓ કરતાં-કરતાં, પોતાનો સમય પસાર કરવાનો રહે છે :

(અ) પ્રતીતં દૃશ્યં પ્રવિલાપયન્ । દૃશ્ય એટલે આ 'દેખાતું' જગત; પ્રતીત એટલે પ્રતીયમાન થતું, જણાતું, અનુભવાતું; (પ્રવિલાપયન્ (પ્ર + વિ + લિ એ ધાતુનાં પ્રેરકનું વર્તમાનકૃદંતનું રૂપ) લય કરતાં-કરતાં, નાશ-નિવારણ કરતાં-કરતાં : પ્રતીયમાન થઈ રહેલા આ દશ્ય પ્રપંચનો લય કરતાં-કરતાં (સાધકે સમય વીતાવવાનો રહે છે.)

(બ) સ્વયં આનન્દઘનં સન્માત્રં વિભાવયન્ । વિભાવયન્ (વિ + ભૂ એ ધાતુનાં પ્રેરકનું વર્તમાનકૃદંતનું રૂપ) વિભાવના કરતાં-કરતાં, અનુભવ કરતાં-કરતાં; શાની વિભાવના કરવાની છે ? - સ્વયં પોતાની, આત્માની, નિજની; આ સ્વયં-નું સ્વરૂપ કેવું છે ? આનન્દઘનં અને સન્માત્રં; એનું સ્વરૂપ આનંદ વડે ઘન છે અને તે સત્-સ્વરૂપ છે, એનું સ્વરૂપ સત્તા-માત્ર (Only Existence) છે. આવાં સ્વયં-ની ભાવના કરતાં-કરતાં (શિષ્યે સમય વીતાવવાનો રહે છે).

(ક) બહિઃ અન્તરં વા સમાહિતઃ સન્ । સમાહિતઃ એટલે સમાધિસ્થ, સ્વસ્થ; સન્ (અસ્ ધાતુનું વર્તમાનકૃદંતનું રૂપ) રહીને, થઈને, બનીને; બહિઃ એટલે બહાર અને અન્તરં અંદર, ભીતર; બહારથી અને અંદર સમાધિસ્થ રહીને (શિષ્યે સમય વીતાવવાનો રહે છે).

આવી ત્રણ પ્રક્રિયાઓ કરતાં રહીને, કર્મબંધન બાકી હોય તો અને ત્યાં સુધી, તે દરમિયાન, સાધકે કાળ-નિર્ગમન કરવાનો રહે છે. (૩૨૧)

અનુવાદ :

જો (તારાં) કર્મનાં બંધન હજુ બાકી રહ્યાં હોય તો (ત્યાં સુધી), આ દેખાતા જગતનો લય કરતાં-કરતાં, પોતાની આનંદઘન જાતનો અને પોતાનાં સત્તા-માત્ર સ્વરૂપનો અનુભવ કરતાં રહીને, અંદર અને બહારથી સ્વસ્થ રહીને સમય પસાર કર. (૩૨૧)

ટિપ્પણ :

વિષયચિંતન અને એ જ પ્રમાણે સંસારની બાહ્ય ક્રિયાઓ વાસનાને પ્રબળ બનાવે છે, પરંતુ જો ક્રિયાઓના નાશથી વિષયચિંતન નાશ પામે, તો વાસનાઓનો

નાશ થાય છે; અને વાસનાઓનો આ સંપૂર્ણ નાશ (પ્ર+ક્ષય), એ જ મોક્ષ, એવું પ્રતિપાદન કર્યા પછી, આચાર્યશ્રી, આવા 'જીવન્મુક્ત'ને આ શ્લોકમાં એક મહત્ત્વની સૂચના આપે છે.

આવા, જીવતા મુક્ત જ્ઞાનીની, મોક્ષ-કારકિર્દીમાં પણ જો 'પ્રારબ્ધ' કર્મોનો સંપૂર્ણ ક્ષય ન થયો હોય અને એટલાં પૂરતાં એનાં કર્મબંધનો જો શેષ રહી ગયાં હોય તો, આવા મુક્તાત્માનો પણ દેહ છૂટતો નથી, પરંતુ તેણે જિંદગીને તો જીવવી જ પડે, એટલે કે તેણે જીવવાનું તો ચાલુ રાખવું જ પડે; બાકી રહેલું આયુષ્ય તો તેણે પસાર કરવાનું જ રહે. આવા જ્ઞાનીએ પોતાનાં આ સમયને કેવી રીતે પસાર કરવો (कालं नयेथाः) એની સૂચના આચાર્યશ્રીએ અહીં આપી છે.

કર્મો સંપૂર્ણરીતે ન ભોગવાય, ત્યાં સુધી, એ કર્મોનું બંધન તો રહે જ, - 'બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે' - એવી પ્રતીતિ અને અનુભૂતિ જેને થઈ ગઈ છે, એવા જ્ઞાનીને પણ. તો પછી, તેણે પોતાની બાકી રહેલી જિંદગીમાં સમય કેવી રીતે વીતાવવો ?

એના 'મુક્તાત્મા'પણાંને કશી હાનિ ન પહોંચે અને એનાં 'પ્રારબ્ધ' કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય, એ માટે આચાર્યશ્રી એને **ત્રણ** મહત્ત્વની સૂચના આ પ્રમાણે આપે છે : (૧) "જગતનો આ પ્રપંચ તો દૃશ્ય અને પ્રતીયમાન છે જ, તેને તું તારાં મૂળ અધિષ્ઠાન-રૂપ બ્રહ્મમાં વિલીન કરી નાખ; (૨) તું પોતે તો આનંદ-ઘન-સ્વરૂપ છો, એટલે તારાં એ સત્તામાત્ર સ્વરૂપનો સતત સાક્ષાત્કાર કરતો રહે; અને (૩) બાહ્યાભ્યંતર સ્વસ્થ અને સમાધિસ્થ રહે."

"આ દરમિયાન, પેલાં 'પ્રારબ્ધ' કર્મો ક્ષીણ થઈ જાય, એ કર્મનાં બંધનો તારા માટે રહે નહીં અને તું સ્વયં તો 'મુક્તાત્મા' છો જ : બસ, આ રીતે તું તારી 'જીવન્મુક્તિ'ની સિદ્ધિને અકબંધ સુરક્ષિત રાખી શકીશ."

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૨૧)

૩૨૨

प्रमादो ब्रह्मनिष्ठायां न कर्तव्यः कदाचन ।
प्रमादो मृत्युरित्याह भगवान् ब्रह्मणः सुतः ॥३२२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રમાદો બ્રહ્મનિષ્ઠાયાં ન કર્તવ્યઃ કદાચન ।
પ્રમાદો મૃત્યુરિત્યાહ ભગવાન્ બ્રહ્મણઃ સુતઃ ॥૩૨૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્મનિષ્ઠાયાં પ્રમાદઃ કદાચન ન કર્તવ્યઃ । પ્રમાદઃ મૃત્યુઃ (અસ્તિ) ઇતિ બ્રહ્મણઃ સુતઃ ભગવાન્ આહ ॥૩૨૨॥

શબ્દાર્થ :

બ્રહ્મનિષ્ઠા એટલે 'હું બ્રહ્મ છું' - એવું ચિંતન; એવી નિષ્ઠા; કદાચન એટલે કદી, ક્યારેય પણ; પ્રમાદ એટલે આળસ, અસાવધાની, ગાફેલપણું; બ્રહ્મનિષ્ઠામાં મુમુક્ષુ સાધકે કદાપિ પ્રમાદ ન કરવો. ગુરુજીના આ પ્રકારના આદેશ માટેનું સમર્થન શું છે ? બ્રહ્મણઃ સુતઃ ભગવાન્ એટલે બ્રહ્માજીના સુપુત્ર ભગવાન **સનત્સુજાત.** તેમણે નિરૂપણ કર્યું છે (આહ) કે 'પ્રમાદ એ તો મૃત્યુ જ છે' (પ્રમાદઃ મૃત્યુઃ અસ્તિ ।). (૩૨૨)

અનુવાદ :

બ્રહ્મનિષ્ઠામાં (સાધકે) કદાપિ પ્રમાદ ન કરવો; (કારણ કે) 'પ્રમાદ જ મૃત્યુ છે', - એમ બ્રહ્માજીના પુત્ર ભગવાને (સનત્સુજાતે પોતે જ) કહ્યું છે. (૩૨૨)

ટિપ્પણ :

વિષય-ચિંતન, એ ચિંતન પ્રમાણે જ સંસારમાંની બાહ્ય ક્રિયાઓ અને વાસનાઓ, - આ બધાં, સાધકની જીવનકારકિર્દીમાં કેવાં-કેવાં અનર્થો અને અનિષ્ટો સર્જે છે, એની લંબાણ-ચર્ચા કર્યા પછી, આચાર્યશ્રીએ, અંતે, એવું પ્રતિપાદન કર્યું કે સર્વ અનર્થોની પરાકાષ્ઠા સમી વાસનાનો સમૂળ નાશ, એ જ મોક્ષ છે અને વાસનાની સંપૂર્ણ નિવૃત્તિ એ જ જીવન્મુક્તિ છે.

પરંતુ એમને પોતાને પણ ખ્યાલ છે કે ઉપર્યુક્ત અનર્થો અને વાસનાનો 'પ્રક્ષય', મુમુક્ષુ પાસેથી સતત સાવધાનતા અને સક્રિય શ્રમ તથા પુરુષાર્થની અપેક્ષા રાખે છે. પોતાની સાધનામાં સાધક જો જરા પણ આળસ, અસાવધાની, ગાફેલપણું દાખવે તો, એની મોક્ષની અભીપ્સા અધૂરી જ રહે; એટલે, આ શ્લોકથી હવે પછીના થોડા શ્લોકોમાં, સાધક, પ્રમાદથી દૂર રહે એ ઉદ્દેશથી, તેમણે પ્રમાદનાં ભયંકર સ્વરૂપનું વર્ણન કર્યું છે.

આરંભમાં જ એમણે મોક્ષાર્થીને સ્પષ્ટ ચેતવણી સંભળાવી દીધી કે 'બ્રહ્મનિષ્ઠામાં કદાપિ પ્રમાદ કરવો નહીં' અને પોતાની આ આજ્ઞાના સમર્થનમાં, સ્વયં બ્રહ્માજીના આદરણીય સુપુત્ર સનત્સુજાતનો, પ્રમાદ વિશેનો સુનિશ્ચિત અભિપ્રાય તેમણે અભિવ્યક્ત કર્યો કે 'પ્રમાદ એ જ મૃત્યુ છે.'

પ્રમાદ-નિંદાના આ અનુસંધાનમાં, બે વાત યાદ રાખવાની રહે છે : એક તો

એ કે અજ્ઞાતવાસના તેરમા વર્ષ પછી, વિરાટનગરીથી પાછા આવેલા પાંડવો, રાજ્યની માગણી ન કરે એ હેતુથી, ધૃતરાષ્ટ્રે, પાંડવોને સમજાવવા માટે, પોતાના અંગત દૂત એવા સંજયને તેમની પાસે મોકલ્યો. પરંતુ પોતાની આ શાંતિ-યાત્રામાં તે નિષ્ફળ નીવડ્યો અને પાછા આવીને ધૃતરાષ્ટ્રને આ વાત કરી, તેથી ધૃતરાષ્ટ્ર બેચેન બની ગયો; પોતાની બેચેનીમાં રાહત મેળવવા, રાત્રે, તેણે વિદુરને પોતાની પાસે બોલાવ્યો; પરંતુ **મહાભારત**ના ઉદ્યોગપર્વમાંની સુપ્રસિદ્ધ **'વિદુરનીતિ'**થી પણ એની અસ્વસ્થતા દૂર ન થઈ ત્યારે, ધૃતરાષ્ટ્રનાં હિતમાં, વિદુર પોતે જ, બ્રહ્મવિદ્યાના પરમ જ્ઞાતા અને **'આજાનસિદ્ધ'** એવા સનત્સુજાતને, આવાહન કરીને ત્યાં બોલાવે છે અને ધૃતરાષ્ટ્રને કશોક ઉચિત અને આવશ્યક ઉપદેશ આપવા તેમને વિનંતી કરે છે, ત્યારે, **'વિદુરનીતિ'**ની જેમ જ સુપ્રસિદ્ધ **'સનત્સુજાતીય'**-નામે આઠ અધ્યાયમાં, તેઓશ્રી, એક પ્રશ્નના ઉત્તરરૂપે, ધૃતરાષ્ટ્રને કહે છે કે 'હું તો પ્રમાદને જ મૃત્યુ કહું છું' : પ્રમાદં વૈ મૃત્યું અહં બ્રવીમિ ।

અને આ જ સંદર્ભમાં **બીજી** મહત્ત્વની હકીકત એ છે કે **'સનત્સુજાતીય'**માંનો આ ઉપદેશ આચાર્યશ્રીને એવો મૂલ્યવાન જણાયો કે તેમણે પોતે તેના પર ભાષ્ય રચ્યું અને આ જ વાતનો, અહીં, આ શ્લોકમાં ઉલ્લેખ છે.

સહુ જાણે છે તેમ, મૃત્યુ એ મનુષ્યનાં જીવન સાથે સ્વાભાવિક રીતે જ સંકળાયેલી એક અનિવાર્ય ઘટના છે. એની અનિવાર્યતા પર ભાર મૂકવા માટે જ, ભગવાન શ્રીકૃષ્ણે, ગીતામાં, જન્મેલા જીવ માટે મૃત્યુને 'ધ્રુવ' કહ્યું છે : **જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ** । (૨, ૨૭). ઈશ્વર-રચિત આ ઘટમાળથી કોઈ જ શરીરધારી જીવ મુક્ત નથી.

ભૂતમાત્રનાં જીવનને અંતે સુનિશ્ચિત એવાં આ મૃત્યુનાં સ્વરૂપને સહુ જાણે છે પરંતુ આ 'પ્રમાદ' વળી 'મૃત્યુ' કેવી રીતે ? - એવો સવાલ સ્વાભાવિક રીતે જ સહુ કોઈને થાય.

એટલે, **સૌપ્રથમ** ચોખવટ એ કરવાની રહે કે 'મૃત્યુ'-શબ્દ અહીં 'વાચ્યાર્થ'માં (Literally) પ્રયોજાયો નથી, પરંતુ એનો 'આલંકારિક' (Metaphorical) અર્થ સમજવાનો રહે છે. વાચ્યાર્થમાં મૃત્યુ એટલે જીવનનો અંત; એ જ પ્રમાણે, સાધક માટે પણ 'પ્રમાદ' એટલે એની સાધના-કારકિર્દીનો અંત ! સાધકનાં જીવનનું સુનિશ્ચિત ધ્યેય છે, મોક્ષપ્રાપ્તિ; પરંતુ જો તે આ ધ્યેયને સંપન્ન કરવામાં 'આળસ' (પ્રમાદ) કરે, મોક્ષપ્રાપ્તિ માટે બેદરકાર કે નિષ્ક્રિય રહે, એની ઉપેક્ષા કરે, પરમ-પુરુષાર્થ એવા મોક્ષને બદલે સંસારી જીવનનાં ધર્મ-અર્થ-કામ એવા ત્રણ પુરુષાર્થોની આળપંપાળમાં ફસાઈ જાય તો, એની મોક્ષસાધનારૂપી જીવન-કારકિર્દીનો ત્યાં જ

અકાળે અંત આવી જાય અને એ જ એના માટે તો મૃત્યુ !

બીજી એક હકીકત પણ, આ સંદર્ભમાં, સમજવા જેવી છે : જીવન સાથે સંકળાયેલું 'મૃત્યુ' તો, એના નિયત થયેલા સમયે જ આવે, જ્યારે આ પ્રમાદ-રૂપી 'મૃત્યુ' તો, પેલા મૃત્યુ પહેલાં જ આવી જાય ! અને, સાધક માટે, આના કરતાં મોટી કમનસીબી અને કરુણતા બીજી કઈ ? પેલું 'મૃત્યુ' તો સ્વાભાવિક છે, જ્યારે આ 'મૃત્યુ' તો, પોતાનાં ધ્યેયથી ચલિત અને ચ્યુત થવાને કારણે, તિરસ્કારપાત્ર છે, નિન્દ્ય છે, ગર્હણીય (Condemnable) છે; એ તો નક્કી એક દોષ છે, શાપ છે, અપરાધ છે !

અને અહીં જેના સંદર્ભમાં આ વિધાન ('પ્રમાદ જ મૃત્યુ છે') પ્રયોજાયું છે એ મોક્ષાર્થી સાધક જ નહીં, પરંતુ ભારતીય આધ્યાત્મિક પરંપરાને જ લક્ષમાં રાખીએ તો, જન્મ ધારણ કરનાર પ્રત્યેક મનુષ્ય માટે મોક્ષ, એટલે કે ઈશ્વરપ્રાપ્તિ, એનું એકમાત્ર, અનન્ય અને અંતિમ જીવનધ્યેય છે અને એમાં એ આળસ કે ઉપેક્ષા કરે તો, ઈશ્વરના અમૂલ્ય ઉપહાર સમું એનું આ મનુષ્યજીવન એળે ગયું, એમ જ સમજવાનું રહે ! ભક્તકવિ નરસિંહ મહેતાએ, આ સનાતન સત્યનું, આવી સમુચિત વાણીમાં, સમર્થન કરતાં કહ્યું છે કે, -

"ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના,
રત્ન-ચિંતામણિ જન્મ ખોયો !"

અને સૂરદાસ પણ આ જ વાત કહે છે, -

"રે મન ! મૂરખ જનમ ગંવાયો :
કરી અભિમાન, વિષયરસ રાચ્યો,
શ્યામ-સરન નહિં પાયો !"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૨૨)

૩૨૩

न प्रमादादनर्थोऽन्यो ज्ञानिनः स्वस्वरूपतः ।
ततो मोहस्ततोऽहंधीस्ततो बन्धस्ततो व्यथा ॥३२३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

न प्रमादादनर्थोऽन्यो ज्ञानिनः स्वस्वरूपतः ।
ततो मोहस्ततोऽहंधीस्ततो बन्धस्ततो व्यथा ॥३२३॥

શ્લોકનો ગદ્ય અન્વય :

જ્ઞાનિનઃ સ્વસ્વરૂપતઃ પ્રમાદાત્ અન્યઃ અનર્થઃ ન (અસ્તિ) । ततः મોહઃ, ततः અહં-ધીઃ, ततः બન્ધઃ, ततः (च) વ્યથા (સંમવતિ) ॥૩૨૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : જ્ઞાનિનઃ (મનુષ્યસ્ય) સ્વ-સ્વરૂપતઃ પ્રમાદાત્ અન્યઃ અનર્થઃ ન અસ્તિ । પોતાનાં મૂળ સ્વરૂપનાં અનુસંધાનમાં ગાફેલપણું, અવિસ્મરણ, અસાવધાની કે ચ્યુતિ, એ જ પ્રમાદ; અને જ્ઞાની મનુષ્ય માટે આવા પ્રમાદ જેવો બીજો કોઈ અનર્થ (Evil) નથી, અને તે(પ્રમાદ)માંથી મોહ, તે(મોહ)માંથી અહંકાર-બુદ્ધિ, તે(અહંકાર-બુદ્ધિ)માંથી (સંસાર-બંધન) અને તે(સંસાર-બંધન)માંથી (અંતે) દુઃખ (વ્યથા) ઉત્પન્ન થાય છે. (૩૨૩)

અનુવાદ :

જ્ઞાની (મનુષ્ય) માટે, પોતાનાં સ્વરૂપ વિશેના પ્રમાદ (એટલે કે તેની બાબતમાં અસાવધાની) જેવો બીજો કોઈ અનર્થ નથી; (કારણ કે) તે(પ્રમાદ)માંથી મોહ, તે(મોહ)માંથી અહંકાર, તે(અહંકાર)માંથી (સંસાર-બંધન) અને (અંતે) તે(બંધન)માંથી દુઃખ ઉત્પન્ન થાય છે. (૩૨૩)

ટિપ્પણ :

'પ્રમાદ એ જ મૃત્યુ છે', - એવો, પરમ-બ્રહ્મજ્ઞ સનત્સુજાતનો સુનિશ્ચિત મત, મહાભારત-માંથી ટાંકીને, આચાર્યશ્રીએ, મોક્ષાર્થી સાધકને, 'કદી પણ પ્રમાદ ન કરવો', - એવો આદેશ આપ્યા પછી, પોતાના આ આદેશની પાછળ રહેલા હેતુને, તેઓશ્રી, અહીં સ્પષ્ટ રીતે સમજાવે છે :

પ્રમાદનાં સ્વરૂપને સમજાવતાં, સૌપ્રથમ વાત તો, તેઓશ્રીએ એ કહી કે પ્રમાદ એટલે, સાદી ભાષામાં કહેવું હોય તો, બીજું કશું જ નહીં પણ પોતાની જાતને જ ભૂલી જવી; 'સ્વરૂપ' એટલે પોતાનો આત્મા; અને આત્મા વિષેનું વિસ્મરણ, આત્મ-વિભ્રમ, એના વિશેની અસાવધાની, એ જ પ્રમાદ. સનત્સુજાતે 'પ્રમાદ'ને જ 'મૃત્યુ' કહ્યું, એની પાછળની પાયાની હકીકત જ આ હતી કે સાધક પોતાના આત્મા વિશે વિભ્રમ સેવે, પોતાનાં સ્વરૂપને જ વીસરી જાય, એના જેવો બીજો કોઈ અનર્થ એના માટે નથી; કારણ કે આવો અનર્થ, મોક્ષાર્થી સાધક તરીકેની એની કારકિર્દીના નાશમાં જ પરિણમે છે; અને ગયા શ્લોકનાં ટિપ્પણમાં આપણે જોયું તેમ, સાધકની જીવનધ્યેય સમી આ કારકિર્દીનો નાશ એટલે, મૃત્યુના આલંકારિક (Metaphorical) અર્થમાં, એના માટે તો, આ જ મૃત્યુ ! વાચ્યાર્થ પ્રમાણેનું, પેલું, નિયતિ-નિયત,

'મૃત્યુ' તો, આવવાનું હશે ત્યારે આવશે, - મોક્ષપ્રાપ્તિ બાબતની એની જિંદગી તો, પોતાનાં સ્વરૂપ અંગેની આવી ચ્યુતિ(એટલે કે પ્રમાદ)નાં કારણે જ ખતમ થઈ ગઈ !

અને પ્રમાદમાંથી જ પ્રગટેલી અનર્થ-પરંપરાનું તાદૃશ શબ્દચિત્ર આપતાં, આચાર્યશ્રીએ, પ્રમાદમાંથી મોહ, મોહમાંથી અહંકાર, અહંકારમાંથી સંસારબંધન અને બંધનમાંથી વ્યથા, - એવી એક નિસરણીનું જ નિરૂપણ કર્યું છે. આ નિસરણીનાં સાવ નીચેનાં પગથિયાંને આચાર્યશ્રીએ 'વ્યથા' એવું નામ આપ્યું છે, એમાં પૂરું ઔચિત્ય છે, કારણ કે આત્માનાં સ્વરૂપનો સાક્ષાત્કાર કરનાર માટે તો હંમેશાં **'આનંદ'** જ હોય ! એના માટે **'દુઃખ'**ની ઉત્પત્તિ એટલે **'આનંદ'**નો નિષેધ અને આનંદ-નિષેધ એટલે આત્માનો નિષેધ અને આત્માનો નિષેધ એટલે મોક્ષાર્થી સાધક માટે તો 'મૃત્યુ' સિવાય બીજું કશું જ નહીં !

પ્રમાદો વૈ મૃત્યુઃ । - સનત્સુજાતનું આ વિધાન તો એક **'સૂત્ર'** જેવું છે, એટલે આ શ્લોકમાં, પોતાનાં સ્વરૂપ અંગેની અસાવધાનીને જ 'પ્રમાદ'ના પર્યાય તરીકે યોજીને, આચાર્યશ્રીએ, એક સમર્થ **'ભાષ્ય'**કાર તરીકેનો પોતાનો પરિચય આપી દીધો છે : પોતાનાં સ્વરૂપનું જ વિસ્મરણ, એ જ સાધક માટે તો ઔપચારિક 'મૃત્યુ' ! આટલાં અધઃપતન પછી, એ જીવે કે ન જીવે, - બધું ય સરખું ! આવાં 'મૃત્યુ' પછીનું 'જીવન' એટલે માત્ર શ્વાસોચ્છ્વાસ !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૩૨૩)

૩૨૪

विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः ।
विक्षेपयति धीदोषैर्योषा जारमिव प्रियम् ॥३२४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

विषयाभिमुखं दृष्ट्वा विद्वांसमपि विस्मृतिः ।
विक्षेपयति धीदोषैर्योषा जारमिव प्रियम् ॥३२४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યોષા પ્રિયં જારં ઇવ, વિદ્વાંસં અપિ વિષય-અભિમુખં દૃષ્ટ્વા, વિસ્મૃતિઃ (તં) ધી-દોષૈઃ વિક્ષેપયતિ ॥૩૨૪॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : विस्मृतिः विद्वांसं अपि विक्षेपयति । विस्मृतिः એટલે વિસ્મરણ, વીસરી જવું તે; અહીં, પોતાના આત્માની વિસ્મૃતિ; ગયા શ્લોકમાં स्व-स्वरूपतः प्रमादात् કહ્યું હતું તે જ, આ આત્મવિસ્મૃતિ; એ શું કરે છે ? विक्षेपयति (वि + क्षिप् એ ધાતુનાં પ્રેરકનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ); વિચલિત કરે છે, વિક્ષિપ્ત કરે છે, વિક્ષેપ સર્જે છે, ભમાવી-લોભાવી દે છે. કોને ભમાવે છે ? विद्वांसं अपि । વિદ્વાનને, ભણેલાને, શાસ્ત્રોના પંડિતને પણ; આવું તે ક્યારે કરી શકે છે ? विषयाभिमुखं दृष्ट्वा । તેને વિષયવાસનાઓ પ્રત્યે અભિમુખ, એટલે કે પ્રવૃત્ત થયેલો જોઈને, તેને આવો, આવું કરતો, જુએ છે ત્યારે. આવું તે (એટલે કે વિસ્મૃતિ) શાના વડે કરે છે ? धी-दोषैः । ધી એટલે બુદ્ધિ; બુદ્ધિના દોષો વડે.

આ પ્રક્રિયાનું કોઈ ઉદાહરણ ખરું ? હા : योषा प्रियं जारं इव । योषा એટલે કુલટા, વ્યભિચારિણી, ચારિત્ર્યહીન સ્ત્રી. जार એટલે પ્રિયતમ, પ્રેમી, પરપુરુષ. (૩૨૪)

અનુવાદ :

વ્યભિચારિણી સ્ત્રી, જેમ પોતાના પ્રિય પ્રેમીને (તેની બુદ્ધિના દોષોને લીધે, લોભાવીને) વિચલિત કરે છે તેમ, આત્મવિસ્મૃતિ વિદ્વાનને પણ, વિષયાભિમુખ થયેલો જોઈને, તેની બુદ્ધિના દોષો વડે, તેને વિક્ષિપ્ત કરી નાખે છે. (૩૨૪)

ટિપ્પણ :

પોતાનાં સ્વરૂપનું વિસ્મરણ એ જ પ્રમાદ, એવું પ્રતિપાદન ગયા, છેલ્લા શ્લોકમાં કરવામાં આવ્યું. આ શ્લોકમાંનો વિસ્મૃતિ-શબ્દ પણ એ જ અર્થમાં, એટલે કે 'આત્માની વિસ્મૃતિ'ના અર્થમાં પ્રયોજાયો છે.

જે મનુષ્ય, ઉપર કહ્યું છે તે પ્રમાણે, પોતાનાં સ્વરૂપને, પોતાના આત્માને વીસરી જાય છે તે, સૌપ્રથમ તો, 'હું શરીર છું' એવી બુદ્ધિ ધરાવતો થઈ જાય છે અને એક વાર એનું મન આવા 'અનાત્મા'નાં સેવન તરફ ઢળી-વળી જાય છે, તેને વિષયો અચૂક ઘેરી વળે છે, વિષયો પ્રત્યે તેને આકર્ષણ થાય છે અને તે વિષયાભિમુખ બની જાય છે, વિષયોના ઉપભોગો પ્રત્યે પ્રવૃત્ત થઈ જાય છે.

બસ, આ જ એની નિર્બળતાનો સમય છે, જેનો ગેરલાભ ઊઠાવીને, તેણે પોતે જ સર્જેલી, તેની પોતાની જ પેલી 'આત્મવિસ્મૃતિ' તેના પર આક્રમણ કરે છે; પેલાં અનાત્મા-સેવન અને અહંકારને કારણે, એની બુદ્ધિમાં અનેક દોષો, એની આ ગાફેલિયતને લીધે, એને ખબર પણ ન પડે એ રીતે, પ્રવેશી જાય છે. વિષયોનો

શિકાર તો તે બની જ ગયો છે, એમાં વળી બુદ્ધિના અનેક દોષો; એટલે પેલી 'વિસ્મૃતિ'ને તો સરસ તક મળી જાય છે, એને વિચલિત કરવાની, વિક્ષિપ્ત કરવાની, ભમાવવાની ! અને આવા સમયે તે એવો નિર્બળ અને નિર્માલ્ય બની ગયો હોય છે કે તેની વિદ્વત્તા અને શાસ્ત્રજ્ઞાનની સજ્જતા પણ એના માટે સહાયક બની શકતી નથી ! પોતાનાં મૂળ ધ્યેયથી ચ્યુત બનેલા, એટલે કે પ્રમાદ-વશ થઈ ચૂકેલા આવા મનુષ્યને પેલી 'વિસ્મૃતિ' વિક્ષિપ્ત બનાવી દે, એટલે પછી એના માટે તો એક જ પરિણામ, - એની સુનિશ્ચિત 'અધોગતિ' !

કોઈક ભણેલો-ગણેલો જ્ઞાની-સંસ્કારી માણસ, કોઈક વ્યભિચારિણી સ્ત્રીના મોહ-પાશમાં ફસાય, તો શું અને કેવું પરિણામ આવે ? પેલી તો કુલટા સ્ત્રી હતી, ચારિત્ર-ભ્રષ્ટ હતી, એનાં ન્હોરાં-નખરાંને કારણે, આ ભાઈસાહેબ વિષયાભિમુખ બની ગયા, મગજ કાંઈ સારા વિચારો કરી શકતું ન્હોતું, બુદ્ધિ દૂષિત થઈ ગઈ હતી : આવી પરિસ્થિતિમાં પેલી લંપટ લલના એને ભમાવવા-લોભાવવામાં શા માટે કશી કચાશ રાખે ! અધઃપતનની ઊંડી ખીણ, એ જ એનો આખરી અંજામ !

સાહિત્યના પંડિતોનું એક વિધાન છે કે 'ઉપમા તો કાલિદાસની જ', (उपमा कालिदासस्य ।) આ પ્રશસ્તિનાં મૂળમાં, કાલિદાસની ઉપમાઓનું ઔચિત્ય રહેલું છે. કાલિદાસ તો 'કવિકુલગુરુ' જેવું વિરલ બિરુદ પામેલા મહાકવિ છે; પરંતુ શંકરાચાર્યજી પણ મુખ્યતઃ ભલે એક આરૂઢ તત્ત્વચિંતક રહ્યા, એમની કવિ-પ્રતિભા એવી જ ઉજ્જ્વળ અને યશસ્વી છે, એની પ્રતીતિ, તેમણે આ શ્લોકમાં પ્રયોજેલી ઔચિત્યપૂર્ણ ઉપમા કરાવે છે : મનુષ્યે આચરેલી જ આત્મ-વિસ્મૃતિ, જે રીતે તેને તેનાં જીવનધ્યેયથી વિચલિત કરીને તેને વિનાશની ગર્તામાં ફેંકી દે છે, તે જોતાં, તે, આત્મસ્મૃતિ, આ શ્લોકમાંની પેલી ચારિત્રવિહીન સ્ત્રી (યોષા) જેવી જ ગણાય ને !

'આત્મવિસ્મૃતિ'ને **'યોષા'**ની ઉપમા આપીને, આચાર્યશ્રીએ, પૂરું ઔચિત્ય અભિવ્યક્ત કર્યું છે, એની કોણ ના પાડી શકશે ?

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૨૪)

૩૨૫

यथापकृष्टं शैवालं क्षणमात्रं न तिष्ठति ।
आवृणोति तथा माया प्राज्ञं वापि पराङ्मुखम् ॥३२५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યથાપકૃષ્ટં શૈવાલં ક્ષણમાત્રં ન તિષ્ઠતિ ।
આવૃણોતિ તથા માયા પ્રાજ્ઞં વાપિ પરાઙ્મુખમ્ ॥૩૨૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા (જલાત્) અપકૃષ્ટં (અપિ) શૈવાલં ક્ષણમાત્રં (અપકૃષ્ટસ્થિતૌ) ન તિષ્ઠતિ, (પુનઃ ચ જલં) આવૃણોતિ, તથા માયા અપિ પરાઙ્મુખં પ્રાજ્ઞં (આવૃણોતિ) ॥૩૨૫॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તથા માયા અપિ પ્રાજ્ઞં આવૃણોતિ ।

માયા એટલે અવિદ્યા; પ્રાજ્ઞ એટલે જ્ઞાની, પ્રજ્ઞા ધરાવતો મનુષ્ય; આવૃણોતિ એટલે આવરી લે છે, ઢાંકી દે છે, ઘેરી વળી છે. તથા - તેમ, તેવી રીતે : માયા પણ, તે જ રીતે, જ્ઞાનીને (પોતાના વડે) ઢાંકી દે છે, આચ્છાદિત કરે છે, આવૃત કરી દે છે, તેના પર આવરણ કરી દે છે. કેવા પ્રાજ્ઞની આવી દશા થાય છે ? પરાઙ્મુખમ્ । - જેણે શ્રુતિ-સ્મૃતિ, શબ્દપ્રમાણ અને સદ્‌ગુરુ-શરણ વગેરેમાંથી પોતાનું મુખ બીજી બાજુ ફેરવી લીધું છે (પરાઙ્) એવો મનુષ્ય; એટલે કે જેણે સ્વાધ્યાય વગેરે તરફ ઉપેક્ષા કે આળસ (પ્રમાદ) સેવી છે અને તે રીતે જે અંતર્મુખ મટીને બહિર્મુખ થયેલો છે, એવો પ્રાજ્ઞ.

આ ઘટના કોના જેવી છે ? યથા જલાત્ અપકૃષ્ટં અપિ શૈવાલં (પુનઃ ચ જલં) આવૃણોતિ તથા । શૈવાલ એટલે શેવાળ, લીલ; કેવી લીલ ? જલાત્ અપકૃષ્ટં અપિ । પાણી પરથી દૂર ખસેડવામાં આવી હોવા છતાં; આવી લીલ શું કરે છે ? ફરી પાછી પાણીની ઉપર આવી જાય છે અને તેને (પોતાના વડે) ઢાંકી દે છે, તેવી રીતે; લીલ બીજું શું કરે છે ? (અપકૃષ્ટસ્થિતૌ ક્ષણમાત્રં ન તિષ્ઠતિ । - દૂર કરવામાં આવેલી પોતાની સ્થિતિમાં ક્ષણમાત્ર પણ રહેતી નથી. (૩૨૫)

અનુવાદ :

શેવાળને જળ ઉપરથી દૂર ખસેડવામાં આવી હોય તે છતાં, તે (એવી સ્થિતિમાં) એક ક્ષણ માટે પણ રહેતી નથી (અને ફરીથી તરત જ) જળને (પોતાના વડે) આવરી લે છે, તેમ જ માયા (એક વાર ટાળવામાં આવી હોય તે છતાં) પણ બહિર્મુખ બનેલા પ્રાજ્ઞને (ફરીથી) ઘેરી વળે છે. (૩૨૫)

ટિપ્પણ :

મનુષ્ય ગમે તેટલો જ્ઞાની અને પ્રજ્ઞાસંપન્ન હોય તો પણ , તેણે સતત સાવધાન રહેવું જોઈએ, એક ક્ષણ માટે પણ અનવધાન કે ગાફેલ ન રહેવું જોઈએ : ટૂંકમાં, અહીં પણ અસાવધાની, આળસ, એટલે કે **'પ્રમાદ'**થી દૂર રહેવાની, સાધકને, સલાહ આપવામાં આવી છે.

કઠોપનિષદમાં કહેવામાં આવ્યું છે તેમ, મનુષ્યની બધી જ ઇન્દ્રિયો બહિર્મુખ છે, તેથી મનુષ્ય જો સાવધ ન રહે તો, તેની ઇન્દ્રિયો બહાર અને આજુબાજુ સર્વત્ર પ્રસરી રહેલા વિષયોમાં ફસાઈ જાય, અનાત્મ-વસ્તુઓ, અવિદ્યા અને માયા વગેરે તેને ઘેરી વળે અને તેથી મોક્ષપ્રાપ્તિની પોતાની સાધનામાંથી વિચલિત થઈ જાય. અલબત્ત, પોતે 'પ્રાજ્ઞ' હોવાથી, **'માયા'** વગેરેનાં આવરણોને તે દૂર કરતો હોય છે, પરંતુ શ્રુતિસ્મૃતિના સ્વાધ્યાયમાંથી પોતાનું મુખ ફેરવી લે, તેનાથી 'પરાઙ્મુખ' થઈ જાય તો, એટલે કે 'અંતર્મુખ' મટીને જો તે 'બહિર્મુખ' બની જાય તો, **'માયા'** અને અવિદ્યાનાં પડળો તેને ફરી પાછાં આવરી લે ! **'પ્રમાદ'**નું જ આવું અનર્થજનક પરિણામ ! ટૂંકમાં, સતત અંતર્મુખ રહીને, આત્મચિંતનથી જરા પણ 'પરાઙ્મુખ' થયા વિના, તેણે પોતાની મોક્ષસાધનામાં સક્રિય રહેવું જોઈએ; એમાં જરા પણ વિક્ષેપ થાય તો, પેલી **'માયા'** તો ટાંપીને જ બેઠી હોય છે ! આથી જ, ઉપનિષદના ઋષિએ પોતાના શિષ્યને આદેશ આપ્યો છે કે સ્વાધ્યાય-પ્રવચનની બાબતમાં તેણે જરા પણ **'પ્રમાદ'** ન કરવો :

स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ।

અને **'માયા'**નું પ્રાબલ્ય તો એટલું બધું હોય છે કે સ્વયં ભગવાન કૃષ્ણે, **ગીતા**માં તને 'ઓળંગવી-તરવી અતિદુષ્કર' કહી છે :

मम माया दुरत्यया । (७, १४)

એટલું જ નહીં પરંતુ તે જ શ્લોકમાં ભારપૂર્વક (Emphatically : एव) એટલું ઊમેર્યું છે કે **'માયા'**ને તો તેવા સાધકો-ભક્તો જ તરી શકે છે, જેઓ સતત 'અપ્રમત્ત' રહીને પોતાનાં (એટલે કે ભગવાનનાં) શરણે જાય છે ! -

मां एव ये प्रपद्यन्ते मायां एतां तरन्ति ते ।

તાત્પર્ય એ છે કે **માયા**ના મોહપાશથી મુક્ત રહેવા ઇચ્છતા સાધકને, આત્મચિંતન અને બ્રહ્મભાવનામાં જરા પણ 'અ-પ્રમત્ત' રહેવાનું પોસાય નહીં.

અને આ **'માયા'**નો સ્વભાવ તો, સ્થિર (Stagnant) જળની સપાટી પર બાઝેલી શેવાળ જેવો છે : જળાશયમાં ન્હાવા ઊતરેલો માણસ, શેવાળને દૂર ખસેડે

તો પણ (અપકૃષ્ટા અપિ), ક્ષણવારમાં તે પોતાનાં મૂળ સ્થાને પાછી આવી જાય ! (ક્ષણમાત્રં ન તિષ્ઠતિ ।)

અહીં પણ 'ઉપમા'નું ઔચિત્ય ચિત્તાકર્ષક તો છે જ; પરંતુ તે ઉપરાંત, આ 'ઉપમા' આચાર્યશ્રીની ઊંડી નિરીક્ષણ-શક્તિની પ્રતીતિ કરાવે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૨૫)

૩૨૬

लक्ष्यच्युतं चेद्यदि चित्तमीषद्-
-बहिर्मुखं सन्निपतेत् ततस्ततः ।
प्रमादतः प्रच्युतकेलिकन्दुकः
सोपानपंक्तौ पतितो यथा तथा ॥३२६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

लक्ष्यच्युतं चेद्यदि चित्तमीषद्-
-बहिर्मुखं सन्निपतेत् ततस्ततः ।
प्रमादतः प्रच्युतकेलिकन्दुकः
सोपानपंक्तौ पतितो यथा तथा ॥३२६॥

શ્લોકનો ગદ્ય અન્વય :

प्रमादतः प्रच्युतकेलिकन्दुकः सोपानपंक्तौ पतितः यथा, तथा यदि चित्तं प्रमादतः ईषत् अपि लक्ष्यच्युतं चेत्, बहिर्मुखं सत्, ततः ततः निपतेत् ॥३२६॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : चित्तं, बहिर्मुखं सत्, ततः ततः निपतेत् । બહિર્મુખ બનીને, નીચે પડતું-પડતું, ચિત્ત અધોગતિને પામે છે. કેવાં ચિત્તની આવી દુર્દશા થાય છે ? (प्रमादतः) ईषत् अपि लक्ष्यच्युतं चेत् । ईषत् अपि એટલે જરા પણ, થોડુંયે; चेत् એટલે 'જો'; लक्ष्य એટલે ધ્યેય; च्युत એટલે છૂટું પડેલું, શિથિલ બનેલું, નીચે સરી ગયેલું : પ્રમાદને કારણે, સરતચૂકથી પણ, ચિત્ત, જો પોતાનાં ધ્યેયથી શિથિલ થઈ જાય તો. तथा - તેવી રીતે. કેવી રીતે ? - यथा केलिकन्दुकः पतितः (भवति) । केलिकन्दुकः એટલે રમવાનો દડો; કેવો દડો ? ક્યારે નીચે પડી જાય છે ? प्रमादतः प्रच्युतः - પ્રમાદવશાત્ હાથમાંથી છટકી ગયેલો, છૂટો પડેલો;

सोपानपंक्तौ - સીડીનાં પગથિયાં પર આમથી તેમ ગબડતો, અથડાતો. (૩૨૬)

અનુવાદ :

પ્રમાદને લીધે, હાથમાંથી છટકી ગયેલો, રમવાનો દડો, સીડીનાં પગથિયાં પર આમથી તેમ ગબડતો-ગબડતો, જેમ, નીચે પડે છે, તેમ જો ચિત્ત, જરા પણ, (પ્રમાદવશ થઈને) પોતાનાં લક્ષ્યમાંથી છૂટું પડી જાય તો, તે, બહિર્મુખ બનીને, નીચે ને નીચે પડતું-પડતું અધોગતિને પામે છે. (૩૨૬)

ટિપ્પણ :

પ્રમાદને વશ થનાર માટે, અંતે, અધઃપતન નિશ્ચિત છે, એ જ મુદ્દાને, અહીં, એક વધુ ઉપમા આપીને, સમજાવવામાં આવ્યો છે : જેણે બ્રહ્મ-સાક્ષાત્કારનું ઉચ્ચ આધ્યાત્મિક લક્ષ્ય સ્થાપિત કર્યું હોય, તે સાધકને પ્રમાદવશ થવાનું પોસાય જ નહીં. મનની કોઈક નિર્બળતાને કારણે, ચિત્ત, જો જરા પણ (ઈષત્ અપિ) પ્રમાદ સેવે અને તેને લીધે પોતાનાં પેલાં લક્ષ્યમાંથી તે વિચલિત થાય (लक्ष्यच्युतं चेत्), એટલે પહેલું પરિણામ એ આવે કે તે તરત જ અંતર્મુખ મટીને બહિર્મુખ બની જાય અને ગયા શ્લોકમાં આપણે જોયું તેમ, આત્મચિંતનથી પરાઙ્મુખ થયેલા આવા સાધકને, તે 'પ્રાજ્ઞ' હોય તો પણ, **'માયા'** પોતાની માયા વડે આવરી લે છે ! અને **'માયા'**ની આ માયા એટલે અધઃપતનની સોપાન-પરંપરા ! પગથિયે-પગથિયે પટકાતું આવું ચિત્ત, સાવ નીચે પડે, ત્યારે જ અટકે ! (ततः ततः निपतेत् ।)

ચિત્તની અધઃપતનની પ્રક્રિયાને પ્રતીતિજનક બનાવવા માટે, આચાર્યશ્રીએ, અહીં પણ, અગાઉની જેમ, એવી જ સમુચિત **'ઉપમા'** પ્રયોજીને, ઉપર્યુક્ત પ્રક્રિયાનું એક તાદૃશ શબ્દચિત્ર આલેખ્યું છે : મકાનના પહેલે મજલે રમતા કોઈક છોકરાના હાથમાંથી, સરતચૂકથી (प्रमादतः), રમવાનો પેલો દડો (केलिकन्दुकः), છટકી જાય (प्रच्युतः) તો ? શું પરિણામ આવે ? મકાનની નિસરણીનાં પગથિયાં પર (सोपानपंक्तौ), આમથી તેમ અથડાતો-કૂટાતો-ગબડતો, છેક દડો નીચે જ પડે ! (पतितः). ચિત્તનાં અને દડાનાં, - બંનેનાં - અધઃપતનની પ્રક્રિયા વચ્ચે કેવું સમુચિત અને સંપૂર્ણ-સર્વાંગી સામ્ય !

પરંતુ પેલો દડો તો એક 'નિર્જીવ' વસ્તુ છે, જ્યારે ચિત્ત તો માત્ર 'જીવંત' જ નહીં, પણ આત્મસાક્ષાત્કારનું ઉચ્ચ લક્ષ્ય સ્થાપી બેઠું હતું !

આવો વિચાર તો, પેલાં 'લક્ષ્યચ્યુત' ચિત્તના માલિકે જ કરવાનો રહેને ! આવો વિચાર તેને સૂઝે, એવા ઉદ્દેશથી જ આચાર્યશ્રીએ આવી ચિત્રાત્મક ઉપમા યોજી હશે ! (૩૨૬)

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૨૬)

विषयेष्वाविशच्चेतः संकल्पयति तद्गुणान् ।
सम्यक्-संकल्पनात् कामः कामात् पुंसः प्रवर्तनम् ॥३२७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિષયેષ્વાવિશચ્ચેતઃ સંકલ્પયતિ તદ્ગુણાન્ ।
સમ્યક્-સંકલ્પનાત્ કામઃ કામાત્ પુંસઃ પ્રવર્તનમ્ ॥૩૨૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિષયેષુ આવિશત્ ચેતઃ તદ્(વિષય-)ગુણાન્ સંકલ્પયતિ, સમ્યક્-સંકલ્પનાત્ કામઃ (ઉદ્ભવતિ), કામાત્ (ચ) પુંસઃ પ્રવર્તનં (સંભવતિ) ॥૩૨૭॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો, આ પ્રમાણે, છે :

(૧) વિષયેષુ આવિશત્ ચેતઃ તદ્-ગુણાન્ (તેષાં વિષયાણાં) ગુણાન્ સંકલ્પયતિ । આવિશત્ (આ + વિશ્ એ ધાતુનું વર્તમાનકૃદંતનું રૂપ; ચેતઃનું વિશેષણ). વિષયોમાં ચોંટેલું, ચિત્ત ચિંતન કરે છે (સંકલ્પયતિ), શાનું ચિંતન કર્યા કરે છે ? - તદ્-ગુણાન્ । તેના, એટલે કે તે વિષયોના ગુણોનું (ચિંતન કરે છે).

(૨) સમ્યક્-સંકલ્પનાત્ કામઃ ઉદ્ભવતિ । સમ્યક્ એટલે સારી રીતે, સંપૂર્ણ રીતે, સુદીર્ઘ સમય સુધી, સતત, વારંવાર. આવું ચિંતન કરવાથી, 'કામ' એટલે કે વિષયોને ભોગવવાની કામના ઉત્પન્ન થાય છે.

(૩) કામાત્ ચ પુંસઃ પ્રવર્તનં સંભવતિ । પુંસઃ એટલે પુરુષની, મનુષ્યની; પ્રવર્તન એટલે પ્રવૃત્તિ, વિષયોને પ્રાપ્ત કરવાના પ્રયત્નો, સંભવે છે; મનુષ્ય આ દિશામાં પ્રવૃત્ત થાય છે, પ્રયત્નશીલ બની જાય છે. (૩૨૭)

અનુવાદ :

વિષયોમાં ચોંટેલું ચિત્ત તે(વિષયો)ના ગુણોનું ચિંતન કર્યા કરે છે; સતત કરવામાં આવતાં (આવાં) ચિંતનથી વિષયોની કામના ઉદ્ભવે છે અને કામના થતાં, મનુષ્ય એમાં પ્રવૃત્તિ કરવા લાગે છે. (૩૨૭)

ટિપ્પણ :

મોક્ષાર્થી સાધકનાં ચિત્ત માટે ચિંતનનો માત્ર એક જ વિષય હોવો જોઈએ

અને તે છે, - **બ્રહ્મ.** એનું સમગ્ર ચિત્ત-તંત્ર સતત બ્રહ્મચિંતનમાં વ્યાપ્ત હોય તો જ, મોક્ષપ્રાપ્તિનાં પોતાનાં લક્ષ્યને તે સિદ્ધ કરી શકે.

પરંતુ **'પ્રમાદ'** આવા સાધકને પણ ક્યારેક વિચલિત કરી દે છે અને 'પ્રમાદ'ના પ્રભાવનાં કારણે તેનું ચિત્ત, બ્રહ્મને વીસરીને, વિષયોમાં આસક્ત થાય છે, એમાં જ સંલગ્ન બની જાય છે, એમાં જ ચોંટી જાય છે (**विषयेषु आविशत् चेतः**); પછી તો, સ્વાભાવિક રીતે જ, આવું ચિત્ત, વિષયોના ગુણો, એટલે કે શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધનું જ (**तद्-गुणान्**) રટણ કર્યા કરે છે, એનાં જ ધ્યાનમાં અને એની જ કલ્પનામાં અહોરાત ભમતું રહે છે. સતત અને સુદીર્ઘ-સમયનાં આવાં ચિંતન-વિચાર-રટણ-ભ્રમણનું એક જ પરિણામ આવે (**सम्यक्-संकल्पनात्**) અને તે છે, **'કામ'**, - વિષયોને પ્રાપ્ત કરવાની કામના, ઇચ્છા; અને કામ તો, પછી, તેનો કેડો મૂકે જ નહીં ! તે ભ્રાંત બને છે, અસ્વસ્થ થાય છે અને પોતાના પરનો કાબુ તે એટલી હદ સુધી ગુમાવી બેસે છે કે તેનાં જીવનની એકમાત્ર પ્રવૃત્તિ (**प्रवर्तनम्**) વિષયોનો ઉપભોગ બની રહે છે, એનાં સઘળાં પ્રયત્નોની ગતિ આ એક જ દિશામાં પ્રવૃત્ત થઈ જાય છે.

આમ, બ્રહ્મચિંતનનું, તેના માટેનું સ્વાભાવિક અને સુનિશ્ચિત લક્ષ્ય ભૂલીને, તેના માટેની નિષિદ્ધ એવી ઊલટી દિશામાં ભ્રાંત થતું સાધકનું ચિત્ત, જો વિષયોમાં આસક્ત થવાનું શરૂ કરે તો, ક્રમવાર, આપોઆપ નિર્માતાં, પગથિયાંવાળી અધોગતિની એક નિસરણી, તેના માટે, આ રીતે, સર્જાઈ જાય : વિષયોમાં આસક્તિ, તે વિષયોના ગુણો એવા શબ્દ વગેરેનું ચિંતન, આવાં સમ્યક્-ચિંતનમાંથી જ ઉદ્ભવતો કામ અને આવી કામનાથી, વિષયોભોગ માટેનું જ જીવનનું સમગ્ર પ્રવર્તન !

અધઃપતનની આ નિસરણીનું નિરૂપણ કરતી વખતે, આચાર્યશ્રીનાં મનશ્ચક્ષુ સમક્ષ, ગીતા-નિરૂપિત એવી જ આ નિસરણી હશે, એવું સ્પષ્ટ સમજાય છે :

ध्यायतो विषयान् पुंसः संगः तेषु उपजायते ।
संगात् संजायते कामः, ... ॥२,६२॥

("વિષયોનું ચિંતન કરતા માણસને તેમાં આસક્તિ થાય છે અને આસક્તિથી કામ જન્મે છે.")

બંને વચ્ચે ફરક માત્ર શબ્દોનો છે, બાકી વિચાર અને ઉદ્દેશ બંનેમાં એકસરખા જ છે.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૩૨૭)

ततः स्वरूपविभ्रंशो विभ्रष्टस्तु पतत्यधः ।
पतितस्य विना नाशं पुनर्नारोह ईक्ष्यते ।
संकल्पं वर्जयेत् तस्मात् सर्वानर्थस्य कारणम् ॥३२८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ततः स्वરૂપविभ्रंशो विभ्रष्टस्तु पतत्यधः ।
पतितस्य विना नाशं पुनर्नारोह ईक्ष्यते ।
संकल्पं वर्जयेत् तस्मात् सर्वानर्थस्य કારણમ્ ॥૩૨૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ततः स्वरूपविभ्रंशः (भवति), विभ्रष्टः तु अधः पतति, (इत्थं) पतितस्य (तस्य) नाशं विना पुनः आरोहः न ईक्ष्यते, तस्मात्, सर्व-अनर्थस्य कारणं संकल्पं वर्जयेत् ॥३२८॥

શબ્દાર્થ :

શ્લોકમાં **ચાર** સ્વતંત્ર વાક્યો, ક્રમાનુસાર, આ પ્રમાણે છે :

(૧) ततः स्वरूपविभ्रंशः (भवति) । ततः એટલે ત્યારપછી; એટલે કે, ગયા છેલ્લા શ્લોકમાં 'કામના થતાં, મનુષ્ય એમાં પ્રવૃત્તિ કરવા લાગે છે (कामात् पुंसः प्रवर्तनम् ।), નિસરણીના તે પગથિયાં પછી; ત્યારપછીનું પગથિયું, - स्वरूपविभ्रंशः भवति । આત્મસ્વરૂપથી તે ભ્રષ્ટ થાય છે, તેનાં પોતાનાં સ્વરૂપનો જ ભ્રંશ થાય છે.

(૨) विभ्रष्टः तु अधः पतति । અને આમ જે સ્વ-સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો હોય, તેનું બીજું શું થાય ? - અધઃપતન, અધોગતિ !

(૩) (इत्थं) पतितस्य (तस्य) नाशं विना पुनः आरोहः न ईक्ष्यते । इत्थं - આમ, આ રીતે, આ પ્રમાણે; आरोहः એટલે ઉન્નતિ, આરોહણ; न ईक्ष्यते (ईक्ष्-ધાતુનાં કર્મણિ પ્રયોગનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) જોવામાં આવતી નથી; તેની ઉન્નતિ, એટલે કે આત્મોન્નતિ, જણાતી નથી; તે ફરીથી ઉન્નતિ તરફ વળી શકતો નથી. આમ, અધઃપતન પામેલા તે મનુષ્યની, નાશ વિના, ફરીથી ઉન્નતિ શક્ય બનતી નથી.

(૪) तस्मात् सर्व-अनर्थस्य कारणं संकल्पं वर्जयेत् । સંકલ્પ એટલે વિષયચિંતન, ગીતાના શબ્દમાં, 'વિષયધ્યાન'; વર્જયેત્ - ત્યાગ કરવો જોઈએ; તેથી સર્વ અનર્થોનાં મૂળ કારણ, મૂળ-રૂપ, એવાં વિષયચિંતનને છોડી-ત્યજી દેવું જોઈએ. (૩૨૮)

અનુવાદ :

ત્યારપછી, (એટલે કે વિષયોમાં પ્રવૃત્ત થયા પછી), તે (જ્ઞાની મનુષ્ય) આત્મસ્વરૂપથી ભ્રષ્ટ થાય છે; (આ રીતે) ભ્રષ્ટ થયેલા એવા તેનું અધઃપતન થાય છે અને અધઃપતિત એવા તેની, નાશ વિના, ફરીથી ઉન્નતિ જોવામાં આવતી નથી; તેથી, સર્વ અનર્થોનાં મૂળ કારણરૂપ વિષયચિંતનનો ત્યાગ કરવો જોઈએ. (૩૨૮)

ટિપ્પણ :

અધઃપતનની જે નિસરણીનું નિરૂપણ, ગયા શ્લોકમાં શરૂ કરવામાં આવ્યું હતું તેને, ગીતાની જ પદ્ધતિએ, અહીં, પૂરું કરવામાં આવે છે.

નિસરણીએ રહેલો માણસ નીચે ગબડે, પછી, તે, અધવચ્ચે તો ક્યાંય અટકે જ નહીં ! એના માટે તો એક જ શક્યતા સુનિશ્ચિત : સર્વનાશ, સંપૂર્ણ નાશ !

વિષયપ્રાપ્તિની ઇચ્છાથી (कामात्) પ્રવૃત્ત થયેલો તે મનુષ્ય પોતાના આત્માનો વિભ્રંશ પામે છે, આત્મસ્વરૂપથી તે ભ્રષ્ટ થાય છે; અને આવો ભ્રષ્ટ માણસ તો નીચે જ પડે (अधः पतति ।) ! અને નીચે પડેલો માણસ, ફરી પાછો, જ્યાં હતો ત્યાં, ઊંચે-ઉપર, કેવી રીતે આવી શકે ? આવા માણસની પોતાની ફરી પાછી ઉન્નતિ (आरोहः) થઈ હોય, એવું ક્યાંય જોયું-સાંભળ્યું નથી (न ईक्ष्यते ।) ! એના માટે તો નાશ, એ એક જ વિકલ્પ (नाशं विना) !

પરંતુ, તો પછી, આવી નિસરણીનાં નિરૂપણનું તાત્પર્ય શું ? ફક્ત એક જ, (तस्मात्) કે નિસરણી પરથી નીચે પડવાનું શરૂ જ ન થાય ! અધઃપતનનાં જે પગથિયાં અહીં વર્ણવવામાં આવ્યાં છે, તેમાંનું સૌપ્રથમ, ઉપરનું હતું, - વિષયોમાં ચિત્તનું ચોંટવું (विषयेषु आविशत् चेतः । શ્લોક-૩૨૭) તે. આ જ હતું સર્વ અનર્થોનું મૂળ કારણ (सर्वानर्थस्य कारणम्), ઉપલે પગથિયેથી છેક નીચે પડવાનું, અધઃપતનનું અને પછી વિનાશનું !

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ માત્ર આટલો જ કે ફરીથી આત્મોન્નતિની શક્યતા જ ન રહે એવા વિનાશથી જો બચવું હોય તો, સાધકે, અધઃપતનનો આરંભ કરે એવા 'સંકલ્પ'નો, એટલે કે વિષયોમાંની આસક્તિનો જ ત્યાગ કરવો જોઈએ - (संकल्पं वर्जयेत् ।).

ગીતામાં પેલી નિસરણીનું નિરૂપણ જે રીતે પૂરું થાય છે, તે, આ નિરૂપણનાં મૂળમાં હોવાથી, પ્રસ્તુત હોવાથી, તેને જરા જોઈ લઈએ :

... ... **कामात्क्रोधोऽभिजायते** ॥ (૨, ૬૨)

क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।

स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥ (૨, ૬૩)

("અને કામથી ક્રોધ જન્મે છે. ક્રોધને લીધે અતિમોહ થાય છે, અતિમોહથી સ્મૃતિમાં વિભ્રમ થાય છે, સ્મૃતિવિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનાશથી મનુષ્ય અંતે સંપૂર્ણ નાશ પામે છે !")

આમ, અહીં તેમ જ ગીતામાં, પેલા રાજર્ષિ કવિ ભર્તૃહરિએ સ્વર્ગની મંદાકિની-નદીના સંદર્ભમાં યોગ્ય રીતે જ કહ્યું છે તેમ, વિવેકભ્રષ્ટ થયેલી વ્યક્તિ માટે, 'શતમુખ વિનિપાત' સિવાય અન્ય કોઈ આરો-ઉગારો નથી ! -

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः । ("नीतिशतक")

આ શ્લોકના અનુષ્ટુપ-છંદમાં, અહીં, બેને બદલે ત્રણ લીટી અને ચારને બદલે છ ચરણ(પાદ) છે, એ નોંધપાત્ર છે. (૩૨૮)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૨૮)

૩૨૯

अतः प्रमादान्न परोऽस्ति मृत्युः
विवेकिनो ब्रह्मविदः समाधौ ।
समाहितः सिद्धिमुपैति सम्यक्
समाहितात्मा भव सावधानः ॥૩૨૯॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અતઃ પ્રમાદાન્ન પરોઽસ્તિ મૃત્યુઃ
વિવેકિનો બ્રહ્મવિદઃ સમાધૌ ।
સમાહિતઃ સિદ્ધિમુપૈતિ સમ્યક્
સમાહિતાત્મા ભવ સાવધાનઃ ॥૩૨૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અતઃ વિવેકિનઃ બ્રહ્મવિદઃ સમાધૌ પ્રમાદાત્ પરઃ મૃત્યુઃ ન અસ્તિ ।

समाहितः (साधकः) सम्यक् सिद्धिं उपैति । (तस्मात्) सावधानः (सन् त्वं) समाहितात्मा भव ॥३२९॥

शब्दार्थ :

આ શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अतः विवेकिनः ब्रह्मविदः समाधौ प्रमादात् परः मृत्युः न अस्ति । अतः આથી, આ કારણે; પ્રમાદ-ત્યાગનો મુદ્દો શ્લોક-૩૨૨થી શરૂ થયો છે અને ત્યારપછી, મોક્ષાર્થી સાધકની લક્ષ્ય-કારકિર્દીમાં, પ્રમાદનાં સેવનને કારણે, કેવી અનર્થ-પરંપરા સર્જાય છે, એનું સવિસ્તર પ્રતિપાદન જાણ્યા-સાંભળ્યા પછી; समाधि એટલે આત્મચિંતન, બ્રહ્મચિંતન; અને प्रमाद એટલે આત્મવિસ્મરણ.

(૨) समाहितः (साधकः) सम्यक् सिद्धिं उपैति । समाहितः (सम् + आ + धा, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ; समाधि-શબ્દ પણ આ જ ધાતુ પરથી બનેલું નામ-'Noun' છે) - પોતાનાં ચિત્તને સમાધિમાં સ્થિર કરનાર; આવો સાધક, મોક્ષરૂપી પોતાની સિદ્ધિને સારી રીતે પ્રાપ્ત કરે છે, પામે છે (सम्यक् उपैति ।).

(૩) (तस्मात्) सावधानः (सन् त्वं) समाहितात्मा भव । તેથી, ઉપરનાં બંને વાક્યોમાં જણાવ્યું છે, તેને લક્ષમાં રાખીને; ગુરુજી અહીં શિષ્યને આજ્ઞા કરે છે કે "સાવધાન થઈને, રહીને, તું समाहितात्मा થા." समाहितात्मा એટલે, સમાહિત છે આત્મા જેનો, એવી વ્યક્તિ. ટૂંકમાં, ઉપર સમજાવ્યું છે તેવો, "સમાધિમાં સ્થિર, તું થા." પરંતુ આવો બનતાં પહેલાં તેણે સતત અને સંપૂર્ણરીતે સાવધાન તો રહેવું જ પડે. (૩૨૯)

અનુવાદ :

આ કારણે, વિવેકશીલ બ્રહ્મવેત્તા માટે, પ્રમાદ કરતાં બીજું કોઈ મૃત્યુ નથી. ચિત્તને સમાધિમાં સ્થિર કરનાર (સાધક), (મોક્ષપ્રાપ્તિ-રૂપી) પોતાની સિદ્ધિને સારી રીતે પ્રાપ્ત કરે છે; માટે (સતત) "સાવધાન રહીને તું ચિત્તને સમાહિત એટલે કે આત્મસંલગ્ન કર." (૩૨૯)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે, સર્વ આવશ્યક વિગતો શબ્દાર્થ-વિભાગમાં અપાઈ ગઈ છે અને આ પહેલાંના શ્લોકોમાં, આ જ મુદ્દાને, જુદા-જુદા દૃષ્ટિકોણથી સમજાવવામાં આવ્યો છે.

માત્ર એક જ વાત પ્રત્યે ધ્યાન ખેંચવાનું રહે છે અને તે એ કે શ્લોક-૩૨૨માં,

બ્રહ્માજીના, બ્રહ્મજ્ઞાનના પરમ-ગુરુ એવા સુપુત્ર ભગવાન સનત્સુજાતે, ધૃતરાષ્ટ્રના એક પ્રશ્નનો ઉત્તર આપતાં જે કહ્યું હતું કે 'પ્રમાદ જ મૃત્યુ છે' (પ્રમાદો વૈ મૃત્યુઃ ।), તેનું શિષ્યને ફરીથી સ્મરણ કરાવીને, પોતાના પ્રતિપાદનને સવિશેષ દૃઢ અને અવધારણીય (Emphatic) બનાવવા માટે અને શિષ્યનાં ચિત્ત માટે તેને અધિક પ્રતીતિકારક કરવા માટે, આચાર્યશ્રી, અહીં એટલું ઊમેરે છે તે સૂચક છે કે સાધક માટે 'પ્રમાદ કરતાં, એટલે કે આત્મસ્વરૂપનાં વિસ્મરણ કરતાં, અન્ય કોઈ મૃત્યુ નથી.' (પ્રમાદાત્ અન્યઃ પરઃ મૃત્યુઃ ન અસ્તિ ।)

મુક્તિરૂપી પરમ સિદ્ધિને પામવી હોય તો, સાધક માટે સમાધિને, એટલે કે આત્માનુસંધાનને ત્યજવા સિવાય બીજું કોઈ મૃત્યુ નથી.

શ્લોકનો છંદ : **ઉપેન્દ્રવજ્રા** (૩૨૯)

330

जीवतो यस्य कैवल्यं विदेहे स च केवलः ।
यत्-किंचित् पश्यतो भेदं भयं ब्रूते यजुः-श्रुतिः ॥३३०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જીવતો યસ્ય કૈવલ્યં વિદેહે સ ચ કેવલઃ ।
યત્-કિંચિત્ પશ્યતો ભેદં ભયં બ્રૂતે યજુઃ-શ્રુતિઃ ॥૩૩૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

જીવતઃ યસ્ય કૈવલ્યં પ્રાપ્તં, સઃ ચ વિદેહે કેવલઃ (ભવતિ); યત્-કિંચિત્ ભેદં પશ્યતઃ (મનુષ્યસ્ય) યજુઃ-શ્રુતિઃ (મૃત્યોઃ) ભયં બ્રૂતે ॥૩૩૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : સઃ ચ વિદેહે કેવલઃ ભવતિ । વિદેહે એટલે દેહ છોડ્યા પછી, દેહપાત થયા પછી, એટલે કે મૃત્યુ પછી; કેવલઃ એટલે મુક્ત, કૈવલ્ય-મુક્તિ પામેલો; તે (મુમુક્ષુ સાધક) 'વિદેહ' થયા પછી, મુક્ત જ છે. કેવો સાધક આવી સિદ્ધિ પામે છે ? - જીવતઃ યસ્ય કૈવલ્યં (પ્રાપ્તમ્) । - જેણે જીવતાં જ 'કૈવલ્ય'-પદ એટલે કે મુક્તિ પ્રાપ્ત કરી લીધી હોય, જેને મુક્તિ મળી ગઈ હોય; યજુઃ-શ્રુતિઃ બ્રૂતે । યજુર્વેદની શ્રુતિ કહે છે, યજુર્વેદ કહે છે. યજુર્વેદ શું કહે છે ? - યત્-કિંચિત્ ભેદં પશ્યતઃ (મનુષ્યસ્ય) ભયં (અસ્તિ ઇતિ બ્રૂતે ।) યત્-કિંચિત્ - જરા પણ,

ક્યાંય પણ; भेदं पश्यतः - ભેદ જોનારને, જે ભેદ જુએ છે; તેના વિષે શ્રુતિ શું કહે છે ? तस्य मृत्योः भयं (अस्ति इति) - તેને (મરણનો) ભય હોય છે, એમ કહે છે.

जीवतः - (जीव् એ ધાતુનાં વર્તમાનકૃદંત - जीवत्-નું ષષ્ઠી-વિભક્તિ એકવચનનું રૂપ), - यस्य - શબ્દનું વિશેષણ; એ જ રીતે, पश्यतः - (दृश्- (पश्य्) એ ધાતુનાં વર્તમાનકૃદંત - पश्यत्-નું ષષ્ઠીવિભક્તિ એકવચનનું રૂપ), મનુષ્યસ્યનું વિશેષણ.

ब्रूते-ब्रू એ ધાતુનું વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચનનું રૂપ; અને આ ક્રિયાપદનો કર્તા છે, - यजुः-श्रुतिः. (૩૩૦)

અનુવાદ :

જીવન-સમય દરમિયાન જ જેને કૈવલ્યપદ મળી ગયું હોય, તે દેહ-ત્યાગ પછી મુક્ત જ છે; (એથી ઊલટું), જે ક્યાંય પણ, કશો પણ ભેદ જુએ છે, તેને (મરણનો) ભય (રહે) છે, એમ યજુર્વેદની શ્રુતિ કહે છે. (૩૩૦)

ટિપ્પણ :

આ પહેલાં, શ્લોક-૩૧૮માં, જેનો થોડો પૂર્વપરિચય, ગ્રંથકારે, આપ્યો છે, તે **'જીવન્મુક્તિ'**નું અહીં વિશેષ વિવરણ કરવામાં આવ્યું છે.

શ્લોક-૩૧૮માં તો માત્ર એટલું જ કહેવામાં આવ્યું હતું કે વાસનાના સંપૂર્ણ નાશનાં પરિણામે પ્રાપ્ત થતાં મોક્ષને જ **'જીવન્મુક્તિ'** કહેવામાં આવે છે :

वासनाप्रक्षयो मोक्षः सा जीवन्मुक्तिरुच्यते ।

'જીવન્મુક્તિ'ની આ વ્યાખ્યાનો મર્મ એ છે કે જે સંનિષ્ઠ (Sincere) અને સમર્પિત (Dedicated) સાધકે પોતાનાં જીવન દરમિયાન જ, એટલે કે નિયત સમયે થતા દેહાવસાન પહેલાં જ, સંસારી જીવનની સર્વ વાસનાઓનો આત્યંતિક વિનાશ કરી નાખ્યો હોય, તેના માટે, પછી, નથી રહેતાં કશાં કર્મ કે કર્મફળનાં બંધન, નથી રહેતો વિષયચિંતનનો કશો વિક્ષેપ, નથી રહેતો વારંવાર થતાં મૃત્યુનો કે પુનર્જન્મનો કશો ભય.

આવી **'જીવન્મુક્તિ'**ને, અહીં, આ શ્લોકમાં, **'કૈવલ્ય'** એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ સંદર્ભમાં, કોઈકને, સવાલ એ ઊભો થાય કે આવો **'કૈવલ્ય'**પદપ્રાપ્ત સાધક 'વિદેહ' થાય, એટલે કે તે દેહત્યાગ કરે ત્યારે અને ત્યારપછીની એની ગતિ કેવી હોય છે ? આ સવાલનો અહીં અસંદિગ્ધ ઉત્તર આપવામાં આવ્યો છે કે ત્યારે પણ તે તો **'કૈવલ'** જ હોય છે, એટલે કે તે કૈવલ્યમુક્તિ અથવા વિદેહમુક્તિ જ

પામેલો, 'મુક્ત' જ બની રહે છે : विदेहे स च केवलः । આનું કારણ એ છે કે તેનાં સઘળાં પ્રારબ્ધ કર્મો 'ભુક્ત' અથવા 'ક્ષીણ' થઈ ગયાં હોવાથી, તેનો દેહપાત માત્ર સાક્ષીભાવે જ થાય છે : તે તો 'કેવલ' હોય છે અને રહે છે, તેણે બ્રહ્મનું 'કેવલત્વ' એટલે કે એકત્વ જાણીને તેને સંપૂર્ણરીતે આત્મસાત્ કરી લીધું હોય છે. આવું 'કૈવલ્ય'-પદ એ જ પરમપદ, બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ. પછી તેના માટે પુનર્જન્મ કે સંસાર રહેતો જ નથી, ક્યાંય કશાંય ભેદ કે દ્વૈત તેને દેખાતાં નથી, બ્રહ્મથી ભિન્ન એવું કશુંય, જરા પણ, ક્યાંય પણ, તેની દૃષ્ટિમાં જણાતું જ નથી : અભેદ-દર્શનની આ જ છે પરાકાષ્ઠા (Climax) !

આવી છે, બ્રહ્મૈકનિષ્ઠ સાધકની આદર્શ અને ઉચ્ચતમ સ્થિતિ-ગતિ. પરંતુ સાધનાની કશીક ઉણપ કે અપૂર્ણતાને કારણે, જેને પોતાનાં જીવનમાં કે બ્રહ્માંડમાં, ક્યાંક, કશોક પણ ભેદ દેખાતો હોય (यत्-किंचित् भेदं पश्यतः), તેનું શું ? તેની સ્થિતિ-ગતિ કેવી હોય ? - આ સવાલનો જવાબ, શ્લોકની બીજી પંક્તિમાં, માત્ર એક જ શબ્દમાં, છતાં સચોટ અને સંપૂર્ણતઃ નિઃશંક, આ રીતે, આપવામાં આવ્યો છે : (तस्य) भयं (अस्ति) । તેના માટે ભય એટલે કે મૃત્યુ-પુનર્જન્મ-સંસાર વગેરેનો ભય નિશ્ચિત બને છે. શ્રુતિનું મહાવાક્ય કહે છે કે - सर्वं खलु इदं ब्रह्म । ('આ બધું, ખરેખર, બ્રહ્મ જ છે'). સમગ્ર બ્રહ્માંડમાં જે કંઈ છે, તે માત્ર બ્રહ્મ જ હોય, તો પછી અહીં સર્વત્ર બીજું કશું તો હોઈ શકે જ નહીં અને તો પછી, બ્રહ્મથી ભિન્ન બીજું શું ? ભેદ ક્યાં, ક્યો, શો ? અભેદદૃષ્ટિમાં કશીક કચાશ રહી ગઈ હોય, તો જ ક્યાંક, થોડો પણ ભેદ જોવાની શક્યતા રહે.

અને આવી વ્યક્તિ માટેના 'ભય'ની વાત કોઈ સામાન્ય શાસ્ત્ર, પુરાણ કે પુસ્તક કહેતું નથી : આવું કહે છે સદા અને સ્વતઃપ્રમાણભૂત એવો સ્વયં યજુર્વેદ, જેના બે વિભાગો આ પ્રમાણે છે : (૧) શુક્લ-યજુર્વેદ અને (૨) કૃષ્ણ-યજુર્વેદ.

યજુર્વેદનાં જે શ્રુતિ વચનોનો સંદર્ભ અહીં ટાંકવામાં આવ્યો છે તે, એ જ વેદની આ બે ઉપનિષદોમાંથી છે :

(૧) બૃહદારણ્યક-ઉપનિષદ : द्वितीयाद् वै भयं भवति । (૧, ૪, ૨)

અહીં, આ દ્વિતીય એટલે, કેવલ, એક અને અદ્વિતીય એવા બ્રહ્મથી કશુંક જુદું, ભિન્ન, ભેદવાળું. આવા ભેદનું દર્શન, ભેદ-દૃષ્ટિ જ, મૃત્યુનો ભય ઊભો કરે છે.

(૨) તૈત્તિરીય-ઉપનિષદ :

यदा हि एव एषः एतस्मिन् उदरं अन्तरं कुरुते, अथ तस्य भयं भवति । (૨, ૭) ('જ્યારે અજ્ઞાનદશામાં, આ અજ્ઞાની, આ બ્રહ્મમાં જ અલ્પ પણ ભેદ-

દર્શન કરે છે ત્યારે, તે ભેદ-દર્શન વડે તેને ભય થાય છે').

આમ, એકંદરે, ભય કે દુઃખ, એ ભેદ-દૃષ્ટિનું જ પરિણામ છે, એ નિશ્ચિત બને છે. જે પોતાને એકં એવ અદ્વિતીયં બ્રહ્મ નહીં, પરંતુ એનાથી ભિન્ન એવા દેહાદિ માને છે, તેના માટે જ અનેક વાર મૃત્યુ અને જન્મનાં ચક્ર નિર્મિત થાય છે. કઠ-ઉપનિષદ પણ ઉપર્યુક્ત બંને શ્રુતિવચનોનું આવું જ સમર્થન કરતાં સ્પષ્ટ કહે છે કે -

न इह नानाऽस्ति किंचन ।
मृत्योः स मृत्युं गच्छति य इह नानेव पश्यति ॥ (૨, ૧, ૧૧)

("અહીં કાંઈ પણ ભેદ નથી : જે અહીં, બ્રહ્માંડમાં, ભેદભાવને જુએ છે તે, મૃત્યુથી મૃત્યુ પામતો રહે છે, એટલે કે જન્મ-મૃત્યુનાં ચક્રને જ પ્રાપ્ત થાય છે.")

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ છે કે અભેદ-દૃષ્ટિમાં કૈવલ્ય અથવા જીવનમુક્તિ છે, જ્યારે, એથી ઊલટું, ભેદ-દર્શનમાં મૃત્યુ અને મૃત્યુનો ભય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૩૦)

331

यदा कदा वाऽपि विपश्चिदेव
ब्रह्मण्यनन्तेऽप्यणुमात्रभेदम् ।
पश्यत्यथामुष्य भयं तदैव
यद्वीक्षितं भिन्नतया प्रमादात् ॥३३१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यदा कदा वाऽपि विपश्चिदेव
ब्रह्मण्यनन्तेऽप्यणुमात्रभेदम् ।
पश्यत्यथामुष्य भयं तदैव
यद्वीक्षितं भिन्नतया प्रमादात् ॥३३१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यदा कदा वा अपि एषः विपश्चित् अनन्ते ब्रह्मणि अणुमात्रभेदं पश्यति, अथ तदा एव अमुष्य (विपश्चितः) भयं (भवति), यद् (अनेन) प्रमादात् भिन्नतया वीक्षितम् ॥३३१॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં, यदा कदा वा अपि ... तदा एव, - 'જ્યારે ક્યારેય પણ...ત્યારે જ', - એવી વાક્યરચનાને કારણે, 'જ્યારે-ત્યારે'-વાળાં બે વાક્યો સાથે એક ત્રીજું વાક્ય, - એમ પરસ્પર-આધારિત કુલ ત્રણ વાક્યો આ પ્રમાણે છે :

(૧) अथ तदा एव अमुष्य (विपश्चितः) भयं भवति ।

विपश्चित् એટલે વિદ્વાન, બહુશ્રુત, ઘણું-ભણેલો. આવા (अमुष्य) વિદ્વાનને ત્યારે જ (સંસારનો અને મૃત્યુનો) ભય થાય છે. ક્યારે ? હવે પછી બીજાં વાક્યમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે :

(૨) यदा कदा वा अपि एषः विपश्चित् अनन्ते ब्रह्मणि अणुमात्रभेदं पश्यति । જ્યારે કદાપિ આ વિદ્વાન ભેદ જુએ છે, ભેદને જોવા માંડે છે. આ વિદ્વાન ક્યાં ભેદ જુએ છે ? अनन्ते ब्रह्मणि । - અનન્ત એવાં બ્રહ્મમાં; કેવો-કેટલો ભેદ જુએ છે ? अणुमात्रभेदम् । માત્ર અણુ જેવડો નાનો ભેદ. ત્યારે જ તેને ભય થાય છે. આવા વિદ્વાનને આટલો, અણુ જેવડો, ભેદ દેખાવાનું કારણ શું ? હવે પછીનાં, ત્રીજાં વાક્યમાં કહ્યા પ્રમાણે :

(૩) यद् (अनेन विपश्चिता) प्रमादात् भिन्नतया वीक्षितम् ।

यद् - કારણ કે; वीक्षितम् - (वि + ईक्ष् એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) જોયું; કેવી રીતે જોયું ? - भिन्नतया ભેદદૃષ્ટિથી, ભિન્નરૂપે, ભિન્નપણાંથી; પરંતુ આમ શા કારણે બનવા પામ્યું ? - प्रमादात् । પ્રમાદથી, અસાવધાનીનાં કારણે, ગાફેલ રહેવાનાં કારણે. (૩૩૧)

અનુવાદ :

જ્યારે-ક્યારેય પણ જો આ વિદ્વાન અનંત બ્રહ્મમાં અણુ-માત્ર ભેદ પણ જોવા માંડે છે, તો, ત્યારે જ એને (સંસારનો) ભય લાગે છે; કારણ કે એણે પ્રમાદથી, (અનંત બ્રહ્મને) ભેદ-દૃષ્ટિથી જોયું હોય છે. (૩૩૧)

ટિપ્પણ :

મનુષ્ય ગમે તેવો વિદ્વાન (विपश्चित्), બહુશ્રુત કે ઉચ્ચ પ્રકારની પ્રજ્ઞા-મેધાવાળો હોય, મોક્ષપ્રાપ્તિના માર્ગમાં, એનું કશું મૂલ્ય નથી; એટલું જ નહીં પણ મુમુક્ષુ તરીકેની કારકિર્દીમાં વિદ્વત્તા એ કંઈ મોક્ષપ્રાપ્તિ માટેની પાત્રતા નથી : આવા વિદ્વાનને પણ એટલી સાદી-સરળ અને મૂળભૂત હકીકત ન સમજાય કે બ્રહ્મ તો અનંત (अनन्ते ब्रह्मणि) છે, એક છે, અદ્વિતીય છે, સર્વ-ભેદ-રહિત છે; અને એમાં અંતનાં-ભેદનાં

દર્શન કરવા માંડે તો, એના માટે જન્મ-મૃત્યુ-સંસાર વગેરેનો ભય નિશ્ચિત થઈ જાય. બ્રહ્મમાં કે બ્રહ્મથી અણુ-માત્રના ભેદની દૃષ્ટિ, એટલે જ બ્રહ્મદર્શન માટેની અપાત્રતા (Disqualification) ! એની બહુશ્રુતતા (Well-readness) આ બાબત કશા જ ખપની નહીં ! તેણે જેવો ભેદને જોયો (भेदं पश्यति), તેવો જ, તે જ ક્ષણે (तदा एव), એના માટે (अमुष्य), ભયનાં નિર્માણની શરૂઆત થઈ જાય છે (भयं भवति). એનો અપરાધ માત્ર એક જ અને તે એ કે તેણે અભિન્ન એવાં બ્રહ્મનું ભિન્નરૂપે દર્શન કર્યું ! (तेन भिन्नतया वीक्षितम्) અને એના આ અપરાધનાં મૂળમાં હતો પણ પ્રમાદ (प्रमादात्), અસાવધાની, ગાફેલપણું. આવો આરૂઢ અને મૂર્ધન્ય કક્ષાનો વિદ્વાન પણ જો પોતાની જાતને અખંડ અને અ-ભેદ એવા બ્રહ્મથી જરા પણ ભિન્ન સમજે તો, તે સ્વસ્થ નથી, સાવધાન નથી, જાગ્રત નથી, એમ જ સમજવું રહ્યું !

આવી પરિસ્થિતિનો ફલિતાર્થ એ જ કે પ્રમાદ-રૂપી મહા-અનર્થથી અળગા રહેવામાં વિદ્વત્તા સહાયક બની શકતી નથી : 'ભેદ' અને 'અભેદ' વચ્ચેના સૂક્ષ્મ છતાં મહત્તમ 'ભેદ'(Difference)ને પામવા-પારખવાની જેનામાં વિવેકબુદ્ધિ નથી, એની ગમે તેવી ઉચ્ચ પ્રજ્ઞા-મેધા (Intellect) પણ નિરર્થક છે ! આવો મનુષ્ય પણ 'પ્રમાદ'થી મુક્ત રહેવાની બાબતમાં ગોથું ખાઈ જાય, ભેદ-દૃષ્ટિનો ભોગ બની જાય અને અંતે, જન્મ-મૃત્યુનાં અનંત ચક્કરના ભયનું પોતે જ નિર્માણ કરી બેસે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૩૧)

332

श्रुतिस्मृतिन्यायशतैर्निषिद्धे
दृश्येऽत्र यः स्वात्ममतिं करोति ।
उपैति दुःखोपरि दुःखजातं
निषिद्धकर्ता स मलिम्लुचो यथा ॥३३२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

શ્રુતિસ્મૃતિન્યાયશતૈર્નિષિદ્ધે
દૃશ્યેઽત્ર યઃ સ્વાત્મમતિં કરોતિ ।
ઉપૈતિ દુઃખોપરિ દુઃખજાતં
નિષિદ્ધકર્તા સ મલિમ્લુચો યથા ॥૩૩૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

શ્રુતિ-સ્મૃતિ-ન્યાય-શતૈઃ નિષિદ્ધે અત્ર દૃશ્યે યઃ સ્વ-આત્મમતિં કરોતિ, સઃ (સાધકઃ) નિષિદ્ધકર્તા મલિમ્લુચઃ યથા, દુઃખ-ઉપરિ દુઃખજાતં ઉપૈતિ ॥૩૩૨॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : સઃ (સાધકઃ) દુઃખ-ઉપરિ દુઃખજાતં ઉપૈતિ । ઉપૈતિ એટલે પામે છે, પ્રાપ્ત કરે છે; શું પ્રાપ્ત કરે છે ? - દુઃખજાતમ્; જાત એટલે સમૂહ, સમુદાય; તે દુઃખો ઉપર દુઃખોના સમૂહો પામે છે; એટલે કે અણ-અટક્યાં અનેક દુઃખોનો તે ભોગ બને છે. આવું દુર્ભાગ્ય કોનું હોય છે ? સઃ (સાધકઃ), એવો સાધક, કે જે (યઃ) અત્ર દૃશ્યે સ્વ-આત્મમતિં કરોતિ । અહીં આ (માત્ર દેખાતા; ખરેખર કશું જ અસ્તિત્વ નહીં ધરાવતાં) દેહાદિ અને જગતના 'અનાત્મ' પદાર્થો વગેરેમાં આત્મબુદ્ધિ કરે છે; 'આત્મબુદ્ધિ' કરવી એનો અર્થ એ જ કે જે પોતાનું નથી, તેને પોતાનું માનવું, જે 'પોતે' નથી, તેને 'પોતે' છે, એમ સમજવું; અહીં (અત્ર) આ જે માત્ર દેખાય છે તે દૃશ્ય કેવું છે ? શ્રુતિ-સ્મૃતિ-ન્યાય-શતૈઃ નિષિદ્ધે । શ્રુતિ એટલે વેદોથી ઉપનિષદો સુધીનું સમગ્ર વૈદિક સાહિત્ય; સ્મૃતિ એટલે વૈદિક સાહિત્ય પછીનું, રામાયણ-મહાભારત-પુરાણો વગેરે સાહિત્ય; ન્યાય એટલે મૂળભૂત દૃષ્ટિએ તો, સાંખ્ય-યોગ વગેરે છ દર્શનોમાંનું એક દર્શન (Philosophy); પરંતુ અહીં, ન્યાય-વૈશેષિક-દર્શનોમાં નિરૂપિત 'તર્કશાસ્ત્ર'(Logic)માંની યુક્તિ-પ્રયુક્તિઓ; શતૈઃ સેંકડો, અસંખ્ય, અનેક; નિષિદ્ધ એટલે જેનો નિષેધ (Prohibition) કરવામાં આવ્યો છે, જેની મનાઈ કરવામાં આવી છે, એવી બાબત.

અહીં (અત્ર, જગતિ), જગતમાં, જે કંઈ દેખાય છે, માત્ર દેખાય જ છે, તે, ખરેખર, છે જ નહીં, એવો નિષેધ, એવો મિથ્યાભાવ, શ્રુતિ-સ્મૃતનાં સેંકડો મંત્રોમાં-વાક્યોમાં તથા ન્યાયની યુક્તિઓમાં કરવામાં આવ્યો છે, એવો અહીંનો આ બધો 'દૃશ્ય'-પ્રપંચ છે.

આવા 'દૃશ્ય'માં જે 'આત્મબુદ્ધિ' કરે છે, તે કોના જેવો છે ? - મલિમ્લુચઃ યથા । મલિમ્લુચ એટલે ચોર; ચોર કેવો હોય છે ? - નિષિદ્ધકર્તા. નિષિદ્ધ આચરણ કરનાર, મનાઈ થયેલું કરનાર. (૩૩૨)

અનુવાદ :

સેંકડો શ્રુતિ-વચનો, સ્મૃતિ-વાક્યો અને યુક્તિઓ વડે જેનો નિષેધ કરવામાં

આવ્યો છે, તેવાં, અહીં, દૃશ્ય-પદાર્થમાં, જે આત્મબુદ્ધિ કરે છે તે (મનુષ્ય), નિષિદ્ધ આચરણ કરે છે તેવા ચોરની જેમ, દુઃખ ઉપર દુઃખ પામે છે. (૩૩૨)

ટિપ્પણ :

'નિષેધ' એટલે મનાઈ; અમુક ક્રિયા ન કરવાની આજ્ઞા. આ પ્રકારની આજ્ઞા આપવાનો હેતુ, સામાન્ય સંજોગોમાં, એ હોય છે કે એ ક્રિયા હાનિકારક અથવા અયોગ્ય હોય; ઉદાહરણ તરીકે મદ્યનિષેધ, દારૂબંધી, નશાબંધી. જો કોઈ વિચાર કે વસ્તુ વિશેનો નિષેધ હોય તો એની પાછળનું કારણ હોય કે તે મિથ્યા હોય, અનિત્ય હોય, બાહ્ય દૃષ્ટિએ જ માત્ર 'દેખાતું' (**'દૃશ્ય'**) હોય; ખરેખર અથવા પારમાર્થિક દૃષ્ટિએ, એનું અસ્તિત્વ જ ન હોય. ટૂંકમાં, 'નિષિદ્ધ' ક્રિયા કે વિચાર-વસ્તુને આચારિત કરવામાં આવે તો, એવું આચરણ કરનાર મનુષ્ય (**નિષિદ્ધકર્તા**), અંતે, અવશ્ય, દુઃખી થાય છે, એવું પ્રતિપાદન કરવાનું, આ શ્લોકનું તાત્પર્ય છે.

આ શ્લોકમાં, જેનો **'નિષેધ'** કરવામાં આવ્યો છે તે એ છે કે આ જગતમાં જે કંઈ દેખાય છે, એવી સર્વ **'દૃશ્ય'** બાબતો વિશે સાધકે 'આત્મબુદ્ધિ' ન સેવવી; અને આવો **'નિષેધ'** જેમના વડે કરવામાં આવ્યો છે, તે છે, **શ્રુતિ, સ્મૃતિ** અને **ન્યાય**નાં સેંકડો વાક્યો.

'વેદાન્ત'-દર્શનનો પાયાનો સિદ્ધાંત આવાં સૂત્રાત્મક અને સુપ્રસિદ્ધ વિધાનમાં વ્યક્ત કરવામાં આવ્યો છે : **ब्रह्म सत्यं जगत् मिथ्या** । જે જગતમાં આપણે જીવીએ છીએ અને જે જગત આપણી સમક્ષ છે, પ્રત્યક્ષ છે, આપણી આંખો જેને પોતાની સામે જ જોઈ શકે છે, તે જગત મિથ્યા ? ખોટું ? અસત્ ? આવો આઘાતકારક સવાલ કોઈ પણ સામાન્ય વ્યક્તિનાં મનમાં, સ્વાભાવિક રીતે જ, ઉદ્‌ભવે અને છતાં આ વિધાન સંપૂર્ણરીતે સાચું, અસંદિગ્ધ અને ત્રિકાલાબાધિત છે, એવું પ્રતિપાદન, શંકરાચાર્યના 'કેવલાદ્વૈતવાદ'ની સર્વ ચર્ચાઓમાં, આધારશિલા-સ્વરૂપે અને કેન્દ્રસ્થાને રહ્યું છે. મહત્ત્વની વાત એ છે કે જે કાંઈ 'દેખાય' (**'દૃશ્ય'**) છે તે, ખરેખર, **'છે'**, **'હોય છે'**, અથવા **'અસ્તિત્વ ધરાવે છે'**, - એવી માન્યતા એ એક **'ભ્રમ'** છે : રાત્રે રસ્તામાં પડેલું દોરડું (રજ્જુ), અંધારાંને કારણે, સાપ-(**સર્પ**)-રૂપે દેખાય (**'दृश्य'**) છે અને છતાં, જે દેખાય છે તે સાપ હોતો જ નથી, તે એક નિર્વિવાદ સત્ય છે. સૈદ્ધાંતિક દૃષ્ટિએ, જગતનું અસ્તિત્વ (Existence) પણ સાપનાં અસ્તિત્વ જેવું, દેખાવા પૂરતું જ, પારિભાષિક શબ્દમાં, **'प्रातिभासिक'** છે; કારણ કે જે કંઈ **'દૃશ્ય'** છે, તેને આકાર છે, તે જન્મેલું છે અને જન્મેલું હોવાને કારણે તેનું મૃત્યુ નિશ્ચિત છે. તેની હયાતી માત્ર વર્તમાનકાળમાં જ છે, ભૂતકાળમાં તે ન્હોતી અને ભવિષ્યકાળમાં તે રહેશે નહીં; આ અગાઉ આપણે જેની ચર્ચા કરી ચૂક્યાં છીએ, તે **'અભાવ'**ના

સિદ્ધાંત અનુસાર વિચારીએ તો આ જગત તથા તેની અંદરનું 'દૃશ્ય' અને 'સાકાર' એવું સઘળું 'પ્રાગ્-અભાવ'વાળું અને 'પ્રધ્વંસ-અભાવ'વાળું છે અને તેથી જ, ઉચ્ચ પારમાર્થિક દૃષ્ટિએ, બ્રહ્માંડમાંનો આ સઘળો 'દૃશ્ય'-પ્રપંચ મિથ્યા છે, અસત્ છે, અનિત્ય છે અને 'અનાત્મ' છે.

અને આ જ કારણે, આવાં 'અનાત્મ' પદાર્થમાં સાધકે 'આત્મ'-બુદ્ધિ ન કરવી જોઈએ (**यः स्वात्मबुद्धिं करोति ।**), - એવો 'નિષેધાત્મક' આદેશ આ શ્લોકમાં અભિવ્યક્ત કરવામાં આવ્યો છે.

કોઈકને, અલબત્ત, પ્રશ્ન થાય : 'પરંતુ આવો **'નિષેધ'** અવશ્યમેવ સ્વીકાર્ય શા માટે ?'

કોઈ પણ આજ્ઞાની બાબતમાં, પ્રતિ-પ્રશ્ન એ કરવાનો રહે છે કે 'એવી આજ્ઞા કોણે કરી છે ?' વસ્તુતઃ, આજ્ઞાધીનતાનો આધાર આજ્ઞા કરનારની પ્રમાણભૂતતા - (Authoritativeness) અને શ્રદ્ધેયતા (Trustworthiness) પર જ રહે છે.

ભારતીય દાર્શનિક પરંપરામાં જેમનું **'સ્વતઃપ્રામાણ્ય'** સર્વદા-સર્વથા સ્વીકાર્ય રહ્યું છે તે વેદો વગેરે **'શ્રુતિ'**, 'શ્રુતિ'-આધારિત **સ્મૃતિ** અને **ન્યાય**-દર્શન વગેરેનાં સેંકડો વાક્યોએ આવી નિષેધાત્મક આજ્ઞા કરી છે, એમ કહીને આચાર્યશ્રીએ આ **'નિષેધ'**ની સર્વ-સ્વીકાર્યતાના મુદ્દાને અંકિત કરી દીધો છે (**श्रुतिस्मृतिन्यायशतैर्निषिद्धे**) અને ભાષ્યકારોએ આવાં પ્રતિનિધિરૂપ વાક્યો આ પ્રમાણે ટાંક્યા છે :

શ્રુતિ : इदं प्रपंचं यत्-किंचित् यद्-यद्-जगति वीक्ष्यते ।
दृश्यरूपं च दृग्-रूपं सर्वं शशविषाणवत् ॥ ('તેજોબિંદુ'-શ્રુતિ)

('જગતમાં દૃશ્યરૂપે અને દૃષ્ટારૂપે, જે-જે કંઈ પ્રપંચરૂપ દેખાય છે, તે-તે સઘળું સસલાંનાં શિંગડાં જેવું મિથ્યા છે.')

જગતમાંના સર્વ **'દૃશ્ય'** પદાર્થો કેવા છે ? કોના જેવા છે ? આ સરખામણી 'સો-ટકા' જડબેસલાક છે, કારણ કે 'સસલાંને શિંગડાં' (**शशविषाण**) ક્યારેય પણ હોતાં જ નથી ! ટૂંકમાં, જગત અને જગતમાંનું સઘળું **'દૃશ્ય'** એટલે કદી પણ અસ્તિત્વ ન ધરાવતું, **'शशविषाण'** જેવું !

દાર્શનિક ચર્ચાઓમાં, આવી, **'शशविषाण'** જેવી થોડી વસ્તુઓ આ પ્રમાણે નોંધાઈ છે :

વાંઝણી સ્ત્રીનો દીકરો,— **'वंध्यापुत्र'**
ઝાંઝવાનાં જળ, — **'मृगतृष्णिका'**
આકાશનું ફૂલ, — **'आकाशपुष्प'**

સ્મૃતિ : આ જગતમાં અસંખ્ય 'ભૂતો' છે, - જે જન્મ્યાં છે અને જે પૃથ્વી

પર, આકાશમાં અને પાણીમાં હરે-ફરે-રહે છે, જીવે છે; અને અંતે મૃત્યુ પામે છે. આવાં ભૂતોનું અસ્તિત્વ ખરેખર છે ? જો હોય તો, **ગીતા**માં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ એવું વિધાન શા માટે કરે કે, - 'આ બધાં ભૂતો મારામાં નથી ? न च मत्स्थानि भूतानि । (૯, ૫), ભગવાનનાં પોતાનાંમાં જ જે **'નથી'**, એના માટે **'છે'**, - એમ કહી શકાય જ શી રીતે ? આ થયું, અનેકોમાંનું એક, **સ્મૃતિ**વાક્ય.

ન્યાય : તર્કશાસ્ત્રના ગ્રંથોમાં, અનેક યુક્તિઓમાંની એક યુક્તિ આ પ્રમાણે નોંધાઈ છે : यद् दृष्टं तद् नष्टम् । ... तद् हेयम् । ('જે કંઈ દેખાય છે, **'દૃશ્ય'** છે, તે નાશ પામે તેવું હોય છે, ...તેનો ત્યાગ કરવો જોઈએ, તે નિષેધપાત્ર છે').

આમ, સંક્ષેપમાં, **શ્રુતિ-સ્મૃતિ-ન્યાય**નાં ઉપર્યુક્ત વિધાનો દ્વારા, નિઃશંક સિદ્ધ થાય છે કે અહીં, જગતમાંનું સઘળું જે કંઈ **'દૃશ્ય'** છે તે, 'નિષિદ્ધ' છે. સાધકે તેમાં 'આત્મબુદ્ધિ' ન કરવી જોઈએ.

આ 'આત્મબુદ્ધિ'ના બે અર્થ આ પ્રમાણે પણ ઘટાવી શકાય : (૧) **એક** તો એ કે પેલું સઘળું **'દૃશ્ય'** 'અનાત્મ' છે અને આવાં 'અનાત્મ'માં 'આત્મબુદ્ધિ' કરવી, તે તો સાધક માટે સદા-સર્વદા નિષિદ્ધ જ છે. (૨) **બીજું**, જે 'અનાત્મ' છે તે, 'આત્મા'નું, પોતાનું, પોતાની માલિકીનું હોઈ શકે નહીં; તે **'પર'** છે, બીજાનું છે, પારકું છે; એમાં 'આત્મબુદ્ધિ' કરવી, એટલે 'પારકી' વસ્તુને 'પોતાની' ગણવી; અને આ તો **'ચોરી'** કહેવાય ! અને **'ચોરી'** એટલે 'નિષિદ્ધ-આચરણ' ! આવો ચોર તો નિષિદ્ધકર્તા (मस्मिल्लुचः) હોવાથી, એને જેલ, દંડ, શિક્ષા વગેરે અનેક પ્રકારની સખત સજા થાય; અને પછી તો, આવા ચોરનાં નસીબમાં તો, દુઃખોની અણ-અટકી પરંપરા - (दुःखोपरि दुःखजातम्) રહે !

આચાર્યશ્રીનાં, આ શ્લોકમાંનાં, નિરૂપણમાંની બે વિશિષ્ટતાઓ, આ પ્રમાણે, નોંધપાત્ર છે : **એક** તો એ કે 'ચોર' માટે તેમણે मस्मिल्लुच - જેવો અઘરો અને બહુ ઓછો પ્રયોજાતો શબ્દો પ્રયોજ્યો છે; અને **બીજું** એ કે જગતમાંના 'દૃશ્ય', એટલે કે નિષિદ્ધ પદાર્થોમાં 'આત્મબુદ્ધિ' કરનાર સાધક માટે **'ચોર'** જેવું ઉપમાન પ્રયોજતાં તેઓશ્રી અચકાતા નથી !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૩૨)

333

सत्याभिसंधानरतो विमुक्तो
महत्त्वमात्मीयमुपैति नित्यम् ।

मिथ्याभिसंधानरतस्तु नश्येद्
दृष्टं तदेतद्यदचोरचोरयोः ॥३३३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सत्याभिसंधानरतो विमुक्तो
महत्त्वमात्मीयमुपैति नित्यम् ।
मिथ्याभिसंधानरतस्तु नश्येद्
दृष्टं तदेतद्यदचोरचोरयोः ॥३३३॥

શ્લોકનો ગદ્ય અન્વય :

सत्य-अभिसन्धानरतः (साधकः) विमुक्तः (भूत्वा) नित्यं आत्मीयं (आत्मासमानं, आत्मासंबद्धं) महत्त्वं उपैति, मिथ्या-अभिसन्धान-रतः तु नश्येत्; यद् एतद् तद् अचोर-चोरयोः दृष्टम् (दृष्टान्ते स्पष्टं भवति) ॥३३३॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો, આ પ્રમાણે, છે :

(૧) सत्य-अभिसन्धानरतः (साधकः) विमुक्तः (भूत्वा) नित्यं आत्मीयं (आत्मासमानं, आत्मासंबद्धं) महत्त्वं उपैति । તેવો સાધક મહત્ત્વ પામે છે, મહાનતા પ્રાપ્ત કરે છે. કેવું મહત્ત્વ પામે છે ? આત્મીયમ્ એટલે કે આત્માનું, આત્મા જેવું, આત્મા-સંબંધી; અભિસન્ધાન એટલે નિત્ય, સતત, નિરંતર ચિંતન-મનન-રટણ; રત (रम् - ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) એટલે મગ્ન, ઓતપ્રોત; કેવો સાધક ? સત્યનાં જ નિરંતર ચિંતનમાં જે મગ્ન રહે છે; તે આવું મહત્ત્વ ક્યારે પ્રાપ્ત કરે છે ? - विमुक्तः (भूत्वा) - મુક્ત બનીને.

(૨) मिथ्या-अभिसन्धान-रतः तु नश्येत् । तु, પરંતુ, એથી ઊલટું, સામી બાજુએ; મિથ્યા એટલે ખોટું, અસત્ય એવું જગત, જગતમાંનાં બાહ્ય-દૃશ્ય-ભૌતિક પદાર્થો; એમાં મગ્ન રહેનારનું શું થાય છે ? - બીજું શું થઈ શકે ? - 'નાશ' (नश्येत्), એટલે કે અનેક અનર્થો પામે છે.

(૩) यद् एतद् तद् अचोर-चोरयोः दृष्टम् (दृष्टान्ते स्पष्टं भवति ।); यद एतद् तद् दृष्टम् । તે, આ, જે એટલે કે અહીં, આ શ્લોકમાં, જે કંઈ કહેવામાં આવ્યું છે તે, જોવામાં આવે છે, જણાય છે, સ્પષ્ટ સમજાય છે. ક્યાં-શામાં જોવામાં આવે છે ? - अचोर-चोरयोः । ચોર-અચોરનાં (આ પહેલાંના શ્લોકમાં અપાયેલાં)

દૃષ્ટાંતમાં. (૩૩૩)

અનુવાદ :

જે (મનુષ્ય) સત્યનાં (જ) નિરંતર ચિંતનમાં મગ્ન રહે છે તે, વિમુક્ત બનીને, હંમેશાં, આત્માનું મહત્ત્વ પામે છે; જ્યારે (એથી ઊલટું) જે (માણસ) મિથ્યાનાં (જ) અભિસંધાનમાં સતત રત રહે છે તે, નાશ પામે છે : અહીં જે (કંઈ કહેવામાં આવ્યું છે) તે, આ હકીકત, ચોર-અચોરનાં (પૂર્વોક્ત) દૃષ્ટાંતમાં (સ્પષ્ટ) જણાઈ આવે છે. (૩૩૩)

ટિપ્પણ :

'સત્ય'નાં જ નિરંતર ચિંતનમાં મગ્ન(सत्याभिसन्धानरतः) અને **'મિથ્યા'**નાં જ સતત રટણમાં ઓતપ્રોત(मिथ्याभिसन्धानरतः), એવા બે પરસ્પરવિરુદ્ધ વિચાર-વ્યવહારને અપનાવનાર માણસોને, પોતાનાં તે-તે વિચાર-વ્યવહારનાં અનુસરણ અને સેવન-ભાવનને અનુરૂપ, પ્રાપ્ત થતાં પરિણામનું પ્રતિપાદન, ગ્રંથકાર, આ શ્લોકમાં કરે છે અને તે બંને પરિણામોનું સમર્થન, આ પહેલાના શ્લોકમાં તેમણે પ્રયોજેલાં દૃષ્ટાંતમાં, મળે છે, તેમ જણાવે છે.

'સત્ય' શું ? બ્રહ્મ. 'મિથ્યા' શું ? જગત.

બ્રહ્મરૂપ **સત્ય**નાં નિરંતર ચિંતનમાં જ રમમાણ એવો મનુષ્ય, વિમુક્ત થાય છે, એટલે કે જીવન્મુક્ત થાય છે, કારણ કે તે પોતાના દેહાવસાન પહેલાં, જીવન દરમિયાન જ, જીવતે-જીવત (जीवन्) મુક્ત થાય છે. આવા સંનિષ્ઠ સાધકને એવું પરમ-સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે કે તેનો દેહ ટકે ત્યાંસુધી, સદા-સર્વદા (नित्यम्), તે આત્મા સાથે સંબદ્ધ એવું મહત્ત્વ પામતો રહે છે. (आत्मीयं महत्त्वं उपैति ।)

હવે આથી તદ્દન વિરુદ્ધ એવું ચિત્ર જુઓ : જગત અને જગતના સર્વ માત્ર-'દૃશ્ય' પ્રપંચરૂપ **મિથ્યા**નાં સતત રટણમાં જ રાચી રહેલો મનુષ્ય તો (तु), અનેક અનર્થો અને અનિષ્ટોનો ભોગ બને છે, - એટલે કે અધોગતિ અને નાશનાં દુર્ભાગ્યનાં દુશ્ચક્રમાં સપડાય છે (नश्येत्).

કોઈક આશંકાકાર એવું પૂછે કે 'તમે આ જે બે ચિત્રો નિરૂપ્યાં, તે તો ઠીક, પણ એની પ્રતીતિ ક્યાંય જોવા મળે છે ?' તો, ગ્રંથકાર, ગયા શ્લોકમાં પોતે પ્રયોજેલાં દૃષ્ટાંત પ્રત્યે અંગુલિ-નિર્દેશ કરે છે. આમ છતાં, પેલો આશંકાકાર તરત જ ગ્રંથકારનું એમ કહીને લક્ષ ખેંચશે કે 'ત્યાં તો, **ચોર**નું દૃષ્ટાંત છે, પણ **અચોર**નું શું ?' વાચ્યાર્થમાં એની વાત સાચી છે, પણ **ચોર**ની દુર્ગતિ પરથી **અચોર**ની સદ્‌ગતિનું અનુમાન થઈ શકે : **ચોર**નાં દૃષ્ટાંતમાં જ, વ્યંગ્ય-અર્થમાં, **અચોર**નું દૃષ્ટાંત પણ રહેલું

છે જ.

આવો કશોક ખુલાસો(Explanation), **અચોર**નાં દૃષ્ટાંત માટે આપી શકાય; પરંતુ અચાર્યશ્રીનાં મનમાં, તો, છાન્દોગ્ય-ઉપનિષદમાંની, ઉદ્દાલક-શ્વેતકેતુ(પિતા-પુત્ર) વિશેની આ આખ્યાયિકા જ અભિપ્રેત હશે, એમાં શંકા નથી.

પ્રસંગ કંઈક આ પ્રમાણે છે :

રાજાના અનુચરો બે માણસોને પકડીને રાજાની સમક્ષ લઈ આવે છે. તે બંને પર ચોરીનો આરોપ છે અને તે બંને, અત્યારની કોર્ટની ભાષામાં 'પોતે ગુનેગાર નથી' (Not guilty) એમ કહે છે. અનુચરો, અલબત્ત, રજૂઆત કરે છે કે स्तेयं अकार्षीत् । - "તેણે ચોરી કરી છે." હવે શું કરવું ? સાબિત કેવી રીતે કરવું ? અંતે નક્કી એમ થાય છે કે "આને માટે કુહાડો તપાવો" । **'મિથ્યા'** વડે પોતાને ઢાંકી દેનારો માણસ પેલા તપાવેલા કુહાડાને સ્પર્શે છે, તે દાઝે છે અને તેથી તે મૃત્યુદંડ પામે છે : (सः अनृताभिसन्धः, अनृतेन आत्मानं अभिसन्धाय, परशुं तप्तं गृह्णाति, दह्यते अथ हन्यते ।)

જ્યારે પેલો બીજો માણસ સત્યપ્રતિજ્ઞાવાળો હતો, તેણે **સત્ય** વડે પોતાને ઢાંકીને તપેલા કુહાડાનો સ્પર્શ કર્યો, (પણ) તે દાઝ્યો નહીં અને આરોપમાંથી મુક્ત થયો : (सः सत्याभिसन्धानः, सत्येन आत्मानं अभिसन्धाय, परशुं तप्तं प्रतिगृह्णाति, सः न दह्यते, अथ मुच्यते । (૬, ૧-૨)

ઉપનિષદની આ આખ્યાયિકામાં, **'सत्य'** અને (અહીંના **'મિથ્યા'**-શબ્દને બદલે) **'अनृत'**, - એ શબ્દો છે; પરંતુ **'अभिसन्धान'**- શબ્દ તો છે જ; એ જ દર્શાવે છે કે આચાર્યશ્રીને આ દૃષ્ટાંત જ અભિપ્રેત હશે : તપાવેલા કુહાડાને સ્પર્શતાં જે દાઝે છે, તે **ચોર** છે અને જે દાઝતો નથી, તે **અચોર** છે !

'અસત્યની ચકાસણી' માટે, પ્રવર્તમાન શાસકો, 'Lie-Ditector' જેવું જે સાધન વાપરે છે, તેના મૂળમાં છાંદોગ્ય-ઉપનિષદની આ આખ્યાયિકા હશે ?

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૩૩)

334

यतिरसदनुसन्धि बन्धहेतुं विहाय
स्वयमयमहमस्मीत्यात्मदृष्ट्यैव तिष्ठेत् ।
सुखयति ननु निष्ठा ब्रह्मणि स्वानुभूत्या
हरति परमविद्याकार्यदुःखं प्रतीतम् ॥३३४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યતિરસદનુસન્ધિં બન્ધહેતું વિહાય
સ્વયમયમહમસ્મીત્યાત્મદૃષ્ટ્યૈવ તિષ્ઠેત્ ।
સુખયતિ નનુ નિષ્ઠા બ્રહ્મણિ સ્વાનુભૂત્યા
હરતિ પરમવિદ્યાકાર્યદુઃખં પ્રતીતમ્ ॥૩૩૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યતિઃ બન્ધહેતું અસત્-અનુસન્ધિ વિહાય, 'સ્વયં અયં અહં અસ્મિ' ઇતિ આત્મદૃષ્ટ્યા એવ તિષ્ઠેત્ । નનુ સ્વ-અનુભૂત્યા બ્રહ્મણિ નિષ્ઠા સુખયતિ, પ્રતીતં પરં અવિદ્યાકાર્યદુઃખં (ચ) (સા) હરતિ ॥૩૩૪॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) યતિઃ-થી ... તિષ્ઠેત્ । યતિઃ આત્મદૃષ્ટ્યા એવ તિષ્ઠેત્ । યતિઃ એટલે સંયમશીલ મુમુક્ષુ સાધક; યોગી; તેણે શું કરવું જોઈએ ? આત્મદૃષ્ટ્યા એવ તિષ્ઠેત્ । તેણે આત્મદૃષ્ટિપૂર્વક જ રહેવું જોઈએ, આત્મદૃષ્ટિ કરતાં-આચરતાં જ રહેવું જોઈએ. કેવી, કયા પ્રકારની 'આત્મદૃષ્ટિ' ? 'સ્વયં અયં અહં અસ્મિ' ઇતિ (આત્મદૃષ્ટ્યા) । 'હું પોતે જ આ પરમબ્રહ્મ છું', - એવી આત્મદૃષ્ટિ. આ પહેલાં તેણે શું કરવું જોઈએ ? બન્ધહેતું અસત્-અનુસન્ધિ વિહાય । વિહાય એટલે ત્યજી દઈને, છોડી દઈને; શું છોડી દેવાનું છે ? - અસત્-અનુસન્ધિમ્ । અનુસન્ધિ એટલે ચિંતન-રટણ; અસત્ એટલે અસત્ય, અસત્ય વસ્તુઓ-પદાર્થો. આ અનુસન્ધિ કેવી છે ? બન્ધહેતુમ્ । (સંસાર)બંધનનાં કારણરૂપ.

(૨) નૂનં સ્વ-અનુભૂત્યા બ્રહ્મણિ નિષ્ઠા સુખયતિ । નૂનં - સાચે જ, ખરેખર; બ્રહ્મણિ નિષ્ઠા - બ્રહ્મનિષ્ઠા, બ્રહ્મમાં પ્રાપ્ત થયેલી નિષ્ઠા. કેવી 'નિષ્ઠા' ? પોતાના જ અનુભવનાં બળે, સ્વાનુભવ વડે જ, પમાયેલી. સુખયતિ - સુખ એટલે કે આનંદ આપે છે.

(૩) પ્રતીતં પરં અવિદ્યાકાર્યદુઃખં (ચ સા) હરતિ । અને આવી 'નિષ્ઠા' બીજું શું કરે છે ? - ... દુઃખં હરતિ । દુઃખને હરે છે, દૂર કરે છે. કેવું અને કયું દુઃખ ? અવિદ્યાકાર્યદુઃખમ્ । અવિદ્યાનાં પરિણામરૂપ; અવિદ્યાના વિસ્તારરૂપ; વળી, તે દુઃખ કેવું છે ? પરં પ્રતીતમ્ । પોતાનાથી ભિન્નરૂપે જણાતું,

અનુભવાતું. (૩૩૪)

અનુવાદ :

(સંસાર-)બંધનનાં કારણરૂપ અસત્યનું ચિંતન છોડી દઈને, યોગીએ, 'હું પોતે જ પરમબ્રહ્મ છું', - (બ્રહ્મમાં) એવી આત્મદૃષ્ટિ કરતાં રહેવું જોઈએ. ખરેખર, પોતાના જ અનુભવ વડે બ્રહ્મમાં થયેલી (આવી) નિષ્ઠા આનંદ આપે છે અને પોતાથી ભિન્નરૂપે પ્રતીત થતાં અવિદ્યાનાં પરિણામનાં દુઃખને દૂર કરે છે. (૩૩૪)

ટિપ્પણ :

મોક્ષપ્રાપ્તિરૂપ પોતાનાં જીવનધ્યેયને સંપન્ન કરવા માટે જે સતત યત્નશીલ રહે છે તે **'યતિ'** (યત્ - 'યત્ન કરવો' એ ધાતુ પરથી બનેલું નામ- Noun). આવા 'યતિ' પાસેથી, સ્વાભાવિક રીતે બે અપેક્ષા રાખવામાં આવે છે : (૧) **એક** અને મુખ્ય, અપેક્ષા તો એ કે પોતે જ પરમબ્રહ્મ છે, - એવું એનું આત્મદર્શન, બ્રહ્મ સાથેની એવી એની અભેદાનુભૂતિ સતત ચાલુ રહેવી જોઈએ, એવી આત્મદૃષ્ટિ કરતાં રહીને જ તેણે પોતાનું જીવન જીવવું જોઈએ; તેણે સંપૂર્ણરીતે બ્રહ્મીભૂત બની રહેવું જોઈએ, એમાં જરા પણ ચ્યુતિ કે ક્ષ્યાશ ન રહેવી જોઈએ (**તિષ્ઠેત્**) અને (૨) **બીજું**, આત્મા સિવાયનું, આ જગતમાંનું જે કંઈ 'અસત્' છે, અનાત્મ છે, એવાં જે કંઈ વિષયો-વિચારો-વાસનાઓ-પદાર્થો છે, તેનું ચિંતન તેની સાથેનું અનુસંધાન (**અનુસન્ધિ**) તેણે સંપૂર્ણરીતે છોડી દેવું જોઈએ (**વિહાય**); કારણ કે દેહાદિનું આવું રટણ જ તેના માટે સંસાર-બંધનની બેડીરૂપ બની જવાનો ભય છે.

આમ, તેના પાસેથી સેવવામાં આવતી દ્વિવિધ અપેક્ષામાં **એક**, **'ગ્રહણ'**ની છે, - પોતાનું બ્રહ્મીભવન, બ્રહ્મરૂપ બની રહેવું, આવી આત્મદૃષ્ટિને અવિરત સેવવી, એમાં જ સતત રત રહેવું; અને **બીજું**, સમગ્ર બ્રહ્માંડમાંનાં સઘળાં 'અસત્'-સાથેના સંપર્ક-સંબંધ-અનુસંધાનને દૂર કરવાં, એ સહુથી પૂરેપૂરું અળગાં થઈ જવું; કારણ કે એનાં પરિણામે ઉદ્ભવતાં સંસારબંધનો તો તેને પોસાય જ નહીં.

અને આવી યત્નસભર, સંયમશીલ કારકિર્દી કંઈ નિરર્થક નથી હોતી. એની સુનિશ્ચિત એવી ઉપલબ્ધિ પણ એવી જ **દ્વિવિધ** છે : **એક**, પ્રાપ્તિની, **બીજી**, દૂરીકરણની : સ્વાનુભવે પ્રાપ્ત થયેલી, બ્રહ્મમાં જ રહેલી એની અવિચળ નિષ્ઠા એને અચૂક (**ન**નુ), 'બ્રહ્માસ્વાદસહોદર' આનંદ આપે છે (**સુખયતિ**); અને અવિદ્યાનાં વિસ્તાર-પરિણામ-સ્વરૂપ, વિષયો-વાસનાઓ અને સંસારનાં જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ સમાં સર્વ દુઃખોને તે દૂર કરે છે (**હરતિ**).

શ્લોકની ચોથી પંક્તિમાંના **પરં**-શબ્દને ત્રીજી પંક્તિમાંના **સુખયતિ**-શબ્દ સાથે

અન્વિત કરીએ તો, परं सुखयति । - એ નાનું વાક્ય ("પરમ સુખ આપે છે") "छांदोग्य"-ઉપનિષદના यो वै भूमा तत्सुखम् । (૭, ૨૩) - ("જે નિરતિશય છે, તે જ સુખ છે", એ સુપ્રસિદ્ધ ભૂમા - સુખનું સ્મરણ કરાવે છે; અને ચોથી પંક્તિમાંનું વાક્ય अविद्याकार्यदुःखं हरति । - એ બ્રહ્મનિષ્ઠ યોગીશ્વર સનત્કુમાર સમક્ષ, નારદે ઉચ્ચારેલા तरति शोकं आत्मवित् । (૭, ૩) "આત્મજ્ઞાની મનના પરિતાપનું ઉલ્લંઘન કરે છે," - એ શબ્દોની યાદી આપે છે.

શ્લોકનો છંદ : માલિની (૩૩૪)

335

बाह्यानुसन्धिः परिवर्धयेत् फलं
दुर्वासनामेव ततस्ततोऽधिकाम् ।
ज्ञात्वा विवेकैः परिहृत्य बाह्यं
स्वात्मानुसन्धिं विदधीत नित्यम् ॥३३५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

बाह्यानुसन्धिः परिवर्धयेत् फलं
दुर्वासनामेव ततस्ततोऽधिकाम् ।
ज्ञात्वा विवेकैः परिहृत्य बाह्यं
स्वात्मानुसन्धिं विदधीत नित्यम् ॥૩૩૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

बाह्यानुसन्धिः (स्व-)फलं दुर्वासनां एव ततः ततः अधिकां परिवर्धयेत्, (अतः) विवेकैः ज्ञात्वा बाह्यं परिहृत्य, नित्यं स्वात्मानुसन्धिं विदधीत ॥३३५॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) बाह्यानुसन्धिः ...થી... परिवर्धयेत् । बाह्यानुसन्धिः એટલે બહારના, સાંસારિક વિષયો-વાસનાઓ-પદાર્થોનું ચિંતન, મનન, રટણ; એ શું કરે છે ? (स्व-)फलं दुर्वासनां एव परिवर्धयेत् । परिवर्धयेत् - વૃદ્ધિ કરે, વધારો કરે; કોનો ? दुर्वासनां एव । दुर्वासना એટલે કે દુષ્ટ, ખરાબ વાસના, એનો જ વધારો કરે, એને જ, ततः ततः વધુ ને વધુ બહેકાવે છે; આ દુર્વાસના કેવી છે ?

(સ્વ-)ફલમ્ । તેનું, એટલે કે બાહ્યાનુસન્ધિનું જ ફળ, બહારનાં ચિંતનનાં જ ફલરૂપ, એવી દુર્વાસના.

(૨) આવું થતું હોય તો શું કરવું ? એને અટકાવવાનો ઉપાય શો ? બીજાં વાક્યમાં સૂચવ્યું છે તે પ્રમાણે (અતઃ) साधकः नित्यं स्व-आत्मा-अनुसन्धिं विदधीत । विदधीत - (वि + धा એ ધાતુનું વિધ્યર્થ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) કરવું જોઈએ, કરતાં રહેવું જોઈએ : શું કરવાનું ? स्वात्मानुसन्धिम् - પોતાનાં આત્માનું અનુસંધાન અને તે પણ નિત્ય-નિરંતર-સતત (नित्यम्); પરંતુ આ કરતાં પહેલાં તેણે શું કરવાનું રહે છે ? विवेकैः (आत्मस्वरूपं) ज्ञात्वा बाह्यं (विषयचिन्तनं) परिहृत्य । વિવેક વડે આત્મસ્વરૂપને જાણીને, બાહ્ય વિષયોનો, પદાર્થોનો, એનાં ચિંતનનો ત્યાગ કરીને (परिहृत्य) : परि + हृ(हर्) એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ. (૩૩૫)

અનુવાદ :

બહારના (દુન્યવી) પદાર્થોનું અનુસંધાન એનાં ફલરૂપ એવી ખરાબ વાસનાઓનો વધારે ને વધારે વધારો કરે છે; આથી વિવેક વડે (આત્મસ્વરૂપને) જાણીને, બાહ્ય વિષયોને ત્યજીને, (સાધકે) નિરંતર પોતાના આત્માનું અનુસંધાન કરતાં રહેવું. (૩૩૫)

ટિપ્પણ :

શ્લોક-૩૩૪માં એક વાર, આ શ્લોકમાં બે વાર પ્રયોજાયેલો અનુસન્ધિ - શબ્દ, અને શ્લોક-૩૩૩માં બે વાર પ્રયોજાયેલો અભિસન્ધાન, - શબ્દ, શ્લોક-૩૩૩નાં ટિપ્પણમાં ટાંકેલી "छान्दोग्य"-ઉપનિષદની આખ્યાયિકામાં પ્રયોજાયેલા અભિસન્ધાન - શબ્દની સાર્થકતા સિદ્ધ કરે છે.

'જેવું બીજ, એવું જ ફળ', - એ ન્યાય અનુસાર, સંસારના બાહ્ય-ભૌતિક-સ્થૂલ વિષયો-પદાર્થોનાં ચિંતન-સેવન-રટણ, એ જ જો મનુષ્યનાં ચિત્તમાં બીજરૂપે પડ્યાં હોય તો, એનાં ફલ-સ્વરૂપ દુષ્ટ વાસનાઓની સતત વૃદ્ધિ થતી જ રહે, એ સિવાય બીજું શું પરિણામ આવે ? (दुर्वासनां एव फलम् ।); પરંતુ આવી બાહ્ય-અનુસન્ધિ આટલેથી જ અટકતી નથી : એ તો આવી દુર્વાસનાને વધુ ને વધુ બહેકાવતી રહે, ઉશ્કેરતી રહે, તોફાને ચઢાવતી રહે ! (ततः ततः अधिकां परिवर्धयेत् ।) અને ખરાબ વાસનાઓનો આવો ચકરાવો, પછી તો, મનુષ્ય પાસે અનેક અનિષ્ટો અને અનર્થો કરાવતાં અટકે નહીં, અચકાય જ નહીં !

તો પછી, આવાં દુષ્પરિણામમાંથી બચવા માટે માણસે શું કરવું ? જવાબ

ચોખ્ખો ને ચટ્ટ છે : વિવેકબુદ્ધિનો વિનિયોગ કરો, જ્ઞાનનાં શસ્ત્ર વડે (विवेकैः ज्ञात्वा), પેલી બાહ્યાનુસન્ધિનો પરિહાર કરો (बाह्यं परिहृत्य) અને આ રીતે વિશુદ્ધ ચિત્ત વડે નિત્ય-નિરંતર આત્માનાં અનુસંધાનમાં જ એકાગ્ર અને તદ્રૂપ બની જાઓ ! (नित्यं स्वात्मानुसन्धिं विदधीत ।) આત્માનાં અનુસંધાનનું પોતાનું સ્વરૂપ-બળ જ એવું અમોઘ, અલંધ્ય અને અનતિક્રમણીય છે કે વિષયોના વિચારોને ચિત્તમાં પ્રવેશવાનું શક્ય જ ન બને ! અને પછી તો પેલી દુર્વાસનાને ફળવાનો અને વધવાનો કશો અવકાશ જ ન રહે !

આમ, 'વાસનાવૃદ્ધિથી કાર્ય અને કાર્યથી વાસનાવૃદ્ધિ' - એ દુશ્ચક્ર(vicious circle : वासनावृद्धितः कार्यं, कार्यवृद्ध्या च वासना ।)નું પરિભ્રમણ આપોઆપ અટકી જાય !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૩૫)

336

बाह्ये निरुद्धे मनसः प्रसन्नता
मनःप्रसादे परमात्मदर्शनम् ।
तस्मिन् सुदृष्टे भवबन्धनाशो
बहिर्निरोधः पदवी विमुक्तेः ॥३३६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બાહ્યે નિરુદ્ધે મનસઃ પ્રસન્નતા
મનઃપ્રસાદે પરમાત્મદર્શનમ્ ।
તસ્મિન્ સુદૃષ્ટે ભવબન્ધનાશો
બહિર્નિરોધઃ પદવી વિમુક્તેઃ ॥૩૩૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બાહ્યે નિરુદ્ધે (સતિ) મનસઃ પ્રસન્નતા (ઉદ્ભવતિ), મનઃપ્રસાદે (સતિ) પરમાત્મદર્શનં (ભવતિ), તસ્મિન્ (પરમાત્મદર્શને) સુદૃષ્ટે (ચ સતિ) ભવબન્ધનાશઃ (સંભવતિ) । એવં બહિર્નિરોધઃ વિમુક્તેઃ પદવી (અસ્તિ) ॥૩૩૬॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં, એકમાંથી બીજાંનો ઉદ્ભવ અને બીજાંમાંથી ત્રીજાંનો સંભવ, -

એમ, એક પછી એક, એવાં પરસ્પર-અનુસંધાનવાળાં **ત્રણ** વાક્યો, અને અંતે નિર્ણયાત્મક **ચોથું** વાક્ય, - એમ, કુલ **ચાર** વાક્યો, આ પ્રમાણે છે :

(૧) **બાહ્યે** નિરુદ્ધે (સતિ) મનસઃ પ્રસન્નતા (ઉદ્‌ભવતિ) । બાહ્યે નિરોધે સતિ - એ 'સતિ-સપ્તમી'નો વાક્યપ્રયોગ છે : બહારના પદાર્થોનો નિરોધ થતાં, થવાથી, થાય ત્યારે. આવો નિરોધ મનની અંદર જ થઈ શકે; આ **બાહ્ય** એટલે જ ગયા શ્લોકમાંની બાહ્યાનુસન્ધિ. બાહ્યવિષયોનું અનુસંધાન અટકાવવાથી, એનો નિરોધ થવાથી શું બને છે ? મનસઃ પ્રસન્નતા (ઉદ્‌ભવતિ) । મનની પ્રસન્નતા ઉદ્‌ભવે છે, મળે છે; મન પ્રસન્ન થાય છે.

(૨) મનઃપ્રસાદે (સતિ) પરમાત્મદર્શનં (ભવતિ) । પ્રસાદ એટલે નિર્મળતા, વિશુદ્ધિ, પ્રસન્નતા; અને મન આ રીતે, પ્રસન્ન થતાં, થાય ત્યારે, (અહીં પણ 'સતિ-સપ્તમી' વાક્યપ્રયોગ છે), પરમાત્માનું દર્શન થાય છે.

(૩) તસ્મિન્ (પરમાત્મદર્શને) સુદૃષ્ટે (સતિ ચ) ભવબન્ધનાશઃ (સંભવતિ) । સુદૃષ્ટ - સારી રીતે, સંપૂર્ણ રીતે થવું; અને પરમાત્માનું આ દર્શન સારી રીતે થતાં, થાય ત્યારે (અહીં પણ 'સતિ-સપ્તમી' વાક્યપ્રયોગ છે.), બીજું શું થાય ? - ભવબન્ધનાશઃ (સંભવતિ) । સંસારનાં બંધનનો નાશ શક્ય બને છે.

(૪) ભવબન્ધનાશ-સંભવ-નાં આવાં સુ-પરિણામ પરથી, અંતે, શો નિર્ણય કરી શકાય ? આવી ક્રમિક પ્રક્રિયાઓનો નિષ્કર્ષ શો ? આ **એક** જ, કે - (એવં) બહિર્નિરોધઃ વિમુક્તેઃ પદવી (અસ્તિ) । એવમ્ - આ પ્રમાણે, આમ; બહિર્નિરોધ - એ બાહ્યે નિરોધે પરથી બનાવાયેલું 'નામ'(Noun) છે : બાહ્ય પદાર્થોનો નિરોધ એટલે ગયા શ્લોકમાંની બાહ્યાનુસન્ધિની અટકાયત; એનો અંત; પદવી એટલે માર્ગ; આવો નિરોધ, આવી વિરક્તિ, એ જ વિમુક્તિનો માર્ગ છે. (૩૩૬)

અનુવાદ :

બાહ્ય પદાર્થોનું અનુસંધાન અટકાવવાથી મન પ્રસન્ન થાય છે; મન પ્રસન્ન થતાં, પરમાત્માનું દર્શન થાય છે; અને તે (પરમાત્મદર્શન) સારી રીતે થતાં, સંસારનાં બંધનનો નાશ થાય છે : આમ, બાહ્ય પદાર્થોનો નિરોધ (એ જ) વિમુક્તિનો માર્ગ છે. (૩૩૬)

ટિપ્પણ :

આ પહેલાંના શ્લોકમાં, અંતે આપેલી સૂચનાનું જ અહીં અનુસંધાન છે : બાહ્ય વિષયોનાં અનુસંધાનનાં સુનિશ્ચિત પરિણામરૂપ દુર્વાસનાથી બચવા માટે, વિવેકબુદ્ધિપૂર્વક જ્ઞાનનાં બળ વડે દુન્યવી બાહ્ય પદાર્થોનો ત્યાગ કરીને નિરંતર

આત્માનું અનુસંધાન કરતાં રહેવાનો આદેશ શ્રીસદ્‌ગુરુએ શિષ્યને આપ્યો હતો.

આ પહેલાં, ગીતા-નિરૂપિત (૨, ૬૨-૬૩) અધઃપતનની નિસરણી(વિષય-ધ્યાનથી પ્રણાશની)ના આધારે, અહીં પણ શ્લોકો-૩૨૭-૩૨૮માં, એવી જ નિસરણીનું નિરૂપણ કરવામાં આવ્યું હતું. હવે, અહીં આ શ્લોકમાં, મુમુક્ષુ સાધક સમક્ષ, ઉપર ચઢવા માટેની, 'ઊર્ધ્વ-આરોહણ'ની, એક નાની છતાં નિશ્ચિત અને મજબૂત નિસરણીનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને આ નિસરણીનું, નીચેથી ઉપર જવા માટેનું, સાવ નીચલું પગથિયું છે, ગયા શ્લોકમાં સૂચવવામાં આવેલો, બાહ્ય વિષયોનો ત્યાગ.

પરંતુ સાધકને તો પહોંચવું છે, મોક્ષપ્રાપ્તિ(વિમુક્તિ)રૂપી ઉચ્ચતમ પગથિયે; અને ત્યાં પહોંચવાના માર્ગ(પદવી)માંનાં વચલાં પગથિયાંને અહીં દર્શાવવામાં આવ્યાં છે; પણ સાવ ઊંચેથી આ માર્ગનું જો આપણે નિરીક્ષણ કરીએ તો, આ માર્ગનો નક્શો સવિશેષ સ્પષ્ટ અને સહાયક બની રહેશે : વિમુક્તિએ પહોંચવું છે ને ? આ માટેની પૂર્વશરત છે, સંસારનાં બંધનોનો નાશ (भवबन्धनाशः); પરંતુ પરમાત્માનાં सम्यक् અને સંપૂર્ણ દર્શન વિના અને તે પણ પ્રસન્ન થયેલા પરમાત્મા સામેથી સ્વયં પ્રગટ થઈને પોતાનાં સ્વરૂપનું આવિષ્કરણ કરે એવાં દર્શન વિના (सुदृष्टपरमात्मदर्शनम्) આ 'ભવબન્ધનાશ' શક્ય નથી; તો પછી આવું દર્શન કેમ કરીને, શી રીતે પામવું ? એ માટેની પશ્ચાદ્‌ભૂમિ છે મનની પૂરી પ્રસન્નતા, માનસિક શાંતિ, એટલે કે અંતઃકરણની વિશુદ્ધિ (मनसः प्रसन्नता), અને આ मनःप्रसाद-રૂપી ઇમારતની આધારશિલા છે, - ગયા શ્લોકમાં છેલ્લે સૂચવવામાં આવેલો बहिर्निरोधः; બાહ્ય પદાર્થોનો નિરોધ, બાહ્ય વિષયોનાં અનુસંધાનને અટકાવવું તે, સંસારી જીવનની સઘળી બાહ્ય વસ્તુઓમાંથી સંપૂર્ણ વિરક્તિ.

બસ, જો આ સાવ નીચેલાં પગથિયાં પર સાધક, પોતાનાં પગને, શ્રદ્ધા-વિશ્વાસપૂર્વક, દૃઢતાપૂર્વક, સ્થિર કરી શકે તો, વિમુક્તિના માર્ગ(પદવી)નાં, ઉપર લઈ જતાં બાકીનાં પગથિયાં પરની યાત્રા, ક્રમાનુસાર, સરળ અને નિર્વિઘ્ન છે, અને તે પગથિયાંનું સ્વરૂપ આપણે, ઉપર, હમણાં જ જોયું.

ટૂંકમાં, આ આખી ઇમારત ઊભી છે, - बहिर्निरोधની આધારશિલા પર. આ શિલા એવી મજબૂત છે કે, ઊર્ધ્વયાત્રામાંનાં સઘળાં વિઘ્નો અને વિક્ષેપો તે પોતે જ નાબૂદ કરી નાખે છે, જેનાં પરિણામે સાધકનું મન સંપૂર્ણરીતે વિશુદ્ધ, નિર્મળ, શાંત અને પ્રસન્ન થઈ જાય છે. આ 'મનઃપ્રસાદ'ના મહિમાનું મહત્ત્વ એટલું બધું છે કે ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે એનું આવું વર્ણન કર્યું છે :

प्रसादे सर्वदुःखानां हानिः अस्य उपजायते ।
प्रसन्नचेतसः हि आशु बुद्धिः पर्यवतिष्ठते ॥ (२, ६५)

("પ્રસન્ન થતાં, માણસનાં સર્વ દુઃખો નાશ પામે છે, કેમ કે જેનું ચિત્ત પ્રસન્ન છે, તેવા(માણસ)ની બુદ્ધિ જલદી સ્થિર થઈ જાય છે.")

'પ્રસાદ' અને **'પ્રસન્નતા'**, - એ બંને શબ્દો, મૂળમાં, પ્ર + सद् – એ ધાતુ પરથી બનેલા છે અને એ બંને શબ્દો, વાચ્યાર્થમાં, 'પ્રસન્નતા'-એવા અર્થમાં, સમાનાર્થ (Synonyms) છે; છતાં **'પ્રસાદ'**-શબ્દ એના વ્યંગ્યાર્થ(Suggestion)માં, **'અંતઃકરણની વિશુદ્ધિ'**નો સંકેત આપે છે; કારણ કે એના વિના મન પ્રસન્ન થઈ શકે નહીં, જે **'પ્રસાદ'**ને કારણે સાધકને પરમાત્માનું દર્શન થઈ શકતું હોય, તેનાં મૂળમાં અંતઃકરણની વિશુદ્ધિ જ હોય, એમાં શંકા નથી.

ઉપર, **ગીતા**નો જે શ્લોક (૨, ૬૫) ટાંકવામાં આવ્યો છે, તેની પહેલાંના શ્લોકમાં (૨, ૬૪) જ આ વાતનું સમર્થન મળે છે : 'સ્વવશ અંતઃકરણવાળો મનુષ્ય' (વિધેયાત્મા) 'પ્રસાદ' પામે છે', (प्रसादं अधिगच्छति ।), – એમ જે કહેવામાં આવ્યું છે, ત્યાં પણ તે 'પ્રસન્નતા' એટલે 'અંતઃકરણની વિશુદ્ધિ', એવો જ અર્થ **'ગીતા'**-કારને અભિપ્રેત છે.

વળી, પરમાત્માનાં દર્શનની બાબતમાં પણ, **'વિવેકચૂડામણિ'**ના આ શ્લોક-(૩૩૬)માં પણ **'સુ-દૃષ્ટ'**- શબ્દ પર ભાર મૂકવામાં આવ્યો છે, એ હકીકત આ જ અર્થઘટનનું સમર્થન કરે છે : 'દર્શન'ને 'મન' સાથે નહીં, પરંતુ 'અંતઃકરણ' સાથે સીધો, સવિશેષ અને સઘન સંબંધ છે. જળાશયનું જળ જો 'પ્રસન્ન' એટલે કે વિશુદ્ધ (clean, clear, Transparent) હોય તો જ તેનાં તળિયે પડેલી વસ્તુ ચોખ્ખી દેખાય. એમ જ અંતઃકરણ વિશુદ્ધ હોય તો જ પરમાત્માનું દર્શન ત્યાં 'સુ-દૃષ્ટ' થઈ શકે.

કઠોપનિષદ(૧, ૩, ૧૦)માં પણ 'બુદ્ધિને મનથી પર' (मनसस्तु परा बुद्धिः ।), એમ જે કહેવામાં આવ્યું છે, ત્યાં પણ આ 'બુદ્ધિ'શબ્દ 'અંતઃકરણની વિશુદ્ધિ'ના અર્થમાં જ પ્રયોજાયો છે, કારણ કે ત્યાં પણ ત્યારપછીના જ શ્લોકમાં (૧, ૩, ૧૨) આત્માનાં દર્શન માટે, સૂક્ષ્મદર્શી મનીષીઓ વડે એકાગ્રતાવાળી સૂક્ષ્મ બુદ્ધિ પર જ, આ પ્રમાણે, ભાર મૂકવામાં આવ્યો છે :

दृश्यते तु अग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥

હકીકતમાં, પરમાત્માનું દર્શન, સાચા અર્થમાં 'સુ-દૃષ્ટ' ત્યારે જ થઈ શકે, જ્યારે કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના, પોતાનાથી સંપૂર્ણરીતે અભિન્ન એવું એનું દર્શન થઈ શકે અને અંતઃકરણની પૂરેપૂરી વિશુદ્ધિ વિના આમ બનવું શક્ય નથી.

આવું, નોખું-નિરાળું મહત્ત્વ છે, 'અંતઃકરણની વિશુદ્ધિ'ના અર્થમાં પ્રયોજાયેલી

'મનની પ્રસન્નતા'નું !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૩૬)

337

कः पण्डितः सन् सदसद्विवेकी
श्रुतिप्रमाणः परमार्थदर्शी ।
जानन् हि कुर्यादसतोऽवलम्बं
स्वपातहेतोः शिशुवन्मुमुक्षुः ॥३३७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કઃ પંડિતઃ સન્ સદસદ્વિવેકી
શ્રુતિપ્રમાણઃ પરમાર્થદર્શી ।
જાનન્ હિ કુર્યાદસતોઽવલમ્બં
સ્વપાતહેતોઃ શિશુવન્મુમુક્ષુઃ ॥૩૩૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

सदसद्-विवेकी श्रुतिप्रमाणः परमार्थदर्शी सन्, कः मुमुक्षुः (स्यात्, यः) जानन् हि स्वपातहेतोः असतः शिशुवत् अवलम्बं कुर्यात् ? ॥३३७॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : कः मुमुक्षुः पण्डितः (स्यात्, यः) असतः अवलम्बं कुर्यात् ? । અવલમ્બ એટલે અવલંબન, આધાર; पण्डितः - એટલે વિદ્વાન-બહુશ્રુત તો ખરો જ, પરંતુ જે પણ્ડા એટલે અધ્યાત્મવિષયા બુદ્ધિ ધરાવે છે, તે. એવો કયો મોક્ષાર્થી પંડિત હશે, જે અસત્યનું, એટલે કે વિષયોનું અવલંબન લેશે ? આવો પંડિત કેવો છે ? ત્રણ વિશેષણો આ પ્રમાણે : (૧) सत्-असत्-विवेकी, એટલે જે સત્ય અને અસત્ય વચ્ચેના તફાવતનો જાણકાર હોય, એ બેનો વિવેકી, એ બંનેની પાકી સમજવાળો; (૨) श्रुति-प्रमाणः । આ પહેલાં, ચાર પ્રમાણોનો પરિચય આપવામાં આવ્યો છે, તેમાંનું 'शब्द'-પ્રમાણ એ જ 'श्रुति'-પ્રમાણ, સૌથી પ્રમાણભૂત (Authoritative) પ્રમાણ; આ પ્રમાણનો જાણનાર, એનું જ્ઞાન ધરાવનાર; (૩) परमार्थदर्शी - પરમાર્થતત્ત્વ શું છે તે સમજનારો, પરમાર્થતત્ત્વની સૂઝ-સમજ ધરાવનાર; વળી, મુમુક્ષુ અને પંડિત તો તે છે જ, છતાં (सन्) અસત્યનું અવલંબન કરે ? અને

એનાં જ્ઞાનની કક્ષા આટલી ઊંચી હોવા છતાં, એટલે કે જાણી-બૂઝીને, જાણ્યા-સમજ્યા છતાં (जानन्) ? આમ છતાં પણ જો તે અસત્યનો અધાર લેતો હોય તો, તે એનાં પોતાનાં અધઃપતનનું જ કારણ બનેને (स्वपातहेतोः) ?

અને આવું અણસમજભર્યું વર્તન, અબુધ બાળક સિવાય, કોણ કરે (शिशुवत्) ?

અગ્નિને અડવાથી, પોતાનું મોત થાય, એવું જ્ઞાન કે ભાન, બાળકને હોય જ નહીં ! (૩૩૭)

અનુવાદ :

સત્ય-અસત્યની વિવેકબુદ્ધિવાળો, શ્રુતિપ્રમાણનો જાણકાર અને પરમાર્થને સમજનાર હોવા છતાં, એવો કયો મુમુક્ષુ પંડિત હશે, જે, બાળકની જેમ, જાણીબૂઝીને, પોતાનાં અધઃપતનનાં કારણરૂપ એવાં અસત્યનું અવલંબન કરશે ? (૩૩૭)

ટિપ્પણ :

અસત્યનું અવલંબન કોણ કરે ? ખોટું કે મિથ્યાનો આધાર કોણ લે ? - આવા સવાલનો જવાબ તો શ્લોકમાં જ આપી દેવાયો છે : અબુધ કે અણસમજુ બાળક ! અને આવું બાળક આમ કરે, આવી રીતે વર્તે, એનું કોઈને આશ્ચર્ય પણ ન થાય, કારણ કે આમ કરવાનું-વર્તવાનું પરિણામ, સુનિશ્ચિત એવું તેનું પોતાનું અધઃપતન જ છે, એની એને બિચારાને ખબર જ નથી હોતી.

પરંતુ અહીં જે મુમુક્ષુ વિશે વાત કરવામાં આવી છે, તેનું બૌદ્ધિક-આધ્યાત્મિક-નૈતિક જમાપાસું તો અત્યંત સદ્ધર અને સમૃદ્ધ છે : તેની વિવેકબુદ્ધિ એટલી બધી જાગ્રત છે કે તે સત્-અસત્, નિત્ય-અનિત્ય, સારું-નરસું, જડ-ચેતન, આત્મા-અનાત્મા, જેવી પરસ્પરવિરોધી બાબતો વચ્ચેના ભેદનો પૂરેપૂરો જાણકાર (सदसद्विवेकी) છે; અને પ્રત્યક્ષ વગેરે **ન્યાયદર્શન**-પ્રબોધિત ચાર પ્રમાણોમાં શબ્દ-પ્રમાણ એટલે કે **શ્રુતિ**-પ્રમાણ(વેદો-ઉપનિષદો વગેરેનાં વચનો)નું પૂરેપૂરું જ્ઞાન ધરાવે છે (श्रुति-प्रमाणः); વળી, સમગ્ર બ્રહ્માંડમાંનાં સઘળાં નામ-રૂપ વગેરે માત્ર 'દૃશ્ય' જ છે, પ્રતિભાસિક છે, મિથ્યા છે અને **બ્રહ્મ** એક જ ત્રિકાલાબાધિત સત્ય છે, એવી પારમાર્થિક પ્રજ્ઞા તે ધરાવે છે; આત્મતત્ત્વ એક જ પરમ-અર્થ છે, - એવાં તત્ત્વનું જેણે દર્શન કર્યું છે, એવો તે પરમાર્થદર્શી છે.

જ્ઞાનની અતિ-ઉચ્ચ કક્ષા ધરાવનારો મોક્ષાર્થી વિદ્વાન પણ જો અસત્યનાં, - એટલે કે સંસારનાં અનાત્માદિ વિષયોનાં, - અવલંબનમાં રાચે તો, એના વિશે શું સમજવું ? મોક્ષપ્રાપ્તિને પોતાનાં જીવનધ્યેય તરીકે સ્થાપનાર સાધક જો આમ વર્તે

તો, એના વિશે એક જ અભિપ્રાય દર્શાવી શકાય કે તે ભલે 'પંડિત' હોય, હકીકતમાં તો તે 'બાળક' જેવો (शिशुवत्) अबुध-अणसमजु-अज्ञानी छे ! અને પોતાનાં જ અધઃપતનને સામેથી નિમંત્રણ આપનાર આત્મઘાતક છે ! અઢળક ધનસંપત્તિનો ધણી હોવા છતાં કદી પણ, કશું પણ, ક્યારેય પણ ન વાપરનાર તે એક 'મહા-કૃપણ' ("A Master-Miser") છે !

ખરેખર તો, આચાર્યશ્રીએ, અહીં આવો પ્રશ્ન પૂછીને એનો ઉત્તર પણ એ પ્રશ્નમાં જ આપી દીધો છે કે આવો કોઈ મોક્ષાર્થી પંડિત હોય જ નહીં ! હોઈ શકે જ નહીં, હોવો જ ન જોઈએ ! આવા પ્રશ્નને સાહિત્યિક પરિભાષામાં 'કાકુપ્રશ્ન' (Rhetorical Question) કહેવામાં આવે છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૩૭)

૩૩૮

देहादिसंसक्तिमतो न मुक्ति-
-र्मुक्तस्य देहाद्यभिमत्यभावः ।
सुप्तस्य नो जागरणं न जाग्रतः
स्वप्नस्तयोर्भिन्नगुणाश्रयत्वात् ॥३३८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહાદિસંસક્તિમતો ન મુક્તિ-
-ર્મુક્તસ્ય દેહાદ્યભિમત્યભાવઃ ।
સુપ્તસ્ય નો જાગરણં ન જાગ્રતઃ
સ્વપ્નસ્તયોર્ભિન્નગુણાશ્રયત્વાત્ ॥૩૩૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

देहादिसंसक्तिमतः (मनुष्यस्य) मुक्तिः न (अस्ति), मुक्तस्य (साधकस्य) (च) देहादि-अभिमति-अभावः (अस्ति); तयोः भिन्नगुणाश्रयत्वात् सुप्तस्य (जनस्य) नो(न + उ) जागरणं अस्ति, जाग्रतः (च) स्वप्नः न (अस्ति) ॥३३८॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) देहादिसंसक्तिमतः (मनुष्यस्य) मुक्तिः न (अस्ति) । संसक्ति એટલે

આસક્તિ (Attachment); मतः (मन् ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) એટલે માનનાર, રાખનાર, ધરાવનાર; દેહ વગેરેમાં આસક્તિ રાખનાર મનુષ્યની મુક્તિ થતી નથી.

(૨) मुक्तस्य (साधकस्य च) देहादि-अभिमति-अभावः (अस्ति) । अभिमति એટલે અભિમાન, હું-પણાનું અભિમાન, દેહાદિ પ્રત્યે આસક્તિ; अभावः अस्ति । એટલે અભાવ હોય છે, એટલે કે ભાવ (હાજરી) હોતો નથી; અને જે મુક્ત થઈ ગયો છે, તેને દેહ વગેરેમાં આસક્તિ અથવા હું-પણાનું અભિમાન હોતું નથી.

આવું શા માટે બને છે ? - तयोः भिन्नगुणाश्रयत्वात् ।

દેહાદિમાં આસક્તિ-અભિમાન અને મુક્તિ, - એ બંને(तयोः)ના ગુણો જુદા-જુદા હોય છે; તે બંને ભિન્ન-ભિન્ન ગુણોને આશ્રયે રહે છે, તે કારણે; તે બંનેના સ્વભાવ સર્વથા ભિન્ન છે, તે કારણે.

આ પરિસ્થિતિ કોના જેવી છે ? હવે પછીનાં બે વાક્યોમાં આ સવાલનો જવાબ આપવામાં આવ્યો છે.

(૩) सुप्तस्य (जनस्य) जागरणं नो(न + उ) (अस्ति) ।

ઊંઘી ગયેલા, સૂતા રહેલા માણસને માટે જાગ્રત-અવસ્થા હોતી નથી, ઊંઘતો માણસ જાગતો ન હોઈ શકે.

(૪) जाग्रतः (च) स्वप्नः न (अस्ति) ।

જાગતા માણસ માટે ઊંઘ(स्वप्न) હોતી નથી; જાગતો માણસ ઊંઘતો ન બની શકે, જાગતો માણસ ઊંઘી શકે નહીં.

આવું કેમ બને છે ? - तयोः भिन्नगुणाश्रयत्वात् ।

તે બંને(ઊંઘતા અને જાગતા માણસ)ની અવસ્થાઓ (એટલે કે સ્વપ્ન અને જાગ્રત) જુદા-જુદા ગુણોવાળી હોવાથી; તે બંને ભિન્ન-ભિન્ન ગુણો ધરાવતી અવસ્થાઓમાં હોવાનાં-રહેવાનાં કારણે. (૩૩૮)

અનુવાદ :

જેમ પરસ્પર ભિન્ન-ભિન્ન ગુણો ધરાવવા(અવસ્થાઓમાં હોવા-રહેવા)નાં કારણે, ઊંઘી ગયેલાને જાગ્રત-અવસ્થાની જાણ હોતી નથી અને જાગતા રહેલાને ઊંઘ હોતી નથી, તેમ દેહ વગેરેમાં આસક્તિ રાખનારને મુક્તિ હોતી નથી અને મુક્ત થઈ ગયેલા(સાધક)ને દેહ વગેરેમાં હું-પણાંનું અભિમાન હોતું નથી. (૩૩૮)

ટિપ્પણ :

આ પહેલાંના થોડા શ્લોકોમાં, ભેદદૃષ્ટિ અથવા દ્વૈતદૃષ્ટિનાં સ્વરૂપનું વિવેચન કરીને, એમાંથી જ બોધરૂપ તાત્પર્ય એ તારવવામાં આવ્યું હતું કે સાધકે હંમેશાં

અભેદ-દર્શનનો મહિમા કરવો જોઈએ.

એક જ અને અદ્વિતીય એવાં બ્રહ્મ સાથે એકત્વ સિદ્ધ કરવાને બદલે, મનુષ્ય જો દેહ વગેરે અનાત્મ વસ્તુઓમાં હું-પણાંનો ભાવ સેવે, એટલે કે એ સર્વ પ્રત્યે અહમ્-ભાવ સેવે, એમાં 'હું છું' એવું અભિમાન સેવે તો, એ અભિમાનમાંથી, એ સર્વ પ્રત્યે એ આસક્ત બને છે અને દેહાદિ પ્રત્યે આસક્તિ રાખનાર કદી પણ મુક્તિ પામી શકે નહીં : ટૂંકમાં, આસક્તિનું મૂળ પેલાં હું-પણા-રૂપ અભિમાન(અભિમતિ)માં રહેલું છે, એટલે સાધક માટે અનર્થરૂપ બની રહેવાની બાબતમાં તો, 'અભિમાન' અને 'આસક્તિ', - એ બંને એકસરખાં અનિષ્ટો છે અને માણસ, સ્વાભાવિક રીતે જ, જેમાં આસક્ત હોય, એનું જ સતત ચિંતન-રટણ કરતો હોય ! અને તેથી દેહાદિનાં ચિંતનમાં રાચતો માણસ કદાપિ મુક્તિ મેળવી શકે નહીં.

આનાથી તદ્દન સામી બાજુની (Opposite) પરિસ્થિતિ મુક્તિ પામેલા સાધકની છે : તે 'મુક્ત' થયેલો છે, એનો અર્થ જ એ કે પેલી આસક્તિનાં મૂળ કારણરૂપ એવું, દેહાદિમાંનાં હું-પણાં-રૂપ અભિમાન તેને હોતું જ નથી(देहादिसंसक्तिमतः न मुक्तिः ।).

આમ, એક બાજુ આસક્તિ અને અભિમાન, તથા બીજી બાજુ મુક્તિ, - એ બંને પરિસ્થિતિઓ ભિન્ન-ભિન્ન ગુણોને આશ્રયે રહેતી હોવાથી, તે બંનેનું અસ્તિત્વ પરસ્પર સામસામા છેડા (Extremes) પર જ હોય, એ બંને એકબીજાથી Poles apart હોવાથી, બંને વચ્ચે કશો સુમેળ ક્યારેય પણ શક્ય નથી.

આ વાત સમજાવવા માટેનું, શ્લોકમાંનું, દૃષ્ટાંત, સંપૂર્ણરીતે સમુચિત, સામ્ય-દર્શક અને સાર્થક છે : ઊંઘતો માણસ (सुप्तस्य), જાગતો ન રહી શકે (नो जागरणम्) અને જાગતો માણસ (जाग्रतः) ઊંઘમાં ન હોઈ શકે (न स्वप्नः); કારણ કે સ્વપ્ન અને જાગ્રત, - એ બંને અવસ્થાઓ પરસ્પર-ભિન્ન ગુણોને આશ્રયે રહેલી છે : ઊંઘતા માણસને, તે જ સમયે, એટલે કે તેની સ્વપ્ન-અવસ્થા દરમિયાન, જાગ્રત-અવસ્થાની અનુભૂતિ ન થઈ શકે અને જાગતા માણસને, એ જ અવસ્થા દરમિયાન, ઊંઘવાની અવસ્થાનો એટલે સ્વપ્ન-અવસ્થાનો અનુભવ ન મળી શકે.

આ દૃષ્ટાંતનું તાત્પર્ય, **'છાંદોગ્ય'**-ઉપનિષદમાંનાં વિધાન પ્રમાણે, એ છે કે મુક્તિ પામેલો, એટલે કે જીવન્મુક્તિ પામેલો, સાધક 'કૃતાર્થ' બની ગયો હોય છે, તેથી તેને દેહ-વગેરેમાં અભિમાન સેવવા માટે (मुक्तस्य देहादि-अभिमति-अभावः ।) સંસારમાં, સંસારી જીવનમાં, ફરી પાછું આવવાનું રહેતું નથી : न स पुनरावर्तते ।

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૩૮)

अन्तर्बहिः स्वं स्थिरजंगमेषु
ज्ञानात्मनाधारतया विलोक्य ।
त्यक्ताखिलोपाधिरखण्डरूपः
पूर्णात्मना यः स्थित एष मुक्तः ॥३३९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અન્તર્બહિઃ સ્વં સ્થિરજંગમેષુ
જ્ઞાનાત્મનાધારતયા વિલોક્ય ।
ત્યક્તાખિલોપાધિરખંડરૂપઃ
પૂર્ણાત્મના યઃ સ્થિત એષ મુક્તઃ ॥૩૩૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્થિરજંગમેષુ અન્તઃ-બહિઃ જ્ઞાનાત્મના સ્વં આધારતયા વિલોક્ય, યઃ ત્યક્ત-અખિલ-ઉપાધિઃ અખણ્ડરૂપઃ પૂર્ણાત્મના (ચ) સ્થિતઃ, એષઃ મુક્તઃ (અસ્તિ) ॥૩૩૯॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : એષઃ (સાધકઃ) મુક્તઃ (અસ્તિ, ભવતિ) । તે સાધક, તેવો સાધક જ મુક્ત છે, જીવન્મુક્ત છે. કેવો સાધક આવી સિદ્ધિ પામે છે ? - યઃ ત્યક્ત-અખિલ-ઉપાધિઃ અખણ્ડરૂપઃ પૂર્ણાત્મના ચ સ્થિતઃ । જે હંમેશાં પૂર્ણસ્વરૂપે જ રહે છે. આવાં પૂર્ણસ્વરૂપમાં એનાં સ્વરૂપની વિશિષ્ટતા શી છે ? કેવી છે ? અખણ્ડરૂપઃ । જેમ એ સ્વરૂપ પૂર્ણ હતું, તેમ જ તે અખંડ પણ છે; વળી, તે કેવો છે ? - જેણે સઘળી ઉપાધિઓનો ત્યાગ કર્યો છે, એટલે કે જે સંપૂર્ણરીતે નિરુપાધિક છે.

આવા જીવન્મુક્ત સાધકે આવી ઉચ્ચ કક્ષાએ પહોંચતાં પહેલાં બીજું શું કર્યું હોય છે ? સ્વં જ્ઞાનાત્મના વિલોક્ય । તેણે પોતાને, પોતાની જાતને, આત્માને જ્ઞાનસ્વરૂપે, જ્ઞાનમયી દૃષ્ટિથી જોયો-જાણ્યો છે. તેનું આ દર્શન કયા પ્રકારનું હતું ? આધારતયા । સર્વના આધાર તરીકે, અધિષ્ઠાનરૂપે. તેનું આવું દર્શન ક્યાં-ક્યાં, કયે-કયે સ્થળે, થયું હતું ? - સ્થિરજંગમેષુ અન્તઃ-બહિઃ । સ્થિર એટલે સ્થાવર,

હલનચલન વિનાનું; અને જંગમ એટલે હાલતું-ચાલતું, ગતિશીલ; તેની પેલી જ્ઞાનમયી દૃષ્ટિ સ્થાવર-જંગમ એવા સર્વ પદાર્થોમાં, અંદર અને બહાર, સર્વત્ર, પ્રસરેલી હતી. (૩૩૯)

અનુવાદ :

સ્થાવર અને જંગમ સર્વ પદાર્થોમાં, અંદર અને બહાર, જ્ઞાનમયી દૃષ્ટિથી પોતાની જાતને સર્વના આધાર તરીકે જોયા-જાણ્યા પછી, સર્વ ઉપાધિઓનો ત્યાગ કરીને, જે, અખંડ અને પૂર્ણસ્વરૂપે રહે છે, તે જ મુક્ત છે. (૩૩૯)

ટિપ્પણ :

આચાર્યશ્રીની લાક્ષણિક વિભાવના અનુસાર, માત્ર મુક્તિ, મૃત્યુ પછી જ સાંપડતો મોક્ષ, - સાચા સાધક માટે, આદર્શ સિદ્ધિ નથી : મૃત્યુ પછી જ મુક્તિ મળે, એવી કોઈ શરત, એવી મર્યાદા, એવું Conditioning એમને માન્ય નથી. સંનિષ્ઠ સાધકને મુક્તિ માટે, મૃત્યુની રાહ જોવાની જરૂર નથી, એવો એમનો સુદૃઢ અને સુનિશ્ચિત મત છે અને આવા જીવન્મુક્તનું એક સંક્ષિપ્ત છતાં સ્વયંસંપૂર્ણ શબ્દચિત્ર આ શ્લોકમાં તેમણે આલેખ્યું છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે, ઉત્તમ અને આદર્શ મનુષ્ય(An ideal man)નું વર્ણન, આવાં જુદાં-જુદાં નામે, કર્યું છે : 'સ્થિતપ્રજ્ઞ', 'કર્મયોગી', 'ભક્ત', 'ગુણાતીત' વગેરે. **ગીતા**માંનાં આવાં વર્ણનોને પોતાની દૃષ્ટિ સમક્ષ રાખીને, આચાર્યશ્રીએ, પ્રસ્તુત ગ્રંથમાં, 'જીવન્મુક્ત'નાં લક્ષણો નિરૂપ્યાં છે, જેનો અછડતો ઉલ્લેખ અને પરિચય તેમણે આ પહેલાં, સૌપ્રથમ શ્લોક-૩૧૮માં આપ્યો છે અને આવા આદર્શ મનુષ્યનું, એટલે કે 'જીવન્મુક્ત'નું સવિસ્તર વર્ણન, તેઓશ્રી, આ ગ્રંથના અંતભાગમાં આપવાના છે.

આવા 'જીવન્મુક્ત'નાં વ્યક્તિત્વની કેટલીક મૂળભૂત વિશિષ્ટતાઓનો, એક નમૂનારૂપે, પરિચય તેમણે અહીં આપ્યો છે : સૌથી પહેલી વાત તો એ છે કે તે પોતાની જાતને (स्वं) સમગ્ર બ્રહ્માંડના સ્થાવર-જંગમ, જડ-ચેતન, વ્યક્ત-અવ્યક્ત સર્વ પદાર્થોમાં, પોતાની અંદર તથા બહાર (अन्तर्बहिः) જુએ છે. તેનું આ દર્શન એવું વ્યાપક અને વિશાળ છે કે તે સર્વાત્મદર્શી બની જાય છે. તેની જ્ઞાનમયી દૃષ્ટિનું જ આ પરિણામ છે અને તેથી તે હંમેશાં સર્વમાં પોતાનું જ દર્શન કરે છે અને તે પણ સર્વના આધાર તરીકે -(आधारतया).

સર્વત્ર આત્મસ્વરૂપનાં દર્શનની આવી વિરલ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી તેને કશી ઉપાધિઓ તો રહે જ નહીં : સ્વયંપ્રેરણાથી તે સઘળી ઉપાધિઓનો ત્યાગ કરીને (त्यक्ताखिलोपाधिः), તે સંપૂર્ણતયા 'નિરુપાધિક' બની જાય છે અને પછી તેના માટે

સ્થળ-કાળ-વસ્તુની કોઈ મર્યાદા જ રહેતી નથી, કશું ખંડરૂપે કે અપૂર્ણરૂપે પણ રહેતું નથી, તેથી તે જે કંઈ કાળ-નિર્ગમન કરે છે, તેમાં તે અખંડરૂપે (અખણ્ડરૂપઃ) અને પૂર્ણસ્વરૂપે (પૂર્ણાત્મના) જ રહે છે અને મોક્ષ પ્રાપ્ત કરવા માટેની કોઈ શરત, કોઈ સાપેક્ષતા પણ તેના માટે રહેતી નથી : અરે, પોતાના અખંડ પૂર્ણાત્માના અલૌકિક પ્રભાવનાં પરિબળે, તે તો મૃત્યુનાં બંધનમાંથી પણ મુક્ત થઈ ગયો હોય છે !

અને પછી આ 'મૃત્યુંજય'-રૂપી સંસિદ્ધિ જ તેને 'જીવન્મુક્તિ'ની પરાકાષ્ઠાએ પહોંચાડી દે છે !

શ્લોકનો છંદ : ઈન્દ્રવજ્રા (૩૩૯)

૩૪૦

सर्वात्मना बन्धविमुक्तिहेतुः
सर्वात्मभावनान्न परोऽस्ति कश्चित् ।
दृश्याग्रहे सत्युपपद्यतेऽसौ
सर्वात्मभावोऽस्य सदात्मनिष्ठया ॥३४०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સર્વાત્મના બન્ધવિમુક્તિહેતુઃ
સર્વાત્મભાવાન્ન પરોઽસ્તિ કશ્ચિત્ ।
દૃશ્યાગ્રહે સત્યુપપદ્યતેઽસૌ
સર્વાત્મભાવોઽસ્ય સદાત્મનિષ્ઠયા ॥૩૪૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

सर्वात्मना बन्धविमुक्तिहेतुः सर्वात्मभावात् परः न कश्चित् अस्ति । सदा आत्मनिष्ठया दृश्य-अग्रहे सति, अस्य (साधकस्य) असौ सर्वात्मभावः उपपद्यते ॥३४०॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) सर्वात्मना बन्धविमुक्तिहेतुः सर्वात्मभावात् परः न कश्चित् अस्ति । बन्धविमुक्तिहेतुः - બંધનમાંથી મુક્તિ મેળવવાનું નિમિત્ત, એ માટેનો ઉપાય; બંધનમાંથી મુક્તિ; કેવી ? કેવા પ્રકારની, કેવાં સ્વરૂપની ? सर्वात्मना ।

'સર્વાત્મભાવ'થી બીજો કોઈ જ ઉપાય નથી. પરંતુ આ 'સવાત્મભાવ' એટલે શું ? - 'સર્વ'માં 'સ્વ'નું દર્શન કરવું તે, સહુમાં આત્મદર્શનનો ભાવ; ટૂંકમાં, સર્વ-આત્મ-દર્શન. બંધનમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવવી હોય તો, આ 'સર્વાત્મભાવ' સિવાય અન્ય કશો ઉપાય નથી, તે એક જ ઉપાય છે.

(૨) અસ્ય (સાધકસ્ય) અસૌ સર્વાત્મભાવઃ ઉપપદ્યતે । પરંતુ, સંપૂર્ણ મુક્તિના એકમાત્ર ઉપાય-રૂપ આવો 'સર્વાત્મભાવ' પ્રાપ્ત કેવી રીતે કરી શકાય ? - એ પ્રશ્નનો ઉત્તર 'સતિ-સપ્તમી'વાળાં આ વાક્યમાં આ પ્રમાણે આપવામાં આવ્યો છે : - સદા આત્મનિષ્ઠયા દૃશ્ય-અગ્રહે સતિ । દૃશ્ય એટલે માત્ર બાહ્ય નજરે જ દેખાતું જગત; જગતનો પ્રાતિભાસિક પ્રપંચ; અગ્રહ એટલે એનું અ-ગ્રહણ, એનો ત્યાગ, દૃશ્ય-જગતને જગતરૂપે ન જોવું પણ બ્રહ્મ-સ્વરૂપે જોવું-જાણવું-સ્વીકારવું. દૃશ્યનો 'અગ્રહ' એટલે, જગતને મિથ્યા સમજવું; અને દૃશ્યનો આ 'અગ્રહ' પણ હંમેશ માટેનો (સદા) અને આત્મનિષ્ઠાપૂર્વકનો (આત્મનિષ્ઠયા) હોય, એ આવશ્યક છે. દૃશ્ય જગત પ્રત્યેનો આવો અભિગમ સાધક કેળવે તો જ, તેનામાં પેલો 'સર્વાત્મભાવ' પ્રગટે, પ્રતિષ્ઠિત થાય, અન્યથા નહીં. (૩૪૦)

અનુવાદ :

બંધનમાંથી સંપૂર્ણરીતે મુક્તિ મેળવવાનો ઉપાય, સર્વાત્મભાવ સિવાય બીજો કશો જ નથી; અને તે(સાધક)નો સર્વાત્મભાવ પણ સદા આત્મનિષ્ઠાપૂર્વક દૃશ્ય(જગત)ના ત્યાગથી જ પ્રાપ્ત થાય છે. (૩૪૦)

ટિપ્પણ :

જે 'જીવન્મુક્ત'નું લક્ષણ, - एषः मुक्तः । - એમ કહીને છેલ્લા શ્લોકમાં આપવામાં આવ્યું છે, ત્યાં જ, તેના માટેની આ પાયાની વાત તો કહેવામાં આવી જ છે કે આ સમગ્ર બ્રહ્માંડમાંના સર્વ સ્થાવર-જંગમ અને જડ-ચેતન પદાર્થોમાં, બહાર અને ભીતર, સર્વત્ર, તેણે સર્વાત્મભાવે પોતાના આત્માનું (સ્વં) દર્શન કરવું જોઈએ (विलोक्य). આ જ મુદ્દાનો અહીં વિસ્તાર કરવામાં આવ્યો છે.

સર્વત્ર 'સ્વ'નું દર્શન કરવું એટલે શું ? બ્રહ્માંડમાં જે કંઈ, જેવાં સ્વરૂપે હોય, તેને તેવાં સ્વરૂપમાં આત્મસાત્ કરવું તે : To identify himself completely. સુખ દેખાય તો સુખને, દુઃખ દેખાય તો દુઃખને, - એ રીતે, તે-તે સર્વમાં પોતાનું જ દર્શન કરવું. આવાં દર્શન માટે, તે જ્ઞાનમયી દૃષ્ટિ પામે તો જ તે શક્ય બને, - (જ્ઞાનાત્મના). અને 'જીવન્મુક્ત' તો ત્યારે જ બની શકાય, જો તે સાધક પોતાનાં દેહપતન પૂર્વે, દેહાવસાન પહેલાં, આવો 'સર્વાત્મભાવ', એટલે કે સર્વમાં

આત્મદર્શનનો ભાવ, સિદ્ધ કરી શક્યો હોય. સાચા અને અધ્યાત્મશાસ્ત્રોક્ત અર્થમાં, પૂર્ણપણે (સર્વાત્મના), સંસારનાં બંધનમાંથી મુક્તિ મેળવવા માટે, આ પ્રકારનો **'સર્વાત્મભાવ'** જ એકમાત્ર શ્રેષ્ઠ અને સર્વોત્તમ ઉપાય છે, એ સિવાય અન્ય કશું જ નિમિત્ત નથી (न परः कश्चित् बन्धविमुक्तिहेतुः अस्ति ।)

ગીતામાં, ભગવાન શ્રીકૃષ્ણે, આવી સિદ્ધિ માટે 'આત્મૌપમ્ય'-શબ્દ પ્રયોજીને, આવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર મનુષ્યની, તેને 'ઉત્તમ યોગી' કહીને, આ રીતે પ્રશંસા કરી છે :

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ६, ३२ ॥

["હે અર્જુન ! સુખ હોય કે દુઃખ હોય, તો પણ આત્મૌપમ્ય (પોતાના જ જેવા બીજા, એવી) દૃષ્ટિથી સર્વત્ર સમત્વથી જે જુએ છે, તે યોગીને મેં ઉત્તમ માન્યો છે."]

'કૈવલ્ય'-ઉપનિષદ પણ 'સર્વાત્મભાવ'નું સમર્થન આ પ્રમાણે કરે છે :

सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि ।
संपश्यन् ब्रह्म परं याति नान्येन हेतुना ॥

("સર્વભૂતોમાં પોતાનું અને પોતાનામાં સર્વભૂતોનું દર્શન કરનાર સાધક પરબ્રહ્મને પામે છે; આ સિવાય બીજો કશો ઉપાય નથી.")

પરંતુ આવો **'સર્વાત્મભાવ'** સિદ્ધ કરવો કેવી રીતે ? - આ સવાલનો જવાબ, આ શ્લોકનાં છેલ્લાં બે ચરણોમાં, આ રીતે, આપવામાં આવ્યો છે : **પહેલી** વાત એ કે આ 'દૃશ્ય' જગતમાંનું કશું જ ગ્રહણ ન કરવું (दृश्य-अग्रहे सति ।), એનો ત્યાગ કરવો અથવા આ જગતને જગતરૂપે નહીં પરંતુ **બ્રહ્મ**રૂપે જોવું; અને **બીજું**, આવું સંસાર-'અ-ગ્રહણ' પણ સંપૂર્ણ બની રહે તે માટે, તેમાં સાતત્ય (સદા) હોવું જોઈએ, એટલું જ નહીં પણ આવું 'અ-ગ્રહણ', આવો 'દૃશ્ય-ત્યાગ', પૂરી આત્મનિષ્ઠાપૂર્વક (આત્મનિષ્ઠયા) થવો જોઈએ.

અને આ 'દૃશ્યનું અ-ગ્રહણ' કરીને, જે, 'હું બ્રહ્મ જ છું', - એવી પ્રતીતિ પામે છે, તે આ-'સર્વ'-મય બની જાય છે :

'अहं ब्रह्मास्मि' यो वेद स सर्वं भवति त्विदम् ।

આમ, સાધકની સંસારબંધન-વિમુક્તિ, તેનાં સંસાર-નિવર્તન પર જ આધાર રાખે છે : यतो यतो निवर्तते, ततस्ततो विमुच्यते ।

અને પછી તો, આવા વિમુક્તને, જીવન્મુક્તને, કોણ બાંધી શકે ? દોરડું, જે દોરડું નથી, તેને જ બાંધી શકે; અગ્નિ, પોતાની જાતને, અગ્નિને તો બાળી જ ન શકે ! સર્વ ઉપાધિઓમાંથી વિમુક્ત થયેલો આવો જીવન્મુક્ત, પછી તો, પોતે એક જ, કેવળ એક જ, રહે છે, જેને **'કેવલીભાવ'** કહેવામાં આવે છે અને આ **'કેવલીભાવ'** એ જ **'સર્વાત્મભાવ'**, એવું વિરોધાભાસી સમીકરણ રચી શકાય !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૪૦)

૩૪૧

दृश्यस्याग्रहणं कथं नु घटते देहात्मना तिष्ठतो
बाह्यार्थानुभवप्रसक्तमनसस्तत्तत्क्रियां कुर्वतः ।
संन्यस्ताखिलधर्मकर्मविषयैर्नित्यात्मनिष्ठापरै-
-स्तत्त्वज्ञैः करणीयमात्मनि सदानन्देच्छुभिर्यत्नतः ॥३४१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દૃશ્યસ્યાગ્રહણં કથં નુ ઘટતે દેહાત્મના તિષ્ઠતો
બાહ્યાર્થનુભવપ્રસક્તમનસસ્તત્તત્ક્રિયાં કુર્વતઃ ।
સંન્યસ્તાખિલધર્મકર્મવિષયૈર્નિત્યાત્મનિષ્ઠાપરૈ-
-સ્તત્ત્વજ્ઞૈઃ કરણીયમાત્મનિ સદાનન્દેચ્છુભિર્યત્નતઃ ॥૩૪૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

દેહાત્મના તિષ્ઠતઃ બાહ્યાર્થાનુભવપ્રસક્તમનસઃ તત્ તત્ ક્રિયાં કુર્વતઃ (મનુષ્યસ્ય) દૃશ્યસ્ય અગ્રહણં કથં નુ ઘટતે ? । (અતઃ) સંન્યસ્ત-અખિલ-ધર્મકર્મવિષયૈઃ નિત્ય-આત્મનિષ્ઠાપરૈઃ સદા-આનન્દેચ્છુભિઃ તત્ત્વજ્ઞૈઃ યત્નતઃ આત્મનિ અગ્રહણં કરણીયમ્ ॥૩૪૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) દેહાત્મના... ... ... ઘટતે ? ।

દેહાત્મના તિષ્ઠતઃ (મનુષ્યસ્ય) દૃશ્યસ્ય અગ્રહણં કથં નુ ઘટતે ? । ગયા છેલ્લા શ્લોકમાં 'દૃશ્યનાં અ-ગ્રહણ'ના મુદ્દા પર ભાર મૂકવામાં આવ્યો હતો; પરંતુ તે, અહીં, આ વાક્યમાં, જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેવા મનુષ્યની બાબતમાં

કેવી રીતે, કેમ કરીને, શક્ય બને ? (कथं नु घटते ?) नु - શબ્દ આશંકા વ્યક્ત કરે છે. આ મનુષ્ય કેવો છે ? તેનાં त्रण વિશેષણો આ પ્રમાણે છે : (अ) देहात्मना तिष्ठतः । દેહને જ આત્મા સમજીને ક્રિયાઓ કરનાર, દેહાત્મભાવે રહેનાર; (બ) बाह्य-अर्थ-अनुभव-प्रसक्त-मनसः । - બાહ્ય પદાર્થોના અનુભવમાં આસક્ત મનવાળો, બહારના વિષયોના અનુભવમાં જ રાચતો, એમાં જ મગ્ન એવાં મનવાળો; (क) तत् तत् क्रियां कुर्वतः । અને ઉપર્યુક્ત તેની આસક્તિ પ્રમાણે, તે-તે ક્રિયાઓ, એટલે કે અનેક વિવિધ ક્રિયાઓ-કર્મો-પ્રવૃત્તિઓ કરનાર; જે મનુષ્ય આવો હોય, તેના માટે, આ દૃશ્ય જગત-પ્રપંચનું અ-ગ્રહણ, એટલે કે તેનો ત્યાગ, કેવી રીતે સંભવે ? કહેવાનું તાત્પર્ય એ છે કે તે સંભવિત ન જ બને.

(૨) પરિસ્થિતિ જો આવી જ હોય તો, (अतः) શું કરવું ? - એ સવાલનો જવાબ આ વાક્યમાં આપવામાં આવ્યો છે : तत्त्वज्ञैः यत्नतः आत्मनि अ-ग्रहणं करणीयम् । तत्त्वज्ञाः એટલે આત્મતત્ત્વને જાણનારાઓ, તત્ત્વજ્ઞાનીઓ; તેમણે શું કરવું જોઈએ ? વિષયોનું અ-ગ્રહણ તો અવશ્ય કરવું, પરંતુ આત્મામાં (आत्मनि) અને તે પણ, આમ કરવું સહેલું ન હોવાથી, યત્નપૂર્વક (यत्नतः) કરવું જોઈએ. આત્મામાં જ વિષયોનું અ-ગ્રહણ કરવું, - એનો મર્મ એટલો જ કે વિષયોને વિષયો તરીકે નહીં, પરંતુ આત્મા-સ્વરૂપે જ જોવા. આ તત્ત્વજ્ઞાનીઓ કેવા હોવા જોઈએ ? त्रण વિશેષણો આ પ્રમાણે છે : (अ) संन्यस्त-अखिल-धर्मकर्म-विषयैः । તેમણે સમગ્ર, ધર્મ અને કર્મને લગતા વિષયોનો સંન્યાસ(ત્યાગ) કરવો જોઈએ. (બ) नित्य-आत्मनिष्ठापरैः । निष्ठा-पर એટલે નિષ્ઠામાં તત્પર, આત્મામાં જ નિષ્ઠાવાળા બનીને; नित्य એટલે સદા-સર્વદા અથવા નિત્યસ્વરૂપ એવા આત્મામાં જ નિષ્ઠાવાન બનીને; (क) सदा-आनन्द-इच्छुभिः । હંમેશાં, આનંદના ઇચ્છુક બનીને, એટલે કે નિત્ય આનંદને ઇચ્છતા, - એવા બનીને, ઇચ્છીને. (૩૪૧)

અનુવાદ :

જે મનુષ્ય દેહાત્મભાવે રહેનારો હોય, બહારના વિષયોમાં જ આસક્ત મનવાળો હોય અને અનેક વિવિધ ક્રિયાઓ કરતો હોય, તેના માટે દૃશ્ય(જગત)નું અ-ગ્રહણ કેવી રીતે શક્ય બને ? આથી, સર્વ ધર્મ અને કર્મ અંગેના વિષયોનો ત્યાગ કરીને અને નિત્ય-સ્વરૂપ એવા આત્મામાં જ સદા નિષ્ઠાવાન બનીને, સદા આનંદના ઇચ્છુક એવા તત્ત્વજ્ઞાનીઓએ, યત્નપૂર્વક આત્મામાં જ વિષયોનું અ-ગ્રહણ કરવું જોઈએ. (૩૪૧)

ટિપ્પણ :

સંસારનાં બંધનોમાંથી વિમુક્તિ મેળવવા માટે, સાધક સમક્ષ, 'સર્વાત્મભાવ' જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે, એવું પ્રસ્થાપિત કર્યા પછી, ગયા-છેલ્લા શ્લોકમાં, ગ્રંથકારે, આવા 'સર્વાત્મભાવ'ની પ્રાપ્તિ માટે, સદા આત્મનિષ્ઠાપૂર્વક આ 'દૃશ્ય'(જગત)નાં 'અ-ગ્રહણ'ની, એટલે કે તેના ત્યાગની શરત મૂકી હતી.

પરંતુ 'સર્વાત્મભાવ'-પ્રાપ્તિ માટે જો 'દૃશ્ય-અગ્રહણ' અનિવાર્ય હોય તો, સાધકે, આ 'દૃશ્ય-અગ્રહણ' કેવી રીતે સંપન્ન કરવું ? - એની ચર્ચા-વિચારણા આ શ્લોકમાં કરવામાં આવી છે.

આ જગત માત્ર 'દૃશ્ય'-સ્વરૂપે જ છે, એનું અસ્તિત્વ ફક્ત 'પ્રાતિભાસિક' છે, એટલે કે તે અનિત્ય છે, તે મિથ્યા છે (जगत् मिथ्या ।); આવા 'દૃશ્ય'-પ્રપંચના 'ગ્રાહ'માંથી, એનાં 'ગ્રહણ'માંથી છૂટવાની અનિવાર્ય આવશ્યકતાની વાત છે; પરંતુ આવાં 'દૃશ્ય'ના જ એક ભાગ જેવા 'દેહ'ને જ સાધક જ્યાં સુધી 'હું' માને, એને જ 'આત્મા' સમજીને (देहात्मना तिष्ठतः) પોતાનાં જીવનની સર્વ પ્રવૃત્તિઓ કર્યા કરે (तत् तत् क्रियां कुर्वतः), ત્યાં સુધી, તે, પેલા 'ગ્રહણ'માંથી કેવી રીતે છૂટી શકે ? એનું મન જ્યાં સુધી બહારના વિષયોના અનુભવમાં જ આસક્ત હોય, એમાં જ રાચ્યા કરતું હોય (बाह्यार्थानुभवप्रसक्तमनसः) ત્યાં સુધી, પેલા 'દૃશ્ય'-પ્રપંચમાંથી એની મુક્તિ સંભવે જ શી રીતે (दृश्यस्य अग्रहणं कथं नु घटते) ? ટૂંકમાં, ઉપર્યુક્ત ત્રણ બાબતોમાં તે સંપૂર્ણરીતે સંપન્ન બની રહે, એ તો 'દૃશ્ય-અગ્રહણ' માટેની પાયાની (Fundamental) પૂર્વ-શરતો (Pre-conditions) છે. પરંતુ આટલી સંપન્નતા પણ તેની ધ્યેયસિદ્ધિ માટે પર્યાપ્ત નથી : આટલું તો, તે જેમાં વ્યસ્ત અને વ્યાપૃત છે, તેમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવા (withdraw કરવા) પૂરતું જ છે, એટલે કે નકારાત્મક છે, નિષેધાત્મક (Negative) છે. એટલું, અવશ્ય, કહી શકાય કે આવી રીતે આટલી સિદ્ધિ, પેલી અંતિમ અને આત્યંતિક સંસિદ્ધિ માટે, એક પ્રકારની પૂર્વભૂમિકા (Back-ground) રચી આપી શકે.

અને આવી અંતિમ સંસિદ્ધિ માટે તેણે કશુંક વિધેયાત્મક (Positive) કરવાનું રહે છે અને તે આ પ્રમાણે છે : **પહેલી** વાત તો એ કે મનુષ્યજીવનના ચાર પુરુષાર્થોમાંથી પ્રથમ ત્રણ - એટલે કે ધર્મ, અર્થ અને કામ - સાથે સંકળાયેલા સર્વ વિષયોનો તેણે ત્યાગ કરવો જોઈએ (संन्यस्ताखिलधर्मकर्मविषयैः). દેખીતી રીતે, ભલે આવો ત્યાગ (સંન્યાસ) નકારાત્મક જણાતો હોય, પરંતુ એની 'દુષ્કરતા' લક્ષમાં રાખતાં, એ એક વિધેયાત્મક-વિધાયક સિદ્ધિરૂપ જ ગણાય; **બીજી** અપેક્ષા તેના પાસેથી એ રાખવામાં આવે છે કે આત્મા નિત્યસ્વરૂપ છે, તેથી તેમાં જ તેણે સદા

નિષ્ઠા સેવવી જોઈએ (नित्यात्मनिष्ठापरैः); અને ત્રીજી વાત એ કે જે 'આનંદ' પરમાત્માનાં મૂળભૂત 'सत्-चित्-आनंद'-સ્વરૂપનો જ એક અંતર્ગત ભાગ (Integral part) છે, એવા આનંદનો સદૈવ ઇચ્છુક તેણે બની રહેવું જોઈએ (सदानन्देच्छुकैः). બસ, આટલું જો તે યત્નપૂર્વક (यत्नतः) સિદ્ધ કરી શકે તો, આત્માનાં તત્ત્વનો જાણનાર (तत्त्वज्ञैः) તે આપોઆપ બની રહે અને પછી તો, પેલાં 'દૃશ્ય-અગ્રહણ'નું કાર્ય તેના માટે સાવ સહેલું બની જાય (आत्मनि करणीयम्) : આત્મામાં જ, 'દૃશ્ય'નું એટલે કે વિષયોનું 'અ-ગ્રહણ', તે કરી શકશે : વિષયો પ્રત્યેની એની દૃષ્ટિ જ આમૂલ પરિવર્તિત થઈ જશે, વિષયોને વિષયોનાં રૂપે નહીં, પરંતુ આત્મારૂપે જ જોવા-જાણવાનું તે શરૂ કરશે.

હવે, આટલે પહોંચ્યા પછી, એટલે કે 'તત્ત્વજ્ઞ' બની ગયા પછી, સાધકને 'દૃશ્યનાં અ-ગ્રહણ'(दृश्यस्य अग्रहणम्)નો તાત્ત્વિક મર્મ આ રીતે સમજાશે : જે કંઈ 'દૃશ્ય' છે, તેનું સાચું અધિષ્ઠાન તો જે 'અદૃશ્ય' છે તે જ છે; **'रज्जु-सर्प-न्याय'**માં સાપ ભલે 'દૃશ્ય' હોય, પરંતુ તેને તેનું પોતાનું, સ્વકીય એવું કોઈ અસ્તિત્વ તો છે જ નહીં, એનું અસ્તિત્વ એનાં અધિષ્ઠાનરૂપ દોરડાંરૂપ અને દોરડાંના રૂપે જ છે; એટલે, 'દૃશ્ય' એવા સાપનું અસ્તિત્વ, 'અદૃશ્ય' છતાં 'સત્ય' છે : એ જ રીતે, જગત 'દૃશ્ય' હોવા છતાં 'અસત્ય' એટલે કે 'મિથ્યા' છે અને 'અદૃશ્ય' એવું બ્રહ્મ 'દૃશ્ય' જગતનાં અધિષ્ઠાન-સ્વરૂપે 'સત્ય' છે. आत्मनि करणीयम्-નો માર્મિક અર્થ જ એ છે કે, વસ્તુતઃ, 'દૃશ્ય'નું 'અ-ગ્રહણ' કે 'દૃશ્ય'નો 'ત્યાગ' કરવાની જરૂર જ નથી : જે ક્ષણે સાધક, 'દૃશ્ય' જગતને, 'અદૃશ્ય' આત્મારૂપે-બ્રહ્મસ્વરૂપે, જોવાનું શરૂ કરે, તે જ ક્ષણે, 'દૃશ્યનું અ-ગ્રહણ', સાચા અર્થમાં, સંપન્ન થઈ ચૂક્યું ગણાય !

અને આવી સિદ્ધિ એક જ કારણે શક્ય બની : સાધક હવે **'तत्त्वज्ञ'** બની ચૂક્યો છે, 'અદૃશ્ય' એવા આત્માનાં તત્ત્વનું જ્ઞાન તે પામી ચૂક્યો છે અને તેથી જ, 'દૃશ્ય-અ-ગ્રહણ'નો આવો તત્ત્વાર્થ, આવું તાત્ત્વિક દર્શન, તેના માટે 'હસ્તામલકવત્' સરળ અને સુલભ બની રહે છે !

શ્લોકનો છંદ : **शार्दूलविक्रीडित** (૩૪૧)

૩૪૨

सार्वात्म्यसिद्धये भिक्षोः कृतश्रवणकर्मणः ।
समाधिं विदधात्येषा 'शान्तो दान्त' इति श्रुतिः ॥૩૪૨॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સાર્વાત્મ્યસિદ્ધયે ભિક્ષોઃ કૃતશ્રવણકર્મણઃ ।
સમાધિં વિદધાત્યેષા 'શાન્તો દાન્ત' ઈતિ શ્રુતિઃ ॥૩૪૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સાર્વાત્મ્યસિદ્ધયે કૃતશ્રવણકર્મણઃ ભિક્ષોઃ એષા 'શાન્તો દાન્તઃ' ઇતિ શ્રુતિઃ સમાધિં વિદધાતિ ॥૩૪૨॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : એષા શ્રુતિઃ ભિક્ષોઃ સમાધિં વિદધાતિ । વિદધાતિ - એટલે વિધાન કરે છે, ઉપદેશ આપે છે, રચના કરે છે, રચી આપે છે, રચી રહે છે. કોણ વિધાન કરે છે ? એષા શ્રુતિઃ । આ શ્રુતિ, આ શ્રુતિવચન શાનું વિધાન કરે છે ? - સમાધિમ્ । સમાધિનું, સમાધિના ઉપદેશનું. કોની સમાધિની અહીં વાત છે ? - ભિક્ષોઃ । ભિક્ષુની, એટલે કે સંન્યાસીની, સાધકની. આ 'ભિક્ષુ' કેવો હોવો જોઈએ ? - કૃતશ્રવણકર્મણઃ । શ્રવણકર્મ એટલે શ્રુતિવાક્યોનાં શ્રવણનું કાર્ય; શ્રુતિવચનોનું શ્રવણ કરીને જેણે તે સર્વનું તાત્પર્ય સમજી લીધું હોય (કૃત), જેણે તે શ્રવણને આત્મસાત્ કરી લીધું હોય તેવો સંન્યાસી; ટૂંકમાં, જે સાચા અર્થમાં 'બહુશ્રુત' (Well-read) છે તેવો સાધક, સંન્યાસી. કઈ સિદ્ધિ માટે તેણે આવું 'બહુશ્રુતત્વ' મેળવવા માટે પુરુષાર્થ કર્યો હોય છે ? - સાર્વાત્મ્યસિદ્ધયે । સર્વાત્મભાવની પ્રાપ્તિ માટે, સર્વ-કંઈ આત્મા જ છે, એવી પ્રતીતિની સિદ્ધિ માટે. 'સર્વાત્મ'-શબ્દનું ભાવવાચક નામ(Abstract Noun)નું રૂપ, - 'સાર્વાત્મ્ય'. અહીં જે કંઈ છે તે સઘળું આત્મા જ છે, એવો ભાવ એટલે 'સાર્વાત્મ્ય', - આ પહેલાંના થોડા શ્લોકોમાં જેનો ઉલ્લેખ 'સર્વાત્મભાવ'-શબ્દથી કરવામાં આવ્યો છે તે.

એષા શ્રુતિઃ, - એ શબ્દો વડે, કઈ શ્રુતિનો, ક્યાં શ્રુતિવચનનો સંદર્ભ અહીં ટાંકવામાં આવ્યો છે ? - શાન્તો દાન્તઃ ઉપરતઃ તિતિક્ષુઃ સમાહિતો ભૂત્વાઽઽત્મનિ એવ આત્માનં પશ્યતિ । - **'બૃહદારણ્યક'**-ઉપનિષદનું આ વાક્ય (૪, ૪, ૨૩)

આ શ્રુતિવચનનો અર્થ અને એનું તાત્પર્ય હવે પછી જોઈશું. (૩૪૨)

અનુવાદ :

અહીં (બ્રહ્માંડમાં) જે કંઈ છે તે સર્વ, આત્મા જ છે, એવી પ્રતીતિની સિદ્ધિ માટે જેણે શ્રુતિવાક્યોનું શ્રવણ કર્યું હોય, એવા ભિક્ષુ માટે, 'શાન્તો દાન્તઃ' - એ શ્રુતિવચન, સમાધિનું વિધાન કરે છે. (૩૪૨)

ટિપ્પણ :

સમાધિ એટલે ચિત્તની સંપૂર્ણ સ્થિરતા, વિશુદ્ધિ, - અને આવાં શુદ્ધ-સ્થિર ચિત્તની ભીતર કરવામાં આવતું આત્મદર્શન, - જે, મુમુક્ષુ સાધક માટે અનિવાર્ય રીતે આવશ્યક છે (सम् + आ + धा, એ ધાતુ પરથી બનેલું નામ, - Noun).

પરંતુ આવી સમાધિ તો સંન્યાસીની મોક્ષપ્રાપ્તિ-યાત્રામાંનો **અંતિમ** તબક્કો છે; તે પહેલાં, તેણે આ પહેલાંના શ્લોકોમાં જેની ચર્ચા થઈ ગઈ છે તે **'सर्वात्मभाव'** કેળવી-મેળવી લેવો જ રહ્યો અને આવી **'सार्वात्म्यसिद्धि'** કંઈ સરળ-સુલભ નથી; એ માટે તો તેણે સમગ્ર શ્રુતિસાહિત્યનો વ્યાપક અને ઊંડો સ્વાધ્યાય કરવો પડે - (कृतश्रवणकर्मणः). આવો 'બહુશ્રુત' સાધક જ સાચો સંન્યાસી અથવા 'ભિક્ષુ' કહેવાય. આડકતરી રીતે (Indirectly), અહીં, આચાર્યશ્રીએ, એક વાત ભારપૂર્વક કહી દીધી કે મોક્ષાર્થી સાધક માટે શ્રુતિસાહિત્યનું શ્રવણ અનિવાર્ય છે; કારણ કે આવું શ્રવણ કરવાથી જ તે, 'બ્રહ્માંડમાં જે કંઈ છે તે સઘળું આત્મા જ છે', - એવી પ્રતીતિની સિદ્ધિ મેળવી શકે.

હવે, આવી 'सार्वात्म्यसिद्धि' જેણે પોતાનાં ઉપર્યુક્ત બહુશ્રુતત્વ વડે સંપન્ન કરી લીધી હોય એવા ભિક્ષુ માટે, માત્ર એક જ મહત્ત્વની સિદ્ધિ બાકી રહે છે અને તે છે સમાધિ, સમાધિનું વિધાન, - (समाधिं विदधाति ।), સમાધિ માટેનો ઉપદેશ.

અને સમાધિ-વિધાન માટેનો જરૂરી ઉપદેશ તેને પ્રાપ્ત થાય છે, - **'બૃહદારણ્યક'**-ઉપનિષદનાં **शान्तो दान्तः**, - એ સુપ્રસિદ્ધ શ્રુતિવાક્ય દ્વારા (एषा श्रुतिः ।). આ શ્લોકના તાત્પર્યાર્થ સાથે, આ શ્રુતિની પ્રસ્તુતતા અને સાર્થકતા સમજવા માટે, થોડી ભૂમિકા, આ પ્રમાણે, આવશ્યક છે : જિજ્ઞાસુ સાધકને, વેદાન્તદર્શન-પ્રબોધિત બ્રહ્મવિદ્યા અંગે જરૂરી માર્ગદર્શન આપવું, - એ આ ગ્રંથનું પ્રયોજન છે. આ વિદ્યાના અધિકાર માટેનાં **બે** પ્રકારનાં સાધનો, આ પ્રમાણે, નક્કી કરવામાં આવ્યાં છે અને તે બંનેનું સંક્ષિપ્ત છતાં સ્પષ્ટ નિરૂપણ, આ ગ્રંથમાં, આ પહેલાં કરવામાં આવ્યું જ છે : (૧) બહિરંગ સાધનો અને (૨) અંતરંગ સાધનો. 'સાધનચતુષ્ટય' તરીકે ઓળખાતાં, **ચાર**, 'બહિરંગ સાધનો' આ પ્રમાણે છે : **વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ** અને **મુમુક્ષા**. (૨) **ત્રણ** અંતરંગ સાધનો આ પ્રમાણે છે : **શ્રવણ, મનન** અને **નિદિધ્યાસન**. 'બહિરંગ સાધનો'માંનાં **ત્રીજાં** સાધન **'ષટ્સંપત્તિ'**માંનાં, આત્મપ્રસાદનાં છ અંગો આ પ્રમાણે છે : **શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન** અને **ઉપરતિ**. બંને પ્રકારનાં સાધનોની વ્યાખ્યા, ગ્રંથકારે, આ પહેલાં, સ-વિગત અને સવિસ્તર, નિરૂપી દીધી હોવાથી, એની પુનરુક્તિ કરવાની જરૂરી નથી.

પ્રસ્તુત માત્ર એટલું જ છે કે શ્રુતિવાક્યોનું શ્રવણ કરીને જે ભિક્ષુ (એટલે કે

સંન્યાસી સાધક) 'બહુશ્રુત' બની ગયો છે તે, 'સાર્વાત્મ્યસિદ્ધિ' પ્રાપ્ત કરી શકે તે માટેની સમાધિનો જરૂરી ઉપદેશ જેમાંથી ભિક્ષુને મળે છે, બૃહદારણ્યક-ઉપનિષદનું ઉપર્યુક્ત આ શ્રુતિવચન (एषा श्रुतिः), 'બહિરંગ સાધન-ચતુષ્ટય'માંની **'ષટ્સંપત્તિ'**માંનાં, ઉપર્યુક્ત **છયે** અંગોનો મુદ્દાસર ઉલ્લેખ કરીને, ભિક્ષુ માટેની સમાધિના ઉપદેશ તરીકે તેને આ રીતે પ્રસ્થાપિત કરે છે : કર્મ અને તેનાં ફલના સંબંધથી રહિત, એવું આત્માનું સ્વરૂપ જાણ્યા પછી, ચિત્તની વૃત્તિઓને શાન્ત કરવા રૂપી **શમ**ને ભિક્ષુએ કેળવવો જોઈએ (शम्-शाम् ધાતુ પરથી બનેલું નામ (Noun), તે **'શમ'** અને એ જ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, તે શાન્ત); બાહ્યેન્દ્રિયોના વિષયવ્યાપારથી ઉપરામ પામેલા તેણે ઇન્દ્રિય-નિગ્રહ કરવો જોઈએ, એટલે કે તેણે દાન્ત બનવું જોઈએ, તે-રૂપી અંગ એટલે **'દમ'** (दम्-ધાતુ પરથી બનેલું નામ (Noun) તે 'દમ' અને તે જ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, એટલે દાન્ત), - એટલે કે અંતઃકરણની તૃષ્ણામાંથી નિવૃત્તિ; ધર્મ-અર્થ-કામ એ ત્રણ પુરુષાર્થોમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવી, અથવા આ જ ઉપનિષદમાં પ્રબોધિત એવી 'પુત્રૈષણા', 'વિત્તૈષણા' અને 'લોકૈષણા', - એ ત્રણ 'એષણા'ઓથી રહિત થઈ જાય, એ ભિક્ષુ ઉપરત કહેવાય અને એવી સિદ્ધિ એટલે **'ઉપરતિ'** (उप+रम् એ ધાતુ પરથી બનેલું નામ (Noun) તે **'ઉપરતિ'** અને એનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, એટલે ઉપરત); જીવનનો વિચ્છેદ ન થાય અને ઈશ્વર-નિર્મિત આયુષ્ય સ્વાસ્થ્યપૂર્વક ટકી રહે એ માટે, શીતોષ્ણ વગરે દ્વન્દ્વો તથા દુઃખોને સહન કરવાની વૃત્તિ, સહિષ્ણુતા, એટલે **'તિતિક્ષા'** અને જે સાધક આવી વૃત્તિ કેળવી શક્યો હોય, તે તિતિક્ષુ (तिज् - ધાતુ પરથી બનેલું નામ (Noun) તે **'તિતિક્ષા'** અને જેણે આવું ધૈર્ય (Patience, Forbearance, Endurance) કેળવ્યું હોય, તે તિતિક્ષુ); અને જે **'સમાધિ'**નો ઉલ્લેખ આ શ્લોકમાં કરવામાં આવ્યો છે, તેનાં મૂળ ધાતુ (सम् + आ + धा) કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, - એટલે समाहित.

બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટેનાં ઉપર્યુક્ત સાધનો જેણે, આ પ્રમાણે સંપન્ન કર્યાં હોય તે, આ શ્રુતિવચન પ્રમાણે, **'સમાધિ'** પ્રાપ્ત કરે છે - (समाहितो भूत्वा) અને એની આ સિદ્ધિ એટલી ઉચ્ચ હોય છે કે તે, આત્મામાં એકાગ્રતાપૂર્ણ બનીને, આત્માની અંદર જ આત્માનું દર્શન કરે છે, એટલે કે આત્મસાક્ષાત્કાર કરી શકે છે (आत्मनि एव आत्मानं पश्यति ।).

બૃહદારણ્યક-ઉપનિષદનું આ શ્રુતિવાક્ય, આ જ ગ્રંથમાં, આચાર્યશ્રીએ પોતે જ નિરૂપેલાં 'સાધન-ચતુષ્ટય' સાથે સુસંગત રહીને, સાધક ભિક્ષુ માટેની આવશ્યક

'સમાધિ'નું વિધાન કેવી રીતે કરે છે, એ દર્શાવવા માટે જ આટલી વિગતો આપવાનું જરૂરી બન્યું.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૪૨)

૩૪૩

आरूढशक्तेरहमो विनाशः
कर्तुं न शक्यः सहसापि पण्डितैः ।
ये निर्विकल्पाख्यसमाधिनिश्चला-
-स्तानन्तरानन्तभवा हि वासनाः ॥३४३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

આરૂઢશક્તેરહમો વિનાશઃ
કર્તું ન શક્યઃ સહસાપિ પંડિતૈઃ ।
યે નિર્વિકલ્પાખ્યસમાધિનિશ્ચલા-
સ્તાનન્તરાનન્તભવા હિ વાસનાઃ ॥૩૪૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ये निर्विकल्प-आख्य-समाधि-निश्चलाः (सन्ति), तान् अन्तरा पण्डितैः अपि आरूढशक्तेः अहमः विनाशः कर्तुं सहसा न शक्यः, (यतः) वासनाः हि अनन्तभवाः (सन्ति) ॥३४३॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : पण्डितैः अपि आरूढशक्तेः अहमः विनाशः कर्तुं सहसा न शक्यः । अहमः (अहम्-શબ્દનું ષષ્ઠી વિભક્તિ એકવચનનું રૂપ) विनाशः, અહંકારનો વિનાશ; કેવો અહંકાર ? - आरूढशक्तेः જેની શક્તિ ખૂબ વધી ગઈ છે એવો, શક્તિશાળી બનેલો; આવા અહંકારનો વિનાશ કરવો તે, પંડિતો માટે પણ શક્ય નથી. सहसा એટલે જલદી, એકદમ, તરત જ.

તો પછી, આમાં કોઈ અપવાદ-રૂપ ખરું, જે આવા અહંકારનો વિનાશ કરી શકે ? હા, ये निर्विकल्प-आख्य-समाधिनिश्चलाः, तान् अन्तरा । आख्य- એ નામની; 'निर्विकल्प'-નામની સમાધિમાં જેઓ નિશ્ચલ, એટલે કે એમાં સ્થિર, બની ગયા છે, તેમના સિવાય (तान् अन्तरा); એટલે કે શક્તિશાળી બનેલા અહંકારનો

વિનાશ તો માત્ર આવા વિરલ સાધકો જ કરી શકે, તેમના સિવાય બીજું કોઈ ન કરી શકે. પરંતુ આનું કારણ શું ? - वासनाः हि अनन्तभवाः सन्ति । भव એટલે જન્મ, કારણ કે વાસનાઓ અનંત જન્મોની હોય છે, એટલે કે ભૂતકાળના અનેક જન્મો દરમિયાન વાસનાઓ એકઠી થતી રહે છે અને અહંકારનાં મૂળમાં રહેલી આવી વાસનાઓનો ઉદય થતો રહે ત્યાં સુધી, અહંકારની શક્તિ તો સતત વધતી જ રહે ! જન્મે-જન્મે જાગી ઊઠતી આવી વાસનાઓ જ અહંકારને શક્તિશાળી બનાવતી રહે છે. (૩૪૩)

અનુવાદ :

'નિર્વિકલ્પ'-નામની સમાધિમાં જેઓ નિશ્ચલ બન્યા હોય છે, તેમના સિવાય, પંડિતો માટે પણ શક્તિશાળી બની ગયેલા અહંકારનો એકદમ વિનાશ કરવો શક્ય નથી; કારણ કે વાસનાઓ અનંત જન્મોની હોય છે. (૩૪૩)

ટિપ્પણ :

'દેહાદિ હું છું'- એવી સમજ એટલે अहम्-कार, અહંકાર (Ego) : 'અહંકાર'નાં સ્વરૂપની ચર્ચા આ પહેલાં પણ થઈ ગઈ છે. જ્યાં સુધી દેહાદિ વગેરે 'અનાત્મ'-વસ્તુઓ પ્રત્યે અહં-ભાવ રહે ત્યાં સુધી, તેવી વસ્તુઓ સાથે સંકળાયેલી ઇચ્છાઓને સંતોષવાની 'વાસના' મનુષ્યને વળગેલી જ રહે છે અને એની સાથેનાં સઘળાં કર્મો સંપૂર્ણરીતે ભોગવાઈને ક્ષીણ ન થાય ત્યાં સુધી, આ 'વાસનાઓ' જન્મે-જન્મે ઉદિત થતી રહે, એકઠી થતી રહે અને આ રીતે વાસનાઓ અનંત જન્મોની બની રહે છે (अनन्तभवा हि वासनाः ।). ટૂંકમાં, અહંકારનાં મૂળમાં વાસના હોવાથી, શક્તિશાળી બનેલા અહંકારનો વિનાશ કરવો (आरूढशक्तेः अहमः विनाशः कर्तुं) અને તે પણ જલદી, એકદમ, તરત જ (सहसा), - તે પંડિતો માટે પણ શક્ય નથી (न शक्यः ।).

અહંકારનાં સ્વરૂપ વિશેની, યાદ રાખવા જેવી, બે વાત અહીં વ્યક્ત કરવામાં આવી છે : એક તો એ કે એનો વિનાશ કરવામાં પાંડિત્ય કે વિદ્વત્તા જરા પણ સહાયક બની શકતાં નથી; અને બીજું એ કે એના વિનાશની પ્રક્રિયા ધીમી હોય છે, એમાં ઉતાવળ ચાલે નહીં.

'નિર્વિકલ્પ'-સમાધિમાં જેઓ નિશ્ચલ બન્યા હોય (ये निर्विकल्पाख्य-समाधिनिश्चलाः), તેઓ જ આવાં દુષ્કર કાર્યને સિદ્ધ કરી શકે છે. તો પછી, આ **'નિર્વિકલ્પ'**-સમાધિ એટલે શું ?

પતંજલિ-પ્રબોધિત **'યોગ'**-દર્શનમાં, પરમાત્મા સાથેના જીવાત્માના સંપૂર્ણ **'યોગ'**

(યુજ્ - જોડાઈ જવું, એ ધાતુ પરથી બનેલો શબ્દ), એટલે કે ઐક્ય માટે, ચિત્તવૃત્તિના નિરોધનાં ક્રમિક ઉચ્ચતર જે આઠ અંગો, એટલે કે સોપાનો, નિરૂપવામાં આવ્યાં છે તેમાં પણ છેલ્લું, ઉચ્ચતમ, આઠમું અંગ છે, - **'સમાધિ'**, જ્યાં પહોંચતાં જ જીવાત્મા-પરમાત્મા, એ બે મટીને એક થઈ જાય છે, પરમાત્મા સાથે જીવાત્માનો 'યોગ' સિદ્ધ થઈ જાય છે.

આ **'સમાધિ'**ના બે પ્રકાર આ પ્રમાણે છે : (૧) **'સવિકલ્પ'** સમાધિ, અને (૨) **'નિર્વિકલ્પ'** સમાધિ. 'વિકલ્પ' એટલે વિચાર, સભાનતા. જે સમાધિ દરમિયાન, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન એ ત્રણ વચ્ચેના તફાવતનો વિકલ્પ, એટલે કે એવો વિચાર, એવી સભાનતાનું સેવન જીવાત્મા કરે, તેવી સમાધિને **'સવિકલ્પ'** કહેવામાં આવે છે; પરંતુ જે સમાધિ દરમિયાન, ઉપર્યુક્ત વિકલ્પ સંપૂર્ણરીતે નષ્ટ થઈ ગયો હોય, એટલે કે જીવાત્માનું પરમાત્મામાં નિઃશેષ આત્મવિલોપન થઈ ગયું હોય, પરમાત્માથી એનું કશું અલગ અસ્તિત્વ રહે જ નહીં, તેવી સમાધિને **'નિર્વિકલ્પ'** કહેવામાં આવે છે : જીવ-બ્રહ્મ વચ્ચેના અદ્વૈતની આ છે સર્વોચ્ચ અને સંપૂર્ણ સિદ્ધિ.

'નિર્વિકલ્પ'-સમાધિનું આવું સ્વરૂપ સમજ્યા પછી, આવી સમાધિમાં જેઓ નિશ્ચલ બની ગયા છે તેઓ, ગમે તેવા 'આરૂઢ-શક્તિ' અહંકારનો પણ વિનાશ કેમ કરી શકે છે, તેની પ્રતીતિ તરત જ થશે : આવી સર્વોચ્ચ સિદ્ધિએ પહોંચેલા સંન્યાસીઓ ક્યાં અને માત્ર 'બહુશ્રુત' એવા પેલા પંડિતો ક્યાં ?

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૪૩)

૩૪૪

अहंबुद्ध्यैव मोहिन्या योजयित्वावृतेर्बलात् ।
विक्षेपशक्तिः पुरुषं विक्षेपयति तद्गुणैः ॥३४४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અહંબુદ્ધ્યૈવ મોહિન્યા યોજયિત્વાવૃતેર્બલાત્ ।
વિક્ષેપશક્તિઃ પુરુષં વિક્ષપયતિ તદ્ગુણૈઃ ॥૩૪૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

મોહિન્યા અહં-બુદ્ધ્યા એવ, વિક્ષેપશક્તિઃ આવૃતેઃ બલાત્ તદ્(વિક્ષેપશક્તિ)-ગુણૈઃ પુરુષં યોજયિત્વા (તં) વિક્ષેપયતિ ॥૩૪૪॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : विक्षेपशक्तिः पुरुषं विक्षेपयति । વિક્ષેપશક્તિ એટલે, મનુષ્યનાં મનમાં કામ-ક્રોધ વગેરે ષડ્‌રિપુઓ ઉત્પન્ન કરનાર, રજોગુણની શક્તિ. આ શક્તિ મનુષ્યનાં ચિત્તમાં વિક્ષેપ ઊભો કરે છે (Distracts him), તેને વિક્ષિપ્ત-વિક્ષુબ્ધ કરે છે, (Agitates him). આવું કાર્ય, તે શાના વડે કરે છે ? तद्(विक्षेपशक्ति)-गुणैः । તેના-પોતાના-વિક્ષેપશક્તિના ગુણો વડે; આ કાર્યમાં, તેને બીજી મદદ ક્યાંથી, કેવી રીતે મળે છે ? - (तं पुरुषं) अहंबुद्ध्या एव योजयित्वा । તે મનુષ્યને અહંબુદ્ધિ સાથે જ જોડી દઈને; અહંબુદ્ધિ સાથે તેનું, તે મનુષ્યનું, જોડાણ કરવાથી જ; આ અહંબુદ્ધિ કેવી છે ? - मोहिन्या મોહમાં નાખી દે તેવી, મોહ પમાડનારી, મોહિત કરી નાખનારી. પરંતુ આવું કાર્ય તે, આક્ષેપશક્તિ, કોનાં જોર પર કરી શકે છે ? आवृतेः बलात् । आवृति એટલે તમોગુણની આવરણશક્તિ, મનુષ્યના આત્માને ઢાંકી દેનારી, તેને ભ્રાંત કરી દેનારી શક્તિ. તેનાં બળ વડે, તેના પ્રભાવથી. (૩૪૪)

અનુવાદ :

વિક્ષેપશક્તિ, આવરણશક્તિનાં બળ વડે, મોહિત કરનારી અહંકાર-બુદ્ધિ સાથે મનુષ્યને જોડી દઈને જ, તેના-પોતાના (વિક્ષેપશક્તિના) ગુણો વડે તેને વિક્ષિપ્ત કરે છે. (૩૪૪)

ટિપ્પણ :

'સાંખ્ય'-દર્શન અનુસાર, સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોમાંથી, રજોગુણની વિક્ષેપશક્તિ, મનુષ્યનાં મનને વિક્ષિપ્ત-વિક્ષુબ્ધ કરી નાખે છે (Disturbs him) અને તમોગુણ, તેના આત્માને, પોતાની આવરણશક્તિ વડે, ઢાંકી દે છે, આવૃત કરી દે છે અને આથી તેને ભ્રાંત કરી નાખે છે.

આ પહેલાં, ગ્રંથકારે, આ બે શક્તિઓનું સ્વરૂપ સમજાવેલું જ છે.

મુમુક્ષુ સાધક જો સ્વસ્થ-સાવધ-સાવચેત ન રહે તો, તમોગુણની આવરણશક્તિ, તેના મૂળભૂત સત્-ચિત્-આનંદ-સ્વરૂપ એવા આત્માને આવૃત કરી નાખે છે, તેના પર પોતાની આ શક્તિનો પડદો નાખીને, તેને આચ્છાદિત કરી નાખે છે (veils him).' આમ થવાથી, પોતાનાં સાચાં આત્મસ્વરૂપથી તે વંચિત થઈ જાય છે, તેનામાં પ્રમાદ જન્મે છે અને અવિદ્યાનો તે ભોગ બને છે.

અસાવધ રહેવાને કારણે, તમોગુણ-જન્ય આવરણશક્તિની અસર તળે, ભ્રમણા-ગ્રસ્ત બનેલા મનુષ્ય પર, ત્યારપછી, રજોગુણ આક્રમણ કરે છે. પોતાનાં આક્રમણમાં સૌપ્રથમ, તે રજોગુણ, સાધકને અહંકાર સાથે જોડી દે છે અને અહંકારનું તો સ્વરૂપ

જ મોહક છે, ગમે તેવા મજબૂત મનના માણસ પર પોતાની મોહિનીનો જાદુ પાથરી દે છે; અને મનુષ્યનું આ અહંબુદ્ધિ સાથે જોડાણ થાય કે તરત જ તેની, અનેક જન્મોની, વાસનાઓ જાગી જાય છે, સળવળી ઊઠે છે અને અનેક દુષ્કર્મોનાં ફળ ભોગવવા તેને અનંત યોનિઓમાં ફંગોળી દે છે.

અને આવી અનર્થકારક અને અનિચ્છનીય પરિસ્થિતિમાં ફેંકાઈ ગયેલા મનુષ્યને વિક્ષિપ્ત કરી નાખવાનું કામ તો, વિક્ષેપશક્તિ માટે, 'ડાબા હાથના ખેલ જેવું' સાવ સહેલું ને સટ્ટ બની જાય !

આમ, સહેજ-માત્ર જાગ્રત ન રહેનાર સાધક, રજોગુણ-તમોગુણ, એ બે ગુણોના રાક્ષસી પંજામાં સપડાઈ જાય છે અને તે બે ગુણો પરસ્પર સાથે મળીને, પોતપોતાની શક્તિઓ - આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ - વડે, 'મોહિની' એવી અહંબુદ્ધિને પણ પોતાની આ વિનાશલીલામાં સાથે જોડીને, સાધકને સંસારબંધનમાં જકડીને, તેનાં મોક્ષપ્રાપ્તિનાં ધ્યેયને ભૂલવી નાખીને, તેને સંસારમાં જ ભમતો-રખડતો-અટવાતો કરી મૂકે છે !

ટૂંકમાં, આચાર્યશ્રી, આ શ્લોકમાં, મોક્ષાર્થી સાધકને ચીમકી અને ચેતવણી આપે છે કે પોતાની મોક્ષપ્રાપ્તિની કારકિર્દી અકબંધ જળવાઈ રહે તે માટે, તેણે, એક પછી એક, વારાફરતી, તેના પર આક્રમણ કરવા માટે ટાંપીને બેઠેલા તમોગુણ અને રજોગુણની વિનાશલીલાથી સદા-સર્વદા વેગળા રહેવું જોઈએ.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૪૪)

૩૪૫

विक्षेपशक्तिर्विजयो विषमो विधातुं
निःशेषमावरणशक्तिनिवृत्त्यभावे ।
दृग्दृश्ययोः स्फुटपयोजलवद्विभागे
नश्येत् तदावरणमात्मनि च स्वभावात् ।
निःसंशयेन भवति प्रतिबन्धशून्यो
विक्षेपणं न हि तदा यदि चेन्मृषार्थे ॥३४५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિક્ષેપશક્તિર્વિજયો વિષમો વિધાતું
નિઃશેષમાવરણશક્તિનિવૃત્ત્યભાવે ।
દૃગ્દૃશ્યયોઃ સ્ફુટપયોજલવદ્વિભાગે
નશ્યેત્ તદાવરણમાત્મનિ ચ સ્વભાવાત્ ।

निःसंशयेन भवति प्रतिबन्धशून्यो
विक्षेपणं न हि तदा यदि येन्मृषार्थे ॥३४५॥

શ્લોકનો ગદ્ય અન્વય :

निःशेषं आवरणशक्तिनिवृत्ति-अभावे विक्षेपशक्तिविजयः विधातुं विषमः (अस्ति) । स्फुटपयोजलवत् दृग्दृश्ययोः विभागे (सति), आत्मनि तत् आवरणं स्वभावात् नश्येत्, यदि मृषार्थे विक्षेपणं न हि (भवेत्), (आत्मा च) निःसंशयेन प्रतिबन्धशून्यः भवति ॥३४५॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) विक्षेपशक्तिविजयः विधातुं विषमः (अस्ति) । - વિક્ષેપશક્તિ ઉપર વિજય મેળવવો તે, મુશ્કેલ છે; આવી મુશ્કેલી ક્યાં સુધી રહે છે ? - निःशेषं आवरणशक्तिनिवृत्ति-अभावे । निःशेषम् એટલે સંપૂર્ણરીતે, પૂરેપૂરી; निवृत्ति - નિવારણ, દૂર કરવું; अभाव - ગેરહાજરી, અનુપસ્થિતિ; निवृत्ति-अभावे - નિવારણ ન થયું હોય ત્યાં સુધી.

(૨) आत्मनि तत् आवरणं स्वभावात् नश्येत् । - આત્મા પરનું તે આવરણ (એટલે કે આવરણશક્તિ) નાશ પામે છે, - એની મેળે, અનાયાસે, સ્વભાવિકપણે. ક્યારે ? કેવી રીતે ? - दृग्दृश्ययोः विभागे (सति) । આ વાક્યમાં, સમય દર્શાવનારી 'सति-સપ્તમી' વાક્યરચના છે. विभागे એટલે જુદાં થઈ જતાં, વિભાગ થતાં, વિવેક થતાં; કયા બે વચ્ચેનો વિભાગ ? दृग्-दृश्ययोः । - दृग् એટલે દષ્ટા, જોનાર, જોવાની ક્રિયાનો કર્તા (seer) અને दृश्य એટલે જોવાયેલું, જોવાની ક્રિયાનું કર્મ (seen); આ બેનો વિભાગ થતાં; કોની માફક ? स्फुटपयोजलवत् । स्फुट - ચોખ્ખો, સ્પષ્ટ, સાફસાફ; पयः એટલે દૂધ; દૂધ અને જળના વિભાગની જેમ; એ બંનેને જુદા પાડવાની જેમ.

(૩) (आत्मा च) निःसंशयेन प्रतिबन्ध-शून्यः भवति । निःसंशयेन એટલે કશી શંકા વિના, સંદેહ વિના, असंदिग्ध રીતે; प्रतिबन्ध એટલે વિઘ્ન, તકલીફ, અડચણ; અને આત્મા અસંદિગ્ધ રીતે પ્રતિબંધરહિત બની જાય છે. ક્યારે ? શી શરતે ? - यदि मृषार्थे विक्षेपणं न हि (भवेत्) । मृषार्थे એટલે મિથ્યા-અનિત્ય-ખોટા પદાર્થોમાં; विक्षेपण એટલે પ્રવૃત્તિ, વિક્ષેપશક્તિની પ્રવૃત્તિ, એની જાગૃતિ; મિથ્યા પદાર્થોમાં જો ફરીથી વિક્ષેપને જાગ્રત કે પ્રવૃત્ત ન થવા દેવામાં આવે તો, -

એ શરતે, આવું બને ત્યારે. (૩૪૫)

અનુવાદ :

આવરણશક્તિનું સંપૂર્ણપણે નિવારણ ન થયું હોય ત્યાં સુધી, વિક્ષેપશક્તિ પર વિજય મેળવવો મુશ્કેલ છે; પરંતુ દૂધ અને જળની જેમ, દૃષ્ટા અને દૃશ્યનો સ્પષ્ટ વિવેક થતાં, અંતઃકરણ પરનું તે આવરણ સ્વાભાવિક રીતે જ નાશ પામે છે અને મિથ્યા પદાર્થોમાં વિક્ષેપને પ્રવૃત્ત જ ન થવા દેવામાં આવે તો, આત્મા, કશા પણ સંશય વિના, પ્રતિબંધ-રહિત બની જાય છે. (૩૪૫)

ટિપ્પણ :

તમોગુણની આવરણશક્તિ (Power of Veiling, Concealing) અને રજોગુણની વિક્ષેપશક્તિ (Power of Projecting, Distracting), - આ બેમાંથી, આવરણશક્તિના આધાર વિના અને એના તરફથી મળતા બળના ટેકા વિના, વિક્ષેપશક્તિ, સાધકને ખાસ કશી હાનિ પહોંચાડી શકે નહીં, એ વાત આ પહેલાંના શ્લોક(૩૪૪)માં કહેવામાં આવી હતી; તેનો જ વિસ્તાર કરતાં, તેમાંથી જ ફલિત થતો **બીજો** મુદ્દો, અહીં, એ પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે કે જ્યાં સુધી આવરણશક્તિને સંપૂર્ણરીતે દૂર કરવામાં ન આવે ત્યાં સુધી, વિક્ષેપશક્તિનું નિયંત્રણ કે નિવારણ શક્ય નથી. આ મુદ્દામાંથી જ એક **ત્રીજો** મુદ્દો, આપોઆપ, એ નિષ્પન્ન થાય છે કે આવરણને જ નષ્ટ કરવું, જેથી વિક્ષેપ માટે કશો અવકાશ જ ન રહે.

પરંતુ આ આવરણનો નાશ કરવો શી રીતે ? એનો ઉપાય શો ? આ બાબત, અલબત્ત, છે તાત્ત્વિક અને તેથી થોડી અઘરી, પણ સાચા સાધક માટે આ સમસ્યાનું નિવારણ **અશક્ય નથી** : મુમુક્ષુ તરીકે જો તે સતત સજાગ રહીને **'આત્મા'** અને **'અનાત્મા'**નો **'વિવેક'**, પોતાનાં અંતઃકરણની અંદર, સ્પષ્ટ રીતે જાળવી શકે તો, પેલું આવરણ તો અવિદ્યાને કારણે જ સર્જાતું હોય છે અને જ્યાં ઉપર્યુક્ત **'વિવેક'** સંપૂર્ણરીતે સુરક્ષિત હોય, ત્યાં પેલું આવરણ તો, એની મેળે, અનાયાસે જ, નાશ પામી જાય !

'આત્મા' તરીકે, પોતે તો **'દૃષ્ટા'** (જોવાની ક્રિયાનો કર્તા - Subject, **'Seer'**) છે, જ્યારે 'અનાત્મા' એવું આ જગત, દેહાદિ વગેરે સઘળું તો **'દૃશ્ય'** જ (જોવાની ક્રિયાનું કર્મ (Object, **'Seen'**) છે, બંને પરસ્પર-ભિન્ન છે, અન્યોન્ય-વિરોધી ધર્મોવાળાં છે; આમ, આ બંનેનું ઐક્ય કદાપિ સંભવી શકે જ નહીં. આ બંનેને 'એક' માન્યાં, એ જ અજ્ઞાન અને અવિદ્યા, અને તેથી જ પેલાં આવરણને મોકો મળી ગયો, સાધકના આત્માને પોતાની શક્તિ વડે 'આવૃત' કરી દેવાનો, ઢાંકી દેવાનો, એની વિવેકબુદ્ધિને ભ્રાંત કરી દેવાનો !

પરંતુ સાધક સજાગ રહ્યો, ઈશ્વરની કૃપામાંની પોતાની શ્રદ્ધાને તેણે અચળ અને અડગ રાખી, શ્રુતિના સ્વાધ્યાયમાંથી જ્ઞાનદૃષ્ટિ મેળવી અને સદ્‌ગુરુને શરણે ગયો; બસ, આટલું તેના માટે, પૂરતું - More than enough - બની રહ્યું, પોતાની **'વિવેક'**શક્તિને, 'આત્મા'-'અનાત્મા'નો વિવેક કરવાની શક્તિને, સાચવી રાખવા માટે. હવે પેલાં આવરણની તાકાત નથી કે આવા **'વિવેક'**સંપન્ન સાધકના આત્મા પર, તમોગુણ, પ્રમાદનું પોતાનું આવરણ પાથરી શકે !

ટૂંકમાં, તેણે પેલાં પૌરાણિક હંસ-પક્ષીની જેમ, **'નીરક્ષીરવિવેક'** સિદ્ધ કરવાનો રહે; દૂધ (ક્ષીર) અને જળ (નીર) ભેગાં થઈ ગયાં હોય તે છતાં, હંસ, તે બંનેને, જુદાં કરી શકે છે : 'અ(હં) સઃ ।' - 'હું તે(પરમાત્મા) જ છું'- એવી જેને દૃઢ પ્રતીતિ હોય, તે જ **'હંસ'** ! - આવું વ્યુત્પત્તિ(Etymological)-આધારિત નામ, આથી જ, આ પક્ષીને પ્રાપ્ત થયું છે ! અને જે પુણ્યાત્માઓ 'આત્મા'-'અનાત્મા'નાં મિશ્રણમાંથી 'આત્મા'ને જુદો તારવી શકે, તેમને, આથી જ, **'પરમહંસ'** કહેવામાં આવે છે.

અને **'હંસ'** અથવા **'પરમહંસ'**ની આવી ઉચ્ચ કક્ષાએ પહોંચેલો સાધક, આવરણશક્તિના સ્વયં-નાશ પછી, મિથ્યા-પદાર્થોમાં ફરી પ્રવૃત્ત જ ન થાય તો, તેનો આત્મા સર્વ પ્રકારના પ્રતિબંધોથી અસંદિગ્ધ રીતે મુક્ત બની જાય છે.

શ્લોકનો છંદ વસંતતિલકા છે, પરંતુ તેમાં નિયમ પ્રમાણે **ચાર**ને બદલે **છ** ચરણો(પાદ) છે, તે નોંધપાત્ર છે; કવિ તરીકે મળતી આ એક અધિકૃત છૂટ (Poetic Licence) છે. (૩૪૫)

૩૪૬

सम्यग्-विवेकः स्फुटबोधजन्यो
विभज्य दृग्-दृश्यपदार्थतत्त्वम् ।
छिनत्ति मायाकृतमोहबन्धं
यस्माद् विमुक्तस्य पुनर्न संसृतिः ॥३४६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સમ્યગ્-વિવેકઃ સ્ફુટબોધજન્યો
વિભજ્ય દૃગ્-દૃશ્યપદાર્થતત્ત્વમ્ ।
છિનત્તિ માયાકૃતમોહબન્ધં
યસ્માદ્ વિમુક્તસ્ય પુનર્ન સંસૃતિઃ ॥૩૪૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્ફુટબોધજન્યઃ સમ્યગ્-વિવેકઃ દૃગ્-દૃશ્ય-પદાર્થ-તત્ત્વં વિભજ્ય, માયાકૃતમોહબન્ધં છિનત્તિ, યસ્માત્ (તસ્ય) વિમુક્તસ્ય પુનઃ સંસૃતિઃ ન (ઉદ્ભવતિ) ॥૩૪૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : સમ્યગ્-વિવેકઃ માયાકૃતમોહબન્ધં છિનત્તિ । - સમ્યગ્-વિવેક એટલે સાચો, સંનિષ્ઠ અને સંપૂર્ણ વિવેક; એ શું કરે છે ? - છિનત્તિ કાપી નાખે છે, છેદી નાખે છે, ઉચ્છેદ કરે છે, શાનો ? કોનો ? માયાકૃતમોહબન્ધમ્ । બન્ધ એટલે બંધન; માયાએ ઉત્પન્ન કરેલા મોહનાં બંધનનો. પેલો **'વિવેક'** કેવો છે ? - સ્ફુટબોધજન્યઃ । જન્ય એટલે જન્મેલો, ઉદ્ભવેલો, પેદા થયેલો; શાના વડે જન્મેલો ? બોધ એટલે જ્ઞાન, આત્માનું જ્ઞાન, સ્ફુટ એટલે સ્પષ્ટ, શુદ્ધ, અજ્ઞાન કે વિપરીતજ્ઞાન વિનાનું, એનાથી રહિત. આત્મવિષયક સ્પષ્ટ જ્ઞાન વડે જન્મેલો વિવેક. આવું છેદન કરતાં પહેલાં 'વિવેક' શું કરે છે ? - આ પ્રમાણે : દૃગ્-દૃશ્ય-પદાર્થતત્ત્વં વિભજ્ય । - દૃષ્ટા અને દૃશ્ય, એ બંનેના પદાર્થોનું વિભાજન કરીને, એ બે વચ્ચે જુદા-જુદા વિભાગો કરીને; એટલે કે 'આત્મા' અને 'અનાત્મા', એ બંનેનો તાત્ત્વિકપણે વિવેક કરીને, એ બંનેને તાત્ત્વિક દૃષ્ટિએ વિવિક્ત-વિભક્ત કરીને; આવાં વિભાજનનું શું અને કેવું પરિણામ આવે છે ? - યસ્માત્ (તસ્ય) વિમુક્તસ્ય પુનઃ સંસૃતિઃ ન (ઉદ્ભવતિ) । સંસૃતિઃ એટલે સંસાર, સંસારી જીવન; જેથી આવા વિમુક્ત થયેલા સાધક માટે ફરીથી સંસાર ઉદ્ભવતો નથી. (૩૪૬)

અનુવાદ :

સ્પષ્ટ(શુદ્ધ)જ્ઞાનથી ઉત્પન્ન થયેલો સમ્યક્ વિવેક, દૃષ્ટા અને દૃશ્ય પદાર્થોનું વિભાજન કરીને, માયાએ પેદા કરેલા મોહને છેદી નાખે છે, જેથી, વિમુક્ત થયેલા જીવાત્મા માટે ફરીથી સંસાર ઉદ્ભવતો નથી. (૩૪૬)

ટિપ્પણ :

આમ તો, પ્રતિપાદયિતવ્યની દૃષ્ટિએ, આ શ્લોક, આ પહેલાંના શ્લોકનાં તાત્પર્યના અનુસંધાનમાં જ છે : વિક્ષેપશક્તિને પોતાની શક્તિનાં બળે પ્રબળ અને પ્રભાવિત કરનાર આવરણશક્તિનો નાશ કરવાનો આધાર છે, - 'આત્મા' અને 'અનાત્મા'નો **'વિવેક'** કરવાની શક્તિ, - એમ પ્રતિપાદિત કરીને, એ જ **'વિવેક'**, જીવાત્માને સંસારબંધનમાંથી વિમુક્ત કરીને, તેનાં માટેનાં જન્મમૃત્યુનાં ચક્રનો અંત

કેવી રીતે લાવે છે, એ, અહીં દર્શાવવામાં આવ્યું છે.

'વિવેક' વિશે, એનાં સ્વરૂપ વિશે, અહીં, થોડી વિશિષ્ટતા, આ પ્રમાણે ઊમેરવામાં આવી છે : **સૌપ્રથમ** તો એ કે તે સમ્યક્-કક્ષાનો, એટલે કે સંનિષ્ઠ અને સંપૂર્ણ હોવો જોઈએ; અને **બીજું**, આવા વિવેકનો આવિર્ભાવ શક્ય બને તે માટેનું જ્ઞાન સ્પષ્ટ અને વિશુદ્ધ હોવું જોઈએ, એમાં કશાં વિપરીતજ્ઞાનનો અંશ પણ ન હોવો જોઈએ : અને આવું જ્ઞાન તો વેદોનાં મહાવાક્યોમાંથી અને સદ્‌ગુરુના ઉપદેશમાંથી જ પ્રાપ્ત થઈ શકે; અને **ત્રીજું**, આ જ્ઞાન એટલે વેદાંતવિદ્યાના પાયાનો આ સિદ્ધાંત : **ब्रह्म सत्यं जगन्मिथ्या** ।; અને છેલ્લું અને **ચોથું**, પેલા હંસ-પક્ષીના **'નીર-ક્ષીર-વિવેક'**ની જેમ, તે દૃષ્ટા-દૃશ્ય અથવા 'આત્મા'-'અનાત્મા'નું તાત્ત્વિક વિભાજન કરીને, માયાએ પેદા કરેલાં સર્વ મોહ-બંધનોને છેદી નાખે છે.

માયા-અજ્ઞાન-અવિદ્યાને સર્જનાર પેલી, બે શક્તિઓ - આવરણ અને વિક્ષેપ, - તો, સમ્યક્-વિવેકની સમક્ષ, 'શક્તિ' મટીને 'અશક્તિ' જ બની જાય છે, પછી તેનાથી સર્જનારાં બંધનોનું તો અસ્તિત્વ જ રહેતું નથી અને આ રીતે બંધનવિમુક્ત થઈ ગયેલા જીવાત્મા માટે સંસાર અને પુનર્જન્મ રહેતાં જ નથી : **'છાંદોગ્ય'**-ઉપનિષદમાં કહ્યા પ્રમાણે, તે સંસારમાં ફરી પાછો આવતો નથી : **न स पुनरावर्तते** ।

હવે, ટિપ્પણ પૂરું કરતાં પહેલાં, શ્લોક સાથે સંકળાયેલી, થોડી મહત્ત્વની વાતોનું જરૂરી સ્પષ્ટીકરણ કરી લઈએ : (૧) સમ્યક્-વિવેકને નિષ્પન્ન કરનાર વિશુદ્ધ જ્ઞાન વિશે **ગીતા**(અધ્યાય-૧૩)માં સવિસ્તર ચર્ચા કરવામાં આવી છે; (૨) **'દૃષ્ટા-દૃશ્ય'** એ શબ્દપ્રયોગ, વેદાંત-વિદ્યાની ચર્ચામાં, એક પ્રખ્યાત અને પ્રચલિત રૂઢિપ્રયોગ (Idiom) જેવો બની રહ્યો છે અને તેમાં **'કર્તા-કર્મ'**(Subject-Object) જેવાં સઘળાં અન્યોન્ય-વિરોધી દ્વન્દ્વોનો સમાવેશ કરવામાં આવ્યો છે. (૩) અને છેલ્લી તથા ચાલી રહેલી પ્રસ્તુત ચર્ચાના પાયામાં રહેલી વાત એ કે આ પહેલાં નિરૂપિત, વેદાંતવિદ્યા માટેનાં **ચાર** સાધનો(સાધનચતુષ્ટય)માં **"વિવેક"**નું સ્થાન સૌપ્રથમ અને અગ્ર-ક્રમે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૪૬)

૩૪૭

परावरैकत्वविवेकवह्नि-
-र्दहत्यविद्यागहनं ह्यशेषम् ।

किं स्यात् पुनः संसरणस्य बीज-
-मद्वैतभावं समुपेयुषोऽस्य ॥३४७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

परावरैकत्वविवेकवह्नि-
-र्दहत्यविद्यागहनं ह्यशेषम् ।
किं स्यात् पुनः संसरणस्य बीज-
-मद्वैतभावं समुपेयुषोऽस्य ॥३४७॥

શ્લોકનો ગદ્ય અન્વય :

पर-अवर-एकत्व-विवेक-वह्निः अशेषं अविद्यागहनं दहति, अद्वैतभावं समुपेयुषः अस्य (ज्ञानिनः) पुनः संसरणस्य बीजं किं स्यात् ? ॥३४७॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : पर-अवर-एकत्व-विवेक-वह्निः अशेषं अविद्या-गहनं दहति । પર એટલે સર્વોચ્ચ તત્ત્વ, પરબ્રહ્મ; અને અવર એટલે નીચેનું, બ્રહ્મથી નીચે રહેલું તત્ત્વ, એટલે કે આત્મા, જીવાત્મા; આ બંને વચ્ચેનાં એકત્વના વિવેકરૂપી અગ્નિ; તે શું કરે છે ? दहति - બાળી નાખે છે, ખાખ-ભસ્મીભૂત કરી નાખે છે; કોને ? गहनम् - વનને, જંગલને; કયું વન ? અવિદ્યા-રૂપી; આ વન કેવું છે ? કેવડું છે ? अशेषम् । જરા પણ શેષ ન વધે એવું-એવડું, એટલે સમગ્ર, આખું, પૂરેપૂરું; આ અગ્નિ જો આખાં જંગલને બાળીને 'રાખ' કરી નાખી શકતો હોય તો, તેની પાસે, એક નાનકડાં(બાપડાં) બીજની તો શી વિસાત (बीजं किं स्यात्) ? આખે આખાં જંગલને ભસ્મીભૂત કરી નાખનાર અગ્નિ પાસે, આવાં નાનાં બીજનું તો ગજું જ શું, ટકવાનું ? હકીકત એ છે કે બીજનું તો આવી જ બને ! એનું તો ક્યાંય અસ્તિત્વ જ ન રહે !

કયું, શાનું બીજ છે, આ ? पुनः संसरणस्य - ફરીથી સંસારપ્રાપ્તિનું, સંસારી બનાવનારું, સંસારમાં પરિભ્રમણ કરાવનારું; કયા, કેવા મનુષ્યનાં 'સંસરણ'ની આ વાત છે ? अद्वैतभावं उपेयुषः अस्य (ज्ञानिनः) । उपेयुषः એટલે પામેલો; અદ્વૈતભાવને પામેલા-પહોંચેલા જ્ઞાનીનાં 'સંસરણ'ની આ વાત છે. બ્રહ્મ-જીવના અભેદભાવને પામેલા આવા જ્ઞાનીજનની સંસારપ્રાપ્તિનું બીજ તો, પેલી, એકત્વના વિવેકરૂપી આગમાં ભસ્મ જ થઈ જાય ! (૩૪૭)

અનુવાદ :

બ્રહ્મ અને જીવનાં એકત્વના વિવેકરૂપી અગ્નિ, અવિદ્યારૂપી આખાં જંગલને બાળી નાખે છે તો પછી, અદ્વૈતભાવને પામેલા આ(જ્ઞાની)ને ફરીથી સંસારી બનાવનારાં બીજની તો વાત જ શી ? (૩૪૭)

ટિપ્પણ :

મોટાં અને દૃઢમૂલ ખખડધજ વૃક્ષો સહિત આખાં જંગલને બાળી મૂકતા દાવાનળનું રૂપક (Metaphor) અહીં યોજવામાં આવ્યું છે અને અંતે એવો તાત્પર્યાર્થ, એમાંથી, તારવવામાં આવ્યો છે કે જો આ રીતે આખું જંગલ જ દાવાનળમાં ભસ્મીભૂત થઈ જતું હોય તો, જંગલમાં ક્યાંક અથડાતાં નાનકડાં-બિચારાં કોઈક બીજ માટે તો બચવાની-ટકી રહેવાની કોઈ શક્યતા જ નહીં ! "તો પછી, એની તો વિસાત જ શી ?" (किं पुनः, किं उत) - એવી વસ્તુસ્થિતિને વ્યક્ત કરતા આવા સવાલ માટેનો પ્રચલિત પારિભાષિક 'ન્યાય' છે, - कैमुतिकन्याय, જેને અહીં પ્રયોજવામાં આવ્યો છે.

સાધકને તેના મોક્ષપ્રાપ્તિના માર્ગમાં નડતરરૂપ છે - અવિદ્યા, અજ્ઞાન; 'હું દેહાદિ છું', - એટલે કે બ્રહ્મ અને જીવના ભેદની ગેરસમજ; અને આવાં નડતરનો, તેના માર્ગમાંથી નાશ ન કરવામાં આવે ત્યાં સુધી, આવા માર્ગમાંની તેની યાત્રા સંપન્ન બની જ ન શકે : ટૂંકમાં, અંધકારના નાશ માટે જેમ પ્રકાશની જરૂર, તેમ જ આવાં અજ્ઞાનના નાશ માટે, सत्यं ज्ञानं अनन्तं ब्रह्म । - એવાં ઉપનિષદ-પ્રબોધિત જીવ-બ્રહ્મનાં એકત્વનું વિવેકજ્ઞાન, તેના માટે અનિવાર્ય બની રહે. આ માટે, સાધકે, સદ્‌ગુરુનાં ચરણે બેસીને, આવું વિવેકજ્ઞાન આત્મસાત્ કરવું જ રહ્યું. આવું વિવેકજ્ઞાન એટલે ભડભડતો દાવાનળ, જે, ઘડીના છઠ્ઠા ભાગમાં, સમગ્ર અવિદ્યા-જંગલને, સમસ્ત અજ્ઞાન-વનને ભસ્મીભૂત કરી નાખે ! અને આવું સંપન્ન થાય ત્યારે, અવિદ્યા-જંગલમાંનું કોઈ નાનકડું બીજ પણ જીવતું ન રહી શકે !

આવા આદર્શરૂપ અદ્વૈતભાવને આ રીતે આત્મસાત્ કરનારા જ્ઞાની માટે, પછી તો, પુનર્જન્મની કશી જંજાળ રહે જ નહીં ! मूलं नास्ति कुतः शाखा ।-ના ન્યાયે, જ્યાં મૂળનું જ અસ્તિત્વ નથી ત્યાં, શાખા કે વૃક્ષ, અરે વનની હસ્તી જ કેવી ? ક્યાંથી ? અથવા તો, વૃક્ષ કે વન જ બચ્યું નથી ત્યાં, બિચારાં બીજનું શું ? પ્રકાશ સમક્ષ જેવો અંધકાર, એવું જ અદ્વૈત જ્ઞાન સમક્ષ અવિદ્યાનું, એટલે કે અવિદ્યાનાં સુનિશ્ચિત પરિણામ-સ્વરૂપ સંસારનું સમજવાનું !

અદ્વૈતભાવને પામેલો તે જ્ઞાની, ત્યારપછી, નિયંતાએ નક્કી કરેલું આયુષ્ય ભોગવવા સંસારમાં જીવવાનું ભલે ચાલુ રાખે, - તેણે તો, હકીકતમાં, દેહપાત

પહેલાં જ મુક્તિ મેળવી લીધી હોય છે ! તે તો 'જીવન્મુક્ત' જ બની ગયો હોય છે !

અને આવા 'જીવન્મુક્ત'ને, વળી, ફરી 'સંસરણ' કેવું ?

આવા જ્ઞાની માટે તો પછી, આ શ્રુતિવાક્યમાં કહેવામાં આવ્યું છે તેમ, ન કોઈ અન્ય પંથ, ન કોઈ બીજું સંસરણ ! -

नान्यः पन्था विद्यते अयनाय ।

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૪૮)

૩૪૮

आवरणस्य निवृत्तिर्भवति च सम्यक्-पदार्थदर्शनतः ।
मिथ्याज्ञानविनाशस्तद्विक्षेपजनितदुःखनिवृत्तिः ॥૩૪૮॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

आवरणस्य निवृत्तिर्भवति च सम्यक्-पदार्थदर्शनतः ।
मिथ्याज्ञानविनाशस्तद्विक्षेपजनितदुःखनिवृत्तिः ॥૩૪૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

सम्यक्-पदार्थ-दर्शनतः आवरणस्य निवृत्तिः भवति । (तद्वत्) च मिथ्याज्ञानविनाशः विक्षेपजनितदुःखनिवृत्तिः (च) (भवति) ॥૩૪૮॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) आवरणस्य निवृत्तिः भवति । તમોગુણની શક્તિનાં પરિણામરૂપ 'આવરણ' નિવૃત્ત થઈ જાય છે, દૂર થઈ જાય છે, નાશ પામે છે. શાનાથી તેની નિવૃત્તિ થાય છે ? - सम्यक्-पदार्थ-दर्शनतः । दर्शनतः એટલે દર્શનથી, દર્શન થતાં; કોનું-શાનું દર્શન ? - सम्यक्पदार्थनुं. सम्यक्-पदार्थ એટલે આત્મતત્ત્વ, આત્મારૂપી સાચો પદાર્થ; એનું સારી રીતે દર્શન થવાથી.

(૨) (तद्वत्) मिथ्याज्ञानविनाशः (भवति) । તે જ પ્રમાણે, તે જ ઉપર્યુક્ત દર્શનનાં પરિણામે, મિથ્યાજ્ઞાનનો (પણ) વિનાશ થાય છે અને विक्षेपजनित-दुःखनिवृत्तिः च (भवति) । રજોગુણની વિક્ષેપશક્તિથી ઉત્પન્ન થયેલાં દુઃખો પણ દૂર થઈ જાય છે. (૩૪૮)

અનુવાદ :

આત્મતત્ત્વનું સમ્યક્ દર્શન થતાં, 'આવરણ' નિવૃત્ત થઈ જાય છે અને તે જ પ્રમાણે, મિથ્યાજ્ઞાનનો વિનાશ તથા વિક્ષેપથી ઉત્પન્ન થયેલાં દુઃખોની નિવૃત્તિ થાય છે. (૩૪૮)

ટિપ્પણ :

શ્લોક સરળ છે અને તેમાંના શબ્દો તથા વાક્યરચના પણ સહેલાં છે. વળી, તમોગુણની **આવરણશક્તિ** અને રજોગુણની **વિક્ષેપશક્તિની**, સાધક માટેની, અનર્થકારકતા વિશે પણ, આ પહેલાં, વિસ્તૃત વિવેચન થઈ ગયું છે : પોતાની સામે જ રહેલો થાંભલો, માણસને ભૂત-રૂપ દેખાય છે અને તે ભયભીત બની જાય છે; રસ્તામાં પડેલું દોરડું તેને સાપ જેવું લાગે છે અને તેનાં સમગ્ર શરીરમાં ધ્રૂજારી પ્રસરી જાય છે; પરંતુ ત્યાં દીવો આવી જાય કે તરત જ ભૂત અને સાપ બંને અદૃશ્ય થઈ જાય છે અને થાંભલો તથા દોરડું બંને પોતપોતાનાં મૂળ સ્વરૂપે તેને પ્રતીત થઈ જાય છે.

તમોગુણ અને રજોગુણના પ્રભાવને કારણે, સાધક માટે, **'આવરણ'**, **'મિથ્યાજ્ઞાન'** અને **'વિક્ષેપ'**નાં અનિષ્ટો સર્જાયાં હતાં; પરંતુ સંનિષ્ઠ અને સક્રિય પુરુષાર્થનાં પરિબળપૂર્વક તેણે 'સમ્યક્-પદાર્થ'નાં દર્શન માટે, એટલે કે આત્મતત્ત્વનાં દર્શન માટે સાધના કરી; અને આ **'દર્શન'** એટલે જ આત્મસાક્ષાત્કાર. આમ, **'આત્મ'**તત્ત્વનું 'દર્શન' થાય પછી, રજોગુણ-તમોગુણે સર્જેલી 'આવરણ'-'મિથ્યાજ્ઞાન'-'વિક્ષેપ' વગેરે **'અનાત્મ'** તત્ત્વોની ભૂતાવળ ટકી જ ન શકે !

સંસ્કૃતમાં **'દર્શન'** શબ્દ **'તત્ત્વજ્ઞાન'**(Philosophy)ના અર્થમાં પ્રયોજાય છે, કારણ કે આવું 'દર્શન' ઉચ્ચ પ્રકારનું 'તાત્ત્વિક જ્ઞાન' જ છે અને આવાં 'જ્ઞાન' સમક્ષ સઘળું 'અજ્ઞાન' પળવારમાં વિનષ્ટ થઈ જાય છે; વેદના ઋષિઓ મંત્રોનું **'દર્શન'** કરી શકતા, તે પણ આવાં 'દિવ્યજ્ઞાન'નાં જ અર્થમાં : ઋષિઓનું **'દર્શન'** એ જ **'વેદ'**, - સાચા અર્થમાં **'જ્ઞાન'** !

બીજું, આ પહેલાં શ્લોક-૧૪૬માં, સ્પષ્ટ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું કે **'આવરણ'** અને **'વિક્ષેપ'**, - આ બે શક્તિઓ જ મનુષ્ય માટે બંધનો સર્જે છે અને એનાથી વિમૂઢ થયેલો જીવ દેહને આત્મા માનીને મોહમાં ફસાય છે :

एताभ्यामेव शक्तिभ्यां बन्धः पुंसः समागतः ।
याभ्यां विमोहितो देहं मत्वात्मानं भ्रमत्ययम् ॥

પરંતુ અહીં કહ્યું છે તેમ, આત્મતત્ત્વનું સમ્યક્-દર્શન થતાં, આ બંને શક્તિઓની નિવૃત્તિ થઈ જાય છે એટલે, ગયા શ્લોક અનુસાર, અવિદ્યારૂપી આવું સંસારબીજ જ

નિવૃત્ત થઈ જાય, તેથી જીવાત્મા માટે સંસાર પણ નિઃશેષ થઈ જાય !

શ્લોકનો છંદ : ગીતિ (૩૪૮)

૩૪૯

एतत् त्रितयं दृष्टं सम्यग्-रज्जुस्वरूपविज्ञानात् ।
तस्माद् वस्तु सतत्त्वं ज्ञातव्यं बन्धमुक्तये विदुषा ॥३४९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એતત્ ત્રિતયં દૃષ્ટં સમ્યગ્-રજ્જુસ્વરૂપવિજ્ઞાનાત્ ।
તસ્માદ્ વસ્તુ સતત્ત્વં જ્ઞાતવ્યં બન્ધમુક્તયે વિદુષા ॥૩૪૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સમ્યક્-રજ્જુ-સ્વરૂપવિજ્ઞાનાત્ એતત્ ત્રિતયં દૃષ્ટં (ભવતિ), તસ્માત્ વિદુષા બન્ધમુક્તયે વસ્તુ સતત્ત્વં જ્ઞાતવ્યમ્ ॥૩૪૯॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) સમ્યક્-રજ્જુ-સ્વરૂપ-વિજ્ઞાનાત્ એતત્ ત્રિતયં દૃષ્ટં (ભવતિ) । એતત્ ત્રિતયં દૃષ્ટં ભવતિ । ત્રિતય એટલે **ત્રણ** વસ્તુઓનો સમૂહ; આ **ત્રણ** વસ્તુઓ થતી હોય એમ દેખાય છે. કઈ ત્રણ વસ્તુઓ ? આ પ્રમાણે **ત્રણ** : (અ) દોરડા પરનાં આવરણનો નાશ; (બ) સાપ-રૂપ મિથ્યાજ્ઞાનનો નાશ; અને (ક) સાપનાં દર્શનથી ઉત્પન્ન થયેલા ભયરૂપી વિક્ષેપનો નાશ. આ ત્રણ વસ્તુઓ આ પ્રકારે, આમ બનતી, ક્યારે, ક્યાં કારણે, દેખાય છે ? - સમ્યક્-રજ્જુ-સ્વરૂપ-વિજ્ઞાનાત્ । દોરડાંનાં સ્વરૂપનાં સમ્યક્, એટલે કે સાચાં જ્ઞાન દ્વારા, એવું જ્ઞાન થવાથી.

(૨) આવાં દર્શનનો નિષ્કર્ષ શો ? - તસ્માત્ વિદુષા બન્ધમુક્તયે વસ્તુ સતત્ત્વં જ્ઞાતવ્યમ્ । - એ જ કે વિદ્વાને સંસારનાં બંધનમાંથી મુક્ત થવા માટે વસ્તુને, એટલે કે આત્મારૂપી વસ્તુને, તત્ત્વતઃ, તાત્ત્વિકરૂપે, એનાં મૂળ તત્ત્વ-સહિત, જાણવી જોઈએ. (૩૪૯)

અનુવાદ :

દોરડાનાં સ્વરૂપનાં સમ્યક્ જ્ઞાન દ્વારા, આ ત્રણેય (ઘટનાઓ) થતી દેખાય છે : (આવરણનાશ, મિથ્યાજ્ઞાન-વિનાશ અને ભયથી ઉત્પન્ન થયેલા વિક્ષેપની

નિવૃત્તિ); તેથી વિદ્વાને, બંધનમાંથી મુક્ત થવા માટે, (આત્મારૂપી) વસ્તુને, તાત્ત્વિકરૂપે, જાણવી જોઈએ. (૩૪૯)

ટિપ્પણ :

અહીં, આ શ્લોકમાં, ગયા-છેલ્લા શ્લોક(૩૪૮)નું સ્પષ્ટ અનુસંધાન છે : ત્યાં જે વાત વિધાનાત્મકરૂપે (Theoretically) કહેવામાં આવી હતી, તેનું, અહીં, દૃષ્ટાંત આપીને, વ્યવહારાત્મક-રૂપે (Practically) સમર્થન કરવામાં આવ્યું છે.

ત્યાં, આત્મતત્ત્વનું સમ્યક્‌દર્શન થવાનાં પરિણામે (सम्यक्-पदार्थ-दर्शनतः), આ ત્રણ ઘટનાઓ બનતી દર્શાવવામાં આવી હતી : આવરણની નિવૃત્તિ, મિથ્યાજ્ઞાનવિનાશ અને વિક્ષેપથી ઉત્પન્ન થયેલાં દુઃખોની નિવૃત્તિ.

હવે, 'રજ્જુસર્પન્યાય'ને નજર સમક્ષ રાખીને, ઉપર્યુક્ત વિધાનનાં તાત્પર્યાર્થને સમજવાનું વિચારીએ : રસ્તામાં પડેલું દોરડું, અંધકારને કારણે, તેનાં મૂળ(દોરડાં)સ્વરૂપે નહીં પરંતુ સાપનાં રૂપે, સાપ તરીકે દેખાયું; આવાં ભ્રાંત દર્શનનાં મૂળમાં, અંધકાર, કારણરૂપે હતો; પરંતુ દીવો લવાતાં, તેનાં અજવાળાંમાં, મૂળ દોરડું જ પ્રતીત થઈ ગયું. આવી પ્રતીતિ દોરડાંનાં સ્વરૂપનાં સમ્યક્ જ્ઞાનને આભારી હતી. પ્રકાશ થતાં, દોરડું, યથાર્થ-સ્વરૂપે, તેનાં મૂળભૂત સાચાં સ્વરૂપે (सम्यक्-रज्जु-स्वरूप-विज्ञानात्) દેખાયું, આવાં સમ્યક્‌જ્ઞાનનાં પરિણામે, એકસાથે, આ ત્રણ ઘટનાઓ (एतत् त्रितयं) ક્રિયારૂપ પામતી નજરે પડી (दृष्टम्) :

(૧) અંધકારને લીધે દોરડાં પર પથરાઈ ગયેલાં આવરણની નિવૃત્તિ થઈ; (૨) સાપ હતો જ નહીં, છતાં દેખાયો અને હવે દેખાતો બંધ થયો, તે મિથ્યાજ્ઞાનનો વિનાશ થયો; અને (૩) સાપને જોવાને કારણે જન્મેલા વિક્ષેપની અને એમાંથી ઉત્પન્ન થયેલા ભયરૂપી દુઃખની નિવૃત્તિ.

એ જ રીતે, આત્મા અને પરમાત્મા(બ્રહ્મ)નાં ઐક્યનું સમ્યક્ દર્શન થતાં, એટલે કે એવાં દર્શનમાં બાધારૂપ અવિદ્યા દૂર થતાં, જીવાત્મા પર પથરાઈ ગયેલું આવરણ દૂર થઈ ગયું, દેહાદિને જ આત્મા માની લેવાનું, એટલે કે 'અનાત્મા'ને 'આત્મા' સમજવારૂપી મિથ્યાજ્ઞાનનો વિનાશ થઈ ગયો અને મિથ્યાજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલી ભ્રમણારૂપી, વિક્ષેપ અને સંસારનાં અનિષ્ટોરૂપી, દુઃખોની પણ નિવૃત્તિ થઈ ગઈ.

અને તેથી જ આચાર્યશ્રી આવી સૂચના આપે છે કે આવાં સુ-પરિણામ માટે, સંસારનાં બંધનોમાંથી મુક્તિ મેળવવા માટે (बन्धविमुक्तये), જ્ઞાની વિદ્વાને (विदुषा), વસ્તુ-સ્વરૂપ આત્માને(वस्तु), તેનાં મૂળ તત્ત્વ સાથે(सतत्त्वं) એટલે કે તાત્ત્વિકરૂપે-तत्त्वतः, જાણી લેવો જોઈએ(ज्ञातव्यम्).

આમ, આ બંને શ્લોકો (૩૪૮-૩૪૯) સાથે મૂકતાં, ઉપર્યુક્ત ત્રણેય ઘટનાઓનું (ત્રિતયં) ચિત્ર સ્પષ્ટ બની રહે છે.

શ્લોકનો છંદ : ગીતિ (૩૪૯)

૩૫૦

अयोऽग्नियोगादिव सत्समन्वया-
-न्मात्रादिरूपेण विजृम्भते धीः ।
तत्कार्यमेतत् त्रितयं यतो मृषा
दृष्टं भ्रमस्वप्नमनोरथेषु ॥३५०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અયોઽગ્નિયોગાદિવ સત્સમન્વયા-
-ન્માત્રાદિરૂપેણ વિજૃમ્ભતે ધીઃ ।
તત્કાર્યમેતત્ ત્રિતયં યતો મૃષા
દૃષ્ટં ભ્રમસ્વપ્નમનોરથેષુ ॥૩૫૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અયઃ અગ્નિયોગાત્ ઇવ, સત્-સમન્વયાત્ ધીઃ માતૃ-આદિરૂપેણ વિજૃમ્ભતે; એતત્ ત્રિતયં તત્કાર્યં (અસ્તિ, અતઃ) મૃષા (અસ્તિ), યતઃ ભ્રમ-સ્વપ્ન-મનોરથેષુ (તસ્ય ત્રિતયસ્ય મૃષાત્વં) દૃષ્ટમ્ ॥૩૫૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : ધીઃ સત્-સમન્વયાત્ માતૃ-આદિરૂપેણ વિજૃમ્ભતે । ધીઃ એટલે બુદ્ધિ; વિજૃમ્ભતે- ભાસે છે, દેખાય છે, પ્રકાશે છે; કેવાં-ક્યાં રૂપે ભાસે છે ? - માતા, મિતિઃ અને મેય, એ ત્રણ રૂપે, એટલે કે પ્રમાતા(જ્ઞાતા), પ્રમિતિ(જ્ઞાન) અને પ્રમેય(જ્ઞેય), - એ ત્રણ રૂપે; મા - એટલે માપવું, - એ ધાતુ પરથી બનેલા શબ્દો માતા-મિતિ-મેય; ઉપસર્ગ પ્ર લાગે, એટલે પ્રમાતા, પ્રમિતિ અને પ્રમેય, - એ શબ્દો બને, જે, અનુક્રમે, જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયના સમાનાર્થી શબ્દો (Synonyms) છે. આ પ્રમાણે, ભાસવાનું, બુદ્ધિ માટે ક્યાં કારણે બને છે ? સત્-સમન્વયાત્ । સત્ એટલે સદા-સત્-સ્વરૂપ એવો આત્મા; અને સમન્વય એટલે સંબંધ, સંપર્ક; આત્મા

સાથેના સંબંધને લીધે, આત્મા સાથે જોડાવાનાં કારણે; આ ઘટના કોના જેવી છે ? - अग्नियोगात् अयः इव । - अयः એટલે લોઢું; योग એટલે સંયોગ, જોડાણ; અગ્નિના સંયોગને લીધે. અગ્નિના સંયોગને કારણે, લોઢું, અગ્નિના ધર્મોવાળું બને છે, દેખાય છે, ભાસે છે, તેમ.

બીજું, સ્વતંત્ર વાક્ય : एतत् त्रितयं तत्कार्यं अस्ति । त्रितय એટલે ત્રણનો સમૂહ, ત્રિપુટી ; આ ત્રિપુટી એટલે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય; तत्कार्यं એટલે તેનું, બુદ્ધિનું કાર્ય, સર્જન, પરિણામ છે. अतः एतत् त्रितयं मृषा अस्ति । આથી, આ ત્રિપુટી મિથ્યા (મૃષા) છે. આવું વિધાન શાના આધારે કરી શકાય છે ? भ्रम-स्वप्न-मनोरथेषु (तस्य त्रितयस्य मृषात्वं) दृष्टम् । કારણ કે આવું મિથ્યાપણું, ભ્રમ, સ્વપ્ન અને મનોરથો(કલ્પનાઓ)માં જોવામાં આવે છે. (૩૫૦)

અનુવાદ :

અગ્નિના સંયોગને લીધે જેમ લોઢું, તેમ, આત્માના સંબંધને કારણે બુદ્ધિ જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયનાં રૂપે ભાસે છે. આ ત્રણેય તેનું(એટલે કે બુદ્ધિનું) કાર્ય છે, તેથી તે(ત્રિપુટી) મિથ્યા છે, કારણ કે (તે ત્રિપુટીનું મિથ્યાપણું) ભ્રમ, સ્વપ્ન અને મનની કલ્પનાઓમાં જોવા મળે છે. (૩૫૦)

ટિપ્પણ :

કોઈ પણ વસ્તુનું મહત્ત્વ એનાં મૂળ આધાર-અધિષ્ઠાન પર જ રહેલું હોય છે, કારણ કે તે વસ્તુ જે કંઈ રૂપે ભાસે છે, તે, અંતે તો, તેનાં પેલાં અધિષ્ઠાન સાથેના તેના સંબંધને કારણે જ શક્ય બને છે : શ્લોકો-૩૪૮ અને ૩૪૯માં, જે કાંઈ પરિણામ-સ્વરૂપ ઘટનાઓ થતી દેખાઈ હતી (दृष्टम्), તે તેનાં મૂળ આધારનાં સમ્યગ્-સ્વરૂપનાં જ્ઞાનને કારણે બન્યું હતું (सम्यक्-पदार्थ-दर्शनतः અને सम्यग्-रज्जु-स्वरूपविज्ञानात्).

મૂળ અધિષ્ઠાન(Substratum)નાં એ જ મહિમાનું નિરૂપણ, અહીં, આ શ્લોકમાં, જરા જુદા સંદર્ભમાં, છતાં પૂરા પ્રસ્તુત સંદર્ભમાં, કરવામાં આવ્યું છે : પ્રતિપાદન તો એ કરવું છે કે જગતનો આ સઘળો 'દૃશ્ય' પ્રપંચ મિથ્યા (મૃષા) છે; કારણ કે તે બુદ્ધિનું જ 'કાર્ય'(પરિણામ) છે : तत्कार्यम्. જગત અંગેનું જે કંઈ જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા વગેરે છે તે, બુદ્ધિનું જ પરિણામ છે - પરંતુ તે તો અલ્પજીવી, ક્ષણિક અને મિથ્યા છે, કારણ કે બુદ્ધિ તો જડ અને અનિત્ય છે; એમાં જે જ્ઞાન વગેરે દેખાય છે (विजृम्भते) ભાસે છે, તે તો સત્સ્વરૂપ આત્મા સાથેના તેના સંબંધના કારણે જ (सत्समन्वयात्) શક્ય છે, એમાં તેનું પોતાનું, મૌલિક, સ્વકીય કશું જ

નથી; ઊછીનું અને પર-પ્રકાશિત છે; આવાં જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેયની ત્રિપુટી(જે બુદ્ધિનાં કાર્ય છે તે)ની નિત્યતા કેટલી ? તેનું ટકાઉપણું કેટલું ?

બુદ્ધિનાં પરિણામ-સ્વરૂપ આ જગત-પ્રપંચની અનિત્યતા અને ક્ષણિકતા સમજાવવા માટે આચાર્યશ્રીએ, શ્લોકમાં, બે હકીકતો નિરૂપી છે તે, યાદ રાખવા જેવી છે : (૧) લોઢું અગ્નિના સંયોગને કારણે ગરમ અને લાલચોળ બની જાય છે, એનામાં ગરમી અને પ્રકાશ બંને આવે છે, પરંતુ આ બંને ધર્મો તેના પોતાના નથી, બીજાના (એટલે કે તે જેના સંયોગમાં આવ્યું છે, તે અગ્નિના) છે અને તે બંને, - ગરમી અને પ્રકાશ, - થોડો સમય જ રહે છે : અગ્નિ સાથેનો તેનો સંયોગ લુપ્ત થયા પછી, તે ઠરી જતાં, તેનામાં ગરમી કે પ્રકાશ, બેમાંથી એકેય રહેતાં નથી, કારણ કે તે તો અગ્નિને જ આભારી હતું. (૨) જડ, અનિત્ય અને અસત્ય એવી બુદ્ધિનું જે કંઈ પરિણામ, એટલે કે આ જગત વગેરે છે, તે મિથ્યા (મૃષા) છે, એની પ્રતીતિ એ હકીકતમાંથી સાંપડે છે કે ભ્રમણા, સ્વપ્ન, મનોરથો, કલ્પનાઓ વગેરે જેવાં બુદ્ધિ-કાર્યોનું મિથ્યાપણું તે, સહુના અનુભવની હકીકત છે : આ બધાં કેટલાં સાચાં ? કેટલાં ટકાઉ ?

આમ, જગત વગેરે મિથ્યા છે અને એનાં અધિષ્ઠાન-રૂપ બ્રહ્મ, તે એક જ સત્ય છે, તે ફલિત થાય છે.

શ્લોકનો છંદ : ઇન્દ્રવજ્રા (૩૫૦)

૩૫૧

ततो विकाराः प्रकृतेरहंमुखा
देहावसाना विषयाश्च सर्वे ।
क्षणेऽन्यथाभावितया ह्यमीषा-
-मसत्त्वमात्मा तु कदापि नान्यथा ॥३५१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ततो विकाराः प्रकृतेरहंमुखा
देहावसाना विषयाश्च सर्वे ।
क्षणेऽन्यथाभावितया ह्यमीषा-
-मसत्त्वमात्मा तु कदापि नान्यथा ॥३५१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ततः अहंमुखाः देहावसानाः च सर्वे विषयाः प्रकृतेः विकाराः (सन्ति);

अमीषां (सर्वेषां) हि क्षणे अन्यथाभावितया असत्त्वं (अस्ति); आत्मा तु कदापि न अन्यथा (भवति) ॥३५१॥

शब्दार्थ :

श्लोकमां त्रण स्वतंत्र वाक्यो आ प्रमाणे छे : '

(१) ततः अहंमुखाः देहावसानाः च सर्वे विषयाः प्रकृतेः विकाराः सन्ति । ततः એટલા માટે, તેથી; આ પહેલાના શ્લોકોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે કારણે. 'તે કારણે'-શું ? - सर्वे विषयाः प्रकृतेः विकाराः सन्ति । सर्वे વિષયો પ્રકૃતિના એટલે કે માયાના વિકારો છે; પરિવર્તનો છે; આ વિષયો કયા અને કેવા છે ? अहंमुखाः देहावसानाः च । મુખ એટલે આરંભ, શરૂઆત; અને અવસાન એટલે અંત, સમાપ્તિ; એ બધા વિકારોની શરૂઆત અહંકારથી થાય છે અને તેમને અંતે દેહ આવે છે; એટલે કે અહંકારથી માંડીને દેહ સુધીના, દેહપર્યંત (વિષયો).

(२) अमीषां (सर्वेषां) क्षणे अन्यथाभावितया हि असत्त्वं (अस्ति) । - अमीषां सर्वेषां असत्त्वं हि (अस्ति) । આ બધાંનું 'અ-સત્ત્વ' એટલે કે અસત્યપણું તો સિદ્ધ જ છે, આ સર્વ તો ખોટાં, મિથ્યા છે જ; એ સર્વ માટે, એટલે કે વિષયો વિશે આવું કેમ કહી શકાય છે ? એ સહુ મિથ્યા છે, તે શાથી ? - क्षणे अन्यथाभावितया । - એટલે ક્ષણે-ક્ષણે, પ્રતિક્ષણ, પળે-પળે, સતત; અન્યથા એટલે, જે હોય તેનાથી જૂદું, એટલે કે પરિવર્તિત; भावितया - એવું થતું હોવાથી, જુદાં-પરિવર્તિત થતાં હોવાથી, બદલાતાં રહેતાં હોવાથી; આ જ કારણે, તે બધા મિથ્યા-અસત્ય-ખોટાં છે.

(३) आत्मा तु कदापि अन्यथा न (भवति) । - तु એટલે પરંતુ; આત્મા તો ક્યારેય-કદી પણ અન્યથા બનતો નથી, એટલે કે બદલાતો નથી, મૂળમાં જેવો હોય છે તેવો જ સદા રહે છે; તે મિથ્યા નથી પણ સત્ય છે. (૩૫૧)

अनुवाद :

તેથી, અહંકારથી માંડીને દેહ સુધીના સર્વ વિષયો પ્રકૃતિના (માત્ર) વિકારો જ છે; (અને) આ બધા (વિષયો) ક્ષણે-ક્ષણે બદલાતા હોવાથી, મિથ્યા છે, જ્યારે આત્મા તો કદી પણ બદલાતો નથી. (૩૫૧)

टिप्पण :

ततः એટલે तस्मात् 'તેથી', એટલે કે આ પહેલાં જે કાંઈ કહેવામાં આવ્યું છે 'તેનાં કારણે', - એ શબ્દથી આ શ્લોક શરૂ થતો હોવાથી, અહીં પણ પૂર્વોક્ત

શ્લોકોનું જ અનુસંધાન છે.

અને આ અનુસંધાન એટલે એ જ કે જડ-અસત્ય-અનિત્ય એવી બુદ્ધિનાં કાર્યરૂપ આ જે કંઈ 'દૃશ્ય' જગત-પ્રપંચ છે, તે સઘળું મિથ્યા છે. આ નિર્ણયનું સમર્થન અહીં આ પ્રમાણે કરવામાં આવ્યું છે : સત્ય તો માત્ર તે જ હોઈ શકે, જે હંમેશાં, સદા-સર્વદા, ત્રણેય કાળમાં, પોતાનાં મૂળ સ્વરૂપમાં જ, કશાં પણ પરિવર્તન વિના, સ્થિર અને ચાલુ રહે છે; અને આવું ત્રિકાલાબાધિત સત્ય તો માત્ર એક આત્મા જ છે.

'હું દેહાદિ છું' - એવી ગેરસમજથી જ સર્વે વિષયોનું અસ્તિત્વ શરૂ થાય છે અને તન્માત્રાઓ તથા ઇન્દ્રિયો સાથે સઘન રીતે સંકળાયેલા દેહપર્યંત તે વિષયો ચાલુ રહે છે. આ વિષયો પ્રકૃતિના, એટલે માયાના જ, વિકાર-માત્ર છે અને તે સર્વ તો પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે, 'દૃષ્ટ-નષ્ટ' સ્વરૂપવાળાં છે, તેથી તે બધાં અસત્ય છે, જ્યારે અજ અને અમર્ત્ય એવો આત્મા તો, સર્વદા-સર્વથા અપરિવર્તનશીલ હોવાથી, સદા સત્ય છે.

એકંદરે, આમ, આ શ્લોકમાં, વેદાંતવિદ્યાના પાયાના સિદ્ધાંત -

- બ્રહ્મ સત્યં જગન્મિથ્યા ।-નું જ સમર્થન કરવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૫૧)

૩૫૨

नित्याद्वयाखण्डचिदेकरूपो
बुद्ध्यादिसाक्षी सदसद्विलक्षणः ।
अहंपदप्रत्ययलक्षितार्थः
प्रत्यक्सदानन्दघनः परात्मा ॥३५२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિત્યાદ્વયાખંડચિદેકરૂપો
બુદ્ધ્યાદિસાક્ષી સદસદ્વિલક્ષણઃ ।
અહંપદપ્રત્યયલક્ષિતાર્થઃ
પ્રત્યક્સદાનન્દઘનઃ પરાત્મા ॥૩૫૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પરાત્મા નિત્ય-અદ્વય-અખણ્ડ-ચિત્-એકરૂપઃ, બુદ્ધિ-આદિ-સાક્ષી, સત્-

असत्-विलक्षणः, 'अहं'-पद-प्रत्यय-लक्षितार्थः प्रत्यक् सदा-आनन्दघनः (च अस्ति) ॥३५२॥

શબ્દાર્થ :

શ્લોકમાં એક પણ ક્રિયાપદ નથી; શ્લોકને અંતે મૂકવામાં આવેલા શબ્દ - પરાત્મા - એટલે કે પરમાત્માનું વર્ણન કરતા, બાકીનાં સર્વ શબ્દો, વિશેષણો તરીકે આ પ્રમાણે છે : (૧) नित्य-अद्वय-अखण्ड-चित्-एक-रूपः । પરમાત્મા 'નિત્ય' છે એનો મર્મ એ જ છે કે તેને નથી 'આદિ', નથી 'અંત', તે 'અનાદિ'-'અનંત' છે, શાશ્વત (Eternal) છે. અદ્વય એટલે અદ્વિતીય, - એવો કે જેના સિવાય 'બીજું'(દ્વિતીય) કોઈ જ નથી, - एकं एव । અખણ્ડ એટલે સ્થળ-કાળ-વસ્તુના ખંડો-વિભાગોથી રહિત, એટલે કે સર્વવ્યાપી(All-pervading); चित् એટલે વિશુદ્ધ જ્ઞાન; સંપૂર્ણરીતે ચિદ્-રૂપ, જ્ઞાનસ્વરૂપ, અન્ય કોઈ રૂપ કે આકાર વિનાનો.

(૨) बुद्धि-आदि-साक्षी । - વગેરે જગત-પ્રપંચ 'દૃશ્ય' છે, તે બધાં માત્ર દેખાય છે, ભાસે છે. હકીકતમાં, અસ્તિત્વ ધરાવતાં જ નથી; આવાં 'બુદ્ધિ-વગેરે' સર્વનો અવિકારી, સાક્ષી બનીને, દૃષ્ટા બનીને પરમાત્મા સર્વને સદા પ્રકાશતા રહે છે.

પરમાત્મા માટેનું આ વિશેષણ, આ પહેલાંના શ્લોક-૨૯૬ની આ પંક્તિનું સ્મરણ કરાવે છે :

विकारिणां सर्वविकारिवेत्ता
नित्योऽविकारो भवितुं समर्हति ।

(૩) सत्-असत्-विलक्षणः । सत् એટલે જે **'છે'** તે અને असत् એટલે જે **'નથી'** તે; પરંતુ પરમાત્મા તો શબ્દથી પર છે, વાણીથી અગોચર છે, - 'શબ્દાતીત' અને 'વાગ્-અગોચર' છે, એટલે તેના માટે 'सत्'-'असत्' જેવા શબ્દો પ્રયોજવા તે, તેને બુદ્ધિના-વિચારના વિષય તરીકે બાંધી લેવા જેવું, તેના માટે મર્યાદા વ્યક્ત કરવા જેવું, અનુચિત ગણાય; તેથી તે આ બંને-'सत्' અને 'असत्'-થી, 'સ્થૂલ'-'સૂક્ષ્મ'થી પર છે.

પરમાત્મા માટેનું આ વિશેષણ **ગીતા**ની આ પંક્તિનું સ્મરણ કરાવે છે :

अनादिमत् परं ब्रह्म न सत् तन्नासदुच्यते । (૧૩, ૧૨)

(જે જ્ઞેય છે, જાણવા યોગ્ય છે અને જેને જાણીને માણસ મોક્ષ પામે છે, - પરમાત્માનું તે સ્વરૂપ એટલે આ : "તે અનાદિ પર બ્રહ્મ છે અને તેને **'सत्'** કહેવાતું

નથી કે 'असत्' પણ કહેવાતું નથી.")

(૪) 'अहं'-पद-प्रत्यय-लक्षितार्थः । अहम् એટલે 'હું' એમ કહેતાં, એ શબ્દ 'કોઈ એક દેહમાં રહેનારો', - એવો વાચ્યાર્થ જ આપે; પરંતુ પરમાત્મા તો દરેક જીવની હૃદયગુહામાં વસે છે, તેથી अहं - શબ્દનો લક્ષ્યાર્થ સમજવાનો રહે છે, - જે, अहं ब्रह्म अस्मि । - એ મહાવાક્યમાંના 'अहं' તરીકે સર્વ જીવાત્મામાં વસતા "હું"ના વ્યાપક અર્થનો દ્યોતક બની રહે છે.

(૫) અને આવો "હું" (अहं) એટલે, प्रत्यक्, - પ્રત્યેક ભૂતની અંદર, ભીતર રહીને, સાક્ષી-સ્વરૂપે તેને પ્રકાશતો રહે છે : એ 'प्रत्यक्' એ અર્થમાં છે કે તેની પ્રતીતિ **તો** અને **ત્યારે** જ થાય, **જો** અને **જ્યારે** દૃષ્ટિને બહારથી, તેની અવળી દિશામાં 'અંદર' વાળવામાં આવે (प्रातिलोम्येन अंचति इति प्रत्यक् ।).

(૬) सदा-आनन्द-घनः । **એક** તો એ કે કોઈ ભૌતિક સુખને તેની સાથે ન સાંકળી શકાય એવા 'આનંદ'નું તે મૂર્તિમંત સ્વરૂપ છે; કારણ કે ત્યાં-તેનામાં કોઈ દુન્યવી શોક, દુઃખ કે ઉદ્વેગને કશું સ્થાન નથી; અને **બીજું**, આ **'આનંદ'** એટલે પરમાત્માનાં શાશ્વત-સ્વરૂપ- सत्-चित्-आनन्द-માંનો **'આનંદ'**. આવા વિશિષ્ટ અને નિરાળા (Unique) **'આનંદ'**થી સદા-પ્રકાશતો હોવાથી, **પરમાત્મા 'આનંદઘન'** છે. (૩૫૨)

અનુવાદ :

પરમાત્મા નિત્ય, અદ્વિતીય, અખંડ જ્ઞાનસ્વરૂપ, બુદ્ધિ વગેરેનો દૃષ્ટા, 'सत्' અને 'असत्'થી વિલક્ષણ, 'હું'-એ શબ્દમાં 'લક્ષણા'(નામની શબ્દશક્તિ)થી પ્રાપ્ત થતા અર્થરૂપ, અંતરંગ અને સદા-આનંદઘન છે. (૩૫૨)

ટિપ્પણ :

પરમાત્મા માટેનાં વિશેષણ-રૂપ સર્વ શબ્દોને, ૩૫૨, શબ્દાર્થ-વિભાગમાં સવિસ્તર, લક્ષ્યાર્થ-વ્યંગ્યાર્થ સહિત, સમજાવવામાં આવ્યા છે, એટલે હવે અહીં કશું ઉમેરવાનું રહેતું નથી : માત્ર એક જ નિર્દેશ કરી શકાય કે આ સર્વ વિશેષણો પરમાત્માનો 'અનાત્મા'થી ભેદ સ્પષ્ટ કરીને, 'અનાત્મા' એવું સઘળું **'મિથ્યા'** છે અને 'પરમાત્મા' એક જ **'સત્ય'** છે, એવું પ્રતિપાદિત કરે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૫૨)

૩૫૩

इत्थं विपश्चित् सदसद् विभज्य
निश्चित्य तत्त्वं निजबोधदृष्ट्या ।

ज्ञात्वा स्वमात्मानमखण्डबोधं
तेभ्यो विमुक्तः स्वयमेव शाम्यति ॥३५३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઇત્થં વિપશ્ચિત્ સદસદ્ વિભજ્ય
નિશ્ચિત્ય તત્ત્વં નિજબોધદૃષ્ટ્યા ।
જ્ઞાત્વા સ્વમાત્માનમખંડબોધં
તેભ્યો વિમુક્તઃ સ્વયમેવ શામ્યતિ ॥૩૫૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિપશ્ચિત્ ઇત્થં સદ્-અસદ્ વિભજ્ય, નિજબોધદૃષ્ટ્યા તત્ત્વં નિશ્ચિત્ય, આત્માનં સ્વં અખણ્ડબોધં જ્ઞાત્વા, તેભ્યઃ (અસન્મિથ્યાપદાર્થેભ્યઃ, અનાત્મભ્યઃ ચ) વિમુક્તઃ (સન્) સ્વયં એવ શામ્યતિ ॥૩૫૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : વિપશ્ચિત્ સ્વયં એવ શામ્યતિ । - વિપશ્ચિત્ એટલે વિદ્વાન માણસ, - જેણે શ્રુતિસાહિત્યનું વ્યાપક અને ઊંડું અધ્યયન કર્યું છે અને મોક્ષપ્રાપ્તિરૂપી પોતાનાં સર્વોત્તમ જીવનધ્યેય વિશે જેણે પોતાની આત્મદૃષ્ટિને કેળવી છે. આવો માણસ શું કરે છે ? - પોતાની મેળે જ, પોતે જ, અનાયાસે જ શાંત થઈ જાય છે. આ પહેલાં તે શું કરે છે ? તેણે શું કરવાનું છે ? - નીચે પ્રમાણે ચાર ક્રિયાઓ તેણે સિદ્ધ કરવાની રહે છે :

(૧) ઇત્થં એટલે આ રીતે, આ પ્રમાણે, - એટલે કે આ પહેલાંના શ્લોકો(૩૫૧-૩૫૨)માં સૂચવ્યા પ્રમાણે (સદ્-અસદ્ વિભજ્ય) - સત્ અને અસત્‌ના વિભાગ કરીને, તે બે વચ્ચેનો ભેદ સમજીને; સત્ એટલે પરમાત્મા, બ્રહ્મ; અને અસત્ એટલે અવિદ્યા અને તેનાં સર્વ પરિણામો. એ બંનેને, 'સત્ય' અને 'મિથ્યા', - એવા બે વિભાગોમાં વહેંચીને, જુદાં તારવીને; તે બંને વચ્ચે વિવેક કરીને.

(૨) નિજબોધદૃષ્ટ્યા તત્ત્વં નિશ્ચિત્ય । - તત્ત્વ એટલે આત્મતત્ત્વ; નિશ્ચિત્ય - તેનો નિશ્ચય કરીને, એટલે કે તેનાં સ્વરૂપનો સ્પષ્ટ નિર્ણય કરીને; આ નિશ્ચય શાના વડે કરવાનો છે ? બોધ એટલે જ્ઞાન. પોતાની જ્ઞાનદૃષ્ટિથી, પોતાની જ્ઞાનમયી દૃષ્ટિ વડે, પોતાનાં અનુભવ-દર્શન વડે.

(૩) આત્માનં સ્વં અખણ્ડબોધં જ્ઞાત્વા । સ્વં આત્માનં એટલે આત્મરૂપ

પોતાને, પોતાની જાતને જાણીને (ज्ञात्वा); કેવાં સ્વરૂપે જાણીને ? - અખંડ જ્ઞાનસ્વરૂપે; પોતે શાશ્વત જ્ઞાનનું મૂર્તિમંત સ્વરૂપ છે, એવી પ્રતીતિ કરીને.

(૪) तेभ्यः विमुक्तः (सन्) । તે સર્વમાંથી છૂટીને, તે બધાંથી વિમુક્ત થઈને. તે બધાં એટલે શું ? કોણ ? - અવિદ્યા, મિથ્યા પદાર્થો, શબ્દ-સ્પર્શ વગેરે તન્માત્રાઓ, વાસનાઓ વગેરે. विमुक्तः એટલે विशेषेण मुक्तः । અને આ 'વિશેષ' એટલે વાસનાઓ, જેમાંથી મુક્તિ, મોક્ષ માટે, અનિવાર્ય છે. (૩૫૩)

અનુવાદ :

વિદ્વાન મનુષ્ય, આ રીતે, સત્ અને અસત્નો ભેદ સમજીને, પોતાની જ્ઞાનમયી દૃષ્ટિથી આત્મતત્ત્વ વિશે નિશ્ચય કરીને, આત્મ-સ્વરૂપ પોતાને અખંડબોધરૂપે જાણીને અને તે(બધાં મિથ્યા પદાર્થો વગેરે)થી સંપૂર્ણરીતે મુક્ત થઈને, પોતાની મેળે જ શાંત થઈ જાય છે. (૩૫૩)

ટિપ્પણ :

શ્લોકમાં, સ્વયમેવ શાંત થતાં પહેલાં, વિદ્વાન, જે **ચાર** ક્રિયાઓને સંપન્ન કરે છે, તેમાંની **ત્રણ** - विभज्य, निश्चित्य અને ज्ञात्वा - માટે, સંબંધક ભૂતકૃદંતનાં રૂપો પ્રયોજાયાં છે અને છેલ્લી **ચોથી** ક્રિયા માટે, - विमुक्तः એવું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ પ્રયોજાયું છે.

આમ તો, છેલ્લા બે શ્લોકોમાં કરવામાં આવેલાં પ્રતિપાદનનું, સમાપન કરીને, અહીં, એનો ઉપસંહાર જ કરવામાં આવ્યો છે : સ્વયં-શાંતિ પામતાં પહેલાંની જે ચાર ક્રિયા વિદ્વાન સાધકે પરિપૂર્ણ કરવાની છે તે, સ્વયં-શાંતિની પૂર્વભૂમિકા-રૂપે સૂચક અને મહત્ત્વની છે : અહંકારથી માંડીને દેહ-પર્યંતના સર્વ 'દૃશ્ય'-પદાર્થો 'અસત્ય' છે અને તે સર્વનો સાક્ષી જ્ઞાનસ્વરૂપ એવો આત્મા જ 'સત્ય' છે - એવી વિવેકબુદ્ધિ વિના 'શાંતિ' અસંભવિત છે; અને એ જ રીતે, આવા 'વિભાગ' વડે જ, એટલે કે પોતાની જ્ઞાનમયી દૃષ્ટિ વડે જ, આત્મતત્ત્વ વિશેનો અસંદિગ્ધ નિશ્ચય કરી શકાય અને પોતાની જાતને અખંડ-જ્ઞાનસ્વરૂપે જાણ્યા સિવાય, પેલાં સર્વ અનાત્મ-તત્ત્વોથી સંપૂર્ણરીતે મુક્ત પણ ન જ થઈ શકાય : હકીકતમાં, આ ચારેય ક્રિયાઓની પરિપૂર્ણતા એટલે બીજું કશું જ નહીં, પરંતુ તમોગુણે અને રજોગુણે પોતાના આત્મા પર પાથરેલાં પેલાં બે અનિષ્ટો, - એટલે કે, અનુક્રમે, 'આવરણ' અને 'વિક્ષેપ'નું પૂરેપૂરું દૂરીકરણ.

બસ, પછી, સાધકે બીજું કશું કરવાનું રહેતું જ નથી. આ ચાર ક્રિયાઓ પોતે જ એવી પ્રભાવક છે કે એની ઇચ્છિત શાંતિ, પોતે જ, સામે ચાલીને, તેની પાસે આવી જાય છે ! - જાણે કે આવા 'વિપશ્ચિત્' પાસે આવીને, શાંતિ પોતે જ કૃતાર્થ

બની જાય છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૫૩)

૩૫૪

अज्ञानहृदयग्रन्थेः निःशेषविलयस्तदा ।
समाधिनाऽविकल्पेन यदाऽद्वैतात्मदर्शनम् ॥३५४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अज्ञानहृदयग्रन्थेः निःशेषविलयस्तदा ।
समाधिनाऽविकल्पेन यदाऽद्वैतात्मदर्शनम् ॥૩૫૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यदा अविकल्पेन समाधिना अद्वैत-आत्मदर्शनं (संपन्नं भवति), तदा अज्ञानहृदयग्रन्थेः निःशेषविलयः (संभवति) ॥३५४॥

શબ્દાર્થ :

શ્લોકમાં, 'જ્યારે...ત્યારે'(यदा...तदा)ની વાક્યરચના પ્રયોજાઈ હોવાથી, પરસ્પર-આધારિત એવાં બે વાક્યો આ પ્રમાણે છે :

(૧) तदा अज्ञानहृदयग्रन्थेः निःशेषविलयः (संभवति) । ગ્રન્થિ એટલે ગાંઠ; નિઃશેષ એટલે સંપૂર્ણ અને વિલય એટલે નાશ. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી ગાંઠનો, ત્યારે, સંપૂર્ણ નાશ થાય છે. ક્યારે નાશ થાય છે ? હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તે પ્રમાણે, ત્યારે :

(૨) यदा अविकल्पेन समाधिना अद्वैत-आत्मदर्शनं (संपन्नं भवति) । આત્મદર્શન એટલે આત્માનો, આત્મસ્વરૂપનો, આત્મતત્ત્વનો સાક્ષાત્કાર; આત્મતત્ત્વ કેવું છે ? - અદ્વૈત । એટલે દ્વૈત વિનાનું, દ્વૈત-રહિત, અદ્વિતીય. આવો સાક્ષાત્કાર શાના વડે સંપન્ન થાય ? अविकल्पेन समाधिना । એટલે કે નિર્વિકલ્પ સમાધિ વડે; જેમાં કશા જ વિકલ્પો ન હોય, જે પૂરેપૂરી નિર્બીજ હોય, એવી સમાધિનાં પરિણામ-સ્વરૂપ. (૩૫૪)

અનુવાદ :

જ્યારે નિર્વિકલ્પ સમાધિથી અદ્વૈત આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય ત્યારે, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી, હૃદયમાંની ગાંઠ સંપૂર્ણરીતે નાશ પામે છે. (૩૫૪)

ટિપ્પણ :

અજ્ઞાનને કારણે, હૃદયમાં ઉત્પન્ન થયેલી ગ્રંથિના નાશની વાત આ શ્લોકમાં કરવામાં આવી છે.

'ગ્રંથિ' એટલે ગાંઠ. મનુષ્યનાં સંસારી જીવનમાં પણ, જરૂર પ્રમાણે, ગાંઠ બાંધવાના અને છોડવાના પ્રસંગો આવે છે અને તેમાં સામાન્ય રીતે ગાંઠને એવી રીતે બાંધવામાં આવે છે કે તેની જરૂર ન રહે ત્યારે, તેને છોડી પણ શકાય. પરંતુ કેટલીક વાર એવું પણ બને છે કે એક જ અથવા એકથી વધારે દોરીઓની ગાંઠ, ભૂલથી, એવી મજબૂત બાંધવામાં આવી હોય છે કે એને છોડી શકાય જ નહીં અને તેથી અંતે તે ગાંઠને કાપી નાખવી જ પડે !

પરંતુ આ તો થઈ કોઈ સ્થૂલ દોરી-દોરીઓની વાત, જેમાં ગાંઠ ન કપાય તો પણ કશી અસાધારણ હાનિ ન થાય. પરંતુ અહીં તો હૃદયમાં બંધાયેલી-સર્જાયેલી સૂક્ષ્મ ગાંઠની વાત છે; એટલું જ નહીં પરંતુ જ્યાં સુધી તે ગાંઠનો નાશ ન થાય ત્યાં સુધી, મુમુક્ષુ સાધકની મોક્ષપ્રાપ્તિની કારકિર્દી સફળ જ ન થાય !

તો, સૌપ્રથમ, એ સમજી લઈએ કે આવી ગ્રંથિ હૃદયમાં ઉત્પન્ન જ કેવી રીતે અને ક્યાં કારણે થાય છે ? ગ્રંથિ-ઉત્પત્તિની પ્રક્રિયા ભાષ્યકારો સમજાવે છે તે પ્રમાણે આવી છે : સાધક પણ અંતે તો એક મનુષ્ય છે, એટલે તેની સાધનાના આરંભમાં માનવ-સહજ નિર્બળતાની **ત્રણ** દોરીઓ, તેનાં હૃદયમાં, આ પ્રમાણે, મજબૂત રીતે ગૂંચવાઈ ગઈ હોવાથી, એક સજ્જડ ગાંઠ બંધાઈ જાય છે : (૧) અવિદ્યા, (૨) કામ અને (૩) કર્મ. આ ત્રણમાંથી **અવિદ્યા** અથવા અજ્ઞાન, એ તમોગુણનું કાર્ય હોવાથી, તે સાધકના આત્મા પર 'આવરણ' પાથરીને એને ઢાંકી દે, આવૃત કરે, આચ્છાદિત કરે; **કામ** એટલે કામના(વિકૃત ઇચ્છા)નું તો 'કામ' (!) જ એ છે કે સાધકનાં હૃદયમાં તે વાસનાઓરૂપી 'વિક્ષેપ' ઊભો કરે, એને વિક્ષુબ્ધ કરી નાખે; અને આ 'વિક્ષેપ' જ સાધકને પેલા કામ-પ્રેરિત **કર્મો** કરવા માટે ઉશ્કેરે, એને મજબૂર કરે અને કર્મોનાં બંધનમાં તેને જકડી દે.

શ્લોકમાં જે 'હૃદયગ્રંથિ'ની વાત છે તે, અવિદ્યા-કામ-કર્મ એ ત્રણ સૂક્ષ્મ દોરીઓનાં ગૂંચવાડાથી સર્જાયેલી સજ્જડ ગાંઠ, જેને સરળતાપૂર્વક છોડવી અતિમુશ્કેલ હોવાથી એનું **'છેદન'**(Cutting) અથવા **'ભેદન'**(Breaking) કરીને, તેનો સંપૂર્ણ નાશ જ કરવો પડે (**નિઃશેષવિલયઃ**).

અને આ 'નિઃશેષ વિલય' માટેનું એક જ સાધન છે, - **એકં એવ અદ્વિતીયમ્** - એવાં અદ્વૈત આત્મસ્વરૂપનું દર્શન, આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર. આત્માનાં આવાં વિશુદ્ધ સ્વરૂપમાં મનનું તો અસ્તિત્વ જ રહેતું નથી, મનનું **'અ-મનીભવન'** જ થઈ

જાય છે, પછી ક્યાં રહે પેલાં ત્રણ અનિષ્ટો, - **અવિદ્યા, કામ** અને **કર્મ** ! આ **'અમનીભવન'** એટલે જ **'નિર્વિકલ્પ સમાધિ'**.

આ પહેલાં, શ્લોક-૩૪૩માં, 'નિર્વિકલ્પ સમાધિ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં, સર્વ પ્રકારના વિકલ્પો-વિચારોથી રહિત એવી, સર્વોચ્ચ પ્રકારની, 'નિર્વિકલ્પ' સમાધિનું સ્વરૂપ સવિસ્તર સમજાવવામાં આવ્યું છે, તેથી અહીં તેની પુનરુક્તિ કરવાની જરૂર નથી : માત્ર એટલું જ યાદ રાખવાનું રહે છે કે અદ્વય આત્માના સાક્ષાત્કારનાં સાત્ત્વિક સામ્રાજ્યમાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય વચ્ચેની કોઈ સભાનતા ટકી શકતી નથી, એ ત્રણેય એવાં એકાકાર થઈ જાય છે, કે જેનાં પરિણામે અવિદ્યા-કામ-કર્મ કે સંશય-વિકલ્પ-વિભ્રમ જેવાં કોઈ **'ગ્રંથિ'**-ઉત્પાદકોનું અસ્તિત્વ જ ન રહે !

'હૃદય-ગ્રંથિ'ના નાશના આ મુદ્દાને, આચાર્યશ્રીએ, **'મુંડક'**-ઉપનિષદના આ મંત્રમાંથી જ, અહીં, અનૂદિત કર્યો છે :

भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥ २, २, ८ ॥

("પરાવર એટલે તે પરાત્પર પરબ્રહ્મનું તાત્ત્વિક દર્શન થાય કે તરત જ જીવાત્માનાં હૃદયમાંની અવિદ્યારૂપી ગાંઠનું ભેદન થઈ જાય છે, એના સર્વ સંશયોનું છેદન થઈ જાય છે અને એનાં સારાં-નરસાં સર્વ કર્મો નાશ પામે છે.")

ઉપર્યુક્ત મંત્રમાંનું तस्मिन् दृष्टे परावरे એટલે આપણા આ શ્લોકમાંનું અદ્વૈતાત્મ-દર્શનમ્ - એ સામ્ય સ્પષ્ટ છે.

આધુનિક મનોવિજ્ઞાનમાં પણ આવી બે ગ્રંથિઓ નિરૂપવામાં આવી છે :

(૧) ઉચ્ચતા-ગ્રંથિ (Superiority Complex) અને (૨) હીનતા-ગ્રંથિ (Inferiority Complex). આ બંને ગ્રંથિઓ એટલે, મનોવિજ્ઞાનીઓના મત પ્રમાણે, એવી મનોવ્યાધિઓ, જેમાંથી મુક્ત ન થાય ત્યાં સુધી, તેનો ભોગ બનેલો માણસ સુખી ન થઈ શકે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૫૪)

૩૫૫

त्वमहमिदमितीयं कल्पना बुद्धिदोषात्
प्रभवति परमात्मन्यद्वये निर्विशेषे ।
प्रविलसति समाधावस्य सर्वो विकल्पो
विलयनमुपगच्छेद् वस्तुतत्त्वावधृत्या ॥३५५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ત્વમહમિદમિતીયં કલ્પના બુદ્ધિદોષાત્
પ્રભવતિ પરમાત્મન્યદ્વયે નિર્વિશેષે ।
પ્રતિવિલસતિ સમાધાવસ્ય સર્વો વિકલ્પો
વિલપનમુપગચ્છેદ્ વસ્તુતત્ત્વાવધૃત્યા ॥૩૫૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અદ્વયે નિર્વિશેષે પરમાત્મનિ 'ત્વં-અહં-ઇદં' ઇતિ ઇયં કલ્પના બુદ્ધિદોષાત્ પ્રભવતિ, અસ્ય (મનુષ્યસ્ય) સર્વઃ વિકલ્પઃ સમાધૌ અપિ પ્રતિવિલસતિ, (કિંતુ સઃ) વસ્તુ-તત્ત્વ-અવધૃત્યા વિલયનં ઉપગચ્છેત્ ॥૩૫૫॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ઇયં કલ્પના પ્રભવતિ । આ કલ્પના, આવી કલ્પનાઓ ઉદ્ભવે છે, સ્ફુરે છે, પ્રગટે છે. ક્યાં સ્ફુરે છે ? કેવી કલ્પનાઓ ? 'ત્વં-અહં-ઇદં' । 'તું-હું-આ'-જેવી કલ્પનાઓ. અદ્વયે નિર્વિશેષે પરમાત્મનિ । - અદ્વિતીય અને વિશેષતા-રહિત પરમાત્મામાં આવી કલ્પનાઓ શાથી ઉદ્ભવે છે ? - બુદ્ધિદોષાત્ । બુદ્ધિના દોષને લીધે.

(૨) વળી, આવી કલ્પનાઓ બીજું શું કરે છે ? - અસ્ય (મનુષ્યસ્ય) સર્વઃ વિકલ્પઃ સમાધૌ અપિ પ્રતિવિલસતિ । સર્વઃ વિકલ્પઃ એટલે આ મનુષ્યની આવી સર્વ વિકલ્પનાઓ; એ શું કરે છે ? એની સમાધિમાં પણ અડચણરૂપે એને તરંગિત થયા કરે છે.

(૩) તો પછી, એનું શું કરવું ? એનો શો ઉપાય ? - કિં તુ સઃ વસ્તુતત્ત્વ-અવધૃત્યા વિલયનં ઉપગચ્છેત્ । આમ છતાં, વસ્તુતત્ત્વ એટલે આત્મતત્ત્વ; પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ; તેનો અવધૃત્યા એટલે કે સ્પષ્ટ નિશ્ચય, અસંદિગ્ધ સાક્ષાત્કાર; આમ થવાથી તે સર્વ વિકલ્પનાઓ વિલયનં ઉપગચ્છેત્ । વિલય પામે છે, નષ્ટ થઈ જાય છે. (૩૫૫)

અનુવાદ :

અદ્વિતીય અને નિર્વિશેષ એવા પરમાત્મામાં, 'તું-હું-આ' વગેરે આવી કલ્પનાઓ બુદ્ધિના દોષને લીધે ઉદ્ભવે છે અને તે સર્વ વિકલ્પનાઓ તેની સમાધિમાં

પણ (અડચણરૂપે) તરંગિત થતી રહે છે; (આમ છતાં પણ) આત્મતત્ત્વનો અસંદિગ્ધ સાક્ષાત્કાર થતાં, તે સર્વ વિકલ્પનાઓ વિલય પામે છે. (૩૫૫)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં નિર્વિકલ્પ સમાધિની વાત કરવામાં આવી હતી, પરંતુ સાધક એવી સર્વોચ્ચ કક્ષાએ ન પહોંચ્યો હોય તો, એની બુદ્ધિમાં રજોગુણે અને તમોગુણે સર્જેલી અપૂર્ણતાઓને કારણે, એટલા પૂરતી બુદ્ધિ ખામીવાળી રહે, એમાં દોષો ચાલુ રહે અને તેથી પરમાત્માનું તેનું દર્શન અધૂરું-અપૂર્ણ રહે : પરમાત્મા તો 'અદ્વિતીય' છે, ત્યાં કોઈ 'બીજા' માટે અવકાશ જ નથી. **'આ'** એટલે નજીકનું અને **'તે'** એટલે 'દૂરનું'; **'હું'** એટલે પોતે અને **'તું'** એટલે પારકો, - આવી વિશેષતાઓ અને આવાં અંતરો (Distances) પરમાત્મામાં નથી; પરંતુ બુદ્ધિની અપૂર્ણતાને કારણે, તેની સમાધિ હજુ **'સવિકલ્પ'** અથવા **'સંપ્રજ્ઞાત'** કક્ષાની છે અને એટલે જ **'હું-તું-આ-તે'** જેવી મિથ્યા કલ્પનાઓ અને જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયના તફાવતની સભાનતાઓ ત્યાં ચાલુ રહે; એટલું જ નહીં પણ તેની આવી માનસિક પરિસ્થિતિ ચાલુ રહે ત્યાં સુધી, આ **'સંપ્રજ્ઞાત'** સમાધિમાં પણ આવી સર્વ કલ્પનાઓ, તેના માટે, સતત અડચણોનાં રૂપમાં, તરંગિત થતી જ રહે (**પ્રતિવિલસતિ**); છતાં સાધકને મૂંઝાવાની કે નિરાશ થવાની જરૂર નથી. એની સાધના ઉત્તરોત્તર સવિશેષ સઘન થતી રહે અને એનાં પરિણામે તેની બુદ્ધિ સંપૂર્ણરીતે નિર્દોષ, વિશુદ્ધ અને નિર્મળ થઈ જાય તો, એની સમાધિ તાત્ત્વિકરૂપે **'અસંપ્રજ્ઞાત'**, એટલે કે નિર્દોષ, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયની કશી પ્રજ્ઞા વગરની, સભાનતા વિનાની, **'નિર્વિકલ્પ'** બની જાય તો, તેને પરમાત્માનાં વાસ્તવિક રૂપનો તાત્ત્વિક અને અસંદિગ્ધ તથા સુનિશ્ચિત સાક્ષાત્કાર થઈ જાય; પછી તો પેલી બધી વિકલ્પનાઓનો આપોઆપ વિલય થઈ જાય. પછી કોણ હું અને તું ? કોણ **આ** અને **તે** ? કોણ **પોતે** અને કોણ **પરાયો** ? - આવા સર્વ સંશયો અને **'વિકલ્પો' 'નિર્વિકલ્પ'** સમાધિમાં તો ટકી જ ન શકે ! એનો તો એક જ અંજામ - સંપૂર્ણ વિલય ! (વિલયનં ઉપગચ્છેત્ ।).

સમગ્ર ચર્ચાનું તાત્પર્ય એટલું જ કે અસંપ્રજ્ઞાત-નિર્વિકલ્પ સમાધિમાં તો સાધકનું પરમાત્મા સાથેનું સાયુજ્ય સંપૂર્ણ હોવાથી, સર્વ વિકલ્પો વિલીન થઈ જાય.

શ્લોકનો છંદ : **માલિની** (૩૫૫)

૩૫૬

शान्तो दान्तः परमुपरतः क्षान्तियुक्तः समाधिं
कुर्वन्नित्यं कलयति यतिः स्वस्य सर्वात्मभावम् ।

तेनाविद्यातिमिरजनितान् साधु दग्ध्वा विकल्पान्
ब्रह्माकृत्या निवसति सुखं निष्क्रियो निर्विकल्पः ॥३५६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

शान्तो दान्तः परमुपरतः क्षान्तियुक्तः समाधिं
कुर्वन्नित्यं कलयति यतिः स्वस्य सर्वात्मभावम् ।
तेनाविद्यातिमिरजनितान् साधु दग्ध्वा विकल्पान्
ब्रह्माकृत्या निवसति सुखं निष्क्रियो निर्विकल्पः ॥३५६॥

શ્લોકનો ગદ્ય અન્વય :

शान्तः दान्तः परं उपरतः क्षान्तियुक्तः नित्यं समाधिं कुर्वन् यतिः, स्वस्य सर्वात्मभावं कलयति, तेन अविद्यातिमिरजनितान् विकल्पान् साधु दग्ध्वा, ब्रह्माकृत्या निर्विकल्पः (सन्) सुखं निवसति ॥३५६॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) यतिः स्वस्य सर्वात्मभावं कलयति । यतिः એટલે સંન્યાસી, યોગી, મુનિ, જ્ઞાનયોગી મનુષ્ય; તે શું કરે છે ? - कलयति એટલે જાણે છે, અનુભવે છે; શું અનુભવે છે ? - स्वस्य सर्वात्मभावम् । પોતાના સર્વાત્મભાવને, એટલે કે પોતે 'પોતે', **'સ્વ'** જ રહેવા છતાં પોતે **'સર્વ'** છે, એવા ભાવને અનુભવે છે; આ 'यति' કેવો છે ? એનાં **પાંચ** વિશેષણો આ પ્રમાણે છે : **(અ)** शान्तः એટલે **'શમ'**ને પામેલો, કામ-ક્રોધ-લોભ વગેરે દોષોથી મુક્ત, મનની શાંતિવાળો; **(બ)** दान्तः એટલે **'દમ'**ને પામેલો, ઇન્દ્રિયોના વિગ્રહવાળો, સંયમી; **(ક)** परं उपरतः । परं એટલે ઉચ્ચ, શ્રેષ્ઠ, ઘણી; उपरतः એટલે **'ઉપરતિ'** પામેલો, ઉપરામ પામેલો; उप + रम् એટલે અટકી જવું, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ; **(ડ)** क्षान्तियुक्तः । क्षान्ति એટલે ક્ષમા; ક્ષમાવાળો, ક્ષમાશીલ, **'तितिक्षा'** અનુભવ કરનારો; **(ઇ)** नित्यं समाधिं कुर्वन् । - સમાધિનું નિત્ય સેવન કરતો, નિત્ય સમાધિ કરતો, નિત્ય **'સમાધાન'**-વૃત્તિ દાખવનારો.

(૨) તે બીજું શું કરે છે ? - सुखं निवसति । સુખપૂર્વક વસે છે, રહે છે; તેમ કરતાં પહેલાં તે શું કરે છે ? - तेन अविद्या-तिमिर-जनितान् विकल्पान् साधु दग्ध्वा । तेन એટલે કે વાક્ય-૧માં જણાવ્યા પ્રમાણેની **પાંચેય** પ્રવૃત્તિઓ કરતાં-

કરતાં, એમાં સતત પ્રવૃત્ત રહીને; दग्ध्वा - એટલે બાળી નાખીને, ભસ્મીભૂત કરીને; કેવી રીતે ? साधु એટલે સારી રીતે, સંપૂર્ણરીતે, પૂરેપૂરાં, સમૂળાં; કોને બાળવાનાં છે ? - विकल्पान् ભેદોને, કલ્પનાઓને; આ 'વિકલ્પો' કેવા છે ? अविद्या-तिमिर-जनितान् । तिमिर એટલે અંધકાર; અવિદ્યારૂપી અંધકારે ઉત્પન્ન કરેલા, અંધકાર-જન્ય; તે કેવી સ્થિતિમાં સુખપૂર્વક વસે છે (सुखं निवसति ।) ? - આ પ્રમાણે ત્રણ સ્થિતિમાં : (અ) ब्रह्माकृत्या । - 'બ્રહ્માકૃતિ' એટલે બ્રહ્મભાવની વૃત્તિ, બ્રહ્મસ્વરૂપ-સ્થિતિ; (બ) निष्क्रियः - કશી પણ ક્રિયા ન કરતો; ક્રિયા-રહિત, અક્રિય. (ક) निर्विकल्पः (सन्) - નિર્વિકલ્પ (સમાધિની) સ્થિતિમાં, નિર્વિકલ્પ બનીને. (૩૫૬)

અનુવાદ :

શાન્ત, દાન્ત, વિષયોમાંથી સંપૂર્ણરીતે ઉપરત અને ક્ષમાશીલ એવો સંન્યાસી, સમાધિનું નિત્ય સેવન કરતો રહીને, પોતાના સર્વાત્મભાવનો અનુભવ કરે છે. આ પ્રમાણે કરતાં-કરતાં, અવિદ્યારૂપી અંધકારે ઉત્પન્ન કરેલા વિકલ્પોને સમૂળા બાળી નાખીને, બ્રહ્માકાર-વૃત્તિથી નિષ્ક્રિય અને નિર્વિકલ્પ સ્થિતિમાં તે સુખપૂર્વક રહે છે. (૩૫૬)

ટિપ્પણ :

આ પહેલાં, છેલ્લા બે શ્લોકોમાં 'નિર્વિકલ્પ'-સમાધિનું સ્વરૂપ અને કાર્ય સમજાવવામાં આવ્યું છે અને તેનીયે પૂર્વે, શ્લોક-૩૪૩માં તો, ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે બહુશ્રુત પંડિતો માટે પણ જે શક્ય નથી તે, શક્તિશાળી અહંકારનો નાશ તો, 'નિર્વિકલ્પ'-સમાધિમાં નિશ્ચલ બનેલા સંન્યાસીઓ જ કરી શકે છે.

હવે, આ શ્લોકમાં, આવી 'નિર્વિકલ્પ'-સમાધિની સર્વોચ્ચ સિદ્ધિએ પહોંચેલા યતિને પ્રાપ્ત થતાં ફળની વિગતો નિરૂપવામાં આવી છે; એટલું જ નહીં પરંતુ 'બૃહદારણ્યક'-ઉપનિષદનાં 'शान्तो दान्तः' એ શ્રુતિવાક્ય(૪, ૪, ૨૩)નો સંદર્ભ ટાંકીને, સાધક માટે, જે સમાધિનું વિધાન, શ્લોક-૩૪૨માં કરવામાં આવ્યું છે, તે વેદાંતવિદ્યાની પ્રાપ્તિ માટે જે 'સાધનચતુષ્ટય' મહત્ત્વનાં છે, તેની વિગતો ફરી એક વાર નિર્દિષ્ટ કરીને, અહીં, તેના પ્રત્યે, સાધકનું, આ પ્રમાણે ધ્યાન ખેંચવામાં આવ્યું છે : (૧) મનને પીડતા કામ-ક્રોધ-લોભ વગેરે ષડ્‌રિપુઓથી મુક્ત થઈને, તેણે 'શમ' પામીને, મનને 'शांत' કરવું; (૨) ઇન્દ્રિયોનો સંપૂર્ણ નિગ્રહ કરીને, એટલે કે 'દમ'ને કેળવીને તેણે 'दान्त' બની જવું; (૩) બહારની સર્વ પ્રવૃત્તિઓમાંથી પોતાની જાતને પાછી ખેંચી લઈને (Withdraw કરીને) શ્રેષ્ઠ પ્રકારની 'ઉપરતિ' પામવી;

(૪) સંપૂર્ણરીતે ક્ષમાશીલ બની જઈને, સુખ-દુઃખ, શીતોષ્ણ વગેરે દ્વન્દ્વોને સ્વસ્થભાવે સહન કરવાની **'તિતિક્ષા'** સિદ્ધ કરવી; અને (૫) નિરંતર **'સમાધિ'**નું સેવન કરતાં રહીને **'સમાધાન'**-વૃત્તિ પામવી.

આમ, 'બહિરંગ'સાધનચતુષ્ટયમાંની 'ષટ્સંપત્તિ'માંની છ સંપત્તિમાંથી **પાંચ**નો તો, અહીં, સીધો ઉલ્લેખ મળે છે.

અને આવા **'યતિ'** માટે, ત્યારપછી, **'સ્વ'**માં જ **'સર્વ'**ની અનુભૂતિ કરવાનો 'સર્વાત્મભાવ'; અવિદ્યા જે પોતે જ એક અંધકાર છે તેણે ઉત્પન્ન કરેલા સર્વ વિકલ્પોને સમૂળા ભસ્મીભૂત કરવા; બ્રહ્માકારવૃત્તિ-સેવન; સર્વ ક્રિયાઓમાંથી નિવૃત્તિ, એટલે કે નિષ્ક્રિયતા; - આ બધું તો સાવ સરળ અને સુલભ બની રહે છે અને આ સર્વ સિદ્ધિઓ એટલે જ **'નિર્વિકલ્પ'**-સમાધિની સ્થિતિ : પછી તો, સંસારમાં રહેવા છતાં, તે સંપૂર્ણ-સુખપૂર્વક જ વસે છે (सुखं निवसति ।) : **'નિર્વિકલ્પ'**-સમાધિનું આ જ સાચું સાફલ્ય.

શ્લોકની બીજી પંક્તિમાંનો "कलयति यति"માંનો પ્રાસ અનાયાસ-સિદ્ધ હોવાથી આસ્વાદ્ય બન્યો છે.

શ્લોકનો છંદ : **મન્દાક્રાન્તા** (૩૫૬)

૩૫૭

समाहिता ये प्रविलाप्य बाह्यं
श्रोत्रादि चेतः स्वमहं चिदात्मनि ।
त एव मुक्ता भवपाशबन्धै-
-र्नान्ये तु पारोक्ष्यकथाभिधायिनः ॥३५७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

समाहिता ये प्रविलाप्य बाह्यं
श्रोत्रादि चेतः स्वमहं चिदात्मनि ।
त एव मुक्ता भवपाशबन्धै-
-र्नान्ये तु पारोक्ष्यकथाभिधायिनः ॥૩૫૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ये (मुमुक्षवः) बाह्यं श्रोत्रादि चेतः स्वं अहं चिदात्मनि प्रविलाप्य समाहिताः, ते एव भवपाशबन्धैः मुक्ताः (सन्ति), अन्ये तु पारोक्ष्य-कथा-

अभिधायिनः न (मुक्ताः सन्ति) ॥३५७॥

શબ્દાર્થ :

વાક્યમાં, પરસ્પર - આધારિત, ત્રણ વાક્યો આ પ્રમાણે છે :

(૧) તે (मुमुक्षवः) एव भवपाशबन्धैः मुक्ताः (सन्ति) । भव એટલે સંસાર; તે મુમુક્ષુઓ જ સંસારનાં પાશરૂપી બંધનોમાંથી મુક્ત થયા છે, છૂટ્યા છે, એમ કહેવાય. કયા મુમુક્ષુઓ ?

(૨) ये समाहिताः - જેઓ સમાહિત બન્યા છે, એટલે કે જેઓ સમાધિમાં અવિચળ રીતે સ્થિર થયા છે; શું કર્યા પછી તેઓ આવી સિદ્ધિ પામ્યા છે ? - चिदात्मनि प्रविलाप्य । प्रविलाप्य (प्र + वि + लि એ ધાતુનાં પ્રેરકનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ) પ્રવિલય કરીને, શમન કરીને, સમાવિષ્ટ કરી દઈને, શમાવી દઈને; ક્યાં ? चिद्-आत्मनि । चिद्-રૂપ આત્માની અંદર, ચૈતન્યરૂપ આત્મામાં, ચેતન-આત્મામાં; શાનો પ્રવિલય, શાનું શમન કર્યું છે ? - આટલાં તત્ત્વોનું : બહારનાં કાન (આંખ, નાક) વગેરે ઇન્દ્રિયોને; चेतः - ચિત્તને; અને स्वं अहम् પોતાના અહંકારને; પોતાના તરીકે માનેલા અહંકારને.

(૩) તો પછી બાકીના બીજાઓનું શું ? - अन्ये तु पारोक्ष्य-कथा-अभिधायिनः (एव सन्ति), न तु मुक्ताः (भवन्ति) । पारोक्ष्य (परोक्ष - શબ્દનું ભાવવાચક નામ) એટલે પરોક્ષ-જ્ઞાન, પરોક્ષ બ્રહ્મ : अभिधायिनः એટલે માત્ર વાતો જ કરનારા (अभि + धा એટલે બોલવું, વ્યક્ત કરવું, - એ ધાતુ પરથી બનેલા अभिधायिन् - શબ્દનું પ્રથમા વિભક્તિ, પુલિંગનું બહુવચનનું રૂપ). (૩૫૭)

અનુવાદ :

જેઓ (જે મુમુક્ષુઓ) બહારની શ્રોત્ર વગેરે(ઇન્દ્રિયો)ને, ચિત્તને અને પોતાના અહંકારને, चिद्-રૂપ આત્માની અંદર શમાવી દઈને, સમાધિમાં સ્થિર થયા હોય, તેઓ જ સંસારરૂપી પાશનાં બંધનોમાંથી મુક્ત થયા કહેવાય; પરોક્ષજ્ઞાનની માત્ર વાતો જ કરનારા (બાકીના) બીજા (મનુષ્યો સંસારપાશબંધનોથી મુક્ત થયા) ન (કહેવાય). (૩૫૭)

ટિપ્પણ :

મુમુક્ષુ એટલે મોક્ષની ઇચ્છાવાળો, જેનું જીવનધ્યેય, જીવનપ્રયોજન છે માત્ર એક જ, - મોક્ષની પ્રાપ્તિ.

આવા મુમુક્ષુઓ અથવા મોક્ષાર્થીઓમાંથી, ખરેખર, કોણ મુક્તિ પ્રાપ્ત કરી

શકે છે ? આ સંસારનાં પાશરૂપી બંધનોમાંથી, એટલે કે જન્મ-મૃત્યુનાં ચક્રમાંથી, સાચે જ, સાચા અર્થમાં, કોણ છુટકારો પામે છે ? - આ પ્રશ્નનો અહીં સચોટ, સ્પષ્ટ અને અસંદિગ્ધ ઉત્તર આપવામાં આવ્યો છે.

આત્માનું એટલે કે બ્રહ્મનું જ્ઞાન બે પ્રકારનું હોય છે : (૧) પ્રત્યક્ષ, સાક્ષાત્ અથવા અ-પરોક્ષ; અને (૨) પરોક્ષ (Indirect) જ્ઞાન. મનુષ્ય બે રીતે પોતાની સાધના કરતો હોય છે, - બાહ્ય રીતે અને આંતરિક રીતે. એની પાસે જે કંઈ છે, - બાહ્ય ઇન્દ્રિયો, ચિત્ત, અહંકાર વગેરે, તે જો બહાર જ રહે અને આ બધાંને જો તે પોતાના ચૈતન્યપૂર્ણ-ચૈતન-ચિદ્રૂપ આત્મામાં સંપૂર્ણરીતે વિલીન ન કરી નાખે, એટલે કે બહારનું બધું બહાર જ રહે, એ બધાંની સર્વ પ્રવૃત્તિઓ બહાર યથાવત્ ચાલતી જ રહે તો, બહારનું બહાર જ રહે, 'બહાર'-'અંદર'નું પરસ્પરમાં શમન ન થાય, બંને બે મટીને એક ન થઈ જાય તો, આવા મનુષ્યને બ્રહ્મ વિશે જે કંઈ જ્ઞાન થાય તે **'પરોક્ષ'** જ કહેવાય અને તેને 'મુક્ત' થયો કહેવાય નહીં; મુક્તિ તો તે જ પામી શકે, જેને કશું **'બહાર'** રહે જ નહીં, જેનું 'બધું બહાર' (**बाह्यम्**), **'બહાર'** મટીને **'અંદર'**નું બની જાય, **'ભીતર'**માં એનું પૂરેપૂરું **'આત્મવિલોપન'** થઈ જાય. ટૂંકમાં કશું **'પરોક્ષ'** રહે જ નહીં, **'પ્રત્યક્ષ'** જ બની રહે.

સાધક શ્રુતિ-શાસ્ત્રો-દર્શનોનો ઊંડો અભ્યાસી હોય, બહુશ્રુત પંડિત-વિદ્વાન હોય, અનેક ગુરુઓનાં વિદ્વત્તાપૂર્ણ પ્રવચનોનું શ્રવણ તેણે કર્યું હોય અને શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય એવાં જ પ્રવચનો તે પોતે કરી શકતો હોય, પરંતુ ઉપર્યુક્ત પેલાં, **'બહાર'-'ભીતર'**નું, અથવા તો હકીકતે, **'ભીતર'**માં **'બહાર'**નું સંપૂર્ણ 'પ્રવિલયન' (પ્રવિલાપ્ય) સિદ્ધ ન થયું હોય તો, તેનું તે **'જ્ઞાન'** માત્ર એક પ્રકારની **'માહિતી'** (Information) જ બને, સાચા અર્થમાં તે **'જ્ઞાન'** (Knowledge) ન બને. આવો મોટો 'બહુશ્રુત' (Well-read) પંડિત અને પ્રભાવશાળી પ્રવચનકાર બન્યા પછી પણ, તે સાચા આત્મ-સાક્ષાત્કાર બાબતમાં તો, તે એવો ને એવો **'કોરો'** જ રહી જાય ! **'ઉપનિષદ'**ના ઋષિઓને આ વાત એટલી મહત્ત્વની લાગી હશે કે કઠ અને મુંડક, - એ બે શ્રુતિગ્રંથોમાં આ વાતનું એકસાથે અને એકસરખા શબ્દોમાં, આ પ્રમાણે, સમર્થન કરવામાં આવ્યું છે :

नायमात्मा प्रवचनेन लभ्यः ॥ (કઠ૰ ૨, ૨૩; મુંડક૰ ૩, ૩)

("આ આત્મા વેદોના અધ્યયન વડે જાણવા-યોગ્ય નથી.")

અને માત્ર પાંડિત્યથી જ 'આત્મ-લાભ' થતો હોત તો, વિશ્વના સર્વ ધુરંધર વિદ્વાનોને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયો જ હોત ! હકીકતમાં, આવા અનેક બહુશ્રુત પ્રવચનકારો, કેટલીક વાર તો, સામાન્ય માણસથી યે બદતર કક્ષાનું જીવન જીવતા

હોય, એવા દાખલા મળે છે !

તાત્પર્ય એ છે કે માત્ર મૂર્ધન્ય કક્ષાનું પાંડિત્ય જ બ્રહ્મની અપરોક્ષ અનુભૂતિ માટે પાત્રતા કે **'નિકષ'** (Criterion) બની શકે નહીં.

અને એથી ઊલટું, જેને પોતાની સહી પણ કરતાં આવડતી ન્હોતી એવા નિરક્ષર રામકૃષ્ણ પરમહંસ યથેચ્છ ઈશ્વરદર્શન કરી શકતા હતા અને 'નરેન્દ્ર' મટીને તેમના શિષ્ય બનેલા, સાચા અર્થમાં બહુશ્રુત વિદ્વાન એવા વિવેકાનંદને ઈશ્વરદર્શન કરાવી શકતા !

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ કે પેલાં **'બહાર'-'અંદર'**નું સંપૂર્ણ એકીકરણ (Merger) થઈ જવું જોઈએ : બાકી પરોક્ષજ્ઞાનની માત્ર વાતો જ કરવી (પારોક્ષ્ય-કથા-અભિધાયકત્વ), તે તો નિરર્થક જ નીવડે !

સંક્ષેપમાં, બ્રહ્મના સાક્ષાત્ અ-પરોક્ષ અનુભવ વિના, બ્રહ્મ વિશેનું માત્ર શ્રવણ કે પ્રવચન, મુક્તિપ્રાપ્તિમાં જરા પણ ઉપયોગી કે સહાયક બની શકે નહીં.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૫૭)

૩૫૮

उपाधियोगात् स्वयमेव भिद्यते
चोपाध्यपोहे स्वयमेव केवलः ।
तस्मादुपाधेर्विलयाय विद्वान्
वसेत् सदाऽकल्पसमाधिनिष्ठया ॥३५८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઉપાધિયોગાત્ સ્વયમેવ ભિદ્યતે
ચોપાધ્યપોહે સ્વયમેવ કેવલઃ ।
તસ્માદુપાધેર્વિલયાય વિદ્વાન્
વસેત્ સદાઽકલ્પસમાધિનિષ્ઠયા ॥૩૫૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

उपाधियोगात् (आत्मा) स्वयं एव भिद्यते, उपाधि-अपोहे च (सः एव आत्मा) स्वयं एव केवलः (भवति); तस्मात् विद्वान् सदा अकल्पसमाधिनिष्ठया उपाधेः विलयाय वसेत् ॥३५८॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) उपाधियोगात् (आत्मा) स्वयं एव भिद्यते । - ઉપાધિના સંપર્ક-સંબંધને કારણે જ, સ્વયં આત્મા ભિન્ન જણાય છે, આત્મામાં પોતાનામાં જ ભેદની પ્રતીતિ થાય છે.

(૨) उपाधि-अपोहे च (सः एव आत्मा) स्वयं एव केवलः (भवति) । અપોહ એટલે નાશ, નિષેધ, દૂરીકરણ; ઉપાધિને દૂર કરવામાં આવતાં, તે જ આત્મા પોતે એકમાત્ર, અદ્વિતીય-સ્વરૂપે શેષ રહે છે, પ્રકાશે છે.

(૩) तस्मात् विद्वान् सदा अकल्पसमाधिनिष्ठया उपाधेः विलयाय वसेत् । આત્માનાં સ્વરૂપ વિશેની વસ્તુસ્થિતિ, ઉપર કહ્યા પ્રમાણે હોવાથી, વિદ્વાન સાધકે શું કરવું, તેનું માર્ગદર્શન આ વાક્યમાં આપવામાં આવ્યું છે. विलय એટલે નાશ; તેણે નિરંતર ઉપાધિનો વિલય કરતાં રહેવું જોઈએ. આ વિલય કેવી રીતે કરવો ? - अकल्पसमाधिनिष्ठया । अकल्पसमाधि એટલે નિર્વિકલ્પ-સમાધિ; આવી સમાધિમાં નિષ્ઠા રાખીને, એમાં સ્થિત રહીને, એમાં જ સમાધિસ્થ રહીને, બનીને. (૩૫૮)

અનુવાદ :

ઉપાધિ સાથેના સંસર્ગ-સંપર્કને કારણે જ આત્મામાં સ્વયમેવ ભેદની પ્રતીતિ થાય છે, અને ઉપાધિ દૂર કરવામાં આવતાં, તે જ આત્મા પોતે જ કેવળરૂપે (અદ્વિતીયભાવે) પ્રકાશે છે; તેથી વિદ્વાન મનુષ્યે નિરંતર નિર્વિકલ્પ-સમાધિસ્થ બનીને, ઉપાધિનો વિલય કરતાં રહેવું જોઈએ. (૩૫૮)

ટિપ્પણ :

આત્માનાં દર્શનની બાબતમાં, ઉપાધિના સંબંધને કારણે અને ઉપાધિના અભાવમાં, સાધકને કેવી જૂદી-જૂદી અનુભૂતિ થાય છે, તે જણાવીને આચાર્યશ્રી, ઉપાધિના વિલય માટે, સાધકને સતત સક્રિય રહેવાની, આ શ્લોકમાં, ભલામણ કરે છે. પરંતુ સાધક, ગુરુજીની આ ભલામણને ચરિતાર્થ કરી શકે તે માટે, સૌપ્રથમ તો, ઉપાધિને, એનાં સ્વરૂપને, બરાબર સમજી લેવી જરૂરી છે.

'ઉપાધિ' વેદાંત-દર્શનનો એક પારિભાષિક શબ્દ છે અને તેનો તાત્ત્વિક અર્થ એટલે તે વસ્તુ, જેનાં સંયોગ-સંબંધ-સંપર્કને કારણે, જોનારની દૃષ્ટિમાં પરિવર્તન આવી જાય; એટલે કે જોવાની વસ્તુ ('દૃશ્ય') તેનાં મૂળ - Original - સ્વરૂપે નહીં પરંતુ જુદા, પરિવર્તિત, ભિન્ન સ્વરૂપે દેખાય. એક ઉદાહરણથી આ વાત સ્પષ્ટ સમજાશે : પાણી તો જેવું હોય, તેવું જ હતું, પરંતુ મેં પાણીને લાલ-કાચવાળા

ગ્લાસમાં જોયું; તેને કારણે પાણી મને લાલ-રંગનું દેખાયું ! પાણી તો લાલ હતું જ નહીં, પરંતુ ગ્લાસના લાલ રંગને કારણે, પાણી મને જુદાં સ્વરૂપે જણાયું ! પાણીનાં, આ પરિવર્તિત-ભિન્ન-જુદાં રંગ માટે, અહીં, ગ્લાસના કાચનો લાલ-રંગ, **'ઉપાધિ'** કહેવાય.

એ જ રીતે, **વેદાંત**-દર્શનના શ્રુતિ-સંસ્થાપિત સુપ્રસિદ્ધ સિદ્ધાંત પ્રમાણે, બ્રહ્મ તો **એક** અને **અદ્વિતીય** છે અને એનું આ સ્વરૂપ સદા-સર્વદા એ જ રહે છે, એમાં કશા ભેદ કે પરિવર્તન માટે કદાપિ સંભવ રહેતો નથી :

(૧) एकं एव अद्वितीयम् । (छांदोग्य-उपनिषद)

(૨) नेह नानास्ति किंचन । (કઠ-ઉપનિષદ)

આમ હોવા છતાં, **અવિદ્યા** અથવા **માયા** અને તેનાં જ પરિણામસ્વરૂપ, આ જ ગ્રંથમાં, આ પહેલાં નિરૂપવામાં આવેલા **પાંચ-કોશરૂપી 'ઉપાધિ'**ના સંપર્કને કારણે, મનુષ્યને, આત્મામાં ભેદની પ્રતીતિ થાય છે, સ્વયં આત્મા ભિન્ન માલુમ પડે છે (स्वयमेव भिद्यते ।) : **બ્રહ્મ એક** જ હોવા છતાં, તેની જ ઉત્પત્તિરૂપ જગતમાં **અનેકત્વ** અને ભિન્નતા (Plurality, Diversity) દેખાય છે; આવું મિથ્યા અને ભિન્ન દર્શન, માત્ર પેલી **ઉપાધિ**નું જ પરિણામ છે. એની સાબિતી એ છે કે સાધકની સાધનાને કારણે, **'ઉપાધિ'** દૂર થઈ જતાં, એટલે કે અવિદ્યા-જન્ય પેલા પાંચ-કોશોરૂપી **'ઉપાધિ'**ના પ્રભાવથી સાધક સંપૂર્ણરીતે મુક્ત થઈ જાય (उपाधि-अपोहे) કે તરત જ, એ જ આત્મા, પોતે જ તેનાં મૂળ અદ્વિતીય-સ્વરૂપે, એટલે કે **'કેવલ'**-રૂપે પ્રકાશી રહે છે (स्वयमेव केवलः). આવી **'અન્વય'** (Positive) અને **'વ્યતિરેક'** (Negative) પરિસ્થિતિઓને લક્ષમાં લેતાં, મુમુક્ષુ માટે એક જ 'કર્તવ્ય' તેની સમક્ષ આવીને ઊભું રહે છે : **'ઉપાધિનો વિલય'** (उपाधेः विलयाय) કરવા માટે તેણે સતત કટિબદ્ધ રહેવું જોઈએ.

અને સંનિષ્ઠ સાધક માટેની આવી કટિબદ્ધતા ભલે 'અઘરી' હોય, છતાં અશક્ય તો નથી જ : આ પહેલાં, જેનું સૂક્ષ્મ અને સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે તે નિર્વિકલ્પ સમાધિમાં તેણે નિરન્તર, કશાયે વિક્ષેપ વિના, સ્થિત રહેવું જોઈએ. જેણે બ્રહ્મસાક્ષાત્કાર કર્યો છે, તેના તે સાક્ષાત્કારમાં, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન જેવા કશા વિકલ્પોને કે એવી કોઈ ભેદ-દૃષ્ટિને જરા પણ અવકાશ જ નથી, તો પછી પેલી **'ઉપાધિ'**નું તો અસ્તિત્વ જ ન રહે : આત્માનું એ જ મૂળ અદ્વિતીય અને કેવલ સ્વરૂપ, કશા જ ભેદ વિના, સાધક સમક્ષ સદા પ્રકાશતું જ રહે !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૫૮)

૩૫૯

सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया ।
कीटको भ्रमरं ध्यायन् भ्रमरत्वाय कल्पते ॥३५९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सति सक्तो नरो याति सद्भावं ह्येकनिष्ठया ।
कीटको भ्रमरं ध्यायन् भ्रमरत्वाय कल्पते ॥૩૫૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

भ्रमरं ध्यायन् कीटकः (यथा) भ्रमरत्वाय कल्पते, (तथा) एकनिष्ठया हि सति सक्तः नरः सत्-भावं याति ॥३५९॥

શબ્દાર્થ :

શ્લોકમાં (જેમ-તેમ, જેવી રીતે) એવા શબ્દો પ્રયોજવામાં આવ્યા નથી, પરંતુ અર્થસામ્ય ધરાવતાં, પરસ્પર-આધારિત, બે વાક્યો આ પ્રમાણે છે :

(૧) (तथा) एकनिष्ठया हि सति सक्तः नरः सत्-भावं याति । सति । सत् એટલે સત્સ્વરૂપ બ્રહ્મભાવ, સદ્રૂપ બ્રહ્મ, - એ શબ્દનું સપ્તમી વિભક્તિ એકવચનનું રૂપ; सक्तः - એકાગ્રતાપૂર્વક આસક્ત થયેલો, એમાં જ પરોવાઈ ગયેલો, એમાં જ લીન થયેલો, તલ્લીન; કેવી રીતે લીન થયેલો ? एकनिष्ठया । સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક, એકાગ્રચિત્તથી; सत्-भावं याति । આવો મનુષ્ય सत् એટલે સત્સ્વરૂપ, સદ્રૂપ બ્રહ્મને પામે છે. કેવી રીતે ? કોની જેમ આ ક્રિયા બને છે ? - હવે પછીનાં બીજાં વાક્યમાં દર્શાવવામાં આવ્યું છે, તેમ. हि-શબ્દ નિશ્ચિતતા દર્શાવે છે.

(૨) (यथा) कीटकः भ्रमरत्वाय कल्पने । कीटकः એટલે કીડો (Worm), ઈયળ; भ्रमरत्वाय कल्पते । - ભમરી બની જાય છે; ઈયળ પોતે જ ભમરી બની જાય છે. કેવો कीटक ? શું કરતી ઈયળ ? भ्रमरं ध्यायन् । - ભમરીનું ધ્યાન કરતાં-કરતાં. (૩૫૯)

અનુવાદ :

ભમરીનું ધ્યાન કરતાં-કરતાં, જેમ ઈયળ પોતે જ ભમરી બની જાય છે તેમ, સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક સત્-સ્વરૂપમાં લીન થઈ ગયેલો મનુષ્ય (અંતે) સદ્-રૂપ બ્રહ્મને પામે છે. (૩૫૯)

ટિપ્પણ :

શ્લોકમાંની વાક્યરચના અને વાક્યમાંના શબ્દો સરળ છે, તેથી શ્લોકનો અર્થ પણ સાવ સુબોધ છે, પરંતુ શ્લોકમાં પ્રયોજાયેલા દૃષ્ટાંતમાંના મર્મને ગ્રહણ કરવા માટે, સંસ્કૃત સાહિત્યમાં સુપ્રસિદ્ધ એવા "कीटभ्रमरन्याय"ને સમજી લેવાની જરૂર છે.

ભમરી ઈયળને પકડીને લઈ આવે છે અને પોતાનાં દરમાં એને પૂરી રાખે છે, પરંતુ તે ત્યાંથી ક્યાંય બહાર ભાગી ન જાય તે માટે, ભમરી ઈયળને અવારનવાર ડંખ મારીને તેને પીડા પહોંચાડીને, બેભાન બનાવી નાખે છે. ભમરીથી અને એના ડંખથી સતત ભયભીત એવી ઈયળ, આમ, ભમરીનો જ કાયમ વિચાર કરતાં-કરતાં, ભમરીનું જ અવિરત ધ્યાન ધરતાં-ધરતાં, અંતે, પોતે જ ભમરી બની જાય છે.

જીવજંતુઓનાં જગતમાં, ખરેખર, આવું બને છે કે નહીં એ તો કોઈ નિષ્ણાત જીવવિજ્ઞાની (Biologist) જ કહી શકે, પરંતુ એક વ્યક્તિ બીજી વ્યક્તિનું જ સતત અને સંપૂર્ણ ધ્યાન ધરતી રહે તો, પહેલી વ્યક્તિ અંતે પોતે જ બીજી વ્યક્તિ બની જાય, એવું પ્રતિપાદન કરવા માટે, શાસ્ત્રકારોએ આવો એક **'ન્યાય'** (Maxim) પ્રચલિત કર્યો છે !

આમ તો, ઈયળ એ 'ઈયળ' જ છે અને તે 'ભમરી' છે જ નહીં, અને જંતુ તરીકે બંને સાવ જૂદાં છે; તેમ છતાં આ **'ન્યાય'** પ્રમાણે, ભમરીનું જ અનવરત અને એકાગ્રતાપૂર્વક ધ્યાન ધરતી ઈયળ જો આમ ભમરીમય બનીને, અંતે, પોતે ભમરી જ બની જાય તો, આપણી પ્રસ્તુત ચર્ચામાં, જીવ તો મૂળભૂત સ્વરૂપે બ્રહ્મ જ છે, પરંતુ અજ્ઞાનને કારણે જ તે પોતાને બ્રહ્મથી ભિન્ન સમજે-સ્વીકારે છે; તેથી જીવ જો સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક (एकनिष्ठया) सद्रूप બ્રહ્મમાં જ પરોવાયેલો, તેમાં જ સદા-સતત આસક્ત (सति सक्तः) રહે, એનાં ધ્યાનમાં જ પૂરેપૂરો લીન, તલ્લીન, બની જાય તો, તે પણ, પેલી ઈયળની જેમ જ, सत्स्वरूप બ્રહ્મભાવ અવશ્ય અને અસંશય (हि) પામે, - એ જ આ શ્લોકનું નિરૂપણ-તાત્પર્ય છે.

ટૂંકમાં, બ્રહ્મભાવ પામવા માટે, મનુષ્ય માટે, માત્ર એક જ સદુપાય છે અને તે છે, - સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક, એકાગ્રચિત્તે, અનન્યમનસ્કભાવથી બ્રહ્મચિંતન, બ્રહ્મધ્યાન અને બ્રહ્મમયપણું !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૫૯)

૩૬૦

क्रियान्तरासक्तिमपास्य कीटको
ध्यायन् यथाऽलिं ह्यलिभावमृच्छति ।

तथैव योगी परमात्मतत्त्वं
ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥३६०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

क्रियान्तरासक्तिमपास्य कीटको
ध्यायन् यथाऽलिं ह्यलिभावमृच्छति ।
तथैव योगी परमात्मतत्त्वं
ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥३६०॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यथा कीटकः क्रियान्तर-आसक्तिं अपास्य अलिं ध्यायन् अलिभावं हि ऋच्छति, तथा एव योगी तद्-एकनिष्ठया ध्यात्वा परमात्मतत्त्वं समायाति ॥३६०॥

શબ્દાર્થ :

અહીં પણ, ગયા શ્લોકની જેમ જ, બે ક્રિયાઓ વચ્ચેનાં સામ્યને અભિવ્યક્ત કરવા માટે, પરસ્પર-આધારિત, એવાં જ બે વાક્યો આ પ્રમાણે છે; એટલું જ નહીં, પરંતુ અહીં તો, એવા જરૂરી શબ્દો પણ પ્રયોજવામાં આવ્યા છે :

(૧) तथा एव योगी परमात्मभावं समायाति । योगी એટલે જ્ઞાનયોગી, સાધક; તે શું કરે છે ? - પરમાત્મભાવને પામે છે. શું કર્યા પછી તે આવી સિદ્ધિ પ્રાપ્ત કરે છે ? - तद्-एकनिष्ठया ध्यात्वा । तद् એટલે તે, પરમાત્મા; તેનું એકનિષ્ઠાપૂર્વક ધ્યાન કરીને, ધ્યાન કરતો-કરતો. तथा एव, - તેવી જ રીતે, એટલે કે હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તેમ.

(૨) यथा कीटकः अलिभावं ऋच्छति, तथा । - अलिभावं ऋच्छति । अलि એટલે ભમરી; ઈયળ ભમરી બની જાય છે. हि - શબ્દ ચાક્કસતા બતાવે છે. ઈયળ, શું કરતાં-કરતાં, ભમરી બની જાય છે ? अलिं ध्यायन् । કેવળ ભમરીનું જ ધ્યાન કરતાં-કરતાં; કેવું ધ્યાન કરે છે ? - क्रियान्तर-आसक्तिं अपास्य । क्रियान्तर - એટલે બીજું કોઈ કાર્ય; अपास्य એટલે છોડી દઈને; બીજાં કોઈ પણ કાર્યમાંની આસક્તિ છોડી દઈને, એમાં આસક્ત ન બનતાં. (૩૬૦)

અનુવાદ :

બીજાં કોઈ પણ કાર્યમાં આસક્ત ન બનતાં, ઈયળ, જેમ માત્ર ભમરીનું જ

ધ્યાન કરતાં-કરતાં, ભમરી બની જાય છે, તેમ જ યોગી તે(પરમાત્મા)નું (જ) એકનિષ્ઠાપૂર્વક ધ્યાન કરતો-કરતો પરમાત્મતત્ત્વને પામે છે. (૩૬૦)

ટિપ્પણ :

કોઈ પણ સારો લેખક, એક ને એક વિચાર અથવા ભાવને, ફરીથી વ્યક્ત કરવાનું ટાળે, કારણ કે સાહિત્યિક દૃષ્ટિએ આવું આલેખન 'પુનરુક્તિ'-દોષ ગણાય છે; પરંતુ મુમુક્ષુ સાધક સત્સ્વરૂપ બ્રહ્મભાવને પામે, એ વિચારનું મહત્ત્વ એટલું મોટું છે કે એક સિદ્ધહસ્ત સાહિત્યસ્વામી સમા આચાર્યશ્રીએ, અહીં પૂરી સભાનતાપૂર્વક, 'પુનરુક્તિ'-દોષ વ્હોરીને પણ, ગયા શ્લોકમાંના વિચારને, ફરી એક વાર અભિવ્યક્ત કર્યો છે, એટલે એ વિશે કશું ઊમેરવાની જરૂર નથી. માત્ર એટલું જ નોંધવાનું કે એ જ વિચારને વ્યક્ત કરવા માટે, જૂદા શબ્દો, જૂદી વાક્યરચના અને જૂદો છંદ, - વગેરે તેમણે પ્રયોજ્યા છે : **'કીટભ્રમરન્યાય'**માંની ઈયળ તો ખરેખર ભમરી બનતી હોય કે ન હોય, આચાર્યશ્રીને તો મનહૃદયમાં પૂરી પ્રતીતિ છે જ કે આ બે શ્લોકોમાં સૂચવ્યા પ્રમાણે, જો સાધક બ્રહ્મનું ધ્યાન ધરે તો, તે નિઃશંક બ્રહ્મ બની રહે !

એમની દલીલ એ જ હોય કે જો 'બ્રહ્મજ્ઞાની બ્રહ્મ જ બની જાય', એવું જો શ્રુતિવચન હોય (ब्रह्मविद् ब्रह्मैव भवति ।) તો, **'બ્રહ્મધ્યાની'** શા માટે બ્રહ્મ ન બને ? - અવશ્ય બને જ !

'બ્રહ્મજ્ઞાની' કે **'બ્રહ્મધ્યાની'**નો મહિમા જરા પણ ઓછો કે અધૂરો નથી !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૬૦)

૩૬૧

अतीव सूक्ष्मं परमात्मतत्त्वं
न स्थूलदृष्ट्या प्रतिपत्तुमर्हति ।
समाधिनाऽत्यन्तसुसूक्ष्मवृत्त्या
ज्ञातव्यमार्यैरतिशुद्धबुद्धिभिः ॥३६१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અતીવ સૂક્ષ્મં પરમાત્મતત્ત્વં
ન સ્થૂલદૃષ્ટ્યા પ્રતિપત્તુમર્હતિ ।
સમાધિનાઽત્યન્તસુસૂક્ષ્મવૃત્ત્યા
જ્ઞાતવ્યમાર્યૈરતિશુદ્ધબુદ્ધિભિઃ ॥૩૬૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

परमात्मतत्त्वं अतीव सूक्ष्मं (अस्ति), (अतः) स्थूलदृष्ट्या (तत्) न प्रतिपत्तुं अर्हति; (तस्मात्) अतिशुद्धबुद्धिभिः आर्यैः अत्यन्तसुसूक्ष्मवृत्त्या समाधिना (तत्) ज्ञातव्यम् ॥३६१॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) परमात्मतत्त्वं अतीव सूक्ष्मं (अस्ति) । - પરમાત્મતત્ત્વ, પરમાત્માનાં રૂપમાં રહેલું તત્ત્વ અત્યંત સૂક્ષ્મ છે. તેથી શું ? હવે પછીના બીજાં વાક્યમાં સૂચવ્યા પ્રમાણે.

(૨) (अतः) स्थूलदृष्ट्या न (तत्) प्रतिपत्तुं अर्हति । प्रतिपत्तुं न अर्हति । - એટલે તેને સ્થૂલદૃષ્ટિથી જાણી-સમજી-પામી શકાય નહીં; તો પછી શું કરવું ? હવે પછીનાં ત્રીજાં વાક્યમાં સૂચવ્યા પ્રમાણે કરવાનું.

(૩) (तस्मात्) अतिशुद्धबुद्धिभिः आर्यैः अत्यन्त-सु-सूक्ष्मवृत्त्या समाधिना (तत्) ज्ञातव्यम् । (तस्मात् तत्) ज्ञातव्यम् । તેથી, તે કારણે, તે જાણી શકાય, તેને જાણી લેવું જોઈએ. તેને કોણ જાણી શકે ? - आर्यैः - સત્પુરુષોએ, ઉત્તમ મનુષ્યોએ; આ **'આર્યો'** કેવા હોય છે ? હોવા જોઈએ ? अतिशुद्धबुद्धिभिः - અતિશય શુદ્ધબુદ્ધિવાળા; તેમણે કેવી રીતે જાણવું જોઈએ ? अति-सु-सूक्ष्मवृत्त्या । અત્યંત સૂક્ષ્મ વૃત્તિ વડે, એટલે કે અત્યંત સૂક્ષ્મતાએ પહોંચેલી, સૂક્ષ્માતિસૂક્ષ્મ સમાધિ દ્વારા. (૩૬૧)

અનુવાદ :

પરમાત્મરૂપી તત્ત્વ અતિશય સૂક્ષ્મ છે, આથી તે સ્થૂલ દૃષ્ટિથી જાણી શકાય તેવું નથી; તેથી (તેને તો) ખૂબ શુદ્ધ બુદ્ધિવાળા, આર્યજનો અત્યંત સૂક્ષ્મ વૃત્તિ વડે સમાધિ દ્વારા જ જાણી શકે. (૩૬૧)

ટિપ્પણ :

પરમાત્મતત્ત્વ એટલે પરમાત્મારૂપ તત્ત્વ. તેને પામવાની અહીં વાત છે. પરંતુ તે તો અત્યંત સૂક્ષ્મ છે, એટલે કે અવ્યક્ત, અનિર્વચનીય, અપ્રમેય અને વાગ્-અતીત છે; તેથી સ્થૂળ ઇન્દ્રિયો વગેરે તેને જાણી-સમજી શકે નહીં - (स्थूलदृष्ट्या न प्रतिपत्तुं अर्हति ।); એને નથી રૂપ, નથી આકાર; તેથી કોઈ સ્થૂલ સાધન તેને જાણવા-પામવા-સમજવામાં મદદરૂપ ન બની શકે.

વાત તો સાચી, પરંતુ તો પછી તે સદા અજ્ઞેય અને અજ્ઞાત જ રહે ? શું તેને જાણી-પામી શકાય જ નહીં ? તેનો સાક્ષાત્કાર થઈ શકે જ નહીં ? એનો કોઈ ઉપાય જ નહીં ?

ના, રે, ના; એવું તો કદી હોય જ નહીં : જગતના અનેક સંતો પરમાત્માને પામ્યા જ છેને ! સંતો-મહંતો-સજ્જનો તેને જાણી શક્યા જ છેને !

તો, પછી, કેવી રીતે ? એની પૂર્વ-શરત શી ? એ માટેની પાત્રતા શી ? કઈ ? કેવી ?

માત્ર બે જ વાત આ પ્રમાણે લક્ષમાં રાખવાની : (૧) પરમાત્મતત્ત્વને જાણવાની ઇચ્છા સેવનાર, **સૌપ્રથમ** તો, નખશિખ સજ્જન હોવો જોઈએ, મનુષ્ય તરીકે તે આદર્શ અને ઉત્તમ હોવો જોઈએ, નીતિમત્તા-પ્રામાણિકતા-વિચાર-ભાવ વગેરે દૃષ્ટિએ એની કક્ષા અત્યંત ઊંચી હોવી જોઈએ. આ માટે, શ્લોકમાં, આચાર્યશ્રીએ, જે શબ્દ પ્રયોજ્યો છે તે, - આર્ય,-ની પસંદગી ખૂબ ઔચિત્યપૂર્ણ છે. પ્રાચીન ભારતીય પરંપરામાં આર્યની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે :

कर्तव्यं आचरन् कार्यं अकर्तव्यं अनाचरन् ।
तिष्ठति प्रकृताचारे स वा आर्य इति स्मृतः ॥

'આર્ય' તે છે, જે હંમેશાં કરવા-યોગ્ય કાર્ય જ કરે છે, અ-કર્તવ્યને કદી આચરતો જ નથી અને શાસ્ત્ર-નિયત આચરણની મર્યાદામાં જ રહે છે.

(૨) આવા સર્વોત્તમ સત્પુરુષ પાસેથી **બીજી** અપેક્ષા એ રાખવામાં આવે છે કે જે સમાધિ-અવસ્થા તે સિદ્ધ કરી શકે છે, તે માટેની તેની વૃત્તિ સૂક્ષ્માતિસૂક્ષ્મ હોવી જોઈએ (अत्यन्त-सु-सूक्ष्मवृत्त्या).

અહીં એક વાત નોંધવી જોઈએ કે આવા **આર્ય**ની વૃત્તિ માત્ર 'સૂક્ષ્મ' જ નહીં પણ 'સુ-સૂક્ષ્મ' હોવા છતાં, તે 'અત્યંત-સુ-સૂક્ષ્મ' હોવી જોઈએ, એમ કહેવામાં આવ્યું છે. આમ તો, વ્યાકરણ-દૃષ્ટિએ 'સૂક્ષ્મ'-શબ્દને, **'અત્યંત'** અને **'સુ'** - એવાં બે વિશેષણોની જરૂર ન હોય, ગમે તે **એક** જ હોય તો પણ ચાલે; એ બંને વિશેષણો મૂકવાથી, વક્તવ્યમાં નિરર્થક અને અનાવશ્યક overlapping થાય છે. આમ છતાં, વિશ્વના કેટલાક સાહિત્ય-તત્ત્વજ્ઞો અને ચિંતકો પોતાને અભિપ્રેત એવા ભાવને ભારપૂર્વક (Emphatically) અભિવ્યક્ત કરવા માટે, થોડો ભાષા-દોષ વ્હોરીને પણ, આવું કરતા હોય છે; એનાં બે જ દૃષ્ટાંતો, આ પ્રમાણે, પૂરતાં થશે :

(૧) **શેક્સ્પીઅર** જેવા, જગતના નાટ્યસમ્રાટે તેનાં નાટકોમાં **'Most Excellent'** જેવો અતિશયોક્ત શબ્દપ્રયોગ કર્યો છે; અને

(૨) સુપ્રસિદ્ધ અંગ્રેજ ચિંતક થોમસ કાર્લાઈલે, 'પ્રાર્થના'ની વ્યાખ્યા આપતાં, 'Complete', એ શબ્દ પહેલાં 'Most' એવું બીજું વિશેષણ, આ પ્રમાણે, પ્રયોજ્યું છે : A single grateful thought about Heaven is the **'most complete'** prayer.

આચાર્યશ્રી પણ એક સમર્થ શબ્દસ્વામી છે, તે છતાં, 'આર્યજન'ની વૃત્તિ 'સૂક્ષ્મ-અતિસૂક્ષ્મ' હોવી જોઈએ, એવો ભાવ અભિવ્યક્ત કરવા માટે, તેઓશ્રી, 'સૂક્ષ્મ'-શબ્દ માટે **'અત્યંત'** અને **'સુ'** એવાં બે વિશેષણો પ્રયોજે છે, તે, સંપૂર્ણરીતે સ-પ્રયોજન બની રહે છે.

પરમાત્માને જોવા-જાણવા માટે, જ્ઞાનીની બુદ્ધિ અત્યંત તીવ્ર અને સૂક્ષ્મદર્શી હોવી જોઈએ, - એમ કહીને, **"કઠોપનિષદ"**ના ઋષિએ, આચાર્યશ્રીનાં અહીંનાં વિધાનનું, આ રીતે, સમર્થન આપેલું જ છે :

दृश्यते तु अग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः । (१, ३, १२)

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૬૧)

૩૬૨

यथा सुवर्णं पुटपाकशोधितं
त्यक्त्वा मलं स्वात्मगुणं समृच्छति ।
तथा मनः सत्त्वरजस्तमोमलं
ध्यानेन सन्त्यज्य समेति तत्त्वम् ॥३६२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यथा सुवर्णं पुटपाकशोधितं
त्यक्त्वा मलं स्वात्मगुणं समृच्छति ।
तथा मनः सत्त्वरजस्तमोमलं
ध्यानेन सन्त्यज्य समेति तत्त्वम् ॥૩૬૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यथा पुटपाकशोधितं सुवर्णं मलं त्यक्त्वा स्व-आत्मगुणं समृच्छति, तथा मनः सत्त्व-रजः-तमः-मलं ध्यानेन सन्त्यज्य तत्त्वं (तत्-त्वं) समेति ॥३६२॥

શબ્દાર્થ :

શ્લોકમાં यथा-तथा (જેવી રીતે...તેવી રીતે)વાળી વાક્યરચનામાં, પરસ્પર-

આધારિત બે વાક્યો આ પ્રમાણે છે :

(૧) तथा मनः ध्यानेन तत्-त्वं समेति । समेति (सम् + इ - ધાતુનું વર્તમાનકાળ, ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) પામે છે, મળી-ભળી જાય છે; तत એટલે તે, - આત્મતત્ત્વ, પરમાત્મા; ધ્યાન દ્વારા મન આત્મતત્ત્વને પામે છે; શું કર્યા પછી આમ બને છે ? - सन्त्यज्य ત્યજી દઈને; શું ત્યજે છે ? - मलम् - મેલને, મળને, અશુદ્ધિને; કયો મેલ ? सत्त्व-रजः-तमः, - પ્રકૃતિના આ ત્રણ ગુણોનો, એ ત્રણ ગુણોએ ઉત્પન્ન કરેલો. કેવી રીતે ત્યજે છે ? હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તેવી રીતે (तथा).

(૨) यथा सुवर्णं स्व-आत्मगुणं समृच्छति । - समृच्छति । (सम् + ऋच्छ એ ધાતુનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ)- પ્રાપ્ત કરે છે, મેળવે છે. શું મેળવે છે ? - स्व-आत्मगुणम् । પોતાના મૂળ-અસલી ગુણોને; ચમક-ચળકાટ-રૂપ ગુણોને; શું કરવાથી આમ બને છે ? मलं त्यक्त्वा । - મેલને, અશુદ્ધિને ત્યજી દીધા પછી. કેવું સોનું (सुवर्णं) આ પ્રમાણે કરે છે ? पुटपाकशोधितम् । शोधितं એટલે નિર્મળ-સ્વચ્છ-શુદ્ધ-ચોખ્ખું બનેલું; पुटपाक એટલે સોનીને ત્યાંની અગ્નિની ભઠ્ઠીમાં મૂકવામાં આવેલો કોડિયાનો સંપુટ. આ રીતે, સોનું, પોતાની અંદર ભળી ગયેલાં તાંબાં-પિત્તળ વગેરે બીજાં ધાતુઓરૂપી મેલને ત્યજીને, પોતાનાં અસલી નિર્મળ ચળકાટને જેવી રીતે (यथा) પ્રાપ્ત કરે છે, તેવી રીતે (तथा). (૩૬૨)

અનુવાદ :

જેવી રીતે કોડિયામાં નાખીને અગ્નિમાં શુદ્ધ કરવામાં આવેલું સોનું મેલને ત્યજીને(નિર્મળ બનીને), પોતાનાં મૂળ ચળકાટ-રૂપી ગુણને પ્રાપ્ત કરે છે, તેવી રીતે મન(પણ) સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોના મેલને, ધ્યાન દ્વારા ત્યજીને, આત્મતત્ત્વને પામે છે. (૩૬૨)

ટિપ્પણ :

પરમાત્મ-તત્ત્વને પામવા માટે મનની નિર્મળતા અનિવાર્ય છે, અને મનોનિર્મળતા ધ્યાન દ્વારા મેળવી શકાય છે તે વાત, અહીં, સમુચિત દૃષ્ટાંત વડે, પ્રતિપાદિત કરવામાં આવી છે.

પરમાત્મ-તત્ત્વ અતિશય સૂક્ષ્મ છે, તેથી તેનું જ્ઞાન મેળવવા માટેની બુદ્ધિ તથા દૃષ્ટિ બંને પણ અત્યંત સૂક્ષ્મ હોવી જોઈએ, તેમ ગયા શ્લોકમાં કહ્યા પછી, આ શ્લોકમાં, મનની નિર્મળતા પર પણ એવો જ ભાર મૂકવામાં આવ્યો છે.

આ અનુસંધાનમાં બે વાત સમજી લેવાની જરૂર છે : એક તો એ કે મનમાં

મેલ આવે છે ક્યાંથી ? અને **બીજું**, તે મેલને ત્યજવો કેવી રીતે ? **સાંખ્યદર્શન**-પ્રબોધિત **પ્રકૃતિ** એટલે કે **માયા**નાં "સત્ત્વ-રજઃ-તમઃ", એ ત્રણ ગુણો મનુષ્યનાં-મનને અનેક પ્રકારના મેલ વડે મલિન બનાવી દે છે : આ પહેલાં, તમોગુણની **'આવરણ'**-શક્તિ અને રજોગુણની **'વિક્ષેપ'**-શક્તિ વડે પહેલાં આચ્છાદિત અને પછી વિક્ષિપ્ત થતાં મનની પરિસ્થિતિ સમજાવવામાં આવી જ છે. આવાં મલિન મન વડે આત્મતત્ત્વને પામી શકાય નહીં, એ તો સહેલાઈથી સમજાય તેવું છે, પરંતુ મનને મલિન બનાવવામાં **સત્ત્વ**-ગુણનો ફાળો કેવી રીતે હોઈ શકે ? આધ્યાત્મિક વૃત્તિ ધરાવતા સામાન્ય મનુષ્યને અવશ્ય મૂંઝવે, એવી આ વાત છે; કારણ કે **ગીતા**ના ૧૪મા અધ્યાયમાં, **સત્ત્વ**-ગુણની પ્રશંસા આ પ્રમાણે કરવામાં આવી છે :

(૧) तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकं अनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन च अनघ ॥ (૬)

("હે નિષ્પાપ અર્જુન ! તે ત્રણ ગુણોમાં, નિર્મળ હોવાથી, સત્ત્વગુણ, પ્રકાશક અને નિર્દોષ છે.")

(૨) सत्त्वं सुखे संजयति । (૯) ("સત્ત્વગુણ સુખમાં આસક્ત કરે છે.")

(૩) ज्ञानं यदा तदा विद्यात् विवृद्धं सत्त्वं इति उत । (૧૧)

("જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે, સત્ત્વગુણ વધ્યો છે, એમ જાણવું.")

(૪) सात्त्विकं निर्मलं फलम् । (૧૬) ("સત્ત્વગુણનું ફળ નિર્મળ હોય છે.")

(૫) ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः । (૧૮) ("સત્ત્વગુણમાં રહેલા માણસો ઊર્ધ્વ-ગતિ પામે છે.")

સત્ત્વગુણની ઉપર્યુક્ત પ્રશંસા સ્વયંસ્પષ્ટ છે. તો પછી, સવાલ એ ઊભો થાય કે **ગીતા** જેવા ગ્રંથમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતે જેનાં આવાં વખાણ કર્યાં છે, તેને, મનને મલિન કરવા જેવી અયોગ્ય ક્રિયામાં, રજોગુણ-તમોગુણ સાથે કેમ સાંકળી શકાય ?

આવો સવાલ અને એ સવાલમાંની શંકા, 'સ્થાને' અને સાચાં છે, એમ, ઉપરછલ્લી દૃષ્ટિએ, જરૂર જણાય; પરંતુ એનું સમાધાન પણ એટલું જ સાચું અને સજ્જડ આ પ્રમાણે છે :

(૧) **પહેલું** તો એ કે **ગીતા**ના ઉપર્યુક્ત શ્લોકોમાં જ, सुखसंगेन बध्नाति અને संजयति, - વગેરે શબ્દોમાં સંગ, संजयति દ્વારા **'આસક્તિ'** અને बध्नाति દ્વારા **'બંધન'** સૂચવાય છે.

(૨) ફલં ભલે નિર્મલં હોય, - એ **'નિર્મળ'** **'ફળ'** પણ અંતે તો **'કર્મો'**નું

જ ને !

(૩) ઊર્ધ્વ ગતિ એટલે, અંતે તો, **"સ્વર્ગ"** જ ને ! 'આત્મતત્ત્વ' નહીં !

(૪) અને સત્ત્વગુણની, ઉપર પ્રમાણે, પ્રશંસા કર્યા પછી પણ, ભગવાને પોતે જ, એ જ **ગીતા**માં અર્જુનને, સત્ત્વગુણ-સહિત ત્રણેય ગુણોથી પર, **'ત્રિગુણાતીત'**, થઈ જવાની, આજ્ઞા, આપી છે, એ શું સૂચવે છે ? -

(અ) गुणान् एतान् अतीत्य त्रीन् देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥ (૧૪, ૨૦)

(બ) निस्त्रैगुण्यो भवार्जुन । (૨, ૪૫)

બીજું, આવો 'સારો' જણાતો 'સત્ત્વ' ગુણ પણ, સર્જન કોનું છે ? - "પ્રકૃતિ"નું, "માયા"નું ! અને કોની સાથે સદા તે રહે છે ? - રજોગુણ અને તમોગુણ જેવાં 'અનિષ્ટો' સાથે જ ને !

ત્રીજું, મહાભારતમાં પણ, આત્મતત્ત્વને પામવા માટે તો, આ પ્રમાણે, 'ત્યાગ'નો પણ 'ત્યાગ' કરવાનો આદેશ આપવામાં આવ્યો છે :

येन त्यजसि तत् त्यज ।

જેથી અંતે 'વિશ્વમાયા'નું નિવારણ થઈ શકે ! -

भूयश्चान्ते विश्वमायानिवृत्तिः ।

આમ, 'શુદ્ધ' ભાસી રહેલો **સત્ત્વ**-ગુણ પણ **'મિથ્યા'** જ ઠરે છે !

સો વાતની એક વાત : જેમાં એકેય 'ગુણ' નથી, એટલે કે જે "નિર્ગુણ"છે એવાં બ્રહ્મને, એટલે કે આત્મતત્ત્વને પામવું હોય તો, મોક્ષાર્થી સાધક માટે, પોતાનાં મનને, ત્રણેય ગુણોના મલમાંથી મુક્ત કરીને, તેને 'નિર્મલ' બનાવ્યા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી !

છેલ્લે, પૂરું કરતાં પહેલાં, **બે** આનુષંગિક બાબતોનો ઉલ્લેખ કરવાનો રહે છે :

(૧) આ પહેલાં, **ટિપ્પણ**ના આરંભે જે **સવાલ** રજૂ થયો હતો કે "મનનો મેલ ત્યજવો કેવી રીતે ?" - તેનો જવાબ આપતાં, અહીં **'ધ્યાન'**નો એમ કહીને મહિમા કરવામાં આવ્યો છે કે તે એવો 'અગ્નિ' છે, જે, સત્ત્વ-વગેરે ત્રણેય ગુણોને ભસ્મીભૂત કરીને, મનને, પેલાં સુવર્ણની જેમ, પોતાના સ્વકીય ચળકાટ-ગુણો વડે ઝળહળતું કરે છે.

(૨) સીતાનો ત્યાગ કર્યા પછી, વિરહ-અગ્નિમાં સળગી રહેલા, રામના કરુણરસને પણ, સંસ્કૃત મહાકવિ ભવભૂતિએ, **'પુટપાક'**ની જ ઉપમા આપી છે તે, સહેજે, અહીં સ્ફુરી રહે છે :

पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः ॥ ("उत्तररामचरित" ૩, ૧)

ધમણથી ધગધગતી પોતાની ભઠ્ઠીમાં, સોની, સામસામાં બે કોડિયાના સંપુટમાં સોનું મૂકીને તેને પકાવે-પીગળાવે, પછી , તે સોનું સો-ટકા શુદ્ધ બની જાય : સોનીને ત્યાંનું, પુટપાકમાંનું સોનું, ધ્યાન-અગ્નિમાંના પુટપાકમાંનું મન અને વિરહ-અગ્નિમાંના પુટપાકમાં રહેલો રામનો કરુણરસ, - એ ત્રણેયની નિર્મળતા એકસરખી અસંદિગ્ધ અને લા-જવાબ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૬૨)

૩૬૩

निरन्तराभ्यासवशात् तदित्थं
पक्वं मनो ब्रह्मणि लीयते यदा ।
तदा समाधिः सविकल्पवर्जितः
स्वतोऽद्वयानन्दरसानुभावकः ॥३६३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિરન્તરાભ્યાસવશાત્ તદિત્થં
પક્વં મનો બ્રહ્મણિ લીયતે યદા ।
તદા સમાધિઃ સવિકલ્પવર્જિતઃ
સ્વતોઽદ્વયાનન્દરસાનુભાવકઃ ॥૩૬૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

इत्थं निरन्तर-अभ्यासवशात् पक्वं तत् मनः यदा ब्रह्मणि लीयते, तदा संविकल्पवर्जितः सः समाधिः स्वतः (एव) अद्वय-आनन्द-रस-अनुभावकः (भवति) ॥३६३॥

શબ્દાર્થ :

શ્લોકમાં यदा-तदा (જ્યારે...ત્યારે)ની રચનાવાળાં, પરસ્પર-આધારિત બે વાક્યો આ પ્રમાણે છે :

(૧) तदा समाधिः अद्वय-आनन्द-रस-अनुभावकः भवति । अद्वय એટલે અદ્વિતીય, - જેની સાથે સરખાવી શકાય એવું બીજું (દ્વય, દ્વિતીય) કોઈ નથી, તેવું; અજોડ; अनुभावकः એટલે અનુભવ કરાવનારી બને છે, અનુભવ કરાવે છે.

આવી સમાધિ કઈ છે ? सः सविकल्पवर्जितः । सः - તે, ખૂબ જાણીતી, પ્રખ્યાત; वर्जितः - વિકલ્પો વિનાની, એટલે કે નિર્વિકલ્પ (સમાધિ); વળી, તે કેવી છે ? અદ્વિતીય આનન્દરસનો અનુભવ આપનારી. આવો અનુભવ ક્યારે થાય છે ? હવે પછીનાં બીજાં વાક્યમાં દર્શાવવામાં આવ્યું છે, તેવું બને ત્યારે (तदा).

(૨) इत्थं तत् मनः यदा ब्रह्मणि लीयते (तदा) । इत्थं એટલે, આ પ્રમાણે, આમ, આ રીતે, એટલે કે આ પહેલાંના શ્લોકોમાં મન વિશે કહેવામાં આવ્યું છે, તેમ; કેવું મન ? पक्वम् । પાકેલું, પક્વ બની ગયેલું, પરિપક્વ બનેલું; શાના વડે પરિપક્વ બનેલું ? निरन्तर-अभ्यास-वशात् । निरन्तर એટલે, અટક્યા વિના, રાત-દિવસ, સતત; નિરંતર અભ્યાસ કરવાથી, બ્રહ્મભાવનાના સતત અભ્યાસનાં પરિણામે; તેથી શું બને છે ? तत् (मनः) यदा ब्रह्मणि लीयते (तदा) । तत् - તે; પરિપક્વ બનેલું; તે મન; બ્રહ્મમાં જ્યારે યદા લીન બની જાય છે (ત્યારે), બ્રહ્મ સાથે તદ્રૂપ બની જાય છે (ત્યારે), બ્રહ્મરૂપ-બ્રહ્મમય બની જાય છે (ત્યારે), આ પહેલાંના પ્રથમ-વાક્યમાં દર્શાવવામાં આવેલી ઘટના બને છે. કેવી રીતે બને છે ? स्वतः (एव), - એની મેળે જ, આપોઆપ, અનાયાસે. (૩૬૩)

અનુવાદ :

આ પ્રમાણે, નિરંતર અભ્યાસ કરવાથી પરિપક્વ બનેલું મન જ્યારે બ્રહ્મમાં લીન થઈ જાય છે, ત્યારે નિર્વિકલ્પ સમાધિ, અનાયાસે જ, અદ્વિતીય આનંદરસનો અનુભવ કરાવે છે. (૩૬૩)

ટિપ્પણ :

આ પહેલાં, જેનાં સ્વરૂપ-વર્ણન અને નિરૂપણ કરવામાં આવ્યાં છે તે, નિર્વિકલ્પ-સમાધિ ક્યારે અને કેવાં સ્વરૂપે સિદ્ધ થાય છે, તે, અહીં દર્શાવવામાં આવ્યું છે.

સૌપ્રથમ તો, ગયા-છેલ્લા શ્લોકમાં સૂચવવામાં આવ્યું છે તેમ (इत्थम्), મન, सत्त्व-रजः-तमः એ ત્રણેય ગુણો મળથી મુક્ત થઈને સંપૂર્ણરીતે નિર્મળ અને વિશુદ્ધ થઈ જાય, એ જરૂરી છે; ત્યારપછી આવું મન બ્રહ્મભાવનાનાં નિરંતર અભ્યાસ-મનન-રટણ(Practice)થી પરિપક્વ(Mature) બની જવું જોઈએ અને આવું મન તો પેલા સતત અભ્યાસને કારણે, બ્રહ્મમાં લીન બની જ જાય, બ્રહ્મરૂપ જ બની રહે.

બસ, મનનું આવું બ્રહ્મલીન બનવું, બ્રહ્મમય બનવું, એ જ નિર્વિકલ્પ સમાધિ, - અને આવી સમાધિમાં કશા વિકલ્પો, ભેદો, જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતા વગેરેની કશી સભાનતા ન હોવાથી, એટલે કે સાધકનું સમગ્ર મનસ્તંત્ર બ્રહ્મ સાથે એકરૂપ બન્યું હોવાથી,

આવી નિર્વિકલ્પ-સમાધિ તેને આત્મતત્ત્વ સાથેના સાયુજ્યના અદ્વિતીય આનંદના રસની અનુભૂતિ કરાવે છે.

આ આનંદ-રસ એટલે, **'તૈત્તિરીય'**-ઉપનિષદમાં જેને "रसो वै सः ।" - એવાં સુપ્રસિદ્ધ વચન વડે અભિવ્યક્ત કરવામાં આવ્યો છે તે !

અને આ રસ તો, પરમબ્રહ્મ સાથેનાં ઈશ્વરીય સંબંધનો હોવાથી, તેનો અનુભવ તો 'આસ્વાદન'નો, 'ચર્વણ'નો જ હોય ! (रस्यते आस्वाद्यते चर्व्यते इति रसः ।)

આવી અસામાન્ય ઉચ્ચ પરિસ્થિતિમાં હોય, બસ, આનંદ જ આનંદ, અને તે પણ **આનંદ**-સ્વરૂપ પરમાત્માના **આનંદ**નો આનંદ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૬૩)

૩૬૪

समाधिनानेन समस्तवासना-
-ग्रन्थेर्विनाशोऽखिलकर्मनाशः ।
अन्तर्बहिः सर्वत एव सर्वदा
स्वरूपविस्फूर्तिरयत्नतः स्यात् ॥३६४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

समाधिनानेन समस्तवासना-
-ग्रन्थेर्विनाशोऽखिलकर्मनाशः ।
अंतर्बहिः सर्वत एव सर्वदा
स्वरूपविस्फूर्तिरयत्नतः स्यात् ॥३६४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अनेन समाधिना समस्तवासनाग्रन्थेः विनाशः, अखिलकर्मनाशः (च) (भवति), अन्तः-बहिः सर्वतः एव सर्वदा अयत्नतः स्वरूपविस्फूर्तिः (च) स्यात् ॥३६४॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अनेन समाधिना समस्तवासनाग्रन्थेः विनाशः (भवति) । - આ સમાધિ વડે, એટલે કે છેલ્લા શ્લોકમાં જેનો નિર્દેશ કરવામાં આવ્યો છે, તે નિર્વિકલ્પ-સમાધિ

વડે; એનાથી શું થાય છે ? - સમસ્ત વાસનાઓરૂપી ગ્રંથિઓનો વિનાશ થાય છે.

(૨) એનાથી બીજું શું થાય છે ? - अखिलकर्मनाशः (च भवति) । અને બધાં જ કર્મોનો નાશ પણ થાય છે.

(૩) અને આ બે ક્રિયાઓનું કેવું-શું પરિણામ આવે છે ? - स्वरूपविस्फूर्तिः स्यात् । विस्फूर्तिः એટલે સ્ફુરણ, પ્રાકટ્ય, આવિર્ભાવ; स्वरूप એટલે આત્મસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ; તે પ્રગટી રહે છે. ક્યાં ? કેવી રીતે ? अयत्नतः અનાયાસે, આપોઆપ, એની મેળે; अन्तः-बहिः सर्वतः एव सर्वदा । અંદર-બહાર, સર્વત્ર, બધે જ અને સદાને માટે. (૩૬૪)

અનુવાદ :

આ (નિર્વિકલ્પ) સમાધિથી સમસ્ત વાસનારૂપી ગ્રંથિઓનો વિનાશ થાય છે અને બધાં જ કર્મોનો નાશ થાય છે અને તેથી અંદર-બહાર, બધે જ, સદાને માટે, આત્મસ્વરૂપનું સ્ફુરણ અનાયાસે થાય છે. (૩૬૪)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં, નિર્દિષ્ટ નિર્વિકલ્પ-સમાધિનાં વિશિષ્ટ ફળનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે :

મિથ્યા-જ્ઞાનને કારણે જન્મેલી વાસનારૂપી ગાંઠો(ગ્રંથિઓ) એવી મજબૂત અને સજ્જડ હોય છે કે તેને સામાન્ય રીતે અને સરળતાપૂર્વક છેદી શકાતી નથી. આ સમાધિથી, તે સર્વનો સંપૂર્ણ નાશ થાય છે. વળી, આ સંસારમાં **'ક્રિયમાણ'** કર્મો કર્યા પછી પણ જો તે પૂરેપૂરાં ભોગવાઈને, ક્ષીણ ન થાય તો, તે બધાં કર્મો **'સંચિત'** અને **'પ્રારબ્ધ'**નાં સ્વરૂપમાં, જન્મો-જન્મ, માણસની સમક્ષ આવતાં રહે છે; આ સમાધિનો અગ્નિ એવો છે કે તે, - ગીતામાં જ્ઞાનાગ્નિ માટે કહ્યું છે તેમ, - સર્વ કર્મોને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે :

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा । (૪, ૩૭)

નિર્વિકલ્પ સમાધિ દરમિયાન, પરબ્રહ્મનું દર્શન થતાં, **'કઠ'** અને **'મુંડક'** એ બંને ઉપનિષદોમાં કહેવાયું છે તેમ, હૃદયમાંની સર્વ ગાંઠો ભેદાઈ જાય છે અને સર્વ કર્મોનો ક્ષય થઈ જાય છે :

भिद्यते हृदयग्रन्थिः । अने क्षीयन्ते चास्य कर्माणि ।

... ... तस्मिन् दृष्टे परावरे ॥

અને પછી તો, વાસના-ગ્રંથિઓ ભેદાઈ જતાં અને સર્વ કર્મોનો ક્ષય થઈ જતાં, સાધકનાં મનમાં ક્યાંય, કર્તા-ભોક્તા-ભાવરૂપી અહંકાર તો રહેતો જ નથી :

પરિણામે, આત્મતત્ત્વનો આવિર્ભાવ, સાધકનાં અંતઃકરણમાં, એટલે કે અંદર-ભીતર અને સર્વત્ર, બહાર પણ, બધે જ, એની મેળે, અનાયાસે, સદાને માટે, વ્યાપી રહે છે !

આવો દિવ્ય અને અમોઘ પ્રભાવ છે, નિર્વિકલ્પ સમાધિનો !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૬૪)

૩૬૫

श्रुतेः शतगुणं विद्यान्मननं मननादपि ।
निदिध्यासं लक्षगुणमनन्तं निर्विकल्पकम् ॥३६५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

श्रुतेः शतगुणं विद्यान्मननं मननादपि ।
निदिध्यासं लक्षगुणमनन्तं निर्विकल्पकम् ॥३६५॥

શ્લોકનો ગદ્ય અન્વય :

मननं श्रुतेः शतगुणं विद्यात्, निदिध्यासं मननात् अपि लक्षगुणं (विद्यात्), निर्विकल्पकं (तु) अनन्तं (विद्यात्) ॥३६५॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) मननं श्रुतेः शतगणं विद्यात् । **'શ્રુતિ'** એટલે સમગ્ર વૈદિક સાહિત્ય. એમાં જીવ અને બ્રહ્મના અભેદનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. વેદાંતદર્શનનું આ તાત્પર્યજ્ઞાન શ્રુતિગ્રંથોના સ્વાધ્યાય દ્વારા અથવા સદ્‌ગુરુના ઉપદેશ દ્વારા મેળવવું, તેને **'શ્રવણ'** કહેવામાં આવે છે. આ શ્લોકમાં **'શ્રુતિ'**-શબ્દ આવા **'શ્રવણ'**ના અર્થમાં પ્રયોજાય છે, પરંતુ આ **'શ્રવણ'** એટલે માત્ર કાનથી **'સાંભળવું'**, એટલો જ અર્થ નથી. જીવ અને બ્રહ્મનાં અભેદજ્ઞાનથી જગતનાં અને જીવનનાં સર્વ દુઃખોનો નાશ થાય છે, એવી મનુષ્યને પ્રતીતિ થાય, એ જ સાચા અર્થમાં **'શ્રવણ'**.

આ **'શ્રવણ'** કરતાં, અહીં, એ શ્રવણનાં **'મનન'**ને સો-ગણું ચઢિયાતું (Superior) કહેવામાં આવ્યું છે, કારણ કે મેળવેલાં કોઈ પણ જ્ઞાનને માત્ર ચિત્ત (Brain) સાથે જ સંબંધ છે. એ જ્ઞાન અનુભૂતિની કક્ષાએ ન પહોંચે ત્યાં સુધી, એ જ્ઞાન નિરર્થક છે. જીવ અને બ્રહ્મ એક છે, એમ **'શ્રવણ'** દ્વારા જાણ્યું, પરંતુ વાસ્તવિક જીવનમાં, પ્રત્યક્ષ વગેરે પ્રમાણો અને જન્મજન્માંતરોના સંસ્કારો તો પદાર્થમાત્રમાં

અને જીવ-બ્રહ્મમાં ભેદ હોવાનું દર્શાવે છે, તો પછી સાધકને **'શ્રવણ'** દ્વારા પુરસ્કૃત જીવ-બ્રહ્મના અભેદમાં નિષ્ઠા કેવી રીતે થાય ? તેથી, પેલાં પ્રમાણો અને સંસ્કારોનું ખંડન કરવાનું અનિવાર્ય બને છે અને તે થઈ શકે માત્ર **'મનન'**થી જ : મનન એટલે 'ઊંડું ચિંતન'. જે કાંઈ **'શ્રવણ'** કર્યું છે, તેનો, એટલે કે જીવ-બ્રહ્મની ભિન્નતાના મિથ્યાપણાંનો, ઊંડાં ચિંતન(Reflection)ની ચકાસણીના આધારે નિશ્ચય કરવો, તે **'મનન'** છે. આમ, **'શ્રવણ'**ની યોગ્યતા **'મનન'** દ્વારા જ સિદ્ધ થઈ શકે અને તેથી જ તેને અહીં **'શ્રવણ'** કરતાં સો-ગણું ચઢિયાતું જાણવું-સમજવું (વિદ્યાત્), એમ કહેવામાં આવ્યું છે.

(૨) નિદિધ્યાસં મનનાત્ અપિ લક્ષગુણં (વિદ્યાત્) । - **'મનન'** વડે પેલાં મિથ્યાપણાંનું ખંડન (Refutation) તો થયું, પરંતુ હજુ જીવ-બ્રહ્મના અભેદનું જ્ઞાન બુદ્ધિની કક્ષાથી આગળ વધ્યું ન કહેવાય; એટલે તેને **'ધ્યાન'** (Profound Meditation) દ્વારા બ્રહ્મના સંપર્ક સુધી પહોંચાડવામાં ન આવે ત્યાં સુધી, પેલાં અભેદ-જ્ઞાનની, અંતઃકરણને, **'પ્રતીતિ'** (Conviction) ન થાય. ધ્યૈ એટલે **'ધ્યાન'** ધરવું, એ જ **'નિદિધ્યાસન'**, જેના દ્વારા જ, બુદ્ધિની કક્ષાએ સ્થિર થયેલું પેલું જ્ઞાન, સાધકનાં અંતઃકરણમાં પહોંચી શકે અને બૌદ્ધિક તથા માનસિક કક્ષાએ રહેલાં પેલાં જ્ઞાનની અનુભૂતિ (Experience) થઈ શકે. જીવ-બ્રહ્મના અભેદનું જ્ઞાન, આ રીતે, અંતઃકરણની અનુભૂતિ (Realisation) પામે, એમાં જ એની અંતિમ સાર્થકતા છે. આ પ્રક્રિયાનું નિરંતર રટણ થાય ત્યારે જ, વેદોનાં **'મહાવાક્યો'**એ પ્રતિપાદિત કરેલાં બ્રહ્મ-સ્વ-સ્વરૂપનો, એટલે કે આત્માનો સાક્ષાત્કાર થાય. **'નિદિધ્યાસન'**નો આવો મહિમા હોવાથી, તેને **'મનન'** કરતાં લાખગણું (લક્ષગુણં) ચઢિયાતું ગણવામાં આવ્યું છે, તેમાં પૂરું ઔચિત્ય છે.

(૩) નિર્વિકલ્પકં (તુ) અનન્તં (વિદ્યાત્) ।, પરંતુ **'નિર્વિકલ્પ સમાધિ'**ને તો, એનાં પહેલાંનાં ત્રણેય તબક્કાઓ (**'શ્રવણ'**, **'મનન'** અને **'નિદિધ્યાસન'**) કરતાં અનંતગણી ચઢિયાતી સિદ્ધ કરવામાં આવી છે. એનાં કારણોની સમજૂતીની પણ આવશ્યકતા રહેતી નથી : નિર્વિકલ્પ સમાધિનું સ્વરૂપ, આ પહેલાંના શ્લોકમાં, જે રીતે નિરૂપવામાં આવ્યું છે તે જોતાં, સાધકના આત્મસાક્ષાત્કારના આ તબક્કે, જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય વચ્ચેના ભેદોની સઘળી સભાનતા એવી નાબૂદ થઈ જાય છે કે આવા સર્વોચ્ચ તબક્કે તો, પછી, કોઈ જ વિકલ્પો-વિચારો-વિક્ષેપો-વાસનાઓ-ભેદો-દ્વૈતો-દ્વંદ્વો-પ્રયત્નો-પુરુષાર્થો-પ્રમાણો-તરંગો-કલ્પનાઓ-શંકાઓ જેવાં ક્ષુદ્ર અને ક્ષુલ્લક તત્ત્વો માટે તો કોઈ અવકાશ જ રહેતો નથી !

આવી સિદ્ધિ કેટલા ગણી ઊંચી છે, એ કહેવાની પણ કશી જરૂર રહેતી

નથી : સો, હજાર, લાખ જેવા સંખ્યાસૂચક આંકડાઓનું તો સ્થાન જ, ત્યારપછી તો, ન રહે !

અને એટલે જ અહીં 'અનંતગણું' એવો શબ્દ પ્રયોજાયો છે. (૩૬૫)

અનુવાદ :

'શ્રવણ' કરતાં એનું **'મનન'** સો-ગણું (ચઢિયાતું) જાણવું; **'મનન'** કરતાં **'નિદિધ્યાસન'** લાખ-ગણું (ચઢિયાતું) જાણવું; અને **'નિર્વિકલ્પ સમાધિ'**ને તો અનંત-ગણી (ઉત્તમ) જાણવી. (૩૬૫)

ટિપ્પણ :

'શ્રુતિ' ('શ્રવણ'), 'મનન', 'નિદિધ્યાસ', - એ શબ્દોનો તાત્પર્યાર્થ, આ પહેલાં, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં સવિસ્તર સમજાવવામાં આવ્યો છે; એટલું જ નહીં, પરંતુ એ **ત્રણ** તથા **ચોથી 'નિર્વિકલ્પ સમાધિ'**, - એ સર્વનાં ઉત્તરોત્તર સવિશેષ ચઢિયાતાપણાંનાં કારણોની જરૂરી ચર્ચા પણ ત્યાં જ કરવામાં આવી છે, એટલે તે બંને મુદ્દા વિશે અહીં કશું ઊમેરવાનું રહેતું નથી.

પણ આ શ્લોક સાથે સંકળાયેલી આ બે મહત્ત્વની વાતનો નિર્દેશ કરવાનો રહે છે : (૧) **એક** તો એ કે આચાર્યશ્રીએ અહીં **બ્રહ્મ** એટલે કે આત્માના સાક્ષાત્કાર વિશે જે પ્રતિપાદન કર્યું છે, તેનો આધાર **'બૃહદારણ્યક'**-ઉપનિષદના આ વાક્ય પર રહેલો છે :

आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः इति । (२, ४, ५)

પોતાની બ્રહ્મવાદિની ધર્મપત્ની મૈત્રેયીને, "આત્માનાં પ્રયોજન માટે જ અન્ય સર્વ પ્રિય થાય છે, અન્ય સર્વનાં પ્રયોજન માટે સર્વ પ્રિય થતું નથી" न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति, आत्मनः तु कामाय सर्वं प्रियं भवति । એવો ઉપદેશ આપ્યા પછી, "આત્મા જ અનુભવવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, મનન કરવા યોગ્ય અને નિશ્ચયપૂર્વક ધ્યાન કરવા યોગ્ય છે," - એવું પ્રતિપાદન યાજ્ઞવલ્ક્યે કર્યું છે અને પછી તેમણે આત્માના મહિમાનું સમાપન આ રીતે કર્યું છે :

मैत्रेयि, आत्मनः वा अरे दर्शनेन, श्रवणेन मत्या विज्ञानेन इदं सर्वं विदितम् ।

(" મૈત્રેયી ! આત્માની અનુભૂતિ વડે, શ્રવણ વડે, મનન વડે અને નિદિધ્યાસન વડે, આ સમસ્ત જગતનું જ્ઞાન થાય છે.")

અને (૨) **બીજી વાત** એ કે વેદાંતવિદ્યાના અધિકાર માટે, અથવા તેની પાત્રતા માટે, આ પહેલાં, આ જ ગ્રંથમાં **ચાર** બાહ્ય સાધનો(**"સાધન-ચતુષ્ટય"** : **વિવેક, વૈરાગ્ય**, શમ-દમ વગેરે **ષટ્સંપત્તિ** અને **મુમુક્ષા**)નું નિરૂપણ કરવામાં આવ્યું

છે તે તો, એનું નામ સૂચવે છે તે પ્રમાણે, **'બહિરંગ'** જ હતાં, એક પ્રકારની પૂર્વભૂમિકા-રૂપ જ હતાં; આટલી પાત્રતા પ્રાપ્ત કર્યા પછી, સાધકે, બ્રહ્મસાક્ષાત્કાર માટે, જે ઉચ્ચતર, અધિકતર સિદ્ધિ સંપાદન કરવાની રહે છે તે, આ **ત્રિવિધ અંતરંગ સાધનો,** - **'શ્રવણ'**, **'મનન'** અને **'નિદિધ્યાસન'** છે, જેનું, આ શ્લોકમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

'બહિરંગ સાધનચતુષ્ટય' અને **'ત્રિવિધ અંતરંગ સાધનો'**, - એ બંનેની સંપૂર્ણ પાત્રતા મેળવ્યા પછી જ **'નિર્વિકલ્પ સમાધિ'**નો અધિકાર સાધકને મળે, એવો આચાર્યશ્રીનો અભિપ્રાય છે.

ટૂંકમાં, વેદાંતવિદ્યાના અધિકાર માટેનાં **'શ્રવણ'-'મનન'-'નિદિધ્યાસન'**, - એ **'અંતરંગ-સાધન-ત્રિતય'**નું અને એમાંનાં પ્રત્યેકની ઉત્તરોત્તર પ્રબલતરતાનું અહીં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૩૬૫)

૩૬૬

निर्विकल्पकसमाधिना स्फुटं ब्रह्मतत्त्वमवगम्यते ध्रुवम् ।
नान्यथा चलतया मनोगतेः प्रत्ययान्तरविमिश्रितं भवेत् ॥३६६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

निर्विकल्पकसमाधिना स्फुटं ब्रह्मतत्त्वमवगम्यते ध्रुवम् ।
नान्यथा चलतया मनोगतेः प्रत्ययान्तरविमिश्रितं भवेत् ॥३६६॥

શ્લોકનો ગદ્ય અન્વય :

निर्विकल्पकसमाधिना ध्रुवं ब्रह्मतत्त्वं स्फुटं अवगम्यते, न अन्यथा; मनोगतेः चलतया तद् प्रत्ययान्तरविमिश्रितं भवेत् ॥३६६॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ब्रह्मतत्त्वं अवगम्यते । - બ્રહ્મતત્ત્વ જાણી શકાય છે, બ્રહ્મતત્ત્વનું જ્ઞાન થાય છે. કેવું-કયા પ્રકારનું જ્ઞાન ? - स्फुटम् સ્પષ્ટ અને ध्रुवम् નિશ્ચિતપણે, નિશ્ચિતરૂપે. આ જ્ઞાન શાના વડે થાય છે ? - निर्विकल्पकसमाधिना । નિર્વિકલ્પક સમાધિ દ્વારા. न अन्यथा - બીજી કોઈ રીતે નહીં, બીજાં કોઈ સાધન દ્વારા, આ

જ્ઞાન થતું નથી. આનું કારણ શું ? - હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તે કારણે.

(૨) मनोगतेः चलितया (तद् ब्रह्मतत्त्वज्ञानं) प्रत्ययान्तरविमिश्रितं भवेत् । પ્રત્યય એટલે પ્રતીતિ, અનુભૂતિ, વિચાર; પ્રત્યય-અન્તર એટલે બીજી પ્રતીતિ. चलिता - ચંચળતા, અસ્થિરતા; મનની ગતિ ચંચળ હોવાથી, તે બ્રહ્મતત્ત્વનું જ્ઞાન અન્ય પ્રતીતિઓથી મિશ્રિત થયેલું હોય છે. (૩૬૬)

અનુવાદ :

બ્રહ્મતત્ત્વનું જ્ઞાન નિર્વિકલ્પ સમાધિ દ્વારા સ્પષ્ટ અને નિશ્ચિતરૂપે થાય છે, બીજાં કોઈ સાધનથી નહીં; કારણ કે મનની ગતિ ચંચળ હોવાથી, તે(જ્ઞાન) અન્ય પ્રતીતિઓથી મિશ્રિત હોય છે. (૩૬૬)

ટિપ્પણ :

સુનિશ્ચિત-સ્વરૂપે અને સ્પષ્ટ-રૂપે, બ્રહ્મતત્ત્વનું જ્ઞાન કેવી રીતે થઈ શકે તે, અહીં, દર્શાવવામાં આવ્યું છે અને તે પણ માત્ર એક, નિર્વિકલ્પ-સમાધિ, એ સાધન દ્વારા જ, થઈ શકે, એ હકીકત, ભારપૂર્વક સ્થાપવામાં આવી છે.

અને આનું કારણ પણ, એ જ રીતે, માત્ર એક જ છે : આ સમાધિ એવી માત્ર એક જ અવસ્થા છે, જેમાં મનની ગતિ પૂરેપૂરી અને એકધારી સ્થિર હોય છે. આ સમાધિનું નામ પોતે સૂચવે છે તેમ, તેમાં અન્ય કોઈ વિકલ્પો-વિચારો-વિક્ષેપો હોતા નથી, તેથી મનની ગતિ પણ સંપૂર્ણરીતે સ્થિર અને આંદોલન-રહિત હોય છે. નિર્વિકલ્પ સમાધિ સિવાય અન્ય સર્વ અવસ્થાઓ કે દશાઓમાં, મન, એની સ્વાભાવિક ચંચળતાને કારણે, બ્રહ્મતત્ત્વને ત્યજીને બીજા પરચુરણ જડ વિષયો તરફ ચાલ્યું જતું હોવાથી, જે પ્રતીતિ થાય છે તે, વિશુદ્ધ બ્રહ્મતત્ત્વનાં જ્ઞાનની ન હોઈ શકે, એમાં બીજી પ્રતીતિ ભળી ગયેલી હોય અને અન્ય વિવિધ પ્રતીતિઓનાં સંમિશ્રણને કારણે, બ્રહ્મતત્ત્વનું જ્ઞાન શુદ્ધ પણ ન હોય અને સુનિશ્ચિત પણ ન હોય.

સ્ફુટં - શબ્દથી આચાર્યશ્રીને જે અભિપ્રેત છે તે માત્ર સ્પષ્ટતા જ નહીં, - હથેળીમાં રહેલાં આમળાનાં ફળ જેવી સરળતા પણ ખરી જ !

અને મનની સમ્યક્ શાંતિ વિના જે કાંઈ મેળવવામાં આવ્યું હોય તે, બહુ-બહુ તો, સગુણબ્રહ્મનું જ્ઞાન હોઈ શકે, નિર્ગુણબ્રહ્મનું જ્ઞાન તો નહીં જ !

શ્લોકનો **છંદ : રથોદ્ધતા** (૩૬૬)

अतः समाधत्स्व यतेन्द्रियः सन्
निरन्तरं शान्तमनाः प्रतीचि ।
विध्वंसय ध्वान्तमनाद्यविद्यया-
-कृतं सदेकत्वविलोकनेन ॥३६७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અતઃ સમાધત્સ્વ યતેન્દ્રિયઃ સન્
નિરન્તરં શાન્તમનાઃ પ્રતીચિ ।
વિધ્વંસય ધ્વાન્તમનાદ્યવિદ્યયા-
-કૃતં સદેકત્વવિલોકનેન ॥૩૬૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અતઃ નિરન્તરં યતેન્દ્રિયઃ શાન્તમનાઃ (ચ) સન્ પ્રતીચિ સમાધત્સ્વ, અનાદિ-અવિદ્યયા કૃતં ધ્વાન્તં (ચ) સત્-એકત્વવિલોકનેન વિધ્વંસય ॥૩૬૭॥

શબ્દાર્થ :

નિર્વિકલ્પ-સમાધિની શ્રેષ્ઠતાનું સમાપન કરતાં, આ શ્લોકમાં, આચાર્યશ્રીએ, શિષ્યને, બે સ્વતંત્ર વાક્યોમાં, બે આજ્ઞાઓ આ પ્રમાણે આપી છે :

(૧) અતઃ - આથી, આ કારણે; સમાધત્સ્વ । (સમ્ + આ + ધા એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ) - સમાધિસ્થ થા, ધ્યાન ધર; મનને સ્થિર કર; ક્યાં ? - શામાં ? પ્રતીચિ । એટલે કે પ્રત્યગાત્મામાં, તારા પોતાના અંતરાત્મામાં; તારાં વ્યક્તિગત અંતઃકરણનાં ઊંડાણમાંની શાંતિમાં મનને ડૂબાડી દે. કેવી રીતે ? આ પ્રમાણે બે રીતે : (અ) નિરન્તરં યતેન્દ્રિયઃ સન્ । ચક્ષુ-કાન વગેરે ઇન્દ્રિયોનો નિરંતર નિગ્રહ કરીને, સર્વ ઇન્દ્રિયોનું સતત નિયમન કરીને, ઇન્દ્રિયોને નિત્ય વશ કરીને, બધી ઇન્દ્રિયો પર સદા કાબૂ જમાવીને; અને (આ) નિરન્તરં શાન્તમનાઃ (ચ સન્) મનને નિરંતર શાંત રાખીને, મનની શાંતિ સતત જાળવીને, શાંત મનવાળો થઈને. શાન્તમનાઃ અને યતેન્દ્રિયઃ - એ બે શબ્દોથી, આચાર્યશ્રીને, શમ અને દમ અભિપ્રેત છે, એ સ્પષ્ટ છે.

(૨) અને ધ્વાન્તં વિધ્વંસય । - ધ્વાન્ત એટલે અંધકાર, આવરણ, આત્મપ્રકાશને

રુંધતું-રોકતું ઢાંકણ; કેવું અંધારું ? - अनादि-अविद्यया कृतम् - અનાદિ અવિદ્યાને કારણે ઉત્પન્ન થયેલું, અનાદિ-અજ્ઞાન-જન્ય આવરણ. શાના વડે આ અંધકારનો નાશ કરવાનો (विध्वंसय) ? - सत्-एकत्व-विलोकनेन । જીવ-બ્રહ્મનાં ઐક્યનાં દર્શન વડે; બ્રહ્મૈકતાના પ્રકાશ વડે; विध्वंसय (वि + ध्वंस् એ ધાતુનાં પ્રેરકનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ)-નાશ કર, ધ્વસ્ત કરી દે, એનો ધ્વંસ કર. (૩૬૭)

અનુવાદ :

આથી, નિરંતર ઇન્દ્રિયોનો નિગ્રહ કરીને અને મનને શાંત રાખીને, અંતરાત્મામાં સમાધિસ્થ થા; (વળી,) અનાદિ અવિદ્યાએ સર્જેલા અંધકારનો, જીવ-બ્રહ્મની એકતાનાં દર્શન વડે, નાશ કર. (૩૬૭)

ટિપ્પણ :

નિર્વિકલ્પ સમાધિના ઉપસંહારમાં પણ આચાર્યશ્રી જે બે આદેશો સાધકને આપે છે, તેમાં પણ મોક્ષપ્રાપ્તિ માટે, આ સમાધિ જ સર્વશ્રેષ્ઠ સાધન છે, એમ પ્રસ્થાપિત કરવાનું ચૂકતા નથી.

નિરંતર અને અનવરત ઇન્દ્રિય-નિગ્રહ તથા માનસિક શાંતિ-સ્વસ્થતા વગર પ્રત્યગાત્માનું ધ્યાન ધરવું, એટલે કે અંતરાત્મામાં સમાધિસ્થ થવું, શક્ય નથી; અને એ જ રીતે, અનાદિ-અવિદ્યાએ સર્જેલા અંધકારનો નાશ, જીવ-બ્રહ્મનાં ઐક્યનાં દર્શન વિના સંભવિત નથી.

આમ, અભેદનું દર્શન, અદ્વૈતની અનુભૂતિ અને મોક્ષપ્રાપ્તિ, - જેવાં પોતાનાં જીવનધ્યેયને સંપન્ન કરવા માટે, મુમુક્ષુ સાધક પાસે, નિર્વિકલ્પ સમાધિ એ એકમાત્ર અમોઘ અને ઉત્તમ સાધન છે, એ હકીકતનું પ્રતીતિજનક નિરૂપણ આચાર્યશ્રીએ સફળતાપૂર્વક કર્યું.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૬૭)

૩૬૮

योगस्य प्रथमं द्वारं वाङ्निरोधोऽपरिग्रहः ।
निराशा च निरीहा च नित्यमेकान्तशीलता ॥३६८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

योगस्य प्रथमं द्वारं वाङ्निरोधोऽपरिग्रहः ।
निराशा च निरीहा च नित्यमेकान्तशीलता ॥३६८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વાङ्निरोधः, अपरिग्रहः, निराशा, निरीहा, नित्यं एकान्तशीलता च, - योगस्य प्रथमं द्वारम् ॥३६८॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્યઃ योगस्य प्रथमं द्वारम् । द्वार - બારણું, પ્રવેશ મેળવવા માટેનાં સાધનો; સોપાનો; **योग** - છ ભારતીય દર્શનોમાંનું, **પતંજલિ**-પ્રણીત એક દર્શન, (System of Philosophy). આ **યોગ**દર્શનમાં પ્રવેશ મેળવવા માટે, એનો આરંભ કરવા માટે, એમાં અધિકાર અથવા એની પાત્રતા સિદ્ધ કરવા માટે, શ્લોકના બાકીના શબ્દોમાં જણાવ્યા પ્રમાણેનાં આ પાંચ પ્રાથમિક સાધનો છે : (૧) वाङ्निरोधः । વાણીમાં સંયમ-નિયમ જાળવવો તે; વાણી પરનું નિયંત્રણ; (૨) अपरिग्रहः । - કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરવો તે; દ્રવ્યનો સંઘરો ન કરવો તે; સંગ્રહવૃત્તિનો અભાવ. (૩) निराशा । ભૌતિક-લૌકિક-દુન્યવી આશાઓનો ત્યાગ; કોઈ પણ વ્યક્તિ-વસ્તુની આશા કે અપેક્ષા ન સેવવી તે; અહીં આ શબ્દ 'નિરાશ' (Disappoint) થવાના, પ્રચલિત અર્થમાં, સમજવાનો નથી, પરંતુ સર્વ પ્રકારની આશા-આકાંક્ષા-અપેક્ષા વગેરેથી મુક્ત રહેવાના અર્થમાં પ્રયોજાયો છે. (૪) निरीहा । ઈહા એટલે ઇચ્છા, કામના. નિરીહા એટલે ઇચ્છારહિત, કામના-રહિત થવું તે, સર્વ પ્રકારની ઇચ્છાઓનો પરિત્યાગ. (૫) नित्यं एकान्तसेवनम् । નિત્ય-એકાંતવાસ, સદા એકલાં રહેવાની વૃત્તિ, જનસમુદાય કે ટોળાંઓથી અળગાં રહેવાનું વલણ.

આ પાંચ વલણો, **યોગ**-દર્શનમાં સિદ્ધિ મેળવવા માટેની પૂર્વતૈયારીરૂપ અથવા પૂર્વભૂમિકા-રૂપ પગથિયાં છે. (૩૬૮)

અનુવાદ :

વાણીનો સંયમ, દ્રવ્યસંગ્રહ ન કરવો તે, દુન્યવી લાભોની આશાઓનો ત્યાગ, ઇચ્છાઓનો પરિત્યાગ અને નિત્ય-એકાંતસેવન, - આ બધાં **યોગ**માં પ્રવેશ કરવાનાં પ્રાથમિક સાધનો છે. (૩૬૮)

ટિપ્પણ :

આ પહેલાના શ્લોકમાં સાધકને ઇન્દ્રિયનિગ્રહ (यतेन्द्रियः) અને મનઃશાંતિ-(शान्तमनाः सन्)નો અનુરોધ કરવામાં આવ્યો હતો અને આ બે એટલે, વેદાંતવિદ્યાની પાત્રતા માટેનાં બહિરંગ સાધનો; પરંતુ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં તો, આ માટે એક સ્વતંત્ર 'દર્શન'(System of Philosophy)ની વ્યવસ્થા કરવામાં આવે

છે. યુજ્ એટલે 'જોડવું' (To connect, to join), - એ ધાતુ પરથી બનેલો 'યોગ'-શબ્દ, પરમાત્મા સાથેના મનુષ્યનાં જોડાણ(સંબંધ, મિલન)નું સૂચન કરે છે. 'વેદાંત'-દર્શનમાં પણ, અંતે તો, 'મોક્ષ' એટલે જીવ-બ્રહ્મનાં ઐક્યની જ વાત છે; એટલે 'યોગ'-દર્શનમાંનો આ 'યોગ'-શબ્દ અને એમાં પ્રબોધિત સિદ્ધાંતો, મોક્ષાર્થી સાધકને મદદરૂપ થઈ શકે, એવું વિચારીને, આચાર્યશ્રીએ, અહીં હવે પછીના પાંચેક શ્લોકોમાં, યોગની પ્રક્રિયાનાં થોડાં પ્રાથમિક સાધનોનું નિરૂપણ કર્યું છે; અને યોગ-પ્રક્રિયાના પાયામાં સર્વ પ્રકારના સંયમ-નિયમ-નિયંત્રણ વગેરેની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો છે.

એમાં સૌપ્રથમ છે, - વાણી પરનો સંયમ. જરૂર હોય ત્યારે અને તેટલું જ સાધકે બોલવું જોઈએ, નિરર્થક અને અનાવશ્યક બડબડાટથી હંમેશાં મુક્ત રહેવું જોઈએ; અને આમેય, સંસારમાંનાં મોટા ભાગનાં ઘર્ષણો અને ઝઘડાઓનાં મૂળમાં, વધારે-પડતો વાણી-વિલાસ જ રહેલો છે તે, આપણે સહુ જાણીએ છીએ.

અને દ્રવ્ય વગેરેની સંગ્રહવૃત્તિ, સંઘરાખોરી (Possessiveness, Hoarding) પણ અનેક પ્રકારની અશાંતિ ઉત્પન્ન કરે છે. હકીકતમાં, જો માણસ શાંત ચિત્તે થોડું વિચારે તો, પોતાનાં ભરણપોષણ માટે જે અત્યંત આવશ્યક હોય, તેના કરતાં જરા પણ વધારે કશું એકઠું કરવાની જરૂર નથી. પેટ-પૂરતું ખાવા મળે, એથી વધારે મેળવવાની અને મેળવીને તેને સંઘરી રાખવાની વૃત્તિ સેવનાર માણસને **શ્રીમદ્ ભાગવતમાં** તો આ પ્રમાણે, દંડને લાયક **'ચોર'** કહેવામાં આવ્યો છે :

यावद् भ्रियेत जठरं तावत् स्वत्वं हि देहिनाम् ।
अधिकं योऽभिमन्येत स स्तेनो दण्डमर्हति ॥ (७, १४, ८)

અને એ જ રીતે, આશા-અપેક્ષાનો ત્યાગ (નિરાશા) અને કામનાઓનો પરિત્યાગ (નિરીહા), - એ બે પણ એટલાં જ મહત્ત્વનાં છે, કારણ કે આશા-અપેક્ષા જ મનને ક્ષોભ તરફ દોરીને, સાધકની વૈરાગ્યવૃત્તિમાં બાધક બને છે; કામના(ઈહા)નું સેવન સાધકને કર્મો તરફ દોરે છે, અનેક ચેષ્ટાઓ સર્જે છે અને તેની સાધનામાં વિઘ્નો ઊભાં કરે છે.

વળી, પરમાત્માનાં સાંનિધ્ય-સાયુજ્યની સિદ્ધિમાં જેને રસ હોય, તેને લોકોનાં ટોળાંઓમાં અને એના કોલાહલમાં રહેવાનું તો પોસાય જ કેમ ? સદા-સર્વદા એકાંત-વાસ જ તેના માટે તો આવશ્યક હોય. **'તૈત્તિરીય'**-ઉપનિષદના ઋષિએ આ માટે **'रहःशीलः'**(એકાંતવાસની વૃત્તિ)-શબ્દ પ્રયોજ્યો છે, તેનું જ વિવરણ **ગીતામાં** આ પ્રમાણે કરવામાં આવ્યું છે :

विविक्तदेशसेवित्वं अरतिः जनसंसदि । (१७, १)

(એકાંતપ્રદેશનું સેવન અને જનસમૂહ પ્રત્યે અણગમો) અને એક અંગ્રેજ-સાહિત્યકારે તો, આવો જ ભાવ સૂચવતી, આવાં શીર્ષકવાળી એક સળંગ નવલકથા જ લખી છે : "Far from maddening crowds !" સામાન્ય માણસ પણ જો, આ રીતે, ટોળાંના ત્રાસથી તોબા પોકારી ઊઠે તો, પછી, સાધક-સંન્યાસીની તો વાત જ શી કરવી ?

આમ, આ **પાંચ**ની શિસ્ત તો, યોગમાં પ્રવેશ ઇચ્છનારે સિદ્ધ કરવી જ રહી !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૬૮)

૩૬૯

एकान्तस्थितिरिन्द्रियोपरमणे हेतुर्दमश्चेतसः
संरोधे करणं शमेन विलयं यायादहंवासना ।
तेनानन्दरसानुभूतिरचला ब्राह्मी सदा योगिन-
-स्तस्माच्चित्तनिरोध एव सततं कार्यः प्रयत्नान्मुनेः ॥३६९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એકાન્તસ્થિતિરિન્દ્રિયોપરમણે હેતુર્દમશ્ચેતસઃ
સંરોધે કરણં શમેન વિલયં યાયાદહંવાસના ।
તેનાનન્દરસાનુભૂતિરચલા બ્રાહ્મી સદા યોગિન-
-સ્તસ્માચ્ચિત્તનિરોધ એવ સતતં કાર્યઃ પ્રયત્નાન્મુનેઃ ॥૩૬૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ઇન્દ્રિય-ઉપરમણે એકાન્તસ્થિતિઃ હેતુઃ, ચેતસઃ સંરોધે દમઃ કરણં, અહંવાસના શમેન વિલયં યાયાત્, તેન યોગિનઃ સદા અચલા બ્રાહ્મી આનન્દ-રસ-અનુભૂતિઃ (ભવતિ), તસ્માત્ સતતં પ્રયત્નેન મુનેઃ ચિત્તનિરોધઃ એવ કાર્યઃ ॥૩૬૯॥

શબ્દાર્થ :

શ્લોકમાં **પાંચ** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ઇન્દ્રિય-ઉપરમણે એકાન્તસ્થિતિઃ હેતુઃ (અસ્તિ) । ઉપરમણ એટલે ઉપરતિ, વશ કરવું, કાબુમાં રાખવું, નિયંત્રણ-નિગ્રહ કરવાં; ઉપ + રમ્ - એટલે

અટકાવવું, એ ધાતુ પરથી 'ઉપરતિ'ની જેમ જ આ શબ્દ (નામ, Noun) બન્યો છે. ઇન્દ્રિયોને વશ કરવામાં, એકાંતસેવન કારણરૂપ છે. (૨) चेतसः संरोधे दमः करणं (अस्ति) । संरोध એટલે નિરોધ, નિયમન; ચિત્તનો નિરોધ કરવામાં 'દમ' કારણરૂપ છે. (૩) अहंवासना शमेन विलयं यायात् । અહંવાસના એટલે અહંકારની વાસના; વિલય એટલે નાશ; અહંકારની વાસનાનો નાશ 'शम' વડે થાય છે. (૪) तेन योगिनः सदा अचला ब्राह्मी आनन्द-रस-अनुभूतिः (भवति) । तेन એટલે અહંકારની વાસનાના વિલયથી; अचल એટલે અવિચળ, સ્થિર; ब्राह्मी એટલે બ્રહ્મને લગતી, બ્રહ્મ-બાબતની, બ્રહ્મસંબંધી; અને તેના વડે (અહંકારવાસનાના વિલય વડે), યોગીને સદા બ્રહ્મને લગતા આનંદરસનો અચલ અનુભવ થાય છે. (૫) मुनेः चित्तनिरोधः एव कार्यः । तस्मात् - તેથી, તે કારણે, આ પહેલાંનાં વાક્યોમાં કહેવામાં આવ્યું છે, માટે. મુનિએ ચિત્તનો નિરોધ જ સતત પ્રયત્નપૂર્વક કરવો જોઈએ. (૩૬૯)

અનુવાદ :

ઇન્દ્રિયોને વશ કરવામાં એકાંતસેવન કારણરૂપ છે, ચિત્તનો નિરોધ કરવામાં 'દમ' કારણરૂપ છે, અહંકારની વાસનાનો વિલય **'શમ'** વડે થાય છે અને તેથી યોગીને સદા અચલ બ્રાહ્મીસ્થિતિમાં આનંદરસનો અનુભવ થાય છે; એટલા માટે, મુનિએ સતત પ્રયત્નપૂર્વક ચિત્તનો નિરોધ જ કરવો જોઈએ. (૩૬૯)

ટિપ્પણ :

મુનિ એટલે મનનશીલ સાધક, સંન્યાસી. આવા મુનિએ સદા-સર્વદા, સતત, પ્રયત્નપૂર્વક, ચિત્તનિરોધ જ કરવો જોઈએ, એવો ભારપૂર્વક આદેશ અહીં સ-કારણ આપવામાં આવ્યો છે.

પોતાનાં **"યોગસૂત્ર"**ના આરંભમાં જ, પતંજલિએ **'યોગ'**ની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : योगः चित्तवृत्तिनिरोधः । એટલે, એક હકીકત એ નિશ્ચિત થાય છે કે સમગ્ર યોગપ્રક્રિયાનો આધાર ચિત્તની વૃત્તિઓનાં નિયમન-નિયંત્રણ પર રહેલો છે. આવો આદેશ મુનિ કેવી રીતે અમલમાં મૂકી શકે, એની વિગતો આ શ્લોકમાં આપવામાં આવી છે.

આ પહેલાંના શ્લોકમાં, એકાંતસેવનનો ઉલ્લેખ, **'યોગ'**પ્રવેશની પૂર્વભૂમિકાનાં પાંચ સોપાનોમાંનાં એક તરીકે કરવામાં આવ્યો હતો. 'કઠ'ઉપનિષદના આ મંત્ર પ્રમાણે, પરમેશ્વરે, મનુષ્યની સર્વ ઇન્દ્રિયોને બહિર્મુખ રચી છે, તેથી તે સઘળું બહારનું જ જુએ છે, અંદરનું નહીં, -

पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः
तस्मात्परं पश्यति नान्तरात्मन् । (२, १, १)

પરંતુ સાધકને તો ભીતરમાં રહેલા અંતરાત્માનાં જ દર્શન કરવાનાં હોવાથી, તેણે તો ઇન્દ્રિયોને અંતર્મુખ જ કરવાની રહી અને આવી અંતરર્મુખતા માત્ર એકાંતમાં જ શક્ય બને, જ્યાં ઇન્દ્રિયોને કશું વિષયભ્રમણ કરવાનું ન મળે. ઇન્દ્રિયોની આવી વિષય-ભ્રમણની કુટેવનું ગીતાએ પણ આ પ્રમાણે સમર્થન કર્યું છે :

इन्द्रियाणि प्रमाथिनी हरन्ति प्रसभं मनः । (२, ६०)

("ઇન્દ્રિયો મથી નાખે એવી તોફાની હોવાથી, તે મનુષ્યનાં મનને બળાત્કારે વિષયો તરફ ખેંચી જાય છે.") એકાંતમાં, આ રીતે, ઇન્દ્રિયોને અંતર્મુખ કર્યા પછી જ, 'દમ' વડે ચિત્ત-નિરોધ અને 'શમ' વડે અહંકાર-વાસનાઓ નાશ, - એ બે કાર્યો સિદ્ધ થઈ શકે.

અને આટલી સિદ્ધિ જ, મુનિને સદા અવિચળ એવી બ્રાહ્મીસ્થિતિમાં આનંદરસનો અનુભવ કરાવવા માટે પર્યાપ્ત બની રહે છે. ગીતાએ પણ આ સિદ્ધિને જ **'બ્રાહ્મી સ્થિતિ'** કહી છે, જેની પ્રાપ્તિ પછી યોગીને કશો મોહ થતો નથી :

एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य विमुह्यति । (२, ७२)

શ્લોકનો છંદ : શાર્દૂલવિક્રીડિત (૩૬૯)

૩૭૦

वाचं नियच्छात्मनि तं नियच्छ
बुद्धौ धियं यच्छ च बुद्धिसाक्षिणि ।
तं चापि पूर्णात्मनि निर्विकल्पे
विलाप्य शान्तिं परमां भजस्व ॥३७०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વાચં નિયચ્છાત્મનિ તં નિયચ્છ
બુદ્ધૌ ધિયં યચ્છ ચ બુદ્ધિસાક્ષિણિ ।
તં ચાપિ પૂર્ણાત્મનિ નિર્વિકલ્પે
વિલાપ્ય શાન્તિં પરમાં ભજસ્વ ॥૩૭૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વાચં આત્મનિ નિયચ્છ, તં બુદ્ધૌ નિયચ્છ, ધિયં ચ બુદ્ધિસાક્ષિણિ યચ્છ, તં ચ અપિ નિર્વિકલ્પે પૂર્ણાત્મનિ વિલાપ્ય, પરમાં શાન્તિ ભજસ્વ ॥૩૭૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : પરમાં શાન્તિ (ત્વં) ભજસ્વ । તું પરમ શાંતિને પ્રાપ્ત કર, શાશ્વત શાંતિનો અનુભવ કર, આવી આત્યંતિક શાંતિ તું પામ.

પરંતુ ગુરુની આ આજ્ઞા પ્રમાણે, શિષ્ય પરમ શાંતિ પામે તે પહેલાં, તેણે, આ પ્રમાણે, ચાર પૂર્વ-ક્રિયાઓ પરિપૂર્ણ કરવાની રહે છે :

(૧) વાચં આત્મનિ નિયચ્છ । વાણીનો આત્મામાં, એટલે કે મનમાં નિરોધ કરી દે; એટલે કે વાણીને મન વડે વશ કર. (૨) તં (આત્માનં) બુદ્ધૌ નિયચ્છ । તે આત્માનો એટલે કે મનનો, બુદ્ધિમાં નિરોધ કર; એટલે કે તે આત્માને, એટલે કે મનને બુદ્ધિ વડે વશ કર. (૩) ધિયં ચ બુદ્ધિસાક્ષિણિ યચ્છ । ધી એટલે બુદ્ધિ. બુદ્ધિનો પણ બુદ્ધિના સાક્ષીમાં નિરોધ કર; એટલે કે બુદ્ધિનો નિરોધ એના સાક્ષીમાં કર. (૪) તં ચ અપિ (સાક્ષિણં) નિર્વિકલ્પે પૂર્ણાત્મનિ વિલાપ્ય । વિલાપ્ય એટલે વિલય કરીને અને તે બુદ્ધિસાક્ષીનો પણ નિર્વિકલ્પ પૂર્ણ આત્મામાં વિલય કરીને (પરમ શાંતિ તું પામ !)

અનુવાદ :

વાણીનો મનમાં નિરોધ કર, તે(મન)નો બુદ્ધિમાં નિરોધ કર, બુદ્ધિનો પણ બુદ્ધિના સાક્ષીમાં નિરોધ કર અને તે(સાક્ષી)નો પણ નિર્વિકલ્પ પૂર્ણ આત્મામાં વિલય કરીને, (અંતે) તું પરમ શાંતિનો અનુભવ કર. (૩૭૦)

ટિપ્પણ :

આ પહેલાં સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું તેમ, સમગ્ર 'યોગ'-પ્રક્રિયાની આધારશિલા ચિત્તની સર્વ વૃત્તિઓનો નિરોધ કરવો તે જ છે અને આવું 'નિરોધ'-કાર્ય સંપૂર્ણરીતે અને સફળતાપૂર્વક સંપન્ન બની રહે તે માટે, આ શ્લોકમાં, નિયચ્છ અને યચ્છ, - નિરોધ કરવા માટેનાં આવાં બે આજ્ઞા-વચનો પ્રયોજીને, અંતે, નિરોધ કરવાના, એટલે કે વશ કરવાના, એ જ અર્થમાં 'વિલય' કરવા માટેનો વિલાપ્ય-શબ્દ પ્રયોજીને, સદ્‌ગુરુ, શિષ્યને શાશ્વત શાંતિની પ્રાપ્તિનું સૂત્ર આપે છે.

વાણી સાધકને બર્હિમુખ બનાવે છે, અનેક ભેદો ઉત્પન્ન કરીને તેને ભેદની દુનિયામાં લઈ જાય છે; તેથી તેનો મનમાં જ નિરોધ કરવાનો રહે; પરંતુ આ મન

પણ ઓછું તોફાની નથી : તેને તો સર્વત્ર બહાર ભટકવાની જ કુટેવ છે, એટલે તેને તેની આ બહારની દોડાદોડમાંથી અટકાવીને, બુદ્ધિમાં સ્થિરતાપૂર્વક સ્થાપવાનું રહે છે. પરંતુ સાચા-ખોટા નિર્ણયો અને સારા-નરસા વિચારો પણ આ બુદ્ધિ જ કરે છે, એટલે તેનો પણ તેના સાક્ષી એવા આત્મામાં નિરોધ કરવાનો રહે છે.

પરંતુ બુદ્ધિ-સાક્ષી એવા આ આત્મામાં પણ 'હું સાક્ષી છું' - એવા અહંકારની વાસના આવિર્ભૂત થાય તો, સાધકની, બ્રહ્મસાક્ષાત્કારની, આખી યાત્રામાં જ પ્રતિબંધ ઊભો થાય. એટલે એનો પણ નિર્વિકલ્પ એવા પૂર્ણ આત્મામાં, વિલય કરવાનો જ રહે, - જેથી દ્વૈતપ્રપંચ કે ભેદ માટે ક્યાંય કશોય અવકાશ જ ન રહે !

આમ, વાણી-મન-બુદ્ધિ-સાક્ષી કશું જ ન રહેવા પામે, પછી તો, પરમ અને પૂર્ણ એવા પરબ્રહ્મનો સાધકને સાયુજ્ય-સાક્ષાત્કાર જ પ્રાપ્ત થાય અને આવી સર્વોચ્ચ અને સર્વોત્તમ સિદ્ધિની કક્ષામાં તો रसो वै सः ।-ના આનંદરસની અને શાશ્વત શાંતિની અનુભૂતિ જ શેષ રહે !

વાણી, મન, બુદ્ધિ, સાક્ષી અને આત્મા, - આ બધાંને, એક પછી એક, ઉત્તરોત્તર - ઉચ્ચતર તત્ત્વમાં વિલીન કરતાં જવાની, આ શ્લોકમાં નિરૂપિત, ક્રમિક પરંપરાનાં મૂળમાં રહેલો 'કઠ'-ઉપનિષદનો આ મંત્ર જ, આચાર્યશ્રીને અભિપ્રેત હશે, એ સ્પષ્ટ છે :

यच्छेद् वाङ् मनसि प्राज्ञः तद् यच्छेद् ज्ञान आत्मनि ।
ज्ञानं आत्मनि महति नियच्छेत् तद् यच्छेत् शान्त आत्मनि ॥ (१, ३, १३)

("પ્રાજ્ઞ પુરુષે વાણીનો મનમાં નિરોધ કરવો, તે મનનો જ્ઞાનમાં (એટલે કે બુદ્ધિમાં) નિરોધ કરવો અને જ્ઞાનનો (બુદ્ધિનો) પણ શાંત એવા આત્મામાં નિરોધ કરવો.")

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૭૦)

૩૭૧

देहप्राणेन्द्रियमनोबुद्ध्यादिभिरुपाधिभिः ।
यैर्यैर्वृत्तेः समायोगस्तत्तद्भावोऽस्य योगिनः ॥३७१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

देहप्राणेन्द्रियमनोबुद्ध्यादिभिरुपाधिभिः ।
यैर्यैर्वृत्तेः समायोगस्तत्तद्भावोऽस्य योगिनः ॥३७१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

देह-प्राण-इन्द्रिय-मनः-बुद्धि-आदिभिः यैः यैः उपाधिभिः वृत्तेः समायोगः, अस्य योगिनः तत्-तद्-भावः (भवति) ॥३७१॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अस्य योगिनः तत्-तद्-भावः (भवति) । - તે તે ભાવ આ યોગીને પ્રાપ્ત થાય છે, એટલે કે તે-તે ભાવવાળો તે બને છે. કયા ભાવો તેને પ્રાપ્ત થાય છે ? - यैः यैः उपाधिभिः (तस्य) वृत्तेः समायोगः (भवति) । વૃત્તિ એટલે ચિત્તવૃત્તિ; समायोगः એટલે જોડવું, સંબંધ-યોગ થવો તે, જોડાણ. જે-જે ઉપાધિઓ સાથે તેની ચિત્તવૃત્તિ જોડાય છે, તે-તે ભાવો તેને પ્રાપ્ત થાય છે અને આ બધી ઉપાધિઓ એટલે દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ વગેરે. (૩૭૧)

અનુવાદ :

દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ વગેરે જે-જે ઉપાધિઓ સાથે ચિત્તવૃત્તિ જોડાય છે, તે-તે ભાવ આ યોગીને પ્રાપ્ત થાય છે. (૩૭૧)

ટિપ્પણ :

યોગ એટલે જોડાણ-સંપર્ક-સંબંધ (Association, Connection, Relation). યોગનો સ્વભાવ જ એવો છે કે જો કોઈ વસ્તુ અન્ય કોઈ સાથે જોડાણ પામે તો, તે (પ્રથમ) વસ્તુ, પેલી (અન્ય)વસ્તુના ભાવને-આકારને-સ્વરૂપને પામે, - અને આવું પરિવર્તન ભલે હંમેશ માટે ન હોય, પરંતુ થોડા સમય માટે, - એટલે કે તે બે વસ્તુઓનો **'યોગ'** જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી તો, આ પ્રમાણે, 'તદ્ભાવ'-પામવાનું અવશ્ય ચાલુ રહે.

વેદાંત-દર્શનની પરિભાષામાં દેહ-પ્રાણ-ઇન્દ્રિયો-મન-બુદ્ધિ વગેરેને **'ઉપાધિ'** કહેવામાં આવે છે, એટલે જે-જે વસ્તુ આ **'ઉપાધિ'** સાથે જોડાય, એટલે કે તેનો **'યોગ'** અથવા **'સમાયોગ'** આ **'ઉપાધિ'** સાથે થાય, તેનામાં આ **'ઉપાધિ'** પોતાનાં સ્વરૂપ અથવા ભાવને સંક્રાંત (Transfer) કરી દે. સ્ફટિક પોતે તો સંપૂર્ણરીતે શુદ્ધ અને શ્વેત છે, પરંતુ જો તે કાળા વસ્ત્રનો **'યોગ'** પામે તો, તે **'યોગ'**(Juxtaposition)નાં પરિણામે, તે **'યોગ'** ચાલુ રહે ત્યાં સુધી, સ્ફટિક જેવો સ્ફટિક પણ શ્યામ બની રહે ! સ્ફટિક પણ શ્યામભાવને પામે ! શ્યામ-વસ્ત્રરૂપી **'ઉપાધિ'** સાથેના તેના **'યોગ'**નું જ આવું પરિણામ, આવું પરિવર્તન ! **'ઉપાધિ'**નો જ આ સ્વભાવ અને પ્રભાવ !

એ જ રીતે, ચિત્તવૃત્તિને તો કોઈ રૂપ-રંગ-આકાર જ નથી, પરંતુ જો તે દેહ

સાથે જોડાણ(યોગ) પામે તો, તે દેહભાવ પામે, જો તે મન સાથે જોડાય તો તે મનભાવ પામે,... વગેરે વગેરે.

પરંતુ આમાં પાયાની શરત છે, - यैः यैः उपाधिभिः અને वृत्तेः (એટલે કે चित्तवृत्तेः), - જે-જે ઉપાધિઓ સાથેનો 'યોગ' અને ચિત્તવૃત્તિનો 'યોગ'.

સમગ્ર શ્લોકનો તાત્પર્યાર્થ એ છે કે યોગીની ચિત્તવૃત્તિનું, દેહ વગેરે જે-જે ઉપાધિઓ સાથે જોડાણ (समायोगः) થાય, તે-તે ઉપાધિઓના ભાવોને યોગી પામે છે, એટલે કે તે-તે ભાવોવાળો તે બને છે.

એક વાત અહીં નોંધપાત્ર છે : સામાન્ય રીતે, વેદાંતવિદ્યાના અધિકારના સંદર્ભમાં, 'યોગી' એટલે એવો સાધક, જે, મોક્ષાર્થી હોવાથી, તેનો 'યોગ', એટલે કે તેનું જોડાણ ઉચ્ચ આત્મતત્ત્વ સાથે હોય; પરંતુ 'યોગ'દર્શન-પ્રબોધિત 'યોગ'ની ચર્ચા આ શ્લોકોમાં ચાલી રહી હોવાથી, આચાર્યશ્રીએ, અહીં, પૂરી સમજણપૂર્વક, 'યોગી'-શબ્દ એના વ્યુત્પત્તિગત (Etymological) અર્થમાં, એટલે કે "જોડાણ"ના અર્થમાં, પ્રયોજ્યો છે : આ શ્લોકમાં ઉલ્લેખ પામેલો 'યોગી' ઉચ્ચ આત્મતત્ત્વ સાથે નહીં, પણ સામાન્ય મનુષ્યની જેમ ઉપર્યુક્ત 'ઉપાધિઓ' સાથે જોડાય છે અને તે-તે ભાવવાળો બને છે, - એવું અર્થઘટન અહીં કરવાનું રહે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૭૧)

૩૭૨

तन्निवृत्त्या मुनेः सम्यक् सर्वोपरमणं सुखम् ।
संदृश्यते सदानन्दरसानुभवविप्लवः ॥૩૭૨॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तन्निवृत्त्या मुनेः सम्यक् सर्वोपरमणं सुखम् ।
संदृश्यते सदानन्दरसानुभवविप्लवः ॥૩૭૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

तद्-निवृत्त्या सम्यक् मुनेः सर्व-उपरमणं सुखं सदा-आनन्द-रस-अनुभव-विप्लवः (च) संदृश्यते ॥૩૭૨॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : मुनेः सर्व-उपरमणं सुखं संदृश्यते । उपरमण (उप + रम् એટલે અટકી જવું, બંધ પડવું, - એ ધાતુ પરથી બનેલું નામ - Noun)- ઉપરતિ;

મુનિને સંપૂર્ણ ઉપરતિનું સુખ જણાય છે, દેખાય છે; એને બીજું શું દેખાય છે ? आनन्द-रस-अनुभव-विप्लवः (च) संदृश्यते । વિપ્લવ એટલે ભરતી, ઉછાળો, વૃદ્ધિ; બ્રહ્માનંદ-રસના અનુભવમાં ભરતી થતી હોય એવું જણાય છે. આ બંને પરિણામો શાના લીધે તેને મળેલાં જણાય છે ? तद्-निवृत्त्या सम्यक् । तद् એટલે તે; આ પહેલાંના શ્લોકમાં જેનો નિર્દેશ થયો છે, તે ઉપાધિઓ; निवृत्ति એટલે નિવારણ, નાબૂદી, નાશ; सम्यक् એટલે સારી રીતે, સંપૂર્ણપણે. તે સર્વ ઉપાધિઓ સંપૂર્ણરીતે નિવૃત્ત થઈ જવાથી, પેલાં બે પરિણામોનો લાભ થતો હોય, એમ મુનિને દેખાય છે. (संदृश्यते) (૩૭૨)

અનુવાદ :

તે (સર્વ ઉપાધિઓ) સંપૂર્ણરીતે નિવૃત્ત થઈ જવાથી, મુનિને, સર્વશઃ ઉપરતિનું સુખ અને બ્રહ્માનન્દ-રસના અનુભવમાં સદા ભરતી થતી હોય, એમ દેખાય છે. (૩૭૨)

ટિપ્પણ :

મોક્ષાર્થી સાધકને, તેની મોક્ષપ્રાપ્તિ-કારકિર્દીમાં 'યોગ'-પ્રક્રિયાનું જ્ઞાન ઉપકારક બની રહે, એ શુભ-ઉદ્દેશને લક્ષમાં રાખીને, આચાર્યશ્રીએ, છેલ્લા થોડા શ્લોકોમાં, આ પ્રક્રિયાની થોડી સમજણ સાધકને આપી હતી, તેનું સમાપન કરતાં, તેઓશ્રી, ઉપાધિઓ સાથેનાં, યોગીની ચિત્તવૃત્તિનાં જોડાણનાં અનિષ્ટ પરિણામનો સંદર્ભ આપીને, ઉપર્યુક્ત સર્વ ઉપાધિઓની સમ્યક્ નિવૃત્તિ પર અહીં ભાર મૂકે છે અને તેનાં બે સારાં પરિણામો તરફ મુનિનું ધ્યાન ખેંચે છે.

દેહ-ઇન્દ્રિયો વગેરે 'અનાત્મા'-તત્ત્વોની ઉપાધિઓ સાથેના યોગનું સંપૂર્ણ નિવારણ મુનિને બે રીતે ઉપયોગી, ઉપકારક અને લાભપ્રદ બને છે : એક તો, તેના માટે એક સદ્ધર જમાપાસા (Asset) જેવી ઉપરતિનો તેને પૂરો લાભ મળે છે; અને બીજું, પેલું અનર્થરૂપ-(Evil)-રૂપ 'જોડાણ' (યોગ) સંપૂર્ણરીતે નાબૂદ થઈ ગયું હોવાથી, હવે, એનું સાચું અને સર્વોચ્ચ 'જોડાણ' (યોગ) બ્રહ્મ સાથે થઈ જાય છે અને સાધક માટે તો આ 'યોગ' જ એનાં જીવનધ્યેયને પરિપૂર્ણ કરવામાં એકમાત્ર સાધનરૂપ બની રહે છે : બ્રહ્મ સાથેના યોગથી, આ તાદાત્મ્યથી, તેને, બ્રહ્માનંદ-રસના અનુભવમાં જાણે કોઈ બહુ મોટો ઉછાળો આવ્યો હોય, એવું દર્શન થાય છે (संदृश्यते).

બ્રહ્મ તો પૂર્ણપણે 'નિરુપાધિક' છે, એટલે એનાં સાયુજ્યથી સાંપડતા, रसो वै सः । – એવા આનંદ-રસનો અનુભવ કરવો હોય તો, પેલી 'ઉપાધિઓ'નાં અનિષ્ટથી,

મુનિએ, મુક્ત થવું જ રહ્યું.

આમ, 'યોગ'-પ્રક્રિયાનું સાચું સ્વરૂપ સમજાવીને, અનર્થકારક 'યોગ'ના ત્યાગની, આચાર્યશ્રીએ, સારી-સાચી સલાહ, મોક્ષાર્થી સાધકને સંપડાવી દીધી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૭૨)

૩૭૩

अन्तस्त्यागो बहिस्त्यागो विरक्तस्यैव युज्यते ।
त्यजत्यन्तर्बहिः संगं विरक्तस्तु मुमुक्षया ॥३७३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અન્તસ્ત્યાગો બહિસ્ત્યાગો વિરક્તસ્યૈવ યુજ્યતે ।
ત્યજત્યન્તર્બહિઃ સંગં વિરક્તસ્તુ મુમુક્ષયા ॥૩૭૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અન્તસ્ત્યાગઃ બહિસ્ત્યાગઃ (ચ) વિરક્તસ્ય એવ યુજ્યતે, વિરક્તઃ તુ મુમુક્ષયા અન્તર્બહિઃ સંગં ત્યજતિ ॥૩૭૩॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) અન્તસ્ત્યાગઃ બહિસ્ત્યાગઃ (ચ) વિરક્તસ્ય એવ યુજ્યતે । વિરક્ત એટલે જેને વૈરાગ્ય ઉપજ્યો હોય તે મનુષ્ય. તેના માટે જ (એવ) બે બાબતો યોગ્ય રીતે શક્ય બને છે (યુજ્યતે). કઈ બે બાબતો ? એક તો અન્તસ્ત્યાગ અને બીજો બહિસ્ત્યાગ. આ બે ત્યાગની શક્તિ વિરક્ત મનુષ્ય જ ધરાવે છે, બીજું કોઈ નહીં : અન્તસ્ત્યાગ એટલે એની અંદર-ભીતર રહેલી વિષયવાસનાઓનો અને કામ-ક્રોધ વગેરે આંતરિક ષડ્રિપુઓ(છ શત્રુઓ)નો ત્યાગ; અને બહિસ્ત્યાગ એટલે બહારની ઇન્દ્રિયોની પ્રવૃત્તિઓનો, શબ્દ-સ્પર્શ વગેરે તન્માત્રાઓનો ત્યાગ.

(૨) વિરક્તઃ તુ મુમુક્ષયા અન્તર્બહિઃ સંગં ત્યજતિ । આ પહેલાંનાં વાક્યમાંનાં વિધાનનું કારણ આ વાક્યમાં આપવામાં આવ્યું છે. પેલા બે ત્યાગ, વિરક્ત માટે જ કેમ શક્ય છે ? - મોક્ષ માટેની એની ઇચ્છાના કારણે - મુમુક્ષયા । આ ઇચ્છા જ એને પેલા બંને ત્યાગ માટે પ્રેરે છે. સંગ એટલે આસક્તિ, બહાર અને અંદરની વિષયવાસનાઓ પ્રત્યેની આસક્તિ. તુ-શબ્દ, બંને વાક્યોમાંનાં વિધાનો વચ્ચેના તફાવતનો નિર્દેશ કરે છે. (૩૭૩)

અનુવાદ :

અંદરનો અને બહારનો ત્યાગ વિરક્ત માણસ જ કરી શકે છે. (આવો) વિરક્ત (માણસ) જ મોક્ષ માટેની (એની) ઇચ્છા વડે (આંતર-બાહ્ય વિષયોની) આસક્તિને ત્યજે છે. (૩૭૩)

ટિપ્પણ :

જે માત્ર એક જ અને અદ્વિતીય (एकं एव अद्वितीयम्) છે અને જે સદા-સર્વદા સત્ય-સ્વરૂપ (ब्रह्म सत्यम्) છે, એવા બ્રહ્મના સાક્ષાત્કાર માટે, સાધક માટે, જે કાંઈ આવશ્યક છે તેનું સમ્યક્ જ્ઞાન તેના માટે સુલભ કરી આપવું, એ જ આ ગ્રંથનું મુખ્ય પ્રયોજન છે. યોગ-દર્શનમાં પતંજલિએ પ્રબોધેલી 'યોગ'ની પ્રક્રિયાની સમજણ જરૂરી હતી તે આપ્યા પછી, હવે, આચાર્યશ્રી વૈરાગ્યસ્વરૂપનું પ્રતિપાદન હાથ ધરે છે.

આમ તો, આ વિષયની પૂર્વભૂમિકા, આ પહેલાં, શ્લોક-૩૬૮માં જ, એક સૂચન-રૂપે, આચાર્યશ્રીએ, રચી જ દીધી હતી. 'નિર્વિકલ્પ' પણ એક પ્રકારનો 'યોગ' જ છે અને એ યોગ-પ્રવેશના અધિકાર માટેનાં પ્રાથમિક સાધનો(योगस्य प्रथमं द्वारम्)નો નિર્દેશ કરતાં, તેમણે निराशा, निरीहा - એવા જે બે શબ્દો પ્રયોજ્યા છે, તે આ 'વૈરાગ્ય'નો જ સંકેત આપે છે.

અને શ્લોક-૧૭૭માં તો, મનને વિમુક્તિ માટે તૈયાર કરવા માટે, **વિવેક** અને વૈરાગ્ય એ બેની પરિપક્વતા પર જ આ રીતે ભાર મૂકવામાં આવ્યો છે :

विवेकवैराग्यगुणातिरेकात्
शुद्धत्वमासाद्य मनो विमुक्त्यै ।

હવે, વૈરાગ્યનાં સ્વરૂપનાં દૃઢીકરણ માટે અને એનાં મહત્ત્વ પર ભાર મૂકવા માટે, આચાર્યશ્રી, એની વિચારણા હાથ ધરે છે.

પરંતુ તે પહેલાં, આપણે આ વૈરાગ્ય-શબ્દને બરાબર સમજી લઈએ : ગમતી વસ્તુ પ્રત્યેનાં આકર્ષણ માટે રાગ અને અણગમતી વસ્તુ પ્રત્યેના અણગમા માટે દ્વેષ, - એ બેનાં દ્વન્દ્વમાંનો રાગ, મનુષ્યને સંસારનાં બંધનોમાં જકડી રાખનારું એક મજબૂત પરિબળ છે. રાગ-રહિત થયા વિના, રાગ-મુક્ત બન્યા વિના, મોક્ષની ઇચ્છા સેવવી, એટલે કે 'મુમુક્ષુ' અથવા 'મોક્ષાર્થી' બનવું શક્ય જ નથી. આ રાગ-રહિત થવું એટલે જ 'વિ-રાગ' અને આ શબ્દ પરથી બનેલું ભાવવાચક નામ (Noun) એટલે 'વૈરાગ્ય'-રાગરાહિત્ય, રાગમુક્તિ (Total detachment from worldly objects). આવી વૈરાગ્યવૃત્તિને જેણે સંપૂર્ણરીતે આત્મસાત્ કરી હોય તેને 'વિરક્ત' કહેવાય.

અને આવો **'વિરક્ત'** જ, આંતર-બાહ્ય બંને પ્રકારના ત્યાગ માટે યોગ્ય બની શકે છે (**યુજ્યતે**), કારણ કે મોક્ષની તેની સંનિષ્ઠા જ તેને ઉપર્યુક્ત બંને પ્રકારની આસક્તિ-(**સંગ**)ના ત્યાગ માટે આવશ્યક એવાં સઘળાં પ્રેરણા-પ્રોત્સાહનો પૂરાં પાડે છે. જગતનાં સર્વ 'અનાત્મ'-તત્ત્વો પ્રત્યેના રાગમાંથી, એટલે કે અહં-મમ-ભાવમાંથી મુક્તિ, એ જ **'વૈરાગ્ય'** (Renunciation).

અહીં થોડી શબ્દ-રમત (Word-play) સૂઝે છે, તેનાં પ્રલોભનને હું ટાળી શકતો નથી : શ્લોકમાંના **વિરક્તઃ** શબ્દમાં ઉપસર્ગ તરીકે જે **વિ** છે, તે, તેની સાથેના મૂળ શબ્દને બે અર્થચ્છાયાઓ આપે છે, (૧) **વિ** એટલે 'વગરનું'-'વિનાનું'; સંસાર પ્રત્યેના રાગ-વિનાનો હોય (**વિગતઃ રાગઃ યસ્ય સઃ ઇતિ વિરાગઃ ।**) તે તો **'વિરક્ત'** ખરો જ; પરંતુ (૨) **વિ** એટલે 'વિશિષ્ટ', 'વિશેષતાવાળો', 'વખાણવા લાયક', - એવી અર્થચ્છાયા પણ આ **વિ**-ઉપસર્ગમાં છે જ. એટલે જેનો **'રાગ'** અનિચ્છનીય નહીં, પરંતુ એ **'રાગ'** બ્રહ્મ પ્રત્યેનો હોવાથી (**વિશિષ્ટઃ અથવા વિશેષેણ-રાગઃ યસ્ય સઃ, અસૌ વિરાગઃ ।**) આવો સાધક પણ વિરક્ત જ કહેવાય !

અને આચાર્યશ્રી તો, પ્રખર તત્ત્વજ્ઞ ઉપરાંત, એક સમર્થ સર્જક અને શબ્દસ્વામી પણ છે જ : ઉપર્યુક્ત પરસ્પરવિરોધી એવા બંને અર્થમાં આ **વિરક્ત**-શબ્દનો પ્રયોગ, એમને અભિપ્રેત હોય પણ ખરો !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૭૩)

૩૭૪

बहिस्तु विषयैः संगं तथान्तरहमादिभिः ।
विरक्त एव शक्नोति त्यक्तुं ब्रह्मणि निष्ठितः ॥३७४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બહિસ્તુ વિષયૈઃ સંગં તથાન્તરહમાદિભિઃ ।
વિરક્ત એવ શક્નોતિ ત્યક્તું બ્રહ્મણિ નિષ્ઠિતઃ ॥૩૭૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્મણિ નિષ્ઠિતઃ વિરક્તઃ એવ બહિઃ વિષયૈઃ તથા અન્તઃ અહં-આદિભિઃ સંગં ત્યક્તું શક્નોતિ ॥૩૭૪॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : વિરક્તઃ એવ સંગં ત્યક્તું શક્નોતિ । - વૈરાગ્યવાન (માણસ)

જ આસક્તિનો ત્યાગ કરી શકે છે. આ 'સંગ' કોની સાથેનો ? बहिः विषयैः तथा अन्तः अहं-आदिभिः (संगं) । - બહારના વિષયોનો અને અંદરના અહંકાર વગેરે સાથેનો 'સંગ'; અને આ વૈરાગ્યવાન માણસ (विरक्तः) કેવો હોવાથી આવો ત્યાગ કરી શકે છે ? - ब्रह्मणि निष्ठितः । બ્રહ્મમાં પાકી (પૂરી) નિષ્ઠા રાખનાર, બ્રહ્મમાં જેની નિષ્ઠા સ્થિર થઈ છે, તેવો. तु - શબ્દ, બંને શ્લોકો(૩૭૩-૩૭૪)માંનાં એકસરખાં પ્રતિપાદનને દૃઢતર કરવા માટે પ્રયોજાયો છે. (૩૭૪)

અનુવાદ :

બ્રહ્મમાં જેની નિષ્ઠા સ્થિર થઈ છે એવો વિરક્ત (મનુષ્ય) જ બહારના વિષયો અને અંદરના અહંકાર વગેરેનો સંગ ત્યજી શકે છે. (૩૭૪)

ટિપ્પણ :

અંદરની વિષયવાસનાઓ અને બહારની, શબ્દ-સ્પર્શ-વગેરે તન્માત્રાઓની આસક્તિનો ત્યાગ કરનાર વૈરાગ્યવાન મનુષ્ય માટે, અહીં, એક મહત્ત્વનું સૂચક વિશેષણ ઊમેરવામાં આવ્યું છે અને તે છે, - ब्रह्मणि निष्ठितः ।

આ ઊમેરાનું કારણ એ છે કે 'બ્રહ્મનિષ્ઠા', - અને તે પણ પાકી અને સ્થિર 'બ્રહ્મનિષ્ઠા', - એ કોઈ સામાન્ય પ્રકારની સિદ્ધિ નથી : મનને બીજે ક્યાંય પરિભ્રમણ કરતું અટકાવીને તેને માત્ર બ્રહ્મમાં જ સ્થાપવું, એનો અર્થ જ એ કે તે મનુષ્ય સંપૂર્ણરીતે અકામ-નિષ્કામ-આપ્તકામ થઈ ચૂક્યો છે. પોતાનાં મનને તો ઠીક, પરંતુ તેણે પોતાના આત્માને પણ સંપૂર્ણરીતે 'અસંગ' બનાવીને, પોતાનાં એ ભીતરી આત્મસ્વરૂપનું બ્રહ્મ સાથે 'જોડાણ' (યોગ) સિદ્ધ કરી દીધું હોય છે. બ્રહ્મ સાથે જેણે આવી અવિચળ અને પરિપક્વ નિષ્ઠા સિદ્ધ કરી હોય, એવો **'વિરક્ત'** જ પેલા બંને આંતર-બાહ્ય સંગનો ત્યાગ કરવાનું સામર્થ્ય ધરાવી શકે.

ગયા શ્લોકમાં જે પ્રેરણા વિરક્તને પોતાની 'મુમુક્ષા' પાસેથી પ્રાપ્ત થતી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું, એવું જ પરિબળ તેને પોતાની બ્રહ્મનિષ્ઠા તરફથી સાંપડતું હોવાનું અહીં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

આ ब्रह्मणि निष्ठितः, - એવું આ વિશેષણ **'વિરક્ત'** માટે ઊમેરવાનું સાચું કારણ તો એ છે કે મુમુક્ષાની પરિપૂર્ણતાનો આધાર પણ, અંતે તો, બ્રહ્મનિષ્ઠા પર જ રહે છે : બ્રહ્મનિષ્ઠા વગર કોઈની પણ મુમુક્ષા સિદ્ધ કે સંપન્ન થઈ શકે નહીં.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૭૪)

वैराग्यबोधौ पुरुषस्य पक्षिवत्
पक्षौ विजानीहि विचक्षण त्वम् ।
विमुक्तिसौधाग्रतलाधिरोहणं
ताभ्यां विना नान्यतरेण सिध्यति ॥३७६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વૈરાગ્યબોધૌ પુરુષસ્ય પક્ષિવત્
પક્ષૌ વિજાનીહિ વિચક્ષણ ત્વમ્ ।
વિમુક્તિસૌધાગ્રતલાધિરોહણં
તાભ્યાં વિના નાન્યતરેણ સિધ્યતિ ॥૩૭૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(હે) વિચક્ષણ ! પક્ષિવત્ પુરુષસ્ય વૈરાગ્યબોધૌ (દ્વૌ) પક્ષૌ (સ્તઃ), ઇતિ ત્વં વિજાનીહિ ! તાભ્યાં (દ્વાભ્યાં પક્ષાભ્યાં) વિના, અન્યતરેણ વિમુક્તિ-સૌધ-અગ્રતલ-અધિરોહણં ન સિધ્યતિ ॥૩૭૬॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (હે) વિચક્ષણ ! त्वं विजानीहि । વિચક્ષણ એટલે ચતુર, નિપુણ, ડાહ્યો, વિદ્વાન. આ શબ્દ, અહીં, ગુરુજીએ શિષ્યને કરેલાં સંબોધનરૂપે છે. विजानीहि (वि + ज्ञा એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ) - તું જાણી લે, સમજી જા. શિષ્યે શું જાણવા-સમજવાનું છે ? - पुरुषस्य (द्वौ) पक्षौ (स्तः) इति विजानीहि । - એ જ કે પુરુષને, એટલે કે મનુષ્યને, બે પાંખો હોય છે. કઈ બે પાંખો ? वैराग्यबोधौ । બોધ એટલે, 'આત્મા' અને 'અનાત્મા' એ બે વચ્ચેના ભેદને આત્મસાત્ કરવાની સમજણ (Understanding), એટલે કે વિવેકબુદ્ધિ (Sense of Discrimination); ટૂંકમાં, આવું વિવેકપૂર્ણ જ્ઞાન. આ બે પાંખો, - એટલે કે આ બે, વૈરાગ્ય અને બોધ, મનુષ્ય માટેની પાંખો છે, એમ તું સમજી લે. આ બે પાંખો, કોની જેમ ? पक्षिवत् - પક્ષીની જેમ. મનુષ્ય અને પક્ષી વચ્ચેની આ ઉપમા, બંને પાસે બે પાંખો હોવાની પરિસ્થિતિ પર, આધારિત છે. આ ઉપમાને, પક્ષી - શબ્દને પણ મનુષ્યસ્ય - એ શબ્દની જેમ पक्षिणः इव (એમ ષષ્ઠી વિભક્તિ

એકવચનમાં મૂકીને) પક્ષીને છે તેમ, - એમ સ્પષ્ટ કરી શકાય : પક્ષીને જેમ બે પાંખો હોય છે, તેમ જ મનુષ્યને પણ વૈરાગ્ય અને બોધનાં રૂપમાં અથવા એ બે-રૂપી બે પાંખો હોય છે.

(૨) તાભ્યાં (દ્વાભ્યાં પક્ષાભ્યાં) વિના અધિરોહણં ન સિધ્યતિ । અધિરોહણ એટલે આરોહણ, ઊંચે ચઢવું-પહોંચવું. આવું અધિરોહણ તે બંને પાંખો વિના સિદ્ધ થઈ શકે નહીં, એ બંને વગર ઉપર ચઢી શકાય નહીં. પણ ચઢવાનું છે ક્યાં, કયાં સ્થળે ? વિમુક્તિ-સૌધ-અગ્રતલ-અધિરોહણમ્ । સૌધ એટલે મહેલ, પ્રાસાદ, મહાલય, ઊંચી ઇમારત. અગ્રતલ એટલે છેક ઊંચેનો-ઉપરનો માળ, એટલે કે અગાશી; ત્યાં આરોહણ કરવાનું છે; પરંતુ આ મહેલ કયો ? - વિમુક્તિરૂપી; પણ આ બંને, - વૈરાગ્ય અને બોધરૂપી, બંને-પાંખોની શી જરૂર ? બેમાંથી એક હોય તો ન ચાલે ? જવાબ ચોખ્ખો છે - **"ના"**, ન અન્યતરેણ - તે બંને વગર, માત્ર એકથી અથવા બીજાં કોઈ સાધનથી, આવું 'અધિરોહણ' શક્ય નથી. (૩૭૫)

અનુવાદ :

હે વિચક્ષણ (સાધક) ! વૈરાગ્ય અને વિવેકજ્ઞાન(એ બે)રૂપી બે પાંખો, મનુષ્યને, પક્ષીની જેમ, હોય છે, - એમ તું (બરાબર) સમજી લે : તે બંને વિના, અન્ય કોઈ સાધન વડે, વિમુક્તિરૂપી મહાલયના છેક ઉપરના માળની અગાશી પર ચઢી શકાય નહીં. (૩૭૫)

ટિપ્પણ :

જે શિષ્યને ગુરુજી વેદાંતવિદ્યાનો ઉપદેશ આપે છે તે, કોઈ સામાન્ય પ્રકારનો વિદ્યાર્થી નથી, મોક્ષપ્રાપ્તિ જેવું ઉચ્ચ અને આધ્યાત્મિક જીવનધ્યેય સેવનાર એક વિશિષ્ટ અને બહુશ્રુત વિદ્વાન છે; એટલે આવા શિષ્ય માટે, ગુરુજીએ પ્રયોજેલું સંબોધન **"વિચક્ષણ"** સંપૂર્ણરીતે સાર્થક અને સમુચિત છે.

એવું જ બીજું સાર્થક્ય અને સમૌચિત્ય છે, શ્લોકમાં પ્રયોજવામાં આવેલી ઉપમાનું : પક્ષીની બંને પાંખો, પૂરતી સક્ષમ હોય તો જ તે, આકાશમાં, ઊંચે, તેને જ્યાં પહોંચવું હોય ત્યાં સુધી, ઊડી શકે છે; બેમાંથી એક પાંખ ન હોય, એટલે કે એક પાંખ કપાઈ ગઈ હોય તો અથવા નબળી હોય તો, તે યથેચ્છ ઊંચે ઊડી શકે નહીં. વૈરાગ્યના મહિમાની ચર્ચા તો અહીં ચાલી જ રહી છે, પરંતુ 'આત્મા'-'અનાત્મા'ના વિવેકનું જ્ઞાન અને એના દ્વારા જ પ્રાપ્ત થઈ શકતું પરમબ્રહ્મરૂપી સર્વોચ્ચ સત્યનું જ્ઞાન - (બોધ), - એ બંને, સાધકને એકસરખાં સિદ્ધ ન હોય તો, તે પણ "વિમુક્તિ"-રૂપી ઉચ્ચ મહાલયની અગાશી સુધી અધિરોહણ ન જ કરી શકે.

બીજી એક વાત પણ સમજી લેવાની રહે છે : વૈરાગ્ય વિનાનું જ્ઞાન પાંગળું છે, કશા પણ કાર્ય માટે અશક્ત છે અને વિવેકબુદ્ધિજન્ય બોધ એકલો વૈરાગ્ય વગર, આંધળા જેવો છે, એને કશું સૂઝી શકે નહીં : હકીકતમાં, તે બંને વચ્ચે, 'અંધપંગુન્યાય'સૂચિત, સંબંધ છે : અંધ એવા વૈરાગ્યના ખભે બેસીને જ, પંગુ એવું જ્ઞાન, મોક્ષ એવાં પોતાનાં ધ્યેયસ્થાને પહોંચી શકે ! સાધક ગમે તેવો બહુશ્રુત પંડિત હોય, પરંતુ તેનું આ પાંડિત્ય, સાચી અને સંનિષ્ઠ વૈરાગ્યવૃત્તિ પર આધારિત ન હોય તો, તે બંને એકલાં કશી જ સિદ્ધિ મેળવી ન શકે.

આ જ છે મર્મ છે, नान्यतरेण - એ શબ્દનો !

વ્યાકરણશાસ્ત્રમાં, આથી જ, નપુંસક-લિંગ(Neuter Gender)ને 'નાન્યતર'-(ન અન્યતર, ન પુરુષ, ન સ્ત્રી) કહેવામાં આવે છે : માનવસમાજમાં આવા "નપુંસક"(Eunuch)નું શું-કેવું સ્થાન ?

ઉત્તર : ન ઉચિત, ન આવશ્યક !

બસ, એવું સ્થાન, વૈરાગ્ય અને બોધ એ બંનેનું, - જો તે બંને, એકબીજા વિનાનાં, એકલાં જ, હોય તો !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૭૫)

૩૭૬

अत्यन्तवैराग्यवतः समाधिः
समाहितस्यैव दृढप्रबोधः ।
प्रबुद्धतत्त्वस्य हि बन्धमुक्ति-
-र्मुक्तात्मनो नित्यसुखानुभूतिः ॥३७६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અત્યન્તવૈરાગ્યવતઃ સમાધિઃ
સમાહિતસ્યૈવ દૃઢપ્રબોધઃ ।
પ્રબુદ્ધતત્ત્વસ્ય હિ બન્ધમુક્તિ-
-ર્મુક્તાત્મનો નિત્યસુખાનુભૂતિઃ ॥૩૭૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં શ્લોક પ્રમાણે જ, જેને 'દંડાન્વય' કહેવામાં આવે છે, તે પ્રમાણે ગદ્ય અન્વય છે. (૩૭૬)

શબ્દાર્થ :

'દંડાન્વય' હોવાથી, શ્લોકની **ચાર** પંક્તિનાં **ચાર** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) **अत्यन्तवैराग्यवतः समाधिः (भवति)** । - **अत्यन्त** એટલે તીવ્ર, દૃઢ, પરિપક્વ, ઊંડો, પાકો, પૂરો. ઊંડા-તીવ્ર વૈરાગ્યવાન(સાધક)ને જ સમાધિ થાય છે.

(૨) **समाहितस्य एव दृढप्रबोधः (अस्ति)** । - **समाहित** (सम् + आ + धा, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) એટલે સમાધિસ્થ, જેને સમાધિ થઈ હોય તે, સમાધિ પામેલો; **दृढ** એટલે પાકું, ઊંડું, પરિપક્વ, સંનિષ્ઠ; **प्रबोधः** એટલે જ્ઞાન; (આવા) સમાધિસ્થને જ દૃઢ જ્ઞાન મળે છે.

(૩) **प्रबुद्धतत्त्वस्य हि बन्धमुक्तिः (भवति)** । **प्रबुद्धतत्त्व** એટલે જેને પૂરેપૂરું-પાકું તત્ત્વજ્ઞાન થયું હોય તે, જ્ઞાન મેળવ્યા પછી જેણે આત્મતત્ત્વને આત્મસાત્ કરી લીધું હોય તે. **बन्ध** એટલે સંસારનું બંધન. આવા 'પ્રબુદ્ધતત્ત્વ'ને જ સંસારનાં બંધનમાંથી મુક્તિ એટલે કે છુટકારો મળે છે. **हि**-શબ્દ સર્વ વાક્યોના અર્થમાં નિશ્ચય સૂચવે છે.

(૪) **मुक्तात्मनः नित्य-सुख-अनुभूतिः (भवति)** । **मुक्तात्मा** એટલે ઉપર્યુક્ત સંસારબંધનમાંથી મુક્તિ પામેલો માણસ; આવી વ્યક્તિને જ નિત્ય-સુખ, એટલે નિત્ય-આનંદનો અનુભવ થાય છે. (૩૭૬)

અનુવાદ :

ઊંડા વૈરાગ્યવાન(સાધક)ને જ સમાધિ થાય છે. આવા સમાધિસ્થને જ દૃઢ જ્ઞાન થાય છે. જ્ઞાન વડે જેણે આત્મતત્ત્વ જાણ્યું હોય, તેને જ (સંસારનાં)બંધનમાંથી મુક્તિ મળે છે અને આવા મુક્તાત્માને જ નિત્યસુખનો અનુભવ થાય છે. (૩૭૬)

ટિપ્પણ :

અહીં, ચારેય વાક્યોમાં, મુમુક્ષુ સાધકને પ્રાપ્ત થતી સિદ્ધિ, વૈરાગ્યથી શરૂ થાય છે અને અંતે શાશ્વત-બ્રહ્મ-આનંદના અનુભવમાં પરિસમાપ્ત થાય છે : વૈરાગ્ય પછી સમાધિ, ત્યારપછી જ્ઞાન, ત્યારપછી બંધનમુક્તિ અને છેલ્લે નિત્યસુખાનુભૂતિ.

પરંતુ આ ચારેય તબક્કામાં પ્રાપ્ત થતી સિદ્ધિને જરા સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈને સમજવા જેવી છે : અહીં સામાન્ય પ્રકારના **'વૈરાગ્ય'**ની વાત નથી; ઘણી વ્યક્તિઓને આવેશમાં અને ઉતાવળમાં, 'શ્મશાન-વૈરાગ્ય' થાય છે; અને આવો વૈરાગ્ય કદી સિદ્ધ થઈ શકે નહીં, **'સમાધિ'**નો લાભ તો તેને જ મળે, જેનો વૈરાગ્ય, વિવેકબુદ્ધિમાંથી, પૂરી સમજણ પછી, પ્રગટેલો પરિપક્વ, તીવ્ર, દૃઢ અને હૃદયસ્પર્શી

ઊંડો હોય.

અને અહીં જે **'સમાધિ'**નો ઉલ્લેખ છે તે પણ, કોઈ સામાન્ય કે સવિકલ્પકક્ષાની નથી. આ પહેલાં જેનાં સ્વરૂપનું સવિસ્તર નિરૂપણ કરવામાં આવ્યું છે તે, ઉત્તમ અને આત્યંતિક એવી **'નિર્વિકલ્પ સમાધિ'**ની જ વાત છે, જ્યાં સર્વ પ્રકારનાં વિકલ્પો-વિચારો-વિક્ષેપો-ભેદો-દ્વૈતો સંપૂર્ણરીતે શમી ગયાં હોય.

આવા સમાધિસ્થ સાધકને જે **'જ્ઞાન'** પ્રાપ્ત થાય તે પણ, કંઈ સામાન્ય કક્ષાનું તો હોય જ નહીં ! એ જ્ઞાન પણ દૃઢ તો હોય જ, પરંતુ એથીયે આગળ વધીને તે જ્ઞાન અપરોક્ષ, એટલે કે પ્રત્યક્ષ હોય, જેનાથી સાધક પૂરેપૂરો પ્રબુદ્ધ(Enlightened) બનીને આત્મતત્ત્વને આત્મસાત્ કરવાનું સામર્થ્ય મેળવે; એટલું જ નહીં, પરંતુ તેને સંસારનાં બંધનોમાંથી છુટકારો અપાવી શકે.

અને જે, આ રીતે, સંસાર-બંધનમાંથી **'મુક્ત'** થયો હોય, તેને પછી, સંસારનાં કોઈ શોક-મોહ-વિષાદ કે દુઃખોનો તો સંપર્ક જ હોય નહીં : તે તો પછી, સદા-સર્વદા અવિરત એવા શાશ્વત **'સુખ'**ના અનુભવનો જ અધિકારી બની રહે !

અને આ સુખ સંપૂર્ણતઃ નિરપેક્ષ હોવાથી, 'નિજાનંદ' કક્ષાનું જ બની રહે છે, જ્યાં, મુક્તાત્મા, પેલાં સુપ્રસિદ્ધ સ્તોત્રમાં સમુચિત અને સુનિશ્ચિત રીતે સૂચવાયું છે તેમ, પરબ્રહ્મના આનંદમાં સતત અને સોલ્લાસ વિહરી જ રહ્યો હોય ! - नन्दति नन्दति नन्दत्येव ।

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૭૬)

૩૭૭

वैराग्यान्न परं सुखस्य जनकं पश्यामि वश्यात्मन-
-स्तच्चेच्छुद्धतरात्मबोधसहितं स्वाराज्यसाम्राज्यधुक् ।
एतद्द्वारमजस्रमुक्तियुवतेर्यस्मात्त्वमस्मात् परं
सर्वत्रास्पृहया सदात्मनि सदा प्रज्ञां कुरु श्रेयसे ॥३७७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વૈરાગ્યાન્ન પરં સુખસ્ય જનકં પશ્યામિ વશ્યાત્મન-
-સ્તચ્ચેચ્છુદ્ધતરાત્મબોધસહિતં સ્વારાજ્યસામ્રાજ્યધુક્ ।
એતદ્દ્વારમજસ્રમુક્તિયુવતેર્યસ્માત્ત્વમસ્માત્ પરં
સર્વત્રાસ્પૃહયા સદાત્મનિ સદા પ્રજ્ઞાં કુરુ શ્રેયસે ॥૩૭૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

वश्यात्मनः (साधकस्य) वैराग्यात् परं सुखस्य जनकं (अहं) न पश्यामि; तत् (वैराग्यं अपि) चेत् शुद्धतर-आत्मबोध-सहितं (अस्ति), (तत्) स्वाराज्य-साम्राज्य-धुक् (भवति); यस्मात् एतत् मुक्तियुवतेः अजस्रं द्वारं (अस्ति), अस्मात् परं सर्वत्र अस्पृहया सत्-आत्मनि सदा श्रेयसे प्रज्ञां कुरु ॥३७७॥

શબ્દાર્થ :

શ્લોકમાં, એક પછી એક, **પાંચ** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) મુખ્ય વાક્ય : वश्यात्मनः (साधकस्य) वैराग्यात् परं सुखस्य जनकं (अहं) न पश्यामि । (अहं) न पश्यामि - ગુરુજી શિષ્યને કહે છે કે "હું જોતો નથી, એટલે કે મને દેખાતું નથી." તેમને શું દેખાતું નથી ? - सुखस्य जनकम् । સુખ ઉત્પન્ન કરનારું, સુખજનક, સુખકારક, સુખપ્રદ, સુખનું સાધન; કેવું આ સાધન ? वैराग्यात् परम् । વૈરાગ્યથી બીજું કોઈ, વૈરાગ્ય કરતાં વધારે સુખજનક; કઈ વ્યક્તિનાં અનુસંધાનમાં આવાં સાધનની વાત થાય છે ? - वश्यात्मनः । - જેણે પોતાનાં મનને વશ કર્યું હોય, મન પર વિજય અથવા કાબુ મેળવી લીધો હોય તે, સંયમી સાધક; તેના માટે.

(૨) तत् (वैराग्यं) शुद्धतर-आत्मबोधसहितं (अस्ति) चेत् । शुद्धतर એટલે વધારે શુદ્ધ; आत्मबोध એટલે આત્મજ્ઞાન; चेत् એટલે જો; (अस्ति) चेत् - જો હોય તો; અને તે (વૈરાગ્ય) પણ જો સવિશેષ શુદ્ધ આત્મજ્ઞાનસહિત હોય તો. **"તો"** શું ? **"તો"** આ પછીનાં વાક્યમાં જણાવાયું છે, તેમ બને.

(૩) (तत् वैराग्यं) स्वाराज्य-साम्राज्य-धुक् (भवति) । स्वाराज्य એટલે स्वः-राज्य; स्वः એટલે સ્વર્ગ; આખા શબ્દનો અર્થ થાય, સ્વર્ગનું રાજ્ય, સ્વર્ગ-શાસન; એટલે કે સંપૂર્ણ-સ્વતંત્ર-સર્વોચ્ચ રાજ્ય, - જ્યાં અન્ય કોઈ નિયામક નથી, એવી પરિસ્થિતિ (इतर-अनियाम्यत्वम्); અને साम्राज्य એટલે સ્વતંત્ર આત્મસામ્રાજ્ય, બ્રહ્માંડમાં જે કંઈ છે તે સર્વ પરનું નિયમન (सर्वनियामकत्वम्), धुक् એટલે આપનારું; આવો વૈરાગ્ય સંપૂર્ણ-સ્વાતંત્ર્ય-(સ્વારાજ્ય) અને આત્મ-સાક્ષાત્કાર આપે છે. स्वाराज्यसाम्राज्यधुक् - એ સમાસનો વિગ્રહ આ પ્રમાણે થાય :

स्वाराज्यं च साम्राज्यं च दोग्धि इति ।

આવા જે **ઉપપદ**-સમાસને છેડે दोग्धि (दुह् - એટલે 'દોહવું' એ ધાતુનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ : **"દોહી આપે છે"**), - એ ક્રિયાપદ

આવે, ત્યાં એ ક્રિયાપદને બદલે ધુક્ - એ શબ્દ મૂકવામાં આવે છે. અર્થ : "સ્વારાજ્ય અને સામ્રાજ્યને દોહી આપનાર", - એટલે એકંદરે, **"એ બંને આપનાર"**, - એવો અર્થ થાય.

સરખાવો : कामधुक्-कामान् दोग्धि इति । - "કામનાઓ દોહી આપનાર", એટલે એકંદરે, "કામનાઓ મેળવી આપનાર", **"આપનાર"**.

(૪) यस्मात् एतत् (વૈરાગ્યં) मुक्तियुवतेः अजस्रं द्वारं (द्वारसमानं भवति) । अजस्र એટલે જેનો વ્યય કે નાશ નથી તે, વ્યય-વગરનું, અ-વ્યય, નિરન્તર; કારણ કે આવો વૈરાગ્ય મુક્તિરૂપી યુવતીનાં નિરતંર દ્વાર-સમાન છે.

(૫) अस्मात् सर्वत्र अस्पृहया सत्-आत्मनि सदा श्रेयसे प्रज्ञां कुरु । अस्मात् આથી, આ કારણે; માટે; **"આથી"** સાધકે શું કરવાનું ? - प्रज्ञां कुरु । પ્રજ્ઞા એટલે ઉચ્ચ પ્રકારની બુદ્ધિ; આવી બુદ્ધિને હંમેશ માટે (सदा) सत्यस्वરૂપ આત્મામાં (सत्-आत्मनि) તેણે સ્થિર કરવાની રહે છે; અને તે પણ સર્વત્ર, બધે, સ્પૃહા છોડી દઈને, નિઃસ્પૃહ થઈને(सर्वत्र अस्पृहया); શા માટે ? - श्रेयसे । તારાં કલ્યાણની પ્રાપ્તિ માટે. (૩૭૭)

અનુવાદ :

જેણે પોતાની જાતને સંપૂર્ણ વશ કરી લીધી છે તે(તેવા સાધક)ના માટે, વૈરાગ્ય કરતાં વધુ સુખજનક બીજું કોઈ સાધન હું જોતો નથી; અને તે (વૈરાગ્ય) પણ જો સવિશેષ શુદ્ધ આત્મજ્ઞાન સાથે હોય તો, તે પૂર્ણ સ્વાતંત્ર્ય અને આત્મસામ્રાજ્ય આપે છે; કારણ કે આ (વૈરાગ્ય) મુક્તિરૂપી યુવતીનું નિરન્તર-નિર્વ્યય (ખુલ્લું) દ્વાર છે. આથી (હે સૌમ્ય !) સર્વત્ર સ્પૃહા છોડી દઈને, તારાં પોતાનાં કલ્યાણ માટે, સત્યસ્વરૂપ એવા આત્મામાં સદા તારી પ્રજ્ઞાને સ્થિર કરી દે. (૩૭૭)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં, તીવ્ર વૈરાગ્યથી શરૂ કરીને, મુક્તાત્મા માટે, નિત્યસુખના અનુભવ સુધીની અંતિમ અને આત્યંતિક સિદ્ધિની વાત કરવામાં આવી હતી. પરંતુ તે પહેલાંના શ્લોક(૩૭૫)માં, જ્ઞાન (बोध) વિનાનો, એકલો વૈરાગ્ય, વિમુક્તિની સિદ્ધિ માટે અસમર્થ છે, એવું પ્રતિપાદન કર્યું હતું. એટલે ગયા શ્લોકમાંની ક્રમિક સિદ્ધિઓમાં, વૈરાગ્ય સાથે, જ્ઞાન(दृढप्रबोधः)ને સાંકળ્યું તો હતું જ, પણ અહીં તો, વૈરાગ્યની સાથે શુદ્ધતર આત્મજ્ઞાનનું સાહચર્ય હોય તો, તે વૈરાગ્ય, 'સ્વારાજ્ય' અને 'સામ્રાજ્ય' બંનેનો લાભ આપનારો બને છે; એટલું જ નહીં, પરંતુ આત્મજ્ઞાન-સહિત એવો આ વૈરાગ્ય, સાધકને, મુક્તિનાં છેક ખુલ્લાં દ્વાર સુધી પહોંચાડી દે છે,

- એવું નિરૂપીને, આચાર્યશ્રીએ, તીવ્ર વૈરાગ્ય અને દૃઢ આત્મજ્ઞાન, - એ બંનેના સહભાવનો મહિમા, કઈ અને કેવી પરમોચ્ચ સિદ્ધિ પર સાધકને પહોંચાડી શકે છે, તે, અહીં સિદ્ધ કર્યું છે.

શ્લોક સાથે સંકળાયેલી બે-ત્રણ ગૌણ બાબતોની નોંધ લઈને ટિપ્પણ પૂરું કરીએ :

(૧) સાધક માટે, પોતાની જાતને વશ કરવાના અર્થમાં, વશ્યાત્મા - શબ્દ પ્રયોજવામાં આવ્યો છે તે, સંસ્કૃત પરંપરામાં સુપ્રસિદ્ધ એવી, નીચે પ્રમાણેની, આઠ સિદ્ધિઓમાંની, વશિત્વં પ્રત્યે નિર્દેશ કરે છે :

अणिमा लघिमा प्राप्तिः प्राकाम्यं महिमा तथा ।
ईशित्वं च वशित्वं च तथा कामावसायिता ॥

(૨) શ્લોકમાંના સ્વારાજ્ય અને સામ્રાજ્ય, - એ બે શબ્દો, અનુક્રમે, સાધકનાં આંતર અને બાહ્ય, વિચારવિશ્વ પરનાં સ્વાતંત્ર્યનો ઉલ્લેખ પણ કરતા હોય.

(૩) એમ કહેવાય છે કે ઈશ્વર પણ, અંતે તો, 'સોપાધિક' છે; કારણ કે તે નિર્ગુણ-બ્રહ્મનો ઔપાધિક આવિષ્કાર છે, જ્યારે બ્રહ્મવિદ્‌ને તો બ્રહ્મની નિરુપાધિક અવસ્થાનો સાક્ષાત્કાર થયો હોય છે. વૈરાગ્ય-જ્ઞાનની બેલડી વશ્યાત્મા સાધકને 'સ્વારાજ્ય'-'સામ્રાજ્ય' આપનારી બને છે, તે સંદર્ભમાં આટલી સ્પષ્ટતા પ્રસ્તુત બને છે.

શ્લોકનો છંદ : શાર્દૂલવિક્રીડિત (૩૭૭)

૩૭૮

आशां छिन्धि विषोपमेषु विषयेष्वेवैव मृत्योः सृति-
स्त्यक्त्वा जातिकुलाश्रमेष्वभिमतिं मुञ्चातिदूरात् क्रियाः ।
देहादावसति त्यजात्मधिषणां प्रज्ञां कुरुष्वात्मनि
त्वं दृष्टाऽस्यमलोऽसि निर्द्वयपरं ब्रह्मासि यद् वस्तुतः ॥३७८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

આશાં છિન્ધિ વિષોપમેષુ વિષયેષ્વેવૈવ મૃત્યોઃ સૃતિ-
સ્ત્યક્ત્વા જાતિકુલાશ્રમેષ્વભિમતિં મુંચાતિદૂરાત્ ક્રિયાઃ ।
દેહાદાવસતિ ત્યંજાત્મધિષણાં પ્રજ્ઞાં કુરુષ્વાત્મનિ
ત્વં દૃષ્ટાઽસ્યમલોઽસિ નિર્દ્વયપરં બ્રહ્માસિ યદ્ વસ્તુતઃ ॥૩૭૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

विषोपमेषु विषयेषु आशां छिन्धि; एषा एव मृत्योः सृतिः (अस्ति); जाति-कुल-आश्रमेषु अभिमर्तिं त्यक्त्वा, क्रियाः अतिदूरात् मुञ्च; असति देहादौ आत्मधिषणां त्यज; आत्मनि प्रज्ञां कुरुष्व; यद् वस्तुतः त्वं दृष्ट्या असि, अमलः असि, निर्द्वयपरं ब्रह्म असि ॥३७८॥

શબ્દાર્થ :

શ્લોકમાં ગુરુજી શિષ્યને **ચાર** આજ્ઞા આપે છે અને પછી અંતે, એ આજ્ઞાઓનાં કારણરૂપ ઉપસંહાર **પાંચમાં** વાક્યમાં કરે છે, - એ કુલ **પાંચ** વાક્યો આ પ્રમાણે છે :

(૧) विष-उपमेषु विषयेषु आशां छिन्धि । छिन्धि એટલે કાપી નાખ, છેદી નાખ, છોડી દે; શું છોડવાનું છે ? आशाम् । આશા, તૃષ્ણા, આસક્તિ; શાની આશા છોડવાની છે ? विषयेषु । - વિષયોની, તેમના પ્રત્યેની; એ વિષયો કેવા છે ? - विष-उपमेषु । વિષ જેવા (પ્રાણઘાતક); આ છોડવાનું કારણ શું છે ? - एषा एव मृत्योः सृतिः (अस्ति). सृतिः । એટલે માર્ગ, રસ્તો; આ આશા જ મૃત્યુનો માર્ગ છે.

(૨) जाति-कुल-आश्रमेषु अभिमर्तिं त्यक्त्वा, क्रियाः अतिदूरात् त्यज । - त्यज એટલે ત્યજી દે, છોડી દે; શું ત્યજવાનું છે ? क्रियाः । ક્રિયાઓ, એટલે કામના વડે પ્રેરવામાં આવેલી સર્વ ક્રિયાઓ-કર્મો-પ્રવૃત્તિઓ; અને આ ક્રિયાઓને કેવી રીતે ત્યજવાની છે ? - अतिदूरात् । ખૂબ દૂરથી, તે તારી નજીક પહોંચે અથવા તું તેમની પાસે પહોંચે, તે પહેલાં, આઘેથી જ, અગાઉથી જ. પણ આ પહેલાં તેણે બીજું શું ત્યજવાનું છે (त्यक्त्वा) ? अभिमर्तिं - અભિમાન; પોતાનાં જાતિ, કુળ અને આશ્રમનું અભિમાન.

(૩) असति देहादौ आत्मधिषणां त्यज । धिषणा એટલે બુદ્ધિ, સમજ. દેહ વગેરેમાં આત્મબુદ્ધિને ત્યજી દે, એટલે કે 'તું દેહ-વગેરે છે', - એવી તારી પોતાની ખોટી સમજને છોડી દે, કારણ કે તે બધાં असत् છે, અસત્ય છે, મિથ્યા છે.

(૪) आत्मनि प्रज्ञां कुरुष्व । આત્મામાં જ બુદ્ધિને સ્થિર કર, પરોવ, રોપી દે.

(૫) આવી આજ્ઞાઓ આપવાનું કારણ (यद्) એ છે કે, ગુરુજી શિષ્યને કહે છે તે પ્રમાણે : वस्तुतः, त्वं दृष्ट्या असि । ખરેખર, હકીકતમાં, તું જ દૃષ્ટા છે,

त्वं अमलः असि । - તું નિર્મળ છે, વિશુદ્ધ છે; અને त्वं निर्द्वयपरं ब्रह्म असि । द्वय એટલે બે, દ્વૈત; નિર્દ્વય એટલે અદ્વિતીય, અદ્વૈત; તું જ અદ્વિતીય પરબ્રહ્મ છે. (૩૭૮)

અનુવાદ :

વિષ જેવા વિષયોની આશાને તું છોડી દે, કારણ કે આ (આશા) જ મૃત્યુનો માર્ગ છે; (તારાં) જાતિ-કુળ-આશ્રમનું અભિમાન છોડીને તું (સર્વ) ક્રિયાઓને ખૂબ દૂરથી ત્યજી દે; દેહ વગેરે મિથ્યા પદાર્થો પરની આત્મબુદ્ધિને ત્યજી દે અને આત્મામાં જ બુદ્ધિને પરોવી દે : કારણ કે, ખરેખર તો, તું જ દૃષ્ટા છો, નિર્મળ છો અને અદ્વિતીય એવું પરબ્રહ્મ પણ તું જ છો ! (૩૭૮)

ટિપ્પણ :

શ્લોક ભલે લાંબો અને મોટો છે, પણ તેમાંનાં સર્વ વાક્યો સરળ છે અને શબ્દો પણ સહેલા છે; અને તે બધાંને, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં સવિસ્તર સમજાવવાં આવ્યાં છે, એટલે, આમ તો, કશું અહીં ઊમેરવાનું રહેતું જ નથી.

વળી, શ્લોકમાં, જે આજ્ઞાઓ ગુરુજી શિષ્યને આપે છે, - વિનાશ અને અધોગતિને માર્ગે માણસને લઈ જનારા, વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ; વર્ણ-કુળ-આશ્રમ વગેરેનાં અભિમાનનો ત્યાગ; કામના-પ્રેરિત સર્વ કર્મોનો તો દૂરથી જ ત્યાગ; દેહ-મન-પ્રાણ-બુદ્ધિ વગેરે મિથ્યા અને અનાત્મા પદાર્થોમાંના અહંભાવનો ત્યાગ, - આ બધા **'ત્યાગ'** અને આત્મતત્ત્વમાં જ બુદ્ધિની નિષ્ઠા-સ્થિરતા (એ **એક વિધાયક** - Positive - **સૂચન**) : આ સર્વ સામગ્રી એટલે, ગુરુજીએ, શ્લોકની છેલ્લી પંક્તિમાં, શિષ્યની અપેક્ષિત જે સિદ્ધિનો નિર્દેશ કર્યો છે, તેની પૂર્વતૈયારીનાં તબક્કાઓ અને પગથિયાં જ છે.

તાત્પર્યાર્થની દૃષ્ટિએ વિચારીએ તો, વૈરાગ્યનાં સ્વરૂપ અને મહિમાની જે ચર્ચા છેલ્લા થોડા શ્લોકોમાં ચાલી રહી હતી, તેનું અહીં સમુચિત સમાપન છે : શ્લોકમાંની, ગુરુજીની સર્વ આજ્ઞાઓ, - નિષેધાત્મક અને વિધાયક, - શિષ્યની વૈરાગ્યભાવનામાં જો ક્યાંય કશી ત્રુટિ કે ખામી રહી જવા પામી હોય તો, તેને દૂર કરીને, તેની વૈરાગ્યબુદ્ધિને પ્રબળ અને પૂર્ણ બનાવીને તેનું દૃઢીકરણ કરવાનું જ કાર્ય કરે છે.

જે **'દૃષ્ટા'** હોય, એ તો દૂર રહીને, જે કંઈ તે જુએ છે, એમાં જરા પણ સંડોવાયા વિના, તેને માત્ર તટસ્થભાવે જોતો જ હોય (On-looker) અને તે જ સાચો સાક્ષી (Witness) કહેવાય. સાધક, આવા ભાવથી જ, જગતના સર્વ મિથ્યા પદાર્થોને જોતો હોય છે, તેથી જ તે એ બધાં દૃશ્યોનો માત્ર **'દૃષ્ટા'** જ છે.

અને જે 'સાક્ષી' છે તે તો શુદ્ધ જ હોય, એનામાં અપરાધભાવનો કશો 'મલ' હોય જ નહીં, એટલે તે તો સદા 'અમલ' જ હોય.

આમ, શ્લોકમાં, શિષ્યને તેનાં મુક્તિ-ધ્યેયનાં જે અભિગમ પર સ્થિર કરવા ગુરુજી ઇચ્છે છે, તે છે : "તું જ તે પરમબ્રહ્મ છે !"

અને આ જ છે વેદાંતવિદ્યામાં પ્રમાણિત અને પ્રમાણભૂત એવું વેદોક્ત મહાવાક્ય, - तत् त्वं असि ।

શ્લોકનો છંદ : शार्दूलविक्रीडित (૩૭૮)

૩૭૯

लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य बाह्येन्द्रियं
स्वस्थाने विनिवेश्य निश्चलतनुश्चोपेक्ष्य देहस्थितिम् ।
ब्रह्मात्मैक्यमुपेत्य तन्मयतया चाखण्डवृत्त्यानिशं
ब्रह्मानन्दरसं पिबात्मनि मुदा शून्यैः किमन्यैर्भ्रमैः ॥३७९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य बाह्येन्द्रियं
स्वस्थाने विनिवेश्य निश्चलतनुश्चोपेक्ष्य देहस्थितिम् ।
ब्रह्मात्मैक्यमुपेत्य तन्मयतया चाखंडवृत्त्यानिशं
ब्रह्मानन्दरसं पिबात्मनि मुदा शून्यैः किमन्यैर्भ्रमैः ॥३७९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य, बाह्येन्द्रियं स्वस्थाने विनिवेश्य, निश्चलतनुः (सन्), देहस्थितिं च उपेक्ष्य, तन्मयतया च ब्रह्म-आत्मा-ऐक्यं उपेत्य, अखण्डवृत्त्या अनिशं ब्रह्म-आनन्द-रसं आत्मनि मुदा पिब, - अन्यैः शून्यैः भ्रमैः किम् ? ॥३७९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अखण्डवृत्त्या अनिशं ब्रह्म-आनन्द-रसं आत्मनि मुदा पिब । ગુરુજી શિષ્યને આજ્ઞા કરે છે કે "તું બ્રહ્માનન્દના રસનું પાન કર, એટલે કે તે રસને પી." આ રસ કેવી રીતે પીવાનો છે ? - આ **ચાર** રીતે : (૧) आत्मनि - આત્મામાં; (૨) अखण्डवृत्त्या - અખંડાકાર વૃત્તિ દ્વારા, એવી વૃત્તિપૂર્વક;

(૩) अनिशम् - સતત, નિરંતર, હંમેશાં; (૪) અને मुदा - આનંદથી, આનંદપૂર્વક.

પરંતુ આ રસપાન કરતાં પહેલાં, તેણે શું-શું કરવાનું છે ? - આ **પાંચ** ક્રિયાઓને તેણે પરિપૂર્ણ કરવાની રહે છે : (૧) लक्ष्ये ब्रह्मणि मानसं दृढतरं संस्थाप्य । मानसं संस्थाप्य એટલે મનને સ્થાપીને, એનું સંસ્થાપન કરીને; ક્યાં મનને સ્થાપવાનું છે ? लक्ष्ये ब्रह्मणि । लक्ष्य અથવા ધ્યેયરૂપ એવાં બ્રહ્મમાં; કેવી રીતે સ્થાપવાનું છે ? - दृढतरम् - દૃઢતાપૂર્વક, દૃઢ રીતે, મજબૂત; (૨) बाह्येन्द्रियं स्वस्थाने विनिवेश्य । - બાહ્ય એટલે બહારની, બહિર્મુખ, એવી ઇન્દ્રિયોને પોતપોતાનાં સ્થાનોમાં પાછી પરોવીને, સ્થિર કરીને, એટલે કે એને અંતર્મુખ કરીને; (૩) निश्चलतनुः (सन्) । શરીરને નિશ્ચલ એટલે કે સ્થિર કરીને, નિશ્ચલ-શરીરવાળો થઈને,-બનીને; (૪) देहस्थितिं च उपेक्ष्य । શરીરની સ્થિતિની ઉપેક્ષા કરીને, એટલે કે એની સલામતીની ચિંતા કર્યા વિના. મનુષ્ય-શરીરની સ્થિરતા અને સલામતીની વાત નીકળી છે ત્યારે, એક મધ્યકાલીન હિંદી ભજન યાદ આવી જાય છે જેમાં, તે કવિએ આપણાં આ મનુષ્ય-શરીરનો, શરીર-સંપત્તિનો, ઉપહાસ એમ કહીને કર્યો છે કે **"ઈસ તન-ધન કી કૌન બડાઈ !"** - એટલે કે એનું મહત્ત્વ કેટલું ? - જ્યારે એ શબના અગ્નિ-સંસ્કાર થતા હોય ત્યારે, એના વાળ એવી રીતે બળતા હોય, - જાણે ઘાસનો કોઈ પૂળો બળતો હોય અને એનાં હાડકાંને બળતાં જોઈને, લાકડાની કોઈક ભારી નજર સામે તરવરી રહે ! (૫) तन्मयतया च ब्रह्म-आत्मा-ऐक्यं उपेत्य । તન્મયતાપૂર્વક, તન્મયભાવથી બ્રહ્મ અને જીવનું ઐક્ય પામીને, પ્રાપ્ત કરીને.

અને પછી, છેલ્લે, ગુરુજી, **'काकु प्रश्न'** (Rhetorical Question) દ્વારા, બીજી ઠાલી, શ્રેય વિનાની, નકામી ભ્રમણાઓથી દૂર રહેવાની શિષ્યને ચીમકી આપે છે : अन्यैः शून्यैः भ्रमैः किम् ? । - આવી ભ્રમણાઓનું શું પ્રયોજન ? એનો શો અર્થ ? એનાથી શું વળવાનું છે ? **'काकु प्रश्न'** એટલે એવો પ્રશ્ન, જેનો ઉત્તર તે પ્રશ્નમાં જ આવી જતો હોય ! એટલે કે એવી ભ્રમણાઓનો કશો જ અર્થ નથી, એ બધી નિરર્થક છે, નિષ્પ્રયોજન છે. (૩૭૯)

અનુવાદ :

મનને બ્રહ્મરૂપી લક્ષ્યમાં અતિદૃઢતાપૂર્વક સ્થાપીને; બાહ્ય-ઇન્દ્રિયોને તેમનાં પોતપોતાનાં મૂળ સ્થાનોમાં પાછી પરોવી દઈને; દેહની સ્થિતિની ઉપેક્ષા કરીને; શરીરને નિશ્ચલ રાખીને; બ્રહ્મ અને જીવની એકતાને તન્મયતાપૂર્વક પ્રાપ્ત કરીને, - અખંડવૃત્તિપૂર્વક, નિરંતર; આનંદથી, તું બ્રહ્માનંદના રસનું આત્મામાં પાન કર : બીજી ઠાલી ભ્રમણાઓનો શો અર્થ છે ? (૩૭૯)

ટિપ્પણ :

વૈરાગ્ય અને જ્ઞાન, - એ બે પાંખોની સહાય વડે, વિમુક્તિનાં ઉચ્ચ મહેલની અગાશીએ ઉડ્ડયન-આરોહણ કરવાનું શિષ્યને સૂચવીને, હવે, આ શ્લોકમાં આચાર્યશ્રી, શરીર-મન-ઇન્દ્રિયો પર પોતાનું સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપીને, બ્રહ્મ-જીવના અભેદભાવ સાથે તન્મય બનીને, બ્રહ્મસાક્ષાત્કારના અમૃતમય આનંદરસનું આકંઠ પાન કરવાનો અનુરોધ કરે છે.

અહીં **રસ**નું પાન કરવાનું, એટલે કે **રસ**ને પીવા(Drink)નું સૂચવવામાં આવ્યું છે એટલે, આ **'રસ-પાન'**નો મર્મ બરાબર સમજાય તે માટે, **'રસ'** સાથે સંકળાયેલી થોડી વિગતો સમજી લઈએ : **પહેલી** વાત તો એ કે **'રસ'** ત્રણ પ્રકારના છે : ભોજન સાથે સંકળાયેલા મીઠો-ખારો-ખાટો વગેરે **છ રસો**, જે બધા **સ્થૂલ** (Gross) કોટિના છે અને જેને જીભ (રસના) જેવી જ્ઞાનેન્દ્રિય વડે જ ચાખી શકાય છે; શૃંગાર-કરુણ-વીર વગેરે **આઠ** કે **નવ** સાહિત્યના **રસ** છે, જે બધા **સૂક્ષ્મ** (Subtle) છે અને જેનો આસ્વાદ અધિકારી સહૃદય પોતાનાં મન-હૃદય વડે જ કરી શકે છે; અને અહીં જે **'રસ'**નો સંદર્ભ છે તે તો જીવ-**બ્રહ્મ**ના **સાક્ષાત્કારનો 'રસ'** છે, જે **'સૂક્ષ્મતમ'** (Subtlest) છે અને મુમુક્ષુ સાધક જેને, તેની સાધનાની પરાકાષ્ઠાએ, માત્ર તેના આત્મા દ્વારા જ આસ્વાદી કે અનુભવી શકે છે.

બીજી વાત એ કે ભોજન સિવાયના જે બે **'રસો'** છે, તેમાં, ખરેખર, કોઈ "પીણું કે પ્રવાહી (Liquid)" હોતું નથી અને તેનું **'પાન'** એટલે આસ્વાદન અથવા અનુભૂતિ જ થઈ શકે અને આથી જ, આવા સૂક્ષ્મ કોટિના **'રસ'**ની વ્યાખ્યા જ એવી આપવામાં આવી છે, જેથી તે માત્ર સૂક્ષ્મ પ્રકારની **'રસના'**, **'ચર્વણા'** અને **'અનુભૂતિ'**નો જ વિષય બને છે : रस्यते, चर्व्यते, आस्वाद्यते, अनुभूयते इति रसः । ટૂંકમાં, આવા સૂક્ષ્મ **'રસો'**ને કથન-વર્ણન-શ્રવણ જેવી માત્ર સ્થૂલ પ્રક્રિયા સાથે કશો જ સંબંધ નથી.

ત્રીજી, છેલ્લી અને સૌથી મહત્ત્વની વાત એ છે કે અહીં જેનો સંદર્ભ છે તે બ્રહ્મ-જીવ-સાક્ષાત્કારનો **'રસ'** તો, પરમોચ્ચ, દિવ્ય અને અપાર્થિવ કક્ષાનો છે અને તેથી તેનું સ્વરૂપ એવું સૂક્ષ્મતમ (Most Subtle) છે કે તેને **ઉપનિષદ**ના ઋષિએ **"रसो वै सः ।"** - એવી સૂત્રાત્મક આર્ષ વાણીમાં વ્યક્ત કર્યો છે. **"सः"** એટલે પરમાત્મા પોતે, જે સ્વયં **"રસ"**રૂપ બની જાય છે અને અધિકારી સાધકને જ એની પરમ-ચરમ કક્ષાની અપરોક્ષ અનુભૂતિ આપે છે.

અહીં પણ એક હકીકત પ્રસ્તુત અને નોંધપાત્ર એ બની રહે છે કે શૃંગાર-કરુણ-વીર જેવા સાહિત્ય-રસની નિષ્પત્તિ ત્યારે જ શક્ય બને છે, જ્યારે કાવ્ય-

નાટકમાંનાં પાત્રો-પ્રસંગો-પ્રેક્ષકોનાં વિભાવ-અનુભાવ-વ્યભિચારિભાવ વગેરે સહુ ભાવોનો 'સંયોગ' થાય છે :

विभावानुभावव्यभिचारिसंयोगात् रसनिष्पत्तिः । (ભરત-"નાટ્યશાસ્ત્ર", ૬)

એટલે કે એ સહુના આવા ભાવોનું સંપૂર્ણ **"સાધારણીકરણ"** (Generalisation, Universalisation) સધાય, ત્યારે જ સાહિત્યરસની નિષ્પત્તિ થાય છે અને સાહિત્યરસિક **'સહૃદય'** (Connoisseur) રસનો આસ્વાદ કરી શકે છે. એ જ રીતે, બ્રહ્મસાક્ષાત્કારના આ **'રસ'**ની અનુભૂતિ માટે પણ, સાધકનાં ચિત્ત-હૃદયમાંનું સર્વ સ્થૂલ અને પાર્થિવ કક્ષાનું જ્ઞાન વિગલિત થઈ જવું જોઈએ (**विगलितवेद्यान्तर**) અને તે(જીવ)નું બ્રહ્મ સાથે એવું ઐક્ય સધાઈ જાય, **'साधारणीकृत'** બની જાય, જીવનો બ્રહ્મમાં એવો **'લય'** થઈ જાય કે તે બંને **'બે'** મટીને **'એક'** બની રહે ! આવી ચરમ અવસ્થાને જ આચાર્યશ્રીએ અહીં **'રસ-પાન'** એ શબ્દોમાં અભિવ્યક્ત કરી છે : "रसं पिब ।"

આવી પરાકાષ્ઠા(Climax)એ પહોંચવા માટેનાં જે થોડાં પગથિયાં છે, તેનું પ્રતિપાદન, આચાર્યશ્રીએ શ્લોકની પ્રથમ ત્રણ પંક્તિમાં કર્યું છે. સાધક આ સર્વ સોપાનોને સફળતાપૂર્વક ઓળંગે તો જ, તે, આ દિવ્ય અને અમૃતમય આનંદરસનાં **'નિષ્પત્તિ'**, **'साधारणीकरण'** અને **'લય'**ની પરમોચ્ચ કક્ષાને પામી શકે.

અને શ્લોકમાં જેનો ઉલ્લેખ છે તે, **'तन्मयता'** અને **'अखंडवृत्ति'** પણ આ જ !

બાકીનું બધું એટલે રસ-કસ-વિનાનાં, નિઃસત્ત્વ અને ઠાલાં ફોતરાં-ફીકાં-ફાંકાં ! (किं अन्यैः शून्यैः भ्रमैः ।)

શ્લોકનો છંદ : **शार्दूलविक्रीडित** (૩૭૯)

૩૮૦

अनात्मचिन्तनं त्यक्त्वा कश्मलं दुःखकारणम् ।
चिन्तयात्मानमानन्दरूपं यन्मुक्तिकारणम् ॥૩૮૦॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અનાત્મચિંતનં ત્યક્ત્વા કશ્મલં દુઃખકારણમ્ ।
ચિન્તયાત્માનમાનન્દરૂપં યન્મુક્તિકારણમ્ ॥૩૮૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

कश्मलं दुःखकारणं अनात्मचिन्तनं त्यक्त्वा, आनन्दरूपं आत्मानं चिन्तय, यत् मुक्तिकारणं (भवति) ॥३८०॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : आनन्दरूपं आत्मानं चिन्तय । - આનંદસ્વરૂપ આત્માનું ચિંતન કર. **'आत्मा'** કેવો છે ? - यत् मुक्तिकारणम् । - જે મુક્તિનું કારણ બની શકે છે (भवति), પરંતુ તે પહેલાં, સાધકે શું કરવાનું રહે છે ? - अनात्मचिन्तनं त्यक्त्वा । - 'અનાત્મા'નું એટલે કે જગત, દેહ વગેરે, જે 'આત્મા' નથી, તે બધાંનું ચિંતન છોડીને; આ અનાત્માનું ચિંતન છોડવાની સૂચના શા કારણે ? બે કારણે : **એક** તો એ કે તે कश्मलं એટલે કે પાપરૂપ છે અને **બીજું** એ કે તે દુઃખનાં કારણરૂપ (दुःखकारणम्) છે. (૩૮૦)

અનુવાદ :

પાપરૂપ અને દુઃખનાં કારણરૂપ એવા 'અનાત્મ'નું ચિંતન ત્યજીને, આનંદસ્વરૂપ એવા 'આત્મા'નું તું ચિંતન કર, જે, મુક્તિનું કારણ બની શકે છે. (૩૮૦)

ટિપ્પણ :

શ્લોક સાવ સહેલો છે અને અર્થ પણ અઘરો નથી. આ પહેલાં પણ, મોક્ષનું કારણ બની શકે છે એવા આત્માનાં સ્વરૂપ વિશે અને મોક્ષપ્રાપ્તિમાં જે વિઘ્નરૂપ બને છે અને મનુષ્યને સંસારનાં બંધનમાં જે સતત જકડી રાખે છે તે - જગત, દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, મન, વાસના, વિષયો, અહંકાર વગેરે જેવાં, - 'અનાત્મા'નાં સ્વરૂપ વિશે પણ, આ પહેલાં, સવિસ્તર ચર્ચા કરવામાં આવી જ છે, એટલે આ વિશે કશા વિસ્તારની જરૂર નથી.

માત્ર બે જ વાત પ્રસ્તુત છે : **એક** તો એ કે, શ્લોકમાં બે વાર પ્રયોજાયેલો **"ચિંતન"** શબ્દ, જેની ચર્ચા આચાર્યશ્રીએ હવે હાથ ધરી છે તે **"ધ્યાન"**નાં મહત્ત્વ પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે; અને **બીજું** એ કે **'અનાત્મા'**નું ચિંતન શા માટે છોડી દેવું અને **'આત્મા'**નું ચિંતન શા માટે કરવું, - એનાં કારણો તરીકે તે બંનેનાં જે વિશેષણો અપાયાં છે, અનુક્રમે, - दुःखकारणं અને मुक्तिकारणं, - તે બંને, સંપૂર્ણરીતે સૂચક (Significant) છે; અને **'આત્મા'** તો, પરમાત્મ-સ્વરૂપ એવાં **"સત્-ચિદ્-આનંદ"**નો જ એક અંશ, - એટલે કે **'આનંદ'** છે, એ કાંઈ જેવું-તેવું કે નાનું-સૂનું કારણ છે ! (૩૮૦)

एषः स्वयंज्योतिरशेषसाक्षी
विज्ञानकोशे विलसत्यजस्रम् ।
लक्ष्यं विधायैनमसद्विलक्षण-
मखण्डवृत्त्यात्मतयाऽनुभावय ॥३८१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એષઃ સ્વયંજ્યોતિરશેષસાક્ષી
વિજ્ઞાનકોશે વિલસત્યજસ્રમ્ ।
લક્ષ્યં વિધાયૈનમસદ્વિલક્ષણ-
-મખંડવૃત્ત્યાત્મતયાઽનુભાવય ॥૩૮૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્વયંજ્યોતિઃ અશેષસાક્ષી (ચ) એષઃ (આત્મા) વિજ્ઞાનકોશે અજસ્રં વિલસતિ; અસદ્વિલક્ષણં એનં (આત્માનં) લક્ષ્યં વિધાય, અખણ્ડવૃત્ત્યા આત્મતયા (ત્વં) અનુભાવય ॥૩૮૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) એષઃ (આત્મા) વિલસતિ । વિલસતિ એટલે પ્રકાશે છે, ઝળહળે છે, વિરાજે છે, શોભે છે. જેની ચર્ચા ચાલી રહી છે તે આ આત્મા પ્રકાશી રહ્યો છે. આત્મા ક્યાં પ્રકાશે છે ? - વિજ્ઞાનકોશે આ પહેલાં જેનું સ્વરૂપ સવિસ્તર નિરૂપવામાં આવ્યું છે તે વિજ્ઞાનમય કોશમાં; તે કેવી રીતે પ્રકાશે છે ? અજસ્રમ્ । - સદાસર્વદા, નિરન્તર, અણ-અટક્યો.

આ આત્મા કેવો છે ? - આ પ્રમાણે બે વિશેષણો : (અ) સ્વયંજ્યોતિઃ । સ્વયંપ્રકાશ, પોતાના વડે જ પ્રકાશતો, પોતાના જ પ્રકાશવાળો; અને (બ) અશેષસાક્ષી । - સર્વનો, સહુનો સાક્ષી.

(૨) એનં (ત્વં) અનુભાવય । - તું એ(આત્મા)નું ભાવન કર, અનુશીલન કર, રટણ કર. તે આત્મા કેવો છે ? અસદ્-વિલક્ષણમ્ । વિલક્ષણ એટલે જૂદો, ભિન્ન; અસત્ એટલે મિથ્યા, સંસારથી ભિન્ન; આ આત્માનું અનુશીલન કેવી રીતે

કરવાનું છે ? આ પ્રમાણે **ત્રણ** રીતે : (અ) एनं लक्ष्यं विधाय । એને જ લક્ષ્ય બનાવીને, એને જ જીવનનાં ધ્યેયરૂપે સ્થાપીને; (બ) **अखण्डवृत्त्या** । અખંડાકાર-વૃત્તિપૂર્વક, અખંડ બ્રહ્મવૃત્તિથી; (ક) **आत्मतया** । - આત્મભાવે, સ્વભાવે, સ્વ-સ્વરૂપે; એટલે કે 'તે તું પોતે જ છે', એમ સમજીને. (૩૮૧)

અનુવાદ :

સ્વયંપ્રકાશ અને સર્વનો સાક્ષી (એવો) આ (આત્મા) વિજ્ઞાનમય કોશમાં નિરંતર ઝળહળતો હોય છે; અસત્-થી ભિન્ન એવા એને લક્ષ્ય બનાવીને, અખંડ બ્રહ્મવૃત્તિપૂર્વક અને આત્મભાવે તું એનું ભાવન કર. (૩૮૧)

ટિપ્પણ :

આ પહેલાં, શ્લોક-૩૭૦માં, धियं यच्छ च बुद्धिसाक्षिणि । - એમ કહીને, **'ધ્યાન'**નો માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો; ત્યારપછી, શ્લોક-૩૭૯માં બ્રહ્માનંદ-રસનું પાન કરવાનો, શિષ્યને, અનુરોધ કરતાં પહેલાં, બ્રહ્મજીવનાં ઐક્યને તન્મયતાપૂર્વક પામવાનું સૂચવવામાં આવ્યું હતું અને આ પહેલાંના શ્લોકમાં તો आत्मानं चिन्तय । - એમ, આત્મચિંતનનો સીધો જ આદેશ આપવામાં આવ્યો હતો અને હવે થોડા શ્લોકોમાં ધ્યાનના પ્રકારોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પહેલી વાત તો એ કે જેનું અનુભાવન કરવાનું છે તે આત્માને પોતાના સમગ્ર ધ્યાનનાં 'લક્ષ્ય' તરીકે સ્થાપવાનું છે; **બીજું**, આ આત્મા સ્વયંપ્રકાશ છે, સૌનો પ્રકાશ છે છતાં તે પર-પ્રકાશિત નથી; એનો અર્થ જ એ કે તે જ્ઞાનસ્વરૂપ છે; **ત્રીજું**, તે સર્વનો સાક્ષી છે એટલે સર્વત્ર સઘળું જુએ છે; એની દૃષ્ટિ બહાર કશું જ નથી, એવો એ 'દૃષ્ટા' (Seer) છે; **ચોથી** અને છેલ્લી વાત એ કે તે વિજ્ઞાનમય કોશમાં નિત્ય-નિરંતર વિલસતો હોવાથી, સૂક્ષ્મબુદ્ધિરૂપી ખજાનામાં એ સદા-સર્વદા ઝળકતો હોય છે; એનો અર્થ એ જ કે તે સૂક્ષ્મબુદ્ધિ દ્વારા જ્ઞેય છે.

આવા આત્મા પર સાધકે જે બે પ્રકારે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે, તે બંને પણ યાદ રાખવા જેવા છે : **એક** તો એ કે તે અખંડાકારવૃત્તિપૂર્વક, એટલે કે એમાં જરા પણ વિક્ષેપ ન પડે એવું, તેલની ધાર જેવું (धारावाहिकया), સાતત્યપૂર્ણ હોવું જોઈએ; અને **બીજું**, એ કે 'પોતે જ તે આત્મા છે'- એવા આત્મભાવે, સ્વ-સ્વરૂપે, પૂરા આત્મીયભાવે, એનું અનુશીલન કરવાનું છે અને ખાસ તો એ કે બ્રહ્માંડમાંની સર્વ મિથ્યા વસ્તુઓથી આત્મા ભિન્ન છે, એટલે કે સદા સત્સ્વરૂપ છે, એ પણ સાધકે ભૂલવાનું નથી.

શ્લોકનો **છંદ : ઉપજાતિ** (૩૮૧)

૩૮૨

एतमच्छिन्नया वृत्त्या प्रत्ययान्तरशून्यया ।
उल्लेखयन् विजानीयात् स्वस्वरूपतया स्फुटम् ॥૩૮૨॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એતમચ્છિન્નયા વૃત્ત્યા પ્રત્યયાન્તરશૂન્યયા ।
ઉલ્લેખયન્ વિજાનીયાત્ સ્વસ્વરૂપતયા સ્ફુટમ્ ॥૩૮૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અચ્છિન્નયા પ્રત્યયાન્તરશૂન્યયા વૃત્ત્યા એતં (આત્માનં) ઉલ્લેખયન્, (સાધકઃ) સ્વસ્વરૂપતયા સ્ફુટં વિજાનીયાત્ ॥૩૮૨॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (સાધકઃ) એતં (આત્માનં) સ્ફુટં વિજાનીયાત્ । - સ્ફુટં એટલે સ્પષ્ટ રીતે; વિજાનીયાત્ - જાણી લેવો જોઈએ; જાણવો. (સાધકે) આ(આત્મા)ને સ્પષ્ટ રીતે જાણવો. કેવાં સ્વરૂપે જાણવો ? સ્વ-સ્વરૂપતયા । - પોતાનાં સ્વરૂપે, એટલે કે તે પોતે આત્મા છે, એવી પ્રતીતિથી; શું કરતાં-કરતાં જાણવો જોઈએ ? - ઉલ્લેખયન્ - એનું ચિંતન, રટણ કરતાં-કરતાં; કેવી વૃત્તિથી ચિંતન કરવાનું ? અચ્છિન્નયા પ્રત્યયાન્તરશૂન્યયા । આ વૃત્તિ, આવી બે પ્રકારની હોવી જોઈએ : (૧) અચ્છિન્નયા । - વચ્ચે અટક્યા વિનાની, અખંડ, અખંડિત, તેલની ધારા જેવી અસ્ખલિત, એકધારી; અને (૨) પ્રત્યયાન્તરશૂન્યયા । પ્રત્યય - સમજણ, વિષય, સંસર્ગ, પ્રતીતિ; પ્રત્યયાન્તર એટલે આત્મા-સિવાયની, અન્ય કોઈ પ્રતીતિ વિનાની, બીજા કોઈ પણ વિષય વગરની; શૂન્ય એટલે વિનાની, વગરની, રહિત. (૩૮૨)

અનુવાદ :

એકધારી અને અન્ય કોઈ વિષયના સંપર્ક વિનાની વૃત્તિથી (એનું) ચિંતન કરતાં-કરતાં, (સાધકે) આ(આત્મા)ને પોતાનાં જ સ્વરૂપે સ્પષ્ટ જાણી લેવો. (૩૮૨)

ટિપ્પણ :

અહીં પણ આત્માનાં ધ્યાનની ચર્ચા ચાલુ છે.

ગયા શ્લોકમાં, આત્માને, 'સ્વયં-પ્રકાશ' અને 'સર્વસાક્ષી', - એવાં બે વિશેષણો વડે વર્ણવવામાં આવ્યો હતો અને એને જ પોતાનાં જીવનનું એકમાત્ર લક્ષ્ય બનાવીને,

એનું આત્મભાવે અનુભાવન કરવાનું સૂચવવામાં આવ્યું હતું.

આ અનુભાવન, એટલે કે પરિશીલન, ધ્યાન, કેવી રીતે કરવું, - એની વિશેષ વીગતો અહીં આપવામાં આવી છે : એક તો એ કે જે કંઈ ચિંતન કરવામાં આવે, એમાં આત્માનો એકનો જ 'ઉલ્લેખ' હોવો જોઈએ, એ એક જ વિષય તરીકે હોવો જોઈએ (उल्लेखयन् विषयीकुर्वन्). બીજું, આ આત્માને વિશેષરૂપે જાણી લેવાનો છે (विजानीयात्), અને તે પણ માત્ર સ્પષ્ટરીતે (स्फुटं) જ નહીં, પરંતુ 'હું પોતે જ આ આત્મા છું' - એવાં પોતાનાં સ્વરૂપે જ એને જાણવાનો છે.

વળી, જે ચિત્તવૃત્તિ વડે, આત્માનું આ વિજ્ઞાન મેળવવાનું છે, તે પણ એવી વિશિષ્ટ અને અસામાન્ય હોવી જોઈએ કે તે ધ્યાન-પ્રક્રિયામાં જરા પણ વિક્ષેપ ન આવી જાય, - એવી, તેલની ધાર જેવી, અવિચ્છિન્ન, અસ્ખલિત, એકધારી, અણ-અટકી તે ચિત્તવૃત્તિ હોવી જોઈએ; પરંતુ આટલું જ પૂરતું નથી. ચિંતનની આ પ્રક્રિયા ચાલતી હોય તેમાં, આત્મા સિવાય, આત્મા-વિનાના, 'અનાત્મ'-કોટિના બીજા કોઈ વિષયનો સંપર્ક ન પ્રવેશી જાય, એને પણ સાધકે સતત, જાગ્રત રહીને, લક્ષમાં રાખવાની જરૂર છે; કારણ કે આવું બની જાય, બનવા પામે તો, આત્મ-ચિંતનની તે ચિત્તવૃત્તિ, એટલા પૂરતી, અધૂરી અને દૂષિત થઈ જાય અને પરિણામે, આત્માનું એ 'વિજ્ઞાન' (विजानीयात्), ન હોય પૂરું 'સ્પષ્ટ' અને ન હોય 'સ્વ-સ્વરૂપનું' !

ગયા શ્લોકમાં, **'अखण्डवृत्त्या'** એ શબ્દ દ્વારા, ધ્યાનની પ્રક્રિયા વિશે ઇશારો તો કરવામાં આવ્યો જ હતો. **अच्छिन्नया** અને **प्रत्ययान्तरशून्यया** એ બે શબ્દો પ્રયોજીને, આ શ્લોકમાં, એનું સમર્થન તથા દૃઢીકરણ કરવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૮૨)

૩૮૩

अत्रात्मत्वं दृढीकुर्वन् अहमादिषु सन्त्यजन् ।
उदासीनतया तेषु तिष्ठेत् घटपटादिवत् ॥३८३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अत्रात्मत्वं दृढीकुर्वन् अहमादिषु संत्यजन् ।
उदासीनतया तेषु तिष्ठेत् घटपटादिवत् ॥३८३॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अत्र आत्मत्वं दृढीकुर्वन्, अहं-आदिषु (च) सन्त्यजन्, तेषु (अहंकार-

आदिषु) घटपटादिवत् (साधकः) उदासीनतया तिष्ठेत् ॥३८३॥

शब्दार्थ :

મુખ્ય વાક્ય : (साधकः) अत्र उदासीनतया तिष्ठेत् । अत्र એટલે અહીં આ બાબતમાં, પરબ્રહ્મ-પરમાત્મા વિશે. तिष्ठेत् એટલે રહેવું જોઈએ; અહીં સૂચવવામાં આવ્યું છે તેવું વલણ, તેવો અભિગમ વગેરે અપનાવવાં-જાળવવાં જોઈએ. સાધકની ફરજ (Duty) તરીકે, આ બધું સૂચવવામાં આવે છે તેથી, આજ્ઞાર્થ (Imperative) અથવા વિધ્યર્થ(Potential)નાં ક્રિયાપદ-રૂપો પ્રયોજવામાં આવ્યાં છે (चिन्तय, अनुभावय, विजानीयात्, तिष्ठेत् - વગેરે), તે, સમુચિત છે.

સાધકે પરબ્રહ્મની બાબતમાં કેવું વલણ (Attitude) ધારણ કરવાનું રહે છે ? - અહીં, આ વિશે, જુદાં-જુદાં ત્રણ વલણો, આ પ્રમાણે, સૂચવવામાં આવ્યાં છે : (૧) अत्र (परब्रह्मविषये) आत्मत्वं दृढीकुर्वन् । दृढीकुर्वन् - (दृढ - શબ્દના 'च्वि'-રૂપનું, વર્તમાન-કૃદંત, પુલ્લિંગ, પ્રથમ વિભક્તિ એકવચનનું રૂપ) દઢ કરીને, મજબૂત બનાવીને; એટલે કે તેણે પરમાત્મામાં(બ્રહ્મમાં) પોતાનાં આત્મપણાંને, આત્મભાવને દઢ કરવાનો રહે છે. (૨) अहं-आदिषु (आत्मत्वं) सन्त्यजन् अहंकार-વગેરેમાં તેણે પોતાનાં આત્મપણાંને ત્યજી-છોડી દેવાનો રહે છે; અને ત્યારપછી, એટલે કે ઉપર્યુક્ત 'દઢીકરણ' અને 'ત્યાગ'નો અભિગમ અપનાવ્યા પછી, (૩) तेषु (अहंकार-आदिषु) उदासीनतया तिष्ठेत् ॥ - અહંકાર-વગેરે તે સર્વ પ્રત્યે ઉદાસીનભાવે તેણે રહેવું જોઈએ; એટલે કે તે બધાં પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ કેળવવી જોઈએ.

આવો ઉદાસીનભાવ કોના જેવો હોવો જોઈએ ? घटपटादिवत् । સામાન્ય રીતે, માણસ, જેવો ભાવ, જેવું વલણ, જેવી દૃષ્ટિ, ઘડો-કપડાં (घटपट) વગેરે પ્રત્યે રાખે છે, એમાં કોઈ પણ પ્રકારના અંગત રસ વગર, - તેના જેવો ભાવ, સંસારમાંની સર્વ ઘટનાઓ અને અનાત્મ-વસ્તુઓ પ્રત્યે તેણે કેળવવો જોઈએ. (૩૮૩)

અનુવાદ :

અહીં (પરબ્રહ્મમાં) આત્મભાવને દઢ કરીને, અહંકાર વગેરેમાં (આત્મભાવને) ત્યજી દઈને, (સાધકે) ઘટ-પટ વગેરે(બાબત)ની જેમ ઉદાસીનભાવે રહેવું જોઈએ. (૩૮૩)

ટિપ્પણ :

મોક્ષપ્રાપ્તિને પોતાનું જીવનધ્યેય સ્થાપીને, એને પરિપૂર્ણ કરવા સક્રિય એવા સાધકે, પોતાના આત્મભાવ, એટલે કે પોતાનાંપણાં (आत्मत्वं) પ્રત્યે કેવું વલણ

અપનાવવું, એનું અહીં માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

મોક્ષપ્રાપ્તિ એટલે પરબ્રહ્મ-સાક્ષાત્કાર; અને તેથી, સાધકે પોતાની આત્મબુદ્ધિને તે(પરબ્રહ્મ)માં જ સ્થાપવી જોઈએ, એ તો તેના તરફથી સેવવામાં આવતી એક સામાન્ય અપેક્ષા છે; પરંતુ તેનાં પેલાં આત્યંતિક ધ્યેયને સંપન્ન કરવા માટે, આટલું પર્યાપ્ત નથી. કારણ ?

કારણ કે તે સતત જીવે છે આ જગતમાં, સંસારમાં, - જ્યાં તેની સાથે સતત સંકળાયેલાં તેનાં, દેહ-ઇન્દ્રિયો-પ્રાણ-મન-અહંકાર વગેરે સઘળાં તત્ત્વો મિથ્યા અને 'અનાત્મા' છે. આ બધાં પ્રત્યે જો એની આત્મબુદ્ધિ, એનું પોતાનાંપણું ચાલુ રહે તો, મોક્ષપ્રાપ્તિનાં, એટલે પરબ્રહ્મસાક્ષાત્કારનાં પોતાનાં જીવનધ્યેયને તે કદી પણ પરિપૂર્ણ ન કરી શકે. આમ, આ સર્વ પ્રત્યે (अहमादिषु) તો તેણે સંપૂર્ણ-ત્યાગભાવ (सन्त्यजन्) જ અપનાવવો રહ્યો.

અને પરબ્રહ્મમાં પોતાનાં આત્મત્વને તેણે સ્થાપ્યો હતો તેને, હવે, તેણે સ્થિર અને દૃઢ કરવો જોઈએ (दृढीकुर्वन्).

પરંતુ આટલું કર્યા પછી પણ, એક મહત્ત્વનું કામ, તેના માટે બાકી રહે છે : તે 'રહે છે - જીવે છે' તો આ સંસારમાં જ ને ! પેલી સર્વ અનાત્મ-વસ્તુઓ અને એમાંનો એનો અહં-ભાવ, - એ સર્વનો ભલે એણે ત્યાગ કર્યો; છતાં એ સર્વ સતત રહે છે તો, એની આંખોની સામે જ; અને જેમાં તે જીવે છે, તે જગત અને સંસાર પણ હંમેશાં તેની નજર સામે જ છે !

તો, આનું શું કરવું ? બસ, એનું જ માર્ગદર્શન અહીં આપવામાં આવ્યું છે, - उदासीनवत्. આ **'ઉદાસીન'**-શબ્દને બરાબર સમજી લેવા જેવો છે, જેથી **'ઉદાસ'**-શબ્દ સાથે એનો ગોટાળો ન થઈ જાય ! **'ઉદાસ'** એટલે દિલગીર-દુઃખી-શોકમગ્ન-ખિન્ન. કોઈક બાબતમાં માણસને નિરાશા કે નિષ્ફળતા સાંપડી હોય તો તે **'ઉદાસ'** (Sad, Sorry, afflicted, Disappointed) થઈ જાય. જ્યારે આ **'ઉદાસીન'** એટલે તે માણસ, જે, પોતાની નજર સામેની વસ્તુઓ-વ્યક્તિઓ બાબતમાં પૂરેપૂરો અળગો-વેગળો રહે, - એવી રીતે કે જાણે એ સર્વ સાથે તેને કશો સંબંધ જ નથી ! **'ઉદાસીન'** (उद् + आसीन), એટલે કે જે 'ઊંચે બેઠેલો' છે અને પોતાની નીચે કે આજુબાજુ જે કંઈ છે, એને માત્ર જોયા જ કરે છે, એમાં તે જરા પણ સંડોવાતો નથી, તે સહુથી સંપૂર્ણરીતે અ-સ્પૃષ્ટ, અ-સંબદ્ધ, અન્-આસક્ત : Indifferent, apathetic, un-concerned, un-connected ! - કશો રાગ નહીં, દ્વેષ નહીં !

આવા **'ઉદાસીનભાવ'** માટે, શ્લોકમાં, એક સમુચિત ઉદાહરણ આપવામાં

આવ્યું છે : ઘટ-પટ-આદિવત્ । ફૂટેલો-તૂટેલો ઘડો, ફાટી ગયેલાં કપડાં, - વગેરે જેવી આવી બધી નકામી ચીજો પ્રત્યેનો માણસનો ભાવ કેવો હોય ? બસ, આવો જ ભાવ એટલે 'ઉદાસીનભાવ' !

જગત અને જગતની સર્વ અહંકારાદિ વસ્તુઓ પ્રત્યે, મુમુક્ષુ સાધકે, આવો **'ઉદાસીનભાવ'** કેળવવાનો રહે; એ બધાં સાથે જરા પણ સંડોવાયા (Involve થયા) વિના, માત્ર સાક્ષીભાવે, તટસ્થવૃત્તિથી રહેવાનું-જીવવાનું ! **'તટસ્થ'** તે છે, જે, નદીનાં કાંઠે ઊભો છે (तटे तिष्ठति असौ ।), છતાં નદીના પ્રવાહમાં પડતો નથી, 'પ્રવાહપતિત' બનતો નથી, પ્રવાહને માત્ર નિરપેક્ષભાવે જોયા જ કરે છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૮૩)

૩૮૪

विशुद्धमन्तःकरणं स्वरूपे
निवेश्य साक्षिण्यवबोधमात्रे ।
शनैः शनैर्निश्चलतामुपायन्
पूर्णं स्वमेवानुविलोकयेत् ततः ॥३८४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિશુદ્ધમન્તઃકરણં સ્વરૂપે
નિવેશ્ય સાક્ષિણ્યવબોધમાત્રે ।
શનૈઃ શનૈર્નિશ્ચલતામુપાનયન્
પૂર્ણં સ્વમેવાનુવિલોકયેત્ તતઃ ॥૩૮૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

साक्षिणि अवबोधमात्रे स्वरूपे विशुद्धं अन्तःकरणं निवेश्य, शनैः शनैः निश्चलतां उपानयन्, ततः पूर्णं स्वं एव अनुविलोकयेत् ॥३८४॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : ततः (साधकः) स्वं पूर्णं एव अनुविलोकयेत् । ततः એટલે કે આ પહેલાંના શ્લોકોમાં નિરૂપિત ધ્યાનની પ્રક્રિયાને બરાબર સમજી લીધા પછી; સાધકે પૂર્ણરૂપ એવા પોતાનું જ અવિરત દર્શન કરતાં રહેવું, એટલે કે પોતાનું જ, પોતાના આત્માનું જ પૂર્ણાત્મા-સ્વરૂપે સતત અવલોકન કરતાં રહેવું જોઈએ. પરંતુ તે પહેલાં તેણે શું કરવાનું રહે છે ? शनैः शनैः निश्चलतां उपानयन् । - ધીરે-ધીરે

નિશ્ચલ બનીને; કેવી રીતે નિશ્ચલ બનવાનું ? - साक्षिणि अवबोधमात्रे स्वरूपे विशुद्धं अन्तःकरणं निवेश्य । निवेश्य એટલે સ્થાપીને, સ્થિર કરીને, પરોવીને; કોને ? विशुद्धं अन्तःकरणम् । પોતાનાં વિશુદ્ધ અંતઃકરણને; ક્યાં સ્થાપીને ? स्वरूपे - સ્વરૂપમાં, આત્મામાં; આ સ્વરૂપ કેવું છે ? - साक्षिणि - સર્વનું સાક્ષી, સર્વનું દૃષ્ટા; અને अवबोधमात्रे । માત્ર જ્ઞાનસ્વરૂપ એવું (સ્વરૂપ). (૩૮૪)

અનુવાદ :

સર્વના સાક્ષી અને માત્ર જ્ઞાનસ્વરૂપ એવા સ્વરૂપમાં (એટલે કે, આત્મામાં) વિશુદ્ધ અંતઃકરણને સ્થાપીને, (સાધકે) ધીરે-ધીરે નિશ્ચલ બનીને, ત્યારપછી પોતાનું જ પૂર્ણાત્મા સ્વરૂપે, સતત દર્શન કરતાં રહેવું. (૩૮૪)

ટિપ્પણ :

સાચું અને સંપૂર્ણ **'ધ્યાન'** એ જ, જેનાં પરિણામે, જેનાં માધ્યમ વડે, ધ્યાતા અને ધ્યેય, એટલે કે ધ્યાન કરનાર, ધ્યાનનો કર્તા અને ધ્યાનનું પાત્ર, ધ્યાન-વિષય, - એ બંને એકાકાર બની જાય.

'ધ્યાન'ની આવી પ્રક્રિયા, એના સર્વ પ્રકારો સહિત, શિષ્યને સવિસ્તર સમજાવ્યા પછી, ગુરુજી, હવે તેને આત્મદર્શન વિશે માર્ગદર્શન આપે છે : अनुविलोकयेत् । लोकयेत् - ક્રિયાપદની આગળ જોડેલા અનુ અને વિ, - એ બે ઉપસર્ગો, અવલોકનની અથવા દર્શનની સંપૂર્ણતા અને સતતપણાંનો સંકેત આપે છે; પરંતુ આ દર્શન સંપૂર્ણ તો જ બની શકે, જો સાધક પોતાનાં સ્વરૂપને પૂર્ણાત્મા-સ્વરૂપે અવલોક્યા કરે (एव). દર્શનના આ અંતિમ તબક્કે તે પહોંચે તે પહેલાં, તેણે પોતાનાં જ સ્વરૂપમાં નિશ્ચલ એટલે કે અવિચળ બનવાનું રહે; અને આ નિશ્ચલતાની પ્રાપ્તિ ક્રમિક અને ધીમી હોય છે, એમાં ઉતાવળ કે ઝડપ ન ચાલે; કારણ કે પોતાનાં જે અંતઃકરણને સર્વસાક્ષી અને કેવળ જ્ઞાનસ્વરૂપ એવાં પરમાત્મામાં પરોવવાનું છે (निवेश्य), તેમાંથી સર્વ પ્રકારના વિચારો-વિકલ્પો-વિક્ષપોને દૂર કરીને, સર્વ રાગદ્વેષો વગેરેને અને અનાત્મ-વસ્તુઓ પ્રત્યેના અહંભાવ-મમભાવ અથવા કર્તાભોક્તાભાવરૂપી સઘળી મલિનતાનો પૂરેપૂરો નાશ કરીને, તેને સંપૂર્ણરીતે વિશુદ્ધ બનાવવાનું રહે.

બસ, આવાં અંતઃકરણનું સર્વ-દૃષ્ટા અને જ્ઞાનમાત્રસ્વરૂપ એવા પરમાત્મામાં નિવેશન, એ જ સાધકને ધીમે (शनैः शनैः) છતાં અચૂક રીતે, અવિરત આત્મદર્શન માટેની, આવશ્યક એવી અવિચળતાની પૂર્વભૂમિકાએ પહોંચાડી દે : પછી તો, એનું વિશુદ્ધ અંતઃકરણ પોતે જ વિશુદ્ધ બ્રહ્મ બની રહે, જ્યાં તેને કેવલજ્ઞાનસ્વરૂપની

જ પ્રતીતિ થાય ! દર્પણને દૂર કરવામાં આવે, ત્યારપછી પ્રતિબિંબને તો કોઈ અવકાશ જ ન રહે, - રહે એકમાત્ર મૂળરૂપ બિંબ ! આત્મદર્શન જ નહીં, આ તો સર્વાત્મદર્શન !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૮૪)

૩૮૫

देहेन्द्रियप्राणमनोऽहमादिभिः
स्वाज्ञानकॢप्तैरखिलैरुपाधिभिः ।
विमुक्तमात्मानमखण्डरूपं
पूर्णं महाकाशमिवावलोकयेत् ॥३८५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહેન્દ્રિયપ્રાણમનોઽહમાદિભિઃ
સ્વાજ્ઞાનકૢપ્તૈરખિલૈરુપાધિભિઃ ।
વિમુક્તમાત્માનમખંડરૂપં
પૂર્ણં મહાકાશમિવવાલોકયેત્ ॥૩૮૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

દેહ-ઇન્દ્રિય-પ્રાણ-મનઃ-અહમ્-આદિભિઃ સ્વ-અજ્ઞાન-કૢપ્તૈઃ અખિલૈઃ ઉપાધિભિઃ વિમુક્તં અખણ્ડરૂપં આત્માનં (સાધકઃ) મહાઆકાશં ઇવ પૂર્ણં અવલોકયેત્ ॥૩૮૫॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (સાધકઃ) આત્માનં અવલોકયેત્ । (સાધકે) આત્માનું અવલોકન, એટલે કે દર્શન, કરતાં રહેવું જોઈએ. આત્મા કેવો ? અખણ્ડરૂપમ્ - અખંડાકાર, અખંડસ્વરૂપ; અને વિમુક્તમ્ - વિમુક્ત, મુક્ત થયેલો, છુટ્ટો થયેલો; શાનાથી વિમુક્ત - ? ઉપાધિભિઃ । ઉપાધિઓથી; આ ઉપાધિઓ કઈ-કઈ છે અને કેવી છે ? દેહ-ઇન્દ્રિયો-પ્રાણ-મન અને અહંકાર વગેરે ઉપાધિઓ; અને સ્વ-અજ્ઞાન-કૢપ્તૈઃ । કૢપ્ત એટલે કલ્પવામાં આવેલી, કલ્પિત. ઉપર નિર્દેશ કરવામાં આવેલા આત્માનું દર્શન ક્યાં રૂપે કરવું જોઈએ ? - પૂર્ણમ્ - પૂર્ણ-રૂપે; કોનાં જેવાં પૂર્ણરૂપે ? - મહા-આકાશં ઇવ । ઘડા-વગેરેમાં રહેલાં અંશરૂપ, નાનકડાં, 'ઘટ-

આકાશ'('ઘટાકાશ')ની જેમ નહીં, પરંતુ એક જ આખાં, મૂળ, 'મહા-આકાશ'ની જેમ. (૩૮૫)

અનુવાદ :

પોતાનાં અજ્ઞાનને લીધે કલ્પવામાં આવેલી, દેહ-ઇન્દ્રિયો-પ્રાણ-મન-અહંકાર વગેરે સર્વ ઉપાધિઓથી વિમુક્ત એવા આત્માનું, (સાધકે) મહાકાશની જેમ પૂર્ણરૂપે અવલોકન કરતાં રહેવું જોઈએ. (૩૮૫)

ટિપ્પણ :

અહીં પણ આત્મદર્શનના મુદ્દાની ચર્ચા આગળ લઈ જવામાં આવી છે અને તે માટે, ગયા શ્લોકના **અનુવિલોકયેત્** એ ક્રિયાપદની જેમ, આ શ્લોકમાં પણ **અવલોકયેત્** - એવું ક્રિયાપદ યોજવામાં આવ્યું છે.

આત્મદર્શનનાં અનુસંધાનમાં, સાધકને, અહીં, **બે** સૂચનાઓ આ પ્રમાણે આપવામાં આવી છે : **(૧) એક** તો એ કે આત્માનું દર્શન ખંડરૂપે કે અપૂર્ણરૂપે નહીં, પરંતુ તેનાં મૂળભૂત અખંડ અને પરિપૂર્ણ સ્વરૂપે કરવું જોઈએ; અને આત્મા તો, હકીકતમાં, આવાં પરિપૂર્ણ-સ્વરૂપમાં જ સદા-સર્વદા હોય છે; એટલું જ નહીં, પરંતુ તે તો તેના સ્વકીય સ્વભાવ પ્રમાણે, સંપૂર્ણરીતે અસંગ અને અ-સંબદ્ધ હોવાથી, કોઈ ઉપાધિ-દ્વૈત-ભેદ વગેરેના ભાવો એનાં મૂળ સ્વરૂપમાં પરિવર્તન લાવી શકતા નથી; પરંતુ મનુષ્યનાં પોતાનાં અજ્ઞાનને લીધે, માત્ર કલ્પવામાં આવેલી, દેહ વગેરેની ઉપાધિઓને કારણે, તે ઉપાધિગ્રસ્ત છે, એવો **માત્ર ભાસ** થાય છે; અને તેથી તેનાં અખંડ-સ્વરૂપનું દર્શન શક્ય થતું નથી.

એટલે, સૌપ્રથમ જરૂર છે, મનુષ્ય માટે, પોતાની અવિદ્યાને દૂર કરીને સાચું, સંનિષ્ઠ અને સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની; અને આ ભલે થોડું અઘરું કામ હોય, અશક્ય તો નથી જ. શ્રુતિગ્રંથોના સ્વાધ્યાય અને સદ્‌ગુરુના ઉપદેશથી અજ્ઞાનનો નાશ થતાં જ, અજ્ઞાન-કલ્પિત પેલી સર્વ ઉપાધિઓ વિનષ્ટ થશે અને આ ઉપાધિ-વિનાશનાં પરિણામે, આત્મા, તરત જ, ઉપાધિ-વિમુક્ત થતાં, તેનાં અખંડ-સ્વરૂપે, પ્રકાશી રહેશે; અને સાધક તેનું, આવાં સ્વરૂપે જ, પૂર્ણરૂપે જ, અવલોકન કરી શકશે.

(૨) બીજી જે વાત અહીં સૂચવવામાં આવી છે તે, આત્મા માટે યોજવામાં આવેલી, **'મહાકાશ'**ની **ઉપમા**ની છે. આ **ઉપમા**ના અનુસંધાનમાં, એક હકીકત એ સમજી લેવાની રહે છે કે શાશ્વત અને સર્વવ્યાપી એવો આત્મા તો **એક અને અદ્વિતીય** જ છે, **અનુપમ કે નિરુપમ** છે અને તેથી એને કોઈની સાથે સરખાવી શકાય જ નહીં; કારણ કે જેની સાથે તેને સરખાવી શકાય એવું કોઈ **'ઉપમાન'** જ

સમગ્ર બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવતું નથી; એમ છતાં, આત્માનું અખંડરૂપ-દર્શન, મનુષ્યને, બૌદ્ધિક રીતે, પ્રતીત થાય, એ ઉદ્દેશને નજર સમક્ષ રાખીને, આત્મા માટે સમીપતમ (Nearest) તરીકે શક્ય એવાં એકમાત્ર **ઉપમાન** તરીકે, આચાર્યશ્રીએ, **'આકાશ'**ને પ્રયોજ્યું છે, - પાંચેય મહાભૂતોમાંથી **આકાશ** એક જ સૂક્ષ્મતમ (Subtlest) હોવાથી.

આ **આકાશ** (Outer Space, Ether) પણ, એની પોતાની મર્યાદા સાથે, એનાં સૂક્ષ્મ-સ્વરૂપે, સર્વત્ર પ્રસરેલું છે, તેથી ખાલી ઘડા(ઘટ)માં રહેલું આકાશ, ઘડાની ઉપાધિને કારણે જ, મર્યાદિત (Conditioned) **'ઘટાકાશ'**(ઘટ-આકાશ)નાં રૂપમાં નજરે પડે છે; પરંતુ ઉપાધિરૂપ ઘડાનો નાશ થતાં જ, ખાલી ઘડામાંનું **'આકાશ'** બહારના **'મહાકાશ'**(મહા-આકાશ)માં ભળી જાય છે અને એક-અખંડ સ્વરૂપે જ દેખાય છે.

આત્મદર્શનની બાબતમાં, **મહાકાશ**ની ઉપમા પ્રયોજીને, આચાર્યશ્રી, સાધકને, આવાં સંપૂર્ણસ્વરૂપનાં દર્શનનો અનુરોધ કરે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૮૫)

૩૮૬

घटकलशकुशूलसूचिमुख्यैर्गगनमुपाधिशतैर्विमुक्तमेकम् ।
भवति न विविधं तथैव शुद्धं परमहमादिविमुक्तमेकमेव ॥३८६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઘટકલશકુશૂલસૂચિમુખ્યૈર્ગગનમુપાધિશતૈર્વિમુક્તમેકમ્ ।
ભવતિ ન વિવિધં તથૈવ શુદ્ધં પરમહમાદિવિમુક્તમેકમ્ ॥૩૮૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(યથા) ગગનં ઘટ-કલશ-કુશૂલ-સૂચિ-મુખ્યૈઃ ઉપાધિશતૈઃ વિમુક્તં એકં ભવતિ, ન વિવિધં, તથા એવ અહં-આદિ-વિમુક્તં શુદ્ધં પરં પરમાત્મતત્ત્વં એકં એવ (ભવતિ, અસ્તિ) ॥૩૮૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તથા એવ, શુદ્ધં પરં (પરમાત્મતત્ત્વં) એકં એવ (ભવતિ, અસ્તિ) । તે જ રીતે, પરમાત્મતત્ત્વ, શુદ્ધ અને એકમાત્ર હોય છે. પરમાત્મતત્ત્વ આવું શુદ્ધ અને એકમાત્ર રૂપે ક્યારે હોય છે ? - અહં-આદિ-વિમુક્તમ્ । -

અહંકાર-વગેરેથી વિમુક્ત થાય ત્યારે, એવી વિમુક્ત દશામાં.

પરમાત્મતત્ત્વં(પરં)નું આવું સ્વરૂપ કોના જેવું છે ? - (યથા) ગગનં એકં ભવતિ, ન વિવિધં (તથા એવ) । - જે રીતે આકાશ એકરૂપ જ હોય છે, વિવિધરૂપવાળું થતું નથી, હોતું નથી, - તે જ રીતે. આકાશ આવું ક્યારે હોય છે ? ઘટ-કલશ-કુશૂલ-સૂચિ-મુખ્યૈઃ ઉપાધિશતૈઃ વિમુક્તેમ્ । મુખ્ય એટલે વગેરે; શતૈઃ એટલે સેંકડો, અસંખ્ય. કલશ એટલે કળશિયો, લોટો; કુશૂલ એટલે (અનાજ ભરવાની) કોઠી; સૂચિ એટલે સોય, સોયનું નાકું. આવી બધી અસંખ્ય ઉપાધિઓથી વિમુક્ત થતાં, એવી દશામાં, આકાશ વિવિધરૂપે થતું નથી, પરંતુ એકરૂપે જ રહે છે, - તે રીતે. (૩૮૬)

અનુવાદ :

જે રીતે આકાશ, ઘડો-લોટો-કોઠી-સોય વગેરે સેંકડો ઉપાધિઓનાં (સંબંધનાં) કારણે વિવિધરૂપવાળું થતું નથી, (પરંતુ એ જ ઉપાધિઓથી) વિમુક્ત થતાં, એકરૂપે જ રહે છે, તે જ રીતે અહંકાર-વગેરેથી વિમુક્ત શુદ્ધ પરમાત્મા એકમાત્ર જ હોય છે. (૩૮૬)

ટિપ્પણ :

આ પહેલાનાં શ્લોકમાં, એની ચોથી પંક્તિમાં પ્રયોજાયેલી, મહાકાશની ઉપમાનો વિસ્તાર કરીને, અહીં તે ઉપમા-સંકેતને સવિશેષ સ્પષ્ટ-સ્વરૂપે સમજાવવામાં આવ્યો છે.

ગયા શ્લોકમાં, આકાશની ઉપાધિ માટે, કોઈ વસ્તુનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન્હોતો, માત્ર સમગ્ર આકાશ માટે **'મહા-આકાશ'** એવો એક જ શબ્દ પ્રયોજાયો હતો. પરંતુ આત્મતત્ત્વ માટે જેમ દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, મન, અહંકાર જેવી અનેક ઉપાધિઓ હોય છે તેમ જ, આકાશ પણ પોતાનાં સમસ્ત, સમગ્ર, અખિલ, અખંડ અને એકમાત્ર સ્વરૂપમાં હોવા છતાં, એને પણ સેંકડો ઉપાધિ હોય છે, જેનાં પરિણામે તેનું પણ મર્યાદિત, વિભાજિત, ખંડિત અને વિવિધ સ્વરૂપમાં દર્શન થતું હોય છે, તેમ દર્શાવીને, આત્મતત્ત્વનાં એકમાત્ર એવાં અખંડ, પૂર્ણ અને શુદ્ધ સ્વરૂપનાં શાશ્વત સત્યને, આચાર્યશ્રી, અહીં પ્રમાણિત કરે છે.

ઘડો, લોટો, અનાજ ભરવાનો કોઠાર અને સોયનું નાકું, - વગેરે અસંખ્ય એવાં મોટાં-નાનાં પાત્રો કે સ્થળો બ્રહ્માંડમાં છે, જ્યાં અથવા જ્યાંની ખાલી જગામાં **'આકાશ'** હોય છે, જેથી આપણે તેને **'ઘટાકાશ'** (ઘટ-આકાશ), **'સૂચ્યાકાશ'** (સૂચિ-આકાશ), એવાં વિવિધ નામે અને રૂપે ઓળખીએ છીએ અને જોઈએ છીએ; પરંતુ

આ તો બધી, માત્ર 'ઉપાધિઓ' જ છે, આકાશ માટેની; આ ઉપાધિઓ દૂર થતાં, આકાશ 'ઉપાધિવિમુક્ત' થાય કે તરત જ તે, પેલાં વિવિધરૂપે નહીં, પરંતુ પોતાનાં મૂળ એકરૂપે જ રહે છે.

પરમાત્માનું સ્વરૂપ પણ આવું જ છે : સાધકે માત્ર એક જ પુરુષાર્થ કરવાનો રહે છે : પરમાત્માનાં અખંડ, એકરૂપ અને પરિપૂર્ણ સ્વરૂપનું તેને દર્શન થઈ શકે તે માટે, આવાં દર્શનમાં વિઘ્નરૂપ બનતી સર્વ ઉપાધિઓનું સંપૂર્ણ દૂરીકરણ અને નિવારણ.

શ્લોકનો છંદ : પુષ્પિતાગ્રા (૩૮૬)

૩૮૭

ब्रह्मादिस्तम्बपर्यन्ता मृषामात्रा उपाधयः ।
ततः पूर्णं स्वमात्मानं पश्येदेकात्मना स्थितम् ॥३८७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્માદિસ્તમ્બપર્યન્તા મૃષામાત્રા ઉપાધયઃ ।
તતઃ પૂર્ણં સ્વમાત્માનં પશ્યેદેકાત્મના સ્થિતમ્ ॥૩૮૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્મા-આદિ-સ્તમ્બ-પર્યન્તાઃ ઉપાધયઃ મૃષામાત્રાઃ (સન્તિ), તતઃ એકાત્મના સ્થિતં સ્વં આત્માનં પૂર્ણં પશ્યેત્ ॥૩૮૭॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) બ્રહ્મા-આદિ-સ્તમ્બ-પર્યન્તઃ ઉપાધયઃ મૃષામાત્રાઃ (સન્તિ) । - મૃષા એટલે મિથ્યા, કલ્પિત, આરોપિત; બ્રહ્મા - સમગ્ર જગતના સર્જક, બ્રહ્માજી; સ્તમ્બ - આ શબ્દના અર્થ વિશે, ભાષ્યકારોમાં મતભેદ છે : કેટલાક વિદ્વાનો **'સ્તમ્બ'**નો અર્થ 'ઘાસનું તણખલું', એવો કરે છે, જ્યારે બીજા કેટલાક **સ્તમ્બ** એટલે 'નાનામાં નાનું જંતુ' એવો કરે છે : સ્તમ્બઃ અણીયાન્ જન્તુઃ । ટૂંકમાં, વિશ્વમાંની સર્વ ઉપાધિઓ મિથ્યામાત્ર એટલે કે મિથ્યા જ છે, - અથવા સંપૂર્ણરીતે મિથ્યા છે : બ્રહ્માથી શરૂ કરીને, ઘાસનાં તણખલાં સુધીની મોટી-નાની સર્વ ઉપાધિઓ આ રીતે **'મિથ્યા'** જ હોય તો, સાધકે શું કરવું ? આ પછીનાં બીજાં વાક્યમાં સૂચવવામાં આવ્યું છે તેમ.

(૨) ततः एकात्मना स्थितं स्वं आत्मानं पूर्णं पश्येत् ॥ ततः એટલે તેથી, તે કારણે; ઉપરનાં વાક્યમાં ઉપાધિઓનાં સ્વરૂપને વર્ણવવામાં આવ્યું છે, તે જોતાં : विमृश्यमाने तेषां अप्रतीयमानत्वात् । ઉપાધિઓનું વિમર્શન કરવામાં આવતાં, તે સર્વ પ્રતીત થતી નથી, એટલે કે 'મિથ્યા' (unreal) છે, તેથી. **'તેથી'** શું કરવાનું ? (साधकः) स्वं आत्मानं पूर्णं पश्येत् । - સાધકે પોતાના આત્માને પૂર્ણરૂપે જોવો જોઈએ, એનું સંપૂર્ણ દર્શન કરવું જોઈએ. શ્લોકમાંનો આ पूर्णम् - શબ્દ, આત્માનાં સ્વરૂપ વિશે આ **બે** વાતનો સંકેત આપે છે :

એક તો એ કે આત્માનું સ્વરૂપ, એ અર્થમાં **"પૂર્ણ"** છે કે તે દેશ, કાળ અને વસ્તુ, - એ ત્રણેયની મર્યાદાઓથી પર છે, -

देश-काल-वस्तु-परिच्छेद-रहितम् ।

અને **બીજું** એ કે એ સ્વરૂપ એવું **"પૂર્ણ"** છે કે એમાંથી મિથ્યા ઉપાધિઓ વગેરે દૂર કરવામાં આવે તો પણ એમાં કશો **'ઘટાડો'** નથી અને એવું ને એવું જ **'પૂર્ણ'** રહે છે; અને એ જ રીતે, જગતમાં નવા જન્મોનો ઊમેરો થાય તો પણ તેમાં કશો **'ઊમેરો'** નથી !

'ઊમેરા' અને **'ઘટાડા'**ની આપણી સર્વ સ્થૂલ વિભાવનાઓથી, આત્માનાં સ્વરૂપની **"પૂર્ણતા"** સદા પર હોય છે !

આત્માનું આવું **"પૂર્ણ"** સ્વરૂપ, આપણને, **"શુક્લ-યજુર્વેદ"**ની ઉપનિષદોના આ સુપ્રસિદ્ધ **"शांतिपाठ"**મંત્રનું સ્મરણ કરાવે છે :

पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

આ 'આત્મા' કેવો છે ? - एकात्मना स्थितम् । - એક જ સ્વરૂપે સદા રહેલો. (૩૮૭)

અનુવાદ :

બ્રહ્માથી માંડીને છેક તણખલાં સુધીની બધી જ ઉપાધિઓ મિથ્યા જ છે, તેથી એક જ સ્વરૂપે રહેલા પોતાના આત્માને (સાધકે) પૂર્ણરૂપે જોવો જોઈએ. (૩૮૭)

ટિપ્પણ :

અહીં પણ આ પહેલાંના શ્લોકોમાંનાં ક્રિયાપદોની જેમ, पश्येत् - ક્રિયાપદ યોજાયું હોવાથી, સાધકે કરવાનાં આત્મદર્શનના મુદ્દાની ચર્ચા આ શ્લોકમાં પણ ચાલુ જ છે.

'ઉપાધિઓ' એટલે, આ પહેલાં આપણે જોયું છે તેમ, વસ્તુને એનાં મૂળસ્વરૂપે નહીં, પરંતુ ભિન્નસ્વરૂપે, - એટલે કે પોતાના સંબંધને કારણે પરિવર્તિત થઈ ગયેલાં, મૂળથી જૂદાં સ્વરૂપે, રજૂ કરતી વસ્તુઓ. આપણી પ્રસ્તુત ચર્ચામાં **'ઉપાધિઓ'** તે છે, જે, આત્માને તે-તે ભિન્ન સ્વરૂપે રજૂ કરે છે.

જગતમાં આવી ઉપાધિઓ માત્ર થોડી કે **નાનકડી** જ નથી, તે હકીકતને ભારપૂર્વક દર્શાવવામાં માટે, 'ઉપાધિઓ'ના આરંભના છેડે (Extreme) સર્જનહાર બ્રહ્માજી જેવી સૌથી મહાન વ્યક્તિને મૂકી છે અને એ ગણતરીના અંતિમ છેડે (Extreme) ઘાસનાં તણખલાં જેવી અત્યંત ક્ષુદ્ર અને તુચ્છ વસ્તુને મૂકી છે. એટલે, **'ઉપાધિઓ'**ની આ યાદી(List)માં આખાંયે જગતની મોટી-નાની સઘળી, એટલે કે અસંખ્ય, ઉપાધિઓનો સમાવેશ થઈ ગયો !

આ સર્વ 'ઉપાધિઓ' સંપૂર્ણરીતે મિથ્યા (મૃષામાત્રાઃ) છે, કારણ કે તે સર્વનું સાચું અધિષ્ઠાન તો એક જ છે : આત્મા, બ્રહ્મ. આ સર્વ ઉપાધિઓ તો તેના પર, એટલે કે આત્મારૂપ અધિષ્ઠાન પર, માત્ર આરોપિત(Super-imposed) જ છે, કલ્પિત છે, ભ્રાંતિજન્ય છે; એટલે કે તે પોતે 'મિથ્યા જ' હોવાથી, પોતાનાં 'ઉપાધિ'-સ્વરૂપને કારણે, પોતાનાં આરોપ-રૂપ આત્માને પણ મિથ્યા-સ્વરૂપે જ રજૂ કરે છે.

આ કારણે, સાધક માટે, માત્ર એક જ ઉપાય છે : આત્માને આવરી લઈને, તેને ભિન્ન સ્વરૂપે રજૂ કરતી આ સર્વ ઉપાધિઓને, આ પહેલાંના શ્લોકમાં સૂચવવામાં આવ્યું છે તેમ, નિવૃત્ત કરીને, આત્માને તેનાથી વિમુક્ત કરીને, માત્ર એક જ સ્વરૂપે સદા સ્થિત રહેલા, સ્વ-સ્વરૂપ એવા પોતાના આત્માનું સંપૂર્ણ અને અખંડ-સ્વરૂપે સતત દર્શન કરતાં રહેવું જોઈએ.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૮૭)

૩૮૮

यत्र भ्रान्त्या कल्पितं यद्-विवेके
तत्तन्मात्रं नैव तस्माद् विभिन्नम् ।
भ्रान्तेर्नाशे भ्रान्तिदृष्टाहितत्त्वं
रज्जुस्तद्वद् विश्वमात्मस्वरूपम् ॥३८८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યત્ર ભ્રાંત્યા કલ્પિતં યદ્-વિવેકે
તત્તન્માત્રં નૈવ તસ્માદ્ વિભિન્નમ્ ।

ભ્રાન્તેર્નાશે ભ્રાન્તિદૃષ્ટાહિતત્ત્વં
રજ્જુસ્તદ્વદ્ વિશ્વમાત્મસ્વરૂપમ્ ॥૩૮૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યત્ર ભ્રાન્ત્યા કલ્પિતં (વસ્તુ), યદ્-વિવેકે (સતિ), તત્ તત્ (વસ્તુ)માત્રં (જ્ઞાયતે, દૃશ્યતે), ન એવ તસ્માદ્ વિભિન્નં (અસ્તિ); ભ્રાન્તેઃ નાશે ભ્રાન્તિદૃષ્ટ-અહિતત્ત્વં રજ્જુઃ, તદ્-વત્ વિશ્વં આત્મસ્વરૂપમ્ (વર્તતે) ॥૩૮૮॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) તત્ તત્ (વસ્તુ)-માત્રં (જ્ઞાયતે, દૃશ્યતે) । - તે-તે વસ્તુ તે જ રૂપે હોવાનું સમજાય-જણાય-દેખાય છે. કઈ વસ્તુ ? યત્ર ભ્રાન્ત્યા કલ્પિતં (વસ્તુ) । - જ્યાં કોઈ વસ્તુને ભ્રાન્તિને લીધે કલ્પવામાં આવી હોવાથી, તેને તે કલ્પિત-રૂપે માની લેવામાં આવી હોય તે (વસ્તુ); તે વસ્તુ તેનાં મૂળ તે જ રૂપમાં ક્યારે નિશ્ચિત થાય છે ? યદ્-વિવેકે (સતિ) । જે વિશે વિવેક થવાથી, એના વિશે સાચી સમજણ થતાં, મૂળ વસ્તુનું યથાર્થ જ્ઞાન થતાં. અહીં 'સતિ-સપ્તમી' વાક્યરચના છે. - આમ થતાં અંતે શો નિર્ણય થાય છે ? - તસ્માત્ ન એવ વિભિન્નં (અસ્તિ ઇતિ) । - તેનાથી, એટલે કે મૂળ વસ્તુથી, ભિન્ન કશું જ હોતું નથી, એવો નિર્ણય થાય છે.

(૨) (દાખલા તરીકે) ભ્રાન્તેઃ નાશે ભ્રાન્તિ-દૃષ્ટ-અહિતત્ત્વં રજ્જુઃ (વસ્તુતઃ અસ્તિ) । - ભ્રાન્તિનો નાશ થયા પછી, ભ્રાન્તિરૂપે જોવામાં આવેલો સાપ, તે, ખરેખર તો, દોરડાંરૂપે જ હોવાનું સમજાય છે.

(૩) આ દાખલા પરથી, સત્ય-સ્વરૂપનાં દર્શનની, આપણી ચર્ચામાં શું ફલિત થાય છે ? - એ જ કે તદ્વત્ (ભ્રાન્તિદૃષ્ટં) વિશ્વં (વસ્તુતઃ) આત્મસ્વરૂપં (એવ વર્તતે) । તે જ રીતે, ભ્રાન્તિકાળે જણાતું વિશ્વ, વસ્તુતઃ, આત્મસ્વરૂપ જ છે. (૩૮૮)

અનુવાદ :

ભ્રાંતિને લીધે જ્યાં કલ્પિત (વસ્તુ) જણાતી હોય ત્યાં (મૂળ વસ્તુનું) યથાર્થજ્ઞાન થતાં, ત્યાં તે મૂળ વસ્તુ જ હોય છે, તેનાથી ભિન્ન કશું જ હોતું નથી : (દાખલા તરીકે) ભ્રાંતિનો નાશ થયા પછી, ભ્રાંતિરૂપે જોવામાં આવેલો સાપ, (હકીકતમાં,) દોરડું જ છે, (એમ સમજાય છે). તેવી રીતે, (ભ્રાંતિકાળે જણાતું) વિશ્વ, (વસ્તુતઃ) આત્મસ્વરૂપ જ છે. (૩૮૮)

ટિપ્પણ :

આપણે એ ભૂલવાનું નથી કે અહીં પ્રસ્તુત છે, સાધકે કરવાનાં સર્વાત્મદર્શનનો મુદ્દો.

આવું સંપૂર્ણ આત્મદર્શન કરવામાં, ઉપાધિઓનો અંતરાય નડતો હતો અને તેથી આત્માને ઉપાધિ-વિમુક્ત કરવાનો આદેશ સાધકને આપવામાં આવ્યો હતો. અહીં પણ આ જ મુદ્દાને જરા જૂદી રીતે મૂકવામાં આવ્યો છે : આમ તો, એમ પણ કહી શકાય કે, આત્માનું દર્શન કરવામાં, ઉપાધિઓ જે રીતે અંતરાય ઊભો કરતી હતી, તે પણ એક પ્રકારની **'ભ્રાંતિ'** જ હતી, કારણ કે જેનું મૂળરૂપે સાચું દર્શન કરવાનું છે, તે આત્મા વિશે આ ઉપાધિઓ ભ્રમણા (Delusion) ઊભી કરતી હતી.

શ્લોકમાં, સાપરૂપે દેખાતા દોરડાનું જે દૃષ્ટાંત આપવામાં આવ્યું છે તે - **'સર્પરજ્જુન્યાય'**-ની વાત, આ પહેલાં પણ, આવી ગઈ છે અને તેની સવિસ્તર સમજૂતી પણ આપવામાં આવી જ છે.

શ્લોકમાંની વાક્યરચના જરા સંકુલ, ક્લિષ્ટ અને સંકીર્ણ છે, તે છતાં અર્થ સ્પષ્ટ છે : અંધારાંમાં પડેલું દોરડું, અંધારાંને લીધે જોનારનાં મનમાં ભ્રાંતિ ઊભી કરે અને તે(ભ્રાંતિ)ને લીધે, જે વસ્તુ ત્યાં હતી જ નહીં, એવો કલ્પિત સાપ પેલા માણસને દેખાયો; પરંતુ ત્યાં માની લેવામાં આવેલી વસ્તુ (એટલે કે સાપ) માત્ર ભ્રાંતિ છે, - અને ત્યાં તો મૂળ વસ્તુ દોરડું જ છે, તેવું સત્ય, અજવાળું આવવાને કારણે, સમજાયું; અને આ ભ્રાંતિનો નાશ થતાં, મૂળ અધિષ્ઠાન-રૂપ દોરડાં કરતાં, તેનાથી ભિન્ન ત્યાં કશું જ નથી, એવો નિશ્ચય થાય છે : ભ્રાંતિના સમયે, ભ્રાંતિને જ કારણે જોવામાં આવેલો સાપ, હકીકતમાં તો, દોરડું જ છે, એવી સ્પષ્ટ અને સંપૂર્ણ તથા સાચી પ્રતીતિ, હવે, પેલી ભ્રમણા દૂર થતાં, જોનાર માણસને થાય છે. ટૂંકમાં, પેલી કલ્પિત વસ્તુ(એટલે કે સાપ)નું અસ્તિત્વ, મૂળ વસ્તુ(એટલે કે દોરડાં)નું અજ્ઞાન હોય ત્યાં સુધી જ ચાલુ રહે છે; અને આ અજ્ઞાન તો, અંધારાંએ સર્જેલી ભ્રાંતિને કારણે જ હતી : જેવું અજવાળું આવ્યું, તેવું જ, તરત જ, દોરડાં વિશેનું અજ્ઞાન દૂર થઈ ગયું ! દોરડું તેનાં મૂળ-સ્વરૂપે, દોરડાંરૂપે જ, દૃષ્ટિગોચર થઈ ગયું, પેલાં અજ્ઞાન-ભ્રાંતિ-કલ્પના વગેરેનો નાશ થઈ ગયો અને પેલો (બિચારો!) સાપ તો હવે ક્યાંય રહ્યો જ નહીં ! હકીકતમાં તો, તે ત્યાં હતો જ નહીં, એનું તો અસ્તિત્વ જ ત્યાં ન્હોતું, એટલે સત્યનું જ, 'સત્ય'-સ્વરૂપે દર્શન થયું : જેનું જ ત્યાં અસ્તિત્વ હતું, તે દોરડું જ ત્યાં દેખાયું અને જેનું ત્યાં અસ્તિત્વ હતું જ નહીં, તે સાપનું અસ્તિત્વ નષ્ટ થઈ ગયું !

અંધારાંને કારણે, પોતાની સામેનો થાંભલો ભૂત-રૂપે દેખાયો અને માણસ

ભયથી ભડક્યો, પરંતુ પોતાની પાસેની બેટરીની સ્વિચ દબાવી કે તરત જ પેલું ભૂત તો ક્યાંય ભાગી ગયું, - રહ્યો માત્ર મૂળ થાંભલો !

આપણી પ્રસ્તુત ચર્ચામાં પણ, સમગ્ર વિશ્વમાં, માત્ર આત્મા જ સર્વનું એકમાત્ર અને પૂર્ણ અધિષ્ઠાન છે. દોરડાંમાં જેમ સાપની ભ્રાંતિ થઈ હતી તેમ, અધિષ્ઠાન-રૂપ આત્મામાં જગતની ભ્રાંતિ થઈ; પરંતુ સાધકમાં આત્મજ્ઞાનનો ઉદ્‌ભવ અને ઉદય થતાં, ભ્રાંતિનો નાશ થયો અને જગત પોતે, વાસ્તવમાં, આત્મસ્વરૂપ જ છે, આત્માથી જરા પણ ભિન્ન નથી, એ હકીકતની સાધકને સંપૂર્ણ પ્રતીતિ થઈ ગઈ.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૮૮)

૩૮૯

स्वयं ब्रह्मा स्वयं विष्णुः स्वयमिन्द्रः स्वयं शिवः ।
स्वयं विश्वमिदं सर्वं स्वस्मादन्यन्न किंचन ॥३८९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वयं ब्रह्मा स्वयं विष्णुः स्वयमिन्द्रः स्वयं शिवः ।
स्वयं विश्वमिदं सर्वं स्वस्मादन्यन्न किंचन ॥३८९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्वयं ब्रह्मा, स्वयं विष्णुः, स्वयं इन्द्रः, स्वयं शिवः, स्वयं इदं सर्वं विश्वं, स्वस्मात् अन्यत् किंचन न (अस्ति) ॥३८९॥

શબ્દાર્થ :

શ્લોકમાં નાનાં-નાનાં છ વાક્યો આ પ્રમાણે છે :

(૧) (आत्मा) स्वयं ब्रह्मा (अस्ति) । આત્મા પોતે જ બ્રહ્મા છે.

(૨) (आत्मा) स्वयं विष्णुः (अस्ति) । આત્મા પોતે જ વિષ્ણુ છે.

(૩) (आत्मा) स्वयं इन्द्रः (अस्ति) । આત્મા પોતે જ ઇન્દ્ર છે.

(૪) (आत्मा) स्वयं शिवः (अस्ति) । આત્મા પોતે જ શિવ છે.

(૫) (आत्मा) स्वयं इदं सर्वं विश्वं (अस्ति) । આત્મા પોતે જ આ બધું વિશ્વ છે.

(૬) स्वस्मात् (आत्मनः) अन्यत् किंचन न (अस्ति) । સ્વ-સ્વરૂપ આત્મા સિવાય બીજું કાંઈ નથી. (૩૮૯)

અનુવાદ :

આત્મા પોતે જ બ્રહ્મા છે, આત્મા પોતે જ વિષ્ણુ છે, આત્મા પોતે જ ઇન્દ્ર છે, આત્મા પોતે જ શિવ છે અને આત્મા પોતે જ આ બધું વિશ્વ છે : સ્વ-સ્વરૂપ આત્મા સિવાય બીજું કાંઈ નથી. (૩૮૯)

ટિપ્પણ :

સાધકે સર્વત્ર આત્મદર્શન કરવું જોઈએ, - આવી સર્વાત્મદૃષ્ટિની ચર્ચા છેલ્લા થોડાં શ્લોકોમાં ચાલી રહી છે, તેની પરાકાષ્ઠાનું નિદર્શન આ શ્લોકમાં મળે છે.

'બ્રહ્મ એક અને અદ્વિતીય છે' (एकं एव अद्वितीयं ब्रह्म ।) - એ છે વેદાંતદર્શનનું આધાર-સૂત્ર. પરંતુ સમગ્ર બ્રહ્માંડમાં, આ રીતે, જો એક બ્રહ્મ જ સર્વત્ર હોય તો પછી, બ્રહ્મા-વિષ્ણુ-શિવ-ઇન્દ્ર વગેરે અનેક દેવોનું નિરૂપણ પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક-આધ્યાત્મિક-પૌરાણિક પરંપરામાં જોવા મળે છે, તેનું શું ? - એવો પ્રશ્ન, ઉપર્યુક્ત ચર્ચા-વિચારણાનાં અનુસંધાનમાં, કોઈ પણ સામાન્ય વિચારશીલ વ્યક્તિનાં મનમાં ઉદ્‌ભવે, એ સ્વાભાવિક છે.

અને આવા સવાલનાં સમાધાનનું પ્રતિપાદન પણ વેદાંતદર્શનના આચાર્યોએ જ, આ રીતે, કર્યું છે : બ્રહ્મ એક, અદ્વિતીય, નિષ્ક્રિય અને નિરુપાધિક છે, એ તો એક અસંદિગ્ધ, નિર્વિવાદ અને સુનિશ્ચિત સિદ્ધાંત છે; પરંતુ 'એક' એવા બ્રહ્મમાં જ જીવ અને જગતનો વ્યવહાર શક્ય બને તે શુભ ઉદ્દેશને લક્ષમાં રાખીને જ, આચાર્યશ્રીએ **ત્રણ** પ્રકારની **'સત્તા'**(Existence)ને આ પ્રમાણે સ્વીકારી છે : **પારમાર્થિક 'સત્તા', વ્યાવહારિક 'સત્તા' અને પ્રાતિભાસિક 'સત્તા'** - જેમાં સર્વ ભૂતો જીવી રહ્યાં છે તે. પંચમહાભૂતોવાળાં, આપણાં જગતના સર્વ વ્યવહારનો જેમાં સમાવેશ થઈ જાય, એ **'સત્તા'** એટલે **વ્યાવહારિક 'સત્તા'**.

બ્રહ્મ ભલે નિષ્ક્રિય, નિરુપાધિક અને દેશ-કાલ-વસ્તુ જેવાં ત્રિવિધ પરિચ્છેદોથી પર હોય, પરંતુ એ જ બ્રહ્મ જ્યારે સૃષ્ટિનાં સર્જન જેવું કાર્ય કરે ત્યારે, તે કાર્યરૂપી ઉપાધિનાં સંબંધને લીધે, એ જ બ્રહ્મ 'નિરુપાધિક' મટીને 'સોપાધિક' બને અને 'ઉપાધિ'નાં આ જ પરિવર્તનને કારણે, બ્રહ્મનાં નામમાં પણ પરિવર્તન આવે અને બ્રહ્મને નવું નામ મળે : **'બ્રહ્મા'**. એ જ રીતે, સર્જાયેલી સૃષ્ટિનાં પાલન-પોષણ-રક્ષણ-સંચાલનનાં કાર્યરૂપી 'ઉપાધિ'ને લીધે, એ જ બ્રહ્મ **'વિષ્ણુ'**નાં નામે ઓળખાય; બલિષ્ઠ હોવાની 'ઉપાધિ'ને કારણે, એ જ બ્રહ્મ **'ઇન્દ્ર'**નું નામ ધારણ કરે; અને જગતનાં સર્વ અજ્ઞાનના વિનાશનાં કાર્યરૂપી 'ઉપાધિ'નાં કારણે, બ્રહ્મ પોતે જ **'શિવ'**-નામ ધારણ કરે !

અને આમ છતાં, આ રીતે, કાર્યભેદે અથવા ઉપાધિભેદે, **'બ્રહ્મા'-'વિષ્ણુ'-'ઈન્દ્ર'-'શિવ'**, - એવાં નામોમાં, બ્રહ્મનું પરિવર્તન થવા છતાં, બ્રહ્મનાં મૂળ "સત્-ચિદ્-આનંદ", - એ સ્વરૂપમાં કશું જ પરિવર્તન થતું નથી; બ્રહ્મ તો, આવાં પરિવર્તન પછી પણ, એવું જ નિષ્ક્રિય, નિરુપાધિક અને પરિચ્છેદરહિત જ રહે છે, - આ જ છે વિશિષ્ટતા, વેદાંતદર્શનના આ **'કેવલાદ્વૈત'** સિદ્ધાંતની !

આ શ્લોકમાં, જે **"સ્વયં"**-શબ્દ પાંચ વાર પ્રયોજાયો છે તે, 'બ્રહ્મ'નાં 'સર્વમય' સ્વરૂપનાં પ્રતિપાદન અર્થે છે : બ્રહ્મ, સર્વાત્મ-સ્વરૂપે, પોતે જ (સ્વયં) **બ્રહ્મા** છે, **વિષ્ણુ** છે, **ઈન્દ્ર** છે, **શિવ** છે, - અને ચારે તરફ વિલસી રહેલું આ સમગ્ર વિશ્વ પણ તે પોતે જ છે.

આમ, સમસ્ત બ્રહ્માંડમાં, બ્રહ્મ **એક** જ હોવાથી, એને **'એકેશ્વરવાદ'** (Mono-theism) કહી શકાય, છતાં એના સિવાય બીજું કાંઈ જ નથી, એ એક જ સર્વત્ર અસ્તિત્વ ધરાવે છે, - એવાં અંતિમ સત્યને સ્વીકારીએ ત્યારે, એને તો **'સર્વેશ્વરવાદ'** અથવા **'સર્વત્રેશ્વરવાદ'** (Pan-theism) જ કહેવો પડે.

સમગ્ર વિશ્વના સૌથી પ્રાચીન મહાગ્રંથ એવા **"ઋગ્વેદ"**માં, ઈન્દ્ર-વરુણ-અગ્નિ-પર્જન્ય-સૂર્ય વગેરે અનેક દેવતાઓ(Deities)નાં સૂક્તો મળતાં હોવાથી, તેમાં **'અનેકેશ્વર'**-વાદ (Poly-theism) છે, એવું લાગે; તે છતાં, એ જ ઋગ્વેદમાં પણ, અંતે તો, -

एकं सत् विप्रा बहुधा वदन्ति । (१४ १६४, ४६)

- એવાં વિધાનથી, એ મહાગ્રંથ પણ **'એકેશ્વરવાદ'** તરફ ગતિ કરી રહ્યો હોય, એવું સ્પષ્ટ જણાય છે; પરંતુ પછી તો **"પુરુષસૂક્ત"**(૧૦, ૯૦), **"હિરણ્યગર્ભસૂક્ત"**(૧૦, ૧૨૧), **"નાસદીયસૂક્ત"**(૧૦, ૧૨૯), જેવાં, અંતભાગનાં સૂક્તોમાં તો, ઋગ્વેદમાં પણ **'સર્વેશ્વરવાદ'**(Pan-theism)નું નિરૂપણ સ્પષ્ટ જોવામાં આવે છે.

અને **सर्वं खलु इदं ब्रह्म ।** - જેવાં, વેદનાં આ **'મહાવાક્ય'**માં, **"સર્વેશ્વરવાદ"** (Pan-theism)નું દૃઢીકરણ થતું હોવાની પ્રતીતિ થાય છે.

વળી, **"ગીતા"**માંનાં નીચેનાં આ વિધાનો પણ, **'સર્વાત્મભાવ'** અને **'સર્વાત્મદર્શન'**ની અહીંની વિચારધારાની પુષ્ટિ કરતાં હોય એવાં જ જણાય છે :

(૧) सर्वभूतात्मभूतात्मा... । (૫, ૭)

(૨) यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति । (૬, ૩૦)

(૩) सर्वभूतस्थितो यो मां भजत्येकत्वमास्थितः । (૬, ૩૧)

(૪) आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन । (૬, ૩૨)

(૫) मयि सर्वं इदं प्रोतं... ... ... । (७, ७)

(૬) अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः । (૧૦, ૨૦)

(૭) विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् । (૧૦, ૪૨)

અને વેદાંતદર્શનનો 'કેવલાદ્વૈતવાદ' ભલે **"એકેશ્વરવાદ"** કહેવાય, પરંતુ જો તે "એક" એટલે, આ શ્લોકમાં કહેવાયું છે તેમ, स्वयं विश्वमिदं सर्वम् । એટલે "इदं सर्वं" જ હોય તો, તે **"એકેશ્વરવાદ"**ને પણ **"સર્વેશ્વરવાદ"** જ કહેવો રહે ને !

તાત્પર્ય એ કે આ શ્લોકમાં, આચાર્યશ્રી પોતે જ, **"સર્વેશ્વરવાદ"**નું સમર્થન કરી રહ્યા છે, એમાં શંકા નથી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૮૯)

૩૯૦

अन्तः स्वयं चापि बहिः स्वयं च
स्वयं पुरस्तात् स्वयमेव पश्चात् ।
स्वयं ह्यवाच्यां स्वयमप्युदीच्यां
तथोपरिष्टात् स्वयमप्यधस्तात् ॥३९०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અન્તઃ સ્વયં ચાપિ બહિઃ સ્વયં ચ
સ્વયં પુરસ્તાત્ સ્વયમેવ પશ્ચાત્ ।
સ્વયં હ્યવાચ્યાં સ્વયમપ્યુદીચ્યાં
તથોપરિષ્ટાત્ સ્વયમપ્યધસ્તાત્ ॥૩૯૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्वयं अन्तः स्वयं च अपि बहिः, स्वयं पुरस्तात् स्वयं एव पश्चात्, स्वयं हि अवाच्यां स्वयं अपि उदीच्यां, तथा स्वयं उपरिष्टात् स्वयं अपि अधस्तात् ॥३९०॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (सः आत्मा) स्वयं अन्तः, स्वयं च बहिः (अस्ति) । अन्तः એટલે

અંદર અને બહિઃ એટલે બહાર : તે આત્મા પોતે અંદર છે અને પોતે જ બહાર પણ છે.

(૨) (સઃ આત્મા) સ્વયં પુરસ્તાત્, સ્વયં એવ પશ્ચાત્ (અસ્તિ) । પુરસ્તાત્ એટલે આગળ અને પશ્ચાત્ એટલે પાછળ : તે આત્મા પોતે આગળ છે અને પોતે જ પાછળ પણ છે.

(૩) (સઃ આત્મા) સ્વયં અવાચ્યાં, સ્વયં અપિ ઉદીચ્યાં (અસ્તિ) । અવાચ્યાં એટલે દક્ષિણ-દિશામાં અથવા જમણી બાજુએ; ઉદીચ્યાં એટલે ઉત્તર-દિશામાં અથવા ડાબી તરફ : તે આત્મા પોતે જ ઉત્તર-દક્ષિણમાં અથવા જમણી-ડાબી બાજુએ છે.

(૪) (સઃ આત્મા) સ્વયં ઉપરિષ્ટાત્ તથા સ્વયં અપિ અધસ્તાત્ (અસ્તિ)। ઉપરિષ્ટાત્ એટલે ઉપર અને અધસ્તાત્ એટલે નીચે : તે આત્મા પોતે જ ઉપર છે અને નીચે પણ છે. (૩૯૦)

અનુવાદ :

(તે, સ્વ-સ્વરૂપ એવો આત્મા) પોતે જ અંદર છે અને પોતે જ બહાર પણ છે; પોતે જ આગળ છે, પોતે જ પાછળ છે; પોતે જ દક્ષિણદિશામાં છે અને પોતે જ ઉત્તરદિશામાં પણ છે; વળી, પોતે ઉપર છે અને નીચે પણ છે. (૩૯૦)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે અને તેમાં ગયા શ્લોકની, સર્વાત્મભાવની, વિચારસરણીનો જ વિચાર કરવામાં આવ્યો છે : અંદર-બહાર, આગળ-પાછળ, ઉત્તર-દક્ષિણ અને ઉપર-નીચે, - એ ચારેય જોડકાં શબ્દો, સ્થળની દૃષ્ટિએ, પરસ્પર-વિરુદ્ધ છે : દુન્યવી દૃષ્ટિની મર્યાદા મુજબ, જે અંદર હોય તે બહાર ન હોઈ શકે અને જે બહાર હોય તે અંદર ન હોઈ શકે.... વગેરે.

પરંતુ આ તો પરમાત્મ-તત્ત્વનું વર્ણન છે, એ તો સર્વ સ્થૂલ મર્યાદાઓ અને પરિચ્છેદોથી પર છે. વિશ્વના આત્મા તરીકે તે તો સર્વનું અધિષ્ઠાન છે. આ પહેલાંના શ્લોકમાં કહ્યું છે તે પ્રમાણે, ચોતરફ સર્વત્ર વિલસી રહેલું આ બધું વિશ્વ પણ પોતે જ છે અને તે સિવાય સમગ્ર બ્રહ્માંડમાં જે કાંઈ અસ્તિત્વ ધરાવે છે, તે સઘળું પણ તે પોતે જ છે.

એનો અર્થ તો એ જ થયો કે તે સર્વવ્યાપી(Omnipresent) છે અને સર્વમાં ઓતપ્રોત છે, અનુસ્યુત છે. ગીતામાંનાં ઉપર-ટાંકેલાં, મયિ સર્વં ઇદં પ્રોતમ્ । (૭, ૭)-એ વિધાનનું જ આ સમર્થન છે : તે આત્મા સર્વવ્યાપ્ત છે.

'મુંડક'-ઉપનિષદનો આ મંત્ર પણ આ જ વિચારને વ્યક્ત કરે છે :

ब्रह्मैवेदं अमृतं पुरस्तात्, ब्रह्म पश्चात्
ब्रह्म दक्षिणतश्चोत्तरेण ॥

અને આ "છાન્દોગ્ય"-શ્રુતિ પણ એ જ કહે છે :

अहमेव अधस्तात्, आत्मा एव अधस्तात् ।

આવી એક જૂની કવિતા પણ, આ અનુસંધાનમાં, યાદ આવી જાય છે :

"આસપાસ આકાશમાં, અંતરમાં, આવાસ,
ઘાસ-ચાસની પાસ પણ, વિશ્વપતિનો વાસ !"

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૯૦)

૩૯૧

तरंगफेनभ्रमबुद्बुदादि
सर्वं स्वरूपेण जलं यथा तथा ।
चिदेव देहाद्यहमन्तमेतत्
सर्वं चिदेवैकरसं विशुद्धम् ॥३९१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તરંગફેનભ્રમબુદ્બુદાદિ
સર્વં સ્વરૂપેણ જલં યથા તથા ।
ચિદેવ દેહાદ્યહમન્તમેતત્
સર્વં ચિદેવૈકરસં વિશુદ્ધમ્ ॥૩૯૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા તરંગ-ફેન-ભ્રમ-બુદ્બુદ્-આદિ સર્વં સ્વરૂપેણ જલં (અસ્તિ), તથા દેહાદિ-અહં-અન્તં એતત્ ચિત્ એવ, સર્વં એકરસં વિશુદ્ધં ચિત્ એવ (અસ્તિ) ॥૩૯૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) યથા તરંગ-ફેન-ભ્રમ-બુદ્બુદ્-આદિ સર્વં સ્વરૂપેણ જલં (અસ્તિ) ।

तरंग એટલે પાણીમાંનાં મોજાં; ફેન એટલે ફીણ; भ्रम એટલે પાણીમાંની ભમરી, અથવા ઘુમરી; અને बुद्बुद् એટલે પરપોટો. આ બધાં જેવી રીતે, સ્વરૂપે તો, પાણી જ છે, તેવી રીતે (तथा) ...બીજાં વાક્યમાં...

(૨) तथा देह-आदि अहं-अन्तं एतत् सर्वं (जगत्) चित् एव (अस्ति) । તેવી જ રીતે, દેહથી શરૂ કરીને અહંકાર-પર્યંતનું આ સર્વ જગત પણ ચૈતન્ય એટલે કે આત્મા જ છે. કેવું છે આ ચૈતન્ય ? एकरसम् । - અખંડ અને આનંદસ્વરૂપ, विशुद्धम् । વિશુદ્ધ, નિર્મળ. (૩૯૧)

અનુવાદ :

જેવી રીતે (પાણીમાંનાં) મોજાં, ફીણ, ભમરી, પરપોટા વગેરે બધું સ્વરૂપે તો પાણી જ છે, તેવી રીતે દેહથી માંડીને અહંકાર સુધીનું આ સર્વ(જગત), અખંડ અને વિશુદ્ધ ચૈતન્ય (આત્મા) જ છે. (૩૯૧)

ટિપ્પણ :

સર્વાત્મદર્શનનું મહત્ત્વ સમજીને, જે સાધકે પોતાનું ધ્યાન તેના પર કેન્દ્રિત કર્યું હોય, તે ધ્યાનની સ્થિરતા ટકી રહે અને તેનાં મનની અખંડાકારવૃત્તિ જળવાઈ રહે તે માટે, છેલ્લા બે-ત્રણ શ્લોકમાં જે નિરૂપણ કરવામાં હતું, તેને જ અહીં એક સમુચિત દૃષ્ટાંત આપીને, દૃઢીભૂત કરવામાં આવ્યું છે.

જગતમાં અને મનુષ્યનાં સંસારી જીવનમાં, દેહથી શરૂ કરીને અહંકાર સુધીની અસંખ્ય ઉપાધિઓ એવી હોય છે કે તે સર્વને ભિન્ન-ભિન્ન નામ-રૂપ-આકાર હોય છે; પરંતુ સાધકે તો આ સર્વે ભેદોથી પર રહેવાનું છે અને એક પાયાની વાત નિશ્ચિત સ્વરૂપે પોતાનાં મનમાં સ્થિર-સ્વરૂપે સ્થાપી દેવાની છે કે જગતમાં અને જીવનમાં જે કંઈ આવું વૈવિધ્ય નજરે પડે છે, તે માત્ર સપાટી ઉપરનું, ઉપરછલ્લું અને ભ્રામક છે. આ બધા બાહ્ય નામ-રૂપ-આકારવાળા દેખાવને ઓળંગીને, એમાં જ જરા ઊંડો ઊતરીને, જો તે એમાંનાં, એની નીચેનાં, ભીતરી સ્વરૂપનું દર્શન કરશે તો, તેને તરત જ પ્રતીતિ થશે કે આ બધો તો પ્રતિભાસ-માત્ર હતો; હકીકતમાં તો, જગતમાં અને જીવનમાં સર્વત્ર નિરાકાર, નિરુપાધિક, અ-રૂપ અને અ-નામ એવું, બ્રહ્મનું અખંડ, એકરસ અને વિશુદ્ધ ચૈતન્ય જ વિલસી રહ્યું છે ! આવું સૂક્ષ્મ દર્શન એટલે જ, જેનાં મહત્ત્વની ચર્ચા ચાલી રહી છે તે, સર્વાત્મદર્શન !

કોઈ મોટું જળાશય જુઓ : તેમાં નાનાં-મોટાં મોજાં, ફીણ, ઘુમરી, પરપોટા વગેરે અનેક નામ-રૂપ-ધારી સ્વરૂપો માણસની નજરે પડે છે; પરંતુ આ બધું તો પાણીની માત્ર સપાટી ઉપર હોય છે; આ બધાંને વીંધીને, નજરને જરા ઊંડે અને

આજુબાજુ લઈ જઈએ તો, તરત જ ખ્યાલ આવી જશે કે એ બધાંમાં, નીચે-ઉપર-વચમાં, આજુબાજુ અને ઊંડે, - સર્વત્ર એકમાત્ર પાણી સિવાય બીજું કશું જ નથી : જળાશયના અણુ-અણુમાં, સર્વત્ર, માત્ર એક જ તત્ત્વ છે અને તે છે, બસ, પાણી, પાણી, પાણી !

અને મોજાં-ફીણ-પરપોટા વગેરેનું અસ્તિત્વ, એ કોનો પ્રભાવ અને પ્રતાપ ! પાણીનો જ ! પાણી જ ન હોત તો !

"બસ, પાણી, પાણી, પાણી !" - આ શબ્દો, નવ રસોમાં **"કરુણ"** જ **'એકમાત્ર રસ'** છે અને બાકીના બધા રસો તો તે **"કરુણ"**ના જ **"વિવર્તો"** છે, એવા, **'રસ'** વિશેના પોતાના વિશિષ્ટ સિદ્ધાંતના પ્રતિપાદનના અનુસંધાનમાં, સંસ્કૃત મહાકવિ **ભવભૂતિ**એ પણ પોતાનાં **"ઉત્તરરામચરિત"**નાટકમાં, યોજેલો આ શ્લોક, સહેજે, યાદ આવી જાય છે :

एको रसः करुण एव निमित्तभेदाद्
भिन्नः पृथक् पृथगिवाश्रयते विवर्तान् ।
आवर्तबुद्बुदतरंगमयान् विकारान्
अम्भो यथा सलिलमेव तु तत् समग्रम् ॥३, ४७॥

("રસ તો એકમાત્ર કરુણ જ છે, બાકીના બધા રસ-ભેદો તો, નિમિત્તને કારણે માત્ર વિવર્તો જ બને : પાણી જેમ મોજાં-ઘુમરી-પરપોટાના વિકારોને પામે, પરંતુ અંતે તો **તે બધું માત્ર પાણી જ છે ને !**")

એ જ રીતે જગતનાં સર્વ નામ-રૂપોની પાછળ પણ એક જ આનંદ-સ્વરૂપ ચૈતન્ય વિલસી રહ્યું છે !

એ વિલસે છે, તો જ આ બધું વિલસી શકે છે ! પેલાં ઉપનિષદનાં શ્રુતિવચન પ્રમાણે, - અહીં બધું પ્રકાશી રહ્યું છે; તે કોને આભારી ? - પેલું ચૈતન્ય પ્રકાશે છે, તેને જ !

तमेव भान्तं, अनुभाति सर्वम् । तस्य भासा सर्वमिदं विभाति ।

(મુંડક ૨, ૨, ૧૦)

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૩૯૧)

૩૯૨

सदेवेदं सर्वं जगदवगतं वाङ्मनसयोः
सतोऽन्यन्नास्त्येव प्रकृतिपरसीम्नि स्थितवतः ।

पृथक् किं मृत्स्नायाः कलशघटकुम्भाद्यवगतं
वदत्येव भ्रान्तस्त्वमहमिति मायामदिरया ॥३९२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सदेवेदं सर्वं जगदवगतं वाङ्मनसयोः
सतोऽन्यन्नास्त्येव प्रकृतिपरसीम्नि स्थितवतः ।
पृथक् किं मृत्स्नायाः कलशघटकुंभाद्यवगतं
वदत्येव भ्रान्तस्त्वमहमिति मायामदिरया ॥३९२॥

શ્લોકનો ગદ્ય અન્વય :

वाङ्मनसयोः अवगतं इदं सर्वं जगत् सत् एव (अस्ति), प्रकृतिपरसीम्नि स्थितवतः (ज्ञानिनः) सतः अन्यत् न एव (किंचित्) अस्ति; कलशघटकुम्भ-आदि किं मृत्स्नायाः पृथक् अवगतं ? मायामदिरया भ्रान्तः एषः (मनुष्यः) "त्वं" "अहं" इति वदति ॥३९२॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) वाङ्मनसयोः अवगतं इदं सर्वं जगत् सत् एव (अस्ति) । - આ આખું જગત સત્ય, એટલે કે સાચું-સત્સ્વરૂપ-બ્રહ્મ જ છે. કેવું જગત ? अवगतम् (अव + गम् એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) જાણવામાં આવેલું, અનુભવાતું. શાના વડે જણાતું ? - वाङ्मनसयोः । વાણી અને મને વડે. વ્યાકરણની દૃષ્ટિએ, આ સામાસિક શબ્દ સપ્તમી વિભક્તિ દ્વિવચનમાં છે, પરંતુ અર્થની દૃષ્ટિએ એને તૃતીયા વિભક્તિ દ્વિવચનમાં - वाङ्मनसाभ्याम्-। સમજવાનો છે : તૃતીયાના અર્થમાં યોજાયેલા આવા સપ્તમી-વિભક્તિવાળા વાક્યપ્રયોગને, વ્યાકરણશાસ્ત્રમાં, **"निमित्त सप्तमी"** કહે છે.

(૨) प्रकृतिपरसीम्नि स्थितवतः (ज्ञानिनः) सतः अन्यत् न एव (किंचित्) अस्ति । (ज्ञानिनः) - એટલે જ્ઞાની, વિવેકબુદ્ધિ વડે જેણે જગતનાં સાચાં સ્વરૂપને જાણી લીધું છે. તે કેવો છે ? प्रकृतिपरसीम्नि स्थितवतः । सीम्नि એટલે સીમા, હદ; प्रकृति એટલે માયા; स्थितवतः એટલે, જે સ્થિર થયેલો છે તે. માયાની સીમાથી પર, સ્વ-સ્વરૂપમાં સ્થિર થયેલા જ્ઞાનીની દૃષ્ટિએ તો, સત્ સિવાય બીજું કાંઈ છે જ નહીં.

(૩) कलश-घट-कुम्भ-आदि किं मृत्स्नायाः पृथक् अवगतम् ? । कुम्भ એટલે માટલું, ગોળો. मृत्स्ना એટલે માટી; पृथक् એટલે જૂદું : લોટો, ઘડો, માટલું વગેરે શું માટીથી જૂદાં જણાય છે ? જાણી શકાય છે ?

(૪) माया-मदिरया भ्रान्तः एषः (मनुष्यः) "त्वं" "अहं" इति वदति । भ्रान्तः એટલે નશામાં ચકચૂર, મદ-મત્ત; માયારૂપી મદિરા વડે નશામાં ચકચૂર બનેલો આ માણસ જ, (આ) "તું" (त्वं) અને (આ) "હું, (अहं) - એવી ભેદભાવવાળી ભાષામાં બોલે છે. (૩૯૨)

અનુવાદ :

વાણી અને મન વડે જાણી શકાતું આ સર્વ જગત સત્સ્વરૂપ જ છે. માયાની સીમાથી પર (સ્વ-સ્વરૂપમાં) સ્થિર રહેલા(જ્ઞાની)ની દૃષ્ટિએ તો, સત્ય સિવાય બીજું કાંઈ છે જ નહીં : લોટો-ઘડો-માટલું વગેરેને શું માટીથી જૂદાં જાણી શકાય છે ? (ના; છતાં) માયારૂપી મદિરા વડે ભ્રાંત થયેલો આ (માણસ) જ (આ) "તું" અને (આ) "હું - એવી (ભેદભાવ-વાળી) ભાષા બોલે છે. (૩૯૨)

ટિપ્પણ :

આત્મા એટલે બ્રહ્મ તો સર્વત્ર છે; એટલું જ નહીં પણ બ્રહ્માંડમાં જે કાંઈ જણાય છે તે સઘળું પણ તે બ્રહ્મ જ છે, - એવી સર્વાત્મદૃષ્ટિની ચર્ચા આ શ્લોકમાં પણ ચાલુ રહી છે.

વાણી (वाक्) અને મનને, એમની પોતપોતાની મર્યાદાઓ છે અને છતાં એમની સહાય વડે આ જગત જેવું જણાય-દેખાય-સમજાય-અનુભવાય (अवगतं), તે પણ, सर्वं खलु इदं ब्रह्म । - એવાં શ્રુતિવચન પ્રમાણે અને પારમાર્થિક **'सत्ता'** (Existence) અનુસાર, અંતે તો, સત્સ્વરૂપ જ છે (सत् एव).

ઉપર્યુક્ત શ્રુતિવચન અને પારમાર્થિક **'सत्ता'** ઉપરાંત, પ્રકૃતિ-માયા-ઉપાધિ વગેરેની સીમા-સરહદોને અતિક્રમીને-ઓળંગીને (Transcend), જે જ્ઞાનીજનો તેનાથી પર એવા સ્વ-સ્વરૂપમાં સ્થિર થઈ ગયા છે (प्रकृति-पर-सीम्नि स्थितवतः), તેમને તો, આ સમગ્ર બ્રહ્માંડમાં, ક્યાંય, सत्-સિવાય બીજું કાંઈ છે જ નહીં, એની પૂરી પ્રતીતિ થઈ ગઈ છે : પ્રકૃતિની સીમા એટલે એવું સ્થળ, જ્યાં સર્વ ઉપાધિઓનું સંપૂર્ણ શમન થઈ ગયું હોય : ઉપાધિઓ જ ન હોય, ત્યાં પછી કશાં અવિદ્યા-અજ્ઞાન-ભ્રાંતિને તો અવકાશ જ ક્યાંથી હોય ?

પરંતુ આવું બધું સમજવા જેવી ઉચ્ચ કક્ષાએ પહોંચવાનું ગજું સામાન્ય માણસનું તો હોય નહીં, તો પછી શું કરવું ? - આનું સાવ સરળ અને સુબોધ સમાધાન,

આચાર્યશ્રીએ, શ્લોકની ત્રીજી પંક્તિમાં, આપ્યું છે : લોટો, ઘડો, માટલું, કોડિયું, તાવડી, - એ બધાંનાં નામ અને રૂપ-આકાર વગેરે ભલે જૂદાં હોય, એ બધાંમાં એક સર્વસામાન્ય તત્ત્વ (Common matter) તરીકે 'માટી' નથી, એમ કોણ કહી શકશે ? અને એ બધાંમાં જો માટી છે જ, તો એ બધાં માટીથી જૂદાં છે, એમ પણ કેવી રીતે કહી શકાય ? હકીકતમાં, માટી (મૃત્સ્ના, મૃત્તિકા) એ એક જ મૂળભૂત સત્ય છે, પેલાં બધાં વાસણો તો ભાંગી-તૂટી જાય ત્યારે, - અને આવી પરિસ્થિતિ તો ગમે ત્યારે આવવાની જ છે ! - એનાં પેલાં જૂદાં જૂદાં નામો અને રૂપો તો રહેતાં જ નથી, રહે છે તે તો માત્ર એક માટી જ !

એનો અર્થ તો એ જ થયો કે નાશ પછી પણ જે ટકે, ટકી શકે, તે જ એક સત્ય ! અને તો પછી, સર્વાત્મકતા કોની ? પેલા વાસણોની નહીં, પણ માટીની જ !

છાન્દોગ્ય-ઉપનિષદમાં, પિતા ઉદ્દાલક, પુત્ર શ્વેતકેતુને, બ્રહ્મની સર્વાત્મકતા સમજાવવા માટે આ જ દૃષ્ટાંત આપે છે : "માટીના પિંડને, એકને જ, સંપૂર્ણ રીતે જાણી લેવાથી, એમાંથી બનેલી સર્વ ચીજોને સારી રીતે જાણી શકાય છે; પેલી ચીજોનાં નામ-રૂપ તો માત્ર વાણીના વ્યવહાર પૂરતાં જ છે."

यथा सोम्य एकेन मृत्पिण्डेन विज्ञातेन सर्वं मृण्मयं विज्ञातं स्यात्, वाचारम्भणं विकारो नामधेयं, मृत्तिका इति एव सत्यम् । (૬, ૧, ૪)

કલશ વગેરે વાસણોનું 'ઉપાદાન કારણ', જેમ **માટી**, - એ જ રીતે આ સમગ્ર જગતનું 'ઉપાદાન કારણ' એક **'બ્રહ્મ'** જ છે. કારણરૂપ બ્રહ્મને જાણ્યા પછી, એમાંથી ઉત્પન્ન થયેલાં આ જગતને અને એમાંની સઘળી વસ્તુઓને જાણવાનું રહેતું નથી.

પ્રકૃતિની સર્વ સીમાઓને અતિક્રમીને, તેની પેલી પાર સ્થિર થઈ ગયેલા પેલા જ્ઞાનીને, બ્રહ્માંડમાં, સત્ - સિવાય બીજું કાંઈ જ નથી" - (**सतः अन्यत् न अस्ति एव ।**) - એવી જે પ્રતીતિ થાય છે, એનું કારણ પણ આ જ કે જ્યાં એના સિવાય બીજું કશું ક્યાંય હોય જ નહીં, સર્વત્ર તે એક જ હોય તો, કોણ કોને શાના વડે જુએ ? (**यत्र सर्वं आत्मा एव अभूत्, तत् केन कं पश्येत् । ?** - **બૃહદારણ્યક-ઉપનિષદ**)

પછી તો, માયા-મદિરા-પાનના નશામાં ચકચૂર હોય એવો ભ્રાંત માણસ જ એવી ભેદભાવવાળી ભાષા બોલેને કે - "આ હું" અને "આ તું" !

અહીં, શ્લોકની ત્રીજી પંક્તિમાં **पृथक् किम् ?** - એવો જે પ્રશ્ન - આમ તો, **કાકુપ્રશ્ન** જ ! - મૂક્યો છે, તેનો ઉત્તર ભગવત્પાદ આચાર્યશ્રીએ પોતે જ, આ

પહેલાં, શ્લોક-૨૩૦માં, આ રીતે, સમજાવ્યો જ છે :

मृत्कार्यभूतोऽपि मृदो न भिन्नः
कुम्भोऽस्ति सर्वत्र तु मृत्स्वभावात् ।
न कुम्भरूपं पृथगस्ति कुम्भः
कुतो मृषा कल्पितनाममात्रः ॥

ટૂંકમાં, આ રીતે, સર્વત્ર, એકમાત્ર સત્સ્વરૂપ બ્રહ્મ જ છે, એ જ સાચું 'સર્વાત્મ-દર્શન' !

શ્લોકનો છંદ : શિખરિણી (૩૯૨)

૩૯૩

क्रियासमभिहारेण यत्र नान्यदिति श्रुतिः ।
ब्रवीति द्वैतराहित्यं मिथ्याध्यासनिवृत्तये ॥३९३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ક્રિયાસમભિહારેણ યત્ર નાન્યદિતિ શ્રુતિઃ ।
બ્રવીતિ દ્વૈતરાહિત્યં મિથ્યાધ્યાસનિવૃત્તયે ॥૩૯૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

'यत्र न अन्यत्' इति श्रुतिः क्रियासमभिहारेण मिथ्या-अध्यास-निवृत्तये द्वैतराहित्यं ब्रवीति ॥३९३॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : 'यत्र न अन्यत्' इति श्रुतिः द्वैतराहित्यं ब्रवीति । શ્રુતિ એટલે શ્રુતિવચન, વૈદિક વાક્ય; ब्रवीति એટલે કહે છે, સમજાવે છે, પ્રતિપાદન કરે છે. કઈ 'શ્રુતિ' ? - 'છાન્દોગ્ય'-ઉપનિષદનું આ વિધાન, - यत्र नान्यत् पश्यति, नान्यत् शृणोति, नान्यद् विजानाति, स भूमा । (૭, ૨૪, ૧). દ્વૈતરાહિત્ય એટલે દ્વૈત-રહિતપણું, દ્વૈતનો અભાવ. 'રહિત'-શબ્દનું ભાવવાચક નામ (Abstract Noun) એટલે 'રાહિત્ય'; અને આ દ્વૈત-રાહિત્ય એટલે, બ્રહ્મમાં દ્વૈતનો અભાવ, તેમાં દ્વૈત ન હોવાની સ્થિતિ.

આ શ્રુતિ આવું પ્રતિપાદન શામાટે કરે છે ? - मिथ्या-अध्यास-निवृत्तये । નિવૃત્તિ એટલે નિવારણ, દૂર કરવું તે, દૂરીકરણ; મિથ્યા અધ્યાસને દૂર કરવા માટે;

આવું પ્રતિપાદન તે શ્રુતિ કેવી રીતે કરે છે ? - **क्रियासमभिहारेण** । વારંવાર અથવા પ્રત્યેક દૃષ્ટાંતને અંતે. (क्रियासमभिहार એટલે, એક ને એક વાત ફરી-ફરીને કહેવી તે : पौनःपुन्येन) (૩૯૩).

અનુવાદ :

'જ્યાં તે અન્ય કાંઈ જોતો નથી' (न अन्यत्) - એવું શ્રુતિવચન, એક હકીકત માટે અનેક ક્રિયાપદો યોજીને, મિથ્યા અધ્યાસને દૂર કરવા માટે (બ્રહ્મમાં), દ્વૈતના અભાવનું પ્રતિપાદન કરે છે. (૩૯૩)

ટિપ્પણ :

પ્રસ્તુત ચર્ચા છે, **'सर्वात्मदर्शन'**ની, જેનો અર્થ છે, - સર્વમાં, સર્વત્ર, માત્ર એક આત્માનું જ દર્શન. પરંતુ જ્યાં સુધી દ્વૈતનું અસ્તિત્વ હોય ત્યાં સુધી, અદ્વૈતનું, એટલે કે એકનું, આત્માનું, બ્રહ્મનું દર્શન શક્ય જ ન બને; એટલે, જે એકનું દર્શન કરવાનું છે તેમાં, એટલે કે બ્રહ્મમાં, દ્વૈતના અભાવનું પ્રતિપાદન કરવું, એ મહત્ત્વનું બની રહે છે. આમ, દ્વૈતનું નિવારણ થઈ જાય, એટલે જીવન અને બ્રહ્મનાં ઐક્યની સાધકને અનુભૂતિ થાય. આત્મજ્ઞાન-સમયનાં આ ઐક્યમાં સાધક આત્મા સિવાય બીજું કશું જ જોતો નથી, (न अन्यत् पश्यति), બીજું કશું જ સાંભળતો નથી, (न अन्यत् शृणोति), બીજું કશું જાણતો નથી (न अन्यद् विजानाति). કારણ એ છે કે આત્મા સિવાય બીજું કશું હોતું જ નથી, પછી તે શાને-સાંભળે-જાણે ? આમ, આ રીતે, આ **'छान्दोग्य'**-શ્રુતિ બ્રહ્મમાંનાં ભાસમાન એવા દ્વૈતભાવના અભાવનું પ્રતિપાદન કરે છે અને મિથ્યા અધ્યાસ અથવા અવિદ્યાને દૂર કરીને, સાધક માટે સર્વાત્મદર્શનની ભૂમિકા રચે છે. અહીં એટલું ઊમેરવાનું રહે છે કે કોઈ પણ કલ્પિત વસ્તુનો નાશ એટલે, શેષ તરીકે તો મૂળ અધિષ્ઠાન જ રહે : अधिष्ठानावशेषो हि नाशः कल्पितवस्तुनः । ટૂંકમાં, ઉક્ત શ્રુતિનો ઉદ્દેશ છે, અજ્ઞાનને કારણે, સાધકને, બ્રહ્મમાં ભાસતા દ્વૈતના અભાવનું પ્રતિપાદન કરવું અને એનાં પરિણામે, સર્વાત્મદર્શનની આડે આવતા મિથ્યા અધ્યાસનું નિવારણ કરીને, સાધક માટે, સર્વાત્મદર્શનનો સુયોગ સિદ્ધ કરવો. અને આવી સિદ્ધિ સંપાદન કરવા માટે, શ્રુતિ, न पश्यति, न शृणोति, न विजानाति - એ ત્રણ ક્રિયાપદોને, "બીજું કશું જ ન હોવાની" **એકની એક વાત** વારંવાર ઘૂંટવા માટે, પ્રયોજે છે (क्रियासमभिहारेण ।).

'અધ્યાસ'નો મુદ્દો તો, આ પહેલાં પણ, આવી ગયો છે, એટલે તે વિશે કશું ઊમેરવાનું રહેતું નથી. નવો શબ્દ છે, - માત્ર **भूमा** ।

'छांदोग्य'-ઉપનિષદમાં, ભગવાન સનત્કુમારે, નારદને, બ્રહ્મની સંપૂર્ણતા અથવા

નિરતિશયતાની પ્રતીતિ કરાવવા માટે જ આ "ભૂમા"-શબ્દ પ્રયોજ્યો છે : "ભૂમા" એટલે એવી સંપૂર્ણતા (Complete-ness, Perfection), એવી અનન્યતા (Unique-ness), એવી સર્વોત્કૃષ્ટતા (Excellence), - જ્યાં અન્ય કશાંનાં અસ્તિત્વ માટે કશો અવકાશ જ રહેતો નથી. "ભૂમા"ની આવી ઔપનિષદિક અને આર્ષ વિભાવના, **'સર્વાત્મદર્શન'**ની પ્રસ્તુત ચર્ચાના તાત્પર્યને સ્પષ્ટ કરે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૯૩)

૩૯૪

आकाशवन्निर्मलनिर्विकल्प-
-निःसीमनिष्यन्दननिर्विकारम् ।
अन्तर्बहिःशून्यमनन्यमद्वयं
स्वयं परं ब्रह्म किमस्ति बोध्यम् ॥३९४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

आकाशवन्निर्मलनिर्विकल्प-
-निःसीमनिष्यन्दननिर्विकारम् ।
अन्तर्बहिःशून्यमनन्यमद्वयं
स्वयं परं ब्रह्म किमस्ति बोध्यम् ॥३९४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(यत्) आकाशवत् निर्मल-निर्विकल्प-निःसीम-निष्यन्दन-निर्विकारं, अन्तर्बहिःशून्यं, अनन्यं, अद्वयं, स्वयं परं ब्रह्म, (तत्) किं बोध्यं अस्ति ? ॥३९४॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (तत्) स्वयं परं ब्रह्म किं बोध्यं अस्ति ? । બોધ્ય - એટલે જેનો બોધ થઈ શકે તે. તે પોતે આત્મસ્વરૂપ પરબ્રહ્મ શું જાણી શકાય ? શું પરબ્રહ્મનો બોધ થઈ શકે ? તે પરબ્રહ્મ કેવું છે ? - એના માટે આટલાં કુલ આઠ વિશેષણો પ્રયોજવામાં આવ્યાં છે : (૧) निर्मलम् એટલે નિર્મળ, વિશુદ્ધ, નિર્ગુણ; (૨) निर्विकल्पम् એટલે કલ્પનાઓથી, વિચારોથી રહિત, નિરવયવ; (૩) निःसीम એટલે સીમારહિત; એટલે કે દેશ-કાળ-વસ્તુ વગેરે ભેદો અથવા મર્યાદાઓ, પરિચ્છેદો

વિનાનું; (૪) નિષ્પન્દન એટલે અચલ, નિશ્ચલ, ક્રિયારહિત, સ્થિર; (૫) નિર્વિકારમ્ એટલે ઉત્પત્તિ જેવા વિકારો વિનાનું, નિર્વિકાર; (૬) અન્તર્બહિઃશૂન્યમ્ એટલે અંદર અને બહાર, એવા ભાગો કે ભેદો વગરનું; (૭) અનન્યમ્ - જેના જેવું બીજું કંઈ-કશું-કાંઈ જ નથી એવું, અજોડ, અદ્વિતીય; (૮) અદ્વયમ્ એટલે દ્વય કે દ્વૈત વિનાનું, અદ્વૈત.

પહેલાં પાંચ વિશેષણોને **આકાશવત્** કહ્યાં છે, એટલે એ બધાં આકાશની જેમ પરબ્રહ્મને પણ લાગુ પડે છે.

આખો શ્લોક પ્રશ્નાત્મક હોવાથી અને એ પ્રશ્ન **'કાકુપ્રશ્ન'** હોવાથી, આવું પરબ્રહ્મ બોધ્ય કે જ્ઞેય (Knowable) નથી, એવો તાત્પર્યાર્થ આ શ્લોકનો છે. (૩૯૪)

અનુવાદ :

આકાશ જેવું નિર્મળ, નિર્વિકલ્પ, અસીમ, નિશ્ચલ અને નિર્વિકાર, અંદર-બહાર એવા ભાગ વિનાનું, અનન્ય અને અદ્વૈત એવું જે આત્મસ્વરૂપ પરબ્રહ્મ છે, તેને શું જાણી શકાય ? (૩૯૪)

ટિપ્પણ :

અહીં પરબ્રહ્મનાં સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે અને તે માટેનાં જે વિશેષણો પ્રયોજાયાં છે, તે સર્વ સુપ્રસિદ્ધ છે; એટલું જ નહીં, પરંતુ આ સર્વ શબ્દો, આ પહેલાં પણ, આ જ ગ્રંથમાં, અનેક વાર પ્રયોજાઈ ચૂક્યાં છે, તેથી તે સર્વ શબ્દોનાં વિવરણ-વિમર્શન-વિવેચન કે અર્થઘટનની કશી જરૂર રહેતી નથી.

પરબ્રહ્મ-સ્વરૂપનાં વર્ણનનાં અનુસંધાનમાં, જરા જૂદા સંદર્ભમાં, થોડા મુદ્દા, આ પ્રમાણે, પ્રસ્તુત બને છે :

(૧) એક તો એ કે વિશેષણ કાં તો વિશેષ્યની કશીક **વિશેષતા** દર્શાવે છે અને એ રીતે એ વિશેષતા પોતે જ, વિશેષ્યની એક **મર્યાદા** પણ બની રહે છે.

પરંતુ પરબ્રહ્મના સંદર્ભમાં, **વિશેષતા** કે **મર્યાદા** દર્શાવવામાં કશું ઔચિત્ય ખરું ?

(૨) એ જ રીતે, જે પોતે જ વાગ્-અગોચર છે, તે(પરબ્રહ્મ)નું વર્ણન વાણી દ્વારા થઈ શકે ? અને થાય તો તે વર્ણન પરબ્રહ્મનાં સ્વરૂપને સંપૂર્ણ ન્યાય કરી શકે ?

(૩) ત્રીજું, અહીં પરબ્રહ્મને આકાશની ઉપમા આપવામાં આવી છે (આકાશવત્). સામાન્ય રીતે, નિયમ એ છે કે ઉપમા-અલંકાર યોજાય ત્યારે, જે

'ઉપમાન' યોજવામાં આવે તે, સાધારણધર્મની બાબતમાં, 'ઉપમેય' કરતાં ચઢિયાતું હોવું જોઈએ. અહીં 'ઉપમાન' તરીકે **આકાશને** પરબ્રહ્મ કરતાં 'ચઢિયાતું' (Superior) કહી શકાય ? આ ઉપમા, આ કારણે એક પ્રકારની **'હીનોપમા'** નથી બની જતી ?

આ વાત પૂજ્ય ભગવત્પાદ જેવી મહાન વ્યક્તિના ખ્યાલ બહાર હતી એમ કહેવાનો અહીં હરગીઝ આશય જ નથી : એ તો અક્ષમ્ય અનૌચિત્ય અને અવિવેક કહેવાય. માત્ર એટલું જ કે સામાન્ય માણસ સમજી શકે, એટલો જ એમનો તો ઉદ્દેશ હોય.

(૪) હકીકતમાં તો, જે પરબ્રહ્મ **'એક અને અદ્વિતીય'** છે, તેના માટે વળી 'દ્વિતીય' જેવું 'ઉપમાન' કેવું ? જે પોતે, આમ, સ્વરૂપની દૃષ્ટિએ, 'અનુપમ' કે 'નિરુપમ'(Unique) છે, એના માટે, **'ઉપમા'**-અલંકાર પ્રયોજવામાં, ઔચિત્યભંગ થતો નથી ?

સાહિત્ય-વિવેચનની દૃષ્ટિએ, જેના માટે કોઈ 'ઉપમાન' શક્ય જ ન હોય, એવાં કોઈક તત્ત્વ માટે, **'અનન્વય'**-નામનો એક અલંકાર સ્વીકારવામાં આવ્યો છે, જેમાં 'ઉપમેય'ને જ 'ઉપમાન' તરીકે મૂકવામાં આવે. મહાકવિ વાલ્મીકિએ 'રામરાવણયુદ્ધ' માટે, આવો **'અનન્વય'**-અલંકાર, **"રામાયણ"**માં, આ પ્રમાણે પ્રયોજ્યો છે :

गगनं गगनाकारं सागरः सागरोपमः ।
रामरावणयोर्युद्धं रामरावणयोः इव ॥

("આકાશ કોના જેવું ? આકાશ જેવું જ ! અને સાગર કોના જેવો ? સાગર જેવો જ ! એ જ રીતે 'રામરાવણયુદ્ધ' વળી બીજા કોના જેવું ? 'રામરાવણયુદ્ધ' જેવું જ !")

(૫) વળી, ભક્ત માટે જેમ ભગવાન-સ્વરૂપની વિભાવના, તેમ મોક્ષાર્થી સાધક માટેની પરબ્રહ્મ-સ્વરૂપની વિભાવના (Concept) પણ, સંપૂર્ણરીતે અંગત કે આત્મગત (Completely personal, subjective) ન હોય ? આવી વિભાવના સર્વગત (Objective, Universal) બની શકે ખરી ?

(૬) અને હવે છેલ્લી વાત : 'હું પોતે જ પરબ્રહ્મ છું' (स्वयं परं ब्रह्म) - એમ શ્લોકમાં કહેવામાં આવ્યું છે તો પછી, શ્લોકનું તાત્પર્ય એ હોઈ શકે કે - "અન્ય કે વિશેષ કશું જાણવા જેવું શું છે ?" (किमस्ति बोध्यम् ।)

અને છતાં, ભગવત્પાદ આચાર્યશ્રી જેવા ઉચ્ચ કોટિના તત્ત્વચિંતકની નિરાળી નિરૂપણ-દૃષ્ટિને લક્ષમાં લેતાં, આ શ્લોકનું સમુચિત અને સુસંગત તાત્પર્ય તો એ જ

હોઈ શકે કે "આત્મસ્વરૂપ એવાં પરબ્રહ્મને તે વળી જાણી શકાય ?" (परं ब्रह्म किमस्ति बोध्यम् ?)

કોઈ પણ વસ્તુ-વ્યક્તિ કે તત્ત્વને જાણી ક્યારે શકાય ? - આ સવાલનો સાચો જવાબ એક જ હોઈ શકે : જાણવાનો પ્રયત્ન કરનારથી જો તે પૃથક્ (જૂદી, બીજી) હોય તો જ ! પરબ્રહ્મ તો સ્વ-સ્વરૂપ જ છે, પોતાનાથી અલગ છે જ નહીં, તો પછી, એને જાણી શકાય જ નહીં ! "હું" પોતે જ "હું"ને જાણવાનો પ્રયત્ન કરે, એમાં ઔચિત્ય શું ?

આ દૃષ્ટિએ, પરબ્રહ્મની અજ્ઞેયતા જ, આચાર્યશ્રીને અભિપ્રેત હોય, એમ જણાય છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૯૪)

૩૯૫

वक्तव्यं किमु विद्यतेऽत्र बहुधा ब्रह्मैव जीवः स्वयं
ब्रह्मैतज्जगदाततं तु सकलं ब्रह्माद्वितीयं श्रुतेः ।
ब्रह्मैवाहमिति प्रबुद्धमतयः सन्त्यक्तबाह्याः स्फुटं
ब्रह्मीभूय वसन्ति सन्ततचिदानन्दात्मनैव ध्रुवम् ॥३९५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વક્તવ્યં કિમુ વિદ્યતેઽત્ર બહુધા બ્રહ્મૈવ જીવઃ સ્વયં
બ્રહ્મૈતજ્જગદાતતં તુ સકલં બ્રહ્માદ્વિતીયં શ્રુતેઃ ।
બ્રહ્મૈવાહમિતિ પ્રબુદ્ધમતયઃ સન્ત્યક્તબાહ્યાઃ સ્ફુટં
બ્રહ્મીભૂય વસન્તિ સન્તતચિદાનન્દાત્મનૈવ ધ્રુવમ્ ॥૩૯૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અત્ર બહુધા કિમુ (કિમ્-ઉ) વક્તવ્યં વિદ્યતે ? જીવઃ સ્વયં બ્રહ્મ એવ (અસ્તિ), એતત્ આતતં સકલં જગત્ તુ બ્રહ્મ (અસ્તિ), 'બ્રહ્મ અદ્વિતીયં' (ઇતિ) શ્રુતેઃ, 'બ્રહ્મ એવ અહં' ઇતિ પ્રબુદ્ધમતયઃ (સત્પુરુષાઃ) સન્ત્યક્તબાહ્યાઃ સ્ફુટં બ્રહ્મીભૂય સન્તતચિદાનન્દાત્મના એવ ધ્રુવં વસન્તિ ॥૩૯૫॥

શબ્દાર્થ :

શ્લોકમાં પાંચ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अत्र बहुधा किम्-उ (किमु) वक्तव्यं विद्यते ? । अत्र એટલે આ બાબતમાં, જે વિષયની ચર્ચા-વિચારણા ચાલી રહી છે તે, બ્રહ્મના અનુસંધાનમાં; बहुधा એટલે વધારે, અનેક રીતે, વધારી-વધારીને, વિસ્તાર કરીને; किम् + उ એટલે "શું ?" वक्तव्यम् - કહેવા જેવું, કહેવું, કહેવાનું, - આ બાબતમાં, વધારે કહેવા જેવું શું છે ?

(૨) जीवः स्वयं ब्रह्म एव (अस्ति) । - જીવ પોતે બ્રહ્મ જ છે.

(૩) एतत् आततं सकलं जगत् तु बह्म (अस्ति) । आततं (आ + तन् - ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) - ચોતરફ ફેલાયેલું, વિસ્તરેલું, વિસ્તાર પામેલું; વિસ્તાર-પામેલું આ આખું જગત પણ બ્રહ્મ (જ) છે.

(૪) 'ब्रह्म अद्वितीयं' (इति) श्रुतेः । श्रुतेः એટલે શ્રુતિ કહે છે તે પ્રમાણે, શ્રુતિ પ્રતિપાદિત કરે છે, તે મુજબ; "તે પ્રમાણે" શું ? - એ જ કે બ્રહ્મ અદ્વિતીય છે; અથવા, શ્રુતિ બ્રહ્મને અદ્વિતીય કહે છે.

(૫) 'ब्रह्म एव अहं' - इति प्रबुद्धमतयः (सत्पुरुषाः) सन्त्यक्तबाह्याः, स्फुटं ब्रह्मीभूय, सन्ततचिदानन्दात्मना एव ध्रुवं वसन्ति । - सत्पुरुषाः ध्रुवं वसन्ति । ધ્રુવ એટલે અવિચળ, નિશ્ચલ, સ્થિર; સત્પુરુષો અવિચળ બનીને વસે છે, રહે છે. આ સત્પુરુષો કેવા છે ? - प्रबुद्धमतयः । प्रबुद्ध એટલે પરિપક્વ, પાકા (Mature); પરિપક્વ બુદ્ધિવાળા, એમની બુદ્ધિ કેવી પાકી છે ? - 'ब्रह्म एव अहं' इति । - 'હું જ બ્રહ્મ છું', - એવી. આથી તેઓ શું કરે છે ? सन्त्यक्तबाह्याः । सन्त्यक्त એટલે છોડી દેનારા, ત્યાગ કરનાર; बाह्याः એટલે બહારના વિષયો-વ્યવહારો; પદાર્થો; ब्रह्मीभूय એટલે બ્રહ્મરૂપ-બ્રહ્મમય બનીને; स्फुटं એટલે સ્પષ્ટ રીતે; सन्तत એટલે સદા; એ સર્વ કેવાં સ્વરૂપે અવિચળ રહે છે ? - चिदानन्दात्मना एव । - ચિદાનન્દ-સ્વરૂપે જ. (૩૯૫)

અનુવાદ :

આ બાબતમાં, વધારે શું કહેવા જેવું છે ? જીવ પોતે બ્રહ્મ જ છે. ચોતરફ વિસ્તરેલું આ જગત પણ બ્રહ્મ (જ) છે. શ્રુતિ (પણ) કહે છે કે "બ્રહ્મ અદ્વિતીય છે." "હું જ બ્રહ્મ છું" - એવી પરિપક્વ બુદ્ધિવાળા (સત્પુરુષો), બહારનો વ્યવહાર છોડીને, સ્પષ્ટ રીતે બ્રહ્મમય બનીને અને સદા ચિદાનંદ-સ્વરૂપે જ અવિચળ બનીને રહે છે. (૩૯૫)

ટિપ્પણ :

આ તો બ્રહ્મવિદ્યા છે અને એના વિશે તો વેદોના મંત્રદૃષ્ટા ઋષિએ પોતાનાં

આર્ષ-દર્શનના નિષ્કર્ષરૂપે આ **ચાર "મહાવાક્યો"** તો નિરૂપ્યાં જ છે :

(૧) પ્રજ્ઞાનં બ્રહ્મ । (**ઋગ્વેદ, ઐતરેય-ઉપનિષદ**) : "આત્મા અને બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે."

(૨) અહં બ્રહ્માસ્મિ । (**યજુર્વેદ, બૃહદારણ્યક-ઉપનિષદ**) : "હું (જીવ) બ્રહ્મ છું."

(૩) તત્ત્વમસિ । (**સામવેદ, છાન્દોગ્ય-ઉપનિષદ**) : "તું (જીવ) તે (બ્રહ્મ) છે."

(૪) અયમાત્મા બ્રહ્મ । (**અથર્વવેદ, માંડૂક્ય-ઉપનિષદ**) : "આ આત્મા બ્રહ્મ છે."

અને પછી તો, વેદો પછીના **આરણ્યકો** અને **ઉપનિષદો** વગેરે વૈદિક સાહિત્યમાં પણ આવાં અનેક શ્રુતિવચનો મળતાં જ રહ્યાં છે :

इदं सर्वं यदयमात्मा । ("આ બધું જે છે, તે આત્મા (જ) છે.")

आत्मैवेदं सर्वम् । ("આત્મા જ આ સઘળું છે.")

एकमेवाद्वितीयम् । ("(બ્રહ્મ) એક અને અદ્વિતીય જ છે.")

सर्वं खलु इदं ब्रह्म, तज्जत्वात्, तल्लयत्वात्, तदनत्वात् इति शान्तमुपासीत ।

("આ સઘળું, ખરેખર, બ્રહ્મ છે : તેમાંથી જ આ જન્મ્યું છે તેથી, તેમાં જ આ લય પામે છે તેથી; અને તેમાં જ આ ચેષ્ટા કરે છે તેથી, તેની શાંતભાવે ઉપાસના કરવી.")

येन इमानि भूतानि जायन्ते, जातानि जीवन्ति, यत्प्रयन्ति, तद् ब्रह्म ।

("જેમાંથી આ બધાં ભૂતો જન્મે છે, જેના વડે જન્મેલાં જીવે છે અને જેમાં તે અંતે પ્રયાણ કરે છે, - તે બ્રહ્મ છે.")

અને પછી તો, આ સર્વ શ્રુતિવાક્યોનો ઉપસંહાર કરતાં, આચાર્યશ્રીએ પોતે જ કહ્યું કે "આ બાબતમાં, ફેલાવી-ફેલાવીને વધારે શું કહેવું ? (वक्तव्यं किमु विद्यतेऽत्र बहुधा ?) વધારે કહેવાની શી જરૂર છે ? કરોડો ગ્રંથોમાં જે કંઈ આ વિશે કહેવાઈ ગયું છે, તે હું માત્ર એક અર્ધા-શ્લોકમાં આ પ્રમાણે કહું છું : બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવ બ્રહ્મ જ છે, બીજું કશું જ નથી !"

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥

'પરંતુ આ બધાંની ફલશ્રુતિ શી ?' - કોઈ એમ પૂછે તો, તેનો જવાબ પણ એટલો જ સંક્ષિપ્ત અને છતાં સંપૂર્ણ આ પ્રમાણે છે : જેટલું જાણવા જેવું છે, એ

સઘળું જેમણે પૂરેપૂરું જાણી લીધું છે, એવા પરિપક્વ-બુદ્ધિવાળા (प्रबुद्धमतयः) અને પ્રાજ્ઞ સંતપુરુષો તો 'હું જ બ્રહ્મ છું !' - એવી પ્રતીતિ સાથે જ, જગત-પ્રપંચ સાથેનો સર્વ વ્યવહાર ત્યજીને(सन्त्यक्तबाह्याः), સ્પષ્ટ રીતે બ્રહ્મમય બનીને સદા સચ્ચિદાનંદ-સ્વરૂપે, અવિચળ રહીને, અહીં વસતા જ હોય છે !

અને અહીં, આ જે કંઈ કહેવામાં આવ્યું છે, તેમાં કશી કલ્પનાને સ્થાન જ નથી, આ તો મનીષી સંતોની જ્ઞાનમય જીવન-કારકિર્દીના સ્વાનુભવનો નિચોડ જ છે.

શ્લોકનો છંદ : शार्दूलविक्रीडित (૩૯૫)

૩૯૬

जहि मलमयकोशेऽहंधियोत्थापिताशां
प्रसभमनिलकल्पे लिंगदेहेऽपि पश्चात् ।
निगमगदितकीर्तिं नित्यमानन्दमूर्तिं
स्वयमिति परिचीय ब्रह्मरूपेण तिष्ठ ॥३९६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જહિ મલમયકોશેઽહંધિયોત્થાપિતાશાં
પ્રસભમનિલકલ્પે લિંગદેહેઽપિ પશ્ચાત્ ।
નિગમગદિતકીર્તિં નિત્યમાનન્દમૂર્તિં
સ્વયમિતિ પરિચીય બ્રહ્મરૂપેણ તિષ્ઠ ॥૩૯૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

મલમયકોશે અહંધિયા ઉત્થાપિત-આશાં જહિ, પશ્ચાત્ અનિલકલ્પે લિંગદેહે અપિ પ્રસભં (આશાં જહિ); નિગમ-ગદિત-કીર્તિં નિત્યં આનન્દમૂર્તિં 'સ્વયં' ઇતિ પરિચીય બ્રહ્મરૂપેણ તિષ્ઠ ॥૩૯૬॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) આશાં જહિ । આશા એટલે આશા-અપેક્ષા-તૃષ્ણા. જહિ એટલે છોડી દે, ત્યજી દે. આ આશા કેવી છે ? - અહંધિયા ઉત્થાપિતા । - અહંકારબુદ્ધિથી પેદા થયેલી, ઉત્પન્ન થયેલી. કઈ બાબતની આ આશા છે ? - મલમયકોશે । -

मल એટલે મળ, ગંદકી; कोश એટલે દેહ, શરીર; મળથી ભરેલા આ શરીર પ્રત્યેની આશા.

(૨) આવી જ બીજી કઈ આશા છોડવાની છે ? - लिंगदेहे अपि । લિંગદેહમાં, સૂક્ષ્મશરીરમાં. પણ કેવો છે આ લિંગદેહ ? - अनिलकल्पे । વાયુ જેવો (ચંચળ, અસ્થિર); ક્યારે ? - पश्चात् પાછળથી; અને કેવી રીતે ? प्रसभम् । - બળપૂર્વક.

(૩) ત્યારપછી શું કરવાનું છે ? - ब्रह्मरूपेण तिष्ठ । - બ્રહ્મભાવે રહે, બ્રહ્મરૂપે સ્થિર થા. શું કર્યા પછી ? - (ब्रह्म, आत्मानं) स्वयं इति परिचीय । परिचीय (परि + चि - એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ) (બ્રહ્મનો, આત્માનો) પરિચય કરીને, ઓળખીને, સમજીને - શું તરીકે ? - હું પોતે જ તે બ્રહ્મ છું, એમ. એ બ્રહ્મ કેવું છે ? - (अ) नित्यम् - નિત્ય; (બ) निगमगदित-कीर्तिम् । निगम એટલે વેદ; गदित એટલે કહે છે, બોલે છે, ઉચ્ચારે છે; જેની કીર્તિને વેદો ગાય છે, વેદો જેનાં ગુણગાન ગાય છે; વેદો જેને વખાણે છે તેવું; (ક) आनन्दमूर्तिम् । - આનંદસ્વરૂપ. (૩૯૬)

અનુવાદ :

(હે વત્સ !) મળથી ભરેલા આ શરીર પ્રત્યે તું અહંકારબુદ્ધિથી પેદા થયેલી આશાને છોડી દે. ત્યારપછી, વાયુ જેવા લિંગદેહ પ્રત્યે પણ બળપૂર્વક (આશાને ત્યજી દે) (અને અંતે) વેદો જેની કીર્તિ ગાય છે એવાં નિત્ય અને આનંદસ્વરૂપ આત્માને, 'હું પોતે જ તે છું' એમ સમજીને, બ્રહ્મભાવથી તું રહે. (૩૯૬)

ટિપ્પણ :

સ્થૂલ અને સૂક્ષ્મ શરીર સાથે સંકળાયેલી સર્વ આશાઓ ત્યજીને, સ્વયં વેદોએ જેની કીર્તિની પ્રશંસા કરી છે એવા, નિત્ય અને આનંદસ્વરૂપ એવા આત્માનો સમ્યક્ પરિચય મેળવીને, ત્યાં જ બ્રહ્મભાવે સ્થિર થઈને રહેવાનો અનુરોધ, આચાર્યશ્રીએ, અહીં શિષ્યને કર્યો છે.

પરંતુ આ પરાકાષ્ઠાએ પહોંચતાં પહેલાં, પેલી વિઘ્નદોડ(Hurdle-Race)ની જેમ, સાધકે, પોતાની આ સિદ્ધિયાત્રામાં વચ્ચે નડતાં વિઘ્નોને ઓળંગીને પાર કરવાનાં રહે છે : એમાં સૌથી પહેલું તો, સ્થૂલ શરીરને અનુલક્ષીને, અહંકાર-બુદ્ધિએ ઉત્પન્ન કરેલી સર્વ આશાઓ-ઇચ્છાઓ-અપેક્ષાઓ-તૃષ્ણાઓનો ત્યાગ કરવાનો રહે છે (जहि). ત્યાગના, આચાર્યશ્રીના, અનુરોધને સંપન્ન કરવા સાધક પ્રેરાય તે માટે, अन्नमयकोश સાથે સંકળાયેલા સ્થૂલ શરીર માટે હેતુગર્ભ-વિશેષણ (मलमयकोश) મૂકવામાં આવ્યું છે. આ પહેલાં પણ સ્થૂલ શરીર માટે, આચાર્યશ્રી દ્વારા, આવું વિશેષણ (मलभाण्डम्)

યોજવામાં આવ્યું જ છે. એટલું જ નહીં પણ એની અંદરની ગંદકીની ભરપૂરતા (Abundance) સૂચવવા માટે मय(શબ્દ સૂચવવામાં આવ્યો છે : प्राचुर्यार्थे-मयट् ।) સ્થૂલ શરીર અને એનાં પ્રત્યેના અહં-મમ-ભાવે પ્રેરેલી વાસનાઓનો ત્યાગ કરવો, મનુષ્ય માટે, અઘરો એ કારણે બની રહે છે કે 'ગંદકીનાં એ પોટલાંનું' બહારનું રૂપ સુંદર અને આકર્ષક રચવામાં આવ્યું છે !

સ્થૂલ-શરીર-વિષયક આશાના ત્યાગ પછી આવે છે, - સૂક્ષ્મશરીર-વિષયક આશાના ત્યાગની વાત. સ્થૂલ શરીર તો એનું નામ સૂચવે છે તે પ્રમાણે, પાંચ મહાભૂતો અને 'અન્નમય-કોશ' જેવાં માત્ર બાહ્ય અને સ્થૂલ તત્ત્વો સાથે જ સંકળાયેલો હતો, એટલે એના અંગેની આશાઓનો ત્યાગ, પ્રમાણમાં, સહેલો હતો; પરંતુ આ સૂક્ષ્મ શરીર તો મન, બુદ્ધિ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ તન્માત્રા વગેરે સત્તર(૧૭) તત્ત્વોનો બનેલો અને **પ્રાણમય-મનોમય-વિજ્ઞાનમય** જેવા કોશો સાથે તે સંબંધ ધરાવે છે. વળી, વાસનાઓ અને કર્મસંસ્કારો આ સૂક્ષ્મશરીરમાં રહે છે, તેથી તેની સાથેની આશાઓના ત્યાગ માટે સાધકે બળપૂર્વક (प्रसभम्) પ્રયત્ન કરવો પડે. પરંતુ પછી તો, **'પ્રિય'** અને **'મોદ'** એ બે તત્ત્વોના બનેલા **આનંદમય-કોશ**ના તબક્કામાં તો મનુષ્યનો **'અહં'** ટકી શકતો જ નથી; છતાં અંતે તો **'આનંદમય'**, છતાં તે **'કોશ'** તો ખરો જ ને ! **'કોશ'** એટલે આત્માનું મ્યાન, આવરણ, ઢાંકણું ! આ ઢાંકણું દૂર કર્યા વિના, વેદો જેનાં ગુણગાન, "નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સત્ય-આનંદ-સ્વભાવવાળો" - એમ કહીને, ગાય છે, તે **'નિત્ય'** અને **'આનંદમૂર્તિ'** એવા આત્માને પહોંચીને, તેને ઓળખ્યા વિના, સાધક માટે બીજો કોઈ વિકલ્પ જ રહેતો નથી !

પરંતુ **આનંદમય-કોશ** પણ, અંતે તો, **'નિત્ય'** નથી જ; એટલે તેનો પણ નિષેધ તો કરવો જ રહ્યો; અને પોતે જ 'આત્મા' છે (स्वयं, स्व-स्वरूपं), એવો પ્રગાઢ પરિચય તેણે તેની સાથે કરવાનો રહે છે (परिचीय, निश्चित्य, अनुभूय).

અને સાધકની આવી સર્વ સાત્ત્વિક સાધનાની સાચી ફલશ્રુતિ જ એ છે કે તેનો આ **'પરિચય'**, આજીવન **'આત્મ-પરિચય'** (Self-Introduction) બની રહે !

શ્લોકનો છંદ : **માલિની** (૩૯૬)

૩૯૭

शवाकारं यावद् भजति मनुजस्तावदशुचिः
परेभ्यः स्यात् क्लेशो जननमरणव्याधिनिलयः ।
यदाऽऽत्मानं शुद्धं कलयति शिवाकारमचलं
तदा तेभ्यो मुक्तो भवति हि तदाह श्रुतिरपि ॥३९७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

શવાકારં યાવદ્ ભજતિ મનુજસ્તાવદશુચિઃ
પરેભ્યઃ સ્યાત્ ક્લેશો જનનમરણવ્યાધિનિલયઃ ।
યદાઽઽત્માનં શુદ્ધં કલયતિ શિવાકારમચલં
તદા તેભ્યો મુક્તો ભવતિ હિ તદાહ શ્રુતિરપિ ॥૩૯૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યાવત્ મનુજઃ શવાકારં(શરીરં આત્માનં ઇતિ) ભજતિ, તાવત્ (સઃ) અશુચિઃ (અસ્તિ), (તસ્ય ચ) પરેભ્યઃ જનન-મરણ-વ્યાધિનિલયઃ ક્લેશઃ સ્યાત્; યદા (તુ) આત્માનં શિવાકારં શુદ્ધં અચલં કલયતિ, તદા તેભ્યઃ (સર્વેભ્યઃ સઃ) મુક્તઃ ભવતિ, તત્ શ્રુતિઃ અપિ આહ ॥૩૯૭॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) તાવત્ સઃ મનુજઃ અશુચિઃ (અસ્તિ) । અશુચિઃ એટલે અશુદ્ધ, અપવિત્ર. ત્યાં સુધી તે અપવિત્ર છે - ક્યાં સુધી ? યાવત્ સઃ મનુજઃ શવાકારં (શરીરં આત્માનં ઇતિ) ભજતિ । - ભજતિ એટલે ભજે છે, સેવે છે, આળપંપાળ કરે છે. કોને ભજે છે ? - શરીરમ્ । પોતાનાં સ્થૂલ શરીરને; તે શરીર કેવું છે ? - શવ એટલે શબ, મૃતદેહ; મડદું; (શવાકારં) મડદાં જેવું; આવા શરીરને શું-કેવું સમજીને તે ભજે છે ? - આત્માનં ઇતિ । તે (શરીર) આત્મા છે, એમ સમજીને, આત્મા-રૂપે. વળી, બીજું તેને શું થાય છે ? - હવે પછીનાં બીજાં વાક્યમાં કહ્યું છે, તે પ્રમાણે.

(૨) (તસ્ય ચ) ક્લેશઃ સ્યાત્ । ક્લેશ એટલે દુઃખ, પીડા, તકલીફ. ત્યાં સુધી તેને ક્લેશ થાય છે, દુઃખ અનુભવવું પડે. આ 'ક્લેશ' કેવો, ક્યા પ્રકારનો હોય છે ? - જનન-મરણ-વ્યાધિ-નિલયઃ । નિલય એટલે નિવાસ, રહેઠાણ, ધામ, ભંડાર, ઘર; જન્મ-મરણ-વ્યાધિના નિવાસ જેવો ક્લેશ. આવો ક્લેશ તેને કોના તરફથી થાય ? પરેભ્યઃ । બીજાંઓથી, એ જ શરીર વગેરેથી પણ. તો પછી શું કરવું ? આનો ઉપાય શો ? હવે પછીનાં વાક્યમાં સૂચવાયો છે, તે એક જ.

(૩) તદા તેભ્યઃ (પરેભ્યઃ, શરીરાદિભ્યઃ, ક્લેશેભ્યઃ ચ) સઃ મુક્તઃ ભવતિ । ત્યારે જ પેલાં ક્લેશ વગેરેથી તે મુક્ત થાય છે. આવું ક્યારે બને ? યદા (તુ) સઃ તસ્ય આત્માનં શુદ્ધં અચલં શિવાકારં (ચ) કલયતિ । કલયતિ એટલે

જાણે છે, ઓળખે છે, પારખું કરી લે છે. કોને ઓળખે છે ? - તેના પોતાના આત્માને; તેને કેવાં-શું સ્વરૂપે જાણવાનો છે ? - शिवाकारम् । शिव એટલે કલ્યાણ, માંગલ્ય. अचल એટલે અવિચળ, નિશ્ચલ, સ્થિર. જ્યારે તે પોતાના આત્માને શુદ્ધ, અવિચળ અને કલ્યાણ-સ્વરૂપે ઓળખી લે ત્યારે.

પરંતુ આવું કોણ કહે છે ? - तत् श्रुतिः अपि आह । તેવું જ, તે પ્રમાણે, વેદો વગેરે શ્રુતિ પણ કહે છે. (૩૯૭)

અનુવાદ :

જ્યાં સુધી મનુષ્ય મડદાં-જેવાં(પોતાનાં શરીર)ને (આત્મા સમજીને) સેવે છે, ત્યાં સુધી તે અપવિત્ર (રહે) છે અને (ત્યાં સુધી) જન્મ-મરણ-વ્યાધિ-વગેરેના નિવાસરૂપી ક્લેશ તેને બીજાંઓ તરફથી અનુભવવો પડે; પરંતુ જ્યારે તે, પોતાના આત્માને શુદ્ધ, અવિચળ અને કલ્યાણ-સ્વરૂપે ઓળખી લે છે ત્યારે, પેલા(બધા ક્લેશો)થી તે મુક્ત થઈ જાય છે : શ્રુતિ પણ તે જ હકીકત કહે છે. (૩૯૭)

ટિપ્પણ :

સ્થૂલ અને સૂક્ષ્મ શરીર સાથે સંકળાયેલી આશાઓનો ત્યાગ કરીને (जहि), 'હું પોતે જ બ્રહ્મ છું' એ રીતે, બ્રહ્મ સાથે સ્વ-સ્વરૂપની ઓળખ પામવાનો અને એને જ પોતાનો સાચો 'આત્મપરિચય' (स्वयं इति परिचीय) સમજવાનો, સદ્‌ગુરુએ, શિષ્યને, વાત્સલ્યપૂર્વક જે અનુરોધ આ પહેલાંના શ્લોકમાં કર્યો છે, એની ફલશ્રુતિનું પ્રતિપાદન અહીં કરવામાં આવ્યું છે.

શરીરને અહીં 'મડદાં જેવું' (शवाकारं) કહ્યું છે તેથી, રખે કોઈ એવું સમજી બેસે કે શરીરને સ્વસ્થ અને ચોખ્ખું ન રાખવું, એવી સલાહ-સૂચના આ ગ્રંથમાં આપવામાં આવી છે ! અંતે તો, શરીર પણ પરમકૃપાળુ પરમાત્માની જ ભેટ છે, એટલે એને ગંદું રાખવું કે રહેવા દેવું, એવા 'ફુવડ' કે 'ફુહડ' રહેવું, એ તો એ પરમાત્માનો જ અપરાધ ગણાય !

અહીં જે આદેશ અને ઉપદેશ છે તે આટલો જ : (૧) એક વાત તો કદી ભૂલવાની નથી જ કે શરીર ગમે તેવું સુંદર અને સશક્ત હોય તો પણ, પગથી માથાં સુધી, તેની અંદર તો ગંદકી જ ભરી છે (मलभाण्डम् અને मलमयकोशः). (૨) બીજું, भजति - શબ્દ અહીં પ્રયોજાયો છે, એટલે એ(શરીર)ની પૂજા-ભક્તિ કે સેવા-શુશ્રૂષામાં જ માણસ સદા-સર્વદા વ્યસ્ત રહે, તે પ્રકારની એની આળપંપાળ અને માવજત વધુ પડતી ને થવી જોઈએ; (૩) અને ત્રીજું, અને સૌથી મહત્ત્વનું તો એ કે, એને 'આત્મા' સમજી લેવાની ભૂલ ન કરવી. એ **'શરીર'** જ છે અને

'આત્મા' નથી. આટલા વિવેક(Discrimination)ની અપેક્ષા તો સાધક પાસેથી અવશ્ય સેવવામાં આવે.

આમ છતાં, જો માણસ શરીરની 'ભક્તિ'(મજતિ)માં જ, એને 'આત્મા' માનીને, સતત, વ્યસ્ત રહે તો, એનાં બે ચોખ્ખાં ભયસ્થાનો અહીં આ પ્રમાણે દર્શાવવામાં આવ્યાં છે : (૧) तावत् એટલે કે तावत्कालम्, - દેહને જ આત્મા માનીને, એની ભક્તિમાં જ તે અવિરત મગ્ન રહે ત્યાં સુધી, તે અપવિત્ર જ રહે : "હું તે શરીર જ છું, એ શરીર જ આત્મા છે", - એવાં અજ્ઞાનનું પરિણામ તો, જે આવવું જોઈએ, તે જ આવે ને ! જેને મન આવું 'शवाकार' શરીર જ પોતાનાં જીવનનું સંપૂર્ણ સાર-સર્વસ્વ હોય, તેને તો જીવતે-જીવત 'મડદાં' જેવું 'અશુદ્ધ' જ બનવું પડે ! (૨) અને બીજું એ કે શરીર તો જન્મ-મરણ-વ્યાધિ-નરક-ઉપાધિનો જ પર્યાય (Synonym) છે, એટલે એનાં ભાગ્યમાં તો 'ક્લેશ' જ લખાયેલો હોય ને ! અને આ ક્લેશ કંઈ જેવો તેવો નથી હોતો : શરીર તરફથી અને પારકાં-પરાયાં તરફથી (परेभ्यः) તો તે ખરો જ, પરંતુ તે ક્લેશમાં તેનો પોતાનો પણ ફાળો હોય, - એવો સાર્વત્રિક તે ક્લેશ હોવાનો ! ઉપનિષદ્ના ઋષિએ આનું સમર્થન આવી સુયોગ્ય રીતે કર્યું છે :

- न ह वै स-शरीरस्य सतः प्रिय-अप्रिययोः अपहस्तिः अस्ति । - આવા શરીરભક્તના ક્લેશનો તો કદી નાશ જ નહીં !

પરંતુ પછી જો એને સદ્બુદ્ધિ સૂઝે, શ્રુતિ-સ્વાધ્યાય, સદ્ગુરુ-ઉપદેશ અને વેદાંતવિદ્યા-પ્રબોધિત 'साधनचतुष्टय'ની સહાય વડે, 'અનાત્મા'-'આત્મા'ની વિવેકબુદ્ધિ એનામાં ઉદય પામે તો, આત્મા તો હંમેશાં શુદ્ધ, અવિચળ અને કલ્યાણ-સ્વરૂપ જ છે એવી સાચી ઓળખ (कलयति) તેને થઈ જાય તો, તેના પેલા ઉપર્યુક્ત ક્લેશમાંથી, તેનો તરત જ છુટકારો થઈ જાય ! (तदा सः तेभ्यः मुक्तः भवति ।)

અને આવો 'ચુકાદો' (Verdict) કંઈ જ્યાં-ત્યાંથી નથી મળતો ! કારણ કે આવું સર્વસંમત (Unanimous) અભયવચન તો સમગ્ર શ્રુતિસાહિત્ય, આ પ્રમાણે, આપે છે (श्रुतिः अपि तद् आह ।) :

(૧) अशरीरं वाव सन्तं न प्रिय-अप्रिये स्पृशतः । ("શરીર-આસક્તિ વિનાને પ્રિય અને અપ્રિય બંને સ્પર્શી શકતાં નથી.")

(૨) आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन । ("બ્રહ્મના આનંદને જાણનારને ક્યાંયથી ભય રહેતો નથી, હોતો નથી.")

(૩) तरति शोकं आत्मवित् । ("આત્મજ્ઞાની સઘળા શોકને તરી જાય છે.")

(૪) ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः । ("દેવને, એટલે કે સદા દીપી રહેલા એવા બ્રહ્મને જાણ્યા પછી, સાધક સર્વ પ્રકારનાં બંધનોમાંથી મુક્ત થઈ જાય છે.")

(૫) तं एव विद्वान् अमृतो भवति । ("તે બ્રહ્મને જાણીને મનુષ્ય અમર બની જાય છે.")

(૬) क्षीणः क्लेशैः जन्ममृत्युप्रहाणिः । ("સર્વ ક્લેશોનો ક્ષય થતાં, જન્મ અને મૃત્યુ રહેતાં નથી.")

(૭) ज्ञात्वा शिवं शान्तिं अत्यन्तमेति । ("તે કલ્યાણસ્વરૂપ બ્રહ્મને જાણ્યા પછી, તે અનંત શાંતિને પામે છે.")

(૮) समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशं अस्य महिमानमिति वीतशोकः ॥

("શરીરમાં મગ્ન અને એનાથી ભ્રાંત મનુષ્ય અસહાય બનીને શોક અનુભવે છે; પણ અનાત્માથી ભિન્ન એવા ઈશનું જ્યારે તે દર્શન કરે છે ત્યારે, તે, શોક વિનાનો બનીને મહિમા પામે છે.")

આ છે, શ્રુતિ અને સદ્‌ગુરુનો અનુભવ-ઉપદેશ. શ્લોકની છેલ્લી પંક્તિમાંનો हि-શબ્દ શ્રુતિવચનની નિશ્ચયાત્મકતાનો નિર્દેશ આપે છે.

અને છેલ્લે, ક્યાં **'शवाकार'** શરીર અને ક્યાં **'शिवाकार'** આત્મા !

શ્લોકનો છંદ : **शिखरिणी** (૩૯૭)

૩૯૮

स्वात्मन्यारोपिताशेषाभासवस्तुनिरासतः ।
स्वयमेव परं ब्रह्म पूर्णमद्वयमक्रियम् ॥३९८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वात्मन्यारोपिताशेषाभासवस्तुनिरासतः ।
स्वयमेव परं ब्रह्म पूर्णमद्वयमक्रियम् ॥૩૯૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्व-आत्मनि आरोपित-अशेष-आभास-वस्तु-निरासतः (अहं) स्वयं अद्वयं अक्रियं पूर्णं परं ब्रह्म एव (अस्मि इति अनुभूयते) ॥३९८॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (अहं) स्वयं परं ब्रह्म (अस्मि इति अनुभूयते) । - "હું

પોતે પર-બ્રહ્મ જ છું" - એમ અનુભવાય છે. ક્યારે ? स्व-आत्मनि आरोपित-अशेष-आभास-वस्तु-निरास-तः । निरास એટલે નિરસન, નિષેધ, ખંડન, ત્યાગ, નાશ. तः-શબ્દ પંચમી વિભક્તિનો અર્થ આપે છે : निरास-तः એટલે નિરસન કરવાથી. आरोपित એટલે આરોપવામાં આવેલી; अशेष એટલે સર્વ, સમસ્ત, સઘળી; आभास એટલે ખરેખર નહીં, પણ માત્ર ભાસતી-દેખાતી, અસત્ય, મિથ્યા. આરોપવામાં આવેલી સર્વ મિથ્યા વસ્તુઓનો નિષેધ કરવાથી. ક્યાં આરોપવામાં આવેલી ? स्व-आत्मनि । - પોતાના આત્મામાં. (૩૯૮)

અનુવાદ :

સ્વ-સ્વરૂપમાં, એટલે કે આત્મામાં આરોપવામાં આવેલી સમસ્ત મિથ્યા વસ્તુઓનું નિરસન કરવાથી, "હું પોતે અદ્વિતીય, અક્રિય અને પૂર્ણ એવો પર-બ્રહ્મ જ છું", - એવો અનુભવ થાય છે. (૩૯૮)

ટિપ્પણ :

આમ તો, સંનિષ્ઠ સાધક તો જાણે-સમજે છે જ, એને તો પૂરી પ્રતીતિ છે જ, કે "હું પોતે જ પરબ્રહ્મ છું." તો પછી મનુષ્યને આવી અનુભૂતિ કેમ થતી નથી ? અને આવી અનુભૂતિ ક્યારે થાય ? - આ બંને સવાલોના જવાબ આ એક નાનકડા શ્લોકમાં આપવામાં આવ્યા છે.

મનુષ્યનો પોતાનો આત્મા તો, મૂળભૂત રીતે, પોતે જ એક અને અદ્વિતીય, પૂર્ણ પર-બ્રહ્મ જ છે. પરંતુ માણસનું મન એક અકળ તત્ત્વ છે. હકીકતમાં, માણસને પોતાને, ખ્યાલ પણ ન આવે તે રીતે, તેનું આ મન, અનેક વિચારો-વિકલ્પો-વિક્ષેપો-વિક્ષોભોનું એક વિશ્વ બની જાય છે અને તેને ખબર પણ ન રહે એ રીતે, આવું મનોજગત અને એમાંના સઘળા મિથ્યા પદાર્થો, તેના આત્મા પર છવાઈ જાય છે, આરોપિત બની જાય છે !

હવે, માણસને જો "હું પોતે જ બ્રહ્મ છું" - એવો અનુભવ કરવો જ હોય તો, પોતાના આત્મામાં આરોપિત થઈ ગયેલા પેલા સર્વ કલ્પિત મિથ્યા પદાર્થોનું, ત્યાંથી, એટલે કે પોતાના આત્મામાંથી, તેણે નિરસન કરવું જ રહ્યું.

પરંતુ આવો "अशेष-आभास-वस्तु-निरास" કરવો કેમ કરીને ? કેવી રીતે ? શી રીતે ? વેદાંત-દર્શનમાં, આ માટે, **શ્રુતિ-યુક્તિ-નિદિધ્યાસન**, એ ત્રણ રીતો સૂચવવામાં આવી છે : **'શ્રુતિ'** એટલે સ્વાધ્યાય અને સદુપદેશ, જેથી અજ્ઞાન દૂર થાય અને પરિણામે, મૂળ અધિષ્ઠાન એવા આત્માનું જ્ઞાન થાય; **'યુક્તિ'** એટલે શ્રુતિસંમત તર્કના આધારે, ચર્ચા કરીને અજ્ઞાન દૂર કરવું; દાખલા તરીકે, સૂર્યના

પ્રકાશમાં, જમીન પર પડેલી **છીપ** મને ચાંદી-રૂપે દેખાઈ; પરંતુ તેને તડકામાંથી છાંયડામાં લઈ જઈને મેં ચકાસણી કરી, એટલે ચાંદી વિશેની મારી ભ્રાંતિ દૂર થઈ અને મૂળ અધિષ્ઠાનનું એટલે કે **છીપ**નું, મને જ્ઞાન લાધ્યું; અને **'નિદિધ્યાસન'** તો સત્યની પ્રતીતિ માટેનું, **'અંતરંગ સાધન-ત્રિતય'**માંનું સૌથી વધુ અસરકારક **'સાધન'** છે જ. સાધક જો, પહેલેથી જ, એમાં નિમગ્ન હોત તો, પેલું 'તોફાની' મનોજગત આત્મા પર આરોપિત થઈ શક્યું જ ન હોત !

'નિરાસ'ની પ્રક્રિયા એટલે, બસ, આ જ ! આ પ્રક્રિયાનો તો પ્રભાવ જ એવો હોય છે કે પળવારમાં જ આત્મા પોતાની મૂળ વિશુદ્ધ વસ્તુસ્થિતિને પામી રહે ! પછી તો, ઉપનિષદ કહે છે તેમ, સર્વ-પ્રાણ-પ્રદ, અ-શરીર, 'અ'-મૃત અને સ્વ-સ્વરૂપ એવું બ્રહ્મ જ, સર્વત્ર, સ્વ-તેજે પ્રકાશી રહે ! -

अथ अशरीरः अमृतः प्राणः ब्रह्म एव तेजः इव ।

આમ, સાધક માટે, બે વાત મહત્ત્વની બની રહે છે : એક તો એ કે આત્મા પર કશી મિથ્યા વસ્તુનું આરોપણ ન થઈ જાય, એવી સતત જાગૃતિ સેવવી; અને બીજું, આવું આરોપણ થઈ જવા પામ્યું જ હોય તો, એવી જ જાગૃતિપૂર્વક, **'નિરસન'**ની પેલી પ્રક્રિયાને તરત જ હાથ ધરવી !

- પછી તો સ્વયમેવ સંપૂર્ણ પરબ્રહ્મનું પોતાના આત્મામાં જ દર્શન !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૩૯૮)

૩૯૯

समाहितायां सति चित्तवृत्तौ
परात्मनि ब्रह्मणि निर्विकल्पे ।
न दृश्यते कश्चिदयं विकल्पः
प्रजल्पमात्रः परिशिष्यते ततः ॥३९९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સમાહિતાયાં સતિ ચિત્તવૃત્તૌ
પરાત્મનિ બ્રહ્મણિ નિર્વિકલ્પે ।
ન દૃશ્યતે કશ્ચિદયં વિકલ્પઃ
પ્રજલ્પમાત્રઃ પરિશિષ્યતે તતઃ ॥૩૯૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

નિર્વિકલ્પે પરાત્મનિ બ્રહ્મણિ સતિ, ચિત્તવૃત્તૌ સમાહિતાયાં, અયં કશ્ચિદ

विकल्पः न दृश्यते; ततः प्रजल्पमात्रः परिशिष्यते ॥३९९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अयं कश्चिद् विकल्पः न दृश्यते । વિકલ્પ એટલે સંસારરૂપી, સંસાર જેવો, વિકલ્પ; સંસારરૂપ આવો કોઈ વિકલ્પ દેખાતો નથી, જોવામાં આવતો નથી. ક્યારે ? - निर्विकल्पे परात्मनि ब्रह्मणि सति, चित्तवृत्तौ समाहितायाम् । આ આખી વાક્યરચના સમય-દર્શાવતી **'सति-सप्तमी'** છે. ચિત્તની એટલે કે અંતઃકરણની વૃત્તિ સમાહિત, એટલે કે સમાધિસ્થ, સ્વસ્થ અને સ્થિર થઈ જાય ત્યારે. ક્યાં **'સમાહિત'** થઈ જાય ત્યારે ? - (तस्मिन्) ब्रह्मणि सति । सति એટલે તે સત્-માં, સત્યમાં; બ્રહ્મરૂપી-બ્રહ્મસ્વરૂપ સત્યમાં. કેવું છે આ બ્રહ્મરૂપી સત્ય ? - निर्विकल्पे परात्मनि । - 'પરાત્મા' એટલે પરમાત્મા; નિર્વિકલ્પ અને પરમાત્મા એવા બ્રહ્મરૂપી સત્યમાં.

તો પછી, ત્યારપછી (ततः) શું બને છે ? - प्रजल्पमात्रः अवशिष्यते । प्रजल्प એટલે મિથ્યા પ્રજ્ઞાવાદ, બકવાસ-બકવાદ, પ્રલપન, વાણીવિલાસ, બડબડાટ; अवशिष्यते એટલે અવશેષ રહે છે; શેષ તરીકે બાકી રહે છે. (૩૯૯)

અનુવાદ :

નિર્વિકલ્પ પરમાત્મા એવા બ્રહ્મરૂપી સત્યમાં ચિત્તવૃત્તિ સ્થિર થાય ત્યારે, આ સંસારરૂપી કોઈ પણ વિકલ્પ જોવામાં આવતો નથી : પછી તો, માત્ર બકવાસ જ અવશેષ તરીકે રહે છે. (૩૯૯)

ટિપ્પણ :

પરમ આદરણીય ભગવત્પાદ આચાર્યશ્રીનું એક ઉદ્બોધન સતત અને હંમેશનું રહ્યું છે કે "ચિત્તની સર્વ વૃત્તિઓને બહાર ભટકતી સંપૂર્ણરીતે રોકીને, એને સ્થિર કરીને, સત્સ્વરૂપ બ્રહ્મમાં જ સ્થિર કરો." બસ, આ જ ઉદ્બોધનનો પડઘો આ શ્લોકમાં સાંભળવા મળે છે.

સંસાર 'असत्' અને 'વિકલ્પ'-રૂપ છે. સઘળી ચિત્તવૃત્તિઓને 'સત્ય' અને 'વિકલ્પ' એવા બ્રહ્મમાં 'સમાહિત', એટલે કે સમાધિસ્થ કરી દેવામાં આવે પછી, આ સંસાર-રૂપી 'સત્ય' એવા કોઈ 'વિકલ્પ' માટે તો અવકાશ જ ન રહે ! - જ્યાં 'નિર્વિકલ્પ' અને 'સત્ય' એવા બ્રહ્મ-સ્વરૂપ પરમાત્માનો સૂર્ય સર્વત્ર ઝળાંહળાં પ્રકાશી રહ્યો હોય ત્યાં, કોઈ 'असत्य विकल्प' તો નજરે જ શી રીતે પડે (न दृश्यते) ?

સંસારનું અધિષ્ઠાન એટલે જ સત્સ્વરૂપ બ્રહ્મ, અને આ બ્રહ્મતત્ત્વમાં જો મેં

મારાં અંતઃકરણની વૃત્તિઓ-પ્રવૃત્તિઓને સંપૂર્ણરીતે સ્થિર કરીને, સંસ્થાપી દીધી હોય, તો પછી શેષ શું રહે ? ત્યારપછી (ततः) જો કોઈ માણસ સંસાર જેવા **'असत्-विकल्प'**નો ઉચ્ચાર પણ કરે તો, એ માત્ર અજ્ઞાનજન્ય અને મિથ્યા પ્રલપન જ બની રહે ને ! **'प्रजल्प'** એટલે એવો વાણીવિલાસ કે જેમાં ફક્ત બોલવાનો **'અવાજ'** જ (**शब्द** : Sound) હોય, કશો **"અર્થ"** (Sense) તો હોય જ નહીં ! હોઈ શકે જ નહીં ! વાણી અને વર્ણનથી જે સદા-સર્વદા 'પર' છે, એનો પરિચય આપવાનું કામ કોઈ નિરર્થક બડબડાટ કદી પણ કરી શકે ?

અને **"યોગસૂત્ર"** અનુસાર **'विकल्प'**ની તો વ્યાખ્યા જ એ છે કે જ્યાં **'વસ્તુવિહીન'** એવો માત્ર **'शब्द'** (અવાજ) જ હોય : **शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः** । તાત્પર્ય એ કે 'આકાશ-પુષ્પ' એવાં જેનું અસ્તિત્વ જ નથી, એનું કશું પરિણામ જ ન સંભવી શકે; અને આવી માત્ર **"વાતો"** (Talk) કરવાનો શો અર્થ ? શ્વાસ-પ્રક્રિયાનો ફક્ત 'વેડફાટ' (Waste) કે બીજું કંઈ ?

શ્લોકનો છંદ : ઉપજાતિ (૩૯૯)

४००

असत्कल्पो विकल्पोऽयं विश्वमित्येकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४००॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

असत्कल्पो विकल्पोऽयं विश्वमित्येकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४००॥

શ્લોકનો ગદ્ય અન્વય :

एकवस्तुनि (ब्रह्मणि) विश्वं इति विकल्पः असत्कल्पः (अस्ति); निर्विकारे निराकारे निर्विशेषे (ब्रह्मणि) भिदा कुतः (संभवति) ? ॥४००॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अयं विकल्पः असत्कल्पः (एव अस्ति) । असत् એટલે અસત્ય, જૂઠી, મિથ્યા; અને કલ્પ એટલે કલ્પના; વિકલ્પ એટલે વિચાર, વ્યવહાર; આ, આવો, વ્યવહાર તો માત્ર એક મિથ્યા કલ્પના જ છે. કેવો-કયો વિકલ્પ ? एकवस्तुनि (ब्रह्मणि) विश्वं इति (विकल्पः) । 'બ્રહ્મ' એ એકમાત્ર સત્ય વસ્તુ છે,

તેમાં આ વિશ્વનું હોવું તે, - એવો વિકલ્પ.

તો પછી, આમાં શું સમજવું ?

એ જ કે (બ્રહ્મણિ) ભિદા કુતઃ ? ભિદા એટલે ભેદ, બ્રહ્મમાં ભેદ સંભવે જ ક્યાંથી ? - કેમ ન સંભવે ? બ્રહ્મનાં આ **ત્રણ** વિશેષણો જુઓ : (૧) નિર્વિકારે વિકાર કે ફેરફાર વગરનું, પરિવર્તન-વિહોણું; (૨) નિરાકારે આકાર વિનાનું, રૂપ-રહિત, અમૂર્ત; (૩) નિર્વિશેષે - કશી વિશેષતા અથવા વિશેષણ વિનાનું, અવયવો-વગરનું. (૪૦૦)

અનુવાદ :

(બ્રહ્મ, એ) એકમાત્ર વસ્તુમાં વિશ્વ(નું હોવું), એવો વિકલ્પ જ એક મિથ્યા કલ્પના છે : નિર્વિકાર, નિરાકાર અને નિર્વિશેષ(એવાં બ્રહ્મ)માં ભેદ તો સંભવે જ ક્યાંથી (કેવી રીતે) ? (૪૦૦)

ટિપ્પણ :

સમગ્ર બ્રહ્માંડમાં એકમાત્ર સત્ય વસ્તુ એટલે **બ્રહ્મ**, અને **વિશ્વ** એટલે જ 'આ વિવિધાકાર સંસાર'. **'એક'**માં **'વિવિધ'**નું હોવું, - એ તો એક 'મિથ્યા કલ્પના' (વિવિધં કલ્પ્યતે ઇતિ વિકલ્પઃ ।) જ બની રહે ! એક પ્રકારનો **'વદતો વ્યાઘાત'** (Contradiction in terms) જ !

અસંખ્ય નામ-રૂપો અને એનાં એવાં જ અનેક વૈવિધ્યો, - આ બધું એટલે સંપૂર્ણ અસત્ય. **'સત્ય'**માં **'અસત્ય'** અને **'એક'**માં **'અનેક'**નું હોવાની કલ્પનામાત્ર એટલે વિક્ષુબ્ધ મનની માયા ! 'મિથ્યા' એવાં જગતને, **વેદાન્ત-દર્શનમાં** 'દૃષ્ટ-નષ્ટ' એટલા માટે કહેવામાં આવે છે કે તે અજ્ઞાનને કારણે જ દેખાય છે (દૃષ્ટં), પરંતુ જ્ઞાનનો ઉદય થતાં તે નાશ પામે છે (નષ્ટં).

'દ્વૈતનું કશું જ અસ્તિત્વ નથી', - એવો ઉપદેશ આપવા માટે, ભગવત્પાદ આચાર્યશ્રીએ, સકલ-વેદાન્તના તાત્પર્યવિષય તરીકે, **'અનુભવ'**, **'યુક્તિ'**, **'દૃષ્ટાંત'** અને **'શ્રુતિ'**, - એ **ચાર**ને આ પ્રમાણે સ્થાપ્યાં છે :

સકલવેદાન્તવિષયતાત્પર્યં અનુભવ-યુક્તિ-દૃષ્ટાન્ત-શ્રુતિભિઃ દ્વૈતસ્ય અત્યન્ત-અસત્ત્વં ઉપદિશતિ આચાર્યઃ ।

આવાં ચારેય માધ્યમોને પ્રયોજીને, આચાર્યશ્રીએ, વિશેષ્ય-વિશેષિત, અપૂર્ણ-સંપૂર્ણ, વ્યક્તિ-વર્ગના સર્વ ભેદોના 'સંભવને અસંભવ' કરી નાખ્યા છે (ભિદા કુતઃ). તેવી સર્વોચ્ચ સિદ્ધિએ પહોંચ્યા પછી, એ સાધકને તો આ વિશ્વ ક્યાંય શોધ્યું ય ન જડે ! એનું અસ્તિત્વ હોય તો દેખાય ને !

પૂજ્ય વિદ્યારણ્ય-સ્વામીએ, પોતાના "જીવન્મુક્તિવિવેક"ગ્રંથમાં, 'યોગ'ની ઉત્તરોત્તર ઉચ્ચ સાત ભૂમિકાઓ નિરૂપી છે, તેમાંની ઉચ્ચતમ **સાતમી 'તુર્યગા'**-ભૂમિકા એટલે જ ઉપર્યુક્ત સર્વ-ભેદના 'સંભવના અસંભવ'-રૂપી પરાકાષ્ઠા !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૦૦)

૪૦૧

द्रष्टृदर्शनदृश्यादिभावशून्यैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४०१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

द्रष्टृदर्शनदृश्यादिभावशून्यैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥४०१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

द्रष्टृ-दर्शन-दृश्य-आदि-भावशून्ये एकवस्तुनि निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः (संभवति) ? ॥४०१॥

શબ્દાર્થ :

ઉપર્યુક્ત ગદ્ય અન્વયમાંના સૌપ્રથમ સામાસિક શબ્દ સિવાય, શ્લોકમાં, બાકીના બીજા બધા શબ્દો, આ પહેલાંના શ્લોક-૪૦૦ પ્રમાણે જ છે; એટલું જ નહીં, પરંતુ 'બ્રહ્મમાં ભેદના અસંભવ' વિશેના નિર્ણયના મહત્ત્વ પર ભાર મૂકવા માટે (To emphasise), આવી વાક્યરચના હવે પછીના શ્લોક(૪૦૨)માં પણ ચાલુ રહે છે.

શ્લોક-૪૦૦માં, एकंवस्तुनि (એટલે કે એકમાત્ર સત્ય વસ્તુતત્ત્વ, - એવા બ્રહ્મ) માટે विश्वं इति अयं विकल्पः । - એવા શબ્દો યોજાયા હતા. હવે અહીં द्रष्टृ-दर्शन-दृश्य-आदि-भावशून्ये । - એવો સામાસિક શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

द्रष्टृ એટલે દ્રષ્ટા, જોનાર (Seer); दर्शन એટલે જોવાની પ્રક્રિયા (Act of Seeing) અને दृश्य એટલે જોવાયેલું, જોવામાં આવેલું (Seen); भावशून्ये - એટલે આવા ત્રણ 'ભાવ' એટલે કે અસ્તિત્વ વિનાનું; આવા કશા ભેદ જ્યાં નથી તેવાં, - એકમાત્ર સત્ય વસ્તુતત્ત્વ એવા બ્રહ્મમાં. (૪૦૧)

અનુવાદ :

જ્યાં દ્રષ્ટા-દર્શન-દૃશ્ય, એવા કશા ભેદ નથી, તે, નિર્વિકાર, નિરાકાર અને

નિર્વિશેષ બ્રહ્મમાં ભેદ સંભવે જ શી રીતે ? (૪૦૧)

ટિપ્પણ :

પારમાર્થિક **'સત્તા'**(Existence)ની દૃષ્ટિએ તો સમગ્ર બ્રહ્માંડમાં એકમાત્ર સત્ય વસ્તુ એટલે બ્રહ્મ; અને બ્રહ્મ તો એક, અદ્વિતીય અને અખંડ છે. જોવાની ક્રિયા ચાલતી હોય ત્યારે, **એક** જોનાર (Seer), **બીજું** જોયેલું (Seen) અને **ત્રીજું** દર્શન, - એમ **ત્રણ** ઘટકો, સામાન્ય રીતે, ભિન્ન-ભિન્ન હોય; પરંતુ બ્રહ્મ તો કશાં 'બીજાં-પણાં' ('Other'-ness) વિનાનું **એક** જ તત્ત્વ છે, તો પછી એનાં અનુસંધાનમાં **'બીજું'-'ત્રીજું'** કોણ હોઈ શકે ? કોઈ જ નહીં ! બ્રહ્મ તો સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ છે, એટલે એનાં વિશેનાં જ્ઞાન-ધ્યાનની બાબતમાં, જેમ જ્ઞાતા-જ્ઞેય, ધ્યાતા-ધ્યેય જેવા કોઈ ભેદો હોય જ નહીં, તે જ રીતે, એનાં દર્શનની બાબતમાં પણ દ્રષ્ટા-દૃશ્ય જેવા ભેદો પણ કદી સંભવે જ નહીં !

અને આ પહેલાંના શ્લોકની જેમ જ, ભેદની અસંભવિતતા (Impossibility) દર્શાવવા માટે, બ્રહ્મ માટેનાં 'નિર્વિકાર', 'નિરાકાર' અને 'નિર્વિશેષ', - એ ત્રણેય વિશેષણોને અહીં પુનરુક્ત કરવામાં આવ્યાં છે.

બ્રહ્મ-'જ્ઞાન'ના અનુસંધાનમાં, **વેદાંત-દર્શનમાં**, આવા ભેદો માટે, આ પ્રકારના પારિભાષિક શબ્દો પ્રચલિત છે : પ્રમાતા-પ્રમિતિ(અથવા પ્રમાણ)-પ્રમેય. પરંતુ આવા સર્વ ભેદોનાં મૂળમાં તો અવિદ્યા અને અજ્ઞાન જ છે. હકીકતમાં, જ્યાં સર્વ કાંઈ આત્મ-મય જ હોય ત્યાં, પેલાં શ્રુતિવચન પ્રમાણે, કોણ, કોને, શાના વડે જુએ ?-

यत्र तु अस्य सर्वं आत्मत्वं एव अभूत्, तत् केन कं पश्येत् ? ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૦૧)

૪૦૨

कल्पार्णव इवात्यन्तपरिपूर्णैकवस्तुनि ।
निर्विकारे निराकारे निर्विशेषे भिदा कुतः ॥૪૦૨॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કલ્પાર્ણવ ઈવાત્યન્તપરિપૂર્ણૈકવસ્તુનિ ।
નિર્વિકારે નિરાકારે નિર્વિશેષે ભિદા કુતઃ ॥૪૦૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં પણ, જેને **'દંડાન્વય'** કહેવામાં આવે છે તેવો, શ્લોક-પ્રમાણે જ,

અન્વય છે : कल्पार्णवे इव अत्यन्तपरिपूर्ण-एकवस्तुनि... વગેરે ॥૪૦૨॥

શબ્દાર્થ :

કલ્પાર્ણવ એટલે મહાપ્રલય-સમયનો સમુદ્ર(અર્ણવ); અત્યન્તપરિપૂર્ણ એટલે પૂરેપૂરો, સંપૂર્ણરીતે ભરેલો. એકમાત્ર સત્ય વસ્તુતત્ત્વ એવું બ્રહ્મ પણ આવું જ અત્યંત-પરિપૂર્ણ છે. (૪૦૨)

અનુવાદ :

મહાપ્રલયના સમુદ્રની જેમ, અત્યંત-પરિપૂર્ણ એવાં એકમાત્ર સત્ય વસ્તુતત્ત્વ બ્રહ્મમાં, નિર્વિકાર-નિરાકાર-નિર્વિશેષ બ્રહ્મમાં ભેદ સંભવે જ ક્યાંથી ? (૪૦૨)

ટિપ્પણ :

ભેદ તો ત્યાં જ હોય, જ્યાં કશાં ઉણપ-અસંતોષ-અપૂર્ણતા કે અછત હોય. બ્રહ્મ પોતે તો મહાપ્રલયના સાગરની જેમ, સ્વયં સંપૂર્ણ-પરિપૂર્ણ છે, છલોછલ છે, સંતૃપ્ત છે, પરિતુષ્ટ છે. નથી તેનામાં જીવના વિકારો, જગતના આકારો કે આકારોની કશી વિશિષ્ટતા; તો પછી, તેનામાં ભેદની સંભાવના જ શાની ? શી ? શી રીતે ?

પુરાણોની વિભાવના પ્રમાણે, મહાપ્રલય(Cosmic deluge)ના કાળે, પાણીની એવી પ્રચંડ ભરતી આવે છે કે સમગ્ર બ્રહ્માંડના બધા જ સમુદ્રો એકબીજામાં ભળી જાય છે અને પૃથ્વી પર માત્ર એક પ્રલય-મહાસાગર જ સર્વત્ર એવો 'અત્યંત-પરિપૂર્ણ' બની રહે છે કે પૃથ્વી(Land)નો કોઈ ભાગ જ દેખાતો નથી : સર્વત્ર, બસ, પાણી જ પાણી !

આવા 'પ્રલય-મહાસાગર'માં પાણીની શી-કેવી-કેટલી ઉણપ હોય ? અને ઉણપ ન હોય તો, એનાં પાંણીમાં કશો ભેદ તો હોય જ શાનો ?

જે પોતે પોતાનામાં આવું 'અત્યંત-પરિપૂર્ણ' છે, જેનામાં ક્યાંય કશીય કચાશ કે અપૂર્ણતા જ નથી, ત્યાં કોઈ ભેદ માટે તો શક્યતા જ શી ?

"ऋग्वेद"નાં "**पुरुषसूक्त**"(૧૦, ૯૦)માં પણ આવું જ વર્ણન છે, જેમાં આ વિરાટપુરુષે પોતાના **એક** પાદ (એક ચતુર્થાંશ) વડે જ, સમસ્ત-ભૂતસૃષ્ટિને આવરી લીધી છે અને એના બાકીના **ત્રણ** પાદ (ત્રણ-ચતુર્થાંશ) તો, દ્યુલોકમાં, 'અ-મૃત' જ રહે છે :

पादोऽस्य त्रिश्वा भूतानि
त्रिपाद् अस्य अमृतं दिवि ॥

અહીંનાં, અત્યન્ત-પરિપૂર્ણ-શબ્દ સાથે વેદનું આ વર્ણન સહેજે યાદ આવી

જાય છે.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૦૨)

૪૦૩

તેજસીવ તમો યત્ર પ્રલીનં ભ્રાન્તિકારણમ્ ।
અદ્વિતીયે પરે તત્ત્વે નિર્વિશેષે ભિદા કુતઃ ॥૪૦૩॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તેજસીવ તમો યત્ર પ્રલીનં ભ્રાન્તિકારણમ્ ।
અદ્વિતીયે પર તત્ત્વે નિર્વિશેષે ભિદા કુતઃ ॥૪૦૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

તેજસિ તમઃ ઇવ, યત્ર ભ્રાન્તિકારણં પ્રલીનં (ભવતિ), (તસ્મિન્) અદ્વિતીયે નિર્વિશેષે પરે તત્ત્વે ભિદા કુતઃ ? ॥૪૦૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (તસ્મિન્) પરે તત્ત્વે ભિદા કુતઃ ? । - તે પરમતત્ત્વમાં ભેદ હોય જ ક્યાંથી ? - તે 'પરમતત્ત્વ' કેવું છે ? - અદ્વિતીય અને નિર્વિશેષ. વળી, આ 'પરમતત્ત્વ' કેવું છે ? - યત્ર ભ્રાન્તિકારણં પ્રલીનં (ભવતિ) । પ્રલીનં (ભવતિ) એટલે જ્યાં નાશ પામે છે, નષ્ટ થઈ જાય છે. કોની જેમ ? તેજસિ તમઃ પ્રલીનં (ભવતિ) ઇવ । - તેજમાં જેમ અંધારું નષ્ટ થઈ જાય છે તેમ. (૪૦૩)

અનુવાદ :

તેજમાં અંધકારની જેમ, જ્યાં (એટલે કે જેમાં) ભ્રાંતિનું કારણ નાશ પામે છે, તે, અદ્વિતીય નિર્વિશેષ પરમતત્ત્વમાં ભેદ ક્યાંથી સંભવે ? (૪૦૩)

ટિપ્પણ :

આ પહેલાં, શ્લોક-૪૦૦થી શરૂ થયેલી પુનરુક્તિ 'ભિદા કુતઃ ।'-નું પ્રતિપાદન અહીં પણ ચાલુ જ રહ્યું છે; એટલું જ નહીં પણ નિર્વિશેષે ભિદા કુતઃ । - શ્લોકનું એ છેલ્લું ચોથું ચરણ અહીં સતત ચોથી વાર પુનરુક્ત થયું છે.

સર્વ ભેદોનું કારણ જ ભ્રાંતિ છે (ભ્રાન્તિકારણમ્) અને એ તો 'પરમતત્ત્વ' એવાં બ્રહ્મની હાજરીમાં ટકી શકતું જ નથી, તરત જ સંપૂર્ણરીતે નષ્ટ થઈ જાય છે (પ્રલીનં ભવતિ ।), ત્યારપછી ભેદની ભાવના ક્યાં ? સંભાવના ક્યાં ?

ભેદની અસંભવિતતાનું જડબેસલાક પ્રતિપાદન કરવા માટે, અહીં જે ઉપમા યોજવામાં આવી છે, તે, યથાપૂર્વ, સચોટ, સમુચિત અને કાર્યસાધક છે : અજવાળું આવે એટલે અંધારાંને, એ જ અજવાળામાં, ઓગળી ગયા વિના છૂટકો જ નહીં ! તેજ અને તિમિર, એ બે એવાં સંપૂર્ણ પરસ્પર-વિરોધી કટ્ટર તત્ત્વો છે કે તે બંને એક જ સ્થળે, એક જ સમયે, એકી-સાથે (Simultaneously) અસ્તિત્વ ધરાવી શકે જ નહીં ! પ્રકાશ ન હોય ત્યાં સુધી જ અંધકારનો પ્રભાવ ! જેવો પ્રકાશ પ્રગટ્યો, એવો જ અંધકારનો અને એના પ્રભાવનો પણ 'અભાવ !'

વિશ્વપ્રસિદ્ધ કવિ-નાટ્યકાર **'શેક્સ્પીયરે'** (Shakespeare) પોતાનાં એક નાટકમાં, વીર-નાયક (Hero) **સીઝર**(Caesar)નાં પરાક્રમની પ્રશંસા કરતાં, એનાં સંદર્ભમાં, માત્ર આ ત્રણ જ ક્રિયાપદો યોજ્યાં છે :

"He came, he saw, he conquered !"

તે સમરાંગણમાં **'આવ્યો'**, તેણે શત્રુસેના સામે **'જોયું'**, કે તરત જ શત્રુઓ શરણે આવી ગયા અને તે **'જીતી ગયો !'**

અમાસની મધરાત્રિના ઘેરાં, ઘનઘોર, કાળાં-ભમ્મર અને ભયંકર અંધકારનું સામ્રાજ્ય ક્યાં સુધી ચાલુ રહે ? પૂર્વદિશાનાં પ્રાંગણમાં ભગવાન સવિતા-નારાયણનો પ્રવેશ થાય ત્યાં સુધી જ ! આ અનુસંધાનમાં તો સૂર્યનું **'આવવું'** (Came) જ પર્યાપ્ત છે, એ કશું **'જુએ'** (Saw), તે પહેલાં તો પેલો **'શત્રુ'** (અંધકાર) તો અદૃશ્ય જ થઈ ગયો ! પ્રકાશના ભગવાન તો **'આવ્યા'** (Came) અને એ જ ક્ષણે **'જીતી ગયા'** (Conquered) ! એમના **'પ્રવેશ'**(Entry)ની ક્ષણે જ અંધકારની **'નિષ્ક્રાંતિ'** (Exit) ! તેજમાં તિમિરનો લય થઈ ગયો(तेजसि तमः प्रलीनम्) !

શ્લોકમાંનો तमः-શબ્દ અજ્ઞાનના અંધકારનો પણ સૂચક છે : આત્મજ્ઞાનનાં અજવાળાંમાં ભ્રાંતિનાં કારણરૂપ અંધારું પણ 'અલોપ' થઈ જાય !

સાચું જ કહેવાયું છે કે "વિભેદને પેદા કરનાર અજ્ઞાનનો પૂરો નાશ થઈ જાય, ત્યારપછી આત્મા અને બ્રહ્મ વચ્ચેનો મિથ્યા ભેદ કોણ કરી શકશે ? -

विभेदजनकेऽज्ञाने नाशमात्यन्तिकं गते ।
आत्मनो ब्रह्मणो भेदं असन्तं कः करिष्यति ॥

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૦૩)

૪૦૪

एकात्मके परे तत्त्वे भेदवार्ता कथं भवेत् ।
सुषुप्तौ सुखमात्रायां भेदः केनावलोकितः ॥૪૦૪॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એકાત્મકે પરે તત્ત્વે ભેદવાર્તા કથં ભવેત્ ।
સુષુપ્તૌ સુખમાત્રાયાં ભેદઃ કેનાવલોક્તિઃ ॥૪૦૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

એકાત્મકે પરે તત્ત્વે ભેદવાર્તા કથં ભવેત્ ? । સુખમાત્રાયાં સુષુપ્તૌ ભેદઃ કેન અવલોકિતઃ ? ॥૪૦૪॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ભેદવાર્તા કથં ભવેત્ ? । વાર્તા એટલે વાત, એમ કહેવું તે; કથન, વિધાન. ભેદની વાત જ કેમ થઈ શકે ? કેવી રીતે સંભવે ? શક્ય બને ? કોનાં અનુસંધાનમાં આ પ્રશ્ન પૂછાયો છે ? - એકાત્મકે પરે તત્ત્વે । એકાત્મક એટલે, જે માત્ર એક જ છે, અદ્વિતીય, એકરૂપ, કેવલરૂપ છે; પર એટલે પરમ; અદ્વિતીય એવા પરમ-તત્ત્વની બાબતમાં ભેદ અંગેનું આવું વિધાન શી રીતે સંભવે ?

(૨) ભેદઃ કેન અવલોકિતઃ ? । અવલોકિત એટલે જોયો છે, જાણ્યો છે, અનુભવ્યો છે; ભેદ કોણે જોયો છે ? શું કોઈએ ભેદ અનુભવ્યો છે ? કયા સમય અંગે આવો સવાલ કરવામાં આવ્યો છે ? - સુષુપ્તૌ । ત્રણ અવસ્થાઓમાંની સુષુપ્તિ-અવસ્થામાં, એટલે કે ગાઢ-નિદ્રામાં; આ સુષુપ્તિ-અવસ્થા કેવી છે ? - સુખમાત્રાયામ્ । - જેમાં માત્ર સુખ જ અનુભવાય છે, એવી; જ્યાં ફક્ત સુખનો જ અનુભવ થાય છે, એવી. આવી, માત્ર સુખાનુભૂતિ-આપતી ગાઢનિદ્રામાં શું કોઈએ કદી ભેદ અનુભવ્યો છે ? (૪૦૪)

અનુવાદ :

એક-સ્વરૂપ એવાં પરમ-તત્ત્વ વિશે ભેદની વાત સંભવે જ શી રીતે ? જેમાં માત્ર સુખનો જ અનુભવ થાય છે, એવી ગાઢનિદ્રામાં ભેદ કોણે જોયો છે ? (૪૦૪)

ટિપ્પણ :

પરમ-તત્ત્વમાં ભેદની સંપૂર્ણ અસંભવિતતાના એ જ મુદ્દાને અહીં પણ, જરા જૂદા તર્કના આધારે, દૃઢીકૃત કરવામાં આવ્યો છે.

ભેદ એટલે જ ભિન્નતા, વૈવિધ્ય, અનેકતા (Variety, Plurality); પણ પરમતત્ત્વ તો સર્વદામાત્ર એક જ હોય છે; એના અનુસંધાનમાં, કોઈ 'બીજું' (Second, 'દ્વિતીય') કે 'અન્ય' (Other) અસ્તિત્વ જ ધરાવતું નથી : 'એક'માં 'અનેક'ની

કે 'અન્ય'ની વાત (વાર્તા) જ સંભવતી નથી : જે હંમેશાં Unitary ('એકાત્મક') જ છે, ત્યાં 'બીજું' કે 'અન્ય' કોણ, ક્યાંથી, કેવી રીતે ? જ્યાં Unity ('એકતા') જ છે, ત્યાં Diversity ('ભિન્નતા') કે Plurality('અનેકતા')ની શક્યતા જ શી રીતે ?

આ સનાતન અને શાશ્વત સત્યને સ્થાપવા માટે, આચાર્યશ્રીએ, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓમાંની સુષુપ્તિ-અવસ્થાનો અહીં સમુચિત સંદર્ભ ટાંક્યો છે : સુષુપ્તિ એટલે ગાઢનિદ્રા (Deep Sleep), સ્વપ્ન-વિહીન નિદ્રા (Dreamless Sleep). આ અવસ્થા એવી છે, જ્યાં ભિન્નતાનાં સર્જક એવાં મન અને બુદ્ધિની સર્વ ક્રિયાઓ-વૃત્તિઓ-પ્રવૃત્તિઓ સંપૂર્ણરીતે બંધ પડી જાય છે; માત્ર એક જ અનુભૂતિ થતી હોય છે અને તે છે અખંડ-અવિરત-એકધારું સુખ ! આવી અવસ્થામાં, બૃહદારણ્યક-ઉપનિષદ કહે છે તેમ, જોતી વખતે પણ માણસ કહે છે કે "હું કશું જોતો નથી !" -

यद् वै तद् न पश्यति, पश्यन् वै तद् न पश्यति ।

આ એવી અવસ્થા છે, જ્યાં સઘળો જગત્-પ્રપંચ શમી ગયો હોય છે અને માણસ સંપૂર્ણરીતે 'બ્રહ્માકાર' બની ગયો હોય છે. આથી જ સ્તોત્રકારે, પોતાના એક શ્લોકમાં, **'નિદ્રા'**ને **'સમાધિ'** કહી છે : "निद्रा समाधिस्थितिः ।" ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ બંને, બે મટીને 'એકાકાર' જ બની રહે છે ! અને 'એકાકાર' એટલે 'સુખાકાર', 'સુખ-માત્ર-આકાર' ! એક અને અખંડ, અતીન્દ્રિય અને અલૌકિક સુખ !

શ્લોકની બંને પંક્તિઓમાં ભલે પ્રશ્નો (કથં અને કેન) પૂછાયા હોય, - એ બંને પ્રશ્નો, 'કાકુ-પ્રશ્ન' જેવા ઉત્તર-ગર્ભ છે, સવાલમાં જ જવાબ સમાવિષ્ટ થઈ ગયેલો હોય છે : कथं भवेत् ? - एवं तु न कदापि भवेत् । केन अवलोकितः ? न तु केन अपि अवलोकितः ।

જ્યાં સઘળું 'એકાત્મક' જ હોય ત્યાં 'અન્ય' શું અને કેવું ? છાન્દોગ્ય-ઉપનિષદનાં શ્રુતિવચન પ્રમાણે, આ તો ભૂમાની જ અનુભૂતિ છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૦૪)

૪૦૫

न ह्यस्ति विश्वं परतत्त्वबोधात्
सदात्मनि ब्रह्मणि निर्विकल्पे ।
कालत्रये नाऽप्यहिरीक्षितो गुणे
न ह्यम्बुबिन्दुर्मृगतृष्णिकायाम् ॥४०५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન હ્યસ્તિ વિશ્વં પરતત્ત્વબોધાત્
સદાત્મનિ બ્રહ્મણિ નિર્વિકલ્પે ।
કાલત્રયે નાઽપ્યહિરીક્ષિતો ગુણે
ન હ્યમ્બુબિન્દુર્મૃગતૃષ્ણિકાયામ્ ॥૪૦૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પરતત્ત્વબોધાત્ નિર્વિકલ્પે સદાત્મનિ બ્રહ્મણિ વિશ્વં ન હિ અસ્તિ । કાલત્રયે અપિ ગુણે અહિઃ ન ઈક્ષિતઃ, મૃગતૃષ્ણિકાયાં હિ ન અમ્બુબિન્દુઃ (ઈક્ષિતઃ) ॥૪૦૫॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) વિશ્વં ન હિ અસ્તિ । વિશ્વ એટલે કે આ જગત, ખરેખર, છે જ નહીં. ક્યાં નથી ? શામાં નથી ? - બ્રહ્મણિ । - બ્રહ્મમાં; આ બ્રહ્મ કેવું છે ? - નિર્વિકલ્પ અને સત્સ્વરૂપ (સદ્-આત્મનિ), આત્મસ્વરૂપ. આવો અનુભવ ક્યારે થાય છે ? - પરતત્ત્વબોધાત્ । પરમતત્ત્વનું જ્ઞાન થતાં, એવું જ્ઞાન થાય ત્યારે.

બ્રહ્મમાં, આ જગત છે જ નહીં, - એવું પ્રતિપાદન કરવા માટે, શ્લોકમાં, આ પ્રમાણે, બે વાક્યોમાં, દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે :

(૨) કાલત્રયે ગુણે અહિઃ ન અપિ વીક્ષિતઃ । ગુણ એટલે દોરી, દોરડું; અહિઃ એટલે સાપ; ન વીક્ષિતઃ એટલે દેખાયો-દેખાતો નથી, કોઈએ જોયો-દેખ્યો નથી. કાલત્રયે એટલે ત્રણે(ભૂત-ભવિષ્ય-વર્તમાન)કાળમાં.

(૩) મૃગતૃષ્ણિકાયાં હિ અમ્બુબિન્દુઃ ન (વીક્ષિતઃ) । મૃગતૃષ્ણિકા એટલે મૃગજળ, ઝાંઝવાંનાં પાણી; અમ્બુ એટલે પાણી; બિન્દુ એટલે ટીપું. મૃગજળમાં કોઈએ પાણીનું ટીપું પણ જોયું નથી. બે વાર પ્રયોજાયેલો હિ-શબ્દ, શ્લોકમાંનાં વિધાનોની નિશ્ચિતતા દર્શવે છે. (૪૦૫)

અનુવાદ :

ત્રણેય કાળમાં, દોરડાંમાં સાપ અને મૃગજળમાં પાણીનું ટીપું કોઈએ જોયું નથી, (તેમ), પરમતત્ત્વનું જ્ઞાન થતાં, સત્સ્વરૂપ અને નિર્વિકલ્પ એવાં બ્રહ્મમાં વિશ્વ, ખરેખર, નથી જ. (૪૦૫)

ટિપ્પણ :

વિશ્વ, ખરેખર, તો છે જ નહીં, એ સનાતન સત્ય તો 'जगन्मिथ्या' । - એ વિધાનમાં કહી દેવામાં આવ્યું જ છે અને એની સાથે જ, હકીકતમાં, એ પહેલાં, 'ब्रह्म सत्यम्' - એ એવાં જ સત્યની સ્થાપના પણ કરી દેવામાં આવી જ છે; પણ તો પછી, એટલે કે જગત જો ખરેખર મિથ્યા હોય તો, તે દેખાય છે કેમ ? - એ મૂંઝવણભર્યો સવાલ છે, સામાન્ય માણસ(A Lay man)નો.

વેદાંત-દર્શન આ મૂંઝવણનું સમાધાન એક જ રીતે કરે છે અને તે છે અજ્ઞાન; સાચાં જ્ઞાનનો, આત્મજ્ઞાનનો અભાવ. એકમાત્ર સત્ય તો બ્રહ્મ જ છે, બ્રહ્મ જ મૂળભૂત અધિષ્ઠાન છે, પરંતુ જે **'નથી'** એવાં જગતનું બ્રહ્મની ઉપર આરોપણ કરવામાં આવ્યું છે અને જે કંઈ, ક્યાંય પણ 'આરોપિત' હોય, તે 'આરોપિત' વસ્તુનું પ્રાતિભાસિક અસ્તિત્વ પણ પેલાં 'અધિષ્ઠાન'ને જ આભારી છે. પ્રખ્યાત 'રજ્જુસર્પન્યાય'માં, સાપ તો ક્યારેય હોતો, નથી અને હશે પણ નહીં; એનાં અધિષ્ઠાન-ભૂત દોરડું જ સાચું છે; સત્ છે; અંધારું દૂર થતાં જ, સાપ ક્યાંય રહ્યો જ નહીં, કારણ કે તે 'અસત્' હતો : **ગીતા**એ આ જ વાત બહુ સરળ ભાષામાં કહી છે કે જે 'અસત્' હોય તેનો કદી **'ભાવ'** (અસ્તિત્વ, હાજરી) હોતો નથી અને જે 'સત્' છે તેનો કદી **'અભાવ'** (અસ્તિત્વ ન હોવું તે, ગેરહાજરી) હોતો નથી :

नासतो (न असतः) विद्यते भावः, नाभावो (न अभावः) विद्यते सतः ॥
(૨, ૧૬)

તાત્પર્ય એ છે કે ત્રણેય કાળમાં જેનો અસંદિગ્ધ **'ભાવ'** હોય છે તે તો, જે હંમેશાં 'સત્' છે, એવા 'અધિષ્ઠાન'નું જ. સાપ તો, અધિષ્ઠાનરૂપ દોરડામાં આરોપિત જ હતો, ભ્રાંતિ દૂર થતાં, તેનો દોરડામાં જ લય થઈ ગયો !

એ જ રીતે, પાણીનાં ટીપાં, - અરે, એક ટીપુંય, મૃગજળમાં હોતું જ નથી : જલબિંદુનો મિથ્યાભાસ દૂર કરવામાં આવે કે તરત જ, મૃગજળ અને એના પર આરોપિત જલબિંદુઓ બંને ક્યાંય રહેતાં જ નથી !

અને એ જ રીતે, પરમતત્ત્વનું જ્ઞાન થતાં (परतत्त्वबोधात्), એટલે કે સમગ્ર બ્રહ્માંડમાં એકમાત્ર सत् તો બ્રહ્મ જ છે, એવાં આત્મજ્ઞાનનો ઉદય થતાં અને પરિણામે, અજ્ઞાનનો નાશ થતાં, સત્સ્વરૂપ એવાં બ્રહ્મમાં વિશ્વ ક્યાંય રહેતું જ નથી : વિશ્વ તો માત્ર, અધિષ્ઠાનરૂપ બ્રહ્મ પર 'આરોપિત' જ હતું; તે મિથ્યા હતું, असत् હતું, તે ક્યાંય રહ્યું જ નહીં, - સદા રહે છે તે તો 'આરોપણ' માટેનું મૂળ પેલું **'અધિષ્ઠાન'**, - બ્રહ્મ જ !

નિષ્કર્ષ આ એક જ કે ભ્રાંતિને કારણે ગ્રહણ કરવામાં આવેલી કોઈ પણ

વસ્તુ, ત્રણેય કાળમાં ટકી શકતી નથી, રહેતી નથી, - હોતી જ નથી.
શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૦૫)

૪૦૬

मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः ।
इति ब्रूते श्रुतिः साक्षात् सुषुप्तावनुभूयते ॥४०६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

માયામાત્રમિદં દ્વૈતમદ્વૈતં પરમાર્થતઃ ।
ઇતિ બ્રૂતે શ્રુતિ સાક્ષાત્ સુષુપ્તાવનુભૂયતે ॥૪૦૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

इदं द्वैतं मायामात्रं (अस्ति), परमार्थतः (तु) अद्वैतं (एव अस्ति); इति श्रुतिः ब्रूते; (तत् च) सुषुप्तौ साक्षात् अनुभूयते ॥४०६॥

શબ્દાર્થ :

શ્લોકમાં **ચાર** નાનાં-નાનાં સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) इदं द्वैतं मायामात्रं (अस्ति) । 'દ્વૈત' એટલે કે આ જગત; **'માયા'** એટલે તેવી વસ્તુ, જે દેખાય ખરી, પ્રતીત થાય, પરંતુ હકીકતમાં જેની **'સત્તા'** (Existence) હોતી જ નથી, જેને પોતાનું અસ્તિત્વ હોતું જ નથી. જગતરૂપી આ દ્વૈત આવી માત્ર માયા જ છે.

(૨) परमार्थतः (तु) अद्वैतं (एव अस्ति) । परમાર્થતઃ એટલે વાસ્તવમાં, ખરેખર, વાસ્તવિકતામાં, હકીકતમાં, સાચેસાચ; - ખરેખર તો, અદ્વૈતનું જ અસ્તિત્વ છે. પરંતુ આનું 'પ્રમાણ' (Authority) શું ? આવાં વિધાનની 'પ્રમાણભૂતતા' શી ? કેટલી ?

(૩) इति श्रुतिः ब्रूते । બ્રૂતે એટલે કહે છે, જણાવે છે, જાહેર કરે છે. શ્રુતિ એટલે વેદોથી માંડીને ઉપનિષદો સુધીનું સમગ્ર વૈદિક સાહિત્ય, - જેનું નિર્માણ આર્ષ દૃષ્ટિ ધરાવતા મનીષી-ઋષિઓએ કર્યું હોવાથી, તેને **'શ્રુતિ'**-પ્રમાણ, અથવા **'શબ્દ'**-પ્રમાણ, એવાં **'પ્રમાણ'**નો દરજ્જો આપવામાં આવ્યો છે; અને જે, ભારતીય દાર્શનિક-આધ્યાત્મિક પરંપરામાં સદા સર્વ-સ્વીકૃત અને સર્વ-સંમત રહ્યું છે. પરંતુ આ તો એક સિદ્ધાંત (Theory) થયો; એ અનુભવ-સિદ્ધ ખરું ? એનો જવાબ હવે પછીનાં છેલ્લાં

વાક્યમાં આપવામાં આવ્યો છે.

(૪) (तत् च, तत् श्रुतिवचन-सत्यं च) सुषुप्तौ साक्षात् अनुभूयते । સુષુપ્તિ એટલે આ પહેલાં જેનો ઉલ્લેખ થઈ ગયો છે અને જેનું સ્વરૂપ, માત્ર સુખનો જ અનુભવ આપતી એવી 'ગાઢનિદ્રા' (Deep, sound sleep) તરીકે સમજાવવામાં પણ આવ્યું જ છે. **સાક્ષાત્** એટલે પ્રત્યક્ષ, પોતાની આંખ સામેનું, એટલે કે બીજા કોઈએ કહેલું કે બીજે ક્યાંયથી સાંભળેલું એવું, - પરોક્ષ નહીં, - 'સુષુપ્તિ' એવી અવસ્થા છે કે જ્યાં ઉપર્યુક્ત શ્રુતિનાં કથનનો સાક્ષાત્ અનુભવ થાય છે. (૪૦૬)

અનુવાદ :

આ દ્વૈત (જગત) તો માત્ર માયા જ છે. વસ્તુતઃ તો, અદ્વૈત જ છે, (એમ) શ્રુતિ કહે છે અને સુષુપ્તિ-અવસ્થામાં આનો **સાક્ષાત્** અનુભવ થાય છે. (૪૦૬)

ટિપ્પણ :

इदं એટલે આ જે કંઈ દેખાય છે, પ્રતીત થાય છે, ઇન્દ્રિયો વડે અનુભવાય છે તે સઘળું. આ બધું જ દ્વૈત છે, ભેદમય છે, અનેકરૂપ છે, વિવિધ છે, પરિચ્છિન્ન અને મર્યાદાગ્રસ્ત છે અને આ સર્વ **'માયા'**નું જ કાર્ય છે; અને તેથી જ જે કંઈ **'દ્વૈત'** છે તે, આ રીતે, **માયા**નું સર્જન હોવાથી, **'માયા-માત્ર'** છે અને આવી પ્રાતિભાસિક પ્રતીતિનાં મૂળમાં તો મનુષ્યની અવિદ્યા જ છે.

"છે"એમ, માત્ર એક જ તત્ત્વ વિશે કહી શકાય, જે, ત્રણેય કાળ દરમિયાન, પોતાનાં મૂળભૂત સત્સ્વરૂપે જ રહે છે; એટલે કે જેને સ્થળ-કાળ-વસ્તુની કોઈ મર્યાદા નથી, જે ત્રિકાલાબાધિત છે, પારમાર્થિક દૃષ્ટિએ, જે, વાસ્તવિક (Real) હોય. આવું તો **એક** જ તત્ત્વ છે, - અને તે છે **'અદ્વૈત'**, - જે, હકીકતમાં, સમગ્ર દ્વૈતનું, જગતપ્રપંચનું એકમાત્ર અધિષ્ઠાન છે.

અને આવું વિધાન કંઈ 'જેણે તેણે', કોઈ સામાન્ય મનુષ્યે નથી કર્યું. એ તો છે **"શ્રુતિ"** પોતે, જેમાં મનનશીલ મુનિઓ તથા તપોમૂર્તિ ઋષિઓનાં મનન અને તપનો નિષ્કર્ષ સમાવિષ્ટ છે. આમ, શ્રુતિ એટલે મૂર્તિમંત પ્રમાણભૂતતા (Authority) અને તે વેદ-સમાન 'અપૌરુષેય' હોવાથી, તે સર્વથા-સર્વદા 'દોષરહિત' (Infallible) તરીકે સર્વસંમતિ (Unanimity) પામી છે.

આ શ્લોકમાં इति ब्रूते श्रुतिः - એમ કહ્યું છે, તો કોઈને સ્વાભાવિક જિજ્ઞાસા થાય કે - **"શ્રુતિ શું કહે છે ?"** શ્રુતિનાં તે વચનો આ પ્રમાણે છે, જેમાં "દ્વૈત તો માયામાત્ર છે" - '(मायामात्रं इदं द्वैतम्) અને "વાસ્તવમાં તો અદ્વૈત જ છે" (अद्वैतं परमार्थतः) - એવાં, આ શ્લોકમાંનાં વિધાનોનું સ્પષ્ટ સમર્થન, આ

પ્રમાણે, મળે છે :

(૧) तत्र को मोहः कः शोकः एकत्वं अनुपश्यतः । (ઈશાવાસ્ય-ઉપનિષદ-૭)
("જ્યાં **એકત્વ**નું દર્શન છે, ત્યાં કેવો મોહ અને કેવો શોક ?")

(૨) न इह नाना अस्ति किंचन । (કઠ-ઉપનિષદ-૪, ૧૧)
("અહીં કોઈ **'નાના'** એટલે કે ભેદ નથી.")

(૩) ब्रह्म एव इदं विश्वं वरिष्ठम् । (મુંડક-ઉપનિષદ-૨, ૨, ૧૧)
("**આ સર્વ બ્રહ્મ જ છે** અને આ શ્રેષ્ઠતમ છે.")

(૪) एकः एव त्रिधा स्मृतः । (માંડૂક્ય-ઉપનિષદ-૧, ૧)
("**વિશ્વ, તૈજસ્ અને પ્રાજ્ઞ, - એ એકને જ ત્રણ પ્રકારનો** કહ્યો છે.")

(૫) ऐतदात्म्यं इदं सर्वं, सत्यं,सः आत्मा, तत्त्वमसि, श्वेतकेतो । (છાંદોગ્ય-ઉપનિષદ-૬, ૧૪)
("આ સર્વ જગત **તે આત્માવાળું છે, તે સત્ય છે, તે આત્મા છે, તે(સત્) તું** છે, હે શ્વેતકેતુ !")

(૬) यत्र हि द्वैतं इव भवति, तत्र इतरः इतरं जिघ्रति ... यत्र वां अस्य सर्वं आत्मा एव अभूत्, केन कं जिघ्रेत् । (બૃહદારણ્યક-ઉપનિષદ-૨, ૪, ૧૪)
("જ્યારે **એક જ આત્મામાં** દ્વૈત જેવું પ્રતીત થાય છે, ત્યારે **બીજો** કોઈ બીજાને સૂંઘે છે, ... પરંતુ જ્યારે બ્રહ્મવેત્તાને **સર્વ-કાંઈ આત્મા** જ બની રહ્યું ત્યારે, કોણ, કોના વડે, કોને સૂંઘે ?")

અને આનો સાક્ષાત્ અનુભવ મળે છે, **'સુષુપ્તિ'**-અવસ્થામાં, જેમાં નથી કોઈ ભેદ, ન કોઈ ભ્રમણા, ન કશું દ્વૈત, - ન જુદાઈ, ન અનેકત્વ, ન વૈવિધ્ય. ત્યાં તો એવી ગાઢ નિદ્રા છે, જેમાં છે માત્ર અખંડ-અવિક્ષિપ્ત અને એકધારા સુખનો જ અનુભવ !

સર્વ શ્રુતિવચનોના ઉપર્યુક્ત **'સિદ્ધાંત'**(Theory)નો આ જ સાક્ષાત્ **'અનુભવ'** (Experience) ! આ જ અ-પરોક્ષ **'પ્રાયોગિક** (Practical) **પરિચય** !'

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૦૬)

૪૦૭

अनन्यत्वमधिष्ठानादारोप्यस्य निरीक्षितम् ।
पण्डितैः रज्जुसर्पादौ विकल्पो भ्रान्तिजीवनः ॥४०७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અનન્યત્વમધિષ્ઠાનાદારોપ્યસ્ય નિરીક્ષિતમ્ ।
પંડિતૈઃ રજ્જુસર્પાદૌ વિકલ્પો ભ્રાન્તિજીવનઃ ॥૪૦૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

આરોપ્યસ્ય અધિષ્ઠાનાત્ અનન્યત્વં (ઇતિ) પણ્ડિતૈઃ રજ્જુસર્પાદૌ નિરીક્ષિતમ્, વિકલ્પઃ ભ્રાન્તિજીવનઃ (અસ્તિ) ॥૪૦૭॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (ઇતિ) પણ્ડિતૈઃ નિરીક્ષિતમ્ । નિરીક્ષિતમ્ - એટલે નિરીક્ષણ-અવેક્ષણ-અવલોકન (Observation) કરવામાં આવ્યું છે, આલોચના કરવામાં આવી છે, સમીક્ષા કરવામાં આવી છે, નિરૂપણ કરવામાં આવ્યું છે. કોણે 'નિરીક્ષણ' કર્યું છે ? - પણ્ડિતૈઃ । - બુદ્ધિમાનોએ, ડાહ્યાઓએ, વિવેકી વિદ્વાનોએ. તેમણે શું-કેવું 'નિરીક્ષણ' કર્યું છે ? - આરોપ્યસ્ય અધિષ્ઠાનાત્ અનન્યત્વં અસ્તિ ઇતિ । આરોપ્ય એટલે આરોપિત અથવા અધ્યસ્ત વસ્તુ; અધિષ્ઠાન મૂળ આધાર, જ્યાં અન્ય કોઈ વસ્તુનું આરોપણ કરવામાં આવે; અનન્યત્વમ્ એટલે અભેદ, ભેદ ન હોવો તે, અભિન્નતા. આરોપિતનો અધિષ્ઠાનથી અભેદ છે, એમ. પંડિતોનું આવું 'નિરીક્ષણ' ક્યાં, - કઈ બાબતમાં થયું છે ? - રજ્જુસર્પ-આદૌ । - "રજ્જુસર્પ" વગેરે ન્યાયમાં, દૃષ્ટાંતમાં.

(૨) વિકલ્પઃ ભ્રાન્તિજીવનઃ । 'વિકલ્પ' એટલે આભાસ, મિથ્યા દેખાવ (Sense of Difference); ભ્રાન્તિ એટલે ભ્રમ, ભ્રમણા, ભેદ (Delusion). જીવનઃ એટલે જીવે છે, ટકે છે, રહે છે. વિકલ્પ તો ભ્રાંતિ ચાલુ હોય ત્યાં સુધી જ ટકે છે. (૪૦૭)

અનુવાદ :

જેનો આરોપ કરવામાં આવ્યો હોય તે (એટલે કે આરોપ્ય અથવા આરોપિત વસ્તુ), તેનાં અધિષ્ઠાનથી ભિન્ન નથી, - એવું નિરીક્ષણ પંડિતો, 'રજ્જુ-સર્પ' વગેરે દૃષ્ટાંતમાં કરે છે : વિકલ્પ તો ભ્રાંતિ ચાલુ હોય ત્યાં સુધી જ ટકે છે. (૪૦૭)

ટિપ્પણ :

'રજ્જુ-સર્પ'-દૃષ્ટાંતની ચર્ચા આ પહેલાં પણ આવી ગઈ છે, તે છતાં આ

અનુસંધાનમાં, પંડિતોએ કરેલાં 'નિરીક્ષણ'નું વિશ્લેષણ અહીં કરવામાં આવ્યું હોવાથી, એ નિરીક્ષણનું તાત્પર્ય બરાબર સમજાય તે માટે, આપણે પણ એનું 'નિરીક્ષણ' ફરી એક વાર કરી લઈએ :

'દોરડું' અંધારામાં પડ્યું હતું એટલે, ત્યાંથી પસાર થનાર માણસને, તે **'સાપ'**-રૂપે દેખાયું. હકીકતમાં અને મૂળમાં, **સાપ** તો ત્યાં હતો જ નહીં; અંધારાંને લીધે, **સાપ**નું તો, દોરડાંરૂપી **'અધિષ્ઠાન'** (Substratum) પર, 'આરોપણ' થયું, એટલે કે **'સાપ'** એ **'આરોપ્ય'** છે અને **દોરડું** એ **'અધિષ્ઠાન'** છે.

અહીં સમજવાનું એ રહે છે કે **'દોરડું'** હતું તેથી જ તેમાં, અંધારાંને લીધે, સાપનું ભ્રાંત દર્શન થયું. અજવાળું આવતાં, સાપ દેખાતો બંધ થઈ ગયો અને જે ખરેખર હતું તે માત્ર દોરડું જ ત્યાં રહ્યું ! સાપ તો હતો જ નહીં અને હવે પણ રહ્યો નહીં ! વળી, દોરડાંમાં જ સાપ દેખાયો હતો અને ફરી પાછો એ દોરડામાં જ વિલીન થઈ ગયો ! અને 'સાપ' દેખાયો ત્યારે પણ તેનું ભ્રાંત-દર્શન દોરડાંને લીધે જ થયું હતું, તો પછી, સાપ દોરડાંથી જૂદો-ભિન્ન કેવી રીતે હોઈ શકે ? દોરડું અને સાપ, - એ બંને, એકીસાથે તો, ક્યારેય, દેખાયાં જ નહોતાં, કારણ કે **એક**(દોરડાં)માં જ **બીજાં**(સાપ)નું મિથ્યા દર્શન થયું હતું.

આથી જ, પંડિતોએ, ઊંડું મનોમંથન કરીને, આ દૃષ્ટાંત વિશેનું પોતાનું 'નિરીક્ષણ' (निरीक्षितम्) આ પ્રમાણે, પ્રતિપાદિત કર્યું કે **'આરોપ્ય'** (સાપ) અને **'અધિષ્ઠાન'** (દોરડું) વચ્ચે કોઈ ભિન્નતા કે ભેદ નથી, એ બંને, હકીકતમાં, **એક** જ છે (अनन्यत्वम्).

પરંતુ તો પછી, સાપનો વિકલ્પ આવ્યો ક્યાંથી ? - આવી આશંકાનું સમાધાન કરતાં, આચાર્યશ્રી કહે છે કે, આવી આશંકા સ્વાભાવિક છે, પરંતુ સર્પ-દર્શન-રૂપી **'વિકલ્પ'** ત્યાં સુધી જ ટકે છે, જ્યાં સુધી અજવાળું ન આવે અને તે કારણે પેલી ભ્રાંતિ ચાલુ રહે ! (विकल्पः भ्रान्तिजीवनः ।)

પંડિતોનાં આવાં નિરીક્ષણનાં પરિણામે, એનાં મર્મરૂપે, આપણે જે સમજવાનું રહે છે તે તો એટલું જ કે બ્રહ્મ મૂળભૂત **'અધિષ્ઠાન'** છે; જે જગત હકીકતમાં છે જ નહીં, તેનું તો અજ્ઞાનને કારણે, અધિષ્ઠાન-રૂપ, મૂળ બ્રહ્મ પર માત્ર **'આરોપણ'** જ થયું છે અને જગતની સત્યતા તો માત્ર ત્યાં સુધી જ ચાલુ રહે, જ્યાં સુધી અજ્ઞાન-જન્ય ભ્રાંતિ ચાલુ રહે ! સાચી વાત તો એ છે કે **'જગત'** (**આરોપ્ય**) અને **'બ્રહ્મ'**(**અધિષ્ઠાન**) બંને એક જ છે, બંને વચ્ચે કોઈ ભેદ નથી !

'વિકલ્પ' એટલે એવી વસ્તુનું જ્ઞાન, જેના વિશે મનમાં કોઈક આકારનો 'ભાસ' થાય, પરંતુ મૂળમાં તે વસ્તુનું અસ્તિત્વ જ ન હોય ! - (शब्दज्ञानानुपाती

वस्तुशून्यो विकल्पः । "योगसूत्र" १, ९)

પેલાં દૃષ્ટાંતમાં, 'સાપ'નું 'મિથ્યા' જ્ઞાન 'વિકલ્પ' છે અને આપણી પ્રસ્તુત ચર્ચામાં 'જગત' વિશેનું 'મિથ્યા' જ્ઞાન પણ એક 'વિકલ્પ' જ છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૦૭)

૪૦૮

चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन ।
अतश्चित्तं समाधेहि प्रत्यग्-रूपे परात्मनि ॥४०८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

चित्तमूलो विकल्पोऽयं चित्ताभावे न कश्चन ।
अतश्चित्तं समाधेहि प्रत्यग्-रूपे परात्मनि ॥४०८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अयं विकल्पः चित्तमूलः (अस्ति); चित्त-अभावे न कश्चनः (विकल्पः अस्ति, भवति); अतः प्रत्यग्-रूपे परात्मनि चित्तं समाधेहि ॥४०८॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अयं विकल्पः चित्तमूलः (अस्ति) । चित्तमूलः એટલે એવો, જેનું મૂળ ચિત્તમાં છે; જે, ચિત્તને કારણે (સંભવે છે), એટલે કે જે ચિત્તમૂલક છે : આ વિકલ્પ ચિત્તમૂલક છે.

(૨) चित्त-अभावे कश्चनः (विकल्पः न संभवति । - ચિત્તના અભાવમાં, એટલે કે ચિત્ત ન હોય ત્યારે, એની ગેરહાજરીમાં, કોઈ વિકલ્પ રહેતો નથી, સંભવતો નથી.

(૩) अतः प्रत्यग्-रूपे परात्मनि चित्तं समाधेहि । अतः એટલે આથી, આ કારણે, આ પહેલાંનાં બે વાક્યોમાં જે કંઈ કહેવામાં આવ્યું છે, એ કારણે; માટે; શું કરવાનું છે ? चित्तं समाधेहि । ચિત્તને સમાધિસ્થ કરી દે; સ્થિર કર. ક્યાં સ્થિર કરવાનું છે ? - परात्मनि પરમાત્મામાં; એ પરમાત્મા કેવો છે ? - प्रत्यग्-रूपे । પ્રત્યગાત્મરૂપ, પ્રત્યક્ ચૈતન્યસ્વરૂપ. (૪૦૮)

અનુવાદ :

આ વિકલ્પ ચિત્તમૂલક છે. ચિત્ત ન હોય તો કોઈ પણ (વિકલ્પ રહેતો) નથી;

આથી પ્રત્યક્ ચૈતન્યસ્વરૂપ પરમાત્મામાં તું ચિત્તને સ્થિર કરી દે. (૪૦૮)

ટિપ્પણ :

अयं विकल्पः (આ વિકલ્પ) એટલે તે 'વિકલ્પ', જેનો ઉલ્લેખ ગયા-છેલ્લા શ્લોકમાં કરવામાં આવ્યો હતો અને જેની સમજૂતી એ રીતે કરવામાં આવી હતી કે તે, ત્યાં સુધી જ ટકે છે, જ્યાં સુધી ભ્રાંતિ ચાલુ રહે છે (**विकल्पो भ्रान्तिजीवनः** ।). વળી, આપણે જોયું તે પ્રમાણે, **'યોગ'**-દર્શનની પરિભાષામાં, 'વિકલ્પ' એટલે કોઈ પણ વસ્તુનું એવું જ્ઞાન (હકીકતમાં તો, 'અજ્ઞાન' !), જેના વિશે ચિત્તમાં કશોક આકાર 'ભાસમાન' થાય, પરંતુ જેનું અસ્તિત્વ ક્યાંય હોય જ નહીં ! ટૂંકમાં, **'રજ્જુસર્પ'**-દૃષ્ટાંતમાંનો 'સાપ' એ જ વિકલ્પ, જે, દોરડા પર માત્ર આરોપિત હતો, ખરેખર તો ક્યાંય હતો જ નહીં : વિકલ્પનું સ્વરૂપ એટલે જ ભ્રાંતિ !

આ વિકલ્પનું અહીં વિશેષ વિવરણ કરવામાં આવ્યું છે. વિકલ્પ-શબ્દની વ્યુત્પત્તિ જ એ કે એ સંજ્ઞાવાળી વસ્તુ વિશે વિવિધ કલ્પના કરવામાં આવે : **विविधं कल्प्यते इति** । અને આવા વિવિધ સંકલ્પ-વિકલ્પો તો ચિત્તમાં જ કરવામાં આવે, એનું અસ્તિત્વ જ ચિત્તને કારણે હોય છે (**चित्तमूलः**).

આ સંસાર પણ વિકલ્પમય જ છે, કારણ કે તે મિથ્યા હોવા છતાં પણ તેની જૂઠી કલ્પના ચિત્તમાં જ ઉદ્ભવે છે. આમ, જો વિકલ્પનું જન્મસ્થાન 'ચિત્ત' જ હોય તો, ચિત્તના અભાવમાં, એટલે કે જો ચિત્ત ન હોય તો (**चित्त-अभावे**), કોઈ વિકલ્પ, ભેદ, ભ્રાંતિ વગેરે સંભવે જ નહીં (**न कश्चन विकल्पः संभवति** ।) ! ચિત્ત જ ન હોય તો, વિકલ્પ કેવો ? ક્યાંથી ?

એટલે વિકલ્પનાં નિવારણ માટેનો માત્ર એક જ 'વિકલ્પ' (Option, Alternative) એ કે ચિત્તનું જ નિવારણ, ચિત્તનો જ નાશ ! ચિત્ત હોય તો, ગમે તેવા, સાચા-ખોટા-સારા-નરસા સંકલ્પ-વિકલ્પો, તર્ક-વિતર્કોનો ઉદ્ભવ થાયને ! પરંતુ મનુષ્ય છે, જીવન છે, શરીર છે, એટલે એની સાથે જન્મથી જ સંકળાયેલું ચિત્ત તો હોય જ ને ! એનો 'નાશ' તો થઈ શકે જ નહીં !

એથી જ, આચાર્યશ્રીએ, શિષ્યને સૂચવ્યું છે કે 'તારી વાત સાચી છે કે તેનો નાશ ન થઈ શકે, પરંતુ તેનું સ્થળાંતર (Transfer) તો થઈ શકે ને ! તેને, તેની મૂળ જગાએથી ઊંચકી લઈને, પરમાત્મામાં (**परात्मनि**) સ્થિર કરી દે, એ જ પ્રત્યગાત્મ-રૂપ બ્રહ્મ છે, એમાં જ એને સમાધિસ્થ કરી દે ! (**समाधेहि**)'. તેમાં સ્થિર થઈ ગયા પછી, પરમતત્ત્વના સંબંધમાં આવ્યા પછી, એનું સંપૂર્ણ સ્વરૂપ-પરિવર્તન

થઈ જશે, વિચારો-વિકલ્પો-વિક્ષેપો વગેરે વિનાશક સામગ્રી સર્જવાનો એનો મૂળ સ્વભાવ જ બદલાઈ જશે ! ચિત્તનું આવું સ્થળાંતર (Transfer) એટલે જ એનું સ્વરૂપાન્તર, સ્વભાવાન્તર ! અને આ જ "ચિત્તનું ન હોવું તે", - ચિત્તનો અભાવ ! આચાર્યશ્રીના પરમગુરુ પૂજ્ય શ્રીગૌડપાદાચાર્યે, **માંડૂક્ય**-ઉપનિષદ પરની પોતાની કારિકામાં જે **'અ-મનીભવન'**(મનને 'અ-મન' કરી દેવું)ની વાત કરી છે (૩, ૩૧), તે જ અહીંનો આ 'ચિત્તાભાવ' !

બહાર ભટકતાં ચિત્તને એક વાર પરમાત્મામાં સ્થિર કરી દેવામાં આવે, પછી એનું સઘળું લોલ-વિલોલપણું (Vagaries) અને એનો સંપૂર્ણ ઉન્માદ (Madness) નષ્ટ જ થઈ જાય !

અને એનાં પરિણામે જે પરમોચ્ચ પરિસ્થિતિ સર્જાય, તે જ માનવ માટેનું પરમ માંગલ્ય-કૈવલ્ય, તે જ નિઃશ્રેયસ્ (Beatitude) !

આ માટે, અનિવાર્ય છે, - 'બહિર્મુખ' (Extrovert) ચિત્તને 'અંતર્મુખ' (Introvert) કરી દેવાનું ! પછી કશી ઝંઝટ જ ન રહે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૦૮)

૪૦૯

किमपि सततबोधं केवलानन्दरूपं
निरुपममतिवेलं नित्यमुक्तं निरीहम् ।
निरवधि गगनाभं निष्कलं निर्विकल्पं
हृदि कलयति विद्वान् ब्रह्म पूर्णं समाधौ ॥४०९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કિમપિ સતતબોધં કેવલાનન્દરૂપં
નિરુપમમતિવેલં નિત્યમુક્તં નિરીહમ્ ।
નિરવધિ ગગનાભં નિષ્કલં નિર્વિકલ્પં
હૃદિ કલયતિ વિદ્વાન્ બ્રહ્મ પૂર્ણં સમાધૌ ॥૪૦૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

આમ તો, શ્લોકમાં, શ્લોક પ્રમાણે જ અન્વય, - એટલે કે 'દંડાન્વય' છે. માત્ર છેલ્લી પંક્તિને આ રીતે, નવેસરથી અન્વિત કરવાની રહે છે : વિદ્વાન્ પૂર્ણં બ્રહ્મ સમાધૌ હૃદિ કલયતિ । અને શ્લોકમાંના બાકીનાં બધા જ શબ્દો બ્રહ્મનાં

વિશેષણો તરીકે, એની વિશેષતા દર્શાવે છે. (૪૦૯)

શબ્દાર્થ :

સમાધૌ એટલે સમાધિ-અવસ્થામાં; હૃદિ એટલે પોતાનાં અંતઃકરણમાં; કલયતિ એટલે અનુભવે છે, અનુભવ કરે છે : વિદ્વાન મનુષ્ય, સમાધિ-અવસ્થા દરમિયાન, પોતાનાં અંતઃકરણમાં પૂર્ણ બ્રહ્મનો અનુભવ કરે છે.

આ 'બ્રહ્મ' કેવું છે ? શ્લોકમાંનાં સર્વ વિશેષણો તેનાં સ્વરૂપની વિશેષતા આ પ્રમાણે નિરૂપે છે :

સતતબોધમ્ । જ્ઞાનસ્વરૂપ, શાશ્વત જ્ઞાનરૂપ; અને કિમપિ એટલે અવર્ણનીય, અનિર્વચનીય, અદ્‌ભુત, શબ્દાતીત, અલૌકિક, - શાશ્વત, અનંત એવાં જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ.

કેવલ-આનન્દરૂપમ્ । કેવળ આનંદરૂપ, - Complete Bliss, સર્વ પ્રકારનાં શોક-દુઃખ-ઉપાધિથી રહિત, પરમ-પુરુષાર્થ-રૂપ.

નિરુપમમ્ । - ઉપમારહિત, અનુપમ, અદ્વિતીય, અજોડ, જેના વિશે શ્રુતિ કહે છે કે ન તસ્ય પ્રતિમા અસ્તિ ।

અતિવેલમ્ । વેલા એટલે કાળ; કાળથી પર; કાલાતીત.

નિત્યમુક્તમ્ । સદા-મુક્ત; સર્વ પ્રકારનાં બંધનોથી હંમેશ રહિત : Ever-free.

નિરીહમ્ । ઈહા એટલે ઇચ્છા અથવા ક્રિયા; નિઃસ્પૃહ, ઇચ્છારહિત; નિષ્ક્રિય; શારીરિક-માનસિક-બૌદ્ધિક વગેરે સર્વ ક્રિયાઓ વિનાનું.

નિરવધિ ગગનાભમ્ । આકાશની જેમ સીમા વિનાનું, અસીમ, નિઃસીમ, દેશ-કાળ-વસ્તુ વગેરે સર્વ મર્યાદાઓ વગરનું (Limitless).

નિષ્કલમ્ । કલા એટલે ભાગ, વિભાગ, કશા પણ વિભાગોથી, અવયવોથી પર; નિરવયવ.

નિર્વિકલ્પમ્ । કશા પણ મિથ્યા વિકલ્પો-વિશેષો-વિચારો વગરનું, નિર્વિશેષ.

પૂર્ણમ્ । પરિપૂર્ણ, અપરોક્ષ - Full, Complete, Plenary. (૪૦૯)

અનુવાદ :

વિદ્વાન મનુષ્ય, સમાધિ-અવસ્થામાં, પોતાનાં અંતઃકરણમાં, પરિપૂર્ણ બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરે છે, - જે (બ્રહ્મ), કોઈક અવર્ણનીય અને નિત્યજ્ઞાનસ્વરૂપ છે, કેવળ-આનંદસ્વરૂપ છે, અનુપમ છે, કાલાતીત છે, સદા-મુક્ત છે, નિષ્ક્રિય(અથવા નિઃસ્પૃહ) છે, આકાશની જેમ અસીમ છે, નિરવયવ છે અને નિર્વિકલ્પ છે. (૪૦૯)

ટિપ્પણ :

બ્રહ્મનાં વિશેષણો તરીકે યોજાયેલા, શ્લોકમાંના બધા શબ્દોને, તેની સાથેની સર્વ અર્થચ્છાયાઓ સહિત, શબ્દાર્થ-વિભાગમાં, સવિસ્તર, સમજાવ્યા હોવાથી, શ્લોકનો અર્થ, સરળ અને સુબોધ બન્યો હોવાથી, અહીં કશું વિશેષ ઊમેરવાનું રહેતું નથી.

માત્ર એક જ વાત કહેવાની રહે છે : શ્લોકમાંનો વિદ્વાન, જો, આ રીતે પરિપૂર્ણ બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરી શકતો હોય તો, આચાર્યશ્રી, પોતાના સાધક-શિષ્યને સૂચવે છે કે, - "તું પણ આવો આનંદાનુભવ કર !"

શ્લોકનો છંદ : **માલિની** (૪૦૯)

૪૧૦

प्रकृतिविकृतिशून्यं भावनातीतभावं
समरसमसमानं मानसम्बन्धदूरम् ।
निगमवचनसिद्धं नित्यमस्मत्प्रतिष्ठं
हृदि कलयति विद्वान् ब्रह्म पूर्णं समाधौ ॥४१०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રકૃતિવિકૃતિશૂન્યં ભાવનાતીતભાવં
સમરસમસમાનં માનસંબંધદૂરમ્ ।
નિગમવચનસિદ્ધં નિત્યમસ્મત્પ્રતિષ્ઠં
હૃદિ કલયતિ વિદ્વાન્ બ્રહ્મ પૂર્ણં સમાધૌ ॥૪૧૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

આ શ્લોકમાં પણ, ગયા શ્લોકની ચોથી પંક્તિ પુનરુક્ત કરવામાં આવી છે અને શ્લોકમાંના બાકીના બધા શબ્દો, ચોથી પંક્તિમાંનાં બ્રહ્મનાં વિશેષણો તરીકે, બ્રહ્મની વિશેષતાને નિરૂપે છે; એટલું જ નહીં, પરંતુ ગયા શ્લોકની જેમ જ અહીં પણ 'દંડાન્વય' જ છે.

આ પછીના શ્લોક-૪૧૧માં પણ, શ્લોકની રચના અને 'દંડાન્વય' આ જ પ્રમાણે ચાલુ રહે છે. (૪૧૦)

શબ્દાર્થ :

વિદ્વાન એટલે કે જ્ઞાની મનુષ્ય, જે પૂર્ણ બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરે છે, તેનાં વિશેષણોમાં વ્યક્ત થતી વિશેષતાઓ આ પ્રમાણે છે :

પ્રકૃતિ-વિકૃતિ-શૂન્યમ્ । - પ્રકૃતિના વિકારોથી રહિત, સર્વ પ્રકારનાં પરિવર્તનો

વિનાનું, કાર્ય-કારણ-ભાવ વગરનું; શ્રુતિ કહે છે તેમ, પૂર્વાપર-ભાવ-રહિત - तद् एतद् ब्रह्म अ-पूर्वं अन्-अपरम् ।

भावना-अतीत-भावम् । ભાવનાની પકડથી પર; સર્વ ભાવનાઓથી મુક્ત, માત્ર ભાવ-રૂપ; જેનું સ્વરૂપ શ્રુતિની સહાય વિના, કોઈ જ કલ્પનાથી ન સમજાય તેવું છે; સર્વ બૌદ્ધિક પ્રતીતિઓથી પર.

समरसम् । - સમાન-રસ-સ્વરૂપ; સર્વથા-સર્વદા એકરૂપ; ત્રણેય કાળમાં એક જ સ્વરૂપવાળું.

असमानम् । ઉપમા-રહિત, નિરુપમ; જેની સમાન કોઈ નથી તેવું, અદ્વિતીય, અજોડ; સર્વ સામ્યોથી પર.

मान-सम्बन्ध-दूरम् । માન એટલે 'પ્રમાણ', ન્યાય-દર્શનમાં નિરૂપિત 'પ્રત્યક્ષ'-'અનુમાન' જેવાં સર્વ 'પ્રમાણો'થી પર, એટલે કે પ્રમાણાતીત; શ્રુતિ પણ જેના વિશે 'લક્ષણા' વડે જ વાત કરે છે તેવું. શ્રી સુરેશ્વરાચાર્ય સાચું જ કહે છે કે -

प्रमाता च प्रमाणं च प्रमेयं प्रमितिस्तथा ।
यस्य प्रसादात् सिद्ध्यन्ति तत्-सिद्धौ किमपेक्ष्यते ? ॥

("પ્ર+મા એ ધાતુ સાથે સંકળાયેલા પ્રમાતા-પ્રમાણ-પ્રમેય-પ્રમિતિ વગેરે સર્વ ભાવો જેની કૃપા વડે સિદ્ધ થાય છે, તેની સિદ્ધિ માટે કોની અપેક્ષા સેવવાની રહે !")

ટૂંકમાં, પ્રમાણોનાં સમસ્ત ક્ષેત્રોથી પર.

निगम-वचन-सिद्धम् । નિગમ એટલે વેદ; વેદોનાં વચનો વડે સિદ્ધ; જેની સિદ્ધિ અને સ્થાપનાનો આધાર માત્ર વેદ-વચનો જ છે, તેવું. नित्यम् । નિત્ય, સદા-સ્થિત, શાશ્વત.

अस्मत्प्रतिष्ठम् । જેની પ્રતિષ્ઠા 'હું'-રૂપે જ છે, તેવું.

"હું"-એ પદથી જ જે પ્રસિદ્ધ છે, પ્રતિષ્ઠિત છે, જાણીતું છે, તે : ब्रह्म अहं अस्मि इति प्रसिद्धम् । (૪૧૦)

અનુવાદ :

પ્રકૃતિના વિકારોથી રહિત, ભાવનાની પકડથી પર, સમરસ, નિરુપમ, પ્રમાણાતીત, વેદવચનોથી સિદ્ધ, નિત્ય અને 'હું'-રૂપે પ્રતિષ્ઠિત એવાં પૂર્ણ બ્રહ્મને વિદ્વાન મનુષ્ય સમાધિમાં, પોતાનાં હૃદયમાં, અનુભવે છે. (૪૧૦)

ટિપ્પણ :

જેમને જે વિષયમાં ઊંડો અને એકનિષ્ઠ રસ હોય છે, તે મહાનુભાવોને

પોતાના રસ-વિષયનું વર્ણન એવું પ્રિય હોય છે કે તેઓને સામાન્ય રીતે, તે વર્ણન જલદી પૂરું કરવું રુચે નહીં. અહીં આચાર્યશ્રીનો આવો જ કંઈક અભિગમ વરતાય છે. વળી, પોતાના શિષ્ય પ્રત્યે એમને વાત્સલ્યભાવ એવો હૃદયસ્પર્શી છે કે તેમને એમ જ લાગ્યા કરે છે કે બ્રહ્મનાં સ્વરૂપ વિશે તેમણે શિષ્યને હજુ પૂરતું જણાવ્યું નથી !

આથી જ તેમણે આ વર્ણન અહીં પણ ચાલુ રાખ્યું છે; એટલું જ નહીં, પરંતુ આ પછીના શ્લોકમાં પણ તેઓશ્રી વર્ણન ચાલુ રાખવાના છે : પોતાનો શિષ્ય, શ્લોકમાંના વિદ્વાનની જેમ, પૂર્ણ બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કરે, એ જ એમની શુભ ભાવના !

વળી, પોતે આજીવન 'બ્રહ્મની પ્રતિષ્ઠામાં જ રત' રહ્યા છે (अस्मत्प्रतिष्ठम्), તો પોતાનો શિષ્ય પણ એવો જ બની રહે, એવી જ સદ્‌ભાવના, તેમનું અંતઃકરણ પણ સેવતું હોય, તે, તેમના જેવા આદર્શ આચાર્યશ્રી માટે સંપૂર્ણરીતે સ્વાભાવિક હોય !

શબ્દાર્થ-વિભાગમાં, શ્લોકમાંના સર્વ બ્રહ્મ-વિશેષણ-રૂપ શબ્દોનું સવિસ્તર વિવરણ-વિવેચન કરવામાં આવ્યું છે, એટલે એ વિશેષ અહીં કશું ઊમેરવાનું રહેતું નથી.

શ્લોકનો છંદ : **માલિની** (૪૧૦)

૪૧૧

अजरममरमस्ताभासवस्तुस्वरूपं
स्तिमितसलिलराशिप्रख्यमाख्याविहीनम् ।
शमितगुणविकारं शाश्वतं शान्तमेकं
हृदि कलयति विद्वान् ब्रह्म पूर्णं समाधौ ॥४११॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અજરમમરમસ્તાભાસવસ્તુસ્વરૂપં
સ્તિમિતસલિલરાશિપ્રખ્યમાખ્યાવિહીનમ્ ।
શમિતગુણવિકારં શાશ્વતં શાન્તમેકં
હૃદિ કલયતિ વિદ્વાન્ બ્રહ્મ પૂર્ણં સમાધૌ ॥૪૧૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં પણ, શ્લોકની ચોથી પંક્તિ, એ જ રૂપે, ફરી વાર, ચાલુ રાખવામાં

આવી છે અને શ્લોકના બાકીના સર્વ શબ્દો, ચોથી પંક્તિમાંનાં બ્રહ્મનાં વિશેષણો તરીકે, યથાપૂર્વ, પ્રયોજવામાં આવ્યા છે અને તેમને, 'દંડાન્વય' પ્રમાણે, એ જ રીતે, અન્વિત કરવામાં આવ્યા છે. (૪૧૧)

શબ્દાર્થ :

બ્રહ્મનાં વિશેષણોનો અર્થ આ પ્રમાણે છે :

અજરમ્ । - जरा એટલે ઘડપણ, - ઘડપણ વિનાનું; એટલે કે સર્વ પ્રકારના ક્ષય-અપક્ષયથી રહિત.

અમરમ્ । મરણ-રહિત, અમર્ત્ય, અવિનાશી.

અસ્ત-આભાસ-વસ્તુ-સ્વરૂપમ્ । આભાસ-વિનાનું; જેમાંથી સર્વ આભાસી ભાવો અસ્ત થઈ ગયા છે એવું, - આભાસશૂન્ય; અને નક્કર વસ્તુ-સ્વરૂપ, અજ્ઞાન-જન્ય સર્વ ભેદો જેમાંથી નષ્ટ થઈ ગયા છે તેવું, વાસ્તવિક ભાવ-રૂપ. स्तिमितसलिलराशिप्रख्यम् । सलिलराशि એટલે જળનો ભંડાર જેવો સમુદ્ર; स्तिमित એટલે અવિચળ, નિશ્ચલ, સ્તબ્ધ એવું, જેને માત્ર મોજાંઓ વગરના સમુદ્રનાં રૂપમાં જણાવી શકાય (प्रख्यम्). સામાન્ય રીતે, સમુદ્રમાં જળનાં વિશાળ મોજાંઓ સતત ઊછળતાં જ હોય; વિદ્વાન જે બ્રહ્મની અનુભૂતિ કરે છે તે એવા સાગર જેવું છે, જેનાં સર્વ વાસનારૂપી મોજાં સંપૂર્ણરીતે શમી ગયાં હોય અને જે નિશ્ચલ બની ગયાં હોય. આ વિશેષણ સમજવા માટે શિષ્ય પાસે થોડી કલ્પના-શક્તિની અપેક્ષા રાખવામાં આવે.

આખ્યાવિહીનમ્ । आख्या એટલે વ્યાખ્યા, નામ; વ્યાખ્યા-વિનાનું, નામ-રહિત. નામ તો તેને જ આપી શકાય અથવા, વ્યાખ્યા તો તેની જ કરી શકાય, જેનો કોઈ વર્ગ(Class)માં સમાવેશ કરાયો હોય. બ્રહ્મ તો સર્વ પ્રકારના વર્ગો અને સમૂહોથી પર છે, તેથી તે અ-વ્યાખ્યેય અને નામ-વિહીન છે. 'प्रख्य-आख्या'માંનો પ્રાસાનુપ્રાસ-અલંકાર અ-યત્ન-સિદ્ધ (Effortless) છે અને તેથી સવિશેષ આનંદપ્રદ છે.

શમિત-ગુણ-વિકારમ્ । પ્રકૃતિના ત્રણેય ગુણોના વિકારો જ્યાં શાંત થઈ ગયા છે તેવું, - એટલે કે નિર્ગુણ, નિર્વિકાર, પરિવર્તન-રહિત.

શાશ્વતમ્ । કાળની મર્યાદાઓ વિનાનું, અનાદિસિદ્ધ (Eternal).

શાન્તમ્ । જ્યાં ક્ષોભ-વિક્ષોભ હોય, ત્યાં જ અશાંતિ હોય. બ્રહ્મ તો સદા અ-ક્ષુબ્ધ જ હોય છે, તેથી શાંતિ-સ્વરૂપ, મૂર્તિમંત શાંતિ.

એકમ્ । - જેના સંદર્ભમાં કોઈ 'બીજું' (દ્વિતીય) અને (અન્ય) નથી તેવું,

અદ્વિતીય અને અનન્ય, એકરૂપ, કેવલ-સ્વરૂપ. (૪૧૧)

અનુવાદ :

અજર, અમર, આભાસ-રહિત, નક્કર વસ્તુ-સ્વરૂપ, મોજાંઓ-વિનાના નિશ્ચલ સમુદ્ર જેવું, નામ-રહિત, ત્રણેય ગુણોના વિકારો જેમાં શાંત થઈ ગયા છે તેવું; શાશ્વત, શાંત અને કેવલ-સ્વરૂપ, - એવા પૂર્ણ બ્રહ્મનો, જ્ઞાની મનુષ્ય, પોતાનાં હૃદયમાં, સમાધિ-સમયે અનુભવ કરે છે. (૪૧૧)

ટિપ્પણ :

સાચો 'વિદ્વાન' તો તેને જ કહી શકાય, જેનાં સાધના-જીવનનો એકમાત્ર આદર્શ, પૂર્ણ બ્રહ્મનો અપરોક્ષ આનંદ, - એ જ હોય. અહીં, છેલ્લા ત્રણ શ્લોકો-(૪૦૯-૪૧૦-૪૧૧)માં, આવા એક ધન્ય સાધકે, પોતાની સમાધિ-અવસ્થા દરમિયાન, અંતઃકરણમાં, પૂર્ણ બ્રહ્મની કરેલી અપરોક્ષ અનુભૂતિનું એક સુંદર અને કાવ્યમય શબ્દચિત્ર આચાર્યશ્રીએ આલેખ્યું છે.

આવાં આલેખનની પાછળ, આચાર્યશ્રીએ, આવા બે શુભ-ઉદ્દેશો સેવ્યા જણાય છે : એક તો એ કે, આ પહેલાં જણાવ્યું છે તેમ, પોતાનો શિષ્ય પણ આવા બ્રહ્મ-સાક્ષાત્કારનો વિરલ લાભ પામવા સદ્‌ભાગી બને; અને બીજું તો, સહુ કોઈ સાધકને, બ્રહ્મનું ધ્યાન ધરવાનો આદર્શ પ્રકાર, આ ચિત્રાત્મક આલેખનમાંથી સાંપડે, - એ હોઈ શકે.

શ્લોકનો છંદ : **માલિની** (૪૧૧)

૪૧૨

समाहितान्तःकरणः स्वरूपे
विलोकयात्मानमखण्डवैभवम् ।
विच्छिन्धि बन्धं भवगन्धगन्धितं
यत्नेन पुंस्त्वं सफलीकुरुष्व ॥४१२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સમાહિતાન્તઃકરણઃ સ્વરૂપે
વિલોકયાત્માનમખંડવૈભવમ્ ।
વિચ્છિન્ધિ બંન્ધં ભવગન્ધગન્ધિતં
યત્નેન પુંસ્ત્વં સફલીકુરુષ્વ ॥૪૧૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્વરૂપે સમાહિતાન્તઃકરણઃ (સન્), આત્માનં અખણ્ડવૈભવં વિલોકય, ભવગન્ધગન્ધિતં બન્ધં વિચ્છિન્ધિ, યત્નેન (ચ) પુંસ્ત્વં સફલીકુરુષ્વ ॥૪૧૨॥

શબ્દાર્થ :

શ્લોકમાં આચાર્યશ્રીએ શિષ્યને ત્રણ આજ્ઞાઓ આપી છે અને એ ત્રણ સ્વતંત્ર આજ્ઞાર્થ-રૂપ વાક્યો આ પ્રમાણે છે :

(૧) સ્વરૂપે સમાહિત-અન્તઃકરણઃ (સન્) આત્માનં અખણ્ડવૈભવં વિલોકય । આત્માનં વિલોકય । - આત્માનું અવલોકન-દર્શન કર, આત્માનો અનુભવ કર; આ આત્મા કેવો છે ? અથવા, આત્માને કેવાં સ્વરૂપે જાણી લેવાનો છે ? - અખણ્ડવૈભવમ્ । - અખંડ વૈભવવાળો; આત્માને, અખંડ-ઐશ્વર્ય-સંપન્ન જાણી લે. આત્માનું અવલોકન ક્યાં કરવાનું છે ? - સ્વરૂપે । તારાં પોતાનાં આત્મસ્વરૂપમાં, એટલે કે પરમાત્મામાં, જે, તારું સાચું સ્વરૂપ છે, તેમાં; આવાં અવલોકન પૂર્વે શિષ્યે શું કરવાનું રહે છે ? - સમાહિત-અન્તઃકરણઃ (સન્) । પોતાનાં અંતઃકરણને સમાહિત કરીને, સ્વરૂપમાં સ્થિર કરીને, તારાં મનને દૃઢતાપૂર્વક શાંત કરીને.

(૨) ભવગન્ધગન્ધિતં બન્ધં વિચ્છિન્ધિ । બન્ધં વિચ્છિન્ધિ । (વિ + છિદ્ - એ ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ) બંધનને કાપી નાખ, છેદી નાખ; અજ્ઞાનરૂપ બંધન(બન્ધ)ને તોડી નાખ; આ બંધન કેવું છે ? - ભવગન્ધગન્ધિતમ્ । ગન્ધિત એટલે ગંધાતું, ખરડાયેલું, ભવ એટલે સંસાર, એની દુર્ગન્ધ વડે વાસ મારતું, દુર્ગન્ધવાળું.

(૩) યત્નેન (ચ) પુંસ્ત્વં સફલીકુરુષ્વ । પુંસ્ત્વં એટલે પુરુષપણું, મનુષ્યત્વ, મનુષ્ય તરીકેનું જીવન, માનવ-જન્મ. સફલીકુરુષ્વ - (સફલ + કૃ એ ધાતુનાં 'ચ્વિ'-રૂપનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનું રૂપ) સફળ-સાર્થક કર; કૃતાર્થ કર. કેવી રીતે ? - યત્નેન । યત્નપૂર્વક, પ્રયત્નપૂર્વક, મહેનત કરીને. (૪૧૨)

અનુવાદ :

પોતાનાં અંતઃકરણને આત્મસ્વરૂપમાં સ્થિર કરીને, આત્માને અખંડ-ઐશ્વર્ય-સંપન્ન તરીકે જાણી લે; (ત્યારપછી) સંસારની ગંધથી ગંધાતા બંધનને છેદી નાખ અને તારાં મનુષ્યત્વને પ્રયત્નપૂર્વક સફળ કર. (૪૧૨)

ટિપ્પણ :

જ્ઞાનીજન પોતાની સમાધિ દરમિયાન, પૂર્ણ બ્રહ્મનો અ-પરોક્ષ અનુભવ,

પોતાનાં હૃદયમાં કરે છે, તેનું એક પ્રભાવક શબ્દચિત્ર શિષ્ય સમક્ષ મૂકીને, આચાર્યશ્રી, અહીં, તેને સીધી (Direct) ત્રણ આજ્ઞાઓ જ આપે છે અને તે ત્રણેયનું, એક પછી એક, અનુપાલન થઈ શકે એવો સુનિશ્ચિત ક્રમ (Order) પણ સૂચવે છે.

પરંતુ તેમની ત્રીજી અને છેલ્લી આજ્ઞા સૌથી વધારે મહત્ત્વની હોવાથી, તેને, આપણે સૌપ્રથમ, સમજી લઈએ : મનુષ્ય-જન્મ એ પરમાત્માની એક અનન્ય ભેટ છે અને તે તેમની કૃપાનું જ પરિણામ છે. આવી અમૂલ્ય ઈશ્વરી ભેટને સફળ-સાર્થક કરવી તે, પ્રત્યેક મનુષ્યનો પ્રથમ અને પરમ ધર્મ છે. મનુષ્ય જો તેની આ ફરજ ચૂકી જાય તો, એનું જીવન અને આયુષ્ય એળે ગયાં જ ગણાય.

તો પછી, આવી સાર્થકતા કેવી રીતે સિદ્ધ કરવી ? આ માટે, મનુષ્યનું સૌપ્રથમ કર્તવ્ય છે, આત્માનાં અખંડ વૈભવને જાણી લેવું તે. આત્માની આવી અખૂટ સમૃદ્ધિ અને એનું અનંત ઐશ્વર્ય, **તો** અને **ત્યારે જ** અનુભવી શકાય, **જો** અને **જ્યારે** માણસ પોતાનાં અંતઃકરણને આત્મસ્વરૂપમાં, એટલે કે સ્વરૂપભૂત પરમાત્મામાં સમાહિત કરી દે, સ્થિર કરી દે.

આમ કરવાથી, એનામાં એક પ્રકારની સાત્ત્વિક શક્તિનો આવિષ્કાર થાય છે, જેથી સંસારના કુસંસ્કારોની દુર્ગંધથી ગંધાતાં સર્વ બંધનોને છેદી નાખવાની તેનામાં હિંમત પ્રગટે છે.

અને આવાં બંધનોનો નાશ, એ જ મુક્તિ અને એ જ એનાં મનુષ્યત્વનું પરમ સાફલ્ય !

સમગ્ર ગ્રંથમાં, આચાર્યશ્રીએ, 'મનુષ્ય'ના અર્થમાં, "**પુરુષ**"-શબ્દ પ્રયોજ્યો છે, એટલે આ 'પુંસ્ત્વ'-શબ્દ 'મનુષ્યત્વ'ના અર્થમાં તો છે જ, પરંતુ આ શબ્દમાંથી એક વધારાની અર્થચ્છાયાનો સંકેત પણ મળે છે, અને તે છે તેની હિંમતનો, તેનાં દૈવતનો, તેનાં સામર્થ્યનો, જેનાં કારણે જ તે પોતાનું આ કર્તવ્ય પ્રયત્નપૂર્વક (यत्नेन) પરિપૂર્ણ કરી શકે. ઉપનિષદના ઋષિએ આ જ અર્થમાં **बल** - શબ્દ પ્રયોજ્યો છે :

नायमात्मा बलहीनेन लभ्यः ।

આ પુંસ્ત્વ એ જ રત્ન-સમાન પોતાના મનુષ્ય-જન્મને કૃતાર્થ કરવા માટેનું અમોઘ શસ્ત્ર !

શ્લોકની બીજી લીટીમાં, **आत्मानं विलोकय** । - એવો જે આદેશ છે, તે, ઉપનિષદના ઋષિએ સૂચવેલાં આ કર્તવ્યનું જ સ્મરણ કરાવે છે : आत्मा वा अरे द्रष्टव्यः, एतावद् अरे खलु अमृतत्वम् । અને શ્લોકમાંની सफलीकुरुष्व - એ આજ્ઞા તો, ગીતાની આ પંક્તિનો જ જાણે પડઘો પાડે છે :

एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत । (૧૫, ૨૦)

કૃતકૃત્ય અને સફલીકુરુષ્વ - એ બે શબ્દોનો અર્થધ્વનિ કેવો સમાન અને પરસ્પર-સમીપ છે !

અને આ અર્થધ્વનિ એટલે જ, 'શવાકાર'માંથી 'શિવાકાર'ની શુભ યાત્રાનાં (શ્લોક-૩૯૭) જીવન-સાફલ્યનું સૂચન !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૧૨)

૪૧૩

सर्वोपाधिविनिर्मुक्तं सच्चिदानन्दमद्वयम् ।
भावयात्मानमात्मस्थं न भूयः कल्पसेऽध्वने ॥૪૧૩॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सर्वोपाधिविनिर्मुक्तं सच्चिदानन्दमद्वयम् ।
भावयात्मानमात्मस्थं न भूयः कल्पसेऽध्वने ॥૪૧૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સર્વ-ઉપાધિ-વિનિર્મુક્તં, સત્-ચિત્-આનન્દં, અદ્વયં, આત્માનં, આત્મસ્થં ભાવય, (યતઃ) ભૂયઃ અધ્વને (ત્વં) ન કલ્પસે ॥૪૧૩॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) આત્માનં આત્મસ્થં ભાવય । ભાવય એટલે ભાવના કર, ભાવન-ચિંતન-મનન કર. આત્માનું ભાવન કેવાં સ્વરૂપે કરવાનું છે ? - આત્મસ્થમ્ । - એ આત્મા પોતાની અંદર જ છે, એ સ્વરૂપે. પોતાનાં અંતઃકરણમાં જ આત્માની ભાવના કરવાની છે. આ આત્મા કેવો છે ? - ત્રણ વિશેષણો આ પ્રમાણે :

(અ) સર્વ-ઉપાધિ-વિનિર્મુક્તમ્ । સઘળી ઉપાધિઓથી મુક્ત, સમસ્ત ઉપાધિઓથી રહિત; (બ) સત્-ચિત્-આનન્દમ્ । સચ્ચિદાનંદ-સ્વરૂપ; અને (ક) અદ્વયમ્ । - અદ્વિતીય, દ્વૈત-ભાવ-વિનાનો.

(૨) આવું ભાવન કરવાનો શો લાભ થાય ? - યતઃ, ભૂયઃ અધ્વને ત્વં ન કલ્પસે । યતઃ એટલે જેથી, આ પહેલાનાં વાક્યમાં સૂચવ્યા પ્રમાણે ભાવન કરવાથી. ભૂયઃ એટલે ફરીથી, ફરી વાર; અધ્વને એટલે માર્ગમાં, સંસારના માર્ગે, જન્મ-મરણનાં ચક્રમાં; ત્વં ન કલ્પસે । તારે આવવાનું થાય નહીં, તારે ફસાવું પડે

નહીં. (૪૧૩)

અનુવાદ :

સર્વ ઉપાધિઓથી વિમુક્ત, સચ્ચિદાનંદ-સ્વરૂપ અને અદ્વિતીય એવા આત્માનું ભાવન તારા પોતાનાં અંતઃકરણમાં જ કર, જેથી આ (સંસારના) માર્ગમાં તારે ફરી વાર આવવાનું થાય નહીં. (૪૧૩)

ટિપ્પણ :

મૃત્યુ પછી પુનર્જન્મ ન મળે, જન્મ-મરણનાં સતત ચાલી રહેલાં ચક્રમાં ફરી વાર ફસાવાનું ન રહે, એ જ મોક્ષ; અને મુમુક્ષુ સાધકનું એ જ એકમાત્ર જીવન-ધ્યેય હોય છે; એટલે આ ધ્યેયને પરિપૂર્ણ કરવાનો ઉપાય તેને સૂચવવામાં આવે તે તો એનું પરમ સદ્‌ભાગ્ય !

આચાર્યશ્રી, શિષ્યને, આવી સદ્‌ભાગ્ય-પ્રાપ્તિનો ઉપાય, એક સીધી આજ્ઞાનાં રૂપમાં સૂચવે છે : પહેલી વાત તો એ કે તેણે પરમાત્માનું ભાવન, પોતાની અંદર જ રહેલા આત્મામાં, પોતાનાં જ અંતઃકરણમાં કરવાનું રહે. આ **'ભાવન'** એટલે જ **'ધ્યાન'** (Meditation). આવું ધ્યાન કરવા માટે તેણે ક્યાંય બહાર કે દૂર જવાની જરૂર જ નથી; કારણ કે તે તો તેની અંદર જ છે, ભીતર જ છે, **ઉપનિષદ**ના ઋષિએ આથી જ સાધકને યાદ આપીને પૂછ્યું હતું કે, - "તે આત્મા તો તારી અંદર જ છે, તેને તું કેમ જોતો નથી ?" -

अत्र वाव किल सत् सौम्य न निभालयसे ।

વળી, એ આત્મા તો, સચ્ચિદાનંદ-સ્વરૂપ અને અદ્વિતીય હોવા ઉપરાંત, સર્વ ઉપાધિઓ-વાસનાઓ અને સ્થૂલ-સૂક્ષ્મ-કારણ એવાં ત્રણેય શરીર-સ્વરૂપોથી પણ સંપૂર્ણરીતે મુક્ત છે, એવાં કોઈ ભૌતિક વળગણો(Obsessions)થી પણ તે પર છે, એનાથી પૂરેપૂરો રહિત છે. આવા પરમાત્માનું તારા પોતાના આત્મામાં ભાવન-રટણ-મનન, - એટલે કે ઊંડું ધ્યાન ધર, એના-મય બની જા !

બસ, આ જ એકમાત્ર ઉપાય છે, - પુનરપિ જનનં, પુનરપિ મરણમ્ । એવાં પુનરપિ પુનઃ સંસાર-આવર્તનોનાં ચક્રમાંથી છૂટવાનો !

છાંદોગ્ય-ઉપનિષદમાં, આથી જ, આવી હૈયા-ધારણ આપવામાં આવી છે કે "આવો સાધક સંસારમાં ફરી પાછો આવતો નથી" :

न स पुनः आवर्तते ।

અને ગીતામાં પણ આનું જ સમર્થન કરવામાં આવ્યું છે :

मां उपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते । (૮, ૧૬)

("પરંતુ હે કુંતીપુત્ર ! મને પામ્યા પછી તો પુનર્જન્મ રહેતો જ નથી !")
શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૧૩)

૪૧૪

छायेव पुंसः परिदृश्यमान-
-माभाससरूपेण फलानुभूत्या ।
शरीरमाराच्छ्ववन्निरस्तं
पुनर्न सन्धत्त इदं महात्मा ॥૪૧૪॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

છાયેવ પુંસઃ પરિદૃશ્યમાન-
-માભાસરૂપેણ ફલાનુભૂત્યા ।
શરીરમારાચ્છ્વવન્નિરસ્તં
પુનર્ન સન્ધત્ત ઇદં મહાત્મા ॥૪૧૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પુંસઃ છાયા ઇવ આભાસરૂપેણ પરિદૃશ્યમાનં ઇદં શરીરં, ફલાનુભૂત્યા શવવત્ આરાત્ નિરસ્તં, મહાત્મા પુનઃ ન સન્ધત્તે ॥૪૧૪॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : મહાત્મા ઇદં શરીરં પુનઃ ન સન્ધત્તે । મહાત્મા એટલે આત્મજ્ઞાની મનુષ્ય; જેણે બ્રહ્માનુભવ કર્યો છે, એવો માણસ : બ્રહ્મભાવં પ્રાપ્તઃ પુરુષઃ । ઇદં શરીરં પુનઃ ન સન્ધત્તે । આ શરીરને ફરીથી ધારણ કરતો નથી; આ શરીર પ્રત્યે, એની સાથે ફરીથી અનુસંધાન કરતો નથી, પોતાની જાતને એની સાથે જોડતો નથી.

ઇદં શરીરમ્ - આ શરીર કેવું ? - આભાસરૂપેણ પરિદૃશ્યમાનમ્ । - આભાસનાં રૂપમાં દેખાતું, જણાતું, ભાસતું. આ શરીર કોના જેવું છે ? - પુંસઃ છાયા ઇવ । - મનુષ્યની છાયા જેવું; માણસના પોતાના પડછાયા જેવું (Shadow); પેલો આત્મજ્ઞાની મહાત્મા તેને ફરીથી, ક્યારેય-કેમ ધારણ કરતો નથી ? - ફલ-અનુભૂત્યા । (પ્રારબ્ધ-કર્મોનાં) ફળનો અનુભવ (ઉપભોગ) પૂરો થયા પછી અને એ જ કારણે; અને આ પછી આ શરીર તેને કેવું જણાય છે ? - શવવત્ આરાત્ નિરસ્તમ્ । આરાત્ - એટલે પૂરેપૂરું, પૂર્ણપણે, અત્યંત; નિરસ્તમ્ એટલે દૂર કરવામાં

આવેલું; ફેંકી દેવામાં આવેલું. કોની જેમ ? शववत् । - શબની જેમ, મડદાંની માફક. (૪૧૪)

અનુવાદ :

મનુષ્યના પડછાયાની જેમ, માત્ર આભાસનાં રૂપમાં દેખાતાં આ શરીરને, (પ્રારબ્ધ કર્મોનાં) ફળનો અનુભવ પૂરો થયા પછી, મહાત્મા, ફરીથી ધારણ કરતો નથી. (૪૧૪)

ટિપ્પણ :

પુનર્જન્મનાં નિવારણની ચર્ચા ચાલી રહી છે, એ અનુસંધાનમાં, આચાર્યશ્રી, અહીં, મનુષ્યનાં આ સ્થૂલ શરીર પ્રત્યેના એક એવા વિરલ મહાપુરુષના અભિગમનો દાખલો ટાંકે છે, જે, સાચા-સંનિષ્ઠ મોક્ષાર્થી સાધક માટે, એક અનુકરણીય આદર્શ બની શકે છે.

આ માણસ સાચા અર્થમાં, - अक्षरशः અને अर्थतः - **'મહાત્મા'** છે, જેણે, **બહિરંગ-સાધન 'ચતુષ્ટય'** અને **અંતરંગ-સાધન 'ત્રિતય'**નો પ્રભાવ સંપૂર્ણરીતે ઝીલીને, બ્રહ્મભાવનો સાક્ષાત્કાર કર્યો છે અને જેથી તે સાચો આત્મજ્ઞાની (A man of realisation) બની રહ્યો છે. પંચમહાભૂતનાં બનેલાં પોતાના સ્થૂલ શરીર વિશેની એની વિભાવના (Concept), એનાં અંતઃકરણનાં બ્રહ્મીભવનનું જ પરિણામ છે : શરીર એને પોતાના પડછાયા જેવું पुंसः छाया इव, માત્ર આભાસરૂપે જ, દેખાય છે (आभासरूपेण परिदृश्यमानं). પડછાયો શરીરનો જ છે અને શરીર વિના પડછાયો શક્ય જ ન બન્યો હોત, તે હકીકત બરાબર સમજે છે અને સ્વીકારે છે; પરંતુ પડછાયો એ શરીર નથી, અને વાસ્તવિક દૃષ્ટિએ પડછાયાને એનું પોતાનું કોઈ સાચું (real) અને સ્વતંત્ર Independent અસ્તિત્વ (Existence) જ નથી; એ આભાસનાં રૂપમાં માત્ર 'ભાસે' છે, દેખાય જ છે, એ સત્યની પણ એને પૂરી પ્રતીતિ છે. તેથી તે પોતાનાં પ્રારબ્ધ કર્મોનાં ફળના અનુભવ-ઉપભોગ પૂરા થવાની જ રાહ જુએ છે (फलानुभूत्या). બસ, પછી તો, પોતાનાં શરીર અને શબ વચ્ચે એને કશો તફાવત જ નથી જણાતો ! અને શબને તો સંપૂર્ણતયા નિરસ્ત જ કરવાનું હોય ! અને શબની જેમ શરીરને નિરસ્ત કરી નાખ્યા પછી (शववत् आगत् निरस्तं), એને ફરી વાર ધારણ કરવાનો તો કશો અર્થ જ રહેતો નથી ! (पुनः न सन्धत्ते ।)

અંગ્રેજીમાં જેને Metal attitude કહે છે એવા, શરીર પ્રત્યેના આવા ઉપેક્ષાત્મક અભિગમનાં પરિણામે, જન્મ-મૃત્યુનાં ચક્રમાંથી તે, સ્વયમેવ, મુક્ત બની જાય છે ! અને આથી જ શાસ્ત્રો અને સંતો આવા કૃતકૃત્ય સાધકનું સન્માન કરે છે, **"મહાત્મા"**નાં

સર્વોચ્ચ-સિદ્ધિ-સ્થાને એની પ્રતિષ્ઠા કરીને !

આવા જ્ઞાની 'મહાત્મા'ને, આથી જ, ગીતાએ, માત્ર 'દુર્લભ' જ નહીં, પરંતુ 'સુદુર્લભ' કહ્યો છે : स महात्मा सुदुर्लभः । (૭, ૧૯)

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૧૪)

૪૧૫

सततविमलबोधानन्दरूपं समेत्य
त्यज जडमलरूपोपाधिमेतं सुदूरे ।
अथ पुनरपि नैषः स्मर्यतां वान्तवस्तु
स्मरणविषयभूतं कल्पते कुत्सनाय ॥૪૧૫॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સતતવિમલબોધાનન્દરૂપં સમેત્ય
ત્યજ જડમલરૂપોપાધિમેતં સુદૂરે ।
અથ પુનરપિ નૈષઃ સ્મર્યતાં વાન્તવસ્તુ
સ્મરણવિષયભૂતં કલ્પતે કુત્સનાય ॥૪૧૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સતતવિમલબોધાનન્દરૂપં (પરમાત્માનં) સમેત્ય, એતં જડમલરૂપોપાધિં (દેહાદિં) સુદૂરે ત્યજ, અથ પુનઃ અપિ ન એષઃ સ્મર્યતાં, વાન્ત-વસ્તુ સ્મરણવિષયભૂતં કુત્સનાય કલ્પતે ॥૪૧૫॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (त्वं) त्यज । તું છોડી દે, ત્યાગ કરી દે. શાને છોડવાનું છે ? - उपाधिं (देहादिम्) । જડ, મળ-રૂપ, મલિન ઉપાધિને, એટલે કે દેહાદિને ત્યજી દે. કેવી રીતે, શું સમજીને આ દેહાદિને છોડવાનાં છે ? सुदूरे । દૂરથી જ, તે તારી નજીક આવે અથવા તું તેની પાસે પહોંચે તે પહેલાં જ; એટલે કે સંપૂર્ણ ત્યાગ કર. सुदूरे-શબ્દ 'ઉપાધિ' પ્રત્યે તિરસ્કાર-ભાવ પ્રેરવા માટે જ પ્રયોજાયો છે.

આ ત્યાગ પહેલાં, સાધકે શું કરવાનું છે ? (परमात्मानं) समेत्य । પરમાત્માને પામીને, એની સાથે એકરૂપ અને એકાકાર બનીને, એનો સાક્ષાત્કાર કરીને; આ

પરમાત્મા કેવો છે ? - सतत-विमल-बोध-आनन्दरूपम् । નિરંતર નિર્મળ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ; એ જ્ઞાન જેટલું વિશુદ્ધ છે, એટલો જ એ આનંદ પણ પવિત્ર, પાવનકારી અને સાત્ત્વિક છે. આટલી સિદ્ધિ મેળવ્યા પછી શું કરવાનું છે ? - હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવ્યા પ્રમાણે :

(૨) अथ पुनः कदा अपि एषः (देहादिपदार्थः) न स्मर्यताम् । અને પછી (अथ) તે દેહાદિ-પદાર્થને કદી પણ ફરી યાદ ન કરજે. આ પહેલાંનાં વાક્યમાં પેલો सुदूरे-શબ્દ આ હેતુથી જ પ્રયોજાયો હતો : તેનો સંપૂર્ણ અને તિરસ્કારપૂર્વક ત્યાગ કરવાનું એટલા માટે સૂચવવામાં આવ્યું હતું કે તેનું ફરીથી કદી સ્મરણ જ ન થાય ! તેનાં સ્મરણનો આવો સખત નિષેધ શા માટે સૂચવાયો છે ? તેનું કારણ હવે પછીનાં વાક્યમાં આપવામાં આવ્યું છે :

(૩) वान्त-वस्तु, स्मरण-विषयभूतं, कुत्सनाय कल्पते । वान्त એટલે વમન (Vomit) કરવામાં આવેલું; જેની ઊલટી થઈ હોય તે; ઓકી કાઢવામાં આવેલું; कुत्सन એટલે જુગુપ્સાભાવ, ઘૃણા થવી, ચીતરી ચઢવી. આ પહેલાંનાં વાક્યમાં જેનાં સ્મરણનો નિષેધ સૂચવવામાં આવ્યો હતો તે, જો ફરી યાદ આવે (स्मरणविषयभूतम्) તો, યાદ કરનારને તેના માટે મનમાં આવો ઘૃણાભાવ જન્મે (कल्पसे). (૪૧૫)

અનુવાદ :

નિરંતર નિર્મળ જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ એવા પરમાત્માને પામીને, આ જડ અને મલિન ઉપાધિને (દેહાદિને) તું દૂરથી જ ત્યજી દે; અને પછી ફરી તેનું કદાપિ સ્મરણ કરીશ નહીં; (કારણ કે) ઓકી કાઢેલી વસ્તુ જો ફરી યાદ આવે તો, તે જુગુપ્સા પેદા કરે છે. (૪૧૫)

ટિપ્પણ :

પેલા આદર્શ-રૂપ (Ideal) અને વિરલ (Rare) **'મહાત્મા'**ના, સ્થૂલ શરીર પ્રત્યેના અભિગમને ટાંકીને, આ પહેલાંના શ્લોકમાં, મનુષ્ય-શરીરને, તેના પોતાના પડછાયા જેવું, માત્ર આભાસરૂપે જ દેખાતું અને शव જેવું તો, આચાર્યશ્રીએ, વર્ણવ્યું જ હતું. હવે, અહીં તો, એથી પણ એક ડગલું આગળ જઈને, તેના સંપૂર્ણ અને સદંતર ત્યાગનો તેમણે, સાધકને, સીધો આદેશ (Direct Order) જ આપી દીધો છે ! (सुदूरे त्यज ।).

પરંતુ આવા આદેશનું અનુપાલન કરવાનું, સાધક માટે, ત્યારે જ શક્ય બને, જ્યારે તે सतत-જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ એવા પરમાત્મા સાથે એકાકાર બની

ગયો હોય (समेत्य). એક આવૃત્તિ પ્રમાણે, આ समेत्य-ને બદલે, स्वमेत्य (स्वं एत्य) એવો પાઠાન્તર પણ છે, જે, પરમાત્માને પામવાના ભાવને સવિશેષ ઘૂંટે છે : પરમાત્માને પોતાના જ આત્મા તરીકે પામીને (स्वं, प्रत्यक्तया प्राप्य ।). પાઠ (Reading) ગમે તે હોય, જડ અને મળરૂપ ઉપાધિના સંપૂર્ણ ત્યાગની આ એક અનિવાર્ય પૂર્વભૂમિકા છે (શ્લોકની બીજી પંક્તિ); અને વ્યાકરણની દૃષ્ટિએ, समेत्य કે स्वमेत्य(સંબંધક ભૂતકૃદંતનું રૂપ) પણ, એવું જ સૂચવે છે કે સૌપ્રથમ પરમાત્માને પામવાના છે, અને પછી જ દેહાદિ ઉપાધિઓને ત્યજવાની છે અને આમેય, સાધકને ત્યાગની પાત્રતા અને શક્તિ તો જ લાધે !

અને છતાં, મનુષ્ય ક્યારેક માનવસહજ નિર્બળતાનો ભોગ બની જાય ! એટલે, આચાર્યશ્રીએ, અહીં, આ પ્રકારનાં અનિષ્ટની શક્યતાનાં નિવારણ માટે, બે ઉપાયો, આ પ્રમાણે સૂચવ્યા છે : (૧) પેલો 'ત્યાગ' એવો જડબેસલાક હોવો જોઈએ (सुदूरे त्यज ।) કે ફરી એનું કદી સ્મરણ જ ન થાય; અને (૨) એનું સ્મરણ જ ન થાય તે હેતુને અનુલક્ષીને, આચાર્યશ્રીએ, દેહાદિને ઓકી કાઢવામાં આવેલી વસ્તુ (वान्त-वस्तु) સાથે સરખાવી છે ! કેવી જુગુપ્સા (Disgust) ! અને કેવી ઘૃણા (Revulsion) ! આવા ગંદા-ગંધાતા પદાર્થને જોવાનું કોને ગમે ? ઉત્તરની કશી આવશ્યકતા જ નથી રહેતી.

આચાર્યશ્રી એક સમર્થ તત્ત્વચિંતક અને એવા જ એક પ્રતિભાવાન કવિ તો છે જ, પરંતુ આ શ્લોકમાં તો તેઓશ્રી એક પીઢ માનસશાસ્ત્રી (Psychologist) અને તર્કશાસ્ત્રી (Logician) તરીકે પણ ઉપસી આવે છે.

દેહાદિની નિન્દા અહીં તેમણે 'वान्तवस्तु' - શબ્દ પ્રયોજીને કરી છે તે, આપણને એમનાં 'अपरोक्षानुभूति'-સ્તોત્રમાંના काकविष्ठा - શબ્દનું સ્મરણ કરાવે છે : ભોગના વિષયો એટલે તો 'કાગડાની વિષ્ઠા', એનું 'ચરક !'

શ્લોકનો છંદ : માલિની (૪૧૫)

૪૧૬

समूलमेतत् परिदह्य वह्नौ
सदात्मनि ब्रह्मणि निर्विकल्पे ।
ततः स्वयं नित्यविशुद्धबोधा-
-नन्दात्मना तिष्ठति विद्वरिष्ठः ॥૪૧૬॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સમૂલમેતત્ પરિદહ્ય વહ્નૌ
સદાત્મનિ બ્રહ્મણિ નિર્વિકલ્પે ।
તતઃ સ્વયં નિત્યવિશુદ્ધબોધા-
-નન્દાત્મના તિષ્ઠતિ વિદ્વરિષ્ઠઃ ॥૪૧૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સદાત્મનિ નિર્વિકલ્પે બ્રહ્મણિ વહ્નૌ એતત્ (જગત્) પરિદહ્ય, તતઃ વિદ્-વરિષ્ઠઃ સ્વયં નિત્ય-વિશુદ્ધ-બોધાનન્દ-આત્મના તિષ્ઠતિ ॥૪૧૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તતઃ વિદ્-વરિષ્ઠઃ સ્વયં તિષ્ઠતિ । વિદ્ એટલે વિદ્વાન, જ્ઞાની, બહુશ્રુત; (વિદ્ એટલે જાણવું, એ ધાતુ પરથી બનેલું નામ-(Noun) પણ વિદ્ - 'વિદ્વાન'); વરિષ્ઠ એટલે શ્રેષ્ઠ, ઉત્તમ. વિદ્-વરિષ્ઠ એટલે વિદ્વાનોમાં શ્રેષ્ઠ, વિદ્વાનોનો પણ વિદ્વાન. આવો 'વિદ્-વરિષ્ઠ' શું કરે છે ? - તિષ્ઠતિ । સ્થિત-સ્થિર રહે છે. ક્યાં ? શામાં ? - નિત્યવિશુદ્ધબોધાનન્દાત્મના । બોધાનન્દ એટલે જ્ઞાનનો આનંદ; જ્ઞાન અને આનંદ; નિત્ય-નિરંતર જ્ઞાન-આનન્દનાં રૂપે; આ જ્ઞાન અને આનંદ બંને નિત્ય અને વિશુદ્ધ છે; એવાં સ્વરૂપે તે પોતે જ (સ્વયં) આ પ્રમાણે, આ પરિસ્થિતિમાં, સ્થિર રહે છે.

પરંતુ આવી પરિસ્થિતિએ પહોંચતાં પહેલાં તે શું કરે છે ? - એતત્ સમૂલં પરિદહ્ય । પરિદહ્ય એટલે બાળી નાખીને, ભસ્મીભૂત કરી નાખ્યા પછી; કોને બાળી નાખીને ? - એતત્ આ; એટલે કે આ જગતને, આ સંસારને; કેવી રીતે બાળીને ? સ-મૂલમ્ । મૂળ-સહિત; અવિદ્યા અને વાસનારૂપી મૂળિયાં સહિત આ સમગ્ર દૃશ્ય-પ્રપંચરૂપી જગતને સંપૂર્ણરીતે ખાખ કરી નાખીને; ક્યાં, કયા અગ્નિમાં બાળવાનું છે ? - બ્રહ્મણિ વહ્નૌ । વહ્નિ એટલે અગ્નિ, આગ; બ્રહ્મરૂપ અગ્નિમાં; બ્રહ્મ કેવું છે ? સદાત્મનિ નિર્વિકલ્પે । જે હંમેશાં સત્સ્વરૂપ અને નિર્વિકલ્પ છે, એવા અગ્નિમાં. (૪૧૬)

અનુવાદ :

સત્સ્વરૂપ અને નિર્વિકલ્પ એવાં બ્રહ્મરૂપ અગ્નિમાં આ(જગત)ને મૂળ-સહિત બાળી નાખીને, વિદ્વાનોમાં શ્રેષ્ઠ જ્ઞાની(મનુષ્ય) પોતે જ, નિત્ય અને વિશુદ્ધ જ્ઞાન

અને આનંદની સ્થિતિમાં સ્થિર રહે છે. (૪૧૬)

ટિપ્પણ :

નિરંતર નિર્મળ જ્ઞાનસ્વરૂપ અને આનંદ-સ્વરૂપ એવા પરમાત્માને સંપૂર્ણરીતે પામ્યા પછી, જગત સાથે સંકળાયેલી સર્વ જડ અને મલિન એવી દેહાદિ ઉપાધિઓને, તેનું કદાપિ સ્મરણ જ ન થાય એવી રીતે, પૂરેપૂરી, ત્યજી દેવાનો આદેશ ગયા શ્લોકમાં સાધકને આપવામાં આવ્યો હતો અને એ બધી ઉપાધિઓ પ્રત્યે એનાં ચિત્તમાં નફરતનો ઉપેક્ષા-ભાવ હંમેશાં સુદૃઢ-સ્વરૂપે સ્થપાઈ જાય એવા શુભ-ઉદ્દેશથી પ્રેરાઈને, આચાર્યશ્રીએ, એ સર્વ અનિષ્ટો માટે જુગુપ્સાપ્રેરક 'વાન્ત-વસ્તુ' (Vomitted matter) એ શબ્દ પ્રયોજ્યો હતો.

પરંતુ અહીં તો, આભાસરૂપે માત્ર દેખાતી, પડછાયા અને શબ જેવી એ બધી ઉપાધિઓને, ત્રણેય કાળમાં સતત સત્સ્વરૂપ અને નિર્વિકલ્પ એવા બ્રહ્મ-અગ્નિમાં, માયા અને વાસના જેવાં તેનાં મૂળિયાં સહિત, બાળીને રાખ કરી નાખવાની જ વાત છે.

પણ આવું કામ, ધારીએ તેવું સહેલું નથી : આવી વિરલ સક્ષમતા પ્રાપ્ત કરવા માટે તો સાધક, માત્ર 'બહુશ્રુત' (Well-read) જ હોય, એ પર્યાપ્ત નથી, - તેણે તો 'બહુશ્રુતો'માંયે "સર્વોત્તમ બહુશ્રુત", - એવા 'સર્વશ્રેષ્ઠ જ્ઞાની (વિદ્-વરિષ્ઠ)' જ બનવું પડે અને પછી તો, સતત પરિશુદ્ધ એવાં જ્ઞાનાનન્દનાં સ્વરૂપે, સ્વયમેવ સદા સ્થિર રહેવાનું પરમ સદ્ભાગ્ય, તેને યત્નવિહીન સરળતાથી (Spontaneously), સામેથી જ સાંપડે, એ સ્વાભાવિક છે.

દરેક મુમુક્ષુ સાધક આવો "વિદ્-વરિષ્ઠ" (The best among the men of Perfection) બને, એવી શુભ અપેક્ષા, આચાર્યશ્રી, સેવે, એ પણ, એક આદર્શ સદ્ગુરુ તરીકે, તેમના માટે, એટલું જ સ્વાભાવિક છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૧૬)

૪૧૭

प्रारब्धसूत्रग्रथितं शरीरं
प्रयातु वा तिष्ठतु गोरिव त्वक् ।
न तत् पुनः पश्यति तत्त्ववेत्ता-
-ऽऽनन्दात्मनि ब्रह्मणि लीनवृत्तिः ॥४१७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રારબ્ધસૂત્રગ્રથિતં શરીરં
પ્રયાતુ વા તિષ્ઠતુ ગોરિવ સ્રક્ ।
ન તત્ પુનઃ પશ્યતિ તત્ત્વવેત્તા-
-ઽઽનન્દાત્મનિ બ્રહ્મણિ લીનવૃત્તિઃ ॥૪૧૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ગોઃ સ્રક્ ઇવ, આનન્દાત્મનિ બ્રહ્મણિ લીનવૃત્તિઃ તત્ત્વવેત્તા પ્રારબ્ધસૂત્રગ્રથિતં (સ્વં) શરીરં પ્રયાતુ તિષ્ઠતુ વા, તત્ પુનઃ ન પશ્યતિ ॥૪૧૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તત્ત્વવેત્તા તત્ (સ્વં) શરીરં પુનઃ ન પશ્યતિ । તત્ત્વજ્ઞાની (મનુષ્ય) પોતાનાં તે શરીરને ફરીથી જોતો-નિરખતો નથી, એની સામું પણ જોતો નથી. આ તત્ત્વજ્ઞાની કેવો છે ? - આનન્દાત્મનિ બ્રહ્મણિ લીનવૃત્તિઃ । લીનવૃત્તિઃ એટલે તેવો, - જેની ચિત્તવૃત્તિ લીન થઈ ગઈ છે, એકરૂપ, એકાકાર થઈ ગઈ છે. ક્યાં ? - આનંદસ્વરૂપ બ્રહ્મમાં. એનું શરીર કેવું છે ? - પ્રારબ્ધસૂત્રગ્રથિતમ્ । સૂત્ર એટલી દોરી; પ્રારબ્ધ(કર્મ)રૂપી દોરીમાં પરોવાયેલું; ગૂંથાયેલું. શરીરને કોની જેમ નિરખતો નથી ? - ગોઃ સ્રક્ ઇવ । સ્રક્ એટલે માળા(ગળામાં પહેરાવેલી, નાખવામાં આવેલી); ગોઃ ઇવ એટલે ગાયની જેમ; શરીર પ્રત્યેનો તેનો અભિગમ કેવો હોય છે ? - તત્ (શરીરં) પ્રયાતુ તિષ્ઠતુ વા । તે (શરીર) જાય કે રહે ! (૪૧૭)

અનુવાદ :

(ગળામાં પહેરાવેલી) માળાને ગાય જેમ (નિઃસ્પૃહભાવે ફગાવી દે છે તેમ), આનંદસ્વરૂપ બ્રહ્મમાં જેની ચિત્તવૃત્તિ લીન થઈ ગઈ છે, તેવો તત્ત્વજ્ઞાની(મનુષ્ય), પ્રારબ્ધ(કર્મ)રૂપી દોરીમાં પરોવાયેલાં (પોતાનાં) શરીરને, તે રહે કે જાય, (તેની ચિંતા કર્યા વિના) તેને ફરીથી જોતો નથી. (૪૧૭)

ટિપ્પણ :

પોતાનાં સ્થૂલ શરીર પ્રત્યે, મુમુક્ષુ સાધકનો અભિગમ (Approach, Attitude) કેવો હોવો જોઈએ, એનું નિદર્શન કરાવવા માટે, આચાર્યશ્રીએ, એક સિદ્ધ અને આદર્શ તત્ત્વવેત્તાનાં વ્યક્તિત્વનું અહીં આલેખન કર્યું છે.

સામાન્ય રીતે, **'તત્ત્વવેત્તા'** એટલે 'ફિલોસોફર', - એવો જ અર્થ પ્રચલિત છે,

પરંતુ આચાર્યશ્રી પોતે જ, શબ્દના મૂળભૂત અર્થમાં એક સાચા **'તત્ત્ववેત્તા'** છે, એટલે તેમણે આ શબ્દ તેના વ્યુત્પત્તિ-ગત (Etymological) અર્થમાં પ્રયોજ્યો છે : તદ એટલે 'તે', - આત્મા, પરમાત્મા, બ્રહ્મ; અને એનું 'ત્વ' એટલે તે(તદ્)નું સ્વરૂપ, **'તત્ત્વ'**, એટલે આત્માનું સ્વરૂપ; તેને (તત્ત્વં) જે જાણે છે (વેત્તિ), તે **'તત્ત્વજ્ઞ'**, **'તત્ત્ववેત્તા'**, આત્માના યાથાત્મ્યને પામનાર : આત્મ-યાથાર્થ્ય-દર્શી, જેણે બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો હોય તે, આત્માનાં અંતરતમ સ્વરૂપનો દૃષ્ટા.

આવા તત્ત્ववેત્તાને મન, સ્થૂલ શરીર એક 'અનાત્મ'-પદાર્થ છે, - એની પ્રતીતિ તો હોય જ; વળી, તેને એ હકીકતની પણ પૂરી સમજ હોય કે સ્થૂલ શરીર એટલે 'ક્રિયમાણ' અને 'સંચિત' ઉપરાંત, 'પ્રારબ્ધ' કર્મોનાં ફળરૂપી દોરીમાં ગૂંથાયેલી-પરોવાયેલી (ગ્રથિત) કોઈ મામૂલી, ન-ગણ્ય માળા ! એનું તે વળી મહત્ત્વ શું ? "મહત્ત્વ"-શબ્દ જ એની સાથે ન પ્રયોજી શકાય, એવું !

અને તેથી જ, આવી ક્ષુદ્ર-ક્ષુલ્લક માળાને, ગાયનાં ગળામાં પહેરાવવામાં આવેલી ફૂલોની માળા(સ્રક્)ની ઉપમા આપવામાં આવી છે, તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે : શ્રીકૃષ્ણ- જન્માષ્ટમીના સુ-પર્વે, શ્રીકૃષ્ણનાં પ્રિય અને પૂજ્ય પાત્ર એવી ગાયની પૂજા કરીને, શ્રીકૃષ્ણ-ભક્તો, તેનાં ગળામાં, ભક્તિપૂર્વક, ફૂલમાળા પહેરાવે, પણ ગાયને એ માળાનો મહિમા કેટલો ? એની એને દરકાર કેટલી ? ગળામાંથી તે માળા ક્યાંય પડી જાય કે તે તૂટી જાય, એની તેને કશી પડી જ ન હોય ! તદ્દન નિઃસ્પૃહભાવે તે તો સર્વત્ર ચરતી-સંચરતી રહે છે : માળા ગળામાં સચવાઈ રહે કે નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય (પ્રયાતુ તિષ્ઠતુ વા ।), - એ વિશે તે તો કશું વિચારતી જ નથી !

બસ, આવો જ ઉપેક્ષાભાવ, આવી જ ઉદાસીન-વૃત્તિ, પોતાનાં સ્થૂલ શરીર વિશે **'તત્ત્ववેત્તા'**ની હોય છે ! કારણ કે એની ચિત્તવૃત્તિ તો સત્-ચિત્-આનંદાત્મક બ્રહ્મમાં એકાકાર થઈ ગઈ હોય છે. જેનું સંપૂર્ણ અસ્તિત્વ જ બ્રહ્મ સાથે તદ્રૂપ-તદાકાર થઈ ગયું હોય, તેને મન, 'પ્રારબ્ધ-સૂત્ર-ગ્રથિત' એવું આ શરીર 'રહે કે જાય', - એની શી ચિંતા ! 'આત્મમય' બની ચૂકેલા આવા ધન્ય સાધકને તો 'અનાત્મા' એવાં શરીરને ફરી વાર નિરખવાનું તો સૂઝે જ શાનું ? (તત્ પુનઃ ન પશ્યતિ ।)

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૧૭)

૪૧૮

अखण्डानन्दमात्मानं विज्ञाय स्वस्वरूपतः ।
किमिच्छन् कस्य वा हेतोर्देहं पुष्णाति तत्त्ववित् ॥४१८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અખંડાનન્દમાત્માનં વિજ્ઞાય સ્વસ્વરૂપતઃ ।
કિમિચ્છન્ કસ્ય વા હેતોર્દેહં પુષ્ણાતિ તત્ત્વવિત્ ॥૪૧૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અખણ્ડ-આનન્દં આત્માનં સ્વ-સ્વરૂપતઃ વિજ્ઞાય, તત્ત્વવિત્ કિં ઇચ્છન્ કસ્ય વા હેતોઃ દેહં પુષ્ણાતિ ? ॥૪૧૮॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તત્ત્વવિત્ કિં ઇચ્છન્ કસ્ય વા હેતોઃ દેહં પુષ્ણાતિ ? । પુષ્ણાતિ એટલે, પોષે, પોષણ કરે, ટકાવી રાખે, લાલન-પાલન કરે, રક્ષણ કરે. કિં ઇચ્છન્ ? શાની ઇચ્છાથી ? કઈ ઇચ્છાથી ? (ઇચ્છ્ - ધાતુનું વર્તમાન-કૃદંત, પુંલિંગ, પ્રથમા વિભક્તિ, એકવચનનું રૂપ). કસ્ય વા હેતો ? કયા હેતુ માટે ? ક્યાં કારણથી ? શા પ્રયોજનથી ?

તત્ત્વજ્ઞાની વિશે આવો સવાલ ઊભો કરવાનું કારણ શું ? આત્માનં વિજ્ઞાય । આત્માને જાણ્યા પછી, જાણી લીધા પછી, એનું જ્ઞાન પામ્યા પછી. આત્મા કેવો છે ? અખણ્ડ-આનન્દમ્ । અખંડ-આનંદ-સ્વરૂપ, અખંડ-આનંદમય. કેવી રીતે જાણ્યા પછી ? સ્વ-સ્વરૂપતઃ । પોતાનાં જ સ્વરૂપે, તે આત્મા પોતે જ છે, એમ સમજીને, એવી પ્રતીતિ સાથે. (૪૧૮)

અનુવાદ :

અખંડ-આનન્દ-સ્વરૂપ આત્માને પોતાનાં જ સ્વરૂપે જાણ્યા પછી, તત્ત્વજ્ઞાની (મનુષ્ય) શાની ઇચ્છાથી અને કયા હેતુ માટે દેહનું પોષણ કરે ? (૪૧૮)

ટિપ્પણ :

સાચા અર્થમાં **'તત્ત્વજ્ઞાની'** એવા સિદ્ધ, અને દાર્શનિક-આધ્યાત્મિક દૃષ્ટિએ સર્વોચ્ચ કક્ષાએ પહોંચેલા મનુષ્યના, સ્થૂલ શરીર પ્રત્યેના અભિગમનાં દૃઢીકરણ માટે, ગયા શ્લોકની જ ચર્ચા, અહીં પણ ચાલુ રહી છે.

શરીરનાં પાલન-પોષણ-રક્ષણ માટે, સામાન્ય માણસનાં મનમાં, અનેક ઇચ્છાઓ-હેતુઓ-કારણો-પ્રયોજનો હોય છે અને તેથી તેને સંપન્ન કરવા માટે, તે પ્રયત્નપૂર્વક એવી પ્રવૃત્તિઓ પણ કરતો હોય છે; પરંતુ આ તો, મોક્ષાર્થી સાધક માટે, એક અનુકરણીય આદર્શરૂપ બની રહે એવા, વિરલ મહાત્માની વાત છે : પહેલી વાત તો એ કે સચ્ચિદાનંદ આત્માને નિજ-સ્વરૂપે જ જાણી લીધા પછી, સ્થૂલ

શરીર પ્રત્યે એને અહંભાવ-મમભાવ રહેતો જ નથી; એટલે એનાં પોષણનો વિચાર જ એને ક્યાંથી સ્ફુરે ? **બીજું**, પરમાત્મ-મય બની ચૂકેલા એ મહાનુભાવને તો પૂરી પ્રતીતિ છે કે શરીરનાં જન્મ-પોષણ-અંત વગેરે સહુ બાબતો **'પ્રારબ્ધ'**ને જ, સંપૂર્ણરીતે, આધીન છે; એમાં મનુષ્ય પૂરેપૂરો લાચાર (Helpless) છે, તો પછી, એ શરીરનાં આધિ-વ્યાધિ-ઉપાધિમાં, એવો જ્ઞાની-પુરુષ શા માટે સંડોવાય ? **ત્રીજું**, અને સૌથી મહત્ત્વનું સત્ય તો એ છે કે પરમાત્માને, પોતાના સ્વરૂપે જાણી-સમજી-અનુભવી લીધા પછી (अखण्डानन्दं आत्मानं स्व-स्वरूपतः विज्ञाय), મનુષ્ય માટે, એનાથી વધીને, બીજી કઈ ઇચ્છા બાકી રહે, અન્ય કયો હેતુ સંપન્ન કરવાનો શેષ રહે કે તેણે આવી હીન કોટિની ભાંજગડમાં પડવાની જરૂર રહે ?

આખોયે શ્લોક 'કાકુપ્રશ્ન'નાં રૂપમાં છે, એટલે તે પ્રશ્નનો સચોટ ઉત્તર, તે પ્રશ્ન પોતે જ આપી દે છે; એટલું જ નહીં, પરંતુ અહીંનો આ પ્રશ્ન, બૃહદારણ્યક-ઉપનિષદમાં, યાજ્ઞવલ્ક્યના આવા જ મૂળ કાકુપ્રશ્નનો પડઘો છે :

आत्मानं चेद् विजानीयात् अयं अस्मि इति पूरुषः ।
किं इच्छन् कस्य कामाय शरीरं अनुसंज्वरेत् ॥ ४, ४, १२ ॥

("જો મનુષ્ય 'હું જ તે આત્મા છું' - એમ જાણી લે, તો પછી, શી ઇચ્છાથી અને કઈ કામના માટે, તે, શરીરની પાછળ સંતાપ પામે ?")

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૪૧૮)

૪૧૯

संसिद्धस्य फलं त्वेतज्जीवन्मुक्तस्य योगिनः ।
बहिरन्तः सदानन्दरसास्वादनमात्मनि ॥૪૧૯॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

संसिद्धस्य फलं त्वेतज्जीवन्मुक्तस्य योगिनः ।
बहिरन्तः सदानन्दरसास्वादनमात्मनि ॥૪૧૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

आत्मनि बहिः अन्तः (च) सदा-आनन्द-रस-आस्वादनं, एतत् संसिद्धस्य जीवन्मुक्तस्य योगिनः तु फलं (अस्ति) ॥૪૧૯॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : योगिनः तु एतत् फलं (अस्ति) । - યોગી માટેનું ફળ તો

આ જ છે. કયો યોગી ? जीवन्मुक्तस्य । - જીવન્મુક્ત એવો યોગી. વળી, તે યોગી કેવો છે ? संसिद्धस्य । - સંપૂર્ણ સિદ્ધિ પામેલો. એનું ફળ શું હોય છે ? - सदा-आनन्द-रस-आस्वादनम् । - સદા, આનંદ-રસનો આસ્વાદ; આવો આસ્વાદ તેને ક્યાં મળે છે ? आत्मनि, बहिः अन्तः (च) । - પોતાનાં આત્મામાં, બહાર અને અંદર, સર્વત્ર. (૪૧૯)

અનુવાદ :

પોતાના આત્મામાં, અંદર અને બહાર (સર્વત્ર), સદા આનંદરસનો આસ્વાદ, - આ જ, સંપૂર્ણ સિદ્ધિ પામેલા જીવન્મુક્ત યોગીનું ફળ છે. (૪૧૯)

ટિપ્પણ :

'આદર્શ મનુષ્ય' (An Ideal Man) માટે, **ગીતા**માં, 'કર્મયોગી', 'જ્ઞાની', 'ભક્ત', 'સ્થિતપ્રજ્ઞ', 'ત્રિગુણાતીત', - એવા થોડા શબ્દો મળે છે. એ જ રીતે, આ ગ્રંથમાં પણ, 'મહાત્મા', 'જીવન્મુક્ત', 'તત્ત્વવિત્', એવા શબ્દો, 'આદર્શ મનુષ્ય' માટે, આ પહેલાં, પ્રયોજાયા જ છે.

આ શ્લોકમાં, આત્મજ્ઞાનનું, વિશિષ્ટ ફળ મેળવનાર મનુષ્ય માટે, જે **ત્રણ** શબ્દો પ્રયોજાયા છે, - **'યોગી'**, **'જીવન્મુક્ત'** અને **'સંસિદ્ધ'**, - એ ત્રણેય, તે-તે વ્યક્તિવિશેષોની લાક્ષણિક જીવનસિદ્ધિની દૃષ્ટિએ, તેમ જ શ્લોકના તાત્પર્યાર્થના સંદર્ભમાં પણ, સંપૂર્ણરીતે, સાર્થક છે : (૧) **'યોગી'** તે છે, જેણે પતંજલિ-નિરૂપિત **'યોગસૂત્ર'**માંના **'યોગ'**ના વ્યુત્પત્તિગત (Etymological) અર્થ અનુસાર, પોતાની જીવન-કારકિર્દીને પરિપૂર્ણ કરી હોય; પોતાની ચિત્તવૃત્તિનો સંપૂર્ણ નિરોધ કરીને, જેણે પોતાના આત્માનું **'જોડાણ'** (**યોગ** : Contact, Connection, Relationship) પરમાત્મા સાથે સિદ્ધ કરી લીધું હોય. અખંડ-આનંદ-સ્વરૂપ એવું બ્રહ્મ, તે 'હું જ છું' (स्व-स्वरूपतः), એવી રીતે જેણે આત્મજ્ઞાનની અનુભૂતિ કરી છે, તે 'જ્ઞાનયોગી' એટલે, આ શ્લોકમાંનો **'યોગી'**. (૨) **जीवन्मुक्त** એટલે મૃત્યુ પહેલાં, જીવતે-જીવત, જેણે મુક્તિ પ્રાપ્ત કરી લીધી છે એવો, વિશિષ્ટ અને વિરલ મુક્તાત્મા. આ પહેલાં, થોડા શ્લોકોમાં, એનું લક્ષણ નિરૂપવામાં આવ્યું છે અને ગ્રંથના અંત-ભાગમાં, એનું સવિસ્તર વર્ણન મળવાનું છે, એવો એક આત્મસાક્ષાત્કાર-સંપન્ન મનુષ્ય (A perfect man of Realisation). આ **'જીવન્મુક્ત'** અને **ગીતા**ના **'સ્થિતપ્રજ્ઞ'** વચ્ચે ઘણું સામ્ય છે; અને (૩) **'संसिद्ध'** એટલે જેણે આત્મજ્ઞાનની અને બ્રહ્માનુભૂતિની સંપૂર્ણ અને સર્વોચ્ચ સિદ્ધિ સંપાદન કરી લીધી છે, એવો એક અનન્યસાધારણ મોક્ષ-ઉપાસક.

આમ તો, આવી કોઈ ત્રણ જૂદી-જૂદી વ્યક્તિઓની વાત અહીં છે જ નહીં. હકીકતમાં, આત્મજ્ઞાનનાં ફળનાં અનુસંધાનમાં, આવી ત્રણેય પ્રકારની સંસિદ્ધિ સંપન્ન કરનાર સર્વોત્તમ મહાનુભાવને મળનાર ફળનું જ અહીં આલેખન છે, અને એ ફળ એટલે આ જ (एतत् तु फलम्) : પોતાનાં અંતઃકરણમાં, અંદર અને બહાર, - સર્વત્ર - આનંદરસનો સતત આસ્વાદ !

'આનંદરસના આ આસ્વાદ'ના અનુસંધાનમાં આટલા મુદ્દાઓ નોંધપાત્ર છે : **એક** : આ 'આનંદરસ' એટલે સાહિત્યનો કે સંસારનો કોઈ જ 'રસ' નહીં, પરંતુ ઉપનિષત્-પ્રબોધિત આ 'આર્ષ રસ', - **'रसो वै सः ।'** - 'રસ'નું મૂર્તિમંત સ્વરૂપ, - સ્વયં બ્રહ્મ ! **બે** : આત્મજ્ઞાન એ ઉચ્ચતમ સિદ્ધિ છે, એટલે એનાં સાક્ષાત્-ફલ-સ્વરૂપ એવા આનંદ-રસનો આસ્વાદ આત્મામાં અને અંતઃકરણની ભીતર (आत्मनि, अन्तः) તો થાય જ; પરંતુ એ 'બહાર' (बहिः) પણ થાય ! આત્મજ્ઞાનીની તો 'સર્વાત્મદૃષ્ટિ' હોય, એટલે એને વળી **'અંદર'** શું અને **'બહાર'** શું ? આવો આસ્વાદ તો **'સર્વત્ર'** જ થાય ! એનાં જીવનની સાર્થકતા જ આ (एतत्). 'કહેવાતી' વ્યુત્થાનદશા પણ એના માટે કશી બાધા સર્જી શકે નહીં. અને **ત્રણ** : આ આનંદરસનું આસ્વાદન **'અ-ખંડ'** છે (Un-interrupted), **'સંપૂર્ણ'** (Plenary) છે : આત્મજ્ઞાનીની આંતરવૃત્તિ એવી 'અખંડાકાર' હોય છે કે એમાં કોઈ **'ખંડ'**ને, **'ખંડન'**શક્તિને ક્યાંય કશો અવકાશ જ નહીં !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૧૯)

૪૨૦

वैराग्यस्य फलं बोधो बोधस्योपरतिः फलम् ।
स्वानन्दानुभवाच्छान्तिरेषैवोपरतेः फलम् ॥૪૨૦॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વૈરાગ્યસ્ય ફલં બોધો બોધસ્યોપરતિઃ ફલમ્ ।
સ્વાનન્દાનુભવાચ્છાન્તિરેષૈવોપરતેઃ ફલમ્ ॥૪૨૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વૈરાગ્યસ્ય ફલં બોધઃ (અસ્તિ), બોધસ્ય ફલં ઉપરતિઃ (અસ્તિ), ઉપરતેઃ ફલં એષા સ્વાનન્દ-અનુભવાત્ શાન્તિઃ એવ (અસ્તિ) ॥૪૨૦॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) वैराग्यस्य फलं बोधः (अस्ति) । બોધ એટલે આત્મબોધ, આત્મજ્ઞાન. (૨) बोधस्य फलं उपरतिः (अस्ति) । उपरति (उप + रम् એ ધાતુ પરથી બનેલું नाम, Noun) એટલે સર્વ કર્મોમાંથી નિવૃત્તિ, સર્વ ક્રિયાઓનો ઉપરામ, સર્વ પ્રવૃત્તિઓનો અંતઃ (૩) उपरतेः फलं एषा स्वानन्द-अनुभवात् शान्तिः एव (अस्ति) । સ્વ-આનન્દ-અનુભવ એટલે સ્વ-સ્વરૂપના આનંદનો અનુભવ; નિજાનંદની અનુભૂતિ, આમાંથી મળતી શાંતિ, એ જ ઉપરતિનું ફળ. (૪૨૦)

અનુવાદ :

વૈરાગ્યનું ફળ આત્મજ્ઞાન છે, આત્મજ્ઞાનનું ફળ ઉપરતિ છે અને સ્વ-સ્વરૂપના આનંદના અનુભવમાંથી મળતી શાંતિ, - આ જ ઉપરતિનું ફળ છે. (૪૨૦)

ટિપ્પણ :

મુમુક્ષુ સાધકને જો તેના મોક્ષપ્રાપ્તિ-રૂપ ઉચ્ચતમ અને અંતિમ ધ્યેયને પરિપૂર્ણ કરવા માટેની ઊર્ધ્વ-યાત્રાની ક્રમાનુસાર સોપાન-પરંપરાનો આવશ્યક પરિચય આપવામાં આવે તો, તે, સરળતાપૂર્વક, પોતાનાં ધ્યેયને સંપન્ન કરી શકે. આ ઉદ્દેશને અનુલક્ષીને, આચાર્યશ્રીએ, આ શ્લોકમાં, **વૈરાગ્ય**થી શરૂ કરીને, **બોધ-ઉપરતિ-સ્વાનંદાનુભવ** વગેરે વચલાં પગથિયાંમાં થઈને **શાંતિ** સુધીની ફલશ્રુતિનું અહીં આલેખન કર્યું છે. વળી, આ ફલસિદ્ધિ ઉત્તરોત્તર છે, એટલે એમાં, એકમાંથી અનુગામી એવાં બીજાંનો ઉદ્ભવ જ ન થાય તો, એનો અર્થ એ થાય કે દરેક પુરોગામી તત્ત્વ નિષ્ફળ નીવડ્યું છે :

यदि उत्तरोत्तराभावः पूर्वंपूर्वं तु निष्फलम् । (શ્લોક-૪૨૧)

આથી આ 'પૂર્વ-પૂર્વ'ની નિષ્ફળતા નિવારવા માટે, તેઓશ્રીએ, ઉત્તરોત્તર પ્રાપ્ત થતાં 'ફલ'ને અહીં નિશ્ચિતરૂપે નિરૂપ્યું છે.

સૌપ્રથમ તો, પોતાની મોક્ષ-કારકિર્દીનો આરંભ કરવા માટે, સાધકને આત્મજ્ઞાનની, એટલે કે આત્માના અભેદજ્ઞાનની, જરૂર રહે; અને એવું ફળ તો વૈરાગ્યમાંથી જ સાંપડી શકે. આથી જ, આ પહેલાં, આચાર્યશ્રીએ પોતે જ, શ્લોક-૩૭૭માં, વૈરાગ્યને, સાધક માટે, સૌથી શ્રેષ્ઠ સાધન અને મુક્તિનું નિરંતર ખુલ્લું દ્વાર કહ્યું છે. સમગ્ર જગત-પ્રપંચની, 'અનાત્મા'ની પ્રતીતિ, એ જ વૈરાગ્ય (Detachment, Dispassion), અને જેવો આ આત્મબોધ મળે કે તરત જ, સંસારની સર્વ વાસનાઓ અને એમાંથી ઉદ્ભવતા સઘળા વિષય-ઉપભોગો પાછળની એની આંધળી દોટ અટકી જાય ('**ઉપરતિ**') ! આવું શક્ય બને તે માટે, આચાર્યશ્રીએ, 'ઉત્તમ ઉપરતિ'ની વ્યાખ્યા, આ પહેલાં, "મનોવૃત્તિ બાહ્ય વિષયોમાં ભમ્યા ન કરે", - એમ કહીને, આપી જ દીધી છે :

बाह्य-अनालम्बनं वृत्तेः एषा उपरतिः उत्तमा ॥ (શ્લોક-૨૪)

સર્વ ક્રિયાઓમાંથી સંપૂર્ણ નિવૃત્તિ, એવી ઉપરતિ-રૂપી ફળ પામ્યા પછી, સ્વ-સ્વરૂપાનંદની અનુભૂતિ, એ જ સુનિશ્ચિત ફલ. **"બહિરંગ સાધનચતુષ્ટય"**માંનું **"મુમુક્ષા"**-રૂપી **સાધન** તો સાધકે સૌપ્રથમ સંપન્ન કર્યું હતું અને ત્યારપછી તરત જ, **"વૈરાગ્ય"** અને **"ષટ્‌સંપત્તિ"**માંનું એક એવું આ **"ઉપરતિ"** પણ સંપન્ન થઈ જાય, પછી તો, આ **"સ્વ-આનંદ-અનુભવ"**ને કંઈ વાર લાગે ? અને આવી દિવ્ય અને અપાર્થિવ અનુભૂતિ પછી તો, ઉપાસકને કશી અશાંતિ રહે જ શાની ? **'શાંતિ'** એ જ એક સુનિશ્ચિત સુ-ફલ ! 'શાંતિ' જ સાધક માટેનું પરમ સુખ હોવાથી જ, **ગીતા**એ, 'અશાંત' મનુષ્યને આવા સુખ માટે અપાત્ર ઠરાવ્યો છે :

अशान्तस्य कुतः सुखम् । (૨, ૬૬)

અને આ પછી પણ, **ગીતા**એ આવી પરમ-સુખ સમી શાંતિની પ્રશસ્તિ, આ રીતે, ચાલુ રાખી છે, એ હકીકત પણ, આ શ્લોકમાં નિર્દિષ્ટ **શાંતિ**નું સમુચિત સમર્થન કરે છે :

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिं आप्नोति नैष्ठिकीम् । (૫, ૧૨)

("કર્મફળનો ત્યાગ કરવાથી, યોગી, શાશ્વત શાંતિ પામે છે.")

આ કર્મફળનો 'ત્યાગ', એ જ આપણા આ શ્લોકમાંની **'ઉપરતિ'** ! અને આવા ત્યાગ પછી તો, શાંતિની પ્રાપ્તિ નક્કી ! -

त्यागात् शांतिः अनन्तरम् । (**ગીતા, ૧૨, ૧૨**)

અને આવી શાંતિની પ્રશંસા તો અંગ્રેજી સાહિત્યમાં પણ એ રીતે થઈ છે કે, 'તે તો માનવ-સમજણના સર્વ તબક્કાઓને અતિક્રમી જાય છે' :

"The **Peace** that passeth all understanding."

સાહિત્યના વિવેચનશાસ્ત્ર પ્રમાણે, પહેલાં, શૃંગારથી અદ્‌ભુત સુધીના **આઠ** જ રસ હતા; નવમો **શાંત**-રસ, જરા મોડેથી, પાછળથી, ઊમેરાયો. આ સંદર્ભમાં, એવો અભિપ્રાય પ્રચલિત થયો કે અગાઉના **આઠ** રસ **'અશાંત'** અથવા **'અશાંતિ'** આપનારા હતા અને એ બધા **અશાંત** રસની પરિસમાપ્તિ આ **શાંત**-રસમાં જ થાય છે !

પ્રસ્તુત ચર્ચાના અનુસંધાનમાં પણ એમ અવશ્ય કહી શકાય કે સ્વાનંદના અનુભવ પહેલાંના, સાધનાના પુરોગામી તબક્કાઓ **'અશાંત'** હતા અને બધાની પરિસમાપ્તિ પણ **'શાંતિ'**માં જ થાય છે !

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૪૨૦)

૪૨૧

यद्युत्तरोत्तराभावः पूर्वपूर्वं तु निष्फलम् ।
निवृत्तिः परमा तृप्तिरानन्दोऽनुपमः स्वतः ॥४२१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યદ્યુત્તરોત્તરાભાવઃ પૂર્વપૂર્વં તુ નિષ્ફલમ્ ।
નિવૃત્તિઃ પરમા તૃપ્તિરાનન્દોઽનુપમઃ સ્વતઃ ॥૪૨૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યદિ ઉત્તર-ઉત્તર-અભાવઃ (સ્યાત્, તર્હિ) પૂર્વ-પૂર્વં તુ નિષ્ફલં (ભવતિ) । નિવૃત્તિઃ પરમા તૃપ્તિઃ (અસ્તિ), (યા) સ્વતઃ અનુપમઃ આનન્દઃ (અસ્તિ) ॥૪૨૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (તર્હિ) પૂર્વ-પૂર્વં નિષ્ફલં ભવતિ । પૂર્વ-પૂર્વં એટલે અગાઉની સ્થિતિ. તો, (તર્હિ) પૂર્વ-પૂર્વની, અગાઉની સ્થિતિ નિષ્ફળ થાય છે. આવું ક્યારે બને છે ? યદિ ઉત્તર-ઉત્તર-અભાવઃ (સ્યાત્) । ઉત્તર-ઉત્તર એટલે પછી-પછીનું, પાછળથી બતાવવામાં આવેલી સ્થિતિ. અભાવઃ એટલે જો તેમ ન બને તો, એવું ન બને તો.

(૨) નિવૃત્તિઃ પરમા તૃપ્તિઃ (અસ્તિ) । નિવૃત્તિ એટલે નિવારણ, વિષયોમાંથી નિવૃત્તિ, વિષયોનું નિવારણ, એનો નિષેધ; એ જ પરમ, એટલે કે ઉચ્ચ પ્રકારની, તૃપ્તિ છે. તૃપ્તિ એટલે તુષ્ટિ, સંતોષ.

(૩) સ્વતઃ અનુપમઃ આનન્દઃ (અસ્તિ) । સ્વતઃ એટલે એની મેળે, સ્વયં, અનાયાસ; એ જ અનાયાસ આનંદરૂપ છે. (૪૨૧)

અનુવાદ :

જો, આગળ (અગાઉ) કહ્યા પ્રમાણે, પછી-પછીનું ન બને તો, પૂર્વ-પૂર્વની એટલે કે પહેલાં-પહેલાંની સ્થિતિ નિષ્ફળ બને : (વિષયોનું) નિવારણ એ જ પરમ તૃપ્તિ છે, જે, સ્વયં અનુપમ આનંદરૂપ છે. (૪૨૧)

ટિપ્પણ :

કોઈ શાસ્ત્રીય ચર્ચા ચાલતી હોય ત્યારે, નિશ્ચિતક્રમ પ્રમાણે, આગળ પૂર્વ-

પાછળ (**ઉત્તર**), એમ આગળનાંમાંથી પાછળની પરિસ્થિતિનું નિર્માણ થતું હોય એમ બતાવવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં, પહેલાંની સ્થિતિ, '**કારણ**'-(Cause)-રૂપ હોય છે અને પછીની સ્થિતિ '**કાર્ય**'-(Effect)-રૂપ હોય છે. હવે, જો '**કાર્ય**'ની સ્થિતિ બને જ નહીં, એટલે કે પહેલાં કહ્યા પ્રમાણેનાં '**કારણ**'માંથી પાછળથી નિષ્પન્ન થવું જોઈતું '**કાર્ય**' નિષ્પન્ન જ ન થાય તો, પહેલાં નિર્દિષ્ટ કરવામાં આવેલું '**કારણ**' નિષ્ફળ નીવડ્યું ગણાય, અને આવું જો બને તો **ન્યાય**-દર્શનમાં, એટલે કે તર્કશાસ્ત્રમાં નિશ્ચિત થયેલો '**કાર્ય-કારણ**'(Cause-Effect)ભાવનો સિદ્ધાંત ખોટો પડ્યો, - એવી એક અ-નિર્વાહ્ય પરિસ્થિતિ સર્જાય.

હકીકતમાં, ગયા શ્લોકમાં, **એક**માંથી **બીજું**, **બીજા**માંથી **ત્રીજું**, - એમ પૂર્વે-પૂર્વે નિર્દિષ્ટ '**કારણ**'માંથી, પાછળ-પાછળથી દર્શાવવામાં આવેલું '**કાર્ય**' નિષ્પન્ન થવાની એક, '**કારણ-કાર્ય-ભાવ**'ની, સ્થિતિ-પરંપરાનું આ પ્રમાણે આલેખવામાં કરવામાં આવ્યું છે : વૈરાગ્યનું ફળ આત્મબોધ છે, આત્મબોધનું ફળ ઉપરતિ છે, ઉપરતિનું ફળ સ્વ-આનંદનો અનુભવ છે અને આવા આનંદનું ફળ શાંતિ છે. હવે જો વૈરાગ્યનાં ફળ તરીકે આત્મબોધ, આત્મબોધનાં ફળ તરીકે ઉપરતિ, ઉપરતિનાં ફળ તરીકે સ્વ-આનંદનો અનુભવ અને આવા અનુભવમાંથી શાંતિ, - એ પ્રમાણે, સંભવિત અને અપેક્ષિત ફળોની પરંપરા નિષ્પન્ન થાય જ નહીં તો, એનો અર્થ તો એ જ થયો કે ઉપર્યુક્ત સ્થિતિ-પરંપરામાં, પહેલાં જણાવવામાં આવેલી '**કારણ**'ની સ્થિતિ નિષ્ફળ જ નીવડી ગણાય ! ટૂંકમાં, આગળની ઉક્તિ પ્રમાણે, પાછળની સ્થિતિ બને જ નહીં તો, એટલે વૈરાગ્યરૂપી '**કારણ**'-માંથી આત્મબોધ-રૂપી '**કાર્ય**' ઉત્પન્ન જ ન થાય, - વગેરે, તો વૈરાગ્ય, આત્મબોધ, ઉપરતિ, સ્વ-આનંદનો અનુભવ, - આ બધાં પૂર્વોક્ત કારણો નિષ્ફળ જ નીવડ્યાં કહેવાય; અને તો પછી, છેલ્લે નિર્દિષ્ટ કરવામાં આવેલું ફળ, - એટલે કે શાંતિની નિષ્પત્તિ તો, અસંભવિત જ બની રહે !

પણ તો પછી કરવું શું ?

આ સવાલનો જવાબ શ્લોકની બીજી પંક્તિમાંનાં બે પાદ(ચરણો)માં, આ પ્રમાણે, આપવામાં આવ્યો છ : ચિત્તવૃત્તિને વિષયોમાંથી પાછી ખેંચી લેવી, - (Withdrawal), એટલે કે વિષય-નિવારણ (निवृत्तिः), એ જ પરમ (Supreme) સંતોષ છે અને આ પરમ સંતોષ જ, અનાયાસે, એની મેળે, પ્રાપ્ત થતો અનુપમ આનંદ છે, એવી અનેક વિશિષ્ટ પ્રકારની વિભાવનાને સાધકે જીવનમાં કેળવવાની-અપનાવવાની-આચરવાની રહે !

તાત્પર્યાર્થ એ જ કે પેલી પરમ તૃપ્તિ અને એ જ સ્વયં-પ્રાપ્ત અનુપમ આનંદ, - એવી પરાકાષ્ઠા બની રહેવી જોઈએ.

અને આવી ઉત્ક્રાંતિ (Evolution), એ કાંઈ કોઈ અકસ્માત (Accident) નથી, એ તો તેના સ્વાભાવિક તબક્કાઓમાંથી, ક્રમાનુસાર, સ્વાભાવિક રીતે સિદ્ધ થતી, એક તર્કબદ્ધ વસ્તુસ્થિતિ છે.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૨૧)

૪૨૨

दृष्टदुःखेष्वनुद्वेगो विद्यायाः प्रस्तुतं फलम् ।
यत्कृतं भ्रान्तिवेलायां नाना कर्म जुगुप्सितम् ।
पश्चान्नरो विवेकेन तत्कथं कर्तुमर्हति ॥४२२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દૃષ્ટદુઃખેષ્વનુદ્વેગો વિદ્યાયાઃ પ્રસ્તુતં ફલમ્ ।
યત્કૃતં ભ્રાન્તિવેલાયાં નાના કર્મ જુગુપ્સિતમ્ ।
પશ્ચાન્નરો વિવેકેન તત્કથં કર્તુમર્હતિ ॥૪૨૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિદ્યાયાઃ પ્રસ્તુતં ફલં દૃષ્ટદુઃખેષુ અન્-ઉદ્વેગઃ (અસ્તિ); ભ્રાન્તિવેલાયાં યત્ જુગુપ્સિતં નાના કર્મ કૃતં, તત્ નરઃ પશ્ચાત્ વિવેકેન કર્તું કથં અર્હતિ ? ॥૪૨૨॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) વિદ્યાયાઃ પ્રસ્તુતં ફલં (અસ્તિ) । પ્રસ્તુત એટલે દેખીતું, સાક્ષાત્, સંદર્ભ પ્રમાણેનું (Relevant); વિદ્યાનું પ્રસ્તુત ફળ તે છે. "તે" એટલે શું ? કયું-કેવું ફળ ? - દૃષ્ટદુઃખેષુ અન્-ઉદ્વેગઃ । ઉદ્વેગ એટલે શોક, ચિંતા, અસ્થિરતા, અસ્વસ્થતા, ક્ષોભ, ઉશ્કેરાટ, કંટાળો, - આવી બધી વિવિધ અને અયોગ્ય લાગણીઓનો માનસિક અનુભવ. આવા કશા અનુભવનો સંપૂર્ણ અભાવ, એટલે **"અનુદ્વેગ"**. દૃષ્ટ-દુઃખ એટલે દૈવવશાત્, 'પ્રારબ્ધ'નાં કારણે આવી પડેલાં દુઃખો. આવા સમયે ઉદ્વેગ-રહિત અને સ્વસ્થ રહેવું, એ જ વિદ્યાનું, એટલે કે બ્રહ્મવિદ્યાનું પ્રસ્તુત, દેખીતું, અપેક્ષિત ફળ છે.

(૨) નરઃ પશ્ચાત્ વિવેકેન તત્ (કર્મ) કર્તું કથં અર્હતિ ? । નરઃ - એટલે મનુષ્ય. વિવેકેન એટલે કે વિવેકબુદ્ધિ મળ્યા પછી, જ્ઞાન પામ્યા પછી. પશ્ચાત્ -

પાછળથી, વિવેકબુદ્ધિ મળ્યા પછી, મનુષ્ય, પાછળથી, કેમ કરે ? કેવી રીતે કરે ? કરી શકે ? 'तत्' એટલે કયું કર્મ ? - भ्रान्तिवेलायां यत् जुगुप्सितं नाना कर्म (तेन) कृतम् । भ्रान्तिवेला એટલે ભ્રમણાની વેળાએ, અજ્ઞાનના સમયમાં; नाना એટલે વિવિધ, અનેક પ્રકારનાં; जुगुप्सित એટલે જુગુપ્સા-ઘૃણા ઉત્પન્ન કરે તેવું, નિન્દ્ય, નિન્દનીય, ન-કરવા જેવું. જે વિવિધ, નિંદ્ય કર્મો તેણે અજ્ઞાન-દશામાં, અગાઉ કર્યાં હતાં, તે કર્મો, જ્ઞાન પામ્યા પછી, તે કેવી રીતે કરી શકે ? (૪૨૨)

અનુવાદ :

દૈવને કારણે આવી પડેલાં દુઃખોથી ઉદ્વેગ ન થવો તે, વિદ્યાનું, એટલે કે બ્રહ્મવિદ્યાનું, પ્રસ્તુત ફળ છે : ભ્રાંતિના સમયે, (અગાઉ) જે વિવિધ નિન્દ્ય કર્મો મનુષ્યે કર્યાં હોય તે, વિવેક પામ્યા પછી, તે કેમ કરી શકે ? (૪૨૨)

ટિપ્પણ :

આ શ્લોકમાં, આ બે મુદ્દાની ચર્ચા કરવામાં આવી છે : (૧) બ્રહ્મવિદ્યાની સાચી ફલશ્રુતિ અને (૨) 'ભ્રાન્તિ' અને 'વિવેક', - એ બંનેના સમય દરમિયાન, સાધક-મનુષ્યનો, કર્મ પ્રત્યેનો અભિગમ.

(૧) સંસારી જીવનમાં, સુખ-દુઃખ, લાભ-અલાભ, જય-અજય વગેરે દ્વંદ્વોનું વર્ચસ્વ તો સતત ચાલ્યા જ કરતું હોય છે અને આથી દૈવ અને પ્રારબ્ધને કારણે આવી પડેલાં અને અનુભવાતાં, દુઃખો માટે, આ શ્લોકમાં પ્રયોજાયેલો શબ્દ દૃષ્ટ પૂરેપૂરો યથાર્થ છે, કારણ કે જેણે બ્રહ્મવિદ્યા આત્મસાત્ કરી લીધી હોય એ વિદ્યાવંત સાધક તો, પોતાની એ વિદ્યાનાં અજવાળાંમાં 'સ્પષ્ટ જોઈ શકે' (दृश्-पश्य् એટલે જોવું, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, - दृष्ट) કે આવાં દુઃખોનું આવી પડવું, તે તદ્દન સ્વાભાવિક છે અને તેથી તેને આ સમય દરમિયાન, કશો જ ઉદ્વેગ થતો નથી, તે તો યથાપૂર્વ સ્વસ્થ અને સ્થિર જ રહે છે. આવું વલણ એટલે જ **'અનુદ્વેગ'** (Non-Chalance) અને આવું સાક્ષાત્, એટલે કે દેખીતું, 'પ્રસ્તુત' ફળ, - એ એની બ્રહ્મવિદ્યાનો જ પ્રભાવ છે, જેની પ્રશંસા શ્લોકની પ્રથમ પંક્તિમાં કરવામાં આવી છે. આદર્શ ભક્તનાં લક્ષણો વર્ણવતાં, ગીતાએ પણ, આ **'અનુદ્વેગ'**ને, બ્રહ્મજ્ઞાનીની જેમ, ભક્તનાં અનિવાર્ય લક્ષણ તરીકે, આ રીતે, ગણાવ્યું છે :

यस्मात् न उद्विजते लोकः लोकात् न उद्विजते च यः ।
हर्ष-अमर्ष-भय-उद्वेगैः मुक्तः यः सः च मे प्रियः ॥ १२, १५ ॥

(उद्वेग એટલે उद् + विज् એ ધાતુ પરથી બનેલું નામ, - Noun)

ભગવાન્ શ્રીકૃષ્ણને પણ એ જ ભક્ત પ્રિય છે, જે 'ઉદ્વેગ'થી મુક્ત હોય !

આમ, આ **'અનુદ્વેગ'** હોવો તે, માત્ર **વિદ્યા**નો જ નહીં પણ **ભક્તિ**નો પણ **'નિકષ-પથ્થર'** (Touch-Stone) છે !

(૨) સામાન્ય મનુષ્ય જ્યારે ભ્રમણાનો ભોગ બને છે, - અલબત્ત, અજ્ઞાનને કારણે, - ત્યારે (भ्रान्तिवेलायाम्), તેને પોતાને પણ ખ્યાલ ન રહે તે રીતે, તે, અનેક પ્રકારનાં જુગુપ્સા-જનક કર્મો કરે છે. આ ભ્રાન્તિ જ એનામાં, શરીર વગેરે 'અનાત્મ'-પદાર્થો પ્રત્યે, અહં-મમ-ભાવ પ્રેરે છે અને તે, **'શ્રેયસ્'**-કોટિનાં કરતાં, **'પ્રેયસ્'**-કોટિનાં કર્મો તરફ સવિશેષ આકર્ષાય છે. પરંતુ એની સાધના-પ્રક્રિયા તો ચાલુ જ હતી એટલે, એનામાં વિવેકબુદ્ધિ પ્રગટી; પરિણામે, એનાં પેલાં અજ્ઞાન અને ભ્રમણા નષ્ટ થઈ ગયાં. હવે આવો સંનિષ્ઠ અને પ્રબુદ્ધ (Enlightened) સાધક, અગાઉનાં પેલાં નિંદનીય કાર્યોમાં અને એની પળોજણ-ભાંજગડમાં શા માટે રાચે ? અગાઉનું તેનું ગેરવર્તન તો, મદિરાના મદનું પરિણામ હતું. હવે તો એનો એ 'નશો' ઊતરી ગયો છે ! હવે તે સંપૂર્ણરીતે શાણો અને સ્વસ્થ બની ગયો છે, તો પછી હવે તે એવું ઘૃણાકારક (जगुप्सितं) કર્મ (Loathsome, Disgusting) કેમ કરી શકે (कथं कर्तुं अर्हति ।) ? સવાલમાં જ જવાબ આવી જાય છે કે "તે કદાપિ એવું ન જ કરે !"

પ્રમાણમાં ગૌણ, છતાં યાદ રાખવા જેવો એક પ્રસ્તુત મુદ્દો, આ શ્લોકમાંથી, સ્વયમેવ ઉપસી આવે છે, તેની પણ નોંધ લઈ લઈએ :

સારાં કે નરસાં, સર્વ પ્રકારનાં, કર્મો મિથ્યા છે, એટલે જો કોઈ સાધક, નરસાં કર્મોનો પણ બચાવ કરે તો, તેવી દલીલનું ખંડન (Refutation) આ શ્લોકમાં કરવામાં આવ્યું છે. કોઈ જ્ઞાની મનુષ્ય પણ જો જુગુપ્સાજનક કર્મ કરવામાં રાચે તો, તેને પણ "પંચદશી"કારે તો, ભૂંડ અને કૂતરા જેવી હીન કક્ષાએ મૂકી દીધો છે !

શ્લોકમાં, **અનુષ્ટુપ** છંદ છે, છતાં, તેમાં ત્રણ પંક્તિ અને છ પાદ(ચરણો) છે, એ નોંધપાત્ર છે. (૪૨૨)

૪૨૩

विद्याफलं स्यादसतो निवृत्तिः
प्रवृत्तिरज्ञानफलं तदीक्षितम् ।
तज्-ज्ञाज्ञयोर्यन्मृगतृष्णिकादौ
नो चेद् विदो दृष्टफलं किमस्मात् ॥४२३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિદ્યાફલં સ્યાદસતો નિવૃત્તિઃ
પ્રવૃત્તિરજ્ઞાનફલં તદીક્ષિતમ્ ।

तज्-ज्ञाज्ञयोर्यन्मृगतृष्णिकादौ
नो चेद् विदो दृष्टफलं किमस्मात् ॥४२३॥

શ્લોકનો ગદ્ય અન્વય :

असतः निवृत्तिः विद्याफलं स्यात्, अज्ञानफलं (असति) प्रवृत्तिः, (इति) यद् ईक्षितं, तद् ज्ञ-अज्ञयोः मृगतृष्णिका-आदौ (दृष्टं), नो चेद् विदः अस्मात् (अन्यत्) किं दृष्टफलं स्यात् ? ॥४२३॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) असतः निवृत्तिः विद्याफलं स्यात् । असत् એટલે सत् - સાચું નથી તે, - નિન્દ્ય કર્મ; મિથ્યા પદાર્થ. निवृत्ति એટલે નિવારણ, પાછું ખેંચી લેવું, - (Withdrawal), મિથ્યા પદાર્થોથી નિવૃત્તિ એ જ, વિદ્યાનું ફળ છે.

(૨) अज्ञानफलं (असति) प्रवृत्तिः (इति) यद् ईक्षितम् । ईक्षित એટલે જોવામાં-જાણવામાં આવ્યું છે, असत् - એટલે કે મિથ્યા, - એ તરફની પ્રવૃત્તિ, નિષિદ્ધ વસ્તુમાં રાચવું, રસ લેવો તે. તે શું છે ? - अज्ञान-फलम् - અજ્ઞાન, એટલે જ્ઞાનનો અભાવ (Ne-Science), - તેનું ફળ છે, પરિણામ છે, એમ (इति) જે (यद्) જોવામાં આવ્યું છે, તે (तद्) વિશે શું કહેવાનું છે ? - તે પણ એ જ કે તે मृगतृष्णिका-आदौ (ईक्षितम्), ઝાંઝવાનાં જળ વગેરેની બાબતમાં જોવામાં આવે જ છે; કઈ રીતે, ક્યાં જોવામાં આવે છે ? - ज्ञ-अज्ञयोः । ज्ञ એટલે જે જાણે છે તે (जानाति असौ ।), જ્ઞાની. અને अज्ञ એટલે, જે જાણતો નથી તે (न जानाति असौ ।), અજ્ઞાની. અજ્ઞાની મૃગજળને સાચું માને છે અને તેથી તે તરફ જાય છે; અને જ્ઞાની સમજે છે કે મૃગજળ મિથ્યા છે અને તેથી તેને મેળવવા માટે તે તરફ જતો નથી. આવું સહુએ જોયું છે (दृष्टम्).

(૩) नो चेद्, विदः अस्मात् (अन्यत्) किं दृष्टफलं (स्यात्) ? । नो (न + उ) चेद् એટલે, એમ ન હોત તો. જો આ પ્રમાણે ન સ્વીકારાય તો. विद એટલે જ્ઞાની (वेत्ति असौ ।). આનાથી બીજું શું દૃષ્ટ ફળ મળે ? જ્ઞાની-અજ્ઞાની વચ્ચેના ભેદનું દેખીતું પ્રયોજન શું ? (૪૨૩)

અનુવાદ :

નિંદ્ય કર્મમાંથી નિવૃત્તિ તે વિદ્યાનું ફળ છે અને એવાં નિષિદ્ધ કર્મ તરફ

પ્રવૃત્તિ, એ અજ્ઞાનનું ફળ છે, - એમ (જે કહેવાય છે તે) મૃગજળના સંદર્ભમાં, જ્ઞાની-અજ્ઞાની વિશે (સ્પષ્ટ) જોવામાં આવે છે : આમ જો ન હોત તો, જ્ઞાનીને આનાથી બીજું શું દૃષ્ટ ફળ મળે ? (૪૨૩)

ટિપ્પણ :

વિદ્યા અને અવિદ્યા, જ્ઞાની અને અજ્ઞાની, - એ બંનેના અભિગમ વચ્ચેનો સ્પષ્ટ ભેદ અહીં નિરૂપવામાં આવ્યો છે :

દેખાતાં-અનુભવાતાં-રોજિંદાં દુઃખોમાં પણ જેને જરા પણ ઉદ્વેગ થતો નથી અને પોતાનાં સ્વાભાવિક 'અનુદ્વેગ'માં જે સ્થિર અને સ્વસ્થ રહે છે, તેને, ગયા શ્લોકમાં, વિદ્યાનું પ્રસ્તુત ફળ કહ્યું હતું; પરંતુ અહીં તો વિદ્યા-અવિદ્યા બંને વચ્ચે એક સ્પષ્ટ અને અસંદિગ્ધ ભેદ-રેખા દોરીને, પૂરી ચોખવટ કરવામાં આવી છે કે 'અસત્માંથી નિવૃત્તિ' અને એ જ 'અસત્ તરફની પ્રવૃત્તિ', એ જ, અનુક્રમે, વિદ્યા અને અવિદ્યા વચ્ચેનો પાયાનો તફાવત (Fundamental difference) છે. અને આવા તફાવત વિશે કોઈને પણ, જરા જેટલી પણ, આશંકા રહી જાય તો, તેનાં નિવારણ માટે, મૃગજળનું સુપ્રસિદ્ધ દૃષ્ટાંત, આચાર્યશ્રીએ, પુનરુક્તિનો દોષ વ્હોરીને પણ, અહીં, ફરી એક વાર, આપ્યું છે; એટલું જ નહીં પણ, જ્ઞાની-અજ્ઞાની બંનેના પરસ્પર-વિરોધી અભિગમો, મૃગજળના સંદર્ભમાં, ચોખ્ખા જોવામાં આવે છે - (इति यद् ईक्षितम्), તે તરફ શંકાકારનું ધ્યાન દોરીને, પોતાનાં ઉપર્યુક્ત વિધાનની સત્યતા (Veracity) તેમણે સ્થાપી દીધી છે : મૃગજળ મિથ્યા છે, એની જેને પૂરી પ્રતીતિ છે, એવો જ્ઞાની, તે જળ મેળવવા પ્રવૃત્ત થતો નથી; અને મૃગજળને સાચું સમજનાર અજ્ઞાની, તેને મેળવવા તે તરફ દોડે છે, પણ તરસ્યો રહે છે, તરફડે છે અને દુઃખી થાય છે ! એ જ રીતે, ઝાંઝવાનાં જળ જેવા મિથ્યા પદાર્થો તરફની આંધળી દોટ, એ અજ્ઞાનનું પરિણામ છે અને એમાંથી પૂરી નિવૃત્તિ, એ જ સાચો અને શાસ્ત્રોક્ત 'કર્મસંન્યાસ', એટલે કે જ્ઞાનનું ફળ છે. 'જે કંઈ બ્રહ્મથી ભિન્ન છે, તે સઘળું **અનાત્મા** છે', (ब्रह्मभिन्नं सर्वं अनात्मा ।) - એવાં શાશ્વત-સનાતન સત્યને આત્મસાત્ કરનાર જ્ઞાની, પોતાની બ્રહ્મવિદ્યાના ચંદન-મહેલ(Ivory Tower)ની ટોચ પર ઊભો રહીને, નીચેનાં જગત પર સહેજ પણ દૃષ્ટિપાત કરે છે ત્યારે, તેને પોતાની પાસેની વિદ્યાસમૃદ્ધિનું **'દૃષ્ટફળ'** (दृष्टफलम्) સમજાઈ જાય છે.

શ્લોકનો **છંદ : ઉપજાતિ** (૪૨૩)

૪૨૪

अज्ञानहृदयग्रन्थेर्विनाशो यद्यशेषतः ।
अनिच्छोर्विषयः किन्नु प्रवृत्तेः कारणं स्वतः ॥४२४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अज्ञानहृदयग्रन्थेर्विनाशो यद्यशेषतः ।
अनिच्छोर्विषयः किन्नु प्रवृत्तेः कारणं स्वतः ॥४२४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यदि अज्ञानहृदयग्रन्थेः अशेषतः विनाशः (स्यात्, तर्हि) अनिच्छोः (ज्ञानिनः) प्रवृत्तेः विषयः किम् नु स्वतः कारणं (स्यात्) ? ॥४२४॥

શબ્દાર્થ :

यदि अज्ञानहृदयग्रन्थेः विनाशः अशेषतः स्यात् । अशेषतः એટલે પૂર્ણપણે, પૂરેપૂરી; विनाशः - ગાંઠનું છેદાઈ જવું, વેરાઈ જવું, વિનાશ થઈ જવો. અજ્ઞાનરૂપી હૃદય-ગાંઠનું સંપૂર્ણપણે છેદન થઈ ગયું હોય તો. **"तो"** શું ? - तो अनिच्छोः (ज्ञानिनः) प्रवृत्तेः विषयः किं नु स्वतः कारणं (स्यात्) । अनिच्छोः એટલે ઇચ્છા-મુક્ત બનેલો (જ્ઞાની); વિષયોની ઇચ્છા-વિનાનો (જ્ઞાની); प्रवृत्तेः कारणम् - તેમાં પ્રવૃત્તિ કરાવવાનું કારણ; તેની પ્રવૃત્તિનું કારણ; विषयः એટલે વિષય-વાસના; स्वतः એટલે આપમેળે, એની મેળે, સ્વયમેવ; किं नु स्यात् ? શું ખરેખર થઈ શકે ? હોઈ શકે ? तो, ઇચ્છા-મુક્ત બનેલા જ્ઞાનીને, તેમાં પ્રવૃત્તિ કરાવનાર વિષયો, શું, ખરેખર, આપમેળે કારણ બની શકે ? (૪૨૪)

અનુવાદ :

અજ્ઞાનરૂપી હૃદયગ્રંથિનો જો પૂરેપૂરો વિનાશ થઈ ગયો હોય તો, વિષયો, ઇચ્છા-મુક્ત બનેલા જ્ઞાનીને, (તેમાં) પ્રવૃત્તિ કરાવવાનું કારણ, શું, ખરેખર, આપમેળે બની શકે ? (૪૨૪)

ટિપ્પણ :

પરમાત્મ-સાક્ષાત્કારના માર્ગમાં, મનુષ્ય માટે, **અવિદ્યા, કામ** અને **કર્મ**, - એ **ત્રણ** વિઘ્નો બની રહે છે. **વેદાન્ત**-વિદ્યામાં, આ **ત્રણ** માટેનો પારિભાષિક શબ્દ છે, - **'હૃદયગ્રંથિ'**. અલબત્ત, એક વાત સમજી લેવાની રહે છે કે આ **'હૃદય'**ને, અહીં, શરીરશાસ્ત્ર (Physiology) અનુસાર, સમગ્ર શરીરમાં લોહી પહોંચાડતાં એક અવયવ

(Blood-pumping organ) તરીકે, કે ઊર્મિ(Sentiments, Emotions)-ની અનુભૂતિ કરતાં અંતઃકરણ તરીકે, સમજવાનું નથી. અહીં તો, આ 'હૃદય' એટલે, મનુષ્યનાં સમગ્ર આધ્યાત્મિક વ્યક્તિત્વનું કેન્દ્ર, - એમ સમજવાનું રહે છે, અને આ વ્યક્તિત્વ ઉપર્યુક્ત ત્રણ 'ગાંઠો' ("ग्रन्थि") સાથે બંધાયેલું છે, એટલે ગાંઠોરૂપી આ બંધન સંપૂર્ણરીતે ભેદાય-છેદાય નહીં ત્યાં સુધી, મનુષ્ય આત્મવિદ્યા મેળવી શકે નહીં.

અને આ હૃદયગ્રંથિનો સંપૂર્ણપણે વિનાશ થઈ ગયો હોય તો, મનુષ્ય ઇચ્છા-મુક્ત બની જાય (अनिच्छु); વિષય-વાસનાઓથી તે તદ્દન વિમુખ બની જાય; તો પછી એને, આવા ઇચ્છા-વિનાને, જ્ઞાનીને, સ્વયં વિષયો પણ, પ્રવૃત્તિ કરાવવાનું નિમિત્ત, ખરેખર, બની શકે ? એવી પ્રવૃત્તિ માટેનું પ્રયોજન શું ? યોગ્ય જ કહેવાયું છે કે પ્રવૃત્તિનાં કશાંક પ્રયોજન વગર તો, કોઈ મંદબુદ્ધિ મૂર્ખ (Idiot, Fool) પણ કદી પ્રવૃત્તિ કરતો નથી ! -

प्रयोजनं अनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते ।

અને આ 'ઇચ્છા' એટલે અહં-પ્રેરિત (Ego-prompted, Ego-centric) વાસના; અને હૃદયમાંની પેલી ત્રણેય ગાંઠોનું પૂરેપૂરું ભેદન થઈ ગયા પછી, તેનામાં કશી ઇચ્છા કે વાસના તો રહેતી જ નથી, તો પછી સ્વયં વિષયો પણ, તેને પ્રવૃત્તિ તરફ વાળવાનું કારણ કેવી રીતે બની શકે ? - વિષયો પોતે જ જ્યાં અસહાય, નિરુપાય, નિર્બળ અને લાચાર (Helpless) બની ગયા હોય ત્યાં !

વળી, આ 'ઇચ્છા' એટલે કે કામને તો શ્રુતિએ મનની વૃત્તિ તરીકે ગણાવી છે : कामः संकल्पः विचिकित्सा... इति एतत्सर्वं मनः एव ॥

પરંતુ ઉપર જણાવ્યું છે તે પ્રમાણે, આ કામની ગ્રંથિ તો છેદાઈ ગઈ છે !

આ કારણે, આ अनिच्छु - શબ્દ, શ્લોક-૪૨૧ પ્રમાણે, સાધકના આત્મામાંની "પરમા તૃપ્તિ"નો સંકેત આપે છે; અને આ રીતે, આ શ્લોક, મુંડક-ઉપનિષદના 'भिद्यते हृदयग्रन्थिः... ।'(૨, ૧, ૮)-એ મંત્રનું સ્મરણ કરાવે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૨૪)

૪૨૫

वासनानुदयो भोग्ये वैराग्यस्य परोऽवधिः ।
अहंभावोदयाभावो बोधस्य परमोऽवधिः ।
लीनवृत्तेरनुत्पत्तिर्मर्यादोपरतिस्तु सा ॥४२५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વાસનાનુદયો ભોગ્યે વૈરાગ્યસ્ય પરોઽવધિઃ ।
અહંભાવોદયાભાવો બોધસ્ય પરમોઽવધિઃ ।
લીનવૃત્તેરનુત્પત્તિર્મર્યાદોપરતેસ્તુ સા ॥૪૨૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ભોગ્યે વાસના-અનુદયઃ વૈરાગ્યસ્ય પરઃ અવધિઃ (અસ્તિ) ।
અહંભાવ-ઉદય-અભાવઃ બોધસ્ય પરમઃ અવધિઃ (અસ્તિ) ।
લીનવૃત્તેઃ અનુત્પત્તિઃ, સા તુ ઉપરતેઃ મર્યાદા (અસ્તિ) ॥૪૨૫॥

શબ્દાર્થ :

ઉપર, ગદ્ય અન્વયમાં જણાવ્યા પ્રમાણે, શ્લોકમાં **ત્રણ** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) વૈરાગ્યસ્ય પરઃ અવધિઃ (અસ્તિ) । અવધિઃ એટલે હદ; પરઃ અવધિઃ એટલે સર્વોચ્ચ હદ, વધારેમાં વધારે હદ; એટલે કે પરાકાષ્ઠા (Climax). વૈરાગ્યની પરાકાષ્ઠા શી છે ? - ભોગ્યે વાસના-અનુદયઃ । અનુદય એટલે ઉદય ન થવો તે; પ્રાકટ્ય ન થવું તે; આવિર્ભાવનો અભાવ; ભોગ્ય એટલે ભોગવવા જેવી વસ્તુ, ભોગ્ય પદાર્થો. ભોગ્ય પદાર્થોમાં વાસના ન જન્મે, તેવી પરિસ્થિતિ, એટલે સર્વશ્રેષ્ઠ વૈરાગ્ય.

(૨) બોધસ્ય પરમઃ અવધિઃ (અસ્તિ) । બોધ એટલે જ્ઞાન અને પરમઃ અવધિઃ એટલે પરાકાષ્ઠા (Culmination). જ્ઞાનની પરાકાષ્ઠા શામાં રહેલી છે ? અહંભાવ-ઉદય-અભાવઃ । - અહંકારનો આવિર્ભાવ ન થાય તે. દેહાદિ જેવા અનાત્મ-પદાર્થોમાં અહંભાવ-મમભાવ ન ઉત્પન્ન થાય તે પરિસ્થિતિ એટલે જ્ઞાનની પરાકાષ્ઠા (Zenith).

(૩) સા તુ ઉપરતેઃ (અન્તિમા, આત્યન્તિકી) મર્યાદા અસ્તિ । અને તેને જ ઉપરતિની આખરી મર્યાદા કહેવાય. કોને કહેવાય ? લીનવૃત્તેઃ અનુત્પત્તિઃ । બ્રહ્મમાં લીન અથવા નિવૃત્ત થઈ ગયેલી વૃત્તિઓની પુનઃ ઉત્પત્તિ ન થાય તે, એટલે કે તેવી વૃત્તિઓની સંપૂર્ણ શાંતિ થઈ જાય, એનું પૂરેપૂરું શમન થઈ જાય તે. (૪૨૫)

અનુવાદ :

ભોગ્ય પદાર્થોમાં વાસનાનો ઉદય ન થવો, તે વૈરાગ્યની પરાકાષ્ઠા છે. (દેહાદિમાં) અહંભાવનો ઉદય ન થાય, તે જ્ઞાનની પરાકાષ્ઠા છે; અને (બ્રહ્મમાં)

લીન થઈ ગયેલી વૃત્તિની ફરીથી ઉત્પત્તિ ન થાય, તે ઉપરતિની અંતિમ સીમા છે. (૪૨૫)

ટિપ્પણ :

વૈરાગ્ય, બોધ (એટલે કે જ્ઞાન, આત્મજ્ઞાન) અને **ઉપરતિ**, - એ ત્રણ શબ્દો, આ પહેલાં પણ, આપણાં આ અધ્યયનમાં આવી ગયા છે અને તેમની પૂરી સમજૂતી પણ અપાઈ ગઈ છે. પરંતુ સાધક એ કોઈ સામાન્ય કક્ષાનો મનુષ્ય નથી, એની જીવન-કારકિર્દીનું ધ્યેય અતિ ઊંચું છે : પરમાત્માનો સાક્ષાત્કાર કરીને મોક્ષ મેળવવાનું. એટલે **વૈરાગ્ય, જ્ઞાન** અને **ઉપરતિ**, - એ ત્રણની બાબતમાં, એની સિદ્ધિ સામાન્ય કક્ષાની હોય, એ પર્યાપ્ત નથી, તેણે તો એ ત્રણેયની સિદ્ધિનાં સર્વોત્કૃષ્ટ શિખરે પહોંચવું, એ તેના માટે અનિવાર્ય (Indispensable) બની રહે. આવી પરાકાષ્ઠાએ પહોંચવું એટલે શું ? એ માટે, તેની પાસેથી શી અને કઈ અપેક્ષા રાખવામાં આવે છે, તેનું નિરૂપણ અહીં કરવામાં આવ્યું છે.

વૈરાગ્યની પરાકાષ્ઠા : ભોગ્ય પદાર્થો હાજર હોય ત્યારે, સામાન્ય રીતે, મનુષ્યનાં સમગ્ર વ્યક્તિત્વમાં, એના ભોગ માટેની વાસનાઓ સળવળવા માંડે ! આંખ-કાન-જીભ વગેરે જ્ઞાનેન્દ્રિયો અને શબ્દ-સ્પર્શ-રૂપ વગેરે તન્માત્રાઓના તત્કાળ ઉદયની આ હકીકત ભલે માનવ-સહજ ગણાતી હોય, પણ મોક્ષાર્થી સાધકને તો આવો **'વાસના-ઉદય'** પોસાય જ નહીં : આવી કટોકટીની પરિસ્થિતિ દરમિયાન પણ, એનાં ચિત્તમાં કશી જ વિકૃતિ ન થાય અને પોતાની માનસિક સ્વસ્થતા-સ્થિરતાને પૂરેપૂરી જાળવી શકે, **તો** અને **ત્યારે** જ, તે, વૈરાગ્યની પરાકાષ્ઠાને (**परः अवधिः**) પામ્યો ગણાય.

આનાં ઉદાહરણ તરીકે, એક સુપ્રસિદ્ધ પ્રસંગ, યાદ આવી જાય છે : દક્ષ-યજ્ઞ-પ્રસંગે, પોતાનાં ભૂતપૂર્વ ધર્મપત્ની **સતી**નાં અવસાન પછી, ભગવાન **શિવે**, સંપૂર્ણ વૈરાગ્ય-સંન્યાસપૂર્વક, હિમાલયનાં એક શિખર પર આસનસ્થ બનીને, બ્રહ્મની ઉપાસના શરૂ કરી. આ તરફ, **સતી, હિમાલય-મેનાને** ત્યાં પુત્રી **પાર્વતી** તરીકે જન્મ્યાં અને 'યુવાન' થતાં, પોતાના એ જ ભૂતપૂર્વ પતિ શિવજીને આ જન્મે પણ પતિ તરીકે પામવા માટે, તેમણે તેમનાં પૂજન-અર્ચન કરવાનો નિર્ણય કર્યો. પિતા હિમાલયે, આ માટે, તપોમગ્ન ભગવાન શંકરની અનુમતિ માગી. સ્વર્ગીય સૌન્દર્ય ધરાવતાં અને આકર્ષક વસ્ત્રાલંકારોથી સજ્જ એવાં ભરયુવાનીવાળાં પાર્વતી પોતાની રોજ સેવા-પૂજા કરે તો, પોતાની બ્રહ્મ-ઉપાસનામાં અવશ્ય વિઘ્નરૂપ નીવડે, એ હકીકતનો શિવજીને પૂરો ખ્યાલ હતો અને છતાં પોતાનાં સંયમ તથા જિતેન્દ્રિયત્વમાં, ટૂંકમાં, પોતાનાં વૈરાગ્યમાં, એમને સંપૂર્ણ શ્રદ્ધા હતી, એટલે એમણે, હિમાલયની આ વિનંતી,

જરા પણ અચકાયા વિના, તરત જ માન્ય રાખી. આ પ્રસંગે, કુવિકુલગુરુ **કાલિદાસ**નું, **'અર્થાન્તરન્યાસ'**-એ અલંકારવાળું, આ નિરીક્ષણ, આપણાં આ પ્રસ્તુત અનુસંધાનમાં, સમુચિત સમર્થનરૂપ બની રહે છે :

विकारहेतौ सति विक्रियन्ते येषां न चेतांसि त एव धीराः ।

("**કુમારસંભવ**" ૧, ૫૯)

("વિકારનું કારણ પોતાની સમક્ષ જ મોજૂદ હોવા છતાં, જેમનાં ચિત્તમાં કશી જ વિકૃતિ ન ઉદ્ભવે, તેઓ જ, સાચા અર્થમાં, **ધીર** એટલે કે **દૃઢ-વૈરાગ્ય-વાન** ગણાય !")

ભગવાન શંકરના પરાકાષ્ઠા-સ્થિત **વૈરાગ્ય**ની પ્રતીતિ કરાવતો પ્રસંગ આપણે જોયો. આવા સાચા **વૈરાગ્ય**ને કારણે જ એમનો **'વિકાર'**-ત્યાગ ટકી શક્યો. આવા નક્કર **વૈરાગ્ય**ની પ્રશસ્તિ, મધ્યકાલીન ભક્ત-કવિ **નિષ્કુળાનંદ**નાં નીચેનાં ભજનમાંથી મળે છે :

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જી;
અંતર ઊંડી ઇચ્છા રહે, તે કેમ કરીને તજાય જી ?
વેષ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી !

o o o

ઉષ્ણ રતે અવની વિષે, બીજ નવ દીસે બહાર જી;
ઘન વરસે વન પાંગરે, ઇન્દ્રિય-વિષય-આકાર જી !

o o o

ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથ જી !

o o o

પળમાં જોગી ને ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગી જી;
નિષ્કુળાનંદ એ નરનો, વણસમજ્યો વૈરાગ જી !

બ્રહ્મજ્ઞાનની પરાકાષ્ઠા :

अहं ब्रह्मास्मि । એ વેદ-મહાવાક્યને તો મોક્ષાર્થી સાધકે આત્મસાત્ કર્યું જ હોય, પરંતુ આવા આત્મસાક્ષાત્કારની પરિસ્થિતિમાં પણ તેના અહંભાવનો ઉદય જરાય ન થાય તો જ, તેનો એ આત્મબોધ પરાકાષ્ઠાએ પહોંચ્યો ગણાય.

આવી સિદ્ધિનું, આ બે રીતે, અર્થઘટન કરી શકાય :

(૧) આત્માનું આવરણ કરી રહેલા **પાંચ કોશો**માંનો પોતાનો **અહંભાવ** પણ

ક્યાંય આવિષ્કૃત ન થાય, ઉદિત ન બને; એટલે કે "હું જ્ઞાની છું", "હું આત્મબુદ્ધ છું", "હું ધ્યાની છું", - એ પ્રકારનો, જ્ઞાન-ધ્યાનનો, સાત્ત્વિક અને સ્વાભાવિક અહંભાવ પણ સાધકમાં કદાપિ ન પ્રગટવો જોઈએ.

(૨) अहं ब्रह्म अस्मि । ("હું બ્રહ્મ છું") - એ વાક્યમાં, "છું" - એ ક્રિયાપદનો સંબંધ, "હું" અને "બ્રહ્મ", - એ બંને સાથે છે. વ્યાકરણશાસ્ત્રની પરિભાષામાં આવી વાક્યરચનાને **"सामानाधिकरण्य"** કહેવામાં આવે છે. જ્ઞાનની પરાકાષ્ઠા એવી સુદૃઢ આત્મપ્રતીતિમાં રહેલી છે કે આ अहं ब्रह्म अस्मि । - એ મહાવાક્યમાંના **"अहं"**નો પણ ક્યારેય ઉદય ન થાય, એટલે કે ત્યાંનો અહંભાવ પણ "અનુદિત" જ રહે અને માત્ર એકલા "બ્રહ્મ"નો ભાવ જ સદા-સર્વદા રહે !

અને ઉપરતિ(Abstinence)ની ચરમ સીમા પણ એ જ કે બ્રહ્મમાં એક વાર લીન થઈ ગયેલી ચિત્તવૃત્તિનું આ **"લીન"**પણું, એટલે કે બ્રહ્મમાંનો ચિત્તવૃત્તિનો "લય" (Merging) કાયમનો (Permanent) બની જવો જોઈએ. હકીકતમાં, **ચિત્ત** અને **વૃત્તિ**, એ બંને, વાસ્તવમાં રહે જ નહીં ! પછી એમની "પુનઃ-ઉત્પત્તિ" (Revival) માટે અવકાશ જ રહેતો નથી.

મૂળ દૂધ હતું, તે ઘૃતમાં એવું સંપૂર્ણરીતે **"લીન"** થઈ ગયું કે તે (દૂધ), "ઘૃત"માંથી ફરી દૂધ-સ્વરૂપમાં પાછું આવી શકતું નથી : સાચી અને સર્વોત્કૃષ્ટ ઉપરતિ તે આ જ ! (उपरतेः सा तु मर्यादा ।)

શ્લોકના છંદ - **અનુષ્ટુપ**માં, અહીં પણ, **ત્રણ** પંક્તિઓ અને **છ** ચરણો છે. (૪૨૫)

૪૨૬

ब्रह्माकारतया सदा स्थिततया निर्मुक्तबाह्यार्थधी-
-रन्यावेदितभोग्यभोगकलनो निद्रालुवद् बालवत् ।
स्वप्नालोकितलोकवज्जगदिदं पश्यन् क्वचिल्लब्धधी-
-रास्ते कश्चिदनन्तपुण्यफलभुग् धन्यः स मान्यो भुवि ॥४२६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્માકારતયા સદા સ્થિતતયા નિર્મુક્તબાહ્યાર્થધી-
-રન્યાવેદિતભોગ્યભોગકલનો નિદ્રાલુવદ્ બાલવત્ ।
સ્વપ્નાલોકિતલોકવજ્જગદિદં પશ્યન્ ક્વચિલ્લબ્ધધી-
-રાસ્તે કશ્ચિદનન્તપુણ્યફલભુગ્ ધન્યઃ સ માન્યો ભુવિ ॥૪૨૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

सदा ब्रह्माकारतया स्थिततया निर्मुक्तबाह्यार्थधीः, निद्रालुवत् बालवत् (च) अन्य-आवेदितभोग्यभोगकलनः क्वचित् लब्धधीः इदं जगत् स्वप्नालोकितलोकवत् (यः) पश्यन् आस्ते, सः अनन्तपुण्यफलभुक् कश्चित् भुवि धन्यः मान्यः (च भवति) ॥४२६॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अनन्तपुण्यफलभुक् कश्चित् (मनुष्यः) भुवि धन्यः मान्यः (च भवति) । सः कश्चित् (मनुष्यः) धन्यः मान्यः च भवति । भुवि એટલે ધરતી પર, પૃથ્વી પર; તેવો કોઈક મનુષ્ય ધન્ય અને માન્ય-માનનીય-આદરણીય છે. આ મનુષ્ય કેવો છે ? - अनन्तपुण्यफलभुक् । फलभुक् એટલે ફળને ભોગવનાર; કયાં-શાનાં ફળ ? અનંત પુણ્યોનાં ફળ. આ મનુષ્યની વિશિષ્ટતા શી છે ? निर्मुक्त-बाह्य-अर्थ-धीः । धी એટલે બુદ્ધિ; बाह्य-अर्थ એટલે બહારના વિષયો. એનાથી જેની બુદ્ધિ મુક્ત થઈ ગઈ છે તેવો; વળી, તે કેવો છે ? - यः अन्य-आवेदितभोग्यभोगकलनः । कलनः એટલે પ્રવર્તન કરનાર, સેવન કરનાર, ઉપભોગ કરનાર (कलयति असौ ।); શાનું સેવન કરનાર ? બીજાઓએ જ આપેલા ભોગ્ય પદાર્થોનું; કોની જેમ ? निद्रालुवत् એટલે ઊંઘે ઘેરાયેલા માણસ(ઊંઘણશી)ની જેમ; बालवत् (च) અને બાળકની જેમ; અને क्वचित् लब्धधीः । - એટલે કે ક્યારેક વિષયોમાં પ્રવૃત્તિ કરે ત્યારે, વિષયબુદ્ધિવાળો થાય ત્યારે, વિષયો તરફ બુદ્ધિ વળે ત્યારે; **"ત્યારે"** શું ? स्वप्न-आलोकित-लोकवत् (यः) इदं जगत् पश्यन् आस्ते । - સ્વપ્નમાં જોયેલા લોક(જગત)ની જેમ, સ્વપ્નમાં જોયેલી દુનિયાની જેમ, આ જગતને, જે, જોતો રહે છે, તે, અગાઉ કહ્યા પ્રમાણે, આ પૃથ્વી પર ધન્ય અને માન્ય છે. (૪૨૬)

અનુવાદ :

નિરંતર બ્રહ્માકાર સ્થિતિમાં રહેવાને કારણે, બહારના વિષયોથી જેની બુદ્ધિ મુક્ત થઈ ગઈ છે, ઊંઘે ઘેરાયેલા માણસ કે બાળકની જેમ, બીજાઓએ આપેલા ભોગ્ય પદાર્થોનું જ જે સેવન કરે છે અને ક્યારેક, બુદ્ધિ વિષયો તરફ વળે ત્યારે પણ, સ્વપ્નમાં જોયેલી દુનિયાની જેમ, જે, આ જગતને જોતો રહે છે, અનંત પુણ્યોનાં ફળને ભોગવનાર તે મનુષ્ય, ધરતી પર ધન્ય અને માનનીય છે. (૪૨૬)

ટિપ્પણ :

વૈરાગ્ય, જ્ઞાન અને ઉપરતિની પરાકાષ્ઠા ગયા શ્લોકમાં નિરૂપ્યા પછી, આવા સુ-વિરલ સાધકની, એવી જ સુ-વિરલ અને અનન્યસાધારણ જીવનચર્યાનું એક પ્રેરક-પ્રભાવક શબ્દચિત્ર, આચાર્યશ્રી વડે, અહીં આપવામાં આવ્યું છે.

ઉપર્યુક્ત ત્રિવિધ પરાકાષ્ઠાને પામેલો સાધક, સૌપ્રથમ તો, બહિર્મુખ (Extrovert) મટીને, પૂરેપૂરો અંતર્મુખ (Introvert) બની જાય છે : પરિણામે, તે નિરંતર બ્રાહ્મીસ્થિતિમાં જ રહે છે, બહારના વિષયો પ્રત્યેની આસક્તિથી તેની બુદ્ધિ સંપૂર્ણરીતે મુક્ત થઈ જાય છે; એટલું જ નહીં, પરંતુ શરીરનાં પાલનપોષણ માટેની લઘુતમ (Minimum) અને અનિવાર્ય જરૂરિયાતોની બાબતો પ્રત્યે પણ તે એટલો ઉદાસીન અને બે-પરવા બની જાય છે કે તેની આવી બધી જરૂરિયાતો પણ, તેના માગ્યા વગર અને તેને ખ્યાલ પણ ન રહે એ રીતે, બીજાઓ દ્વારા પૂરી પાડવાની રહે છે. કોઈ માણસ ઊંઘતો હોય અને શિયાળો હોવાને કારણે, તેને ટાઢ વાતી હોવા છતાં, તે આ બાબતમાં તદ્દન અ-ભાન બનીને, ટૂંટિયું-વાળીને પડ્યો હોય ત્યારે, તેને બીજું કોઈક આવીને ગરમ ધાબળો ઓઢાડી જાય; અથવા બાળકની ભૂખ-તરસની જરૂરિયાતો તેની માતા પૂરી પાડે; - આવી જ કોઈક વિચિત્ર જીવનશૈલી પ્રસ્તુત સાધકની બની જાય છે.

વળી, આ જાગ્રત જગતમાં જ તે જીવતો હોવા છતાં, સ્વપ્નમાં જોયેલી દુનિયા જેવું જ આ જગત છે, એવી મિથ્યાત્વ-દૃષ્ટિમાં જ, ઉપેક્ષાભાવે તે સદા રહેતો હોય છે : ટૂંકમાં, જીવન-જગતની એની જાગ્રત-અવસ્થાની અનુભૂતિ પણ સ્વપ્ન-અવસ્થા જેવી જ બની જાય છે !

અને છતાં, પોતાનાં લાખો-કરોડો પૂર્વજન્મોનાં અનંત પુણ્યોનાં ફળ નિરાંતે ભોગવતો હોય તેમ, ધરતી પર તે ધન્ય અને આદરણીય બની રહે છે, સહુનાં પૂજા-પ્રશંસાની પાત્રતા પ્રાપ્ત કરે છે.

આવી જ કોઈક ધન્ય વ્યક્તિની પ્રશંસા, આચાર્યશ્રીએ જ, એમના એક જાણીતા શ્લોકમાં, આ પ્રમાણે કરી છે તે, યાદ આવી જાય છે : દિવ્ય જ્ઞાન-સુખના અપાર સાગરરૂપી પરમબ્રહ્મમાં જેની ચિત્તવૃત્તિ પૂરેપૂરી લીન થઈ ગઈ છે, તેનું કુળ પવિત્ર છે, માતા કૃતાર્થ છે અને આ ધરતી પણ એને કારણે પાવન બની રહે છે :

कुलं पवित्रं जननी कृतार्था
वसुन्धरा पुण्यवती च तेन ।
अपार-संवित्-सुख-सागरेऽस्मिन्
लीनं परब्रह्मणि यस्य चेतः ॥

"અબુ બેન આદમ"(Abou Ben Adam)-નામના આવા જ કોઈક વિરલ અને ધન્ય મનુષ્યની પ્રશસ્તિ કરતાં, "લે હન્ટ"(Leigh Hunt)-નામના અંગ્રેજ-કવિ (૧૭૮૪-૧૮૫૯)એ, પોતાનાં આ કાવ્યના આરંભમાં જ, "અબુ"ને આ પ્રમાણે પ્રશંસા-અંજલિ આપી છે : **"May his tribe increase !"**

આ શ્લોકમાં, આચાર્યશ્રીના ઉપર્યુક્ત શ્લોકમાં અને "લે-હન્ટ"નાં આ કાવ્યમાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે, તેને માટે આપણાં હૃદયમાં પણ આવો જ ઉદ્‌ગાર, સ્વયંભૂરીતે, અભિવ્યક્ત થઈ જાય કે, -

"આવા સજ્જનોનો વંશવેલો (Tribe) તો ભલે સદૈવ વધતો જ રહે !"

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત** (૪૨૬)

૪૨૭

स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ।
ब्रह्मण्येव विलीनात्मा निर्विकारो विनिष्क्रियः ॥४२७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्थितप्रज्ञो यतिरयं यः सदानन्दमश्नुते ।
ब्रह्मण्येव विलीनात्मा निर्विकारो विनिष्क्रियः ॥४२७॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ब्रह्मणि एव विलीनात्मा यः निर्विकारः विनिष्क्रियः, (सः) अयं स्थितप्रज्ञः यतिः सदा आनन्दं अश्नुते ॥४२७॥

શબ્દાર્થ :

(सः) अयं स्थितप्रज्ञः यतिः सदा आनन्दं अश्नुते । સ્થિતપ્રજ્ઞ એટલે ગીતાના બીજા અધ્યાયમાં (શ્લોકો ૫૪થી ૭૨) જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેવો એક આદર્શ મનુષ્ય (Ideal man). यति એટલે જે હંમેશાં યત્નશીલ રહે છે, તેવો યોગી. આવો તે સ્થિતપ્રજ્ઞ યોગી સદા આનંદ પામે છે. આ યોગી કેવો છે ? ત્રણ વિશેષણો આ પ્રમાણે છે : (૧) ब्रह्मणि एव विलीन-आत्मा । જેનાં ચિત્તનો લય હંમેશાં બ્રહ્મમાં જ થયો હોય છે, તેવો; (૨) निर्विकारः । વિકાર-વિહીન બની ગયો છે, તેવો; (૩) विनिष्क्रियः । જે સર્વ પ્રકારની ક્રિયાઓમાંથી મુક્ત થઈ ગયો છે, તેવો.

સ્થિતપ્રજ્ઞનું **'નિર્વિકારત્વ'**, એનાં **'વિનિષ્ક્રિયત્વ'**ને આધારે જ ટકી શકે છે,

એનું અનુમોદન ભગવત્પાદ આચાર્યશ્રીના "**બ્રહ્મસૂત્ર**"ભાષ્ય (સમન્વયાધિકરણ)માંનાં આ વિધાનમાં મળે છે :

क्रिया स्वाश्रयं अविकुर्वति नैव आत्मानं लभते ।

("**વિકાર** જો પોતાના આશ્રયને અસર ન કરે, તો જ **ક્રિયા** ટકી શકે : આત્માને તે પામી શકે નહીં.") (૪૨૭)

અનુવાદ :

જેનું સ્વરૂપ બ્રહ્મમાં જ વિલીન થઈ ગયું છે અને જે નિર્વિકાર અને ક્રિયામુક્ત છે, તેવો સ્થિતપ્રજ્ઞ યોગી સદા આનંદનો અનુભવ કરે છે. (૪૨૭)

ટિપ્પણ :

શ્લોકની વાક્યરચના સહેલી છે, શબ્દો સરળ અને સુપરિચિત છે અને એ સહુનો અર્થ પણ શબ્દાર્થ-વિભાગમાં સમજાવવામાં આવ્યો છે, એટલે હવે તે વિશે કશું ઊમેરવાનું રહેતું નથી : માત્ર આટલી બાબતો વિશે અહીં ધ્યાન ખેંચવાનું રહે છે : (૧) આ પહેલાં, "**આદર્શ મનુષ્ય**" (An Ideal Man) તરીકે જેનો થોડો પરિચય, "**જીવન્મુક્ત**" એવાં નામે, આચાર્યશ્રીએ આપી જ દીધો છે, તેનું સવિસ્તર વર્ણન હવે પછીના શ્લોકોમાં (૪૨૮થી ૪૪૧) કરવામાં આવ્યું છે. (૨) આ બે શ્લોકોમાં (૪૨૬-૪૨૭), હવે પછીનાં વર્ણન માટેની સમુચિત પૂર્વભૂમિકા રજૂ કરવામાં આવી છે; અને (૩) **ગીતા**માંના "**સ્થિતપ્રજ્ઞ**" અને અહીંના આ "**જીવન્મુક્ત**", - એ બંનેનાં સ્વરૂપ તથા વ્યક્તિત્વમાં ઘણું સામ્ય છે.

આમ, આ શ્લોક એક અર્થ-ઘન "**સૂત્ર**" જેવું બની રહે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૨૭)

૪૨૮

ब्रह्मात्मनोः शोधितयोरेकभावावगाहिनी ।
निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञेति कथ्यते ।
सुस्थिता सा भवेद् यत्र जीवन्मुक्तः स उच्यते ॥४२८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્માત્મનોઃ શોધિતયોરેકભાવાવગાહિની ।
નિર્વિકલ્પા ચ ચિન્માત્રા વૃત્તિઃ પ્રજ્ઞેતિ કથ્યતે ।
સુસ્થિતા સા ભવેદ્ યત્ર જીવન્મુક્તઃ સ ઉચ્યતે ॥૪૨૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

શોધિતયોઃ બ્રહ્માત્મનોઃ એક-ભાવ-અવગાહિની નિર્વિકલ્પા ચ ચિન્માત્રા વૃત્તિઃ 'પ્રજ્ઞા' ઇતિ કથ્યતે; યત્ર સા સુસ્થિતા ભવેત્, સઃ 'જીવન્મુક્તઃ' ઉચ્યતે ॥૪૨૮॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (સા) વૃત્તિઃ 'પ્રજ્ઞા' ઇતિ કથ્યતે । - તે વૃત્તિને **'પ્રજ્ઞા'** કહેવામાં આવે છે. કઈ-કેવી વૃત્તિ ? (યા) નિર્વિકલ્પા ચ ચિન્માત્રા (અસ્તિ). જે વિકલ્પશૂન્ય અને માત્ર ચૈતન્યમય હોય છે; વળી, આ વૃત્તિ કેવી હોય છે ? - શોધિતયોઃ બ્રહ્મ-આત્મનોઃ એક-ભાવ-અવગાહિની (અસ્તિ) । બ્રહ્મ અને જીવાત્માનું સંશોધન-સંસ્કરણ કર્યા પછી, એ બંનેનાં એકભાવનું એટલે કે ઐક્યનું-એકતાનું ગ્રહણ કરનારી હોય છે.

આ પ્રજ્ઞા વિશે વિશેષ શું જાણવાનું છે ? - સા 'પ્રજ્ઞા' યત્ર સુસ્થિતા ભવેત્, સઃ **'જીવન્મુક્તઃ'** ઉચ્યતે । આ 'પ્રજ્ઞા' જ્યાં સદા સમ્યક્ રીતે સ્થિર થયેલી હોય, તે(મનુષ્ય)ને **'જીવન્મુક્ત'** કહેવામાં આવે છે. (૪૨૮)

અનુવાદ :

બ્રહ્મ અને જીવાત્માનું સંશોધન કર્યા પછી, તે બંનેનાં ઐક્યનું ગ્રહણ કરનારી, વિકલ્પશૂન્ય અને માત્ર-ચૈતન્યમય, એવી વૃત્તિને **'પ્રજ્ઞા'** કહેવામાં આવે છે; તે (પ્રજ્ઞા) જ્યાં (જેનામાં) સુ-સ્થિર હોય, તે(મનુષ્ય)ને **'જીવન્મુક્ત'**કહેવામાં આવે છે. (૪૨૮)

ટિપ્પણ :

હવે પછીના શ્લોકોમાં, **"જીવન્મુક્ત"**નું વર્ણન કરવામાં આવ્યું છે, તેના આ આરંભમાં, છેલ્લા (ગયા) સૂત્રાત્મક શ્લોકના સંદર્ભને અહીં સાંકળી લેવામાં આવ્યો છે.

આ પહેલાં નોંધ્યું છે તેમ, આ **"જીવન્મુક્ત"**વર્ણનની પશ્ચાદ્‌ભૂ-(Back-ground)માં, આચાર્યશ્રીની સમક્ષ, **ગીતા**માંના **"સ્થિતપ્રજ્ઞ"**નું વર્ણન અવશ્ય રહેલું જ છે અને એટલે જ, **"જીવન્મુક્ત"**નો અર્થ પણ, તેઓશ્રી, **"સ્થિતપ્રજ્ઞ"**-શબ્દનો વ્યુત્પત્તિ-ગત (Etymological) અર્થ આપીને જ, સમજાવે છે : જેની ભીતર **'પ્રજ્ઞા'** સુસ્થિત (એટલે કે સુ-સ્થિર) હોય, તેને જ **"જીવન્મુક્ત"** કહેવામાં આવે છે. (સા પ્રજ્ઞા યત્ર સુસ્થિતા ભવેદ્, સઃ જીવન્મુક્તઃ ઉચ્યતે ।)

તો પછી, પ્રશ્ન એ થાય કે **'પ્રજ્ઞા'** એટલે શું ? અને આ **'પ્રજ્ઞા'**-શબ્દ

સમજાવતાં, એને એક એવી **'વૃત્તિ'** કહી છે, જે સંપૂર્ણરીતે વિકલ્પશૂન્ય અને માત્ર-ચૈતન્યમય હોય; એટલું જ નહીં, પરંતુ બ્રહ્મ અને આત્મા(એટલે કે જીવાત્મા), બંનેનાં ઐક્યભાવને ગ્રહણ કરનારી પણ હોય.

હવે આ ઐક્યભાવ નિષ્પન્ન કેવી રીતે થાય ? - એના પર જ ઉપર્યુક્ત **'વૃત્તિ'** અને **'પ્રજ્ઞા'**ની યથાર્થતા રહેલી છે : આ ઐક્યભાવ-નિષ્પત્તિની પ્રક્રિયા **ब्रह्मात्मनोः शोधितयोः**, - એ બે શબ્દોમાં સમજાવવામાં આવી છે.

આમ તો, બ્રહ્મ અને જીવાત્માનાં ઐક્યની વાત, સૌપ્રથમ, વેદોનાં **'મહાવાક્યો'**માં કરવામાં આવી છે; પરંતુ તે બધાં વાક્યો, સૂત્રો જેવાં અર્થ-ઘન હોવાથી, એમાંના વાચ્યાર્થની પાછળ રહેલો ઊંડો અર્થ, એટલ કે એનો 'લક્ષ્યાર્થ' પ્રાપ્ત કરવો પડે. આ પ્રક્રિયાને અહીં **'સંશોધન'** કહેવામાં આવ્યું છે : દાખલા તરીકે **સામવેદ**નું મહાવાક્ય આ પ્રમાણે છે, - **तत्त्वमसि** । (तत् त्वं असि ।). આનો વાચ્યાર્થ તો માત્ર આટલો જ થાય : **"તે તું છે."** આ અર્થ કોઈને પણ મગજમાં કઈ રીતે બેસે ? કેવી રીતે બુદ્ધિગમ્ય બની શકે ? **"તે"** એટલે વ્યાકરણની દૃષ્ટિએ, 'ત્રીજો પુરુષ એકવચન' (He, She, It) અને **"તું"** એટલે 'બીજો પુરુષ એકવચન (Thou, You). **"તે"** એટલે **તે** જ અને **"તું"** એટલે **તું** જ. એ બંને એક કેવી રીતે હોઈ શકે ?

પરંતુ વેદને તો આ બંને(तत् - **"તે"** અને त्वं -**"તું"**)નું ઐક્ય જ અભિપ્રેત છે, એ તો એક **"આર્ષ સત્ય"** છે. આ મુશ્કેલીને કેવી રીતે દૂર કરવી ? - तत् એટલે તે **બ્રહ્મ**, જે સર્વજ્ઞ-સર્વવ્યાપી-સર્વશક્તિમાન છે અને त्वं એટલે **"તું"** જીવ(જીવાત્મા), જે અલ્પજ્ઞ-અલ્પવ્યાપી-અલ્પશક્તિમાન છે. એટલે બ્રહ્મ સાથે સંકળાયેલી સર્વજ્ઞ-વગેરે **ઉપાધિ** અને જીવાત્મા સાથે સંકળાયેલી અલ્પજ્ઞ-વગેરે ઉપાધિ, - એ બંને ઉપાધિઓને, અનુક્રમે, બ્રહ્મ અને જીવાત્માનાં સ્વરૂપમાંથી બાદ કરી નાખીએ એટલે, એ બંને વચ્ચેનો ભેદ દૂર થઈ જાય અને બંને **'એક'** જ બની રહે !

બસ, આ જ, બ્રહ્મ અને જીવાત્માનાં સ્વરૂપનું **'સંશોધન'** ! - જેની વાત આ શ્લોકમાં કરવામાં આવી છે; અને સંશોધિત કરવામાં આવેલાં 'બ્રહ્મ અને આત્મા'નાં ઐક્યને ગ્રહણ કરવાવાળી (एकभाव-अवगाहिनी) જે **"વૃત્તિ"**, તે જ **"પ્રજ્ઞા"**; અને આ **"પ્રજ્ઞા"** જેનામાં સદાકાળ અને સમ્યક્ રીતે સ્થિત હોય, તે જ **"જીવન્મુક્ત"** !

ટૂંકમાં, બુદ્ધિ જો સંપૂર્ણતયા વિશુદ્ધ અને નિર્મળ હોય તો, મનુષ્ય પોતાના પ્રત્યગ્-આત્માનું બ્રહ્મનાં સ્વરૂપમાં ગ્રહણ કરી શકે અને આવી ચિન્મય સ્થિતિએ

પહોંચેલો સાધક, પ્રારબ્ધને કારણે, જો જીવિત હોય તો પણ, તે **'મુક્ત'** થયેલો જ ગણાય અને તે જ **'જીવન્મુક્ત'** !

હકીકતમાં, આવી **'પ્રજ્ઞા'** એ જ સાચું **જ્ઞાન, આત્મજ્ઞાન,** જ્ઞાનનો દિવ્ય **પ્રકાશ** (Divine Illumination) !

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (ત્રણ પંક્તિ અને છ પાદ) (૪૨૮)

૪૨૯

यस्य स्थिता भवेत् प्रज्ञा यस्यानन्दो निरन्तरः ।
प्रपंचो विस्मृतप्रायः स जीवन्मुक्त इष्यते ॥४२९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यस्य स्थिता भवेत् प्रज्ञा यस्यानन्दो निरन्तरः ।
प्रपंचो विस्मृतप्रायः स जीवन्मुक्त ईष्यते ॥४२९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यस्य प्रज्ञा स्थिता भवेत्, यस्य आनन्दः निरन्तरः (भवेत्), यस्य प्रपंचः (च) विस्मृतप्रायः (भवेत्), सः **"जीवन्मुक्तः"** इष्यते ॥४२९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : सः जीवन्मुक्तः इष्यते । - તે **"જીવન્મુક્ત"** કહેવાય છે. "તે" એટલે કોણ ? - જે, આ પ્રકારની **ત્રણ** વિશિષ્ટતા ધરાવતો હોય : (૧) यस्य प्रज्ञा स्थिता भवेत् । - જેની પ્રજ્ઞા સ્થિર હોય; 'સ્થિર' એટલે બ્રહ્માકાર-વૃત્તિવાળી હોય : Steady, Firmly established. (૨) यस्य आनन्दः निरन्तरः भवेत् । જેનો આનંદ નિરંતર હોય. 'નિરંતર' એટલે, વચ્ચે કશા વિક્ષેપ-વિનાનો (Uninterrupted; Endless); અને (૩) यस्य प्रपंचः च विस्मृतप्रायः भवेत् । 'પ્રપંચ' એટલે જગત-પ્રપંચ, સંસાર, સંસારી જીવન, The phenomenal World; विस्मृतप्रायः એટલે 'લગભગ' (प्रायः) ભૂલાઈ ગયા જેવો, મહદંશે વીસરાયા જેવો. (૪૨૯)

અનુવાદ :

જેની પ્રજ્ઞા સ્થિર હોય, જેનો આનંદ નિરંતર હોય અને જેને સંસાર ભૂલાયા જેવો બની જાય, તે, **"જીવન્મુક્ત"** કહેવાય છે. (૪૨૯)

ટિપ્પણ :

આ પહેલાંના ત્રણ શ્લોકો(૪૨૬-૪૨૭-૪૨૮)માં, **"જીવન્મુક્ત"**વર્ણન માટેની પૂર્વભૂમિકા રચ્યા પછી, હવે પછીના, આ વર્ણનના બાકીના શ્લોકોમાં, આવા મહાપુરુષનાં લક્ષણોનાં નિરૂપણમાં, એની સવિસ્તર વિચારણા આપવામાં આવી છે.

અહીં, **"જીવન્મુક્ત"**નાં વ્યક્તિત્વની **ત્રણ** વિશિષ્ટતા આપવામાં આવી છે : **એક** તો, એની **'પ્રજ્ઞા'** સંપૂર્ણરીતે સ્થિર હોય છે; **બીજું**, એનો આનંદ, ઉદય-અસ્ત વિનાનો, અવિરત-અનવરત હોય છે અને **ત્રીજું**, સંસારમાં જ રહેતો હોવા છતાં, એને, મોટે ભાગે, **'સંસાર'** (Worldly life) જેવું કશું હોતું જ નથી. આમ, એકંદરે જોતાં, સૂત્ર-જેવા શ્લોક-૪૨૭માંની આ બે વિશિષ્ટતાઓ પર સંક્ષિપ્ત ભાષ્ય કરવામાં આવ્યું છે :

यः सदानन्दं अश्नुते । अने ब्रह्मणि एव विलीनात्मा ।

તેણે પોતાનું સર્વસ્વ બ્રહ્મમાં જ વિલીન કરી નાખ્યું હોવાથી, હવે, તે જે કંઈ જુએ છે, અનુભવે છે, તેને જે કંઈ જણાય છે, તે સઘળું, તેનું પોતાનું સ્વરૂપ જ હોય છે. વળી, **"જીવન્મુક્ત"**શબ્દને તેના વ્યુત્પત્તિ-ગત (Etymological) અર્થમાં સમજીએ તો, તેની આ મુક્તિ, એટલે કે જીવ-તત્ત્વમાંથી મુક્તિ, જીવનનાં છેક નીચલાં (અધઃ) તબક્કામાંથી, ઠેઠ ઉચ્ચ (Highest) તબક્કા સુધીની મુક્તિ. સ્થળ-સમયની કોઈ મર્યાદા તેના માટે હવે રહેતી નથી. એની અનુભૂતિ હવે સાચા અર્થમાં 'સહજ' બની રહે છે. એનો બ્રહ્મ-આનંદ એકધારો અને અવિક્ષિપ્ત હોય છે, એનો અર્થ જ એ કે જગત-પ્રપંચનું કોઈ પણ પાસું (Aspect) એને જરા પણ સ્પર્શતું જ નથી, એની પળોજણ અને એનાં આધિ-વ્યાધિ વગેરેનું કશું સ્મરણ પણ એને હવે સતાવતું નથી. **विस्मृतप्रायः** - એ શબ્દને અંતે જોડવામાં આવેલો 'અનુગ'- (Suffix) પ્રાયઃ, આપણને **ગીતા**ની આ પંક્તિનું સ્મરણ કરાવે છે :-

उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः । (૪, ૩૪)

શિષ્યનાં સદ્‌ભાગ્યે, સમાધિમાંથી બહાર આવેલા જ્ઞાની અને તત્ત્વદર્શી સદ્‌ગુરુ, શિષ્યને ઉપદેશ આપે છે ત્યારે જ, ક્યારેક જ, સંસારનાં અસ્તિત્વ વિશે તે સભાન બને છે ! સંસારનું તેનું વિસ્મરણ આવું લગભગ (પ્રાયઃ) સંપૂર્ણ હોય છે.

શ્લોકનું પ્રથમ પાદ - यस्य स्थिता भवेत् प्रज्ञा । - આપણને **ગીતા**માંનાં આ શ્લોક-પાદની યાદી આપે છે : तस्य प्रज्ञा प्रतिष्ठिता । (૨, ૫૭-૫૮-૬૧-૬૮)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૨૯)

४३०

लीनधीरपि जागर्ति यो जाग्रद्धर्मवर्जितः ।
बोधो निर्वासनो यस्य स जीवन्मुक्त इष्यते ॥४३०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

લીનધીરપિ જાગર્તિ યો જાગ્રદ્ધર્મવર્જિતઃ ।
બોધો નિર્વાસનો યસ્ય સ "જીવન્મુક્ત" ઇષ્યતે ॥૪૩૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यः लीनधीः अपि जागर्ति, (किं तु) (सः) जाग्रत्-धर्म-वर्जितः (भवति); यस्य बोधः निर्वासनः (अस्ति), सः 'जीवन्मुक्तः' इष्यते ॥४३०॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : सः जीवन्मुक्त इष्यते । - અને એ તો આગલા શ્લોક પ્રમાણે જ છે : "જીવન્મુક્ત"ની વિશિષ્ટતા દર્શાવતાં બે ગૌણ વાક્યો આ પ્રમાણે છે :

(૧) यः लीनधीः अपि जागर्ति (किं तु सः) जाग्रत्-धर्म-वर्जितः (भवति) । ધી એટલે બુદ્ધિ; ચિત્તવૃત્તિ; જેનાં બુદ્ધિ-મન વગેરે લીન થઈ ગયાં છે, એટલે કે બ્રહ્મમાં લીન થઈ ગયાં છે; યાદ કરીએ : ब्रह्मणि एव विलीनात्मा । (શ્લોક-૪૨૭); આમ, સદા, જેનું સમગ્ર બુદ્ધિતંત્ર બ્રહ્મમાં જ 'લીન' થઈ ગયું હોવા છતાં, તે જાગે છે. પરંતુ જાગ્રત-અવસ્થાના ધર્મોથી, - એટલે કે એની સ્વાભાવિક પ્રવૃત્તિઓથી જે રહિત છે, એટલે કે જેનામાં જાગ્રત-અવસ્થાની ક્રિયા-પ્રક્રિયા વગેરે હોતાં નથી, એનાથી જે મુક્ત રહે છે, (તે "જીવન્મુક્ત" છે).

(૨) यस्य बोधः निर्वासनः (अस्ति) । બોધ એટલે જ્ઞાન; निर्वासनः એટલે એવું જ્ઞાન, જેમાં કોઈ 'વાસના' હોતી નથી, જેનું જ્ઞાન 'વાસના'-મુક્ત, 'વાસના'-વિનાનું છે, (તે "જીવન્મુક્ત" છે). (૪૩૦)

અનુવાદ :

જેની બુદ્ધિ(બ્રહ્મમાં) લીન હોવા છતાં, જે જાગે છે, પરંતુ જાગ્રત-અવસ્થાના ધર્મોથી જે રહિત છે; અને જેનું જ્ઞાન 'વાસના'-મુક્ત છે, તે "જીવન્મુક્ત" કહેવાય છે. (૪૩૦)

ટિપ્પણ :

"જીવન્મુક્ત"નાં બે લક્ષણો આ શ્લોકમાં આપવામાં આવ્યાં છે અને બંનેમાંનાં

વિધાનો પરસ્પર-વિરોધી હોવા છતાં, આ મહાપુરુષની બાબતમાં સાચાં ઠરે છે અને એમાં જ એની વિશિષ્ટતા તથા અનન્ય-સામાન્યતા રહેલી છે :

(૧) **પહેલી** વાત તો એ કે તેનું સમસ્ત બુદ્ધિતંત્ર બ્રહ્મમય જ બની રહેલું હોય છે; પરંતુ એનો અર્થ એ નથી કે તે તદ્દન 'અભાન' (Unconscious) હોય છે; એની પ્રજ્ઞાનો મહિમા જ એ છે કે એકબાજુ તે સતત બ્રહ્મમાં જ એકરૂપ રહેતો હોવા છતાં, બાહ્ય જગત સાથેના તેના રોજિંદા વ્યવહારમાં તે **'ઊંઘતો'** નથી, કે તેનાથી તે તદ્દન અસંબદ્ધ અને અ-સંપૃક્ત હોતો નથી : ના, તે પૂરેપૂરો **'જાગે'** છે ! અને વળી પાછી તેની પ્રજ્ઞાની મુદ્રા એવી અસાધારણ હોય છે કે તે જાગતો હોવા છતાં (जागर्ति अपि), સામાન્ય અજ્ઞાની મનુષ્યો, જાગ્રત-અવસ્થા દરમિયાન, જેમ દેહાદિ અને ઇન્દ્રિયો વગેરેમાં આસક્ત હોય છે અને તેમના પ્રત્યે અહંભાવ સેવીને તેના પ્રત્યે કર્તા-ભોક્તાભાવમાં બંધાય છે, તેમ **"જીવન્મુક્ત"** વિશે જરા પણ બનતું નથી. તેનું **"જીવન્મુક્ત"**પણું એ હકીકતમાં રહેલું છે કે તે જાગતો હોવા છતાં, જાગ્રત-અવસ્થાના ઉપર્યુક્ત સર્વ સામાન્ય અને સ્વાભાવિક ધર્મોથી તે રહિત હોય છે.

આપણે આવી સ્થિતિને **"જાગૃત-લીનતા"** કહીશું કે **"લીન-જાગૃતિ"** કહીશું ?

બુદ્ધિની બ્રહ્મલીનતામાં જાગતાં રહેવું અને જાગ્રત-અવસ્થામાં પણ આ અવસ્થાના સ્વાભાવિક ધર્મોથી પર રહેવું, - એવું આ નિરૂપણ આપણને **ગીતા**ના, **"સ્થિતપ્રજ્ઞ"**નાં વર્ણનના આ શ્લોકનું સ્મરણ આપે છે :

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ (૨, ૬૯)

("સર્વ પ્રાણીઓ માટે જે રાત્રિ છે, તેમાં સંયમી-**'સ્થિતપ્રજ્ઞ'** જાગે છે, અને જેમાં પ્રાણીઓ જાગે છે, તે, જ્ઞાની મુનિ માટે, રાત્રિ છે.")

(૨) અને એવી જે **બીજી** વિશિષ્ટતા આ મહાનુભાવની એ કે એની આ જ્ઞાનાવસ્થામાં **'વાસના'**ને કશું જ સ્થાન નથી હોતું; એનો અર્થ જ એ કે એનું આ જ્ઞાન (બોધ) સામાન્ય પ્રકારનું નથી. એનું જ્ઞાન સંસારી જીવનને સંપૂર્ણરીતે અતિક્રમીને (Transcend) એવી ઉચ્ચ ભૂમિકાને આંબી ગયું હોય છે કે બિચારી **'વાસના'** માટે ત્યાં **'પ્રવેશ'**(Entry)ની કશી શક્યતા જ રહેતી નથી. એનું 'જ્ઞાન' તો, બીજા શબ્દોમાં, 'જ્ઞાનાગ્નિ' જ છે, જે, સર્વવાસનાઓને ભસ્મીભૂત કરી નાખે છે !

હકીકતમાં, શ્લોક-૪૨૭માંનું નિર્વિકારત્વ તે, આ જ !

સમગ્ર શ્લોકનું તાત્પર્ય **ગીતા**ના સ્થિતપ્રજ્ઞ-વર્ણનમાંના આ શ્લોકનું સ્મરણ કરાવે તેવું છે :

रागद्वेषवियुक्तैस्तु विषयान् इन्द्रियैः चरन् ।
आत्मवश्यैः विधेयात्मा प्रसादं अधिगच्छति ॥ (२, ६४)

("સ્વ-વશ અંતઃકરણવાળો મનુષ્ય રાગદ્વેષ-રહિત અને પોતાને વશ થયેલી ઇન્દ્રિયો વડે વિષયોને ભોગવે, તે છતાં અંતઃકરણની પ્રસન્નતા તે પામે છે.")

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૩૦)

૪૩૧

शान्तसंसारकलनः कलावानपि निष्कलः ।
यः सचित्तोऽपि निश्चित्तः स जीवन्मुक्त इष्यते ॥४३१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

शान्तसंसारकलनः कलावानपि निष्कलः ।
यः सचित्तोऽपि निश्चित्तः स जीवन्मुक्त ईष्यते ॥४३१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

શ્લોકમાંનાં પદ્ય પ્રમાણે જ ગદ્ય અન્યવ (એટલે કે 'દંડાન્વય') છે. (૪૩૧)

શબ્દાર્થ :

યથાપૂર્વ, અહીં પણ, શ્લોકનું એ જ ચોથું ચરણ પુનરુક્ત થયું છે, જે, 'જીવન્મુક્ત'-વર્ણનનું મહત્ત્વ સૂચવે છે; એટલે એ જ મુખ્ય વાક્ય છે અને એની સાથે સંકળાયેલાં, બે ગૌણ વિશેષણવાક્યો આ પ્રમાણે છે :

(૧) (યઃ) शान्तसंसारकलनः कलावान् अपि निष्कलः (अस्ति) । कलनः એટલે ગણતરી, વિચાર, ચિંતન, ભાવના, વિભાવના, (कलयति असौ ।); संसार એટલે સંસારી જીવન, સંસાર-વ્યવહાર, સંસારી વાસનાઓ; शान्त (शम्-शाम् એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) - શમી ગયું છે, શાંત થઈ ગયું છે, છોડી દેવામાં આવ્યું છે : સંસાર વિશેનું જેનું ચિંતન શમી ગયું છે, તેવો.

कलावान् अपि यः निष्कलः (अस्ति) । कलावान् એટલે શરીર અને ઇન્દ્રિયોની સર્વ 'કળાઓ', એટલે કે એની ક્રિયાઓ અને પ્રવૃત્તિઓ કરવા માટે જે સંપૂર્ણરીતે સજ્જ અને સક્ષમ છે, અને છતાં એ કળાઓનાં સમાચરણમાં એને રસ નથી, એ રીતે, જે 'નિષ્કલ' છે, તેવો !

(૨) यः स-चित्तः अपि निः-चित्तः (अस्ति) ।

स-चित्तः એટલે 'ચિત્તવાળો' અને निः-चित्तः એટલે ચિત્ત-વગરનો, ચિત્ત-

રહિત. આમ તો, વાચ્યાર્થની દૃષ્ટિએ તો, સહુ-કોઈ 'ચિત્ત-વાળા' જ હોય છે, 'ચિત્ત-વિનાનું' તો કોઈ હોતું જ નથી ! લક્ષ્યાર્થ એ છે કે જરૂર પડ્યે, ચિત્ત દ્વારા વિષય-ગ્રહણ કરે એવી શક્તિ તેનામાં હોવા છતાં તે ચિત્તની આવી શક્તિનો વિનિયોગ કરતો નથી, આવી ઇચ્છા એને કદાપિ થતી જ નથી, - એ અર્થમાં, તે **'નિશ્ચિત્ત'** છે.

"જીવન્મુક્ત"નાં લક્ષણોનાં અત્યાર સુધીના શ્લોકોમાં, ચોથું પાદ, આ રીતે ચાલ્યું આવતું હતું : स जीवन्मुक्त इष्यते ।

આ ચરણમાંનું ક્રિયાપદ इष्यते (इष्-इच्छ् એટલે 'ઇચ્છવું' - એ ધાતુનું કર્મણિ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) પ્રયોજવા પાછળ આચાર્યશ્રીનો ઉદ્દેશ એ હોઈ શકે કે "તે મનુષ્ય **'જીવન્મુક્ત'** કહેવાય" - તે, ઇચ્છવા-યોગ્ય છે, એવું એમને અભિપ્રેત છે. (૪૩૧)

અનુવાદ :

સંસાર વિશેની જેની વાસના શમી ગઈ છે, એવો જે (સાધક) કલાવાન હોવા છતાં નિષ્કલ છે અને જે (સાધક) ચિત્તવાળો હોવા છતાં ચિત્ત-રહિત છે, - તે **"જીવન્મુક્ત"** કહેવાય છે. (૪૩૧)

ટિપ્પણ :

"જીવન્મુક્ત"ની પ્રજ્ઞા પણ, **"સ્થિતપ્રજ્ઞ"**ની જેમ જ, સુદૃઢ રીતે સ્થિર થઈ ગઈ છે, એટલે, હવે, આ પછીના શ્લોકોમાં, એ પ્રજ્ઞાની સ્થિરતાની પ્રશંસા કરવામાં આવી છે.

પ્રજ્ઞા-સ્થિરતાની પ્રતીતિ, અહીં, આ **ત્રણ** સ્વરૂપમાં જોવા મળે છે :

(૧) **'સંસાર'** એટલે જ, જે, સતત **'સરતો'** રહે છે : संसरति इति संसारः । આવા સતત **'સરતા'** રહેતા, એટલે કે અસ્થિર સંસારમાં જ રહેતો-જીવતો હોવા છતાં અને સંસાર સાથે સંકળાયેલી વિષય-વાસનાઓના **'અસ્થિરતા'**-કારક સંપર્કમાં હંમેશ વસતો હોવા છતાં, એની પ્રજ્ઞા-સ્થિરતાના પ્રભાવને કારણે, તે વાસના-વિહીન બની શકે છે અને તેથી સંસાર અંગેનું તેનું **ચિંતન** (कलनं) સંપૂર્ણરીતે શમી ગયું છે (शान्त) : રહેવું સંસારમાં અને છતાં એ જ સંસારથી તે સતત વિમુખ, પરાઙ્મુખ !

(૨) જે **'કલાવાન'** હોય, તે **'નિષ્કલ'** કેવી રીતે હોઈ શકે ? સાચી વાત તો એ કે **'કલા'** એટલે ભાગ-વિભાગ, અંગ-અવયવ; અને **"જીવન્મુક્ત"**ને પણ શરીરનાં હાથ-પગ, મસ્તક, આંખ-કાન-નાક વગેરે કલાઓ-ભાગો તો હોય જ છે. ટૂંકમાં,

ઇન્દ્રિયોરૂપી આ વિવિધ **'કલાઓ'**-વિભાગો હોવા છતાં, ઇન્દ્રિય-પ્રેરિત કોઈ પણ પ્રવૃત્તિ ન કરતો હોવાથી તે, **કલા-વિહીન**, એટલે **'નિષ્કલ'** બની શકે છે !

કેટલાક ભાષ્યકારોના મત મુજબ, અહીં નિર્દિષ્ટ આ **'કલા'** એટલે **'પ્રશ્નોપનિષદ'**માં, ભરદ્વાજના પુત્ર **સુકેશા**એ, આચાર્યશ્રી **પિપ્પલાદ**ને, સોળ કલાવાળા પુરુષ વિશે (षोडशकलं पुरुषं) પૂછેલો છઠ્ઠો **'પ્રશ્ન'**, અને પ્રાણ-શ્રદ્ધા-આકાશ-વાયુ વગેરે સોળ કલાઓ પોતાના જ શરીરમાં ધરાવતા પુરુષ વિશે પિપ્પલાદે ઉત્તર આપ્યો હતો, - તેનું અહીં અનુસંધાન છે.

(૩) જે 'ચિત્તવાળો' (सचित्तः) હોય, તે, 'ચિત્ત-વિનાનો' (निश्चित्तः) કેવી રીતે હોઈ શકે ? **"હોઈ શકે !"** - એવો જડબેસલાક જવાબ, તદ્દન બે-ધડક રીતે, **"જીવન્મુક્ત"**ની અદ્‌ભુત જીવન-વિભાવનાને અનુલક્ષીને, આચાર્યશ્રી, અહીં આપે છે : **"જીવન્મુક્ત"**, અવશ્ય, **"સ-ચિત્ત"** છે, પરંતુ એ ચિત્ત દ્વારા, શબ્દ-સ્પર્શ વગેરે વિષયોને ગ્રહણ કરવા કે નહીં, - એ તો એની મરજીનો પ્રશ્ન છે ને ! વિષયોનાં સંપૂર્ણ **'અ-ગ્રહણ'**ની, તેનાં **ચિત્ત**ની શક્તિને કારણે, **"સ-ચિત્ત"** છતાં તે સદા **"નિશ્ચિત્ત"** બની રહે છે !

કેટલીક આવૃત્તિઓમાં, અહીં, **सचित्त** અને **"निश्चित्त"**ને બદલે, અનુક્રમે **"सचिन्त"** અને **"निश्चिन्त"** એવો પાઠ મળે છે; પરંતુ **"જીવન્મુક્ત"** જેવા એક આદર્શ મહાપુરુષના સંદર્ભમાં **"ચિન્તા"** જેવા શબ્દનો ઉલ્લેખ, એ જ એક મોટું અનૌચિત્ય કહેવાય, એટલે એવો પાઠ સ્વીકારી શકાય નહીં.

જીવન્મુક્તની આવી ઉપર્યુક્ત પ્રજ્ઞા-સ્થિરતામાં, જબરો વિરોધાભાસ જોવામાં આવે છે : **સંસાર-અસંસાર, કલાવાન-નિષ્કલ** અને **સચિત્ત-નિશ્ચિત્ત**; અને છતાં તેની આ પ્રજ્ઞા-સ્થિરતા જ એવી અદ્‌ભુત છે કે તેની સમક્ષ કોઈ પણ **"વિરોધ"** ટકી શકતો નથી; અને આ જ ખૂબી છે, જગતના સર્વ આદર્શ મહાપુરુષોની !

રાજધર્મનું પાલન કરતાં, **સીતા**નો ત્યાગ કરવા છતાં, ધર્મપત્ની પ્રત્યેના એ જ પ્રેમને એવો જ અવિચળ રાખીને, **પતિધર્મ**નું પણ એવું જ એકનિષ્ઠ અનુપાલન કરતા **રામ** વિશે, આથી જ, મહાકવિ ભવભૂતિએ આવો અભિપ્રાય આપ્યો હતો :

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ॥
लोकोत्तराणां चेतांसि को नु विज्ञातुं अर्हति ॥ **"ઉત્તરરામચરિત"** (૨, ૭)

("વજ્રથી પણ કઠોર અને કુસુમથીયે સુકોમળ, - લોકોત્તર મહાપુરુષોનાં આવાં હૃદયને કોણ સમજી શકે ?")

"જીવન્મુક્ત" પણ આવો જ એક **'લોકોત્તર'** મહાપુરુષ છે !

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૪૩૧)

वर्तमानेऽपि देहेऽस्मिन् छायावदनुवर्तिनि ।
अहन्तामम्तताभावो जीवन्मुक्तस्य लक्षणम् ॥४३२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વર્તમાનેઽપિ દેહેઽસ્મિન્ છાયાવદનુવર્તિનિ ।
અહન્તામમતાભાવો જીવન્મુક્તસ્ય લક્ષણમ્ ॥૪૩૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

છાયાવદ્ અનુવર્તિનિ અસ્મિન્ દેહે વર્તમાને અપિ અહન્તા-મમતા-અભાવઃ (ઇતિ એતદ્) જીવન્મુક્તસ્ય લક્ષણં (અસ્તિ) ॥૪૩૨॥

શબ્દાર્થ :

"જીવન્મુક્ત"નાં લક્ષણ વિશેનું એ જ ચોથું ચરણ, એક નાના ફેરફાર સાથે, અહીં પણ સ્વતંત્ર વાક્ય તરીકે ચાલુ જ રહ્યું છે, એટલે એ લક્ષણની વિશિષ્ટતા દર્શાવતું, શ્લોકના બાકીના શબ્દોવાળું, વિશેષણવાળું ગૌણવાક્ય આ પ્રમાણે છે :

અસ્મિન્ દેહે વર્તમાને અપિ (યસ્ય) અહન્તા-મમતા-અભાવઃ (અસ્તિ) । અહન્તા એટલે, જેના પર "હું"નો ભાવ હોય તે; મમતા એટલે જેના પર **'મારું'**-ભાવ હોય તે; વર્તમાન એટલે હયાત, જીવતું હોવું, ચાલુ અસ્તિત્વ ધરાવતું; આ શરીર હયાત હોવા છતાં, જેના વિશે **'અહન્તા'** અને **'મમતા'** જેવી ભાવના ન હોવી તે; આ દેહ કેવો છે ? - છાયાવત્ અનુવર્તિનિ । - પોતાના પડછાયાની જેમ અનુસરતો, સાથે રહેતો. (૪૩૨)

અનુવાદ :

(પોતાના) પડછાયાની જેમ પોતાને અનુસરતું આ શરીર હયાત હોવા છતાં, તેના વિશે અહન્તા અને મમતા જેવી ભાવનાનો અભાવ(હોવો), તે જીવન્મુક્તનું લક્ષણ છે. (૪૩૨)

ટિપ્પણ :

કોઈ પણ વસ્તુ કે વ્યક્તિનો પરિચય, બીજી વસ્તુ કે વ્યક્તિ કરતાં, જેના કારણે, જૂદો-અલાયદો-અનોખો, મળે, - તે, તે વસ્તુ એ વ્યક્તિનું લક્ષણ કહેવાય : દાખલા તરીકે, **સૂર્યનું લક્ષણ** એટલે પ્રકાશ અને ઉષ્ણતા; **સાકરનું લક્ષણ** એટલે તેની મીઠાશ.

"**જીવન્મુક્ત**", અન્ય સામાન્ય મનુષ્યોથી, કઈ બાબતમાં, જૂદો પડે છે, તે દર્શાવતાં, એનાં પોતીકાં જ કહી શકાય, એવાં, એનાં સ્વકીય "**લક્ષણો**"નું વર્ણન, આ શ્લોકથી, હવે શરૂ થાય છે.

દરેક મનુષ્યને ઈશ્વરે દેહ આપ્યો છે અને સામાન્ય અને સ્વાભાવિક રીતે જ, "આ '**દેહ**' એટલે '**હું**'", "આ **મસ્તક** એટલે '**મારું**' મસ્તક", - એમ તે માને-સમજે-અનુભવે છે. ટૂંકમાં, દેહ વિશે, તે આવો **અહં**-ભાવ અને **મમ**-ભાવ સેવે છે.

"**જીવન્મુક્ત**"ની, પોતાના સ્થૂળ દેહ વિશેની, ભાવના-વિભાવના કેવી છે ? - એ મુદ્દાની અહીં વિશેષતા દર્શાવવામાં આવી છે અને એ વિશેષતા તેને સર્વ સામાન્ય મનુષ્યોથી નોખો-નિરાળો સાબિત કરતી હોવાથી, તે વિશેષતાને તેનાં **લક્ષણ** તરીકે સ્થાપવામાં આવ્યું છે.

શરીરનો પડછાયો, શરીરની પાછળ-પાછળ જાય; એને અનુસરે તે, સ્વાભાવિક છે; અને શરીર છે તો જ એને પડછાયો હોય, તે પણ એટલું જ સ્વાભાવિક છે; પરંતુ પડછાયો પોતે '**માત્ર પડછાયો**' જ છે, **શરીર** નથી, ન હોઈ શકે. શરીરથી જૂદું, પોતાનું જ કહી શકાય, એવું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ પણ, પડછાયો ધરાવતો નથી. ટૂંકમાં, 'પડછાયો' એટલે, '**છે**' છતાં '**નથી**', - એવી 'માત્ર આભાસી' વસ્તુ ! એનું ફક્ત એક જ કામ : શરીરને અનુસરવાનું !

'**જીવન્મુક્ત**' મહાપુરુષ તો પોતાના દેહને પણ, દેહની સાથે રહેતા અને દેહને અનુસરતા પડછાયા જેવો જ સમજે છે, સ્વીકારે છે. સુખ-દુઃખ, રંગ-રાગ, ભોગ-વિલાસ, - આવા બધા અનુભવો તો માત્ર દેહને જ હોય છે, પડછાયાને કદી નહીં ! "**જીવન્મુક્ત**"ને મન, પોતાનો દેહ આવો પડછાયો જ છે. એનો તાત્પર્યાર્થ એ જ કે દેહ અને એમાંની, ઈન્દ્રિયો-પ્રાણ-મન વગેરેની ક્રિયાઓ-પ્રવૃત્તિઓ-અનુભૂતિઓથી તે '**પર**' છે.

દેહથી '**પર**' હોવાની એની આવી વિભાવનાને કારણે જ, એને પોતાના દેહ વિશે કશો '**અહં**'-ભાવ ("**I**"-ness) કે '**મમ**'-ભાવ ("**My**"-ness) હોતો જ નથી : પ્રારબ્ધવશાત્ તે જીવતો હોય, એટલે દેહ પણ હયાત (વર્તમાને અપિ) હોય તે છતાં, તે 'દેહાતીત' અવસ્થામાં જ રહેતો હોય, - દેહ વિશેનો તેનો આવો, અનોખો-આગવો-અનન્ય અભિગમ, એ જ "**જીવન્મુક્ત**"નું **લક્ષણ** !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૨)

अतीताऽननुसन्धानं भविष्यदविचारणम् ।
औदासीन्यमपि प्राप्ते जीवन्मुक्तस्य लक्षणम् ॥४३३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અતીતાઽનનુસન્ધાનં ભવિષ્યદવિચારણમ્ ।
ઔદાસીન્યમપિ પ્રાપ્તે જીવન્મુક્તસ્ય લક્ષણમ્ ॥૪૩૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અતીત-અનનુસન્ધાનં, ભવિષ્યદ્-અવિચારણં, પ્રાપ્તે (પદાર્થે, સુખ-દુઃખે) અપિ ઔદાસીન્યં, - (એતદ્) જીવન્મુક્તસ્ય લક્ષણમ્ (અસ્તિ) ॥૪૩૩॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં પણ, ચોથું ચરણ, યથાપૂર્વ, પુનરુક્ત કરીને, "જીવન્મુક્ત"નાં લક્ષણની ત્રણ વિશેષતાઓ આ પ્રમાણે દર્શાવવામાં આવી છે :

(૧) અતીત-અનનુસન્ધાનમ્ । અતીત એટલે ભૂતકાળ, વીતી ચૂકેલો સમય; અનુસન્ધાન એટલે એની સાથે સંબંધ-સંપર્ક રાખવો-જાળવવો; આ પ્રમાણે, ન કરવું તે, અનનુસન્ધાનમ્ । ભૂતકાળનું સ્મરણ ન કરવું; વીતેલા સમયમાંના પ્રસંગોને, એવી ઘટનાને યાદ ન કરવી તે; ટૂંકમાં, ભૂતકાળને સંપૂર્ણરીતે ભૂલી જવો.

(૨) ભવિષ્યદ્-અવિચારણમ્ । ભવિષ્યનો વિચાર ન કરવો; ભાવિ વિશે પણ કશી કલ્પના ન કરવી.

(૩) પ્રાપ્તે (વર્તમાનકાલે) અપિ ઔદાસીન્યમ્ । પ્રાપ્ત એટલે અત્યારે, ચાલુ સમય વિશે, વર્તમાનકાળ બાબતમાં; ઉદાસીન - શબ્દ આ પહેલાં આવી ગયો છે : ઉપેક્ષાભાવ ધરાવનાર (Indifferent) એ અર્થમાં; એ શબ્દ પરથી બનેલું ભાવવાચક નામ (Abstract Noun), - ઔદાસીન્યમ્ । ઉદાસીનતા. (૪૩૩)

અનુવાદ :

ભૂતકાળનું સ્મરણ ન કરવું, ભવિષ્યકાળનો વિચાર ન કરવો અને પ્રાપ્ત(વર્તમાન) પરિસ્થિતિ પ્રત્યે ઉદાસીનતા, - જીવન્મુક્તનું આ લક્ષણ છે. (૪૩૩)

ટિપ્પણ :

પોતાનાં સ્થૂલ શરીર પ્રત્યેના અભિગમની વિશિષ્ટતા જણાવીને, ગયા શ્લોકમાં "જીવન્મુક્ત"નું 'સ્વકીય' કહી શકાય એવું લક્ષણ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું;

એ જ રીતે, અહીં, કાલ (TIME) વિશેનાં, તેનાં, એવાં જ વલણની વિશિષ્ટતા દર્શાવવામાં આવી છે.

આમ તો, સહુ જાણે છે તેમ, **"કાળ"** તો, સતત, નિરંતર, અણ-અટક્યો વહેતો રહેલો, એક **'પ્રવાહ'** છે. એના કોઈ ભાગ-વિભાગ પાડી શકાય નહીં; અને છતાં આપણી અનુકૂળતા માટે, વહી ગયેલા સમય માટે **"ભૂત"**કાળ, વહી રહેલા સમય માટે **"વર્તમાન"**કાળ, અને હવે પછી વહનારા સમય માટે **"ભવિષ્ય"** અથવા "ભાવિ"કાળ, - એવા **ત્રણ** વિભાગો આપણે, - મનુષ્યોએ - પાડ્યા છે.

આ ત્રણ **કાળ** પ્રત્યેનું, સામાન્ય મનુષ્યોનું વલણ એવું હોય છે કે મહદંશે તે, **ભૂત**કાળના સારા પ્રસંગોના સુમધુર સંસ્મરણોને મનમાં ફરીથી લાવીને, દુઃખી **વર્તમાન**કાળને તે ભૂલવા પ્રયત્ન કરે છે; અથવા દુઃખદ **ભૂત**કાળને યાદ કરીને, સુખદ **વર્તમાન**કાળની મજાને નિરર્થક બગાડી નાખે છે. એ જ પ્રમાણે, **ભવિષ્ય**કાળની ચિંતા કરીને **સુખી** વર્તમાનકાળને માણી શકતો નથી; અથવા **ભાવિ**ની ભવ્ય કલ્પના કરીને, વર્તમાન દુઃખોને ભૂલવા તે મથે છે.

સહુ સમજે છે તે પ્રમાણે, આવું બધું જ નકામું છે, કારણ કે ત્રણેમાંથી એકેય કાળ પર મનુષ્યનું કશું જ નિયંત્રણ નથી. એના ગમા-અણગમા(Likes and dislikes)ને જરા પણ ધ્યાનમાં રાખ્યા વિના, એની પોતાની રીતે, કાળ તો સદા વહતો જ રહેતો હોય છે. દૈવ, પ્રારબ્ધ કે નિયતિ(Destiny)એ નક્કી કર્યા પ્રમાણે, એનાં પૂર્વ-નિયોજિત 'સમય-પત્રક' પ્રમાણે જ બધું થતું રહે છે.

આવી શાશ્વત વસ્તુસ્થિતિને, **"જીવન્મુક્ત"**મહાપુરુષે તો આત્મસાત્ કરી લીધી જ હોય છે, એટલે તે, નથી ભૂતકાળને યાદ કરતો કે નથી વિચાર કરતો ભવિષ્કાળ વિશે, અને વર્તમાનકાળ બાબત તો તે પૂરેપૂરો ઉદાસીન જ રહે છે; જે બની રહ્યું હોય છે, એમાં તે પોતાની જાતને ગોઠવી (Adjust) દે છે અને પ્રારબ્ધવશાત્, જે કંઈ પ્રાપ્ત હોય, તેમાં, **'અજગર'**વૃત્તિથી, જીવતો હોય છે.

મહાભારતનો આ શ્લોક, આ સંદર્ભમાં, અહીં પ્રસ્તુત હોવાથી, ટાંકવાના પ્રલોભનને હું રોકી શકતો નથી :

सुखं वा यदि वा दुःखं शुभं वा यदि वा-अशुभम् ।
प्राप्तं प्राप्तं उपासीत हृदयेन-अपराजितः ॥

("સુખ કે દુઃખ, શુભ કે અશુભ, - પ્રાપ્ત પરિસ્થિતિ પ્રમાણે, - જે કંઈ બનતું હોય તેમાં, હૈયું હાર્યા વિના, મનુષ્યે, જીવ્યા કરવું જોઈએ.")

એમ લાગે છે કે આ શ્લોકમાંનું તાત્પર્ય જ, **'જીવન્મુક્ત'**નાં આ લક્ષણમાં, સુયોગ્ય રીતે, પ્રતિશબ્દિત થયું છે.

ગીતાના 'સારાંશ' તરીકે, એક ચિંતકે, આ પ્રમાણે, પોતાનો અભિપ્રાય અભિવ્યક્ત કર્યો છે તે, ત્રણેય કાળ પ્રત્યેના **'જીવન્મુક્ત'**ના આ અભિગમના અનુસંધાનમાં, યાદ આવે છે :

"ભૂતકાળમાં જે કંઈ બન્યું તે **સારું** હતું, **વર્તમાનકાળમાં** જે કાંઈ બની રહ્યું છે તે સારું જ છે અને **ભવિષ્યમાં** જે કંઈ બનવાનું હશે, તે પણ **સારું** જ હશે !"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૩)

૪૩૪

गुणदोषविशिष्टेऽस्मिन् स्वभावेन विलक्षणे ।
सर्वत्र समदर्शित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥४३४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ગુણદોષવિશિષ્ટેઽસ્મિન્ સ્વભાવેન વિલક્ષણે ।
સર્વત્ર સમદર્શિત્વં જીવન્મુક્તસ્ય લક્ષણમ્ ॥૪૩૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्वभावेन विलक्षणे गुणदोषविशिष्टे अस्मिन् (संसारे), सर्वत्र, समदर्शित्वं, - (इति एतद्) जीवन्मुक्तस्य लक्षणं (अस्ति) ॥४३४॥

શબ્દાર્થ :

શ્લોકનું ચોથું ચરણ, યથાપૂર્વ, અહીં પણ પુનરુક્ત થયું છે અને એ લક્ષણને બાકીનાં ત્રણ ચરણોમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે :

अस्मिन् (संसारे) सर्वत्र समदर्शित्वम् । સર્વત્ર એટલે આ સંસારમાં સર્વ સ્થળે, સર્વ વ્યક્તિઓ અને સર્વ પ્રસંગો-પદાર્થો પ્રત્યે; समदर्शित्वम् - એટલે સમાન, એકસરખી દૃષ્ટિ રાખવી તે; આ સંસાર કેવો છે ? - स्वभावेन विलक्षणे । સ્વભાવથી, પોતાનાં ચિત્ત-અંતઃકરણ કરતાં વિલક્ષણ, સાવ જૂદો; અને गुणदोषविशिष्टे । ગુણ-દોષોથી ભરેલો, સભર, પ્રપૂર્ણ.

સંસાર આવો હોવા છતાં, સર્વત્ર, સમદર્શી થવું, - એ જ **જીવન્મુક્ત**નું લક્ષણ છે. (૪૩૪)

અનુવાદ :

સ્વભાવથી વિલક્ષણ અને ગુણદોષોથી ભરેલો હોવા છતાં, આ(સંસાર)માં સર્વત્ર સમાન દૃષ્ટિ રાખવી, તે, જીવન્મુક્તનું લક્ષણ છે. (૪૩૪)

ટિપ્પણ :

સમગ્ર જગત પર, **સાંખ્ય**-દર્શન-પ્રબોધિત **પ્રકૃતિ**ના ત્રણ ગુણો, - સત્ત્વ, રજસ્ અને તમસ્-નો પ્રભાવ, સર્વત્ર પ્રસરેલો છે, એનું વર્ચસ્વ સર્વવ્યાપી છે. વળી, એ ત્રણેય, ઓળખાતા હોય ભલે **"ગુણ"** એવાં નામે, - એમનાં સ્વરૂપો તો સભર છે, ગુણો કરતાં વધારે તો **દોષો** વડે ! રજોગુણ અને તમોગુણ તો ઠીક, પરંતુ સત્ત્વગુણ જેવો સત્ત્વગુણ પણ, પ્રકૃતિનું સર્જન હોવાને કારણે અને રજોગુણ-તમોગુણની સાથે, **'ગુણ'** હોવાના નાતે, સંકળાયેલો હોવાને કારણે, ત્યજવા-લાયક ગણાયો છે ! ટૂંકમાં, આ સંસાર, આ ત્રણ **'ગુણો'**ના પ્રબળ પ્રભાવને લીધે, ગુણ-દોષોથી સભર બની રહ્યો છે (ગુણદોષવિશિષ્ટે).

વળી, આ સંસારમાં, સ્વભાવની વિલક્ષણતા પણ, સંપૂર્ણ અને સર્વવ્યાપી છે (સ્વભાવેન વિલક્ષણે) : કોઈ બે વ્યક્તિનો સ્વભાવ એકસરખો હોતો નથી. પેલાં સુભાષિત પ્રમાણે, "જેટલાં **મગજ**, એટલી **મતિ**ની ભિન્નતા !" (તુણ્ડે તુણ્ડે મતિર્ભિન્ના ।) અને મહાકવિ કાલિદાસે તો, લોકોમાં "જેટલી **રસના**, એટલાં જ ભિન્ન **રસ** અને **રુચિ**", - એવું સાચું નિરીક્ષણ કર્યું છે ! (ભિન્નરુચિર્હિ લોકઃ ।)

આમ, સંસાર એટલે જ વિવિધતા-વિષમતા-વિચિત્રતા ! ભેદ અને ભિન્નતા ! સર્વત્ર અનેકતા અને અસમાનતા ! આવાં વાતાવરણમાં બિચારો સામાન્ય મનુષ્ય તો મૂંઝાઈ જ જાય ! એની દૃષ્ટિ તો, સ્વાભાવિક રીતે જ, સંસારની આવી વિલક્ષણતા અને ગુણદોષ-સભરતાનો ભોગ બની જ જાય !

પરંતુ અહીં તો **"જીવન્મુક્ત"** જેવા આદર્શ મનુષ્યનું વર્ણન ચાલી રહ્યું છે અને મુમુક્ષુ સાધક, 'સર્વાત્મદર્શી' હોય, એવી અપેક્ષા તો રાખવામાં આવી જ છે; તેથી, સંસાર ગમે તેવો હોય, તે તો, આવા સંસારમાં પણ, સર્વત્ર સમદર્શી જ હોય ! વિલક્ષણતા અને ગુણદોષસભરતાનાં મૂર્તિમંત સ્વરૂપ સમા આ સમસ્ત દૃશ્યપ્રપંચનો પણ એ તો પોતાની સમત્વદૃષ્ટિમાં લય કરી નાખે છે : **'અનેકત્વ**માં પણ એ તો સદા-સર્વદા **એકત્વ**નું જ દર્શન' (Unity in Disparity) કરી શકે છે !

અને આમ છતાં, એની સ્થિર પ્રજ્ઞાને તો પૂરી પ્રતીતિ છે કે આવી સર્વ અનેકતાનું મૂળ અધિષ્ઠાન (Substratum) તો, एकं एव अद्वितीयम् - એવું પરબ્રહ્મ જ છે; અને "એ પરબ્રહ્મ એટલે હું !" - પેલાં વેદ-મહાવાક્ય(तत् त्वं असि ।)નું જ તાદાત્મ્ય ! એટલે, 'અનેકતામાં એકતા'નું દર્શન કરતો આ જીવન્મુક્ત તો, પોતાનાં આ બ્રહ્મીભાવને કારણે, પરબ્રહ્મનાં 'એકત્વમાં જ એને સંસારનાં અનેકત્વ'નું દર્શન (Dispsrity in Unity) પણ થાય જ છે ! ફેર એટલો જ કે તે આવાં દર્શનથી અસ્થિર થતો નથી : એની **પ્રજ્ઞા**, એનાં સમદર્શિત્વ અને સર્વાત્મદર્શિત્વને કારણે,

એવી જ, યથાપૂર્વ, સ્થિત અને સ્થિર રહે છે !

કારણ કે, એનાં સમગ્ર વ્યક્તિત્વનાં અણુ-અણુમાં, ગીતા-પ્રબોધિત **આત્મૌપમ્ય** (૬, ૩૨) ઓતપ્રોત બની ગયું હોય છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૪)

૪૩૫

इष्टानिष्टार्थसंप्राप्तौ समदर्शितयाऽऽत्मनि ।
उभयत्राविकारित्वं जीवन्मुक्तस्य लक्षणम् ॥४३५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઇષ્ટાનિષ્ટાર્થસંપ્રાપ્તૌ સમદર્શિતયાઽઽત્મનિ ।
ઉભયત્રાવિકારિત્વં જીવન્મુક્તસ્ય લક્ષણમ્ ॥૪૩૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ઇષ્ટ-અનિષ્ટ-સંપ્રાપ્તૌ આત્મનિ સમદર્શિતયા ઉભયત્ર અવિકારિત્વં જીવન્મુક્તસ્ય લક્ષણં (અસ્તિ) ॥૪૩૫॥

શબ્દાર્થ :

શ્લોકનાં ચોથા ચરણમાં ઉલ્લિખિત, **જીવન્મુક્ત**નાં લક્ષણને બાકીનાં ચરણોમાંના શબ્દો વડે, આ રીતે, સમજાવવામાં આવ્યું છે :

ઉભયત્ર અવિકારિત્વમ્ । - બંને પરિસ્થિતિઓમાં, ચિત્તને અવિકૃત રાખવું, તેમાં વિકારો ન થાય, ચિત્તનાં અવિકારીપણાંને જાળવી રાખવું તે. બંને પરિસ્થિતિઓ કઈ ? **ઇષ્ટ** એટલે ઇચ્છ્યા પ્રમાણેનું, મનગમતું, પ્રિય; **અનિષ્ટ** એટલે ન ઇચ્છેલું, અણગમતું, અપ્રિય; આવા પદાર્થો-પ્રસંગો-બનાવોની પ્રાપ્તિ થાય, ત્યારે. એટલે કે આવી બંને પ્રકારની ઘટના બનવા પામે ત્યારે; મનમાં (**આત્મનિ**), હર્ષ-શોક જેવા ભાવ-વિકારો ન જન્મે; આવી સિદ્ધિ કેવી રીતે સંપન્ન કરી શકાય ? - **સમદર્શિતયા** । સમાન-દૃષ્ટિ હોવાથી; એકસરખું દર્શન હોવાથી. ઉપર્યુક્ત પરિસ્થિતિમાં પણ, 'સમદર્શિત્વ'ને લીધે, 'અવિકારિત્વ' જાળવી રાખવું, - **જીવન્મુક્ત**નું આ જ લક્ષણ છે. (૪૩૫)

અનુવાદ :

ઇષ્ટ અને અનિષ્ટની પ્રાપ્તિમાં (પણ), સમાન દૃષ્ટિને લીધે, બંને પરિસ્થિતિઓમાં, મનને અવિકૃત રાખવું, - આ, જીવન્મુક્તનું લક્ષણ છે. (૪૩૫)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં, સંસારની સ્વભાવ-વિલક્ષણતામાં પણ સર્વત્ર સમદર્શી થવું, એટલે કે સમાન દૃષ્ટિ રાખવી, - તેને **"જીવન્મુક્ત"**નું લક્ષણ કહેવામાં આવ્યું છે. એમ કહી શકાય કે, આ **"સમદર્શિત્વ"**ની સિદ્ધિ સંપન્ન કરનાર **"જીવન્મુક્ત"**, એ સિદ્ધિનાં પ્રભાવ તથા પરિણામ-સ્વરૂપ, એક બીજી સિદ્ધિ પણ સંપન્ન કરી શકે, - એવું પ્રતિપાદન આ શ્લોકમાં કરવામાં આવ્યું હોવાથી, અહીંનું આ **"જીવન્મુક્ત"**-લક્ષણ સાવ નવું કે જૂદું નથી. અલબત્ત, ચિત્તને અવિકૃત અથવા વિકારમુક્ત રાખવું, - એ સિદ્ધિ કંઈ સામાન્ય કે ન-ગણ્ય તો નથી જ, એ પણ સ્વીકારવું રહ્યું : **"જીવન્મુક્ત"**પરિચયના આરંભમાં, સૂત્રાત્મક શ્લોક-૪૨૭માં, **"નિર્વિકાર"**ને, સ્થિતપ્રજ્ઞ યતિનું લક્ષણ ગણવામાં આવ્યું જ છે, એ યાદ રાખવા જેવું છે.

સામાન્ય રીતે, મનુષ્ય, આ સંસારમાં, સતત પ્રતિભાવો-પ્રતિક્રિયાઓ (Reactions) અનુભવતો અને અભિવ્યક્ત કરતાં-કરતાં જ જીવતો હોય છે; વળી, દરેક મનુષ્યને, તેના પોતાના, મનુષ્ય-સહજ ગમા-અણગમા (Likes and Dislikes) પણ હોય જ છે. તેથી કશુંક મનગમતું (ઇષ્ટ) બને તો એનો માનસિક પ્રતિભાવ હર્ષ અથવા સુખનો હોય, અને અણગમતું (અનિષ્ટ) બને તો એનો પ્રતિભાવ, શોક અથવા દુઃખનાં રૂપે હોય છે અને આ એક માનવ-સહજ નિર્બળતા (Human Weakness) છે.

પરંતુ જીવન્મુક્ત તો, આવી પરિસ્થિતિમાં, એટલે કે ઇષ્ટ-અનિષ્ટ જેવી પરસ્પર-વિરોધી બંને પ્રાપ્તિમાં પણ, પ્રતિભાવોથી પર રહી શકે છે. આમ તો, પ્રતિભાવ એ જ વિકાર ! અને આવું 'અવિકારિત્વ' જાળવી રાખવામાં, તેને સહાયરૂપ બને છે, ગયા શ્લોકમાંનું લક્ષણ, **'સમદર્શિત્વ'** !

સુખ અને દુઃખ, લાભ અને અ-લાભ, જય અને અ-જય જેવી પ્રિય-અપ્રિય-(ઇષ્ટ-અનિષ્ટ)ની પ્રાપ્તિ વખતે, બંને પરિસ્થિતિમાં (ઉભયત્ર), 'સમ' વલણ રાખવું, -

सुखदुःखे "समे" कृत्वा लाभालाभौ जयाजयौ । (૨, ૩૮)

એમ કહીને, **ગીતા**માં, ભગવાન શ્રીકૃષ્ણે, અર્જુનને, આવાં **'સમદર્શિત્વ'**નો જ અનુરોધ કર્યો હતો, - એ હકીકતથી, **"જીવન્મુક્ત"** તો સુપરિચિત હોય જ !

શ્લોકમાં પ્રયોજવામાં આવેલા, ઇષ્ટ અને અનિષ્ટ - એ બે શબ્દો, સામાન્ય સંસારી મનુષ્યને અનુલક્ષીને જ પ્રયોજાયા છે, એ તો સ્પષ્ટ છે જ, કારણ કે **"જીવન્મુક્ત"**ને તો, એનાં પોતાનાં લાક્ષણિક જીવન-દર્શન પ્રમાણે, ઇષ્ટ અને અનિષ્ટ જેવું કશું હોતું જ નથી : પોતાનાં શરીર-મન-બુદ્ધિને અતિક્રમીને, એનાં છેક અંતસ્તલ

પર પહોંચીને, એની "X-Ray-નજરે"ને પણ તે જોઈ શકતો હોય છે !

ફ્રેન્ચ ભાષામાં એક શબ્દ છે : "SANG-FROID", - જે, આવા સમદર્શિત્વના ભાવને જ વ્યક્ત કરે છે : સમવૃત્તિત્વ, Equanimity, Un-perturbability, Self-possession.

આવું 'સર્વત્ર-સમદર્શન', એ જ "જીવન્મુક્ત"ની નિજાનન્દ-મસ્તી !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૫)

૪૩૬

ब्रह्मानन्दरसास्वादासिक्तचित्ततया यतेः ।
अन्तर्बहिरविज्ञानं जीवन्मुक्तस्य लक्षणम् ॥४३६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્માનન્દરસાસ્વાદાસિક્તચિત્તતયા યતેઃ ।
અન્તર્બહિરવિજ્ઞાનં જીવન્મુક્તસ્ય લક્ષણમ્ ॥૪૩૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્મ-આનન્દરસ-આસ્વાદ-આસક્તચિત્તતયા અન્તઃ-બહિઃ-અવિજ્ઞાનં, - (એતદ્) જીવન્મુક્તસ્ય યતેઃ લક્ષણં (અસ્તિ) ॥૪૩૬॥

શબ્દાર્થ :

જીવન્મુક્ત એવા યતિનું **'લક્ષણ'** આ શ્લોકમાં આ પ્રમાણે દર્શાવવામાં આવ્યું છે : અવિજ્ઞાનમ્ । જ્ઞાન-ભાન વિનાના, અજ્ઞાત-અભાન રહેવું તે. શાનાથી અજ્ઞાત રહેવાનું છે ? - અન્તઃ-બહિઃ । અંદર અને બહારના પદાર્થોથી-વિષયોથી. આવી સિદ્ધિ કેવી રીતે સંપન્ન કરી શકાય ? - આસક્તચિત્તતયા । ચિત્તને મગ્ન, લીન રાખવાથી. ચિત્તને શામાં 'લીન' રાખવાનું છે ? બ્રહ્મ-આનન્દ-રસ-આસ્વાદે । - બ્રહ્માનન્દ-રસના આસ્વાદમાં, બ્રહ્મ-આનંદરસના ચર્વણમાં.

ચિત્તને જો આવા રસનાં આસ્વાદમાં લીન રાખી શકાય તો, અંદર-બહારના વિષયો-પદાર્થોની સંભાનતા, સાધકના બ્રહ્મસાક્ષાત્કારના અનુભવમાં કશો વિક્ષેપ પાડી શકે નહીં. (૪૩૬)

અનુવાદ :

બ્રહ્માનંદના રસાસ્વાદમાં ચિત્ત લીન રહેવાને લીધે, અંદર કે બહારના વિષયોથી અભાન રહેવું, - તે જીવન્મુક્ત યતિનું લક્ષણ છે. (૪૩૬)

ટિપ્પણ :

આમ તો, શ્લોક સહેલો છે, વાક્યરચના અને શબ્દો પણ, પ્રમાણમાં, સરળ છે. છતાં, શ્લોકના તાત્પર્યાર્થ સાથે સંકળાયેલા થોડા ગૌણ મુદ્દાની ચર્ચા પણ રસપ્રદ બની રહે તેવી છે, તે આ પ્રમાણે :

(૧) સર્વત્ર સતત સંપૂર્ણ અભેદ-દર્શન, એ **"જીવન્મુક્ત"**ની એક આગવી વિશેષતા છે. પરિણામે, પોતાથી અન્ય-જૂદું કંઈ હોઈ શકે, એવી કશી ભ્રાંતિ એને હોતી જ નથી. એનું આ અભેદ-દર્શન એવું અખંડ અને **'અનપેક્ષ'** (અથવા **'નિરપેક્ષ'**) હોય છે કે અંદર-બહાર, ઉપર-નીચે, આગળ-પાછળ, આજુ-બાજુ વગેરેની **'સાપેક્ષતા'** એને સ્પર્શતી જ નથી. એનું 'અંદર-બહાર' (अन्तः-बहिः) બધું જ એકમેક-એકાકાર હોય છે. એટલે, આ अन्तः-बहिःની પરિસ્થિતિ, આ લક્ષણને તે પહોંચ્યા-પામ્યા પહેલાંની છે, એમ સમજવાનું રહે.

(૨) સમસ્ત વિશ્વની સર્વોત્તમ ભાષાઓમાં સંસ્કૃતનું સ્થાન ઊંચું છે, એનાં ઘણાં કારણોમાં એક મહત્ત્વનું કારણ છે, - એની અભિવ્યક્તિની સૂક્ષ્મતા (Subtlety) અને સ્પષ્ટતા (Perspicuity). શ્લોકમાં પ્રયોજાયેલો आसक्त-શબ્દ, સામાન્ય રીતે, 'આસક્તિ'- (Attachment) - જેવા અનિચ્છનીય ભાવને વ્યક્ત કરવા માટે ઉપયોગમાં લેવાય છે અને છતાં અહીં તે 'લીનતા'-'મગ્નતા' અને તે પણ 'જેમાં-તેમાં' નહીં, પરંતુ 'બ્રહ્માનંદ-રસનાં આસ્વાદ'માંની 'લીનતા' જેવા અ-પાર્થિવ **'લય'**ને અભિવ્યક્ત કરે છે; અને સંસ્કૃત-ભાષા-સાહિત્યના અભ્યાસીઓ તો જાણે જ છે કે **'વ્યસન'** (Addiction) જેવો શબ્દ પણ, "ઈશ્વરને વિશ્વ-કલ્યાણનું **'વ્યસન'** છે", એવો ઉચ્ચ ભાવ વ્યક્ત કરવા માટે, સંસ્કૃત મહાકવિઓએ, પોતાનાં કાવ્યોમાં, આ શબ્દ, અનેક વાર, પ્રયોજ્યો જ છે !

(૩) માનસશાસ્ત્ર(Psychology)ના એક સુપ્રસિદ્ધ સિદ્ધાંતનું નિદર્શન પણ અહીં જોવા મળે છે : માનવ-ચિત્તની એક ખાસિયત, અથવા તો, મર્યાદા, એ છે કે તે, એક સમયે, એક જ પ્રક્રિયામાં, સાચા અર્થમાં, **'લીન'** બની શકે છે : એ જ સાચી **'લીનતા'**, જેનાં કારણે, ચિત્ત બાકીની સર્વ બાબતોથી અજ્ઞાત-અભાન (अविज्ञानम्), રહે ! બ્રહ્માનંદ-રસનાં આસ્વાદમાંની સાચી **'લીનતા'** એ જ કે એના આસ્વાદકનાં બાકીનાં સમગ્ર જગતનો એ આસ્વાદ-પ્રક્રિયામાં સંપૂર્ણ **'લય'** થઈ ગયો હોય !

(૪) આવા સાચા **"લય"**ને પામવા માટે, **જીવન્મુક્તે** પણ ખાસ 'યત્ન' કરવાનો રહે છે તેથી, અહીં તેના માટે એક વધારાનો સૂચક શબ્દ ઊમેરાયો છે, - यतिः ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૬)

देहेन्द्रियादौ कर्तव्ये ममाहम्भाववर्जितः ।
औदासीन्येन यस्तिष्ठेत् स जीवन्मुक्त इष्यते ॥४३७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

देहेन्द्रियादौ कर्तव्ये ममाहम्भाववर्जितः ।
औदासीन्येन यस्तिष्ठेत् स जीवन्मुक्त ईष्यते ॥४३७॥

શ્લોકનો ગદ્ય અન્વય :

देहेन्द्रिय-आदौ कर्तव्ये (च), मम-अहं-भाव-वर्जितः यः औदासीन्येन तिष्ठेत्, सः जीवन्मुक्तः इष्यते ॥४३७॥

શબ્દાર્થ :

જીવન્મુક્તનું લક્ષણ, શ્લોકના પહેલાં ત્રણ ચરણમાં, આ રીતે, દર્શાવવામાં આવ્યું છે :

यः मम-अहंभाव-वर्जितः (अस्ति) । वर्जित એટલે વિનાનો, વગરનો, રહિત. જેને અહંકાર કે મમતા રહેતી નથી, જે આવા ભાવોથી રહિત હોય છે. શામાં ? - देह-इन्द्रिय-आदौ कर्तव्ये च । - દેહ, ઇન્દ્રિયો, મન, પ્રાણ, બુદ્ધિ - વગેરેની બાબતમાં અને પોતાનાં કર્તવ્ય-કર્મમાં.

વળી, બીજી શી વિશિષ્ટતા છે, એની ? - औदासीन्येन यः तिष्ठेत् । औदासीन्य - શબ્દ આ પહેલાં આવી ગયો છે : ઉદાસીનતા, ઉદાસીનભાવ (Indifference) : જે ઉદાસીનભાવે જ રહે છે, જીવે છે, - તે **જીવન્મુક્ત** કહેવાય છે. (૪૩૭)

અનુવાદ :

દેહ, ઇન્દ્રિયો વગેરેમાં અને કર્તવ્યમાં અહંકાર અને મમતા વિનાનો બનીને, ઉદાસીનભાવે જે રહે છે, તે **જીવન્મુક્ત** કહેવાય છે. (૪૩૭)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે, અર્થ સુબોધ છે અને **જીવન્મુક્ત**નાં જે લક્ષણનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેમાંના બંને મુદ્દા, - એટલે કે દેહાદિમાં તથા કર્તવ્યમાં અહંભાવ-મમભાવ ન રહેવો તથા ઉદાસીનતા, - પણ આ પહેલાં અનેક વાર ચર્ચાઈ ગયા છે; એટલે આ બાબતમાં નવું કશું ઊમેરવાનું રહેતું નથી.

અહંકાર અને મમતાના ભાવોનું **'વર્જન'** કેવી રીતે આચારિત કરવું, તે વિશે સ્વપ્નાવસ્થામાં થયેલા અનુભવ વિશેનાં આપણા પ્રતિભાવને લક્ષમાં લેવા જેવો છે : સ્વપ્નમાં આપણે જે કંઈ જોયું-અનુભવ્યું તે, જાગ્રત-અવસ્થામાં પાછાં આવતાં જ, આપણે એના વિશેના સઘળા અહંભાવ-મમભાવને ચિત્તમાંથી દૂર કરી દઈએ છીએ : એના વિશે કશી જ **"I"**-ness કે **"My"**-ness આપણાં ચિત્તમાં રહેતી નથી, ટકતી નથી, સ્વયમેવ બધું નાબૂદ થઈ જાય છે. બસ, એવો જ અભિગમ, જાગ્રત-અવસ્થામાં પણ, શરીર-વગેરે વિશે અને કરવામાં આવતાં કર્તવ્ય-કર્મો વિશે, કેળવવો જોઈએ.

અને મનુષ્યનું તો જીવન જ એવું છે કે તેમાં, **Comedies and Tragedies** એ બંને પ્રકારની ઘટનાઓ બનતી જ રહેતી હોય છે. એમાં જરા પણ સંકળાયા કે સંડોવાયા વિના, એ જીવન-નાટિકાના એક તટસ્થ પ્રેક્ષક તરીકે, એને આપણે જોયા કરવાનું ! **જીવન્મુક્તે** તો, જાહેર રસ્તા પર પોલિસની કે લશ્કરની **Parade** ચાલતી હોય એમ, જીવનની સતત ચાલી રહેતી **'પરેડ'**ને પણ, તદ્દન તટસ્થ-ભાવે કે સાક્ષી-ભાવે જોયા કરવાની !

બસ, આ જ સાચી ઉદાસીનતા, એટલે કે અનાસક્તિ !

મહાત્મા ગાંધીએ **ગીતાને 'અનાસક્તિ-યોગ'**ના પુસ્તક તરીકે ઘટાવ્યું છે, તે પણ આ જ અર્થમાં !

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૪૩૭)

૪૩૮

विज्ञात आत्मनो यस्य ब्रह्मभावः श्रुतेर्बलात् ।
भवबन्धविनिर्मुक्तः स जीवन्मुक्तलक्षणः ॥४३८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિજ્ઞાત આત્મનો યસ્ય બ્રહ્મભાવઃ શ્રુતેર્બલાત્ ।
ભવબન્ધવિનિર્મુક્તઃ સ જીવન્મુક્તલક્ષણઃ ॥૪૩૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

શ્રુતેઃ બલાત્ યસ્ય આત્મનઃ બ્રહ્મભાવઃ વિજ્ઞાતઃ, ભવબન્ધવિનિર્મુક્તઃ (ચ), સઃ જીવન્મુક્તલક્ષણઃ (ભવતિ) ॥૪૩૮॥

શબ્દાર્થ :

શ્લોકનાં ચોથા ચરણમાં નિર્દેશ્યા પ્રમાણેનું **જીવન્મુક્ત**નું લક્ષણ, બાકીનાં ત્રણ ચરણોમાં, આ રીતે, દર્શાવવામાં આવ્યું છે :

यस्य आत्मनः ब्रह्मभावः विज्ञातः । आत्मनः એટલે પોતાનો, સ્વયંનો, પોતાનાં જીવરૂપનો; विज्ञातः - જણાયો છે, જ્ઞાત થયો છે, જેને પોતાના બ્રહ્મભાવનું જ્ઞાન સાંપડ્યું છે; भव-बन्ध-विनिर्मुक्तः । અને જે, સંસારનાં બંધનોમાંથી મુક્ત થઈ ગયો છે; આ બંને સિદ્ધિઓ તેને શાનાં કારણે પ્રાપ્ત થઈ છે ? - श्रुतेः बलात् । જીવબ્રહ્મનું ઐક્ય દર્શાવતાં શ્રુતિવાક્યોનાં જ્ઞાનનાં બળે, એના પ્રભાવ વડે. તે જ, ખરેખર, **જીવન્મુક્ત**નાં લક્ષણવાળો છે. (૪૩૮)

અનુવાદ :

શ્રુતિજન્ય જ્ઞાનનાં બળે, જેને પોતાનો બ્રહ્મભાવ જાણવા મળ્યો છે અને સંસારનાં બંધનોમાંથી જે મુક્ત થઈ ગયો છે, તે જ, ખરેખર, **જીવન્મુક્ત**નાં લક્ષણવાળો છે. (૪૩૮)

ટિપ્પણ :

જીવ અને બ્રહ્મનું એકત્વ નિરૂપતાં, तत्त्वमसि (तत् त्वं असि ।) જેવાં ઉપનિષદ્-વાક્યોનાં જ્ઞાનના પ્રભાવ વડે, એટલે કે એવાં શ્રુતિવચનોના સ્વાધ્યાય તથા તેના પરનાં ચિંતન-મનનને કારણે, **જીવન્મુક્ત**ની જે પાત્રતા સિદ્ધ થઈ છે, તે પાત્રતાના બે અંશો અહીં દર્શાવવામાં આવ્યાં છે : (૧) પેલાં શ્રુતિવચનોનો તો વિષય જ જીવબ્રહ્મનું ઐક્ય છે, એટલે પોતે બ્રહ્મસ્વરૂપ છે, એવી એને તરત જ પ્રતીતિ થઈ : પોતાની આવી બ્રાહ્મીસ્થિતિમાં તો, પછી, એની સમક્ષ, દેશ-કાળ-વસ્તુના પરિચ્છેદો, મર્યાદાઓ, ભેદો અને દ્વન્દ્વો-દ્વૈતો રહે જ નહીં. (૨) એટલે, સંસારના સર્વ સીમાડાઓ લુપ્ત થઈ જતાં, એની બ્રાહ્મી-દૃષ્ટિમાં, ન રહે સંસાર ને ન રહે એનાં કશાં બંધનો !

હકીકતમાં તો, પહેલી પાત્રતામાંથી જ તેને આ બીજી પાત્રતાની સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, એટલે **જીવન્મુક્ત** તરીકેનાં લક્ષણની તેની સિદ્ધિનાં મૂળમાં તો, શ્રુતિવચનોનાં જ્ઞાન-ધ્યાન-ચિંતન-મનન જ છે, એ સ્વીકારવું રહ્યું ! પોતાનાં બ્રહ્મીભવનની પ્રતીતિ એ જ કે પોતાની અંદર જે આત્મા છે, તે જ બહાર સર્વત્ર છે ! અને આ જ પ્રતીતિ તેને એક બીજી શ્રેયસ્કર અનુભૂતિ આપે છે કે જે મૂળ અધિષ્ઠાન(Matrix)ના મંચ પર સમગ્ર બ્રહ્માંડની સઘળી લીલા-ક્રીડાઓ ચાલી રહી છે, તેનાં કેન્દ્રમાં તે પોતે જ છે ! અને આ અનુભૂતિ તો તેને પોતાનાં સાધના-જીવનની ધન્યતા-કૃતાર્થતાની અ-પાર્થિવ અનુભૂતિ આપે છે !

શ્લોકમાંના विज्ञातः-શબ્દનો સંકેત એ જ કે શ્રુતિ-જ્ઞાનના પ્રભાવથી એનાં મૂળ (Primordial) અજ્ઞાનનો નાશ થયો છે.

સંસારનાં બંધનોમાંથી સાચો "વિનિર્મુક્ત" તો એ જ, જે પોતાની સકળ અવિદ્યા અને ભ્રાન્તિમાંથી મુક્ત થઈ ગયો હોય :

सकल-अविद्या-भ्रान्तिनिर्मुक्तः स एव भव-बन्ध-विनिर्मुक्तः ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૮)

૪૩૯

देहेन्द्रियेष्वहंभाव इदंभावस्तदन्यके ।
यस्य नो भवतः क्वापि स जीवन्मुक्त इष्यते ॥४३९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહેન્દ્રિયેષ્વહંભાવ ઈદંભાવસ્તદન્યકે ।
યસ્ય નો ભવતઃ ક્વાપિ સ જીવન્મુક્ત ઈષ્યતે ॥૪૩૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यस्य (साधकस्य) देह-इन्द्रियेषु अहंभावः, तद्-अन्यके (च) क्व-अपि इदंभावः नो (न-उ) भवतः, सः जीवन्मुक्तः इष्यते ॥४३९॥

શબ્દાર્થ :

देह-इन्द्रियेषु अहंभावः । સામાન્ય રીતે, મનુષ્યનો, પોતાનાં દેહ-ઈન્દ્રિયો-મન-પ્રાણ-બુદ્ધિ વગેરે વિશેનો અભિગમ, - "એ સર્વ હું છું", અથવા "એ બધાં મારાં છે", - એ પ્રકારનો હોય છે. વેદાન્ત-વિદ્યામાં, આને **"અહં"**ભાવ કહેવામાં આવે છે, કારણ કે સંસ્કૃતભાષામાં "હું"માટેનો શબ્દ અહમ્ છે.

तद्-अन्यके (च) इदं-भावः । तद्-અન્યક એટલે તે-સર્વથી બીજું, વ્યતિરિક્ત, તે-સર્વ સિવાયનું; આ સર્વ માટેનો શબ્દ છે, - **"ઈદં"**ભાવ, કારણ કે સંસ્કૃત ભાષામાં **'આ'** એ સર્વનામ માટેનો શબ્દ છે - इदम्.

જે સાધકને, **'અહં'**ભાવ અને **'ઈદં'**ભાવ જેવા કોઈ ભાવો મનમાં હોતા નથી, ઉદ્ભવતા નથી (न + उ भवतः ।), તે **જીવન્મુક્ત** કહેવાય છે.

क्व अपि એટલે ક્યાંય પણ, કોઈ પણ સ્થળ-કાળ-વ્યક્તિ-વસ્તુ વિશે પણ. (૪૩૯)

અનુવાદ :

જેને દેહ તથા ઇન્દ્રિયોમાં "અહં"ભાવ અને તેનાથી અન્ય કોઈ પણ વસ્તુમાં ક્યાંય પણ "ઇદં"ભાવ થતો નથી, તે **જીવન્મુક્ત** કહેવાય છે. (૪૩૯)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં ઉલ્લિખિત **ભવબન્ધ-વિનિર્મુક્તિ**-ને અહીં વિશેષ સ્પષ્ટતાપૂર્વક સમજાવવામાં આવી છે.

મનુષ્ય જ્યારે પોતાના દેહ વિશે, મનમાં કશું વિચારે છે ત્યારે, 'હું જાડો છું', 'હું ઠીંગણો છું', 'હું બ્રાહ્મણ છું', 'વાનમાં હું ઊજળો છું', - એવાં વચનો એને દેહ વિશે સૂઝે છે. એ જ પ્રમાણે, તે જ્યારે પોતાની ઇન્દ્રિયો વિશે મનમાં કશું વિચારે છે ત્યારે, 'હું કાને બહેરો છું', 'આંખે હું આંધળો છું', 'પગે હું લંગડો છું', - જેવાં વાક્યો એને ઇન્દ્રિયો વિશે સૂઝે છે. આવાં સર્વ વચનોમાં, તે, પોતાના દેહ અને ઇન્દ્રિયો માટે, પહેલો પુરુષ એકવચનનું સર્વનામ **"હું"** (અહમ્) પ્રયોજે છે અને આવો ભાવ એટલે **"અહં"**ભાવ.

એ જ રીતે, પોતાનાં સિવાયનાં, સંસારમાંનાં પોતાનાં સ્વજનો વિશે અથવા પોતાની સાથે સંકળાયેલી વસ્તુઓ વિશે, વિચારે છે ત્યારે, 'આ પુત્ર છે', 'આ મિત્ર છે', 'આ મકાન છે', 'આ વસ્ત્ર છે', 'આ ઘડો છે', - એવાં વાક્યો તે પ્રયોજે છે, - જેમાં તે સર્વ માટે તે ત્રીજો પુરુષ એકવચનનું સર્વનામ **'આ'** (ઇદમ્) પ્રયોજે છે; અને આવો ભાવ એટલે **"ઇદં"**ભાવ.

પરંતુ, ગયા શ્લોકમાં, શ્રુતિનાં જ્ઞાનના પ્રભાવ વડે, સાધક તો 'બ્રહ્મભાવ' પામી ચૂક્યો છે, તેથી સમગ્ર બ્રહ્માંડમાં, તેના માટે, બ્રહ્મ સિવાય અન્ય કશું રહેતું જ નથી; સર્વાત્મદર્શન પ્રાપ્ત કરનાર તેને સર્વત્ર હવે બ્રહ્મ જ દેખાય છે, "બ્રહ્મ તે જ હું" (**अहं ब्रह्म अस्मि** ।), - એવી પ્રતીતિ ધરાવનાર તેને હવે દેહ-ઇન્દ્રિયો જ રહેતાં નથી, તો પછી અન્ય કોઈ-કશું તો રહે જ શાનું !

આમ, એને ક્યાંય (क्व अपि) **'અહંભાવ'** કે **'ઇદંભાવ'** રહેતા જ નથી : આવા સઘળા પરિચ્છિન્ન ભાવો જેના લુપ્ત થઈ ગયા હોય, તે જ **જીવન્મુક્ત** !

"હું" અને **"આ"**, - એની દૃષ્ટિએ, એકસરખાં **"અ-બ્રહ્મ"** !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૩૯)

૪૪૦

न प्रत्यग्-ब्रह्मणोर्भेदं कदापि ब्रह्मसर्गयोः ।
प्रज्ञया यो विजानाति स जीवन्मुक्त इष्यते ॥४४०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન પ્રત્યગ્-બ્રહ્મણોર્ભેદં કદાપિ બ્રહ્મસર્ગયોઃ ।
પ્રજ્ઞયા યો વિજાનાતિ સ જીવન્મુક્ત ઈષ્યતે ॥૪૪૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યઃ પ્રત્યક્-બ્રહ્મણોઃ બ્રહ્મ-સર્ગયોઃ ચ ભેદં, પ્રજ્ઞયા, કદા અપિ ન વિજાનાતિ, સઃ જીવન્મુક્તઃ ઇષ્યતે ॥૪૪૦॥

શબ્દાર્થ :

શ્લોકનાં પ્રથમ બે ચરણોમાં જીવન્મુક્તનું લક્ષણ આ પ્રમાણે દર્શાવવામાં આવ્યું છે :

યઃ કદા અપિ ભેદં ન વિજાનાતિ । જે (મનુષ્ય) ક્યારેય પણ, કદિયે, ભેદને જાણતો નથી, સમજતો નથી. કઈ બે વસ્તુઓ વચ્ચેના ભેદની અહીં વાત છે ? - આ બે વચ્ચેના : (૧) પ્રત્યગ્-બ્રહ્મણોઃ । પ્રત્યક્ એટલે પોતાનો આત્મા, જીવાત્મા; - એટલે, જીવ અને બ્રહ્મ વચ્ચેનો ભેદ; અને (૨) બ્રહ્મસર્ગયોઃ । સર્ગ એટલે સંસાર, સૃષ્ટિ, સર્જન; 'સૃષ્ટિ'ને એટલા માટે 'સર્ગ' કહેવામાં આવે છે કે તેનું સર્જન (Creation) કરવામાં આવ્યું છે : સૃજ્યતે ઇતિ સર્ગઃ । એટલે, બ્રહ્મમાં અને સંસારમાં.

આવી સમજણ, સિદ્ધિ તે શાને લીધે મેળવે છે ? - પ્રજ્ઞયા । પ્રજ્ઞા એટલે વિવેક-સભર બુદ્ધિ, તત્ત્વગ્રાહિણી બુદ્ધિ. આવી બુદ્ધિની સહાય વડે તેને, ઉપર્યુક્ત બંને વચ્ચે, ક્યાંય ભેદ દેખાતો નથી. (૪૪૦)

અનુવાદ :

જીવ અને બ્રહ્મમાં, (કે) બ્રહ્મ અને સંસારમાં, જે પોતાની પ્રજ્ઞાને લીધે, ક્યારેય પણ (કશો પણ) ભેદ સમજતો નથી, તે જીવન્મુક્ત કહેવાય છે. (૪૪૦)

ટિપ્પણ :

આ ગ્રંથમાંનો તે સાધક ગીતામાંનો **'સ્થિતપ્રજ્ઞ'** છે અને તે બંનેની આવી વિરલ સિદ્ધિના પાયામાં, આધારશિલા તરીકે, તેમની **'પ્રજ્ઞા'** છે; અને આપણે આ પહેલાં જોયું છે તેમ, આ **પ્રજ્ઞા** કંઈ કોઈ સામાન્ય પ્રકારની બુદ્ધિ નથી, - એ વાત તો એ શબ્દની વ્યુત્પત્તિમાંથી જ ઉપસી આવે છે : પ્રકર્ષેણ જ્ઞાયતે યયા સા પ્રજ્ઞા । **પ્રકર્ષ** એટલે સર્વોચ્ચતા, સર્વશ્રેષ્ઠતા, સર્વોત્તમપણું (Excellence, Eminence, Superiority), જેના વડે આવું સર્વોત્તમ જ્ઞાન મેળવી શકાય, તેવી બુદ્ધિ

એટલે **પ્રજ્ઞા**. વળી, આ બુદ્ધિમાં **વિવેકશક્તિ** (Discretion) અને તત્ત્વને, એટલે કે કોઈ પણ વસ્તુનાં હાર્દ(Essence)ને ગ્રહણ કરવાની શક્તિ પણ સમાવિષ્ટ હોય છે; તેથી આવો પ્રજ્ઞાવાન મનુષ્ય, સર્વ પ્રકારની ઉપાધિઓથી મુક્ત થઈને, મૂળ-અધિષ્ઠાન-સમાં નિરુપાધિક બ્રહ્મનું જ, સર્વત્ર દર્શન કરે છે. એનાં આવાં સર્વાત્મદર્શનમાં, ક્યાંય પણ કદિયે કોઈ ભેદને અવકાશ હોય જ નહીં.

અને જીવ-બ્રહ્મ તથા બ્રહ્મ-સંસાર વચ્ચેના અભેદનું જ્ઞાન તો તેને વેદોનાં મહાવાક્યો અને **ઉપનિષદો**નાં શ્રુતિવચનોનાં અધ્યયન-ચિંતન-મનનમાંથી જ પ્રાપ્ત થઈ ગયું હોય છે.

શ્લોકનાં તાત્પર્યાર્થનું સમર્થન, નીચેનાં શ્રુતિવચનો સુપેરે કરે છે :

(૧) **બ્રહ્મૈવેદં સર્વમ્** (બ્રહ્મ એવ ઇદં સર્વમ્) । "આ સર્વ બ્રહ્મ જ છે." મુંડક-ઉપનિષદ.

(૨) **યત્ર તુ અસ્ય સર્વં આત્મા એવ અભૂત્, તત્ કેન કં પશ્યેત્ ?** । બૃહદારણ્યક-ઉપનિષદ ("પરંતુ જ્યાં આના માટે બધું આત્મા જ બની ગયું, ત્યાં પછી કોણ, કોને, કોના વડે જુએ ?")

અને **શ્રુતિ**ની જેમ **સ્મૃતિ** પણ આવું જ સમર્થન કરે છે :

વિભેદજનકેઽજ્ઞાને નાશમાત્યન્તિકં ગતે ।
આત્મનો બ્રહ્મણો ભેદં અસન્તં કઃ કરિષ્યતિ ? ॥ (મનુસ્મૃતિ)

("ભેદનું જનક એવું અજ્ઞાન જ્યાં પૂરેપૂરું નાશ પામી ગયું હોય, ત્યાં પછી, જે અસ્તિત્વ જ ધરાવતાં નથી એવાં, જીવ-બ્રહ્મ વચ્ચેના ભેદનો વિચાર કોણ કરે ?")

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૪૦)

૪૪૧

साधुभिः पूज्यमानेऽस्मिन् पीड्यमानेऽपि दुर्जनैः ।
समभावो भवेद्यस्य स जीवन्मुक्त इष्यते ॥४४१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સાધુભિઃ પૂજ્યમાનેઽસ્મિન્ પીડ્યમાનેઽપિ દુર્જનૈઃ ।
સમભાવો ભવેદ્યસ્ય સ જીવન્મુક્ત ઈષ્યતે ॥૪૪૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અસ્મિન્ (શરીરે) સાધુભિઃ પૂજ્યમાને, દુર્જનૈઃ (ચ) પીડ્યમાને અપિ,

यस्य (सर्वेषु तेषु) समभावः भवेत्, सः जीवन्मुक्तः इष्यते ॥४४१॥

શબ્દાર્થ :

શ્લોકનાં ચોથાં ચરણમાં નિર્દિષ્ટ **જીવન્મુક્ત**નાં લક્ષણને, અહીં પણ પ્રથમ ત્રણ ચરણમાં, આ પ્રમાણે દર્શાવવામાં આવ્યું છે :

यस्य समभावः भवेत् सः जीवन्मुक्तः इष्यते । સમભાવ એટલે સમાન, એકસરખો ભાવ. જેનો સમભાવ ટકી રહે, જે પોતાના મૂળ સમભાવને જાળવી રાખે; જે સમાન ભાવ રાખે, - તે **જીવન્મુક્ત** કહેવાય છે. આ 'સમભાવ' કોના પ્રત્યે રાખવાની વાત છે અને ક્યારે ? - अस्मिन् शरीरे साधुभिः पूज्यमाने, दुर्जनैः च पीड्यमाने अपि, - तेषु सर्वेषु । - સજ્જનો આ શરીરની પૂજા કરે અને દુર્જનો એ જ શરીરને પીડે ત્યારે, તો પણ, તે બંને પ્રકારનાં, - સજ્જનો તથા દુર્જનો, - માણસો પ્રત્યે, સમાન ભાવ રાખે. પૂજ્યમાને (पूज् - ધાતુનું કર્મણિ વર્તમાન-કૃદન્તનું રૂપ)- પૂજવામાં આવતો હોય; અને પીડ્યમાને - એ પણ पीड् - ધાતુનું એવું જ રૂપ. પીડવામાં આવતો હોય ત્યારે.

આ રીતે, શ્લોકની પ્રથમ પંક્તિમાં, સમય-દર્શક **'सति-सप्तमी'** વાક્યરચના છે. (૪૪૧)

અનુવાદ :

આ (શરીર) સજ્જનો વડે પૂજાય કે દુર્જનો વડે પીડાય, છતાં પણ જે (આવાં સર્વ માણસો પ્રત્યે) સમાન ભાવ રાખે, તે **જીવન્મુક્ત** કહેવાય છે. (૪૪૧)

ટિપ્પણ :

સમાપ્તિ તરફ ગતિ કરી રહેલાં **જીવન્મુક્ત**-લક્ષણનાં નિરૂપણમાં, અહીં, તેનાં વ્યક્તિત્વનાં એક અત્યંત દુર્લભ, સુ-વિરલ અને લગભગ અનન્ય (Unique) કહી શકાય એવાં પાસાંનું નિદર્શન કરાવવામાં આવ્યું છે.

મનુષ્યસહજ વૃત્તિ પ્રમાણે, માણસને, પોતાને કોઈ 'પૂજે' તે ગમે છે, 'પીડે' તે નથી ગમતું; એ જ પ્રમાણે, પ્રશંસા ગમે છે, નિંદા નથી ગમતી; સુખ ગમે છે દુઃખ નથી ગમતું; લાભ ગમે છે, ગેરલાભ નથી ગમતો; જય ગમે છે, પરાજય નથી ગમતો અને છતાં આ સંસારમાં (अस्मिन् संसारे) અથવા આ શરીરની બાબતમ (अस्मिन् शरीरे), આવી સર્વ સારી-નરસી, અનુકૂળ-પ્રતિકૂળ, ગમતી-અણગમતી, ટૂંકમાં, પરસ્પર-વિરોધી એવી પરિસ્થિતિઓ, - સર્જાતી જ રહે છે અને સામાન્ય મનુષ્યનાં મનમાં, આવી ઘટનાઓ પરત્વે, ઘટનાઓ પ્રમાણે, સારા અને નરસા બંને પ્રકારના ભાવો ઉદ્‌ભવે છે. એ ભાવ કદી સમાન કે એકસરખો (समभावः

હોતો નથી.

પરંતુ **જીવન્મુક્ત** ? એ તો રહ્યો સર્વાત્મદર્શન અને સમત્વદર્શનનો એકનિષ્ઠ ઉપાસક ! એનાં તો સમગ્ર અસ્તિત્વનું બ્રહ્મીભવન જ થઈ ગયું હોય છે. એની બ્રહ્મમયતામાં, બ્રહ્માંડની સર્વ વિષમતાઓનો, સંપૂર્ણ વિલય થઈ ગયો હોય છે : એની આ બ્રાહ્મીસ્થિતિમાં તો હોય છે, સર્વત્ર, - બસ, બ્રહ્મભાવ, સમભાવ, સમાનભાવ, સમતા, સામ્યભાવ !

આવા **જીવન્મુક્ત** સમક્ષ, પાઈ, પૂંજા શું ને પીડા શું ? પ્રશંસા શું ને નિંદા શું ? સુખ-દુઃખ શાં ? લાભ-ગેરલાભ શા ? જય-પરાજય શા ? સારું-નરસું શું ? અનુકૂળ-પ્રતિકૂળ શું ? ગમા-અણગમા શા ? હર્ષ-દ્વેષ શા ? શોક-કાંક્ષા શા ? શુભ-અશુભ શાં ? શત્રુ-મિત્ર શા ? માન-અપમાન શાં ? શીત-ઉષ્ણ શાં ? સંગ-અસંગ શા ?

આવી યાદી (List) તો ઘણી લાંબી ચાલે : સારાંશ માત્ર એટલો જ કે આવાં દ્વન્દ્વો અને દ્વૈતો, એનાં બ્રહ્માકાર થઈ ગયેલાં વિશ્વમાં, ક્યાંય, અસ્તિત્વ જ ધરાવતાં નથી : ભગવાન શ્રીકૃષ્ણને જે ભક્ત સૌથી પ્રિય છે, તેનાં લક્ષણોની આ એક આછી ઝલક, ગીતામાં, ભગવાને પોતે, રજૂ કરી છે, તે ભક્ત એટલે જ આ **જીવન્મુક્ત** :

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः संगविवर्जितः ॥
तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान् मे प्रियो नरः ॥

(૧૨,૧૭-૧૮-૧૯)

("જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી, આકાંક્ષા રાખતો નથી, તેવો, - શુભ-અશુભનો ત્યાગ કરનાર, - ભક્ત મને પ્રિય છે. વળી, જે શત્રુ કે મિત્ર પ્રત્યે, માન કે અપમાનમાં, તથા ઠંડી-ગરમી, સુખદુઃખમાં સમાનભાવવાળો અને સંગ-રહિત હોય; નિંદા-સ્તુતિને સરખાં સમજે, મૌનવ્રતધારી હોય, જે-કંઈ આવી મળે તેનાથી સંતોષી રહેનાર, જેનું કોઈ નિશ્ચિત સ્થાન નથી, એવો અને સ્થિર બુદ્ધિવાળો હોય, તે ભક્તિમાન મનુષ્ય મને પ્રિય છે.")

અને **શ્રીમદ્ ભાગવતમાંનાં ઋષભદેવ અને જડભરતનાં ચરિત્રો પણ**, અહીંના

જીવન્મુક્તે ચરિતાર્થ કરેલા "**સમભાવ**"નું એવું જ સમર્થન કરે છે : (૫, ૩-૬; અને ૫, ૭-૧૧)

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૪૧)

૪૪૨

यत्र प्रविष्टा विषयाः परेरिता
नदीप्रवाहा इव वारिराशौ ।
लिनन्ति सन्मात्रतया न विक्रिया-
-मुत्पादयन्त्येष यतिर्विमुक्तः ॥४४२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यत्र प्रविष्टा विषयाः परेरिता
नदीप्रवाहा ईव वारिराशौ ।
लिनन्ति सन्मात्रतया न विक्रिया-
-मुत्पादयन्त्येष यतिर्विमुक्तः ॥४४२॥

શ્લોકનો ગદ્ય અન્વય :

वारिराशौ प्रविष्टाः नदीप्रवाहाः इव यत्र परेरिताः (पर + ईरिताः) विक्रियां न उत्पादयन्ति, सन्मात्रतया (तु) (एव) लिनन्ति, एषः यतिः विमुक्तः (अस्ति) ॥४४२॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : एषः यतिः विमुक्तः (अस्ति) । यति એટલે જે નિષ્ઠાપૂર્વક યત્ન કરીને પોતાના સંયમને જાળવી રાખે છે, તે, સંયમી, યોગી : આવો સંયમી પુરુષ જ 'વિમુક્ત' (એટલે કે વિશેષ પ્રકારે) મુક્ત છે, એટલે કે **જીવન્મુક્ત** છે. આવા યતિની વિશિષ્ટતા શી છે ? - यत्र विषयाः विक्रिया न उत्पादयन्ति । **વિક્રિયા** એટલે વિકાર; જ્યાં, જેનામાં વિષયો, ભોગો કશા વિકારો ઉત્પન્ન કરી શકતા નથી. આ વિષયો ક્યાંથી આવેલા છે ? - परेरिताः (पर + ईरिताः) । અન્ય વ્યક્તિઓએ અર્પેલા, બીજાઓ દ્વારા પ્રેરાયેલા, અપાયેલા; તો પછી આવા વિષયોનું શું થાય છે ? - सन्मात्रतया (तु, एव) लिनन्ति । लिनन्ति એટલે લય પામે છે, લીન થઈ જાય છે, જેનું અસ્તિત્વ રહેતું નથી. એવું શાને લીધે બને છે ? -

सन्मात्रतया एव । सत् એટલે સત્સ્વરૂપ, બ્રહ્મરૂપ; તેનામાં સર્વ-કાંઈ બ્રહ્મમાત્ર હોવાથી.

યતિ-બાબતની આ પ્રક્રિયા કોના જેવી છે ? - वारिराशौ प्रविष्टाः नदीप्रवाहाः इव । वारि એટલે જળ, અને राशि એટલે સમૂહ, - वारिराशि એટલે સમુદ્ર. તેમાં પ્રવેશેલા નદીઓના પ્રવાહોની જેમ, એ સઘળા પ્રવાહો જેમ સમુદ્રરૂપ બની જાય છે, તેમ. (૪૪૨)

અનુવાદ :

સમુદ્રમાં પ્રવેશેલા નદીપ્રવાહોની જેમ, બીજાઓ દ્વારા અર્પવામાં આવેલા વિષયો જેનામાં વિકાર ઉત્પન્ન કરી શકતા નથી, પરંતુ જ્યાં સર્વ-કાંઈ માત્ર બ્રહ્મરૂપે જ હોવાથી, (બ્રહ્મરૂપે જ) લય પામી જાય છે, તેવો આ યોગી જ વિમુક્ત છે. (૪૪૨)

ટિપ્પણ :

ગયા શ્લોકનાં ટિપ્પણમાં, આપણે આ પહેલાં જેમ નિરીક્ષણ કર્યું હતું તેમ, **જીવન્મુક્ત** તો એક આદર્શ (Ideal), પૂર્ણ (Perfect) અને પોતે જ બ્રહ્મસ્વરૂપ બની ગયેલો (A Man of Realisation) મનુષ્ય છે, સર્વ-સદ્‌ગુણ-સંપન્ન એક સુ-વિરલ મહાપુરુષ છે; એની સાત્ત્વિક સંપત્તિ તો અઢળક અને અખૂટ છે; એટલે એનાં લક્ષણોનું વર્ણન-વિમર્શન પણ એવું જ અનંત બની રહે !

આચાર્યશ્રીના ખ્યાલમાં આ હકીકત તો હોય જ; તેથી, હવે, **જીવન્મુક્ત**નાં સમગ્ર વ્યક્તિત્વનો **'અર્ક'** (Essence) જેમાં આવી જતો હોય એવું એક અંતિમ લક્ષણ નિરૂપીને, તેઓશ્રી, અહીં, આ પ્રકરણનું સમાપન કરે છે.

જીવન્મુક્ત પોતે તો આત્મજ્ઞાની, યતિ, સંયમી અને સંન્યાસી છે, એટલે સ્વ-પ્રેરિત અને સ્વ-સેવિત વિષયોનો તો કોઈ સવાલ જ, તેની બાબતમાં, ઉદ્‌ભવતો નથી; પરંતુ તે પણ, અંતે તો, આ સંસારમાં જ રહે છે અને જીવે છે; તેથી તેની આસપાસનાં માણસો તરફથી, તેને ખ્યાલ જ ન રહે તેવી રીતે, વિષયો-ભોગો તેના પર, બહારથી, લાદવામાં (Impose) આવે (परेरिताः), એવી પરિસ્થિતિને નકારી શકાય નહીં. આવી પરિસ્થિતિમાં, પેલા વિષયોનું ભાવિ (Fate) કેવું કરુણ અને કમનસીબ હોય છે, એનું એક સંક્ષિપ્ત છતાં સારગર્ભ શબ્દચિત્ર, આચાર્યશ્રી, આ શ્લોકમાં, આ પ્રમાણે, આલેખે છે :

(૧) **પહેલું** તો એ કે પેલા વિષયો, સ્વાભાવિક રીતે પોતે સેવેલી આશા-અપેક્ષાની બાબતમાં, સંપૂર્ણરીતે નિષ્ફળ નીવડે છે, વિકારો ઉત્પન્ન કરવાની એમની કુશળતા કુંઠિત થઈ જાય છે ! (न विक्रियां उत्पादयन्ति ।)

(૨) પરંતુ ના, વાત આટલેથી જ અટકતી નથી : પરાજિત થયેલા આ **'વિષય'**-લશ્કરને હેમખેમ પાછાં જવાનું 'સદ્‌ભાગ્ય' પણ સાંપડતું નથી ! અહીં, આવા પવિત્ર મનુષ્ય પાસે આવ્યા પછી, તેમને તો તેનાં રંગે જ રંગાઈ જવું પડે છે ! અહીં તો સઘળું માત્ર બ્રહ્મરૂપ-સત્સ્વરૂપ જ હોવાથી, તેથી, આ બધા વિષયોને (બિચારાને !) એ બ્રહ્મ-સ્વરૂપમાં જ લીન થઈ જવું પડે છે ! એમનાં અસ્તિત્વનો અહીં જ 'લય' થઈ જાય છે !

આ જ સાચો 'જાદુ' (Magic), સત્સંગના પ્રભાવનો ! 'દુર્ગુણ' ગયો હતો, 'સદ્‌ગુણ'ને પોતાના રંગે રંગવા, પરંતુ 'ચમત્કાર' એ થયો કે 'દુર્ગુણ'(Vice)ને જ 'સદ્‌ગુણ'(Virtue)-સ્વરૂપ બની રહેવું પડ્યું !

પણ **જીવન્મુક્ત**ના પ્રભાવનો સાચો 'પરચો' (પરિચય) તો, આપણને, મળે છે, - આચાર્યશ્રીએ યોજેલી ઉપમામાં : હજારો નદીઓ, સમુદ્રમાં પ્રવેશીને, લાખો-કરોડો 'ગેલન' પોતાનું પાણી, રોજ, સમુદ્રમાં ભેળવે છે, પણ સમુદ્ર એટલે સમુદ્ર ! એની જળસપાટી એક 'સેન્ટીમીટર' જેટલી પણ આ બધાં જળને કારણે, ઊંચે આવતી નથી ! અને એ જ રીતે, દુકાળના સમયમાં, નદીઓ સુકાઈ જાય અને સમુદ્રને એમના જળપ્રવાહોનું એક ટીપું પણ ન મળવા પામે, ત્યારે પણ સમુદ્રનાં પાણી, આ કારણે કિનારાથી દૂર, અંદર, પાછાં ચાલ્યાં જાય, એવું પણ નથી બનતું ! એના ભરતી-ઓટને, આ નદીપ્રવાહોનાં જળ સાથે કશો જ સંબંધ નથી ! એ તો, હંમેશાં, પોતે, પોતાના વડે જ, પોતાનાંમાં સભર હોય છે !

'સ્થિતપ્રજ્ઞ'-લક્ષણનાં વર્ણનમાં, ગીતામાં, સમુદ્રની સ્વયં-સભરતાનું ચિત્ર આ પ્રમાણે આપવામાં આવ્યું છે, તે, આ સંદર્ભમાં, સ્મરણમાં રાખવા જેવું છે :

आपूर्यमाणं अचलप्रतिष्ठं समुद्रं आपः प्रविशन्ति यद्-वत् ।
तद्-वत् कामाः यं प्रविशन्ति सर्वे सः शान्तिं आप्नोति न कामकामी ॥
(૨, ૭૦)

("ચારેય બાજુથી ભરાતા, (છતાં) અચળ સ્થિતિવાળા સમુદ્રમાં જેમ પાણી પ્રવેશે છે, તેમ સર્વ વિષયો જેમાં વિકાર ઉત્પન્ન કર્યા વિના પ્રવેશે, તે શાંતિ પામે છે, નહીં કે કામની ઇચ્છા કરનારો !")

આવા 'ચમત્કાર'નાં કારણ માટેનો શબ્દ, શ્લોકમાં, છે : सन्मात्रतया । પેલા વિષયો અને નદીપ્રવાહોના પ્રયાસો, તલવાર વડે આકાશને કાપવા જેવા, નિરર્થક અને હાસ્યાસ્પદ છે, નીવડે છે !

હવે, જ્યારે આ **જીવન્મુક્ત-લક્ષણ-પ્રકરણ** સમાપ્ત થાય છે ત્યારે, એના ઉપસંહાર-રૂપે, આવા થોડા મુદ્દા એમાંથી આપોઆપ ઉપસી આવે છે :

(૧) એક વાત નિશ્ચિત છે કે આ નિરૂપણની પશ્ચાદ્-ભૂમાં, ગીતામાંનાં **'સ્થિતપ્રજ્ઞ'**-લક્ષણો (૨, ૫૪-૭૨) આચાર્યશ્રીનાં મનશ્ચક્ષુ સમક્ષ છે, અને છતાં આ નિરૂપણમાં આચાર્યશ્રીની સ્વકીય મૌલિકતા, આદિથી અંત સુધી, સ્પષ્ટ વરતાય છે : આમાં જ આચાર્યશ્રીની નિજી-સ્વતંત્ર પ્રતિભા રહેલી છે.

(૨) **બીજું**, અન્યનું મૂલ્યાંકન કરવા માટે કે અન્ય વિશે કશો નિર્ણય (Judge) કરવા માટે, આ શ્લોકોનો ઉપયોગ કરી શકાય નહીં; કારણ કે એમાં બને એવું કે આપણી પોતાની મર્યાદિત મનોબુદ્ધિશક્તિ પ્રમાણે એમ કરવા જતાં, આપણે જે કંઈ અન્યમાં જોઈએ, તેમાંનું કશું ત્યાં હોય જ નહીં ! હકીકતમાં, આ શ્લોકોની સાચી ફલશ્રુતિ તો રહી છે, **'આત્મનિરીક્ષણ'**માં !

(૩) અને **ત્રીજું**, ભારતીય ચિંતકોએ, નીચે પ્રમાણે, ત્રણને, વિશ્વના આદર્શ મનુષ્યો તરીકે પ્રમાણ્યા છે : નરસૈયાનો **"વૈષ્ણવજન"**, ગીતાનો **"સ્થિતપ્રજ્ઞ"** અને પ્લેટો(Plato)નો **"ફિલોસોફર"** (તેના Republic-ગ્રંથ પ્રમાણે).

'આદર્શ મનુષ્ય'(Ideal Man)ની આવી સર્વોત્તમ અને સમુજ્જ્વલ શ્રેણીમાં **'જીવન્મુક્ત'**ને નિઃસંકોચ સમાવિષ્ટ કરી શકાય.

શ્લોકનો **છંદ : ઉપજાતિ** (૪૪૨)

૪૪૩

विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः ।
अस्ति चेन्न स विज्ञातब्रह्मभावो बहिर्मुखः ॥४४३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિજ્ઞાતબ્રહ્મતત્ત્વસ્ય યથાપૂર્વં ન સંસૃતિઃ ।
અસ્તિ ચેન્ન સ વિજ્ઞાતબ્રહ્મભાવો બહિર્મુખઃ ॥૪૪૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિજ્ઞાતબ્રહ્મતત્ત્વસ્ય (મનુષ્યસ્ય) યથાપૂર્વં સંસૃતિઃ ન (અસ્તિ) । સા (સંસૃતિઃ) અસ્તિ ચેત્, સઃ બહિર્મુખઃ (અસ્તિ), વિજ્ઞાતબ્રહ્મભાવઃ ન (અસ્તિ) ॥૪૪૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : વિજ્ઞાતબ્રહ્મતત્ત્વસ્ય (મનુષ્યસ્ય) યથાપૂર્વં સંસૃતિઃ ન અસ્તિ । વિજ્ઞાતબ્રહ્મતત્ત્વ એટલે એવો મનુષ્ય, જેણે બ્રહ્મતત્ત્વને યથાર્થરીતે, યથાર્થરૂપે જાણ્યું

છે. यथापूर्वं એટલે પહેલાંની જેમ; संसृतिः એટલે સંસાર, સંસારીપણું, સંસાર-વ્યવહાર, સંસાર પ્રત્યેનો અભિગમ. આવા મનુષ્યને સંસાર પ્રત્યે પહેલાંની જેમ અભિગમ રહેતો નથી.

પરંતુ જો આવો સંસાર-અભિગમ રહે તો ? - (सा) संसृतिः अस्ति चेत् । चेत् એટલે જો (If). "તો" શું ? सः बहिर्मुखः (अस्ति) । - તો તે બહિર્મુખ છે; એટલું જ નહીં પણ सः विज्ञातब्रह्मभावः न (अस्ति) । - તેણે બ્રહ્મતત્ત્વને જાણ્યું નથી, બ્રહ્મભાવને તે પામ્યો નથી. (૪૪૩)

અનુવાદ :

જેણે બ્રહ્મતત્ત્વને યથાર્થપણે જાણ્યું છે, તેના માટે, પહેલાંની જેમ, સંસારીપણું રહેતું નથી. પરંતુ જો તે (એટલે કે તેનું સંસારીપણું) રહે તો, તે બહિર્મુખ છે અને તેણે બ્રહ્મભાવને જાણ્યો નથી. (૪૪૩)

ટિપ્પણ :

બ્રહ્મતત્ત્વનું સાચું યથાર્થ જ્ઞાન કોને કહેવાય અને એવાં જ્ઞાનની કસોટી શી ? - એની આ શ્લોકમાં ચર્ચા કરવામાં આવી છે.

પહેલી વાત તો એ કે આ જ્ઞાન (વિજ્ઞાન) એટલે બ્રહ્મતત્ત્વની અ-પરોક્ષ, સાક્ષાત્-પ્રત્યક્ષ અનુભૂતિ(Experience) : સર્વત્ર અભેદ-દર્શન, અદ્વૈત-દર્શન; હકીકતમાં તો, અનુભૂતિ જ નહીં, તે પોતે જ બ્રહ્મસ્વરૂપ બની જાય છે : ब्रह्मविद् ब्रह्म एव भवति । અને આમ જો તે ખરેખર બ્રહ્મ જ થઈ જાય તો, તેની આવી બ્રાહ્મી દૃષ્ટિમાં, બ્રહ્મથી ભિન્ન કશું જ તેને દેખાય જ નહીં; અને જો કદાચ સંસાર તેને દેખાય તો પણ, તે સંસાર પણ તેને સંસાર-સ્વરૂપ નહીં પરંતુ, બ્રહ્મમય-સ્વરૂપે જ દેખાય !

એટલે જ કહેવાયું છે કે 'જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ !' જેની સર્વાત્મદૃષ્ટિ છે, તેને સમગ્ર બ્રહ્માંડમાં સઘળું આત્મમય જ દેખાય ! માયામય દૃષ્ટિવાળાને સર્વત્ર માયામય જ દેખાય અને મિથ્યાદૃષ્ટિવાળો તો મિથ્યાનું જ દર્શન કરે !

મૂળ વાત છે, બ્રહ્મતત્ત્વનાં યથાર્થજ્ઞાનની, વિજ્ઞાનની, એટલે કે બ્રહ્મમય બની જવાની. એટલે, બ્રહ્મતત્ત્વની આવી અ-પરોક્ષાનુભૂતિનો દાવો કરનાર કોઈ મનુષ્યનો સંસાર પ્રત્યેનો અભિગમ, પહેલાંની જેમ, એટલે કે તેની બ્રહ્મતત્ત્વવિજ્ઞાન-પ્રાપ્તિ પહેલાંની જેમ, ચાલુ રહે, જો તે સંસાર-અભિમુખ બનવાનું ચાલુ રાખે તો, એક હકીકત પાકી બની જાય કે તે દાવો કરે છે તે પ્રમાણે, તેણે બ્રહ્મભાવની સાચી અનુભૂતિ કરી જ નથી : એની અગાઉની, એ જ બહિર્મુખતા ચાલુ રહી છે ! અને

બહિર્મુખતા(Extrovertness)નો અર્થ જ એ કે પેલા પાંચ કોશોને જ આત્મા સમજીને તે, તેમાં, હજુ આસક્ત રહ્યો છે !

અને આ બહિર્મુખતા એટલે જ અજ્ઞાન !

અને અજ્ઞાનીને તો, સંસાર(संसृतिः)નું જ દર્શન થતું રહે, તથા આવાં સંસારદર્શન દ્વારા, તેના માટે તો, પુનરપિ પુનઃ જન્મ-મૃત્યુવાળા સંસારનું જ નિર્માણ હોય !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૩)

૪૪૪

प्राचीनवासनावेगादसौ संसरतीति चेत् ।
न सदेकत्वविज्ञानान्मन्दीभवति वासना ॥४४४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

प्राचीनवासनावेगादसौ संसरतीति चेत् ।
न सदेकत्वविज्ञानान्मन्दीभवति वासना ॥४४४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

प्राचीनवासनावेगात् असौ (ज्ञानी मनुष्यः) संसरति इति (उच्यते) चेत्, न; एकत्वविज्ञानात् वासना मन्दीभवति ॥४४४॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : असौ (ज्ञानी मनुष्यः) संसरति । संसरति (सम् + सृ - એ ધાતુનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) - એટલે સંસારમાં પ્રવર્ત્ત થાય છે, સક્રિય બને છે; ટૂંકમાં, આવું સક્રિય સંસારી જીવન જીવવા, પુનર્જન્મ ધરીને, પાછો આવે છે. આ सम् + सृ - એ ધાતુ પરથી જ **'संसार'**-શબ્દ બન્યો છે.

આ જ્ઞાની મનુષ્ય શાને કારણે સંસારમાં પ્રવૃત્ત થાય છે ? प्राचीन-वासना वेगात् । प्राचीन એટલે પૂર્વજન્મની, પુરાણી, જૂની, ભૂતપૂર્વ. આવી પૂર્વજન્મની વાસનાઓના વેગથી : "પુરાણી વાસનાના વેગને લીધે, આવો જ્ઞાની મનુષ્ય પણ સંસારમાં પ્રવૃત્ત થાય છે."

ગયા શ્લોકમાં, આચાર્યશ્રીએ, પોતાના **કેવલાદ્વૈત**-વેદાંત-દર્શનના સિદ્ધાંત પ્રમાણે, એવું પ્રતિપાદન કર્યું હતું કે "બ્રહ્મતત્ત્વને યથાર્થપણે જાણનાર માણસને

સંસાર પ્રત્યે, કશો અભિગમ રહેતો નથી; અને છતાં પણ જો તેની સંસાર-અભિમુખતા ચાલુ રહે તો, એનો અર્થ એ જ કે તે સંપૂર્ણ અને સમ્યગ્‌રૂપે બ્રહ્મભાવને પામ્યો નથી."

આ શ્લોકની પ્રથમ પંક્તિમાંનું આ પહેલાંનું ઉપર્યુક્ત વિધાન, એ દલીલ, **વેદાંતદર્શનના** વિરોધી અન્ય કોઈક ચિંતકની છે અને એ રીતે તેણે ગયા શ્લોકમાંનાં, આચાર્યશ્રીનાં પ્રતિપાદનનો વિરોધ કર્યો છે.

દાર્શનિક બાબતોની ચર્ચાની પદ્ધતિ સમજી લેવાની જરૂર છે : કશુંક પ્રતિપાદન કરનાર પક્ષને **'સિદ્ધાંતી'** (સિદ્ધાંતિન્) કહેવામાં આવે છે અને તેનો વિરોધ કરનાર સામા પક્ષને **'પૂર્વપક્ષ'** કહેવામાં આવે છે. **પૂર્વપક્ષે** વિરોધમાં કરેલી દલીલનું **'ખંડન'** (Refutation) કરતી વખતે, **સિદ્ધાંતી**, આવી પરિભાષા પ્રયોજે કે "જો તમે આવી દલીલ કરતા હો તો, એટલે કે તમે જો આમ કહેતા હો તો (યુષ્માભિઃ એવં ઉચ્યતે ઇતિ ચેત્), અમે કહીએ છીએ કે **'ના'**, આમ નથી (ન)". આમ કહીને, પછી, **સિદ્ધાંતી**, ખંડન માટેનું પોતાનું વક્તવ્ય રજૂ કરે.

બ્રહ્મસૂત્ર વગેરે પરનાં આચાર્યશ્રીનાં ભાષ્યોમાં આવી પરિભાષા પ્રયોજવામાં આવી છે. અહીં, શ્લોકની પ્રથમ પંક્તિમાંની દલીલ **પૂર્વપક્ષની** છે અને એવં યદિ યુષ્માભિઃ ઉચ્યતે, ઇતિ ચેત્ ન ।, - એમ કહીને, **સિદ્ધાંતી** તરીકે આચાર્યશ્રી, **પૂર્વપક્ષની** પ્રથમ પંક્તિમાંની દલીલનું, બીજી પંક્તિમાં આ પ્રમાણે ખંડન કરે છે : સત્-એકત્વ-વિજ્ઞાનાત્ વાસના મન્દીભવતિ । મન્દીભવતિ-(મન્દ + ભૂ એ ધાતુના "ક્યિ"-રૂપનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) મંદ થઈ જાય છે, મંદ-નિષ્ક્રિય-નિર્બળ-અશક્ત થઈ જાય છે. વાસના ક્યારે અને શાને કારણે મંદ થઈ જાય છે ? - સત્યસ્વરૂપ બ્રહ્મતત્ત્વની અદ્વિતીયતાના સમ્યગ્-જ્ઞાનથી; આવું જ્ઞાન થાય ત્યારે; આવાં સમ્યગ્-જ્ઞાનનાં કારણે (વાસના) મંદ થઈ જાય છે. (૪૪૪)

અનુવાદ :

(જો તમે એમ કહેતા હો કે) "પૂર્વજન્મની વાસનાઓના વેગનાં કારણે આ જ્ઞાની, સંસારમાં પ્રવૃત્ત થાય છે," તો, અમે કહીએ છીએ કે, તમારું આમ કહેવું) "યોગ્ય નથી" : (કારણ કે) સત્યસ્વરૂપ બ્રહ્મતત્ત્વની અદ્વિતીયતાનાં સમ્યગ્ વિજ્ઞાન પછી વાસના મંદ થઈ જાય છે. (૪૪૪)

ટિપ્પણ :

સિદ્ધાંતી અને **પૂર્વપક્ષ**, - સામસામા બંને પક્ષની દલીલોની પરંપરાપ્રાપ્ત પરિભાષા, ઉપર, શબ્દાર્થ વિભાગમાં, સવિસ્તર અને સ્પષ્ટ સમજાવવામાં આવી છે.

સંસારમાં જ્ઞાનીના ફરીથી પ્રવૃત્ત થવા માટેનાં કારણ તરીકે, **પૂર્વપક્ષે**, પૂર્વજન્મની તેની વાસનાના વેગને નિરૂપ્યું છે; પરંતુ **સિદ્ધાંતી** તરીકે, આચાર્યશ્રીને, **પૂર્વપક્ષ**ની આ દલીલ માન્ય અને સ્વીકાર્ય નથી; તેથી, હવે, તેઓશ્રી, **પૂર્વપક્ષ**ની ઉપર્યુક્ત દલીલનું ખંડન, આ પ્રમાણે કરે છે :

પૂર્વપક્ષ, પુરાણી વાસનાઓ પર ભાર મૂકીને, પોતાનું વક્તવ્ય રજૂ કરે છે, પરંતુ આચાર્યશ્રી તો તેનાં આ વક્તવ્યનો છેક મૂળમાંથી જ છેદ ઊડાડી નાખે છે : જીવ અને બ્રહ્મનાં એકત્વનું સમ્યગ્-જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી, સાધકને, સત્-બ્રહ્મ-તત્ત્વ સિવાય બીજું કશું જણાતું જ નથી અને આવા જ્ઞાન-અગ્નિમાં તેની પેલી વાસના શેકાઈ જાય છે; અને શેકાઈ ગયેલાં બીજવાળી (Roasted) વાસના મંદ પડી જાય છે, તેની સર્જન-શક્તિ નાશ પામે છે; સાધકનાં ચિત્તમાં હજુ પણ તે પડી રહી હોય તો પણ, પોતાની સર્વ સર્જન-શક્તિઓ ગુમાવી બેઠેલી (Impotent) વાસનાને પોતાના કશા વેગ કે આવેગ રહેતા જ નથી; તો પછી, જ્ઞાનીને સંસારમાં પ્રવૃત્ત કરવાનું કાર્ય તે કરી જ શી રીતે શકે ?

કૃષિશાસ્ત્ર(Agriculture)નો એક સુ-સ્થાપિત સિદ્ધાંત છે કે અનાજનાં મૂળ દાણા(બીજ)ને જો અગ્નિમાં ભૂંજી નાખવામાં આવ્યાં હોય તો, જમીન ગમે તેટલી ફળદ્રુપ હોય, ખાતર પણ ઉત્તમ હોય અને પાણીની વ્યવસ્થા પણ પૂરતી હોય તો પણ, વાવવામાં આવેલા આવા દાણા ઊગી કે અંકુરિત થઈ શકે નહીં !

બસ, આ જ દલીલના આધારે, આચાર્યશ્રી, વાસનાના વેગ બાબતની, **પૂર્વપક્ષ**ની દલીલનું સંપૂર્ણ ખંડન કરી નાખે છે.

સમ્યગ્-જ્ઞાન-પ્રાપ્તિ (Enlightenment) પહેલાં મનુષ્ય ગમે તેવો દુરાચારી હોય તો પણ, આવી પ્રાપ્તિ પછી, તેની વાસનાની સર્વ પ્રજનન-શક્તિ નષ્ટ થઈ ગઈ હોવાથી, તેને માટે, સંસારમાં પુનઃ પ્રવૃત્ત થવાની શક્યતા રહેતી જ નથી !

જીવ-બ્રહ્મ-ઐક્યનું સમ્યગ્-જ્ઞાન આવું શાશ્વત, અનંત, સ્વયંપ્રકાશ અને ચિદાનંદ-સદાનંદ-મય હોય છે ! આવાં જ્ઞાન-પ્રકાશ સમક્ષ તો, ભ્રાંતિજન્ય પેલી વાસનાની હાલત તો, પરોઢના ઉજાસ પાસેના અંધકાર જેવી જ થઈ જાય છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૪)

૪૪૫

अत्यन्तकामुकस्यापि वृत्तिः कुण्ठति मातरि ।
तथैव ब्रह्मणि ज्ञाते पूर्णानन्दे मनीषिणः ॥४४५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અત્યન્તકામુકસ્યાપિ વૃત્તિઃ કુંઠતિ માતરિ ।
તથૈવ બ્રહ્મણિ જ્ઞાતે પૂર્ણાનન્દે મનીષિણઃ ॥૪૪૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(યથા) અત્યન્તકામુકસ્ય (મનુષ્યસ્ય) (કામ-)વૃત્તિઃ માતરિ કુણ્ઠતિ, તથા એવ પૂર્ણ-આનન્દે બ્રહ્મણિ જ્ઞાતે (સતિ) મનીષિણઃ (સંસારવાસના અપિ કુણ્ઠતિ) ॥૪૪૫॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તથા એવ મનીષિણઃ (સંસારવાસના અપિ કુણ્ઠતિ)। ; મનીષિણઃ એટલે જ્ઞાની, વિદ્વાન, વિવેકસંપન્ન મનુષ્ય; કુણ્ઠતિ એટલે કુંઠિત થઈ જાય છે, અટકી જાય છે, નિરુદ્ધ-નિષ્ક્રિય નષ્ટ થઈ જાય છે; જ્ઞાની મનુષ્યની સંસારવાસના, તેવી જ રીતે (તથા એવ) કુંઠિત થઈ જાય છે. "તેવી જ રીતે", - એટલે કેવી રીતે ? યથા અત્યન્તકામુકસ્ય (મનુષ્યસ્ય) (કામ-)વૃત્તિઃ માતરિ કુણ્ઠતિ, તથા । કામુક એટલે કામ-આસક્ત, કામવૃત્તિમાં ગ્રસ્ત, વિષય-ભોગી માણસ; માતરિ એટલે મા વિશે, પોતાની માતાની બાબતમાં, માતાની હાજરીમાં જેવી રીતે અત્યંત કામુક મનુષ્યની કામવૃત્તિ, તેની માતા વિશે કુંઠિત થઈ જાય છે, તેવી રીતે... (૪૪૫)

અનુવાદ :

જેમ અત્યંત કામુક પુરુષની (કામ-)વૃત્તિ, પોતાની માતામાં કુંઠિત થઈ જાય છે, તેવી જ રીતે પૂર્ણ-આનન્દ-સ્વરૂપ બ્રહ્મનું જ્ઞાન થતાં, જ્ઞાનીની (સંસાર-વાસના પણ કુંઠિત થઈ જાય) છે. (૪૪૫)

ટિપ્પણ :

જીવ-બ્રહ્મ-ઐક્યનાં જ્ઞાન-અગ્નિમાં શેકાયેલાં વાસના-બીજ બાધિત થઈ જતાં, આવો જ્ઞાની મનુષ્ય ફરીથી સંસારમાં પ્રવૃત્ત થતો નથી, એવું પ્રતિપાદન, આચાર્યશ્રીએ, સિદ્ધાંતી તરીકે, પૂર્વપક્ષની દલીલનું ખંડન કરતાં, ગયા શ્લોકમાં, કર્યું હતું; હવે, અહીં, પોતાનાં આવાં પ્રતિપાદનનાં સમર્થન માટે, એક સમુચિત દૃષ્ટાંત આપે છે.

સ્ત્રી-પુરુષ-સંબંધમાં પરસ્પર કામ-વૃત્તિ સંપૂર્ણરીતે સહજ અને સ્વાભાવિક છે; પરંતુ અહીં તો, કોઈક અત્યંત કામાસક્ત પુરુષનો દાખલો આચાર્યશ્રીએ એટલા માટે

પસંદ કર્યો છે કે આવો માણસ, જેને અંગ્રેજીમાં Rake કે Libertine કહેવામાં આવે છે, તેની વિષયભોગની વૃત્તિ બેફામ અને અનિયંત્રિત રીતે સતત ચાલતી હોય છે; અને છતાં આવા પુરુષની કામુકતા પણ પોતાની માતાની હાજરીમાં કુંઠિત થઈ જાય છે : માતાની ઉપસ્થિતિનો પ્રભાવ એવો પ્રબળ હોય છે કે આવા અત્યંત કામાસક્ત પુરુષની કામવાસના પણ માતાની હાજરીમાં સંપૂર્ણરીતે નિષ્ક્રિય અને નિરુદ્ધ થઈ જાય છે, નિયંત્રણમાં આવી જાય છે ! આ જ દૃષ્ટાંતનું અર્થઘટન આ રીતે પણ થઈ શકે : આ પુરુષની કામવાસના બેફામ, કશી વિવેકબુદ્ધિ-વિનાની અને અધમ કોટિની છે; અને અંતે, માતા પણ એક **'સ્ત્રી'** તો છે જ ને ! પરંતુ **"મા તે મા !"** પોતાની માતાનાં દર્શને જ, એનો સહજ પુત્રભાવ પ્રગટી જાય છે, માતા પ્રત્યેની પૂજ્યતા અને આદરની લાગણી આવિષ્કૃત થઈ જાય છે અને આવા પવિત્ર સંદર્ભમાં, એની પેલી કામુકતા સદંતર નષ્ટ થઈ જાય છે !

જે ચમત્કારિક સુ-પરિણામ માતાની ઉપસ્થિતિને કારણે પેલા અત્યંત કામુકને સુલભ બની ગયું, એવું જ, અથવા એથીયે વધારે ચમત્કૃતિપૂર્ણ અને સવિશેષ સારું, પરિણામ, જ્ઞાની-મનીષીની બાબતમાં, પૂર્ણ-આનંદ-સ્વરૂપ બ્રહ્મજ્ઞાનનાં પ્રાકટ્યથી નિષ્પન્ન થાય !

સત્યસ્વરૂપ બ્રહ્મતત્ત્વની અદ્વિતીયતાનાં સમ્યગ્-જ્ઞાનનો આ જ મહિમા, શ્લોક-૪૪૪માં પેલા પૂર્વપક્ષની દલીલનું ખંડન કરતી વખતે, આચાર્યશ્રીને અભિપ્રેત હતો.

પૂર્ણાનન્દે બ્રહ્મણિ જ્ઞાતે (સતિ), - એ વાક્યરચના સતિ-સપ્તમીની છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૫)

૪૪૬

निदिध्यासनशीलस्य बाह्यप्रत्यय ईक्ष्यते ।
ब्रवीति श्रुतिरेतस्य प्रारब्धं फलदर्शनात् ॥४४६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિદિધ્યાસનશીલસ્ય બાહ્યપ્રત્યય ઈક્ષ્યતે ।
બ્રવીતિ શ્રુતિરેતસ્ય પ્રારબ્ધં ફલદર્શનાત્ ॥૪૪૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

નિદિધ્યાસનશીલસ્ય (મનુષ્યસ્ય અપિ) બાહ્યપ્રત્યયઃ ઈક્ષ્યતે । (તત્) એતસ્ય (બ્રહ્મનિષ્ઠસ્ય) પ્રારબ્ધં (અસ્તિ ઇતિ) ફલદર્શનાત્ શ્રુતિઃ બ્રવીતિ ॥૪૪૬॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) નિદિધ્યાસનશીલસ્ય (મનુષ્યસ્ય અપિ) બાહ્યપ્રત્યયઃ ઈક્ષ્યતે । નિદિધ્યાસન એટલે બ્રહ્મ અથવા પરમતત્ત્વ વિશેનું ઊંડું ધ્યાન અને એમાં જે નિમગ્ન હોય, પ્રવૃત્ત હોય, તેવો મનુષ્ય એટલે **નિદિધ્યાસનશીલ**. બાહ્ય એટલે બહારના વિષયો; પ્રત્યય એટલે એનું ભાન, એમાં પ્રવૃત્ત થવું તે. આમ, બાહ્યપ્રત્યય એટલે બહારના વિષયોમાં ભાન હોવું, એમાં પ્રવૃત્ત રહેવું તે. ઈક્ષ્યતે (ઈક્ષ્ એટલે 'જોવું'-એ ધાતુનું કર્મણિ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) - જોવામાં આવે છે. પરમતત્ત્વનાં ઊંડાં ધ્યાનમાં મગ્ન હોય તેવી વ્યક્તિ પણ બહારના વિષયોમાં પ્રવૃત્ત હોય, એવું જોવામાં આવે છે. તો આવા મનુષ્યનું આવું વર્તન-પ્રવર્તન-વલણ, એ શું છે ? - આ સવાલનો જવાબ, અથવા આવી આશંકાનું સમાધાન, - એ બંને, હવે પછીનાં બીજાં વાક્યમાં આપવામાં આવ્યાં છે.

(૨) (તત્) એતસ્ય (મનુષ્યસ્ય) પ્રારબ્ધં (અસ્તિ) । ઉપર જે વર્તન જોવામાં આવ્યું, તે (તત્) આ મનુષ્યનું **'પ્રારબ્ધ'** છે. આવું કોણ કહે છે ? (ઇતિ) શ્રુતિઃ બ્રવીતિ । એમ શ્રુતિ કહે છે. શ્રુતિ આવું શાના આધારે કહે છે ? - ફલદર્શનાત્ । આવા બ્રહ્મનિષ્ઠ મનુષ્યનાં કર્મફળને જોઈને. (૪૪૬)

અનુવાદ :

બ્રહ્મનાં ધ્યાનમાં મગ્ન હોય તેવો મનુષ્ય પણ બહારના વિષયોમાં પ્રવૃત્ત થતો હોય, એવું જોવામાં આવે છે અને તે, તે(બ્રહ્મનિષ્ઠ)નું **'પ્રારબ્ધ'** છે એમ, તેનાં (કર્મ)ફળને જોતાં, શ્રુતિ કહે છે. (૪૪૬)

ટિપ્પણ :

અહીંથી, આ શ્લોકથી, છેક ૪૬૪મા શ્લોક સુધી (૧૯ શ્લોકોમાં), આચાર્યશ્રી એક નવા જ મુદ્દાને ચર્ચા-વિચારણા માટે હાથ પર લે છે અને તે છે : **"પ્રારબ્ધ"**. અને છતાં એ પણ એક હકીકત છે કે આ મુદ્દો જેટલો નવો જણાય છે, તેટલો નવો નથી : આ પહેલાંના ત્રણ (૪૪૩-૪૪૪-૪૪૫) શ્લોકોમાં આચાર્યશ્રી દ્વારા જે પ્રતિપાદન કરવામાં આવ્યું હતું, તેમાંથી જ આ મુદ્દો આપમેળે ઉપસી આવ્યો છે.

એ ઉપર્યુક્ત પ્રતિપાદન આ પ્રકારનું હતું : સત્સ્વરૂપ બ્રહ્મતત્ત્વની અદ્વિતીયતાનાં સમ્યગ્-જ્ઞાનની પ્રાપ્તિ પછી, સાધકની વાસના ક્ષીણ થઈ જતી હોવાથી, જ્ઞાનીને ફરી સંસારમાં પ્રવૃત્ત થવાનું રહેતું નથી.

પરંતુ જો ખરેખર આમ હોય તો, પરમતત્ત્વનાં નિદિધ્યાસનમાં જે સતત મગ્ન

કે રત હોય તેવો યોગી, સંસારના બાહ્ય વિષયોમાં પ્રવૃત્ત થતો-રહેતો હોય, એવું જોવામાં આવે છે (ઈક્ષ્યતે), તેનું શું ? આવું કેમ બની શકે ? આવો યોગી પણ ખાતો-પીતો, હરતો-ફરતો-ઊંઘતો, બોલતો-ચાલતો હોય છે. તેનાં આવાં પ્રવર્તનનો શો ખુલાસો (Explanation) ?

આચાર્યશ્રી, શ્રુતિનું પ્રમાણ ટાંકીને, આવી સ્વાભાવિક આશંકાનું સમાધાન, આ રીતે, આપે છે : તે યોગીનાં પ્રવર્તમાન જીવનમાંનાં ફળને જોતાં અને આ ફળ તે તેનાં કર્મનું જ ફળ હોવાથી, - એવું અનુમાન કરી શકાય કે - અત્યારનું તેનું આવું વર્તન, એટલે તેનું **"પ્રારબ્ધ"** ! -

सुख-दुःखानुभवदर्शनात् सत्तस्य कारणं प्रारब्धं इति श्रुतिः । પરંતુ આ **"પ્રારબ્ધ"** એટલે શું ?

બસ, આની જ ચર્ચા અહીંથી હવે પછીના ૧૯ શ્લોકો(૪૪૬-૪૬૪)માં કરવામાં આવી છે.

પરંતુ તે પહેલાં, આપણે, આ શ્લોકમાંનાં પ્રતિપાદનને પૂરેપૂરું સમજી લઈએ : **પહેલું** તો એ કે શ્લોકમાં નિર્દિષ્ટ નિદિધ્યાસન એટલે 'સવિકલ્પ' સમાધિ; અને એટલે જ, આ પ્રકારનાં સવિકલ્પ બ્રહ્મધ્યાનમાં નિમગ્ન રહેનારની સમક્ષ પણ, તેનાં ભૂતપૂર્વ કર્મોનાં સુખ-દુઃખ જેવાં ફળો આવે, જેને તેણે ભોગવવાં જ પડે. અને બીજું એ કે આ 'ફલ-ભોગ' એટલે જ શ્લોકમાં ઉલ્લિખિત, - बाह्यप्रत्ययः । અને છાંદોગ્ય-ઉપનિષદ કહે છે તેમ, જ્યાં સુધી તે શરીર સાથે સંકળાયેલો રહે, ત્યાં સુધી એનાં કર્મોનાં પ્રિય અને અપ્રિય ફળોનો નાશ ન થાય ! :

न ह वै सशरीरस्य प्रिय-अप्रिययोः अपहतिः अस्ति ।

અને તેનાં આ પ્રિય-અપ્રિયના નાશનો વિલંબ ત્યાં સુધી તો ખરો જ, જ્યાં સુધી તે શરીરથી વિમુક્ત ન થાય અને બ્રહ્મ સાથે એકરૂપ ન થાય :

तस्य तावदेव चिरं, यावन्न विमोक्ष्ये अथ संपत्स्ये ।

અને **બ્રહ્મસૂત્ર** તો ચોખ્ખું જ કહે છે કે કર્મનાં ફળના ભોગ વડે, તે બંને, – શુભ અને અશુભ પ્રકારનાં, – કર્મોનો નાશ કરે છે અને ત્યારપછી જ તે બ્રહ્મ સાથે એકરૂપ બને છે :

भोगेन तु इतरे क्षपयित्वा संपद्यते ।

સૂત્રાત્મક પરિભાષા ધરાવતા આ શ્લોકમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે, **"પ્રારબ્ધ"**- શબ્દનાં અર્થ-અનુસંધાન-અર્થઘટન પર હવે આપણે આવીએ :

"પ્રારબ્ધ" એટલે 'નસીબ', 'ભાગ્ય' (Luck, Fortune, Fate, Destiny),

- એવો આ શબ્દનો સામાન્ય અને લોક-પ્રચલિત અર્થ છે; એવો અર્થ અહીં નથી, એવું વિવક્ષિત પણ નથી. એ અર્થ પણ, અલબત્ત, છે જ; અને છતાં એનો મૂળ સંદર્ભ જરા જૂદો છે અને એ સંદર્ભ એટલે સર્જનહારે પોતાની આ સૃષ્ટિનાં સુયોગ્ય સંચાલન માટે રચેલો **'કર્મનો સિદ્ધાંત'**.

આ સિદ્ધાંતનાં સ્વરૂપની કેટલીક વિશેષતા સદા સ્મરણમાં રાખવા જેવી છે : 'કર્મની ગતિ ગહન છે' (गहना कर्मणो गतिः ।),- એવું પ્રતિપાદન કરતાં પહેલાં જ ભગવાન શ્રીકૃષ્ણે, કર્મનાં મહત્ત્વ પર ભાર મૂક્તાં, **ગીતા**માં આદેશ આપી દીધો કે કર્મને, એટલે કે કર્મનાં રહસ્યને, સહુએ જાણી લેવું જોઈએ (कर्मणो ह्यपि **बोद्धव्यम्** ।) (૪, ૧૭)

અને કર્મનું **સૌપ્રથમ** રહસ્ય, એની ગતિનું અંતરતમ હાર્દ એ કે કર્મનો ઈશ્વર-રચિત નિયમ અટલ-અવિચળ છે; એમાં નથી કોઈ અપવાદ, નથી અવકાશ કોઈ બાંધછોડ(Compromise)ને; સમગ્ર બ્રહ્માંડનાં ભૂતમાત્ર માટે તે એકસરખો બંધનકર્તા છે; એનું ઉલ્લંઘન કોઈ જ કરી શકે નહીં :

બીજું, કર્મ કરવા માટે મનુષ્ય સ્વતંત્ર છે, પરંતુ એનું ફળ તેને ક્યારે અને કેવું મળશે, - એ બાબતમાં એને કશો જ અધિકાર નથી :

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥ (ગીતા ૨, ૪૭)

મનુષ્યે આચરેલાં કર્મનાં ફળની વ્યવસ્થાની અબાધિત સત્તા ઈશ્વરે પોતાની પાસે જ રાખી છે.

ત્રીજું એ કે કોઈ પણ ફળ કે પરિણામ, એના માટે જવાબદાર એવાં કોઈ ભૂતપૂર્વ કર્મ વિના શક્ય નથી, કર્મ વગર કોઈ ફળ હોઈ શકે નહીં : કર્મ એટલે **કારણ** (Cause) અને ફળ એટલે **કાર્ય** (Effect); આ થયો કાર્ય-કારણ-ભાવ (Law of Causation)નો નિરપવાદ સિદ્ધાંત : જેમ કર્મ વિના ફળ નહીં, એમ જ કોઈ પણ કર્મ ફળ વિનાનું રહે નહીં.

અને **છેલ્લું, ચોથું** અને અહીં જે ચર્ચા પ્રસ્તુત છે, તે સંદર્ભમાં **સૌથી મહત્ત્વનું** એ કે કર્મનો ક્ષય(નાશ) ત્યારે જ થાય, જ્યારે તે કર્મના કર્તાએ તે કર્મનું ફળ ભોગવી લીધું હોય : नाभुक्तं (न-अभुक्तं) क्षीयते कर्म ।

અને ફળ-ભોગવ્યાં વિનાનાં કોઈ કર્મ રહી ગયાં હોય ત્યાં સુધી, એટલે કે પોતે આચરેલાં સર્વ કર્મોનાં ફળને ભોગવીને તે સર્વને 'ક્ષીણ' ન કરી શકે ત્યાં સુધી, મનુષ્ય મોક્ષ પામી શકે નહીં !

અને અહીં, આ ગ્રંથમાં તો, મોક્ષાર્થી સાધકની મોક્ષપ્રાપ્તિની જીવનકારકિર્દીની જ વાત છે ! એટલે, મોક્ષપ્રાપ્તિ અને એની પાત્રતાના સંદર્ભમાં, કર્મનો નિયમ,

એનું રહસ્ય, એની ગહન ગતિ, - આ બધું સમજવું અનિવાર્ય બની રહે છે.

મનુષ્ય રોજ સતત નાનાં-મોટાં, સારાં-નરસાં અનેક કર્મો કરતો રહે છે. આ કર્મને **"क्रियमाण"** (कृ-'કરવું' એ ધાતુનું કર્મણિ વર્તમાનકૃદંતનું રૂપ : 'કરાતાં', 'આચરાતાં', Being done, Being performed) કહેવામાં આવે છે. આમાંનાં કેટલાંક કર્મો એવાં હોય છે, જેનાં ફળ તરત મળે; કેટલાંક કર્મો એવાં હોય છે, જેનાં ફળ ટૂંકા-લાંબા સમય પછી મળે; અને આ દરમિયાન, ક્રિયમાણ કર્મો તો ચાલુ જ હોય, એટલે એવું અવશ્ય બને કે સમગ્ર જીવન દરમિયાન કરવામાં આવેલાં આવાં સર્વ કર્મોનું ફળ સંપૂર્ણરીતે ભોગવાઈ જાય તે પહેલાં જ મનુષ્ય મૃત્યુ પામે અને આ કારણે મનુષ્ય મોક્ષ ન પામી શકે અને આવી ઘટમાળ ચાલતી રહે ત્યાં સુધી મનુષ્યને, જન્મ-મૃત્યુ-પુનર્જન્મનાં અવિરત ચાલતાં ચક્રમાં ગ્રસ્ત થતાં રહેવાનો ભોગ, બનવું જ પડે !

તો પછી, આનો ઉપાય શો ? અને ફળ-ભોગવ્યાં વિનાનાં, મૃત્યુ-પહેલાંનાં, મનુષ્યનાં પેલાં ક્રિયમાણ કર્મોનું શું ?

અનેક જન્મો સુધી આવું ચાલ્યા કરે ત્યારે, પેલાં ન-ભોગવાયેલાં (अ-भुक्त) કર્મો, મનુષ્ય માટે તેનાં જમાપાસાંમાં સિલક તરીકે એકઠાં થતાં રહે અને આવાં Arrears-રૂપે એકઠાં થતાં રહેલાં કર્મોને **"संचित"** (सम् + चि એટલે એકઠું થવું, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ : 'એકઠાં થયેલાં', Collected) કહેવામાં આવે છે.

અને પ્રતિ-જન્મ સતત જમા થતાં રહેલાં આવાં સંચિત-કર્મોના સંગ્રહ વિશે એવું નક્કી કરવામાં આવ્યું છે કે એમાંનાં જે-જે અને જેટલાં-જેટલાં કર્મો, ફળ માટે, પાકતાં જાય, તેમ-તેમ, તે બધાં, મનુષ્ય સમક્ષ, **प्रारब्ध** (प्र + आ + रभ् - એટલે 'આરંભ થવો', - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ : ફલ-ઉપભોગની પાત્રતા, પરિપક્વતા, જેની **'શરૂ થઈ છે'** તેવાં) કર્મો તરીકે આવે છે. આવાં સર્વ પ્રારબ્ધ-કર્મો પૂરેપૂરાં ભોગવાઈ જાય ત્યારે જ, મનુષ્ય જન્મ-મૃત્યુનાં ચક્રમાંથી મુક્ત થાય છે અને મોક્ષ પામે છે.

આ પ્રસ્તુત શ્લોક(૪૪૬)માં જે **'પ્રારબ્ધ'** શબ્દ છે તે, આ **'પ્રારબ્ધ-કર્મ'**ના અર્થમાં છે અને શ્રુતિ આને **'પ્રારબ્ધ'** એટલા માટે કહે છે કે બ્રહ્મનિષ્ઠનાં **'સંચિત'** કર્મો, પરિપક્વ બનીને, હજુ પૂરેપૂરાં **'પ્રારબ્ધ'** બન્યાં નથી, અને તેથી બ્રહ્મધ્યાનમાં નિમગ્ન હોય તેવી વ્યક્તિ.(निदिध्यासनशील) પણ બહારના વિષયોના ભાનવાળી (बाह्यप्रत्यय) બને છે; અને એને ફળ-ભોગવવાનું બાકી છે, એવું અનુમાન સ્પષ્ટ જણાય છે (फलदर्शनात्).

ટૂંકમાં, 'હું બ્રહ્મ છું' (अहं ब्रह्म अस्मि ।) - એવું જ્ઞાન પામ્યાં પહેલાંનાં, **ક્રિયમાણ**-માંથી **સંચિત** બનેલાં, અને **સંચિત**-માંથી, તે સર્વની પરિપક્વતા અનુસાર, **પ્રારબ્ધ** બનેલાં સર્વ કર્મોને તો જ્ઞાનીએ પણ ભોગવવાં જ પડે !

આ શ્લોકમાંનો બ્રહ્મનિષ્ઠ મનુષ્ય પણ બહારના વિષયોમાં પ્રવૃત્ત થતો જોવામાં આવે છે (ईक्ष्यते), તે ઘટના જ તે(બ્રહ્મનિષ્ઠ)નું **'પ્રારબ્ધ'** છે, એમ જે શ્રુતિ કહે છે (श्रुतिः ब्रवीति ।), તેનો આધાર, તેને જે સુખ-દુઃખ ભોગવવાં પડે, તેવાં ફળનું દર્શન ! (फलदर्शनात्) !

આટલી સવિસ્તર ચર્ચા પછી, હવે એટલું સ્પષ્ટ થઈ જાય છે કે મનુષ્યનું **'પ્રારબ્ધ'** (Luck, Fate, Fortune) એટલે બીજું કશું જ નહીં, પરંતુ એનાં ઉપર્યુક્ત **'પ્રારબ્ધ-કર્મો'** !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૬)

૪૪૭

सुखाद्यनुभवो यावत् तावत् प्रारब्धमिष्यते ।
फलोदयः क्रियापूर्वो निष्क्रियो न हि कुत्रचित् ॥૪૪૭॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सुखाद्यनुभवो यावत् तावत् प्रारब्धमिष्यते ।
फलोदयः क्रियापूर्वो निष्क्रियो न हि कुत्रचित् ॥૪૪૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यावत् सुखादि-अनुभवः (अस्ति), तावत् प्रारब्धं इष्यते; फलोदयः (फल-उदयः) हि क्रियापूर्वः (एव अस्ति), निष्क्रियः (फलोदयः) कुत्रचित् न (अस्ति) ॥૪૪૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : यावत् सुखादि-अनुभवः (अस्ति), तावत् प्रारब्धं इष्यते । 'જ્યાં સુધી-ત્યાં સુધી'-(यावत्-तावत्)વાળી વાક્યરચના અહીં છે. इष्यते - "છે", - એમ કહેવાય છે; એનું અસ્તિત્વ, એની સ્થિતિ છે, એમ મનાય છે; જ્યાં સુધી સુખ વગેરેનો અનુભવ થાય છે, ત્યાં સુધી 'પ્રારબ્ધ છે", એમ કહેવાય છે. આનું કારણ શું ? - फल-उदयः हि क्रियापूर्वः (एव अस्ति ।) क्रियापूर्वः એટલે

તે, જેનાં પહેલાં ક્રિયા હોય તે; કર્મપૂર્વક, પૂર્વે કરેલાં કર્મનાં લીધે જ; **फल-उदयः** એટલે ફળની પ્રાપ્તિ, ફળનો આવિર્ભાવ, ફળનો ઉપભોગ. ફળની પ્રાપ્તિ, તેનાં પહેલાં કરવામાં આવેલાં કર્મને લીધે જ થાય છે. તો પછી, આ માટેનો નિયમ શો છે ? - **निष्क्रियः (फलोदयः) कुत्रचित्** (न अस्ति) । **कुत्रचित्** એટલે ક્યાંય પણ; **निष्क्रियः** એટલે કર્મ કર્યા વગર, કર્મ વિના. ફળની પ્રાપ્તિ કર્મો કર્યા વિના ક્યાંય હોતી નથી. (૪૪૭)

અનુવાદ :

જ્યાં સુધી સુખ-વગેરેનો અનુભવ થાય છે, ત્યાં સુધી 'પ્રારબ્ધ' 'છે', એમ કહેવાય છે; કારણ કે ફળનો આવિર્ભાવ કર્મપૂર્વક જ થાય છે : કર્મ વિના ક્યાંય પણ (ફળનો આવિર્ભાવ) હોતો નથી. (૪૪૭)

ટિપ્પણ :

ગયા શ્લોકથી શરૂ થયેલું **'પ્રારબ્ધ'**નું નિરૂપણ હવે અહીં આગળ ચાલે છે. જન્મ-જન્માન્તરની જીવન-કારકિર્દીમાં મનુષ્યને જેનાં સુખ-દુઃખનાં સારાં-માઠાં ફળ ભોગવવાં પડે છે, તે ત્રણેય પ્રકારનાં કર્મો - **'ક્રિયમાણ', 'સંચિત'** અને **'પ્રારબ્ધ'**-ની ગતિવિધિની વીગતો આપણે, ગયા શ્લોકનાં ટિપ્પણમાં, જોઈ ગયાં. એમાં **'પ્રારબ્ધ'**ની સ્થિતિ એ રીતે જૂદી પડે છે કે અવિદ્યા-જન્ય અહંભાવનો નાશ થાય કે તરત જ **'ક્રિયમાણ'** અને **'સંચિત'** કર્મોનાં ફળમાંથી મનુષ્ય મુક્ત થઈ જાય છે; પરંતુ **'પ્રારબ્ધ'** કર્મોનાં ફળમાંથી મુક્ત થવાનું તો, સાધક, **'જીવન્મુક્ત'**ની ઉચ્ચ સિદ્ધિએ પહોંચે ત્યાં સુધી, ચાલુ રહે છે.

તો પછી, **'પ્રારબ્ધ'**ની સ્થિતિ ક્યાં સુધી ચાલુ રહે છે ? - જ્ઞાનીને પણ મૂંઝવતા આ સવાલનો જવાબ આ શ્લોકમાં આપવામાં આવ્યો છે અને આ જવાબ જેટલો ટૂંકો અને તાત્ત્વિક છે, એટલો જ અસંદિગ્ધ અને નિશ્ચયાત્મક છે : આ શ્લોકના 'સુખાદિ'-શબ્દના 'આદિ'-થી, દુઃખોનો પણ એ અનુભવમાં સમાવેશ થઈ જાય છે; એટલું જ નહીં પરંતુ આ શ્લોકમાંનો 'સુખાદિ-અનુભવ', એ જ ગયા શ્લોકમાંનો 'બાહ્યપ્રત્યય'-શબ્દ, અને આવા સુખદુઃખાત્મક ફલભોગને જ (फलदर्शनात्) શ્રુતિ બ્રહ્મનિષ્ઠનું **'પ્રારબ્ધ'** કહે છે.

જ્ઞાનીને પણ સુખ-દુઃખ વગેરેનો અનુભવ થતો હોય, એટલે કે તે પણ આવાં ફળ ભોગવતો હોય, ત્યાં સુધી **'પ્રારબ્ધ'** છે; એટલું જ નહીં પણ તેનાં મૂળમાં એ જ **'પ્રારબ્ધ'**ની સ્થિતિ છે, એમ માનવું-સ્વીકારવું-સમજવું રહ્યું. આવી પરિસ્થિતિનું તર્ક-સંગત(Logical) સમાધાન એ છે કે દરેક ફલભોગનાં મૂળમાં કોઈક કર્મ હોય

છે; કોઈ પણ ફળનો આવિર્ભાવ, પૂર્વે કરવામાં આવેલાં કર્મનાં પરિણામ-સ્વરૂપ જ હોય છ. કર્મનો એક અવિચળ અને અનપવાદ નિયમ એ છે કે કર્મ વિના ક્યાંય, કદિ પણ ફળનો ઉદય થતો નથી; એટલું જ નહીં પણ કર્મનું ફળ, તેના કર્તાએ, વહેલું કે મોડું, ભોગવવું જ પડે છે : પોતાનાં કર્મના ફલ-ભોગના ઉત્તરદાયિત્વમાંથી કોઈ પણ વ્યક્તિ કદી પણ છૂટી કે છટકી શકે નહીં. ફલભોગના આવા ફરજિયાતપણાં-(Compulsion)ને જ શ્રુતિ બ્રહ્મનિષ્ઠ **'પ્રારબ્ધ'** કહે છે અને શ્લોક-૪૪૬માંનો 'બ્રહ્મપ્રત્યય'-શબ્દ, 'નિદિધ્યાસનશીલ' જેવી વ્યક્તિ માટે પણ, કર્મ-નિયમની આ જ અવિચલતા અને અનિવાર્યતાનો સંકેત આપે છે.

'પ્રારબ્ધ'-કર્મની આ જ વિશેષતા અને આ જ એનું મહત્ત્વ.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૭)

૪૪૮

अहं ब्रह्मेति विज्ञानात् कल्पकोटिशतार्जितम् ।
संचितं विलयं याति प्रबोधात् स्वप्नकर्मवत् ॥४४८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अहं ब्रह्मेति विज्ञानात् कल्पकोटिशतार्जितम् ।
संचितं विलयं याति प्रबोधात् स्वप्नकर्मवत् ॥४४८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

'अहं ब्रह्म (अस्मि') इति विज्ञानात्, कल्पकोटिशत-अर्जितं संचितं (कर्म), प्रबोधात् स्वप्नकर्मवत्, विलयं याति ॥४४८॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : कल्पकोटिशत-अर्जितं संचितं (कर्म) विलयं याति । विलयं याति એટલે વિનાશ પામે છે. વિલય પામતું આવું સંચિત કર્મ કેવું છે ? कल्प એટલે યુગો; कोटि કરોડો; अर्जित એટલે ભેગું થયેલું, એકઠું કરેલું. કરોડો કલ્પો દરમિયાન એકઠું થયેલું.

શાને લીધે, શું કરવાથી વિનાશ પામે છે ? - 'अहं ब्रह्म अस्मि', - इति विज्ञानात् । - 'હું બ્રહ્મ છું' - એવી જ્ઞાન-અનુભવાત્મક પ્રતીતિ થાય ત્યારે, એવાં વિશિષ્ટ જ્ઞાનથી, આત્મજ્ઞાનથી, - એટલે કે આવાં વિજ્ઞાનનાં પરિણામે આવેલી જાગૃતિને લીધે.

આવી પ્રક્રિયા શાના જેવી છે ? - प्रबोधात् स्वप्नकर्मवत् । નિદ્રામાંથી જાગ્યા પછી, સ્વપ્નમાંનાં કર્મો, જેમ વિલય પામે છે, તેમ, તેવી રીતે. (૪૪૮)

અનુવાદ :

'હું બ્રહ્મ છું', - એવા વિશિષ્ટ જ્ઞાન વડે, કરોડો કલ્પો દરમિયાન એકઠું થયેલું **'સંચિત'** કર્મ, જાગવાથી સ્વપ્નમાંનાં કર્મની જેમ, વિનાશ પામે છે. (૪૪૮)

ટિપ્પણ :

જીવન દરમિયાન, જે **'ક્રિયમાણ'** કર્મોનાં ફળ મનુષ્યે ભોગવ્યાં ન હોય તે, પુનર્જન્મ પામ્યા પછી તેનાં નામે, **'સંચિત'**-કર્મો તરીકે, એકઠાં થતાં રહે છે. જીવ-બ્રહ્મનાં એકત્વની જ્ઞાનાત્મક અનુભૂતિને અભાવે, કરોડો યુગો દરમિયાન, જમા થતાં રહેલાં આવાં **'સંચિત'**-કર્મો, ક્યારે અને કેવી રીતે નાશ પામે છે તે, આ શ્લોકમાં સમજાવવામાં આવ્યું છે.

આ **'સંચિત'** કર્મો વિશે બે વાત સમજવાની રહે છે : **એક** તો એ કે મનુષ્યનાં અજ્ઞાનને લીધે ચાલુ રહેલી વાસના અને દેહાદિમાંના અહંભાવને કારણે જ, **'સંચિત'** કર્મોનો બહુ મોટો જથ્થો, મનુષ્યનાં નામે જમા થઈ જવા પામ્યો હોય છે; અને **બીજું** એ કે આમાંનાં જે કર્મો ફળ માટે પરિપક્વ થઈને **'પ્રારબ્ધ'** કર્મનું સ્વરૂપ ન પામી શક્યાં હોય તેવાં જ આ **'સંચિત'** કર્મો છે. આવાં કર્મોનાં બંધનમાંથી મુક્ત થવાનો શું કોઈ ઉપાય જ નથી ? - એવા અપેક્ષિત પ્રશ્નનો સરળ-સચોટ-શાસ્ત્રસંમત ઉત્તર, આચાર્યશ્રીએ, અહીં આપ્યો છે : 'હું બ્રહ્મ છું', - એવું વિશિષ્ટ જ્ઞાન, - એટલે કે જીવ-બ્રહ્મનાં ઐક્યની અનુભવાત્મક આત્મગત(Subjective) પ્રતીતિ, એ એક જ, કરોડો કલ્પોમાં, અવિદ્યાને કારણે, એકત્રિત થઈ ગયેલાં પેલાં અસંખ્ય **'સંચિત'** કર્મોનો વિલય કરવા માટે, પર્યાપ્તરૂપે સમર્થ છે : ઉપર્યુક્ત જ્ઞાન-અનુભવાત્મક પ્રતીતિ પોતે જ એવો એક અગ્નિ છે, જે, અવિદ્યાજન્ય વાસનાઓ અને અહંભાવને સદંતર ભસ્મીભૂત કરી શકે છે. તે પરાવર બ્રહ્મનું દર્શન થતાં, હૃદયગ્રંથિનાં ભેદનની, સર્વ સંશયોનાં છેદનની અને કર્મોના ક્ષયની જે વાત મુંડક-ઉપનિષદ (૨, ૨, ૮)ના ઋષિએ કહી છે, -

भिद्यते हृदयग्रन्थिः छिद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

તે જ, અહીં, આચાર્યશ્રીને અભિપ્રેત છે, એમાં શંકા નથી.

'સંચિત' કર્મોના વિલયનો આ 'સપાટો' એવો જબરો, જોરદાર અને ઝડપી હોય છે કે સ્વપ્ન દરમિયાન કરેલાં કર્મોની, જાગ્યા પછી થતી ગતિ (કે 'દુર્ગતિ' ?)

જેવો જ તે હોય છે : સ્વપ્નમાં મનુષ્યે ઘણું-બધું કર્યું-જોયું-અનુભવ્યું હોય, પરંતુ તેની આંખો ઊઘડી ગયા પછી ? પેલાં કર્મો ક્યારે વિલય પામી ગયાં, એની એને પોતાને જ ખબર ન પડે !

'સંચિત' કર્મોનો પણ આવો જ સમૂળગો નાશ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૮)

૪૪૯

यत् कृतं स्वप्नवेलायां पुण्यं वा पापमुल्बणम् ।
सुप्तोत्थितस्य किं तत् स्यात् स्वर्गाय नरकाय वा ॥४४९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यत् कृतं स्वप्नवेलायां पुण्यं वा पापमुल्बणम् ।
सुप्तोत्थितस्य किं तत् स्यात् स्वर्गाय नरकाय वा ॥४४९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્વપ્નવેલાયાં યત્ ઉલ્બણં પુણ્યં વા પાપં (મનુષ્યેણ) કૃતં, તત્ કિં સુપ્ત-ઉત્થિસ્ય (તસ્ય) સ્વર્ગાય નરકાય વા સ્યાત્ ? ॥૪૪૯॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તત્ કિં તસ્ય સ્વર્ગાય નરકાય વા સ્યાત્ ? । શું તે, તેને, સ્વર્ગ કે નરક આપી શકે ? આપનારું બની શકે ? કોની બાબતમાં આવો સવાલ ઊભો થયો છે ? - સુપ્ત-ઉત્થિતસ્ય મનુષ્યસ્ય । સુપ્તોત્થિત એટલે એવો માણસ, જે પહેલાં સૂઈ ગયો હતો અને પછી જાગી ગયો હોય (આદૌ સુપ્તઃ પશ્ચાદ્ ઉત્થિતઃ । - **કર્મધારય** સમાસ). એના વિશે આવો સવાલ શા માટે ઊભો થયો ? સ્વપ્નવેલાયાં તેન યત્ ઉલ્બણં પુણ્યં પાપં વા કૃતમ્ । ઉલ્બણ બહુ મોટું, ઉગ્ર. સ્વપ્ન-અવસ્થામાં તેણે જે બહુ મોટું પુણ્ય કે પાપ કર્યું હોય તે, તેને, જાગ્યા પછી, સ્વર્ગ કે નરક આપનારું બની શકે ? (૪૪૯)

અનુવાદ :

સ્વપ્ન-અવસ્થામાં તેણે જે બહુ મોટું પુણ્ય કે પાપ કર્યું હોય તે, શું સૂતાં પછી જાગેલા તે(મનુષ્ય)ને સ્વર્ગ કે નરક આપી શકે ? (૪૪૯)

ટિપ્પણ :

નિદ્રામાંથી જાગ્યા પછી, સ્વપ્ન-અવસ્થાનાં સર્વ કર્મો વિલય પામે છે,

એવી વાત, ગયા શ્લોકમાં કર્યા પછી, અહીં એ જ વિચારનો વિસ્તાર કરવામાં આવ્યો છે :

એક માણસ ઊંઘી ગયો, તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્ન દરમિયાન, તેણે બહુ મોટાં પુણ્ય કે પાપ કર્યાં હોય; હવે તે જાગી ગયો, સ્વપ્ન તો રહ્યું નહીં. સવાલ એ છે કે સ્વપ્ન દરમિયાન તેણે કરેલાં પુણ્યોના બદલામાં તેને સ્વર્ગ અથવા પાપોના બદલામાં નરક મળી શકે ?

આમ તો, આ એક પ્રશ્ન છે, પણ સહુ જાણે છે તે પ્રમાણે, તે એક **'કાકુપ્રશ્ન'** (Rhetorical Question) હોવાથી, પ્રશ્નમાં જ પ્રશ્નનો ઉત્તર સમાવિષ્ટ થઈ ગયો છે કે, - "ના, ના, સ્વપ્નમાં કરેલાં બહુ મોટાં દાન-પુણ્યનાં કર્મો તેને સ્વર્ગ આપનારાં કે ખૂન-ચોરી જેવાં બહુ મોટાં પાપ તેને નરક આપનારાં કદી પણ ન જ બની શકે ?"

કારણ સ્પષ્ટ છે : સ્વપ્ન અને જાગૃતિ - બંને અવસ્થામાં માણસ ભલે એકનો એક, એ-નો એ જ હોય; અને છતાં તાત્ત્વિક દૃષ્ટિએ તે બંને જુદા છે : જાગ્યા પછી તે જ જાગનાર માણસ, ઊંઘમાં સ્વપ્ન જોનાર ન્હોતો અને ઊંઘમાં સ્વપ્ન જોનાર માણસ, જાગ્યા પછી, ઊંઘમાં સ્વપ્ન જોનાર તે જ માણસ હોતો નથી !

એ જ રીતે, જીવ-બ્રહ્મ-ઐક્યની પ્રતીતિ પહેલાંનાં કર્મો, એ જ મનુષ્ય માટે, એવી પ્રતીતિ પછી રહેતાં નથી : અવિદ્યા પણ એક પ્રકારની નિદ્રા હતી અને જીવ-બ્રહ્મ-ઐક્યરૂપી આત્મજ્ઞાન એક પ્રકારની જાગૃતિ છે. જાગૃતિ આવતાં, નિદ્રાનું અસ્તિત્વ ટકી શકતું નથી : આત્મજ્ઞાની માટે નથી ટકતો તેનો પોતાનો ભૂતપૂર્વ ભૂતકાળ, એ જ સમયનો પોતાનો જ અજ્ઞાની જીવાત્મા, એ જ અજ્ઞાન-અવસ્થા કે એ જ એનાં અજ્ઞાન-જન્ય કર્મો !

સ્થૂલ દૃષ્ટિએ જોતાં, સ્વપ્ન-જાગ્રત બંને અવસ્થામાંનો માણસ એક જ, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં, એ બંને અવસ્થાની ખરેખર અનુભૂતિ કરનાર બંને જૂદા-જૂદા છે : અજ્ઞાની-જ્ઞાની બંને મનુષ્ય, સ્થૂલ દૃષ્ટિએ, એક જ, છતાં જ્ઞાનનો પ્રકાશ પામ્યા પછી, સૂક્ષ્મ દૃષ્ટિએ, તે બંને, એકબીજાથી સાવ જૂદા-જૂદા !

આ જ છે ચમત્કાર, જ્ઞાન-અજ્ઞાન વચ્ચેના આમૂલ તફાવતના પ્રભાવનો !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૪૯)

૪૫૦

स्वमसंगमुदासीनं परिज्ञाय नभो यथा ।
न श्लिष्यते यतिः किंचित् कदाचिद् भाविकर्मभिः ॥४५०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્વમસંગમુદાસીનં પરિજ્ઞાય નભો યથા ।
ન શ્લિષ્યતે યતિઃ કિંચિત્ કદાચિદ્ ભાવિકર્મભિઃ ॥૪૫૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યતિઃ સ્વં નભઃ યથા અસંગં ઉદાસીનં પરિજ્ઞાય, કદાચિત્ ભાવિકર્મભિઃ કિંચિત્ (અપિ) ન શ્લિષ્યતે ॥૪૫૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : યતિઃ ભાવિકર્મભિઃ ન શ્લિષ્યતે । યતિ એટલે જ્ઞાની, વિદ્વાન, યોગી; ન શ્લિષ્યતે । લેપાતો નથી, સંબંધમાં આવતો નથી, પ્રભાવિત થતો નથી, બંધાતો નથી. કિંચિત્ અપિ । જરા પણ, લેશમાત્ર પણ, કદાચિદ્ - ક્યારેય, કદી પણ, કદિયે. શાનાથી તે લેપાતો નથી ? - ભાવિકર્મભિઃ । ભવિષ્યમાંનાં કર્મોથી, ભાવિ કર્મોથી. આવું ક્યારે, શાના લીધે, શક્ય બને છે ? - સ્વં અસંગં ઉદાસીનં પરિજ્ઞાય । પોતાને-પોતાની જાતને, અસંગ (એટલે કે સંગવિનાનો, અસક્ત, અનાસક્ત) અને ઉદાસીન જાણી-સમજી-સ્વીકારી લીધા પછી; પોતાની જાતને, આવી, કોની જેમ, તે જાણે છે ? - નભઃ યથા । આકાશની જેમ. (૪૫૦)

અનુવાદ :

પોતાને, આકાશની જેમ, સંપૂર્ણરીતે (પરિ) અસંગ અને ઉદાસીન જાણી લીધા પછી, જ્ઞાની મનુષ્ય, ક્યારેય પણ, ભાવિ કર્મો વડે, જરા પણ લેપાતો નથી. (૪૫૦)

ટિપ્પણ :

આત્મા પર અનાત્માનાં આરોપણના નાશ વડે, **'સંચિત'** કર્મોના વિલયની વાત, આચાર્યશ્રીએ, આ પહેલાં, શ્લોક-૪૪૮માં કરી. હવે અહીં, તેઓશ્રી, ભાવિ કર્મો વડે, જ્ઞાનીના લેશમાત્ર પણ લિપ્ત ન થવાની, વાત કરે છે. તે વખતે, મનુષ્ય, અનાત્માનાં આરોપણને કારણે, પોતાને, કર્મોના કર્તા તરીકે કલ્પતો હતો. કર્તાભાવની આ કલ્પના નષ્ટ થતાં, પેલાં કર્મો પણ નાશ પામે છે. હવે, આત્માનાં અકર્તૃત્વની પ્રતીતિ થતાં, ભાવિમાંનાં કર્મો સાથે પણ તેને કદીયે કશો પણ સંબંધ રહે નહીં, - એવું અહીં તેઓશ્રી પ્રતિપાદન કરે છે.

હવે તો આ યતિ આત્મવિદ્ બની ગયો છે, તેથી, આત્માનુભવની આવી પ્રતીતિને લીધે, શરીરમાં હવે પછી ભાવિમાં ઘટનારાં કર્મો વડે લેશમાત્ર પણ લિપ્ત

ન થવાનો તે અધિકાર પ્રાપ્ત કરે છે.

આવો વિરલ અને દુર્લભ અધિકાર તેને પ્રાપ્ત થવા માટેનો સઘળો યશ ઘટે છે, – પોતાની જાતને સંપૂર્ણ અસંગ અને ઉદાસીન જાણવાની પોતાની પ્રતીતિને (પરિજ્ઞાય). આવી પ્રતીતિની પ્રેરણા તેને મળે છે, આકાશ પાસેથી, જે, ત્રણેય કાળમાં અને સદા-સર્વદા, જળ-તાપ-હવા વગેરે જેવાં સર્વ પ્રદૂષણોથી સંપૂર્ણ અનાસક્ત-અસ્પર્શ્ય-નિર્લેપ અને ઉદાસીન રહે છે.

અસંગત્વ અને ઉદાસીનત્વની બાબતમાં, એક અજોડ **આદર્શ** (Unique Ideal) તરીકે આકાશને, આચાર્યશ્રીએ, આ પહેલાં પણ, શ્લોક-૩૮૬માં, આ પ્રમાણે પ્રયોજ્યું જ છે :

... उपाधिशतैः विमुक्तं एकं, न विविधं गगनम् ।

'આકાશ' વિશેના, આચાર્યશ્રીના આવા અભિગમનો આધાર **ગીતા**નો આ શ્લોક છે :

यथा सर्वगतं सौक्ष्म्यात् आकाशं न-उपलिप्यते ।
सर्वत्र अवस्थितः देहे तथा आत्मा न-उपलिप्यते ॥ १३, ३३ ॥

("જેમ બધી બાજુ રહેલું આકાશ સૂક્ષ્મપણાંને લીધે લેપાતું નથી તેમ, દેહમાં રહેલો આત્મા લેપાતો નથી.")

વળી, મનુષ્ય-શરીર જે પાંચ મહાભૂતોનું બનેલું છે, તેમાં એક **'આકાશ'** જ સૌથી વધારે સૂક્ષ્મ છે.

ભાવિ કર્મોથી તદ્દન નિર્લેપ રહેવાની, જ્ઞાની યતિની આવી નિશ્ચયાત્મક અને શ્રદ્ધાપૂર્ણ પ્રતીતિ, વેદાંતવિદ્યાના આ નિયમ પર આધારિત છે :

धर्म-अध्यासपूर्वकः धर्मी-अध्यासः ।

("સૌપ્રથમ સાપનું આરોપણ દોરડા પર થાય છે; એ જ રીતે, શરીરનું આરોપણ આત્મા પર થાય છે અને ત્યારપછી જ, શરીર સાથે સંકળાયેલાં કર્મો અને તેનાં ફળનો આવિર્ભાવ થાય છે.")

મૂલ-અજ્ઞાન(Primordial Ignorance)નો નાશ થતાં, ઉપર્યુક્ત આરોપણ પણ નાશ પામે છે અને પછી તો અનાત્માના કશા જ **'શ્લેષ'**, – એટલે કે લેપ કે પ્રભાવ માટે, અવકાશ રહે જ નહીં.

અલબત્ત, જેના અનુભવ માટે યતિએ આ શરીર ધારણ કર્યું છે, તે, **'પ્રારબ્ધ'** કર્મો તો, યતિ માટે, ચાલુ જ રહે છે એટલે, હવે પછી, આચાર્યશ્રી, આ સવાલની વિચારણા હાથ પર લે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૫૦)

न नभो घटयोगेन सुरागन्धेन लिप्यते ।
तथाऽऽत्मोपाधियोगेन तद्धर्मैर्नैव लिप्यते ॥૪૫૧॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન નભો ઘટયોગેન સુરાગન્ધેન લિપ્યતે ।
તથાઽઽત્મોપાધિયોગેન તદ્ધર્મૈર્નૈવ લિપ્યતે ॥૪૫૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(યથા) નભઃ ઘટયોગેન સુરાગન્ધેન ન લિપ્યતે, તથા આત્મા ઉપાધિયોગેન તદ્ધર્મૈઃ ન એવ લિપ્યતે ॥૪૫૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તથા આત્મા ઉપાધિયોગેન તદ્ધર્મૈઃ ન એવ લિપ્યતે । યોગ એટલે સંબંધ-સંપર્ક. તેવી રીતે આત્મા ઉપાધિનો સંબંધ પામવા છતાં, તે(ઉપાધિ)ના ધર્મોથી લેપાતો નથી. આવું કોની જેમ બને છે ? (યથા) નભઃ ઘટયોગેન સુરાગન્ધેન ન લિપ્યતે, તથા । નભઃ એટલે આકાશ; ઘટ એટલે ઘડો, અને સુરા એટલે ઘડામાં ભરેલી મદિરા, દારૂ : (જેમ) આકાશ, ઘડાના સંબંધમાં હોવા છતાં, ઘડાથી અને ઘડામાં ભરેલા દારૂની ગંધથી લેપાતું નથી, - તેમ, તેવી રીતે. (૪૫૧)

અનુવાદ :

જેમ આકાશ ઘડાના સંબંધમાં હોવા છતાં, ઘડાથી અને એમાં ભરેલા દારૂની ગંધથી લેપાતું નથી, તેમ, આત્મા, ઉપાધિના સંબંધમાં હોવા છતાં, તે(ઉપાધિ)ના ધર્મોથી લેપાતો જ નથી. (૪૫૧)

ટિપ્પણ :

આપણે, આ પહેલાં, જોયું કે આકાશ (Space) તો સૂક્ષ્મ છે, વિશુદ્ધ છે અને વિશ્વ જેવું જ, વિશ્વ-સમાન, વિશ્વ સાથે જ સહ-વ્યાપી (Co-extensive) છે : એને આકાર નથી. ઘડામાં રહેલું આકાશ (ઘટ-આકાશ), ઘડા સાથેના સંપર્કને કારણે (Contact), મર્યાદિત બને છે, એવું માત્ર દેખાય છે. ઘડો ફૂટી જતાં, એટલે કે તેની આ ઉપાધિ (Conditioning) દૂર થતાં, તે, પોતાનાં મૂળ આકાશમાં મળી જાય છે, ભળી જાય છે.

વળી, ઘડામાં જે મદિરા ભરેલી છે, તેની ગંધ વડે હવા, એવી ગંધવાળી થાય છે, પરંતુ આકાશ આવી કોઈ ગંધથી લેપાતું નથી, એ તો હતું તેવું જ રહે છે. વાતાવરણમાંનાં ગરમી-ઠંડી-ભેજ-ભીનાશ વગેરે કશાંથી લેશમાત્ર પણ લેપાયા વિના, આકાશ તો સૂક્ષ્મતા-વિશુદ્ધિ-નિરાકારપણું-વિશ્વવ્યાપિત્વ વગેરે પોતાનાં સ્વરૂપની મૂળભૂત નિર્લેપતા અખંડ અને અવિક્ષિપ્ત જાળવી જ રાખે છે. ટૂંકમાં, આકાશ, સર્વ પરિસ્થિતિઓ, ગમે તેવી ઉપાધિઓના સંબંધમાં આવવા છતાં, એવું ને એવું, સદા નિર્લેપ જ રહે છે.

એવી જ રીતે, જે શરીરમાં તે રહે છે તે સ્થૂલ શરીર, આત્મા માટેની ઉપાધિ છે. શરીર જન્મે છે, વિકાર પામે છે, વધે-ઘટે છે, અનેક કર્મો કરે છે, એ કર્મોનાં ફળ પણ ભોગવે છે અને અંતે **'પ્રારબ્ધ'**-કર્મોનાં ફળ ભોગવાઈ ગયાં પછી, મૃત્યુ પણ પામે છે. પરંતુ આ બધી તો, સ્થૂલ શરીર સાથે સંકળાયેલી ઉપાધિઓ અને મર્યાદાઓ છે. આત્માનાં સ્વરૂપની એ જ વિશેષતા, મૌલિકતા અને અનન્યતા (Unique-ness) છે કે સ્થૂલ શરીર સાથે સતત અને સઘન રીતે સંકળાયેલો હોવા છતાં, તે જ શરીરની ઉપર્યુક્ત કોઈ જ ઉપાધિઓથી તે કદાપિ, લેશમાત્ર પણ, લેપાયમાન થતો નથી.

'સંચિત' કર્મોમાંથી જેટલાં કર્મો ફલોન્મુખ બને, એટલે કે ફળ માટે જે પરિપક્વ થાય, તે **'પ્રારબ્ધ'** કર્મ બને છે; અને છતાં કેટલીક વાસના એવી હોય છે કે જે હજુ પૂરી ફલોન્મુખ બની હોતી નથી, તે પરિપક્વતાની રાહ જોઈ રહી હોય છે, - જેને **'આગામી'** કહેવામાં આવે છે. જીવ-બ્રહ્મનું સંપૂર્ણ ઐક્ય સધાય ત્યારે જ, આવી બધી **'આગામી'** વાસનાઓ પણ નાશ પામે છે.

સંક્ષેપમાં, આત્મા પણ, આકાશની જેમ, સ્થૂલ શરીર અને એની સર્વ ઉપાધિના સંબંધમાં (યોગ) હોવા છતાં, શરીરના વિદેહમોક્ષ સુધી, સદા-સર્વદા, સંપૂર્ણરીતે, નિર્લેપ રહે છે.

આ જ રહસ્ય છે, આત્માનાં સૂક્ષ્મતમ સ્વરૂપનું.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૫૧)

૪૫૨-૪૫૩

ज्ञानोदयात् पुराऽऽरब्धं कर्म ज्ञानान्न नश्यति ।
अदत्वा स्वफलं लक्ष्यमुद्दिश्योत्सृष्टबाणवत् ॥४५२॥
व्याघ्रबुद्ध्या विनिर्मुक्तो बाणः पश्चात्तु गोमतौ ।
न तिष्ठति छिनत्त्येव लक्ष्यं वेगेन निर्भरम् ॥४५३॥

શ્લોકોનો ગુજરાતી પાઠ :

જ્ઞાનોદયાત્ પુરાઽઽરબ્ધં કર્મ જ્ઞાનાન્ન નશ્યતિ ।
અદત્વા સ્વફલં લક્ષ્યમુદ્દિશ્યોત્સૃષ્ટબાણવત્ ॥૪૫૨॥
વ્યાઘ્રબુદ્ધ્યા વિનિર્મુક્તો બાણઃ પશ્ચાત્તુ ગોમતૌ ।
ન તિષ્ઠતિ છિનત્ત્યેવ લક્ષ્યં વેગેન નિર્ભરમ્ ॥૪૫૩॥

શ્લોકોનો ગદ્ય અન્વય :

લક્ષ્યં ઉદ્દિશ્ય ઉત્સૃષ્ટબાણવત્, જ્ઞાનોદયાત્ પુરા આરબ્ધં કર્મ સ્વફલં અદત્વા જ્ઞાનાત્ ન નશ્યતિ । વ્યાઘ્રબુદ્ધ્યા વિનિર્મુક્તઃ બાણઃ પશ્ચાત્ તુ ગોમતૌ (જાતાયાં અપિ) ન તિષ્ઠતિ, (કિં તુ) વેગેન લક્ષ્યં નિર્ભરં છિનત્તિ એવ ॥૪૫૨-૪૫૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : લક્ષ્યં ઉદ્દિશ્ય ઉત્સૃષ્ટબાણવત્, જ્ઞાન-ઉદયાત્ પુરા આરબ્ધં કર્મ સ્વફલં અદત્વા જ્ઞાનાત્ ન નશ્યતિ । આરબ્ધં કર્મ એટલે **'પ્રારબ્ધ'** કર્મ, ન નશ્યતિ - નાશ પામતું નથી, વિરમતું-અટકતું નથી. આ **'પ્રારબ્ધ'** કર્મ કેવું છે ? જ્ઞાન-ઉદયાત્ પુરા । પુરા એટલે પહેલાંનું, પહેલાં આ આચરવામાં આવેલું; શાના પહેલાં ? જ્ઞાન-ઉદયાત્ । જ્ઞાનનો ઉદય થયા પહેલાં; જ્ઞાનની પ્રાપ્તિ થયા પહેલાં, ('હું બ્રહ્મ છું', - એ પ્રકારનું જ્ઞાન). સ્વફલં અદત્વા । જ્ઞાનાત્ - જ્ઞાન થયા પછી; દત્વા (દા - આપવું, એ ધાતુનુ સંબંધક ભૂતકૃદંતનું રૂપ) - એટલે આપીને, અદત્વા એટલે આપ્યા વિના; શું આપ્યા વગર ? સ્વફલમ્ । પોતાનું ફળ. શાની-કોની જેમ ? - લક્ષ્યં ઉદ્દિશ્ય ઉત્સૃષ્ટબાણવત્ । લક્ષ્ય એટલે વીંધવા માટેનું બાણનું નિશાન, Target, Aim; ઉદ્દિશ્ય એટલે ઉદ્દેશીને, અનુલક્ષીને; ઉત્સૃષ્ટ એટલે છોડવામાં આવેલું; ફેંકવામાં આવેલું; લક્ષ્યને ઉદ્દેશીને છોડેલાં બાણની જેમ.

બાણઃ ન તિષ્ઠતિ । બાણ (વચ્ચે) અટકતું નથી, (વચમાં) રોકાતું નથી. કેવું બાણ ? વ્યાઘ્રબુદ્ધ્યા વિનિર્મુક્તઃ । (સામે) વાઘ છે, એમ માનીને-સમજીને છોડેલું, ફેંકેલું; પશ્ચાત્ તુ ગો-મતૌ । ગો એટલે ગાય; પાછળથી, એટલે કે છોડ્યા પછી, ફેંક્યા પછી; તે (વાઘ નહીં) પણ ગાય છે, એવો ખ્યાલ આવતાં, એવું જાણવા છતાં. તો પછી, તે બાણ શું કરે છે ? - વેગેન લક્ષ્યં નિર્ભરં છિનત્તિ એવ । નિર્ભરં એટલે સારી રીતે, સંપૂર્ણ રીતે; છિનત્તિ એવ । (છિદ્ - કાપવું, એ ધાતુનું વર્તમાનકાળ

ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) વીંધે જ છે, કાપે જ છે. (૪૫૨-૪૫૩)

અનુવાદ :

લક્ષ્યને ઉદ્દેશીને ફેંકવામાં આવેલાં બાણની જેમ, ('હું બ્રહ્મ છું', એ પ્રકારનાં) જ્ઞાનનો ઉદય થતાં પહેલાં કરેલું **'પ્રારબ્ધ'** કર્મ, પોતાનું ફળ આપ્યા વિના, (ઉપર્યુક્ત) જ્ઞાનથી (પણ) નાશ પામતું નથી : (સામે) વાઘ છે, એમ માનીને છોડેલું બાણ, પાછળથી (એટલે કે છોડ્યા પછી) 'તે (વાઘ નહીં પણ) ગાય છે', તેમ જાણવાથી (વચ્ચે) અટકતું નથી, (પરંતુ) વેગપૂર્વક લક્ષ્યને સંપૂર્ણરીતે વીંધે જ છે. (૪૫૨-૪૫૩)

ટિપ્પણ :

જેની ચર્ચા શ્લોક-૪૪૬થી શરૂ થઈ છે તે, **'પ્રારબ્ધ'** કર્મની, એનાં સ્વરૂપની, એની ગતિ-વિધિની, એનાં ફળની લાક્ષણિકતા, આ બે શ્લોકોમાં નિરૂપવામાં આવી છે; એટલું જ નહીં પરંતુ એ નિરૂપણ અસંદિગ્ધ અને પ્રતીતિકારક નીવડે, તે માટે, આચાર્યશ્રીએ, હંમેશાં યાદ રહી જાય તેવું, તાદૃશ અને પરિસ્ફુટ (Vivid) દૃષ્ટાંત અહીં આપ્યું છે.

શિકારીને દૂરથી એમ લાગ્યું કે સામે એક **વાઘ** છે, તેથી તેને હણવા માટે, પોતાની પાસેનાં ભાથાંમાંથી બાણ કાઢીને, ધનુષની પણછ પર તેને ચઢાવીને, જોરથી, તેણે તે તરફ ફેંક્યું; પરંતુ બાણ છોડ્યા પછી તેને સાચો ખ્યાલ આવ્યો કે જેને હણવા તેણે બાણ છોડ્યું હતું તે, **વાઘ નહીં** પણ તે તો **એક ગાય** (જ) છે. પરંતુ બાણ તો તેના હાથમાંથી છૂટી જ ચૂક્યું છે, તેને હવે કંઈ પાછું ખેંચી શકાય નહીં અને તે કંઈ વચ્ચે અટકવાનું નથી, તે તો પૂરા વેગથી અને સંપૂર્ણપણે તેનાં લક્ષ્યને (એટલે કે **વાઘને** બદલે હવે તો **ગાયને**) વીંધ્યા વિના રહે જ નહીં !

આ તો થયો લૌકિક, લોકવ્યવહારનો, સામાન્ય નિયમ, જેમાં, કશાક હેતુને અનુલક્ષીને આચરવામાં આવેલું કર્મ, તેનાં હેતુને સિદ્ધ કર્યા વિના, કદાપિ, નિવૃત્ત થતું નથી, શાંત થતું નથી. પરંતુ આપણે તો, અહીં, ઉચ્ચ આધ્યાત્મિક-દાર્શનિક બાબતની ચર્ચા કરી રહ્યાં છીએ. લૌકિક કર્મનો નિયમ પણ જો તેનાં નિશ્ચિત ફળ અંગે પ્રમાણભૂત ઠરતો હોય તો, આપણે જેની ચર્ચા કરી રહ્યાં છીએ તે શાસ્ત્રસંમત અને શાસ્ત્રોક્ત **'પ્રારબ્ધ'** કર્મનો સિદ્ધાંત તો, અવશ્ય, પ્રમાણભૂત હોવો જ જોઈએ.

મૂળભૂત રીતે, મનુષ્ય પોતે બ્રહ્મ છે પરંતુ 'હું બ્રહ્મ છું', - એવું, જીવ-બ્રહ્મનાં ઐક્યનું જ્ઞાન તેનાં મનમાં ઉદય પામે, એટલે કે આવી તેની પ્રતીતિ અંતસ્તત્ત્વસ્પર્શી બને તે પહેલાં પણ, તે પોતાનાં જીવનમાં કર્મો તો કરતો જ હતો. કર્મના નિયમ પ્રમાણે, આ બધાં **'ક્રિયમાણ'** કર્મો, કાળે કરીને, **'સંચિત'** બન્યાં; અને તેમાંનાં કેટલાંક કર્મો, ફલોન્મુખ બનીને, **'પ્રારબ્ધ'** કર્મોનાં સ્વરૂપે, તેની સમક્ષ આવ્યાં. તેની

મોક્ષપ્રાપ્તિની સાધના-યાત્રા દરમિયાન, અધવચ્ચે તેને, જીવબ્રહ્મનાં એકત્વનું જ્ઞાન થયું, એની પાકી પ્રતીતિ થઈ; પરંતુ **'ક્રિયમાણ'**માંથી, **'સંચિત'**માં થઈને, **'પ્રારબ્ધ'**-સ્વરૂપે તેની સમક્ષ ઉપસ્થિત થયેલાં કર્મોનો પ્રવર્તમાન સઘળો પરિપાક તો, તેનાં જ્ઞાનોદય પહેલાંનો છે. પેલું જ્ઞાન તો તેને પાછળથી, હમણાં, થયું. આમ, આ જ્ઞાન તેને, તેની સાધના-યાત્રાના આ તબક્કે સહાયભૂત થઈ શકે નહીં, **'પ્રારબ્ધ'** કર્મો પર તેનો કશો પ્રભાવ પડી શકે નહીં, એટલે આવું પાછળથી પ્રગટેલું જ્ઞાન તેને હોવા છતાં, **'પ્રારબ્ધ'** કર્મો, પોતાનું ફળ તેને આપ્યા વિના, આ જ્ઞાનથી પણ, નાશ પામે નહીં ! આ કર્મોનાં ફળ તો તેણે ભોગવવાં જ રહ્યાં !

પેલાં કર્મો જ્ઞાનોદય-પહેલાંનાં હતાં, આત્મા અકર્તા છે એવું જ્ઞાન તો તેને હમણાં થયું, તેથી તે જ્ઞાનથી (જ્ઞાનાત્), જ્ઞાનોદય પહેલાંનાં તેનાં કર્મો, **'પ્રારબ્ધ-કર્મો'**, તેને, પોતાં ફળ આપ્યા વિના નાશ પામે જ નહીં !

અને તેથી જ, જ્ઞાનીને પણ, વિદેહમુક્તિ સુધી, પેલાં કર્મોનાં સુખ-દુઃખાત્મક, સારાં-નરસાં સર્વ ફળો ભોગવતાં રહેવું જ પડે છે અને આ જ છે તાત્પર્યાર્થ પેલાં **સૂત્રનો** : ભોગેન તુ ઇતરે ક્ષપયિત્વા સંપદ્યતે । (**"બ્રહ્મસૂત્ર"**) : "ફળ ભોગવીને, તે બંને પ્રકારનાં, શુભ-અશુભ, કર્મોને ક્ષીણ કરી નાખ્યા પછી જ તેની બ્રહ્મરૂપતા સંપન્ન થાય છે."

બાણ તો ધનુષમાંથી છૂટી ચૂક્યું છે, એટલે એ તો એનાં લક્ષ્યને, વેગપૂર્વક (વેગેન) અને સંપૂર્ણપણે (નિર્ભરમ્) વીંધ્યા વિના રહે જ નહીં !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૫૨-૪૫૩)

૪૫૪

प्रारब्धं बलवत्तरं खलु विदां भोगेन तस्य क्षयः
सम्यग्-ज्ञानहुताशनेन विलयः प्राक्संचितागामिनाम् ।
ब्रह्मात्मैक्यमवेक्ष्य तन्मयतया ये सर्वदा संस्थिता-
-स्तेषां तत् त्रितयं न हि क्वचिदपि ब्रह्मैव ते निर्गुणम् ॥४५४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રારબ્ધં બલવત્તરં ખલુ વિદાં ભોગેન તસ્ય ક્ષયઃ
સમ્યગ્-જ્ઞાનહુતાશનેન વિલયઃ પ્રાક્સંચિતાગામિનામ્ ।
બ્રહ્માત્મૈક્યમવેક્ષ્ય તન્મયતયા યે સર્વદા સંસ્થિતા-
-સ્તેષાં તત્ ત્રિતયં ન હિ ક્વચિદપિ બ્રહ્મૈવ તે નિર્ગુણમ્ ॥૪૫૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

विदां प्रारब्धं (कर्म) खलु बलवत्तरं (अस्ति) । भोगेन तस्य क्षयः (भवति) । प्राक्-संचित-आगामिनां सम्यग्-ज्ञानहुताशनेन विलयः (भवति) । ये (ज्ञानिनः) सर्वदा ब्रह्म-आत्मा-ऐक्यं अवेक्ष्य तन्मयतया संस्थिताः (सन्ति), तेषां तत् त्रितयं क्वचित् अपि न हि (अस्ति), ते निर्गुणं ब्रह्म एव अस्ति ॥४५४॥

શબ્દાર્થ :

શ્લોકમાં **પાંચ** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) विदां प्रारब्धं (कर्म) खलु बलवत्तरं (अस्ति) । विदाम् એટલે જ્ઞાની મનુષ્યોનાં (विद् - જાણવું, એ પરથી, બનેલું નામ - Noun, विद्, તેનું ષષ્ઠી વિભક્તિ બહુવચનનું રૂપ); खलु એટલે ખરેખર; बलवत्तर એટલે વધારે બળવાન (बलवत् - શબ્દનું, तर - પ્રત્યય લગાવીને કરવામાં આવેલું અધિકતાદર્શક-Comparative રૂપ); જ્ઞાનીઓનું પ્રારબ્ધ-કર્મ, ખરેખર, ઘણું બળવાન છે.

(૨) भोगेन तस्य (प्रारब्धस्य कर्मणः) क्षयः (भवति) । ભોગ એટલે તે કર્મના ભોગથી, એટલે કે તેને, તેનાં ફળને ભોગવ્યાથી જ તેનો નાશ (क्षयः) થાય છે.

(૩) प्राक्-संचित-आगामिनां (कर्मणां) विलयः सम्यग्-ज्ञान-हुताशनेन (भवति) । विलयः એટલે નાશ; प्राक् એટલે અગાઉનાં, પહેલાંનાં, પૂર્વનાં; आगामिन् એટલે ભવિષ્યમાં થનારાં, કરવામાં આવનારાં; हुताशन એટલે અગ્નિ: જે કર્મો અગાઉ **'संचित'** થયેલાં છે અને જે કર્મો ભવિષ્યમાં થનારાં છે, તેમનો નાશ સમ્યગ્-જ્ઞાનરૂપી અગ્નિ વડે થાય છે.

(૪) ये (ज्ञानिनः) सर्वदा ब्रह्म-आत्मा-ऐक्यं अवेक्ष्य तन्मयतया संस्थिताः (सन्ति), तेषां तत् त्रितयं क्वचित् अपि न हि (अस्ति) । अवेक्ष्य (अव + ईक्ष् - એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ) જાણીને, અનુભવીને; तन्मयतया संस्थिताः એટલે તન્મય બની શકે છે, બ્રહ્મભાવમાં જ સ્થિત રહી શકે છે. त्रितयम् એટલે **'પ્રારબ્ધ'**, **'संचित'** અને **'આગામી'** (ભાવિ), - એ ત્રણ પ્રકારનાં કર્મોનો સમૂહ, ત્રિપુટી, ત્રિવિધ કર્મો.

(૫) ते निर्गुणं ब्रह्म एव (अस्ति) । તેમને તો (સર્વત્ર) નિર્ગુણ બ્રહ્મ જ છે, દેખાય છે. (૪૫૪)

અનુવાદ :

જ્ઞાની મનુષ્યનું **"પ્રારબ્ધ"** કર્મ, ખરેખર, ખૂબ બળવાન છે. તે(કર્મ)નો ક્ષય તો ભોગવ્યાથી જ થાય છે; (પરંતુ) જે કર્મો અગાઉનાં **'સંચિત'** છે અને **'આગામી'** (એટલે કે, ભવિષ્યમાં થનારાં) છે, તેમનો નાશ તો, **સમ્યગ્-જ્ઞાન-રૂપી** અગ્નિથી જ થાય છે. જે (જ્ઞાની મનુષ્યો) જીવ-બ્રહ્મનું ઐક્ય અનુભવીને સર્વદા બ્રહ્મભાવ-મય રહી શકે છે, તેમના માટે તો તે ત્રિવિધ કર્મો (**'પ્રારબ્ધ'**, **'સંચિત'** અને **'આગામી'**) કોઈ પણ કાળે છે જ નહીં : તેમને તો (સર્વત્ર) નિર્ગુણ બ્રહ્મ જ (દેખાય) છે. (૪૫૪)

ટિપ્પણ :

આ શ્લોકમાં, જ્ઞાનીનાં અનુસંધાનમાં, **'પ્રારબ્ધ'**, **'સંચિત'** અને **'આગામી'**, - એ ત્રણેય પ્રકારનાં કર્મોનાં વ્યક્તિગત સ્વરૂપની સ્પષ્ટતા કરવામાં આવી છે : આ ત્રણમાં **'પ્રારબ્ધ'** કર્મો, ખરેખર, એવાં સવિશેષ બળવાન છે કે એના પ્રભાવથી તો જ્ઞાની (**विदाम्**) મનુષ્યો પણ બચી શકતાં નથી, તેના સારાં-નરસાં ફળો તો તેમના જેવા વિદ્વાનોએ પણ ભોગવવાં જ પડે છે. તેવા ભોગ વિના (**भोगेन विना**) તેનો નાશ થતો નથી (**क्षयः**).

બાકી રહ્યાં, અગાઉનાં એકઠાં થયેલાં **'સંચિત'** કર્મો અને હવે પછી ભવિષ્યમાં થનારાં **'આગામી'** કર્મો. આવાં કર્મોમાં રહી ગયેલી વાસનાઓનો નાશ (**विलयः**) તો 'હું જીવ નહીં પરંતુ અસંગ આત્મા છું' - એ આત્મજ્ઞાન અથવા સમ્યગ્-જ્ઞાનથી જ થઈ શકે. આવું સમ્યગ્-જ્ઞાન, એવો એક વિનાશક અગ્નિ (**हुताशनः**) છે કે એમાં તો **'સંચિત'** અને **'આગામી'** જેવાં સર્વ કર્મોમાં રહી ગયેલી વાસનાઓ અને એને વળગી રહેલો અહંભાવ, - બધું જ બળીને ભસ્મીભૂત થઈ જાય છે. સર્વ પ્રકારનાં કર્મોને ભસ્મ કરી નાખનાર જે જ્ઞાનાગ્નિની વાત **ગીતા**એ કરી છે, તે જ આ સમ્યગ્-જ્ઞાન-હુતાશન ! -

ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा । (૪, ૩૭)

જ્ઞાનને **અગ્નિ**નું રૂપક આપનાર એ જ **ગીતા**કારે, એ જ અગ્નિને, એ જ સંદર્ભમાં, મહાપાપીને પણ જળનાં મહાપૂરમાંથી તારનાર **નૌકા**નું પણ રૂપક આપ્યું છે, તે નોંધપાત્ર છે :

अपि चेत् असि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञान-प्लवेन एव वृजिनं संतरिष्यसि ॥ (૪, ૩૬)

(પ્લવ એટલે નૌકા અને વૃજિન એટલે પાપ).

પરંતુ આચાર્યશ્રી તો, એથીયે આગળ વધીને, કહે છે કે આવાં સમ્યગ્-જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોચેલા, એટલે કે જીવ-બ્રહ્મનાં ઐક્યની માત્ર અનુભૂતિ કરનાર (અવેક્ષ્ય એટલે **साक्षात्कृत्य** - સાક્ષાત્કાર કરનાર) જ નહીં, પરંતુ આવા બ્રહ્મભાવમાં જેઓ નિરંતર તન્મય રહી શકે છે, તેમના માટે તો, ત્રણ પ્રકારનાં (**'પ્રારબ્ધ'**, **'સંચિત'** અને **'આગામી'**) કર્મોની ત્રિપુટી (ત્રિતયં) પણ ક્યાંય, કદાપિ, કોઈ પણ કાળે, રહી શકતી નથી, ટકી શકતી નથી : આવો છે ચમત્કારિક પ્રભાવ, - જીવબ્રહ્મઐક્યના સાક્ષાત્કારનો અને બ્રહ્મભાવમયતાનો ! કારણ કે આટલી આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચેલો સમ્યગ્-જ્ઞાની તો, તે પહેલાં, ક્યારનો યે, પેલા ત્રણેય ગુણોથી પર થઈ ગયો હોય છે, તેથી, પછી તો, તેને, સર્વત્ર, નિર્ગુણ બ્રહ્મનાં જ દર્શન થતાં રહેને ! જ્ઞાની માટે બલવત્તર એવું **'પ્રારબ્ધ'** કર્મ પણ, જીવ-બ્રહ્મ-ઐક્યની અનુભૂતિ કરીને બ્રહ્મ સાથે તદાકાર થઈ જનાર આવા સમ્યગ્-જ્ઞાની સમક્ષ ટકી શકતું નથી.

આવો કૃતાર્થ સમ્યગ્-જ્ઞાની એટલે, પોતાના **"જીવનમુક્તિવિવેક"** ગ્રંથમાં, વિદ્યારણ્ય-સ્વામીએ, ટાંકેલો, **"યોગવાસિષ્ઠ"**માંનો સર્વશ્રેષ્ઠ બ્રહ્મવિદ્,– **બ્રહ્મવિદ્વરિષ્ઠ.**

શ્લોકનો છંદ : **શાર્દૂલવિક્રીડિત** (૪૫૪)

૪૫૫

उपाधितादात्म्यविहीनकेवल-
-ब्रह्मात्मनैवात्मनि तिष्ठतो मुनेः ।
प्रारब्धसद्भावकथा न युक्ता
स्वप्नार्थसम्बन्धकथेव जाग्रतः ॥४५५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઉપાધિતાદાત્મ્યવિહીનકેવલ-
-બ્રહ્માત્મનૈવાત્મનિ તિષ્ઠતો મુનેઃ ।
પ્રારબ્ધસદ્ભાવકથા ન યુક્તા
સ્વપ્નાર્થસંબંધકથેવ જાગ્રતઃ ॥૪૫૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

उपाधितादात्म्यविहीनकेवलब्रह्मात्मना एव आत्मनि तिष्ठतः मुनेः प्रारब्धसद्भावकथा, जाग्रतः (मनुष्यस्य) स्वप्न-अर्थ-सम्बन्ध-कथा इव, न

युक्ता (अस्ति) ॥४५५॥

शब्दार्थ :

मुख्य वाक्य : मुनेः प्रारब्धसद्भावकथा न युक्ता (अस्ति) । मुनि એટલે મનનશીલ, આત્મજ્ઞાની મુનિ, યતિ, સંન્યાસી; सद्भावकथा એટલે સંબંધની વાત, અસ્તિત્વની વાત; न युक्ता (अस्ति) । યોગ્ય નથી. આત્મજ્ઞાની મુનિની બાબતમાં **'પ્રારબ્ધ'**નાં અસ્તિત્વની વાત કરવી તે યોગ્ય નથી. આ મુનિ કેવો છે ? -

उपाधि-तादात्म्य-विहीन-केवल-ब्रह्मात्मना एव आत्मनि तिष्ठतः (मुनेः) । तादात्म्य એટલે तद्रूप-સંબંધ, આત્મીયભાવ-સંબંધ, घनिष्ठ-સંબંધ; विहीन એટલે વિનાનો, રહિત, છોડી દેવું તે; ઉપાધિ સાથેના આત્મીયભાવ-સંબંધથી રહિત થઈને, માત્ર બ્રહ્મરૂપે જ, એટલે કે 'હું બ્રહ્મ છું' એવો આત્મભાવ-સંબંધ પોતાનાં અંતઃકરણમાં ધરતો; અંતઃકરણમાં એવાં બ્રહ્મસ્વરૂપે જ સ્થિત. આવા મુનિની બાબતમાં; **'પ્રારબ્ધ'**નાં અસ્તિત્વની વાત, કઈ વાત જેવી, અયોગ્ય છે ? - जाग्रतः (मनुष्यस्य) स्वप्न-अर्थ-सम्बन्ध-कथा इव । જાગેલા માણસના, સ્વપ્નમાંની ઘટનાઓ, તે વખતના પદાર્થો સાથેના સંબંધ જેવી વાત. युक्ता એટલે યોગ્ય, ઉચિત. युक्ता न अस्ति ।- યોગ્ય નથી, એટલે કે અયોગ્ય છે. (૪૫૫)

अनुवाद :

ઉપાધિઓ સાથેના તાદાત્મ્ય-સંબંધને છોડીને, કેવળ બ્રહ્મસ્વરૂપે જ પોતાનાં અંતઃકરણમાં સ્થિત એવા મુનિની બાબતમાં, **'પ્રારબ્ધ'**નાં અસ્તિત્વની વાત કરવી તે, જાગેલા માણસની સ્વપ્ન-ઘટનાઓ સાથેના સંબંધની વાત જેવી, અયોગ્ય છે. (૪૫૫)

टिप्पण :

જીવ-બ્રહ્મનાં ઐક્યનો સાક્ષાત્કાર કરનાર અને બ્રહ્મ સાથે તન્મય બની રહેનાર સમ્યગ્-જ્ઞાની માટે તો પેલી કર્મ-ત્રિપુટી રહેતી જ નથી, તે તો પોતે જ નિર્ગુણ બ્રહ્મ બની ગયો છે, – ગયા શ્લોકમાંનાં આ જ પ્રતિપાદનને અહીં વિસ્તૃત કરવામાં આવ્યું છે.

પ્રારબ્ધના નાશ માટે તો, જ્ઞાનીએ પણ, તેનાં સુખ-દુઃખાદિ આપનારાં ફળો ભોગવ્યા વિના છૂટકો નથી, એમ, ભલે, એ જ ગયા શ્લોકમાં કહેવાયું; પરંતુ **'પ્રારબ્ધ'**નાં બધાં કર્મો અને ફળો તો "શરીરાદિનાં છે, મારાં નથી, આત્માનાં નથી, હું તો હવે બ્રહ્મમય બની ગયો છું", - એવી બ્રહ્માકારવૃત્તિ અને એવી જ યથાર્થ પ્રતીતિ થતાં, પછી તો, આવા જ્ઞાની મુનિ માટે **'પ્રારબ્ધ'** પણ રહેતું નથી, - એવાં પ્રતિપાદનનું અહીં સમર્થન કરવામાં આવ્યું છે : અગાઉની અજ્ઞાન-દશા-સમયની,

ઉપાધિઓ સાથેનાં તાદાત્મ્યને દૂર કરીને, કેવળ બ્રહ્મસ્વરૂપે જ પોતાનાં અંતઃકરણમાં સ્વસ્થ અને સ્થિર રહેનાર મનનશીલ મુનિને, પછી તો, કોઈ **'પ્રારબ્ધ'** રહેતું જ નથી. હવે તો, તે, દેશ-કાલ-વસ્તુ એવાં ત્રિવિધ પરિચ્છેદોથી પર એવો માત્ર 'કેવલ' (त्रिविधपरिच्छेदशून्यः केवलः ।) બની રહ્યો છે, એને વળી શું **'પ્રારબ્ધ'** અને શો એનો સંબંધ ! જાગેલા માણસને સ્વાપ્નિક ઘટનાઓ સાથે શો સંબંધ ? 'કેવલ'રૂપ બનેલા મુનિ વિશે **"પ્રારબ્ધ"**સંબંધની વાત, પેલા જાગેલા માણસના સ્વપ્ન પદાર્થો સાથેના સંબંધની વાત જેવી, અપ્રસ્તુત, અનુચિત અને વાહિયાત છે.

ઊંઘમાં એક **ભિખારી**ને સ્વપ્ન આવ્યું : "હું રાજા થયો !"

તે જાગ્યો. હવે તેને, સ્વપ્નમાંના, પેલા **રાજા** સાથે શો-કેવો સંબંધ !

અવિદ્યા-અહંકાર-ઉપાધિ વગેરેનાં તાદાત્મ્યથી રહિત થયેલા, **પ્રારબ્ધ**-વગેરે પેલાં ત્રિવિધ કર્મોનાં બંધનોથી મુક્ત થયેલા અને કેવળ-બ્રહ્મસ્વરૂપે જ પોતાનાં અંતઃકરણમાં સ્થિત એવા આત્મજ્ઞાનીને હવે **'પ્રારબ્ધ'** સાથે શો સંબંધ ! ઉપર્યુક્ત બંને પ્રસંગોમાં **'સંબંધ'**ની કલ્પના, એટલે જબરું અનૌચિત્ય !

શ્રુતિના ઊંડા સ્વાધ્યાય અને સદ્‌ગુરુના ઉપદેશનાં પરિણામ-સ્વરૂપ આવી **કેવલ** બ્રહ્મમય સ્થિતિએ પહોંચેલા મુનિ વિશે શિષ્યે પૂછ્યું કે "તે શામાં પ્રતિષ્ઠિત છે ?" (सः भगवो कस्मिन् प्रतिष्ठितः इति ?।) ત્યારે, **છાન્દોગ્ય**-ઉપનિષદમાં, ગુરુએ જે ઉત્તર આપ્યો હતો કે स्वे महिम्नि । - "તેના પોતાના મહિમામાં !" - એ, આ અનુસંધાનમાં, યાદ રાખવા જેવો છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૫૫)

૪૫૬

न हि प्रबुद्धः प्रतिभासदेहे
देहोपयोगिन्यपि च प्रपंचे ।
करोत्यहन्तां ममतामिदन्तां
किं तु स्वयं तिष्ठति जागरेण ॥४५६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન હિ પ્રબુદ્ધઃ પ્રતિભાસદેહે
દેહોપયોગિન્યપિ ચ પ્રપંચે ।
કરોત્યહન્તાં મમતામિદન્તાં
કિં તુ સ્વયં તિષ્ઠતિ જાગરેણ ॥૪૫૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પ્રબુદ્ધઃ (મનુષ્યઃ) પ્રતિભાસદેહે દેહોપયોગિનિ અપિ ચ પ્રપંચે, '**અહં**'-તાં, '**મમ**'-તાં, '**ઇદં**'-તાં (ચ) ન હિ કરોતિ, કિંતુ (સઃ) સ્વયં જાગરેણ તિષ્ઠતિ ॥૪૫૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : **પ્રબુદ્ધઃ** (મનુષ્યઃ) '**અહં**'-તાં, '**મમ**'-તાં, '**ઇદં**'-તાં ન હિ કરોતિ । **પ્રબુદ્ધઃ** (મનુષ્યઃ) એટલે ઊંઘમાંથી જાગેલો માણસ; '**અહં**'-તા એટલે '**હું**'-ભાવ, 'તે **હું** છું'-એવો ભાવ; મમ-તા એટલે '**મારા**'-પણું, 'તે **મારું** છે', - એવી લાગણી; '**ઇદં**'-તા એટલે '**આ**'-પણું; 'તે **આ** છે', - એવી સમજ. જાગ્રત માણસ આવા કશા ભાવો સેવતો જ નથી. ક્યાં સેવતો નથી ? - આ બે વસ્તુઓમાં :

(૧) પ્રતિભાસદેહે - સ્વપ્નમાં અનુભવેલા પ્રતિભાસિક દેહમાં; અને (૨) દેહોપયોગિનિ ચ પ્રપંચે । અને દેહને ઉપયોગી એવા સમગ્ર સ્વપ્ન-પ્રપંચમાં, એટલે કે સ્વપ્નમાંના પદાર્થોમાં. તો પછી, તે શું કરે છે ? - કિં તુ (સઃ) સ્વયં જાગરેણ તિષ્ઠતિ । જાગરેણ તિષ્ઠતિ એટલે જાગ્રતભાવથી રહે છે. (૪૫૬)

અનુવાદ :

જાગેલો માણસ સ્વપ્નમાંના પ્રાતિભાસિક દેહમાં અને દેહમાં ઉપયોગી એવા પ્રપંચમાં (એટલે કે સમગ્ર સ્વપ્નમાંના પદાર્થોમાં) '**અહં**'-તા, '**મમ**'-તા કે '**ઇદં**'-તા કરતો જ નથી; પરંતુ તે પોતે તો કેવળ જાગ્રતભાવથી જ રહે છે. (૪૫૬)

ટિપ્પણ :

બ્રહ્મમયતા-પ્રાપ્તિ પહેલાંની અને તે પછીની, - એ બંને વચ્ચેના આમૂલ તફાવતની હકીકત સમજાવવા માટે, સ્વપ્ન અને **જાગ્રત્** - એ બંને વચ્ચેના એવા જ તફાવતનું, ગયા શ્લોકમાંનું દૃષ્ટાંત, શિષ્ય માટે સવિશેષ પ્રતીતિજનક નીવડે એવા શુભાશયથી, આચાર્યશ્રી, અહીં, વિશદતર અને ચિત્રાત્મક રીતે રજૂ કરવાનું ચાલુ રાખે છે.

એક માણસને ઊંઘમાં સ્વપ્ન આવ્યું કે તે પશુ બનીને ઘાસ ખાતો હતો. હવે તે જાગ્યો. પરંતુ સ્વપ્નમાંનાં પોતાનાં પશુ-શરીર પ્રત્યે તે કશો '**હું**'-ભાવ (I-ness), ઘાસ વિશે કશો '**મમ**'-ભાવ (Mine-ness) કે સ્વપ્નમાંના સમગ્ર સ્વાપ્નિક જગત વિશે '**આ**'-ભાવ (This-ness) તે સેવતો નથી; એવું હોત તો, પોતાની રોજિંદી ભોજન-થાળીને બદલે, પશુનાં ગમાણમાં જઈને, તેણે ઘાસ ખાવાનું શરૂ કરી દીધું

હોત ! પરંતુ આવું કશું જ તે કરતો નથી : તે તો ભારપૂર્વક કહે છે કે "તે આખી સ્વપ્નસૃષ્ટિ સાથે મારે કશો જ સંબંધ નથી, હું તો, અસત્ જેવા, તે બધા માયામાત્ર જેવા, સ્વાપ્નિક પદાર્થોનો એવો જ અસત્ એક દ્રષ્ટા હતો ! હું તો પૂરેપૂરો જાગી ગયો છું અને કેવળ જાગ્રતભાવથી જ રહું છું !"

પેટ ભરવા માટે જો તેણે પોતાનાં સ્વજનો પાસે ઘાસ માગ્યું હોત તો, એનો અર્થ એ જ થાય કે સ્વપ્નમાંથી તે હજી જાગ્યો નથી !

હકીકતમાં, કોઈ પણ જાગેલા માણસે, સ્વપ્નમાંનું પોતાનું સ્વપ્ન-શરીર (Dream-body), સ્વપ્ન-પદાર્થો (Dream-objects) અને સ્વપ્ન-જગત (Dream-world), - એ બધાંની સત્યતા (Reality) પૂરવાર કરવાનો પ્રયાસ કર્યો નથી, અથવા એમ કરવામાં રસ દાખવ્યો નથી !

તાત્પર્યાર્થ એ જ કે અજ્ઞાનની સ્વપ્નાવસ્થામાંથી જે જાગ્યો છે, તેને તે અવસ્થાનું 'પ્રારબ્ધ' કશી જ અસર કરી શકતું નથી.

શ્લોકનો હિ-શબ્દ પ્રતિપાદયિતવ્યની નિશ્ચિતતા દર્શાવે છે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૫૬)

૪૫૭

न तस्य मिथ्यार्थसमर्थनेच्छा
न संग्रहस्तज्जगतोऽपि दृष्टः ।
तत्रानुवृत्तिर्यदि चेन्मृषार्थे
न निद्रया मुक्त इतीष्यते ध्रुवम् ॥४५७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન તસ્ય મિથ્યાર્થસમર્થનેચ્છા
ન સંગ્રહસ્તજ્જગતોઽપિ દૃષ્ટઃ ।
તત્રાનુવૃત્તિર્યદિ ચેન્મૃષાર્થે
ન નિદ્રયા મુક્ત ઇતીષ્યતે ધ્રુવમ્ ॥૪૫૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

તસ્ય (પ્રબુદ્ધસ્ય મનુષ્યસ્ય) (સ્વપ્નાવસ્થાયાઃ) મિથ્યા-અર્થ-સમર્થન-ઇચ્છા ન (અસ્તિ); તત્-(સ્વપ્ન)-જગતઃ સંગ્રહઃ અપિ ન દૃષ્ટઃ; તત્ર મૃષા-અર્થે ચેત્ યદિ અનુવૃત્તિઃ (સ્યાત્), (તર્હિ) (સઃ) નિદ્રયા ન મુક્તઃ ઇતિ ધ્રુવં

इष्यते ॥४५७॥

शब्दार्थ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) तस्य (प्रबुद्धस्य मनुष्यस्य) (स्वप्नावस्थायाः) मिथ्या-अर्थ-समर्थन-इच्छा न (अस्ति) । મિથ્યા-અર્થ-સમર્થન એટલે મિથ્યા-પદાર્થોને સાચા સાબિત કે પૂરવાની કરવાની ઇચ્છા. તે જાગેલા માણસને, સ્વપ્નાવસ્થામાંના મિથ્યા પદાર્થો વિશે આવી કશી ઇચ્છા થતી નથી.

(૨) तत्-(स्वप्न)-जगतः-संग्रहः न दृष्टः । તે સ્વપ્ન-જગતના પદાર્થોનો સંગ્રહ -

આ જગત એટલે સ્વાપ્નિક જગત. સ્વીકાર કરવાની કશી વૃત્તિ કે પ્રવૃત્તિ દેખાતી નથી.

(૩) तत्र मृषा-अर्थे चेत् यदि अनुवृत्तिः (स्यात्), (तर्हि) (सः) निद्रया न मुक्तः इति ध्रुवं इष्यते । यदि-तर्हि એટલે **"જો...તો"**. **"જો"** શું ? मृषा-अर्थे अनुवृत्तिः એટલે સ્વપ્નાવસ્થામાંના મિથ્યા પદાર્થોનું અનુસરણ કરવાની જો વૃત્તિ હોય તો. **"તો"** શું ? તે સ્વપ્ન-નિદ્રામાંથી પૂરેપૂરો જાગ્યો નથી, તેની તે નિદ્રા હજુ તૂટી નથી, એમ ચોક્કસ (ध्रुवम्) માનવું જોઈએ. (૪૫૭)

અનુવાદ :

તે(જાગેલા માણસ)ને (સ્વપ્નાવસ્થામાંના) મિથ્યા પદાર્થોને સાચા સાબિત કરવાની ઇચ્છા થતી નથી અને તે(સ્વપ્ન)-જગત(ના પદાર્થો)નો સંગ્રહ (એટલે કે સ્વીકાર) કરવાની તેની પ્રવૃત્તિ પણ દેખાતી નથી. પરંતુ જો તે મિથ્યા પદાર્થોનું અનુસરણ કરે તો, (સ્વપ્ન)-નિદ્રામાંથી તે હજુ મુક્ત થયો નથી, એમ ચોક્કસ માનવું જોઈએ. (૪૫૭)

ટિપ્પણ :

ચર્ચાનો મૂળ મુદ્દો છે, 'હું બ્રહ્મ જ છું' - એવો આત્મભાવ ધરતા મુનિની બાબતમાં **'प्रारब्ध'**ના સંબંધનો (શ્લોક-૪૫૫), અને આવા સંબંધની વાત કરવી-વિચારવી-સ્વીકારવી, તેમાં કેટલું મોટું અનૌચિત્ય છે, તે દર્શાવવા માટે, આચાર્યશ્રીએ, તે શ્લોક(૪૫૫)થી જ, ઊંઘમાંથી જાગેલા માણસના, સ્વાપ્નિક ઘટનાઓના સંબંધનાં દૃષ્ટાંતનાં ભિન્ન-ભિન્ન પાસાંઓનું નિરીક્ષણ-વિમર્શન, ઉપર્યુક્ત મૂળ મુદ્દા સાથેની તેની પ્રસ્તુતતા(Relevance)ના સંદર્ભમાં, હાથ ધર્યું છે.

સ્વપ્ન-અવસ્થા દરમિયાન, સ્વપ્ન જોતા માણસ માટે, સ્વપ્નનો સઘળો અનુભવ

થાય છે, વાસ્તવિક અને વિશદ હોય છે. પરંતુ નિદ્રામાંથી જાગ્યા પછી ? પોતાનાં તે સ્વપ્ન-જગતને સ્વીકારવાની કે સાચું સાબિત કરવાની, સ્વપ્નમાંના મિથ્યા પદાર્થોની સત્યતાનું સમર્થન કરવાની કે સ્વપ્નમાં પ્રાપ્ત કરેલી વસ્તુઓને ફરી પ્રાપ્ત કરવાની તેને ઇચ્છા થતી નથી. તે 'જગત' એટલે જ સ્વાપ્નિક જગત.

બહુ મોટાં દેણાંમાં ઘેરાયેલા માણસને સ્વપ્નમાં લાખ-રૂપિયાની લૉટરી લાગી. તે જાગ્યો : હવે તે, લૉટરીની રકમ વડે પોતાનાં દેણાં ચૂકવવાનો પ્રયાસ કરે તો ? - તો, તેનો સુનિશ્ચિત એક જ અર્થ કે તે હજુ પોતાની નિદ્રામાંથી પૂરેપૂરો જાગ્યો નથી ! સ્વપ્ન-જગત માટે જેનો મોહ ચાલુ રહ્યો હોય, તેને 'જાગેલો' શી રીતે કહી શકાય ?

બ્રહ્માનુભવ થયા પછી પણ જેનો 'પ્રારબ્ધ' સાથેનો સંબંધ ચાલુ રહ્યો હોય, બ્રહ્માનુભવપ્રાપ્તિ પહેલાંના લૌકિક પદાર્થો મેળવવા કે સંઘરવાની જેની ઇચ્છા, વૃત્તિ કે પ્રવૃત્તિ ચાલુ રહી હોય, તેને સાચો **'બ્રહ્માનુભવી'** કેવી રીતે કહી શકાય ?

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૫૭)

૪૫૮

तद्वत् परे ब्रह्मणि वर्तमानः
सदात्मना तिष्ठति नान्यदीक्षते ।
स्मृतिर्यथा स्वप्नविलोकितार्थे
तथा विदः प्राशनमोचनादौ ॥४५८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તદ્વત્ પરે બ્રહ્મણિ વર્તમાનઃ
સદાત્મના તિષ્ઠતિ નાન્યદીક્ષતે ।
સ્મૃતિર્યથા સ્વપ્નવિલોકિતાર્થે
તથા વિદઃ પ્રાશનમોચનાદૌ ॥૪૫૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

તદ્-વત્ પરે બ્રહ્મણિ વર્તમાનઃ (જ્ઞાની-મનુષ્યઃ) સત્-આત્મના તિષ્ઠતિ, (સઃ) ન અન્યત્ (કિંચિદ્ અપિ) ઈક્ષતે; યથા (સ્વપ્નોત્થિતસ્ય મનુષ્યસ્ય) સ્વપ્ન-વિલોકિત-અર્થે સ્મૃતિઃ (અસ્તિ), તથા વિદઃ પ્રાશન-મોચન-આદૌ (સ્મૃતિકલ્પા પ્રવૃત્તિઃ ભવતિ) ॥૪૫૮॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) તદ્-વત્ પરે બ્રહ્મણિ વર્તમાનઃ (જ્ઞાની-મનુષ્યઃ) સત્-આત્મનિ તિષ્ઠતિ । તદ્-વત્ એટલે તેવી જ રીતે, - સ્વપ્નમાંથી જાગેલા માણસની જેમ; પરે બ્રહ્મણિ વર્તમાનઃ । પરબ્રહ્મમાં પ્રતિષ્ઠિત જ્ઞાની મનુષ્ય; પરબ્રહ્મભાવમાં જ રહેનાર; સત્-આત્મનિ તિષ્ઠતિ । સત્સ્વરૂપે એટલે કે બ્રહ્મભાવે જ રહે છે, જેનો કદી નિષેધ થતો નથી અને જે સદા અનાસક્ત છે, - એવાં ચિદ્-રૂપમાં જ રહે છે.

(૨) સઃ ન અન્યત્ (કિંચિદ્ અપિ) ઈક્ષતે । ઈક્ષતે એટલે જુએ છે; બ્રહ્મ સિવાય તે બીજું કશું જોતો નથી. એ સિવાય, તેને બીજું કશું જ દેખાતું નથી.

(૩) તથા વિદઃ પ્રાશન-મોચન-આદૌ (સ્મૃતિકલ્પા પ્રવૃત્તિઃ ભવતિ । વિદઃ (વિદ્ એટલે જ્ઞાની, - તેનું ષષ્ઠી-વિભક્તિ એકવચનનું રૂપ)-જ્ઞાનીનાં; પ્રાશન એટલે ભોજન કરવું, ખાવું-પીવું; મોચન એટલે છોડવું-ત્યાગવું; અહીં, મળત્યાગની ક્રિયા. જ્ઞાનીને પણ આવી બધી ક્રિયાઓ-પ્રવૃત્તિઓની સ્મૃતિ રહેતી હોય છે; કોની જેમ ? યથા (સ્વપ્નોત્થિતસ્ય મનુષ્યસ્ય) સ્વપ્ન-વિલોકિત-અર્થે સ્મૃતિઃ (અસ્તિ) । જેમ, સ્વપ્નમાંથી જાગેલા માણસને, સ્વપ્નમાં જોયેલા પદાર્થોની સ્મૃતિ થતી-રહેતી હોય છે, તેમ, જ્ઞાનીને પણ પ્રાશન-મોચનાદૌ... વગેરે. (૪૫૮)

અનુવાદ :

તેવી જ રીતે, પરબ્રહ્મભાવમાં રહેનાર (જ્ઞાની મનુષ્ય) સત્સ્વરૂપે જ રહે છે; તે (બ્રહ્મ સિવાય) બીજું કશું જોતો નથી. જેવી રીતે, (સ્વપ્નમાંથી જાગેલા માણસને) સ્વપ્નમાં જોયેલા પદાર્થોની સ્મૃતિ થતી હોય છે તેમ, જ્ઞાની બ્રહ્મવેત્તાને પણ ભોજન, મળત્યાગ વગેરે (ક્રિયાઓની સ્મૃતિ રહેતી) હોય છે. (૪૫૮)

ટિપ્પણ :

સ્વપ્નમાંથી જાગેલો માણસ, સ્વપ્નની સમગ્ર સૃષ્ટિને મિથ્યા સમજે, જૂઠી માને, એ વાત સાચી; પરંતુ તેને સ્વપ્નમાં જોયેલા પદાર્થોનું સ્મરણ તો થતું જ હોય છે. એ જ રીતે, પરબ્રહ્મમાં પ્રતિષ્ઠિત થઈ ગયેલો જ્ઞાની નિરંતર સત્સ્વરૂપે, બ્રહ્મભાવમાં જ લીન હોય છે, તેને બીજું કશું દેખાતું જ નથી; ક્યાંથી દેખાય ? તેના માટે બ્રહ્મ સિવાય બીજું કાંઈ (અન્યત્) હોય તો દેખાય ને ! તે તો, દેશ-કાલ-વસ્તુ જેવાં ત્રિવિધ પરિચ્છેદોથી રહિત, તે પોતે જ બ્રહ્મરૂપ બનીને એક જ, કેવલ-રૂપ બની ગયો હોય છે, તેના માટે તો હવે ક્યાંય "બીજું" કશું રહ્યું જ નથી, પછી કોને-બીજાને તે જુએ ? - યત્ર ન અન્યત્ પશ્યતિ । છાંદોગ્ય-ઉપનિષદ; યત્ર સર્વં એવ

આત્મા અભૂત્, તત્ કેન કં પશ્યેત્ । બૃહદારણ્યક-ઉપનિષદ.

અને આમ છતાં, એટલે કે તે પરબ્રહ્મમાં પ્રતિષ્ઠિત બની રહ્યો છે તે કારણે, પોતાની ભૂતકાળની અજ્ઞાન-પરિસ્થિતિનું તેને ક્યારેય સ્મરણ જ ન થાય, એવું થોડું છે ? જ્ઞાની પણ **'મનુષ્ય'** તો રહે જ છે : એટલે તેને પણ, પરબ્રહ્મ-પ્રતિષ્ઠિત થયા પછી પણ અને બ્રહ્મ સિવાય અન્ય કશાંનું દર્શન તેને ન થતું હોવા છતાં પણ, ભોજન-સ્નાન-મળત્યાગ જેવી માનવ-સહજ ક્રિયાઓની સ્મૃતિ ન થાય, આવી ક્રિયાઓનું તેને કશું ભાન રહેતું નથી, - એમ શી રીતે માની શકાય ? કોઈક મૂર્ખની આવી ભ્રાંતિને દૂર કરવા માટે જ, અહીં શ્લોકના ઉત્તરાર્ધમાં, આ વિશેનો ખુલાસો કરવામાં આવ્યો છે.

જાગેલો માણસ સ્વપ્નને સાચું ભલે ન માને, સ્વપ્નમાં જોયેલા પદાર્થોની સ્મૃતિ તો તેને થાય જ ને ! એ જ રીતે, બ્રહ્માનુભવીને પણ અગાઉનાં તેનાં જીવનની ક્રિયાઓ અને પ્રવૃત્તિઓ યાદ આવે જ નહીં, એવું શી રીતે બને ? ફેર માત્ર એટલો જ છે કે યાદ કરવા છતાં, એવી બધી માનવ-સહજ અને સામાન્ય ક્રિયાઓ અને પ્રવૃત્તિઓ તે સતત કરતો રહેતો હોવા છતાં, તેનાં મનમાં સુદૃઢ પ્રતીતિ હોય જ છે કે તે બધું જ મિથ્યા છે; **'પંચદશી'**-કાર આવી ભ્રાંતિનું ખંડન આ રીતે કરે છે : न अप्रतीतिः तयोः बाधः, किं तु मिथ्यात्वनिश्चयः ।

જે શરીર, અગાઉ, પ્રાશન-મોચન વગેરે ક્રિયાઓ કરતું હતું તેને, તે, 'હું, મારું' સમજતો હતો; હવે, જ્ઞાનના આવિર્ભાવનાં પરિણામે, એવી સર્વ ક્રિયાઓમાં, તેનાં **'હું'** કે **'મારું'**, એવા ભાવો રહેતા નથી.

બ્રહ્મમય બનેલા આત્મજ્ઞાની મુનિને **'પ્રારબ્ધ'** સાથે સંબંધ હોતો નથી, - એવાં પ્રતિપાદનનું, બસ, આ જ સાચું અર્થઘટન !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૫૮)

૪૫૯

कर्मणा निर्मितो देहः प्रारब्धं तस्य कल्प्यताम् ।
नाऽनादेरात्मनो युक्तं नैवाऽऽत्मा कर्मनिर्मितः ॥४५९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કર્મણા નિર્મિતો દેહઃ પ્રારબ્ધં તસ્ય કલ્પ્યતામ્ ।
નાઽનાદેરાત્મનો યુક્તં નૈવાઽઽત્મા કર્મનિર્મિતઃ ॥૪૫૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

દેહઃ કર્મણા નિર્મિતઃ (અસ્તિ); (અતઃ) તસ્ય (દેહસ્ય) પ્રારબ્ધં કલ્પ્યતામ્; અનાદેઃ આત્મનઃ (તત્ પ્રારબ્ધં) ન યુક્તં (અસ્તિ); આત્મા કર્મનિર્મિતઃ ન એવ (અસ્તિ) ॥૪૫૯॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર નાનાં-નાનાં સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) દેહઃ કર્મણા નિર્મિતઃ (અસ્તિ) । કર્મણા એટલે કર્મથી, - એટલે કે **'પ્રારબ્ધ'**-કર્મથી. દેહઃ - એટલે સ્થૂળ દેહ. સ્થૂળ દેહનું નિર્માણ **'પ્રારબ્ધ'**-કર્મથી થયું છે.

(૨) (અતઃ) તસ્ય (દેહસ્ય) પ્રારબ્ધં કલ્પ્યતામ્ । - કલ્પ્યતામ્ - એટલે એમ સમજવું-માનવું; આથી, તે દેહનું કારણ **'પ્રારબ્ધ'** છે, એમ સમજવું; તે દેહના જ હેતુરૂપે **'પ્રારબ્ધ'**ને માનવું.

(૩) અનાદેઃ આત્મનઃ (તત્ પ્રારબ્ધં) ન યુક્તં અસ્તિ । અનાદિ એવા આત્માનું કારણ તે **'પ્રારબ્ધ'** છે, એમ કહેવું તે યોગ્ય નથી. અનાદિ આત્માનું કારણ તે, - એટલે કે **'પ્રારબ્ધ'** - ન હોઈ શકે.

(૪) આત્મા કર્મનિર્મિતઃ ન એવ (અસ્તિ) । આત્મા કર્મથી નિર્મિત થયો જ નથી; એટલે કે, અનાદિ હોવાથી, આત્માનું નિર્માણ કર્મ વડે ન થઈ-હોઈ શકે. (૪૫૯)

અનુવાદ :

(સ્થૂળ) દેહનું નિર્માણ કર્મથી થયું છે, તેથી તેનું કારણ **'પ્રારબ્ધ'** છે, એમ સમજવું. અનાદિ આત્માનું કારણ તે (એટલે કે, **'પ્રારબ્ધ'**) ન હોઈ શકે; કારણ કે આત્મા (અનાદિ હોવાથી) તેનું નિર્માણ કર્મ વડે ન થઈ શકે. (૪૫૯)

ટિપ્પણ :

છેક શ્લોક-૪૪૬થી **'પ્રારબ્ધ'** કર્મનાં સ્વરૂપની ચર્ચા ચાલી રહી છે; અને તેમાં યે જ્ઞાની-બ્રહ્માનુભવી મુનિની બાબતમાં તો **'પ્રારબ્ધ'**ની વાત કરવી તે, અપ્રસ્તુત અને અનુચિત છે, એવું પ્રતિપાદન કરવામાં આવ્યું અને એ જ પ્રતિપાદનના સંદર્ભમાં, સ્વપ્ન-અવસ્થામાંથી જાગેલા માણસનાં દૃષ્ટાંતનાં કેટલાંક પ્રસ્તુત (Relevant) પાસાંનું આપણે નિરીક્ષણ કર્યું.

બ્રહ્માનુભવી મુનિ માટે **'પ્રારબ્ધ'** ન હોઈ શકે, એવું પ્રતિપાદન કર્યા પછી

પણ એક હકીકત તો આવા જ્ઞાની મનુષ્ય માટે પણ રહે જ છે, - અને તે એ કે તે મુનિ પણ આ જગતનો જ એક મનુષ્ય છે અને તેથી મનુષ્ય-અસ્તિત્વની મનુષ્ય-સહજ પરિસ્થિતિઓમાંથી તો તેને પણ પસાર થવાનું રહે જ : આનાં જ દૃષ્ટાંત-રૂપ, **રામકૃષ્ણ-પરમહંસ** જેવા 'ભગવાનના-માણસ'ને પણ **કૅન્સર** જેવા જીવલેણ વ્યાધિનો ભોગ બનવું પડ્યું અને **ક્રૉસ** પર ચઢાવવામાં આવેલા **ઈશુખ્રિસ્ત**ને પણ પોતાનાં શરીર પર ખીલા ઠોકવાના ઘાને સહન કરવા પડ્યા હતા.

હકીકત એ છે કે સ્થૂલ શરીરનું નિર્માણ પૂર્વનાં કર્મો વડે થાય છે અને તેથી જ શરીર એ **'પ્રારબ્ધ'**નું કાર્ય છે અને **'પ્રારબ્ધ'**નો સંબંધ પણ જ્ઞાનીનાં શરીર સાથે જ છે, તેના આત્મા સાથે નહીં.

આ શ્લોકમાં આચાર્યશ્રી આ જ હકીકત પર ભાર મૂકે છે અને ત્યારપછીના બે શ્લોકમાં પણ આ જ મુદ્દાની ચર્ચા ચાલુ રાખે છે. ટૂંકમાં, **'પ્રારબ્ધ'** એ શરીરનું **કારણ** છે અને શરીર એ **કાર્ય** છે. આવાં **કાર્ય-કારણ**-ભાવનો સંબંધ માત્ર શરીરને જ છે. આત્માને નહીં. આત્મા તો **અનાદિ** અને **અજ** હોવાથી, તે તો કોઈ પણ પ્રકારના **કાર્ય-કારણ**-ભાવથી પર છે, વિલક્ષણ છે. જે, આમ, **અજન્મા, અનાદિ** અને **નિત્ય** છે, એનું નિર્માણ કર્મથી થયું છે અને એની સાથે **'પ્રારબ્ધ'**ને સાંકળવું, તે તો અનૌચિત્યની પરાકાષ્ઠા જ કહેવાય !

આ સત્યનું સમર્થન, હવે પછીના શ્લોકમાં, શ્રુતિની અમોઘ ઘોષણા દ્વારા, કરવામાં આવશે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૫૯)

૪૬૦

अजो नित्य इति ब्रूते श्रुतिरेषा त्वमोघवाक् ।
तदात्मना तिष्ठतोऽस्य कुतः प्रारब्धकल्पना ॥४६०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અજો નિત્ય ઇતિ બ્રૂતે શ્રુતિરેષા ત્વમોઘવાક્ ।
તદાત્મના તિષ્ઠતોઽસ્ય કુતઃ પ્રારબ્ધકલ્પના ॥૪૬૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

'अजः नित्यः (शाश्वतः अयं पुराणः)' इति एषा अमोघवाक् श्रुतिः ब्रूते; तद्-आत्मना तिष्ठतः अस्य (ज्ञानिनः मनुष्यस्य) प्रारब्धकल्पना कुतः ? ॥४६०॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : 'अजः नित्यः (शाश्वतः अयं पुराणः)' इति एषा अमोघवाक् श्रुतिः ब्रूते । श्रुतिः ब्रूते । શ્રુતિ કહે છે, જાહેર કરે છે, દર્શાવે છે, ઘોષણા કરે છે. કઈ ? કેવી શ્રુતિ ? एषा - આ (એટલે કે, અવતરણ-ચિહ્નોવાળી, **કઠોપનિષદ** અને **ગીતા**માંની). अमोघवाक् । અમોઘ એટલે કદી પણ અસત્ય કે ખોટી ન ઠરે એવી, હંમેશ માટે સાચી. अमोघा (यथार्थी) वाक् यस्याः सा । (બહુવ્રીહિ-સમાસ); સત્યવાદિની, યથાર્થવાદિની શ્રુતિ. वाक् એટલે વાણી. આ શ્રુતિ શું કહે છે ? - (अयं आत्मा) अजः नित्यः इति ब्रूते । – 'આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને અનાદિ છે', - એમ કહે છે.

શ્રુતિ આમ કહે છે, તેથી શું સમજવું ? अस्य (ज्ञानिनः मनुष्यस्य) प्रारब्ध-कल्पना कुतः । એ જ કે, તો પછી, આવા જ્ઞાની મનુષ્યની બાબતમાં, **'પ્રારબ્ધ'**ની કલ્પના ક્યાંથી(કેવી રીતે) હોઈ શકે ? આ જ્ઞાની કેવો છે ? तद्-आत्मना तिष्ठतः । આત્મસ્વરૂપે સ્થિત રહેનાર, આત્મભાવે સ્થિર અને સ્વસ્થ રહેનાર. (૪૬૦)

અનુવાદ :

સત્યવાદિની શ્રુતિ ઘોષણા કરે છે કે '(આત્મા) તો અજન્મા અને નિત્ય છે', તો પછી, આત્મસ્વરૂપે સ્થિત રહેનાર(આવા જ્ઞાની)નાં **પ્રારબ્ધ**ની તો કલ્પના જ કેવી રીતે સંભવે ? (૪૬૦)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું કે **'પ્રારબ્ધ'**નો સંબંધ શરીર સાથે જ છે, કારણ કે **'પ્રારબ્ધ'** જ શરીરનું કારણ છે; પરંતુ આત્મા તો અનાદિ છે, તેથી તેનું કારણ **'પ્રારબ્ધ'** કર્મ ન હોઈ શકે.

શાસ્ત્રીય ચર્ચાનો એક નિયમ છે કે ગમે તેવી ચર્ચાને અંતે નિષ્કર્ષ-રૂપ બનતો નિર્ણય (Conclusion) ત્યારે જ સ્વીકાર્ય બની શકે, જ્યારે એને **શ્રુતિ-પ્રમાણ**નું સમર્થન મળે. **ન્યાય-દર્શન-પ્રબોધિત ચાર પ્રમાણો**માંથી પણ **માત્ર એક શબ્દ-પ્રમાણ** અથવા **શ્રુતિ-પ્રમાણ** જ એવું છે, જે, હંમેશાં સત્ય, યથાર્થ અને અમોઘ (Infallible) છે. શ્રુતિની વાણી કદી કોઈનાથી પણ **બાધિત**(Contracted) કરી શકાતી નથી. આવું શ્રુતિવચન ટાંકવામાં(Quote) આવે, એટલે પૂર્વપક્ષ પણ મૌન બની જાય ! આવી 'અમોઘવાક્' શ્રુતિ એટલે **કઠોપનિષદ**નો આ મંત્ર :

अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥ (१, २, १८)

("આ આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત અને પુરાતન છે : શરીર હણાય તો પણ તે હણાતો નથી.")

શ્રુતિની ઘોષણા આવી છે, તો શ્રુતિમાંથી જ પ્રેરણા મેળવતી **સ્મૃતિ** પણ આ ઘોષણાના પ્રતિઘોષને **એ જ શબ્દોમાં** અભિવ્યક્ત કરે છે. (ગીતા ૨, ૨૦)

દરેક વસ્તુ આવિષ્કૃત થાય છે જન્મ-સ્વરૂપમાં અને નષ્ટ થાય છે, મૃત્યુનાં સ્વરૂપમાં; અને નિયતિનું નિયંત્રણ અને ચલણ પણ એવી વસ્તુઓ પર જ છે, જેમને જન્મ-મૃત્યુની મર્યાદા નડે છે.

પરંતુ આત્મા તો જન્મ-મૃત્યુની આવી સર્વ મર્યાદાઓથી સદા-સર્વદા પર છે અને આવા આત્માના ભાવમાં જ સ્થિત, આત્મભાવથી જ નિરંતર રહેનાર જ્ઞાનીની બાબતમાં, 'પ્રારબ્ધ'ની કલ્પના કરવી તે, આ પહેલાં સૂચવાયું છે તે પ્રમાણે, એક અનિચ્છનીય અનૌચિત્ય જ કહેવાય : હકીકતમાં, 'પ્રારબ્ધ' જેવાં અનર્થ(Evil)નું પણ જ્ઞાની પાસે કશું ચાલે જ નહીં : તે તો બ્રહ્મમય અને 'કેવલ' બની ગયો હોવાથી, 'પ્રારબ્ધ'ને પણ બ્રહ્મરૂપ સમજે, એટલે પછી બિચારું 'પ્રારબ્ધ' તેને શી હાનિ પહોંચાડી શકે ?

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૦)

૪૬૧

प्रारब्धं सिध्यति तदा यदा देहात्मना स्थितिः ।
देहात्मभावो नैवेष्टः प्रारब्धं त्यज्यतामतः ॥४६१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રારબ્ધં સિધ્યતિ તદા યદા દેહાત્મના સ્થિતિઃ ।
દેહાત્મભાવઃ નૈવેષ્ટઃ પ્રારબ્ધં ત્યજ્યતામતઃ ॥૪૬૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પ્રારબ્ધં તદા સિધ્યતિ, યદા દેહાત્મના સ્થિતિઃ (ભવતિ); દેહાત્મભાવઃ (તુ જ્ઞાનિનઃ) ન એવ ઇષ્ટઃ (અસ્તિ), અતઃ પ્રારબ્ધં ત્યજ્યતામ્ ॥૪૬૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) प्रारब्धं तदा सिध्यति, यदा देहात्मना स्थितिः (भवति) । तदा એટલે ત્યારે, ત્યાં સુધી; यदा એટલે જ્યારે, જ્યાં સુધી; सिध्यति એટલે સિદ્ધ-સફળ થાય છે, તેની સત્તા અથવા તેનું અસ્તિત્વ સાર્થક બને છે. देहात्मना स्थितिः भवति । 'દેહ એ જ આત્મા છે', એવી ભ્રાંત, ભ્રમણાવાળી સ્થિતિ ચાલુ હોય; દેહને જ આત્મા માનવાની મનઃસ્થિતિ હોય. જ્યાં સુધી દેહને જ આત્મા માનવાનું ચાલુ રહે, ત્યાં સુધી જ **'પ્રારબ્ધ'**નું અસ્તિત્વ સફળ-સાર્થક થાય છે.

(૨) देहात्मभावः (तु ज्ञानिनः) न एव इष्टः (अस्ति) । પરંતુ જ્ઞાનીને દેહમાં આત્મભાવ હોય, એ ઇચ્છનીય નથી.

(૩) अतः प्रारब्धं त्यज्यताम् । अतः એટલે આ કારણે, આથી; આ પહેલાંનાં વાક્યમાં કહેવામાં આવ્યું છે, એથી. प्रारब्धं त्यज्यताम् । **'પ્રારબ્ધ'**ની ચર્ચા ત્યજી દેવા જેવી છે; એટલે કે જ્ઞાનીને માટે **'પ્રારબ્ધ'** છે જ નહીં ; એટલે આપણે પણ એવી ચર્ચામાં ઊતરવું, તે યોગ્ય નથી. (૪૬૧)

અનુવાદ :

'દેહ એ જ આત્મા છે', - એવી ભ્રાંત સ્થિતિ હોય ત્યાં સુધી જ, **'પ્રારબ્ધ'** સિદ્ધ થાય છે; પરંતુ (જ્ઞાનીને) દેહાત્મભાવ હોય એ યોગ્ય જ નથી : આથી (જ્ઞાનીના અનુસંધાનમાં) **'પ્રારબ્ધ'**(ની ચર્ચા જ) ત્યજવા જેવી છે. (૪૬૧)

ટિપ્પણ :

આમ તો શ્લોક સહેલો છે, વાક્યોની રચના પણ સરળ છે અને શબ્દો પણ સુબોધ છે; એટલું જ નહીં પણ શ્લોકના વિવક્ષિત-અર્થનો નિષ્કર્ષ પણ આ પહેલાંના શ્લોકમાંથી, આપમેળે જ ઉપસી આવે છે. આમ છતાં આટલા મુદ્દા નોંધપાત્ર છે : (૧) **'પ્રારબ્ધ'**નાં અસ્તિત્વની સમય-મર્યાદા મનુષ્યના દેહાત્મભાવ સુધીની જ છે. (૨) પરંતુ આપણે તો જ્ઞાનીના સંદર્ભમાં જ આ બધી ચર્ચા કરી રહ્યાં છીએ અને જ્ઞાનીને દેહમાં આત્મભાવ હોય, તે કોઈ રીતે ઇચ્છનીય નથી. (૩) વળી, ગયા શ્લોકમાં ટાંકેલું શ્રુતિવચન પણ દેહ-સ્વરૂપની મર્યાદા અને આત્મ-સ્વરૂપનાં મહત્ત્વ, - આ બંનેને અધોરેખાંકિત કરે છે અને (૪) તેથી જ્ઞાનીના સંદર્ભમાં પ્રારબ્ધની ચર્ચા જરા પણ પ્રસ્તુત નથી. આથી જ આચાર્યશ્રી સાધકને સીધો આદેશ જ આપે છે : प्रारब्धं त्यज्यताम् ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૧)

शरीरस्यापि प्रारब्धकल्पना भ्रान्तिरेव हि ।
अध्यस्तस्य कुतः सत्त्वमसत्त्वस्य कुतो जनिः ।
अजातस्य कुतो नाशः प्रारब्धमसतः कुतः ॥४६२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

શરીરસ્યાપિ પ્રારબ્ધકલ્પના ભ્રાન્તિરેવ હિ ।
અધ્યસ્તસ્ય કુતઃ સત્ત્વમસત્ત્વસ્ય કુતો જનિઃ ।
અજાતસ્ય કુતો નાશઃ પ્રારબ્ધમસતઃ કુતઃ ॥૪૬૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

શરીરસ્ય અપિ પ્રારબ્ધ-કલ્પના ભ્રાન્તિઃ એવ હિ (અસ્તિ) । (યતઃ) અધ્યસ્તસ્ય સત્ત્વં કુતઃ ? અસત્ત્વસ્ય જનિઃ કુતઃ ? અજાતસ્ય નાશઃ કુતઃ ? અસતઃ (ચ) પ્રારબ્ધં કુતઃ ॥૪૬૨॥

શબ્દાર્થ :

શ્લોકમાં **પાંચ** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) શરીરસ્ય હિ પ્રારબ્ધ-કલ્પના અપિ ભ્રાન્તિઃ હિ (અસ્તિ) । હિ એટલે 'વળી'; શરીરનાં **'પ્રારબ્ધ'**ની કલ્પના પણ એક પ્રકારની ભ્રાન્તિ જ છે; 'શરીરનું પ્રારબ્ધ છે', - આવી કલ્પના પણ ભ્રાન્ત જ છે. શા માટે ? હવે પછીનાં બીજાં વાક્યમાં આ પ્રશ્નનો ઉત્તર પણ પ્રશ્ન દ્વારા જ આપવામાં આવ્યો છે !

(૨) (યતઃ) અધ્યસ્તસ્ય (શરીરસ્ય, આરોપિતસ્ય) સત્ત્વં કુતઃ ? । અધ્યસ્ત એટલે 'આરોપિત' એવું શરીર; સત્ત્વં એટલે 'સત્તા', અસ્તિત્વ; કારણ કે શરીર, જે 'અધ્યસ્ત' અથવા 'આરોપિત' છે, તેને વળી અસ્તિત્વ જ કેવું-ક્યાંથી-કેવી રીતે ?

(૩) અસત્ત્વસ્ય કુતઃ જનિઃ ? । જનિઃ એટલે જન્મ; અને જેને 'સત્તા' જ નથી, જે અસ્તિત્વ જ ધરાવતું નથી, એનો તો જન્મ જ ક્યાંથી સંભવે ? એનો જન્મ કેમ થાય ?

(૪) અજાતસ્ય નાશઃ કુતઃ ? । અને જેનો જન્મ જ નથી, તેનો નાશ ક્યાંથી હોય ? નહીં-જન્મેલો કેવી રીતે નાશ પામે ?

(૫) અસતઃ (ચ) પ્રારબ્ધં કુતઃ ? । અસત્ એટલે દેહાદિ, - એનું વળી

'પ્રારબ્ધ' ક્યાંથી સંભવે ? એને વળી 'પ્રારબ્ધ' સાથે સંબંધ શો ? (૪૬૨)

અનુવાદ :

વળી, શરીરને **'પ્રારબ્ધ'** છે, એવી કલ્પના પણ ભ્રાંતિ જ છે, કારણ કે 'અધ્યસ્ત'(એવાં શરીર)ને અસ્તિત્વ ક્યાંથી હોય ? અને જેને અસ્તિત્વ જ નથી, એનો જન્મ કેમ થઈ શકે ? અને જે જન્મ્યો જ નથી, તેનો તો નાશ જ ક્યાંથી હોય ? તો પછી, અસત્(એવા દેહાદિ)નું **'પ્રારબ્ધ'** ક્યાંથી સંભવે ? (૪૬૨)

ટિપ્પણ :

'પ્રારબ્ધ'ની અત્યાર સુધીની ચર્ચા-વિચારણાને અંતે એવું પ્રતિપાદન કરવામાં આવ્યું કે **'પ્રારબ્ધ'** શરીરને જ હોય છે, કારણ કે તે શરીરનું કારણ છે. પરંતુ અહીંથી **'પ્રારબ્ધ'**નાં સ્વરૂપની આ વિચારણામાં એક નવો જ વળાંક આવે છે અને તે **આ : શરીરનું પણ 'પ્રારબ્ધ' ન હોઈ શકે.** આવી કલ્પના પણ એક ભ્રાંતિ જ છે અને આવા નિર્ણયનું એક તર્કબદ્ધ કારણ એ છે કે શરીર તો આત્મા પર માત્ર 'આરોપિત' છે, 'અધ્યસ્ત' છે અને જે આરોપિત કે અધ્યસ્ત હોય, તેનું અસ્તિત્વ જ નથી હોતું : સાપ તો દોરડા પર માત્ર આરોપિત હતો, સાપને જોંનાર માણસની એ તો માત્ર ભ્રાંતિ(Delusion) જ હતી, મિથ્યા દર્શન હતું. અજવાળું આવ્યું, સાપ દેખાતો બંધ થઈ ગયો, કારણ કે તે ત્યાં હતો જ નહીં, ભ્રમણાને કારણે, એ તો દોરડા પર માત્ર આરોપિત જ હતો. એ જ રીતે શરીર, **સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ**, એ ત્રણેય પ્રકારનું શરીર, પણ આત્મા પર માત્ર અધ્યસ્ત(Super-imposed) જ છે. ટૂંકમાં, શરીરને, સાપની જેમ જ, પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. અનાદિ હોવાથી, આત્માનું તો **'પ્રારબ્ધ'** હોઈ જ ન શકે પરંતુ 'સત્તા'(સત્-ત્વ, Existence) વિનાના શરીરનું પણ **'પ્રારબ્ધ'** હોય જ નહીં, હોઈ શકે જ નહીં, એ પ્રમાણભૂત રીતે સિદ્ધ થઈ ગયું.

"બ્રહ્મસૂત્ર" વગેરે પરનાં આચાર્યશ્રીનાં ભાષ્યોથી જેઓ પરિચિત છે, તેમને તો ખ્યાલ જ છે કે **જૈન-બૌદ્ધ-સાંખ્ય** વગેરે દર્શનો જેવાં પોતાના પૂર્વપક્ષોની દલીલોનું તેઓશ્રી ખંડન કરતા હોય ત્યારે, તેમનો તર્ક-પ્રભાવ, કોઈ આંતરરાષ્ટ્રીય સિદ્ધિ ધરાવતા બેરિસ્ટરથી પણ ચઢી જાય તેવો હોય છે અને એમાં, એમનાં એ બુદ્ધિચાતુર્યના વ્યાપમાં, નર્મ-મર્મ(Humour, Wit) વગેરે તો હોય છે જ, પરંતુ સાથે-સાથે પૂર્વપક્ષની અનાવડત પર ઉપહાસ-કટાક્ષ (Ridicule) પણ એવા જ તીવ્ર અને તીખા-તમતમતા હોય છે. આ શ્લોકમાં આપણને એમની આવી વિશિષ્ટ શૈલીનો થોડો પરિચય મળે છે. 'અધ્યસ્ત' હોવાથી, શરીરને 'સત્તા'(Existence) જ નથી, તો પછી તેનો જન્મ (જનિઃ) કેમ થાય ? અને જેનો જન્મ નથી, એનો નાશ કેવી રીતે થઈ-હોઈ

શકે ? આમ, જે દેહાદિ અસત્ છે, એનું વળી **'પ્રારબ્ધ'** શી રીતે સંભવે ? ભૂમિતિશાસ્ત્ર (Geometry)નાં પ્રમેય(Theorem)ને સિદ્ધ કર્યા પછી, જેમ **'ઇતિ સિદ્ધમ્'(Q.E.D.)** - એટલે કે Quod Erat Demonstrandum, - એમ કહેવાની જે જડબેસલાક પદ્ધતિ છે, તેના જેવું જ આ છે !

ટૂંકમાં, આત્માનું **'પ્રારબ્ધ'** તો છે જ નહીં, પરંતુ શરીરનું **'પ્રારબ્ધ'** પણ ન જ હોઈ શકે : કોઈક ભ્રાંત દૃષ્ટા(Perceiver)ની એ એવી જ ભ્રાંત કલ્પના-માત્ર છે ! અને કોઈક એમ કહે કે, - **'મૃગજળ'**માં સ્નાન કરીને, મસ્તકે **'આકાશ-કુસુમ'** મૂકીને, **'સસલાનાં શિંગડાં'**નું ધનુષ્ય ધારણ કરીને, જુઓ, પેલો **'વન્ધ્યા-પુત્ર'** જઈ રહ્યો છે ! -

मृगतृष्णाम्भसि स्नातः ख-पुष्प-कृत-शेखरः ।
एष वन्ध्यासुतो याति शश-शृंगधनुर्धरः ॥

- એના જેવી જ હાસ્યાસ્પદ છે, પેલી ઉપર્યુક્ત ભ્રાંત કલ્પના પણ ! કારણ કે **'મૃગજળ'** જેવું કોઈ જળ, **'આકાશ-પુષ્પ'** જેવું કોઈ ફૂલ, **'સસલાંનાં શિંગડાં'** જેવાં કોઈ શિંગડાં અને **'વન્ધ્યાના પુત્ર જેવો કોઈ પુત્ર'**, - આવું કશું, સમગ્ર વિશ્વમાં ક્યાંય અસ્તિત્વ ધરાવતું જ નથી ! એવાં વચનો ઉચ્ચારવાં, એ તો એક પ્રકારનો **'વદતો વ્યાઘાત'** (Contradiction in terms) જ થયો કહેવાય !

હવે, વેદાંતવિદ્યા સાથે સંકળાયેલા જે બે વાદનાં આપણને અહીં દર્શન થાય છે, એની થોડી સ્પષ્ટતા કરીએ : **એક** તો એ કે જે અસ્તિત્વ જ ધરાવતું નથી, એવાં શરીરનાં **'પ્રારબ્ધ'**ની વાત કરવી, તેને **'વેદાંત'**માં **'અધ્યારોપ-અપવાદ'** એવો **'વાદ'** કહેવામાં આવે છે; અને **બીજું** એ કે આચાર્યશ્રીના **અદ્વૈત-મતમાં 'અજાતિવાદ'**ને માન્ય રાખવામાં આવ્યો છે. આચાર્યશ્રીના 'ગુરુના પણ ગુરુ' એટલે કે 'પરમગુરુ' એવા **શ્રીગૌડપાદાચાર્યે માંડૂક્ય**-ઉપનિષદ પર કારિકાઓ રચી છે, તેના ત્રીજા **અદ્વૈત**-પ્રકરણમાં **'અજાતિવાદ'**નું યુક્તિપૂર્વક સમર્થન કર્યું છે. આ રીતે, તે, આ શ્લોકમાંના कुतो जनिः - શબ્દોનું સ્મરણ કરાવે છે :

यथा न जायते किंचित् जायमानं समन्ततः ॥ ૩, ૨ ॥

("બધી બાજુએ જન્મ પામેલું લાગતું એવું કશું જ, ખરેખર, જન્મતું નથી.")

અને

एतत् तद् उत्तमं सत्यं यत्र किंचित् न जायते ॥ ૩, ૪૮ ॥

("જેમાં કશું પણ ઉત્પન્ન થતું નથી, તે - **બ્રહ્મ** - જ ઉત્તમ સત્ય છે.")

શ્લોકમાં **ચાર** વખત પ્રયોજાયેલો कुतः - શબ્દ, - 'એવું હોઈ શકે જ

નહીં !' - એવા નિષેધ(Negation)ને વ્યક્ત કરે છે.

શ્લોકના અનુષ્ટુપ-છંદમાં, ત્રણ પંક્તિઓ અને છ ચરણો છે, તે નોંધવાનું રહે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૨)

૪૬૩-૪૬૪

ज्ञानेनाऽज्ञानकार्यस्य समूलस्य लयो यदि ।
तिष्ठत्ययं कथं देह इति शंकावतो जडान् ।
समाधातुं बाह्यदृष्ट्या प्रारब्धं वदति श्रुतिः ॥४६३॥
न तु देहादिसत्यत्वबोधनाय विपश्चिताम् ।
यतः श्रुतेरभिप्रायः परमार्थैकगोचरः ॥४६४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જ્ઞાનેનાઽજ્ઞાનકાર્યસ્ય સમૂલસ્ય લયો યદિ ।
તિષ્ઠત્યયં કથં દેહ ઈતિ શંકાવતો જડાન્ ।
સમાધાતું બાહ્યદૃષ્ટ્યા પ્રારબ્ધં વદતિ શ્રુતિઃ ॥૪૬૩॥
ન તુ દેહાદિસત્યત્વબોધનાય વિપશ્ચિતામ્ ।
યતઃ શ્રુતેરભિપ્રાયઃ પરમાર્થૈકગોચરઃ ॥૪૬૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

જ્ઞાનેન સમૂલસ્ય અજ્ઞાનકાર્યસ્ય યદિ લયઃ (સ્યાત્), (તર્હિ) 'અયં દેહઃ કથં તિષ્ઠતિ ?' - ઇતિ શંકાવતઃ જડાન્ બાહ્યદૃષ્ટ્યા સમાધાતું શ્રુતિઃ પ્રારબ્ધં વદતિ, ન તુ વિપશ્ચિતાં દેહાદિ-સત્યત્વ-બોધનાય; યતઃ શ્રુતેઃ અભિપ્રાયઃ પરમાર્થ-એક-ગોચરઃ (અસ્તિ) ॥૪૬૩-૪૬૪॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : શ્રુતિઃ પ્રારબ્ધં વદતિ । વદતિ એટલે કહે છે, ચર્ચા કરે છે, પ્રતિપાદન કરે છે. શા માટે ? જડાન્ સમાધાતુમ્ । જડાન્ એટલે સ્થૂળ, જડ બુદ્ધિવાળા, મૂર્ખ માણસો; સમાધાતુમ્ એટલે કે તેમને સમજાવવા માટે, તેમનાં મનનું સમાધાન કરવા માટે. તે મૂર્ખાઓ કેવા છે ? - શંકાવતઃ । શંકા-કુશંકા કરનારા. તેમને કેવી રીતે સમજાવવા માટે ? બાહ્યદૃષ્ટ્યા । માત્ર, બાહ્ય, ઉપલક, સાપેક્ષ,

વ્યાવહારિક દૃષ્ટિથી. તેમની શંકા કેવી છે ? ક્યા પ્રકારની છે ? - अयं देहः कथं तिष्ठति ? - इति । - આ દેહ કેવી રીતે રહે ? શાના આધારે ટકે ? - એવી શંકા. એમને આવી શંકા શા માટે થઈ ? શા કારણે ઉદ્‌ભવી ? ज्ञानेन समूलस्य अज्ञानकार्यस्य यदि लयः (स्यात् तर्हि) । यदि-तर्हि એટલે **"જો-તો"**. लय નાશ; समूल એટલે **સમૂળગો**, સંપૂર્ણ. "જ્ઞાનથી જો અજ્ઞાનનાં કાર્યનો સંપૂર્ણ નાશ થાય તો, થતો હોય તો", આ દેહ શાના આધારે ટકે ?

તો પછી, આ ચર્ચા કોના માટે નથી ? विपश्चितां देहादिसत्यत्वबोधनाय न तु (अस्ति) । विपश्चितां એટલે વિદ્વાનોને, જ્ઞાનીઓને; बोधन જણાવવું, સમજાવવું, જ્ઞાન આપવું. सत्यत्व એટલે સત્ય હોવાપણું, યથાર્થતા. વિદ્વાનોને દેહ-વગેરેની યથાર્થતા પ્રબોધવા માટે શ્રુતિ આવી ચર્ચા કરતી જ નથી.

તો પછી, આમ કરવામાં શ્રુતિનો અભિપ્રાય શો છે ? - यतः श्रुतेः अभिप्रायः परमार्थ-एक-गोचरः अस्ति । एक એટલે માત્ર, ફક્ત. गोचर એટલે બોધ, પ્રતિપાદન, અભિવ્યક્તિ, જ્ઞાન, રજૂઆત. परमार्थ એટલે 'આત્મા અદ્વિતીય છે', - એવી પરમાર્થની વસ્તુ, વાત (Supreme Reality). શ્રુતિનું નિરૂપવાદ તાત્પર્ય માત્ર આટલું જ છે. (૪૬૩-૪૬૪)

અનુવાદ :

"જ્ઞાન વડે અજ્ઞાનનાં કાર્યનો જો સમૂળગો નાશ (થતો હોય તો), આ દેહ કેવી રીતે ટકી શકે ?" - આવી શંકા કરનારા જડ-બુદ્ધિવાળા(અજ્ઞાનીઓ)ને, માત્ર બાહ્યદૃષ્ટિથી સમજાવવા માટે જ શ્રુતિ **'પ્રારબ્ધ'**ની વાત કરે છે, - વિદ્વાનોને દેહ-વગેરેની યથાર્થતા જણાવવા માટે (શ્રુતિ એ વાત) નથી (કરતી), કારણ કે, શ્રુતિનો અભિપ્રાય તો પરમાર્થ-વસ્તુનાં પ્રતિપાદન માટે (જ) છે. (૪૬૩-૪૬૪)

ટિપ્પણ :

આત્માનું તો નહીં જ, પરંતુ શરીરનું પણ પ્રારબ્ધ ન હોઈ શકે, એવી કલ્પના પણ ભ્રાન્ત અને ગેરમાર્ગે દોરનારી છે, એવું નિશ્ચયાત્મક નિરૂપણ, **'અધ્યારોપ'**-વાદ અને **'અજાતિવાદ'**નો આધાર લઈને, ગયા શ્લોકમાં, કરવામાં આવ્યું; એટલે હવે **'પ્રારબ્ધ'**ની વિચારણાનો મુદ્દો, એની સમાપ્તિના તબક્કે પહોંચી ગયો છે ત્યારે, જડબુદ્ધિવાળા કેટલાક શંકા-કુશંકા કરનારા પૂર્વપક્ષોએ ઊભા કરેલા એક સવાલનું અસંદિગ્ધ ખંડન કરીને, આચાર્યશ્રી, અહીં, આ બે શ્લોકોમાં **'પ્રારબ્ધ'**-વિચારણાનાં સમગ્ર પ્રકરણનો ઉપસંહાર કરે છે.

આ રીતે, જો **'પ્રારબ્ધ'** છે જ નહીં, તો પછી પહેલો સવાલ એ છે કે - શ્રુતિ-

સ્મૃતિ-શાસ્ત્રો-સંતો, - આ બધાં, 'પ્રારબ્ધ'ની ચર્ચા કરે છે જ, શા માટે ? અને એમના આ સવાલનો આધાર સિદ્ધાંત-પક્ષના આ સિદ્ધાંત પર છે : ઉપાદાન-કારણ માટીનો જ નાશ થઈ જાય, તો માટીનું કાર્ય, - એવો ઘડો ટકી શકતો નથી; એ જ રીતે, દેહાદિનું ઉપાદાન કારણ એવું અજ્ઞાન જો જ્ઞાન વડે સમૂળગું નાશ પામે તો પછી, અજ્ઞાનનાં કાર્ય-રૂપ દેહાદિ, દેહાદિના સાંસારિક વ્યવહારો વગેરે શાના આધારે ટકે ?

પૂર્વપક્ષની આ શંકામાં, अयं देहः એટલે પંચ-મહાભૂતોનો બનેલો આ દેહ તો ખરો જ, પરંતુ અજ્ઞાનકાર્યમાં તો અહંકારથી આરંભાતું અને સ્થૂલ શરીરથી અંત પામતું આ સમગ્ર જગત પણ સમાવિષ્ટ થઈ જાય. વળી, 'જ્ઞાન' એટલે બ્રહ્મજ્ઞાન અને समूल - શબ્દમાંનું 'મૂળ' એટલે સ્થૂલ-શરીર અને સમગ્ર જગત સાથે સંકળાયેલું અજ્ઞાન અને અજ્ઞાનનું કાર્ય એવું શરીર જો નાશ પામતું જ હોય તો, આત્મજ્ઞાની મનુષ્યો તેમનાં શરીર સાથે જીવી રહ્યા હોય છે, તેનું શું ?

આવા ઉપરછલ્લા સવાલો આચાર્યશ્રીના ખ્યાલ બહાર નથી જ : પૂર્વપક્ષના આવા સવાલો, તેની જડબુદ્ધિને લીધે અને સાચી-સૂક્ષ્મબુદ્ધિના અભાવને લીધે જ ઉદ્ભવ્યા છે : આવી શંકાનાં સમાધાન માટે જ, શ્રુતિએ 'પ્રારબ્ધ'ની ચર્ચા કરીને પ્રતિપાદન કર્યું કે જ્ઞાન થયા બાદ પણ જ્ઞાનીનું શરીર એટલા માટે ટકી રહે છે કે તે 'પ્રારબ્ધ' ભોગવવા જીવે છે, પરંતુ એ કર્મો જ્ઞાનીને બંધનકર્તા હોતાં નથી. અને જે શ્રુતિ માટે वदति, - એમ કહ્યું છે, તેનું 'બોલવાનું' એટલે આટલું જ : –

तस्य तावद् एव चिरं, यावत् न विमोक्ष्ये, अथ संपत्स्ये ।

("તેના માટેનો વિલંબ તો માત્ર ત્યાં સુધીનો જ હોય છે, જ્યાં સુધી તેનો શરીર-વિમોક્ષ ન થાય; પછી તો તરત જ તેનો બ્રહ્મભાવ સંપન્ન થઈ જાય છે.")

હકીકતમાં તો, ઉપનિષદના ઋષિઓની આ ઉદારતા છે કે તેઓ, 'પ્રારબ્ધ'ની આવી ચર્ચા, અજ્ઞાનીઓની આવી શંકાનાં નિવારણ માટે અને તેમની વ્યથાનાં દૂરીકરણ માટે જ કરે છે. નિષ્કર્ષ તો એટલો જ છે કે, ઉચ્ચ તાત્ત્વિક દૃષ્ટિએ, જ્ઞાનીને તો નથી, ખરેખર, દેહ, નથી 'સંચિત' કે 'પ્રારબ્ધ' જેવાં કર્મો, નથી કર્મોનો સંગ કે નથી આ બધાંનાં કશાં બંધનો. 'પ્રારબ્ધ'-આદિ કર્મોની ચર્ચા તો, જડબુદ્ધિવાળા શંકાશીલ અજ્ઞાનીઓનાં મનનું સમાધાન કરવા માટે, એમનાં અજ્ઞાનને દૂર કરવા માટે અને એમને આશ્વાસન આપીને સ્વસ્થ કરવા માટે જ છે. બાકી, જ્ઞાનનિષ્ઠ વિદ્વાનોને દેહાદિની યથાર્થતા પ્રબોધવાનું તો રહેતું જ નથી, એ હકીકતની શ્રુતિને તો પૂરી પ્રતીતિ છે : આત્માની અદ્વિતીયતા એ જ, શ્રુતિની દૃષ્ટિએ તો, એકમાત્ર પરમાર્થ છે અને તેથી શ્રુતિનો અભિપ્રાય તો માત્ર આવા પરમાર્થનું પ્રબોધન અને

પ્રતિપાદન જ છે. ઉપર્યુક્ત શ્રુતિનું માત્ર એ જ તાત્પર્ય છે કે **'પ્રારબ્ધ'**-ક્ષયને અંતે, દેહત્યાગ કરીને જ, જ્ઞાની 'વિદેહમુક્તિ' પામે છે અને આ શ્રુતિ પણ આ રીતે, ઓછી સમજણ-શક્તિવાળાને સંતોષવા માટે જ છે. શ્લોક-૪૬૪ને અંતે જે **'પરમાર્થ'**નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે આ પ્રકારનો છે :

न निरोधो न चोत्पत्तिः न बद्धो न च साधकः ।
न मुमुक्षुः न वै मुक्तः इति एषा 'परमार्थता' ॥

(માંડૂક્ય-ઉપનિષદ ૨, ૩૨)

("ત્યાં એટલે કે બ્રહ્મમાં, નથી નાશ, નથી ઉત્પત્તિ, નથી કોઈ બંધનમાં બદ્ધ, તેમ જ નથી કોઈ સાધક, મોક્ષની ઇચ્છાવાળો પણ ત્યાં કોઈ નથી અને કોઈ મુક્ત પણ નથી : આ જ પરમ સત્ય છે.")

"માત્ર બ્રહ્મ જ પરમ સત્ય (Supreme Truth, Reality) છે", - એવી અનુભૂતિ, એ જ **પરમાર્થતા** !

અહીં શ્લોક ૪૬૩માં, અનુષ્ટુપ-છંદમાં ત્રણ પંક્તિ અને છ ચરણો છે.

શ્લોકોનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૩-૪૬૪)

૪૬૫

परिपूर्णमनाद्यन्तमप्रमेयमविक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥४६५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પરિપૂર્ણમનાદ્યન્તમપ્રમેયમવિક્રિયમ્ ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૬૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પરિપૂર્ણં અનાદિ-અનન્તં, અપ્રમેયં, અવિક્રિયં, એકં, અદ્વયં એવ બ્રહ્મ (અસ્તિ) । ઇહ (અસ્મિન્ બ્રહ્મણિ) કિંચન નાના ન અસ્તિ ॥૪૬૫॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : બ્રહ્મ (ઈદૃશં અસ્તિ) । બ્રહ્મ (આવું) છે. બ્રહ્મ કેવું છે ? આ પ્રમાણે સાત વિશેષણો : (૧) પરિપૂર્ણમ્ । સર્વત્ર, સર્વથા, સર્વધા, સર્વદા સંપૂર્ણ (Ever-full, Complete, Perfect, Plenary); (૨) અનાદિ - આદિ એટલે કે

આરંભ; આરંભ વિનાનું (Beginningless); (૩) अनन्तम् અંત-વિનાનું (Endless); (૪) अप्रमेयम् । જેને ગ્રહણ ન કરી શકાય એવું, અગ્રાહ્ય; (Beyond Comprehension); (૫) अविक्रियम् । વિકાર-રહિત, અવિકારી (Changeless); (૬) एकं एव । એક જ, એકમાત્ર; (૭) अद्वयम् । દ્વૈત-વિનાનું, અદ્વિતીય.

વળી, આ બ્રહ્મ કેવું છે ? इह - અહીં, એટલે કે આ બ્રહ્મમાં; किंचन - કંઈ જ, કશું જ, કશો જ. नाना એટલે જૂદું-જૂદું. આ બ્રહ્મમાં, એટલે કે આત્મામાં, ક્યાંય કશું જૂદું-જૂદું નથી, એટલે કે જૂદાપણું, ભિન્નતા, અથવા અનેકતા લાવે એવો બીજો કોઈ પદાર્થ નથી. (૪૬૫)

અનુવાદ :

પરિપૂર્ણ, અનાદિ, અનંત, અપ્રમેય, અવિકારી, માત્ર - એક અને અદ્વિતીય એવું તત્ત્વ (એ જ) બ્રહ્મ છે. અહીં (આ બ્રહ્મમાં) કંઈ જ જૂદું-જૂદું નથી. (૪૬૫)

ટિપ્પણ :

આ પહેલાંના ૧૯ શ્લોકો(૪૪૫-૪૬૫)માં આચાર્યશ્રીએ **'પ્રારબ્ધ'**નાં સ્વરૂપની, એનાં સર્વ પાસાંની તાત્ત્વિક, તલસ્પર્શી અને સૂક્ષ્મ ચર્ચા કરી. હવે, અહીંથી શરૂ થતા **સાત** શ્લોકોમાં(૪૬૫-૪૭૧), બ્રહ્મસ્વરૂપનું જે નિરૂપણ શ્રુતિએ કર્યું છે એને પોતાના આધાર તરીકે સ્વીકારીને, અને नेह नानास्ति किंचन । - એ **કઠ**-ઉપનિષદ-શ્રુતિ(૨, ૧, ૧૧)ને આ સાતેય શ્લોકોમાં, ચોથાં ચરણ તરીકે, એક પ્રકારની ધ્રુવપંક્તિ (Refrain) તરીકે પુનરુક્ત કરીને, આચાર્યશ્રીએ, બ્રહ્મમાં **'નાનાત્વ'**(ભેદ, ભિન્નતા, Manifoldness, (Plurality)ને ભારપૂર્વક અને સંપૂર્ણરીતે નકાર્યું છે, નિષિદ્ધ કર્યું છે.

કોઈકને વિચાર આવે કે આચાર્યશ્રીએ **કઠ**-ઉપનિષદનાં આ શ્રુતિવચનને આટલું બધું મહત્ત્વ કેમ આપ્યું હશે ? આવી જિજ્ઞાસા, ખરેખર, સ્તુત્ય અને પ્રસ્તુત છે : હકીકત એ છે કે બ્રહ્મ-સ્વરૂપને સમ્યગ્-સ્વરૂપે પામવું હોય તો અને એ **એક** અને **અદ્વિતીય** છે, એની પ્રતીતિ પ્રાપ્ત કરવી હોય તો, તેમાં નાનાત્વનો અંશમાત્ર પણ નથી, એ ત્રિકાલાબાધિત સત્યનો સાક્ષાત્કાર કરવો અનિવાર્ય છે; કારણ કે આ જ મંત્રની બીજી પંક્તિમાં, 'નાનાત્વ'નું દર્શન કરનાર માટેનું સુનિશ્ચિત ભયસ્થાન એમ કહીને નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે કે તે મૃત્યુથી મૃત્યુ પામ્યા કરે છે :

मृत्योः स मृत्युं गच्छति य इह नाना-इव पश्यति ।

મોક્ષાર્થી સાધક તો, મનુષ્ય માટે જે એક મૃત્યુ નિયત થયેલું છે, તેનાથી યે મુક્ત થવા તે સતત સાધના કરતો હોય છે, તો પછી, આ પ્રમાણે 'મૃત્યુથી મૃત્યુ'

પામ્યા કરવાનું તો એના માટે નિર્વાહ્ય બની જ શી રીતે શકે ?

વળી, આ શ્રુતિવચનમાં કિંચન (કિંચિદપિ) - એ શબ્દ એ રીતે સૂચક અને સાભિપ્રાય છે કે બ્રહ્મમાં 'નાનાત્વ'ના સદંતર અભાવની બાબતમાં કોઈનાં પણ મનમાં જરા પણ શંકા રહી ગઈ હોય તો, તેને નાબૂદ કરે છે અને આ વિશે કોઈ પણ અપવાદ ન હોવાનું પણ સ્થાપિત કરે છે. અંગ્રેજી શબ્દ, - What-so-everનું સામર્થ્ય (Force) આ કિંચન - શબ્દમાં છે.

બ્રહ્મનાં સાતેય વિશેષણોની સમજૂતી શબ્દાર્થ-વિભાગમાં આપવામાં આવી છે, તે છતાં, તે સર્વ શબ્દોને તેના દાર્શનિક સંકેતોના સંદર્ભોમાં જોઈ જઈએ :

પરિપૂર્ણમ્ । પરિ - એ ઉપસર્ગ, સમ્ - એ ઉપસર્ગ કરતાં પણ 'પૂર્ણતા' (Completeness, Full-ness)ની વિભાવનાને મહત્તમ સ્વરૂપમાં વ્યક્ત કરે છે . તેની ભીતર બીજું કશું જ ન હોવા છતાં તે 'સંપૂર્ણતમ' છે ! અને આ જ કારણે તેમાં કશી સ્થાન-ગત (Spatial) મર્યાદા (Limitation) નથી, એ સત્ય સુનિશ્ચિત-સ્વરૂપે સ્થાપિત થાય છે.

અનાદિ-અનન્તમ્ । તેને જન્મ નથી, મૃત્યુ નથી; ઉત્પત્તિ નથી, વિનાશ નથી. અપ્રમેયમ્ એટલે 'અગ્રાહ્ય' તો ખરું જ, પરંતુ આ શબ્દમાં મા - ધાતુ છે, તે 'માપ'(Measurement)નો અર્થ સૂચવે છે : જે 'અમેય' (Immeasurable) છે, અને તેથી 'અનુપમ', 'અનન્ય', અજોડ (Unique) છે, સર્વાતિશાયી-(Transcendental) છે.

અવિક્રિયમ્ : વિકાર-રહિત, પરિવર્તન-વિનાનું, અપરિણામી-(Modificationless) છે.

એકં એવ અદ્વયમ્ : એવા પ્રકારનું **'એકત્વ'** તેનાંમાં છે કે જેનાં કારણે તેના સંદર્ભમાં, ક્યાંય, કશું જ 'બીજું', 'અન્ય', 'દ્વૈત' છે જ નહીં :

સ્વગત-ભેદરહિતં, સજાતીયભેદરહિતમ્ । એક - શબ્દ 'સજાતીયભેદરહિતત્વ' સૂચવે છે, તો અદ્વય - શબ્દ વિજાતીયભેદરહિતત્વનો નિર્દેશ કરે છે. છાંદોગ્ય-ઉપનિષદનું શ્રુતિવચન, - एकं एव अद्वितीयम्, એ જ આ एकं एव अद्वयम्.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૫)

૪૬૬

सद्घनं चिद्घनं नित्यमानन्दघनमक्रियम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥૪૬૬॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સદ્‌ઘનં ચિદ્‌ઘનં નિત્યમાનન્દઘનમક્રિયમ્ ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૬૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

શ્લોકનો ગદ્ય અન્વય, શ્લોકમાંનાં પદ્ય પ્રમાણે જ છે, એટલે કે શ્લોકમાં 'દંડાન્વય' છે. (૪૬૬)

શબ્દાર્થ :

શ્લોકમાં કશી વાક્યરચના છે જ નહીં, સર્વ શબ્દો બ્રહ્મનાં વિશેષણો તરીકે જ પ્રયોજાયાં છે, તેથી શ્લોકમાં 'મુખ્ય' કે 'ગૌણ' વાક્યોનો પ્રશ્ન જ રહેતો નથી. વળી, આ પહેલાં નિર્દેશ કરવામાં આવ્યો છે, તે પ્રમાણે, શ્લોકનું ચોથું ચરણ પુનરુક્ત થયું છે; એટલે એને પણ સમજાવવાનું રહેતું નથી અને ત્રીજા ચરણમાંનું વિશેષણ - एकमेवाद्वयम् - પણ, આ પહેલાંના શ્લોકમાં હતું તે જ સ્વરૂપે અહીં પુનરુક્ત થયું છે.

એટલે હવે પ્રથમ પંક્તિમાંનાં, બ્રહ્મનાં **પાંચ** વિશેષણોનો અર્થ જોઈ જઈએ : (૧)-(૨)-(૩) સદ્‌ઘનં, ચિદ્‌-ઘનં, આનન્દઘનમ્ । શ્રુતિમાં બ્રહ્મનાં સ્વરૂપ માટેનો શબ્દ, - **'सच्चिदानन्द' (सत्-चित्-आनन्द)'** સુપ્રસિદ્ધ અને સર્વત્ર પ્રચલિત છે. **सत्** એટલે **'सत्ता'**, અસ્તિત્વ (Existence); चित् એટલે વિશુદ્ધ જ્ઞાન (Pure intelligence), આત્મજ્ઞાન (Self-knowledge), શાશ્વત જ્ઞાન (Eternal Knowledge), અને આનન્દ એટલે શાશ્વત, અ-પાર્થિવ અને સૂક્ષ્મ આનંદ (Eternal, Divine and Subtle Bliss).

અહીં આ ત્રણેય શબ્દોને અંતે **ઘન**-શબ્દ જોડવામાં આવ્યો છે, તેનો સંકેત એ છે કે બ્રહ્મનાં સ્વરૂપમાં જે सत्, चित् અને આનન્દ છે, તે, વિશુદ્ધ, શાશ્વત અને સૂક્ષ્મ તો છે; એટલું જ નહીં પરંતુ તેમાં એ ત્રણેયનું **ઘનિષ્ઠ** તત્ત્વ છે, - એટલે કે બ્રહ્મમાં એ ત્રણેયનો **'સાર'** છે, એનું **'હાર્દ'** (Essence) છે, એનું **'ઘનીભૂત'** તત્ત્વ છે.

(૪) **નિત્ય** - શબ્દ, બ્રહ્મનાં અનુસંધાનમાં, આ પહેલાં, અનેક વાર, પ્રયોજાઈ ગયેલો છે. આ **નિત્ય** - શબ્દને, સદા-સર્વદા, હંમેશાં, - એવા અર્થમાં, **સદ્‌ઘન, ચિદ્‌ઘન અને આનંદઘન**, - એ ત્રણેયનાં વિશેષણ તરીકે પણ **'સમજી'** શકાય અને આ પહેલાંના શ્લોકમાં (૫) अविक्रियम् પ્રયુક્ત હતો જ, એટલે અક્રિય શબ્દને પણ સમજાવવાનો રહેતો નથી. (૪૬૬)

અનુવાદ :

જે સદા ઘનીભૂત સત્, ચિત્ અને આનંદ-સ્વરૂપ, નિષ્ક્રિય, એક જ અને અદ્વિતીય તેવું બ્રહ્મ છે, તેમાં કોઈ પણ પ્રકારનું 'નાનાત્વ' નથી. (૪૬૬)

ટિપ્પણ :

શ્લોકના સર્વ શબ્દોને, આ પહેલાં, ઉપર્યુક્ત શબ્દાર્થ-વિભાગમાં, સર્વ આવશ્યક વીગતો સાથે, સમજાવવામાં આવ્યા છે, એટલે અહીં કશું ઊમેરવાનું રહેતું નથી.

માત્ર એક જ વાતનો નિર્દેશ કરવાનો રહે છે અને તે એ કે સમગ્ર બ્રહ્માંડની સર્વ ક્રિયાઓ, આ દૃષ્ટા(Seer) એવા બ્રહ્મની સમક્ષ જ થતી હોવા છતાં, તે પોતે એમાં જરા પણ સંસક્ત, સંબદ્ધ કે લિપ્ત (Involve) થતું નથી; અને તેથી જ ભાષ્યકારો અવિક્રિયં અને અક્રિયં જેવા શબ્દોનું અર્થઘટન આ રીતે કરે છે :

सृष्टि-आदि-क्रियाशून्यम् ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૬)

૪૬૭

प्रत्यगेकरसं पूर्णमनन्तं सर्वतोमुखम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥४६७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રત્યગેકરસં પૂર્ણમનન્તં સર્વતોમુખમ્ ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૬૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં પણ શ્લોક પ્રમાણે જ 'દંડાન્વય' છે. (૪૬૭)

શબ્દાર્થ :

આ શ્લોકમાં પણ બીજી પંક્તિ, આગળના શ્લોકો પ્રમાણે જ છે અને પહેલી પંક્તિમાં પણ પૂર્ણં અને અનન્તં, - બ્રહ્મનાં આ બે વિશેષણો શ્લોક-૪૬૫માં, આ પહેલાં, આવી ગયાં છે; એટલે નવાં કહી શકાય એવાં પ્રત્યક્-એકરસં અને સર્વતોમુખં, - એ બે-ને જ સમજાવવાનાં રહે છે.

પ્રત્યક્-એકરસમ્ : અંતરાત્મા-સ્વરૂપે સદા એકરસ; પ્રત્યગાત્મા-રૂપે અખંડ

એકરસ; પ્રત્યેક વ્યક્તિગત અંતરાત્મામાં એનાં આત્મગત(Subjective) રસનાં રૂપમાં સ્થિત. દરેકનાં અંતઃકરણમાં મૂળભૂત એક જ સ્વરૂપે વસતું (Homogeneous).

સર્વતોમુખમ્ : સર્વ દિશાઓમાં મુખવાળું, એટલે કે ભૂતમાત્રમાં ચૈતન્યરૂપે રહેલું; સર્વાત્મભૂતમ્; સર્વવ્યાપી (All-pervading, Omnipresent) (૪૬૭).

અનુવાદ :

જે એકરસ-પ્રત્યગાત્મા, પૂર્ણ, અનંત, સર્વતોમુખ છે, તે બ્રહ્મ એક અને અદ્વિતીય છે અને એમાં ક્યાંય કશું પણ 'નાનાત્વ' નથી. (૪૬૭)

ટિપ્પણ :

બ્રહ્મનું શ્રુતિ-પ્રમાણિત અને પરંપરાગત સ્વરૂપ જેમ 'સત્-ચિદ્-આનદ' છે, તેમ જ **'રસ'**-રૂપ પણ છે; આ જ કારણે, આ જ બ્રહ્મનાં અનુસંધાનમાં, એ જ શ્રુતિનું વાક્ય છે : રસો વૈ સઃ । અને ગયા શ્લોકમાં, બ્રહ્મ માટે, **'સદ્ઘન'**, **'ચિદ્ઘન'** અને **'આનંદઘન'**, - એવાં વિશેષણો પ્રયોજાયાં, એ જ રીતે, બ્રહ્મ **'રસઘન'** પણ છે, એનો સંકેત આપણને, અહીં, પ્રત્યગ્-એકરસમ્ - એ શબ્દમાં મળે છે અને રસ તો (રસ્યતે આસ્વાદ્યતે ઇતિ રસઃ ।, - એની આવી વ્યાખ્યાને કારણે) તે, **'આસ્વાદ'**નો, **'ચર્વણા'**નો વિષય છે, અને બ્રહ્મસાક્ષાત્કાર પામવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરનારા સર્વ સાધકોને બ્રહ્મ-**'રસ'**નો જે **'આસ્વાદ'** મળે છે, તે, સદા-સર્વદા-સર્વત્ર એકસમાન જ હોય છે; - આ જ મર્મ છે, આ શ્લોકમાંનાં બ્રહ્મ-વિશેષણ પ્રત્યગેકરસમ્-નો.

બીજું, સર્વતોમુખમ્ - એ બહુવ્રીહિ-સમાસનો અર્થ આવો થાય છે : બ્રહ્મ એટલે તે, જેનું મુખ સર્વદિશાઓમાં છે : સર્વતઃ સર્વદિશાસુ મુખં યસ્ય સઃ । પરંતુ દિશાઓની સંખ્યા તો માત્ર **'દશ'** જ ને ! એ સિવાયનાં સ્થાનોનું-સ્થળોનું શું ? એટલે અહીં સર્વતઃ - એ શબ્દને 'સર્વત્ર', એટલે કે Everywhere-ના અર્થમાં સમજવાનો રહે છે. સમગ્ર વિશ્વમાં કોઈ એવી જગ્યા નથી, જ્યાં બ્રહ્મનું અસ્તિત્વ ન હોય. તાત્પર્ય એ છે કે તે સમસ્ત જગતનાં અણુ-અણુમાં વ્યાપ્ત છે, - સર્વવ્યાપી (Omnipresent) છે. એક જૂની કવિતાની થોડી લીંટીઓ, બ્રહ્મનાં આ વિશેષણનાં સમર્થનમાં, યાદ આવી જાય છે :

"આસપાસ આકાશમાં, અંતરમાં આવાસ;
ઘાસ, ચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ! "

અને **ત્રીજું**, ગયા શ્લોકમાં ભલે **પરિપૂર્ણં** - શબ્દ આવી ગયો, આ શ્લોકમાંના પૂર્ણં - શબ્દનો સંદર્ભ સાવ જૂદો જ છે : બ્રહ્મમાં તેના પોતાનાં સિવાય, એટલે કે

બ્રહ્મત્વ સિવાય, બીજું કશું જ નથી; એની ભીતર કશો જ ભેદ શક્ય નથી, એનું સમગ્ર સ્વરૂપ **બ્રહ્મૈકમય** છે. શાસ્ત્રકારોએ ભેદ **ત્રણ** પ્રકારના કહ્યા છે : **સ્વગત, સજાતીય** અને **વિજાતીય**. વૃક્ષ પોતે **એક** હોવા છતાં, એનાં પોતાનાં જ પાંદડાં-પુષ્પો-ફળોથી વૃક્ષનો ભેદ સંભવે છે; આ થયો **સ્વગત** ભેદ; અને વડ તથા લીમડો એ બંને 'વૃક્ષો' તરીકે **એક** હોવા છતાં વૃક્ષના 'પ્રકાર' તરીકે બંનેમાં **ભેદ** છે; આ થયો **સજાતીય** ભેદ; અને વૃક્ષ તથા પથ્થર વચ્ચે જે **ભેદ** છે તે, **વિજાતીય** ભેદ.

બ્રહ્મમાં તો, આવા, **સ્વગત-સજાતીય-વિજાતીય** પ્રકારના કોઈ જ ભેદો નથી, એ દર્શાવવા માટે અહીં પૂર્ણમ્ - એ વિશેષણ પ્રયોજાયું છે :

स्वगत-सजातीय-विजातीय-भेदरहितं वस्तु पूर्णम् ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૭)

૪૬૮

अहेयमनुपादेयमनाधेयमनाश्रयम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥४६८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અહેયમનુપાદેયમનાધેયમનાશ્રયમ્ ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૬૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં પણ, યથાપૂર્વ, શ્લોકમાંનાં પદોનાં ક્રમ પ્રમાણે જ, અન્વય, **'દંડાન્વય'** છે. (૪૬૮)

શબ્દાર્થ :

અહીં પણ, યથાપૂર્વ, શ્લોકની બીજી પંક્તિ, એ જ રીતે, પુનરુક્ત થઈ છે. એટલે બાકી રહે છે, પહેલી પંક્તિમાંનાં, બ્રહ્મનાં આ **ચાર** વિશેષણો : **અહેયમ્, અનુપાદેયમ્, અનાધેયમ્** અને **અનાશ્રયમ્.**

(૧) **અહેયમ્** । હેય (હા એટલે ત્યજવું, એ ધાતુનું વિધ્યર્થ-કૃદંત) એટલે તે, જેને ત્યજી શકાય, ત્યજવા-યોગ્ય; અહેય એટલે તે, જે ત્યજવા-લાયક, ત્યજી શકાય તેવું નથી, ત્યાજ્ય નથી, અત્યાજ્ય.

(૨) **અનુપાદેયમ્** । (અન્-ઉપાદેયમ્) । ઉપાદેય (ઉપ + આ + દા એટલે લેવું, ગ્રહણ કરવું, - એ ધાતુનું વિધ્યર્થ-કૃદંત) લેવા-યોગ્ય, ગ્રહણ કરવા-સ્વીકાર

કરવા લાયક. **અનુપાદેય** એટલે તે, જે ગ્રહણ કરવા યોગ્ય નથી. અગ્રાહ્ય, અસ્વીકાર્ય છે, - જેને સ્વીકારી ન શકાય તેવું.

(૩) અનાધેયમ્ (અન્-આધેયમ્) । **આધેય** (આ + ધા એટલે મૂકવું, એ ધાતુનું વિધ્યર્થ કૃદંત) મૂકવા-યોગ્ય, જેને બીજી કોઈક વસ્તુ પર આરોપિત કરી શકાય અથવા જેના પર બીજી કોઈ વસ્તુ મૂકી શકાય તેવું; અને **અનાધેય** એટલે જે આધેય નથી તેવું; (Having no Super-imposition).

(૪) અનાશ્રયમ્ (અન્-આશ્રયમ્) । કોઈ પણ પ્રકારના આશ્રય વિનાનું, જેને બીજો કશો આધાર નથી તેવું. (૪૬૮)

અનુવાદ :

જે ત્યાજ્ય નથી, ગ્રાહ્ય નથી, ન કશામાં મૂકવા યોગ્ય છે અને જેને આશ્રય નથી, તેવું બ્રહ્મ એક અને અદ્વય છે. એમાં કશું જ 'નાનાત્વ' નથી. (૪૬૮)

ટિપ્પણ :

આ શ્લોકમાંનાં, બ્રહ્મનાં, ચારેય વિશેષણો નકારાત્મક(Negative) છે, એ નોંધપાત્ર છે.

અહેયમ્-અનુપાદેયમ્ । ત્યાગ અને સ્વીકાર તો, કોઈ બીજી વસ્તુનો જ થઈ શકે : બ્રહ્મ તો, પોતે જ છે, પોતાનો આત્મા, જીવાત્મા છે. એનો **'ત્યાગ'** કે **'સ્વીકાર'** કેવી રીતે શક્ય બને ? કોઈ પણ મનુષ્ય એમ ન બોલી શકે કે 'મેં મને ત્યજ્યો' અથવા 'મેં મને સ્વીકાર્યો' ! કારણ કે "હું" તો "હું" જ છે. હું હુંને કેવી રીતે ત્યજે ? કેવી રીતે સ્વીકારે ? બ્રહ્મ એટલે જ સ્વ-સ્વરૂપ (આત્મસ્વરૂપત્વાત્).

અથવા આ બે શબ્દોનું અર્થઘટન આ રીતે પણ થઈ શકે : હેય એટલે તે, જે દોષવાળું છે; અહેય એટલે **'નિર્દોષ'** અને ઉપાદેય એટલે ગુણવત્તાવાળું, ગુણસભર, ગુણવાળું; અનુપાદેય એટલે **'નિર્ગુણ'**.

બ્રહ્મ 'અનાધેય' એ અર્થમાં છે કે તેને બીજા કશામાં મૂકી શકાય તેવું, તે નથી. તેનામાં 'આરોપ્ય'પણું નથી અને 'આરોપિત'પણું પણ નથી.

અને જે પોતે સમગ્ર બ્રહ્માંડનો મૂલ-આશ્રય (Original Substratum) છે, તેને બીજા કશાનો આશ્રય કેવો ? શા માટે ? **બ્રહ્મ** પોતે **'અનાશ્રય'** છે, એ જ એનો મહિમા છે અને એમાં જ વિશ્વનું કલ્યાણ રહેલું છે ! હકીકત એ છે કે બ્રહ્મ પોતે જ પોતાનો **'આશ્રય'** છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૮)

निर्गुणं निष्कलं सूक्ष्मं निर्विकल्पं निरंजनम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥४६९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિર્ગુણં નિષ્કલં સૂક્ષ્મં નિર્વિકલ્પં નિરંજનમ્ ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૬૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં પણ 'દંડાન્વય' જ છે. (૪૬૯)

શબ્દાર્થ :

અહીં પણ, શ્લોકની બીજી પંક્તિ, એની એ જ, પુનરુક્ત થઈ છે અને પહેલી પંક્તિમાં, બ્રહ્મનાં, **પાંચ** વિશેષણો આ પ્રમાણે છે :

નિર્ગુણમ્, નિષ્કલમ્, સૂક્ષ્મમ્, નિર્વિકલ્પમ્ અને નિરંજનમ્.

આ **પાંચ** વિશેષણોની બાબતમાં **બે** વાત, આરંભમાં જ, કહેવાની રહે છે : **એક** તો એ કે આ પાંચેય શબ્દો, આ પહેલાં, એક કરતાં વધુ વાર, આપણા આ સ્વાધ્યાયમાં, આવી ગયા છે; અને **બીજું** એ કે **પાંચ**માંનાં, એક **સૂક્ષ્મં** સિવાયનાં બાકીનાં **ચાર** નકારાત્મક(Negative) છે.

(૧) નિર્ગુણમ્ । પરમતત્ત્વનાં બે સ્વરૂપો છે, **નિર્ગુણ** અને **સગુણ** : એમાંનું જે સ્વરૂપ ઇન્દ્રિયગ્રાહ્ય છે, તે **સગુણ** અને જે ઇન્દ્રિયગ્રાહ્ય નથી, તે **નિર્ગુણ**.

(૨) નિષ્કલમ્ । કલા એટલે ભાગો, વિભાગો, અવયવો (Parts); જેનામાં કોઈ વિભાગો કે અવયવો નથી એવું, - નિરવયવ. આનો જ વિરોધાર્થી શબ્દ, - સકલ - સહુને સુપરિચિત છે, - Wholeના અર્થમાં.

(૩) સૂક્ષ્મમ્ એટલે તે, જે અત્યંત નાનું છે, અણુ-સ્વરૂપ છે : Subtle, Minute, Atomic. આનો વિરોધાર્થી શબ્દ-'સ્થૂલ', પણ સુપરિચિત છે.

(૪) નિર્વિકલ્પમ્ એટલે વિકલ્પો-વિચારો-વિકારો-વિક્ષોભ વિનાનું : નિર્ગુણ-સગુણની જેમ જ બ્રહ્મનાં બે સ્વરૂપો છે, - નિર્વિકલ્પ અને સવિકલ્પ.

(૫) નિરંજનમ્ । અંજન એટલે લેપ, આંજણ, મળ, અશુદ્ધિ, ગંદકી; આવી કશી મલિનતા વિનાનું એટલે **નિરંજન** : નિર્મળ, નિષ્કલંક Unstained, Taintless. (૪૬૯)

અનુવાદ :

જે નિર્ગુણ, નિરવયવ, સૂક્ષ્મ, નિર્વિકલ્પ અને નિષ્કલંક છે તે, બ્રહ્મ, એક અને અદ્વિતીય જ છે, અને એમાં કશું **'નાનાત્વ'** નથી. (૪૬૯)

ટિપ્પણ :

જગતમાં જેને **'ગુણો'** (Qualities, Properties) હોય છે, તે 'સાન્ત' (સ + અંત) અને વિનાશશીલ હોય છે; પરંતુ **બ્રહ્મ** તો **અનંત** છે, એટલે એને કશા **'ગુણો'** હોઈ શકે જ નહીં.

જે પોતે 'એક અને અદ્વિતીય' (एकं एव अद्वयम्) છે, જેના માટે કોઈ 'દ્વિતીય' (બીજું, અન્ય) જ નથી, એને વળી વિભાગો અને અવયવો (કલા) ક્યાંથી હોઈ શકે ? એ તો સદા-સર્વદા **'નિષ્કલ'** જ હોય. બ્રહ્મ 'સૂક્ષ્મ' એટલા માટે છે કે તે સર્વવ્યાપક છે, (All-pervading, Omni-present) सर्वव्यापकत्वात् ।

બ્રહ્મનું સ્વરૂપ 'નિર્વિકલ્પ' છે, કારણ કે તે સર્વ વિચારો-વિકલ્પો અને મન-બુદ્ધિનાં સમગ્ર તંત્રને અતિક્રમી(Transcend)ને એનાથી 'પર' બની ગયું છે.

અને જ્યાં કશી વાસનાઓ રહી જ નથી, ત્યાં કશાં મળ-મેલ કે અશુદ્ધિને તો સ્થાન જ કેવી રીતે હોઈ શકે ? - એ તો સદા-સર્વદા **નિર્મળ** અને **નિરંજન !**

આવાં બ્રહ્મને તો સ્વાનુભૂતિ વડે જ પામી શકાય : **વાણી** અને **મન** તો એની પાસે સંપૂર્ણરીતે નિર્બળ અને નિરર્થક ! -

वाचा वक्तुं अशक्यमेव मनसा मन्तुम् ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૬૯)

૪૭૦

अनिरूप्यस्वरूपं यन्मनोवाचामगोचरम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥४७०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અનિરૂપ્યસ્વરૂપં યન્મનોવાચામગોચરમ્ ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૭૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यद् अनिरूप्य-स्वरूपं मनोवाचां अगोचरं (च अस्ति, तद्) ब्रह्म एकं एव अद्वयं, इह किंचन नाना न अस्ति ॥४७०॥

શબ્દાર્થ :

તદ્ બ્રહ્મ એકં એવ અદ્વયમ્ । - એ મુખ્ય વાક્યમાંનાં, બ્રહ્મનાં, બે વિશેષણો આ પ્રમાણે છે :

(૧) અનિરૂપ્ય-સ્વરૂપમ્ । જેનાં સ્વરૂપનું નિરૂપણ થઈ શકે તેવું નથી, તે, તેવું બ્રહ્મ.

(૨) મનોવાચાં અગોચરમ્ । અગોચર એટલે તે, જે અગ્રાહ્ય છે; જેનું ગ્રહણ થઈ શકે એવું નથી, તે; જે વિષય બની શકે એવું નથી, તે; મન અને વાણીનો વિષય થઈ શકે એવું જે નથી, તેવું બ્રહ્મ. (૪૭૦)

અનુવાદ :

જેનાં સ્વરૂપનું નિરૂપણ અશક્ય છે અને મન તથા વાણીથી અગ્રાહ્ય છે, તે બ્રહ્મ એક જ અને અદ્વૈત છે, એમાં કશું જ **'નાનાત્વ'** નથી. (૪૭૦)

ટિપ્પણ :

આ શ્લોકમાંનાં, બ્રહ્મનાં, બંને વિશેષણો પણ નકારાત્મક (Negative) છે.

જગતમાં એવી કેટલીક વસ્તુઓ છે, જેને જ્ઞાનેન્દ્રિયો વડે ગ્રહી શકાય નહીં, પણ તેમનું ગ્રહણ મન અને વાણી દ્વારા તો થઈ જ શકે, પરંતુ બ્રહ્મ તો એવું છે કે તે મન અને વાણીનો વિષય પણ ન બની શકે : મન અને વાણીની શક્તિને અતિક્રમીને, તે તો તે બંનેથી પણ **'પર'** બની ગયું છે; આ રીતે, બ્રહ્મની બાબતમાં, મન-વાણી-જ્ઞાનેન્દ્રિયો પણ અસહાય અને અશક્ત હોવાથી, તેનું વર્ણન-વિમર્શન-વિવેચન કે નિરૂપણ કશું જ શક્ય નથી : શક્ય છે માત્ર એક જ, - આત્મા વડે સીધો જ સાક્ષાત્કાર ! આમ, તે અતીન્દ્રિય અને મનોવાગ્-અગોચર હોવાથી, શ્રુતિએ તેનાં સ્વરૂપ વિશે, આવી **'આર્ષ'** વાણી પ્રયોજી છે :

यद् वाचा-अनभ्युदितं येन वाग् अभ्युद्यते ।
तद् एव ब्रह्म त्वं विद्धि न-इदं यद्-इदं उपासते ॥
यन्मनसा न मनुते येन आहुः मनः मतम् ।
तद् एव ब्रह्म त्वं विद्धि न-इदं यद्-इदं उपासते ॥

કેન-ઉપનિષદ ૧, ૪-૫

("વાણી વડે જેને પ્રકાશિત કરી શકાતું નથી, અને જેના વડે વાણી પ્રકાશિત થાય છે, તેને જ તું બ્રહ્મ જાણ : લોક જેને ઉપાસે છે, તે આ (બ્રહ્મ) નથી.

જેને લોક મન વડે મનન કરી શકતા નથી, અને જેણે મનને પોતાનો વિષય કર્યું છે, એમ બ્રહ્મવેત્તાઓ કહે છે, તેને જ તું બ્રહ્મ જાણ. જેને લોક ઉપાસે છે, તે

આ (બ્રહ્મ) નથી.")

તાત્પર્ય એ છે કે બ્રહ્મ સંપૂર્ણતઃ અજ્ઞેય, અગમ્ય, અચિન્ત્ય, અતર્ક્ય એવું, - Incomprehensible, Inconceivable, Imperceptible) તત્ત્વ છે.

બ્રહ્મનાં જ્ઞાનને તો 'અનન્તર' અને 'અ-વ્યવહિત' (Immediate) જ કહી શકાય.

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૭૦)

૪૭૧

सत्समृद्धं स्वतःसिद्धं शुद्धं बुद्धमनीदृशम् ।
एकमेवाद्वयं ब्रह्म नेह नानास्ति किंचन ॥४७१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सत्समृद्धं स्वतःसिद्धं शुद्धं बुद्धमनीदृशम् ।
એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન ॥૪૭૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહીં 'દંડાન્વય' છે. (૪૭૧)

શબ્દાર્થ :

બ્રહ્મસ્વરૂપનાં નિરૂપણનો, હવે, આ છેલ્લો શ્લોક છે, તેમાં પણ બીજી પંક્તિ, યથાપૂર્વ, પુનરુક્ત થઈ છે અને પહેલી પંક્તિમાં, બ્રહ્મનાં છ વિશેષણો આ પ્રમાણે છે :

સત્, સમૃદ્ધં, સ્વતઃસિદ્ધં, શુદ્ધં, બુદ્ધં અને અન્-ઈદૃશમ્.

(૧) સત્ । સત્યસ્વરૂપ, મૂર્તિમંત અસ્તિત્વ, - Pure Existence.

(૨) સમૃદ્ધમ્ । સર્વ પ્રકારની સમૃદ્ધિઓથી પૂર્ણ.

(૩) સ્વતઃસિદ્ધમ્ । સ્વયંસિદ્ધ.

(૪) શુદ્ધમ્ । વિશુદ્ધ, નિર્મળ, પવિત્ર.

(૫) બુદ્ધમ્ । બોધરૂપ, જ્ઞાનસ્વરૂપ.

(૬) અનીદૃશમ્ । અનુપમેય, અનુપમ, નિરુપમ. (૪૭૧)

અનુવાદ :

જે સત્યસ્વરૂપ, સમૃદ્ધ, સ્વયંસિદ્ધ, શુદ્ધ, જ્ઞાનસ્વરૂપ અને અનુપમ છે તે બ્રહ્મ એક અને અદ્વિતીય છે, અને એમાં કશું 'નાનાત્વ' નથી. (૪૭૧)

ટિપ્પણ :

બ્રહ્મનાં સ્વરૂપનાં **'सत्'**-એ પાસાંની બાબતમાં, આટલું નોંધપાત્ર છે : **'सत्'** એટલે 'સત્ય' તો ખરું જ, પરંતુ **सत्** એટલે 'અસ્તિત્વ', એનું મૂર્ત-સ્વરૂપ, એ અર્થ અહીં સવિશેષ પ્રસ્તુત છે, કારણ કે ઉપનિષદના ઋષિની આ ઘોષણામાં પણ, 'સમગ્ર બ્રહ્માંડમાં **'सत्'** જ સૌપ્રથમ હતું' (**सत् एव सोम्य इदं अग्रे आसीत्**), - તેમાં 'અસ્તિત્વ'નો જ અર્થ ઋષિને અભિપ્રેત છે. અને **'सत्-चित्-आनंद'**, - બ્રહ્મનાં આ પુરાતન અને પ્રચલિત સ્વરૂપમાં પણ **'सत्'**-નું આ સંદર્ભમાં જ મહત્ત્વ છે. અને આ કારણે જ **'सत्'** હંમેશાં અબાધ્ય (Uncontracted) રહ્યું છે.

આ બ્રહ્મ-સ્વરૂપનાં **'समृद्ध'** એ પાસામાં કોઈ સ્થૂલ અને ભૌતિક સમૃદ્ધિનો નિર્દેશ હોય જ નહીં, - 'સત્-ચિત્-આનંદ',-માંનાં ત્રણેય તત્ત્વોની સૂક્ષ્મ સમૃદ્ધિનો એમાં સંકેત છે.

અને સમગ્ર વિશ્વની સિદ્ધિ જેના પર આધારિત છે, તે, બ્રહ્મ પોતે, **'परतः सिद्ध'** (એટલે કે, કોઈ બીજાને લીધે સિદ્ધ) હોઈ શકે જ નહીં ! શાસ્ત્રોની ચર્ચામાં, 'स्वतः सिद्ध' અને 'परतः सिद्ध', - સિદ્ધિના આવા બે પ્રકારો પ્રચલિત છે, પરંતુ આ બ્રહ્મ તો **एकं एव अद्वितीयम्** છે, એટલે એ **'स्वयंसिद्ध'** જ છે, એ હકીકત નિર્વિવાદ છે. સર્વ પ્રમાણોનું યે એકમાત્ર પ્રમાણ બ્રહ્મ છે : Self-evident, Self-subsistent.

शुद्धम् - શબ્દમાં પણ સાત્ત્વિક-આધ્યાત્મિક શુદ્ધિ જ, આચાર્યશ્રીને, અભિપ્રેત હોય, કારણ કે આ સિવાય એમાં બીજું કશું જ નથી.

बुद्धम् - શબ્દમાં જે બોધનો કે જ્ઞાનનો સંદર્ભ છે, તે પણ **'सत्-चित्-आनंद'** એ સ્વરૂપમાં **'चिद्'**-રૂપ શાશ્વત જ્ઞાન જ ઉદ્દિષ્ટ છે.

અને ઈદૃશ એટલે **'આ-ના જેવું'** એમ કહીએ તો **एकं एव अद्वयम्** એવાં બ્રહ્મનાં અનુસંધાનમાં વળી **'आ'** એટલે, 'એના સિવાયનું બીજું કોઈક', - એવો અર્થ તો કદાપિ નિર્વાહ્ય-સ્વીકાર્ય બની જ ન શકે : એ તો સદા-સર્વદા **એક, અદ્વિતીય,** અજોડ, - Incomparable, Unique જ છે.

હવે, આ શ્લોક સાથે બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ સમાપ્ત થાય છે ત્યારે, ઉપસંહારરૂપે, એટલું ઊમેરવાનું પ્રસ્તુત બને છે કે જે સૂક્ષ્મતમ, અતીન્દ્રિય, મનોવાગગોચર, અનાદિ, અજન્મા, અનંત, અજ્ઞેય, અદૃશ્ય, અવ્યક્ત, છે, – એવાં બ્રહ્મનાં સ્વરૂપને સંપૂર્ણરીતે ક્યારેય નિરૂપી શકાય ?

અને અંતે તો, આવાં નિરૂપણનું માધ્યમ પણ **'वाणी'** જ ને ! જે બ્રહ્મ પોતે

જ 'વાગ્-અગોચર' છે, તેને 'બિચારી વાફ્'(Poor Speech!) કેવો અને કેટલો ન્યાય આપી શકે !

સ્વાનુભૂતિ અને સાક્ષાત્કારની પાત્રતા પરિપૂર્ણ કરવા માટે, સાધકનાં માર્ગદર્શનની આ તો શ્રુતિ-પ્રમાણિત માત્ર એક પરંપરા જ છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૭૧)

૪૭૨

निरस्तरागा निरपास्तभोगाः
शान्ताः सुदान्ताः यतयो महान्तः ।
विज्ञाय तत्त्वं परमेतदन्ते
प्राप्ताः परां निर्वृतिमात्मयोगात् ॥४७२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

निरस्तरागा निरपास्तभोगाः
शान्ताः सुदान्ताः यतयो महान्तः ।
विज्ञाय तत्त्वं परमेतदन्ते
प्राप्ताः परां निर्वृतिमात्मयोगात् ॥४७२॥

શ્લોકનો ગદ્ય અન્વય :

निरस्तरागाः निरपास्तभोगाः शान्ताः सुदान्ताः महान्तः यतयः एतत् परं तत्त्वं विज्ञाय, एतद्-अन्ते, आत्मयोगात् परां निर्वृतिं प्राप्ताः ॥४७२॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : यतयः परां निर्वृतिं प्राप्ताः । यतयः એટલે, પોતાની આધ્યાત્મિક સાધનામાં જેઓ નિરંતર યત્નશીલ રહેતા હોય છે, એવા યોગીઓ; परा निर्वृति એટલે પરમ-આનંદ, નિરતિશય-આનંદ-રૂપ મુક્તિ; પરમોચ્ચ-સુખ-સ્વરૂપ મુક્તિ, વિદેહ-મુક્તિ. યતિઓ આ પ્રકારની સર્વોચ્ચ સુખની અનુભૂતિ કરે છે.

આ યતિઓ કેવા છે ? - આ પ્રમાણે **પાંચ** વિશેષણો છે :

(૧) निरस्तरागाः । निरस्ताः रागाः यैः ते । निरस्त એટલે, છોડી દીધા છે, ત્યજી દીધા છે, દૂર કર્યા છે; જેઓ સર્વ પ્રકારના રાગમાંથી, એટલે કે ઇચ્છાઓ-એષણાઓમાંથી મુક્ત થઈ ગયા છે; મનમાંની સર્વ આસક્તિઓ જેમણે ફેંકી-ફગાવી

દીધી છે, તેવા.

(૨) નિરપાસ્તભોગાઃ । આ પહેલાંનાં વિશેષણમાં રાગના ત્યાગની વાત હતી, અહીં ભોગના ત્યાગની વાત છે. હકીકતમાં, નિરસ્ત અને નિરપાસ્ત, - એ બંને શબ્દોમાં, અસ્ત (અસ્ એટલે ફેંકી દેવું, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ)- એ શબ્દને, અનુક્રમે, નિર્ અને નિર્ તથા અપ, - એવા ઉપસર્ગો લગાડવામાં આવ્યા છે; એટલે, નિરસ્ત અને નિરપાસ્ત એ બંને શબ્દોનો અર્થ એક જ થાય છે : ત્યજ્યા છે, કાઢી નાખ્યા છે, ફગાવી દીધા છે.

(૩) શાન્તાઃ । શમ્-શામ્ (શાંત થવું) - એ ધાતુનું કર્મણિ ભૂત-કૃદંનું રૂપ. જેઓ શાંત થઈ ગયા છે, જેમનાં ચિત્તના સર્વ વિક્ષેપો-વિક્ષોભો શમી ગયા છે, તેવા. બ્રહ્મનાં ધ્યાનમાં લીન થઈ ગયા હોવાથી, જેમનાં મન હવે વિષયો તરફ પરિભ્રમણ કરતાં નથી, તેવા; ટૂંકમાં, બહિરંગ-ચતુષ્ટય-સાધનોમાંના **શમને** જેમણે પૂરેપૂરું આત્મસાત્ કરી લીધું છે, તેવા.

(૪) સુ-દાન્તાઃ । દાન્ત (દમ્ - સંયમ કરવો, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) એટલે સંયમી; સુ-દાન્ત એટલે સંપૂર્ણરીતે સંયમી; પોતાનાં ચિત્ત પર જેમનો સંયમ સંપૂર્ણ છે, તેવા; **'શમ'**ની જેમ, **'દમ'** પણ જેમણે આત્મસાત્ કરી લીધો છે, તેવા.

(૫) મહાન્તઃ । મોટા, મહાન, મહાશય, મહાત્મા, મહાનુભાવ.

આવા યોગીઓ પેલો પરમ-આનંદ કેવી રીતે પ્રાપ્ત કરે છે ? - આ **ત્રણ** રીતે :

(અ) એતત્ પરં તત્ત્વં વિજ્ઞાય । તે પરમતત્ત્વને જાણીને; (બ) આત્મયોગાત્ । આત્મસાક્ષાત્કાર દ્વારા, ચિત્તને આત્મામાં જોડીને, નિર્વિકલ્પ-સમાધિ દ્વારા; અને (ક) અન્તે । છેવટે; એટલે કે ઉપર્યુક્ત (અ) અને (બ)માંની પ્રક્રિયાઓ કર્યા પછી. (૪૭૨)

અનુવાદ :

રાગ-રહિત, ભોગ-મુક્ત, શાંત, અત્યંત સંયમી અને મહાત્મા યોગીઓ, તે પરમતત્ત્વને જાણ્યા પછી, છેવટે, આત્મસાક્ષાત્કાર દ્વારા, પરમ-આનંદ, પામે છે. (૪૭૨)

ટિપ્પણ :

છેલ્લા કેટલાક શ્લોકોમાં બ્રહ્મનાં સ્વરૂપનું સવિસ્તર નિરૂપણ કર્યા પછી, આચાર્યશ્રી, હવે, પરમતત્ત્વના સાક્ષાત્કારની યાત્રામાં સાધના કરી રહ્યા હોય તેવા

સંનિષ્ઠ મોક્ષાર્થી સાધકોને, આત્માનુભૂતિ અને જ્ઞાન દ્વારા પરમ-નિર્વૃતિ સંપન્ન કરવા માટે, માર્ગદર્શન-રૂપે, કેટલીક વ્યાવહારિક(Practical) પદ્ધતિઓ સમજાવે છે અને સૂચનાઓ આપે છે.

શ્લોકમાંના બધા જ શબ્દોને, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં, તેના દાર્શનિક સંદર્ભો સાથે, સવિસ્તર, સમજાવવામાં આવ્યા હોવાથી, હવે, આપણે, અહીં, સમગ્ર શ્લોકના તાત્પર્યાર્થને સમજવાનો જ પ્રયત્ન કરીશું.

નિરસ્તરાગ - શબ્દમાંના રાગમાં, બૃહદારણ્યક-ઉપનિષદ-પ્રબોધિત ત્રણેય **'એષણાઓ' – પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા,** – નો સમાવેશ થઈ જાય છે.

અને નિરપાસ્તભોગાઃ - શબ્દમાંનો **ભોગ**-શબ્દ તો સર્વ વિષયોના ત્યાગની વાત તો કરે જ છે; એટલું જ નહીં પરંતુ આ પહેલાંના એક શ્લોકમાંના આ શબ્દો તરફ પણ આપણું ધ્યાન ખેંચે છે :

अन्यावेदित-भोग्य-भोग-कलनो निद्रालुवद् बालवत् ।

આ રીતે, રાગ અને ભોગનો ત્યાગ કરવામાં આવે પછી તો, સાધકે, ગીતાના ભક્તની જેમ, ભાગ્યવશાત્ જે કંઈ એની મેળે આવી મળે, તેનાથી જ સંતોષ પામવાનો રહે :

संतुष्टो येन-केनचित् । (१२, १९)

અને વેદાંત-વિદ્યામાં પારંગત થવા માટેનાં, **'બહિરંગ-ચતુષ્ટય'**માંનાં શમ (शान्ताः) અને દમ (सुदान्ताः), - એ બે સાધનોને સંપન્ન કર્યા પછી તો, સાધક માટે એમ કહી શકાય કે આ પહેલાંના શ્લોકોમાં પરમતત્ત્વનું જે નિરૂપણ કરવામાં આવ્યું છે, તેને જાણવાનું, અને તે જ્ઞાનના જ આધારે, પોતાના આત્માને, એટલે કે ચિત્તને, યોગમાં મૂકવાનું, એટલે કે બ્રહ્મની સ્થિતિમાં યોજવાનું, અને બ્રહ્મસાક્ષાત્કાર દ્વારા, નિર્વિકલ્પ-સમાધિ દ્વારા, નિરતિશય-આનંદ-રૂપા, પ્રસાદ-રૂપા એવી મુક્તિને પામવાનું જ બાકી રહે છે !

જે **શાન્ત** અને **દાન્ત** છે, એને **'મહાનતા'** સામેથી જ, આપોઆપ, મળી રહે છે : परिपूर्णं अनाद्यन्तम् ।

અન્તે - શબ્દ એવો પણ સંકેત આપે છે કે સાધકનાં સઘળાં પ્રારબ્ધ-કર્મોનો અંત આવી ગયો છે અને તેથી હવે તેની કોઈ વાસનાઓ બાકી રહી નથી !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૭૨)

भवानपीदं परतत्त्वमात्मनः
स्वरूपमानन्दघनं विचार्य ।
विधूय मोहं स्वमनःप्रकल्पितं
मुक्तः कृतार्थो भवतु प्रबुद्धः ॥४७३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભવાનપીદં પરતત્ત્વમાત્મનઃ
સ્વરૂપમાનન્દઘનં વિચાર્ય ।
વિધૂય મોહં સ્વમનઃપ્રકલ્પિતં
મુક્તઃ કૃતાર્થો ભવતુ પ્રબુદ્ધઃ ॥૪૭૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ભવાન્ અપિ ઇદં આત્મનઃ પરતત્ત્વં આનન્દઘનં સ્વરૂપં વિચાર્ય, સ્વમનઃપ્રકલ્પિતં મોહં વિધૂય, પ્રબુદ્ધઃ મુક્તઃ (સન્) કૃતાર્થઃ ભવતુ ॥૪૭૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : ભવાન્ અપિ પ્રબુદ્ધઃ મુક્તઃ (સન્) કૃતાર્થઃ ભવતુ । પ્રબુદ્ધ એટલે જાગ્રત જ્ઞાનવાળો, જ્ઞાનસંપન્ન, આત્મજ્ઞાની; કૃતાર્થ એટલે ધન્ય, કૃતકૃત્ય.

સદ્‌ગુરુ હવે પોતાના શિષ્યને અનુરોધ કરે છે કે "તું (ભવાન્) પણ જ્ઞાનસંપન્ન અને મુક્ત બનીને કૃતાર્થ થા, સાર્થકતા પ્રાપ્ત કર."

પરંતુ, શિષ્યે, આ પહેલાં, આ બે પ્રક્રિયાઓને સંપન્ન કરવાની રહે છે :

(૧) ઇદં આત્મનઃ પરતત્ત્વં આનન્દઘનં સ્વરૂપં વિચાર્ય । વિચાર્ય (વિ + ચર્ એ ધાતુનાં પ્રેરકનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ) - વિચારીને, જાણીને, સમજીને. કોને જાણીને ? ઇદં આત્મનઃ સ્વરૂપમ્ । આ તારાં પોતાનાં સ્વરૂપને; આ સ્વરૂપ કેવું છે ? પરતત્ત્વં આનન્દઘનમ્ । આનન્દઘન-સ્વરૂપ એવું પરમતત્ત્વસ્વરૂપ.

(૨) સ્વમનઃપ્રકલ્પિતં મોહં વિધૂય । વિધૂય (વિ + ધૂ એટલે ખંખેરી નાખવું, ફગાવી દેવું, છોડી દેવું, - એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ)- ખંખેરીને, ફેંકી દઈને; શેને ? મોહમ્ - મોહને. આ મોહ કેવો છે ? મનઃકલ્પિતમ્ । પોતાનાં મન વડે જ કલ્પવામાં આવેલો. (૪૭૩)

અનુવાદ :

તું પણ (હે વત્સ !) પોતાના આત્માનાં આ પરમતત્ત્વરૂપ આનંદઘન સ્વરૂપનો વિચાર કરીને, પોતાનાં મન વડે જ કલ્પવામાં આવેલા મોહને ખંખેરીને, જ્ઞાનસંપન્ન અને મુક્ત બનીને કૃતકૃત્ય થા. (૪૭૩)

ટિપ્પણ :

આ પહેલાં, શિષ્ય, જ્યારે, વિધિપૂર્વક, **'સમિત્પાણિ'** બનીને, સદ્‌ગુરુ પાસે, માર્ગદર્શન મેળવવા, નમ્રતાપૂર્વક, આવ્યો હતો ત્યારે જ, આચાર્યશ્રીએ; તેને, આ રીતે, અભયવચન આપ્યું હતું કે "તું જરાય ચિંતા ન કર, સંસાર-સાગરને તરવાનો ઉપાય હું તને બતાવીશ, તારો નાશ નહીં થાય" –

मा भैष्ट विद्वंस्तव नास्त्यपायः
संसारसिन्धोस्तरणेऽस्त्युपायः ।
येनैव याता यतयोऽस्य पारं
तमेव मार्गं तव निर्दिशामि ॥ (શ્લોક-૪૫)

અને શ્લોક-૪૭૧ સુધીમાં સદ્‌ગુરુએ, શિષ્ય માટે આવશ્યક એવો, માર્ગદર્શકરૂપ ઉપદેશ પૂરો કર્યો, અને હવે, એ જ ઉપદેશને આધારે, પરમતત્ત્વરૂપ અને આનંદઘન એવાં પોતાનાં સ્વ-સ્વરૂપને સમ્યક્ રીતે જાણી લઈને તથા સર્વ પ્રકારનાં, પોતે જ કલ્પેલાં, ભ્રમ, અજ્ઞાન અને મોહને ફગાવી દઈને, તેનાં જીવનધ્યેયને પરિપૂર્ણ કરીને, ધન્ય બનવા માટે, આચાર્યશ્રી, શિષ્યને, સાંકેતિક અનુરોધ કરે છે.

'અનાત્મા'ને 'આત્મા' સમજવા-માનવાની જે ભૂલ શિષ્યે કરી, એ તો એનાં મનની કલ્પના-માત્ર હતી. હવે અત્યારસુધીનાં જ્ઞાન-ઉપદેશના પ્રકાશમાં, એ અજ્ઞાન-જન્ય અંધકારનો તેણે નાશ કરવાનો છે. તેથી સર્વ પ્રકારનાં અધ્યાસરૂપ બંધનોમાંથી મુક્ત બનીને, "હવે તું કૃતકૃત્ય થા", - એવી સૂચના, આચાર્યશ્રી, અહીંથી શરૂ થતા થોડો શ્લોકોમાં, શિષ્યને, આપે છે.

કેટલીક આવૃત્તિઓમાં, શ્લોકની બીજી પંક્તિમાં, **विचार्य** - ને બદલે, **निचाय्य** એવો પાઠ છે તે સ્વીકારીએ તો, ગુરુનો અનુરોધ આ રીતે સવિશેષ સબળ બને છે : **निचाय्य**-(नि + चि એટલે ઊંડી અનુભૂતિ કરવી, સાક્ષાત્કાર કરવો, - એ ધાતુનાં પ્રેરકનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ : साक्षात्कृत्य,) - 'સાક્ષાત્કાર કરીને'.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૭૩)

समाधिना साधु विनिश्चलात्मा
पश्यात्मतत्त्वं स्फुटबोधचक्षुषा ।
निःसंशयं सम्यगवेक्षितश्चे-
-च्छ्रुतः पदार्थो न पुनर्विकल्पते ॥४७४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

समाधिना साधु विनिश्चलात्मा
पश्यात्मतत्त्वं स्फुटबोधचक्षुषा ।
निःसंशयं सम्यगवेक्षितश्चे-
-च्छ्रुतः पदार्थो न पुनर्विकल्पते ॥४७४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

समाधिना साधु विनिश्चलात्मा (सन्) स्फुटबोधचक्षुषा आत्मतत्त्वं पश्य; श्रुतः पदार्थः निःसंशयं सम्यक् अवेक्षितः चेत्, पुनः न विकल्पते ॥४७४॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) आत्मतत्त्वं पश्य । पश्य - જો, જોઈ લે, દર્શન કર, જાણી લે. આત્મતત્ત્વને તું જો. આત્માને કઈ આંખ વડે જોવાનો છે ? - स्फुटबोधचक्षुषा । જ્ઞાન-નેત્ર વડે, જ્ઞાનરૂપી ચક્ષુથી. જ્ઞાન કેવું ? स्फुट એટલે સ્પષ્ટ, સમ્યક્, અસંદિગ્ધ. એ પહેલાં, શિષ્યે શું કરવાનું છે ? - विनिश्चलात्मा (सन्) - સ્થિર આત્માવાળો (થઈને), એટલે કે ચિત્તને-અંતઃકરણને ખૂબ નિશ્ચલ-સ્થિર કરીને. આવી સ્થિરતા કેવી રીતે સિદ્ધ કરી શકાય ? - समाधिना સમાધિ વડે; साधु એટલે સારી રીતે.

(૨) (सः) पदार्थः न विकल्पते । પદાર્થ એટલે કોઈ વાત, વસ્તુ; न विकल्पते । તેમાં ફરી સંદેહ કે સંશય થતો નથી, વિકલ્પ ઊઠતો-ઊભો થતો નથી. પરંતુ આવું ક્યારે બને ? - निःसंशयं सम्यक् अवेक्षितः चेत् । चेत् એટલે 'જો' (If); सम्यक् એટલે સારી રીતે; निःसंशयम् - સંશયરહિત બનીને, અસંદિગ્ધપણે, નિશ્ચિતસ્વરૂપે, નિશ્ચયપૂર્વક; अवेक्षितः (अव + ईक्ष् એટલે જોવું-જાણવું, એ ધાતુનું कर्मणि भूतकृदंतनું રૂપ) જોઈ લેવામાં આવે, જાણી લેવામાં આવે તો. કયો પદાર્થ ?

- શ્રુતઃ સાંભળવામાં આવેલો, શ્રવણ કરવામાં આવેલી વાત-વસ્તુ. ગુરુ-મુખે અથવા શ્રુતિ-સ્વાધ્યાય દ્વારા જાણેલી વાત. (૪૭૪)

અનુવાદ :

સમાધિ દ્વારા ચિત્તને સારી રીતે સ્થિર કરીને, સમ્યગ્-જ્ઞાનરૂપી ચક્ષુ વડે, તું આત્મતત્ત્વનું દર્શન કરી લે; કારણ કે સાંભળવામાં આવેલી વાત, સંશયરહિત થઈને, જો સારી રીતે જાણી લેવામાં આવે તો, તે વિષયમાં ફરી વિકલ્પ ઊઠતો નથી. (૪૭૪)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં, જેમ, કૃતાર્થ થવાનું (**कृतार्थः भवतु ।**) તેમ, અહીં, શિષ્યને, સદ્‌ગુરુના ચાલુ રહેલા અનુરોધમાં, આત્મતત્ત્વનું દર્શન કરવાનું સૂચવવામાં આવ્યું છે : (**आत्मतत्त्वं पश्य ।**). પરંતુ અહીં જે 'દર્શન' કરવાનું છે, અને તે માટેનું જે 'ચક્ષુ' છે, - તે બંને, કોઈ સામાન્ય પ્રકારનાં નથી. અલબત્ત, એક વાત તો સ્વાભાવિક, સર્વાનુભવની અને સુપરિચિત છે કે કોઈ પણ વસ્તુને **જાણ્યા-સાંભળ્યા** પછી એને નજરોનજર **જોવાથી** એ પદાર્થ વિશેની વિભાવના સુનિશ્ચિત અને શંકારહિત બની જાય છે; પરંતુ અહીં તો **'જોવાનું'** છે **'આત્મતત્ત્વ'**ને, અને તે કોઈ સ્થૂલ પદાર્થ નથી, તેથી સ્થૂલ ચક્ષુ આ 'દર્શન'(Vision)માં ઉપયોગી ન નીવડે; એટલે 'જ્ઞાનચક્ષુ'-(બોધચક્ષુષા) - શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. અને તે જ્ઞાન પણ વિશદ અને સ્પષ્ટ (સ્ફુટ) હોવું જોઈએ, એવી ચોખવટ કરવામાં આવી છે. પરંતુ અંતે આ 'દર્શન' પણ 'આત્મા'એ, - એટલે કે અંતઃકરણે, - કરવાનું છે, એટલે જો તે પૂરેપૂરું સ્થિર (સુનિશ્ચલ) ન હોય તો, **'આત્મદર્શન'** માટે તે સજજ અને સમર્થ ન બની શકે; તેથી આવી આવશ્યક સ્થિરતાની પ્રાપ્તિ માટે, 'નિર્વિકલ્પ' સમાધિ(समाधिना साधु सुनिश्चलात्मना)ની સર્વોચ્ચ સ્થિતિએ, સાધકે પહોંચવાનું રહે, જેથી પેલું **'દર્શન'** સંપૂર્ણ અને સ્પષ્ટ બને.

પરંતુ અહીં તો આચાર્યશ્રીએ સર્વ વિદ્યાર્થીઓને હંમેશાં ઉપયોગી અને સહાયભૂત થાય, એવી એક મહત્ત્વની સૂચના આપી છે : વેદોનાં મહાવાક્યોનો અને શ્રુતિ-સાહિત્યનો સ્વાધ્યાય તથા સદ્‌ગુરુનો સદુપદેશ ગતે તેટલો સારો, સઘન અને વ્યાપક હોય, પરંતુ અંતે તો તે થયું **'શ્રવણ'**, - **श्रुतः पदार्थः**, - એટલે જ્યાં સુધી એના પર સવિસ્તર અને સમ્યક્ અવેક્ષણ-નિરીક્ષણ કરવામાં ન આવે ત્યાં સુધી, એમાં સંશયો, સંદેહો અને વિકલ્પો ઊઠ્યા જ કરવાના. ટૂંકમાં, **'શ્રવણ'** કરેલાં જ્ઞાન પર **'મનન'** અને તે પણ અસંદિગ્ધ-પ્રકારનું **મનન**, અભ્યાસી માટે, માત્ર આવશ્યક જ

નહીં, બલકે અનિવાર્ય (Indispensable) બની રહે છે.

'શ્રવણ' પછીનું **'મનન'**, પેલાં 'શ્રુત' જ્ઞાનને ચિત્તનાં ફલક પર હંમેશ માટે સ્થિરતાપૂર્વક સાચવવામાં એક પ્રકારનું જડબેસલાક સાધન છે, એ એક માનસશાસ્ત્રીય સત્ય છે.

એકંદરે, શ્લોકમાંથી સ્વયમેવ ઉપસી આવતા આટલા મુદ્દાઓ, નોંધપાત્ર બને છે : **એક** : શ્રવણ દ્વારા મળેલું જ્ઞાન પરોક્ષ હોય, એટલે, આત્મતત્ત્વની સમાધિ સંપન્ન કરવાની રહે; **બે** : સંસારનાં અસંખ્ય પ્રલોભક પદાર્થો-વિચારો-સંવેદનોના પ્રભાવ વડે ચિત્ત જરા પણ ડામાડોળ ન બને, તે માટે, ચિત્તને સંપૂર્ણરીતે 'સમાહિત' રાખવાનું ખૂબ જ આવશ્યક છે; અને **ત્રણ** : પશ્ય એ આજ્ઞામાં, આધ્યાત્મિક પ્રકારનાં 'દર્શન' ઉપરાંત, આત્મતત્ત્વનાં **'સાક્ષાત્કરણ'**(Direct realisation)નો સંકેત પણ સમાવિષ્ટ છે જ.

અને છેલ્લું છતાં એટલું જ મહત્ત્વનું છે, - **જ્ઞાનચક્ષુનું સ્ફુટત્વ**, - જે આપણને, શ્લોક-૩૩૬ પ્રત્યે ફરી એક વાર નિરીક્ષણ કરવાનું સૂચવે છે :

निर्विकल्पसमाधिना स्फुटं
ब्रह्मतत्त्वमवगम्यते ध्रुवम् ।
न अन्यथा चलतया मनोगतेः
प्रत्ययान्तरविमिश्रितं भवेत् ॥

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૭૪)

૪૭૫

स्वस्याविद्याबन्धसम्बन्धमोक्षात्
सत्यज्ञानानन्दरूपात्मलब्धौ ।
शास्त्रं युक्तिर्देशिकोक्तिः प्रमाणं
चान्तः सिद्धा स्वानुभूतिः प्रमाणम् ॥४७५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્વસ્યાવિદ્યાબન્ધસંબંધમોક્ષાત્
સત્યજ્ઞાનાનન્દરૂપાત્મલબ્ધૌ ।
શાસ્ત્રં યુક્તિર્દેશિકોક્તિઃ પ્રમાણં
ચાન્તઃ સિદ્ધા સ્વાનુભૂતિઃ પ્રમાણમ્ ॥૪૭૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्वस्य अविद्याबन्ध-सम्बन्ध-मोक्षात् सत्य-ज्ञान-आनन्दरूपा-आत्मलब्धौ, शास्त्रं युक्तिः देशिक-उक्तिः (च) प्रमाणं (मन्यते), अन्तःसिद्धा च स्वानुभूतिः प्रमाणं (अस्ति) ॥४७५॥

शब्दार्थ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) आत्मलब्धौ शास्त्रं युक्तिः देशिक-उक्तिः प्रमाणं (मन्यते) । आत्मलब्धौ એટલે આત્માની પ્રાપ્તિ (लब्धि), તેમાં; આત્માની ઉપલબ્ધિ, તેમાં; प्रमाणम् (मन्यते) । પ્રમાણરૂપ, પ્રમાણભૂત (Authoritative) ગણાય છે, મનાય છે. આત્માની આ ઉપલબ્ધિ શામાંથી મેળવવાની વાત છે ? - स्वस्य अविद्याबन्ध-सम्बन्ध-मोक्षात् । अविद्या એટલે અજ્ઞાન; बन्ध - બંધન; मोक्ष એટલે મુક્તિ, છુટકારો. પોતાનાં અજ્ઞાનરૂપી બંધનના સંબંધમાંથી છુટકારો મળતાં; આ મુક્તિ મળતાં, આત્માની પ્રાપ્તિ ક્યાં રૂપે થાય છે ? - सत्य-ज्ञान-आनन्द-रूपा । सत्य, જ્ઞાન અને આનંદરૂપ આત્માની પ્રાપ્તિ; આ પ્રાપ્તિમાં કોણ-કોણ પ્રમાણરૂપ ગણાય છે ? - આ ત્રણ : (અ) शास्त्रम् । - શાસ્ત્ર, શાસ્ત્રના ગ્રંથો, તેમાંના ઉપદેશો; (બ) युक्तिः । ન્યાય, તર્ક, અનુમાન, દલીલો વગેરે (Logic, Arguments); (ક) देशिक-उक्तिः । देशिक એટલે ઉપદેશક, ગુરુજનો, આચાર્યો; તેમનાં વચનો, માર્ગદર્શન, ઉપદેશો, વ્યાખ્યાનો, પ્રવચનો વગેરે.

(૨) આ ઉપરાંત, બીજું પ્રમાણ ક્યું છે ? - अन्तःसिद्धा स्वानुभूतिः । અંતઃકરણથી સિદ્ધ થયેલી, ભીતરમાંથી ઉદ્ભવેલી. स्वानुभूति એટલે પોતાનો અનુભવ. (૪૭૫)

અનુવાદ :

પોતાનાં અવિદ્યારૂપી બંધનના સંબંધમાંથી મુક્તિ મળતાં, સત્ય-જ્ઞાન-આનંદરૂપ આત્માની ઉપલબ્ધિ થાય છે, તેમાં શાસ્ત્ર, તર્ક-સંમત યુક્તિ અને ગુરુજનોનાં વચનો પ્રમાણરૂપ મનાય છે; (પરંતુ તેની સાથે જ) અંતઃકરણમાંથી સિદ્ધ થયેલો પોતાનો અનુભવ (પણ) એમાં પ્રમાણરૂપ છે. (૪૭૫)

ટિપ્પણ :

આ શ્લોકમાં, આ પહેલાંના બે શ્લોકોની જેમ, कृतार्थो भवतु (શ્લોક-૪૭૩) તથા पश्य (શ્લોક-૪૭૪) જેવાં આજ્ઞાવચનો નથી, પરંતુ "આત્માની ઉપલબ્ધિની

બાબતમાં, પ્રમાણરૂપ શું ?" - એ મુદ્દાને અનુલક્ષીને, શિષ્યની સંભવિત જિજ્ઞાસાને, આચાર્યશ્રી અહીં સંતૃપ્ત કરે છે.

કેટલીક વાર એવું બને છે કે આત્મસાક્ષાત્કાર પછી પણ, **'પ્રમાણ'**-(Authority)ની બાબતમાં, સાધકને માનસિક સમાધાન થતું નથી; એટલે તેને મદદરૂપ થાય એવું માર્ગદર્શન અહીં આપવામાં આવ્યું છે.

આપણાં સહુનું એ પરમ સદ્‌ભાગ્ય છે કે વેદોનાં મહાવાક્યો અને ઉપનિષદોનાં શ્રુતિવચનો વડે આપણા મંત્રદૃષ્ટા ઋષિઓએ સમગ્ર શ્રુતિસાહિત્યને પોતાનાં આર્ષદર્શન વડે સમૃદ્ધ કર્યું છે; **શબ્દપ્રમાણ** અથવા **શ્રુતિપ્રમાણ**થી વધીને બીજું કોઈ આર્ષ અને અસંદિગ્ધ **"પ્રમાણ"** નથી. વળી, આ શ્રુતિસાહિત્યની આધારશિલા પર જ રચાયેલું સ્મૃતિ સાહિત્ય અને વિવિધ શાસ્ત્રસાહિત્ય પણ, શ્રુતિને જ અનુસરતું હોવાથી, એટલું જ પવિત્ર અને **"પ્રમાણ"**સ્વરૂપ છે. આ ઉપરાંત, શંકાઓનાં સમાધાન માટે, ન્યાય-દર્શન-પ્રબોધિત તર્ક તથા અનુમાનની અનેક યુક્તિ-પ્રયુક્તિઓ પણ (Logical Reasoning) આ પ્રકારની ચકાસણીમાં અવશ્ય મદદરૂપ બની શકે. અને આચાર્યો-ઉપદેશકોનાં આત્મજ્ઞાન-આધારિત ઉદ્‌બોધનો પણ જરા પણ ઓછાં પ્રમાણભૂત નથી. (शास्त्रं युक्तिः देशिकोक्तिः प्रमाणम् ।)

પરંતુ સૌથી વધારે મોટું પ્રમાણ તો છે, અંતઃકરણથી સિદ્ધ થયેલો પોતાનો અનુભવ (अन्तःसिद्धा स्वानुभूतिः प्रमाणम् ।) !

આ સિદ્ધિનાં સમર્થનમાં, કવિકુલગુરુ કાલિદાસનું એક અર્થાન્તરન્યાસ-અલંકારયુક્ત વિધાન યાદ આવે છે : મૃગયા માટે નીકળેલો ચક્રવર્તી સમ્રાટ્ દુષ્યન્ત કુલપતિ કણ્વના આશ્રમે જઈ ચડ્યો અને તપોવન-કન્યા શકુન્તલા પ્રત્યે આકર્ષાયો. પરતુ તેનાં સાધુહૃદયમાં એક સાત્ત્વિક શંકા ઉદ્‌ભવી : પોતે ક્ષત્રિય અને શકુન્તલા તો બ્રાહ્મણકન્યા ! ધર્મશાસ્ત્રો પ્રમાણે, આવું લગ્ન તો નિષિદ્ધ ગણાય ! પરંતુ પોતે તો સંપૂર્ણ સજ્જન, પોતાનું હૃદય આવી અનુચિત ઇચ્છા સેવે જ કેમ ? અને એનાં અંતઃકરણે જ એને **"પ્રમાણ"** આપ્યું કે એની ઇચ્છા જરા પણ અનુચિત નથી : શકુન્તલા પણ, વિશ્વામિત્રની પુત્રી હોવાથી, ક્ષત્રિયકન્યા જ છે, - એવી એને પાછળથી માહિતી મળી અને અંતઃકરણ-સિદ્ધ સ્વાનુભૂતિનાં **'પ્રમાણ'** અનુસાર, દુષ્યન્ત શકુન્તલા સાથે ગાંધર્વ-વિવાહથી જોડાઈ શક્યો ! તે વખતે, તેનાં મનમાંથી મળી રહેલું "પ્રમાણ" આ પ્રમાણે હતું :

सतां हि सन्देहपदेषु वस्तुषु
प्रमाणं अन्तःकरणप्रवृत्तयः । ("अभिज्ञानशाकुन्तल", १, २१)

("સજ્જનોને સંદેહ થાય ત્યારે, તેનાં અંતઃકરણનો અભિપ્રાય અવશ્ય

"પ્રમાણરૂપ" છે.")

અને અંતઃકરણનાં આ પ્રમાણને તો સ્વયં શ્રુતિએ પણ પોતાની સંમતિની મહોર આ રીતે મારી છે :

(૧) अस्य महिमानं इति वीतशोकः । ('મુંડક'-ઉપનિષદ)

("શોકરહિત થઈને પછી તો તે પોતાના મહિમાને પામે છે.")

(૨) ब्रह्मविद् आप्नोति परम् । ("બ્રહ્મને જાણનાર તો પરમસિદ્ધિને પામે છે.")

(૩) ब्रह्मणि आत्मत्वदार्ढ्याय स्व-अध्यास-अपनयनं कुरु । (છાંદોગ્ય-ઉપનિષદ)

("બ્રહ્મ સાથે આત્માનાં એકત્વનાં દૃઢીકરણ માટે, તારા પોતાના અધ્યાસને દૂર કર.")

શ્લોકનો છંદ : **શાલિની** (૪૭૫)

૪૭૬

बन्धो मोक्षश्च तृप्तिश्च चिन्ताऽऽरोग्यक्षुधादयः ।
स्वेनैव वेद्या यज्-ज्ञानं परेषामानुमानिकम् ॥४७६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બન્ધો મોક્ષશ્ચ તૃપ્તિશ્ચ ચિન્તાઽઽરોગ્યક્ષુધાદયઃ ।
સ્વેનૈવ વેદ્યા યજ્-જ્ઞાનં પરેષામાનુમાનિકમ્ ॥૪૭૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

बन्धः च मोक्षः च तृप्तिः च चिन्ताऽऽ-आरोग्य-क्षुधा-आदयः (एते) च स्वेन एव वेद्याः (सन्ति); यत् परेषां ज्ञानं, तत् आनुमानिकं (भवति) ॥४७६॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (एते) च स्वेन एव वेद्याः (सन्ति) । વેદ્ય એટલે જાણી શકાય તેવાં. આ બધાંને મનુષ્ય પોતે જ જાણી શકે છે. આ બધાં ક્યાં ક્યાં છે ? આ પ્રમાણે છ : બન્ધઃ એટલે બંધન; મોક્ષઃ એટલે મુક્તિ; તૃપ્તિઃ એટલે સંતોષ; ચિન્તા; આરોગ્ય એટલે સ્વાસ્થ્ય, તંદુરસ્તી; ક્ષુધા-આદયઃ એટલે ભૂખ-તરસ વગેરે.

(૨) यत् परेषां ज्ञानं, (तत्) आनुमानिकं (भवति) । આનુમાનિકં એટલે અનુમાન દ્વારા જ જાણી શકાય તેવું, અનુમાન-સ્વરૂપ. यत् परेषां ज्ञानं, - એટલે, બંધનથી માંડીને ભૂખ-તરસ સુધીનું, બીજાઓમાં થતું જ્ઞાન. (૪૭૬)

અનુવાદ :

બંધન, મોક્ષ, સંતોષ, ચિંતા, આરોગ્ય અને ભૂખ-તરસ વગેરે (જેનામાં થાય તે) પોતે જ જાણી શકે છે. (આ બધાનું) બીજાઓમાં થતું જ્ઞાન તો અનુમાન દ્વારા જ જાણી શકાય તેવું હોય છે. (૪૭૬)

ટિપ્પણ :

ગયા શ્લોકમાંનાં अन्तःसिद्धा स्वानुभूतिः प्रमाणम् । - એ વિધાનનાં સમર્થનમાં, આચાર્યશ્રી, આ શ્લોક રજૂ કરે છે.

આમ તો, એ જ શ્લોકમાં, ત્રીજી લીંટીમાં, શ્રુતિ, સ્મૃતિ, શાસ્ત્રો, તર્ક, અને ગુરુજનોનાં વચનો વગેરેને **'પ્રમાણ'** તરીકે, શિષ્યની સમક્ષ, રજૂ કર્યા પછી, च("અને")-શબ્દ સાથે, ચોથી લીંટીમાં, **'પ્રમાણ'** તરીકે જેને ઊમેરવામાં આવ્યો છે - "અંતઃકરણથી સિદ્ધ થયેલો પોતાનો અનુભવ", - તે, "સર્વશ્રેષ્ઠ **'પ્રમાણ'** છે", એમ ભલે સ્પષ્ટતાપૂર્વક કહેવામાં ન આવ્યું હોય; એક સ્વતંત્ર શ્લોક તરીકે, આ શ્લોક(૪૭૬)ને ઊમેરવામાં આવ્યો છે, તે હકીકત જ, ગયા શ્લોકમાંની ચોથી લીંટીમાંનું **'પ્રમાણ'** સર્વશ્રેષ્ઠ છે, એવું આચાર્યશ્રીને પોતાને અભિપ્રેત છે, એની સાબિતી છે.

स्वेनैव वेद्या, - એ શબ્દોથી જે અભિવ્યક્ત થાય છે તે, સ્વકીય જ્ઞાન અથવા આત્મગત, અપરોક્ષ જ્ઞાન (Subjective Direct Knowledge) છે, અને परेषां ज्ञानंથી જે ઉદ્દિષ્ટ છે તે, પર-જ્ઞાન અથવા પરોક્ષ જ્ઞાન (Indirect, Objective Knowledge) છે, - એ હકીકત તો, આવા શબ્દો પ્રયોજાયા હોવાથી જ, આપમેળે ઉપસી આવે છે.

બંધન, મુક્તિ, સંતોષ, ચિંતા, તંદુરસ્તી, ભૂખ-તરસ, - આ સર્વ એવી પરિસ્થિતિઓ છે, - જેનાં સુખ-દુઃખ, આનંદ-શોક વગેરેનો અનુભવ તો, જે એમાંથી પસાર થાય તે પોતે જ જાણી શકે : એક-બે દાખલા જ, આની પ્રતીતિ માટે, પૂરતા થશે : તરસ, ખરેખર, શું છે, એનું આત્મજ્ઞાન તો, વૈશાખ-જેઠ મહિનાના ધોમ-ધખતા મધ્યાહ્નમાં, રણપ્રદેશમાં, પ્રવાસ કરી રહ્યો હોય, તેવા મુસાફરને જ થાય, બીજાઓ તો, એને તરફડતો જોઈને જ એની તરસ-પીડાનું ફક્ત **અનુમાન** કરી શકે. કેન્સર જેવા જીવલેણ રોગમાં પથારીવશ દર્દીને જ એની મહાવ્યથાની સાચી અનુભૂતિ થઈ શકે; દર્દીનાં સ્વજનો તો એને રીબાતો જોઈને જ એનાં કષ્ટની માત્ર **કલ્પના** કરી

શકે : ઉપર્યુક્ત બંધન-મોક્ષ વગેરે સર્વના સંદર્ભમાં, બસ, આ જ છે **પ્રત્યક્ષ અને પરોક્ષ, આત્મગત અને અન્યગત, સ્વ અને પર** - એવી પરસ્પર-વિરોધી અનુભૂતિ વચ્ચેનો તફાવત !

સ્વ-સંવેદનનાં મહત્ત્વનાં સંદર્ભમાં આ પ્રસિદ્ધ અંગ્રેજી કહેવત યાદ આવે છે :

"Only the wearer knows where the shoe pinches !" - પગરખાંમાં ખીલી ક્યાં અને કેવી ડંખે છે, તે તો માત્ર પગરખાં પહેરનાર માણસ જ જાણી શકેને !

પરંતુ **બંધન** અને **મોક્ષ** સિવાયની જે બીજી થોડી પરિસ્થિતિઓ શ્લોકમાં ઊમેરવામાં આવી છે, તે તો, બંધન-મોક્ષના અનુભવની પ્રતીતિ કરાવવા માટેનાં માત્ર ઉદાહરણરૂપ છે : પોતાનાં અજ્ઞાનરૂપી બંધનમાંથી મોક્ષ મળતાં, સત્-ચિત્-આનંદ-સ્વરૂપ આત્માની ઉપલબ્ધિ તે મુક્તાત્માને થાય, એનું **પ્રમાણ** ભલે શાસ્ત્ર વગેરે બની શકે, પરંતુ અંતે તો તે, પરોક્ષાનુભવ જ, - અંતઃકરણથી સિદ્ધ થયેલા પોતાના અપરોક્ષાનુભવની તોલે તો તે ન જ આવી શકે !

મૂળભૂત રીતે આચાર્યશ્રીને જે વિવક્ષિત છે તે, - આ જ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૭૬)

૪૭૭

तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा ।
प्रज्ञयैव तरेद् विद्वानीश्वरानुगृहीतया ॥४७७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

तटस्थिता बोधयन्ति गुरवः श्रुतयो यथा ।
प्रज्ञयैव तरेद् विद्वानीश्वरानुगृहीतया ॥४७७॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यथा श्रुतयः (तथा) गुरवः तटस्थिताः बोधयन्ति, (तस्माद्) विद्वान् ईश्वर-अनुगृहीतया प्रज्ञया एव (संसारसागरं) तरेत् ॥४७७॥

શબ્દાર્થ :

શ્લોકમાં यथा-तथा(જેમ-તેમ, જેવી રીતે-તેવી રીતે)વાળી વાક્યરચના ધરાવતાં, બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) गुरवः बोधयन्ति । ગુરુઓ બોધ આપે છે, ગુરુજનો જ્ઞાન આપે છે, ભણાવે છે. કેવી રીતે બોધ આપે છે ? - तटस्थिताः । તટસ્થ રહીને, નિષ્પક્ષ બનીને, તટસ્થભાવે. કોની જેમ ? - यथा श्रुतयः । શ્રુતિઓની જેમ, ઉપનિષદોની માફક.

તેથી વિદ્વાને શું કરવું જોઈએ ? - હવે પછીનાં વાક્યમાં સૂચવવામાં આવ્યું છે તેમ :

(૨) (तस्माद्) विद्वान् ईश्वर-अनुगृहीतया प्रज्ञया एव (संसारसागरं) तरेत् । - विद्वान् (संसारसागरं) तरेत् । વિદ્વાને, એટલે કે વિચારકે, જ્ઞાનીએ સંસારસાગરને તરી જવો જોઈએ, પોતાનાં બંધનને ઓળંગી જવું જોઈએ. તે માટે પ્રયત્ન કરવો જોઈએ. કેવી રીતે આવી સિદ્ધિ મેળવવી જોઈએ ? - प्रज्ञया एव । પ્રજ્ઞા વડે, સદ્-બુદ્ધિ વડે. કેવી બુદ્ધિ વડે ? ઈશ્વરની કૃપાથી પ્રાપ્ત થયેલી, પરમાત્માના અનુગ્રહથી પરિપક્વ બનેલી. (ईश्वर-अनुगृहीतया ।) (૪૭૭)

અનુવાદ :

શ્રુતિઓની જેમ ગુરુઓ (પણ) તટસ્થભાવે જ (શિષ્યોને) બોધ આપે છે; (તેથી) વિદ્વાને ઈશ્વરના અનુગ્રહથી પરિપક્વ બનેલી (પોતાની) પ્રજ્ઞા વડે જ (સંસાર-સાગરને) તરી જવાનો હોય છે. (૪૭૭)

ટિપ્પણ :

બ્રહ્મનો બોધ આપવાની ગુરુજનોની પદ્ધતિ કેવી હોય છે અને તે જ અનુસંધાનમાં, વિચારક એવા સાધક-શિષ્યે, બંધનમાંથી મુક્તિ મેળવવા માટે, એટલે કે સંસાર-સાગરને તરી જવા માટે, શું કરવું જોઈએ, તે વિશે, આચાર્યશ્રીએ, આ શ્લોકમાં અત્યંત આવશ્યક અને વ્યાવહારિક (Practical) માર્ગદર્શન આપ્યું છે.

ગુરુજનો પોતાના શિષ્યોને બ્રહ્મતત્ત્વ વિશેનો જે બોધ આપે છે, તેમાં, તેની પદ્ધતિ બાબતમાં, તેઓ, શ્રુતિને જ અનુસરે છે, - સંપૂર્ણરીતે **તટસ્થ** રહીને, એટલે કે એમાં જરા પણ અંગત-વ્યક્તિગત રસ દાખવ્યા વિના કે એમાં પોતે જરાયે સંસક્ત કે લિપ્ત(Involve) થયા વગર, અળગા, નિષ્પક્ષ રહીને, પોતાના શિષ્ય-સમુદાયમાં કોણ **પ્રાજ્ઞ** છે ને કોણ જડ છે, એવો કશો ભેદ મનમાં વિચાર્યા વિના, -

वितरतिः गुरुः प्राज्ञे विद्यां यथैव तथा जडे ॥

(ભવભૂતિ, - **ઉત્તરરામચરિત** ૨, ૪)

("ગુરુ તો, જેમ **પ્રાજ્ઞ**ને, તેમ જ જડને વિદ્યાનું વિતરણ કરે છે.")

પરંતુ "तटस्थिताः" - શબ્દનો માત્ર આટલો જ સંકેત નથી. એ માટે તો,

શ્રુતિની બ્રહ્મ-બોધ-પદ્ધતિને સમજી લેવી પડે : **સામવેદ**નાં મહાવાક્યે તો કહી દીધું કે - તત્ ત્વં અસિ । ("તે તું છે"), પણ આ શ્રુતિવાક્યનાં મૂળભૂત મર્મને પામવાની તો શબ્દોમાં પણ પહોંચ નથી, એટલે જીવ-બ્રહ્મનાં ઐક્યનું જ્ઞાન તો, શિષ્યે, શબ્દની બીજી શક્તિ-**લક્ષણા**-નો આશ્રય લઈને, પોતાની સ્વકીય એવી, પ્રજ્ઞા વડે જ પામવાનું રહે. પરંતુ આવું-આટલું કોરું જ્ઞાન પણ મોક્ષની પ્રાપ્તિ માટે અને સંસાર-સાગરને તરવા માટે ઊણું ઊતરે ! પોતાની **પ્રજ્ઞા** ઈશ્વરના **અનુગ્રહ** વડે વિશુદ્ધ અને પરિપક્વ બની હોય તો જ, વિદ્વાન-શિષ્ય, અજ્ઞાનનાં બંધનને ઓળંગી શકે !

કોઈકને એવો ખ્યાલ હોવાની શક્યતા ખરી કે આ તો **વેદાંત**-દર્શન છે અને એમાં તો ઉચ્ચ પ્રકારની પ્રજ્ઞા-મેધાનો જ મહિમા હોય, એમાં વળી ભગવાન અને ભક્તિને સ્થાન કેવું ? આવા ભ્રાન્ત ખ્યાલનાં નિવારણ માટે જ, આચાર્યશ્રીએ, પ્રજ્ઞા માટે ઈશ્વરાનુગૃહીતા એવું વિશેષણ, સહેતુક, પ્રયોજ્યું છે. **વિદાંતવિદ્યા**માં પણ શ્રદ્ધાપૂત ભક્તિ એક 'સર્વોત્કૃષ્ટ સાધન' છે, એવું પ્રતિપાદન આ ગ્રંથના આરંભમાં જ, આ રીતે કરવામાં આવ્યું છે :

मोक्षकारणसामग्र्यां भक्तिः एव गरीयसी । શ્લોક-૩૨

("મોક્ષપ્રાપ્તિનાં સાધનોમાં ભક્તિ જ સર્વોત્તમ છે.")

એટલું જ નહીં, પરંતુ સાચી **પ્રજ્ઞા** તો તે જ કે જે, પરબ્રહ્મ અને જીવાત્માનું સંશોધન કરીને ઐક્યભાવને ગ્રહણ કરવાવાળી નિર્વિકલ્પ અને માત્ર ચૈતન્યમય વૃત્તિ (ચિન્માત્રા વૃત્તિઃ) બની શકે :

ब्रह्मात्मनोः शोधितयोः एकभावावगाहिनी ।
निर्विकल्पा च चिन्मात्रा वृत्तिः प्रज्ञा इति कथ्यते ॥ (શ્લોક-૪૨૮)

અને તત્-ત્વં-અસિ । - એ મહાવાક્યમાં પણ, શબ્દની "લક્ષણા"-શક્તિ વડે, તત્ અને ત્વં એ બે શબ્દોના અર્થનું **'શોધન'** જ કરવાનું છે, જે, પરમાત્માના અનુગ્રહ વડ પરિપુષ્ટ થયેલી, ચિન્માત્રવૃત્તિ બનેલી **'પ્રજ્ઞા'** જ કરી શકે.

અને ઈશ્વરના અનુગ્રહનું પ્રમાણ તો આ શ્રુતિમંત્ર પોતે જ આપે છે :

यं एव एषः वृणुते सः तेन लभ्यः
तस्य एषः आत्मा वृणुते तनूं स्वाम् ॥ **'કઠ'**-ઉપનિષદ (૧, ૨, ૨૩)

("આ આત્મા જેને પસંદ કરે છે, તે-ઈશ્વર-વડે જ તે જાણવા યોગ્ય છે : તેના પ્રતિ આ આત્મા પોતે જ પોતાનું સ્વરૂપ ખુલ્લું કરે છે.")

અને ઈશ્વરના અનુગ્રહ(Divine Grace)નો લાભ કઈ **'પ્રજ્ઞા'**ને મળી શકે ? ઈશ્વર - શબ્દનાં મૂળમાં જ ઈશ્ (શાસન કરવું) એ ધાતુ છે, એટલે કૃપા-પ્રદાનની

સત્તા તો એ સર્વેશ્વરને જ રહેને !

શ્લોકમાં तटस्थ અને तरेत् - એ બે શબ્દોનું પ્રયોજન(Employment) સ્પષ્ટ રીતે એક રૂપક(Metaphor)નો ભાવ અભિવ્યંજિત કરે છે : શ્રુતિ અને ગુરુ તો, સંસાર-સાગરના તટ પર જ ઊભા રહીને, (तटस्थिताः) આ સાગરને તરવાનો પ્રયત્ન કરી રહેલા સાધકને, 'तरण' માટેનાં હોડકાંમાં બેસીને હલેસાં કેમ મારવાં, તેનું માર્ગદર્શન તેને આપી રહ્યાં છે. સાધકની સાથે હોડકાંમાં તેઓ પોતે બેસતાં નથી ! સાગરને તરી જવા માટે, હલેસાં તો સાધકે પોતે જ મારવાનાં હોય છે ! શ્રુતિઓ અને ગુરુજનોનો 'तटस्थभाव' એટલે આ જ !

સંસાર-સાગરને તરવાનો પુરુષાર્થ તો વિદ્વાને પોતે જ કરવાનો રહે છે, શ્રુતિઓ અને ગુરુઓ તો તટ પર જ ઊભા રહીને બોધ આપે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૭૭)

૪૭૮

स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखण्डितम् ।
संसिद्धः ससुखं तिष्ठेन्निर्विकल्पात्मनाऽऽत्मनि ॥४७८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वानुभूत्या स्वयं ज्ञात्वा स्वमात्मानमखंडितम् ।
संसिद्धः ससुखं तिष्ठेन्निर्विकल्पात्मनाऽऽत्मनि ॥४७८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्व-अनुभूत्या स्वयं स्वं अखण्डितं आत्मानं ज्ञात्वा, संसिद्धः (सन्) निर्विकल्पात्मना आत्मनि ससुखं तिष्ठेत् ॥४७८॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (साधकः) आत्मनि ससुखं तिष्ठेत् । ससुखं સુખપૂર્વક, આનંદપૂર્વક, પ્રસન્નતાપૂર્વક (सुखेन सहितं यस्मिन् कर्मणि यथा स्यात् तथा । - અવ્યયીભાવ સમાસ) : સાધકે પોતાના આત્મામાં સ્થિતિ કરવાની છે, ત્યાં જ સ્થિત રહેવાનું છે. પરંતુ આ પહેલાં, તેણે કઈ-કઈ પરિસ્થિતિઓમાંથી પસાર થવાનું છે ? આ ત્રણ : (૧) स्वानुभूत्या स्वयं स्वं अखण्डितं आत्मानं ज्ञात्वा । પોતે જ સ્વ-સ્વરૂપ આત્માને, પોતાના જ અનુભવ વડે, અખંડાકાર સ્વરૂપે જાણીને-અનુભવીને; (૨) संसिद्धः (सन्) । સિદ્ધિને પામેલો થઈને, સિદ્ધ બનીને; અને (૩) निर्विकल्प-

આત્મના । કોઈ પણ વિકલ્પ કે સંશય વગરનો થઈને, નિર્વિકલ્પ ભાવમય બનીને. (૪૭૮)

અનુવાદ :

પોતાના અનુભવ વડે, પોતે જ, સ્વસ્વરૂપ આત્માને અખંડ સ્વરૂપે જાણીને, સિદ્ધિને પામીને, (સાધકે) નિર્વિકલ્પભાવપૂર્વક, આત્મામાં સુખપૂર્વક સ્થિતિ કરવાની રહે છે. (૪૭૮)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે, શબ્દો પણ સરળ-સુબોધ છે અને ખાસ નવું કશું પ્રતિપાદયિતવ્ય નથી : આ પહેલાં, એક કરતાં વધુ વાર, સાધકને અપાયેલી સૂચના જ, જરા જૂદી રીતે, અહીં, પુનરપિ, વ્યક્ત કરવામાં આવી છે.

શ્રુતિ-સ્મૃતિ અને શાસ્ત્રો-સંતોનાં મનમાં, સદા-સર્વદા, એક જ સદ્‌ભાવના રહી હોય છે કે સાચો-સંનિષ્ઠ મોક્ષાર્થી સાધક, પોતાના આત્માનું જ્ઞાન અને દર્શન, અખંડાકાર-સ્વરૂપે, સ્વયં-સ્વાનુભવ વડે જ સંપન્ન કરતો રહે, મનોભૂમિ પરના સર્વ સંકલ્પો-વિકલ્પો-સંશયોથી મુક્ત થઈને, પોતાની સાત્ત્વિક જીવન-વિભાવનાને સિદ્ધ કરીને, નિર્વિકલ્પભાવપૂર્વક અને સર્વાંગીણ આનંદમય સ્થિતિને જ અનુભવતો રહે !

પ્રાચીન આધ્યાત્મિક પરંપરાનો આ જ અલૌકિક ઉપદેશ છે અને સાચા સાધકનું આ જ, એક અને અંતિમ કર્તવ્ય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૭૮)

૪૭૯

वेदान्तसिद्धान्तनिरुक्तिरेषा
ब्रह्मैव जीवः सकलं जगच्च ।
अखंडरूपस्थितिरेव मोक्षो
ब्रह्माद्वितीये श्रुतयः प्रमाणम् ॥४७९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વેદાન્તસિદ્ધાન્તનિરુક્તિરેષા
બ્રહ્મૈવ જીવઃ સકલં જગચ્ચ ।
અખંડરૂપસ્થિતિરેવ મોક્ષો
બ્રહ્માદ્વિતીયે શ્રુતયઃ પ્રમાણ ॥૪૭૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

एषा वेदान्त-सिद्धान्त-निरुक्तिः (अस्ति), यत् जीवः सकलं जगत् च ब्रह्म एव अस्ति, (तथा च) अखंड-रूप-स्थितिः एव मोक्षः (अस्ति), ब्रह्म-अद्वितीये (च) श्रुतयः प्रमाणम् ॥४७९॥

शब्दार्थ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) एषा वेदान्त-सिद्धांत-निरुक्तिः (अस्ति) । निरुक्ति એટલે વિધાન, વચન, ઘોષણા, અંતિમ અભિપ્રાય, ઉપદેશ, નિર્ણય; सिद्धांत એટલે ચર્ચા-વિચારણા. વેદાંત-દર્શનની સઘળી ચર્ચાનો આ જ અભિપ્રાય છે. શો-કયો અભિપ્રાય ? - यत् जीवः सकलं जगत् च ब्रह्म एव (अस्ति) । કે જીવ અને આખું જગત બ્રહ્મ જ છે.

વેદાંત-સિદ્ધાંતની આ ઉપરાંત બીજી શી ઘોષણા છે ? - હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવી છે, તે.

(૨) अखंड-रूप-स्थितिः मोक्षः (अस्ति) । रूप-स्थितिः એટલે બ્રહ્માકાર સ્થિતિ; અખંડ બ્રહ્માકાર સ્થિતિ એ જ મોક્ષ છે.

(૩) પરંતુ આ બંને નિર્ણયો અંગે કોઈ **'પ્રમાણ'** ખરું ? હા. આ પ્રમાણે : ब्रह्म-अद्वितीये श्रुतयः प्रमाणम् । श्रुतयः એટલે ઉપનિષદ્-વાક્યો. બ્રહ્મની અદ્વિતીયતામાં,. શ્રુતિઓ, પ્રમાણ-સ્વરૂપ છે. (૪૭૯)

અનુવાદ :

વેદાંતના સિદ્ધાંતનો એ અભિપ્રાય રહ્યો છે કે જીવ અને સકળ જગત બ્રહ્મ જ છે, અને અખંડ બ્રહ્માકાર સ્થિતિ જ મોક્ષ છે; એટલું જ નહીં પણ બ્રહ્મનાં અદ્વિતીયપણાંમાં શ્રુતિઓ પ્રમાણ છે. (૪૭૯)

ટિપ્પણ :

અત્યારસુધીનાં પોતાનાં સુદીર્ઘ વ્યાખ્યાનનું સમાપન કરતાં, આચાર્યશ્રી, ઉપસંહાર-સ્વરૂપે, એનો નિષ્કર્ષ, શિષ્યને, આ શ્લોકમાં પાઠવે છે, જેમાં, મુખ્યત્વે, આ ત્રણ પર તેઓશ્રી ભાર મૂકે છે :

(૧) જીવ અને આખું જગત, - આ બધું ભિન્ન-સ્વરૂપે દેખાતું હોવા છતાં, - અંતે તો, બ્રહ્મ જ છે, એ સિવાય બીજું કશું જ નથી;

(૨) વસ્તુતઃ, મોક્ષ એટલે બીજું કશું જ નહીં, પરંતુ જીવની અખંડ બ્રહ્માકાર

સ્થિતિ; જીવનું, સતત બ્રાહ્મીસ્થિતિમાં નિમગ્ન રહેવું તે જ;

(૩) અને કોઈ પણ શિષ્યને કે સાધકને, ઉપર્યુક્ત બંને અભિપ્રાયં અપવાદરહિત અને અસંદિગ્ધ છે, એની પ્રતીતિ આપવા માટે એટલી સ્પષ્ટતા તેમજ ઊમેરી કે આ સર્વ નિર્ણયો વિશે શ્રુતિઓ પ્રમાણ-સ્વરૂપ છે.

વેદાન્ત એટલે ઉપનિષદો, કારણ કે વેદોથી શરૂ થયેલાં શ્રુતિસાહિત્યને અંતે - વચ્ચે **'બ્રાહ્મણ'**-ગ્રંથો અને **'આરણ્યક'**-ગ્રંથો પછી - ઉપનિષદો આવે છે, અને ભારતીય તત્ત્વજ્ઞાનની પરંપરામાં જે છ દર્શનો છે (Six Systems of Philosophy), તેમાંનું **'વેદાન્ત'**-દર્શન પણ, ઉપનિષદોમાંની ચર્ચા-વિચારણાને જ પોતાના સિદ્ધાંતોમાં સમાવિષ્ટ કરે છે.

'વેદાન્ત'-શબ્દને ઉપનિષદ-વાક્યોના અર્થમાં સમજીએ કે **'વેદાન્ત'**-દર્શન(System of Philosophy)ના અર્થમાં એનું અર્થઘટન કરીએ, - એ બંને, હકીકતમાં તો, એક જ છે; કારણ કે ભારતીય દાર્શનિક પરંપરામાં વેદાન્તને જ, એનાં ઉપર્યુક્ત બંને અર્થઘટનો પ્રમાણે, સમગ્ર વૈદિક સાહિત્યના સાર તથા નિષ્કર્ષ અને બ્રહ્મવિદ્યાનાં તારતમ્ય તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

પ્રમાણરૂપ રહેલી શ્રુતિઓમાંની થોડી પ્રસ્તુત આ પ્રમાણે છે :

(૧) सर्वं खलु इदं ब्रह्म । - **छांदोग्य-**ઉપનિષદ

("આ સઘળું, ખરેખર, બ્રહ્મ જ છે.")

(૨) ब्रह्म एव इदं विश्वम् । - **'મુંડક'**-ઉપનિષદ

("આ વિશ્વ બ્રહ્મ જ છે.")

(૩) तत् त्वम् असि । ("તે તું છે.") **સામવેદ**-મહાવાક્ય (**છાંદોગ્ય**-ઉપનિષદ)

(૪) एकं एव अद्वितीयम् । **'બૃહદારણ્યક'**-ઉપનિષદ

("બ્રહ્મ એક અને અદ્વિતીય જ છે.")

એક ખુલાસો : શ્રુતિઓ અનેક હોવાથી, श्रुतयः - શબ્દ બહુવચનમાં પ્રયોજાયો છે, પરંતુ તે સર્વનો સારાંશ તો એકસરખો જ હોવાથી, प्रमाणम् - શબ્દ એકવચનમાં જ છે, તેથી એમાં કશો વ્યાકરણ-દોષ નથી.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૭૯)

૪૮૦

इति गुरुवचनाच्छ्रुतिप्रमाणात्
परमवगम्य सतत्त्वमात्मयुक्त्या ।

प्रशमितकरणः समाहितात्मा
क्वचिदचलाकृतिरात्मनिष्ठितोऽभूत् ॥४८०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઇતિ ગુરુવચનાચ્છ્રુતિપ્રમાણાત્
પરમવગમ્ય સતત્ત્વમાત્મયુક્ત્યા ।
પ્રશમિતકરણઃ સમાહિતાત્મા
ક્વચિદચલાકૃતિરાત્મનિષ્ઠિતોઽભૂત્ ॥૪૮૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

इति श्रुतिप्रमाणात् गुरुवचनात् आत्मयुक्त्या (च) परं सतत्त्वं अवगम्य, प्रशमितकरणः समाहितात्मा अचलाकृतिः (च) क्वचित् (कश्चित् शिष्यः) आत्मनिष्ठितः अभूत् ॥४८०॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : क्वचित् (कश्चित् शिष्यः) आत्मनिष्ठितः अभूत् । क्वचित એટલે, આમ તો, સામાન્ય અર્થ 'ક્યાંક'; એટલે કે આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળી રહેલા શિષ્યસમુદાયમાં ક્યાંક,-કોઈક શિષ્ય; आत्मनिष्ठितः अभूत् । પોતાના આત્મસ્વરૂપમાં નિષ્ઠાયુક્ત થયો; આત્મનિષ્ઠાવાળો બન્યો. આત્મનિષ્ઠાવાન બનેલો આ શિષ્ય, એ પહેલાં કેવાં સ્વરૂપવાળો બન્યો હતો ? - આ ત્રણ વિશેષણો : (૧) प्रशमितकरणः । करण એટલે ઇન્દ્રિય; प्रशमित - (प्र + शम्-शाम्, શાંત થઈ જવું, - એ ધાતુનાં પ્રેરકનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) પ્રશાંત બનાવી દેવામાં આવી છે; એટલે કે જેની ઇન્દ્રિયો પૂરેપૂરી શાંત થઈ ગઈ છે, તેવો; પ્રશાંત ઇન્દ્રિયોવાળો; (૨) समाहितात्मा । आत्मा એટલે ચિત્ત, અંતઃકરણ; જેનું ચિત્ત, કામ-ક્રોધ વગેરે વિકારોથી રહિત બન્યું છે, તેવો; સમાહિત અંતઃકરણવાળો; (૩) अचलाकृतिः । अचल, - એટલે નિશ્ચલ, અવિચલ, સ્થિર; અવિચળ-સ્વરૂપ, નિશ્ચલમૂર્તિ.

તેનાં-પોતાનાંમાં, આવું, ઉપર્યુક્ત, પરિવર્તન, શાને લીધે થયું ? - परं सतत्त्वं अवगम्य । अवगम्य (अव + गम् એટલે જાણવું, એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ)- જાણ્યા પછી, સમજી લીધા પછી. શાને જાણ્યા પછી ? परं એટલે પરમતત્ત્વને, પરમાત્મતત્ત્વને. કેવાં સ્વરૂપે જાણ્યા પછી ? सतत्त्वम् । બરાબર, સંપૂર્ણરીતે, તાત્ત્વિક-રૂપે, તત્ત્વતઃ જાણીને.

આવું જ્ઞાન એને શાથી થયું ? - इति श्रुतिप्रमाणात् गुरुवचनात् आत्मयुक्त्या च । આ પહેલાંના ઘણા શ્લોકોમાં સદ્‌ગુરુએ પરમતત્ત્વ વિશે જે સવિસ્તર ઉપદેશ આપ્યો, તે પ્રમાણે (इति); અને જે જ્ઞાન તેને પ્રાપ્ત થયું, તેમાં આ પ્રમાણે, ત્રણ કારણો, તેને સહાયભૂત બન્યાં : (૧) **એક** તો એ કે તે બધાં ગુરુવચનો હતાં, જે ગુરુ પ્રત્યે તેનાં મન-હૃદયમાં ઊંડો આદર હતો, અને જેમનાં માર્ગદર્શનમાં તેને સાચી શ્રદ્ધા હતી; (૨) **બીજું**, આપણે આ પહેલાં જોયું તે પ્રમાણે, સદ્‌ગુરુનાં ઉપદેશ-વચનો શ્રુતિ-પ્રમાણ વડે સમર્થિત કરવામાં આવ્યાં હતાં, શ્રુતિ-પ્રમાણિત હતાં; અને (૩) **ત્રીજું**, ગુરુનાં તે વચનો પર તેણે યુક્તિપૂર્વક અને સ્વાનુભવપૂર્વક મનન કર્યું હતું, તેથી. (૪૮૦)

અનુવાદ :

આ પ્રમાણે, શ્રુતિ-પ્રમાણિત ગુરુવચનો પર સયુક્તિક મનન વડે, પરમતત્ત્વને તાત્ત્વિક રીતે જાણી-સમજીને, પ્રશાંત-ઇન્દ્રિયોવાળો, સમાહિત ચિત્તવાળો અને અવિચળ-સ્વરૂપવાળો બનેલો કોઈક શિષ્ય આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળો થયો. (૪૮૦)

ટિપ્પણ :

આ સમગ્ર ગ્રંથને, **ગીતા** વગેરે ગ્રંથોની જેમ, ગુરુ-શિષ્ય-સંવાદના સ્વરૂપમાં વિભાજિત કરીને, આચાર્યશ્રીના સુદીર્ઘ અને સવિસ્તર ઉપદેશના સંદર્ભમાં, જે સમજવાનું છે તે, આપણે વિચારીએ તો, એમ કહી શકાય કે આચાર્યશ્રીના, સાચા અર્થમાં, 'અંતેવાસી' એવા મોક્ષાર્થી શિષ્યે, સૌપ્રથમ, **શ્લોક-૫૧**માં, આચાર્યશ્રી સમક્ષ, મોક્ષપ્રાપ્તિનાં પોતાનાં જીવન-ધ્યેય વિશે, પોતાની મુશ્કેલી, આ પ્રમાણે, રજૂ કરી હતી ? :–

को नाम बन्धः ? कथमेष आगतः ?
कथं प्रतिष्ठास्य ? कथं विमोक्षः ? ।
कोऽसौ अनात्मा ? परमः कः आत्मा ?
तयोः विवेकः कथं ? एतद् उच्यताम् ॥

આમ, બન્ધન, મોક્ષ, અનાત્મા, પરમ આત્મા, એ બે વચ્ચેનો વિવેક, - વગેરે પોતાને મુંઝવતા મુદ્દાઓ વિશે કુલ **સાત** પ્રશ્નો પૂછીને, શિષ્યે, - "एतद उच्यताम्" - એમ કહીને, આચાર્યશ્રી પાસે માર્ગદર્શન માગ્યું હતું.

ત્યારપછી, આચાર્યશ્રીએ, આ સર્વ પ્રશ્નોના જે ઉત્તરો આપ્યા, તેના પરથી, શિષ્યનાં મનમાં જે જિજ્ઞાસા ઉદ્‌ભવી, તે તેણે, ફરીથી, આચાર્યશ્રી સમક્ષ, આ પ્રમાણે **શ્લોક-૨૧૪**માં આ પ્રમાણે રજૂ કરી :

मिथ्यात्वेन निषिद्धेषु कोशेष्वेतेषु पंचसु ।
सर्वाभावं विना किंचित् न पश्यामि अत्र हे गुरो ।
विज्ञेयं किमु वस्तु-अस्ति स्वात्मना अत्र विपश्चिता ॥

ગુરુજીએ અત્યાર સુધી નિરૂપેલા પાંચ કોશોના નિષેધના મુદ્દા પરથી જે મુશ્કેલી શિષ્ય સમક્ષ ઉપસ્થિત થઈ, તેનાં નિવારણ અર્થે આચાર્યશ્રીએ, પ્રલંબ પટ પર વિસ્તારપૂર્વક શિષ્યને આત્મીયભાવે જે ઉદ્‌બોધન કર્યું તે, એકધારું, **શ્લોક-૪૭૯** સુધી ચાલુ રહ્યું.

અને, છેલ્લા તે શ્લોકનાં ટિપ્પણમાં આપણે નોંધ કરી તે પ્રમાણે, આચાર્યશ્રીએ, પોતાના આ સમગ્ર વ્યાખ્યાનનું સમાપન કરીને, તેના ઉપસંહાર-રૂપે, સંક્ષેપમાં છતાં સમગ્રતયા, પોતાનાં નિરૂપણનો નિષ્કર્ષ, શિષ્ય સમક્ષ રજૂ કર્યો હતો.

હવે, આચાર્યશ્રીની આ રજૂઆતનો શો અને કેવો પ્રતિભાવ, શિષ્યનાં મનહૃદય પર પડ્યો, તે પોતે, ગ્રંથકાર તરીકે, અહીં વ્યક્ત કરે છે :

આ પ્રતિભાવનાં, ક્રમાનુસાર, **ત્રણ,** સ્પષ્ટ પાસાં, આ પ્રમાણે, આપમેળે ઉપસી આવે છે : (૧) **એક** અને સૌપ્રથમ તો એ કે શિષ્યની શંકાઓનાં સમાધાન અર્થે આચાર્યશ્રીએ જે કંઈ કહ્યું, તેનો સીધો પ્રભાવ એ પડ્યો કે શિષ્યને પરમાત્મતત્ત્વ સંપૂર્ણરીતે, સમ્યક્-સ્વરૂપમાં અને તત્ત્વતઃ સમજાઈ ગયું (परं सतत्त्वं अवगम्य). પોતાના આદરણીય ગુરુનાં વચનોનો આ હતો સાવ સ્વાભાવિક પ્રતિભાવ-પ્રભાવ ! વળી, આચાર્યનાં સર્વ ઉપદેશ-વચનો શ્રુતિવાક્યો વડે સમર્થિત કરવામાં આવ્યાં હતાં, એટલું જ નહીં પરંતુ શિષ્યનો પોતાનો અંગત સ્વાધ્યાય પણ જેટલો વ્યાપક હતો, તેટલો જ ઊંડો પણ હતો, તેથી તે પોતાના સ્વાનુભવથી સદ્‌ગુરુનાં આ ઉપદેશ પર સયુક્તિક મનન કરી શક્યો (आत्मयुक्त्या). (૨) એવો જ **બીજો** સચોટ પ્રભાવ એ કે તેની સર્વ ઇન્દ્રિયો પ્રશાંત થઈ ગઈ, એટલે કે શબ્દના સાચા અર્થમાં તે **'જિતેન્દ્રિય'** બની ગયો, અને આનાં જ પરિણામ-સ્વરૂપ, તેનાં અંતઃકરણમાંના કામ-ક્રોધ વગેરે સર્વ ઉપદ્રવો નાશ પામ્યા, તેનું ચિત્ત સમાહિત બની ગયું, - જેણે પોતાનાં અંતઃકરણને બ્રહ્મની અંદર સમ્યગ્-સ્વરૂપે સ્થાપી દીધું (सम्यग्-आहितः ब्रह्मणि आत्मा येन सः ।), - એવો **'समाहितात्मा'** તે થઈ ગયો ! (૩) અને, છેલ્લી **ત્રીજી** અને સૌથી મહત્ત્વની અસર એનાં સમગ્ર વ્યક્તિત્વ પર એ થઈ કે એનું સબાહ્યાંતર સ્વરૂપ **'અચલ'** એટલે કે પર્વત જેવું અવિચળ અને અડગ બની ગયું, — એવું નિશ્ચલ અને સ્થિર કે આ ઉપદેશ સાંભળ્યા પછી અને પોતાના પરના આવા પ્રભાવ-પ્રતિભાવ પછી, તે, તરત જ, ક્યાંક (क्वचित्) એકાંત સ્થળે જઈને, સદ્‌ગુરુના ઉપદેશ પર, શાંતચિત્તે, ઊંડું ચિંતન-મનન કરવા લાગ્યો. પરમાત્મતત્ત્વનું જે જ્ઞાન અત્યારસુધી

'પરોક્ષ' (Indirect) હતું, તેને પોતાનાં અણુ-અણુમાં આત્મસાત્ કરીને, ચરિતાર્થ (Direct) કરવા લાગ્યો, - અને આવી 'અપરોક્ષ'-અનુભૂતિનાં પરિણામે તે આત્મસ્વરૂપમાં નિષ્ઠાયુક્ત થયો (આત્મનિષ્ઠિતઃ અભૂત્).

એકંદરે વિચારતાં, ક્વચિત્ એટલે "આચાર્યશ્રીના વિશાળ શિષ્યસમૂહમાંનો કોઈક શિષ્ય", - એવું અર્થઘટન કરવાને બદલે, આ ગ્રંથમાં શિષ્ય તો, અગાઉથી નક્કી થયેલો છે, તે જ છે, - એમ સમજીએ, તે, સમગ્ર સંદર્ભની દૃષ્ટિએ, સવિશેષ સયુક્તિક અને પ્રતીતિજનક જણાય છે.

શ્લોકનો છંદ : **પુષ્પિતાગ્રા** (૪૮૦)

૪૮૧

कंचित् कालं समाधाय परे ब्रह्मणि मानसम् ।
व्युत्थाय परमानन्दादिदं वचनमब्रवीत् ॥४८१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કંચિત્ કાલં સમાધાય પરે બ્રહ્મણિ માનસમ્ ।
વ્યુત્થાય પરમાનન્દાદિદં વચનમબ્રવીત્ ॥૪૮૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

कंचित् कालं परे ब्रह्मणि मानसं समाधाय, परमानन्दात् व्युत्थाय, (सः) इदं वचनं अब्रवीत् ॥४८१॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (सः) इदं वचनं अब्रवीत् । તે (શિષ્ય) આ પ્રમાણે બોલ્યો; આવું સંભાષણ તે કરવા લાગ્યો; તેણે આ વચન કહ્યું. આ પહેલાં તેણે શી પ્રક્રિયાઓ આચરણમાં મૂકી ? - આ બે : (૧) कंचित् कालं परे ब्रह्मणि मानसं समाधाय । मानसं समाधाय એટલે પોતાનાં મનને સમાધિસ્થ કરીને. ક્યાં સમાધિસ્થ કરીને ? - परे ब्रह्मणि । પરબ્રહ્મમાં; એટલે કે માનસિક રીતે, પરબ્રહ્મમાં સમાધિસ્થ બનીને; कंचित् कालम् એટલે કેટલાક સમય સુધી; થોડાક સમય માટે. ત્યારપછી તેણે શું કર્યું ? (૨) परमानन्दात् व्युत्थाय । व्युत्थाय (वि + उद् + स्था એટલે ઊઠવું, ઊભા થવું, - એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ) - ઊઠીને, ઊભો થઈને. (૪૮૧)

અનુવાદ :

કેટલાક સમય સુધી, પર-બ્રહ્મમાં પોતાનાં માનસને સમાધિસ્થ કર્યા બાદ, પોતાના પરમ-આનંદની સ્થિતિમાંથી ઉત્થાન પામીને, તે આવાં વચન બોલવા લાગ્યો. (૪૮૧)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે, શબ્દો પણ સરળ-સુબોધ છે, અને શ્લોકમાં કોઈ તાત્ત્વિક મુદ્દાની ચર્ચા પણ નથી; આમ છતાં, થોડા ગૌણ પણ નોંધપાત્ર મુદ્દા, આ પ્રમાણે, પ્રસ્તુત બની રહે છે :

પોતાના પરમાદરણીય સદ્‌ગુરુનાં સુદીર્ઘ, સવિસ્તર અને સારગર્ભ સદુપદેશને સાંભળીને અને એમાંના સર્વ વિષયો પર ઊંડું મનોમંથન કર્યા પછી, શિષ્ય, એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળો બનીને, તેણે એકાંતવાસનું સેવન શરૂ કર્યું : પર્વત જેવી અચળ (अचलाकृतिः) ચિત્તવૃત્તિ, આત્મસ્વરૂપમાં નિષ્ઠા અને એકાંત-વાસ ! આવાં શાંત અને સાનુકૂળ વાતાંવરણમાં, આવો સાધક, પરબ્રહ્મમાં સમાધિસ્થ ન બને, તો જ નવાઈ !

પરંતુ તેની આવી સમાધિ-સ્થિતિ કેટલા સમય સુધી ચાલુ રહી ? શ્લોકમાં ભલે "થોડાક સમય સુધી" (कंचित् कालम्), એવા શબ્દો પ્રયોજાયા, પરંતુ આ તો "બ્રાહ્મી સ્થિતિ !" - એમાં 'ઘડિયાળ' અને 'સમયાવધિ' માટે કશો અવકાશ જ નહીં ! આ તો આત્મા-પરમાત્માનાં મિલનની પરમ અને ચરમ પરાકાષ્ઠા ! એમાં સમયનું કશું માપ (Measurement) હોઈ શકે જ નહીં ! સઘળો આધાર વ્યક્તિ અને બ્રહ્મસાક્ષાત્કારની એની અંગત વિભાવના પર !

અને આપણો આ પ્રસ્તુત સાધક જ્યારે પરાકાષ્ઠાની યે પરાકાષ્ઠાએ પહોંચ્યો,–

सा काष्ठा सा परा गतिः । કઠ-ઉપનિષદ (૧, ૩, ૧૧)

("તે જ પરમ અવધિ અને તે જ શ્રેષ્ઠ ગતિ !")

અને **यद् गत्वा न निवर्तन्ते तद् धाम परमं मम ॥** ગીતા (૧૫, ૬)

("જ્યાં જઈને ભક્તો પાછા આવતા નથી, તે જ મારું પરમ ધામ છે.")

– ત્યારે તો, એનો આનંદ પણ, ઉપર્યુક્ત **'કાષ્ઠા'**, **'ગતિ'** અને **'ધામ'** જેવો જ **પરમ,** – છાંદોગ્ય-ઉપનિષદ-પ્રબોધિત **"ભૂમા"** જેવો જ (Exquisite Ecstasy અને Infinite Bliss) !

અને આનંદના આવા ઊભરા(Outburst)ને તેનું નાનકડું માનવ-હૃદય સમાવી જ કેમ શકે ?

એટલે પોતાની પેલી પરમ-આનંદની સ્થિતિમાંથી 'વ્યુત્થાન' પામીને, હવે પછીના બે શ્લોકોમાં પોતાનાં પ્રસન્નતા અને આનંદ-રોમાંચને અભિવ્યક્ત કરવા તે મથામણ કરે છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૪૮૧)

૪૮૨

बुद्धिर्विनष्टा गलिता प्रवृत्ति-
र्ब्रह्मात्मनोरेकतयाऽधिगत्या ।
इदं न जानेऽप्यनिदं न जाने
किं वा कियद्वा सुखमस्त्यपारम् ॥४८२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બુદ્ધિર્વિનષ્ટા ગલિતા પ્રવૃત્તિ-
ર્બ્રહ્માત્મનોરેકતયાઽધિગત્યા ।
ઇદં ન જાનેઽપ્યનિદં ન જાને
કિં વા કિયદ્ વા સુખમસ્ત્યપારમ્ ॥૪૮૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્મ-આત્મનોઃ એકતયા અધિગત્યા (મમ) બુદ્ધિઃ વિનષ્ટા, પ્રવૃત્તિઃ ગલિતા; ઇદં ન જાને, અન્-ઇદં અપિ ન જાને, અપારં સુખં કિં કિયદ્ વા (ઇતિ અપિ) ન જાને ॥૪૮૨॥

શબ્દાર્થ :

શ્લોકમાં પાંચ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (મમ) બુદ્ધિઃ વિનષ્ટા । - મારી બુદ્ધિ વિનાશ પામી છે, એટલે કે તે બુદ્ધિ વડે હવે હું કશું વિચારી શકતો જ નથી : મારી બુદ્ધિ કામ કરતી સદંતર બંધ થઈ ગઈ છે.

(૨) (મમ) પ્રવૃત્તિઃ ગલિતા । - મારી પ્રવૃત્તિ અટકી ગઈ છે, — આપોઆપ, એની મેળે, મને ખબર પણ ન પડે તે રીતે, સરી પડી છે : હું કશું જ કાર્ય કરી શકતો નથી !

(૩) (અહં) ઇદં ન જાને । ઇદં એટલે "આ", મારી જ્ઞાનેન્દ્રિયો સમક્ષ

રહેલી પ્રત્યક્ષ વસ્તુઓ : **THIS.** સામે જ રહી હોવા છતાં, **"આ"**સર્વને હું જાણી શકતો નથી; આંખની સામે જ હોવા છતાં, **"આ"**સર્વમાંથી કશાંને હું જાણી-સમજી-ઓળખી શકતો જ નથી !

(૪) (અહં) અન્-ઇદં અપિ ન જાને । અન્-ઇદં એટલે, **"આ-નહીં"** તે, સમક્ષ કે પ્રત્યક્ષ ન હોય તે : **NOT-THIS** : જ્ઞાનેન્દ્રિયોની સામે ન હોય તેવું, - **પરોક્ષ** : આવું કશું પણ હું જાણી શકતો નથી : **પ્રત્યક્ષનું જ જ્ઞાન શક્ય નથી, ત્યાં પરોક્ષનું તો પૂછવાનું જ શું રહે !**

(૫) અપારં સુખં કિં કિયદ્ વા (ઇતિ અપિ અહં) ન જાને । અપાર એટલે પાર વિનાનું, અગાધ, અનવધિ, અતીન્દ્રિય; આવું સુખ; કિમ્ - શું-કેવું ? અને કિયદ્ વા । અથવા કેટલું ? - આ પણ હું જાણી શકતો નથી. પરંતુ શિષ્યની આવી, ન-સમજાય એવી, પરિસ્થિતિ એકાએક થઈ જવા પામી, શા કારણે ? - **બ્રહ્માત્મનોઃ એકતયા અધિગત્યા** । અધિગતિ - એટલે જ્ઞાનની પ્રાપ્તિથી, જાણવા મળ્યા પછી. કયા જ્ઞાનની પ્રાપ્તિની આ વાત છે ? **બ્રહ્મ-આત્મનોઃ એકતા** । જીવ અને બ્રહ્મનું એકત્વ; એ બંનેની એકતા. "આ ઐક્યને જાણવા મળ્યા પછી", શિષ્ય કહે છે, "મારી પરિસ્થિતિ આવી થઈ ગઈ છે !" (૪૮૨)

અનુવાદ :

"જીવ અને બ્રહ્મનાં એકત્વને જાણવાનું મળ્યા પછી, હે ગુરુદેવ ! મારી બુદ્ધિ-વૃત્તિ વિનષ્ટ થઈ ગઈ છે, અને (મારી) પ્રવૃત્તિ આપોઆપ સરી પડી છે. પ્રત્યક્ષને હું જાણતો નથી અને પરોક્ષને પણ હું જાણતો નથી. વળી, અપાર સુખ એટલે શું અને એ કેટલું છે (તે પણ હું જાણતો નથી) !" (૪૮૨)

ટિપ્પણ :

મોક્ષાર્થી સાધક માટે, એની અભીપ્સા(પ્રાપ્ત કરવાની ઇચ્છા)નાં કેન્દ્રમાં હતું. જીવ-બ્રહ્મનાં ઐક્યનું જ્ઞાન, – બ્રહ્મનો સાક્ષાત્કાર ! અને આ માટે જ તે, જ્ઞાનમૂર્તિ એવા પોતાના ગુરુદેવ પાસે ગયો હતો. વળી, શિષ્યની જેવી-જેટલી જિજ્ઞાસા-અભીપ્સા, - સદ્‌ગુરુનાં પણ, શિષ્ય પ્રત્યે, - એવાં-એટલાં જ ઔદાર્ય-આભિજાત્ય અને કૃપા-કરુણા ! શ્લોક-૫૨થી શરૂ કરીને, શ્લોક-૪૭૯ સુધી સુદીર્ઘ અને સવિસ્તર સદુપદેશ દ્વારા, સદ્‌ગુરુએ, શિષ્ય માટે જે કંઈ જાણવાનું આવશ્યક અને અનિવાર્ય હતું તે સઘળું, ક્યારેક સૂત્રાત્મક તો ક્યારેક ભાષ્યાત્મક પરિભાષામાં, છતાં સંપૂર્ણરીતે સુ-વિશદ-સરળ-સુબોધ સ્વરૂપમાં, રજૂ કરી દીધું !

અને આવી સૂક્ષ્મ અને સમૃદ્ધ જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કર્યા પછી, એનો કેવો અને

કેટલો સાત્ત્વિક પ્રભાવ, શિષ્યનાં સમગ્ર વ્યક્તિત્વ પર પડ્યો, - તે આપણે, ૪૮૦-૪૮૧ એ બે શ્લોકોમાં જોયું. આનંદ-અતિરેકની મૂર્ચ્છામાં જ એ તો સરી પડ્યો ! આવી મૂર્ચ્છામાંથી બહાર આવ્યા પછીના અને પેલી પરમાનન્દ-સ્થિતિમાંથી વ્યુત્થાન પામ્યા પછીના, શિષ્યના, આ, સૌપ્રથમ ઉદ્‌ગાર છે ! અને એનું આવું સંભાષણ તો હજુ છેક શ્લોક-૫૨૦ સુધી ચાલુ રહેવાનું છે !

અત્યારસુધી એની બુદ્ધિ સ્વસ્થ અને સ્થિર હતી, એટલે તે પૂરેપૂરું વિચારી શક્તો હતો અને એનાં પરિણામ-સ્વરૂપ, - 'શું ? શા માટે ? શી રીતે ? ક્યારે ? ક્યાં ?' - જેવા અનેક પ્રકારના પ્રશ્નો સદ્‌ગુરુને તે પૂછી શક્તો હતો. પરંતુ હવે ? પેલા પરમાનન્દના પ્રભાવથી, હવે તો, તેનું સઘળું બુદ્ધિતંત્ર જ ખોટવાઈ ગયું છે ! (**बुद्धिः विनष्टा** ।)

અને જેવું બુદ્ધિનું, એવું જ એની ક્રિયાશીલતાનું ! બુદ્ધિની સાથોસાથ, એની પ્રવૃત્તિનો સર્વ સરંજામ પણ જડ અને નિશ્ચેતન બની ગયો છે ! (**प्रवृत्तिः गलिता** ।)

વળી, હવે તો પેલા ત્રણેય ગુણોને અતિક્રમીને, તેમનાથી, તે **'પર'** થઈ ગયો છે, એટલે આવી નિશ્ચેતનતા અને નિષ્ક્રિયતા કંઈ તમોગુણને કારણે તો હોઈ શકે જ નહીં ! "સબાહ્યાંતર સર્વત્ર જે **બ્રહ્મ** વિલસી રહ્યું છે, તે જ, મારી ભીતર પણ છે !" - એવી આત્મપ્રતીતિ અને સ્વાનુભૂતિનું જ આ તો સુ-પરિણામ !

હવે તો એને **'પ્રત્યક્ષ'** શું ને **'પરોક્ષ'** શું ? – આવા બધા ભેદોના સીમાડાઓ જ, એના માટે, ભૂંસાઈ ગયા છે ! એની વિચારશક્તિ જ સદંતર જ્યાં કુંઠિત થઈ ગઈ છે, ત્યાં પછી નામ-રૂપ અને દેશ-કાલ-વસ્તુ-પરિચ્છેદનું તો ક્યાંય અસ્તિત્વ જ શાનું રહે !

એમ કહેવાય છે કે નિર્વિકલ્પ-સમાધિ-અવસ્થામાં જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનના સર્વ ભેદો ભૂંસાઈ જાય છે, અને બચે છે માત્ર બ્રાહ્મીસ્થિતિનો પરમ-આનંદ ! અને એ સુખ તો અતીન્દ્રિય, અપાર, અગાધ, શબ્દાતીત, વાગ્‌-અગોચર ! એ સુખ એટલે શું ? કેવું ? કેટલું ? શાથી ? - કોણ જાણી શકે ? કહી શકે ? (**किं वा कियद् वा सुखमस्त्यपारम्** ?।)

એટલે, આ શિષ્ય તો, પોતાનાં પેલાં આનંદ-સમાધિનાં આસન પરથી ઊઠે છે, – નાચતો-કૂદતો અને એ જ આનંદ-ઘેલછામાં, જીભ પર જે કંઈ શબ્દો આવી ચડે છે, એના આધારે, એનાં મુખમાંથી આવા ઉદ્‌ગારો સરી પડે છે !

શ્લોકનો **છંદ : ઉપજાતિ** (૪૮૨)

वाचा वक्तुमशक्यमेव मनसा मन्तुं न वा शक्यते
स्वाऽऽनन्दामृतपूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ।
अम्भोराशिविशीर्णवार्षिकशिलाभावं भजन्मे मनः
यस्यांशांशलवे विलीनमधुनाऽऽनन्दात्मना निर्वृतम् ॥४८३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

वाचा वक्तुमशक्यमेव मनसा मन्तुं न वा शक्यते
स्वाऽऽनन्दामृतपूरपूरितपरब्रह्माम्बुधेर्वैभवम् ।
अंभोराशिविशीर्णवार्षिकशिलाभावं भजन्मे मनः
यस्यांशांशलवे विलीनमधुनाऽऽनन्दात्मना निर्वृतम् ॥४८३॥

શ્લોકનો ગદ્ય અન્વય :

स्व-आनन्द-अमृत-पूर-पूरित-ब्रह्म-अंबुधेः वैभवं वाचा वक्तुं अशक्यं एव अस्ति, मनसा मन्तुं वा न शक्यते; अंभोराशि-विशीर्ण-वार्षिक-शिलाभावं भजत् मे मनः यस्य अंशांशलवे विलीनं (सत्) आनन्दात्मना निर्वृतं (अस्ति) ॥४८३॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) वैभवं वाचा वक्तुं अशक्यं एव (अस्ति) । વૈભવ એટલે સમૃદ્ધિ, ભવ્યતા, મહત્તા, ઉચ્ચતા, Magnificence, Splendour, Grandeur, Richness, Wealth; वाचा वक्तुम् - વાણીથી વર્ણવવું, વ્યક્ત કરવું, ઉચ્ચારવું. એ જ વૈભવને मनसा मन्तुं न वा शक्यते । મનથી મનન કરવું, વિચારવું, પણ અશક્ય જ છે. આ વૈભવ કોનો છે ? अम्बुधेः એટલે સાગરનો. કયો સાગર ? પરબ્રહ્મ-રૂપી સાગર. આ સાગર કેવો છે ? स्व-आनन्द-अमृत-पूर-पूरित । પોતાના જ આનંદરૂપી અમૃતનાં પૂરથી પૂરિત.

(૨) मे मनः अधुना आनन्दात्मना निर्वृतं (अस्ति) । निर्वृत એટલે શાંતિને પ્રાપ્ત થયું છે, શાંત-પ્રશાંત બની ગયું છે. अधुना એટલે અત્યારે, હવે, હમણાં. ક્યાં સ્વરૂપે મન શાંતિ પામ્યું છે ? - आनन्दात्मना । આનંદસ્વરૂપે. આ મન કેવું

છે ? अंभोराशि-विशीर्ण-वार्षिकशिलाभावं भजत् । અંભોરાશિ એટલે (अम्भः - પાણી અને राशि - સમૂહ, પાણીનો સમૂહ) સાગર, સમુદ્ર; વિશીર્ણ એટલે પડતાં શીર્ણ-વિશીર્ણ થઈ જતા; વાર્ષિક-શિલા એટલે ચોમાસામાં પડતા પાણીના બરફના પથ્થરો, એટલે કે કરા. वर्षासु भवाः वार्षिकाः । ચોમાસામાં ઉત્પન્ન થતા; શિલા એટલે કરા(Hail-stones); આ કરાના ભાવને ભજી રહેલું, એટલે એના ભાવને-સ્વરૂપને પામી ગયેલું મારું મન. વળી, આ મન કેવું છે ? यस्य अंशांशालवे विलीनम् । વિલીન એટલે ભળી ગયેલું, લય પામી ગયેલું. अंशानां अंशस्य लवः । તેના અંશના પણ અલ્પ-અંશમાં, એટલે બહુ જ નાના અંશોમાં ભળી જઈને, તેમાં વિલીન થઈ ગયેલું મારું મન (હવે અત્યંત શાંત થઈ ગયું છે). (૪૮૩)

અનુવાદ :

પોતાના જ આનંદ-રૂપી અમૃતનાં પૂર વડે પૂરવામાં આવેલા પરબ્રહ્મરૂપી સાગરના વૈભવને વાણી વડે વર્ણવવો અશક્ય છે અને તેને મન વડે ઉચ્ચારવો પણ અશક્ય છે. ચોમાસામાં પડતા કરા ગળી જઈ સાગરમાં તદ્રૂપ થઈ, તેના અંશના પણ અલ્પ-અંશમાં ભળી જઈ તેમાં લય પામે છે, તેવા ભાવને પામી ગયેલું મારું મન અત્યારે આનંદસ્વરૂપે શાંત-પ્રશાંત બની ગયું છે. (૪૮૩)

ટિપ્પણ :

આ શ્લોકમાં શિષ્યે પોતાના બ્રહ્માનંદના ઉદ્રેકનું વર્ણન ચાલુ રાખ્યું છે.

મહાસાગર સાથે સંકળાયેલી બે સ્વાભાવિક ઘટનાને કેન્દ્રમાં રાખીને તેણે, તેના માધ્યમમાં, પોતાની ભીતર ઊછળી રહેલા આનંદના ઓઘને અભિવ્યક્ત કરવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

એક તો એ કે આ તો મહાસાગર ! જેટલો વિસ્તીર્ણ અને વિશાળ (Wide), એટલો જ અતાગ અને અગાધ (Unfathomable) ! જેટલો વ્યાપક એટલો જ ઊંડો ! અને બિચારી વાણી ! એની પાસે પર્યાપ્ત સંખ્યામાં અને અભિવ્યક્તિ-ક્ષમ શબ્દો ક્યાં ? અને એવું જ 'બાપડું' (Poor) મન ! આ પહેલાં જ, શિષ્ય એકરાર તો કરી જ ચૂક્યો છે કે "મારી બુદ્ધિ વિનષ્ટ થઈ ગઈ છે !" (बुद्धिर्विनष्टा) ! જેનું કામ જ મનન કરવાનું છે તે **'મન'**, પોતે જ, ગૌડપાદાચાર્યની પરિભાષામાં, **'અ-મન'** થઈ ગયું છે ! વાણી શું **ઉચ્ચારે** ! અને મન શું **વિચારે** !

પરંતુ હજુ મૂળ મુદ્દાની વાત તો રહી જ ગઈ ! ભૂગોળનાં પાઠ્યપુસ્તકોમાં વિદ્યાર્થીઓને ભણવા-ભણાવવામાં આવતો કોઈ સામાન્ય પ્રકારનો આ મહાસાગર નથી : આ તો **પર-બ્રહ્મરૂપી** મહાસાગર છે, - જેમાં શિષ્યના પોતાનાં જ આનંદરૂપી

અમૃતનાં પૂરનાં પૂર (Floods) વડે એને પરિપૂર્ણ બનાવવામાં આવ્યો છે : એક તો પરબ્રહ્મરૂપી અ-પાર્થિવ મહાસાગર અને એમાં વળી આનંદામૃત-(Nectarine Bliss)નાં આભ-ઊંચાં ઊછળતાં મોજાં ! એના વૈભવ પાસે તો, શિષ્ય કહે છે કે, મારી વિચાર-ઉચ્ચાર-આચારની સર્વશક્તિઓ સંપૂર્ણરીતે અસહાય અને લાચાર (Helpless) થઈ ગઈ છે !

પરંતુ એની લાચારીનું પૂર્ણવિરામ અહીં જ નથી : વર્ષાઋતુમાં પડતા બરફના કરા (વાર્ષિકશિલા) સમુદ્રમાં પડે ત્યારે, બરફના એ ટુકડાનું ભાવિ (Fate) શું અને કેવું ? બરફ મૂળ તો પાણીનો જ બનેલો હોય, પરંતુ સાગરમાં કેટલે ઊંડે તે જઈ શકે ? થોડો અંદર ડૂબ્યો, ત્યાં તો તે સાગરનાં જળરૂપ જ બની ગયો ! સાગરમાં એકાકાર બની ગયો ? એનું પોતાનું કશું અસ્તિત્વ જ ન રહ્યું ! Thus far and no further ! સમુદ્રનાં જળનાં અંશનાયે અંશ એવા સ્વલ્પ અંશ (Infinitesmal part)માં ભળી જઈને, તે તો તેમાં વિલીન જ થઈ ગયો ! શિષ્ય ફરી નમ્રતાપૂર્વક અને નિખાલસભાવે એકરાર કરે છે કે "મારું મન, બસ, પેલા કરાના ભાવને પામીને, આનંદસ્વરૂપે, પેલા અમૃતસાગરમાં શાંત-પ્રશાંત બની ગયું છે. બીજી વાત તે આ !

શ્રીરામકૃષ્ણ પરમહંસે દૃષ્ટાંત આપતાં કહ્યું હતું કે મીઠાની પૂતળી સાગરનાં ઊંડાણનું માપ કાઢવા સાગરમાં જાય તો, તેનું શું થાય ! "બસ, એવી જ ગતિ આજે (અત્યુના) મારાં મનની થઈ ગઈ છે ! અંદર રહું તો હું 'હું' જ ન રહું અને બહાર નીકળું તો કશું બોલી જ ન શકું ! મારાં તો સઘળાં ભાન-સાન જ જાણે 'બેભાન'-'બેસાન' બની ગયાં છે !"

પ્રહર્ષ(Ecstasy)ને અનુરૂપ એવું છંદ-પરિવર્તન (શાર્દૂલવિક્રીડિત) આચાર્યશ્રીની કવિપ્રતિભાનું નિદર્શક છે. (૪૮૩)

૪૮૪

क्व गतं केन वा नीतं कुत्र लीनमिदं जगत् ।
अधुनैव मया दृष्टं नास्ति किं महदद्भुतम् ॥४८४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ક્વ ગતં કેન વા નીતં કુત્ર લીનમિદં જગત્ ।
અધુનૈવ મયા દૃષ્ટં નાસ્તિ કિં મહદદ્ભુતમ્ ॥૪૮૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અધુના એવ મયા દૃષ્ટં ઇદં જગત્ ક્વ ગતમ્ ? । કેન વા નીતમ્ ? ।

कुत्र वा लीनम् ? । (इदं सर्वं) किं महद् अद्भुतं न अस्ति ? ॥४८४॥

શબ્દાર્થ :

શ્લોકમાં પ્રશ્નાર્થ-સ્વરૂપનાં **ચાર** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) इदं जगत् क्व गतम् ? । આ જગત ક્યાં જતું રહ્યું ? ક્યાં ચાલ્યું ગયું ? કયું જગત ? - अधुना एव मया दृष्टम् । હમણાં જ મેં જોયેલું ? મેં જેને જોયું હતું તે ?

(૨) केन वा नीतम् ? । - અને એને કોણ લઈ ગયું ?

(૩) कुत्र वा लीनम् ? - વળી, એ ક્યાં લીન થઈ ગયું ? ક્યાં અદશ્ય થઈ ગયું ? ક્યાં ડૂબી ગયું ?

(૪) (इदं सर्वं) किं महद् अद्भुतं न अस्ति ? ।

આવું બધું શું એક મોટું આશ્ચર્ય નથી ? ભારે અદ્‌ભુત નથી ? (૪૮૪)

અનુવાદ :

હમણાં જ મેં જોયેલું આ જગત ક્યાં ચાલ્યું ગયું ? અને એને કોણ લઈ ગયું ? વળી, તે ક્યાં-શામાં લીન થઈ ગયું ? આવું બધું શું એક ભારે આશ્ચર્ય નથી ? (૪૮૪)

ટિપ્પણ :

શ્લોકમાંના ચારેય પ્રશ્નો, શિષ્યની દૃષ્ટિએ, સાવ સ્વાભાવિક છે અને સમજવાની બાબતમાં એટલા જ સહેલા છે. આપણે તો, સદ્‌ગુરુના ઉપદેશનાં પરિણામ-સ્વરૂપ, શિષ્યને શ્લોકો-૪૮૦-૪૮૧માં, જે આત્મસ્વરૂપમાં નિષ્ઠા થઈ, ત્યારપછી થોડોક સમય ચિત્તને તેણે પરબ્રહ્મમાં સમાધિસ્થ કર્યું અને તે પ્રકારની પરમાનન્દ-સ્થિતિમાંથી તે વ્યુત્થાન પામ્યો, તે સંદર્ભને લક્ષમાં રાખીને, તેને થયેલા બ્રહ્મસાક્ષાત્કારને જ કેન્દ્રમાં રાખીને, માનસશાસ્ત્રીય દૃષ્ટિએ, શિષ્યના આ સર્વ પ્રશ્નોને તપાસવાના અને સમજવાના રહે છે.

સૌપ્રથમ વાત તો એ પ્રતીત થાય છે કે હવે જે આધ્યાત્મિક ઉપલબ્ધિ તેને આજે થઈ, તેને કારણે તેનાં મનમાં પોતાના સદ્‌ગુરુ પ્રત્યેનો તેનો અંગત આદરભાવ અનેકગણો વધી ગયો; અને **બીજું** એ કે આવી અલૌકિક અને સુવિરલ ઉપલબ્ધિ, મોક્ષપ્રાપ્તિની સમગ્ર જીવન-કારકિર્દી દરમિયાન, તેને પહેલી જ વાર થઈ હોવાથી, તેનો પરમહર્ષ એવી પરાકાષ્ઠાએ પહોંચી ગયો કે તે તેને પોતાની અંદર નથી સમાવી શકતો કે નથી સ્વસ્થતાપૂર્વક તેને અભિવ્યક્ત કરી શકતો; અને **ત્રીજી** એટલી જ મહત્ત્વની ઘટના એ છે કે અત્યારે જે અભિનવ દર્શન તેને લાધ્યું તેથી, તે આત્મજ્ઞાનના

આશ્ચર્યમાં ડૂબી ગયો છે : ટૂંકમાં, હવે તે જે કંઈ બોલે છે તેમાં, આ ત્રણનો પ્રબળ અને સ્પષ્ટ પ્રભાવ, - વધારે સાચું તો એ છે કે એ ત્રણેયનું મિશ્રણ - પ્રતિબિંબિત થાય છે : (૧) સદ્‌ગુરુ પ્રત્યેનો વૃદ્ધિંગત થયેલો આદર; (૨) ઉપલબ્ધિનો આનંદ-અતિરેક; અને (૩) જીવનમાં અત્યારસુધી કદી પણ નહીં અનુભવેલું આશ્ચર્ય !

મિથ્યા જગત તો હજુ-હમણાં સુધી તેની સામે જ હતું, અને હવે ? એને સમજાતું નથી કે આ કેવો ચમત્કાર કે એ જ જગત એક ક્ષણવારમાં ક્યાંય અદૃશ્ય થઈ ગયું ! હવે તો પરબ્રહ્મ જ એની સમક્ષ છે, ત્યાં બિચારાં જગતનું શું ગજું કે હવે તે પળવાર પણ ત્યાં ટકી શકે ?

અને એની બુદ્ધિ તો હવે કામ કરતી જ નથી ! એનાં સઘળાં "શુધ-બુધ" તો ક્યાંય ગૂમ થઈ ગયાં છે ! તેના આ સવાલોની પશ્ચાદ્‌ભૂ(Back-ground)માં આવી ઉપર્યુક્ત સર્વથા-પરિવર્તિત પરિસ્થિતિ એનો ભાવ ભજવી રહી છે, એનો ખ્યાલ તો એને છે જ નહીં, હોઈ શકે જ નહીં !

જૂની રંગભૂમિ પર ભજવાતાં નાટકોમાં, કેટલીક વાર, દિગ્દર્શકો, એવી ગોઠવણ કરતા કે આંખના પલકારા જેટલા સમયમાં, સ્ટેજ પર, અંધકાર છવાઈ જાય, અને જ્યાં અજવાળું થાય ત્યાં તો **'સીન ટ્રાન્સ્ફર'** (Scene transfer) થઈ ગયો હોય ! શિષ્યની મનો-રંગભૂમિ પર, આચાર્યશ્રીએ, આવો 'ટેબ્લૉ' (Tableau) જ રચી દીધો !

આનન્ત્યની અનુભૂતિનાં આવાં અદ્‌ભુત નાટ્યકરણ(Dramatisation)થી શિષ્ય તો અપરિચિત જ હતો : જે જગત તેણે જોયું હતું તે, અદ્‌ભુત હતું; પરંતુ તે હવે અદૃશ્ય થઈ ગયું, તે તો વળી, સવિશેષ અદ્‌ભુત, અને હવે તે જે કંઈ જોઈ રહ્યો છે, તે તો સૌથી મોટું અદ્‌ભુત ! આશ્ચર્યોનું પણ આશ્ચર્ય !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૮૪)

૪૮૫

किं हेयं किमुपादेयं किमन्यत् किं विलक्षणम् ।
अखण्डानन्दपीयूषपूर्णे ब्रह्ममहार्णवे ॥४८५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કિં હેયં કિમુપાદેયં કિમન્યત્ કિં વિલક્ષણમ્ ।
અખંડાનન્દપીયૂષપૂર્ણે બ્રહ્મમહાર્ણવે ॥૪૮૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અખણ્ડાનન્દપીયૂષપૂર્ણે બ્રહ્મ-મહાર્ણવે કિં હેયમ્ ? કિં ઉપાદેયમ્ ? કિં

अन्यत् ? किं विलक्षणम् ? ॥४८५॥

શબ્દાર્થ :

શ્લોકમાં **ચાર** પ્રશ્નાર્થ-વાક્યો આ પ્રમાણે છે :

(૧) બ્રહ્મમહાર્ણવે કિં હેયમ્ ? અર્ણવ એટલે સાગર; હેય (હા એટલે ત્યજવું, - એ ધાતુનું વિધ્યર્થ કૃદંતનું રૂપ) એટલે ત્યજી દેવા જેવું, છોડી દેવા જેવું, ત્યાજ્ય; બ્રહ્મરૂપી આ મહાસાગરમાં ત્યાજ્ય શું છે ?

(૨) બ્રહ્મમહાર્ણવે કિં ઉપાદેયમ્ । ઉપાદેય (ઉપ + આ + દા એટલે લેવું, ગ્રહણ કરવું, - એ ધાતુનું વિધ્યર્થ કૃદંતનું રૂપ) એટલે લેવા જેવું, ગ્રહણ-કરવા જેવું, - ગ્રાહ્ય; બ્રહ્મરૂપી આ મહાસાગરમાં ગ્રાહ્ય શું છે ?

(૩) કિં અન્યત્ ? - એમાં બ્રહ્મથી બીજું શું છે ? એનાથી 'પર' શું છે ?

(૪) કિં વિલક્ષણમ્ ? - એમાં બ્રહ્મથી ભિન્ન, જૂદું શું છે ?

આ બ્રહ્મમહાર્ણવ કેવો છે ? - અખણ્ડ-આનન્દ-પીયૂષ-પૂર્ણ । પીયૂષ એટલે અમૃતઃ અખંડ આનંદરૂપી અમૃતથી ભરેલો, છલોછલ. (૪૮૫)

અનુવાદ :

અખંડ આનંદરૂપી અમૃતથી ભરેલા બ્રહ્મરૂપી આ મહાસાગરમાં શું ત્યાજ્ય છે ? શું ગ્રાહ્ય છે ? (બ્રહ્મથી) બીજું શું છે ? (બ્રહ્મથી) ભિન્ન શું છે ? (૪૮૫)

ટિપ્પણ :

પ્રવર્તમાન અદ્‌ભુત પરિસ્થિતિમાં, શિષ્યની મૂંઝવણ ચાલુ છે, અને એ મૂંઝવણમાંથી જ શ્લોકમાંના ચારેય પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે.

તેની સમક્ષ હવે આ જગત તો ક્યાંય છે જ નહીં ! જે છે તે તો ઘૂઘવતો બ્રહ્મરૂપી મહાસાગર ! અને તે પણ અખંડ આનંદામૃતથી છલકાતો, છલોછલ ! આ મહાસાગર તો બ્રહ્મનો જ છે, અને તે બ્રહ્મ સાથે તો તેનું પોતાનું સંપૂર્ણ સાયુજ્ય સધાઈ ચૂક્યું જ છે ! એટલે તે જેને જોઈ રહ્યો છે, તે તો બ્રહ્મીભાવ પામેલો તે પોતે જ છે ! સર્વત્ર "હું" જ છે ! "હું"માં તે વળી ત્યાગ શાનો (હેયં) ને ગ્રહણ શાનું ? (ઉપાદેયં) "હું"થી શું બીજું ? (અન્યત્) "હું"થી શું ભિન્ન ? (વિલક્ષણં) કોણ **'પોતાનું'**, કોણ **'પારકું'** ? શું **'દૂર'**, શું **'સમીપ'** ? (યાદ કરો : तद् दूरे, तद उ अन्तिके । (ઉપનિષદ અને ગીતા ૧૩, ૧૯)

મહાત્મા ગાંધીજીને જે ખૂબ પ્રિય હતું, તે - **'ઈશાવાસ્ય'**-ઉપનિષદ-ના પાંચમા મંત્રનું બીજું ચરણ આ પ્રમાણે છે :

तद् दूरे तद् उ अन्तिके । ("તે પરમતત્ત્વ દૂર છે, તે સમીપ પણ છે !")

કેવું પરસ્પર-વિરોધાભાસી વિધાન ! જે દૂર હોય, તે, **સમીપ** કેવી રીતે હોઈ શકે ? હકીકતમાં, "**દૂર**" અને "**સમીપ**" તે બંને શબ્દો, સાપેક્ષ(Relative) છે. એમાં ભૌગોલિક અંતર(Geographical distance)ની વાત જ નથી : વ્યક્તિની દૃષ્ટિનું જ મહત્ત્વ છે : "જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ !"

દેહને જ આત્મા સમજી બેઠેલા સ્થૂલદર્શી મનુષ્ય માટે આત્મા એટલો બધો દૂર છે કે જેમ-જેમ પાસે જવાનો તે પ્રયત્ન કરે, તેમ-તેમ ક્ષિતિજની માફક તે તેનાથી દૂર સરી જતો તે દેખાય છે. એ જ રીતે આત્મતત્ત્વ આવા મનુષ્યની પકડમાં આવતું નથી. પરંતુ જેનું હૃદય નિર્મળ અને વિશુદ્ધ છે તથા જે સૂક્ષ્મદર્શી છે, તેને તો, આંખ બંધ કરે ત્યાં જ, આત્મતત્ત્વ(પરમતત્ત્વ) સ્વયં સામેથી આવીને, પોતાની જ ભીતર, દર્શન આપે છે !

જેનાં નેત્રો ભીતર ભણી વળ્યાં છે, તેને ઉપનિષદના ઋષિઓ **आवृतचक्षुः** કહે છે. '**आवृतचक्षु**'નું **મીરાં**નું અર્થઘટન આ પ્રમાણે છે :

"ઊલટ ભઈ મેરી નયનકી !"

અને **કબીર** તો, માણસનો, આ રીતે, ઊધડો જ લઈ લે :

"તેરા સાહિબ હૈ ઘટમાંહી,
બાહર નૈનાં ક્યોં ખોલે ?"

એ જ રીતે, પરમતત્ત્વની ખોજમાં વનમાં જઈ રહેલા મૂર્ખ માણસને **ગુરુ નાનક** પણ આવો જ ઠપકો આપે છે :

"કાહે રે ! બન ખોજન જાઈ ?
સર્વ-નિવાસી સદા અલેપા, તોહી-સંગ સમાઈ !"

અને "દૂર-સમીપ" વિશેની **ઉમાશંકર જોશી**ની દૃષ્ટિ તો આવી, સાવ નિરાળી : "હોડીને દૂર શું, નજીક શું !"

અને "માઇલોના માઇલો મારી અંદર,
ચાલતી ગાડીએ હું સ્થિર, અચલ !"

અને આ જ કારણે, **ગીતા**એ (૧૩, ૧૫) પણ પરમતત્ત્વને ઉપનિષદની પરિભાષામાં જ પ્રમાણ્યું છે : दूरस्थं चान्तिके च तत् ॥

તેમાં '**આ**' શું ને '**તે**' શું ? "**આ**" કહો તો તેમાં "**તે**" ન આવી શકે ! અને "**તે**" કહો તો તેમાં "**આ**" ન આવી શકે ! નથી "**આ**"-પણું (**This**-ness), નથી "**તે**"-પણું (**That**-ness) !

વ્યાકરણમાંનાં સર્વ સર્વનામો(Pronouns)માં જ જાણે સેળભેળ થઈ ગઈ છે !

અને આવાં સેળભેળિયાં 'સમાધાન'(Compromise)માં શિષ્યને રસ નથી !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૮૫)

૪૮૬

न किंचिदत्र पश्यामि न शृणोमि न वेद्म्यहम् ।
स्वात्मनैव सदाऽऽनन्दरूपेणाऽस्मि विलक्षणः ॥૪૮૬॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન કિંચિદત્ર પશ્યામિ ન શૃણોમિ ન વેદ્મ્યહમ્ ।
સ્વાત્મનૈવ સદાઽઽનન્દરૂપેણાઽસ્મિ વિલક્ષણઃ ॥૪૮૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહં અત્ર કિંચિત્ ન પશ્યામિ, ન શૃણોમિ, ન વેદ્મિ; સદા આનન્દરૂપેણ સ્વાત્મના એવ વિલક્ષણઃ અસ્મિ ॥૪૮૬॥

શબ્દાર્થ :

શ્લોકમાં **ચાર** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) અહં અત્ર કિંચિદ્ ન પશ્યામિ । મને અહીં કશું પણ દેખાતું નથી; અહીં (જ્ઞાનનિષ્ઠામાં બ્રહ્મ સિવાય) કાંઈ પણ હું જોઈ શકતો નથી.

(૨) અહં અત્ર ન કિંચિદ્ શૃણોમિ । હું અહીં કશું પણ સાંભળી શકતો નથી, મને કશું પણ સંભળાતું નથી.

(૩) અહં અત્ર કિંચિદ્ ન વેદ્મિ । મને અહીં કાંઈ પણ જાણવાનું મળતું નથી, હું અહીં કશું પણ જાણી શકતો નથી.

(૪) સદા આનન્દરૂપેણ સ્વ-આત્મના એવ (અહં) વિલક્ષણઃ અસ્મિ । - સદા આનંદ-સ્વરૂપ એવો હું સ્વાત્મરૂપી (સૌથી) વિલક્ષણ બની ગયો છું. (૪૮૬)

અનુવાદ :

અહીં હું કશું પણ જોઈ શકતો નથી, મને કશું પણ સંભળાતું નથી, હું કશું પણ જાણતો નથી : સર્વદા પોતાના જ આત્માનંદ-સ્વરૂપે, હું સૌથી વિલક્ષણ છું. (૪૮૬)

ટિપ્પણ :

મોક્ષાર્થી સાધક તરીકેની, અત્યારસુધીની, પોતાની સમગ્ર જીવન-કારકિર્દીમાં,

જે કાંઈ જોવાલાયક (દૃષ્ટવ્ય), સાંભળવા લાયક (શ્રોતવ્ય) અને જાણવા લાયક (જ્ઞાતવ્ય) હતું, તે સઘળું, કૃપાનિધિ-દયાસિંધુ-કરુણામૂર્તિ એવા પોતાના સદ્‌ગુરુની ઉદારતા અને એમનાં આભિજાત્યના પ્રતાપે, શિષ્ય પામી ચૂક્યો છે; અને આજે તો હવે તે સઘળું જ દૃષ્ટવ્ય-શ્રોતવ્ય-જ્ઞાતવ્ય પોતાની સામે જ છે, તો પછી, તે બધું તેને, દર્શન-શ્રવણ-જ્ઞાન, એવાં જૂદાં-જૂદાં સ્વરૂપે, પ્રતીત થઈ જ કેવી રીતે શકે !

બધું જ બ્રહ્મમય, એટલે કે "હું"-મય બની ગયું છે !

આ તો આત્મસ્વરૂપમાં નિષ્ઠા, પરબ્રહ્મમાં ચિત્તની સમાધિ અને પરમ-આનંદની સર્વોચ્ચ સ્થિતિ, - એ સઘળું એકરૂપ બનીને તેની સામે આવ્યું, અને તે સઘળાંએ તેને પણ તેમનામાં જ સમાવી લીધો !

પછી તો, સ્વાનુભવાત્મક એનો એકરાર સાચો જ છે કે "હું તો હવે હંમેશ માટે પોતાના જ આનંદ-સ્વરૂપે સૌથી વિલક્ષણ બની ગયો છું !"

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૮૬)

૪૮૭

नमो नमस्ते गुरवे महात्मने
विमुक्तसंगाय सदुत्तमाय ।
नित्याद्वयानन्दरसस्वरूपिणे
भूम्ने सदापारदयाम्बुधाम्ने ॥४८७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નમો નમસ્તે ગુરવે મહાત્મને
વિમુક્તસંગાય સદુત્તમાય ।
નિત્યાદ્વયાનન્દરસસ્વરૂપિણે
ભૂમ્ને સદાપારદયામ્બુધામ્ને ॥૪૮૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિમુક્તસંગાય સદ્-ઉત્તમાય નિત્ય-અદ્વય-આનન્દરસ-સ્વરૂપિણે ભૂમ્ને સદા-અપાર-દયા-અમ્બુધામ્ને મહાત્મને તે ગુરવે નમઃ નમઃ ॥૪૮૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તે ગુરવે નમઃ નમઃ । તેવા હે ગુરુદેવ ! આપને વારંવાર નમસ્કાર હોજો ! ગુરુદેવ કેવા છે ? - આ પ્રમાણે છ વિશેષણો :

(૧) महात्मने । મહાત્મા, મહિમાવંત, મહાપુરુષ.

(૨) विमुक्तसंगाय । સર્વ પ્રકારની આસક્તિથી જે મુક્ત છે તેવા, સંગરહિત.

(૩) सद्-उत्तमाय । સત્પુરુષોમાં સર્વોત્તમ, સંત-શિરોમણિ, સજ્જન-ચૂડામણિ.

(૪) नित्य-अद्वय-आनन्दरस-स्वरूपिणे । નિત્ય અને અદ્વિતીય એવા આનન્દરસનું મૂર્તિમંત સ્વરૂપ.

(૫) सदा-पूर्णे । સદા-પૂર્ણ, સદા-પરિપૂર્ણ, હંમેશાં સંપૂર્ણતાની કક્ષાએ રહેતા.

(૬) अपार-दयाम्बुधाम्ने । अम्बु એટલે પાણી, धामन् એટલે ધામ, સ્થાન; अम्बुधामन् એટલે સાગર. અપાર દયાના સાગર. (૪૮૭)

અનુવાદ :

સંગ-રહિત, સંત-શિરોમણિ, મહાત્મા, નિત્ય-અદ્વિતીય આનંદરસ-સ્વરૂપ, સદા-પરિપૂર્ણ અને અપાર દયાના સાગર એવા હે ગુરુદેવ ! આપને વારંવાર નમસ્કાર હોજો ! (૪૮૭)

ટિપ્પણ :

પરમાત્મા તો જગતમાં હંમેશાં અદૃશ્ય અને પરોક્ષ જ રહે છે, પરંતુ જ્યારે કોઈ શિષ્ય-સાધક-ભક્તની જિજ્ઞાસાવૃત્તિ, જ્ઞાન-અભીપ્સા અને પરમતત્ત્વને પામવાની તેની તાલાવેલી સંનિષ્ઠ અને હૃદયસ્પર્શી બની જાય છે ત્યારે, એમ કહેવાય છે કે, પરમેશ્વર પોતે જ, દેહધારી ગુરુ-સ્વરૂપે, તેની સમક્ષ પ્રગટ થાય છે અને તેને સાચું માર્ગદર્શન આપીને, તેને છેક બ્રહ્મસાક્ષાત્કારની પરાકાષ્ઠાએ પહોંચાડી દે છે !

'ગુરુ વિના જ્ઞાન નહીં', - એવી જેને સુદૃઢ અને સમ્યક્ પ્રતીતિ છે એવો, આપણા આ સ્વાધ્યાય-ગ્રંથનો શિષ્ય પણ, આવી આદર્શ શિષ્ય-પરંપરામાંનો એક છે, અને તેથી તે, આ શ્લોકમાં, પોતાના સ્વતઃપ્રાપ્ત સદ્ગુરુનાં સ્વરૂપે સામેથી સાંપડેલા પરમેશ્વરને, વિનમ્રભાવે, પ્રણામ પાઠવે છે.

શિષ્યનું અજ્ઞાન વિનાશ પામ્યું છે, પરમતત્ત્વ-સ્વરૂપનાં જ્ઞાનની તેની અભીપ્સા સિદ્ધ થઈ છે અને આજે તો તે બ્રહ્મસાક્ષાત્કારની પરમસિદ્ધિને પામ્યો છે; અને આવું સુવિરલ સદ્ભાગ્ય તેને, માત્ર સદ્ગુરુની કૃપા તથા શિષ્ય-વત્સલતાને કારણે જ, પ્રાપ્ત થયું છે, એમ સમજીને, તે, અહીં, પોતાના પરમાદરણીય ગુરુદેવ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે.

વળી, વેદાંત-દર્શનના કેવલાદ્વૈત-સિદ્ધાંતના એકનિષ્ઠ ઉપાસક માટે પણ, ગુરુ-શિષ્ય-સંબંધમાં 'દ્વૈતભાવ'ને, આ પ્રમાણે, એક 'આદર્શ'(Ideal) તરીકે, માન્ય રાખવામાં આવ્યો છે :

भाव-अद्वैतं सदा कार्यं, क्रिया-अद्वैतं न कुत्रचित् ।
अद्वैतं त्रिषु लोकेषु न-अद्वैतं गुरुणा सह ॥

("ભાવની બાબતમાં અદ્વૈત સદા સેવવું, પણ ક્રિયાની બાબતમાં તો અદ્વૈત ક્યાંય-ક્યારેય નહીં : ત્રણેય લોકમાં અદ્વૈત ભલે રહે, પરંતુ ગુરુની સાથે શિષ્યનું અદ્વૈત ન હોવું જોઈએ !")

ગુરુ-શિષ્ય વચ્ચે આવો દ્વૈતભાવ-સંબંધ સચવાઈ રહ્યો હોય તો જ, શિષ્ય, આ રીતે, પોતાના ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ યોગ્ય રીતે અભિવ્યક્ત કરી શકે.

શિષ્ય પોતાના ગુરુને **'મહાત્મા'** એટલા માટે માને છે કે ગુરુએ ખૂબ ઉદારતાપૂર્વક શિષ્યની સર્વ મર્યાદાઓ અને નિર્બળતાઓને નિભાવી લીધી છે. વળી, શિષ્ય, પોતાનાં ગુરુનાં શરીરને, નમસ્કાર નથી કરતો. એની દૃષ્ટિએ તો, ગુરુદેવની એક પરમપવિત્ર ભાવમૂર્તિ જ, તેની સમક્ષ છે, જે **"सद्-उत्तम"** છે, જે માત્ર સંત-શિરોમણિ જ નહીં, બ્રહ્મવિદ્-વરિષ્ઠ પણ નહીં, - પરંતુ આનંદરસ-સ્વરૂપ અને અપાર દયાના સાગર સમા પરમાત્મા પોતે જ છે !

અને ભૂમ્ને - શબ્દમાં તો, શિષ્યનાં મનમાં, **છાંદોગ્ય**-ઉપનિષદના ઋષિએ ઉચ્ચારેલા **"ભૂમા"**નો જ ભાવ (भूमा एव सुखं, न-अल्पे सुखं अस्ति ।) હોય, એ સ્વાભાવિક છે.

અને **ગીતા**ના વિશ્વરૂપદર્શન-યોગ-નામના ૧૧મા અધ્યાયમાં, ભગવાન શ્રીકૃષ્ણને કરેલા અર્જુનના નમસ્કારના શ્લોકો (૩૯, ૪૦ વગેરે), આ અનુસંધાનમાં, આપણને ભલે યાદ આવી જાય; પરંતુ બંનેમાંના ભાવોમાં એક બહુ મોટો તફાવત છે : **ગીતા**માં તો, અર્જુને, પોતે પહેલાં ભગવાનને પોતાનું ઈશ્વરીય-સ્વરૂપનું દર્શન કરાવવાની પ્રાર્થના કરી હતી, -

द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम । (શ્લોક-૩)

અને પછી, ભગવાનનાં વિરાટરૂપને જોઈને તે એવો ભયભીત થઈ ગયો કે તેણે પોતે જ, ભગવાનને, પોતાનાં મૂળસ્વરૂપે પોતાની સમક્ષ ફરી પ્રગટ થવાની પ્રાર્થના કરી ત્યારે, આવા નમસ્કાર-શ્લોકો તેણે ઉચ્ચાર્યા હતા !

જ્યારે અહીં તો, આપણા આ પ્રસ્તુત શિષ્યનાં મનમાં, નમસ્કાર કરતી વેળાએ, ગુરુ પ્રત્યેના નિર્મળ આદરભાવ સિવાય, અન્ય કોઈ ભાવ જ નથી !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૮૭)

यत्कटाक्षशशिसान्द्रचन्द्रिका-
-पातधूतभवतापजश्रमः ।
प्राप्तवानहमखण्डवैभवानन्द-
-मात्मपदमक्षयं क्षणात् ॥४८८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यत्कटाक्षशशिसान्द्रचन्द्रिका-
-पातधूतभवतापजश्रमः ।
प्राप्तवानहमखंडवैभवानन्द-
-मात्मपदमक्षयं क्षणात् ॥४८८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यत्कटाक्षशशिसान्द्रचन्द्रिकापात-धूत-भवतापज-श्रमः अहं अखण्ड-वैभवानन्दं अक्षयं आत्मपदं क्षणात् प्राप्तवान् (तस्मै गुरवे ते नमः नमः) ॥४८८॥

શબ્દાર્થ :

આ આખો શ્લોક, ગયા શ્લોકમાંના "તે મહાત્મા ગુરુદેવને વારંવાર નમસ્કાર !" (महात्मने तस्मै गुरवे ते नमः नमः ।)-માંના ગુરુદેવ માટેનું વિશેષણ-વાક્ય છે : કેવા ગુરુદેવને નમસ્કાર ?

સમગ્ર શ્લોકમાં, શિષ્ય, આ ગુરુદેવ પ્રત્યે, આદરપૂર્વક પોતાની હાર્દિક કૃતજ્ઞતા અભિવ્યક્ત કરે છે.

મુખ્ય વાક્ય : अहं क्षणात् आत्मपदं प्राप्तवान् । प्राप्तवान् (प्र + आप् એટલે પ્રાપ્ત કરવું, એ ધાતુનું कर्तरि भूतकृदंतनું રૂપ) મેં પ્રાપ્ત કર્યું, હું પ્રાપ્ત થયો છું. મેં શું પ્રાપ્ત કર્યું ? - आत्मपदम् । આ 'आत्मपद' કેવું છે ? - अक्षयम् અવિનાશી; શાશ્વત. વળી, આ ઉપરાંત, આ આત્મપદની બીજી શી વિશિષ્ટતા છે ? - अखण्डवैभवानन्दम् । - અખંડ ઐશ્વર્ય અને આનંદસ્વરૂપ. વૈભવ એટલે સમૃદ્ધિ, ઐશ્વર્ય. આ મેળવતાં કેટલો સમય લાગ્યો - જરા પણ નહીં, - क्षणात्, ક્ષણવારમાં જ !

શિષ્યની આવી પ્રાપ્તિમાં સદ્‌ગુરુની કૃપાનું પ્રદાન શું હતું ? કેવું હતું ? - આ,

બાબતની વીગત, શ્લોકની પ્રથમ બે પંક્તિમાંના લાંબા સમાસમાં આ પ્રમાણે આપવામાં આવી છે : यत्-कटाक्ष એટલે જેમનો(જે સદ્‌ગુરુનો) કૃપા-કટાક્ષ. સદ્‌ગુરુનો આ કૃપા-કટાક્ષ કેવો છે ? - આ પ્રમાણે બે વિશેષણો : - (૧) शशिसान्द्रचन्द्रिका । सान्द्र એટલે સઘન, સુઘટ્ટ (Compact); ચંદ્રની સઘન અને સુમધુર ચાંદની જેવો શીતળ; અને (૨) पात-धूत-भवतापज-श्रमः । भवताप - સંસારનો સંતાપ; અને तस्मात् जातः श्रमः । એટલે કે સંસાર-સંતાપનો શ્રમ-થાક-કંટાળો; पात - એટલે પડવું. ચંદ્રની શીતળ ચાંદનીનું પડવું, પતન; અને આ પતનને લીધે धूत એટલે કે દૂર કરવામાં આવ્યો છે. ચંદ્રની સઘન ચાંદની જેવા, સદ્‌ગુરુના શીતળ કૃપા-કટાક્ષ વડે, તે પડતાંની સાથે જ, શિષ્યના સંસાર-સંતાપનો સઘળો શ્રમ દૂર થઈ ગયો છે, એ શ્રમનું નિવારણ થઈ ગયું છે.

અને આ શ્રમ નિવૃત્ત થવાની સાથે જ, શિષ્ય કહે છે કે, ક્ષણવારમાં જ અખંડ વૈભવરૂપી આનંદ અને અવિનાશી આત્મપદ મને પ્રાપ્ત થઈ ગયું છે ! મારા પર આવો અવર્ણનીય ઉપકાર કરનાર સદ્‌ગુરુને, આ પહેલાંના શ્લોક-૪૮૭માંની વીગતો પ્રમાણે, મારા વારંવાર નમસ્કાર હજો ! (૪૮૮)

અનુવાદ :

જેમનો કૃપાકટાક્ષ ચંદ્રની સઘન ચાંદની જેવો શીતળ છે અને જે, મારા પર પડતાંની સાથે જ, ક્ષણવારમાં, અખંડ ઐશ્વર્ય અને આનંદસ્વરૂપ આત્મપદ મને પ્રાપ્ત થઈ ગયું છે, તેમને (ગુરુદેવને વારંવાર મારા નમસ્કાર હજો !) (૪૮૮)

ટિપ્પણ :

ગુરુની કૃપા વડે શિષ્યે જે પ્રાપ્તિ કરી, તેના માટે તેણે જે શબ્દ પ્રયોજ્યો, - **'આત્મપદ'**, - તેની પસંદગી પૂરેપૂરી ઔચિત્યપૂર્ણ છે : અત્યારસુધી તે પંચકોશ અને પંચમહાભૂતવાળા **શરીર**ની પળોજણમાં પડ્યો હતો; અને જો તેને સદ્‌ગુરુનાં અમૂલ્ય ઉપદેશ અને માર્ગદર્શનનો લાભ ન મળ્યો હોત તો, હજુ પણ સંસારી જીવનના આવા **અનાત્મ**-પદાર્થોની નિરર્થક ખેવનામાં જ તે અટવાતો હોત ! એટલે **'શરીર**-પદ'માંથી મુક્ત બનીને **'આત્મપદ'**ની તેની આ પ્રાપ્તિ, એ, ખરેખર, એક અનન્ય ઉપલબ્ધિ છે.

બીજું, સંસારના સંતાપ(भवताप)માં તે સળગી રહ્યો હતો, એટલે સદ્‌ગુરુના ચંદ્રિકા-શીતળ કૃપાકટાક્ષે તો એક પ્રકારના શીતોપચાર જેવા ઉચિત અને આવશ્યક ઔષધનું જ કામ તેના પર તો કર્યું ! દાઝેલા દર્દીને હોસ્પિટલના **'બર્ન્સ વૉર્ડ'**માં આવા શીતોપચાર વડે જે રાહત થાય, એનું મૂલ્ય તો તે દર્દી જ સમજી શકે. પરંતુ

પેલા દર્દીને તો સંપૂર્ણ સાજા થવા માટે હોસ્પિટલમાં ઘણા દિવસ રહેવું પડે : સંસાર-સંતાપમાં સળગી રહેલા આ શિષ્યને જે રાહત મળી, તે તો તરત જ, ક્ષણવારમાં જ (ક્ષણાત્), - આંખના એક પલકારામાં જ (In a twinkle of the eye) !

આવો છે અસામાન્ય જાદુ, - સદ્‌ગુરુના કૃપા-કટાક્ષનો !

અને આવો જાદુ શક્ય બને છે એક જ કારણે, - શિષ્યનાં મન-હૃદય જેમાં એકાકાર થઈ ગયાં છે તે **બ્રહ્મ** છે **'નિષ્કલ', નિષ્ક્રિય', 'શાંત', 'નિરવદ્ય'** અને **'નિરાકાર'** ! - જે પોતે જ શિષ્ય માટે તો છે, **'શાશ્વત આત્મપદ'** - (The superlative state of the Supreme) !

શ્લોકનો છંદ : **રથોદ્ધતા** (૪૮૮)

૪૮૯

धन्योऽहं कृतकृत्योऽहं विमुक्तोऽहं भवग्रहात् ।
नित्यानन्दस्वरूपोऽहं पूर्णोऽहं त्वदनुग्रहात् ॥४८९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ધન્યોઽહં કૃતકૃત્યોઽહં વિમુક્તોઽહં ભવગ્રહાત્ ।
નિત્યાનન્દસ્વરૂપોઽહં પૂર્ણોઽહં ત્વદનુગ્રહાત્ ॥૪૮૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ત્વત્-અનુગ્રહાત્ અહં ધન્યઃ, અહં કૃતકૃત્યઃ, અહં ભવગ્રહાત્ વિમુક્તઃ; અહં નિત્ય-આનન્દસ્વરૂપઃ, અહં પૂર્ણઃ (ચ અસ્મિ) ॥૪૮૯॥

શબ્દાર્થ :

ત્વત્-અનુગ્રહાત્ - આપની કૃપા વડે; ભવગ્રહાત્ વિમુક્તઃ । સંસારનાં બંધનથી હું સંપૂર્ણરીતે મુક્ત થયો છું. (૪૮૯)

અનુવાદ :

(હે ગુરુદેવ !) આપની કૃપાથી હું સંસારરૂપી મગરથી મુક્ત થયો છું, ધન્ય છું, કૃતકૃત્ય થયો છું; હું નિત્ય-આનંદ-સ્વરૂપ થઈને પરિપૂર્ણ થયો છું. (૪૮૯)

ટિપ્પણ :

આમ તો, આખોય શ્લોક એવો સરળ-સુબોધ-સહેલો છે કે ટિપ્પણ-રૂપે અહીં કશું ઊમેરવાનું રહેતું જ નથી. હકીકતમાં, એવી કશી જરૂર જ નથી, તે છતાં

પોતાનાં જીવનમાં ધન્ય અને કૃતકૃત્ય-કૃતાર્થ થયેલા શિષ્યની દૃષ્ટિએ થોડી વાતની નોંધ કરવાની, આ રીતે, ઇચ્છા થાય છે :

પહેલી વાત તો એ કે શિષ્ય એક **'મુમુક્ષુ'** સાધક હતો, એટલે એને સહુથી મોટો આનંદ છે, - એની આ ઇચ્છા, એટલે કે **'મુમુક્ષા'** (મુક્ત થવાની ઇચ્છા) ફળીભૂત થઈ છે, તેનો છે. પરંતુ તેણે અહીં **સંસાર**(ભવ)ને **મગર**(ગ્રહ)નું રૂપક આપ્યું છે, તે સૂચક છે : આ સંસાર-મગર કંઈ મનુષ્યને, મનુષ્યનાં શરીરને, ધીમે-ધીમે, એનાં અંગોને એક પછી એક એમ, ચાવીને, ખાતો નથી ! એ તો, એક જ કોળિયે, એને આખો ને આખો ગળી જાય છે ! અને આ રીતે માણસ મગરનાં પેટમાં જ રહે છે ! મરી જવામાં વાંધો નથી, માણસને એક વાર, ગમે ત્યારે, મરવું તો પડે જ છે, પરંતુ આ તો, 'જીવતાં-જીવતાં મરવાનું' (Living Death) ! અથવા, વધારે યોગ્ય રીતે અભિવ્યક્ત કરીએ તો, 'મરતાં-મરતાં જીવવાનું' (Dying Life) છે !

આવાં 'જીવન-મૃત્યુ' અથવા 'મૃત્યુમય-જીવન'માંથી, એના ત્રાસ-(Torture)માંથી છુટકારો થયો, તે તો ગુરુદેવની કૃપાના પ્રતાપ-પ્રભાવનું જ સુ-પરિણામ !

બીજી વાત એ કે શિષ્ય કહે છે કે 'સચ્ચિદાનંદ-સ્વરૂપ એવા આપનાં સ્વરૂપ સાથે હું એકાકાર થયો, એટલે સ્વાભાવિક રીતે જ હું 'નિત્યાનંદ-સ્વરૂપ' તો થયો જ, પરંતુ મારામાં જે અનેક પ્રકારની અપૂર્ણતાઓ હતી, તે, આપની કૃપાથી નષ્ટ થઈ ગઈ : હું પૂર્ણ, સંપૂર્ણ, પરિપૂર્ણ બની રહ્યો ! પેલી ભૂતપૂર્વ અપૂર્ણતાને પૂર્ણ કરવા માટે હવે મારે જિંદગીમાં કશું જ કરવાનું બાકી રહેતું નથી !'

અને **ત્રીજી** તથા છેલ્લી વાત : સામાન્ય સંજોગોમાં, માણસ, પોતાના માટે, એક કરતાં વધુ વાર "**હું**"(**अहम्**)-શબ્દ પ્રયોજે તો, તે, તેનો 'અહંકાર' સૂચવે ! અને એમાં ય, આ તો, આવી અનન્ય ઉપલબ્ધિ માટે પોતાના પરમપૂજ્ય ગુરુદેવનો, **'વિનમ્રભાવે'** આભાર માનતો શિષ્ય ! એનાંમાં, વળી, આવા અહંકારનાં વિચાર-ઉચ્ચાર-આચાર, - એ તો અનૌચિત્યની પરાકાષ્ઠા કહેવાય !

અને છતાં, એક વિરોધાભાસી સત્ય એ છે કે શિષ્યનાં માનસની પ્રવર્તમાન વિશિષ્ટ પરિસ્થિતિ જોતાં, **પાંચ** વાર પ્રયોજાયેલો "**હું**(**अहम्**)"-શબ્દ, શિષ્યની વિનમ્રતાના અતિરેકનો અભિવ્યંજક જ બની રહે છે ! - અને તે પણ, ધસમસતા કોઈક મહાપ્રવાહનાં રૂપમાં !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૮૯)

असंगोऽहंमनंगोऽहमलिंगोऽहमभंगुरः ।
प्रशान्तोऽहमनन्तोऽहमतान्तोऽहं चिरन्तनः ॥४९०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અસંગોઽહંમનંગોઽહમલિંગોઽહમભંગુરઃ ।
પ્રશાંતોઽહમનન્તોઽહમતાન્તોઽહં ચિરન્તનઃ ॥૪૯૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહં અસંગઃ, અહં અનંગઃ, અહં અલિંગઃ, અહં અભંગુરઃ, અહં પ્રશાન્તઃ, અહં અનન્તઃ, અહં અતાન્તઃ (ચ) અહં ચિરન્તનઃ (અસ્મિ) ॥૪૯૦॥

શબ્દાર્થ :

અહીં પણ કૃતજ્ઞતાનો પોતાનો ભાવ અભિવ્યક્ત કરવાની શિષ્યની રીત, ગયા શ્લોકમાંની જ છે, એટલે માત્ર અઘરા શબ્દોનો અર્થ આપવાનો જ રહે છે :

અસંગઃ । સંગરહિત, સંબંધરહિત, સર્વ પ્રકારની આસક્તિઓથી રહિત.

અનંગઃ । શરીર-રહિત, એટલે કે સ્થૂળ-શરીર-વિનાનો.

અલિંગઃ । 'લિંગ' એટલે સૂક્ષ્મ-શરીર; સૂક્ષ્મ-શરીર વિનાનો;

અથવા 'લિંગ' એટલે વર્ણો અને આશ્રમોનું ચિહ્ન : વર્ણાશ્રમની કોઈ નિશાની, વિશિષ્ટતા કે મર્યાદાથી પણ પર.

અભંગુરઃ । ભંગુર અને વિનાશ થવાની સ્થિતિ; અભંગુરઃ એટલે અવ્યય, વિનાશ-રહિત;

અતાન્તઃ । નિરીહ, ઇચ્છા-વિનાનો, ક્રિયા-વિનાનો;

અથવા, થાક-વિનાનો, શ્રમ-રહિત, અ-શ્રાંત;

ચિરન્તનઃ એટલે પુરાતન, શાશ્વત. (૪૯૦)

અનુવાદ :

(હે ગુરુદેવ ! આપની કૃપાથી હવે) હું સંગ-રહિત, સ્થૂલ-શરીર-રહિત, સૂક્ષ્મ-શરીર-રહિત, વિનાશ-રહિત, પ્રશાંત, અનંત, અ-ક્રિય અને પુરાતન બની રહ્યો છું ! (૪૯૦)

ટિપ્પણ :

એ એક મનોવૈજ્ઞાનિક સત્ય છે કે મનુષ્ય જ્યારે બહુ મોટાં આનંદ-આશ્ચર્ય-

આઘાતના ઊભરાની અચાનક અનુભૂતિ કરે છે ત્યારે, તેવા ભાવોની તેની અભિવ્યક્તિનો પ્રવાહ જેટલો પ્રબળ હોય છે, તેટલો જ પ્રવેગપૂર્ણ હોય છે.

અહીં આપણા પ્રસ્તુત શિષ્યનાં મનની પણ એવી જ પરિસ્થિતિ છે. ગુરુદેવની કૃપાથી બ્રહ્મસાક્ષાત્કારના પરમાનન્દની પ્રાપ્તિ એને લાધી અને એનાં પ્રમુગ્ધ અને સંવેદનશીલ માનસ પર એનો જે પ્રભાવ પડ્યો, તેના પ્રતિભાવોનો ઉદ્રેક પણ કૈંક આવો જ સ્વતઃપ્રવર્તિત(Spontaneous), અણથંભ્યો અને અવિરત હતો. પોતાનાં જીવનની કૃતાર્થતા અને ગુરુદેવ પ્રત્યેની કૃતજ્ઞતા વગેરે ભાવો વ્યક્ત કરતી પોતાની વેગીલી વાગ્ધારાનાં તાનમાં, તે પોતે જ એવો અભાન અને અનવધાન બની ગયો કે તેણે આ એક શ્લોકમાં "હું-(अहम्)" - શબ્દ છ વાર પુનરુક્ત કર્યો, - એનો એને પોતાને જ કશો ખ્યાલ ન રહ્યો !

અને તેનાં મનની પ્રવર્તમાન લાક્ષણિક પરિસ્થિતિને લક્ષમાં લઈએ તો, તેનું આવું વલણ-વર્ણન તદ્દન સ્વાભાવિક છે, એટલું જ નહીં પરંતુ "હું-(अहम्)" - શબ્દ વારંવાર પ્રયોજવા છતાં પણ, એની નમ્રતા એટલી જ સ્પષ્ટ અને પારદર્શક વરતાતી રહે છે !

'આત્મપદ'ની પ્રાપ્તિ પછી (શ્લોક-૪૮૮), હવે તે, આનન્ત્યની પોતાની અનુભૂતિને અભિવ્યક્ત કરે છે : તેની સમગ્ર દૃષ્ટિમાં જ હવે એક જબરું પરિવર્તન આવી ગયું છે. પરમાત્માને પામ્યા પછી, જીવાત્મા, હવે, પોતાના આ પરમોચ્ચ આનંદ(Ecstasy)ને અભિવ્યક્ત કરે છે ત્યારે, તેનું વ્યક્તિત્વ-તંત્ર સંપૂર્ણરીતે અનિયત થઈ ગયું છે, જેને માનસશાસ્ત્રીય પરિભાષામાં 'Abnormal' કે 'Subnormal' જ કહી શકાય ! આવો માણસ જ પોતાની જાતને, સ્થૂલ-સૂક્ષ્મ શરીર-વિનાનો (અનન્તઃ અને અલિંગઃ) કહી શકે ને !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૯૦)

૪૯૧

अकर्ताऽहमभोक्ताऽहमविकारोऽहमक्रियः ।
शुद्धबोधस्वरूपोऽहं केवलोऽहं सदाशिवः ॥૪૯૧॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અકર્તાઽહમભોક્તાઽહમવિકારોઽહમક્રિયઃ ।
શુદ્ધબોધસ્વરૂપોઽહં કેવલોઽહં સદાશિવઃ ॥૪૯૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अहं अकर्ता, अहं अभोक्ता, अहं अविकारः, अहं अक्रियः, अहं शुद्धबोधस्वरूपः, अहं केवलः सदाशिवः (च अस्मि) ॥४९१॥

શબ્દાર્થ :

અહીં પણ શિષ્યની સંભાષણ-પદ્ધતિ, યથાપૂર્વ, એ જ ચાલુ રહી છે, એટલે શ્લોકમાંના માત્ર શબ્દોને જ સમજાવવાના રહે છે :

अकर्ता । કર્તૃત્વ કે કર્તાપણાં-વિનાનો;

अभोक्ता । ભોક્તૃત્વ કે ભોક્તાપણાં-વિનાનો;

अविकारः । વિકાર-રહિત, વિકારોથી મુક્ત, અવિકારી;

अक्रियः । ક્રિયારહિત, નિષ્ક્રિય, ક્રિયાશૂન્ય, ક્રિયા-વિનાનો;

शुद्धबोधस्वरूपः । શુદ્ધ-જ્ઞાન-સ્વરૂપ;

केवलः । કેવળ એક, અદ્વિતીય;

सदाशिवः । સદા શિવ-સ્વરૂપ. (૪૯૧)

અનુવાદ :

હું અકર્તા છું, હું અભોક્તા છું, હું વિકાર-રહિત છું, હું ક્રિયા-રહિત છું, હું શુદ્ધ-જ્ઞાન-સ્વરૂપ છું, હું કેવલ-સ્વરૂપ છું, અને હું સદા શિવસ્વરૂપ છું. (૪૯૧)

ટિપ્પણ :

"હું-(अहम्)"નું સતત રટણ કરવા છતાં, એ "હું-(अहम् - I)"-થી મુક્ત, એટલે કે સંપૂર્ણરીતે અહંભાવશૂન્ય અને બ્રહ્મૈકરૂપ બની ગયેલા વિનમ્રમૂર્તિ એવા આ શિષ્યનાં સાશ્ચર્યાનંદની એ જ અભિવ્યક્તિ, એ જ ભાવવાહી ભાષાશૈલીમાં, અહીં ચાલુ છે અને જ્યાં સુધી એનો આ પ્રમુગ્ધ ભાવાવેશ શમશે નહીં ત્યાં સુધી હજુ પણ ચાલુ રહેશે !

હવે તે **'કર્તા'** કેવી રીતે રહી શકે ? - જ્યાં કર્તૃત્વવાળું મન જ એને હવે રહ્યું નથી, ત્યાં ! અને એ જ પરિસ્થિતિ છે, એના **ભોક્તા** હોવાની ! - જ્યાં એને કશી બુદ્ધિ જ રહી નથી, ત્યાં !

મન અને બુદ્ધિ હોય, અને એ બંનેનું કાર્યક્ષેત્ર સક્ષમ હોય, તો જ એની **કર્તા-ભોક્તા** હોવાની શક્યતા ! તે પોતે **"પોતે"** મટીને, હવે તો બ્રહ્મસ્વરૂપ જ બની ગયો છે, ત્યાં પછી મન-બુદ્ધિનું તો કશું અસ્તિત્વ જ કેવી રીતે ટકી શકે ! હવે તો તે પોતે જ **'સ્વરૂપાનંદ'** બની રહ્યો છે, ત્યાં 'વિષયાનંદ', 'દ્વૈતાનંદ' કે 'ભોગાનંદ'

જેવા 'આલતુ-ફાલતુ આનંદો' તો, તેને માટે રહેતા જ નથી !

"મારી ભીતર, બ્રહ્મની બધી ક્રિયાઓ સતત ચાલી રહી છે, પરંતુ 'મારી' કોઈ પણ ક્રિયા મારે હવે રહી નથી ! અને હવે હું એવો 'શુદ્ધ-જ્ઞાન-સ્વરૂપ' બની ગયો છું કે જેમાં માત્ર જ્ઞાન છે, કોઈ વસ્તુ કે પદાર્થ એ જ્ઞાનમાં નથી ! અને આ જ સાચું ચિત્સ્વરૂપ !

"મારામાં હવે ક્યાંય-કશુંય અનેકત્વ રહ્યું જ નથી, કારણ કે હું પોતે જ 'માત્ર -એક', 'કેવલ' અને કૈવલ્ય-સ્વરૂપ બની ગયો છું !

અને આ 'કૈવલ્ય' એટલે જ સદા-શિવ-સ્વરૂપ (Auspiciousness incarnate) !"

તેમનાં એક સુપ્રસિદ્ધ સ્તોત્રમાં, આચાર્યશ્રીએ પોતે જ પોતાનાં ચિદાનંદ-શિવસ્વરૂપની જે અનુભૂતિ અભિવ્યક્ત કરી છે, -

चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम् ।

- એવી જ અનુભૂતિ અહીં તેમણે આ શિષ્યમાં પણ પ્રેરી છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૯૧)

૪૯૨

दृष्टुः श्रोतुर्वक्तुः कर्तुर्भोक्तुर्विभिन्न एवाहम् ।
नित्यनिरन्तरनिष्क्रियनिःसीमासंगपूर्णबोधात्मा ॥૪૯૨॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દૃષ્ટુઃ શ્રોતુર્વક્તુઃ કર્તુર્ભોક્તુર્વિભિન્ન એવાહમ્ ।
નિત્યનિરન્તરનિષ્ક્રિયનિઃસીમાસંગપૂર્ણબોધાત્મા ॥૪૯૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

દૃષ્ટુઃ શ્રોતુઃ વક્તુઃ કર્તુઃ ભોક્તુઃ વિભિન્નઃ એવ અહં નિત્ય-નિરન્તર-નિષ્ક્રિય-નિઃસીમ-અસંગ-બોધાત્મા (અસ્મિ) ॥૪૯૨॥

શબ્દાર્થ :

અહીં પણ શિષ્યે, પોતાની આ પરિવર્તિત પરિસ્થિતિમાં, પોતે શું છે, શું-સ્વરૂપ છે, કેવો છે, એની અનુભૂતિની અભિવ્યક્તિ, એ જ પદ્ધતિએ, ચાલુ રાખી છે.

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) विभिन्नः एव अहं (अस्मि) । વિભિન્ન એટલે જૂદો; "હું સાવ જૂદો જ છું !" કોનાથી જૂદો ? - આ **પાંચથી** : **(અ)** दृष्टुः । દૃષ્ટાથી, એટલે કે જોનાર-(Seer)થી; **(આ)** श्रोतुः । શ્રોતાથી, એટલે કે સાંભળનાર (Hearer)થી; **(ઇ)** वक्तुः । વક્તાથી, એટલે કે બોલનાર (Speaker)થી; **(ઈ)** कर्तुः । કર્તાથી, એટલે કે ક્રિયા કરનાર (Doer)થી; **(ઉ)** भोक्तुः । ભોક્તાથી, એટલે કે ભોગવનાર-(Enjoyer)થી; આ સર્વથી હું સાવ જૂદો છું.

તો પછી, હું શું છું ? કેવો છું ? - આ પછીનાં બીજાં વાક્યમાં જણાવ્યા પ્રમાણે :

(૨) नित्य-निरन्तर-निष्क्रिय-निःसीम-असंग-पूर्ण-बोधात्मा (अस्मि) ।

હું તો નિત્ય, નિરન્તર, નિષ્ક્રિય, અસીમ, અસંગ અને પૂર્ણજ્ઞાનસ્વરૂપ છું. (૪૯૨)

અનુવાદ :

દૃષ્ટા, શ્રોતા, વક્તા, કર્તા કે ભોક્તાથી, - આ સર્વથી હું સાવ જૂદો છું : હું તો નિત્ય, નિરંતર, નિષ્ક્રિય, અસીમ, અસંગ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છું. (૪૯૨)

ટિપ્પણ :

અર્થ અભિવ્યક્ત કરવાની શબ્દની શક્તિને અતિક્રમીને, તેની પેલી પાર રહેલી બાબતને, તેનાથી **'પર'** એવી વાતને, વ્યક્ત કરવાનો પ્રયત્ન જો શબ્દો કરે, તો શું પરિણામ આવે ! બસ, એવું જ કૈંક આ શ્લોકમાં થયું છે : શબ્દોનો કંઠ જાણે રુંધાઈ ગયો છે, એમનો બિચારાનો શ્વાસ જાણે સ્તંભિત થઈ ગયો છે ! **'अकथ्य'**-(Inexpressible)ને **'કથવા'**નું અને **'अवर्णनीय'** (Indescribable)ને **'વર્ણવવા'**નું પરિણામ શું આવે ? કેવું આવે ?

આ શ્લોકમાં બન્યું છે, તેવું !

છંદની દશા પણ એવી જ થઈ : પહેલી પંક્તિમાં શબ્દોને છૂટા-છૂટા પાડીને છંદ હાંફી ગયો, થાકી ગયો, એટલે બીજી પંક્તિમાં તો, તે, એકીશ્વાસે, આખો એક લાંબો સમાસ, થોથવાતાં-થોથવાતાં, માંડ-માંડ પૂરો કરી શક્યો !

જોવું, સાંભળવું, બોલવું, કરવું, ભોગવવું, - આવી બધી પ્રક્રિયાઓ તો દેહની અને દેહ સાથે સંકળાયેલી ઇન્દ્રિયોની ! શિષ્ય બિચારો સાચું જ કહે છે કે "મારે હવે દેહ કે ઇન્દ્રિયો સાથે કશો સંબંધ જ નથી, તો પછી, જોવું-સાંભળવું જેવી ક્રિયાઓ કરનારાઓ સાથે પણ મારે સંબંધ કેવો ? - આ સર્વથી હું સાવ અલગ-અળગો, ન્યારો-નિરાળો, વિભિન્ન !

વળી, આવી બધી પ્રક્રિયાઓનો સરવાળો કરીએ ત્યારે, મનુષ્યનું વ્યક્તિત્વ

(Individuality) આકાર પામે : પરંતુ હું તો વ્યક્તિત્વને અતિક્રમીને હવે **'આત્મપદ'** જ પામી ચૂક્યો છું !

હું તો હવે **'નિત્ય'** એટલે કે શાશ્વત છું, **'નિરન્તર'** એટલે કે સર્વ અંતરોને ભોળંગી ગયો છું, **'નિષ્ક્રિય'**, **'નિઃસીમ'** એટલે કે આત્માને બાંધતા સર્વ સીમાડાઓ અને એની હદને ભૂંસી ચૂક્યો છું, **'અસંગ'** એટલે કે બ્રહ્મ સિવાયના સર્વ કોઈ સંગથી હું સ્વયમેવ 'અસક્ત' થઈ ગયો છું, અને **'પરિપૂર્ણ-જ્ઞાન-સ્વરૂપ'** છું, એટલે કે મારાં મૂળ ચિત્સ્વરૂપને જ પામી ગયો છું, **ચિદ્-રૂપ** જ બની ગયો છું !"

શ્લોકનો છંદ : ઉદ્ગીતિ (૪૯૨)

૪૯૩

नाहमिदं नाहमदोऽप्युभयोरवभासकं परं शुद्धम् ।
बाह्याभ्यन्तरशून्यं पूर्णं ब्रह्माद्वितीयमेवाहम् ॥४९३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નાહમિદં નાહમદોઽપ્યુભયોરવભાસકં પરં શુદ્ધમ્ ।
બાહ્યાભ્યન્તરશૂન્યં પૂર્ણં બ્રહ્માદ્વિતીયમેવાહમ્ ॥૪૯૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अहं इदं न (अस्मि), अहं अदः न (अस्मि), अपि तु उभयोः अवभासकं बाह्याभ्यन्तरशून्यं पूर्णं अद्वितीयं शुद्धं परं ब्रह्म एव (अस्मि) ॥४९३॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अहं **'इदं'** न (अस्मि) । હું **'આ'** નથી.

(૨) अहं **'अदः'** न (अस्मि) । હું **'તે'**(પેલું)' (પણ) નથી.

તો પછી, હું શું છું ? હવે પછીનાં વાક્યમાં જણાવવામાં આવ્યા પ્રમાણે :

(૩) अपि तु ब्रह्म एव (अस्मि) । - પરંતુ હું તો માત્ર **'પર-બ્રહ્મ'** જ છું.

આ **'પરબ્રહ્મ'** કેવું છે ? - આ પ્રમાણે **'પરબ્રહ્મ'**નાં **પાંચ** વિશેષણો : **(અ)** उभयोः अवभासकम् । અવભાસક એટલે દર્શાવનાર, પ્રગટ કરનાર, પ્રકાશક; એટલે કે તે બંને(**'આ'** અને **'તે'**)નો પ્રકાશક છું. **(આ)** बाह्य-अभ्यन्तर-शून्यम् । બાહ્ય એટલે **'બહાર'**, અભ્યન્તર એટલે **'અંદર'**; શૂન્ય એટલે વિહીન, વિનાનો, વગરનો; **'બહાર'-'અંદર'** એવા કશા ભેદ-તફાવત-વિકલ્પ વિનાનો; **(ઇ)** पूर्णम् ।

- પરિપૂર્ણ, જરાયે અપૂર્ણતા-અધૂરપ વિનાનો; (ઈ) અદ્વિતીયમ્ । દ્વિતીય એટલે 'બીજું'; 'બીજાં'-વિનાનો, અનન્ય, અજોડ, એક જ; (ઉ) શુદ્ધમ્ । વિશુદ્ધ, નિર્મળ, પવિત્ર.

હું તો આવું (ઉપર પ્રમાણે પાંચ વિશેષણ ધરાવતું) પર-બ્રહ્મ જ છું. (૪૯૩)

અનુવાદ :

હું 'આ' નથી; હું 'તે' (પણ) નથી; પરંતુ હું તો ('આ' અને 'તે') બંનેનું પ્રકાશક, 'બહાર' અને 'અંદર' એવા કશા ભેદ વિનાનું, પરિપૂર્ણ, અદ્વિતીય, શુદ્ધ પર-બ્રહ્મ જ છું. (૪૯૩)

ટિપ્પણ :

શ્લોકમાં, શિષ્ય પોતાના વિશે, એટલે કે "હું" વિશે, બે વિધાનો કરે છે : **એક**, નકારાત્મક (Negative), એટલે કે "હું" શું નથી, તે. અને **બીજું**, હકારાત્મક (Positive), એટલે કે "હું" શું છું, તે.

इदम् એટલે **'આ'**, - એટલે કે મારી સામે, સમક્ષ, રહેલું બધું, જે મને દેખાય છે તે, - **પ્રત્યક્ષ.**

अदः એટલે "તે", - એટલે કે જે મારી સમક્ષ નથી, જે મને સીધેસીધું (Directly) દેખાતું નથી તે, - **પરોક્ષ.**

આ તો પરસ્પર-વિરોધી, અટપટું, અવળવાણી જેવું વિધાન કહેવાય ! જે **'આ'** ન હોય, તે **'તે'** તો હોવું જ જોઈએ અને જે **'તે'** ન હોય તે **'આ'** તો હોવું જ જોઈએ ! - બેમાંથી એક તો હોવું જ જોઈએને ! શિષ્ય તો, ઘસી-ભૂંસીને, ચોખ્ખું ને ચટ્ટ જણાવી દે છે કે "ના, હું તો **'આ'** પણ નથી, અને **'તે'** પણ નથી, - બેમાંથી એકેય નથી !"

એ વળી કેવી રીતે ?

આવી રીતે : "આ પહેલાં, હું જ્યારે અવિદ્યાને કારણે મારી જાતને **'આ'**(This) સમજતો હતો તે, હવે, એટલા માટે નથી, કે મારી તે અવિદ્યા હવે નાશ પામી છે. અને હવે જ્યારે હે ગુરુદેવ ! આપની કૃપાથી, આત્મવિદ્યા પ્રાપ્ત થતાં, હું આત્મરૂપ, બ્રહ્મસ્વરૂપ જ બની ગયો છું - ત્યારે મારે મન કોઈ "તે"(That) પણ રહેતું નથી ! હવે તો "હું" પોતે માત્ર "હું" જ, "હું(अहम्)"- સ્વરૂપે જ, રહું છું ! - વ્યાકરણશાસ્ત્રનો ફક્ત પહેલો પુરુષ એકવચન ! અવિદ્યા અને વિદ્યા, - તે બંને, - અંતે તો, - મારી બુદ્ધિનાં જ બે પાસાં હતાં ! હવે જ્યારે બ્રહ્મસ્વરૂપે જ મારી પોતાની અનુભૂતિ હું કરી રહ્યો છું ત્યારે, મારે, વળી, બુદ્ધિ કેવી ને વાત

શી ? વિદ્યા કેવી ને અવિદ્યા કેવી ? 'આ' કોણ ને 'તે' કોણ ? "હું"-સ્વરૂપ બની રહેલું "બ્રહ્મ" જ હવે તો, "આ" અને "તે"– તે બંનેને, – એ બંનેને જ નહીં, - સર્વને, સર્વત્રને, સર્વથા, સર્વદા, પ્રકાશી રહ્યું છે (अवभासकम्) !

અને બ્રહ્મસ્વરૂપ બની રહેલાં - મારામાં, હવે, કોઈ ઉપાધિ જ રહી નથી, દેશ-કાલ-વસ્તુના સર્વ પરિચ્છેદો, સર્વ મર્યાદાઓ (Limitations, Conditionings) જ રહ્યાં નથી, તો પછી, 'બહાર' અને 'અંદર', - એવા કશા ભેદો રહી શકે જ ક્યાંથી ? કેવી રીતે ? (बाह्याभ्यन्तरशून्यम्).

હવે તો, શુદ્ધ, પૂર્ણ, અદ્વિતીય એવું એકમાત્ર પરબ્રહ્મ ! - અને તે સ્વરૂપે જ "હું" (अहम्) !

શ્લોકનો છંદ : ગીતિ (૪૯૩)

૪૯૪

निरुपममनादितत्त्वं त्वमहमिदमद इति कल्पनादूरम् ।
नित्यानन्दैकरसं सत्यं ब्रह्माद्वितीयमेवाहम् ॥४९४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

निरुपममनादितत्त्वं त्वमहमिदमद ईति कल्पनादूरम् ।
नित्यानन्दैकरसं सत्यं ब्रह्माद्वितीयमेवाहम् ॥४९४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(यत्) निरुपमम्, अनादितत्त्वं, 'त्वं-अहं-इदं-अदः' इति कल्पनादूरं, नित्यानन्दैकरसं, सत्यं अद्वितीयं, (तत्) ब्रह्म एव अहं (अस्मि) ॥४९४॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (तत्) ब्रह्म एव अहं अस्मि । તે જ બ્રહ્મ હું છું. "તે બ્રહ્મ", - એટલે કયું; કેવું બ્રહ્મ ? - આ પ્રમાણે બ્રહ્મનાં છ વિશેષણો : (૧) निरुपमम् । - ઉપમારહિત, અનુપમ, (Un-paralleled, Incomparable, Unique); (૨) अनादितत्त्वम् । - જેનું તત્ત્વ અનાદિ છે, જેનું સ્વરૂપ અનાદિ છે, તેવું; (૩) 'त्वं-अहं-इदं-अदः' इति कल्पनादूरम् । "તું-હું-આ-તે" - એવી કલ્પનાથી જે દૂર છે, તેવું; (૪) नित्य-आनन्द-एक-रसम् । नित्य आनंद-માત્ર અને એક-રસ-સ્વરૂપ છે તેવું; (૫) सत्यम् । જે સત્યસ્વરૂપ છે, તેવું; અને (૬) अद्वितीयम् । જે અદ્વિતીય છે, તેવું.

અનુવાદ :

જે ઉપમા-રહિત, અનાદિ-તત્ત્વ છે, જે 'તું-હું-આ-તે' એવી કલ્પનાથી દૂર છે, જે નિત્ય આનંદ-માત્ર એકરસ-સ્વરૂપ છે, જે સત્ય અને અદ્વિતીય છે, તે બ્રહ્મ જ હું છું. (૪૯૪)

ટિપ્પણ :

સંપૂર્ણરીતે બ્રહ્મીભાવની અનુભૂતિ કરી રહેલા શિષ્યે, અહીં તો, 'હું જ તે બ્રહ્મ છું', - એ રીતે, પોતાની અનુભૂતિને સ્પષ્ટરીતે શબ્દસ્થ કરી દીધી.

અને જેમ-જેમ એની એ અનુભૂતિ સવિશેષ પ્રગાઢ અને સઘન થતી જાય છે તેમ-તેમ, તેને બ્રહ્મસ્વરૂપનાં પાસાંઓની વિશિષ્ટતાનો જે પરિચય સદ્‌ગુરુના ઉપદેશ દ્વારા માત્ર પરોક્ષ રીતે, અત્યારસુધી, પ્રાપ્ત થયો હતો, તેનો, તેને, અત્યારે, પ્રત્યક્ષ-સ્વરૂપે સાક્ષાત્કાર થઈ રહ્યો છે, અને તેનો પ્રહર્ષ તે એકધારો અને અસ્ખલિત અભિવ્યક્ત કરી રહ્યો છે.

બ્રહ્મ નિરુપમ છે, એના જેવું અન્ય કોઈ તત્ત્વ જ અખિલ બ્રહ્માંડમાં નથી; વળી, તે એવું એકમાત્ર તત્ત્વ છે, જે અનાદિ છે, જે કાળની મર્યાદાથી પર છે; હું-તું-આ-તે જેવા વ્યાકરણનાં કોઈ સર્વનામો(Pronous)ના પરિચ્છેદો(Limitations) હવે તેને નડતા નથી; અને તે એક-અદ્વિતીય, નિત્ય, આનંદ-રસ-સ્વરૂપ છે, એની આજે તેને પૂરી પ્રતીતિ થઈ રહી છે. ટૂંકમાં, અત્યારસુધી જે માત્ર સાંભળ્યું હતું, તેનો તે અત્યારે પ્રત્યક્ષાનુભવ કરી રહ્યો છે.

શ્લોકનો છંદ : (૪૯૪)

૪૯૫

नारायणोऽहं नरकान्तकोऽहं
पुरान्तकोऽहं पुरुषोऽहमीशः ।
अखण्डबोधोऽहमशेषसाक्षी
निरीश्वरोऽहं निरहं च निर्ममः ॥४९५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નારાયણોઽહં નરકાન્તકોઽહં
પુરાન્તકોઽહં પુરુષોઽહમીશઃ ।
અખંડબોધોઽહમશેષસાક્ષી
નિરીશ્વરોઽહં નિરહં ચ નિર્મમઃ ॥૪૯૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહં નારાયણઃ, અહં નરકાન્તકઃ, અહં પુરાન્તકઃ, અહં પુરુષઃ, અહં ઈશઃ, અહં અખણ્ડબોધઃ, (અહં) અશેષસાક્ષી, અહં નિરીશ્વરઃ, અહં નિરહં નિર્મમઃ ચ (અસ્મિ) ॥૪૯૫॥

શબ્દાર્થ :

હવે જ્યારે શિષ્ય બ્રહ્મ સાથેના સંપૂર્ણ સાયુજ્યભાવનો અનુભવ કરી રહ્યો છે ત્યારે, આ શ્લોકમાં, અનેક વાર પ્રયોજાયેલો **અહં** - શબ્દ, 'બ્રહ્મ'-ના અર્થમાં જ સમજવાનો રહે છે. શિષ્ય પોતે તો, પોતાને, બ્રહ્મસ્વરૂપમાં સંપૂર્ણતઃ પ્રલીન થયાની જ અનુભૂતિ કરી રહ્યો છે, તેથી, તેનો કોઈ વ્યક્તિગત **અહં** તો હવે અસ્તિત્વ જ ધરાવતો નથી !

અને તેથી જ, પોતાની આ અનુભૂતિને, તે, પ્રથમ-પુરુષ એકવચનમાં અભિવ્યક્ત કરે છે : મનુષ્યની જીવનયાત્રા, **'નરથી નારાયણ'** અને **'જીવથી શિવ'** સુધીની હોય છે, - અથવા તો, મુમુક્ષુ સાધક માટે તો, - હોવી જોઈએ; તેથી શિષ્ય આજે પોતાની તે યાત્રાની પરાકાષ્ઠાએ, સદ્‌ગુરુની કૃપાથી, પહોંચી ગયાનો એકરાર અભિવ્યક્ત કરી રહ્યો છે : "હે મુક્તિપ્રદાતા ગુરુદેવ ! આજે હવે હું નથી **નર** કે નથી **જીવ** : આજે તો હું પોતે જ **"નારાયણ"** છું અને સ્વયમેવ હું જ **"શિવ"** છું ! " અને પોતાની આ કૃતાર્થતા, તે, **'નારાયણ'**થી આરંભીને છેક **'નિર્મમ'** સુધીની, "અહં અસ્મિ ।" - એવાં સાક્ષાત્સ્વરૂપે, એકધારી, અણ-અટકી, નિરૂપી રહ્યો છે !

"નર"નું સાચી દિશામાં જો **"અયન"** (इ-એટલે 'જવું', - એ ધાતુ પરથી બનેલું નામ : **'ગમન'**, **'Going'**) થાય તો જ, **'નર'** પોતે **'નારાયણ'** બની શકે. જીવની **'શિવ'** તરફની યાત્રા પણ એવી જ ! આજે, શિષ્યે, આ બંને યાત્રાઓનાં ઈશ્વરીય અંતિમો(Extremes)ને પ્રાપ્ત કરી લીધાં છે; એટલે પછી, **'નરકાસુર'**ને હણી નાખનાર (અન્તક) **'નારાયણ'** અને **'ત્રિપુરાસુર'**ને મારનાર (અન્તક) **'શિવ'** પણ પોતે જ છે, - એવો દાવો જો શિષ્ય કરે તો, એ એની **ગર્વોક્તિ** નથી, પરંતુ **સ્વભાવોક્તિ** છે ! અને પોતાના આ **નારાયણભાવ** અને **શિવભાવ**ની સિદ્ધિ પછી, પોતે, હવે, **'પુરુષ'** છે, **'ઈશ'** છે, **અખંડ-જ્ઞાનસ્વરૂપ, સર્વનો સાક્ષી** (અશેષસાક્ષી) છે, "મારા પોતાના પર હવે કોઈની સત્તા નથી" (**નિરીશ્વરઃ**), એટલે **ઈશ્વર** હોવા છતાં હું હવે **નિરીશ્વર** છું ! અને મારા, અત્યારસુધીના સર્વ **'અહંભાવ'** અને **'મમભાવ'** પૂરેપૂરા પ્રણષ્ટ થઈ ગયા હોવાથી, હું હવે સાચા અર્થમાં (Literally), **નિરહં** અને

નિર્મમ બની ગયો છું !" - એમ કહું તો, તે **અતિશયોક્તિ** નથી, પણ એક **અલ્પોક્તિ** જ છે !" (૪૯૫)

અનુવાદ :

(હવે તો, હે ગુરુદેવ !) **નારાયણ** હું છું અને **નરકાસુરનો નાશક** પણ હું છું; **ત્રિપુરાસુર**નો ઘાતક (**શિવ**) પણ હું જ છું. હું જ **પુરુષ** અને હું જ **ઈશ્વર** છું; **અખંડ-જ્ઞાન-સ્વરૂપ** હું છું અને હવે મારા પર બીજો કોઈ **'ઈશ્વર'** ન હોવાથી, હું જ **'નિરીશ્વર'** છું : (હવે તો) હું પોતે જ **"અહં"**-વિનાનો અને **"મમતા"**-વિનાનો બની ગયો છું. (૪૯૫)

ટિપ્પણ :

શિષ્ય પોતે **શ્રુતિ** ઉપરાંત, શાસ્ત્રો-પુરાણો વગેરે **સ્મૃતિ**-સાહિત્યનો પણ અભ્યાસી છે; એટલે, વિશ્વકલ્યાણનાં હિતમાં, **નારાયણે નરકાસુર**નો અને **શિવ**-ભગવાને **ત્રિપુરાસુર**નો સંહાર કર્યો હતો, એ આખ્યાયિકા તેને યાદ આવી જાય છે. અને **ઋગ્વેદ**નાં 'પુરુષસૂક્ત'(૧૦, ૯૦)માં, સૃષ્ટિનાં સર્જન માટે, **પુરુષે** એક મહા-યજ્ઞ કર્યો હતો, - એનું પણ એને સ્મરણ થઈ આવ્યું. પરંતુ હવે તો, **વેદાંત**-દર્શનનાં પરમ-ચરમ અને એકમાત્ર પ્રાપ્તવ્યને, **બ્રહ્મ**-ને, તે પ્રાપ્ત કરી ચૂક્યો છે; અને તેથી સમગ્ર બ્રહ્માંડમાં, હવે **બ્રહ્મ (એક અને અદ્વિતીય બ્રહ્મ)** સિવાય અન્ય કશું જ અસ્તિત્વ ધરાવતું નથી ત્યારે, અને એ બ્રહ્મ સાથે તો તે પોતે સંપૂર્ણરીતે એકત્વ પામી રહ્યો છે ત્યારે, હવે, કોણ **નારાયણ** ! કોણ **શિવ** ! કોણ **પુરુષ** ! અને કોણ **ઈશ** ! હવે તો, **બ્રહ્મૈકસ્વરૂપ** એવો હું જ **નારાયણ**, હું જ **શિવ** અને હું જ **પુરુષ** !

શિષ્યની પરમાનુભૂતિના આ ભાવને, **"બ્રહ્મસૂત્ર"**નું સમર્થન પણ આ રીતે મળી રહે છે :

अत एव च अनन्याधिपतिः ।

("આથી જ, મુક્તાત્મા માટે, હવે, અન્ય કોઈ ઈશ્વર રહેતો નથી !")

નર-નારાયણ, જીવ-શિવ અને આત્મા-પરમાત્માનાં સંપૂર્ણ ઐક્ય પછી તો જે "હું" અવિશિષ્ટ રહે છે, તે તો, પરમ-બ્રહ્મમાં પૂરેપૂરો વિલીન થઈને, બ્રહ્મસ્વરૂપ પામી રહેલો, આ શિષ્ય જ ! - બ્રહ્મનાં સર્વ વિશેષણોથી વિશિષ્ટ એવા હું-(અહં)-રૂપે કૃતાર્થ થયેલો આ મુમુક્ષુ સાધક જ !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૯૫)

सर्वेषु भूतेष्वहमेव संस्थितो
ज्ञानात्मनाऽन्तर्बहिराश्रयः सन् ।
भोक्ता च भोग्यं स्वयमेव सर्वं
यद्यत्पृथग्दृष्टमिदन्तया पुरा ॥४९६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सर्वेषु भूतेष्वहमेव संस्थितो
ज्ञानात्मनाऽन्तर्बहिराश्रयः सन् ।
भोक्ता च भोग्यं स्वयमेव सर्वं
यद्यत्पृथग्दृष्टमिदन्तया पुरा ॥४९६॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ज्ञानात्मना आश्रयः सन्, अहं एव अन्तः बहिः सर्वेषु भूतेषु (च) संस्थितः (अस्मि); भोक्ता च भोग्यं च सर्वं यद् यत् पुरा इदं-तया (मया) पृथग् दृष्टं, तत् स्वयं एव (अस्मि) ॥४९६॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ज्ञानात्मना अहं एव संस्थितः (अस्मि) । - જ્ઞાનસ્વરૂપે હું જ રહેલો છું. કેવી રીતે રહેલો છું ? - आश्रयः सन् । આશ્રયરૂપે, આશ્રય બનીને. કોનો આશ્રય ? - सर्वेषु भूतेषु । સર્વ પ્રાણીઓમાં, બધી વસ્તુમાત્રનો, સર્વ પદાર્થોનો. ક્યાં આશ્રય ? अन्तः बहिः । - આંતર અને બાહ્ય, અંદર અને બહાર : જ્ઞાનસ્વરૂપે, અંદર-બહાર, સર્વ પ્રાણીઓમાં, હું જ આશ્રયરૂપ હોવાથી, રહેલો છું.

(૨) भोक्ता च भोग्यं च सर्वं यद् यत् (मया) पुरा पृथग् दृष्टं, तत सर्वं) एव अहं अस्मि । (तत् सर्वं) अहं एव अस्मि । તે બધું જ હું પોતે જ છું. કયું બધું ? यद् यद् मया पुरा दृष्टं (तत् सर्वम्) - જે-જે (કંઈ) મેં અગાઉ (पुरा) જોયું હતું, તે બધું જ. અગાઉ શું-શું જોયું હતું ? - भोक्ता च भोग्यं च (एतत् सर्वम्) । - ભોક્તા એટલે કે જીવ અને ભોગ્ય એટલે કે જગત. આ બધું કેવાં સ્વરૂપે જોયું હતું ? इदं-तया, पृथक् । 'આ'-રૂપે, પૃથક્સ્વરૂપે, જુદા-જુદા

જણાતા હોય, એવી રીતે. (૪૯૬)

અનુવાદ :

જ્ઞાનસ્વરૂપે હું જ આશ્રયરૂપે હોવાથી, બધા પ્રાણીઓમાં, અંદર-બહાર હું જ રહેલો છું; અને 'આ'-રૂપે અગાઉ મને જે જૂદાં-જૂદા જણાતા હતા, તે સર્વ ભોગ્ય (જગત અને તેમાંના પદાર્થો) અને તેનો ભોક્તા (પણ) હું પોતે જ છું. (૪૯૬)

ટિપ્પણ :

પોતાનું જે અનન્ય અને અનપેક્ષિત ઊર્ધ્વીકરણ (Sublimation), સદ્‌ગુરુનાં ઔદાર્ય અને કૃપાદૃષ્ટિનાં પરિણામ-સ્વરૂપ, થયું છે, તેને, શિષ્ય પોતાનું પરમ-સદ્‌ભાગ્ય સમજે છે, અને તેના આનંદ-અતિરેકના અનુભવને અભિવ્યક્ત કરતાં શિષ્ય સદ્‌ગુરુને કહે છે કે "હે ભગવન્ ! આજે હું સર્વત્ર, અંદર અને બહાર, જગતનાં સર્વ પ્રાણીઓમાં અને પદાર્થોમાં, જ્ઞાન-સ્વરૂપનાં માધ્યમોમાં, સર્વનો આશ્રય બનીને હું જ રહેલો છું.

"અને બીજો એક ચમત્કાર તો મને આજે એ ઉપલબ્ધ થયો છે કે આ પહેલાં, અગાઉ, - એટલે કે આજની મારી આ બ્રાહ્મીસ્થિતિની ઉપલબ્ધિ પૂર્વે, - મને જે કંઈ **'આ(इदं)'**-સ્વરૂપે અને **'તે'(तद्)**-નાં રૂપમાં જૂદાં-જૂદાં (પૃથક્) દેખાતાં હતાં (इदंतया दृष्टम्), તે બધાંને હવે **'આ-તે'**-સ્વરૂપમાં જૂદાં નહીં, પરંતુ માત્ર - **'હું'**-સ્વરૂપે જ હું જોઈ રહ્યો છું, - અને આમાં પણ આશ્ચર્યોનું આશ્ચર્ય તો એ છે કે દૃષ્ટા પણ હું જ છું અને **દૃશ્ય** પણ હું જ છું ! **ભોક્તા** પણ હું જ અને **ભોગ્ય** પણ હું જ ! **કર્તા**(Subject) પણ હું જ અને **કર્મ**(Object) પણ હું જ !"

"સંક્ષેપમાં, પ્રમાતા-ચૈતન્ય તરીકે, એટલે કે ચિદ્-રૂપ અથવા જ્ઞાન-રૂપ થઈને, એ જ્ઞાનનાં જ આશ્રયે, મારાં જ અંતઃકરણ દ્વારા, હું જ સર્વત્ર, સબાહ્યાંતર, સર્વમાં, સ્થિત બની ગયો છું ! અને આ રીતે જ્યારે પ્રમાતા-ચૈતન્ય પોતે જ જ્યારે સર્વનું અધિષ્ઠાન બની રહે ત્યારે, - આવી ઘટનામાં, - **'આરોપિત'** અને **'અધિષ્ઠાન'** (Substratum) વચ્ચે કશી ભિન્નતા રહેતી જ નથી : न अधिष्ठानाद् भिन्नता आरोपितस्य ।

બસ, આજે હવે હું સર્વ અધિષ્ઠાનો સાથે કોઈક અપૂર્વ પ્રકારની અભિન્નતા અનુભવી રહ્યો છું !"

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૪૯૬)

मय्यखण्डसुखाम्भोधौ बहुधा विश्ववीचयः ।
उत्पद्यन्ते विलीयन्ते मायामारुतविभ्रमात् ॥४९७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

મય્યખંડસુખાંભોધૌ બહુધા વિશ્વવીચયઃ ।
ઉત્પદ્યન્તે વિલીયન્તે માયામારુતવિભ્રમાત્ ॥૪૯૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અખણ્ડ-સુખ-અમ્ભોધૌ મયિ, બહુધા વિશ્વવીચયઃ માયા-મારુત-વિભ્રમાત્ ઉત્પદ્યન્તે વિલીયન્તે ચ ॥૪૯૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : વિશ્વવીચયઃ ઉત્પદ્યન્તે વિલીયન્તે ચ । વીચિ - મોજું, તરંગ (A wave). ઉત્પદ્યન્તે - ઉત્પન્ન, પેદા થાય છે, ઉદ્ભવે છે, ઊછળે છે અને વિલીયન્તે - વિલીન થઈ જાય છે, શમી જાય છે, શાંત થઈ જાય છે (Subside, merge). આ મોજાં શાનાં છે ? વિશ્વનાં, જગતનાં; અથવા વિશ્વ-રૂપી, જગત-રૂપી. આ મોજાં કેવાં છે ? - બહુધા । અનેક આકારવાળાં, અનેક પ્રકારનાં, અનેક સ્વરૂપનાં. આ બધાં મોજાં ક્યાં ઉત્પન્ન થાય છે અને ક્યાં વિલીન થઈ જાય છે ? - મયિ । મારામાં. હું કેવો છું ? - અખણ્ડ-સુખ-અમ્ભોધૌ । અમ્ભોધિ એટલે સાગર, સમુદ્ર. આ સમુદ્ર શાનો છે ? - સુખનો, અને આ 'સુખ' કેવું છે ? - અખણ્ડ, એટલે સતત ચાલુ રહેતું, વચ્ચે જરા પણ ન અટકતું, સાતત્યપૂર્ણ, અનંત. અખંડ-સુખ-રૂપ સમુદ્ર એવો હું છું, અને એવા મારામાં આવા અનેકાકાર વિશ્વ-તરંગો ઉત્પન્ન થાય છે અને ફરી પાછા ત્યાં જ વિલીન થઈ જાય છે.

પરંતુ આ તરંગો પેદા થાય છે, તે શા કારણે ? શાથી ? - માયા-મારુત-વિભ્રમાત્ । મારુત - એટલે તોફાની પવન, પવનનું તોફાન, વંટોળિયો(Storm). વિભ્રમ એટલે વેગ, ઝડપ(Velocity). માયારૂપી પવનનાં તોફાનને કારણે, વંટોળિયા-વાવાઝોડાં(Whirlwind)ને લીધે. (૪૯૭)

અનુવાદ :

અખંડ સુખના સમુદ્ર સમાં મારામાં, અનેક પ્રકારનાં જગત-રૂપી તરંગો, માયારૂપી વાયુનાં તોફાનને કારણે, ઉત્પન્ન થાય છે અને વિલીન થઈ

જાય છે. (૪૯૭)

ટિપ્પણ :

જ્ઞાનમૂર્તિ ગુરુદેવનાં સચોટ માર્ગદર્શનનાં પરિણામે અને પ્રભાવે, શિષ્યને હવે સચ્ચિદાનંદ-(સત્-ચિદ્-આનંદ)-સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે, એટલે તે સ્વયં આનંદ-સ્વરૂપ, સુખ-સ્વરૂપ (Divine Bliss) બની ગયો છે. પરંતુ આ 'સુખ' કોઈ સામાન્ય, સ્થૂલ સ્વરૂપનું નથી, પરમબ્રહ્મનાં મૂળ-સ્વરૂપમાંનું (સત્-ચિદ્-આનંદમાંનું) ઈશ્વરીય-આત્મિક સુખ છે; એટલે, આવાં સુખની બે વિશિષ્ટતા આ પ્રકારની હોય છે : **એક**, એ સુખ કોઈ મર્યાદિત સમયાવધિ પૂરતું જ નથી હોતું, અણઅટક્યું, સાતત્યપૂર્ણ, **'અખંડ'** હોય છે, અને **બીજી**, - આવાં **'સુખ'**નું સ્વરૂપ, એનું કદ (Size, Quantity) નાનકડું નથી હોતું, આવાં સુખનો તો મોટો **'સમુદ્ર'** (अम्भोधि) જ હોય !

શિષ્ય અત્યારે, પોતે જ, **'અખંડ-સુખ-સાગર'** બની ગયો છે !

છાંદોગ્ય-ઉપનિષદના ઋષિએ પણ, –

यो वै भूमा तत् सुखं, न अल्पे सुखं अस्ति । (૭, ૨૪, ૧)

("ભૂમા એટલે કે **"નિરતિશય"** એ જ સુખ છે, **અલ્પ** એ સુખ નથી !")

– એમ કહીને, અખંડ-સુખના આ સાગરનું જ સમર્થન કર્યું છે.

"ભૂમા" (Abundance, Plenty, A large quantity, Maximum) એટલે જ, આ શિષ્યનો પ્રવર્તમાન **'અખંડ-સુખ-સમુદ્ર !'**

પરંતુ આ સમુદ્ર, **'શિષ્યનો'** નથી, **'શિષ્ય-સ્વરૂપ'** છે : તે પોતે જ અત્યારે આવો **'અખંડ-સુખ-સમુદ્ર'** બની ગયો છે !

અત્યારસુધીનાં પોતાનાં જીવનમાં, એટલે કે હમણાં એને જે અભૂતપૂર્વ આનંદની ઉપલબ્ધિ થઈ તે પહેલાંનાં પોતાનાં ભૂતપૂર્વ જીવનમાં, તેણે, વંટોળને કારણે દરિયામાં ઊછળતાં મોજાં જોયાં હતાં. તે વખતે, તે શાબ્દિક અર્થમાં, **'તટસ્થ'** હતો, દરિયાના તટ પર, કાંઠા પર, ઊભો જ હતો; એટલે એ સમુદ્રતરંગોનું દર્શન, તેણે, કેવળ 'તટસ્થભાવે' જ કર્યું હતું !

પરંતુ આજે તો, તે કહે છે કે "હું પોતે જ અખંડ-સુખનો સમુદ્ર (अखण्ड-सुख-अम्भोधौ मयि) બની ગયો છું અને, હવે તો, હું પેલા ભૌતિક-વાસ્તવિક જગતમાં રહ્યો નથી, એટલે, માયાનાં વા-વંટોળને કારણે, જગતરૂપી આવાં અનેક મોજાંઓનાં તોફાનોને, ઉત્પન્ન થતાં અને વિલીન થઈ જતાં, હું, મારાં-પોતાનાં-માં જ (मयि) પ્રત્યક્ષ જોઈ રહ્યો છું, અનુભવી રહ્યો છું !

અને આ સમગ્ર દૃશ્યની મઝા એ છે કે મારાંમાં જ, એટલે કે હું-રૂપી 'અખંડ-સુખ-સમુદ્ર'માં જ, આવી બધી લીલાઓ, - જગતની ઉત્પત્તિ-સ્થિતિ-વિલયની, - સતત ચાલી રહી હોવા છતાં, અગાઉની જેમ, અત્યારે પણ હું **'તટસ્થ'** જ છું !

મારાંમાં જ આવું બધું સતત ચાલી રહ્યું હોવા છતાં, હું પોતે તો એનાથી સંપૂર્ણરીતે અલિપ્ત જ છું ! **'અંદર'** હોવા છતાં, જાણે **'બહાર'** હોઉં, એવા સાક્ષીભાવે, જગતની ઉત્પત્તિ-સ્થિતિ-વિલીનતાની સતત ચાલી રહેલી આવી **'ક્રીડા'**નું દર્શન કરવાનો આવો અભૂતપૂર્વ લ્હાવો (Privilege) આજે હું મ્હાણી રહ્યો છું !"

એમ લાગે છે કે ભગવત્પાદ આચાર્યશ્રીએ પોતાની **"સ્વાત્મનિરૂપણ"**-નામક કૃતિમાંનો આ શ્લોક જ, અહીં, શિષ્યનાં મુખમાં મૂકી દીધો છે :

मयि सुखबोधपयोधौ महति ब्रह्माण्डबुद्बुत्सहस्रम् ।
मायामयेन महता भूत्वा भूत्वा मुहुस्तिरोधत्ते ॥

("સુખસ્વરૂપ જ્ઞાનના મહા-ક્ષીરસાગર એવા મારામાં, માયાના પવન વડે, જગત-રૂપી હજારો બુદ્બુદો, ફરી-ફરીને ઊછળ્યાં કરે છે અને શમ્યાં કરે છે !")

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૪૯૭)

૪૯૮

स्थूलादिभावा मयि कल्पिता भ्रमा-
-दारोपिता नु स्फुरणेन लोकैः ।
काले यथा कल्पकवत्सराय-
-नर्त्वादयो निष्कलनिर्विकल्पे ॥४९८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્થૂલાદિભાવા મયિ કલ્પિતા ભ્રમા-
-દારોપિતા નુ સ્ફુરણેન લોકૈઃ ।
કાલે યથા કલ્પકવત્સરાય-
-નર્ત્વાદયો નિષ્કલનિર્વિકલ્પે ॥૪૯૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા (નિષ્કલનિર્બિકલ્પે) કાલે કલ્પક-વત્સર-અયન-ઋત્વાદયઃ આરોપિતાઃ, (તથા) નિષ્કલનિર્વિકલ્પે મયિ લોકૈઃ ભ્રમાત્ સ્ફુરણેન સ્થૂલાદિભાવાઃ

कल्पिताः ॥४९८॥

शब्दार्थ :

મુખ્ય વાક્ય : (તથા) मयि लोकैः स्थूल-आदिभावाः कल्पिताः । मयि - મારામાં, મારા આત્મામાં. स्थूलादिभावाः એટલે સ્થૂલ(સૂક્ષ્મ)વગેરે ભાવો; कल्पिताः । કલ્પના કરવામાં આવે છે. કોના વડે ? लोकैः । લોકો વડે; લોકો કલ્પના કરે છે; આરોપણાત્મક કલ્પના કરે છે, આરોપણનાં રૂપમાં કલ્પના કરે છે. "હું" કેવો ? निष्कलनिर्विकल्पे मयि । निष्कल એટલે અવયવરહિત; નિરવયવ, કોઈ પણ પ્રકારના ભાગો-વિભાગો-વિનાનો. લોકો આવી કલ્પના શા કારણે કરે છે ? - भ्रमात् । ભ્રમને કારણે, ભ્રમવશાત્, અને स्फुरणेन । ભ્રમને કારણે જ થતી સ્ફુરણાને લીધે. तथा એટલે, તેવી રીતે; 'તેવી રીતે' એટલે કેવી રીતે ? - આ પછીનાં બીજાં વાક્યમાં દર્શાવવામાં આવ્યું છે, તેવી રીતે : (यथा) काले आरोपिताः । જેવી રીતે કાળમાં આરોપિત થાય છે. કાળ કેવો છે ? તે પણ (મારા જેવો જ) નિરવયવ અને નિર્વિકલ્પ છે. આવા કાળમાં શાનું આરોપણ કરવામાં આવે છે ? - कल्पक-वत्सर-अयन-ऋतु-आदयः । कल्पक એટલે કલ્પ, યુગ; वत्सर એટલે વર્ષ, સંવત્સર; अयन એટલે છ-છ મહિનાનાં બે **'अयनो'**, - ઉત્તરાયણ અને દક્ષિણાયન; ऋतु - હેમંત, શિશિર વગેરે છ ઋતુઓ; આ સર્વના ભેદોનું જેમ કાળમાં આરોપણ કરવામાં આવે છે તેમ જ, - મારામાં (मयि) કલ્પના કરવામાં આવે છે. नु - એટલે ખરેખર, સાચે જ. (૪૯૮)

અનુવાદ :

જેવી રીતે (નિરવયવ-નિર્વિકલ્પ એવા) કાળમાં, યુગ-વર્ષ-અયન-ઋતુ વગેરે(ના ભેદો)નું આરોપણ થાય છે, તેવી રીતે નિરવયવ અને નિર્વિકલ્પ એવા મારામાં, લોકો ભ્રમને કારણે થતી સ્ફુરણાને લીધે, ખરેખર, સ્થૂલ(સૂક્ષ્મ) વગેરે ભાવોની કલ્પના કરે છે. (૪૯૮)

ટિપ્પણ :

અત્યારે તો, આપણે, આ પહેલાં જોયું છે તેમ, શિષ્ય પોતે જ, બ્રહ્મનો સાક્ષાત્કાર પામ્યો છે, બ્રહ્મમય બની ગયો છે, બ્રહ્મરૂપી અધિષ્ઠાનમાં સંપૂર્ણરીતે સ્થિત અને સ્થિર થઈ ગયો છે, અને તે છતાં લોકો તો હજુ પણ તેને તેમની ભ્રમણાભરી નજરે જ જુએ છે અને આવી ભ્રાન્ત સ્ફુરણા અને કલ્પનાનાં પરિણામે, તેઓ, આજે પણ, યથાપૂર્વ, શિષ્ય કહે છે કે, "મારામાં અનેક પ્રકારના કાલ્પનિક ભેદોનું આરોપણ

કરે છે !"

"હે કૃપાનિધાન ગુરુદેવ ! આપની ઉદારતા અને કરુણાનાં પરિણામ-સ્વરૂપ આજે તો બ્રહ્મમય બનેલો હું સંપૂર્ણરીતે નિરવયવ અને નિર્વિકલ્પ જ છું, મારે હવે સ્થૂલ-સૂક્ષ્મ-કારણ વગેરે શરીરોના ભેદો રહ્યા નથી. દેશ-કાલ-વસ્તુ વગેરે પરિચ્છેદો-(Limitations)થી હું પર થઈ ગયો છું, આપે મારાં સમગ્ર અજ્ઞાનને નિર્મૂળ કરી નાખ્યું છે અને હવે હું પૂરેપૂરો નિર્લેપ અને નિઃસંગ છું; તો પછી હવે મારામાં કશા સ્થૂલ-સૂક્ષ્મના ભેદ સંભવે જ કેવી રીતે ?"

"અને છતાં લોકો તો હજુ પણ અજ્ઞાન-અધ્યાસ વગેરેની એવી જ ભ્રમણા અને એને કારણે સ્ફુરેલી ભ્રાન્ત કલ્પનાઓમાં જ રાચે છે અને મારા પર આવાં મિથ્યા આરોપણો કર્યા જ કરે છે !"

લોકોનું આવું ભ્રાન્ત વલણ-વર્તન કોના જેવું છે ?

શિષ્ય આ બાબત એક સમુચિત સામ્યનું આલેખન આ પ્રમાણે કરે છે : **કાળ** તો હંમેશ માટે, એક, અખંડિત, અવિભાજ્ય અને નિરવયવ છે, એના કોઈ સ્થૂલ ભાગો-વિભાગો-ટુકડા કરી શકાય જ નહીં અને છતાં લોકોએ, પોતાની દુન્યવી સગવડ-સાનુકૂળતા માટે, આવા અવિભાજ્ય અને નિષ્કલ-નિર્વિકલ્પ કાળને પણ યુગો-વર્ષો-અયનો-ઋતુઓ-મહિનાઓ-પક્ષો(Fortnights)-સપ્તાહો-દિવસો-કલાકો-મિનિટો-સેકન્ડો વગેરે અનેક વિભાગોમાં વહેંચી નાખ્યો જ છે ને !

કાળ તો સદા-સર્વદા એક અને અખંડ જ છે, અને છતાં તેનામાં, લોકોએ, ભ્રમવશાત્ અને ભ્રાંત સ્ફુરણાને લીધે, આવાં અયોગ્ય અને મિથ્યા આરોપણો કર્યાં જ છે ને !

એ જ રીતે, શિષ્ય, સખેદ, સદ્‌ગુરુને જણાવે છે કે "મારે હવે કોઈ પણ પ્રકારનું શરીર જ રહ્યું નથી ત્યારે, તો પછી, મારામાં સ્થૂલ-સૂક્ષ્મ જેવા ભેદો શક્ય જ નથી : હવે તો હું **આત્મા** જ છું, મારામાં દેહાદિબુદ્ધિનું આરોપણ એક ભ્રમણામાત્ર છે, કલ્પનામાત્ર છે ! અને એવું જ **ક્રિયમાણ, સંચિત, આગામી, પ્રારબ્ધ** વગેરે કર્મોનું ! જ્યાં શરીર જ નથી ત્યાં કર્મો કેવાં ? ક્યાંથી ? કેવી રીતે ?"

શાસ્ત્રો અને પુરાણોએ કાળનું વિભાજન આ રીતે કર્યું છે : ૧૮ પળની એક **કાષ્ઠા** અને ૩૦ **કાષ્ઠા**ની એક **કલા**. અને આવી **કાષ્ઠા** અને **કલા**નાં માપ (Measurements) પ્રમાણે, ૪૩,૨૦૦ વર્ષોનો એક યુગ(કલ્પ) !

પરંતુ **નાદ, બિન્દુ** અને **કલા** જેવા સર્વ ભાગો-વિભાગોને અતિક્રમી ગયેલા આત્માને આવા કાલ્પનિક ભેદો, અવયવો અને વિકલ્પો સાથે શો સંબંધ ?

આમે ય, **મિથ્યા** એવા આ સમગ્ર જગતની કલ્પના પણ **સત્ય** એવાં બ્રહ્મરૂપી

અધિષ્ઠાનમાં જ આરોપિત છેને !

શિષ્ય કહે છે કે "બસ, આવાં જ મિથ્યા કલ્પના અને આરોપણો લોકો આ મારા પર પણ કરે જ છે !"

શ્લોકનો છંદ : ઉપજાતિ (૪૯૮)

૪૯૯

आरोपितं नाश्रयदूषकं भवेत्
कदापि मूढैर्मतिदोषदूषितैः ।
नार्द्रीकरोत्यूषरभूमिभागं
मरीचिकावारिमहाप्रवाहः ॥४९९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

आरोपितं नाश्रयदूषकं भवेत्
कदापि मूढैर्मतिदोषदूषितैः ।
नार्द्रीकरोत्यूषरभूमिभागं
मरीचिकावारिमहाप्रवाहः ॥४९९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

मतिदोषदूषितैः मूढैः आरोपितं (असत्यं वस्तु) कदा अपि आश्रयदूषकं न भवेत् । मरीचिका-वारि-महाप्रवाहः ऊषरभूमिभागं न आर्द्रीकरोति ॥४९९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : मूढैः आरोपितं (असत्यं वस्तु) कदा अपि आश्रयदूषकं न भवेत् । आरोपितं (असत्यं वस्तु) એટલે આરોપિત કરવામાં આવેલી અસત્ય વસ્તુ. આશ્રયદૂષક એટલે પોતાના આશ્રયને, આધારને, અધિષ્ઠાનને દૂષિત કરનારી. कदा-अपि न भवेत् । કદી પણ, ક્યારેય દૂષિત કરી શકે નહીં. આવું આરોપણ કોના વડે કરવામાં આવ્યું છે ? - मूढैः મૂઢ જનો વડે; મૂર્ખ માણસો વડે. આ મૂઢજનો કેવા છે ? - मतिदोषदूषितैः । - બુદ્ધિના દોષને લીધે દૂષિત, ભ્રમિત. આવી ઘટના માટેનું ઉદાહરણ આ પ્રમાણે છે : वारिमहाप्रवाहः न आर्द्रीकरोति । न आर्द्रीकरोति । ભીની કરી શકતો નથી, ભીંજવી શકતો નથી. કોણ આમ કરી શકતું નથી ? - वारिमहाप्रवाहः । જળનો મોટો પ્રવાહ. આ પ્રવાહ કેવો છે ? ક્યો

છે ? કેવાં સ્વરૂપવાળો છે ? - मरीचिका એટલે ઝાંઝવાંનાં જળ(Mirage)નો, મૃગજળનો. કોને ભીંજવી શકતો નથી ? - ऊषरभूमिभागम् । भूमिभाग એટલે જમીનનો ભાગ, એટલી જમીન; ऊषर એટલે ખારી જમીન Desert-tract. आर्द्रीकरोति - એ ક્રિયાપદ, આ પહેલાં પરિચય અપાઈ ગયો છે તેમ, आर्द्र + कृનું "ण्वि-રૂપ" છે. (૪૯૯)

અનુવાદ :

બુદ્ધિના દોષથી દૂષિત મૂઢજનોએ આરોપિત કરેલી (અસત્ય વસ્તુ) પોતાનાં આશ્રયસ્થાનને કદી પણ દૂષિત કરી શકે નહીં : ઝાંઝવાંનાં જળનો (ગમે તેટલો) મોટો પ્રવાહ (પણ) ત્યાંની ખારી જમીનને ભીંજવી શકતો નથી. (૪૯૯)

ટિપ્પણ :.

દેખીતી રીતે તો, આ શ્લોકને, ગયા-છેલ્લા શ્લોકનાં અનુસંધાનમાં જ ઘટાવી શકાય : શિષ્યની ફરિયાદ, શ્લોક-૪૯૮માં, એ હતી કે "હું તો અત્યારે સંપૂર્ણરીતે નિરવયવ અને નિર્વિકલ્પ છું અને છતાં પણ લોકો, ભ્રમને કારણે અને ભ્રમવશાત્ થતી ખોટી સ્ફુરણાને લીધે, મારામાં સ્થૂલ-સૂક્ષ્મ વગેરે ભાવોની આરોપણાત્મક કલ્પના કરે છે", અને પોતાની આ ફરિયાદના સમર્થનમાં, અવિભાજ્ય એવા કાળમાંના, લોકોએ કરેલા વિભાગોનાં આરોપણની ઘટનાને, તેણે રજૂ કરી હતી.

હવે આ શ્લોકમાં, લોકોનાં ઉપર્યુક્ત આરોપણો અને કલ્પનાઓનું ખંડન એમ કહીને તે કરે છે કે "આવાં આરોપણ વગેરે કરનાર એ લોકો પોતે જ 'મૂઢ' છે, તેઓ તેમની બુદ્ધિના દોષને લીધે દૂષિત-ભ્રમિત છે, એટલે એમનાં આવાં અસત્ય આરોપણો, મને, - એટલે કે એ આરોપણોનાં આશ્રયસ્થાન-અધિષ્ઠાન રૂપ મને, દૂષિત કરી શકે નહીં !

બ્રહ્મરૂપ આ 'હું-અધિષ્ઠાન' તો સંપૂર્ણરીતે નિર્મળ-નિષ્કલંક (Immaculate) અને નિષ્કલ-નિર્વિકલ્પ છે, અને મારા પર, એટલે કે આવાં અધિષ્ઠાન પર આરોપણો કરનાર પેલાં મૂઢજનો પોતે જ, પોતાની બુદ્ધિના દોષો વડે, દૂષિત છે, મલિન છે ! આરોપિત એવી આ **મલિન** વસ્તુ, પોતાનાં **નિર્મળ** આશ્રયને કદાપિ દૂષિત કરી શકે જ નહીં !".

પરંતુ, આ રીતે, ગયા શ્લોકમાંનાં અનુસંધાનને લક્ષમાં ન લઈએ તો, આ શ્લોકનું અર્થઘટન, સાવ સ્વતંત્ર રીતે પણ, આ રીતે, અવશ્ય કરી શકાય : "હું હવે શરીર નથી, આત્મા જ છું, અને તેથી તો નિત્યમુક્ત જ છું. પરંતુ કોઈ મૂઢજન આત્મા પર આરોપિત શરીરનાં બંધનને પોતાનું માને-સમજે-સ્વીકારે તો-તો, **કઠોપનિષદ** અને **મુંડક**-ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે તેમ, એક આંધળો બીજા

આંધળાને દોરે, એવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ સર્જાય ! -

अन्धेनैव नीयमाना यथान्धाः । (१, २, ५; અને १, २, ८)

હકીકતમાં, શરીર તો આત્મા પર આરોપિત (Superimposed) છે, એક પ્રકારની ભ્રમણા જ છે; તો શું આવી ભ્રાંતિ, તેના વિશુદ્ધ અધિષ્ઠાનને, એટલે કે આત્માને બાંધી શકે ? અવિદ્યા-અજ્ઞાનથી **દૂષિત** આવું શરીર શું **નિર્દોષ** આત્માને, આરોપિત શરીરનાં પોતાનાં આશ્રયસ્થાનને, દૂષિત કરી શકે ?

તાત્પર્યાર્થ એ જ ઉપસી આવે કે **નશ્વર** 'આરોપ' પોતાનાં **શાશ્વત** 'અધિષ્ઠાન'ને પોતાની નશ્વરતા વડે કદી પણ દૂષિત કરી શકે નહીં.

શ્લોકમાંનાં આવાં પ્રતિપાદયિતવ્યને પુષ્ટ કરવા માટે, આચાર્યશ્રીએ, 'જેમ-તેમ', 'જેવી રીતે-તેવી રીતે' (यथा-तथा), એવા સામ્યસૂચક સ્પષ્ટ અને સ્વતંત્ર કોઈ શબ્દો પ્રયોજ્યા નથી તે છતાં, શ્લોકના ઉત્તરાર્ધમાંનું સમાનાર્થ વિધાન, સામાન્ય ધર્મ-કથનના અર્થમાં, **'अर्थान्तरन्यास'** જેવો એક સમુચિત અલંકાર અવશ્ય બની રહે છે : ગ્રીષ્મ-ઋતુ દરમિયાન, વૈશાખ-જેઠ મહિનાના ધોમ-ધખતા મધ્યાહ્ન-સમયે, રણપ્રદેશમાં, દૂર-સુદૂર, જળના મોટા પ્રવાહો દેખાય, પરંતુ એ બધા મસ-મોટા જળપ્રવાહો, પોતાના આશ્રયરૂપ રણની ખારી જમીન(ઊષરભૂમિભાગ)ને જરા પણ ભીંજવી શકતા નથી ! કારણ ? સહુ જાણે છે તેમ, જળપ્રવાહો જેવા દેખાતા એ બધામાં જળનું એક ટીપું-સરખું યે હોતું નથી ! એ બધાં તો, હકીકતમાં, માત્ર ઝાંઝવાનાં જળ (मरीचिका) જ હોય છે ! પછી ભીનાશ ક્યાંથી ?

શ્લોકમાંના મૂઢાઃ એટલે એવાં મૂર્ખજનો, જેમનાં મન-બુદ્ધિ, અવિદ્યા, કર્મ અને કામ-ક્રોધ જેવા ષડ્રિપુઓ વડે દૂષિત થઈ ગયાં છે.

ખરેખર તો, -

आरोपितं न आश्रयदूषकं भवेत् ।

- એ વિધાન તો, વેદાન્ત-દર્શનમાં એક સિદ્ધાંતવચન (Axiom) જ ગણાય છે. અને તેથી જ, ભગવત્પાદ આચાર્યશ્રીએ પોતાનાં **"અધ્યાસ"**-ભાષ્યમાં, આ અનુસંધાનમાં, આ પ્રમાણે, વિધાન કર્યું છે :

तत्र एवं सति, यत्र यदध्यासः, तत्कृतेन गुणेन दोषेन वा अणुमात्रेणापि स न सम्बध्यते ।

("આમ હોવાથી, જેના પર આરોપણ કરવામાં આવ્યું છે તે વસ્તુ, આરોપિત વસ્તુના ગુણ કે દોષ વડે જરા પણ દૂષિત થતી નથી.")

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (४૯૯)

આકાશવલ્લેપવિદૂરગોઽહ-
-માદિત્યવદ્ ભાસ્યવિલક્ષણોઽહમ્ ।
અહાર્યવન્નિત્યવિનિશ્ચલોઽહ-
-મમ્ભોધિવત્ પારવિવર્જિતોઽહમ્ ॥૫૦૦॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

આકાશવલ્લેપવિદૂરગોઽહ-
-માદિત્યવદ્ ભાસ્યવિલક્ષણોઽહમ્ ।
અહાર્યવન્નિત્યવિનિશ્ચલોઽહ-
-મમ્ભોધિવત્ પારવિવર્જિતોઽહમ્ ॥૫૦૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહં આકાશવત્ લેપવિદૂરગઃ (અસ્મિ), અહં આદિત્યવત્ ભાસ્ય-વિલક્ષણઃ (અસ્મિ), અહં અહાર્યવત્ નિત્યવિનિશ્ચલઃ (અસ્મિ), અહં અમ્ભોધિવત્ પારવિવર્જિતઃ (ચ અસ્મિ) ॥૫૦૦॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) અહં આકાશવત્ લેપવિદૂરગઃ (અસ્મિ) । વિ-દૂર-ગઃ એટલે ખૂબ દૂર જનારો (વિશેષેણ દૂરં વિદૂરમ્; વિ-દૂરં ગચ્છતિ અસૌ ।) એટલે લેપથી, લેપાવાથી, અત્યંત દૂર-જનારો-રહેનારો, એટલે કે લેપ-વિનાનો, નિર્લેપ છું, - આકાશની જેમ.

(૨) અહં આદિત્યવત્ ભાસ્યવિલક્ષણઃ (અસ્મિ) । વિલક્ષણ એટલે ભિન્ન, જૂદો; ભાસ્ય એટલે પ્રકાશિત થયેલી વસ્તુ; પ્રકાશિત વસ્તુથી અળગો, જૂદો; આદિત્ય એટલે સૂર્ય; સૂર્ય સ્વયંપ્રકાશ છે, અન્ય કોઈથી પ્રકાશિત નથી; તેથી સૂર્યની જેમ પ્રકાશિત-વસ્તુથી વિલક્ષણ છું. ટૂંકમાં, હું, સૂર્યની જેમ, અન્ય વડે અ-પ્રકાશ્ય છું, સર્વનો પ્રકાશક છું.

(૩) અહં અહાર્યવત્ નિત્ય-વિનિશ્ચલઃ (અસ્મિ) । અહાર્ય એટલે પર્વત; કારણ કે તેને તેની મૂળ જગ્યાએથી બીજી કોઈ જગ્યાએ ખસેડી શકાતો નથી (હૃ-હર્ એટલે હરી જવું, દૂર લઈ જવું, ખસેડવું, - એ ધાતુ પરથી, વિધ્યર્થ કર્મણિ કૃદંતનું રૂપ - હાર્ય, એટલે જેને ખસેડી શકાય, તેવું; અહાર્ય એટલે જેને ખસેડી ન

શકાય તેવું : Immovable, Motionless) : પર્વત જેવો હું નિત્ય-નિશ્ચલ છું.

(૪) અહં અમ્ભોધિવત્ પારવિવર્જિતઃ (અસ્મિ) । વિવર્જિત એટલે વગરનો વિનાનો, વિહોણો; પાર-વિવર્જિત એટલે પાર-વિનાનો, અપાર; અમ્ભોધિ એટલે સાગર. સાગરની જેમ હું અપાર, અસીમ છું. (૫૦૦).

અનુવાદ :

આકાશની જેમ હું નિર્લેપ છું, સૂર્યની જેમ હું અન્ય-અપ્રકાશ્ય છું, પર્વતની જેમ હું નિત્ય-નિશ્ચલ છું અને સાગરની જેમ હું અપાર છું. (૫૦૦)

ટિપ્પણ :

જ્ઞાનમૂર્તિ ગુરુદેવે ભીતરની આંખમાં આંજેલાં જ્ઞાનરૂપી આંજણનો પ્રભાવ પોતાના પર કેવો ચમત્કારક નીવડ્યો છે, એનું નિરૂપણ, આ શ્લોકની ચારેય પંક્તિઓમાં શિષ્ય કરે છે.

હકીકતમાં, હવે, તે, **'પહેલાંનો તે'** રહ્યો જ નથી : ગુરુદેવે તેને ઉપદેશેલાં *આત્મજ્ઞાનનાં સંપર્કથી, તેનામાં, તેના સમગ્ર વ્યક્તિત્વમાં, તેનાં અસ્તિત્વનાં સમસ્ત* તંત્રમાં, આમૂલ પરિવર્તન આવી ગયું છે. અને એ પરિવર્તન જેટલું સંપૂર્ણ છે, તેટલું જ અનપેક્ષિત અને અકલ્પ્ય (Un-expected, Un-imaginable) પણ છે !

જેને **બ્રહ્મસાક્ષાત્કાર** કરવાની સાત્વિક ઇચ્છા હોય, એવો મુમુક્ષુ સાધક તે ગમે તેના સંપર્ક સંબંધમાં આવે, તે છતાં તેણે અવશ્ય પરિપૂર્ણ કરવાની કેટલીક અનિવાર્ય પૂર્વ-શરતો (Pre-conditions) આટલી : **એક**, જીવન જ એવું છે કે માણસને અનેક વસ્તુઓ-વ્યક્તિઓ-પદાર્થોના સંપર્કમાં આવવાનું તો બને જ, અને તે પણ સતત અને સદા-સર્વદા, તો પણ તેણે તે સર્વથી સંપૂર્ણરીતે, અસક્ત, અસંગ, નિઃસંગ, નિર્લેપ (Un-attached, Beyond contamination, Un-tainted, Un-polluted) રહેવું જોઈએ. આ બાબતમાં **આકાશ** (Space, Ether) એક આદર્શ ઉપમાન છે : આકાશમાં અનેક વાદળાં હોય, સતત સંચરતો વાયુ હોય, એ વાદળાં તથા વાયુમાં અનેક પ્રકારની અશુદ્ધિઓ હોય, મલિનતાઓ હોય, પરંતુ **આકાશ** જેનું નામ ! એ તો હંમેશ માટે, આ સર્વથી, સંપૂર્ણરીતે નિર્લેપ જ રહે છે. શિષ્ય કહે છે કે "આજે હવે હું, હે ગુરુદેવ ! આપની કૃપાથી, આકાશ જેવો નિર્લેપ બની ગયો છું." (અહં આકાશવત્ લેપવિદૂરગઃ અસ્મિ ।)

શ્રુતિ આ ઘટનાની આ પ્રમાણે સાક્ષી પૂરે છે :

આકાશવત્ સર્વગતશ્ચ નિત્યઃ ।

બીજી : આવો સાધક, - સ્થૂલ કે સૂક્ષ્મ - સર્વ પ્રકારના પ્રકાશની બાબતમાં

પૂરેપૂરો સ્વાયત્ત હોવો જોઈએ. આ બાબતમાં તે સ્વયંસંપૂર્ણ, સ્વયં-સ્વતંત્ર હોવો જોઈએ. સૂર્ય અખંડ બ્રહ્માંડને પોતાનાં તેજ વડે પ્રકાશિત કરે છે, પરંતુ પ્રકાશવા માટે, તેને પોતાને, કોઈની અપેક્ષા નથી હોતી : તે સ્વયં-પ્રકાશિત છે, સ્વયં-જ્યોતિ(Self-effulgent) છે. શિષ્ય કહે છે કે "હે પરમપૂજ્ય ગુરુજી ! આજે હું પણ સૂર્યની માફક સર્વ પ્રકાશિત વસ્તુઓથી વિલક્ષણ છું (अहं आदित्यवत् सर्वविलक्षणः अस्मि ।). જે અન્ય સર્વનો પ્રકાશક (Illuminer) હોય, તે, અન્ય કોઈ વડે પ્રકાશિત, અન્ય-પ્રકાશ્ય તો (Illumined) હોય જ નહીં ! જેમાં હું એકાકાર થઈ ગયો છું, તે બ્રહ્મના દિવ્ય પ્રકાશ વડે હું સર્વાંગ ઝળાંહળાં બની ગયો છું, અણુ-અણુમાં તેજોમય બની ગયો છું ! બ્રહ્મનું તેજ, એ જ મારું તેજ !, - બસ, પેલા આદિત્યની જેમ જ, અન્ય-અપ્રકાશ્ય !"

ત્રીજી : સાધક ક્યારેય પણ અસ્થિર હોય તે ચાલે જ નહીં ! સ્થિરતા, નિશ્ચલતા, અચલતા એ તો એનો નિત્ય-સ્વભાવ જ (Second Nature) બની રહેવો જોઈએ. ગમે તેવાં વિઘ્નો આવે તો પણ તે તો અડગ જ રહેવો જોઈએ. વાત-વાતમાં ડગી જાય, ભાંગી પડે તો, બ્રહ્મસાક્ષાત્કાર એનાથી જોજનો દૂર રહે ! જોજન-દૂરપણું જ નહીં, એની પાત્રતા જ એને કદી ન સાંપડે ! આ બાબતમાં **પર્વત** એક આદર્શ (Ideal) છે, કારણ કે તે હંમેશ માટે **'અહાર્ય'** છે. આવી અચલતાને કારણે જ પર્વતને **"ન-ગ"** (कदापि कुत्रापि न गच्छति असौ । પોતાનું મૂળ-સ્થાન છોડીને તે ક્યાંય અન્યત્ર જતો જ નથી !) પર્વતની આવી વિશિષ્ટતાને કારણે જ, હિમાલય "નગાધિરાજ" (નગ-અધિરાજ) કહેવાય છે. "આજે હું પણ હે ભગવન્ ! પર્વતની જેમ નિત્ય-નિશ્ચલ (अहं अहार्यवत् नित्य-विनिश्चलः अस्मि ।) બની ગયો છું !"

ચોથી : **"બ્રહ્મ"** એટલે જ અપાર, અગાધ, અનંત, અનવધિ ! અંત અને અવધિ, પાર અને પરિચ્છેદ, માપ અને મર્યાદા, - આવો અર્થ સૂચવતા કોઈ શબ્દો સાથે બ્રહ્મને કશો સંબંધ જ નહીં !

ઉપનિષદના પેલા શાંતિમંત્રમાં, **"પૂર્ણ"**માંથી **"પૂર્ણ"** પ્રગટ્યું ત્યાં સુધી તો ઠીક, પરંતુ તે **"પૂર્ણ"**માંથી **"પૂર્ણ"**ને બાદ કર્યા પછી પણ **"પૂર્ણ"** જ શેષ રહે, - એમ કહેવામાં આવ્યું ત્યારે, બ્રહ્મની આ **અપારતા**નો જ એમાંથી સંકેત સાંપડે છે : બ્રહ્મ જો અખૂટ (In-exhaustible) હોય તો જ આવું શક્ય બને !

આવી **"અપારતા"**નો આદર્શ (Ideal) એટલે સાગર ! શિષ્ય પ્રસન્નતાપૂર્વક જણાવે છે કે "હે કરુણાનિધાન સદ્‌ગુરુ ! આજે હું આપની કૃપાથી, સાગર જેવો **"અપાર"** બની ગયો છું ! (अहं अम्भोधिवत् पारविवर्जितः अस्मि ।)."

શિષ્યને આજે પ્રતીતિ થાય છે કે આજે એનાં જીવનમાં, આ રીતે, આશ્ચર્યો, એક પછી એક, ઉદ્‌ભવતાં અને ઊમેરાતાં જ રહે છે !

શ્લોકનો છંદ : ઈન્દ્રવજ્રા (૫૦૦)

૫૦૧

न मे देहेन सम्बन्धो मेघेनेव विहायसः ।
अतः कुतो मे तद्-धर्माः जाग्रत्-स्वप्न-सुषुप्तयः ॥५०१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન મે દેહેન સંબંધો મેઘેનેવ વિહાયસઃ ।
અતઃ કુતો મે તદ્-ધર્માઃ જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તયઃ ॥૫૦૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

મેઘેન વિહાયસઃ ઇવ, દેહેન મે સમ્બન્ધઃ ન (અસ્તિ); અતઃ મે જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તયઃ તદ્-(દેહ-)-ધર્માઃ કુતઃ (સ્યુઃ) ॥૫૦૧॥

શબ્દાર્થ :

વાક્યમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) દેહેન મે સમ્બન્ધઃ ન (અસ્તિ) । - દેહની સાથે મારે કશો સંબંધ નથી. કોની જેમ ? મેઘેન વિહાયસઃ ઇવ । વિહાયસ્ એટલે આકાશ. આકાશને જેમ વાદળાં સાથે કોઈ સંબંધ હોતો નથી, તેમ.

(૨) અતઃ તે તદ્-(દેહ)-ધર્માઃ મે કુતઃ (સ્યુઃ) ? । અતઃ એટલે આથી, આ કારણે, ઉપર વાક્ય-૧માં જણાવવામાં આવ્યું છે, એથી. "એથી" (અતઃ) શું ? મે તદ્(દેહ)-ધર્માઃ કુતઃ (સ્યુઃ) ? । આથી, તેના, એટલે કે તે શરીરના ધર્મો મારે ક્યાંથી હોઈ શકે ? કયા દેહ-ધર્મો ? જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તયઃ । જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તિ જેવી (ત્રણ) અવસ્થાઓ. (૫૦૧)

અનુવાદ :

આકાશને જેમ મેઘ સાથે કશો સંબંધ હોતો નથી તેમ, (આજે હવે) મારે દેહ સાથે કોઈ સંબંધ (જ) નથી : આથી, જાગ્રત્-સ્વપ્ન-સુષુપ્તિ (વગેરે) તે(દેહ)ના ધર્મો મારામાં ક્યાંથી હોઈ શકે ? (૫૦૧)

ટિપ્પણ :

આમ તો, શ્લોક સહેલો છે, વાક્યરચના સરળ છે અને શબ્દો પણ એવા જ

સરળ-સહેલા છે; તે છતાં શ્લોકનાં પ્રતિપાદયિતવ્યને સમજવાનો પ્રયત્ન કરીએ :

શિષ્ય કહે છે કે, "આજે તો હું જ્યારે આત્મા જ બની ગયો છું ત્યારે, હવે હું દેહ નથી, દેહ મારામાં નથી, હું દેહમાં નથી. ટૂંકમાં, દેહ સાથે મારે કોઈ સંબંધ જ નથી.

અને મારી પ્રવર્તમાન પરિસ્થિતિ જ જ્યાં આવી, આ પ્રકારની, બની ગઈ છે, - એટલે કે, દેહ સાથે કશો જ સંબંધ ન હોવાની, - તો પછી, એ હકીકત પણ સંપૂર્ણરીતે તર્ક-સુસંગત-(Logical) જ બની જાય છે કે મારે હવે દેહના કોઈ ધર્મો સાથે સંબંધો હોઈ શકે જ નહીં : દેહ એ **ધર્મી** છે, અને જાગ્રત્-વગેરે ત્રણ અવસ્થાઓ તે ધર્મીના **ધર્મો** છે. મારે જો **ધર્મી** સાથે જ કશો સંબંધ ન હોય તો તે(**ધર્મી**)ના કોઈ **ધર્મો** સાથે તો સંબંધ હોઈ શકે જ ક્યાંથી ? હવે તો હું એ અવસ્થાત્રયનો માત્ર 'દ્રષ્ટા' (Seer) જ છું, સાક્ષી જ છું !"

શ્લોકમાંનાં આવાં પ્રતિપાદન માટે પ્રયોજવામાં આવેલી ઉપમા, સાચે જ, સૂચક, સમુચિત અને અર્થ-સાધક છે. આપણે ગયા શ્લોકમાં જ જોયું છે કે નિર્લેપતાની બાબતમાં આકાશ (**विहायस्**) એક આદર્શરૂપ છે : આકાશમાં અહીં-તહીં, સર્વત્ર, અનેક વાદળાં હોય છે અને આ પણ, આકાશની ઉદારતા અને ખાનદાની (Nobility) જ કહેવાય કે તેમની મલિનતાથી પોતાને મલિન કરવા ઇચ્છતાં એવાં વાદળાંને પણ તે પોતાનામાં આવવા-રહેવા દેવા તથા સમાવી લેવા (Accommodate કરવા) તત્પરતા દાખવે છે !

અને આ મેઘ શાનો બનેલો હોય છે ? એમાં ક્યાં કયા તત્ત્વો રહેલાં હોય છે ? -

धूम-ज्योतिः-सलिल-मरुतां संनिपातः । (कालिदास : मेघदूत)

ધૂમાડો-પ્રકાશ-પાણી અને પવનના સમુદાય સમો આ મેઘ જ્યારે આકાશમાં એકથી બીજે ઠેકાણે ભ્રમણ કરે ત્યારે, કોઈ એમ નથી કહેતું કે મેઘની સાથે આકાશ પણ ભ્રમણ કરે છે ! અને એ જ મેઘ જ્યારે ધરતી પર પોતાનાં પાણી વરસાવે ત્યારે, સહુ જાણે છે કે આકાશ જરા પણ ભીંજાતું નથી !

આકાશની બાબતમાં આવી ઘટના એક સિદ્ધ હકીકત છે, તો એ જ ન્યાયે, "હું પણ, - જે હવે દેહ રહ્યો નથી, એવો હું પણ, - દેહના ધર્મોથી સંપૂર્ણરીતે અ-સંબંદ્ધ અને અલિપ્ત હોઉં, - એ વાત પણ એટલી જ સાચી અને સિદ્ધ છે."

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૦૧)

૫૦૨

उपाधिरायाति स एव गच्छति
स एव कर्माणि करोति भुंक्ते ।
स एव जीर्यन् म्रियते सदाऽहं
कुलाद्रिवन्निश्चल एव संस्थितः ॥૫૦૨॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઉપાધિરાયાતિ સ એવ ગચ્છતિ
સ એવ કર્માણિ કરોતિ ભુંક્તે ।
સ એવ જીર્યન્ મ્રિયતે સદાઽહં
કુલાદ્રિવન્નિશ્ચલ એવ સંસ્થિતઃ ॥૫૦૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

उपाधिः आयाति, सः एव गच्छति, सः एव कर्माणि करोति (तेषां कर्मणां फलानि) भुंक्ते च, सः एव जीर्यन् म्रियते; अहं (तु) सदा कुलाद्रिवत् निश्चलः एव संस्थितः ॥૫૦૨॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) उपाधिः आयाति । ઉપાધિ એટલે શરીર અને એની સાથે સંકળાયેલા એના જેવા જ 'અનાત્મ'-પદાર્થો, - મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, પ્રાણ વગેરે. આ ઉપાધિ શું કરે છે ? જન્મીને સંસારમાં આવે છે (आयाति). આ જ ઉપાધિ બીજું શું-શું કરે છે ? - આ પ્રમાણે, બીજી ચાર ક્રિયાઓ : (અ) सः एव गच्छति । અને તે જ આ સંસારમાંથી વિદાય લે છે, પાછી ચાલી જાય છે; (બ) सः एव कर्माणि करोति । તે ઉપાધિ જ કર્મો કરે છે; (ક) (तेषां कर्मणां फलानि) भुंक्ते । તેણે જે કર્મો કર્યાં, તેનાં ફળ પણ તે જ ભોગવે છે; (ડ) सः एव जीर्यन् म्रियते । जीर्यन् એટલે જીર્ણ થઈને, ઘરડી થઈને, 'જરા' એટલે વૃદ્ધાવસ્થા, તેને વશ થઈને; म्रियते અંતે મરી જાય છે, મૃત્યુ પામે છે.

(૨) अहं तु सदा संस्थितः (अस्मि) । પરંતુ હું તો સદા રહું જ છું, સ્થિત રહું છું, ટકી રહું છું. કેવો રહું છું ? निश्चलः एव । અવિચળ જ, અડગભાવે, અચલ-નિશ્ચલ-સ્વરૂપે જ. કોની જેમ ? कुल-अद्रिवत् । अद्रि એટલે પર્વત; અને

કુલાદ્રિ એટલે "કુલપર્વત". પુરાણોના અભિપ્રાય પ્રમાણે, પૃથ્વી પર આવા સાત પર્વતો છે, - જે હંમેશ માટે ટકી રહે છે :

महेन्द्रः मलयः, सह्याः, शुक्तिमान् ऋक्षपर्वतः ।
विन्ध्यः च पारियात्रः च सप्त एते कुलपर्वताः ॥

કુલપર્વતોની આ યાદીમાં, પર્વતોનાં નામો જૂદાં જૂદાં પણ હોય છે. (૫૦૨)

અનુવાદ :

(દેહ વગેરે) ઉપાધિ આવે છે, અને તે જ જાય છે; તે જ કર્મો કરે છે અને (તેનાં ફળ) ભોગવે છે; તે જ ઘરડી થઈને મરી જાય છે; પરંતુ હું (આત્મા) તો કુલપર્વતની જેમ સદા અવિચલ જ રહું છું. (૫૦૨)

ટિપ્પણ :

પોતાની પ્રવર્તમાન પ્રસન્નતા-ધન્યતા-કૃતાર્થતા વિશેનાં સંભાષણમાં આગળ વધતાં, શિષ્ય, આ શ્લોકમાં, પોતાની સર્વકાલીન અવિચળ સંસ્થિતિ આ પ્રમાણે વર્ણવે છે :

"હે ભગવન્ ! આ બ્રહ્માંડમાં, બ્રહ્મરૂપ બની રહેલા મારા એક સિવાય બાકીનું બધું જ અનિત્ય, અસ્થિર અને અલ્પાયુષી છે, - **ગીતા**નો પારિભાષિક શબ્દ પ્રયોજીને કહું તો - आगमापायिनः (૨, ૧૪) છે : 'આવે છે ને જે જાય છે !' મનુષ્યનો સ્થૂલ દેહ અને તેની સાથે સંકળાયેલા સઘળા પદાર્થો - મન, બુદ્ધિ, પ્રાણ, ઇન્દ્રિયો વગેરે, - સઘળી ઉપાધિઓ, 'અનાત્મા' છે, અને તેથી મર્ત્ય અને મરણધર્મી છે. તે સર્વ ઉપાધિઓ ભૌતિક રીતે જન્મીને સંસારમાં આવે છે ને જાય છે, સતત 'આવાગમન' કરતી રહે છે; સારાં-નરસાં કર્મો પણ તે જ કરે છે અને તે-તે કર્મોનાં ફળ પણ તે જ ભોગવે છે; વળી, તેઓ સહુ जायते-अस्ति વગેરે છ **'ભાવવિકારો'**ને આધીન હોવાથી, વૃદ્ધિ-વિકાસ-ક્ષયનાં ભોગ બને છે, જરા-વશ બનીને જીર્ણ થાય છે અને અંતે મૃત્યુ પામે છે (जीर्यन् म्रियते ।), જ્યારે હું તો 'કુલપર્વત'ની જેમ સદા-સર્વદા અવિચળ જ રહું છું !"

કેટલાક ભાષ્યકારોના મત પ્રમાણે, આ શ્લોકમાંનો 'કુલપર્વત' એટલે "મેરુપર્વત", જે, પૌરાણિક ભૂગોળ અનુસાર, સમગ્ર બ્રહ્માંડનાં કેન્દ્ર(Centre)માં આવેલો છે અને જેની આસપાસ, સૂર્ય-ચંદ્ર વગેરે પ્રકાશપ્રદ તત્ત્વો સતત પરિભ્રમણ કરતાં રહે છે. આમ, મેરુપર્વત વિશ્વનું એક નિશ્ચલ કેન્દ્ર છે, જેના આધારે સકળ વિશ્વ સ્થિર, સલામત, સંસ્થિત રહે છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૦૨)

૫૦૩

न मे प्रवृत्तिः न च मे निवृत्तिः
सदेकरूपस्य निरंशकस्य ।
एकात्मको यो निबिडो निरन्तरो
व्योमेव पूर्णः स कथं नु चेष्टते ॥५०३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન મે પ્રવૃત્તિઃ ન ચ મે નિવૃત્તિઃ
સદેકરૂપસ્ય નિરંશકસ્ય ।
એકાત્મકો યો નિબિડો નિરન્તરો
વ્યોમેવ પૂર્ણઃ સ કથં નુ ચેષ્ટતે ॥૫૦૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યઃ એકાત્મકઃ નિબિડઃ નિરન્તરઃ વ્યોમ ઇવ ચ પૂર્ણઃ (અસ્તિ), સઃ કથં નુ ચેષ્ટતે ? (તસ્માત્) સત્-એકરૂપસ્ય નિરંશકસ્ય (ચ ઈદૃશસ્ય) ન મે પ્રવૃત્તિઃ (અસ્તિ) ન ચ મે નિવૃત્તિઃ (અપિ અસ્તિ) ॥૫૦૩॥

શબ્દાર્થ :

વાક્યમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ન મે પ્રવૃત્તિઃ (અસ્તિ), ન ચ મે નિવૃત્તિઃ (અપિ અસ્તિ) । મારી, એટલે કે મારા આત્માની, નથી કોઈ પ્રવૃત્તિ, કે નથી કોઈ નિવૃત્તિ પણ. હું, એટલે કે મારો આત્મા કેવો છે ? બે વિશેષણો આ પ્રમાણે : (અ) સત્-એકરૂપસ્ય । જે હંમેશાં, સત્ - એ એકમાત્ર સ્વરૂપે રહે છે, તેવો; (બ) નિર્-અંશકસ્ય । જેને કશા અંશો-વિભાગો કે અવયવો નથી, તેવો, નિરવયવ. પરંતુ આનું કારણ શું ? પ્રવૃત્તિ કે નિવૃત્તિ, - બેમાંથી એકેય મારે કેમ નથી ? આનું કારણ હવે પછીનાં બીજાં વાક્યમાં આપવામાં આવ્યું છે.

(૨) સઃ કથં નુ ચેષ્ટતે ? । ચેષ્ટા એટલે ક્રિયા, કાર્ય, પ્રવૃત્તિ.. નુ - શબ્દ શંકાની અભિવ્યક્તિ માટે પ્રયોજાય છે : તે (એટલે કે બ્રહ્મરૂપ બની ગયેલો હું, મારો આત્મા) કોઈ પણ પ્રકારની ક્રિયા કેવી રીતે કરી શકે ? આ સઃ કેવો છે ? ચાર વિશેષણો આ પ્રમાણે : (અ) યઃ એકાત્મકઃ (અસ્તિ) । જે હંમેશાં એકાત્મક, એકરૂપે જ (The same) રહે છે, તેવો; (બ) યઃ નિબિડઃ (અસ્તિ) । નિબિડ

એટલે ઘનીભૂત-ખીચોખીચ-ઠસોઠસ-પૂરેપૂરો ભરેલો, Compact, Dense છે, તેવો; (૬) यः निरन्तरः (अस्ति) । જે હંમેશાં વચ્ચે અંતર, વ્યવધાન વિનાનો, Unbroken, અખંડિત છે, તેવો; અને (૭) यः व्योम इव पूर्णः (अस्ति) । व्योम એટલે આકાશ; અને જે આકાશની જેમ સર્વવ્યાપ્ત, પૂર્ણ-સંપૂર્ણ-પરિપૂર્ણ છે, તેવો. (૫૦૩)

અનુવાદ :

જે (હંમેશાં) એકરૂપ છે, ઘનીભૂત છે, નિરંતર છે અને આકાશની જેમ પૂર્ણ છે, તે (કોઈ પણ પ્રકારની) ક્રિયા કેવી રીતે કરી શકે ? (તેથી) સન્માત્ર-સ્વરૂપ અને નિરવયવ એવા મારે ન તો (કોઈ) પ્રવૃત્તિ છે, અને ન તો નિવૃત્તિ છે. (૫૦૩)

ટિપ્પણ :

બ્રહ્મરૂપ બની રહેલો શિષ્ય, પોતાનાં પ્રવર્તમાન અસામાન્ય વ્યક્તિત્વ તથા સ્વરૂપની વિશિષ્ટતા વર્ણવતાં, કહે છે કે "હે ભગવન્ ! પરમતત્ત્વમાં હું અત્યારે સંપૂર્ણરીતે તન્મય-તદ્રૂપ બની ગયો છું, તેથી હવે હું માત્ર અસ્તિત્વ(Existence)-સ્વરૂપે જ છું. પ્રવૃત્તિ કે નિવૃત્તિ તો તેને હોય, - જેને જૂદાં-જૂદાં નામો-રૂપો હોય, અવયવો હોય, અંશો હોય, અને જે અપૂર્ણ હોય. હું તો, અત્યારે, આપની કૃપાથી, એવું પરમતત્ત્વ બની રહ્યો છું, જે, સર્વત્ર ઠસોઠસ-ખીચોખીચ ભરેલું છે, જેને સત્-સિવાય અન્ય કોઈ રૂપ નથી, જે નિરન્તર છે અને જે આકાશની જેમ સર્વવ્યાપ્ત અને પરિપૂર્ણ છે.

પ્રવૃત્તિ-નિવૃત્તિ તો તેનામાં હોય, જ્યાં અહંભાવ-મમભાવ હોય, કર્તૃત્વ-ભોક્તૃત્વની સભાનતા (Ego-centric idea) હોય. હું તો અત્યારે સંપૂર્ણરીતે સમાનધર્મા (Homogenous) અને એકાત્મક-એકરૂપ (Uniform) બની ગયો છું અને તેથી અક્રિય-નિષ્ક્રિય-નિશ્ચેષ્ટ-અકર્મ એવું બ્રહ્મતત્ત્વ હું પોતે જ છું !"

બ્રહ્મનાં નિત્ય-નિરન્તર-નિરવયવ-નિષ્ક્રિય-નિશ્ચેષ્ટ સ્વરૂપની વિરુદ્ધ દલીલ કરી રહેલા પૂર્વપક્ષની વિચારસરણીનું ખંડન કરતાં, **"બ્રહ્મસૂત્ર"**માંનાં, નીચેનાં સૂત્રો, આ અનુસંધાનમાં, પ્રસ્તુત બની રહે તેવાં છે :

(૧) उत्क्रान्ति-गत्यागतीनाम् । (૨, ૩, ૧) ("આત્માની ઉત્ક્રાન્તિ, ગતિ અને પ્રત્યાગતિ વિશેનાં આધ્યાત્મિક ઉચ્ચારણોનાં કારણે.")

(૨) कर्ता शास्त्रार्थवत्त्वात् । (૨, ૩, ૩૩) : ("શાસ્ત્રોની અર્થપૂર્ણતાનાં કારણે (આત્મા) કર્તા છે.")

(૩) यथा च तक्षोभयथा । (૨, ૩, ૪૦) : ("તેથી, અને બંને રીતે પેલા

સુથારની જેમ.")

(૪) तद्गुणसारत्वात् तद्व्यपदेशः प्राज्ञवत् । (૨, ૩, ૨૯) : ("તેના, એટલે કે બુદ્ધિના, ગુણોનો સાર તેનામાં હોવાથી, અને પ્રાજ્ઞ એવા બ્રહ્મની જેમ.")

(૫) चराचरव्यपाश्रयस्तु स्यात् तद्व्यपदेशो भाक्तस्तद्भावभावित्वात् । (૨, ૩, ૧૯) ("પરંતુ ચર અને અચર ભૂતોમાં જન્મ અને મૃત્યુ હોવાનો વ્યપાશ્રય હોઈ શકે. શરીરના તદ્ભાવ પર તે આધાર રાખતો હોવાથી તે તો ગૌણ બની રહે છે.")

"સંક્ષેપમાં", શિષ્ય કહે છે કે, "હું તો પેલા કુલપર્વત જેવો અવિચલ છું !"

શ્લોકનો **છંદ : ઉપજાતિ** (૫૦૩)

૫૦૪

पुण्यानि पापानि निरिन्द्रियस्य
निश्चेतसो निर्विकृतेर्निराकृतेः ।
कुतो ममाखण्डसुखानुभूते-
-र्ब्रूते ह्यनन्वागतमित्यपि श्रुतिः ॥૫૦૪॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પુણ્યાનિ પાપાનિ નિરિન્દ્રિયસ્ય
નિશ્ચેતસો નિર્વિકૃતેર્નિરાકૃતેઃ ।
કુતો મમાખંડસુખાનુભૂતે-
-ર્બ્રૂતે હ્યનન્વાગતમિત્યપિ શ્રુતિઃ ॥૫૦૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

निरिन्द्रियस्य निश्चेतसः निर्विकृतेः निराकृतेः अखण्डसुखानुभूतेः (ईदृशस्य) मम पुण्यानि पापानि (च) कुतः (स्युः) ? श्रुतिः अपि 'अनन्वागतं' इति हि ब्रूते ॥૫૦૪॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) मम पुण्यानि पापानि (च) कुतः (स्युः) ? - મારે વળી પુણ્યો અને પાપો ક્યાંથી હોઈ શકે ? હું કેવો ? मम - શબ્દનાં આ **પાંચ** વિશેષણો : (અ) निरिन्द्रियस्य । જેને હવે ઇન્દ્રિયો રહી નથી તેવો, ઇન્દ્રિયરહિત; (આ)

निश्चेतसः । જેને હવે ચિત્ત રહ્યું નથી તેવો, ચિત્તરહિત; (ઈ) निर्विकृतेः । જેને હવે કશા વિકારો રહ્યા નથી, તેવો; નિર્વિકાર, વિકાર-વિનાનો; (ઈ) निराकृतेः । જેને હવે કોઈ આકૃતિ રહી નથી તેવો, આકાર-વિનાનો; (ઉ) अखण्डसुखानुभूतेः । સુખ એટલે 'આનંદ'; જે હવે અખંડ આનંદનો અનુભવ કરી રહ્યો છે, તેવો; અખંડ આનંદાનુભૂતિ-સ્વરૂપ.

(૨) श्रुतिः अपि हि ब्रूते । કારણ કે શ્રુતિ પણ (મારાં આ વિધાનનાં સમર્થનમાં) એમ જ કહે છે. શ્રુતિ શું કહે છે ? 'अनन्वागतम्' इति । - अन्वागत (अनु + आगत) એટલે તેને સંબંધ છે; अन् + अन्वागत એટલે તેને કશો સંબંધ નથી.

આ શ્રુતિ એટલે બૃહદારણ્યક-ઉપનિષદનું આ વિધાન : - अनन्वागतं पुण्येन, अनन्वागतं पापेन, तीर्णो हि तदा सर्वान् शोकान् हृदयस्य भवति । (૪, ૩, ૨૨) ("આત્માને પુણ્ય સાથે કે પાપ સાથે લેશમાત્ર પણ સંબંધ નથી, કારણ કે તે તો હૃદયના સર્વ શોકોને, તે સમયે, તરી ગયો છે.") (૫૦૪)

અનુવાદ :

ઇન્દ્રિય-રહિત, ચિત્તરહિત, વિકાર-રહિત, આકાર-રહિત અને અખંડ-આનંદાનુભૂતિ-સ્વરૂપ એવાં મારે હવે પુણ્યો કે પાપો ક્યાંથી કેમ હોઈ શકે ? શ્રુતિ પણ એમ જ કહે છે કે "(આત્માને પુણ્ય કે પાપ સાથે) સંબંધ હોતો નથી." (૫૦૪)

ટિપ્પણ :

મોક્ષાર્થી સાધકની આધ્યાત્મિક જીવન-કારકિર્દી સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા એક મહત્ત્વના પ્રશ્નને શિષ્યે અહીં છેડ્યો છે : **પુણ્ય** શું અને **પાપ** શું ? એ બંનેનું મૂળભૂત સ્વરૂપ કેવું હોય છે ? મનુષ્ય તે બંનેને ક્યારે, કેવા સંજોગોમાં આચરે છે ? અને ખાસ તો, બ્રહ્મભાવ પામેલી પોતાના જેવી વ્યક્તિને તે બંને સાથે શો-કેવો સંબંધ હોય ? કશો સંબંધ હોઈ શકે ?

પુણ્ય અને **પાપ** વિશેના આવા બધા સવાલોની ચર્ચામાં શિષ્યને કશો રસ નથી : એને તો રસ છે, માત્ર એક જ વાતની ઘોષણા કરવાનો, – અને તે એ જ કે "જ્યારે હવે હું બ્રહ્માનંદની પરાકાષ્ઠા સમી આ પરમોચ્ચ કૃતાર્થતા પામી રહ્યો છું ત્યારે, મારે કશો સંબંધ નથી કોઈ પુણ્યો સાથે, નથી કશો સંબંધ કોઈ પાપો સાથે !"

પરંતુ તે તો, જેનું સઘળું અજ્ઞાન નષ્ટ થઈ ગયું છે અને મૃત્યુ પહેલાં જ,

જીવતે-જીવત, જે મોક્ષ પામી ચૂક્યો છે તેવો એક વિરલ **'જીવન્મુક્ત'** છે તેથી, તે, તેની આવી ઘોષણા કોઈ વિધાનાર્થક વાક્ય(Assertive sentence)નાં રૂપમાં નથી કરતો : **કુતઃ**-જેવી શ્રુતિ-પરિચિત પ્રશ્નાર્થાત્મક પરિભાષા પ્રયોજીને, તેણે તો પોતાની આ ઘોષણાને સવિશેષ બુલંદ અને બલવત્તર બનાવી દીધી છે :

कुतो मम पुण्यानि पापानि (च) ॥ ?

અને પછી પોતાની આ ઘોષણાનાં સમર્થનમાં, પોતાના માટે, મમ માટે, જે **પાંચ** વિશેષણો તેણે પ્રયોજ્યાં છે તે સઘળાં પણ, જેટલાં નિશ્ચયાત્મક છે, તેટલાં જ નિઃસંશયાત્મક છે. અને આમ છતાં પણ કોઈ દોઢ-ડાહ્યા 'પૂર્વપક્ષ'ની જીભ કશી વિરોધ-દલીલ કરવા માટે સળવળે તે પહેલાં જ, તેણે, **બૃહદારણ્યક**-ઉપનિષદમાંનું, સુષુપ્તિ-અવસ્થા વિશેનું, મહા-મનીષી એવા યાજ્ઞવલ્ક્યનું વિધાન ટાંકી દીધું કે, પોતાના જેવા જીવન્મુક્તને પુણ્ય કે પાપ સાથે લેશમાત્ર સંબંધ નથી : "अनन्वागतम्" इति श्रुतिः अपि ब्रूते ॥

શ્લોકની પ્રથમ ત્રણ પંક્તિઓમાંનાં પેલાં પાંચેય વિશેષણો તો એવાં સ્વયંસ્પષ્ટ અને અસંદિગ્ધ છે કે એનાં કશાં વિવરણ-વિશ્લેષણમાં ઊતરવાની આવશ્યકતા નથી : પાપ-પુણ્ય પણ, અંતે તો, એક પ્રકારની 'પ્રવૃત્તિ' જ છેને ? અને પોતાને હવે જ કશી **'પ્રવૃત્તિ'** રહી નથી, એવું તો, તેણે, આ પહેલાંના શ્લોકમાં જ જણાવી દીધું છે. અને હવે જ્યારે મનુષ્યજીવનની પરમ-સાર્થકતા સમી, અખંડ બ્રહ્માનન્દની અનુભૂતિ તે પામી-માણી રહ્યો છે ત્યારે, એના માટે અન્ય કયું પ્રાપ્તવ્ય બાકી રહ્યું હોય કે તે આવાં પાપ-પુણ્યની, Acts of Omission and Commission જેવી, પળોજણમાં પડે ? **પુણ્ય** એટલે એવી પ્રવૃત્તિ, જે, શાસ્ત્રવિહિત હોય અને **પાપ** એટલે એવી પ્રવૃત્તિ, જે, શાસ્ત્રનિષિદ્ધ હોય. પરંતુ નૈષ્કર્મ્યસિદ્ધિને જેણે સિદ્ધ કરી લીધી છે તેને, હવે **શાસ્ત્ર** શું ? **વિધાન** શું અને **નિષેધ** શું ? **શ્વેતાશ્વતર**-ઉપનિષદે જ એનાં આવાં વલણ પર એમ કહીને મ્હોર મારી દીધી કે તેના માટે હવે નથી રહ્યું કોઈ કાર્ય, નથી રહ્યું કોઈ **કરણ** ! (न तस्य कार्यं करणं च विद्यते ।)

હવે તો તે, "ચક્ષુવાળો હોવા છતાં ચક્ષુ-વિનાનો, કર્ણવાળો છતાં કર્ણ-વગરનો, મન-વાળો છતાં, મન-રહિત અને પ્રાણવંતો છતાં પ્રાણ-વિહોણો" (सचक्षुः अचक्षुः इव, सकर्णोऽपि अकर्णः इव, समनः अमनः इव, सप्राणोऽपि अप्राणः इव ।) બની ગયો છે !

અને છેલ્લે, સ્વયં શ્રુતિએ જ, આવા જીવન્મુક્તના **આનંદ** માટે આવો અસંદિગ્ધ ઉદ્‌ગાર વ્યક્ત કર્યો છે :

एषः अस्य परमः आनन्दः ।, -

- જે, આ શ્લોકમાંની અખણ્ડસુખાનુભૂતિની લગોલગ પહોંચી જાય છે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૦૪)

૫૦૫-૫૦૬

छायया स्पृष्टमुष्णं वा शीतं वा सुष्ठु दुःष्ठु वा ।
न स्पृशत्येव यत्-किंचित् पुरुषं तद्विलक्षणम् ॥५०५॥
न साक्षिणं साक्ष्यधर्माः संस्पृशन्ति विलक्षणम् ।
अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ।
देहेन्द्रियमनोधर्माः नैवात्मानं स्पृशन्त्यहो ॥५०६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

छायया स्पृष्टमुष्णं वा शीतं वा सुष्ठु दुःष्ठु वा ।
न स्पृशत्येव यत्-किंचित् पुरुषं तद्विलक्षणम् ॥५०५॥
न साक्षिणं साक्ष्यधर्माः संस्पृशन्ति विलक्षणम् ।
अविकारमुदासीनं गृहधर्माः प्रदीपवत् ।
देहेन्द्रियमनोधर्माः नैवात्मानं स्पृशन्त्यहो ॥५०६॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(यद्-वत्) उष्णं वा शीतं वा, सुष्ठु वा दुःष्ठु वा, छायया स्पृष्टं (सत्) तद्विलक्षणं पुरुषं न स्पृशति एव, (तद्-वत्) साक्ष्यधर्माः विलक्षणं साक्षिणं न संस्पृशन्ति (यथा) गृहधर्माः प्रदीपवत् अहो देहेन्द्रियमनोधर्माः अविकारं उदासीनं आत्मानं न स्पृशन्ति ॥५०५-५०६॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (तद्-वत्) साक्ष्यधर्माः विलक्षणं साक्षिणं न स्पृशन्ति । साक्ष्यधर्माः, 'साक्ष्य' એટલે પદાર્થો, તેના ધર્મો, વિલક્ષણ એવા સાક્ષીને સ્પર્શ કરતા નથી. આવું શાની જેમ બને છે ? - (यद्-वत्) उष्णं वा शीतं वा, सुष्ठु वा दुःष्ठु वा, छायया स्पृष्टं (सत्) तद्विलक्षणं पुरुषं यत्-किंचित् न स्पृशति एव । उष्णं वा शीतं वा - ગરમ કે ઠંડું; सुष्ठु वा दुःष्ठु वा - સારી કે નરસી વસ્તુ; न स्पृशति एव । - સ્પર્શ થતો જ નથી. આવો સ્પર્શ કોને થતો નથી ? તે છાયાથી વિલક્ષણ,

એટલે કે ભિન્ન પુરુષને; यत्-किंचित् - જરા પણ; લેશમાત્ર પણ.

(यथा) गृहधर्माः प्रदीपवत् । - (જેમ) ઘરના ધર્મો (સુંદરતા, મલિનતા વગેરે) દીવાને (સ્પર્શ કરતા નથી); अहो - એ એક આશ્ચર્યની હકીકત છે. આશ્ચર્યની શી હકીકત છે ? (तथा) देहेन्द्रिय-मनोधर्माः अविकारं उदासीनं आत्मानं न एव स्पृशन्ति । તે જ રીતે, શરીર-ઇન્દ્રિયો-મનના ધર્મો, અવિકારી અને ઉદાસીન એવા આત્માને સ્પર્શ કરતા જ નથી. (૫૦૫-૫૦૬)

અનુવાદ :

ગરમ કે ઠંડી, સારી કે નરસી કોઈ પણ વસ્તુનો સ્પર્શ મનુષ્યની છાયાને થતાં, તે છાયાથી વિલક્ષણ એવા તે મનુષ્યને જેમ લેશમાત્ર પણ સ્પર્શ થતો જ નથી, તેમ સાક્ષ્યના ધર્મો વિલક્ષણ એવા સાક્ષીને સ્પર્શ કરતા નથી : (જેમ) ઘરના ધર્મો દીવાને(સ્પર્શ કરતા નથી તેમ). આશ્ચર્યની વાત છે કે શરીર, ઇન્દ્રિય અને મનના ધર્મો, અવિકારી અને ઉદાસીન એવા આત્માને સ્પર્શ કરતા જ નથી. (૫૦૫-૫૦૬)

ટિપ્પણ :

શ્લોક-૫૦૩માં શિષ્યે એમ જણાવ્યું કે "હવે, મારે કશી **'પ્રવૃત્તિ'** કે **'નિવૃત્તિ'** નથી", અને, ત્યારપછી, શ્લોક-૫૦૪માં તો, તેણે એવી જ ઘોષણા કરી કે "હવે મારે કશાં **'પુણ્યો'** નથી કે **'પાપ'** નથી !"

બ્રહ્મરૂપ બની રહેલા શિષ્યના આ 'અધિકાર'(Claim)ને ન્યાય્ય ઠરાવવા માટે (To justify), અહીં, આ બે શ્લોકોમાં, આચાર્યશ્રી, આ પ્રમાણે, બે ઉપમાઓ, પ્રયોજે છે : (૧) મનુષ્ય અને એનો પડછાયો; બીજા શબ્દોમાં, બિંબ અને પ્રતિબિંબ. માણસ **બિંબ** છે, પડછાયો **પ્રતિબિંબ** છે. આ બંને, - માણસ અને એનો પડછાયો- બિંબ અને પ્રતિબિંબ, - પરસ્પર-ભિન્ન છે (विलक्षणः) : પડછાયો ગમે તેવી પરિસ્થિતિઓમાંથી પસાર થાય, તેની કશી જ અસર, જેનો તે પડછાયો છે તે માણસ પર, ન પડે : પડછાયો ગરમ વસ્તુ કે શીતળ વસ્તુના સંપર્કમાં આવે તે છતાં, પેલા માણસને તો, પડછાયાની ગરમી કે શીતળતાનો જરા પણ સ્પર્શ થતો જ નથી ! એ તો, એવો ને એવો, હતો તેવો જ, રહે છે ! એ જ રીતે, તેનો પડછાયો ગંદકીમાં પડે કે ફુલવાડીમાં પડે તે છતાં પેલો માણસ નથી બનતો ગંદો કે નથી બની જતો સુગંધી ! પડછાયાનો લેશમાત્ર પ્રભાવ પેલા માણસ પર પડતો નથી ! ટૂંકમાં, પડછાયાના કોઈ જ ગુણધર્મો કે સંપર્કો, તે પડછાયાના મૂળ માલિક પર કશાં જ પરિવર્તનો લાવી શકતા નથી : **પ્રતિબિંબ** ભલે મૂળ **બિંબ**નું જ હોય, - છે; પરંતુ **પ્રતિબિંબ**નો કશો જ પ્રભાવ **બિંબ** પર પડતો નથી ! (૨) મકાનમાં પ્રકાશ માટે

મૂકવામાં આવેલો દીવો, તે સમગ્ર ખંડને અજવાળે છે, પ્રકાશિત કરે છે; પરંતુ મકાનમાં તો, લગ્નસમારંભ ચાલતો હોય કે, અવસાન પામેલી કોઈક વ્યક્તિની સ્મશાનયાત્રાની તૈયાર ચાલતી હોય, પેલો દીવો આનંદ-ઉત્સવમાં નથી નાચતો-કૂદતો, કે દુઃખના આઘાતથી નથી રડતો - કકળતો ! એ તો ત્યાં, એક **સાક્ષી-માત્ર** છે, પ્રકાશ પાથરવાનો પોતાનો મૂળ **ધર્મ** (Duty) બજાવ્યા કરતો હોય છે ! મકાનમાંની પરિસ્થિતિ તો, એના માટે, માત્ર **'સાક્ષ્ય'**-સ્વરૂપે જ રહે છે !

ટૂંકમાં, **સાક્ષી** હંમેશાં, **સાક્ષ્યથી** વિલક્ષણ, ભિન્ન, જૂદો, અળગો, અસક્ત અને નોખો-ન્યારો જ રહે છે !

શરીર અને એની સાથે જ સંલગ્ન એવાં મન-ઇન્દ્રિયો વગેરેની સાથે જ, એ જ શરીરમાં અને એ બધાંની વચ્ચે જ, આત્મા વસે છે, છતાં સુખ-દુઃખ, આનંદ-શોક, કામ-ક્રોધ-મોહ વગેરે દેહ-ઇન્દ્રિય-મનના ધર્મો સાથે આત્માને કશો જ સંબંધ નથી. એ તો પોતાના એ નિવાસમાં, સંપૂર્ણતઃ **સાક્ષીભાવે, તટસ્થભાવે,** માત્ર એક દૃષ્ટા(Seer) તરીકે જ, દેહાદિનાં પેલાં, પરિવર્તનો વચ્ચે પણ પૂરેપૂરો **નિર્વિકાર** (અવિકારં) અને **'ઉદાસીન'**(Indifferent)ની માફક, **'અસ્પૃષ્ટ'** (न एव स्पृशन्ति ।) જ. સ્થિત રહે છે !

આ બંને ઉદાહરણોને સમજ્યા પછી, હવે, આપણને, શિષ્યના ઉપર્યુક્ત અધિકારની યથાર્થતાની પ્રતીતિ થશે : તે તો, હવે, શાશ્વત બ્રહ્મરૂપ જ બની રહ્યો છે અને પ્રવૃત્તિ-નિવૃત્તિ તથા પાપ-પુણ્ય વગેરે તો અનિત્ય અને નશ્વર એવાં જગતમાં અને દેહાદિમાં જ ચાલી રહ્યાં હોય છે ! પોતે તો, બ્રહ્મની જેમ, માત્ર એક **સાક્ષી** અને જગત-દેહાદિ-પ્રવૃત્તિ-નિવૃત્તિ-પાપ-પુણ્ય વગેરે બધા એને મન તો **સાક્ષ્ય** ! **સાક્ષ્ય** સાથે **સાક્ષી**ને શો સંબંધ ! **પ્રતિબિંબ** સાથે **બિંબને** શું લેવા-દેવા ? **માણસને પડછાયા** સાથે શો સ્પર્શ ?

બંને શ્લોકોમાં **છંદ અનુષ્ટુપ** જ છે, પરંતુ શ્લોક-૫૦૬માં, બેને બદલે **ત્રણ** પંક્તિઓ છે, તે નોંધપાત્ર છે. (૫૦૫-૫૦૬)

૫૦૭

रवेर्यथा कर्मणि साक्षिभावो
वह्नेर्यथा वाऽयसि दाहकत्वम् ।
रज्जोर्यथाऽऽरोपितवस्तुसंग-
-स्तथैव कूटस्थचिदात्मनो मे ॥५०७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

રવેર્યથા કર્મણિ સાક્ષિભાવો
વહ્નેર્યથા વાઽયસિ દાહકત્વમ્ ।
રજ્જોર્યથાઽઽરોપિતવસ્તુસંગ-
-સ્તથૈવ કૂટસ્થચિદાત્મનો મે ॥૫૦૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

કર્મણિ યથા રવેઃ સાક્ષિભાવઃ, યથા વા અયસિ વહ્નેઃ દાહકત્વં, રજ્જોઃ યથા આરોપિતવસ્તુસંગઃ, કૂટસ્થચિદાત્મનઃ મે (અપિ) તથા એવ (સમ્બન્ધઃ અસ્તિ) ॥૫૦૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તથા એવ કૂટસ્થ-ચિદાત્મનઃ મે (દેહાદૌ સમ્બન્ધઃ અસ્તિ) । દેહ-વગેરે સાથે, પોતાને, હવે, કેવો, કયા પ્રકારનો, સંબંધ છે તે, શિષ્ય, આ પંક્તિમાં જણાવે છે : "હું તો હવે બ્રહ્મમય બની ગયો છું, એટલે હું પણ 'કૂટસ્થ' અને 'ચિદાત્મા' (ચૈતન્યરૂપ, જ્ઞાનસ્વરૂપ); અને તેથી આ રૂપે, દેહાદિ સાથે જેવો સંબંધ આત્માનો, તેવો જ મારો પણ !

પરંતુ તથા એવ (તેવી જ રીતે, તેમ,) એટલે 'કોની જેમ' ? આ પ્રમાણે, ત્રણ ઉદાહરણો : (૧) કર્મણિ યથા રવેઃ સાક્ષિભાવઃ । - પોતાનાં કામમાં, એટલે, સર્વત્ર પ્રકાશ પ્રસારવાની બાબતમાં, સૂર્યનો (રવેઃ) જેવો સાક્ષિભાવ, એવો જ મારો પણ દેહ-વગેરેમાં સાક્ષિભાવ; (૨) યથા વા વહ્નેઃ અયસિ દાહકત્વમ્ । વહ્નિઃ એટલે અગ્નિ; અયસ્ એટલે લોઢું; દાહકત્વ એટલે દાહકતા, દઝાડવાની-બાળવાની-ગરમ કરવાની પ્રક્રિયા; લોઢામાં અગ્નિની જેમ દાહકતા, તેવો જ દેહાદિ પરત્વે મારો પણ અભિગમ. (૩) રજ્જોઃ યથા આરોપિતવસ્તુસંગઃ । રજ્જુ એટલે દોરડું; આરોપિત એટલે તે(દોરડા)ની ઉપર આરોપણ કરવામાં આવેલી વસ્તુ, કલ્પિત વસ્તુ, એટલે કે સાપ; દોરડાને, જેવો, તેની ઉપર આરોપિત કરવામાં આવેલા સાપ સાથે સંબંધ, તેવો જ મારે પણ દેહાદિ સાથે સંબંધ. (૫૦૭)

અનુવાદ :

(પોતાનાં) કર્મમાં જેમ સૂર્યનો સાક્ષિભાવ હોય છે, લોઢામાં અગ્નિની જેમ દાહકતા હોય છે અને દોરડાંને, પોતાની ઉપર આરોપિત વસ્તુ(સાપ)નો જેવો સંબંધ હોય છે, તેમ જ, કૂટસ્થ અને જ્ઞાનસ્વરૂપ એવો, મારો (આત્માનો), (દેહાદિમાં

સંબંધ હોય) છે. (૫૦૭)

ટિપ્પણ :

પરબ્રહ્મ સાથે સાક્ષાત્કાર કરી રહેલા શિષ્યે અત્યારના પોતાના જે અધિકાર વિશે શ્લોક-૫૦૩ અને શ્લોક-૫૦૪માં વાત કરી હતી, તેની યથાર્થતાનું નિરૂપણ આ પહેલાંના, છેલ્લા, બે શ્લોકો-૫૦૫-૫૦૬માં કરવામાં આવ્યું હતું. એ જ નિરૂપણને, તે, આ શ્લોકમાં બીજાં ત્રણ ઉદાહરણો આપીને ઘોષણા કરે છે કે "હું હવે **'કૂટસ્થ'** અને **'चिदात्मस्वरूप'** બની રહ્યો હોવાથી, જગત અને દેહાદિ સાથે મારે કશો જ સંબંધ હોઈ શકે નહીં ! (तथैव कूटस्थचिदात्मनो मे ।)

પરંતુ શ્લોકની પ્રથમ ત્રણ પંક્તિઓમાં, આચાર્યશ્રીએ પ્રયોજેલાં ત્રણ ઉદાહરણોનું વિવરણ કરીએ તે પહેલાં, **कूटस्थ** અને **चिदात्मा** - એ બે શબ્દોને આપણે સમજી લઈએ. શિષ્ય, અત્યારે, **सच्चिदानन्द** (सत्-चिद्-आनन्द) એવા પરમાત્મા સાથે તાદાત્મ્ય પામી રહ્યો છે ત્યારે, તે, 'चिदात्मस्वरूप' એટલે કે ચૈતન્યસ્વરૂપ અથવા જ્ઞાનસ્વરૂપ હોય, એ તો, અત્યારસુધીના, આ ગ્રંથના સ્વાધ્યાયનાં પરિણામે સમજી શકાય એવું છે; પરંતુ આ **कूटस्थ** એટલે શું ?

વેદાન્ત-વિદ્યામાં, **બ્રહ્મ** અથવા પરમાત્માનાં સ્વરૂપ માટે પ્રયોજાતો, આ એક પ્રચલિત પારિભાષિક શબ્દ છે : **कूट** એટલે સર્વોચ્ચ સ્થાન અને **कुटे तिष्ठति असौ कूटस्थः** । (**उपपद** - સમાસ), એટલે તે, જે, હંમેશાં આવાં પરમોચ્ચ-સ્થાનમાં બિરાજી રહ્યું હોય, તે, પરબ્રહ્મ, પરમતત્ત્વ : Supreme Soul. અને બ્રહ્મ આવાં સ્થાનમાં જ નિત્ય રહે છે, તેથી તે એવું છે કે તેનાં સ્વરૂપમાં કદી પણ ક્યારેય કશું પરિવર્તન થતું નથી : તે તો છે સદા Immovable, Unchangeable, Perpetually the same, Immutable.

ઉપનિષદોમાં તો, પરમતત્ત્વ માટે, આ **'કૂટસ્થ'**-શબ્દ અનેક વાર પ્રયોજાયો છે, પરંતુ **ઉપનિષદ**નાં જ દોહનરૂપ એવી **ગીતા**માં પણ આ શબ્દ આ બે વાર તો પ્રયોજાયો જ છે :

(૧) ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः । (૬, ૮)

(૨) सर्वगममचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् । (૧૨, ૩)

આચાર્યશ્રીએ શ્લોકમાં યોજેલાં **ત્રણ** ઉદાહરણોના મર્મને હવે આપણે માણીએ :

(૧) ભગવાન સવિતાનારાયણ સમગ્ર બ્રહ્માંડમાં પ્રકાશ પાથરવાનું પોતાનું ધર્મકાર્ય નિયમિત રીતે પરિપૂર્ણ કરે છે અને આ જ કારણે સૂર્યને **"जगत्-चक्षु"** અને **"कर्मसाक्षी"** એવાં બે નામો આપવામાં આવ્યાં છે : સમસ્ત વિશ્વનાં સર્વ કર્મો સૂર્યના

પ્રકાશમાં જ સંપન્ન થાય છે, તેથી આ સર્વ કર્મોનો તે સાક્ષી છે, પરંતુ તેને પોતાને આ કર્મોમાંનાં કોઈ પણ સાથે કશો જ સંબંધ હોતો નથી. સૂર્ય આ બધું જુએ છે, પણ તે જરા પણ લેપાતો નથી. સર્વનો તે 'પ્રકાશક' (Illuminer) છે, પણ સર્વ પ્રકાશિતોનો તો, તે માત્ર સાક્ષી જ છે ! પોતાનાં આ પ્રકાશનકર્મમાં (कर्मणि), અંગત-રીતે, તેનો માત્ર **'સાક્ષિભાવ'** જ હોય છે !

શિષ્ય કહે છે કે - "અત્યારે મારો પણ, સમગ્ર જગત સાથે, આવો સાક્ષિભાવ જ છે !, - મારા **'કૂટસ્થ'** અને **'ચિદાત્મ'** સ્થાનેથી !"

(૨) અગ્નિના સંપર્કમાં આવવાથી લોઢું ગરમ થઈ જાય છે, પરંતુ અગ્નિને લોખંડ સાથે કશો સંબંધ હોતો નથી : પ્રકાશ-પ્રસરણ એ જેમ સૂર્યનો ધર્મ છે તેમ જ, જેના સંપર્કમાં આવે તે પદાર્થને ગરમ કરવું, બાળવું (**दाहकत्व**), એ અગ્નિની 'પ્રકૃતિ' છે. લોઢું ગરમ થાય છે, એમાં માત્ર સંસર્ગદોષ જ કારણભૂત છે. અગ્નિ લોઢામાં પ્રવેશે છે, પણ લોઢાંના કોઈ મેલ વગેરેથી તે લેશ માત્ર પણ લેપાતો નથી. જેને તે ગરમ કરે છે, તેવા કોઈ પણ પદાર્થ સાથે તેને કશો જ સંબંધ હોતો નથી : **'દાહકતા'** એ અગ્નિનો સ્વભાવ છે, એટલું જ !

અગ્નિ તો કહે જ છે કે "દાહકતા એ તો મારો સ્વભાવ જ છે, તમારે સલામત રહેવું હોય અને દાઝવું ન હોય તો આ નિયમ તમારે જાણવો અને પાળવો જ રહ્યો ! કાયદાનું અજ્ઞાન, એ કોઈ પણ કોર્ટમાં નિર્વાહ્ય બચાવ કે બહાનાં તરીકે માન્ય ગણાતું નથી : મારા સંપર્કમાં તમે આવ્યા અને દાઝી ગયા, એમાં મારો શો દોષ ?"

'કૂટસ્થ' બની રહેલો શિષ્ય, આથી જ કહે છે કે "તે જ રીતે (तथा एव), હું પણ સમગ્ર જગતમાં, આવા ભાવે જ નિવસું છું !"

(૩) અને રાતનાં અંધારાંમાં પડેલું દોરડું (रज्जु) સાપરૂપે દેખાય ત્યારે, દોરડાંને સાપ સાથે કેવો સંબંધ હોય છે ? સાપ તો, હકીકતમાં, ત્યાં હતો જ નહીં, એનું તો દોરડાં પર માત્ર આરોપણ જ કરવામાં આવ્યું હતું, એ તો માત્ર એક કલ્પના જ હતી ! સાપનું પોતાનું તો કશું સ્વતંત્ર અસ્તિત્વ જ ન્હોતું : જેનું અસ્તિત્વ જ ન હોય, એવા સાપ સાથે દોરડાંને કેવો-કયા પ્રકારનો સંબંધ હોય, હોઈ શકે ?

"બસ, **'કૂટસ્થ'** એવા મારે", શિષ્ય કહે છે કે "જે **'મિથ્યા'** જ છે, તેવાં જગત સાથે, **'પરમ-સત્'** એવા મારે, સંબંધ કેવો ને વાત શી ?

હું તો **'કૂટસ્થ'** છું, મારા પર અન્ય કોઈ પણ વ્યક્તિ ગમે તેવું **'આરોપણ'** (Super-imposition, Projection) કરે, તેની સાથે મારે શી લેવા-દેવા ? હું તો સચ્ચિદાનંદ-સ્વરૂપ જ છું !"

શ્લોકનો **છંદ : ઉપજાતિ** (૫૦૭)

कर्ताऽपि वा कारयिताऽपि नाऽहं
भोक्ताऽपि वा भोजयिताऽपि नाऽहम् ।
द्रष्टाऽपि वा दर्शयिताऽपि नाऽहं
सोऽहं स्वयंज्योतिरनीदृगात्मा ॥५०८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કર્તાઽપિ વા કારયિતાઽપિ નાઽહં
ભોક્તાઽપિ વા ભોજયિતાઽપિ નાઽહમ્ ।
દ્રષ્ટાઽપિ વા દર્શયિતાઽપિ નાઽહં
સોઽહં સ્વયંજ્યોતિરનીદૃગાત્મા ॥૫૦૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અહં કર્તા અપિ કારયિતા અપિ વા ન (અસ્મિ); અહં ભોક્તા અપિ ભોજયિતા અપિ વા ન (અસ્મિ), અહં દ્રષ્ટા અપિ દર્શયિતા અપિ વા ન (અસ્મિ) । અહં (તુ) અનીદૃક્ સ્વયંજ્યોતિઃ સઃ આત્મા (એવ અસ્મિ) ॥૫૦૮॥

શબ્દાર્થ :

શ્લોકની ચારેય પંક્તિઓમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) અહં કર્તા અપિ કારયિતા અપિ વા ન (અસ્મિ) । કર્તા એટલે કામ કરનાર; કારયિતા એટલે કામ કરાવનાર, બીજાને કર્તા બનાવનાર : હું કર્તા કે કામ કરાવનાર (બેમાંથી એકેય) નથી.

(૨) અહં ભોક્તા અપિ ભોજયિતા અપિ વા ન (અસ્મિ) । ભોક્તા એટલે ભોગવનાર; ભોજયિતા એટલે, અન્યને 'ભોક્તા' બનાવનાર, ભોગવાવનાર; હું ભોગવનાર કે ભોગવાવનાર (બેમાંથી એકેય) નથી.

(૩) અહં દ્રષ્ટા અપિ દર્શયિતા અપિ વા ન (અસ્મિ) । દ્રષ્ટા એટલે જોનાર, દેખનાર; દર્શયિતા એટલે બીજાને 'દ્રષ્ટા' બનાવનાર, દેખાડનાર, બતાવનાર : હું જોનાર કે બતાવનાર (બેમાંથી એકેય) નથી.

(૪) અહં (તુ) અનીદૃક્ સ્વયંજ્યોતિઃ સઃ (આત્મા એવ અસ્મિ) । ઈદૃક્

એટલે 'આવો', 'આવાં સ્વરૂપવાળો'; પરંતુ હું તો અનીદૃક્ છું, એટલે કોઈના જેવો નહીં, સાવ જૂદો જ, વિલક્ષણ, નોખો-નિરાળો છું; સ્વયંજ્યોતિઃ એટલે સ્વયંપ્રકાશ, પોતે જાતે જ પ્રકાશનાર : પરંતુ હું તો સૌથી વિલક્ષણ અને સ્વયંપ્રકાશ એવો તે આત્મા પોતે જ હું છું. (૫૦૮)

અનુવાદ :

હું નથી કર્તા, કે નથી કરાવનાર; હું નથી ભોક્તા કે ભોગાવાવનાર; હું નથી જ્ઞેનાર, કે નથી બતાવનાર : (પરંતુ) હું તો સૌથી વિલક્ષણ, સ્વયંપ્રકાશ એવો તે આત્મા પોતે જ છું ! (૫૦૮)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે, વાક્યરચના પણ સરળ છે અને શ્લોકમાંના સર્વ શબ્દોના અર્થ પણ શબ્દાર્થ-વિભાગમાં સ્પષ્ટ સમજાવવામાં આવ્યા છે.

પરંતુ શિષ્યનું પ્રવર્તમાન વ્યક્તિત્વ આવું વિલક્ષણ, અસામાન્ય અને પરસ્પર-વિરોધી શા માટે છે ? - તે સમજવાનો પ્રયત્ન કરીએ :

પ્રથમ ત્રણ પંક્તિઓમાં શિષ્યે પોતાના માટે ત્રણ નિષેધાત્મક (Negative) વિધાનો કર્યાં છે : "હું **આ** કે **આવો** પણ નથી અને **તે** કે **તેવો** પણ નથી", - વગેરે, વગેરે. અને છેલ્લી પંક્તિમાં તેણે પોતાનાં સ્વરૂપ વિશે સંક્ષિપ્ત છતાં સચોટ હકારાત્મક (Positive) વિધાન કરી દીધું છે કે "હું તો, ખરેખર, **આ** અને **આવો** જ છું !" અને તેણે પોતાના માટે પ્રયોજેલાં બંને વિશેષણો, સાચે જ, અત્યંત સૂચક (Significant) અને સાર્થક છે :

અનીદૃક્ - એ વિશેષણ ભલે બાહ્ય દૃષ્ટિએ હકારાત્મક હોય, - હકીકતમાં, એ પણ નિષેધાત્મક જ છે : અન્ + ઈદૃક્ : "**આવો** હું નથી !" '**આવો**' (ઈદૃક્) એટલે કેવો ? પ્રથમ ત્રણ પંક્તિમાં નિર્દિષ્ટ એવી છ ક્રિયાઓ, - કર્તા-કારયિતા, ભોક્તા-ભોજયિતા, દૃષ્ટા-દર્શયિતા, – કરનારો હું નથી ! પરંતુ ઈદૃક્ - શબ્દ માત્ર આટલી છ જ ક્રિયાઓનો નિર્દેશક નથી : એમાં તો એનાં સંપૂર્ણ નિરાળાપણાનું સૂચન છે, - કોઈની સાથે તેને ન સરખાવી શકાય તેવો : અનુપમ, નિરુપમ, અજોડ : Incomparable, Unique, Transcendental !

હકીકતમાં, આ અનીદૃક્ - વિશેષણ, પરમતત્ત્વનાં વર્ણનરૂપ, બૃહદારણ્યક-ઉપનિષદમાંનાં "નેતિ-નેતિ" - એ સુપ્રસિદ્ધ શબ્દોની લગભગ લગોલગ પહોંચી જાય છે ! - અને **શ્વેતાશ્વતર**-ઉપનિષદનું આ વાક્ય પણ આ અનીદૃક્ - શબ્દને આ રીતે સમર્થિત કરે છે :

साक्षी चेता केवलो निर्गुणश्च ।

બાકી રહ્યું માત્ર એક જ વિશેષણ : **स्वयंज्योतिः** – સર્વનો જે પ્રકાશક છે, "તેને કોણ પ્રકાશિત કરે ?" - એવો સવાલ એટલે જ અનૌચિત્યની પરાકાષ્ઠા ! - સર્વપ્રકાશનું તે એક જ ઉદ્‌ભવસ્થાન છે, તેને વળી અન્યત્રથી પ્રકાશ ઉછીનો લેવાનો તે હોય ? તે તો સદા-સર્વદા સ્વકીય પ્રકાશે જ પ્રકાશતો રહે ! - Self-effulgent !

શ્લોકની પ્રથમ ત્રણ પંક્તિઓમાંના છ શબ્દો, – કર્તા અને કારયિતા, ભોક્તા અને ભોજયિતા, દ્રષ્ટા અને દર્શયિતા, – પર પણ એક દૃષ્ટિપાત કરવા જેવો છે : પહેલી વાત તો એ કે આ છ યે શબ્દો, એક-એક ક્રિયાના કર્તા-ભાવ (Agent) અને કારક-ભાવ(Causal-Agent)ના સૂચક છે; પરંતુ શ્લોક-૫૦૩માં જ શિષ્યે સાફ-સ્પષ્ટ વિધાન કરી દીધું છે કે "મારે હવે કોઈ પણ પ્રવૃત્તિ નથી"; એટલે જો તેની અત્યારની વિશિષ્ટ પરિસ્થિતિમાં તેને કશી પ્રવૃત્તિ જ ન રહેતી હોય તો, તેના માટે કશું કરવાનું (કર્તા), ભોગવવાનું (ભોક્તા) કે જોવાનું (દૃષ્ય) સંભવે જ ક્યાંથી ? કેવી રીતે ?

અને **બીજી** વાત એ કે જે પોતે કર્તા-ભોક્તા-દ્રષ્ટા જ નથી તે, કારયિતા-ભોજયિતા-દર્શયિતા તો હોઈ શકે જ ક્યાંથી ? કેવી રીતે ? આ તો રહ્યો કર્મ-નિયંતા અને કર્મફળ-પ્રદાતા એવી નિયતિ(Destiny)ના અધિકારનો પ્રશ્ન ! - જેનું સમર્થન સ્વયં શ્રુતિએ જ આ પ્રમાણે કર્યું છે :

विज्ञानं यज्ञं तनुते । एष हि एव साधु कर्म कारयति ।

(બૃહદારણ્યક-ઉપનિષદ)

કોઈ પણ કર્મ કરવા-કરાવવાનું યજ્ઞકાર્ય તો માત્ર **વિજ્ઞાન** જ કરે છે, અને આ વિજ્ઞાન એટલે જ સર્વવ્યાપી ચૈતન્ય, ચિદ્‌ભાવ, – જેની સાથે શિષ્ય તો અત્યારે તન્મય અને તદ્‌રૂપ બની રહ્યો છે !

શ્લોકનો છંદ : ઈન્દ્રવજ્રા (૫૦૮)

૫૦૯

चलत्युपाधौ प्रतिबिम्बलौल्य-
-मौपाधिकं मूढधियो नयन्ति ।
स्वबिम्बभूतं रविवद् विनिष्क्रियं
कर्ताऽस्मि भोक्ताऽस्मि हतोऽस्मि हेति ॥५०९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ચલત્યુપાધૌ પ્રતિબિંબલૌલ્ય-
-મૌપાધિકં મૂઢધિયો નયન્તિ ।
સ્વબિંબભૂતં રવિવદ્ વિનિષ્ક્રિયં
કર્તાઽસ્મિ ભોક્તાઽસ્મિ હતોઽસ્મિ હેતિ ॥૫૦૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(યથા) ઉપાધૌ ચલતિ (સતિ) મૂઢધિયઃ ઔપાધિકં પ્રતિબિમ્બલૌલ્યં (સ્વબિમ્બભૂતં) નયન્તિ, (તથા) રવિવદ્ વિનિષ્ક્રિયં સ્વબિમ્બભૂતં (આત્માનં) (અહં) કર્તા અસ્મિ, (અહં) ભોક્તા અસ્મિ, હા હતઃ (અહં) અસ્મિ ઇતિ (નયન્તિ) ॥૫૦૯॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : મૂઢધિયઃ સ્વબિમ્બભૂતં (આત્માનં), 'અહં કર્તા અસ્મિ, અહં ભોક્તા અસ્મિ, હા અહં (હતઃ)' અસ્મિ ઇતિ નયન્તિ । મૂઢધિયઃ એટલે મંદબુદ્ધિવાળા મનુષ્યો, મંદમતિઓ, મૂર્ખાઓ. તેઓ શું કરે છે ? - નયન્તિ । માની-સમજી-સ્વીકારી લે છે, કલ્પે છે. તેઓ શું કલ્પે છે ? - (આત્માનં) અહં કર્તા અસ્મિ, અહં ભોક્તા અસ્મિ, હા અહં હતઃ અસ્મિ ઇતિ (નયન્તિ) । પોતાને, પોતાની જાતને, 'હું કર્તા છું, હું ભોક્તા છું, હાય ! હું મરી ગયો !' - એમ કલ્પે છે, એમ પોતાના વિશે માની લે છે. તેમનો પોતાનો આ આત્મા કેવો છે ? - રવિવદ્ વિનિષ્ક્રિયં સ્વબિમ્બભૂતમ્ । સૂર્યની જેમ નિષ્ક્રિય, એટલે કે અવિચળ બિંબસ્વરૂપ એવો, પોતાનો આત્મા.

પેલા મંદબુદ્ધિવાળા મનુષ્યોની આવી ગેરસમજણ કોના જેવી છે ? ઉપાધૌ ચલતિ (સતિ) ઔપાધિકં પ્રતિબિમ્બલૌલ્યં સ્વબિમ્બભૂતં નયન્તિ । લૌલ્ય એટલે લોલપણું, ચાંચલ્ય, ચંચળતા. પ્રતિબિંબની ચંચળતાને બિંબરૂપ સૂર્યમાં કલ્પે છે. એ પ્રતિબિંબ કેવું છે ? ઔપાધિકમ્ । ઉપાધિમાં પડેલું. આવું ક્યારે બને છે ? - ઉપાધૌ ચલતિ (સતિ) । ઉપાધિ એટલે કે જળનું હલનચલન થાય ત્યારે, (જળ-રૂપી) ઉપાધિ ચંચળ બને ત્યારે. આ વાક્યરચના, સમયદર્શક **"સતિ-સપ્તમી"**ની છે. (૫૦૯)

અનુવાદ :

(જળરૂપી) ઉપાધિમાં હલનચલન થતાં, મૂઢમતિ મનુષ્યો (જળરૂપી) ઉપાધિમાં

પડેલાં પ્રતિબિંબની ચંચળતાને (બિંબરૂપ) સૂર્યગત (ચંચળતા) સમજી લે છે તેમ જ, સૂર્યની જેમ નિષ્ક્રિય બિંબસ્વરૂપ (આત્માને) 'હું કર્તા છું, હું ભોક્તા છું, અરે હાય ! હું મરી ગયો !' - આમ કલ્પના કરે છે. (૫૦૯)

ટિપ્પણ :

"હું કર્તા નથી, ભોક્તા નથી", - એવું પ્રતિપાદન, શિષ્યે, ગયા શ્લોકમાં, કર્યું હતું. અત્યારની તેની પોતાની વિશિષ્ટ પરિસ્થિતિ, બ્રહ્મ-અનુભૂતિ અને બ્રાહ્મી-અવસ્થાને કારણે, તે પોતે, પોતાની બાબતમાં, કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે ભાવોથી પર હોય, એ સ્વાભાવિક છે, પરંતુ મંદબુદ્ધિવાળા મનુષ્યો આવા કર્તૃત્વ-ભોક્તૃત્વ જેવા મિથ્યા ભાવોમાં કેમ ફેલાયેલા રહે છે, તેની સમજૂતી, શિષ્ય, આ શ્લોકમાં, એક ઉદાહરણ આપીને, આપે છે.

દિવસ હોવાથી, સૂર્ય આકાશમાં છે અને જળાશયનાં જળમાં તેનું પ્રતિબિંબ પડે છે; પરંતુ જળમાં તો હલનચલન ચાલ્યા જ કરતું હોય અને ત્યારે જળાશયમાંનું સૂર્યપ્રતિબિંબ પણ હાલતું-ચાલતું દેખાય ! આવા સમયે મંદમતિ મનુષ્યો, પોતાની બુદ્ધિની મર્યાદાને કારણે, એમ જ માની બેસે કે જળાશયમાં સૂર્ય પણ હાલી-ચાલી રહ્યો છે !

હકીકતમાં, પોતાનાં મૂળભૂત બિંબસ્વરૂપે સૂર્ય તો નિષ્ક્રિય છે, અવિચળ છે, આકાશમાંનાં પોતાનાં સ્થાનમાં સ્થિર જ છે; જે હાલતું-ચાલતું દેખાય છે તે તો જળાશય-જળમાં રહેલું સૂર્યનું પ્રતિબિંબ છે, અને તે પણ એટલા માટે ચંચળ દેખાય છે કે તે (પ્રતિબિંબ) જળાશયમાં છે અને તે જળ જ ચાલતું હોય છે !

શ્લોકમાંનાં ઉદાહરણને સવિશેષ સ્પષ્ટ કરીએ તો સૂર્ય બિંબ છે, જળાશયમાં જે છે તે એનું પ્રતિબિંબ છે, અને જળ તો, એ પ્રતિબિંબની માત્ર ઉપાધિ જ છે.

બસ, એ જ રીતે, મનુષ્યનાં દેહ-ઇન્દ્રિયો-બુદ્ધિ વગેરે 'ઉપાધિઓ' છે, - જે, તેની મર્યાદાઓ(Conditionings)ને કારણે, સતત, ચંચળ અને અસ્થિર હોય છે. અને બિંબસ્વરૂપે સદા-સર્વદા અવિચળ અને નિષ્ક્રિય એવા આત્માનું પ્રતિબિંબ મનુષ્યની બુદ્ધિમાં અને અંતઃકરણમાં પડે છે ત્યારે, મૂર્ખ મનુષ્યો, બુદ્ધિમાં પડેલા આત્માનાં પ્રતિબિંબને જ આત્મા માની લેવાની ભૂલ કરે છે અને પ્રતિબિંબ-ગત કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે જેવા મિથ્યાભાવોનું આરોપણ આત્મા પર કરે છે : આમ, અનાત્માનું આરોપણ આત્મા પર કરવામાં આવે ત્યારે, અનાત્મારૂપ ઉપાધિઓમાં જે કંઈ બને તેને, તે, પોતાની મતિની મંદતાને કારણે, આત્મામાં જ બની રહ્યું છે તેમ સમજી લે છે !

સાચી વાત તો એ છે કે આત્મા તો, સૂર્યની જેમ, નિષ્ક્રિય અને અવિચળ

છે, સર્વસાક્ષી છે, અને અસંગ જ છે, - પોતાનાં સચ્ચિદાનંદ-સ્વરૂપે !

પોતે કર્તા-ભોક્તા-દૃષ્ટા કે કારયિતા-ભોજયિતા-દર્શયિતા નથી, એવાં પોતાનાં પ્રતિપાદનને, શિષ્યે, સૂર્યનાં બિંબ અને પ્રતિબિંબનાં દૃષ્ટાંત વડે, અહીં સમર્થિત કર્યું છે, જેનો આધાર, અંતે તો, આ શ્રુતિવચન પર જ છે :

ध्यायति इव, लेलायति इव । (બૃહદારણ્યક-ઉપનિષદ)

("તે આત્મા ધ્યાન ધરતો હોય, અગ્નિજ્વાળાની જેમ લેલાયમાન થતો હોય, એવો ભાસ થાય છે.")

આમ, આચાર્યશ્રીને, શિષ્યનાં પ્રતિપાદનનાં અનુસંધાનમાં, જે શાશ્વત સત્યને સ્થાપવું છે તે તો, આ જ કે શ્રુતિ-યુક્તિ-અનુભવને લક્ષમાં લેતાં, આત્મા તો નિર્ગુણ છે.

ટૂંકમાં, "हा, हतोऽस्मि ।" - એવો ઉદ્‌ગાર તો, આત્માનાં મૂળભૂત સ્વરૂપથી અપરિચિત એવા મૂઢધિયઃ-નો જ હોઈ શકે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૦૯)

૫૧૦

जले वाऽपि स्थले वाऽपि लुठत्वेष जडात्मकः ।
नाहं विलिप्ये तद्धर्मैः घटधर्मैर्नभो यथा ॥५१०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જલે વાઽપિ સ્થલે વાઽપિ લુઠત્વેષ જડાત્મકઃ ।
નાહં વિલિપ્યે તદ્ધર્મૈઃ ઘટધર્મૈર્નભો યથા ॥૫૧૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા ઘટધર્મૈઃ નભઃ (ન લિપ્યતે), (તથા) એષઃ જડાત્મકઃ (દેહઃ) જલે વા અપિ, સ્થલે વા અપિ લુઠતુ, અહં (તુ) તદ્ધર્મૈઃ ન વિલિપ્યે ॥૫૧૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : અહં (તુ) તદ્-(દેહ-)ધર્મૈઃ ન વિલિપ્યે । અહં ન વિલિપ્યે । હું તો લેપાતો-ખરડાતો નથી, લિપ્ત થતો નથી. શાનાથી ન લેપાવાની અહીં વાત છે ? તદ્ - એટલે દેહ, અને તેના ધર્મોથી, દેહના ધર્મોથી. આવું વિધાન વક્તાએ (એટલે કે શિષ્યે) કેમ કરવું પડ્યું ? - આ કારણે : એષઃ જડાત્મકઃ (દેહઃ)

जले वा अपि स्थले वा अपि लुठतु (तथा अपि) । - આ જડસ્વરૂપ દેહ ભલે જળમાં અથવા જમીન પર આળોટ્યા કરે (लुठतु), પડ્યો રહે (તો પણ); હું કોની જેમ લેપાઉં નહીં ? - यथा घटधर्मैः नभः (न लिप्यते तथा). ઘડાના ધર્મો વડે જેમ આકાશ લેપાતું નથી, તેમ. (૫૧૦)

અનુવાદ :

જડસ્વરૂપ આ (દેહ) જળમાં કે જમીન પર ભલે આળોટે, તો પણ, ઘડાના ધર્મો વડે જેમ આકાશ (લેપાતું નથી), તેમ હું તે(દેહ)ના ધર્મો વડે લેપાતો નથી. (૫૧૦)

ટિપ્પણ :

શિષ્યનાં સંભાષણની જે વિશિષ્ટ વિચારધારા ચાલી રહી છે, તેની જ પુષ્ટિ, વધુ એક ઉદાહરણ વડે, અહીં કરવામાં આવી છે.

શિષ્યનું પ્રતિપાદન તો, એકંદરે, આટલું જ છે કે "હવે તો હું પરમાત્મ-સ્વરૂપ બની ગયો છું, તેથી મારે આ સ્થૂલ અને જડ (Insentient) દેહ સાથે કશો જ સંબંધ નથી; એના કોઈ જ ધર્મો વડે હું લેપાતો-ખરડાતો નથી : ૭૫ કિલો વજનવાળા મારા આ દેહને તો જન્મ-જરા-મૃત્યુ એવા અનેક વિકારો વળગેલા જ છે. વળી, તે જળમાં પડે કે ભોંય પર આળોટે, ભીંજાય કે ધૂળવાળો બને, - આવા બધા દેહ-ધર્મો અને દેહ-વિકારો સાથે પણ મારે કશી જ નિસ્બત નથી. એ જીવે કે આજે જ, અત્યારે જ, મરી જાય, - હું તો કૂટસ્થ છું, સદા અસંગ છું, વિલક્ષણ છું, એટલે તેની કોઈ પણ ક્રિયા વડે હું કદી પણ લેપાતો-ખરડાતો (Contaminated) નથી. હું તો મારાં બ્રહ્મરૂપ **'હું-સ્વરૂપે'** સંપૂર્ણરીતે, મારા આ દેહથી અળગો-અનોખો-ન્યારો છું - દેહના સર્વ વિકારોથી સદા અલિપ્ત !"

શિષ્યની પ્રવર્તમાન આવી વિલક્ષણતા કોના જેવી છે ? - આકાશ (Space, Ether) જેવી : સર્વવ્યાપી આકાશ તો, એના સ્વભાવ પ્રમાણે, સર્વત્ર અસ્તિત્વ ધરાવતું જ હોય : ભોંય પર ખાલી ઘડો પડ્યો હોય તો તેમાં પણ આકાશ તો હોય જ, - ઘટાકાશ-રૂપે ! પરંતુ તે ઘડો મોટો છે કે નાનો છે, મજબૂત છે કે નબળો છે, રંગે તે લાલ છે કે લીલો છે, - ઘડાના આવા કોઈ જ ગુણધર્મો વડે ઘડામાંનું આકાશ-ઘટાકાશ લેશમાત્ર પણ લેપાતું નથી, એ તો એવું ને એવું જ રહે છે : ઘડો ભાંગી જાય ત્યારે, પોતાનાં એવાં જ મૂળ સ્વરૂપે, સર્વવ્યાપી આકાશમાં, મૂલાકાશમાં મળી જાય છે, ભળી જાય છે !

શિષ્ય કહે છે કે "આ જ રીતે, આ મારા જડ દેહનું જે અને જ્યારે, થવું

હોય, થવાનું હોય તે, ભલેને થાય, થતું રહે, - તે સ્વસ્થ રહે કે માંદું પડે, હૃષ્ટપુષ્ટ રહે કે ખખળી જાય, - અરે એ જીવે કે મરે ! એના આવા બધા વિકાર-સભર ધર્મો વડે હું તો કદીયે, ક્યારેય, જરા પણ લેપાતો નથી (न विलिप्ये) !"

મૃત્યુ પછી, સ્વાભાવિક ક્રમ અનુસાર, મોક્ષ પામનાર કોઈ મુક્તાત્માના આવા ઉદ્‌ગાર હોય તો તે સમજી શકાય, કારણ કે તેને હવે કોઈ દેહ જ હોતો નથી, પરંતુ આ તો પોતાના સદ્‌ગુરુની કૃપાનાં પરિણામ-સ્વરૂપે, મૃત્યુ પહેલાં જ, જીવન-દરમિયાન જ, મોક્ષ પામનાર, એક ધન્ય જીવન્મુક્ત છે ! એટલે, એનાં મુખમાંનાં આવાં ઉચ્ચારણો સવિશેષ સમુચિત અને સુસંગત બની રહે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૧૦)

૫૧૧

कर्तृत्वभोक्तृत्वखलत्वमत्तता-
-जडत्वबद्धत्वविमुक्तितादयः ।
बुद्धेर्विकल्पा न तु सन्ति वस्तुतः
स्वस्मिन् परे ब्रह्मणि केवलेऽद्वये ॥५११॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કર્તૃત્વભોક્તૃત્વખલત્વમત્તતા-
-જડત્વબદ્ધત્વવિમુક્તતાદયઃ ।
બુદ્ધેર્વિકલ્પા ન તુ સન્તિ વસ્તુતઃ
સ્વસ્મિન્ પરે બ્રહ્મણિ કેવલેઽદ્વયે ॥૫૧૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

કર્તૃત્વ-ભોક્તૃત્વ-ખલત્વ-મત્તતા-જડત્વ-બદ્ધત્વ-વિમુક્તતા-આદયઃ (એતે સર્વે) બુદ્ધેઃ વિકલ્પાઃ (સન્તિ), સ્વસ્મિન્ કેવલે અદ્વયે પરે બ્રહ્મણિ વસ્તુતઃ ન તુ સન્તિ ॥૫૧૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (એતે સર્વે) બુદ્ધેઃ વિકલ્પાઃ (સન્તિ) । - આ સર્વ તો માત્ર બુદ્ધિની કલ્પનાઓ છે. 'આ સર્વ' - એટલે કઈ-કઈ ? આટલી : કર્તૃત્વથી શરૂ કરીને

विमुक्तता-आदयः सुधीनी ! कर्तृत्व - कर्तापणुं, कर्ता-भाव; भोक्तृत्व એટલે ભોક્તાભાવ, ભોક્તાપણું; खलत्व । खल એટલે શઠ, લુચ્ચો; खलत्व એટલે શઠતા, શાઠ્ય, લુચ્ચાપણું; मत्तता - ઉન્મત્તપણું, ઉન્માદ, ગાંડપણ; जडत्व - જડતા; बद्धत्व - બંધન; विमुक्तता એટલે વિમુક્તપણું, મુક્તિ, મોક્ષ, મુક્તાવસ્થા; - આ બધી તો ફક્ત બુદ્ધિની જ કલ્પનાઓ છે.

(૨) ईदृशाः विकल्पाः ब्रह्मणि वस्तुतः न सन्ति । वस्तुतः એટલે વાસ્તવિકરૂપે, ખરેખર, હરગીઝ. આવી, - એટલે કે ઉપર્યુક્ત, કલ્પનાઓ બ્રહ્મમાં છે જ નહીં. આ બ્રહ્મ કેવું છે ? - ચાર વિશેષણો આ પ્રમાણે : (અ) स्वस्मिन् । હું જ પરમ બ્રહ્મ છું, - એવા મારામાં; (બ) परे એટલે પરમ; (ક) केवले - એકસ્વરૂપ, કેવલ-સ્વરૂપ, અસ્પૃષ્ટ; (ડ) अद्वये - અદ્વિતીય. (૫૧૧)

અનુવાદ :

કર્તાપણું, ભોક્તાપણું, શઠતા, ઉન્માદ, જડતા, બંધન અને વિમુક્તિ, - વગેરે બુદ્ધિની જ કલ્પનાઓ છે : કેવલ, અદ્વિતીય અને પર-બ્રહ્મ-સ્વરૂપ એવા મારામાં (આત્મામાં, એ સર્વ) છે જ નહીં. (૫૧૧)

ટિપ્પણ :

પોતાનાં પ્રતિપાદનનાં સમર્થનમાં શિષ્યનું સંભાષણ આ પ્રમાણે ચાલુ છે : કર્તૃત્વથી શરૂ કરીને મુક્તાવસ્થા સુધીના, શ્લોકની પ્રથમ બે પંક્તિમાં નિર્દિષ્ટ, વિકલ્પો, એટલે કે, કલ્પનાઓ, બુદ્ધિ સાથે જ સંબંધ ધરાવે છે, આત્મા સાથે કે પરમ-બ્રહ્મ સાથે નહીં; અને અત્યારે તો શિષ્ય પોતે જ પરબ્રહ્મ-સ્વરૂપ બની રહ્યો છે, એટલે પોતાનામાં (स्वस्मिन्) પણ નથી.

અંતે, આ 'બુદ્ધિ' પણ શું છે ? આ પહેલાં, આપણે જોયું તે પ્રમાણે, દેહ સાથે સંબંધ ધરાવતી અનાત્મા — જેવી એક ઉપાધિ જ ! ભલે આત્મચૈતન્ય આ બુદ્ધિમાં પ્રતિબિંબિત થયું હોય તો પણ, છેવટે તો તે પણ એક પ્રતિબિંબ જ ને ! કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે જે વિકલ્પો શ્લોકમાં ગણાવવામાં આવ્યા છે તે બધા, અવિદ્યાથી, બુદ્ધિમાં, એટલે કે એ ઉપાધિમાં, અધ્યારોપિત થયા હોવાથી, મિથ્યા જ છે. અને વિકલ્પો એટલે તો 'વિકલ્પો' ! માત્ર 'કલ્પનાઓ' જ ! એ તો સત્યસ્વરૂપ હોય જ શાની ?

શિષ્ય કહે છે કે "અત્યારે હું જેમાં તાદાત્મ્ય પામી રહ્યો છું તે, પરમ-બ્રહ્મ તો 'કેવલ' (Absolute) અને 'અદ્વિતીય' છે, તેથી તે તો સમગ્ર બ્રહ્માંડનું મૂળભૂત અધિષ્ઠાન છે. અને કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે વિકલ્પો તો આ અધિષ્ઠાનના સંસર્ગમાં

આવવાને કારણે, માત્ર ભ્રાન્તિજન્ય આભાસો જ છે, - જે, મૂળ અધિષ્ઠાનમાં કશી વિકૃતિ સર્જી શકે નહીં : સાપની ભ્રાન્તિ થવા છતાં, આ સાપ એનાં અધિષ્ઠાન-રૂપ દોરડાંને જરા પણ વિકૃત કરી શકતો નથી ! સંક્ષેપમાં, સાપ દોરડામાં ક્યારેય હતો જ નહીં, છે જ નહીં !

"વિકલ્પો, કલ્પનાઓ, આરોપણો, આભાસો, - આ બધાંનું જે અસ્તિત્વ છે તે માત્ર પ્રાતીતિક અને પ્રાતિભાસિક જ હોય છે. અને આવું કાલ્પનિક અસ્તિત્વ ધરાવનાર પદાર્થોને સદા સત્સ્વરૂપ એવાં મૂલ-અધિષ્ઠાન સાથે કશો સંબંધ જ હોતો નથી, તો પછી આવા સર્વ વિકલ્પો પરબ્રહ્મ-સ્વરૂપ મૂલ અધિષ્ઠાનમાં તો હોઈ ન શકે ! એમનાં અસ્તિત્વની અવધિ તો માત્ર બુદ્ધિ જેવી ઉપાધિ સુધીની જ !'

શિષ્યની ઉક્તિનો તાત્પર્યાર્થ એ જ કે અત્યારે તે પોતે સ્વસ્મિન્ બ્રહ્મણિ સંસ્થિત હોવાથી કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે વિકલ્પો તેનામાં હરગીઝ છે ? નહીં !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૧૧)

૫૧૨

सन्तु विकाराः प्रकृतेर्दशधा शतधा सहस्रधा वाऽपि ।
किं मेऽसंगचितेस्तैर्न घनः क्वचिदम्बरं स्पृशति ॥५१२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सन्तु विकाराः प्रकृतेर्दशधा शतधा सहस्रधा वाऽपि ।
किं मेऽसंगचितेस्तैर्न घनः क्वचिदम्बरं स्पृशति ॥५१२॥

શ્લોકનો ગદ્ય અન્વય :

प्रकृतेः दशधा शतधा सहस्रधा वा अपि विकाराः सन्तु, असंगचितेः मे तैः (विकारैः) किम् ? । घनः अम्बरं क्वचित् अपि न स्पृशति ॥५१२॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) प्रकृतेः विकाराः सन्तु । પ્રકૃતિ એટલે **સાંખ્ય**-દર્શન-પ્રબોધિત જગતની ઉત્પત્તિમાં સક્રિય રહેલું તત્ત્વ, **પ્રકૃતિ**; અને **વેદાંત**-દર્શન પ્રમાણે, અથવા તો, શ્રીશંકરાચાર્યના **કેવલાદ્વૈત**-સિદ્ધાંત પ્રમાણે, **માયા**. આવી **પ્રકૃતિ** અથવા **માયા**ના વિકારો તો ભલેને હોય !

પરંતુ આ વિકારોની સંખ્યાનો કશો અંદાજ ખરો ? - હા : दशधा, शतधा, सहस्रधा अपि वा सन्तु । સંસ્કૃતમાં धा-શબ્દ પ્રકારો કે જાતો (Kinds) અથવા રીતો (Ways) સૂચવે છે : दशधा એટલે દશ-પ્રકારના, शतधा એટલે સો-પ્રકારનાં, સેંકડો; सहस्रधा એટલે હજાર-પ્રકારના, હજારો (વિકારો). પ્રકૃતિના વિકારો ભલેને દશ-પ્રકારના, સો-પ્રકારના, કે હજાર-પ્રકારના હોય !

(૨) असंगचितः मे तैः (विकारैः) किम् ? । चिति એટલે જ્ઞાનસ્વરૂપ, ચૈતન્ય-સ્વરૂપ છું, - એવા મને, મારા આત્માને, તેથી શું ? એ બધા વિકારો સાથે મારે, - असंग ચૈતન્યસ્વરૂપને, - શો સંબંધ ? આવો દાવો (Claim) શાના આધારે કરી શકાય ? હવે પછીનાં, ત્રીજાં વાક્યમાં, આવાં વિધાનનાં સમર્થનમાં રજૂ કરેલ ઉદાહરણના આધારે.

(૩) घनः क्वचित् (अपि) अम्बरं न स्पृशति । घन એટલે વાદળું; અને अम्बर એટલે આકાશ : વાદળું કદાપિ આકાશને સ્પર્શી શકતું નથી. (૫૧૨)

અનુવાદ :

પ્રકૃતિમાં ભલેને દશ-જાતના, સો-જાતના, અરે હજાર-જાતના પણ વિકારો થાય ! અસંગ-ચૈતન્યસ્વરૂપ એવા મને (મારા આત્માને) તેથી (તેનાથી, તે વિકારોથી) શું ? વાદળું કોઈ વખતે પણ આકાશને સ્પર્શી શકતું નથી. (૫૧૨)

ટિપ્પણ :

'મારે ન તો પ્રવૃત્તિ છે, ન તો નિવૃત્તિ છે' (શ્લોક-૫૦૩), 'મને વળી પુણ્ય કે પાપ ક્યાંથી હોઈ શકે ?' (શ્લોક-૫૦૪), - ત્યાંથી શરૂ કરીને છેક શ્લોક-૫૧૧ સુધી, શિષ્યે, પોતાની પ્રવર્તમાન સંપૂર્ણતઃ પરિવર્તિત પરિસ્થિતિમાં, આવું કશું શક્ય જ નથી, એવું પોતાનું પ્રતિપાદન ચાલુ રાખ્યું. એ જ વિચારસરણીનું એનું અનુમોદન અહીં પણ ચાલુ જ રહ્યું છે.

જેને આધારે જગતની ઉત્પત્તિ, એકધારી, થતી જ રહે છે તે **सांख्य**-દર્શન-પ્રબોધિત "મૂલ(Primordial)-પ્રકૃતિ"ના અર્થમાં, કે **वेदान्त**-દર્શનના પારિભાષિક શબ્દ એવી **"माया"**ના અર્થમાં, આ શ્લોકમાંના **प्रकृति**-શબ્દને ગમે તે અર્થમાં ઘટાવીએ, એક વાત તો સુનિશ્ચિત જ છે કે **"प्रकृति"** એવું એક અનાત્મ-તત્ત્વ છે, જેમાં, શારીરિક-માનસિક-બૌદ્ધિક કક્ષાએ, સતત વિકારો સર્જાતા જ રહે છે, અને તે પણ કોઈ દશ-વીશની મર્યાદિત સંખ્યામાં જ નહીં, પરંતુ સેંકડો-હજારોની સંખ્યામાં અને એવા અને એટલા અસંખ્ય પ્રકારના !

એક વિચિત્ર અને આશ્ચર્યકારક હકીકત તો એ છે કે એનું નામ ભલે **'प्रकृति'**-

એવું હોય, - એનું સ્વરૂપ અને એનો સ્વભાવ એટલે તો માત્ર 'વિકૃતિ', - 'વિકાર' ! અને એના આ બધા વિકારોનો "ત્રાસ"(Persecution) તો એવો વ્યાપક હોય છે, કે તેનાથી કોઈ જ બચી શકે નહીં ! પ્રવર્તમાન પરાકાષ્ઠાની પરિસ્થિતિએ તે પહોંચ્યો, તે પહેલાંની તેની, ભૂતપૂર્વ, સાધના-અવસ્થા દરમિયાન, પ્રકૃતિના આ વિકારોના ત્રાસને શિષ્યે વેઠ્યો જ છે, એટલે આ તો તેના પોતાના સ્વાનુભવની જ વાત છે !

પરંતુ હવે ?

હવે તો તે, પરમતત્ત્વ-સ્વરૂપ બની ગયો છે : કૂટસ્થ, અસંગ, ચૈતન્યસ્વરૂપ ! પ્રકૃતિના પેલા 'વિકારો'ની તાકાત નથી કે હવે તે બધા તેને સ્પર્શી શકે ! 'અસંગ' સાથે વળી 'સંગ' કેવો ? સ્પર્શ-સંપર્ક-સંબંધ કેવો !

સેંકડો-હજારોની સંખ્યામાં અને એવા જ અનેક પ્રકારના વિકારો, પ્રકૃતિ ભલેને સતત સર્જતી જ રહે ! અત્યારની પોતાની પરિસ્થિતિને અનુલક્ષીને, શિષ્યે તો, ચોખ્ખું ને ચટ્ટ, સંભળાવી દીધું કે હવે મને તે(વિકારો)થી શું (तैः मे किम् ?)

– જીવન્મુક્તની આ જ સાત્ત્વિક ખુમારી !

– અસંગાવસ્થાનો આ જ વિરલાદ્‌ભુત ચમત્કાર !

શ્લોકનો છંદ : આર્યા (૫૧૨)

૫૧૩

अव्यक्तादिस्थूलपर्यन्तमेतद्
विश्वं यत्राऽऽभासमात्रं प्रतीतम् ।
व्योमप्रख्यं सूक्ष्ममाद्यन्तहीनं
ब्रह्माऽद्वैतं यत् तदेवाऽहमस्मि ॥५१३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અવ્યક્તાદિસ્થૂલપર્યન્તમેતદ્
વિશ્વં યત્રાઽઽભાસમાત્રં પ્રતીતમ્ ।
વ્યોમપ્રખ્યં સૂક્ષ્મમાદ્યન્તહીનં
બ્રહ્માઽદ્વૈતં યત્ તદેવાઽહમસ્મિ ॥૫૧૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યત્ર અવ્યક્તાદિસ્થૂલપર્યન્તં એતદ્ વિશ્વં આભાસમાત્રં પ્રતીતં, વ્યોમપ્રખ્યં

सूक्ष्मं आदि-अन्त-हीनं यत् अद्वैतं ब्रह्म, तद् एव अहं अस्मि ॥५१३॥

शब्दार्थ :

मुख्य वाक्य : तद् एव ब्रह्म अहं अस्मि । ते ज ब्रह्म हुं छुं. कयुं ब्रह्म ? चार विशेषणो आ प्रमाणे : (१) यत्र एतद् विश्वं आभासमात्रं प्रतीतम् । જ્યાં (જેમાં) આ (આખું) વિશ્વ આભાસરૂપે જ પ્રતીત થાય છે તે. આ વિશ્વ કેવું છે ? अव्यक्त-आदि-स्थूल-पर्यन्तम् । - જે વ્યક્ત નથી તે, હિરણ્યગર્ભ અથવા માયા; અવ્યક્તથી માંડીને અત્યંત સ્થૂલ દેહ વગેરે પદાર્થોનું બનેલું, ત્યાં સુધીનું; (२) व्योमप्रख्यं सूक्ष्मम् । प्रख्य એટલે એ નામે ઓળખાતું, એના જેવું, એના સમાન વ્યાપક, સૂક્ષ્મ : આકાશ જેવું જે સૂક્ષ્મ છે; (૩) आदि-अन्त-हीनम् । આદિ કે અન્ત વિનાનું એટલે કે અનાદિ અને અનંત; (४) अद्वितीयम् । - જેના માટે "બીજું" (अद्वितीयं) કહી શકાય એવું કશું-કોઈ નથી, તેવું. (૫૧૩)

અનુવાદ :

જેમાં અવ્યક્તથી આરંભીને સ્થૂલ પદાર્થોથી બનેલું આ (આખું) વિશ્વ આભાસરૂપે જ પ્રતીત થાય છે, આકાશ જેવું જે સૂક્ષ્મ છે, અને જે આદિ કે અંત વિનાનું છે, તે અદ્વિતીય બ્રહ્મ જ હું છું. (૫૧૩)

ટિપ્પણ :

અત્યારસુધી, આપણને જે સવિશેષ પરિચિત છે તેવી, નકારાત્મક (Negative) ભાષામાં, શિષ્ય, પોતાનું સંભાષણ કરી રહ્યો હતો : "હું આ નથી, હું તે નથી" - વગેરે. પરિચય આપવાનો, આ પણ એક પ્રકાર છે, એ સાચું; પરંતુ આ પરિચય ઊણો-અધૂરો જ ગણાય : "હું તો, ખરેખર, આ જ છું", - એવી હકારાત્મક (Positive) અને નિશ્ચયાત્મક (Decisive, Assertive) ભાષામાં જ્યારે પરિચય અપાય ત્યારે જ, તે પરિચય પૂરો અને પ્રતીતિજનક બને.

શિષ્યે હવે, આવો પરિચય આપવાનું, આ શ્લોકથી શરૂ કર્યું છે; અને એમાંયે, તે, જેની સાન્દ્ર પ્રતીતિ અત્યારે કરી રહ્યો છે, "તે જ બ્રહ્મ હું છું", - એવું સાફ અને સ્પષ્ટ વિધાન કરી દે ત્યારે, તેનો પરિચય પૂર્ણતાની દિશામાં જઈ રહ્યો છે, એની, - સૌપ્રથમ તો, તેના પૂજ્ય સદ્‌ગુરુને, - અને પછી, આપણને સહુને, ખાતરી થાય.

અને, આ બ્રહ્મ અદ્વિતીય, અનાદિ તથા અનંત તો છે જ; પરંતુ આ પહેલાં જેનાં સ્વરૂપની વિશિષ્ટતા નિરૂપિત થઈ ગઈ છે, એવાં આકાશ (Space, Ether) જેવું, તે બ્રહ્મ વ્યાપક અને સૂક્ષ્મ પણ છે.

વળી, વેદાંત-દર્શનની પરિભાષામાં, જેને 'મિથ્યા' તરીકે વર્ણવવામાં આવ્યું છે તેવું આ જગત (આ વિશ્વ), 'મિથ્યા' હોવા છતાં 'પ્રતીત' તો થાય જ છે, - અલબત્ત, એ જ વેદાંત-પરિભાષામાં એક 'આભાસ' તરીકે, માત્ર એક પડછાયા જેવું, - તે વિશ્વ પણ, રમમાણ તો આ બ્રહ્મમાં જ રહે છે ! પરંતુ આ બ્રહ્મની બીજી એક વિશિષ્ટતા એ છે કે જે બ્રહ્મમાં (यत्र) આ વિશ્વ આભાસરૂપે પ્રતીત થાય છે, તે વિશ્વ પણ જેવું-તેવું, નાનું-સૂનું નથી : એનો વ્યાપ તો છેક અવ્યક્ત હિરણ્યગર્ભથી માંડીને અત્યંત-સ્થૂલ એવા અસંખ્ય પદાર્થ સુધી વિસ્તરેલો છે ! પરંતુ આ બ્રહ્મ તો અનાદિ-અનંત છે, આવાં મસ-મોટાં વિશ્વને પણ પોતાનામાં સમાવિષ્ટ કરી દેવું, - એ તો, એના માટે, હસ્તામલકવત્, સરળ છે.

પરંતુ, શિષ્યના આ આત્મપરિચયમાં, સવિશેષ પ્રસ્તુત તો એ છે કે આવાં વિશ્વનું જે મૂલ-અધિષ્ઠાન (Primordial Substratum) છે, "તે અદ્વિતીય અને અનાદિ-અનંત બ્રહ્મ જ હું છું ! – સર્વપ્રકાશક, નિત્ય-શુદ્ધ-બુદ્ધ, નિશ્ચલ અને નિર્વિકલ્પ !"

શ્લોકનો છંદ : **શાલિની** (૫૧૩)

૫૧૪

सर्वाधारं सर्ववस्तुप्रकाशं
सर्वाकारं सर्वगं सर्वशून्यम् ।
नित्यं शुद्धं निश्चलं निर्विकल्पं
ब्रह्माद्वैतं यत् तदेवाहमस्मि ॥५१४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સર્વાધારં સર્વવસ્તુપ્રકાશં
સર્વાકારં સર્વગં સર્વશૂન્યમ્ ।
નિત્યં શુદ્ધં નિશ્ચલં નિર્વિકલ્પં
બ્રહ્માદ્વૈતં યત્ તદેવાહમસ્મિ ॥૫૧૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यत् सर्वाधारं, सर्ववस्तुप्रकाशं, सर्वाकारं, सर्वगं, सर्वशून्यं, नित्यं, शुद्धं, निश्चलं, निर्विकल्पं, अद्वैतं (च अस्ति), तद् एव ब्रह्म अहं अस्मि ॥५१४॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં, ગયા શ્લોકની ચોથી પંક્તિ, મુખ્ય વાક્ય તરીકે અને શિષ્યના આત્મપરિચયની ધ્રુવપંક્તિ તરીકે, એ જ શબ્દોમાં ચાલુ રહી છે : तद् एव अद्वितीयं ब्रह्म अहं अस्मि । - "તે જ અદ્વિતીય બ્રહ્મ હું છું !" અને પછી નાનાં-મોટાં, અને એમાંના મોટા ભાગનાં, ઉપનિષદોમાં અને **वेदांत**-વિદ્યાના ગ્રંથોમાં પ્રચલિત અને પરિચિત એવાં **नव** વિશેષણો આ પ્રમાણે પ્રયોજવામાં આવ્યાં છે : (૧) सर्वाधारम् । જે સર્વનો આધાર છે, - આ પહેલાં જણાવાયું છે તેમ, સર્વનું તે અધિષ્ઠાન (Substratum) છે. આ વિશેષણનો મર્મ અને એનું મહત્ત્વ એ છે કે વિશ્વમાંનાં સર્વ પદાર્થો-વસ્તુઓનું અસ્તિત્વ, એના જ આધારે ટકે છે : **'પટ'**-(Cloth)નો આધાર **'તંતુ'** છે, ઘડા(**ઘટ**)નો આધાર **'માટી'**(મૃત્તિકા) છે, અને કંઠમાંના **'હાર'**નો આધાર **'સોનું'**(સુવર્ણ) છે, તેમ. પારિભાષિક શબ્દ પ્રયોજીએ તો, તે સર્વનું **"ઉપાદાન"** છે. (૨) सर्ववस्तुप्रकाशम् । આ શબ્દમાં જે 'પ્રકાશ' શબ્દ છે તે, માત્ર સ્થૂલ 'અજવાળનાર' એવા અર્થમાં જ નહીં, પરંતુ સૂક્ષ્મ-રીતે પણ સર્વનો પ્રકાશક બ્રહ્મ જ છે : શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ વગેરેનો જ્ઞાન-પ્રકાશ પણ, કાન-ત્વચા-આંખ-જીભ-નાક વગેરે જ્ઞાનેન્દ્રિયોનાં માધ્યમથી, સહુને, આ બ્રહ્મ દ્વારા જ સાંપડે છે; એટલું જ નહીં પરંતુ મન મારફત સંવેદનાનો અને બુદ્ધિ દ્વારા વિચારોનો પ્રકાશ પણ તે બ્રહ્મ જ પાથરે છે.

કઠોપનિષદ(૨, ૨, ૧૫)નું આ શ્રુતિવચન, બ્રહ્મનાં આ વિશેષણનું સમર્થન કરે છે : तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ।

(૩) सर्वाकारम् । અને વિશ્વમાંનાં સર્વ આકારો, રૂપો પણ એ જ સૂક્ષ્મ બ્રહ્મનાં સ્થૂલ સ્વરૂપો છે ને ! इदं सर्वं यदयमात्मा । - **મુંડક**૦. મનુષ્યો-પશુઓ-પંખીઓ-જંતુઓ-વનસ્પતિ, - વગેરે, અરે, પથ્થર જેવો પથ્થર પણ એ બ્રહ્મનું જ સ્થૂલ રૂપ છે ને ! ટૂંકમાં, સમગ્ર વિશ્વ પણ એ સૂક્ષ્મ બ્રહ્મનું જ સ્થૂલીકરણ (Grossification) જ છે ! (૪) सर्वगम् । सर्वं गच्छति असौ । - **ઉપપદ** સમાસ. જેની **ગતિ** સર્વત્ર છે, તેવું આ બ્રહ્મ સર્વગામી અને સર્વવ્યાપક (Omnipresent, All-pervading) છે. (૫) सर्वशून्यम् । જે 'સર્વગામી' છે છતાં 'સર્વથી રહિત' છે, - એવું પરસ્પર-વિરોધી વિશેષણ તો માત્ર બ્રહ્મ માટે જ પ્રયોજી શકાય ! બ્રહ્મ એક-અદ્વિતીય-કેવલ છે એટલે જ, તેમાંથી **સર્વ**ની બાદબાકી પણ થઈ શકે ! બ્રહ્મની **"અખંડાકાર-વૃત્તિ"** તે જ આ **"સર્વશૂન્યતા"** ! (૬) नित्यम् । ત્રણેય કાળમાં અને સમગ્ર બ્રહ્માંડમાં, ક્યારેય-ક્યાંય, તેનું અસ્તિત્વ ન હોય એ શક્ય જ નથી, તે નિત્ય (Eternal) છે : ટૂંકમાં, કાળના સર્વ પરિચ્છેદોથી તે પર છે. (૭) शुद्धम् । સમગ્ર

જગતના, દેહ-મન-બુદ્ધિ જેવા અનાત્મ-પદાર્થોની અશુદ્ધિથી જે સદા-સર્વદા પર છે, તે બ્રહ્મ એટલે તો શુદ્ધતાનું મૂર્તિમંત સ્વરૂપ ! – (Completely un-contaminated). (૮) નિશ્ચલમ્ । સમસ્ત વિશ્વનું **"ચાલવાનું"** (Movement) જ આ બ્રહ્મમાં સતત થતું રહે છે, તેથી તેને પોતાને તો કોઈ-કશી **"ચાલ"** (Motion) હોઈ જ ન શકે ! તે પોતે 'નિશ્ચલ' અને અવિચળ છે, તેથી જ સમગ્ર બ્રહ્માંડનું **'ચાલવાનું'** શક્ય બને છે ! (૯) નિર્વિકલ્પમ્ । - એ જ રીતે, જગત અને એમાંના સર્વ અનાત્મ-પદાર્થોમાં વિકલ્પો-વિકારો-વિચારો-પરિવર્તનો એ જ કારણે સંભવિત બને છે કે સર્વનાં અધિષ્ઠાન સમું આ બ્રહ્મ વિકલ્પ-વિહીન છે, નિર્વિકલ્પ છે ! જે સદા **'સત્'** છે, તેને વળી **'કલ્પના'** સાથે શી લેવા-દેવા ? આવો વિચાર જ હાસ્યાસ્પદ (Ridiculous) છે ! (૫૧૪)

અનુવાદ :

જે સર્વનો આધાર છે, સર્વ વસ્તુઓને પ્રકાશનાર છે, સર્વની આકૃતિરૂપ જે છે, જે સર્વગામી હોવા છતાં જે સર્વથી રહિત છે, જે નિત્ય, શુદ્ધ, નિશ્ચલ અને નિર્વિકલ્પ તથા અદ્વિતીય છે, તે જ બ્રહ્મ હું છું. (૫૧૪)

ટિપ્પણ :

શ્લોકમાંના સર્વ શબ્દોને શબ્દાર્થ-વિભાગમાં, સવિસ્તર સમજાવવામાં આવ્યા હોવાથી, હવે, અહીં, ઊમેરવાનું રહેતું જ નથી.

શ્લોકનો છંદ : **શાલિની** (૫૧૪)

૫૧૫

यत् प्रत्यस्ताशेषमायाविशेषं
प्रत्यग्-रूपं प्रत्ययागम्यमानम् ।
सत्यज्ञानानन्तमानन्दरूपं
ब्रह्माद्वैतं यत् तदेवाहमस्मि ॥५१५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

યત્ પ્રત્યસ્તાશેષમાયાવિશેષં
પ્રત્યગ્-રૂપં પ્રત્યયાગમ્યમાનમ્ ।
સત્યજ્ઞાનાનન્તમાનન્દરૂપં
બ્રહ્માદ્વૈતં યત્ તદેવાહમસ્મિ ॥૫૧૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પ્રત્યસ્ત-અશેષમાયાવિશેષં, પ્રત્યગ્-રૂપં, પ્રત્યય-અગમ્યમાનં, સત્ય-જ્ઞાન-અનન્તં, આનન્દરૂપં યદ્ અદ્વૈતં બ્રહ્મ (અસ્તિ), તદ્ એવ અહં અસ્મિ ॥૫૧૫॥

શબ્દાર્થ :

અહીં, આ શ્લોકમાં પણ, આ પહેલાંના ૯ શ્લોકોની જેમ, ચોથી પંક્તિ એ જ રીતે, શબ્દશઃ, પુનરુક્ત કરવામાં આવી છે, જેમાં, શિષ્ય, "એ જ અદ્વિતીય બ્રહ્મ હું છું !" - એવી પોતાની પ્રહર્ષ-રોમાંચક ઘોષણાનું પુનરુચ્ચારણ સવિશેષ ભારપૂર્વક (Emphatically) વ્યક્ત કરે છે, અને બ્રહ્મનાં પાંચ વિશેષણો આ રીતે ઊમેરે છે :

(૧) પ્રત્યસ્ત-અશેષ-માયા-વિશેષમ્ । માયા-વિશેષ - માયાની સઘળી વિશેષતા, – વિભિન્નતાઓ-નવીનતાઓ; માયાનાં બધાં ભેદો-નાવીન્યો; અશેષ - સર્વ, બધી, સઘળી, સમસ્ત. પ્રત્યસ્ત । અસ્ એટલે ફેંકી દેવું, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ, - અસ્ત; આની આગળ ઉપસર્ગ - પ્રતિ મૂક્યા પછીનું રૂપ, - પ્રત્યસ્ત. જેણે માયાની સઘળી વિશિષ્ટતાઓને ફગાવી દીધી છે તેવું, માયાના સમસ્ત ભેદો વગરનું, માયાજન્ય કશા જ વિશેષો વિનાનું, - એવું બ્રહ્મ;

(૨) પ્રત્યગ્-રૂપમ્ । - પ્રત્યગાત્મારૂપ, સ્વાત્મ-સ્વરૂપ, મનુષ્યના વ્યક્તિગત આત્માનું સ્વરૂપ ધરાવતું, એવું બ્રહ્મ;

(૩) પ્રત્યય-અગમ્યમાનમ્ । ગમ્-ગચ્છ્ એટલે જવું, પરંતુ અહીં 'સમજવું', 'અર્થ-ગ્રહણ કરવો', 'પ્રતીતિ પામવી' (To understand), - એ ધાતુનું કર્મણિ વર્તમાનકૃદંતનું રૂપ, - ગમ્યમાન, એટલે સમજાય, સમજી શકાય તેવું; અગમ્યમાનં એટલે ન સમજી શકાય તેવું. શાનાથી ન સમજી શકાય એવું ? - પ્રત્યય એટલે બુદ્ધિ. બુદ્ધિથી ન સમજી શકાય તેવું, બ્રહ્મ;

(૪) સત્ય-જ્ઞાન-અનન્તમ્ । આ એક સામાસિક શબ્દમાં, બ્રહ્મનાં ત્રણ વિશેષણો, આ રીતે, સમાવિષ્ટ થયાં છે : (અ) સત્ય-સ્વરૂપ, (બ) જ્ઞાન-સ્વરૂપ, અને (ક) અનંત-સ્વરૂપ; અને

(૫) આનન્દરૂપમ્ । - આનંદસ્વરૂપ.

"આવું જે બ્રહ્મ અદ્વિતીય (અદ્વૈતં) છે, તે જ હું છું !" (૫૧૫)

અનુવાદ :

માયાથી ઉત્પન્ન થતી કોઈ પણ વિશિષ્ટતા-વિનાનું; મનુષ્યના પોતાના

આત્મારૂપ, બુદ્ધિ વડે ન સમજી શકાય તેવું, સત્ય-જ્ઞાનરૂપ, અનંતસ્વરૂપ, અને આનંદરૂપ એવું જે અદ્વિતીય બ્રહ્મ છે, તે જ હું છું. (૫૧૫)

ટિપ્પણ :

વિશ્વમાં જે કાંઈ વૈચિત્ર્ય-વૈવિધ્ય-બાહુલ્ય છે, તે સઘળું **માયા**નું જ સર્જન છે; એટલું જ નહીં પણ એનાં નિત-નવાં રૂપો પણ અપાર છે, અસંખ્ય છે; એની વિશેષતા અને નવીનતા પણ એટલી જ અદ્‌ભુત ! અને વિશેષતા એટલે જ વિભિન્નતા !

પરંતુ બ્રહ્મ તો એકત્વનું જ સ્વરૂપ ! એટલે તે તો માયાની આવી બધી વિશેષતાઓને અતિક્રમીને (Transcends), તેની પેલી પાર સદા રહેનારું એક અને અદ્વિતીય તત્ત્વ છે !

એટલે જ **દક્ષિણામૂર્તિસ્તોત્ર**માં આ જગતને આવી રીતે વર્ણવવામાં આવ્યું છે :

मायाकल्पितदेशकालकलनावैचित्र्यचित्रीकृतम् ।

આ બ્રહ્મ એ જ મનુષ્યના વ્યક્તિગત સ્વાત્મ-રૂપ, પ્રત્યગાત્મારૂપ, - પ્રત્યેક મનુષ્યનો પોતાનો આત્મા એટલે જ આ બ્રહ્મ ! એનાથી આ બ્રહ્મ જરા પણ જૂદું નથી, - પ્રત્યગ્‌રૂપ !

સામાન્ય રીતે, કોઈ પણ વાત કે વિષયને સમજવાની જરૂર પડે ત્યારે મનુષ્યને તેની બુદ્ધિ (પ્રત્યય) સહાયભૂત બને; પરંતુ આ તો બ્રહ્મ ! બુદ્ધિનું ગજું નહીં, - એને સમજવાનું કે સમજાવવાનું ! જેને Cognition કે Communication કહેવામાં આવે છે, તેની સર્વ શક્તિઓથી આ બ્રહ્મ તો સદા પર જ રહે છે ! સ્વયં-પ્રતીતિ એ એક જ માર્ગ અને માધ્યમ, - આ બ્રહ્મને પામવાનું, પહોંચવાનું !

આદિ અને અંત વિનાનું હોવાથી, તે 'અનંત' તો છે જ, પરંતુ એનું મૂળભૂત સ્વરૂપ જ સચ્ચિદાનંદનું, એટલે સત્ય, જ્ઞાન અને આનંદ તો એનાં જ પર્યાયો ! અથવા તો, સત્-ચિદ્-આનંદ પોતે જ બ્રહ્મનો પર્યાય !

શિષ્ય કહે છે કે "આવું જે બ્રહ્મ, તે જ હું છું !"

શ્લોકનો છંદ : **શાલિની** (૫૧૫)

૫૧૬

निष्क्रियोऽस्म्यविकारोऽस्मि निष्कलोऽस्मि निराकृतिः ।
निर्विकल्पोऽस्मि नित्योऽस्मि निरालम्बोऽस्मि निर्द्वयः ॥५१६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિષ્ક્રિયોઽસ્ત્યવિકારોઽસ્મિ નિષ્કલોઽસ્મિ નિરાકૃતિઃ ।
નિર્વિકલ્પોઽસ્મિ નિત્યોઽસ્મિ નિરાલમ્બોઽસ્મિ નિર્દ્વયઃ ॥૫૧૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(અહં) નિષ્ક્રિયઃ અસ્મિ; (અહં) અવિકારઃ અસ્મિ; (અહં) નિષ્કલઃ અસ્મિ; (અહં) નિરાકૃતિઃ (અસ્મિ); (અહં) નિર્વિકલ્પઃ અસ્મિ; (અહં) નિત્યઃ અસ્મિ; (અહં) નિરાલમ્બઃ અસ્મિ; (અહં) નિર્દ્વયઃ (અસ્મિ) ॥૫૧૬॥

શબ્દાર્થ :

"જે બ્રહ્મ હું પોતે જ છું !" - એમ શિષ્ય કહે છે, તેનાં આટલાં વિશેષણો તે અહીં પ્રયોજે છે : નિષ્ક્રિયઃ, અવિકારઃ, નિષ્કલઃ, નિરાકૃતિઃ, નિર્વિકલ્પઃ, નિત્યઃ, નિરાલમ્બઃ, નિર્દ્વયઃ.

આ આઠમાંથી એક પણ વિશેષણ, આ ગ્રંથના સ્વાધ્યાયી માટે, નવું કે અપરિચિત નથી. આ પહેલાં, આ બધા જ શબ્દો, એકથી વધુ વખત, પ્રયોજાઈ ચૂક્યા છે, એટલે આમાંથી કોઈ જ શબ્દની સમજૂતી આપવાની આવશ્યકતા રહેતી નથી. (૫૧૬)

અનુવાદ :

હું ક્રિયારહિત, વિકાર-વિનાનો, નિરવયવ, નિરાકાર, નિર્વિકલ્પ, નિત્ય, આધાર-વિનાનો અને અદ્વિતીય છું. (૫૧૬)

ટિપ્પણ :

શ્લોકમાંના શબ્દોને સમજાવવાની જરૂર નથી, એ વાત સાચી; પરંતુ એક માનસશાસ્ત્રીય વિશિષ્ટતાની નોંધ તો અનિવાર્ય જ બની રહે છે.

શ્લોક-૪૮૨થી શરૂ થયેલું શિષ્યનું નિવેદન અને આત્મસંભાષણ હવે જ્યારે તેની સમાપ્તિ તરફ ઝડપથી ગતિ કરી રહ્યું છે ત્યારે, ભાવ અને ભાવના, વિચાર અને વ્યંજના, અને ખાસ તો, સ્વાનુભૂતિ અને સંવેદનાની દૃષ્ટિએ, શિષ્યની નિરૂપણપદ્ધતિમાં, ધીમે-ધીમે છતાં નિશ્ચિતરૂપે અને રીતે, આવી રહેલું પરિવર્તન નોંધપાત્ર છે : એની વાણી હવે અંતઃકરણનાં છેક અંતસ્તલમાંથી ઉદ્ભવી અને ઊભરાઈ રહી હોય એવું એનું સ્વરૂપ છે : આવા સમયે વક્તા એટલો બધો ભાવ-વિભોર અને લાગણી-સભર બની જતો હોય છે, તદ્દન સ્વાભાવિક રીતે, - કે વાણી કે વક્તવ્ય પર એનો કશો કાબુ રહેતો નથી ! ઊર્મિના આવેશમાં, શબ્દોની પુનરુક્તિ

થતી હોય તો પણ તેને તેનો કશો ખ્યાલ રહેતો નથી ! એને તો, જેમ બને તેમ જલદી, પોતાનાં મનમાં અને હૃદયમાં ઊભરાતા વિચારોને વ્યક્ત કરી દેવાની ઉતાવળ હોય છે ! આવેશ અને ઊભરો એ બંને, સર્વ પ્રકારના નિયમ-સંયમથી પર હોય છે ! અંગ્રેજીમાં જેને Tone, Tenor અને Temper કહેવામાં આવે છે, તેની સર્વ મર્યાદાઓને વક્તા, આવી ક્ષણોમાં, વળોટી જાય છે !

શિષ્યની પરિસ્થિતિ, હવે, તેનાં સંભાષણના છેલ્લા થોડા શ્લોકોમાં આવું સ્વરૂપ ધારણ કરતી સ્પષ્ટ દેખાય છે. પુનરુક્તિનો તથા વિચારોની થોડી અવ્યવસ્થિતતાનો દોષ વ્હોરીને પણ શિષ્ય અભાનપણે અહીં ન-અક્ષરના પ્રાસાનુપ્રાસના સાત્વિક સંમોહનથી મુક્ત રહી શકતો નથી ! પોતાની પ્રવર્તમાન બ્રહ્માનુભૂતિનો પ્રભાવ તેના પર એવો પ્રબળ છે કે અત્યારસુધીમાં તે સદ્‌ગુરુ સમક્ષ શું અને કેટલું-કેવું નિવેદન કરી ચૂક્યો છે અને હવે કેટલું બાકી રહ્યું છે, તેનો પણ તેને ખ્યાલ રહ્યો નથી !

આનંદ અને આશ્ચર્યના ઊભરા(Outburst)નું સ્વરૂપ જ આવું ન્યારું-નિરાળું અને અનિયમિત-અવ્યવસ્થિત હોય છે ! જેની સમક્ષ પોતે અત્યારે આવું નિવેદન કરી રહ્યો છે તેના, એક શ્રોતા તરીકે, કેવા પ્રતિભાવો હોય, એવું વિચારવાની સભાનતા, તેને, આવી ક્ષણોમાં, રહેતી નથી, રહી શકતી જ નથી !

આ પ્રકારનો મનોવૈજ્ઞાનિક ખ્યાલ રાખીને જ, આપણે પણ, શિષ્યનાં આ સંભાષણના અવશિષ્ટ અને અંતિમ શ્લોકોને સાંભળીએ, અને પછી જ એ વિશે કશાં નિરીક્ષણ-ઉપસંહાર કરીએ.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૧૬)

૫૧૭

सर्वात्मकोऽहं सर्वोऽहं सर्वाऽतीतोऽहमद्वयः ।
केवलाऽखण्डबोधोऽहमानन्दोऽहं निरन्तरः ॥૫૧૭॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સર્વાત્મકોઽહં સર્વોઽહં સર્વાઽતીતોઽહમદ્વયઃ ।
કેવલાઽખંઽબોધોઽહમાનન્દોઽહં નિરન્તરઃ ॥૫૧૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अहं सर्वात्मकः (अस्मि), अहं सर्वः (अस्मि), अहं सर्व-अतीतः (अस्मि), अहं अद्वयः (अस्मि), (अहं) केवल-अखण्ड-बोधः (अस्मि), (अहं) आनन्दः (अस्मि), अहं निरन्तरः (अस्मि) ॥૫૧૭॥

શબ્દાર્થ :

સર્વ વાક્યોમાં अहं એ કર્તા અને अस्मि એ ક્રિયાપદ સાથેનાં, શ્લોકમાંનાં કૂલ **સાત** વાક્યો દ્વારા, શિષ્ય, પોતાનાં સંભાષણમાં, આ **સાત** વિશેષણો પ્રયોજે છે : (૧) सर्वात्मकः । હું સર્વનો આત્મા છું, હું જ સર્વનું સ્વરૂપ છું, સર્વનું સ્વરૂપ એ મારું સ્વરૂપ છે (Universal); (૨) सर्वः । હું સર્વ-સ્વરૂપ છું : All-in-all, સર્વ-રૂપ એવો હું સર્વનું રૂપ છું, હું જ સર્વ છું (Everything); (૩) सर्वातीतः (सर्व-अतीतः) । સર્વને અતિક્રમીને, તેની પાર રહેલો, હું સર્વથી પર, સર્વથી અસ્પૃષ્ટ છું; - I transcend them all; (૪) अद्वयः । હું અદ્વિતીય છું (Non-dual); (૫) केवल-अखण्ड-बोधः । હું કેવળ-સ્વરૂપ છું (Absolute); હું અખંડ જ્ઞાન-સ્વરૂપ છું (Infinite knowledge, Intelligence); (૬) आनन्दः । હું આનંદરૂપ છું; (Divine Bliss); (૭) निरन्तरः । હું 'નિરન્તર' છું, એટલે કે મારાં સ્વરૂપમાં, વચ્ચે-વચ્ચે ક્યાંય "**અંતર**" (Distance, Distinction, Division) નથી; એટલે કે હું સર્વવ્યાપી, સાર્વકાલિક છું. (૫૧૭)

અનુવાદ :

હું સર્વનો આત્મા છું, હું સર્વરૂપ છું, હું સર્વથી પર છું, હું અદ્વિતીય છું, હું કેવલસ્વરૂપ છું, હું અખંડ-જ્ઞાન-સ્વરૂપ છું, હું આનંદ-સ્વરૂપ છું અને હું નિરન્તર છું. (૫૧૭)

ટિપ્પણ :

શિષ્યનું એકધારું ચાલી રહેલું આત્મસંભાષણ, હવે જ્યારે તે પોતાની પૂર્ણતા અને પરાકાષ્ઠા તરફ વેગપૂર્વક પ્રગતિ કરી રહ્યું છે ત્યારે, એમાં આવેગ અને આવેશ પણ વધી રહ્યાં છે, તેની સ્પષ્ટ પ્રતીતિ; પોતે અત્યારે **જે બ્રહ્મસ્વરૂપ** બની રહ્યો છે તે બ્રહ્મનાં, આ શ્લોકમાંનાં **સાત** વિશેષણોમાં, આપણને થાય છે. આ વિશેષણોમાં, અલબત્ત, પુનરુક્તિ પણ છે અને પોતાની સાર્વજનિકતા, સાર્વકાલિકતા (Universality) અને સર્વવ્યાપકતા(Omnipresence)નો ઉચ્ચસ્વરાત્મક ઉદ્‌ઘોષ પણ છે.

પોતે, સદ્‌ગુરુની કૃપાથી, મુમુક્ષુ, સાધક તરીકેની પોતાની સમગ્ર જીવન-કારકિર્દીની કૃતાર્થતા, પામી રહ્યો છે, એના અપાર્થિવ આનંદ(Providential Bliss)ના ઘોષના પ્રભાવને કારણે તે આજે પોતાનાં સંવિત્‌નું સંતુલન ગુમાવી બેઠો છે, તેથી તે જે કંઈ અભિવ્યક્ત કરે છે તેમાં, વ્યવસ્થિતતા કરતાં વેગ અને નિયમિતતા કરતાં નાદ-નિનાદ વધારે છે !

સંસારી જીવનનું સુખ, મહદંશે, બે દુઃખો વચ્ચેના મધ્યાન્તર(Interval) જેવું

હોય છે, અને આજનો આનંદ, ગઈ કાલના અને આવતી કાલના બે શોકો વચ્ચેનું આકસ્મિક અનુસંધાન હોય છે; પરંતુ હવે તો શિષ્યની પ્રવર્તમાન બ્રહ્મસ્વરૂપાવસ્થામાં, વચ્ચે, કોઈ જ વિરામ નથી, - બસ, અખંડ-એકધારા આનંદની જ અનુભૂતિ છે ! અસ્તિત્વના ઉત્સવનો અસ્ખલિત આનંદ !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૧૭)

૫૧૮

स्वाराज्यसाम्राज्यविभूतिरेषा
भवत्कृपाश्रीमहिमप्रसादात् ।
प्राप्ता मया श्रीगुरवे महात्मने
नमो नमस्तेऽस्तु पुनर्नमोऽस्तु ॥५१८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્વારાજ્યસામ્રાજ્યવિભૂતિરેષા
ભવત્કૃપાશ્રીમહિમપ્રસાદાત્ ।
પ્રાપ્તા મયા શ્રીગુરવે મહાત્મને
નમો નમસ્તેઽસ્તુ પુનર્નમોઽસ્તુ ॥૫૧૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

भवत्कृपाश्रीमहिमप्रसादात् मया एषा स्वाराज्य-साम्राज्य-विभूतिः प्राप्ता; महात्मने श्रीगुरवे ते नमः नमः अस्तु, पुनः नमः अस्तु ॥५१८॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) मया एषा विभूतिः प्राप्ता । વિભૂતિ એટલે સમૃદ્ધિ, સંપત્તિ, ઐશ્વર્ય, ભવ્યતા (Grandeur), ઉજ્જ્વળતા (Splendour); મેં આજે આવી વિભૂતિ પ્રાપ્ત કરી છે. કઈ-કેવી-શાની વિભૂતિ ? - સ્વારાજ્યની અને સામ્રાજ્યની. સ્વારાજ્ય એટલે સ્વઃનું, સ્વર્ગનું રાજ્ય; અહીં, અલબત્ત, સ્વઃ એટલે પરમતત્ત્વ, પરબ્રહ્મ; અને તેથી સ્વારાજ્ય એટલે આત્મજ્ઞાનરૂપી રાજ્ય (Self-sovereignty, Self-Mastery); બ્રહ્માનંદરૂપી ચક્રવર્તિત્વ; અન સામ્રાજ્ય એટલે તો પોતાનાં સર્વસ્વ પર, ભીતરમાંની આંતરિક સાત્ત્વિકતા પરનું સ્વ-શાસન - (Over-lordship).

પણ આવું પરમ સદ્‌ભાગ્ય, તેને, શાને લીધે મળ્યું ? - **भवत्-कृपा-श्री-महिम-प्रसादात्** । **श्री** એટલે સંપત્તિ-સમૃદ્ધિ; **महिम-प्रसाद** - એટલે મહિમા-મહત્ત્વનો પ્રસાદ. ગુરુદેવને સંબોધીને શિષ્ય કહે છે કે "આપની કૃપારૂપી સંપત્તિ અને આપના મહિમાના પ્રસાદને લીધે, મને આવો અલભ્ય લાભ મળ્યો છે."

(૨) **श्रीगुरवे ते नमः अस्तु** । શ્રીગુરુદેવ એવા આપશ્રીને નમસ્કાર ! **नमः अस्तु, पुनः नमः अस्तु** । આપને નમસ્કાર હો ! વારંવાર, ફરી ફરીને નમસ્કાર ! આવી પ્રાપ્તિનો લાભ આપનાર-અપાવનાર આ ગુરુદેવ કેવા છે ? - મહાત્મને । મહાત્મા-રૂપ, મહાત્મા એવા. (૫૧૮)

અનુવાદ :

આપની કૃપારૂપી સંપત્તિ અને આપના મહિમાના પ્રસાદથી મેં આજે **'स्वाराज्य'** અને **'साम्राज्य'** બંનેની વિભૂતિ પ્રાપ્ત કરી છે : આપશ્રી મહાત્મા શ્રીગુરુદેવને નમસ્કાર હો, નમસ્કાર હો ! વારંવાર નમસ્કાર હો ! (૫૧૮)

ટિપ્પણ :

અત્યારસુધી તો, શિષ્ય, પોતાના બ્રહ્માનન્દના અનુભવને અભિવ્યક્ત કરી રહ્યો હતો અને પોતાનાં જીવનની પરમ-ધન્યતાની આવી અલૌકિક સુખ-સંપત્તિની એ અભિવ્યક્તિમાં તે એવો તન્મય બની રહ્યો તો કે તેને એવું સૂઝ્યું જ નહીં કે આવું પરમ-સદ્‌ભાગ્ય અને આવી સુવિરલ કૃતકૃત્યતાની પ્રાપ્તિ તેને કોને લીધે, — મળ્યાં !

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલાં પોતાનાં સુદીર્ઘ સંભાષણનાં આધ્યાત્મિક "ઘેન"માંથી તે સફાળો જાગ્યો, ભાનમાં આવ્યો, સ્વસ્થ થયો કે તરત જ તેને એકાએક ખ્યાલ આવ્યો કે "અરે, બ્રહ્માનંદની અભિવ્યક્તિના મારા આવેશ-આવેગના અતિરેકમાં, હું એ પાયાની હકીકત તો ભૂલી જ ગયો કે આવું અલભ્ય અને અભૂતપૂર્વ આત્મસુખ મને શાને લીધે સાંપડ્યું !"

અને જેવો તે, આવું વિચારવા-પૂરતો સ્વસ્થ થયો કે તરત જ તેનાં મન-હૃદયમાં સ્ફુરી આવ્યું કે - "અરે, આ તો બધો મારા પરમપૂજ્ય શ્રીગુરુદેવની કૃપાનો જ પ્રભાવ અને પ્રતાપ ! એમના મહિમાનું જ આવું સત્ત્વ-સમૃદ્ધ પરિણામ !"

અને તેની મૂળભૂત નમ્રતા અને નિખાલસતા ફરી વાર આવિષ્કૃત થઈ ગઈ ! - "હે મહાત્મા ગુરુદેવ ! આજે હું ધન્ય છું, કૃતાર્થ છું, કૃતકૃત્ય છું ! આપની કૃપાનો જ આ સર્વ ચમત્કાર ! આપને નમસ્કાર હો ! પુનઃ પુનઃ નમસ્કાર હો !"

"स्वाराज्य" એ આત્મિક-આધ્યાત્મિક સ્વરાજ્ય અને સ્વશાસન(Sovereignty

over one's own self)ના અર્થમાં વેદાંત-વિદ્યાનો એક પારિભાષિક શબ્દ છે. સ્વઃ અથવા સ્વર્ એટલે, સામાન્ય અર્થમાં તો, 'સ્વર્ગ', પરંતુ વેદાંત-દર્શનની દૃષ્ટિએ, બ્રહ્મ-આનંદનાં રાજ્ય સમક્ષ, સ્વર્ગના આનંદનું રાજ્ય તો કશી જ વિસાતમાં નથી, એટલે, અહીં, શિષ્ય, આજે, જે "**स्वाराज्य**"(स्वः-राज्य)ની વાત કરે છે, તે તો, વેદાંત-વિદ્યાના દાર્શનિક અર્થમાં જ સમજવાનું રહે છે. અને એની તોલે તો, એની સાથે જ, ઉલ્લિખિત, પેલું '**साम्राज्य**' પણ ન જ આવી શકે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૧૮)

૫૧૯

महास्वप्ने मायाकृतजनिजरामृत्युगहने
भ्रमन्तं क्लिश्यन्तं बहुलतरतापैरनुदिनम् ।
अहंकारव्याघ्रव्यथितमिममत्यन्तकृपया
प्रबोध्य प्रस्वापात् परमवितवान् माममसि गुरो ॥५१९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

महास्वप्ने मायाकृतजनिजरामृत्युगहने
भ्रमन्तं क्लिश्यन्तं बहुलतरतापैरनुदिनम् ।
अहंकारव्याघ्रव्यथितमिममत्यन्तकृपया
प्रबोध्य प्रस्वापात् परमवितवान् मामसि गुरो ॥५१९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(હે) ગુરો ! માયાકૃત-જનિ-જરા-મૃત્યુગહને મહાસ્વપ્ને ભ્રમન્તં, બહુલતરતાપૈઃ અનુદિનં ક્લિશ્યન્તં, અહંકારવ્યાઘ્રવ્યથિતં ઇમં માં, અત્યન્તકૃપયા (ત્વં) પ્રસ્વાપાત્ પ્રબોધ્ય પરં અવિતવાન્ અસિ ॥૫૧૯॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : હે ગુરો ! ઇમં માં (ત્વં) પરં અવિતવાન્ અસિ । અવિતવાન્ (અવ્ એટલે રક્ષવું, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંત રૂપ, - અવિત; તેને વત્ - પ્રત્યય લગાડીને, તેના પરથી, બનાવવામાં આવેલું કર્તરિ ભૂતકૃદંતનું રૂપ, - અવિતવત્; તેનું પુંલિંગ પ્રથમા વિભક્તિ એકવચનનું રૂપ, - અવિતવાન્). "આપે મારું રક્ષણ કર્યું છે, હે ગુરો !" કેવું રક્ષણ કર્યું છે ? - પરમ્ । સારી રીતે, સંપૂર્ણરીતે.

મારું રક્ષણ કેવી રીતે કર્યું છે ? - अत्यन्तकृपया । મારા પર અત્યન્ત કૃપા કરીને; અને प्रस्वापात् प्रबोध्य । प्रस्वाप એટલે મહા-મોટી-દીર્ઘ નિદ્રા; તેમાંથી માં प्रबोध्य । - તેમાંથી જગાડીને. આ નિદ્રા એટલે અજ્ઞાનની નિદ્રા.

જેનું આપે આ રીતે રક્ષણ કર્યું છે તે હું, આ પહેલાં કેવો હતો ? - ત્રણ વિશેષણો આ પ્રમાણે :

(૧) महास्वप्ने भ्रमन्तम् । મોટાં સ્વપ્નમાં ભટકતો; આ સ્વપ્ન કેવું હતું ? - मायाकृत-जनि-जरा-मृत्युगहने । गहन એટલે અત્યંત ભયાનક, વિકટ, બિહામણું; આ સ્વપ્ન આવું ભયાનક શાને કારણે હતું ? - जनि - જન્મ; जरा - વૃદ્ધાવસ્થા; માયાએ રચેલાં જન્મ-જરા-મૃત્યુને કારણે.

(૨) क्लिश्यन्तम् । क्लिश् ધાતુનું કર્મણિ વર્તમાનકૃદંતનું રૂપ; ક્લેશ પામતો, ક્લેશ પામી રહેલો; अनुदिनम् - રોજ, હંમેશ; રોજેરોજ. આ ક્લેશ શાનો હતો ? - बहुलतरतापैः । વિવિધ પ્રકારનાં, અનેક જાતનાં દુઃખો, સંતાપોનો;

(૩) अहंकार-व्याघ्र-व्यथितम् । અહંકારરૂપી વાઘ વડે ત્રાસ પામતો, વ્યથા પામી રહેલો.

આવા મને આપે, હે ગુરો ! રક્ષણ આપ્યું છે. (૫૧૯)

અનુવાદ :

હે ગુરુદેવ ! માયા વડે રચવામાં આવેલાં જન્મ-જરા-મૃત્યુ રૂપી અત્યંત ભયંકર મહાસ્વપ્નમાં હું ભટકી રહ્યો હતો, અનેક પ્રકારનાં દુઃખોથી રોજેરોજ ક્લેશ પામી રહ્યો હતો અને અહંકારરૂપી વાઘ વડે ત્રાસ પામી રહ્યો હતો : આવા મને, આપે, અત્યંત કૃપા કરીને, અજ્ઞાનરૂપી મહાનિદ્રામાંથી જગાડીને, સારી રીતે, રક્ષણ આપ્યું છે. (૫૧૯)

ટિપ્પણ :

પોતાનાં સુદીર્ઘ સંભાષણને અંતે, સ્વસ્થ થતાંની સાથે જ, શિષ્યે, સદ્‌ગુરુની કૃપા તથા એ કૃપાનાં સુપરિણામ-સ્વરૂપ પોતાની વિભૂતિ-પ્રાપ્તિ માટે અત્યંત-વિનમ્રતાપૂર્વક, તેમને પુનરપિ પુનઃ નમસ્કાર કર્યા, અને આ પહેલાં પોતે કેવી વિકટ અને ભયાનક અજ્ઞાનદશામાં ભટકી રહ્યો હતો, ક્લેશ અને વ્યથા પામી રહ્યો હતો અને આવી મહામોહનિદ્રામાંથી ગુરુદેવે તેને જગાડ્યો અને જરૂરી રક્ષણ આપ્યું હતું, - જેનાં પરિણામે, તે પોતાની પ્રવર્તમાન બ્રાહ્મી-અવસ્થાએ પહોંચી શક્યો હતો, - તેનું એક સંક્ષિપ્ત છતાં સચોટ શબ્દચિત્ર સદ્‌ગુરુ સમક્ષ, આ શ્લોકમાં, શિષ્યે, રજૂ કર્યું છે.

આ પહેલાં, તે, અજ્ઞાનરૂપી મહા-મોહનિદ્રામાં, માયા-રચિત જન્મ-જરા-મૃત્યુ વગેરેનાં અતિભયાનક સ્વપ્નમાં ભટકી રહ્યો હતો, સંસાર અને સંસારવ્યવહારનાં અનેક-વિવિધ સંતાપોના ક્લેશોમાં સબડી રહ્યો હતો અને અહંકારરૂપી વાઘના ત્રાસની વ્યથા વેઠી રહ્યો હતો.

ગુરુદેવે તેને આવી ભ્રાન્ત-અવસ્થામાંથી જગાડ્યો, ઉગાર્યો અને પોતાનો ઉદ્ધાર કર્યો, તે માટે, શિષ્યે, ગુરુદેવ સમક્ષ પોતાનો સંનિષ્ઠ કૃતાર્થભાવ આ શ્લોકમાં અભિવ્યક્ત કર્યો.

શ્લોકનો છંદ : **શિખરિણી** (૫૧૯)

૫૨૦

નમસ્તસ્મૈ સદેકસ્મૈ કસ્મૈચિન્મહસે નમઃ ।
યદેતદ્વિશ્વરૂપેણ રાજતે ગુરુરાજ તે ॥૫૨૦॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નમસ્તસ્મૈ સદેકસ્મૈ કસ્મૈચિન્મહસે નમઃ ।
યદેતદ્વિશ્વરૂપેણ રાજતે ગુરુરાજ તે ॥૫૨૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(હે) ગુરુરાજ ! સત્-એકસ્મૈ તસ્મૈ નમઃ । યત્ એતદ્-વિશ્વરૂપેણ રાજતે, કસ્મૈચિત્ મહસે તે નમઃ ॥૫૨૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : હે ગુરુરાજ ! સત્-એકસ્મૈ તસ્મૈ નમઃ । કેવલ-સત્યસ્વરૂપ એવા આપને નમસ્કાર હો ! વળી, કેવા ગુરુદેવને નમસ્કાર ? - યદ્ એતદ્-વિશ્વરૂપેણ રાજતે, - કસ્મૈચિત્ મહસે તે નમઃ । - જે આ વિશ્વરૂપે વિરાજમાન છે, તે અવર્ણનીય તેજસ્વરૂપ (કસ્મૈચિત્ મહસે) એવા આપને નમસ્કાર હો !

કિમ્ એટલે શું ? કોણ ? (Who ? What ? Which ?) - એ સર્વનામનાં કોઈ પણ રૂપને છેડે ચિત્-શબ્દ લગાડવામાં આવે ત્યારે, તેનું પ્રશ્નાર્થ સ્વરૂપ મટી જઈને, તે, 'કોઈક અવર્ણનીય', 'અદ્‌ભુત' એવો અર્થ આપે છે : કશ્ચિત્, કાચિત્, કિંચિત્, કસ્મૈચિત્ - વગેરે. મહસ્ એટલે તેજ, મહાતેજ. (૫૨૦)

અનુવાદ :

હે ગુરુરાજ ! કેવલ-સત્યસ્વરૂપ આપને નમસ્કાર હો ! - જે, આ વિશ્વરૂપે

વિરાજમાન છે, તે, અવર્ણનીય મહાતેજ-સ્વરૂપ આપને નમસ્કાર હો ! (૫૨૦)

ટિપ્પણ :

છેક શ્લોક ૪૮૨થી શરૂ થયેલું શિષ્યનું આત્મસંભાષણ આ શ્લોક સાથે, પૂરું થાય છે.

આ ૩૯ શ્લોકોના પોતાનાં સુદીર્ઘ સંભાષણમાં, શિષ્યે, પોતાની સંપૂર્ણતઃ પરિવર્તિત પ્રવર્તમાન બ્રહ્માત્મભાવસિદ્ધ પરિસ્થિતિનું અનેક-રૂપે અને અનેક-રીતે, સવિસ્તર વર્ણન કર્યું, અને સમાપ્તિએ પહોંચતાં પહેલાંના, આનંદ અને આશ્ચર્યની પરાકાષ્ઠા-રૂપ તબક્કામાં, તો, પોતાનાં તે આત્મસ્વરૂપમાં, તે જાણે એવો ખોવાઈ ગયો, એવો તન્મય-તદ્રૂપ બની રહ્યો કે તેને કશું ભાન જ ન રહ્યું ! છેલ્લા થોડા શ્લોકોમાં તો, પરમ આનંદની અભિવ્યક્તિની ચરમસીમા દરમિયાન, તેની પરિસ્થિતિ આનંદના અતિરેકના પ્રબળ પ્રભાવ હેઠળ, એવી અસામાન્ય બની ગઈ હતી કે તે, પોતાનાં ઉચ્ચારણ-ઉદ્ગારણમાં અત્યંત અવ્યવસ્થિત બની ગયો હતો, - એટલે સુધી કે આ સંભાષણને હવે ક્યાં-ક્યારે-કેવી રીતે સમાપ્ત કરવું, તેનો, તેને કશો ખ્યાલ જ ન રહ્યો !

સદ્ભાગ્યે, તેને પોતાના ગુરુદેવની દિવ્ય-કૃપાનાં ઋણનું સ્મરણ થયું, તેમના પ્રત્યે પોતાની સંનિષ્ઠ કૃતજ્ઞતા તેણે વ્યક્ત કરી અને તેમને પુનઃ-પુનઃ, પુનરપિ પુનઃ, અત્યંત નમ્રતાપૂર્વક તેણે નમસ્કાર કર્યા.

તેના આ નમસ્કારોમાં તેનાં બે સ્વરૂપો સ્પષ્ટ રીતે ઉપસી આવે છે : **એક** તો, એ કે ભલે એવા કોઈ સ્પષ્ટ શબ્દો ક્યાંય પ્રયોજાયાં નથી, તે છતાં, કેટલાક ભાષ્યકારો નોંધે છે તેમ, તેણે પોતાના ગુરુદેવને આ રીતે **'સાષ્ટાંગ'** નમસ્કાર કર્યા હશે ! -

दोर्भ्यां पद्भ्यां च जानुभ्यां शिरसा उरसा दृशा ।
मनसा वचसा च इति प्रणामः अष्टांगः उच्यते ॥

આવા પ્રણામમાંનાં **આઠ** અંગો, તે આ પ્રમાણે : (૧) બે બાહુ, (૨) બે પગ, (૩) બંને ઢીંચણ, (૪) મસ્તક, (૫) છાતી, (૬) આંખ, (૭) મન, અને (૮) વાણી.

અને **બીજી** વાત એ કે તે, આવા સાષ્ટાંગ પ્રણામ પછી, સંપૂર્ણરીતે પોતાના પૂજ્ય ગુરુદેવને સમર્પિત (Dedicated) થઈ ગયો ! ભક્તિ (Devotion) તો હતી જ, હવે એમાં સમર્પણભાવ (Dedication) પણ ભળી ગયો !

અને એને તો મનમાં કશાં સંતોષ-સમાધાન જ થતાં ન્હોતાં કે કેવા-કેટલા નમસ્કાર કરવામાં આવે તો આવાં ઔદાર્ય અને આભિજાત્યનાં મૂર્તિમંત સ્વરૂપ એવા ગુરુદેવનાં ઋણમાંથી તે મુક્ત થયો ગણાય !

વળી, આ ગુરુદેવ તો, બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ, - એ ત્રણ દેવોથી-ત્રિમૂર્તિથી આગળ વધીને, જે બ્રહ્મસ્વરૂપ તે અત્યારે બની રહ્યો છે, તેવા જ 'સાક્ષાત્ પરબ્રહ્મ' - એવા મહાગુરુ છે, ગુરૂણાં ગુરુઃ છે ! -

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

આવી અવિસ્મરણીય આનંદ-અનુભૂતિની જેમણે, તેને, મહા-"દીક્ષા" આપી, તેવા પોતાના ગુરુદેવને સમર્પિત થઈને, શિષ્ય હવે ગુરુદેવના શુભાશીર્વાદ પ્રાપ્ત કરવા તૈયાર અને તત્પર બની રહ્યો છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૨૦)

૫૨૧

इति नतमवलोक्य शिष्यवर्यं
समधिगतात्मसुखं प्रबुद्धतत्त्वम् ।
प्रमुदितहृदयः स देशिकेन्द्रः
पुनरिदमाह वचः परं महात्मा ॥५२१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઇતિ નતમવલોક્ય શિષ્યવર્યં
સમધિગતાત્મસુખં પ્રબુદ્ધતત્ત્વમ્ ।
પ્રમુદિતહૃદયઃ સ દેશિકેન્દ્રઃ
પુનરિદમાહ વચઃ પરં મહાત્મા ॥૫૨૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ઇતિ સમધિગત-આત્મસુખં, પ્રબુદ્ધતત્ત્વં શિષ્યવર્યં નતં અવલોક્ય, પ્રમુદિતહૃદયઃ સઃ મહાત્મા દેશિક-ઇન્દ્રઃ પુનઃ ઇદં પરં વચઃ આહ ॥૫૨૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : સઃ મહાત્મા દેશિક-ઇન્દ્રઃ પુનઃ ઇદં પરં વચઃ આહ । આહ એટલે બોલ્યા, કહ્યું. કોણ બોલ્યું ? - સઃ દેશિક-ઇન્દ્રઃ । દેશિક એટલે ઉપદેશક, આચાર્ય, ગુરુ. કોઈ પણ શબ્દને છેડે ઇન્દ્ર - શબ્દ મૂકવામાં આવે ત્યારે તે, 'શ્રેષ્ઠ-ઉત્તમ' એવો અર્થ આપે : શ્રેષ્ઠ-આચાર્ય, સર્વોત્તમ ગુરુ, ગુરુવર્ય. આ ગુરુવર્ય કેવા

છે? महात्मा । આવા મહાત્મા ગુરુવર્ય શું બોલ્યા ? - इदं परं वचः । - આ ઉત્તમ વચન, આ પ્રમાણે શ્રેષ્ઠ સંબોધન તેમણે કર્યું. પુનઃ એટલે ફરીથી, પહેલાં તો, શિષ્યને ઉપદેશ આપ્યો જ હતો, પરંતુ આજે શિષ્યનું સુદીર્ઘ આત્મસંભાષણ સાંભળ્યા પછી, ફરી એક વાર, તેમણે ઉદ્‌બોધન કર્યું.

આવું બોલતાં પહેલાં, તેમણે શું કર્યું ? शिष्यवर्यं अवलोक्य । શબ્દને છેડે લગાડવામાં આવતો વર્ય - શબ્દ પણ 'ઉત્તમ-શ્રેષ્ઠ' એવો અર્થ આપે : ઉત્તમ શિષ્યને જોઈને. આ શિષ્ય કેવો છે ? શું કરે છે ? - नतम् । પ્રણામ કરી રહેલો; નમસ્કાર કરતો. વળી, આ શિષ્ય કેવો છે ? બે વિશેષણો આ પ્રમાણે : (૧) इति समधिगत-आत्मसुखम् । इति એટલે આ પ્રમાણે, ઉપર (શ્લોક-૪૮૨થી શ્લોક-૫૨૦) પ્રમાણે, આ ૩૯ શ્લોકોમાંનાં એનાં વક્તવ્ય મુજબ. समधिगत (सम् + अधि + गम् એટલે મેળવવું, - એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) જેણે મેળવ્યું છે, પ્રાપ્ત કર્યું છે, જે પામ્યો છે. શું પામ્યો છે ? - आत्मसुखम् । આત્માનંદ, આધ્યાત્મિક શાંતિ. બીજું શું તે પામ્યો છે ? - (૨) प्रबुद्धतत्त्वम् । જેણે આત્મજ્ઞાન અથવા તત્ત્વબોધ સંપાદન કર્યા છે, એવો.

હવે પછીનો એમનો આ અંતિમ ઉપદેશ આપતાં પહેલાં, ગુરુવર્યની પરિસ્થિતિ કેવી હતી ? - प्रमुदितहृदयः । જેમનું હૃદય આનંદથી ઊભરાઈ રહ્યું છે, તેવા; આનંદ વડે છલકાઈ રહેલા હૃદયવાળા. (૫૨૧)

અનુવાદ :

આ પ્રમાણે આત્મસુખ અને આત્મજ્ઞાન પામેલા તથા નમસ્કાર કરી રહેલા ઉત્તમ શિષ્યને જોઈને, મહાત્મા એવા તે ગુરુદેવ, આનંદથી ઊભરાતાં હૃદયે, ફરીથી, આ પ્રમાણે, ઉત્તમ વચન બોલ્યા. (૫૨૧)

ટિપ્પણ :

પોતે આપેલા ઉપદેશ અને માર્ગદર્શનનાં પરિણામે, શિષ્યે તો, મોક્ષપ્રાપ્તિની પોતાની આધ્યાત્મિક યાત્રામાં, સર્વોત્તમ પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, - પરબ્રહ્મ સાથેનું તાદાત્મ્ય !

અને આવું આત્મસુખ, આવી સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક શાંતિ, આવો ઉત્કૃષ્ટ કોટિનો તત્ત્વબોધ, અને આવું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછીની શિષ્યની બ્રહ્માનંદ-અનુભૂતિ વિશેનું સુદીર્ઘ આત્મસંભાષણ સાંભળ્યા પછી, અને ખાસ તો, નમ્રતા-નિખાલસાપૂર્વક તેણે અભિવ્યક્ત કરેલા સંનિષ્ઠ કૃતજ્ઞભાવ સાથે તેણે વારંવાર કરેલા નમસ્કાર તથા સાષ્ટાંગ-પ્રણામ પછી, સદ્‌ગુરુનું અંતઃકરણ આનંદથી ઊભરાઈ ગયું

(प्रमुदितहृदयः).

અને આ કંઈ જેવા-તેવા સામાન્ય કક્ષાના આચાર્ય થોડા હતા ? 'મહાત્મા' તો, એ શબ્દની પૂરેપૂરી વ્યંજના સાથે, તેઓશ્રી, હતા; એટલું જ નહીં પરંતુ એક નમૂનેદાર આદર્શ અધ્યાપક પણ હતા; એટલે તેમણે વિચાર્યું કે "મારો આ શિષ્ય **'જીવન્મુક્તિ'**ની સિદ્ધિ તો પામ્યો જ છે; પણ હવે પછીનાં જીવનમાં તેનું કાર્ય શું અને કેવું હોવું જોઈએ, અને **'મિથ્યા'** એવાં જગત સાથેનો એનો સંબંધ અને વ્યવહાર કેવો હોવો જોઈએ, એનું પણ મારે તેને સમુચિત અને સુપર્યાપ્ત માર્ગદર્શન આપવું જોઈએ.

બસ, આવા જ શુભ-ઉદ્દેશથી પ્રેરાઈને, તેમણે, પોતાના આ પ્રિય અને પટ્ટ શિષ્યને, સવિસ્તર (શ્લોકો ૫૨૨થી ૫૩૯, પૂરા **૫૫** શ્લોકો) અને પ્રેરક સદુપદેશ આપ્યો (इदं परं वचः आह ।)

પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં, અધ્યયન-અધ્યાપન વિશેની એક સુનિશ્ચિત પદ્ધતિ હતી અને તે એ કે ગુરુનાં ઉપદેશમાં જેવો **'ઉપક્રમ'** (એટલે કે આરંભ) હોય, એવો જ, સમાપ્તિ-સમયનો **'ઉપસંહાર'** પણ હોવો જ જોઈએ : આ ગ્રંથનો **'ઉપક્રમ'** તો આપણે જોયો છે, હવે, શિષ્યને આપવામાં આવેલા આ અંતિમ ઉપદેશનો **'ઉપસંહાર'** પણ એવો જ સુસંગત અને સુ-સમન્વિત છે, એની આપણને સંપૂર્ણ પ્રતીતિ થશે.

શ્લોકનો છંદ : પુષ્પિતાગ્રા (૫૨૧)

૫૨૨

ब्रह्मप्रत्ययसन्ततिर्जगदतो ब्रह्मैव सत् सर्वतः
पश्याध्यात्मदृशा प्रशान्तमनसा सर्वास्ववस्थाष्वपि ।
रूपादन्यदवेक्षितुं किमभितश्चक्षुष्मतां विद्यते
तद्वद् ब्रह्मविदः सतः किमपरं बुद्धेर्विहारास्पदम् ॥५२२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બ્રહ્મપ્રત્યયસન્તતિર્જગદતો બ્રહ્મૈવ સત્ સર્વતઃ
પશ્યાધ્યાત્મદૃશા પ્રશાન્તમનસા સર્વાસ્વવસ્થાષ્વપિ ।
રૂપાદન્યદવેક્ષિતું કિમભિતશ્ચક્ષુષ્મતાં વિદ્યતે
તદ્વદ્ બ્રહ્મવિદઃ સતઃ કિમપરં બુદ્ધેર્વિહારાસ્પદમ્ ॥૫૨૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(હે સૌમ્ય !) સર્વાસુ અવસ્થાસુ અપિ પ્રશાન્તમનસા અધ્યાત્મદૃશા પશ્ય,

(यद्) ब्रह्म एव सत्; अतः जगत् सर्वतः ब्रह्मप्रत्ययसन्ततिः (एव अस्ति); चक्षुष्मतां रूपाद् अन्यद् अभितः अवेक्षितुं किं विद्यते? तद्-वत् ब्रह्मविदः बुद्धेः सतः अपरं विहारास्पदं किं (स्यात्)?॥५२२॥

शब्दार्थ :

श्लोकमां चार स्वतंत्र वाक्यो आ प्रमाणे छे :

(१) (यद्) ब्रह्म एव सत् (इति त्वं) पश्य । "आ जे ब्रह्म छे, ते ज सत्य छे, सत्यस्वरूप छे", - ए तुं जो, एनुं तुं दर्शन कर. कई आंखे आ जोवानुं छे ? - अध्यात्म-दृशा । दृश् एटले आंख; आध्यात्मिक आंखथी, आध्यात्मिक दृष्टिथी. अने केवां चित्ते आ दर्शन करवानुं छे ? - प्रशान्तमनसा । अतिशांत मनथी, प्रशांत चित्तथी. वळी, सर्वासु अवस्थासु अपि । सर्व अवस्थाओमां पण आवुं ज दर्शन तारे करवानुं छे;

(२) आवां दर्शननुं परिणाम शुं-केवुं आवे ? - अतः जगत् सर्वतः ब्रह्मप्रत्ययसन्ततिः एव (अस्ति इति ।) सर्वतः एटले सर्वत्र, चोमेर, सर्व बाजुएथी. प्रत्यय एटले प्रतीति; सन्तति एटले सातत्य, संतान, प्रवाह, विलास; अतः एटले आथी, आ कारणे; आ ब्रह्म ज सत्य छे, एथी. "एथी" शुं ? ए ज के आ जगत पण सर्वत्र ब्रह्मनी ज प्रतीतिनो प्रवाह छे, आ दृश्यमान जगत पण चोमेर ब्रह्मनी प्रतीतिनुं ज सातत्य छे, संतान छे.

(३) वस्तुस्थिति जो आवी ज होय तो, आंखोवाळा मनुष्यो विशे सद्गुरुए शुं कहेवानुं छे ? - चक्षुष्मतां (मनुष्याणां) अवेक्षितुं किं विद्यते ? । अवेक्षितुम् (अव + ईक्ष् एटले जोवुं, ए धातुनुं हेत्वर्थ कृदंतनुं रूप) जोवा-जेवुं, जोवा-योग्य, जोवानुं. आंखोवाळा मनुष्यो माटे जोवा-योग्य शुं होई शके ? जोवा-जेवुं छे शुं ? अभितः रूपात् अन्यत् ? । अभितः एटले सर्व तरफ, चारे बाजु, चोमेर. आवां सर्व माणसो माटे रूप सिवाय बीजुं जोवा-योग्य छे शुं ? तात्पर्य ए छे के तेमने सर्वत्र मात्र रूप ज देखाय छे !

(४) आ तो सामान्य मनुष्योनी वात थई, परंतु ब्रह्मज्ञानीनी बुद्धि विशे आचार्यश्रीए शुं कहेवानुं छे ? तद्-वत् ब्रह्मविदः बुद्धेः सतः अपरं विहारास्पदं किं (स्यात्) ? सतः अपरं । सत् एटले सदा-सत्-स्वरूप ब्रह्म. एना सिवाय (अपरं) बीजुं शुं ? बीजी कई वस्तु ? विहार-आस्पद एटले विहार करवानुं स्थान, जग्या. ए ज रीते ब्रह्मज्ञानीनी बुद्धि माटे, ब्रह्म सिवाय, विहार करवानुं बीजुं स्थान कयुं-शुं होई शके ?

નિષ્કર્ષ એ જ કે બીજું કોઈ સ્થાન હોઈ શકે જ નહીં. (૫૨૨)

અનુવાદ :

(હે સૌમ્ય શિષ્ય !) સર્વ અવસ્થાઓમાં, પ્રશાંત ચિત્તે અને અધ્યાત્મદૃષ્ટિએ તું જો કે આ જે બ્રહ્મ છે તે જ સત્ય છે. (અને) આથી આ જગત પણ સર્વત્ર બ્રહ્મની પ્રતીતિનો જ પ્રવાહ છે : આંખોવાળાઓ માટે, ચોમેર, રૂપ સિવાય, અન્ય કઈ વસ્તુ જોવા-જેવી છે ? તેવી જ રીતે, બ્રહ્મજ્ઞાનીની બુદ્ધિ માટે, બ્રહ્મ સિવાય બીજી કઈ વસ્તુ વિહારનું સ્થાન હોઈ શકે ? (૫૨૨)

ટિપ્પણ :

બ્રહ્મસાક્ષાત્કારની સિદ્ધિ અને પરમતત્ત્વની પ્રાપ્તિ પછી, શિષ્ય, હવે કોઈ સામાન્ય પ્રકારનો મનુષ્ય રહ્યો નથી; અને છતાં, એને, રહેવાનું અને જીવવાનું તો આ દૃશ્યમાન મિથ્યા જગત-પ્રપંચમાં જ છે; એટલે તે હવે બ્રહ્મદર્શનથી ક્યારેય પણ, લેશમાત્ર પણ, વંચિત ન રહે, એનું સચોટ માર્ગદર્શન, તેને, આચાર્યશ્રી, આ શ્લોકમાં, આપે છે.

મનુષ્યજીવનના સારા-નરસા, સુખદ-દુઃખદ પ્રસંગો(Comedies and Tragedies)માંથી જ એને પણ પસાર થવાનું તો છે જ; અને આવા બધા પ્રસંગો દરમિયાન, (सर्वासु अवस्थासु अपि), એ પ્રસંગોનાં દુન્યવી વાતાવરણમાં પણ, એનું બ્રહ્મદર્શન એવું જ, યથાપૂર્વ, સમ્યક્ અને સંપૂર્ણ, સતત, ચાલુ જ રહે, તે માટેની, આચાર્યશ્રીની સૂચના સમજવા-જેવી છે :

આમ તો, શિષ્ય જેવા જીવન્મુક્ત માટે તો, આ જગત પણ, સદા-સર્વદા, અને સર્વત્ર સત્સ્વરૂપ એવાં બ્રહ્મની પ્રતીતિનો જ પ્રવાહ છે, એના માટે તો, આ વિનશ્વર વિશ્વમાં પણ, બ્રહ્મ-સાતત્યનો જ ચોમેર સાત્ત્વિક વિલાસ છે; એટલે શિષ્યે, બે વાતનું નિરંતર ધ્યાન રાખવાનું છે : એક તો એ કે બ્રહ્મનું જ દર્શન કર્યા કરવાની એની આધ્યાત્મિક દૃષ્ટિ અકબંધ જળવાઈ રહેવી જોઈએ (अध्यात्मदृशा पश्य ।); અને બીજું, એ કે એનાં ચિત્તની પ્રવર્તમાન સંપૂર્ણ શાંતિ એવી જ અખંડ અને અભંગ રહેવી જોઈએ (प्रशान्तमनसा).

માણસનાં આ સ્થૂલ-ભૌતિક ચર્મચક્ષુઓને ભલે જગતનાં બધાં નશ્વર-રૂપો અને આકારો જ દેખાતાં હોય; અને એમના માટે તો, એકમાત્ર રૂપ સિવાય, સર્વત્ર, જોવા-જેવું બીજું છે શું ? આંખની પ્રમાણભૂતતા, આવાં એક જ દર્શન માટે, નિર્માણ થઈ છેને ! ભલે એ આંખો માત્ર રૂપદર્શનમાં જ રાચે, રાચતી રહે !

પરંતુ આ શિષ્ય તો એક નીવડેલો બ્રહ્મજ્ઞાની છે - (ब्रह्मविद्), એની બુદ્ધિને

તો, બ્રહ્મ સિવાય, બીજી કઈ વસ્તુ, વિહારનું સ્થાન હોઈ શકે ? (सतः अपरं विवादास्पदं किम् ?)

ટૂંકમાં, બ્રહ્મજ્ઞાનીની સૂક્ષ્મબુદ્ધિ માટે તો, એક અને એકમાત્ર વિહાર અને વિલાસનું સ્થાન, - અને તે, બ્રહ્મ જ !

શ્લોકની ત્રીજી પંક્તિમાં चक्षुष्मतां रूपाद् अन्यद् किं विद्यते ? અને ચોથી પંક્તિમાં ब्रह्मविदः बुद्धेः सतः अपरं किं विहारास्पदम् ? - એ બંને **"કાકુપ્રશ્નો"** છે, - જેના ઉત્તરો તે-તે પ્રશ્નોમાં જ સમાવિષ્ટ છે.

શ્લોકનો છંદ : **शार्दूलविक्रीडित** (૫૨૨)

૫૨૩

कस्तां परानन्दरसानुभूति-
-मुत्सृज्य शून्येषु रमेत विद्वान् ।
चन्द्रे महाह्लादिनि दीप्यमाने
चित्रेन्दुमालोकयितुं क इच्छेत् ॥૫૨૩॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કસ્તાં પરાનન્દરસાનુભૂતિ-
-મુત્સૃજ્ય શૂન્યેષુ રમેત વિદ્વાન્ ।
ચન્દ્રે મહાહ્લાદિનિ દીપ્યમાને
ચિત્રેન્દુમાલોકયિતું ક ઇચ્છેત્ ॥૫૨૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

કઃ વિદ્વાન્ તાં પર-આનન્દરસ-અનુભૂતિં ઉત્સૃજ્ય શૂન્યેષુ (વિષયેષુ) રમેત ? મહાહ્લાદિનિ ચન્દ્રે દીપ્યમાને (સતિ), ચિત્રેન્દું આલોકયિતું કઃ ઇચ્છેત્ ॥૫૨૩॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર પ્રશ્નાર્થ-વાક્યો આ પ્રમાણે છે :

(૧) કઃ વિદ્વાન્ શૂન્યેષુ (વિષયેષુ) રમેત ? રમેત એટલે રાચે, રસ લે, રમણ કરે ? શૂન્ય એટલે ખાલી (Void), રિક્ત (Empty), રસહીન, નીરસ, અર્થહીન; નિરર્થક. વિદ્વાન્ એટલે, અહીં, બહુ-ભણેલો (Well-read) પંડિત નહીં,

પરંતુ સમજુ, વિવેકબુદ્ધિવાળો, ડાહ્યો-શાણો (Wise, Mature) માણસ. એવો કયો સમજુ માણસ હશે કે જે નીરસ વિષયોમાં રાચે ? આ પણ, **"કાકુપ્રશ્ન"** (Rhetorical Question) છે, - જેનો ઉત્તર, તે પ્રશ્નમાં જ સમાવિષ્ટ છે કે આવો કોઈ ડાહ્યો માણસ ન જ હોઈ શકે. શું છોડી દઈને શૂન્ય-વિષયોમાં રાચવાની અહીં વાત છે ? - તાં પર-આનન્દરસ-અનુભૂતિં ઉત્સૃજ્ય । ઉત્સૃજ્ય (उद् + सृज् એટલે છોડી દેવું, - એ ધાતુનું સંબંધક ભૂતકૃદંતનું રૂપ) છોડી દઈને, ત્યજી દઈને. શું છોડી દઈને ? પર એટલે પરમ, ઉચ્ચ, Highest; પરમ-આનંદના રસના અનુભવને છોડી દઈને.

શ્લોકમાં, परानन्दरसानुभूतिं - શબ્દનાં વિશેષણ તરીકે પ્રયોજવામાં આવેલા તાં - શબ્દની અર્થ-વ્યંજના સમજવા-જાણવા-માણવા જેવી છે : પરમાનંદ-રસાનુભૂતિ કેવી ? એ સવાલનો જવાબ એટલે તામ્. વ્યાકરણની દૃષ્ટિએ તો, તાં એટલે **તેવી.** પરંતુ **'તેવી'** એટલે **'કેવી ?"**- એવું કશું કહેવામાં આવ્યું નથી, અને આ એક તાં - શબ્દમાં જ એવો **'ધ્વનિ'** છે કે એ રસાનુભૂતિનું વર્ણન થઈ શકે તેમ નથી : એવી અવર્ણનીય, ઉચ્ચ કક્ષાની, તે અનુભૂતિ છે !

'કશું જ કહ્યા વિના', 'ઘણું-બધું કહી દેવું', એમાં જ કવિપ્રતિભાની સાચી સર્જકતા રહી છે !

તત્ત્વચિંતક આચાર્યશ્રીની આવી વ્યંજનાત્મક કાવ્યપ્રતિભાની ચમત્કૃતિનો સહૃદયી વાચકને અહીં સંસ્પર્શ થાય છે.

(૨) कः चित्र-इन्दुं आलोकयितुं इच्छेत् ? चित्र-इन्दु એટલે ચિત્રમાં ચીતરવામાં આવેલો ચંદ્ર; ચિત્રનો, ચિત્રમાંનો, ચીતરેલો ચંદ્ર. आलोकयितुं જોવા માટે, જોવાને. ચિત્રમાં ચીતરેલા ચંદ્રને જોવાનું કોને ગમે ? એમ કરવાનું કોણ ઇચ્છે ? કયા સમય માટેનો આવો પ્રશ્ન છે ? चन्द्रे दीप्यमाने (सति) । મૂળ ચંદ્ર પોતે આકાશમાં પ્રકાશી રહ્યો હોય ત્યારે, કેવો ચન્દ્ર ? महा-आह्लादिनि । મોટો આનંદ આપી શકે તેવો, અત્યંત આનંદ આપનાર, પરમ-આહ્લાદક. અહીં પણ, **"કાકુપ્રશ્ન"** જ છે, જેનો જવાબ સવાલમાં જ ગર્ભિત છે, - કે આવું કોઈને ન ગમે !

શ્લોકની ત્રીજી પંક્તિમાં, સમય-દર્શાવનાર **"सति-सप्तमी"**-નામક વાક્યરચના છે. (૫૨૩)

અનુવાદ :

કયો એવો સમજુ માણસ હશે કે જે પરમ આનંદરસના તે અનુભવને છોડીને

રસહીન (વિષયો)માં રાચે ? અત્યંત આનંદ આપનાર (મૂળ) ચંદ્ર (પોતે) પ્રકાશી રહ્યો હોય ત્યારે, ચિત્રમાં ચીતરેલા ચંદ્રને જોવાનું કોને ગમે ? (૫૨૩)

ટિપ્પણ :

સાહિત્યના શૃંગાર-વીર-કરુણ વગેરે નવ-રસોમાં **'આનંદ'**-નામના કોઈ રસનો સમાવેશ કરવામાં નથી આવ્યો, - એ હકીકત કોઈકને જરા વિચિત્ર લાગે !

પરંતુ થોડું જ વિચારતાં, આવી કોઈ વિચિત્રતાને કશું જ સ્થાન રહે નહીં : રસ એટલે જ ઉચ્ચ પ્રકારનો આસ્વાદ આપનાર તત્ત્વ : **रस्यते, आस्वाद्यते, चर्व्यते इति रसः** । આમ, જો રસ એટલે જ 'આસ્વાદ', એવો અર્થ થતો હોય તો પછી, 'આનન્દ' એવા નામનો કોઈ **'દશમો'** રસ ઊભેરવાની જરૂર જ રહેતી નથી ! ઊભી થતી જ નથી !

આની પાછળનું રહસ્ય એ છે કે સાહિત્યના પેલા નવેય રસની 'આધાર-શિલા' એટલે જ આ એક આનન્દ-રસ !

અને આ તો, વળી, પરબ્રહ્મ સાથેનાં સાયુજ્યમાંથી નિષ્પન્ન થતો આનન્દ-રસ ! આવા રસની અનુભૂતિ તો, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં, સવિસ્તર, જણાવ્યું છે તેમ, અવર્ણનીય ! - Indescribable ! શબ્દકોશ(Dictionary)માંના કયા અને કેટલા શબ્દની ગુંજાયશ કે આ આનંદ-રસની અનુભૂતિને અભિવ્યક્ત કરી શકે ! સાહિત્યશાસ્ત્રના વિવેચકોએ "શબ્દ"ની શક્તિની ઘણી-બધી પ્રશસ્તિ કરી છે, અને છતાં, વાત કેવી વિચિત્ર છે કે બ્રહ્મનો દરજ્જો (Status) પામેલા ("**શબ્દ-બ્રહ્મ** !"), - એવા આ શબ્દની પણ સમગ્ર શક્તિ, આ **'આનંદ-રસ'**ની અનુભૂતિની બાબતમાં, કુંઠિત થઈ જાય છે !

આવી 'રસાનુભૂતિ' છોડીને (**उत्सृज्य**) જે, વિદ્વાન્, નીરસ વિષયો(**शून्येषु विषयेषु**)માં રાચે (**रमेत**), તેને શું કહેવું ?

विषयान् विषवत् त्यजेत् ।

("વિષ જેવા વિષયોને ત્યજી દેવા જોઈએ !") - એવી સલાહ આપનાર **"अष्टावक्रगीता"**નો પણ જે માણસ આદર કરતો નથી તેને, **'વિદ્વાન'**-શબ્દ માટે પાત્ર કેવી રીતે ગણી શકાય !

બીજું, આ **"આનન્દ-રસ"** તો **"રસ"**, સર્વ રસોનો **"રસ"** ! **रसानां रसः** । અને પેલા **'વિષયો'** ? - એનાં સંપૂર્ણ વર્ણન માટે આ એક જ શબ્દ પર્યાપ્ત : **શૂન્ય** ! ખાલીખમ ! નીરસ !

આમ, 'શોભાના ગાંઠિયા' જેવો આ **'વિદ્વાન'** તો પેલા મહામૂર્ખ જેવો જ,

જે, આકાશમાંનો મૂળ ચંદ્ર પોતે, પોતાનાં પરમ-આહ્લાદક શીતળ તેજ વડે ઝળાંહળાં પ્રકાશી રહ્યો હોય ત્યારે (દીપ્યમાને), ઘરની દીવાલ પરનાં ચિત્રમાંના ચીતરેલા ચંદ્રને જોવા ઝંખે !

શ્લોકમાંનું દૃષ્ટાંત, ચંદ્ર જેવું જ પરમાહ્લાદક તો છે જ, પરંતુ, વધારામાં, 'પરાનન્દરસ'ની અનુભૂતિને સવિશેષ આસ્વાદ્ય બનાવી રહે છે !

શ્લોકનો છંદ : ઇન્દ્રવજા (૫૨૩)

૫૨૪

असत्पदार्थानुभवे न किंचिन्-
-न ह्यस्ति तृप्तिर्न च दुःखहानिः ।
तदद्वयानन्दरसानुभूत्या
तृप्तः सुखं तिष्ठ सदात्मनिष्ठया ॥५२४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

असत्पदार्थानुभवे न किंचिन्-
-न ह्यस्ति तृप्तिर्न च दुःखहानिः ।
तदद्वयानन्दरसानुभूत्या
तृप्तः सुखं तिष्ठ सदात्मनिष्ठया ॥५२४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

असत्पदार्थ-अनुभवे किंचिद् (अपि) तृप्तिः न हि अस्ति, न च दुःखहानिः (अपि अस्ति); तद् अद्वय-आनन्दरस-अनुभूत्या सत्-आत्मनिष्ठया तृप्तः (सन्) सुखं तिष्ठ ॥५२४॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) किंचिद् (अपि) तृप्तिः न हि अस्ति । જરા પણ તૃપ્તિ થતી જ નથી. हि - શબ્દ વાક્યના અર્થને સવિશેષ સુનિશ્ચિત બનાવે છે. આ પ્રકારની તૃપ્તિ શામાં નથી થતી ? - असत्-पदार्थ-अनुभवे । ખોટા-મિથ્યા પદાર્થોનો અનુભવ કરવાથી, એવા પદાર્થોના ઉપભોગથી. આવા પદાર્થોના અનુભવથી, બીજું શું-કેવું ખરાબ પરિણામ આવે છે ? - न च दुःखहानिः (अपि अस्ति) । દુઃખોનો નાશ પણ થતો

નથી, દુઃખ પણ ટળતું નથી.

તો પછી, શું કરવું ? - હવે પછીનાં વાક્યમાં, ગુરુદેવે આપેલા આદેશનું અનુપાલન કરવું.

(૨) तद् એટલે तस्मात् તેથી, તે કારણે. तृप्तः (सन्) सुखं तिष्ठ । सुखम् એટલે સુખપૂર્વક, સુખથી. तिष्ठ એટલે રહે. સુખપૂર્વક રહે, સુખી થા, સુખી બન. કેવી રીતે ? - तृप्तः (सन्) - તૃપ્ત થઈને, સંતોષ પામીને. પરંતુ આવી તૃપ્તિ મળે શી રીતે ? આ બે રીતે : (અ) अद्वय-आनन्दरस-अनुभूत्या । અદ્વિતીય એવા તે બ્રહ્મના આનંદરસની અનુભૂતિ વડે; અને (બ) सत्-आत्मनिष्ठया । સત્યસ્વરૂપ એવી આત્મનિષ્ઠા વડે. (૫૨૪)

અનુવાદ :

(હે વત્સ ! હે શિષ્ય !) મિથ્યા પદાર્થોનો અનુભવ કરવાથી, કશી પણ તૃપ્તિ થતી નથી, તેમ જ દુઃખનો નાશ પણ થતો નથી; તેથી અદ્વિતીય(બ્રહ્મ)ના આનંદરસની અનુભૂતિથી અને સત્યસ્વરૂપ આત્મનિષ્ઠાથી તૃપ્ત થઈને તું સુખપૂર્વક રહે ! (૫૨૪)

ટિપ્પણ :

'જીવન્મુક્ત' થયા પછી પણ, આપણે આ પહેલાં જોયું તેમ, શિષ્યને પોતાનાં આયુષ્યનો શેષ સમય વીતાવવાનો તો છે, આ 'મિથ્યા' જગતમાં જ. અને જેવું 'મિથ્યા' જગત, એવા જ 'મિથ્યા' આ જગતના સર્વ પદાર્થો !

એટલે, આવા અસત્યપદાર્થોના અનુભવોમાં, અને એ સર્વના ઉપભોગમાં, શિષ્ય, ફરી પાછો, ન સરી પડે, તે માટે, આચાર્યશ્રી, તેને એવી **'ચેતવણી'** આપે છે કે આવા અનુભવો-ઉપભોગથી સદા-સર્વદા તું દૂર જ રહેજે. આવી ચેતવણી પાછળનાં બે કારણો આ પ્રમાણે છે : એક તો એ કે એમાંથી કશી જ તૃપ્તિ સાંપડતી નથી, અને બીજું એ કે પેલા મિથ્યા-પદાર્થોના અનુભવનું દુઃખ તો ટળતું જ નથી ! તેથી, શિષ્ય માટે, સુખપૂર્વક તૃપ્ત થઈને રહેવાનો તો એક જ ઉપાય : અદ્વિતીય બ્રહ્મના આનંદરસની અનુભૂતિ ! અને આને જ બીજા શબ્દોમાં વ્યક્ત કરીએ તો, સત્યસ્વરૂપ એ જ બ્રહ્મમાં આત્મનિષ્ઠા !

આમ તો, પરમતત્ત્વની પ્રાપ્તિ પછીનાં, આ શિષ્યનાં સવિસ્તર આત્મસંભાષણમાંની, એનાં ઉચ્ચારણોમાંની એની સુદૃઢ પ્રતીતિ જોતાં અને એના એ સર્વ ઉદ્‌ગારોમાંનાં સત્યનો રણકો જોતાં, આ શિષ્ય, હવે, મિથ્યા જગતના નશ્વર પદાર્થોના ઉપભોગોમાં ફરીથી ફસાય, એવી કોઈ જ ભીતિ જણાતી નથી. તો પછી, ગુરુદેવ એને શા માટે આવી ચેતવણી આપે છે અને જે અદ્વિતીય બ્રહ્મના આનંદરસની

જ અત્યારે પણ અનુભૂતિ કરી રહ્યો છે, તેમાં જ આત્મનિષ્ઠા રાખવાનો આદેશ ગુરુદેવ તેને શા માટે આપે છે તે - જરા, ન સમજાય તેવું છે, અને શિષ્યની સંનિષ્ઠામાં, ગુરુદેવને સંપૂર્ણ શ્રદ્ધા નથી, એવી છાપ પણ વાચકનાં ચિત્ત પર પડે, એ સ્વાભાવિક છે.

પરંતુ હકીકતમાં, એવું કશું નથી : શિષ્યની સિદ્ધિ અને સજ્જતામાં ગુરુદેવને સંપૂર્ણ શ્રદ્ધા છે; પણ શિષ્ય એની આધ્યાત્મિક જીવન-કારકિર્દીમાં આવી પરમોચ્ચ સિદ્ધિએ પહોંચે ત્યારપછી પણ, એની એવી જ સફળતાનાં સાતત્યનાં હિતમાં, ગુરુએ, શિષ્યને, તેનાં જીવનનાં આવાં અમૂલ્ય સંકેત-સૂત્રોનું પ્રદાન કરવું જોઈએ, એવી શાસ્ત્ર-પ્રણાલિકાને જ ગુરુજી અહીં અનુસરી રહ્યા છે, એમ આપણે સમજવાનું રહે છે.

અને હવે પછી પણ, ગુરુદેવના આ અંતિમ ઉપદેશ દરમિયાન, ક્યારેય પણ આવું લાગે ત્યારે, આપણે એમાં શાસ્ત્રની પરંપરાગત આવી સંકેતસૂત્ર-બદ્ધતાનાં જ દર્શન કરવાનાં રહેશે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૨૪)

૫૨૫

स्वयमेव सर्वथा पश्यन् मन्यमानः स्वमद्वयम् ।
स्वानन्दमनुभुञ्जानः कालं नय महामते ॥५२५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

स्वयमेव सर्वथा पश्यन् मन्यमानः स्वमद्वयम् ।
स्वानन्दमनुभुंजानः कालं नय महामते ॥५२५॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(हे) महामते ! सर्वथा स्वयमेव पश्यन्, स्वं अद्वयं मन्यमानः, स्व-आनन्दं अनुभुञ्जानः, (त्वं) कालं नय ॥५२५॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (હે) મહામતે ! (ત્વં) कालं नय । - હે બુદ્ધિમાન ! તું સમય વ્યતીત કર, સમય વીતાવ, કાળ-નિગમન કર. શી-શી પ્રક્રિયાઓ કરતાં કરતાં, શિષ્યે, સમય વ્યતીત કરવાનો છે ? - આ પ્રમાણે ત્રણ : (૧) सर्वथा स्वयं एव पश्यन् । सर्वथा એટલે સર્વ પ્રકારે, સર્વ-સમયમાં અને સર્વ વસ્તુઓમાં (सर्वत्र,

सर्वभावेन, सर्वप्रकारेण ।); સર્વ પ્રકારે, તારા પોતાના આત્માને, સદા સ્વયંરૂપ આત્માને જોતાં, જોતાં;

(૨) स्वयं अद्वयं मन्यमानः । પોતાને, પોતાની જાતને, અદ્વિતીય, માનતો;

(૩) स्व-आनन्दं अनुभुञ्जानः । આત્માનન્દનો જ સતત-વારંવાર અનુભવ કરતો, કરતો; આત્માનંદને જ ભોગવતાં, ભોગવતાં.

पश्यन्, मन्यमानः અને अनुभुञ्जानः, - એ ત્રણેય, વ્યાકરણની દૃષ્ટિએ, અનુક્રમે, दृश्(पश्य्) જોવું, मन् માનવું અને अनु+भुज् ભોગવવું, - એ ધાતુઓનાં વર્તમાનકૃદંત, પુંલિંગ પ્રથમા એકવચનનાં રૂપો છે. (૫૨૫)

અનુવાદ :

હે મહાબુદ્ધિમાન્ ! સર્વરીતે, સ્વયંરૂપ આત્માને જોતો રહીને, પોતાને અદ્વિતીય માનતો રહીને અને આત્માનંદને ભોગવતો રહીને, તું (તારો) સમય વ્યતીત કરજે. (૫૨૫)

ટિપ્પણ :

સદ્‌ગુરુ, આ શ્લોકમાં, શિષ્ય માટે, **"મહામતિ"** - એવું સંબોધન પ્રયોજે છે, એ સૂચક (Significant) છે, – બે રીતે : **એક** તો એ કે તેની બુદ્ધિ માત્ર **'મહા'** (મોટી, ઘણી) જ નથી, પરંતુ તે **સારી, શુભ** અને **સાત્ત્વિક** પણ (સદ્‌બુદ્ધિ) છે, અને આવી **'મહા'** તથા **'સારી'** બુદ્ધિના પ્રભાવે અને પ્રતાપે જ, તે, સચ્ચિદાનંદ એવાં પરમતત્ત્વ સાથે સાયુજ્ય પામી શક્યો છે; અને **બીજું** એ કે ગુરુદેવને, શિષ્યની, જીવન્મુક્તિ-પદ-પ્રાપ્તિ પછીની, હવે પછીની, ભાવિ જીવન-કારકિર્દી વિશે કશી જ અશ્રદ્ધા કે આશંકા નથી : પોતાનાં પ્રવર્તમાન પરમોચ્ચ પદને, એની પ્રતિષ્ઠાને, કશી પણ હાનિ પહોંચે એવું તે કદી પણ કરશે નહીં, એવી પ્રતીતિ ગુરુદેવને હૈયે છે, તે, પણ શિષ્યની આવી બુદ્ધિનાં કારણે જ છે, તે હકીકત સ્પષ્ટ થાય છે.

ગુરુદેવે, શિષ્ય માટે, શ્લોકમાં, સૂચવેલી ત્રણ પ્રક્રિયાઓ પણ એટલી જ મહત્ત્વની છે : શિષ્યે ભલે પોતાનાં જીવન-ધ્યેયને સંપન્ન કરી લીધું, પરંતુ તેને પોતાનાં બાકીનાં આયુષ્યને તો, આ સંસારમાં રહીને જ વીતાવવાનું છે અને તે કેવી રીતે વીતાવવાનું છે, તેનો આદેશ ગુરુદેવ શિષ્યને, - कालं नय । એમ કહીને, આપે છે.

હવે પછીના સમયમાં, શિષ્ય, 'બહિર્મુખ' (Extrovert) રહે કે 'અંતર્મુખ' (Introvert), તેણે સતતં લક્ષમાં રાખવાનું છે કે એનું 'દર્શન' (पश्यन्) તો સદા પોતાના આત્માનું જ (स्वयं एव) હોવું જોઈએ : આવી પ્રક્રિયામાં આળસ કે

અનવધાનને જરા પણ અવકાશ રહેવો જોઈએ નહીં : **'સ્વયં-દર્શન'** સતત ચાલુ રહેવું જોઈએ.

અને અદ્વિતીય એવાં બ્રહ્મ સાથેનાં ઐક્યની સિદ્ધિ પછી, એની આ **'અદ્વય-માન્યતા'** પણ એવી જ અકબંધ જળવાઈ રહેવી જોઈએ. સંસારમાં તો સર્વત્ર ભેદનાં અને દ્વૈતનાં જ દર્શન તેને થયાં કરશે : છતાં 'હું તો સદા-સર્વદા અદ્વિતીય જ છું', - એ પ્રકારની માન્યતામાં લેશમાત્ર પણ કચાશ પ્રવેશી ન જાય, તેનું, તેને, સતત ધ્યાન રાખવાનું છે.

વળી, **'આનંદ'** જેનો એક અવિભાજ્ય અંશ (Integral part) છે, એવાં **"સચ્ચિદાનંદ"**-સ્વરૂપમાં હવે તો તે સ્થિત છે, એટલે આત્માનંદ કે નિજાનંદની એની અનુભૂતિમાં લેશમાત્ર પણ ઉણપ ન આવી જવી જોઈએ.

આ ત્રણેય પ્રક્રિયામાં, **'સ્વયં'** અને સ્વં - એવા શબ્દો પ્રયોજવા પાછળ સદ્‌ગુરુનો એકમાત્ર શુભ ઉદ્દેશ એ જ છે કે શિષ્ય હંમેશાં **'સ્વ'**માં જ રમમાણ રહે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૨૫)

૫૨૬

अखण्डबोधात्मनि निर्विकल्पे
विकल्पनं व्योम्नि पुरःप्रकल्पनम् ।
तद्वद्वयानन्दमयात्मना सदा
शान्तिं परामेत्य भजस्व मौनम् ॥५२६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અખંડબોધાત્મનિ નિર્વિકલ્પે
વિકલ્પનં વ્યોમ્નિ પુરઃપ્રકલ્પનમ્ ।
તદ્વદ્વયાનન્દમયાત્મના સદા
શાન્તિં પરામેત્ય ભજસ્વ મૌનમ્ ॥૫૨૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અખણ્ડબોધાત્મનિ નિર્વિકલ્પે (આત્મનિ) વિકલ્પનં, વ્યોમ્નિ પુરઃપ્રકલ્પનં (તત્સમાનં કાર્યં અસ્તિ); તત્ અદ્વયાનન્દમયા-આત્મના સદા પરાં શાન્તિં એત્ય, મૌનં ભજસ્વ ॥૫૨૬॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) **व्योम्नि पुरःकल्पनं (तत्समानं कार्यं अस्ति)**; **व्योम्नि** એટલે આકાશમાં; **पुरः** એટલે નગર, શહેર; **प्रकल्पन** એટલે કલ્પના કરવી તે : આકાશમાં નગરની કલ્પના કરવા જેવું (આ કાર્ય) છે; કયું કાર્ય ? - **अखण्डबोधात्मनि निर्विकल्पे (आत्मनि) विकल्पनम्** । **विकल्पन** એટલે કોઈ પણ જાતના વિકલ્પની, એટલે કે ભેદની કલ્પના કરવી તે; આવી કલ્પના કોના વિશે ? અખંડજ્ઞાનસ્વરૂપ અને વિકલ્પહીન આત્મામાં, આત્મા વિશે.

(૨) **तत्** એટલે **तस्मात्** તેથી, માટે, તે કારણે; **मौनं भजस्व** । મૌન ધારણ કર; મૌનને પ્રાપ્ત થઈ જા. પણ આ પહેલાં શિષ્યે શું કરવાનું રહે છે ? - **परां शान्तिं एत्य** । પરમ શાંતિ પ્રાપ્ત કરીને, પામીને, એનો અનુભવ કરીને; આવી શાંતિ તેણે કેવી રીતે પ્રાપ્ત કરવાની છે ? **सदा** - નિરન્તર; અને **अद्वय-आनन्दमय-आत्मना** । અદ્વિતીય આનંદમય આત્મારૂપે; અદ્વિતીય આનંદ-સ્વરૂપ બનીને. (૫૨૯)

અનુવાદ :

અખંડ જ્ઞાનસ્વરૂપ અને નિર્વિકલ્પ એવા આત્મામાં, કોઈ પણ જાતના ભેદની કલ્પના કરવી તે, આકાશમાં નગરની કલ્પના કરવા જેવું કાર્ય છે; તેથી, અદ્વિતીય આનંદમય આત્મારૂપે પરમ શાંતિ પામીને તું સદા મૌન ધારણ કર. (૫૨૯)

ટિપ્પણ :

આ શ્લોકમાં પણ, ગયા શ્લોકની જેમ, સદ્‌ગુરુએ શિષ્યને સીધો જ આદેશ આપ્યો છે કે "તું મૌન ધારણ કર" : **मौनं भजस्व** ।

પરંતુ ગુરુદેવને સ્પષ્ટ ખ્યાલ છે કે કશું પણ સમજ્યા વિના, આમ, સીધે-સીધું મૌન ધારણ કરવું, એ નિરર્થક છે; એટલે સૌપ્રથમ તો, તેમણે, શિષ્યને, આત્માનાં સમ્યક્ સ્વરૂપ વિશેની કશી ગેરસમજથી દૂર રહેવાની સૂચના આપી.

આત્મા એટલે જ અખંડ જ્ઞાનનું સ્વરૂપ; અને આવો આત્મા તો, સંકલ્પો-વિકલ્પોથી સદા-સર્વદા વિમુક્ત જ હોય; આવા **'निर्विकल्प'** આત્મામાં જીવ કે કશા સંસારવ્યવહારના પદાર્થોનો **'विकल्प'** કરવો, કોઈ પણ જાતની ભેદયુક્ત કલ્પના કરવી, ટૂંકમાં, **'निर्विकल्प'**માં **'विकल्प'** હોય એમ માનવું-જાણવું-સમજવું, એ તો એક અક્ષમ્ય અને અનિર્વાહ્ય એવો કલ્પના-તરંગ જ કહેવાય !

જ્યાં કશું હોવાની શક્યતા જ ન હોય, ત્યાં તે વસ્તુ હોવાનો સ્વીકાર કરવો, એટલે આકાશમાં નગર હોવા જેવી અસંભવિત કલ્પના ! સામાન્ય બુદ્ધિ(Common

Sense)વાળો કોઈ સામાન્ય માણસ પણ સમજે છે કે કોઈ નગરની રચના પૃથ્વી પર થઈ શકે, આકાશમાં તો કદી જ નહીં ! આકાશ તો માત્ર અવકાશ (Space) છે, ખાલી જગા જ છે, એમાં કોઈ નગર બાંધી શકાય જ કેવી રીતે ? અને બાંધી ન શકાય તો તે ત્યાં હોઈ શકે જ કેવી રીતે ! પેલી અંગ્રેજી ભાષાની કહેવત પ્રમાણે, આ તો હવામાં કિલ્લા બાંધવા જેવી (Building castles in air !) વાહિયાત વાત કહેવાય ! માત્ર કલ્પનાના તરંગો ! તરંગોના રંગો ! Figments of Fancy !

'નિર્વિકલ્પ' જેનું નામ ! એમાં, વળી, **'વિકલ્પો'** કેવા ? ક્યાંથી ? "એટલે હે વત્સ !" ગુરુદેવ શિષ્યને કહે છે કે "આવી મિથ્યા કલ્પનામાં તો, તારા જેવો **'મહામતિ'**, રાચે જ નહીં ! - એનો તો મને પણ ખ્યાલ છે જ. માટે, તારા સ્વભાવગત અદ્વિતીય નિજાનંદનાં સ્વરૂપે પરમ શાંતિ પામીને તું મૌન ધારણ કર !"

પરંતુ બહારથી 'મૌન' અને અંદર અશાંતિ હોય તો, એવાં મૌનનો અર્થ શો ? આથી જ, સદ્‌ગુરુ, મૌન ધારણ કરતાં પહેલાં, શિષ્યને પરમ શાંતિ પામવાની સમુચિત સૂચના આપે છે.

અને મૌન એટલે શું ? 'ન બોલવું' - એ જ ? એટલું જ ? ભીતરી, સાચી, પરમ શાંતિ વિનાનું આવું મૌન એટલે તો, મૌનનો માત્ર શિષ્ટાચાર (Formality) ! માત્ર એક ઔપચારિક પ્રક્રિયા ! એક શુષ્ક નિરર્થક 'ક્રિયાકાંડ' (A ritual) !

આવા કર્મકાંડીય મૌનમાં શિષ્ય ન અટવાય, એ માટે ગુરુદેવ તેને, સૌપ્રથમ, પરમ-શાંતિને પ્રાપ્ત કરવાનું સૂચવે છે.

મન જો બહાર ન ભમે, તો જ, અને તે જ સાચું મૌન !

ગીતાએ પણ આથી જ, નિર્ણય આપ્યો છે ને કે –

अशान्तस्य कुतः सुखम् । (૨, ૬૬)

("અશાંતને વળી સુખ કેવું ?")

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૨૬)

૫૨૭

तूष्णीमवस्था परमोपशान्ति-
-र्बुद्धेरसत्कल्पविकल्पहेतोः ।
ब्रह्मात्मना ब्रह्मविदो महात्मनो
यत्राद्वयानन्दसुखं निरन्तरम् ॥५२७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તૂષ્ણીમવસ્થા પરમોપશાન્તિ-
-ર્બુદ્ધેરસત્કલ્પવિકલ્પહેતોઃ ।
બ્રહ્માત્મના બ્રહ્મવિદો મહાત્મનો
યત્રાદ્વયાનન્દસુખં નિરન્તરમ્ ॥૫૨૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

અસત્કલ્પવિકલ્પહેતોઃ બુદ્ધેઃ બ્રહ્માત્મના તુષ્ણીં અવસ્થા બ્રહ્મવિદઃ મહાત્મનઃ પરમા ઉપશાન્તિઃ (અસ્તિ), યત્ર નિરન્તરં અદ્વયાનન્દસુખં (ભવતિ) ॥૫૨૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : બુદ્ધેઃ તુષ્ણીં અવસ્થા પરમા ઉપશાન્તિઃ (અસ્તિ) । તુષ્ણીં અવસ્થા એટલે મૌન અવસ્થા; મૌન ધારણ કરવું તે. આવી અવસ્થા કોની હોય છે ? - બુદ્ધેઃ બુદ્ધિની. આ બુદ્ધિ કેવી છે ? - અસત્-કલ્પ-વિકલ્પ-હેતોઃ । અસત્ય સંકલ્પ-વિકલ્પ કરનારી-કરાવનારી. આવી મૌન અવસ્થા કોની બુદ્ધિની હોય છે ? - બ્રહ્મવિદઃ મહાત્મનઃ । - બ્રહ્મજ્ઞાની મહાત્માની. બ્રહ્માત્મના - બ્રહ્મભાવમાં સ્થિતિ, એ જ મૌન અવસ્થા; આવી મૌન અવસ્થા એ જ બ્રહ્મજ્ઞાની મહાત્માની પરમ શાંતિ છે. આ પરમ શાંતિની વિશિષ્ટતા શું છે ? કેવી છે ? - યત્ર નિરન્તરં અદ્વયાનન્દસુખં (ભવતિ) । - જેમાં નિરંતર-સતત-અવિરત અદ્વિતીય આંનદસુખ જ હોય છે. (૫૨૭)

અનુવાદ :

અસત્ય સંકલ્પ-વિકલ્પ કરાવનારી બુદ્ધિનું બ્રહ્મભાવમાં મૌન ધારણ કરવું, એ જ બ્રહ્મજ્ઞાની મહાત્માની પરમ શાંતિ છે, જેમાં નિરંતર અદ્વિતીય આનંદસુખ જ હોય છે. (૫૨૭)

ટિપ્પણ :

ગયા શ્લોકમાં ગુરુદેવે, શિષ્યને, પરમ શાંતિ પ્રાપ્ત કરીને મૌન ધારણ કરવાનું સૂચવ્યું હતું; અને આ શિષ્ય, અત્યારે, 'બ્રહ્મવિદ્ મહાત્મા' - (બ્રહ્મવિદઃ મહાત્મનઃ) તો છે જ.

પરંતુ આવા બ્રહ્મજ્ઞાની મહાત્માએ પણ પોતાની બુદ્ધિને નિયંત્રિત રાખવાની જરૂર છે, કારણ કે આ બુદ્ધિ તો ભલભલા મહાત્માને પણ મિથ્યા કલ્પનાઓના ગેરમાર્ગે લઈ જવાની શક્તિ ધરાવે છે; એટલે આવી બુદ્ધિનું, બ્રહ્મભાવમાં, મૌન

ધારણ કરવું, એ જ બ્રહ્મજ્ઞાની મહાત્માની પરમ શાંતિ છે, જેમાં નિરંતર અદ્વિતીય આનંદસુખ જ હંમેશ માટે હોય છે.

તાત્પર્ય એ છે કે મિથ્યા સંકલ્પ-વિકલ્પો સર્જવાનો જેનો સ્વભાવ છે, એ બુદ્ધિને જો બ્રહ્મભાવમાં સ્થિર કરવામાં આવે તો, આવી સ્થિરતા, આવી સ્થિતિ જ બ્રહ્મજ્ઞાની મહાત્માની મૌન-અવસ્થા બની રહે; અને આવી આ મૌનાવસ્થા જ એના માટે પરમ શાંતિની પ્રદાયિની બની રહે.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૨૭)

૫૨૮

नास्ति निर्वासनान्मौनात् परं सुखकृदुत्तमम् ।
विज्ञातात्मस्वरूपस्य स्वानन्दरसपायिनः ॥५२८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નાસ્તિ નિર્વાસનાન્મૌનાત્ પરં સુખકૃદુત્તમમ્ ।
વિજ્ઞાતાત્મસ્વરૂપસ્ય સ્વાનન્દરસપાયિનઃ ॥૫૨૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિજ્ઞાત-આત્મ-સ્વરૂપસ્ય સ્વ-આનન્દરસ-પાયિનઃ ચ (સાધકસ્ય) નિર્વાસનાત્ મૌનાત્ પરં ઉત્તમં સુખકૃદ્ (અન્યત્ કિંચિત્ અપિ) ન અસ્તિ ॥૫૨૮॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : મૌનાત્ પરં ઉત્તમં સુખકૃદ્ (અન્યત્ કિંચિત્ અપિ) ન અસ્તિ । સુખકૃત્ એટલે સુખ કરનારું-આપનારું, સુખકારક, સુખદાયક, સુખસર્જક; મૌન કરતાં બીજું કશું વધારે સુખ-આપનારું નથી. કયા પ્રકારનું, કેવું મૌન ? - નિર્વાસનાત્ । વાસના-રહિત, વાસના-શૂન્ય, વાસના-વિનાનું. અને કોનાં મૌનની આ વાત છે ? - બે વિશેષણો આ પ્રમાણે : (૧) વિજ્ઞાત-આત્મસ્વરૂપસ્ય । આત્માનાં સ્વરૂપને જેણે જાણી લીધું છે, તેવા સાધકનું મૌન; આત્મસ્વરૂપનાં જ્ઞાનીનું મૌન; (૨) સ્વ-આનન્દરસ-પાયિનઃ । પાયિન્ એટલે પીનાર, પાન કરનાર; નિજાનંદના રસનું પાન કરનાર સાધકનું મૌન. (૫૨૮)

અનુવાદ :

આત્માનું સ્વરૂપ જાણનાર અને આત્માનંદ-રસનું પાન કરનાર(સાધક) માટે, વાસના-વિહીન મૌનથી બીજું કશું ઉત્તમ સુખકારક નથી. (૫૨૮)

ટિપ્પણ :

આચાર્યશ્રીએ, શ્લોક-૫૨૬માં, 'भजस्व मौनम् ।'ની જે આજ્ઞા શિષ્યને આપી હતી, તે મૌનની સાચી વ્યાખ્યા અને વિભાવનાની ચર્ચા, અહીં પણ ચાલુ છે.

"મૌન" એટલે શું ? એનું તાત્ત્વિક સ્વરૂપ કેવું હોય ? દરેક મોક્ષાર્થી સાધક જાણે છે, સમજે છે, સ્વીકારે છે કે મોક્ષપ્રાપ્તિના માર્ગમાં મુખ્ય અવરોધો આ બે છે : **બુદ્ધિ** અને **વાસના**. બુદ્ધિની મૂળભૂત કુટેવ એટલે મિથ્યા સંકલ્પ-વિકલ્પોનું સર્જન; પરંતુ સાધક જો સભાન-સજાગ રહે અને આવી ક્લેશકારક બુદ્ધિને પણ પોતાનાં બ્રહ્મજ્ઞાનના પ્રભાવમાં, બ્રહ્મભાવમાં સ્થિર કરે તો, બ્રહ્મમાંની બુદ્ધિની આવી સ્થિતિ જ એના માટે આદર્શ મૌન-અવસ્થા બની રહે અને એને પરમ શાંતિ આપી રહે. બીજું વિઘ્ન છે, - **વાસના**નું. આત્માનાં સ્વરૂપને જાણનાર અને આત્માનંદના અમૃતરસનું પાન કરનાર સાધક પણ જો પોતાનાં મૌનને વાસના-રહિત, વાસના-શૂન્ય બનાવી શકે તો, આવાં મૌનથી, વધારે સુખદ બીજું કશું પણ તેના માટે હોઈ શકે નહીં.

બુદ્ધિ અને **વાસના**નાં અનુસંધાનમાં, મૌનનાં સ્વરૂપની જે તાત્ત્વિક છણાવટ, હમણાં, ઉપર, કરવામાં આવી તે જ મૌનની સાચી વિભાવના છે. બાકી, માત્ર વાણીનું મૌન, એને તો શાસ્ત્રોમાં **'કાષ્ઠ-મૌન'** એવું નામ આપવામાં આવ્યું છે, જે, અપરિપક્વ બાળકો અને અજ્ઞાનીઓ માટે જ યોગ્ય ગણાય. મનને યાંત્રિક રીતે નિયંત્રિત કરીને બોલતું બંધ રાખવું અને એ જ મનમાં વિચારો-વિકારો-વાસનાઓનાં ઉગ્ર અને પ્રચંડ વા-વંટોળ ચાલતાં હોય તો, એવું યાંત્રિક (Mechanical) મૌન સાધક માટે જરા પણ ઉપકારક બની શકે નહીં.

સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ એ છે કે **બ્રહ્મજ્ઞાની** માટે તો, ચિત્તની વાસના-રહિત સ્થિતિ, એ જ સમ્યક્ અને તાત્ત્વિક મૌનની આદર્શ અવસ્થા છે, અને આવું મૌન જ, એના માટે, સર્વોત્તમ પ્રકારે સુખપ્રદ બની રહે !

અને આત્મસ્વરૂપની જ્ઞાનપ્રાપ્તિ તથા આત્માનંદનાં રસામૃતનાં પાન જેવી ઉચ્ચ-આધ્યાત્મિક કક્ષાએ પહોંચનાર સાધક માટે, પોતાનાં મૌનને વાસનાવિહોણું બનાવી દેવું (निर्वासनात् मौनात्), એ જરા પણ અઘરું નથી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૨૮)

૫૨૯

गच्छंस्तिष्ठन्नुपविशञ्शयानो वाऽन्यथाऽपि वा ।
यथेच्छया वसेद् विद्वानात्मारामः सदा मुनिः ॥५२९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ગચ્છંસ્તિષ્ઠન્નુપવિશઞ્શયાનો વાઽન્યથાઽપિ વા ।
યથેચ્છયા વસેદ્ વિદ્વાનાત્મારામઃ સદા મુનિઃ ॥૫૨૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિદ્વાન્ મુનિઃ ગચ્છન્ તિષ્ઠન્ ઉપવિશન્ શયાનઃ અન્યથા અપિ વા સદા યથેચ્છયા આત્મારામઃ વસેત્ ॥૫૨૯॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : વિદ્વાન્ મુનિઃ સદા યથેચ્છયા આત્મારામઃ વસેત્ । યથેચ્છયા એટલે પોતાની ઇચ્છા પ્રમાણે, ઇચ્છાપૂર્વક, સ્વેચ્છાએ. આત્મારામઃ વસેત્ - આત્મામાં જ રમણ કરતાં, રમમાણ, રહેવું. આત્મારામ એ સામાસિક શબ્દમાં આ પ્રમાણે ત્રણ શબ્દો છે : આત્મા + આ + રમ્ । આ એટલે સમન્તાત્ - સર્વે બાજુએ, આજુબાજુ સર્વત્ર, - All-around, On all sides, Wholly, Completely; સંપૂર્ણરીતે : આત્મનિ આ (સમન્તાત્) રમતે અસૌ । આત્મામાં જ જે સંપૂર્ણરીતે રમમાણ રહે છે તે, - **"આત્મારામ"**.

શી-શી અને કઈ-કઈ ક્રિયાઓ કરતાં-કરતાં પણ વિદ્વાન મુનિએ, સદા-સર્વદા, સ્વેચ્છાએ, **'આત્મારામ'** રહેવું જોઈએ ? - આ પ્રમાણે **ચાર** ક્રિયાઓનો અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે : (૧) ગચ્છન્ - ચાલતાં, જતાં; (૨) તિષ્ઠન્ - ઊઠતાં, ઊભા રહેતાં; (૩) ઉપવિશન્ - બેસતાં; શયાનઃ - સૂતાં. પરંતુ આ **ચાર** તો માત્ર નમૂના-રૂપ ક્રિયાઓનો જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, - એ ઉપરાંત, અન્યથા અપિ વા । બીજી કોઈ પણ અવસ્થામાં. ગચ્છન્, તિષ્ઠન્, ઉપવિશન્ અને શયાનઃ, - એ ચારેય, વ્યાકરણની દૃષ્ટિએ, ગમ્(ગચ્છ) એટલે જવું, સ્થા(તિષ્ઠ) એટલે ઊઠવું-ઊભા રહેવું, ઉપ + વિશ્ એટલે બેસવું અને શી એટલે સૂવું, - એ ધાતુઓનાં, અનુક્રમે, વર્તમાનકૃદંત પુંલિંગ પ્રથમા એકવચનનાં રૂપો છે. (૫૨૯)

અનુવાદ :

વિદ્વાન મુનિએ, જતાં, ઊઠતાં, બેસતાં, સૂતાં કે બીજી કોઈ પણ અવસ્થામાં

હોય ત્યારે, સદા, સ્વેચ્છાએ, આત્મામાં જ રમણ કરતાં રહેવું જોઈએ. (૫૨૯)

ટિપ્પણ :

મુમુક્ષુ સાધક, જીવન્મુક્તિની સર્વોચ્ચ-સિદ્ધિએ તો પહોંચી ગયો, પરંતુ એનાં શેષ જીવનમાં, કાળ-નિર્ગમન કરતાં, તેને અનેક અવસ્થાઓમાંથી અને પરિસ્થિતિઓમાંથી પસાર થવાનું રહે. આવી અવસ્થાઓ-પરિસ્થિતિઓ-પ્રક્રિયાઓ ચાલી રહી હોય ત્યારે, તેણે શું કરવું જોઈએ ? - એનું સ્પષ્ટ માર્ગદર્શન તેને અહીં આપવામાં આવ્યું છે. બીજી ક્રિયાઓ-પ્રક્રિયાઓ તો ઠીક, પરંતુ જવું-ચાલવું-બેસવું-ઊઠવું-સૂવું વગેરે તો સામાન્ય અને રોજિંદી(Routine) ક્રિયાઓ છે, એ કર્યા વિના તો ચાલે જ નહીં ! આચાર્યશ્રી કહે છે કે બરાબર છે, આવી ક્રિયાઓ અવશ્ય કરવી; પરંતુ એ બધી તો માત્ર સ્થૂલ-શારીરિક ક્રિયાઓ છે, એમાં મન કે આત્માએ કશું જ કરવાનું હોતું-રહેતું નથી. એટલે, આચાર્યશ્રી, એક સ્પષ્ટ નિયમ કે ધર્મ તરીકે, આજ્ઞા આપે છે કે આવી બધી ક્રિયાઓ કરતાં-કરતાં પણ વિદ્વાન મુનિએ તો સદા-સર્વદા, સતત, આત્મામાં રમણ કરતાં-કરતાં જ રહેવું, આત્મામાં જ રમમાણ રહેવું (आत्मारामः वसेत् ।) वसेत् - એ ક્રિયાપદ વિધ્યર્થ-રૂપ છે એટલે, આમ કરવું, એ વિદ્વાન મુનિ માટે એક અવશ્ય કરવાનું, 'કર્તવ્ય' (Duty), બની રહે છે.

શ્લોકમાંનો **यथेच्छया** - શબ્દ પણ એવો અને એટલો જ સૂચક છે : હવે તો તે **"મુક્ત"** છે, એટલે સંસારના કે સમાજના કોઈ વિધિ-નિષેધો તેને નડે જ નહીં : એને હવે કોઈ **વર્ણ** કે **આશ્રમ**ની મર્યાદા રહેતી નથી. હવે તો તેની પોતાની, અંગત, સ્વકીય ઇચ્છાનું જ સંપૂર્ણ સામ્રાજ્ય ! **'અન્ય'**ની કોઈ જ ઇચ્છાનું, હવે તેનાં જીવનમાં, કશું જ સ્થાન નથી; એટલે, ગમે તે અવસ્થામાં કે પ્રક્રિયામાં, આત્મામાં જ રમણ કરતાં રહેવાનું પણ તેણે **'સ્વેચ્છાએ'** (यथेच्छया) જ કરવાનું છે ! - મુક્ત મનથી, પૂરી પ્રસન્નતાપૂર્વક, તેનું અંતઃકરણ કહે તેમ, તેના પોતાના આત્માના અવાજ (Inner Voice) અનુસાર !

આમ તો, આદર્શ જીવન્મુક્ત, આમ કરતો જ હોય, કારણ કે એની ચિત્તવૃત્તિ નિરંતર આત્મસ્વરૂપમાં જ લીન થયેલી હોય ! આ તો, માત્ર માર્ગદર્શન-રૂપ એક સામાન્ય સલાહ-સૂચન તરીકે જ, આચાર્યશ્રીએ, શિષ્ય માટે, આવું-આટલું, અહીં, નિરૂપણ કર્યું છે.

બાકી તો, બ્રહ્મસ્વરૂપ બની રહેલા આવા જીવન્મુક્તને તો, પોતે ભલો ને પોતાનો આત્મા ભલો ! - પૂરેપૂરો **"આત્મારામ"** !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૨૯)

न देशकालाऽऽसनदिग्-यमादि-
-लक्ष्याद्यपेक्षा प्रतिबद्धवृत्तेः ।
संसिद्धतत्त्वस्य महात्मनोऽस्ति
स्ववेदने का नियमाद्यपेक्षा ॥५३०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

न देशकालाऽऽसनदिग्यमादि-
-लक्ष्याद्यपेक्षा प्रतिबद्धवृत्तेः ।
संसिद्धतत्त्वस्य महात्मनोऽस्ति
स्ववेदने का नियमाद्यपेक्षा ॥५३०॥

શ્લોકનો ગદ્ય અન્વય :

प्रतिबद्धवृत्तेः संसिद्धतत्त्वस्य महात्मनः, देश-काल-आसन-दिश्-यम-आदि-लक्ष्य-आदि-अपेक्षा न (अस्ति); स्ववेदने नियम-आदि-अपेक्षा का (स्यात्) ? ॥५३०॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) महात्मनः अपेक्षा न (अस्ति) । મહાત્માને અપેક્ષા અથવા આવશ્યકતા હોતી નથી. આ મહાત્મા કેવા છે ? - આ પ્રમાણે બે વિશેષણો : (અ) प्रतिबद्धवृत्तेः । - જેની ચિત્તવૃત્તિ નિરંતર આત્મસ્વરૂપમાં સંલગ્ન થઈ ગઈ છે, તેવા; (બ) संसिद्धतत्त्वस्य । - જેને આત્મતત્ત્વની, આત્મજ્ઞાનની સિદ્ધિ થઈ ગઈ છે, તેવા. આવા મહાત્માને શાની અપેક્ષા હોતી નથી ? देश-काल-आसन-दिग्-यम-आदि-लक्ष्य-आदि-अपेक्षा । આટલી અપેક્ષા : **દેશ**, એટલે કે કોઈ સ્થળ, પ્રદેશ વગેરે : **કાલ**, એટલે કોઈ સમયની મર્યાદા; **આસન** એટલે કે બેસવા માટેનાં સિદ્ધાસન-પદ્માસન વગેરે નક્કી થયેલાં આસનો; **દિશા**, એટલે કે સૂવા-બેસવા-જવા-આવવા-વસવા-મુસાફરી વગેરે અંગેની કોઈ નિશ્ચિત દિશા : **યમ**, એટલે જીવવા માટેના કોઈ નક્કી કરેલ, નિયમો; **લક્ષ્ય**, એટલે કે જીવનનાં ધ્યેય જેવું કોઈ લક્ષ્ય (Aim, Goal); આવી કશી જ અપેક્ષા, ઉપર્યુક્ત બે વિશેષણો ધરાવતા મહાત્માને હોતી નથી.

(૨) સ્વવેદને (तस्य) નિયમ-આદિ-અપેક્ષા કા સ્યાત્ ? । સ્વવેદન એટલે પોતાને જાણવું તે, આત્મજ્ઞાન; આવા મહાત્માની અપેક્ષા વિશેની પરિસ્થિતિ ઉપર-કહી-તેવી હોય, તો પછી, આત્મજ્ઞાન માટે તો તેને કોઈ નિયમો વિશે અપેક્ષા હોય જ શાની ? (૫૩૦)

અનુવાદ :

જેની ચિત્તવૃત્તિ આત્મસ્વરૂપમાં નિરંતર સંલગ્ન થઈ ગઈ છે અને જેને આત્મજ્ઞાનની સિદ્ધિ પણ થઈ ચૂકી છે, તેવા મહાત્માને દેશ, કાળ, આસન, દિશા, યમ-નિયમ આદિ કોઈ લક્ષ્ય વગેરેની અપેક્ષા હોતી જ નથી; તો પછી, પોતાને જાણવાની બાબતમાં, કોઈ નિયમો વગેરે વિશે તો તેને કઈ અપેક્ષા હોઈ શકે ? (૫૩૦)

ટિપ્પણ :

શ્લોકમાંનાં બે વિશેષણો (**प्रतिबद्धवृत्ति** અને **संसिद्धतत्त्व**), જે મુમુક્ષુ સાધક, "**જીવન્મુક્તિ**"ની સર્વોચ્ચ કક્ષાએ પહોંચી ગયો છે, તેના માટે છે, અને તેથી, હવે પછીની તેની શેષ જિંદગીમાં, તેના માટે કોઈ અપેક્ષા કે આવશ્યકતા હોય કે નહીં, તેની ચર્ચા આ શ્લોકમાં કરવામાં આવી છે.

સાધકની સાધનાની શરૂઆતના તબક્કામાં, તેની સાધનાની સફળતાના ઉપલક્ષમાં, તેણે કેટલાક નિયમો અવશ્ય પાળવાના હોય છે, – સ્થળ-સમય-આસન-દિશા વગેરે અંગે; પરંતુ અંતે તો, આવા સર્વ નિયમો પણ, સાધ્યને સંપન્ન કરવા માટેનાં માત્ર **સાધનો** જ હોય છે અને સાધનોનું મહત્ત્વ આટલાં પૂરતું જ હોય છે, એથી વિશેષ જરા પણ નહીં; અંગ્રેજીમાં કહેવું હોય તો, એમ કહી શકાય કે "They are only **means** to an **end**". સાધકે જો પોતાની સાધનામાં સફળ થવું હોય તો, **સાધનને સાધ્ય** સમજી લેવાની ("To consider the **means** as the very **end**") ભૂલ કદી પણ ન કરવી.

અને આવાં બધાં સાધનોનો મહિમા, એની સમયમર્યાદા પણ, સિદ્ધિની પ્રાપ્તિ સુધીનાં જ હોય છે : સિદ્ધિ પ્રાપ્ત થયા પછી તો આવાં કોઈ સાધનો માટે કશો જ અવકાશ રહે જ નહીં : દર્દીને દવા આપવાની આવશ્યકતા ક્યાં સુધી રહે ? - માંદગી ચાલુ હોય ત્યાં સુધી જ. તે પૂરેપૂરો સાજો થઈ જાય, ત્યારપછી તેને કોઈ જ દવા આપવાની ન રહે.

સાધકનાં મનમાં રહેલી, આવી બધી આવશ્યકતાઓ અને અપેક્ષાઓ અંગેની મૂંઝવણોનાં નિવારણ માટે, આચાર્યશ્રી, અહીં, સ્પષ્ટ માર્ગદર્શન આપે છે.

પરમેશ્વર સર્વવ્યાપી અને સર્વત્ર છે, એટલે સાધના માટે કોઈ નિશ્ચિત

સ્થળ(દેશ) પસંદ કરવાની જરૂર નથી : કોઈ નદીનો કિનારો, પર્વતની ગુફા કે નિર્જન વન-પ્રદેશ જેવાં અનુકૂળ સ્થળો હોય તો જ સાધના સફળ થાય, એવો કોઈ નિયમ હોઈ શકે નહી. એવી જ રીતે, વહેલી-સવારનું બ્રાહ્મમુહૂર્ત કે સાંજની સંધ્યાનો સમય(કાલ) જ પવિત્ર ગણાય, - એવું કોઈ બંધન સાધક માટે હોઈ શકે નહીં. એ જ રીતે, સાધના માટે સિદ્ધાસન-પદ્માસન જેવાં નિશ્ચિત થયેલાં 'આસનો'(આસન) જ જોઈએ, એવી કોઈ પણ શરત કે મર્યાદા સાચા સાધક માટે રહેતી નથી.

અને બધી જ દિશાઓ (દિક્) એકસરખી પવિત્ર છે, એટલે પૂર્વદિશામાં, સૂર્ય-સન્મુખ રહીને જ આરાધના-ઉપાસના કરવી જોઈએ, એવું કશું બંધન, સાધક માટે, અનિવાર્ય નથી. વળી, અહિંસા-સત્ય-અસ્તેય કે પ્રાણાયામ-ધારણા-ધ્યાન-સમાધિ જેવા યમો-નિયમોનો(યમ)ની કોઈ જ લક્ષ્મણ-રેખાનું સ્થાન, સાધનાના માર્ગમાં હોઈ શકે જ નહીં.

દિશાઓની પવિત્રતાનાં આ અનુસંધાનમાં, ઇસ્લામ ધર્મના ઇતિહાસમાં પ્રચલિત એક પ્રસંગ યાદ આવે છે :

ખુદાના બંદા જેવો એક મુસલમાન-ઔલિયો, એક વાર મક્કાની જાત્રાએ ગયો. ત્યાં પહોંચ્યા પછી, ખૂબ થાકી ગયો હોવાથી, તે ઘસઘસાટ ઊંઘી ગયો.

થોડી વાર થઈ ત્યાં તો, ત્યાંના કર્મકાંડી માણસે તેને ઢંઢોળ્યો, જગાડ્યો અને ગુસ્સે થઈને તેને કહ્યું કે, "કાફિર ! તને એટલી પણ ખબર નથી કે સૂતી વખતે પવિત્ર **'કાબા'** તરફ પગ ન રખાય !"

પેલા ઔલિયાએ સૂતાં-સૂતાં જ જવાબ આપ્યો કે, - "ભાઈ, મને શા માટે હેરાન કરે છે અને મારા પર ગુસ્સે થાય છે ? હું ખૂબ થાકી ગયો છું, મને સૂવા દે : મારા પગ તારે જે તરફ રાખવા હોય ત્યાં રાખ !"

પેલા કર્મકાંડીએ તેના પગ, બરાબર સામી દિશામાં, ખસેડ્યા, પરંતુ આશ્ચર્ય ! જે દિશામાં ઔલિયાના પગ રખાયા હતાં, તે જ દિશામા **'કાબા'**એ પણ સ્થળાંતર કર્યું !

પછી તો પેલો કર્મકાંડી, વારાફરતી, જૂદી-જૂદી દિશાઓમાં પેલા ઔલિયાના પગ ખસેડતો ગયો, અને **'કાબા'**એ પણ એ જ દિશાઓમાં સ્થળાંતર કરવાનું ચાલું રાખ્યું !

"ખુદા"-"મક્કા"-"કાબા" કઈ દિશામાં નથી ?

અને સાધક માટે, લક્ષ્ય (લક્ષ્ય) તો એક જ હોય અને છે : પરબ્રહ્મની પ્રાપ્તિ ! અને જેનું અનુસંધાન આ શ્લોકમાં છે, તે તો **"જીવન્મુક્ત"** જ છે ! તેણે તો આ લક્ષ્યને, ગુરુદેવની કૃપાથી, ક્યારનું યે સિદ્ધ કરી લીધું છે ! એ તો છે જ

संसिद्धतत्त्व !

આમ, જેણે બ્રહ્મસાક્ષાત્કારની સર્વોચ્ચ સિદ્ધિ સંપન્ન કરી લીધી છે એવા "જીવન્મુક્ત" માટે, ઉપર્યુક્ત કોઈ જ અપેક્ષા (અપેક્ષા) આવશ્યક રહેતી નથી, તો પછી 'આત્માની ઓળખ' માટે (સ્વવેદને) તો, એને કોઈ નિયમો કેવા ? અને કશી અપેક્ષા-આવશ્યકતા કેવી ?

એ તો હવે **'કૂટસ્થ'** છે, **'નિર્વાસન-મૌન'**માં લીન છે, અને **'આત્મારામ'** છે ! એને હવે ન કોઈ મર્યાદા, ન કોઈ નિયમ, ન કોઈ બંધન ! - Neither conditions, nor conditionings !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૩૦)

૫૩૧

घटोऽयमिति विज्ञातुं नियमः कोऽन्वपेक्ष्यते ।
विना प्रमाणसुष्ठुत्वं यस्मिन् सति पदार्थधीः ॥५३१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

घटोऽयमिति विज्ञातुं नियमः कोऽन्वपेक्ष्यते ।
विना प्रमाणसुष्ठुत्वं यस्मिन् सति पदार्थधीः ॥५३१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यस्मिन् सति पदार्थधीः, (तत्) प्रमाणसुष्ठुत्वं विना, 'घटः अयं' इति विज्ञातुं कः नु नियमः अपेक्ष्यते ? ॥५३१॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : कः नु नियमः अपेक्ष्यते ? । કયા નિયમની અપેક્ષા રહે ? જરૂર પડે ? શાના માટે આ નિયમની વાત છે ? 'अयं घटः' इति विज्ञातुम् । - 'આ ઘડો છે', - એમ જાણવા માટે. શાના વિના, આવું જાણવાનો સવાલ અહીં ઊભો થાય છે ? - प्रमाण-सुष्ठुत्वं विना । **'પ્રમાણ'** એટલે કોઈ પણ વસ્તુનું જ્ઞાન મેળવવા માટેનું સાધન, માધ્યમ; सुष्ठु એટલે સારું, શુદ્ધ; सुष्ठुत्व એટલે શ્રેષ્ઠતા, શુદ્ધિ; प्रमाणसुष्ठुत्व એટલે પ્રમાણની શ્રેષ્ઠતા, ઉચ્ચ ગુણવત્તા, શુદ્ધિ. આ પ્રમાણસુષ્ઠુત્વ કેવું, - જેના વિના કોઈ પણ બીજા નિયમની જરૂર ન પડે ? - तत्; તે, તેવું; यस्मिन् सति पदार्थधीः । धीः એટલે બુદ્ધિ, જ્ઞાન, યથાર્થ સાચું-સંપૂર્ણ જ્ઞાન. पदार्थ-धीः એટલે પદાર્થનું જ્ઞાન; यस्मिन् सति । (**सति-सप्तमी** વાક્યરચના છે)

જેના હોવાથી, જેના હોવાને લીધે, કારણે; જેના હોવાથી (यस्मिन् सति). પદાર્થનું પૂરેપૂરું જ્ઞાન થાય (पदार्थधीः), તેવાં (तत्) શ્રેષ્ઠ પ્રકારનાં પ્રમાણ વિના (प्रमाणसुष्ठुत्वं विना), એના વગર, 'આ ઘડો છે', એમ જાણવા માટે બીજા કયા નિયમની જરૂર પડે ?

नु-શબ્દ, વાક્યાર્થમાંની શંકાને વ્યક્ત કરવા માટે પ્રયોજાયો છે. (૫૩૧)

અનુવાદ :

'આ ઘડો છે', એવું જાણવા માટે, જેના હોવાથી પદાર્થનું યથાર્થજ્ઞાન થાય છે, તેવાં શ્રેષ્ઠ પ્રમાણ વિના, (ઘડો જાણવા માટે) (બીજા) કયા નિયમની અપેક્ષા રહે ? (૫૩૧)

ટિપ્પણ :

શ્લોક નાનો છે, સહેલો છે અને એમાંનો વાક્યાર્થ પણ ખાસ અઘરો નથી, પરંતુ કોઈ પણ પ્રકારનું-પદાર્થનું યથાર્થ જ્ઞાન મેળવવા માટેનાં **"પ્રમાણ"** જેવો પારિભાષિક શબ્દ અહીં પ્રયોજાયો હોવાથી, એની સરળ સમજૂતીની થોડી અપેક્ષા રહે છે.

જ્ઞાનપ્રાપ્તિનાં એક **સાધન** અથવા **માધ્યમ** તરીકે, **"ન્યાય"**-દર્શન-પ્રબોધિત, **પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-શબ્દ** એ ચાર **પ્રમાણો**ની સમજૂતી, આ ગ્રંથના આપણા સ્વાધ્યાય દરમિયાન, આ પહેલાં, આવી ગઈ છે, એટલે પુનરુક્તિની કે બહુ લાંબા વિસ્તારની જરૂર નથી. આ ચાર પ્રમાણોમાંથી અહીં માત્ર એક પ્રમાણ - **"પ્રત્યક્ષ"**- જ પ્રસ્તુત છે, એટલે આ સમજૂતી પ્રત્યક્ષ પૂરતી જ મર્યાદિત રાખીશું.

મારી સમક્ષ ઘડો (घटः) છે. હવે, એ ઘડાનું યથાર્થ જ્ઞાન, - "આ ઘડો છે" (अयं घटः इति ।) મને 'કેવી રીતે' - 'શાનાથી' થાય ? ઘડો મારી આંખ સામે જ છે, એટલે એને જોવા માટે, મારી બંને આંખો સંપૂર્ણરીતે સ્વસ્થ અને સક્ષમ હોય, એ સિવાય બીજી કશી જ આવશ્યકતા રહેતી નથી. મારી બંને આંખોની શુદ્ધિ અથવા શ્રેષ્ઠતા (प्रमाणसुष्ठुत्व) એ જ ઘડાનાં સાચાં-સમ્યક્ જ્ઞાન માટે પર્યાપ્ત છે.

વાંચો :

तानि च प्रमाणानि चत्वारि । तथा च न्यायसूत्रम् ।
प्रत्यक्ष-अनुमान-उपमान-शब्दाः प्रमाणानि इति । (१, १, ३)

ગૌતમનાં આ ન્યાયસૂત્ર પ્રમાણે ચાર "પ્રમાણો" છે, તે આ પ્રમાણે : **પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ.**

किं पुनः प्रत्यक्षम् ? । साक्षात्कारिप्रमाकरणं प्रत्यक्षम् । "तर्कभाषा", २८

("**પ્રત્યક્ષ**" કોને કહેવાય છે ? સાક્ષાત્કારિણી, એટલે સીધા ઇન્દ્રિયસંનિકર્ષથી ઉત્પન્ન એવી **પ્રમા**ના કરણને '**પ્રત્યક્ષ**' કહેવામાં આવે છે.")

અહીં 'ઇન્દ્રિયસંનિકર્ષ' એટલે **આંખનો ઘડા** સાથેનો સંપર્ક. ટૂંકમાં, ચક્ષુ વગેરે પ્રમાણ સાફ હોય તો, પ્રકાશમાં રહેલા ઘડાને જાણવા અન્ય સાધનની જરૂર નથી.

એ જ રીતે, સાધકની બુદ્ધિ બ્રહ્મસ્પર્શિની બની જાય તો, બ્રહ્મના આનંદના અનુભવ માટે, અન્ય કોઈ નિયમોની જરૂર રહેતી નથી : બુદ્ધિની વૃત્તિ '**ઘટાકાર**' થવી જોઈએ, એટલું જ, જેમ, ઘટજ્ઞાન માટે પર્યાપ્ત છે, તેમ જ બ્રહ્મની બાબતમાં, સાધકની બુદ્ધિ '**બ્રહ્માકાર**' થઈ જાય એટલું જ પર્યાપ્ત છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૩૧)

૫૩૨

अयमात्मा नित्यसिद्धः प्रमाणे सति भासते ।
न देशं नाऽपि वा कालं न शुद्धिं वाऽप्यपेक्षते ॥५३२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અયમાત્મા નિત્યસિદ્ધઃ પ્રમાણે સતિ ભાસતે ।
ન દેશં નાઽપિ વા કાલં ન શુદ્ધિં વાઽપ્યપેક્ષતે ॥૫૩૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

प्रमाणे सति नित्यसिद्धः अयं आत्मा (स्वयं) भासते, (तस्मात्) न देशं न अपि कालं, न शुद्धिं वा अपि अपेक्षते ॥५३२॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अयं आत्मा भासते । આ આત્મા ભાસે છે, જણાય છે, દેખાય છે, પ્રતીત થાય છે. આ આત્મા કેવો છે ? - नित्यसिद्धः । - હંમેશ માટે સિદ્ધ. પરંતુ આત્મા માટે આવું બને ક્યારે ? प्रमाणे सति । - આ વાક્યરચના **સતિ-સપ્તમી** છે : સૂક્ષ્મબુદ્ધિ-રૂપી પ્રમાણ હોવાથી, હોવાને લીધે, હોવાનાં કારણે.

પરંતુ આનું તાત્પર્ય શું ? હવે પછીનાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે તે.

(૨) (तस्मात्) (सः) न अपेक्षते । તે આત્માને અપેક્ષા રહેતી નથી. શાની અપેક્ષા ? - न देशं, न अपि कालं, शुद्धिं वा अपि (न अपेक्षते) । દેશની(એટલે કે કોઈ નિશ્ચિત સ્થલવિશેષની), ન કાળની (એટલે કે કોઈ નક્કી કરેલા સમયની),

કે શુદ્ધિની પણ અપેક્ષા રહેતી નથી. (૫૩૨)

અનુવાદ :

(સૂક્ષ્મબુદ્ધિ-રૂપી) પ્રમાણનાં હોવાને લીધે, આ આત્મા નિત્યસિદ્ધ ભાસે છે, (તેથી) તેને, દેશની, કાળની કે શુદ્ધિની પણ (કશી) અપેક્ષા રહેતી નથી. (૫૩૨)

ટિપ્પણ :

આત્માનાં દર્શન માટે, આત્માને પામવા માટે, અહીં થોડી તાત્ત્વિક ચર્ચા કરવામાં આવી છે.

સૌપ્રથમ તો, આત્મદર્શન માટે, સાધકે, **तत्त्वमसि** જેવાં વેદ-મહાવાક્યો અને શ્રુતિવચનોનાં સમ્યક્ શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા પોતાની બુદ્ધિ અથવા ચિત્તવૃત્તિને સંપૂર્ણરીતે 'સૂક્ષ્મ' અને 'શુદ્ધ' બનાવવી જોઈએ, જેથી તે આત્માના સૂક્ષ્મ પ્રકાશનું ગ્રહણ કરી શકે. આત્મદર્શન માટે આવી સૂક્ષ્મબુદ્ધિની આવશ્યકતાનાં મહત્ત્વ પર, શ્રુતિ પણ, આ રીતે, ભાર મૂકે છે :

दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मबुद्धिभिः ।

(કઠોપનિષદ ૧, ૩, ૧૨)

("સૂક્ષ્મનું દર્શન કરનારા મનીષીઓ વડે જ, પોતાની સૂક્ષ્મ બુદ્ધિથી જ, આત્માનું દર્શન થઈ શકે છે.")

ટૂંકમાં, આત્માની પ્રતીતિ માટે, આવી સૂક્ષ્મ બુદ્ધિ જ **'પ્રમાણ'** ગણાય છે (પ્રમાણે સતિ). આમ છતાં, એ પણ સતત સ્મરણમાં રાખવાની જરૂર છે ! **"વેદાન્ત"**-દર્શન પ્રમાણે, આત્મા તો સ્વયંપ્રકાશ છે, એ તો નિત્યસિદ્ધ છે. આવી ઉપર્યુક્ત, સૂક્ષ્મબુદ્ધિ પણ, આત્માનાં દર્શન માટે તો, અંતે, એક **સાધનમાત્ર** છે. આ સૂક્ષ્મબુદ્ધિ પણ, પોતે, આત્માને પ્રકાશિત કરી શકતી નથી : એ તો માત્ર, સાધકના ચિત્ત પરનાં, અવિદ્યાનાં ઢાંકણને દૂર કરે છે. બાકી, આત્મા તો, પૂર્વસિદ્ધ, નિત્યસિદ્ધ અને સ્વયંપ્રકાશ છે. અજ્ઞાનનું પેલું આવરણ, સૂક્ષ્મબુદ્ધિ જેવાં સાધન વડે, દૂર થાય કે તરત જ, આત્મા સ્વયમેવ અનુભવાકાર બની રહે છે ! જ્ઞાનના સમયે તો, જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાનની ત્રિપુટીનું પણ અસ્તિત્વ રહેતું નથી, ત્યાં પછી પેલી સૂક્ષ્મબુદ્ધિનું તો અસ્તિત્વ જ કેવું ? ક્યાંથી ? સંક્ષેપમાં, આત્માનાં પ્રાક્ટ્ય માટે, દેશની-કાળની કે શુદ્ધિની પણ કશી જ અપેક્ષા રહેતી નથી. આત્મા તો સ્વયંપ્રાપ્ત, સ્વયંસિદ્ધ, સ્વયંજ્યોતિ જ છે !

કોઈ એવું વિધાન કરે કે "હું આત્માને જાણતો નથી કે આત્માને જોઈ શકતો નથી", ત્યારે પણ નિત્યસિદ્ધ એવો આત્મા તો હોય જ છે ! આત્માનાં અસ્તિત્વ

માટે કોઈ જ પ્રમાણની જરૂર નથી : આત્મા પોતે જ સર્વ પ્રમાણોનું પ્રમાણ છે !
શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૩૨)

૫૩૩

देवदत्तोऽहमित्येतद् विज्ञानं निरपेक्षकम् ।
तद्वद् ब्रह्मविदोऽप्यस्य ब्रह्माहमिति वेदनम् ॥५३३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેવદત્તોઽહમિત્યેતદ્ વિજ્ઞાનં નિરપેક્ષકમ્ ।
તદ્વદ્ બ્રહ્મવિદોઽપ્યસ્ય બ્રહ્માહમિતિ વેદનમ્ ॥૫૩૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(यद्-वद्) 'अहं देवदत्तः (अस्मि)' इति एतद् विज्ञानं निरपेक्षकं (अस्ति), तद्-वद् अस्य ब्रह्मविदः अपि 'अहं ब्रह्म (अस्मि)' इति वेदनं (अपि निरपेक्षकं एव अस्ति) ॥५३३॥

શબ્દાર્થ :

'જેવી-રીતે', 'જેમ' (यद्-वद्) અને 'તેવી રીતે', 'તેમ' - (तद्-वद्), - એવી વાક્યરચનાવાળાં બે વાક્યો આ પ્રમાણે છે :

(૧) तद्-वद् 'अहं ब्रह्म (अस्मि)' इति वेदनं (अपि निरपेक्षकं एव अस्ति) । વેદન એટલે જ્ઞાન; નિરપેક્ષક એટલે અપેક્ષા વિનાનું, બીજાં કોઈ પ્રમાણ વિનાનું. આવું જ્ઞાન કોનું ? - ब्रह्मविदः अपि । બ્રહ્મજ્ઞાની માટે, બ્રહ્મવેત્તાને પણ, 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન નિરપેક્ષક છે. तद्-वद् એટલે તેવી રીતે; **'તેવી રીતે'** એટલે 'કેવી રીતે ?' હવે પછીનાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તે પ્રમાણે.

(૨) यद्-वद् अहं देवदत्तः (अस्मि) इति एतद् विज्ञानं निरपेक्षकं (अस्ति) । - જેવી રીતે દેવદત્ત-નામનો કોઈ માણસ કહે છે કે 'હું દેવદત્ત છું !' - એ પ્રમાણનું એનું જ્ઞાન નિરપેક્ષક છે, - તેવી રીતે, ઉપર્યુક્ત પ્રથમ વાક્યમાંનું જ્ઞાન પણ નિરપેક્ષક જ છે. (૫૩૩)

અનુવાદ :

જેમ 'હું દેવદત્ત છું' એવું (દેવદત્ત-નામના માણસનું) આ જ્ઞાન કોઈ પણ અપેક્ષા વગરનું છે, તેમ જ કોઈ બ્રહ્મવેત્તાનું પણ 'હું બ્રહ્મ છું' - એવું જ્ઞાન (પણ

નિરપેક્ષ જ) છે. (૫૩૩)

ટિપ્પણ :

બ્રહ્મસાક્ષાત્કાર કરનાર **'જીવન્મુક્ત'** માટે, તેનાં શેષ જીવનમાં, કશી જ બાબતમાં, કોઈ જ **શરત-નિયમ-અપેક્ષા-પ્રમાણ** વગેરેની કોઈ જ **"અપેક્ષા"**નું બંધન રહેતું નથી, - શ્લોક-૫૩૦થી શરૂ થયેલા આ મુદ્દાની ચર્ચા અહીં પણ ચાલુ છે.

આત્મા તો નિત્યસિદ્ધ છે, એનાં દર્શન માટે, સૂક્ષ્મ બુદ્ધિ જેવાં જે કોઈ **'પ્રમાણ'**નો આધાર લેવામાં આવે તે, અંતે તો, માત્ર એક સાધન જ છે અને અજ્ઞાનનાં આવરણને દૂર કરવા પૂરતું જ એનું મહત્ત્વ છે, - આત્માની સિદ્ધિ માટે એની કશી જ અપેક્ષા રહેતી નથી : કોઈ બ્રહ્મવેત્તા એમ કહે કે 'હું બ્રહ્મ છું', તો, એના એ જ્ઞાનની સાબિતી માટે કોઈ **'અપેક્ષા'**, કશી જ 'અપેક્ષા'ની આવશ્યકતા રહેતી નથી !

કોઈ માણસ એમ કહે કે - 'હું દેવદત્ત છું !' ત્યારે આપણે તેને એમ કહેતા નથી કે 'તમે દેવદત્ત છો !' - એમ કહેવા માટે તમારી પાસે શું **'પ્રમાણ'** છે ! તમે 'દેવદત્ત જ છો', એમ તમે શી રીતે જાણ્યું ?'

પેલો તો આના જવાબમાં માત્ર એટલું જ કહેશે કે 'મારી પોતાની જાતને, એટલે કે મને, જાણવા માટે, મારે અન્ય પ્રમાણની જરૂર જ શી ? હું તો હું જ છું !' - **'I am I !'** મારા સિવાય અન્યને જાણવા માટે મારે કોઈક સાધન કે પ્રમાણની જરૂર રહે !'

એક **દીવા**ને, પોતાનાં પ્રકાશન માટે, પોતાના પરિચય માટે, અન્ય **દીવા**ની જરૂર પડે, - એમ કહેવા જેવી આ વાહિયાત વાત છે ! -

न दीपस्य अन्यदीपेच्छा यथा स्वात्मप्रकाशने । ("આત્મબોધ", ૨૯)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૩૩)

૫૩૪

भानुनेव जगत्सर्वं भासते यस्य तेजसा ।
अनात्मकमसत्तुच्छं किं नु तस्यावभासकम् ॥૫૩૪॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ભાનુનેવ જગત્સર્વં ભાસતે યસ્ય તેજસા ।
અનાત્મકમસત્તુચ્છં કિં નુ તસ્યાવભાસકમ્ ॥૫૩૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ભાનુના ઇવ યસ્ય (આત્મનઃ) તેજસા સર્વં અનાત્મકં, અસત્, તુચ્છં જગત્ ભાસતે, તસ્ય (આત્મનઃ) અવભાસકં કિં નુ (સ્યાત્) ? ॥૫૩૪॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તસ્ય (આત્મનઃ) અવભાસકં કિં નુ સ્યાત્ ? । અવભાસક એટલે પ્રકાશનારું, પ્રકાશક, પ્રકાશમાં લાવનારું. તે આત્માને પ્રકાશનારું (બીજું) કોઈ શું હોઈ શકે ?

તે આત્મા, કેવો છે ? - યસ્ય તેજસા સર્વં જગત્ ભાસતે, સઃ । જેનાં તેજ વડે આ આખું જગત ભાસે છે, દેખાય છે, જણાય છે, તે, તેવો આત્મા. જગત કેવું છે ? - આ પ્રમાણે ત્રણ વિશેષણો : (૧) અનાત્મકમ્ । જે આત્મા નથી, તેવું; અનાત્મા; (૨) અસત્ । અસત્ય, મિથ્યા; (૩) તુચ્છમ્ । તુચ્છ, નિઃસત્ત્વ, ક્ષુદ્ર.

આત્માનાં તેજથી જગત, કોની જેમ ભાસે છે ? - ભાનુના ઇવ । ભાનુ એટલે સૂર્ય. સૂર્યની જેમ, સૂર્યનાં તેજથી સઘળું જગત પ્રકાશે છે, તેમ. (૫૩૪)

અનુવાદ :

સૂર્યની જેમ, જે(આત્મા)નાં તેજ વડે આ સઘળું અનાત્મા-મિથ્યા-તુચ્છ જગત ભાસે છે, તેને (તે આત્માને) પ્રકાશનારું શું કોઈ હોઈ શકે ? (૫૩૪)

ટિપ્પણ :

આ સકળ જગત પ્રકાશિત થાય છે, સૂર્યનાં તેજથી. આવા સૂર્યને પ્રકાશનારું અન્ય કોઈ તેજ હોઈ શકે ખરું ? સૂર્ય ઊગ્યો છે કે નહીં તે જોવા-જાણવા માટે, એની ખાતરી કરવા માટે, કોઈ બીજું તેજ લભ્ય ખરું ? અરે, આવાં તેજની લભ્યતાની ક્યાં વાત કરો છો ? એવી કશી જરૂર રહે છે ખરી ? જે સ્વયં પ્રકાશક છે, તેનું વળી અન્ય પ્રકાશક કોણ ?

એ જ રીતે, જડ-અસત્-તુચ્છ-અનાત્મા-નિઃસત્ત્વ એવું આ સકળ જગત, આત્મા વડે, એટલે કે તેનાં જ્ઞાનરૂપી પ્રકાશ વડે પ્રકાશિત થાય છે (ભાસતે); અરે, માત્ર આવું જગત જ શા માટે ? વેદો, દર્શનો, શાસ્ત્રો, પુરાણો, આકાશ વગેરે પંચ-મહાભૂતો, સમગ્ર સૃષ્ટિનાં સર્વ ભૂતો પણ આ આત્માનાં તેજ વડે જ, 'સત્તા' (અસ્તિત્વ), સ્ફુર્તિ, ચૈતન્ય વગેરે પ્રાપ્ત કરે છે.

અરે, સૂર્ય જેવો સૂર્ય પણ, આ જ્ઞાનરૂપી આત્માનાં તેજ વડે જ, પોતે પ્રકાશે છે અને આ અખિલ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે !

આવા આત્માને પ્રકાશનારું, એને પ્રકાશિત કરનાર (तस्य अवभासकं) બીજું કોઈ હોઈ શકે ખરું (किं नु स्यात्) ?

આવા 'કાકુપ્રશ્ન'ને કોઈ ઉત્તરની જરૂર રહેતી જ નથી !

જેમ સર્વના જ્ઞાતાનો કોઈ અન્ય જ્ઞાતા હોઈ શકે નહીં, તેમ સર્વ-પ્રકાશક એવા આત્માનો કોઈ અન્ય પ્રકાશક હોઈ જ ન શકે : **'स्वयंज्योति'** એટલે જ **'स्वयंज्योति'** !

"સર્વ જ્યોતિઓનો સમૂહ એવો તે પ્રકાશે, ત્યારપછી જ આ સઘળું પ્રકાશે છે : તેના પ્રકાશ વડે જ, આ સર્વ (સૂર્ય વગેરે અન્ય જ્યોતિઓ) પ્રતીત થાય છે" :

तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ।

- श्वेताश्वतर-उपनिषद (६, १४)

- कठोपनिषद (२, २, १५)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૩૪)

૫૩૫

वेदशास्त्रपुराणानि भूतानि सकलान्यपि ।
येनार्थवन्ति तं किं नु विज्ञातारं प्रकाशयेत् ॥५३५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વેદશાસ્ત્રપુરાણાનિ ભૂતાનિ સકલાન્યપિ ।
યેનાર્થવન્તિ તં કિં નુ વિજ્ઞાતારં પ્રકાશયેત્ ॥૫૩૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વેદશાસ્ત્રપુરાણાનિ, સકલાનિ ભૂતાનિ અપિ યેન (આત્મના) અર્થવન્તિ (ભવન્તિ), તં વિજ્ઞાતારં કિં નુ પ્રકાશયેત્ ? ॥૫૩૫॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તં વિજ્ઞાતારં કિં નુ પ્રકાશયેત્ ? । તે વિજ્ઞાતાને, જાણનારને બીજું કોઈ શું પ્રકાશિત કરી શકે ? આ વિજ્ઞાતા કેવો છે ? - येन (एतानि सकलानि अपि अर्थवन्ति (भवन्ति), सः । અર્થવન્તિ એટલે અર્થવાળાં, સાર્થક (एतानि) सकलानि, - આ બધાં; 'આ બધાં' એટલે કોણ-કોણ ? શું-શું ? વેદ

शास्त्र-पुराणानि सकलानि भूतानि अपि । વેદો, શાસ્ત્રો, પુરાણો, અને આ સકળ ભૂતો પણ. (૫૩૫)

અનુવાદ :

વેદો, શાસ્ત્રો, પુરાણો, અને આ સર્વ ભૂતો પણ જેને લીધે સાર્થક બને છે, - તે વિજ્ઞાતાને બીજું શું પ્રકાશિત કરી શકે ? (૫૩૫)

ટિપ્પણ :

કોઈકને એવું લાગવાનો સંભવ ખરો, કે આ બધાંનો ઉપદેશ તો, ગુરુદેવે, આ પહેલાં પણ, એટલે કે આ પ્રસ્તુત શિષ્યે **'જીવન્મુક્ત'**-પદની પરમોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી તે પહેલાં, આપ્યો જ હતો, તો પછી, એ જ ઉપદેશનું પુનરાવર્તન, ગુરુદેવ, શા માટે કરે છે ?

વાત સાચી છે, પરંતુ સંદર્ભ સાવ જૂદો છે. પહેલાં તો, શિષ્યને, એની મોક્ષપ્રાપ્તિની યાત્રામાં, આવો ઉપદેશ સહાયક અને માર્ગદર્શક બને એ જ હેતુ હતો; બ્રહ્મસાયુજ્ય પામ્યા પછી પણ, આ **'જીવન્મુક્ત'** શિષ્યને, પોતાનાં આયુષ્યનો શેષ સમય જીવવાનું તો આ જ નશ્વર જગતમાં અને અનાત્મા-પદાર્થોથી સભર એવા આ જ સંસારમાં છે.

શિષ્યના પક્ષે, અલબત્ત, એની પ્રવર્તમાન સિદ્ધિનાં સદ્ધર અને સમૃદ્ધ પાસાંને અનુલક્ષીને, એવી દલીલ અવશ્ય થઈ શકે કે હવે એને આવા કશા જ ઉપદેશની જરૂર નથી. છતાં, આ બે હકીકતો, લક્ષમાં રાખવા જેવી છે : એક તો એ કે ગુરુદેવ અત્યારે જે કંઈ પ્રતિપાદન કરી રહ્યા છે તે, અગાઉ કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે, શાસ્ત્રોક્ત પરંપરા મુજબ, ગુરુદેવ, પોતાના આ ઉપસંહારાત્મક ઉપદેશમાં, શિષ્યને, તેનાં જીવનનાં 'અમૂલ્ય સંકેત-સૂત્રો'નું આવશ્યક પ્રદાન કરી રહ્યા છે. અને બીજું એ કે શ્લોક-૫૩૦થી શરૂ થયેલા, **'અપેક્ષા'**ના મુદ્દાના અનુસંધાનમાં જ, ગુરુદેવ, આ બધું કહી રહ્યા છે : સમગ્ર જગતને પોતાનાં તેજ વડે પ્રકાશિત કરનાર સ્વયંપ્રકાશક જ્ઞાનસ્વરૂપ આત્મા, એ જ, હવે તો, શિષ્ય પોતે બની રહ્યો છે ત્યારે, તેની પોતાની અત્યારની અવસ્થામાં પણ, એ હકીકત એના ખ્યાલ બહાર ન રહી જવી જોઈએ કે જેનું તાદાત્મ્ય તે પામી રહ્યો છે તે આત્મા, એવો સ્વયંસંપૂર્ણ, સ્વયંપ્રકાશક, સ્વયંસિદ્ધ અને સર્વવિજ્ઞાતા છે કે તે, સર્વ પ્રમાણો-નિયમોની અપેક્ષાથી પર છે.

ઉપદેશ ભલે એ જ છે, પરંતુ એનાં આચરણ(Application)નો સંદર્ભ બદલાયો છે, એ હકીકત જ ગુરુદેવના ઉપદેશની પ્રયોજનવત્તા અને પ્રસ્તુતતા સાબિત તે કરે છે.

આવા સર્વવિજ્ઞાતા (Omniscient) આત્માથી વધીને, એનાથી પર, એવું કોઈ તત્ત્વ હોય તો, તે એને પ્રકાશી શકેને ! ईदृशं तं किं नु प्रकाशयेत् ? ।

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૩૫)

૫૩૬

एषः स्वयंज्योतिरनन्तशक्ति-
-रात्माऽप्रमेयः सकलानुभूतिः ।
यमेव विज्ञाय विमुक्तबन्धो
जयत्ययं ब्रह्मविदुत्तमोत्तमः ॥५३६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એષઃ સ્વયંજ્યોતિરનન્તશક્તિ-
-રાત્માઽપ્રમેયઃ સકલાનુભૂતિઃ ।
યમેવ વિજ્ઞાય વિમુક્તબન્ધો
જયત્યયં બ્રહ્મવિદુત્તમોત્તમઃ ॥૫૩૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

एषः आत्मा स्वयंज्योतिः, अनन्तशक्तिः, अप्रमेयः, सकलानुभूतिः, यं एव विज्ञाय विमुक्तबन्धः अयं ब्रह्मविद्-उत्तमोत्तमः जयति ॥५३६॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अयं ब्रह्मविद्-उत्तमोत्तमः जयति । ब्रह्मविद् એટલે બ્રહ્મવેત્તા, બ્રહ્મજ્ઞાની; उत्तमोत्तमः એટલે સર્વોત્કૃષ્ટ : બ્રહ્મજ્ઞાનીઓમાં સર્વોત્કૃષ્ટ-સર્વશ્રેષ્ઠ-સર્વોત્તમ બ્રહ્મજ્ઞાની. એનું શું થાય છે ? अयं जयति । આવા મનુષ્યનો જયજયકાર થાય છે; તે સફળ થાય છે, બની જાય છે. પરંતુ આ પહેલાં તેની પાસેથી શી-કેવી અપેક્ષા રાખવામાં આવે છે ? આ પ્રમાણે, બે : (૧) यं (आत्मानं) एव विज्ञाय । જેને જ, જે(આત્મા)ને જ જાણીને; જે(આત્મા)નું જ જ્ઞાન મેળવ્યા પછી; અને (૨) विमुक्तबन्धः । (સંસારનાં) બંધનોમાંથી મુક્ત થયેલો, છૂટી ગયેલો.

પરંતુ જે આત્માનું જ્ઞાન તેણે મેળવી લેવાનું છે, તે કેવો છે ? આ પ્રમાણે ચાર વિશેષણો : (૧) स्वयंज्योतिः । પોતાનાં તેજ વડે જ પ્રકાશી રહેલો, સ્વયંપ્રકાશ (Self-effulgent); (૨) अनन्तशक्तिः । અનંત શક્તિવાળો, સામર્થ્યવાળો;

(૩) અપ્રમેયઃ । બુદ્ધિ વગેરે સંસારનાં, દુન્યવી, ભૌતિક સાધનો વડે માપી ન શકાય તેવો, અમેય; અને (૪) સકલાનુભૂતિઃ । સર્વ-અનુભવ-સ્વરૂપ, સહુની અનુભૂતિ-રૂપ. (૫૩૬)

અનુવાદ :

આ આત્મા સ્વયંપ્રકાશ, અનંતશક્તિવાળો, અપ્રમેય અને સર્વ-અનુભવ-સ્વરૂપ છે, જેને જ સંપૂર્ણરીતે જાણવાથી, (સંસારનાં) બંધનોથી વિમુક્ત થયેલા **બ્રહ્મવેત્તાઓ**માં સર્વશ્રેષ્ઠ એવા આ બ્રહ્મજ્ઞાનીનો (સર્વત્ર, જીવનમાં) જયજયકાર થાય છે. (૫૩૬)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે અને સર્વ શબ્દો પણ આ પહેલાં પ્રયોજાયેલાં હોવાથી, શ્લોકનું પ્રતિપાદયિતવ્ય સરળ અને સુબોધ છે. પરંતુ આત્માનાં વિશેષણોનો, શ્લોકમાં, જે ક્રમ (Order) છે, તે, જેટલો સૂચક છે, તેટલો જ સ્મરણીય છે : આ આત્મા ભલે 'સ્વયંજ્યોતિ', 'અનંતશક્તિ' અને 'અપ્રમેય' હોય, તે છતાં તે એવો છે કે તેનો અનુભવ સહુ-કોઈ કરી શકે એવો છે; જેની અનુભૂતિ સહુ કરી શકે એવું એનું સ્વરૂપ છે, એ હકીકત જ આત્માની જ્ઞેયતાની વિશિષ્ટતાની દ્યોતક છે : આત્માનું જ્ઞાન સર્વ માટે સુલભ છે; શરત છે એકમાત્ર : એને પ્રાપ્ત કરવાની હૃદયસ્પર્શી ઇચ્છા, તમન્ના, લગની.

આત્માનાં સ્વરૂપ વિશેનાં ચારેય વિશેષણો, અધ્યાત્મમાં રસ ધરાવનાર માટે જાણીતાં હોવા છતાં, એના મર્મનો ફરી આસ્વાદ કરવા જેવો છે : એનાં સ્વયંપ્રકાશ સ્વરૂપની ચર્ચા તો, આ પહેલાંના થોડા શ્લોકોમાં, થઈ ગઈ છે, પરંતુ તેની શક્તિ અનંત છે, તેથી જ આ વિશ્વને તે ઉત્પન્ન કરી શકે છે, એનું પોષણ કરી શકે છે અને ઇચ્છા તથા આવશ્યકતા ઊભી થાય ત્યારે, તેનો સંહાર પણ તે કરી શકે છે : તેનું આ **'અનંતશક્તિત્વ'** જ તેને **'સર્વસમર્થ'** (Omnipotent, All powerful) બનાવે છે.

વળી, વ્યાખ્યા કોની થઈ શકે ? - તેની જ, જેના ગુણધર્મો કોઈક સર્વમાન્ય 'માપ' વડે જ ગ્રાહ્ય-વેદ્ય-મેય હોય; પરંતુ આ આત્માને તો કોઈ ગુણધર્મો જ નથી, તેથી ગ્રાહ્યતા-મેયતા માટેની ગમે તેવી માન્ય એવી પેલી **મિટરપટ્ટી** 'બિચારી' (!) શું કરે ? અને આશ્ચર્ય તો એ વાતનું છે કે આત્મા આવો 'અપ્રમેય' હોવા છતાં, તે 'સકલાનુભૂતિ' છે ! અને 'સકલાનુભૂતિ' હોવા છતાં તે 'અપ્રમેય' છે ! પરંતુ આવા આત્માનું જ્ઞાન હસ્તગત થઈ જાય, પછી તો એવા આત્મજ્ઞાનીનો જીવનમાં **'બેડો પાર'** જ થઈ જાય ! સંસારનાં સર્વ બંધનોમાંથી તો તે વિમુક્ત થઈ જ જાય,

- એટલે તે 'જીવન્મુક્ત' તો બને જ; એટલું જ નહીં પણ 'જીવન્મુક્તિ'ની તેની આ સિદ્ધિ જ તેને, બ્રહ્મજ્ઞાનીઓમાં 'ઉત્તમોત્તમ' તરીકે સ્થાપિત કરી દે છે (Best among the best; Superlatively eminent બ્રહ્મજ્ઞ) !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૩૬)

૫૩૭

न खिद्यते नो विषयैः प्रमोदते
न सज्जते नापि विरज्यते च ।
स्वस्मिन् सदा क्रीडति नन्दति स्वयं
निरन्तरानन्दरसेन तृप्तः ॥५३७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન ખિદ્યતે નો વિષયૈઃ પ્રમોદતે
ન સજ્જતે નાપિ વિરજ્યતે ચ ।
સ્વસ્મિન્ સદા ક્રીડતિ નન્દતિ સ્વયં
નિરન્તરાનન્દરસેન તૃપ્તઃ ॥૫૩૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(अयं ब्रह्मविदुत्तमोत्तमः मुक्तात्मा) विषयैः न खिद्यते, नो (न-उ) प्रमोदते, (तेषु विषयेषु सः) न सज्जते, न अपि (तेभ्यः) विरज्यते च; स्वयं निरन्तर-आनन्दरसेन तृप्तः (सः) स्वस्मिन् सदा क्रीडति नन्दति (च) ॥५३७॥

શબ્દાર્થ :

ગયા શ્લોકમાં જેને, 'બ્રહ્મજ્ઞાનીઓમાં પણ ઉત્તમોત્તમ બ્રહ્મજ્ઞાની' અને 'મુક્તાત્મા' તરીકે વર્ણવવામાં આવ્યો છે, તેની રોજિંદી (Routine) પ્રવૃત્તિઓનું એક ચિત્તસ્પર્શી શબ્દચિત્ર આ શ્લોકમાં આપવામાં આવ્યું છે.

તેની પ્રવૃત્તિઓની વીગતો, આ પ્રમાણે, **સાત** વાક્યોમાં આપવામાં આવી છે : (૧) सः विषयैः न खिद्यते । વિષયો પ્રાપ્ત થતાં, અને તે જો પ્રતિકૂળ હોય તો પણ, તે ખેદ પામતો નથી, દુઃખી થતો નથી, તેનાથી થાકી જતો નથી; (૨) सः न प्रमोदते । અને તે વિષયો સાનુકૂળ હોય, મનગમતા હોય, તો પણ તે તેનાથી હરખાઈ જતો નથી, હર્ષઘેલો બની જતો નથી, તેમાં આનંદિત થતો નથી; (૩) सः

न सज्जते । તે વિષયોમાં તે નથી આસક્ત થતો, કે (૪) सः (तेभ्यः) न विरज्यते अपि । તેમનાથી ન તે વિરાગ પામે છે, તેમનાથી કંટાળીને દૂર ભાગી જતો પણ નથી; (૫) सः सदा स्वस्मिन् क्रीडति । તે તો પોતે પોતાનામાં જ રમતો રહે છે, પોતાનાંમાં જ રમણ કરતો રહે છે; (૬) सः नन्दति च । અને એ જ રીતે આનંદ માણતો-અનુભવતો રહે છે; (૭) सः निरन्तर-आनन्दरसेन तृप्तः (अस्ति) । તે તો સ્વયં નિરંતર આનંદરસથી, આનંદરસમાં, તૃપ્ત જ હોય છે. (૫૩૭)

અનુવાદ :

(આ મુક્તાત્મા) વિષયો પ્રાપ્ત થતાં, ખેદ પામતો નથી, હરખાઈ જતો નથી, નથી તેમાં આસક્ત બનતો કે નથી તેમનાથી વિરાગ પામતો; નિરંતર આનંદરસથી તૃપ્ત બનીને તે તો પોતે જ પોતાનામાં રમતો રહે છે અને આનંદ માણતો રહે છે ! (૫૩૭)

ટિપ્પણ :

મનુષ્યનાં મનોજગતનાં બે અંતિમો (Extremes) છે, દુઃખ અને આનંદ. અણગમતું મળે તો તે ખેદ પામે છે (खिद्यते) અને મનગમતું મળે તો તે હરખાઈ જાય છે, હર્ષઘેલો બની જાય છે (प्रमोदते). કાં એનું મન મનગમતાંમાં આસક્ત બની જાય છે (सज्जते), અથવા અણગમતાંથી તે દૂર નાસી જાય છે (विरज्यते). એનું દૈનંદિન જીવન મહદંશે આવા ગમા (Likes) અને અણગમા (Dislikes) વહેંચાઈ જતું હોય છે. અને એમાંયે, વિષય-વાસનાઓ તો, બંને રીતે, તેનાં મન-હૃદયને, તેનાં ભીતરી ભાવ-જગતને વ્યગ્ર અને વિક્ષિપ્ત બનાવી દે છે. સામાન્ય મનુષ્યની બાબતમાં, આમ થવાનું કારણ એ હોય છે કે એનાં સુખ-દુઃખનું ઉદ્‌ભવસ્થાન (Source) પોતાનાંમાં નહીં પરંતુ ક્યાંક બહાર હોય છે, એટલે પરવશ-પરાધીન હોય છે, - સ્વવશ અને સ્વાધીન નહીં !

પરંતુ અહીં જેની જીવનશૈલીનું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે કોઈ સામાન્ય મનુષ્ય નથી; એ માત્ર અસામાન્ય પણ નથી, અસામાન્યોમાં પણ અસામાન્ય છે. તે તો, આ પહેલાંના શ્લોકમાં જેને 'શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનીઓમાં પણ શ્રેષ્ઠતમ બ્રહ્મજ્ઞાની' (ब्रह्मविद्-उत्तमोत्तमः) ગણવામાં આવ્યો છે એવો એક આદર્શ (Ideal), નમૂનેદાર (Typical) અને ઉત્તમોત્તમ (Excellent) **'જીવન્મુક્ત'** છે : એને વળી વિષયો સાથે શો સંબંધ ! અને જેનાં જીવનમાં નથી વિષયો કે નથી વાસનાઓ, તેને વળી 'સાનુકૂળ' શું ને 'પ્રતિકૂળ' શું ? 'ખેદ' શું ને 'પ્રમોદ' શું ? 'આસક્તિ' શું ને 'વિરક્તિ' શું ?

વળી, એની **'ક્રીડા'** (क्रीडति) અને એના **'આનંદ'** (नन्दति) માટે પણ એના પોતાના સિવાય અન્ય કોઈની એને જરૂર જ પડતી નથી : તે પોતે જ આ માટે પર્યાપ્ત છે (स्वयं स्वस्मिन्), અને એની 'તૃપ્તિ'નું ગંગોત્રી પણ તે પોતે જ છે ! તૃપ્ત થવા માટે, એને માત્ર એક દૃષ્ટિપાત ભીતર જ કરવાનો રહે : નિરંતર-આનંદરસ(Elixir of incessant Bliss)માંથી સ્વયમેવ સર્જાતી તૃપ્તિનું અમૃત એને સામેથી પ્રાપ્ત થતું હોય છે !

એનું સમગ્ર અસ્તિત્વ જ સ્વ-સ્વરૂપ છે, એને સર્વત્ર આ **'સ્વ'**નાં જ દર્શન થતાં હોય છે, આનંદરસાસ્વાદ પણ આ **'સ્વ'**નો જ હોય છે : અને આ આનંદ એટલે નિજાનંદની સાત્ત્વિક મસ્તી ! આવી મસ્તી તો જેણે જાણી-માણી હોય, તે જ, તે શું છે, - એનું વર્ણન કરી શકે !

'બાલ' એવાં ઉપનામ સાથે કાવ્યો લખતા, ઓગણીસમી સદીનાં અંતભાગના ગુજરાતી મસ્ત-કવિ **બાલાશંકર કંથારિયા**ની આ ગઝલ-પંક્તિ, પ્રસ્તુત સંદર્ભમાં, યાદ આવી જાય છે :

"નિજાનંદે હંમેશાં બાલ ! મસ્તીમાં મજા લેજે !" .

કહેવાની જરૂર નથી કે શ્લોક-૫૩૬માંનો 'ઉત્તમોત્તમ બ્રહ્મજ્ઞાની' (ब्रह्मविद्-उत्तमोत्तमः) અને શ્લોક-૫૩૭માંનો 'નિરન્તર આનંદરસથી તૃપ્ત' અને 'નિજાનંદની મસ્તીની મજા માણતો' (निरन्तरानन्दरसेन तृप्तः) એટલે, ગુરુદેવ જેને ઉદ્‌બોધન કરી રહ્યા છે તે, હમણાં જ **'જીવન્મુક્ત'** બનેલો પ્રસ્તુત વિદ્યાર્થી !

આ બંને શ્લોકોમાં એની જ જીવનશૈલીનું નિરૂપણ ગુરુદેવે કર્યું છે, અને એનું તાત્પર્ય એ છે કે તેણે આવી જ જીવનશૈલી આજીવન જાળવી રાખવાની છે, એવો સંદેશ, આ શ્લોકો દ્વારા, ગુરુદેવ, તેને પાઠવી રહ્યા છે.

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૩૭)

૫૩૮

क्षुधां देहव्यथां त्यक्त्वा बालः क्रीडति वस्तुनि ।
तथैव विद्वान् रमते निर्ममो निरहं सुखी ॥५३८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ક્ષુધાં દેહવ્યથાં ત્યક્ત્વા બાલઃ ક્રીડતિ વસ્તુનિ ।
તથૈવ વિદ્વાન્ રમતે નિર્મમો નિરહં સુખી ॥૫૩૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(યથા) क्षुधां देहव्यथां (च) त्यक्त्वा, बालः (क्रीडा)-वस्तुनि क्रीडति, तथा एव विद्वान् निर्ममः निरहं सुखी रमते ॥५३८॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) तथा एव विद्वान् रमते । અહીં विद्वान् એટલે બહુ ભણેલો કોઈ પંડિત નહીં, પણ જ્ઞાની મનુષ્ય, બ્રહ્મવેત્તા. रमते એટલે રમ્યા કરે છે, પોતાના આત્મામાં જ રમણ કરતો રહે છે, આનંદમગ્ન રહે છે. બ્રહ્મજ્ઞાની કેવી રીતે (આત્મામાં) રમ્યા કરે છે ? આ ત્રણ રીતે : (અ) निर्ममः । મમત્વબુદ્ધિ વિનાનો થઈને, મમતાથી મુક્ત થઈને; (બ) निरहम् । અહંકાર-વગરનો થઈને, અહંકાર-મુક્ત બનીને; અને (ક) सुखी । સુખેથી, સુખપૂર્વક, સુખી બનીને.

तथा एव । "તેવી જ રીતે", એટલે 'કેવી રીતે' ? - આ પછીનાં બીજાં વાક્યમાં यथा - શબ્દ 'અધ્યાહાર' છે, તે ઊમેરીને જે રીત બતાવવામાં આવે, તે રીતે.

(૨) (यथा) बालः क्रीडति । જેવી રીતે કોઈ બાળક રમ્યા કરતું હોય તેમ, તેવી રીતે. બાળક શામાં રમ્યા કરે છે ? - (क्रीडा-)वस्तुनि । જે રમત તે રમી રહ્યો હોય તે રમતની વસ્તુમાં. તેને ગમતાં રમકડાં સાથે બાળક કેવી રીતે રમ્યા કરતો હોય છે ? - क्षुधां देहव्यथां (च) त्यक्त्वा । त्यक्त्वा એટલે છોડી દઈને, વીસરી જઈને, ભૂલી જઈને. બાળક શું-શું ભૂલી જાય છે ? - આ બે : (અ) क्षुधाम् । ભૂખ(-તરસ વગેરે); અને (બ) देहव्यथाम् । શરીરમાં થતી પીડા, શરીરને લાગ્રતો થાક, શરીરને થતાં કષ્ટ-દુઃખ વગેરે. (૫૩૮)

અનુવાદ :

(જેવી રીતે) ભૂખ(તરસ) અને શરીરનાં કષ્ટને ભૂલી જઈને, બાળક (તેની રમતની) વસ્તુમાં રમ્યા કરે છે, તેવી જ રીતે, જ્ઞાની મનુષ્ય મમત્વબુદ્ધિ અને અહંકાર વિનાનો બનીને, સુખપૂર્વક (આત્મામાં જ) રમણ કરતો રહે છે. (૫૩૮)

ટિપ્પણ :

શ્લોક સાવ સહેલો છે અને એમાંના સર્વ શબ્દોને, ઉપર, શબ્દાર્થ-વિભાગમાં, સવિસ્તર સમજાવવામાં પણ આવ્યા છે, પરંતુ આચાર્યશ્રીનાં અદ્‌ભુત અને ઔચિત્ય-

સભર કાવ્યસૌન્દર્યનો રસાનંદ પામવા માટે, અહીં, થોડું રોકાવા જેવું છે.

શ્લોકમાં પ્રયોજવામાં આવેલું દૃષ્ટાંત, ખરેખર, ખૂબ સુંદર અને સમુચિત છે : નિર્દોષ બાળકને પોતાનાં રમકડાં વગેરે રમતનાં સાધનો સાથે રમતું તો સહુએ જોયું જ હોય, એટલે આ દૃષ્ટાંત સવિશેષ સચોટ અને ચિત્તાકર્ષક બની રહે છે. રમતની ક્રિયામાં બાળક એવું-એટલું બધું તલ્લીન બની જાય છે કે રમત દરમિયાન તેને ભૂખ-તરસ અવશ્ય લાગે, અને રમતમાં ક્યાંક પડે-આખડે-ભટકાય, તેથી શરીરને ઈજા-થાક વગેરે પણ જરૂર થાય; પરંતુ પોતાની રમતમાં તેને એવો રસ પડે છે કે ભૂખ-તરસ અને દુઃખ-થાક વગેરે એનાં ધ્યાનમાં, તે વખતે, આવતાં જ નથી ! રમતમાંનો તેનો રસ, રમત સિવાયનું બાકીનું બધું જ, વીસરાવી દે તેવો હોય છે !

જીવન્મુક્ત બ્રહ્મજ્ઞાની જ્યારે નિજાનંદની મસ્તીમાં, આત્મામાં જ રમણ કરી રહ્યો હોય (રમતે) ત્યારે, એને જોઈને, આપણને સહુને, ઉપર્યુક્ત પેલું બાળક, અવશ્ય યાદ આવી જાય !

ક્યાં પેલું સંપૂર્ણરીતે અનભિજ્ઞ અને નિરક્ષર બાળક, અને બ્રહ્મસાક્ષાત્કારની પરમોચ્ચ કક્ષાએ પહોંચેલો ક્યાં આ ઉત્તમોત્તમ બ્રહ્મજ્ઞાની ! અને છતાં, ક્રીડતિ અને રમતે, - એ બંને ક્રિયાપદોમાંથી વ્યંજિત થતું, - बालः અને विद्वान् જેવી, પરસ્પર-વિભિન્ન વ્યક્તિત્વ ધરાવતી બે વ્યક્તિઓ વચ્ચેનું સામ્ય એવું સંપૂર્ણ અને અશેષ-નિઃશેષ છે કે આચાર્યશ્રી જેવા ઉત્કૃષ્ટ દર્શનશાસ્ત્રી સિવાયના અન્ય કોઈ તત્ત્વજ્ઞાનીને તે ભાગ્યે જ સૂઝે !

અને એમાં યે, પ્રથમ પંક્તિમાંના ક્ષુધા અને દેહવ્યથા - એ બે શબ્દોની સામે, બીજી પંક્તિમાંના નિર્મમ અને નિરહં એ બે શબ્દોને મૂકાયા હોવાથી, એ બંને શબ્દ-જોડકાં વચ્ચેનાં સંતુલન(Balance)માં રહેલું કાવ્યસૌન્દર્ય તો આચાર્યશ્રીનાં કાવ્યકૌશલને સવિશેષ ધ્વનિત કરે છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૩૮)

૫૩૯

चिन्ताशून्यमदैन्यभैक्षमशनं पानं सरिद्-वारिषु
स्वातन्त्र्येण निरंकुशा स्थितिरभीर्निद्रा श्मशाने वने ।
वस्त्रं क्षालनशोषणादिरहितं दिग्-वाऽस्तु शय्या मही
संचारो निगमान्तवीथिषु विदां क्रीडा परे ब्रह्मणि ॥५३९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ચિન્તાશૂન્યમદૈન્યભૈક્ષમશનં પાનં સરિદ્-વારિષુ
સ્વાતંત્ર્યેણ નિરંકુશા સ્થિતિરભીર્નિદ્રા શ્મશાને વને ।
વસ્ત્રં ક્ષાલનશોષણાદિરહિતં દિગ્-વાઽસ્તુ શય્યા મહી
સંચારો નિગમાન્તવીથિષુ વિદાં ક્રીડા પરે બ્રહ્મણિ ॥૫૩૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વિદાં અશનં ચિન્તાશૂન્યં અદૈન્યં (ચ) ભૈક્ષં (અસ્તિ); (તેષાં) પાનં સરિદ્વારિષુ (અસ્તિ); (તેષાં) સ્થિતિઃ સ્વાતન્ત્ર્યેણ નિરંકુશા (અસ્તિ); (તેષાં) નિદ્રા અભીઃ શ્મશાને વને (વા) (અસ્તિ); (તેષાં) વસ્ત્રં ક્ષાલનશોષણાદિરહિતં, દિગ્ વા અસ્તુ; (તેષાં) શય્યા મહી (અસ્તિ); (તેષાં) સંચારઃ નિગમાન્તવીથિષુ (અસ્તિ); (તેષાં) ક્રીડા પરે બ્રહ્મણિ (અસ્તિ) ॥૫૩૯॥

શબ્દાર્થ :

વિદામ્ (વિદ્ એટલે વિદ્વાન; અહીં બ્રહ્મવેત્તા, જ્ઞાની મનુષ્ય, એ શબ્દનું પુંલિંગ ષષ્ઠી બહુવચનનું રૂપ) - વિદ્વાનોનાં. આ શ્લોકમાં, બ્રહ્મવેત્તાઓનાં ભોજન-પાન-નિવાસ-નિદ્રા-પથારી-હરવુંફરવું-ક્રીડા, - વગેરે રોજિંદી પ્રવૃત્તિઓની વિશિષ્ટતા, આટલાં વાક્યોમાં, એક પછી એક, વર્ણવવામાં આવી છે :

(૧) તેમનું 'ભોજન' કેવું હોય છે ? - (તેષાં) અશનં ચિન્તાશૂન્યં અદૈન્યં ભૈક્ષં (અસ્તિ) । અશનં એટલે ભોજન; ભૈક્ષં એટલે ભિક્ષામાં મળેલું, ભિક્ષાન્ન હોય છે. આ ભૈક્ષં કેવું હોય છે ? - ચિન્તાશૂન્યં અને અદૈન્યં; ચિન્તા-વિનાનું; દૈન્ય એટલે દીનતા; અદૈન્ય એટલે દીનતા-વગરનું; ચિંતા કે દીનતા વિના પ્રાપ્ત થતાં ભિક્ષાન્નનું તેઓ ભોજન કરે છે;

(૨) એમનાં 'જલપાન'ની શી વ્યવસ્થા હોય છે ? - સરિદ્-વારિષુ પાનમ્ । પાનં એટલે જલપાન; સરિદ્-વારિ એટલે નદીઓનું જળ; તેઓ નદીનું પાણી પીએ છે;

(૩) તેમનાં રહેઠાણ(સ્થિતિઃ)ની શી ગોઠવણ હોય છે ? સ્વાતન્ત્ર્યેણ નિરંકુશા । સ્વતંત્રપણે અને નિરંકુશપણે (કોઈ પણ પ્રકારનાં અંકુશ વિના) તેઓ રહે છે;

(૪) અને તેઓ ક્યાં કેવી રીતે ઊંઘ લે છે (નિદ્રા) ? અભીઃ, શ્મશાને વને

વા । અभीः એટલે નિર્ભય થઈને; भीः - એટલે ભય-બીક-ડર; ભયમુક્ત થઈને, શ્મશાનમાં અથવા વનમાં તેઓ નિદ્રા લે છે;

(૫) અને તેમનાં વસ્ત્રો (वस्त्रम्) ? क्षालन-शोषण-आदिरहितं, दिग् वा (अस्तु) । ધોયાં-સૂકવ્યાં વિનાનાં, અથવા તો તેઓ વસ્ત્રો-વિનાના, નિર્વસ્ત્ર, નગ્ન, દિગંબર પણ હોય છે;

(૬) તેમની પથારી (शय्या) ? - मही । ધરતી, પૃથ્વી, જમીન;

(૭) તેમનું પરિભ્રમણ-હરવું-ફરવું-સંચરણ (संचारः) ક્યાં હોય છે ? निगमान्तवीथिषु । निगम એટલે વેદ, અને નિગમાન્ત એટલે વેદાન્ત; वीथि એટલે ગલી, શેરી; તેઓ વેદાંતરૂપી ગલીઓમાં હરે-ફરે છે, ભ્રમણ કરે છે;

(૮) અને તેમની રમત (क्रीडा) ? परे ब्रह्मणि । પરબ્રહ્મમાં તેમની ક્રીડા થતી હોય છે. (૫૩૯)

અનુવાદ :

બ્રહ્મવેત્તાનું ભોજન ચિંતા કે દીનતા વિના પ્રાપ્ત થતું ભિક્ષાન્ન હોય છે, નદીઓનું જળ તેઓ પીએ છે, સ્વતંત્રપણે અને નિરંકુશપણે તેઓ રહે છે, નિર્ભય બનીને શ્મશાનમાં કે વનમાં તેઓ ઊંઘે છે, તેમનાં વસ્ત્રો ધોયાં-સૂકવ્યાં-વિનાનાં હોય છે, અથવા તો તેઓ નિર્વસ્ત્ર(દિગંબર) પણ હોય છે, ધરતી તેમની પથારી બને છે, વેદાંતરૂપી શેરીઓમાં તેઓ ભ્રમણ કરે છે, અને તેમની ક્રીડા પરબ્રહ્મમાં હોય છે. (૫૩૯)

ટિપ્પણ :

ચૈતન્યની પરમસ્થિતિને પામેલો બ્રહ્મવેત્તા પોતાનો રોજિંદો વ્યવહાર કેવી રીતે ચલાવતો હોય છે ? એનાં દૈનંદિન જીવનમાંનું સાંસ્કૃતિક ઉત્થાન કેવું હોય છે ? અથવા એની દૈનિક પરિચર્યાની વિશિષ્ટતા કેવી-કયા પ્રકારની હોય છે ? - એનું એક સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ અને તાદૃશ શબ્દચિત્ર અહીં આપવામાં આવ્યું છે.

શરીર તથા સંસારની સર્વ મર્યાદાઓથી પર હોવા છતાં પણ, બ્રહ્મવિદ્ એવા જીવન્મુક્તને પણ, મુક્તિ પછી જ્યાં સુધી જીવે ત્યાં સુધી, એ જ શરીરની સાથે અને એ જ સંસારની વચ્ચે રહેવાનું છે; એટલે શારીરિક અને સાંસ્કૃતિક બંને દૃષ્ટિએ, કેટલીક અનિવાર્ય (Indispensable) અને પાયાની જરૂરિયાતો(Basic needs)ની તો એને પણ અપેક્ષા રહે જ.

અને આવી જરૂરિયાતો 'અનિવાર્ય' અને 'પાયાની' હોવાથી, એના વિના એ જીવી શકે નહીં, - એ જેમ એક નક્કર અને વાસ્તવિક હકીકત છે, તેમ જ, શ્લોક-

૫૩૦માં નિરૂપિત થયા પ્રમાણે, આવા મહાત્માને, કોઈ 'અપેક્ષા' ન હોવી જોઈએ, એ પણ એટલું જ સાચું છે.

'નિરપેક્ષિતતા'ના પોતાના નિયમનું પાલન કરતાં રહીને પણ એની પેલી જરૂરિયાતો કેવી રીતે, આપોઆપ, પરિપૂર્ણ બની રહે છે, એનું નિરૂપણ જેટલું અસામાન્ય છે, એટલું જ આશ્ચર્યજનક પણ છે, અને જેટલું મૌલિક છે, એટલું જ મનોહર છે !

શરીરને ટકાવી રાખવા માટે (To keep body and soul to-gether), ખાધાં-પીધાં વગર તો ચાલે જ નહીં ! પણ એની ચિન્તા શી ? કેમ, એ માટે અનેક વિવિધ ખાદ્યો ખરીદવાનાં, સાફ કરવાનાં, રાંધવાનાં ? અરે, ના, ના; ભારતીય સાંસ્કૃતિક પરંપરાએ જ આ કામ ગૃહસ્થાશ્રમી દંપતીઓને સોંપી દીધું છે : સંન્યાસી તેમને ત્યાં જઈને, માત્ર એટલું જ બોલે કે "भिक्षां देहि ।", એટલે, પેલું દંપતી, તે પોતે જે જમ્યાં હોય તે જ અન્ન વડે, ઉદારતાપૂર્વક અને પોતાને આ માટે સદ્‌ભાગી તથા કૃતાર્થ સમજીને, સંન્યાસીની ઝોળી ભરી દે ! આમાં ન કશી દીનતા અને ન કશી માનહાનિ (Humiliation) ! કેવી અદ્‌ભુત વ્યવસ્થા !

અને જમ્યા પછી કે તરસ લાગે ત્યારે ? ભારતની ભૂમિ પર અનેક 'લોકમાતાઓ' છે ને ? એની માલિકી કોઈની નહીં : જ્યારે મન થાય ત્યારે, એનું નિરંતર-વહેતું, સ્વચ્છ-શીતલ-તાજું જળ સુલભ ! ન કોઈ પાણિયારાં,ઘડા-પ્યાલાની જરૂર !

પથારી માટે આવડી મોટી વિરાટ ધરતી ! – વસુંધરા પોતે જ સુંવાળી શય્યા ! – शय्या भूमितलम् । અને એમાંયે સ્મશાન અને વન તો એવાં શાંત કે નિરાંતે, નિર્ભય થઈને, ઊંઘી શકાય ! No disturbance ! કોઈ ખાટલા-પલંગ કે સોફાની જરૂર જ નહીં !

પણ શરીર ઢાંકવા માટે કપડાં ? અરે, વલ્કલો(વૃક્ષોની છાલ) છે ને ! ન ધોવા-નીચોવવા-સૂકવવાની કશી ભાંજગડ ! અને એ પણ ન મળે, અથવા એની ઇચ્છા ન થાય ત્યારે, આ દશે દિશા કોની છે ? બ્રહ્મજ્ઞાનીઓની પોતાની જ ! એને વળી 'પીતાંબર' શું ને 'શ્વેતાંબર' શું ? એ તો 'દિગંબર' અને 'ચિદંબર' રહે, એમાં જ એમનું ગૌરવ ! એમાં જ એમના મહિમા અને આદર ! – दिशोऽपि वसनम् ।

અને રહેવા માટે તથા હરવા-ફરવા માટે તો, વેદો અને વેદાંતનાં શ્રુતિવચનોના કેટલા બધા વિશાળ રાજમાર્ગો (Royal Roads અને High-ways) છે ! અને એમાં જ, અનેક પ્રકારની રમત-ગમતો (ક્રીડા) માટે પરબ્રહ્મરૂપી 'પેવિલિયનો' અને 'જીમખાનાઓ' ! આમાં છે ક્યાંય તંગી કે તકલીફ ! અખિલ-બ્રહ્માડ જ એમનું

આવગું નિવાસસ્થાન ! ન કશી ઉણપ, ન કશી ઓછપ ! સમૂહમાં છતાં, પોતાનું જ કહી શકાય એવું અ-મર્યાદ એકાંત ! વ્યક્તિ-વ્યષ્ટિ-સૃષ્ટિ, – બધું જ જાણે એકાકાર !

પરબ્રહ્મ સાથેનાં સાયુજ્યની આવી સૂક્ષ્મ તથા સાત્ત્વિક અઢળક સંપત્તિ અને સમૃદ્ધિ !

શ્લોકનો છંદ : શાર્દૂલવિક્રીડિત (૫૩૯)

૫૪૦

विमानमालम्ब्य शरीरमेतद्
भुनक्त्यशेषान् विषयानुपस्थितान् ।
परेच्छया बालवदात्मवेत्ता
योऽव्यक्तलिंगोऽननुषक्तबाह्यः ॥૫૪૦॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિમાનમાલમ્બ્ય શરીરમેતદ્
ભુનક્ત્યશેષાન્ વિષયાનુપસ્થિતાન્ ।
પરેચ્છયા બાલવદાત્મવેત્તા
યોઽવ્યક્તલિંગોઽનનુષક્તબાહ્યઃ ॥૫૪૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यः अव्यक्तलिंगः अननुषक्तबाह्यः (च) आत्मवेत्ता (अस्ति), (सः) एतत् शरीरं विमानं आलम्ब्य, परेच्छया उपस्थितान् अशेषान् विषयान् बालवद भुनक्ति ॥૫૪૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : सः आत्मवेत्ता अशेषान् विषयान् भुनक्ति । આત્મવેત્તા એટલે આત્મજ્ઞાની, બ્રહ્મવેત્તા, બ્રહ્મજ્ઞાની. એ શું કરે છે ? भुनक्ति એટલે ભોગવે છે, માણે છે, ઉપભોગ કરે છે (Enjoys, Experiences). શું ભોગવે છે ? - अशेषान् विषयान् । સમસ્ત-સઘળા વિષયોને. આ વિષયો કેવા છે ? परेच्छया उपस्थितान् । બીજાઓની ઇચ્છાથી લાવવામાં આવેલા, મળેલા. કોની જેમ ભોગવે છે ? - बालवद બાળકની જેમ.

एतत् शरीरं विमानं आलम्ब्य । वि-मानम् એટલે અભિમાન-રહિત થઈને (विगतः मानः यस्मिन् कर्मणि यथा स्यात् तथा । **अव्ययीभाव** સમાસ) માન એટલે અભિમાન, તેને સંપૂર્ણરીતે છોડી દઈને; આલમ્બ્ય આવું શરીર ધારણ કરીને; 'માન'-રહિત થયેલું આ શરીર હવે **'વિ-માન'** છે, એનું અવલંબન કરીને.

આવું બધું કરતો હોવા છતાં, આ આત્મજ્ઞાની अव्यक्तलिंगः અને अननुषक्तबाह्यः છે : लिंग એટલે ચિહ્ન, નિશાની; તેના સંન્યાસનાં કોઈ જ ચિહ્નો વ્યક્ત હોતાં નથી અને બીજાઓ તરફથી આવી મળેલા અશેષ વિષયોને ભોગવતો હોવા છતાં, તે પોતે તો તે બધા વિષયો તથા સર્વ બહારની વસ્તુઓમાં આસક્ત થતો જ નથી (अन्+अनुषक्तः). (૫૪૦)

અનુવાદ :

અજ્ઞાત-ચિહ્ન-વાળો જે આત્મજ્ઞાની આ શરીરને અભિમાન-રહિત થઈને ધારણ કરે છે અને બીજાંઓની ઇચ્છાથી લાવવામાં આવેલા સમસ્ત વિષયોને બાળકની જેમ ભોગવે છે, તે છતાં તે(પોતે) બહારની વસ્તુઓમાં જરા પણ આસક્ત થતો નથી. (૫૪૦)

ટિપ્પણ :

આત્માનું, એટલે કે બ્રહ્મનું જ્ઞાન પામ્યા પછી પણ, આત્મવેત્તા, સંસારમાં રહીને, એ જ શરીરનું અવલંબન કરીને (एतत् शरीरं अवलम्ब्य) પરમેશ્વરની આ સૃષ્ટિમાં, સર્વ પદાર્થોને ભોગવતો (भुनक्ति) છતાં, એ સર્વથી કેવો અળગો રહે છે (अननुषक्तबाह्यः), એનું, એની આવી વિશિષ્ટ જીવનશૈલીનું, એક લાક્ષણિક શબ્દચિત્ર અહીં પણ આચાર્યશ્રી આપે છે.

'સંસાર શું સરસો રહે ને મંન મારી પાસ !' - પોતાના કોઈક ભક્તને, ભગવાને આપેલી આ સૂચનાને, કાવ્યપંક્તિનાં રૂપમાં રજૂ કરતા આ વિચારને, આચાર્યશ્રીએ, અહીં, એમની પોતાની નિરાળી રીતે, અભિવ્યક્ત કર્યો છે.

આ શ્લોકમાં પ્રયોજવામાં આવેલા લગભગ બધા જ શબ્દો એ અર્થમાં સૂચક (Significant) છે કે એની પાછળ આચાર્યશ્રીનું પોતીકું શબ્દકૌશલ છતું થાય છે.

વાત તો બ્રહ્મવેત્તાની છે, તો પછી એને વળી, **'ભોગવવાનું'** (भुनक्ति) શું ? અને એને વળી **'વિષયો'** (अशेषान् विषयान्) કયા, કેવા ? આચાર્યશ્રી, આવા શબ્દો પ્રયોજીને પણ, જે વાત ભારપૂર્વક (Emphatically) કહેવા માગે છે તે એ કે આ **'વિષયો'** તે પેલી 'વિષયવાસનાઓ' (Sense-objects) નથી, અને

આત્મજ્ઞાની તેને 'ભોગવે છે', તે છતાં તે સ્થૂલ અર્થમાં 'ઉપભોગ' નથી, કારણ કે આ માટે જે શરીરનું તે અવલંબન કરે છે (अवलम्ब्य), તેની સાથે તેને કશો જ સંબંધ નથી, તેના પ્રત્યે તેને કશું **'માન'** એટલે કે 'અભિમાન' નથી, તેના પ્રત્યે તેનો કશો **"અહં"**-ભાવ કે **"મમ"**-ભાવ નથી : આત્મજ્ઞાનીની દૃષ્ટિએ, પોતે ધારણ કરેલાં શરીર માટેનો **'માન'**ભાવ નીકળી જાય (वि), એટલે તો તે શરીર **'વિમાન'** જેવું, હલકું-ફૂલ જેવું, કોઈક હવાઈ-વાહન જ બની જાય ! આ શબ્દ-ચાતુરી જેવી તેવી નથી !

વળી, આ 'તથાકથિત' (So-called) **'વિષયો'**ને મેળવવા માટે, આત્મજ્ઞાની પોતે તેની પાછળ નથી દોડ્યો : બીજાંઓએ, તેમની ઇચ્છાથી (परेच्छया), આ બધ **'વિષયો'**ને, આત્મજ્ઞાનીની સમક્ષ, સામેથી, ધરી દીધા છે (उपस्थितान्) !

અને હવે, સૌથી મહત્ત્વની વાત આવે છે : કોની જેમ, આત્મજ્ઞાની, આ 'સમસ્ત વિષયો'ને (अशेषान् विषयान्) ભોગવે છે ? — बालवत् । રમવા માટે બાળકની સમક્ષ રમકડાં વગેરેની, રમવાની, જે કાંઈ સામગ્રી રજૂ કરવામાં આવે, તેને આપવામાં આવે, તેમાં તેને પોતાને કશો જ **મમભાવ** હોતો નથી : રમતાં રમતાં, રમકડું તેના હાથમાંથી સરી પડે તો પણ તેને તેની ખબર હોતી નથી ! તેની માતાએ ફરી પાછું એ રમકડું તેના હાથમાં મૂકવું પડે છે ! આવા બાળકની જેમ, આત્મજ્ઞાની, પેલા સર્વ વિષયોને 'ભોગવે છે'(भुनक्ति), એમ કહીને જ, આચાર્યશ્રીએ, આત્મજ્ઞાનીનો વિશિષ્ટ **'ભોગ'**-અભિગમ સ્પષ્ટ જણાવી દીધો છે !

અને હવે રહી એવી જ બે લાક્ષણિક બાબતો, — આ આત્મજ્ઞાનીનાં અનુસંધાનમાં : (૧) પોતે **'સંન્યાસી'** છે, એની ખાતરી આપવા માટે, કેટલાક આધુનિક સાધુ-મહારાજો 'ભગવાં વસ્ત્રો' ધારણ કરે છે ! આવાં કોઈ જ ચિહ્નો, લક્ષણો કે આવી કોઈ નિશાનીઓ (लिंग) (Insignia), આ આત્મજ્ઞાની વ્યક્ત કરતો નથી (अव्यक्त). અને (૨) બીજાંઓની ઇચ્છાથી એની સમક્ષ લાવવામાં આવેલા પેલા વિષયોને તે, માત્ર બાળકની જેમ જ, ભોગવતો હોવાથી, બહારની એવી કોઈ વસ્તુઓમાં તે જરા પણ આસક્ત બનતો નથી (अननुषक्तबाह्यः) !

તાત્પર્ય એ છે કે પ્રસ્તુત શિષ્યે પણ, હવે પછીનાં તેનાં જીવનમાં, શરીર, સંસાર અને વિષયો પ્રત્યે, આવો ન્યારો-નિરાળો અભિગમ અપનાવવાનો જ રહેશે !

શ્લોકનો છંદ : **ઉપજાતિ** (૫૪૦)

૫૪૧

दिगम्बरो वापि च साम्बरो वा
त्वगम्बरो वापि चिदम्बरस्थः ।
उन्मत्तवद् वापि च बालवद् वा
पिशाचवद् वापि चरत्यवन्याम् ॥૫૪૧॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દિગ્મ્બરો વાપિ ચ સામ્બરો વા
ત્વગમ્બરો વાપિ ચિદમ્બરસ્થઃ ।
ઉન્મત્તવદ્ વાપિ ચ બાલવદ્ વા
પિશાચવદ્ વાપિ ચરત્યવન્યામ્ ॥૫૪૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

चिदम्बरस्थः (બ્રહ્મજ્ઞાની) दिगम्बरः वा अपि च साम्बरः वा, त्वगम्बरः वा अपि, उन्मत्तवद् वा अपि बालवद् वा, पिशाचवद् अपि वा अवन्यां चरति ॥૫૪૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : चिदम्बरस्थः (આત્મજ્ઞાની) अवन्यां चरति । चिदम्बरस्थः । चित् એટલે જ્ઞાન, ચૈતન્ય; चित् एव अम्बरं यस्य सः । अम्बर એટલે વસ્ત્ર; જ્ઞાન અથવા ચૈતન્યરૂપી વસ્ત્ર ધારણ કરતો; चित् એટલે 'આકાશ' પણ થાય; આકાશરૂપી વસ્ત્ર ધારણ કરતો, એટલે કે વસ્ત્રવિહીન, નિર્વસ્ત્ર, દિગંબર, નગ્ન; अवनी એટલે પૃથ્વી, ધરતી, ભૂમિ. ચૈતન્યરૂપી વસ્ત્ર ધારણ કરતો (બ્રહ્મજ્ઞાની) ધરતી પર વિચરે છે, હરે-ફરે છે, વિહાર કરે છે.

એનાં વસ્ત્રો કેવાં-કેવાં પ્રકારનાં હોય છે ? એના આ ત્રણ વિકલ્પો : (૧) दिगम्बरः (दिक् एव अम्बरं यस्य सः ।) નિર્વસ્ત્ર; (૨) साम्बरः । अम्बरेण सहितः । વસ્ત્રયુક્ત, વસ્ત્રોવાળો, વસ્ત્રો ધારણ કરતો; (૩) त्वगम्बरः । त्वक् એટલે ચામડી, ચર્મ, છાલ; ઝાડની છાલનાં વસ્ત્રો, એટલે કે વલ્કલધારી, અથવા મૃગચર્મ વગેરે ધારણ કરતો;

આ બ્રહ્મજ્ઞાની પૃથ્વી પર કોની જેમ વિચરતો હોય છે ? આ ત્રણ

વિકલ્પો : (૧) उन्मत्तवद् । ગાંડા-ઘેલાની જેમ; (૨) बालवद् - બાળકની જેમ; અને (૩) पिशाचवद् - ભૂત-પિશાચની જેમ. (૫૪૧)

અનુવાદ :

ચૈતન્યરૂપ વસ્ત્ર ધારણ કરતો (આ બ્રહ્મજ્ઞાની) ક્યારેક વસ્ત્રહીન અવસ્થામાં હોય છે, તો કોઈક વાર વળી વસ્ત્રયુક્ત (પણ) હોય છે, તો વળી કદિક વલ્કલધારી (અથવા મૃગચર્માદિ ધારણ કરતો) પણ હોય છે. તે કોઈક વાર ગાંડાની જેમ અથવા તો બાળકની જેમ, તો કોઈક વાર પિશાચની જેમ પણ ધરતી પર વિચરતો હોય છે. (૫૪૧)

ટિપ્પણ :

'જીવન્મુક્ત' થયા પછી, બ્રહ્મવેત્તાની જીવનશૈલી કેવી હોય છે, તેનું નિરૂપણ અહીં પણ ચાલુ છે.

આ બ્રહ્મવેત્તાનાં વર્તન-વલણ-વ્યવહારની એક વિચિત્રતા અથવા વિશિષ્ટતા નોંધપાત્ર છે : એના બાહ્ય દેખાવનાં કોઈ જ નિશ્ચિત લક્ષણો-ચિહ્નો કે એની કશી નિશાની હોતી નથી (अव्यक्तलिंगः). એ જ રીતે, વસ્ત્ર-પરિધાનની બાબતમાં પણ તે તદ્દન અવ્યવસ્થિત અથવા અનિયમિત હોય છે : ક્યારેક તે વસ્ત્રો પહેરે છે, ક્યારેક વલ્કલો ધારણ કરે છે, તો એની એવી ઇચ્છા થાય તો, ક્યારેક તે સાવ નિર્વસ્ત્ર પણ હોય છે !

અને ધરતી પર તે વિહાર કે પરિભ્રમણ કરતો હોય ત્યારે પણ, એના દેખાવનું કે સ્વરૂપનું કોઈ નિશ્ચિત કે નિયમિત ધોરણ હોતું નથી : ક્યારેક તે ઉન્મત્ત-અવસ્થામાં મૂઢની જેમ, ગાંડા-ઘેલાની જેમ, ધૂનીની જેમ, જ્યાં-ત્યાં રખડતો હોય; તો વળી ક્યારેક અબુધ બાળકની જેમ, અનિશ્ચિત રીતે, અહીં-તહીં આથડતો હોય; તો વળી ક્યારેક તો, ભૂત-પિશાચની જેમ સાવ અલગારી અવસ્થામાં, આમ-તેમ, ઘૂમી રહ્યો હોય, એવો તે, જોનારને, લાગે !

બાળકની જેમ, એ ભૂત કે ભવિષ્યકાળને યાદ કરતો નથી, - એને તો, બસ, એક જ કાળ છે, - વર્તમાન ! બાળક ભલે સાવ **'અબુધ'** હોય, આ **'જીવન્મુક્ત'** તો પૂરેપૂરો **'પ્રબુદ્ધ'** (Fully enlightened) છે ! એ બાળક જેવો (बालवद्) હોવા છતાં તે **Child-like** છે, **Childish** નથી !

ટૂંકમાં, વાણી-વર્તન-વ્યવહારના એના માટે કોઈ વ્યવસ્થિત ધોરણો (Standards) નથી, માપદંડો નથી : એ તો, બસ, એને મનમાં આવે તેમ, નિખાલસ-ભાવે, યથેચ્છ, સ્વતંત્રરીતે, નિરંકુશ-ભાવે, અત્ર-તત્ર, વિહાર કરતો રહે છે !

આત્મજ્ઞાની તરીકેનાં સર્વ પ્રકારનાં વિશેષણો, લક્ષણો કે વ્યાખ્યાઓથી તે પર હોય છે : એની કોઈ પરખ કે એનો કોઈ પરિચય મેળવવો મુશ્કેલ હોય છે, અને છતાં એક વિચિત્ર હકીકત એ છે કે તે જ્યાં હોય ત્યાં, માત્ર એની ઉપસ્થિતિ વડે, ગમે તેવાં ટોળાંમાં પણ, તે, તદ્દન નોખો-અનોખો તરી આવશે !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૪૧)

૫૪૨

कामान्नी कामरूपी संचरत्येकचरो मुनिः ।
स्वात्मनैव सदा तुष्टः स्वयं सर्वात्मना स्थितः ॥५४२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કામાન્ની કામરૂપી સંચરત્યેકચરો મુનિઃ ।
સ્વાત્મનૈવ સદા તુષ્ટઃ સ્વયં સર્વાત્મના સ્થિતઃ ॥૫૪૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્વાત્મના એવ સદા તુષ્ટઃ, સ્વયં સર્વાત્મના સ્થિતઃ, મુનિઃ કામ-અન્ની, કામ-રૂપી એકચરઃ (સન્) સંચરતિ ॥૫૪૨॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : મુનિઃ સંચરતિ । મુનિઃ એટલે મનનશીલ, યોગી, આત્મજ્ઞાની, બ્રહ્મવેત્તા. સંચરતિ । સંચરણ-વિચરણ કર્યા કરે છે, વિહાર કરતો રહે છે. આ મુનિ કેવો છે ? આ પાંચ વિશેષણોઃ (૧) સ્વાત્મના એવ સદા તુષ્ટઃ । પોતાના આત્મામાં જ, પોતાનાંમાં જ, પોતાના વડે જ, સદા, સંતુષ્ટ; (૨) સ્વયં સર્વાત્મના સ્થિતઃ । પોતે જ સર્વરૂપે, આત્મભાવે સ્થિત; (૩) કામ-અન્ની । પોતાની ઇચ્છા અનુસાર ભોજન કરતો (કામઃ યથા સ્યાત્ તથા અન્નં યસ્ય સઃ । બહુવ્રીહિ-સમાસ). (૪) કામરૂપી । મનમાન્યું રૂપ ધારણ કરતો (કામાનુસારિ રૂપં યસ્ય સઃ ।). (૫) એકચરઃ । એકલો જ, એકલો-એકલો ફરતો (એકઃ એવ ચરતિ અસૌ । ઉપપદ-સમાસ). (૫૪૨)

અનુવાદ :

પોતાના આત્મામાં જ સદા સંતુષ્ટ, પોતે આત્મભાવે સર્વરૂપે સ્થિત, ઇચ્છા પ્રમાણે ભોજન કરતો, મનમાન્યું રૂપ ધારણ કરતો, મુનિ, એકલો જ સંચરણ કર્યા

કરે છે. (૫૪૨)

ટિપ્પણ :

અહીં પણ બ્રહ્મજ્ઞાની મુનિની વિલક્ષણ જીવનશૈલીનું એવું જ નિરૂપણ ચાલુ છે : તે જ્યાં વિહાર કરતો હોય ત્યાં, તે એકલો જ હોય છે (एकचरः), તેના કોઈ સાથીદાર કે સહયાત્રી હોતા નથી · એકલાં રહેવામાં-હરવા-ફરવામાં રાચતો આ મુનિ સ્થૂલ દૃષ્ટિએ ભલે એકલો હોય, એ સર્વરૂપે સ્થિત હોય છે (सर्वात्मना स्थितः) : He may be **'alone'**, he never feels **'lonely'** !

कामान्नी અને कामरूपी, - એ બે વિશેષણોમાં, ભોજન અને સ્વરૂપની બાબતમાં, ભલે એની ઇચ્છા પર ભાર મૂકાયો, ભલે એની ઇચ્છાનું મહત્ત્વ દર્શાવાયું, – એની ઇચ્છાનું આ સેવન પણ નિરાળું છે ! - With a difference ! એની આ **'કામના'** પણ **'નિષ્કામ'**-પ્રકારની હોય છે ! - Desireless Desires ! હકીકતમાં, એની કોઈ પ્રવૃત્તિ કે પ્રક્રિયા, ક્યારેય કામ-પ્રેરિત (Desire-prompted) હોતી જ નથી. સામાન્ય માણસો તરીકે આપણે, તે જ્યારે કશું કરતો હોય ત્યારે, તેના પર કોઈક ઇચ્છાનું આરોપણ ભલે કરીએ (Super-impose); એ તો એનાં સમગ્ર વ્યવહાર-વર્તનમાં, હંમેશાં, સ્વતઃ-પ્રવર્તિત અને યાદૃચ્છિક (Spontaneous) જ હોય છે !

પોતાની ઇચ્છાનુસાર તે ભોજન કરતો (कामान्नी) હોય એમ, ભલે આપણને લાગે, ભિક્ષામાં મળેલું અન્ન, તેની ઇચ્છા પ્રમાણેનું જ છે તેમ, તે પોતે તો, માનતો જ હોય છે (**याद करो** : चिन्ताशून्यं अदैन्यं भैक्षं एव तस्य अशनम् । - શ્લોક ૫૩૯).

અને ઇચ્છાનુસાર, મનમાન્યું રૂપ તે ધારણ કરતો હોય (कामरूपी), એમ આપણે ભલે માનીએ, – રૂપની બાબતમાં એની પોતાની કોઈ કામના હોતી જ નથી (**वांचो** : निर्ममः निरहं सुखी रमते । શ્લોક-૫૩૮).

જે પોતે, પોતાનાં આત્મસ્વરૂપમાં જ, સદા સંતુષ્ટ હોય (स्वयं स्वात्मना एव सदा तुष्टः), અને જેનાં આહાર-વિહાર અને વિચરણ-સંચરણ સ્વતંત્ર હોય, એનો જીવનપ્રવાહ તો ખળખળ વહેતી સરિતા જેવો મુક્ત અને અ-નિયંત્રિત જ હોય, – નહેર કે બંધ (Dam) જેવો **'બાંધેલો'** નહીં !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૪૨)

૫૪૩

क्वचिन्मूढो विद्वान् क्वचिदपि महाराजविभवः
क्वचिद् भ्रान्तः सौम्यः क्वचिदजगराचारकलितः ।
क्वचित् पात्रीभूतः क्वचिदवमतः क्वाप्यविदितः
चरत्येवं प्राज्ञः सततपरमानन्दसुखितः ॥५४३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ક્વચિન્મૂઢો વિદ્વાન્ ક્વચિદપિ મહારાજવિભવઃ
ક્વચિદ્ ભ્રાન્તઃ સૌમ્યઃ ક્વચિદજગરાચારકલિતઃ ।
ક્વચિત્ પાત્રીભૂતઃ ક્વચિદવમતઃ ક્વાપ્યવિદિતઃ
ચરત્યેવં પ્રાજ્ઞઃ સતતપરમાનન્દસુખિતઃ ॥૫૪૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સતત-પરમાનન્દ-સુખિતઃ પ્રાજ્ઞઃ ક્વચિત્ મૂઢઃ, ક્વચિત્ વિદ્વાન્, ક્વચિત્ અપિ મહારાજવિભવઃ, ક્વચિદ્ ભ્રાન્તઃ, ક્વચિત્ સૌમ્યઃ, ક્વચિત્ અજગર-આચારકલિતઃ, ક્વચિત્ પાત્રીભૂતઃ, ક્વચિત્ અવમતઃ, એવં ક્વ અપિ અવિદિતઃ ચરતિ ॥૫૪૩॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : સતત-પરમાનન્દસુખિતઃ પ્રાજ્ઞઃ ક્વ અપિ અવિદિતઃ એવં ચરતિ । પ્રાજ્ઞઃ એટલે જ્ઞાની, બ્રહ્મવેત્તા. આ 'પ્રાજ્ઞ' કેવો છે ? બે વિશેષણો : (૧) સતતપરમાનન્દસુખિતઃ । નિત્ય પરમઆનંદથી સુખી; નિરંતર પરમ-આનંદમાં સુખ પામેલો; (૨) ક્વ અપિ અવિદિતઃ । ક્યાંક અજાણ્યો રહેતો; જેનું મૂળ સ્વરૂપ ક્યાંય પણ જાણવામાં આવતું નથી, તેવો. આવો આ 'પ્રાજ્ઞ' શું કરે છે ? એવં ચરતિ । આ રીતે, ફર્યા કરે છે; આમ, ભમ્યા કરે છે, ઘૂમ્યા કરે છે.

કેવાં સ્વરૂપે તે ફર્યા કરે છે ? - આ પ્રમાણે અનેક વિચિત્ર અને પરસ્પર-વિરુદ્ધ સ્વરૂપે : (૧) ક્વચિત્ મૂઢઃ, ક્વચિત્ વિદ્વાન્ । ક્યારેક મૂર્ખ, તો ક્યારેક વળી વિદ્વાન્; (૨) ક્વચિત્ અપિ મહારાજવિભવઃ । ક્યારેક વળી, કોઈક મહારાજાના જેવા વૈભવવાળો; (૩) ક્વચિત્ ભ્રાન્તઃ, ક્વચિત્ સૌમ્યઃ । ક્યારેક ભ્રાન્ત, તો વળી, ક્યારેક, શાણો, ડાહ્યો, શાંત; (૪) ક્વચિત્ અજગર-આચાર-કલિતઃ ।

ક્યારેક અજગરના જેવા આચારવાળો જણાતો-દેખાતો; कलितः એટલે યુક્ત; (૫) क्वचित् पात्रीभूतः, क्वचित् अपि अवमतः । કોઈ વાર સન્માનિત, તો વળી કોઈ વાર અપમાનિત બનતો. (૫૪૩)

અનુવાદ :

(આવો) નિરંતર પરમાનંદથી સુખી થયેલો જ્ઞાની, ક્યારેક મૂર્ખ તો વળી ક્યારેક વિદ્વાન્, ક્યારેક વળી કોઈક મહારાજાના જેવા વૈભવવાળો, કોઈ વાર ભ્રાંત તો વળી કદિક શાણો, કોઈ વાર અજગરના જેવા આચારવાળો જણાતો, કોઈક વાર સન્માનિત તો વળી ક્યારેક અપમાનિત થતો, ક્યારેક સાવ અજાણ્યો રહીને, ઘૂમતો રહે છે. (૫૪૩)

ટિપ્પણ :

કેવું જીવન જીવે તો માણસ શાણો અને ડાહ્યો-ડમરો (सौम्यः) ગણાય અને ક્યારે તે ભ્રમણાનો ભોગ બનેલો ગણાય (भ्रान्तः) ? ક્યારે તે મૂર્ખ અને અક્કલ-વગરનો (मूढः) દેખાય, અને ક્યારે તે બહુશ્રુત પંડિત (विद्वान्) જણાય ? ક્યારે તે મોજશોખને માણતો, બાદશાહી વૈભવનો માલિક (महाराजविभवः) બને ? ક્યારે તે સન્માન-પાત્ર ગણાય (पात्रीभूतः) અને ક્યારે હડધૂત કરવા જેવો (अवमतः) ગણાય ? – જીવનનાં આવાં અનેક સારાં-નરસાં સ્વરૂપો વિશેની, એક સુનિશ્ચિત **'વિભાવના'** (Concept), **'નિદર્શના'** (Pattern), – એ વિશેનો એક સર્વ-સ્વીકૃત આદર્શ (Ideal), - આપણાં સાંસારિક જીવનમાં પ્રવર્તે છે.

પરંતુ આ બ્રહ્મવેત્તા ? આ પ્રાજ્ઞ ? એ તો નિજાનંદમાં રાચતો મસ્તરામ ! આવી સારી-નરસી **'વિભાવનાઓ'** કે **'નિદર્શનાઓ'**, આવા કોઈ **'આદર્શો'** કે **'નમૂનાઓ'**નાં એને કશાં બંધનો નથી. અને એટલે જ, તે પોતે જ ક્યારેક મહાપંડિત જેવો લાગે, તો વળી ક્યારેક સાવ 'અક્કલના ઓથમીર' જેવો ! ક્યારેક ભ્રમણાંઓની માયાજાળમાં પરિભ્રમણ કરતો, તો ક્યારેક વળી 'ડહાપણના દરિયા' જેવો ! ક્યારેક બહુમાન કરવા જેવો, તો ક્યારેક તિરસ્કાર-યોગ્ય ! – આમ, રંગભૂમિ પર અનેક પ્રકારના, પરસ્પર-વિરુદ્ધ પાઠ (Roles) ભજવતા કોઈક અભિનેતા જેવી એની જીવન-પદ્ધતિ હોય છે ! અને તેથી જ, એક જ વ્યક્તિ આવાં પરસ્પર-ભિન્ન સ્વરૂપે ભાસે ત્યારે, એનું મૂળભૂત વાસ્તવિક સ્વરૂપ શું અને કેવું છે, તે વિશે અન્ય જનો અવિદિત રહે (क्व अपि अविदितः), તે સાવ સ્વાભાવિક છે !

પરંતુ લોકો તેને ન ઓળખે, તેથી તેને શું ? Who cares ? He is completely care-free ! આ પ્રાજ્ઞ તો ક્યારેક કોઈક ચક્રવર્તી મહારાજાધિરાજના

અઢળક વૈભવમાં આળોટતો દેખાતો હોય, ક્યારેક વળી ચીંથરેહાલ રખડતા ભિખારી જેવી જ એની અવદશા હોય !

અને કોઈક વાર તો, 'આળસુના પીર' જેવા, જંગલમાંના કોઈક નિરાંતે નિષ્ક્રિય પડ્યા રહેતા અજગર (Python) જેવો આચાર, આ જ બ્રહ્મજ્ઞાની ધારણ કરે ! ખાવાનું મળે તો યે શું, અને ન મળે તો યે શું ?

સંસારમાં રહેવા છતાં, સંસારી જીવનમાં માન્ય થયેલાં કોઈ જ ચોકઠાં સાથે જેની જીવનશૈલી જરા પણ બંધબેસતી જણાય જ નહીં, – એ જ આ 'જીવન્મુક્ત' પ્રાજ્ઞ !

આ પ્રાજ્ઞ વિશેનું, ક્યારેક (क्वचित्) **'આવો'**, તો ક્યારેક (क्वचित्) **'તેવો'**, – એવું જે ચિત્ર અહીં નિરૂપવામાં આવ્યું છે, તે વાંચ્યા પછી, જરા અપ્રસ્તુત છતાં, બે પરસ્પર-વિલક્ષણ અંતિમો (Extremes) વચ્ચે હિલાળો ખાતાં સંસારનું, અમરયોગીન્દ્ર **કવિ** ભર્તૃહરિએ આલેખેલું, આ ચિત્ર, અવશ્ય યાદ આવી જાય :

क्वचिद् वीणावाद्यं क्वचिदपि च हाहेति रुदितं
क्वचिन्नारी रम्या क्वचिदपि जराजर्जरवपुः ।
क्वचिद् विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहो
न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

- **"वैराग्यशतकं"**, ८९

("આ સંસારમાં ક્યાંક એક સ્થળે સંગીતનો મનોરંજક જલસો જામ્યો હોય, તો ક્યાંક બીજે ઠેકાણે એકના એક યુવાન પુત્રનાં મૃત્યુને કારણે કરુણ કલ્પાંત ચાલતું હોય; ક્યાંક ભરયુવાનીનાં સૌન્દર્યવાળી જોબનવંતી નાર હોય, તો ક્યાંક વળી જરા વડે જર્જરિત કાયાવાળી અતિવયોવૃદ્ધ કોઈક ડોશી હોય; ક્યાંક વળી મહાવિદ્વાનોની ઉચ્ચ પ્રકારની સાહિત્યગોષ્ઠી ચાલી રહી હોય, તો ક્યાંક વળી અન્ય સ્થળે દારૂ પીને છાકટા થયેલા દારૂડિયાઓની સામસામી મારામારી ચાલી હોય !")

આવાં સામ-સામાં ત્રણ ચિત્ર જોયા પછી કવિનાં અંતઃકરણમાંથી વેદનાસભર ઉદ્‌ગારો સરી પડે છે કે મને સમજ નથી પડતી કે આ સંસાર અમૃતમય છે કે વિષમય !")

શ્લોક-૫૪૩ની રચના-સમયે, સંભવ છે કે આચાર્યશ્રીનાં **'આંતર-મન'**(Sub-conscious mind)માં ભર્તૃહરિનો આ ઉપર્યુક્ત શ્લોક હોય.

શ્લોકનો છંદ : **શિખરિણી** (૫૪૩)

૫૪૪

निर्धनोऽपि सदा तुष्टोऽप्यसहायो महाबलः ।
नित्यतृप्तोऽप्यभुञ्जानोऽप्यसमः समदर्शनः ॥૫૪૪॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નિર્ધનોઽપિ સદા તુષ્ટોઽપ્યસહાયો મહાબલઃ ।
નિત્યતૃપ્તોઽપ્યભુંજાનોઽપ્યસમઃ સમદર્શનઃ ॥૫૪૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(સઃ બ્રહ્મવેત્તા) નિર્ધનઃ અપિ સદા તુષ્ટઃ (અસ્તિ); અસહાયઃ અપિ મહાબલઃ (અસ્તિ); અભુઞ્જાનઃ અપિ નિત્યતૃપ્તઃ (અસ્તિ); અસમઃ અપિ સમદર્શનઃ (અસ્તિ) ॥૫૪૪॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (સઃ બ્રહ્મવેત્તા) નિર્ધનઃ અપિ સદા તુષ્ટઃ (અસ્તિ) । તે બ્રહ્મજ્ઞાની નિર્ધન હોવા છતાં સદા સંતોષી-સંતુષ્ટ હોય છે;

(૨) (સઃ) અસહાયઃ અપિ મહાબલઃ (અસ્તિ) । કોઈની પણ સહાય-વિનાનો હોવા છતાં, તે મહાબળવાન-મહાબલશાલી હોય છે;

(૩) અભુઞ્જાનઃ અપિ નિત્યતૃપ્તઃ (સઃ) (અસ્તિ) । ભુઞ્જાનઃ (ભુજ્ એટલે ભોજન કરવું, જમવું, ખાવું, - એ ધાતુનું વર્તમાન-કૃદંતનું રૂપ)-જમતો, ખાતો; અભુઞ્જાનઃ એટલે ન ખાતો, ન જમતો. નિત્યતૃપ્તઃ એટલે હંમેશાં-સતત તૃપ્તિ પામેલો (Ever-Content, eternally content);

(૪) અસમઃ અપિ (સઃ) સમદર્શનઃ (અસ્તિ) । અસમઃ એટલે, જેના સમાન કોઈ નથી તેવો, બીજાઓથી વિલક્ષણ, સર્વત્ર અસમાન, - (An exemplar, Incomparable, Beyond Compare). સમદર્શનઃ - સમદર્શી, સર્વત્ર સમાન દૃષ્ટિવાળો (A man of equal vision, with an equal eye). (૫૪૪)

અનુવાદ :

(આ બ્રહ્મજ્ઞાની) નિર્ધન હોવા છતાં, સદા સંતુષ્ટ (હોય છે); કોઈની પણ તેને સહાય ન હોવા છતાં, તે મહાબળવાન (હોય છે); ભોજન ન કરે છતાં, નિત્યતૃપ્ત (હોય છે); અને સર્વત્ર અસમાન હોવા છતાં, સમદર્શી (હોય છે). (૫૪૪)

ટિપ્પણ :

શ્લોકમાંનાં ચારેય વાક્યોમાં, બ્રહ્મજ્ઞાનીની અસાધારણ અને વિશિષ્ટ જીવનશૈલીનું નિરૂપણ, યથાપૂર્વ, ચાલુ છે, અને તે પ્રત્યેક વાક્યમાં, સામાન્ય સંસારી જીવન કરતાં એનું જીવન કઈ-શી રીતે જૂદું પડે છે તે, સ્પષ્ટ રીતે, દર્શાવવામાં આવ્યું છે. ટૂંકમાં, એક પ્રકારના ચોખ્ખા **'व्यतिरेक'**(Contrast)નું શબ્દચિત્ર અહીં આલેખવામાં આવ્યું છે.

હકીકતમાં, ધનસંપત્તિ, સત્તા-શક્તિ, ભોજન-તૃપ્તિ, દૃષ્ટિદર્શન (Vision), – મનુષ્યનાં દૈનંદિન જીવન સાથે સંકળાયેલી આવી બધી બાબતો અંગેની, બ્રહ્મજ્ઞાની **'જીવન્મુક્ત'**ની વિલક્ષણ વિભાવના (Concept), અહીં, સંક્ષેપમાં છતાં અસંદિગ્ધતાપૂર્વક, અભિવ્યક્ત કરવામાં આવી છે.

'ધનિક' કોણ ? જેની પાસે અઢળક ધનસંપત્તિ હોય તે ? આ બ્રહ્મજ્ઞાની ભારપૂર્વક જણાવે છે કે "ના, ના, ના ! મારી પાસે કૂટી-કોડી નથી, અને છતાં હું બહુ મોટો ધનિક છું !" આપણે પૂછીએ કે "એ વળી કેવી રીતે ?" તો, એનો **જવાબ** તો **'લા-જવાબ'** અને **'રોકડો'** (Ever-ready) હોય છે : "ધન હોય તો જ ધનવાન થવાય, એવું કોણે કહ્યું ? સાચી સમૃદ્ધિ તો **સંતોષમાં** જ હોય છે અને આવી સમૃદ્ધિનું વિરલ વરદાન મને મળી ગયું છે, – સામેથી, સ્વયમેવ, આપોઆપ ! – પરબ્રહ્મ સાથેનાં મારાં ઐક્યના પરમઆનંદ દ્વારા !"

કવિ ભર્તૃહરિ બ્રહ્મજ્ઞાનીની આ વિભાવનાનું આ પ્રમાણે સમર્થન કરે છે :

संतोष एव पुरुषस्य परं निधानम् । - नीतिशतक

("સંતોષ એ એક જ, મનુષ્ય માટેનો ખરો ખજાનો છે !")

બસ, આવો ખજાનો, માણસને, મળી જાય, પછી તો, એ સદા-સર્વદા સર્વોત્તમ ધનિક !

અને સત્તા-શક્તિ-સામર્થ્ય-બળની પણ આવી જ એની વિભાવના ! સાચી સહાય કઈ ? કોની ? – પોતાની જ ! જેને 'સર્વશક્તિમાન' (Omnipotent) એવાં પરમતત્ત્વની શક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા છે, તેને, શક્તિનાં એ મૂળ અને અખૂટ ગંગોત્રીમાંથી, જરૂરી સર્વ શક્તિ, વગર-માગ્યે, મળ્યા કરતી જ રહે છે ! સ્થૂલ દૃષ્ટિએ ભલેને તે સાવ સુકલકડી હોય, વિશ્વનો મહા-પહેલવાન પણ એ જ ! 'હાડકાંના માળા' જેવા 'પોતડીદાસ' ગાંધીએ, વિશ્વની મહાસત્તા ગણાતી બ્રિટિશ સત્તાને હંફાવી-હરાવી, એ કયું બળ ? **निर्बल के बल राम** । – એમ કાંઈ અમસ્થું જ કહેવાયું હશે !

અને અંગ્રેજીમાં પણ આવી કહેવતો પ્રચલિત છે જ : "Self-help is the

best help", અને "God helps those, who help themselves !"

વળી, ભોજન કર્યાથી જ, ઉદર-તૃપ્તિ થાય, એવું કોણે કહ્યું ! અનેક યોગીઓ, સંપૂર્ણ ઉપવાસ કરવા છતાં, નિત્યતૃપ્તિની અનુભૂતિ કરતા જ હતા ! આ બ્રહ્મજ્ઞાની પણ એ જ વર્ગમાંનો એક વિરલ મહાત્મા !

અને આ બ્રહ્મજ્ઞાની **'અસમ'** એટલે કે સદા-સર્વદા-સર્વત્ર 'અસમાન' હોવા છતાં, એનું **'દર્શન'** (Vision) સંપૂર્ણરીતે એકસરખું અને એકધારું, એનું એ જ, એવું જ હોય છે, રહે છે : એ પૂરેપૂરો **'સમદર્શી'** રહે છે.

કોઈકે અગાઉથી પાડી રાખેલા ચીલા(Beaten track, Cart-rut)માં ચાલનારા, **"ચીલાચાલુ"** (Routine) જીવન જીવનારા તો અનેક-અસંખ્ય હોય, - જે પોતાનો જ નવો ચીલો પાડે, તે જ સાચો અને આદર્શ આત્મજ્ઞાની !

અને આવો આત્મજ્ઞાની-આત્મદર્શી, સમદર્શી-સત્યદર્શી **'જીવન્મુક્ત'** જ અન્યો માટે પથ-પ્રદર્શક બની શકેને ! આવા **'સમદર્શી'**નાં અનુસંધાનમાં, ગીતાનો આ શ્લોક યાદ રાખવા જેવો છે :

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥५४५॥ (५, १८)

("વિદ્યા-વિનય-વાળા બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં અને ચાંડાળમાં, પંડિતો, - એટલે કે સાચા જ્ઞાનીઓ - સમાન દૃષ્ટિવાળા હોય છે.")

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૪૪)

૫૪૫

अपि कुर्वन्नकुर्वाणश्चाभोक्ता फलभोग्यपि ।
शरीर्यप्यशरीर्येषः परिच्छिन्नोऽपि सर्वगः ॥५४५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अपि कुर्वन्नकुर्वाणश्चाभोक्ता फलभोग्यपि ।
शरीर्यप्यशरीर्येषः परिच्छिन्नोऽपि सर्वगः ॥५४५॥

શ્લોકનો ગદ્ય અન્વય :

एषः (ब्रह्मवेत्ता) कुर्वन् अपि अकुर्वाणः, फलभोगी अपि अभोक्ता, शरीरी अपि अशरीरी, परिच्छिन्नः अपि सर्वगः (भवति) ॥५४५॥

શબ્દાર્થ :

શ્લોકમાં ચાર સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) एषः (બ્રહ્મવેત્તા) कुर्वन् अपि अकुर्वाणः (अस्ति) । कुर्वन् અને अकुर्वाणः (कृ એટલે 'કરવું' - એ ધાતુનું **પરસ્મૈપદ**-વર્તમાનકૃદંતનું રૂપ, - कुर्वन्; અને એ જ ધાતુનું **आत्मनेपद**-વર્તમાનકૃદંતનું રૂપ, - कुर्वाण, - એટલે 'કરતો' Doing 'કર્તા'); अकुर्वाण, એટલે 'ન કરતો', 'અકર્તા'. ક્રિયાઓ કરવા છતાં, આ બ્રહ્મજ્ઞાની 'અકર્તા' છે.

સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે, ક્રિયાપદો (Verbs) માટેના ધાતુઓ (Roots) **બે** પ્રકારના છે : **"પરસ્મૈપદી"** અને **"આત્મનેપદી"**. કેટલાક ધાતુઓ માત્ર **"પરસ્મૈપદી"** હોય છે, કેટલાક માત્ર **"આત્મનેપદી"**, જ્યારે કેટલાક ધાતુઓ **"ઉભયપદી"**, એટલે કે **"પરસ્મૈપદી"** તથા **"આત્મનેપદી" બંને પ્રકારના હોય છે.** આ બંને **'પદો'** માટેના પ્રત્યયો જૂદા-જૂદા હોય છે, અને તે બંને પ્રકારના ધાતુઓનાં બધાં જ રૂપો, તે-તે પ્રત્યયો પ્રમાણે, જૂદાં-જૂદાં, થાય છે.

આવી બધી શાસ્ત્રીય વીગતોમાં ઊતરવાનું અહીં આવશ્યક નથી, પરંતુ આટલી સ્પષ્ટતા બસ થશે કે कृ-ધાતુ **"ઉભયપદી"** હોવાથી, વર્તમાનકૃદંતનાં, બંને **"પદો"** આ પ્રમાણે, જૂદાં-જૂદાં, બે થાય છે : **कुर्वत्-कुर्वन् (પરસ્મૈપદ)** અને **कुर्वाणः (આત્મનેપદ).**

(૨) फलभोगी अपि अभोक्ता (अस्ति) । (કર્મનાં) ફળોને ભોગવતો હોવા છતાં, તેમને ન ભોગવતો, એવો અ-ભોક્તા તે છે.

(૩) शरीरी अपि अशरीरी (अस्ति) । शरीर એ શબ્દ પરથી, 'શરીરધારણ કરનાર' માટે શબ્દ બન્યો, - शरीरिन् । તેનું પુંલિંગ પ્રથમા વિભક્તિ એકવચનનું રૂપ, - शरीरी એટલે દેહધારી; अशरीरी એટલે દેહ-વિનાનો, વિદેહી. આ બ્રહ્મવેત્તા દેહધારી હોવા છતાં વિદેહી છે.

(૪) परिच्छिन्नः अपि सर्वगः (अस्ति) । परिच्छिन्न એટલે મર્યાદાઓવાળો; અમુક એક જ સ્થાનમાં રહેતો, Limited, Localised. सर्वगः એટલે સર્વગામી (सर्वं गच्छति असौ । ઉપપદ-સમાસ), સર્વત્ર રહેનાર, સર્વવ્યાપી (Omnipresent). (૫૪૫)

અનુવાદ :

(આ બ્રહ્મજ્ઞાની) 'કર્તા' છતાં 'અકર્તા' છે, (કર્મ-)ફળોનો 'ભોક્તા' હોવા છતાં 'અભોક્તા' છે; 'દેહધારી' હોવા છતાં 'વિદેહી' છે; અને 'પરિચ્છિન્ન' (કોઈ એક મર્યાદિત સ્થળે રહેનારો) હોવા છતાં 'સર્વગામી' (સર્વવ્યાપી) છે. (૫૪૫)

ટિપ્પણ :

આ શ્લોકમાં પણ, ગયા શ્લોકની જેમ, શ્લોકનાં ચારેય ચરણોમાં 'પરસ્પર-અર્થવૈપરીત્ય' - જેને અંગ્રેજીમાં **Antithesis**-નામક અલંકાર (Figure of Speech) કહેવામાં આવે છે, તેનું નિરૂપણ છે : આ બ્રહ્મજ્ઞાનીને, **'જીવન્મુક્ત'** થયા પછી પણ, તેનું પોતાનું શરીર તો છે જ; એટલે ખાવું-પીવું, બોલવું-ચાલવું-બેસવું-ઊઠવું, ઊંઘવું-જાગવું વગેરે કર્મો તો થતાં-રહેતાં જ હોય, એટલે આપણી સામાન્ય-બાહ્ય દૃષ્ટિએ તે **'કર્તા'** અવશ્ય ગણાય; છતાં, એ તો એમ જ કહે કે "હું શું કરું ? શરીર-મન-બુદ્ધિ વગેરે એમનાં **'પ્રારબ્ધ'** પ્રમાણે કર્મ કરે, એને હું કેમ રોકી શકું ? પરંતુ હું એ સહુની સાથે જોડાતો નથી : હું તો એ સર્વનો માત્ર **'સાક્ષી'** જ છું !" - આમ, તે-ન્તે કર્મોનો **'કર્તા'** છતાં, સૂક્ષ્મ દૃષ્ટિએ, તે, **'અકર્તા'** (कुर्वन् अपि अकुर्वाणः) ઠરે છે !

વળી, એનું જ શરીર આ સર્વ કર્મો કરતું હોવાથી, એ સર્વ કર્મોનાં સારાં-માઠાં ફળ, – ભૂખ, તરસ, થાક, આરામ, નિદ્રા વગેરે, – પણ, શરીર જ ભોગવતું હોવાથી, એટલા પૂરતો તેને **'ફલ-ભોક્તા'** (ફલભોગી) જરૂર માનવો જ પડે; પરંતુ એની દલીલ, આ અનુસંધાનમાં, આ પ્રમાણે હોય છે : "આ શરીર-મન-બુદ્ધિ વગેરે 'મારામાં'–'મારી સાથે' હોવા છતાં, 'હું તેમનાંમાં નથી', હું તો તેમનાથી સંપૂર્ણરીતે અળગો છું, નિર્મમ છું, નિરહંકાર છું, તેથી તે ફળ સાથે મારે કશો જ સંબંધ નથી", - આ સૂક્ષ્મ દૃષ્ટિએ, તે, ફળનો **અભોક્તા** સાબિત થાય છે !

આપણે જોયું તેમ, બ્રહ્મજ્ઞાનીને પણ, તે જીવે ત્યાં સુધી શરીર તો હોય છે જ, તેથી તે **'શરીરી'** તો અવશ્ય છે જ, પરંતુ શરીર સાથે તેને કશું જ તાદાત્મ્ય (Identification) ન હોવાથી, એની સાથે તેને પોતાનો કશો **'અહં'**-ભાવ, **'મમ'**-ભાવ ન હોવાથી, આવી સૂક્ષ્મ દૃષ્ટિએ, તેને **'અશરીરી'** તરીકે નિઃશંક સ્વીકારી શકાય.

અને આમ તો, એક મનુષ્ય તરીકે, દેહાદિ-સંબંધને લીધે, અમુક થોડાં સ્થળે જ, તે, રહેતો-વસતો (परिच्छिन्नः) હોય, તેમ છતાં, તેનો સાચો અને સૂક્ષ્મ સંબંધ તો સર્વગામી (सर्वगः), સર્વવ્યાપી આત્મા (Self) સાથે હોવાથી, આવી સૂક્ષ્મ દૃષ્ટિએ, તેને કશા પરિચ્છેદો (Limitations) રહેતા નથી, તે પણ આત્મા જેવો જ 'સર્વગામી' (Omnipresent) બની જાય છે !

આ રીતે, બંને પરસ્પર-વિરુદ્ધ અર્થો વચ્ચેના વિરોધનું નિવારણ થઈ જાય છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૪૫)

૫૪૬

अशरीरं सदा सन्तमिमं ब्रह्मविदं क्वचित् ।
प्रियाप्रिये न स्पृशतस्तथैव च शुभाशुभे ॥५४६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અશરીરં સદા સન્તમિમં બ્રહ્મવિદં ક્વચિત્ ।
પ્રિયાપ્રિયે ન સ્પૃશતસ્તથૈવ ચ શુભાશુભે ॥૫૪૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સદા અશરીરં સન્તં ઇમં બ્રહ્મવિદં ક્વચિત્ પ્રિયાપ્રિયે તથા એવ શુભાશુભે ન સ્પૃશતઃ ॥૫૪૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : પ્રિયાપ્રિયે તથા એવ શુભાશુભે ઇમં બ્રહ્મવિદં ન સ્પૃશતઃ । પ્રિયં વા અપ્રિયં ઇતિ પ્રિયાપ્રિયે । દ્વન્દ્વ સમાસ : પ્રિય કે અપ્રિય, ગમતું કે અણગમતું; એ જ રીતે, શુભં વા અશુભં ઇતિ શુભાશુભે । - દ્વન્દ્વ સમાસ : સારું કે ખરાબ, પ્રિય કે અપ્રિય, અને એ જ પ્રમાણે, શુભ કે અશુભ આ બ્રહ્મવેત્તાને સ્પર્શતાં નથી (ન સ્પૃશતઃ ।). ક્વચિત્ - કોઈ પણ વખતે, કદી પણ, ક્યારેય. આ બ્રહ્મવેત્તા કેવો છે ? - સદા અશરીરં સન્તમ્ । સદા શરીર વગરનો, શરીરનાં અભિમાન વિનાનો, શરીરથી પર થયેલો, એટલે કે **'અશરીરી'**. આવા આ બ્રહ્મવેત્તાને પ્રિય કે અપ્રિય, શુભ કે અશુભ કદી પણ સ્પર્શતાં નથી. (૫૪૬)

અનુવાદ :

સદા અશરીરી એવા આ બ્રહ્મવેત્તાને, પ્રિય કે અપ્રિયનો, અને શુભ અને અશુભનો, કદી પણ, ક્યાંય, સ્પર્શ થતો નથી. (૫૪૬)

ટિપ્પણ :

આ પહેલાંના શ્લોકમાં, આપણે જોયું તેમ, બ્રહ્મજ્ઞાની, **'શરીરી'** હોવા છતાં સૂક્ષ્મ દૃષ્ટિએ, તે **'અશરીરી'** છે : શરીર હોવા છતાં, શરીરની કશી જ સભાનતા તેને હોતી નથી. શરીરની સર્વ પ્રકારની અનુભૂતિઓથી, - સારી અને નરસી, સુખદ અને દુઃખદ - તે પર હોય છે; તેથી આ સન્ત-કોટિના બ્રહ્મજ્ઞાનીને આવા કોઈ જ ભાવો સ્પર્શી શકતા નથી.

સાધના સંપન્ન કર્યા પછી, તેનાં સમગ્ર અસ્તિત્વનું, ભૌતિક-સાંસારિક

સ્તર(Plane)થી, ઉચ્ચ આધ્યાત્મિક સ્તર પર, ઊર્ધ્વીકરણ (Sublimation) થઈ જાય છે; તેથી પ્રિય-અપ્રિય, સુખદ-દુઃખદ, સારા-નરસા, શુભ-અશુભ જેવા સર્વ શારીરિક-સાંસારિક ભાવોની અનુભૂતિથી તે 'પર' થઈ જાય છે. અંગત-બિનંગત કે આત્મલક્ષી-પરલક્ષી (Subjective-Objective), - એવું વાતાવરણ (Environment) તો અહીં, આપણાં ભૌતિક જગતને, આવરી શકે, વ્યાપી શકે; **'જીવન્મુક્ત'** બનેલા બ્રહ્મજ્ઞાનીને તો હવે સઘળું **'બ્રહ્મમય'** જ બની ગયું હોય, એટલે એ તો **'સ્વ-પર'**ના આવા ભાવો-ભેદોથી સદા-સર્વદા **'પર'** જ હોય છે !

'શરીરી' હોવા છતાં, શરીરમાં અભિમાન ન કરનારને, શરીર પ્રત્યે કશો **'મમ'**-ભાવ કે **'અહં'**-ભાવ ન સેવનારને, આધ્યાત્મિક પરિભાષામાં, **'અશરીર'** કહેવામાં આવે છે. બ્રહ્મજ્ઞાની આવો **'અશરીર'** હોવાથી, એને કોઈ ગમા-અણગમા (Likes, Dislikes) સ્પર્શી શકે જ નહીં. ઉપનિષદના ઋષિએ આ જ વાત કહી છે :

अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः ।

("તે બ્રહ્મજ્ઞાની **'અશરીર'** હોવાથી, પ્રિય કે અપ્રિય તેને સ્પર્શતાં નથી".)

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૪૬)

૫૪૭

स्थूलादिसम्बन्धवतोऽभिमानिनः
सुखं च दुःखं च शुभाशुभे च ।
विध्वस्तबन्धस्य सदात्मनो मुनेः
कुतः शुभं वाऽप्यशुभं फलं वा ॥५४७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્થૂલાદિસમ્બન્ધવતોઽભિમાનિનઃ
સુખં ચ દુઃખં ચ શુભાશુભે ચ ।
વિધ્વસ્તબન્ધસ્ય સદાત્મનો મુનેઃ
કુતઃ શુભં વાઽપ્યશુભં ફલં વા ॥૫૪૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સ્થૂલાદિસમ્બન્ધવતઃ (શરીરસ્ય) અભિમાનિનઃ સુખં ચ દુઃખં ચ, શુભાશુભે ચ (ભવતઃ); વિધ્વસ્તબન્ધસ્ય સદાત્મનઃ મુનેઃ શુભં વા અશુભં વા અપિ (કર્મ, કર્મણઃ) ફલં વા કુતઃ (સ્યાત્) ? ॥૫૪૭॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (तस्य मनुष्यस्य) सुखं च दुःखं च, शुभाशुभे च (भवतः) । (તે મનુષ્યને) સુખ અને દુઃખ, અને શુભ-અશુભ પણ જણાય છે, થાય છે. કયા મનુષ્યને આવું થાય છે ? બે વિશેષણો આ પ્રમાણે : (અ) स्थूल-आदि-सम्बन्धवतः (मनुष्यस्य) । सम्बन्धवत् - એ શબ્દનું પુંલિંગ ષષ્ઠી-વિભક્તિ એકવચનનું રૂપ : सम्बन्धवतः । मनुष्यस्य - શબ્દનું વિશેષણ. શરીર ત્રણ પ્રકારનાં હોય છે : સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ; સ્થૂલ-આદિ એટલે સ્થૂલ વગેરે આ ત્રણેય પ્રકારનાં શરીરો સાથે સંબંધ ધરાવતો-રાખતો (મનુષ્ય);

(બ) (शरीरस्य) अभिमानिनः (मनुष्यस्य) । अभिमानिन् - શબ્દનું પુંલિંગ ષષ્ઠી-વિભક્તિ એકવચનનું રૂપ : अभिमानिनः । मनुष्यस्य - શબ્દનું વિશેષણ : અભિમાનીને, એટલે દેહાભિમાની મનુષ્યને; દેહ પ્રત્યે **'अहं'**-ભાવ સેવનાર માણસને.

(૨) मुनेः शुभं वा अशुभं वा अपि (कर्म, कर्मणः) फलं वा कुतः (स्यात्) ? । જે મુનિ છે, તેને શુભ કે અશુભ(કર્મ) ક્યાં ? કે (કર્મનું) ફળ કેવું ? એવું કર્મ કે ફળ તેને તો હોય જ ક્યાંથી ? આ મુનિ કેવો છે ? આ પ્રમાણે બે વિશેષણો : (અ) विध्वस्त-बन्धस्य (मुनेः) । विध्वस्त (वि + ध्वंस् એટલે વિનાશ કરવો, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) વિનષ્ટ થયેલો, નાશ પામેલો; જેનાં બંધનો નાશ પામ્યાં છે, તેવો. (मुनेः - શબ્દનું વિશેષણ). (બ) सदात्मनः (मुनेः) । જે પોતાને સત્સ્વરૂપ આત્મા સમજે છે, તેવો; (मुनेः - શબ્દનું વિશેષણ). (૫૪૭)

અનુવાદ :

સ્થૂલ વગેરે(શરીરો)માં સંબંધ રાખનારા અને (એ જ શરીરો પ્રત્યે) અભિમાન સેવનારા(મનુષ્ય)ને સુખ અને દુઃખ તથા શુભ-અશુભ પણ જણાય છે; પરંતુ જેનાં બંધનો નષ્ટ થઈ ગયાં છે એવા સત્સ્વરૂપ મુનિને (વળી) શુભ કે અશુભ (કર્મ) કેવાં ? કે (વળી કર્મનું) ફળ ક્યાંથી હોય ? (૫૪૭)

ટિપ્પણ :

આ પહેલાંના શ્લોકના અર્થનું અહીં વિસ્તરણ કરવામાં આવ્યું છે. ત્યાં એવું પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું કે સંત-કક્ષાનો બ્રહ્મજ્ઞાની, **'अशरीर'** હોવાથી, એટલે કે શરીર હોવા છતાં તે શરીર વિશે **"अहं"**-ભાવ વિનાનો હોવાથી, તેને પ્રિય-અપ્રિય કે શુભ-અશુભ ક્યારેય સ્પર્શતાં નથી (क्वचित् अपि न स्पृशतः ।). આવા

કશા ભાવો તેને કેમ સ્પર્શતા નથી, એની, અહીં, સમજૂતી આપવામાં આવી છે.

સ્થૂલ-સૂક્ષ્મ-કારણ વગેરે ત્રણેય પ્રકારનાં શરીર સાથે સંબંધ રાખનાર મનુષ્ય, ધીમે-ધીમે, એના પ્રત્યે 'અહં'-ભાવ સેવવાનું શરૂ કરે છે. અને શરીર પ્રત્યેનાં આવાં અભિમાન-સેવનનાં પરિણામે, તેને, સુખ-દુઃખ તથા શુભ-અશુભની અનુભૂતિ થાય છે. આવી ભૌતિક અનુભૂતિની એક વિચિત્રતા એ છે કે એકને જે અનુભૂતિ સુખદ કે શુભ-પ્રકારની લાગતી હોય, એ જ અનુભૂતિ અન્ય માટે સાવ ઉલટી, એટલે કે દુઃખદ કે અશુભ પ્રકારની હોય !

આ અનુસંધાનમાં બે વાત નોંધપાત્ર બની રહે છે : એક તો છે સ્થૂલ વગેરે શરીરો સાથેનો સંબંધ (स्थूलादिसम्बन्धवतः) અને બીજી છે એ શરીરો પ્રત્યેનો **"મમ"**-ભાવ, એ સહુ પ્રત્યેનું **"અભિમાન"** (अभिमानिनः). આ **સંબંધ** અને આવું **અભિમાન** મનુષ્ય માટે, જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણેય **'અવસ્થા'**નું સર્જન કરે છે.

પરંતુ જો મનુષ્ય થોડું ચિંતન-મનન અને આત્મનિરીક્ષણ કરે તો, તેને, તરત જ પ્રતીતિ થશે કે તેનાં જીવનમાં જે કંઈ **'પ્રિયાપ્રિય'** કે **'શુભાશુભ'**નાં અનિષ્ટો ઉત્પન્ન થાય છે, તેનાં મૂળમાં પેલા **'સ્થૂલાદિસંબંધો'** અને **'દેહાભિમાન'** જ છે; અને એમાંથી એને વળગે છે બંધનોના ફાંસલા !

પરંતુ જે મનનશીલ મુનિ છે તે, આત્મનિરીક્ષણનાં પરિણામે, બંધનોના ફાંસલાનો **'ધ્વંસ'** કરી નાખે છે (ध्वस्तबन्धस्य) અને પોતાને સત્સ્વરૂપ આત્મા જ સમજવા લાગે છે (सदात्मनः).

આવા મુનિને, પછી, શુભ કે અશુભ કર્મો જ રહેતાં નથી (शुभं वा अशुभं वा कुतः कर्म ?) અને તો પછી તેના માટે એવાં કોઈ કર્મનાં ફળની તો સંભવિતતા જ (फलं वा अपि) ક્યાંથી (कुतः) રહે (स्यात्) ?

હકીકતમાં, **"શુભ"** અને **"અશુભ"**, એ બે સાપેક્ષ શબ્દો (Relative terms) છે. અને ઉચ્ચ આધ્યાત્મિક સ્તરે જ્યાં કશું, જૂદું તરી આવે એવું **"શુભ"** જ ન હોય, ત્યાં પછી **"અશુભ"**ની તો શક્યતા જ કેવી ? ક્યાંથી ?

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૪૭)

૫૪૮-૫૪૯

तमसा ग्रस्तवद्भानादग्रस्तोऽपि रविर्जनैः ।
ग्रस्त इत्युच्यते भ्रान्त्या ह्यज्ञात्वा वस्तुलक्षणम् ॥५४८॥
तद्वद्देहादिबन्धेभ्यो विमुक्तं ब्रह्मवित्तमम् ।
पश्यन्ति देहिवन्मूढाः शरीराभासदर्शनात् ॥५४९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

તમસા ગ્રસ્તવદ્ભાનાદગ્રસ્તોઽપિ રવિર્જનૈઃ ।
ગ્રસ્ત ઇત્યુચ્યતે ભ્રાન્ત્યા હ્યજ્ઞાત્વા વસ્તુલક્ષણમ્ ॥૫૪૮॥
તદ્વદ્દેહાદિબન્ધેભ્યો વિમુક્તં બ્રહ્મવિત્તમમ્ ।
પશ્યન્તિ દેહિવન્મૂઢાઃ શરીરાભાસદર્શનાત્ ॥૫૪૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વસ્તુલક્ષણં હિ અજ્ઞાત્વા, રવિઃ અગ્રસ્તઃ અપિ, તમસા ગ્રસ્તવદ્-ભાનાત્, જનૈઃ "(રવિઃ) ગ્રસ્તઃ" ઇતિ ઉચ્યતે; તદ્વત્ મૂઢાઃ શરીર-આભાસ-દર્શનાત્ દેહાદિબન્ધેભ્યઃ વિમુક્તં બ્રહ્મવિત્તમં દેહિવત્ પશ્યન્તિ ॥૫૪૮-૫૪૯॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) તદ્વદ્ મૂઢાઃ બ્રહ્મવિત્-તમં દેહિવત્ પશ્યન્તિ । મૂઢાઃ એટલે મૂર્ખ-અજ્ઞાની-બુદ્ધિરહિત માણસો. એ લોકો શું કરે છે ? - પશ્યન્તિ । સમજે છે, જાણે છે, માને છે. કોને ? બ્રહ્મવિત્-તમમ્ । બ્રહ્મવિદ્ એટલે બ્રહ્મવેત્તા, બ્રહ્મજ્ઞાની; તમ - એ પ્રત્યય **'શ્રેષ્ઠતાદર્શક'** (Superlative) છે.

સંસ્કૃત વ્યાકરણની એક વિશિષ્ટતા જાણવા જેવી છે : સામાન્ય રીતે, **'અધિકતાદર્શક'** (Comparative) અને **'શ્રેષ્ઠતાદર્શક'** (Superlative), એવા અર્થના પ્રત્યયો, અનુક્રમે, 'તર' અને 'તમ', વિશેષણોને જ લગાડવામાં આવતા હોય છે. દાખલા તરીકે, લઘુ(એટલે નાનું)ને આવા પ્રત્યયો લગાડીને, લઘુતર (વધારે નાનું) અને લઘુતમ (સૌથી નાનું) જેવાં **'અધિકતાદર્શક'** અને **'શ્રેષ્ઠતાદર્શક'**- એવાં રૂપો બનાવી શકાય.

પરંતુ બીજી ભાષાઓ કરતાં સંસ્કૃત-ભાષા જૂદી એ બાબતમાં પડે છે કે આવા પ્રત્યયો (તર અને તમ), નામ (Noun), ક્રિયાપદ (Verb) તથા અવ્યય (Adverb)ને પણ લગાડી શકાય છે; એટલો ફેર કે ક્રિયાપદ અને અવ્યયને આવા પ્રત્યયો લગાડતી વખતે, તર અને તમ, અનુક્રમે, તરામ્ અને તમામ્, બની જાય છે.

દાખલા તરીકે પાચક એટલે 'રસોયો', - એ નામ (Noun) છે, છતાં આવું રૂપો બની શકે : પાચકતર (વધારે સારો રસોયો) અને પાચકતમ (શ્રેષ્ઠ રસોયો). અહીં આ શ્લોકમાં બ્રહ્મવિદ્ એ નામ (Noun) છે, છતાં 'શ્રેષ્ઠ બ્રહ્મવિદ્' એવા અર્થમાં, બ્રહ્મવિત્તમ એવો શબ્દ બનાવવામાં આવ્યો છે.

पचति (ક્રિયાપદ : "રાંધે છે") પરથી पचतितराम् અને पचतितमाम्, અને उच्चैः (અવ્યય: "ઊંચેથી") પરથી उच्चैस्तराम् અને उच्चैस्तमाम् - એવા શબ્દો બની શકે છે.

હવે આપણે આ શ્લોકોના **'શબ્દાર્થ'**માં આગળ વધીએ : મૂર્ખાઓ આવા 'શ્રેષ્ઠ બ્રહ્મવિદ્'(ब्रह्मवित्तमम्)ને કેવો સમજે છે ? - देहिवत् એટલે કે 'દેહધારી' જેવો.

આ શ્રેષ્ઠ બ્રહ્મવિદ્ કેવો છે ? देहादिबन्धेभ्यः विमुक्तम् । દેહ વગેરેનાં બંધનોમાંથી મુક્ત થયેલો. પેલા મૂર્ખાઓ આવી ગેરસમજ શા કારણે કરે છે ? शरीर-आभास-दर्शनात् । - આ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનીનાં આભાસરૂપ શરીરને જોઈને.

तद्-वद् એટલે 'તેવી રીતે'. 'તેવી રીતે' એટલે 'કેવી રીતે' ? હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, - તેવી રીતે.

(૨) (यद्-वद्) 'रविः ग्रस्तः' इति जनैः उच्यते । 'સૂર્ય (રાહુ વડે) ગ્રસ્ત (ગળાઈ ગયેલો) છે', એમ લોકો કહે છે. ગ્રસ્ત એટલે ગ્રહણ (Eclipse) વખતે 'ગળાયેલો'. પણ સૂર્ય ગ્રસ્ત થયેલો હતો ? - अग्रस्तः अपि । ના, ના; ગળાયેલો ન હોવા છતાં; તો પછી લોકો આવી ભૂલ કયા કારણે કરે છે ? આ ત્રણ કારણે : (અ) तमसा ग्रस्तवद् भानात् । तमसा એટલે અંધારાં વડે, ग्रस्तवत् એટલે 'ગ્રસ્ત' જેવો; भानात् - જણાયાથી, લાગવાથી; (બ) वस्तुलक्षणं हि अज्ञात्वा । वस्तुलक्षण એટલે વાસ્તવિક હકીકત, સાચી બાબત; अज्ञात्वा - એટલે ન જાણવાને કારણે, સમજમાં ન આવવાને કારણે. हि - શબ્દ નિશ્ચયવાચક છે. (ક) भ्रान्त्या એટલે ભ્રાન્તિથી;

જેવી રીતે, આમ બને છે, તેવી જ રીતે, વાક્ય-૧માંની ઘટના બને છે. (૫૪૮-૫૪૯)

અનુવાદ :

(જેવી રીતે) વાસ્તવિક હકીકત સમજમાં ન આવવાથી, (ગ્રહણ-સમયે) સૂર્ય (રાહુ વડે) ગ્રસ્ત ન થયેલો હોવા છતાં, અંધારાંને લીધે ગ્રસ્ત જેવો લાગવાથી, ભ્રાન્તિથી, લોકો કહે છે કે 'સૂર્ય (રાહુ વડે) ગ્રસ્ત થયો છે'; તેવી રીતે, મૂર્ખ માણસો, (બ્રહ્મજ્ઞાનીના) આભાસરૂપ શરીરને જોઈને, દેહ-વગેરેનાં બંધનોમાંથી મુક્ત થયેલા ઉત્તમ બ્રહ્મજ્ઞાનીને દેહધારી જેવો સમજે છે. (૫૪૮-૫૪૯)

ટિપ્પણ :

કેટલીક વાર, ઉત્તમ અને એકનિષ્ઠ બ્રહ્મજ્ઞાની (ब्रह्मवित्तम) વિશે પણ, સમાજમાં, કેવી ગેરસમજ પ્રવર્તતી હોય છે, એનું નિદર્શન, અહીં, આપવામાં

આવ્યું છે.

આ પહેલાં પણ આપણે જોયું છે કે **'जीवन्मुक्त'** થયા પછી પણ, સામાન્ય માણસની જેમ, તે પણ શરીર ધારણ કરીને, પોતાનું શેષ આયુષ્ય વ્યતીત કરતો હોય છે. તે **'शरीरी'** હોવા છતાં પણ, હકીકતમાં તો, તે, **'अशरीरी'** જ હોય છે, પરંતુ આવી સૂક્ષ્મ વાત ન સમજનારા અને મૂર્ખ માણસો (मूढाः) તો, આવા નિત્યમુક્ત અને શરીર-વગેરેનાં બંધનોમાંથી છૂટી ગયેલા (देहादिबन्धेभ्यः विमुक्तम्), આવા આદર્શ અને શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનીને પણ, પોતાના જેવો એક સામાન્ય દેહધારી (देहिवत्) જ સમજે છે (पश्यन्ति) ! આવા મૂઢમતિ લોકો પોતાને 'શરીરધારી' જ નહીં પરંતુ **'साक्षात्-शरीर'** જ સમજે છે, અને એ જ રીતે, આ **બ્રહ્મવિત્તમ**નાં આભાસરૂપ શરીરને જોઈને (शरीर-आभास-दर्शनात्), તેને પણ તેઓ પોતાના જેવો જ **'साक्षात्-शरीर'** માની બેસે છે ! પોતાનું **'शरीर** તો શરીર જ છે', પરંતુ આ સંનિષ્ઠ બ્રહ્મજ્ઞાની તો **'शरीरी'** હોવા છતાં, ખરેખર, **'अशरीरी'** જ છે, - એવું સૂક્ષ્મ-દર્શન કરવાની સૂઝ-સમજ-શક્તિ તેમનામાં ન હોવાથી, તેઓ તો, **'બ્રહ્મવિત્તમ'** માટે આવું **'પ્રમાણપત્ર'** (Certificate) આપી જ દે કે "આ માણસ પણ આપણાં જેવો, એક સામાન્ય **'દેહધારી'** જ (देहिवत्) છે !

'આવી ઘટના (Phenomenon) કોના જેવી છે ?' - એની પ્રતીતિ કરાવવા માટે, આચાર્યશ્રી, એમની હંમેશની પદ્ધતિ પ્રમાણે, ભૌતિક-વિજ્ઞાનનાં ક્ષેત્રમાંથી, એક સુંદર અને સમુચિત ઉદાહરણ આપે છે : સૂર્યગ્રહણ (Solar eclipse) થાય છે ત્યારે, રાહુ વડે સૂર્યનો **'ગ્રાસ'** થાય છે, એવી એક અજ્ઞાનમૂલક (वस्तुलक्षणं हि अज्ञात्वा) અને સમાજ-પ્રચલિત લોકમાન્યતા છે. હકીકતમાં, આવું કશું બનતું જ નથી (रविः अग्रस्तः अपि). માત્ર, અંધારાંને લીધે સૂર્ય 'ગ્રસ્ત' થયો છે, એવા ખોટા દેખાવને કારણે (तमसा ग्रस्तवत् भानात्), લોકો ભ્રાંતિથી એમ કહે છે કે 'સૂર્ય ગ્રસ્ત થયો છે' (जनैः भ्रान्त्या सूर्यः ग्रस्तः इति उच्यते ।). 'સર્વ-પ્રકાશનાં ગંગોત્રી અને મૂળ-ભંડાર સમો સૂર્ય, અંધકાર વડે ઢંકાઈ જાય છે' - એમ કહેવું અથવા માનવું, એ તો, **'वदतो व्याघात'** (Contradiction in terms) જેવું હાસ્યાસ્પદ છે ! અને છતાં સામાન્ય-જનસમાજમાં આવી માન્યતા પ્રવર્તે છે, એ પણ એક, ભલે, 'ખોટી', પણ હકીકત તો છે જ !

આ ઉદાહરણનાં માધ્યમથી, આચાર્યશ્રી, સંભવતઃ એવો ધ્વન્યર્થ પાઠવવા માગતા હોય કે પોતાનાં વિશેનાં આવાં પ્રમાણપત્રોની સૂર્યને અને બ્રહ્મવિત્તમને શી પડી છે ? (What do they care ! In fact, 'they care a hoot !')

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૪૮-૫૪૯)

૫૫૦

अहिनिर्ल्वयिनीवायं मुक्तदेहस्तु तिष्ठति ।
इतस्ततश्चाल्यमानो यत्-किंचित् प्राणवायुना ॥५५०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અહિનિર્લ્વયિનીવાયં મુક્તદેહસ્તુ તિષ્ઠતિ ।
ઇતસ્તતશ્ચાલ્યમાનો યત્-કિંચિત્ પ્રાણવાયુના ॥૫૫૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

મુક્તદેહઃ અયં (બ્રહ્મવેત્તા) તુ, અહિ-નિર્લ્વયિની ઇવ, પ્રાણવાયુના યત્-કિંચિત્ ઇતઃ-ततઃ ચાલ્યમાનઃ તિષ્ઠતિ ॥૫૫૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : અયં (બ્રહ્મવેત્તા) તુ તિષ્ઠતિ । આ બ્રહ્મજ્ઞાની તો રહે છે, જીવન જીવ્યા કરે છે. કેવો છે આ બ્રહ્મજ્ઞાની ? મુક્તદેહઃ । જેણે દેહ એટલે કે દેહાધ્યાસ છોડ્યો છે, એવો મુક્તદેહ; જેણે દેહાભિમાન છોડ્યું છે, એવા બ્રહ્મજ્ઞાનીનો દેહ : વળી, એ કેવો છે ? પ્રાણવાયુના ઇતઃ ततઃ યત્-કિંચિત્ ચાલ્યમાનઃ । ચાલ્યમાનઃ (चल् એટલે ચાલવું, એ ધાતુનાં પ્રેરકનું કર્મણિ વર્તમાનકૃદંતનું રૂપ), - ચલાયમાન થતો; હરતો-ફરતો; ઇતઃ-ततઃ એટલે આમ-તેમ; યત્-કિંચિત્ એટલે લગાર, થોડું, કાંઈક; પ્રાણવાયુના - પ્રાણવાયુ વડે; કોની જેમ ? અહિ-નિર્લ્વયિનિ ઇવ । અહિ એટલે સાપ અને નિર્લ્વયિનિ એટલે કાંચળી (Slough); સાપે ત્યજેલી કાંચળીની જેમ; આ કાંચળીની જેમ, મુક્તદેહ જ્ઞાનીનો દેહ, આમતેમ ચલાયમાન થતો રહે છે. (૫૫૦)

અનુવાદ :

જેણે દેહ(-અધ્યાસ) છોડ્યો છે, એવો મુક્ત જ્ઞાની, સાપે ત્યજેલી કાંચળીની જેમ, પ્રાણવાયુને લીધે, આમતેમ, લગાર ચલાયમાન થતો રહે છે. (૫૫૦)

ટિપ્પણ :

આત્મજ્ઞાન થયા પછી, **'જીવન્મુક્ત'**, શરીર સાથે, કેવી રીતે જીવે છે, - એનું એક સંક્ષિપ્ત છતાં સચોટ શબ્દચિત્ર અહીં આપવામાં આવ્યું છે.

આ પહેલાં, આપણે જોયું છે તેમ, બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી આવા આત્મજ્ઞાનીની દેહ પરની સઘળી અહંતા અને મમતા અનાયાસે છૂટી ગઈ હોય છે;

એને અહીં 'मुक्तदेहः' એટલા માટે કહ્યો છે કે તેને દેહ હોવા છતાં, દેહાધ્યાસથી તે સંપૂર્ણરીતે મુક્ત હોય છે; પ્રાણવાયુ ચાલુ હોય છે, તેથી તેનો દેહ આમતેમ થોડો હરતો-ફરતો, 'ચલાયમાન થતો' હોય છે અને આવી દશામાં તે જીવિત રહેતો હોય છે (अयं मुक्तदेहः तु तिष्ठति ।).

જેણે દેહ પ્રત્યેનાં અભિમાનને છોડ્યું છે, એવા જ્ઞાનીના દેહ માટે, આચાર્યશ્રીએ, અહીં, એક સુંદર અને સમુચિત ઉપમા આપી છે, એની સમજૂતી આ પ્રમાણે છે :

એમ કહેવાય છે કે સાપ જ્યારે ઘરડો થાય છે ત્યારે, એની ચામડી, ધીમે-ધીમે, એનાં શરીર પરથી, ઊતરી જાય છે; સાપ, તે વખતે, નિશ્ચલ દશામાં પડ્યો રહે છે, અને કશું ખાતો નથી. જ્યારે તેની આ કાંચળી પૂરેપૂરી સૂકાઈ જાય છે ત્યારે, સાપ એમાંથી બહાર નીકળી જાય છે અને તે ફરી જીવંત દશા પ્રાપ્ત કરીને (Rejuvenated) જીવ્યા કરતો રહે છે. તેની જે કાંચળી ત્યાં કોઈ વાડમાં કે ઝાડાંખરમાં પડી રહે છે તે, સાપ જેવી જ હોય છે, તેનાં આકાર, દેખાવ અને લંબાઈ વગેરે મૂળ સાપ જેવાં જ હોય છે, પરંતુ સાપને હવે તે કાંચળી સાથે કશો જ સંબંધ હોતો નથી : કાંચળી સાપની પોતાની હોવા છતાં, સાપ સાથે એને કશું 'લેવા-દેવા' હોતું નથી. તેની સામું પણ જોયા વિના, સાપ તો, અહીં-તહીં, ગમે ત્યાં ફરતો રહે છે. તે કાંચળી તડકામાં તપે કે વરસાદમાં પલળે, વાડ પરથી વાતા પવન વડે ત્યાંથી ઊડીને કોઈ બીજી જગ્યાએ જઈને પડે, સાપને ન એની કશી ચિંતા હોય છે, ન એનું કશું સ્મરણ હોય છે !

આ આત્મજ્ઞાનીએ પણ, કશો પ્રયત્ન કર્યા વિના જ, શરીરના, શરીર પ્રત્યેના **'અહં'**ભાવનો, સહજ, અનાયાસ, ત્યાગ કર્યો છે. શરીરનાં સુખથી એને કશું સુખ થતું નથી, શરીરનાં દુઃખથી એને કશું દુઃખ થતું નથી : પ્રાણવાયુ દ્વારા એ શરીર ક્રિયાશીલ કે હાલતું-ચાલતું (चलायमानः) ભલે હોય, સાપની કાંચળીની માફક, એ શરીરનું એને સંપૂર્ણ વિસ્મરણ જ થઈ ગયું હોય છે. આયુષ્યની અવધિ પ્રમાણે કે **'પ્રારબ્ધ'**ના નિયમ પ્રમાણે, એ શરીર હરતું-ફરતું-જીવતું હોય, એટલું જ; જ્ઞાનીને એ શરીર સાથે કશો જ અંગત સંબંધ કે આત્મીયભાવ હોતો નથી : *સાપની કાંચળી* રાફડામાં, ત્યક્ત દશામાં, પડી રહે છે તેમ, જ્ઞાનીનું આ શરીર પણ, જીવિત દશામાં પણ આમ જ પડ્યું રહે છે.

બૃહદારણ્યક ઉપનિષદમાં, રાજર્ષિ જનકની સભામાં, સમગ્ર ભારતવર્ષમાંથી ત્યાં ઉપસ્થિત રહેલા વિદ્વાનોની સમક્ષ, જીવન્મુક્તનાં શરીરનું વર્ણન કરતાં, યાજ્ઞવલ્ક્ય આ જ ઉપમા આપે છે :

तद् यथा अहिर्निर्ल्वयिनी वल्मीके मृता प्रत्यस्ता शयीत । एवं एव इदं शरीरं शेते । (४, ४, ७)

("જેમ સાપની કાંચળી, સાપનાં શરીર પરથી પૃથક્ થયેલી, સાપે અનાત્મભાવથી ત્યજી દીધેલી, રાફડામાં પડી રહે, તેમ.જ, જીવન્મુક્તે, અનાત્મભાવથી ત્યજેલું આ શરીર, મરી ગયેલા જેવું, કશા જ સંબંધ વિના, પડ્યું રહે છે.")

શ્લોકમાં, સાપની કાંચળીની ઉપમા આપતી વખતે, આચાર્યશ્રી, આ શ્રુતિવાક્યનું જ વિવરણ-વિસ્તરણ કરી રહ્યા છે, એમાં શંકા નથી.

પરંતુ આ ઉપમા આપતાં પહેલાં, એ જ સંદર્ભમાં, **યાજ્ઞવલ્ક્યે** જે એક શ્લોક ટાંક્યો છે તે, અહીં, આપણી ચર્ચામાં, પ્રસ્તુત બની રહે તેવો હોવાથી, તેને ઉદ્ધૃત કરવાના પ્રલોભનને હું ટાળી શકતો નથી :

तद् एष श्लोको भवति, -

यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि स्थिताः ।
अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते इति ॥

("મોક્ષના સંબંધમાં, આ એક શ્લોક મળે છે : જ્યારે આ આપ્તકામ બ્રહ્મવેત્તાનાં હૃદયમાં રહેલી, ઇન્દ્રિયોનાં કારણરૂપ સર્વ વાસનાઓ વિનાશ પામે છે ત્યારે, પૂર્વે-મરણધર્મવાળો હોવા છતાં તે, અવિનાશી થાય છે.")

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૫૦)

૫૫૧

स्रोतसा नीयते दारु यथा निम्नोन्नतस्थलम् ।
दैवेन नीयते देहो यथाकालोपभुक्तिषु ॥५५१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સ્રોતસા નીયતે દારુ યથા નિમ્નોન્નતસ્થલમ્ ।
દૈવેન નીયતે દેહો યથાકાલોપભુક્તિષુ ॥૫૫૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા સ્રોતસા દારુ નિમ્ન-ઉન્નત-સ્થલં નીયતે, (તથા) દેહઃ દૈવેન યથા-કાલ-ઉપભુક્તિષુ નીયતે ॥૫૫૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (તથા) દેહઃ દૈવેન નીયતે । દેહને, એટલે કે તે બ્રહ્મજ્ઞાનીના દેહને, લઈ જવામાં આવે છે, પહોંચાડવામાં આવે છે. ક્યાં પહોંચાડવામાં આવે છે ? યથા-કાલ-ઉપભુક્તિષુ । વખતસર ભોજન વગેરે ઉપભોગમાં; નિયત સમયે વિવિધ ભોગોમાં. આવું કોના વડે કરવામાં આવે છે ? - દૈવેન । દૈવ એટલે કે પ્રારબ્ધ વડે. તથા એટલે તેવી રીતે. 'તેવી રીતે' એટલે કેવી રીતે ? હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તેવી રીતે.

(૨) યથા સ્રોતસા દારુ નીયતે । દારુ એટલે લાકડું, લાકડાંનું પાટિયું (Timber, A log of wood); સ્રોતસા એટલે જળપ્રવાહ (Current) વડે. ક્યાં લઈ જવામાં આવે છે (નીયતે) ? નિમ્ન-ઉન્નત-સ્થલમ્ । નિમ્ન એટલે નીચું; ઉન્નત એટલે ઊંચું; નીચાં-ઊંચાં-સ્થાનોમાં લઈ જવામાં આવે છે. યથા - જેવી રીતે; તેવી રીતે, દેહને લઈ જવામાં આવે છે. (૫૫૧)

અનુવાદ :

જેમ જળપ્રવાહ લાકડાંને (નદીનાં) નીચાં-ઊંચાં-સ્થાનોમાં લઈ જાય છે, તેમ દૈવ (બ્રહ્મજ્ઞાનીના) દેહને નિયમ સમયે (ભોજન વગેરે) વિવિધ ઉપભોગોમાં લઈ જાય છે.(૫૫૧)

ટિપ્પણ :

બ્રહ્મસાક્ષાત્કાર પામેલા જીવન્મુક્તના દેહની પરિસ્થિતિ વિશે, અહીં પણ, એવું જ, યથાપૂર્વ, પ્રતિપાદન કરવામાં આવે છે.

આપણે જોયું (ગયા શ્લોકમાં) કે આત્મજ્ઞાનીએ તો પોતાના દેહ વિશેનું અભિમાન છોડી દીધું હોવાથી (મુક્તદેહઃ), તેનો દેહ તો પ્રાણવાયુથી આમતેમ કાંઈક ચલાયમાન થતો રહે છે.

ભલે આત્મજ્ઞાનીએ દેહાધ્યાસ સંપૂર્ણરીતે છોડી દીધો હોય, પરંતુ દેહને ટકાવી રાખવા માટે, તેના નિયત થયેલા સમયે, ખાવા-પીવાની તો જરૂર પડે ને ? આની શી અને કેવી વ્યવસ્થા, કોણ કરે છે ? આત્મજ્ઞાનીને તો, અલબત્ત, આમાં કશો જ અંગત રસ હોતો નથી, પરંતુ તેનાં ભૂતકાલીન કર્મો અનુસાર, એનું ' **પ્રારબ્ધ**' અથવા દૈવ (Destiny) તો, એની ગતિ, પ્રમાણે કામ કર્યા જ કરતું હોય છે. આ દૈવ જ આત્મજ્ઞાનીનાં ભોજન વગેરે વિવિધ ભોગોની વ્યવસ્થા કરે છે અને તેના નિયત સમયે, વખતસર, આત્મજ્ઞાનીના દેહને, તે-તે ઉપભોગોમાં, તે-તે સ્થાને, પહોંચાડી દે છે : આમ,દેહનેં, દૈવ, યથાકાળ, ભોજન વગેરે અપાવે તો ઠીક છે, દેહ એ બધું ગ્રહણ કરે છે; પરંતુ દૈવ જો દેહને આ બધાંથી વંચિત રાખે તો, દેહ

તો, સ્થગિત થઈને, એમ ને એમ, પડ્યો રહે છે, એને એની કશી ચિંતા હોતી નથી : પેલી અનિવાર્ય જરૂરિયાતો પોષાય તો, આનંદ નહીં અને ન મળે તો, એનું કશું દુઃખ નહીં ! નીયતે ('લઈ જવામાં આવે છે') એવી કર્મણિ (Passive) વાક્યરચના, દેહની પોતાની સંપૂર્ણ નિષ્ક્રિયતાના ભાવને, સમુચિત ઉઠાવ આપે છે.

આત્મજ્ઞાનીનો દેહ, તેનાં ભૂતકાળનાં કર્મ અને તે કર્મફળોના આધાર તથા આવેગ પર જ નિર્ભર રહીને નભે છે તે હકીકત, પ્રતીતિકારક બની રહે તે માટે, અહીં પણ, આચાર્યશ્રી, એવી જ સુયોગ્ય ઉપમા આપે છે : નદીના જળપ્રવાહમાં લાકડું, તણાતું-તણાતું, નદીનાં વિવિધ નીચાં-ઊંચાં સ્થળે પહોંચે છે; પરંતુ આ બાબતમાં, લાકડાની પોતાની ઇચ્છાને કશું જ સ્થાન નથી : એને પોતાને કોઈ નક્કી કરેલાં સ્થળે પહોંચવાની ઇચ્છા હોતી જ નથી; જમણી-બાજુએ કે ડાબી-બાજુએ, ઊંચી કે નીચી જગાએ પહોંચતું તે દેખાય છે તેમાં પણ, નદીનું પૂર (Flood) જ બધો ભાગ ભજવે છે : લાકડાંનાં સ્થિતિ-ગતિ-નિયતિ-દિશા વગેરે નદીનાં પાણી જ નક્કી કરે છે !

આ વાક્યમાં પણ, ક્રિયાપદની કર્મણિ રચના (નીયતે), લાકડાંની દયનીય દશાને સુયોગ્ય રીતે અભિવ્યક્ત કરવામાં સારી રીતે, સહાયભૂત થાય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૫૧)

૫૫૨

प्रारब्धकर्मपरिकल्पितवासनाभिः
संसारिवच्चरति भुक्तिषु मुक्तदेहः ।
सिद्धः स्वयं वसति साक्षिवदत्र तूष्णीं
चक्रस्य मूलमिव कल्पविकल्पशून्यः ॥५५२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પ્રારબ્ધકર્મપરિકલ્પિતવાસનાભિઃ
સંસારિવચ્ચરતિ ભુક્તિષુ મુક્તદેહઃ ।
સિદ્ધઃ સ્વયં વસતિ સાક્ષિવદત્ર તૂષ્ણીં
ચક્રસ્ય મૂલમિવ કલ્પવિકલ્પશૂન્યઃ ॥૫૫૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

મુક્તદેહઃ (બ્રહ્મવેત્તા) પ્રારબ્ધકર્મપરિકલ્પિતવાસનાભિઃ ભુક્તિષુ સંસારિવત્

चरति; अत्र सिद्धः (तु) स्वयं, चक्रस्य मूलं इव, कल्पविकल्पशून्यः साक्षिवत् तूष्णीं वसति ॥५५२॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) मुक्तदेहः (ब्रह्मवेत्ता) भुक्तिषु चरति । मुक्तदेहः એટલે એવો બ્રહ્મજ્ઞાની, જે, દેહાભિમાનથી મુક્ત થયો છે, દેહાભિમાન-રહિત છે, અથવા આવા બ્રહ્મજ્ઞાનીનો દેહ : એ શું કરે છે ? - चरति । વિચરે છે, સક્રિય બને છે, પ્રવૃત્ત થાય છે. આ જ मुक्तदेहः-શબ્દ, આ જ અર્થમાં, શ્લોક-૫૫૦માં પણ પ્રયોજાયો છે. આ બ્રહ્મજ્ઞાની શામાં વિચરે છે ? - भुक्तिषु । ભોગોમાં, ઉપભોગોમાં. કોની જેમ, તે, આ પ્રમાણે, વિચરે છે ? - संसारिवत् । સંસારી મનુષ્યની જેમ. આમ, તે, શાના કારણે, કરે છે ? - प्रारब्धकर्म-परिकल्पित-वासनाभिः । परिकल्पित એટલે કલ્પવામાં આવેલી, બનાવટી, કૃત્રિમ; પ્રારબ્ધકર્મના યોગે કલ્પાયેલી વાસનાઓથી.

(૨) सिद्धः (अयं ब्रह्मवेत्ता) स्वयं तु अत्र तूष्णीं वसति । પરંતુ સિદ્ધ એવો આ બ્રહ્મજ્ઞાની પોતે તો, અહીં (આ ભોગોમાં) મૌન (तूष्णीं) બેસી રહે છે. કેવી રીતે બેસી રહે છે ? साक्षिवत् । સાક્ષીની જેમ, સાક્ષીભાવે. એનો એ સાક્ષીભાવ કેવો હોય છે ? कल्प-विकल्प-शून्यः । સંકલ્પો-વિકલ્પો-વિનાનો, સંકલ્પ-વિકલ્પ-રહિત; સંકલ્પો-વિકલ્પો છોડીને. એનું આવું વર્તન કોના જેવું છે ? चक्रस्य मूलं इव । चक्र એટલે કુંભારનો ચાકડો; मूलं એટલે ચાકડાનું કેન્દ્રસ્થાન, આધારકાષ્ઠ (Pivot). (૫૫૨)

અનુવાદ :

દેહાભિમાન-રહિત થયેલો બ્રહ્મજ્ઞાની, પ્રારબ્ધ-કર્મનાં બળે કલ્પવામાં આવેલી વાસનાઓથી, ભોગોમાં, સંસારીની જેમ વિચરે છે; પરંતુ સિદ્ધ પુરુષ પોતે તો, ચાકડાનાં મૂળની જેમ, અહીં (ભોગોમાં) સંકલ્પ-વિકલ્પ-રહિત બનીને, સાક્ષીભાવે, મૌન બની રહે છે. (૫૫૨)

ટિપ્પણ :

જીવન્મુક્ત બ્રહ્મજ્ઞાની પણ, જગતના કોઈ પણ સામાન્ય સંસારીની જેમ જ, વિચરતો રહે છે (चरति). પરંતુ એની અને સંસારી વચ્ચે સૌથી મોટો તફાવત એ હોય છે કે તે 'मुक्तदेह' છે, એટલે કે તેણે દેહ વિશેનો 'અહં'ભાવ સંપૂર્ણરીતે ત્યજી દીધો છે, એનાથી તે પૂરેપૂરો મુક્ત થઈ ગયો છે.

અને પ્રારબ્ધ-કર્મનાં બળે કલ્પિત વાસનાઓ તો પોતાનું કામ કર્યા જ કરતી હોય છે, એટલે આવા પ્રારબ્ધયોગે જે કશા ભોગોમાં પ્રવૃત્ત થવાનું તેને માટે બને, તેના ભાગે આવે, તેનો, તે તિરસ્કાર કરતો નથી; અને કદાચ આવા કોઈ ઉપભોગો કે પદાર્થોનો અભાવ ઊભો થાય તો, તેને, તેની કશી આશા કે અપેક્ષા પણ હોતી નથી. તે તો પોતાનાં મૂળ આત્મસ્વરૂપમાં જ લીન હોય છે, તેથી પેલી વાસનાઓને કારણે જે કાંઈ બને, તે વિશે કશા તર્ક-વિતર્ક તે કરતો નથી; એટલું જ નહીં પરંતુ આવી બધી ઘટનાઓ વિશે એના કશા અંગત પ્રતિભાવો પણ તેને હોતા નથી. ટૂંકમાં, પ્રારબ્ધ-કર્મનાં ફલ-સ્વરૂપ વાસનાઓનાં બળે, સંસારમાં પ્રવૃત્ત થવાની ઘટનાથી તો, તે પણ મુક્ત નથી; તેને પણ, સંસારીની જેમ વિચરવું તો પડે જ; પરંતુ તેને પોતાને પૂરી પ્રતીતિ છે કે તે પોતે તો **'મુક્તદેહ'** છે ! 'સિદ્ધ પુરુષ' છે ! એટલે દેહની કોઈ જ પ્રવૃત્તિમાં તે સામેથી કશું વિઘ્ન ઊભું કરતો નથી, દેહને ફાવે ત્યાં ફરવા-વિચરવા દે છે.

અને તેણે તો સર્વ સંકલ્પો-વિકલ્પો છોડી દીધા છે, એટલે સંસારીની જેમ વિચરવામાં એને કશાં જોખમોનો ભય જ હોતો નથી; એટલે તે તો સંપૂર્ણરીતે સ્વસ્થ રહીને, આવું-બધું વાસનાઓનું કાર્ય ચાલી રહ્યું હોય ત્યારે, તે આખાયે સમય દરમિયાન, સાક્ષીભાવે સઘળું જોયા કરે છે અને મૌન બનીને બેસી રહે છે ! પૂરેપૂરો અફર અને અવિચળ રહે છે ! જરા પણ સંડોવાયા વિના, પોતાનાં **'તૂષ્ણીભાવ'**ને સાચવી રાખે છે !

આચાર્યશ્રી, અહીં પણ, એમની નિરૂપણ-શૈલી પ્રમાણે (True to his style !), બરાબર બંધબેસતું દૃષ્ટાંત આપે છે : કુંભાર, માટીમાંથી ભિન્ન પાત્રો (ઘડા, કોડિયાં, તાવડી, લોટા વગેરે) બનાવતો હોય ત્યારે, એનો ચાકડો તો સતત ફરતો જ રહે છે, અને ચાકડાનાં આ બધાં પ્રવર્તનો (Movements) જેના આધારે ચાલી રહ્યાં હોય છે તે, તેના આધારસ્વરૂપ ખીલો (મૂલં) તો, સતત અચળ અને અફર જ રહેતો હોય છે ! ચાકડા પર ક્યાં અને કેવાં પાત્રો સર્જાય છે તેમાં, ચાકડાનાં આધારકાષ્ઠ એવા આ ખીલાને જરા પણ રસ નથી !

એ જ રીતે, આ સિદ્ધ બ્રહ્મજ્ઞાની પણ, પેલી વાસનાઓની લીલા ચાલી રહી હોય ત્યારે પણ, તેનાં દેહ-મન-બુદ્ધિ વગેરે એમાં ગમે તે રીતે જોડાતાં હોય, તે પોતે તો, કુંભારના ચાકડાના આધારરૂપ ખીલાની જેમ, સંપૂર્ણરીતે, અસંબદ્ધ, સ્વસ્થ અને સ્થિર રહે છે, તટસ્થભાવે, મૌન રહીને બધું જોયા કરે છે !

દેહ-વગેરેની પ્રવૃત્તિઓ સતત ચાલ્યા કરતી હોય ત્યારે પણ, એ તો સંપૂર્ણરીતે અપરિવર્તનશીલ જ રહે છે.

શ્લોકનો **છંદ : વસંતતિલકા** (૫૫૨)

૫૫૩

नैवेन्द्रियाणि विषयेषु नियुङ्क्त एव
नैवोपयुङ्क्त उपदर्शनलक्षणस्थः ।
नैव क्रियाफलमपीषदपेक्षते सः
स्वानन्दसान्द्ररसपानसुमत्तचित्तः ॥५५३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

નૈવેન્દ્રિયાણિ વિષયેષુ નિયુઙ્ક્ત એવ
નૈવોપયુઙ્ક્ત ઉપદર્શનલક્ષણસ્થઃ ।
નૈવ ક્રિયાફલમપીષદપેક્ષતે સઃ
સ્વાનન્દસાન્દ્રરસપાનસુમત્તચિત્તઃ ॥૫૫૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(एषः) सः (ब्रह्मवेत्ता) स्व-आनन्द-सान्द्र-रसपान-सुमत्त-चित्तः (सन्), उपदर्शनलक्षणस्थः (च सन्), इन्द्रियाणि विषयेषु न एव नियुङ्क्ते, न एव उपयुङ्क्ते, ईषद् अपि क्रियाफलं न अपेक्षते ॥५५३॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (एषः) सः (ब्रह्मवेत्ता) इन्द्रियाणि विषयेषु न एव नियुङ्क्ते । (एषः) सः, - એટલે, જેની જીવનશૈલી વિશે ચર્ચા ચાલી રહી છે, તે જ આ બ્રહ્મજ્ઞાની. તે શું કરે છે ? અથવા નથી કરતો ? न एव नियुङ्क्ते । તે જોડતો નથી, નિયુક્ત કરતો નથી; લગાવતો નથી. કોને ? इन्द्रियाणि । પોતાની ઇન્દ્રિયોને. ક્યાં ? શામાં ? विषयेषु । વિષયોમાં. તે પોતાની ઇન્દ્રિયોને વિષયોમાં નથી જ જોડતો.

(૨) (एषः) सः । તે જ બ્રહ્મજ્ઞાની **બીજું** શું કરે છે ? અથવા, નથી કરતો ? (इन्द्रियाणि विषयेषु) न एव उपयुङ्क्ते । ઇન્દ્રિયો, વિષયો તરફ જતી હોય તો, તેમને રોકતો પણ નથી, તેમનો ઉપયોગ પણ કરતો નથી.

(૩) (एषः) सः । એ જ બ્રહ્મજ્ઞાની **ત્રીજું** શું કરે છે ? અથવા, નથી કરતો ? - ईषद् अपि क्रियाफलं न एव अपेक्षते । ईषद् अपि એટલે જરા પણ, પોતાનાં કર્મનાં ફળની જરાયે અપેક્ષા પણ રાખતો નથી.

તો પછી, તે જ આ બ્રહ્મજ્ઞાની, આ સમગ્ર સમય દરમિયાન, શું કરતો હોય છે ? - આ બે પ્રકારનો અભિગમ જાળવી રાખે છે : (અ) स्व-आनन्द-सान्द्र-रसपान-सुमत्त-चित्तः (सन्) । सान्द्र એટલે ઘનીભૂત, સઘન, ઘટ્ટ; सुमत्त એટલે સારી રીતે મત્ત, ઉન્મત્ત; પોતાના આનંદરૂપી અમૃત(Ecstascy of elixir of Bliss)નાં સઘન રસપાન દ્વારા, સારી રીતે મત્ત-ચિત્તવાળો (બનીને, થઈને); (બ) उपदर्शन-लक्षणस्थः (सन्) । उपदर्शन એટલે ઉપદૃષ્ટા, સાક્ષી; સાક્ષી જેવાં લક્ષણોવાળો બનીને, એવાં લક્ષણો ધારણ કરીને.

આવા બે પ્રકારનું વલણ અપનાવીને, તે જ આ બ્રહ્મજ્ઞાની, ઉપર્યુક્ત ત્રણ પ્રક્રિયાઓ કરતો જ નથી, એમાં સંડોવાતો નથી, એનાથી અળગો જ રહે છે. (૫૫૩)

અનુવાદ :

તે જ આ (બ્રહ્મજ્ઞાની), પોતાના આનંદરૂપી અમૃતનાં સઘન રસપાન વડે પોતાનાં ચિત્તને ઉન્મત્ત રાખીને અને સાક્ષી જેવાં લક્ષણો ધારણ કરીને, (પોતાની) ઇન્દ્રિયોને વિષયોમાં નથી જોડતો કે નથી તેમને તેમ કરતાં રોકતો; વળી, તે(પોતાનાં) કર્મનાં ફળની જરા પણ અપેક્ષા રાખતો નથી. (૫૫૩)

ટિપ્પણ :

આપણે, આ પહેલાં, જોયું છે કે બ્રહ્મસાક્ષાત્કાર પછી પણ, જીવન્મુક્ત આત્મજ્ઞાનીને, પોતાનાં એ જ શરીર વગેરેની સાથે, આ જ સંસારમાં, આયુષ્યનો શેષ સમય વ્યતીત કરવાનો હોય છે. સંસારમાંનાં તેનાં કાળનિર્ગમન દરમિયાન, સાંસારિક પ્રવૃત્તિઓ તરફ (Transactions) તેનો અભિગમ, તેનું વલણ વગેરે કેવાં હોય છે, - તેનો નિર્દેશ અહીં કરવામાં આવ્યો છે.

પહેલી વાત તો એ કે તે, પોતાની ઇન્દ્રિયોને સભાન રીતે કે પ્રયત્નપૂર્વક વિષયો તરફ જવા પ્રેરતો નથી (न एव नियुङ्क्ते); પરંતુ જો ઇન્દ્રિયો પોતાના મૂળ સ્વભાવ પ્રમાણે, વિષયો તરફ સ્વયમેવ ગતિ કરતી હોય તો, એવા જ ભાન કે પ્રયત્ન વડે, તે, તેમને રોકતો પણ નથી : સાચી વાત તો એ છે કે ઇન્દ્રિયોના વિષયભોગમાં નથી તેને પોતાના અંગત રસ-રાગ, અને એ જ રીતે નથી તેમાં તેને દ્વેષ-અણગમો કે નફરત. કોઈ પણ કર્મ સકામ હોય કે નિષ્કામ, તેને તેમાં કશા *રાગદ્વેષ હોતા નથી : તેનું વલણ તો એક સાચા સિદ્ધ બ્રહ્મજ્ઞાનીને છાજે એવું નિષ્પક્ષ* હોય છે. આવી સર્વ પ્રવૃત્તિઓ-પ્રક્રિયાઓ ચાલી રહી હોય ત્યારે, પોતાના સમગ્ર જીવનવ્યવહાર પ્રત્યે, તે તો, **'શરીરી'** છતાં **'અશરીરી'**ની જેમ, મૂક પ્રેક્ષકની માફક

(Like an unconcerned onlooker), તે તો સાક્ષીભાવે, તટસ્થભાવે, જોયા કરતો હોય છે (उपदर्शन-लक्षणस्थः). આવા ઉપદૃષ્ટા બનવામાં પણ તેને કશો વાંધો હોતો નથી.

બીજું એ કે જેમ ઇન્દ્રિયોને તે વિષયો તરફ પ્રેરતો નથી કે તે તરફ જતી હોય તો તેમને રોકતો નથી, તે જ રીતે તેને નથી રસ કર્મમાં કે તે જ કર્મનાં ફળમાં : હકીકતમાં, આ બાબતમાં પણ તેને જરા પણ અપેક્ષા હોતી નથી (ईषद अपि क्रियाफलं न अपेक्षते ।)

ઉપર્યુક્ત બંને, સામાન્યતઃ અશક્ય, એવા અભિગમો સફળતાપૂર્વક તે સંપન્ન કરી શકે છે, એની પાછળનું સાચું કારણ એ છે કે તે જ આ (सः एषः) બ્રહ્મવેત્તાનું ચિત્ત તો, સદા-સર્વદા, પોતાના આનંદનાં ઘનીભૂત રસપાનમાં જ મસ્ત હોય છે, સુમત્ત હોય છે, ઉન્મત્ત હોય છે ! (स्वानन्द-सान्द्र-रसपान-सुमत्त-चित्तः ।)

વિષયોના ઉપભોગોમાંથી સાંપડતા સર્વ સ્થૂલ આનંદ પ્રત્યે તે ઉદાસીન એટલા માટે હોય છે કે આત્માના અમિશ્ર અને સઘન રસનાં પાન વડે એનાં મન-હૃદય સદા-સર્વત્ર, સાત્ત્વિક રીતે, સુ-મત્ત હોય છે : નિજાનંદની એ રસ-મસ્તી સમક્ષ, વિષય-વાસનાના ઇન્દ્રિય-કક્ષાના આ હીન, **'કહેવાતા'** (So-called) આનંદોની શી વિસાત !

ક્યાં ઉચ્ચ, આધ્યાત્મિક આનંદ-ઘન રસામૃત, અને ક્યાં અધઃપતનની ઊંડી ખીણ તરફ પટકતું પ્રાણઘાતક વિષ !

શ્લોકનો છંદ : **વસંતતિલકા** (૫૫૩)

૫૫૪

लक्ष्यालक्ष्यगतिं त्यक्त्वा यस्तिष्ठेत् केवलात्मना ।
शिव एव स्वयं साक्षादयं ब्रह्मविदुत्तमः ॥५५४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

લક્ષ્યાલક્ષ્યગતિં ત્યક્ત્વા યસ્તિષ્ઠેત્ કેવલાત્મના ।
શિવ એવ સ્વયં સાક્ષાદયં બ્રહ્મવિદુત્તમઃ ॥૫૫૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यः लक्ष्य-अलक्ष्य-गतिं त्यक्त्वा केवलात्मना तिष्ठेत् , (सः) अयं ब्रह्मविद्-उत्तमः स्वयं साक्षात् शिवः एव (अस्ति) ॥५५४॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (સઃ) અયં બ્રહ્મવિદ્-ઉત્તમઃ સ્વયં સાક્ષાત્ શિવઃ એવ (અસ્તિ) । બ્રહ્મવિદ્-ઉત્તમઃ । એટલે બ્રહ્મજ્ઞાનીઓમાં ઉત્તમ, શ્રેષ્ઠ; એટલે શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની; તે આ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની પોતે સાક્ષાત્ શિવસ્વરૂપ જ છે.

કેવા શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાનીની આ વાત છે ? - યઃ કેવલાત્મના તિષ્ઠેત્ । જે કેવલ આત્મભાવે જ રહે છે, જે માત્ર આત્માસ્વરૂપે જ રહે છે. શું કર્યા પછી તે આ રીતે રહે છે ? લક્ષ્ય-અલક્ષ્ય-ગતિં ત્યક્ત્વા । લક્ષ્ય એટલે કોઈક નક્કી કરેલું પ્રાપ્તવ્ય, સગુણ-સાકારરૂપી **'લક્ષ્ય'**, કોઈક નિશ્ચિત ધ્યેય; **અલક્ષ્ય** એટલે આવું લક્ષ્ય ન હોય, તેવું, કંઈક; નિર્ગુણ-નિરાકારરૂપી **'અલક્ષ્ય'**. ગતિ એટલે દૃષ્ટિ, સ્થિતિ, ભાવના, વિભાવના; **ત્યક્ત્વા** - એટલે ત્યજીને, છોડીને. (૫૫૪)

અનુવાદ :

'લક્ષ્ય' અને **'અલક્ષ્ય'** બંને પ્રકારની સ્થિતિઓને ત્યજીને, જે, કેવલ આત્મા-સ્વરૂપે જ રહે છે, તે શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની પોતે સાક્ષાત્ શિવ-સ્વરૂપ જ છે. (૫૫૪)

ટિપ્પણ :

આમ તો, બ્રહ્મવેત્તાની અંગત દૃષ્ટિએ, બ્રહ્મ સિવાય અન્ય કશું હોતું જ નથી : તેનાં સમગ્ર જીવનનું એક માત્ર **'લક્ષ્ય'** (Goal, Aim) માત્ર **'બ્રહ્મ'** જ હોય છે, અને તે તો તેણે પોતાના ગુરુદેવની કૃપાથી પ્રાપ્ત કરી લીધું છે, – હકીકતમાં તે તો આ લક્ષ્યસ્વરૂપ જ, બ્રહ્મસ્વરૂપ જ, બની ગયો છે; એટલે તેના માટે કોઈ બીજું, ભિન્ન, લક્ષ્ય રહેતું જ નથી.

પરંતુ પરિસ્થિતિ આવી હોવાને કારણે, તે જડ, નિષ્ક્રિય, આળસુ કે સુષુપ્તની જેમ જ્ઞાનશૂન્ય પણ હોતો નથી. સ્વયં ચિત્સ્વરૂપ હોવાથી, તેનું જીવન રસવિહીન કે નીરસ પણ નથી, **'અલક્ષ્ય'** એટલે કે લક્ષ્ય-વિહોણું પણ નથી, કારણ કે તે તો સદા આત્મનિષ્ઠ છે, કેવલ આત્મ-સ્વરૂપ જ છે. આમ, તે, આ બંને ગતિઓથી પર બની ગયો છે.

કેટલાક મનુષ્યો એવા હોય છે, જે, સગુણ-સાકારને જ પોતાનાં જીવનનું **'લક્ષ્ય'** સમજે છે અને નિર્ગુણ-નિરાકારને **'અલક્ષ્ય'** સમજે છે. પરંતુ સૂક્ષ્મ બ્રાહ્મી વિભાવના પ્રમાણે તો, આવી બંને દૃષ્ટિઓ અનુચિત છે : હકીકત એ છે કે **લક્ષ્ય-અલક્ષ્ય, સાકાર-નિરાકાર, સગુણ-નિર્ગુણ, જ્ઞેય-અજ્ઞેય,** - આવી બધી ગતિઓ, બ્રહ્મવેત્તાની દૃષ્ટિએ, **'સાપેક્ષ'** કહેવાય, અને શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની (બ્રહ્મવિદુત્તમઃ) તો, પોતાને માત્ર **'નિરપેક્ષ'**-સ્વરૂપે જ જાણે છે, અને એવા **'કેવલ'** **'નિરપેક્ષ'**-આત્મા-

સ્વરૂપમાં જ સદા સ્થિત થઈને જ જીવન જીવે છે.

આવી એની આત્મનિષ્ઠતાને કારણે જ આવો ઉત્તમ બ્રહ્મવેત્તા, સ્વયં સાક્ષાત્ શિવસ્વરૂપ બની રહે છે.

'લક્ષ્ય'ને પામવાની અને 'લક્ષ્ય'થી ન ચળવાની, - આવી બંને ચિંતાથી બ્રહ્મજ્ઞાની તો હંમેશાં અળગો જ રહે છે. અને આવી ચિંતા-મુક્તિ એ જ **'અપવ્યય'** (Dissipation) - મુક્તિ, એ જ માંગલ્ય અને કલ્યાણનું મૂર્તિમંત સ્વરૂપ ! સાક્ષાત્ શિવત્વ ! (Embodiment of Auspiciousness !)

અને બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ હોય તે જ આવાં સાક્ષાત્ શિવ-પદને પામે છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૫૪)

૫૫૫

जीवन्नेव सदा मुक्तः कृतार्थो ब्रह्मवित्तमः ।
उपाधिनाशाद् ब्रह्मैव सन् ब्रह्माप्येति निर्द्वयम् ॥५५५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

જીવન્નેવ સદા મુક્તઃ કૃતાર્થો બ્રહ્મવિત્તમઃ ।
ઉપાધિનાશાદ્ બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ નિર્દ્વયમ્ ॥૫૫૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

બ્રહ્મવિત્તમઃ જીવન્ એવ સદા મુક્તઃ કૃતાર્થઃ (ચ અસ્તિ), ઉપાધિનાશાદ બ્રહ્મ એવ સન્, નિર્દ્વયં બ્રહ્મ અપ્યેતિ ॥૫૫૫॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) બ્રહ્મવિત્તમઃ સદા મુક્તઃ કૃતાર્થઃ (ચ અસ્તિ) । આવો સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાની સદા મુક્ત અને કૃતાર્થ જ હોય છે. આ જ બ્રહ્મવિત્તમ-શબ્દ, આ પહેલાં, શ્લોક-૫૪૯માં પ્રયોજાઈ ચૂક્યો છે. તે મુક્ત અને કૃતકૃત્ય તો છે જ, પરંતુ તેની વિશિષ્ટતા એ છે કે તે પોતે જીવતો હોવા છતાં જ, એટલે કે પોતાના જીવનસમય દરમિયાન જ (જીવન્ એવ), મુક્તિ પામ્યો છે અને તેથી જ તે **'જીવન્મુક્ત'** એવું, માત્ર એના એકના માટે જ પ્રયોજાઈ શકે એવું, અનન્ય પદ પામ્યો છે.

'જીવન્મુક્ત'-શબ્દમાંનો આ 'જીવન્'-શબ્દને વ્યાકરણની દૃષ્ટિએ જરા સમજવા જેવો છે : જીવ્ એટલે 'જીવવું' - એ ધાતુનું જીવન્ - એ શબ્દ વર્તમાન-કૃદંત

પુંલિંગ પ્રથમા વિભક્તિ એકવચનનું રૂપ છે.

સામાન્ય રીતે, મોક્ષ વિશેની વિભાવના એવી હોય છે કે મનુષ્યજીવનનો આ **ચોથો**, પરમ અને ચરમ પુરુષાર્થ, મનુષ્ય, મૃત્યુ પછી પામે છે, જીવનકાળ દરમિયાન નહીં. મૃત્યુ પામ્યા પહેલાં, જીવતાં રહીને, જીવતે-જીવત(Living) મોક્ષની પ્રાપ્તિ કરવી, તે એક ઉચ્ચ અને અપૂર્વ ઉપલબ્ધિ છે, અને તેથી જ તેનાં આ વિરલ પદ(Status) માટે **'જીવન્મુક્ત'** એવા વિશિષ્ટ શબ્દની રચના કરવામાં આવી છે અને આવું પદ પામનાર માટે જ આ શબ્દ પ્રયોજાય છે.

(૨) સઃ નિર્દ્વયં બ્રહ્મ અપ્યેતિ । અપ્યેતિ એટલે પામે છે, પ્રાપ્ત કરે છે. આવો પૂર્ણ-બ્રહ્મવેત્તા અદ્વિતીય બ્રહ્મને જ પામે છે, બ્રહ્મમાં જ લીન થઈ જાય છે.

અહીં પ્રયોજાયેલા અપ્યેતિ - એ ક્રિયાપદમાં, ઇ - એટલે જવું, એ ધાતુનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ એતિ થાય; એની આગળ અપિ - ઉપસર્ગ લગાવવામાં આવ્યો છે.

આ અપિ - ઉપસર્ગ વિશે આટલું નોંધપાત્ર છે :

(૧) **એક** તો, એ કે કેટલીક વાર, અપિ-નો અ-એ અક્ષરનો લોપ કરવામાં આવે છે. દા.ત. અપિ+ધામાં અપિધાન અને પિધાન, અપિહિત અને પિહિત, - બંને રૂપો થાય.

(૨) **બીજું**, અહીં, અપિ+ઇનો અર્થ નાશ થાય છે; અપ્યેતિ એટલે, ઉપાધિનાશને કારણે, શ્રેષ્ઠ-બ્રહ્મવેત્તા, અદ્વિતીય બ્રહ્મમાં **'લીન'** થઈ જાય છે, ત્યારપછી તેનું અસ્તિત્વ રહેતું નથી.

(૩) **ત્રીજું**, પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં, આ અપિ - શબ્દ, ઉપસર્ગ ઉપરાંત, એક સ્વતંત્ર અવ્યય (Adverb) તરીકે પણ પ્રયોજાય છે.

બ્રહ્મમાં તે લીન તો થઈ જાય છે, પરંતુ તે તો **'જીવન્મુક્ત'** જ છે, એટલે એને કાંઈ નવેસરથી, બીજી વાર, બ્રહ્મ બનવાનું રહેતું નથી : **બ્રહ્મ એવ સન્** । બ્રહ્મભાવમાં જ સ્થિત થયેલો હોવાથી, બ્રહ્મભાવનો અનુભવ કરતાં-કરતાં જ, તે બ્રહ્મમાં લીન થઈ જાય છે.

આ સન્ - શબ્દ પણ વ્યાકરણની દૃષ્ટિએ, જીવન્ જેવો જ છે : અસ્ એટલે થવું-હોવું, એ ધાતુનું વર્તમાનકૃદંત પુંલિંગ પ્રથમા-એકવચનનું રૂપ : 'હોતાં' - 'થતાં'.

માત્ર એક જ તફાવત, તેની બાબતમાં, હોય છે અને તે એ કે તે **'જીવન્મુક્ત'** થયા પછી પણ, શરીરરૂપી ઉપાધિને સાથે રાખીને, મૃત્યુનાં આગમન સુધી જીવતો હતો : હવે એ ઉપાધિ પણ દૂર થતાં (**उपाधिनाशात्**), હવે, તે, આ રીતે, અદ્વિતીય બ્રહ્મમાં લીન થઈ જાય છે. (૫૫૫)

અનુવાદ :

આવો શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની જીવનસમયમાં જ સદા મુક્ત અને કૃતાર્થ હોય છે : (માત્ર, શરીરરૂપી તેની) ઉપાધિનો નાશ થતાં, (પહેલેથી જ) તે બ્રહ્મભાવમાં સ્થિત થયેલો હોવાથી, હવે તે અદ્વિતીય બ્રહ્મમાં લીન થઈ જાય છે. (૫૫૫)

ટિપ્પણ :

આમ તો શ્લોક સહેલો છે, બધા શબ્દો પણ સરળ છે, અને શબ્દો તથા શ્લોકનાં તાત્પર્યને, શબ્દાર્થ-વિભાગમાં, સવિસ્તર સમજાવવામાં આવ્યાં જ છે, એટલે ખાસ કશું, અહીં, ઊમેરવાનું રહેતું નથી.

માત્ર એક જ સ્પષ્ટતા કરવાની રહે છે અને તે એ કે જેને ઉદ્દેશીને ગુરુદેવ આ બધું ઉદ્‌બોધન કરી રહ્યા છે તે શિષ્યે, ભલે બ્રહ્મસાક્ષાત્કાર કરી લીધો છે અને **'જીવન્મુક્ત'** થયેલા એક સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાની તરીકે, તે સદા મુક્ત અને કૃતાર્થ જ છે; પરંતુ હજુ તેની શરીરરૂપી ઉપાધિ ચાલુ જ છે; એટલે, તેની આ ઉપાધિનો નાશ થાય ત્યાં સુધી એને જીવવાનું છે. બસ, મૃત્યુ સાથે, જ્યારે તેની એકમાત્ર અવશિષ્ટ એવી આ ઉપાધિનો પણ નાશ થાય ત્યારે, બ્રહ્મભાવની અનુભૂતિ કરતાં-કરતાં જ, તે, અદ્વિતીય બ્રહ્મમાં લીન થઈ જાય છે; એ શબ્દના શાબ્દિક અર્થમાં (In literal sense), તે **"બ્રહ્મલીન"** બની રહે છે !

હકીકતમાં, એની બ્રહ્મભાવાનુભૂતિમાં કશો જ ફેર પડતો નથી : **'જીવન્મુક્ત'** તરીકે તે **"બ્રહ્મ"** જ હતો, અને ઉપાધિ-નાશ પછી પણ તે **"બ્રહ્મ"** જ રહે છે.

આ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની જ્યારે બ્રહ્મસાક્ષાત્કાર કરીને **'જીવન્મુક્ત'** થાય છે ત્યારે, **'મુક્ત'** (मुक्तः) તો તે થાય જ છે, પરંતુ એનાં સમગ્ર જીવનનું એકમાત્ર આ જે ધ્યેય (अर्थः) હતું તે પરિપૂર્ણ થવાથી, તે **'कृतार्थः'** પણ થઈ જાય છે : कृतः अर्थः यस्य सः । (બહુવ્રીહિ સમાસ).

અને આ રીતે જ્યારે તે **'બ્રહ્મલીન'** (ब्रह्म अप्येति ।) થઈ જાય છે ત્યારે, "त्वं एव तद्, तद् त्वं एव ।" - એ શ્રુતિવચન તેનાં જીવન પૂરતું, સંપૂર્ણરીતે સાર્થક બને છે.

"શુક્લ-યજુર્વેદ"નું આ વિધાન(૮, ૩૬) પણ, આ અનુસંધાનમાં, પ્રસ્તુત બની રહે છે :

तद् अपश्यत्, तद् अभवत्, तद् आसीत् ।

("માનવજીવન-ચૈતન્યસ્વરૂપ એવા આ કુંભને અમૂલ્યરૂપે તેણે જોયો, એટલે તે પણ અમૂલ્ય થઈ ગયો; હકીકતમાં, તે અમૂલ્ય જ હતો !")

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૫૫)

शैलूषो वेषसद्भावाभावयोश्च यथा पुमान् ।
तथैव ब्रह्मविच्छ्रेष्ठः सदा ब्रह्मैव नापरः ॥५५६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

શૈલૂષો વેષસદ્ભાવાભાવયોશ્ચ યથા પુમાન્ ।
તથૈવ બ્રહ્મવિચ્છ્રેષ્ઠઃ સદા બ્રહ્મૈવ નાપરઃ ॥૫૫૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા શૈલૂષઃ વેષ-સદ્ભાવ-અભાવયોઃ ચ (સમાનઃ) પુમાન્ (અસ્તિ), તથા એવ બ્રહ્મવિત્-શ્રેષ્ઠઃ સદા બ્રહ્મ એવ (અસ્તિ), ન અપરઃ (અસ્તિ) ॥૫૫૬॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો, યથા-**तथा** એવી રચનાવાળાં, આ પ્રમાણે છે :

(૧) तथा एव ब्रह्मवित्-श्रेष्ठः सदा ब्रह्म एव (अस्ति), न अपरः (अस्ति) । ब्रह्मवित्-श्रेष्ठ એટલે શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની. તેના વિશે શું કહેવાનું છે ? એ જ કે તે સદા બ્રહ્મ જ છે, અન્ય કોઈ નહીં.

तथा एव એટલે તેવી જ રીતે. 'તેવી જ રીતે' એટલે કેવી રીતે ? હવે પછીનાં બીજાં વાક્યમાં જણાવવામાં આવ્યું છે, તે પ્રમાણે.

(૨) यथा शैलूषः वेष-सद्भाव-अभावयोः च (समानः) पुमान् (अस्ति) । शैलूषः એટલે નટ, અભિનેતા. सद्भावः એટલે 'હોવું', 'હાજરી'; અને अभावः એટલે 'ન-હોવું', 'ગેરહાજરી' : वेष-सद्भावः એટલે જ્યારે વેષ પહેર્યો હોય, એવી પરિસ્થિતિ; અને वेष-अभावः એટલે જ્યારે વેષ ન પહેર્યો હોય, એવી પરિસ્થિતિ. આવી બંને પરિસ્થિતિમાં, 'માણસ' (पुमान्) તરીકે તો, નટ, એકસરખો માણસ જ રહે છે.

જેવી રીતે (यथा) આવું બને છે, તેવી જ રીતે (तथा एव) શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની પણ બ્રહ્મ જ રહે છે. (૫૫૬)

અનુવાદ :

જેવી રીતે, નટ, વેષ પહેર્યો હોય કે ન પહેર્યો હોય તો પણ, તે જ માણસ

(રહે) છે, તેવી જ રીતે શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની સદા બ્રહ્મ જ છે, અન્ય (કોઈ, કંઈ) નહીં. (૫૫૬)

ટિપ્પણ :

'જીવન્મુક્ત' થયેલા શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની વિશેની, ગયા શ્લોકમાંની, ચર્ચા, અહીં પણ ચાલુ જ છે, અને ગયા શ્લોકમાંનાં એ જ પ્રતિપાદનનું, આચાર્યશ્રીની સિદ્ધ થયેલી નિરૂપણ-શૈલી પ્રમાણે, એક સુંદર અને સમુચિત દૃષ્ટાંત દ્વારા, અહીં સમર્થન કરવામાં આવ્યું છે.

મોક્ષપ્રાપ્તિની સામાન્ય વિભાવના પ્રમાણે, કોઈ સાધક, મૃત્યુ પછી મોક્ષ પામે ત્યારે, એટલે કે એ રીતે બ્રહ્મલીન થાય ત્યારે, ત્યારપછી, તેનાં શરીરરૂપી ઉપાધિ તેની સાથે નથી રહેતી; જ્યારે 'જીવન્મુક્ત' સાધકને તો, મુક્તિ પછી, એનાં આયુષ્યનાં અંત સુધી, એટલે કે તે મૃત્યુ પામે ત્યાં સુધી, તેનાં શરીરરૂપી ઉપાધિ તેની સાથે જ હોય છે. મૃત્યુ સાથે જ તેની તે ઉપાધિ પણ નાશ પામે છે (उपाधिनाशात् વગેરે, શ્લોક-૫૫૫).

અહીં જે પ્રતિપાદયિતવ્ય છે તે તો એ જ અને એટલું જ છે કે ઉપાધિયુક્ત હોય કે ઉપાધિ-રહિત હોય, શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની, સદા બ્રહ્મ જ હોય છે, બીજો કોઈ હોતો નથી (**ब्रह्मविच्छ्रेष्ठः सदा ब्रह्म एव अस्ति, न कश्चित् अपरः भवति ।**)

શ્લોકમાં, આચાર્યશ્રીએ, જે દૃષ્ટાંત આપ્યું છે તે, ખરેખર, કોઈ પણ સ્વાધ્યાયીનાં અંતસ્તલને સ્પર્શી જાય એવું છે : અભિનેતા માટે તો, અભિનય એ એનો વ્યવસાય છે. જે નાટક-મંડળીમાં તે નોકરી કરતો હોય, તેનો મેનેજર કે દિગ્દર્શક તેને જે **'પાઠ'** ભજવવાનું સૂચવે, તે **'પાઠ'** તેને ભજવવો જ પડે : **રાજા, સંન્યાસી, સૈનિક, લૂંટારો**, - ગમે તેવો **'પાઠ'**, રાત્રે, રંગભૂમિ પર, તે ભજવતો હોય, - આવી બધી વિવિધ વેશભૂષા તો એના માટે, રોજ બદલાતી રહેતી, માત્ર **'ઉપાધિ'** જ છે. વિવિધ ભૂમિકા ભજવતા નટ (Actor) તરીકે, (દા. ત. **'અમિતાભ બચ્ચન'** તરીકે) તો, તે, એકસરખો મનુષ્ય (पुमान्) જ છે, – પોતાની ભૂમિકાની પેલી વેષભૂષા તેણે પહેરી હોય કે ન પહેરી હોય (वेष-सद्भाव-अभावयोः) તો પણ ! એની એ વેષભૂષાનો મહિમા તો તે રંગભૂમિ (Stage) પર હોય એટલા પૂરતો જ હોય છે, નાટક પૂરું થતાં, તે **'ગ્રીનરૂમ'**(Green-Room)માં જાય, અને પેલો **'મેઈક-અપ'** (Make-up) કાઢી નાખે, પછી તો, તે એ જ સામાન્ય મનુષ્ય, - **'અમિતાભ બચ્ચન'** જ !

બ્રહ્મીભૂત થયેલો **'જીવન્મુક્ત'**, શરીરરૂપી ઉપાધિ સાથે હોય કે એનાથી રહિત હોય, તે તો, સદા બ્રહ્મ જ રહે છે : ઉપાધિ, એના માટે, પેલા નટની વેષભૂષા

જેવી જ હોય છે ! વેષભૂષા-સહિત કે વેષભૂષા-રહિત, પેલો નટ, જેમ મનુષ્ય 'મટી' જતો નથી, તે જ રીતે, ઉપાધિ-સહિત કે ઉપાધિ-રહિત, શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા માટે, તેનાં 'બ્રહ્મ-હોવાપણાંમાં કશો ફેર પડતો નથી.

પેલા અંગ્રેજી કવિ-નાટ્યકાર શેક્સ્પીઅરે (Shakespeare) કહ્યું છે તેમ, -

"All the world is a stage, and we all are actors and actresses !"

– સહુએ, પેલા અદૃશ્ય મહાદિગ્દર્શકે સોંપેલી (Assigned) 'ભૂમિકા' તો ભજવવાની જ રહે છે ! પરંતુ અંતે તો, આ 'ભૂમિકા' પણ, એક ઉપાધિ જ છે અને રહેશે ! ઉપાધિનો નાશ થયા પછી તો, સહુએ, પોતાનાં મૂળ સ્વરૂપમાં જ 'લીન' થવાનું રહે છે !

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૫૬)

૫૫૭

यत्र क्वापि विशीर्णं सत् पर्णमिव तरोर्वपुः पतनात् ।
ब्रह्मीभूतस्य यतेः प्रागेव हि तच्चिदाग्निना दग्धम् ॥५५७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

यत्र क्वापि विशीर्णं सत् पर्णमिव तरोर्वपुः पतनात् ।
ब्रह्मीभूतस्य यतेः प्रागेव हि तच्चिदाग्निना दग्धम् ॥५५७॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यत्र क्व अपि पतनात् तरोः विशीर्णं सत् पर्णं इव ब्रह्मीभूतस्य यतेः वपुः प्राक् एव हि तत्-चित्-अग्निना दग्धं (एव अस्ति) ॥५५७॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : यतेः वपुः तत्-चित्-अग्निना दग्धं (अस्ति) । યતિ એટલે યોગી, મુનિ, જ્ઞાની; વપુઃ એટલે શરીર; દગ્ધં (દહ્ એટલે બાળવું-બળવું, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) બળેલું, બાળી નાખવામાં આવેલું. જ્ઞાનીનું શરીર બળી ચૂક્યું જ હોય છે. આ શરીર કયા અગ્નિ વડે બાળવામાં આવ્યું છે ? तत्-चित्-अग्निना । તે જ ચૈતન્યરૂપ-જ્ઞાનરૂપ અગ્નિ વડે. આ યતિ કેવો છે ? - ब्रह्मीभूतस्य । બ્રહ્મભાવને પામેલો, प्राक् एव । અગાઉથી જ, પહેલેથી જ.

યોગીનું આ શરીર કોના જેવું છે ? - तरोः पर्णं इव । ઝાડનાં પાંદડાં જેવું;

ઝાડનું પાંદડું કેવું છે ? - यत्र क्व अपि पतनात् विशीर्णं सत् । - ગમે ત્યાં ખરી પડેલું, પડીને વિશીર્ણ થયેલું. (૫૫૭)

અનુવાદ :

ગમે ત્યાં પડીને વિશીર્ણ થઈ ગયેલાં, ઝાડનાં પાંદડાં જેવું, બ્રહ્મીભૂત થયેલા યોગીનું શરીર તો, અગાઉથી જ, તે જ ચૈતન્યરૂપ અગ્નિ વડે બળી ચૂકેલું જ હોય છે. (૫૫૭)

ટિપ્પણ :

બ્રહ્મસાક્ષાત્કાર પામેલા **'જીવન્મુક્ત'**નાં શરીરરૂપી ઉપાધિના નાશની વાત (उपाधिनाशात्) શ્લોક-૫૫૫માં કહેવામાં આવી હતી.

હવે આ જ વાતને આગળ વધારીને, તે ઉપાધિનો નાશ ક્યાં થાય, ક્યારે થાય, કેવી રીતે થાય, - એની નિરર્થકતાની અહીં ચર્ચા કરવામાં આવી છે : આ તો યોગી છે, અને 'સાધુ તો ચલતા ભલા !' - એ પ્રચલિત ઉક્તિ પ્રમાણે, સતત પરિભ્રમણ કરી રહેલા આ બ્રહ્મીભૂત યતિની શરીરરૂપી ઉપાધિનો નાશ, એટલે કે એનું દેહાવસાન, કાશી-મથુરા-હરદ્વાર જેવાં કોઈ પવિત્ર સ્થળે થાય કે કોઈ નિર્જન વનમાં વિહાર કરતાં થાય; પૂર્ણિમા કે અમાવાસ્યાની તિથિએ થાય, પવિત્ર બ્રાહ્મમુહૂર્તે, ખરે-બપોરે કે મધરાતે થાય, - આવાં કોઈ જ સ્થળ-સમયનો મહિમા આ યોગીને હોતો નથી. દેહાવસાન પછી, શરીરનો અગ્નિસંસ્કાર કરવાની પ્રથા પ્રમાણે, એના શરીરને પણ ભલે અગ્નિ-ભગવાનને અર્પણ કરી દેવામાં આવે; કારણ કે એ તો બ્રહ્મભાવને પામેલો **'જીવન્મુક્ત'** છે, એટલે આવાં સ્થૂલ મૃત્યુ પહેલાં, એનું પંચમહાભૂતનું બનેલું આ **'શરીર' 'અશરીર'** બન્યું તે અગાઉ જ (प्राक् एव), તેણે પોતે જ, ચૈતન્યરૂપી અગ્નિ દ્વારા જ તેનો અગ્નિસંસ્કાર કરી નાખ્યો હોય છે (तत्-चित्-अग्निना दग्धम्) ! એટલે એ શરીરનો આ સ્થૂલ રીતે અગ્નિસંસ્કાર થાય ત્યાં સુધી તેને રાહ જોવાની હોતી નથી : ઉપાધિરૂપ જે શરીર સાથે તે મૃત્યુ સુધી જીવે છે, તે શરીરનું મહત્ત્વ તેને 'ચપટી ભસ્મ'થી વધારે હોતું નથી ! 'ચપટી ભસ્મ' જેવું એ શરીર, ફરી એક વાર ભસ્મીભૂત બને છે, એટલું જ !

શરીર વિશેની આવી વિભાવનાને સમજાવવા માટે, આચાર્યશ્રીએ, આવાં શરીરને, વૃક્ષ પરથી, પાકીને, નીચે ખરી પડેલાં પાંદડાંની ઉપમા આપી છે, તે પણ, આ પહેલાંની તેમની લગભગ બધી ઉપમાઓ જેવી જ, ઔચિત્યપૂર્ણ અને અર્થસાધક છે.

વૃક્ષ પરથી ખરીને પાંદડું નીચે પડે (विशीर्णं पर्णं इव), તે પહેલાં જ,

સૂકાઈને, તે, પીળું પડી ગયું હોવાથી, વૃક્ષ માટે તો, તે નકામું જ થઈ ગયું હોય છે : વૃક્ષ પર તે અત્યારસુધી એટલા માટે ટકી રહ્યું, વળગી રહ્યું હતું કે ખરી પડવાની શક્તિ એનાંમાં ન્હોતી ! અને હવે ખરી પડ્યા પછી, તે, ગંદી ગટરમાં પડે કે ગંગા-નર્મદા જેવી કોઈ પવિત્ર નદીમાં પડે, વૃક્ષને, એમાં નથી કોઈ લાભ, નથી કોઈ હાનિ ! અને ખરી પડ્યા પછી પણ, પાનખરના પવનને કારણે ઊડતું-ઊડતું તે, શ્મશાનમાં પડે કે શિવલિંગ પર પડે, - વૃક્ષ માટે તો બધું જ સરખું છે ! એના માટે તો, એની આત્મીયતા અને અર્થવત્તા, સુદીર્ઘ-સમય પહેલાં, સમાપ્ત થઈ ચૂકેલી હોય છે !

ટૂંકમાં, આત્મજ્ઞાની યતિને મન, પોતાનાં શરીરનો મહિમા, અથવા તો, મહિમા-અભાવ, ઝાડ પરથી ખરી પડેલાં પાંદડા જેવો અને જેટલો જ હોય છે !

શ્લોકનો છંદ : ઉદ્‌ગીતિ (૫૫૭)

૫૫૮

सदात्मनि ब्रह्मणि तिष्ठतो मुनेः
पूर्णाद्वयानन्दमयात्मना सदा ।
न देशकालाद्युचितप्रतीक्षा
त्वङ्मांसविट्पिण्डविसर्जनाय ॥५५८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सदात्मनि ब्रह्मणि तिष्ठतो मुनेः
पूर्णाद्वयान्दमयात्मना सदा ।
न देशकालाद्युचितप्रतीक्षा
त्वङ्मांसविट्पिंडविसर्जनाय ॥५५८॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સદ્-આત્મનિ બ્રહ્મણિ સદા પૂર્ણ-અદ્વય-આનન્દમય-આત્મના તિષ્ઠતઃ મુનેઃ, ત્વક્-માંસ-વિટ્-પિણ્ડ-વિસર્જનાય દેશ-કાલ-આદિ-ઉચિત-પ્રતીક્ષા ન (અસ્તિ) ॥૫૫૮॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : મુનેઃ... પિણ્ડ-વિસર્જનાય... ઉચિત-પ્રતીક્ષા ન અસ્તિ । પિણ્ડ એટલે દેહ, પિંડરૂપ શરીર; વિસર્જન એટલે છોડી દેવું, ત્યાગ કરવો, વિસર્જન

કરવું; **પ્રતીક્ષા** એટલે રાહ જોવી; **ઉચિતપ્રતીક્ષા** એટલે રાહ જોવાનું ઔચિત્ય; મુનિ માટે, પોતાનાં પિંડ જેવાં શરીરનું વિસર્જન કરવા બાબત રાહ જોવામાં ઔચિત્ય નથી.

આ મુનિ કેવો છે ? **सद्-आत्मनि ब्रह्मणि तिष्ठतः** । સત્સ્વરૂપ બ્રહ્મમાં જ વિહરતો, રહેતો; કેવી રીતે બ્રહ્મમાં રહેતો ? **सदा पूर्ण-अद्वय-आनन्दमय-आत्मना** । સદા પરિપૂર્ણ અદ્વિતીય આનન્દસ્વરૂપે.

એનું શરીર કેવું છે ? **त्वक्-मांस-विट्-पिण्ड** । **त्वक्** એટલે ચામડી, **विट्** એટલે મળમૂત્ર; ચામડી-માંસ અને મળમૂત્રનાં પિંડ જેવું શરીર; શાની પ્રતીક્ષા કરવાની નથી ? **देश-काल-उचित-प्रतीक्षा** । સ્થળ-સમયનાં ઔચિત્યની પ્રતીક્ષા કરવાની હોતી નથી. (૫૫૮)

અનુવાદ :

સત્યસ્વરૂપ બ્રહ્મમાં સદૈવ પરિપૂર્ણ અદ્વિતીય આનંદ-સ્વરૂપે વિહરતા મુનિને, ચામડી-માંસ-મળમૂત્રનાં પિંડ જેવાં (પોતાનાં) શરીરનું વિસર્જન કરવામાં, સ્થળ-સમય વગેરેનાં ઔચિત્યની પ્રતીક્ષા હોતી નથી. (૫૫૮)

ટિપ્પણ :

મનુષ્યનું આ શરીર એટલે શું ? ત્વક્-માંસ-મળમૂત્ર અને હાડકાંનો માત્ર પિંડ ! Only a bundle of all such filthy things ! એનો ત્યાગ ક્યારેક તો કરવાનો જ હોય છે, – આપણને ગમે કે ન ગમે તો પણ !

શરીર એટલે આ ! ગંદી-ગંધાતી વસ્તુઓથી ભરેલો ચામડીનો કોથળો ! અને વાત છે **'जीवन्मुक्त'** બનેલા મુનિની ! આવો મહાત્મા, આવાં પિંડનાં વિસર્જન માટે શાની રાહ જુએ ? એને વળી આવાં **'शुभ'** કાર્ય માટે સ્થળ-સમયનું ઔચિત્ય શું અને એની પ્રતીક્ષા શી !

એને તો ખાતરી જ છે કે ગમે ત્યારે અને ગમે ત્યાં, આ મર્ત્યપિંડનો વિનાશ તો થવાનો જ છે. અને આવાં વિસર્જન માટે કોઈ સ્થળ કે સમય ઉચિત-અનુચિત હોતાં જ નથી : એને માટે તો કોઈ મહારાજાનો ભવ્ય-પ્રાસાદ કે વેરાન જંગલ, અથવા બેસતું-નૂતનવર્ષ કે અંધારઘેરી કાળી-અમાસ; – બધું જ સરખું !

સત્યસ્વરૂપ બ્રહ્મમાં સદૈવ પરિપૂર્ણ અદ્વિતીય આનંદસ્વરૂપે વિહાર કરતો સર્વોત્કૃષ્ટ બ્રહ્મજ્ઞાની એવો **'जीवन्मुक्त'** તો, આવાં પિંડ જેવાં શરીરને, માત્ર એક ઉપાધિ તરીકે જ અત્યારસુધી નિભાવી રહ્યો હતો ! અને હવે આ શરીરનું વિસર્જન થવાથી, એને મન,. શો ફેર પડવાનો હતો ! શરીરરૂપી ઉપાધિ સાથે, કે એના

વિના, એ તો સદૈવ બ્રહ્મમય જ હતો ! અને સદૈવ બ્રહ્મમય જ રહેવાનો છે !

આ પહેલાં, શ્લોક-૫૧૦માં કહેવામાં આવ્યું છે તેમ, "આ જડસ્વરૂપ દેહ, જળમાં અથવા જમીન પર, ગમે ત્યાં આળોટે, હું એના ધર્મોથી જરા પણ લેપાતો નથી !" -

जले वापि स्थले वापि लुठत्वेष जडात्मकः ।
नाहं विलिप्ये तद्-धर्मैः ... ... ॥

અને સંનિષ્ઠ બ્રહ્મજ્ઞાની તો, પેલા કૃષ્ણભક્તની જેમ, એમ જ ઇચ્છે કે "મારો આ માનસ-રાજહંસ, હે કૃષ્ણ ! આપનાં ચરણકમળનાં પાંજરામાં, ભલે આજે-અત્યારે જ પ્રવેશી જાય ! કારણ કે પ્રાણનું પ્રયાણ થતું હોય અને કફ-પિત્ત-વાયુ વગેરે વડે શ્વાસ લેવાની જ જ્યાં તકલીફ હોય ત્યારે, આપનું તો સ્મરણ જ કેવી રીતે થાય ?" –

कृष्ण त्वदीय पदपंकजपिंजरान्ते
अद्यैव मे विशतु मानसराजहंसः ।
प्राणप्रयाणसमये कफवातपित्तैः
कण्ठावरोधनविधौ स्मरणं कुतस्ते ॥

અંગ્રેજીમાં કહેવાય છે તેમ, આવું તો જેટલું વ્હેલું બને તેટલું લાભમાં ! **Good** Riddance of **Bad** Rubbish !

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૫૮)

૫૫૯

देहस्य मोक्षो नो मोक्षो न दण्डस्य कमण्डलोः ।
अविद्याहृदयग्रन्थिमोक्षो मोक्षो यतस्ततः ॥५५९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

દેહસ્ય મોક્ષો નો મોક્ષો ન દંડસ્ય કમંડલોઃ ।
અવિદ્યાહૃદયગ્રન્થિમોક્ષો મોક્ષો યતસ્ તતઃ ॥૫૫૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

દેહસ્ય મોક્ષઃ નો(ન + ઉ) મોક્ષઃ (અસ્તિ); દણ્ડસ્ય કમણ્ડલોઃ ત્યાગઃ ન (મોક્ષઃ અસ્તિ); યતઃ તતઃ અવિદ્યા-હૃદયગ્રન્થિ-મોક્ષઃ (સઃ એવ) મોક્ષઃ (અસ્તિ) ॥૫૫૯॥

શબ્દાર્થ :

શ્લોકમાં **ત્રણ** સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) દેહસ્ય મોક્ષઃ નો(ન + ઉ) મોક્ષઃ (અસ્તિ) । શરીરનો ત્યાગ એ મોક્ષ નથી. નો(ન+ઉ) - આ શબ્દ પણ ન-ના અર્થમાં જ પ્રયોજાય છે.

(૨) દણ્ડસ્ય કમણ્ડલોઃ (ત્યાગઃ) મોક્ષઃ ન (અસ્તિ) । દંડ-કમંડળનો ત્યાગ, એ પણ મોક્ષ નથી.

(૩) યતઃ તતઃ અવિદ્યા-હૃદયગ્રન્થિ-મોક્ષઃ (સઃ એવ) મોક્ષઃ (અસ્તિ) । યતઃ-તતઃ એટલે, આ રીતે કે તે રીતે, ગમે તે રીતે; ગ્રન્થિ એટલે ગાંઠ; હૃદયમાં રહેલી અજ્ઞાન(અવિદ્યા)ની ગાંઠનું છૂટવું, - એ જ સાચો મોક્ષ છે. (૫૫૯)

અનુવાદ :

(માત્ર) શરીરનો ત્યાગ, એ મોક્ષ નથી; દંડ-કમંડળનો ત્યાગ, એ પણ મોક્ષ નથી : હૃદયમાં રહેલી અજ્ઞાનની ગાંઠનું, ગમે તે રીતે, છૂટી જવું, એ જ (સાચો) મોક્ષ છે. (૫૫૯)

ટિપ્પણ :

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, - એ ચાર, મનુષ્ય-જીવનના પુરુષાર્થો (Aims or Goals of Human Life) છે; તેમાં **'મોક્ષ'** એ ક્રમમાં ભલે છેલ્લો (**ચરમ**) છે, પરંતુ મૂલ્યવત્તા(Value)ની બાબતમાં, એ સૌથી મોટો અથવા ઊંચો (**પરમ**) છે.

આમ, **'મોક્ષ'** - એ શબ્દ સામાન્ય રીતે, સુપરિચિત, અને મુમુક્ષુ સાધક માટે તો, એનાં જીવનનાં એકમાત્ર ધ્યેય અથવા આત્યંતિક પ્રાપ્તવ્ય તરીકે હોવા છતાં, 'મોક્ષ'નો સાચો અર્થ, એનું મૂળભૂત સ્વરૂપ શું ? એ વિશે, મહદંશે, ગેરસમજૂતી અથવા અણસમજ જ પ્રવર્તતી હોય છે.

અને હવે જ્યારે ગુરુદેવ **'જીવન્મુક્ત'** એવા પોતાના શિષ્યને અંતિમ ઉદ્‌બોધન કરી રહ્યા છે ત્યારે, અને ખાસ તો, હવે આ ઉદ્‌બોધન પણ એની સમાપ્તિ તરફ ગતિ કરી રહ્યું છે ત્યારે, મોક્ષનું સાચું સ્વરૂપ સમજાવવાનું, એમના માટે અત્યંત આવશ્યક બની રહે છે.

એમ અવશ્ય કહી શકાય કે **અનુષ્ટુપ** જેવા લઘુ-છંદની બે પંક્તિ, **ચાર** ચરણો અને **બત્રીશ**(૩૨) અક્ષરોની મર્યાદામાં પણ, આચાર્યશ્રીએ, **'મોક્ષ શું નથી'**, - એ પહેલાં ભારપૂર્વક જણાવીને, **'મોક્ષ, ખરેખર, શું છે'**, - એ સવિશેષ અવધારણ-(Emphasis)પૂર્વક, અહીં, સમજાવ્યું છે !

માત્ર શરીરનો જ ત્યાગ કરવો, એ મોક્ષ નથી (દેહસ્ય મોક્ષો નો મોક્ષો), -

એવું નિષેધાત્મક નિરૂપણ કરવાની જરૂર એટલા માટે છે કે **'શરીરત્યાગ'** તો દરેક મનુષ્યે કરવાનો જ હોય છે, – સ્વાભાવિક અને નિયત-સમયનાં મૃત્યુનાં માધ્યમથી, અથવા આત્મહત્યા દ્વારા ! આને જ જો મોક્ષ માનવામાં આવે, તો-તો એ મોક્ષની, ક્ષુદ્ર, ક્ષુલ્લક, સાવ-સસ્તી અને હીનતમ કક્ષાની વ્યાખ્યા ગણાય ! અને દરેક મનુષ્ય મોક્ષ માટે પાત્ર બને !

અને એ જ રીતે, **'પરિવ્રાજક'** બનવા માટે, સંન્યાસી, પોતાનાં 'દંડ-કમંડલ'નો ત્યાગ કરે છે, તેને જો મોક્ષ તરીકે સ્વીકારીએ તો, તે પણ મોક્ષ વિશેની 'ભ્રાંતિ' અથવા 'ભ્રમણા' જ ગણાય, કારણ કે દંડ-કમંડલ' એ તો, સંન્યાસી માટેનાં માત્ર બાહ્ય ઉપકરણો જ છે !

મોક્ષની ઉપર્યુક્ત વિભાવનામાં, આત્માની **'સંસારયાતના'** તો ચાલુ જ રહે છે ! આત્મા શરીરનો ત્યાગ કરે કે સાધક-સંન્યાસી દંડ-કમંડલુ છોડે, એ પ્રકારનો સ્થૂલ-બાહ્ય ત્યાગ એ, હરગીઝ, મોક્ષ નથી.

આવા સઘળા ઔપચારિક ત્યાગ પછી પણ, અંતકરણમાં રહેલાં અજ્ઞાનની ગાંઠ જો છૂટ્યા-વિનાની, એવી ને એવી જ, સુદૃઢ રીતે, સુબદ્ધ રહે તો, એ તો **"મોક્ષ"** જેવી પરમ-પાવન અને સર્વોચ્ચ-વિરલ ઘટનાની હાંસી (Ridicule) જ થઈ ગણાય !

આચાર્યશ્રી, આથી જ, ગમે તે રીતે (यतः ततः), અવિદ્યાની, આ હૃદયગ્રંથિનાં સંપૂર્ણ છેદન-ભેદનને જ મોક્ષ તરીકે પ્રસ્થાપિત કરે છે; કારણ કે અવિદ્યાની આ ગાંઠમાં, એનાં મૂળમાં, રહેલી બીજી ત્રણ ગાંઠો(અજ્ઞાન, કામ અને કર્મરૂપી ગાંઠો)નો પણ સમાવિષ્ટ થઈ જાય છે.

બૌદ્ધ ધર્મ સ્વીકાર્યા પછી **સમ્રાટ અશોકે** પોતાનાં સર્વસ્વનો, પોતાનાં સામ્રાજ્ય સુદ્ધાંનો-ત્યાગ કર્યો, અને છતાં તેને એક દુઃખ સતત પીડતું હતું, અને તે એ કે "મેં મારાં સર્વસ્વનો ત્યાગ કર્યો તે છતાં, મને મનઃશાંતિ કેમ મળતી નથી ?"

ભગવાન બુદ્ધના પટ્ટશિષ્ય **આનંદ** સમક્ષ જ્યારે તેણે પોતાની આ ફરિયાદ અભિવ્યક્ત કરી ત્યારે, **આનંદે** કરેલી સ્પષ્ટતા, આ અનુસંધાનમાં, યાદ રાખવા જેવી છે : "હે ભંતે ! તમે સર્વસ્વનો ત્યાગ કર્યો છે, એ વાત સાચી છે, પરંતુ આવો 'ત્યાગ કર્યાની સભાનતા(Consciousness)નો ત્યાગ' હજુ સુધી તમે કર્યો નથી !"

'ત્યાગ કર્યાની સભાનતાના ત્યાગ'નું સમર્થન **મહાભારત**(શાંતિપર્વ)માં આ પ્રમાણે કરવામાં આવ્યું છે :

येन त्यजसि तत् त्यज । - १२, ३१९-४०

["જેના વડે તું સર્વસ્વનો ત્યાગ કરે છે, તે(સભાનતા)નો પણ ત્યાગ કર."]

આવા 'સાચા ત્યાગ'ના મહિમા વિશે ગીતા, આ પ્રમાણે, પ્રશસ્તિ ઉચ્ચારે છે :

त्यागात् शान्तिः अनन्तरम् । (१२, १२)

("સાચો ત્યાગ કર્યા પછી જ સાચી શાંતિ પ્રાપ્ત થાય છે.")

આ પ્રસ્તુત શ્લોકમાં "હૃદયમાંની અવિદ્યાની ગાંઠનું છેદન" (अविद्याहृदय-ग्रन्थिमोक्षः) એને જ આચાર્યશ્રી **'સાચો મોક્ષ'** કહે છે, એ પણ, અંતે તો, "ત્યાગની સભાનતાનો આ ત્યાગ" જ છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૫૯)

૫૬૦

कुल्यायामथ नद्यां वा शिवक्षेत्रेऽपि चत्वरे ।
पर्णं पतितं चेत्तेन तरोः किं नु शुभाशुभम् ॥५६०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

કુલ્યાયામથ નદ્યાં વા શિવક્ષેત્રેઽપિ ચત્વરે ।
પર્ણં પતિતં ચેત્તેન તરોઃ કિં નુ શુભાશુભમ્ ॥૫૬૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(तरोः) पर्णं कुल्यायां अथ नद्यां (वा) शिवक्षेत्रे चत्वरे अपि वा पतितं चेत्, तेन तरोः किं नु शुभ-अशुभं (स्यात्) ॥५६०॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : तेन तरोः किं नु शुभ-अशुभं (स्यात्) । ઝાડનું, તેથી, ખરેખર, શું શુભ કે અશુભ થાય ? "તેથી" (तेन), આથી; એટલે શાથી ? શું થવાથી ? - જો (If). ઝાડનું પાંદડું **જો** પડે તો. ક્યાં પડવાની આ વાત છે ? આટલાં સ્થળે : कुल्यायाम् । कुल्या એટલે નાળું; नद्याम् । નદીમાં; शिवक्षेत्रे । શિવાલયમાં, શિવમંદિરમાં; चत्वरे । चत्वर એટલે ચોક, ચૌટું, ચોતરો. (૫૬૦)

कुल्या એટલે કોઈક નદીનું અથવા જલપ્રવાહનું નાળું (Ditch). शिवक्षेत्र એટલે ભગવાન-શિવનું કોઈ પણ ધામ (Any holy place consecrated or dedicated to God Shiva); चत्वर એટલે જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય તે સ્થળ (Cross-Road). (૫૬૦)

અનુવાદ :

(ઝાડનું) પાંદડું નાળાંમાં, નદીમાં, શિવમંદિરમાં કે કોઈ ચોકમાં પડે, એમાં ઝાડનું શું ભલું-બૂરું થાય ? (૫૬૦)

ટિપ્પણ :

'જીવન્મુક્ત' એવા મુનિનાં દેહ-વિસર્જનનો ઉલ્લેખ, પહેલાં, શ્લોક-૫૫૮માં થયો છે, અને ત્યાં એના માટેનાં સ્થળ(દેશ)નો પણ નિર્દેશ થયો છે. એ માટેનાં ઔચિત્યની પ્રતીક્ષા કરવાની જરૂર નથી, એ વાતનો અહીં વિસ્તાર કરવામાં આવ્યો છે.

પાનખર-ઋતુમાં ઝાડનાં પાંદડાં ખરી પડવાની શરૂઆત થાય છે. આ પાંદડાં, ખરીને, ક્યાં, કયે સ્થળે, પડે, - એનું કશું જ મહત્ત્વ નથી : કોઈક પાંદડું, કોઈ નાળાંમાં; કોઈક, વળી, નદીમાં; કોઈક, શિવાલયમાં, તો, વળી, કોઈક પાંદડું કોઈક ચોરા-ચૌટામાં પડે; અરે, કોઈક પાંદડું ઊડતું-ઊડતું, ગંદી-ગટરમાં પડે ! પાંદડાંનાં પડવાનાં આવાં કોઈ પણ સ્થળ સાથે, - એ પાંદડાં જેનાં છે તે, ઝાડને, શી નિસ્બત ! ગંગા-નદીમાં કે શિવક્ષેત્રમાં પડે તો, તેનું શું ભલું થવાનું ? અને વેરાન-વનમાં કે ગંદી-ગટરમાં પડે તો, એનું શું બૂરું થવાનું ?

આવા સવાલોના જવાબની જરૂર નથી.

'જીવન્મુક્ત' થયા પછી, તેનું મૃત્યુ ક્યાં, કયે સ્થળે થાય, એમાં એ મુનિને શો રસ ? તેણે તો, શરીરને, માત્ર એક **'ઉપાધિ'** તરીકે જ, નિભાવ્યું હતું : એનાં પ્રારબ્ધ પ્રમાણે, તે ગમે ત્યારે, ગમે ત્યાં ઢળી પડે, એમાં, એને શું ? કોઈકને એવી ઇચ્છા થાય તો, ભલે, તેનો અગ્નિસંસ્કાર કરે, નહીંતર ભલેને તે ગમે ત્યાં પડ્યું-પડ્યું સડે અને ગંધાય !

આ બાબતમાં તો, મુનિનો દેહ અને ઝાડનું પાંદડું, - બંનેય એકસરખાં ! ઝાડને ત્યારપછી, જેટલી પાંદડાંની ચિંતા, એટલી જ ચિંતા, શરીર વિશે, મુનિને !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૦)

૫૬૧

पत्रस्य पुष्पस्य फलस्य नाशवद्-
-देहेन्द्रियप्राणधियां विनाशः ।
नैवात्मनः स्वस्य सदात्मकस्या-
-नन्दाकृतेर्वृक्षवदस्ति चैषः ॥५६१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પત્રસ્ય પુષ્પસ્ય ફલસ્ય નાશવદ્-
-દેહેન્દ્રિયપ્રાણધિયાં વિનાશઃ ।
નૈવાત્મનઃ સ્વસ્ય સદાત્મકસ્યા-
-નન્દાકૃતેર્વૃક્ષવદસ્તિ ચૈષઃ ॥૫૬૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

પત્રસ્ય પુષ્પસ્ય ફલસ્ય નાશવદ્ દેહ-ઇન્દ્રિય-પ્રાણ-ધિયાં વિનાશઃ (ભવતિ); સદાત્મકસ્ય આનન્દ-આકૃતેઃ સ્વસ્ય આત્મનઃ ન એવ (નાશઃ ભવતિ) । એષઃ ચ (આત્મા) વૃક્ષવત્ અસ્તિ ॥૫૬૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (મનુષ્યસ્ય) દેહ-ઇન્દ્રિય-પ્રાણ-ધિયાં વિનાશઃ (ભવતિ) । ધી એટલે બુદ્ધિ; મનુષ્યનાં દેહ-ઇન્દ્રિયો-પ્રાણ-બુદ્ધિ વગેરેનો વિનાશ થાય છે. કોની જેમ ? (વૃક્ષસ્ય) પત્રસ્ય પુષ્પસ્ય ફલસ્ય નાશવત્ । - (ઝાડનાં) પાંદડાં, પુષ્પો અને ફળોનો (ખરી પડવાથી) નાશ થાય છે, તેમ;

(૨) સ્વસ્ય (આત્મનઃ) ન એવ (વિનાશઃ ભવતિ) । પોતાના આત્માનો વિનાશ કદી. પણ થતો નથી. આ આત્મા કેવો છે ? - બે વિશેષણો આ પ્રમાણે : (અ) સત્-આત્મકસ્ય । સત્સ્વરૂપ; અને (બ) આનન્દ-આકૃતેઃ । આનંદની મૂર્તિરૂપ, આનંદ-સ્વરૂપ;

(૩) એષઃ (આત્મા) ચ વૃક્ષવત્ અસ્તિ । આ આત્મા તો વૃક્ષની જેમ (હંમેશ) અડગ (અવિનાશી) રહે છે. (૫૬૧)

અનુવાદ :

(ઝાડનાં) પાંદડાં, પુષ્પો, અને ફળોનો નાશ થાય છે, તેમ (મનુષ્યનાં) દેહ-ઇન્દ્રિયો-પ્રાણ-બુદ્ધિ વગેરેનો વિનાશ થાય છે; (તો પણ) સત્સ્વરૂપ અને આનંદસ્વરૂપ પોતાના આત્માનો નાશ (કદી પણ) થતો નથી. આ (આત્મા) તો, વૃક્ષની જેમ સદા (અવિનાશી) રહે છે. (૫૬૧)

ટિપ્પણ :

ગયા શ્લોકના તાત્પર્યાર્થનું જ અહીં સવિશેષ વિસ્તરણ કરવામાં આવ્યું છે :

ત્યાં વૃક્ષનાં પાંદડાંનાં ખરી પડવાની જ વાત હતી; અહીં, એમાં ફૂલો અને ફળોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે; વળી, ત્યાં, પાંદડાંનાં ખરી પડવાના, માત્ર વૃક્ષના જ પ્રતિભાવો જણાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શરીર-વગેરેના વિનાશને, અહીં, પાંદડાં વગેરેના વિનાશ જેવો જ નિરૂપવામાં આવ્યો છે.

વળી, એક વધારાની જે સ્પષ્ટતા અહીં કરવામાં આવી છે તે એ કે દેહાદિનો નાશ થાય છે, એનો અર્થ, હરગીઝ, એ નથી કે આત્માનો પણ વિનાશ થાય છે : આ આત્મા તો એક શાશ્વત અસ્તિત્વ (सद्-आत्मक) અને આંનદનું જ મૂર્ત સ્વરૂપ (आनन्द-आकृतिः, Embodiment of Bliss) છે; એટલે તે તો, પાંદડાં વગેરેનો વિનાશ થયા પછી પણ, પાંદડાં વગેરેના નાશથી સંપૂર્ણરીતે અસંબદ્ધ (Un-affected) એવા વૃક્ષની જેમ, નિત્ય, અડગ અને અવિનાશી જ રહે છે (Sur-vives) : પાદડાં વગેરેના નાશ સાથે જેમ વૃક્ષને કશો સંબંધ નથી, તેમ જ દેહાદિના નાશ સાથે આત્માને પણ કશો જ સંબંધ નથી.

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૬૧)

૫૬૨

'प्रज्ञानघन' इत्यात्मलक्षणं सत्यसूचकम् ।
अनूद्यौपाधिकस्यैव कथयन्ति विनाशनम् ॥५६२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

'પ્રજ્ઞાનઘન' ઇત્યાત્મલક્ષણં સત્યસૂચકમ્ ।
અનૂદ્યૌપાધિકસ્યૈવ કથયન્તિ વિનાશનમ્ ॥૫૬૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

'प्रज्ञानघनः' इति आत्मलक्षणं सत्यसूचकं (अस्ति); अनूद्य-औपाधिकस्य एव विनाशनं कथयन्ति ॥५६२॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) 'प्रज्ञानघनः' इति आत्मलक्षणं सत्यसूचकं (अस्ति) । પ્રજ્ઞાનઘન એટલે 'જ્ઞાનસ્વરૂપ'; લક્ષણ એટલે વ્યાખ્યા (Definition); "આત્મા જ્ઞાનસ્વરૂપ છે", - આત્માનું એવું લક્ષણ, એની સત્યતાનું સૂચક છે.

(૨) अनूद्य औपाधिकस्य विनाशनं कथयन्ति । આ વાક્યમાં कथयन्ति એ

ક્રિયાપદ છે, પરંતુ આ ક્રિયાપદના કર્તા તરીકે કોઈનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વાક્યમાં કર્તા અને ક્રિયાપદ બંને હોવાં જોઈએ, અને તો જ વાક્યનો યોગ્ય રીતે અર્થ કરી શકાય. પરંતુ સંસ્કૃતમાં એવી એક પરંપરા પ્રચલિત છે કે વાક્યમાં કર્તાનો નિર્દેશ કરવામાં ન આવ્યો હોય તો, સામાન્ય રીતે, શ્રુતયઃ-ઋષયઃ-મનીષિણઃ-પ્રાજ્ઞાઃ-બુધાઃ એવા કોઈક શબ્દને કર્તા તરીકે મૂકીને વાક્યમાંથી અર્થ તારવી શકાય. અહીં પણ શ્રુતયઃ - શબ્દ મૂકીને, એવો અર્થ નિષ્પન્ન કરી શકાય કે "શ્રુતિઓ કહે છે".

શ્રુતયઃ શું કહે છે ? - અનૂદ્ય ઔપાધિકસ્ય એવ વિનાશનમ્ । વિનાશન એટલે વિનાશ, નાશ; ઉપાધિના કૃતં ઇતિ ઔપાધિકમ્ । 'ઔપાધિક' એટલે જીવાત્મા; અને આ ઉપાધિ દ્વારા કલ્પિત(અનૂદ્ય) બાકીનું સઘળું, - એટલે કે અસત્-પદાર્થો, - એ બધા વિનાશશીલ છે, એ બધું વિનશ્વર છે, એમ શ્રુતિઓ કહે છે. (૫૬૨)

અનુવાદ :

'પ્રજ્ઞાનઘન' - આત્માનું આવું લક્ષણ એની સત્યતાનું સૂચક છે. મિથ્યા ઉપાધિનો જ વિનાશ હોય છે, એમ શ્રુતિઓ કહે છે. (૫૬૨)

ટિપ્પણ :

'પ્રકૃષ્ટ' જ્ઞાન એટલે **'પ્રજ્ઞાન'**; અને આવાં પ્રજ્ઞાન વડે જેને 'ઘન' કરવામાં આવ્યું હોય, Consolidate કરવામાં આવ્યું હોય, તે **'પ્રજ્ઞાનઘન'**; આમે ય, ભારતીય દાર્શનિક પરંપરામાં, આત્માને 'જ્ઞાનસ્વરૂપ' તરીકે તો, પ્રાચીન સમયથી, ગણવામાં આવ્યો જ છે : આત્માનાં પરંપરાગત ત્રણ તત્ત્વો – સત્, ચિત્ અને આનન્દ, – માં જે ચિત્ છે, તે 'જ્ઞાન'નો જ નિર્દેશક છે; પરંતુ 'પ્રજ્ઞાનઘન' એવી આત્માની વ્યાખ્યા તો, એ આત્મા 'ત્રિકાલાબાધિત' છે, ત્રણેય કાળમાં એ સત્ય છે, એમ સૂચવે છે (સત્યસૂચકમ્).

અને આત્મા, એક જ, આ રીતે ત્રિકાલાબાધિત છે, એટલે 'કલ્પિત' એવું બાકીનું બધું જ, ઔપાધિક હોવાથી, મિથ્યા છે, અને જે મિથ્યા હોય તે તો વિનાશશીલ જ હોય.

'આત્મા' અને આત્મા-સિવાયનાં બાકીના સઘળા પદાર્થોનાં આવાં સ્વરૂપ વિશે જે બે શ્રુતિઓ ઘોષણા કરે છે (કથયન્તિ), તે આ પ્રમાણે છે :

(૧) સ યથા સૈન્ધવઘનઃ અનન્તરઃ અબાહ્યઃ કૃત્સ્નઃ એવ, એવં વા અરે અયં આત્મા અનન્તરઃ અબાહ્યઃ કૃત્સ્નઃ પ્રજ્ઞાનઘનઃ એવ । (બૃહદારણ્યક-

ઉપનિષદ ૪, ૫, ૧૩)

પોતાની બ્રહ્મવાદિની ધર્મપત્ની **મૈત્રેયી**ને આત્માનું સ્વરૂપ સમજાવતાં, મહા-મનીષી **યાજ્ઞવલ્ક્ય** કહે છે કે "જેમ **'સૈન્ધવઘન'**, સિંધાલુણ એટલે કે મીઠાનો ગાંગડો અંતર-રહિત, બાહ્યરહિત, સંપૂર્ણ રસ-ઘન જ છે, તેમ જ (અરે, મૈત્રેયી !) આ આત્મા (પણ) અંતરરહિત, બાહ્યરહિત સંપૂર્ણ **'પ્રજ્ઞાનઘન'** જ છે."

અને પછી, એ જ અનુસંધાનમાં, તેઓશ્રી ઊમેરે છે કે આ સિવાય બાકીનું બધું જ જીવભાવ પામેલું 'ઔપાધિક' જ હોવાથી વિનાશ પામે છે (અનુવિનશ્યન્તિ).

(૨) અને આદ્ય શ્રી શંકરાચાર્યના પરમગુરુ **ગૌડપાદાચાર્ય 'માંડૂક્ય'**-ઉપનિષદ પરની પોતાની કારિકાઓમાં પણ, ૐ-કારની ચર્ચામાં, આત્માના **'પ્રાજ્ઞ'**-રૂપ એવા ત્રીજાં પાદને **'પ્રજ્ઞાનઘન'** તરીકે જ નિરૂપે છે :

सुषुप्तस्थानः एकीभूतः प्रज्ञानघनः एव अयं... प्राज्ञः तृतीयः पादः ।
(૧, ૫)

("સુષુપ્તસ્થાનવાળો, એકીભૂત **'પ્રજ્ઞાનઘન'** જ એવો... પ્રાજ્ઞ એ તૃતીય પાદ છે.")

આમ તો, આત્માનું સ્વરૂપ વાણીથી અતીત એટલે 'શબ્દાતીત' છે, અવ્યાખ્યેય છે, તેનાં કોઈ લક્ષણ, વ્યાખ્યા, લિંગ, ચિહ્ન આપી શકાય એમ નથી, તેથી જો તેને ભાષાનાં માધ્યમથી અભિવ્યક્ત કરવું જ હોય તો, આ **'પ્રજ્ઞાનઘન'** એ એક જ શબ્દ પર્યાપ્ત છે.

ટૂંકમાં, સર્વ-ઉપાધિ-શૂન્ય આત્મા એ જ **'પ્રજ્ઞાનઘન'**. અને ઉપાધિના સંસર્ગથી, બહારથી, બાહ્ય રીતે, આવ્યો હોવાથી, ઔપાધિક એવો જીવભાવ વિનશ્વર છે, જ્યારે **'પ્રજ્ઞાનઘન'** (જ્ઞાનસ્વરૂપ) આત્મા સદા-સર્વદા એકરૂપ હોવાથી અવિનાશી છે, શાશ્વત છે. જીવનું મૂળભૂત સ્વરૂપ પણ આ જ છે અને આવાં સ્વરૂપે જ જીવાત્મા અને બ્રહ્મ વચ્ચે અભેદ છે.

'મોક્ષ'ના અનુસંધાનમાં, આચાર્યશ્રી, જે પ્રતિપાદિત કરવા માગે છે તે એ જ કે જીવાત્માનું આવું, બ્રહ્મથી અભિન્ન, અનૌપાધિક બ્રહ્મસ્વરૂપ એ જ મોક્ષ !

સંક્ષેપમાં, **'પ્રજ્ઞાનઘન'** એટલે એવો આત્મા, જ્યાં, તેના પોતાના સિવાય બીજું કશું જ નથી. સઘળું નાશ પામ્યા પછી પણ જે અસ્તિત્વ ધરાવે છે (Survives), તેવાં તેનાં સત્સ્વરૂપનો અહીં નિર્દેશ છે : ભૂતકાળમાં જે હતું, વર્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં પણ જે હશે, તે જ શાશ્વત-સત્યસ્વરૂપ, **'પ્રજ્ઞાનઘન'** આત્મા.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૨)

૫૬૩

अविनाशी वा अरेऽयमात्मेति श्रुतिरात्मनः ।
प्रब्रवीत्यविनाशित्वं विनश्यत्सु विकारिषु ॥५६३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અવિનાશી વા અરેઽયમેતિ શ્રુતિરાત્મનઃ ।
પ્રબ્રવીત્યવિનાશિત્વં વિનશ્યત્સુ વિકારિષુ ॥૫૬૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

'अविनाशी वा अरे अयं आत्मा' इति श्रुतिः, विकारिषु विनश्यत्सु अन्येषु सर्वेषु पदार्थेषु, आत्मनः अविनाशित्वं प्रब्रवीति ॥५६३॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : इति श्रुतिः आत्मनः अविनाशित्वं प्रब्रवीति । अविनाशित्व એટલે અવિનાશીપણું, વિનાશ-ન-હોવાપણું, શાશ્વતપણું (Immortality). प्रब्रवीति એટલે ઘોષણા કરે છે, જાહેર કરે છે, કહે છે : આત્માનાં અવિનાશીપણાં વિશે શ્રુતિ આ પ્રમાણે ઘોષણા કરે છે. "આ પ્રમાણે" (इति) એટલે કેવી રીતે ? કેવા શબ્દોમાં ? - अविनाशी वा अरे अयं आत्मा इति । - "અરે ! આ આત્મા તો અવિનાશી છે !" - એવી રીતે, આ પ્રમાણે, આ શબ્દોમાં. પરંતુ શ્રુતિની આવી ઘોષણામાં વિશિષ્ટતા શી છે ? અસામાન્યતા શી છે ? - એ જ કે (अन्येषु सर्वेषु पदार्थेषु) विकारिषु विनश्यत्सु (सत्सु अपि) । આ સમગ્ર વિશ્વમાં, એના એક સિવાય, બાકીનાં બીજા પદાર્થો વિકારવાળા અને વિનાશશીલ છે, ત્યારે પણ આ આત્મા અવિનાશી છે !

અહીં, **'सति-सप्तमी'** એ વાક્યરચના છે. (૫૬૩)

અનુવાદ :

"અરે આ આત્મા તો અવિનાશી છે !" - એમ, શ્રુતિ, (બાકીના અન્ય સર્વ પદાર્થો) વિકારશીલ અને વિનાશશીલ વચ્ચે પણ, આત્માનું અવિનાશીપણું સ્પષ્ટ રીતે ઘોષિત કરે છે. (૫૬૩)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે અને એમાંના સર્વ શબ્દોને પણ શબ્દાર્થ-વિભાગમાં સમજાવવામાં આવ્યા છે, એટલે હવે અહીં માત્ર એક જ વાતનો નિર્દેશ કરવાનો રહે

છે અને તે છે શ્લોકમાં જે અવતરણ ટાંકવામાં આવ્યું છે, તે શ્રુતિ, એનો સંદર્ભ અને એ શ્રુતિવચનનો મર્મ.

ગયા શ્લોકનાં ટિપ્પણમાં, આત્માનું લક્ષણ એટલે **'પ્રજ્ઞાનઘન'**, - એમ કહેવામાં આવ્યું હતું, એ જ અનુસંધાનમાં, એ જ **બૃહદારણ્યક**-ઉપનિષદમાં, **યાજ્ઞવલ્ક્ય**, ધર્મપત્ની **મૈત્રેયીને**, આત્માનાં અવિનાશીપણાં વિશે, શ્લોકમાં ઉદ્ધૃત કરવામાં આવેલું વાક્ય કહે છે.

આ પહેલાની કંડિકામાં, **યાજ્ઞવલ્ક્યે, 'પ્રજ્ઞાનઘન'**, - એ શબ્દ પ્રયોજીને, આત્માનું લક્ષણ નિરૂપ્યું ત્યારે, તે છતાં પણ **મૈત્રેયીને** આત્માનાં સ્વરૂપ વિશે પૂરી પ્રતીતિ ન થઈ ત્યારે, **યાજ્ઞવલ્ક્યે** આ પ્રમાણે કહ્યું હતું :

स ह उवाच । अविनाशी वा अरे अयं आत्मा, अनुच्छित्तिधर्मा ।

(૪, ૫, ૧૪)

આત્માનાં અવિનાશીપણાંનાં આ વિધાન પછી, **યાજ્ઞવલ્ક્ય** જે એક શબ્દ ઊમેરે છે, - 'અનુચ્છિત્તિધર્મા', એ જ, મહત્ત્વનો છે : આત્મા અવિનાશી એ અર્થમાં છે કે એનું સચ્ચિદાનંદ-સ્વરૂપ કદી પણ **'ઉચ્છિન્ન'** થતું નથી.

'ઉચ્છિત્તિ' એટલે ઉચ્છેદ, વિનાશ; **'અનુચ્છિત્તિ'** એટલે અવિનાશીપણું (Immutability). ઉચ્છેદ એનો જ હોય, જે, **'અનાત્મા'** હોય. આ તો **'આત્મા'** છે : બધા ઉચ્છેદો વચ્ચે, તે એકમાત્ર ઉચ્છેદ-રહિત છે : સમગ્ર વિનાશશીલતાનાં પર્યાવરણમાં, તે એક જ વિનાશ-રહિત છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૩)

૫૬૪

पाषाणवृक्षतृणधान्यकटाऽम्बराद्या
दग्धा भवन्ति हि मृदेव यथा तथैव ।
देहेन्द्रियासुमनआदि समस्तदृश्यं
ज्ञानाग्निदग्धमुपयाति परात्मभावम् ॥५६४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

પાષાણવૃક્ષતૃણધાન્યકટાઽમ્બરાદ્યા
દગ્ધા ભવન્તિ હિ મૃદેવ યથા તથૈવ ।
દેહેન્દ્રિયાસુમનઆદિ સમસ્તદૃશ્યં
જ્ઞાનાગ્નિદગ્ધમુપયાતિ પરાત્મભાવમ્ ॥૫૬૪॥

શ્લોકનો ગદ્ય અન્વય :

यथा पाषाण-वृक्ष-तृण-धान्य-कट-अम्बर-आद्याः दग्धाः हि मृद् एव भवन्ति, तथा एव देह-इन्द्रिय-असु-मनः-आदि (इदं) समस्तदृश्यं ज्ञान-अग्नि-दग्धं पर-आत्मभावं उपयाति ॥५६४॥

शब्दार्थ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

મુખ્ય વાક્ય : तथा एव (इदं) समस्तदृश्यं पर-आत्मभावं उपयाति । (इदं) समस्तदृश्यं એટલે આ સઘળાં દશ્ય પદાર્થો, આ બધું જ દેખાતું(જગત); परात्मभावं उपयाति । પરમાત્મભાવને પામે છે, પરમાત્મ-સ્વરૂપ બની જાય છે. આ બધા દશ્ય પદાર્થો કયા અને કેવા છે ? देह-इन्द्रिय-असु-मनः-आदि । असु એટલે પ્રાણ; દેહ-ઈન્દ્રિયો-પ્રાણ-મન વગેરે; આ બધા પરમાત્મભાવને ક્યારે પામે છે ? ज्ञान-अग्नि-दग्धम् । જ્ઞાનરૂપી અગ્નિથી બળી જાય ત્યારે; तथा एव એટલે તેવી જ રીતે; એટલે **'કેવી રીતે ?'** ગૌણ વાક્ય : यथा पाषाण-वृक्ष-तृण-कट-अम्बर-आद्याः मृद् एव भवन्ति । पाषाण એટલે પથ્થર; तृण એટલે ઘાસ; कट એટલે ભૂસું (Husk); अम्बर એટલે વસ્ત્ર; - આ બધાં જેવી રીતે માટી (मृद्) એટલે રાખ જ બની જાય છે, તેવી રીતે; આ બધાંનું આવું ક્યારે થાય છે ? दग्धाः हि । બળી જતાં, બળી જાય ત્યારે. हि - શબ્દ નિશ્ચય સૂચવે છે. (૫૬૪)

અનુવાદ :

જેવી રીતે, પથ્થર-વૃક્ષ-ઘાસ-અનાજ-ભૂસું-વસ્ત્ર વગેરે બળી જઈને (અંતે) માટી જ બની જાય છે, તેવી જ રીતે, દેહ-ઈન્દ્રિયો-પ્રાણ-મન વગેરે બધા જ દશ્ય પદાર્થો, જ્ઞાનરૂપ અગ્નિથી બળીને, (અંતે) પરમાત્મભાવને પામે છે. (૫૬૪)

ટિપ્પણ :

આ સમસ્ત દેખાતું જગત, અને એમાંના દેહ-ઈન્દ્રિય-પ્રાણ-મન વગેરેનું અસ્તિત્વ તો, જ્યાં સુધી તેને જ્ઞાનરૂપી અગ્નિનો સંપર્ક થાય નહીં, ત્યાં સુધી જ ટકી શકે છે.

જ્ઞાનરૂપી અગ્નિનો પ્રતાપ અને પ્રભાવ એવો વિનાશક હોય છે કે એના સંપર્કમાં જે કાંઈ, કે જે કોઈ, આવે, તે, તરત જ, બળીને ભસ્મ થઈ જાય છે, ભસ્મીભૂત બની જાય છે : બધું જ દ્વૈત અને ભિન્નત્વ વિનષ્ટ થઈ જાય છે : રહે છે ફક્ત અભેદ અને ઐક્ય જ !

મનુષ્ય અજ્ઞાનમાં સબડતો હોય ત્યાં સુધી જ, તેને આ જગત અને એમાં દૃષ્ટિગોચર થતા સઘળા પદાર્થો જોવા-જેવા, વિચારવા-જેવા, અનુભવવા-જેવા અને હયાતીવાળા જણાય છે; પરંતુ શ્રુતિ અને શાસ્ત્રોના ઊંડા-વ્યાપક સ્વાધ્યાય અને સદ્‌ગુરુની કૃપા સાંપડતાં, તેનાં અવિદ્યા અને અજ્ઞાન દૂર થઈ જાય છે, તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. બસ, આ આત્મજ્ઞાન જ, એની સઘળી અનાત્મ-સામગ્રી (દેહ-ઇન્દ્રિય વગેરે) માટે દહન-સ્વરૂપ અગ્નિનું કામ કરે છે. એ સર્વસ્વ આ જ્ઞાનાગ્નિમાં બળી જાય છે, અને જે એકમાત્ર અવશેષ રહે છે, તે તો, પરમાત્મ-સ્વરૂપ જ !

પથ્થર પથ્થર તરીકે, વૃક્ષ વૃક્ષ તરીકે, - વગેરે પોતપોતાનાં મૂળ સ્વરૂપમાં ક્યાં સુધી સ્થિર-સલામત રહી શકે છે ? માત્ર ત્યાં સુધી જ, જ્યાં સુધી એ બધાંને અગ્નિનો સપાટો નથી લાગ્યો ! આ સપાટો લાગ્યા પછી પથ્થર-વૃક્ષ વગેરેનાં તે-તે મૂળ સ્વરૂપો રહી શકતાં જ નથી ! એ બધાં માત્ર એક જ સ્વરૂપે બની રહે છે, - અને તે છે, રાખનો ઢગલો, માત્ર માટી જ (મૃદ્ એવ) !

આમ તો, ગુરુદેવનાં ચમત્કાર-કારક માર્ગદર્શન હેઠળ, સુદીર્ઘ સાધનાને અંતે, પરમાત્મભાવને પામી ચૂકેલા પ્રસ્તુત શિષ્યને આવાં કશાં પ્રતિપાદન-નિરૂપણની, હવે, જરા પણ જરૂર નથી જ; અને તે છતાં, આવા સિદ્ધ શિષ્યને પણ, શાસ્ત્રોક્ત પ્રણાલિકાની પરંપરાને અનુસરીને, ગુરુદેવ, અહીં, હવે પછીની તેની ભાવિ શેષ જિંદગી માટે અનિવાર્ય એવા અમૂલ્ય સંકેત-સૂત્રોનું પ્રદાન જ કરી રહ્યા છે, એમ સમજવાનું રહે છે.

શ્લોકનો છંદ : વસંતતિલકા (૫૬૪)

૫૬૫

विलक्षणं यथा ध्वान्तं लीयते भानुतेजसि ।
तथैव सकलं दृश्यं ब्रह्मणि प्रविलीयते ॥५६५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

વિલક્ષણં યથા ધ્વાન્તં લીયતે ભાનુતેજસિ ।
તથૈવ સકલં દૃશ્યં બ્રહ્મણિ પ્રવિલીયતે ॥૫૬૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા વિલક્ષણં ધ્વાન્તં ભાનુતેજસિ લીયતે, તથા એવ (ઇદં) સકલં દૃશ્યં બ્રહ્મણિ પ્રવિલીયતે ॥૫૬૫॥

શબ્દાર્થ :

શ્લોકમાં, આ પહેલાંના શ્લોકની જેમ, યથા-તથા-વાળી વાક્યરચનાવાળાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) તથા એવ (इदं) सकलं दृश्यं ब्रह्मणि प्रविलीयते । प्रविलीयते - (પ્ર + વિ + લી એટલે ભળી જવું, ઓગળી જવું, એકરૂપ બની જવું, - એ ધાતુનું કર્મણિ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) - સંપૂર્ણરીતે ભળી જાય છે, એકરૂપ બની જાય છે, લીન થઈ જાય છે. (इदं) सकलं दृश्यम् એટલે આ સઘળું દેખાતું-ભાસતું જગત.

(સરખાવો : ગયા શ્લોકનો શબ્દ : समस्तदृश्यम् ।).

આ જગત શામાં સંપૂર્ણરીતે લીન થઈ જાય છે ? - ब्रह्मणि । બ્રહ્મમાં. જગતનો આ આખો દૃશ્યપ્રપંચ બ્રહ્મમાં પૂરેપૂરો લીન થઈ જાય છે (Merges). तथा एव । એટલે તેવી જ રીતે. 'તેવી જ રીતે' એટલે કેવી રીતે ? હવે પછીનાં બીજાં વાક્યમાં આપેલાં દૃષ્ટાંતની રીતે.

(૨) यथा ध्वान्तं लीयते । ध्वान्त એટલે અંધારું; लीयते (આ પહેલાંનાં પ્રથમ વાક્યમાંના प्रविलीयते - એ ક્રિયાપદમાંના પ્ર અને વિ, - એ બે ઉપસર્ગો વિનાનું, વ્યાકરણની દૃષ્ટિએ, એવું જ રૂપ), - લીન થઈ જાય છે (Vanishes). આ અંધારું કેવું છે ? विलक्षणम् । विलक्षण એટલું જૂદું, ભિન્ન; પ્રકાશથી ભિન્ન સ્વરૂપવાળું, જૂદાં સ્વભાવવાળું. આવાં અંધકારનું શું થાય છે ?

એ ક્યાં-શામાં લીન થઈ જાય છે ? - भानुतेजसि । भानु એટલે સૂર્ય. સૂર્યના પ્રકાશમાં અંધકાર ભળી જાય છે, લીન થઈ જાય છે; તેવી જ રીતે આ સઘળું દેખાતું જગત બ્રહ્મમાં લીન થઈ જાય છે. (૫૬૫)

અનુવાદ :

(પ્રકાશથી) ભિન્ન સ્વરૂપવાળું અંધારું જેવી રીતે સૂર્યના પ્રકાશમાં લીન થઈ જાય છે, તેવી જ રીતે આ સઘળું દૃશ્ય-(જગત) બ્રહ્મમાં સંપૂર્ણરીતે લીન થઈ જાય છે. (૫૬૫)

ટિપ્પણ :

શ્લોક સહેલો છે અને એનું પ્રતિપાદયિત્વ પણ આ પહેલાંના શ્લોક-૫૬૪ જેવું જ છે; હકીકતમાં એ જ છે.

અંધકાર અને પ્રકાશ, - એ બંને, એકબીજાંથી સંપૂર્ણરીતે ભિન્ન સ્વરૂપ-સ્વભાવવાળાં (विलक्षण) તત્ત્વો છે; એટલું જ નહીં પરંતુ તે બંને પરસ્પર એવાં

'વિલક્ષણ' છે કે તે બંને, એક જ સમયે (Simultaneously), પોતપોતાનાં મૂળ-સ્વરૂપે, એકીસાથે રહી-ટકી શકે નહીં : રાત્રિ ચાલી રહી હોય ત્યારે, સૂર્યનો પ્રકાશ ત્યાં હોતો નથી, માત્ર અંધકારનું જ સામ્રાજ્ય સર્વત્ર ચાલી રહ્યું હોય છે. પરંતુ રાત્રિ પૂરી થાય, દિવસ શરૂ થાય અને સૂર્યનો ઉદય થાય ત્યારે ? ત્યારે, અંધકારનું ક્યાંય નામ-નિશાન રહી શકતું નથી ! તો પછી, તે વખતે, સૂર્યોદય થાય ત્યારે, અંધકારનું શું થાય છે ? બીજું શું થાય ? પ્રકાશ પ્રગટ થાય ત્યારપછી, તે, પોતાનાં અંધકાર-સ્વરૂપે, મૂળસ્વરૂપે, ટકી જ ન શકે ! સૂર્યનાં પ્રકાશમાં સંપૂર્ણરીતે લીન થઈ જાય છે (भानुतेजसि प्रविलीयते ।) !

બસ, એવું જ ભાગ્ય (ખરેખર તો, 'દુર્ભાગ્ય' જ, Fate !) આ સઘળાં દૃશ્યપ્રપંચનું છે !

આ બંને વચ્ચે પણ સ્વભાવ-સ્વરૂપની વિલક્ષણતા અંધકાર અને પ્રકાશ જેવી જ છે; બંને એકસરખાં 'વિરુદ્ધધર્મી' છે : જગત દૃશ્ય છે, વ્યક્ત છે, અસત્ય છે; જ્યારે બ્રહ્મ અદૃશ્ય છે, અવ્યક્ત છે, સદા-સત્ય છે.

મિથ્યારૂપે ભાસતાં (Phenomenal) આ દૃશ્ય જગતની, બ્રહ્મમાં વિલીન થઈ જવાની પ્રક્રિયા (Dissolution), એ એક અદ્વિતીય અને અનન્યસાધારણ ઘટના છે, – એવી અજોડ (Unique), કે એને શબ્દો પ્રયોજીને સમજાવી શકાય નહીં : ભાષા અહીં પંગુ બની જાય છે ! મુમુક્ષુ સાધકની સ્વકીય અનુભૂતિનો જ એ વિષય છે !

આ ભાસમાન જગત, અજ્ઞાનરૂપી અંધકારનું જ સર્જન છે; તેથી જ્ઞાનરૂપી પ્રકાશનાં પ્રાકટ્ય સમક્ષ એ ટકી શકે નહીં : મોક્ષાર્થી સાધકનાં મનમાંથી અજ્ઞાનનો અંધકાર પૂરેપૂરો વિનષ્ટ થઈ જાય, ત્યારપછી, તેના સિવાયનાં બીજાંઓ માટે, ભલે, આ જગત, જેવું ભાસતું હતું તેવું જ (દૃશ્યં), ચાલુ રહે; સાધક પૂરતો તો, જ્ઞાનનો સૂર્યોદય થઈ જ ગયો હોય છે ! એટલે પછી, આ જગતરૂપી અંધકારને, બ્રહ્મ-સૂર્યોદયના પ્રકાશમાં (भानुतेजसि) વિલીન થઈ જવા સિવાય અન્ય કશો વિકલ્પ રહેતો જ નથી (प्रविलीयते ।) !

નિશીથનો અંધકાર નિર્બળ મનનાં માનવીને ભયથી ધ્રૂજાવી રહ્યો હોય છે, પરંતુ ભગવાન સૂર્યનારાયણનો પ્રભામય (Effulgent) પ્રકાશ સર્વત્ર પથરાઈ જતાં, પેલા અંધકારનો એક અણુ પણ ક્યાંય હયાત રહી શકતો નથી : એ જ રીતે, ઊંઘતા માણસનું સ્વપ્ન, એ જાગતાં જ, મનમાંથી સંપૂર્ણરીતે ભૂંસાઈ જાય છે ! અવિદ્યા અને એનાં સર્જન-સ્વરૂપ આ જગતનું પણ, અજ્ઞાનરૂપી અંધકારની જેમ, પરબ્રહ્મના ઝળાંઝળાં પ્રકાશમાં નિમજ્જન થઈ જાય છે !

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૫)

૫૬૬

ઘટે નષ્ટે યથા વ્યોમ વ્યોમૈવ ભવતિ સ્ફુટમ્ ।
તથૈવોપાધિવિલયે બ્રહ્મૈવ બ્રહ્મવિત્ સ્વયમ્ ॥૫૬૬॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઘટે નષ્ટે યથા વ્યોમ વ્યોમૈવ ભવતિ સ્ફુટમ્ ।
તથૈવોપાધિવિલયે બ્રહ્મૈવ બ્રહ્મવિત્ સ્વયમ્ ॥૫૬૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા ઘટે નષ્ટે વ્યોમ, વ્યોમ એવ સ્ફુટં ભવતિ, તથા એવ ઉપાધિવિલયે, બ્રહ્મવિત્ સ્વયં બ્રહ્મ એવ (ભવતિ) ॥૫૬૬॥

શબ્દાર્થ :

આ શ્લોકમાં પણ, યથાપૂર્વ, યથા-તથા-એવી વાક્યરચનાવાળાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) તથા એવ બ્રહ્મવિત્ સ્વયં બ્રહ્મ (ભવતિ) । બ્રહ્મજ્ઞાની પોતે જ બ્રહ્મ બની જાય છે. ક્યારે ? ઉપાધિવિલયે । વિલય એટલે નાશ. શરીર-બુદ્ધિ-ઇન્દ્રિયો વગેરે ઉપાધિનો નાશ થાય ત્યારે. તથા એવ - તેવી રીતે. એટલે 'કેવી રીતે' ?

હવે પછીનાં બીજાં વાક્યમાંનાં દૃષ્ટાંત પ્રમાણે.

(૨) વ્યોમ, વ્યોમ એવ ભવતિ । વ્યોમ એટલે આકાશ, (Space, Ether). ઘડામાં રહેલું આકાશ (વ્યોમ : **'ઘટાકાશ'**), ઘડાની બહાર રહેલું, મૂળ આકાશ, એટલે 'મહા-આકાશ' (વ્યોમ : **'મહાકાશ'**) જ બની જાય છે. ક્યારે ? ઘટે નષ્ટે (સતિ) ઘડો નાશ પામે ત્યારે, ઘડો ફૂટી જાય ત્યારે. અહીં વાક્યમાં **'સતિ-સપ્તમી'** વાક્યરચના છે. સ્ફુટમ્ એટલે સ્પષ્ટ, સ્પષ્ટ રીતે. ઘડાનો નાશ થતાં, જેમ **'ઘટાકાશ' 'મહાકાશ'** બની જાય છે તેમ, બ્રહ્મવેત્તા સ્વયં બ્રહ્મ જ બની જાય છે. (૫૬૬)

અનુવાદ :

ઘડાનો નાશ થતાં, (એમાં રહેલું) 'આકાશ', (બહારનાં) 'આકાશ'-સ્વરૂપ જ છે, એવું સ્પષ્ટ થાય છે, તેવી જ રીતે, (શરીર-વગેરે) ઉપાધિનો નાશ થતાં, બ્રહ્મવેત્તા સ્વયં બ્રહ્મ જ બની જાય છે. (૫૬૬)

ટિપ્પણ :

ચર્ચાનો મુદ્દો અહીં પણ, યથાપૂર્વ, એ જ છે અને તેથી પ્રતિપાદયિતવ્ય પણ એ જ રહે છે : જીવાત્માનું પરમાત્મામાં, એટલે કે બ્રહ્મમાં, ભળી જવું, લીન થઈ જવું, જીવનું સ્વયં બ્રહ્મરૂપ બની જવું. આ જ પ્રતિપાદન માટે, દૃષ્ટાંત જૂદું છે, માત્ર એટલો જ ફેર રહે છે.

આકાશ (અવકાશ, સર્વત્ર અનુભવાતી ખાલી જગા) આ બ્રહ્માંડમાં સર્વત્ર છે, તે સર્વવ્યાપી છે. ક્યાંક મૂકવામાં આવેલો ખાલી ઘડો, જ્યાં સુધી તે ફૂટે નહીં ત્યાં સુધી, તેમાં રહેલા આકાશને **'ઘટાકાશ'** (ઘડામાં રહેલું આકાશ) કહેવામાં આવે છે. પરંતુ ઘડો ફૂટી જાય ત્યારે, એમાં રહેલું આકાશ, એટલે કે **'ઘટાકાશ', 'ઘટાકાશ'** રહેતું નથી; તે બહાર સર્વત્ર પ્રસરી જાય છે. ટૂંકમાં, **'ઘટાકાશ'** તરીકે હવે એનું કશું સ્વતંત્ર અને સ્વકીય અસ્તિત્વ રહેતું નથી; બહાર સર્વત્ર રહેલા મૂળ આકાશમાં એ ભળી જાય છે, **'મહાકાશ'** જ બની જાય છે. ટૂંકમાં, ઘટસ્થ **'ઘટાકાશ'** હવે મૂળ **'મહાકાશ'**માં વિલીન થઈ જાય છે.

એ જ રીતે, જ્યાં સુધી જીવાત્માની સાથે, શરીર-ઇન્દ્રિય-બુદ્ધિ વગેરે-રૂપ **'ઉપાધિ'** વળગેલી રહે છે ત્યાં સુધી જ, જીવાત્માનું, બ્રહ્મથી જૂદું, નિરાળું, એનું પોતીકું સ્વરૂપ, - એનું સ્વકીય અસ્તિત્વ રહે છે, રહી શકે છે; પરંતુ આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી, પેલી ઉપાધિનો, તરત જ, આપોઆપ, વિલય થઈ જાય છે, અને પછી તો **'જીવન્મુક્ત'** બ્રહ્મજ્ઞાની પોતે જ બ્રહ્મ બની જાય છે.

અહીં પણ એટલી ચોખવટ કરવાની તો રહે જ છે કે બ્રહ્મવેત્તા, **'જીવન્મુક્ત'** હોવાથી, બ્રહ્મ તો હતો જ, બ્રહ્મથી જૂદો કે અળગો તો ક્યારેય પણ ન્હોતો જ : હવે ફેર માત્ર એટલો જ છે કે નિયત સમયે મૃત્યુ થતાં, શરીરાદિની ઉપાધિનો વિલય થતાં, તે, સંપૂર્ણરીતે, બ્રહ્મસ્વરૂપ જ બની જાય છે.

યાદ કરો :

उपाधिनाशाद् ब्रह्मैव सन् ब्रह्माप्येति निर्द्वयम् ॥ શ્લોક-૫૫૫.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૬)

૫૬૭

क्षीरं क्षीरे यथाक्षिप्तं तैलं तैले जलं जले ।
संयुक्तमेकतां याति तथात्मन्यात्मविन्मुनिः ॥५६७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ક્ષીરં ક્ષીરે યથાક્ષિપ્તં તૈલં તૈલે જલં જલે ।
સંયુક્તમેકતાં યાતિ તથાત્મન્યાત્મવિન્મુનિઃ ॥૫૬૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા ક્ષીરે ક્ષિપ્તં ક્ષીરં, તૈલે (ક્ષિપ્તં) તૈલં, જલે (ક્ષિપ્તં) જલં (ચ), સંયુક્તં એકતાં યાતિ, તથા આત્મવિદ્ મુનિઃ આત્મનિ (એકતાં યાતિ) ॥૫૬૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : તથા આત્મવિદ્ મુનિઃ આત્મનિ (એકતાં યાતિ) । આત્મવેત્તા મુનિ આત્મામાં (ભળી જઈને, એકરૂપ જ થઈ જાય છે), બ્રહ્મમાં (વિલીન થઈને, બ્રહ્મ સાથે, બ્રહ્મરૂપ બની જાય છે) : સંયુક્તં એકતાં યાતિ । બ્રહ્મ સાથે સંયુક્ત થતાં, એમાં જોડાઈ જતાં, એકરૂપ એટલે કે બ્રહ્મરૂપ બની જાય છે.

આ ઘટના કોના જેવી છે ? - આ પ્રમાણે ત્રણ જેવી :

(૧) યથા ક્ષીરે ક્ષિપ્તં ક્ષીરં સંયુક્તં એકતાં યાતિ । ક્ષિપ્ત નાખવામાં આવેલું. ક્ષીર એટલે દૂધ; જેવી રીતે દૂધમાં નાખવામાં આવેલું દૂધ, એકમેકમાં ભળી જઈને, એકરૂપ, એટલે કે દૂધ-રૂપ જ થઈ જાય છે;

(૨) યથા તૈલે (ક્ષિપ્તં) તૈલમ્ । તૈલ એટલે તેલ; તેલમાં ઊમેરવામાં આવેલું તેલ, જેવી રીતે, પરસ્પરમાં ભળી જઈને, એકરૂપ એટલે કે તેલ જ બની જાય છે;

(૩) યથા જલે (ક્ષિપ્તં) જલમ્ । જળમાં રેડવામાં આવેલું જળ, જેવી રીતે, મૂળ જળમાં ભળી જઈને, એકરૂપ, એટલે કે જળરૂપ જ થઈ જાય છે;

આ ત્રણ દૃષ્ટાંતો પ્રમાણે જ, આત્મજ્ઞાની મહાત્મા પણ મૂળ આત્મામાં, એટલે કે બ્રહ્મમાં ભળવાથી, એટલે કે જ્યારે તે, અંતે, બ્રહ્મલીન થાય છે ત્યારે તે, આત્માથી, એટલે કે બ્રહ્મથી, જરા પણ અળગો રહેતો નથી; આત્મામાં, આત્મા સાથે, સંપૂર્ણ રીતે, એકરૂપ, એટલે કે આત્મરૂપ, બ્રહ્મરૂપ જ થઈ જાય છે. (૫૬૭)

અનુવાદ :

જેવી રીતે દૂધમાં નાખેલું દૂધ, તેલમાં (નાખેલું) તેલ, અને જળમાં (ઊમેરેલું) જળ, - (આ ત્રણેય) એકમેકમાં ભળી જઈને એક (એટલે કે એકરૂપ) થઈ જાય છે, તેવી જ રીતે આત્મજ્ઞાની મુનિ આત્મા(બ્રહ્મ)માં ભળી જઈને એકરૂપ આત્મરૂપ,

બ્રહ્મરૂપ, બની જાય છે. (૫૬૭)

ટિપ્પણ :

'ઘટાકાશ' અને **'મહાકાશ'**નાં દૃષ્ટાંતથી, બ્રહ્મવેત્તાનું બ્રહ્મરૂપ બની જવું, - એ પ્રમાણમાં સૂક્ષ્મ એવી ઘટનાને, એક વધુ સુંદર ઉદાહરણ વડે, આચાર્યશ્રી, અહીં, સંપૂર્ણરીતે, પ્રતીતીકારક બનાવે છે.

ગ્લાસમાંનાં, દૂધને, તપેલામાં રહેલાં દૂધમાં, રેડી દઈએ તો, ગ્લાસમાંનું દૂધ, તપેલામાં રહેલા દૂધથી જરા પણ જૂદું રહેતું નથી : ગ્લાસમાંનું અને તપેલામાંનું દૂધ, - બધું જ દૂધ એકમેકમાં ભળી જઈને, એકરૂપ એટલે દૂધરૂપ જ થઈ જાય છે : બધું જ માત્ર દૂધ, દૂધ અને દૂધ ! આ જ દૃષ્ટાંતને વિસ્તારીને તેલ, અને જળ વિશે વાત કરીએ તો, બધું જ માત્ર તેલ, અને જળ !

આ જ રીતે, આત્મવેત્તા, પોતાની કારકિર્દીને અંતે, પરમાત્માને પામે ત્યારે, ઉપર્યુક્ત દૂધ-તેલ-જળની જેમ, જ, તે પણ પરમાત્મામાં ભળી જઈને, પરમાત્મા સાથે સંપૂર્ણરીતે એકરૂપ જ બની જાય છે.

અને આ તો આત્મજ્ઞાની છે, એટલે પોતાનાં આત્મજ્ઞાન દ્વારા, એની સાથેની દેહાદિની ઉપાધિનું મિથ્યાપણું જાણીને, ઉપાધિમાંનાં ભેદ-દ્વૈત વગેરેનો નાશ કરી નાખે છે, અખંડ અને અદ્વૈત આત્મા સાથે પૂરેપૂરો ઓતપ્રોત થઈ જાય છે (આત્મનિ સંયુક્તં એકતાં યાતિ ।), આત્મસ્વરૂપ જ બની જાય છે.

દૂધમાં નાખેલું દૂધ, તેલમાં નાખેલું તેલ, અને જળમાં નાખેલું જળ, - બસ, એ જ રીતે આત્મામાં ઓતપ્રોત થઈ ગયેલો આત્મા ! કોઈ ભેદ નહીં, ભિન્નતા નહીં, જૂદાપણું નહીં !

માત્ર અભેદ, અદ્વૈત, ઐક્ય !

"આત્મબોધ"(શ્લોક-૫૩)માં, આ જ વાત, લગભગ આવી જ પરિભાષામાં અભિવ્યક્ત કરવામાં આવી છે :

जले जलं वियद् व्योम्नि तेजस्तेजसि वा यथा ।

["જળમાં (ઊમેરેલાં) જળ જેવું, **'મહાકાશ'**માં (ભળેલાં) **'ઘટાકાશ'** જેવું અને તેજમાં એકરૂપ બનેલાં તેજ જેવું જ, - આત્મામાં એકરૂપ થયેલા આત્માનું છે !"]

મુંડક-ઉપનિષદનો આ મંત્ર પણ, પ્રસ્તુત ચર્ચામાં, એની પ્રતીતિકારકતામાં, સહાયરૂપ થાય એવો છે :

यथा नद्यः स्यन्दमानाः समुद्रे-
-ऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।

तथा विद्वान्नामरूपाद्विमुक्तः

परात्परं पुरुषमुपैति दिव्यम् (૩, ૨, ૮)

("જેવી રીતે નદીઓ વહેતી છતાં પોતાનાં નામ-રૂપ ત્યજીને, સમુદ્રમાં અસ્ત થાય છે, તેવી રીતે વિદ્વાન નામરૂપથી વિમુક્ત થઈને, પરાત્પર દિવ્ય પુરુષને પામે છે.")

અને કઠ-ઉપનિષદના આ બે મંત્રો પણ, આપણા આ શ્લોકમાંનાં તાત્પર્યાર્થનું એવું જ સમર્થન કરે તેવા છે :

(૧) अग्निर्यथैको भुवनं प्रविष्टो

रूपं रूपं प्रतिरूपो बभूव ।

एकस्तथा सर्वभूतान्तरात्मा

रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥ (૨, ૨, ૯)

("જેમ એક અગ્નિ લોકમાં પ્રવેશ પામ્યો તે છતાં, રૂપ-રૂપ પ્રતિરૂપ થાય છે, તેમ સર્વભૂતોનો અંતરાત્મા એક છતાં રૂપ-રૂપ પ્રતિ પ્રતિરૂપ થાય છે તથા બહાર છે.")

(૨) वायुर्यथैको भुवनं प्रविष्टो

रूपं रूपं प्रतिरूपो बभूव ।

एकस्तथा सर्वभूतान्तरात्मा

रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥ (૨, ૨, ૧૦)

(આગલા મંત્રમાં અગ્નિના જેવી જ અહીં, વાયુની વાત છે.)

શ્લોકનો છંદ : અનુષ્ટુપ (૫૬૭)

૫૬૮

एवं विदेहकैवल्यं सन्मात्रत्वमखण्डितम् ।

ब्रह्मभावं प्रपद्यैष यतिर्नावर्तते पुनः ॥૫૬૮॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

એવં વિદેહકૈવલ્યં સન્માત્રત્વમખંડિતમ્ ।

બ્રહ્મભાવં પ્રપદ્યૈષ યતિર્નાવર્તતે પુનઃ ॥૫૬૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

એવં અખણ્ડિતં સન્માત્રત્વં બ્રહ્મભાવં (ઇતિ એતદ્) વિદેહ-કૈવલ્યં (ઉચ્યતે);

(तद्) प्रपद्य एषः यतिः पुनः न आवर्तते ॥५६८॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (इति एतद्) विदेहकैवल्यं (उच्यते) । બસ, આ પરિસ્થિતિને જ **'વિદેહકૈવલ્ય'** કહેવામા આવે છે. શાને **'વિદેહકૈવલ્ય'** કહેવામાં આવે છે ? - આ બે સ્થિતિની પ્રાપ્તિ : (અ) अखण्डितं सन्मात्रत्वम् । અખંડ **'सत्ता'**(અસ્તિત્વ - Existence)માત્રપણું, સત્સ્વરૂપતા; અને (બ) ब्रह्मभावम् । બ્રહ્મભાવમાં સ્થિતિ, બ્રહ્મમયતાની પ્રાપ્તિ;

(૨) (तद्) प्रपद्य एषः यतिः पुनः न आवर्तते । यति એટલે આત્મજ્ઞાની, યોગી, મહાત્મા; (तद्) प्रपद्य - તે વૈદેહકૈવલ્યને પામીને, પામ્યા પછી, આ યતિ, સંસારમાં ફરી પાછો આવતો નથી (पुनः न आवर्तते ।). (૫૬૮)

અનુવાદ :

આ પ્રમાણે, અખંડ સત્સ્વરૂપતા અને બ્રહ્મભાવમાં સ્થિતિ, એ જ **'વિદેહકૈવલ્ય'** (કહેવાય) છે; તેને પામીને આ (આત્મજ્ઞાની) યતિ સંસારમાં ફરી પાછો આવતો નથી. (૫૬૮)

ટિપ્પણ :

આ શ્લોકમાં બે વાતનું નિરૂપણ કરવામાં આવ્યું છે : **એક** તો એ કે **'વિદેહકૈવલ્ય'** એટલે શું ? અને **બીજું** એ કે આવી પ્રાપ્તિ કરનાર યતિનું ભાવિ કેવું હોય છે ?

કૈવલ્ય એટલે **'કેવલ'**-હોવાપણાંની સ્થિતિ. केवलस्य भावः कैवल्यम् । સંપૂર્ણ અસંગ, અપૃથક્ત્વ (Perfect isolation, Soleness, Exclusiveness). સર્વ અનાત્મ પદાર્થોથી આત્માનો વિચ્છેદ-વિશ્લેષ; એનું અળગા-રહેવાપણું (Detachment of the Soul from Matter). આ એક એવી વિશિષ્ટ અને અસામાન્ય સ્થિતિ છે, જેમાં દેશ-કાલ-વસ્તુ વગેરેના કોઈ જ ભેદો માટે કશો જ અવકાશ રહેતો નથી. હકીકતમાં આ જ **'મોક્ષ'** (Final emancipation, Beatitude) છે !

પરંતુ **'વિદેહકૈવલ્ય'** તો, અંતિમ અને આત્યંતિક પરિસ્થિતિ છે, જેમાં **'જીવન્મુક્ત'** આત્મજ્ઞાનીને દેહ પણ હોતો નથી (વિદેહ) !

પણ આ **'વિદેહ'**-શબ્દના મર્મને બરાબર સમજવા જેવો છે : જે **'જીવન્મુક્ત'** બ્રહ્મવેત્તા, જીવતાં જ બ્રહ્મસાક્ષાત્કાર પામી ચૂક્યો છે, તે પોતાના આત્માને, અપરોક્ષ-સ્વરૂપે, અખંડ, અભેદ અસ્તિત્વ-સ્વરૂપે, એટલે કે સત્સ્વરૂપે જ જાણે છે (अखण्डितं

सन्मात्रत्वम्); અને આવા આત્મવેત્તાનું દેહતાદાત્મ્ય તો જીવતાં જ છૂટી જાય છે, એટલે તેની બાબતમાં, દેહનું હોવું કે દેહનું ન હોવું, - બંને એક જ છે. 'વિદેહ' - શબ્દના આ મર્મ પ્રમાણે, આવો આત્મજ્ઞાની, જીવતાં જ, સદેહે, **'વિદેહ-કૈવલ્ય'** પામ્યો છે, એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નથી; કારણ કે જેનાં પરિણામે તે આવી પરમોચ્ચ સ્થિતિને પામ્યો છે તે, - **'બ્રહ્મભાવ'**માં તો તેની સ્થિતિ (ब्रह्मभावम्) અકબંધ અને એવી જ અખંડિત હોય છે.

કેટલાક તત્ત્વચિંતકોના મત પ્રમાણે, આવું **'વિદેહત્વ'** (Disembodiedness) એટલે સર્વગોચર (Phenomenal) એવું મૃત્યુ, જ્યારે મનુષ્ય સ્થૂલ દૃષ્ટિએ દેહ-વિનાનો બની જાય છે; પરંતુ આચાર્યશ્રીને આવું સામાન્ય કક્ષાનું અર્થઘટન માન્ય નથી : તેમની દૃષ્ટિએ તો **'વિદેહત્વ'** એટલે એવી અસામાન્ય સિદ્ધિ, જ્યારે સાધકને, **સ્થૂલ-સૂક્ષ્મ કે કારણ** એવાં કોઈ જ દેહ સાથે કશો જ સંબંધ ન હોય !

અને આવી સિદ્ધ-સ્થિતિને પામ્યા પછી તો, તેવા, બ્રહ્મભાવને પામેલા જીવન્મુક્ત માટે, સંસારમાં ફરી પાછાં આવવાનો તો સવાલ જ રહેતો નથી ! (न पुनः आवर्तते ।).

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૮)

૫૬૯

सदात्मकत्वविज्ञानदग्धाविद्यादिवर्ष्मणः ।
अमुष्य ब्रह्मभूतत्वाद् ब्रह्मणः कुत उद्भवः ॥५६९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

सदात्मकत्वविज्ञानदग्धाविद्यादिवर्ष्मणः ।
अमुष्य ब्रह्मभूतत्वाद् ब्रह्मणः कुत उद्भवः ॥५६९॥

શ્લોકનો ગદ્ય અન્વય :

सद्-आत्मा-एकत्व-विज्ञान-दग्ध-अविद्या-आदि-वर्ष्मणः अमुष्य ब्रह्मभूतत्वाद् ब्रह्मणः उद्भवः कुतः (स्यात्) ॥५६९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : अमुष्य ब्रह्मणः उद्भवः कुतः (स्यात्) । આ બ્રહ્મનો જન્મ, ક્યાંથી સંભવે ? કેમ હોઈ શકે ? જન્મ ન હોવાનું કારણ શું ? ब्रह्मभूतत्वाद् । - બ્રહ્મ થઈ ગયો હોવાથી. આ બ્રહ્મ કેવું છે ? सत्-आत्मा-एकत्व-विज्ञान-दग्ध-

अविद्या-आदि-वर्ष्मणः । वर्ष्मणः એટલે દેહ વગેરે ઉપાધિ; જીવ-બ્રહ્મનાં એકત્વનાં વિજ્ઞાન દ્વારા, જેની અવિદ્યા વગેરે ઉપાધિ બળી ગઈ છે, તેવું. આવાં બ્રહ્મનો પુનર્જન્મ કેમ હોઈ શકે ? (૫૬૯)

અનુવાદ :

જીવ-બ્રહ્મનાં ઐક્ય-વિજ્ઞાન દ્વારા જેની અવિદ્યા વગેરે ઉપાધિ બળી ગઈ છે, એવા આનો બ્રહ્મભાવ થઈ ગયો હોવાથી, બ્રહ્મનો (ફરી) જન્મ ક્યાંથી સંભવે ? (૫૬૯)

ટિપ્પણ :

બ્રહ્મભાવ અને વિદેહકૈવલ્ય પામેલા યતિનો પુનર્જન્મ હોતો નથી, સંસારમાં તે ફરી પાછો આવતો નથી, એ હતું ગયા શ્લોકનું પ્રતિપાદન.

હવે, અહીં, આ શ્લોકમાં, આવા યતિનાં, સંસારમાં પાછાં ન આવવા વિશેનું કારણ આપવામાં આવ્યું છે.

જે કોઈનો આ સંસારમાં પુનર્જન્મ થાય છે તે આત્મા હોતો જ નથી; જેનો જન્મ થાય છે તે તો તેની ઉપાધિ જ હોય છે. પરંતુ આ યતિ તો બ્રહ્મભાવને પામેલો છે, અને 'બ્રહ્મ જ આત્મા છે' - એવાં વિજ્ઞાન દ્વારા, એની અવિદ્યા અને અવિદ્યાજન્ય શરીર વગેરે ઉપાધિઓ તો બળી ગઈ હોય છે, અને બ્રહ્મજ્ઞાની તો બ્રહ્મ-સ્વરૂપ જ બની ગયો હોય છે, અને બ્રહ્મનો તો જન્મ જ ન હોઈ શકે !

જે પોતાને બ્રહ્મરૂપ જાણે, તે **જીવન્મુક્ત** તો અજન્મા જ હોય, તેણે તો જીવતાં જ જ્ઞાનરૂપી અગ્નિમાં પોતાની સર્વ અવિદ્યા અને અવિદ્યાની સાથે સંકળાયેલી સર્વ ઉપાધિઓને બાળી નાખી છે, અને પોતે તો 'બ્રહ્મ' જ બની ગયો છે, - તો પછી હવે પુનર્જન્મ કોનો થાય ? તેનો તો ન જ થાય !

વળી, તે તો વિદેહકૈવલ્યને પામી ચૂક્યો છે, અને તેથી તે બ્રહ્મ-સ્વરૂપે જ રહે છે, આવા બ્રહ્મીભૂત બની રહેલા આત્માનો પુનર્જન્મ કેમ હોઈ શકે ? બ્રહ્મ તો અવિનાશી છે, એનો તો કદી નાશ થતો જ નથી; અને પુનર્જન્મ તો તેનો જ થાય, જેનો નાશ થયો હોય, -

ध्रुवं जन्म मृतस्य च । (ગીતા ૨, ૨૭)

("મૃત્યુ પામેલાનો પુનર્જન્મ નિશ્ચિત છે".)

જેનું મૃત્યુ જ થયું નથી, એને વળી પુનર્જન્મ ક્યાંથી ? આમ, આ પહેલાંના શ્લોકનાં પ્રતિપાદનનું અહીં સમર્થન કરવામાં આવ્યું છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૬૯)

૫૭૦

मायाक्लृप्तौ बन्धमोक्षौ न स्तः स्वात्मनि वस्तुतः ।
यथा रज्जौ निष्क्रियायां सर्पाभासविनिर्गमौ ॥५७०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

માયાક્લૃપ્તૌ બન્ધમોક્ષૌ ન સ્તઃ સ્વાત્મનિ વસ્તુતઃ ।
યથા રજ્જૌ નિષ્ક્રિયાયાં સર્પાભાસવિનિર્ગમૌ ॥૫૭૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા નિષ્ક્રિયાયાં રજ્જૌ સર્પાભાસ-વિનિર્ગમૌ ન સ્તઃ, (તથા) સ્વાત્મનિ વસ્તુતઃ માયાક્લૃપ્તૌ બન્ધમોક્ષૌ (ન સ્તઃ) ॥૫૭૦॥

શબ્દાર્થ :

શ્લોકમાં બે સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (તથા) સ્વાત્મનિ વસ્તુતઃ બન્ધમોક્ષૌ ન સ્તઃ । સ્વાત્મનિ એટલે આત્મામાં, પોતાના આત્મામાં; ન સ્તઃ હોતાં નથી : વસ્તુતઃ એટલે વાસ્તવમાં; ખરેખર. સ્તઃ (અસ્ એટલે થવું-હોવું, એ ધાતુનું વર્તમાનકાળ ત્રીજો પુરુષ દ્વિવચનનું રૂપ). આત્માને શું નથી હોતાં ? - બન્ધમોક્ષૌ । બંધન અને મોક્ષ. આ બંધન અને મોક્ષ કેવાં છે ? માયાક્લૃપ્તૌ માયા વડે કલ્પવામાં આવેલાં. તથા એટલે તેવી રીતે. એટલે 'કેવી રીતે' ? હવે પછીનાં બીજાં વાક્યમાંનાં દૃષ્ટાંત પ્રમાણે.

(૨) યથા સર્પ-આભાસ-વિનિર્ગમૌ ન સ્તઃ । સાપનો આભાસ ઊભો થવો અને ચાલ્યો જવો, તે બે; સાપના આભાસનું આવવું અને જવું. જેવી રીતે આ બંને હોતાં નથી, તેવી રીતે. આ બંને ક્યારે હોતાં નથી ? નિષ્ક્રિયાયાં રજ્જૌ (સતિ) । દોરડું નિષ્ક્રિય હોય ત્યારે, ક્રિયા વગરનાં દોરડામાં; નિષ્ક્રિય દોરડાંમાં, અહીં **'સતિ-સપ્તમી'** વાક્યરચના છે. (૫૭૦)

અનુવાદ :

જેમ ક્રિયા વિનાનાં દોરડામાં, સાપના આભાસનું ઊભું થવું અને એનું ચાલ્યું જવું, - એ બંને હોતાં નથી, તેમ જ આત્મામાં માયાએ કલ્પેલાં બંધન અને મોક્ષ, ખરેખર, હોતાં નથી. (૫૭૦)

ટિપ્પણ :

દોરડું તો નિષ્ક્રિય છે, એ તો એક અધિષ્ઠાન-માત્ર છે, એ પોતે તો કશું જ કરતું નથી. એનામાં સાપનો આભાસ થાય છે, દોરડું એ દોરડું નહીં પણ સાપ છે, એવી પ્રતીતિ તો માત્ર અંધકારને કારણે જ ઊભી થઈ હતી, ખોટી હતી, માત્ર એક ભ્રાંતિ જ હતી. અજવાળું આવ્યું કે તરત જ, એ ભ્રાંતિ ચાલી ગઈ : આમ, સાપના આભાસનું સર્જન અને એ જ આભાસનું દૂર થઈ જવું, - એ બંને, ખરેખર, હતાં જ નહીં; (सर्पाभासविनिर्गमौ) અને દોરડાંએ તો, સાપનાં આભાસનાં આવવા-જવામાં કશો ભાગ ભજવ્યો જ ન્હોતો (निष्क्रियायां रज्जौ) !

એ જ પ્રમાણે, આત્મા માટેનાં બંધન અને મોક્ષ પણ, હકીકતમાં, હોતાં જ નથી (न स्तः ।), એ તો માત્ર **માયા**ની જ કલ્પના છે. અને **માયા** એટલે જ **માયા** ! એનું તો નામ જ સૂચક છે ! **માયા** એટલે તો એવું એક તત્ત્વ, કે જે પોતે જ ક્યાંય અસ્તિત્વ ધરાવતું નથી, ક્યાંય છે જ નહીં : આમ, જે પોતે જ એક કલ્પના છે, તેણે કલ્પેલાં બંધન અને મોક્ષ કેટલાં સાચાં હોય !

દોરડું જેમ એક અધિષ્ઠાન (Substratum) છે, તેમ જ આત્મા પણ અધિષ્ઠાન જ છે. સાપનાં આવાગમન હતાં જ નહીં, તે જ રીતે, અહીં, આત્માની બાબતમાં, બંધન અને મોક્ષનાં આવાગમન પણ છે જ નહીં, - એ તો હતી માત્ર માયાની કલ્પના જ (मायाकल्पौ) !

મૂળ, ચર્ચાનો મુદ્દો છે, બ્રહ્મભાવ અને વિદેહકૈવલ્ય પામેલા આત્માના પુનર્જન્મની ! એનો પુનર્જન્મ હોઈ શકે જ નહીં (एषः यतिः पुनः न आवर्तते । - શ્લોક-૫૬૮ અને ब्रह्मणः उद्भवः कुतः । શ્લોક-૫૬૯). આવી અસંભવિત વાતને પ્રતીતિજનક બનાવવા માટે આચાર્યશ્રીએ અહીં બે સિદ્ધ હકીકતોને, આધાર તરીકે ટાંકી છે : દોરડાંની નિષ્ક્રિયતા અને માયાની કલ્પના.

ટૂંકમાં, જેનો બ્રહ્મભાવ થઈ ગયો છે, તેનો પુનર્જન્મ હોય જ નહીં ! એ તો 'વદતો વ્યાઘાત' (Contradiction in terms) જેવી જ એક વાત છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૭૦)

૫૭૧

आवृतेः सदसत्त्वाभ्यां वक्तव्ये बन्धमोक्षणे ।
नावृतिः ब्रह्मणः काचिदन्याभावादनावृतम् ।
यद्यस्त्यद्वैतहानिः द्वैतं नो सहते श्रुतिः ॥५७१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

આવૃતેઃ સદસત્ત્વાભ્યાં વક્તવ્યે બન્ધમોક્ષણે ।
નાવૃતિઃ બ્રહ્મણઃ કાચિદન્યાભાવાદનાવૃતમ્ ।
યદ્યસ્ત્યદ્વૈતહાનિઃ દ્વૈતં નો સહતે શ્રુતિઃ ॥૫૭૧॥

શ્લોકનો ગદ્ય અન્વય :

આવૃતેઃ સત્-અસત્ત્વાભ્યાં બન્ધમોક્ષણે વક્તવ્યે બ્રહ્મણઃ કાચિત્ આવૃતિઃ ન (અસ્તિ); અન્ય-અભાવાત્ અનાવૃતમ્ યદિ અસ્તિ, (તર્હિ) અદ્વૈતહાનિઃ સ્યાત્; શ્રુતિઃ દ્વૈતં નો(ન + ઉ) સહતે ॥૫૭૧॥

શબ્દાર્થ :

શ્લોકમાં પાંચ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) આવૃતેઃ સદ્-અસત્ત્વાભ્યાં બન્ધમોક્ષણે વક્તવ્યે । બન્ધમોક્ષણે એટલે બંધન અને મુક્તિ; વક્તવ્યે - એટલે કહેવાય છે; ક્યારે કહેવાય છે ? - આવૃતેઃ સદ્-અસત્ત્વાભ્યામ્ । આવૃતિઃ (આ + વૃ એટલે ઢાંકવું, આવરવું, - એ ધાતુ પરથી બનેલું નામ (Noun) : ઢાંકણ, આવરણ); સદ્ - એટલે હોવું; અસત્ત્વ એટલે ન હોવું; આવરણની હાજરી અને ગેરહાજરી; આવરણ હોવા કે ન હોવાથી જ બંધન અને મોક્ષ કહેવાય છે; આવરણ હોય તો બંધન અને ન હોય તો મોક્ષ;

(૨) બ્રહ્મણઃ કાચિત્ આવૃતિઃ ન (અસ્તિ) । (જ્ઞાની માટે) બ્રહ્મમાં કોઈ જ પ્રકારનું આવરણ હોતું નથી; પરંતુ આનું કારણ શું ?

(૩) અન્ય-અભાવાત્ (તદ્ બ્રહ્મ) અન્-આવૃતં (અસ્તિ) । (કારણ કે) બ્રહ્મથી અતિરિક્ત, ભિન્ન, બીજું, જૂદું, કાંઈ છે જ નહીં, તેથી જ તેને આવરણ હોતું નથી. તે આવરણ-વિનાનું, આવરણ-રહિત છે;

(૪) યદિ (તસ્ય બ્રહ્મણઃ આવૃતિઃ) અસ્તિ, (તર્હિ) અદ્વૈતહાનિઃ સ્યાત્ । જો તે બ્રહ્મને આવરણ છે, તેમ (તર્હિ) માનવામાં આવે તો, અદ્વૈત-સિદ્ધાંતને હાનિ પહોંચશે, તે સિદ્ધાંત રહેશે નહીં;

(૫) શ્રુતિઃ દ્વૈતં નો(ન + ઉ) સહતે । શ્રુતિ તો દ્વૈતને જરા પણ સહન કરી શકતી નથી. દ્વૈત એટલે આત્મા, અદ્વૈત નથી, અભેદ નથી, એવો સિદ્ધાંત. (૫૭૧)

અનુવાદ :

આવરણ હોવા કે ન હોવાથી જ બંધન અને મોક્ષ કહેવાય છે; બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનું આવરણ નથી, કારણ કે બ્રહ્મથી ભિન્ન બીજું કશું છે જ નહીં. અને

જો (બ્રહ્મનું આવરણ) છે, એમ કદી માનવામાં આવે તો, અદ્વૈતના સિદ્ધાંતને હાનિ પહોંચશે : અને શ્રુતિ તો દ્વૈતને જરા પણ સહન કરતી નથી. (૫૭૧)

ટિપ્પણ :

સાચી વાત એ છે કે બ્રહ્મ એક અને અદ્વિતીય છે, એનાથી અતિરિક્ત, એનાથી બીજું-જૂદું કશું છે જ નહીં, તો પછી તેને ઢાંકે કોણ ? એને આવરતું-આચ્છાદિત કરનારું કોણ ? આવું આવરણ કેવળ ભ્રાંતિજનિત છે, અવિદ્યાજન્ય છે; આવાં આવરણનાં આવાગમનથી જ, બંધન અને મુક્તિ એવા વિકલ્પો શક્ય બને છે : આવરણની હાજરી-ગેરહાજરી જ બંધન અને મોક્ષ જેવી અનુભૂતિ, – ખોટી અનુભૂતિ, – ઊભી કરે છે.

પરંતુ જ્ઞાની માટે તો બ્રહ્મમાં કોઈ પણ જાતનું આવરણ હોતું જ નથી, કારણ કે બ્રહ્મ-ભિન્ન કશું છે જ નહીં; આમ છતાં જો અન્ય કશું છે, બ્રહ્મ ઉપરાંત બીજું કશુંક છે, બ્રહ્મને આવરણ છે, એવું કદી માનવામાં આવે તો, તો વેદાંતનો અદ્વૈત સિદ્ધાંત જ રહેશે નહીં : એનો અર્થ જ એ થાય કે આત્મા અદ્વૈત નથી; એ તો દ્વૈતની જ સિદ્ધિ થઈ કહેવાય અને તો-તો આત્મા અદ્વૈત છે એવું કદાપિ સિદ્ધ કરી શકાય જ નહીં, આવી અનિર્વાહ્ય પરિસ્થિતિનું સર્જન થશે. પરંતુ આવી પરિસ્થિતિ કદી પણ સ્વીકારી શકાય નહીં, કારણ કે સર્વ બાબતોના સ્વીકાર-અસ્વીકારમાં અંતિમ પ્રમાણ (Authority) તો શ્રુતિ જ છે, અને શ્રુતિ એટલે કે વેદ, વેદ પછીનાં ઉપનિષદો, - એને તો દ્વૈત સ્વીકાર્ય જ નથી.

આવરણ(આવૃતિ)નો અર્થ જ એ કે બ્રહ્મ ઉપરાંત, બ્રહ્મમાં બીજું કશુંક છે, અને આ બીજાં કશાંનો સ્વીકાર, એ જ દ્વૈત, અને દ્વૈતનો સ્વીકાર, એટલે અદ્વૈતનો અસ્વીકાર, જે શ્રુતિસંમત નથી.

ભારતીય પરંપરામાં, જ્યારે કોઈ મતભેદ થાય, ત્યારે અંતિમ ચૂકાદો શ્રુતિનો જ ગણાય છે, અને શ્રુતિનો ચૂકાદો એ જ હોય કે તેને દ્વૈત માન્ય નથી, સ્વીકાર્ય નથી, તો આ ચૂકાદાને સહુએ સ્વીકારવો જ રહ્યો !

શ્લોકમાં છંદ તો **અનુષ્ટુપ** જ છે, પરંતુ તેમાં ત્રણ લીંટી અને છ ચરણો છે, તે નોંધપાત્ર છે. (૫૭૧)

૫૭૨

बन्धं च मोक्षं च मृषैव मूढा
बुद्धेर्गुणं वस्तुनि कल्पयन्ति ।

दृगावृतिं मेघकृतां यथा रवौ
यतोऽद्वयासंगचिदेकमक्षरम् ॥५७२॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

બન્ધં ચ મોક્ષં ચ મૃષૈવ મૂઢા
બુદ્ધેર્ગુણં વસ્તુનિ કલ્પયન્તિ ।
દૃગાવૃતિં મેઘકૃતાં યથા રવૌ
યતોઽદ્વયાસંગચિદેકમક્ષરમ્ ॥૫૭૨॥

શ્લોકનો ગદ્ય અન્વય :

યથા મેઘકૃતાં દૃગાવૃતિં રવૌ, (તથા) બન્ધં ચ મોક્ષં ચ બુદ્ધેઃ ગુણં મૂઢાઃ વસ્તુનિ મૃષા એવ કથયન્તિ; યતઃ અદ્વય-અસંગ-ચિત્-એકં અક્ષરં (ભવતિ) ॥૫૭૨॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) (તથા) મૂઢાઃ કલ્પયન્તિ । મૂર્ખાઓ, મૂઢજનો, અજ્ઞાનીઓ કલ્પી લે છે, કલ્પે છે, કલ્પના કરે છે. તેઓ શાની કલ્પના કરે છે ? - બન્ધં ચ મોક્ષં ચ । બંધન અને મોક્ષ બંને વિશે. આ બંનેને તેઓ કેવાં કલ્પે છે ? બુદ્ધેઃ ગુણમ્ । બુદ્ધિનાં ગુણો તરીકે, બુદ્ધિના ગુણરૂપ. આ કલ્પના શામાં કરે છે ? વસ્તુનિ આત્મરૂપ વસ્તુમાં. આવી કલ્પના કેવી છે ? - મૃષા એવ । મિથ્યા, વ્યર્થ જ છે. આ કોના જેવું છે ? હવે પછીનાં વાક્યમાં બનતી ખોટી ઘટના જેવું.

(૨) યથા મેઘકૃતાં દૃગ્-આવૃતિમ્ રવૌ । રવિ એટલે સૂર્ય; મેઘકૃતાં દૃગ્-આવૃતિમ્ - વાદળાં વડે દૃષ્ટિ જેમ ઢંકાઈ જાય તેમ, વાદળાંથી દૃષ્ટિ ઢંકાઈ જતાં, જેમ સૂર્ય ઢંકાઈ ગયો, એમ કલ્પવામાં આવે છે તેમ.

(૩) યતઃ (બ્રહ્મ તુ) અદ્વય-અસંગ-ચિત્-એકં અક્ષરં (ભવતિ) । કારણ કે આત્મા તો અદ્વિતીય-અસંગ-ચૈતન્યરૂપ એક અને અવિનાશી છે. (૫૭૨)

અનુવાદ :

જેવી રીતે વાદળાં વડે ઢંકાઈ જતાં, સૂર્ય ઢંકાઈ ગયો, એમ કલ્પવામાં આવે છે તેમ, મૂઢજનો, બંધન અને મોક્ષ એ બંને બુદ્ધિના ગુણોને, આત્મામાં વ્યર્થ જ કલ્પે છે; કારણ કે, ખરેખર, આત્મા તો, અદ્વિતીય-અસંગ-ચૈતન્યરૂપ, એકમાત્ર અને અવિનાશી છે. (૫૭૨)

ટિપ્પણ :

ગુરુદેવ શિષ્યને કહે છે કે "આ બંધન અને મોક્ષ, - એ બંને 'મૃષા' જ છે, મિથ્યા-ખોટાં જ છે, - બુદ્ધિના જ ગુણો. સૂર્ય કેવડો મોટો છે ? વાદળાંથી તો અનેકગણો મોટો, - એવો સૂર્ય કાંઈ વાદળાં વડે ઢંકાઈ ન જાય, આવાં નાનાં વાદળાં કાંઈ સૂર્યને ઢાંકી શકે જ નહીં, છતાં મૂઢજનો એવી કલ્પના કરે છે, એવું સ્વીકારી લે છે કે સૂર્ય વાદળાં વડે ઢંકાઈ ગયો, આવૃત બની ગયો ! હકીકત તો એ છે કે વાદળાં આપણી આંખનું જ આવરણ બની જાય છે !

આ જ રીતે અજ્ઞાનનું આવરણ બુદ્ધિને આવૃત કરી શકે : આત્માને કદાપિ નહીં; આત્મા તો, ખરેખર, અદ્વિતીય, અસંગ, ચૈતન્ય-સ્વરૂપ, એકમાત્ર અને અવિનાશી છે.

અને આ રીતે આત્માને કશાં જ આવરણ નથી, તેથી આત્માને બંધન હોઈ શકે જ નહીં : આત્માને, આથી જ, નિત્ય, મુક્ત, શુદ્ધ, બુદ્ધ કહેવામાં આવે છે. બંધન કે મોક્ષ, એ તો માત્ર એક ભ્રાંતિ જ છે, – આત્માની બાબતમાં, તો; મન કે બુદ્ધિની બાબતમાં એ ભલે એક કલ્પના રહી !

આત્મા તો, સદા-સર્વદા, અદ્વય (One without a second), અનાસક્ત, એક-રૂપ, અવ્યય, નિરાકાર અને સર્વવ્યાપ્ત છે, એને કોઈ કદિ પણ આચ્છાદિત કરી શકે નહીં.

અનેકતાની આ જે કલ્પના કરવામાં આવે છે, તે તો, માત્ર અવિદ્યાનાં આવરણને લીધે જ !

આત્મા કદી બંધનમાં હતો જ નહીં, તેથી એની મુક્તિનો સવાલ જ ઊભો થતો નથી ! એ તો પોતાના સિવાય અન્ય કશું હતો જ નહીં, છે જ નહીં, થશે પણ નહીં !"

શ્લોકનો છંદ : ઉપજાતિ (૫૭૨)

૫૭૩

अस्तीति प्रत्ययो यश्च यश्च नास्तीति वस्तुनि ।
बुद्धिरेव गुणावेतौ न तु नित्यस्य वस्तुनः ॥५७३॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

અસ્તીતિ પ્રત્યયો યશ્ચ યશ્ચ નાસ્તીતિ વસ્તુનિ ।
બુદ્ધિરેવ ગુણાવેતૌ ન તુ નિત્યસ્ય વસ્તુનઃ ॥૫૭૩॥

શ્લોકનો ગદ્ય અન્વય :

વસ્તુનિ 'યઃ અસ્તિ' ઇતિ ચ, 'યઃ ન અસ્તિ' ઇતિ ચ પ્રત્યયઃ, - એતૌ બુદ્ધેઃ એવ ગુણૌ (સ્તઃ), - નિત્યસ્ય વસ્તુનઃ ન (સ્તઃ) ॥૫૭૩॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) એતૌ (પ્રત્યયૌ) **બુદ્ધેઃ** એવ ગુણૌ (સ્તઃ) । પ્રત્યય એટલે પ્રતીતિ, સમજ, વિચાર; આ બે તો માત્ર બુદ્ધિના જ ગુણો છે. કયા બે ? હવે પછીનાં વાક્યમાં જણાવવામાં આવ્યાં છે, તે બે.

(૨) વસ્તુનિ 'યઃ અસ્તિ' ઇતિ ચ (પ્રત્યયઃ), 'યઃ ન અસ્તિ' ઇતિ ચ પ્રત્યયઃ (એતૌ દ્વૌ પ્રત્યયૌ) । કોઈ પણ પદાર્થ વિશે, **'તે છે'** એવી પ્રતીતિ, અને **'તે નથી'** એવી પ્રતીતિ, - આ બંને પ્રતીતિઓ; - માત્ર બુદ્ધિના જ ગુણો છે.

(૩) નિત્યસ્ય વસ્તુનઃ (એતૌ દ્વૌ પ્રત્યયૌ) ન (સ્તઃ) । નિત્ય વસ્તુ એટલે આત્મા, વસ્તુસ્વરૂપ આત્મા વિશે આવી સમજ હોઈ શકે નહીં. (૫૭૩)

અનુવાદ :

કોઈ પણ પદાર્થ વિશે, **'તે છે'** અને **'તે નથી'**, - એવી પ્રતીતિ, આ બંને તો બુદ્ધિના જ ગુણો છે, પરંતુ નિત્યવસ્તુ (એવા આત્મા વિશે) હોઈ શકે નહીં. (૫૭૩)

ટિપ્પણ :

અસ્તિ (અસ્ એટલે હોવું, To exist, - એ ધાતુનું, વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) એટલે તે પદાર્થ **'છે'**, તે અસ્તિત્વ ધરાવે **છે**, તે હયાત છે; અને એ જ રીતે, ન અસ્તિ એટલે તે પદાર્થ **'નથી'**, તે અસ્તિત્વ ધરાવતો **નથી**, તે હયાત **નથી** : આવી આ બંને પ્રતીતિઓ(Concepts)નો વિચાર તો, તેના વિશે જ થઈ શકે, જે, આજે હોય અને કાલે ન પણ હોય ! એટલે આ બંને પ્રતીતિઓ બુદ્ધિને જ સ્પર્શે છે : **થવા-હોવાના** (To exist) અને **'ન થવા-ન હોવાના'** (Not to exist), - આ બંને પ્રકારના વિચારો, માત્ર **અનિત્ય** પદાર્થો વિશે જ થઈ શકે, કારણ કે તેનું અસ્તિત્વ (Existence) અમુક મર્યાદિત સમય પૂરતું જ હોય છે, એનો એ મર્યાદિત સમય પૂરો થઈ જાય, ત્યારપછી તે ન હોય (ન અસ્તિ ઇતિ), એવું અવશ્ય બને.

પરંતુ **'આત્મા'** તો, ત્રણેય કાળમાં, સતત, અવિરત, અનવરત હોય, એવો

ત્રિકાલાબાધિત, 'નિત્ય' છે; એના વિશે, અસ્તિ-નાસ્તિ(હોવા-ન-હોવા)નો સવાલ જ ઊભો થતો નથી ! ટૂંકમાં, આ "अस्ति-नास्ति", - એવી પ્રતીતિ, એ માત્ર બુદ્ધિના જ ગુણો છે. પરંતુ જે 'નિત્ય' (Absolute) છે, તેને તો કોઈ ગુણો હોઈ શકે જ નહીં. જેને ગુણો હોઈ શકે, તે એક **પદાર્થ** છે, અને જે **પદાર્થ** છે તે, હંમેશાં, પ્રમેય (Finite) હોય છે, પરિમિત છે, પરિચ્છેદ્ય છે, સમર્યાદ છે. તેની મર્યાદા પૂરી થઈ જાય, ત્યારપછી તે ન પણ હોય (न अस्ति इति).

આત્મા આવો કોઈ **પ્રમેય** પદાર્થ નથી, - એ તો **'નિત્ય'** છે, એને કોઈ કાળ સાથે કશો સંબંધ જ નથી, તો પછી, એનાં 'હોવા-ન-હોવા(अस्ति, न अस्ति इति प्रत्ययः)નો પ્રશ્ન જ અપ્રસ્તુત બની જાય છે (न तु नित्यस्य वस्तुनः ।) !

શ્લોકનો **છંદ : અનુષ્ટુપ** (૫૭૩)

૫૭૪

अतस्तौ मायया क्लृप्तौ बन्धमोक्षौ न चात्मनि ।
निष्कले निष्क्रिये शान्ते निरवद्ये निरंजने ।
अद्वितीये परे तत्त्वे व्योमवत् कल्पना कुतः ॥५७४॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

अतस्तौ मायया कॢप्तौ बन्धमोक्षौ न चात्मनि ।
निष्कले निष्क्रिये शान्ते निरवद्ये निरंजने ।
अद्वितीये परे तत्त्वे व्योमवत् कल्पना कुतः ॥५७४॥

શ્લોકનો ગદ્ય અન્વય :

अतः तौ बन्धमोक्षौ मायया क्लृप्तौ (स्तः); आत्मनि च तौ न (स्तः); व्योमवत् निष्कले निष्क्रिये शान्ते निरवद्ये निरंजने अद्वितीये परे तत्त्वे (तयोः बन्धमोक्षयोः) कल्पना (तु) कुतः ॥५७४॥

શબ્દાર્થ :

શ્લોકમાં ત્રણ સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) अतः तौ बन्धमोक्षौ मायया क्लृप्तौ (स्तः) । अतः એટલે આથી, આ કારણે, શ્લોકો-૫૭૨-૫૭૩માં પ્રતિપાદન થયા પ્રમાણે. બંધન અને મોક્ષ, - તે બંને, માયા વડે જ કલ્પવામાં આવ્યાં છે, માયા વડે અભિભૂત એવી બુદ્ધિનું જ સર્જન છે.

(૨) आत्मनि च (तौ बन्धमोक्षौ) न (स्तः) । અને આ બે, – બંધન અને મોક્ષ, – આત્મામાં તો છે જ નહીં.

આનું કારણ શું ?

હવે પછીનાં વાક્યમાં, એક પ્રશ્ન દ્વારા જ એ જણાવવામાં આવ્યું છે.

(૩) परे तत्त्वे (तयोः बन्धमोक्षयोः) कल्पना (तु) कुतः । આત્મા એટલે તો પરમ તત્ત્વ, - એમાં તો આ બે-ની કલ્પના જ ક્યાંથી સંભવે ?

આ પરમતત્ત્વ કેવું છે ? व्योमवत् એટલે કે આકાશની જેમ, તે આવું છે : निष्कले - कला એટલે ભાગ, – અવયવ; અવયવ-વિનાનું, નિરવયવ; निष्क्रिये - કોઈ પણ પ્રકારની ક્રિયા-વિનાનું; शान्ते; निरवद्ये - નિર્દોષ; निरंजने - નિર્લેપ, નિષ્કલંક; અને अद्वितीये. (૫૭૪)

અનુવાદ :

આથી જ, બંધન અને મોક્ષ, એ બંને, (માત્ર) માયાની જ કલ્પના છે; આત્મામાં (તે બંને) છે જ નહીં : આકાશની જેમ, નિરવયવ, નિષ્ક્રિય, શાંત, નિર્દોષ, નિષ્કલંક અને અદ્વિતીય એવા પરમતત્ત્વ(આત્મા)માં તો, આવી કલ્પના જ ક્યાંથી સંભવે ? (૫૭૪)

ટિપ્પણ :

શ્લોકનો ભાવાર્થ સ્પષ્ટ છે અને આ પહેલાંના બે શ્લોકોમાં, જૂદી-જૂદી રીતે, બંધન અને મોક્ષ, આત્મામાં ન હોવા વિશેનું પ્રતિપાદન સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

માયા એટલે જ એક એવું તત્ત્વ, જે, પોતે જ, અસ્તિત્વ ધરાવતું નથી, માત્ર એક કલ્પના જ છે. જે સ્વયં એક કલ્પના છે, એની વળી કલ્પના (मायाकल्पौ) કેવી હોય ? હોય ખરી ?

બંધન અને મોક્ષ, - એ બંને બુદ્ધિને અભિભૂત કરી શકે. એનો પ્રભાવ બુદ્ધિ પૂરતો જ મર્યાદિત, એથી જરા પણ આગળ નહીં. આત્મા તો, સહુથી પર છે, આકાશની જેમ નિરવયવ, નિષ્ક્રિય, શાંત, નિર્દોષ, નિર્લેપ અને અદ્વિતીય છે : આવા પરમતત્ત્વ(परे तत्त्वे)માં, એટલે કે આત્મામાં તો એ બંને(બંધન અને મોક્ષ)ની કલ્પના કરી જ કેમ શકાય ?

શ્લોકમાં છંદ તો **અનુષ્ટુપ** છે, પરંતુ તેમાં **ત્રણ** પંક્તિ અને ૭ ચરણો છે, તે નોંધપાત્ર છે. (૫૭૪)

૫૭૫

न निरोधो न चोत्पत्तिर्न बद्धो न च साधकः ।
न मुमुक्षुर्न वै मुक्त इत्येषा परमार्थता ॥५७५॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ન નિરોધો ન ચોત્પત્તિર્ન બદ્ધો ન ચ સાધકઃ ।
ન મુમુક્ષુર્ન વૈ મુક્ત ઇત્યેષા પરમાર્થતા ॥૫૭૫॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ન નિરોધઃ, ન ચ ઉત્પત્તિઃ; ન બદ્ધઃ, ન ચ સાધકઃ; ન મુમુક્ષુઃ, ન વૈ મુક્તઃ; - એષા પરમાર્થતા (અસ્તિ) ॥૫૭૫॥

શબ્દાર્થ :

વાક્યમાં સાત સ્વતંત્ર વાક્યો આ પ્રમાણે છે :

(૧) ન (કસ્યચિત્) નિરોધઃ (અસ્તિ) । નિરોધ એટલે નાશ. કોઈ પણ વસ્તુનો નાશ નથી;

(૨) ન (કસ્યચિત્) ઉત્પત્તિઃ (અસ્તિ) । ઉત્પત્તિ એટલે ઉત્પાદન, જન્મ; કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ નથી.

(૩) ન (કશ્ચિત્) બદ્ધઃ (અસ્તિ) । કોઈ પણ (મનુષ્ય) બંધાયેલો, બંધનવાળો નથી.

(૪) ન (કશ્ચિત્) સાધકઃ (અસ્તિ) । કોઈ પણ (મનુષ્ય) સાધક નથી.

(૫) ન (કશ્ચિત્) મુમુક્ષુઃ (અસ્તિ) । કોઈ પણ (મનુષ્ય) મુમુક્ષુ, એટલે કે મોક્ષની ઇચ્છાવાળો નથી.

(૬) ન (કશ્ચિત્) મુક્તઃ (અસ્તિ) । કોઈ પણ (મનુષ્ય) મુક્ત નથી.

(૭) ઇતિ એષા પરમાર્થતા (અસ્તિ) । આ વાસ્તવિક વાત છે, આ તો પારમાર્થિક સત્ય છે, આ તો પરમ સત્ય હકીકત છે. (૫૭૫)

અનુવાદ :

પારમાર્થિક સત્ય તો આ છે કે (આ પરમ બ્રહ્મમાં) નથી કોઈ વસ્તુનો નાશ, નથી કોઈ વસ્તુની ઉત્પત્તિ; (ત્યાં) નથી કોઈ બંધનવાળો, નથી કોઈ સાધક; નથી કોઈ મુમુક્ષુ, નથી કોઈ મુક્ત. (૫૭૫)

ટિપ્પણ :

વેદાંતદર્શનની દૃષ્ટિએ, એકમાત્ર સત્ય, એટલે બ્રહ્મ; બાકીનું બધું, એટલે કે આપણી આંખો સામેનું આ સમસ્ત જગત મિથ્યા છે, અસત્ય છે, ખોટું છે.

પરંતુ જો આ સમસ્ત જગત મિથ્યા છે, તો પછી, આપણે સહુ એનો અનુભવ કરીએ છીએ, એનું શું ? આપણને સહુને, સામાન્ય માણસને, આ જગત **'મિથ્યા'** નથી લાગતું, પરંતુ 'સાચું' – **સત્ય** – લાગે છે, તેનું શું ?

સામાન્ય માણસની દૃષ્ટિએ **સત્ય** જણાતા આ જગતનું **'સત્યત્વ'**, - એ કેવું સત્ય છે, તેનું નિરાકરણ કરવા માટે, એનાં અંતિમ સમાધાન માટે, આચાર્યશ્રીએ, આ પ્રમાણે **સત્ય** વિશેની **ત્રણ** અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે : (૧) પારમાર્થિક સત્ય, (૨) વ્યાવહારિક સત્ય અને (૩) પ્રાતિભાસિક સત્ય.

(૧) આ **સત્ય** એટલે Truth નહીં, પરંતુ **"સત્"**- હોવું, અસ્તિત્વ ધરાવવું, હયાત હોવું : **"સત્તા"** : બ્રહ્મ તો સદા-સર્વદા નિત્ય છે, અવિનાશી છે, અજ છે; નથી એનો જન્મ, નથી નાશ. ટૂંકમાં, એની **"સત્તા"** (Existence) ત્રિકાલાબાધિત છે, **"પારમાર્થિક"** છે.

(૨) આકાશ વગેરે આ જગતની **"સત્તા" "વ્યાવહારિક"** છે. એનાં ઉત્પત્તિ અને નાશ અવારનવાર થતાં જ રહે છે, એટલે જ્યાં સુધી એ છે, ટકે છે, હયાત છે, ત્યાં સુધી જ એની **"સત્તા"** રહે છે. સામાન્ય માણસની દૃષ્ટિએ જગત **"છે"**, એ આ વ્યાવહારિક દૃષ્ટિ પણ, એટલા પૂરતી તો, સાચી છે જ. આ જગતની **"સત્તા"**, આ દૃષ્ટિએ, **"વ્યાવહારિક"** છે.

અને મૂળ અધિષ્ઠાન એવાં દોરડાંમાં, અંધારાંને લીધે, સાપની પ્રતીતિ થાય છે, એ માત્ર આભાસ છે. અજવાળું થતાં કે લવાતાં, સાપ રહેતો નથી; તે છતાં, અંધારું ચાલુ રહે ત્યાં સુધી તો સાપની **પ્રતીતિ** રહે છે, એ સ્વીકારવું જ રહ્યું; એટલે આ સાપનું હોવું, એની **"સત્તા"**ને પણ સ્વીકારવી જ રહી : સાપની આ **"સત્તા"**, એ પ્રાતીતિક કે **પ્રાતિભાસિક "સત્તા"** છે.

આમ તો, નિરપેક્ષ દૃષ્ટિએ તો, એક જ **"સત્તા"**છે, અને તે માત્ર બ્રહ્મની જ; તે છતાં, જગતના સામાન્ય માણસની વિભાવનાને માન્ય રાખીને, **"વ્યાવહારિક"** અને **"પ્રાતિભાસિક"** એ બે **"સત્તા"**ને પણ આચાર્યશ્રીએ પોતાનાં **કેવલાદ્વૈત "વેદાંત"**-દર્શનમાં સ્થાન આપ્યું છે, તે, એમની ઉદારતા જ કહેવાય.

અહીં, આ શ્લોકમાં, **ઇત્યેષા પરમાર્થતા**, - એવું જે નિરૂપણ છે, તે, ઉપર્યુક્ત ત્રણ **"સત્તા"**માંની **"પારમાર્થિક સત્તા"** છે, - જ્યાં જગત કે જગતનો દ્વૈત પ્રપંચ કે કોઈ સાપેક્ષ દૃષ્ટિ જ રહેતી નથી, જ્યાં નિરોધ કે ઉત્પત્તિ, બંધન કે મોક્ષ, જન્મ

કે મૃત્યુ, પ્રાક્ટ્ય કે પ્રલય, - કશું જ રહેતું નથી. આત્મતત્ત્વની **"સત્તા"** પારમાર્થિક છે, નિરપેક્ષ છે. આત્મા તો અજન્મા છે; અને જેનો જન્મ જ નથી, એનું મૃત્યુ કેવી રીતે હોઈ શકે ? આવી પારમાર્થિક **"સત્તા"**માં કોઈ પણ પ્રકારનો નિરોધ-વિરોધ-અવરોધ ન હોઈ શકે.

અને હવે જ્યારે ગુરુદેવનું ઉદ્બોધન તેનાં અંતિમ ચરણમાં પહોંચ્યું છે ત્યારે તો, તેઓશ્રી, સમગ્ર શાસ્ત્રો અને શ્રુતિનો નિષ્કર્ષ, એનો ઉપદેશ, એનો ઉપસંહાર, શિષ્ય સમક્ષ રજૂ કરવા ઇચ્છે છે, - જે, અહીં, ઇત્યેષા જેવા શબ્દોમાં સ્પષ્ટ રીતે અંકિત થાય છે.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૭૫)

૫૭૬

सकलनिगमचूडास्वान्तसिद्धान्तरूपं
परमिदमतिगुह्यं दर्शितं ते मयाऽद्य ।
अपगतकलिदोषं कामनिर्मुक्तबुद्धिं
स्वसुतवदसकृत् त्वां भावयित्वा मुमुक्षुम् ॥५७६॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

સકલનિગમચૂડાસ્વાન્તસિદ્ધાન્તરૂપં
પરમિદમતિગુહ્યં દર્શિતં તે મયાઽદ્ય ।
અપગતકલિદોષં કામનિર્મુક્તબુદ્ધિં
સ્વસુતવદસકૃત્ ત્વાં ભાવયિત્વા મુમુક્ષુમ્ ॥૫૭૬॥

શ્લોકનો ગદ્ય અન્વય :

(હે વત્સ !) અપગતકલિદોષં, કામનિર્મુક્તબુદ્ધિં, મુમુક્ષું, ત્વાં સ્વસુતવત્ ભાવયિત્વા, મયા અદ્ય તે સકલનિગમચૂડાસ્વાન્તસિદ્ધાન્તરૂપં પરં અતિગુહ્યં ઇદં અસકૃત્ દર્શિતં (અસ્તિ) ॥૫૭૬॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (હે વત્સ !) મયા અદ્ય તે ઇદં દર્શિતમ્ । આખીયે વાક્યરચના કર્મણિ (Passive) છે : દર્શિતમ્ તને મારા વડે દર્શાવવામાં આવ્યું છે : હે વત્સ ! હે પ્રિય શિષ્ય ! મેં તને દર્શાવ્યું છે, સમજાવ્યું છે, પ્રબોધ્યું છે. શું

દર્શાવ્યું છે ? इदं परं अतिगुह्यम् । અત્યંતગુહ્ય, ખૂબ જ ગૂઢ અને શ્રેષ્ઠ એવું પરમ તત્ત્વ; વળી, असकृत् । सकृत् એટલે એક વાર; અને असकृत् એટલે અનેક વાર, વારંવાર. શિષ્ય કેવો છે ? त्वां मुमुक्षुम् । તને મુમુક્ષુને. ગુરુદેવને, આ શિષ્ય, અધ્યાપન-સમયે કેવો લાગ્યો હતો ? - બે વિશેષણો, આ પ્રમાણે : (૧) अपगतकलिदोषम् । કલિયુગના સર્વ દોષોથી રહિત, મુક્ત; કલિયુગની કોઈ પણ ખામી કે ઉણપ વિનાનો; અને (૨) कामनिर्मुक्तबुद्धिम् । જેની બુદ્ધિ કામનારહિત બની ગઈ છે તેવો, નિષ્કામ બુદ્ધિવાળો. ગુરુદેવે, શિષ્યને, આ ઉપદેશ આપતી વખતે, કેવો માન્યો હતો ? स्व-सुत-वत् भावयित्वा । भावयित्वा એટલે માનીને-સમજીને-સ્વીકારીને; મારા પોતાના પુત્ર સમાન તને માનીને. ગુરુદેવે શિષ્યને શું દર્શાવ્યું છે ? - सकलनिगमचूडास्वान्तसिद्धान्तरूपम् । નિગમ એટલે વેદ; ચૂડા એટલે એનું સર્વોચ્ચ સ્થાન, મસ્તક; વેદોનું મસ્તક એટલે ઉપનિષદો, - જ્યાં સર્વ વેદોનો સાર સમાવિષ્ટ થયો છે, એટલે કે वेदान्त. स्वान्त - હૃદયરૂપ, એનો સિદ્ધાંત, અને એનું રૂપ એટલે એનો સાર, નિચોડ. ગુરુદેવ કહે છે કે "મેં તને સર્વ વેદોના નિષ્કર્ષ સમા ઉપનિષદોના સિદ્ધાંતોનો સાર સમજાવી દીધો છે. (૫૭૬)

અનુવાદ :

(હે વત્સ !) કળિયુગના દોષોથી રહિત અને કામનારહિત બુદ્ધિવાળા એવા તને, મુમુક્ષુને, મારા પોતાના જ પુત્ર જેવો માનીને, સકળ-વેદોના સારાંશ એવા ઉપનિષદોના સિદ્ધાંતોના નિષ્કર્ષરૂપ અત્યંત ગુહ્ય પરમતત્ત્વને મેં વારંવાર દર્શાવ્યું છે. (૫૭૬)

ટિપ્પણ :

ગયા શ્લોકને અંતે, इत्येषा परमार्थता, - એમ કહીને ગુરુદેવે જે ઉપસંહાર કર્યો હતો તે તો, બ્રહ્મસાક્ષાત્કાર સાથે, શિષ્યે જીવન્મુક્તની પરમોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી, તેને, પૂરા ચોપન શ્લોકો(૫૨૨ થી ૫૭૫)માં બિરદાવીને, હવે પછી, મૃત્યુ આવે ત્યાં સુધી, તેને માર્ગદર્શનરૂપ નીવડે તે માટેનું ઉદ્‌બોધન હતું : આમ તો, હકીકતમાં, મુમુક્ષુ સાધક માટેનાં સર્વોચ્ચ ગંતવ્ય સ્થાને શિષ્ય પહોંચી ગયો હતો, એટલે એને કશાં જ માર્ગદર્શનની આવશ્યકતા કે અપેક્ષા ન્હોતી; તેમ છતાં પ્રાચીન ભારતીય અધ્યાપન-પ્રણાલિકાના અલિખિત એવા ઉપક્રમ પ્રમાણે, શિષ્યને, તેનાં હવે પછીનાં જીવનના અમૂલ્ય સંકેત–સૂત્રોનું પ્રબોધન ગુરુદેવે કર્યું હતું.

હવે, અહીં, આ શ્લોકમાં તો, ગુરુદેવ, આ ગ્રંથમાંના પોતાના સમગ્ર ઉપદેશને આવરી લેતા હોય, એવું સ્પષ્ટ સમજાય છે.

શ્લોક ૫૧થી - को नाम बन्धः ? कथमेष आगतः । –

– એવા છ પ્રશ્નો લઈને શિષ્ય, ગુરુદેવ, સમક્ષ ઉપસ્થિત થયો, - છેક ત્યારથી, હમણાં સુધી, તેમણે, શિષ્યને, જે કાંઈ ઉપદેશ આપ્યો (दर्शितम्), તે સર્વને, તેમણે અહીં આવરી લીધું છે.

'આવરી લીધું છે', - એટલું જ નહીં, પરંતુ તેમણે તો તેને, - એટલે કે શિષ્યને, એ પણ જણાવી દીધું કે - "કળિયુગના દોષોથી રહિત (अपगतकलिदोषम्) અને કામનારહિત બુદ્ધિવાળો (कामनिर्मुक्तबुद्धिम्) એવો તું એક સાચો અને સંનિષ્ઠ મુમુક્ષુ છે, એવી મને પ્રતીતિ થઈ, એટલે માત્ર એક આદર્શ શિષ્ય જ નહીં, પરંતુ તને મારા પોતાના જ પુત્ર જેવો માનીને (स्वसुतवत् भावयित्वा), મેં તને આ શ્રેષ્ઠ અને અતિગુહ્ય પરમતત્ત્વ (परं अतिगुह्यम्) સવિસ્તર સમજાવ્યું છે."

અને ગુરુદેવે શિષ્યને જે અધ્યાપન કર્યું, તે, ખરેખર, શું છે, તે, તેમણે, શ્લોકની પ્રથમ પંક્તિમાં, એક સામાસિક શબ્દમાં, સંક્ષેપમાં છતાં સંપૂર્ણ-સ્વરૂપે, દર્શાવી દીધું છે : આ ગ્રંથનું શીર્ષક - **"विवेकचूडामणि"** - છે, તેમાંના **"ચૂડા"**-શબ્દને, તેમણે અત્યંત કુશળતાપૂર્વક, સિફતપૂર્વક, તેમાં સમાવિષ્ટ કરી લીધો છે.

પરંતુ માત્ર એટલું જ નથી : તેમણે તો એ પણ જણાવી દીધું કે આ ગ્રંથમાં તેમણે સર્વ વેદો અને ઉપનિષદોના સિદ્ધાંતોના સારને અહીં સમાવી લીધો છે. ઉપનિષદોના સિદ્ધાંતો એટલે વેદાન્ત અને એમાંયે પોતાને અભિમત એવા **કેવલાદ્વૈત**-વેદાન્તની સર્વ વીગતોને પણ તેમણે આ ગ્રંથમાં સમાવિષ્ટ કરી લીધી છે.

અને શિષ્ય પ્રત્યેની જે આત્મીયતા તેમણે અહીં અભિવ્યક્ત કરી છે તે પણ, તેમનું, એક આદર્શ આચાર્ય તરીકેનું, સ્વરૂપ પ્રગટ કરે છે : "હવે તો તું પણ, શિષ્ય મટીને, મારો સમકક્ષ, મારો સમોવડિયો જ બની રહ્યો છે", - એવી એક શુભભાવના, સદ્‌ભાવના, એમના આ અંતિમ વક્તવ્યમાંથી આપોઆપ વ્યક્ત થઈ જાય છે.

હકીકતમાં, આ શ્લોક એટલે સમગ્ર ગ્રંથની પૂર્ણાહુતિ !

પછી તો, બાકીના છેલ્લા પાંચ શ્લોકમાં તો, પ્રાચીન ભારતીય પરંપરા પ્રમાણે, ગ્રંથનો મહિમા, એની પ્રશસ્તિ અને એનો મૂળ ઉદ્દેશ, - એવા શિષ્ટાચારને જ અપનાવાયો છે.

શ્લોકનો છંદ : **માલિની** (૫૩૬)

૫૭૭

इति श्रुत्वा गुरोर्वाक्यं प्रश्रयेण कृतानतिः ।
स तेन समनुज्ञातो ययौ निर्मुक्तबन्धनः ॥५७७॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઇતિ શ્રુત્વા ગુરોર્વાક્યં પ્રશ્રયેણ કૃતાનતિઃ ।
સ તેન સમનુજ્ઞાતો યયૌ નિર્મુક્તબન્ધનઃ ॥૫૭૭॥

શ્લોકનો ગદ્ય અન્વય :

ઇતિ ગુરોઃ વાક્યં શ્રુત્વા પ્રશ્રયેણ કૃત-આનતિઃ નિર્મુક્તબન્ધઃ સઃ (શિષ્યઃ), તેન (ગુરુણા) સમનુજ્ઞાતઃ યયૌ ॥૫૭૭॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : સઃ (શિષ્યઃ) યયૌ । યયૌ (યા એટલે જવું, એ ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) ગયો, ચાલ્યો ગયો, વિદાય થયો. તે શિષ્ય ત્યાંથી ગયો. આ શિષ્ય ત્યાંથી ગયો તે પહેલાં, આટલી ક્રિયાઓ થઈ : (૧) ઇતિ ગુરોઃ વાક્યં શ્રુત્વા । ઇતિ એટલે તે પ્રમાણે, શ્લોક-૫૭૬માં, ગુરુએ તેને જે અંગત રીતે કહ્યું, તે સાંભળીને; (૨) પ્રશ્રયેણ કૃત-આનતિઃ । આનતિઃ (આ + નમ્ એટલે નમવું, પ્રણામ કરવા, નમસ્કાર કરવા, - એ ધાતુ પરથી બનેલું નામ : Noun) પ્રણામ, નમસ્કાર, વંદન; કૃતાનતિઃ એટલે પ્રણામ કર્યા; પ્રશ્રય એટલે વિનમ્રતા; વિનમ્રભાવે નમસ્કાર કરીને; (૩) નિર્મુક્તબન્ધનઃ । સંસારનાં બંધનોમાંથી મુક્ત થયેલો; (૪) તેન (ગુરુણા) સમનુજ્ઞાતઃ । સમ્+અનુ+જ્ઞા એટલે અનુજ્ઞા-રજા લેવી, એ ધાતુનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ) ગુરુજીની અનુજ્ઞા પામીને, ગુરુએ જવાની તેને રજા આપી, ત્યારપછી જ તે ગયો. (૫૭૭)

અનુવાદ :

આ પ્રમાણે ગુરુદેવનાં વચનો સાંભળીને, તેમને વિનમ્રભાવે પ્રણામ કરીને, (સંસારનાં) બંધનોમાંથી મુક્ત થયેલો તે (શિષ્ય), ગુરુદેવની અનુજ્ઞા પામીને, (ત્યાંથી) વિદાય થયો. (૫૭૭)

ટિપ્પણ :

બ્રહ્મસાક્ષાત્કારની પ્રાપ્તિનું સદ્‌ભાગ્ય, ગુરુદેવની કૃપાનું જ પરિણામ હતું, એટલું જ નહીં પરંતુ એમાં ગુરુદેવનાં માર્ગદર્શનનો ફાળો પણ ઓછો ન્હોતો. આમ તો, છેક શ્લોક-૫૧માં, તેણે ગુરુદેવ સમક્ષ, પોતાને મુંઝવતા છ પ્રશ્નો (કઃ નામઃ બન્ધઃ । - વગેરે) રજૂ કર્યા, ત્યારથી જ ગુરુદેવનો ઉપદેશ તો શરૂ થઈ જ ગયો હતો, અને તે છેક શ્લોક-૪૮૦ સુધી એકધારો ચાલુ રહ્યો હતો; પરંતુ ત્યારપછી, જીવન્મુક્ત જેવી વિરલ સિદ્ધિ પ્રાપ્ત થયા પછી, આયુષ્યના અંત સુધી, શરીરને

ધારણ કરતાં રહીને, કેવી રીતે કાળ-નિર્ગમન કરવો, - એ વિશેની પોતાની વિનંતી સ્વીકારીને, ગુરુદેવે, શ્લોક-પરરથી, છેક શ્લોક-૫૭૫ સુધી, ૫૪-શ્લોકોમાં, જે અંતિમ ઉદ્‌બોધન ગુરુદેવે તેને કર્યું, તે તો, ખરેખર, તેની ભાવિ જીવનકારકિર્દી માટે, અમૂલ્ય હતું : આમ જોઈએ તો, શિષ્યે જે ઉચ્ચ આધ્યાત્મિક સિદ્ધિ ઉપલબ્ધ કરી હતી તેને લક્ષમાં રાખીએ તો, આવાં ઉદ્‌બોધનની તેને કશી જ અપેક્ષા કે આવશ્યકતા ન્હોતી; તે છતાં, **'જીવન્મુક્ત'** થયા પછી, તે સિદ્ધિને, તે જ સ્વરૂપમાં, નિયત થયેલું મૃત્યુ આવે ત્યાં સુધી, કેવી રીતે સુરક્ષિત રાખવી, - એ અત્યંત નાજુક પરિસ્થિતિના ઉપલક્ષમાં, ગુરુદેવે, તેને, ઉપસંહારનાં સ્વરૂપમાં, જીવનનાં જે અમૂલ્ય સંકેત-સૂત્રો સમજાવ્યાં, તે તો એક અપૂર્વ લ્હાવો જ હતો : બ્રહ્મભાવ પામ્યા પછીનું શેષ જીવન કેવી રીતે જીવવું, - એનાં માર્ગદર્શન વિના, એની પેલી સિદ્ધિ, એટલા પૂરતી, અપૂર્ણ જ રહી હોત, એની તેને સંપૂર્ણ પ્રતીતિ થઈ.

અને એમાંયે, છેલ્લા શ્લોક-૫૭૬માં તો, ગુરુદેવે એને અંગત રીતે, આત્મીય-ભાવે, પોતાના પુત્ર સમાન માનીને જે અમીદૃષ્ટિની વર્ષા વરસાવી, તે તો, તેના માટે, કદી પણ ન ભૂલી શકાય, એવો એક અવિસ્મરણીય પ્રસંગ હતો : સંસારનાં બંધનોમાંથી મુક્તિ (નિર્મુક્તબન્ધનઃ) એ કંઈ જેવી તેવી સિદ્ધિ ન્હોતી, - એવું તેણે વિચાર્યું ત્યારે સાચા અર્થમાં જીવનની ધન્યતા અને કૃતાર્થતા અનુભવી.

આથી જ, તેણે સંનિષ્ઠભાવે અને કૃતજ્ઞતાપૂર્વક ગુરુદેવને પ્રણામ કર્યા અને ગુરુદેવે તેને ત્યાંથી જવા માટેની વિધિપૂર્વક અનુજ્ઞા આપી (તેન સમનુજ્ઞાતઃ), ત્યારે જ તેણે વિદાય લીધી.

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૭૭)

૫૭૮

गुरुरेवं सदानन्दसिन्धौ निर्मग्नमानसः ।
पावयन् वसुधां सर्वां विचचार निरन्तरम् ॥५७८॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ગુરુરેવં સદાનન્દસિન્ધૌ નિર્મગ્નમાનસઃ ।
પાવયન્ વસુધાં સર્વાં વિચચાર નિરન્તરમ્ ॥૫૭૮॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સદા આનન્દસિન્ધૌ નિર્મગ્નમાનસઃ ગુરુઃ એવં વસુધાં પાવયન્ નિરન્તરં વિચચાર ॥૫૭૮॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : गुरुः निरन्तरं विचचार । विचचार (वि + चर् એટલે વિચરણ-પરિભ્રમણ કરવું, ફરતાં રહેવું, - એ ધાતુનું પરોક્ષ ભૂતકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ) - પરિભ્રમણ કરતા રહ્યા, વિચરણ કરવા લાગ્યા. निरन्तरम् । અટક્યા વિના, સતત, અવિરત, અનવરત.

આ રીતે, શિષ્યને, પુત્રવત્, વાત્સલ્યભાવે, ઉપદેશ આપ્યા પછી, ગુરુદેવ પોતે કેવા હતા ? - सदा आनन्दसिन्धौ निर्मग्नमानसः । આનંદના મહાસાગરમાં જેમનું મન હંમેશાં ડૂબેલું રહે છે તેવા : "सत्-चिद्-आनंद" - એ સ્વરૂપમાં જ રહીને એ જ દિવ્ય આનંદના મહાસાગરમાં પોતાનાં માનસને હંમેશાં નિમગ્ન રાખનાર એવા આ ગુરુ. કૃતકૃત્ય થઈને શિષ્ય ભલે ત્યાંથી વિદાય થયો; પરંતુ તેમણે તો, सर्वां वसुधां पावयन् । સમગ્ર પૃથ્વીને એ જ રીતે પવિત્ર કરવાનું ચાલુ જ રાખ્યું : पावयन् (पू એટલે પવિત્ર થવું, - એ ધાતુનું પ્રેરક વર્તમાન કૃદંત પુંલિંગ પ્રથમા એકવચનનું રૂપ) પાવન કરતાં કરતાં, પવિત્ર કરતાં રહીને. (૫૭૮)

અનુવાદ :

સદા આનંદ-સાગરમાં જેનું મન ડૂબેલું રહે છે, એવા (આ) ગુરુ (પણ) સમગ્ર વસુંધરાને પવિત્ર કરતાં કરતાં, નિરંતર પરિભ્રમણ કરતા રહ્યા. (૫૭૮)

ટિપ્પણ :

શિષ્યે પોતાની પાસેથી વિદાય લીધી, ત્યારપછી, સદ્‌ગુરુને હવે ત્યાં, તે જ સ્થળે, વધુ સમય રોકાવાનું કોઈ કારણ ન્હોતું.

આમેય, "साधु तो चलता भला !" - એ ન્યાયે પણ, પરિભ્રમણ કરવું, સતત કરતાં રહેવું, એ તો આવા પરમજ્ઞાનીનું જીવનવ્રત હોય છે. પરંતુ તેમનું આ પરિભ્રમણ એટલે કંઈ એવી માત્ર શારીરિક અને સ્થૂલ પ્રક્રિયા જ અહીં અભિપ્રેત નથી : પરમતત્ત્વ સાથે તેમણે પોતે તો તાદાત્મ્ય સિદ્ધ કરેલું જ હોય છે, એટલે આ બાબતમાં જે અનેક મુમુક્ષુ સાધકો હોય, તેમને આત્મજ્ઞાનનો ઉપદેશ આપીને, સંસારનાં બંધનોમાંથી મુક્ત કરવાનું કાર્ય પણ તેઓશ્રી કરતા જ હોય છે. આ રીતે જે-જે મોક્ષાર્થીઓ તેમની સમક્ષ શિષ્યભાવે ઉપસ્થિત થાય, તેમનો ઉદ્ધાર કરવાનું, અને આવું સત્કાર્ય સતત કરતાં રહીને, સમગ્ર વસુધાને પાવન કરવાનું પણ, એમનાં પરિભ્રમણનો એક ભાગ જ હોય છે.

અને જે પોતે સચ્ચિદાનંદ-સ્વરૂપને પામી ચૂક્યા છે, તેમનું તો માત્ર માનસ જ નહીં, આખું યે વ્યક્તિત્વ જ આવા ઈશ્વરીય આનંદના મહાસાગરમાં સતત

નિર્મગ્ન હોય ! પેલા શિષ્ય જેવા અન્ય અનેક જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓને પણ એ જ આનંદમહાસાગરનો પરિચય આપીને, એ સહુને પણ એમાં જ 'નિર્મગ્ન-માનસ' બનાવવાનાં હોય છે : આવા પુણ્યશાળી આત્માઓને કારણે જ આ વસુન્ધરા પણ પુણ્યવતી બને છે ને, રહે છે ને ! -

वसुन्धरा पुण्यवती च तेन ।

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૭૮)

૫૭૯

इत्याचार्यस्य शिष्यस्य संवादेनात्मलक्षणम् ।
निरूपितं ममुक्षूणां सुखबोधोपपत्तये ॥५७९॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

ઇત્યાચાર્યસ્ય શિષ્યસ્ય સંવાદેનાત્મલક્ષણમ્ ।
નિરૂપિતં મમુક્ષૂણાં સુખબોધોપપત્તયે ॥૫૭૯॥

શ્લોકનો ગદ્ય અન્વય :

इति आचार्यस्य शिष्यस्य (च) संवादेन, मुमुक्षूणां सुखबोध-उपपत्तये, आत्मलक्षणं (मया) निरूपितम् ॥५७९॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : इति (मया) आत्मलक्षणं निरूपितम् । શ્લોકમાં કર્મણિ (Passive) રચના છે : मया निरूपितम् । મારા વડે નિરૂપણ કરવામાં આવ્યું, કરાયું છે; મેં નિરૂપણ કર્યું છે. હવે જ્યારે ગ્રંથની સમાપ્તિ થઈ રહી છે ત્યારે, ગ્રંથકાર, આચાર્યશ્રી પોતાનાં આ આલેખન વિશે જણાવે છે : इति એટલે આ પ્રમાણે, - ૫૭૯ શ્લોકો જેટલા સુદીર્ઘ વિસ્તારમાં. અહીં આચાર્યશ્રીએ શાનું નિરૂપણ કર્યું છે ? - आत्मलक्षणम् । आत्मनानां लक्षण(Definition)નું, આત્મજ્ઞાનનું નિરૂપણ તેમણે કર્યું છે. 'આત્મા' શું છે, એનું સ્વરૂપ શું છે, કેવું છે, - એનું તેમણે અહીં સવિસ્તર આલેખન કર્યું છે.

હવે, આ નિરૂપણની બાબતમાં બે વાત તેઓશ્રી જણાવે છે : (૧) આ નિરૂપણનો પ્રકાર કેવો છે ? એનું રૂપ કેવું છે ? - आचार्यस्य शिष्यस्य संवादेन । આચાર્ય અને શિષ્ય, - એ બે વચ્ચેનાં સંવાદનાં રૂપમાં; શિષ્ય પ્રશ્નો

પૂછતો જાય, આચાર્ય, તે પ્રશ્નોના ઉત્તરો આપતા રહે, - એવી પ્રશ્નોત્તરીનાં રૂપમાં, સંવાદનાં રૂપમાં; અને (૨) આ નિરૂપણ કરવાનો તેમનો હેતુ શો છે ? - **મમુક્ષૂણાં સુખ-બોધ-ઉપપત્તયે** । **ઉપપત્તિ** એટલે પ્રાપ્તિ; **બોધ** એટલે જ્ઞાન; **સુખ** એટલે **સુખેન** એટલે સુખપૂર્વક, સરળતાપૂર્વક, તકલીફ-વગર, કષ્ટ-વિના; નિર્વિઘ્ને.

મુમુક્ષુ (મુચ્ એટલે છુટ્ટા થવું, મુક્ત થવું, - એ ધાતુનું ઇચ્છાદર્શક નામ - Desiderative noun) આવા મોક્ષપ્રાપ્તિની ઇચ્છાવાળાઓને સહેલાઈથી બોધ થાય, એટલા માટે. (૫૭૯)

અનુવાદ :

આ પ્રમાણે, આચાર્ય અને શિષ્યના સંવાદનાં સ્વરૂપમાં, મોક્ષની ઇચ્છાવાળા(મનુષ્યો)ને સરળતાપૂર્વક જ્ઞાનપ્રાપ્તિ થાય, તે માટે મેં અહીં આત્માનાં લક્ષણને નિરૂપ્યું છે. (૫૭૯)

ટિપ્પણ :

કોઈ પણ નિરૂપણનો પ્રકાર, એની પદ્ધતિ, એનું માધ્યમ, - એ બહુ મોટી અને મહત્ત્વની વાત છે : કાવ્ય, મહાકાવ્ય, વાર્તા, નાટક વગેરે આવાં અનેક માધ્યમો, સાહિત્યનાં ક્ષેત્રે પ્રચલિત છે, તેમાંથી અહીં જે માધ્યમને પસંદ કરવામાં આવ્યું છે, તે છે, - ગુરુ-શિષ્ય-સંવાદ : સીધો જ ઉપદેશ કરવામાં આવે તો, તેવું નિરૂપણ શુષ્ક અને નીરસ બની જાય, પરંતુ જો એક વ્યક્તિ સવાલો પૂછતી જાય અને બીજી વ્યક્તિ એ સવાલોના જવાબો આપતી રહે તો, એ પ્રકારનાં નિરૂપણમાં જીવંતતા (Liveliness) આવે, એ રસમય (Interesting) બને, એમાં થોડું વૈવિધ્ય (Variety) આવે, સાંભળનારને થાક કે કંટાળો (Monotonous) ન આવે.

આ એક માનસશાસ્ત્રીય હકીકત છે : વળી, વિષય પણ **'આત્મલક્ષણ'** જેવો સંપૂર્ણરીતે આધ્યાત્મિક-દાર્શનિક છે, એટલે તો વળી નિરૂપણનું આ માધ્યમ સવિશેષ મહત્ત્વનું બને.

શિષ્ય અહીં એક સંનિષ્ઠ સાધક છે, મોક્ષાર્થી છે, અને બ્રહ્મવિદ્યા વિશે જે-જે શંકાઓ તેણે આચાર્યશ્રી સમક્ષ રજૂ કરી, તે, તેની સાચી જિજ્ઞાસા સૂચવે છે. આવા શિષ્યને ભણાવવામાં આચાર્યશ્રીને રસ પણ પડે.

'ગીતા'માં અર્જુન, પોતાના ધર્મ (Duty) બાબતમાં, મૂંઝવણ રજૂ કરીને, ભગવાન શ્રીકૃષ્ણ સમક્ષ, જો પ્રપત્તિભાવે ઉપસ્થિત થયો ન હોત અને, —

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् । (૨, ૭)

— એવા શબ્દો સાથે, શિષ્યભાવે, માર્ગદર્શન માગ્યું ન હોત, તો, તે પોતે

તો ઠીક, પરંતુ આપણે સહુ પણ, ભગવાન શ્રીકૃષ્ણે જે સમગ્ર વિશ્વમાં અજોડ ગણાયો તે, ૭૦૦-શ્લોકોના ઉપદેશથી વંચિત થઈ ગયા હોત !

એ જ રીતે, નૈમિષારણ્યમાં, પરીક્ષિત-રાજાએ, શુકદેવજી સમક્ષ, મૃત્યુના આરે ઊભેલા માણસ તરીકે, માર્ગદર્શન ન માગ્યું હોત તો, ૧૨-સ્કંધનો **'ભાગવત'**-ગ્રંથ, આપણે ન પામ્યા હોત !

અને માત્ર **ગીતા** અને **ભાગવત** જ નહીં, **ઉપનિષદો**માં પણ નચિકેતા-યમ, યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયી, શૌનક-અંગિરા, ભૃગુ-વરુણ, નારદ-સનત્કુમાર, સુકેશા-પિપ્પલાદ, - વગેરે વચ્ચેના સંવાદો જાણીતા છે.

ભારતની બહાર પણ, પ્રાચીન ગ્રીસ-દેશમાં, પ્લેટો-સોક્રેટિસ વગેરેનાં સંવાદો દ્વારા જ જ્ઞાન-સંક્રમણની પદ્ધતિ સ્વીકારવામાં આવી છે.

પરંતુ અહીંનાં આ નિરૂપણનો મહિમા આટલેથી જ પરિપૂર્ણ થતો નથી : એનું એક બીજું પણ મહત્ત્વ છે, અને તે છે **'અનુબંધ-ચતુષ્ટય'** : આવા કોઈ પણ મહાગ્રંથનું નિરૂપણ કરતી વખતે, પ્રાચીન ભારતીય પ્રણાલિકા અનુસાર, ગ્રંથકાર, આ **ચાર** બાબતોને, પોતાની સમક્ષ રાખે છે : (૧) ગ્રંથના અધ્યયનનો **અધિકારી**, (૨) ગ્રંથનો **વિષય**, (૩) વિષય અને ગ્રંથનો સંબંધ, અને (૪) ગ્રંથનું **પ્રયોજન**, એટલે કે ફળ. આ ચાર વિશે, એટલે કે **અનુબંધ-ચતુષ્ટય** વિશે પણ, ગ્રંથકારનાં મનમાં, સ્પષ્ટ નિર્ણય હોય છે, અને આચાર્યશ્રીએ, આ ચાર વિશે, આ શ્લોકમાં, આ પ્રમાણે, પોતાનો અભિપ્રાય જણાવી દીધો છે : (૧) **અધિકારી** : જેને મોક્ષપ્રાપ્તિની અંતસ્તલમાંથી ઉદ્ભવેલી ઇચ્છા હોય; (૨) ગ્રંથનો **વિષય** : આચાર્યશ્રીએ પોતે જ કહ્યું છે તેમ, જીવ-બ્રહ્મનાં અભેદરૂપી **આત્મજ્ઞાન** (आत्मलक्षणम्); (૩) વિષય અને ગ્રંથ વચ્ચેનો સંબંધ : પ્રતિપાદ્ય-પ્રતિપાદક અથવા નિરૂપ્ય-નિરૂપક સંબંધ; અને (૪) **પ્રયોજન** (ફળ) : શ્લોકમાં જ નિરૂપિત કરવામાં આવ્યું છે તેમ, સરળતાપૂર્વક આત્મજ્ઞાનની પ્રાપ્તિ (**સુખબોધ**-ઉપપત્તિ).

શ્લોકનો છંદ : **અનુષ્ટુપ** (૫૭૯)

૫૮૦

हितमिममुपदेशमाद्रियन्तां
विहितनिरस्तसमस्तचित्तदोषाः ।
भवसुखविरताः प्रशान्तचित्ताः
श्रुतिरसिकाः यतयो मुमुक्षवो ये ॥५८०॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

હિતમિમમુપદેશમાદ્રિયન્તાં
વિહિતનિરસ્તસમસ્તચિત્તદોષાઃ ।
ભવસુખવિરતાઃ પ્રશાન્તચિત્તાઃ
શ્રુતિરસિકાઃ યતયો મુમુક્ષવો યે ॥૫૮૦॥

શ્લોકનો ગદ્ય અન્વય :

विहितनिरस्तसमस्तचित्तदोषाः, भवसुखविरताः, प्रशान्तचित्ताः, श्रुतिरसिकाः ये मुमुक्षवः यतयः, (ते) इमं हितं उपदेशं आद्रियन्ताम् ॥૫૮૦॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : (ते) इमं हितं उपदेशं आद्रियन्ताम् । (ते) आद्रियन्ताम् । તેઓ આદર કરે, માન આપે, આદર કરીને સ્વીકારે; आद्रियन्ताम् (आ + दृ એટલે આદર કરવો, - એ ધાતુનું આજ્ઞાર્થ ત્રીજો પુરુષ બહુવચનનું રૂપ). કોણ આદર કરે ? ये मुमुक्षवः यतयः । જેઓ યત્નશીલ મુમુક્ષુઓ છે, જેઓ મોક્ષને ઇચ્છતા યોગીઓ છે, તેઓ. આ યોગીઓ શાનો આદર કરે ? इमं उपदेशम् । - આ ઉપદેશને; આ ગ્રંથમાં આપવામાં આવેલા ઉપદેશને, ગ્રંથસ્થ ઉપદેશને. આ ઉપદેશ કેવો છે ? हितम् । હિતકર, હિતકારક.

આ યોગીઓ, મુમુક્ષુઓ કેવા છે ? આ **ચાર** વિશેષણો :

(૧) विहितनिरस्तसमस्तचित्तदोषाः । विहित (वि + धा એટલે વિધાન કરવું, નિર્દેશ કરવો, to prescribe, - એ ધાતુનું કર્મણિભૂતકૃદંતનું રૂપ) વિહિત કર્માનુષ્ઠાન, વેદાંતશાસ્ત્રે નિર્દેશ કરેલાં સાધનો; निरस्त એટલે દૂર કર્યા છે, ત્યાગ કર્યો છે. જેમણે વેદાંતશાસ્ત્રે નિર્દેશ કરેલાં, વિહિત કરેલાં સાધનો વડે પોતાનાં ચિત્તના સર્વ દોષોને નિરસ્ત કર્યા છે, દૂર કર્યા છે, તેવા; એટલે કે જેઓ ચિત્તના સમસ્ત દોષોથી રહિત થઈ ગયા છે, જેમનું ચિત્ત બધા જ દોષોથી મુક્ત થઈ ગયું છે તેવા;

(૨) भवसुखविरताः । भव એટલે સંસાર; विरत એટલે વિરક્ત; જેઓ સંસારનાં સુખોથી વિરક્ત થઈ ગયા છે, તેવા. જેમણે સંસારી સુખો પ્રત્યે વૈરાગ્યભાવ કેળવ્યો છે, તેવા; સાંસારિક સુખો પ્રત્યે જેમને હવે રસ નથી, જેમને હવે આવો રસ રહ્યો નથી, તેવા;

(૩) प्रशान्तचित्ताः । જેમનાં ચિત્ત હવે પ્રશાંત થઈ ગયાં છે, તેવાં; પ્રશાંત

ચિત્તવાળાઓ;

(૪) શ્રુતિરસિકાઃ । શ્રુતિસાહિત્યના રસિયા, વેદો-ઉપનિષદો વગેરેનાં વચનો પ્રત્યે રસ ધરાવનારાઓ;

આવા મુમુક્ષુ યોગીઓએ, આ ગ્રંથમાં આપવામાં આવેલા હિતકારક ઉપદેશ પ્રત્યે આદરભાવ કેળવવો. (૫૮૦)

અનુવાદ :

વેદાંતશાસ્ત્રે વિહિત કરેલાં કર્માનુષ્ઠાન વડે જેમણે પોતાના સમસ્ત ચિત્તદોષોને નિરસ્ત કર્યા છે, સંસારનાં સુખોથી વિરક્ત થયેલા, પ્રશાંત ચિત્તવાળા અને શ્રુતિ(સાહિત્ય)ના રસિકો, - એવા યત્નશીલ મુમુક્ષુઓએ આ હિતકારક ઉપદેશ પ્રત્યે આદરભાવ કેળવવો. (૫૮૦)

ટિપ્પણ :

હવે ગ્રંથ સમાપ્ત થઈ રહ્યો છે ત્યારે, આચાર્યશ્રી, આ ગ્રંથમાં તેમણે આપેલા ઉપદેશ વિશે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે અને એ ઉપદેશ પ્રત્યે કોણે કેવો અભિગમ ધારણ કરવો જોઈએ, એ વિશે પોતાનું અંગત મંતવ્ય અભિવ્યક્ત કરે છે.

સૌપ્રથમ વાત તો એ છે કે આ ગ્રંથમાંનો તેમનો ઉપદેશ, નિઃશંક, હિતકારક (हितं इमं उपदेशम्) છે. જેમને ઉદ્દેશીને, જેમને પોતાની દૃષ્ટિ સમક્ષ રાખીને, આચાર્યશ્રીએ, આ ઉપદેશ આપ્યો છે, તેઓ સંનિષ્ઠ મુમુક્ષુઓ (मुमुक्षवः) છે, એટલું જ નહીં પરંતુ તેઓ પોતાની મોક્ષપ્રાપ્તિરૂપી જીવનધ્યેયવાળી કારકિર્દીને સફળ કરવા માટે સતત અવિશ્રાન્ત યત્ન કરનારા (यतयः) યોગીઓ છે, એવી એમને ખાતરી છે.

એટલે, એક હકીકત તો એ સિદ્ધ થઈ કે ખૂબ વિચારપૂર્વક તેમણે આવા, સંખ્યાની દૃષ્ટિએ ખૂબ થોડા છતાં ગુણવત્તાની દૃષ્ટિએ, અત્યંત પુરુષાર્થશીલ સાધકો માટે જ પોતાનો આ ગ્રંથ તૈયાર કર્યો છે.

પરંતુ આવા પ્રયત્નશીલ અને મુમુક્ષુ એવા સાધકોએ પણ, તેમના માટે હિતકારક એવા આ ઉપદેશનો આદર કરતાં પહેલાં, અથવા એને આદરપૂર્વક સ્વીકારતાં પહેલાં, (आद्रियन्ताम् ।), પોતાના વિશે આટલી પૂર્વતૈયારી તો અવશ્ય કરવી જ જોઈએ. નહીંતર એમને ભય છે કે, તેમનાં હિતને અનુલક્ષીને તૈયાર કરવામાં આવેલો આ ઉપદેશ પણ, સાચા અર્થમાં, હિતકારક ન નીવડે :

(૧) **પહેલી** વાત તો એ કે જેના વિના વેદાંતવિદ્યાની પ્રાપ્તિ થઈ શકતી નથી તે, **'બહિરંગ સાધનચતુષ્ટય' (વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ અને મુમુક્ષા)** અને **ત્રિવિધ**

'અંતરંગ સાધનો'(શ્રવણ, મનન અને નિદિધ્યાસન)ને સંપૂર્ણરીતે આત્મસાત્ કરીને, સાધકે, પોતાનાં ચિત્તમાં સમસ્ત દોષોથી મુક્ત થઈ જવું જોઈએ. (विहित-निरस्त-समस्त-चित्तदोषाः ।)

(૨) બીજું, એ કે સાંસારિક સુખો પ્રત્યેનો તેમનો વૈરાગ્યભાવ સંપૂર્ણરીતે જળવાઈ રહેવો જોઈએ. (भवसुखविरताः)

(૩) ત્રીજું, વેદાંતશાસ્ત્રમાં પ્રબોધવામાં આવેલાં, ઉપર્યુક્ત આંતરબાહ્ય સાધનો વડે, તેમનાં ચિત્તની પ્રશાંતિ આજીવન સચવાઈ રહેવી જોઈએ. (प्रशान्तचित्ताः)

(૪) અને છેલ્લું અને **ચોથું** એ કે શ્રુતિસાહિત્યનો તેમનો સ્વાધ્યાય-રસ એવો ને એવો અકબંધ સુરક્ષિત રહેવો જોઈએ. (श्रुतिरसिकाः)

આમ તો, આ ચારેય બાબતો, યત્નશીલ મુમુક્ષુ એવા સાધકોએ સ્વયમેવ સિદ્ધ કરેલી જ હોય, પરંતુ આવા હિતકારક ઉપદેશનો આદર કર્યા પછી પણ, એમાં કોઈ પણ પ્રકારની શિથિલતા અથવા ખામી પ્રવેશી ન જાય, એવું તેઓ સતત લક્ષમાં રાખે, - એવા શુભ ઉદ્દેશને લક્ષમાં રાખીને જ, આ **ચાર** વિશેષણોને, આચાર્યશ્રીએ અહીં, હેતુપૂર્વક, પ્રયોજ્યાં છે.

સંક્ષેપમાં, સાધકોને પક્ષે, આવા હિતકારક ઉપદેશનો આદરપૂર્વક સ્વીકાર પણ, જરાયે, અંશમાત્ર પણ, નિષ્ફળ ન નીવડે, એવી સાત્ત્વિક ચિંતા આચાર્યશ્રીએ, અહીં, ગ્રંથને સમાપ્ત કરતાં, સેવી છે.

શ્લોકનો છંદ : **પુષ્પિતાગ્રા** (૫૮૦)

૫૮૧

संसाराध्वनि तापभानुकिरणप्रोद्भूतदाहव्यथा-
-खिन्नानां जलकांक्षया मरुभुवि भ्रान्त्या परिभ्राम्यताम् ।
अत्यासन्नसुधाम्बुधिं सुखकरं ब्रह्माद्वयं दर्शय-
-न्त्येषा शंकरभारती विजयते निर्वाणसन्दायिनी ॥५८१॥

શ્લોકનો ગુજરાતી પાઠ :

संसाराध्वनि तापभानुकिरणप्रोद्भूतदाहव्यथा-
-खिन्नानां जलकांक्षया मरुभुवि भ्रान्त्या परिभ्राम्यताम् ।
अत्यासन्नसुधाम्बुधिं सुखकरं ब्रह्माद्वयं दर्शय-
-न्त्येषा शंकरभारती विजयते निर्वाणसन्दायिनी ॥५८१॥

શ્લોકનો ગદ્ય અન્વય :

સંસાર-અધ્વનિ તાપ-ભાનુ-કિરણ-પ્રોદ્‌ભૂત-દાહવ્યથા-ખિન્નાનાં, ભ્રાન્ત્યા મરુભુવિ જલકાંક્ષયા પરિભ્રામ્યતાં (સાધકાનાં) અતિ-આસન્ન-સુખ-અમ્બુધિં સુખકરં બ્રહ્મ-અદ્વયં દર્શયન્તી એષા નિર્વાણસન્દાયિની શંકરભારતી વિજયતે ॥૫૮૧॥

શબ્દાર્થ :

મુખ્ય વાક્ય : એષા શંકરભારતી વિજયતે । ભારતી - વાણી; એટલે "આ" : "**વિવેકચૂડામણિ**"-ગ્રંથના ૫૮૧-શ્લોકોમાંની. આદ્યશ્રી શંકરાચાર્યની આ વાણી વિજય પામો, તેમની આ વાણીનો જયજયકાર હો ! એટલે કે આ વાણી, તેમણે જે હેતુને પોતાની દૃષ્ટિ સમક્ષ રાખીને પ્રયોજી છે, તે હેતુ સંપૂર્ણરીતે સંપન્ન બનો !

આ વાણી કેવી છે ? નિર્વાણસન્દાયિનિ । નિર્વાણ એટલે મોક્ષ, મુક્તિ. મોક્ષ અપાવનારી. વળી, આ વાણી કેવી છે ? (સાધકાનાં) અતિ-આસન્ન-સુખ-અમ્બુધિં સુખકરં બ્રહ્મ-અદ્વયં દર્શયન્તી । દર્શયન્તી (દૃશ્-પશ્ય્ એટલે જોવું, એ ધાતુનાં પ્રેરકનું વર્તમાનકૃદંત સ્ત્રીલિંગ પ્રથમા-વિભક્તિ એકવચનનું રૂપ : શંકરભારતી - શબ્દનું વિશેષણ) દેખાડનારી, દર્શાવનારી, બતાવતી; સાક્ષાત્કાર કરાવતી. શાનો સાક્ષાત્કાર કરાવતી ? - બ્રહ્મ-અદ્વયમ્ । અદ્વિતીય બ્રહ્મનો. આ બ્રહ્મ કેવું છે ? (૧) સુખકરમ્ । સુખદાયી, સુખકારક, સુખપ્રદ; અને (૨) અતિ-આસન્ન-સુધા-અમ્બુધિમ્ । અમ્બુધિ (અમ્બુ એટલે પાણી, એનો મોટો સમૂહ) એટલે સાગર; સુધા એટલે અમૃત; અમૃતનો મહાસાગર; અને તે પણ કેવો ? અતિ-આસન્ન, - સાવ નજીક, અત્યંત સમીપ : અત્યંત સમીપસ્થ સુખપ્રદ સુધાસાગરરૂપી અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવનારી, - શંકરભારતી.

જેના લાભાર્થે આવી વાણી પ્રયોજાઈ છે, એ સાધકો કેવા છે ? - પરિભ્રામ્યતામ્ । ભટકતાં-રખડતાં-આથડતાં, પરિભ્રમણ કરી રહેલા. આ લોકો ક્યાં ભટકતા હતા ? મરુભુવિ - રણપ્રદેશમાં. ત્યાં શા માટે પરિભ્રમણ કરતા હતા ? જલ-આકાંક્ષયા । જળની આકાંક્ષાથી. પરંતુ આ તો રણપ્રદેશ છે, ત્યાં વળી પાણીની શક્યતા કેવી ? ભ્રાન્ત્યા । ત્યાં જળ મળશે, એવી ભ્રાંતિથી, ભ્રમણાથી. પરંતુ એમને જળની શી-શામાટે જરૂર પડી ? ખિન્નાનામ્ । - ત્રાસી ગયા હતા, થાકી ગયા હતા. શાના વડે આ લોકો ત્રાસી ગયા હતા ? દાહવ્યથા । દાહની પીડાથી; દાઝી જવાના ત્રાસથી. આ દાહ શાનો હતો ? કેવી રીતે આ દાહ ઉત્પન્ન

થયો હતો ? ताप-भानु-किरण-प्रोद्भूत । ताप એટલે ઉષ્ણ, ખુબ ગરમ; भानु એટલે સૂર્ય. આવાં ઉષ્ણ સૂર્યકિરણો વડે ઉત્પન્ન થયેલો દાહ. પરંતુ આવું બધું ક્યાં બનતું હતું ? संसार-अध्वनि । अध्वन् એટલે માર્ગ; સંસારના માર્ગમાં. સંસારના માર્ગમાં, આવાં સૂર્યકિરણોના દાહ વડે હેરાન-પરેશાન થઈ ગયેલા, અને ક્યાંક જળ મળશે, એવી ભ્રાંતિથી રણપ્રદેશમાં અહીં-તહીં રખડતા સાધકો. પરંતુ આ તો રણપ્રદેશ ! એમાં વળી જળ કેવું ? પરંતુ ત્યાં જ, આદ્ય શ્રીશંકરાચાર્ય, સામેથી જ, એમની વ્હારે ધાયા ! દાહથી પીડાતા અને પાણીની અપેક્ષાથી રણપ્રદેશમાં અટવાતા પેલા સાધકોની સામે જ ધરી દીધો, અમૃતનો મહાસાગર !

અને આ મહાસાગર પણ જેવો-તેવો, સામાન્ય કક્ષાનો નહીં ! સાક્ષાત્ અદ્વિતીય બ્રહ્મનો ! અને પછી તો મોક્ષ દૂર રહે જ કેવી રીતે ?

બસ, શંકરાચાર્યની આવી જ વાણીના જયજયકારની અહીં વાત છે ! (૫૮૧)

અનુવાદ :

સંસારરૂપી માર્ગમાં, ગરમ સૂર્યકિરણો વડે ઉત્પન્ન થયેલા દાહની પીડાથી ત્રાસી ગયેલા, ભ્રાંતિથી, રણપ્રદેશમાં, જળની આકાંક્ષાથી ભટકી રહેલા (સાધકો માટે) અત્યંત સમીપસ્થ અને સુખદાયી એવા અમૃતસાગરરૂપી અદ્વિતીય બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવતી અને મોક્ષ અપાવનારી આદ્ય શ્રીશંકરાચાર્યની આ વાણીનો નિરંતર જયજયકાર હો ! (૫૮૧)

ટિપ્પણ :

આ શ્લોક સાથે હવે આ ગ્રંથ સમાપ્ત થાય છે, એટલે પ્રાચીન ભારતીય પ્રણાલિકા અનુસાર, અહીં ગ્રંથ અને ગ્રંથકારની પ્રશસ્તિ કરવામાં આવી છે.

અર્વાચીન પદ્ધતિથી પરિચિત એવા સ્વાધ્યાયીને થોડું વિચિત્ર અવશ્ય જણાય કે 'પ્રશસ્તિ' તો બરાબર, એમાં કશો વાંધો નહીં, પરંતુ ગ્રંથકાર પોતે જ, પોતાના ગ્રંથની અને પોતાની વાણીની પ્રશસ્તિ કરે ! આ તો આત્મશ્લાઘા જ કહેવાય ! અને આમ કરવું એમાં ઔચિત્ય ખરું ?

તદ્દન તટસ્થ રીતે જોતાં, આવું નિરીક્ષણ સાવ સાચું છે, પરંતુ ગ્રંથકાર પોતે, પ્રાચીન અધ્યયન-અધ્યાપન વાતાવરણમાં તૈયાર થયેલા છે, એટલે આ દૃષ્ટિકોણને લક્ષમા રાખીએ ત્યારે, આમાં કશાં અનૌચિત્યની શક્યતા ન જ રહે !

અને ગ્રંથના આ ૫૮૧ શ્લોકોમાં, મોક્ષાર્થી સાધકને, પોતાની જીવનકારકિર્દીના એકમાત્ર ધ્યેય સમા મોક્ષની પ્રાપ્તિનો વિરલ લાભ થાય, એ માટે, તેમણે શું નથી કર્યું ?

'ससार' એટલે જ સંસાર ! संसरति इति संसारः । મનુષ્ય જોતો રહે, અને

પ્રતિક્ષણ હાથમાંથી **'સરતો'**, 'સરી જતો' રહે, એ જ **"સંસાર !"** અને એને સરી જતો, અટકાવી ન શકાય, એ જ મનુષ્યની લાચારી, અસહાયતા, નિરુપાયતા (Helplessness) !

અને અહીં સંસારમાં તો સર્વત્ર તાપ, તાપ અને તાપ જ ! આધ્યાત્મિક - આધિદૈવિક - આધિભૌતિક, - એવા ત્રિવિધ તાપ તો ખરા જ ! આ ઉપરાંત, નાના-મોટા અસંખ્ય પ્રકારના તાપોમાં થઈને જ એને તો પ્રતિપળ પસાર થવાનું ! અને આવા તાપના દાહની પીડાને શમાવવા માટે તે, આ સંસારરૂપી રણપ્રદેશમાં અહીં-તહીં ભટકતો-આથડતો હોય, !

એને બિચારાને, પોતાને જ ભાન નથી કે આ તો મરુભૂમિ છે, અહીં વળી જળ કેવું ! અને જે, જળ જેવું લાગે છે, તે તો માત્ર ઝાંઝવાં ! પેલા તાપના દાહની વ્યથાને શમાવવાનું એનું શું ગજું !

બસ, આચાર્યશ્રીની અદ્‌ભુત વાણીનો ચમત્કાર અને જય-જયકાર અહીં જ જોવા મળે ! પેલા સાધકો બિચારા જળ માટે રખડતા હતા ! એમની સામે, સમક્ષ જ, એમણે તો રજૂ કરી દીધો, જળનો નહીં પરંતુ અમૃતનો જ મહાસાગર !

"જેની શોધમાં તમે ઘાં-ઘાં થઈને પરિભ્રમણ કરતા હતા, તે અદ્વિતીય બ્રહ્મ જ, તમારી સમક્ષ, સમીપસ્થ ! કરો એનો સાક્ષાત્કાર !

અને મોક્ષપ્રાપ્તિ જ તમારું જીવનધ્યેય હતુંને ! આ અદ્વિતીય બ્રહ્મનું દર્શન એટલે જ નિર્વાણ !"

આચાર્યશ્રી કહે છે કે "આ ગ્રંથના ૫૮૧ શ્લોકોમાં, મેં, આ જ સિદ્ધ કર્યું છે ! મારી વાણીની આ જ સિદ્ધિ ! આ જ સાર્થકતા !"

આપણે પણ કૃતજ્ઞભાવે આચાર્યશ્રીને કહીએ કે "આત્માની અ-મૃત કલા સમી આપની આવી દિવ્ય વાણીનો વિરલ લાભ પામીને, આજે, અમે પણ ધન્ય થયાં છીએ !

અને **શાર્દૂલવિક્રીડિત** જેવો સુદીર્ઘ છંદ : એની ચાર પંક્તિમાં આપે કેટલું બધું સમાવિષ્ટ કરી લીધું ! સમગ્ર ગ્રંથનો સાર-સર્વસ્વ !" (૫૮૧)

ઇતિ શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યસ્ય શ્રીગોવિન્દભગવત્પૂજ્યપાદશિષ્યસ્ય શ્રીમચ્છંકરભગવતો વિરચિતો **વિવેકચૂડામણિ**-ગ્રન્થઃ સમાપ્તઃ ॥

આ પ્રમાણે, શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્ય, શ્રીગોવિન્દભગવાનના શિષ્ય શ્રીમત્ શંકરાચાર્યનો રચેલો **"વિવેકચૂડામણિ"**-ગ્રંથ સમાપ્ત થયો.

શ્રીજયાનન્દ દવેની અન્ય કૃતિઓ

(અ) પ્રકાશિત કૃતિઓ

(૧) श्रीनीलमतपुराणम् (અંગ્રેજી અનુવાદ), ૧૯૫૨
(૨) સંસ્કૃત ભાષા-પરિચય, ભાગ-૧ અને ૨, ૧૯૫૭
(૩) मालविकाग्निमित्रम् (એમ.આર. કાળે, અંગ્રેજી : સંપાદન), ૧૯૫૮
(૪) मेघदूतम् (એમ.આર. કાળે, અંગ્રેજી : સંપાદન), ૧૯૫૮
(૫) "Selections in Sanskrit" for S.S.C. Exam. (1972-74), ૧૯૭૨
(૬) સંસ્કૃત મહાકવિઓનું દશક, ૧૯૮૭
(૭) મનોગતા (કાવ્યસંગ્રહ), ૧૯૮૮
(૮) કાલિદાસ (લોકભોગ્ય પરિચય) : સંપાદન, ૧૯૯૦
(૯) સંસ્કૃત સાહિત્ય દર્શન (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૧૯૯૦
(૧૦) સંસ્કૃત સાહિત્ય મનન (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૧૯૯૨
(૧૧) મહાકવિ વાલ્મીકિ (રસદર્શનાત્મક-વિવેચનાત્મક પરિચય), ૧૯૯૩
(૧૨) સંશોધન અને સમીક્ષા (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૧૯૯૩
(૧૩) સંસ્કૃત સાહિત્ય ચિંતન (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૧૯૯૫
(૧૪) पत्रं पुष्पं फलं तोयम् (જયાનન્દ દવે : અભિનંદન-ગ્રંથ) ૧૯૯૫
(૧૫) મહાભારત : મનન અને મંથન (સંપાદન), ૧૯૯૮
(૧૬) ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૧૯૯૮
(૧૭) સંસ્કૃતિનું અક્ષયપાત્ર (પૌરાણિક કથાઓ), ૧૯૯૯
(૧૮) ઉત્તર-રામ-ચરિત (નવશિક્ષિતો માટે સરળ-સંક્ષિપ્ત પુસ્તિકા), ૧૯૯૯
(૧૯) દંડી અને વામન (કૃતિનિષ્ઠ વિવેચનાત્મક પરિચય), ૨૦૦૦
(૨૦) શ્રીશિવમહિમ્નઃ સ્તોત્ર (સમીક્ષાત્મક-રસાદર્શનાત્મક સંપાદન), ૨૦૦૦
(૨૧) સંસ્કૃત સાહિત્ય મંથન (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૨૦૦૦
(૨૨) અક્ષરની આરાધના (ગુજરાતી સાહિત્ય : સ્વાધ્યાય-લેખો), ૨૦૦૧
(૨૩) વાચન અને વિમર્શન (ગુજરાતી સાહિત્ય : સ્વાધ્યાય-લેખો), ૨૦૦૧
(૨૪) સંસ્કૃત સાહિત્ય સૌરભ (સ્વાધ્યાય-લેખોનો સંગ્રહ), ૨૦૦૨
(૨૫) રડતા પથ્થરો, તૂટતાં વજો (ઉત્તરરામચરિત-આધારિત સરળ વાર્તા), ૨૦૦૨

(બ) હવે પછી

(૧) હૈયાના હસ્તાક્ષર (સ્વ.જયન્ત આચાર્યનાં ગીતો) : વિવેચનાત્મક-રસદર્શનાત્મક સંપાદન
(૨) રઘુવંશ (સ્વ.જયન્ત આચાર્યકૃત સમશ્લોકી અનુવાદ) : સંપાદન
(૩) સુખડના ટુકડા (નવલિકાઓ)
(૪) મેળ અને મોકળાશ (હળવી નિબંધિકાઓ)
(૫) ચિંતનનું ચરણામૃત (ચિંતનાત્મક લેખો)
(૬) આકાશનું વાહન, અક્ષરનું આવાહન (આકાશવાણી - કાર્યક્રમો)
(૭) આકાશવાણીના ચોતરેથી (રેડિયો-નાટિકાઓ)
(૮) નિરીક્ષણનું નવનીત (આમુખ-લેખો અને પ્રસ્તાવના-લેખો)
(૯) मत्तविलासम् (ગુજરાતી અનુવાદ)
(૧૦) सौन्दर्यलहरी (અંગ્રેજી અનુવાદ)
(૧૧) રઘુવંશ (મૂલાનુસારી સરળ ગુજરાતી અનુવાદ)
(૧૨) કાવ્યસંગ્રહ (બીજો)
(૧૩) અનૂદિત (Translated) કાવ્યો
(૧૪) સંસ્કૃત લખાણો
(૧૫) અંગ્રેજી લખાણો
(૧૬) સંસ્કૃત સાહિત્ય સત્સંગ (સ્વાધ્યાય-લેખો)

ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકો

તુલસીકૃત રામાયણ ભા. ૧-૨ સાથે	ગૌસ્વામી તુલસીદાસજી	૩૦૦-૦૦
ચંદ્રકાંત ભાગ ૧-૨-૩	ઈચ્છારામ સૂ. દેસાઈ	૭૦૦-૦૦
પૂ. મોરારીબાપુનું અમૃત રામાયણ	પૂ. મોરારીબાપુ	૨૭૫-૦૦
શ્રી તુલસીકૃત રામાયણ ભા. ૧-૨-૩	ગૌસ્વામી તુલસીદાસજી	૫૦૦-૦૦
શ્રી શિવ મહાપુરાણ ૧-૨	વેદ વ્યાસ	૨૫૦-૦૦
શ્રીમદ્ ભાગવત ૧-૨	વેદ વ્યાસ	૨૫૦-૦૦
શ્રી મહાભારત	વેદ વ્યાસ	૨૫૦-૦૦
વાલ્મીકિ રામાયણ	વાલ્મીકિ	૩૦૦-૦૦
ગણેશ પુરાણ	વેદ વ્યાસ	૨૦૦-૦૦
માર્કન્ડેય પુરાણ	વેદ વ્યાસ	૧૫૦-૦૦
વિશ્વકર્મા પુરાણ	વેદ વ્યાસ	૨૦૦-૦૦
શ્રીમદ્ દેવી ભાગવત	વેદ વ્યાસ	૨૫૦-૦૦
શાંતિપર્વ (મહાભારત)	વેદ વ્યાસ	–
મહાબલિ હનુમાન	સ્વામી યોગાનંદ	૨૫૦-૦૦
પ્રાચીન વ્રતરાજ	પંડિત દેવજ્ઞ શર્મા	૫૦૦-૦૦
શ્રીમદ્ ભગવદ્ ગીતા (સંજીવની)	વૃજલાલ પરષોત્તમદાસ શ્રોફ	૩૫૦-૦૦
શ્રી દાસબોધ	સ્વામી રામદાસ	૧૨૫-૦૦
ધર્મસિન્ધુ	કર્મકાંડનો મહાન ગ્રંથ	૨૦૦-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદું શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
મહાપ્રભુજીની ૮૪ બેઠકોનું ચરિત્ર	શાંતિલાલ મહેતા	૧૫૦-૦૦
ચોર્યાશી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ મહેતા	૧૨૫-૦૦
બસોબાવન વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ મહેતા	૩૦૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ મહેતા	૧૦૦-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકો

બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ મહેતા	૧૫૦-૦૦
પુષ્ટિ સાર સંગ્રહ	શાંતિલાલ મહેતા	૧૨૦-૦૦
ષોડશ ગ્રંથો	શાંતિલાલ મહેતા	૨૦૦-૦૦
શ્રી ભક્તમાળ	શ્રીનાભાજીકૃત	૪૦૦-૦૦
ગોપી હૃદયા	માવજીભાઈ સાવલા	૩૫-૦૦
શિવમહિમ્ન : સ્તોત્ર	મનસુખલાલ સાવલિયા	૨૫-૦૦
કીર્તનસંગ્રહ	મનમોહન કૃષ્ણ	૪૦-૦૦
૨૧૨ દેવી વ્રતકથાઓ	અરવિંદ શાસ્ત્રી	૮૬-૦૦
શ્રીરામચરિતમાનસ	ગૌસ્વામી તુલસીદાસજી	૧૦૦-૦૦
વિનય પત્રિકા	ગૌસ્વામી તુલસીદાસજી	૧૨૫-૦૦
દ્વાદશ જ્યોતિર્લિંગ	રમેશ ઠાકર	૬૦૦-૦૦
દિવ્ય મંદિર મારા દેવના રે	જોરાવરસિંહ જાદવ	૨૦૦-૦૦
પ્રાર્થના	સ્વામી યોગાનંદ	૪૦-૦૦
ગાયત્રી ચાલીસા	–	૧૦-૦૦
મધુરાષ્ટકમ્	શાંતિભાઈ મહેતા	૧૫-૦૦
અમૃતમંથન	જી. ડી. ધામેલિયા	૨૦-૦૦
દૃષ્ટાંત ત્રિવેણી	અરવિંદ શાસ્ત્રી	૩૦-૦૦
દૃષ્ટાંત તીર્થ	અરવિંદ શાસ્ત્રી	૩૦-૦૦
દૃષ્ટાંત મંગલ	અરવિંદ શાસ્ત્રી	૩૦-૦૦
દૃષ્ટાંત વૈભવ	અરવિંદ શાસ્ત્રી	૩૦-૦૦
દૃષ્ટાંત સાગર	અરવિંદ શાસ્ત્રી	૩૦-૦૦
પર્વ	હિમા યાજ્ઞિક	૧૯-૦૦
પ્રવીણસાગર	સ્વ. રાજવી મહેરામણજી	૫૦૦-૦૦
બૃહદ કહેવત કથાસાગર	અરવિંદ શાસ્ત્રી	૮૫-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તકો

હનુમાન ચાલીસા--એક દર્શન	હરેશ્વરીબહેન દવે	૬૦-૦૦
ભ્રમરગીત રસબોધીની	શાંતિલાલ મહેતા	૧૧૦-૦૦
અધરામૃત	ધૈર્યચંદ્ર બુદ્ધ	૨૦-૦૦
લોકપ્રિય ભજનાવલિ	મનમોહન કૃષ્ણ	૪૦-૦૦
પરબ સંતવાણી ભજનાવલી	સાધુ કલ્યાણદાસ	૩૫-૦૦
કર્મનો સિદ્ધાંત	હીરાભાઈ ઠક્કર	૩૦-૦૦
રામાયણ કલ્પતરુ	સ્વામી યોગાનંદ	૧૫-૦૦
સચિત્ર હનુમાન ચાલીસા	તુલસીદાસ	૨૦-૦૦
સચિત્ર સુંદરકાંડ	તુલસીદાસ	૨૦-૦૦
નિત્ય નિયમના પાઠ	પ્રો. શાંતિલાલ મહેતા	૨૫-૦૦
લોકપ્રિય વ્રતકથાઓ	અરવિંદ શાસ્ત્રી	–
સતી સોડેવ	વાલમગિરિ ગૌસ્વામી	૨૦-૦૦
ઉમિયા ગરબાવલી અને લગ્ન-ગીતો	પ્રાગજીભાઈ પટેલ	૨૦-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિભાઈ મહેતા	૩૩-૦૦
શ્રદ્ધાંજલિ	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભજન સરિતા	સૌ. અનુબહેન ગી. જોષી	૧૨-૦૦
રામ-ગોપાલ ભજનાવલી	સ્વામી યોગાનંદ	૧૨-૦૦
શ્રી રામકૃષ્ણ જપમાળા	સ્વામી યોગાનંદ	૨૫-૦૦

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તા (ત્રણ જન્મની લીલા ભાવના સાથે)	શાંતિલાલ મહેતા	૩૦૦-૦૦
ચૌર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ મહેતા	૧૦૦-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

ચૌર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ મહેતા	૧૫૦-૦૦
મધુરાષ્ટકમ્	શાંતિલાલ મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ મહેતા	-
પોડશ ગ્રંથો	શાંતિલાલ મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાક્ટ્ય	શાંતિલાલ મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણઃ શરણં મમ	શાંતિલાલ મહેતા	૨૫-૦૦
પુષ્ટી સાર સંગ્રહ	શાંતિલાલ મહેતા	૧૨૦-૦૦
શ્રદ્ધાંજલિ (ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
કિર્તન સંગ્રહ	મનમોહન કૃષ્ણ	૪૦-૦૦
પુષ્પાંજલિ	મનમોહન કૃષ્ણ	૪૦-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
ભક્તકવિશ્રી કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
ભક્તકવિશ્રી સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
ભક્તકવિશ્રી નંદદાસ	જશવંત મહેતા	૩૫-૦૦
ભક્તકવિશ્રી ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી છીતસ્વામી	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી ગોવિંદસ્વામી	જશવંત મહેતા	૪૦-૦૦
ભક્તકવિશ્રી પરમાનંદદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
ભક્તકવિશ્રી કૃષ્ણદાસ	જશવંત મહેતા	૪૦-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, ન્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

આદ્ય - શંકરાચાર્ય - વિરચિત

વિવેકચૂડામણિ

સંપાદક : જયાનન્દ લ. દવે